॥ ॐ ह्रीँ अर्हं नमः ॥

चांद्रकुलभूषण श्री जिनचंद्रसूरि विरचित

# સંવેગરંગશાળા મહાગ્રન્થનો ગુજરાતી અનુવાદ

卐 卐 卐


: અનુવાદક અને સંપાદક :

સ્વ. પૂજ્ય આચાર્યદેવ શ્રીમદ્ વિજયમનોહરસૂરીશ્વર-
શિષ્ય પૂ. આચાર્ય શ્રી વિજયભદ્રંકરસૂરિજી



: પ્રકાશક :

શ્રી મહાવીર જૈન શ્વે. મૂર્તિ પૂજક સંઘ
ઓપેરા સો. પાલડી, અમદાવાદ–૭ (૩૮૦ ૦૦૭)

॥ ॐ ह्रीँ अर्हं नमः ॥

ચાંદ્રકુલભૂષણ શ્રી જિનચંદ્રસૂરિ વિરચિત

# સંવેગરંગશાળા મહાગ્રન્થનો ગુજરાતી અનુવાદ

卐 卐 卐

: અનુવાદક અને સંપાદક :

સ્વ. પૂજ્ય આચાર્યદેવ શ્રીમદ્ વિજયમનોહરસૂરીશ્વર-
શિષ્ય પૂ. આચાર્ય શ્રી વિજયભદ્રંકરસૂરિજી

: પ્રકાશક :

શ્રી મહાવીર જૈન શ્વે. મૂર્તિ પૂજક સંઘ
ઓપેરા સો. પાલડી અમદાવાદ-૭ (૩૮૦૦૦૭)

પ્રથમ આવૃત્તિ પ્રકાશન વિ. સં. ૨૦૩૨

આવૃતિ બીજી પ્રત ૧૦૦૦ વિ. સં. ૨૦૪૩ સન-૧૯૮૭

મૂલ્ય-રૂા. ૫૦=૦૦

## -: ગ્રન્થપ્રાપ્તિનાં સ્થળો :-

૧. પ્રકાશક-મહાવીર જૈન શ્વે. મૂ. પૂ. સંઘ
સુખીપુરા, ઓપેરા સોસાયટી જૈન ઉપાશ્રય, અમદાવાદ-૭

૨. સોમચંદ ડી. શાહ
ઠે. જીવન નિવાસ સામે, પાલીતાણા ( સૌરાષ્ટ્ર )

૩. સરસ્વતી પુસ્તક ભંડાર
ઠે. રતનપોળ, હાથીખાના, અમદાવાદ-૧

૪. શાહ જશવંતલાલ ગીરધરલાલ
ઠે. દોશીવાડાની પોળ, અમદાવાદ-૧

૫. શ્રી જૈન વિદ્યાશાળા
ઠે. દોશીવાડાની પોળ, અમદાવાદ-૧

ઉપરાન્ત પ્રસિદ્ધ જૈન બુકસેલરો.

-: મુદ્રક :-
શ્રી નયન મફતલાલ પંડિત
જગત ટ્રેડર્સ, એ/૨૧, શાન્તિ કો. સે.
નગરશેઠ વંડો, ઘીકાંટા, અમદાવાદ-૧.

# સંપાદકીય બે બોલ

## શ્રી જિનચંદ્રસૂરીશ્વરેભ્યો નમો નમઃ

॥ ॐ नमः श्री जिनप्रवचनाय ॥

॥ सुगृहितनामधेय–परमपूज्य–आराध्यपाद–परमोपकारी
श्रीमद्‌विजयसिद्धि–मेघ–मनोहरसूरिगुरुवरेभ्यो नमः ॥

### ગ્રન્થના અનુવાદમાં નિમિત્ત

સંવેગરંગશાળા નામક આ ગ્રંથ પ્રત્યે બત્રીશ વર્ષ પૂર્વે બહુમાન પ્રગટાવનાર પ્રસંગ કદાપિ ન ભૂલાય તેવો છે. વિ. સં. ૧૯૯૯ માં મારા પૂજ્ય દાદાગુરુ શ્રી વિજયમેઘસૂરીશ્વરજી મહારાજા, કે જેઓશ્રી એક શુભગુણનો ભંડાર હતા, મારા પ્રત્યે જેઓના વિશિષ્ટ ઉપકારો છે, તેઓશ્રીની અંતિમ આરાધનાનો પ્રસંગ હતો અને વિશાળ ચતુર્વિધ શ્રીસંઘની હાજરીમાં તેઓશ્રીની જીવનનૌકાને નિર્વિઘ્ને પાર ઉતારવા માટે પાંચ પાંચ પૂજ્ય આચાર્ય ભગવંતો વગેરે મુનિગણ આરાધના કરાવી રહ્યો હતો, તે અવસરે તેઓશ્રીને પૂછ્યું કે–"અંતિમ ઇચ્છા શું છે?" તુર્ત જવાબ મળ્યો કે– **"સંવેગરસનું પાન કરવા ભાવના છે, કોઈ શ્રી સંવેગરંગશાળા ગ્રન્થના કષાયજય અધિકારનું પાન કરાવે તો સારું !"**

જે ગ્રન્થનું નામ પણ કેટલાક આત્માઓએ તે જ વખતે જાણ્યું હશે, તે ગ્રન્થ અને તેના કષાયજય અધિકારને સાંભળવાની તેઓશ્રીની ભાવના જાણીને સર્વના હૃદયમાં અનુમોદના અને ઉત્સાહ વધી ગયો. તુર્ત તે ગ્રંથ, કે જે તે કાળે હસ્ત-લિખિત (અપ્રગટ) હતો, તેને ભંડારમાંથી કઢાવી તેનું શ્રવણ કરાવવાનું શરું કર્યું.

અમૃતપાનની જેમ એકાગ્રચિત્તે તેનું શ્રવણ કરતા તેઓશ્રી સમાધિપૂર્વક જીવનયાત્રાને સાધી ગયા, એ પ્રસંગ આજે પણ અનેક પુણ્યાત્માઓને એ રીતે જ સ્મૃતિપથમાં વર્તે છે.

બસ, આ નિમિત્ત ! તે સમયથી જ શ્રી વીતરાગમાર્ગની આરાધનામાં અનન્ય ઉપકારક આ ગ્રન્થને વાંચવા-ભણવાની ભાવના પ્રગટી, પણ વિવિધ કારણોએ કાળક્ષેપ થયો અને વર્ષો વીતી ગયાં.

તે દરમિયાન મારા લઘુ ગુરુબંધુ મુનિરાજ શ્રી હેમેન્દ્રવિજયજીએ પરિશ્રમ-પૂર્વક મૂળ ગ્રન્થની પ્રેસકોપી તૈયાર કરી અને વિ. સં. ૨૦૨૫ માં ઝવેરી કાન્તિલાલ મણિલાલે આ ગ્રન્થને પ્રતાકારે મૂળ પ્રાકૃતભાષામાં પ્રગટ કર્યો.

તે પછી વિ. સં. ૨૦૨૬ માં બારડોલીના ચાતુર્માસ પ્રસંગે મેં તેને વાંચવો શરુ કર્યો. એક મુનિની મગજની બીમારીના કારણે એ વાચન તો અધૂરું રહ્યું, પણ સદ્ભાવમાં વધારો થયો.

પ્રાકૃતભાષાથી અજાણ પણ ભવ્ય જીવો આ ગ્રન્થના આરાધક બને, એ આશયથી તેનો અનુવાદ કરવા મારી ભાવના પ્રગટી, પણ અનુકૂળતાના અભાવે તે કામ લંબાયું. પછી ભાગ્યયોગે વિ. સં. ૨૦૨૯–૨૦૩૦માં જ્યારે મારવાડ પ્રદેશમાં વિચરવાનું થયું, ત્યારે ત્યાં નિવૃત્તિ મળતાં અનુવાદ શરુ કરવા ઈચ્છા પ્રગટી અને તે વખતે ત્યાં લુણાવામાં બિરાજમાન પ્રશમરસમહોદધિ, વાત્સલ્યનિધિ, પૂજ્યપાદ પંન્યાસજી મહારાજ શ્રી ભદ્રંકરવિજયજી ગણિવરની શુભ આશિષ મગી. શુભ મુહૂર્તે લખવાનું શરુ કર્યું, પૂજ્યોની કૃપાથી એ કામ પૂર્ણ થયું અને આજે ગ્રન્થરૂપે શ્રીસંઘના હસ્તકમળમાં જોઇને કૃતાર્થતા અનુભવું છું.

પ્રાકૃતભાષામાં વિવિધ વર્ણોના, વિભક્તિઓના વગેરે ફેરફારો એ રીતે થાય છે કે–તેનો સંસ્કૃતપર્યાય નક્કી કરવો અને ગુજરાતી અર્થ લખવો મારા માટે તો દુષ્કર છે, છતાં 'શુભે યથાશક્તિ યતનીયમ્'–એ ન્યાયે પ્રયત્ન ચાલુ રાખ્યો અને જે જે પૂછવાયોગ્ય લાગ્યું તે તે પૂછવાયોગ્ય સ્થળે પૂછીને લખતો રહ્યો. છતાં કોઈ કોઈ શબ્દોના અર્થો અણઉકેલ પણ રહ્યા છે.

## અનુવાદમાં સ્વીકારેલી પદ્ધતિ

મુખ્યતયા પ્રાકૃત મૂળ ગ્રન્થ પણ આ અનુવાદનો આશ્રય લઇને વાંચી શકાય એ આશયથી અનુવાદ કરેલો હોવાથી વાકયરચના બને તેટલી સરળ કરવા લક્ષ્ય રાખવા છતાં કોઈ કોઈ વાકય કિલષ્ટ જણાશે, કારણ કે–કર્મણીપ્રયોગોને કર્તરી-રૂપે આલેખવા અને મૂળ ગ્રન્થનો ભાવ તથા શબ્દાર્થ અખંડ રાખવો તે દુર્ઘટ છે.

ગાથાઓનો ક્રમાંક બ્રેકેટમાં લીધો છે, જેથી કોઈ પણ ગાથાનો અર્થ તુર્ત જોઈ શકાય. છતાં જ્યાં બે અથવા અધિક ગાથાઓનું એક વાકય (યુગ્મ–કુલક વગેરે) છે, ત્યાં તે ગાથાઓનો ક્રમાંક ભેગો લખ્યો છે.

જે જે શબ્દોના અર્થો કઠિન લાગ્યા, તે તે મૂળ શબ્દોને બ્રેકેટમાં મોટા અક્ષરોમાં લીધા છે અને તેનો અર્થ ચાલુ અક્ષરોમાં લખ્યો છે. ગુજરાતી પણ જે શબ્દો પારિભાષિક કે ભાષામાં અપરિચિત જેવા જણાયા, તેની સ્પષ્ટતા માટે બ્રેકેટમાં તેનો બીજો પર્યાય ચાલુ અક્ષરોમાં જ લખ્યો છે.

ગ્રન્થનો વિષય તો એટલો વિસ્તૃત છે કે–તેનું વિવેચન કરતાં બીજો એક મોટો ગ્રન્થ બની જાય. તે તો સ્વયં વાંચવાથી જ સમજાય, છતાં સંક્ષિપ્ત લખેલા વિષયાનુ-ક્રમથી તે ટૂંકમાં સમજાશે.

પૂજ્યપાદ પ્રાતઃસ્મરણીય, શાન્તતપોમૂર્તિ,
શ્રીસંઘસ્થવિર, વયોવૃદ્ધ સ્વ. આચાર્યભગવાન શ્રીમદ્



વિજયસિદ્ધિસૂરીશ્વરજી મહારાજ

પૂજ્યપાદ પ્રાતઃસ્મરણીય, ગાંભિર્યગુણનિધિ
શાન્તમૂર્તિ, સ્વ. આચાર્યભગવાન શ્રીમદ્



વિજયમેઘસૂરિવરજી મહારાજ

પૂજ્યપાદ પ્રાતઃસ્મરણીય
સ્વ. આચાર્યભગવાન શ્રીમદ્



વિજયમનોહરસૂરિજી મહારાજ

પૂ. ગ્રન્થકારમહર્ષિએ ગ્રન્થમાં જે આગમનું અમૃત પીરસ્યું છે, તેનો મહિમા પૂર્ણતયા સમજવાની શક્તિ, કે વર્ણવવાના શબ્દો મારી પાસે નથી. છતાં મેં માત્ર એક શ્રુતની ઉપાસનાની ભાવનાથી આ ઉદ્યમ કર્યો છે.

પૂ. ગ્રન્થકારમહર્ષિએ સ્યાદ્વાદ દષ્ટિથી જ્ઞાનનય અને ક્રિયાનય, દ્રવ્યાર્થિકનય અને પર્યાયાસ્તિકનય, નિશ્ચયનય અને વ્યવહારનય, વગેરે વિવિધ અપેક્ષાઓનો જે સમન્વય કર્યો છે, તે અજ્ઞાનજન્ય આગ્રહને શમાવવામાં એક ગીતાર્થ ગુરુની ગરજ સારે તેવો છે.

શ્રી નમસ્કાર મહામંત્રના સમારાધક, પ્રશાન્તમૂર્તિ, અનેક ભવ્ય જીવોના ઉપકારક, પૂજ્ય **પંન્યાસજી મહારાજ શ્રી ભદ્રંકરવિજયજી ગણિવર તથા તત્ત્વજ્ઞ આચાર્ય શ્રી વિજયકલાપૂર્ણસૂરિએ લખેલો 'સંવેગરંગશાળા ગ્રન્થનો પરિચય અને હાર્દ'** તથા તેઓની નિશ્રામાં એક મુનિશ્રીએ લખેલો **'સંસારરંગશાળા એ સંવેગરંગશાળા છે.'** આ બન્ને લેખો આની પછીના પૃષ્ઠોમાં લીધા છે. તેને વાંચવાથી સંવેગ જીવનમાં કેટલો આવશ્યક છે, વગેરે સમજાશે. વાચકોને ખાસ ભલામણ છે કે—ગ્રન્થને વાંચવા પહેલાં આ બન્ને લેખોનું એકચિત્તે વાંચન કરે અને એક પ્રકરણ ગ્રન્થની જેમ તેને કંઠસ્થ કરી હૃદયસ્થ કરે.

'સંવેગરંગશાળા' નામક આ ગ્રન્થના રચયિતા નવાંગી ટીકાકાર પરમગીતાર્થ **શ્રી અભયદેવસૂરીશ્વરજીના વડિલ ગુરુભાઇ શ્રી જિનચંદ્રસૂરીશ્વરજી છે,** આ ગ્રન્થ જૈન સાહિત્ય પ્રસિદ્ધ શ્રી ઉપમિતિ ભવપ્રપંચા કથા, સમરાઇચ્ચ કહા તથા વૈરાગ્ય-કલ્પલતા, વગેરે પ્રૌઢપ્રતાપી ગ્રન્થોની જેમ શ્રીસંઘને આત્મકલ્યાણમાં સહાયક બનશે એવી આશા અસ્થાને નથી, કારણ કે—ગ્રન્થકારમહર્ષિએ ગ્રન્થમાં પોતે અનુભવગમ્ય કરેલું શાસ્ત્રીય રહસ્ય કેવળ પરોપકારભાવથી આલેખ્યું છે.

એક હજાર વર્ષો પૂર્વે રચાયેલો આ ગ્રન્થ આજે છાપાના કાળમાં પણ આજ સુધી અપ્રગટ રહ્યો અને આજે ગુજરાતી ભાષાન્તર તરીકે પ્રગટ થાય છે, તેમાં સંઘનો પુણ્યપ્રકર્ષ પણ કારણભૂત છે.

ગ્રન્થને લખવામાં, સુધારવામાં, પ્રેસકોપી લખવામાં તથા પ્રુફો તપાસવા વગેરેમાં જે જે આત્માઓએ સહકાર આપ્યો છે, તેઓને કદાપિ ભૂલી શકાય તેમ નથી.

પ્રાન્તે, ગ્રન્થના અનુવાદમાં છદ્મસ્થસુલભ જે કોઇ ક્ષતિઓ રહી હોય કે શાસ્ત્રવિરુદ્ધ લખાયું હોય, તેનો ત્રિવિધે ત્રિવિધે 'મિચ્છામિ દુક્કડં' આપી વાચકવર્ગને પણ તે ભૂલો સુધારી લેવા માટે અને મને જણાવવા માટે તથા પ્રેસદોષાદિને કારણે રહી ગયેલી ભૂલોનું શુદ્ધિપત્રક આપ્યું છે તેનો ઉપયોગ કરવા માટે ભલામણ કરીને વિરમું છું.

**વિ. સં. ૨૦૩૨–વીર સં. ૨૫૦૨** **લે. પૂજ્ય ગુરુદેવ શ્રી**
**કાર્તિક વદ ૧૦–અમદાવાદ** **વિજયમનોહરસૂરિ–શિષ્યાણુ ભદ્રંકરસૂરિ**

# સમર્પણ

❈

ત્રિકાલાબાધિત જે શ્રી વીતરાગદેવના શાસનના પ્રભાવે
યત્કિંચિત્ બોધને પામ્યો છું અને જે પરમ ઉપકારી
પૂજ્ય ગુરુદેવોની કૃપાથી સંયમ માર્ગે બાળકની
જેમ પા પા-પગલીએ વિચરી રહ્યો છું, તે પરમ-
કૃપાળુ દીર્ઘતપસ્વી સંઘસ્થવિર સ્વ-પૂ.
આચાર્યદેવશ્રી વિજયસિદ્ધિસૂરીશ્વરજી, જ્ઞાન-
નિધિ ગાંભીર્યાદિગુણગણાકર પૂ. સ્વ-
આચર્યદેવ શ્રીમદ્ વિજયમેઘસૂરીશ્વરજી
તથા પૂ. ગુરુદેવ શમમૂર્તિ નિઃસ્પૃહ-
શિરોમણી પૂ. આચાર્ય મ. સ્વ.
શ્રી મનોહર સૂરિજીના ચરણ-
કમળમાં કૃતજ્ઞભાવે
સમર્પણ.

વિરહાતુર આપનો
ભદ્રંકરવિજય

॥ ॐ अर्हँ नमः ॥

# ગ્રન્થનો પરિચય અને હાર્દ

( લે. શ્રી નમસ્કાર મહામંત્ર સમારાધક પૂ. પંન્યાસજી શ્રી ભદ્રંકરવિજયજી ગણિવર તથા પૂ. આચાર્યમહારાજ શ્રી વિજયકલાપૂર્ણસૂરિ મહારાજ )

સર્વજ્ઞ-સર્વદર્શી શ્રી તીર્થંકર ભગવંતોએ સર્વ જીવોના હિત માટે જે ધર્મોપદેશ કર્યો છે, તે ધર્મના મુખ્ય બે પ્રકારો છે. ૧-શ્રુતધર્મ, ૨-ચારિત્રધર્મ.

(૧) શ્રુતધર્મ-જીવાદિ તત્ત્વોનો સમ્યગ્ બોધ કરાવી સર્વ જીવો પ્રત્યે આત્મતુલ્ય-આત્મૌપમ્ય દૃષ્ટિ પ્રગટાવે છે.

(૨) ચારિત્રધર્મ-સર્વ જીવો પ્રત્યે ઔચિત્ય વ્યવહાર રૂપે અહિંસાદિ વ્રતોના પાલન દ્વારા જિનાજ્ઞાને આત્મસાત્ બનાવી સ્વભાવમાં તન્મયતા પ્રગટાવે છે.

આ બન્ને પ્રકારના ધર્મનું મૂળ 'સમ્યગ્દર્શન' છે,[૧] અથવા તે બન્ને ધર્મોના સતત સેવનથી નિશ્ચય સમકિત પ્રગટે છે.

**સમ્યક્ત્વના પાંચ લક્ષણો-**

૧-શમ, ૨-સંવેગ, ૩-નિર્વેદ, ૪-અનુકંપા અને ૫-આસ્તિક્ય આ લક્ષણો દ્વારા સમ્યગ્દર્શનની સ્વાનુભૂતિ (સ્પર્શના)નું અનુમાન અવશ્ય થાય છે. તેમાં આસ્તિક્ય સમ્યક્ત્વનો પાયો છે, અનુકંપા, સંવેગ અને નિર્વેદ સમ્યક્ત્વનું સ્વરૂપ છે અને શમ તેનું ફળ છે.

પ્રસ્તુત ગ્રન્થમાં સંવેગાદિની પ્રાપ્તિ. રક્ષણ અને વિકાસના સુંદર, સરળ અને સચોટ ઉપાયો દર્શાવ્યા છે; તેથી તેનું 'સંવેગરંગશાળા' નામ સાર્થક છે.

**પાંચ લક્ષણોનું ટૂંકું સ્વરૂપ-**

(૧) **આસ્તિકતા**-જે જે પદાર્થનું જે સ્વરૂપે અસ્તિત્વ છે, તેનો તે જ સ્વરૂપે સ્વીકાર.

અસ્તિ સ્વભાવવાળા પદાર્થો સદા અસ્તિરૂપે જ રહેનારા છે, તે કદાપિ નાસ્તિરૂપે પરિણમતા નથી. અને નાસ્તિ સ્વભાવવાળા પદાર્થો સદા નાસ્તિરૂપે જ રહે છે, તે કદાપિ અસ્તિપણે પરિણમતા નથી.

આ એક સામાન્ય નિયમ છે. આત્મા પણ એક પદાર્થ છે અને તે સદા આત્મારૂપે જ પોતાનું અસ્તિત્વ ધરાવે છે.

---

૧ इदमेव हि प्रथमो मोक्षोपाय उक्तं च-

यमप्रशमजीवातु-र्बीजं ज्ञानचरित्रयोः । हेतुस्तपःश्रुतादीनां, सद्दर्शनमुदीरितम् ॥

(શાસ્ત્રવાર્તા બૃહદ્વૃત્તિ)

વીતિ ચૂકેલા અનંતકાળમાં આત્મા હતો, વર્તમાનમાં પ્રત્યક્ષ છે જ અને આગામી અનંતાકાળમાં પણ એ સદા સ્વસ્વરૂપે જ રહેવાનો. આવી દૃઢ શ્રદ્ધા તે આસ્તિકતા. આત્માનું શુદ્ધ સ્વરૂપ છે ' સચ્ચિદાનંદ. ' તેની અને તેના આ સ્વરૂપની સ્વીકૃતિ એ જ આસ્તિકતા છે.

(૨) **અનુકંપા**–હું જીવ છું, સુખ મને પ્રિય છે અને દુઃખ લેશ પણ ગમતું નથી, એમ મારા જેવા બીજા અનંતા જીવો સંસારમાં છે. એ પણ જીવવા ઇચ્છે છે, સુખના અર્થી છે અને દુઃખ લેશ પણ તેઓને ગમતું નથી. તે બધા પણ મારી જેમ અનાદિ અનંતકાળથી આ દુઃખમય સંસારમાં ભટકી રહ્યા છે. આવો વિચાર તેને પ્રગટે છે, કે જેને પોતાના દીર્ઘ સંસારપરિભ્રમણનો કંપ (દુઃખનો તીવ્ર બળાપો) પ્રગટ્યો હોય! આ કંપ પછી અનુકંપ થાય છે કે–જેમ હું દુઃખી છું, તેમ મારા જેવા બીજા સંસારી જીવો પણ દુઃખી જ છે. એ સર્વ પણ "દુઃખથી મુક્ત બનો અને પૂર્ણ સુખને પામો!" મારે એ બધાને સહાયક થવું જોઇએ. સર્વનું જીવત્વ સમાન છે, માટે તેઓનાં દુઃખો અને પીડા તે હકીકતમાં મારું જ દુઃખ અને પીડા છે. માટે હું મારા આત્મા સાથે જેવો કરું છું તેવો જ વ્યવહાર મારે તેઓ સર્વની સાથે પણ કરવો જોઈએ. આવી સમવેદના–સહાનુભૂતિનો ભાવ તે અનુકંપા છે. આસ્તિક આત્મામાં તે અવશ્ય પ્રગટે છે અને તે યથાશક્ય બીજાનાં દુઃખોને દૂર કરવા માટે પ્રેરણા કરે છે.

(૩–૪) **નિર્વેદ અને સંવેગ**–હું આત્મા છું, નિત્ય છું, તો આજ સુધી હું ક્યાં રહ્યો? સંસારમાં! તો જ્યાં સુખનો લેશ નહિ, દુઃખનો પાર નહિ, કેવળ દુઃખ–પીડા અને પરાભવ જ છે, એવી નિગોદ, નરક, વગેરે દુર્ગત અવસ્થાઓમાં જ મારો અનંતકાળ ગયો; મનુષ્ય કે દેવના ભવોમાં થોડું બાહ્ય સુખ મળ્યું હશે, ત્યારે પણ તેમાં ગાઢ રાગ–દ્વેષ દ્વારા મેં ઘોર અશુભ કર્મો જ બાંધ્યાં હશે અને પુનઃ એ જ દુર્ગતિમાં રીબાઈ રીબાઇને જીવ્યો અને મર્યો હોઇશ.

જ્યાં આધિ, વ્યાધિ અને ઉપાધિ જ છે, જન્મ, જરા, મરણ, દુઃખ, દૌર્ભાગ્ય અને પરાભવના ત્રાસ સિવાય બીજું કાંઇ નથી, તે સંસારમાં હવે કેમ રહેવાય? મારું સ્વરૂપ તો પૂર્ણ જ્ઞાનમય અને આનંદમય છે, તો શા માટે આ દુઃખમય સંસારમાં રહેવું? આવો ભવનિર્વેદ અને મોક્ષની તીવ્ર ઝંખનારૂપ સંવેગ આત્મામાં આસ્તિક્ય પ્રગટ્યા પછી જ પ્રગટે છે.

આ ભવનિર્વેદ અને સંવેગ બન્ને ગુણો સહભાવી હોવાથી જ્યાં નિર્વેદ ત્યાં સંવેગ અને જ્યાં સંવેગ ત્યાં નિર્વેદ હોય જ છે.

આસ્તિક આત્માને સંસારમાં દીર્ઘકાળ સુધી દુઃખમાં પરિભ્રમણનું ભાન થયા પછી પોતાના સ્વરૂપનું જેમાં સંપૂર્ણ પ્રગટીકરણ છે, તે મોક્ષપદને પ્રાપ્ત કરવાની તીવ્ર ઝંખના ન પ્રગટે, તે બને જ કેમ ? આસ્તિકતાનો અને અનુકંપાનો પાયો મજબૂત થયા પછી આ નિર્વેદ અને સંવેગ બન્ને ગુણો પ્રગટયા વિના રહે જ નહિ.

(૫) **શમ**–અનુકંપાનું ફળ 'નિર્વેદ, સંવેગ' અને તે બેનું ફળ 'શમ' છે. રાગ–દ્વેષ અને સુખ–દુઃખના પ્રસંગોમાં મધ્યસ્થવૃત્તિ, સમતા, સમતુલા, એ શમનાં જ નામો છે. તે અનુકંપા, અહિંસા, મૈત્રી કે કરુણાભાવ વિના શકય નથી.

સ્વાર્થ એટલે પોતાના જ સુખ–દુઃખનો વિચાર. રાગ, દ્વેષ વગેરે વિભાવનો જેટલા અંશે વિગમ થાય, તેટલા અંશે બીજા સર્વ જીવો સાથે એકતાની બુદ્ધિ અને શ્રદ્ધા પ્રગટે છે અને ત્યારે જ વાસ્તવિક શમ–સમત્વનો અનુભવ થાય છે.

અહીં સુધી પાંચેય લક્ષણોનું સામાન્ય સ્વરૂપ જોયું. હવે ગ્રન્થમાં કહેલા સંવેગની મુખ્યતા અને વિશેષ સ્વરૂપ જોઇએ.

**સંવેગની વિશેષતા–**

ભવના અત્યન્ત ભયથી પ્રગટેલી મોક્ષની તીવ્ર અભિલાષા અર્થાત્ નિર્વેદની તીવ્રતા, તે સંવેગ છે. તે પ્રગટતાં જ જ્ઞાનાદિ ગુણો સમ્યગ્ બને છે. સંવેગ સહિત જ્ઞાન, દર્શન અને ચારિત્ર એ સમ્યગ્ કહેવાય છે.

આ રીતે સંવેગ એ રત્નત્રયીરૂપ મોક્ષમાર્ગનું મૂળ છે, એમ સિદ્ધ થાય છે.

**આસ્તિકયનું સ્વરૂપ–**

"अस्ति मूति मतिः आस्तिक्यम् ।" આત્મા છે એવી બુદ્ધિ તે આસ્તિકતા. અર્થાત્ શ્રી જિનેશ્વર પરમાત્માએ કહેલા જીવાદિ તત્ત્વો વિદ્યમાન છે–સત્ય છે, એવી શ્રદ્ધા તે આસ્તિકય છે.

**જીવનું અસ્તિત્વ બે પ્રકારે–**

૧. **સ્વરૂપ અસ્તિત્વ**–અસ્તિત્વ સદા અસ્તિત્વપણે જ પરિણમે છે.[૨] દ્રવ્યાર્થિક નયના મતે કોઈ પણ દ્રવ્યનો સર્વથા અભાવ થતો નથી, એથી જીવદ્રવ્યનો પણ અભાવ કોઈ કાળે થાય નહિ. આ છે જીવનું સ્વરૂપ અસ્તિત્વ.

૨. **સદૃશ અસ્તિત્વ**–પદાર્થ માત્ર અનંતધર્માત્મક હોય છે. (એમ પર્યાયાસ્તિકાય નયનો મત છે.) તેમાં પણ મુખ્ય ધર્મો ૧–સામાન્ય, ૨–વિશેષ, એ બે છે. જીવ પણ દ્રવ્ય હોવાથી તેમાં આ બન્ને ધર્મો છે જ.

જ્ઞેય પદાર્થનો ધર્મ બે પ્રકારે છે, તેથી જીવને તેનું જ્ઞાન પણ બે પ્રકારે થાય છે. પદાર્થના સામાન્યધર્મનું જ્ઞાન તે સામાન્ય જ્ઞાન અને વિશેષ ધર્મનું જ્ઞાન તે

૨–अत्थित्तं अत्थित्ते परिणमइ । (ભગવતીજી શતક ૧, ઉ ૧)

વિશેષ જ્ઞાન. આ બન્ને પ્રકારના જ્ઞાનથી પદાર્થનો પૂર્ણ બોધ થાય અને પૂર્ણ બોધ થવાથી જ તેની સચોટ શ્રદ્ધારૂપ સમ્યગ્દર્શનગુણ પ્રગટે.

"एगे आया" 'આત્મા એક છે.'

આ સૂત્રથી શ્રી ઠાણાંગસૂત્રમાં ચૈતન્યરૂપે જીવનો એક જ ભેદ કહ્યો છે. અર્થાત્ જીવ માત્રમાં સામાન્યથી જાતિરૂપે જીવત્વ એક જ સરખું છે.

વિશેષથી (વિકાસના તારતમ્યથી) જીવો અનેક પણ છે, જેમ કે–જીવના મુખ્ય બે ભેદ છે. સિદ્ધ અને સંસારી. તેમાં વળી સંસારીના બે ભેદથી લઈ યાવત્ પાંચસો-ત્રેસઠ ભેદો પણ કહ્યા છે.

એમ શરીરાદિની ભિન્નતાથી જીવોની અનેકતા પણ છે અને ચૈતન્યરૂપે સર્વમાં એકતા પણ છે.

વસ્તુના વિશેષધર્મનો વિચાર ભેદદૃષ્ટિને અને સામાન્યધર્મનો વિચાર અભેદ-દૃષ્ટિને પ્રગટાવે છે. એ બેમાં વૈરાગ્યની પ્રાપ્તિ અને પુષ્ટિ માટે જેમ ભેદદૃષ્ટિ ઉપકારી છે, તેમ મૈત્રીભાવ આત્મૌપમ્યભાવને પ્રગટાવવા અને વિકસાવવા માટે અભેદદૃષ્ટિ પણ એટલી જ ઉપકારી અને ઉપાદેય છે.

**તુલ્યદૃષ્ટિથી અનુકંપા–**

હું જીવ છું, મને સુખ પ્રિય અને દુઃખ અપ્રિય છે, જીવવું ગમે છે, મરણ ગમતું નથી, એમ જગતના [3]સર્વ જીવો પણ મારા જેવા હોવાથી તેઓને પણ જીવન અને સુખ પ્રિય છે. તેઓ મરણ અને દુઃખથી સદા ડરે છે અને ભયભીત બને છે. માટે મારે કોઈ પણ જીવની હિંસા કે તેને કોઇ પીડા–વ્યથા થાય, તેવો વ્યવહાર ન કરવો જોઈએ. આવી આત્મતુલ્ય દૃષ્ટિથી અનુકંપાની–પરપીડાપરિહારની વૃત્તિ પ્રગટે છે.

'શાસ્ત્રવાર્તાસમુચ્ચય' ગ્રન્થમાં કહ્યું છે કે–સ્વ આત્માની જેમ સર્વ પ્રાણીઓમાં પણ સુખપ્રિયતા અને દુઃખદ્વિષ્ટતા જોવાથી પરપીડાના પરિહારની જે ઝંખના પ્રગટે છે, તે 'અનુકંપા' છે.

શ્રી આવશ્યકનિર્યુક્તિ અને શ્રી અનુયોગદ્વારસૂત્રમાં પણ કહ્યું છે કે–જે ભૂત, ત્રસ અને સ્થાવર સર્વ જીવો પ્રત્યે આત્મસમભાવથી ભાવિત (તુલ્ય વૃત્તિવાળો) હોય, તેને જ કેવલિકથિત સામાયિક હોય અને તે જ હિંસાદિ સર્વ પાપવ્યાપારોનો ત્યાગી બને.

**અનુકંપા માહાત્મ્ય–**

સામાયિકની પ્રાપ્તિ ચિત્તમાં અનુકંપા અંકુરિત થવાથી થાય છે, અનુકંપા

---

૩ सव्वे पाणा पिआउआ सुहसाया दुहपडिकूला॰ (આચારાંગ અ૦ ૨, સૂત્ર ૯૩)

ચિત્તના પરિણામોને શુભ બનાવે છે. આ દયા–અનુકંપાના મધુર પરિણામને જ્ઞાની ભગવંતોએ "સામ સામાયિક' પણ કહ્યું છે.

[4]ભૂત, વર્તમાન અને ભાવિ–ત્રણેય કાળના સર્વ તીર્થંકરદેવોએ ઉપદેશ્યું છે કે– "સર્વ પ્રાણીઓ–ભૂતો–જીવો સત્ત્વોને હણવા નહિ, કોઈ પણ જીવને મારવો નહિ, પરાધીન બનાવવો નહિ, પરિગ્રહરૂપે સંગ્રહ કરવો નહિ, પરિતાપ–પીડા ઉપજાવવી નહિ તથા તેઓના પ્રાણોનો નાશ કરવો નહિ. આ જ શુદ્ધ ધર્મ છે અને તે નિત્ય ધ્રુવ તેમજ શાશ્વત છે."

ધર્મનું આવું શુદ્ધ સ્વરૂપ શ્રી જિનાગમ સિવાય અન્યત્ર નથી. સમગ્ર જીવરાશિ સાથે આપણા આત્માની જીવત્વરૂપે એકતા હોવાથી એક પણ જીવની કરેલી પીડા કે હિંસા એ નિજ આત્માની પીડા કે હિંસા માનવી જોઇએ.

એ આચારાંગસૂત્રમાં જ પછી કહ્યું છે કે–"હે આત્મન્! તું જે જીવોને મારવા વગેરેનો વિચાર કરે છે, તે તું જ છે." અર્થાત્ પરના અહિતાદિનો વિચાર તે પોતાના જ અહિતાદિનો વિચાર છેઃ કારણ કે-તને જેમ થાય છે, તેમ કોઈ મારનાર વગેરેને જોઇને અન્ય જીવોને પણ દુઃખ–દ્વેષ પ્રગટે છે. આ રીતે પરપીડા–હિંસાદિ કરનારને ભયંકર પાપકર્મોનો બંધ થાય જ છે, અને પાપકર્મો કરનારને કર્મસત્તા ઓછામાં ઓછી દશગુણી અને ઉત્કૃષ્ટથી અનંતગુણી પણ દુઃખદ સજા ફટકારે છે.

એમ આત્મસમદર્શિત્વ ભાવથી ચિત્તમાં સર્વ જીવોની હિતચિંતારૂપ મૈત્રીભાવ અને સર્વનાં દુઃખોને દૂર કરવાની શુભ ભાવનારૂપ અનુકંપા પ્રગટ થાય છે.

એ જ રીતે ગુણી આત્માઓ પ્રત્યે પ્રમોદ, આદર, બહુમાન, એ પણ નિજ-ગુણોનું જ બહુમાન છે. અવિનીત પ્રત્યે તેના દોષની ઉપેક્ષા પણ આપણામાં ક્ષમા–માધ્યસ્થ્યને ઉત્પન્ન કરે છે, તેથી જ અન્ય જીવો પ્રત્યે કરેલા અપરાધોની ક્ષમા માગવા–મેળવવાના આપણે અધિકારી બનીએ છીએ.

એમ સર્વ જીવો સાથે સદશતાના વિચારથી મૈત્રી, અનુકંપા વગેરે સહજ રીતે ઉત્પન્ન થવા લાગે છે.

### ૩. નિર્વેદ–વ્યવહારદૃષ્ટિથી સ્વરૂપાસ્તિત્વનો વિચાર–

વ્યવહારથી જિનવચન દ્વારા જ્યારે જીવને 'હું જીવ છું, આત્મદ્રવ્ય છું, અનાદિકાળથી કર્મબદ્ધ–સંસારી છું.' એવું જ્ઞાન અને શ્રદ્ધાન થાય છે, ત્યારે જ તેને ભવનિર્વેદભાવ પ્રગટે છે. છ દ્રવ્યોમાં જીવ અને પુદ્ગલ બે જ પરિણામી છે, તેથી જેમ સંસારી જીવોમાં કર્મપુદ્ગલોને ગ્રહણ કરવાનો સ્વભાવ (સહજમળ) છે. તેમ

૪–से बेमि जे अइया जेय पडुपन्ना० (આચારાંગ અધ્ય૦ ૪, ઉદ્દેશો ૧)

પુદ્ગલદ્રવ્યમાં પણ બાહ્ય સ્વભાવ છે, તેથી જીવ જ્યારે રાગ–દ્વેષાદિના પરિણામ કરે છે, ત્યારે કર્મપુદ્ગલો તેને ચોંટી જાય છે.

સુવર્ણ અને માટીની જેમ જીવનો અને કર્મનો સંયોગ અનાદિ છે. મિથ્યાત્વ, અવિરતિ, પ્રમાદ, કષાય અને યોગ તે એના હેતુઓ (આશ્રવદ્વારો) છે. જીવ જ્યાં સુધી એ હેતુઓમાં પ્રવૃત્ત હોય છે, ત્યાં સુધી કર્મનો પ્રવાહ સતત તેનામાં પ્રવેશ કરે છે અને જીવના તે તે પ્રકારના પરિણામની વિચિત્રતાને કારણે તે મુખ્યતયા જ્ઞાનાવરણીયાદિ કર્મરૂપે આઠ વિભાગમાં વહેંચાઈ જાય છે.

એ બંધાએલાં કર્મો ઉદયમાં આવીને વિવિધ શુભાશુભ ફળોને આપે છે અને તેના અનુભવથી જીવ ઇષ્ટાનિષ્ટ પ્રસંગોમાં રાગ–દ્વેષ કરે છે, તેથી પુનઃ કર્મ બંધાય છે, પુનઃ ઉદયમાં આવે છે આ રીતે કર્મના પ્રભાવે જન્મ, જરા, મરણ, આધિ, વ્યાધિ અને ઉપાધિજન્ય વિવિધ કષ્ટો ભોગવે છે. સર્વ સંસારી જીવોની આવી જ દયાજનક દુઃખદ પરિસ્થિતિ છે.

અનાદિ નિગોદમાં, ચારેય ગતિમાં, છએ કાયમાં, પ્રત્યેક અવસ્થામાં તેની આ કરુણ સ્થિતિ રચી છે.

પોતાના અસલી સ્વરૂપને ન જાણવાથી જીવો દેખાતા દેહને જ નિજ સ્વરૂપ માની તેના સુખે સુખી અને દુઃખે દુઃખી થાય છે, અને દેહના સુખ માટે ઇન્દ્રિઓને તે તે વિષયોથી તૃપ્ત કરવા માટે હિંસાદિ પાપો કરે છે.

પોતાના મૂળ સ્વરૂપનું અજ્ઞાન હોવાથી અન્ય જીવોના અસ્તિત્વની શ્રદ્ધા થતી નથી, તેથી અન્ય જીવોની હિંસાનો ભય થતો નથી કે પાપોની પ્રવૃત્તિ અટકતી નથી. એમ પાપપ્રવૃત્તિ ચાલુ રહેવાથી કર્મબંધ અને તેના ફળરૂપે અસહ્ય દુઃખોનો ભોગવટો પણ સતત ચાલુ રહે છે.

આવું ભવભ્રમણ કરતાં જ્યારે ભવપરિણતિનો પરિપાક થવાથી ચરમાવર્તમાં જીવ આવે છે, ત્યારે સદ્ગુરુના યોગે કે સહજભાવે જીવને આ દુઃખમય સંસારથી છૂટવાની તીવ્ર ઝંખના જાગે છે. તે ઝંખનાને "ભવનિર્વેદ" કહેવાય છે.

આ ભવનિર્વેદથી જીવ હિંસાદિ પાપપ્રવૃત્તિઓને છોડવા માટે પ્રયત્ન કરે છે અને તેની સાથે યથાશક્ય અહિંસાદિ વ્રતોનું કે મહાવ્રતોનું પાલન કરે છે. ઉપરાંત પરમાત્માની ભક્તિ, સદ્ગુરુની સેવા, વગેરે કરતો સ્વજીવનને ધન્ય બનાવવા માટે ઉજમાળ બને છે.

**(૪) સંવેગ અને નિશ્ચયદષ્ટિએ સ્વ–સર્વ બન્નેના અસ્તિત્વનો વિચાર**–
નિશ્ચયદષ્ટિથી સ્વ અને સર્વ બન્નેના અસ્તિત્વના વિચારથી પ્રગટતી મોક્ષની (શુભ

સ્વભાવની ) રુચિને સંવેગ કહે છે. મોક્ષનું બીજ સંવેગ છે. મોક્ષની રુચિવાળો જીવ જ મોક્ષની સાધના કરી શકે.

સમ્યગ્દર્શન, જ્ઞાન અને ચારિત્રરૂપ રત્નત્રયી એ મોક્ષમાર્ગ છે અને તેના પ્રરૂપક શ્રી અરિહંતદેવો છે, તેથી તેઓ સંવેગને પ્રગટ થવામાં પ્રધાન–પુષ્ટ નિમિત્ત છે. તેઓની આદરપૂર્વક ભક્તિ સેવા અને આજ્ઞા પાલન કરવાથી જ આત્માના શુદ્ધ સ્વરૂપની ઓળખાણ થાય છે.

"શુદ્ધ નયથી મારું અને સંસારી સર્વ જીવોનું સ્વરૂપ સત્તાએ શુદ્ધ સિદ્ધ-પરમાત્મા તુલ્ય છે."–આવું જ્ઞાન અને શ્રદ્ધાન થાય છે, ત્યારે જીવને તે શુદ્ધ સ્વરૂપને પામેલા શ્રી સિદ્ધો પ્રત્યે અનુપમ ભક્તિ અને આદર બહુમાન પ્રગટે છે અને પોતાના પણ તેવા સ્વરૂપને પ્રગટાવવા માટે ઝંખના પણ વેગવંતી બને છે તથા તેના પરમ ઉપાયભૂત આવશ્યકાદિ સદનુષ્ઠાનોરૂપ શુદ્ધવ્યવહારમાર્ગ, તેની આરાધના અને ઉપાસનામાં અધિકાધિક ઉદ્યત બને છે. ઉપરાંત શુદ્ધ નયની ભાવનાથી પોતાને સદા ભાવિત પણ કરતો રહે છે. તે શુદ્ધાત્મભાવ અંગે કહ્યું છે કે–

> "દેહ મન વચન પુદ્ગલ થકી, કર્મથી ભિન્ન તુજ રૂપ રે।
> અક્ષય અકલંક છે જીવનું, જ્ઞાન આનંદ સ્વરૂપ રે ॥
> ચેતન જ્ઞાન અજવાળીએ ( ઉપા૦ ) "

'હે ચેતન ! આ શરીર, વાણી, મન, કર્મ અને સર્વ પદ્ગલદ્રવ્યોથી ભિન્ન તારું સ્વરૂપ તો અક્ષયજ્ઞાન અને અકલંકઆનંદમય છે."

**શુદ્ધાત્મભાવનો મહિમા–**

આ શુદ્ધ આત્મભાવથી જેમ અગ્નિથી કાષ્ઠ ભસ્મીભૂત થઈ જાય, તેમ આત્મ-ભાનને ભૂલાવનારા અહંકાર અને મમકારનો નાશ થાય છે. શુદ્ધાત્મભાવ એ સાધુની સંપત્તિ છે, મોક્ષમાર્ગની દીપિકા છે, સકલ દ્વાદશાઙ્ગીનો સાર છે અને સર્વ દુઃખ-નિવારણનો પરમ ઉપાય છે, એમ શ્રી ઓઘનિર્યુક્તિ આદિ શાસ્ત્રગ્રન્થોમાં ફરમાવ્યું છે. ( ઉપા૦ યશોવિ૦ મ૦ કૃત સાડીત્રણસો ગાથા સ્તવન–ઢાળ ૧૬ )

**૫. પ્રશમ**–ચિત્તના સર્વ વિકલ્પો શાન્ત થઈ જવાથી એક માત્ર આત્માના શુદ્ધ સ્વરૂપના આલંબનવાળો જે જ્ઞાનનો શુદ્ધ પરિણામ પ્રગટે, તેને શમ કહે છે. ( જ્ઞાનસાર શમાષ્ટક ) શમનું આ લક્ષણ નિર્વિકલ્પદશાની મુખ્યતાએ કહ્યું છે.

યોગશાસ્ત્રોમાં આલંબનયોગ, ધ્યાનયોગ અને સિદ્ધિયોગના ફળરૂપે જે અના-લંબનયોગ કે સમતાયોગ પ્રગટે છે, તેને પણ 'શમ' કહ્યો છેઃ કારણ કે–નિશ્ચય-સમ્યક્ત્વ સાતમા ગુણસ્થાનકે પ્રગટે છે, તેની પૂર્વે ચોથા ગુણસ્થાનકે પણ વ્યવહાર-

સમ્યક્ત્વ હોય છે. અને ત્યાં પણ દર્શનમોહ અને અનંતાનુબંધીના ક્ષયોપશમાદિથી આ પાંચેય લક્ષણો પ્રગટે છે, તે જ ઉપર–ઉપરના ગુણસ્થાનકોમાં આધિકાધિક નિર્મળ થતાં જાય છે. એ રીતે શુદ્ધનયની ભાવનાથી ભાવિત બનતો આત્મા આ જન્મમાં જ પ્રશમસુખ–આત્માસમાધિને પ્રાપ્ત કરી શકે છે.

**ત્રિવિધ સામાયિક અને તેનો પાંચ લક્ષણો સાથે સમન્વય—**

૧–સર્વ જીવો પ્રત્યે મૈત્રીરૂપ શર્કરા જેવો મધુર પરિણામ, તે '**સામસામાયિક**' છે.

૨–ઇષ્ટાનિષ્ટ સર્વ પ્રસંગોમાં ત્રાજવાતુલ્ય મધ્યસ્થભાવ, તે '**સમસામાયિક**' છે.

૩–ખીર–સાકરની જેમ જ્ઞાન, દર્શન અને ચારિત્રમય ઓતપ્રોત એકીભાવને પામેલો આત્મપરિણામ; તે **સમ્મસામાયિક** ' છે.

આ ત્રણેય સામાયિકનો નિશ્ચયસમ્યક્ત્વનાં પાંચેય લક્ષણો સાથે આ રીતે સમન્વય થઇ શકે છે.

(૧) સદૃશ અસ્તિત્વ( તિર્યક્ સામાન્ય )થી સર્વ જીવોને પોતાના તુલ્ય સ્વરૂપવાળા જાણવાથી પ્રગટેલો પરપીડાપરિહારરૂપ જે અનુકંપાભાવ, તે મધુર પરિણામરૂપ હોવાથી સામસામાયિક છે.

(૨) સ્વરૂપ અસ્તિત્વ (ઉર્ધ્વતા સામાન્ય )થી જીવ સદા ચૈતન્યરૂપે નિત્ય છે. એવા જ્ઞાનથી ભવભ્રમણ કરાવનાર ભૌતિક વિષયો પ્રત્યે પ્રગટેલો નિર્વેદ અને સર્વ જીવોનું સ્વરૂપ સત્તાથી શ્રી સિદ્ધપરમાત્મા તુલ્ય નિર્મળ છે, એવા જ્ઞાનથી પોતાના શુદ્ધ સ્વરૂપને પ્રગટાવવાની રુચિરૂપ પ્રગટતો સંવેગ, તે બન્નેના બળે ઇષ્ટાનિષ્ટ સંયોગો અને માન–અપમાન વગેરેમાં જે રાગ–દ્વેષરહિત તુલ્ય પરિણામ, તે સમસામાયિક છે.

(૩) અનુકંપા, નિર્વેદ અને સંવેગના સતત અભ્યાસથી તેના ફળરૂપે પ્રાપ્ત થતો પ્રશમ, તે સમ્મસામાયિક છે.

જેમ નિશ્ચયસમ્યક્ત્વ જ્ઞાન અને ચારિત્રરૂપ છે, [૧]તેમ સમ્મસામાયિકમાં પણ એ ત્રણેયનો અંતર્ભાવ છે, માટે તે બન્નેની એકરૂપતા છે.

**પાંચ લક્ષણો અને ધ્યાનનો સંબંધ.**

(૧) આસ્તિક અને અનુકંપા વડે મૈત્રી તથા કરુણા પ્રગટ થવાથી કષાયોની ઉત્કટતારૂપ રૌદ્રધ્યાન નાશ પામી ધર્મધ્યાન પ્રગટે છે.

---

૧–सम्मन्ति पासहा मोणंति पासहा । मोणंति पासाहा सम्मंति पासाहा ॥ [ આચારાંગસૂત્ર ]
मन्यते यो जगत्तत्वं,स मुनिः परिकीर्तितः । सम्यक्त्वमेव तन्मौनं, मौनं सम्यक्त्वमेव च [જ્ઞાનસાર]

(૨) નિર્વેદ અને સંવેગથી પ્રગટ થતા માધ્યસ્થ્ય અને પ્રમોદ ભાવથી વૈષયિક સ્પૃહાની ઉત્કટતારૂપ આર્ત્તધ્યાન નાશ પામી ધર્મધ્યાન વધે છે.

(૩) પ્રશમ એ શેષ ચારેય ગુણોનું ફળ હોવાથી નિશ્ચલ ધર્મધ્યાનસ્વરૂપ છે અને તે શુકલધ્યાનના પ્રારંભમાં સહાયક બને છે.

વ્યવહારિક સમ્યક્ત્વનાં સંવેગાદિ લક્ષણોના પ્રતિબંધક દર્શનમોહ અને અનંતાનુબંધી કષાયો છે, તથા નિશ્ચય સમ્યક્ત્વના તે લક્ષણોના પ્રતિબંધક અપ્રત્યાખ્યાનીય–પ્રત્યાખ્યાનીય કષાયો છે.

પ્રસ્તુત ગ્રન્થમાં એ પ્રતિબંધકોના નિગમ–વિનાશના અનેક સુંદર, સરળ અને સચોટ ઉપાયો દર્શાવ્યા છે. તેથી આ ગ્રન્થનું '**સંવેગરંગશાળા**' નામ સાર્થક બને છે.

## ગ્રન્થનો પરિચય–

ગ્રન્થકાર સ્વયં પ્રથમ સંવેગનું સ્વરૂપ તથા ફળ જણાવે છે કે–

**"एसो पुण संवेगो संवेगपरायणेहिं परिकहिओ ।**
**परमं भवभीरुत्तं, अहवा मोक्खाभिकंखित्तं ॥५५॥"**

"સંવેગરસના પરમ ભંડાર શ્રી તીર્થંકરો અને ગણધરભગવંતોએ ભવનો અત્યંત ભય અથવા મોક્ષની તીવ્ર અભિલાષાને સંવેગ કહ્યો છે."

વળી કહ્યું કે કે–કર્મવ્યાધિથી પીડાતા ભવ્ય જીવોના તે વ્યાધિને દૂર કરવાનો ઉપાય એક માત્ર સંવેગ જ છે, તેથી શ્રી જિનવચનને અનુસારે સંવેગની વૃદ્ધિ માટે આરાધના રૂપી રસાયણ આ ગ્રન્થમાં કહીશ, કે જેથી હું અને સકલ ભવ્ય જીવો ભાવ આરોગ્યને પામી અનુક્રમે અજરામર બને!

તે પછી ૧–પરિકર્મવિધિ, ૨–પરગણ સંક્રમણ, ૩–મમત્વ વિમોચન અને ૪–સમાધિલાભ, એ ચાર વિભાગમાં આરાધનાનું વિસ્તૃત વર્ણન કર્યું છે– તેમાં–

૧. **પરિકર્મવિધિ** દ્વારમાં–પૂર્વસેવા–પ્રારંભિક આરાધનામાં અભ્યાસનો વિધિ વિવિધ વિભાગથી કહ્યો છે. પ્રથમ યોગ્યતા એટલે આ આરાધના કેવી યોગ્યતાવાળો કરી શકે? તે જણાવ્યું છે, તે પછી તે તે ઉપયોગી વિષયો પંદર પેટાદ્વારોથી જણાવ્યા છે; તે પૈકી થોડોક વિચાર અહીં કરીએ.

**(૧) આરાધનાની યોગ્યતામાં જરૂરી ગુણો આ પ્રમાણે કહ્યા છે–**

(૧) રાજ્યાદિ વિરુદ્ધ પ્રવૃત્તિનો ત્યાગ, (૨) રાજ્યના વિરોધીઓનો પણ સંસર્ગત્યાગ, (૩) સાધુપુરુષોનું બહુમાન કરવું, (૪) આરાધક આત્માઓ પ્રત્યે વાત્સલ્ય ધરવું, (૫) આરાધનાની દુર્લભતાનું ચિંતન, (૬) મૃત્યુ આદિ સર્વ

ભયોનું નિવારણ એક માત્ર આરાધનાથી જ થાય, એવી દૃઢ શ્રદ્ધા કરવી, (૭) શ્રી પંચપરમેષ્ઠિઓના સદ્‌ભૂત ગુણોની શ્રેષ્ઠતાને વિચારી તેમની પૂજા-ભક્તિ-સત્કાર વગેરેમાં તત્પરતા, (૮) શ્રી જિનશાસનની પ્રશંસા, (૯) ધર્મનિંદાનો સર્વથા ત્યાગ, (૧૦) પંચમહાવ્રતધારક સદ્‌ગુરુઓની ભક્તિ, (૧૧) સ્વદુષ્કૃત્યોની નિંદા, (૧૨) ગુણીજનના ગુણોનો પ્રમોદ, (૧૩) કુસંગત્યાગ, (૧૪) સજ્જનોનો સમાગમ, (૧૫) દુર્જનના દુર્ગુણોની ઉપેક્ષા, (૧૬) સમ્યગ્‌જ્ઞાનનું શ્રવણ-અધ્યયન-મનન, (૧૭) ક્રિયા જ્ઞાનપૂર્વક કરવી, (૧૮) જ્ઞાનાધિક પ્રત્યે બહુમાન અને જ્ઞાનદાનની તત્પરતા, (૧૯) કષાયોનો જય કરવો, અને (૨૦) ચિત્ત પ્રસન્ન રાખવું. ઇત્યાદિ.

સામાન્ય વિદ્યા-મંત્રો પણ યોગ્ય-અધિકારીને જ સિદ્ધ થાય છે. તેમ મહાગુણ પ્રશમની સિદ્ધિ પણ તેને યોગ્ય-અધિકારીને જ થાય છે. માટે યોગ્ય જીવોને આ ગ્રન્થના વાચન, શ્રવણ, મનન આદિથી તુર્ત આરાધનામાં વેગ અને સ્થિરતા પ્રગટ થાય છે, અપ્રાપ્તગુણોની પ્રાપ્તિ થાય તેવી તેમાં પદ્ધતિ અને વર્ણન છે.

૨. **વિનયદ્વારમાં**-વિનયનું મહત્ત્વ અને તે અંગે સુંદર વર્ણન છે. તેમાં મોક્ષનું મૂળ-ઉપાદાનકારણ રત્નત્રયીની આરાધના છે અને એ આરાધનાનું મૂળ વિનય છે. કૃતજ્ઞતા એક વિશિષ્ટ ગુણ છે. તેની ઓળખાણ નિયમથી થાય છે. કૃતજ્ઞ આત્મા જ ઉપકારીઓનો યથાર્થ વિનય કરી શકે છે. કહ્યું છે કે-

"विणओ सिरिण मूलं, विणओ मूलं समत्थसोक्खाणं ।
विणओ हु धम्ममूलं, विणओ कल्लाणमूलं ति ॥"

"લક્ષ્મીનું મૂળ, સર્વ સુખોનું મૂળ, ધર્મનું મૂળ અને કલ્યાણ-મંગળનું પણ મૂળ વિનય છે."

વધારે શું ? વિનીત આત્મા જ સર્વ સંપત્તિ અને ચારિત્રધર્મ પ્રાપ્ત કરી સ્વ-પર બાહ્ય-અભ્યંતર હિત સાધી શકે છે. તેના મુખ્ય જ્ઞાન, દર્શન, ચારિત્ર, તપ અને ઉપચાર-એ પાંચ પ્રકારો છે.[૭]

૧. જ્ઞાનવિનય-કાળ, વિનયાદિ શાસ્ત્રોક્ત આઠ આચારોના પાલનથી થાય છે.

૨. દર્શનવિનય-જિનોક્ત વચનમાં નિઃશંકતા આદિ આઠ પ્રકારે થાય છે.

૩. ચારિત્રવિનય-પ્રણિધાનપૂર્વક અષ્ટપ્રવચનમાતાના પાલનથી થાય છે.

૪. તપવિનય-તપની અને તપસ્વીઓની ભક્તિ-અનુમોદનાથી, તપ નહિ કરનારની પણ હિલના નહિ કરવાથી તથા યથાશક્ય તપ કરવાથી થાય છે.

૭ 'ज्ञान-दर्शन-चारित्रोपचाराः ।' [ तत्त्वार्थ सूत्र ]

૫. ઉપચારવિનય-પ્રત્યક્ષ કે પરોક્ષમાં ગુણી આત્માઓ પ્રત્યે કુશળ યોગોને, મન-વચન-કાયાને પ્રવર્તાવવાથી, અકુશળને રોકવાથી થાય છે. ઉપચારનો અર્થ અહીં સેવા, વંદન આદિ ક્રિયાઓ હોવાથી કાયિક, વાચિક અને માનસિક ક્રિયાને અહીં ઉપચારવિનય કહ્યો છે.

એ રીતે વિનયગુણ માટે પાંચેય આચારોનું યથાર્થ પાલન આવશ્યક છે. ઉપરાંત વિનયનું પાંચેય આચારોમાં સ્વતંત્ર સ્થાન હોવાથી તે પંચાચારસ્વરૂપ પણ છે. જેમ કે-જ્ઞાનાચારમાં વિનય અને બહુમાનરૂપે, દર્શનાચારના ૬૭ ભેદો પૈકી વિનયના દશ ભેદોરૂપે, ચારિત્રના સત્તર ભેદોમાં માર્દવરૂપે, તપના બાર ભેદોમાં અભ્યંતર તપરૂપે વિધાન છે, એમ વીર્યાચાર સંપૂર્ણ વિનયરૂપ છે.

આરાધનામાં વિનયનું એવું મહત્ત્વ છે કે-શ્રી દશવૈકાલિકનું નવમું અને શ્રી ઉત્તરાધ્યયનસૂત્રનું પ્રથમ અધ્યયન સંપૂર્ણ વિનયપ્રરૂપક છે, એમ વિનયની બહુવિધ અનિવાર્યતા જણાવી છે.

વિનય વિના લૌકિક-લોકોત્તર કોઈ કાય સિદ્ધ થતાં નથી; વિદ્યા, મંત્ર વગેરે પણ ગુરુવિનયપૂર્વક સિદ્ધ થએલા જ હિતકર બને છે; અન્યથા વિડંબનારૂપ પણ બની જાય છે.

વિનય આઠેય કર્મોનું વિનયન-નાશ કરે છે, માટે જ તેનું વિનય નામ સાર્થક હોવા ઉપરાંત સર્વ અનુષ્ઠાન-ધર્મોનું તે મૂળ છે.

શ્રી મહામંત્ર નવકારનો જે અદ્ભૂત મહિમા અને તેની અસાધારણ પ્રભાવક્તા કહી છે, તે પણ એ કારણે કે-તેમાં પાંચેય પરમેષ્ઠિઓનો નમસ્કારદ્વારા વિનય સૂચવાય છે.

વિનય પાંચેય આચારોમાં અનુસ્યૂત-વ્યાપ્ત હોવાથી પાંચેય આચારોના પ્રતિપાદકો અને પાલકોના વિનયરૂપ પરમેષ્ઠિ નમસ્કાર પણ પાંચેય આચારોમાં અને તેના પ્રરૂપક સમગ્ર દ્વાદશાંગ-શ્રુતમાં વ્યાપ્ત છે. સમાધિની પ્રાપ્તિ પણ વિનયના આસેવનથી થાય છે.

**સમાધિદ્વારમાં**-ભાવસમાધિનું સ્વરૂપ અને તેની અત્યન્ત ઉપાદેયતા સિદ્ધ કરી છે. ગ્રંથરચનામાં મુખ્ય ઉદ્દેશ સમાધિની પ્રાપ્તિ છે અને તે મનના વિજયથી જ થાય, માટે મનને શીખામણ આપવારૂપે તેને વશ કરવાની જે વિવિધ કળાઓ-યુક્તિઓ-ચાવીઓ બતાવી છે, તે મુમુક્ષુને અત્યંત ઉપકારી છે. સમાધિનો મુખ્ય ઉપાય **'ધ્યાન'** છે. તે માટે પોતાના મનને ભલામણરૂપે જણાવ્યું છે કે-

"હે મન! સદ્ગુરુએ કહેલા ઉપાયો વડે પ્રથમ સર્વવિઘ્ન વિનાશક સાલંબન-યોગરૂપ ધ્યાનનો અભ્યાસ કરીને બાહ્ય પદાર્થો અને સંયોગો સંબંધી ચિંતા-વિકલ્પોને

સર્વથા શાન્ત કરી, જો નિરાલંબન ધ્યાનદ્વારા પરમ તત્ત્વમાં લીન બનીશ, તો ભવ-ભ્રમણ અવશ્ય અટકી જશે. (ગા. ૧૯૨૭-૨૮)

બાકીનાં દ્વારોમાં પણ આરાધનામાં ઉપયોગી અનેક મહત્ત્વની બાબતો દર્શાવી છે. એકંદર આ પરિકર્મદ્વારમાં ચતુર્વિધ શ્રીસંઘને ઉપયોગી આરાધનાની પુષ્કળ સામગ્રીનો સંગ્રહ છે. અને એ દ્વાર પૂર્ણ કર્યું છે.

(૨) **પરગણસંક્રમણ** અને (૩) **મમત્ત્વવિમોચન** દ્વારમાં, આચાર્ય વગેરે પદસ્થોને પણ આત્મસમાધિ માટે પરગચ્છમાં જવાનો અને સ્વગચ્છની બાહ્ય જવાબદારીઓ અને મમતાથી મુક્ત થવાનો જે ઉત્તમ વિસ્તૃત વિધિ બનાવ્યો છે, તે તે કાળની અંતિમ આરાધનાની ભવ્યતાની ઝાંખી કરાવે છે તથા વર્તમાનમાં લુપ્તપ્રાયઃ થએલા આ વિધિને પુનઃ જીવંત બનાવવાની પ્રેરણા આપે છે.

(૪) **સમાધિલાભદ્વાર**-સર્વ મુમુક્ષુ આત્માઓનું ધ્યેય "પરમ સમાધિ" છે, તેને પ્રાપ્ત કરવાના વિવિધ ઉપાયો જણાવ્યા છે. તેમાં પહેલા અનુશાસ્તિદ્વારમાં સમાધિ માટે ખાસ જરૂરી બાબતોના હેય અને ઉપાદેય-એમ બે ભાગમાં નિર્દેશ કર્યો છે. તેમાં ઉપાદેય વિભાગમાં નમસ્કાર, ચાર શરણ, દુષ્કૃત ગર્હા અને સુકૃત અનુમોદના-એ ચાર પ્રધાન દ્વારો છે. તે અંગે થોડું વિચારીએ.

(૧) **નમસ્કારનું અદ્‌ભૂત માહાત્મ્ય**-મહામંત્રના અદ્‌ભૂત પ્રભાવ-પ્રતાપને વર્ણવતાં કહ્યું છે કે-નમસ્કાર મહામંત્ર ભવાટવીમાં શરણભૂત, અસંખ્ય દુઃખનો નાશક અને મોક્ષપદપ્રાપક છે, તેમજ સર્વ કલ્યાણરૂપ કલ્પવૃક્ષનું અવંધ્ય બીજ છે. ત્રણેય લોકમાં અતિ અદ્‌ભૂત એવી દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવને આશ્રીને જે કોઈ સામગ્રી જીવને મળે છે, તે સર્વ મહામંત્રના શરણનો જ મહિમા છે. વધારે શું? તે નમસ્કાર ભવ્યાત્માઓને શાશ્વત સુખ અને તે દરમ્યાન સંસારમાં પણ વિવિધ અનુપમ સુખોની ભેટ કરે છે.

જેમ સેનાપતિ સૈન્યનો પતિ અને સાચો માર્ગદર્શક છે, તેમ ભાવનમસ્કાર પણ દર્શન-જ્ઞાન-ચારિત્ર-તપનો નાયક અને તે સર્વને યથાસ્થાન યોજક છે. સેનાપતિ વિના સેના વિજય ન મેળવે, તેમ ભાવનમસ્કાર વિના અનંત વાર દ્રવ્યલિંગ ધારણ કરવા છતાં મોહને જીતી શકાય નહિ.

**મહામંત્રની આરાધના**-મંદ પુણ્યવાળાને પ્રાપ્ત થતી નથી, માટે સુજ્ઞ ભવ્યાત્માઓએ અતિ પુણ્ય પ્રાપ્ત મહામંત્રની આરાધનામાં ચિત્તને સતત જોડવું જોઇએ.

જીવના પ્રત્યેક પ્રસંગોમાં મહામંત્રનું રટણ, સ્મરણ, શરણ અને વારંવાર તેની અર્થભાવના-અનુપ્રેક્ષા કરવી જોઇએ.

અંતિમ અવસ્થામાં અંતિમ આરાધના માટે તે સવિશેષ કરવું જોઇએ. તેમાં શારીરિક શક્તિ મંદ પડતાં જો મહામંત્રનું સંપૂર્ણ સ્મરણાદિ ન થઇ શકે, તો "અ સિ–આ–ઉ–સા" મંત્ર ગણવો; તેટલું પણ શકય ન હોય તો માત્ર "ૐ"નું સ્મરણ; અને તે પણ ન બને તો પાસે રહેલા કલ્યાણમિત્ર નિર્યામકના મુખે પૂર્ણ નવકારને એકાગ્ર બની સાંભળવો.

## ભાવનમસ્કારની ભાવનાનો વિધિ–

ચિત્તમાં એમ ભાવવું કે-ભાવપૂર્વકનો એક નમસ્કાર પણ મારા સકળ સુખનો સાધક અને સર્વ દુઃખનો નાશક છે.

અહો ! હું કેવો ભાગ્યશાળી છું, ધન્ય છું કે-મને આજે અચિંત્ય ચિંતામણી આ મહામંત્ર મળ્યો. હું આજે સર્વાંગે અમૃતરસથી સિંચાયો છું, મને કોઈએ પરમ સુખમય બનાવી દીધો છે.

આ મહામંત્ર એ જ પરમ સારભૂત સંપત્તિ છે, પરમ ઇષ્ટસંયોગ છે અને પરમ તત્ત્વ છે. તેની પ્રાપ્તિ મને પામરને થઈ, તેથી જણાય છે કે–હવે હું આ અગાધ ભવસાગરને તરી ગયો !

આ જ સાચો પિતા, માતા, પરમ બંધુ અને મંગળ છે; પરમ પુણ્ય અને પરમ ફળ છે. તે આત્માને મોક્ષમાં પહોંચાડે છે, માટે જ્ઞાનીઓએ તેને તપ–સંયમ-રૂપ રથનો સારથિ કહ્યો છે.

આવા અપૂર્વ ભાવોલ્લાસ સાથે ભાવના રસમાં ઝીલતાં એક પણ નવકારનું જો સ્મરણ થઇ જાય, તો એ વિપુલ પાપકર્મોનો ક્ષય કરી શકે છે, કારણ કે–તેના શ્રવણ અને ભાવના રસમાં જેટલું મન લીન બને તેટલી કર્મની નિબિડ–દૃઢ ગ્રંથીઓ છેદાતી જાય છે.

**નમસ્કારનું પ્રયોજન અને ફળ**–પ્રયોજન અર્થાત્ અનંતર કાર્ય, તે કર્મોનો ક્ષય અને મંગળનું આવાગમન છે. કહ્યું પણ છે કે–મહામંત્રના એક અક્ષરના ઉચ્ચારણથી પણ અનંત કર્મોના રસસ્પર્દ્ધકો ક્ષય પામે છે અને મહર્ષિઓના પ્રણામથી મંગળ થાય છે. તેનું ફળ ઇહલૌકિક અને પારલૌકિક, એમ બે પ્રકારનું છે. તેમાં આ ભવમાં કલેશ કે કપટ વિના જ અર્થ, કામ અને આરોગ્યની પ્રાપ્તિ થાય છે: અને તે ભવમાં મુક્તિ ન થાય તો તે થાય ત્યાં સુધી, ઉત્તમ દેવ અને મનુષ્યનો ભવ તથા ઉત્તમ કુળ વગેરેની સામગ્રી આપી અંતે મુક્તિપદને આપે છે.

એમ શ્રી નમસ્કારમંત્રનું અદ્ભૂત માહાત્મ્ય છે. જે કોઈ ભવ્યાત્મા તેનું શ્રવણ–મનન કરશે, તેને એ મહામંત્ર પ્રત્યે આદરભાવ અવશ્ય પ્રગટશે.

**મહામંત્રની આરાધનાનો સરળ માર્ગ**–૧. ચતુઃશરણગમન, ૨. દુષ્કૃત ગર્હા અને ૩–સુકૃત અનુમોદના, એ ત્રણ તેની ભાવ આરાધનાના સરળ ઉપાયો છે. શ્રી પંચ-સૂત્રમાં કહ્યું છે કે–દુઃખમય, દુઃખફલક અને દુઃખપરંપરક અનાદિ ભવપરંપરાનો વિચ્છેદ શુદ્ધ ધર્મની પ્રાપ્તિથી થાય. તે પ્રાપ્તિ પાપકર્મના વિગમથી થાય અને તે વિગમ તથાભવ્યત્વ( મોક્ષપ્રાપ્તિની યોગ્યતા )ના પરિપાકથી થાય છે. એ પરિપાકનાં સાધનો ચતુઃશરણગમન, દુષ્કૃત ગર્હા અને સુકૃત અનુમોદના છે. એ ત્રણ ઉપાયોના પુનઃ પુનઃ સેવનથી સહજમલના હ્રાસપૂર્વક મોક્ષપ્રાપ્તિની યોગ્યતા વિકસે છે.

આ ત્રણેય તત્ત્વો જિનાજ્ઞાસ્વરૂપ હોવાથી, જિનોક્ત પ્રત્યેક અનુષ્ઠાનમાં તે વ્યાપીને રહેલાં છે. દુષ્કૃત ગર્હા હેયના હાનમાં, સુકૃતાનુમોદના ઉપાદેયના ઉપાદાનમાં અને સાચું શરણ આજ્ઞાપાલનમાં પરિણમે છે. અર્થાત્ આજ્ઞાપાલનનો વિશુદ્ધ પરિણામ એ જ સાચું શરણગમન છે.

શ્રી અરિહંતાદિના શરણથી "પરપીડાદિ હેય છે અને અહિંસાદિ ઉપાદેય છે" –એવું જ્ઞાન અને તેથી સ્વદુષ્કૃત નિંદા અને સ્વ–પર સુકૃતની અનુમોદનાનું બળ પણ મળે છે.

૧. **શરણગમનથી**-ચિત્તની પવિત્રતા અને તેથી પ્રસન્નતા પ્રગટે છે. યોગ્યના શરણથી યોગ્યતા વિકસે છે, ગુણીના શરણથી ગુણોના વિકાસપૂર્વક રાગાદિ દોષો દુર્બળ બને છે અને તેથી જ સ્વદોષદર્શન અને ગર્હા તથા પરગુણનું જ્ઞાન અને પરના ગુણની અનુમોદના થાય છે.

જ્યારે રાગાદિની ઉત્કટતા હોય છે, ત્યારે પોતાના દોષો દેખાતાં નથી, તેમ શ્રી અરિહંત ભગવંતાદિમાં સાક્ષાત્ રહેલા પણ તેઓના અનંતાનંત ગુણો દેખાતા નથી, તેની શ્રદ્ધા પણ થતી નથી. આ કારણે જીવ સ્વદુષ્કૃત ગર્હા કે સુકૃત અનુમોદના કરી શકતો નથી : અને દુષ્કૃત ગર્હા વિના દોષોનો નાશ તથા ગુણાનુમોદના વિના ગુણોનો પ્રાદુર્ભાવ થતો નથી.

વળી શ્રી અરિહંત, સિદ્ધ, સાધુ અને કેવલીપ્રરૂપિત ધર્મ, એ ચારેયનું શરણ છે તે પરમ ભક્તિયોગ છે અને ભક્તિ સર્વ યોગોનું બીજ છે.

શ્રી અરિહંતાદિ ચારેય મહા મંગલરૂપ અને લોકોત્તમ છે. તેઓના શરણથી દુષ્કૃત–પાપની અમંગળતાનું અને સુકૃત–પુણ્યની મંગળતાનું જ્ઞાન થવાથી દુષ્કૃત હેય અને સુકૃત ઉપાદેય લાગે છે.

શ્રી અરિહંતાદિ ચારમાં સર્વ ગુણી આત્માઓનો અને સર્વ ગુણોનો અંતર્ભાવ હોવાથી, તેઓનું શરણ એ સર્વ ગુણાધિક તત્ત્વોનું શરણ–સ્મરણ બની રહે છે.

શ્રી અરિહંતાદિ ચારેય તત્ત્વોમાં તત્ત્વત્રયી ( દેવ–ગુરુ–ધર્મ ) છે, જ્ઞાનાદિ રત્નત્રયી છે તથા પંચપરમેષ્ઠિ અને નવપદોનો પણ સમાવેશ છે, તેથી તેમાં સમગ્ર જિનશાસન રહેલું છે, એમ પણ કહી શકાય.

શ્રી યોગશતકવૃત્તિમાં કહ્યું છે કે–" આ ચારેયનો એવો વિશિષ્ટ સ્વભાવ છે, કે જે કોઈ તેના શરણે રહી સ્મરણ–ધ્યાનાદિ કરે, તેનાં ક્લિષ્ટ કર્મોનો અને સકળ વિઘ્નોનો નાશ થાય છે, તેમજ ચિત્ત નિર્ભય બનતાં પરમ સુખ અને શાન્તિ અનુભવે છે.

શ્રી નમસ્કાર મહામંત્રમાં 'નમો' પદથી પાંચેય પરમેષ્ઠિઓનું શરણ સ્વીકારાય છે અને ચૂલિકામાં તેનું પ્રયોજન જણાવ્યું છે.

પ્રસ્તુત ગ્રન્થમાં આ ચારેય તત્ત્વોનું માહાત્મ્ય વર્ણવી તેના શરણને સ્વીકારવાનું સૂચન છે. અને એ બધું વર્ણન 'ચઉસરણ–પંચસૂત્ર' આદિ શાસ્ત્રોના આધારે હોવાથી અત્યન્ત માનનીય, મનનીય અને ભાવવાહી છે. વારંવાર એના વાંચન–શ્રવણથી ચિત્તને વાસિત કરવાયોગ્ય છે.

**દુષ્કૃત ગર્હા**–ચાર શરણને પામેલો આત્મા પોતાના પાપાચરણોની નિંદા અને ગર્હા કરે છે, પશ્ચાત્તાપથી પાપનું મૂળ ઉખડી જાય છે. જો સ્વદુષ્કૃતની નિંદા–ગર્હા ન થાય, તો તેની પરંપરા ચાલે છે, માટે પાપના પરિહાર માટે દુષ્કૃત ગર્હા ઉત્તમ ઉપાય છે.

વળી સર્વ પાપોનું મૂળ મિથ્યાત્વ–અજ્ઞાન છે. પાપને પાપ ન માનવું એ મિથ્યાત્વ અને પાપ માનીને તેની ગર્હા કરવી તે સમ્યક્ત્વ છે.

બારમા દ્વારમાં સર્વ દુષ્કૃતોનું સ્પષ્ટ વિસ્તૃત વર્ણન કરી તેની ગર્હાનું અને મિથ્યાત્વની વિશેષતયા ગર્હાનું સૂચવ્યું છે.

" સુદેવમાં કુદેવની કે કુદેવમાં સુદેવની બુદ્ધિ કરી હોય, એ રીતે સદ્ગુરુમાં કુગુરુની કે કુગુરુમાં સુગુરુની, સુધર્મમાં અધર્મની કે અધર્મમાં સુધર્મની, તત્ત્વમાં અતત્ત્વની કે અતત્ત્વમાં તત્ત્વની બુદ્ધિ કરી હોય, તથા યથાસ્થાન મૈત્રી આદિ ભાવોને ન કર્યા હોય, ચારિત્રધર્મ પ્રત્યે અનુરાગ ન કર્યો, દેવ–ગુરુની સેવા ન કરી. હિલના-અવગણના કરી, જિનવચનામૃતનું પાન ન કર્યું, શ્રદ્ધા ન કરી અને શક્તિ છતાં પાલન ન કર્યું, વગેરે સર્વ દોષો આ ભવે કે પરભવે, જાણતાં કે અજાણતાં સેવ્યાં, સેવરાવ્યાં કે અનુમોદ્યાં હોય, તે સર્વની નિંદા–ગર્હા વગેરેનું વિસ્તૃત વર્ણન કર્યું છે. "

**સુકૃત અનુમોદના**–શ્રી અરિહંતાદિ ચાર તત્ત્વોની શરણાગતિનું બીજું ફળ સુકૃતની અનુમોદના–પ્રશંસા વગેરે ભાવો પ્રગટે છે. તેમાં શ્રી અરિહંતાદિ પરમ

ગુણીઓના ગુણની અનુમોદના–સ્તુતિ–પ્રશંસા જેમ પ્રબળ પુણ્યસંચય કરાવે છે અને બીજાના નાના ગુણની અનુમોદનાથી આત્મામાં એ ગુણોની પ્રાપ્તિ સુલભ બને છે, તેમ પોતાના સુકૃતની અનુમોદનાથી પુણ્યબળ સર્જાય છે, પરિપુષ્ટ બને છે અને સુકૃતની પરંપરા ચાલે છે.

સર્વ ક્ષેત્ર અને સર્વકાળમાં થતાં સર્વનાં મોક્ષસાધક સુકૃત્યોની અનુમોદનાથી હૃદયમાં અનેક સુંદર ભાવનાઓ ઉછળે છે અને સુકૃત અનુમોદના સમ્યક્ બને એ માટે શ્રી અરિહંત પરમાત્મા પ્રત્યે પ્રાર્થના કરતું ચિત્ત પોકારી ઊઠે છે કે–

"હે પરમાત્મન્! આપના અચિંત્ય સામર્થ્યના પ્રભાવે મારી આ અનુમોદના સમ્યગ્, વિધિપૂર્વકની અને શુદ્ધ આશયવાળી તથા પ્રતિપત્તિયુક્ત નિર્દોષ બનો!!"

"આપ અચિંત્ય શક્તિવાળા છો, વીતરાગ છો, સર્વજ્ઞ અને પરમ કલ્યાણસ્વરૂપ છો અને સર્વ સંસારી જીવોના પરમ કલ્યાણના પુષ્ટ હેતુ છો, હું તો મૂઢ અને પાપી છું. અનાદિ મોહવાસિત છું, વિશુદ્ધ ભાવનો અજાણ છું અને હિતાહિતને સમજી શકતો નથી. છતાં હે પરમાત્મન્! આપની કૃપાથી હું હિતાહિતને સમજનારો બનું, અહિતથી અટકું અને સર્વ જીવો સાથે ઔચિત્ય પ્રવૃત્તિ કરતો મારું હિત સાધનારો બનું." વગેરે નિર્મળ ભાવનાથી ભાવિત બનેલો આત્મા સર્વના સુકૃતોની અનુમોદના કરતો સ્વજીવનમાં સુકૃતસેવનની શક્તિ પ્રાપ્ત કરે છે.

દુષ્કૃત ગર્હા પ્રશસ્ત દ્વેષરૂપ અને સુકૃતાનુમોદના પ્રશસ્ત રાગસ્વરૂપ છે. સરાગસંયમ આ બન્ને પરિણામથી યુક્ત હોય છે, તેથી સર્વ શુભ અનુષ્ઠાનોમાં એ બન્ને વ્યાપકપણે રહેલાં છે.

સુકૃતાનુમોદના એ ગુણાનુરાગ સ્વરૂપ છે અને ગુણાનુરાગ સર્વ ગુણોના આગમનનું દ્વાર છે. તેના અભાવે સુકૃતાનુમોદના થઈ શકતી નથી. વળી સુકૃતાનુમોદનાથી ગુણાધિક પ્રત્યે પ્રમોદભાવ પ્રગટતો હોવાથી તે પ્રમોદ સ્વરૂપ પણ છે. અર્થાત્ પ્રમોદભાવ વિના સુકૃતાનુમોદના, કે સુકૃતાનુમોદના વિના પ્રમોદભાવ શક્ય નથી. એ રીતે બન્નેનો પરસ્પર અ(અભિન્ન)ભાવ વિના સંબંધ છે.

શ્રી તત્ત્વાર્થભાષ્યમાં કહ્યું છે કે–ગુણાધિક પ્રત્યે પ્રમોદ એ વિનય છે. સમ્યગ્-જ્ઞાનાદિ ગુણોથી શ્રેષ્ઠ શ્રી મુનિભગવંતાદિ પ્રત્યે વંદન, સ્તુતિ, પ્રશંસા, વૈયાવૃત્યાદિ કરવાથી વ્યક્ત થતો આંતરિક ઉલ્લાસ છે, કે જે પૂજ્યની પૂજા પ્રસંગે પ્રગટતા હર્ષ–આનંદરૂપે અનુભવાય છે.

જેને સર્વ દુષ્કૃત્યો પ્રત્યે ઘૃણા–ગર્હા પ્રગટે, તેને સર્વ સુકૃત્યો પ્રત્યે અનુરાગ

---

૮. अचिंतसत्तिजुत्ता० (પંચ સૂત્ર૦)

અવશ્ય પ્રગટવો જોઈએ. એકાદ સુકૃત્ય પ્રત્યે પણ જો ઉપેક્ષા–ઘૃણા થાય, તો સમજવું કે–હજુ દુષ્કૃત ગર્હા કે સુકૃતાનુમોદના તાત્ત્વિક નથી બની.

જીવનમાં સર્વ સુકૃત્યોનું સેવન ન થઈ શકે, પરન્તુ તે સર્વની અનુમોદના તો અવશ્ય થઈ શકે. કરણ અને કરાવણ કરતાં અનુમોદનાનું ક્ષેત્ર વ્યાપક–વિશાળ છે. પોતે કરી શકે તેથી વિશેષ બીજાઓ દ્વારા કરાવી શકાય છે, પણ અનુમોદના તો સર્વ ક્ષેત્ર અને સર્વ કાળ વિષયક થઇ શકે છે. માટે સર્વના સુકૃતોની અનુમોદના દ્વારા પુણ્યનો અખૂટ ભંડાર ભરવો જોઇએ. શ્રી અરિહંતાદિના અનુમોદનીય તે તે ગુણોનું વર્ણન ગ્રંથકારે વિસ્તારથી કર્યું છે, તે તે પ્રકરણો વાંચવાથી સમજાશે.

ગુણની અનુમોદના–પ્રમોદ એ ગુણપ્રાપ્તિનું બીજ હોવાથી આત્માને ગુણી બનાવે છે. ત્રણેય કાળના સર્વ ગુણી આત્માઓ બીજાના ગુણની અનુમોદના વગેરે કરીને જ ગુણી થયા છે, થાય છે અને થશે.

સુકૃતાનુમોદના ગુણીની પરમ ભક્તિસભર છે, ભક્તિ મુક્તિનું દ્વાર છે, ભક્ત સાધકને ભક્તિ મુક્તિથી પણ અધિક પ્રિય બને છે.

ઉપદેશ રહસ્યમાં કહ્યું છે કે–"ગુણની ઉપાદેયતાના જ્ઞાન–શ્રદ્ધાનથી પ્રગટતો પ્રમોદ, એ જ ગુણબહુમાન છે."

આ રીતે ગુણબહુમાન, એ પ્રમોદભાવ અને સુકૃતાનુમોદના રૂપ છે. આ પ્રમોદ-ભાવ ગુણાધિક પ્રત્યે અને સુકૃતાનુમોદના સર્વનાં સુકૃત્યોની કરવાની હોય છે.

એ પ્રમાણે શરણાગતિ, દુષ્કૃત ગર્હા અને અને સુકૃતાનુમોદના સહજમલનો હ્રાસ કરી મુક્તિગમનની યોગ્યતાને વિકસાવે છે.

શ્રી નમસ્કાર મહામંત્ર તથા ષડાવશ્યક વગેરે સર્વ મોક્ષસાધક અનુષ્ઠાનોમાં આ ત્રણેય પ્રકારોનો અંતર્ભાવ છે.

(૧) 'નમો' પદથી પાંચેય પરમેષ્ઠિઓની બિનશરતી શરણાગતિને સ્વીકારવામાં આવે છે. વ્યવહારમાં પણ શત્રુ ગણાતો રાજા નમસ્કાર કરનારને શરણાગત માની અભય આપે છે, તેમ 'નમો' પદથી અભયની પ્રાપ્તિ થાય છે.

(૨) 'નમો' વિનયવાચક હોવાથી ક્ષમાનો સૂચક છે વિનીત નમવા દ્વારા પોતાના દુષ્કૃત–ભૂલની ક્ષમા માગે છે, તેથી 'નમો' એટલે ભૂલની કબૂલાત પૂર્વક ક્ષમા–પ્રાર્થના છે.

(૩) 'નમો' સ્તુતિવાચક પણ છે. નમસ્કાર ગુણોના કારણે થતો હોવાથી તે વડે પરમેષ્ઠિઓની, તેઓના ગુણોની સ્તુતિ–પ્રશંસા થાય છે. વળી સર્વ પાપોના નાશ અને સર્વ મંગલોનું આગમ, એ નમસ્કારનું જે પ્રયોજન છે, તે દુષ્કૃત ગર્હા અને

સુકૃતાનુમોદના દ્વારા જ સિદ્ધ થાય છે; કેમ કે-પાપની ગર્હા વિના પાપનો નાશ કે સુકૃતાનુમોદના વિના મંગલનું આગમન સંભવતું નથી.

જેમ શરણાગતિ વગેરેથી પાપપ્રતિઘાત અને ગુણબીજાધાન થાય છે, તેમ મહામંત્ર દ્વારા પણ સર્વ પાપોનો પ્રતિઘાત અને સર્વ મંગલરૂપ જ્ઞાનાદિ ગુણોનું બીજાધાન થાય છે; માટે મહામંત્રમાં શરણાગતિ, દુષ્કૃત ગર્હા અને સુકૃતાનુમોદના અન્તર્ગત છે, તે નક્કી થાય છે.

## સામાયિકસૂત્રમાં શરણાગતિ વગેરેનો આ રીતે અંતર્ભાવ થાય છે-

આકાશ સર્વ પદાર્થોનો તેમ સામાયિક સર્વ ગુણોનો આધાર છે. સામાયિક વિના સમ્યગ્દર્શન વગેરે કોઈ ગુણ પ્રગટતા કે રહી શકતા નથી. સર્વ પ્રકારની મોક્ષસાધના સામાયિકમાં છે, તેથી સર્વ દુઃખોના નાશ માટે અને મોક્ષના અનન્ય ઉપાયરૂપે શ્રી અરિહંતદેવો સામાયિકધર્મને ઉપદેશે છે અને પોતે પણ એનું જ પાલન કરે છે.

ખુદ શ્રી અરિહંત પરમાત્મા સામાયિકના સ્વીકાર વખતે જે સૂત્રનો ઉચ્ચાર કરે છે, તે જ પ્રતિજ્ઞાસૂત્ર આજે પણ ઉચ્ચારવામાં આવે છે. તેનું અતિશાયી અર્થ-ગાંભીર્ય તો શ્રી આવશ્યકનિર્યુક્તિ આદિ આગમોથી સમજવા જેવું છે, તો પણ તેમાં શરણાગતિ વગેરે જે રીતે અંતર્ભૂત છે, તે રીતે વિચાર કરીએ.

(૧) "करेमि भंते! सामाइयं" 'હે ભગવન્ હું સામાયિક કરું છું.' (અહીં 'સામાયિક' શબ્દથી પાંચ સમિતિનું પણ ગ્રહણ થાય છે.)

(૨) "सव्वं सावज्जं जोगं पच्चक्खामि" 'સર્વ પાપવ્યાપારોનો ત્યાગ કરું છું.' (અહીં ત્રણ ગુપ્તિનું પણ ગ્રહણ થયું છે.)

"भंते!" શબ્દ દેવ-ગુરુની શરણાગતિને સૂચવે છે, કોઇ પણ કાર્ય તેઓની આજ્ઞા પ્રમાણે-તેઓની સાક્ષીએ કરવાની નિષ્ઠા બતાવે છે.

પરમાત્માની આજ્ઞા પાપવ્યાપારનો ત્યાગ અને સુકૃત વ્યાપારના સેવનરૂપ છે.

"सामायिक" સર્વ સુકૃત-સદનુષ્ઠાનસેવન રૂપ છે અને તે સુકૃત અનુમોદનાનું ફળ પણ છે.

"सव्वं सावज्जं" સર્વ સાવદ્ય-પાપનું પચ્ચક્ખાણ, એ દુષ્કૃત ગર્હાનું ફળ છે.

ભૂતકાળમાં થયેલા દુષ્કૃતોનું પ્રતિક્રમણ-નિંદા-ગર્હા કરવાપૂર્વક વર્તમાનમાં તેનો ત્યાગ કરવામાં આવે છે.

આ રીતે એક સામાયિકમાં પણ શરણાગતિ વગેરે ત્રણેયનો અંતર્ભાવ છે, તેમ

શેષ આવશ્યકોમાં પણ તેનો અંતર્ભાવ કયી રીતે છે, તે વિચારીએ.

(૧) **શરણાગતિ**–ચતુર્વિંશતિસ્તવ અને વંદન દ્વારા દેવ-ગુરુની શરણાગતિ થાય છે.

(૨) **દુષ્કૃત ગર્હા**–પ્રતિક્રમણદ્વારા સ્વદુષ્કૃત ગર્હા થાય છે.

(૩) **સુકૃતાનુમોદના**–સામાયિક, કાયોત્સર્ગ અને પ્રત્યાખ્યાનદ્વારા સુકૃતનું આસેવન થાય છે અને તે સુકૃત અનુમોદનાનું ફળ પણ છે.

આ છએ આવશ્યકો જ્ઞાનાદિ આચારોની શુદ્ધિ કરનારા હોવાથી જેમ શ્રી જૈન શાસનના મૂળસ્વરૂપ છે, તેમ શરણાગતિ વિગેરે પણ પાંચેય આચારોની વિશુદ્ધિ કરનારા હોવાથી એ પણ શ્રી જિનશાસનના મૂળરૂપ જ છે.

## શરણાગતિ આદિ ત્રણથી આચારશુદ્ધિ–

(૧) શરણાગતિદ્વારા દર્શનાચારની વિશુદ્ધિ થાય છે.

(૨) દુષ્કૃતગર્હાદ્વારા સર્વ આચારોની શુદ્ધિ થાય છે.

(૩) સુકૃતઅનુમોદનાદ્વારા–ચારિત્રાચર, તપાચાર અને વીર્યાચારની શુદ્ધિ થાય છે.

એમ છ આવશ્યકોમાં અને પંચાચારાદિમાં શરણાગતિ વગેરે ત્રણની વ્યાપકતા હોવાથી મુક્તિસાધનામાં તેની અનિવાર્યતા સિદ્ધ થાય છે.

**પાંચમા સમતાદ્વારમાં**–સર્વ ઈષ્ટાનિષ્ટ પ્રસંગોમાં અને માનાપમાનમાં સમતા કેળવવાની કળા તથા મૈત્રી આદિ ચાર ભાવનાઓનું સ્વરૂપ જણાવ્યું છે.

મૈત્રી આદિ ચારના અભ્યાસથી સર્વ જીવરાશિ સાથે ઔચિત્યપાલન અને તેનાથી સમતાની સિદ્ધિ થાય છે. વળી તે શત્રુતા, ઈર્ષ્યા, દ્વેષ અને અસૂયા વગેરે દોષોને દૂર કરી ચિત્તને નિર્મળ અને પ્રસન્ન બનાવે છે. ચિત્તપ્રસન્નતાથી ચિત્તની સ્થિરતા પ્રગટે છે અર્થાત્ ધર્મ-શુક્લધ્યાનની યોગ્યતા પ્રગટ થાય છે. માટે સમતાના અર્થી સાધકોએ તે મૈત્ર્યાદિનો સતત અભ્યાસ કરવો જોઈએ, કે જેથી આર્ત્ત-રૌદ્રધ્યાનથી બચીને ધર્મ-શુક્લધ્યાનમાં પ્રવેશ થાય.

**છઠ્ઠા ધ્યાનદ્વારમાં**–ચારેય ધ્યાનના પ્રકારો સહિત તેનું ટૂંકુ સ્વરૂપ જણાવ્યું છે. જેમ કે–

(૧) આર્ત્તધ્યાનમાં–કામ–શબ્દાદિ વિષયોની ચિંતવના હોય છે.

(૨) રૌદ્રધ્યાનમાં–હિંસાદિ ક્રૂર પરિણામોની ચિંતવના હોય છે.

(૩) ધર્મધ્યાનમાં–શ્રી જિનપ્રણિત શ્રુત–ચારિત્રધર્મનું ચિંતન હોય છે.

(૪) શુક્લધ્યાનમાં–મુખ્યતાએ નિરંજન શુદ્ધ આત્મસ્વરૂપનું ચિંતન–ધ્યાન હોય છે.

શુભ ધ્યાન વિના સમતા–સમાધિ સિદ્ધ થતી નથી, તેથી સમાધિલાભ માટે શુભ ધ્યાનનો અભ્યાસ પણ અત્યંત જરૂરી છે.

આ રીતે સમાધિલાભદ્વારમાં વિવિધ વિષયોનું વર્ણન કરીને શેષ સંલેખનાદિ અંતિમ આરાધનાનો વિધિ ઘણા વિસ્તારથી વર્ણવ્યો છે.

આમ એકંદર આ ગ્રન્થ આગમો, યોગશાસ્ત્રો અને અધ્યાત્મશાસ્ત્રોના દોહનરૂપ છે. તેમાં આગમ, યોગ અને અધ્યાત્મ–એમ ત્રણેય પ્રક્રિયાનો જે સુમેળ સધાયો છે, તે સુજ્ઞ પાઠકો ગ્રન્થના અધ્યયન, વાચન અને મનનદ્વારા સમજી શકે તેમ છે.

આ ગ્રન્થ ચતુર્વિધ શ્રીસંઘની આરાધનામાં શ્રી ઉપમિતિ અને સમરાઇચ્ચ કહાની જેમ અત્યન્ત ઉપયોગી અને ઉપકારી નીવડશે, એમાં લેશ માત્ર શંકા નથી.

આવા વિશાલકાય ગ્રન્થનો ગુજરાતી અનુવાદ કરીને સકલ સંઘને આરાધનામાં સહાયક થવાનું જે પુણ્યકાર્ય આચાર્ય શ્રી વિજયભદ્રંકરસૂરિજીએ કર્યું છે, તે ખૂબ જ અનુમોદનીય અને અભિનંદનીય છે.

પ્રાન્તે, સૌ કોઈ પુણ્યાત્માઓ આ ગ્રન્થનું વાચન–ચિંતન–મનન કરીને આરાધનાનો વિકાસ સાધી પરમ શાન્તિ–સમાધિને પામો, એ જ એક મંગલ અભિલાષા.

બેડા (મારવાડ)
વિ. સં. ૨૦૨૩–જ્ઞાનપંચમી

પં૦ ભદ્રંકરવિજય ગણી તથા
આ૦ વિજયકલાપૂર્ણસૂરિ.

# સંસારરંગશાળા એ સંવેગની રંગશાળા છે.

રંગશાળા એટલે નાટ્યભૂમિ–નાટકશાળા !

જ્યાં નૃત્ય અને અભિનયની કળા દ્વારા લોકમાનસમાં કરુણ, ભય, હાસ્ય, શૃંગાર, વગેરે વિવિધ પ્રકારના રસો–ભાવો ઉત્પન્ન કરી શકાય, એવા પ્રયોગો શીખવાડાય કે બતાવાય તેને રંગશાળા કહેવાય છે.

ભિન્ન ભિન્ન ઉદ્દેશાનુસાર રંગશાળા પણ અનેક પ્રકારની હોઈ શકે. તેમાં અહીં મુખ્યતયા બે પ્રકારની રંગશાળા વિચારવાની છે.

એક છે સંસારરંગશાળા ! બીજી છે સંવેગરંગશાળા ! !

સંસારરંગશાળાના સૂત્રધાર મોહરાજા છે અને રાગ–દ્વેષાદિ તેના પ્રતિનિધિઓ છે. સંવેગરંગશાળાના સૂત્રધાર ધર્મરાજા છે અને તીર્થંકર–ગણધરાદિ તેના પ્રતિનિધિઓ છે.

સંસારરંગશાળા અતિ વિશાળ અને વિલક્ષણ પણ છે. સો, હજાર કે લાખ–ક્રોડ નહિ, સંખ્યાતીત–અનંતા સંસારી જીવો આ રંગશાળાનાં પાત્રો–સભ્યો બની વિવિધ નાચ–ગાન કરી રહ્યા છે. દુનિયાનો એવો કોઈ પાત્ર નથી, કે જેનો પાર્ટ–વેશ સંસારી જીવોએ ભજવ્યો ન હોય ? તે પણ એક–બે વાર નહિ, પણ અનંતીવાર !

ક્યારેક રંકના તો ક્યારેક રાજાના, ક્યારેક પશુયોનિના તો ક્યારેક પંખીપણાના, ક્યારેક દેવોની દુનિયાના તો ક્યારેક નારકપણાના, વિવિધ વેશ ધારણ કરીને બધા સંસારી જીવો અનાદિ–અનંતકાળથી આ ચતુર્ગતિમય સંસારભૂમિ ઉપર નાચી રહ્યા છે.

નાચવામાં આટ–આટલો દીર્ઘકાળ પસાર થવા છતાં નથી જીવને થાક લાગ્યો, કે ન તો એને સાચું આત્મભાન થયું !

ખરેખર ! સંસારરંગશાળાના કુશળ સૂત્રધાર મોહરાજની મોહિની જ કોઈ એવી જાદુઈ છે, કે જેને એ મોહિની લાગે તે પૂરેપૂરો આત્મભાન ભૂલી જાય છે. હું કોણ ? વગેરે વાસ્તવિક ઓળખ જ મોહવશ જીવને કદાપિ થઈ શકતી નથી.

દુનિયાના કહેવાતા નૃત્યકારો તો રંગભૂમિ ઉપર ચાહે રંકનો પાર્ટ ભજવે કે ચાહે રાજાનો ! પણ નથી તો એ પોતાને રંક માનીને દુઃખ દીનતા અનુભવતો, કે રાજા માનીને નથી સુખ–હર્ષની ઊર્મિઓ અનુભવતો !!

વેશથી ભલે હું રંક કે રાવ કહેવાતો હોઉં, પણ મારું વ્યક્તિત્વ તો એ બન્નેથી તદ્દન ભિન્ન છે. આવો ખ્યાલ નૃત્યકારના દિલ–દિમાગમાં તદ્દન સ્પષ્ટ હોય છે.

સંસારી જીવાત્માની દશા તો એથી વિપરીત છે. મોહવશ એ જે કોઈ પાર્ટ-વેશ ભજવે છે, એને જ પોતાનું સ્વરૂપ માની લે છે અને તે તે સ્વરૂપ–અવસ્થાને અનુસારે તે સુખ–હર્ષ કે દુઃખ–દીનતાની ઘેરી લાગણીઓના પ્રવાહમાં તણાતો જાય છે.

જેના ઉપર મોહની ઘેરી અસર છે, એ જીવની વિવેકદૃષ્ટિ ન ઉઘડવાના કારણે તેને પોતાનું અસલી સ્વરૂપ શું છે ? એ જણાતું નથી, માત્ર સંસારમાં જ સુખ છે, સાર છે, એવી મિથ્યા ભ્રમણામાં જ તે રમે છે.

ઘણી ઘણી પીડાઓ અને આપત્તિઓ જીવનમાં અને જગતમાં પ્રત્યક્ષ જોવા, જાણવા અને અનુભવવા છતાં મોહવશ નથી તો તેને સંસારની અસારતા સમજાતી, કે નથી તો સ્વ–સ્વરૂપની એને સાચી પીછાણ થતી !

**સંસાર અને સંવેગની વિશેષતા**–સંસારરંગશાળા એ રંગશાળા નહિ પણ રંકશાળા છે ! જેમાં અનંતજ્ઞાનાદિ ગુણસંપત્તિ અને અવ્યાબાધ સુખસંપત્તિના સ્વામી એવા આત્મરાજાને, મોહભાન ભૂલાવીને એક દીન–હીન–રંક જેવી દુર્દશા કરીને, ચતુર્ગતિમય સંસારમાં ઠેર ઠેર પીડા અને પરાભવ પમાડતો ભિખારીની દશામાં નચાવી રહ્યો છે.

જોઈ જોવાય નહિ અને સહી સહેવાય નહિ, એવી સંસારી જીવોની આ કરુણ દશા જોઇને ધર્મરાજાના પ્રતિનિધિ શ્રી તીર્થંકર પરમાત્મા જીવોને મોહના બંધનથી સદાય છોડાવે; એટલું જ નહિ જીવમાંથી શિવ, નરમાંથી નારાયણ, કે આત્મામાંથી પરમાત્મા બનાવે; એવા એક તીર્થની સ્થાપના કરે છે, કે જેને "જિનશાસન"ના નામે કે "સંવેગરંગશાળા" ના નામે પણ ઓળખી શકાય છે.

શ્રી તીર્થંકર પરમાત્માના કથન અનુસાર સંસારનું સ્વરૂપ યથાર્થ સમજીને સંસારરંગશાળાના સભ્યપદેથી મુક્ત થઇને જીવ જો સંવેગરંગશાળાનું સભ્યપદ સ્વીકારે, તો તે રંક મટીને રાજા કે આત્મામાંથી પરમાત્મા બની જાય છે! આ છે સંવેગરંગશાળાનો અજબ–ગજબનો મહિમા ! ?

સંવેગરંગશાળાના સભ્ય બનવા માટે સૌ પ્રથમ સંસારનું વાસ્તવિક સ્વરૂપ જાણવું જરૂરી છે. મોહને વશ પડેલા જીવોને ભૌતિક પદાર્થોની ક્ષણિક મધુરતા-

સુંદરતા જોઈને સંસાર સુખમય અને સારમય દેખાય છે, તે તેઓની નરી ભ્રમણા છે. જ્યાં સુધી આ ભ્રમણા ન ભાગે, ત્યાં સુધી સંવેગભાવ પ્રગટી શકતો નથી.

**જીવનું અને જગતનું યથાર્થ સ્વરૂપ**–જ્ઞાનીઓના કથન મુજબ સંસારને યથાર્થ ઓળખીએ, તો સંસાર પ્રત્યેની જે ભ્રામક દૃષ્ટિ છે તે ટળી જાય છે. જ્ઞાનીઓએ તો સંસારને દુઃખમય, પાપમય, અજ્ઞાનમય, પ્રમાદમય અને કષાયમય કહ્યો છે; જીવનું સ્વરૂપ તો તેથી વિપરીત પૂર્ણ જ્ઞાનમય અને પૂર્ણ આનંદમય છે, એમ કહ્યું છે.

સંસાર એ જીવની સહજ નહિ, વિકૃત અવસ્થા છે, આત્માનું એક દૃઢ બંધન છે. જીવને ભવમાં ભટકાવનાર જો કોઈ હોય, તો તે એક માત્ર મોહ છે; અને આ મોહ તે બીજું કોઈ નહિ, પણ તત્ત્વથી પોતાના સ્વરૂપનું અજ્ઞાન અને તેથી પ્રગટતા રાગ–દ્વેષાદિ મલિન પરિણામ જ છે. મોહ બહારનો નહિ પણ ભીતરનો જ એક ભયંકર શત્રુ છે.

**શ્રદ્ધા અને સંવેગ**–પરમ જ્ઞાનીપુરુષોના આ યથાર્થ કથન પ્રત્યે જો વિશ્વાસ–શ્રદ્ધા પ્રગટે, તો તે જીવોનું કલ્યાણ થતાં વાર ન લાગે ! પછી મોહની તાકાત નથી કે–એ જીવને તે પોતાની ઇચ્છા મુજબ નચાવી શકે કે સંસારમાં ભટકાવી શકે ! જગતના અને જીવના યથાર્થ સ્વરૂપની શ્રદ્ધા થતાં જ જીવને સંસાર હેય અને પોતાનું શુદ્ધ સ્વરૂપ જ એક ઉપાદેય લાગે છે.

આ દુઃખમય સંસારથી ક્યારે છૂટું અને મારા સુખમય–જ્ઞાન–મય સ્વરૂપને ક્યારે પ્રગટ કરું ? આ જ એક ઝંખના–ભાવના તેના પ્રતિ પ્રદેશે ગૂંજી ઊઠે છે. સંસારથી મુક્ત થવાની અને સ્વસ્વરૂપ પ્રગટાવવાની આ તીવ્ર અભિલાષા, તેનું જ નામ "સંવેગ" છે. અંતરના આંગણે આ શ્રદ્ધા અને સંવેગરસનું ઝરણું અવિરત વહેતું રહે, એ માટે જ્ઞાનીભગવંતોએ બતાવેલા જુદા જુદા દૃષ્ટિકોણથી સંસારના યથાર્થ સ્વરૂપનો વિચાર કરવો જરૂરી છે. તે ટૂંકમાં આ રીતે થઈ શકે છે.

**(૧) સંસાર દુઃખમય છે**–ચતુર્ગતિમય સંસારમાં સર્વત્ર દુઃખ છે. જન્મ–જરા–મરણના તથા આધિ–વ્યાધિ–ઉપાધિના ત્રિવિધ તાપ જીવને સર્વત્ર ભોગવવા પડે છે. સંસારમાં એવું કોઈ સ્થાન નથી, કે જ્યાં જન્માદિનાં એ અસહ્ય દુઃખો ન હોય ?

૦ સુખી મનાતી દેવોની દુનિયામાં પણ ચ્યવન વગેરેનાં વિવિધ દુઃખો ઉપરાંત તીવ્ર લોભને વશ ઈર્ષ્યા, અદેખાઇ, અપમાન, પરાભવ અને પરાધીનતાદિ પારાવાર દુઃખો રહેલાં છે.

૦ નારકીના જીવનમાં તો વિવિધ વેદનાઓ, ત્રાસ, રીબામણ, વગેરે વિવિધ દુઃખો સિવાય બીજું કશું જ નથી, એમ સર્વ આસ્તિક દર્શનકારો કહે જ છે.

૦ તિર્યંચોની વિશાળ દુનિયામાં પણ ભૂખ, તરસ, વધ, બંધન, પરસ્પર સજાતીય–વિજાતીય વૈર, અજ્ઞાન, મુંગાપણું, પરાધીનતા અને સર્વત્ર ભયભીતપણું, વગેરેના જે ત્રાસ અને પીડાઓ છે, તે સર્વ કોઇને પ્રત્યક્ષ જ છે.

૦ બાકી રહ્યા માનવો ! ત્યાં કંઇક સુખની કલ્પના ઘણાને હોય છે, તે પણ એક ભ્રમણા છે. માનવના માથે પણ જન્મ–મરણ–વગેરેના ત્રાસ ઉપરાંત ગણ્યાં ગણાય નહિ, એટલાં વિવિધ દુઃખો, ભયો અને ત્રાસ ઝઝુમી રહ્યા છે સારું સૌંદર્ય, ઘણી સંપત્તિ, કે મોટી સત્તા–મહત્તા મળી જવા માત્રથી જીવનમાં સુખ કે શાન્તિ મળી શકતી નથી ! કહેવાતા શેઠ, શાહુકાર કે સત્તાધીશોના જીવન–કવન વગેરે જો વિચારીએ, તો સમજાય કે–એઓના માનસિક તાપ, સંતાપ અને કકળાટ કેવા અસહ્ય અને અકથ્ય હોય છે !

ઇષ્ટના વિયોગ અને અનિષ્ટના સંયોગની કારમી ચિંતાઓ ચિતાની જેમ માનવના દિલ–દિમાગને સતત બાળતી હોય છે ! અને વિષય–કષાયોની ભયાનક આગ સદા દઝાડતી હોય છે ! ! આવાં તો કેટ કેટલાય દુઃખ–સંતાપ હોય છે માનવ-જીવનમાં પણ !

આ રીતે સંસારની દુઃખમયતાનો યથાર્થ વિચાર કરતાં અંતરમાં કરુણસર અને તેનાથી સંવેગભાવ પ્રગટે છે, ઉપરાંત તે પ્રગટ્યો હોય તો વધુ પુષ્ટ બને છે.

**(૨) સંસાર પાપમય છે**–જીવલોકમાં સર્વત્ર મત્સ્ય–ગલાગલ–ન્યાય પ્રવર્તે છે. મોટો નાનાને દબાવે–સબળ નિર્બળને ફાડી ખાય, એમ દરેક જીવ અધિક બળવાનથી–મોટાથી સદા ભયભીત હોય છે.

પીડા, ત્રાસ, દુઃખ કોઇને ગમતાં નથી, છતાં નાના–મોટા બધા સ્વાર્થ માટે એક બીજાને દુઃખી કરતા હોય છે; એટલું જ નહિ, કોઈ તો પ્રાણ લેતાં પણ અચકાતા નથી.

જ્ઞાનીપુરુષો પરપીડાને જ પાપ કહે છે, તે પાપ સંસારમાં સર્વત્ર વ્યાપક જણાય છે. જીવલોકની આ પાપમયતાનો વિચાર જીવને રૌદ્રસ્વરૂપ સંસારની અસારતાને સમજાવે છે; તેથી સંવેગભાવની વૃદ્ધિ થાય છે.

**(૩) સંસાર અજ્ઞાનમય છે**–સ્વપીડા એ દુઃખ છે અને પરપીડા એ પાપ છે ! દુઃખનું મૂળ પાપ અને પાપનું મૂળ અજ્ઞાન છે. સ્વપીડા (દુઃખ) એ પરપીડા ( પાપ )નું ફળ છે, પરંતુ એવું જ્ઞાન જીવોને ન હોવાથી તે બીજાને પીડાકારક પ્રવૃત્તિ કરી રહ્યા છે.

સર્વ કોઈ સુખને જ ઇચ્છે છે, પણ પ્રવૃત્તિ પરપીડાકારક હોવાથી સુખના

સ્થાને દુઃખ જ આવી પડે છે. પોતાના દુઃખમય ભાવિનું સર્જન જીવ પોતે જ સ્વયં કરતો હોય છે. પરપીડાકારક પ્રવૃત્તિ કરવાના કારણે જ તો !

આમ અજ્ઞાનતાના ઘોર અંધકારથી જ જીવની ભયાનક દુઃખમય અને પાપમય સ્થિતિ સર્જાય છે, તેથી જીવો સંસાર અટવીમાં ભૂલા ભટકતા રહે છે. આ અજ્ઞાન–મયતાના વિચારથી સંસારની ભયાનકતા–અસારતા જ્યારે સ્પષ્ટ થાય છે, ત્યારે સંવેગભાવ અત્યન્ત પુષ્ટ થતો રહે છે !

(૪) **સંસાર અવિરતિમય છે**–કેટલાક પુણ્યશાળી જીવાત્માઓને તથાભવ્યત્વનો પરિપાક થવાથી દેવ–ગુરુ–ધર્મની સામગ્રી મળતાં વિવેકદૃષ્ટિ પ્રગટે છે, ત્યારે દેહ અને આત્માની ભિન્નતા, બન્નેના ગુણ–ધર્મની ભિન્નતા, વગેરે ભાન તેઓને થાય છે; છતાં ચારિત્રમોહની પ્રબળતાથી સમજવા છતાં તેઓ તદનુસાર આચરણ–વર્તન કરી શકતા નથી.

શરીર અશુચિનો ભંડાર છે, પંચેન્દ્રિયના વિષયો તુચ્છ, ક્ષણિક અને વિપાકે વિરસ છે, વગેરે જાણવા છતાં જીવ તેમાં જ આસક્ત બન્યો રહે છે. જ્ઞાનીપુરુષોને જે વૈષયિક પ્રવૃત્તિ જુગુપ્સનીય લાગે છે, તે જ અવિરતિના કારણે અજ્ઞાનીને આનંદપ્રદ લાગે છે, તેથી તેનો ત્યાગ કરવા તે અસમર્થ બની રહે છે.

સંસારી અજ્ઞ જીવોની આ અવિરતિમય દશાનો યથાર્થ વિચાર પણ સંવેગભાવની પુષ્ટિમાં સહાયક બને છે.

(૫) **સંસાર પ્રમાદમય છે**–ચારિત્રમોહકર્મના ક્ષયોપશમથી કેટલાક પુણ્યાત્માઓ વિરતિધર્મમાં ઉજમાળ બને છે અને સ્વ–પરકલ્યાણની ભાવના કરતાં આરાધનામાં સદા પ્રવૃત્ત રહે છે. પરંતુ જેનું નામ "પ્રમાદ," કે જે ભલભલા યોગીઓને પણ જે ગર્તા કરતાં પણ ભયંકર એવી સંસારરૂપી ગર્તા (ખાઇ) માં ફેંકી દે છે, એ પ્રમાદની આ ચારિત્રશીલ આત્મા સતત ભયભીત રહે છે. ક્યારે આત્મા અસાવધ બને અને પોતાના કર્તવ્યને ભૂલી જાય !, એ જ એક તક એ શોધતો રહે છે. લેશ પણ આત્મજાગૃતિ ખોટવાય કે તરત જ તે (પ્રમાદ) આત્મા ઉપર સ્વાર થઈ જાય છે અને આત્મા પોતાના કર્તવ્યોમાં બેદરકાર બની આચારમાર્ગથી સ્ખલના પામે છે.

જ્યારે ભણેલો ભૂલ કરી બેસે છે, ત્યારે લોકને દયાને બદલે એની ભૂલ પ્રત્યે હસવું આવે છે. તેમ જ્ઞાની અને ચારિત્રસમ્પન્ન આત્માઓ પણ પ્રમાદથી જ્યારે પછડાટ ખાય છે, ત્યારે તેઓની સ્થિતિ સામાન્ય લોક માટે હાસ્યાસ્પદ જેવી બની રહે છે.

પ્રમાદબહુલ જીવોની સ્થિતિનો આ વિચાર પણ સંવેગભાવના પ્રકર્ષમાં કારણ બની જાય છે અને પ્રમાદનો વિજય કરવાની પ્રેરણા આપી જાય છે.

સંસાર અસાર છે- હોય છે, એ બાબતને સચોટ સમજવા માટે જ્ઞાનીપુરુષોએ વિવિધનયા બતાવેલ સંસારસ્વરૂપનો યથાર્થ વિચાર કરવો જરૂરી છે.

ઉપર વિચાર્યું તે રીતે સંસારની દુઃખમયતા, પાપમયતા, અજ્ઞાનમયતા, અવિરતિ બહુલતા અને પ્રમાદપ્રચૂરતાના વિચારથી અનુક્રમે કરુણ, રૌદ્ર, ભયાનક, બીભત્સ અને હાસ્યાદિ ભાવોનું સંવેદન કરવાપૂર્વક સંવેગભાવને પુષ્ટ–પુષ્ટતર બનાવી શકાય છે.

કોઈ પણ ચીજની (સારી–નરસી) બે બાજુઓ (સાઇડો) તો હોય છે, પણ ભૌતિક પદાર્થોની ક્ષણિક સુંદરતા, મધુરતા અને મોહકતાને કારણે સંસારને સારમય કે સુખમય માનવો તે નરી ભ્રમણા છે.

ક્ષણિક, તુચ્છ, વિનાશી અને પરિણામે દારુણ એવા ભૌતિક પદાર્થોને કે એના સંયોગથી પ્રાપ્ત થતાં સુખોને સારા માનવાથી, રાગપૂર્વકનો પરિગ્રહ થવાથી કે ભોગ કરવાથી આત્માનું અહિત જ થાય, એ નિર્વિવાદ સત્ય છે. આ દૃષ્ટિએ સંસાર અસાર જ છે, પણ એની બીજી બાજુનો જો તાત્ત્વિક વિચાર કરીએ, તો અપેક્ષાએ એમાં સાર પણ છે.

**સંસારની સારભૂતતા**–જેમ આત્માનું અહિત અને અધઃપતન થાય તેવાં નિમિત્તો સંસારમાં છે, તેમ આત્મહિત અને ઉત્થાન થાય એવાં સદ્ આલંબનો પણ આ સંસારમાં જ છે. કહ્યું પણ છે કે–

“ कटुकोऽप्येष संसारो, जन्मसंस्थितिदानतः ।
मान्यो मे यन्मया लेभे, जिनाज्ञास्यैव संश्रयात् ॥ ”

(નમસ્કાર મહાત્મ્ય પ્રકાશન-૧)

“જન્મ–મરણાદિ આપનાર હોવાથી આ સંસાર કટુક છતાં, એના જ આશ્રયથી મેં જિનાજ્ઞાને પ્રાપ્ત કરી તે કારણે મને એ માન્ય (પણ) છે.” એક કવિએ પણ ગાયું છે કે–

**“ યે સંસાર અસાર સાર પણ, યામેં ઇતના પાયા ।**
**ચિદાનંદપ્રભુ સુમરન સેતી, ધરીયે નેહ સવાયા ॥ ”**

(શ્રી ચિદાનંદજીકૃત પદ)

સંસારરંગશાળાની માયાજાળનું યથાર્થ ભાન કરાવી મોહના પાશમાંથી છૂટકારો અપાવનાર સંવેગરંગશાળા, અર્થાત્ જિનશાસન–જિનાજ્ઞા આ વિશ્વમાં સદાય વિદ્યમાન છે, એ જ આ સંસારની ઉજળી સારભૂત બાજુ છે.

આ સંવેગભાવની–જિનાજ્ઞાની પ્રાપ્તિ થતાં જ આત્માની ઉત્થાનયાત્રા શરુ થઈ જાય છે. માત્ર એના પ્રતિ પ્રીતિ, ભક્તિ અને તત્પરતા જાગવી જોઇએ ! ભવ્યાત્મામાં સંવેગભાવનું બીજ પડતાં જ એની દુઃખમય સ્થિતિનો વિલય અને ચિત્તમાં આનંદ

તથા પ્રસન્નતાનો સંચાર થવા માંડે છે. અને જેમ જેમ આ સંવેગભાવ વધતો જાય છે, તેમ તેમ સર્વ જીવો પ્રત્યેની આત્મીયતા ગાઢ બનતી જાય છે.

મૈત્રી, પ્રમોદ, કરુણા અને માધ્યસ્થ્ય ભાવના યથોચિત વિનિયોગદ્વારા જીવનમાં મધુરતા, અધ્યવસાયવિશુદ્ધિ કોમળતા અને નિશ્ચલતાની સ્થિતિનું સર્જન કરી શકાય છે.

**(૧) સંસારમાં માધુર્ય**–કષાયોની પ્રબળતાના કારણે સંસાર કટુક છે. તો મૈત્રી આદિ શુભ ભાવોની અપેક્ષાએ મધુર પણ છે. કષાયો જેમ ચિત્તમાં સંક્લેશ અને સંતાપ પ્રગટાવે છે, તેમ મૈત્રી આદિ શુભ ભાવો જાગૃત થતાં મધુરતા, સંતોષ, કોમળતા અને પ્રસન્નતાનો આનંદ પણ પ્રગટે છે. અસંખ્યાત સમકિતદૃષ્ટિ આત્માઓ આવા માધુર્ય રસ વગેરેનો અહર્નિશ અનુભવ કરી રહ્યા છે.

**(૨) સંસારમાં શૌર્ય**–વૃત્તિ કરતાં પ્રવૃત્તિ અધિક પુરુષાર્થસાધ્ય છે. સમ્યગ્દર્શન–આત્મતત્ત્વની રુચિ-શ્રદ્ધા, કે સર્વ જીવો પ્રતિ આત્મતુલ્ય દૃષ્ટિ–સ્નેહભાવ, એ દરેક વૃત્તિ (પરિણામ) સ્વરૂપ છે; ત્યારે ક્ષમા, નમ્રતા, સરળતાદિ ગુણો એ પ્રવૃત્તિ-સ્વરૂપ છે. ક્રોધના પ્રસંગે અપરાધીને ક્ષમા આપવી એ સહેલું નથી. શૂરવીર આત્મા જ અપરાધીને પણ ( કથંચિત્ ) ઉપકારી માનીને ક્ષમા આપી શકે છે.

બાહ્ય શત્રુઓ પ્રતિ પણ શત્રુભાવ ઉત્પન્ન કરનાર અંતરંગ કામ–ક્રોધ–રાગ–દ્વેષ વગેરે મલિન અધ્યવસાયો છે. એનો વિજય મેળવ્યા પછી જગતમાં કોઈ શત્રુ દેખાતો જ નથી. જીવ માત્ર મિત્રતુલ્ય ભાસે છે. જે જે મહાપુરુષોએ અંતરંગ શત્રુઓને જીતીને આત્મશુદ્ધિ, સ્થિરતા અને સિદ્ધિ હાંસલ કરી છે, તેનો વિચાર કરતાં તેઓએ દાખવેલી અદ્ભૂત શૂરવીરતા બદલ આપણાં અંતર અહોભાવથી ઝૂકી પડે છે અને પોતાના અંતરંગ શત્રુઓનો વિજય કરવાનું શૂરાતન–ઉત્સાહ ઉલ્લસિત થાય છે.

**(૩) સંસારમાં વિસ્મયતા**–આ સંસારમાં કર્મનો નિયમ સર્વત્ર ન્યાયપૂર્ણ છે, જે જેવી પ્રવૃત્તિ કરે છે, તેને તેનું તેવું જ ફળ મળે છે. કર્મરાજાના ન્યાયાલયમાં કોઇને ન્યૂનાધિક સજા કે સત્કાર થતો નથી.

ઘઉં વાવો તો ઘઉં, આંબો વાવો તો આંબો અને બાવળ વાવો તો બાવળ જ ઊગે છે. કુદરતની વ્યવસ્થા સર્વત્ર સુવ્યવસ્થિત છે.

જીવનમાં કે જગતમાં બનતી પ્રત્યેક ઘટના પાછળ વ્યક્તિગત કે સમષ્ટિગત પુણ્ય–પાપરૂપ તથા પ્રકારનું કર્મ જ ભાગ ભજવતું હોય છે. ભૂલ–થાપ ખાવાની કોઈ સંભાવના કર્મના ન્યાયાલયમાં છે જ નહિ.

આ રીતે કર્મસત્તાની ન્યાયપૂર્ણતાનો વિચાર ચિત્તમાં વિસ્મયતાની લાગણી પ્રગટાવે છે, અદ્ભુતતાનો ભાવ પ્રગટે છે અને તેના દ્વારા પણ સંવેગભાવ પુષ્ટ બને છે.

(૪) **સંસાર લીલાસ્વરૂપ પણ છે**–સંસારનું સર્જન અને સંચાલન જીવની સ્વેચ્છાથી જ થાય છે. જગતમાં ઇચ્છાસ્વાતંત્ર્ય છે. બળાત્કારે કોઇને કોઈ ઇચ્છા ઉત્પન્ન કરાવી શકાતી નથી. ભવમાં ભટકવું કે પાર ઊતરવું, એ પણ (અપેક્ષાએ) જીવની પોતાની ઇચ્છાને આધીન છે. જીવ દરેક પ્રવૃત્તિ પોતાની ઇચ્છાથી જ કરે છે.

અમુક પ્રકારની ઇચ્છા થવી અને અમુક પ્રકારની ઇચ્છા ન થવી, એમાં જીવનું પોતાનું જ તથાપ્રકારનું તથાભવ્યત્વ અથવા સહજમળ એ જ કારણભૂત છે.

ભવનું રૌદ્ર અને મોક્ષનું સૌમ્ય સ્વરૂપ જાણ્યા પછી પણ ભવમાં ભમવાની ઇચ્છા કે મોક્ષપ્રાપ્તિની ઇચ્છા થવી, એની પાછળ જીવની પોતાની યોગ્યતા, કે જે સહજમળની વૃદ્ધિ કે હ્રાસરૂપ છે, તે સૂચિત થાય છે. આ સહજમળને અન્ય દર્શનકારો દિદૃક્ષા અને ભવબીજ કહે છે.

ઇચ્છારૂપ લીલાનો આ વિચાર પણ સંવેગ–વૈરાગ્ય વગેરેની વૃદ્ધિ કરે છે અને તેથી સંસાર પ્રતિનો પક્ષપાત મંદ પડી જાય છે.

(૫) **જગત પૂર્ણ છે**–'દૃષ્ટિ તેવી સૃષ્ટિ' એ–ઉક્તિ અનુસાર જેની દૃષ્ટિ પૂર્ણ છે, તેને જગત પૂર્ણ દેખાય છે.* શુદ્ધ ચિદાનંદમય પૂર્ણસ્વરૂપને પામેલા શ્રી સિદ્ધભગવંતો સમગ્ર જગતને પૂર્ણ જુએ છે. એટલું જ નહિ, જેને આત્માના પૂર્ણ શુદ્ધ–સ્વરૂપની શ્રદ્ધા–રુચિ પ્રગટી ચૂકી છે, એવા અસંખ્યાત સમ્યગ્દૃષ્ટિ જીવો પણ મહાપુરુષોના વચનાનુસાર જગતને પૂર્ણતાની દૃષ્ટિથી જુએ છે.

શ્રી સર્વજ્ઞભગવંતો કહે છે કે–દ્રવ્યની અપેક્ષાએ જીવ માત્ર પૂર્ણ છે. જીવનું જે પૂર્ણ જ્ઞાન અને પૂર્ણાનંદમય સ્વરૂપ છે, તે દરેક જીવનું સમાન છે. શ્રી સિદ્ધપરમાત્માનું જે સ્વરૂપ પ્રગટ છે, તે જ સ્વરૂપ દરેક જીવમાં અપ્રગટપણે રહેલું જ છે. પ્રત્યેક જીવો દ્રવ્યથી એક સરખા જ છે, જીવ–જીવ વચ્ચે કોઈ ભેદ–તારતમ્ય સંભવતું નથી. જીવ માત્રમાં ચિદાનંદમય પૂર્ણતા રહેલી છે.

આ રીતે જીવ માત્રના પૂર્ણ–શુદ્ધ સ્વરૂપનો વિચાર આત્મામાં અપૂર્વ શાન્તસુધારસને ઉલ્લસિત કરી દે છે. પછી કોઇ જીવ પ્રત્યે તીવ દ્વેષની કે કોઇ જડ વસ્તુ પ્રત્યે તીવ્ર રાગની લાગણી પ્રગટી શકે નહિ. અર્થાત્ રાગ–દ્વેષની ઉત્કટતા શમી જાય છે અને ચિત્ત અપૂર્વ સમતારસનો આસ્વાદ અનુભવતું થઈ જાય છે.

(૬) **સંસારમાં વાત્સલ્યની અમીવૃષ્ટિ**–શ્રી અરિહંતાદિ પાંચેય પરમેષ્ઠિ ભગવંતો સકળ જીવરાશિ પ્રત્યે પરમ કરુણા અને વાત્સલ્યને ધારણ કરનારા તથા વરસાવનારા છે.

---

* 'सच्चिदानंदपूर्णेन पूर्णं जगदवेक्ष्यते ॥" (જ્ઞાનસાર)

જેમનું સમ્યગ્દર્શન પૂર્ણ-ક્ષાયિકભાવે પ્રગટેલું છે, એવા શ્રી સિદ્ધભગવંતો અને શ્રી અરિહંત પરમાત્માઓની નિઃસ્વાર્થ કરુણા અને વત્સલતાની વૃષ્ટિ વિશ્વમાં સર્વત્ર થઇ રહી છે. એવો કોઈ પ્રદેશ કે કોઇ સ્થાન નથી, જ્યાં પરમાત્માની અતુલ કરુણાની વૃષ્ટિ કે અનંતજ્ઞાનનો પ્રકાશ ન હોય!

આ અગાધ કરુણાનો અને જ્ઞાનપ્રકાશનો આત્માને સ્પર્શ નથી થતો, તેમાં તેની પોતાની દૃષ્ટિ જ દોષપાત્ર છે. સમગ્ર વિશ્વને અજવાળતાં રવિકિરણો ઘુવડને પ્રકાશદાયી નથી બનતાં, એમાં ઘુવડની દૃષ્ટિનો જ દોષ છે ને?

જો શાસ્ત્રદૃષ્ટિથી પરમાત્માની આ વિશ્વવત્સલતાને વિચારીએ, તો આપણા ચિત્તમાં આશા અને ઉત્સાહનો અમૃત છંટકાવ થાય અને ઘર કરી રહેલી દીનતા, હતાશા, શોક, ભય તથા ચિંતાની સઘળી લાગણીઓ ક્ષણમાં નષ્ટ થઇ જાય.

પરમાત્માની સર્વગામી વત્સલતામાં આત્માને સ્નાન કરાવીને પછી જુઓ કે તમારામાં કેવી જાગ્રતિ અને સ્ફૂર્તિ ખીલી ઉઠે છે?

આ રીતે જુદા જુદા દૃષ્ટિકોણથી વિવિધ રીતે સંસારની અસારતાનો અને સારતત્ત્વનો તાત્ત્વિક વિચાર આત્મવિકાસના અનન્ય પાયારૂપ સંવેગાદિ ભાવોની અધિકાધિક વૃદ્ધિ કરે છે.

**શાસ્ત્રજ્ઞાનની મહત્તા**–જીવને ભવમાં ભટકાવનાર અને પોતાના શુદ્ધ ચિદાનંદમય સ્વરૂપથી અજ્ઞાત વંચિત રાખનાર જીવનો પોતાનો અજ્ઞાનજન્ય દુર્ભાવ જ છે. બગડેલા આ ભાવને સુધારવા અને વ્યાપેલા અજ્ઞાન અંધકારને દૂર કરવા માટે શ્રી જિનાગમનો અને તેમાં જણાવેલાં સદનુષ્ઠાનોનો આશ્રય લેવો અનિવાર્ય છે. એ વિના જીવનું અજ્ઞાન અને તજ્જન્ય દુર્ભાવાદિ દુષ્ટ ભાવો કદાપિ ટળી શકે તેમ નથી.

પરમજ્ઞાની શ્રી જિનેશ્વર ભગવંતો આજે અહીં ભલે વિદ્યમાન નથી, પણ તેઓનો ચિંધેલો મોક્ષમાર્ગ તો આજે પણ શાસ્ત્રોમાં અકબંધ સચવાયેલો વિદ્યમાન છે. અનેક ભવ્યાત્માઓ તેનું આલંબન લઇને પોતાના સ્વરૂપને પ્રગટાવી ગયા છે અને પ્રગટાવી રહ્યા છે.

**પ્રસ્તુત ગ્રન્થની ઉપકારકતા**–"સંવેગરંગશાળા" નામનો આ અદ્ભુત ગ્રન્થ પણ મોક્ષમાર્ગની આરાધના કેમ કરવી? એનું સચોટ-સર્વાઙ્ગીણ માર્ગદર્શન પૂરું પાડે છે. પ્રાકૃતશૈલિમાં દશ હજાર ઉપરાંત ગાથાપ્રમાણ રચેલા વિશાળકાય આ ગ્રન્થમાં 'પરિકર્મ' વગેરે મુખ્ય ચાર દ્વારો અને તેના અનેક પેટાદ્વારો દ્વારા મોક્ષમાર્ગની આરાધનાનાં વિવિધ પાસાઓનું સુંદર, સચોટ અને વિસ્તૃત વર્ણન કર્યું છે. સાથે મોક્ષના

બીજભૂત સંવેગાદિ ભાવોની મહત્તા દર્શાવીને તેને પ્રગટાવવાની અદ્‌ભુત પ્રેરણા જ નહિ, યુક્તિઓ પણ આપી છે.

**સંવેગભાવની પ્રભાવકતા**–સર્વ ગુણોમાં પ્રધાન ગુણ સંવેગ છે, તેની પ્રાપ્તિ થતાં જ જ્ઞાન સમ્યગ્જ્ઞાન, દર્શન સમ્યગ્દર્શન અને ચારિત્ર સમ્યક્ચારિત્ર બની જાય છે, માટે રત્નત્રયીરૂપ મોક્ષમાર્ગની આરાધનાનું મૂળ સંવેગ છે.

આ સંવેગભાવપૂર્વક હૃદયના ભાવોલ્લાસથી એક વાર પણ જો મહામંત્ર નમસ્કારનું સ્મરણ થાય, તો જન્મ–જન્માન્તરનાં ઢગલાબંદ્ધ કારમાં કર્મો પળવારમાં બળીને ખાખ થઇ જાય છે. જેને લીધે સંસારમાં રહેવાની–કર્મના સંબંધથી બંધાવાની ઇચ્છા જાગે છે, તે સહજમળનો હ્રાસ અને જેના પ્રભાવે મોક્ષગમનની યોગ્યતા વિકસે છે, તે તથાભવ્યત્વનો પરિપાક, ૧–દુષ્કૃત ગર્હા, ૨–સુકૃત અનુમોદના અને ૩–ચતુઃ શરણગમન રૂપ સાધનત્રયીથી થવા લાગે છે.

આ સાધનત્રયી જેમ શ્રી જિનકથિત પ્રત્યેક અનુષ્ઠાનોમાં અંતર્ભૂત છે, તેમ શ્રી નમસ્કાર મહામંત્રમાં પણ એ વ્યાપીને રહેલી છે. જેમ કે–

**શ્રી નમસ્કાર મહામંત્રમાં દુષ્કૃત ગર્હાદિ સાધનત્રયી**–શ્રી અરિહંતાદિ ચારેય મહામંગલ છે અને લોકોત્તમ છે, તેથી તેઓનું શરણ સ્વીકારતાં કે સમ્યક્ સ્મરણ કરતાં દુષ્કૃત–પાપની અમંગલતાનો અને સુકૃતની મંગલમયતાનો યથાર્થ બોધ થાય છે, તેના પરિણામે દુષ્કૃત્ય હેય અને સુકૃત્ય ઉપાદેય જણાય છે.

શ્રી અરિહંતાદિ પાંચેય પરમેષ્ઠિઓ આ સર્વ દુષ્કૃત્યોની ત્યાગી અને સુકૃતના ભંડારછે, તેથી જ તેઓને કરેલો નમસ્કાર આપણામાં દુષ્કૃત્યની ગર્હાનું અને તેના ત્યાગનું તથા સુકૃત્યની અનુમોદનાનું અને તેની આરાધનાનું બળ પૂરે છે, સામર્થ્ય પ્રગટાવે છે.

## ગ્રન્થકાર અને તેની પ્રાચીનતા–

પ્રસ્તુત ગ્રન્થમાં આવી અનેક ઉપકારક બાબતો સૂચિત થયેલી છે. એમ બારમી સદીની પ્રથમ પચ્ચીશીમાં રચાયેલા આ ગ્રન્થરત્નની રચના અને રજુઆત અદ્‌ભૂત છે, અતિ ઉપકારક છે. **નવાંગીટીકાકાર પરમગીતાર્થ શ્રી અભયદેવસૂરીશ્વરજી મહારાજાના વડીલ ગુરુબંધુ શ્રી જિનચંદ્રસૂરીશ્વરજી મહારાજ આ ગ્રન્થના કર્તા છે.** શ્રી સકળ સંઘને આરાધનાનું સુંદર માર્ગદર્શન મળે, એ શુભાશયથી જ થએલી પોતાના લઘુ ગુરુબંધુની પ્રેરણા અને

પ્રાર્થનાથી આ વિશાળકાય ગ્રન્થરત્નની તેઓશ્રીએ રચના કરી છે. ભાવપૂર્વક એકાગ્રચિત્તે આ ગ્રંથરત્નનું વાચન–શ્રવણ કરવાથી પત્થર જેવા કઠિન હૃદયમાં પણ સંવેગરસની સેર ફૂટયા વિના ન રહે, એવો ગ્રન્થનો એક એક શ્લોક, એક એક વાક્ય કે એક એક પદ જાણે પરોપકારપરાયણ પૂ. ગ્રન્થકારમહર્ષિના સુવિશુદ્ધ અનુભૂત ભાવોનું પ્રતિબિંબ જ હોય, તેવી સ્પષ્ટ પ્રતીતિ તેના વાચન શ્રવણ વખતે હૃદયમાં ઉલ્લસિત થાય છે અને અપૂર્વ કોટિના સંવેગાદિ ભાવોથી વાચક–શ્રોતાને તરબોળ કરી દે છે.

**ગુજરાતી અનુવાદની ઉપકારકતા**–મૂળ પ્રાકૃતભાષામાં લખાએલા આ ગ્રન્થનું આજે ગુજરાતી અનુવાદરૂપે જે પ્રથમ પ્રકાશન થઈ રહ્યું છે. તે ખૂબ જ આનંદપ્રદ છે. પ્રાકૃતભાષાના અજાણ જીવો પણ આ ગ્રન્થના વાચન–શ્રવણદ્વારા પોતાના આત્માને સંવેગાદિ ભાવોથી ભાવિત બનાવીને સ્વ–પરના આત્મકલ્યાણમાં તત્પર બની શકશે, એમાં આ ગુજરાતી અનુવાદનો અને અનુવાદકનો ઉપકાર નાનો–સૂનો નહિ લેખાય !

પૂજ્ય તપસ્વી શ્રીમદ્ ભદ્રંકરસૂરીશ્વરજી મહારાજે પોતાને ચાલતી વર્ધમાન તપની મોટી મોટી અંતિમ ઓળીઓમાં પણ ઉત્સાહપૂર્વક આ ગુજરાતી અનુવાદ તૈયાર કર્યો છે. તેઓશ્રીની લેખનશૈલિ કેવી ધારાબદ્ધ અને ભાવવાહી છે, તેની અનુભૂતિ વાચકોને તેઓના હાથે લખાયેલા પુસ્તકોના વાચનથી થાય તેવી છે. આ ગ્રંથના અનુવાદ પહેલાં પણ તેઓશ્રીના હસ્તે અનુવાદિત–સંપાદિત "ધર્મસંગ્રહ ભાષાન્તર ભા. ૧–૨, દશવૈકાલિકસૂત્ર" વગેરે અતિ ઉપયોગી ગ્રંથો પ્રકટ થયા છે, જે આજે પણ શ્રીસંઘને ખૂબ જ ઉપકારક બની રહ્યા છે. તેમ આ ગુજરાતી અનુવાદ પણ સર્વજનસુખાય અને સર્વજનહિતાય બની રહેશે, એ નિર્વિવાદ વાત છે.

આજથી લગભગ છ વર્ષ પૂર્વે આ ગ્રન્થની મૂળ પ્રાકૃતકૃતિ પ્રતાકારે પ્રકાશિત થઈ છે, જેનું સુંદર સંશોધન–સંપાદન આ જ આચાર્યમહારાજના લઘુ ગુરુભાઈ પૂજ્ય મુનિવર્ય શ્રી હેમેન્દ્રવિજયજી મહારાજે તથા પંડિત શ્રી બાબુભાઈ સવચંદે વર્ષોની મહેનતપૂર્વક તૈયાર કર્યું હતું, તેનો પણ ઉપકાર શ્રી જૈન સંઘ ન ભૂલે તેવો છે.

પ્રાન્તે, આ ગ્રન્થરત્નના વાચન અને શ્રવણથી પ્રત્યેક ભવ્યાત્માઓમાં સંવેગરંગની વૃદ્ધિ થાય અને પરંપરાએ પરમપદ–મોક્ષના શાશ્વત–અવ્યાબાધ સુખના ભોક્તા બને, એ જ એક શુભાભિલાષા !

卐

## ગ્રન્થમાં કહેલા સંવેગગુણનું સ્વરૂપ અને મહિમા.

મહામંગળસ્વરૂપ જે સંવેગગુણને આ વિશાળકાય ગ્રન્થમાં ગ્રન્થકાર-મહર્ષિએ વર્ણવ્યા છે, તેનું સ્વરૂપ પૂર્વમહર્ષિઓના શબ્દોમાં તેઓશ્રી જણાવે છે કે—

एसो पुण संवेगो, संवेगपरायणेहिं परिकहिओ ।
परमं भवभीरुत्तं, अहवा मोक्खाभिकंखित्तं ॥

અર્થાત્—સંવેગમાં પરાયણ એવા મહર્ષિઓએ અત્યંત ભવભીરૂતાને **અથવા મોક્ષની અભિકાંક્ષાને (આ) સંવેગ કહ્યો છે.**

અનાદિકાળથી જીવાત્મા જે પરમાત્માતુલ્ય છે, તેની સાથે ભયંકર-દ્રોહી એવો મોહ પોતાના કુટુંબ સહિત રહેલો છે અને પરાયા ઘરમાં વાસ કરીને રહેલો તે માલિક બનીને આત્માને વિવિધ રીતે પીડે છે. એથી આગળ વધીને કહીએ તો આત્મા પોતે જ મોહમાં મૂઢ થઇને તેને પોષે છે અને પોતાની સંપત્તિ લૂંટાવે છે. તત્ત્વથી આ જ સંસાર છે, બાહ્ય સંયોગ-વિયોગાદિ સંસાર એ આત્માએ કરેલું પોતાનું સર્જન છે. પણ મૂઢ આત્મા તેને સમજતો નથી, તેથી ચારેય ગતિમાં અતિ આકરી પીડાઓ વેઠે છે.

તે પરિસ્થિતિમાં જ્યારે જીવાત્મા સભાન બને છે, ત્યારે સંસારથી અર્થાત્ મોહથી ભયભીત બને છે અથવા મોહથી છૂટવા ઇચ્છે છે. તે ભયને અથવા છૂટવાની તેની ઇચ્છાને સંવેગ કહેવાય છે.

આ સંવેગ વિના જીવાત્મા કદાપિ સાચા સુખને પામી શકવાનો નથી, જ્ઞાની-ભગવંતો કહે છે કે—**ઘણો કાળ તપશ્ચર્યા કરો, ચારિત્રને પાળો અને ઘણું પણ ભણો, છતાં જો તમે સંવેગ પામ્યા નથી, તો તે સર્વ ફોતરાંને ખાંડવા તુલ્ય છે. તથા આખા દિવસમા જો ક્ષણ પણ સંવેગરસ પ્રગટે નહિ, તો આ બાહ્ય કાયકષ્ટરૂપ ક્રિયાઓથી શું કમાયા? વધારે શું કહીએ? પખવાડિયાને અંતે, મહિનાને અંતે, છ મહિને કે વરસને અંતે પણ જેને સંવેગરસ પ્રગટે નહિ, તેને અભવ્ય અથવા દુર્ભવ્ય જાણવો.**

અર્થાત્ સંવેગ વિનાનું દીર્ઘ આયુષ્ય કે વિવિધ સુખસંપત્તિ, સઘળુંય તત્ત્વથી સંસારવર્ધક છે, મોહને જ પોષનાર છે. માટે આ ગ્રન્થનું પુનઃ પુનઃ વાંચન-શ્રવણ વગેરે કરવા દ્વારા એ ગુણને પ્રગટાવવો, એ જ જીવનનું તાત્ત્વિક ફળ છે. ગ્રન્થકારમહર્ષિએ સમગ્ર ગ્રન્થમાં સંવેગરસનો પ્રવાહ રેલાવ્યો છે. તેનો સ્વાદ તો ગ્રન્થનું પરિશીલન કરનાર જ ચાખી શકે. વિશેષ શું કહેવું?

॥ ॐ श्री ह्रीँ अर्हं नमः ॥

। स्व० पूज्यपाद विजयसिद्धि-मेघ-मनोहरसूरिगुरुवरेभ्यो नमः ।

# સ્વ૦ પૂજ્ય આચાર્યદેવ ૧૦૦૮ શ્રી વિજયમનોહર-સૂરીશ્વરજી મહારાજનો લેશ પરિચય

"येन ज्ञानप्रदीपेन, निरस्याभ्यंतरं तमः ।
ममात्मा निर्मली चाक्रे, तस्मै श्रीगुरुवे नमः ॥"

**વિશ્વવ્યવસ્થા અને ધર્મ-**

એક અલૌકિક અદૃશ્ય શક્તિ વિશ્વમાં વર્તે છે, કે જેના પ્રભાવે સમગ્ર વિશ્વનું સંચાલન સદા અસ્ખલિત ચાલી રહ્યું છે.

સમુદ્ર પૃથ્વીને પ્લાવિત કરતો નથી, પોતાની મર્યાદામાં રહે છે. પ્રતિવર્ષે મેઘ પૃથ્વીને આશ્વાસન આપે છે, અગ્નિ તિર્છો ન ફેલાતાં ઉર્ધ્વગતિ કરે છે, વાયુ ઉર્ધ્વગમન નહિ કરતો તિર્છો વાય છે, ઉપર આલંબન અને નીચે આધાર વિના પણ સમગ્ર વિશ્વને આધાર આપતી પૃથ્વી સ્થિર રહી શકે છે, વિવિધ ઉપકાર કરતા સૂર્ય ચંદ્ર, વગેરે જ્યોતિશ્ચક્ર નિયમિત ગતિ કરી રહ્યું છે, તે તે ઋતુઓ નિયમિત સદા ઉપકાર કરે છે, વગેરે બધું એ રીતે વ્યવસ્થિત ચાલે છે કે-તે કોઇ દૈવી કે માનવીય શક્તિ કરી શકે નહિ. એથી પણ માનવું જ જોઇએ કે સમગ્ર વિશ્વને હિતકર સર્વ જીવોનું કલ્યાણ કરનારી કોઈ અલૌકિક દુર્ગમ્ય શક્તિ વિશ્વમાં છે અને તેના પ્રભાવે વિશ્વતંત્ર વ્યવસ્થિત ચાલી રહ્યું છે.

જે કંઈ અવ્યવસ્થિત કે ઉપદ્રવો દેખાય છે, તે મોહમૂઢ જીવોએ એ શક્તિનો અનાદર-વિરોધ વગેરે કરવાનું પરિણામ છે. એ શક્તિને જે અનુસરે છે, તેને કદાપિ કોઈ ઉપદ્રવ થતો નથી, કારણ કે-એ શક્તિ શરણાગતનાં સર્વ દુઃખોનો નાશ કરવાની અને નિત્ય નિર્મળ સ્વાધીન સંપૂર્ણ સુખ આપવાની શક્તિ ધરાવે છે.

**આ શક્તિ એ જ ધર્મ છે**, તેનું કર્તવ્ય વિશ્વના સર્વ જીવોનું હિત કરવાનું છે, એમ પરમજ્ઞાની પરમાત્મા શ્રી અરિહંતદેવોએ કહ્યું છે.

ધર્મ એ વિશ્વનો પ્રાણ છે, વિશ્વનો આધાર છે, વિશ્વનો રક્ષક છે, વગેરે વિવિધ વચનો શાસ્ત્રોમાં જોવા મળે છે ત્યારે એ પ્રશ્ન થાય કે-એ ધર્મ શું છે? કેવો છે?, તેનો ઉત્તર એ જ જ્ઞાનીભગવંતો જણાવે છે કે-આત્માનું શુદ્ધ ચૈતન્ય એ તાત્ત્વિક ધર્મ છે અને એને પ્રગટાવવાના વિવિધ ઉપાયો-અનુષ્ઠાનો એ વ્યવહારધર્મ છે. વ્યવહારધર્મના

બળે જીવ પોતાનું શાશ્વત શુદ્ધ ચૈતન્યસ્વરૂપ પ્રગટ કરીને સચ્ચિદાનંદમય બની શકે છે, સર્વ દુખોની સાર્વદિક મુક્તિ મેળવી શકે છે અને જ્યાં સુધી એ ન મળે, ત્યાં સુધી સંસારમાં પણ બાહ્ય–અભ્યંતર સુખ સામગ્રી પ્રાપ્ત કરે છે. શરત માત્ર એટલી છે કે–તે માટે શ્રી જિનેશ્વરદેવની શરણાગતિ સ્વીકારી તેઓશ્રીની આજ્ઞાનું યથાયોગ્ય પાલન કરવું જોઇએ!

## જડ–ચેતનરત્નો અને તેનો ઉપકાર–

'બહુરત્ના વસુંધરા'–એ ઉક્તિ પ્રમાણે આ પૃથ્વી રત્નોની ખાણ છે. તે રત્નો આ ધર્મના પ્રભાવે જ પ્રગટ થાય છે. જેમ હીરા–માણેક–સુવર્ણ વગેરે જડરત્નો બાહ્ય જીવનની સામગ્રી છે, તેમ શ્રી પંચપરમેષ્ઠિ ભગવંતો, સંતો, મહાસતીઓ, વગેરે ચૈતન્યરત્નો આત્મજીવન માટેની સામગ્રી છે. બન્ને પ્રકારનાં રત્નો એ ધર્મના પ્રભાવે સદા પાકતાં–પ્રગટ થતાં હોય છે. ધર્મનો વિશ્વ પ્રત્યે એ જ મહા ઉપકાર છે.

ચૈતન્યરત્નોમાં શ્રી પંચપરમેષ્ઠિ ભગવંતો ઉત્તમ છે. તેના આલંબનથી–આરાધનાથી અન્ય જીવો સ્વ–પરકલ્યાણ સાધી શકે છે. શ્રી પંચપરમેષ્ઠિ ભગવંતોમાં પણ શ્રી અરિહંતદેવ સર્વોત્કૃષ્ટ રત્ન છે. તેઓનું સામ્રાજ્ય ત્રણે કાળમાં ત્રણેય લોકમાં સર્વ જીવોના હિતાર્થે સદા જયવંતુ વર્તે છે.

આ રત્નો ભૂતકાળે અનંતાં પ્રગટ થયાં હતાં, આજે પ્રગટ થઈ રહ્યાં છે–વિદ્યમાન છે અને ભવિષ્યમાં અનંતાં પ્રગટ થશે, કે જેનો આશ્રય સ્વીકારીને ભવ્ય જીવો સંસારસમુદ્રથી પાર ઉતરી શાશ્વત સુખને પામ્યા છે, પામે છે અને પામશે.

માણસ મનુષ્યભવને, સુખ સામગ્રીને, કે જે કંઈ જ્ઞાનપ્રકાશને પામ્યો છે, તે બધો ઉપકાર એ ચૈતન્યરત્નોનો છે, તેથી તેઓ પ્રત્યે કૃતજ્ઞતા પ્રગટાવવાપૂર્વક આત્મવિકાસ કરવાનો પરમ ઉપાય તેઓના ઉપકારોને જાણીને તેનું પુનઃ પુનઃ સ્મરણ કરી અનુમોદના કરવી તે છે.

પૂજ્યપાદ સ્વ૦ આચાર્ય શ્રી વિજયમનોહરસૂરીશ્વરજી મહારાજ પણ વર્તમાનકાળના એક ચૈતન્યરત્ન હતા, તેથી તેઓના જીવનને ઓળખાવવાનો અને ઉપકારોને યાદ કરવાનો આ અલ્પ પ્રયાસ એક સ્વ–પર કલ્યાણનો પ્રયાસ લેખાશે.

ગુણવાનોના ગુણો ગાવામાં પણ યોગ્યતા જોઈએ છે, વિશિષ્ટ યોગ્યતાને પામેલા જીવો જ ગુણવાનોના ગુણોને યથાર્થરૂપે ઓળખી કે આલેખી શકે છે. તો પણ "शुभे यथाशक्ति यतनीयम्।"–એ નીતિને અનુસરીને અહીં લેશ પ્રયત્ન કર્યો છે.

## જન્મ વગેરે પ્રાથમિક અવસ્થાનો પરિચય–

પૂજ્ય મારા ઉપકારી આ. ગુરુદેવ શ્રી વિજયમનોહરસૂરીશ્વરજી મહારાજનો જન્મ

સૌરાષ્ટ્રમાં જામનગર પાસે બગસરા ગામમાં વિ. સં. ૧૯૪૯માં થયો હતો* તે પુણ્ય-પુરુષના પિતા શેઠ શ્રી કસ્તુરચંદ અને માતા સંતોકબાઈ હતાં. તેઓને એક ત્રિભુવનદાસ નામે નાના ભાઈ હતા અને રંભાબેન નામે મોટાં બ્હેન આજે પણ જામનગરમાં શેઠ કુટુંબમાં શ્રી મગનલાલ મલુકચંદનાં ધર્મ પત્ની તરીકે વિદ્યમાન છે. માતા–પિતાએ આપેલું તેઓનું નામ હેમચંદ્ર હતું. સૃષ્ટિના નિયમ પ્રમાણે હેમચંદ્રની ઉમ્મર સાથે બુદ્ધિ વગેરે ગુણો પણ વધતા રહ્યા. યોગ્ય વયે માતા–પિતા સાથે રહી જામનગર–મુંબાઈ વગેરે સ્થળોમાં વિદ્યાભ્યાસ શરુ કર્યો અને બાર વર્ષની વય થતાં તો પિતાજી પરલોક સિધાવ્યા.

જીવન ઉપર અણધાર્યું આક્રમણ કરનાર કાળે કોની આશાઓના ચૂરા નથી કર્યા? એની વિકરાળ ફાળમાંથી કોણ બચ્યું છે? સર્વની આશાઓ અધૂરી રહી ગઈ અને કુટુંબનો આધાર તૂટી ગયો.

સંતોકબાઈ કુલીન, સાત્ત્વિક અને સુશીલ હતાં. તેમણે વૈધવ્યનો ભારે આંચકો અનુભવ્યો, છતાં આ અનુભવે તેમને પોતાના અને સંતાનોના ભાવિ જીવન માટે માર્ગ આપ્યો, અસાર સંસારથી ઊગરી જવા માટે નિશ્ચય કર્યો અને સંતાનોને પણ એ જ તાલીમ આપી ઉછેર્યાં. ક્રમશઃ ત્રણેય સંતાનો સ્વાશ્રયી બન્યાં, પણ સંયમ માટે ઉત્સાહી ન થયાં.

સંસાર અસાર પણ છે અને યોગ્ય આત્મા માટે બોધપ્રદ તથા ઔષધની જેમ ઉપયોગી પણ છે. આગમોમાંથી મળે તેથી પણ અધિક બોધ સંસારના અનુભવો દ્વારા થાય છે. સંતોકબેનનો વૈરાગ્ય આ અનુભવોથી દૃઢ થયો અને પુત્રોના પ્રેમને તજીને, વિ. સં. ૧૯૬૪ માં દીક્ષા લઈને તેઓ પૂજ્યપાદ સંઘસ્થવિર, શમમૂર્તિ, દીર્ઘ તપસ્વી, સ્વ. આચાર્યદેવ શ્રીમદ્વિજયસિદ્ધિસૂરીશ્વર (તે કાળે પંન્યાસજી) નાં આજ્ઞાવર્તી પ્રવર્તિની સાધ્વીજી શ્રી ચંદનશ્રીજીનાં શિષ્યા સુશીલ સાધ્વીજી શ્રી સુભદ્રાશ્રીજીના શિષ્યા સા. શ્રી સરસ્વતીશ્રી થયાં. તેમની દીક્ષા રાજનગરમાં થઈ હતી અને ઘણા ઉત્તમ આત્માઓએ તેમની દીક્ષામાં તન–મન–ધનનો સહકાર આપી લાભ લીધો હતો.

**હેમચંદ્રની દીક્ષા**–ત્રણેય સંતાનોનો ઉછેર તો વિધિપૂર્વક વૈરાગ્ય પોષક થયો હતો અને કુલીનતા પણ હતી. એથી માતાની આશા નિષ્ફળ થવાનું દુઃખ હેમચંદ્રને લાગ્યું. વર્ષ–બે વર્ષ ગયાં, પોતાના ભાવિ જીવનની જવાબદારી અંગે ચિંતા પ્રગટી અને રંભાબેનનાં લગ્ન પછી માતાસાધ્વીને વંદન કરવા તે મહેસાણા ગયા, વંદન કરી

---

* અમદાવાદ-જૈન વિદ્યાશાળામાં તેઓની એક પ્રતિકૃતિ નીચે "જન્મ સં. ૧૯૫૧–અષાઢ વદ ૦))–જામનગર" લખેલું છે અને તેઓનાં બ્હેન જામનગરમાં વિદ્યમાન છે, તેઓને પૂછતાં "જન્મ વિ. સં. ૧૯૫૦માં થયેલો છે"–એમ જણાવ્યું છે,

ગંભીર મુદ્રાએ ત્યાં બેઠા, સુખશાતાપૃચ્છા વગેરે કર્યું અને માતાસાધ્વીએ પોતાનો ભાવ વ્યક્ત કર્યો કે-હેમચંદ્ર ! મેં તો દીક્ષા લીધી પણ તું રહી ગયો એ ખટકે છે, તું યોગ્ય છે, શક્તિ-ભક્તિથી યુક્ત છે, હવે તને વધારે શું કહેવાય ? ગુરુદેવ અહીં જ બિરાજમાન છે. તેઓની હિતશિક્ષા ધ્યાનમાં લઈને હિત થાય તેમ કર !

હેમચંદ્રમાં પ્રથમથી જ દાક્ષિણ્યગુણ સુંદર હતો. સાધ્વીજીની પ્રેરણા લઈ તે પૂજ્ય ગુરુદેવ પાસે ગયા, વંદનાદિ વિધિ કરીને બેઠા અને ગુરુદેવે વાત્સલ્યભાવે કહ્યું કે હેમચંદ્ર ! તું હવે સ્વયં હિતાહિતનો વિચાર કરી શકે તેમ છે. સંસારનાં સુખો કેવાં વિષમ છે, તે તું પ્રત્યક્ષ જોઈ-જાણી શકે છે. સંબંધો કેવા અનિત્ય છે, આશાઓ કેવી રીતે નિરાશા પેદા કરી દુર્ધ્યાન કરાવે છે, વગેરે તેં સ્વયં અનુભવ્યું છે. તેના આધારે હવે તારે જ ભાવિ હિતાહિતનો નિર્ણય કરવાનો છે. પુણ્યપ્રાપ્ય માનવભવ, ઉત્તમ કુળ, ધર્મસામગ્રી, વગેરે ઘણી દુર્લભ વસ્તુઓ તને મળી છે, તો તેને સફળ કરવામાં જ હિત છે; ઈત્યાદિ હિતોપદેશ કર્યો.

બીજ તો પડ્યું જ હતું, તેમાં પ્રેરણાનું સિંચન મળ્યું અને કાળનો પરિપાક પણ થયો હતો, તેથી સુજ્ઞ હેમચંદ્રે ત્યાં જ જાવજ્જીવ બ્રહ્મચર્ય સ્વીકારી સંસારનાં મૂળ ઉખેડવા માટે પ્રારંભ કર્યો. ગુરુદેવ તથા માતાસાધ્વીએ આશીર્વાદ આપ્યા અને પછી તેમણે અમદાવાદ રહીને પ્રારંભિક ધાર્મિક અભ્યાસ કરી લીધો. અમદાવાદના ઉત્તમ સાધર્મિકોના સંપર્કથી વૈરાગ્ય ખીલી ઊઠયો અને વિ. સં. ૧૯૬૬-મહા વદ ૩ ના રોજ માતર (જી. ખેડા) શ્રી સાચા સુમતિનાથ ભગવંતના તીર્થમાં પૂજ્ય દાદા ગુરુદેવના હસ્તે દીક્ષા લીધી. પૂ. ગુરુદેવે પોતાના શિષ્ય ગાંભીર્યગુણનિધિ, શમમૂર્તિ પૂ. મુનિરાજ શ્રી મેઘવિજયજી મ. ના શિષ્ય કરીને મુનિ શ્રી મનોહરવિજયજી નામ આપ્યું. આ પ્રસંગે અમદાવાદ-કાળુશીની પોળના શ્રાવક સનાભાઈ વગેરેએ સુંદર લાભ લીધો હતો.

ખીલતું યૌવન, પ્રસન્ન મુદ્રા અને સુંદર કાન્તિ, તેમાં સાધુવેષ અધિક દર્શનીય બન્યો. દર્શન-વંદન કરી ભવ્ય જીવો આનંદપૂર્વક અનુમોદના કરવા લાગ્યા. તે કાળે શ્રી અને શ્રીમન્તો કરતાં ધર્મ અને ધર્મીઓનું મહત્ત્વ જૈન-અજૈન જગતમાં ઘણું હતું, તેથી આ દીક્ષા ઘણા આત્માઓને અનુમોદનીય અને પ્રશંસનીય બની. લોકોનો સદ્‌ભાવ એ પણ એક મોટું મંગળ છે અને તે મુનિ શ્રી મનોહરવિજયજી મ. ને સહજ પ્રાપ્ત થયું.

તે કાળે સંવેગી સાધુઓ સંખ્યામાં ઓછા હતા. ગુરુકુળવાસ, વિનય, વૈયાવચ્ચ, ક્રિયારુચિ, વિધિનો આદર, વગેરે ગુણોથી સાધુજીવનની સુવાસ સર્વત્ર વિશેષ ઉપકારક બનતી વર્તમાનમાં વધી રહેલી અનાર્યસંસ્કૃતિની છાયા તે કાળે ન હતી, તેથી શ્રમણો

અને શ્રમણોપાસકો વચ્ચે પૂજ્ય-પૂજકભાવનો સંબંધ અખંડ હતો.

## સંયમની સાધના અને જ્ઞાનાભ્યાસ-

વિનય-વૈયાવચ્ચ એ સાધુતાના મૌલિક ગુણો છે. માતા-પિતાદિના વિનયથી મળેલા સંસ્કારો અહીં ખીલી ઊઠ્યા, કહ્યાગરો અને કામગરો સ્વભાવ, તેથી સર્વના પ્રીતિપાત્ર બનેલા મુનિ શ્રી મનોહરવિજયજી મ. નાના-મોટા સર્વની સેવા સાથે શાસ્ત્રાભ્યાસમાં ઉદ્યત બન્યા. પૂ. સ્વ. આચાર્ય શ્રી વિજયકનકસૂરીશ્વરજી મહારાજ, પૂ. સ્વ. પં. શ્રી કલ્યાણવિજયજી ગણિવર, પૂ. આચાર્ય શ્રી વિજયરામચંદ્રસૂરીશ્વરજી મહારાજ તથા વયોવૃદ્ધ મુનિરાજ શ્રી સૌભાગ્યવિજયજી મહારાજ, વગેરે તે કાળે તેઓના સહાધ્યાયી હતા. બધાની સાથે ધર્મસ્નેહથી બંધાએલા તેઓ ગુરુકૃપાનું પાત્ર બન્યા હતા અને એ ગુરુકૃપાથી તેઓએ આત્મવિકાસ સાધ્યો હતો. કહ્યું છે કે-

"ध्यानमूलं गुरोर्मूर्तिः, पूजामूलं गुरोः पदं ।
मन्त्रमूलं गुरोर्वाक्यं, मोक्षमूलं गुरुकृपा ॥"

**અર્થાત્**-ઉત્તમ શિષ્યને ગુરુની મુખમુદ્રા એ ધ્યાનનો વિષય છે, ગુરુચરણો એ પૂજાને પાત્ર છે, ગુરુનું વચન એ મંત્રતુલ્ય છે અને ગુરુની કૃપા એ મોક્ષનું મૂળ છે.

સેવા એ એવો ગુણ છે કે-શત્રુને પણ મિત્ર બનાવે છે. આ ગુણ તેઓના જીવનમાં છેક સુધી અખંડ વધતો રહ્યો હતો. દીક્ષા પછી તેઓ પૂ. દાદાગુરુ વગેરે મુનિમંડળની સાથે રહી, જ્ઞાન-ક્રિયારૂપ સંયમનું શિક્ષણ મેળવી, પાંચ વર્ષ દાદાગુરુના આદેશથી પોતાના ગુરુની સાથે અન્યાન્ય પ્રદેશમાં વિચર્યા, પણ પોતે કદાપિ પ્રાયઃ વડીલની નિશ્રા છોડી ન હતી.

**શિષ્ય-પ્રશિષ્યો**-તેઓએ સ્વયં કોઈને પોતાના શિષ્ય બનાવ્યા ન હતા, ધર્મોપદેશ કરવો એટલું જ કર્તવ્ય, પણ તેઓની યોગ્યતા જોઈને પૂ. દાદાગુરુએ તેઓને નીચે પ્રમાણે અનેક શિષ્ય-પ્રશિષ્યોના ગુરુ બનાવ્યા હતા, છતાં પોતે તો શિષ્ય તરીકે જ રહ્યા હતા.

માણસ પોતે મોટો બનવા ઇચ્છે છે તેમ તેમ તત્ત્વથી તે હલકો બને છે અને જેમ જેમ પોતે લઘુ બની બીજાને મોટા બનાવે છે તેમ તેમ તે મહાન્ બને છે. આ તત્ત્વને જાણનારા જગતમાં વિરલ હોય છે, માટે સાચા ગુરુઓ સદાય અલ્પ સંખ્યામાં હોય છે, તેઓ પ્રાયઃ ગુપ્ત રહેવું પસંદ કરે છે. પૂજ્ય ગુરુદેવમાં આ પ્રકૃતિ સહજ હતી.

| શિષ્યનું નામ | દીક્ષાસંવત્ | ગુરુનું નામ |
|---|---|---|
| ૧ મુનિ શ્રી મહોદયવિજયજી* | ૧૯૭૪ | પૂ. આ. શ્રી મનોહરસૂરીશ્વરજી |
| ૨ મુનિ શ્રી કુમુદવિજયજી* | ૧૯૮૩ | ,, ,, |
| ૩ મુનિ શ્રી મલયવિજયજી | ૧૯૮૭ | ,, ,, |
| ૪ આ૦ શ્રી ભદ્રંકરસૂરિજી | ૧૯૮૭ | ,, ,, |
| ૫ આ૦ શ્રી વિબુધપ્રભસૂરિજી | ૧૯૮૮ | ,, ,, |
| ૬ મુનિ શ્રી મૃગાંકવિજયજી | ૧૯૮૮ | મુનિ શ્રી મહોદયવિજયજી |
| ૭ મુનિ શ્રી હેમેન્દ્રવિજયજી | ૧૯૮૯ | પૂ. આ શ્રી મનોહરસૂરીશ્વરજી |
| ૮ મુનિ શ્રી સુમંગળવિજયજી | ૨૦૦૦ | મુનિ શ્રી ભદ્રંકરવિજયજી |
| ૯ મુનિ શ્રી નયવિજયજી | ૨૦૦૨ | પૂ. આ. શ્રી મનોહરસૂરીશ્વરજી |
| ૧૦ મુનિ શ્રી સુધર્મવિજયજી | ૨૦૦૩ | મુનિ શ્રી વિબુધવિજયજી |
| ૧૧ મુનિ શ્રી માનતુંગવિજયજી | ૨૦૦૩ | મુનિ શ્રી ભદ્રંકરવિજયજી |
| ૧૨ મુનિ શ્રી જયંતવિજયજી | ૨૦૦૩ | મુનિ શ્રી હેમેન્દ્રવિજયજી |
| ૧૩ મુનિ શ્રી કુસુમવિજયજી* | ૨૦૦૬ | મુનિ શ્રી કુમુદવિજયજી |
| ૧૪ મુનિ શ્રી સૂર્યપ્રભવિજયજી* | ૨૦૧૧ | મુનિ શ્રી ભંદ્રકરવિજયજી |
| ૧૫ મુનિ શ્રી રવિપ્રભવિજયજી | ૨૦૧૧ | ,, ,, |
| ૧૬ મુનિ શ્રી ચંદ્રપ્રભવિજયજી | ૨૦૧૧ | ,, ,, |
| ૧૭ મુનિ શ્રી ખેમંકરવિજયજી | ૨૦૧૩ | મુનિ શ્રી વિબુધવિજયજી |

એમ સાત શિષ્યો અને દશ પ્રશિષ્યો થયા હતા, તેમાં કાળધર્મ વખતે તેર વિદ્યમાન હતા.

**સેવા-વૈયાવચ્ચગુણ**—એ પ્રમાણે શિષ્ય-પ્રશિષ્યવર્ગ હોવા છતાં તેઓએ કદાપિ તેમાં મમતા કરી નથી, બધાય પૂ. દાદાગુરુ અને ગુરુની સેવામાં રહેતા અને તેઓ પણ શિષ્યભાવે દાદાગુરુ કે ગુરુજીની સેવા કરતા. તેઓ સ્વયં સદા સ્વાશ્રયી અને સેવાભાવી હોવાથી કોઇ પણ સાધુ વૃદ્ધ કે બીમાર થાય, કે તુર્ત તેની સેવામાં લાગી જતા. અનેક શિષ્યો છતાં શિષ્યોની અને પરસમુદાયના સાધુઓની સેવામાં પણ આનંદ માનતા. તેઓની આ પ્રકૃતિનો ખ્યાલ આપવા માટે અહીં એકાદ પ્રસંગ જોઇએ.

તેઓશ્રીના મુખ્ય શિષ્ય મુનિ શ્રી મહોદયવિજનજી મ. મુખ્યતયા કાયમ

પૂ. દાદાગુરુની સેવામાં રહેતા, પણ તેમનું સ્વાસ્થ્ય લથડેલું રહેતું. વિ. સં. ૧૯૮૯-૯૦ પછી આઠ વર્ષ તેઓ પ્રાયઃ બીમાર રહ્યા હતા. તેમના ઉપચાર માટે જ્યારે અમદાવાદમાં શહેર બહાર શેઠ હઠીસીંગ કેસરીસીંગની વાડીમાં રહેવાનું થયું, ત્યારે તેઓ દરરોજ સવારે પૂ. દાદાગુરુજી, પૂ ગુરુજી અને મુનિ શ્રી મહોદયવિજયજી મ. વગેરે સર્વની પ્રતિલેખના કરવી, આહાર-પાણી લાવવાં, વગેરે કરી શહેરમાં જૈન વિદ્યાશાળાએ વ્યાખ્યાન આપવા જતા. પુનઃ તેઓ વાડીએ આવી દૂર દૂરના બંગલાઓમાંથી આહાર-પાણી લાવતા અને એકલા હાથે સર્વની પૂર્ણ સેવા ભક્તિભાવથી કરતા. ગરમી કે ઠંડી, ભૂખ કે તૃષા, ઊંઘ કે ઊજાગરણ, કંઈ પણ ગણ્યા વિના તેઓનો સતત ભક્તિ કરવાનો સ્વભાવ હતો. છેલ્લે સં. ૧૯૮૭-૮૮ માં મુનિ શ્રી વધુ બીમાર રહ્યા અને ઉપચાર માટે મહિનાઓ સુધી નરોડા, તથા શહેર બહાર તેમને જ્યારે સોસાયટીઓમાં રાખ્યા, ત્યારે પણ તેઓએ સાથે રહીને સતત આરાધના કરાવી હતી. આવા તો અનેક પ્રસંગો નોંધપાત્ર છે. પોતાના કે પરાયાના ભેદ વિના નાના કે મોટા, શિષ્યો કે ગુરુભાઈઓ, વૃદ્ધો કે માંદા, સૌની સેવામાં તેઓ રક્ત રહેતા. પરસમુદાયના અલગ પડી ગયેલા મુનિઓ પણ પૂ. દાદાગુરુની નિશ્રામાં આવતા અને છેક અંતકાળ સુધી તેઓને તેઓ આરાધનાદ્વારા નિર્યામણા કરાવતા. પોતાના નાના ગુરુભાઈઓ-મુનિ શ્રી દેવેન્દ્રવિજયજી મ., મુનિ શ્રી વિચક્ષણવિજયજી મ, મુનિ શ્રી અરુણવિજયજી મ. તથા પોતાના શિષ્યો મુનિ શ્રી મહોદયવિજયજી મ., મુનિ શ્રી કુમુદવિજયજી મ. અને મુનિ શ્રી મૃગાંકવિજયજી મ.ની પણ અનુમોદનીય સેવા તેઓએ કરી હતી. પરસમુદાયના મુનિ શ્રી પ્રકાશવિજયજી મ., મુનિ શ્રી નંદનવિજયજી મ. અને મુનિ શ્રી મહોદયસાગરજી મ. વગેરેની પણ સેવામાં તેઓનો નંબર મુખ્ય હતો. સમુદાયમાં કોઈ પણ સાધુની સેવાને તેઓ ગુરુસેવા માનીને કરતા, કે જેથી તેઓ ગુરુકૃપાનું પાત્ર બન્યા હતા. આવો સેવાગુણ પૂજ્યોની અને ગુરુઓની સેવામાં તો શું ખામી રાખે? પોતાના ગુરુ પૂ. આચાર્ય શ્રી વિજયમેઘસૂરીશ્વરજી મ. તો છેલ્લા ૧૦-૧૨ વર્ષ લગલગ અસ્વસ્થ રહ્યા હતા અને તેઓશ્રીની સેવા પૂર્ણભક્તિથી છેક સુધી કરીને અંતિમ નિર્યામણામાં પણ તેઓ સહાયક બન્યા હતા. આ નૈષ્ઠિક સેવાગુણથી તેઓ અખંડ ગુરુકુળવાસમાં રહી શક્યા હતા. વડીલોને છોડીને અલગ વિચરવાનો વિચાર પણ તેઓએ કદી કર્યો ન હતો.

**નિરભિમાનતા-લઘુતા**-આવી સેવાવૃત્તિ છતાં કદી તેઓને અહંતા કે મહત્ત્વાકાંક્ષા સ્પર્શી શકી ન હતી. પદસ્થ અને અધિકારી છતાં કદાપિ કોઈ પ્રસંગમાં પોતે આગળ આવવા માટે તૈયાર ન હતા. જાણવા પ્રમાણે વર્ષો સુધી ગુરુઓની પ્રેરણા છતાં તેઓએ વ્યાખ્યાન કર્યું ન હતું. આખરે વડીલોની દઢ આજ્ઞાને વશ થોડા વર્ષો વ્યાખ્યાન કર્યું હતું અને શિષ્યો તૈયાર થતાં જ તે છોડી દીધું હતું. શ્રોતાઓ કહે છે કે-

તેઓની વ્યાખ્યાનશૈલી પ્રૌઢ અને તત્ત્વવિવેચક છતાં બાળક સમજે તેવી સરળ હતી. ગંભીર વિષયોને પણ સરળ અને વિસ્તારથી તેઓ સમજાવી શકતા. ભાષાશુદ્ધિ, કંઠનું માધુર્ય, પ્રતિભા, વગેરે વ્યાખ્યાતાના ગુણો તેઓમાં પ્રગટ હતા, છતાં સ્વયં પોતાને અલ્પજ્ઞ માનતા અને શિષ્યાદિનું પણ વ્યાખ્યાન પોતે આદરપૂર્વક સાંભળતા.

પૂજાઓ ગાવાની તેઓની શક્તિ અને સ્વર બન્ને સુંદર હતાં, તેથી તેઓની પૂજા સાંભળવા માટે સૌ કોઈ ઉત્સુક રહેતા. આ વારસો તેઓને પૂ. દાદાગુરુજીનો મળ્યો હતો એમ પણ કહી શકાય, છેલ્લે આચાર્યપદે આરુઢ થવા છતાં તેઓએ પોતાના જીવનને સામાન્ય સાધુ જેવું સાદુ–હલકું રાખ્યું હતું માત્ર પદના ગૌરવને સાચવવા માટે તેઓ અગ્રેસર રહેતા, પણ વડીલો કે ગુરુઓ પ્રત્યે કદી તેઓએ શિષ્ય ભાવને છોડયો ન હતો.

**પદારોહણ**–આ લઘુતાના કારણે તેઓ ગુરુતાને પામ્યા હતા. યોગ્ય છતાં પદારુઢ થવાની અનિચ્છાવાળા તેઓને દરેક પદપ્રદાન કરતાં પૂજ્યોને મુશીબત રહેતી. બલાત્કારે તેઓને પદાર્પણ કર્યાં હતાં. યોગ્ય છતાં તેમને સૂરિપદ આપવામાં કાળક્ષેપ થવાનું પણ આ જ કારણ હતું. ઉપાધ્યાયપદ તેઓને મુશીબતે આપ્યું હતું અને સૂરિપદ તો તેઓએ પોતાના ગુરુની અંતિમ માંદગી પ્રસંગે તેઓની આજ્ઞાને વશ થઇને સ્વીકાર્યું હતું. તેમાં વિ. સં. ૧૯૮૧ના જેઠ વદ ૧૦ ના રોજ શ્રી સાણંદ સંઘે તેઓને ગણીપદ વિ. સં. ૧૯૮૩ ના વૈશાખ સુદ ૩ ના રોજ અમદાવાદમાં પન્યાસપદ, વિ. સં. ૧૯૮૫ના મહા સુદ ૧૧ના રોજ શ્રી ભોયણી તીર્થમાં ઉપાધ્યાયપદ અને વિ. સં. ૧૯૯૯ના ફાગણ સુદ ૩ના રોજ અમદાવાદમાં સૂરિપદથી ભૂષિત કર્યા હતા. એમ છતાં પૂ. મહામહોપાધ્યાય શ્રી યશોવિજયજી ગણિવરના–

**"જે જે અંશે રે નિરુપાધિકપણું, તે તે જાણો રે ધર્મ।**
**સમકિતદૃષ્ટિ રે ગુણઠાણા થકી, જાવ લહે શિવશર્મ ॥"**

આ કથન પ્રમાણે સદાય પોતાને નાના સાધુતુલ્ય માનતા. તેઓના આ ગુણને જોઈ સૌ કોઈ તેઓની પ્રકૃતિની પ્રશંસા કરતા.

**ગંભીરતા**=અનુકૂળતા–પ્રતિકૂળતા તો કર્માધીન સૌ કોઇને હોય જ છે. તત્ત્વથી તો માન–અપમાન, સુખ–દુઃખ, સગવડ–અગવડ વગેરે આત્મવિકાસ માટે ઉપયોગી હોય છે અને દરેક છદ્મસ્થ જીવોને થોડા ઘણા પ્રમાણમાં એવા પ્રસંગો આવે છે, પણ તેને પચાવીને સમાધિ કેળવવાનું સદ્ભાગ્ય ઘણા થોડા આત્માઓને મળ્યું હોય છે. પૂજ્ય ગુરુદેવમાં આ ગુણ પણ વિશિષ્ટ હતો. ગંભીર પુરુષો અલ્પભાષી હોય છે, તેઓશ્રી કોઈ સભામાં કે જાહેર પ્રસંગોમાં બીજાને સાંભળવામાં આનંદ માનતા, બોલવામાં કદી પણ આગળ નહિ આવતા, ઔચિત્ય માટે થોડું બોલવું પડે તો પણ

ટૂંકમાં પતાવતા. પોતાની અનુકૂળતા–પ્રતિકૂળતા તો કોઈને જાણવા નહિ દેતા. એક પ્રસંગે તેઓને તાવ આવેલો, ત્રણ દિવસ સુધી તો કોઈને ખ્યાલ આવવા દીધો નહિ, ચોથા દિવસે તાવ વધી ગયો અને વંદન વખતે પૂ. ગુરુદેવે હાથ ગરમ લાગતાં પૂછયું, ત્યારે 'સામાન્ય તાવ છે'–એમ કહ્યું. પરંતુ માપતાં જાણ્યું કે પારો ૧૦૬ ડીગ્રી પહોંચ્યો છે. એમ છતાં ઔષધોપચાર નહિ. સમતાથી સહન કરવું, એ જ ઉપચાર! માન પણ મળતાં તો કોઈ વાર કોઇથી અપમાન પણ થતું, પરંતુ એની સારી–બૂરી અસર તેઓને કદી થતી નહિ, સદાય પ્રસન્નમુદ્રા અને વિનોદભર્યો વર્તાવ! વગેરે તેઓની પ્રકૃતિ તો તેઓની સાથે રહેનાર જ જાણી શકતા.

**વિહારચર્યા**–તેઓ સદાય પૂ. ગુરુદેવોની નિશ્રામાં જ રહેતા, તેથી તેઓએ સ્વતંત્ર વિહાર બહુ ઓછો કર્યો હતો. પૂ. દાદાગુરૂ કે પૂ. ગુરુની સેવાર્થે સાથે જ વિચરતા. પૂ. દાદાગુરુદેવને પંચાશી વર્ષની વૃદ્ધવયે શ્રી ગિરનારજી અને શ્રી શત્રુંજય ગિરિરાજની પદયાત્રાની ઇચ્છા થતાં સાથે રહીને તેઓએ અનુપમ વૈયાવચ્ચ કરી હતી. વિ. સં. ૨૦૦૫માં મારવાડ–આહોરમાં અણધાર્યું શ્રી અંજનશલાકા પ્રસંગે જવાનું થયું, ત્યારે સાત સાધુઓ સાથે તેર દિવસમાં તેઓ અમદાવાદથી આહોર પહોંચ્યા અને એ પ્રસંગ પૂર્ણ થતાં નાકોડા–બાડમેર થઈ એક ભોમિયા જેટલી પણ સહાય વિના તેઓએ જેસલમેરની યાત્રા કરી. એ વિહારમાં લાંબા પંથ, સવાર–સાંજ વિહાર. શ્રમ લાગે, આહાર–પાણીની દુર્લભતા, અને છતાં તેઓની પ્રસન્નતા ઘણી. વધુમાં દોષથી બચવાની તેઓની કાળજી અનુમોદનીય! તેઓ માનતા કે–વિહાર તો સંયમની શુદ્ધિ અને વૃદ્ધિ માટે એક પરીષહ રૂપે ભગવાને પ્રરૂપેલો છે, માટે ચિત્તપ્રસન્નતા ગુમાવવી ન જોઈએ, કે શકયતા હોય ત્યાં સુધી આહાર–પાણી આદિમાં દોષ સેવવા ન જોઈએ. આ સાત્ત્વિક વિહારચર્યા જાણીને જેસલમેરના દરબાર આશ્ચર્ય પામ્યા, તેમણે દર્શન–વંદનાર્થે રાજમહેલમાં આમંત્ર્યા અને માન–સન્માનથી સત્કારી ધર્મોપદેશ સાંભળ્યો. પછી મીઠા ઠપકારૂપે કહેતા હોય તેમ તેમણે કહ્યું કે–ગુરુદેવ! મારા રણપ્રદેશમાં નિઃસહાય વિચરીને આપ મને કલંકિત કરશો નહિ. હવે પાછા ફરતાં પૂર્ણ સહાય સાથે પધારજો! તેમણે શ્રાવકોને પણ ભલામણ કરી અને છેક પોકરણ સુધી પોતાના અધિકારીઓને સગવડ સાચવવાની ભલામણ કરાવી દીધી. છતાં તેઓશ્રી જેસલમેરથી પોકરણ પણ નિઃસહાય પધાર્યા અને એક દિવસમાં ૨૭ માઈલ સળંગ ચાલી પોકરણ પહોંચ્યા. આ હતું સંયમનું બળ અને ગુરુસેવાનું ફળ!

તે વર્ષમા તેઓએ નાની–મોટી મારવાડનાં પ્રાયઃ ઘણાં તીર્થોની સ્પર્શના કરી; પાછા ફરતાં લોદરવાજી, ફલોદીપાર્શ્વનાથ, મેડતા, સોજત, કાપરડાજી, જોધપુર, પાલી, વરકાણા, બ્રાહ્મણવાડા, સિરોહી, આબૂ–દેલવાડા, વગેરે તીર્થસ્પર્શના કરી

અને અતિવૃષ્ટિના કારણે અમદાવાદ ન જઈ શકવાથી તેઓ વિસલપુર ચાતુર્માસ કરી પુનઃ ગુરુદેવની પાસે પહોંચી ગયા. હકીકત રૂપે નહિ, પણ તેઓના ગુણોને જણાવવા માટે અહીં આ વર્ણન કર્યું છે.

**કૃતજ્ઞતા**–ગુણ પણ તેઓનો વિશિષ્ટ હતો, નાના પણ ઉપકારને તેઓ ભૂલતા નહિ. પૂજ્ય બન્ને ગુરુદેવોની સેવામાં પોતાના શિષ્યો–પ્રશિષ્યો સાથે રહી બન્ને ગુરુઓની તેઓએ અનુપમ સેવા કરી હતી. તેઓએ 'મારા શિષ્યો'–એવી મમતા કરી નહિ અને 'મારા ગુરૂદેવ'–એ મમતા જીવનની અંતિમ પળો સુધી છોડી નહિ. દીક્ષા લીધી ત્યારથી સમ–વિષમ પ્રસંગોમાં પણ અખંડ સમતા પૂર્વક બંને પૂ. ગુરુઓ વગેરેની જે અખંડ સેવા તેઓ કરી શકયા, તેમાં કૃતજ્ઞતા ગુણ જ મુખ્ય હતો. પૂ. ગુરુદેવો પણ તેઓની જન્મસિદ્ધ આ યોગ્યતાને સમજતા હતા, તેથી ગમે તેવી આકરી આજ્ઞા કરતાં લેશ સંકોચાતા નહિ. પચાશ વર્ષના પર્યાયવાળા અને આચાર્યપદે આરુઢ છતાં એક નાના સાધુની જેમ તેઓને આદેશ કરતા, તેમાં તેઓને પૂ. ગુરુઓનું વિશિષ્ટ વાત્સલ્ય પ્રગટ ઝળકતું દેખાતું હતું, આ તત્ત્વ તો ગુણાનુરાગ કે વિનય હોય તો જ સમજી શકાય.

**ગુરુવિરહ અને ગચ્છનું સંચાલન**–વિ. સં. ૧૯૯૯માં તેઓને સૂરિપદે સ્થાપીને આસો સુદ ૧ ના રોજ પૂ. ગુરુદેવ સ્વર્ગવાસી થયા. તે પછી પૂ. દાદાગુરુની નિશ્રામાં રહ્યા અને વિ. સં. ૨૦૧૫ના ભાદરા વદ ૧૪ ના રોજ પૂ. દાદાગુરુદેવ પણ સ્વર્ગે સીધાવ્યા. ત્યારથી તેઓને ગચ્છની જવાબદારીનો ભાર વધ્યો અને વડીલોની નિશ્રા વિનાનું જીવન ભારરૂપ લાગ્યું.

વિ. સં. ૨૦૧૬નું પૂ. આચાર્ય શ્રી વિજયરામચંદ્રસૂરિજી મ. નું ચાતુર્માસ અમદાવાદમાં થયું, તેઓનો ધર્મસ્નેહ જાગ્રત થયો અને ચિત્ત પ્રસન્ન થયું. તે ચાતુર્માસમાં મુનિ શ્રી ભદ્રંકરવિજયજી તથા મુનિ શ્રી વિબુધવિજયજીને પંચમાંગ શ્રી ભગવતીજીના યોગવહન કરાવીને, વિ. સં. ૨૦૧૭ ના માગશર સુદ ૬ ના રોજ તે બંનેને ગણી–પન્યાસપદે સ્થાપીને, એક જવાબદારી પૂર્ણ કરી હોય તેમ તેઓ નિશ્ચિંત થયા. તે પછી છેક સુધી તેઓ પૂ. આચાર્ય શ્રી વિજયરામચંદ્ર-સૂરીશ્વરજી મ.ની સાથે જ વિચર્યા. વિ. સં. ૨૦૧૭નું ચાતુર્માસ રાજકોટમાં કર્યું. આ ચાતુર્માસ પહેલાં અને પછી તેઓએ સૌરાષ્ટ્રનાં નાનાં–મોટાં તીર્થોની સ્પર્શના કરી, ઊના–અજારા–દેલવાડા, વગેરે તીર્થોને સ્પર્શીને વિ. સં. ૨૦૧૮નું ચાતુર્માસ ખંભાત–અમર જૈનશાળામાં કર્યું. ત્યાં તેઓને આસો માસમાં લકવાનો સામાન્ય આંચકો લાગ્યો, પણ તત્કાલિક ઉપચારથી સુધરી ગયો. પુનઃ કાર્તિક માસમાં તેઓને બીજો આંચકો લાગ્યો અને મટી ગયો. પણ શરીર નબળું પડતું ગયું અને પ્રેશરની પણ વૃદ્ધિ-હાનિ થવા લાગી. તે પછી કાવી, ગંધાર, દહેજ, વગેરેની સ્પર્શના કરીને, બળ ક્ષીણ થવા છતાં, તેઓ શાશ્વતી શ્રી નવપદજીની ઓળીની સામુદાયિક આરાધના

પ્રસંગે ભોયણીજી તીર્થમાં પધાર્યા અને ત્યાંથી નૂતન મંદિરમાં પ્રભુપ્રતિષ્ઠા પ્રસંગે પાંચોટ (તા. મહેસાણા) પધાર્યા. વિ. સં. ૨૦૧૯ના વૈશાખ સુદ ૬ ના રોજ ત્યાં મહોત્સવપૂર્વક પ્રતિષ્ઠા, કરાવીને શ્રી શંખેશ્વર તીર્થમાં પણ વૈશાખ વદ ૬ના રોજ ભમતીની દહેરીઓમાં તેર નૂતન જિનબિંબોની પ્રતિષ્ઠા કરવાની હોવાથી અને શ્રી શંખેશ્વર પાર્શ્વપ્રભુનાં દર્શનની તીવ્ર ભાવના પ્રગટવાથી, સખ્ત ગરમીનો પણ સામનો કરીને તેઓ શ્રી શંખેશ્વરજી પધાર્યા. તે પ્રસંગે તેઓના શિષ્ય-પ્રશિષ્યાદિ નવ મુનિઓ સાથે હતા. શ્રી શંખેશ્વરજી પહોંચતાં વિહાર કષ્ટકારી થયો, પણ ઉત્સાહ હોવાથી તેઓ પહોંચી ગયા. જાણે સમજી ગયા હોય કે–આ યાત્રા હવે જીવનમાં છેલ્લી છે. ત્યાં તેઓએ વૈશાખ વદ ૬ની પ્રતિષ્ઠા કરાવીને અઠવાડિયું યાત્રાર્થે સ્થિરતા કરી. અહીંથી પં. શ્રી ભદ્રંકરવિજયજી કચ્છમાં પૂ. આચાર્યમહારાજ શ્રી વિજયકનકસૂરીશ્વરજીની વૃદ્ધાવસ્થા હોવાથી તેઓને વંદનાર્થે કચ્છ તરફ ગયા અને પૂ. ગુરુદેવ અમદાવાદ પધાર્યા. આ બધો વિહાર કષ્ટકારી છતાં ભાવનાના બળે પહોંચી શકયા અને તેઓએ વિ. સં. ૨૦૧૯નું ચાતુર્માસ અમદાવાદ–વિદ્યાશાળામાં કર્યું. પૂ. આચાર્ય શ્રી વિજયરામચંદ્રસૂરીશ્વરજી મ. પણ તે ચાતુર્માસમાં અમદાવાદ જ હતા. આ ચાતુર્માસમાં શરીરની અશક્તિ, પ્રેશરની વૃદ્ધિ–હાનિ, વગેરે ચાલુ રહેવાથી તેઓ ઘણો વખત શહેર બહાર શાન્તિનગર અને શ્રીપાળનગરમાં રહ્યા.

**છેલ્લું વર્ષ અને** વિહાર–ચાતુર્માસ પૂર્ણ થયા પછી આરામ માટે તેઓ મહીજ ગયા અને અમદાવાદ–પંકજ સોસાયટીમાં ત્રણ બેનોની દીક્ષાનો પ્રસંગ હોવાથી પુનઃ અમદાવાદ પધાર્યા, ત્યાં મહા વદ ૬ના રોજ ત્રણેય બેનોને દીક્ષા આપી. તેઓના હાથે આ દીક્ષાપ્રદાન અંતિમ થયું.

પછી આગામી વિ. સં. ૨૦૨૦નું ચાતુર્માસ પૂ. આચાર્ય શ્રી વિજયરામચંદ્ર–સૂરીશ્વરજી મહારાજને મુંબઈ કરવાનો નિર્ણય થયો ત્યારે તેઓની ભાવના ગુરુદેવને સાથે રાખવાની હતી. બીજી બાજુ ગરમીના દિવસો, મુંબાઇ સુધીનો લાંબો પંથ, શરીર અસ્વસ્થ, અને વિશેષમાં તો પૂ. દાદાગુરુજીની પોતાનાં સાધુ–સાધ્વીજીને મુંબાઈ નહિ મોકલવાની મર્યાદા; આ બધા કારણોએ મુંબાઈ જવું કે ન જવું, એ નિર્ણય તેઓ કરી શકયા નહિ. છતાં ભવિતવ્યતાવશ અનિચ્છાએ પણ ફાગણ સુદ ૫ના રોજ તેઓએ અમદાવાદ છોડયું. કોને ખબર હતી કે–આ રાજનગરની છેલ્લી સ્પર્શના છે?

ભક્તહૃદયો નિરાશ હતાં, જેમ જેમ આગળ વધ્યા, તેમ તેમ પ્રેશરની અનિયમિતતા, શારીરિક અવસ્થતા તેઓને વધતી રહી અને સર્વ કોઈની રોકાઈ જવા માટે વિનંતિ વધતી રહી, પણ ભાવિને કોણ મિથ્યા કરે?

છાણી ગામે પૂ. આચાર્ય શ્રી વિજયરામચંદ્રસૂરિજી મ. પણ આવી મળ્યા અને તેઓની સાથે સર્વનો વિહાર આગળ લંબાયો. સુરત પહોંચતાં તેઓને કંઈ

વધુ મુશ્કેલી નડી, અમદાવાદથી પણ શ્રાવકો વચ્ચે વચ્ચે મળીને પાછા વળવા માટે વિનંતિ, કરતા, બીજા સંઘો પણ રોકાઈ જવા આગ્રહ કરતા, પણ 'થોડું આગળ જઈ પાછા ફરીશું'"–એમ કહેતા તેઓ આગળ વધતા ગયા. બીલીમોરામાં તો એક દિવસ તેઓ અધિક હતાશ થયા અને વિહાર અટક્યો, પણ બીજે દિવસે સવારે સ્વસ્થ થઇ ચાલી નીકળ્યા. એજ પ્રકૃતિ કે–'પોતાના નિમિત્તો કોઇને અંતરાય કે અગવડ થાય તેમ કરવું નહિ.'

તેઓ પણ સમજી શકયા નહિ કે–મને કોણ આગળ દોરે છે? અનિચ્છા છતાં આગળ કેમ વધી રહ્યો છું? કોઈ અગમ્ય શક્તિ કે નિમિત્ત તેઓને આગળ વધવાંમાં પ્રેરક હશે! સૌને લાગતું કે–આ વિહાર સાહસરૂપ છે. પૂ. આચાર્યમહારાજ શ્રી વિજયરામચંદ્રસૂરિજીએ પણ તેઓને રોકાઈ જવા માટે કહ્યું, પણ મુંબાઈ નજીક થતાં આશા વધી. વૈસાખ સુદ ૧૧ના સવારે તેઓ વિરાર પહોંચ્યા અને સ્થાનના અભાવે એક ચાલીમાં જુદા જુદા રૂમોમાં ઉતર્યા. બીજે દિવસે અગાસીમાં પ્રવેશ હતો, મુંબાઇના શ્રાવકોનો આનંદ–ઉત્સાહ વધી રહ્યો હતો, સેંકડો ભાઈ–બ્હેનો વિરાર વંદનાર્થે આવ્યા હતા અને હવે તો તેઓ નિર્વિઘ્ને પહોંચી ગયા એનો સૌના ચિત્તમાં આનંદ હતો, પરંતુ ભાવિભવને જ્ઞાની વિના કોણ સમજે?

**દેહાવસાન**–આખો દિવસ સુખરૂપ પસાર થયો, સાંજનો આહાર રુચિ પ્રમાણે પોતે આસને બેઠાં જ વાપરી લીધો. પછી તેઓને અણધારી મસ્તકની સખ્ત વેદના ઉપડી અને 'માથામાં સખ્ત વેદના થાય છે'–એમ સાંભળતાં જ પં. શ્રી વિબુધવિજયજી ગણી, મુનિ શ્રી હેમેન્દ્રવિજયજી, વગેરે તેઓની પાસે દોડી આવ્યા. ગંભીર સ્થિતિ જોઇને તેઓને મહામંત્રનું શ્રવણ કરાવવા લાગ્યા. પૂ. આચાર્ય શ્રી વિજય રામચંદ્રસૂરિજી મહારાજ વગેરે શીઘ્ર આવી ગયા, પણ તે પહેલાં જ **માત્ર થોડી ક્ષણોમાં જ, જરા પણ બોલ્યા વિના, મૌનપણે બરાબર પાંચ ને પંચાવન મિનિટે પ્રાણો છૂટી ગયા હતા.**

સર્વત્ર ગમગીની ફેલાઇ ગઈ, મુંબાઈ શહેરમાં સમાચાર પહોંચી ગયા, અમદાવાદ, સુરત, વગેરે સ્થળે જણાવી દીધું અને સેંકડોની સંખ્યામાં ભક્તવર્ગ આવી પહોંચ્યો. સૌને લાગ્યું કે–મુંબાઈના સંઘની પુણ્યની ખામી કે છેક આવેલા વચ્ચે જ વિદાય થયા!

**સ્મશાનયાત્રાનો વિધિ**–ચૈતન્યરહિત પણ પ્રસન્ન મુદ્રા જોઈને, તેઓની અંતિમ સમાધિનું અનુમાન કરતા સૌ સંયમપૂત એ કાયાને નમન–વંદન કરી શોકાતુર વદને અંતિમ સંસ્કારની તૈયારી કરવા લાગ્યા.

**ખરેખર! મહાપુરુષોને જીવતાંય આવડે છે અને મરતાય આવડે છે.** છેલ્લા વર્ષોમાં તેમની સેવા–સુશ્રુષાનો અનુમોદનીય લાભ પં. શ્રી વિબુધવિજયજી ગણી તથા મુનિ શ્રી હેમેન્દ્રવિજયજી વગેરે મુનિઓને મળ્યો હતો. અગ્નિસંસ્કારની

સઘળી તૈયારી થઈ ગઈ અને મુબાઈ શહેરમાંથી-પરાઓમાંથી અને સુરત વગેરે અન્ય ક્ષેત્રોમાંથી પણ સારી સંખ્યામાં ભાવુકો આવી પહોંચ્યા.

વિ. સં. ૨૦૨૦ના વૈશાખ સુદ ૧૧ (તીર્થસ્થાપના) ના મંગળ દિવસે કાળધર્મ પામેલા તે પૂજ્ય ગુરુદેવની વૈ. સુ. ૧૨ ના દિવસે મોટા સમારોહ-પૂર્વક સ્મશાનયાત્રા નીકળી અને વિરારના વતની એક ભક્ત શ્રાવકે અગ્નિસંસ્કાર માટે અર્પણ કરેલી પુણ્યભૂમિમાં ચંદનચિતા રચી. તેમાં નિયત સમયે તેઓના પવિત્ર દેહથી ભૂષિત પાલખી સંઘે અશ્રુભર્યાં નેત્રે સ્થાપન કરી.

ખંભાતના વતની સુશ્રાવક શ્રોફ શ્રી કાન્તિલાલ ભીખાભાઈ શ્રાફ સારી રકમથી ઉછામણીપૂર્વક અગ્નિદાહનો લાભ લીધો અને પૂ. ગુરુદેવના પુનીત દેહ પણ અદૃશ્ય થયો. તે પ્રસંગે ઉછામણીમાં સારી રકમ ઉપજી, તેનો ઉપયોગ વિરારમાં પૂજ્ય ગુરુ-દેવનું સ્મારક બનાવવામાં કરવો, એવો નિર્ણય કરીને એ કામ ઝવેરી કાન્તિલાલ મણિલાલ પાટણવાળાને સોંપ્યું. પછી પૂ. આચાર્ય શ્રી વિજયરામચંદ્રસૂરિજી મહારાજની નિશ્રામાં શ્રીસંઘે દેવવંદનાદિ વિધિ કર્યો.

અમદાવાદમાં પણ એ સમાચાર સર્વત્ર ફેલાયા, ભક્તવર્ગના હૈયે વજ્રઘાતતુલ્ય આંચકો લાગ્યો, સૌએ સ્વ-સ્વ ભક્તિ અનુસાર વિરહવેદનાને અનુભવી અને જૈન વિદ્યાશાળામાં બિરાજતા મુનિવરો તથા શહેરના સર્વ ઉપાશ્રયેથી પધારેલા ચતુર્વિધ શ્રીસંઘે દેવવંદનાદિ વિધિ કરી. પછી સૌ તેઓના ગુણોનું સ્મરણ કરતા વિખરાયા.

પં. શ્રી ભદ્રંકરવિજયજી ગણી કચ્છમાંથી શીઘ્ર ગુજરાત તરફ આવી રહ્યા હતા. તેઓને મહેસાણા પાસે ધોળાસણમાં વૈ. સુ. ૧૨ના સવારે ચાલુ વ્યાખ્યાનમાં દૈનિક પેપર દ્વારા આ સમાચાર મળ્યા અને સખ્ત દુઃખ અનુભવ્યું. કચ્છના વિહારમાં ભચાઉના ચાતુર્માસમાં તેમની ઉપસ્થિતિમાં પૂ. શમમૂર્તિ આચાર્યદેવ શ્રી વિજયકનકસૂરીશ્વરજી મ. વિ. સં. ૨૦૧૯ ના શ્રાવણ વદ ૫ ના રોજ કાલધર્મ પામ્યા, એ પ્રસંગે તેઓની સેવાનો તેમને યત્કિંચિત્ લાભ મળ્યો, પણ પૂ. ગુરુજીનો કાયમ માટે વિયોગ થયો. કાળની અકળ કળાને વિશિષ્ટ જ્ઞાની વિના કોણ સમજે ? કોને ખબર હતી કે-કચ્છમાં જવામાં ગુરુનો આખરી વિયોગ થશે ? પણ ભવિતવ્યાને કોણ નિવારી શકે ? પછી સાંજે જ ત્યાં ચાલુ અઠ્ઠાઈ મહોત્સવને છોડીને સવાર-સાંજ વિહાર કરતા વૈ. સુ. ૧૫ ના રોજ તેઓ અમદાવાદ પહોંચી ગયા અને ગુરુવિરહથી ગમગીન બનેલા સૌએ પરસ્પર મળીને દિલાસો અનુભવ્યો.

પૂ. ગુરુદેવના કાળધર્મ પછી, તેઓની સંયમની અનુમોદનાર્થે અમદાવાદ-વિદ્યાશાળામાં એક ભવ્યાતિભવ્ય મહોત્સવ થોડા સમય પછી ઉજવાયો. ઉપરાંત મુંબાઈ, ધીણોજ, મહેસાણા, ખંભાત તથા કચ્છમાં આધોઈ, ભચાઉ વગેરે ક્ષેત્રોમાં, રાધનપુર તથા જામનગર વગેરે અનેક ક્ષેત્રોમાં પ્રભુભક્તિ નિમિત્તે ઓચ્છવો ઉજવાયા.

ઉપરાંત તેઓના વિરહ પછી પણ તેઓ પ્રત્યેના ભક્તિભાવથી પ્રેરાએલા સાધુ-સાધ્વીઓ તથા અનેક શ્રાવક-શ્રાવિકાઓએ પણ તેઓના શ્રેયાર્થે મોટા પ્રમાણમાં તપ-જપ-સ્વાધ્યાય વગેરેનું દાન કરીને આરાધના કરી હતી.

એમ લગભગ ૭૦ વર્ષની વય અને ૫૪ વર્ષ જેટલો દીર્ઘ સંયમપર્યાય પાળીને પૂ. ગુરુદેવ અણધાર્યા વિરાર મુકામે જીવનયાત્રાને પૂર્ણ કરી ગયા, તેમાં કુદરતનો શું સંકેત હશે ? તે તો વિશિષ્ટ જ્ઞાની જ જાણી શકે. પરંતુ અનુમાનથી કહી શકાય કે-તે પૂજ્યપુરુષને પૂ. દાદાગુરુજીની મર્યાદા વિરુદ્ધ મુંબાઈ શહેરમાં ન જવા દેતાં કુદરતે તેના પાદરે જ રોકી દીધા હશે, અથવા કાળબળે આર્યભૂમિ ઉપર ફેલાઈ રહેલા અનાર્યસંસ્કૃતિના પ્રભાવથી ઉત્તરોત્તર વધી રહેલા ધર્મસંસ્કૃતિના વિલોપની ઉપેક્ષામાં નિમિત્ત ન બનવાના ઉદ્દેશથી જીવનયાત્રા પૂર્ણ કરી હશે, અથવા વિરારની ભૂમિનું તે પછી વધી રહેલ સંઘ તથા મંદિર, ઉપાશ્રયનું નિર્માણ વગેરે ઉજ્જવળ ભાવિ તેઓના નિમિત્તે પ્રગટવાનું હશે, માટે ત્યાં પહોંચીને તેઓએ જીવન પૂર્ણ કર્યું હશે ! વગેરે વિવિધ અનુમાન કરીએ તો પણ તત્ત્વથી વર્તમાન સંઘને તેઓની સેવાનો અને આલંબનનો લાભ મળવાનું પુણ્ય ઓછું થયું હશે, માટે અજાણ્યા પ્રદેશમાં તેઓશ્રી અણધાર્યા ચાલ્યા ગયા.

કુદરત તારી કળા ન્યારી છે, ક્ષણમાં આફતના ઓળા તું ઉતારી શકે છે, તો ક્ષણમાં અણધાર્યો ઉદ્ધાર પણ તું કરી શકે છે. સમગ્ર વિશ્વ તારી આ કળાનાં બિંદુઓ છે, તું જ પુનઃ એવા ઉપકારી ગુરુઓનું શરણું પ્રાપ્ત કરાવી સૌને કલ્યાણ-માર્ગે દોરી શકે છે.

ઓ કુદરત ! તું એટલે બીજું કોઈ નહિ, સર્વ જીવોની તથાભવ્યતા અને તદનુસારી તે તે પ્રકારનો કર્મોનો વિપાક, એ જ તું છે. તારી મહેરબાની મેળવવાનો ઉપાય એક માત્ર શ્રી પરમેષ્ઠિ ભગવંતોનું શરણ, સ્મરણ અને આજ્ઞાપાલન જ છે. ભવ્ય જીવો એ માર્ગે ઉજમાળ બને, એ જ એક અભિલાષા !

**શેષ કિંચિત્**-પૂજ્ય ગુરુદેવના વિયોગ પછી વિરાર મુકામે ઝવેરી કાન્તિલાલ મણિલાલે ભવ્ય શ્રી સિદ્ધિ-મેઘ-મનોહર સ્વાધ્યાયમંદિર બંધાવી, શ્રીસંઘના સહકારથી તેમાં પૂ. ગુરુદેવની દેહપ્રમાણ ભવ્ય મૂર્તિની પ્રતિષ્ઠા સુંદર મહોત્સવપૂર્વક વિ. સં. ૨૦૨૬ના વૈશાખ સુદ ૧૧ના રોજ કરી છે. આજે પણ તે સ્થાન અને મૂર્તિ ભવ્ય જીવોને ઉપકાર કરી રહી છે. તેનાં દર્શન-વન્દનાદિથી પાવન બનીએ, એ જ અભ્યર્થના !

વિ. સં. ૨૦૩૨-કા. વ. ૧૦
શ્રી. વીરપ્રભુ-દીક્ષાકલ્યાણક-**અમદાવાદ**

લિ પૂજ્ય સ્વ૦ ગુરુદેવનો સેવક
**ભદ્રંકરવિજય**

# સંવેગરંગશાળાનો સંક્ષિપ્ત વિષયાનુક્રમ

## પ્રારંભિક વિષયાનુક્રમ


| | |
|---|---|
| સંપાદકીય બે બોલ | પૃષ્ઠ ૩ |
| સમર્પણ | પૃષ્ઠ ૬ |
| ગ્રન્થનો પરિચય અને હાર્દ | પૃષ્ઠ ૭ |
| સંસારરંગશાળા એ સંવેગની રંગશાળા છે | પૃષ્ઠ ૩૧ |
| સંવેગગુણનું સ્વરૂપ અને મહિમા | પૃષ્ઠ ૩૮ |
| પૂ. આચાર્યદેવશ્રી વિજયમનોહરસૂરીશ્વરજી મહારાજનો લેશ પરિચય | પૃષ્ઠ ૩૯ |
| વિષયાનુક્રમ | પૃષ્ઠ ૫૩ |
| પ્રકાશકીય કિંચિત્ | પૃષ્ઠ ૬૪ |
| શુદ્ધિપત્રક | પૃષ્ઠ ૬૯ |


## ગ્રન્થનો વિષયાનુક્રમ


* પ્રારંભમાં વિવિધ પ્રકારે મંગળ. (ગા. ૧ થી ૩૩)
* સંવેગનું સ્વરૂપ, દુર્લભતા, ગ્રન્થનો મહિમા, અભિધેય, પ્રયોજનાદિ. (ગા. ૭૬)
* **મહસેન રાજાનું વૈરાગ્યપ્રેરક ચરિત્ર.** (ગા. ૭૭ થી ૩૬૭)
* મહસેન રાજાને પૂર્વભવશ્રવણથી વૈરાગ્ય, દેવ પ્રત્યે કૃતજ્ઞતા, સંયમની ભાવના. શ્રી વીરપ્રભુનું સમવસરણ અને દીક્ષાનો નિર્ણય. (ગા. ૩૬૮ થી ૪૪૫)
* દીક્ષા પૂર્વે રાજ્યની વ્યવસ્થા, પુત્રને કરેલી મનનીય હિતશિક્ષા, તેમાં ઝેરી પદાર્થને જાણવાનાં લક્ષણો વગેરે. (ગા. ૪૪૬ થી ૫૧૫)
* રાણીને ઉપદેશ, બંનેની દીક્ષા, સંયમની આરાધના, શ્રી વીરનિર્વાણ અને વિશિષ્ટ આરાધના માટે શ્રી ગૌતમપ્રભુને પ્રાર્થના. (ગા. ૫૧૬ થી ૫૭૬)
* શ્રી ગૌતમસ્વામિએ કહેલ આરાધનાનું સ્વરૂપ, પ્રકારો અને તે વિષયમાં **મધુરાજા તથા સુકોશળ મુનિનું દૃષ્ટાન્ત.** (ગા. ૫૭૭ થી ૭૦૮)
* આરાધાનાવર્ણન માટે ચાર દ્વારો, પહેલા પરિકર્મવિધિદ્વારનો પ્રારંભ, આરાધના–વિરાધનાનાં ફળો અને પ્રમાદ તજવાનો ઉપદેશ. (ગા. ૭૦૯ થી ૮૦૪)

## પહેલું પરિકર્મવિધિદ્વાર : તેમાં પંદર પેટાદ્વારો–

* **પહેલું અર્હપેટાદ્વાર**–આરાધકની યોગ્યતાનું વિશિષ્ટ વર્ણન અને **વંકચૂલનું વિસ્તૃત દૃષ્ટાન્ત.** (ગા ૮૦૫ થી ૧૧૩૦) **ચિલાતિપુત્રનું દૃષ્ટાન્ત** અને આરાધકની યોગ્યતા–અયોગ્યતાનો ઉપદેશ. (ગા. ૧૧૩૧ થી ૧૧૯૮)
* **બીજું લિંગદ્વાર**–આરાધક ગૃહસ્થ તથા સાધુનાં બાહ્ય લિંગો અને **કુળવાલક મુનિનું દૃષ્ટાન્ત.** (ગા. ૧૧૯૯ થી ૧૩૨૪)
* **ત્રીજું શિક્ષાદ્વાર**–ગ્રહણ–આસેવન બન્ને પ્રકારની શિક્ષા, તેનું સ્વરૂપ, બન્નેની પરસ્પર સાપેક્ષતા, ક્રિયારહિત જ્ઞાનની અને જ્ઞાનરહિત ક્રિયાની નિષ્ફળતા અને તે વિષે **આર્યમંગુ તથા અંગારમર્દક આચાર્યનું દૃષ્ટાત.** (ગા.૧૩૨૫થી૧૫૮૮)
* **ચોથું વિનયદ્વાર**–વિનયનો મહિમા, તેના પાંચ. ત્રણ, બે, વગેરે પ્રકારો, પ્રત્યેકનું સ્વરૂપ અનિવાર્યતા અને **શ્રેણિકરાજાનો પ્રબંધ.** (ગા. ૧૫૮૯ થી ૧૬૯૧)
* **પાંચમું સમાધિદ્વાર**–દ્રવ્ય–ભાવ ઉભય સમાધિનું સ્વરૂપ, ભાવસમાધિ ઉપાદેય, તેનો મહિમા, ઉપાયો અને તેનું ફળ સર્વ પાપોથી મુક્તિ. એ વિષે **નમિરાજર્ષિનો પ્રબંધ** વગેરે. (ગા. ૧૬૯૨ થી ૧૭૯૩)
* **છઠ્ઠું મનને અનુશાસ્તિદ્વાર**–સંસાર અને મુક્તિનું માધ્યમ મન છે, તેના વિજય માટે મનને આપેલી વિવિધ અતિ મનનીય શિખામણો અને **વસુદત્તનો પ્રબંધ.** આ દ્વાર આત્માર્થીને વાર વાર ચિંતનીય છે. (ગા. ૧૭૯૪ થી ૨૦૪૩)
* **સાતમું અનિયતવિહારદ્વાર**–વિહારની આવશ્યકતા, સાધુને નવકલ્પી વિહાર, ગૃહસ્થને પણ તીર્થયાત્રા, સદ્દગુરુની શોધ, ગુરુના યોગે પ્રાયશ્ચિત્તાદિ વિવિધ લાભો, યાત્રા–પૂજાના લાભ વિષે **દુર્ગતાનારીનો પ્રબંધ,** સ્થિરવાસના દોષો, તે વિષે **શેલકાચાર્યનો પ્રબંધ,** વગેરે પ્રાચીન સામાચારીનું અતિ સુંદર વર્ણન. (ગા. ૨૦૪૪ થી ૨૧૮૪)
* **આઠમું રાજાના અનિયતવિહારનું દ્વાર**–રાજા પણ સ્વદેશમાં તીર્થયાત્રા માટે ગામ–નગર વગેરેમાં વિચરે, તે તે સ્થળે મળતા સાધુઓની ભક્તિ કરે, સ્વનગરમાં પધારવા વિનંતિ કરે અને પોતાની વસતિમાં રાખી આરાધના કરે. તેમાં વસતિદાનનું વિશિષ્ટ ફળ, **કુરુચંદ્રનું દૃષ્ટાન્ત અને સમ્મેતશિખર તીર્થનો અદ્ભુત મહિમા** વગેરે. (ગા. ૨૧૮૫ થી ૨૪૮૩)
* **નવમું પરિણામદ્વાર**–તેમાં આઠ પેટાદ્વારો પૈકી **૧–પરિણામદ્વારમાં–** ભાવશ્રાવકની ભાવના–મનોરથો (ગા. ૨૪૮૪ થી ૨૫૨૮). **૨–પુત્રને અનુશાસ્તિદ્વારમાં**–વ્યવહાર સોંપતાં કરેલી પુત્રને મનનીય હિતશિક્ષા (ગા. ૨૫૨૯ થી

૨૬૬૦). **ત્રીજા કાળક્ષેપદ્વારમાં**-પુત્રનું ભાવિ જોવા અમુક કાળ ઘરમાં રહે, ત્યારે ધર્મ કરવા માટે પૌષધશાળા કયાં? કેવી? બનાવે, તેનું સુંદર વર્ણન, બાર પડિમાઓનું સ્વરૂપ, દર્શનપડિમામાં મિથ્યાત્વતુલ્ય **અંધનું દૃષ્ટાન્ત** (ગા. ૨૭૩૫). પડિમા વહ્યા પછી પણ પ્રવ્રજ્યા ન લઈ શકાય ત્યાં સુધી સ્વ-ધનથી, અને શક્તિ ન હોય તો સાધારણદ્રવ્યથી પણ જીર્ણ મંદિરો-મૂર્તિઓ, વગેરેનો ઉદ્ધાર કરાવે. તેમાં પ્રસંગાનુસાર સાધારણદ્રવ્ય વાપરવાનાં સ્થાનોઃ-૧-જિન-મંદિર અને ૨-જિનમૂર્તિ. તે જીર્ણ હોય તો કયાં કેવી રીતે તેનો ઉદ્ધાર કરવો કે સ્થળાતંર કરાવવું? વગેરે અતિ બોધપ્રદ લુપ્તપ્રાયઃ વિધિ અને વર્તમાનમાં જીર્ણોદ્ધાર વગેરેમાં થતી અતિપ્રવૃત્તિ વગેરેનું જ્ઞાન થાય તેવું હિતકારી વિસ્તૃત સુંદર વર્ણન, ૩-જિનપૂજા, ૪-આગમગ્રન્થો, ૫-૬-સાધુ-સાધ્વી, ૭-૮-શ્રાવક-શ્રાવિકા, ૯-પૌષધશાળા અને ૧૦-દર્શનનાં (શાસનનાં) કાર્યો. એ દશ સ્થાનોમાં સાધારણદ્રવ્યનો ઉપયોગ કરવાનો વર્તમાનમાં અતિ ઉપયોગી પ્રશસ્ત વિધિ (ગા. ૨૭૩૬ થી ૨૯૩૦). **ચોથા પુત્રપ્રતિબોધદ્વારમાં**-દીક્ષાની અનુમતિ આપવા માટે પુત્રને મોહમુક્ત થવાનો અતિ બોધપ્રદ ઉપદેશ, દીક્ષાર્થીની કુટુંબ પ્રત્યે જવાબદારી, દીક્ષાનું મહત્ત્વ, દીક્ષાર્થીની યોગ્યતા, વગેરે (ગા. ૨૯૩૧ થી ૨૯૮૧). **પાંચમા સુસ્થિતઘટનાદ્વારમાં**-સુગુરુની પ્રાપ્તિનાં સૂચક સ્વપ્નો, ગુરુયોગ અને સંયમ માટે પ્રાર્થના, વગેરે (ગા. ૨૯૮૨ થી ૩૦૨૬). **છઠ્ઠા આલોચનાદ્વારમાં**-ભવ આલોચનાનું વિધાન અને સ્વરૂપ (ગા. ૩૦૨૭ થી ૩૦૫૬). **સાતમા કાળજ્ઞાનદ્વારમાં**-અનશન કરનાર સશક્ત-અશક્ત, રોગી-નીરોગી હોય, ત્યારે છદ્મસ્થને તેના આયુષ્યને જાણવા માટે ૧-દૈવી, ૨-શકુન, ૩-શબ્દશ્રવણ, ૪-પરછાયો, ૫-નાડી ૬-નિમિત્તો, ૭-જ્યોતિષ, ૮-સ્વપ્નો, ૯-રિષ્ટમંગળ, ૧૦-મંત્રપ્રયોગ અને ૧૧-વિદ્યા, એ અગીયાર ઉપાયોનું વર્ણન (ગા. ૩૦૫૭ થી ૩૩૨૩). **૮-અણસણસ્વીકારદ્વારમાં**-અનશન સ્વીકારનાર ગૃહસ્થ કે સાધુના પરિણામ કેવા હોય? વગેરે. (ગા. ૩૩૨૪ થી ૩૩૭૯)

[ અહીં નવમું પરિણામદ્વાર પૂર્ણ થાય છે. ]

* **૧૦-ત્યાગદ્વારમાં**-ગૃહસ્થને દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવ સંબંધી મમત્ત્વનો ત્યાગ, સાધુને આલોચનાદિ પાંચની શુદ્ધિ, કે જ્ઞાન-દર્શન-ચારિત્ર-વિનય અને આવશ્યક-એ પાંચની શુદ્ધિ તથા ઇન્દ્રિયાદિ પાંચનો તથા શરીર, શય્યા, સર્વઉપધિ આહાર-પાણી અને વૈયાવૃત્યકારક-એ પાંચનો (રાગનો) ત્યાગ, તથા સર્વત્યાગના ફળ વિષે **સહસ્રમલ્લનો પ્રબંધ** (ગા ૩૩૮૦ થી ૩૪૪૨).

* **૧૧-મરણવિભક્તિદ્વારમાં**-'આવિચિ' વગેરે સત્તર મરણોનું સ્વરૂપ તથા વેહાયસ અને ગંધપૃષ્ઠ મરણોની પણ કંથચિત્ ઉપાદેયતા, તે વિષે **જયસુંદરનો**,

**સોમદત્તનો તથા વિનયરત્નનો પ્રબંધ** અને ભક્તપરિજ્ઞા, ઈંગિની તથા પાદપોપગમન સ્વીકારનારની યોગ્યતા, વગેરે વિસ્તૃત વર્ણવ (ગા. ૩૪૪૩ થી ૩૫૯૬).

* **૧૨-પંડિતમરણદ્વારમાં**-'પંડિત પંડિત' વગેરે મરણના પાંચ પ્રકારો, તેનું સ્વરૂપ, અધિકારી કોણ? તથા બાળ અને બાળબાળ મરણોથી ભવવૃદ્ધિ, પંડિતમરણ વિષે **સુંદરી-નંદનો પ્રબંધ** તથા તેનો મહિમા વગેરે (ગા. ૩૫૯૭ થી ૩૭૪૬).
* **૧૩-શ્રેણિદ્વારમાં**-શ્રેણિ એટલે ક્રમિક આત્મવિકાસનું સ્વરૂપ, શ્રેણિની વિરાધના વિષે **સ્વયંભૂદત્તનો પ્રબંધ** અને તેમાં સર્પદંશની દુષ્ટતા-અદુષ્ટતાનું સ્વરૂપ વગેરે (ગા. ૩૭૪૭ થી ૩૮૪૪).
* **૧૪-ભાવનાદ્વારમાં**-પ્રશસ્ત-અપ્રશસ્ત પાંચ પાંચ ભાવનાઓ, તેનું સ્વરૂપ અને ફળ : તથા તપ, શ્રુત, એકત્વ, સત્ત્વ અને ધૈર્યબળ-એ પાંચ ભાવના; તેમાં એકત્વભાવનામાં **જિનકલ્પિક મુનિનો** અને ધૈર્યભાવનામાં **આર્યમહાગિરિસૂરિનો** પ્રબંધ તથા તેમાં શ્રી જૈનશાસનના ગૌરવસ્વરૂપ **ગજાગ્રપદ તીર્થનો ઇતિહાસ.** વગેરે (ગા. ૩૮૪૫ થી ૩૯૮૭).
* **૧૫-સંલેખનાદ્વારમાં**-અનશન માટે બાહ્ય-અભ્યંતર, બન્ને સંલેખનાની આવશ્યક્તા, તેનું સ્વરૂપ અને વિવેક, તથા તેનું જઘન્ય-ઉત્કૃષ્ટ કાળમાન, પ્રસંગાનુસાર બાર પ્રકારના તપનું ભેદ-પ્રભેદપૂર્વક સ્વરૂપ અને સંલેખનાની વિરાધના વિષે **ગંગદત્તનો પ્રબંધ** (ગા. ૩૯૮૮ થી ૪૧૯૮).

[ પહેલું મૂળ પરિકર્મદ્વાર સમાપ્ત ]

## બીજું ગણસંક્રમદ્વાર : તેમાં દશ પેટાદ્વારો

* **૧-દિશાદ્વારમાં**-દિશા એટલે ગચ્છ, તેની અનુજ્ઞાપૂર્વક અન્ય ગચ્છની નિશ્રા સ્વીકારવાનો વિધિ, નુતન ગચ્છાધિપતિની યોગ્યતાનું સ્વરૂપ, સ્વ-પરગચ્છમાં તેવા પુરુષરત્નની શોધ, સંઘની સંમતિ અને સાક્ષીપૂર્વક તેને સૂરિપદપ્રદાન, ગચ્છની અનુજ્ઞાનો વિધિ, તેમાં જણાવેલી શ્રી જૈનશાસનની સ્વ-પરહિતાવહ વ્યવસ્થા, સંઘરક્ષા માટેની આચાર્યની જવાબદારી અને એ વિધિનો ભંગ કરવાથી અનિષ્ટ પરિણામ જણાવતું **શિવભદ્રાચાર્યનું દૃષ્ટાન્ત** ( ગા. ૪૧૯૯ થી ૪૨૪૨ ).
* **૨-ખામણાદ્વારમાં**-ગણસંક્રમ કરનાર આચાર્ય પ્રથમ શ્રમણસંઘને ખમાવે અને શ્રમણો પણ કૃતજ્ઞભાવે સૂરિને ખમાવે, વગેરે અતિ સંવેગજનક વર્ણન અને એ રીતે ખામણા ન કરવાથી થતાં અનિષ્ટો વિષે **નયશીલસૂરિશ્વનું દૃષ્ટાન્ત,** વગેરે (ગા. ૪૨૪૩ થી ૪૩૧૨).
* **૩-અનુશાસ્તિદ્વારમાં**-પૂર્વસૂરિએ નુતનાચાર્યને તથા પોતાના શ્રમણોને આપેલી હિતશિક્ષા, તેમાં સાધુને સાધ્વીના તથા સ્ત્રીના સંપર્કથી સંભવિત વિવિધ દોષો,

અને તે વિષે **સુકુમારિકાનું દષ્ટાન્ત**, તેમાં જણાવેલ બોધપ્રદ સ્રીનું સ્વરૂપ, **સિંહગુફાવાસી મુનિઅને કોશા વેશ્યાનો પ્રબંધ**. તે પછી પ્રવર્તિનીને અને છેલ્લે સાધ્વીવર્ગને કરેલી સુંદર હિતશિક્ષા તથા તેમાં જણાવેલ વૈયાવચ્ચનો મહિમા, પાસત્થાદિનો સંસર્ગ તજવાનો ઉપદેશ, કુસંસર્ગથી થતા વિવિધ દોષો અને શિષ્યોએ કૃતજ્ઞભાવે તે હિતશિક્ષાનો કરેલો સ્વીકાર, વગેરે વિશિષ્ટ વર્ણન (ગા. ૪૩૧૩ થી ૪૫૮૯).

* **૪–પરગણગવેષણાદ્વારમાં**–પરગચ્છગમન માટે સૂરિએ માગેલી સ્વગચ્છની અનુમતિ, જવાબમાં ગદ્ગદ્ સ્વરે સાધુઓએ કરેલી વિનંતિ અને આચાર્યનો વાત્સલ્યયુક્ત ઉત્તર વગેરે, તે પછી ગચ્છની વિનંતિથી કોઈ આચાર્ય સ્વગચ્છમાં અનશન સ્વીકારે અને કોઈ ગચ્છમાં રહેવાથી સંભવિત 'આજ્ઞાકોપ' વગેરે અનશનનાં વિઘ્નોને સમજાવે, વગેરે (ગા. ૪૫૯૦ થી ૪૬૩૦).
* **પાંચમા સુસ્થિતગવેષણાદ્વારમાં**–ક્ષપક અન્ય ગચ્છમાં રહેવા જે નિર્યામક આચાર્યની શોધ ક્ષેત્રથી ઉત્કૃષ્ટ સાતસો યોજન અને કાળથી બાર વર્ષ સુધી કરે, તે નિર્યામકના 'આચારવાન્, આધારવાન્, વ્યવહારવાન્, અપવ્રીડક, પ્રકુર્વી, નિર્વાપક, અપાયદર્શી અને અપરિશ્રાવી'–એ આઠ ગુણોનું વિસ્તૃત વર્ણન વગેરે. (ગા. ૪૬૩૧ થી ૪૭૧૪).
* **છઠ્ઠા ઉપસંપદાદ્વારમાં**–ક્ષપક ગુરુને શોધીને તેઓની નિશ્રામાં રહેવા કેવી રીતે વિનવે અને ગુરુ તેને પ્રોત્સાહિત કરીને પોતાના સાધુઓની સંમતિ કેવી રીતે મેળવે, વગેરે વિધિનું વર્ણન (ગા. ૪૭૧૫ થી ૪૭૨૭).
* **સાતમા પરીક્ષાદ્વારમાં**–ક્ષપકે ગચ્છાચાર્યની અને ગચ્છની તથા તેઓએ પણ ક્ષપકની, એમ પરસ્પર યોગ્ય–અયોગ્યની પરીક્ષા કેવી રીતે કરવી ? વગેરે (ગા. ૪૭૨૮ થી ૪૭૫૬)
* **આઠમા પડિલેહણાદ્વારમાં**–અનશન કરનારની કાર્યસિદ્ધિ નિર્વિઘ્ને થશે કે નહિ ? તે જાણવા માટે સ્થાનિક આચાર્ય ગુરુપરંપરાથી મળેલા અનુભવાદિ દ્વારા નિર્ણય કરીને જ અનશન ઉચ્ચરાવે, અન્યથા જે દોષો થાય, તે અંગે **હરિદત્ત મુનિનો પ્રબંધ** (ગા. ૪૭૫૭ થી ૪૮૪૩).
* **નવમા પૃચ્છાદ્વારમા**–પરીક્ષા કર્યા પછી પણ આચાર્ય ગચ્છના સાધુઓની સંમતિ મેળવવા પૂછે, પછી જ ક્ષપકને નિશ્રા આપે, વગેરે (ગા. ૪૮૪૪ થી ૪૮૫૩).
* **દશમા પ્રતિચ્છાદ્વારમાં**–પરીક્ષિત એવા પણ એકીસાથે કેટલા આરાધકોને સ્વીકારવા ? અને એકને સ્વીકાર્યા પછી બીજા આવે તો શું કરવું ? વગેરે. (ગા. ૪૮૫૪ થી ૪૮૬૬)

[એકંદર આ બીજા દ્વારમાં એક આરાધકની આરાધના અંગે સંઘની, શ્રમણ-સંઘની, આરાધકની અને નિર્યામક ગુરુની કેવી અને કેટલી તથા જવાબદારી પરસ્પર કેવી નિર્જરા છે, તે સુંદર રીતે વર્ણવ્યું છે.]

## ત્રીજું મમત્વવિમોચનમૂળદ્વાર અને તેનાં નવ પેટાદ્વારો-

* **પહેલા આલોચનાવિધિદ્વારમાં**-આલોચના કયારે ? કોને ? કેવાએ આપવી ? અનાલોચનાથી દોષો, આલોચનાના લાભો, કેવી રીતે ? શું આલોચવું ? ગુરુએ આલોચના કેવી રીતે અપાવવી ? પ્રાયશ્ચિતના પ્રકારો-સ્વરૂપ અને આલોચનાનું ફળ, એમ વિવિધ પેટાદ્વારોથી જણાવેલો આલોચનાનો વિસ્તૃત વિધિ, ×**બીજા પેટાદ્વારમાં**-પાંચ પ્રકારના વ્યવહારોનું સ્વરૂપ અને આલોચનાચાર્યના આગમથી તથા શ્રુતથી પ્રકારો વગેરે, ×**ત્રીજામાં**-આલોચકના દશ દોષો, ×**ચોથામાં**-અનાલોચનાથી થતા દોષો, તે વિષે **બ્રાહ્મણપુત્રનો પ્રબંધ.** આલોચના પર-સાક્ષીથી જ કરવી તથા આચાર્યના વિવિધ પ્રકારે છત્રીશ ગુણોનું સ્વરૂપ વગેરે. ×**પાંચમામાં**-આલોચના આપવાથી થતા લઘુતા વગેરે આઠ ગુણો, ×**છઠ્ઠામાં** આલોચના માટે પ્રશસ્ત-અપ્રશસ્ત દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવ અને દિશા, આલોચકનો વિનય તથા ઋજુતા, આલોચનાનો બે પ્રકારનો ક્રમ અને આલોચના ચાર, છ તથા આઠ કાને કેવી રીતે અપાય ? વિગેરે વર્ણન. ×**સાતમામાં**-પંચાચાર સંબંધી આલોચના આપવાનો વિધિ. ×**આઠમામાં**-તે તે આગમવ્યવહારી અને શ્રુત-વ્યવહારીએ પ્રાયશ્ચિત કેવી રીતે ? કેટલું ? આપવું કે ન આપવું ? વગેરે તથા આલોચકના ભાવથી અજાણ પણ છદ્મસ્થ ગુરુ પ્રાયશ્ચિત આપે તે કેમ ઘટે ? વગેરે વર્ણન. ×**નવમામાં**-આલોચનાનું પારલૌકિક ફળ વગેરે અને નાના પણ દોષને નહિ આલોચવાથી થતી વિરાધના વિષે **સુરતેજરાજનો પ્રબંધ.** (ગા. ૪૮૬૭ થી ૫૨૨૭)
* **બીજા શય્યાદ્વારમાં**-અનશન માટે વસતિ કેવી ? કયાં ? કેવા પાડોશમાં જોઇએ ?, સંસર્ગજન્ય ગુણ-દોષ વિષે **બે પોપટનો પ્રબંધ** અને ક્ષપકની સમાધિ માટે તેના સ્થાનમાં અપરિણત મુનિઓને તથા રાગજનક વસ્તુઓને નહિ રાખવી, વગેરેનું યુક્તિસંગત વર્ણન. (ગા. ૫૨૨૮ થી ૫૨૭૦).
* **ત્રીજા સંસ્તારકદ્વારમાં**-સંથારાના પ્રકારો, સમ્યગ્ સ્થાનમાં પણ કેવો સંથારો યોગ્ય ? વગેરે ઉત્સર્ગ-અપવાદથી વર્ણન, ભાવસંથારાનું સમ્યક્ સ્વરૂપ તથા અગ્નિસંથારામાં **ગજસુકુમારનું**, જળસંથારામાં **અગ્નિકાપુત્રનું**, સચિત્તસંથારામાં **ચિલાતીપુત્રનું** દૃષ્ટાન્ત અને ભાવસંથારાની મહત્તા, વગેરે. (ગા. ૫૨૭૧ થી ૫૩૬૫)

* **ચોથા નિર્યામકદ્વારમાં**-નિર્યામણા કરાવનાર મહા મુનિઓની યોગ્યતા, ક્ષપકની બાર પ્રકારે વૈયાવચ્ચ, પ્રત્યેકમાં ચાર ચાર મુનિઓ, એમ ઉત્સર્ગથી અડતાલીશ અને દ્રવ્યાદિની ન્યૂનતાએ સર્વ જઘન્ય નિર્યામક બે મુનિઓ તો જોઇએ જ, વગેરે નિર્યામણા કેવી રીતે કરવી-કરાવવી તેનું પૂર્ણ વર્ણન. (ગા. ૫૩૬૬ થી ૫૪૦૬).
* **પાંચમા દર્શનદ્વારમાં**-ક્ષપકને આહારનો ત્યાગ કરાવવાપૂર્વે તેની પરિણતિને જાણવા માટે રાગજનક, ઉત્તમ આહાર-પાણી વગેરે દ્રવ્યો કેવી રીતે દેખાડવાં (આપવાં)? વગેરે (ગા. ૫૪૦૭ થી ૫૪૧૯).
* **છટ્ઠા હાનિદ્વારમાં**-ક્ષપકને આહારાદિનો રાગ જો ન તૂટે, તો તેની દુર્ધ્યાનથી રક્ષા માટે ગીતાર્થનું આપવાદિક કર્ત્તવ્ય, ક્રમશઃ આહાર ઘટાડીને અંતે સંપૂર્ણ ત્યાગ કેવી રીતે કરાવવો? તે માટે સમ્યગ્ ઉપદેશ અને આ વિધિ ન કરવાથી કેવી રીતે શાસનની અપભ્રાજના થાય?, વગેરે (ગા. ૫૪૨૦ થી ૫૪૫૪).
* **સાતમા પચ્ચક્ખાણદ્વારમાં**-અનશનમાં કલ્પ્ય છ પ્રકારનું પાણી, તેના ગુણો, વાત-પિત્તાદિ પ્રકોપમાં તે કેવી રીતે આપવું? મળાવરોધ ટાળવાના ઉપાયો, શ્રીસંઘ સમક્ષ ચતુર્વિધ આહારત્યાગ કરાવવાનો પ્રશસ્ત વિધિ અને પચ્ચક્ખાણથી ક્રમશઃ મુક્તિની પ્રાપ્તિ, વગેરે (ગા. ૫૪૫૫ થી ૫૪૭૯).
* **આઠમા ખામણાદ્વારમાં**-ક્ષપકે માતા-પિતા-બંધુ અને મિત્રતુલ્ય એવા ગુણનિધિ શ્રી શ્રમણસંઘને કૃતજ્ઞભાવે ખમાવવાનો વિધિ. (ગા. ૫૪૮૦ થી ૫૪૯૯)
* **નવમા સ્વયંખામણાદ્વારમાં**-વ્યવહારથી સર્વ જીવોને ખમાવવા છતાં નિશ્ચયથી સ્વયં મૈત્રીભાવે સર્વ જીવો પ્રત્યે કષાયોને તજવારૂપે ખમે, તો જ ખામણાં સફળ થાય, સ્વ-પર ઉભયપક્ષી ક્ષમાપના ન થાય તો પણ એકપક્ષી સ્વયં ખમવાનું વિધાન અને ખમવા-ખમાવવા વિષે **ચંડરુદ્રાચાર્યનો પ્રબંધ.** (ગા. ૫૫૦૦ થી ૫૫૫૦) [અહીં ત્રીજું મૂળ મમત્ત્વવિમોચનદ્વાર પૂર્ણ થાય છે.]

## ચોથું સમાધિલાભદ્વાર : તેમાં નવ પેટાદ્વારો-

* **પહેલા અનુશાસ્તિદ્વારમાં**-પાંચ હેય અને તેર ઉપાદેય વિષયોનાં અઢાર પેટાદ્વારો, તેમાં **પહેલા દ્વારમાં**-અઢાર પાપસ્થાનકોનું સ્વરૂપ, ભયંકરતા, સેવનથી થતા દોષો, ત્યાગથી થતા ગુણો, તથા પ્રત્યેકનાં ક્રમશઃ **૧-સાસુ-વહુનું, ૨-ત્રસુરાજાનું, ૩-મોજીલી ગોઠીઆની મંડલીનું, ૪-ત્રણ સખીઓનું, ૫-લોભનંદીનું, ૬-પ્રસન્નચંદ્રરાજર્ષિનું, ૭-બાહુબલીનું, ૮-પંડરા આર્યા તથા બે વણિકપુત્રોનું, ૯-કપિલ બ્રાહ્મણનું, ૧૦-અહન્નકની પત્ની તથા અર્હમિત્રનું, ૧૧-ધર્મરુચિનું, ૧૨ હરિષેણનું, ૧૩-રુદ્ર-અંગર્ષિનું, ૧૪-ક્ષુલ્લકમુનિનું, ૧૫-સુબંધુ-ચાણાક્યનું, ૧૬-સતી સુભદ્રાનું, ૧૭-કુટ તાપસનું અને**

૧૮-જમાલીનું દૃષ્ટાન્ત, તથા તેને તજવાનો ઉપદેશ વગેરે વર્ણન (ગા. ૫૫૬૧ થી ૬૫૩૯). ×**આઠ મદ ત્યાગદ્વારમાં**-પ્રસિદ્ધ આઠ મદોનું સ્વરૂપ, તેના સેવનથી દોષો અને ત્યાગથી થતા ગુણો તથા ક્રમશઃ પ્રત્યેકમાં **૧-બ્રાહ્મણ-પુત્રનું, ૨-મરિચીનું, ૩-બે ભાઇઓનું, ૪-મહાદેવ રાજાનું, ૫-શ્રી સ્થૂલભદ્રજીનું, ૬-દઢપ્રહારીનું, ૭-ઢંઢણમુનિનું અને ૮-બે વ્યાપારીનું દૃષ્ટાન્ત** તથા મદના ત્યાગ માટે બોધપ્રદ ઉપદેશ (ગા. ૬૫૪૦ થી ૭૦૨૧). ×**ત્રીજા કષાયત્યાગદ્વારમાં**-પાપસ્થાનકોને વર્ણવવા છતાં કષાયત્યાગ અતિ દુષ્કર હોવાથી પુનઃ તેનું ટૂંકું પણ સચોટ વર્ણન અને મહાપુરુષોના કષાયને વાદળ, પ્રસ્વેદબિન્દુ, સુરંગની રજ, વગેરે વિવિધ ઉપમાઓ (ગા. ૭૦૨૨ થી ૭૦૩૬) ×**ચોથા પ્રમાદત્યાગદ્વારમાં**-પ્રમાદના પાંચ પ્રકારો, તેનું ભયંકર સ્વરૂપ, ૧-મદ્યપાનમાં-**લૌકિકઋષિનું** દૃષ્ટાન્ત, તેમાં માંસાહારનું સ્વરૂપ, તેની ભયંકરતા, જીવનું અંગ છતાં અનાજનું ભક્ષણ માંસાહાર નથી, યજ્ઞમાં હિંસા છે, વગેરે અન્ય મતાનુસારે યુક્તિપૂર્વક વર્ણન અને માંસની અતિ મહર્ઘતા વિષે **અભય-કુમારનો પ્રસંગ** (ગા. ૭૧૭૩ સુધી). ૨-વિષયપ્રમાદમાં-વિષયોની ભયંકરતા, **કુંડરિકનો પ્રબંધ** વગેરે (ગા. ૭૨૬૨ સુધી). ત્રીજા-કષાયપ્રમાદમાં-કષાયોની દુષ્ટતાનું બોધપ્રદ વર્ણન, ચોથા નિદ્રાપ્રમાદમાં-તેનું સ્વરૂપ અને **અગડદત્તનો પ્રબંધ** (ગા. ૭૩૫૯ સુધી). પાંચમા વિકથાપ્રમાદમાં-વિકથાના વિવિધ ભેદો સ્વરૂપ અને તેના દુષ્ટ વિપાકો. ઉપરાંત છઠ્ઠો પ્રમાદ જુગાર, તેની દુષ્ટતા, જુગારીઓના દુષ્ટ અધ્યવસાયો, વગેરે ટૂંકું પણ સચોટ વર્ણન. અન્ય મતે અજ્ઞાન, મિથ્યાજ્ઞાન, સંશય, રાગ, દ્વેષ, સ્મૃતિધ્વંસ, ધર્મમાં અનાદર અને યોગોનું દુષ્પ્રણિધાન-એમ પણ પ્રમાદના આઠ પ્રકારો, તેનું સ્વરૂપ, દુષ્ટતા અને દુષ્ટ ફળો વગેરે (ગા. ૭૪૯૮ સુધી). ×**પાંચમા સર્વસંગત્યાગમાં**-સંગ-રાગ-આસક્તિ એ એકાર્થક છે, તેનો દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવથી ત્યાગ, અને દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવના પ્રકારો જણાવવાપૂર્વક ત્યાગનો ઉપદેશ (ગા. ૭૫૪૧ સુધી). [ અહીં પાંચ ત્યાજ્ય વિષયો પૂર્ણ થાય છે. ] ×**છઠ્ઠા સમ્યક્ત્વદ્વારમાં**-સમ્યક્ત્વની ઉપાદેયતા, અનિવાર્યતા અને મહત્ત્વ વગેરેનું મનનીય બોધપ્રદ વિસ્તૃત વર્ણન (ગા. ૭૫૬૯ સુધી). ×**સાતમા શ્રી અરિહંતાદિ છની ભક્તિદ્વારમાં**-શ્રીઅરિહંત, સિદ્ધ, ચૈત્ય, આચાર્ય, ઉપાધ્યાય અને સાધુ-એ છ મુક્તિના સાર્થવાહતુલ્ય છે, તેઓની ભક્તિનો મહિમા, આવશ્યકતા અને **કનકરથ રાજાનો પ્રબંધ** (ગા. ૭૬૩૬ સુધી). ×**આઠમા શ્રી પંચપરમેષ્ઠિ નમસ્કારદ્વારમાં**-મહામંત્રના અચિંત્ય અનુપમ મહિમાનું સુંદર વર્ણન, ત્રણેય કાળમાં-ત્રણેય લોકમાં કોઇ પણ પ્રકારના સુખનો દાતા નમસ્કાર, તેમાં ધનદાના વિષે **શ્રાવકપુત્રનું**,

કામદાયક વિષે શ્રાવિકાનું અને પારલૌકિક સુખદાયક વિષે હુંડિક યક્ષનું દૃષ્ટાન્ત તથા ચિંતામણી વગેરેથી પણ અધિક નમસ્કાર એ જ જીવનું સર્વસ્વ છે, વગેરે વર્ણન (ગા. ૭૭૯૫ સુધી). ×**નવમા સમ્યગ્જ્ઞાનોપયોગદ્વારમાં**-સમ્જ્ઞાનનું સ્વરૂપ, મહિમા, સર્વ વિષયમાં તેની ઉપાદેયતા અને થોડા દ્રવ્યજ્ઞાનના પણ લાભ વિષે **યવરાર્ષિનો પ્રબંધ** વગેરે (ગા. ૭૮૮૮ સુધી). ×**દશમા પંચમહાવ્રતરક્ષાદ્વારમાં**-મહાવ્રતોની રક્ષાનો ઉપદેશ, પ્રત્યેક વ્રતમાં આરાધના-વિરાધનાથી થતા ગુણ-દોષ, **પહેલા વ્રતમાં**-હિંસા-અહિંસાનાં ફળો અને અહિંસાની રક્ષાનો ઉપદેશ (ગા. ૭૯૨૭ સુધી) **બીજા વ્રતમાં**-સદ્ભૂત ભાવોનો અપલાપ, અસદ્ભૂતનો ઉપદેશ, એકાન્તવાદ અને વિવિધ સાવદ્યવચન-એમ ચાર પ્રકારના અસત્યનું વર્ણન, તેના ત્યાગપૂર્વક સત્યની રક્ષાનો ઉપદેશ અને તેનાં ઉત્તમ ફળો, વગેરે (ગા. ૭૯૪૪ સુધી). **ત્રીજા વ્રતમાં**-અદત્તાદાનના ત્યાગપૂર્વક વ્રતની રક્ષાનો ઉપદેશ અને વ્રતભંગના આભવ-પરભવમાં વિષમ વિપાકો વગેરે (ગા. ૭૯૬૦ સુધી). **ચોથા મહાવ્રતમાં**-મૈથુનની દુષ્ટતા, સ્ત્રી-શરીરની અપવિત્રતા, દુર્ગંછનીયતા, અધમતા અને ગર્ભમાં ઘડાતા શરીરની અપવિત્રતાપૂર્વક યુવાનીના આક્રમણથી બચવા માટે વૃદ્ધોની સેવાનું વિધાન તથા તે વિષે **ચારુદત્તનો પ્રબંધ**, વગેરે વિશિષ્ટ વર્ણન અને એ જ રીતે સ્રીની અપેક્ષાએ પુરુષસંગની પણ દુષ્ટતા વગેરે (ગા. ૮૧૪૬ સુધી). **પાંચમા વ્રતમાં**-બાહ્ય-અભ્યંતર પરિગ્રહના પ્રકારો, સ્વરૂપ, તેના વિષમ વિપાકો અને પરિગ્રહથી ધર્મની અપ્રાપ્તિ, તે વિષે **બે સગા ભાઈઓનું, ચોરોનું તથા કુંચિક શ્રાવકનું દૃષ્ટાંત** વગેરે (ગા. ૮૧૭૫ સુધી). પ્રાન્તે પાંચ મહાવ્રતની પચીશ ભાવનાઓ, વ્રતરક્ષા માટે ઉપદેશ અને **ધનશેઠની પુત્રવધૂઓનુ દૃષ્ટાન્ત** (ગા. ૮૨૪૬ સુધી). ×**અગિયારમા દ્વારમાં**-શ્રી અરિહંતાદિ ચાર શરણ્યનું વિસ્તૃત વર્ણન અને શરણ સ્વીકાવરાનો સુંદર ઉપદેશ (ગા- ૮૨૪૭ થી ૮૩૨૩). ×**બારમા દુષ્કૃતગર્હાદ્વારમાં**-શ્રી અરિહંતાદિ પૂજ્યોની તથા બીજાઓની પણ કરેલી અવજ્ઞાની, અઢાર પાપસ્થાનકોના સેવનની અને બીજા પણ પાપોની ઓઘથી ગર્હા, પછી ક્રમશઃ પંચાચારની વિરાધનાની ગર્હા, પૃથ્વીકાયાદિ જીવોની કરેલી ભિન્ન ભિન્ન વિવિધ વિરાધનાની ગર્હા, અને અનાદિ ભવભ્રમણમાં તે તે ભવોમાં અન્ય જીવોની કરેલી વિરાધનાની વિસ્તૃત વર્ણનપૂર્વક ગર્હા વગેરે જીવના ભૂતકાળનું સંવેગ-જનક વર્ણન (ગા. ૮૩૨૪ થી ૮૪૯૮). ×**તેરમાં સુકૃતાનુમોદનાદ્વારમાં**-શ્રી પંચપરમેષ્ઠિઓ, શ્રાવકો તથા અન્ય પણ ભદ્રિકપરિણામી આસન્નભવ્યોના ગુણો તથા ઉપકારો અને તેની અનુમોદનાનું નિત્ય સ્વાધ્યાય કરવાયોગ્ય વર્ણન (ગા. ૮૪૯૯ થી ૮૫૪૦). ×**ચૌદમાદ્વારમાં**-ભાવનો મહિમા, ભાવશૂન્ય દાના-

દિની નિષ્ફળતા અને **દાનમાં અભિનવ શેઠનો** તથા **શિયળ-તપમાં કરકંડુ મુનિનો અતિદેશ.** ભાવસહિત દાનમાં **જીર્ણશેઠ, બલદેવભક્ત** હરિણ, અને **શિયળ-તપમાં મરુદેવા માતાનો** અતિદેશ. ભાવના એ જ શુભ ભાવ અને બાર ભાવનાઓનું વર્ણન. તેમાં અનિત્ય ભાવનામાં **નગ્ગતિ રાજાનું,** અશરણતામાં **શેઠપુત્રનું,** સંસારભાવનામાં **તાપસશેઠનું** એકત્વમાં **શ્રીવીરપ્રભુનું,** અન્યત્વમાં **સુલસ-શિવકુમારનું,** અશૌચમાં **શૌચવાદી બ્રાહ્મણનું,** લોકસ્વરૂપમાં **શિવરાજર્ષિનું** અને બોધિદુર્લભતામાં **વાણિકપુત્રનું દૃષ્ટાંન્ત;** તથા બારમી ભાવનામાં સદ્ગુરુની અતિ દુર્લભતા તથા શુદ્ધ ધર્મોપદેશક ગુરુના ગુણોનું વિશદ વર્ણન વગેરે ( ગા. ૮૫૪૧ થી ૮૯૩૧ ). ×**પંદરમાં શીયલ-પાલનદ્વારમાં**-નિશ્ચયથી શીયલ એટલે આત્મસ્વરૂપ, વ્યવહારથી સંવર-ચારિત્ર, અથવા શીયલ એટલે સમાધિ, તેનું સુંદર સ્વરૂપ અને લાભો ( ગા. ૮૯૩૨ થી ૮૯૬૩ ). ×**સોલમા ઇન્દ્રિયદમનદ્વારમાં**-ઇન્દ્રિયોની ઉચ્છંખલતા, તેનો જય કરવાથી થતા લાભો અને શ્રોત્રેન્દ્રિયની દુષ્ટતામાં **ભદ્રા સાર્થવાહી,** નેત્રોની વિવશતામાં **સાર્થવાહની પુત્રી,** ઘ્રાણેન્દ્રિયમાં **રાજપુત્ર,** રસનાથી લોલુપતામાં **સોદાસ રાજા** અને સ્પર્શનેન્દ્રિયમાં **સોમદેવ બ્રાહ્મણનો** પ્રબંધ વગેરે ( ગા. ૮૯૬૪ થી ૯૧૧૮). ×**સત્તરમા તપવિધાનદ્વારમાં**-બાહ્ય-અભ્યંતર તપમાં ઉદ્યમનું વિધાન અને તપમાં શક્તિને ગોપવવાથી વીર્યાન્તરાય તથા માયામોહનીય, સુખશીલતાથી આશાતાવેદનીય અને આલસ્યથી ચારિત્રમોહનીય વગેરે કર્મોનો બંધ, તપશ્ચરણના વિશિષ્ટ લાભો અને અનિવાર્યતા વગેરે ( ગા. ૯૧૨૯ સુધી ). ×**છેલ્લા અઢારમા નિઃશલ્યતાદ્વારમાં**-શલ્યના ત્રણ પ્રકારો, તેમાં નિયાણાના રાગ-દ્વેષ અને મોહથી, અથવા અપ્રશસ્ત, પ્રશસ્ત અને ભોગકૃત-એમ ત્રણ પ્રકારો, તેનું સ્વરૂપ, સંયમ માટે નિયાણું પ્રશસ્ત છતાં અનાસક્ત મુનિને હેય અને તે વિષે **બ્રહ્મદત્તનો પ્રબંધ,** માયાશલ્યમાં **પીઠ-મહાપીઠનો પ્રબંધ** અને મિથ્યાત્વશલ્યમાં **નંદમણિઆરનો પ્રબંધ** તથા શલ્યોની દુષ્ટતા વગેરે ( ગા. ૯૧૩૦ થી ૯૩૦૫ ). [ અહીં ચોથા મૂળદ્વારનું પહેલું અનુશાસ્તિદ્વાર પૂર્ણ થાય છે. ]

* **બીજા પ્રતિપત્તિદ્વારમાં**-પ્રતિપત્તિ એટલે અનુશાસ્તિ કરનાર ગુરુની સ્તુતિપૂર્વક કૃતજ્ઞભાવે તે અનુશાસ્તિનો સ્વીકાર કરીને ક્ષપક તિવિહારથી અને અંતે ચઉવિહારથી અનશન સ્વીકારે, વગેરે વિધિ અને પ્રસંગોપાત ધર્મરાગી કોઇ ગૃહસ્થ અનશન સ્વીકારે તો પ્રથમ પંચાચાર અંગે આલોચના, કૃતજ્ઞભાવે શ્રીસંઘને ખામણાં; તથા આગમની આશાતના, વીર્યનું ગોપન, મિથ્યાત્વસેવન અને ભવોભવના જડ-ચેતનના રાગનો પરિહાર તથા ઘડેલાં ઘડાવેલાં યંત્રાદિનું અને

કષાયપૂર્વક કરેલાં પાપનું પ્રતિક્રમણ કરે, ધર્મનું અથવા અચિંત્ય ચિંતામણી શ્રી અરિહંતદેવનું અને તેઓની વાણીનું ધ્યાન ધરે, ધર્મશાસ્ત્રોનું અમૃતપાનની જેમ શ્રવણ કરે, વગેરે સુંદર-વિસ્તૃતવિધિ (ગા. ૯૩૦૬ થી ૯૪૬૮).

* **ત્રીજા સારણાદ્વારમાં**-ક્ષપકને વાત-પિત્તાદિના પ્રકોપથી કે અનાદિ મોહની વાસનાથી વિઘ્ન આવે, અથવા ધાતુનો પ્રકોપ વગેરે થાય, તો નિર્યામકનું તે અંગે કર્તવ્ય (ગા. ૯૪૬૯ થી ૯૪૮૬).

* **ચોથા કવચદ્વારમાં**-ક્ષપક ચારિત્રમોહના ઉદયે જો ભગ્નપરિણામી બને, તો તેને સ્થિર કરવા કહેલાં અનશન સાધનારા તિર્યંચોનાં, ગૃહસ્થોનાં અને સાધુઓનાં વિવિધ દૃષ્ટાન્તો અને પોતે ચારેય ગતિમાં ભોગવેલાં વિવિધ કારમાં કષ્ટોની અપેક્ષાએ અનશનનું અનંતગુણ ફળ, વગેરે સંવેગજનક મનનીય ઉપદેશ. (સારણાદ્વારમાં શારીરક સેવા અને કવચમાં મંદપરિણામીને પુનઃ ઉપબૃંહણાદિથી ઉત્સાહ વધારવો, એમ ભિન્નતા છે.) (ગા. ૯૪૮૭ થી ૯૬૧૦)

* **પાંચમા સમતાદ્વારમાં**-કવચથી ઉત્સાહી બનેલો ક્ષપક બાહ્ય-અભ્યંતર પરીષહોનો પરાજય કરતો સર્વ વિષયમાં રાગ-દ્વેષને તજીને સમભાવમાં રમણ કરે, વગેરે વર્ણન (ગા. ૯૬૧૧ થી ૯૬૨૮).

* **છટ્ઠા ધ્યાનદ્વારમાં**-સમભાવમાં વર્તતો ક્ષપક જે આર્ત્ત-રૌદ્રને તજી ધર્મ-શુક્લધ્યાનને સેવે, તે ચારેય ધ્યાનના ભેદો અને સ્વરૂપ તથા અંતે શરીરબળ ક્ષીણ થતાં નિર્યામકોનું કર્તવ્ય (ગા. ૯૬૨૯ થી ૯૬૬૫).

* **સાતમા લેશ્યાદ્વારમાં**-છ લેશ્યાઓ, તેનું સ્વરૂપ જણાવનારાં જાંબૂભક્ષક તથા ચોરોનું દૃષ્ટાન્ત અને લેશ્યાશુદ્ધિ માટે પરિણામશુદ્ધિ કરવી, તેને માટે કષાયની મંદતા અને તે માટે બાહ્ય વસ્તુના રાગનો ત્યાગ કરવો, તથા કયી લેશ્યાવાળો કયાં ઉપજે? વગેરે વર્ણન (ગા. ૯૬૬૬ થી ૯૬૯૪).

* **આઠમા ફળપ્રાપ્તિદ્વારમાં**-ક્ષપકના ઉત્તમ-મધ્યમ-જઘન્ય પ્રકારો, કયી શુભ લેશ્યાવાળો ક્ષપક ઉત્તમ-મધ્યમ-જઘન્ય ગણાય? તેજોલેશ્યામાં મિથ્યાત્વી નહિ, પણ સમ્યક્ત્વાદિ ગુણવાળો જ આરાધક, સિદ્ધોના સુખનું સુંદર સ્વરૂપ, પૂર્વોક્ત સત્તર પૈકી સાત મરણો સદ્ગતિદાયક અને તેમાં ભક્તિપરિજ્ઞા, ઈંગિની તથા પાદપોપગમન મરણનું શ્રેષ્ઠ ફળ તથા ગુણશ્રેણિનું સ્વરૂપ, વગેરે મનનીય બોધપ્રદ તત્ત્વનિરૂપણ (ગા. ૯૬૯૫ થી ૯૭૯૫).

* **નવમા વિજહનાદ્વારમાં**-અનશનની સફળતાને પામેલા ક્ષપકના મરણનો શોક નહિ કરતાં મુનિઓએ કરવાયોગ્ય ભવસ્થિતિચિંતન, ક્ષપકની અનુમોદના અને

ક્ષપકના મૃતકની વિજહના એટલે મહા પારિષ્ઠાપનિકાનો આગમોક્ત પ્રાચીન વિધિ, તેમાં જણાવેલાં નિમિત્તોની વ્યવહારનયે શુભાશુભ અસર, વગેરે (ગા.૯૭૯૬ થી ૯૮૩૫). [ અહીં ચોથું સમાધિલાભદ્વાર પૂર્ણ થાય છે. ]

* **ઉપસંહાર અને મહસેન મુનિની શેષ આરાધના**–એમ ચાર દ્વારોથી કરેલો ઉપદેશ સાંભળીને મહસેન મુનિએ કરેલી સંલેખના, અંતે અનશન માટે પ્રાર્થના, શ્રી ગૌતમપ્રભુએ નિર્યામકોને સોંપવાપૂર્વક આપેલી સંમતિ અને આશીર્વાદ. અનશનસ્વીકાર અને સુંદર આરાધના. ઈન્દ્રે કરેલી મહસેન મુનિની પ્રશંસા. એક મિથ્યાદૃષ્ટિ દેવે ચલિત કરવા માટે કરેલા વિવિધ પ્રતિકૂળ–અનુકૂળ આકરા ઉપસર્ગો, મહસેન મુનિનું મેરુતુલ્ય ધૈર્ય, અનશનની સિદ્ધિ અને સર્વાર્થસિદ્ધમાં દેવ. આ બાજુ નિર્યામક સ્થવિરોએ કરેલ મૃતકનો વિધિ, શ્રી ગૌતમપ્રભુને કરેલું **નિવેદન** અને મહસેન મુનિના ભાવિ ભવની પૃચ્છા. શ્રી ગૌતમસ્વામિએ જણાવેલો ભાવિ સર્વાર્થસિદ્ધમાંથી મહાવિદેહમાં રાજપુત્ર તરીકે જન્મ, અહીંની આરાધનાના પ્રભાવે ત્યાં ઉત્કટ વૈરાગ્ય, સંયમનો સ્વીકાર, અખંડ આરાધના અને અંતે પાદપોપગમન અનશન દ્વારા નિર્વાણની પ્રાપ્તિ, વગેરે મહસેન મુનિનું ભાવિ સ્વરૂપ, તેની સ્થવિરોએ કરેલી અનુમોદના, કૃતજ્ઞભાવે શ્રી ગૌતમ-પ્રભુની સ્તુતિ અને સંયમમાં સવિશેષ ઉદ્યમ, વગેરે (ગા. ૯૮૩૬ થી ૧૦૦૨૪).
* **પ્રશસ્તિ**–અંતે ગ્રન્થકારની પ્રશસ્તિ અને મૂળ પ્રતિના લેખકનો પરિચય વગેરે. **ગ્રન્થસમાપ્તિ.**

# પ્રકાશકીય કિંચિત્

જણાવતાં આનંદ થાય છે કે વિ. સં. ૨૦૪૨ નું ચાતુર્માસ સંઘસ્થવિર તપોનિધિ સ્વ. દાદાશ્રી વિજયસિદ્ધિસૂરીશ્વરજીના પ્રપ્રશિષ્ય પૂ. આ. મહારાજશ્રી ભદ્રંકરસૂરિજીએ સપરિવાર અમારે ત્યાં ચાતુર્માસ કર્યું. આ ચોમાસામાં મોટી સંખ્યામાં પૂજ્ય સાધુ–સાધ્વીજી મ. ના મોટા યોગ, પૂ. પં. મહારાજ શ્રી રવિપ્રભ વિ ગણિવરની ગણી પન્યાસ પદવીનો પુણ્ય પ્રસંગ, વગેરે વિવિધ સુંદર આરાધના કરી કરાવી. તતુપરાંત પ્રસ્તુત ગ્રન્થની પહેલી આવૃત્તિ વિ. સં. ૧૯૩૨ નાં શ્રી સાણંદ અણસુરગચ્છના જ્ઞાન–દ્રવ્યથી છપાવેલી તે પૂર્ણ થવાથી આ બીજી આવૃત્તિ છપાવવાનો લાભ અમને આપ્યો. તદનુસાર અમારાસંઘના જ્ઞાન દ્રવ્યથી છપાવી આ વિશિષ્ટગ્રન્થને શ્રી સંઘના હસ્તકમળમાં અર્પણ કરતાં અમે આનંદ અનુવવીએ છીએ. પ્રાન્તે આ કાર્યમાં સહાયક નામી અનામી સર્વનું સ્મરણ કરવા સાથે ગ્રન્થ છપાવવા અંગે કોઈ પણ ભૂલ થઈ હોય તો તેનો મિચ્છામિદુક્કડંદઈ વિરમીએ છીએ.

લી : શ્રી મહાવીર જૈન શ્વે. મૂ. પૂ. સંઘ, ઓપેરા સોસાયટી. પાલડી અમદાવાદ–૭

# ગ્રન્થનો વિશેષ વિષયાનુક્રમ


| વિષય | પૃષ્ઠાંક |
|---|---|
| ગ્રન્થકારનું મંગળ વગેરે | ૧ |
| સંસાર અટવીમાં ધર્મની દુર્લભતા | ૩ |
| ધર્મના અધિકારી | ૪ |
| સંવેગનો મહિમા | ૫ |
| રચનાનો હેતુ અને ગ્રન્થમહિમા | ૬ |
| નામકરણમાં હેતુ અને સંબંધ | ૭ |
| મહસેનરાજકથાપ્રારંભ કચ્છદેશનું વર્ણન | ૮ |
| પ્રભુની દેશના | ૨૮ |
| મહસેન રાજાએ પુત્રને આપેલી હિતશિક્ષા, તેમાં વિનયનો મહિમા અને ઝેરની પરીક્ષાના ઉપાયો વગેરે | ૩૦ |
| રાણીને પ્રતિબોધ, સંયમ અંગે કાલોચિત કર્તવ્ય અને પ્રયાણ | ૩૫ |
| દીક્ષા પછી પ્રભુની હિતશિક્ષા | ૩૬ |
| જ્ઞાનાદિ આચારોની સામાન્ય આરાધના | ૩૮ |
| સંક્ષિપ્ત વિશેષ આરાધનાનું સ્વરૂપ અને તેમાં મધુરાજાનો પ્રબંધ | ૪૦-૪૧ |
| તે વિષે બીજો સુકોશલ મુનિનો પ્રબંધ | ૪૩ |
| વિસ્તૃત આરાધનાના સ્વરૂપનો પ્રારંભ, તેમાં મરુદેવા માતાનો પ્રબંધ | ૪૬ |
| આરાધના-વિરાધના વિષે ક્ષુલ્લકમુનિનો પ્રબંધ અને આરાધના-વિરાધનાનાં ફળો | ૪૭ |
| મરુદેવાદિના દૃષ્ટાન્તથી પ્રમાદ ન કરવો | ૫૦ |
| **પહેલું મૂળ પરિકર્મદ્વાર, તેમાં** | |
| **પ્રથમ અર્હદ્દ્વાર** | ૫૦ |
| ધર્મની યોગ્યતામાં વંકચૂલ | ૫૨ |
| ધર્મની યોગ્યતામાં ચિલાતીપુત્ર | ૬૭ |
| **બીજું લિંગદ્વાર** | |
| ધર્મી ગૃહસ્થ અને સાધુનાં લિંગો | ૭૦ |
| મુનિને મુહપત્તિઆદિનું પ્રયોજન અને લાભો | ૭૧ |
| ગૃહસ્થ-સાધુ ઉભયનાં સાધારણ લિંગો, તેમાં કુલવાલક મુનિનો પ્રબંધ | ૭૨ |
| **ત્રીજું (ગ્રહણ-આસેવન) શિક્ષાદ્વાર** | ૭૬ |
| શ્રુતજ્ઞાનના લાભો, તેમાં સુરેન્દ્રદત્તની કથા | ૭૭-૭૯ |
| આસેવનશિક્ષાનું સ્વરૂપ | ૮૨ |
| જ્ઞાન-ક્રિયાની પરસ્પર સાપેક્ષતા | ૮૩ |
| ક્રિયારહિત જ્ઞાનમાં મથુરામંગુ આચાર્ય | ૮૪ |
| જ્ઞાનરહિત ક્રિયામાં અંગારમર્દકાચાર્ય | ૮૫ |
| ગ્રહણ-આસેવનશિક્ષાના પ્રકારો અને ગૃહસ્થ તથા સાધુનો સામાન્ય આચારધર્મ | ૮૬ |
| ગૃહસ્થનો વિશેષ આચારધર્મ | ૮૭ |
| સાધુનો વિશેષ આચારધર્મ | ૯૦ |
| **ચોથું વિનયદ્વાર,** શ્રેણિકરાજાનો પ્રબંધ | ૯૦ |
| **પાંચમું સમાધિદ્વાર** | |
| સમાધિનો મહિમા | ૯૬ |
| સમાધિમાં નમિરાજર્ષિનો પ્રબંધ | ૯૭ |
| **છટ્ઠું મનને અનુશાસ્તિદ્વાર** | **૧૦૧** |
| મનચચંળતા વિષે વસુદત્તનો પ્રબંધ | ૧૧૨ |
| **સાતમું અનિયતવિહારદ્વાર** | **૧૧૫** |
| જિનપૂજા વિષે દુર્ગતાનારીનો પ્રબંધ | ૧૧૭ |
| વિહારથી ગૃહસ્થ તથા સાધુને લાભો | ૧૨૦ |
| વિહાર વિષે શૈલકસૂરિનો પ્રબંધ | ૧૨૧ |
| **આઠમું રાજાના વિહારનો વિધિ** | **૧૨૩** |
| વસતિદાનના વિશિષ્ટ લાભો | ૧૨૫ |
| **વસતિદાનમાં કુરુચંદ્રનો પ્રબંધ.** તેમાં સમ્મેતશિખર તીર્થનો સુંદર મહિમા | ૧૩૦ |
| **નવમું પરિણામદ્વાર,** તેમાં આઠ પેટાદ્વારો | ૧૩૯ |
| ૧-આ ભવ-પરભવની હિતચિંતાદ્વાર અને ભાવશ્રાવકની ભાવના | ૧૩૯ |
| ૨-પુત્રને અનુશાસ્તિદ્વાર | ૧૪૨ |
| ० યોગ્ય પુત્રને અધિકાર ન સોંપવામાં રાજ-કેશરીનો પ્રબંધ | ૧૪૪ |
| ૩-કાળક્ષેપદ્વાર, તેમાં પૌષધશાળાનું સ્વરૂપ | ૧૪૮ |
| ० શ્રાવકની પડિમાઓ-અને ૧-દર્શન-પડિમાનું સ્વરૂપ | ૧૪૯ |
| ० મિથ્યાત્વ વિષે અંધનો પ્રબંધ | ૧૫૧ |

| વિષય | પૃષ્ઠાંક |
| --- | --- |
| ○ ૨–વ્રતપ્રતિમાનું સ્વરૂપ | ૧૫૨ |
| ○ ૩–૪ સામાયિક–પૌષધપતિમા | ૧૫૩ |
| ○ પાંચમીથી અગિયારમી પ્રતિમા | ૧૫૪ |
| ○ સાધારણદ્રવ્ય વાપરવાનાં દશ સ્થાનો | ૧૫૫ |
| ○ જિનમંદિર, જિનબિંબ, જિનપૂજા, આગમ, સાધુ–સાધ્વી, શ્રાવક–શ્રાવિકાદ્વાર | ૧૫૫ |
| ○ ૮–સાધર્મિક પ્રત્યેનું ઔચિત્ય | ૧૬૧ |
| ○ ૯–પૌષધશાળા ૧૦–દર્શનકાર્યદ્વાર | ૧૬૧–૬૨ |
| ૪–પુત્ર પ્રતિબોધદ્વાર | ૧૬૪ |
| ૫–સુસ્થિત ઘટનાદ્વાર ૬–આલોચનાદ્વાર | ૧૬૬ |
| ૭–કાલપરિજ્ઞાનદ્વાર, તેમાં મરણને જાણવાના અગિયાર પ્રકારોમાં ૧–દૈવતદ્વાર | ૧૭૧ |
| ○ ૨–શકુન, ૩–ઉપશ્રુતિ, ૪–છાયાદ્વાર | ૧૭૨ |
| ○ ૫–નાડીદ્વાર, ૬–નિમિત્તદ્વાર | ૧૭૪ |
| ○ ૭–જ્યોતિષદ્વાર, ૮–સ્વપ્નદ્વાર | ૧૭૭ |
| ○ ૯–રિષ્ટદ્વાર, ૧૦–યંત્રદ્વાર | ૧૮૦ |
| ○ ૧૧–વિદ્યાદ્વાર, કાલજ્ઞાનદ્વાર પૂર્ણ | ૧૮૫ |
| ૮–અનશન પ્રતિદ્વાર (નવમું દ્વાર પૂર્ણ) | ૧૮૫ |
| **દશમું ત્યાગદ્વાર,** સહસ્રમલ્લનો પ્રબંધ | ૧૮૮ |
| **અગિયારમું મરણવિભક્તિદ્વાર,** ૧૭ મરણોનું વર્ણન અને અવિધિમરણમાં જયસુંદર–સોમદત્તનો પ્રબંધ. | ૧૯૧ |
| ○ ઉદાયીનૃપમારકનો પ્રબંધ | ૧૯૬ |
| ○ ભક્તપરિજ્ઞા, ઇંગિની અને પાદપોપગમન મરણનું સ્વરૂપ | ૧૯૬–૯૮–૯૯ |
| **બારમું અધિગતમરણદ્વાર** | ૨૦૦ |
| ○ પંડિતમરણમાં સુંદરી અને નંદ | ૨૦૧ |
| ○ પંડિતમરણનો મહિમા | ૨૦૫ |
| **તેરમું શ્રેણિદ્વાર,** તેમાં સ્વયંભુદત્ત | ૨૦૭–૮ |
| ○ દુષ્ટ–અદુષ્ટ સર્પદંશનું સ્વરૂપ | ૨૧૦ |
| **ચૌદમું ભાવનાદ્વાર**–કંદર્પાદિ પાંચ અપ્રશસ્ત ભાવનાઓ અને પ્રત્યેકનાં પાંચ પાંચ ભેદોનું સ્વરૂપ | ૨૧૩ |
| ○ તપ વગેરે પાંચ પ્રશસ્ત ભાવનાઓ | ૨૧૫ |
| ○ એકત્વભાવનામાં જિનકલ્પિકમુનિ | ૨૧૫ |

| વિષય | પૃષ્ઠાંક |
| --- | --- |
| ○ ધૈર્યબળ ભાવનામાં આર્યમહાગિરિજી | ૨૧૬ |
| ○ એલકાક્ષનગરનો ઇતિહાસ | ૨૧૮ |
| ○ ગજાગ્રપદ તીર્થનો ઇતિહાસ | ૨૧૯ |
| **પંદરમું સંલેખનાદ્વાર** | ૨૨૧ |
| ○ ૭ બાહ્ય તપનું વિસ્તૃત વર્ણન | ૨૨૨ |
| ○ વૃત્તિસંક્ષેપમાં દ્રવ્યાદિ અભિગ્રહો, આઠ ગોચરભૂમિઓ | ૨૨૩ |
| ○ સંલેખનાવિરાધક ગંગદત્તનો પ્રબંધ | ૨૨૬ |
| **બીજું ગણસંક્રમ મૂળદ્વાર**–તેમાં | ૨૩૧ |
| **૧–દિશાદ્વાર**–આચાર્યની યોગ્યતા | ૨૩૨ |
| ○ ગચ્છાનુજ્ઞાના અભાવે દોષો–શિવભદ્રાચાર્યનો પ્રબંધ | ૨૩૪ |
| **૨–ક્ષામણાદ્વાર** | |
| ○ ક્ષમાપના ન કરવામાં દોષો–નયશીલસૂરિનો પ્રબંધ | ૨૩૮ |
| **૩–અનુશાસ્તિદ્વાર**-ગચ્છાચાર્યને હિતશિક્ષા | ૨૩૯ |
| ○ સાધ્વી અને સ્ત્રીસંસર્ગથી દોષો | ૨૪૫ |
| ○ સ્ત્રીઓનાં દૂષણો–સુકુમારીકાનો પ્રબંધ | ૨૪૬ |
| ○ પ્રવર્તિનીને મનનીય હિતશિક્ષા | ૨૪૮ |
| ○ સાધ્વીઓને હિતશિક્ષા | ૨૫૦ |
| ○ વૈયાવચ્ચનો મહિમા | ૨૫૧ |
| ○ ગુરુ પ્રત્યે શિષ્યોની કૃતજ્ઞતા | ૨૫૫ |
| **૪–પરગણસંક્રમણવિધિ–ગવેષણાદ્વાર** | ૨૫૬ |
| **૫– સુસ્થિતગવેષણાદ્વાર** | ૨૫૮ |
| ○ સુસ્થિત (ગુરુ)ના આચારવાન્ વગેરે આઠ ગુણો | ૨૫૯ |
| **૬–ઉપસંપદાદ્વાર ૭–પરીક્ષાદ્વાર** | ૨૬૩ |
| **૮–પડિલેહણાદ્વાર**–હરિદત્ત પ્રબંધ | ૨૬૬ |
| **૯–પૃચ્છાદ્વાર, ૧૦–પ્રતિચ્છાદ્વાર** | ૨૭૦ |
| **ત્રીજું મમત્વવિમોચન મૂળદ્વાર** | ૨૭૨ |
| **૧–આલોચનાવિધિદ્વાર** | ૨૭૨ |
| ○ આલોચના ક્યારે ? કોને આપવી ? | ૨૭૩ |

| વિષય | પૃષ્ઠાંક |
|---|---|
| ૦ આલોચક અને તેના દશ દોષો | ૨૭૪-૭૫ |
| ૦ અનાલોચનાથી દોષો | ૨૭૭ |
| ૦ લજ્જાથી દોષોને છૂપાવનાર બ્રાહ્મણપુત્ર | ૨૭૮ |
| ૦ આલોચના પરસાક્ષીએ કરવી | ૨૭૯ |
| ૦ આલોચનાથી આઠ ગુણો | ૨૮૦ |
| ૦ આલોચનામાં અચંચળતા વગેરે સાત પ્રકારનો વિધિ | ૨૮૨ |
| ૦ શું આલોચવું ? | ૨૮૩ |
| ૦ ગુરુએ આલોચના અપાવવાનો વિધિ | ૨૮૫ |
| ૦ પ્રાયશ્ચિત શું આપવું ? અને આલોચનાનું ફળ | ૨૮૬ |
| ૦ નાના દોષની અનાલોચનામાં સુરતેજ રાજા | ૨૮૭ |
| **૨-શય્યાદ્વાર** | ૨૯૩ |
| ૦ સંસર્ગના ગુણ-દોષ, બે પોપટ | ૨૯૪ |
| **૩-સંસ્તારકદ્વાર,** સંથારાના પ્રકારો | ૨૯૬ |
| ૦ અગ્નિસંથારામાં ગજસુકુમાર | ૨૯૮ |
| ૦ જળસંથારામાં અન્નિકાપુત્રસૂરિ | ૨૯૯ |
| **૪-નિર્યામકદ્વાર,** ઉત્કૃષ્ટથી ૪૮ નિર્યામકો | ૩૦૧ |
| **૫-દર્શનાદ્વાર** (આહારાદિ દેખાડવાં) | ૩૦૪ |
| ૬-(આહારસંક્ષેપરૂપ) **હાનિદ્વાર** | ૩૦૫ |
| **૭-પચ્ચક્ખાણદ્વાર** | ૩૦૬ |
| **૮-ક્ષમાપનાદ્વાર** | ૩૦૮ |
| **૯-સ્વયં ખમણાદ્વાર** | ૩૦૯ |
| ૦ ખમવા-ખમાવવા વિષે ચંડરુદ્રાચાર્ય | ૩૦૯ |
| **ચોથું સમાધિલાભ મૂળદ્વાર** | ૩૧૩ |
| **૧-અનુશાસ્તિદ્વાર** | ૩૧૪ |
| **૦ ૧૮ પાપસ્થાનકોમાં** ૧-પ્રાણિવધ | ૩૧૫ |
| ૦ અહિંસા વિષે સાસુ વહુ અને પુત્રી | ૩૧૭ |
| ૨ મૃષાવાદની દુષ્ટતા | ૩૨૦ |
| ૦ વસુ-નારદનો પ્રબંધ | ૩૨૨ |
| ૩ અદત્તાદાનની દુષ્ટતા | ૩૨૪ |
| ૦ ચોરી-અચોરીમાં મોઝીલી મંડળી | ૩૨૫ |
| ૪-મૈથુનવિરમણ-બ્રહ્મચર્યના ગુણો અને અબ્રહ્મ-બ્રહ્મ વિષે ત્રણ સખીઓ | ૩૨૬ |
| ૫-પરિગ્રહના દોષો | ૩૩૦ |
| ૦ પરિગ્રહ વિષે લોભનંદી જિનદાસ | ૩૩૧ |
| ૬-ક્રોધ અને પ્રસન્નચંદ્રનો પ્રબંધ | ૩૩૨ |
| ૭-માન અને બાહુબલીનો પ્રબંધ | ૩૩૪ |
| ૮-માયા અને પંડરા આર્યાનો પ્રબંધ | ૩૩૭ |
| ૦ માયાત્યાગમાં બે વણિકપુત્રો | ૩૩૮ |
| ૯-લોભ અને કપિલ બ્રાહ્મણ | ૩૩૯ |
| ૧૦-રાગ અને અર્હન્નક વગેરે | ૩૪૦ |
| ૧૧-દ્વેષ અને ધર્મરુચિ | ૩૪૩ |
| ૧૨-કલહ અને હરિષેણ | ૩૪૫ |
| ૧૩ અભ્યાખ્યાન અને રુદ્ર | ૩૪૯ |
| ૧૪-અરતિ-રતિ અને ક્ષુલ્લકકુમાર | ૩૫૧ |
| ૧૫-પૈશુન્ય અને સુબંધુ-ચાણક્ય | ૩૫૪ |
| ૧૬-પરપરિવાદ અને સતી સુભદ્રા | ૩૫૬ |
| ૧૭-માયામૃષાવાદ અને કૂટતાપસ | ૩૫૯ |
| ૧૮-મિથ્યાત્વશલ્ય અને જમાલી | ૩૬૧ |
| **આઠમદમાં**-જાતિમદ અને બ્રાહ્મણપુત્ર | ૩૬૫ |
| ૦ કુળમદ અને મરિચી | ૩૬૯ |
| ૦ રૂપમદ અને બે ભાઈઓ | ૩૭૨ |
| ૦ બળમદ અને મલ્લદેવ રાજા | ૩૭૪ |
| ૦ શ્રુતમદ અને આર્ય સ્થૂલભદ્ર | ૩૭૭ |
| ૦ તપમદ અને દૃઢપ્રહારી | ૩૮૧ |
| ૦ લાભમદ અન ઢંઢણમુનિ | ૩૮૩ |
| ૦ ઐશ્વર્યમદ અને બે વ્યાપારીઓ | ૩૮૫ |
| **ક્રોધાદિ કષાયોનો નિગ્રહ** | ૩૯૦ |
| **પ્રમાદમાં**-મદ્યપ્રમાદ અને લૌકિકઋષિ | ૩૯૧-૯૨ |
| ૦ માંસાહારના વિવિધ દોષો | ૩૯૩ |
| ૦ માંસના મૂલ્યમાં અભયકુમારની બુદ્ધિ | ૩૯૭ |
| ૦ વિષયોની ભયંકરતા અને કંડરિક મુનિ | ૩૯૮ |
| ૦ કષાય પ્રમાદની દુષ્ટતા | ૪૦૩ |
| ૦ નિદ્રાપ્રમાદ અને અગડદત્ત | ૪૦૬ |
| ૦ વિકથાના પ્રકારો, સ્ત્રીકથાનું સ્વરૂપ | ૪૦૯ |
| ૦ ભક્તકથા, દેશકથા અને રાજકથા | ૪૧૦ |
| ૦ સ્ત્રીકથાના દોષો | ૪૧૧ |

| વિષય | પૃષ્ઠાંક |
| --- | --- |
| ૦ જુગાર પ્રમાદનું સ્વરૂપ | ૪૧૩ |
| ૦ મતાન્તરે અજ્ઞાનાદિ આઠ પ્રમાદો | ૪૧૫ |
| **સર્વસંગ વર્જનદ્વાર** | ૪૧૭ |
| **સમ્યક્ત્વદ્વાર,** સમ્યક્ત્વનો મહિમા | ૪૧૯ |
| **અરિહંતાદિ છની ભક્તિનો** મહિમા | ૪૨૧ |
| ૦ અરિહંત ભક્તિમાં કથકરથ રાજા | ૪૨૧ |
| **પંચપરમેષ્ઠિ નમસ્કાર** અને મહિમા | ૪૨૫ |
| ૦ ધનદાતા નમસ્કારમાં શ્રાવકપુત્ર | ૪૩૧ |
| ૦ કામદાતા નમસ્કારમાં શ્રાવિકા | ૪૩૨ |
| ૦ પારલૌકિક હિતદ નમસ્કારમાં હુંડિકયક્ષ | ૪૩૨ |
| **સમ્યગ્જ્ઞાનોપયોગનો મહિમા** | ૪૩૩ |
| શ્રુતજ્ઞાનના લાભ વિષે યવ સાધુ | ૪૩૬ |
| **પાંચ મહાવ્રતોની રક્ષાનું સ્વરૂપ** | ૪૩૮ |
| ૦ અહિંસાવ્રત | ૪૩૯ |
| ૦ અસત્ય, અદત્ત ત્યાગ અને બ્રહ્મચર્ય વ્રતો | ૪૪૧ |
| ૦ ગર્ભાવસ્થાનું સ્વરૂપ | ૪૪૬ |
| ૦ વૃદ્ધસેવાના લાભો અને ચારુદત્ત | ૪૪૮ |
| ૦ અપરિગ્રહવ્રત | ૪૫૨ |
| ૦ પાંચ મહાવ્રતોની ભાવનાઓ | ૪૫૪ |
| ૦ મહાવ્રતના પાલનનો ઉપદેશ | ૪૫૫ |
| ૦ ધનશેઠની પુત્રવધૂઓનું દૃષ્ટાન્ત | ૪૫૭ |
| **ચાર શરણસ્વીકાર** અને સ્વરૂપ | ૪૫૮ |
| **દુષ્કૃતગર્હાનું** વિસ્તૃત વર્ણન | ૪૬૩ |
| **સુકૃત અનુમોદના** | ૪૭૨ |
| **ભાવનાપટલદ્વાર**-સ્વરૂપ | ૪૭૪ |
| ૦ અનિત્યતા અને નગ્નતિ રાજા | ૪૭૬ |
| ૦ અશરણતા અને શેઠપુત્ર | ૪૭૭ |
| ૦ સંસારભાવના અને તાપસશેઠ | ૪૭૯ |
| ૦ એકત્વભાવના અને વીરપ્રભુ | ૪૮૧ |
| ૦ અન્યત્વ અને સુલસ-શિવકુમાર | ૪૮૨ |
| ૦ અશુચિતા અને શૌચવાદી બ્રાહ્મણ | ૪૮૪ |
| ૦ આશ્રવ-સંવર-નિર્જરાભાવના | ૪૮૬ |
| ૦ લોકસ્વરૂપ અને શિવરાજર્ષિ | ૪૮૭ |
| ૦ બોધિદુર્લભતા અને વણિકપુત્ર | ૪૮૮ |
| ૦ ધર્માચાર્ય દુર્લભતા | ૪૯૧ |
| ૦ ધર્મોપદેશકગુરુના દશ ગુણો | ૪૯૪ |
| **શીલપાલનનો મહિમા** | ૪૯૬ |
| **ઇન્દ્રિયદમનદ્વાર** અને પાંચેય ઇન્દ્રિયોની આસક્તિ વિષે વિવિધ દૃષ્ટાન્તો | ૪૯૮ |
| **તપદ્વાર અને મહિમા** | ૫૦૬ |
| **નિઃશલ્યતાદ્વાર,** તેમાં નિયાણાના પ્રકારો અને બ્રહ્મદત્ત, માયાશલ્યમાં પીઠ-મહાપીઠ અને મિથ્યાત્વમાં નંદમણિયાર (અનુશાસ્તિદ્વાર પૂર્ણ) | ૫૦૭ થી ૫૧૬ |
| **૨-પ્રતિપત્તિ** (અનુશાસ્તિસ્વીકાર-કૃતજ્ઞતા) | ૫૧૭ |
| **૩-(ક્ષપકની) સારણાનો વિધિ** | ૫૨૫ |
| **૪-કવચદ્વાર**-(ક્ષપકને ધીરજ વધારવાનો વિવિધ દૃષ્ટાન્તોપૂર્વક ઉપદેશ) | ૫૨૬ |
| **૫-સમતાનું સ્વરૂપ** અને મહિમા | ૫૩૩ |
| **૬-ધ્યાનદ્વાર**-ચાર ધ્યાનોનું સ્વરૂપ | ૫૩૪ |
| **૭-લેશ્યાદ્વાર**-૭ લેશ્યાનાં દૃષ્ટાન્તો | ૫૩૬ |
| ૮-(લેશ્યાના આધારે અનશનનું) **ફળ** | ૫૩૮ |
| ૦ સિદ્ધોના સુખનું સ્વરૂપ, તેમાં યોગનિરોધનું વર્ણન વગેરે | ૫૩૯ |
| **૯-વિજહનાદ્વાર**-મહા પારિષ્ઠાપનાનો વિધિ | ૫૪૩ |
| ૦ મહસેનમુનિની શેષ આરાધના, તેમાં કરેલી શ્રી ગૌતમપ્રભુની સ્તુતિ | ૫૪૬ |
| ૦ ગ્રન્થકારની પ્રશસ્તિ વગેરે | ૫૫૬ |
| ૦ મૂળપ્રતના પાઠાંતરો | આ. પૃષ્ઠ ૭૦ |

# શુદ્ધિપત્રક

| ગાથાનંબર | અશુદ્ધ | શુદ્ધ |
|---|---|---|
| ૨૭૦ | અતે | અને |
| ૩૫૩ | બળ | બાળ |
| ૩૯૩ | અરૂઢ | આરુઢ |
| ૧૨૨૮ | અવા | આવા |
| ૧૨૮૩ | કૂલવાહક | કૂલવાલક |
| ૧૫૨૪ | અસેવન | આસેવન |
| ૧૭૪૯ | શાસ્ત્રોને | શસ્ત્રોને |
| ૧૮૬૨ | કેવી | કેવીરીતે |
| ૧૮૮૨ | સ્થાને | સ્થાનને |
| ૧૯૪૮ | પૂર્વ | પૂર્વનાં |
| ૨૫૦૪ | અહિ | નહિ |
| ૨૭૧૨ | જેવા | જેઓ |
| ૨૭૯૬ | સમર્ણ | સમર્થ |
| ૩૨૩૩ | પ્રતિબિંબ | પ્રતિબિંબિત |
| ૩૪૯૩ | નિશ્ચય | નિશ્ચળ |
| ૩૫૪૮ | પ્રકારના | પ્રકારના |
| ૩૭૪૮ | કથા | તથા |
| ૪૧૧૬ | પિતાના | પતિનાં |
| ૪૩૦૩ | ગણુની | ગુણુની |
| ૪૪૭૬ | હાર | હારજેવી |
| ૪૫૫૫ | ધરાવનાર | ધરનાર |
| ૪૯૧૧ | દોષો | દશદોષો |
| ૫૦૭૭ | સ્વીકાર | અસ્વીકાર |
| ૫૩૫૯ | તે | તે તે |
| ૫૩૬૬ | શોધો | શોધે |
| ૫૪૪૬ | તેના | તેવા |
| ૬૨૨૪ | આવેલું | વાવેલું |
| ૬૨૪૩ | તેમનું | તેરમું |
| ૬૩૭૪ | દુઃથી | દુઃખથી |
| ૬૬૯૩ | સાંભળી | સંભાળી |
| ૬૭૧૨ | ૨૫૦૮ | અ૨૫૦૮ |
| ૬૭૪૩ | જેની | તેની |
| ૬૭૯૯ | મંત્રને | મંત્રીને |
| ૬૯૪૩ | આરિયા | અરિયા |
| ૭૦૦૪ | ભણુવા | ભણુાવવા |
| ૭૦૭૬ | વિવિધ | ઉત્તમ |
| ૭૧૩૫ | ૦ણોનીમાંસને | બ્રાહ્મણોની |
| ૭૧૩૫ | માંસને શબ્દ વધારે છે | |
| ૭૧૬૫ | સુવર્ણ | સુવર્ણનાં |
| ૭૩૯૧ | નિર્ણય | નિર્યાણુ |
| ૭૪૧૩–૧૪ | સ્થાને | કથાને |
| ૭૪૪૧–૪૩ | સ્વસ્થ વિષયથી | બીજેથી |
| ૭૪૪૬–૪૮ | અન્યાચી | અન્યાન્ય |
| ૭૫૮૧ | તમામ | તમારા |
| ૭૬૪૦ | કારણુ | કારણુ અને |
| ૭૮૧૦ | કર્મના | હોય કે |
| ૭૮૧૦ | હોય કે | કર્મના |
| ૭૮૯૩ | પર્યાપ્ત | અપર્યાપ્ત |
| ૮૧૫૦ | સહિત | સહિતતંદુલનાં |
| ૮૮૧૩–૧૪ | વનોથી | પવનોથી |
| પ્રશસ્તિ–૧૦ | નામની | માનની |
| ૯૧૬૮–૭૨ | ચંડોળ | ચંડાળ |

પ્રાસ્તાવિક પા. ૨૨ પં. ૨૪ માં. " અવિનાભાવ ( અભિન્ન ) સંબંધ છે. " એમ વાંચવું

# પ્રત્યંતરમાં પાઠાંતરો

[ સઘળો અનુવાદ છપાયેલી સંવેગરંગશાળાની પ્રતના આધારે કર્યો, પરંતુ કેટલાક પાઠાંતરો શ્રી જેસલમેરના ભંડારની તાડપત્રીય પ્રતિમાંથી મળ્યા તે સઘળાનો ઉદ્ધાર કરવો શક્ય ન લાગ્યો, તેથી ખાસ જેમાં અર્થભેદ જણાયો તેવા કેટલાક પાઠાંતરો પ્રાકૃત પ્રતિના વાચકોને ઉપયોગી સમજી અહીં આપ્યા છે.]

| ગાથા | છપેલી | તાડપત્રી |
| --- | --- | --- |
| ૮૧ | भारहं कहं | भारहकहं |
| ૧૦૯ | विसंहु० | विसंठु० |
| ૧૦[illegible] | अवंग० | रयंग |
| ૧૩૬ | कमेगंते | कमेणंते |
| ૧૩૭ | महिलं | महिलम्मि |
| ૧૪૧ | संरंभा | संरंभो |
| ૧૬૦ | भूसिरहं | भूरिरहं |
| ૧૬૨ | वित्थरियं | विच्छुरियं |
| ૧૬૮ | विबुवह | विबुह |
| ૨૦૮ | गइ० | मइ० |
| ૨૨૧ | सक्कारि० | हक्कारि० |
| ૨૩૦ | सज्ज | भद्द |
| ૨૩૪ | विट्ठसि | चेट्ठसि |
| ૨૫૮ | ०अव्वस | ०यव्वस्स |
| ૨૮૩ | सणिय० | मणिय० |
| ૨૮૮ | परमत्थं | परमत्थमित्थ |
| ૨૯૦ | इहेव | इह व्व |
| ૨૯૯ | अहिपयरं | अहिययरिं |
| ૩૧૧ | सा | सो |
| ૩૩૮ | ०त्तमवि य | ०त्तणंमि |
| ૩૪૨ | ०भावो | ०भावा |
| ૩૪૮ | व्व च० | चव० |
| ૩૪૮ | ०जणण० | ०ज्जण० |
| ૩૭૯ | घटि० | घट्टि० |
| ૩૮૧ | को | का |
| ૩૮૬ | जणा | जह |
| ૩૯૫ | वट्टिओ | वड्डिढओ |
| ૪૧૨ | ०विट्ठ० | ०वट्ठ० |
| ૪૧૬ | करवत्ति | करवत्त |
| ૪૩૩ | ०बम्भं व च० | ०ब्भचंच० |
| ૪૩૪ | ०वियागांइ | ०वियोगाइं |
| ૪૩૭ | तो | ता |
| ૪૩૯ | ०करी | ०कारी |
| ૪૩૯ | ज्जा० ज्जा० | ज्जो० ज्जो० |
| ૪૪૦ | एसा–एक्का | एसो-एक्को |
| ૪૪૧ | चत्ता इमा | चत्तो इमो |
| ૪૪૬ | ०णो वाहा० | ०णे वाह० |
| ૪૪૭ | पव्व० | पव० |
| ૪૫૫ | ०प्पसुई | ०प्पसूई |
| ૪૫૫ | ०बलं | ०बलमलं |
| ૪૬૭ | ०नीई | ०नीइं |
| ૪૬૭ | ०ज्जासु झत्ति तुमं– | ज्जसु तुमं किंतु |
| ૪૭૫ | धुमाभा | धूमाभा |
| ૪૮૧ | परिभा० | परिभो० |
| ૪૮૪ | सुणि० | मुणि० |
| ૪૯૪ | पवित्ती | पवित्तीओ |
| ૫૦૭ | नोतिमि० | नीतिमे० |
| ૫૧૩ | विविह० | विचित्त० |
| ૫૧૫ | दूम्मिया | दूमिया |
| ૫૧૮ | अहप० | अह प० |
| ૫૪૦ | ०सुजला० | ०सुजाला० |
| ૫૪૮ | ०विरहो | ०विरहा |
| ૫૫૫ | ०घरध० | ०धरघ० |

| | | | | | |
|---|---|---|---|---|---|
| ५७० | ०प्रमलो | ०कमलो | ८५८ | वलिऊण | चलिऊण |
| ५७८ | एयं | ए | ८७० | हुर०–ल्लंबि० | हर० ल्लंचि० |
| ५७९ | ०प्पेहणा | ०पेहडा | ८७३ | वुज्झइ | बुब्भइ |
| ५८४ | कहं | कई | ८९९ | नव | निव |
| ५९० | सुत्तत्थ० | व तत्थ० | ९०९ | संता | संत्रा |
| ५९२ | य जाग० | व गाग० | ९१८ | वइड० | वइउ० |
| ५९४ | य सव० | व सव० | ९२८ | बुद्धी | बुद्धढी |
| ६०१ | अइसय– | अ सेस– | ९३० | तो | ते |
| ६११ | ०वट्ठाणिए | ०वट्ठावणिए | ९३८ | ०मिइ० | ०मियो० |
| ६१९ | दुकरचमकार० | दु कुहचमक० | ९५० | पामु० | पम्मु० |
| ६२५ | ०मुद्धुय– | ०द्धिय– | १०१० | ०मोत्तूणं | ०मोत्तुं |
| ६२९ | हु | ते | १०२७ | ०विरय० | वियर० |
| ६३९ | बन्धा-आहार। | बन्धे आहारं | १०४७ | चिंतियं | चिंतिउं |
| ६६४ | ०कलावविमु० | ०कलामु० | १०५१ | चिरागओ | चिराय न |
| ७०२ | ०त्तणऊ वयेमि | ०त्तेण वट्टामि | १०५७ | किलिस्संति | किलम्मंति |
| ७०५ | चिन्तयरस्स य | चिंति स्स व | १०८९ | सुहे | सुहि |
| ७०५ | पित्र | पिहु | १०९८ | धणंत० | घडंत० |
| ७११ | इय | इ | १०९८ | ०ल्लसंत० | ०ल्ललंत० |
| ७१६ | ते णिसामेह | तो मा चेव | ११०१ | ०विंधयं–जोड्ड | ०चिंधयं–जोड्ड |
| ७२२ | अमाइणो | अ इणो | ११०२ | ०क्खगयं | ०क्खखगयं |
| ७३५ | ०भूमियं | ० सियं | ११०४ | परेसिं | परेसि |
| ७४३ | ०कालम्मि | का पि | १११० | ०वमत्तिण, | वमसत्तिण, |
| ७५५ | ०चूरय! | ०चूय! | ११११ | °जुत्त० | °जुत्ति० |
| ७६१ | ०कम्मपसरो | ०क मकारो | १११२ | °ऊण | ०ऊण रोयंत |
| ७६९ | ०मिल्लचम्म० | ०ियगचम्म० | १११३ | मयना० | भुयना० |
| ७७२ | ०मारिओ | ०प विओ | ११७३ | साहू पित्र | साहू विव |
| ७८८ | ०विसेस० | ०विसेसं० | ११८१ | गेलन्तम्मि० | गलन्तम्मि० |
| ७८८ | ०साहुण | ०साहु | ११९५ | सबलो, | स धरो, |
| ७८८ | वट्टन्तो | ०व ड्ढन्तो | १२१० | ०गं जहा० | ०गमऽहा० |
| ८०० | खत्त० | स्व न्तु० | १२१४ | तह के० | नहके० |
| ८०१ | देववसा | दे वसा | १२२९ | उक० | उक्कू० |
| ८१४ | ०चूह भी० | ० ड्मी० | १२३९ | कहंपि | कहिंपि |
| ८२२ | जिण० | ज ० | १२४२ | उवयारं तणे | उवयारन्तो ण |
| ८२५ | ०रिहेणं | ० णेणं | १२४९ | गुत्तं | गुणं |
| ८२५ | ०णऽणुन्नाओ | ० ुन्नातो | १२५५ | जेणेव० | जे एव० |
| ८२९ | निच्चिय० | निच्छिय० | १२६१ | माणेहिइ | मा पेच्छिही |

| | | | | | |
|---|---|---|---|---|---|
| ૧૨૭૪ | तस्स | जुज्झंतस्स | ૧૯૪૪ | जेणासि | जेणसि |
| ૧૨૭૬ | य त्ति | અધિક છે | | सुनिवुसं- | सुनिच्छिचतं |
| ૧૨૭૭ | कयंतओ दूव्व-कयंत दूच्छोव्व | | ૧૯૪૮ | सक्खं | सक्खा |
| ૧૨૮૩ | जइ-लग्गि० | जया-लग्गि० | ૧૯૬૪ | अंसं | डंसं |
| ૧૨૮૩ | राया | लाया | ૧૯૯૬ | तया | सुया (पाठां सका) |
| ૧૩૦૨ | लहित्तु | लहंति | ૨૦૨૫ | ट्ठिउं | ऽच्छिउं |
| ૧૩૧૫ | शूभे | थूभं | ૨૦૩૨ | हम्मिओ | मम्मिओ |
| ૧૩૩૨ | मुहपरिणईसु | सुहपरिणई | ૨૦૪૮ | •सामरिहन्ते | ०सारमरिहन्ते |
| | महुरं- | सुमहुरं | ૨૦૫૫ | समाहिमगंतो! | समहियमगंता |
| ૧૩૪૩ | विज्जा | ठिया | ૨૦૭૧ | किर | ठिय |
| ૧૩૫૪ | ०मयाणं | ०मणायं | ૨૦૮૨ | सम्मं प० | संमप० |
| ૧૩૭૪ | जहा | जया | ૨૧૮૮ | ०कमाऽऽ- | ०कमाओ |
| ૧૩૭૫ | महं ति | तहत्ति | | उविहि० | विहि० |
| ૧૩૯૯ | एवं | एयं | ૨૧૭૯ | रयमको | रयममलो |
| ૧૪૪૭ | निविहं | निवहं | ૨૧૯૪ | -घट्टप० | -थट्टप० |
| ૧૪૬૧ | सुयनिही | सुयमिह | ૨૨૨૧ | व सा | य सा |
| ૧૪૮૪ | ०ममत्ता | ०समत्ता | ૨૨૩૭ | ०विया पुण, | ०विभा, |
| ૧૫૨૫ | ०वगयस्स | ०वगम्म | ૨૨૪૦ | कप्पिऊण | कत्तिऊण |
| | जिणमय-मणु० | -जिणमणु० | ૨૨૪૩ | मोत्तुं | घेत्तुं |
| ૧૫૫૮ | कदंप्पा० | कंदप्पा० | ૨૨૫૩ | ०जुयम्मि | ०जियंमी |
| ૧૫૭૭ | आरहाणा | आराहणा | ૨૨૯૬ | ०चित्ता० | ०चित्त० |
| ૧૫૯૬ | दंसमण० | दंसण० | ૨૩૦૧ | संमिलंता० | संगिलंता० |
| ૧૬૧૮ | पहि व्व | पहिट्ठ | ૨૩૧૩ | -याए | -हयाए |
| ૧૭૦૯ | १ भरइ | मरइ | ૨૩૩૯ | ०मोणविय० | ०मोणमिय० |
| ૧૭૩૭ | केरिच्छा | केरिच्छो | ૨૩૪૬ | केण व | केण य |
| ૧૭૪૧ | बहुदु० | पहुदु० | ૨૩૮૫ | निहुयं डि० | निहुयदिठ० |
| ૧૭૪૩ | ०रुणमयं | ०रुणपयं | ૨૪૦૯ | ०यणिज्जे | ०यणिज्जो |
| ૧૭૬૩ | दाणं | दाउं | ૨૪૧૬ | व व | च च |
| ૧૮૦૧ | असंगयं | असंखयं | ૨૪૬૯ | सगिहे वि | सगिह० |
| ૧૮૦૬ | नो, कासि | नेक्खसि | ૨૪૯૩ | अह उ | अहह |
| ૧૮૧૩ | मणो ! | मण ! | ૨૪૯૪ | ०रोवणे० | ०रोयणे० |
| ૧૮૨૯ | पविसंता | सविसंतो | ૨૫૫૯ | घरभार० | घरसार० |
| ૧૮૩૨ | दुक्खाइं से | दुक्खं इमे | ૨૫૮૪ | ०विवज्जय० | ०विवज्जिय० |
| ૧૮૯૯ | वयणं | वयणे | ૨૫૯૦ | मेत्थ | मेव |
| ૧૯૪૦ | ०रागमज्झमु० | ०रागिमसमु० | ૨૬૦૯ | हंदि | हद्धी |
| ૧૯૪૧ | सणियं | सणियं चिय | ૨૬૦૯ | ०त्थकयं | ०त्थकय |

ॐ अर्हं नमः

।। नमोऽस्तु श्री जिनप्रवचनाय ।।

શ્રીમહાવીરસ્વામિને નમઃ । શ્રીગૌતમગણધરાય નમઃ ।
શ્રીશંખેશ્વરપાર્શ્વનાથાય નમઃ । શ્રીજિનચંદ્રસૂરિવરેભ્યો નમઃ ।

શ્રી સિદ્ધિ-મેઘ-મનોહરસૂરિગુરુવરેભ્યો નમઃ ।

# શ્રીસંવેગરંગશાળા ગ્રંથનો ગુજરાતી અનુવાદ

---

શ્રી શંખેશ્વર પાસજી, વળી ગુણનિધિ ગુરુરાય,
તેહના પદ પ્રણમી સ્મરું, સરસ્વતી સુખદાય. ૧.
શ્રી જિનચંદ્રસૂરિ રચ્યો, પ્રાકૃત વચન રસાળ,
આરાધન વિધિ દાખવા, ગ્રંથ સંવેગરંગશાળ. ૨.
વિવિધ વિષય વિસ્તારથી, દાખ્યા અતિમતિચંગ,
ભણતાં સુણતાં ભવિકને, વધે સંવેગસુરંગ ૩.
તેહનો ગુર્જર વાણીમાં, અનુવાદ કરું આજ,
અલ્પમતિ પણ ભાવથી, સ્વ-પરને હિતકાજ. ૪.
પંડિત જન મુજ ઉપરે, મહેર કરી સુપ્રયાસ,
ભૂલ સુધારીને ભણે, સફળ કરે મુજ આશ. ૫.

**ગ્રંથકારનું મંગલ** :—ઊગતા સૂર્યની કાન્તિ જેવી (રક્તી), નમસ્કાર કરતાં દેવોના મુગટના સંઘટ્ટથી ક્ષુરિત (ખરી પડેલાં) રત્નોની સુશોભિત શ્રેણિ જેવી (નિર્મળ) અને મોક્ષમાર્ગને શોધવાની ઇચ્છાવાળા (ભવ્ય) મનુષ્યોના હાથમાં રહેલી દીપકની શ્રેણી જેવી (તેજસ્વી), એવી શોભતી પગોના નખોની શ્રેણીવાળા ત્રિભુવનપૂજિત શ્રી ઋષભદેવ-પ્રમુખ તીર્થંકરોને (હે ભવ્ય પ્રાણીઓ તમે) નમસ્કાર કરો. (૧-૨)

દુઃખથી જેને સમજી શકાય તેવા (દુર્ગમ) નયસમૂહ(નયવાદ)રૂપી નખોના સમૂહથી ભયંકર એવો જેઓનો તીર્થ(શાસન)રૂપી સિંહ, આજે પણ કુતીર્થિકો(અન્ય)

મતાવલંબીઓ)રૂપી હાથીઓના સમૂહને અત્યંત આક્રમણ કરે છે, તે શ્રી મહાવીર પ્રભુને તમે નમસ્કાર કરો, કે જે પ્રભુ અનંત રાગવાળા છતાં રાગના ત્યાગી, સુગત=બુદ્ધ છતાં શિવ અને સોમ=ચંદ્ર છતાં રાત્રિના ઉદયરૂપી આરંભના ત્યાગી છે. (અહીં ગ્રંથકારે વિરોધાભાસ અલંકારથી સ્તુતિ કરી છે, તેને ટાળવા (**અનંતરાય=**) અંતરાય વિના, (**પરિહરિયરાય=**) રાગના ત્યાગી, (**સુગત=**)સમ્યગ્જ્ઞાનવાળા હોવાથી (**શિવ=**)ઉપદ્રવ હરનારા અને (**સોમ=**)સૌમ્યતા ગુણવાળા હોવાથી, પ્રભુ (**ચત્તદોસોદયારંભ=**)રાગાદિ દોષોના ઉદય અને આરંભના ત્યાગી છે, એમ અર્થ કરી શકાય.) (૩-૪)

નિર્વાણ પામેલા અને સ્નેહદશાથી રહિત એવા છતાં અપૂર્વ દીપક સરખા, જગત્પ્રસિદ્ધ શ્રી સિદ્ધો જયવંતા વર્તે છે. (અહીં દીપકના પક્ષમાં નિર્વાણ પામેલો એટલે બૂઝાએલો અને સ્નેહ=તેલ તથા દશા=વાટ, એવો અર્થ કરવો.) સિદ્ધો એવા નથી તો પણ પ્રકાશ કરે છે, માટે અપૂર્વ દીપક સરખા છે. (૫)

હજારો અતિશયોરૂપી સુંદર (સુગંધી) મકરંદ=રસથી ઉદ્દામ (મઘમઘતા), એવા શ્રી જિનેશ્વરના મુખરૂપી સરોવરમાંથી પ્રગટેલા (ઊગેલા) શ્રુતરૂપી કમળના મૂળ, નાળ વગેરે તુલ્ય જે પાંચ પ્રકારના આચારો, તેના નિત્ય પાલક અને પ્રરૂપક, એવા ગુણગણના ધારક શ્રી ગૌતમ વગેરે જે ગણધરો, તેઓને હું વાંદુ છું. (૬-૭)

**અનવરત**=સતત સૂત્રના દાનથી આનંદિત કરેલા મુનિવરોરૂપી ભમરાઓથી પરિવરેલા અને નિત્ય ચરણ=ચારિત્રગુણથી શ્રેષ્ઠ એવા હાથીતુલ્ય શ્રી ઉપાધ્યાય ભગવંતોની હું સ્તુતિ કરું છું. (અહીં હાથીના પક્ષમાં દાન=મદ, ભ્રમરનિકર=ભમરાઓનો સમૂહ અને ચરણ=ચાલ-ગતિથી શ્રેષ્ઠ, એવો અર્થ કરી શકાય.) (૮)

જેઓ કરુણાથી ભરપૂર હૃદયવાળા, ધર્મમાં ઉદ્યમી જીવોને સહાય કરનારા અને દુર્જય કામદેવને જીતનારા તથા તપોનિધાન(તપસ્વી)છે, તે મુનિવરોને હું પ્રણમું છું. (૯)

ગુણરૂપી રાજાની રાજધાની સરખી શ્રી સર્વજ્ઞ ભગવંતની મહાવાણીને હું નમું છું, કે જે વાણી સંસારરૂપી ભયંકર (અવડ=) કુવામાં પડેલા પ્રાણીઓના ઉદ્ધાર માટે નિષ્પાપ દોરી સમાન છે. (૧૦)

તે ઉત્તમ પ્રવચન જયવંતુ વર્તે છે કે-ઉન્માર્ગે જતો બળદ તીક્ષ્ણ (**પવયણ=**) પરોણાને દેખીને જેમ સન્માર્ગે ચાલે, તેમ પ્રાણિઓ જે પ્રેરક પ્રવચનને પામીને સંસારમાર્ગને છોડીને મોક્ષના માર્ગે ચાલે છે. (૧૧)

(મુનિઓની સામાન્ય સ્તુતિ ઉપર કરવા છતાં આ ગ્રંથ નિર્યામણા માટે હોવાથી, હવે નિર્યામક મુનિઓની સવિશેષ સ્તુતિ રેંટની ઉપમા આપીને કહે છે કે-) જેઓ ચિંતા(જ્ઞાન)રૂપી અરઘટ્ટને જોડીને, ધર્મ-શુક્લ, એ શુભધ્યાનરૂપી બળદોની જોડી દ્વારા, આરાધનારૂપી ઘડીઓની માળા વડે, આરાધક પ્રાણીઓરૂપી પાણીને, જેઓ સંસારરૂપી

કુવામાંથી ખેંચીને, ઉંચે ( મોક્ષ કે સ્વર્ગે ) પહોંચાડે છે, તે અરઘટ્ટતુલ્ય નિર્યામક ગુરુઓને અને મુનિઓને સવિશેષ નમું છું. (૧૨-૧૩)

( વળી આરાધક એવા મુનિઓ અને ગૃહસ્થોની સ્તુતિ કરે છે કે- ) સદ્ગતિની પ્રાપ્તિ માટે મૂળ આધારભૂત આ (ગ્રંથમાં કહેવાશે તે પરિકર્મવિધિ વગેરે) ચાર પ્રકારના સ્કંધવાળી આરાધનાને પાર પામેલા મુનિઓને હું વાંદું છું અને ( તેવા ) ગૃહસ્થોને અભિનંદું ( પ્રશંસા કરું ) છું. (૧૪)

( હવે સંસારથી તરવા માટે આરાધના એ જ નાવ સમાન છે, તેથી તેની સ્તુતિ કરે છે કે- ) તે આરાધના ભગવતી જગતમાં સદા જયવંતી રહો, કે જેને દઢતાથી વળગેલા ભવ્ય પ્રાણિઓ "નાવડીમાં બેઠેલો સમુદ્રને તરે," તેમ ભયંકર ભવસમુદ્રને તરી શકે છે. (૧૫)

( હવે શ્રુતદેવીની સ્તુતિ કરે છે કે- ) તે શ્રુતદેવી ( સદા ) જયવંતી છે, કે જેના પસાયથી મંદ બુદ્ધિવાળા પણ કવિઓ નિજ ઇષ્ટ અર્થનો પાર પામવામાં સમર્થ બને છે. (૧૬)

( હવે પોતાના ગુરુની સ્તુતિ કરે છે કે- ) જેઓના ચરણકમલના ( સેવાના ) પ્રભાવે હું સર્વ લોકને શ્લાઘનીય એવી સૂરિપદવીને પામ્યો છું, તે દેવોથી ( અથવા પંડિતોથી ) પૂજાએલા મારા ગુરુભગવંતને હું પ્રણિપાત ( વંદન ) કરું છું. (૧૭)

એ રીતે સમસ્ત સ્તુત્યવર્ગની આ સ્તુતિ દ્વારા "જેમ સુભટ હાથીઓની ઘટાવડે શત્રુરૂપી પ્રતિપક્ષને ચૂરે, તેમ" વિઘ્નોરૂપી પ્રતિપક્ષનો ચૂરો કરનારો હું સ્વયં મંદમતિ છતાં મોટા ગુણોના સમૂહથી મહાન્ એવા સદ્ગુરુના ચરણકમળના ( અથવા ચારિત્રના ) પ્રભાવે ભવ્ય પ્રાણીઓને હિતકારક કંઈક માત્ર કહું છું. (૧૮-૧૯)

**સંસાર અટવીમાં ધર્મની દુર્લભતાઃ-(વિજૃંભિત=)** નિરંકુશ યમરૂપી સિંહ મૃગલાતુલ્ય સંસારી જીવોના સમૂહને જ્યાં સતત હણે છે, વિલાસી દુર્દાન્ત ઇન્દ્રિયો-રૂપી શિકારી પ્રાણિઓથી જે ( ઉપ્પંક= ) અતિ ( લલક્કં ) ભયંકર છે, પરાક્રમી એવા કષાયોનો વિલાસ જ્યાં વ્યાપ્ત છે, કામરૂપી દાવાનળથી જે રૌદ્ર ( બિહામણું ) છે, વિસ્તાર પામતી એવી દુર્વાસનારૂપી પર્વતની ( વેગીલી ) નદીઓના પૂરથી જે દુર્ગમ્ય છે અને તીવ્ર દુઃખોરૂપી વૃક્ષો જ્યાં ( સર્વત્ર ) ફેલાયેલાં છે, એવી વિકટ અટવીરૂપ ગહન આ સંસારમાં "લાંબા માર્ગે મુસાફરી કરતા મુસાફરની જેમ" મુસાફરી કરતા જીવોને, ઊંડા સમુદ્રમાં રહેલા મોતીની પ્રાપ્તિની જેમ, મનુષ્યપણું ધુંસરી અને સમીલાના દૃષ્ટાંત જેવું અતિ દુર્લભ છે, તેને અતિ મુશ્કેલીથી મેળવવા છતાં ઉખર ભૂમિમાં ઉત્તમ ધાન્યપ્રાપ્તિ કે મરુભૂમિમાં કલ્પવૃક્ષની પ્રાપ્તિની જેમ ત્યાં ( મનુષ્યપણામાં ) પણ સુકુળ, સુજાતિ, પંચેન્દ્રિયની પટુતા, દીર્ઘ આયુષ્ય વગેરે ધર્મસામગ્રી ( ઉત્તરોત્તર ) વિશેષ દુર્લભ છે, તેને પણ પામવા છતાં ( સર્વજ્ઞકથિત નિષ્કલંક ધર્મ અતિ દુર્લભ છે, કારણ કે- ) ત્યાં પણ ભાવિ કલ્યાણકર હોય, સંસાર અલ્પ બાકી રહ્યો હોય, અતિ દુર્જય મિથ્યાત્વ-

મોહનીય કર્મ નિર્બળ બન્યું હોય, ત્યારે જીવને સદ્ગુરુના ઉપદેશથી કે સ્વયં (નૈસર્ગિક) રાગ–દ્વેષરૂપી કર્મની ગ્રંથીનો ભેદ થવાથી (ધર્મની પ્રાપ્તિ થાય છે. તે ધર્મ કેવો છે તે કહે છે.)

મોટા પર્વતની અતિ વેગવાળી મહાનદીના પૂરમાં તણાતા જીવને નદીના કાંઠાનો પ્રકૃષ્ટ આધાર મળી જાય, ભિખારીને નિધાન મળી જાય, વિવિધ રોગોથી રીબાતા રોગીને ઉત્તમ વૈદ્ય મળી જાય અને કુવામાં પડેલાઓને બહાર નીકળવા માટે કોઈના હાથનો મજબૂત ટેકો મળી જાય, તેમ અત્યંત પુણ્યના પ્રકર્ષથી પામી શકાય તેવો, ચિંતામણી અને કલ્પવૃક્ષને પણ જીતનારો અધિક ઉપગારી, એવા સર્વજ્ઞકથિત નિષ્કલંક ધર્મને (જીવ) પામી શકે છે, માટે તેવા પરમ ધર્મને પામીને આત્માએ પોતાનું હિત જ શો(સા)ધવું જોઇએ. તે હિત તેવું જોઇએ કે જે નિયમા કોઈ પણ અહિતથી ક્યાંય પણ કદાપિ બાધિત ન થાય. (૨૦ થી ૨૯)

ઉપર જણાવ્યું તેવું અનુપમ (સર્વશ્રેષ્ઠ) આત્યંતિક (કદાપિ નાશ નહિ પામનારું) અને એકાન્તિક (દુઃખના લેશ વિનાનું શુદ્ધ) એવું શ્રેષ્ઠ હિત (સુખ) મોક્ષમાં મળે છે. તે મોક્ષ કર્મોના સંપૂર્ણ ક્ષયથી થાય છે અને આવો કર્મક્ષય પણ કરેલી વિશુદ્ધ આરાધનાથી થાય છે, માટે હિતના અર્થી ભવ્યજીવોએ સદા તે ધર્મની આરાધનામાં ઉદ્યમ કરવો જોઇએ, કારણ કે–ઉપાય વિના ઉપેયની સિદ્ધિ (પ્રાપ્તિ) થાય નહિ. (૩૦–૩૧) આ આરાધના કરવા ઇચ્છનારા પણ જો તેઓ આરાધનાનું સ્વરૂપ જણાવનારાં સમર્થ શાસ્ત્રોને છોડીને ગમે તેવો (તેટલો) ઉદ્યમ કરે, તો પણ સમ્યગ્ આરાધનાને જાણી (પામી) શકતા નથી. (૩૨) માટે હું તુચ્છબુદ્ધિ છતાં (ગુર્વાદિની કૃપા અને શાસ્ત્રોના આલંબનથી) ગૃહસ્થ અને સાધુ–ઉભય સંબંધી અતિ પ્રશસ્ત એવો મહાઅર્થ (મોક્ષ) અને તેના હેતુથી વ્યાપ્ત એવું આરાધનાશાસ્ત્ર કહીશ. (૩૩) હવે આરાધકને ઉદ્દેશીને કહે છે.

**ધર્મના અધિકારી** :–આરાધનાની ઇચ્છાવાળાએ પ્રથમથી જ ત્રણ યોગોને રોકવા જોઇએ, કારણ કે–બેકાબૂ એવા ત્રણ યોગો એવું કોઈ અશુભ–અસુખ નથી, કે જેને ન કરે; અર્થાત્ સર્વ અશુભ–અસુખના સર્જક, નિરંકુશ એવા ત્રણ યોગો છે. (૩૪) તે આ પ્રમાણે :–

અસમંજસ એટલે અન્યાયરૂપે નિરંકુશપણે વિવિધ વિષયોરૂપી અરણ્યમાં ભમતો, અરતિ, રતિ અને કુમતિ વગેરે હાથીણીઓ તથા કષાયરૂપી પોતાનાં (હાથીનાં) બચ્ચાં વગેરે મોટા યુથથી યુક્ત તથા ઘણા ગુણરૂપી વૃક્ષોનો નાશ કરનાર, એવો પ્રમાદરૂપી મદથી મત્ત બનેલો આ મનરૂપી હાથી પગલે પગલે ઘણા પ્રકારની (કર્મરૂપી) રજવડે આત્માને મલિન કરે છે. (૩૫–૩૬)

હવે વાણીને અસતીની ઉપમાથી વર્ણવે છે કે–નિરર્થક બોલાતી, પ્રતિક્ષણ અન્યાન્ય વર્ણો(શબ્દો)ને ધારણ કરતી અને વિલાસ એટલે (સાંભળનારને) મનોરંજન કરતી, એવી

વાણી (વચન) પણ અસતીની જેમ (અસતી પક્ષમાં સ્વાર્થ નિરપેક્ષ પ્રવૃત્તિવાળી, ક્ષણે ક્ષણે અન્યાન્ય વર્ણ(રંગ)ની યોજના કરનારી વિલાસી) અનર્થને ફેલાવે છે. (૩૭)

હવે કાયાના અંગે કહે છે કે-અન્યા (આત્માને અહિતકર એવા) વ્યાપાર(પ્રવૃત્તિ)-વાળી, સર્વ વિષયમાં સર્વ રીતે (અનિરૂદ્ધ) નિરંકુશ અને તપેલો લોખંડનો ગોળો જેમ જ્યાં સ્પર્શે, ત્યાં બાળી મૂકે, તેમ સર્વત્ર હિંસાદિને કરનારી, એવી કાયા પણ કલ્યાણકર નથી. (૩૮) આ ત્રણમાં નિરંકુશ એવો એક પણ યોગ ઉભયલોકનાં દુઃખોનું બીજ છે, તો તે ત્રણેય જ્યારે સાથે મળે, ત્યારે શું ન કરે ? અર્થાત્ મહા અનર્થ કરે. માટે તે યોગોના નિરોધ માટે યત્ન કરવો જોઇએ. (૩૯)

આ યોગનિરોધ શી રીતે થાય ? તે કહે છે કે-વળી તે યોગનિરોધ પ્રશસ્ત ગ્રંથોના અર્થનું ચિંતન, તેની રચના, વગેરે સમ્યગ્ કાર્યના આરંભથી થાય, અન્યથા ન થાય : કારણ કે-તેના જ અર્થનો વિચાર કરવાથી મન, તેને બોલવાથી વચન અને તેને લખવા વગેરેની ક્રિયા કરવાથી કાયા, એ કાર્યમાં સારી રીતે જોડાય. એટલે અસદ્ વ્યાપારથી રોકાઈ જાય. (૪૦-૪૧) એ રીતે કર્મબંધમાં એક પ્રબળ કારણ એવા યોગોના પ્રસાર-(પ્રચાર)ને રોકનારા મહાત્માને જ (અથવા મારા આ આત્માને) આ પ્રસ્તુત ગ્રંથરચનાથી ઉપકાર થઈ શકે. (૪૨) હવે યોગનિરોધથી થતા લાભો કહે છે.

**યોગનિરોધનું ફળ** :-એ રીતે યોગનિરોધથી થયેલો એક આ ઉપકાર (કે પ્રસ્તુત ગ્રંથનું સર્જન થાય) અને બીજો ઉપકાર એ કે-સંવેગનું વર્ણન કરતાં પદે પદે પ્રશમસુખનો લાભ થાય. (૪૩)

**સંવેગનો મહિમા** :-સ્વપ્નમાં પણ દુર્લભ એવો સંવેગ, સાથે નિર્વેદ પ્રમુખ પરમાર્થ(તત્ત્વો)નો જેમાં વિસ્તાર હોય, તે શાસ્ત્ર શ્રેષ્ઠ કહેવાય છે. (૪૪) જે શાસ્ત્રમાં અનાદિ ભવાભ્યાસથી સ્વયંસિદ્ધ (અનાદિ અભ્યાસથી કરાય તેવા) અને બાળ, ગોપાળ, સ્ત્રીઓ વગેરે સર્વ કોઈ સરલતાથી કરી શકે તેવા, કામ અને અર્થની પ્રાપ્તિના તથા રાજનીતિના ઉપાયો બહુ પ્રકારે જણાવ્યા હોય, તે શાસ્ત્રને હું નિરર્થક (અહિતકર) સમજું છું. (૪૫-૪૬) એ કારણે સંવેગાદિ આત્મહિતાર્થના પ્રરૂપક આ શાસ્ત્રના શ્રવણ અને પરિભાવન (ચિંતન) વગેરેમાં બુદ્ધિમાનોએ નિત્ય પ્રયત્ન કરવો જોઇએ. (૪૭) કારણ કે-સંવેગગર્ભિત અતિ પ્રશસ્ત શાસ્ત્રનું શ્રવણ ધન્ય પુરુષોને જ મળે છે; અને શ્રવણ પછી પણ તે સમરસ(સમતા)ની પ્રાપ્તિ તો અતિ ધન્યપુરુષને જ થાય છે. (૪૮) વળી જેમ જેમ સંવેગરસનું વર્ણન કરાય, તેમ તેમ પાણી ભરેલો માટીનો કાચો ઘડો જેમ ભિંજાય(ભેદાય), તેમ ભવ્યાત્માઓનાં હૃદયો ભેદાય છે; (૪૯) વળી લાંબા કાળ સુધી પાળેલા સંયમનો સાર પણ આ (સંવેગરસની પ્રાપ્તિ) છે; કારણ કે-બાણ તેને કહેવાય, કે જે લક્ષ્યના મધ્યને વિંધે ! (તેમ આરાધના તેને કહેવાય, કે જેથી સંવેગ

પ્રગટે,) (૫૦) દીર્ઘકાળ સુધી તપ તપ્યા, ચારિત્ર પાળ્યું અને બહુ શ્રુતજ્ઞાનને પણ ભણ્યા, છતાં જો સંવેગરસ ન પ્રગટ્યો, તો તે સર્વ ફોતરાને ખાંડવાની જેમ (નિષ્ફળ) જાણવું. (૫૧) કારણ કે–હૃદયમાં (અથવા પાઠાન્તરે) સમગ્ર દિવસમાં એક ક્ષણ પણ સંવેગરસ ન પ્રગટે, તો તે નિષ્ફળ બાહ્ય ક્રિયાના કષ્ટનું શું ફળ મળ્યું ? (૫૨) પખવાડિયામાં, મહિનામાં, છ માસમાં કે વર્ષને અંતે પણ જેને સંવેગરસ ન પ્રગટે, તે આત્માને દુર્ભવ્ય કે અભવ્ય જાણવો. (૫૩) જેમ રૂપ(સૌંદર્ય)માં ચક્ષુ, (પતિ–પત્ની, માતા–પુત્ર, ગુરુ–શિષ્ય આદિ યુગલરૂપ) મિથુનમાં (પરસ્પર) હિતબુદ્ધિ અને રસોઈમાં લૂણ એ સારભૂત છે, તેમ પરલોકના વિધાન (હિત)માં સંવેગરસનો સ્પર્શ સારભૂત છે. (૫૪) સંવેગના જ્ઞાતાઓએ (અનુભવીઓએ) 'ભવનો તીવ્ર ભય અથવા મોક્ષની તીવ્ર અભિલાષા' તેને સંવેગ કહ્યો છે. (૫૫)

**ગ્રંથ રચવાનો હેતુ અને ગ્રંથનો મહિમા** :–માટે માત્ર સંવેગની વૃદ્ધિ માટે જ નહિ, પણ કર્મરૂપી રોગથી રીબાતા ભવ્ય જીવોને અને મારા આત્માને પણ (નીરોગી બનાવવા માટે) લાંબા સમયથી સાંભળેલા ગુરુરૂપી વૈદ્યના ઉપદેશમાંથી વચનરૂપી દ્રવ્યો એકઠાં કરીને ભાવ આરોગ્યના હેતુભૂત આ અજરામર કરનારું, એવું આરાધનારૂપી રસાયણ (શાસ્ત્ર) કરવાનું મેં આરંભ્યું છે. (૫૬–૫૭) આ આરાધના(સંવેગ રંગશાળા) રૂપી ચંદ્રના કિરણોની નીચે રહેલા દિવ્ય કાન્તિ(જ્ઞાન)વાળા (આરાધક) જીવરૂપી ચન્દ્રકાન્ત મણિમાંથી પાપરૂપી પાણી પ્રતિક્ષણ ઝરે છે. (અર્થાત્ આ સંવેગ રંગશાળામાં કહેલી આરાધના કરનારના પાપો પ્રતિક્ષણ નાશ પામે છે.) (૫૮) જેમ કતક ફળ (નું ચૂર્ણ) જળને નિર્મળ કરે છે, તેમ જેનો સાર સંવેગ છે, એવી આ સંવેગ રંગશાળા, તેને વાંચનારા, શ્રવણ કરનારા અને ભાવિત કરનારાના, કલુષિત મનને પણ નિર્મળ (શાન્ત) કરશે. (૫૯)

**ગ્રંથનો મહિમા** :–(હવે આ ગ્રંથને વેશ્યાની અને સાધુઓને વિલાસીની ઉપમાથી ઘટાવે છે કે–) આ કારણે જ જેમાં પદો લલિત (અલંકારી) છે (વેશ્યાપક્ષમાં પદ=ચરણ અલંકૃત છે) તથા જે સરળ, કોમળ અને શુભ અર્થથી શોભન (વેશ્યાપક્ષે સરળ, કોમળ અને સુંદર હાથથી શોભન) છે, અખંડ એવાં (કાવ્યનાં) લક્ષણોથી શ્રેષ્ઠ (વેશ્યાપક્ષે અખંડ શરીરના લક્ષણોથી શ્રેષ્ઠ) છે, સુંદર શબ્દોરૂપી રત્નોથી ઉજ્વલ (દેદીપ્યમાન) કાયા(સ્વરૂપ)વાળી (વેશ્યાપક્ષે ઉત્તમ વર્ણ અને રત્નો(અલંકારો)થી ઉજ્વલ શરીરવાળી), કાનને સુખ આપનારા કલ્યાણકારી શબ્દોવાળી (શ્રોતાને આનંદ આપનારી), (વેશ્યાપક્ષે કાનને પ્રિય લાગે તેવી ભાષાભાળી) (કાવ્યોના) વિવિધ અલંકારોથી શોભતા સમગ્ર શરીર(વર્ણન)વાળી (વેશ્યાપક્ષે વિવિધ આભરણોથી ભૂષિત શરીરવાળી), વળી ઉછળતા પ્રશાન્ત રસ(શમરસ)વાળી, વેશ્યાપક્ષે અપ્રશાન્ત રસ=ઉન્માદવાળી), તથા વિશેષતયા પરલોકના વિષયને (સુખને) આપનારી, (વેશ્યાપક્ષે (પર= અન્ય લોકોને વિષયસુખ આપનારી), વળી બહુભાવ (બહુમાન) પ્રગટાવવા દ્વારા અન્ય (વાચક–શ્રોતાદિ)ને શ્રેષ્ઠ આનંદ ઉપજાવનારી, (વેશ્યાપક્ષે બહુભાવ (હાવભાવ) દ્વારા પરપુરુષને (પર-

આનંદ= (કામનો આનંદ ઉપજાવનારી), વળી જેની રચના અસદ્ ગાથાઓથી રહિત છે (વેશ્યાપક્ષે મિથ્યા આગ્રહ વિનાની) અને જેમાં ક્યાંય પણ અનર્થરૂપી કાળાપણું નથી, (વેશ્યાપક્ષે કદાપિ જેણે ધનને ઘણું માન્યું નથી–અસંતોષી), વળી ઘણા ગ્રંથોમાંથી (અથવા ગુર્વાદિ પાસેથી) એકઠા કરેલા અર્થરૂપી તત્ત્વોવાળી (વેશ્યાપક્ષે ઘણા લોકો પાસેથી અર્થને મેળવનારી) તથા (મૂળકાળ=) પ્રારંભથી (કરણ=) કારકના (વિભક્તિઓના) વિધાન માટે કરેલા પરિશ્રમવાળી, (વેશ્યાપક્ષે જન્મથી માંડીને કરણ-વિધિ=કામના વિવિધ આસનોના, અથવા નૃત્ય સંબંધી કરણના અભ્યાસવાળી), એવી મહાવેશ્યા જેવી આ (આરાધનાવિધિ=) સંવેગ રંગશાળા છે. (૬૦ **થી** ૬૩) (આ સંવેગ રંગશાળારૂપી વેશ્યા) જે઼ઓ નિત્ય પોતાની સમતાની રમણતામાં તત્પર, મોહનો નાશ કરનારા, જ્ઞાનનો (આભોગ=) વિસ્તાર (વૃદ્ધિ) કરવામાં તત્પર (ઉદગ્ર=) અખંડિત વ્રતોથી યુક્ત અને સાધુતાનો વિલાસ કરવામાં ચતુર છે, (એવા કયા સાધુને) (વિલાસી-પક્ષે અપસમ=અપ્રશમમાં–રાગ-દ્વેષ–વિષયાદિમાં (રઈપિર=) પ્રીતિ કરનારા, નિત્ય (મોહન=) કામની આશા કરનારા, વિવિધ ભોગોમાં રક્ત (ઉદગ્ર વય=) યુવાવસ્થાવાળા અને (સમણ=) પોતાના મનપસંદ વિલાસને કરવામાં ચતુર એવા (કયા વિલાસીના) નેત્રોને આનંદ આપનારી અને ચિંતન–મનનને યોગ્ય વચનોવાળી, આ આરાધના–સંવેગ રંગશાળા (વેશ્યાપક્ષે નેત્રોને આનંદ આપનારી અને ભાવનીય=દર્શનીય મુખવાળી) કયા સાધુના મનને હરણ કરવામાં કારણ નહિ બને ? અર્થાત્ વેશ્યા જેમ વિલાસીનું ચિત્ત હરે, તેમ આ સંવેગરંગશાળા સર્વ સાધુઓના મનનું હરણ કરશે. (૬૪–૬૫) વળી એ જ રીતે (નિજક) પરિવાર અને પરિગ્રહના સંગની વાંછાને તજનારા (વિરાગી) એવા સદ્-ગૃહસ્થોને પણ આ સંવેગરંગશાળા (નિર્વૃત્તિ) શાન્તિનું (અથવા સર્વવિરતિનું) નિમિત્ત કેમ નહિ બને ? અર્થાપત્તિએ બનશે. (૬૬)

જેમ અતિ નિપુણ સૂત્રધાર (સુથાર) અનંતર જાતં=નજીકમાં થયેલું (અપ્રાચીન) એવું પણ કોઈ કાષ્ટ, ઈંટો કે પત્થર વગેરે (દલ=) વસ્તુઓને તોડવા–સાંધવાદ્વારા, જાડું–પાતળું કે લાંબુ–ટૂંકું કરીને, બીજો આકાર આપીને, સુંદર મંદિરરૂપે સ્થાપે (બનાવે) છે, તેમ કરવા હું પણ તત્પર થયો છું. (૬૭–૬૮) શ્રુતમાં જોવામાં આવેલું અને પ્રાચીન, એવું આ પ્રારબ્ધ ગ્રન્થમાં ઉપયોગી કોઈ ગાથા, શ્લોક, અર્દ્ધગાથા કે બે–ત્રણ વગેરે અનેક શ્લોકોના–ગાથાઓના સમૂહરૂપ કુલક વગેરેને પણ કંઈક ગ્રહણ કરવારૂપે અને કંઈક છોડવારૂપે, કોઈ સ્થળે ઘટાડતો અથવા કોઈ સ્થળે વધારતો હું તે તે વ્યાખ્યાનાં દ્વારોમાં ઉપકારી થાય તે રીતે પરાયું પણ આ ગ્રંથમાં કોઈ સ્થળે યોજીશ (જોડીશ). (૬૯–૭૦) નવું કરવા માટેનું પોતાને જ્ઞાન અને અભિલાષા હોવા છતાં, પોતાને કાવ્યની રચનાનો ગર્વ તજવા માટે અન્ય કવિનું રચેલું પણ પોતાની રચનામાં દાખલ કરતો (કવિ જવાબદારીના ભારથી) હલકો થાય છે. (અર્થાત્ પોતાને તે વિષયોનું જ્ઞાન હોવા છતાં

અન્ય ગ્રંથકારનો પાઠ કે સાક્ષી આપવાથી પોતાની રચના વિશ્વસનીય બને છે અને પોતાની જવાબદારીનો ભાર ઓછો થાય છે). (૭૧) વળી બીજાઓને કેવળ ઉપકાર કરવા માટે મારો આ પ્રારંભ છે, તેથી તે પણ સ્વ–પર ઉભયનાં વચનોદ્વારા યુક્તિયુક્ત બને. (૭૨) એવું જોવામાં પણ આવે છે કે–વ્યાપારી લોક અધિક ગ્રાહકો આવે ત્યારે પોતાની અને બીજા વેપારીના હાટમાં રહેલી પણ વસ્તુઓને લઈને મોટા વેપારી બને છે. (૭૩)

**ગ્રંથનું નામ કરવામાં હેતુ અને સંબંધ** :–આ ગ્રંથમાં કહેવાશે તે પ્રસ્તુત આરાધનાને અમે ગુણનિષ્પન્ન નામથી જેનો અર્થ નિશ્ચિત છે, તેવા યથાર્થ **સંવેગ-રંગશાળા** નામથી કહીશું. અર્થાત્ આ આરાધનાનું નામ સંવેગરંગશાળા રાખીશું. (૭૪) (આ સંવેગરંગશાળા=) યતિ અને ગૃહસ્થ વિષયક આરાધના, જે રીતે **નવ-દીક્ષિત મહસેન રાજાએ** પૂછી અને **શ્રીગૌતમ ગણધરે** જે રીતે તેને કહી, તથા જે રીતે તેને સમ્યગ્ આરાધીને તે રાજા મોક્ષ પામશે, તે રીતે (અમે કહીશું, માટે) અમારાથી કહેવાતી આ આરાધનાને સ્થિર (એકાગ્ર) ચિત્તથી સાંભળો–હૈયામાં ધારણ કરો ! (૭૫–૭૬) હવે કથારૂપે આરાધનાનું વર્ણન કરતાં પ્રથમ ચાર ગાથાથી કચ્છ દેશનું વર્ણન કરે છે.

**કથાપ્રારંભ અને કચ્છ દેશનું વર્ણન** :–ધન-ધાન્યથી ભરપૂર એવા ઘણા નગરો અને ગામોના સમૂહથી રમણીય, રમણીયરૂપ અને લાવણ્યવાળી યુવતીઓથી સર્વ દિશાઓને શોભાવતો તથા સર્વ દિશામાંથી આવેલા વેપારીઓ જ્યાં વિવિધ પ્રકારના મોટા વેપાર કરે છે, વળી વેપારથી ધનાઢ્ય બનેલા ઘણા ધનાઢ્યોએ જ્યાં શ્રેષ્ઠ દેવમંદિરો કરાવ્યાં છે, વળી દેવમંદિરના ઉંચા શિખરના છેડે (ઉડતી) શ્વેત ધ્વજાઓના સમુહથી આકાશ પણ જ્યાં ઢંકાઈ ગયું છે, તથા આકાશમાં રહેલા વિદ્યાધરોએ જેના સુંદર ગુણસમુહની પ્રશંસા કરી છે, તથા રમણીય ગુણના સમુહથી પ્રસન્ન થયેલા મુસાફરોએ જે દેશમાં આવીને વસવાની ઈચ્છા કરી છે, તેવો આ જંબૂદ્વિપના–દક્ષિણભરતાર્દ્ધમાં કચ્છ નામનો દેશ છે. (૭૭ **થી** ૮૦) એ દેશની વિશેષતા જણાવે છે કે–ભારતમાં તો ગોવિંદ (વાસુ-દેવ) એક જ, હલી (બળદેવ પણ) એક જ અને અર્જુન પણ એક જ, ત્યારે આ દેશ સેંકડો ગોવિંદો (ગાયોના સમૂહથી) યુક્ત છે. હલી (ખેડૂતો) પણ સેંકડો છે અને અર્જુન (નામનાં વૃક્ષો) પણ અગણિત છે. એ રીતે આ દેશ ભારતની (વાતને=) મહત્તાને પણ અવગણે છે. (૮૧) હવે ત્યાંની **શ્રીમાલા** નામની નગરીનું પાંચ ગાથાથી વર્ણન કરે છે કે–ત્યાં યુવતી સ્ત્રી જેમ વસ્ત્રથી અંગોપાંગ સંવૃત્ત (વીંટેલાં) રાખે, તેમ આ નગરી કિલ્લાથી વીંટાયેલી (સંવૃત્ત) છે, સૂર્યનું બિમ્બ જેમ અત્યન્ત પ્રભાથી યુક્ત હોય, તેમ નગરી ઘણા (પહ=) માર્ગોથી યુક્ત છે અને વિભક્તિ–વર્ણ–નામ વગેરેથી યુક્ત પ્રત્યક્ષ જાણે શબ્દવિદ્યા (વ્યાકરણ) હોય, તેમ સુંદર જુદા જુદા વર્ણના, નામવાળા, ભિન્ન ભિન્ન વસવાટ (મહોલ્લા)વાળી છે. (૮૨) વળી જે નગરી મોટી ખાઈના પાણીથી વ્યાપ્ત અને ગોળ

એવા કિલ્લાથી વિંટાયેલી હોવાથી જાણે લવણસમુદ્રની જગતીથી વિંટાયેલા જંબુદ્વિપની સરસાઈ–સ્પર્ધાને કરે છે. (૮૩) વળી નિત્ય ચાલતાં વિસ્તૃત નાટકો અને મધુર ગીતોથી જે (પ્રજાજનને સતત) આનંદની વૃદ્ધિ કરે છે અને પરચક્રના ભયથી રહિત હોવાથી કૃતયુગના (સુષમાકાળના) પ્રભાવની પણ જે વિડંબના–લઘુતાને કરે છે. (૮૪) વળી અતિ મોટી ઋદ્ધિના વિસ્તારથી યુક્ત (મોટા ધનાઢ્ય) મનુષ્યો ત્યાં એવું સતત દાન કરે છે કે, તેથી હું માનું છું કે–વૈશ્રમણ (કૂબેર) પણ (તેઓની સામે) શ્રમણ (સાધુ જેવો ધનરહિત) દેખાય છે, અર્થાત્ કૂબેર જેવા ધનિક દાતારો ત્યાં વસે છે. (૮૫) વળી હિમાચલ જેવા ઉજ્વળ અને મોટા પ્રાસાદો (હવેલીઓ)થી જ્યાં દિશાઓ પણ ઢંકાઈ ગઈ છે, એવી દેવનગરી જેવી તે દેશમાં **શ્રીમાલા** નામની નગરી છે. (૮૬) આ નગરીની અંદરના ભાગમાં પદ્મસમાન મુખવાળી, સુંદર સ્તનવાળી, વિકાસી કમળસમાન નેત્રવાળી સ્રીઓ છે. તેમ બહાર એવી વાવડીઓ છે. (વાવડીપક્ષે પદ્મરૂપ મુખવાળી, મધુર (પયો-ધરા) પાણીથી ભરેલી અને વિકાસી કમળોરૂપી નેત્રોવાળી, એમ અર્થઘટના કરવી.) (૮૭) વળી તે નગરીના અંદરના ભાગમાં બહુ (સાહિત્યઓ) સામંતોવાળી અને પ્રસિદ્ધ કવિ-ઓના સમુહથી શોભતી, એવી (**સહાઓ=**) સભાઓ છે અને બહારના ભાગમાં ઘણાં વૃક્ષોવાળી અને વાનરના સમુહથી શોભતી એવી પ્રસિદ્ધ (**કાણણ=**) વનપંક્તિઓ છે. (૮૮) એ રીતે ગુણશ્રેણીથી શોભિત પણ તે નગરીમાં એક મોટો દોષ છે, કે જ્યાં ધર્મીઓ માર્ગણોને પોતાની સન્મુખ આકર્ષે છે. (અહીં વિરોધાભાસ અલંકાર એ રીતે ઘટાવ્યો છે કે–માર્ગણ એટલે બાણ તો ફેંકયા પછી ફેંકનારથી અવળું મુખ કરીને દૂર જાય, તેને બદલે અહીં માર્ગણ એટલે યાચકો ધર્મીઓની સન્મુખ આવે છે.) (૮૯) આ નગરમાં વસનારા લોકોને લોભ (ધનમાં નહિ) નિર્મળ યશ મેળવવામાં છે, સોબત સાધુઓની છે, રાગ શ્રુતજ્ઞાનમાં છે, ચિન્તા નિત્યમેવ ધર્મક્રિયાની છે, વાત્સલ્ય સાધર્મિકો પ્રત્યે છે, રક્ષા દુઃખથી પીડાતા પ્રાણીઓની કરે છે અને તૃષ્ણા સદ્ગુણ મેળવવામાં છે. (૯૦–૯૧) (વળી ત્યાં રાજા કેવો છે તે કહે છે કે–) આ નગરીનું પાલન **મહસેન** નામનો રાજા કરે છે, તે રાજાનો મહિમા એવો છે કે–પ્રણામ કરતાં (સામંતાદિ) અન્ય રાજાઓના મણિજડિત મુગટથી તે રાજાની પાદપીઠ ઘસાઈને સુંવાળી બની છે, (અર્થાત્ મુકુટબદ્ધ રાજાઓ પણ જેને નમે છે, (**સારઇય=શારદીય**) શરદૃઋતુના સૂર્યથી પણ અધિક પ્રચંડ પ્રતાપવાળો, (૯૨) શત્રુઓના (**દરિય=**)મદોન્મત હાથીઓના કુંભસ્થળને તીક્ષ્ણ તલવારથી નિર્દય રીતે ચૂરનારો અને નગરના દરવાજાના પરીઘ સમાન ઉદ્ભટ (મજબૂત) ભુજાદંડથી પ્રચંડ શત્રુઓનો પણ નાશ કરનારો (શૂરવીર) છે, (૯૩) તથા પોતાના રૂપથી કામદેવનો પણ પરાભવ કરનારો, ચંદ્રસમાન મુખવાળો, કમળના પત્રસમાન નેત્રવાળો અને અત્યન્ત પ્રચૂર સેનાવાળો, એવો મહસેન નામે રાજા છે. (૯૪) તે એક છતાં અનેક રૂપવાળો હોય તેમ સૌભાગ્યગુણથી સ્રીઓના હૃદયમાં, ત્યાગ(દાન) ગુણથી યાચકોના હૃદયમાં અને વિદ્વત્તાથી પંડિતોના હૃદયરૂપી ઘરમાં વસેલો છે. (અર્થાત્ વિવિધ

ગુણોથી પ્રજાને આનંદ આપે છે. ) (૯૫) તેની યુદ્ધસામગ્રીનું વર્ણન કરે છે કે–જેની વિજય(યુદ્ધ)યાત્રામાં સમુદ્રના ફેણના સમુહ જેવા ઉજ્જવલ છત્રના વિસ્તારથી ઢંકાઈ ગયેલું દિશાચક્ર ( ઉજ્જવલ થવાથી ) જાણે અટ્ટહાસ કરતું (આનંદથી હસતું) હોય તેવું શોભે છે. (૯૬) શત્રુઓને તો તેણે સુસાધુની જેમ રાજ્યની મૂર્છા છોડાવી દીધી છે, વિષયસુખનો ત્યાગ કરાવ્યો છે અને ભિક્ષાવૃત્તિથી જીવનારા કર્યા છે, તેથી જાણે તે તેમનો ધર્મગુરુ બન્યો હોય તેવો છે. (૯૭) તે રાજા જ્યારે યુદ્ધમાં હાથમાં પકડેલી તલવાર વિંઝે છે, ત્યારે તેમાંથી ઉછળતી નીલકાન્તિની છટાથી ઉદ્‌ભટ તેનો હાથ જાણે ધૂમકેતુ–તારો ઉગ્યો હોય તેવો દેખાય છે. (૯૮) બુદ્ધિનો પ્રકર્ષ તે મહાત્માનો એવો છે કે–એવું કંઈ નથી કે જેને તે ન જાણે (સમજે), છતાં નિર્દાક્ષિણ્યતા અને ખલપણાને તે જાણતો પણ નથી. ( અર્થાત્ બુદ્ધિ સમ્યગ્ હોવાથી એ દોષો તેનામાં નથી. ) (૯૯) અત્યંત ઘોડા–હાથીઓ-વાળો (વિરોધપક્ષે અત્યન્ત મરેલા હાથીઓવાળો પણ) તે ઘણા શ્રેષ્ઠ હાથીઓથી પરિવરેલો છે અને ઘણા પણ (પત્તી=) એટલે પાયદળ ( પદાતિ સૈન્ય ) વાળો, ( વિરોધપક્ષે ઘણી વિપત્તિવાળો, છતાં ) પણ તે રાજા સુખીઓ છે, તે મોટું આશ્ચર્ય છે. ( એમ આ ગાથામાં શબ્દથી વિરોધાલંકાર જણાવ્યો છે. ) (૧૦૦)

તે રાજામાં એક જ દોષ છે કે–પોતે સદ્‌ગુણોનો ભંડાર હોવા છતાં, તેણે સર્વ શિષ્ટ પુરુષોને હાથ વિનાના, વસ્ત્ર વિનાના અને (અનાસાદંડ=)નાક વિનાના કરી દીધા છે. ( અહીં વિરોધાભાસ અલંકાર છે, તેને ટાળવા માટે કર=દાણ વિનાના, વસણ=વ્યસન વિનાના અને બીજા પ્રત્યે આશા કે શિક્ષા નહિ કરનારા, એ અર્થ ઘટાવવો. ) (૧૦૧) (તે રાજાને રાણી કેવી છે તે કહે છે–) શરદ્‌ચંદ્રને પણ જીતે તેવી મુખચંદ્રની કાન્તિવાળી, (નિમ્મેર=) અમર્યાદિત ( ઘણા ) રૂપથી અને સુશોભિત સુંદર શણગારથી લક્ષ્મીદેવી સરખી ( અથવા શોભાવાળી ), ઉત્તમ કુળમાં જન્મેલી, ઉત્તમ શીલથી અલંકૃત, પતિના ( પ્રણય=)સ્નેહને ((વિ=) વિશેષતયા (ગત=) પામેલી–વ્હાલી, પતિભક્તા, સદ્‌ગુણોમાં આસક્ત, એવી કનકવતી નામની ભાર્યા છે. (૧૦૨–૧૦૩) તેને સઘળી કળાની કુશળ-તાથી યુક્ત, રૂપવાન, ગુણનો ભંડાર, સૌમ્ય વગેરે ગુણવાળો, જાણે રાજાનું બીજું રૂપ હોય તેવો જયસેન નામનો પુત્ર છે. (૧૦૪) તે રાજાને સુવિશુદ્ધ બુદ્ધિના પ્રકર્ષથી સંશયવાળા સર્વ પદાર્થોનો નિશ્ચય કરનારા (સંશયોને દૂર કરનારા) તથા નયગર્ભિત મહા અર્થવાળા પ્રશસ્ત શાસ્ત્રોના ચિંતનમાં ઉદ્યત, સંધિ, વિગ્રહ, યાન, આસન વગેરે છ ગુણોમાં એકાગ્ર ( સ્થિર ) ચિત્તવાળા અને પોતાના સ્વામિનું કાર્ય સિદ્ધ કરવામાં જીવનને બહુમત ( સફળ ) માનનારા, એવા સ્વામિભક્ત ( વફાદાર ) અને ગાઢ બનેલા પ્રેમથી પરસ્પર જુદા નહિ પડનારા ( ગાઢ અનુરાગી ), ઉત્તમ કવિઓની જેમ અપૂર્વ ( નવા નવા ) અર્થની વિચારણા કરવામાં અતૂટ વાંછાવાળા અને સર્વત્ર પ્રસિદ્ધ યશવાળા, એવા ધનંજય, જય, સુબંધુ, વગેરે મંત્રીઓ ( છે તેમના ) ઉપર રાજ્યની જવાબદારી મૂકીને

(રાજા) યથેચ્છ ક્રીડા કરે છે. (૧૦૫ થી ૧૦૮) (તે કેવી ક્રીડા કરે છે ? તે કહે છે–) કોઈ વાર પછડાતા શ્રેષ્ઠ ઝાંઝરના કોમળ ગુંજનવાળું, વળી નાચ કરતાં ઉછળતા ((વસંકુલ=) મોટા દેદીપ્યમાન હારથી શોભતી નટીની ડોકવાળું, (નટીનાં) નિર્મળ હાર અને લાંબા કંદોરાના તૂટતા દોરાવાળું, એવું વિચિત્ર (વિવિધ પ્રકારનું) નટીઓનું નાટક જુએ છે. (૧૦૯) કોઈ વાર હાથની આંગળીઓથી અંકુશ પકડીને અત્યંત રોષવાળા, દુષ્ટ, મહોન્મત્ત હાથીના સ્કંધ ઉપર બેસીને લાંબા પંથવાળા વનોમાં લીલાપૂર્વક ક્રીડા કરીને, મનુષ્યોના આગ્રહને (ઇચ્છાને) તોડવામાં કાયર, એવો તે (રાજા) પોતાના મહેલમાં પાછો ફરે છે. (૧૧૦) કોઈ દિન મદનું પાન કરતા ઘણા ભમરાઓથી ભૂષિત, અર્થાત્ મદ ઝરતા એવા હાથીઓના સમુહને, તો કોઈ દિન અતિ વેગવાળા ઘોડાઓનાં (વલ્ગન) દોડ–નાચને જુએ છે; કોઈ વાર શ્રેષ્ઠ, સુંવાળા કાષ્ટથી બનાવેલા, સુંદર રથના સમુહને, તો કોઈ દિન પ્રકૃષ્ટપણે (સ્વ આશય=) રાજાના ભાવને (લદ્ધ) જાણનારા, એવા મહા સુભટોને જુએ છે. (અર્થાત્ ચારેય પ્રકારના સૈન્ય સાથે ક્રીડા કરે છે.) (૧૧૧) એ રીતે રાજ્યધર્મને સાચવવા છતાં તે રાજા નિરંતર આત્મધર્મને ઉદ્દેશીને પુણ્ય–પાપ–બંધ–મોક્ષ વગેરે તત્ત્વોને સમજાવનારી યુક્તિઓવાળું, અનેક ભાંગાથી યુક્ત (વિવિધ ભાંગાને જણાવનારું), સંસારના સ્વરૂપને સૂચવનારું અને સઘળા દોષોનો નાશ કરનારું, એવું આગમ, તેના અર્થમાં દત્તચિત્ત (એકાગ્ર અને નવા નવા ભાવોને જાણવાથી) આશ્ચર્ય પામતો સાંભળે છે. (૧૧૨)

એ રીતે પૂર્વભવોપાર્જિત મોટા પુણ્યના સમુહથી (સર્વ) વાંછાઓને પૂર્ણ કરતાં તે રાજાના દિવસો વિવિધ ક્રીડાથી પસાર થાય છે. (૧૧૩) (તે રાજા) અન્ય કોઈ દિવસે સભામાં બેઠેલો છે, તેની જમણી–ડાબી બન્ને બાજુ યુવતીસ્ત્રીઓદ્વારા ઉજ્વલ ચામરો વિંઝાય છે. દૂર દેશથી આવેલા સામંત રાજાઓના સમુહો ચરણકમળમાં નમી રહ્યા છે અને પોતે અન્યાન્ય સેવકો ઉપર ધીમી (મીઠી) દૃષ્ટિને ફેંકી (ફેરવી) રહ્યો છે.

તે પ્રસંગે કંપતા શરીરવાળો, માથે સફેદ વાળવાળો અને તેથી જાણે ઘડપણનો ગુપ્તચર (જાસુસ) હોય તેવો, કંચુકી શીઘ્ર તેની પાસે આવીને બોલ્યો કે–(૧૧૪ થી ૧૧૬) આદરપૂર્વક આવેલી સ્ત્રીઓના મુખરૂપી કમળોને વિકસિત (પ્રસન્ન) કરવામાં ચંદ્રતુલ્ય (અર્થાત્ દર્શન માટે આવેલી સ્ત્રીઓના મુખકમળને આનંદ આપતા), સુખરૂપી વેલડીઓના મૂળસરખા (સુખદાયક), ક્રીડાથી શોભતી ભુજાઓથી (પરિસત્ત=) અતિ સમર્થ અને સર્વ સંપત્તિયુક્ત, એવા હે દેવ ! કમળના પત્ર જેવાં લાંબાં નેત્રવાળી લક્ષ્મીથી આપનો જય થાઓ ! જય થાઓ ! (આપ લક્ષ્મીવંત બનો !) (૧૧૭)

એમ સ્તુતિપૂર્વક આશીર્વાદ આપીને કહ્યું કે–લાખો શત્રુઓનો પરાભવ કરનારા હે સ્વામિન્ ! અમારી વિનંતિ છે કે–અન્ય પુરુષોથી ચોકી કરવામાં જાગ્રત અને સર્વ દિશાઓમાં જોતાં, એવા અમે અંતઃપુરમાં હોવા છતાં, જંગલી હાથીઓના જેવો, રોકી

ન શકાય તેવો, એક ભયંકર પુરુષ કોઈ સ્થળેથી સહસા આવ્યો (૧૧૮-૧૧૯) તે જાણે *(ખડ્ગધેણુ) તીક્ષ્ણ શસ્ત્રથી યુક્ત, સાક્ષાત્ (વૃષ=) વિષ્ણુ જેવો, (પક્ષે ખડ્ગધેણુ =દૂધાળી ગાય સાથે વૃષ=આખલા જેવો) પર્વત જેવા મોટા શરીરવાળો, વીરવલય ધારણ કરેલી મોટી ભુજાઓવાળો અને અક્ષુબ્ધ મનવાળો (નિર્ભય), એવો તે બધા કંચુકીઓની (ચોકી-દારોની) પણ અવગણના કરીને કનકવતી રાણીના વાસભવનમાં, જેમ પતિ (સ્ત્રીની પાસે) પોતાના ઘરમાં પેસે તેમ પેઠો. (૧૨૦-૧૨૧) (હે રાજન્) તીક્ષ્ણ ધારવાળા ખડ્ગોના પ્રહારો પણ તેના વજ્રસ્તંભ જેવા અંગે લાગતા નથી અને ગર્વથી ઉદ્ભટ એવા સુભટો પણ તેની ફૂંકના પવન માત્રથી ગબડી પડે છે. (૧૨૨) હું માનું છું કે-તેણે કરુણાથી જ આપણા પુરુષોને (પહેરેગીરોને) પ્રહારો કર્યા નથી, અન્યથા યમ સરખા તેને કોણ રોકી શકે ? (૧૨૩) હે સ્વામિન્ ! એ રીતે કદાપિ પૂર્વે નહિ સાંભળેલું અને નહિ જોયેલું એવું કાર્ય, અર્થાત્ પ્રસંગ હમણાં આવી પડ્યો છે. (અમને કાંઈ સૂઝતું નથી, માટે) હવે પછી આપ જે આદેશ કરો તે અમે કરીએ. (૧૨૪)

એ પ્રમાણે સાંભળીને કોપના આવેગથી ઉદ્ભ્રાન્ત ભ્રકુટીથી ભયંકર ઉંચા ચઢેલા ભાલતલવાળો, વારંવાર હોઠને ફફડાવતો અને વક્ર ખેંચેલી ભ્રકુટી(નેત્રની પાંપણો)વાળો રાજા. તેણે તાજા કુવલય(કમળ)નાં પત્ર સમાન લાંબી પોતાની નજર સિદ્ધપુરુષાકારવાળા (પરાક્રમી) સામંતો, સુભટો અને સેનાપતિઓ ઉપર નાંખી. (અર્થાત્ તેઓની સામે જોયું) (૧૨૫-૧૨૬) યમની માતા સરખી (રાજાની) ભયંકર દૃષ્ટિને જોઇને અતિ ક્ષોભ પામેલા સઘળા સામંતો જાણે ચિત્રમાં ચિતર્યા હોય તેવા (ભયથી) સ્તબ્ધ થઈ ગયા. (૧૨૭) આ વ્યતિકર સાંભળીને અભિમાનરહિત બનેલા સેનાપતિઓએ અને સુભટોએ પણ ઉત્તમ સાધુઓની જેમ (પક્ષે શૂન્ય મનવાળાની જેમ) તુર્તસંલીનતામાં મન લગાડ્યું. (અર્થાત્ સ્થિર-સ્તબ્ધ થઈ ગયા.) (૧૨૮) હાથમાં તલવારને ધારણ કરતો રાજા પણ સભાને શૂન્ય (શૂનમૂન) જેવી જોઇને "ફોગટ પુરુષાર્થનો (પરાક્રમનો) (ફટાટોપ=) ગર્વ કરનારા હે અધમ સેવકો ! તમને ધિક્કાર હો ! મારી નજરથી જલ્દી દૂર થાઓ !"-એમ બોલતો (પરિયર=) કટિબંધનથી બદ્ધ થઇને તુર્ત રાજભુવનથી બહાર નીકળ્યો. (૧૨૯-૧૩૦) તે પછી ચંડ, ચપલ, મંગળ, વિશ્વંભર વગેરે અંગરક્ષકોએ મસ્તકે અંજલિ જોડીને ભક્તિથી રાજાને વિનવ્યો કે-હે રાજન્ ! ક્ષમા કરો, ! અમને આદેશ આપો અને આ પ્રસંગ(પ્રયત્ન)થી આપ અટકી જાઓ, અમારી આ પહેલી પ્રાર્થનાનો ભંગ કરવો યોગ્ય નથી. (૧૩૧-૧૩૨) જો સ્વયં પાછા ન ફરો, તો પણ એક ક્ષણ આપ પ્રેક્ષક બનો(જુઓ) ! કારણ કે-"સ્વામિનો દૃષ્ટિપાત (મીઠી નજર) પણ આરંભેલા કાર્યોમાં વિઘ્નોનો નાશક બને છે." (૧૩૩) એમ વિનયવાળા શબ્દો સાંભળીને ક્રોધથી કાંઈક ઉપશાન્ત થયેલા રાજાએ (દર=) લેશ કંપતી નજરે (ઇશારાથી) તેઓને અનુમતિ આપી. (૧૩૪) તેથી બાણ,

* ખડ્ગધેણુ=છરી-ચપ્પુ.

ભાલો, તલવાર, ભલ્લિ ( બાણુવિશેષ ) અને ( સેલ્લ=) બરછી વગેરે શસ્ત્રો સહિત અખંડ ( મજબૂત ) બખ્તરથી ભૂષિત શરીરવાળા તે ચંડ વગેરે અંગરક્ષકો ચાલ્યા. (૧૩૫) ચાલતા તેઓ (क्रमेण=)ક્રમશઃ અંતઃપુરમાં પહોંચ્યા અને ત્યાં તેઓએ તે પુરુષને રાણીની સાથે શય્યામાં બેઠેલો જોયો. તેથી તેને કહ્યું, રે–રે મ્લેચ્છસમાન ( અધમ ) આચરણવાળા, હે પુરુષાધમ ! (સામિસાલમહિલં=) રાજાની મુખ્ય પટ્ટરાણીને ભોગવવાની ઇચ્છાવાળો તું આજે યમના મુખમાં પ્રવેશ કરીશ. (મરી જઈશ.) (૧૩૬–૧૩૭) જો કે પોતાના પાપથી જ હણાયેલા તને હણવો યોગ્ય નથી, તો પણ અમારા સ્વામિની ઇચ્છાને અનુસરીને (निरुत्त=) નિશ્ચે તું હણાઈશ. (૧૩૮) એમ હોવા છતાં માત્ર જો તું જીવવા ઇચ્છતો હોય, તો વિનયથી નમીને રાજાને ખમાવ ! અથવા યુદ્ધ માટે (સવડંમુખો=) સામો થઈ જા. (૧૩૯) જ્યાં સુધી અદ્યાપિ (હજી પણ) યમની દૃષ્ટિ સરખી અમારી બાણુની શ્રેણિ (તારી ઉપર) પડી નથી, ત્યાં સુધી મહેલનો ઓરડો મૂક (બહાર નીકળ) અને એક ક્ષણ તારું પરાક્રમ બતાવ ! (૧૪૦) એમ કહીને અત્યંત મત્સર અને અતિ ઉત્સાહથી આવેશવાળા તેઓ પ્રહાર કરે તે પહેલાં જ તેણે (વજ્જરિયં=) કહ્યું, હં હો ! મૂઢ સરખા ! તીક્ષ્ણ નખથી હાથીઓનાં કુંભસ્થળોને ભેદી નાખનારા કેસરીસિંહને કોપાયમાન પણ હરણિયાંનું ટોળું શું કરી શકે ? (૧૪૧–૧૪૨) અથવા (ઉદ્ભટ=) વિકરાલ અને દેદીપ્યમાન મણીથી તેજસ્વી એવી ( તંડવીઅ=) ચઢાવેલી–ખેંચેલી ફણાઓના ( કડપ્પ= ) સમુહવાળો અને રોષથી ભરેલો ( રુષ્ટ ) સર્પોનો સમુહ પણ ગરુડને શું કરી શકે ? (૧૪૩) માટે ક્રોધથી ભરપૂર એવો પ્રહાર કરવાનો આ નિષ્ફળ ફટાટોપ ( ફુંફાડો ) મૂકી દ્યો, કારણ કે–શક્તિ ઉપરાન્તનો પ્રયત્ન કરવાથી મરણ થાય છે. (૧૪૪) વળી તમારા રાજાની રાણીને ચાહતા એવા મને તમે અયોગ્ય કહો છો, તે પણ તમારી વિમૂઢતાનું પરિણામ છે. (૧૪૫) કારણ કે–મારા સામર્થ્યથી મેં તેની પત્નીને ગ્રહણ કરી છે, તેથી (તેના પ્રત્યે) તમારા રાજાનું સ્વામીપણું ક્યારથીય દૂર થયું છે, ( અર્થાત્ હવે રાણીનો પતિ તે નથી, હું છું.) (૧૪૬) અને એ રીતે તમારા જેવાની સમક્ષ આ રીતે અહીં રહેલા મને કોઈ જારપણાનું કલંક પણ ઘટતું નથી. (કારણ કે–જાર તો ચોરવૃત્તિવાળો હોય, હું તો તમારી પ્રત્યક્ષ બેઠો છું.) (૧૪૭) (છતાં) જો તમોને મારા પ્રત્યે અત્યંત રોષ હોય, તો તમને કોણ રોકે છે ? મારા શરીર ઉપર પ્રહાર કરો ! કિન્તુ સમજજો કે–) આ તે પુરુષ નથી, કે જેના ઉપર શસ્ત્રો આક્રમણ (ઘા) કરી શકે. (૧૪૮) એમ કહીને તે અટક્યો ત્યારે ક્રોધાતુર તેઓ શસ્ત્રોને ઉગામીને પ્રહાર કરે, તે પહેલાં જ તે પુરુષે બધાને થંભાવી દીધા. (૧૪૯) તે પછી તેઓ વજ્રલેપથી ઘડ્યા હોય તેવા, અથવા પત્થરમાં કોતર્યા હોય તેવા, સ્થિર શરીરવાળા બની ગયા અને તે પુરુષ એક ક્ષણ ક્રીડા કરીને (૧૫૦) લેશ પણ મનમાં ક્ષોભ વિનાનો કનકવતીને પોતાના હાથથી ઉઠાવીને પ્રયાણ કરી ગયો. આ સઘળો વૃતાન્ત રાજાએ જાણ્યો. (૧૫૧) ત્યારે તેણે વિચાર્યું કે–આવી શક્તિવાળો શું આ કોઇ દેવ, વિદ્યાધર, અથવા વિદ્યાસિદ્ધ હશે ? (૧૫૨) જો તે દેવ હોય, તો તેને આ માનુષી સ્ત્રીનું શું કામ ? અને

જો વિદ્યાધર હોય, તો તે પણ ભૂમિચરી(માનુષી)ને વાંછે નહિ. (૧૫૩) અને જો વિદ્યા-સિદ્ધ હોય તો નિશ્ચે તે પણ વિશિષ્ટ રૂપવાળી પાતાલ કન્યા વગેરે દિવ્ય સ્ત્રીઓ હોવા છતાં આ સ્ત્રીને કેમ અનુસરે ? (૧૫૪) અથવા (**પાસવિસપ્પિર**=) નજીકમાં ફરતા મરણને કારણે ધાતુક્ષોભ થએલા કોનું કોનું હૃદય અકાર્ય કરવા ન ઇચ્છે ? (૧૫૫) અથવા આવા વિચારથી શું ? તે ભલે કોઇ પણ હોય, વર્તમાનમાં તેની ઉપેક્ષા કરવી યોગ્ય નથી. જો હું સ્ત્રીની પણ રક્ષા ન કરી શકું, તો પૃથ્વીમંડલની (રાજ્યની) રક્ષા કેવી રીતે કરીશ ? (૧૫૬) વળી મારું આ કલંક લાંબા કાળ સુધી અન્ય દેશોમાં પણ વિસ્તરશે. (જાહેર થશે.) આ કારણે રામચંદ્રજી પણ સીતાને (લાવવા) માટે લંકા ગયા હતા. (૧૫૭) તેથી તે દૂરાચારી જ્યાં સુધી દૂર દેશમાં પહોંચી ન જાય, ત્યાં સુધીમાં હું સ્વયંમેવ ત્યાં જઇને તે અનાર્યને શિક્ષા કરું.(૧૫૮) અને (એ રીતે)ઘણા કાળથી શીખેલી મારી સ્તંભની વગેરે વિદ્યાઓના બળની પરીક્ષા કરું. એમ ચિંતવીને કેટલાક સુભટો સાથે રાજા ચાલ્યો. (૧૫૯) તે પછી રાજાને જતા જાણીને તેની પાછળ (મોટું સૈન્ય ચાલ્યું. તેનું વર્ણન પાંચ ગાથાથી કહે છે કે–) ચાલતા ઉંચા હાથીઓથી અતિ ભયંકર, મગર વગેરે ચિહ્નોવાળી ધ્વજાઓના સમુહથી શોભતા રથોવાળું, શ્રેષ્ઠ એવા સેવકોના રભસપણાથી રોકાઇ (પૂરાઇ) ગયેલી દિશાઓ-વાળું, દિશાચક્રમાં (સર્વ દિશાઓમાં) ચાલતા (ફેલાએલા) ઘોડાઓના સમુહવાળું, ગણ-નાયકો અને દંડનાયકોથી યુક્ત, યુવતીઓને અને કાયરોને ભય પમાડનારું, (**ઉપક્ખર**=) યુદ્ધસામગ્રીથી લાદેલા ઊંટોના સમુહવાળું, વેગવાળા વાહનોના વશથી (ચાલવાથી) ઉખડી (ઉડી) રહેલી ભૂમિની રજવાળું, રત્નોના શ્રેષ્ઠ અલંકારોના વિસ્તારવાળું, (અર્થાત્ જેમાં સુભટો, હાથીઓ, ઘોડાઓ વગેરે રત્નોના અલંકારથી ભૂષિત છે.) છૂરી વગેરે મહાશસ્ત્રોથી ભયજનક, ભયથી કંપતા બાળકોને રસ્તેથી નસાડતું, (**પ્રહસંત**=) પ્રસન્ન થએલા (**માગધો**=) ભાટ–ચારણો જેમાં બિરુદો બોલી રહ્યા છે તેવું, ઘોડાઓના હેષા-રવથી ત્રાસ પામતા (**સિંખલય**=) ઊંટોના સમુહવાળું, (**લયણ**=) છાપરાના (અગ્રભાગે=) ઉપર ચઢેલા (**અંગિભિ**=) મનુષ્યો વડે (**સચ્ચવિયં**=) જોવાતું, હર્ષથી વિકસિત નેત્રવાળા મહાસુભટોવાળું, બળવાન શત્રુઓનો ક્ષય કરવામાં એક સમર્થ અને પ્રાપ્ત કર્યું છે અતિ તેજ (યશ=શોભા) જેણે, તેવું મોટું ચતુરંગ સૈન્ય નગર-માંથી તુર્તજ મહસેન રાજાની પાછળ નીકળ્યું. (ચાલ્યું.) (૧૬૦ થી ૧૬૪) હવે તે સમગ્ર સૈન્યથી પરિવરેલો, શ્રેષ્ઠ ઘોડા ઉપર બેઠેલો અને જેના ઉપર ઉંચુ શ્વેત છત્ર (ધરેલું) છે, તેવો રાજા જ્યારે થોડે દૂર ગયો, (૧૬૫) ત્યારે ગંડસ્થળ (ગાલ) કંઇક વિકસિત થાય તે રીતે ધીમું હસીને તે પુરુષે એક રાજા સિવાય બીજા સમગ્ર સૈન્યને થંભાવી દીધું. (૧૬૬) રાજા પણ તે સમગ્ર સૈન્યને ચિત્રલિખિત જેવું થંભેલું જોઇને અત્યંત વિસ્મય પામીને વિચારવા લાગ્યો કે– (૧૬૭) અહા હા ! મહાપાપી છતાં આ આવી (સુંદર) શક્તિ-વાળો કેમ ? અથવા (શક્તિવાળો છતાં) જ્ઞાનીઓએ નિષેધ કરેલું આવું અકાર્ય કેમ કરે ? (૧૬૮) હું માનું છું કે–તે સ્થંભનાદિ કરનાર મંત્રો પણ એવા જ (અધમ) હશે, તેથી

પરસ્પર સદૃશ પ્રકૃતિવાળા તેઓનો સંબંધ થયો છે. (૧૬૯) અથવા આવું ચિંતવવાથી શું ? હું પણ એને સ્તંભિત કરવા સદ્ગુરુ પાસે લાંબા કાળથી ભણેલી સ્તંભની વિદ્યાનું સ્મરણ કરું. (૧૭૦) તે પછી સર્વ અંગોમાં રક્ષામંત્રના અક્ષરોને સ્થાપન કરીને, પવન (શ્વાસોચ્છવાસ)નો નિરોધ ( કુંભક ) કરીને, નાસિકાના છેડે નમાવેલાં સ્થિર નેત્રકમળવાળો (૧૭૧) રાજા, કમળના મકરંદ( રસ )ના સમુહ સમાન સુંદર ( સુવાસી ) તથા શ્રેષ્ઠ પસાર પામતા કિરણો( પ્રકાશ )વાળા, સ્તંભનકારક (**પરં અક્ષરં**=) "પર બ્રહ્મનું" સ્મરણ કરવા લાગ્યો. (૧૭૨) તે પછી ક્ષણ માત્ર ( સમય ) જતાં જ્યારે રાજાએ તે પુરુષ તરફ જોયું ત્યારે કંઇક હસતાં તે પુરુષે કહ્યું, હે રાજન્ ! ચિરંજીવ ! પહેલાં મારી ગતિ મંદ હતી, તે તારી સ્તંભની વિદ્યાથી હવે પવનવેગી થઇ. (૧૭૩–૧૭૪) તેથી જો તારે સ્ત્રીનું પ્રયોજન હોય, તો શીઘ્ર વેગથી ( પાછળ ) આવ, એમ બોલતો તે શીઘ્ર ચાલવા લાગ્યો. (૧૭૫) ( ત્યારે રાજાએ વિચાર્યું કે–)અહા હા ! મારી ચિરકાળ શીખેલી પણ વિદ્યા આજે નિષ્ફળ કેમ થઇ ? અથવા ભલે, એક પરાક્રમ સિવાય અન્ય ( સઘળું ) નિષ્ફળ થાઓ ! ( હું મારા પરાક્રમથી જ કાર્ય સિદ્ધ કરીશ. ) (૧૭૬) એમ ચિંતવીને દૃઢચિત્તવાળો અને વધતા ઉત્સાહવાળો રાજા તુર્ત માત્ર ખડ્ગને સાથે લઈને તેની પાછળ લાગ્યો. (૧૭૭) 'આ રાજા જાય છે, આ દેવી જાય છે અને આ તે પુરુષ જાય છે.' એમ લોકો બોલતા રહ્યા, તેટલામાં તો તે અતિ દૂર માર્ગે પહોંચ્યાં (૧૭૮) પ્રતિસમય ચાબૂકના મારથી ચપળ (દોડતા) ઘોડાની ગતિથી જલ્દી લાંબા માર્ગનું ઉલ્લંઘન કરીને, રાજા જ્યારે થોડા અંતરે ( પણ ) જતા તે પુરુષને પકડી ન શકયો. (૧૭૯) તેટલામાં તો વાદળા વિનાની વિજળી અદૃશ્ય થાય, તેમ રાણી તુર્ત અદૃશ્ય થઈ અને તે પુરુષ પણ ખીલાની જેમ નિશ્ચલ (બનીને) રાજાની સન્મુખ ઉભો રહ્યો. (૧૮૦) રાજાએ તેને એકલાને જોઇને ચિંતવ્યું કે–શું આ સ્વપ્ન છે. અથવા કપટ છે કે–મારી દૃષ્ટિનો બંધ છે ? (૧૮૧) અથવા આવા વિકલ્પો શા માટે કરું ? આને જ પૂછું, કારણ કે–અજાણ્યા પુરુષને પ્રહાર કરવો પણ યોગ્ય નથી. (૧૮૨) તે પછી વિસ્મય પામેલા રાજાએ કહ્યું, ભો ભો ! અનન્ત શક્તિવંત ! તેં મારી પત્નીનું જ નહિ, ( પરાક્રમથી ) મારા મનને પણ હર્યું છે. (૧૮૩) તેથી કહે તું કોણ છે ? આવા મહિમાથી શોભાવેલા તારા કુળને તેં આવું અકાર્ય કરીને મલિન કેમ કર્યું ? (૧૮૪) તેણે પણ લેશ માત્ર ( ધીમું ) હસીને કહ્યું, હે રાજન્ ! મેં ( શોભા અને કલંક ) બે કર્યું તે સત્ય છે, પણ નગરના સર્વ લોકોની સમક્ષ હરણ કરાતી પોતાની પત્નીની પણ રક્ષા નહિ કરતા અને અપયશની પણ બેદરકારી કરતા તેં તો એક માત્ર કુળને કલંકિત જ કર્યું છે. (૧૮૫–૧૮૬) એ રીતે હે મુગ્ધ ! તું પોતાના મોટા કુળકલંકને જોતો નથી અને ઉલટું મારા (**પુરુષવૃત્તિ**=) પુરુષાર્થને પણ દોષના પક્ષમાં નાંખે છે. ( દોષરૂપ ગણે છે. ) (૧૮૭) અથવા પારકા દોષ જોવામાં મનુષ્ય હજાર નેત્રોવાળો બને છે અને પર્વત સરખા મોટા પણ પોતાના દોષને જાતિઅંધની જેમ તે જોતો નથી. (૧૮૮) એવા તેં એવી કોઇ તે રીતે સઘળા કુળને મલિન કર્યું છે, કે

જેથી સુકૃત્યોરૂપી વાદળનો સમુહ વરસે તો પણ તે નિર્મળ ન થાય. (૧૮૯) હે ભદ્ર! અસાધારણ પરાક્રમ વિનાના તારા જેવાનું રાજાપણું માત્ર બોલવા પૂરતું જ કહેવાય છે. (અર્થાત્ તું નામ માત્રથી જ રાજા છે.) (૧૯૦) અથવા તો તેમાં તારો શું દોષ છે? તારા તે પૂર્વપુરુષો આ વિષયમાં અપરાધી છે, કે જેઓએ અસમર્થ એવા પણ તને રાજા તરીકે સ્થાપ્યો છે. (૧૯૧) અથવા હે રાજન્! તેઓનો (પણ) શું દોષ છે? વિષયાસક્ત મનવાળા તમારા જેવા કુમતિવાળાઓની આ જ ગતિ (દશા) થાય છે. (૧૯૨) એ સાંભળીને લજ્જાથી મીંચાતા નેત્રકમળવાળો, પ્રદોષ (રાત્રિના પ્રારંભ) કાળની જેમ તેજ વિનાનો રાજા વિચારવા લાગ્યો કે– (૧૯૩) મારા જીવિતને, પુરુષાર્થને અને બળ તથા બુદ્ધિના પ્રકર્ષને ધિક્કાર હો! કે મેં પૂર્વપુરુષોને પણ કલંકિત કર્યા. (૧૯૪) અધન્ય એવા મેં કેવળ પોતાની લઘુતા નથી કરી, કિન્તુ મહાન્ ભગવંત એવા વિદ્યાગુરુઓની પણ લઘુતા કરી છે. (૧૯૫) તેના જન્મથી પણ શું? અને જન્મેલા તેના જીવિતથી પણ શું?' કે જે પોતાના પૂર્વજોની લેશ માત્ર પણ લઘુતા થાય તેવા કાર્યમાં પ્રવર્તે? (૧૯૬) આ પુરુષે જે 'વિષયોમાં મૂઢ મતિવાળાની (આ જ ગતિ થાય)' વગેરે કહ્યું તે સાચું છે, અન્યથા મને આવી વિડંબના કેમ થાય? (૧૯૭) આ પુરુષ શસ્ત્રનો વિષય નથી (શસ્ત્રો તેને લાગે તેમ નથી), તેમ મંત્ર–તંત્રોમાં પણ (તેની સામે મારી) કુશળતા (બુદ્ધિ) પહોંચે તેવી નથી. તો ઉદ્યોગી એવા પણ મને (હવે) આથી શ્રેષ્ઠ (આને જીતે તેવું) બીજુ કયું બળ મળવાનું છે? (૧૯૮) તેથી હવે અહીં તાપસદીક્ષા પાળવી યોગ્ય છે. (કારણ કે–) પાછા ફરીને નગરના લોકોને મુખ કેવી રીતે બતાવીશ? (૧૯૯) એમ અતિ વિષાદરૂપી પિશાચથી વ્યાકૂળ થએલા ચિત્તવાળો રાજા, જ્યાં ખડ્ગ છોડવાની તૈયારી કરે, તે પહેલાં તે પુરુષે તેને (બે) હાથથી પકડી લીધો અને કહ્યું કે–હે મહાયશવાળા! શોકને છોડી દે, હવે (આવી) વિવિધ (**પરિહાસ**=) ક્રીડા (હાંસી)થી સર્યું. આ માયાવી ઇન્દ્રજાળ છે, સત્ય નથી. (૨૦૦–૨૦૧) (તે તું સાંભળ!) હું પુરુષ નથી, તેમ મારે તારી સ્ત્રીનું કોઇ પ્રયોજન પણ નથી. હે રાજન્! તારું (તાપસના માર્ગે) જવાનું (**પરિક્કમ**=) પરાક્રમ સામાન્ય નથી. (૨૦૨) કિન્તુ આ (વ્યતિકર=) પ્રસ્તાવ દ્વારા (મારે જણાવવું હતું કે–) હું દેવ છું અને પૂર્વસ્નેહથી (પ્રાર્થનાથી) પહેલા દેવલોકથી હું તને પ્રતિબોધ કરવા આવ્યો છું. (૨૦૩) અથવા હે મિત્ર! તું કેમ ભૂલી ગયો કે–જે પૂર્વભવે યમુના નદીના પ્રદેશમાં બહુ લક્ષણયુક્ત શરીરવાળો તું હાથી હતો? (૨૦૪) ત્યાં મોટા રાજાની જેમ *સાતેય અંગથી શ્રેષ્ઠ, વિષયમાં (રાજ્યપક્ષે વિસય=દેશમાં) આસક્ત, ઝરતા મદના (રાજાપક્ષે વહેતા દાનના) વિસ્તારવાળો, રોષપૂર્વક શત્રુઓના હાથીઓનો (રાજાપક્ષે શત્રુઓનો) ભંગ કરનારો, ઘણા હાથીઓના સમુહથી

* રાજાપક્ષે–રાજા, મંત્રી, મિત્ર, ભંડાર, દેશ, વાહનો તથા સૈન્ય એ સાત અંગવાળું રાજ્ય (જુઓ ગાથા ૪૫૨) અને હાથીપક્ષે ચાર પગ, સૂંઢ, પુચ્છ અને લિંગ–એ સાત અંગથી શ્રેષ્ઠ.

પરિવરેલો, ( રાજાપક્ષે ઘણા હાથીઓનો સ્વામી ), એવો તું તે તે સ્થાને ( સ્વેચ્છાએ ) વિચરતો હતો, ત્યારે તને હાથીના માંસની ઇચ્છાવાળા યુવાન ભિલ્લોએ જોયો, (૨૦૫–૨૦૬) તેથી તેઓએ " સાંકળના બંધન બાંધવા " વગેરે ઉપાયોથી અને બાણોના પ્રહારથી તારા પરિવારભૂત સઘળા હાથીઓના સમુહનો નાશ કર્યો. (૨૦૭) તેં તો અપ્રમત્તપણાથી અને ગતિની (નાસવાની) કુશળતાથી તેઓના ઉપાયોરૂપ પીડાઓનો દૂરથી ત્યાગ કરીને (તેથી બચીને), ઘણાં કાળ સુધી તારી રક્ષા કરી. (૨૦૮) પણ તે પછી અન્ય કોઈ દિવસે તેઓએ તને પકડવા માટે સરોવરમાં–પાણીમાં ઉતરવાના આરે ખાડો ખોદીને ઉપર ઘાસ વગેરે નાંખીને તે ખાડાને ઢાંકયો અને તેના ઉપર એવી રીતે ધૂળ નાંખી, કે જેથી તે (ખાડો) ભૂમિ જેવો થયો. તે પછી વૃક્ષોની ઘટામાં છૂપાઇને તેઓ તને જોતા રહ્યા. (૨૦૯–૨૧૦) તું પણ તેઓને (નહિ દેખવાથી), નિઃશંક મનવાળો, પૂર્વની જેમ પાણી પીવા આવતો, વિવશ (અસ્વાધીન) અંગવાળો ' ધસ ' દઈને તે ખાડામાં પડયો. (૨૧૧) (તે પછી) અરે ! તું અતિપંડિત છે, ચિરજીવિત છે, હવે કયાં જઇશ ? –એમ કોલાહલ કરતા તે યુવાન ભિલ્લો ત્યાં આવ્યા. (૨૧૨) અને તેઓએ નિર્દય રીતે ( તારા ) કુંભસ્થળને ચીરીને તેમાંથી મોટાં મોતીઓને અને જીવતાં જ તારા દાંતને પણ ( કાઢી ) લીધા. (૨૧૩) તે પછી આકરી વેદનારૂપ પ્રબળ અગ્નિની જ્વાળાઓના સમુહથી તપેલો તું એક ક્ષણ જીવીને તુર્ત મરણ પામ્યો. (૨૧૪) ત્યાંથી ગંગા નદીના પ્રદેશમાં હરિણરૂપે ઉત્પન્ન થયો, ત્યાં પણ બાળ એવા તને તારા યૂથના નાયક (હરિણે) મારી નાંખ્યો. (૨૧૫) ત્યાંથી મગધ દેશમાં શાલિ નામના ગામમાં સોમદત્ત નામના બ્રાહ્મણનો તું બંધુદત્ત નામે પુત્ર થયો. (૨૧૬) અને બ્રાહ્મણોને યોગ્ય ( **કલાકલાપ=** ) વિદ્યાઓને તું ભણ્યો, ( તેથી ) અને યજ્ઞની વિધિમાં પરમ ચતુરપણાથી તું ' ચતુર ' એવી પ્રસિદ્ધિને પામ્યો. (૨૧૭) (તેથી લોકો) જ્યાં કોઈ પણ સ્થળે સ્વર્ગ માટે અથવા રોગશાંતિ માટે યજ્ઞો કરતા તેમાં તને પહેલો લઇ જતા. (૨૧૮) (તું પણ) યજ્ઞના વિધિને સમજાવે, વિવિધ પાપસ્થાનોમાં પ્રવૃત્તિ કરે અને પરલોકના ભયની અવગણના કરીને પોતાને હાથે બકરાઓને (અગ્નિમાં) હોમે. (૨૧૯) એ પ્રમાણે દિવસો જતાં એક અવસરે રાજાએ મોટો **અશ્વમેધ** નામનો મહાયજ્ઞ આરંભ્યો. (૨૨૦) તેમાં રાજાએ તને બોલાવ્યો અને પરમ ભક્તિથી સત્કાર કર્યો. યજ્ઞ માટે લક્ષણવંતા ઘોડાઓને એકઠા કર્યા. (૨૨૧) તે ઘોડાઓને તેં વેદશાસ્ત્રપ્રસિદ્ધ વિધિથી અભિમંત્ર્યા. એટલામાં તેવા યજ્ઞવિધિને જોતાં, એક ઘોડાના વછેરાને 'કયાંક આવું જોયું છે' –એમ ' **ઇહા–અપોહ** કરતાં ' જાતિસ્મરણજ્ઞાન થયું. (૨૨૨–૨૨૩) અને તે જ્ઞાનથી તેણે જોયું (જાણ્યું) કે–પૂર્વભવે યજ્ઞવિધિમાં વિચક્ષણ થયેલા મેં ભયથી કંપતા ઘણા પશુઓ વગેરેને ( યજ્ઞમાં ) હણ્યા. (૨૨૪) આ ( પુર્વભવનો ) વ્યતિકર જાણીને ભયથી આર્ત્ત એવા તેણે ચિંતવ્યું કે–અહો ! મનુષ્યો ધર્મના બ્હાને પણ પાપને કેવી રીતે ભેગું કરે છે ? (૨૨૫) ભોળાઓને તેઓ કહે છે કે–'યજ્ઞમાં મારેલા જીવો સ્વર્ગમાં જાય છે અને અગ્નિમાં હોમવાથી દેવો તૃપ્ત થાય છે.' (૨૨૬) તે પાપીઓ આ નથી સમજતા કે–

જો યજ્ઞથી મરેલા સ્વર્ગમાં જાય છે, તો સ્વર્ગના અભિલાષી એવા સ્વજન–સંબંધીઓને તેમાં હોમવા યોગ્ય ગણાય. (૨૨૭) અથવા પ્રચંડ પાખંડના જુલ્મમાં પડેલા ભદ્રિક લોકોનો એમાં શું દોષ છે? આ વિષયમાં વેદના પાઠકો અપરાધી છે. (૨૨૮) તેથી જો હું, પાપિષ્ઠ અતિ દુષ્ટ પ્રવૃત્તિવાળા આ ઉપાધ્યાયને હણું, તો યજ્ઞ નિમિત્તે લાવેલા આ ઘોડાઓ જીવતા રહે (૨૨૯) એમ વિચારીને તેણે કઠોર ખરીઓના પ્રહારથી તને છાતીમાં એ રીતે પ્રહાર કર્યા, કે જેથી તું તુર્ત પ્રાણમુક્ત થયો. (૨૩૦) અને અંત વધી ગયેલી હિંસાની અભિલાષાને વશ બાંધેલા અતિ પાપથી પહેલી નરકમાં ઘટાલય નામના (અથવા નારકોને ઉત્પન્ન થવાનું ઘડા જેવું સ્થાન, ત્યાં) નરકાવાસમાં તું નારક થયો. (૨૩૧) જ્યારે મુહૂર્ત માત્રમાં છ પ્રકારની પર્યાપ્તિથી ત્યાં તું પૂર્ણ (પ્રગટ) શરીરવાળો થયો, ત્યારે કિલકિલાટ શબ્દને કરતા અત્યન્ત નિર્દય, મહાક્રૂર, બિભત્સ રૂપવાળા અને ભયાનક, એવા પરમાધામી દેવો શીઘ્ર ત્યાં આવ્યા. (૨૩૨–૨૩૩) અને અરે! 'દુઃખ ભોગવતો તું વજ્રની ઘડીમાં શા માટે રહ્યો છે? બહાર નીકળ!'–એમ કહીને વજ્રાંકુશ (વજ્રના સાણસા) દ્વારા તારા, શરીરને ખેંચી કાઢયું. (૨૩૪) તે પછી કરુણ સ્વરથી ચીસો પાડતા (રડતા) તારા શરીરને તેઓએ તીક્ષ્ણ કાપણીથી સૂક્ષ્મ ટૂકડા થાય તેમ કાપ્યું. (૨૩૫) અતિ સૂક્ષ્મ ખંડો કરવા છતાં પુનઃ (**સૂત=**) પારાની જેમ શરીર મળી જતાં, ભયથી કંપતા અને નાસતા તને તેઓએ સહસા પકડયો. (૨૩૬) તે પછી ન ઇચ્છતા પણ તને પકાવવા માટે નીચે સળગતા આકરા અગ્નિવાળી વજ્રની કુંભિમાં બળાત્કારે નાંખ્યો. (૨૩૭) અને ત્યાં બળતા શરીરવાળો, તૃષાથી અત્યંત પરાભવ પામેલો તું તેઓની આગળ વિરસ શબ્દોથી કહેવા લાગ્યો કે–તમે જ માતા, પિતા, ભાઈ, સ્વજનો, બંધુરો અને સ્વામી છો, તમે મારું શરણ અને (**ત્રાણ=**)રક્ષણ છો અને તમે જ મારા દેવ છો. (૨૩૮–૨૩૯) માટે એક ક્ષણ મને છોડો અને હવે પ્રસાદ કરી શીતલ પાણી પાઓ! તેં એમ કહ્યું, ત્યારે મધુર વાણીથી તેઓ બોલ્યા કે–અરે! વજ્રકુંભિના મધ્યમાંથી કાઢીને આ બીચારાને શીતળ પાણી પાઓ! ત્યારે બીજા (પરમાધામીઓ) '**તહત્તિ**' સ્વીકારીને તપેલાં તરવું (કલાઈ), ત્રાંબુ અને સીસું, તેના રસથી ભરેલા પાત્રને લઇને 'ઠંડુ છે' એમ બોલતા તે મહાપાપીઓએ તને પાયું. (૨૪૦ **થી** ૨૪૨) ત્યારે અગ્નિતુલ્ય તેનાથી બળતા અને તેથી ડોકને ફેરવતા, અનિચ્છતા, પણ તારા મુખને સાણસાથી ખોલીને તે રસને ગળા સુધી રેડયો (પાયો), પછી તે રસથી ઉકળતા સર્વ શરીરવાળો અને મૂર્ચ્છાથી બંધ થયેલાં નેત્રોવાળો, તું 'ધસ' દઇને પૃથ્વી ઉપર પડયો. (૨૪૩–૨૪૪) પુનઃ ક્ષણ પછી ચૈતન્યને પામેલો 'અસિ વનમાં ઠંડી છે (માટે ત્યાં જાઉં)'–એવા સંકલ્પવાળો તું ત્યાં ગયો. ત્યાં પણ નીચે પડતાં તે વૃક્ષનાં (પત્રો ખડ્ગતુલ્ય હોવાથી તે) પાંદડાં રૂપી ખડ્ગોથી તું છેદાયો. (૨૪૫) વળી પણ ત્યાંથી (તને) તેઓએ ઉછળતા તરંગોથી વ્યાપ્ત, આવર્તોવાળી અને પ્રજ્વલિત અગ્નિ સરખી, એવી વૈતરણી નદીના પાણીમાં નાખ્યો. (૨૪૬) ત્યાં પણ વિજળીના જેવા

(ઉર્મીભર=) ઉદ્‌ભટ ભયંકર મોટાં મોજાંઓની પ્રેરણાને વશ બૂડવું, ઉપર આવવું, આગળ ચાલવું, અટકી જવું વગેરેથી વ્યાકૂળ (થાકેલા) સર્વ અંગોવાળો તું સુકા વૃક્ષનું કાષ્ટ જેમ કાંઠે નીકળી જાય, તેમ મુશીબતે દુઃખપૂર્વક તે નદીના સામા કાંઠે પહોંચીને ત્યાં રહ્યો, ત્યારે હર્ષિત અંગવાળા તે પરમાધામીઓએ બેઠેલા તને પકડીને, વૃષભની જેમ અત્યંત ઘણા ભારવાળા રથમાં જોડયો અને ભાલા જેવી તીક્ષ્ણ ધારવાળી (આરા=) પરોણાથી ક્ષણુ ક્ષણુ તને વીંધ્યો. (૨૪૭થી૨૪૯) તે પછી ત્યાં તું થાકયો અને જ્યારે કયાંય પણુ જઈ શકાયું નહિ, ત્યારે ભારે મોગરો (ઘણુ) વડે હે મહાભાગ્ય! તને ચૂર્યો. (૨૫૦) તે ઉપરાન્ત પણુ વિકટ એવી શિલાઓ ઉપર તને પટકયો–અફળાવ્યો, ભાલાઓથી ભેદ્યો, કરવતોથી છેદ્યો, વિચિત્ર યંત્રોથી પીલ્યો–કચર્યો. (૨૫૧) વળી અગ્નિમાં પકાવેલા તારા શરીરના જ માંસના ટૂકડા તને ખવરાવ્યા અને વિચિત્ર દંડોના પ્રહારોથી વારંવાર તાડના કરી. (૨૫૨) પરમાધામીઓએ વિકૂર્વેલા મોટા શરીરવાળા પક્ષીઓએ તને બે હાથ ઉંચા કરીને કરૂણુ સ્વરે રડવા છતાં પણુ અતિ તીક્ષ્ણુ નખો અને ચાંચો વડે વારંવાર હણ્યો. (૨૫૩) એમ હે નરવરેન્દ્ર! નરકમાં પ્રગટેલું જે દુઃખ તેં અનુભવ્યું, તે સર્વે કહેવા માટે ત્રણુ લોકના નાથ પ્રભુ જ પારને પામે. (૨૫૪) એમ એક સાગરોપમ સુધી ભયંકર નરકમાં રહીને, ત્યાં અસંખ્ય દુઃખો સહીને, ત્યાંથી ચ્યવીને, તું ભરતમાં રાજગૃહ નગરમાં ભિખારીના કુળમાં પુત્રપણે ઉત્પન્ન થયો, ત્યાં પણુ અનેક રોગોથી વ્યાપ્ત શરીરવાળો, અવસરોચિત ભોજન, ઔષધ અને સ્વજનોથી પણુ રહિત, અત્યન્ત દીનમનવાળો, ભિક્ષાવૃત્તિથી જીવતો, તું યૌવનને પામ્યો. ત્યારે પણુ અત્યન્ત દુઃખી થતો તું વારંવાર ચિંતવવા લાગ્યો કે–મારા જીવિતને ધિક્કાર થાઓ! કારણુ કે–મનુષ્યપણું સમાન છતાં અને ઈન્દ્રિઓ પણુ તુલ્ય છતાં, હું ભિક્ષાથી જીવું છું અને આ ધન્યપુરુષો અતિ વિલાસને કરે છે. (૨૫૫ થી ૨૫૯) કેટલાક એવો શોક કરે છે કે–અરે! આજે અમોએ કાંઈ પણુ દાન ન કર્યું, ત્યારે હું તો કલેશ કરૂં છું કે–આજે કંઈ પણુ ન મળ્યું. (૨૬૦) કેટલાક ધર્મ માટે પોતાની વિશાળ ધન લક્ષ્મીને છોડે છે, જ્યારે મારાથી ઘણા સ્થાને જર્જર (ભાંગેલું) પણુ ખપ્પર છૂટતું નથી. (૨૬૧) કેટલાક (પરણેલી) શ્રેષ્ઠ યુવતીઓ હોવા છતાં તેના સામે નજર પણુ કરતાં નથી, ત્યારે હું તો માત્ર સંકલ્પરૂપે જ પ્રાપ્ત થયેલી (સ્ત્રીઓમાં) સંતોષ (હર્ષ) પામું છું. (અર્થાત્‌ સ્ત્રીના સુખનાં સ્વપ્નાં સેવું છું.) (૨૬૨) કેટલાક જાતિવંત સુવર્ણ જેવી કાન્તિવાળી પણુ (પોતાની) કાયાને અશુચિવાળી માને છે, ત્યારે હું સેંકડો રોગોથી પરાભૂત એવી પણુ મારી કાયાને પ્રશંસુ છું. (૨૬૩) કેટલાકની માગધ (ભાટ) લોકો "જય થાઓ, ઘણું જીવો, કલ્યાણુ થાઓ." –એમ વિવિધ સ્તુતિ કરે છે, ત્યારે ભિક્ષાએ ગયેલો હું તો કારણુ વિના પણુ આક્રોશને (તિરસ્કારને) પામું છું. (૨૬૪) કેટલાક મનુષ્યો કઠોર ભાષા બોલે છે, છતાં (સાંભળનાર) મનુષ્યોને તેનાથી સંતોષ પ્રગટે છે, અને હું આશીર્વાદ આપવા છતાં પણુ (અર્ધચંદ્ર=) ગલહસ્તને પામું છું (અર્થાત્‌ લોકો મને ગળે હાથ દઈને ધક્કો મારીને કાઢી મૂકે છે.)

**(૨૬૫)** એથી પ્રચુર પાપનો ભંડાર, ( **નિહીન=** ) તુચ્છ પ્રવૃત્તિવાળા અને રોગથી પરાભૂત, એવા મારે પ્રવ્રજ્યા જ ( સ્વીકારવી ) ઉચિત છે, કારણ કે–તેમાં પણ કાર્ય આ જ કરવાનું છે. **(૨૬૬)** જેવું કે–મલિન શરીરપણું, ભિક્ષાવૃત્તિ, ભૂમિશયન, પરાયા મકાનમાં રહેવું અને સદા ટાઢ–તડકા સહન કરવા; વળી નિષ્કિંચનપણું, ક્ષમા, પરની પીડાનો ત્યાગ, દુર્બળ શરીર ( વગેરે દીક્ષામાં જે કરવાનું છે તે ), આ સઘળું જન્મથી માંડીને જ મારે સ્વભાવસિદ્ધ છે. **(૨૬૭–૨૬૮)** અને આવું જીવન તો સાધુને પરમ શોભાકારક છે, ગૃહસ્થને નહિ. એ સાચું છે કે–યોગ્ય સ્થાનને પામેલા દોષો પણ ગુણરૂપ બને છે. **(૨૬૯)** એમ વિચારીને પરમ વૈરાગ્યને ધારણ કરતાં તેં તાપસી દીક્ષા લીધી અને દુષ્કર તપશ્ચર્યા કરી. **(૨૭૦)** તે પછી અંતકાળે મરીને તું જંબૂદ્વીપમાં, ભરતક્ષેત્રમાં વૈતાઢ્ય પર્વત ઉપર, રથનુપુરચક્રવાલ નામના નગરમાં, ચંડગતિ નામના ઉત્તમ વિદ્યાધરની વિદ્યુન્મતી નામની ભાર્યાના ગર્ભમાં પુત્રપણે ઉત્પન્ન થયો. **(૨૭૧–૨૭૨)** તું ઉચિત કાળે જન્મ્યો અને તારું વજ્રવેગ નામ પાડયું, પછી અત્યંત સુંદર રૂપાળા શરીરવાળા તું કુમારપણાને પામ્યો. **(૨૭૩)** ત્યારે અલ્પકાળમાં સકળ કળાઓના સમૂહમાં તું કુશળપણાને ( પામ્યો ) અને આકાશગામિની વગેરે અનેક વિદ્યાઓ પણ તું શીખ્યો. **(૨૭૪)** તે પછી મનુષ્યોનાં નેત્રોને આનંદદાયી, મનસ્વિની( સ્ત્રીઓ )માં મનરૂપી કમળને વિકસાવવામાં ( **માર્તંડ=** ) સૂર્યસમાન ( સન્માનનું પાત્ર ), એવા તરુણપણાને પામેલો તું કામદેવની જેમ શોભવા લાગ્યો, **(૨૭૫)** પછી હાથીની જેમ સમાન વયવાળા મિત્રોથી પરવરેલો તું નગરમાં, ત્રણ–ચાર રસ્તાવાળા ચોકમાં, ચૌટામાં, નિઃશંકપણે ફરવા લાગ્યો અને પ્રચુર વનોમાં, અને સરોવરોમાં પણ ભમવા ( રમવા ) લાગ્યો. **(૨૭૬)** તે પછી કોઈ અન્ય દિવસે તેં ગોખમાં બેઠેલી હેમપ્રભ વિદ્યાધરની સુરસુંદરી નામની પુત્રીને જોઈ. **(૨૭૭)** હે ભાગ્યશાળી ! તેના યૌવને, લાવણ્યે, રૂપવૈભવે અને સૌભાગ્યે, તારા હૃદયને ખૂબ આકર્ષણ કર્યું. **(૨૭૮)** અને તારા દર્શનથી વિકસિત નેત્ર–કમળવાળી તેણીનાં ( ચિત્ત )માં પણ કુસુમાયુદ્ધ ( કામદેવ ) પુષ્પરૂપ શસ્ત્રવાળો છતાં પણ વજ્રયુદ્ધ ( વજ્રના શસ્ત્રપ્રહાર )ની જેમ ( પીડા કરતો ) વિસ્તાર પામ્યો. **(૨૭૯)** માત્ર પાસે રહેલી સખીઓની લજ્જાથી વિકારને મનમાં દાબીને તેણીએ સુંઘવાના બ્હાને તને નીલું કમળ બતાવ્યું. **(૨૮૦)** તે રીતે તેણીએ તને અંધારી રાત્રિનો સંકેત કર્યો, તેથી હર્ષના આવેગથી પૂર્ણ અંગવાળો તું તારા ઘેર ગયો. **(૨૮૧)** તે પછી મિત્રોને પોતપોતાના ઘેર મોકલીને, કરવા યોગ્ય દિનકૃત્યોને કરીને, તું મધ્યરાત્રે માત્ર એક ખડ્ગની સહાયવાળો ( એકલો ) પોતાના ઘરમાંથી નીકળ્યો. **(૨૮૨)** કોઈ પણ ન દેખે તેમ તું ચોરની જેમ ધીમા પગલે ગોખદ્વારા પ્રવેશ કરીને પલંગમાં તેણીની પાસે બેઠો. **(૨૮૩)** 'દિવસે જોયેલો તે પ્રવર યુવાન આ છે.'– એમ તને ઓળખીને હર્ષિત થયેલી તેણીએ પોતાના પતિની જેમ તારી ( **પ્રતિપત્તિ=** ) સેવા કરી. **(૨૮૪)** તે પછી પરસ્પર વિલાસી વાતોની ગોષ્ઠીમાં એક ક્ષણ પસાર કરીને, તેં કહ્યું કે–હે સુતનુ ! તારું આ ( સ્વરૂપ ) વિસદૃશ ( પરસ્પરવિરૂદ્ધ ) કેમ દેખાય છે ?

(૨૮૫) શરીરની શોભા ચંદ્રની જ્યોત્સ્નાની પણ હાંસી કરે તેવી ( સુંદર ) કેમ છે ? અને તારો આ વેણીબંધથી બાંધેલો કેશ–કલાપ સર્પ જેવો ( કાળો ) ભયંકર કેમ દેખાય છે ? (૨૮૬) વળી તું લક્ષણોથી વિદ્યમાન પતિવાળી ( સધવા ) દેખાય છે અને તારું શરીર સ્નેહી–( પતિ )સંગમનું સુખ ન મળ્યું હોય તેવું ( શુષ્ક ) કેમ દેખાય છે ? (૨૮૭) માટે સુતનુ ! એનો પરમાર્થ કહે ! શું તેં પતિને તજ્યો છે ? અથવા અન્યમાં આસક્ત એવા તેણે જ તને તજી છે ? (૨૮૮) તે પછી કંઇક મીંચાયેલાં નેત્ર–કમળોવાળી તેણીએ કહ્યું કે–હે સુભગ ! આ વિસદૃશતામાં રહસ્ય શું છે, તે તું સાંભળ ! (૨૮૯) યૌવનારૂઢ થયેલી હું અહીં જ ( વસતા ) કનકપ્રભ નામના વિદ્યાધરપુત્રની સાથે ગાઢ પ્રેમથી પરણી. (૨૯૦) પરણ્યા પછી તુર્ત મારા ભાગ્યના દોષથી અથવા તેના વેદનીય-કર્મને વશ તે મહાત્મા અગ્નિતુલ્ય દાહજ્વરથી પકડાયો. (૨૯૧) તેથી અગ્નિથી તપાવેલી લોખંડની કડાઈમાં જેમ નાંખ્યો હોય તેમ તે સતત ઉછળવા લાગ્યો, કંપવા લાગ્યો, દીર્ઘ નિસાસા મૂકવા લાગ્યો અને વિરસ બૂમો પાડવા લાગ્યો. (૨૯૨) તેથી તેના પિતાએ સર્વ કાર્ય છોડીને રોગની શાન્તિ નિમિત્તે વિવિધ ઔષધના અનેક પ્રયોગો શરૂ કર્યા. (૨૯૩) તે ઔષધ નથી, તે મણિ નથી, તે વિદ્યા નથી અને તે વૈદ્યો નથી કે તેના પિતાએ તેની શાન્તિ માટે જેનો ઉપયોગ ન કર્યો હોય ! (૨૯૪) આહાર–પાણી–સ્નાન–વિલેપન પ્રમુખ કરવાનું છોડીને, શોકના ભારથી ભારે અવાજવાળા બનેલા પાસે બેઠેલા સ્વજનો રડવા લાગ્યા. (૨૯૫) તેની માતા પણ શોકને વશ બની સતત ઝરતાં નેત્રનાં આંસુવાળી ( અને તેથી ) બે નેત્રોમાંથી જાણે ગંગા અને સિન્ધુ ( નદી )નો પ્રવાહ ઝરતો હોય તેવી રીતે રડવા લાગી. (૨૯૬) વળી નિષ્કપટ પ્રેમ એ જ ધન છે જેઓનું, એવા તેના સ્નેહીજનો પણ તીવ્ર વનના દાવાનળથી બળેલા ઝાડના ઠુંઠા જેવા કાન્તિ વિનાના ( નિસ્તેજ ) બનેલા ખેદવાળા થયાં. (૨૯૭) એમ તેની આપદાથી નગરલોકો પણ આમણ–દૂમણ થયા, અને વિવિધ પ્રકારની સેંકડો દેવ–દેવીઓની માન્યતાઓ કરતાં છતાં પણ પ્રતિક્ષણ દાહજ્વર અધિકતર વધતો રહ્યો અને જીવવાની આશારહિત બનેલો વૈદ્યસમૂહ પણ પાછો ગયો. ત્યારે તેણે એમ ચિંતવ્યું કે–અહો ! થોડી માત્ર પણ આપત્તિમાં પડેલા જીવને ( આ સંસારમાં ) કોઈ રીતે કોઇનાથી પણ ( સાહાર= ). સહકાર ( સહાય ) કરી શકાતો નથી. (૨૯૮ થી ૩૦૦) માતા–પિતા સહિત અતિ વત્સલ અને સ્નેહી એવા બંધુઓ પણ આપત્તિરૂપ કુવામાં પડેલા ( પોતાના સંબંધીને જોવા છતાં ) કાંઠે ( પાસે ) ઊભા ઊભા શોક જ કરે છે. (૩૦૧) એમ જ્યાં જીવનું કોઈનાથી થોડું પણ રક્ષણ થતું નથી, ત્યાં પણ લોકો ( પ્રસન્નતાથી ) રહે છે એ આશ્ચર્યભૂત મોહનો મોટો મહિમા છે ! (૩૦૨) માટે જો કોઇ રીતે પણ મારો આ દાહજ્વર થોડો પણ ઉપશમે તો સ્વજન અને ધનને તજીને હું જિનદીક્ષાને અનુસરું ( સ્વીકારું ). (૩૦૩) તે પછી ભાગ્યયોગે દિવ્ય ઔષધાદિ વિના પણ જ્યારે ( ભાવનારૂપ ઔષધથી ) તે નિરોગી થયો, ત્યારે સ્વજનોને બહુ રીતે સમજાવીને ( રાગ છોડાવીને ) શ્રી

ગુણસાગરસૂરિની પાસે દીક્ષિત થયો અને છઠ્ઠ, અઠ્ઠમ વગેરે દુષ્કર તપશ્ચર્યામાં તત્પર તે વિહાર કરી ગયો. (૩૦૪-૩૦૫) એ રીતે હે મહાશય! તેં મારી વિસદ્દશતાને ઉદ્દેશીને જે પૂછ્યું, તે સઘળુંય મેં જે રીતે બન્યું છે તેમ કહ્યું. (૩૦૬) (આ પ્રમાણે સૌધર્મ-વાસી દેવ મહસેન રાજાને તેના પૂર્વભવોને જણાવે છે કે–) એ સાંભળીને હે મહસેન રાજા! તેં ત્યારે વિચાર્યું કે–અનાર્યકાર્યમાં આસક્ત એવા મારા પુરુષપણાને ધિક્કાર થાઓ, (૩૦૭) બુદ્ધિને પણ ધિક્કાર હો, ગુણરૂપી પર્વતમાં ઇન્દ્ર ધનુષ (વજ્ર) પડો અને મારું શાસ્ત્રાર્થમાં પારંગામીપણું પણ પાતાળમાં જાઓ! (૩૦૮) ઉત્તમ કુળમાં જન્મ મળવાથી પ્રગટેલું અભિમાન ગુફામાં પેસો અને બિચારી નીતિ પણ બીજા ઉત્તમ પુરુષોનો આશ્રય કરો! (અર્થાત્ મારા બધા ગુણો નાશ પામો.) કારણ કે–કુતરા જેવો નિર્લજ્જ હું શ્રેષ્ઠ પુરુષના મસ્તકના મણિ સમાન એવા તે પુરૂષે જેનું વમન કર્યું, તે સ્ત્રીને ભોગવવાને ઇચ્છું છું. (૩૦૯-૩૧૦) તે ધન્ય છે! કૃતપુણ્ય છે! તેનું જ મનુષ્ય-પણું સફળ છે અને તેણે જ શરદના ચંદ્ર સમાન ઉજ્વલ પ્રસિદ્ધિ (કીર્તિ) મેળવી છે. (૩૧૧) તે એક કનકપ્રભ જ નિજકુલરૂપ આકાશનો (પ્રકાશક) ચંદ્ર છે, કે જેણે મહામોહ-રૂપી ઘોર શત્રુને લીલા માત્રથી ચૂરી દીધો છે. (૩૧૨) હે પાપી હૃદય! આવા પ્રકારના પુરુષોના સચ્ચરિત્રને સાંભળીને પણ ઉત્તમ મુનિઓએ નિષેધેલા પરસ્ત્રીના ભોગમાં તું કેમ રમે છે? (૩૧૩) હે મન! કદાપિ પણ શ્રેષ્ઠ લાવણ્યથી પૂર્ણ સર્વ અંગોવાળી. પ્રકૃતિથી જ સૌભાગ્યનો ડબો (ભંડાર), સર્વ અંગોની મનોહર ચેષ્ટાવાળી, પ્રકૃતિએ જ શબ્દાદિ વિષયોની સુંદર સીમ ભૂમિ સરખી, અર્થાત્ શબ્દાદિ પાંચેય ઇન્દ્રિયોના સુંદર વિષયોની પરાકાષ્ટાને પામેલી, મનોહર એવાં સર્વ અંગોમાં ધારણ કરેલા શણગારથી પ્રગટ ગૌરવ-વાળી, કામદેવના નિધાન સરખી, છતાં પવનથી કંપતા પિપ્પલના પત્ર સમાન ચંચળ ચિત્તવાળી, એવી તે (પરસ્ત્રી) ઓમાં અને પોતાની પત્નીઓમાં પણ તું રાગ કરીશ નહિ. (૩૧૪ થી ૩૧૬) વળી તું અહીંનું સુખ તુચ્છ છે–એમ જાણે છે, પરિણામે મેરૂપર્વત જેવું મોટું દુ:ખ છે તે પણ જાણે છે, જીવિત ચલ (ચંચળ) છે તે જાણે છે અને લક્ષ્મીઓ તુચ્છ છે તે પણ જાણે છે. (૩૧૭) સ્નેહ અસ્થિર છે તે જાણે છે અને આ સમસ્ત (સંયોગો) ક્ષણભંગુર છે તે પણ જાણે છે, તો પણ હે જીવ! (એત્તાહે=) હજુ પણ તું ગૃહવાસને કેમ છોડતો નથી? (૩૧૮) એમ અતિ ઘણા વૈરાગ્યમાર્ગે વળેલા ચિત્તના વેગવાળા તેં બે હાથથી અંજલિ જોડેલી તે સ્ત્રીને કહ્યું કે– (૩૧૯) હે સુતનુ! તું માતા છે અને તારો પતિ તે મારો પિતા છે, કે જેના ચારિત્રરૂપી દોરડાએ મને અકાર્ય (પાપ) રૂપી કુવામાંથી બહાર કાઢયો છે. (૩૨૦) આજથી સાંસારિક કાર્યોમાં મને વૈરાગ્ય થયો છે, હે મહાનુભાવ! તું પણ (તારા) પતિના માર્ગને અનુસર (દીક્ષા લે). (૩૨૧) કારણ કે–કઠોર સખ્ત પવનથી અફળાયેલા વૃક્ષના પાંદડા જેવું આયુષ્ય ચંચળ છે, લક્ષ્મી અસ્થિર છે, યૌવન વિજળી જેવું ચપળ છે, વિષયો વિષની જેમ દુ:ખજનક છે, પ્રિયજનનો સંયોગ વિયોગથી યુક્ત છે, શરીર રોગથી (ભંગુર=) નાશ-

વંત છે અને અતિ ભયંકર જરા વૈરિણીની જેમ ક્ષણે ક્ષણે આક્રમણ કરી રહી છે. **(૩૨૨-૩૨૩)** એમ તેને હિતશિક્ષા આપીને તેના ઘરમાંથી (આવ્યો હતો) તે જ માર્ગે તું શીઘ્ર નીકળીને તારા ઘેર પહોંચ્યો. **(૩૨૪)** પછી ત્યાં રહેલો તું સંસારની અસારતાને જોતો (વિચારતો) હતો, ત્યારે કાળનિવેદકે આ એક ગાથા કહી. **(૩૨૫)** "જો કોઈ પણ નિમિત્તને પામીને એક ક્ષણ પણ વૈરાગ્યબુદ્ધિ પ્રગટે અને તે સ્થિર રહે, તો શું પ્રાપ્ત ન થયું ? (અર્થાત્ ક્ષણ વૈરાગ્યની પ્રાપ્તિ પણ ઘણી હિતકર છે.)" **(૩૨૬)** આ ગાથાને સાંભળીને સવિશેષ ઉછળતા શુભ ભાવવાળો તું પ્રભાતનો સમય થતાં, ઘરમાં રતિને નહિ પામવાથી કેટલાક મનુષ્યોથી પરિવરેલો વનરાજીની શોભાને જોવા નીકળ્યો (ચાલ્યો), ત્યાં ઉદ્યાનમાં એક સ્થળે તેં ચારણશ્રમણ મુનિને જોયા. **(૩૨૭-૩૨૮)**

તે મુનિ પ્રશસ્ત ગુણરત્નો જેઓનો શણગાર છે, જેઓએ મોહમલ્લના દૃઢ દર્પને ખંડી નાખ્યો છે, દેહની કાન્તિથી છેક છેડા સુધીની દિશાઓને વિભૂષિત કરી છે; પાપી લોકોની સંગતિથી જેઓ પરાઙ્મુખ છે, યોગમાર્ગમાં જેઓએ મનને બાંધ્યું (સ્થિર કર્યું) છે, જેઓ કર્મશત્રુને જીતવામાં પ્રગટ સાહસિક છે, પૃથ્વી ઉપર ઉતરેલા પુનમના ચંદ્રની જેવી સૌમ્યતાથી જેઓ મનુષ્યના ચિત્તને રંજન કરે છે, અતિ વિશિષ્ટ શુભ લેશ્યાવાળા, ભવ્ય લોકને (મોક્ષ) માર્ગ પ્રકાશનારા, ક્રોધ-માન-ભય-લોભથી રહિત, વાદિઓના સમૂહથી પણ નહિ હારેલા, એક પગ ઉપર શરીરનો ભાર સ્થાપીને (એક પગે) ઊભા રહેલા, સૂર્ય સન્મુખ જોડેલી નેત્રની કીકી(દૃષ્ટિ)વાળા, મેરુપર્વતના શિખરની જેમ નિશ્ચળ અને પ્રાણીઓ પ્રત્યે વાત્સલ્યવાળા તેઓ કાઉસ્સગ્ગમાં રહેલા છે. **(૩૨૯ થી ૩૩૨)** એવા પ્રકારના ગુણવાળા તે મુનિને જોઈને હર્ષિત નેત્રોવાળો તું તેમના પગમાં પડ્યો અને કહેવા લાગ્યો કે- **(૩૩૩)** હે ભગવંત ! હવે મને મોક્ષમાર્ગના ઉપદેશ દ્વારા પ્રસાદ કરો ! તમારા બે ચરણરૂપ ચિંતામણિનું દર્શન નિષ્ફળ ન કરો. (અર્થાત્ આપના દર્શનનું ફળ આપો.) **(૩૩૪)** એમ કહેવાથી તેઓએ ઉગ્ર કરુણાથી કાઉસ્સગ્ગ પાળીને 'યોગ્ય છે'-એમ જાણીને તને કહ્યું-હે ભવ્ય તું સાંભળ ! **(૩૩૫)**

આ લાખો દુઃખોથી પ્રચુર (ભરેલા) અનાદિઅનંત સંસારમાં જીવો મહા મુશીબતે ભાગ્યયોગે મનુષ્યપણું પામે છે, **(૩૩૬)** તેમાં પણ આર્ય દેશ, આર્ય દેશમાં પણ ઉત્તમ કુલ વગેરે સામગ્રી અને તેમાં પણ સૌભાગ્ય ઉપર મંજરી જેવો જૈન ધર્મ (એ દરેક) ઉત્તરોત્તર અતિ મુશીબતે મળે છે. **(૩૩૭)** કારણ કે-મનુષ્યની કે દેવની લક્ષ્મી મળે, ભાગ્યયોગે મનુષ્યપણું મળે, પણ અચિન્ત્ય ચિંતામણીતુલ્ય (દુર્લભ) જિનધર્મ મળતો નથી. **(૩૩૮)** એમ રત્નનિધાનની પ્રાપ્તિતુલ્ય એવા ધર્મને મુશીબતે પામીને પણ અતિ તુચ્છ વિષયોની આસક્તિથી મહામૂઢ બનેલો જે નિષ્ફળ બનાવે છે, તે બિચારો સતત જન્મ-જરા-મરણરૂપી પાણીથી ભરપૂર અને બહુરોગરૂપી મગરમચ્છોથી ભયંકર, એવા સંસારસમુદ્રને અનંતી વાર સેવે છે. (તેમાં ભટકે છે.) **(૩૩૯-૩૪૦)** એવો કોણ બુદ્ધિ-

માન હોય, કે જે ઘણા લાંબા કાળ સુધી દુઃખોને વેઠીને મહા મુશીબતે પામેલા ક્રોડ સુવર્ણને એક કાકિણી (કોડી) માટે ગુમાવે? (૩૪૧)

વળી આ સંસારમાં જીવને ધર્મ, અર્થ, કામ અને મોક્ષ–એ ચાર પુરુષાર્થ (સાધ્ય) હોય છે. તેમાં પણ શેષ (ત્રણ) પુરુષાર્થની સિદ્ધિમાં હેતુરૂપ એક ધર્મ જ શ્રેષ્ઠ છે. (૩૪૨) છતાં પ્રચુર મદિરાના રસનું પાન કરનારા (પાગલ) મનુષ્યની જેમ મિથ્યાત્વરૂપી અંધકારના સમૂહમાં મુંઝાયેલો જીવ તે ધર્મને યથાસ્થિત (યથાર્થ) રૂપે જાણી શકતો નથી. (૩૪૩) તેથી હે મહાયશસ્વી! મિથ્યાત્વનાં સર્વ કાર્યો (કરણી)નો ત્યાગી તું એક માત્ર શ્રી જિનેશ્વરને જ દેવ અને મુનિઓને ગુરુ તરીકે સ્મરીને (માનીને) પ્રાણીવધ, મૃષાવાદ, અદત્તાદાન, મૈથુન અને પરિગ્રહના પાપોને છોડી દે! આ પાપોને છોડવાથી જીવ ભવભયથી મુક્ત થાય. છે. (૩૪૪–૩૪૫) આનાથી શ્રેષ્ઠ અન્ય ધર્મ ત્રણ ભુવનમાં પણ નથી અને આ ધર્મથી રહિત (જીવો) કોઈ રીતે મોક્ષસુખને પામતા નથી. (૩૪૬) માટે સારરહિત અને અવશ્ય વિનાશી એવા શરીરનું માત્ર ધર્મ (આત્મગુણ) ઉપાર્જન સિવાય અન્ય કોઇ ફળ નથી. (૩૪૭) વળી ઉગ્ર પવનથી અફળાયેલા પદ્મિનીના પત્રના છેડે લાગેલા પાણીના બિંદુની જેવા અસ્થિર એવા આ જીવિતનું પણ ધર્મોપાર્જન વિના (બીજું) કોઈ ફળ નથી. (૩૪૮) (તેમાં પણ) સર્વવિરતિથી વિમુખ મનુષ્ય આ ધર્મની પ્રતિપૂર્ણ પ્રાપ્તિ કરવા શક્તિમાન થતો નથી અને એની પ્રાપ્તિ વિનાનો જીવ મોક્ષને પામતો નથી. (૩૪૯) વળી તેના (મોક્ષના) અભાવે સઘળા ક્લેશના લેશ વિનાનું, એકાન્તિક, આત્યન્તિક અને અનંત–એવું સુખ અન્યત્ર સંભવિત નથી. (૩૫૦) એ રીતે એવા પ્રકારના સુખવાળા મોક્ષને મેળવવા જો તું ઇચ્છે છે, તો જિનદીક્ષારૂપી નૌકાને ગ્રહણ કરીને સંસારસમુદ્રને તરી જા. (૩૫૧) એ પ્રમાણે (ચારણ મુનિએ) કહેવાથી હર્ષવશ ઉછળતી રોમરાજીવાળા અને ભક્તિથી નમ્ર બનેલા તેં તે મુનિવરની પાસે દીક્ષા લીધી. (૩૫૨) પછી સકળ શાસ્ત્રોને ભણેલો, (ગુરુમુખે) સાંભળીને બુદ્ધિથી સર્વ પરમાર્થ (તત્ત્વો)ને પામેલો, છ જીવનિકાયની રક્ષામાં તત્પર, ગુરુકુળવાસમાં રહેતો, વિવિધ તપશ્ચર્યાને કરતો તું, ગુરુ, ગ્લાન, બળ વગેરેના ઉપચાર(વૈયાવચ્ચ)માં વર્તતો, પોતાના પૂર્વ દુશ્ચરિત્ર(પાપો)ને નિંદતો, નવા નવા ગુણોની પ્રાપ્તિ માટે અતિ ઉદ્યમ કરતો અને વિશેષતયા પ્રશમરૂપી અમૃતથી કષાયરૂપી અગ્નિને શાન્ત કરતો, ઇન્દ્રિયોના સમૂહને વશ કરનારો, તું લાંબો કાળ પ્રવ્રજ્યાને પાળીને અને અંતે અનશન સ્વીકારીને (મરીને) સૌધર્મકલ્પમાં દેવ થયો. (૩૫૩ થી ૩૫૬) તે સુરસુંદરી (વિદ્યાધરી) પણ તે દિવસથી માંડીને દીક્ષાનું પાલન કરીને–પૂર્વના સ્નેહના કારણે (ત્યાં) તારી દેવી તરીકે ઉત્પન્ન થઈ. (૩૫૭) અને (ત્યાં) મારી સાથે તને કોઈ અપૂર્વ પ્રતિબંધ (રાગ) થયો. તેથી ક્ષણ પણ વિયોગના દુઃખને સહન નહિ કરતા આપણો કાળ પસાર થયો. (૩૫૮) પછી ચ્યવન સમયે તું મને કેવલજ્ઞાની પાસે લઈ ગયો અને ત્યાં કેવલી ભગવાનને પૂર્વભવો

તથા ભાવી જન્મ અંગે પૂછ્યું. (૩૫૯) તેઓએ પણ અતિ તીવ્ર અસંખ્ય દુઃખોથી ભરેલા હાથી વગેરેના પૂર્વભવો કહ્યા અને ભાવી રાજાનો વર્તમાન ભવ પણ કહ્યો. (૩૬૦) તે પછી બે હાથ જોડીને તેં સ્નેહપૂર્વક "હે સુભગ! આ છેલ્લી પ્રાર્થના તું નિષ્ફળ કરીશ નહિ." (૩૬૧) એમ કહીને મને કહ્યું કે–જ્યારે હું મહાવિષયના રાગથી મૂઢ એવો રાજા બનું, ત્યારે તું આ હાથી વગેરેના ભવો (સંભળાવવા) દ્વારા મને પ્રતિબોધ કરજે. (૩૬૨) (કે જેથી) પુનઃ પાપસ્થાનમાં આસક્ત હું જૈનધર્મના સારભૂત ચરિત્રથી રહિત દુઃખોની વસતિરૂપ દુર્ગતિઓમાં ન પડું. (૩૬૩) તારી પ્રાર્થના મેં સ્વીકારી, તું ચ્યવ્યો, (અહીં) રાજા થયો અને તે (દેવી) કનકવતી નામે તારી સ્ત્રી થઈ. (૩૬૪) પ્રાયઃ સુખી જીવો ધર્મની વાત સાંભળે તો પણ ધર્મને ઇચ્છતા નથી. (તે કારણે તને અતિ) દુઃખથી પીડીને મેં આ વૃતાન્ત કહ્યા. (૩૬૫) તેથી હું તારો તે મિત્ર છું, તું તે (દેવ) છે અને આ (કહ્યા તે) તારા ભવો છે. હવે પછી મહાભાગ! જે બહુ હિતકર હોય તે કર! (૩૬૬) દેવે જ્યારે એમ કહ્યું, ત્યારે મહસેન રાજા પોતાના સઘળા પૂર્વજન્મોનું સ્મરણ કરીને, મૂર્છાથી આંખો મીંચીને અને ક્ષણવાર ઉંઘતાની જેમ (ચેષ્ટારહિત) થયો. (૩૬૭) તે પછી શીતળ પવનથી ભાનમાં આવેલો રાજા (મહસેન) બે હાથ લલાટે જોડીને, આદરપૂર્વક પ્રણામ કરતો દેવને કહેવા લાગ્યો કે–(૩૬૮) હે સુભગ! સ્વીકારેલી કબૂલાતનો ભાર વહન કરીને (વચન પાળીને) અહીં આવેલા તેં કેવળ સ્વર્ગને નહિ પણ પૃથ્વીને પણ શોભાવી છે. (૩૬૯) જો કે તારી પ્રેમભરી વાત્સલ્યતાના (બદલામાં) ત્રણલોક(ની સંપત્તિ)નું દાન પણ તુચ્છ છે, તો પણ તું એ કહે કે–હું કયી રીતે તારો પ્રત્યુપકારી થઈ શકું? (બદલો વાળી શકું?) (૩૭૦) દેવે કહ્યું કે–જ્યારે તું શ્રી જિનેશ્વરદેવના ચરણકમળમાં દીક્ષા સ્વીકારીશ, ત્યારે હે રાજન્! નિઃસંશય તું પ્રત્યુપકારી (ઋણમુક્ત) થઈશ. (૩૭૧) તે પછી 'હું એમ કરીશ'– એમ બોલતા શુદ્ધ સમ્યક્ત્વને પામેલા રાજાને તેના ઘેર પહોંચાડીને દેવ જેમ આવ્યો હતો તેમ (સ્વર્ગમાં) ગયો. (૩૭૨) રાજા પણ સ્વ–સ્વ સ્થાને રહેલા સુભટો, હાથીઓ, ઘોડાઓ, મહેલ અને રાણીને જોઈને મનમાં આશ્ચર્ય પામેલો વિચારવા લાગ્યો કે–(૩૭૩) અહો! દેવોની શક્તિ! તેવો ઉપદ્રવ દેખાડીને પુનઃ તે રીતે ઉપશમ પમાડયો (શાન્ત કર્યો), કે જેને નજરે જોનાર મનુષ્ય પણ સમજી (માની) શકે નહિ. (૩૭૪) એવા અતિ સામર્થ્યથી સુંદર દેવભવનું સ્મરણ કરીને પણ હે જીવ! તારી મતિ મનુષ્યનાં (તુચ્છ) કાર્યોમાં કેમ રાગ કરે છે? (૩૭૫) અથવા હે નિર્લજ્જ! વમન અને પિત્ત વગેરે અશુચિવાળા અને દુર્ગંધભરેલા મેલથી સડી જનારા ભોગોમાં તને રાગ કેમ પ્રગટે છે? (૩૭૬) અથવા ક્ષણભંગુર રાજ્ય અને વિષયોની ચિંતા છોડીને તું મોક્ષના (એક પરમ) હેતુભૂત આવું કેમ ઇચ્છતો નથી? કે (૩૭૭)

તે ઉત્તમ દિવસ ક્યારે આવશે, કે જે દિવસે સર્વસંગ(રાગ)ને તજીને ઉત્તમ

મુનિઓના ચરણની સેવામાં આસક્ત હું મૃગચર્યાએ (મૃગની જેમ) વિચરીશ? (૩૭૮) તે ઉત્તમ રાત્રિ કયારે આવશે, કે જ્યારે કાઉસ્સગ્ગમાં રહેલા મારા શરીરને ઠુંઠાની જેમ વૃષભો ખાજ ખણવા માટે ઘસશે? (૩૭૯) તે કયું સુમુહૂર્ત (ઘડી) હશે, કે જ્યારે હું સ્ખલિતાદિ વાણીના દોષોથી રહિત શ્રી આચારાંગ વગેરે સૂત્રોને ભણીશ! (૩૮૦) અથવા તે વેળા (સમય) કયારે હશે, કે જ્યારે હું મારા શરીરનો નાશ કરવા માટે તત્પર બનેલા જીવો પ્રત્યે પણ કરુણાના સમૂહથી નમ્ર એવી નજર ફેંકીશ? (કરુણા નજરે જોઈશ? (૩૮૧) અથવા કયારે (ગુરૂએ) અલ્પ ભૂલમાં પણ કઠોર વચનોથી જાગ્રત કરેલો હું હર્ષના વેગથી ભરપૂર શરીરવાળો (રોમાંચિત) થઈને ગુરૂની શિખામણને સ્વીકારીશ? (૩૮૨) અને તે કયો સમય હશે, કે જ્યારે આ લોક-પરલોકમાં નિરપેક્ષ હું આરાધના કરીને પ્રાણત્યાગ કરીશ (પંડિતમરણે મરીશ)? (૩૮૩)

સંવેગને પામેલો રાજા જ્યારે એમ વિચારતો હતો, ત્યારે (સંસારની) અનિત્યતાને સવિશેષ જણાવવા માટે હોય તેમ સૂર્ય અસ્ત પામ્યો. (૩૮૪) તે પછી સૂર્યના રાતા કિરણોના સમૂહથી વ્યાપ્ત થયેલો જીવલોક જાણે જગતનું ભક્ષણ કરવાની ઇચ્છાવાળા યમની (ક્રૂર) આંખોની પ્રભાના વિસ્તારથી ઘેરાઈ ગયો હોય તેવો (લાલ) દેખાયો. (૩૮૫) અથવા વિકાસ પામતી સંધ્યા પક્ષિઓના કલકલાટથી જાણે એમ કહેવા લાગી હોય કે-યમની જેમ આ અંધકાર ફેલાઇ રહ્યો છે, માટે હે મનુષ્યો! આત્મહિતને કરો! (૩૮૬) પછી મુનિઓની જેમ (**દોસા=**) રાત્રિના આવેશ(વેગ)ને નિષ્ફળ કરનારો, અને (**તમભરો=**) અંધકારને હટાવનારો, તથા પ્રગટ તેજથી નિર્મળ (દીપતો), એવો તારાનો સમૂહ વિકાસ પામ્યો (પ્રકાશિત થયો). (અહીં મુનિપક્ષમાં (**દોસાવેસ=**) દોષોનો આવેગ અને (**તમભરો=**) અજ્ઞાનનો સમૂહ એમ અર્થ કરવો.) (૩૮૭) પછી (કાળપરિણામ=) સમય પાકતાં ખૂલેલી (શુક્તિ સંપુટ) છીપલીના જોડામાંથી પ્રગટેલા મોતીના સમૂહ જેવો (ઉજ્વળ), ચંદ્ર પણ ખીલેલી પૂર્વ દિશારૂપ શુક્તિ સંપુટમાંથી ઉગ્યો. (૩૮૮) એવો રાત્રિનો સમય થયો ત્યારે (**પ્રદોષ=**) રાત્રિના પ્રથમ પ્રહારનાં કાર્યો કરીને સુખશય્યામાં બેઠેલો રાજા એમ વિચારે છે કે-

તે પુર-નગર-ખેટક-કર્બટ-મડંબ-ગામ-આશ્રમો વગેરે ધન્ય છે, કે જ્યાં ત્રણ ભુવનના ગુરુ શ્રી મહાવીરજિન વિચરે છે. (૩૯૦) જો ત્રણ ભુવનના એક બંધુ તે ભગવાન આ નગરમાં પધારે, તો હું પ્રવ્રજ્યા ગ્રહણ કરીને દુઃખોને જલાંજલી આપું. (૩૯૧) એમ વિચારતા રાજાના ચિંતાપ્રવાહને, પ્રતિપક્ષ (વિરતિ) પ્રત્યે કોપવાળી થયેલી અવિરતિ રોકે, તેમ પ્રતિપક્ષ (જાગરણ) પ્રત્યે કોપિત થયેલી નિદ્રાએ રોકી દીધો. (અર્થાત્ ઉંઘથી વિચાર કરતો અટકયો. (૩૯૩)

તે પછી પાછલી રાત્રિએ સ્વપ્નમાં પોતાને ઉત્તમ બળવાળા પુરુષ દ્વારા (**દુર્ગ=**) આકરા પર્વતના શિખરે આરૂઢ થયેલો જોઇને માંગલિક અને જયસૂચક વાજિંત્રોના

અવાજથી જાગેલો રાજા વિચારે છે કે-નિશ્ચે આજે મારો કોઈ પરમ અભ્યુદય થશે. (૩૯૩-૩૯૪) કિન્તુ જે મહાભાગ મને પર્વતે આરોહણ કરવામાં પ્રવર્ત્યો ( સહાયક થયો ), તે પુરૂષ ઉપકારદ્વારા મારા પરમ અભ્યુદયમાં એક હેતુ ( થશે )-એમ જણાય છે. (૩૯૫)

એમ જ્યારે રાજા વિકલ્પ કરતો હતો, ત્યારે શીઘ્ર આવીને બે હાથ મસ્તકે જોડીને, દ્વારપાલિકા કહેવા લાગી કે-(૩૯૬) હે દેવ ! હાથમાં પુષ્પની માળા લઈને ઉદ્યાનપાલકો તમારા દર્શન માટે બારણે ઉભા છે, તો આ વિષયમાં મારે શું કરવાયોગ્ય છે ? (૩૯૭) રાજાએ કહ્યું, જલ્દી લઈ આવ ! તેથી તે આજ્ઞાને સ્વીકારીને તુર્ત ઉદ્યાનપાલકોને લઈને રાજાની પાસે આવી. (૩૯૮)

પછી પ્રણામ કરીને, પુષ્પો આપીને, બે હાથે મસ્તકે અંજલિ કરીને ઉદ્યાનપાલકોએ કહ્યું, હે દેવ ! તમે જયવંતા છો ( રહો ) ! (૩૯૯) આપને વધાવીએ છીએ કે-ત્રણ લોકનો પ્રકાશ કરવામાં સૂર્યસમાન, ત્રણ ભુવનરૂપી સરોવરમાં ફેલાયેલા-કમળોની ભ્રાન્તિ કરતા ( ઉજ્વળ ), એવા ( ત્રિલોકમાં ફેલાયેલા ) યશના વિસ્તારવાળા, ત્રણ છત્રોએ જાહેર કરાયેલા સ્વર્ગ, મૃત્યુ અને પાતાલના શ્રેષ્ઠ સ્વામિત્વવાળા, ત્રણ ગઢથી વિંટાયેલા મણિમય સિંહાસન ઉપર બેઠેલા, હર્ષઘેલા દેવોએ ( વધાવવા ) ફેંકેલી પ્રચુર પુષ્પોની અંજલિથી પૂજાએલા, સંશયોને નાશ કરવામાં સમર્થ એવા શાસ્ત્રની ધર્મકથાને વિસ્તારનારા, ઇન્દ્રના હાથે સહર્ષ વિંઝાતાં, કુમુદ અને બરફ સમાન ઉજ્વળ ચામરોના સમૂહવાળા, વિકસિત શ્રેષ્ઠ પલ્લવ-પત્રોવાળા, કંકેલી ( અશોક ) વૃક્ષ દ્વારા દિગંત ( આકાશ )ને શોભાવનારા, સૂર્યથી પણ પ્રચંડ ( અધિક ) તેજસ્વી ભામંડલથી અંધકારનો નાશ કરનારા, દેવોએ વગાડેલી દુંદુભિના અવાજથી પ્રગટિત ( સિદ્ધ ) અપ્રતિમ શત્રુઓના વિજયવાળા, ગણનાતીત ( અસંખ્ય ) મનોહર સુરેન્દ્રો અને અસુરેન્દ્રોના સમૂહથી પૂજાએલા ચરણકમળવાળા અને શરણાગતવત્સલ, એવા ભગવાન શ્રી મહાવીરદેવ સ્વયમેવ પધાર્યા છે. (૪૦૦ થી ૪૦૫)

એમ વધાઈને સંભળાવવાથી અત્યન્ત ઉચ્ચ હર્ષથી શરીરમાં પ્રગટેલી નિબિડ-ઘટ્ટ રોમરાજીવાળા, ત્રણ લોકની પણ લક્ષ્મી હસ્તકમળમાં આવી તેમ માનતા, અને 'તે આ ભગવાન ( પધાર્યા ), કે જેઓએ સ્વપ્નમાં મને પર્વતના શિખર ઉપર આરૂઢ કર્યો છે,' માટે તેઓ દ્વારા હું સંસારનો પારગામી બનું, એમ ચિંતવતો રાજા, તે ઉદ્યાનપાલકોને સાડા બાર લાખ સોનૈયા પ્રીતિદાનમાં આપીને તુર્ત જ સઘળા અંતઃપુર અને નગરલોકથી પરિવરેલો અને માગધોથી સ્તુતિ કરાતો, હાથી ઉપર બેસીને, જગદ્ગુરૂને વંદન નિમિત્તે જવા નગરીમાંથી નીકળ્યો ( ચાલ્યો ). (૪૦૬ થી ૪૦૯) પછી દૂરથી જ છત્રોપરિ છત્રને જોઈને હૃષ્ટ મનવાળો તે છત્ર-ચામરાદિ રાજચિહ્નો છોડીને, પાંચ પ્રકારના અભિગમ સહિત ઉત્તરદિશાના દ્વારથી સમવસરણમાં પ્રવેશીને, હર્ષવશ વિકસિત નેત્રોવાળો તે રાજા પ્રભુને ત્રણ પ્રદક્ષિણા કરીને, પૃથ્વીપીઠને સ્પર્શતા મસ્તક વડે વારંવાર પ્રણામ કરીને અને બે હસ્તપલ્લવ લલાટે જોડીને સ્તુતિ કરવા લાગ્યો કે-(૪૧૦ થી ૪૧૨)

નિર્મળ કેવલજ્ઞાનના પ્રકાશથી મિથ્યાત્વરૂપી ભયંકર અંધકારના વિસ્તારને નાશ કરનારા હે ભગવંત ! તમારો જય થાઓ ! વિસ્તરતા પ્રબળ કલિકાલરૂપી વાદળોને વિખેરવામાં ઉગ્ર પવન સરખા (તમારો જય થાઓ !) ઉગ્ર પવનતુલ્ય વેગવાળા ઈન્દ્રિયો-રૂપી ઘોડાઓના સમૂહને વશ કરવાથી ત્રણેય ભુવનમાં પ્રસિદ્ધ (એવા તમારો જય થાઓ !) ત્રણ ભુવનમાં પ્રસિદ્ધ સિદ્ધાર્થ રાજાના કુળરૂપી કમળને વિકસાવવા માટે સૂર્યતુલ્ય (તમારો જય થાઓ !) જેઓના સૂર્ય જેવા ઉગ્ર મોટા પ્રતાપ(પ્રભાવ)થી કુતીર્થિકોનો મહિમા હણાયો છે (એવા તમારો જય થાઓ !) રણ (યુદ્ધ), રોગ, અશિવ વગેરેને ઉપશમાવ-વામાં સમર્થ છે એક નામોચ્ચાર જેનો, એવા હે દેવ ! (તમારો જય થાઓ !) હે દેવેન્દ્રોના સમૂહથી વંદાયેલા, દૃઢ રાગ–દ્વેષરૂપી કાષ્ટને ચીરવામાં કરવતતુલ્ય અને મોક્ષસુખ જેઓને હાથમાં છે, એવા હે મહાવીરજિન તમે જયવંત રહો ! (**૪૧૩ થી ૪૧૬**)

વળી સ્તુતિ કરે છે કે–હે દેવ ! ઉપસર્ગોના સમૂહ સામે પણ તમારી અક્ષુબ્ધતાને, એક માત્ર તમે દબાવેલી ચરણની અંગુલિ માત્રથી પણ ચલાચલ શિખરોવાળા મેરુપર્વતની ઉપમા કેમ અપાય ? (**૪૧૭**) હે નાથ ! તમારા તેજ અને સૌમ્યતાને પણ દિવસ અને રાત્રિના અંતે અતિ તુચ્છ તેજવાળા બનતા રવિ અને ચંદ્રની ઉપમાથી કેમ માપી શકાય ? (**૪૧૮**) હે જિન ! તમારી ગંભીરતાને પણ, દુષ્ટ પ્રાણીઓના ક્ષોભને જે છૂપાવી શકતો નથી (ઉછળવા માંડે છે), તે સમુદ્રતુલ્ય કેમ કહી શકાય ? (**૪૧૯**) એમ બધી ઉપમાઓ અતિ અસમાન હોવા છતાં પણ હે ભુવનનાથ ! જો તમને ઉપમા આપીએ, તો તમારી જ ઉપમા તમને આપી શકાય. (અર્થાત્ વિશ્વમાં આપની તુલ્ય કોઈ નથી.) એવી મારી સમજણ છે. (**૪૨૦**) એ રીતે જિનને સ્તવીને અને ગૌતમપ્રમુખ ગણધરોને નમીને, પ્રસન્ન ચિત્તવાળો રાજા તે પછી પૃથ્વી ઉપર બેઠો. (**૪૨૧**) પછી જગદ્ગુરુએ નર, તિર્યંચો અને દેવો સર્વને સમજાય તેવી સર્વસાધારણ વાણી વડે અમૃતની વૃષ્ટિ સરખી ધર્મદેશના કહેવાનો પ્રારંભ કર્યો કે–(**૪૨૨**)

**પ્રભુદેશના**–હે ! દેવાનુપ્રિય (ભવ્યો) ! જો કે તમે ભાગ્યયોગે અતિ મુશ્કેલીથી સમુદ્રમાં પડેલા રત્નની જેમ (અતિ દુર્લભ એવું) મનુષ્યપણું મેળવ્યું છે, (**૪૨૩**) વળી ચિંતામણીની જેમ મનવાંછિત સકળ પ્રયોજનને સાધવામાં એક સમર્થ એવી લક્ષ્મીને પણ ભુજાદંડના બળથી તમે મેળવી છે, (**૪૨૪**) વળી તમારા પુણ્યપ્રકર્ષથી 'ઇષ્ટ વિયોગ, અનિષ્ટ સંયોગ' વગેરે કોઈ પ્રકારનું દુઃખ (**તુચ્છં**=) અલ્પ પણ તમે જોયું નથી, (**૪૨૫**) વળી ખીલેલા (**કંદોટ્ટ**=) નીલકમળની માળાતુલ્ય દીર્ઘ નેત્રોવાળી તરુણ સ્ત્રીઓમાં તમારો અત્યંત ગાઢ રાગ થોડો પણ ઘટ્યો નથી, (**૪૨૬**) તો પણ તમે એક ક્ષણ મનને રાગ–દ્વેષરહિત કરીને, તેઓનું (મનુષ્યભવાદિ જે તમને મળ્યું છે તેનું) સ્વરૂપ નિપુણ બુદ્ધિ વડે આ રીતે વારંવાર વિચારો ! કે– (**૪૨૭**) આ ભવમાં મુશ્કેલીથી મળેલું પણ મનુષ્યપણું જો ધર્મ નહિ કરવાથી (**એમેવ**=) નિષ્ફળ ગુમાવીએ, તો પુનઃ

ભાગ્યયોગે મુશીબતે પ્રાપ્ત થાય છે. (૪૨૮) કારણ કે–પૃથ્વીકાય આદિમાં જીવ અસંખ્ય–કાળ સુધી રહે છે અને તે વનસ્પતિમાં ગયેલો ત્યાં અનંતગુણા કાળ સુધી રહે છે. (૪૨૯) બીજી પણ વિવિધ હલકી યોનિઓમાં અનેક વાર ભમતા જીવને પુનઃ આ મનુષ્યભવની પ્રાપ્તિ ક્યાંથી થાય? (૪૩૦) સમસ્ત શેષ મનોવાંછિત કાર્યોને પામે (સિદ્ધ કરે), તો પણ શિવસુખની સાધનામાં સમર્થ એવું આ ઉત્તમ મનુષ્યપણું નિશ્ચે દુર્લભ છે. (૪૩૧) વળી ઘણા મોટા ક્લેશોથી મળનારી, દુઃખે રક્ષણ કરી શકાય તેવી જે લક્ષ્મી, તે પણ સ્વજન–રાજા–ચોર–(**તક્કુય=**) *યાચક વગેરે સર્વની સાધારણ છે. (૪૩૨) આપત્તિનું કારણ, મૂઢતા કરનારી, એક જ ભવના સંબંધવાળી અને શરદના વાદળાંની જેમ અસ્થિર, એવી તે લક્ષ્મીમાં પણ આનંદ માનવો (રાગ કરવો), તે (**વિફ્લો=**) હાનિકારક છે. (૪૩૩) વળી જે કોઈ પણ રીતે વર્તમાનમાં ઈષ્ટ વિયોગાદિ દુઃખ ન આવ્યું, (તો પણ) શું! એટલા માત્રથી સદાકાળ તેનો અભાવ થયો છે? (નહિ જ.) (૪૩૪) કારણ કે–સિદ્ધોને છોડીને ત્રણેય લોકમાં પણ એવો બીજો જીવ નથી, કે જેને શારીરિક–માનસિક દુઃખો ન પ્રગટે. (૪૩૫) આ કારણે જ ભવભીરુ મનવાળા મહામુનિઓ સર્વ સંગને દૂર તજીને મોક્ષસુખ માટે સતત ઉદ્યમ કરે છે. (૪૩૬) વળી જો આ સંસારમાં ઈષ્ટ વિયોગાદિ થોડું પણ દુઃખ ન હોય, તો કોઈ પણ મોક્ષ માટે દુષ્કર તપશ્ચર્યાને ન કરે. (૪૩૭) આને દૃઢતાથી વિચારો. વળી સ્ત્રીઓમાં જે આ રાગ છે, તે પણ કિંપાકના ફળની જેમ મુખ (પ્રારંભમાં) મધુર અને અંતે કડવો છે. (૪૩૮) અસંખ્ય ભવોની પરંપરાને વધારનારી, શુભાશયનો (ચિત્તનો) નાશ કરનારી અને ઉત્તમ મુનિજનોને ત્યાજ્ય એવી સ્ત્રીને મનથી પણ યાદ નહિ કરવી. (૪૩૯) અહીં કાંઈ પણ સંકટ છે, જે કાંઈ દુઃખ છે અને જે કાંઈ નિંદાપાત્ર છે, તે સર્વનું મૂળ એક આ સ્ત્રીને જ કહી છે. (૪૪૦) ભવસમુદ્રનો પાર પણ તેઓ જ પામ્યા છે અને તેઓએ જ સચ્ચારિત્રથી પૃથ્વીને પવિત્ર કરી છે, કે જેઓએ આવી સ્ત્રીને દૂર તજી છે. (૪૪૧) એ રીતે હો! મહાનુભાવો! અતિ નિપુણ બુદ્ધિથી વિચારીને સદા ધર્મધન મળે તે વ્યાપારને (**સરહસં=**) ઉત્કંઠાથી અનુસરો! (૪૪૨)

એમ પ્રભુએ જ્યારે કહ્યું, ત્યારે સવિશેષ વધતા શુભ ભાવવાળો રાજા પ્રણામ કરીને અને બે હસ્તકમળને લલાટે જોડીને કહેવા લાગ્યો કે–હે નાથ! પ્રથમ નિજપુત્રનો રાજ્યાભિષેક કરું, તે પછી તમારા પાદમૂળે પ્રવ્રજ્યાને સ્વીકારીશ. (૪૪૩–૪૪૪) ત્રિભુવન ગુરુએ કહ્યું, હે રાજન્! તમારા જેવાને એમ કરવું યોગ્ય છે, કારણ કે–સ્વરૂપને જાણનારા (જ્ઞાનીઓ) સંસારમાં અલ્પ પણ રાગને કરતા નથી. (૪૪૫)

તે પછી જિનચરણમાં પ્રણામ કરીને, રાજાએ નિજભુવનમાં જઈને, સામંતો, મંત્રીઓ વગેરે મુખ્ય મનુષ્યોને બોલાવ્યા, (૪૪૬) અને ગદ્‌ગદ્ ભાષામાં કહ્યું કે–અહો! મને હવે

* પ્રાકૃત કોષમાં 'તક્કુય' સ્વજન અર્થમાં છે, પણ અહીં પુનરુક્ત દોષ થવાથી 'યાચક' ઘટે છે.

દીક્ષા લેવાની બુદ્ધિ પ્રગટી છે, તેથી મેં (આધિપત્ય) સત્તાના મદથી કે અજ્ઞાનથી જે કાંઈ તમારા અપકારરૂપ વર્તન કોઈ પ્રકારે કર્યું હોય, તે સર્વે તમોએ ખમવું (મને ક્ષમા આપવી) અને આ રાજ્યની (નીતિની) વૃદ્ધિ કરવી. (૪૪૭-૪૪૮) એમ તેઓને શિખામણ આપીને, જ્યારે શુભ મુહૂર્ત પ્રાપ્ત થયું, ત્યારે પવિત્ર દિવસે મોટી વિભૂતિ-(મહોત્સવ) પૂર્વક જયસેન પુત્રને રાજ્ય ઉપર સ્થાપ્યો. (૪૪૯) પછી સામંત, મંત્રી-મંડળ વગેરે મુખ્ય પરિજન સહિત પોતે સ્નેહથી તે નવા રાજાને બે હાથની અંજલિથી પ્રણામ કરીને હિતશિક્ષા આપી કે- (૪૫૦)

**મહસેન રાજાએ પુત્રને આપેલી હિતશિક્ષા** :-સ્વભાવે જ સદાચારથી શોભતા હે વત્સ! જો કે તને કાંઈ પણ શીખવાડવા યોગ્ય નથી, તો પણ હું કાંઈક માત્ર કહું છું. (૪૫૧) હે પુત્ર! સ્વામી (રાજા), મંત્રી, રાષ્ટ્ર (દેશ), મુખ્ય (વાહનો), કોષ (ભંડાર), બળ (લશ્કર) અને સુહૃદ્ (મિત્રો) એ સાતેયના પરસ્પર ઉપકારથી આ રાજ્ય સપ્તાંગ (શ્રેષ્ઠ) બને છે. (૪૫૨) માટે સત્ત્વ કેળવીને અને બુદ્ધિથી જેમ ઔચિત્ય સચવાય તેમ વિચારીને, આ સાતેય અંગોની પ્રાપ્તિ માટે તું યત્ન કરજે. (૪૫૨-૪૫૩) તેમાં પ્રથમ તો તું પોતાના આત્માને વિનયમાં જોડજે. તે પછી અમાત્યોને, તે પછી નોકરોને તથા પુત્રોને અને તે પછી પ્રજાને વિનયમાં જોડજે. (૪૫૪) હે વત્સ! ઉત્તમ કુળમાં જન્મ, સ્ત્રીઓના મનનું હરણ કરવામાં ચોર જેવું રૂપ, શાસ્ત્રપરિકર્મિત બુદ્ધિ અને ભુજાબળ, વળી વર્તમાનમાં વિવેકરૂપી સૂર્યને (**ગુંડણ=**) આચ્છાદિત કરવામાં પ્રચંડ શક્તિવાળો, મોહરૂપી મહા વાદળોના અતિ ઘનસમૂહ સરખો, આ ખીલી રહેલો યૌવન-રૂપી અંધકાર, વળી પંડિતોને શ્લાઘ્ય એવી પ્રકૃતિ અને પ્રજા વડે શિરોમાન્ય કરાતી આજ્ઞા (પ્રભુત્વ). આમાંથી એક એક પણ નિશ્ચે દુર્જય છે (એના ગર્વથી બચવું દુષ્કર છે), તો પુનઃ બધાનો સમૂહ તો અતિ દુર્જય બને જ. (૪૫૫ થી ૪૫૭) વળી હે પુત્ર! જગતમાં ભયંકર મનાતો લક્ષ્મીનો મદ પણ પુરુષને (**ગરુય=**) અતિ (**વિહલંઘત્તણ=**) વિકળ અંગપણું (મદાંધ) કરીને શીઘ્ર હલકટ બનાવી દે છે. (૪૫૮) વળી લક્ષ્મી મનુષ્યોને શ્રુતિ, વાચા અને દૃષ્ટિરહિત (બહેરા, બોબડા અને આંધળા) કરી દે તેમાં વિસંવાદ શું છે? (અર્થાત્ તે તેનું કાર્ય છે.) વળી તે આશ્ચર્ય છે કે-(સમુદ્ર-માંથી દેવોએ ઝેર અને લક્ષ્મી વગેરે સાત રત્નોને કાઢયાં, તેથી સમુદ્રમાંથી જન્મેલી) ઝેરની તે બ્હેન છતાં મનુષ્યનું મરણ નથી કરતી! (૪૫૯)

**વિનયનો મહિમા**:-વળી પૂર્વે કરેલા પુણ્યકર્મના પરિપાકથી વૈભવ, શ્રેષ્ઠ કુળ, શ્રેષ્ઠ રૂપ અને શ્રેષ્ઠ રાજ્ય પણ મળે છે, કિન્તુ સઘળાં ગુણોનું કારણ વિનય મળતો નથી. (૪૬૦) માટે ગર્વને તજીને વિનયને શીખજે, પણ મદને ભજીશ નહિ. (કારણ કે-) હે પુત્ર! વિનયથી નમ્ર આત્માઓમાં મહા કીંમતી ગુણો પ્રગટે છે. (૪૬૧) ભુવનતળમાં વિદ્વાનોએ મુખરૂપી (**કોણ=**) વીણા વગાડવાનો દંડ તેના દ્વારા વગાડેલો (વિનયનો)

યશપડહ ( ઢંઢેરો ) સર્વત્ર ફેલાયેલો છે કે–ધર્મ, કામ, મોક્ષ, કળાઓ અને વિદ્યાઓ, એ સર્વ વિનયથી ( મળે છે. ) (૪૬૨) લક્ષ્મી પણ વિનયથી મળે છે, જ્યારે દુર્વિનીતને તે મળેલી પણ નાશ પામે છે. એમ સર્વ ગુણોનો આધાર જીવલોકમાં ( વિશ્વમાં ) વિનય જ છે. (૪૬૩) વધારે શું ? જગતમાં એવું કાંઈ નથી, કે જે આ વિનયથી ન થાય ! તે કારણે હે પુત્ર ! કલ્યાણનું કુળભવન ( મૂળ ઘર ) એવા વિનયને તું શીખજે. (૪૬૪)

વળી સત્ત્વની, ગોત્રની અને ધર્મની સ્થિરતામાં ( રક્ષામાં ) બાધા ન થાય, તે રીતે ધનનું ઉપાર્જન, વર્ધન, રક્ષણ અને સુપાત્રમાં સમ્યગ્ દાન કરવું; રાજ્યસંપત્તિના એ ચાર પ્રકારો છે, માટે હે પુત્ર ! તું એ ( ચારેય ) વિષયમાં પણ પરમ પ્રયત્નપૂર્વક પ્રવૃત્તિ કરજે. (૪૬૫–૪૬૬) સામ, ભેદ, ( **ઉપપ્રદાન=** ) દાન અને દંડ–એ ચાર પ્રકારની રાજ્યનીતિ છે, તેને પણ હે પ્રિય પુત્ર ! તું શીઘ્ર આરાધજે. ( શીખી લેજે. ) (૪૬૭) પણ તેમાં જો પૂર્વપૂર્વની નીતિથી કાર્ય અસાધ્ય બને, તો યથાક્રમ બીજી, ત્રીજી વગેરે નીતિઓનો યથાયોગ ( જ્યારે જ્યારે જેનો પ્રયોગ ઘટિત હોય, ત્યારે ત્યારે તે રીતિએ ) વિચારીને પ્રયોગ કરજે. (૪૬૮) કારણ કે–જો સામનીતિથી કાર્ય થાય તો ભેદનો, સામ-ભેદથી કાર્ય સધાય તો દાનનો, કે સામ, ભેદ અને દાનથી કાર્ય સધાય તો દંડનો આદર ( પ્રયોગ ) કોણ કરે ? (૪૬૯)

વળી નીતિને સદૈવ પ્રાણપ્રિય પત્નિની જેમ અનુસરજે ( રક્ષા કરજે ) અને અન્યાયને દુષ્ટ શત્રુની જેમ સર્વથા રોકજે. (૪૭૦) વસ્ત્ર, આહાર, પાણી, ભૂષણો, શય્યા, યાન ( વાહન ) વગેરેનો ભોગ કરવા પૂર્વે, તેમાં વિષનો વિકાર છે કે નહિ ? તે અપ્રમત્તપણે ભૃંગરાજ આદિ પક્ષીઓ વડે ( આ રીતે ) જાણી લેજે. (૪૭૧)

**ઝેરની પરીક્ષાના ઉપાયો** :– ( **ભૃંગરાજ=** ) * તમરું પોપટ અને મેના, આ પક્ષીઓ પ્રકૃતિએ જ નજીકમાં સર્પનું ઝેર જોઈને ઉદ્વિગ્ન થઈને કરુણ સ્વરે કુંજન કરે ( રડે ) છે. (૪૭૨) ઝેરને જોઈને ચકોરના નેત્રો તુર્ત વિરાગી બને છે ( મીંચાય છે ), ક્રૌંચ પક્ષી સ્પષ્ટ નાચે છે અને મત્તકોકિલ (?) મરી જાય છે. (૪૭૩) ભોજન કરવા ઈચ્છેલા અન્નને પરીક્ષા માટે થોડું અગ્નિમાં નાંખીને તેના ચિહ્નો પણ ( આ રીતે ) સમ્યગ્ જોવાં. (૪૭૪) ( જો તેમાં ઝેર હોય તો ) તેની જ્વાળા ધૂમાડા જેવી થાય, અગ્નિ શ્યામળો બને અને શબ્દ ફૂટવા જેવો ( ફટ્ ફટ્ ) થાય, વળી તેવા ભોજનને લાગેલી માખીઓ વગેરેનું નિશ્ચે મરણ થાય. (૪૭૫) તથા વિષમિશ્રિત અન્નમાંથી જલ્દી ( **સ્વિન્ન=** ) પાણી છૂટે નહિ, જલ્દી ભિંજાય નહિ, રંગ જલ્દી બગડી જાય અને જલ્દી શીતળ થાય. (૪૭૬) વિષમિશ્રિત પાણીમાં કોયલના રંગ જેવી, દહીંમાં શ્યામ અને દૂધમાં થોડી લાલ ( તાંબાના રંગ જેવી ) રેખાઓ પડે. (૪૭૭) વિષમિશ્રિત સર્વ આર્દ્ર

* અભિધાનચિંતામણી કોષ.

પદાર્થો કરમાવા (સૂકાવા) માંડે, સૂકા પદાર્થોનો વર્ણ બગડી જાય અને કઠોર હોય તે કોમળ અને કોમળ હોય તે કઠોર થાય, (૪૭૮) પ્રાવરણ અને આસ્તરણોમાં ઘણાં (ઝામ=) બળેલા જેવાં (ભુખરાં) મંડલો (ડાઘા) થાય અને લોહ, મણિ વગેરે (ઝેરથી) મેલ-પંક જેવાં કલુષિત (મેલાં) થાય. (૪૭૯) એ પ્રમાણે હે પુત્ર! સામાન્યતયા શાસ્ત્રયુક્તિથી વિષમિશ્રિત પદાર્થોને ઓળખીને (તેનો) તું દૂરથી ત્યાગ કરજે. (૪૮૦) વળી (ચારથી છ કાને વાત ન જાય તેવી રીતે) ગુપ્ત મંત્રણા કરજે, દેશ અને કાળના પરિભાગ (તારતમ્ય)ને જાણવામાં કુશળ બનજે, (સારત્થાણુ=) ઉત્તમ પદાર્થોનું કોઇને (જેને-તેને) દાન કરીશ નહિ અને દાન કરે તો પણ પાત્ર જોજે. (૪૮૧) સર્વ કાર્યો સારી રીતે પરીક્ષાપૂર્વક કરજે, તેમાં પણ સંધિ-વિગ્રહની પરીક્ષા વિશેષતયા કરજે; સર્વત્ર ઔચિત્યનો જાણ, કૃતજ્ઞ, પ્રિયભાષી અને સર્વ વિષયમાં (ક્ષેત્રજ્ઞ=) ઉચિત-અનુચિત, પાત્રાપાત્ર, કાર્યાકાર્ય, વાચ્યાવાચ્ય વગેરેનો જ્ઞાતા બનજે. (૪૮૨) ઉત્તમ સાધુની જેમ હે વત્સ! સદાય નિદ્રા, ભૂખ અને તૃષાનો વિજય (સહન) કરજે, સર્વ પરીષહ સહન કરવામાં સમર્થ થજે, (અદુરાગ્રહ=) અનાગ્રહી અને ગુણીજનો પ્રત્યે વત્સલ બનજે. (૪૮૩) મદિરા, શિકાર અને જુગારને તો હે પુત્ર! જોઇશ પણ નહિ, કારણ કે-તેનાથી આલોક અને પરલોકમાં થતાં દુઃખો (લોકોમાં) નજરે જોવાય છે અને શાસ્ત્રોમાં (પણ) સંભળાય છે. (૪૮૪) માત્ર વિષયના કૌતુકને (વાસનાને) ટાળવા સિવાય સ્ત્રીઓના અતિ પરિચયને તથા વિશ્વાસને કરીશ નહિ, કારણ કે-તે સ્ત્રીઓથી પણ ઘણા પ્રકારના દોષો (પ્રગટે) છે. (૪૮૫) તથા ક્રોધ, લોભ, મદ, દ્રોહ, અહંકાર અને ચપલતાનો ત્યાગી તું મત્સર, પૈશૂન્ય, પરોપતાપ અને મૃષાવાદનો (પણ) ત્યાગ કરજે. (૪૮૬) વળી સર્વ આશ્રમો (ધર્મો)ની તથા વર્ણોની તે તે મર્યાદાનો સ્થાપક (રક્ષક) બનજે તથા સદા દુષ્ટોને નિગ્રહ તથા શિષ્ટોનું પાલન કરજે. (૪૮૭)

વળી તું અતિ આકરા કર જો લાદીશ, તો સૂર્યની જેમ તું પ્રજાને ઉદ્વેગકારક બનીશ અને અતિ હલકા કરથી ચંદ્રની જેમ પરાભવનું પાત્ર બનીશ. (૪૮૮) માટે અતિ આકરા કે અતિ હલકા કર લેવાના ભાવને પ્રયત્ન (બુદ્ધિ) પૂર્વક દૂર ફેંકીને સર્વત્ર દ્રવ્ય, ક્ષેત્ર (કાળ-ભાવ-પુરુષ) વગેરેને અનુરૂપ વર્તન રાખજે. (૪૮૯) દીન, અનાથ, બીજાથી અતિ પીડાયેલા તથા ભય પામેલા, એ સર્વના દુઃખોને પિતાની જેમ સર્વ પ્રયત્નોથી તુર્ત પ્રતિકાર કરજે. (૪૯૦) વળી જે વિવિધ રોગોનું ઘર છે અને આજે-કાલે અવશ્ય નાશ પામનાર છે, એવા શરીર માટે પણ અધર્મના કાર્યોમાં રુચિ કરીશ નહિ. (૪૯૧) હે પુત્ર! એવો કુલિન કોણ હોય કે તુચ્છ સુખના લેશમાં મૂઢ મતિવાળો (બનીને) અસાર શરીરના (સુખો) માટે જીવોને પીડે? (૪૯૨) વળી દેવ, ગુરૂ અને અતિથિની પૂજા તથા પ્રતિપત્તિ (સેવા-વિનય) માં તત્પર બનજે, દ્રવ્ય અને ભાવ ઉભયથી શૌચવાળો થજે, ધર્મમાં પ્રીતિ અને દઢતાવાળી તથા ધાર્મિક જનતાના વાત્સલ્યને

કરનારો થજે. (૪૯૩) સર્વ જીવોની સઘળીય પ્રવૃત્તિઓ સુખ માટે હોય છે અને તે સુખ ધર્મ વિના મળતું નથી, તેથી હે પુત્ર ! ધર્મપરાયણ બનજે. (૪૯૪) તથા હે પુત્ર ! તું " મારા રાત્રિ–દિવસો કયા ગુણમાં ( કયી કમાણીમાં ) પસાર થાય છે."–એમ (વિચારતો) સદા સ્થિર બુદ્ધિવાળો જો થઈશ, તો ઉભય લોકમાં પણ દુઃખી થઈશ નહિ. (૪૯૫) હે પુત્ર ! નિત્ય સદાચાર( શીલ )થી જેઓ મોટા ( અધિક ) હોય, તેઓની સાથે સંવાસ ( પરિચય ), ( વિદગ્ધ=)ચતુર પુરુષો પાસે સમ્યગ્ કથા ( શ્રવણ ) અને નિર્લોભ બુદ્ધિવાળા સાથે પ્રીતિ કરજે. (૪૯૬) હે પુત્ર ! સત્પુરૂષોએ નિંદેલી એવી અધમ આત્મપ્રશંસા, કે જે વિષમૂર્ચ્છાની જેમ પુરુષને વિવેકરહિત કરે છે, તેનો ત્યાગ કરજે. (૪૯૭) માણસ આત્મપ્રશંસા કરે છે, તે નિશ્ચે તેના નિર્ગુણપણાની નિશાની છે, ( કારણ કે–) જો તેનામાં ગુણો હોત, તો નિશ્ચે અન્ય જનો સ્વયં તેની પ્રશંસા કરત. (૪૯૮) સ્વજનનો કે પરજનનો પણ પરપરિવાદ ( નિંદા ) વિશેષે કરીને વર્જવાયોગ્ય છે. આત્મહિતની અભિલાષાવાળો તું સદા પરના ગુણને જોનારો ( ગુણાનુરાગી ) થજે. (૪૯૯) હે પુત્ર ! પરગુણપ્રતિ માત્સર્ય, સ્વગુણની પ્રશંસા, અન્યને પ્રાર્થના કરવી અને અવિનીતપણું, આ દોષો મોટા(મહાત્મા)ને પણ હલકો બનાવી દે છે. (૫૦૦) પરનિંદાનો ત્યાગ, સ્વપ્રશંસાની ( સાંભળતાં પણ ) લજ્જાળુતા, ( સંકટમાં પણ ) અપ્રાર્થના અને સુવિનીતપણું, એ ( ગુણો ) નાનાને પણ મહાન્ બનાવે છે. (૫૦૧) પરગુણગ્રહણ, પરની ઇચ્છાને અનુસરવું, હિતકર અને મૃદુ વચન બોલવું તથા અતિ પ્રસન્ન સ્વભાવ, એ મૂળ અને મંત્ર વિનાનું વશીકરણ છે. (૫૦૨) વળી હે પુત્ર ! તારે તેમ કરવું, કે જેથી વૃદ્ધાવસ્થા પ્રથમ મનને અને પછી શરીરને સ્પર્શે ( અર્થાત્ વૃદ્ધ થતાં પૂર્વે ભોગાદિમાં સંતોષી–તૃપ્ત થજે ), તથા હે વત્સ ! જેણે અતિ ગહન યૌવનને અપવાદ વિના ( નિર્દોષ ) પસાર કર્યું, તેણે દોષના ભંડાર એવા પણ આ જન્મમાં કયું ફળ પ્રાપ્ત ન કર્યું ? ( અર્થાત્ પૂર્ણ સફળ કર્યું. ) (૫૦૩–૫૦૪) કોઈ ધન્ય પુરુષની જ આવી ઘોષણા ( ઢંઢેરો ) સર્વત્ર ભમે છે કે– ' આ સારા સ્વભાવવાળો છે, આ શાસ્ત્ર–અર્થનો જાણ છે, આ ક્ષમાવંત છે અને આ ગુણી છે.' વગેરે. (૫૦૫) તથા હે વત્સ ! ગુણોના સમૂહને પોતાના ( જીવનમાં ) તે રીતે સ્થિર કરવા, કે જેથી દુઃખે દૂર કરી શકાય તેવા પણ દોષોને રહેવાનો અવકાશ જ ન રહે. (૫૦૬) પથ્ય અને પ્રમાણોપેત ભોજનનો તું એવો ભોગી બનજે, કે વૈદ્યો તારી ચિકિત્સા ન કરે, માત્ર રાજ્યનીતિના કારણે તેમને તું પાસે રાખજે. (૫૦૭) વધારે કહેવાથી શું ? હે પુત્ર ! તું ઘણા ( ધર્મ ) પર્વોને પ્રગટ કરનારો, સુપાત્ર( પુરુષો )ની પરંપરાને ( સમૂહને ) પાસે રાખનારો, સારા વાંસની જેવો અને પ્રકૃતિએ સરળ એવો ( દૂરે= ) ચિરકાળ સુધી વર્તજે. ( વાંસપક્ષમાં **પર્વ**=ગાંઠોવાળો, **સુપત્ત**=સારાં પત્રો–પાંદડાંવાળો અને પ્રકૃતિથી સરળ=સીધો, એમ સમજવું. ) તાત્પર્ય કે–ધર્મપર્વોનો આરાધક, સંતપુરુષોનો આદર કરનાર અને પ્રકૃતિએ અનાગ્રહી થજે. (૫૦૮) સૌમ્યતાથી પ્રજાનાં નેત્રોને આનંદદાયી, કળાનું ઘર અને પ્રતિદિન ( ગુણોથી ) વધતો, એવો તું ' ચંદ્ર જેમ સમુદ્રની વૃદ્ધિ

( ભરતી ) કરે,' તેમ તું પ્રજાજનની વૃદ્ધિ કરનારો થજે. ( ચંદ્રપક્ષમાં શુકલપક્ષનો ચંદ્ર નેત્રોને આનંદ આપનાર અને કળાઓથી યુક્ત પ્રતિદિન વૃદ્ધિ પામતો-એમ સમજવું. ) (૫૦૯) પ્રકૃતિથી મહાન્, પ્રકૃતિથી જ દૃઢ પ્રતિષ્ઠા( ધીરતા )વાળો, પ્રકૃતિએ જ સ્થિર સ્વભાવવાળો, પ્રકૃતિએ જ સુવર્ણરત્ન સમાન (ઉજ્વલ-નિર્મળ ) કાન્તિવાળો, ઉત્તમ જાતિ-વંશવાળો અને પંડિતોને અનુસરતો એવો હે પુત્ર ! તું લોકમાં મેરુની જેમ ચિરકાળ સ્થિર પ્રભુત્વને ધારણ કરજે. ( મેરુના પક્ષમાં મોટો અચળ, સ્થિર અને સુવર્ણ-રત્નની કાન્તિ-વાળો, ઉત્તમ જાતિના વાંસવૃક્ષોવાળો તથા દેવોથી યુક્ત-એમ સમજવું.) (૫૧૦-૫૧૧) વળી ગંભીરતારૂપ પાણીથી અલંકૃત, ગુણરૂપી મણિનો નિધિ અને બહુ ( નઈ= ) નમ-સ્કારના સમૂહને સ્વીકારતો, તું સમુદ્રની જેમ મર્યાદાનું ઉલ્લંઘન કરીશ નહિ. ( સમુદ્રપક્ષે વધતા ઊંડાણથી શોભતો, મણિ-રત્નોનો ભંડાર અને ઘણી નદીઓને સ્વીકારતો-એમ સમજવું. ) (૫૧૨)

એમ મહસેન રાજા વિવિધ યુક્તિઓથી પુત્રને શિખામણ દઈને સામંતો, મંત્રીઓ વગેરેને અને નગરલોકોને પ્રેમપૂર્વક કહે છે કે-(૫૧૩) હવે પછી આ તમારો સ્વામી છે, ચક્ષુ છે અને આધાર છે, માટે મારી જેમ એની આજ્ઞામાં સદાય વર્તવું. (૫૧૪) વળી રાજ્યને પામેલા મેં હાસ્યથી, ક્રોધથી કે લોભથી જે તમોને દુભવ્યા હોય, તે પણ હવે મને ક્ષમા કરવા યોગ્ય છે. (તમે ક્ષમા કરો. ) (૫૧૫)

**રાણીને ઉપદેશ** :-કનકવતીને પણ કહ્યું, 'હે દેવી ! તું પણ હવે પ્રમાદ (મોહને) છોડ, સર્વવિરતિને અનુસર અને સંસારવાસથી વિરામ કર. ( મુક્ત થા. ) (૫૧૬) જ્યાં નિશ્ચે સતત વિનાશ કરનારો કૃતાન્ત ( યમરાજ ) પાસે જ રહેલો છે, ત્યાં ( સંસારમાં ) સ્વ-જનોમાં, ધનમાં અને યૌવનમાં રાગ કરવાનું સ્થાન ( કારણ ) શું છે ? (૫૧૭) તે પછી પ્રવ્રજ્યા માટે તૈયાર થએલા રાજાની વાણીરૂપી વજ્રથી તાડના કરાયેલી ( બોધ પમાડેલી ) રાણી આંસુનાં પ્રવાહથી વ્યાકૂળ ( ગભરાયેલાં ) નેત્રોવાળી ( રડતી રડતી ) આ પ્રમાણે બોલી. (૫૧૮) **દેવી**-વૃદ્ધત્વમાં ઉચિત ( પ્રસ્તુત અર્થ= ) આ સાધુતાનો વર્તમાનમાં કયો પ્રસંગ છે ? **રાજા**-વિજળીના ચમકારા જેવા ચંચળ જીવનમાં વૃદ્ધત્વ આવશે કે નહિ તેને કોણ જાણે છે ? (૫૧૯) **દેવી**-તમારી સુંદર શરીરની કાન્તિ-શોભા દુઃસ્સહ પરી-ષહોને કેમ સહશે ? **રાજા**-હાડ અને ચામડાની ગુંથણીવાળી ( મઢેલી ) એ કાયામાં શું સુંદર છે ? (૫૨૦) **દેવી**-કેટલાક દિવસ સ્વગૃહમાં જ રહો, શા માટે ઉત્સુક થાઓ છો ? **રાજા**-શ્રેયઃ કાર્યો બહુ વિઘ્નોવાળાં હોય છે, માટે ક્ષણ પણ રહેવું-રોકાવું કેમ યોગ્ય ગણાય ? (૫૨૧) **દેવી**-તો પણ નિજપુત્રની રાજ્યલક્ષ્મીનો શ્રેષ્ઠ વિસ્તાર ( ધૂમધામ ) તો જુઓ. **રાજા**-સંસારમાં અનંતવાર ભમતાઓને નહિ જોયેલું શું ( બાકી રહ્યું ) છે ? (૫૨૨) **દેવી-( સમુદ્દધુર= )** વિશાળ-અખૂટ લક્ષ્મી હોવા છતાં દુષ્કર આ ચારિત્રથી શું ? **રાજા**-શરદના વાદળો જેવી નાશવંત આ લક્ષ્મીમાં તને શું વિશ્વાસ છે ? (૫૨૩) **દેવી**-

( પાંચેય ઈન્દ્રિયોના–વિષયભૂત ) પાંચ પ્રકારના શ્રેષ્ઠ વિષયોને અકાળે કેમ છોડો છો ? **રાજા**–અંતે દુઃખી કરનારા તે વિષયોના સ્વરૂપનો જાણ કોણ તેનું સ્મરણ ( પણ ) કરે ? **(૫૨૪) દેવી**–તમે જ્યારે દીક્ષા લેશો, ત્યારે સ્વજનવર્ગ ચિરકાળ વિલાપ કરશે. **રાજા**–ધર્મનિરપેક્ષ આ સ્વજનવર્ગ પોતપોતાના કાર્યનો ( સ્વાર્થનો ) જ વિલાપ કરે છે. **(૫૨૫)** એમ પ્રવજ્યા વિરુદ્ધ બોલતી રાણીને જોઈને રાજા બોલ્યો, હે મહાનુભાવા ! આમાં તમને રતિ ( રાગ ) કેમ થાય છે ? **(૫૨૬)** મારા વચનથી આજથી ત્રીજે ભવે સર્વ સંગ છોડીને તમે દીક્ષા લીધી હતી, તે કેમ વિસરી ગયું ? **(૫૨૭)**, તું સૌધર્મ દેવલોકમાં મારી દેવી તરીકે ઉત્પન્ન થઈ અને વર્તમાનમાં વધેલા તે દ્રઢ પ્રેમથી રાગી બનેલી તું પુનઃ અહીં પણ મારી પત્ની થઇ. **(૫૨૮)** એમ રાજાએ જ્યારે કહ્યું, ત્યારે રાણી પૂર્વભવના વૃત્તાન્તનું સ્મરણ કરીને બે હાથથી અંજલિ જોડીને બોલી કે–**(૫૨૯)** હે રાજન્ ! ઘરડી ગાયની જેમ વિષયરૂપી કાદવમાં ખૂપેલી મને ઉપદેશરૂપ દોરડા વડે ખેંચીને તમે ઉદ્ધારી. ( બહાર કાઢી. ) **(૫૩૦)** હવે મારું વિવેકરત્ન પ્રગટ થયું, મારી ઘરવાસની ઈચ્છા પણ નાશ પામી અને મારો મોહ નાશ પામ્યો. **(૫૩૧)** તેથી પૂર્વની જેમ વર્તમાનમાં પણ શ્રમણદીક્ષાને સ્વીકારીએ, આજથી સ્વપ્નતુલ્ય ઘરવાસથી સર્યું. **(૫૩૨)**

**રાજાનું સંયમ માટે ઔચિત્ય અને પ્રયાણ** :–એમ રાણીએ કહેવાથી સવિશેષ વધેલા ઉત્સાહવાળો રાજા સ્નાનનો વિધિ કરીને, સ્ફટિક સમાન ઉજ્વલ દુકુલ ( વસ્ત્રોને ) પહેરીને, કેદમાં પૂરેલા અને બાંધેલા અપરાધી મનુષ્યોને છોડાવીને, નગરમાં સર્વત્ર અમારિપડહ વગડાવીને, શ્રી જિનમંદિરમાં પૂજા, સત્કાર અને નાટક મહોત્સવ કરાવીને, દાણ માફ કરવા દ્વારા ધાર્મિક મનુષ્યોને સંતોષીને, સેવકવર્ગનું સન્માન કરીને, **( તક્કુય )** યાચકોને **( જં મગ્ગિર= )** મુખમાગ્યું ધન ( દાન ) આપીને, ઉચિત વિનયાદિ પૂર્વક પ્રજાવર્ગને સમજાવીને, ( અનુમતિ મેળવીને ) હર્ષથી ઉછળતી શરીરની રોમરાજીવાળો થયો. પછી પ્રાસાદના શિખરે ચઢેલા નગરજનો અત્યંત અનિમેષ નજરે જેનું દર્શન કરી રહ્યાં છે અને હૃદયને સંતોષવામાં ચતુર તથા સદ્ભૂત ( યથાર્થ ) મહા અર્થવાળી શ્રેષ્ઠ વાણી ( વચનો ) વડે અનેક મંગળ પાઠકો જેની સ્તુતિ કરી કરી રહ્યા છે, તેવો રાજા, રાણીની સાથે હજાર પુરૂષોએ ઉપાડેલી શિબિકામાં બેસીને શ્રી જિનેશ્વરદેવના ચરણકમળમાં ( પાસે ) જવા માટે ચાલ્યો. **(૫૩૩ થી ૫૩૯)**

તે પછી ગંભીર દુંદુભિ( ભેરી )ના અવ્યક્ત અવાજથી સંમિશ્રિત એવા **( આવૂરિય= )** વગાડેલા અસંખ્ય, શંખોમાંથી, પ્રગટેલા અવાજથી આકાશ પણ ગાજે તેવાં અને પ્રલયકાળના પવનથી ખળભળેલા ક્ષીરસમુદ્રના અવાજનો ખ્યાલ કરાવે તેવાં, ચાર પ્રકારનાં વાજિંત્રોને સેવકોએ વગાડયાં, તથા પ્રકૃષ્ટ હર્ષવશ નીકળતા આંસુના જળથી ભિંજાએલી ચક્ષુઓવાળી, સંક્ષોભવશ ખસી ગયેલા **( કુંચી= )** કંદોરા વગેરે ( આભરણ )ના સમૂહ-

વાળી અને માનવસમૂહને આનંદ પમાડવામાં સમર્થ, એવી વારાંગનાઓએ સર્વ આદરપૂર્વક ઘણા પ્રકારના (**કરણ=**) અંગોના મરોડોથી વ્યાપ્ત એવું શ્રેષ્ઠ નૃત્ય કર્યું. (**૫૪૦**)

એમ પરમ વૈભવ સાથે સમવસરણની ભૂમિએ આવેલો રાજા પાલખીમાંથી ઉતરીને પ્રભુને ત્રણ પ્રદક્ષિણા દઈને, (સ્તુતિ કરવા લાગ્યો કે-) ભવભયવારણ, શિવસુખકારણ, દુર્જય કામદેવને જીતનારા, ઈન્દ્રોથી વંદાયેલા અને સ્તુતિ કરનાર લોક(સમૂહ)નાં પાપોનો નાશ કરનારા, એવા હે શ્રી વીરજિનેશ્વર ! તમે જયવંતા રહો. (**૫૪૧-૫૪૨**) એમ સ્તવીને (**પૂર્વોત્તર=**) ઇશાન ખૂણામાં જઇને રત્નોના અલંકાર અને પુષ્પોના સમૂહને શરીર ઉપરથી ઉતાર્યા અને પછી પ્રભુને આ પ્રમાણે વિનંતિ કરી. (**૫૪૩**)

"હે જગદ્ગુરુ ! હે કરુણાનિધિ ! પ્રવ્રજ્યારૂપી નૌકાનું દાન કરીને, અનાથ આ મનુષ્યને (મને) હવે આ ભવસમુદ્રથી પાર ઉતારો." (**૫૪૪**) રાજાએ જ્યારે એમ કહ્યું, ત્યારે ત્રણ ભુવનમાં એક સૂર્ય એવા પ્રભુએ પોતાના હાથે તેઓને અસંખ્ય દુઃખથી મુક્ત કરવામાં સમર્થ એવી દીક્ષા આપી. (**૫૪૫**) પછી પ્રભુએ શિખામણ આપી કે-

**પ્રભુની હિતશિક્ષા** :-અહો ! આ દીક્ષા તમે મોટા પુણ્યથી પ્રાપ્ત કરી છે, તે કારણે હવેથી પ્રયત્નપૂર્વક પ્રાણિવધ, અસત્ય, અદત્તાદાન, મૈથુન તથા પરિગ્રહના આરંભને ત્રણ યોગ (મન-વચન-કાયા) અને ત્રણ કરણ(કરવું-કરાવવું-અનુમોદવા)થી યાવજ્જીવ પર્યંત અવશ્ય છોડવો જોઇએ (**૫૪૬-૫૪૭**) અને કર્મના નાશમાં મૂળ કારણ એવા બાર પ્રકારના તપવિશેષમાં નિત્ય પ્રમાદ તજીને શક્તિ અનુસાર યત્ન કરવો જોઇએ. (**૫૪૮**) ધન-ધાન્યાદિ દ્રવ્યોમાં, પુર, ખેટ, કર્બટ પ્રમુખ ક્ષેત્રોમાં, શરદ વગેરે કાળમાં તથા ઔદયિક વગેરે ભાવોમાં થોડો પણ રાગ અથવા દ્વેષ મનથી (પણ) કરવો યોગ્ય નથી, કારણ કે-વિસ્તાર પામતા સંસારરૂપી મહાવૃક્ષનું મૂળ એ રાગ-દ્વેષ છે. (**૫૪૯-૫૫૦**)

એમ ચિરકાળ સુધી શિખવીને પ્રભુએ કનકવતી સાધ્વીને ચંદનબાળાને સોંપી અને મહસેન મુનિને સ્થવિર સાધુઓને સોંપ્યા. (**૫૫૧**) તે પછી તે મહાત્મા (મહસેન) સ્થવિરોની સમીપે સૂત્ર-અર્થને ભણતા ગામો, આકરો અને નગરોથી ભૂષિત વસુધા ઉપર વિચરે છે. (**૫૫૨**)

આ બાજુ અન્ય કોઈ દિવસે કેવલીપર્યાયનું પાલન કરીને નાથ (શ્રી વીર પ્રભુ) પાવાપુરીમાં અચલ અને અનુત્તર એવા (**શિવ=**) સુખને (નિર્વાણને) પામ્યા. (**૫૫૩**) ત્યારે તે મહસેન મુનિએ આ પ્રમાણે વિચાર્યું. અહો ! કૃતાન્તને કંઇ અસાધ્ય નથી, જેથી તેવા પણ પ્રભુ નશ્વરભાવને પામ્યા. (**૫૫૪**) જેઓનો પાદપીઠ નમતા ઈન્દ્રોના સમૂહના મણિમય મુગટથી ઘસાય છે, જેઓએ ચરણના અગ્રભાગથી દબાવેલા પર્વત વડે ઘર સહિત ધરણીતળ ડોલાવ્યું છે, પૃથ્વીતળને છત્ર અને મેરુનો દંડ કરવાનું જેઓમાં શ્રેષ્ઠ સામર્થ્ય છે અને કંકેલીવૃક્ષ વગેરે આઠ શ્રેષ્ઠ પ્રાતિહાર્યોની શોભાએ જેઓનું ઐશ્વર્ય

પ્રગટ કર્યું છે, તેવાઓને પણ જો અત્યન્ત દુર્નિવાર અનિત્યતા ( **અંગીકાર=**) વશ કરે છે, તો અસાર શરીરવાળા મારા જેવાની કયી ગણના? (**૫૫૫-૫૫૭**) અથવા ( ત્રણેય ) જગતના એક પૂજ્ય તે જગદ્ગુરુનો શોક કરવો યોગ્ય નથી, કારણ કે-તેઓ કર્મની ગાંઠને તોડીને શાશ્વત સ્થાનને પામ્યા છે. (**૫૫૮**) હું જ શોક કરવાયોગ્ય છું, કે જે અદ્યાપિ કઠોર કર્મની બેડીથી અત્યંત બંધાયેલો કેદખાનામાં રહે તેમ સંસારમાં રહ્યો છું. (**૫૫૯**) અથવા જરાથી જર્જરિત એવા મને આ( શરીરથી )થી કયો વિશેષ લાભ થવાનો છે, કે જેનાથી હું નિત્ય તપશ્ચર્યાના ઉદ્યમને કરી શકતો નથી? (**૫૬૦**) તેથી હવે પછી મારે સવિશેષ આરાધના કરવી યોગ્ય છે, પણ નિશ્ચિત અને સુવિસ્તૃત અર્થવાળી તે આરાધનાને કેવી રીતે સમજવી? અથવા આ ચિંતાથી શું? (**૫૬૧**) પ્રગટ કેવળજ્ઞાનવાળા ગણધરેન્દ્ર શ્રી ગૌતમ પ્રભુ પાસે જાઉં (**૫૬૨**) અને એકાગ્ર ચિત્તવાળો હું ગૃહસ્થ અને સાધુસંબંધી ભેદ-પ્રભેદવાળી તે આરાધનાના વિધિને પૂછું. (**૫૬૩**) ઉપયુક્ત એવો હું ( ત્યાંથી ) સઘળો પણ તેનો વિધિ સવિસ્તૃત જાણીને સ્વયં આચરું અને બીજા પણ સર્વ ( યોગ્ય ) જીવોને કહું. (**૫૬૪**) પ્રથમ સમ્યગ્ જાણવું, પછી કરવું અને પછી પરને ઉપદેશ કરવો, કારણ કે-જેણે અર્થને યથાર્થ જાણ્યો નથી, તે ( ઉપદેશક ) પોતાનો અને પરનો નાશ કરે છે. (**૫૬૫**) એમ વિચારીને કલિકાળનો વિજય કરવામાં બદ્ધલક્ષ્યવાળો, પ્રત્યક્ષ ધર્મરાજા જેવો તે મહાત્મા ( મહસેન મુનિ ) શ્રી ગૌતમ પ્રભુ પાસે ગયો. (**૫૬૬**) તપથી શરીર સૂકાયેલું હોવાથી પ્રલયકાળમાં સૂકાએલી ગંગા નદીના પવનથી ચાલતા મોજાવાળો પ્રવાહ જેમ ( મંદ ) ચાલે, તેમ ધીમે ધીમે ભૂમિ ઉપર પગલાં ભરતા, શરીરે લાગેલી પાપરજને સતત ધૂણાવતા હોય તેમ વૃદ્ધાવસ્થાને કારણે હાથ, પગ, મસ્તક, પેટ, વગેરે સર્વ અંગોથી કંપતા, યુગપ્રમાણ દૃષ્ટિથી આગળ જોતા જોતા જઈને, વિનયથી શરીરને ( ગાત્રોને ) નમાવીને, તે મહસેન મુનિએ ત્રણ પ્રદક્ષિણાપૂર્વક શ્રી ગૌતમ ગણધરેન્દ્રને વંદન કર્યું. (**૫૬૭ થી ૫૬૯**) અને હર્ષવશ વિકસિત નેત્રવાળા તેઓ, ખીલેલી કળીઓ જેવા હસ્તકમળને લલાટે જોડીને ( અંજલિ કરીને ) સદ્ભૂત વચનો વડે સ્તુતિ કરવા લાગ્યા કે-(**૫૭૦**) હે ત્રિલોકના સૂર્ય ! હે જગદ્ગુરુ ! હે વીર જિનના પ્રથમ શિષ્ય ! હે ભયંકર ભવાગ્નિથી સંતપ્ત શરીરવાળા જીવોની શાન્તિ માટે મેઘ સરખા ! આપ જયવંતા વર્તો. (**૫૭૧**) નયોરૂપ મોટા ઉછળતા તરંગોવાળી, નિર્મળ બાર અંગોવાળી, ( દ્વાદશાંગીરૂપ ) ગંગા નદીના આપ ( **જણુગત્તણુ=** ) ઉત્પાદક હોવાથી હે હિમવંત મહા પર્વતતુલ્ય ( ગુરુ !) તમે જયવંતા વર્તો ! (**૫૭૨**) અક્ષીણ મહાનસી લબ્ધિ વડે ( પંદરસો ) તાપસોને પરમ તૃપ્તિને પમાડનારા, તથા અત્યન્ત પ્રસિદ્ધ ઘણી લબ્ધિઓરૂપ ઉત્તમ સમૃદ્ધિથી સંપન્ન ( હે પ્રભુ ! ) તમારો જય થાઓ. (**૫૭૩**) હે ધર્મધુરાને ધારણ કરનારા એક વીર ! આપ જયવંતા વર્તો ! હે સકળ શત્રુઓને જીતનારા ગુરુ ! તમે જય પામો ! અને સર્વ આદરપૂર્વક દેવો, યક્ષો અને રાક્ષસોથી ( **પ્રણિપાત=**) વન્દન કરાયેલા ચરણકમળવાળા હે પ્રભુ ! તમે જયવંતા વર્તો ! (**૫૭૪**) જગચ્ચુડામણિ શ્રી વીર પ્રભુએ તીર્થ તરીકે

જણાવેલા નિર્મળ છત્રીસ ગુણોની પંક્તિના આધાર હે ભગવંત! (મારા ઉપર) પ્રસાદ કરો. (૫૭૫) અને હે નાથ! મને ગૃહસ્થની અને સાધુની આરાધનાનો વિધિ સવિસ્તૃત ભેદ-પ્રભેદ દૃષ્ટાન્ત અને યુક્તિ સહિત સમજાવો. (૫૭૬) એમ કહીને તેઓ અટક્યા, ત્યારે સ્ફુરાયમાન મણિ જેવી મનોહર દાંતની કાન્તિથી આકાશતળને ઉજ્વળ કરતા હોય, તેમ શ્રી ગૌતમસ્વામિએ આ પ્રમાણે કહ્યું. (૫૭૭) ભો ભો દેવાનુપ્રિય! હે શ્રેષ્ઠ ગુણ-રત્નોની ઉત્તમ ખાણ! હે અતિ વિશુદ્ધ બુદ્ધિના કુળભુવન (ભંડાર)! તેં આ સુંદર પૂછયું. (૫૭૮) કારણ કે-કલ્યાણની પરંપરાથી પરાઙ્ગમુખ પુરુષોને સુદૃષ્ટ પરમાર્થને જાણવાની ઉત્પ્રેક્ષણા(મનોરથ)વાળી બુદ્ધિ (ઇચ્છા) પણ કદાપિ થતી નથી. (૫૭૯) તેથી હે નિરુપમ ધર્મના આધારભૂત એવા દુર્ધર અને પ્રકૃષ્ટ તપના ભારને વહન કરનારા મહસેન મહામુનિ! આ હું કહું છું, તેને તમે સાંભળો (૫૮૦)

એમ દીક્ષાને પામેલા મહસેન મુનિએ સાધુ અને ગૃહસ્થની આરાધનાને જે રીતે પૂછી અનેશ્રી ગૌતમ પ્રભુએ જે રીતે મહસેન મુનિવરિષ્ઠને કહી, (જુઓ ગા. ૭૫ નું વર્ણન) તે રીતે હું સૂત્રાનુસાર જણાવું છું. (૫૮૧-૫૮૨) અહીં (આ શાસનમાં) રાગ-દ્વેષનો નાશ કરનારા અને અનુપકારી પણ અન્ય જીવોને અનુગ્રહ કરવામાં તત્પર એવા શ્રી જિનેશ્વરોએ આ આરાધનાને શિવપંથના પરમ પંથરૂપ કહી છે. (૫૮૩) ઘણા ઉંડા જળવાળા સમુદ્રમાં પડેલા રત્નની જેમ વ્યવહારનયના મત પ્રમાણે કોઇ ભાગ્યયોગે જીવો જો કોઈ રીતે તેને (આરાધનાને) પામે, તો તેની નિત્ય ઉત્તરોત્તર વૃદ્ધિ કરવા દ્વારા તેઓએ પ્રતિસમયે આત્માને વિશિષ્ટ કાર્યોમાં સ્થિર કરવો જોઇએ. (૫૮૪-૫૮૫) એ પ્રમાણે કરવાથી શ્રી જિનશાસનપ્રસિદ્ધ આરાધનાના ક્રમમાં (ક્રમંઠ=) કુશળ આત્માને, કાચમાને (પ્રાપ્ત થયેલા) ચંદ્રના દર્શનની જેમ પ્રાપ્ત થએલું આ મનુષ્યપણું પણ વિફળ ન થાય. (સફળ થાય.) (૫૮૬)

આ સંબંધમાં વધુ પ્રસંગથી સર્યું. હવે જેમાં જ્ઞાન, દર્શન, ચારિત્ર અને તપનું નિરતિચાર આરાધન કરવાનું છે, તે ચાર સ્કંધવાળી આરાધના અહીં કહીએ છીએ. આ આરાધના સામાન્ય અને વિશેષ-એમ બે પ્રકારની છે. તેમાં અહીં પ્રથમ સામાન્યથી કહીશું. (૫૮૭-૫૮૮)

**જ્ઞાનની સામાન્ય આરાધનાનું વર્ણન** :-(સૂત્રોમાં) જેને ભણવાનો જે કાળ કહ્યો છે, તે સૂત્રને તે કાળે જ, સદા વિનયથી, બહુમાનપૂર્વક, ઉપધાનપુરસ્સર, તથા જે જેની પાસે ભણ્યા હોય, તેઓનું (તઓ=) તે વિષયમાં નિશ્ચે નિન્હવણ નહિ કરવા(નહિ ઓળવવા)પૂર્વક, સૂત્ર, અર્થ અને તદુભયને અન્યથા (વિપરીત) નહિ કરવાપૂર્વક, (એમ આઠેય આચારના પાલનપૂર્વક) જે સુંદર વાચના, પૃચ્છના, પરાવર્તના, પ્રરૂપણા (ધર્મકથા) અને તેની જ પરમ એકાગ્રતાથી જે અનુપ્રેક્ષા કરવી. (એ પાંચ પ્રકારનો સ્વાધ્યાય.) (૫૮૯-૫૯૦) તથા દિવસે કે રાત્રે, (તેમાં પણ) એકલાએ કે પર્ષદામાં

રહેલાએ, (તેમાં પણ) સુખે સુતેલાએ કે જાગતાએ, (તેમાં પણ) ઉભા રહેલા, બેઠેલા કે થાકેલાએ પણ, ક્યાંય સ્થિર-ચલિત અથવા સ્ખલિત-પતિત થયેલાએ, સ્વસ્થ રહેલાએ કે (દુઃસ્થિત) રહેલાએ, સ્વવશ (સ્વતંત્ર) પરવશ પડેલાએ, તેમજ છીંક, બગાસું કે ખાંસી પ્રસંગે, અથવા બહુ કહેવાથી શું? એવી (**યથાતથા=**) જે કોઈ અવસ્થામાં રહેવા છતાં જેનો ચિત્તનો ઉત્સાહ ઘટ્યો નથી, તેવા ઉત્સાહીએ 'જ્ઞાનનું ગ્રહણ, ધારણ, તત્ત્વથી પરતંત્રતાવાળું છે'-એમ સમજીને સમ્યગ્ જ્ઞાનગુણથી આઢ્ય (જ્ઞાની) એવા પુરુષરત્નોનું જ નિત્ય ભક્તિ-બહુમાન કરવું. (આ આઠ આચારનું પાલન, પાંચ પ્રકારે સ્વાધ્યાય અને વિનય-ભક્તિ તે સમ્યગ્જ્ઞાનની આરાધના છે.) (**૫૯૧ થી ૫૯૬**)

**સામાન્યથી દર્શન આરાધનાનું વર્ણનઃ**-વળી જે સ્વરૂપથી ગહન (અર્થ-ગંભીર) હોવાથી દુઃખેથી સમજાય તેવા, જીવ, અજીવ, વગેરે સર્વ અદ્ભૂત પદાર્થો, તેને અનુપકારી પ્રત્યે પણ અનુગ્રહ કરવામાં તત્પર, એવા પરમ ઐશ્વર્યવાળા શ્રી જિનેશ્વરદેવે પ્રરૂપેલા હોવાથી, તે કથંચિત્ ન સમજાય તો પણ, 'તે એમ જ છે.' (ભલે અલ્પ-બુદ્ધિવાળા મને ન સમજાય), એવા ભાવથી નિત્ય તેમાં શંકા કર્યા વિના તેને (તથારૂપે) સ્વીકારવા, તે ૧-નિઃશંકિત આચાર; તથા 'આ (અન્ય) દર્શનો (**કુત્સિત=**)મિથ્યા છે. તો પણ અમુક અમુક ગુણોથી તે દર્શનો સમ્યક્ છે'-એમ માનીને તેની કાંક્ષા નહિ કરવી, તે ૨-નિષ્કાંક્ષિત આચાર; તથા શાસ્ત્રવિહિત ક્રિયાનુષ્ઠાનના ફળમાં (ફળ મળશે કે નહિ? એવો) સંશય ન કરવો, તથા સૂકા પરસેવાના મેલથી (તથા મલિન વસ્ત્રોથી) વ્યાપ્ત શરીરવાળા મુનિઓને વિષે દુર્ગંછા ન કરવી, તે ૩-નિર્વિચિકિત્સા આચાર, અને કુતીર્થિકોના કોઈ અતિશયને દેખી મનમાં વિસ્મય ન ધરવો, મોહમૂઢ ન થવું, તે ૪-અમૂઢદૃષ્ટિ આચાર. (એ ચાર પ્રકારો નિશ્ચયનયના છે.) વળી ધાર્મિક જનોને તેના ગુણોની ઉપબૃંહણા (પ્રશંસા) કરીને ઉત્સાહ વધારવો,તે ૫-ઉપબૃંહણા આચાર; જે ગુણથી જે દરિદ્ર(ચંચળ)હોય, તેને તે તે ગુણમાં સ્થિર કરવો, તે ૬-સ્થિરીકરણ આચાર તથા તથાવિધ સાધર્મિકોનું યથાશક્તિ જે જે વાત્સલ્ય કરવું, તે-૭ વાત્સલ્ય આચાર; અને શ્રી અરિહંત ભગવંતેપ્રરૂપેલા (સ્થાપેલા) પ્રવચનની (શાસનની) વિવધ પ્રકારે પ્રભાવના કરવી (તેનો મહિમા-યશ વધારવો). તે ૮-પ્રભાવના આચાર. (એ ચાર પ્રકાર વ્યવહારનયના છે) (**૫૯૭ થી ૬૦૨**) વળી આ નિર્ગ્રંથ પ્રવચન એ જ અર્થ છે, એ જ નિશ્ચે પરમાર્થ છે અને એ સિવાય સર્વ અનર્થ છે, એવી જે ભાવથી ભાવના કરવી તથા નિર્મળ સમ્યક્ત્વ ગુણથી (**આઢ્ય=**) મહાન્ પુરુષોનું નિત્યમેવ જે ભક્તિ-બહુમાન કરવું, તે (સર્વ) દર્શન આરાધના જાણવી. (**૬૦૩-૬૦૪**)

**સામાન્યથી ચારિત્ર આરાધનાનું વર્ણનઃ**-સર્વ સાવદ્યયોગના ત્યાગપૂર્વક સત્ પ્રવૃત્તિ કરવી અને જે પાંચ મહાવ્રતોની, દશ પ્રકારના (ક્ષમાદિ) યતિધર્મની, પડિલેહણા-પ્રમાર્જના વગેરેની, તથા દશ પ્રકારની ચક્રવાલરૂપ (પૃચ્છા-પ્રતિપૃચ્છાદિ) સાધુ-

સામાચારીની આસેવના ( પાલના ) કરવી તે ચારિત્ર આરાધના અથવા દશવિધ વૈયાવચ્ચમાં, બ્રહ્મચર્યની નવ ગુપ્તિમાં, ( બેંતાલીશ દોષ વિશુદ્ધ ) પિંડવિશુદ્ધિમાં, ત્રણ ગુપ્તિમાં, પાંચ સમિતિમાં, અથવા દ્રવ્ય–ક્ષેત્ર–ભાવને આશ્રીને ( યથાશક્તિ ) અભિગ્રહ સ્વીકારવામાં, ઇન્દ્રિઓના દમનમાં અને ક્રોધાદિ કષાયોના નિગ્રહમાં જે પ્રતિપત્તિ એટલે પ્રતિજ્ઞા, તથા અનિત્યત્વાદિ બાર, અને પાંચ મહાવ્રત સંબંધી પચીસ ભાવનાઓને સદા ભાવવી, વળી વિશેષ અભિગ્રહ સ્વીકારવારૂપ બારેય ભિક્ષુપ્રતિમાનું જે સમ્યગ્ પાલન કરવું, અને જે સામાયિક, છેદોપસ્થાપનિકા, પરિહારવિશુદ્ધિ, સૂક્ષ્મસંપરાય તથા યથાખ્યાત, એ પાંચ ચારિત્રની પ્રતિપત્તિ ( યથાશક્ય સેવા ) તથા ઉત્તમ ચારિત્રરત્નથી પ્રતિપૂર્ણ પુરુષસિંહ એવા મહાત્માઓ પ્રત્યે જે નિત્ય ભક્તિ–બહુમાન કરવું, તે સર્વને ચારિત્ર આરાધના કહી છે. **(૬૦૫ થી ૬૧૨)**

**સામાન્ય તપ આરાધનાનું વર્ણનઃ**–જે રીતે મનને ખેદ ન થાય, તથાપ્રકારની શરીરની બાધા ન થાય, ઇન્દ્રિયો પણ જે રીતે વિકલતાને ન પામે, રુધિર–માંસ વગેરે શરીરની ધાતુઓની જે રીતે પુષ્ટિ તથા ( **અપચય=** ) ક્ષીણતા પણ ન થાય તથા એકાએક વાત–પિત્ત વગેરેનો ક્ષોભ ( ધાતુઓ દુષિત ) પણ ન થાય, પ્રારંભેલા સંયમગુણોની ( યોગોની ) જે રીતે હાનિ ન થાય, કિન્તુ ઉત્તરોત્તર તે ગુણોની વૃદ્ધિ થાય, તે રીતે જે ઉપવાસ વગેરે છ પ્રકારના બાહ્ય તપમાં તથા પ્રાયશ્ચિત્ત પ્રમુખ છ પ્રકારના અભ્યંતર તપમાં પણ પ્રવૃત્તિ કરવી, વળી "આ લોક–પરલોકનાં સર્વ સુખની આશંસાનો અત્યંત ત્યાગ અને બળ–વીર્ય–પુરુષાર્થને નિત્ય નહિ છૂપાવવારૂપ વિધિપૂર્વક આ તપને શ્રી જિનેશ્વરોએ આચર્યો છે માટે, શ્રી જિનેશ્વરોએ ઉપદેશ્યો છે માટે. તીર્થંકરપણાની પ્રાપ્તિ કરાવનાર છે માટે, ( **ભવસૂદન=** ) સંસારનો નાશક છે માટે, નિર્જરારૂપ ફળવાળો છે માટે, શિવસુખનું નિમિત્ત છે માટે, મન ચિંતિત અર્થને પ્રાપ્ત કરાવનારો છે માટે, દુષ્કર તરીકે ચમત્કાર ( આશ્ચર્ય ) કરનાર છે માટે, સઘળા (દોષોનો) નિગ્રહ કરનાર છે માટે, ઇન્દ્રિયોનું દમન કરનાર છે માટે, દેવોને પણ વશ કરનાર છે માટે, સર્વ વિઘ્નોને હરનાર છે માટે, આરોગ્યકારક છે માટે અને ઉત્તમ મંગળ છે માટે," તે કરવાયોગ્ય છે. એમ સમજીને એ હેતુઓથી બહુ પ્રકારે કરવાયોગ્ય હોવાથી અને પરમપૂજ્ય હોવાથી, તેને કરવાનો જે ઉદ્યમ, પરમસંવેગ (ઉત્સાહ–આદર)અને વિવિધ તપગુણરૂપી મણિના રોહણગિરિ એવા પુરુષસિંહ ( મહા તપસ્વી ) મહાત્માઓ પ્રત્યે વિનય–બહુમાન કરવું, તે સર્વે તપાચારની આરાધના જાણવી. **(૬૧૩ થી ૬૨૨)**

**સંક્ષિપ્ત વિશેષ આરાધનાનું સ્વરૂપ**:–એ પ્રમાણે સામાન્યતયા જણાવેલી આ આરાધનાની વિશેષ વિચારણામાં પણ સંક્ષેપથી અને વિસ્તારથી–એમ બે પ્રકારની કહી છે. **(૬૨૩)** ( તેમાં વિશેષ આરાધના પણ સંક્ષેપથી આ રીતે થાય. ) સાધુ કે શ્રાવક, જો તે અત્યંત અસુખી ( અસ્વસ્થ–રોગી વગેરે ) હોવાથી સવિસ્તર આરાધના

માટે તેને અનુચિત જાણીને ગુરુ, અત્યંત તીવ્ર રોગને વશ થવાં છતાં જે ચિત્તમાં સંતાપને પામ્યો ન હોય (આરાધનાની ઇચ્છાવાળો હોય), તેવા ગૃહસ્થને કે સાધુને આલોચના કરાવીને પાપરૂપ શલ્યનો ઉદ્ધાર કરાવે છે. (૬૨૪-૬૨૫) પુનઃ તેવા ગુરુનો યોગ ન મળે તો સ્વયમેવ સાહસનું આલંબન કરીને (શ્રાવક કે સાધુ પોતાની) ભૂમિકાને ઉચિત ચૈત્યવંદન વગેરે કરવાયોગ્ય કરીને, ભાલતલે બે હાથની અંજલિ જોડીને, હૃદયરૂપી ઉત્સંગમાં શ્રી અરિહંત ભગવંતને તથા શ્રી સિદ્ધોને પધરાવીને આ પ્રમાણે બોલે કે-(૬૨૬-૬૨૭) ભાવશત્રુના ઘાતક એવા શ્રી અરિહંત ભગવંતોને નમસ્કાર થાઓ તથા પરમ અતિશયોથી સમૃદ્ધ સર્વ શ્રી સિદ્ધોને નમસ્કાર થાઓ. (૬૨૮) આ હું અહીં જ રહીને તેઓને વાંદુ છું, ત્યાં જ રહેલા અપ્રતિહત(કેવળ) જ્ઞાનના પ્રકાશથી તેઓ વન્દન કરતા મને જુઓ! (૬૨૯) (પછી વિનંતિ કરે કે-) મેં પૂર્વે પણ નિશ્ચે સતક્રિયાથી પ્રસિદ્ધ, સંવિગ્ન અને સુકૃતયોગી (કુશળ યોગવાળા)-એવા સદ્ગુરુની આગળ મારા સર્વ મિથ્યાત્વનું પ્રતિક્રમણ કર્યું હતું, તથા તેઓની સમક્ષ જ મેં સંસારરૂપી પર્વતને ભેદવામાં દઢ વજ્રસમાન એવા જીવાજીવાદિ પદાર્થોની રુચિ સ્વરુપ સમ્યક્ત્વને સ્વીકાર્યું હતું. (૬૩૦-૬૩૧) હમણાં પણ તેઓની સમક્ષ ભવભ્રમણનું કારણ એવા સંપૂર્ણ મિથ્યાત્વને વિશેષતયા ત્રિવિધ-ત્રિવિધથી પડિક્કમું છું. (૬૩૨) અને પુનઃ તેઓની સમક્ષ સમ્યક્ત્વને પણ સ્વીકારું છું. વળી તેમાં પૂર્વે પણ મારે ભાવશત્રુઓના સમૂહનો નાશ કરવાથી સદ્ભૂતાર્થ એવા શ્રેષ્ઠ અરિહંત નામના ધારક શ્રી ભગવંતો મારા દેવ અને સાધુઓ મારા ગુરુઓ, એવી પ્રતિજ્ઞા હતી. (૬૩૩-૬૩૪) અને હમણાં પણ તે જ પ્રતિજ્ઞા મને સવિશેષતયા (દઢ) થાઓ! એ પ્રમાણે વ્રતોને પણ પુનઃ વિશેષરૂપે સ્વીકારું છું. (૬૩૫) તથા પૂર્વે પણ મારે સમસ્ત જીવો પ્રત્યે મૈત્રીભાવ હતો અને વર્તમાનમાં પણ તમારી સમક્ષ મારે તે મૈત્રીભાવ વિશેષપણે થાઓ! (૬૩૬) એમ કરીને પછી સર્વ જીવોને હું ખમાવું છું, તેઓ મને ક્ષમા કરો, મારે મૈત્રી જ છે, તેઓ ઉપર મનથી પણ દ્વેષ નથી, એમ ક્ષમાપના કરે. (૬૩૭) તથા દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવ વગેરેના પ્રતિબંધ(રાગ)ને પણ મેં સર્વથા વોસિરાવ્યો છે, યાવત્ આ શરીરના પણ રાગને મેં વોસિરાવ્યો છે. (૬૩૮) એમ રાગનો ત્યાગ કરીને ભવથી ઉદ્વિગ્ન થયેલો તે ત્રિવિધ અથવા ચતુર્વિધ આહારને સાકાર કે અનાકાર પચ્ચક્ખાણથી તજે. (૬૩૯) પછી અત્યંત ભક્તિવાળો તે પંચપરમેષ્ઠિ મંત્રને પરાવર્તતો (જપતો) સદ્ધ્યાનને પામેલો કાળ કરે. (૬૪૦) આ સંક્ષિપ્ત આરાધનામાં મધુરાજા અને બીજા નિશ્ચલ પ્રતિજ્ઞાવાળા સુકોશલ મુનિને દૃષ્ટાન્ત (તરીકે) જાણવા. (૬૪૧) તે આ પ્રમાણે-

**મધુરાજાનો પ્રબંધ** :-જીવાજીવાદિ તત્ત્વોના વિસ્તારનો જાણ અને પરમ સમકિત-દૃષ્ટિ, વધારે કહેવાથી શું! શાસ્ત્રમાં કહેલા શ્રાવકના સઘળા ગુણોથી યુક્ત, એવો મથુરા નગરીનો મધુ નામે રાજા હતો, ધન્ય એવો તે અન્યદા ક્રીડા માટે પરિમિત બળ સાથે

ઉદ્યાનમાં ગયો. (૬૪૨-૬૪૩) ત્યાં રમતા તેને રામદેવના ભાઈ દ્વારા (**હેરિઉણ=**) ગુપ્ત રીતે જાણીને શત્રુંજય નામના પ્રતિશત્રુએ મોટા લશ્કરથી ઘેરી લીધો અને આક્ષેપથી કહ્યું કે-જો જીવવાની ઇચ્છા હોય તો ભુજાબળનો મદ છોડીને મારી આજ્ઞાને મસ્તકે ચઢાવ! (૬૪૪-૬૪૫) ત્યારે મધુરાજા "અરે પાપી! આવું બોલીને તું હજુ કેમ જીવે છે?"-એમ તેનો તિરસ્કાર કરતો, ચઢાવેલી ભ્રકુટીથી ભયંકર, (**આવરણ=**) બખ્તર-રહિત શરીરવાળો, દર્પરૂપી ઉદ્ધત (ઉંચા) શ્રેષ્ઠ હાથી ઉપર ચઢેલો, (અથવા દર્પથી ઉદ્ધત પોતે શ્રેષ્ઠ હાથી ઉપર ચઢેલો), તે જીવનથી નિરપેક્ષ (મરણિયો) થઈને તેની સાથે યુદ્ધ કરવા લાગ્યો. (૬૪૬-૬૪૭) તે યુદ્ધનું સ્વરૂપ કહે છે કે-હાથીનાં ગળાં જેમાં કપાય છે, માવતો જેમાં હાથીઓ ઉપરથી નીચે પડે છે, અગ્રેસર હાથીઓ (પણ) જેમાંથી પાછા ફરે છે, જેમાં હાથી-રથ વગેરેનાં બંધનનાં દોર તૂટી રહ્યાં છે, યોદ્ધાઓ જ્યાં દાંતથી હોઠ કચડી રહ્યા છે, જ્યાં શ્રેષ્ઠ યોદ્ધાઓ મરી રહ્યા છે, શ્રેષ્ઠ ખડ્ગો જેમાં ભાંગી-તૂટી રહ્યાં છે, બ્હીકણ લોકો જ્યાંથી નાસી રહ્યાં છે, અંગરક્ષકો (અથવા બખ્તરો) જેમાં છેદાઈ રહ્યા છે, ભાલાની અણીથી જ્યાં પરસ્પર કાયો ભેદાઈ રહી છે, જ્યાં ઘણા રથો ભાંગી રહ્યા છે, જ્યાં (પરસ્પર) ભયંકર પ્રહારો થઈ રહ્યા છે, જ્યાં ભૂમિ સર્વત્ર રુધિરથી રક્ત (લોહિયાળ) બની છે અને કપાએલાં મસ્તકોથી જે ભયાનક છે, એવા યુદ્ધ દ્વારા મધુરાજા શત્રુપક્ષને વિલખો કરીને (હરાવીને) શત્રુઓએ સતત ફેંકેલા શસ્ત્રોના સમૂહના ઘાથી વિકલ અંગવાળો બનેલો, હાથીની પીઠ ઉપર બેઠેલો, યુદ્ધ-ભૂમિમાંથી નીકળીને, અત્યન્ત સત્ત્વશાળી, મનથી વૈરાગી બનેલો, માન અને શોકથી મુક્ત, વિચારવા લાગ્યો કે-(**૬૪૮થી૬૫૩**) બાહ્ય દૃષ્ટિએ રાજ્ય ભોગવવા છતાં નિશ્ચે શ્રી જિનવચનરૂપ અમૃતથી ભાવિત મારા મનમાં આ મનોરથો હતા કે-(૬૫૪) સેંકડો ભવોની પરંપરાના કારણભૂત એવા રાજ્યને આજે છોડું, કાલે છોડું અને મોક્ષના હેતુભૂત સર્વજ્ઞોની (કહેલી) દીક્ષાને ગ્રહણ કરું. (૬૫૫) પછી તેને નિરતિચારપણે પાળીને અંતકાળે વિધિ અનુસારે નિષ્પાપ (ચારેય શરણનો સ્વીકાર, દુષ્કૃત નિંદા અને સુકૃત અનુમોદના વગેરે) આરાધના-વિધિને આરાધીશ. (૬૫૬) અત્યારે અહીં પ્રાસૂક ભૂમિ નથી, સંથારાની સામગ્રી નથી, તેમ નિર્યામક પણ નથી, અહા હા! અકાળે આકસ્મિક મારી આ (કેવી) અવસ્થા થઈ? (૬૫૭) અથવા આવી અવસ્થાવાળા પણ મારે અત્યારે લાંબી ચિંતા કરવાથી શું! હાથીની પીઠનો સંથારો થાઓ અને મારો જ આત્મા (મારો) નિર્યામક થાઓ! (૬૫૮) એમ ચિંતવીને તુર્ત તે મધુરાજાએ દ્રવ્ય-ભાવશસ્ત્રોનો ત્યાગ કર્યો અને તે જ ક્ષણે આત્માને પરમસંવેગમાં સ્થિર કર્યો (મુક્તિનું એક લક્ષ્ય બાંધ્યું.). (૬૫૯) હાથી-ઘોડા-રથ અને મનુષ્યોના સમૂહને, સ્ત્રીઓને, વિવિધ ભંડારોને તથા પર્વતો, નગરો અને આકરો સહિત સર્વ પૃથ્વીને, એ સર્વેને ત્રિવિધે-ત્રિવિધે વોસિરાવ્યું. (૬૬૦) અઢાર પાપસ્થાનકોના સર્વ સમૂહને અને સર્વ દ્રવ્યો-ક્ષેત્રો વગેરેના પ્રતિબંધને (રાગને) પણ વોસિરાવ્યો.

(૬૬૧) તે પછી ધર્મધ્યાનમાં રક્ત અને રૌદ્ર–આર્તધ્યાનનો ત્યાગી, તે બુદ્ધિમાન્ (રાજા) ચિરકાળનાં દુરાચરણોની ગર્હા કરીને, સર્વ ઇન્દ્રિઓના વિકારોને રોકીને, અનશનવિધિને સ્વીકારીને, સર્વ પ્રાણીવર્ગને ખમાવીને, (સુખ–દુઃખાદિ દ્વંદ્વો પ્રત્યે) મધ્યસ્થ ભાવવાળો (તે) ભક્તિપૂર્વક બે હાથ જોડીને કહેવા લાગ્યો કે–ભાવશત્રુઓના વિનાશક, સર્વજ્ઞ, એવા શ્રી અરિહંતોને મારો નમસ્કાર થાઓ ! કર્મના સમૂહથી મુક્ત એવા સર્વ સિદ્ધોને (મારો) નમસ્કાર થાઓ, નમસ્કાર થાઓ ! ધર્મના (પાંચ) આચારોમાં રક્ત એવા આચાર્યોને હું નમું છું, સૂત્રના પ્રવર્તક (દાતા) ઉપાધ્યાયોને પ્રણમું છું અને ક્ષમાદિ ગુણોથી યુક્ત સર્વ સાધુઓને ભાવપૂર્વક નમું છું. એમ પંચપરમેષ્ઠિઓને નમસ્કાર કરતો તે મરણને પામ્યો અને શુભ પ્રણિધાનના પ્રભાવે ત્યાંથી સાત સાગરોપમના આયુષ્યવાળો ત્રીજા સનત્કુમાર દેવલોકમાં દેદીપ્યમાન શરીરવાળો દેવ થયો. (૬૬૨ થી ૬૬૭) એમ મધુરાજાનું વર્ણન સંક્ષેપથી કહ્યું. હવે સુકોશલ મહામુનિનું વક્તવ્ય કહીએ છીએ. (૬૬૮)

**સુકોશલ મુનિનો પ્રબંધ**:–સાકેત નામના મોટા નગરમાં કીર્તિધર નામે રાજા હતો, તેને સહદેવી ભાર્યા અને તેઓને સુકોશલ નામે પુત્ર હતો. અન્ય કોઈ દિવસે વિરાગી બનેલા રાજાએ સુકોશલને રાજ્યાભિષેક કરીને સદ્ગુરુ પાસે પ્રવ્રજ્યા લીધી. (૬૬૯–૬૭૦) ગ્રહણ અને આસેવન બન્નેય પ્રકારની (જ્ઞાન–ક્રિયા રૂપ) શિક્ષાને સમ્યગ્ ઉપયોગપૂર્વક સેવતો (આરાધતો) તે ગામ, આકર વગેરેમાં મમતારહિત વિચરવા લાગ્યો. (૬૭૧) એક પ્રસંગે તે સાકેતપુરમાં આવ્યો, ભિક્ષાર્થે નગરમાં પેઠો અને તેની પત્ની સહદેવીએ તેને દીઠો. (૬૭૨) વ્યુદ્ગ્રાહિત કરીને (ખોટું સમજાવીને) મારા પુત્રને આ સાધુ ન બનાવી દે !–એમ ચિંતવીને તેણીએ (તેને) સહસા નગરમાંથી કાઢી મૂકાવ્યો. (૬૭૩) તેથી અરર ! આ પાપીણીએ પોતાના સ્વામીની પણ અવહેલણા કેમ કરી ?– એમ અત્યંત શોકથી તેની ધાવમાતા ગદ્ગદ્ વાણીથી રડી પડી. (૬૭૪) ત્યારે સુકોશલે પૂછ્યું, માતા તું કેમ રડે છે ? મને કહે, તેણે કહ્યું, હે પુત્ર ! જો તું સાંભળવાને ઇચ્છે છે તો કહુ છું. (૬૭૫) જેના પસાયથી આ ચાતુરંગ બળથી શોભતી રાજ્યલક્ષ્મીને તું પામ્યો છે, તે પ્રવર રાજર્ષિ કીર્તિધર રાજા લાંબા કાળે પણ અહીં આવેલો, તેને હે પુત્ર ! તુર્ત વૈરીની જેમ, આ તારી માતાએ હમણાં નગરથી બહાર કાઢી મૂકાવ્યો. (૬૭૬–૬૭૭) આવા પ્રકારનો વ્યવહાર કયાંય હલકા કુળોમાં પણ દેખાતો નથી, જ્યારે ત્રિભુવનમાં પ્રશંસાપાત્ર તારા કુળમાં આ આશ્ચર્ય થયું છે. (૬૭૮) હે પુત્ર ! પોતાના માલિકનો આવા પ્રકારનો પરાભવ જોઈને પણ અન્ય કાંઈ કરવામાં અસમર્થ હું રડીને દુઃખને ટાળું છું. (૬૭૯) એ સાંભળીને આશ્ચર્ય (ખેદ) પામેલો સુકોશલ રાજા પિતાને વંદન કરવા તુર્ત નગરમાંથી નીકળ્યો. (૬૮૦) અન્યાન્ય જંગલોમાં નિપુણ (સ્થિર) દૃષ્ટિએ જોતાં તેણે એક વૃક્ષ નીચે (ઉભેલા) કીર્તિધર સાધુને જોયા. (૬૮૧) ત્યારે પરમ હર્ષવશ વિકસ્વર થયેલી રોમરાજીવાળો તે સુકોશલ અત્યંત ભક્તિપૂર્વક સાધુના ચરણમાં પડયો. (૬૮૨) અને

કહેવા લાગ્યો કે–હે ભગવંત ! પોતાના પ્રિય પુત્રને અગ્નિથી બળતા ઘરમાં મૂકીને પિતાને ચાલ્યા જવાનું (શું) ઘટે છે ? (૬૮૩) કે જેથી હે પિતાજી ! તમે મને સતત જરા–મરણરૂપ અગ્નિની પ્રચુર જ્વાળાઓના સમૂહથી બળતા આ લોકમાં મૂકીને દીક્ષિત થયા ? (૬૮૪) હજુ પણ હે તાત ! ભયંકર સંસારરૂપ કુવાના વિવરમાં પડેલા મને દીક્ષારૂપી હાથનો ટેકો આપીને અનુગ્રહ કરો (બચાવો). (૬૮૫) (એમ તેનો) અત્યંત નિશ્ચય અને સંસાર પ્રત્યે પરમ વિરાગપણું જોઈને કીર્તિધર મુનિરાજે તેને દીક્ષા આપી. (૬૮૬) સુકોશલને દીક્ષિત થયેલો જાણીને અતિ દુખાર્ત સહદેવી મરીને મોગ્ગિલ નામના પર્વતમાં વાઘણરૂપે ઉત્પન્ન થઈ. (૬૮૭) પુનઃ (આ બાજુ) તે બન્ને મુનિવરો તપમાં નિરત, સંયમમાં ઉદ્યુક્ત અને દુઃસહ મહા પરીષહોરૂપી શત્રુઓ સાથેના યુદ્ધમાં વિજય દ્વારા જય-પતાકાને પામેલા (પરીષહને જીતનારા) અપ્રતિબદ્ધ વિહારથી વિચરતા તે જ શ્રેષ્ઠ પર્વતમાં પહોંચ્યા, ત્યારે ત્યાં તેઓને વર્ષાકાળ શરુ થયો. (૬૮૮–૬૮૯) તેથી પર્વતની ગુફા મધ્યે સ્વાધ્યાય–ધ્યાનથી શોષિત (દુર્બળ) શરીરવાળા તેઓ ચાતુર્માસ રહીને શરદકાળમાં નીકળ્યા. (૬૯૦) પછી તેઓને જતા જોઈને પૂર્વ વૈરથી અતિ તીવ્ર ક્રોધવાળી બનેલી તે વાઘણ સહસા તેઓની સામે દોડી. (૬૯૧) તેને આવતી જોઈને મહા સત્ત્વવાળા (અને તેથી અક્ષુબ્ધ મનવાળા મુનિએ પણ (**અ૦વો=**) આનંદથી 'શ્વાપદનો આ તીવ્ર ઉપસર્ગ ઉપસ્થિત થયો '–એમ (માનીને) સાગાર પચ્ચક્ખાણ (અનશન) કરીને, અદીન મનવાળાં અને ધીર તેઓ બે ભુજાઓ લંબાવીને, નાકના અગ્રભાગે દૃષ્ટિ જોડીને, મેરુની જેમ અચળ, જ્યારે કાઉસ્સગ્ગ કરીને ઉભા રહ્યા, ત્યારે વાઘણે ત્રાપ મારીને સુકોશલ મુનિને શીઘ્ર પૃથ્વી ઉપર પાડયો અને તેનું ભક્ષણ આરંભ્યું. ત્યારે (તે ઉપસર્ગને) સમ્યગ્ સહન કરતાં તે મહાત્માએ આ પ્રમાણે ભાવના કરી કે–(**૬૯૨ થી ૬૯૫**) શારીરિક અને માનસિક દુઃખોથી ભરેલા સંસારમાં જીવોને જે દુઃખોની સાથે યોગ થવો તે સુલભ છે. (૬૯૬) અન્યથા આ સંસારમાં પાંચસો સાધુ સહિત ખંધકાચાર્ય ઘાણીમાં પીલાવાની અત્યંત પીડાથી કેમ મરણ પામે ? અથવા કાઉસ્સગ્ગમાં રહેલા અને ત્રણ દંડના ત્યાગી, દંડ સાધુનું શીર્ષ અતિ રૂષ્ટ થયેલો યવનરાજા વિના કારણે કેમ છેદે ? (૬૯૭–૬૯૮) તેથી આ ભવસમુદ્રમાં આપદાઓ અતિ સુલભ છે જ, પણ સેંકડો ભવોના દુઃખનો નાશ કરનાર જિનધર્મ જ દુર્લભ છે. (૬૯૯) ચિંતામણીની જેમ, કામધેનુની જેમ અને કલ્પદ્રુમની જેમ, તે દુર્લભ પ્રાપ્તિવાળો પણ ધર્મ પુણ્યવશાત્ મુશીબતે પણ મને મળ્યો છે. (૭૦૦) એમ (ધર્મ–પ્રાપ્તિ થવાથી) અનાદિ સંસારમાં અનાચરણ (અતિચાર) રૂપ દોષોથી રહિત અને સદાચરણ (સચ્ચારિત્ર) રૂપ ગુણોથી શ્રેષ્ઠ, એવો મારો આ આ જન્મ જ સફળ છે. (૭૦૧) કેવળ એક જ આ ચિત્તને સંતાપે છે, કે જે હું આ વાઘણને કર્મબંધમાં (પાઠાન્તર **कारणत्तणेण=**) કારણપણાને પામું છું–કારણ બનું છું (૭૦૨) માટે જ જે મુનિઓ અનુત્તર એવા મોક્ષને પામ્યા, તેઓને હું નમું છું. કારણ કે–તેઓ અન્ય જીવોને કર્મબંધનું

કારણ બનતા નથી (૭૦૩) હું મારા આત્માનો શોક કરતો નથી, પણ કર્મથી પરતંત્ર, શ્રી જિનવચનથી રહિત ( મિથ્યા ) મતિવાળી, દુઃખસમુદ્રમાં પડી રહેલી, આ વાઘણનો શોક કરું છું. (૭૦૪) એમ ચિંતવતા તેઓનું શરીર, કર્મમેલ અને તે ભવનું આયુષ્ય ( પરસ્પર ) સ્પર્દ્ધાને કરતાં હોય તેમ ત્રણેય એકસાથે જ સહસા ક્ષીણ થયાં. (૭૦૫) તેથી ઉત્તરોત્તર વધતા એવા ધ્યાનરૂપી અગ્નિથી સકળ કર્મવન બળી જવાથી અંતકૃત કેવળી થઇને મહા સત્ત્વવાન્ સુકોશલ રાજર્ષિ એક સમયમાં સિદ્ધિને પામ્યા, અથવા ઉત્તમ પ્રણિધાનમાં એક બદ્ધલક્ષ્યવાળાઓને શું દુઃસાધ્ય છે? (૭૦૬–૭૦૭) ગાઢ માંદગી કે સંકટને પામેલ સાધુ અને ગૃહસ્થ સંબંધી કર્મનો નાશ કરનારી આ સંક્ષેપવાળી વિશેષ આરાધના કહી. (૭૦૮)

**વિસ્તૃત આરાધનાના સ્વરૂપનો પ્રારંભઃ**–પુનઃ અતિ સુબદ્ધ (સુયુક્ત) સુંદર નગરની જેમ વિસ્તૃત આરાધનાનાં આ મૂળ ચાર દ્વારો છે. (૭૦૯) **૧. પરિકર્મવિધિ, ૨. પરગણમાં સંક્રમણ, ૩. મમત્વનો ઉચ્છેદ અને તે પછી ૪. સમાધિ-લાભ,** એ ચાર દ્વારો ક્રમશઃ યથાર્થ ( કહેવાશે ). (૭૧૦)

એમ પ્રસ્તુત અર્થ(આરાધના)ના વિસ્તારની પ્રસ્તાવના કરવામાં આ ચારેય મુખ્ય હોવાથી તે મૂળ દ્વારો છે. (૭૧૧) વળી આ ચારેય દ્વારોમાં યોગ્યતા, લિંગ, શિક્ષા વગેરે નામવાળાં પ્રતિદ્વારો અનુક્રમે પંદર–દશ નવ અને નવ છે. (૭૧૨) તેનું વર્ણન પુનઃ તે તે દ્વારમાં વિસ્તૃત પ્રરૂપણા પ્રસંગે કહીશું, માત્ર એ દ્વારોની અર્થવ્યવસ્થા ( વર્ણનપદ્ધતિ ) આ પ્રમાણે જાણવી. (૭૧૩) પરિકર્મવિધિ દ્વારમાં ( અર્હદ્વાર વગેરે ત્યાગદ્વાર ' સુધી જે વર્ણન કહીશું, તેમાં કોઈ કોઈ ( **વિમિશ્રા=** ) ગૃહસ્થ–સાધુ બન્ને સંબંધી અને **કેટલિક** બન્નેનો વિભાગ કરવાપૂર્વક (`જુદી જુદી ) કહીશું. તે પછી ( મરણ-વિભક્તિ દ્વારથી ) પ્રાયઃ સાધુને યોગ્ય જ કહીશું. કારણ જે શ્રાવક પણ તેને પ્રગટેલી વિરતિની બુદ્ધિ( ભાવના )વાળો, વૃદ્ધિ પામતી ઉત્કૃષ્ટ શ્રદ્ધાવાળો, અંતે નિરવદ્ય પ્રવ્રજ્યા ગ્રહણ કરીને કાળ કરી શકે છે. તેથી તેને હવે તમે સાંભળો. (૭૧૪ થી ૭૧૬) આ વિષયમાં હવે અધિક કહેવાથી સર્યું.

અતિચારરૂપી દોષથી રહિત ( નિર્દોષ ) આરાધનાને અંતકાળે અલ્પ પુણ્યવાળો પામી શકતો નથી. (૭૧૭) ( કારણ કે– ) જેમ જ્ઞાન–દર્શનનો સાર (**યથોદ્દિષ્ટ=**) શાસ્ત્રમાં કહેલું ઉત્તમ ચારિત્ર છે, અને જેમ ચારિત્રનો સાર અનુત્તર એવો મોક્ષ કહ્યો છે, (૭૧૮) જેમ મોક્ષનો સાર અવ્યાબાધ સુખ કહ્યું છે, તેમ સમગ્ર પ્રવચનનો પણ સાર આરાધના કહી છે, ચિરકાળ પણ નિરતિચારપણે વિચરીને મરણકાળે જ્ઞાન–દર્શન–ચારિત્રને વિરાધનારા અનંતસંસારીઓ પણ જોયા છે. (૭૧૯–૭૨૦) કારણ કે–બહુ આશાતનાકારી અને જ્ઞાન-ચારિત્રના વિરાધકોનું ( પુનઃ ધર્મપ્રાપ્તિમાં ) ઉત્કૃષ્ટ અંતર અર્ધપુદ્ગલ પરાવર્તન ( અનંત કાળચક્રો સુધી કહેલું છે, (૭૨૧) અને મરણાન્તે માયારહિત આરાધના કરનારા મરુદેવા વગેરે મિથ્યાદષ્ટિ પણ મહાત્માઓ તત્કાલ સિદ્ધ થએલા પણ જાણ્યા છે. (૭૨૨) તે આ પ્રમાણે–

**મરુદેવા માતાનો પ્રબંધ** :–નાભિરાજાને મરુદેવી નામે ભાર્યા હતી તે ઋષભ પ્રભુએ દીક્ષા લેવાથી શોકથી સંતાપ કરતી સતત (વિચ્છિંન=) ઝરતાં આંસુના પ્રવાહથી મુખકમળને ધોતી, રડતી અને કહેતી કે–મારો પુત્ર ઋષભ એકલો ભમે છે, શ્મશાન, શૂન્ય ઘર, અરણ્ય વગેરે ભયંકર સ્થાનોમાં રહે છે અને અત્યંત નિર્ધનની જેમ ઘેર ઘેર ભીખ માંગે છે. (૭૨૩ થી ૭૨૫) અને આ તેનો પુત્ર ભરત ઘોડા, હાથી, રથ વગેરે ઉત્કૃષ્ટ સંપત્તિવાળું તથા ભયથી નમતા સામંતોના સમૂહવાળું રાજ્ય ભોગવે છે. (૭૨૬) હા હા હતાશ ! હત વિધાતા ! મારા પુત્રને એવું દુઃખ દેવાથી હે નિર્ઘૃણ ! તને કયી કીર્તિ કે કયા ફળની પ્રાપ્તિ થવાની છે ? (૭૨૭) એ પ્રમાણે સતત પ્રલાપ કરતી અને શોકથી વ્યાકૂળ બનીને રડતી, એવી તેના ચક્ષુઓમાં નીલી ( છારી ) વળી. (૭૨૮) પછી ( જ્યારે ) ત્રિભુવનના એક પ્રભુ શ્રી ઋષભદેવને વિમળ કેવળજ્ઞાનનો પ્રકાશ પ્રગટ થવાથી દેવોએ મણિમય સિંહાસનથી યુક્ત સમવસરણ રચ્યું, ત્યારે કેવળજ્ઞાનની ઉત્પત્તિને સાંભળીને મરુદેવી સાથે હાથણી ઉપર બેસીને પ્રભુને વંદનાર્થે આવતા ભરતચક્રી, જગદ્ગુરુનું છત્રાતિછત્ર પ્રમુખ ઐશ્વર્ય જોઈને વિસ્મયપૂર્વક કહેવા લાગ્યા કે–હે માતાજી ! સુર–અસુરાદિ ત્રણેય જગતથી પૂજાતા ચરણકમલવાળા આપના પુત્રને અને જગતને આશ્ચર્ય-કારક તેઓના પરમ ઐશ્વર્યને જુઓ ! (૭૨૯ થી ૭૩૨) તમે આજ સુધી જે મારી ઋદ્ધિની આદરથી પ્રશંસા કરો છો, તે તમારા પુત્રની ઋદ્ધિથી એક ક્રોડમા ભાગે પણ પડતી ( ગણાતી ) નથી. (૭૩૩) હે માતાજી ! જુઓ તે આ ઋદ્ધિ. ત્રણ છત્રોરૂપી ચિન્હોથી શોભતું, મોટી શાખાઓવાળા કંકેલી ( અશોક ) વૃક્ષથી મનોહર અને ત્રણ ભુવનની શોભાના વિસ્તારને જણાવતું રમ્ય આ પ્રભુનું આસન છે. (૭૩૪) હે માતાજી ! જુઓ ! પંચવર્ણના રત્નોથી રચેલા દરવાજાવાળા, રૂપાના, સોનાના અને મણિના ( ત્રણ ) ગઢથી સુંદર અને જાનુપ્રમાણ પુષ્પોના સમૂહથી ભૂષિત એવા સમવસરણની આ ભૂમિ છે. (૭૩૫) વળી હે માતાજી ! એક ક્ષણવાર ઉંચે જુઓ, આવતા–જતા દેવોના સમૂહથી શોભતું અને શ્રેષ્ઠ વિમાનની પંક્તિઓથી ઢંકાઈ ગએલું આ આકાશ દુંદુભિના અવાજથી વ્યાપ્ત થઈને ગાજી રહ્યું છે. (૭૩૬) હે માતાજી ! જુઓ, આ બાજુ ઇન્દ્રોનો સમૂહ મસ્તકોને નમાવીને પ્રભુની સ્તુતિ કરે છે, જુઓ, આ બાજુ અપ્સરાઓ નાચે છે અને આ કિન્નરો સહર્ષ ગાન કરી રહ્યા છે. (૭૩૭) એમ ભરતની વાતો સાંભળ્યા પછી જિનવાણીના શ્રવણથી પ્રગટેલાં હર્ષનાં આંસુના સમૂહથી નેત્રોની છારી દૂર થઈ, પછી નિર્મળ બનેલાં નેત્રોવાળાં મરુદેવા છત્રાતિછત્ર એવી ( પ્રભુની ) ઋદ્ધિને જોતાં (તુર્ત) તેવા કોઈ શુભ (શુકલ) ધ્યાનને પામ્યાં, કે જેનાથી તે ક્ષણે જ સકળ (કર્મ) રજને દૂર કરીને તેઓ શિવસુખની સંપત્તિને પામ્યાં. (૭૩૮–૭૩૯) એમ અંતિમ આરાધના મોક્ષના ( નિરુપમ ) સુખનું કારણ છે.

એ સાંભળીને સંશયથી વ્યાકૂળ ચિત્તવાળો બનેલો શિષ્ય ગુરુને સવિનય પ્રણામ કરીને પૂછે છે કે–જો પ્રવચનનો સાર મુનિવરોને મરણ સમયે આરાધના કરવી તે છે, તો

હમણાં શેષકાળમાં (તેઓ) તપ-જ્ઞાન ચારિત્રમાં કેમ (**જયંતિ=**) યત્ન (કષ્ટ) કરે છે? (**૭૪૦-૭૪૧**) ગુરુએ કહ્યું-તેનું કારણ એ છે કે-યાવજ્જીવ પ્રતિજ્ઞાનું પાલન કરવું, તેને આરાધના કહી છે, પહેલાં તેનો ભંગ કરે તો મરણ વખતે તેઓને તે કયાંથી (કેમ) પ્રાપ્ત થાય? (**૭૪૨**) માટે મુનિઓએ શેષકાળે (પણ) યથાશક્તિ દઢપણે અપ્રમત્તભાવથી મરણ સુધી આરાધના કરતા રહેવું જોઈએ. (**૭૪૩**) જેમ નિત્ય જપેલી પણ વિદ્યા મુખ્ય (વિશિષ્ટ) સાધના (સેવા) વિના સિદ્ધ થતી નથી, તેમ (જીવનપર્યંત આરાધેલી પણ) પ્રવ્રજ્યારૂપ વિદ્યા મરણકાળે આરાધના વિના સિદ્ધ થતી નથી. (**૭૪૪**) જેમ પૂર્વે ક્રમશઃ અભ્યાસ ન કર્યો હોય તેવો સુભટ યદ્યપિ યુદ્ધમાં તે (**પરિહત્થ=**) નિપુણ (સમર્થ) હોય તો પણ શત્રુસુભટોના સંઘટ્ટમાં આવેલો તે યુદ્ધના મોખરે જયપતાકાને મેળવી શકે નહિ, તેમ પૂર્વે શુભ યોગોનો અભ્યાસ ન કર્યો હોય તેવો મુનિ પણ ઉગ્ર પરીષહના સંકટવાળા મરણકાળે આરાધનાના નિષ્પાપ (નિર્મળ) વિધિને પામી શકે નહિ. (**૭૪૫-૭૪૬**) (કારણ કે-**કૃતકરણા=**) નિપુણ અભ્યાસવાળા પણ અત્યંત પ્રમાદીઓ સ્વકાર્યને સિદ્ધ કરી શકતા નથી. આ વિષયમાં વિરતિની બુદ્ધિથી ભ્રષ્ટ થએલા ક્ષુલ્લકનું દષ્ટાન્ત આ પ્રમાણે છે. (**૭૪૭**)

**આરાધના-વિરાધના વિષે ક્ષુલ્લક મુનિનો પ્રબંધ** :-મહિમંડળ નામે નગરની બહાર ઉદ્યાનમાં જ્ઞાનાદિ ગુણરૂપ રત્નોની ખાણ એવા શ્રી ધર્મઘોષસૂરિજી સમવસર્યા. (**૭૪૮**) તેઓને નિર્મળ ગુણવાળા પાંચસો મુનિઓનો પરિવાર છે. દેવોથી પરિવરેલો ઇન્દ્ર શોભે તેમ શિષ્યોથી પરિવરેલા તેઓ શોભે છે. (**૭૪૯**) છતાં સમુદ્રમાં વડવાનળની જેમ, દેવપુરીમાં રાહુની જેમ, ચંદ્ર સમાન ઉજ્જવળ પણ તે ગચ્છમાં સંતાપકારક, ભયંકર, અતિ કલુષિત બુદ્ધિવાળો, નિર્ધર્મા, સદાચાર અને ઉપશમ ગુણ વિનાનો, માત્ર સાધુઓને અસમાધિ કરનારો, રુદ્ર નામનો એક શિષ્ય હતો. (**૭૫૦-૭૫૧**) મુનિજનને નિંદાપાત્ર એવાં કાર્યોને વારંવાર કરતા તેને સાધુઓ કરુણાપૂર્વક મધુર વચનોથી સમજાવે છે કે-હે વત્સ! તું શ્રેષ્ઠ કુળમાં ઉછર્યો છે તથા ઉત્તમ ગુરુએ દીક્ષા આપી છે, એવા તારે નિંદનીય કાર્યો કરવાં તે અયુક્ત છે. (**૭૫૨-૭૫૩**) એમ મીઠા શબ્દોથી રોકવા છતાં પણ જ્યારે તે દુરાચારોથી રોકાતો નથી, ત્યારે ફરી સાધુઓએ કઠોર શબ્દોમાં કહ્યું કે-હે દુઃશિક્ષિત! હે દુષ્ટાશય! જો હવે દુષ્ટ પ્રવૃત્તિ કરીશ, તો ધર્મવ્યવસ્થાના ભંજક તને ગચ્છમાંથી કાઢી મૂકીશું. (**૭૫૪-૭૫૫**)

**આરાધના-વિરાધનાનાં ફળ** :-એ પ્રમાણે ઠપકાએલા અને તેથી રોષે ભરાએલા તેણે સાધુઓને મારવા માટે સઘળા મુનિઓને પીવાયોગ્ય પાણીના પાત્રમાં ઉગ્ર ઝેર નાખ્યું. (**૭૫૬**) તે પછી પ્રસંગ પડતાં જ્યારે સાધુઓ પીવા માટે તે પાણીને લેવા લાગ્યા, ત્યારે તેઓના ચારિત્રગુણથી પ્રસન્ન થએલી દેવીએ કહ્યું કે-ભો ભો શ્રમણો! આ જળમાં રુદ્ર નામના તમારા દુષ્ટ શિષ્યે ઝેર નાખ્યું છે, તેથી એને કોઈ પીશો નહિ. (**૭૫૭-૭૫૮**) એ સાંભળીને શ્રમણોએ તે જ વેળા દુષ્ટ શિષ્યને અને તે પાણીને ત્રિવિધે

ત્રિવિધે વોસિરાવ્યું. (૭૫૯) તે પછી મુનિજનને મારવાના અધ્યવસાયથી ઉપાર્જેલા અત્યંત પાપના ભારવાળો તે, તે જન્મમાં જ અતિ તીવ્ર રોગાકૂળ શરીરવાળો થએલો, ભાગવતી દીક્ષા છોડીને અહીં-તહીં પરઘરોમાં રહેતો, બહુ પાપકર્મની વૃદ્ધિવાળો, ભિક્ષાવૃત્તિથી જીવતો, મનુષ્યોના મુખથી 'આ તે દીક્ષાભ્રષ્ટ છે, અદર્શનીય છે, અત્યંત દુષ્ટ ચેષ્ટાવાળો છે'-એવા શબ્દોને પ્રત્યક્ષ સાંભળતો, આહટ્ટ દોહટ્ટને પામેલો, પદે પદે રૌદ્રધ્યાનને કરતો, વ્યાધિઓરૂપી અગ્નિથી વ્યાકૂળ શરીરવાળો, અતિ ક્રૂર મતિવાળો, મરીને સર્વ નારકીઓને પ્રાયોગ્ય પાપબંધમાં એક હેતુભૂત, અત્યન્ત તુચ્છ અને નિંદનીય એવી તિર્યંચોની ( વિવિધ ) યોનિઓમાં, ( ત્યાંથી પુનઃ ) પ્રત્યેક ભવે એકાન્તરિત ( વચ્ચે વચ્ચે ) તિર્યંચની અંતરગતિપૂર્વક, અતિ તીક્ષ્ણ લાખો દુઃખોની ખાણ સરખી ઘમ્મા, વંશા, શૈલા વગેરે સાતેય નરક પૃથ્વીઓમાં તે તે નરકના ઉત્કૃષ્ટ આયુષ્યનો બંધ કરતો, અનુક્રમે ઉત્પન્ન થયો. (૭૬૦ થી ૭૬૬) તે પછી જળચર, સ્થળચર, ખેચરની યોનિમાં અનેકશઃ ઉત્પન્ન થયો, અને બેઇન્દ્રિય, તેઇન્દ્રિય, ચૌરેન્દ્રિય જાતિની પણ વિવિધ પ્રકારની ઘણી યોનિઓમાં અતિ ઘણી વાર ઊપજ્યો. (૭૬૭) ત્યાંથી જળ, અગ્નિ, વાયુ અને પૃથ્વીકાયમાં અસંખ્ય કાળ સુધી ઊપજ્યો, એમ વનસ્પતિકાયમાં પણ ઊપજ્યો, તેમાં એટલું વિશેષ કે-ત્યાં અનંતકાળ સુધી ઊપજ્યો. (૭૬૮) તે પછી ( મનુષ્ય થવા છતાં ) બર્બર ( ભિલ્લ ), અનાર્ય ( નીચ ), ચંડાળ, ભિલ્લ, ચમાર, ધોબીપ્રમુખ યોનિઓમાં ઊપજ્યો ( વસ્યો ). દરેક જન્મમાં પણ મનુષ્યોને દ્વેષપાત્ર થએલો અતિ દુઃખી જીવનથી જીવ્યો. (૭૬૯) તથા કેટલાક સ્થળે, ( કેટલીક વાર ) શસ્ત્રથી ચીરાયો, કયાંક પત્થરથી ચૂરાયો, કયાંક રોગથી રીબાયો, કયાંક વિજળીથી દાઝયો, (૭૭૦) કયાંક માછીમારે હણ્યો, કયાંક દાહ થવાથી મર્યો, કયાંક અગ્નિથી દાઝયો, કયાંક ગાઢ બંધન ( ફાંસીથી ) મર્યો, કયાંક ગર્ભશ્રાવથી મર્યો, કયાંક શત્રુએ હણ્યો, કયાંક યંત્રમાં પીલાણો, કયાંક શૂળીએ ચઢાવ્યો, (૭૭૧-૭૭૨) કયાંક પાણીમાં તણાયો-ડૂબ્યો, કયાંક ખાડામાં ફેંકાયો, ઇત્યાદિ મહા દુઃખોને સહન કરતો ( વારંવાર ) મરણના મુખમાં ગયો. (૭૭૩) એમ ઘણા જન્મોની પરંપરા સુધી દુઃખો સહવાથી-પાપકર્મોની લઘુતા અને કષાયો પાતળા થવાથી ચૂર્ણપુર નામના શ્રેષ્ઠ નગરમાં વૈશ્રમણ શેઠની ગૃહિણી વસુભદ્રા નામની ભાર્યાની કુખેથી પુત્રપણે જન્મ્યો અને નિયત સમયે તેનું **ગુણાકર** નામ પાડયું. (૭૭૪-૭૭૫) તે શરીરથી અને બુદ્ધિના વિસ્તારથી પણ વધવા લાગ્યો. તે પછી અન્ય કોઇ દિવસે ત્યાં શ્રી તીર્થંકરદેવ પધાર્યા. (૭૭૬) ત્યારે મનુષ્યો અને ગુણાકર પણ તુર્ત તેમને વંદન માટે આવ્યો અને જગન્નાથને વંદીને તે પૃથ્વીપીઠ ઉપર બેઠો. પછી પ્રભુએ હજારો સંશયનો નાશ કરનારી, શિવસુખને પ્રગટ કરનારી, કુદૃષ્ટિ ( મિથ્યાત્વ ) અને ( અજ્ઞાનને ) દૂર કરનારી, કલ્યાણરૂપી રત્નોને પ્રગટ કરવા માટે પૃથ્વીતુલ્ય, એવી દેશના શરુ કરી. (૭૭૭-૭૭૮) આથી ઘણા મનુષ્યો પ્રતિબોધ પામ્યા, કેટલાકે વિરતિધર્મ સ્વીકાર્યો અને કેટલાકે મિથ્યાત્વને તજીને

સમ્યક્ત્વને સ્વીકાર્યું (૭૭૯) પુનઃ અતિ હર્ષના સમૂહથી રોમાંચિત દેહવાળો તે ગુણાકર ઉચિત પ્રસંગને પામીને, જગદ્ગુરુને પ્રણામ કરીને, આ પ્રમાણે કહેવા લાગ્યો કે–હે ભગવંત ! કહો, પૂર્વજન્મમાં હું કોણ હતો ? આ વિષય જાણવામાં મને અતિ કુતૂહલ (તીવ્ર ઈચ્છા) છે. (૭૮૦–૭૮૧) તે પછી જગત્પ્રભુએ તેને હિતકર જાણીને રૌદ્ર (રુદ્ર) નામે ક્ષુલ્લક (સાધુ)નો ભવ, વગેરે સઘળો તેનો પૂર્વ (ભવોનો) વૃત્તાન્ત વિસ્તારથી કહ્યો. (૭૮૨) એ પ્રમાણે સાંભળીને ભયથી વ્યાકૂળ મનવાળો અને પ્રગટેલા ગાઢ પશ્ચાત્તાપવાળો તે બોલ્યો, હે નાથ ! આ પાપનું શું પ્રાયશ્ચિત્ત હોય ? (૭૮૩) જગદ્ગુરુએ કહ્યું, હે ભદ્ર ! સાધુઓ પ્રત્યે બહુમાન વગેરે કરવા સિવાય બીજી રીતે આ વિષયમાં શુદ્ધિ નથી. (૭૮૪) તેથી ભયંકર સંસારથી ભય પામેલા તેણે પાંચસો સાધુઓને વંદન કરવું, વગેરે વિનય-કર્મ કરવાનો અભિગ્રહ લીધો (૭૮૫) અને યથોક્ત રીતે તે તેને પાળવા લાગ્યો. જે દિવસે પૂરાં પાંચસો સાધુનો યોગ ન મળે, તે દિવસે તે ભોજન કરતો નથી. (૭૮૬) એમ છ મહિના અભિગ્રહને પાળીને તે પછી દેહની સંલેખનાપૂર્વક મરીને પાંચમા (બ્રહ્મ) દેવ-લોકમાં દેવપણે ઉત્પન્ન થયો. (૭૮૭) ત્યાં પણ અવધિજ્ઞાનના બળે ભૂતકાળનો વૃત્તાન્ત જાણીને, તીર્થંકરો અને સાધુઓની વન્દના વગેરે પ્રવૃત્તિ કરતો તે દેવપણાને પૂર્ણ કરીને, ત્યાંથી ચ્યવીને, ચમ્પાપુરીમાં રાજા ચંદ્રરાજના પુત્રપણે જન્મ્યો. (૭૮૮–૭૮૯) તે બુદ્ધિમાન ત્યાં પણ પૂર્વભવે સાધુઓ પ્રત્યે દૃઢ પક્ષપાતપણાથી (પૂજ્યભાવથી) મુનિઓને જોઈને જાતિ-સ્મરણજ્ઞાનને પામ્યો અને સંતોષને અનુભવવા લાગ્યો (૭૯૦) તેથી જ માતા–પિતાએ તેનું પ્રિયસાધુ નામ પાડ્યું, પછી તરુણપણાને પામેલા તેણે પ્રવ્રજ્યા સ્વીકારી. (૭૯૧) ત્યાં પણ સમસ્ત તપસ્વી લોકની વિશ્રામણા વગેરે કરવામાં તત્પર, વિવિધ અભિગ્રહો સ્વીકારવાના એક લક્ષ્યવાળો અને અપ્રમાદી તે પર્યન્તે સંલેખના કરીને, અનુક્રમે શુક્ર (સહસ્રાર) વગેરે દેવલોકનાં દૈવી સુખોને અનુભવીને, યાવત્ સર્વાર્થસિદ્ધમાં સર્વોત્કૃષ્ટ સુખ ભોગવીને, અહીં મનુષ્યભવને પામેલો પ્રવ્રજ્યા સ્વીકારીને, નિરવદ્ય આરાધનાના વિધિને પાળતો, તે મોહરૂપી યોદ્ધાનો પરાભવ કરીને, સંસારના નિમિત્તભૂત કર્મોના અંશોને તોડીને, અસુરો–સુરોએ કર્યો છે મહિમા જેનો એવો હિમ સમાન ઉજ્વલ શિવપુરને (સિદ્ધ-શિલાને) પામ્યો. (૭૯૨ થી ૭૯૫) એમ ક્ષુલ્લકની જેમ પ્રવ્રજ્યાને પામેલા અને દક્ષ એવા પણ પ્રમાદી સાધુઓ આરાધનાના વિધિને પાળી શકતા નથી. (૭૯૬) વળી આ ક્ષુલ્લકે જેમ પાળ્યું. તેમજ જેઓ પ્રત્યેક ભવોમાં પ્રવર સાધુપણું પાળે છે, તે લીલા માત્રથી આરાધના દ્વારા જયલક્ષ્મીને (વિજયને પણ) પામે છે. (૭૯૭) એમ મરુદેવા વગેરેના દૃષ્ટાન્તથી પ્રમાદ ન કરવો, પણ નિષ્કલંક દીક્ષાનું પાલન એ મરણકાળની આરાધનાનું કારણ હોવાથી તેનું પાલન નિત્યમેવ કરવું જોઈએ. (૭૯૮) એમ સાંભળીને શિષ્યે કહ્યું કે–"પૂર્વે સાધુપણું ન પાળવા છતાં નિશ્ચે મરુદેવા સિદ્ધ થયાં"–એમ કહ્યું, તેમાં શું તત્વ છે ? (૭૯૯)

**મરુદેવાદિના દૃષ્ટાન્તથી પ્રમાદ ન કરવો** :–ગુરુએ કહ્યું, પૂર્વે જેનું ચિત્ત (ધર્મથી) અભાવિત છે, એવો કોઈ યદ્યપિ મરણાંત આરાધનાને કરે, તો પણ ક્ષાત્રનિધિના દૃષ્ટાન્તથી તે સર્વને માટે પ્રમાણભૂત નથી. (૮૦૦) તે દૃષ્ટાન્ત આ પ્રમાણે–જેમ કોઈ પુરુષે ભૂમિપૃષ્ઠમાં ખીલો નાખવા માટે ખાડો ખોદતાં કથમપિ દૈવયોગે રત્નનું નિધાન મેળવ્યું, તો શું તે સિવાયનો બીજો પણ તે રીતે ભૂમિને ખોદતાં ભૂમિમાંથી નિધાનને મેળવશે? (અર્થાત્ નહિ મેળવે.) માટે સર્વ વિષયમાં એકાન્ત નથી. (૮૦૧–૮૦૨) એમ જો તે મરુદેવી પૂર્વભવમાં કુશળ કર્મ (ધર્મ)નો અભ્યાસ નહિ છતાં કથંચિત્ સિદ્ધ થયાં તો શું એ જ રીતે સર્વજનો સિદ્ધ થાય? (ન થાય.) (૮૦૩) માટે જે મૂળ પ્રતિજ્ઞા (નિયમો)નો પાલક અને ક્રમશઃ વધતા શુભ ભાવવાળો હોય, તે અંતિમ આરાધનાને કરી (પામી) શકે, એમ સમજવું. આ વિષયમાં અધિક કહેવાથી સર્યું. (૮૦૪)

**પરિકર્મ દ્વાર અને તેમાં પંદર પેટા દ્વારો** :–વિધિપૂર્વક પ્રતિપૂર્ણ આરાધનાને કરવા ઇચ્છતાં મુનિએ અથવા શ્રાવકે રોગીની જેમ પ્રથમ આત્માને પરિકર્મિત (દૃઢ અભ્યાસી) કરવો જોઇએ, તે કારણે વિશેષ ક્રિયાર્થીઓને માટે પહેલાં (ગા-૭૧૦ માં) જણાવેલું પરિકર્મવિધાન નામનું મુખ્ય દ્વાર જણાવું છું. (૮૦૫–૮૦૬) તેમાં તે દ્વાર સાથે સંબંધવાળાં એવાં સંગત ગુણવાળાં જે પંદર પ્રતિદ્વારો(પેટા દ્વારો) છે. તેને ક્રમશઃ કહું છું. (૮૦૭) ૧–અર્હદ્વાર, ૨–લિંગદ્વાર, ૩–શિક્ષાદ્વાર ૪–વિનયદ્વાર, ૫–સમાધિદ્વાર, ૬–મનોનુશાસ્તિદ્વાર, ૭–અનિયતવિહારદ્વાર, ૮–રાજદ્વાર, ૯–પરિણામદ્વાર, ૧૦–ત્યાગદ્વાર, ૧૧–મરણવિભક્તિદ્વાર, ૧૨–અધિગત (પંડિત) મરણદ્વાર, ૧૩–(સીઈ=)શ્રેણિદ્વાર, ૧૪–ભાવનાદ્વાર, અને ૧૫–સંલેખનાદ્વાર, (એ પંદર દ્વારોનાં નામ કહ્યાં, તેનું વર્ણન ક્રમશઃ કહેવાશે.) (૮૦૮–૮૦૯)

**૧–અર્હદ્વાર=આરાધકની યોગ્યતાનું વર્ણન** :–અર્હ એટલે યોગ્ય કહેવાય છે, તે અહીં આરાધનામાં યોગ્ય સમજવો. તેમાં સામંત, મંત્રી, સાર્થવાહ, શ્રેષ્ઠિ કે કૌટુંબિક આદિ, અથવા રાજા, ઇશ્વર, સેનાપતિ, કુમાર વગેરેમાંથી કોઈ, અથવા તે રાજાદિનો અવિરુદ્ધકારી અન્યતર કોઈ, તથા તેઓના (**વિરુદ્ધ=**) વિરોધીઓના સંસર્ગનો ત્યાગી હોય. (૮૧૦–૮૧૧) વળી જે સાધુઓને (આ આરાધના) ચિંતામણીતુલ્ય છે એમ સમજીને તેનું બહુમાન કરે, એવો દૃઢ અનુરાગી જે સાધુઓને સહાય (સેવા) કરવા માટે અત્યર્થ પ્રાર્થના (ઇચ્છા) કરે, વળી આરાધનાને યોગ્ય (અન્ય) આત્માઓ પ્રત્યે પણ જે સતત વાત્સલ્ય કરે, પ્રમાદીને ધર્મ આરાધનાનું દુર્લભપણું છે–એમ માને. (૮૧૨–૮૧૩) વળી મરણ (પાઠાંતર पच्चूहमिहित=) ઇષ્ટ ભાવોમાં વિઘ્નરૂપ છે, એમ નિત્ય વિચારે અને તેને રોકવાનું સાધન આરાધના જ છે એમ ચિંતવે. (૮૧૪) નિત્ય ઉદ્યતપણે (ઉત્સાહથી) શ્રી અરિહંતોની પૂજા–સત્કાર કરે અને ગુણરૂપી મણિના કરંડિયાતુલ્ય તેમનું ગુણથી ગુરુપણું

વિચારે. (૮૧૫) પ્રવચનની પ્રશંસામાં રક્ત રહે, ધર્મનિંદાથી વિરમે અને ગુણથી ગુરુ એવા ગુરુની ભક્તિમાં નિત્ય શક્તિ પ્રમાણે સજ્જ રહે. (૮૧૬) સુંદર મનવાળા શ્રમણોને સારી રીતે વાંદે, પોતાના દુશ્ચરિત્રોને સારી રીતે નિંદે, ગુણથી સુસ્થિત (ગુણી) આત્માઓમાં રાગ કરે, સદા શીલ અને સત્યના પાલનમાં સજ્જ રહે, (૮૧૭) કુસંસર્ગનો ત્યાગ કરે, સદાચારીઓ સાથે સંસર્ગ કરે, નિત્યમેવ પરના ગુણોને ગ્રહણ કરે, છતાં પણ દોષોને ન (જુએ.) (૮૧૮) પ્રમાદરૂપી દુષ્ટ પિશાચનો નાશ કરે, ઈન્દ્રિયોરૂપી સિંહોને હણે (વશ કરે) અને અત્યંત દુષ્ટ (પ્રચાર=) પ્રવૃત્તિવાળા દુરાચારી એવા મનરૂપી માંકડાને તાડન કરે. (૮૧૯) જ્ઞાનને સાંભળે, જ્ઞાનને ગણે, જ્ઞાનપૂર્વક કાર્યો કરે, અધિક જ્ઞાની પ્રત્યે રાગ કરે, જ્ઞાનદાનમાં વાર વાર સજ્જ રહે. (૮૨૦) નિયમા અકુશલના ક્ષયોપશમવાળો અને કુશળના અનુબંધવાળો હોય, એવો ગુણોની સત્તાવાળો (ગુણી) આત્મા જ આરાધનાને યોગ્ય (જાણવો.) (૮૨૧)

વળી કુગતિના પંથમાં સહાયક એવા પોતાના કષાયોને કોઈ રીતે (પણ) જીતીને પ્રશાન્ત મનવાળો જે બીજાઓના કષાયોને પણ પ્રશાન્ત કરે, તે આરાધનાને યોગ્ય જાણવો. (૮૨૨) (કારણ કે–) ઉપશમને નહિ પામેલા એવા કષાયવાળા પણ અન્યના કષાયોને ઉપશાન્ત કરવાના શુભ ભાવથી સમ્યગ્ ઉપાય કરનારો આરાધનાની યોગ્યતાને પામે છે. (૮૨૩) આરાધના કરનારે પણ કષાયરૂપી શલ્યનો ઉદ્ધાર કરવો જોઈએ, જે (આરાધના કરવા પૂર્વે) પ્રથમથી જ તેને ઉદ્ધરે છે, તે પણ આરાધનાને યોગ્ય જાણવો. (૮૨૪) તથા (પાઠાંતર–रिणेणं =) દેવાના કારણે જે અન્યને (લેણદારને) માન્ય ન હોય તે અને (ઇતર=) લેણદારને માન્ય હોય તે પણ, જો કોઈ રીતે (પાઠાંતર–ववहरगण=) વ્યાપારી ગણને અનુમત હોય તો તે આરાધના માટે યોગ્ય જાણવો. (૮૨૫) અન્યથા આરાધનામાં રહેલો અને (પાઠાં–संघाणु० =) સંઘ જેને અનુસરતો હોય, તેવા તેના પ્રત્યે (धनपति =) લેણદારને પ્રદ્વેષ થવાથી પ્રવચનની મલિનતા થાય. (૮૨૬) વળી જેણે સન્માન અને શિખામણ આપીને પોતાના પરિવારને (આજીવિકાદિમાં) સ્થિર કર્યો હોય, તેવા પરિવારને તજનારો નિશ્ચે આરાધનાને યોગ્ય છે. અન્યથા લોકમાં નિંદા થાય. (૮૨૭) વળી સર્વથા (આજીવિકાના પ્રબંધના) સામર્થ્યના અભાવે પણ વિશિષ્ટ ધાર્મિક લોકને જો અનુમત હોય, તો પરિવારને જેમ–તેમ છોડનારો પણ આરાધનાને યોગ્ય જાણવો. (૮૨૮) તથા પ્રકૃતિથી જે વિનીત, પ્રકૃતિથી જ એક સાહસિક (વીર), પ્રકૃતિએ અત્યન્ત કૃતજ્ઞ અને 'સંસારવાસ નિર્ગુણ છે'–એવા નિશ્ચયવાળો, (૮૨૯) તે કારણે સંસારવાસથી વિરાગી થએલો, સ્વભાવથી જ અલ્પહાસ્ય(હાંસી)વાળો, સ્વભાવે જ અદીન અને પ્રકૃતિથી જ સ્વીકારેલા કાર્યને (પ્રતિજ્ઞાદિને) પૂર્ણ કરવામાં શૂરો, (૮૩૦) વળી જેઓએ પાપનો ત્યાગ કર્યો છે, એવા આરાધનામાં રહેલા અન્ય આરાધકને સાંભળીને કે જોઇને જે તેઓની ભક્તિમાં રસિક મનવાળો થાય, (૮૩૧) હું પણ શ્રી સર્વજ્ઞકથિત વિધિથી

ક્રમશઃ આચરણ કરતો, પૂર્ણ સાધુતાને પામેલો, પુન્યથી આવો (સુસાધુ) ક્યારે કેવી રીતે થઈશ ?–એમ પોતાના આત્મામાં (मन्ने =) વિકલ્પ (ચિંતન) કરતો, (૮૩૨) એવો વાસના(ભાવના)થી શ્રેષ્ઠ, બુદ્ધિબળિયો (બુદ્ધિમાન) સ્થિર–શાન્ત પ્રકૃતિવાળો અને જે શિષ્ટજનના બહુમાનનું પાત્ર હોય, તે આરાધનાને યોગ્ય જાણવો. (૮૩૩) અથવા પૂર્વે અત્યન્ત ઉગ્ર (ક્રૂર) મન–વચન–કાયાની પ્રવૃત્તિવાળા પણ, ક્રૂરકર્મી પણ, સતત દારુપાન, શેરડી વગેરેના માદક આસવનું પાન અને માંસનું ભોજન કરવામાં લાલચુ મનવાળા પણ સ્ત્રી–બાળ–વૃદ્ધની હત્યા, ચોરી અને પરસ્ત્રીસેવનમાં તત્પર પણ, અસત્ય ભાષણમાં પ્રીતિવાળા પણ, તથા ધર્મનો ઉપહાસ (હાંસી) કરનારા થઈને પણ, પાછળથી જેઓ કોઈ પણ વૈરાગ્યનું નિમિત્ત પામીને પસ્તાએલા પરમ ઉપશમભાવને પામે, તે શુભાશયવાળા ધીર પુરુષો પણ રાજપુત્ર વંકચૂલ તથા ચિલાતિપુત્ર વગેરેની જેમ નિશ્ચે આરાધનાને યોગ્ય છે. (૮૩૪ થી ૮૩૭) તે આ પ્રમાણે :—

**વંકચૂલની કથા** :–યથાસ્થાને રચેલા ત્રિક (ત્રણ માર્ગ), ચતુષ્પથ (ચાર માર્ગ), ચૌટાં (બજાર), દેવકૂળ (મંદિરો) અને ભુવનોથી રમણીય, શ્રીપુર નગરમાં વિમલયશ નામે રાજા હતો. (૮૩૮) યુદ્ધમાં શત્રુના હાથીઓના કુંભસ્થળ ભેદવાથી લાગેલા રુધિરના બિન્દુઓથી ઉદ્ભટ કાન્તિવાળું તેનું ખડ્ગ જાણે અત્યન્ત કુપિત થએલા યમનો કટાક્ષ હોય તેવું દેખાય છે, (ત્યારે બીજી બાજુ) મણિના મુગટના કિરણોથી (टिविडिक्कियं=) અલંકૃત તેનું મસ્તક ભક્તિવશ જિનમુનિઓના ચરણકમળોમાં ભ્રમરપણાને (પણ) પામે છે. (૮૩૯–૮૪૦) તે રાજાને નિરુપમ રૂપ, વગેરે ગુણોથી દેવીઓને પણ શરમાવે તેવી સકલ અન્તઃપુરમાં શ્રેષ્ઠ સુમંગલા નામે રાણી છે. (૮૪૧) જોડલે જન્મેલાં હોવાથી પરસ્પર અતિ સ્નેહવાળાં તેને પુષ્પચૂલ નામે પુત્ર અને પુષ્પચૂલા નામે પુત્રી, એ સંતાનો હતાં, (૮૪૨) પણ નગરમાં સર્વત્ર અનર્થોને ઉત્પન્ન કરતો (રંજાડતો) હોવાથી પુષ્પચૂલને નિશ્ચે લોકો વંકચૂલી કહે છે. (૮૪૩) એ જ નામે પ્રસિદ્ધિને પામેલા વંકચૂલનો એક દિવસે તેના ઠપકા સાંભળવાથી રોષિત થએલા રાજાએ દેશનિકાલ કર્યો, ત્યારે પોતાના પરિવારથી પરિવરેલો તે બ્હેનની સાથે નગરથી નીકળ્યો. (૮૪૪–૮૪૫) (ક્રમશઃ) જતો તે પોતાના દેશને ઉલ્લંઘીને એક અટવી, કે જે ઘણા પર્વતોથી સનાથ (સહિત) છે, સિંહના નખોથી ભેદાએલા હાથીઓએ મૂકેલી ચીસોથી ભયંકર છે, જ્યાં ઘટાવાળાં મોટાં વૃક્ષોએ સૂર્યનાં કિરણોનો પ્રવેશ (પણ) રોકી દીધો છે, ફરતા અષ્ટાપદ પ્રાણીઓના (**સહર્ષરવ=**) હેષારવ સાંભળીને સિંહો જ્યાં નાસભાગ કરી રહ્યા છે, સિંહોને જોવાથી વ્યાકૂળ થએલાં મૃગનાં ટોળાં જ્યાં ગુફાઓમાં પ્રવેશ કરી રહ્યાં છે, (**ભુજંગ** =) કામી પુરુષોથી વેશ્યા જેમ વિંટાયેલી હોય, તેમ (**ભુજંગ** =) સર્પોથી જે અટવી વ્યાપ્ત છે અને જ્યાં ક્યાંય પણ માર્ગ દેખાતો નથી, એવી અટવીમાં તે આવી પડયો, ત્યાં ભૂખ–તૃષાથી પીડાતો તે આ પ્રમાણે બોલવા લાગ્યો. (૮૪૬ થી ૮૪૯) હે પુરૂષો ! ઊંચા વૃક્ષ ઉપર

ચઢીને ચારેય દિશામાં જુઓ ! કે અહીં ક્યાંય જળાશય અથવા ( **વસિમ=** ) ગામ વગેરે વસતિ છે? (૮૫૦) તેના કહેવાથી પુરુષો ઊંચા શ્રેષ્ઠ વૃક્ષ ઉપર ચઢીને ચારેય દિશામાં લાંબી નજરે જોવા લાગ્યા. (૮૫૧) ત્યારે તેઓએ થોડે દૂર મશી, કોયલ અને જંગલી પાડાના જેવા કાળા શરીરવાળા, અગ્નિને સળગાવતા ભિલ્લોને જોયા. (૮૫૨) અને તે રાજપુત્રને કહ્યું. તેણે પણ કહ્યું કે–હે ભદ્રો ! તેઓની પાસે જાઓ અને ગામ તરફનો માર્ગ પૂછો. (૮૫૩) એ સાંભળીને પુરુષો તે ભિલ્લોની સમીપે ગયા અને માર્ગ પૂછવા લાગ્યા. ત્યારે ભિલ્લોએ કહ્યું કે–તમે અહીં ક્યાંથી આવ્યા? અથવા તમે કોના (કોણ) છો? કયા દેશાન્તરે જવા ઇચ્છો છો? એ સઘળું કહો! (૮૫૪–૮૫૫) પુરુષોએ કહ્યું કે–શ્રીપુર નગરથી વિમલયશ રાજાનો પુત્ર નામે વંકચૂલ, પિતાના અપમાનથી નીકળેલો, પરદેશ જતો અહીં આવ્યો છે અને અમે તેના સેવકો તમારી પાસે માર્ગ પૂછવા આવ્યા છીએ. (૮૫૬–૮૫૭) ભિલ્લોએ કહ્યું કે–ભો! અમારા રાજાના તે પુત્રને અમને દેખાડો. પુરુષોએ કબૂલ્યું, અને પાછા વળીને રાજકુંવરને દેખાડ્યો. (૮૫૮) પછી દૂરથી જ ધનુષ્ય, બાણ વગેરે શસ્ત્રોને છોડીને ભિલ્લો કુમારને નમીને વિચારવા લાગ્યા (૮૫૯) કે–આવા પ્રકારના સુંદર રાજાનાં લક્ષણોથી અલંકૃત આ જો કોઈ રીતે આપણો સ્વામી થાય, તો સર્વ સંપત્તિ થાય. (૮૬૦) એમ વિચારીને તેઓએ બે હાથે ભાલતલમાં અંજલિ કરીને વિનય અને સ્નેહ સહિત કહ્યું કે–કુમાર! (અમારી) વિનંતિને સાંભળો! (૮૬૧) લાંબા કાળના સંચિત પુણ્યથી નિશ્ચે તમારા જેવા પ્રવર પુરુષોનું દર્શન મળે છે, તેથી પ્રસાદ કરો અને અમારી પલ્લીમાં પધારો! (૮૬૨) પલ્લીને નિજચરણકમળથી પવિત્ર કરો અને તેનું રાજ્ય કરો! સ્વામી વિનાના અમારા આજથી તમે જ સ્વામી. (૮૬૩) એમ દેશનિકાલ થયેલો હોવાથી પોતાના કુટુંબની વ્યવસ્થાને ઇચ્છતા, પ્રાર્થના કરાયેલા કુમારે તેનો સ્વીકાર કર્યો. વિષયોના રાગીઓ શું ન કરે? (૮૬૪) તે પછી પ્રસન્ન ચિત્તવાળા તે ભિલ્લોએ માર્ગ દેખાડ્યો અને પરિવાર સાથે તે પલ્લી તરફ ચાલ્યો (૮૬૫) અને અતિ ગાઢ વૃક્ષોથી દુર્ગમ (વિષમ) માર્ગે ધીમે ધીમે ચાલતો તે સિંહગુફા નામની પલ્લીની પાસે આવ્યો. (૮૬૬) જોવા માત્રથી અતિ ભયાનક, વિષમ પર્વતોરૂપી કિલ્લાની વચ્ચે રહેલી યમની માતા જેવી ભયંકર, તે પલ્લીને જોઈ. (૮૬૭) તે પલ્લી (કેવી છે?) એક બાજુ મારેલા હાથીઓના મોટા દાંતથી કરેલી વાડવાળી અને અન્યત્ર માંસ વેચવા આવેલા મનુષ્યોના કોલાહલવાળી છે. (૮૬૮) એક બાજુ કેદી તરીકે પકડેલા મુસાફરોના કરુણ રુદનના શબ્દોવાળી અને અન્યત્ર મારેલા પ્રાણીઓના લોહીથી ( **વિલિપ્ફિલિય =** ) ભરેલી (લોહિયાળ) પૃથ્વી તળવાળી છે. (૮૬૯) એક બાજુ ઘોર સ્વરથી ઘુત્કાર કરતા શુકરોના (અથવા કુતરાઓના) સમૂહોથી દુ:પ્રેક્ષ્ય અને બીજી બાજુ લટકાવેલા માંસના ભક્ષણ માટે આવેલા પક્ષીઓવાળી છે. (૮૭૦) એક બાજુ પરસ્પર વૈરભાવથી લડતા ભયંકર લડવૈયા (ભિલ્લો) વાળી અને

બીજી બાજુ લક્ષ્યને વિંધવા માટે એકાગ્ર બનેલા ધનુર્ધારીઓવાળી છે. (૮૭૧) વળી જ્યાં નિર્દય મૂઢ પુરુષો દુઃખથી પીડાતા મનુષ્યોને મારવામાં ધર્મ કહે છે અને પરસ્ત્રી-સેવનને અકૃત્રિમ એવી પરમ શોભા કહે છે. (૮૭૨) (જ્યાં) વિશ્વાસુ (વિશિષ્ટ) મનુષ્યોને ઠગનારના બુદ્ધિવૈભવની પ્રશંસા થાય છે અને હિતવચન કહેનારની સામે દૃઢ વૈર તથા તેથી વિપરીત (અહિત) કહેનાર સાથે મૈત્રીભાવ કરાય છે. (૮૭૩) જેમ–તેમ બોલવાપણું પણ વચનકૌશલ્યરૂપે પ્રશંસાય છે અને ન્યાયને અનુસરનારો જ્યાં સત્ત્વ વિનાનો કહેવાય છે. (૮૭૪) જેમ અત્યંત પાપવશ પડેલો નરકની કૂટિમાં પેસે, તેમ આવા (પાપી) લોકોથી ભરેલી પલ્લીમાં તે પેઠો (૮૭૫) અને ભિલ્લોએ તેને ત્યાં બહુમાનપૂર્વક જુના પલ્લિપતિના સ્થાને સ્થાપ્યો. પછી પોતાના પરાક્રમના બળે તે થોડા કાળમાં પલ્લિપતિ થયો. (૮૭૬) કુલાચારને અવગણીને, પિતાના ધર્મવ્યવહારને પણ વિચાર્યા વિના, લજ્જાના ભારને પણ ફેંકી દઈને, સાધુઓની ધર્મવાણીને વિસારીને, વનહાથીની જેમ રોકી ન શકાય તેવો તે, સદા ભિલ્લ લોકોથી પરિવરેલો સતત હિંસાદિ કરતો, નજીકનાં પુર, આકર, મડંબ, કર્બટ વગેરેનો નાશ કરવામાં ઉદ્યમી, સ્ત્રી–બાળ–વૃદ્ધ–વિશ્વાસુનો ઘાત કરવાના ધ્યાનવાળો, નિત્ય જુગાર ખેલનારો અને નિત્યમેવ માંસ–દારુથી જીવનારો, ત્યાં પલ્લીમાં જ અથવા તે પાપોમાં જ (રતિ=) આનંદ પામતો લીલાપૂર્વક કાળ પસાર કરવા લાગ્યો. (૮૭૭ થી ૮૮૦) તે પછી અન્ય કોઈ દિવસે વિહાર કરતાં કોઈ કારણે સાર્થથી વિખૂટા પડેલા, કેટલાક શિષ્યોથી પરિવરેલા, એક આચાર્ય ત્યાં આવ્યા. (૮૮૧) તે જ સમયે ધોધમાર પાણીના સમૂહને વરસાવતી અને મોરનાં ટોળાંને નચાવતી, એવી પ્રાથમિક વર્ષાઋતુનો પ્રારંભ થયો. (૮૮૨) જે વર્ષાઋતુમાં પત્રોથી અલંકૃત વૃક્ષો શોભે છે, લીલી વનસ્પતિના પડથી સર્વત્ર ઢંકાએલી હોય તેમ પૃથ્વીપીઠ શોભે છે. (૮૮૩) જ્યારે મોટા ચપલ તરંગના અવાજના બ્હાને જાણે ગ્રીષ્મઋતુને હાંકી કાઢતી હોય તેવી અવાજ કરતી મોટી નદીઓ પર્વતોના શિખર ઉપરથી પડે છે. (૮૮૪) જે વર્ષામાં ઘણા જળથી વ્યાપ્ત પૃથ્વીમંડલમાં (સર્વત્ર) વિષમ થએલા માર્ગોથી હતાશ થયેલા મુસાફરો, જાણે પત્નીનું સ્મરણ થવાથી પાછા ફરતા હોય તેમ દૂરથી (વચ્ચેથી) જ પાછા ફરે છે. (૮૮૫) તેથી એવા સ્વરૂપવાળા વર્ષાકાળને જોઈને સૂરિજીએ સદ્ગુણીમાં શ્રેષ્ઠ એવા સાધુઓને કહ્યું કે–(૮૮૬) ભો ભો મહાનુભવો ! આ પૃથ્વી ઉગેલા તૃણના અંકુરા-વાળી અને કુંથુઆ, કીડીઓ વગેરે ઘણા (ત્રસ) જીવોવાળી થઈ છે, તેથી અહીંથી (આગળ) જવું યોગ્ય નથી. (૮૮૭) કારણ કે–શ્રી જિનેશ્વરોએ કહ્યું છે કે–આ દીક્ષામાં જીવદયા ધર્મનો સાર છે, તેના અભાવે દુષ્ટ રાજાની સેવાની જેમ દીક્ષા નિરર્થક બને છે. (૮૮૮) એ કારણે જ વર્ષાઋતુમાં મહામુનિઓ કાચબાની જેમ અંગોપાંગના વ્યાપારને અત્યંત સંકોચીને એક સ્થાને રહે છે. (૮૮૯) માટે આ પલ્લીમાં જઈએ, (કારણ કે–) નિશ્ચે અહીં વંકચૂલ નામનો વિમલયશ રાજાનો પુત્ર ભિલ્લોનો અધિપતિ સંભળાય છે. (૮૯૦)

તેની પાસે વસતિ માગીને આ વર્ષાકાળને ( અહીં ) પસાર કરીએ અને એ પ્રમાણે ચારિત્રનું નિષ્કલંક પાલન કરીએ. (૮૯૧) સાધુઓએ તે માન્યું. પછી તેઓ વંકચૂલના ઘેર ગયા અને ગર્વથી ઊંચી ડોકવાળા તેણે કંઈક માત્ર પ્રણામ કર્યો. (૮૯૨) તે પછી ( ધર્મલાભ રૂપી ) આશિષ આપીને સૂરિજીએ કહ્યું કે–અહો ભાગ્યશાળી ! સાર્થથી વિખૂટા પડેલા અને ( વરસાદ થવાથી આગળ ) જવાને અસમર્થ બનેલા અમે, ‘ શ્રી જિનશાસન રૂપી સરોવરમાં રાજહંસતુલ્ય એવા વિમળયશ રાજાના પુત્ર તમે અહીં છો ’–એમ સાંભળીને ( અહીં ) આવ્યા છીએ. તેથી હે મહાભાગ ! કોઇ પણ વસતિ ( રહેઠાણ ) આપો, કે જેથી ચાતુર્માસ અહીં રહીએ, કારણ કે–હવે સાધુઓને એક પગલું પણ ચાલવું તે કલ્પતું નથી. (૮૯૩ થી ૮૯૫) તે પછી પાપથી વિંટાએલા ( અતિ પાપી ) પણ તેણે કહ્યું કે–હેભગવંત ! અનાર્યોની સંગતિથી દોષ પ્રગટે, માટે ( તમારે ) અહીં રહેવું યોગ્ય નથી. (૮૯૬) કારણ કે–અહીં માંસાહારી, હિંસા કરવામાં તલ્લીન મનવાળા, ક્રૂર, અનાર્ય ક્ષુદ્ર લોકો રહે છે. સાધુને તેઓનો પરિચય ( પણ ) યોગ્ય નથી. (૮૯૭) તે પછી સૂરિજીએ કહ્યું, અહો મહાભાગ ! આ વિષયમાં લોકો ( ગમે તેવા હોય તે ) જોવાથી શું ? અમારે સર્વ યત્નોથી જીવોનું રક્ષણ કરવું જ જોઈએ. (૮૯૮) કુંથુઆ –કીડીઓના સમૂહથી વ્યાપ્ત અને નવી વનસ્પતિ અને પાણીથી ભરેલી ભૂમિ ઉપર ચાલતાં સાધુઓ ધર્મથી ભ્રષ્ટ થાય. (૮૯૯) તેથી નિવાસસ્થાન દેખાડો ( આપો ) અને અમોને ધર્મમાં સહાય કરો ! ઉત્તમ કૂળમાં જન્મેલાને પ્રાર્થનાભંગ કરવો તે દૂષણ છે. (૯૦૦) તે સાંભળીને બે હાથે અંજલિ જોડીને રાજપુત્રે કહ્યું કે–ભગવન્ ! વસતિ આપીશ, પણ નિશ્ચે અહીં રહેલા તમોએ મારા માણસોને અલ્પ માત્ર પણ ધર્મ સંબંધી વાત કરવી નહિ. માત્ર પોતાના જ કાર્યમાં યત્ન કરવો. (૯૦૧–૯૦૨) કારણ કે–તમારા ધર્મમાં સર્વ જીવોની સર્વ પ્રકારે રક્ષા, અસત્ય વચનની વિરતિ, પરધન અને પરસ્ત્રીનો ત્યાગ, મધ, સુરા અને માંસભક્ષણનો ત્યાગ, તથા નિત્ય ઈન્દ્રિયોનો જય કરવાનું કહેવાય છે. એ પ્રમાણે કરવાથી તો નિશ્ચે અમારો પરિવાર સીદાય ( ભૂખે મરે ). (૯૦૩–૯૦૪) ( તે સાંભળીને ) અહહ ! ( આશ્ચર્ય છે કે–) આ વંકચૂલ દુઃસંગતિથી ગ્રસિત થવા છતાં હજુ સ્વકુલક્રમના સંબંધવાળા જૈન ધર્મરૂપી સર્વસ્વને કોઈ રીતે ભૂલ્યો નથી. (૯૦૫) એમ વિચારતા સૂરિજીએ તેની વ્યવસ્થા ( માગણીને ) સ્વીકારી. ( કારણ કે–) મનુષ્ય ધર્મથી જ્યારે અતિ વિમુખ હોય, ત્યારે તેની ઉપેક્ષા કરવી તે જ યોગ્ય છે. (૯૦૬) તે પછી વંકચૂલે તેઓને પ્રણામ કરીને વસતિ આપી અને સ્વાધ્યાયધ્યાનમાં અતિ રક્ત તે ભગવંતો ( સાધુઓ ) ત્યાં રહ્યા. (૯૦૭) સદ્‌ગુરુની પાસે રહેલા તે મહાનુભાવ મુનિવરો વિવિધ દુષ્કર શ્રેષ્ઠ એવી તપશ્ચર્યાને કરે છે, નય–સપ્તભંગીથી ગહન આગમને ભણે છે, તેના અર્થનું પરાવર્તન કરે છે, ભાવનાઓને ભાવે છે અને વ્રતોનું નિરતિચાર પાલન કરે છે. (૯૦૮–૯૦૯) પરિચયવશ કાંઈક માત્ર પ્રગટેલી ભક્તિવાળા વંકચૂલે પોતાના મુખ્ય

માણસોને બોલાવીને આ રીતે સમ્યક્ કહ્યું કે–હું ભો! દેવાનુપ્રિયો! મને ક્ષત્રિય કુળમાં જન્મેલો સાંભળીને બ્રાહ્મણો, વણિકો, વગેરે સારા લોકો પણ અહીં આવશે, માટે હવેથી જીવહિંસા, માંસાહાર અને સુરાપાનની ક્રીડા ઘરમાં નહિ કરતાં પલ્લી બહાર કરવી. (૯૧૦ થી ૯૧૨) એમ કરવાથી આ સાધુઓ પણ સર્વથા દુર્ગંછાને છોડીને તમારા ઘરોમાં યથાસમય આહાર–પાણી લેશે. (૯૧૩) 'જેવી સ્વામિની આજ્ઞા તેમ કરીશું'–એમ કહી તેઓએ કબુલ કર્યું અને પોતાની આરાધનામાં ઉજમાળ મુનિઓ પણ દિવસો પસાર કરવા લાગ્યા. (૯૧૪) તે પછી મમત્વરહિત પણ સૂરિજીએ વિહારનો સમય જાણીને વંકચૂલ શય્યાતર હોવાથી વિધિપૂર્વક તેને આ પ્રમાણે કહ્યું. (૯૧૫) હે રાજપુત્ર! તારા વસતિદાનની એક સહાય પામીને આટલા દિવસ અમે અહીં સમાધિથી રહ્યા, પણ હવે અવધિ (ચોમાસી) પ્રતિપૂર્ણ થઈ છે અને આ પ્રત્યક્ષ ચિહ્નોથી વિહારનો સમય સમ્યગ્ પ્રાપ્ત થયો (પાકયો) જણાય છે. (૯૧૬–૯૧૭) જો, વાડો ઊંચી વધી છે, આવતાં–જતાં શેરડીઓનાં ગાડાંઓથી (કચ્છા=) જંગલોના સઘળા માર્ગો પણ વટાયા છે. (૯૧૮) પર્વતની નદીઓમાં પાણી ઘટી ગયું છે, બળદો પણ દઢ બળવાળા થયા છે, માર્ગોમાં પાણી સૂકાઈ ગયાં છે અને ગામોમાં ચીક્કણ (કાદવ) પણ સૂકાઈ ગયા છે. (૯૧૯) તેથી હે મહાયશ! તું પરમ ઉપકારી હોવાથી હું એમ કહું છું કે–હવે અમને બીજા ગામે જવાની અનુમતિ આપ! (૯૨૦) ગોકુળો, શરદનાં વાદળો, ભ્રમરના સમૂહો, પક્ષીઓ અને ઉત્તમ મુનિઓ વગેરેનાં રહેઠાણ સ્વાભાવિક જ અનિયત હોય છે. (૯૨૧) એમ કહીને સૂરિજી મુનિઓની સાથે ચાલવા લાગ્યા, ત્યારે પલ્લીપતિ તેઓને વળાવવા માટે ચાલ્યો. (૯૨૨) સૂરિજીની સાથે તે ત્યાં સુધી ગયો કે જ્યાં સુધી પોતાની પલ્લીની હદ (સીમા) હતી. પછી સૂરિજીને વાંદીને કહેવા લાગ્યો કે–(૯૨૩) હે ભગવંત! અહીંથી આગળ આ હદ (સીમા) પરદેશની છે, તેથી (હું આગળ નહિ આવું), આપ વિશ્વસ્ત-(નિર્ભય)પણે પધારો, હું પણ મારે ઘેર જાઉં! (૯૨૪) સૂરિજીએ કહ્યું કે–હે રાજપુત્ર! ધર્મકથા નહિ કરવારૂપ તારી સાથે જે કબૂલાત કરી હતી, તે હવે પૂર્ણ થઈ. (૯૨૫) તેથી જો તારી અનુમતિ હોય તો કંઈક માત્ર ધર્મોપદેશ કહેવાની ઈચ્છા છે, તો હે વત્સ! અમે (ધર્મને) કહીએ કે પૂર્વની જેમ અહીં પણ તારો નિષેધ છે? (૯૨૬) 'ચાલતા પગે અહીં સૂરિજી કેટલું કહેશે?' (અર્થાત્ ભલે એ શબ્દો કહે.)–એમ વિચારીને તેણે કહ્યું કે–(સુકર=) જે કષ્ટ વિના થાય તેવું કહો! (૯૨૭) એ પ્રસંગે સૂરિજી જે નિયમોથી એની બુદ્ધિ ધર્માભિમુખ થાય, જે નિયમોથી પ્રત્યક્ષમેવ આપત્તિઓનો નાશ થાય અને નિશ્ચયથી એ જાણે કે–'નિયમોનું આ ફળ છે'–એવા નિયમોને શ્રુતજ્ઞાનના ઉપયોગથી સવિશેષ જાણીને પછી બોલ્યા કે–હે ભદ્રક! જ્યાં સુધી સાત–આઠ પગલાં પાછો ખસે નહિ, ત્યાં સુધી જીવને ઘા કરવો નહિ. (૯૨૮ થી ૯૩૦) એક આ નિયમ. વળી બીજો નિયમ–તું ભૂખથી જો અત્યંત પીડાય, તો પણ જેનું નામ જાણ્યું ન હોય તેવાં (અજાણ્યાં) ફળો ખાઈશ

નહિ. (૯૩૧) પુનઃ ત્રીજો નિયમ–મોટા રાજાની પટરાણીને ભોગવવી નહિ; અને ચોથો નિયમ એ કે–કાગડાનું માંસ ખાવું નહિ. (૯૩૨) આ ચારેય પણ નિયમોને તું જાવજ્જીવ સર્વ પ્રયત્નથી પાળજે, કારણ કે–પુરુષોનું આ જ પુરુષવ્રત (પુરુષાર્થ) છે. (૯૩૩) માણિક્ય, સોનું, મોતી, વગેરે સ્ત્રીઓનાં ભૂષણો છે અને સ્વીકારેલી પ્રતિજ્ઞાનું પાલન તે સત્પુરુષોનો અલંકાર છે. (૯૩૪) (કારણ કે–) સત્પુરુષોને પ્રતિજ્ઞાપાલનમાં "ભલે મસ્તક કપાય, સંપત્તિઓ અને બંધુઓ (સ્વજનો) પણ છૂટી જાય, પણ પ્રતિજ્ઞાનું પાલન કરવું, જે થવાનું હોય તે થાઓ!" (એવો નિશ્ચય હોય છે) (૯૩૫) મનુષ્યોને સજ્જન દુર્જન એવું વિશેષણ પણ આથી જ અપાય છે, અન્યથા પંચેન્દ્રિપણાથી સર્વ સરખા છે, તેમાં ભેદ કેવી રીતે પડે? (૯૩૬) સૂરિજીએ એમ કહે છતે ચાર અભિગ્રહોને સમ્યગ્ સ્વીકારીને અને પ્રણામ કરીને ભિલ્લપતિ પોતાને ઘરે પાછો ગયો. (૯૩૭) અને શિષ્યોથી પરિવરેલા સૂરિજી પણ ઈર્યાસમિતિને પાળતા યથેચ્છ દેશે જવા ધીમે ધીમે ચાલ્યા. (૯૩૮) પછી પાપ-કાર્યોમાં સતત જેની ઇન્દ્રિયો પટુ (ચપળ) છે, જે વિવિધ સેંકડો વ્યસનોથી યુક્ત છે. એવા (ઈતર=) ભિલ્લપતિના દિવસો પણ પસાર થતા ગયા. (૯૩૯) તે પછી અન્ય કોઈ દિવસે સભામંડપમાં બેઠેલા તેણે (ભિલ્લોને) કહ્યું કે–ઘણા વખતથી અહીં ધંધા (કમાણી) વિનાના મારા દિવસો જાય છે, તો હે પુરુષો! પુર અથવા નગર, કે ગામ અથવા સાર્થ, જે (લૂંટવાને) ઉચિત હોય તેને સર્વત્ર જોઇને (શોધીને) આવો (૯૪૦–૯૪૧) જેથી બધા કામો છોડીને તેને લૂંટવા જઇએ. ઉદ્યમ વિનાનો (પતિ) વિષ્ણુ હોય તો પણ લક્ષ્મી તેને છોડી દે છે. (૯૪૨) એમ સાંભળીને 'તહત્તિ' કહીને આજ્ઞાનો સ્વીકાર કરતા યથોક્ત સ્થાનોની ગુપ્ત રીતે ખોજ કરી આવેલા તે પુરુષો કહેવા લાગ્યા કે– (૯૪૩) હે નાથ! સાંભળો, ઘણી ઉત્તમ વસ્તુઓથી પરિપૂર્ણ મોટો સાર્થ બે દિવસ પછી અમુક માર્ગે આવશે, (૯૪૪) તેથી જો માર્ગ રોકીને તેના આવ્યા પહેલાં તમે ત્યાં રહો તો અલ્પકાળમાં યથેચ્છ લક્ષ્મીનો સમૂહ પ્રાપ્ત કરી શકો! (૯૪૫) એમ સાંભળીને કેટલાક દિવસો ચાલે તેટલું ભાતું લઇને પોતાના પરિવારથી પરિવરેલો પલ્લીપતિ તે સ્થાને ગયો. (૯૪૬) પણ (આ બાજુ) તે સાર્થ અપશુકનના દોષથી મૂળ માર્ગ છોડીને બીજા માર્ગે વળ્યો અને ઈષ્ટ સ્થળે પહોંચી ગયો. (૯૪૭) ભિલ્લપતિ વંકચૂલ અનિમેષ નેત્રોથી તે માર્ગને જોયા કરે છે, એમ કરતાં પૂર્વે લાવેલું ભાતું સઘળું પૂર્ણ થયું. (૯૪૮) ત્યારે નિસ્તેજ મુખવાળો, ભૂખથી પીડાતો, પાછો ફરીને પલ્લીની પાસે પહોંચ્યો, પણ ત્યાંથી આગળ ચાલવામાં અશક્ત, શ્રમથી પીડાતો, વૃક્ષની શીતળ છાયામાં, નવી કુંપળોના સંથારામાં થાકેલા શરીરને નાંખીને (સૂઈ રહીને) તે વિસામો લેવા લાગ્યો. (૯૪૯–૯૫૦) અને પરિવારના પુરુષો ચારે બાજુ કંદમૂળ–ફળ માટે ગયા. પછી અવલોકન કરતાં અતિ પ્રસન્ન થયેલા તેઓએ એક પ્રદેશમાં સુંદર ફળોના ભારથી નમેલું, સેંકડો ડાળાંથી યુક્ત, કિંપાક ફળ નામનું એક મોટું વૃક્ષ જોયું.

(૯૫૧-૯૫૨) તેના ઉપરથી પાકીને પીળાં બનેલાં ફળો યથેચ્છ ( ઇચ્છા મુજબ ) ગ્રહણ કર્યાં અને વિનયથી નમેલા તેઓએ તે શ્રી વંકચૂલીને આપ્યાં. (૯૫૩) તેણે કહ્યું, હે ભાઈઓ ! પૂર્વે કદાપિ નહિ જોએલાં દેખાવમાં સુંદર આ ફળોનું નામ શું છે? (૯૫૪) તેઓએ કહ્યું, સ્વામિન્ ! એનું નામ અમે જાણતાં નથી, કેવળ પાકેલાં હોવાથી શ્રેષ્ઠ રસનું અનુમાન કરીએ છીએ. (૯૫૫) પલ્લીપતિએ કહ્યું, જો અમૃત સરખાં હોય તો પણ નામ જાણ્યા વિનાનાં આ ફળોને હું ખાઈશ નહિ. (૯૫૬) ( तव्वेलाऽवत्तगं= ) તે વેળા ( અવ્યક્ત= ) વિસંસ્થૂલ-અશક્ત એવા તે એકને છોડીને ભૂખથી પીડાતા શેષ પુરુષોએ તે ફળોને ખાવા માંડયાં. (૯૫૭) પછી વિષયોની જેમ મુખે ( પ્રારંભમાં ) મધુર અને પરિણામે વિરસ એવાં તે ફળોને ખાઈને સૂતેલા તેઓની ચેતના ઝેરના કારણે નાશ પામી. (૯૫૮) પછી મીંચાતાં બે નેત્રોવાળા અને અંદર જ ( મુંઝાતા ) રુંધાયેલા શ્વાસવાળા તેઓ સુખશય્યામાં સૂતેલાની જેમ ઊંઘવા લાગ્યા. (૯૫૯) તે પછી તેઓનો જીવ લઈને જેમ ચોર અદશ્ય થાય, તેમ સૂર્ય અસ્ત પામ્યો અને પક્ષીઓએ પણ વ્યાકુળ શબ્દોથી તે જીવોનું ગમન ( મરણ ) જાહેર કર્યું. (૯૬૦) પછી સર્વત્ર જીવલોકને ( પૃથ્વીમંડલને જાણે ) કંકુના રસથી રંગતો અને ચક્રવાકોને ( વિરહથી ) વ્યાકુળ કરતો સંધ્યાનો રંગ સર્વત્ર ફેલાયો. (૯૬૧) કુલટા સ્ત્રીની જેમ કાળી ગોળીના જેવા ( અતિ શ્યામ ) કાન્તિવાળા વસ્ત્રથી શરીર ઢાંકયું હોય તેમ, તમાલવૃક્ષના ગુચ્છા જેવી કાળી અંધકારની શ્રેણી વિસ્તાર પામી. (૯૬૨) નિત્ય ( विड्डप्प = ) રાહુથી ગળાતા ચંદ્રમાંથી જાણે ચંદ્રના ટૂકડાનો સમૂહ છૂટો પડતો હોય તેમ, તારાઓનો સમૂહ ( એક્કસરિયાચે= ) શીઘ્ર સર્વત્ર વિસ્તાર પામ્યો. (૯૬૩) તે પછી ત્રણેય જગતને જીતવા માટે (પ્રતિજ્ઞાવાળા) કામરૂપી મુનિના ( મુનિપક્ષે ત્રણેય જગતમાં વિજય મેળવવાની ઇચ્છાવાળા મુનિના ) શયન માટે સ્ફટિકની પાટ જેવો ( નિર્મળ ), દેવોના ભુવનનાં આંગણાની વચ્ચે સ્થાપેલા સફેદ સોનાના પૂર્ણકલશ જેવો ( ગોળ ), આકાશરૂપી સરોવરમાં ખીલેલા સહસ્રપત્ર કમળ જેવો (રાતો) જાણે રાત્રિરૂપી સ્ત્રીનો ગોરોચનનો મોટો જંથ્થો હોય તેવો, ચંદ્ર પણ ઉગ્યો. (૯૬૪-૯૬૫) ત્યારે જવા માટે સમયને અનુકૂળ જાણીને પલ્લીપતિએ ઊંઘેલા છે-એમ માનીને તે પુરુષોને મોટા અવાજથી બોલાવ્યા. (૯૬૬) વારંવાર બોલાવેલા પણ તેઓએ જ્યારે થોડો પણ જવાબ ન આપ્યો, ત્યારે પાસે આવીને સર્વને સારી રીતે જોયા. (૯૬૭) નષ્ટ જીવન ( પ્રાણ )વાળા સર્વને ( મરેલા ) જોઈને તેણે વિચાર્યું, અહો ! અજાણ્યા નામવાળા ફળોના ઉપયોગનું ( ખાવાનું ) આ ફળ છે. (૯૬૮) જો નિષ્કારણવત્સલ તે સૂરિજીનો ( આપેલો ) નિયમ મારે ન હોત, તો હું પણ આ ફળોને ખાઇને આ અવસ્થાને પામ્યો હોત. (૯૬૯) ગુણનિધિ અને અજ્ઞાનરૂપી વૃક્ષને ( બાળવામાં ) અગ્નિતુલ્ય એવા તે ગુરુઓ યાવજ્જીવ જયવંતા રહો ! કે જેઓએ નિયમ આપવાના બ્હાને મને જીવન આપ્યું. (૯૭૦) એમ દીર્ઘકાળ ગુરુની પ્રશંસા કરીને શોકથી અતિ વ્યાકૂળ શરીરવાળો તે તેઓનાં

શસ્ત્રો વગેરે ઉપકરણોને એક સ્થાને મૂકીને, પૂર્વે સુભટોના સમૂહ સાથે પલ્લીમાં ભમનારો, વર્તમાનમાં એકાકી, તેમાં વળી મરેલા સર્વ પરિવારવાળો, હું પ્રગટ રીતે પ્રવેશ કરતો લોકોને મુખ કઈ રીતે બતાવીશ ?–એમ વિચારીને મધ્યરાત્રિ થઇ ત્યારે ચાલ્યો. (૯૭૨–૯૭૩) માત્ર એક ખડ્ગની સહાયવાળો શીઘ્રમેવ પોતાને ઘેર પહોંચ્યો અને કોઈ ન જુએ તેમ શયનમંદિરમાં પેઠો. (૯૭૪) ત્યાં તેણે સળગતા દીવાની ફેલાતી પ્રભાના સમૂહથી પોતાની પત્નીને પુરૂષની સાથે સુખપૂર્વક શય્યામાં સૂતેલી જોઇ. (૯૭૫) ત્યારે લલાટમાં ઉછળતી અને આમ–તેમ નાચતી (ફરતી) એવી ત્રિવલીથી વિકરાળ, દાંતના અગ્રભાગથી નિષ્ઠુરપણે હોઠને કચડતો એવો તે, અત્યંત ક્રોધથી ફાટેલાં અતિ રાતાં નેત્રોના પ્રચંડ તેજસમૂહથી (પલ્લવિયં=) લાખના રંગે રંગી હોય તેવી રક્ત તલવારને ખેંચીને વિચારવા લાગ્યો કે (૯૭૬–૯૭૭) યમના મુખમાં પ્રવેશવાની ઈચ્છાવાળો આ રાંકડો કોણ છે ? કે હું જીવતો છતાં પણ જે પાપી મારી પત્નીને સેવે છે. (૯૭૮) અથવા લજ્જા–મર્યાદાથી રહિત આ પાપીણી મારી ભાર્યા પણ કેમ કોઈ અધમ પુરુષની સાથે આમ સૂતી છે ? (૯૭૯) અહીં રહેલાં આ બન્નેના પણ તલવારથી ટૂકડા કરું ! અથવા આ ખડ્ગ, કે જે પરાક્રમી–ઉગ્ર એવા શત્રુસૈન્યોનો અને હાથીઓના સમૂહનો નાશ કરવામાં પ્રચંડ અને ઘણા યુદ્ધોમાં યશ પામેલો છે, તેને લોકવિરુદ્ધ એવા સ્ત્રીના વધમાં કેમ વપરાય ? (૯૮૦–૯૮૧) તેથી આ એકને જ હણું. એમ પ્રહાર કરે તેટલામાં તે મહાત્માએ ઘણા પૂર્વકાળે લીધેલા અભિગ્રહનું અણધાર્યું અનુસ્મરણ કર્યું. (૯૮૨) તેથી સાત–આઠ પગલાં પાછા ફરીને જ્યાં પ્રહાર કરે છે, તેટલામાં તો ઉપરની પીઢ (પાટડા) સાથે અથડાયેલી તલવારનો ખટાકો (અવાજ) થયો. (૯૮૩) અને તેથી ભોજાઈના શરીરના વજનથી દુ:ખાતી ભુજાવાળી, ગાઢ નિદ્રાના ભારને તોડતી (કાચી ઊંઘે જાગતી) અને ખટાકો સાંભળીને સહસા ભય પામેલી, બ્હેન બોલી કે–તે મારો વંકચૂલી ભાઈ ચિરંજીવો ! (૯૮૪–૯૮૫) વંકચૂલીએ તે સાંભળીને વિચાર્યું, અહાહા ! અત્યંત ગાઢ સ્નેહવશ મને અનુસરતી (સાથે આવેલી), જેણે પૂર્વે (મારા સ્નેહથી) સખીઓ, સ્વજનો અને માતા–પિતાદિને પણ ત્યજ્યાં છે, તે આ મારી બ્હેન પુષ્પચૂલા અહીં કેમ ? (૯૮૬–૯૮૭) હમણાં મારા પ્રાણથી પણ અત્યધિક એવી આને હણીને અતિ મોટા પાપનો કરનારો, સ્વયં નિર્લજ્જ હું કેવી રીતે જીવી શકત ? (૯૮૮) અથવા બ્હેનને હણવાથી થયેલા પાપની શુદ્ધિ કયા પ્રશસ્ત તીર્થે જવાથી અથવા કયા વિશિષ્ટ તપથી થઈ શકત ? (૯૮૯) એમ ચિંતવતો શોકના ભારથી વ્યાકૂળ પોતાના પાપકર્મથી સંતપ્ત, (તે) બ્હેનના ગળે વળગીને રોવા લાગ્યો. (૯૯૦) આશ્ચર્યથી વ્યાપ્ત ચિત્તના વેગ(વિચાર)વાળી પુષ્પચૂલાએ વંકચૂલીને મુશીબતે શય્યામાં બેસાડીને આ પ્રમાણે કહ્યું, (૯૯૧) હે ભાઇ ! તું સુવર્ણશૈલ (મેરૂ) જેવા દૃઢ સત્ત્વવાળો, ઉદાર પ્રકૃતિવાળો, છતાં એકદમ જ મારા ગળે વળગીને આમ કેમ રડે છે ? વળી તારા આગમન વખતે

તો આ પલ્લીમાં પ્રત્યેક ભુવનના બારણે ઉજ્વલ ધ્વજાઓ બંધાતી હતી, હાંફળા હાંફળા (હર્ષઘેલા) મનુષ્યોથી માર્ગ સાંકડો (વ્યાપ્ત) બની જતો હતો, અને અત્યંત અનિષ્ટ ઉત્પન્ન થતાં કે ગાઢ આપત્તિ આવી પડતાં પણ રોવાનું તો દૂર રહો, તારો મુખરાગ પણ બદલાતો ન હતો, તેને બદલે તું નિસ્તેજ મુખવાળો (દીન), તેમાં પણ પરિવાર વિનાનો–એકાકી, તે પણ ગુપ્ત, એ રીતે ઘરમાં કેમ પેઠો? તે પછી તેણે પરિવારના વિનાશનો સઘળો વૃતાન્ત અને પરપુરુષ સમજીને ઉપાડેલી તલવારની અથડાવાની વાત પણ બ્હેનને કહી. (૯૯૨ થી ૯૯૬) અને કહ્યું, હે બ્હેન! હું પરિવારના વિનાશનો શોક કરતો નથી, પણ શોક એ કરું છું કે–હમણાં (સહસા) તને મેં આ રીતે હણી નાંખી હોત. (૯૯૭) એથી જ હજુ પણ આ પ્રસંગનું સ્મરણ કરતો હું નેત્રોમાં આંસુના એક માત્ર પ્રવાહને પણ રોકી શકતો નથી. (૯૯૮) હે બ્હેન! તું કયા કારણે આ પ્રમાણે પુરુષનો વેષ ધારણ કરીને ભોજાઈની સાથે સૂતી હતી? તે મને કહે. (૯૯૯) તેણીએ કહ્યું, ભાઈ! તમે વિજયયાત્રાએ ગયા, ત્યારે નાચવા માટે અહીં નટો આવ્યા, તેઓએ મને પૂછ્યું. (૧૦૦૦)

અહીં પલ્લિપતિ છે કે નહિ? ત્યારે મેં એમ વિચાર્યું, જો નથી એમ કહીશ, તો તે સાંભળીને કોઇ શત્રુનો માણસ તમારી સાથે ગાઢ વૈરબંધવાળા (વૈરી) સીમાડાના રાજાઓને કહે, તો તેઓ વળી અવસર પામીને પલ્લીને ઉપદ્રવ કરે. તેવું ન બને તે કારણે મેં કહ્યું, પલ્લીના મુગટનો મણિ તે સ્વયં વંકચૂલી આ રહ્યો, માત્ર તે અન્ય કાર્યમાં જોડાયેલો છે. (૧૦૦૧ થી ૧૦૦૩) પછી તેઓએ મને કહ્યું, નાટક કયારે દેખાડીએ? મેં કહ્યું, રાત્રિએ, કે જેથી તે નિરાકુલપણે (શાન્તિથી) જુએ. (૧૦૦૪) તેઓએ તે રીતે જ (રાત્રિએ) નાટક પ્રારંભ્યું, તેથી હું પુરુષનો સુંદર વેષ કરીને તમારા જેવી બનીને ભોજાઈની સાથે ત્યાં બેઠી. (૧૦૦૫) પછી મધ્યરાત્રિના સમયે નટોને આપવા-યોગ્ય ઉચિત (દાન) આપીને નિદ્રાથી ઘેરાતાં નેત્રોવાળી હું આની સાથે સુતી. (૧૦૦૬) તેથી વધારે હું કાંઈ જાણુતી નથી. માત્ર ખડાકો સાંભળીને "ભાઇ ચિરકાળ જીવો"–એમ બોલતી હું જાગી. (૧૦૦૭) એમ સાંભળીને કાંઇક પ્રશાન્ત શોકવાળો, વારંવાર 'તે નિયમોનું આ ફળ છે'–એમ વિચારતો તે કાળ પસાર કરે છે. (૧૦૦૮) પછી પરિવાર વિનાનો તે નગર, આકર, (વગેરેને) લૂંટી ન શકવાથી, (ધન વિના) પરિજનને સીદાતો જોઈને પ્રગટેલા સંતાપવાળો (૧૦૦૯) 'ખાત્ર ખણવા સિવાય મારે બીજો જીવવાનો ઉપાય નથી'–એમ નિશ્ચય કરીને તે એકલો પણ ઉજ્જૈની નગરીએ ગયો. (૧૦૧૦) અને ધનિક લોકોના મકાનોમાં પેસવા–નીકળવાના બારણા–બારીઓને જોઈને તે ચોરી માટે એક મોટા ઘરમાં પેઠો. (૧૦૧૧) પછી માત્ર બહારના આકારથી સુન્દર દેખાતા પણ તે ઘરમાં માત્ર સ્ત્રીઓનો પરસ્પર કલહ સાંભળીને વિચારવા લાગ્યો કે–(૧૦૧૨) આ કલહ કરે છે, માટે નિશ્ચે આ ઘરમાં તેવું બહુ ધન નથી, કારણ લોકમાં પણ આ

પ્રસિદ્ધ છે કે–'ઊણાં છોળોથી ઉછળે.' (અધુરો છલકાય.) (૧૦૧૩) ધન અલ્પ છતાં પણ ચોરવાથી મારે શી સંપત્તિ થશે ? અતિ મોટા પણ બિંદુથી કંઈ સમુદ્ર ન ભરાય ! (૧૦૧૪) એમ (વિચારીને) તુર્ત તે ઘરને છોડીને મોટા આશયવાળો તે સકળ નગરમાં પ્રસિદ્ધ દેવદત્તા વેશ્યાને ઘેર ગયો. (૧૦૧૫) અને ખાત્ર પાડવામાં (કયકરણ=) અભ્યાસી તે ખાત્ર પાડીને, ત્યાં રત્નોથી રમણીય ભીંતોવાળા અને સતત ઝગમગતા દીપકવાળા વાસગૃહમાં પેઠો. (૧૦૧૬) (ત્યાં તેણે) તે ગણિકાને અત્યંત કોઢ રોગથી નિર્બળ (થાકેલા) અને ભયંકર શરીરવાળા એક પુરુષની સાથે શય્યામાં સુખે ઊંઘેલી જોઈ. (૧૦૧૭) અરે રે ! જુઓ, આવા ધનના વિસ્તારવાળી પણ આ અનાર્ય (વેશ્યા) ધનને માટે આ રીતે કોઢીનો પણ આદર કરી રહી છે. (૧૦૧૮) અથવા તો હું અનાર્ય છું, કે જે આની પાસેથી પણ ધન લેવા ઇચ્છું છું, માટે આ ધનથી સર્યું, મોટા ધનાઢ્યના ઘેર જાઉં ! (૧૦૧૯) એમ વિચારી સમગ્ર વેપારીઓમાં મુખ્ય શેઠના ઘરમાં ખાત્ર પાડીને ધીમા પગલે શીઘ્ર ભુવનમાં પેઠો. (૧૦૨૦) અને ત્યાં બે હાથે ખડી અને સંપુટને (વહીને) પકડીને પુત્રની સાથે (अणुक्खणं=) ક્ષણ ક્ષણના પણ (લેક્ખગ=) હિસાબને કરતા (માગતા) શેઠને જોયો. (૧૦૨૧) અને અહીં હિસાબમાં (ઘટતો) એક વસો (ટાંક) કોઈ રીતે નહિ મળવાથી રોષે ભરાયેલા શેઠે (પુત્રને) કહ્યું, હે કુલનો ક્ષય કરનાર કાળ ! (૧૦૨૨) મારી નજરથી દૂર જા, ક્ષણ પણ ઘરમાં રહીશ નહિ. આટલો મોટો ધનનો નાશ હું સગા બાપનો પણ સહન નહિ કરું. (૧૦૨૩) એમ બોલતા અને પ્રચંડ ક્રોધથી લાલ થયેલી આંખોના ક્ષોભ(કટાક્ષ)વાળા તેને જોઇને આશ્ચર્ય પામેલા પલ્લીપતિએ વિચાર્યું કે–(૧૦૨૪) જે એક વસાનો નાશ (ઘટ) જોઇને પુત્રને પણ કાઢી મૂકવા ઇચ્છે છે, તે જો ઘર ચોરાયું એમ જાણે, (૧૦૨૫) તો નિશ્ચે ધનનાશ થવાથી લાગેલા હૃદયના આઘાતથી મરે. માટે (મારે પણ) એ રીતે કૃપણના બાપ એવા આને મારવો યોગ્ય નથી. (૧૦૨૬) માટે રાજમહેલમાં જઈને ત્યાંથી ઇચ્છા પ્રમાણે ગ્રહણ કરું, હાથીની તૃષ્ણા (તણુવિરય=) અતિ અલ્પ પ્રવાહના (નાનાં ઝરણાના) પાણીથી શમે જ નહિ. (૧૦૨૭) તેને એમ વિચારતાં રાત્રિ પૂર્ણ થઈ અને પૂર્વદિશા સન્મુખ કંકુ–કેસરના તિલક જેવો અરુણોદય થયો. (૧૦૨૮) તે પછી ધીમે ધીમે ત્યાંથી પાછો ફરી તે અરણ્યમાં ગયો અને પુષ્ટ શરીરવાળી ગોધાને (ઘોને)લઇને તે (પુનઃ) નગરમાં આવ્યો. (૧૦૨૯) રાજભવનમાં ચઢવા માટે તેના (ઘોના) પૂંછડે બાંધેલા મજબૂત દોર સાથે પોતાને બાંધીને તેણે ઘોને (ઊંચે) ફેંકી અને મજબૂત પગના ટેકાથી ઘરની ભીંતને ઉલ્લંઘીને મહેલ ઉપર ચઢયો. પછી પ્રસન્ન મનવાળો તે પલ્લીપતિ ઘોને છોડીને ધીમેથી મહેલમાં પેસવા માંડયો. ત્યાં તે વેળા રાજા પ્રત્યે ક્રોધે ભરાયેલી, (પહેરેલા) મણિના અલંકારોની કાન્તિના સમૂહથી અંધકારને દૂર કરતી, શય્યામાં સૂતેલી એવી રાજાની પટ્ટરાણી વંકચૂલને જોઇને આ પ્રમાણે બોલવા લાગી. (૧૦૩૦ થી ૩૩) હે ભદ્ર ! તું કોણ છે ?

(તેણે કહ્યું–) જગતમાં લોકપ્રસિદ્ધ હું વંકચૂલી નામે ચોર છું અને મણિ–સુવર્ણ ચોરવા માટે હું અહીં આવ્યો છું. તેણે એમ કહેવાથી રાણી બોલી, તું સુવર્ણ વગેરેનો ચોર નથી, કારણ કે–હે નિર્દય ! તું વર્તમાનમાં મારા હૃદયને ચોરવા ઇચ્છે છે. (૧૦૩૪–૩૫) તેણે કહ્યું, હે સુતનુ ! તમે ન બોલો, કારણ કે–ચિરંજીવનની ઇચ્છાવાળો કોણ શેષનાગના મણિને લેવાની અભિલાષા કરે. (૧૦૩૬) પછી તેની કામદેવ સરખી શરીરની સુંદરતાથી હરાયેલા ચિત્તવાળી, સ્ત્રીસ્વભાવે જ અત્યંત તુચ્છ બુદ્ધિવાળી, કુળના અપમાનને (કલંકને) જોવામાં પરાઙ્મુખ અને કામથી પીડાતી, એવી રાણીએ કહ્યું. હે ભદ્રક ! 'આ રાજમહેલ છે' એવા (पडिसय=) સ્થાનના વિકલ્પ (ભય)ને દૂર ફેંકીને હમણાં જ મારો સ્વીકાર કર ! એમ કરવાથી જ શેષ સઘળી તેં ઇચ્છેલી ધનપ્રાપ્તિ તુર્ત સવિશેષ તને પ્રાપ્ત થશે. (૧૦૩૭ થી ૩૯) અત્યંત નિર્મળ, ઉછળતી રત્નની કાન્તિના વિસ્તારવાળી, એવી અલંકારોની શ્રેણીને તું શું જોતો નથી ? હે સુભગ ! એનો તું સ્વામી થઇશ. (૧૦૪૦) એ પ્રમાણે તેનું વચન સાંભળીને વંકચૂલીએ કહ્યું, હે સુતનુ ! તું કોણ છે ? કેમ (પાઠાંતર–ईहच्छसि=)અહીં રહી છે ? અથવા તારો પ્રાણનાથ કોણ છે ? (૧૦૪૧) તેણે કહ્યું, હે ભદ્રક ! મહારાજાની હું પટ્ટરાણી છું, રાજા પ્રત્યે કોપ કરીને અહીં આ રીતે રહી છું. (૧૦૪૨) પછી પૂર્વે લીધેલા અભિગ્રહનું સ્મરણ કરીને તેણે કહ્યું, જો રાજાની રાણી છે, તો તું મારે માતાતુલ્ય છે. (૧૦૪૩) તેથી હે મહાનુભાવા ! પુનઃ પણ એવું બોલીશ નહિ, "જેનાથી કુળ મલિન થાય, તે કુળવાનોને અકાર્ય છે." (૧૦૪૪) તેથી અહા હા ! મહામૂઢ ! વાયડાની જેમ તું આવું અનુચિત કેમ બોલે છે ? એમ તિરસ્કાર કરતી ક્રોધવાળી તેણીએ વંકચૂલને કહ્યું. (૧૦૪૫) જેને તું સ્વપ્નમાં પણ ન જુએ, તે અત્યારે મળેલી (પણ) રાજપત્નીને હે મૂઢ ! તું કેમ ભોગવતો નથી ? તેણે ઉત્તર આપ્યો, હે માતા ! હવે આગ્રહને છોડો, મનથી આ ચિંતવવું પણ યોગ્ય નથી, ઉગ્ર ઝેર ખાવું સારું, આવું અકાર્ય સારું નહિ. (૧૦૪૬–૪૭) પ્રતિકૂળ જવાબના કારણે સવિશેષ વધેલા ક્રોધવાળી રાણીએ પ્રગટ અક્ષરોમાં તેને ઉદ્દેશીને કહ્યું કે–(૧૦૪૮) હે હતાશ ! નિશ્ચે તું વિડંબના કરાએલો છતો મારે વશ થઈશ, કારણ કે–નગ્ન સાધુ વગોવવાથી સ્વર્ગને પામે છે. (સ્વર્ગની યાચના કરે છે.) અથવા હે હતાશ ! તું મારે વશ થઈશ, કે નિશ્ચે (સમગ્ર નગરમાં) વિડંબના પમાડેલો, વગોવેલો, (નગ્ગખવણઓ=) દિગંબર સાધુની જેવો (ઇજ્જતરૂપી વસ્ત્રથી રહિત–બેઆબરૂ થએલો) સ્વર્ગે જઈશ. (મરણને શરણ થઈશ.) (૧૦૪૯) તે પછી તેણે રાણીને કહ્યું, પૂર્વે 'માતા માતા'–એમ કહીને હવે તને જ પત્ની કહીને કેવી રીતે ભોગવું ? (૧૦૫૦) (આ બાજુ) લાંબા સમયે રાણીને મનાવવા આવેલો રાજા ભીંતને અંતરે તેના સઘળાય શબ્દોને સાંભળીને વિચારે છે કે–(૧૦૫૧) અહો ! આશ્ચર્ય છે કે–સન્માન અને દાનથી રાજી કરવા છતાં પણ સ્ત્રી એક પુરુષમાં સ્થિરતાને (પ્રીતિને) કરતી નથી, (૧૦૫૨) કે જેથી સારા કુલમાં જન્મેલી

છતાં અનુરાગી–મનવાળા પણ મને મૂકીને આ રીતે આ અજાણ્યા પણ મનુષ્યને ભોગવવા ઇચ્છે છે. (૧૦૫૩) સુખના વિરામ(નાશ)રૂપ એવી સ્ત્રીઓ ઉપરના રાગને સર્વથા ધિક્કાર થાઓ. અરર ! આવી સ્ત્રીઓ સારા કુલીન પુરુષોને પણ કેવી રીતે સંકટમાં નાંખે છે ? (૧૦૫૪) અદ્યાપિ ( પાપો કરવા છતાં પણ ) આ ચોર કોઇ સત્પુરુષ છે, કે જે સામ–ભેદ વગેરે યુક્તિઓ વડે આ સ્ત્રી પ્રાર્થના કરે છે તો પણ મર્યાદા મૂકતો નથી. (૧૦૫૫) પૃથ્વી આજે પણ રત્નનો આધાર છે. (બહુરત્ના વસુંધરા.) હજુ પણ કલિકાળ આવ્યો નથી, જેથી આવા શ્રેષ્ઠ પુરૂષરત્નો દેખાય છે. (૧૦૫૬) જેઓ નિશ્ચે એક પ્રહારથી હાથીના કુંભસ્થળના ટૂકડા કરે છે, તેઓ પણ સ્ત્રીના નેત્રરૂપી બાણના પ્રહારથી (કટાક્ષથી) હણાયેલા દુ:ખી થાય છે, (૧૦૫૭) આ મહા સત્ત્વવાન પુરુષ, આ રાણીએ પ્રાર્થના કરવા છતાં પોતાની મર્યાદાને લેશ પણ તોડતો નથી, આ કારણે તે દર્શન કરવાયોગ્ય છે. (૧૦૫૮) એ પ્રમાણે રાજા જ્યારે વિચારે છે, ત્યારે છેલ્લા નિર્ણય માટે રાણી પુનઃ બોલી, અરે શું ! નિશ્ચે તું મારું વચન નહિ કરે (માને) ? (૧૦૫૯) તેણે પણ હર્ષપૂર્વક કહ્યું, હા, એમ. (અર્થાત્ નહિ માનું.) પછી અત્યંત રોષિત થએલી રાણીએ બૂમ મારી કે–અરે, પુરુષો ! ચોરાતા એવા રાજાના સર્વ ધનની ઉપેક્ષા કેમ કરો છો ? દોડો, આ ચોર અહીં છે. એ સાંભળીને ચારેય બાજુથી પહેરેગીરો આવી પહોંચ્યા. (૧૦૬૦–૬૧) હાથમાં તલવાર, ચક્ર અને બાણવાળા જેટલામાં તેઓ પ્રહાર કરે તેટલામાં રાજાએ કહ્યું, હંહો ! આ ચોરની મારી જેમ રક્ષા કરો. (૧૦૬૨) તે પછી તેઓથી ઘેરાયેલા (છતાં) મોટા ગજેન્દ્રની જેમ અક્ષુભિત ચિત્તવાળા અને હાથમાં શોભતી તલવારવાળા તે વંકચૂલીએ રાત્રિ પૂર્ણ કરી. (૧૦૬૩) (આ બાજુ) રાણીએ જેના પ્રત્યે કોપ કર્યો છે ( અથવા રાણી પ્રત્યે કોપવાળો ) તે રાજા શયનમંદિરમાં ગયો અને સુવા છતાં પણ તે પાછલી રાત્રિએ મુશીબતે ઊંઘ્યો. (૧૦૬૪) તે પછી પ્રભાત થયું, પ્રાભાતિક વાજિંત્રો વાગ્યાં, ત્યારે કાલનિવેદક ચારણપુત્રે આ પ્રમાણે કહ્યું, (૧૦૬૫) હે દેવ ! અખંડ પ્રતાપવાળા, સઘળા તેજસ્વીઓના ( બળવાનોના ) તેજને નાશ કરનારા, અખંડ (પૃથ્વી) મંડલને ધારણ કરનારા, દુષ્ટોના પ્રયાસનો પ્રતિઘાત કરનારા, વિકસતી લક્ષ્મીની ખાણ સરખા, સ્થિર ઉદય(પુણ્યોદય)વાળા અને સન્માર્ગને પ્રકાશવામાં તત્પર, આપ સૂર્યની જેમ જયવંતા રહો ! ( સૂર્યપક્ષે તેજસ્વી=ચંદ્ર–ગ્રહ વગેરે, મંડલ=સૂર્યનું માંડલું, દોસાકર= ચંદ્ર, કમળાકર=સરોવર, અચળ–ઉદય=ઉદયાચળ પર્વત અને સન્માર્ગ=રાજમાર્ગ, વગેરે અર્થો ઘટાવવાં. ) (૧૦૬૬–૬૭) રાજા એને સાંભળીને પ્રાભાતિક સમગ્ર કાર્યો કરીને. રાત્રિના વૃત્તાન્તનું સ્મરણ કરતો સભામાં બેઠો. (૧૦૬૮) એ અવસરે પ્રણામ કરતા પુરુષોએ (પહેરે- ગીરોએ ) હે દેવ ! 'આ તે ચોર'–એમ બોલતાં વંકચૂલીને ત્યાં હાજર કર્યો. (૧૦૬૯) અને તેનું રૂપ જોઇને મનમાં આશ્ચર્ય પામેલા રાજાએ વિચાર્યું, આવી આકૃતિવાળો આ ચોર કેમ હોય ? (૧૦૭૦) જો સાચો ચોર જ હોય, તો રાણીનું વચન કેમ ન કરે (માને) ? કારણ કે–ભિન્ન ચિત્તવાળાને (ભયભીતને–અવિશ્વાસુને) તે સાવધ હોવાથી પ્રાયઃ ક્યાંય સ્ખલના

થતી નથી. (૧૦૭૧) અથવા આ વિકલ્પોથી સર્યું, આને જ પૂછું, એમ વિચારીને સ્નેહભર્યા નેત્રોથી રાજાએ તેની સામે જોયું. (૧૦૭૨) અને તેણે (રાજાને) પ્રણામ કર્યા, પછી તેને ઉચિત આસન અપાવ્યું, તેની ઉપર બેઠેલા વંકચૂલને રાજાએ સ્વયં પૂછ્યું, (૧૦૭૩) હંહો ! દેવાનુપ્રિય ! તું કોણ છે? અને અત્યંત નિંદનીય (**અસદૃશ=**) (કુલીનને) અઘટિત નીચ (આ ચોરીનું) કામ તેં કેમ આચર્યું છે? (૧૦૭૪) (વંકચૂલે કહ્યું–) કેવળ કાયરોનો જ નહિ; સીદાતા પરિવારથી પ્રાર્થના કરાયેલા અને ક્ષીણ વૈભવવાળા, એવા મોટા પુરુષોનો પણ બુદ્ધિવૈભવ ચલિત થાય છે. (અર્થાત્ દરિદ્રતાથી મારી બુદ્ધિ બગડી છે.) (૧૦૭૫) વળી જે તમે પૂછ્યું કે–તું કોણ છે? તે પણ મારી આવી પ્રવૃત્તિથી મારું સ્વરૂપ પ્રગટ હોવાથી કંઈ પણ કહેવું યોગ્ય નથી (૧૦૭૬) રાજાએ કહ્યું, એવું ન બોલ, તું સામાન્ય નથી, (ભલે) આ વાત રહેવા દે, રાત્રિનું વૃત્તાન્ત કહે. (૧૦૭૭) તેથી 'રાણીના સર્વ શબ્દો રાજાએ જાણ્યા છે'–એમ નિશ્ચય કરીને તેણે કહ્યું, દેવ ! સાંભળો. (૧૦૭૮) તમારા ઘરને ચોરવાની ઇચ્છાવાળો હું ત્યાં પેઠો અને રાણીએ પણ કોઈ રીતે મને આવતો જોયો, હે રાજન્ ! (આ સિવાય) અન્ય વૃત્તાન્ત નથી. (૧૦૭૯) વાર વાર પૂછવા છતાં પણ જ્યારે તે મહાત્મા એમ જ કહે છે, ત્યારે તેના સત્પુરુષપણાથી (સજ્જનતાથી) પ્રસન્ન થએલા રાજાએ કહ્યું, તો હે ભદ્ર ! વરદાન માગ ! હું તારી શુદ્ધ પ્રવૃત્તિથી પ્રસન્ન થયો છું. તેથી બે હાથનો કોશ (અંજલિ) લલાટે લગાડીને વંકચૂલીએ વિનંતિ કરી કે–હે દેવ ! આ જ વરદાન આપો કે–'દેવી પ્રત્યે સર્વથા ક્રોધ ન કરવો,' કારણ કે–મેં તેને માતા કહી છે. (૧૦૮૦ થી ૮૨) રાજાએ તે સ્વીકાર્યું. તે પછી વધી રહેલા ગાઢસ્નેહથી તેના પ્રત્યે પુત્રની જેમ અત્યંત પક્ષપાત ધારણ કરતા રાજાએ, તે વંકચૂલીને મોટા સામંતના પદે સ્થાપ્યો, અને હાથી, ઘોડા, રત્ન (વગેરે) વૈભવ તથા સેવકવર્ગ તેને સોંપ્યો. (૧૦૮૩-૮૪) એમ વૈભવવાળો બનેલો તે વિચારે છે કે–'સમગ્ર ગુણના ભંડાર તે સૂરિજી આવા કલ્યાણનું કારણ થયા.' (૧૦૮૫) અન્યથા હું તે રીતે કેમ જીવત ? અથવા મારી બેન કેમ જીવત ? અથવા અત્યારે આવી લક્ષ્મીને હું કેમ ભોગવત ? (૧૦૮૬) હા ! મંદબુદ્ધિવાળા અને પરાઙ્મુખ એવા પણ મને પરોપકારમાં એક રક્ત તે મહાનુભાવ ગુરુએ કેવો ઉપકાર કર્યો ? (૧૦૮૭) તેઓ જ નિશ્ચે ચિંતામણી, કલ્પવૃક્ષ અને કામધેનુ છે. માત્ર નિષ્પુણ્યક મેં લેશ પણ તેમને ઓળખ્યા નહિ. (૧૦૮૮) એમ તે સૂરિજીનું (કૃતજ્ઞતાથી) મિત્રની જેમ, સ્વજનની જેમ, માતા-પિતાની જેમ અને દેવની જેમ સતત સ્મરણ કરતો તે દિવસો ગાળે છે. (૧૦૮૯) તે પછી અન્ય અવસરે તેણે દમઘોષ નામના સૂરિજીને જોયા અને અત્યંત પ્રસન્ન થઈને ભક્તિપૂર્વક તેમને વાંદ્યા. (૧૦૯૦) તેઓએ 'યોગ્ય છે'–એમ જાણીને શ્રી અરિહંત ધર્મનો પરમાર્થ જણાવ્યો અને અનુભવસિદ્ધ હોવાથી અતિ હર્ષથી તેણે તે ધર્મને ગ્રહણ કર્યો. (૧૦૯૧) પછી સમીપના ગામમાં રહેતા ધર્મમાં પરમકુશળ એવા જિનદાસ શ્રાવકની સાથે તેને મૈત્રી થઈ, તેથી તેઓની સાથે દરરોજ વિવિધ નયોથી અને ઘણાં ભાંગાથી

ગંભીર એવા આગમને સાંભળતો, સ્વજનની જેમ સમાનધર્મીઓનું વાત્સલ્ય કરતો, શ્રી જિનમંદિરોમાં સર્વ આદરથી પૂજાદિ રચાવતો, પૂર્વે લીધેલા અભિગ્રહોરૂપી વૈભવને સદૈવ વિચારતો અને પ્રમાદરહિત યથોક્ત (આગમાનુસાર) જૈન ધર્મને પરિપાલતો તે સજ્જનો પ્રશંસા કરે તેવી (નીતિથી) સામંતપણાની લક્ષ્મીને (અધિકારને) ભોગવે છે. **(૧૦૯૨ થી ૯૫)** અન્ય પ્રસંગે રાજાની આજ્ઞાથી તે ઘણા સૈન્ય સહિત 'કામરૂપ' રાજાની સાથે યુદ્ધ કરવા ચાલ્યો. **(૧૦૯૬)** કાલક્રમે શત્રુના દેશના સીમાડે પહોંચ્યો. એ અવસરે સામો શત્રુ પણ ત્યાં આવ્યો. **(૧૦૯૭)** હવે યુદ્ધનું સ્વરૂપ કહે છે :–જ્યાં સુંદર ચામરો ઢળી રહ્યાં છે, છત્રોનો આડંબર સ્ફુરી રહ્યો છે, રથોના સમૂહો ગાજી રહ્યા છે, અથવા (પાઠાંતરે **પડંત સંદણોહય** =) રથના સમૂહ નીચે પડી રહ્યાં છે, યોદ્ધાઓ ઉલ્લાસ પામી (**પાઠાંતર समुल्ललंत** = **ઉછળી** રહ્યા છે, **(૧૦૯૮)** મત્ત હાથીઓ (પરસ્પર) સામે ઢૂકી રહ્યા છે, (યુદ્ધરસિક) સુભટોને જે પ્રસન્નતાનું કારણ છે, ઘોડાઓના સમૂહ હર્ષારવ કરે છે, ઘણા ભાટો બિરુદાવલી બોલી રહ્યાં છે, **(૧૦૯૯)** યુદ્ધના સુંદર વાજિંત્રો વાગી રહ્યાં છે, શૂરાઓને પ્રેરણા (ઉત્તેજન) અપાય છે, યુદ્ધની નોબતો વાગી રહી છે, પરસ્પર હક્કા (હાકોટા) કરાય છે, **(૧૧૦૦)** (પ્રત્યન્તરે चुवंतचित्तचिंधयं=) વિચિત્ર ધ્વજાઓ વગેરે (**चिंध=**) ચિહ્નો જેમાં (**ચુવંત** =) પડી રહ્યાં છે, પરસ્પર (ઘાની) પ્રહારની (**સંધા** =) હોડ થઈ રહી છે, (સુભટોએ) બખ્તરથી કાખો બાંધેલી છે, (જોડુ=પ્રત્યંતરે–જાડ=) જોરથી મોટા શંખ વાગી રહ્યાં છે. **(૧૧૦૧)** તીક્ષ્ણ ખડ્ગો ઉછળી (પ્રકાશી) રહ્યાં છે, જે પ્રચંડ કોપનું કારણ છે, એવું પરસ્પર (**હલાણુ** =) બન્ને સૈન્યોનું તે મહાયુદ્ધ શરુ થયું. **(૧૧૦૨)** તે પછી કાયરો નાઠા, ઘોડા, યોદ્ધા અને હાથીઓ હણાયા અને પ્રહારના સમૂહથી જર્જરિત થયેલાં દેહરૂપી પાંજરાં જમીન ઉપર પટકાયાં. **(૧૧૦૩)** એમ નિશ્ચે જે મહાયુદ્ધ થયું, તેમાં (**परेसिं संतियं** =) શત્રુનું જે સૈન્ય યુદ્ધ માટે આવ્યું હતું, તે સમગ્ર એક ક્ષણમાં જ ભાંગ્યું (હાર્યું). **(૧૧૦૪)** (**રણાંગણ** =) યુદ્ધ કરવામાં (ઉત્કટ) પ્રબળ, મહાભટ જે કામરૂપ નામે રાજા તેને પણ ક્ષણમાં જીતીને તુર્ત પ્રાણ-મુક્ત કર્યો. **(૧૧૦૫)** શત્રુઓના કઠોર પ્રહારથી ભેદાએલા શરીરવાળો વંકચૂલી પણ પ્રતિપક્ષને (શત્રુને) જીતીને યુદ્ધભૂમિમાંથી તુર્ત નીકળ્યો અને પ્રહારોથી પીડાતો ઉજ્જૈની નગરીએ પહોંચ્યો. તેના આગમનથી રાજા પણ ઘણો પ્રસન્ન થયો. **(૧૧૦૬)** પછી વૈદ્યોના સમૂહે (અથવા વૈદકશાસ્ત્ર પ્રમાણે) તેના પ્રહારોની (ઘાની) ચિકિત્સા કરી, છતાં લેશ પણ આરોગ્ય ન થયું, રુઝાયેલા પણ ઘા પુનઃ (**વિઘટન્તિ** =) ખુલ્લા થવા લાગ્યા. તે કારણે નિશ્ચે (વંકચૂલે) પોતાના જીવનની આશા છોડી દીધી. **(૧૧૦૭)** તેથી પુનઃ શોકથી ગદ્ગદ્ સ્વરે રાજાએ વૈદ્યોને કહ્યું, અહો ! મારો સેનાપતિ જે કોઈ પણ દિવ્ય ઔષધથી જલ્દી નીરોગી થાય, તે ઔષધને (તમે) વારંવાર આપો. **(૧૧૦૮)** તે પછી વૈદ્યોએ નિપુણ બુદ્ધિથી શાસ્ત્રોને વિચારીને, પરસ્પર નિર્ણય કરીને, કાગડાના માંસનું ઔષધ તેના ઘાનાં

ચાંદાઓને રુઝવવામાં સુંદર છે (એમ) કહ્યું, (૧૧૦૯) તો પણ જૈન ધર્મ પ્રત્યે નિરુપમ અનુરાગથી 'ભલે પ્રાણ જાય પણ નિયમ ન મૂકવો '–એ નિશ્ચયને યાદ કરતા તેણે કાગડાના માંસનો નિષેધ કર્યો. (૧૧૧૦) પછી (તેના) અત્યન્ત સ્નેહી જિનદાસના કહેવાથી (તે) આ ઔષધને કરશે, એમ માનીને રાજાએ પુરુષને મોકલીને અન્ય ગામથી જિનદાસને બોલાવ્યો. જિનદાસે રસ્તે આવતાં બે દેવીઓને રોતી જોઈને પૂછયું, કેમ રડો છો? તેઓએ કહ્યું કે–માંસ નહિ ખાવાથી મરીને વંકચૂલી મરેલા પતિવાળી અમારો સૌધર્મ-કલ્પની દેવીઓનો નાથ થશે, પણ જો તમારા વચનથી કોઈ રીતે પણ માંસને ખાશે, તો નિશ્ચે નિયમને ભાંગનારો તે અન્યત્ર દુર્ગતિમાં પડશે. (૧૧૧૧ થી ૧૪) એ કારણથી અત્યંત રડીએ છીએ, માટે હે મહાભાગ! આ સાંભળીને હવે તમે જે યોગ્ય હોય તે કરો! (૧૧૧૫) એ સાંભળીને વિસ્મિત ચિત્તવાળો તે (જિનદાસ) ઉજ્જૈની ગયો અને વંકચૂલીને જોયો. રાજાના આગ્રહ (અભિયોગ)થી કહ્યું, હે સુભગ! તું કાગડાના માંસનું ભક્ષણ કેમ કરતો નથી? નીરોગી શરીરવાળો (તું પછી) પ્રાયશ્ચિત્ત કરજે! (૧૧૧૬–૧૭) વંકચૂલે કહ્યું, હે ધર્મમિત્ર! તું પણ આવો ઉપદેશ (કેમ) આપે છે? જાણીને નિયમ ભાંગ્યા પછી શું પ્રાયશ્ચિત્ત હિત કરે? (૧૧૧૮) જો નિયમને ભાંગીને પછી તેનું પ્રાયશ્ચિત્ત આચરવું, તો તેના કરતાં પ્રથમ જ નિયમભંગ નહિ કરવો તે યોગ્ય છે. (૧૧૧૯) તેથી જિનદાસે રાજાને કહ્યું, હે દેવ! આ પ્રાણને છોડશે, પણ ચિરકાળથી લીધેલા (પાળેલા) નિયમને નહિ છોડે. (૧૧૨૦) તેથી હે દેવ! હવે વંકચૂલીનું પરલોકનું હિત કરો! નિશ્ચિત મરણ થવાનું છે, તો અકાર્ય કરવાથી શું? (૧૧૨૧) એમ કહેવાથી રાજાએ શ્રુતનિધિ (ગીતાર્થ) સાધુઓને બોલાવીને અંતકાળના વિધિ સહિત ધર્મનું તત્ત્વ સંભળાવ્યું. (૧૧૨૨) તે પછી તે (વંકચૂલી) સાધુની પાસે સકળ પૂર્વ દુરાચારોની આલોચના કરીને, સમગ્ર જીવોને ખમાવીને પુનઃ અનેક વ્રતોને સવિશેષતયા સ્વીકારીને, આહારનો ત્યાગ (અનશન) કરીને, પંચપરમેષ્ઠિ મંત્રનું પરાવર્તન કરતો મરીને અચ્યુત (બારમા) દેવલોકમાં મહર્દ્ધિક દેવ થયો. (૧૧૨૩-૨૪) જિનદાસ પણ પોતાના ગામ તરફ પુનઃ પાછો ફરેલો (રસ્તે) તે જ બે દેવીઓને તે રીતે રોતી જોઇને બોલ્યો, (૧૧૨૫) માંસ ન ખાવા છતાં તમે કેમ રડો છો? તેથી દેવીઓએ કહ્યું, સવિશેષ ધર્મ કરવાથી તે (અમારો પતિ ન થતાં) બીજે (બારમા કલ્પમાં) દેવ થયો. (૧૧૨૬) કારણ કે–નિષ્પુણ્યક અમે તો આજે પણ પતિ વિનાની તેવી જ રહી, તેથી શોક કરીએ છીએ. (૧૧૨૭) તે પછી જિનદાસ, વંકચૂલી જૈન ધર્મના પ્રભાવે સુંદર દેવની ઋદ્ધિ મેળવી, તે જાણીને આ પ્રમાણે ચિંતવે છે. (૧૧૨૮) પરમ પ્રીતિથી વ્યાકુળ (વ્યાપ્ત) એવા (પ્રીતિપૂર્વક નમેલા ઇન્દ્રોના સમૂહના સોનાના મુગટથી ઘસાતા (સેવાતા) ચરણકમળવાળા સઘળા શ્રી જિનેશ્વરો જયવંતા વર્તે છે, કે જેઓએ મોક્ષ અથવા દેવલોકની લક્ષ્મીનું (હસ્તદાન) કરમેળાપ કરાવવામાં એક દક્ષ એવો ધર્મ ઉપદેશ્યો છે. (૧૧૨૯) જે ધર્મના પ્રભાવે અંતકાળે એક ક્ષણ (પણ) તેને અતિ શુદ્ધ પાળીને, સઘળા ગહન

ક્લેશોને (પાપમેલને) ધોઈને, વંકચૂલીની જેમ જીવો શ્રેષ્ઠ ગતિને પામે છે, તે શ્રી વીતરાગ ભગવંતોનો જગત્પૂજ્ય ધર્મ જયવંતો રહો ! (૧૧૩૦)

**ચિલાતિપુત્રનો પ્રબંધ** :–એમ વંકચૂલીનું ચરિત્ર કહ્યું. હવે પૂર્વે (ગા. ૮૩૭માં) નિર્દેશેલું ચિલાતિપુત્રનું વૃત્તાન્ત કહું છું. (૧૧૩૧) પૃથ્વીપ્રતિષ્ઠિત નગરમાં શ્રી જૈનશાસનની નિંદામાં આસક્ત પંડિતમાની એવો યજ્ઞદેવ નામનો બ્રાહ્મણ હતો. (૧૧૩૨) વાદમાં જે જેનાથી હારે તે તેનો શિષ્ય (થાય), એવી પ્રતિજ્ઞાપૂર્વક (વાદ કરતા) પ્રવર બુદ્ધિવાળા સાધુએ તેને વાદમાં જીતી લીધો (૧૧૩૩) અને દીક્ષા આપી. પણ પછી દીક્ષાને તજવા ઈચ્છતા તેને દેવીએ નિષેધ કર્યો, તેથી તે સાધુધર્મમાં નિશ્ચલ થયો. (૧૧૩૪) તો પણ જાતિમદથી મનમાં (મલિન ગાત્ર વગેરેની) કંઈ દુર્ગંછા ધારણ કરતો રહ્યો. પછી તેણે પોતાના સમગ્ર સ્વજનવર્ગને પ્રતિબોધ્યો. (૧૧૩૫) પણ (તેના પ્રત્યે) પ્રગટેલા ગાઢ પ્રેમવાળી તેની સ્ત્રી રાગરૂપી દોષથી તેને પ્રવ્રજ્યાનો ત્યાગ કરાવવા ઈચ્છે છે (૧૧૩૬) છતાં નિશ્ચલ ચિત્તવાળો સદ્ધર્મમાં તત્પર તે દિવસો પસાર કરે છે. તે પછી કોઈ અન્ય દિવસે તેણીએ તે સાધુને (આહારમાં) કાર્મણ (વશ કરવાનું મંત્રેલું ઔષધ) આપ્યું. (૧૧૩૭) તેના દોષથી મરીને તે દેવલોકમાં દેવ તરીકે ઉત્પન્ન થયો અને તે દુઃખથી બળેલી તેની પત્ની પણ દીક્ષિત થઈ. (૧૧૩૮) તે પણ આલોચના કર્યા વિના મરીને દેવલોકમાં ઉત્પન્ન થઈ. પછી યજ્ઞદેવનો જીવ ત્યાંથી ચ્યવીને રાજગૃહનગરમાં ધન સાર્થવાહના ઘરે સાધુપણાની કરેલી તે દુર્ગંછાના દોષથી (બાંધેલ નીચ ગોત્રથી) ચિલાતી નામની દાસીનો પુત્ર થયો. (૧૧૩૯–૪૦) અને લોકોએ તેનું (गुत्त–गौत्रा) અર્થાત્ ગુણને અનુસરતું એવું યથાર્થ ચિલાતીપુત્ર નામ પાડ્યું. સ્ત્રી પણ દેવલોકમાંથી ચ્યવીને તે જ ધન સાર્થવાહની ભાર્યાની કુક્ષિમાં પાંચ પુત્રો ઉપર સુંસુમા નામે પુત્રી થઈ અને (શેઠે) તે ચિલાતીપુત્રને તેનો (**બાલગ્રાહ**)બાળકોને રમાડનારો નીમ્યો. (પુત્રીને રમાડવા રાખ્યો.) (૧૧૪૧–૪૨) પછી અત્યંત કલહકારી અને દુર્વિનીત હોવાથી સાર્થવાહે તેને ઘરમાંથી કાઢી મૂક્યો અને તે રખડતો એક પલ્લીમાં ગયો. (૧૧૪૩)ત્યાં તેણે ગાઢ વિનયથી પલ્લીપતિને અતિ પ્રસન્ન કર્યો. પછી પલ્લીપતિ મર્યો ત્યારે ચોરોના સમૂહે ભેગા થઈને 'આ યોગ્ય છે'– એમ સમજીને તેને પલ્લીપતિ નીમ્યો અને મહા બળવાળો અત્યંત ક્રૂર તે ગામ, પુર, નગર, સાર્થ વગેરેને મારવા (લૂંટવા) લાગ્યો. (૧૧૪૪–૪૫) પછી એક પ્રસંગે તેણે ચોરોને આ પ્રમાણે કહ્યું, રાજગૃહનગરમાં ધન નામે સાર્થવાહ છે. (૧૧૪૬) તેની સુંસુમા નામે પુત્રી છે, તે મારી અને ધન (લૂંટો તે) તમારું, માટે ચાલો ત્યાં જઈએ અને તેને લૂંટી આવીએ. (૧૧૪૭) ચોરો સંમત થયા. તે પછી રાત્રે (તેઓ) રાજગૃહમાં ગયા અને અવસ્વાપિની (નિદ્રા) આપીને તુર્ત ધનના ઘરમાં પેઠા. (૧૧૪૮) ચોરોએ ઘર લૂંટ્યું અને ચિલાતીપુત્રે પણ તે સુંસુમાને ગ્રહણ કરી. પુત્રો સહિત સાર્થવાહ (ભયથી) તુર્ત અન્ય સ્થળે ખસી ગયો (૧૧૪૯) અને ઈચ્છિત વસ્તુ લઈને પલ્લીપતિ પોતાના સ્થાન

તરફ ચાલ્યો. તે પછી સૂર્ય ઉગતાં રાજાના ઘણા સુભટોથી પરિવરેલો, પાંચેય પુત્રો સહિત સાર્થવાહ, શરીર ઉપર મજબૂત બખ્તર બાંધીને પુત્રીના સ્નેહથી તુર્ત તેની પાછળ પડ્યો. (૧૧૫૦–૫૧) ધન સાર્થવાહે સુભટોને કહ્યું, મારી પુત્રીને પાછી લાવો, ધન તમને આપ્યું છે, એમ કહેવાથી સુભટો દોડ્યા. (૧૧૫૨) તેઓને આવતા જોઈને ચોરો ધન મૂકીને નાઠા અને તે ધનને લઈને સર્વ સુભટો જેવા આવ્યા હતા તેવા પાછા ગયા. (૧૧૫૩) પુત્રસહિત સાર્થવાહ એકલો પણ ચોરોની પાછળ પડ્યો અને શીઘ્ર ચિલાતીપુત્રની પાસે પહોંચ્યો. (૧૧૫૪) તેથી ચિલાતીપુત્રે 'આ સુંસુમા કોઈની પણ ન થાઓ'–એમ વિચારીને તેનું મસ્તક લઈને (ધડ કાપી નાંખીને) જલ્દી નાઠો અને દુઃખી (નિરાશ) થયેલો સાર્થવાહ ત્યાંથી પાછો વળ્યો. (૧૧૫૫) તે પછી અટવીમાં ભમતા ચિલાતીપુત્રે કાઉસ્સગ્ગમાં રહેલા એક મહા સત્ત્વવાળા સાધુને જોઇને કહ્યું, અહો ! મહામુનિ ! મને સંક્ષેપથી ધર્મને કહો, અન્યથા તમારા પણ મસ્તકને ખડ્ગથી ફળની જેમ કાપી નાખીશ. (૧૧૫૬–૫૭) નિર્ભય એવા મુનિએ એ રીતે પણ તેનો ઉપકાર (થવાનું) જાણીને કહ્યું. ઉપશમ, વિવેક અને સંવર, એ ત્રણ પદો ધર્મનું સર્વસ્વ (તત્ત્વ) છે. (૧૧૫૮) તે પદોને ધારણ કરીને તે એકાન્તમાં સમ્યગ્ ચિંતવવા લાગ્યો કે–ઉપશમ શબ્દ ક્રોધ વગેરે સર્વનો ત્યાગ, એ અર્થમાં ઘટે છે, તે ક્રોધી એવા મારામાં કેવી રીતે ઘટે ? તેથી (આજથી) ક્રોધાદિનો મેં ત્યાગ કર્યો. વિવેક પણ નિશ્ચે ધન, સ્વજનો વગેરેનો ત્યાગ કરવાથી થાય. (૧૧૫૯–૬૦ તો હવે મારે ખડ્ગથી પણ શું ? અથવા આ મસ્તકથી પણ શું ? વળી સંવર તો નિશ્ચે ઇન્દ્રિયોને અને મનને (તેના વિષયોથી) રોકવાથી ઘટે, તો તે પણ હું કરીશ. એમ વિચારતો તલવાર અને મસ્તકને છોડીને, નાસિકાના છેડે દૃષ્ટિ સ્થાપીને, મન–વચન–કાયાનો વ્યાપાર તજીને, વારંવાર એ ત્રણેય પદોને વિચારતો મેરુપર્વતની જેમ અતિ નિશ્ચલ તે કાઉસ્સગ્ગમાં રહ્યો. (૧૧૬૧ થી ૬૩) તે પછી લોહીની ગંધથી લુબ્ધ, વજ્ર-સમાન તીક્ષ્ણ ચાંચયુક્ત મજબૂત મુખવાળી કીડીઓએ તુર્ત સર્વ શરીરે (તેનું) ભક્ષણ કરવા માંડયું. (૧૧૬૪) કીડીઓએ પગથી માથા સુધી ભક્ષણ કરીને સમગ્ર શરીરને ચાલણી સમાન કર્યું, તો પણ તે ધ્યાનથી ચલિત ન થયો. (૧૧૬૫) તે મુનિના શરીરનું પ્રચંડ મુખવાળી કીડીઓએ ભક્ષણ કરવાથી શરીરમાં પડેલાં છિદ્રો સમસ્ત પાપને નીકળવાનાં મોટાં દ્વાર જેવાં દેખાવા લાગ્યાં. (૧૧૬૬) એમ તે બુદ્ધિમાન અઢી દિવસ સુધી ઉત્તમાર્થ (મરણસમાધિ)ને સમ્યગ્ આરાધીને ઉત્તમ ચારિત્રધનવાળો તે મહાત્મા સહસ્રાર નામના (આઠમા) દેવલોકને પામ્યો. (૧૧૬૭) 'અત્યંત ઉગ્ર મન–વચન–કાયા–વાળા' વગેરે જે પૂર્વે (ગા. ૮૩૪ માં) કહ્યું હતું, તે સર્વસાધારણ કહ્યું. હવે અહીંથી પ્રકૃતને (આરાધના માટે યોગ્યતાને) સાંભળો. (૧૧૬૮)

સારી રીતે નિશ્ચયપણે પરમાર્થનો જ્ઞાતા, અનાર્ય લોકના કાર્યને તજવામાં ઉદ્યમી આ (કહીશું તેવા) ગુણવાળો, ગૃહસ્થ આરાધનાને યોગ્ય બને છે. (૧૧૬૯) કિન્તુ સમ્યગ્-

દર્શન જેનું મૂળ છે, તે પાંચ અણુવ્રતથી સમન્વિત, ત્રણ ગુણવ્રતોથી યુક્ત અને ચાર શિક્ષાવ્રતોથી સનાથ, એવો જે શ્રમણોપાસકનો ધર્મ તેને નિરતિચાર પાળીને, તથા દર્શન વગેરે અગીઆર પડિમાઓને સ્પર્શીને (પાળીને), (પોતાના) બળ–વીર્યની હાનિને જાણીને, શુદ્ધ પરિણામવાળો શ્રાવક જિનાજ્ઞાને અનુસાર અંતિમકાળે આરાધનાને કરે. (**૧૧૭૦ થી ૭૨**) ગુરુઓના યોગને પામીને સંવેગી ગીતાર્થ સાધુની જેમ પાંચ સમિતિથી સમિત, ત્રણ ગુપ્તિથી ગુપ્ત, સત્ત્વ, બળ, વીર્યને નહિ ગોપવતો, પ્રતિદિન, ઉત્તરોત્તર વધતા અત્યંત શ્રેષ્ઠ સંવેગવાળો, સૂત્ર–અર્થથી રમ્ય એવા શ્રી જિનપ્રવચનને સમ્યગ્ જાણીને, તેની પરતંત્રતાના યોગે (તેની આજ્ઞામાં બદ્ધ રહીને) પ્રયત્નપૂર્વક અનુકૂળતાને તજીને, પ્રતિકૂળતાના (સહન કરવાના) દઢ લક્ષ્યવાળો અને પ્રમાદના ત્યાગમાં લાગેલો (આત્મા), ચરણકરણના પાલનમાં સમર્થ એવું નિષ્પાપ બળ હોતે છતે, વીર્ય હોતે છતે, પુરુષાર્થ હોતે છતે તથા પરાક્રમ હોતે છતે, દીર્ઘકાળ ચારિત્ર પાળીને જ્યારે બળ, વીર્ય વગેરે ઘટવા માંડે, ત્યારે પાછલી વયે શીઘ્રમેવ આરાધના કરે. (**૧૧૭૩ થી ૭૭**) અન્યથા બળ, વીર્ય વગેરે હોવા છતાં જે મૂઢ (અંતિમ) આરાધનાને (મરણને) ઇચ્છે, તેને હું સાધુતાથી થાકેલો માનું છું. (**૧૧૭૮**) પણ જો સ્વીકારેલા ધર્મને શીઘ્ર વિઘ્ન કરનારો વ્યાધિ થાય, અથવા મનુષ્યના, તિર્યંચના કે દેવના અનુકૂળ ઉપસર્ગો થાય, અથવા શત્રુઓ ચારિત્રધનનું અપહરણ (ચારિત્રભ્રષ્ટ) કરે, દુષ્કાળ અથવા અટવીમાં અત્યંત ભૂલો પડે, જંઘાબળ ક્ષીણ થાય કે ઇન્દ્રિયોની ગ્લાનિ (મંદતા) થાય, અથવા નવા નવા (વિશેષ) ધર્મગુણોને મેળવવાની શક્તિ ઘટી જાય, અથવા બીજું કોઈ એવું આગાઢ કારણ આવે, તો શીઘ્રમેવ (અંતિમ) આરાધના કરે તો તે દોષરૂપ નથી. (**૧૧૭૯ થી ૮૨**) પણ જેઓ સ્વયં કુશીલ છે, કુશીલની સંગતિમાં જ પ્રસન્ન છે, હંમેશા પાપી મન–વચન–કાયા રૂપ પ્રચંડ દંડવાળા છે, તેઓ આરાધનાને યોગ્ય નથી જ. (**૧૧૮૩**) તથા પ્રકૃતિથી ક્રૂર (નિર્દય) ચિત્તવાળા, કષાયથી કલુષિત, વધી ગએલા (અતિ) અમર્ષવાળા (તેજોદ્વેષી), અશાન્ત ચિત્તવૃત્તિ(તૃષ્ણા)વાળા, મોહથી મૂઢ, નિયાણું કરનારા અને વળી જેઓ જિન–સિદ્ધ–સૂરિ વગેરેની આશાતનામાં અતિ આસક્ત, પરના સંકટને જોઈને મનમાં હર્ષ પામનારા, શબ્દાદિ (ઇન્દ્રિયોના) વિષયોમાં ગૃદ્ધિવાળા, સદ્ધર્મથી પરાઙ્મુખ પ્રમાદમાં તત્પર અને સર્વત્ર પશ્ચાત્તાપ વિનાના હોય, તેઓ પણ આરાધક થતા નથી. (**૧૧૮૪ થી ૮૬**) તથા જેઓ માત્ર પોતે જ અધર્મવાળા છે એટલું જ નહિ, સ્વભાવથી બીજા પણ ધર્મીઓને વિઘ્ન કરનારા, (**૧૧૮૭**) ચૈત્ય દ્રવ્ય, સાધારણદ્રવ્યના દ્રોહથી દુષ્ટ, ઋષિહત્યામાં રહેલા (આદરવાળા) અને જેઓ શ્રી જિનેશ્વરના આગમની ઉત્સૂત્ર-પ્રરૂપણામાં તત્પર, (**૧૧૮૮**) વળી જેઓ શ્રી જૈનશાસનના શરદના ચંદ્રની શોભાતુલ્ય (નિર્મળ) યશનો વિનાશ કરનારા (અપભ્રાજક) અને વળી જેઓ સાધ્વીજીનો વિધ્વંસ (વ્રતનાશ) કરનારા, મહાપાપી, (**૧૧૮૯**) પરલોકની સ્પૃહા વિનાના, આ લોકના સુખમાં

જ અતિ રાગી, નિત્ય અઢાર પાપસ્થાનકોમાં આસક્ત ચિત્તવાળા, (૧૧૯૦) વળી શિષ્ટ પુરુષોને અને ધર્મશાસ્ત્રોને જે અસંમત (વિરુદ્ધ) કાર્યોમાં પણ ગાઢ રાગવાળા હોય, તેવાઓને આરાધનાનો નિષેધ છે. (અર્થાત્ તે અયોગ્ય છે.) (૧૧૯૧) અહીં શિષ્ય પ્રશ્ન કરે છે કે–જે શસ્ત્ર, અગ્નિ, ઝેર, વિશૂચિકા (કોલેરાનો રોગ), શિકારી પશુ કે પ્રાણી વગેરેના સંકટને પામ્યા હોય, તે (તુર્ત મરનારા) કેવી રીતે આરાધક થાય ? કારણ કે– એ દરેક સંકટો શીઘ્ર પ્રાણ લેનારાં છે. (૧૧૯૨) ગુરુનો ઉત્તર :–નિશ્ચે તે પણ જેમ મધુરાજા અથવા સુકોશલ મહા રાજર્ષિએ કરી, તેમ પૂર્વે કહ્યા તે રીતે સંક્ષેપથી આરાધના કરે. (૧૧૯૩) કારણ કે–નિશ્ચે બુદ્ધિ–બળથી યુક્ત, શીઘ્ર ઉપસર્ગ ઉપસ્થિત થતાં અથવા આવી પડતાં પણ ઉપસર્ગજન્ય ભયને જે નહિ ગણતો નિર્ભય છે, (૧૧૯૪) અદ્યાપિ જ્યાં સુધી બળવાળો છે, ત્યાં સુધી પણ આત્મહિતમાં સમ્યગ્ મનને જોડનારો, અમૂઢ લક્ષ્યવાળો, જીવન–મરણમાં રાગ–દ્વેષ વિનાનો, મરણ (નજીકમાં) સંભવિત છતાં પણ રણમાં સુભટની જેમ જેના મુખની પ્રસન્નતા તૂટે નહિ તેવો મહા સત્ત્વવાળો હોય, તે સંક્ષેપથી પણ આરાધના કરી શકે. (૧૧૯૫–૯૬) એ પ્રમાણે શાસ્ત્રોમાં કહેલી યુક્તિઓથી યુક્ત અને પરિકર્મવિધિ વગેરે ચાર મોટાં મૂળદ્વારોવાળી આ સંવેગ રંગશાળામાં આરાધનાના પહેલા (પરિકર્મ) દ્વારના પંદર પેટાદ્વારોમાં પહેલા આ (અર્હ=) યોગ્યતા સંબંધી દ્વારને વિસ્તારથી કહ્યું. (૧૧૯૭–૯૮)

**બીજું લિંગદ્વાર :–આરાધનાને યોગ્ય ગૃહસ્થનાં લિંગો**–આરાધનામાં યોગ્ય (કોણ તે) જણાવ્યું. હવે એ (યોગ્યને) જે ચિહ્નોથી ઓળખી શકાય, તે લિંગોને (ચિહ્નોને) લેશ માત્ર કહીશું. (૧૧૯૯) પરલોકને સાધનારા નિત્ય કર્ત્તવ્યરૂપ જિનકથિત જે યોગો (વ્યાપારો) પૂર્વે ચાલુ હતા, તેમાં જ હવે સંવેગરસની વૃદ્ધિથી સવિશેષ પ્રમાણમાં જે સમ્યગ્ દૃઢ ઉદ્યમ કરવો, તે આરાધનાને યોગ્ય જીવનું આરાધના રૂપી લિંગ છે. (૧૨૦૦–૧૨૦૧) ઉત્સર્ગથી તે શ્રાવકને શસ્ત્ર–મૂશળ વગેરે અધિકરણોનો ત્યાગ, (પુષ્પાદિની) માળા, વર્ણક (પીઠી વગેરે), તથા ચંદનાદિનાં વિલેપન અને ઉદ્વર્તનાદિનો ત્યાગ, શરીરનું પ્રતિકર્મ (ઔષધાદિ) કરવાનો ત્યાગ, એકાન્ત પ્રદેશમાં રહેવું, લજ્જાને ઢાંકવા પૂરતું જ વસ્ત્ર પહેરવું, સમભાવથી ભાવિત થવું, પ્રાયઃ પ્રતિક્ષણે (જ્યારે જ્યારે સમય મળે ત્યારે ત્યારે) પણ સામાયિક, પૌષધ વગેરેમાં રક્ત રહેવું, રાગનો ત્યાગ કરવો તથા સંસારની નિર્ગુણતા વિચારવી, સદ્ધર્મકર્મમાં ઉદ્યત એવા માણસોથી રહિત ગામનો (સ્થાનનો) ત્યાગ કરવો, કામવિકારનાં ઉત્પાદક દ્રવ્યોની અભિલાષા તજવી, નિત્ય ગુરુજનનાં વચનોના અનુરાગને સાતેય ધાતુઓમાં વ્યાપ્ત કરવો, પ્રતિદિન પરિમિત, પ્રાસૂક અન્ન–પાણીનો ભોગ કરવો, ઈત્યાદિ ગુણોનો અભ્યાસ કરવાપણું, તે નિશ્ચે આરાધક ગૃહસ્થનાં લિંગો છે. સાધુનાં પણ સર્વસાધારણ લિંગો આ પ્રમાણે જાણવાં. (૧૨૦૨ થી ૭)

**આરાધનામાં યોગ્ય સાધુનાં લિંગો :**–૧–મુહપત્તિ, ૨–રજોહરણ, ૩–શરીરની

સંભાળ નહિ કરવી (સુખશીલિયા ન થવું), ૪–વસ્ત્રરહિતપણું અને ૫–કેશનો લોચ, એ પાંચ પ્રકારે ઉત્સર્ગથી (**લિંગકલ્પ=**) સાધુતાનાં ચિહ્નો છે. (**૧૨૦૮**) (એ લિંગોથી) ૧–સંયમયાત્રાની સાધના, ૨–ચારિત્રનું ચિહ્ન, ૩–મનુષ્યોને સાધુ તરીકેનો વિશ્વાસ (પૂજ્યભાવ), ૪–સંયમમાં સ્થિરતાનું કારણ અને ૫–ગૃહસ્થપણાનો ત્યાગ વગેરે ગુણો થાય છે. તે વેશને સાધુએ (**યથાજાત**) કોઈ વિશેષ સંસ્કાર કર્યા વિના જે મળ્યો હોય તેવો, સંયમને બાધા ન થાય તેમ શરીર સાથે ધારી રાખવો. વળી સૂત્રમાં સ્થવિરકલ્પીઓને ઉપધિ ચૌદ પ્રકારની કહી છે. (**૧૨૦૯–૧૦**)

**મુનિને મુહપત્તિ આદિ લિંગોનું પ્રયોજન અને તેના લાભો** :–મુનિઓને મુખવસ્ત્રિકા મસ્તક અને નાભિથી ઉપરના શરીરની પ્રમાર્જના (માટે), મુખના (શ્વાસોચ્છ્વાસના) વાયુની રક્ષા માટે અને ધૂળથી રક્ષા માટે રાખવાની કહી છે. (એ મુહપત્તિદ્વાર કહ્યું. (**૧૨૧૧**) જે રજ અને સ્વેદના (પસીનાના) મેલથી રહિત હોય, મૃદુતા, કોમળતા અને લઘુતાવાળો (હલકો) હોય, આ પાંચ ગુણોવાળા રજોહરણને (જ્ઞાનીઓ) પ્રશંસે છે. (**૧૨૧૨**) ગમનાગમન, ઊભા રહેવું, મૂકવું, જુદું કરવું તથા બેસવું, સૂઈ રહેવું, પાસુ બદલવું, વગેરેમાં પ્રમાર્જના માટે રજોહરણ છે. (એ રજોહરણદ્વાર કહ્યું,) (**૧૨૧૩**) શરીરે ચોળવું, સ્નાન, ઉદ્વર્તન તથા કેશ–દાઢી–મૂછને સ્વસ્થ (સુશોભિત) રાખવાં, દાંત, મુખ, નાસિકા તથા નેત્રભ્રકુટીને સ્વસ્થ (સ્વચ્છ) રાખવાં, વગેરે શુશ્રૂષાને નહિ કરનારો, તથા ઋક્ષ અને પસીનાના મેલથી યુક્ત શરીરવાળો, લોચ કરવાથી શોભારહિત મસ્તકવાળો, વધેલા નખ–રોમરાજીવાળો, એવો જે સાધુ તે બ્રહ્મચર્યની રક્ષા કરનાર છે. (એ શરીરશુશ્રૂષાત્યાગનું દ્વાર કહ્યું.) (**૧૨૧૪–૧૫**) (હવે આચેલક્ય કહે છે–) જૂનાં, મેલાં, પ્રમાણોપેત, થોડા મૂલ્યવાળાં, એવાં વસ્ત્રો જીવરક્ષા માટે રાખવા છતાં પણ વસ્ત્રરહિતપણું સમજવું. (**૧૨૧૬**) એથી (**સંગ્રહ=**) પરિગ્રહનો ત્યાગ, લઘુતા (અલ્પ ઉપધિપણું), અલ્પ પડિલેહણા, નિર્ભયતા, વિશ્વાસપાત્રતા, શરીરના સુખોનો અનાદર, જિનની સાદૃશ્યતા, વીર્યાચારનું પાલન, રાગાદિ દોષોનો ત્યાગ, ઈત્યાદિ એવા ઘણા ગુણો આચેલક્યથી થાય છે. (**૧૨૧૭–૧૮**) (એ આચેલક્યદ્વાર કહ્યું.)

**લોચથી** :– ૧–પ્રગટ મહા સાત્ત્વિકતા, ૨–શ્રી જિનાજ્ઞાપાલનરૂપે જિનનું બહુમાન, ૩–દુઃખસહનતા, ૪–નરકાદિની ભાવનાથી નિર્વેદ, ૫–પોતાની (**આણુક્ખિયા=**) પરીક્ષા, અને પોતાને ૬–ધર્મશ્રદ્ધા, ૭–સુખશીલતાનો ત્યાગ, અને ૮–(ક્ષુરકર્મથી થતા) પૂર્વ–પશ્ચાત્ કર્મના દોષનો પણ ત્યાગ થાય. (**૧૨૨૦**) ૯–શરીરમાં પણ નિર્મમપણું, ૧૦–શોભાનો ત્યાગ, ૧૧–નિર્વિકારતા અને ૧૨–આત્માનું દમન, એમ લોચમાં આવા (વિવિધ) ગુણો થાય. બીજી બાજુ લોચ ન કરવાથી જૂકાઓ–લિખો થતાં પીડા પામવાથી (મનમાં) સંક્લેશ થાય અને ખણવાથી નિયમા તેઓને સંઘટ્ટો (પરિતાપ) વગેરે દોષો થાય. (એ લોચદ્વાર કહ્યું (**૧૨૨૧–૨૨**) એ પ્રમાણે સાધુસંબંધી પાંચ પ્રકારનું સામાન્ય લિંગ કહ્યું.

**આરાધનામાં યોગ્ય ગૃહસ્થ–સાધુ ઉભયનાં સામાન્ય લિંગો:**–હવે ગૃહસ્થ અને સાધુ બન્નેનાં પણ તે ( લિંગો ) કંઈક વિશેષ કહું છું. (૧૨૨૩) જ્ઞાનાદિ ગુણગણની ખાણ એવા ગુરુના પદપંકજને પ્રસન્ન ( સેવના ) કરવાની તત્પરતા, થોડો પણ અપરાધ થતાં પુનઃ પુનઃ પોતાની ગર્હા, (૧૨૨૪) સવિશેષ આરાધના કરવામાં રક્ત એવા મુનિઓની ઉત્તમ કથાઓ સાંભળવાની ઈચ્છા, અતિચારરૂપી કાદવથી મુક્ત ( નિરતિચાર ) પણે મૂળગુણોની આરાધનામાં પ્રીતિ, (૧૨૨૫) પિંડવિશુદ્ધિ વગેરે મુખ્ય ક્રિયાઓમાં બદ્ધલક્ષ્ય, પૂર્વે સ્વીકારેલા સંયમમાં નિરવદ્ય ઉદ્યમ (સ્થિરતા), (૧૨૨૬) એ વગેરે ગુણોનો સમૂહ તે સાધુઓનું વિશેષ લિંગ જાણવું. હિતની અભિકાંક્ષાવાળા ગૃહસ્થોને પણ એ લિંગો યથાયોગ્ય જાણવાં. (૧૨૨૭) માત્ર એવા ગુણવાળા પણ જેઓ કોઈ કારણે ક્રોધથી ફસાઈને, સંયમમાં પ્રેરણા કરવા દ્વારા સદ્‌ગતિના પ્રયાણમાં સાર્થવાહતુલ્ય એવા સદ્‌ગુરુઓ પ્રત્યે પ્રદ્વેષ કરે છે, તેઓ કૂલવાલક મુનિની જેમ શીઘ્ર આરાધનારૂપી ધનના મોટા નિધાનની પ્રાપ્તિથી ઉકલી જાય ( ભ્રષ્ટ થાય ) છે. (૧૨૨૮–૨૯) તે આ પ્રમાણે :—

**કૂલવાલક મુનિનો પ્રબંધ** :–ચરણ ( કરણ ) વગેરે ગુણમણીના ( પ્રાદુર્ભાવ ) માટે રોહણાચલ જેવા, ઉત્તમ સંઘયણવાળા, મોહમલ્લને જીતનારા, મોટા મહિમાથી કોઇથી પરાભવ નહિ પામનારા અને ઘણા શિષ્યોના પરિવારવાળા, એવા સંગમસિંહ નામના આચાર્ય હતા. તેઓને પ્રકૃતિએ ઉદ્ધત સ્વભાવવાળો એક શિષ્ય હતો. (૧૨૩૦–૩૧) તે સ્વબુદ્ધિ પ્રમાણે દુષ્કર તપશ્ચર્યા વગેરે કરવા છતાં કદાગ્રહને વશ આજ્ઞાનુસાર ચારિત્રને સ્વીકારતો ( પાળતો ) નથી. (૧૨૩૨) તેને સૂરિજી પ્રેરણા કરે છે કે–દુઃખે સમજાવી શકાય તેવા હે દુષ્ટ ! આ રીતે શાસ્ત્રવિરુદ્ધ ( કષ્ટો કરીને ) આત્માને નિષ્ફળ સંતાપ કેમ પમાડે છે ? (૧૨૩૩) આજ્ઞાપાલનમાં જ ચારિત્ર છે, તે આજ્ઞાને ભાંગ્યા પછી સમજ કે–શું ન ભાંગ્યું ? ( અર્થાત્ આજ્ઞા વિનાની દરેક પ્રવૃત્તિ વિરાધનારૂપ છે. ) વળી આજ્ઞાનું ઉલ્લંઘન કરતો તું શેષ અનુષ્ઠાનોને ( કરે છે, તે ) કોના આદેશથી કરે છે ? (૧૨૩૪) એમ શિખામણ આપવાથી ગુરુ પ્રત્યે તે ઉગ્ર વૈર રાખે છે. પછી અન્ય કોઇ દિવસે તેને એકને સાથે લઇને ગુરુ સિદ્ધશિલાના વંદન માટે એક પર્વત ઉપર ચઢયા અને તેને ચિરકાળ નમસ્કાર કરીને ધીમે ધીમે ( નીચે ) ઉતરવા લાગ્યા. (૧૨૩૫–૩૬) ત્યારે તે દુર્વિનીતે વિચાર્યું કે–ખરેખર ! આ પ્રસંગ મળ્યો છે, કે જેથી દુર્વચનના ભંડાર સરખા આ આચાર્યને હું ( અહીં ) મારી નાખું. (૧૨૩૭) જો આ પ્રસંગે અસહાય છતાં પણ આની ઉપેક્ષા કરીશ, તો જીવતા સુધી દુષ્ટ વચનો વડે મારો તિરસ્કાર કર્યા કરશે. (૧૨૩૮) એમ ચિંતવીને સૂરિજીને હણવા માટે પાછળ ચાલતા તેણે મોટી શિલા ગબડાવી અને કોઇ રીતે ગુરુએ તેને જોઈ. (૧૨૩૯) તેથી શીઘ્ર ખસી જઇને ( સૂરિજીએ કહ્યું, હે મહા દુરાચારી ! ગુરુના શત્રુ ! આ અત્યંત ( મહા ) પાપમાં તું કેમ ઉદ્યત થયો ? (૧૨૪૦) લોકવ્યવહારને પણ શું તું નથી જાણતો, કે જેના ઉપકારના બદલામાં સમગ્ર ત્રણ લોકનું

દાન પણ અલ્પ છે, તેવા ઉપકારીને તું મારવાની બુધ્ધિ કરે છે? (૧૨૪૧) કેટલાક શિષ્યો માત્ર તૃણ દૂર કરાયે છતે પણ ઉપકાર માને છે અને બીજા તારા જેવા દીર્ઘસમય સારી રીતે પાળવા છતાં પણ મારવા તૈયાર થાય છે. (૧૨૪૨) અથવા કુપાત્રનો સંગ્રહ કરવાથી નિશ્ચે આવું જ પરિણામ આવે. મહા ઝેરી સર્પની સાથે મૈત્રી કદાપિ નભે નહિ (૧૨૪૩) એમ હે પાપી! આવા પ્રકારનાં મોટા પાપકર્મોથી સુકૃતને (પુણ્યને) મૂળમાંથી ચૂરી નાખનારા (અને તેથી) સર્વજ્ઞનો ધર્મ પાળવામાં અત્યંત અયોગ્ય એવા તારો આ પાપથી નિશ્ચે સ્ત્રીના સંબંધથી લિંગનો (ચારિત્રનો) ત્યાગ થશે. એમ શ્રાપ દઈને સૂરિજી જે પ્રમાણે આવ્યા હતા તે પ્રમાણે પાછા ગયા. (૧૨૪૪-૪૫) 'હવે તેમ કરું કે-જેમ સૂરિનું વચન અસત્ય થાય.'-એમ વિચારીને તે કુશિષ્ય અરણ્યભૂમિમાં ગયો. (૧૨૪૬) ત્યાં મનુષ્યના સંચાર વિનાના એક તાપસના આશ્રમમાં રહ્યો અને નદીના કાંઠે ઉગ્ર તપ કરવા લાગ્યો. (૧૨૪૭) પછી વર્ષાકાળ આવ્યો, ત્યારે તેના તપથી પ્રસન્ન થયેલી તે દેવીએ 'આ સાધુને પાણી વડે (નદી) ખેંચી ન જાય'-એમ વિચારી નદીનું વહેણ સામે કાંઠે વાળ્યું. (૧૨૪૮) એમ નદીને બીજે કાંઠે વળેલી જોઈને તે પ્રદેશવાસી લોકોએ તેનું (ગુત્ત=) ગુણને અનુસરતું કૂલવાલક એવું નામ કર્યું. (૧૨૪૯) પછી તે માર્ગે પ્રયાણ કરતા સાર્થોમાંથી મેળવેલી ભિક્ષાથી જીવતા તેનો વેશત્યાગ જે રીતે થયો તે હવે કહીએ છીએ. (૧૨૫૦) ચંપાનગરીમાં શ્રેણિક રાજાનો પુત્ર, પરાક્રમથી શત્રુસમૂહને હરાવતો, અશોકચંદ્ર નામે રાજા હતો. (૧૨૫૧) તેને હલ્લ અને વિહલ્લ નામના બે નાના ભાઈઓ હતા, તેઓને શ્રેણિકે શ્રેષ્ઠ હાથી અને હાર (ભેટ) આપ્યાં હતાં, ઉપરાન્ત દીક્ષા લેતાં અભયકુમારે પણ પોતાની માતાનું રેશમી વસ્ત્ર અને બે કુંડલો (ભેટ) આપ્યાં હતાં. તે વસ્ત્ર, હાર અને કુંડલોથી શોભતા, હાથી ઉપર બેઠેલા તેઓને ચંપાના ત્રિક-ચત્વર(વગેરે માર્ગો)માં (ફરતા), દોગુંદક દેવની જેમ ક્રીડા (આનંદ) કરતાં જોઈને, ઈર્ષ્યાથી રાણીએ અશોકચંદ્રને કહ્યું (૧૨૫૨ થી ૫૪) હે! દેવ તત્ત્વથી રાજ્યલક્ષ્મી આ તમારા ભાઈઓને (મળી) છે. કે જેથી આ રીતે અલંકૃત થઈને હાથીની ખાંધે બેઠેલા તેઓ રમે (આનંદ અનુભવે) છે. (૧૨૫૫) તમારે પુનઃ એક (માત્ર) કષ્ટ સિવાય રાજ્યનું બીજું કાંઈ ફળ નથી. માટે તમે આ હાથી વગેરે રત્નો તેમની પાસે માંગો (૧૨૫૬) રાજાએ કહ્યું કે-હે મૃગાક્ષી! પિતાજીએ સ્વયં નાના ભાઈઓને આપેલા એ રત્નોને માંગતો હું લજ્જા કેમ ન પામું? (૧૨૫૭) તેણીએ કહ્યું, હે નાથ! બીજું ઘણું રાજ્ય તેઓને આપીને હાથી વગેરે રત્નોને લેવાથી તમને શી લજ્જા છે? (૧૨૫૮) એમ વારંવાર તેણીથી તિરસ્કાર (ભર્ત્સના) કરાયેલા રાજાએ એક અવસરે હલ્લ-વિહલ્લને સમ્યક્ (વિનયથી) આ પ્રમાણે કહ્યું, (૧૨૫૯) હે ભાઈઓ! હું તમને બીજા ઘણા હાથી, ઘોડા, રત્નો, દેશ વગેરે આપું અને તમે મને બદલામાં આ શ્રેષ્ઠ હસ્તિરત્નને આપો. (૧૨૬૦) 'વિચારીને આપીશું'-એમ કહીને તેઓ પોતાના સ્થાને ગયા; અને બલાત્કારે લઈ ન લે, એવા ભયથી રાત્રિ સમયે

હાથી ઉપર બેસીને કોઈ મનુષ્ય ન જાણે તેમ નીકળીને તેઓ વૈશાલી નગરીમાં ચેટક રાજાના આશ્રયે રહ્યા. (૧૨૬૧-૬૨) અશોકચંદ્રે (તેઓને ત્યાં ગયેલા) જાણ્યા પછી વિનયથી 'હલ્લ-વિહલ્લને શીઘ્ર મોકલો'-એમ દૂત દ્વારા ચેટકરાજાને જણાવ્યું. (૧૨૬૩) પછી ચેટકે કહ્યું, હું બળાત્કારે તેઓને કેવી રીતે કાઢી મૂકું? સ્વયમેવ તું સમજાવીને ઉચિત કર. (૧૨૬૪) કારણ કે-આ(બે) અને તું (ત્રણેય) ભાણેજ છો, મારે કોઈ (પ્રત્યે) ભેદભાવ નથી. માત્ર મારે ઘેર આવેલા છે, તેથી બળાત્કારે હું મોકલી શકું નહિ. (૧૨૬૫) એ જવાબ સાંભળીને રોષવાળા તેણે પુનઃ પણ ચેટકને કહેવરાવ્યું કે-કુમારોને મોકલો અથવા તુર્ત યુદ્ધ માટે સજ્જ થાઓ, (૧૨૬૬) ચેટકે યુધ્ધનો સ્વીકાર કર્યો, તેથી સમગ્ર સામગ્રી સજ્જ કરીને અશોકચંદ્ર તુર્ત વૈશાલીપુરીએ પહોંચ્યો અને યુધ્ધ કરવા લાગ્યો. માત્ર ચેટક મહારાજાએ તે અશોકચંદ્રના કાલ વગેરે દશ ઓરમાન ભાઈઓને સફળ (અમોઘ) એક એક બાણ મારીને દશ દિવસમાં (દશને) હણ્યા, કારણ કે-નિશ્ચે તેને એક દિવસમાં એક જ બાણ મારવાનો નિયમ હતો. (૧૨૬૭ થી ૬૯) તેથી અગીઆરમે દિવસે ભયભીત થએલા અશોકચંદ્રે વિચાર્યું, આજે યુધ્ધ કરીશ તો હવે હું નાશ પામીશ, માટે લડવું યોગ્ય નથી, એમ રણભૂમિમાંથી જલ્દી ખસીને દૈવી સહાયની ઇચ્છાથી તેણે અઠ્ઠમનો તપ કર્યો. તે તપથી સૌધર્મેન્દ્ર અને ચમરેન્દ્ર પણ પૂર્વસંગતિને યાદ કરીને તેની પાસે આવ્યા અને કહેવા લાગ્યા કે- (૧૨૭૦ થી ૭૨) ભો ભો દેવાનુપ્રિય! કહો, તમોને શું ઇષ્ટ આપીએ? રાજાએ કહ્યું, મારા વૈરી ચેટકને મારી નાખો. (૧૨૭૩) શક્રેન્દ્રે કહ્યું, પરમ સમકિતદૃષ્ટિ આને અમે નહી મારી શકીએ. જો તું કહે તો તેને અને તને પણ સહાય કરીએ. (૧૨૭૪) (ભલે) એમ પણ કરો! એમ કહીને અશોકચંદ્રે ચેટક રાજાની સાથે યુધ્ધનો આરંભ કર્યો. (૧૨૭૫) ઈન્દ્રની અબાધિત સહાયથી પ્રગટેલા પ્રભાવથી દુર્દર્શનીય (તેજસ્વી) બનેલો તે શત્રુના પક્ષને હણતો જ્યારે ચેટક પાસે પહોંચ્યો, ત્યારે યમના દૂતની જેમ ચેટકરાજાએ છેક કાન સુધી ખેંચીને અમોઘ બાણ તેના ઉપર ફેંક્યું. (૧૨૭૬-૭૭) અને તે બાણ ચમરેન્દ્રે બનાવેલી સ્ફટિકની શિલા સાથે વચ્ચે જ અથડાયું (અટક્યું). તે જોઈને ચેટકરાજા સહસા આશ્ચર્ય પામ્યો. (૧૨૭૮) પછી અમોઘ શસ્ત્ર સ્ખલિત થયું, તેથી 'હવે મારે યુધ્ધ કરવું યોગ્ય નથી'-એમ વિચારીને તે શીઘ્ર નગરમાં પેઠો. (૧૨૭૯) કિન્તુ ચમરેન્દ્રે અને શક્રેન્દ્રે નિર્માણ કરેલા રથયુધ્ધ, મુશલયુધ્ધ, શિલાયુધ્ધ અને કંટકયુધ્ધ કરવાથી તેનું ચતુરંગ પણ સૈન્ય ઘણું નાશ પામ્યું. (૧૨૮૦) પછી નગરીને ઘેરો નાખીને અશોકચંદ્ર ઘણો સમય (પડ્યો) રહ્યો, પણ ઊંચા કિલ્લાથી શોભતી તે નગરી કોઈ રીતે તૂટી નહિ. (૧૨૮૧) એ પ્રસંગે જ્યારે નગરીને તોડવા અસમર્થ બનેલો રાજા શોકાતુર થયો છે, ત્યારે દેવીએ એમ કહ્યું કે-(૧૨૮૨) જ્યારે કૂલવાહક સાધુ માગધિકા વેશ્યાને ભોગવશે, ત્યારે રાજા અશોકચંદ્ર વૈશાલી નગરીને કબજે કરશે. (૧૨૮૩) કાનરૂપી સંપુટથી અમૃતની જેમ તે શબ્દોનું પાન કરીને હર્ષથી પ્રસન્ન મુખ થએલા રાજાએ લોકોને તે સાધુ અંગે પૂછ્યું. (૧૨૮૪) પછી કોઈ રીતે લોકોદ્વારા એને નદી કાંઠે રહેલો જાણીને

વેશ્યાઓમાં અગ્રેસર માગધિકા વેશ્યાને બોલાવી. (૧૨૮૫) અને કહ્યું, હે ભદ્ર! તે કૂલવાલક સાધુને અહીં લાવ! વિનયથી નમ્ર તેણીએ 'એમ કરીશ' કહીને તે સ્વીકાર્યું. (૧૨૮૬) પછી તે કપટી શ્રાવિકા બનીને સાર્થની સાથે તે સ્થાને ગઈ, ત્યાં તેણે સાધુને વાંદીને વિનયપૂર્વક આ પ્રમાણે કહ્યું. (૧૨૮૭) ઘરનો નાથ (પતિ) સ્વર્ગે જવાથી જિન-મંદિરોને વાંદતી (યાત્રાર્થે ફરતી) હું તમને અહીં સાંભળીને વંદન માટે આવી છું. (૧૨૮૮) તેથી આજે જ મારો સુદિવસ છે, કે જે દિવસે ઉત્તમ તીર્થતુલ્ય તમને જોયા. આથી હે મુનિપ્રવર! ભિક્ષા લઈને મને પ્રસાદ (પ્રસન્ન) કરો! (૧૨૮૯) કારણ કે-તમારા જેવા સુપાત્રમાં આપેલું અલ્પદાન પણ શીઘ્ર સ્વર્ગ-મોક્ષના સુખોનું કારણ થાય છે. (૧૨૯૦) એમ ઘણું કહેવાથી તે કૂલવાલક ભિક્ષાર્થે આવ્યો અને તેણીએ દુષ્ટ દ્રવ્યથી સંયુક્ત લાડુ આપ્યા. (૧૨૯૧) તે ખાતાં જ તુર્ત તેને સખ્ત અતિસાર (ઝાડાનો રોગ) થયો, તેથી અતિ નિર્બળ, પડખું બદલવું વગેરેમાં પણ અશક્ત થયેલા તેને તેણીએ કહ્યું, ભગવન્! ઉત્સર્ગ-અપવાદની જાણ હું ગુરુ, સ્વામી અને બંધુતુલ્ય માનીને તમારા રોગનો પ્રાસૂક દ્રવ્યોથી કંઇક પ્રતિકાર કરીશ. એમાં પણ જો કોઈ અસંયમ થાય તો સ્વસ્થ શરીરવાળા થયા પછી એ વિષયમાં પ્રાયશ્ચિત્ત કરજો! માટે હે ભગવન્! મને અનુજ્ઞા આપો, (કે જેથી) વૈયાવચ્ચ કરું. યત્નપૂર્વક આત્માની (જીવનની) રક્ષા કરવી જોઈએ. કારણ શાસ્ત્રમાં આ પ્રમાણે કહ્યું છે કે-(૧૨૯૨ થી ૯૫) "સર્વત્ર સંયમની અને (ગાઢ કારણે) સંયમને ગૌણ કરીને પણ જીવનની રક્ષા કરતો (સાધુ) અતિક્રમથી (પ્રાણાતિપાતથી) બચે, પછી પ્રાયશ્ચિત કરે, પણ અવિરતિને ન આચરે." (ઓઘનિર્યુક્તિ ગા. ૪૪) (૧૨૯૬) એમ સિદ્ધાંતના અભિપ્રાયના સારરૂપ (તેણીનાં) વચનોને સાંભળીને તેણે માગધિકાને અનુજ્ઞા આપી, તેથી પ્રસન્ન થએલી તે સમીપ રહીને વૈયાવચ્ચ કરતી દરરોજ શરીરને ચોળવું, ધોવું, બેસાડવા, વગેરે સર્વ ક્રિયાઓ કરવા લાગી. (૧૨૯૭-૯૮) કેટલાક દિવસ એમ પાલન કરીને તેણે ઔષધના પ્રયોગથી તે તપસ્વીનું શરીર લીલા માત્રથી સ્વસ્થ કર્યું. (૧૨૯૯) તે પછી અતિ ઉદ્ભટ શૃંગારવાળા ઉત્તમ વેષથી (સજ્જ) સુંદર અંગવાળી તેણીએ એક દિવસ વિકાર-પૂર્વક મુનિને કહ્યું, (૧૩૦૦) હે પ્રાણનાથ! મારી વાત સાંભળો! ગાઢ-રુઢ થયેલા રાગથી પ્રિય (વ્હાલી) અને સુખસમૂહના નિધિ જેવી મને તમે ભોગવો. હવે આ દુષ્કર તપશ્ચર્યાને તમે છોડો; (૧૩૦૧) પ્રતિદિન શરીરનું શોષણ કરનારા વૈરી, એવા આ તપને કરવાથી પણ શું? મોગરાની કળી જેવા દાંતવાળી મને પામ્યા, તે (પ્રત્યન્તરે **पई=**) હે પતિ! તમે એ તપનું જ ફળ પામ્યા છો. (અર્થાત્ હું મળી એ જ તપનું ફળ સમજો.) (૧૩૦૨) અથવા દુષ્ટ શ્વાપદોનાં ટોળાઓમાં દુઃખે રહી શકાય તેવા આ અરણ્યનો તેં કેમ આશ્રય કર્યો છે? ચાલ, રતિસમાન સ્ત્રીઓથી ભરેલા સુંદર મનોહર નગરમાં જઇએ. (૧૩૦૩) હે ભોળા! તું ધૂતારાઓથી ઠગાયો છે, કે જેથી માથું મુંડીને અહીં રહે છે, તું દરરોજ મારા ભવનમાં મારી સાથે કેમ વિલાસ

કરતો નથી ? (૧૩૦૪) હે નાથ ! તારા થોડા વિરહમાં પણ નિશ્ચિત મારા પ્રાણો નીકળે છે, માટે આવ ! સાથે જ જઈએ અને દૂર દૂર દેશમાં રહેલાં તીર્થોને વાંદીએ. (૧૩૦૫) એટલાથી પણ તારૂં અને મારૂં પણ સમસ્ત પાપ ક્ષય પામશે. (માટે) હે નાથ ! જ્યાં સુધી આ ભવમાં કંઈ (થોડું) પણ જીવીએ, ત્યાં સુધી પાંચ પ્રકારના વિષયોને ભોગવીએ, (૧૩૦૬) એમ તેણીએ વિકારપૂર્વક કોમળ વાણીદ્વારા કહેવાથી સંક્ષોભ પામેલા તેણે ધૈર્ય છોડીને પ્રવ્રજ્યા મૂકી દીધી. (૧૩૦૭) તેથી અત્યંત પ્રસન્ન મનવાળી તે તેની સાથે અશોકચંદ્ર રાજા પાસે આવી અને પગે પડીને તેણે વિનંતિ કરી કે– (૧૩૦૮) હે દેવ ! તે આ કૂલવાલક મુનિ મારો પ્રાણનાથ (છે.) તેથી હવે એના દ્વારા જે કરવાનું હોય તેની આજ્ઞા આપો. (૧૩૦૯) રાજાએ કહ્યું, હે ભદ્ર ! તેમ કર કે જેથી આ નગરી તૂટે, પછી તેની આજ્ઞાને સ્વીકારીને ત્રિદંડીનું રૂપ કરીને તે પુરી મધ્યે પેઠો. (ત્યાં ફરતાં તેણે) શ્રી મુનિસુવ્રતસ્વામિનું સ્તૂપ જોઈને વિચાર્યું કે–નિશ્ચે આ સ્તૂપના પ્રભાવથી જ નગરી તૂટતી નથી. (૧૩૧૦-૧૧) તેથી તેમ કરું, કે જેથી નગરવાસી મનુષ્યો પોતે જ આ સ્તૂપનો નાશ કરે. એમ વિચારીને કહ્યું, હંહો લોકો ! જો આ સ્તૂપને દૂર કરો, તો તુર્ત જ શત્રુસૈન્ય સ્વદેશમાં ચાલ્યું જાય, અન્યથા જાવજ્જીવ પણ નગરીનો ઘેરો ઊઠશે નહિ. (૧૩૧૨-૧૩) આ બાજુ રાજાને પણ સંકેત કર્યો કે–જ્યારે લોકો સ્તૂપને તોડે ત્યારે, 'તારે પણ સમગ્ર નિજ સૈન્યને લઈને દૂર ખસી જવું. (૧૩૧૪) પછી લોકોએ કહ્યું, હે ભગવન્ ! આ વિષયમાં વિશ્વાસ કેમ થાય ? તેણે કહ્યું, સ્તૂપને થોડું માત્ર તોડવાથી જો શત્રુસૈન્ય (દૂર) જાય, તો આ (વાતમાં) વિશ્વાસ (કરવો). એમ કહેવાથી લોકોએ સ્તૂપના શિખરનો અગ્રભાગ તોડવા માંડયો. (૧૩૧૫-૧૬) પછી તેને તોડવાથી શત્રુસૈન્યને જતું જોઈને વિશ્વાસ થવાથી સંપૂર્ણ સ્તૂપને પણ તેઓએ તોડી નાંખ્યું. (૧૩૧૭) અને પાછા ફરીને રાજાએ નગરીને ભાંગી, લોકોને વિડંબના કરી અને ચેટકરાજા જિનપ્રતિમાને લઈને કુવામાં પડયો. (૧૩૧૮) એમ સદ્ગુરુના પ્રત્યનિકપણાના દોષથી કૂલવાલક મુનિ આવા પર્વત જેવા મોટા પાપરાશીનું પાત્ર બન્યો. (૧૩૧૯) એમ અતિ દુષ્કર તપશ્ચર્યામાં રક્ત અને અરણ્યવાસી પણ; તે પ્રતિજ્ઞાભંજક બન્યો, તે સઘળું ગુરુ પ્રત્યે દ્વેષનું ફળ જાણવું. (૧૩૨૦) તે કારણે આરાધનાને યોગ્ય જીવોએ ગુરુને પ્રસન્ન કરવા, તે આ આરાધકનું વિશિષ્ટ લિંગ કહ્યું છે. આ વિષયમાં હવે અધિક વર્ણનથી સર્યું. (૧૩૨૧) એમ મોક્ષમાર્ગના રથ સરખી પરિકર્મવિધિ વગેરે ચાર મોટાં મૂળદ્વારવાળી, સંવેગ રંગ–શાળામાં પંદર પ્રતિદ્વારવાળા આરાધનાના પહેલા પરિકર્મદ્વારનું લિંગ નામનું આ બીજું પેટાદ્વાર કહ્યું. (૧૩૨૨-૨૩) પૂર્વે જણાવ્યાં તે લિંગોવાળા પણ શિક્ષા વિના સમ્યગ્ આરાધનાને પામતા નથી, તે કારણે હવે શિક્ષાને કહીએ છીએ. (૧૩૨૪)

**ત્રીજું શિક્ષાદ્વાર અને તેના પ્રકારો** :– તે શિક્ષા ૧–ગ્રહણ, ૨–આસેવન અને ૩–તદુભય, એમ ત્રણ પ્રકારની છે. તેમાં જ્ઞાનાભ્યાસરૂપ શિક્ષાને ગ્રહણશિક્ષા કહેવાય

છે. (૧૩૨૫) અને તે સાધુને અને શ્રાવકને પણ જઘન્યથી સૂત્રાર્થને આશ્રીને અલ્પબુદ્ધિ-વાળાને પણ આઠ પ્રવચનમાતા સુધી તો હોય જ છે. (૧૩૨૬) ઉત્કૃષ્ટથી તો સાધુને સૂત્રથી અને અર્થથી ગ્રહણશિક્ષા આઠ પ્રવચનમાતા વગેરેથી માંડીને બિંદુસાર ( નામના ચૌદમાં ) પૂર્વ સુધી હોય છે. (૧૩૨૭) ગૃહસ્થને પણ સૂત્રથી ઉત્કૃષ્ટ છજ્જીવનિકાય (દશવૈકાલિકના ચોથા અધ્યયન) સુધી અને અર્થને આશ્રીને (પાંચમાં) પિંડેષણા અધ્યયન સુધી જાણવી. કારણ કે–પ્રવચનમાતાના જ્ઞાન વિના નિશ્ચે તે સામાયિક પણ કેવી રીતે કરે ? અને છજ્જીવ-નિકાયના જ્ઞાન વિનાના જીવોની રક્ષા પણ કેવી રીતે કરે ? (૧૩૨૮–૨૯) અથવા પિંડે-ષણાના અર્થ જાણ્યા વિના સાધુઓને પ્રાસૂક અને એષણીય એવાં આહાર–પાણી–વસ્ત્ર–પાત્રોને કયી રીતે આપી શકે ? (૧૩૩૦) માટે ઘોર સંસારસમુદ્રને તરવામાં નાવડીતુલ્ય, પ્રશસ્ત પ્રગટ પ્રભાવવાળું, પુણ્યાનુબંધી પુણ્યનું કારણ, પરમ કલ્યાણસ્વરુપ, આદિ અને અંતમાં પણ મધુર ( હિતકર ), પ્રમાદરૂપી દૃઢ પર્વતને તોડવામાં વજ્રતુલ્ય, પાપરહિત, અને જન્મ–મરણરૂપી રોગોના નાશ માટે મનોહર રસાયણની ક્રિયાતુલ્ય, એવા શ્રી જિન-વચનને પ્રથમ સૂત્રથી શુદ્ધ અને અખંડ ભણવું જોઈએ, પછી સુસાધુ પાસે તેને અર્થથી સમ્યક્ સાંભળવું જોઈએ. (૧૩૩૧ થી ૩૩) આત્મામાં અનુબંધ અને સ્થિરીકરણ કરવા એક વાર ભણેલા ( સૂત્રનું ) અને સાંભળેલા અર્થનું પણ જાવજ્જીવ સુધી પ્રયત્નપૂર્વક વારંવાર ચિંતન–અનુપ્રેક્ષણ કરે. (૧૩૩૪)

**શ્રુતજ્ઞાનના લાભો**:–મેં અતિ પુણ્યથી આ કોઈ પરમ તત્ત્વને પ્રાપ્ત કર્યું; એમ નિરવદ્યભાવથી તેનું બહુમાન કરે. (૧૩૩૫) (**સર્વતોભદ્ર**=) સર્વ રીતે કલ્યાણકર, સદ્ગતિના માર્ગનું પ્રકાશક અને ભગવંત, એવા તે શ્રી જિનવચનનું કલ્યાણ થાઓ, કે જેનાથી આ ગુણો થાય છે. (૧૩૩૬) જ્ઞાનથી આત્મહિતનું ભાન, ભાવસંવર, નવો નવો સંવેગ, નિષ્કંપતા ( દૃઢતા ), તપ, ભાવના, પરોપદેશપણું અને જીવ–અજીવ–આશ્રવાદિ (તાત્ત્વિક) સર્વ ભાવોનું તથા આ ભવ–પરભવ સંબંધી આત્માનું હિત–અહિત વગેરે સમ્યક્ સમજાય છે. (૧૩૩૭-૩૮) આત્મહિતનો અજાણ મૂઢ જીવ મુંઝાય છે, પાપોને કરે છે અને પાપોના નિમિત્તે અનંત સંસારસમુદ્રમાં ભમે છે. (૧૩૩૯) કારણ કે–આત્મ-હિતને જાણે તેને અહિતથી નિવૃત્તિ અને હિતમાં પ્રવૃત્તિ થાય, તેથી નિત્ય આત્મહિતને જાણવું જોઇએ. (૧૩૪૦) વળી સ્વાધ્યાયને કરનારો, પાંચેય ઇન્દ્રિયોના વિકારોના સંવરવાળો, ત્રણ ગુપ્તિથી ગુપ્ત ( બનીને ) રાગ–દ્વેષાદિ ઘોર અશુભ ભાવોને રોકે છે. (૧૩૪૧) જેમ જેમ (તાત્ત્વિક) રસના અતિશય વિસ્તારથી ભરપૂર એવા નવા નવા શ્રુતનું અવગાહન કરે છે, તેમ તેમ નવા નવા સંવેગની શ્રદ્ધા થવાથી મુનિ આલ્હાદને પામે છે. (૧૩૪૨) અને લાભ–હાનિના વિધિને જાણતો, વિશુદ્ધ લેશ્યાવાળો અને નિષ્કંપ ( સ્થિર મનવાળો ), એવો તે વિદ્વાન્ ( જ્ઞાની ), જાવજ્જીવ પણ તપ, જ્ઞાન, દર્શન અને ચારિત્રમાં રમે છે (૧૩૪૩) કહ્યું છે કે–(**કુસલદિટ્ઠે**=) શ્રી અરિહંતદેવે કહેલા બાહ્ય–અભ્યંતર બારેય પ્રકારના તપમાં

સ્વાધ્યાય સમાન તપકર્મ થયું નથી અને થશે પણ નહિ.(૧૩૪૪)સ્વાધ્યાયને ભાવવાથી (**અનુપ્રેક્ષાથી**) જીવની સર્વ ગુપ્તિઓ ભાવિત બને છે અને ભાવિત ગુપ્તિઓથી જીવ મરણ સમયે આરાધક બને છે. (૧૩૪૫) પરોપદેશથી (**ધર્મકથાથી**) સ્વ-પર ઉદ્ધાર, જિનાજ્ઞા પ્રત્યે વાત્સલ્ય, શાસનની પ્રભાવના, શ્રુતભક્તિ અને તીર્થનો અવિચ્છેદ થાય છે. (૧૩૪૬) વળી (અનાદિ અભ્યાસથી) ઉપદેશ વિના પણ લોકો કામ અને અર્થમાં તો કુશળ છે, પણ ધર્મ તો ગ્રહણશિક્ષા (જ્ઞાન) વિના થતો નથી, માટે તેમાં યત્ન કરવો જોઇએ. (૧૩૪૭) જો અન્ય મનુષ્યોને ધન વગેરેમાં અવિધિ કરવાથી તેનો (ધન વગેરેનો) અભાવ જ થાય છે, તો રોગ ચિકિત્સાના દૃષ્ટાન્તથી ધર્મમાં પણ અવિધિ અનર્થ માટે થાય છે. (૧૩૪૮) તેથી ધર્માર્થી ગ્રહણશિક્ષામાં નિત્ય યત્નવાળો બને. કારણ કે–( પાઠાં–**जं मोहंधम्मि जणे**=) મોહાન્ધ મનુષ્યોને તે જ્ઞાનનો પ્રકાશ ધર્મપ્રવૃત્તિમાં પ્રેરક બને છે. (૧૩૪૯) લોકમાં (વિશ્વમાં) જ્ઞાન ચિંતામણી છે. જ્ઞાન શ્રેષ્ઠ કલ્પવૃક્ષ છે, જ્ઞાનવિશ્વવ્યાપી ચક્ષુ છે અને જ્ઞાન ધર્મનું સાધન છે. (૧૩૫૦) જેને એમાં બહુમાન નથી, તેની ધર્મક્રિયા લોકમાં જાતિઅંધની નાટક જોવાની ક્રિયાની જેમ નિષ્ફળ (કહી) છે. (૧૩૫૧) અને વળી જ્ઞાન વિના જે સ્વેચ્છાચારથી કાર્યમાં પ્રવૃત્તિ કરે છે, તે કાર્યની સિદ્ધિને પામતો નથી, સુખી થતો નથી અથવા શ્રેષ્ઠ ગતિને પામતો નથી. (૧૩૫૨) એથી કાર્યસિદ્ધિની ઇચ્છાવાળાએ પ્રમાદ તજીને પ્રથમથી જ સદા જ્ઞાનને ગ્રહણ કરવા સમ્યગ્ યત્ન કરવો જોઈએ. (૧૩૫૩) વળી પ્રસ્તુત વિષયમાં શાસ્ત્રોક્ત સર્વ નયોના વિવિધ મતોના સંગ્રહરૂપ જ્ઞાનનય અને ક્રિયાનય નામના બે જ નયો છે. (૧૩૫૪) તેમાં જ્ઞાનનયનો મત એ છે કે–નિશ્ચે કાર્યનો અર્થી સર્વ રીતે સદાય ગ્રહણશિક્ષામાં જે સમ્યગ્ યત્ન કરે, તે આ પ્રમાણે–ગ્રહણશિક્ષાથી હેય-ઉપાદેય અર્થોને સમ્યગ્ જાણ્યા પછી જ બુદ્ધિમાનોએ કાર્યમાં યત્ન કરવો જોઇએ, અન્યથા ફળમાં વિસંવાદ (વિપરીતતા) થાય. (૧૩૫૫-૫૬) મિથ્યાજ્ઞાનથી પ્રવૃત્તિ કરનારને ફળમાં વિસંવાદ થતો હોવાથી મનુષ્યોને ફળસિદ્ધિનો એક જ હેતુ સમ્યગ્જ્ઞાન જ છે, ક્રિયા નથી. (૧૩૫૭) એમ આ લોકના ફળ માટે જેમ કહ્યું. તેમ ભવાન્તરના ફળને આશ્રીને પણ એ જ વિધિ છે, કારણ કે–શ્રી જિનેશ્વરોએ કહ્યું છે કે–(૧૩૫૮) "પ્રથમ જ્ઞાન, પછી દયા, (ક્રિયા)"–એ પ્રમાણે સર્વ વિષયમાં પ્રવૃત્તિ કરતો સાધુ સંયમને પાળે (પામે) છે. અજ્ઞાની શું કરશે? અને (**છેઅ**=) પુણ્ય અને પાપને શું (કેમ) જાણશે? (૧૩૫૯) અહીં જેમ ક્ષાયોપશમિક (મત્યાદિ) જ્ઞાન વિશિષ્ટ ફળસાધક છે, તેમ ક્ષાયિક (કેવળ)જ્ઞાન પણ સમ્યગ્ વિશિષ્ટ ફળસાધક છે, એમ જાણવું જોઈએ. (૧૩૬૦) કારણ કે–સંસારસમુદ્રનો પાર પામેલા (પામનારા) દીક્ષિત અને પ્રકૃષ્ટ તપ–ચારિત્રવાળા, એવા શ્રી અરિહંતને પણ ત્યાં સુધી મોક્ષ થતો નથી, કે જ્યાં સુધી જીવ-અજીવાદિ સમસ્ત પદાર્થોના સમૂહને વિસ્તારવામાં (જણાવવામાં) સમર્થ એવું કેવળજ્ઞાન પ્રગટે નહિ. (૧૩૬૧-૬૨) માટે આ લોક-પરલોકની ફળપ્રાપ્તિમાં અવન્ધ્ય

કારણ જ્ઞાન જ છે, તેથી તેમાં પ્રયત્ન છોડવો નહિ. (૧૩૬૩) જ્ઞાન વિના ઈન્દ્રદત્તના પુત્રની જેમ મનુષ્ય ગૌરવને પામતો નથી અને જ્ઞાનથી તેના જ પુત્ર સુરેન્દ્રદત્તની જેમ ગૌરવિત થાય છે. (૧૩૬૪) તે આ પ્રમાણે :—

**ઈન્દ્રદત્તના અજ્ઞપુત્રોઅને સુરેન્દ્રદત્તની કથા**:–ઈન્દ્રપુરી જેવા મનોહર ઈન્દ્રપુર નામે શ્રેષ્ઠ નગરમાં દેવોને પૂજ્ય ઈન્દ્રની જેમ ( **વિબુધ=**) પંડિતોને પૂજ્ય ઈન્દ્રદત્ત નામે રાજા હતો, તેને બાવીસ રાણીઓથી જન્મેલા કામદેવતુલ્ય મનોહર રૂપવાળા શ્રીમાલી વગેરે બાવીસ પુત્રો હતા. (૧૩૬૫–૬૬) એક પ્રસંગે તે રાજાએ પોતાના ઘરમાં વિવિધ ક્રીડાઓથી રમતી પ્રત્યક્ષ રતિના જેવી અમાત્યની પુત્રીને જોઈ. (૧૩૬૭) તેથી અનુચરને પૂછયું, આ કોની પુત્રી છે? તેણે કહ્યું, હે દેવ! તે મંત્રીપુત્રી છે, પછી તેના પ્રત્યે રાગી થએલો રાજા સ્વયં વિવિધ રીતે મંત્રી પાસે માગણી કરીને તેને પરણ્યો અને તુર્ત જ તેને અંતઃપુરમાં દાખલ કરી. (૧૩૬૮–૬૯) અન્યાન્ય શ્રેષ્ઠ સ્ત્રીઓના ભોગમાં આસક્તિથી રાજા તેને વિસરી ગયો, પછી ઘણા કાળે તેને ગોખમાં બેઠેલી જોઈ ને રાજાએ પૂછયું, ચંદ્રસમાન પ્રસરંતી કાન્તિના સમૂહવાળી, કમળસમાન આંખવાળી અને લક્ષ્મી જેવી સુંદર આ યુવતી સ્ત્રી કોણ છે? (૧૩૭૦–૭૧) કંચુકીએ કહ્યું, હે દેવ! આ તે મંત્રીની પુત્રી છે, કે જેને પૂર્વે પરણીને તમે છોડી દીધી છે. (૧૩૭૨) એમ કહેવાથી રાજા તે રાત્રિએ તેની સાથે રહ્યો અને ઋતુસ્નાનવાળી હોવાથી તે દિવસે જ તેને ગર્ભ ઊપજ્યો (૧૩૭૩) પછી પૂર્વે અમાત્યે તેને કહ્યું હતું કે–'હે પુત્રી! તારે ગર્ભ પ્રગટે તે અને તને રાજા જ્યારે જે કંઈ કહે તે (તું) ત્યારે ત્યારે મને કહેજે.' તેથી તેણીએ સર્વ વૃતાન્ત પિતાને કહ્યો, તેને પણ (રાજાના) વિશ્વાસ માટે ભોજપત્રમાં તે વૃત્તાન્ત લખીને રાખી મૂકયો. પછી પ્રતિદિન પ્રમાદરહિત પુત્રીની સંભાળ કરવા લાગ્યો. (પૂર્ણકાળે) તેણીને પુત્ર જન્મ્યો અને તેનું સુરેન્દ્રદત્ત નામ રાખ્યું. (૧૩૭૪ થી ૭૬) તે દિવસે ત્યાં અગ્નિયક, પર્વતક, બહુલી અને સાગરક નામનાં ચાર બીજાં પણ બાળકો જન્મ્યાં હતાં. (૧૩૭૭) અમાત્યે કલાચાર્ય પાસે ભણવા મૂકેલો સુરેન્દ્રદત્ત તે છોકરાઓ સાથે (વિવિધ) કળાઓને ભણે છે (૧૩૭૮) આ બાજુ શ્રીમાલી વગેરે તે રાજાના પુત્રો અલ્પ પણ ભણતા નથી, ઊલટું કલાચાર્યે થોડો પણ માર મારવાથી રડતા તેઓ પોતાની માતાને કહે છે કે–'આમ આમ તેણે અમને માર્યા.' પછી કોપેલી રાણીઓએ ઉપાધ્યાયને કહ્યું, હે ક્રૂર પંડિત! અમારા પુત્રોને (પાઠાંતર **सिस्सट्ठं=**) ભણાવવા માટે માર કેમ મારે છે? પુત્રરત્નો જેમ–તેમ મળતાં નથી, એટલું પણ શું તું જાણતો નથી? (૧૩૭૯ થી ૮૧) હે અત્યંત મૂઢ! તારી ભણાવવાની નિષ્ફળ ક્રિયાથી સર્યું, કારણ કે–તું પુત્રોને મારતાં થોડી પણ દયાને કરતો નથી. (૧૩૮૨) એમ તેઓએ કઠોર વચનોથી તિરસ્કારેલા ગુરૂએ પુત્રોની ઉપેક્ષા કરી, તેથી રાજપુત્રો અત્યંત મહામૂર્ખ રહ્યા. (૧૩૮૩) પણ આ વ્યતિકરને નહિ જાણતો રાજા મનમાં માને છે કે–આ નગરમાં મારા શ્રેષ્ઠ પુત્રો જ અત્યંત કુશળ છે. (૧૩૮૪) આ બાજુ તે સરખી વયવાળા

છોકરાઓએ વિઘ્નોને (પરાભવોને) કરવા છતાં તેને નહિ ગણતો સુરેન્દ્રદત્ત સકળ કળાઓને ભણ્યો. (૧૩૮૫)

એકદા મથુરાનગરીમાં પર્વતરાજાએ પોતાની પુત્રીને પૂછયું, પુત્રી ! તને જે વર ગમે (તે કહે), તેની સાથે પરણાવું. (૧૩૮૬) તેણીએ કહ્યું, હે તાત! ઇન્દ્રદત્તના પુત્રો કળાકુશળ, શૂરા, ધીરા અને સારા રૂપવાળા સંભળાય છે. (૧૩૮૭) જો કહો તો સ્વયમેવ ત્યાં જઇને રાધાવેધદ્વારા હું તેમાંથી એકની સારી રીતે પરીક્ષા કરીને તેને વરું ! (૧૩૮૮) રાજાએ તે સ્વીકાર્યું, ત્યારે તેણીએ ઘણી રાજઋદ્ધિ સાથે ઇન્દ્રપુર નગરમાં જવા પ્રયાણ કર્યું. (૧૩૮૯) તેને આવતી સાંભળીને પ્રસન્ન થએલા ઇન્દ્રદત્ત રાજાએ પોતાની નગરીને વિચિત્ર ધ્વજાઓ બંધાવીને સુશોભિત કરાવી. (૧૩૯૦) તે પછી આવેલી તે કન્યાને સુંદર ઉતારો અપાવ્યો અને ભોજનદાન વગેરે ઉચિત પ્રવૃત્તિ પણ કરી. (૧૩૯૧) તેણીએ રાજાને વિનવ્યો કે–તમારો જે પુત્ર રાધાને વીંધશે, તે જ મને પરણશે, એ કારણે જ હું અહીં આવી છું (૧૩૯૨) રાજાએ કહ્યું, હે સુતનુ ! એટલા (એક) જ ગુણથી તું (પરીક્ષાનો) આયાસ કરીશ નહિ, કારણ કે–મારા સઘળાય પુત્રો પ્રત્યેક શ્રેષ્ઠ ગુણોવાળા છે. (૧૩૯૩) તે પછી તુર્ત ઉચિત પ્રદેશમાં જમણાં ડાબાં ભમતા ચક્રની પંક્તિવાળો, મસ્તકે ધારણ કરેલી પુત્રી (રાધા)વાળો, મોટો સ્તંભ ઊભો કરાવ્યો (૧૩૯૪) અને ત્યાં અખાડો કર્યો, મંચ ગોઠવ્યા, ચંદ્રુઆ બાંધ્યા અને હર્ષથી ઉછળતા ગાત્રવાળો રાજા આવીને ત્યાં બેઠો. (૧૩૯૫) નગરલોકો આવ્યા, રાજાએ પોતાના પુત્રોને બોલાવ્યા અને તે રાજપુત્રી પણ વરમાલાને લઇને આવી. (૧૩૯૬) તે પછી સર્વમાં મોટા શ્રીમાલીને રાજાએ કહ્યું, હે વત્સ! આ કાર્ય કરીને મારા મનોવાંછિતને સફળ કર, નિજકુળને ઉજ્વળ કર, પવિત્ર રાજ્યને પરમ ઉન્નતિને પમાડ, જયપતાકાને ગ્રહણ કર અને શત્રુઓનું વિપ્રિય કર. (આશાઓને તોડી નાખ.) એમ કુશળતાથી શીઘ્ર રાધાવેધને કરીને તું પ્રત્યક્ષ રાજ્યલક્ષ્મી જેવી આ નિવૃત્તિ નામની રાજપુત્રીને પરણ ! (૧૩૯૭ થી ૯૯) એમ કહેવાથી તે રાજપુત્ર ક્ષોભ પામેલો નષ્ટ શોભાવાળો (ઝંખવાયેલો), પ્રસ્વેદથી ભિંજાએલો (છૂટેલા પ્રસ્વેદવાળો), ચિત્તથી શૂન્ય બનેલો, દીનમુખ અને (પાઠાંતર ૦ णाणच्छु=) દીન ચક્ષુવાળો, છૂટતા કચ્છવાળો (ગભરાએલો), નિસ્તેજ (ગાત્ર) શરીરવાળો, (પાઠાંતર नरलक्खिछचत्तु=) સત્ત્વ અથવા મરદાઇથી મુક્ત, લજ્જા પામેલો, ઉતરી ગયેલા મિથ્યાભિમાનવાળો, નીચે જોતો પુરુષાર્થને (પેશાબ ધાતુને) છોડતો, દૃઢ બાંધ્યો હોય તેમ થાંભલાની જેમ સ્થિર ઊભો રહ્યો. (૧૪૦૦-૧૪૦૧) પુનઃ પણ રાજાએ કહ્યું, હે પુત્ર ! સંક્ષોભને છોડીને ઇચ્છિત કાર્યને સાધ, તારે આ કાર્ય કેટલું માત્ર છે ? (અર્થાત્ આમાં શું મુંઝાય છે ?) (૧૪૦૨) હે પુત્ર ! તેઓ સંક્ષોભ પામે, કે જે કળાઓમાં અતિ નિપુણ ન હોય, નિષ્કલંક કળાઓના ભંડાર તારા જેવાને વળી સંક્ષોભ શા માટે ? (૧૪૦૩) (રાજાએ) એમ કહેવાથી ધિઠ્ઠાઇ કરીને લેશ પણ ચતુરાઇ વિનાના શ્રીમાલીએ કંપતા હાથે મુશ્કેલીએ ધનુષ્ય ઉપાડયું, અને શરીરનું સર્વ બળ

કેળવીને મુશીબતે તેના ઉપર બાણ ચઢાવીને 'જ્યાં જાય ત્યાં ભલે જાય'–એમ વિચારીને (લક્ષ્ય વિના) બાણને છોડયું. (૧૪૦૪-૫) તે બાણ સ્તંભમાં અથડાઈને તુર્ત ભાંગી ગયું, તેથી અતિ કોલાહલ કરતા લોકો ગુપ્ત રીતે તેને હસવા લાગ્યા. (૧૪૦૬) એમ કળારહિત (અભણ) શેષ એકવીસ રાજપુત્રોએ પણ જેમ–તેમ બાણ ફેંકયાં, એકથી પણ કાર્યસિદ્ધિ ન થઈ. (૧૪૦૭) (તેથી) લજ્જાથી મીંચાઈ ગયેલાં નેત્રોવાળો, વજ્રમય ઇન્દ્રધનુષ્યથી તાડન કરાયો હોય તેમ નિસ્તેજ મુખવાળો, નિરાશ થએલો, રાજા શોક કરવા લાગ્યો. (૧૪૦૮) ત્યારે અમાત્યે કહ્યું, હે દેવ! શોકને છોડી દ્યો. બીજો પણ તમારો પુત્ર છે, તેથી હવે તેની પણ પરીક્ષા કરો. (૧૪૦૯) રાજાએ કહ્યું. (બીજો પુત્ર) કોણ છે? ત્યારે મંત્રીએ ભૂજપત્ર આપ્યો, તે વાંચીને રાજા બોલ્યો, તેનાથી પણ સર્યું. (૧૪૦૧) અત્યંત ભણાવેલા પણ, આ પાપીઓએ જેમ કાર્યને ન સાધ્યું, તેમ તે પણ તેમજ કરશે, એવા પુત્રો વડે (મને) ધિક્કાર થાઓ! ધિક્કાર થાઓ! (૧૪૧૧) એમ છતાં જો તારો આગ્રહ હોય, તો તે પુત્રની યોગ્યતાને પણ (विन्नासिज्जउ=) જાણી લે, તેથી મંત્રીએ ઉપાધ્યાય સહિત સુરેન્દ્રદત્તને બોલાવ્યો. (૧૪૧૨) તે પછી વિવિધ શસ્ત્રવિદ્યાના પરિશ્રમથી શરીરે પડેલા આંટણવાળા (ઘાનાં ચિહ્નોવાળા) તેને ખોળામાં બેસાડીને પ્રસન્ન થએલા રાજાએ કહ્યું, હે પુત્ર! રાધાવેધ કરીને મારી વાંછાને તું પૂર્ણ કર અને નિવૃત્તિ નામની રાજકન્યાને પરણીને રાજ્યને પ્રાપ્ત કર. (૧૪૧૩-૧૪) ત્યારે રાજાને અને પોતાના ગુરુને નમીને ધીર એવો સુરેન્દ્રદત્ત (आलीढ=) યુદ્ધને યોગ્ય મુદ્રા (આકાર) કરીને, ધનુષ્યદંડ ગ્રહણ કરીને, નિર્મળ તેલથી ભરેલા કુંડામાં પ્રતિબિંબિત થએલા ચક્રોનાં છિદ્રોને જોતો, બીજા રાજકુમારો દ્વારા તિરસ્કાર કરાતો, ગુરુએ પ્રેરણા કરેલા અગ્નિયક વગેરે (તેના સહાધ્યાયી) તે છોકરાઓથી પણ (रोहिज्जंतो) ઉપદ્રવ કરાતો, અને "જો ચૂકીશ, તો અમે હણી નાંખીશું"–એમ બોલતા ખૂલ્લી તલવારવાળા પાસે રહેલા (શસ્ત્રધારી) બે પુરુષોથી વારંવાર તિરસ્કાર (ભયભીત) કરાતો, છતાં (એ સર્વને અવગણીને) લક્ષ્ય સન્મુખ (સ્થિર) દૃષ્ટિવાળો અને મહા મુનીન્દ્રની જેમ સ્થિર મનવાળો, એવા તેણે ચક્રોના ગાળાને પ્રાપ્ત (નિશ્ચિત) કરીને બાણથી રાધાને તૂર્ત વીંધી (૧૪૧૫ થી ૧૯) અને રાધાને વીંધવાથી પ્રસન્ન થએલી તે રાજપુત્રીએ તેના કંઠમાં વરમાળા પહેરાવી, રાજા આનંદ પામ્યો અને (સર્વત્ર) જય જય શબ્દ ઉછળ્યો. (૧૪૨૦) રાજાએ વિવાહ મહોત્સવ કર્યો (પરણાવ્યો) અને રાજ્ય પણ તેને આપ્યું. એમ સુરેન્દ્રદત્ત જ્ઞાનથી ગૌરવને પામ્યો. (૧૪૨૧) એ પ્રમાણે જ્ઞાનનયના મતે આ ભવ–પરભવના સુખ આપવામાં અવન્ધ્ય (સફળ) કારણ એવી ગ્રહણશિક્ષામાં જ (જ્ઞાન ભણવામાં જ) સદાય ઉદ્યમ કરવો જોઈએ. (૧૪૨૨) કારણ કે–ગ્રહણશિક્ષા વિનાના (અણપઢ) નહિ ભણેલા મનુષ્યો ક્રિયા કરવા છતાં પણ કળામાં અત્યંત વિકલ (મૂઢ), શ્રીમાલીપ્રમુખ-રાજપુત્રોની જેમ જન પૂજ્ય (આદરપાત્ર) બનતા નથી. (૧૪૨૩) એ પ્રમાણે ગ્રહણશિક્ષા જણાવી.

**આસેવનશિક્ષાનું વર્ણન** :–હવે પૂર્વે પ્રસ્તાવિત ક્રિયાકલાપરૂપ આસેવનશિક્ષા કહેવાય છે. (૧૪૨૪) આ આસેવનશિક્ષા વિના, જંગલમાં ઉગેલાં માલતીનાં પુષ્પોની જેમ અને વિધવાના રૂપ વગેરે ગુણસમૂહની જેમ, ગ્રહણશિક્ષા નિષ્ફળ થાય છે. (૧૪૨૫) વળી ત્રણ યોગથી (મન–વચન–કાયાથી) આસેવનશિક્ષાને (ક્રિયાને) સમ્યગ્ આચરનારને જ ગ્રહણશિક્ષા (જ્ઞાન) પ્રગટે છે, અન્યથા પ્રગટતી નથી. કારણ એ પ્રગટ છે કે–(૧૪૨૬) ગુરુચરણને (ગુરુને) પ્રસન્ન કરવાથી, સઘળા વ્યાક્ષેપોને તજવાના પ્રયત્નથી અને શુશ્રૂષા, પ્રતિપૃચ્છા, વગેરે (બુદ્ધિના આઠ) ગુણોનો પ્રયોગ કરવાથી બહુ, બહુતર અને બહુતમ બોધ થવાદ્વારા ગ્રહણશિક્ષા પરમ પ્રકર્ષને પામે છે. અન્યથા શ્રીમાલી(વગેરે)ની જેમ નિશ્ચે પ્રકર્ષ પામતી નથી. (અર્થાત્ જ્ઞાન ભણવા માટે પણ વિનય વગેરે ક્રિયારૂપ આસેવનશિક્ષા પહેલાં જ કરવી પડે છે.) (૧૪૨૭–૨૮) અને ગ્રહણશિક્ષા પ્રગટ્યા (ભણ્યા) પછી પણ ક્ષણ ક્ષણ મન–વચન–કાયાની ક્રિયાથી તેનું આસેવન કરાય, તો જ એ વધે અને સ્થિર થાય છે. (૧૪૨૯) તેથી જો આસેવનશિક્ષા હોય તો જ તેના પ્રભાવે ભવ્યોને અછતી પણ ગ્રહણશિક્ષા પ્રાપ્ત થાય અને આસેવનશિક્ષા ન હોય તો વિદ્યમાન ગ્રહણશિક્ષા પણ નાશ પામે. એવી સર્વ સુખની સિદ્ધિમાં ભૂમિ (પાયા) સરખી અને સંસારવૃક્ષના નાશ માટે અગ્નિ સરખી, તે જ એક આસેવનશિક્ષાને નમસ્કાર થાઓ ! (૧૪૩૦–૩૧) આ વિષયમાં ક્રિયાનયનો મત આ પ્રમાણે છે કે–જે કાર્યનો અર્થી હોય, તેણે સર્વ પ્રકારે નિત્યમેવ ક્રિયામાં જ સમ્યગ્ ઉદ્યમ કરવો. તે આ પ્રમાણે–(૧૪૩૨) હેય–ઉપાદેય અર્થોને જાણીને ઉભય લોકના ફળની સિદ્ધિને ઇચ્છતા બુદ્ધિમાને યત્નપૂર્વક પ્રયત્ન જ કરવો જોઇએ. (૧૪૩૩) કારણ કે–પ્રવૃત્તિરૂપ પ્રયત્ન વિના જ્ઞાનીને પણ આ સંસારમાં અભિલષિત વસ્તુની સિદ્ધિ થતી દેખાતી નથી, જે માટે અન્ય મતવાળા પણ કહે છે કે–ક્રિયા જ ફળદાયી છે, જ્ઞાન નહિ. સંયમ, અર્થ અને વિષયોનો અતિ નિપુણ વિજ્ઞાતા (જ્ઞાની) પણ (તેના તેના) જ્ઞાન માત્રથી સુખી થતો નથી. (૧૪૩૪–૩૫) તરસ્યો પણ પાણી વગેરેને જોઇને પણ જ્યાં સુધી તેની પીવા વગેરેની ક્રિયામાં પ્રવૃત્તિ નથી કરતો, ત્યાં સુધી તેને તૃપ્તિરૂપ ફળ મળતું નથી. (૧૪૩૬) સન્મુખ રહેલા ઇષ્ટરસવાળા ભોજનની પાસે બેઠેલા જ્ઞાની પણ હાથને ન ચલાવે તો ભૂખથી મરે છે. (૧૪૩૭) અતિપંડિત પણ વાદી (પર=) પ્રતિવાદીને હસીને (તુચ્છ માનીને) વાદ માટે રાજસભામાં ગયેલો, જો ત્યાં કંઇ બોલે નહિ, તો ધન અને પ્રશંસાને પામે નહિ. (૧૪૩૮) એમ આ લોકનાં હિતો અંગે જે વિધિ કહ્યો, તેવો જ વિધિ ભવાન્તરના ફળોને આશ્રીને પણ (જાણવો). કારણ શ્રી જિનેન્દ્રોએ કહ્યું છે કે–(૧૪૩૯) તપ–સંયમમાં જે ઉદ્યમી (ક્રિયાવાળો) છે, તેણે ચૈત્ય–કુલ–ગણ–સંઘ અને આચાર્યો તથા પ્રવચન–શ્રુત, એ સર્વમાં પણ (જે કરવાયોગ્ય હતું તે સઘળું) કર્યું. (અર્થાત્ સર્વની સેવા કરી,) (૧૪૪૦) એમ જે રીતે ક્ષાયોપશમિક ચારિત્રનું, તે રીતે જ ક્ષાયિક ચારિત્રનું પણ પ્રકૃષ્ટ–સુંદર ફલસાધકપણું જાણવું. (૧૪૪૧)

કારણ કે-ત્યાં સુધી નિર્મળ કેવળજ્ઞાનને પામેલા છતાં શ્રી અરિહંતને પણ માત્ર જ્ઞાનથી મુક્તિની પ્રાપ્તિ થતી નથી, કે જ્યાં સુધી સમસ્ત કર્મરૂપી ઇંધનને (બાળવામાં) અગ્નિતુલ્ય, છેલ્લી વિશુદ્ધિને કરનારી, પાંચ હ્રસ્વાક્ષરના ઉચ્ચાર માત્ર કાળ જેટલી સ્થિતિવાળી, સઘળા આશ્રવોના સંવરરૂપ અને આ સંસારમાં કદી પૂર્વે નહિ મળેલી એવી છેલ્લી ક્રિયા જેમાં મુખ્ય છે તેવી ચારિત્ર (શૈલેશી) ક્રિયા પ્રાપ્ત ન થાય. (૧૪૪૨ થી ૪૪) આ વિષયમાં પણ ઉદાહરણ તે સુરેન્દ્રદત્તનું જ જાણવું. જો તે જાણવા છતાં પણ રાધાના વેધની ક્રિયા કરત નહિ, તો બીજાઓની જેમ તિરસ્કારપાત્ર બનત. (૧૪૪૫) તે માટે આ લોક-પરલોકના ફળની સંપ્રાપ્તિમાં અવન્ધ્યકારણ આસેવનશિક્ષા જ છે, તેથી એમાં યત્ન છોડવો નહિ. (૧૪૪૬)

**જ્ઞાન-ક્રિયા ઉભયની પરસ્પર સાપેક્ષ ઉપાદેયતાઃ**-એમ જ્ઞાન-ક્રિયા એ બે નયો દ્વારા ઉભય પક્ષે પણ જણાવેલા શાસ્ત્રોક્ત વિવિધ યુક્તિઓના સમૂહને સાંભળીને, જેમ એક બાજુ પુષ્ટ ગંધથી મનોહર એવા ખીલેલા કેતકીના ડોડાને અને બીજી બાજુ અર્ધ-વિકસિત માલતિની કળીને જોઇને તેની ગંધમાં આસક્ત ભમરો મુંઝાય, તેમ તે તે સ્વ-સ્વ સ્થાને યુક્તિના મહત્ત્વને જાણીને મનમાં વધી રહેલા સંશયવાળો, ભ્રમણામાં પડેલો, શિષ્ય પૂછે છે કે-(૧૪૪૭ થી ૪૯) આ વિષયમાં તત્ત્વ શું? (જ્ઞાન કે ક્રિયા) ગુરુએ કહ્યું, અન્યોન્ય સાપેક્ષ હોવાથી ગ્રહણશિક્ષા અને આસેવનશિક્ષા બન્ને તત્ત્વરૂપ છે, કારણ કે-અહીં ગ્રહણશિક્ષા (જ્ઞાન) વિના આસેવનશિક્ષા (ક્રિયા) સમ્યગ્ ન થાય અને આસેવનશિક્ષા વિના ગ્રહણશિક્ષા સફળ પણ ન થાય. (૧૪૫૦-૫૧) કારણ કે-અહીં શ્રુતાનુસારે જે પ્રવૃત્તિ તે જ સમ્યક્ત્વ છે, તેથી અહીં સૂત્ર-અર્થના ગ્રહણ(જ્ઞાન) પૂર્વક જે ક્રિયા, તેને મોક્ષની જનેતા કહી છે. (૧૪૫૨) વળી શ્રુતજ્ઞાનમાં વર્તતો પણ તે જીવ મોક્ષ ન પામે, કે જે તપ-સંયમમય જે યોગક્રિયા તેને વહન કરી શકે નહિ. (૧૪૫૩) કહ્યું છે કે-"જેમ (દાવાનળમાં) દેખતો પણ પાંગળો (હોવાથી) દાઝયો અને દોડતો પણ અંધ (હોવાથી) દાઝ્યો, તેમ ક્રિયારહિત જ્ઞાન અને જ્ઞાન વિનાની ક્રિયા પણ નિષ્ફળ જાણવી." (વિ. આ. ૧૧૫૯) (૧૪૫૪) ("જ્ઞાન અને ઉદ્યમ બન્નેનો) સંયોગ સિદ્ધ થવાથી ફળની પ્રાપ્તિ થાય છે." (લોકમાં પણ) એક ચક્રથી રથ ચાલતો નથી, અંધો અને પાંગળો (છતાં) વનમાં એ પરસ્પર સહાયક થવાથી નગરમાં પહોંચ્યા. (૧૪૫૫) "જ્ઞાન નેત્રસમાન છે અને ચારિત્ર ચાલવાની પ્રવૃત્તિતુલ્ય છે, બન્નેના સમ્યગ્ યોગથી શ્રી જિનેશ્વરો શિવપુરની પ્રાપ્તિ કહે છે." (૧૪૫૬) જો એ પ્રમાણે મુનિઓને ઉદ્દેશીને પણ બન્ને શિક્ષાઓનો ઉપદેશ વર્ણવ્યો, તો શ્રમણોપાસકે તો તેમાં સવિશેષ યત્ન કરવો (જ) જોઇએ. (૧૪૫૭) એથી જ પ્રશંસા કરાય છે કે-તે જ પુરુષો જગતમાં ધન્ય છે, કે જેઓ નિત્ય અપ્રમાદી, જ્ઞાની અને ચારિત્રવાળા છે. (૧૪૫૮) (કારણ કે) પરમાર્થને (તત્ત્વને અથવા મોક્ષને)સારી રીતે જાણવાથી (અને) તપ-સંયમ ગુણોને અખંડ પાળવાથી કર્મસમૂહનો નાશ થતાં વિશિષ્ટ

ગતિ (મોક્ષ) પ્રાપ્ત થાય છે. (૧૪૫૯) માટે ચતુર પુરુષ જ્ઞાનથી(પ્રથમ)લક્ષ્યપદાર્થનું લક્ષ્ય કરીને (જાણીને), પછી લક્ષ્યને અનુરૂપ ક્રિયાને અનુસરે. (૧૪૬૦) જો આમાં (ક્રિયારહિત) ગ્રહણશિક્ષા એક જ સફળ થતી હોત, તો શ્રુતનિધિ એવો પણ મથુરામંગુ (આચાર્ય) તેવી દશાને ન પામત ! (૧૪૬૧) તે આ પ્રમાણે :—

**મથુરામંગુ આચાર્યની કથા** :–મથુરાનગરીમાં યુગપ્રધાન અને શ્રુતના નિધાન દરરોજ શિષ્યોને સૂત્ર અર્થ ભણાવવામાં નિયત પ્રવૃત્તિવાળા અને ભવ્ય જીવોને ધર્મોપદેશ કરવામાં પરિશ્રમની પણ દરકાર નહિ કરનારા, લોકપ્રસિદ્ધ, આર્યમંગુ નામના આચાર્ય હતા. (૧૪૬૨–૬૩) પણ યથોક્ત ક્રિયાઓને નહિ કરતા, સુખશિલીઆ, તેઓ શ્રાવકોના રાગી (થઈને) ત્રણ ગારવને વશ થયા. (૧૪૬૪) ભક્તોદ્વારા સતત મળતાં આહાર, પાણી, વસ્ત્ર વગેરેની પ્રાપ્તિથી તે અભ્યુદ્યત (અપ્રતિબદ્ધ) વિહાર છોડીને ચિરકાળ ત્યાં જ રહ્યા, (૧૪૬૫) તે પછી સાધુતામાં શિથિલ તે ઘણા પ્રમાદને સેવીને નિજદોષની શુદ્ધિ (પ્રાયશ્ચિત્ત) નહિ કરવાથી, આયુષ્ય પૂર્ણ થયે મરીને અત્યંત ચંડાળતુલ્ય કિલ્બિષયક્ષ થઈને તે જ નગરીના ખાળની પાસે યક્ષના ભવનમાં યક્ષરૂપે ઉત્પન્ન થયો. (૧૪૬૬–૬૭) વિભંગજ્ઞાનથી પૂર્વભવને જાણીને તે ચિંતવવા લાગ્યો કે–હા હા ! પાપી એવા મેં પ્રમાદથી મદોન્મત્ત થઈને વિચિત્ર અતિશયોરૂપી રત્નોથી ભરેલા જિનશાસનરૂપી નિધાનને પ્રાપ્ત કરીને પણ. તેમાં કહેલી ક્રિયાથી પરાઙ્મુખ બનીને (તેને) નિષ્ફળ ગુમાવ્યું. (૧૪૬૮–૬૯) મનુષ્યભવ, આર્યક્ષેત્ર, ઉત્તમ જાતિ, વગેરે સદ્ધર્મના હેતુભૂત સામગ્રીને અને પ્રમાદથી ગુમાવેલા ચારિત્રને હવે ક્યાંથી પામીશ ? (૧૪૭૦) હે પાપી જીવ ! તે કાળે શાસ્ત્રાર્થના જાણ એવા પણ તેં ઋદ્ધિ–રસ–(શાતા) ગારવનું વિરસપણું શું જાણ્યું ન હતું ? (૧૪૭૧) હવે ચંડાળ સરખા આ કિલ્બિષદેવપણાને પામેલો હું દીર્ઘકાળ સુધી વિરતિપ્રધાન ધર્મ માટે અયોગ્ય થયો. (૧૪૭૨) મારા શાસ્ત્રાર્થના પરિશ્રમને ધિક્કાર થાઓ ! બુદ્ધિની સૂક્ષ્મતાને ધિક્કાર હો ! અને અત્યંત પરોપદેશ પાંડિત્યને (પણ) ધિક્કાર થાઓ ! (૧૪૭૩) વેશ્યાના શણગારની જેમ માત્ર બીજાના ચિત્તને પ્રસન્ન કરવા દરરોજ કરેલી તે ભાવરહિત ક્રિયાઓને પણ ધિક્કાર હો ! (૧૪૭૪) આ રીતે પરમ વૈરાગી થએલો તે પ્રતિક્ષણ પોતાના દુશ્ચરિત્રને નિંદતો કેદમાં પૂરાએલાની જેમ દિવસો વીતાવે છે. (૧૪૭૫) તે પછી તે માર્ગેથી (નિત્ય) ઉચ્ચારભૂમિને ઉદ્દેશીને (બહાર) જતા પોતાના શિષ્યોને જોઈને, તેઓને પ્રતિબોધવા તે યક્ષની પ્રતિમાના મુખમાંથી લાંબી જીહ્વા બહાર કાઢીને રહેવા લાગ્યો. પ્રતિદિન તેને તે રીતે કરતો જોઈને મુનિઓએ કહ્યું કે–અહીં જે કોઈ પણ દેવ, યક્ષ, રાક્ષસ અથવા કિન્નર (હોય) તે (અમને કહેવાનું હોય તે) પ્રગટ જ કહો, આ રીતે (તો) અમે કાંઈ પણ સમજી શકતા નથી. (૧૪૭૬ થી ૭૮) તેથી ખેદપૂર્વક યક્ષે કહ્યું, હે તપસ્વીઓ ! તે હું ક્રિયાનો (મંગુલ=) ચોર તમારો ગુરુ આર્યમંગુ છું. (૧૪૭૯) (તે સાંભળી) તેઓએ ખેદથી કહ્યું, હા ! શ્રુત-નિધિ ! બન્ને શિક્ષામાં અતિ દક્ષ તમે હલકી યક્ષની યોનિને કેમ પામ્યા ? આ મોટું

આશ્ચર્ય છે. (૧૪૮૦) તેણે કહ્યું, હે મહાભાગ સાધુઓ ! આમાં કંઇ પણ આશ્ચર્ય નથી. સદ્ધર્મની ક્રિયાનાં કાર્યોમાં શિથિલ, શ્રાવકોમાં રાગ કરનારા, ઋદ્ધિ–રસ અને શાતા–ગારવથી ભારે બનેલા, શીતલવિહારી, મારા જેવા રસનેન્દ્રિયથી હારેલાની આ ગતિ જ થાય. (૧૪૮૧–૮૨) એમ મારી કુત્સિત દેવયોનિને જાણીને હે મહાસાત્ત્વિક સાધુઓ ! જો સદ્ગતિનું પ્રયોજન (હોય), તો દુર્લભ સંયમને પામીને તમે પ્રમાદના ત્યાગી, કામરૂપી યોદ્ધાને જીતનારા, ચરણ–કરણગુણમાં રક્ત, જ્ઞાનીઓની ભક્તિ (વિનય) કરનારા, મમત્વના ત્યાગી અને મોક્ષમાર્ગમાં આસક્ત, એવા ( ઉપધિ–આહાર વગેરેથી ) લઘુ થઈને પ્રાણીઓની રક્ષા કરતા વિચરો. (૧૪૮૩–૮૪) (શિષ્યોએ કહ્યું,) ભો ભો દેવાનુપ્રિય ! તમે અમને ઠીક જાગૃત કર્યા, એમ કહીને મુનિઓ સંયમમાં ઉદ્યમી થયા. (૧૪૮૫) એમ આસેવનશિક્ષા વિનાની પૂર્ણ પણ ગ્રહણશિક્ષા કોઈ રીતે સદ્ગતિરૂપ વાંછિત ફળસાધક બનતી નથી. (૧૪૮૬) અને સમ્યગ્જ્ઞાન વિનાની આસેવન શિક્ષાને પણ સમ્યગ્જ્ઞાન વિનાના અંગારમર્દકની જેમ હિતકર કહી નથી. (૧૪૮૭) તે આ પ્રમાણે :—

**અંગારમર્દક આચાર્યની કથા** :–ગર્જનક નામે નગર છે, ત્યાં ઉત્તમ સાધુઓના સમુદાયથી પરિવરેલા, સદ્ધર્મમાં પરાયણ શ્રી વિજયસેનસૂરિજી માસકલ્પ રહ્યા. (૧૪૮૮) પાછલી રાત્રિના સમયે તેઓના શિષ્યોએ સ્વપ્ન જોયું કે "નિશ્ચે પાંચસો હાથીનાં બચ્ચાંથી શોભતો ભુંડ મકાનમાં પેઠો." (૧૪૮૯) તે પછી વિસ્મિત મનવાળા તેઓએ સ્વપ્નનો અર્થ સૂરિજીને પૂછ્યો. તેઓએ કહ્યું, હાથી જેવા ( ઉત્તમ ) સાધુઓની સાથે ભુંડ જેવો ( અધમ ) ગુરુ આવશે. (૧૪૯૦) તે પછી સૂર્ય ઊગ્યો ત્યારે સૌમ્ય ગ્રહોની સાથે શનિ જેવો અને કલ્પવૃક્ષોનાં ખંડોના સમૂહમાં એરંડવૃક્ષ જેવો, પાંચસો ઉત્તમ મુનિઓ સાથે રુદ્રદેવ નામે આચાર્ય આવ્યો. સાધુઓએ તેની સર્વ ઉચિત સેવા કરી. (૧૪૯૧–૯૨) તે પછી ( કોલ= ) ભુંડની પરીક્ષા માટે સ્થાનિક મુનિઓ ગુરુએ કહેવાથી કાયિકી ( માત્રાની ) ભૂમિમાં કોલસા નાખીને જ્યારે ગુપ્ત પ્રદેશમાં ઊભા રહેલા જોતા રહ્યા, ત્યારે પ્રાઘૂર્ણક સાધુઓ માત્રાની ભૂમિમાં ચાલ્યા. (૧૪૯૩–૯૪) પણ કોલસાને આક્રમણ થવાથી પ્રગટેલા 'કિસકિસ' અવાજને સાંભળતાં જ ખેદ પામેલા 'મિચ્છામિ દુક્કડં' કહીને, હા ! આવું ( અહીં ) આ શું છે ?–એમ બોલતા કોલસાના તે કિસકિસ અવાજની જગ્યાએ 'અહીં શું છે તે સવારે જોઈશું'–એવી બુદ્ધિથી ચિહ્નો કરીને તુર્ત પાછા ફર્યા. તે પછી તેઓનો ગુરુ તે કિસકિસ શબ્દ થવાથી પ્રસન્ન થયેલો "અહો શ્રી જિનેશ્વરોએ આને પણ જીવો કહ્યા છે"–એમ બોલતો ( જિનની હાંસી કરતો ) કોલસાને ( પગથી ) ગાઢ ચૂરતો માત્રાની ભૂમિમાં ગયો અને આ હકીકત તે શિષ્યોએ પોતાના આચાર્યને કહી. (૧૪૯૫ થી ૯૮) તેઓએ પણ કહ્યું, હે તપસ્વીઓ ! તે આ ગુરુ ભુંડ ( જેવો ) અને આ એના શિષ્યો મહામુનિઓ હાથીનાં બચ્ચાં જેવા છે. (૧૪૯૯) તે પછી પ્રસંગે શ્રી વિજયસેનસૂરિજીએ પ્રાઘૂર્ણક સાધુઓને જેવું જોયું હતું તેવું હેતુ અને

યુક્તિઓથી જણાવીને ( સમજાવીને ) કહ્યું કે– (૧૫૦૦) ભો ભો મહાનુભાવો ! આ તમારો ગુરુ નિશ્ચિત અભવ્ય છે, માટે જો મોક્ષની કાંક્ષાવાળા છો, તો શીઘ્રમેવ તેનો ત્યાગ કરો. (૧૫૦૧) કારણ કે–ઊલટા પંથે ચઢેલા મૂઢબુદ્ધિવાળા એવા પણ ગુરુનો ત્યાગ નહિ કરવાથી દોષના પ્રસંગો આવે, માટે વિધિપૂર્વક ( તેઓનો ) ત્યાગ કરવો યોગ્ય છે. (૧૫૦૨) એમ સાંભળીને તેઓએ ઉપાયપૂર્વક શીઘ્ર એને છોડી દીધો અને ઉગ્ર તપ–વિશેષ કરતા તેઓએ દેવલક્ષ્મીની (સ્વર્ગની) પ્રાપ્તિ કરી. (૧૫૦૩) તે અંગારમર્દક પુનઃ કષ્ટકારી ક્રિયાઓમાં તત્પર છતાં સદ્જ્ઞાનરહિત હોવાથી ચિરકાળ સંસારમાં દુઃખી થયો. (૧૫૦૪) એથી હે દેવાનુપ્રિય ! આરાધનાને ઇચ્છતા તમે ગ્રહણ અને આસેવનરૂપ બન્ને શિક્ષાઓમાં પણ સમ્યગ્ યત્ન કરો. (૧૫૦૫)

**ગ્રહણ–આસેવનશિક્ષાના પ્રકારો** :–એ પ્રમાણે કહી તે ઉભય શિક્ષાઓ પણ પુનઃ બે બે પ્રકારની છે. એક સામાન્ય આચારસ્વરુપ અને બીજી અવિશેષ આચારસ્વરૂપ. (૧૫૦૬) તે પ્રત્યેકના પણ ૧–સાધુ સંબંધી અને ૨-ગૃહસ્થ સંબંધી, એમ બે પ્રકારો જાણવા.

**સાધુનો અને ગૃહસ્થનો સામાન્ય આચારધર્મ** :– તેમાં ( પ્રથમ ) હું ગૃહસ્થની સામાન્ય આચારરૂપ આસેવનશિક્ષાને કહું છું. (૧૫૦૭) લોક નિંદા કરે તેવા વ્યાપારના ત્યાગપૂર્વક, ( મનના ) કાલુષ્યથી રહિત, સદ્ધર્મક્રિયાના પરિપાલનરૂપ ( ધર્મની રક્ષા થાય તેવી ) શંખની કાન્તિ જેવી ( નિષ્કલંક ), મહાસમુદ્ર જેવી ગંભીર ( હર્ષ–શોકથી રહિત ), ચંદ્રની ઠંડી ચાંદની જેવી (કષાયરહિત), હરિણીઓના નેત્ર જેવી ( નિર્વિકાર ) અને શેરડીની મધુરતા જેવી ( લોકપ્રિય ) એવી વ્યવહારશુદ્ધિ ( જિનોક્ત માર્ગાનુસારિતા ) જો કે ઉત્તમ શ્રાવકકુળમાં મળેલાં જન્મના પ્રભાવે ( શ્રાવકોને ) સહજસિધ્ધ હોય છે, તો પણ આ પ્રમાણે વિશેષતા જાણવી. (૧૫૦૮ થી ૧૦) જ્ઞાનવૃધ્ધ અને વયો-વૃધ્ધની સેવા, શાસ્ત્રોનો અભ્યાસ, પરોપકારીપણું, ઉત્તમ ચારિત્રવાળા મનુષ્યોની પ્રશંસા, દાક્ષિણ્યપરાયણતા, ઉત્તમ ગુણોનો અનુરાગ, ઉત્સુકતાનો ત્યાગ, અક્ષુદ્રપણું, પરલોકભીરુતા, સર્વત્ર ( અણુક્ખમ= ) ક્રોધનો પરિહાર, દેવગુરુ, અને અતિથિની પૂજા, પક્ષપાત વિના ન્યાયનું પાલન, અસદ્ આગ્રહનો ત્યાગ, અન્યની સાથે સ્નેહપૂર્વક વાર્તાલાપ, સંકટમાં સુધૈર્ય, સંપત્તિમાં નિરભિમાનતા ( નમ્રતા ), પોતાના ગુણની પ્રશંસા ( સાંભળવામાં ) લજ્જા, આત્મશ્લાઘાનો ત્યાગ, ન્યાય અને પરાક્રમથી સુશોભિત, લજ્જાળુતા, સુંદર દીર્ઘદર્શિતા, ઉત્તમ પુરુષોના માર્ગને (અથવા આચરણને) અનુસરવું, સ્વીકારેલી પ્રતિજ્ઞાના ભારને વહન કરવામાં એક ધોરીવૃષભ ( સમર્થ ) પણું ( પ્રાણાન્તે પણ પ્રતિજ્ઞાપાલન ), ઉચિત મર્યાદાનું પાલન, સહેલાઇથી પ્રસન્ન કરી શકાય તેવી સરળતા, જનપ્રિયત્વ, પર-પીડાનો ત્યાગ, સ્થિરતા, સંતોષ એ જ ધનિકપણું, ગુણોનો સતત અભ્યાસ, પરહિતમાં એકરસિકતા, વિનીત સ્વભાવ, હિતોપદેશનો આશ્રય ( સ્વીકાર ) કરવો, ( માતા–પિતાદિ ) ગુરુવર્ગના અને રાજા વગેરેનો અવર્ણવાદ વગેરે નહિ કરવા, આ લોક–પરલોકના અપાય

વગેરેનું સારી રીતે ચિંતન, વગેરે આ લોક-પરલોકમાં હિતકારી એવા ગુણસમૂહને શ્રાવકોએ નિત્ય પ્રયત્નપૂર્વક આત્મામાં સ્થિર કરવો. (**૧૫૧૧ થી ૧૯**) એમ આ સામાન્ય આચારોનો આરાધક ગૃહસ્થ, આ સામાન્ય ગુણો વિશેષ આચારમાં મુખ્ય હેતુ હોવાથી નિશ્ચે તે ગુણોની સિદ્ધિમાં પ્રયત્ન કરતાં વિશેષ આચારોને પણ સાધી શકે. (**૧૫૨૦**) સામાન્ય ગુણોમાં પણ અશક્ત મનુષ્ય વિશેષ ગુણોમાં કેમ સમર્થ થઈ શકે ? સરસવ પણ ઉપાડવામાં અસમર્થ મેરુપર્વતને ઉપાડી ન શકે. (**૧૫૨૧**) લોકસ્થિતિમાં ( સામાન્ય લોકમાં ) પ્રધાન એવો ઉત્તમ સાધુ પણ એ જ રીતે પોતાની ભૂમિકાને ઉચિત સામાન્ય આસેવનશિક્ષાને ( આચારને ) અનુસરે. (**૧૫૨૨**) હવે પૂર્વે ( ગા. ૧૫૦૬ ) સૂચિત ઉત્તમ શ્રાવકની અને સાધુની, એમ બે પ્રકારની પણ વિશેષ આસેવનશિક્ષાને સમ્યગ્ વિભાગથી સંક્ષેપમાં કહું છું. (**૧૫૨૩**) તેમાં પણ સામાન્ય આસેવનશિક્ષાના પાલનથી સવિશેષ યોગ્યતાને પામેલા, જિનમતના સમ્યગ્ જાણ, એવા ગૃહસ્થની વિશેષ અસેવન-શિક્ષા પ્રથમ કહેવાય છે. તે આ પ્રમાણે :—

**ગૃહસ્થનો વિશિષ્ટ આચારધર્મ**:-પ્રતિદિન વધતા શુભ પરિણામવાળો (ગૃહસ્થ ઘરવાસની આસક્તિનું પરિણામ અહિતકર જાણીને, આયુષ્યને, યૌવનને અને ધનને સખ્ત પવનથી ડોલતા કેળના પત્રને લાગેલા જળબિન્દુના જેવું (ક્ષણવિનશ્વર) માનીને, સ્વભાવે જ વિનીત, સ્વભાવે જ ભદ્રિક, સ્વભાવે જ પરમ સંવેગી (વૈરાગી), પ્રકૃતિએ જ ઉદાર ચિત્તવાળો અને પ્રકૃતિએ જ યથાશક્તિ ઉપાડેલા ભારને વહન કરવામાં ધોરીવૃષભ જેવો ( પ્રતિજ્ઞા-પાલક), એવો બુદ્ધિમાન સુશ્રાવક સદાય સાધર્મિકવાત્સલ્યમાં, જીર્ણમંદિરોના ઉદ્ધારમાં અને પરનિંદાના ત્યાગમાં યત્ન કરે. (**૧૫૨૪ થી ૨૮**) તથા નિદ્રા પૂર્ણ થતાં (જાગતાં) જ પંચ મહા (પરમેષ્ઠિ) મંગળનું વિધાન (સ્મરણ) કરીને, (દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવ વગેરેનું અનુસ્મરણ કરતો ( ધર્મજાગરિકા પૂર્વક ) ઉઠીને, (લઘુશંકાદિ) સમયોચિત કરીને, સ્વ ગૃહમંદિરમાં સંક્ષેપથી પણ શ્રી જિનપ્રતિમાઓને વાંદીને, સાધુની વસતિએ જાય અને ત્યાં આવશ્યક (પ્રતિક્રમણ) વગેરે કરે. (**૧૫૨૯-૩૦**) એમ કરવાથી ૧-શ્રી જિનેશ્વરની આજ્ઞાનું સમ્યગ્ પાલન, ૨-ગુરુપરતંત્રતા ( વિનય ), ૩-સૂત્ર-અર્થનું વિશેષજ્ઞાન, ૪-યથાસ્થિત સામાચારી(આચારો)માં કુશળતા, ૫-અશુદ્ધ (મિથ્યા) બુદ્ધિનો નાશ અને ૬-ગુરુસાક્ષીએ ધર્મ, એમ સંપૂર્ણ વિધિ પળાય. (**૧૫૩૧-૩૨**) અથવા સાધુઓનો યોગ ન હોય, કે વસતિમાં સંકડાશ હોય, વગેરે કારણે ગુરુઆજ્ઞાથી પૌષધશાળાદિમાં પણ કરે. (**૧૫૩૩**) પછી ક્ષણ ( સમય પ્રમાણે ) સ્વાધ્યાય કરીને નવા સૂત્રને પણ ભણે. પછી ત્યાંથી નીકળીને, દ્રવ્ય-ભાવથી નિર્મળ થઇને, પ્રથમ પોતાના ઘરમાં જ નિત્ય સવારે સૂત્ર વિધિપૂર્વક ચૈત્યવંદન અને વૈભવને અનુસારે પૂજા કરે. (**૧૫૩૪-૩૫**) તે પછી વૈરાગી ઉત્તમ શ્રાવક જો તેને તેવું કોઈ ઘરકાર્ય ન હોય, તો તે વેળાએ જ શરીરશુદ્ધિ (સ્નાન) કરીને, ઉત્તમ શણગાર સજીને, પુષ્પો વગેરે વિવિધ પૂજાની ઉત્તમ સામગ્રીના સમૂહને હાથમાં ઉપાડેલા પરિવારને

સાથે લઈને, શ્રી જિનમંદિરે જાય અને પાંચ પ્રકારના અભિગમ(વિનય)પૂર્વક ત્યાં પ્રવેશ કરીને, વિધિપૂર્વક સમ્યક્ શ્રેષ્ઠ પૂજા કરીને, જયવીયરાય સુધી (સંપૂર્ણ) દેવવન્દન કરે. (૧૫૩૬ થી ૩૮) પછી કોઈ કારણે ( પ્રાતઃ ) સામાયિક વગેરે (સાધુ સમીપે ન કરતાં) જિન-ભુવનના મંડપમાં, પોતાના ઘેર કે પૌષધશાળામાં કર્યું હોય તો સાધુઓની પાસે જઈને વન્દનપૂર્વક સમ્યક્ પચ્ચક્ખાણ કરે અને (ક્ષણ=)સમય પ્રમાણે શ્રી જિનવાણીનું શ્રવણ કરે. (૧૫૩૯-૪૦) તથા બાળ-ગ્લાન વગેરે સાધુઓના વિષયમાં ( શાતાદિ ) પૂછે અને તેમનું (કરવાયોગ્ય ઔષધાદિ) સમગ્ર કાર્ય યથાયોગ્ય ભક્તિપૂર્વક પૂર્ણ કરે. (૧૫૪૧) તે પછી આજીવિકા માટે કુળક્રમને અનુસરીને, લોકાપવાદ ન થાય તે રીતે, અનિંદિત (ધર્મનિંદાય નહિ તેવા ) વેપારને કરે (૧૫૪૨) ભોજનવેળાએ ઘેર આવીને ( સ્નાનાદિ કરી શ્રીસંઘના મંદિરે ) પુષ્પાદિથી ( અંગપૂજા ), નૈવેદ્યાદિથી ( અગ્રપૂજા ) વસ્ત્રાદિથી (સત્કારપૂજા) અને ઉત્તમ ભાવવાહી સ્તોત્રોથી (ભાવપૂજા) -એમ ચાર પ્રકારની પૂજાવડે વિધિપૂર્વક શ્રી જિન-પ્રતિમાને સમ્યગ્ પૂજીને, તે પછી સાધુ પાસે જઈને, "હે ભગવંત ! મારા ઉપર અનુગ્રહ કરો." જગજીવવત્સલ આપ અશનાદિ વસ્તુઓને ગ્રહણ કરીને સંસારરૂપી કુવામાં પડેલા મને હાથનો ટેકો આપો. ( બહાર કાઢો, એમ વિનંતિ કરે. ) (૧૫૪૩ થી ૪૫) પછી ( સાથે ) ચાલતા સંઘાટકની ( બે સાધુની ) પાછળ ચાલતો ઘરના બારણા સુધી જાય. એ પ્રસંગે બીજા ( સ્વજનો ) પણ ( ઘરમાંથી ) સામા આવે અને તે ( સર્વે ) વન્દન કરે. પછી પ્રગટેલી શ્રદ્ધા( દાનરુચિ )વાળો શ્રાવક પણ ( ગુરુના ) પગને પ્રમાર્જીને, આસને બેસવાની વિનંતિ કરીને, વિધિપૂર્વક સંવિભાગ કરે. ( દાન આપે ) (૧૫૪૬-૪૭) પછી વંદનપૂર્વક વળાવીને, પાછો ઘેર આવીને, પિતાદિને જમાડીને, પશુઓ, નોકરો વગેરેની પણ ચિંતા ( સંભાળ ) કરીને, ( તેઓને યથાયોગ્ય ચારો, પાણી, ભોજન વગેરે આપીને ), બહારગામથી આવેલા શ્રાવકોની પણ ચિંતા કરીને અને માંદા-ઓની સંભાળ કરીને, પછી ઉચિત સ્થાને-ઉચિત આસને બેસીને, કરેલા પચ્ચક્ખાણનું સ્મરણ કરીને (પારીને), શ્રી નવકારમંત્રને ગણીને પછી ભોજન કરે. (૧૫૪૮ થી ૫૦) ભોજન કર્યા પછી વિધિથી ઘરમંદિરનાં પ્રતિમાજી આગળ બેસીને, ચૈત્યવન્દન કરીને, દિવસચરિમં વગેરે પચ્ચક્ખાણ કરે. (૧૫૫૧) સમય પ્રમાણે સ્વાધ્યાય અને કંઈક નવું પણ ભણીને, પુનઃ આજીવિકા નિમિત્તે અનિંદનીય વેપાર કરે. (૧૫૫૨) સંધ્યા સમયે પુનઃ પોતાના ઘરમંદિરમાં શ્રી જિનેશ્વરોની પૂજા કરીને, ઉત્તમ સ્તુતિ-સ્તોત્રપૂર્વક વંદન પણ કરે. (૧૫૫૩) પછી સંઘના શ્રી જિનમંદિરે જઈને, શ્રી જિનબિંબોને પૂજીને ચૈત્યવન્દન કરે અને પ્રાતઃકાળે કહ્યું તે રીતે સાંજે પણ સામાયિક-પ્રતિક્રમણાદિ કરે. (૧૫૫૪) તે (પ્રતિક્રમણાદિ જો સાધુ પાસે ન કરે, તો પછી સાધુના ઉપાશ્રયે જાય, ત્યાં વંદના, આલોચના અને ક્ષમાપના પણ કરીને પચ્ચક્ખાણ સ્વીકારે, અને સમય પ્રમાણે ધર્મશાસ્ત્રનું શ્રવણ, સાધુઓની વિશ્રામણા ( શરીરસેવા ) વગેરે ભક્તિપૂર્વક વિધિથી કરે. (૧૫૫૫-૫૬) સંદિગ્ધ શબ્દો

(અર્થી) પૂછીને અને શ્રાવકવર્ગનું પણ ઔચિત્ય કરીને ઘેર જાય. વિધિપૂર્વક શયન કરે અને દેવ-ગુરુનું સ્મરણ કરે. (૧૫૫૭) ઉત્કૃષ્ટ બ્રહ્મચર્ય પાળે, અથવા મૈથુનનું 'અમુક વાર વગેરે નિયમપૂર્વક પ્રમાણ કરે. પછી કંદર્પ, (કૌત્કુચ્ય) વગેરેને તજીને એકાન્ત સ્થળે શયન કરે, (૧૫૫૮) એમ છતાં આકરા મોહોદયને વશ જો કોઈ રીતે અધમ (ભોગ) કાર્યમાં વર્તે, તો પણ મોહનો વેગ (વિકાર) શાન્ત થયા પછી ભાવપૂર્વક આ પ્રમાણે વિચારે. (૧૫૫૯) મોહ દુઃખોનું અને સર્વ અનર્થોનું મૂળ છે, એને વશ પડેલા પ્રાણીઓ હિતને અહિત માને છે. (૧૫૬૦) વળી જેને વશ પડેલા મનુષ્યો સ્ત્રીઓનાં અસાર પણ મુખ વગેરેને ચંદ્ર વગેરેની ઉપમાઓ આપે છે. અહો! તે મોહને ધિક્કાર થાઓ! (૧૫૬૧) (એમ મોહને ધિક્કારતો તે) સ્ત્રીશરીરના (સતત્ત્વ=) વાસ્તવિક સ્વરૂપનું તે રીતે ચિંતન કરે, કે જે રીતે મોહશત્રુને જીતવાથી સંવેગનો આનંદ ઊછળે. (૧૫૬૨) તે આ પ્રમાણે-સ્ત્રીઓનું જે મુખ ચંદ્રની કાન્તિ જેવું મનોહર (કહેવાય) છે, તે પણ મેલને ઝરતાં (ચક્ષુ-કાન-નાક અને મુખ, એ) સાત નાળાંથી યુક્ત છે. (૧૫૬૩) મોટાં અને ગોળ એવાં સ્તનો માંસથી ભરેલા (લોચા) છે, પેટ અશુચિની પેટી છે અને શેષશરીર પણ માંસ, હાડકાં અને નસો (ની રચના માત્ર છે.) (૧૫૬૪) વળી શરીર સ્વભાવથી જ દુર્ગંધવાળું, મેલથી ભરેલું, મલિન અને નાશ પામનારું છે, પ્રકૃતિથી જ અધોગતિનું દ્વાર, ઘૃણાજનક અને તિરસ્કરણીય છે. (૧૫૬૫) વળી જે (રમણં=) ગુહ્ય ભાગ, તે પણ અતિ લજ્જા પમાડનાર અનિષ્ટરૂપ હોવાથી તેને ઢાંકવો પડે છે, છતાં તેમાં જે રાગ કરે તે મનુષ્ય (અવ્વો=) ખેદની વાત છે કે-બીજા કયા નિમિત્તથી વિરાગી થશે? અથવા બીજી કયી વસ્તુમાં રાગ નહિ કરે! (૧૫૬૬) આવા ગુણ(દોષો) વાળી સ્ત્રીઓના ભોગમાં જેઓ વિરાગી છે; તેઓએ જ નિશ્ચે જન્મ, જરા અને મરણને જલાંજલી આપી છે. (૧૫૬૭) એમ જે નિમિત્તથી (જીવનમાં) બાધા (ગુણઘાત) થાય, તેના તે તે પ્રતિપક્ષને પહેલી-પાછલી રાત્રિના સમયે સમ્યગ્ વિચારે, બહુ કહેવાથી શું? (૧૫૬૮) શ્રી તીર્થંકરની સેવા, પંચવિધ આચારરૂપી ધનવાળા (પાલક) ગુરુની ભક્તિ, સુવિહિત યતિજનની (સાધુઓની) સેવા, સમાન કે અધિક ગુણીઓની સાથે રહેવું. (૧૫૬૯) નવા નવા ગુણોને મેળવવા, અપૂર્વ અને અપૂર્વતર (શ્રેષ્ઠાતિશ્રેષ્ઠ અથવા નવા નવા) શ્રુતનો અભ્યાસ, અપૂર્વ અર્થનું જ્ઞાન અને નવી નવી હિતશિક્ષા મેળવવી. (૧૫૭૦) સમ્યક્ત્વગુણની વિશુદ્ધિ (નિર્મળતા) કરવી, યથાગૃહિત વ્રતોમાં અતિચાર નહિ સેવવા, સ્વીકારેલા ધર્મરૂપી ગુણોનો વિરોધ ન થાય તેવાં ઘરકાર્યો કરવાં. (૧૫૭૧) ધર્મમાં જ ધનની બુદ્ધિ કરવી, સાધર્મિકોમાં જ ગાઢ રાગ કરવો અને શાસ્ત્રકથિત વિધિના પાલક અતિથિને દાન કર્યા પછી શેષ વધેલું ભોજન કરવું. (૧૫૭૨) આ લોકનાં (લૌકિક) કાર્યોમાં શિથિલતા (અનાદર), પરલોકની આરાધનામાં એકરસતા (આદર), ચારિત્રગુણમાં લોલુપતા, લોકાપવાદ થાય તેવાં કાર્યોમાં ભીરુતા (૧૫૭૩) અને સંસાર-મોક્ષના વાસ્તવિક ગુણ-દોષની ભાવનાને અનુસરીને પ્રત્યેક પ્રસંગે સમ્યક્તયા પરમ 'સંવેગરસનો' અનુભવ કરવો. (૧૫૭૪) સર્વ કાર્યો વિધિપૂર્વક

કરવાં, શ્રી જિનશાસન દ્વારા પરમ શમરસની પ્રાપ્તિ અને સંવેગના સારભૂત સામાયિક, સ્વાધ્યાય તથા ધ્યાનમાં એકરસિકતા, (૧૫૭૫) એ વગેરે ઉત્તર ઉત્તર ગુણસમૂહને સમ્યગ્ આરાધતો, અતૃપ્ત, બુદ્ધિમાન, એવો કુલિન ગૃહસ્થ સમયને વીતાવે. (૧૫૭૬) એથી જેમ કોઈ પગલે પગલે મોટા પણ પર્વત ઉપર ચઢે, તેમ ધીર પુરુષ આરાધનારૂપી પર્વત ઉપર સમ્યક્ સમારુઢ થાય. (૧૫૭૭) એ પ્રમાણે ધર્મના અર્થી ગૃહસ્થના વિશેષ આચારો અહીં સુધી કહ્યા. હવે સાધુ સંબંધી તે (વિશેષ આસેવનશિક્ષા) સંક્ષેપમાં કહીએ છીએ. (૧૫૭૮)

**સાધુનો વિશિષ્ટ આચારધર્મ** :-સિદ્ધાન્તના જ્ઞાતાઓએ કહેલી માત્ર સાધુની જે પ્રતિદિનની ક્રિયા, તેને જ વિશેષ આસેવનક્રિયા પણ કહી છે. તે આ પ્રમાણે જાણવી. (૧૫૭૯) પ્રતિલેખના, પ્રમાર્જના, ભિક્ષાચર્યા, આલોચના, ભોજન, પાત્ર ધોવાં, વિચાર (સ્થંડિલે જવું), સ્થંડિલ (શુદ્ધિ) અને પ્રતિક્રમણ કરવું, વગેરે. (૧૫૮૦) વળી જે 'ઇચ્છાકાર-મિથ્યાકાર' વગેરે ઉપસંપદા સુધીની સુવિહિત જનને યોગ્ય દશધા સામાચારી (તેનું પાલન કરે,) (૧૫૮૧) સ્વયં ભણે, અન્યને ભણાવે અને તત્ત્વને પણ પ્રયત્નથી વિચારે. જો આ વિશેષ આચારોમાં આદર ન હોય, તો તે મુનિ વ્યસની (મિથ્યા આદતવાળો) છે. (૧૫૮૨) એમ ગુણ-દોષની પરીક્ષા કરીને તથા ગ્રહણશિક્ષારૂપે જ્ઞાનને મેળવીને, ક્ષણ ક્ષણ આસેવનશિક્ષાને અનુસરવું. (૧૫૮૩) એ પ્રમાણે સામાન્યતયા ધર્મના સઘળાય અર્થીઓ, આ અવાન્તરભેદો સહિત જે બન્ને પ્રકારની શિક્ષા કહી તેનાથી યુક્ત હોય, તો આરાધનામાં એકચિત્તવાળાનું (તો પૂછવું જ) શું? (૧૫૮૪) ધર્માર્થીને પણ પૂર્વના આચારોના (દઢ) અભ્યાસ વિના એમ જ વિશેષ આરાધના શકય નથી. (૧૫૮૫) તે કારણે તે (વિશેષ) આરાધનાના અર્થીએ સર્વ રીતે આ કહી તે શિક્ષાઓમાં પ્રયત્નપૂર્વક યત્ન કરવો, હવે આ પ્રસંગથી સર્યું. (૧૫૮૬) એમ ધર્મોપદેશથી મનોહર અને પરિકર્મવિધિ વગેરે ચાર મુખ્ય દ્વારોવાળી આરાધનારૂપ સંવેગ રંગશાળાના પંદર પેટાદ્વારવાળા પહેલા (પરિકર્મ) દ્વારનું આ ત્રીજું શિક્ષાદ્વાર ભેદ(પ્રભેદ)પૂર્વક સમાપ્ત થયું. (૧૫૮૭-૮૮)

**ચોથું વિનયદ્વાર** :-પૂર્વોક્ત (બન્ને) શિક્ષાઓમાં ચતુર પણ આરાધક વિનય વિના કૃતાર્થ ન થાય, માટે હવે વિનયદ્વાર કહીએ છીએ. (૧૫૮૯) વિનય પાંચ પ્રકારનો કહ્યો છે. જ્ઞાન-દર્શન અને ચારિત્રમાં વિનય, ચોથો તપવિનય અને છેલ્લો ઉપચારવિનય. (૧૫૯૦) તેમાં જ્ઞાનનો વિનય ૧-કાલ, ૨-વિનય, ૩-બહુમાન, ૪-ઉપધાન, ૫-અનિન્હવણ તથા ૬-વ્યંજન, ૭-અર્થ અને ૮-તદુભય, એમ આઠ પ્રકારે છે. (૧૫૯૧) દર્શનવિનય (પણ) નિઃશંકિત, નિષ્કાંક્ષિત, નિર્વિતિગિચ્છા, અમૂઢદૃષ્ટિ, ઉપબૃંહણા, સ્થિરીકરણ, વાત્સલ્ય અને પ્રભાવના, એ આઠ પ્રકારે જાણવો. (૧૫૯૨) પ્રણિધાનપૂર્વક જે ત્રણ ગુપ્તિઓ અને પાંચ સમિતિઓને આશ્રીને ઉદ્યમ કરે, તેને (અષ્ટધા) ચારિત્રવિનય થાય. (૧૫૯૩) તપમાં તથા તપના રાગી તપસ્વીઓમાં ભક્તિભાવ, બીજા અતપસ્વીઓની હીલનાનો ત્યાગ અને શક્તિ અનુસાર પણ તપનો ઉદ્યમ, આ તપવિનય જાણવો. (૧૫૯૪)

ઔપચારિક વિનય કાયિક, વાચિક અને માનસિક–એમ ત્રણ પ્રકારે છે. તે પ્રત્યેક પણ પ્રત્યક્ષ અને પરોક્ષ–એમ બે પ્રકારે છે. (૧૫૯૫) તેમાં ગુણવંતોના દર્શન માત્રથી પણ ઊભા થવું, સાત–આઠ પગલાં આવતાની સામે જવું, વિનયપૂર્વક બે હાથ જોડીને અંજલિ કરવી, તેઓના પગ પ્રમાર્જવા, આસન આપવું અને તેઓ બેઠા પછી ઉચિત સ્થાને પોતે બેસવું, ઇત્યાદિ કાયિકવિનય જાણવો. અધિક જ્ઞાનીને આશ્રીને ગૌરવવાળાં વચનો કહીને, તેઓના ગુણગણનું કીર્તન કરનારને વાચિકવિનય થાય અને તેઓને આશ્રીને જ જે અકુશળ મનનો નિરોધ અને કુશળ મનની ઉદીરણા થાય, તે માનસિક-વિનય (જાણવો). (૧૫૯૬ થી ૯૯) તેમાં આસન આપવું, વગેરે (તેઓની પ્રત્યક્ષ કરાય તે) પ્રત્યક્ષવિનય અને ગુરુના વિરહમાં પણ તેઓએ કહેલી વિધિ (ક્રિયા) જેમાં મુખ્ય હોય એવી પ્રવૃત્તિ કરવાથી તે જ પરોક્ષવિનય કહેવાય. (૧૬૦૦) એ પ્રમાણે ઘણા ભેદ-વાળા વિનયને સારી રીતે જાણીને આરાધનાનો અભિલાષી, ધીર, તે વિનયને સમ્યક્ કરે. કારણ કે–(૧૬૦૧) જેની પાસેથી વિદ્યા શીખે, તે ધર્મગુરુનો અવિનયથી જે પરાભવ કરે, તેને તે સારી રીતે ગ્રહણ કરેલી પણ વિદ્યા દુઃખપૂર્વક ફળને આપે છે. (૧૬૦૨) વળી જો ગુરુઓએ ઉપદેશેલા વિનયને (હિતશિક્ષાને) ભાવથી સ્વીકારે (આચરે), તો મનુષ્ય સર્વત્ર વિશ્વાસ, (તત્ત્વાતત્ત્વનો) નિર્ણય અને (વિશિષ્ટ) બુદ્ધિને મેળવે છે. (૧૬૦૩) કુશળ પુરુષો સાધુના અથવા ગૃહસ્થોના વિનયને જ પ્રશંસે છે. (કારણ કે–તે સર્વ ગુણોનું મૂળ છે.) અવિનીત મનુષ્ય લોકમાં કીર્તિને અને યશને નિયમા નથી પામતો. (૧૬૦૪) કેટલાક વિનયને જાણવા છતાં કર્મવિપાકના દોષથી રાગ–દ્વેષને વશ પડેલા, વિનય કરવાને ઇચ્છતા નથી. (૧૬૦૫) વિનય લક્ષ્મીનું મૂળ છે, વિનય સમસ્ત સુખોનું મૂળ છે, વિનય નિશ્ચે ધર્મનું મૂળ છે અને વિનય કલ્યાણ (મોક્ષ)નું પણ મૂળ છે. (૧૬૦૬) વિનય-રહિતનું સઘળું પણ અનુષ્ઠાન નિરર્થક છે, વિનયવાળાનું તે સઘળું (અનુષ્ઠાન) સફળ-તાને પામે છે. (૧૬૦૭) તથા વિનયરહિતને (આપેલી) સઘળી પણ શિક્ષા નિરર્થક થાય છે. શિક્ષાનું ફળ વિનય અને વિનયનું ફળ સર્વમાં મુખ્યતા (અગ્રેસરતા) છે. (૧૬૦૮) વિનયથી દોષો પણ ગુણસ્વરૂપ બને છે, અવિનીતના ગુણો પણ દોષરૂપ બને છે. સજ્જનોના મનને રંજન કરનારી મૈત્રી પણ વિનયથી થાય છે. (૧૬૦૯) માતા–પિતા પણ વિનીતમાં સમ્યગ્ ગુરુપણું (તેને ગુરુરૂપે) જુએ છે અને ખેદજનક છે કે–અવિનીતના માતા–પિતા પણ તેને શત્રુરૂપે જુએ છે. (૧૬૧૦) વિનયોપચાર કરવાથી અદૃશ્ય રૂપવાળા (દેવાદિ) પણ દર્શન આપે છે, અવિનયથી રુષ્ટ થએલા પાસે રહેલા પણ (તે) શીઘ્ર દૂર જાય છે. (૧૬૧૧) પ્રસૂત ગાય પોતાના વાછરડાને જોઈને જેમ અતિ પ્રસન્ન થાય, તેમ પત્થર જેવા કઠોર હૃદય-વાળા અને અસહિષ્ણુ (તેજોદ્વેષી) પણ (મનુષ્ય) વિનયથી શીઘ્ર પ્રસન્ન થાય છે. (૧૬૧૨) વિનયથી વિશ્વાસ, વિનયથી સકળ પ્રયોજનની સિદ્ધિઓ અને વિનયથી જ સર્વે વિદ્યાઓ પણ સફળ બને છે. (૧૬૧૩) ગુરુનો પરાભવ કરનારી બુદ્ધિરૂપ દોષથી સુશિક્ષિત પણ

અવિનીતની વિદ્યા નાશ પામે છે, તે નાશ ન પામે તો પણ ગુણકારક થતી નથી. (૧૬૧૪) અવિનીતને વિદ્યા આપતા ગુરુ પણ ઉપાલંભને પામે છે, પોતાના કાર્યને ગુમાવે છે અને અવિનીતથી વિનાશને પણ પામે છે. (૧૬૧૫) વળી સારા કુળમાં જન્મેલી, શ્રેષ્ઠ પતિને વરેલી કુલબાલિકા, જેમ (પતિના બળને પામે), તેમ વિનયવંત પુરુષે ગ્રહણ કરેલી વિદ્યા પણ બળવાન બને છે. (૧૬૧૬) શ્રેણિક રાજાની જેમ ગુરુનો પરાભવ કરનારા દુર્વિનીતમાં વિદ્યા સંક્રમતી નથી. તે જ જો વિનીત બને, તો શ્રેણિકની જેમ તેનામાં સંક્રમે પણ છે. (૧૬૧૭) તે આ પ્રમાણે :—

**વિનય વિષે શ્રેણિક રાજાનો પ્રબંધ** :–રાજગૃહ નગરમાં ઈન્દ્રે જેની પ્રશંસા વિસ્તારી છે તેવો, સમ્યક્ત્વની સ્થિરતામાં દૃઢ અભ્યાસી હોય તેવો, સમ્યક્ત્વમાં સ્થિર બુધ્ધિવાળો શ્રેણિક નામે રાજા હતો. (૧૬૧૮) તેને સઘળી સ્ત્રીઓમાં મુખ્ય ચેલ્લણા નામે રાણી અને ચાર પ્રકારની બુધ્ધિથી સમૃધ્ધ એવો અભય નામનો તેનો જ પુત્ર મંત્રી હતો. (૧૬૧૯) એક પ્રસંગે રાણીએ રાજાને કહ્યું કે– મારા માટે એક સ્તંભવાળો મહેલ કરાવો. (૧૬૨૦) દુઃખેથી વારી શકાય તેવા સ્ત્રીના આગ્રહથી સંતપ્ત થયેલા રાજાએ તેની વાત સ્વીકારી અને અભયકુમારને (તેમ કરવા) આદેશ કર્યો- (૧૬૨૧) તે પછી (અભય મંત્રી) થંભા નિમિત્તે સુતારની સાથે અટવીમાં ગયો અને ત્યાં લીલો, અતિ મોટી શાખાવાળો એક વૃક્ષ જોયો. (૧૬૨૨) અભયે તે દેવથી અધિષ્ઠિત હશે, એમ માની ઉપવાસ કરીને વિવિધ પુષ્પો અને ધૂપોથી તે વૃક્ષને અધિવાસિત કર્યો (પૂજ્યો) (૧૬૨૩) પછી તેની બુધ્ધિથી પ્રસન્ન થએલા તે વૃક્ષમાં રહેનારા દેવે રાત્રિએ ઊંઘેલા અભયને કહ્યું, હે મહાનુભાવ! આ વૃક્ષને તું છેદીશ નહિ. (૧૬૨૪) તું તારા ઘેર જા, હું સર્વ ઋતુનાં વૃક્ષો, ફળો અને પુષ્પોથી મનોહર એવા બગીચાથી શોભતો એકસ્તંભો મહેલ કરીશ. (૧૬૨૫) એમ તેણે અટકાવેલો અભય સુતારની સાથે પોતાના ઘેર ગયો અને દેવે પણ આરામયુક્ત મહેલ બનાવ્યો. (૧૬૨૬) તે મહેલમાં રાણી સાથે વિવિધ ક્રીડા કરતા, પ્રીતિરૂપ સમુદ્રમાં ડૂબેલા, એવા રાજાના દિવસો વીતે છે. (૧૬૨૭) તે પછી (કોઈ વાર) તે નગરમાં રહેતા એક ચંડાળની પત્નીને ગર્ભના પ્રભાવે કોઈ એક દિવસે આંબાના ફળોનો દોહદ પ્રગટયો. (૧૬૨૮) પણ તે દોહદ ન પૂરાવાથી તેને પ્રતિદિન ક્ષીણ થતાં સર્વ અંગોવાળી જોઈને ચંડાળે પૂછ્યું. હે પ્રિયા! આમાં શું કારણ છે? (૧૬૨૯) ત્યારે તેણીએ પરિપક્વ આંબાનાં ફળોનો દોહદ કહ્યો. ચંડાળે કહ્યું. આંબાના ફળોનો જો કે આ અકાળ છે, તો પણ હે સુતનુ! કયાંયથી પણ તે હું લાવી આપીશ, ધીરી થા. પછી તે ચંડાળે રાજાનો બાગ સર્વ ઋતુના ફળવાળો સાંભળ્યો (૧૬૩૦–૩૧) અને બહાર ઉભા રહીને તે આરામને જોતાં તેણે એક પાકેલાં ફળવાળો આંબાનો વૃક્ષ જોયો. તે પછી રાત્રિ થઈ ત્યારે તેણે અવનામિની (નમાવનારી) વિદ્યા વડે ડાળીને નમાવીને

આંબાનાં ફળો લીધાં અને પુનઃ ઉત્તમ પ્રત્યવનામિની વિદ્યાવડે તે ડાળીને પુનઃ ઉંચી પહોંચાડીને પ્રસન્ન થયેલા તેણે તે ફળો પત્નીને આપ્યાં અને પૂર્ણ દોહદવાળી તે ગર્ભને વહન કરવા લાગી. (૧૬૩૨ થી ૩૪) તે પછી બીજાં બીજાં વૃક્ષોનું અવલોકન કરતા રાજાએ આંબાને પૂર્વદિવસે જોએલાં ફળો વિનાનો જોઈને રખેવાળ પુરુષોને કહ્યું, અહો ! આ આંબાને ફળના ભારરહિત ચૂંટેલો કોણે બનાવ્યો ? તેઓએ કહ્યું, હે દેવ ! નિશ્ચે અહીં કોઈ અન્ય પુરુષ પેઠો નથી, તેમ નીકળતા-પેસતા કોઈનાં પગલાં પણ પૃથ્વીતલમાં દેખાતાં નથી. તેથી હે દેવ! આ આશ્ચર્ય છે, (૧૬૩૫ થી ૩૭) પછી જેનું આવું અમાનુષી ( અચિંત્ય ) સામર્થ્ય છે, તેને કંઈ પણ અકરણીય નથી, ( અર્થાત્ તે શું ન કરે ? ) એમ વિચારીને શ્રેણિકે અભયને કહ્યું, હે પુત્ર ! આવા પ્રકારનાં કાર્યો કરવામાં સમર્થ ચોરને જલ્દી પકડો. ( કારણ કે- ) ( આજે ) જેમ ફળોને ચોર્યાં, તેમ કોઈ દિવસ પત્નીને પણ હરણ કરે. (૧૬૩૮-૩૯) ભૂમિતલે સ્પર્શતા મસ્તકવાળો ( વિનયથી નમેલો ) અભય 'મહા પ્રસાદ'-એમ કહીને ( આજ્ઞાને મસ્તકે ચઢાવીને ), ત્રિકોમાં ચોકોમાં ( ચૌટામાં ), ચોરને કાળજીપૂર્વક શોધવા લાગ્યો. (૧૬૪૦) કેટલાક દિવસો વીત્યા પણ તેના સમાચાર પણ ન મળ્યા, ત્યારે અભય અત્યંત ચિંતાતુર ચિત્તવાળો થયો. (૧૬૪૧) પછી અન્ય દિવસે ( કોઈ ) નટે નગરીની બહાર નાટક શરૂ કર્યું, ત્યાં ઘણો માનવસમૂહ ભેગો થયો, અભયે પણ ત્યાં જઈને સ્વભાવ ઓળખવા માટે કહ્યું, હે મનુષ્યો ! જ્યાં સુધી નટ ન આવે ત્યાં સુધી મારી એક વાર્તાને સાંભળો. (૧૬૪૨-૪૩) તેઓએ પણ કહ્યું, હે નાથ! કહો. તે પછી અભય કહેવા માંડયો કે-વસંતપુર નગરમાં જીર્ણ શેઠને એક પુત્રી હતી, દરિદ્રતાથી હણાએલા પિતાએ તેને પરણાવી નહિ, પછી બૃહતકુમારી ( મોટી ઉંમરની ) તે વરના પ્રયોજનવાળી કામદેવને પૂજવા લાગી. (૧૬૪૪-૪૫) ( એકદા પૂજા માટે ) આરામમાંથી ચોરીથી પુષ્પોને વીણતી તેને માળીએ જોઈ અને કંઈક વિકારપૂર્વક તેને બોલાવી. (૧૬૪૬) તેથી તેણીએ તેને કહ્યું, શું તારે મારા જેવી બ્હેન-બેટીઓ નથી ?, કે જેથી કુમારી પણ મને તું આવું કહે છે ? (૧૬૪૭) તેણે કહ્યું, જો તું પરણ્યા પછી ભર્તારે ભોગવ્યા પહેલાં મારી પાસે આવે તો તને છોડું, અન્યથા નહિ. (૧૬૪૮) પછી 'એમ કરીશ'-એમ સ્વીકારીને તે ઘેર ગઈ, પછી કોઈ દિવસે પ્રસન્ન થએલા કામદેવે તેને સુંદર મંત્રીનો પુત્ર વર આપ્યો (૧૬૪૯) અને અતિ શ્રેષ્ઠ લગ્નવેળાએ હસ્તગ્રહયોગે ( હાથ મેળવવાપૂર્વક ) તે તેને પરણી ? એ સમયે સૂર્યનું બિંબ અસ્તાચળે પહોંચ્યું ( અસ્ત થયો ). (૧૬૫૦) પછી કાજળ અને ભમરા જેવી કાન્તિવાળી અતિ ( કાળી ) અંધકારની શ્રેણી સર્વ દિશાઓમાં ફેલાણી. ( તે પછી ) કુમુદનાં ( રાત્રિવિકાસી કમળોનાં ) ખંડની જડતાને દૂર કરનાર ચંદ્રનું મંડલ ઊગ્યું. ( અર્થાત્ કુમુદોને વિકસાવતો ચંદ્ર ઊગ્યો. ) (૧૬૫૧) પછી વિવિધ મણિમય ભૂષણોથી શોભતાં મનોહર સર્વ અંગોવાળી તે વાસભુવનમાં પહોંચી અને ભર્તા-

રને વિનવ્યો કે-(૧૬૫૨) 'પરણીને પ્રથમ મારી પાસે આવવું'-એવું માળીનું (વચન) તે વેળા મેં સ્વીકાર્યું છે, તેથી હે પ્રિયતમ ! હું ત્યાં જાઉં છું, રજા આપો ! (૧૬૫૩) (તે સાંભળીને) 'આ સત્ય પ્રતિજ્ઞાવાળી છે'-એમ માનીને તેણે અનુમતિ આપી. પછી પહેરેલાં શ્રેષ્ઠ ભૂષણોવાળી નગરની બહાર જતી તેને ચોરોએ જોઈ, તેથી 'આ તો મહા નિધાન (મળ્યું)'-એમ બોલતા (તેઓએ) તેણીને પકડી અને તેણીએ પોતાની હકીકત જણાવી. (૧૬૫૪-૫૫) ચોરોએ કહ્યું, હે સુતનુ ! જા, પણ શીઘ્ર પાછી વળજે, કે જેથી તને ચોરીને જેવા આવ્યા તેવા અમે પાછા જઈએ. (૧૬૫૬) 'એમ કરીશ'-એવું કહીને તે ચાલી. પછી અર્ધમાર્ગે ચપળ કીકીઓથી આકૂળ એવી ઉછળતી આંખોના વિક્ષોભ(કટાક્ષ)વાળો, રણકાર કરતા (કચકચાવેલા) મોટા દાંતવાળો, અત્યંત ફાડેલી ભયંકર મુખરૂપી ગુફાવાળો, 'આવ આવ, ઘણા સમયથી ભૂખ્યા મને તું મળી છે'-એમ બોલતો, અત્યંત ભયંકર શરીરવાળો, અતિ દુઃપ્રેક્ષ્ય (સામે જોવાય પણ નહિ તેવો) એક રાક્ષસ આવ્યો. તેણે પણ હાથથી પકડી અને તેણીએ સાચી વાત કહી (૧૬૫૭ થી ૫૯) તેથી તેણે છોડી દીધી. પછી બગીચામાં જઈને સુખે સૂતેલા માળીને જગાડયો અને કહ્યું, હે સજ્જન ! તે હું અહીં આવી છું. (૧૬૬૦) આવી રાત્રિએ આભૂષણ સહિત તું શી રીતે આવી ?-એમ માળીએ પૂછ્યું અને તેણીએ જેમ બન્યું હતું તેમ સઘળું કહ્યું. (૧૬૬૧) તેથી અહો ! સત્ય પ્રતિજ્ઞાવાળી આ મહાસતી છે, એમ વિચારતા માળીએ પગોમાં પડીને (નમીને) તેને ત્યાંથી છોડી દીધી (રજા આપી). (૧૬૬૨) પછી રાક્ષસ પાસે આવી, તેણીએ માળીનો વૃતાન્ત કહ્યો, તેથી 'અહો ! આ મહા પ્રભાવવાળી છે, કે જેને તે માળીએ પણ છોડી દીધી'-એમ વિચારીને રાક્ષસે પણ પગમાં પડીને (નમીને) છોડી દીધી. પછી ચોરો પાસે ગઇ અને પૂર્વ વૃત્તાન્ત કહ્યો. (૧૬૬૩-૬૪) અનલ્પ મહિમા જોવાથી પક્ષપાતી (સન્માનવાળા) બનેલા તેઓએ પણ વંદન કરીને અલંકાર સાથે જ તેને ઘેર મોકલી. (૧૬૬૫) પછી આભરણો સહિત અક્ષત શરીરવાળી અને અખંડ શીલવાળી, તે પતિની પાસે ગઈ અને જેવો બન્યો તેવો સર્વ વૃત્તાન્ત કહ્યો. (૧૬૬૬) પછી પ્રસન્ન ચિત્તવાળા તેની સાથે સમસ્ત રાત્રિ સૂતી. પ્રભાતનો સમય થયે મંત્રીપુત્રે વિચાર્યું કે-(૧૬૬૭) ઈચ્છાને અનુસરનારા, સારા રૂપવાળા, સમાન સુખ-દુઃખવાળા (સુખ-દુઃખમાં ભાગ કરનારા) અને રહસ્યને (ગુપ્ત વાતોને) બહાર નહિ કાઢનારા (ગંભીર)-એવા મિત્રને અને એવી સ્ત્રીને ઊંઘમાંથી જાગતાં જ જોનારા (પ્રાતઃદર્શન કરનારા પુરુષો) ધન્ય છે, (અર્થાત્ ધન્ય પુરુષોને આવા સદ્‌ગુણી મિત્ર કે પત્ની મળે છે.) (૧૬૬૮) એ પ્રમાણે વિચારતાં તેણે તેણીને સમગ્ર ઘરની સ્વામિની કરી, અથવા નિષ્કપટ પ્રેમથી સોંપેલા હૃદયવાળાને શું (સન્માન) ન કરાય ? (૧૬૬૯) (પછી અભયે પૂછ્યું,) ભાઈઓ ! મને કહો, એ રીતે પતિ, ચોર, રાક્ષસ અને માળી, એ ચારમાં એ સ્ત્રીનો ત્યાગ કરવામાં દુષ્કર કોણે કર્યું ? (૧૬૭૦) ઈર્ષ્યાળુઓએ કહ્યું, સ્વામિન્ ! પતિએ અતિ

દુષ્કર કર્યું, કે જેણે રાત્રિએ પોતાની પ્રિયાને પરપુરુષ પાસે મોકલી. (૧૬૭૧) ક્ષુધાળુ-(ભૂખ્યા)ઓએ કહ્યું, રાક્ષસે જ અતિ દુષ્કર કાર્ય કર્યું, કે જેણે ઘણા કાળથી ભૂખ્યો છતાં ભક્ષ્ય કરવાયોગ્યનું પણ ભક્ષણ ન કર્યું. (૧૬૭૨) પછી પરદારિકોએ કહ્યું, હે દેવ ! એક માળી દુષ્કરકારી, કે જેણે રાત્રે સ્વયં આવેલી પણ તેણીને છોડી દીધી. (૧૬૭૩) ચંડાળે કહ્યું, (હોઉ= ) ભલે કોઈ ગમે તેમ કહે, ચોરોએ દુષ્કર કર્યું, કારણ કે-જેઓએ ત્યારે એકાન્ત (નિર્જન) સ્થાને પણ સોનાના આભરણોથી યુક્ત તેણીને છોડી દીધી. (૧૬૭૪) એમ કહેવાથી અભયે 'આ ચોર છે'-એમ નિર્ણય કરીને ચંડાળને પકડાવીને પૂછયું, આરામને (આંબાને) કેવી રીતે ચોર્યો ? (૧૬૭૫) તેણે કહ્યું. હે નાથ ! મારી શ્રેષ્ઠ વિદ્યાના બળે ચોર્યો. પછી એ સઘળો વ્યતિકર શ્રેણિકને કહ્યો. (૧૬૭૬) રાજાએ પણ કહ્યું, જો કોઈ રીતે તે ચંડાળ પોતાની વિદ્યાઓ મને આપે તો છોડી મૂકો, અન્યથા એનો જીવ લ્યો ! (૧૬૭૭) ચંડાળે વિદ્યા દેવાનું સ્વીકાર્યું. પછી સિંહાસને બેઠેલો રાજા વિદ્યાઓને ભણવા લાગ્યો. (૧૬૭૮) વારંવાર પ્રયત્નથી વિદ્યાને (ઉત્કીર્તિતા=)ગોખવા છતાં જ્યારે વિદ્યાઓ રાજાને સ્થિર (પ્રાપ્ત) ન થઈ, ત્યારે ગુસ્સે થએલો તે, ચંડાળને ઠપકો આપતો બોલ્યો અરે ! તું સમ્યક્ ભણાવતો નથી. (૧૬૭૯) અભયે કહ્યું, હે દેવ આમાં એનો થોડો પણ દોષ નથી, વિનયથી મેળવેલી વિદ્યાઓ સ્થિર થાય છે અને ફળ આપે છે. (૧૬૮૦) માટે આ ચંડાળને સિંહાસને બેસાડીને આપ જમીન ઉપર રહીને વિનયપૂર્વક ભણો !, કે જેથી હમણાં જ સ્થિર થાય (તુર્ત આવડે) ! (૧૬૮૧) રાજાએ તે પ્રમાણે જ કર્યું અને વિદ્યાઓ તુર્ત સંક્રમ પામી (સ્થિર થઈ). પછી અત્યંત સ્નેહીની જેમ ચંડાળને સત્કારીને છોડી દીધો. (૧૬૮૨) એમ જો આ લોકોનાં તુચ્છ કાર્યોને સાધનારી પણ વિદ્યા હલકા પણ ગુરુનો ભાવપૂર્વક વિનય કરવાથી મળે છે, તો સમસ્ત મનોવાંછિત પ્રયોજનોને સાધવામાં સમર્થ શ્રી જિનકથિત વિદ્યા ગ્રહણ કરવામાં તેના દેનાર પ્રત્યે વિનય નહિ કરનારો કેવી રીતે પંડિત થાય ? (૧૬૮૩-૮૪) અને વળી જો વિનયથી ધીર-વિનીત પુરુષોને પત્થરના ઘડેલા દેવો પણ સહાય કરવામાં તત્પર થાય છે, તો (તેવાઓને) અન્ય વસ્તુની સિદ્ધિ શી ગણત્રીમાં છે ? ધીર પુરુષ વિનયથી સર્વ સિદ્ધિ કરી શકે છે. (૧૬૮૫) વળી શ્રુતજ્ઞાનમાં કુશળ એવો હેતુ, કારણ અને વિધિનો જાણ પણ મનુષ્ય જો અવિનીત હોય, તો તેને શાસ્ત્રાર્થના જાણ (જ્ઞાનીઓ) પ્રશંસતા નથી. (૧૬૮૬) અને સમ્યક્ત્વ, જ્ઞાન અને ચારિત્ર વગેરે ગુણોની પ્રાપ્તિમાં હેતુભૂત એવા વિનયને કરવામાં તત્પર (પુરુષ) જો બહુશ્રુત ન હોય, તો પણ તેને બહુશ્રુતના પદે સ્થાપે છે. (૧૬૮૭) જેને વિનય છે તે જ્ઞાની છે, જે જ્ઞાની છે તેની ક્રિયાઓ સમ્યક્ છે અને જેની ક્રિયાઓ સમ્યક્ છે તે જ આરાધનાને યોગ્ય છે. (૧૬૮૮) તે માટે કલ્યાણની પરંપરાને પ્રાપ્ત કરવામાં એક સમર્થ, એવા વિનયમાં બુદ્ધિમાને નિમેષ માત્ર સમય પણ પ્રમાદ નહિ કરવો. (૧૬૮૯) એ રીતે સંસારરૂપી મહાસમુદ્રને તરવામાં નાવા સરખી અને

પરિકર્મવિધિ વગેરે ચાર મુખ્ય દ્વારોવાળી, સંવેગ રંગશાળામાં આરાધનાનું પંદર પેટાદ્વાર-વાળું જે પહેલું દ્વાર, તેનું વિનય નામનું ચોથું પેટાદ્વાર સંક્ષેપથી કહ્યું. (૧૬૯૦-૯૧)

**પાંચમું સમાધિદ્વાર અને સમાધિનોમહિમા**:-અતિ વિનય-નમ્ર પુરુષને પણ સમાધિના અભાવે સ્વર્ગ-અપવર્ગને આપનારી આરાધના સમ્યગ્ ઘટતી નથી, તેથી હવે પછી સિદ્ધિપુરીનું શ્રેષ્ઠ દ્વાર અને મનવાંછિત સર્વ કાર્યની સિદ્ધિનું દ્વાર એવું સમાધિ-દ્વાર કહું છું. (૧૬૯૨-૯૩) તે સમાધિ દ્રવ્ય અને ભાવ-એમ બે પ્રકારે છે. તેમાં જે દ્રવ્યો સ્વભાવથી શ્રેષ્ઠ હોય, તેના ઉપયોગથી દ્રવ્યસમાધિ થાય છે, અથવા તો અત્યંત દુર્લભ, સ્વભાવે જ સુંદર અને ઇષ્ટ એવા શબ્દ, રૂપ, રસ, ગંધ અને સ્પર્શને યથાક્રમ સાંભળીને, જોઇને, ભોગવીને, સુંઘીને અને સ્પર્શ કરીને પ્રાણી જે પ્રસન્નતાને પ્રાપ્ત કરે છે, તે દ્રવ્યસમાધિ છે. (૧૬૯૪ થી ૯૬) અહીં આ દ્રવ્યસમાધિનો અધિકાર (પ્રયોજન) નથી અથવા તો કોઈ દ્રવ્યસમાધિને પણ ક્યારેક નિશ્ચે કોઇકને ભાવસમાધિમાં નિમિત્ત-રૂપ માને છે. તેઓ કહે છે કે-(૧૬૯૭) મનોજ્ઞ ભોજનને જમીને મનોજ્ઞ શયન-આસને મનોજ્ઞ ઘરમાં (રહીને), મુનિ મનોજ્ઞ ધ્યાનને કરે છે. (૧૬૯૮) ભાવસમાધિ તો એકાન્ત મનના વિજયથી થાય છે, મનનો વિજય રાગ-દ્વેષના સમ્યગ્ ત્યાગથી થાય છે. (૧૬૯૯) અને તેનો ત્યાગ એટલે વિવિધ શુભાશુભ શબ્દાદિ વિષયો પ્રાપ્ત થાય તો પણ રાગ-દ્વેષનો (પાઠાંતર-**સંવારો=**) સંવર કરવો તે છે. (૧૭૦૦) તે માટે ચપળ ઘોડા જેવા, નિરંકુશ ગતિવાળા અને ઉન્માર્ગે લાગેલા એવા મનને વિવેકરૂપી લગામથી દઢ (સખ્ત) કબજે કરીને, સુખના અર્થી (સર્વ) સત્પુરુષોએ સમાધિ પ્રાપ્ત કરવામાં નિત્યમેવ સમ્યક્ પ્રયત્ન કરવો અને ધર્મના રાગીએ તો વિશેષ યત્ન કરવો. (૧૭૦૧-૨) તેમાં પણ અંતિમ આરાધના માટે ઉદ્યત મનવાળાએ તો સર્વ પ્રકારે વિશેષ યત્ન કરવો જોઇએ, કારણ કે-તે વિના સુખ, (અથવા સુખપૂર્વક) ધર્મ અને આરાધના થાય નહિ. (૧૭૦૩) તે આ પ્રમાણે-અસમાધિથી દુઃખ થાય, દુઃખીને પુનઃ આર્ત્ત(ધ્યાન) થાય, ધર્મ(ધ્યાન) ન થાય અને ધર્મ(ધ્યાન) વિના આરાધનાનો માર્ગ તો દૂર છે. (૧૭૦૪) એક સમાધિ વિના પુરુષને મળેલી; સઘળાં પ્રયોજનોને (**સંગત=**) સિધ્ધ કરનારી પણ સામગ્રી દાવા-નળ તુલ્ય દુઃખદાયી બને છે. (૧૭૦૫) વળી સમાધિવંતને જેવું-તેવું (સરસ-નિરસ) ભોજન કરવા છતાં, જેવાં-તેવાં (સારાં-માઠાં **પાઉય=પ્રાવરણ**) વસ્ત્રો ધારણ કરવાં છતાં, જ્યાં-ત્યાં (મહેલ કે સ્મશાનાદિમાં) રહેવા છતાં, જે-તે સારા-માઠા કાળમાં અને જે-તે (સમ-વિષમ) અવસ્થાની પ્રાપ્તિમાં પણ, નિયમા નિત્ય પરમસુખ જ (થાય) છે. (૧૭૦૬-૭) વળી સમાધિજન્ય સુખ, (ભોગવવામાં) ભય વિનાનું, પ્રાપ્ત કરવામાં કલેશ વિનાનું, લજ્જાને નહિ પમાડનારું, પરિણામે પણ સુંદર, સ્વાધીન, અક્ષય, સર્વશ્રેષ્ઠ અને પાપ વિનાનું છે. (૧૭૦૮) વળી ઉત્તમ સમાધિમાં રહેલા સત્પુરુષ, જો તે કોઇનું (**સરઈ=**) સ્મરણ (અપેક્ષા) ન કરે અથવા બીજાઓ તેનું સ્મરણ ન કરે (ઉપેક્ષા કરે), તો પણ

માત્ર સમાધિજન્ય સુખની પ્રાપ્તિથી પણ તે પૂર્ણ સંતુષ્ટ હોય છે. (૧૭૦૯) વળી મમત્વ વિનાના જેઓ ઉત્તમ સંયમથી શ્રેષ્ઠ સમાધિમાં લીન છે, તેઓ સર્વ પાપસ્થાનોથી મુક્ત છે. તેઓનું મન મિત્રો, સ્વજનો, ધન વગેરેનો વિનાશ (નજરે) જોવા છતાં પણ નિશ્ચે પર્વતની જેમ થોડું પણ ક્ષોભને પામતું નથી. આ વિષયમાં સુસમાધિના નિધાન ભગવંત નમિરાજર્ષિ દૃષ્ટાન્તભૂત છે. (૧૭૧૦-૧૧) તે આ પ્રમાણે :—

**નમિરાજર્ષિનો પ્રબંધ** :–પર્વતો, નગરો, ખાણો, શ્રેષ્ઠ શહેરો અને ધન-ધાન્યથી સમૃદ્ધ એવાં ગામોથી રમણીય વિદેહા નામના દેશમાં મિથિલા નગરી છે. (૧૭૧૨) ન્યાય, વિનય, સત્ય, શૌર્ય, સત્ત્વ વગેરે વિશિષ્ટ ગુણોથી શોભતો એવો જેનો યશ જગતમાં ફેલાયેલો છે, તેવો નમિ નામે રાજા તે દેશનું પાલન કરે છે. (૧૭૧૩) તે રાજાના રાજ્યમાં ખંડન અને કરપીડણ છે, પણ તે તરુણી સ્ત્રીઓના ઓષ્ઠપુટને તથા સ્તનોને જ છે (બીજાને નથી). (૧૭૧૪) વળી ગુણનો બાધ કરીને વૃદ્ધિ કરવાનું વ્યાકરણોમાં જ સંભળાય છે (અર્થાત્ કોઈ અન્યાયથી ધન કે સુખને મેળવતું નથી) અને વિરોધ તથા ઉત્પ્રેક્ષા પણ ઉત્તમ કવિઓનાં કાવ્યોમાં (અલંકારરૂપે) જ છે. ત્યાંની પ્રજામાં વિરોધ કે ઉપેક્ષા નથી. (૧૭૧૫) એવા (વિવિધ) ગુણવાળો અને અતિ મહિમાથી શત્રુઓનો નાશ કરનારો, તે રાજા ઇન્દ્રની જેમ વિષયોને ભોગવતો કાળ પસાર કરે છે. (૧૭૧૬) કોઈ એક અવસરે તે રાજાને વેદનીય(કર્મના)વશ પ્રલયકાળના અગ્નિસરખો મહા ભયંકર દાહ-જ્વર થયો. (૧૭૧૭) અને તે રોગથી તે મહાત્મા વજ્રના અગ્નિની ભરસાડમાં પડયો હોય તેમ શરીરથી પીડાતો ઉછળવા આળોટવા અને ઊંડા શ્વાસ મૂકવા લાગ્યો. (૧૭૧૮) ઉત્તમ વૈદ્યોને બોલાવ્યા, તેઓએ ઔષધના પ્રયોગો કર્યા, પણ ઉકળાટ લેશ માત્ર પણ શાન્ત ન થયો. (૧૭૧૯) લોકમાં પ્રસિદ્ધિને પામેલા બીજા મંત્ર-તંત્રાદિના જાણકારોને પણ બોલાવ્યા, તેઓ પણ તે રોગમાં (असाधितार्था=) નિષ્ફળ થઈને પાછા ગયા. (૧૭૨૦) દાહથી અત્યંત પીડાતા તેને પ્રતિક્ષણ માત્ર ચંદનરસથી અને જળથી ભીંજાએલાં ઠંડાં કમળનાં નાળથી થોડો આધાર (આરામ) મળતો હોવાથી, પતિના દુઃખે દુઃખી થયેલી રાણીઓ તે નિમિત્તે એક સાથે સતત ચંદનનું માલિસ કરવા લાગી, ત્યારે તેમની હાલતી કોમળ ભુજાઓમાં પરસ્પર અથડાતાં સુવર્ણનાં કંકણોથી પ્રગટેલો, અન્ય અવાજને દાબી દેતો રણઝણાટનો અવાજ સર્વત્ર ફેલાયો. (૧૭૨૧ થી ૨૩) તે સાંભળીને (દુઃખ થવાથી) રાજાએ કહ્યું, અહો ! આ અત્યંત અશાન્તકારી અવાજ કયાંથી પ્રગટીને ફેલાઇ રહ્યો છે ? (૧૭૨૪) સેવકોએ કહ્યું, હે દેવ ! આ અવાજ ચંદનને ઘસતી રાણી-ઓનાં સુવર્ણનાં કંકણોમાંથી પ્રગટે છે. (૧૭૨૫) પછી રાજાના શબ્દો સાંભળીને રાણીઓએ ભુજારૂપી વેલડીઓ ઉપરથી એક એક કંકણ રાખીને બાકીનાં કંકણો ઊતારી નાંખ્યાં. (૧૭૨૬) ક્ષણવાર પછી પુનઃ રાજાએ પુછયું, અરે ! તે સુવર્ણનાં કંકણોનો અવાજ હવે કેમ સંભળાતો નથી ? (૧૭૨૭) મનુષ્યોએ કહ્યું, સ્વામિન્ ! માત્ર એક એક કંકણ હોવાથી

પરસ્પર અથડાવાના અભાવે હવે અવાજ કેવી રીતે સંભવે ? (૧૭૨૮) ( અવ્વો !=) આનંદ થયો ! આ (અસહાય=) એકલાં થયેલાં કંકણોના અવાજની જેમ નિશ્ચે એકલા જીવને પણ કોઈ રીતે અનર્થ પ્રગટ થાય નહિ. (૧૭૨૯) જેટલા પ્રમાણમાં (પરવસ્તુનો) સંગ, તેટલા પ્રમાણમાં અનર્થનો વિસ્તાર ! માટે હું પણ સંગને છોડીને નિઃસંગ બનું. (૧૭૩૦) એમ સંવેગને પામેલા રાજાને તુર્ત પૂર્વભવે પાળેલા ચારિત્રના અને શ્રુતના અનુસ્મરણ(સ્મૃતિ)રૂપ જાતિસ્મરણ જ્ઞાન પ્રગટ્યું. (૧૭૩૧) સાથે તે દાહજ્વર પણ કર્મની અનુકૂળતાને વશ દૂર થયો. તે પછી મહાભાગ ( રાજા ) પોતાના સ્થાને પુત્રને સ્થાપીને પ્રત્યેકબુદ્ધના વેશને ધારણ કરીને, સર્વ સંગને તજીને, ભગવંત એવા તે રાજા એકલા નગર બહાર બગીચામાં કાઉસ્સગ્ગમાં રહ્યા. (૧૭૩૨-૩૩) એમ નમિરાજર્ષિ કાઉસ્સગ્ગમાં રહેવાથી તે જ વેળા સર્વ પ્રજા સર્વસ્વ હરાઈ જવાની જેમ, અત્યંત સ્નેહથી બેચિત્ત થવાની જેમ, મોટા રોગથી મુંઝાએલાની જેમ, કરુણ વિપ્રલાપને કરતી, ગભરામણથી સર્વ દિશાઓને ભરી દે તેવા કોલાહલને કરતી, આંસુના જળથી નેત્રોને ભીંજવતી ( રડતી ) ( अद्देसि=) થઈ. (૧૭૩૪-૩૫) પછી ( કાઉસ્સગ્ગથી ) લંબાવેલી ભુજાઓરૂપ પરિધિવાળો જાણે મેરુપર્વત હોય, તેવા નિશ્ચળ નમિરાજર્ષિને જોઈને ઇન્દ્રે વિચાર્યું કે-(૧૭૩૬) સાધુતાને સ્વીકારેલા નમિ મુનિની સમાધિ વર્તમાનમાં કેવી છે ? તેની ત્યાં જઈને પ્રથમ પરીક્ષા કરું. (૧૭૩૭) એમ વિચારી બ્રાહ્મણરૂપ કરીને ઇંદ્રે લોકોનો સમૂહ જેમાં અતિ વિલાપ કરે છે, એવો ઉત્કટ નગરદાહ વિકુર્વીને નમિને કહ્યું કે-(૧૭૩૮) હે મુનિપુંગવ ! આજે મિથિલામાં સર્વત્ર લોકોના કરુણવિલાપના વિવિધ શબ્દો કેમ સંભળાય છે ? (૧૭૩૯) નમિએ કહ્યું, જેમ સારી છાયાવાળું અને ફૂલ-ફળથી મનોહર વૃક્ષ પવનથી ભાંગી પડતાં શરણરહિત દુઃખી થયેલાં પક્ષીઓ આક્રન્દ્ર કરે, તેમ નિશ્ચે નગરનો નાશ થતાં અત્યંત શોકથી હણાયેલા, બહુ દુઃખોથી પીડાયેલા લોકો પણ વિલાપ કરે છે. (૧૭૪૦-૪૧) ઇન્દ્રે કહ્યું, આ તારી નગરી અને ક્રીડાના મહેલો પણ પ્રબળ અગ્નિથી કેવા બળે છે ? તેને જો ! (૧૭૪૨) અને ભુજાઓરૂપી નાળને ઊંચી કરીને મોટેથી પ્રલાપ કરતા, “ હે નાથ ! રક્ષા કરો, રક્ષા કરો ! ”-એમ બોલતા અતિ કરુણામય અંતઃપુરને ( સ્ત્રીઓને ) પણ જો ! (૧૭૪૩) નમિએ કહ્યું, પુત્ર, મિત્ર, સ્વજનો, ઘર અને સ્ત્રીઓને તજનારા મારું જો કંઇ પણ હોય તો તે બળે, (૧૭૪૪) તેના અભાવે મિથિલા બળતાં મારું શું બળે છે ? એ પ્રમાણે હે ભદ્ર ! નગરીને જોવાથી પણ મારે શું (પ્રયોજન ) છે ? (૧૭૪૫) નિશ્ચે મોક્ષની કાંક્ષાવાળા, સર્વસંગના ત્યાગી મુમુક્ષુઓને આ જ નિશ્ચે પરમ સુખ છે, કે જે (તેઓને) કંઇ પણ પ્રિય અને અપ્રિય નથી. (૧૭૪૬) એ પ્રમાણે નમિનું પ્રશમમય કથન સાંભળીને ઇન્દ્રે નગરદાહને સંહરીને પુનઃ પણ આ પ્રમાણે કહ્યું, (૧૭૪૭) તું નાથ છે, રક્ષણકારક છે અને શરણ આપનાર છે, તેથી શત્રુના ભયવશ પીડાતા આ લોકો તારા દૃઢ ભુજાદંડરૂપી મંડપમાં (શરણે) આવ્યા છે, (૧૭૪૮) તેથી નગરના કિલ્લાને દરવાજાની સાંકળથી (પ્રવેશ ન કરી શકાય તેવો) દુર્ગમ અને શાસ્ત્રોને (સજ્જ) કરાવીને

પછી તારે દીક્ષા લેવી યોગ્ય છે. (૧૭૪૯) મુનિએ કહ્યું, (**હન્ત=**) હા, શ્રદ્ધા એ જ મારી નગરી છે, તેનો (મેં) સંવરરૂપી સાંકળથી દુર્ગમ, ધૃતિરૂપી ધ્વજાથી યુક્ત, એવો ક્ષમારૂપી ઊંચો કિલ્લો કર્યો છે અને ત્યાં કર્મશત્રુવિનાશક તપરૂપી બાણોથી શોભતું પરાક્રમરૂપી ધનુષ્ય પણ સુંદર (સજ્જ) કર્યું છે, એમ મેં રક્ષા કરી છે, તો હવે મારે પ્રવ્રજ્યા કેમ (**ક્ષમં=**) યોગ્ય નથી ? (**૧૭૫૦ થી ૫૨**) શક્રે કહ્યું, હે ભગવંત ! વિવિધ ઉત્તમ મહેલોને કરાવીને પછી તમારે પ્રવ્રજ્યા સ્વીકારવી યોગ્ય છે. (**૧૭૫૩**) નમિએ કહ્યું, હે ભદ્ર ! માર્ગમાં ઘર કોણ કરે ? પંડિત તો જ્યાં જીવનું રહેઠાણ (સ્થિરતા) હોય, ત્યાં ઘર બાંધે. (**૧૭૫૪**) ઇન્દ્રે કહ્યું, લોકોના કુશળ માટે ક્ષુદ્ર ચોર વગેરે શત્રુઓને હણીને તમારે દીક્ષા લેવી યોગ્ય છે ? (**૧૭૫૫**) નમિએ કહ્યું, એ (બાહ્ય) ચોરાદિને હણવા તે મિથ્યા છે, મારા આત્માનું (**અક્ષેમક=**) અહિત કરનારા તે કર્મોને નિશ્ચે હણવાયોગ્ય છે. (**૧૭૫૬**) ઇન્દ્રે કહ્યું, હે ભગવંત ! જે રાજાઓ નમતા નથી, તે સર્વને શીઘ્ર જીતીને પછી તમારે દીક્ષા લેવી ઘટે છે. (**૧૭૫૭**) મુનિએ કહ્યું, જે આ સંસારમાં અતિ દુર્જય એવા આત્માને જીતે, તે જ એક સહસ્રયોધી (સુભટ) જેવો પરમ વિજેતા છે. (**૧૭૫૮**) માટે મારે આત્માની (કર્મની) સાથે યુદ્ધ કરવું યોગ્ય છે, મોક્ષાર્થીને નિષ્ફળ બાહ્ય યુદ્ધથી શું ? (**૧૭૫૯**) જેણે ક્રોધ, લોભ, મદ, માયા અને પાંચેય ઇન્દ્રિયોને જીતી, તેણે જીતવાયોગ્ય સર્વ જીત્યું છે. (**૧૭૬૦**) જેણે એ ક્રોધાદિને જીત્યા તેની કીર્તિ સિદ્ધક્ષેત્રની જેમ શાશ્વત, ત્રણેય લોકમાં ફેલાઈને, તેથી આગળ વધીને સ્થિર થાય છે. (અર્થાત્ ત્રણેય લોકમાં તેની ઉજ્જવળ કીર્તિ શાશ્વતી બને છે) (**૧૭૬૧**) એ સાંભળીને ભક્તિથી ભરેલા ઇન્દ્રે પુનઃ મહાયશવાળા નમિરાજર્ષિને કહ્યું. (**૧૭૬૨**) ઘણા યજ્ઞોને યોજીને, બ્રાહ્મણાદિને ભોજન આપીને અને દિન વગેરેને દાન આપીને તમે સાધુપણાને સ્વીકારો તે યોગ્ય છે. (**૧૭૬૩**) અથવા ગૃહસ્થાશ્રમને તજીને તમે પ્રવ્રજ્યાને કેમ ઇચ્છો છો ? હે રાજન ! તમે પોષહના અનુરાગી (બનીને) અહીં (પોષહ કરતા ગૃહસ્થ) જ રહો. (**૧૭૬૪**) નમિએ કહ્યું, લાખો દક્ષિણાઓથી સુંદર યજ્ઞને જે કરાવે તેથી પણ સંયમ (ઘણો) ગુણકારક છે અને ઘરમાં રહીને માસ-માસને પારણે કુશાગ્ર જેટલું ખાય, તેવો (તપસ્વી) પણ સર્વસંગના ત્યાગી શ્રમણની તુલનામાં એક લેશ માત્ર પણ નથી. (**૧૭૬૫-૬૬**) ઇન્દ્રે કહ્યું, હે રાજન્ ! સુવર્ણ-મણિનો સમૂહ, કાંસુ અને વસ્ત્રોની વૃદ્ધિ કરીને પ્રવ્રજ્યા કરવી યોગ્ય છે. (**૧૭૬૭**) મુનિએ કહ્યું. હે ભદ્ર ! સુવર્ણ, મણિ વગેરેના કૈલાસ જેટલા ઊંચા આપેલા અસંખ્યાતા ઢગલાં પણ લોભી એક જીવની પણ તૃપ્તિને કરી શકતા નથી, કારણ કે-ઇચ્છા આકાશ જેટલી વિશાળ છે, કોઈથી પણ પૂરી શકાય તેવી નથી. (**૧૭૬૮-૬૯**) જેમ જેમ લાભ વધે, તેમ તેમ લોભ વધે છે, એમ ત્રણેય લોકની પ્રાપ્તિ થવા છતાં પણ કોઈ શાન્તિ થતી નથી. (**૧૭૭૦**) ઇન્દ્રે કહ્યું, રાજન્ ! છતાં મનોહર ભોગોને તજીને અછતાની ઇચ્છા કરતા તમે (તમારા) સંકલ્પથી

પીડાઓ છે. (૧૭૭૧) મુનિએ કહ્યું, કે મુગ્ધ ! શલ્ય સારું, ઝેર સારું, આશિવિષ સર્પ સારો, ક્રોધી કેસરીસિંહ સારો અને અગ્નિ સારો, પણ ભોગ સારા નહિ, કારણ કે–ઈચ્છા કરવા માત્રથી તે ભોગો મનુષ્યને નરકમાં લઈ જાય છે અને દુસ્તર ભવસમુદ્રમાં ભમાવે છે. (૧૭૭૨–૭૩) શલ્ય વગેરેનો યોગ થાય તો પણ તેથી એક જ ભવનું મૃત્યુ થાય, ભોગોની તો ઇચ્છા માત્રથી પણ જીવ લાખ લાખ વાર હણાય (મરે) છે. (૧૭૭૪) તેથી ભોગવાંછાનો ત્યાગી હું, પરમ અધોગતિકારક ક્રોધનો, અધમગતિનો માર્ગ આપનારા માનનો, સદ્ગતિની ઘાતક માયાનો અને આ ભવ–પરભવ ઊભય ભવમાં ભયકારક લોભનો પણ નાશ કરીને એકલો સાધુતાનો ઉદ્યમ કરીશ. (૧૭૭૫–૭૬) એમ પરમ સમાધિવાળા, અત્યન્ત શાન્ત (ઉપશમવાળા), તે નમિરાજર્ષિની વિવિધ અનેક યુક્તિઓથી પરીક્ષા કરીને અને સુવર્ણની જેમ એક શુદ્ધ સ્વરૂપવાળા જાણીને પ્રગટેલા હર્ષ વડે ઇન્દ્ર તેઓની સ્તુતિ કરવા લાગ્યો કે–(૧૭૭૭) હે ક્રોધને જીતનારા ! સઘળા માનનો ધ્વંસ કરનારા ! અને વિસ્તાર પામતી પ્રબળ માયાના પ્રપંચનો નાશ કરનારા હે મુનિવર ! તમે જયવંતા છો; લોભરૂપી યોદ્ધાને હણનારા, સંગના (રાગ–મમત્વના) ત્યાગી, આ જગતમાં તમે જ એક પરમ પૂજ્ય છો. (૧૭૭૮) આ ભવમાં તો તમે એક ઉત્તમ છો જ, પરભવે પણ ઉત્તમોત્તમ થશો, આઠ કર્મની ગાંઠને ચૂરનારા તમે નિશ્ચે ત્રણ જગતના તિલકતુલ્ય ઉત્તમ એવા સિદ્ધક્ષેત્રને પામશો. (૧૭૭૯) તમારા સંકીર્તનથી (ભક્તની) શુદ્ધિ કેમ ન થાય ? અથવા તમારા દર્શનથી પાપ ઉપશમને કેમ ન પામે ?, કે જેનામાં પ્રયાસથી સાધ્ય અને શિવસુખની પ્રાપ્તિ કરાવવામાં સફળ, એવી મનનો નિરોધ કરવારૂપ આ સમાધિ સ્ફૂરે છે. (૧૭૮૦) એમ મુનિને સ્તવીને અને કમળ, વજ્ર, ચક્ર(વગેરે સુલક્ષણો)થી અલંકૃત મુનિના પાદને ભક્તિપૂર્વક વાંદીને, તુર્ત ભમરા તથા જંગલી પાડા જેવા કાળા આકાશને ઓળંગીને ઇન્દ્ર દેવનગરમાં પહોંચ્યો. (૧૭૮૧) એમ આ લોકમાં પાપના સંગથી વિરાગી મનવાળા ધીર પુરુષો, અત્યંત સમાધિ માટે નમિની જેમ સર્વ ઉદ્યમને કરે છે, કારણ કે–ધર્મગુણોરૂપી (નાગરા=) પૌરજનોને નિવાસનું શ્રેષ્ઠ નગર સમાધિ છે (અર્થાત્ સમાધિમાં ધર્મગુણો રહી શકે છે) અને સમાધિ આરાધનારૂપી વેલડીનો વિશાળ કંદ છે. (૧૭૮૨–૮૩) સમ્યક્ત્વ, જ્ઞાન, ચારિત્ર, ક્ષમા વગેરે મોટા ગુણો પણ સમાધિગર્ભિત હોય તો જ સ્વાસાધ્ય યથોક્ત ફળને સમ્યક્ પ્રકારે આપે છે. (૧૭૮૪) એકાન્તમાં બેસો, પ્રયત્નથી પદ્માસનને બાંધો (કરો), શ્વાસને રોકો, તથા શરીરની બાહ્ય ચેષ્ટાને પણ રુંધો (રોકો), બે હોઠને ભીડો, કે મંદ કીકીવાળી દૃષ્ટિને નાકના છેડે સ્થાપો, પણ જો સમાધિ ન લાગે (ન પ્રગટે), તો યોગી તે(ધ્યાન)ના ફળનો ભોગી (બનતો) નથી. (૧૭૮૫–૮૬) અતિ ઉત્તમ યોગવાળા (યોગીઓ) જે સચરાચર જગતને પણ હાથમાં રહેલા નિર્મળ સ્ફટિકની જેમ દેખે છે, તે પણ નિશ્ચે સમાધિનું ફળ છે. (૧૭૮૭) વળી જેનું

ચિત્ત સમાધિવાળું, સ્વવશ અને દુર્ધ્યાનરહિત હોય, તે સાધુ નિરતિચાર સાધુતાની ધુરાને (ભારને) વિના શ્રમે વહન કરી શકે છે. (૧૭૮૮) આ ભુવનતલમાં તેઓ ધન્ય છે કે–સમાધિના બળે રાગ–દ્વેષને ચૂરનારા જેઓ શરીરના પરમ આધારભૂત આહારની પણ ઈહા–ઈચ્છા (રાગને) કરતા નથી. (૧૭૮૯) વસ્તુસ્વરૂપના સમ્યગ્ જ્ઞાતા, હર્ષ, વિષાદ વગેરેથી અસ્પર્શિત (મુક્ત), એવા (સમાધિવાળા) જીવો ઘણા જન્મોનાં બાંધેલાં કર્મોને પણ શીઘ્ર મૂળમાંથી ઉખેડી નાંખે છે. (૧૭૯૦) તેથી ચિત્તનો વિજય કરવારૂપ લક્ષણવાળી ભાવસમાધિ માટે પ્રયત્ન કરવો યોગ્ય છે. આ ભાવસમાધિ જ અહીં પ્રકૃત (ઉપયોગી) છે. હવે આ સંબંધમાં બહુ કહેવાથી સર્યું. (૧૭૯૧) એ પ્રમાણે શાસ્ત્રમાં કહેલી યુક્તિઓવાળી અને પરિકર્મવિધિ વગેરે ચાર મુખ્ય દ્વારોવાળી આરાધનારૂપ સંવેગ રંગ-શાળાના પંદર પેટાદ્વારવાળા (પરિકર્મ નામના) પહેલા દ્વારમાં આ પાંચમું સમાધિ નામનું પેટાદ્વાર કહ્યું. (૧૭૯૨–૯૩)

હવે ચિત્તના વિજયથી પ્રગટેલો આ સમાધિગુણ પણ, જો આરાધક વારંવાર મનને ન સમજાવે તો સ્થિર થાય નહિ, (૧૭૯૪) કારણ કે–જો વહાણના જેવું, ચિંતારૂપી સમુદ્રમાં પડેલું, પરિભ્રમણ કરતું, અજ્ઞાનરૂપી પવનથી પ્રેરાયેલું, દુર્ધ્યાનરૂપી મોજાંથી અથડાતું અને મોહરૂપી આવર્ત (ભ્રમી)માં પડેલું, એવા ચિત્તને (વારંવાર) અનુશાસના-(શિખામણ)રૂપી કર્ણધાર (નાવિક) સમ્યગ્ કાબૂમાં ન રાખે, તો તે સમાધિરૂપી શ્રેષ્ઠ માર્ગે કેવી રીતે ચઢે (ચાલે)? (૧૭૯૫–૯૬) તેથી દોષોનો નાશ કરનારું અને ગુણોનો પ્રકાશ કરનારું, એવું ચિત્તનું અનુશાસન તેને હવે કહીએ છીએ. સુસમાધિવાળો તે અનુશાસન આ પ્રમાણે કરે. (૧૭૯૭)

**છઠ્ઠું મનને અનુશાસ્તિ દ્વાર**:–હે ચિત્ત! વિચિત્ર ચિત્રોની જેમ તું પણ ઘણા રંગોને (વિવિધ–વિચારોને) ધારણ કરે છે, પણ એ પરાયી તાંતથી (પંચાતથી) તું તને પોતાને ઠગે છે. (૧૭૯૮) રુદન, ગીત, નાચ, હસવું આદિ વિકારોથી જીવોને મત્ત (ગાંડા) જેવા દેખીને, હે હૃદય! તું (**સઈ=**) સ્વયં તેવું વર્તન કર, કે જેથી તું (બીજાઓને) હાંસીનું પાત્ર ન બને! (૧૭૯૯) શું મોહસર્પથી ડસાયેલા, અતિ વ્યાકૂળ પ્રવૃત્તિવાળા, સામે રહેલા, અશાન્ત (અથવા અસત્–મિથ્યા) એવા જગતને તું નથી જોતો? કે જેથી વિવેકરૂપી મંત્રનું (જડીબુટ્ટીનું) તું સ્મરણ નથી કરતો? (૧૮૦૦) હે ચિત્ત! તું ચપલતાથી (શીઘ્ર) રસાતળમાં પેસે છે, આકાશમાં પહોંચે છે અને સર્વ દિશાઓમાં પણ ભમે છે, છતાં એ દરેકથી અસંગત (અળગું) તું તે કોઈને સ્પર્શ કરતું નથી. (૧૮૦૧) હે હૃદય! જન્મ, જરા અને મરણરૂપ અગ્નિથી સંસારરૂપી ભુવન સર્વ બાજુથી બળે છે, તેથી તું જ્ઞાનસમુદ્રમાં સ્નાન કરીને સ્વસ્થતાને મેળવ! (૧૮૦૨) હે હૃદય! (પારધીની જેમ) સંસારના રાગરૂપી જાળવડે તેં (સ્વયં) મોટું બંધન કર્યું છે. તેથી પ્રસન્ન થઈને હવે તેમ કર, કે જેમ તે બંધનનો શીઘ્ર નાશ થાય. (૧૮૦૩) હે ચિત્ત!

અસ્થિર વૈભવોની ચિંતાથી શું ? (તેનાથી) તારી તે તે તૃષ્ણાઓ ટળી નહિ, તેથી હવે સંતોષરૂપી રસાયણનું પાન કર ! (૧૮૦૪) હે હૃદય ! જો તું નિર્વિકારક સુખને ઇચ્છે છે, તો પુત્ર, સ્ત્રી વગેરેના (व्यतिकर =) ગાઢ સંબંધથી અથવા પ્રસંગોથી વિચિત્ર એવા આ ભવસ્વરૂપને ઇન્દ્રજાળ સમજ. (૧૮૦૫) જો તને સુખનો મરોડ (અભિમાન) છે, તો હે હૃદય ! સંસારરૂપી અટવીમાં રહેલા (सारंग = सार + अंग =) ધન અને શરીરને (અથવા सारंग=લાક્ષણિક અર્થમાં સુખને) લૂંટવામાં (જાળપક્ષે સારંગ = હરિણાદિને ફસાવવામાં) કુશળ એવા (કામ–ગુણ =) શબ્દાદિ વિષયોરૂપી (कुट =) ફાંસામાં (પાશમાં) ફસાયેલા એવા પોતાને તું કેમ (પાઠાં. नेक्खसि=) જોતો નથી ? (૧૮૦૬) સંસારજન્ય દુઃખોમાં જો તને દ્વેષ છે અને સુખમાં તારી ઇચ્છા છે, તો તેમ કર, કે જેથી તે (દુઃખ) ન થાય અને તે (સુખ) અનંતુ (શાશ્વતુ) થાય. (૧૮૦૭) જ્યારે તારી ચિત્તવૃત્તિ મિત્ર-શત્રુમાં સમાન થશે, ત્યારે નિશ્ચે તું સકળ સંતાપ વિનાનું સુખ પામીશ, (૧૮૦૮) હે મન ! નરક–સ્વર્ગમાં, શત્રુ–મિત્રમાં, સંસાર–મોક્ષમાં, દુઃખ–સુખમાં, તૃણ–મણિમાં, માટીના ઢેફા અને સુવર્ણમાં, જો તું સમાન (સમભાવવાળું) છે, તો તું કૃતાર્થ છે. (૧૮૦૯) હે હૃદય ! પ્રતિ સમયે નજીક આવતા, રોકી ન શકાય તેવા, એક મૃત્યુનો જ તું વિચાર કર ! શેષ વિકલ્પોની જાળથી શું ? (૧૮૧૦) હે હૃદય ! અનાર્ય એવી જરાથી જીર્ણ થતી તારી આ શરીરરૂપી ઝુંપડીને પણ તું વિચારતો નથી ? અરર ! તારો આ મહા મોહનો પ્રભાવ (કેવો)? (૧૮૧૧) હે મૂઢ હૃદય ! જે લોકમાં જરા–મરણ–દારિદ્ર–રોગ–શોક વગેરે દુઃખોનો સમૂહ (પ્રગટ) છે, ત્યાં પણ તું વિરાગને કેમ ધારણ કરતું નથી ? (૧૮૧૨) હે મન ! શરીરમાં શ્વાસને બહાને ગમનાગમન કરતા જીવને (જીવિતને) પણ શું તું નથી જાણતો ? કે તું અજરામરની જેમ રહે છે ? (૧૮૧૩) (सह=સમર્થ એવા) હે મન ! હું કહું છું કે–રાગે તને સુખના અભિમાનથી (આશાથી) ઘણો કાળ ભમાડયો છે, હવે જો તું સુખના (भेद=) સ્વરૂપને સમજ્યો હોય, તો રાગને (આશાને) છોડ અને તેના ઉપશમને ભજ ! (રાગનો ઉપશમ–વૈરાગ્ય તને ઈષ્ટસુખ આપશે.) (૧૮૧૪) હે મન ! બાળપણમાં અવિવેકીપણાથી, ઘડપણમાં (ઇન્દ્રિયાદિની) વિકલતાથી, ધર્મની બુદ્ધિના અભાવે તારો ઘણો પણ નરભવ નિષ્ફળ થયો છે. (૧૮૧૫) હે મન ! નિત્યમેવ ઉન્માદમાં (ઘેલછામાં) તત્પર, કામનું એક મિત્ર, દુર્ગતિનાં મહા દુઃખોની પરંપરાનું કારણ, વિષયમાં પક્ષપાત કરનારી બુદ્ધિવાળું, મોહની ઉત્પત્તિમાં એક હેતુ, અવિવેકરૂપી વૃક્ષનો કંદ, ગર્વરૂપી સર્પને (આશ્રય કરવા) ચંદનવૃક્ષ જેવું અને સમ્યગ્જ્ઞાનરૂપી ચંદ્રના બિંબને (ઢાંકવામાં) ગાઢ વાદળોના સમૂહ જેવું, એવું તારું યૌવન પણ પ્રાયઃ સર્વ અનર્થોને માટે જ છે, પ્રાયઃ ધર્મગુણનું સાધક નથી. (૧૮૧૬–૧૮) વળી હે હૃદય ! આ ઘરકાર્યને કર્યું, આને કરું છું અને આ (અમુક) કરીશ–એમ સદાય વ્યાકૂળ રહેતા તારા દિવસો નિરર્થક વહી રહ્યા છે. (૧૮૧૯) પુત્રી પરણાવી નથી, આ બાળકને ભણાવ્યો નથી, (એમ) તે તે

અમુક મારું કાર્ય અદ્યાપિ સિદ્ધ થયું નથી. (૧૮૨૦) આને હું આજે કરીશ, આને વળી કાલે કરીશ અને અમુક કાર્યને તે દિવસે, પખવાડિયે અથવા મહિના પછી કે વર્ષ પછી કરીશ! વગેરે નિત્ય ચિંતા કરવાવડે (સતત) ખેદ કરતા હે મન! તારે શાંતિનો લેશ પણ કયાંથી હોય? (૧૮૨૧-૨૨) વળી હે મન! કોણ (મૂઢ) સ્વપ્નતુલ્ય આ જીવનમાં આને હમણાં કરું, એને કરીને પછી આને કાલે કરીશ, ઈત્યાદિ ચિંતવે! (૧૮૨૩) હે મન! તું કયાં કયાં જઈશ અને ત્યાં ગયેલું તું શું શું કરીને કૃતાર્થ થઈશ! (માટે) સ્થિરતાને પ્રાપ્ત કર અને સ્થિરતાથી કાર્યો કર! (કારણ કે-) ગતિનો (દોડવાનો) અંત નથી અને કાર્યોનો (પ્રવૃત્તિનો) પણ અંત નથી. (અર્થાત્ પ્રવૃત્તિનો અંત નથી, માટે નિવૃત્તિ કર). (૧૮૨૪) હે ચિત્ત! જો તું નિત્ય પણ ચિંતાની પરંપરામાં તત્પર રહીશ, તો (રે=) ખેદજનક છે કે-તું અત્યંત દુસ્તર દુઃખોના સમુદ્રમાં પડીશ. (૧૮૨૫) હે હૃદય! તું કેમ વિચારતું નથી?, કે જે આ ઋતુઓરૂપી છ પગવાળો, વિસ્તારેલી (કૃષ્ણ-શુક્લ) બે પક્ષો(પાંખો)વાળો, ત્રણ લોકરૂપી કમળના (સાર=) પરાગનું (કાળપક્ષે ત્રણ લોકના જીવોના (સાર=) (આયુષ્યનું) પ્રતિદિન પાન કરવા છતાં પણ અતૃપ્ત, ગૂઢ પ્રસાર(ગતિ)વાળો, જગતના સર્વ જીવોમાં તુલ્ય પ્રવૃત્તિવાળો, કાળરૂપી ભમરો અહીં ભમે છે. (૧૮૨૬-૨૭) હે મન! જો તું નિર્ધન ધનની અને ધન પ્રાપ્ત થતાં ક્રમશઃ રાજાની, ચક્રવર્તિની કે ઈન્દ્રની, (વગેરે) પદવીઓની (મળસિ=)ઇચ્છા કરે છે અને તેને મેળવે પણ છે, તો પણ તને તૃપ્તિ થતી નથી. (૧૮૨૮) શલ્યની જેમ પ્રવેશ કરતા અને સ્વભાવે જ પ્રતિદિન પીડા કરતા એવા કામ, ક્રોધ વગેરે તારા અંતરંગ શત્રુઓ, જે નિત્ય દેહમાં રહેલા જ છે, તેનો ઉચ્છેદ કરવાની તો હે ચિત્ત! તારી ઈચ્છા પણ નથી અને તું બાહ્ય શત્રુઓની સામે દોડે છે (લડે છે). અહો! માઠા મોહનો (આ કેવો) પ્રભાવ! (૧૮૨૯-૩૦) જ્યારે તું બાહ્ય શત્રુઓમાં મિત્રતા અને અંતરંગ શત્રુઓ પ્રત્યે શત્રુતા કરીશ, ત્યારે હે હૃદય! તું શીઘ્ર સ્વકાર્યને પણ સાધીશ! (૧૮૩૧) હે હૃદય! પ્રારંભમાં મીઠા અને પરિણામે કટુ એવા વિષયોમાં આસક્તિ ન કર! (કારણ કે-) ભાગ્યના વશથી નાશ પામનારા તે તેના ભોગીને અતિ તીક્ષ્ણ દુઃખોને આપે છે. (૧૮૩૨) મુખમધુર અને અંતે વિરસ એવા વિષયોમાં જો તું પ્રથમથી જ રાગ ન કરે, તો હે હૃદય! પછી પણ તું કદાપિ સંતાપને ન પામે! (૧૮૩૩) વિષયો વિના સુખ નથી અને તે વિષયો પણ ઘણા કષ્ટથી મળે છે, તો હે હૃદય! તું તેનાથી વિમુખ (વિષયો વિનાનું) બીજું કોઈ સુખ ચિંતવ (શોધી કાઢ)! (૧૮૩૪) હે ચિત્ત! જેમ તું વિષયોના પ્રારંભને (આપાત મધુરતાને) જુએ છે, તેમ જો તેના વિપાકને પણ જુએ (વિચારે), તો તું આટલી (આવી) વિડંબનાઓને કદાપિ ન પામે! (૧૮૩૫) હે હૃદય! ઝેર સમા વિષયોની વાંછા કરીને તું સંતાપ કેમ ધરે છે? તેવું કંઈ પણ ચિંતવ, કે જેનાથી પરમ નિવૃત્તિ (શાન્તિ) થાય! (૧૮૩૬) વળી વિષયોની આશારૂપી છિદ્ર (છિંડી) દ્વારા તો જ્ઞાનથી મેળવેલા પણ ગુણો

નાશ પામશે, તેથી હે મૂઢ હૃદય! તે ગુણોની સ્થિરતા (રક્ષા) માટે તું તેનો (આશારૂપ છિદ્રનો) ત્યાગ કર! (૧૮૩૭) વળી હે હૃદય! વિષયોની આશારૂપ વંટોળથી ઊડેલી રજથી ખરડાયેલું અને નિરંકુશ ભમતું, તું (તારી) સાથે જન્મેલી ઇન્દ્રિયોના સમૂહથી પણ કેમ લજવાતું નથી? (૧૮૩૮) હે મનકુંભ! કામના બાણથી જર્જરિત થયા પછી તારામાં કર્મમેલનો નાશ કરનારું અને સંસારના સંતાપનો ક્ષય કરનારું એવું સર્વજ્ઞનાં વચનો-રૂપી પાણી ટકશે (સ્થિર થશે) નહિ. (૧૮૩૯) જો તે જિનવચનરૂપી જળ કોઈ રીતે પણ તારામાં સ્થિર થાય, તો તે તારા કષાયોના દાહને શાન્ત કેમ ન કરે? અથવા આ જે તારી અવિવેકરૂપ મળની ગાંઠ તેને પણ કેમ ન તોડે? (૧૮૪૦) હે હૃદયસાગર! મોટાં દુઃખોના સમૂહરૂપી મેરુપર્વતરૂપ રવૈયાથી તારું મંથન કરવા છતાં પણ તારામાં વિવેકરૂપી રત્ન પ્રગટ ન થયું. (૧૮૪૧) હે ચિત્ત! અવિવેકરૂપી કાદવથી કલુષિત તારી મતિ ત્યાં સુધી નિર્મળ નહિ થાય, કે જ્યાં સુધી સુવિવેકરૂપી જળથી (તેના) અભિષેકની ક્રિયા નહિ કરાય. (૧૮૪૨) હે હૃદય! સુંદર પણ શબ્દો, રૂપો, રસના પ્રકારો અને શ્રેષ્ઠ ગંધો તથા સ્પર્શો પણ ત્યાં સુધી તને આકર્ષે છે, કે જ્યાં સુધી તત્ત્વાવબોધરૂપી રત્નો-વાળા અને સુખરૂપી પાણીના સમૂહથી પૂર્ણ ભરેલા એવા શ્રુતજ્ઞાનરૂપી અગાધ સમુદ્રને તેં અવગાહ્યો (સ્નાન કર્યું) નથી! (૧૮૪૩-૪૪) શબ્દો (निरु=) નિયમા કાનને સુખ દેનારા, રૂપો ચક્ષુઓને હરણ કરનારા (ચોરો), રસો જીહ્વાને સુખદાયક, ગંધો નાકને આનંદ દેનારા અને સ્પર્શો ચામડીને સુખદાયી છે, તેનો સંગ કરતાં (ક્ષણિક) સુખ આપીને પણ પછી વિયોગ થતાં તે તને અતિ (ભયંકર) અનંતગુણું દુઃખ આપે છે. માટે હે ચિત્ત! તારે તે વિષયોથી સર્યું. (૧૮૪૫-૪૬) અતિ મનોહર હવેલી, શરદનો ચંદ્ર, પ્રિય જનનો સંગ, પુષ્પો, ચંદનરસ, દક્ષિણ દિશાનો પવન અને મદિરા, એ પ્રત્યેક તથા બધાં મળીને પણ સરાગીને જ ક્ષોભ પમાડે છે, પણ હે ચિત્ત! વિષયના રાગથી વિમુખ થયેલા તને એ શું કરી શકશે? (૧૮૪૭-૪૮) આ સંસારમાં બહુ દાન કરવાથી શું? અથવા બહુ તપ તપવાથી શું? ઘણી બાહ્ય કષ્ટક્રિયાઓથી પણ શું? અને ઘણું ભણવાથી પણ શું? હે મન! જો તું પોતાનું હિત સમજતું હોય, તો રાગ વગેરેનાં (પદો=) કારણોથી નિવૃત્તિ કર (દૂર રહે)! અને વૈરાગ્યનાં કારણોમાં રમણતા કર! (૧૮૪૯-૫૦) હે હૃદય! તું વૈરાગ્યને તજીને વિષયના સંગને ઇચ્છે છે, તે કાળા નાગના બિલ પાસે, ચંદનના કાષ્ઠોથી, ઘણાં દ્વારોવાળું, સુંદર ઘર કરાવીને (ત્યાં) માલતિનાં પુષ્પોની શય્યામાં 'આ સુખ છે–એમ સમજીને, નિદ્રાને લેવાની ઇચ્છા કરવા જેવું છે. (૧૮૫૧-૫૨) હે હૃદય! જો તું નિષ્પાપ અને પરિણામે પણ સુંદર, એવું ઐશ્વર્ય ઇચ્છે છે, તો આત્મામાં રહેલા સમ્યગ્જ્ઞાનરૂપી રત્નને ધારણ કર. (૧૮૫૩) જ્યાં સુધી તારી અંદર ઘોર અંધકાર (અજ્ઞાન) છે, ત્યાં સુધી તે તને અંધાપો આપે છે, તેથી હે હૃદય! તું (જો) આજે પણ જિનમતરૂપી સૂર્યને અંદર પ્રગટાવે, તો પ્રકાશવાળો (દેખતો)

થાય. (૧૮૫૪) હે હૃદય ! હું માનું છું કે–મોહના મહા અંધકારથી વ્યાપ્ત આ સંસારરૂપી વિષમ ગુફામાંથી તારે નીકળવાનો ઉપાય જ્ઞાનદીપક વિના બીજો કોઈ નથી. (૧૮૫૫) હે ચિત્ત ! દ્રવ્યાદિક જડનો રાગ તજીને સંવેગનો આશ્રય કર, કે જેથી આ તારી સંસારની ગાંઠ મૂળમાંથી તૂટે. (૧૮૫૬) હે મૂઢ હૃદય ! સુખને માટે ઇચ્છેલા (પણ) દુઃખમય વૈભવોથી શું ? માટે આત્માને સંતોષમાં સ્થિર કરીને તું સુખી થા ! (૧૮૫૭) વિભૂતિઓ પ્રકૃતિથી જ મેળવવામાં ક્લેશને પેદા કરે છે, મેળવેલી પુનઃ મોહને, અને નાશ થતાં અતિ સંતાપને પેદા કરે છે, (૧૮૫૮) તેથી હે ચિત્ત ! હવે દુર્ગતિ જવાની વાટ સરખી, રાજા, અગ્નિ અને ચોરોને સાધ્ય (વશવર્તી), એવી તે વિભૂતિઓનો રાગ તત્ત્વની સમજપૂર્વક છોડ. (૧૮૫૯) અસ્થિ (હાડકાં) રૂપ થાંભાએ ધારણ કરેલી, સ્થાને સ્થાને નસોનાં (દોરડાંરૂપ) બંધનોથી બાંધેલી, માંસ, ચરબી વગેરેની ઉપર ચામડીના ઢાંકણવાળી, ઇન્દ્રિયોરૂપી રખેવાળોથી રક્ષણ કરાતી અને સ્વકર્મરૂપી બેડીઓથી બંધાયેલા, (અંદર પૂરાએલા) જીવની જેલ જેવી, કેવળ દુઃખોને અનુભવ કરવાનું (ભોગવવાનું) સ્થાન, એવી કાયામાં પણ હે મન ! તું મોહ ન કર ! (૧૮૬૦–૬૧) સચિત્ત (અચિત્ત–મિશ્ર) વગેરે દ્રવ્યાદિ વિષયોના રાગરૂપ મજબૂત તાંતણાઓથી નિત્યમેવ સર્વ બાજુથી સ્વયં પોતાને ગાઢ વિંટતા એવા હે ચિત્ત ! રેશમના કીડાની જેમ તારો છૂટકારો કેવી થશે ? હે મૂઢ આ પણ વિચાર કે–(૧૮૬૨–૬૩) આ સંસારમાં કયાંય પણ જે જે કોઈ વસ્તુ ઇન્દ્રિયગ્રાહ્ય છે, તે સ્થિર નથી, છતાં જો તું ત્યાં રાગ કરે, તો હે મન ! તું જ મૂઢ છે. (૧૮૬૪) સંસારમાં ઉત્પન્ન થતી સમસ્ત વસ્તુઓના સમૂહની નિયમા સ્વભાવે જ હાથીના બચ્ચાના કાન જેવી અતિ ચંચળતા છે, એમ એક તો નિજના (પોતાના) અનુભવથી અને બીજું શ્રી જિનેશ્વરદેવના વચનથી પણ જાણીને હે મન ! ક્ષણ માત્ર પણ તું તેમાં રાગને બાંધીશ નહિ. (૧૮૬૫–૬૬) વળી હે ચિત્ત ! 'આ અસાર સંસારમાં સ્ત્રી એ જ સાર છે'–એવા ખોટા ભ્રમરૂપી મદિરાથી મત્ત બનેલા તને શાન્તિ કેમ થશે ? (૧૮૬૭) કારણ કે–આ ભવ કે પરભવમાં જીવોને જે તીવ્ર દુઃખો (આવે) છે, તે દુઃખોનું નિમિત્ત સ્ત્રીઓ વિના અન્ય (કોઈ) નથી. (૧૮૬૮) હું માનું છું કે–સુખમધુરતા અને પરિણામે ભયંકરતાને જોઈને વિધાતા સ્ત્રીઓના મસ્તકે ધોળા વાળના બ્હાને રાખ નાંખે છે. (૧૮૬૯) તથા હે મનભમરા ! કામપરવશ (કામની) ક્રીડાથી આળસુ એવા પણ સ્ત્રીઓના મુખરૂપી કમળો વિકસિત પણ, વિશાળ નેત્રોરૂપી પાંદડાથી અતિ શોભતાં પણ, લાવણ્યરૂપી જળથી ભીંજાએલાં પણ, માથાના વાળરૂપી ભમરાઓથી વ્યાપ્ત પણ, ચારેય બાજુથી સુગંધને ફેલાવતાં પણ અને વિશિષ્ટરૂપ (શોભાથી) યુક્ત પણ, પ્રારંભે કંઈક માત્ર સુખદાયક બનીને અંતે તને બંધનરૂપ થશે. (૧૮૭૦ થી ૭૨) કારણ કે–સ્ત્રીઓનું શરીર (એટલે) ચરબી, ફેફસાં–હાડપિંજર–નસો (અને મળ–મૂત્રાદિ) બીભત્સ દુષ્ટ દ્રવ્યોનો સમૂહ છે. (૧૮૭૩) વળી હે ચિત્ત ! પંડિત પણ સ્ત્રીઓનાં (ચરણોને) રાતા કમળ સાથે, (પગ–

સાથળને) કેળના સ્તંભ સાથે, (સ્તનોના વર્ણ, કઠિનતા અને આકારને (અનુક્રમે) જાતિવંત સુવર્ણ, શીલા અને ઉત્તમ કળશ સાથે, (હાથના પંજાઓને) કંકેલી વૃક્ષના પત્રો સાથે, ભુજાઓને અથવા શરીરગાત્રને) વેલડી સાથે, (મુખને) ચંદ્ર સાથે, (હોઠને) પરવાળાં સાથે, (દાંતને) મોગરાની કળીઓ સાથે, (નેત્રોને) કુવલય(કમળ)નાં પત્રો સાથે, (ભાલને) અષ્ટમીના ચંદ્ર સાથે અને (મસ્તકના કેશોને) મયૂરના પિચ્છસમૂહ સાથે સરખાવે છે. (ઉપમા આપે છે.) તે તારા અંતરમાં ઉછળતા રાગનો મહિમા છે. (૧૮૭૪-૭૫) માટે હે મન! દેખાવમાં સુંદર પણ (**कलमलगा=**) અતિ દુર્ગન્ધી એવાં માંસ, રુધિર, મળ અને હાડકાંનો માળો, વગેરેથી ભરેલી (**कुलुष=**) મેલના કોઠારરૂપ સ્ત્રીઓમાં તું રાગ ન કર! (૧૮૭૬) શબ્દાદિ (વિષયો)ના સમુદાયરૂપી દ્રહમાં વિલાસ કરતા (હે મનરૂપી મચ્છ!) તને પકડવા કામરૂપી માછીમારે સ્ત્રીઓરૂપી (**બડીશ=**) માંસવાળી જાળ નાખી છે, સ્ત્રીના સંગરૂપી માંસમાં રસિક બનેલા તને (એ જાળથી) શીઘ્ર ખેંચીને હે મૂઢ! (કામના) તીવ્ર અનુરાગરૂપી અગ્નિમાં સર્વ રીતે શેકશે. (૧૮૭૭-૭૮) હે મન! જો તારામાં અમૃતતુલ્ય જિનવચન સમ્યગ્ પરિણમે, તો સ્ત્રીઓનાં હાસ્ય અને લલિત (વિલાસી ચાળા) પણ તને લેશ પણ વિકાર ન કરે. (૧૮૭૯) હે મન! જેના વિયોગરૂપી અગ્નિથી બળતો તું મુહૂર્ત્ત માત્રને પણ સો વર્ષોથી અધિક માને છે, તે સ્ત્રીઓની સાથે તારો કોઈ એવો વિયોગ થશે, કે જેથી સેંકડો સાગરોપમો સુધી પણ પુનઃ એક સમય માત્ર સંયોગની આશા પણ ન કરાય. (૧૮૮૦-૮૧) હે ચિત્ત! પોતાના શરીરમાં પણ પોતાનો જીવ પણ અત્યંત સંવાસને કાયમી સ્થાને પામી શકતો નથી, તો બીજો કોઈ તો કેમ (પામી શકે)? (૧૮૮૨) હે મન! આ જગતમાં જન્મેલાને પાણીમાં પરપોટો થાય (અને નાશ પામે) તેમ નિશ્ચે સંયોગો અને વિયોગો ક્ષણમાં થાય છે અને જાય છે. (૧૮૮૩) હે મન! સ્વભાવે જ નાશવંત છતાં પ્રાણો (આ શરીરમાં) ક્ષણ સ્થિર રહે છે તે આશ્ચર્ય છે, કારણ કે-વિજળીનો પ્રકાશ ક્ષણથી અધિક ન જ રહે. (૧૮૮૪) હે હત હૃદય! ઇષ્ટ સાથે સંયોગ ક્ષણ માત્ર અને પછી તેનો વિયોગ હજારો ભવો સુધી (થાય છે), તો પણ તું પ્રિયનો સંગમ જ ઇચ્છે છે. (૧૮૮૫) હે હૃદય! કુપથ્યની જેમ આપાત માત્ર મનોહર એવા પ્રિય સંયોગોને ભોગવવાનું પરિણામ ભયંકર જ છે. (૧૮૮૬) તેથી સંસારમાં સંતોષી, તપમાં રાગી અને સર્વત્ર નિરભિલાષી, એવા તારામાં દુર્ગતિના માર્ગથી બચાવનારો એવો ધર્મ સ્થિર થાઓ! (૧૮૮૭) હે માનસ! ચક્રી અને ઇન્દ્રપણામાં પણ જે નથી, તે આ ધર્મ મળવા માત્રથી હવે તારે શું અધુરું છે?, કે જેથી તું સંતોષ માટે ખેદ કરે છે? અર્થાત્ ધર્મ મળતાં સર્વ મળ્યું છે. (૧૮૮૮) તથા હે મન! સંતોષ કરવાથી તું ધનને મેળવવાની, રક્ષણ કરવાની અને વ્યય કરવાની વેદનાથી મુક્ત થઈશ, ઉલટું આ ભવમાં પણ તને પરમ નિવૃત્તિ (શાન્તિ) થશે. (૧૮૮૯) હે મન! સંતોષરૂપી અમૃતરસથી સિંચાતા તને સદાય જે સુખ (થાય), તે

સુખ અહીં-તહીં ચિંતામાં આસક્ત અસંતોષી તને ક્યાંથી મળે? (૧૮૯૦) હે મન! તું જે સંતોષપર =(સંતોષી) બને, તે જ (તારી) ઉદારતા, તે જ મોટાઈ, તે જ સૌભાગ્ય, તે જ કીર્તિ અને તે જ (તારું) સુખ છે. (૧૮૯૧) હે ચિત્ત! તું સંતોષી થતાં જ (તારે) સર્વ સંપત્તિઓ છે, અન્યથા ચક્રીપણામાં અને દેવપણામાં પણ સદા દરિદ્રતા જ છે. (૧૮૯૨) હે મન! અર્થની ઇચ્છાવાળો દીનતાને ભજે છે, તેને પામેલો ગર્વને અને અસંતોષને પામે છે તથા નષ્ટધન (મળેલું જવાથી) શોકને પામે છે, (માટે) (ધનની) (નિરાશ=) આશા તજીને તું સુખથી (સંતોષથી) રહે. (૧૮૯૩) નિશ્ચે અર્થીપણું (ઇચ્છા) પ્રગટવાની સાથે જ અંદરનું તત્ત્વ (સ્વત્વ) નીકળી જાય છે, અન્યથા હે મન! અર્થી તેવી જ અવસ્થાવાળો હોવા છતાં તેની હલકાઈ (લઘુતા) કેમ થાય? (૧૮૯૪) વળી મૃતકમાં નિયમા જે ભાર વધે છે, તેનું કારણ પણ સ્પષ્ટ સમજવા મળ્યું કે-જીવતો હતો ત્યારે અર્થીપણાથી હલકટ (હલકો) હતો, તે અર્થીપણું મર્યા પછી નથી. (માટે ભારે થાય છે.) (૧૮૯૫) હે મન! નિત્યમેવ દુઃખોથી તું ઉદ્વિગ્ન રહે છે અને સુખોને ઇચ્છે છે, પણ તું તેવું કરતો (કેમ) નથી, કે જેનાથી ઈચ્છિત (સુખ) મળે! (૧૮૯૬) હે હૃદય! પૂર્વે તેં જે જેવું કર્યું છે, વર્ત્તમાનમાં તને તે તેવું મળ્યું છે, માટે હર્ષ-ખેદ ન કર! સમ્યગ્ પરિણામ (સમતા) કરીને સહન કર! (૧૮૯૭) "સંયોગો વિયોગવાળા વિષયો વિષની જેમ પરિણામે વિરસ (દુઃખદાયક), કાયા ઘણા અપાયોવાળી અને રૂપ સ્વરૂપે ક્ષણભંગુર છે."-એમ પરને ઉપદેશ દેતા તારું વચન જેમ મહા સ્ફૂર્તિવાળું બને છે, તેમ હે ચિત્ત! તારા પોતાના માટે પણ એમ બને તો શું પ્રાપ્ત ન થયું? (અર્થાત્ બધું થયું.) (૧૮૯૮-૯૯) હે હૃદય! તારે પુણ્ય અને પાપરૂપી જે મજબૂત બે બેડીઓ વિદ્યમાન છે, તેને સ્વધ્યાયરૂપી કુંચીથી ખોલીને તું મુક્તિને પ્રાપ્ત કર! (૧૯૦૦) હે ચિત્ત! સંસારમાં સુખનો તું જે અનુભવ ઇચ્છે છે, તે તૃષાની શાન્તિ માટે તું ચોગળાવડે મૃગજળને પીએ છે, સત્ત્વને શોધવા માટે કેળની છાલને ઉખેડે છે, માખણ માટે પાણીને વલોવે છે, તેલ માટે રેતીને પીલે છે. (અર્થાત્ નિષ્ફળ છે.) (૧૯૦૧-૨) જેમ આ સંસારમાં કંઈક માત્ર ઘડાએલું અને કંઇક ઘડાતું પાત્ર, અધુરું છતાં તેને છોડી દઇને બીજું ખોળામાં લેવાથી (બીજાને ઘડવાથી) પૂર્વેનું અધુરું નાશ પામે છે, તેમ અનેક પ્રાણીઓ જન્મીને સાધના કરતા નથી, માત્ર વિવિધ ગર્ભાદિ અવસ્થાઓને પામીને (સંસારનાં જન્મ-મરણાદિ દુઃખોને જ વેઠે છે, અધુરા કર્ત્તવ્યથી જ) નાશ પામે છે, તે જાણીને હે ચિત્ત! કંઇ પણ શુભ ચિંતનને ચિંતવ! (૧૯૦૩-૪) હે ચિત્ત! તું એક છતાં ઘણી વસ્તુના ચિંતનથી બહુપણાને પામે છે. (અનેક પ્રકારનું બને છે.) પુનઃ તેવું બનેલું તું (ઇત્તિય=) આટલું માત્ર હોવા છતાં કયા દુઃખનું પાત્ર નથી બનતું? અર્થાત્ તું તેવું બનીને સ્વયં દુઃખી થાય છે. (૧૯૦૫) તેથી હે ચિત્ત! સઘળી અન્ય વસ્તુની ચિંતાને છોડીને શ્રેષ્ઠ એક પણ કોઈ એવી વસ્તુનું ચિંતન

કર, કે જેથી તું પરમ શાન્તિને પામે. (૧૯૦૬) હે મન ! મહોન્મત્ત હાથીની જેમ તું તેમ કર કે–સ્વાધ્યાયના બળે જેમ મારી સંસારરૂપી અટવીનાં મૂળભૂત કર્મોરૂપી અટવી ભાંગે અને તે ભાંગતાં જ ભવ–વનનાં તાજાં પત્રોતુલ્ય મારા રાગાદિ કરમાતાં જ પંખીઓ તુલ્ય મારાં કર્મો ઉડીને કયાંય જતાં રહે અને તેનાં પુષ્પો જેવાં મારાં જન્મ, જરા, મરણ સર્વથા નાશ પામે તથા તેનાં ફળોતુલ્ય મારાં દુઃખો પણ શીઘ્ર ક્ષીણ થાય ! (૧૯૦૭ થી ૯) હે મન ! જો તું દુઃખરૂપી ફળોને આપનારી, કર્મરૂપી પાણીના સિંચનથી વધતી એવી સંસારરૂપી ગાઢ વેલડીને ધ્યાનરૂપી અગ્નિથી બાળે, તો તે ઉગે નહિ. (૧૯૧૦) જો તું લક્ષ્મીથી મદ ન કરે, રાગાદિ (અંતરંગ શત્રુઓ)ને પણ વશવર્તી ન થાય, સ્ત્રીઓથી આકર્ષિત ન થાય, જો વિષયોથી ચંચલ (લોલુપી) ન થાય, સંતોષને છોડે નહિ, ઇચ્છાઓને ભેટે ( આદર આપે ) નહિ અને પાપનો વિચાર ( પક્ષ ) કરે નહિ, તો હે ચિત્ત ! તને જ મારો નમસ્કાર થાઓ. ( તું જ મારું વંદનીય છે.) (૧૯૧૧–૧૨) તથા હે મન ! જો તું આસક્તિના ત્યાગથી રાગને, અપ્રીતિના ત્યાગથી દ્વેષને, સત્‌જ્ઞાનથી મોહને, ક્ષમાથી ક્રોધને, મૃદુતા પ્રગટાવવાદ્વારા માનને, સરળતાથી માયાને અને સંતોષગુણથી લોભને જીતે, વળી જો તું નિત્ય બલાત્કારે પણ ઈન્દ્રિયોના સમૂહને સંતોષ-વશ (સંતુષ્ટ) કરે, જો જીવો સાથે પ્રીતિ(મૈત્રી)કરવા માટે અપ્રીતિને કાપે. અસંયમમાં અરતિને અને સંયમમાં રતિને કરે, જો સંસારથી જ ભય પામે, પાપની જ દુર્ગંછા (ઘૃણા) કરે. જો વસ્તુસ્વરૂપને વિચારીને હર્ષ–શોકાદિ ન કરે, તથા જો વચનને ઉચ્ચારવામાં નિત્ય સત્યને જ વિચારે, જો નિત્ય શ્રી જિનેશ્વરદેવોમાં ભક્તિ અને તેઓના પ્રવચનમાં (આગમમાં) રાગ–આદર કરે, તથા ધર્મગુણોની યથાશક્તિ સમ્યક્ આસક્તિ કરે, કાળને અનુરૂપ (સમયાનુસાર) સુંદર ક્રિયામાં તત્પર એવા ઉત્તમ સાધુઓનું બહુમાન કરે, દીન–દુઃખીઆઓ પ્રત્યે કરુણા કરે અને જો પાપીઓની ઉપેક્ષા કરે, તો હે મન ! બીજી નિષ્ફળ ક્રિયાઓના વિસ્તારનું (વધારવાનું) મારે કોઈ પ્રયોજન નથી, તારા પ્રસાદથી મારે મુક્તિ હથેળીમાં જ છે. (૧૯૧૩ થી ૨૦) હે મન ! જેમ નિઃશ્વાસના પવનથી નિર્મળ પણ દર્પણ શીઘ્ર મલિન થાય છે, જેમ અતિ બહોળા ધૂમાડાથી અગ્નિની શિખા કાળી થાય છે, જેમ ઉડતી રેતીના સમૂહથી ચંદ્ર પણ ઢંકાઈ ( નિસ્તેજ બની ) જાય છે, તેમ તું ઉજ્વળ છતાં કુવાસનાથી મલિન થઇશ. (૧૯૨૧–૨૨) તેં (આજસુધી) આત્માને (પોતાને) નિયમમાં ( કાબૂમાં ) લઈને રાગ–દ્વેષાદિનો નિગ્રહ ન કર્યો, શુભ ધ્યાનરૂપી અગ્નિથી કર્મરૂપ ઇન્ધનના વિસ્તારને ન બાળ્યો, વિષયોમાંથી ખેંચીને ઈન્દ્રિયોના સમૂહને ( સારે=) ન્યાયમાં (ધર્મમાં) ન જોડયો, તો હે ચિત્ત ! શું તને મુક્તિના સુખની ઇચ્છા પણ નથી ? (૧૯૨૩–૨૪) હે મન ! હાથીઓને શણગારવાના નથી, ઘોડાઓની કતારોને પલાણવાની નથી, આત્માને પ્રયાસ કરવાનો નથી, તલવાર પણ વાપરવાની નથી, કિન્તુ શુભધ્યાનથી જ રાગાદિ ( અંતરંગ ) શત્રુઓને હણવાના છે, છતાં તું તેઓનો પરાભવ કેમ સહન કરે છે ?

(૧૯૨૫-૨૬) ગુરુએ બતાવેલા ઉપાયથી પ્રથમ આલંબનને આધારે (મન-વચન-કાય) યોગો સઘળા વિઘ્નોથી રહિત થાય તેમ પ્રયત્નપૂર્વક અભ્યાસ કરીને, બાહ્ય વિષયોની ચિંતાનો વ્યાપાર તજીને, પછી જો તું નિરાલંબન એવા પરમ તત્ત્વમાં લીન બનીશ, તો હે ચિત્ત! તું સંસાર(ચક્ર)માં ફેરા નહિ જ કરે. (૧૯૨૭-૨૮) હે મન! જો તું પ્રકૃતિએ જ ચલસ્વભાવવાળા, વિષયાભિલાષામાં વેગવાળા, દુર્દાન્ત એવા આ ઈન્દ્રિયોરૂપ ઘોડાઓના સમૂહને વિવેક રૂપી લગામથી વશ કરીને સ્વાધીન કરે, તો રાગાદિ શત્રુઓ ઉછળે નહિ, અન્યથા સદાય વિસ્તાર પામેલા (નિરંકુશ) તેઓથી તું પરાભવ પામીશ. (૧૯૨૯-૩૦) જેમ વરસતાં મેઘોવડે અને પ્રવેશ કરતી હજારો નદીઓ વડે પણ સમુદ્રમાં (ઉત્કર્ષ) ઉછાળો થતો નથી અને જેમ તે મેઘ અને નદીઓના અભાવે તેમાં (અપકર્ષ=) હ્રાસ પણ થતો નથી, તેમ હે હૃદય! જો તને પણ સ્વયં પ્રાપ્ત થએલા પણ ભોગોપભોગના યોગે ઉત્કર્ષ (અભિમાન) ન થાય અને તેના અભાવે અપકર્ષ (દીનતા) પણ ન થાય, તો તને મેળવવાનું મળી ગયું તથા ઉત્તમ (બનેલું) તું અતિ કૃતાર્થ થયું. (કારણ કે-) દુષ્કર (તપ વગેરે) કરનારો પણ મુનિ ભોગાદિની આશંસા કરતો (કૃતાર્થ) નથી. (૧૯૩૧ થી ૩૩) વળી 'યોગની સાધનાનો રાગી ઘરને તજીને વનમાં મોક્ષને સાધે છે'-એમ જેઓ કહે છે, તે પણ તે મનુષ્યોનો મોહ છે, કારણ કે-મોક્ષ (કેવળ ઘર-ત્યાગથી નહિ) સમ્યગ્જ્ઞાનથી થાય છે. (૧૯૩૪) અને તે (જ્ઞાન) તો પુનઃ ઘરમાં અથવા વનમાં પણ (સાથે) હોય છે અને શેષ વિકલ્પોને તજીને તે (જ્ઞાન) સ્વસાધ્ય એવા કાર્યને સાધે પણ છે, તેથી હે ચિત્ત! જ્ઞાનનું (જ્ઞાનના મહિમાનું) ચિંતન કર! (૧૯૩૫) હે મન! જો તું સમ્યગ્જ્ઞાનરૂપી કિલ્લાથી સુરક્ષિત રહે, તો સંસારમાં ઉપજતા, કર્મવશ આવી મળતા, અતિ રમ્ય પણ પદાર્થો તને હરણ (લાલચુ) ન કરે. (૧૯૩૬) હે હૃદય! જો તું સમ્યગ્જ્ઞાનરૂપી અખંડ નાવડીને કદાપિ છોડે નહિ, તો અવિવેકરૂપી નદીના પ્રવાહથી તું તણાય નહિ. (૧૯૩૭) ઘરમાં દીવાની જેમ ઉત્તમ પાત્રરૂપ જીવમાં રહેલી મોહના તંતુ રૂપી વાટ (દીવેટ) નો અને (સ્નેહરાગરૂપી) તેલનો નાશ કરતો, મિથ્યાત્વરૂપી અંધકારને દૂર કરતો તથા સંક્લેશરૂપી કાજળને વમન કરતો સમ્યગ્જ્ઞાનરૂપી દીવો જો તારામાં પ્રગટે, તો હે ચિત્ત! શું ન મળ્યું? (સર્વ મળ્યું.) (૧૯૩૮-૩૯) ગુરુરૂપી પર્વતની ધારે રહેલું (ગુર્વાધીન), વિષયોના વૈરાગ્યરૂપી મધ્ય(સાર-તત્ત્વ)વાળું, ઉંચા થડ(સ્કંધ)વાળું અને ધર્મના અર્થી જીવોરૂપી પક્ષીઓએ આશ્રય કરેલું, એવું જે પરમ તત્ત્વોપદેશરૂપી વૃક્ષ, તેના ઉપર ઉતાવળો થયા વિના ધીમે ધીમે (ક્રમશઃ) ચઢીને જો સમ્યગ્જ્ઞાનરૂપી ફળને ગ્રહણ કરે, તો તું મુક્તિનો રસ ચાખી શકે! (૧૯૪૦-૪૧) (કારણ કે-) જેમ વિદ્યાસિદ્ધ (વૈદ્ય) રોગોની શાન્તિનો પરમ ઉપદેશ (ઉપાય) આપે, તેમ સદ્ગુરુ બાહ્ય ઉપચાર વિનાનો કર્મો (રૂપી રોગો)નો ઉપશમ કરવાનો પરમ ઉપદેશ (અભ્યંતર ઉપાય) આપે છે. (૧૯૪૨) હે ચિત્ત! (ગુરુના ઉપદેશરૂપ એ ઔષધથી)

કેવળ અધિગતનો( કર્મોનો ) જ ક્ષય થાય, એમ ન વિચારીશ, સકલ દુઃખોથી રહિત એવું અજરામરપણું પણ થાય છે. (૧૯૪૩) હે ચિત્ત! તું પ્રયત્નપૂર્વક કોઇ તે (એવા પરમ) તત્ત્વને વિચાર, કે જેનું માત્ર ચિંતન કરતાં જ દીર્ઘકાળની ( કાયમની ) પરમ નિવૃત્તિ ( શાન્તિ ) થાય. (૧૯૪૪) હે મન! "હું જ બુદ્ધિમાન, હું જ વિદ્વાન્, હું જ સુરૂપવાન્, હું જ ત્યાગી, હું જ શૂરવીર," ઈત્યાદિ અહંકારરૂપી તારો તાવ ત્યાં સુધી જ છે, કે જ્યાં સુધી તું પરમ તત્ત્વમાં મગ્ન થયો નથી. (૧૯૪૫) હે ચિત્ત! હાથીની જેમ તું અવિવેકરૂપી માવતને ફેંકી દઈને, (સ્તંભ=) ગર્વરૂપી મજબૂત થાંભાને પણ ભાંગીને, પુત્ર, સ્ત્રી આદિના સ્નેહરૂપી મજબૂત બેડીઓને ( સાંકળોને ) તોડીને, બંધનરૂપ રાગાદિ વૃક્ષોને પણ ( દૂર= ) મૂળમાંથી ઉખેડીને, ધર્મરૂપી વનમાં વિહાર કર, કે જેથી પરમ શાન્તિને પામે. (૧૯૪૬–૪૭) હે ચિત્ત! દિવ્ય ભોજનના વિવિધ રસોને ઉત્પન્ન (સ્પર્શ) કરતી પણ કડછી જેમ સ્વયં તે રસોને ન ચાખે, કેવળ તપે, તેમ તે આગમોના અનુભવ વિનાનો તું પણ બીજાઓને શ્રદ્ધા પ્રગટાવવા આ પ્રવચન સાક્ષાત્ શ્રી જિનેશ્વરે કહેલું છે, પુનઃ (અમુક) આ ગણધરોએ કહેલું છે, આ અમુક તેમના શિષ્યોએ કહેલું છે, અમુક આ ચૌદપૂર્વીનું કહેલું છે, અમુક પ્રત્યેકબુદ્ધનું કહેલું છે અને અમુક પૂર્વ શ્રી જિનેશ્વરોએ કહ્યું છે, ઇત્યાદિ ચિંતનથી કેવળ સ્વયં ખેદને (શ્રમને) જ પામે છે. (૧૯૪૮ થી ૫૦) અથવા કડછી તો તે તે રસોથી વાસિત પણ થાય છે અને ભેદાય પણ છે. હે મૂઢ હૃદય! તું તો શ્રી જિનવચનને અનુસરવા (આચરવા) છતાં, નથી વાસિત થતો! અને નથી ભેદાતો! નહિ તો તું મહાન્ ઋષિઓનાં સુભાષિતોને નિત્ય અનેક વાર બોલે છે, સાંભળે છે, સારી રીતે વિચારે છે અને તેના પરમાર્થને પણ જાણે ( સમજાવે ) છે. છતાં તું પ્રશમને અનુભવતો નથી, તેમ સંવેગને અને નિર્વેદને પણ અનુભવતો નથી, તથા એક મુહૂર્ત માત્ર પણ તેના ભાવાર્થને પરિણમાવતો નથી. ( તેવા પરિણામવાળો બનતો નથી. ) (૧૯૫૧ થી ૫૩) તેથી પ્રમાદરૂપી મદિરાના ઘેનવાળા હે મન! તું શ્રી જિનવચનદ્વારા શાન્તરસની પ્રાપ્તિ કર્યા વિના, શક્તિ અનુસારે સાધુની સુવિશુદ્ધ ક્રિયા કરવારૂપ બાહ્ય ( વ્યવહાર ) ચારિત્રમાં પણ તું લેશ ઉત્સાહને પણ પામીશ નહિ અને એ રીતે નાવડી મળવા છતાં હે મૂઢ! તું સંસારસમુદ્રમાં ડૂબીશ! (૧૯૫૪–૫૫) અથવા (એ રીતે) તું કેવળ શ્રી જિનવચનના અર્થોને પરિણમાવીશ (સ્વીકારીશ) નહિ, એટલું જ નહિ, કિન્તુ તારા પોતાના અભિપ્રાયથી તું તેનાથી વિપરીત–ઉલટો વ્યવસાય (કે ઉલટો ઉપદેશ) પણ કરીશ. (૧૯૫૬) હે મૂઢ હૃદય! નિજ( આત્મ )બોધના વાહક (આધાર) એવા શ્રી જિનમત દ્વારા પણ તું કોઈ કોઈ વિષયમાં સર્વથા ( એકાન્ત ) પ્રતિબદ્ધ (આગ્રહી) બને છે. (૧૯૫૭) કારણ કે–કોઈવાર એકાન્ત ઉત્સર્ગ માર્ગમાં ચંચળ બનેલ તું આકાશના છેડે પહોંચે છે. (ઉંચી ભાવનાને કરે છે) અને કોઈ વાર અપવાદમાં જ ડૂબેલું તું રસાતળમાં ડૂબે છે. ( નીચા વિચારો કરે છે.) (૧૯૫૮) ઉત્સર્ગ દૃષ્ટિવાળા તને અપવાદને આચરનારા જીવો ગમતા નથી,

પુનઃ અપવાદ દૃષ્ટિવાળા તને ઉત્સર્ગમાં વર્તનારા જીવો ગમતા નથી. (૧૯૫૯) તથા દ્રવ્ય-ક્ષેત્ર-કાલાદિને અનુસરીને તે તે વિષયમાં ઉત્સર્ગ-અપવાદ ઉભય માર્ગે જેઓ ચાલે છે, તેઓ પણ તને ગમતા નથી. (૧૯૬૦) એમ હે મન ! નિશ્ચયનયમાં રહેલા તને વ્યવહાર-નયમાં વર્તતા અને વ્યવહારનયમાં રહેલા તને નિશ્ચયનયમાં વર્તતા અન્ય જીવો ગમતા નથી. (૧૯૬૧) તથા દ્રવ્ય-ક્ષેત્ર-કાલાદિ ભાવોને અનુસારે તે તે વિષયમાં જે ઉભય નયમાં વર્તતા હોય, તે પણ તને ગમતા નથી, (૧૯૬૨) હે મન ! ઉત્સર્ગ (અપવાદ) વગેરે સમસ્ત નયોથી યુક્ત આ જિનમત પ્રત્યે અરુચિવાળા તને નિષ્પાપ (વિશુદ્ધ) જિનમતનાં પરિણામો (રહસ્યો) કેવી રીતે સમજાય ? (૧૯૬૩) વળી ઉપશમભાવરહિત તું કંઈક અંશને (પક્ષને) પકડીને "મેં નિશ્ચિત તત્ત્વને જાણ્યું"-એમ સ્વયં માનીને, તે વિષયમાં શ્રુતનિધાનને (શ્રુતધરોને) પણ તું બહુ પૂછતો નથી. (૧૯૬૪) એ રીતે તને જ્ઞાનનાં કાર્યોની પણ ચિંતા થતી નથી અને કાળને અનુસારે ગુણ ધારણ કરનાર પણ ગુણીના સંબંધમાં તને હર્ષ (પ્રસન્નતા) કરવાનું મન પણ થતું નથી. (૧૯૬૫) તેમ જો તું વાત્સલ્ય, સ્થિરીકરણ, ઉપબૃંહણા કરે છે, તો પણ સર્વત્ર સમાન-પક્ષપાત વિના કરતો જ નથી, જો કરે છે તો પોતાના અભિપ્રાય (માન્યતા) પ્રમાણે કરે છે (૧૯૬૬) માટે તું આવા પ્રકારના કુગ્રહ(મિથ્યા આગ્રહ)રૂપ ચક્રને વિવેકરૂપ ચક્રથી છેદીને સદ્ધર્મમાં સર્વ ઇચ્છાથી રહિત એવા વિશુદ્ધ રાગને (પક્ષને) કર ! (૧૯૬૭) હે ચિત્ત ! જો તને આ સદ્ધર્મમાં થોડો પણ પક્ષ-રાગ હોત, તો આટલા (દીર્ઘ) કાળ સુધી મહા દુઃખોની આ જાળ ન હોત. શું તેં સાંભળ્યું નથી ? (૧૯૬૮) કે-અનન્ય મનવાળો જીવ જો એક દિવસ પણ પ્રવ્રજ્યાને પામે, તો તે મોક્ષને ન પામે તો પણ વૈમાનિક દેવ તો અવશ્ય થાય જ. (૧૯૬૯) અથવા એક દિવસ વગેરે પણ ઘણો કાળ કહ્યો, કારણ કે-એક મુહૂર્ત માત્ર પણ જ્ઞાનનો સમ્યગ્ પરિણામ થવાથી ઇષ્ટ ફળ મળે છે. અહીં (શાસ્ત્રમાં) કહ્યું છે કે-અજ્ઞાની જેટલાં કર્મોને ઘણાં ક્રોડો વર્ષોમાં ખપાવે છે, તેટલાં કર્મોને ત્રણ ગુપ્તિવાળો જ્ઞાની એક ઉચ્છ્વાસ કાળ માત્રમાં ખપાવે છે.(૧૯૭૦-૭૧) જો એમ ન હોય, તો હે મન ! સમ્યગ્જ્ઞાનની પરિણતિરૂપ ગુણરહિત એવાં પૂર્વે કોઈ ગુણ (સાધના કર્યા) વિના જ મરુદેવા તે જ ક્ષણે સિદ્ધ થયાં, તે કેમ થાય ? (૧૯૭૨) હે મન ! તું તો કોઈવાર રાગમાં રંગાએલું, તો કોઈવાર વળી દ્વેષથી કલુષિત થએલું, કોઈવાર મોહથી મૂઢ, તો કોઈ વાર ક્રોધાગ્નિથી સળગતું, કોઈ વાર માનથી અક્કડ, તો કોઈ વાર માયાથી અતિવ્યાપ્ત (ભરેલું), કોઈ દિવસ મોટા લોભસમુદ્રમાં સર્વાંગ ડૂબેલું, તો કોઈવાર વળી વૈર, મત્સર, ઉદ્વેગ (પીડા), ભય અને આર્ત્ત-રૌદ્રધ્યાનને વશ પડેલું, કોઈવાર વળી દ્રવ્ય-ક્ષેત્ર વગેરેની ચિંતાના ભારથી ભરેલું, એમ નિત્યમેવ તીવ્ર પવનથી ઉડતા ધ્વજપટની જેમ તું (વાવદ=) વ્યાકૂળ (બનેલું) કદાપિ પરમાર્થમાં થોડી પણ સ્થિરતાને પામતું નથી. (૧૯૭૩ થી ૭૬) વગેરે. હે ચિત્ત ! તને કેટલી શિખામણ અપાય ? તું સ્વયમેવ હિતાહિતના વિભાગને વિચાર અને એનો નિશ્ચય કર ! (૧૯૭૭) તે પછી નિત્ય કુશલમાં

(શુભમાં) પ્રવૃત્તિ અને કુશળ માર્ગમાં રહેલાઓનું બહુમાન કર! અકુશળ (પ્રવૃત્તિ) અને અકુશળ વસ્તુનો ત્યાગ કર! તથા (શુભાશુભમાં રાગ–દ્વેષ તજીને) માધ્યસ્થ કર! **(૧૯૭૮)** એમ અકુશળનો ત્યાગ અને કુશળમાં પ્રવૃત્તિરૂપ મુખ્ય કારણદ્વારા હે મન! તું સમાધિરૂપ પરમ કાર્યને પ્રાપ્ત (સિદ્ધ) કરીશ. **(૧૯૭૯)** આ રીતે જો ભાવપૂર્વક નિત્ય પ્રતિસમય મનને સમજાવાય, તો (સમયં=) એક સાથે તું (અથવા મદસહિત) માયા, ક્રોધ અને લોભને જીતે, તેમાં શું આશ્ચર્ય છે? **(૧૯૮૦)** અન્યથા અનલ્પ (વિવિધ) કુવિકલ્પોરૂપ કલ્પનાઓમાં આસક્ત એવા ચિત્તથી પ્રેરાએલા (પીડાએલા), હિતને પણ અહિત, સ્વજનોને પણ પરાયાં, મિત્રને પણ શત્રુ અને સાચાને પણ ખોટું માનતા વસુદત્તની જેમ, નિરંકુશ હાથીની જેમ રોકવો દુઃશકય, એવો મનુષ્ય કયા કયા પાપસ્થાનને (પાપોને) નહિ કરે? **(૧૯૮૧-૮૨)** તે આ પ્રમાણે :—

**મનની ચંચળતા વિષે વસુદત્તનો પ્રબંધ**:–ઉજ્જૈની નગરીમાં સૂરતેજ નામે રાજાનો રાખેલો સોમપ્રભ નામનો બ્રાહ્મણ પુરોહિત હતો. **(૧૯૮૩)** સઘળાં શાસ્ત્રોના (અથવા શાસ્ત્રોના સઘળાં) રહસ્યોનો જાણ, સર્વ પ્રકારનાં દર્શનોનો (મતોનો) જાણ, એવો તે સદ્‌ગુણી હોવાથી ગુણવાનોને અને રાજાને અત્યન્ત વ્હાલો હતો. **(૧૯૮૪)** તે મરણ પામ્યો, તેથી એક પ્રસંગે સ્વજનોએ તેના સ્થાને રાખવા માટે વસુદત્ત નામના તેના પુત્રને રાજાને દેખાડયો, પણ તે નાનો અને અભણ હોવાથી રાજાએ તેનો નિષેધ કર્યો અને તેના સ્થાને બીજા બ્રાહ્મણને સ્થાપ્યો. **(૧૯૮૫-૮૬)** પછી પોતાનો પરાભવ થયો એમ જાણતો, અત્યંત ખેદથી સંતાપ કરતો, તે વસુદત્ત ભણવા માટે ઘેરથી નીકળ્યો. **(૧૯૮૭)** 'પાટલીપુત્રનગર વિવિધ વિદ્યાના વિદ્વાનોવાળું શ્રેષ્ઠ વિદ્યાક્ષેત્ર છે'–એમ લોકોના મુખેથી સાંભળીને તે ત્યાં જવા રવાના થયો. **(૧૯૮૮)** ત્યાં પહોંચ્યો અને કાળક્રમે સર્વ વિદ્યાઓને ભણ્યો. પછી ઇચ્છિત કાર્યની સિદ્ધિવાળો તે પોતાના નગરમાં પાછો આવ્યો. **(૧૯૮૯)** તેની વિદ્યાથી રાજા પ્રસન્ન થયો અને તેના પિતાની આજીવિકા (નોકરી) તેને આપી. પછી તે રાજાને અને નગરના સર્વ લોકોને માનનીય થયો. **(૧૯૯૦)** રાજાના સન્માનથી, ઐશ્વર્યથી અને શ્રુતમદથી જગતને પણ તૃણતુલ્ય માનતો તે ત્યાં કાળ પસાર કરવા લાગ્યો. **(૧૯૯૧)** આ ઐશ્વર્ય વગેરે એકના બળથી પણ અધીર પુરુષોનું મન ચંચળ બને છે, તો કુળ, બળ, વિદ્યા વગેરે સર્વના સમૂહથી પુનઃ શું ન બને? **(૧૯૯૨)** પ્રલયકાળના સમુદ્રનાં મોજાના સમૂહને રોકવામાં પાર પામી શકાય, પણ ઐશ્વર્ય વગેરેના મહા મદને વશ થએલા મનને થોડું પણ રોકી ન શકાય. **(૧૯૯૩)** એમ ઉન્મત્ત મનવાળા તેને તેના મિત્રોએ કુતૂહલથી એક રાત્રે નટોનું નાટક જોવાનું કહ્યું. **(૧૯૯૪)** હે મિત્ર! આવ, આપણે જઈએ અને ક્ષણવાર નટનું નાટક જોઈએ, (કારણ કે–) જોવાયોગ્ય જોવાથી દૃષ્ટિ (નેત્રો) સફળ થાય. **(૧૯૯૫)** તેઓની ઇચ્છાનુસાર તે ત્યાં ગયો અને એક ક્ષણ બેઠો. પછી ત્યાં તે સમયે એક કોઈ યુવતી (કોઈ) ભવૈયાની સાથે આ પ્રમાણે

બોલી ( બોલતી સાંભળી ) કે-(૧૯૯૬) હે સુભગ ! તારા દર્શનરૂપી અમૃત મળવાથી આજે કપટપંડિત અને ઘરમાં પૂરી રાખનાર, એવા મારા પતિથી મને (નિવૃત્તિ=) મુક્તિ મળી. (૧૯૯૭) હે નાટકના ( પ્રવર્તક= ) પ્રથમપાત્ર ! તારું જીવન દીર્ઘ-અખંડ થાઓ ! કારણ કે-તેં ક્રોધના સમુદ્ર મારા પતિને (અહીં) વ્યગ્ર કર્યો છે. (૧૯૯૮) તેથી હે સુભગ ! આવ, જ્યાં સુધી એ કૂટપંડિત (અહીં) (જાવેઈ=) સમય વીતાવે છે, ત્યાં સુધી ક્ષણભર ક્રીડા કરીને પોતપોતાના ઘેર જઇએ. (૧૯૯૯) એ પ્રમાણે તેની સ્નેહયુક્તવાણી સાંભળીને ખોટા વિકલ્પ કરવારૂપ પવનથી પ્રેરાયેલા મનવાળા તે વસુદત્તે વિચાર્યું કે-(૨૦૦૦) હું માનું છું કે નક્કી આ તે મારી પત્ની છે. આ પાપિણી પરપુરુષનો સંગ કરે છે અને મને ઉદ્દેશીને કૂટપંડિત કહે છે. (૨૦૦૧) પહેલાં પણ મેં તેના લક્ષણોથી દુરાચારીણી માની હતી અને અત્યારે પ્રત્યક્ષ જ જોઈ, તેથી એને શિક્ષા કરું, (૨૦૦૨) એમ વિચારતો જેટલામાં આ ( વસુદત્ત ) તેને મારવા માટે ચાલ્યો, તેટલામાં તો સ્વચ્છંદ આચારવાળી તે યુવતી કયાંક જતી રહી. (૨૦૦૩) પછી 'હુ માનું છું કે-મને આવતો જોઈને પાપિણી તુર્ત ઘેર ગઇ હશે, એવી બુદ્ધિથી ત્યાંથી તે શીઘ્ર ઘર તરફ ચાલ્યો. (૨૦૦૪) પછી પ્રબળ ક્રોધને વશ થયેલો જ્યારે પોતાના ઘરના બારણે પહોંચ્યો, ત્યારે પોતાની બ્હેનને શરીર-ચિંતા કરીને ઘરમાં પેસતી જોઇ, તેથી "આ મારી પત્ની છે"-એમ માનીને તેને, અરે પાપિણી ! દુરાચારિણી છતાં મારા ઘરમાં કેમ પેસે છે ? તે ભાંડની સામે મને 'કપટપંડિત' એવો આરોપ કરીને અને તેની સાથે સહર્ષ રમીને તું આવી છે. એમ બોલતા તેણે "હા, હા, કેમ આ આમ (બોલે છે ?) આ કોણ છે ? મેં શું અકાર્ય કર્યું છે ? "-એમ વારંવાર ઘણું ( મોટેથી ) બોલતી, બ્હેન છતાં અત્યંત ક્રોધને વશ તેને નહી ઓળખવાથી લાકડીઓ અને મુઠ્ઠીઓથી નિષ્ઠુરપણે તેનાં મર્મસ્થાનોમાં એવી રીતે પ્રહાર કર્યા, કે જેથી તે જીવિતવ્યથી મુક્ત થઇ (મરી ગઇ). (૨૦૦૫ થી ૯) તે પછી તેની પાછળ પાછળ જ આવેલા મિત્રવર્ગે ( તેને ) રોકયો. તેથી અધિક ક્રોધે ભરાયેલા તેણે કહ્યું કે-(૨૦૧૦) હે પાપીઓ ! નક્કી તમારા (ભેદ=) પ્રપંચથી જ મારી સ્ત્રી આવું અકાર્ય કરે છે અને તેથી જ તમે મને રોકો છો. (૨૦૧૧) નિશ્ચે આ કારણે જ એના પાપકાર્યમાં વિઘ્ન દૂર કરવા તમે નહિ ઇચ્છતા પણ મને નાટક જોવા માટે પણ લઈ ગયા. (૨૦૧૨) અથવા કૃત્રિમ મૈત્રીથી જોડાએલા(કપટી)ઓને કંઈપણ અકરણીય નથી, તેથી હે દુરાચારીઓ ! અહીંથી મારા ચક્ષુમાર્ગને છોડો. ( નજરથી દુર થાઓ ! ) (૨૦૧૩) એમ ખોટા કુવિકલ્પથી પીડાતા મનવાળા વસુદત્તે નિશ્ચે નિર્દોષ પણ તેઓને એ રીતે તિરસ્કાર્યા, કે જેથી ( તેઓ ) પોતાને ઘેર ગયા. (૨૦૧૪) આ કોલાહલ સાંભળીને તેની સ્ત્રી ઘરમાંથી (બહાર) આવી અને આ પ્રસંગને જોઈને બોલવા લાગી કે-(૨૦૧૫) "હા હા, નિર્દય ! નિર્લજ્જ ! અનાર્ય ! પોતાની બ્હેનને કેમ મારે છે ?" જે આવું પાપ તો ચંડાળો પણ ન કરે. (૨૦૧૬) તેણીએ એ પ્રમાણે કહ્યું અને વળી નગરલોકોએ પણ તેને નિંદ્યો, તેથી ઘણા કુવિકલ્પોથી ઘવાએલા

મનવાળો તે વસુદત્ત પુનઃ વિચારવા લાગ્યો કે– આ મારી પત્ની કેવળ અસતી જ નથી, શાકિણી પણ છે, કે જેથી મને પણ આ પ્રમાણે વ્યામૂઢ કરીને સ્વયં ખસી ગઇ અને બ્હેનને મારી નાખ્યા પછી કોપ શાન્ત થયો છે, એમ જાણીને સાધુની જેમ મુખનો રંગ બદલ્યા વિના (હાવકા મુખે) મને રોકવા લાગી! (૨૦૧૭ થી ૧૯) જો એણીએ મારી નજરવંચના ન કરી હોય, તો શું અત્યંત અંધકારમાં પણ મારી બ્હેનને પણ હું ન ઓળખી શકું? (૨૦૨૦) એમ કલ્પીને કુવલય(કમળ)નાં પત્રો સમાન કાળી તલવારને ખેંચીને હે પાપિણી! હાકણ! હે બ્હેનના નાશને કરનારી!, હવે કયાં જઇશ?, કે જે બૃહસ્પતિ સમા (વિદ્વાન) પણ મને તેં વિભ્રમિત કર્યો. એમ બોલતા તેણે પત્નીનું બે હોઠ સહિત નાક કાપી નાખ્યું, (૨૦૨૧-૨૨) તે પછી સૂર્યોદય થયો, ત્યારે રાત્રિનો પ્રસંગ સાંભળવાથી ગુસ્સે થયેલા લોકોએ અને રાજાએ તેને નગરમાંથી કાઢી મૂકયો. (૨૦૨૩) પછી એકલો ભમતો વઇદેશા નામની નગરીએ પહોંચ્યો. ત્યાં તેણે તારાપીઠ નામે રાજાને પ્રસન્ન કર્યો. (૨૦૨૪) પ્રસન્ન થયેલા રાજાએ તેને(जीवन=) આજીવિકા આપી અને પ્રસન્ન મનવાળો (તે) ત્યાં રહેવા લાગ્યો. પછી સૂર્યગ્રહણ થયું ત્યારે વિચારવા લાગ્યો કે–આજે હું બ્રાહ્મણોને નિમંત્રીને ઘણાં શાકથી યુક્ત, અનેક જાતનાં પીણાં સહિત, ઘણી (विच्छित्ति=) રચનાથી (વિવિધ મસાલાથી) યુક્ત (बहुभक्खं=) ઘણું સ્વાદિષ્ટ એવા (भोजन जातं=) વિવિધ ભોજનને (તૈયાર) કરાવીશ અને રાજાની ખીરધરી (દૂધની રક્ષક–ગોવાળણ) પાસેથી દૂધ મંગાવીશ. (૨૦૨૫ થી ૨૭) જો વારંવાર વિનયપૂર્વક માગવા છતાં પણ તે કોઈ રીતે દૂધને નહિ આપે, તો મારો આપઘાત કરીને પણ તેને બ્રહ્મહત્યા કરીશ. (આપીશ.) (૨૦૨૮) એમ મિથ્યા વિકલ્પોથી ભ્રમિત થયેલો, કલ્પનાને પણ સત્યની જેમ માનતો, તે "ભોજન સમય થયો"–એમ માનીને (સ્વમનઃકલ્પનાથી) નિશ્ચે "વારંવાર ઘણા વખત સુધી માગવા છતાં પણ ખીરધરી દૂધને આપતી નથી." (એમ માનીને) તીવ્ર ક્રોધવશ થઇને શસ્ત્રથી પોતાને હણવા લાગ્યો અને ઉંચા હાથ કરીને બોલ્યો, અહો લોકો! આ બ્રહ્મહત્યા, રાજાની ખીરધરિકાના નિમિત્તે છે, કે જેણે મને દૂધ ન આપ્યું! (૨૦૨૯ થી ૩૧) એમ એક ક્ષણ બોલીને સખ્ત ઘાથી (સ્વયં) હણાયો થકો રૌદ્રધ્યાનને પામેલો (તે) મરીને નારક થયો, (૨૦૩૨) કારણ કે–આવી સ્વચ્છંદ પ્રવૃત્તિવાળા ચિત્તરૂપી (दोघट्ट=) હાથીથી હણાયેલા જીવો ક્ષણ પણ સુખે રહી શકતા નથી, માટે મનને પ્રતિક્ષણે શિખામણ કરવી જ જોઇએ. અન્યથા ઉપર જણાવી તે પરિસ્થિતિ પ્રમાણે ક્ષણ પણ કુશળતા ન થાય. (૨૦૩૩-૩૪) વળી સ્વચ્છંદી દાસને વશ કરવાની જેમ અવશ (સ્વચ્છંદી) મનને જે પોતાને વશ કરે, તેણે જ યુદ્ધમેદાનમાં વિજયધ્વજ પ્રાપ્ત કર્યો, તે જ શૂર અને તે જ પરાક્રમી છે. (૨૦૩૫) (अवि नाम=) સંભવ છે કે–કોઈ પુરુષ કોઈ રીતે આખા સમુદ્રને પણ પી જાય, ધગધગતા અગ્નિની જ્વાળાઓના સમૂહ વચ્ચે શયન પણ કરે, શૂરતાથી તીક્ષ્ણ ધારવાળી તલવારની ધાર ઉપર ચાલે પણ ખરો

અને (કોઈ) તીવ્ર અગ્નિ જેવા બળતા ભાલાની અણી ઉપર પદ્માસન પણ બાંધે (પદ્માસને બેસે), તે પણ જગતમાં પ્રકૃતિએ જ ચંચળ, ઉન્માર્ગમાં રાચનાર અને શસ્ત્રરહિત, એવા પણ મનનો વિજય ન કરી શકે. (**૨૦૩૬ થી ૩૮**) જેઓ મદોન્મત્ત હાથીનું પણ દમન કરે છે, સિંહને પણ પોતાને વશવર્તિ બનાવે છે અને ખળભળેલા સમુદ્રના પાણીના વિસ્તારને પણ શીઘ્ર રોકી શકે છે, તેઓ પણ કષ્ટ વિના જ (સહેલાઇથી) મનને જીતવા સમર્થ બનતા નથી. એમ છતાં કોઈ રીતે જો તેને પણ જીત્યું, તો નિશ્ચે (તેણે) જીતવાયોગ્ય સઘળું જીત્યું, (**૨૦૩૯–૪૦**) વધારે શું ? મનને જીતવાથી દુર્જય એવો (બહિર) આત્મા પણ પરાજિત થાય છે અને તેને પરાજિત કરવાથી અંતરાત્મા પરમપદનો સ્વામી એવો પરમાત્મા થાય છે. (**૨૦૪૧**) એ રીતે મન રૂપી ભમરાને (વશ કરવા માટે) માલતીનાં પુષ્પોની માળા સરખી, પરિકર્મવિધિ વિગેરે ચાર મોટાં મૂળદ્વારોવાળી, સંવેગ રંગશાળારૂપ આરાધનાના પંદર પેટાદ્વારવાળા પહેલા (પરિકર્મ) દ્વારમાં ચિત્તને શિખામણ નામનું છઠ્ઠું પેટાદ્વાર કહ્યું. (**૨૦૪૨–૪૩**)

**સાતમું અનિયતવિહાર દ્વાર** :–એમ શિખામણ આપેલું પણ ચિત્ત પ્રાયઃ નિત્ય (સ્થિર) વાસથી પ્રતિબંધ (રાગ)ના લેપથી લેપાય છે, નિઃસ્પૃહ બની શકતું નથી. (**૨૦૪૪**) તેથી હવે સમસ્ત દોષોનો નાશ કરનારા અનિયત વિહારને કહીએ છીએ. જેને સાંભળીને આળસને તજીને ઉદ્યમી થયેલો, અવશ્ય વસતિમાં, ઉપધિમાં, ગામમાં, નગરમાં, સાધુસમુદાયમાં તથા ભક્તજનોમાં, એમ સર્વત્ર રાગ (બંધન)ને તજીને વિશુદ્ધ એવા સદ્ધર્મને કરવામાં પ્રીતિવાળો સાધુ સવિશેષ ગુણની ઇચ્છાથી સદા અનિયત વિહાર કરે (અપ્રતિબદ્ધ વિચરે) અને શ્રાવક પણ સદા તીર્થયાત્રાદિ કરવામાં પ્રયત્ન કરે. (**૨૦૪૫ થી ૪૭**) જો કે ગૃહસ્થને નિશ્ચે સ્પષ્ટ અનિયત વિહાર નથી, તો પણ ગૃહસ્થ "હું (હમણાં તો તીર્થંકરોના) દીક્ષાદિ (કલ્યાણકો) જ્યાં થયાં હોય, ત્યાં તીર્થોમાં શ્રી અરિહંત ભગવંતોને દ્રવ્યસ્તવના સારભૂત વંદન કરું, પછી સર્વસંગને તજીને દીક્ષા લઇશ અથવા તો આરાધનાને (અનશનને) સ્વીકારીશ."–એવી બુદ્ધિથી પ્રશસ્ત તીર્થોમાં યાત્રાર્થે ફરતો, અથવા (સુદ્ધીય) સારા આચારવાળા ગુરુની શોધ કરતો, ગૃહસ્થ પણ તે(અનિયત વિહાર) કરી શકે. (**૨૦૪૮ થી ૫૦**) તેમાં જે દીક્ષા લઇને આરાધના કરવાની ઇચ્છાવાળો છે, તેને અંગે સારા આચારવાળા ગુરુવર્ગની પ્રાપ્તિ (નું સ્વરૂપ) ગણસંક્રમદ્વારમાં જણાવીશું. (**૨૦૫૧**) પણ જે ઘરમાં રહીને જ એક માત્ર આરાધના કરવાના મનવાળો છે, તેને અંગે સારા આચારવાળા ગચ્છની ગવેષણાનો વિધિ આ દ્વારમાં જ કહીશું. (**૨૦૫૨**) હવે શ્રી જિનમતને અનુસરનારા સર્વ સાધુઓ તથા શ્રાવકોનો પણ એક ક્ષેત્રમાંથી અન્ય ક્ષેત્રમાં જવારૂપ વિહારનો આ વિધિ છે કે–(**૨૦૫૩**) (પ્રથમ) નિશ્ચે જેને જેની સાથે મનથી, વચનથી કે કાયાથી, જે કોઈ પણ પાપ કર્યું, કરાવ્યું કે અનુમોદ્યું હોય, તે થોડા કે સમસ્ત પાપને પણ સમાધિની ઇચ્છાવાળો સમ્યગ્ (ભાવ-

પૂર્વક ) ખમાવે, ( એમ સમજીને કે– ) મારે કોઈ રીતે મરણ પછીથી પણ વૈરનો અનુબંધ ન થાઓ ! તેમાં જો વિહાર કરનારો (સામાન્ય) મુનિ હોય, તો આચાર્યને, ઉપાધ્યાયને અને પોતે પર્યાયમાં નાનો હોય તો શેષસાધુઓને પણ અભિવંદન કરીને કહે છે કે– હું તે તે નગરાદિમાં વિચરતો (જ્યાં જઈશ ત્યાં) ચૈત્યોને, સાધુઓને અને સંઘને તમારું (તમારી વતી) પણ વંદન કરીશ ! (૨૦૫૪થી ૫૭) અથવા જો જનાર પોતે મોટા હોય, તો ( ट्ठिअ= ) અહીં રહેનારા સાધુઓ વિહાર કરનાર મુનિને વંદન કરીને કહે કે–અમારા વતી ચૈત્યોને, સાધુઓને ( અને સંઘને ) વંદના કરજો. (૨૦૫૮) ( તે પછી इह= ) તે ક્ષેત્રનાં ચૈત્યભવનમાં ( મંદિરમાં ) જઈને ભક્તિપૂર્વક ચૈત્યોની આગળ તેઓને વંદાવવા નિમિત્તે સમ્યગ્ પ્રણિધાન ( ઉપયોગ ) કરે. (૨૦૫૯)

એ જ રીતે શ્રાવક પણ નિશ્ચે ( वत्थव्वो= ) અહીં રહેનારા સમસ્તને સમ્યગ્ ખમાવીને, પ્રતિમા, આચાર્ય અને સાધુ ( વગેરેના ) વંદનનો (પણ) સમ્યગ્ વિધિ કરીને, તેઓએ આપેલા નિરવદ્ય વિષયક (નિષ્પાપ) સંદેશાને ગ્રહણ કરીને, ઉપયોગ-( એકાગ્રતા ) પૂર્વક તે તે ગામ, નગર, આકર વગેરેમાં ( જ્યાં જાય ત્યાં ) મોટાં યાન, વાહન વગેરે વૈભવથી અને ન્યાયોપાર્જિત ધનથી, માર્ગમાં આવતાં ( તે તે ક્ષેત્રનાં ) ઘણાં ધર્મસ્થાનોમાં નિત્યમેવ શ્રી જૈનશાસનની પરમ ઉન્નતિને કરતો અને દીન, અનાથોને અનુકંપાદાનથી પરમ આનંદ ઉપજાવતો, એવો બુદ્ધિમાન ( શ્રાવક ) સમસ્ત તીર્થોમાં ફરે. (૨૦૬૦ થી ૬૩) તે પછી ગૃહસ્થ અને સાધુ પણ તે તે ચૈત્યોને જોઈને " નિશ્ચે સંઘ આ વંદન કરે છે."–એવા પ્રણિધાનપૂર્વક પ્રથમ ઉપયોગપૂર્વક સંઘ સંબંધી સમ્યગ્ વંદન કરીને, પછી તે જ અવસ્થામાં ( ભાવમાં ) વર્તતો પોતાને ઉદ્દેશીને ( પોતાનું ) પણ સમ્યગ્ વંદન કરે. (૨૦૬૪–૬૫) એમ છતાં કોઈ કારણે જો દ્રવ્ય, ક્ષેત્ર, કાળ વગેરેની સંકડાશ ( ઓછાશ ) હોય, તો સંક્ષેપથી પણ પ્રણિધાન વગેરે તો કરે જ. (૨૦૬૬) તે પછી જ્ઞાનાદિ ગુણોની ખાણ સમા સાધુઓને અને શ્રાવક લોકોને જોઈને કહે કે–અમને તમે અમુક સ્થાને શ્રી જિનેશ્વરોને વંદન કરાવો ! (૨૦૬૭) પછી આદરના અતિશયથી પ્રગટેલા રોમાંચ દ્વારા કંચુક સરખી બનેલી કાયાવાળા, ભક્તિના અતિશયથી ભરેલા ઉત્તમ મનવાળા, તેઓ પણ ( સ્થાનિક શ્રાવકો વગેરે પણ તેમની સાથે ) પૃથ્વીતલ ઉપર શિરને સ્થાપીને ( નમીને ) હે ત્રૈલોકના મહાપ્રભુ ! હે પ્રભૂત ( અનંત ) ગુણરત્નોના સમુદ્ર ! હે જિનેન્દ્ર ! તમે જયવંતા વર્તો, વગેરે શ્રી અરિહંતના ગુણોદ્વારા. અથવા 'નમોઽત્થુણં' ઈત્યાદિ શક્રસ્તવના પાઠથી સ્તુતિ ત્યાં સુધી કરે, કે આગન્તુક (યાત્રાર્થે આવેલા ) તેઓના આચાર્ય વગેરેએ મોકલેલા ( જણાવેલા ) ધર્મલાભ વગેરેને કહે. તે પછી (સ્થાનિક) લોકો અભિ-વંદન, (વંદના) અનુવંદનારૂપે ઉચિત મર્યાદાને કરે. અને તે પછી પરસ્પર (કુશળાદિ)વિશેષ પૃચ્છા કરવામાં વિકલ્પ જાણવો. (અર્થાત્ પહેલા કોણ કરે, પછી કોણ કરે એ સંબંધી અનિયમ જાણવો.) (૨૦૬૮ થી ૭૧) એમ પરસ્પર કરવાયોગ્ય પ્રેરણારૂપ શુભ યોગથી ઉભય પક્ષને

ઇષ્ટની સિદ્ધિ કરાવનારો શુભ (પુણ્યનો) અનુબંધ થાય, એમ શ્રી જિનેશ્વરદેવે જોયું (કહ્યું) છે. (૨૦૭૨) આ સામાચારીને જાણીને જે વિધિપૂર્વક પ્રયોગ (અમલ) કરે છે, તેઓને જ આ વિષયમાં કુશળ અને અન્ય સર્વને અકુશળ જાણવા. (૨૦૭૩) એમ ( ઉપર ) જે કહ્યો, તે વિધિ પ્રમાણે તે તે દેશમાં વિચરતો ગૃહસ્થ પોતામાં અને પરમાં ધર્મગુણોની સવિશેષ વૃદ્ધિ કરે છે. (૨૦૭૪) તે આ પ્રમાણે–દ્રવ્યસ્તવ અને ભાવસ્તવ(આરાધના)માં સવિશેષ રક્ત એવા શ્રાવકલોકોને જોઈને પોતે પણ તેને સવિશેષ કરવામાં તત્પર થાય. (૨૦૭૫) વળી તે આવનારને સ્થાને સ્થાને તેવી ક્રિયા કરવામાં રક્ત પ્રવૃત્તિ કરતાં જોઈને ધર્મપરાયણ બનેલા બીજા જીવોમાં પણ તે શુભ ગુણો વિકાસને પામે. (૨૦૭૬) વળી તેઓને જોઇને અશ્રદ્ધાળુને પણ પ્રાયઃ ધર્મમાં શ્રદ્ધા થાય અને સ્વયં શ્રદ્ધાળુ હોય તો જીવો પુનઃ તેવી પ્રવૃત્તિ કરતા થાય. (૨૦૭૭) અસ્થિર હોય તેઓ સ્થિર થાય તથા સ્થિર હોય તેઓ અધિક ગુણોને ગ્રહણ કરે. અગુણીઓ પણ ગુણવંતા થાય અને ગુણવંતા ગુણોમાં અતિ દૃઢ થાય. (૨૦૭૮) એમ શ્રી જિનેશ્વરોનાં દીક્ષા, નિર્વાણ, કેવળજ્ઞાન (અને જન્મ) જ્યાં જ્યાં થયાં હોય, તે તે અતિ પ્રશસ્ત તીર્થોમાં શ્રી સર્વજ્ઞ ભગવંતોને વાંદતો અને સુસ્થિત ( સારા આચારવાળા ) ગુરુની શોધ કરતો, ત્યાં સુધી પરિભ્રમણ ( તીર્થયાત્રાઓ ) કરે, કે જ્યાં સુધી પરમ સારા આચારવાળા ગુરુની પ્રાપ્તિ થાય ! પછી તેવા ગુરુની પ્રાપ્તિ થતાં, હર્ષથી ઉછળતા રોમાંચરૂપ કંચુકવાળો તે પોતાને મેળવવાનું મળી ગયું અને સમસ્ત તીર્થના સમૂહથી પાપ ધોવાઈ ગયું–એમ માનતો વિધિપૂર્વક તે ગુરુને આલોચના આપે. ( દોષોને કહી સંભળાવે. ) (૨૦૭૯ થી ૮૧) તે પછી ગુરુઓએ જણાવેલા પ્રાયશ્ચિતને સમ્યગ્ ભાવથી સ્વીકારે અને એમ ચિંતવે કે–અહો ! પાપથી મલિન એવા પણ મને નિષ્કારણ કરુણાસમુદ્ર આ આચાર્યભગવંતે પ્રાયશ્ચિત દેવારૂપી જળથી શુદ્ધ કરીને પરમ વિશુદ્ધિને પમાડયો. (શુદ્ધ કર્યો.) (૨૦૮૨–૮૩) નક્કી આ ગુરુ વાત્સલ્યથી માતાને પણ, પિતાને પણ, બંધુને પણ અને સ્વજનોને પણ, પરાભવ કરતા ( અધિક વાત્સલ્ય વરસાવતા ) જગતમાં વિચરે છે. (૨૦૮૪) અન્યથા કદાપિ નહિ જોએલા, નહિ સાંભળેલા, દેશાંતરથી આવેલા, આ મહાભાગ ગુરૂ, આ રીતે પ્રિય પુત્રની જેમ મારું બહુમાન કેમ કરે ? (૨૦૮૫) તે પછી પરમાનંદથી વિકસિત નેત્રોવાળો તે ચિરકાળ સેવા કરીને, તેઓના ઉપદેશને સ્વીકારીને, ગુરુને (પોતાના ક્ષેત્ર તરફ ) વિહાર કરવા નિમંત્રણા કરે. (૨૦૮૬) એમ (કરવાથી) પુણ્યના સમૂહથી પૂર્ણ વાંછાવાળા કોઈ ઉત્તમ શ્રાવકને નિશ્ચે નિર્વિઘ્ને વાંછિતની સિદ્ધિ થાય. (૨૦૮૭) વળી તે રીતે ( યાત્રાર્થે ) પ્રયાણ કરનારા કોઇને સંભવ છે કે–સોપક્રમી આયુષ્યથી ભાગ્યયોગે વચ્ચે જ મરણ થાય, તો તીર્થાદિ પૂજા વિના પણ શુભધ્યાનરૂપી ગુણથી દુર્ગતા નારીની જેમ તીર્થયાત્રાના સાધ્યરૂપ ફળની સિદ્ધિ થાય. (૨૦૮૮–૮૯) તે આ પ્રમાણે :—

**દુર્ગતા નારીનો પ્રબંધ** :–દેવોના મસ્તકના મણિનાં કિરણોથી વ્યાપ્ત ચરણો

વાળા, લોકોને ચારિત્રમાર્ગે પ્રવર્તાવનારા, લોકાલોકના પ્રકાશક, કરુણારૂપી અમૃતના સમુદ્ર, તુચ્છ અને ઉત્તમ (સર્વ) જીવો પ્રત્યે સમદૃષ્ટિવાળા, એવા સિદ્ધાર્થ રાજાના પુત્ર, શ્રી મહાવીર (પ્રભુ) એકદા કાકંદીપુરીમાં પધાર્યા, (૨૦૯૦-૯૧) અને ત્યાં દેવોએ શ્રેષ્ઠ મણિરત્નોથી શોભતું, વિવિધ પ્રકારની ઉજ્જવળ ઉડતી ધ્વજાઓવાળું અને સિંહાસનથી મનોહર, એવું સમવસરણ રચ્યું. (૨૦૯૨) પછી સુર-અસુર સહિત ત્રણેય જગતથી પૂજાએલાં ચરણકમળવાળા, ભવ્ય જીવોના પ્રતિબોધક, જગતના નાથ, શ્રી વીર પ્રભુ તેમાં પૂર્વાભિમુખ બિરાજ્યા. (૨૦૯૩) પછી (આનંદથી) હર્ષિત રોમરાજીવાળા અસુરો, દેવો, વિદ્યાધરો, કિન્નરો, મનુષ્યો અને રાજાઓ તુર્ત શ્રી જિનવંદન માટે સમવસરણમાં આવ્યા, ત્યારે ઉત્તમ શણગારને સજીને હાથી, ઘોડા, વાહન, વિમાન વગેરેમાં બેસીને દેવોના સમૂહની જેમ શોભતા નગરલોકો પણ, ધૂપના ડબ્બા (પાત્રો) અને શ્રેષ્ઠ સુગંધવાળા પુષ્પોના સમૂહ વગેરેથી (वावृत =) ભરેલા હાથવાળા પોતાના નોકરોના સમૂહને સાથે લઇને શીઘ્ર શ્રી જિનવંદન માટે ચાલ્યા. (૨૦૯૪ થી ૯૬) ત્યારે તે જ નગરીમાં રહેનારી, લાકડાં લઈને આવતી, અત્યંત આશ્ચર્ય પામેલી, એક દરિદ્ર ડોશીએ એક માણસને પૂછ્યું, અહો ભદ્ર! આ બધા લોકો એક દિશામાં કયાં જાય છે? (૨૦૯૭-૯૮) તેણે કહ્યું, આ લોકો ત્રણ જગતના બંધુ, દુઃખદાયી એવા પાપમેલને ધોઈ નાખનારા, જન્મ, જરા, મરણરૂપ વેલડીના વિસ્તારનો વિચ્છેદ કરવામાં કુહાડા સરખા, એવા શ્રી વીરજિનનાં ચરણ-કમળને પૂજવા માટે અને શિવસુખના કારણભૂત ધર્મને સાંભળવા માટે જાય છે. (૨૦૯૯-૨૧૦૦) એમ સાંભળીને શુભ પુણ્યકર્મના યોગથી પ્રગટેલા ભક્તિના અતિશય-વાળી તે વૃદ્ધા વિચારવા લાગી કે-હું પુણ્ય વિનાની દરિદ્ર શું કરું? કારણ કે-(મારી પાસે) જિનવરનાં બે ચરણકમળને પણ પૂજી શકું તેવી અતિ શ્રેષ્ઠ નિરવદ્ય પૂજાનાં (अंगवग्ग=) અંગોના સમૂહરૂપ સામગ્રી નથી. (૨૧૦૧-૨) અથવા નથી તો એથી શું? પૂર્વે (જંગલમાં) જોએલાં, મફત મળે તેવાં, સિંદુવારનાં (નગોડનાં) પુષ્પોને પણ શીઘ્ર લાવીને શ્રી જિનપૂજા કરું! (૨૧૦૩) તે પછી તેવાં પુષ્પોને લઈ ને વૃદ્ધિ પામતા શ્રી જિનપૂજાના ભાવવાળી તે વૃદ્ધા શીઘ્ર શીઘ્ર સમવસરણ પ્રતિ ચાલી. (૨૧૦૪) પણ ઘડપણથી અત્યંત થાકેલા શરીરવાળી, વધતી વિશુદ્ધ ભાવનાવાળી, તે અર્ધમાર્ગે જ મરણ પામી, (૨૧૦૫) અને તે શ્રી જિનપૂજાની એકાગ્રતા માત્રથી પણ ઉપાર્જન કરેલા કુશળ(પુણ્ય)કર્મથી સૌધર્મ દેવલોકમાં મહર્દ્ધિક દેવની સંપત્તિને પામી. (૨૧૦૬) "ઘડપણથી મૂર્છા પામી છે, અથવા થાકેલી હશે"-એમ સમજતા લોકોએ અનુકંપાથી તેના શરીરને જળથી સિંચ્યું. (૨૧૦૭) તો પણ તેને શરીરની ચેષ્ટાઓ રહિત જોઈ ને (લોકોએ) શ્રી જિનને પૂછયું, હે ભગવંત! શું તે જીવે છે કે મરેલી છે? પ્રભુએ કહ્યું, તે મરેલી છે. (૨૨૦૮) એમ કહી તે વૃદ્ધાનો જીવ જે દેવપણું પામીને, તુર્ત જ અવધિજ્ઞાનથી પોતાનો પૂર્વભવ જાણીને, પરમ ભક્તિથી આવીને, જગદ્ગુરુના ચરણકમળોને અભિવંદન કરીને, પાસે બેઠેલો હતો તે દેવને ભગવંતે

લોકોને બતાવ્યો, અને જે રીતે તે વૃદ્ધાનો જીવ આ દેવ થયો, તે જણાવ્યું. તેથી આશ્ચર્ય પામેલા લોકો બોલ્યા, સુકૃત વિના પણ આવી દેવની ઋદ્ધિ તેણે કેવી રીતે મેળવી ! **(૨૧૦૯ થી ૧૧)** હે નાથ ! તેણીએ સદ્ગતિના કારણભૂત જ્ઞાન, દાન, તપ, શીલ અથવા સર્વજ્ઞપૂજન કેટલું કર્યું ? સદાય દારિદ્રનો મોટો કંદ (જડ), જન્મથી દુઃખીઆરી અને પારકી નોકરીથી સદા સંતાપ કરતી, તેણીએ તે કેવી રીતે કર્યું ? **(૨૧૧૨-૧૩)** તેથી શ્રી ત્રિજગગુરુએ તેનો પૂજાની એકાગ્રતાનો સઘળો વૃતાંત્ત કહ્યો. પુનઃ લોકોએ પ્રભુને પૂછ્યું, હે ભગવંત ! શ્રી જિનવરના ગુણથી અજ્ઞાત આ 'વૃદ્ધા' માત્ર પૂજાના ધ્યાનથી જ કેવી રીતે દેવલોકમાં ઉત્પન્ન થઈ? **(૨૧૧૪-૧૫)** શ્રી જિનેશ્વરે કહ્યું, જેના ગુણ જાણ્યા નથી તેવા પણ મણિઓ વગેરે જેમ તાવ-રોગાદિના સમૂહનો નાશ કરે છે, તેમ જગતગુરુ શ્રી જિનેન્દ્રો પણ, આરાધક આત્મા તેઓને ભલે સામાન્ય માત્ર જાણે (ઓળખે), છતાં સ્વયં અત્યંત (અનંત) ગુણના કારણે શ્રેષ્ઠ હોવાથી, બહુમાન કરનારા બીજાઓનાં અશુભ કર્મોનો નાશ કરે છે. **(૨૧૧૬-૧૭)** એ કારણે જ આ શાસનમાં ગૃહસ્થોને દ્રવ્યસ્તવની અનુજ્ઞા કરી છે, કારણ કે-એના અભાવે દર્શનશુદ્ધિ પણ થતી નથી. **(૨૧૧૮)**એમ શ્રી જિનપૂજાનું ધ્યાન મુક્તિના સુખનું મૂળ છે, પૂર્વોપાર્જિત પાપરૂપી પર્વતને તોડવા વજ્રસમાન છે અને મનોવાંછિત અર્થોનું નિધાન છે. **(૨૧૧૯)** છતાં મૂઢ જીવોને જેમ અત્યન્ત મનોહર પણ ચિંતામણી મેળવવાની ઇચ્છા ન થાય, તેમ શુભ (પુણ્ય) કર્મના અભાવે શ્રી જિનપૂજાનો પરિણામ (પણ) થતો નથી. **(૨૧૨૦)** તેથી હે દેવાનુપ્રિય (મહાશયો)! આશ્ચર્ય માનો કે-આટલા (ભાવ) માત્રથી પણ અદ્યપિ આ મહાત્મા શિવપદને પણ પામશે. કારણ કે-આ અહિંથી ચ્યવીને શ્રેષ્ઠ કુળમાં જન્મ પામીને સુસાધુની સંગતિ (સેવા)થી શ્રેષ્ઠ પ્રવ્રજ્યાને સ્વીકારશે, **(૨૧૨૧-૨૨)** ત્યાંથી દેવ થશે, પુનઃ પણ પુણ્યાનુબંધી પુણ્યથી મનુષ્ય થશે, એમ આઠમા ભવે કનકપુર નગરમાં જગપ્રસિદ્ધ કનકધ્વજ નામનો રાજા થશે અને તે ધન્યાત્મા અન્યદા શરદકાળ પ્રાપ્ત થતાં મહા વૈભવ સાથે ઇન્દ્રમહોત્સવ જોવા નીકળશે, ત્યાં દેડકાને ગળતા એક મોટા સાપને જોઇને, તે સાપને પણ તીક્ષ્ણ ચાંચથી ગળતા (મત્સ્યભક્ષી 'કુર કુર' એવા શબ્દને કરનારા) કુરર નામના પક્ષીને જોઈને, અને કરુણ રડતા તે કુરર (નામના) પક્ષીને પણ ગળતા યમ જેવા અજગરને જોઇને, તે મહાત્મા વિચારશે કે-જેમ દેડકાને સર્પ ગળે, તેમ આ પાપી જીવને ભયંકર (રાજ્યનો) અધિકારી ગળે (દંડે) છે, અધિકારીને પણ કુરર જેવો મંડલનો અધિપતિ (માંડલિક રાજા) દંડે છે અને તે માંડલિકને પણ અજગર જેવો યમરાજા એક કોળીયાથી ગળી જાય છે. **(૨૧૨૩ થી ૨૮)** એમ સતત આવી પડતી આપત્તિઓરૂપ દુઃખથી ભરેલા આ લોકમાં મનુષ્યની ભોગ ભોગવાની ઇચ્છા તે (**હી હી=**)ખેદકારક મહામોહ (મૂઢતા) છે. **(૨૧૨૯)** એ રીતે ત્રણેય લોકમાં જન્મ-મરણથી મુક્ત કોઈ નથી, તો પણ વૈરાગ્ય થતો નથી, તે મનુષ્યોનું મૂઢપણું પણ ખેદજનક છે. **(૨૧૩૦)** એમ ચિંતવીને રાજ્યને,

દેશને, અંતઃપુરને અને નગરને તજીને શ્રમણ થશે તથા શેષ સર્વ કર્મોને ખપાવીને સિદ્ધિને પામશે. (૨૧૩૧) એમ નિશ્ચે શ્રી અરિહંતની પૂજાનું ધ્યાન પણ મોક્ષદાયી બને છે. તેથી અહીં કહ્યું કે-(યાત્રિક) શ્રાવક અર્ધમાર્ગે કોઈ તીવ્ર આપત્તિને વશ મરણ પામે તો પણ, પૂજાના ધ્યાન માત્રથી પણ તીર્થોની પૂજાનું ફળ પામે છે. (૨૧૩૨-૩૩) એ રીતે સમ્યગ્ આલોચનાના પરિણામવાળો ગુરુ પાસે જવા માટે નીકળેલો પણ જો વચ્ચે જ બિમારી વગેરે કંઈ (असुहो=) અસુખ થાય, તો પણ તે આરાધક થાય. (૨૧૩૪) તથા આલોચનાના સમ્યગ્ પરિણામવાળો ગુરુ પાસે જતો તે જો (વચ્ચે) રસ્તામાં જ મરે, તો પણ આરાધક (થાય). (૨૧૩૫) એમ ગુરુ પાસે જતા આલોચનાના પરિણામવાળાને જો વચ્ચે જ અસુખ (બિમારી વગેરે) થાય, અથવા મરે, તો પણ તે આરાધક થાય. (૨૧૩૬) કારણ કે-શલ્યને (પાપોને) ઉદ્ધરવાના મનવાળો તે સંવેગ-નિર્વેદ તથા તીવ્ર શ્રદ્ધાથી પાપની શુદ્ધિ માટે (ગુરુ પાસે) જતો હોવાથી (ભાવથી) આરાધક થાય. (૨૧૩૭) એમ આલોયણાના પરિણામવાળા, (ગુરુ પાસે) આવતા, એવા તપસ્વીનું પણ (ત્યાં પહોંચ્યાં પહેલાં) પોતાનું કે ગુરુનું વિકલપણું (અમંગળ) થાય, છતાં સમ્યગ્ શુદ્ધિ થાય. (૨૧૩૮) અથવા અનિયત વિહારથી થતા જિનાગમમાં કહેલા પ્રાયઃ સાધુ અને ગૃહસ્થ ઉભયના આ સાધારણ ગુણો સાંભળો! (૨૧૩૯)

**અનિયત વિહારથી થતા ગૃહસ્થ-સાધુ ઉભયના સાધારણ ગુણો:-** ૧-દર્શનશુદ્ધિ, ૨-(સંવેગ-નિર્વેદ દ્વારા ધર્મમાં) સ્થિરીકરણ, ૩-ભાવના (ચારિત્રનો અભ્યાસ), ૪-સૂત્રોના વિશેષ અર્થની પ્રાપ્તિ, ૫-કુશળતા, અને ૬-વિવિધ દેશોનો પરિચય-પરીક્ષા. એ ગુણો અનિયત વાસથી (વિહારથી) થાય છે. (૨૧૪૦)

જેમ કે-શ્રી જિનેશ્વરોની દીક્ષા, કેવળજ્ઞાન અને નિર્વાણની ભૂમિઓ, ત્યાંના ચૈત્યો, ચિહ્નો (પ્રાચીન અવશેષો) તથા જન્મભૂમિઓને જોવાથી આત્મા સમ્યગ્દર્શનને અતિ વિશુદ્ધ કરે છે. (૨૧૪૧)

યાત્રાએ ફરતો પોતે સંવેગીઓને સવિશેષ સંવેગ, સુવિહિતોને (વિધિના રાગીને) તે તે વિધિનું દર્શન તથા ધર્મમાં અસ્થિર બુદ્ધિવાળાને સ્થિરતા પ્રગટાવે છે. (૨૧૪૨) બીજા સંવેગીઓને, ધર્મની પ્રીતિવાળાઓને તથા પાપમાં ભીરુ વગેરેને જોઈને પોતે પણ ધર્મમાં પ્રીતિવાળો અને સ્થિર થાય છે. પ્રાયઃ પ્રિયધર્મી અને દૃઢધર્મી બને છે. એમ વિહારથી પરસ્પર ધર્મમાં સ્થિરીકરણ થાય છે. (૨૧૪૩)

અનિયત વાસથી (વિહારથી) ચાલવાનો, ભૂખનો, તૃષાનો, ઠંડીનો અને ગરમીનો, (વગેરે પરીષહોને સહન કરવાનો, તથા (सेज्जा=) વસતિ પણ જે જેવી મળે તેને સમ્યક્ સહન કરવાનો, એમ ચારિત્રનો અભ્યાસ (ભાવના) થાય છે. (૨૧૪૪)

વિહાર કરનારને અતિશાયી શ્રુતજ્ઞાનીઓનાં દર્શન થવાથી સૂત્ર-અર્થનું સ્થિરીકરણ તથા અતિશાયી (ગૂઢ) અર્થોની (રહસ્યોની) પ્રાપ્તિ થાય છે. (૨૧૪૫)

(નવા નવા) ગણોમાં રહેવાથી ઘણા પ્રકારના આચાર્યોનો ગણમાં સમ્યગ્ પ્રવેશ–નિષ્ક્રમણ વગેરે જોવાથી, તે તે વિધિમાં અને અન્ય સામાચારીમાં પણ કુશળતા પ્રગટે છે. (૨૧૪૬)

વળી વિહાર કરવાથી સાધુને જ્યાં (નિર્દોષ આહારાદિ) આજીવિકા સુલભ હોય, તેવા સંયમને યોગ્ય ક્ષેત્રનો પરિચય (પરીક્ષા) થાય છે. (૨૧૪૭)

માટે એ વગેરે ગુણોની ઇચ્છાવાળા મુનિએ જંઘાબળ હોય ત્યાં સુધી અનિયત-વિહારના વિધિને પાળવો જોઇએ. (અપ્રતિબદ્ધવિહાર કરવો જોઇએ.) (૨૧૪૮) પુનઃ જે બળવાન છતાં પણ રસ વગેરેની આસક્તિથી વિહારમાં પ્રમાદ કરે તેને માત્ર સાધુઓ જ છોડી દે છે એમ નહિ, ગુણો પણ તેને છોડી દે છે, (૨૧૪૯) અને તેજ પ્રગટેલા શુભ ભાવથી પુનઃ વિહારમાં ઉદ્યત થાય છે, તો તુર્ત સાધુના ગુણોથી પરિવરેલો (યુક્ત) બને છે. આ (પ્રમાદ–અપ્રમાદ) બન્ને વિષયમાં શેલક(સૂરિ) દૃષ્ટાન્તરૂપ છે. (૨૧૫૦) તે આ પ્રમાણેઃ–

**નિયતવિહાર અને સ્થિરવાસમાં શેલકસૂરિનો પ્રબંધઃ–** સેલકપુર નગરમાં પૂર્વે સેલકરાજા, તેની પદ્માવતી રાણી અને તેઓનો મદ્દુક નામે પુત્ર હતો. (૨૧૫૧) થાવચ્ચાપુત્રસૂરિની ચરણસેવાથી પ્રાપ્ત થયેલા જૈન ધર્મવાળો તે રાજા ન્યાય પૂર્વક નિરવદ્ય એવું રાજ્યનું સુખ ભોગવે છે. (૨૧૫૨) એક પ્રસંગે થાવચ્ચાપુત્રસૂરિના પદે (સ્થાને) રહેલા (તેઓના શિષ્ય) શુકસૂરિજી વિહાર કરતા તે નગરમાં પધાર્યા, મુનિઓને ઉચિત મૃગવન નામના ઉદ્યાનમાં ઉતર્યા અને (તેમનું) આગમન જાણીને રાજા વંદન માટે આવ્યો. (૨૧૫૩–૫૪) પછી ત્રણ પ્રદક્ષિણાપૂર્વક તેમના ચરણોને નમીને હર્ષવશ પુલકિત અંગવાળો (બનેલો) રાજા ધર્મ સાંભળવા બેઠો. (૨૧૫૫) મુનિપતિએ (શુકસૂરિજીએ) પણ તેને સંસારપ્રત્યે પરમ નિર્વેદકારક, વિષયો પ્રત્યે વૈરાગ્ય પ્રગટાવવામાં પરાયણ, સંમોહનો નાશ કરનારી, સંસારમાં આવી મળતી સઘળી વસ્તુઓના દોષોને જણાવવામાં સમર્થ (પ્રધાન), એવી ધર્મકથા કાનને સુખ આપે તેવા (મધુર) વચનના વિસ્તારથી લાંબા સમય સુધી કહી. (૨૧૫૬–૫૭) તેથી રાજા પ્રતિબોધ પામ્યો, (અને) અત્યંત હર્ષથી ઉછળતી રોમરાજીવાળા તેણે ગુરુચરણમાં પ્રણામ કરીને આ પ્રમાણે કહ્યું, (૨૧૮૫) હે ભગવંત! મારા પુત્રને રાજ્ય ઉપર બેસાડીને, રાજ્યને તજીને તુર્ત તમારી પાસે હું પ્રવ્રજ્યાને સ્વીકારીશ. (૨૧૫૯) (ગુરુએ કહ્યું,) હે રાજન્! સંસારસ્વરૂપને જાણનાર તમારા જેવાને એ યોગ્ય છે, માટે હવે એ વિષયમાં (સંસારમાં) થોડો પણ રાગ કરશો નહિ. (૨૧૬૦) એ પ્રમાણે ગુરુએ પ્રતિબોધેલો તે રાજા પોતાના ઘરે ગયો અને મદ્દુક નામના શ્રેષ્ઠ કુંવરને પોતાના પદે (રાજ્યગાદીએ) બેસાડ્યો. (૨૧૬૧) તે પછી પંથક વગેરે પાંચસો મંત્રીઓ સહિત રાજા સુંદર શણગાર કરીને, એક હજાર પુરુષોએ ઉપાડેલી

પાલખીમાં બેઠો. (૨૧૬૨) ગુરુ પાસે જઈને, સર્વ સંગને (રાગને) છોડીને રાજાએ દીક્ષા લીધી અને પ્રતિદિન સંવેગપૂર્વક તે ધર્મક્રિયામાં ઉદ્યમ કરવા લાગ્યો. (૨૧૬૩) પછી તે મુનિ કાળક્રમે અગિયાર અંગોને ભણ્યા અને દુષ્કર તપ કરવામાં પરાયણ બની વાયુની જેમ (અપ્રતિબદ્ધ) વિહારથી પૃથ્વી ઉપર વિચરવા લાગ્યા. (૨૧૬૪) પછી શુકસૂરિજીએ પંથક વગેરે પાંચસો મુનિઓના (ગુરૂ) સેલકમુનિને સૂરિપદે સ્થાપીને, પોતે ઘણો કાળ વિહાર કરીને, સુરાસુરોથી પૂજાએલા તેઓ એક હજાર સાધુઓ સહિત પુંડરિક નામના મહાપર્વત (પુંડરિકગિરિ) ઉપર અનશન કરીને મોક્ષને પામ્યા. (૨૧૬૫-૬૬) પુનઃ તે શેલકસૂરિનું શરીર વિવિધ તપથી અને અરસ-વિરસ આહાર-પાણીથી માત્ર હાડ-ચામડારૂપ (અતિ દુર્બળ) હાડપિંજર બન્યું (૨૧૬૭) અને રોગો પણ થયા, તો પણ સત્ત્વવાળા હોવાથી વિહાર કરતા તેઓ શૈલકપુર પહોંચ્યા અને મૃગવન ઉદ્યાનમાં ઉતર્યા. (૨૧૬૮) ત્યાં પ્રીતિના બંધનથી મડ્ડુક રાજા વંદનાર્થે આવ્યો અને ધર્મકથા સાંભળીને બોધ પામેલો તે શ્રાવક થયો. (૨૧૬૯) તે પછી સૂરિજીને રોગી અને અત્યંત દુર્બળ શરીરવાળા જોઇને તેણે કહ્યું, હે ભગવંત ! હું (यथाप्रवृत्त=) નિર્નિમિત્ત તૈયાર થયેલાં, નિર્દોષ, આહાર-પાણી-ઔષધાદિથી તમારી ચિકિત્સા કરીશ. એ સાંભળીને સૂરિજીએ સ્વીકાર કર્યો અને પછી રાજાએ તેમની (ઔષધાદિ) ક્રિયા કરાવી. (૨૧૭૦-૭૧) તેથી સૂરિજી સ્વસ્થ શરીરવાળા (સાજા) થયા, પણ પ્રબળ (માદક) રસની ગૃદ્ધિ વગેરેમાં રાગી થયેલા (અને તેથી) સાધુના ગુણોથી વિમુખ બનેલા તેઓએ ત્યાં જ સ્થિર રહેવા માંડયું. (૨૧૭૨) તેથી પંથક સિવાયના શેષ સાધુઓએ તેમને છોડી દીધા. પછી ચોમાસીની રાત્રિએ ગાઢ સુખમાં સૂતેલા તેમને પંથકે ચોમાસી અતિચારને ખમાવવા માટે મસ્તકથી પાદસ્પર્શ કર્યો, તેથી જાગેલા, ક્રોધે ભરાયેલા સૂરિએ કહ્યું, કોણ આ દુરાચારી મસ્તકથી મને પગમાં ઘર્ષણ કરે છે? તેઓએ કહ્યું, હે ભગવંત ! હું પંથક નામનો સાધુ ચૌમાસિક ખમાવું છું, એકવાર (મને) ક્ષમા કરો, પુનઃ આમ નહિ કરું. તેથી સંવેગને પામેલા સૂરિજીએ આ પ્રમાણે કહ્યું. (૨૧૭૩ થી ૭૬) હે પંથક ! રસ-ગારવાદિના ઝેરથી ભાન ભૂલેલા મને તેં ઠીક જગાડયો, મારે હવેથી અહીં (સ્થિરવાસ) રહેવાના સુખથી સર્યું. (૨૧૭૭) તે પછી તે મહાત્મા અનિયત વિહારથી (અપ્રતિબદ્ધપણે) વિચરવા લાગ્યા અને વિહાર કરતા તેઓ પૂર્વના શિષ્યોથી પણ પુનઃ પરિવૃત્ત થયા (શિષ્યો પણ આવી મળ્યા). (૨૧૭૮) પછી કાલાન્તરે કર્મરૂપી રજ અને મેલનો નાશ કરીને, પ્રબળ સુભટરૂપ મોહને ચૂરીને શત્રુંજયગિરિ ઉપર તેઓ અનુત્તર એવા મોક્ષને પામ્યા. (૨૧૭૯) એમ સ્થિરવાસના દોષોને અને ઉદ્યત વિહારના ગુણોને જાણીને કોણ કુશળનો (કલ્યાણનો) અર્થી અવિહારનો પક્ષ કરીને (સ્થિરવાસ) રહે ? (૨૧૮૦) વળી સ્થિરવાસનો પક્ષ કરવાથી (ગૃહસ્થો પ્રત્યે) રાગ, (પોતાની-સંયમની) લઘુતા, લોકોપકારનો અભાવ, તે તે દેશોના (આચારાદિના) વિજ્ઞાનનો અભાવ અને જિનાજ્ઞાની અનારાધના (વિરાધના), એ વગેરે દોષો થાય છે.

(૨૧૮૧) કાલાદિ દોષથી આ અનિયતવિહાર (દ્રવ્યથી=) વિચરવારૂપે ન થાય તો પણ ભાવથી નિયમા સંથારો અન્ય સ્થાને કરવો (બદલવો), વગેરે પણ (વિધિ) કરવો જોઇએ. (૨૧૮૨) એમ પાપમેલને (ધોવામાં) જળ સમાન અને પરિકર્મવિધિ વગેરે ચાર મુખ્ય દ્વારોવાળી સંવેગરંગશાળારૂપી આરાધનાના પંદર પેટાદ્વારવાળા પ્રથમ દ્વારમાં આ અનિયત વિહાર નામનું સાતમું દ્વાર પૂર્ણ થયું. (૨૧૮૩-૮૪)

**આઠમું દ્વાર-રાજાના અનિયતવિહારનો વિધિ** :-ઉપર ગૃહસ્થ અને સાધુ સંબંધી અનિયતવિહારની ચર્ચા કહી, હવે એને જ કંઈક માત્ર રાજા સંબંધી કહું છું, (૨૧૮૫) કારણ કે-લાંબા કાળના ઘણા પુણ્ય(સુકૃત)નો ભંડાર અને ભાવિ કલ્યાણવાળો કોઈ જીવ રાજા થઇને પણ અત્યંત પ્રશમ રસવાળો, પરલોકથી ડરેલા ચિત્તવાળો, વિષયસુખોને સમ્યક્તયા વિષતુલ્ય માનનારો, મોક્ષનાં સુખ( મેળવવા )માં બદ્ધબુદ્ધિ( એકલક્ષ્ય )વાળો, જ્યારે આરાધના કરવા ઇચ્છે, (૨૧૮૬-૮૭) ત્યારે પરદેશમાં જતાં (શત્રુરાજાઓ તરફથી ) વિઘ્નોનો સંભવ હોવાથી પોતાના જ દેશમાં જિનબિંબોને વંદન કરવા જેટલો તેને અનિયતવિહાર હોય. (૨૧૮૮) તે આ પ્રમાણે-હાથીઓનો સમૂહ, ઉદાર (શ્રેષ્ઠ) સુભટોનો સમૂહ અને ઘોડાઓ તથા રથના સમૂહથી પરિવરેલો પણ તે પરદેશોમાં તીર્થોને વાંદવા પ્રયાણ કરે, તો શત્રુરાજા પોતાના રાજ્યના હરણની શંકા કરીને ગુસ્સે થાય, અથવા તેના દેશને સ્વામીરહિત છે, એમ માની શત્રુરાજા તેનું હરણ કરે. (૨૧૮૯-૯૦) તે કારણે સ્વામિભક્ત, ગુણવાન્, શાસ્ત્રાર્થના બોધમાં કુશળ, પોતાના તુલ્ય (રાજ્યને વફાદાર) એવા મંત્રીને રાજ્યનો ભાર સોંપીને, જીતવાયોગ્ય વર્ગને જીતીને, દેશને સ્વસ્થ કરીને, મહા ભંડારને સાથે લઇને, પોતપોતાના કાર્યોમાં ભક્તિવંત પ્રધાન (ઉત્તમ) પુરુષોને તે તે કાર્યોમાં નીમીને, લોકોને પીડા (ભય વગેરે) ન થાય, તેમ રાજા પોતાના દેશમાં જ અતિ શ્રેષ્ઠ પૂજાપૂર્વક જિનમંદિરોને (અને બિમ્બોને) વંદન કરે. (૨૧૯૧ થી ૯૩) વળી ભદ્રિક (**હોઘટ્ટ=**) હાથીઓના સમૂહથી રાજમાર્ગના વિસ્તારને પણ ભરી દેતા, હર્ષથી હેષારવ કરતા ઘોડાઓની કઠોર ખરીઓના અવાજથી આકાશને પણ પુરું (ગજાવી) દેતા, પરસ્પર કરાતા (**હક્ક=**) હાકોટાના (**પોક્કાર=**) અવાજોથી ઘોર (ભયજનક) એવા પદાતિના સમૂહથી (ચોતરફ) ફેલાયેલા, ઘણાં ઉજ્જવલ છત્રોથી સૂર્યના કિરણોના પ્રકાશના વિસ્તારને પણ ઢાંકી દેતા, (એવા સૈન્ય વગેરેથી પરિવરેલા અને) પોતાના દેશમાં રહેલાં જિનમંદિરોનાં આદરપૂર્વક દર્શન કરતા, તે રાજાને જોઇને કોણ કોણ મનુષ્યો ધર્મપ્રશંસાને ન કરે? (૨૧૯૪ થી ૯૬) અથવા (આવા) ઉત્તમ મનુષ્યોથી પૂજાયેલો અને (**સોમં=**) સૌમ્ય (આનંદદાયક), એવા જૈન ધર્મને મોક્ષના એક હેતુભૂત માનીને કોણ એકચિત્તથી ન સ્વીકારે? (૨૧૯૭) એમ ધર્મનાં શ્રેષ્ઠ કર્તવ્યોને પામેલો (કરનારો) તે મહાત્મા (રાજા) કોઇ વાર જિનકથિત નયથી (જિનવચનાનુસારે) વિષયોની નિંદા કરે. (૨૧૯૮) કોઈ વાર મહા મુનિઓનાં ચરિત્રોને

એકાગ્ર મનથી સાંભળે, તો કોઇ વાર મંત્રીઓ સામંતો સાથે પ્રજાની ચિંતા પણ કરે. (૨૧૯૯) કોઈ વાર ધર્મના વિરોધને જોઈને તેને સર્વથા અટકાવે, કોઇ વાર પોતાના પરિવારને ઉપયોગપૂર્વક કહે (સમજાવે) કે–હું હો ! સમ્યક્ જુઓ ! (વિચારો !) સંસારમાં કંઈ પણ સાર નથી, કારણ કે–જીવન વિજળી જેવું ચંચળ છે, (સઘળી) ઋદ્ધિઓ જળનાં મોજાં જેવી ચપળ છે. (૨૨૦૦–૨૨૦૧) પરસ્પરના રાગો પણ બંધનોની જેમ શાન્તિને આપનાર નથી, મરણ તો નિત્ય તૈયાર છે અને વસ્તુનાં (ભોગાદિ સામગ્રીનાં) ફળ અસાર છે. (૨૨૦૨) સુખનો સંભવ તુચ્છ (અલ્પ) છે (અને તેના પરિણામે ભોગવવાનો) કર્મનો વિપાક અત્યંત દારુણ છે અને સેવાતો પ્રમાદ અસંખ્ય દુઃખનો કર્તા છે. (૨૨૦૩) સમગ્ર દોષોનું મુખ્ય કારણ જે મિથ્યાત્વ, તેના ત્યાગપૂર્વકનો મનુષ્યભવ દુર્લભ છે અને ધર્મ કરવાની ઉત્તમ સામગ્રી તો (તેથી પણ) અતિ દુર્લભ છે. (૨૨૦૪) ત્રણેય લોકરૂપ ચક્રને પીડવામાં જીત મેળવનાર એવો જે કામરૂપી મલ્લ તેને ચૂરવામાં સમર્થ એવા ભવસમુદ્રથી તારનારા શ્રી વીતરાગદેવ પણ દુર્લભ છે. (૨૨૦૫) (સંગ=) રાગરહિત ગુરુઓ પણ દુર્લભ છે, સર્વજ્ઞનું શાસન પણ દુર્લભ છે અને દુર્લભ પણ આ સર્વ મળવા છતાં એમાં જે ધર્મનો ઉદ્યમ થતો નથી, તે તો મહા આશ્ચર્ય છે. (૨૨૦૬) એમ સમીપ રહેનારા વર્ગને સમજાવે. કોઈ વાર તે ગીતાર્થ સંવિજ્ઞ આચાર્યાદિની સેવા પણ કરે (૨૨૦૭) અને તે આચાર્યો પણ તેને યુક્તિસંગત ગંભીર વાણીથી બોલાવે. જેમ કે–હે રાજન્ ! પ્રકૃતિએ જ બુદ્ધિમાન તમારા જેવો પુરુષ જિન-વચનદ્વારા અશુભ કર્મબંધનાં કારણોને જાણીને અપરાધી પણ બીજા પ્રત્યે લેશ પણ પ્રદ્વેષ ન કરે. (૨૨૦૮–૯) અને મોક્ષની જ એક કાંક્ષાવાળો તે નમતા રાજાઓના અને દેવોના મુકુટમાં જડેલાં રત્નોની કાન્તિથી પ્રકાશતું ચક્રવર્તીપણું કે દેવોનું પ્રભુત્વ (ઇન્દ્રપણું) પણ ન ઇચ્છે. (૨૨૧૦) કિન્તુ જેલમાં રહેલા કેદીની જેમ શારીરિક–માનસિક અનેક તીવ્ર દુઃખોનાં સમૂહની ઘણી વ્યાકૂળતાવાળા અને પ્રકૃતિએ જ ભયંકર એવા સંસારથી (શીઘ્ર) છૂટકારો ઇચ્છે. (૨૨૧૧) દુઃખથી પીડિતોને જોઈને તેઓનું દુઃખ (પોતાના) સમગ્ર અંગમાં વ્યાપ્યું હોય તેમ કરુણાપ્રધાન ચિત્તવાળો બનીને દીન–અનાથોની અનુકંપા કરે. (૨૨૧૨) વળી સમ્યક્ત્વની શુદ્ધિની ઇચ્છાવાળો તે જીવ–અજીવાદિ સમસ્ત પદાર્થોના વિસ્તારને (સર્વ ભાવોને) જિનાજ્ઞાનુસાર સમ્યગ્ (સાચા) માને. (૨૨૧૩) કામ, ક્રોધ, લોભ, હર્ષ, માન અને મદ, એ છ અહંકારી અંતરંગ શત્રુઓ હૃદયમાં ઘર ન કરે તેમ સદા વર્તે. (૨૨૧૪) સંકિલષ્ટ ચિત્તવાળાની સર્વ પણ ક્રિયાઓ નિષ્ફળ થાય, એમ જાણીને સંકલેશને નિષ્ફળ કરવા અથવા ક્રિયાઓને સફળ કરવા સદા મનની શુદ્ધિને ધારણ કરે. (૨૨૧૫) ઝેરથી ભાવિત કરેલી ધારવાળી ભયંકર તલવારથી અંગ કપાયાની જેમ જે વાણીથી શ્રોતા દુઃખી થાય તેવી વાણીને કોઇ રીતે પણ ન બોલે. (૨૨૧૬) ઉત્તમ કૂળમાં જન્મેલો અને મહા સત્ત્વશાળી એવો તે લેશ સુખમાં મૂઢ બનીને ક્ષણભંગુર

શરીરથી ક્લેશકારક પ્રવૃત્તિને ન આચરે. (૨૨૧૭) તથા ઈચ્છા માત્રથી સર્વ કાર્યો જેમાં સિદ્ધ થતાં હોય એવા રાજ્યને ભોગવવા છતાં, વીર, સંવેગથી ભાવિત બુદ્ધિવાળા અને સંસારસ્વરૂપને વિચારતા, એવા રાજાને ધર્મના પક્ષવાળી આવી ચિંતા ( ધર્મભાવના ) થાય કે- (૨૨૧૮-૧૯) સદાય સંપૂર્ણ સાવધ જીવનવાળા, સંસારની રખડપટ્ટીમાં હેતુભૂત એવી વૃત્તિઓમાં તત્પર મનવાળા મને ( हद्धी= ) ધિક્કાર હો! (૨૨૨૦) નિશ્ચે ( મારે ) તે કોઇ પણ ભવિષ્યનું વર્ષ, અથવા તે કોઇ ઋતુ, અથવા તે મહિનો કે પખવાડિયું, તે અહોરાત્ર અથવા દિવસ, અથવા દિવસમાં પણ મુહૂર્ત, મુહૂર્તમાં પણ તે ક્ષણ, અથવા કોઈ તે વાર, વારમાં પણ તે નક્ષત્ર (ક્યારે) આવશે? કે જ્યારે પરમાર્થનો જાણ ( હું ) પુત્ર ઉપર રાજ્યની ધૂરાનો ભાર મૂકીને ધીરપુરુષોએ જણાવેલું સર્વજ્ઞપ્રણીત આજ્ઞાનું જે પરાધીનપણું, તેને ધારણ કરતો ( આજ્ઞાધીન બનીને ), સંવેગી એવા મોટા ગીતાર્થ અને ઉત્તમ ક્રિયાવાળા ગુરુના પાદમૂળમાં દીક્ષિત થઈને, સર્વ સંબંધથી નિરપેક્ષ બનીને, છઠ્ઠ, અટ્ઠમ, દશમ, દુવાલસ ( ૨-૩-૪-૫ ઉપવાસ ) આદિ તપના વિવિધ પ્રકારોથી દ્રવ્ય-ભાવસંલેખના કરવાપૂર્વક દુર્બળ-કૃશ શરીરવાળો બનીને, શરીરને (સંભાળ નહિ કરવારૂપે ) વોસિરાવીને અને તેને ( પરિષહો-ઉપસર્ગો સહવાદ્વારા ) ત્યાગ કરીને, પર્વતની શિલા ઉપર પદ્માસન બાંધીને બેઠેલા મને, વૃક્ષનું ઠુંઠું સમજીને ચારેય બાજુ મળેલાં હરિણો પોતાની કાયાને ખણે તેવો ( નિશ્ચળ ) હું ક્યારે બનીશ? અને સર્વથા આહારનો ત્યાગી, યથાસ્થિત આરાધના કરવાદ્વારા પંચનમસ્કારમાં એકાગ્ર ( બનીને ) હું પ્રાણોનો ત્યાગ ક્યારે કરીશ? (૨૨૨૧ થી ૨૭) હમણાં તો માત્ર જ્યાં સુધી અકૃતપુણ્ય ( નિષ્પુણ્યક ) હું દીક્ષા ન સ્વીકારું, ત્યાં સુધી મારા જ ઘરમાં વસતિ ( રહેઠાણ )ને આપીને મુનિઓની સેવા કરું! (૨૨૨૮) ( વગેરે ) આ પ્રકારની ધર્મચિંતા યોગ્ય છે. તેમાં પણ વસતિદાનની ભાવના વિશેષતયા યોગ્ય છે, કારણ કે--શેષ દાનોની અપેક્ષાએ વસતિનું દાન શ્રેષ્ઠ છે. (૨૨૨૯)

**સાધુને વસતિ આપવાથી થતા લાભો**:-વસતિના અભાવે અનવસ્થિત મુનિઓને ગૃહસ્થો આત્માના અનુગ્રહ માટે ભક્તિવાળા છતાં ભોજનાદિ આપી શકતા નથી. (૨૨૩૦) વળી અચિત્ત, અકૃત, અકારિત, અનનુમત એવા ન તો ઔષધોને, ન તો ભૈષજ્યને કે નહિ કંબલને અને નહિ વસ્ત્રને તથા નહિ પાત્રને, ન પાદપ્રોઞ્છનને કે ન દંડક( દાંડા )ને ( આપી શકે ), અને બુદ્ધિમાન ( પુત્રાદિ ) શિષ્યને, શાસ્ત્રને, પુસ્તકને કે બીજા પણ સાધુઓને યોગ્ય (કોઈ) ઉપકરણને પણ આપી શકે નહિ. સંસારવાસથી વિરાગી ચિત્તવાળા પણ કોઈ ગૃહસ્થો ( વસતિ વિના ) સદ્ગુરુની સેવાને કે તેઓના વચનશ્રવણને પણ કરી શકે નહિ. (૨૨૩૧ થી ૩૩) વળી જો અનિયત વિહારના આચારને પાળતા સાધુઓને તે ક્ષેત્રમાં આવ્યા પછી વસતિની પ્રાપ્તિ ન થાય, તો ત્યાં તેઓ રહી કેમ શકે? અને સાધુઓ રહે નહિ તો ઉભય લોકમાં સંભવિત ( હિતકારી ) એવા તે

ક્ષેત્રજન્ય ગુણો સાધુઓને અને ગૃહસ્થોને પણ કયી રીતે પ્રાપ્ત થાય? (૨૨૩૪-૩૫) તેમાં સાધુઓને આ લોકના ગુણો અશન-પાનાદિની પ્રાપ્તિ વગેરે અને પરલોકમાં હિતકર સંયમનું પરિપાલન વગેરે જાણવા, ગૃહસ્થને પણ મુનિના સંગથી કુસંગત્યાગ વગેરે આ ભવ સંબંધી અને સદ્ધર્મનું શ્રવણ વગેરે પરભવ સંબંધી અનેક ગુણો (જાણવા). (૨૨૩૬-૩૭) વળી સાધુઓ સ્વયં ઘરને મન-વચન-કાયાથી બાંધતા નથી, બીજાઓ દ્વારા કરાવતા નથી અને બીજાએ કરેલાની અનુમોદના પણ કરતા નથી, (૨૨૩૮) કારણ કે સામાન્ય ઝુંપડી જેવું પણ ઘર સૂક્ષ્મ-બાદર છજીવનિકાયની હિંસા વિના બને નહિ. તેથી જ કહ્યું છે કે-જીવોની હિંસા કર્યા વિના ઘર, તેની (सरण=) રક્ષા માટે (गुत्ति) વાડનું સંસ્થાપન, વગેરે કેમ થાય? અને જીવોની તે હિંસા કરીને પણ (तह=) તેવાં કાર્યો જો કરે, તો અસંયમીઓના માર્ગમાં પડે (સંયમથી ચૂકે). (૨૨૩૯-૪૦) જેણે વાજિંત્રોના નાદપૂર્વક (મહોત્સવથી), અનેક મનુષ્યો, સદ્ગુરુ અને સંઘની સમક્ષ ઘરને તજીને "હે ભગવંત! હવે હું સામાયિક કરું છું, સઘળાય પાપવ્યાપારોને જાવજજીવ સુધી ત્રિવિધ ત્રિવિધથી તજું છું."-એવી જે મહા પ્રતિજ્ઞા કરી છે અને સર્વ રીતે છજીવનિકાયના રક્ષણમાં તત્પર છે, તે મુનિઓ પોતે કરેલી તેવી પ્રતિજ્ઞાને છોડીને સ્વયં ઘર વગેરેને કેવી રીતે કરે? (૨૨૪૧ થી ૪૩) તે કારણે અન્યને માટે પ્રારંભેલું અને અન્યના માટે જ પૂર્ણ કરેલું, મન-વચન-કાયાથી સ્વયં કરેલું નહિ, બીજાઓ દ્વારા કરાવેલું નહિ અને એથી જ અનુમોદન પણ કરેલું નહિ, એવું મૂળ-ઉત્તરગુણોથી યુક્ત, પ્રમાણયુક્ત, સ્ત્રી, પશુ, પંડક અને દુરાચારીઓથી રહિત, તેવા પાડોશથી પણ રહિત, સ્વાધ્યાય, કાળગ્રહણ, સ્થંડિલ અને પ્રશ્રવણ માટેની (નિરવદ્ય) ભૂમિઓથી સંયુક્ત, સુરક્ષિત, સાધુઓને યોગ્ય પાપરહિત સ્થાન ગૃહસ્થ સાધુઓને આપે. (૨૨૪૪ થી ૪૬) જો દ્રવ્ય, ક્ષેત્ર, કાળ અને ભાવને આશ્રીને તેવા પ્રકારની (વસતિ) ન હોય, તો પણ સારાસાર-(લાભ-હાનિ)નો વિવેક વિચારીને, સૂક્ષ્મ (અલ્પ) દોષવાળી (છતાં) મોટા ઘણા ગુણવાળી વસતિ સદા મુનિઓને આપવી, કારણ કે-તેના વિના તેઓ સંયમ (પાળવા) માં સમર્થ બની શકે નહિ. (૨૨૪૭-૪૮) એ કારણે વસતિ દેવાથી તેને દેનાર ગૃહસ્થ દુસ્તર પણ સંસારસમુદ્રને તરે છે. એથી જ શાસ્ત્રજ્ઞોએ (તેને) 'શય્યાતર' (શય્યાથી તરનારો) કહ્યો છે. (૨૨૪૯) વળી તેણે આપેલી વસતિમાં રહેલા સાધુઓ બીજાઓ પાસેથી પણ વસ્ત્ર-પાત્રાદિ જે પ્રાપ્ત કરે, તે પણ પરમાર્થથી તેણે આપ્યું (ગણાય છે). (૨૨૫૦) યદ્યપિ પૂર્વે (૨૨૩૦ વગેરે ગાથાઓમાં) કહેલાં ભોજનાદિ તેઓને સ્વયં ક્યાંય ન મળે, તો પણ વસતિનો દાતા તો તે દાનમાં મૂળ કારણ બને જ. (૨૨૫૧) કારણ કે-વસતિ મળ્યા પછી અશનાદિ અન્ય વસ્તુ લઈ શકાય, માટે તે તે સર્વ વસ્તુના દાનનો મૂળ દાતા તે (શય્યાતર) છે, પછી આપનારા બીજા તો ઉત્તર કારણો છે. પ્રાયઃ મૂળ અંગ (શરીર) હોય, તો જ (તેની સાથે સંબંધવાળા હાથ-પગ વગેરે) ઉત્તર અંગોનો તે

અધિકારી બને. (૨૨૫૨) જેમ બળવાન મૂળિયાનો યોગ હોય તો જ વૃક્ષ મોટા વિસ્તારને પામે છે, તેમ વસતિની પ્રાપ્તિરૂપી મૂળ બળવાળો યતિવર્ગ પણ સંયમની વિશેષ વૃદ્ધિને પામે છે. (૨૨૫૩) પોતાના ઘરમાં વસતિને આપનારો (ગૃહસ્થ) મુનિપુંગવોનું વાયુ, રજ, વરસાદ, ઠંડી, તાપ, પવન વગેરેના ઉપસર્ગોથી, ચોરોથી, દુષ્ટ શ્વાપદોના સમૂહોથી, તથા ડાંસ-મચ્છરોથી રક્ષણ કરતો સદાકાળ તે મુનિઓના મન-વચન-કાયાને પ્રસન્ન કરે છે (૨૨૫૪-૫૫) અને એ યોગોની પ્રસન્નતાથી જ મુનિઓમાં શ્રુતિ, મતિ અને સંજ્ઞા તથા શાંતિનું બળ પ્રગટે છે. વળી શરીરબળ તેઓને શુભ ધ્યાનની (વૈરાગ્યની) વૃદ્ધિ માટે થાય છે (૨૨૫૬) (કહ્યું છે કે-) પ્રાયઃ સુમનોજ્ઞ આશ્રય, શયન, આસન અને ભોજનથી સુમનોજ્ઞ ધ્યાનનો ધ્યાતા સાધુ સંસારનો વિરાગી બને છે. (૨૨૫૭) જેના આશ્રમમાં મુહૂર્ત્ત માત્ર પણ મુનિઓ વિશ્રામ કરે છે, તેટલાથી જ તે નિશ્ચે કૃતકૃત્ય બને છે, તેને અન્ય પુણ્યથી શું પ્રયોજન? (૨૨૫૮) તેઓનો જન્મ ધન્ય છે, કુળ ધન્ય છે અને તે સ્વયં પણ ધન્ય છે, કે જેઓના ઘરમાં પાપમેલને ધોઈ નાખનારા સુસાધુઓ રહે છે. (૨૨૫૯) વળી આ ભવમાં તેઓનો જન્મ જો દુર્ગંછિત કુળમાં થયો હોત, તો જગતમાં એક પૂજ્ય એવા મુનિઓ તેઓના ઘરમાં કેમ રહેત? (૨૨૬૦) જેઓનો મદ-મોહ નાશ પામ્યો છે, તેવા મુનિઓ પુણ્યવંતોના ઘરોમાં જ રહે છે. (કારણ કે-) પાપીઓના ઘરોમાં કદાપિ રત્નવૃષ્ટિ થાય નહિ. (૨૨૬૧) જીવોને કલિયુગના કલેશથી રહિત તેવો અવસર કોઈ વાર જ પ્રાપ્ત થાય, કે જે કાળે ગુણરત્નોના મહાનિધિ શ્રેષ્ઠ મુનિઓ (તેમના) ઘરમાં રહે. (૨૨૬૨) જેમ પુણ્ય વિના કલ્પવૃક્ષની છાયા પણ ન મળે, તેમ પાપને ચૂરનારી મહાનુભાવોની સેવા પણ દુર્લભ છે. (૨૨૬૩) સંયમની ધુરાને અખંડ ધારણ કરતા ધીર મુનિવૃષભોને ધર્મબુદ્ધિથી વસતિ દેનારે આગળ કહું છું તે સઘળું કર્યું સમજવું. (૨૨૬૪) તેણે ચારિત્રનો પક્ષપાત, ગુણોનું રાગીપણું, ઉત્તમ ધર્મીપણું, નિર્દોષનું પક્ષપાતીપણું અને કીર્તિની સમ્યગ્ વૃદ્ધિ કરી. (૨૨૬૫) તથા સન્માર્ગની વૃદ્ધિ, કુસંગનો ત્યાગ, સુસંગમાં રતિ, પોતાના ઘરઆંગણે કલ્પદ્રુમ વાવવાનો વિધિ, (૨૨૬૬) કામદુધા=ઇચ્છિત વસ્તુને આપવાવાળી દિવ્ય ગાયનું ગ્રહણ, કરતલમાં ચિંતામણીનું ધારણ અને શ્રેષ્ઠ રત્નાકરને પોતાના ભવનના આંગણે જ લાવવાનો વિધિ કર્યો. (૨૨૬૭) ધર્મની પરબનું દાન, અમૃતનું પાન, શ્રેષ્ઠ નિધિનું ગ્રહણ, સર્વ સુખનો સંચાર (આમંત્રણ) અને વિજયધ્વજનું ગ્રહણ કર્યું. (૨૨૬૮) તથા સર્વ કામિત (પૂરક) વિદ્યા-મંત્રોની પરમ સાધના કરી અને વિવેક સહિત ગુણજ્ઞતાનું પ્રકટીકરણ કર્યું એમ સમજવું. (૨૨૬૯) તથા તેના ઉપાશ્રય (વસતિ)માં રહેલા ગુણસમૃદ્ધ સાધુઓના ચરણ પાસે આવીને લોકો ધર્મશ્રવણ કરે અને શ્રવણથી પ્રત્યાગત (પ્રગટેલી) ચેતનાવાળા ભવ્ય પ્રાણીઓ નિત્ય જે જે વિવિધ ધર્મક્રિયામાં રક્ત બને, તથા જે પ્રત્યનિક (વિરોધી) હોય તે ભદ્રિક ભાવમાં, ભદ્રિક હોય તે દયામાં, અને યથાશક્તિ માંસ-દારૂ વગેરેના નિયમમાં

તથા બીજા જે સમ્યક્ત્વમાં, સમ્યક્ત્વવાળા હોય તે પરમ ભક્તિવાળા બનીને મનોહર શ્રી જિનમંદિર અને જિનબિંબોની પ્રતિષ્ઠામાં, પૂજામાં, જિનમંદિરોની (તીર્થોની) યાત્રામાં તથા મહોત્સવોમાં સદા પ્રવૃત્તિ કરે. વળી બીજા પણ જીવો શ્રી જિનશાસનની પ્રભાવના પ્રમુખ જે જે કાર્યોમાં ઉદ્યમ કરે, કેટલાક ગ્લાન (સાધુ), સાધર્મિક વગેરેનાં કાર્યોમાં ઉદ્યમ કરે અને કેટલાક જે જિનાગમનાં પુસ્તક લખાવરાવે અને જે કેટલાક દેશવિરતિને અને કેટલાક સર્વવિરતિને ગ્રહણ કરે, તથા કેટલાક વળી વિચિત્ર (વિવિધ) તપકર્મમાં રમે (ઉદ્યમ કરે). એમ તેઓ દ્વારા જે જે થાય તે તે સર્વ પુણ્યના હેતુઓ(કાર્યો)નું મૂળ કારણ સાધુને ઉપાશ્રય આપનાર છે, એમ કહ્યું છે. **(૨૨૭૦ થી ૭૭)** તે જ સાચો રાજા છે, તે રાજાઓના મસ્તકનો મણિ છે અને તે સ્થિર રાજ્યવાળો છે, કે જેના રાજ્યમાં સાધુપુરુષો અપ્રતિહત વિહારથી (નિર્વિઘ્ને છૂટથી) વિચરે છે, **(૨૨૭૮)** અને સર્વ દેશોના રાજાતુલ્ય તે જ દેશ આર્યપણાને પણ ધારણ કરે છે (આર્ય છે), કે જ્યાં ઉત્તમ સાધુઓ વિચરે છે. **(૨૨૭૯)** વળી દેશમાં પણ તે નગર જ અન્ય શેષ નગરોના મુકુટતુલ્ય અને પવિત્ર છે, કે જ્યાં ગુણના ભંડાર મહા મુનિઓ નિત્ય વિચરે છે. **(૨૨૮૦)** નગરમાં પણ તે (પાટક) પાડો-મહોલ્લો (**પાપશાટક=**) પાપનો નાશ કરનાર છે, કે જ્યાં સાધુપુરૂષો રહે છે. તે જ ધન્ય છે, પવિત્ર છે, બીજો શૂન્ય છે, એમ હું માનું છું. **(૨૨૮૨)** તે મહોલ્લામાં પણ જ્યાં ગીતાર્થ સુવિહિત સાધુઓનો વસવાટ થાય છે, તે જ એક ઘરને હું નિશ્ચે પૂર્ણ લક્ષણોવાળું માનું છું. **(૨૨૮૨)** તે (ઘર) લક્ષ્મીનો આવાસ છે, તે ઘર શ્રેષ્ઠ રત્નોની વૃષ્ટિ માટે યોગ્ય છે, પૃથ્વીમાં વાસ્તવિક પુરુષ પણ તે(નો દાતા) છે અને તેનો જ પરમાર્થથી ઉદય છે. **(૨૨૮૩)** અન્યથા સંયમરૂપી લક્ષ્મીને રમવાની શ્રેષ્ઠ ભૂમિ સરખા, જિનવચનના રાગી, મહામુનિઓનો ત્યાં વસવાટ પણ કેમ થાય? **(૨૨૮૪)** વળી તે ઘરમાં સિદ્ધાન્ત(સ્વાધ્યાય)ના પ્રગટ અવાજના પ્રભાવે ક્ષુદ્ર ઉપદ્રવો વગેરે દોષો થતા નથી અને અભ્યુદય વગેરે ગુણો થાય છે. **(૨૨૮૫)** રોગના, અગ્નિના, પિશાચના, તથા ગ્રહો વગેરે ક્ષુદ્ર દેવોના દોષો, તથા ક્રૂર મનુષ્ય-તિર્યંચોનાં પાપો પણ પાપથી પ્રબળ (પ્રગટ) થાય છે. **(૨૨૮૬)** તે પાપનો પ્રતિપક્ષી દક્ષ એવો જિનેશ્વરોનો ધર્મ જાણવો. પુનઃ જ્યાં તે ધર્મનો પ્રચાર (પ્રવૃત્તિ) હોય, ત્યાં પાપના વિકારો પણ કયાંથી થાય? **(૨૨૮૭)** સૂર્યના બિંબના પ્રભાવે અંધકારના સમૂહની જેમ સ્વપક્ષ બળવાન હોય તો પ્રાયઃ પ્રતિપક્ષનો સંભવ ન હોય, **(૨૨૮૮)** તેમ મોક્ષની સાધનામાં સફળ કારણભૂત એવાં જ્ઞાન, દર્શન સહિત જે વિવિધ તપ, નિયમ, સંયમ, સ્વાધ્યાય, અધ્યયન, ધ્યાન વગેરે સદ્ધર્મના (ચારિત્રના) ગુણો પણ, પોતાની વસતિમાં રહેનાર સાધુઓના પરમ ઉપકારને સમ્યગ્ માનતા એવા ગુણીના સેવક રાજાની, અથવા અમાત્યની, શેઠની, સાર્થવાહની ઇભ્ય(ધનપતિ)ની કે બીજા પણ કોઈ તેવાની વસતિમાં રહેલા સાધુઓને નિરાબાધપણે

થાય છે. (૨૨૮૯ થી ૯૧) વળી તેમના રહેવાથી તે વસતિમાં થતા ધર્મના મહિમાથી જ તેને (વસતિદાતાને) પાપથી થનારા દોષો થતા નથી અને સદ્ધર્મથી થનારા વિવિધ પ્રકારના મોટા ઉપકારો થાય છે. જેવા કે–અત્યંત અનુરાગવાળી પત્ની, પુત્ર સપુત, પરિવાર સારો વિનીત વગેરે તથા ચતુરંગ સેના વગેરે (તે તે વસતિના) દાતાની ભૂમિકાને અનુરૂપ લાભો થાય છે. (૨૨૯૨–૯૩) સંસારનાં સુખોની આકાંક્ષાથી મુક્ત, એક માત્ર મોક્ષસુખના લક્ષ્યવાળા મહાનુભાવ (પ્રભાવશાળી) એવા સુવિહિત સાધુઓને જે આ ભવમાં ઘાસની બનાવેલી જીર્ણ ઝુંપડીના પણ ખૂણામાં રહેઠાણ આપે છે, તે મેલથી ભરેલા (માનવીય) શરીરરૂપી પાંજરાને તજીને, અન્ય જન્મમાં મણિમય દેદીપ્યમાન મોટી ભીંતોની કાન્તિના વિસ્તારથી ચિત્તમાં રતિને પ્રગટાવનારા અતિ વિશાળ, સેંકડો પુતળીઓ અને (मत्तालंब=) ઝરુખા અને વરંડા (કિલ્લા)થી શોભતા વિચિત્ર મણિથી જડેલા, હજારો મોટા થાંભાથી ઉંચા, રત્નોથી જડેલી ભૂમિતળવાળા, રત્નો અને મણિનાં સુંદર કિરણોના સમૂહથી નિરંતર (સદાય) પૂર્ણ પ્રકાશવાળા, ગગનમાં પહોંચેલા છેડાવાળાં (અતિ ઉંચા) તોરણોથી મનને આનંદ આપનારા, ઉડતા ઉજ્જવળ ધ્વજપટની શ્રેણિથી શોભતા, અતિ રમ્ય, આજ્ઞાની સાથે જ (તેના અમલ માટે) ત્વરાવાળા અનુરાગી સેવક દેવોથી ભરેલા, નેત્રોને (क्षणु=) ઉત્સવરૂપ ક્રીડા (લીલા) કરતી અપ્સરાઓથી ભરેલા, શ્રેષ્ઠ રત્નનાં, સુવર્ણનાં અને મણિમય, એવાં શયનો, આસનો, છત્રો, ચામરો અને કળશોવાળા તથા પંચવર્ણનાં મણિ, રત્નો, પુષ્પો અને દિવ્ય વસ્ત્રોથી સમૃદ્ધ, ઈચ્છાની સાથે જ તુર્ત સઘળા અનુકૂળ પદાર્થો મળી રહે તેવા, સર્વોત્તમ વિમાનમાં મહર્દ્ધિક દેવ થાય છે. (૨૨૯૪ થી ૨૩૦૧) પુનઃ ત્યાંથી ચ્યવીને શ્રેષ્ઠ સૌભાગ્ય અને રૂપવાળો, મનુષ્યોના મન અને નેત્રોને આનંદ દેનારો, નિરૂપક્રમી, લાંબા, નિરોગી આયુષ્યવાળો લાવણ્થી પવિત્ર શરીરવાળો, બંદીજનથી ગવાતા ગુણોના સમૂહવાળો, મણિ–સુવર્ણ–રત્નનાં શયન–આસનથી યુક્ત પ્રસાદતળમાં લીલા (ક્રીડા) કરતો, મનઇચ્છિત ભાવોની પ્રાપ્તિવાળો, મહા વૈભવશાળી, સર્વ અતિશયોનો ભંડાર, સર્વ દિશામાં વિસ્તૃત યશવાળો, પુણ્યાનુબંધી પુણ્યવાળો અને સંપૂર્ણ છ ખંડ પૃથ્વીનો ભોગી, એવો આ મનુષ્યલોકમાં ચક્રવર્તી થાય છે, અથવા અખંડ મંડલવાળો (માંડલિક) રાજા થાય છે, અથવા તેનો અમાત્ય કે નગરશેઠ, અથવા સાર્થવાહ કે મોટા ધનવાનનો પુત્ર થાય છે. ધન્યાત્મા તે ત્યાં શ્રેષ્ઠ ચારિત્રગુણને પામીને તે જ ભવે, અથવા ત્રણ કે સાત ભવોમાં નિયમા કર્મક્ષય કરીને શીઘ્ર મોક્ષને પણ પામે છે. (૨૩૦૨ થી ૭) એમ સાધુઓને ભાવપૂર્વક વસતિ દેવાથી નિષ્કલંક અને વાંછિત પૂરવામાં તત્પર, એવું રાજા થવાનું પુણ્ય બંધાય તેમાં શું આશ્ચર્ય ? (૨૩૦૮) આશ્ચર્ય તો પુનઃ તે છે કે–અધમ ગતિ પામેલો, પ્રમાદરૂપ મદિરાથી મૂઢ અને મુગ્ધ પણ કુરુચંદ્ર અનિચ્છાએ પણ સાધુઓને વસતિ આપવાથી નિત્ય સાધુઓનાં દર્શન કરતાં તેઓ પ્રત્યે લેશ રાગ થવાથી જાતિસ્મરણજ્ઞાનને પામીને સ્વયમેવ પ્રતિબોધ પામ્યો. (૨૩૦૯–૧૦) તે આ પ્રમાણે :–

**વસતિદાન સંબંધી કુરુચંદ્રનો પ્રબંધઃ**–લક્ષ્મીના કુલભુવનતુલ્ય, આશ્ચર્યોની જન્મભૂમિ જેવી અને વિદ્યાઓની ખાણતુલ્ય શ્રાવસ્તી નામે નગરી હતી. (૨૩૧૧) ત્યાં નમતા રાજાઓના મસ્તકના (મુકુટોનાં) રત્નોની કાન્તિથી પ્રકાશમાન પાદયુગલવાળો, જગતપ્રસિદ્ધ, આદિવરાહ નામે રાજા હતો. (૨૩૧૨) તેને અપ્રતિમ ગુણવાળો, રૂપથી પ્રત્યક્ષ કામદેવતુલ્ય અને યુદ્ધની કુશળતાથી વાસુદેવની જેમ યુદ્ધભૂમિમાં સર્વેને જીતવાની ઈચ્છાવાળો, રાજાનાં લક્ષણોથી યુક્ત તારાચંદ નામનો પુત્ર હતો. તે તારાચંદને પોતાના પ્રાણતુલ્ય કુરુચંદ્ર નામે મિત્ર હતો. (૨૩૧૩–૧૪) યુવરાજપદ આપવાની ઈચ્છાવાળા રાજાએ તે તારાચંદને અન્ય કુમારોથી સવિશેષ (યોગ્ય) જોયો (જાણ્યો). (૨૩૧૫) તે પછી રાજાની પાસે બેઠેલી સાવકીમાતાએ રાજાને સ્નેહાળ પણ વિષાદયુક્ત નજરે તારાચંદની સામે જોતો દેખીને, 'પોતાના પુત્રને રાજ્ય મળવામાં (તારાચંદ) વિઘ્નરુપ બનશે'–એમ માનીને, તેને મારી નાખવા એકાન્તમાં ગુપ્ત રીતે ભોજનમાં કાર્મણને મેળવીને તે ભોજન તેને આપ્યું. (૨૩૧૬–૧૭) તારાચંદે કોઈ સંશય (વિકલ્પ) વિના તે ખાધું. પછી તેમાંથી પ્રગટેલા વિકારથી તારાચંદને રૂપ, બળ અને શરીરનો નાશ કરનારો મહા વ્યાધિ પ્રગટ્યો. (૨૩૧૮) તેનાથી પીડિત, નિર્બળ અને દુર્ગંછનીય (બનેલા) શરીરને જોઈને અત્યંત શોકગ્રસ્ત થયેલો તારાચંદ વિચારવા લાગ્યો કે–નિર્ધન, મોટા રોગથી પીડાતા અને પોતાના સ્વજનોના પરાભવથી હણાયેલા (અપમાનિત થયેલા), એવા સત્પુરુષોને કાં તો મરવું કે અન્ય દેશમાં જવું યોગ્ય છે, (૨૩૧૯–૨૦) તેથી વિનષ્ટ શરીરવાળા અને નિત્ય ખલ મનુષ્યોની વિલાસી (વાંકી કટાક્ષવાળી) અડધી નજરે જોવાતા મારે હવે ક્ષણ પણ અહીં રહેવું યોગ્ય નથી. (૨૩૨૧) તેથી પોતાની વાત પરિવારને પણ જણાવ્યા વિના તે એકલો પૂર્વ દિશા તરફ વેગથી ચાલ્યો. (૨૩૨૨) અત્યંત દિનમનવાળો તે ધીમે ધીમે જતો ક્રમશઃ અન્યાન્ય પર્વતો, ખીણો, નગરો અને ગામોના સમૂહને જોતો સમ્મેત નામના મહા પર્વતની નજીકના એક શહેરમાં પહોંચ્યો અને ત્યાં લોકોને પૂછયું કે–આ પર્વત કયો મનાય (કયા નામનો) છે? (૨૩૨૩–૨૪) લોકોએ કહ્યું, હે ભોળા! દૂર દેશથી આવેલો હોવાથી (અજાણ) તું જો સૂર્યની જેમ અતિ પ્રસિદ્ધ પણ આ પર્વતને પૂછે છે, તો સાંભળ. (૨૩૨૫)

**સમ્મેતગિરિનું વર્ણન** :–આ સમ્મેત નામનો મહા ગિરિરાજ છે, જ્યાં ભક્તિના સમૂહથી પૂર્ણ એવા સુર–અસુરોથી સ્તુતિ કરાયેલો જિનેશ્વરોનો સમૂહ શરીરનો ત્યાગ કરીને નિર્વાણને પામ્યો છે. (૨૩૨૬) જે પર્વત માર્ગમાં આવતા ભવ્યોને પવનથી ઉછળતાં– વૃક્ષોનાં પત્રોરૂપ હાથ વડે અને પક્ષીઓના શબ્દોરૂપ વચનો વડે સર્વ આદરથી આરાધના માટે નિમંત્રણ કરે છે. (૨૩૨૭) જ્યાં નાસાગ્રભાગે ચક્ષુના લક્ષ્યને (નજરને) સ્થાપીને, લેશ પણ શરીરસુખની અપેક્ષા વિનાના, એકાગ્ર ચિત્તવાળા, યોગીઓના સમૂહો વિઘ્ન વિના પરમ અક્ષરનું (બ્રહ્મનું) ધ્યાન કરે છે. (૨૩૨૮) જ્યાં ભૂમિના ગુણ-

( પ્રભાવ )થી ઘણાં દુષ્ટ પ્રાણીઓ ( શ્વાપદો ) પણ વૈર તજીને પરસ્પર ક્રીડા કરે છે અને મુગ્ધો પણ જ્યાં વિષાદ વિના ( પ્રસન્નતાથી ) પ્રાણનો ત્યાગ ( અનશન ) કરીને દેવપણાને પામે છે. (૨૩૨૯) વળી તે ગિરિના અતિ રમણીયતારૂપ ગુણથી રંજિત કિન્નરો-કિન્નરીઓ શત્રુનો ભય તજીને જ્યાં વિલાસ કરે છે અને સર્વ ઋતુનાં પુષ્પોથી શોભતાં અને ફળોના સમૂહથી મનોહર એવાં વનો જ્યાં ચારેય દિશામાં શોભે છે. (૨૩૩૦) એમ સાંભળીને ચિત્તમાં અત્યંત આનંદિત થયેલો 'તીર્થ છે'-એમ માનીને શરીરને છોડવાની ભાવનાવાળો તે તારાચંદ આગળ ચાલ્યો, (૨૩૩૧) અને આકાશના છેડે ઊંચા પહોંચેલા વિકરાલ શિખરોથી દિશાઓના વિસ્તારને પણ ઢાંકતા તે પર્વત ઉપર ધીમે ધીમે સમ્યગ્ ઉપયોગપૂર્વક ચઢયો. (૨૩૩૨) પછી હાથ-પગની શુદ્ધિ વસ્ત્રથી કરીને, સરોવરમાંથી કમળોને લઈને, વસ્ત્રથી મુખ બાંધીને, તેણે મણિરત્નોથી દેદીપ્યમાન એવા શ્રી અજિતાદિ જિનેશ્વરોની પ્રતિમાઓની તથા કાન્તિરુપી પાણીથી ધોએલી (હોય તેવી) ( ઉજ્જવળ ) સ્ફટિકની સિદ્ધશિલાઓની શ્રેષ્ઠ પૂજા કરી. (૨૩૩૩-૩૪) પછી શ્રી જિનેશ્વરોના ચરણોની પૂજાથી અને તે સિદ્ધક્ષેત્રના શુભ ગુણોથી વધતા શુભ ભાવવાળો, આનંદથી ઝરતાં નેત્રવાળો તે આ પ્રમાણે સ્તુતિ કરવા લાગ્યો. (૨૩૩૫)

આ સંસારમાં અનંતકાળથી રુઢ થયેલા મોહને હણીને, પ્રબળ જન્મ-મરણની વેલડીનું ઉન્મૂલન કરીને, મોક્ષમાર્ગના દેશક એવા જે જિનેંદ્રો ઉપદ્રવરહિત, અચળ અને અનંત એવા સિદ્ધિવાસને પામ્યા છે, તે જયવંતા રહો ! (૨૩૩૬) જેઓના ચરણોને માત્ર પ્રણામ કરવાના પ્રભાવે પણ ભવ્ય જીવો લીલા માત્રમાં સંપૂર્ણ એવા શ્રેષ્ઠ સુખથી સનાથ ( યુક્ત ) થાય છે અને જેઓ પોતાની હથેલીની જેમ લોકાલોકને જુએ (જાણે) છે, તે ત્રિભુવનપૂજ્ય શ્રી જિનેશ્વરો જયવંતા વર્તો ! (૨૩૩૭) એમ જિનેન્દ્રોને સ્તવીને પ્રસન્ન થયેલો તે, જેટલામાં રોગરૂપી કીડાઓથી જર્જરિત થયેલો શરીરને છોડવા બીજા ઊંચા ગિરિશિખર ઉપર ચઢે છે, તેટલામાં શરદના ચંદ્ર જેવી ઉજ્જવળ ફેલાતી વિશાળ કાન્તિના સમૂહવાળા, ( અઢાર હજાર ) શીલાંગના ભારથી દબાતા હોય તેમ અતિનમ્ર ( નમેલી ) કાયારૂપી વેલડીવાળા, નીચા મુખવાળા, લંબાવેલી લાંબી ભુજાઓવાળા, હાથના નખનાં ( કાન્તિનાં ) કિરણોરૂપ દોરડાંથી નરકરૂપી કુવામાં પડેલા જીવલોકને ઉપર ખેંચતા હોય તેવા, મેરૂપર્વતની જેમ નિશ્ચલ, પગની આંગળીઓના નિર્મળ કાન્તિવાળા દશ નખના બ્હાનાથી જાણે ક્ષમા વગેરે દશવિધ મુનિધર્મને પ્રકાશતા હોય તેવા, સ્ફટિક રત્નની દેદીપ્યમાન કાન્તિવાળી પર્વતની ગુફામાં રહેલા, અતિ સુશોભિત શરીરવાળા, જાણે સુખના સમૂહને પ્રગટવાની ભૂમિ હોય તેવા, કાઉસ્સગ્ગમાં રહેલા એક સાધુને જોયા. (૨૩૩૮ થી ૪૨) પછી 'મરણ તો મારે સ્વાધીન છે જ ! ( પહેલાં ) આ મુનિને નમસ્કાર કરું.'- એમ ચિંતવીને આદર( ઔત્સુકય )થી ભરેલાં નેત્રોવાળો તે તારાચંદ સાધુને નમ્યો. (૨૩૪૩) ભક્તિપૂર્વક નમીને જ્યારે આશ્ચર્યભરેલા ચિત્તવાળો તે તેઓના રૂપને જોવા

લાગ્યો, ત્યારે આકાશતળથી વિદ્યાધરનું મિથુન નીચે આવ્યું, (૨૩૪૪) અને હર્ષવશ વિકસિત નેત્રોવાળાં તે દંપતિમુનિના ચરણકમળમાં નમીને, ગુણસ્તુતિ કરીને નિર્મળ પૃથ્વીપીઠ ઉપર બેઠાં. (૨૩૪૫) ત્યારે તારાચંદે કહ્યું, તમારું અહીં કયાંથી કયા કારણે આગમન થયું ? તેથી વિદ્યાધરે કહ્યું કે-(૨૩૪૬) વિદ્યાધરોની શ્રેણીથી ( વૈતાઢયથી ) આ પ્રભુના વંદન માટે ( આવ્યા છીએ ). તારાચંદે કહ્યું, હે ભદ્ર ! આ મુનિસિંહ કોણ છે ? કે જેઓનાં અંગો આભરણના ત્યાગી છતાં દિવ્ય અલંકારોથી ભૂષિત હોય તેવાં અને મનુષ્ય છતાં અમાનુષી ( દૈવી ) મહિમાથી શોભતાં હોય તેવાં દેખાય છે, (૨૩૪૭-૪૮) પછી અત્યંત પ્રયત્ન( આદર )પૂર્વક પૂછવાથી હર્ષભરપૂર બનેલા તે વિદ્યાધરે કહ્યું,-સાંભળ ! ઘણા ગુણથી યુક્ત આ મહાત્મા વિદ્યાધરોની શ્રેણીના નાથ છે. (૨૩૪૯) જન્મ-જરા-મરણના ( રણરણ= ) રણકારથી ભયંકર એવાં સંસારનાં અસીમ દુઃખોને જાણીને, રાજ્ય ઉપર પોતાના પુત્રને સ્થાપીને, સ્વયમેવ સમ છે શત્રુ-મિત્ર જેને એવા ઉત્તમ સાધુ થયા છે. (૨૩૫૦) તેવી ( ઉત્તમ ) રાજ્યલક્ષ્મીને અને અત્યંત ભોગોને ખલ સ્રીની જેમ જેણે લીલા માત્રમાં છોડી દીધા છે, આજે પણ જેના વિરહાગ્નિથી બળતી અંતઃપુરની સ્રીઓ રડતી અટકતી નથી. (૨૩૫૧) પ્રજ્ઞપ્તિ વગેરે મહા વિદ્યાઓ જેના કાર્યોમાં દાસીની જેમ ( સદા ) સજ્જ છે અને ચિરકાળથી વૃદ્ધિ પામેલી અતિ દેદીપ્યમાન જેઓની કીર્તિ ત્રણ-લોકરૂપી રંગમંડપમાં નટીની જેમ નાચે છે. (૨૩૫૨) તપશક્તિથી જેઓને અનેક લબ્ધિઓ પ્રગટેલી છે, અનુપમ સુખસમૃદ્ધિથી જેઓ શોભે છે અને જે અખંડ ( સતત ) માસખમણ કરે છે, તેઓની તુલ્ય ધરતીમાં કોણ છે ? (૨૩૫૩) એવા ગુણોથી યુક્ત, ભવથી વિરક્ત, ચારિત્રરૂપી ઉત્તમ રત્નોના નિધિ, નિરૂપમ કરુણારૂપી અમૃત રસના સમુદ્ર અને રાજાઓથી પ્રણત ( વંદાયેલા )-એવા આ મુનીશ્વર છે, એમ જાણ. (૨૩૫૪) એમ કહીને વિદ્યાધર જ્યારે અટકયો, ત્યારે રોમાંચથી કંચુકિત કાયાવાળા તારાચંદે પુનઃ પણ ભક્તિપૂર્વક તે મુનિને પ્રણામ કર્યો. (૨૩૫૫) પછી તેના શરીરને મોટા રોગોથી જર્જરિત જોઈને વિદ્યાધરે કહ્યું, હં હો મહાયશ ! તું અત્યંત મહિમાવાળા અને ગુણોના નિધિ આ ઉત્તમ મુનિના કલ્પતરુની કુંપળસમા ચરણયુગલને સ્પર્શ કરીને કેમ આ રોગોને દૂર કરતો નથી ? (૨૩૫૬-૫૭) એમ સાંભળીને પરમ હર્ષરૂપ ધનને ધારણ કરતા તારાચંદે મસ્તકથી મહા મુનિના ચરણકમલને સ્પર્શ કર્યો. (૨૩૫૮) મુનિના મહિમાથી તે જ ક્ષણે તેનો દીર્ઘકાળનો રોગ નાશ થતાં તારાચંદ સવિશેષ સુંદર અને ( દઢ ) સશક્ત શરીરવાળો થયો. (૨૩૫૯) (तद्दियह=) તે દિવસે જ પોતાને જીવન (उवलद्ध) પ્રાપ્ત થયું (નવો જન્મ થયો )-એમ માનતો, પરમ પરિતોષ( પ્રસન્નતા )પૂર્વક તે સ્તુતિ કરવા લાગ્યો કે-(૨૩૬૦)

હે કામના વિજેતા ! સાવદ્ય કાર્યોનાં ( રાગને ) બંધનોને તજનારા ! સંયમના ભારને વહન કરનારા ! અને સમાધિ વડે મોહરૂપી મહાગ્રહને વશ કરનારા, હે મુનીશ્વર ! તમે જયવંતા રહો ! (૨૩૬૧) દેવો અને વિદ્યાધરોથી વંદાયેલા ! રાગરૂપી મોટા હાથીનો નાશ

કરવામાં સિંહતુલ્ય અને સ્ત્રીઓના તીક્ષ્ણ કટાક્ષો રૂપી લાકડાંના બાણોથી પણ ક્ષોભ નહિ પામનારા (હે મુનીશ્વર!) તમારો જય થાઓ! (૨૩૬૨) તીવ્ર દુઃખોરૂપી અગ્નિથી બળતા પ્રાણીઓને અમૃતની વર્ષા જેવા! કાશ(નામની વનસ્પતિ)નાં ઉજ્જવળ પુષ્પોના પ્રકાશ-તુલ્ય ઉછળતા (ઉજ્જવળ) યશથી દિગંતને પણ અજવાળનારા (હે મુનીશ્વર!) તમે જયવંતા રહો! (૨૩૬૩) કલિકાળના ફેલાતા પ્રચંડ અંધકારથી નાશ પામતા મોક્ષમાર્ગના (પ્રકાશક) પ્રદીપ! મોટા ગુણોરૂપી અસામાન્ય (શ્રેષ્ઠ) રત્નસમૂહના નિધાન હે મુનીશ્વર! તમે જયવાળા છો. (૨૩૬૪) હે! રોગથી પીડિત દેહના ત્યાગ માટેનું પણ મારું આગમન તમારા ચરણકમળના પ્રભાવે આજે નિશ્ચે સફળ થયું. (૨૩૬૫) તેથી હે જગ-બંધુ! આજથી તમે જ એક (મારે) માતા, પિતા, ભાઈ અને સ્વજન છો. હે મુનીશ્વર! અહીં (હવે) મારે જે કરણીય હોય. તે કરવાની આજ્ઞા કરો! (૨૩૬૬) તે પછી મુનીપતિ-(સૂરિજી)એ 'આ યોગ્ય છે'–એમ જાણીને કાયોત્સર્ગને પાર્યો અને સમ્યક્‌ત્વરૂપ ઉત્તમ મૂળવાળો, પાંચ અણુવ્રતોરૂપી મહા સ્કંધ (થડ)વાળો, ત્રણ ગુણવ્રતોરૂપી (મુખ્ય) શાખાવાળો, ચાર શિક્ષાવ્રતોરૂપી મોટી પ્રતિશાખાવાળો, વિવિધ નિયમોરૂપી પુષ્પોથી વ્યાપ્ત, સર્વ દિશાઓને યશરૂપી સુગંધથી ભરી દેતો, દેવની અને મનુષ્યની ઋદ્ધિરૂપી ફળોના સમૂહથી મનોહર, પાપરૂપી તાપના વિસ્તારને નાશ કરનારો, એવો શ્રી જિનેશ્વરોએ કહેલો સદ્ધર્મ રૂપી કલ્પવૃક્ષ તેને ઓળખાવ્યો. (૨૩૬૭ થી ૬૯) અને અત્યંત શુદ્ધ શ્રદ્ધા તથા વૈરાગ્યથી (વિલગ્ગ=) ચઢતા–વધતા તીવ્ર ભાવવાળા તેણે શ્રદ્ધા અને સમજપૂર્વક પોતાને ઉચિત ધર્મને સ્વીકાર્યો. (૨૩૭૦) એમ તારાચંદને પ્રતિબોધીને, વળી પણ મોક્ષમાં એકસ્થિર લક્ષ્યવાળા તે મુનિશ્રેષ્ઠ કાઉસ્સગ્ગમાં દઢ સ્થિર થયા. (૨૩૭૧) તે પછી 'આપણે ધ્યાનમાં વિઘ્નભૂત છીએ'–એમ સમજીને તે વિદ્યાધરમિથુન અને તારાચંદ (ત્રણેય) વિનયપૂર્વક સાધુને પ્રણમીને બહાર નીકળ્યાં. (૨૩૭૨) પછી 'આ સાધર્મિક છે'–એવા પ્રગટેલા સ્નેહભાવથી (વાત્સલ્યથી) તે વિદ્યાધરે તારાચંદને ઝેર વગેરેના દોષોનો નાશ કરનારી ગોળી આપીને કહ્યું, અહો મહાભાગ! તું આ ગોળીને ગળ અને એના પ્રભાવે વિષ–કાર્મણ વગેરેનો ભોગ કરવા છતાં તું નિર્ભય અને નિઃશંકપણે (પૃથ્વી ઉપર) ભ્રમણ કર! (૨૩૭૩–૭૪) તારાચંદે તે આદરપૂર્વક લીધી. પછી વિદ્યાધરમિથુન આકાશમાર્ગે ઉડી ગયું અને પ્રસન્ન થયેલા તેણે તે ગોળી ખાધી. (૨૩૭૫) (પછી) પર્વતથી તે નીચે ઉતર્યો અને સ્વસ્થ શરીરવાળો ચાલતો ક્રમશઃ પૂર્વસમુદ્રના કાંઠે રત્નપુર નગરે પહોંચ્યો. (૨૩૭૬) (ત્યાં) તેના રૂપથી આકર્ષિત હૃદયવાળી મદનમંજુષા નામની વેશ્યાએ; અતિ શ્યામ–સુંદર કેશોના સમૂહથી શોભતા મસ્તકવાળા અને કામદેવને પણ જીતે તેવા અતિ દેદીપ્યમાન રૂપવાળા તેને જોઈને તેની માતાને કહ્યું, "અમ્મા! જો આ પુરુષને તું નહિ લાવે, તો નિશ્ચિત હું પ્રાણને તજીશ! એમાં વિકલ્પ (પણ) કરીશ નહિ." એ સાંભળીને અક્કા રાજપુત્ર(તારાચંદ)ને પોતાને ઘેર લાવી. (૨૩૭૭ થી ૭૯) તે પછી સત્કારપૂર્વક સ્નાન, વિલેપન, ભોજન વગેરે કરીને પોતાના ઘરમાં રહે તેમ તે ત્યાં ચિરકાળ તેની સાથે રહ્યો.

(૨૩૮૦) માત્ર માતાએ કહ્યું, હે પાપિણી ભોળી મદનમંજુષા ! સાધુની જેવા આ નિર્ધન મુસાફરનો સંગ્રહ તું કેમ કરે છે? હે પુત્રી ! વેશ્યાઓનો આ કુલાચાર છે કે-(શક્તિથી) ઇન્દ્ર અને (રૂપથી) સ્વયં જો કામદેવ હોય, તો પણ નિર્ધનને ઇચ્છવો નહિ. (૨૩૮૧-૮૨) પુત્રીએ કહ્યું, અંબા ! તારા પાદપસાયથી આટલું પણ ધન સાત પેઢી પહોંચે તેટલું છે, બીજા ધનથી શું કરીશ? (૨૩૮૩) પછી અક્કાએ નિષ્ઠુર શબ્દોથી તેને બહુ વાર તિરસ્કારી, પણ તેણીએ જ્યારે તારાચંદને છોડયો નહિ, ત્યારે અક્કાએ વિચાર્યું કે-આ જીવતો છે ત્યાં સુધી આ (પુત્રી) મારી વાતને નહિ સ્વીકારે, તેથી ગુપ્ત રહેલી હું આને ઉગ્ર ઝેર આપીને મારી નાખું. (૨૩૮૪-૮૫) તે પછી એક અવસરે તેણીએ ઉગ્ર ઝેરથી મિશ્રિત ચૂર્ણવાળું પાનબીડું સ્નેહપૂર્વક તેને આપ્યું. (૨૩૮૬) તારાચંદે તે લીધું અને વિકલ્પ વિના તેનું ભક્ષણ પણ કર્યું, છતાં પૂર્વે ખાધેલી ગોળીના મહિમાથી વિષવિકાર ન થયો. (૨૩૮૭) તેથી (ખેદપૂર્વક) 'હા ! વિષપ્રયોગ કરવા છતાં પણ આ પાપી અદ્યાપિ કેમ મર્યો નહિ?'-એમ (વિચારીને) અક્કાએ પુનઃ પણ તેને પ્રાણઘાતક કાર્મણ આપ્યું. (૨૩૮૮) ગુટિકાના મહિમાથી તે કાર્મણથી પણ તે ન મર્યો, (પણ) આરોગ્ય, રૂપ અને શોભા અધિકતર વિસ્તાર પામી. (૨૩૮૯) તેથી તે વજ્રહત થઇ હોય તેમ, લૂંટાણી હોય તેમ, સ્વજનોથી દૂર ફેંકાણી હોય તેમ, હથેળીમાં મુખ રાખીને (ઢાંકીને) શોક કરવા લાગી. (૨૩૯૦) ત્યારે તારાચંદે (તેણીને) કહ્યું, હે માતા ! પહેલી વાર ચઢી આવેલાં (કાળાં) વાદળોવાળી વર્ષાઋતુની શોભા જેવી તું આજે શ્યામમુખી કેમ છે? (૨૩૯૧) તેણીએ કહ્યું, પુત્ર ! નિશ્ચે જે શક્ય ન હોય, તે હિતકર અને યુક્તિવાળું પણ કહેવાથી શું લાભ? (૨૩૯૨) તારાચંદે કહ્યું, માતા ! કહે, હું તારું કહેલું કરીશ ! તેણીએ કહ્યું, પુત્ર ! જો એમ છે તો સાંભળ ! (૨૩૯૩) હે પુત્ર ! તું સુંદર, વિશેષ લક્ષણધારી, રૂપવાન, સદ્ગુણી અને મનોહર શરીરવાળો છે, પણ વિષયોની ગૃદ્ધિથી નજીકના કાળમાં મરણ પામીશ. (૨૩૯૪) કારણ કે-તું વ્યાયામ કરતો નથી, શિષ્ટ પુરુષોની સભામાં તું બેસતો નથી અને કદાપિ દેવમંદિરમાં-ધર્માશ્રમમાં તું પરિભ્રમણ (પરિચય) કરતો નથી. (૨૩૯૫) હે પુત્ર ! (अच्छिन्न=) સતત વિષયેચ્છાથી (हरि=) વાસુદેવ પણ મરણની સન્મુખ થાય (મરે) છે, તો કમળના દોડાના પત્રતુલ્ય કોમળ શરીરવાળો તું કયી ગણત્રીમાં? (૨૩૯૬) (હું એ કારણે આ કહું છું કે-) દુર્લભ પ્રાપ્તિવાળી પણ બીજી વસ્તુ આ સંસારમાં ભાગ્યયોગે મળી જાય, પણ તારા જેવા પુરુષરત્નો પુનઃ કેમ મળે? (૨૩૯૭) તેથી હે પુત્ર ! તને પ્રતિદિન દુર્બલ થતો જોઇને જ, આ ચિંતાથી જ, હું શોકસંતપ્ત રહું છું. (૨૩૯૮) સ્વભાવે સ્વચ્છ હોવાથી તારાચંદે એનું કહેલું સ્વીકાર્યું. માત્ર એકાન્તમાં (दयरी=) પુત્રીએ તેને કહ્યું, 'આ કપટ છે.' તે જાણીને પ્રતિદિન તે પૂર્વની જેમ જ વર્તતો રહ્યો. તેથી અક્કાએ વિચાર્યું કે-આ પાપીષ્ઠ ઝેર વગેરેથી પણ મરે તેમ નથી. (૨૩૯૯-૨૪૦૦) અને જો એને શસ્ત્રથી હણું, તો નિશ્ચે પુત્રી પણ મરે. અરર ! ટાળી ન શકાય તેવું આ

કેવું સંકટ આવી પડ્યું ? (૨૪૦૧) એમ શોકથી વ્યાકૂળ ચિત્તવાળી તે ઘરમાં ન રહી શકવાથી દાસીઓને સાથે લઈને નગરની સીમાને જોવા (ફરવા) ગઈ (૨૪૦૨) અને યથેચ્છ આમ-તેમ જોતી સમુદ્રકાંઠે પહોંચી. ત્યાં તેણે દેશાવરથી આવેલું એક વહાણુ દેખ્યું. (૨૪૦૩) તેમાં આવેલા માણુસોને પૂછયું, તમે અહીં કયાંથી આવ્યા અને કયારે જવાના છો ? તેઓએ કહ્યું, દૂરથી આવ્યા છીએ અને આજે રાત્રે જઈશું. (૨૪૦૪) એમ સાંભળીને તેણીએ વિચાર્યું કે-બીજી યોજનાથી સર્યું, અતિ ભરનિદ્રામાં ઊંઘેલા તારાચંદને રાત્રિએ આ વહાણુમાં ચઢાવવો, (૨૪૦૫) કે જેથી તે દૂર દેશાન્તરમાં તેવી રીતે જાય કે પુનઃ પાછો ન વળે. એમ કરવાથી મારી પુત્રી પ્રાણોને તજશે પણ નહિ ! (૨૪૦૬) પછી વહાણુના માલિકને તેણીએ એકાન્તમાં કહ્યું, પુત્રસહિત હું તમારી સાથે આવીશ. (૨૪૦૭) તેણે પણ કહ્યું, હે માતા ! જો તું આવવા ઈચ્છે છે, તો મધ્ય રાત્રિએ આજે નાવ પ્રયાણ કરશે. (૨૪૦૮) તેણીએ સ્વીકાર્યું અને ઘેર ગઈ. પછી જ્યારે મધ્યરાત્રિ થઈ અને પુત્રી ઊંઘતી હતી, ત્યારે પોતાના પલંગમાં ભરનિદ્રામાં ઊંઘેલા તારાચંદને ધીમેથી દાસીઓ દ્વારા પલંગ સહિત ઉપડાવીને પલંગ સાથે તેને નાવડીના એક ભાગમાં મૂકયો. (૨૪૦૯-૧૦) પછી તેણીએ નાવડીના નાયકને કહ્યું, આ મારો પુત્ર છે અને આ હું પણ (આવી) છું, હવે તું જ એક અમારો સાર્થવાહ (રક્ષક) છે. (૨૪૧૧) વહાણુના માલિકે 'હા' કહી. પછી ઘણા કપટથી ભરેલી તે ત્યાંના માણુસોની નજર ચૂકાવીને જેમ આવી હતી તેમ શીઘ્ર પાછી ફરી. (૨૪૧૨) પછી વાગતા વાજિન્ત્રોના મોટા મંગળ શબ્દોપૂર્વક વહાણ છોડયું અને ગભરાટથી (ચારેય દિશામાં) ભમતા (ભ્રાન્તિવાળા) નેત્રપુટવાળો તારાચંદ જાગ્યો. (૨૪૧૩) આ શું છે ?, કયો દેશ છે ?, હું કયાં છું ? અથવા અહીં મારો સહાયક કોણ છે ?, એમ વિચારતો જ્યારે જુએ છે, ત્યારે તેણે મહા સમુદ્રને જોયો (૨૪૧૪) અને ધનુષ્યથી છૂટેલા અત્યંત વેગવાળા બાણુની જેમ શીઘ્ર વેગથી જતા અને ચઢાવેલા ઉજ્જવળ સઢવાળા વહાણુને પણ જોયું. (૨૪૧૫) તેથી વિસ્મિત મનવાળો તે વિચારવા લાગ્યો કે-છાયા(પડછાયા)ની (ખિડ્ડુ=) રમત જેવું, અથવા ઇન્દ્રજાળની જેમ ન સમજાય તેવું, મારે આ શું (સંકટ) આવી પડ્યું ? અથવા તો વિચારી (સમજી) પણ ન શકાય, કહી પણ ન શકાય અને પુરુષપ્રયત્ન પણ જ્યાં નિષ્ફળ થાય, એવું અઘટિતને પણ ઘટિત કરવાની રુચિવાળા હતવિધિનું (મારા દુર્ભાગ્યનું) આ પણ કંઈ વિલસિત (કાવતરું) છે. (૨૪૧૬-૧૭) તો હવે જે કંઈ પણ થાઓ ! આ વિષયમાં નિષ્ફળ ચિંતાથી શું ?- એમ વિચારીને ફરી પણ તે નિશ્ચિંતપણે શય્યામાં સુઈ ગયો. (૨૪૧૮) પછી સૂર્ય ઉગ્યો ત્યારે, આ અક્કાનું કાવતરું છે-એમ જાણીને અતિ પ્રસન્ન મુખકમળવાળો તે જ્યારે શય્યાથી ઉઠયો, ત્યારે ઘણા કાળથી રુઢ સ્નેહવાળા, નાવના માલિક, તેના બાળમિત્ર કુરુચંદ્રે તેને જોઇને તુર્ત ઓળખ્યો. (૨૪૧૯-૨૦) તેથી સંભ્રમપૂર્વક ગાઢ ભેટીને આદરપૂર્વક તેણે તારાચંદને પૂછયું, હે મિત્ર ! તારું (અહીં) આ આશ્ચર્યભૂત આગમન કયાંથી થયું ? (૨૪૨૧) અથવા શ્રાવસ્તિથી નીકળીને આટલો કાળ તું કયાં ભમ્યો ? અને વર્તમાનમાં તું પુનઃ

નવા (નિરોગી) અંગવાળો કયી રીતે થયો? (૨૪૨૨) તે પછી તારાચંદે નગરીમાંથી નીકળવાથી માંડીને યાવત્ પ્રભાતે જાગ્યો, ત્યાં સુધીનો (પોતાનો) સર્વ વૃત્તાન્ત તેને કહ્યો. (૨૪૨૩) કુરુચંદ્રે પણ (વેશ્યાની) માતાનો સઘળો વ્યતિકર તારાચંદને કહ્યો. તેથી તેનો પ્રપંચ જાણીને તારાચંદે વિચાર્યું કે-(૨૪૨૪) બોલે બીજું અને કરે બીજું, સ્નેહરહિત છતાં કપટસ્નેહથી જુએ બીજાને અને રાગ કરે બીજા પ્રતિ, એવી સ્ત્રીઓના ચરિત્રને ધિક્કાર હો! (૨૪૨૫) ભમરીઓ જેમ મદના લોભે હાથીના ગંડસ્થળને ચૂસે, તેમ ધનના લોભે જેઓ ચંડાળોના પણ ગાલને ચૂસે, તે યુવતીઓને સંસારમાં શું નિંદનીય છે? (૨૪૨૬) અથવા પર્વતના શિખરથી પડતી નદીના તરંગો જેવા ચંચળ ચિત્તવાળી, કપટનું ઘર, એવી સ્ત્રીઓનો નિશ્ચે આ સ્વભાવ જ છે. (૨૪૨૭) એમ વિચારીને તેણે કહ્યું, હે કુરુચંદ્ર! તારો વૃત્તાન્ત કહે, તું અહીં કેમ આવ્યો? અને હવે પછી ક્યાં ગમન થશે? (૨૪૨૮) અથવા પિતાજી કેવી સ્થિતિમાં છે? સકળ રાજ્યચક્ર(કર્મચારીઓ)નું પણ કુશળ કેવું છે? અને ગામ નગર, દેશ સહિત શ્રાવસ્તી પણ ઘણી સ્વસ્થ (કુશળ) છે? (૨૪૨૯) કુરુચંદ્રે કહ્યું, રાજાની આજ્ઞાથી અહીં રત્નપુરમાં આવ્યો છું અને હવે શ્રાવસ્તીમાં જઈશ. (૨૪૩૦) એક તારા વિરહથી ગાઢ દુ:ખી રાજા સિવાય સમગ્ર રાજ્યચક્રનું તથા દેશસહિત નગરીનું પણ કુશળ છે. (૨૪૩૧) જે દિવસે તું નીકળ્યો, તે દિવસથી તને શોધવા માટે રાજાએ સર્વ દિશાએ પુરુષોને મોકલ્યા. (પણ તું ન મળ્યો.) (૨૪૩૨) તેથી હે મહાભાગ! મારું રત્નપુરે આગમન બહુ ફળવાળું થયું, કે જેથી તું મને પુણ્યથી આજે અકલ્પિત (અણધાર્યો) અહીં મળ્યો. (૨૪૩૩)

આ બાજુ મદનમંજુષા જાગીને શયનમાં તારાચંદને નહિ જોતી, તુર્ત હે પ્રિયતમ! તું ક્યાં છે?-એમ બોલતી જ્યારે રડવા લાગી, ત્યારે તેની માતાએ રત્નના અલંકારને (સ્વયં) ચોરીને કહ્યું, હે પુત્રી! (अच्छिन्नं=) સતત કેમ રડે છે? (૨૪૩૪-૩૫) તેણીએ કહ્યું, માતા! મારા હૃદયવલ્લભને હું અહીં ક્યાંય દેખતી નથી. તે સાંભળીને કપટથી બહાર-અંદર ઘરને જોઈને વ્યાકૂલ (જેવી) (કપટી) માતાએ કહ્યું, તે રત્નનો અલંકાર પણ દેખાતો નથી, મને લાગે છે કે-તેને લઈને તે આજે નાસી ગયો છે. (૨૪૩૬-૩૭) અરે પાપિષ્ઠા! તેનાથી તું ઠીક ચોરાઇ, તું એને યોગ્ય જ છે, કારણ કે-તને વારંવાર વારવા છતાં નિર્ધન-પરદેશી મુસાફરમાં તેં રાગ કર્યો. (૨૪૩૮) ઈત્યાદિ કપટભર્યા વચનોના પ્રવાહથી તે પુત્રીને એવી રીતે તિરસ્કારી, કે જેથી ભય પામેલી તેણીએ સહસા મૌન સેવ્યું. (૨૪૩૯)

આ બાજુ નાવડી સમુદ્રકાંઠે પહોંચી અને તે નાવડીને છોડીને કુરુચંદ સાથે તારાચંદ રથમાં બેઠો. (૨૪૪૦) પછી આગળ જતો તે કાળક્રમે જ્યારે શ્રાવસ્તી નગરીની બહાર પહોંચ્યો, ત્યારે તેનું આગમન જાણીને પિતાએ (રાજાએ) ઘરમાં પ્રવેશ કરાવ્યો. (૨૪૪૧) પૂછવાથી કુમારે પણ પોતાનો સર્વ વૃતાન્ત રાજાને કહ્યો. પછી પ્રસન્ન થયેલા

રાજાએ કુરુચંદ્રને અમાત્ય બનાવ્યો અને અતિ પ્રશસ્ત દિવસે તારાચંદ્રને રાજ્યગાદીએ બેસાડ્યો. પોતે પણ દીક્ષા લઈને, તેને પાળીને, મરીને દેવલોકમાં પહોંચ્યાં. (૨૪૪૨-૪૩) ઘણા રથો, યોદ્ધાઓ, હાથીઓ, ઘોડાઓ અને વૃદ્ધિ પામતા ભંડાર-કોઠારવાળો રાજા તારાચંદ પણ રાજ્યને નિષ્પાપ રીતે ભોગવે છે. (૨૪૪૪) ચારણ મુનીશ્વરે કહેલા ધર્મને અત્યંત ભાવપૂર્વક એકાગ્રચિત્તે આરાધે છે અને શ્રી જિનેશ્વરોનાં બિંબોને પૂજે છે. (૨૪૪૫) પછી એક અવસરે અનિયત વિહારની વિધિથી (ક્રમથી) વિચરતા બહુશ્રુત શ્રી વિજયસેન-સૂરિજી ત્યાં આવ્યા. (૨૪૪૬) મોટા વૈભવથી (સામે જઈને) તારાચંદે તેઓને વાંદ્યા અને સવિશેષ ધર્મ સાંભળવા વસતિ આપીને પોતાના ઘરમાં રાખ્યા. (૨૪૪૭) પછી તે દરરોજ નય-ભાંગાથી યુક્ત, વિવિધ વિચાર( અર્થો )ના સમૂહથી શોભતા, યુક્તિથી ( અવિરુદ્ધ=) સંગત એવા સિદ્ધાંતને સતત સાંભળે છે. (૨૪૪૮) એમ હંમેશાં સતત શાસ્ત્રને સાંભળતા રાજાએ છેક અંતિમ સંલેખના સુધીનો ગૃહસ્થધર્મનો સર્વ પરમાર્થ જાણ્યો. (૨૪૪૯) એક સત્યધર્મથી વિમુખ ચિત્તવાળા કુરુચંદ્ર સિવાય બીજા પણ તે નગરમાં વસતા ઘણા લોકો પ્રતિબૂઝ્યા. (૨૪૫૦) પણ કુરુચંદ્રને તેવો ( અબૂઝ ) જોઈને રાજાએ ચિંતવ્યું કે-મારી સાથે ધર્મ સાંભળવા છતાં પણ આને ઉપકાર ન થયો. (૨૪૫૧) પણ હવે જો સૂરિજી ( તેના ) ઘરની નજીક રહે, તો પ્રતિક્ષણે સાધુક્રિયાને જોવાથી આને ધર્મબુદ્ધિ થાય ! (૨૪૫૨) ( એમ વિચારીને ) રાજાએ તે જ વેળા કુરુ-ચંદ્રને બોલાવીને કહ્યું, ભો ! દેવાનુપ્રિય ! આ ગુરુઓ જંગમતીર્થ છે. તેથી સ્ત્રી, પશુ-( પંડક )રહિત તારા પોતાના ઘરમાં તેઓને વસતિ ( રહેઠાણ ) આપ અને પછી શ્રી અરિહંતદેવે કહેલા ધર્મને સાંભળ ! (૨૪૫૩-૫૪) કારણ કે-(એક) ધર્મ જ દુર્ગતિમાં ડૂબતા માનવોનો ઉદ્ધાર કરવામાં સમર્થ અને સ્વર્ગ તથા મોક્ષનાં સુખોરૂપી ફળ આપ-નાર કલ્પવૃક્ષ છે. (૨૪૫૫) વળી પ્રિયા, પુત્ર, મિત્ર, ધન, શરીર વગેરે શેષ સર્વ એકાન્ત ક્ષણભંગુર, અસાર અને અત્યંત આધિ( મનોવ્યથા )ને પેદા કરનાર છે-એમ સમજ ! (૨૪૫૬) રાજાએ એમ કહેવાથી ધર્મક્રિયાથી વિમુખ પણ કુરુચંદ્રે ( રાજાના ) આગ્રહથી સૂરિજીને પોતાના ઘરમાં રહેવા આશ્રય આપ્યો. (૨૪૫૭) પછી નિત્ય ગુરુના ઉપદેશને તે સાંભળવા લાગ્યો અને કંઈક માત્ર રાગથી બંધાયેલા હૃદયવાળા (સામાન્ય સદ્ભાવવાળા) તેણે તપસ્વી એવા સાધુપુરુષોને વિવિધ તપમાં રંગાએલા જોયા, (૨૪૫૮) તો પણ શ્રી વીતરાગના સદ્ધર્મને ભાવપૂર્વક સ્વીકાર્યો નહિ. અથવા ભારેકર્મીઓને સદ્ગુરુનો સંયોગ પણ શું કરી શકે ? (૨૪૫૯) તે પછી કલ્પ પૂરો થતાં સૂરિજી અન્ય સ્થાને ગયા, ત્યારે શ્રી જિનેશ્વરના આગમનાં રહસ્યોનો જાણ રાજા તારાચંદ શ્રી જિનભુવનને કરાવીને તેની ( અષ્ટાહ્નિકાદિ ) યાત્રા અને ( વિવિધ પ્રકારે ) પૂજા કરવામાં રક્ત ચિત્તવાળો બનેલો, શાસ્ત્રવિધિ મુજબ અનુકંપાદાન વગેરે ( ધર્મકાર્યોમાં ) વર્તતો (૨૪૬૦-૬૧) ઘરની નજીક કરાવેલી પૌષધશાળામાં અષ્ટમી-ચતુર્દશી અને બીજા પણ ધર્મ( પર્વ )દિવસોમાં પોષહ કરવામાં ઉદ્યુક્ત (૨૪૬૨) ઘરવાસને પાશ( બંધન )રૂપ માનતો, પાપી લોકોની

સોબતનો ત્યાગી અને શ્રેષ્ઠ એવા વિશેષ વિશેષ ગુણોમાં ચિત્તવૃત્તિને સ્થિર કરતો (વિશેષ ગુણો મેળવવાની ભાવનાવાળો), (૨૪૬૩) રાજ્ય અને રાષ્ટ્રનાં (દેશનાં) કાર્યોને બાહ્ય વૃત્તિથી (ઉદાસીનતાથી) જ ચિંતવતો અને સચ્ચારિત્રમાં પ્રવૃત્તિ કરતા ધાર્મિક લોકોની અનુમોદના કરતો, (૨૪૬૪) (વિશેષ) આરાધનાનો અભિલાષી અને (તેથી) નિર્મળ પરિણામવાળો, તે (રાજા) મરીને (ગૃહસ્થધર્મની છેલ્લી ઉંચી ગતિ) બારમા દેવલોકમાં દિવ્ય એવી દેવની ઋદ્ધિને પામ્યો. (૨૪૬૫) કુરુચંદ્ર પણ તેવા ઉત્તમ ધર્મની કરણીથી રહિત, (અજ્ઞાનાદિ) પ્રમાદવાળો, આર્ત્તધ્યાનમાં વર્તતો, મરીને ઘણા ભવો તિર્યંચોમાં ઉપજ્યો. (૨૪૬૬) ત્યાંથી નીકળીને મહા અટવીમાં ભિલ્લ થયો. ત્યાં સાર્થની સાથે વિહાર કરતા સાધુઓને જોઇને, (૨૪૬૭) એકાન્તમાં લીન બનેલા તેણે 'કોઇ પણ આવા(સાધુઓ)ને મેં પૂર્વે જોયા છે.'–એમ ચિંતવતાં (ઉહાપોહ કરતાં) પોતાના પૂર્વભવને જોયો. (જાતિસ્મરણને પામ્યો.) (૨૪૬૮) અને (ત્યારે) મોટા ગુણરૂપી રત્નોના ભંડાર, એવા પોતાને ઘેર રાખેલા (તે) મુનિઓ પણ યાદ આવ્યા અને તેઓએ વારંવાર આપેલા ધર્મના ઉપદેશો પણ સાંભર્યા. (૨૪૬૯) તેથી તે ચિંતા કરવા લાગ્યો કે–તે મહા મહિમાવંત (ઉપકારી) ગુરુઓએ તે કાળે મને તેવી શિક્ષા (ઉપદેશ) આપવા છતાં પણ મેં ધર્મનો ઉદ્યમ ન કર્યો. (૨૪૭૦) જો કે મહાનુભાવ રાજાએ પણ ઉપકાર માટે મારા ઘરમાં ગુરૂઓને રખાવ્યા, તો પણ (મને) ઉપકાર ન થયો. (૨૪૭૧) એવા ભારેકર્મી મને હવે (તેવી) સદ્ધર્મની સામગ્રી કેવી રીતે મળશે? અથવા આવું ચિંતવવાથી શું? આવી સ્થિતિમાં રહેલો પણ (હું)શીઘ્ર અનશન કરીને અને મનમાં જગદ્ગુરુ શ્રી અરિહંતદેવના શાસનને ધારણ (નિયાણું) કરીને તે જ સૂરિજીનું ધ્યાન કરતો મારું કાર્ય સાધું. (૨૪૭૨-૭૩) એમ નિષ્કલંક સમ્યક્ત્વને પામેલો કુરુચંદ્ર (ભિલ્લ) ચારેય આહારને તજીને, મરીને સૌધર્મકલ્પમાં દેવપણાને પામ્યો. (૨૪૭૪) એ પ્રમાણે જણાવેલા કુરુચંદ્રના ચરિત્રથી બીજાના દબાણથી પણ સાધુઓને કરેલું વસતિનું દાન પ્રાયઃ પરભવમાં પણ કલ્યાણને કરે છે. (૨૪૭૫) તેથી પંડિત-પુરુષ સર્વ સંગથી (પરિગ્રહથી) મુક્ત, દેવોથી પણ પૂજાએલા અને જગતના જીવોનું હિત કરનારા એવા સાધુઓને વસતિ આપવામાં વિરોધ કેમ કરે? (૨૪૭૬) સાધુઓને વસતિ આપવાથી તેઓનું બહુમાન થાય, તેથી આત્માની(બુદ્ધિની) વિશુદ્ધિ થાય, તેનાથી નિષ્કલંક (નિરતિચાર) ચારિત્રની આરાધના થાય, તેનાથી કર્મોનો ક્ષય થાય, અને (અંતે) નિર્વાણ પણ થાય; (૨૪૭૭) તથા કેટલાક જીવો સૌમ્ય પ્રકૃતિવાળા એવા મુનિના દર્શનથી, બીજા કોઈ તેઓની ધર્મદેશનાથી અને કોઈ તેઓની દુષ્કર ક્રિયાને જોઇને (પણ) બોધ પામે. (૨૪૭૮) વળી બોધને પામેલા તેઓ બીજાઓને પ્રતિબોધ કરે, જિનમંદિરો કરાવે, સાધર્મિક વાત્સલ્ય કરે અને સાધુઓને વિધિપૂર્વક (શુદ્ધ) દાન કરે. (૨૪૭૯) એ પ્રમાણે તીર્થ (શાસન)ની વૃદ્ધિ (ઉન્નતિ) થાય, (શૈક્ષ=) નવા સાધુઓની (ધર્મમાં) સ્થિરતા થાય, શાસનનો યશ વધે અને જીવોને અભયદાન મળે, માટે એમાં (વસતિ-

દાનમાં) ઉદ્યમ કરવો જોઇએ. (૨૪૮૦) એ પ્રમાણે રાજા (પણ) વસતિનું દાન કરવાથી ગુરુ પાસેથી (ધર્મને) સાંભળીને નિત્યમેવ વિશેષ ધર્મકાર્યોમાં પ્રવૃત્તિ કરે. હવે આ (સંબંધમાં અધિક) વર્ણનથી સર્યું. (૨૪૮૧) એ પ્રમાણે ઇન્દ્રિઓરૂપી પક્ષીને વશ કરવા માટે પાંજરાતુલ્ય, પરિકર્મવિધિ વગેરે ચાર મુખ્ય દ્વારોવાળી સંવેગ રંગ–શાળારૂપ આરાધનાના પંદર પેટાદ્વારવાળા પહેલા પરિકર્મ વિધિદ્વારમાં આઠમું રાજદ્વાર નામનું (રાજાના વિહારનું) પેટાદ્વાર કહ્યું. (૨૪૮૨–૮૩)

**નવમું પરિણામદ્વાર** :–પૂર્વે કહ્યા તે (સર્વ) ગુણોના સમૂહથી અલંકૃત પણ જીવ વિશિષ્ટ પરિણામ વિના પ્રસ્તુત આરાધનાને આરાધવા શક્તિમાન ન થાય. (૨૪૮૪) તેથી હવે પરિણામ દ્વાર (કહીએ છીએ). તે સાધુના પરિણામ અને ગૃહસ્થના પરિણામ, એમ બે પ્રકારે છે. તેમાં ગૃહસ્થવર્ગના પરિણામ દ્વારનાં આ આઠ પેટાદ્વારો છે. ૧. આ ભવ–પરભવના હિતની ચિંતા, ૨. ઘરવ્યવહાર સંબંધી પુત્રને શિખામણ, ૩. કાળ-નિર્ગમન, ૪. દીક્ષામાં અનુમતિ મેળવવા પુત્રને સમજાવવો, ૫. સારા (સુવિહિત) ગુરુનો યોગ સાધવો, ૬. આલોચના આપવી, ૭. આયુષ્યનું જ્ઞાન કરવું, અને ૮. અનશનપૂર્વક અંતિમ સંથારો (અનશન) કરવારૂપ દીક્ષાને સ્વીકારવી. (૨૪૮૫ થી ૮૭).

**૯–પરિણામદ્વારમાં ૧–આ ભવ–પરભવના હિતની ચિંતાદ્વાર** :–તેમાં આ ભવ–પરભવના ગુણની ચિંતા નામનું દ્વાર આ પ્રમાણે જાણવું. પૂર્વે જણાવ્યા તેવા ગુણવાળો રાજા કે સામાન્ય ગૃહસ્થ, જેણે શ્રી જિનમંદિર કરાવ્યું (કે કરાવ્યાં) હોય, અનેક ધર્મસ્થાનોની સ્થાપના કરી–કરાવી હોય, આ લોક–પરલોકનાં કાર્યોમાં પ્રશસ્ત રીતિથી વર્તતો હોય, વિષયોમાં રતિ મંદ પડી હોય, ધર્મમાં જ નિત્ય બદ્ધરાગી હોય અને ધન મેળવવું, વગેરે ઘરના વિવિધ કાર્યોની આસક્તિથી મનને વિરાગી બનાવ્યું હોય, (૨૪૮૮ થી ૯૦) એવો તે રાજા કે ગૃહસ્થ કોઈ દિવસ મધ્યરાત્રિના સમયે અતિ પ્રસન્ન (નિર્મળ) ચિત્તવાળો બનીને સમ્યગ્ ધર્મચિંતાને કરતો, દઢ સંવેગને પામેલો, સંસારવાસથી અતિ ઉદ્વિગ્ન મનવાળો (નિર્વેદી) અને નજીકના કાળમાં ભાવી કલ્યાણ-વાળો (અલ્પસંસારી), નિર્મળ બુદ્ધિપૂર્વક આ પ્રમાણે વિચારે. (૨૪૯૧–૯૨)

**ભાવશ્રાવકની ભાવના** :–કોઇક અનુકૂળ કર્મના પરિણામને વશ મેં અતિ દુર્લભ પણ અતિ ઊજ્જવળ (ઊંચા) કુળમાં જન્મને મેળવ્યો. ('અથ' અને 'તાવત્' અહીં અર્થા-ધિકાર અર્થમાં અવ્યયો છે.) (૨૪૯૩) વળી અન્યાન્ય ગુણોની વૃદ્ધિ કરાવવામાં એક રસિક અંતઃકરણવાળા દુર્લભ, એવાં માતા–પિતાની પણ પ્રાપ્તિ થઈ. (૨૪૯૪) તેઓના પ્રભાવે નજરે જોયેલા અને શાસ્ત્રમાં સાંભળેલા પદાર્થોના પરમાર્થને (રહસ્યોને) ગ્રહણ કરવામાં (સમજવામાં) નિપુણ એવી (પાંદાતર બુદ્ધિ, વિ.) બુદ્ધિ અને વિદ્યા તથા વિજ્ઞાનનો પ્રકર્ષ પણ મને પ્રાપ્ત થયો. (૨૪૯૫) વળી મારી ભુજાબળે મેળવેલા નિષ્પાપ ધનને

પણ પ્રાપરહિત વિધિથી ઇચ્છા મુજબ ઉચિત સ્થાનોમાં ખરચ્યું–દાન કર્યું. (૨૪૯૬) મનુષ્યને યોગ્ય કામ–ભોગો (પાંચ ઇન્દ્રિયોના વિષયો) ને પણ અખંડ ભોગવ્યા, પુત્રોને પેદા કર્યા અને તેઓને અંગે ઉચિત (મારું) કર્ત્તવ્ય પણ મેં કર્યું. (૨૪૯૭) એમ આ ભવની અપેક્ષાવાળા (કરવાયોગ્ય) સર્વ ભાવોને (સન્માનિત=) પૂર્ણ કરનારા અને ઘરવાસમાં રહેવાનાં કારણોને (જવાબદારીઓને) ભરપાઈ (પૂર્ણ) કરનારા, એવા પણ આ દુષ્ટ ઇચ્છા (આદત)વાળા મારા જીવને (હજુ) પણ શું આ ભવના વિવિધ શબ્દાદિ વિષયોને સન્માનવાનું કોઈ બીજું આલંબન–સ્થાન (ઘરવાસનું કારણ) બાકી રહ્યું છે? કે જેથી વિષયાસક્તિને તજીને એકાન્તે ચિંતામણી અને કલ્પવૃક્ષથી પણ અત્યધિક એવા એક ધર્મમાં હું નિશ્ચળ (સ્થિર) થતો નથી? (૨૪૯૮ થી ૨૫૦૦) અહા હા! (આશ્ચર્ય છે કે–) કોઈ વિવેકરૂપ તત્ત્વને પામેલો, ભવ્ય, પ્રકૃતિએ જ મહાન અને સંસારવાસથી અતિ ઉદ્વિગ્ન ચિત્તવાળો, વળી ભોગોની સમગ્ર સામગ્રીનો સમૂહ, સ્વાધીન છતાં નિશ્ચે તેને અવસ્તુ (મિથ્યા) માનનારો અને તેમાં (અપ્રવૃત્તિ=) નહિ ભોગવવાના લક્ષ્યવાળો, ચતુર પુરુષ એવો પણ હોય છે, કે જે જન્મથી આરંભીને નિત્ય ધર્મમાં જ અત્યંત કર્ત્તવ્યબુદ્ધિવાળો (હોવાથી) પરલોક સંબંધી ધર્મકાર્યોમાં જ સતત પ્રવૃત્તિ કરે છે, (૨૫૦૧ થી ૩) અને અમારા જેવા આશારૂપી પિશાચિનીથી પરવશ બનેલા (વિવિધ આશા કરતા), તેવા (ચતુર) પુરુષોથી વિપરીત બુદ્ધિવાળા અને ભવાભિનંદી તુચ્છ (મનુષ્યો)ની આવી કુબુદ્ધિ પણ હોય છે, કે જેણે આ (આરાધનાના સ્વરૂપને) ક્યાંય કદાપિ સ્વપ્નમાં પણ સાંભળ્યું નહિ, જોયું પણ નહિ અને અનુભવ્યું પણ અહિ અહા હા! જન્મ નિષ્ફળ ગયો. (૨૫૦૪–૫) તેથી હવે હું અહીં કે ત્યાં (અમુક અમુક સ્થળે) અમુક અમુક તે તે આરાધનાને આચરું, કે જેથી આજ સુધી તેનો અનાદર કરવાથી (ભવિષ્યમાં) થનારું દુઃખ મને ખટકે (દુઃખી કરે) નહિ. (૨૫૦૬) અથવા આ અને તે પણ (અમુક અમુક) અનુભવ્યું, કિન્તુ અમુક પરિમિત કાળ સુધી જ, (સંપૂર્ણ ન કર્યું તેથી ઇચ્છાઓ ઉભી રહી.) માટે હવે તે (તે ઇચ્છિત કાર્યોને) હું તેટલા કાળ સુધી કરું, કે જેથી તે કાળ પૂર્ણ થતાં ઇચ્છાઓની પરંપરાનો વિચ્છેદ થાય. અને (એ રીતે ઇચ્છારહિત) ઉપશમભાવને પામેલો હું પછી જે જે કરું તે તે શુભ (સુખરૂપ)બને. (૨૫૦૭–૮) નિશ્ચે પ્રકૃતિએ જ હાથીના બચ્ચાના (બાહ્ય) કાન જેવું જીવન ચંચળ હોય, ત્યાં એવો કોણ બુદ્ધિશાળી આ (સંસારવાસની) અયોગ્ય કલ્પનાને (ઇચ્છાને) કરે? (૨૫૦૯) તથા સ્વપ્નતુલ્ય (અનિત્ય) આ સંસારમાં આ હું (અમુક) હમણાં કરું, એને કરીને આ (અમુક) કાલે કરીશ, એવું પણ કોણ વિચારે? (૨૫૧૦) માટે જો હું તત્ત્વગવેષી (બનું) તો ભોગવ્યા વિના પણ મને સર્વ વિષયમાં અનુભવજ્ઞાન (તૃપ્તિ) થાય અને જો તત્ત્વગવેષી ન બનું, તો સર્વ કંઈ ભોગવવા છતાં અનુભવ (આત્મતૃપ્તિ) ન થાય. (૨૫૧૧) કારણ કે–આ સંસારમાં જેમ જેમ જીવોને કોઈ રીતે

પણ મનઈચ્છિત કાર્યો પ્રાપ્ત ( પૂર્ણ ) થાય છે, તેમ તેમ વિશેષ તૃષાતુર બનેલું બિચારું ચિત્ત દુઃખી જ ( થાય છે. ) (૨૫૧૨) વળી ઉપભોગરૂપ ઉપાયોમાં તત્પર એવો જે મનુષ્ય વિષયતૃષ્ણાને શમાવવા ઈચ્છે છે, તે મધ્યાહ્ન પછી પોતાની છાયાને ઉલ્લંઘવા માટે આગળ દોડે છે. ( અર્થાત્ મધ્યાહ્ન પછી સન્મુખ છાયા જેમ જેમ આગળ દોડે, તેમ તેમ વધે છે. તેમ વિષયભોગોથી જે ઇચ્છાને પૂર્ણ કરવા ઇચ્છે છે, તેની ઈચ્છા પણ વધતી જ રહે છે) (૨૫૧૩) તથા જો સારી રીતે ભોગવેલા ભોગોને, પ્રિય સ્ત્રીઓની સાથે કરેલી ક્રીડાને અને અત્યંત વ્હાલા શરીરને પણ, હે જીવ ! કયારે પણ છોડવું (જ) છે, (૨૫૧૪) ચિરકાળ સ્વજન–કુટુંબની સાથે વસીને પણ, ઇષ્ટ મિત્રોની સાથે રમીને પણ અને ચિરકાળ શરીરને લાલનપાલન કરીને પણ ( તે સર્વને ) છોડીને જ જવાનું છે. (૨૫૧૫) ઇષ્ટ માણસો, ધન–ધાન્ય, ભવન ( હાટ–હવેલી ) અને મનને હરણ કરવામાં ચોરસમા ( અતિ મનોહર ઠગારા ) વિષયો, ( એ સર્વને ) જો એકીસાથે ( એક સમયમાં ) છોડવાના છે, તો પણ મારે આંખમિંચામણાં કરવાં કેમ (ઘટે)? (૨૫૧૬) મંદપુણ્યવાળાઓને સેંકડો ભવોમાં પણ દુર્લભ એવા શ્રી અરિહંતદેવ, સુસાધુ એવા ગુરુઓ, જિનમતમાં આદર ( વિશ્વાસ ), ધર્મીઓનો સંસર્ગ ( પરિચય ), નિર્મળ બોધ ( જ્ઞાન ) અને સંસાર પ્રતિ વૈરાગ્ય, ઇત્યાદિ પરલોકસાધક કરણીને પણ મેં સમ્યગ્ આચરી. (૨૫૧૭-૧૮) હવે મોટા પુણ્યે મને તે મળ્યું છે, તો વર્તમાનમાં આત્મકલ્યાણ માટે ધર્મને સવિશેષ આરાધવા યોગ્ય છે. (૨૫૧૯) તે પ્રમાણે કરવાની ઇચ્છાવાળો છતાં ઘરના વિવિધ કાર્યોમાં નિત્ય બંધાયેલો અને પુત્ર–સ્ત્રીમાં આસક્ત હું તેવી આરાધનાને નિર્વિઘ્નપણે કરી શકતો નથી. (૨૫૨૦) માટે જ્યાં સુધી અદ્યાપિ વૃદ્ધાવસ્થા આવી નથી, વ્યાધિઓ પીડા કરતી નથી, જ્યાં સુધી શક્તિ પણ પ્રબળ છે, સમગ્ર ઈન્દ્રિયોનો સમૂહ પણ ( પોતપોતાના વિષયોને ગ્રહણ કરવામાં ) સમર્થ છે, જ્યાં સુધી લોકો અનુરાગી છે, લક્ષ્મી પણ જ્યાં સુધી ચપલપણાને ભજી નથી ( સ્થિર છે ), જ્યાં સુધી ઇષ્ટનો વિયોગ થયો નથી અને જ્યાં સુધી યમ જાગ્યો ( મરણ આવ્યું ) નથી, ત્યાં સુધી પરિવારની દરિદ્રતાને કારણે ભવિષ્યમાં સંભવિત એવી ધર્મની નિંદા ન થાય તે માટે અને નિર્વિઘ્ને નિરવદ્ય ( ધર્મના ) કાર્યોની સાધના કરી શકું તે માટે, મારા ઉપરના કુટુંબના ભારને વિધિ (સ્વજનાદિની સંમતિ) પૂર્વક પુત્રને સોંપીને, તેના રાગને ( મોહને ) મંદ કરીને, તેની (પુત્રની) પરિણતિ ( અથવા ભાવી પરિણામને ) જોવા માટે (અમુક કાળ) પૌષધશાળામાં રહું અને મારી ભક્તિ તથા શક્તિને અનુસાર (**પરમગુરુ=**) શ્રી જિનેશ્વરદેવોની અવસરોચિત ઉત્કૃષ્ટ પૂજા કરવારૂપ દ્રવ્યસ્તવ સિવાયનાં શેષ આરંભોનાં કાર્યોને મન–વચન–કાયાથી અલ્પ માત્ર પણ કરવા–કરાવવાનો ત્યાગ કરીને નિશ્ચે આગમ-વિધિ પ્રમાણે શુદ્ધ ધર્મકાર્યો કરવા દ્વારા ચિત્તને સમ્યક્ ભાવિત ( વાસિત ) કરતો હું કેટલોક કાળ નિર્ગમન કરું. (૨૫૨૧થી૨૭) તે પછી સર્વ પ્રયત્નપૂર્વક પુત્રની અનુમતિ મેળવીને યોગ્ય કાળે નિષ્પાપ સંલેખનાપૂર્વક આરાધનાનું કાર્ય કરીશ. (૨૫૨૮)

**નવમા પરિણામદ્વારમાં બીજું પુત્રને અનુશાસ્તિદ્વારઃ**–એમ (અહીં સુધી) આ ભવ–પરભવની હિતચિંતાનું પહેલું દ્વાર કહ્યું. હવે પુત્રશિક્ષા નામનું (બીજું) દ્વાર લેશ માત્ર કહું છું. **(૨૫૨૯)** પૂર્વે વિસ્તારથી કહેલા, ઉભય લોકનું હિત કરનારા ધર્મને કરવાની મુખ્ય પરિણતિવાળો, (અને તેથી) ઘરવાસને છોડવાની ઇચ્છાવાળો સામાન્ય ગૃહસ્થ કે રાજા, જ્યારે પ્રભાતે જાગેલો પુત્ર સર્વ આદરથી ચરણમાં પ્રણામ કરે, ત્યારે તેને પોતાનો અભિપ્રાય જણાવતાં આ પ્રમાણે કહે કે– **(૨૫૩૦–૩૧)** હે પુત્ર! જો કે સ્વભાવે જ તું વિનીત, ગુણોનો ગવેષક (રાગી) અને વિશિષ્ટ પ્રવૃત્તિવાળો છે, તેથી તને (કંઇ) શીખવાડવા જેવું નથી. **(૨૫૩૨)** તો પણ માતા–પિતાએ (પુત્રાદિને) હિતોપદેશ આપવો, તે તેનું કર્તવ્ય હોવાથી આજે જરૂરી કંઈક તને કહું છું. **(૨૫૩૩)** હે પુત્ર! સદ્ગુણી પણ, બુદ્ધિશાળીઓ પણ, સારા કુળમાં જન્મેલા પણ અને મનુષ્યોમાં વૃષભતુલ્ય (શ્રેષ્ઠ), એવા પણ (મનુષ્યો), ઉગ્ર યૌવનરૂપી ગ્રહથી બુદ્ધિભ્રષ્ટ થયેલા શીઘ્ર નાશ પામે છે. **(૨૫૩૪)** કારણ કે–આ યૌવનનો અંધકાર ચંદ્ર, સૂર્ય, રત્નો અને અગ્નિના વેગીલા પ્રકાશથી સતત રોકવા છતાં લેશ માત્ર રોકાતો નથી. **(૨૫૩૫)** ઉપરાન્ત એ અંધકાર ફેલાતાં (રાત્રે તારા ખીલે તેમ જીવનમાં) કુતર્કોરૂપી તારાઓ પ્રગટ થાય છે, વિષયની વિચિત્ર (વિવિધ) અભિલાષાઓરૂપી વ્યંતરીઓનો સમૂહ વિસ્તાર પામે (દોડાદોડ કરે) છે. **(૨૫૩૬)** અવસર મળતાં ઉન્માદરૂપી ઘુવડોનાં ટોળાં ઉછળે છે, કલુષિત બુદ્ધિરૂપી વાગોળો(ચામાચીડીયાં)નો સમૂહ સર્વત્ર જાગી ઊઠે છે. **(૨૫૩૭)** વળી સગવડને પામેલા પ્રમાદરૂપી ખજુઆઓ તુર્ત વિલાસ કરવા લાગે છે અને કુવાસનાઓરૂપી વ્યભિચારીણીઓનો સમૂહ (अणुवित्थं=) નિર્લજ્જપણે દોડધામ કરે છે. **(૨૫૩૮)**

તથા હે પુત્ર! શીતળ ઉપચારોથી પણ ઉપશમ ન પામે તેવો દર્પરૂપી દાહજ્વર, જળસ્નાનથી (પણ) ન ટળે તેવો તીવ્ર રાગરૂપી મેલનો લેપ, મંત્ર, તંત્ર કે યંત્રોથી પણ ન ટળે તેવો વિષયોરૂપી ઝેરનો વિકાર અને અંજન વગેરેના પ્રયોગથી પણ ન ટળે તેવો લક્ષ્મીમદનો ભયંકર અંધાપો પણ થાય છે. વળી હે પુત્ર! મનુષ્યોને રાત્રિ પૂર્ણ થવા છતાં ન છૂટી શકે તેવી, વિષયસુખરૂપ સન્નિપાતથી પ્રગટેલી ગાઢ નિદ્રા (બેભાનપણું) પણ થાય છે. **(૨૫૩૯ થી ૪૧)** હે પુત્ર! તું પણ તરુણ, ઉત્કૃષ્ટ સૌભાગ્યથી યુક્ત શરીરવાળો અને બાલ્યકાળથી પણ પ્રવર ઐશ્વર્યવાળો, અપ્રતિમ રૂપ અને ભુજાબળથી શોભતો તથા વિજ્ઞાન અને જ્ઞાનને પામેલો છે. આવા ગુણોવાળો તું એ ગુણોથી જ લૂંટાય નહિ તેમ વર્તજે! કારણ કે–એ એક એક ગુણ પણ દુર્વિનય કરાવનાર છે, તો સઘળા ભેગા મળીને શું ન કરે? **(૨૫૪૨ થી ૪૪)** તેથી હે પુત્ર! પરસ્ત્રી સામે જોવામાં જન્માંધ, બીજાની ગુપ્ત વાત બોલવામાં સદાય સતત મુંગો, અસત્ય વચન સાંભળવામાંય બહેરો, કુમાર્ગે ચાલવામાં પાંગળો અને સર્વ અશિસ્ત પ્રવૃત્તિમાં આળસુ (બનજે.) **(૨૫૪૫–૪૬)** વળી હે પુત્ર! (તારે) બીજાએ બોલાવ્યા પહેલાં (તેને) બોલાવનારા,

સર્વ અન્ય જીવોને પીડા કરવામાં નિત્ય ત્યાગી, મિથ્યા આગ્રહથી વિમુખ, ગંભીરતાવાળા, ઉદારતાને પણ ઔચિત્યપૂર્વક ધારણ કરનારા, પરિવારને પ્રિય, (શિષ્ટ) લોકોને અનુસરનારા, ધર્મમાં ઉદ્યમી, પૂર્વના શ્રેષ્ઠ પુરુષોના ચરિત્રોનું (નિત્ય) સ્મરણ કરનારા અને સદા તેઓને અનુસરનારા, વળી કુળની કીર્તિને વધારનારા, ગુણીજનોના ગુણોની સ્તુતિ કરનારા, ધર્મી મનુષ્યો પ્રત્યે પ્રતિસમય પ્રસન્નતાને ધારણ કરનારા, અનર્થોને (પાપોને) તજનારા, કલ્યાણમિત્રનો સંસર્ગ કરનારા, સઘળી (कुसल=) શ્રેષ્ઠ (પુણ્ય) પ્રવૃત્તિવાળા અને સદાય સર્વ વિષયમાં શુદ્ધ લક્ષ્ય(નિશ્ચય)વાળા બનવું જોઈએ. **(૨૫૪૭ થી ૫૧) હે** પુત્ર! એ રીતે વર્તતો તું દાદા, (પરદાદા) વગેરે પૂર્વજોના ક્રમથી (વારસામાં) પ્રાપ્ત થયેલા આ વૈભવને પૂર્વભવના તારા પુણ્યના પ્રમાણે ભોગવ! **(૨૫૫૨)** સઘળા કુટુંબના ભારને સ્વીકારી લે અને તેની ચિંતા (સંભાળ) કર, બંધવો (સ્વજનો) નો ઉદ્ધાર કર અને (पणइ=) સ્નેહી (અથવા યાચક કે નોકર) વર્ગને પ્રસન્ન કર! **(૨૫૫૩)** એમ હવે સમગ્ર કાર્યોનો ભાર પોતે ઉપાડીને તું મને (છૂટો) કર! હે પુત્ર! હવે તારે એમ કરવું તે યોગ્ય છે. **(૨૫૫૪)** એ રીતે વ્યવહારનો ભાર ઉપાડી લેનારા તારી પાસે રહીને, હું હવે કલ્યાણરૂપી (પુણ્યની) વેલડીને (સિંચવામાં) જળની નીક સમાન એવા સદ્ધર્મરૂપી ગુણમાં લીન બનીને તારાં ઉત્તમ આચરણોને જોવા માટે કેટલોક કાળ (ઘરવાસમાં) રહીશ, તે પછી તારી અનુમતિથી સંલેખના કરીશ. **(૨૫૫૫–૫૬)** (ઘરના ભારને) નહિ સ્વીકારતા પણ પુત્રને દૃઢ પ્રીતિરૂપ બંધનના બળે એ પ્રમાણે કાન્ત અને મનોજ્ઞ, ભાષા વડે, સમ્યક્ સ્વીકાર કરાવીને, ભૂમિગત (ગુપ્ત દાટેલા) ધનસમૂહને પણ દેખાડે. વળી વહી, સંપુટ વગેરે ચોપડામાં લખેલું (લેણું–દેણું) પણ જણાવીને, આપવાયોગ્ય દેણાને અપાવીને અને લભ્ય લેણાને ઉઘરાવીને, સ્વજનો વગેરેની સમક્ષ તેને ઘરના વ્યવહારમાં અધિકારીપદે સ્થાપે. **(૨૫૫૭ થી ૫૯)** માત્ર કેટલુંક ધન જિનભવનમાં મહોત્સવાદિને માટે, કેટલુંક સાધારણ (આવી પડે તેવાં) કાર્યો માટે, કેટલુંક સ્વજનોને માટે, કેટલુંક સવિશેષ સીદાતા સંતો કે સાધર્મિકોની સહાય માટે, કેટલુંક નવા ધર્મને પામેલા આત્માઓના સન્માન માટે, કેટલુંક બ્હેન–દીકરીઓને માટે, કેટલુંક દીનાદિની અનુકંપા માટે અને કેટલુંક ઉપકારીઓ, મિત્રો અને બંધુઓના ઉદ્ધાર માટે, એમ ઉત્તમ શ્રાવક પાછળથી સંક્લેશ ન થાય તે માટે (અમુક ધન) પોતાના હાથમાં (સ્વાધીન) રાખે, નહિ તો (તે તે પ્રસંગે) ઉપર કહ્યાં તે જિનભવન વગેરેમાં ખર્ચ કરી શકે નહિ. **(૨૫૬૦ થી ૬૩)** આ સામાન્ય ગૃહસ્થોનો વિધિ કહ્યો. રાજા તો સારા મુહૂર્તે રાજ્યાભિષેકપૂર્વક પુત્રને પોતાની ગાદીએ સ્થાપીને સ્વામિત્વ, મંત્રીઓ, રાષ્ટ્ર ઈત્યાદિ સર્વ પૂર્વે કહેલા વિધિપૂર્વક સોંપી દે, ન્યાયમાર્ગનો સુંદર ઉપદેશ કરે. **(૨૫૬૪–૬૫)** અને સામંતો, મંત્રીઓ સેનાપતિઓ, પ્રજા અને સેવકોને તથા (નવા) રાજાને પણ સર્વસાધારણ (હિત) શિક્ષા આપે. **(૨૫૬૬)** એમ પોતાનું કર્ત્તવ્ય (પૂર્ણ) કરીને, પુત્ર ઉપર સમસ્ત કાર્યોનો ભાર મૂકીને, ઉત્તરોત્તર પોતાને

અભિમત (ઇષ્ટ) એવા શ્રેષ્ઠ ગુણોને આરાધે. (૨૫૬૭) ધર્મમાં પ્રવૃત્તિવાળો પણ અને નિર્મળ આરાધનાનો અભિલાષી પણ, જો પૂર્વે કહેલા વિધિથી પુત્રને શિખામણ ન કરે અને મૂર્છાદિને વશ પોતાના ધનસમૂહને ન જણાવે, તો કેસરીને જેમ વજ્ર નામનો પુત્ર કર્મબંધક થયો, તેમ તે કર્મબંધમાં કારણ થાય. (૨૫૬૮-૬૯) તે આ પ્રમાણેઃ-

**યોગ્ય પુત્રને અધિકાર ન સોંપવા વિષે વજ્ર અને કેસરીનો પ્રબંધઃ-** કુસુમસ્થળ નગરમાં પોતાની ઘણી મોટી ઋદ્ધિથી કુબેરની પણ સતત હાંસી કરતો ધનસાર નામે ઉત્તમ શેઠ હતો. (૨૫૭૦) તેને સેંકડો બાધાઓથી પ્રસન્ન કરેલી દેવીએ આપેલો નિરોગી શરીરવાળો વજ્ર નામે એક પુત્ર હતો. (૨૫૭૧) સઘળી કળાને ભણેલા અને યૌવનને પામેલા તેને પિતાએ મહેશ્વર શેઠની પુત્રી વિનયવતી કન્યા સાથે પરણાવ્યો. (૨૫૭૨) પછી સર્વ પદાર્થોનું વિજળીના ચમકારા જેવું, શરદઋતુના વાદળ જેવું, ચંચળપણું હોવાથી અને વાસુદેવ, ચક્રવર્તી કે ઇન્દ્ર વગેરેના બળને પણ અગોચર એવા બળને ધારણ કરનાર મૃત્યુને રોકાય તેમ ન હોવાથી, વળી આયુષ્યકર્મનો સ્વભાવ પ્રતિક્ષણ અત્યંત વિનાશી હોવાથી, પુત્રને પોતાના સ્થાને (ઘરવ્યવહારમાં) જોડીને ધનસાર મરણ પામ્યો. (૨૫૭૩-૭૪) (તેથી પુત્ર વિલાપ કરવા લાગ્યો કે-) હે તાત! હે પરમ વત્સલ! હે ગુણસમૂહના ઘર! હે સેવકાદિ-આશ્રિતવર્ગને સંતોષ આપનારા! પુરવાસી લોકનાં નેત્રો સમા! હે પિતાજી! તમે ક્યાં ગયા? જવાબ તો આપો! (૨૫૭૫) હે તાત! તમારા વિયોગરૂપી વજ્રાગ્નિથી પીડાતા મારી રક્ષા કરો! હે હૃદયને સુખ આપનારા! હે હિતસ્વી! તમે આ તમારા પુત્રની ઉપેક્ષા કેમ કરો છો? (૨૫૭૬) હે તાત! તમે સ્વર્ગે ગયા તેની સાથે નિશ્ચે ગંભીરતા, ક્ષમા, સત્ય, વિનય અને ન્યાય-આ પાંચ ગુણો પણ સ્વર્ગે ગયા. (૨૫૭૭) હે તાત! તમારા વિયોગથી હું એક જ દુઃખને નથી પામ્યો, પણ પ્રતિદિન અસિદ્ધ મનોરથવાળો યાચકવર્ગ પણ નિશ્ચે દુઃખને પામ્યો છે. (૨૫૭૮) એમ બોલતા, શોકથી પીડાતા અને મોટી પોકને મૂકતા, વજ્રે તેનું સઘળું પારલૌકિક કાર્ય કર્યું. (૨૫૭૯) પછી પ્રીતિથી બદ્ધ બુદ્ધિવાળા (સ્વજનાદિ)નું પ્રતિદિન દર્શન, સંભાળ વગેરે કરવાથી કાળક્રમે તે શોકના ભારથી રહિત થયો. (૨૫૮૦) પૂર્વપ્રવાહ (રીતિ)થી કુટુંબની ચિંતામાં, લોકવ્યવહારમાં અને દાનાદિ (ધર્મ-કાર્યો)માં પણ તે પ્રવૃત્ત રહે છે. પૂર્વજોના માર્ગને તોડતો નથી. (૨૫૮૧) માત્ર (ધીમે ધીમે) લક્ષ્મી ઓછી થઈ, વ્યાપાર માટે દીર્ઘકાળથી દેશાવરોમાં મોકલેલા વાણોતરો (નોકરો) પાછા ન આવ્યા, (૨૫૮૨) ભંડારો શૂન્ય થયા, (**वृद्धिप्रयुक्त=**) વ્યાજે આપેલું ધન ક્ષય પામ્યું (પાછું ન આવ્યું) અને ધાન્ય વગેરેના સંગ્રહો (કોઠારો) પણ તીવ્ર અગ્નિથી બળી ગયા. (૨૫૮૩) એમ પુણ્યની વિપરીતતાને વશ (પાપોદયથી) તેનું જે જ્યાં હતું, તે ત્યાં જ નાશ પામ્યું અને (તેથી) સ્વજનો પણ સઘળા પરાયા હોય તેમ વિપરીત થયા. (૨૫૮૪) એમ (**छायाखेड्ड=**) પડછાયાની ક્રીડા (અસત્) જેવું અથવા

સ્વપ્નમાં મળ્યું હોય તેવું, ધન વગેરેનું (અનિત્ય) સ્વરૂપ જોઈને અતિ શોકાતુર થયેલો તે વિચારે છે કે-(૨૫૮૫) હું કુસંગરહિત છતાં, (પર) સ્ત્રી તથા જુગારનો ત્યાગી છતાં અને ન્યાયમાર્ગે ચાલવા છતાં, મારે (હી=) ખેદજનક છે કે-ધન વગરે સઘળું કેમ ચાલ્યું ગયું ? (૨૫૮૬) અથવા વિજળીના પ્રકાશની જેમ ચપળ પ્રકૃતિવાળું હોવાથી ધન જાય, પણ વિના નિમિત્તે સ્વજનો કેમ વિમુખ થયા ? (૨૫૮૭) હાં જાણ્યું, નિશ્ચે ધન જવાથી (પોતાની) કાર્યસિદ્ધિ ન થાય, તેથી હવે ભિખારી જેવા બિચારા બનેલા મારા પ્રત્યે સ્વજનો પણ સ્નેહ કેમ દેખાડે ? (૨૫૮૮) મનુષ્યના સ્વજનો, બંધુઓ અને મિત્રો ત્યાં સુધી સંબંધ રાખે છે, કે જ્યાં સુધી કમળપત્રતુલ્ય લાંબા નેત્રોવાળી લક્ષ્મી (રૂપ પત્ની) તેને છોડતી નથી. (૨૫૮૯) હવે ધનરહિત એવા મારે અહીં રહેવું યોગ્ય નથી, કારણ કે-પૂર્વજોના ક્રમને (વ્યવહારને) તોડવો તે (સજ્જનોને) અતિ મોટી વિડંબના છે. (૨૫૯૦) એમ વિચારીને તેણે અન્યત્ર જવાની ઈચ્છારૂપ પોતાનો અભિપ્રાય ક્ષેમિલ નામના મિત્રને કહ્યો. (૨૫૯૧) મિત્રે કહ્યું, તારે દેશાન્તર જવું યોગ્ય જ છે, માત્ર હું પણ તારી સાથે જ આવીશ, (૨૫૯૨) પછી તેઓ બંને પોતાના નગરથી નીકળીને શીઘ્ર ગતિએ સુવર્ણભૂમિએ પહોંચ્યા અને ત્યાં ધન મેળવવા માટે અનેકશઃ ઉપાયો શરુ કર્યા, તેથી ભાગ્યવશ અને ક્ષેત્રના પણ મહિમાથી કોઈ રીતે કેટલુંય (ઘણું) ધન મેળવ્યું. (૨૫૯૩-૯૪) તે ધનથી શ્રેષ્ઠ મૂલ્યવાળાં આઠ રત્નો ખરીદ્યાં અને ઘરને યાદ કરીને ઘેર જવા માટે ત્યાંથી પોતાના નગર તરફ પાછા ફર્યા. (૨૫૯૫) પછી અર્ધમાર્ગે ક્ષેમિલને 'લોભના વિસ્તારનું અતિ પ્રબળપણું હોવાથી' લોભવશ સઘળાંય રત્નો લેવાની ઇચ્છા પ્રગટી. (૨૫૯૬) તેથી આને કેવી રીતે ઠગવો ? અથવા સર્વ રત્નોને કયી રીતે ગ્રહણ કરવાં ?-એમ સતત એક જ વિચારવાળો તે ઉપાયોને ચિંતવવા લાગ્યો. (૨૫૯૭) પછી એક દિવસે વજ્ર ગામમાં ગયો ત્યારે અંદર પત્થરના કકડા બાંધીને આઠ રત્નોની ગાંઠ (પોટલી) જેવડી બીજી (કૃત્રિમ) ગાંઠડી બનાવી અને આ વજ્રને આપીને હું રાત્રિએ ચાલ્યો જઈશ, એમ વિચારીને તે પાપિષ્ઠ ભયથી જ્યારે બે ગાંઠડીઓને શીઘ્ર બાંધવા લાગ્યો, ત્યારે તુર્ત આવી પહોંચેલા વજ્રે પૂછ્યું, હે મિત્ર ! તું આ શું કરે છે ? (૨૫૯૮ થી ૨૬૦૦) એ સાંભળીને શું એણે મને જોયો ? એમ શંકાશીલ બન્યો, છતાં કપટમાં ચતુર તેણે કહ્યું, હે મિત્ર ! કર્મની ગતિ કુટિલ રૂપવાળી છે. (૨૬૦૧) વિધાતાના સ્વચ્છંદી વિલાસો ચિત્તમાં (ખ્યાલમાં) પણ આવતા નથી, તેથી સ્વપ્નમાં પણ ન દેખાય તેવું પણ કાર્ય બલાત્કારે દૈવયોગે આવી પડે છે. (૨૬૦૨) એમ વિચારીને મેં આ બે રત્ન-પોટલીઓ કરી છે, (કારણ કે-) એક સ્થાને મૂકેલું કોઈ કારણે (બધું) હાથમાંથી નાશ ન પામે. (૨૬૦૩) તેથી તારાં ચાર રત્નોની એક પોટલી તું તારા હાથમાં રાખ અને બીજી હું રાખું. એમ (કરવાથી) સારી રક્ષા થશે. (૨૬૦૪) એમ કહીને મોહમૂઢ હૃદયવાળા તેણે (ભ્રમથી) સાચાં રત્નોની પોટલી વજ્રના હાથમાં અને બીજી (કૃત્રિમ) પોતાના હાથમાં બાંધી. (૨૬૦૫) તે પછી (બન્ને) ત્યાં જ સૂતા. પછી જ્યારે (રાહ જોતાં) મુશીબતે

મધ્યરાત્રિ થઈ, ત્યારે તે પત્થરોની પોટલીને લઈને ક્ષેમિલ તુર્ત નીકળી ગયો. (૨૬૦૬) સાત યોજન જઈને જ્યારે તે રત્નોની પોટલીને છોડી, ત્યારે તેણે અંદર પૂર્વે બાંધેલા પત્થરના ટૂકડા જોયા. (૨૬૦૭) (તેથી બોલ્યો કે-) (અસિપત્ર) બેધારી તલવાર જેવા સ્વછંદી, ઉચ્છૃંખલ અને વિલાસી સ્વભાવવાળા હે પાપી દૈવ! તેં મારું ચિંતવેલું આમ વિપરીત કેમ કર્યું? (૨૬૦૮) (हंदि=) નિશ્ચે પૂર્વભવે કરેલાં ઘણાં પાપોનું જે દુઃખદાયીપણું, તેને મેં કર્યું મિત્ર માટે, પણ સફળ થયું મારે માટે! (૨૬૦૯) હું માનું છું કે-શુદ્ધ સ્વભાવવાળા તે મિત્રની ઠગાઈથી કરેલું પાપ આ જન્મમાં જ પાકીને (ઉદયમાં) આવી પડ્યું (૨૬૧૦) -એમ બોલતો, શોકના મોટા ભારથી તદ્દન (ओत्थय=) ખિન્ન (થાકેલા) શરીરવાળો, ક્ષણવાર તો કોઈએ બાંધ્યો હોય તેવો, વજ્રાઘાત થયો હોય તેવો થયો. (૨૬૧૧) પછી ક્ષુધાથી અત્યંત પરાભવ પામેલો, માર્ગે ચાલવાથી અત્યંત થાકેલો અને ભિક્ષા માટે ફરવામાં પણ અશક્ત બનેલો, તે એક ઘરમાં પેઠો. (૨૬૧૨) તે ઘરની સ્ત્રીને તેણે કહ્યું, હે માતા! આશારૂપી સાંકળથી ટકી રહેલો મારો જીવ (પ્રાણ) જ્યાં સુધી ટકેલો છે, ત્યાં સુધી કંઈ પણ ભોજન આપ! (અર્થાત્ જો ભોજન નહિ મળે, તો હવે હું જીવીશ નહિ.) (૨૬૧૩) તેનાં દીન વચનોને સાંભળવાથી દયાળુ બનેલી તે સ્ત્રીએ તેને આદરપૂર્વક (ભોજન) દેવા માંડ્યું, પણ તુર્ત ઘરનો માલિક આવ્યો. (૨૬૧૪) અને તેને જમતો જોઈને રોષથી લાલચોળ (विन्छोह=) અતિ ક્ષુબ્ધ (ચંચળ) બનેલાં નેત્રોવાળા તેણે 'અરે! પાપિણી! હું ઘેરથી નીકળું, ત્યારે તું આવા ભાંડોને પોષે છે!'-એમ પત્નીને તિરસ્કારીને, ક્ષેમિલને 'આ અનાર્ય કાર્યને કરનારો (વ્યભિચારી) છે'-એમ રાજપુરુષોને જણાવીને તેમને (કબજે) સોંપ્યો. (૨૬૧૫-૧૬) તે પછી તેઓએ રાજાને કહ્યું, આ જાર છે, તેથી રાજાએ ભયથી ધ્રુજતા શરીરવાળા અને ઉદાસ મુખવાળા, તેનો વધ કરવાનો આદેશ કર્યો. (૨૬૧૭) પછી પોકે પોકે અતિ રડતા તેને તેઓ વધસ્થાને લઈ ગયા અને કહ્યું કે-હવે તું તારા ઇષ્ટદેવનું સ્મરણ કર! (૨૬૧૮) (એમ કહીને) ભયને વશ (विसंठुलंत=) ભાંગ્યાતૂટયા અક્ષરોથી કંઈક બોલતા તેને (એક) વૃક્ષ સાથે લાંબી દોરીથી લટકાવી દીધો. (૨૬૧૯) પછી જીવ નીકળે તે પહેલાં જ કોઈ ભાગ્યયોગે તે બાંધેલી દોરી તૂટી અને તે તુર્ત નીચે પડ્યો. (૨૬૨૦) પછી અડધી ક્ષણમાં જ વનના ઠંડા પવનથી આશ્વાસન પામેલો, મરણના મોટા ભયથી વ્યાકૂળ, (તે) ત્યાંથી તુર્ત ચાલ્યો (નાઠો). (૨૬૨૧) જ્યારે તે શીઘ્ર કેટલીક ભૂમિએ દૂર ગયો, ત્યારે ત્યાં મોટા તમાલવૃક્ષની નીચે રહેલા, શ્રેષ્ઠ વીણા અને વાંસળીને પણ જીતે તેવી મધુર વાણીથી સ્વાધ્યાય કરતા અને તેના શ્રવણથી આકર્ષાયેલાં હરિણોના સમૂહથી સેવાતા ચરણકમળવાળા એક મુનિને જોયા. (૨૬૨૨-૨૩) તેથી અદ્‌ભૂત આશ્ચર્યજનક તે મુનિને વાંદીને તે ભૂમિ ઉપર બેઠો અને મુનિએ પણ 'યોગ્ય છે'-એમ માનીને કહ્યું કે-(૨૬૨૪) હું હો દેવાનુપ્રિય! અનાદિ સંસારમાં ભમતા જીવોને કોઈ પણ વાંછિત અર્થો

સિદ્ધ થતા નથી, પણ જો કોઈ રીતે તેઓ શ્રી જિનેશ્વરો પ્રત્યે ભક્તિને, જીવો પ્રત્યે મૈત્રીને, ગુરુના ઉપદેશમાં તૃપ્તિને (અથવા તત્પરતાને), સદાચાર ગુણથી યુક્ત એવા મહાત્માઓ પ્રત્યે પ્રીતિને, ધર્મશ્રવણમાં બુદ્ધિને, પરોપકારમાં ધનને અને પરલોકનાં કાર્યોની ચિંતામાં ચિત્તને જોડે, તો નિરુપમ પુણ્યવાળા તેઓનો જન્મ ધર્મપ્રધાન બને. (**૨૬૨૫ થી ૨૭**) દુર્લભ મનુષ્યપણું મળવા છતાં ધર્મગુણરહિત(મનુષ્યો)ના જે દિવસો જાય છે, તે દિવસો તેઓના નિષ્ફળ જ સમજવા. (**૨૬૨૮**) જેઓએ જન્મીને એ (રીતે) જન્મને ધર્મગુણરહિત નિષ્ફળ ગુમાવ્યો, તેઓને તો જન્મ ન લેવો તે જ શ્રેષ્ઠ, અથવા જન્મ્યા છતાં જંગલમાં પશુરૂપે જીવવું તે જ શ્રેષ્ઠ. (**૨૬૨૯**) જે મહાનુભાવોનું ભાવી કલ્યાણ નજીકમાં જ હોય છે, તેઓના જ દિવસો ધર્મપ્રવૃત્તિથી પ્રધાન બને છે. (**૨૬૩૦**) તેઓ જ ધન્ય છે, તેઓ પુણ્યના ભાગી છે અને તેઓનું જીવિત સફળ છે, કે ધર્મમાં ઉદ્યમવાળા જેઓની બુદ્ધિ પાપોમાં રમતી નથી. (**૨૬૩૧**) એમ મુનિએ કહેલું સાંભળીને, પોતાના દુશ્ચરિત્રથી વૈરાગી બનેલા ક્ષેમિલે શુદ્ધ ભાવથી પ્રવ્રજ્યાને સ્વીકારી. (**૨૬૩૨**)આ બાજુ તે મહાત્મા વજ્ર મિત્રની શોધ કરીને તેના વિરહાગ્નિથી પીડાતા શરીરવાળો, દીન મનવાળો, (**૨૬૩૩**) મુશીબતે પણ કુસુમસ્થળ નગરે પહોંચ્યો, ત્યાં ક્ષેમિલનો પરલોકનો વિધિ કર્યો અને રત્નોને (विणिवट्टण=) વેચવાથી પ્રચુર સમૃદ્ધિવાળો થયો. (**૨૬૩૪**) પછી ભોગોને ભોગવતા તેને કાળક્રમે અત્યંત પ્રશસ્ત દિવસે પુત્ર જન્મ્યો. તેનું 'કેસરી' એવું નામ કર્યું (**૨૬૩૫**) કર્મોદયની અનુકૂળતાથી થોડા પ્રયત્ને પણ નિષ્પાપ (ઘણી) ધનસંપત્તિ ભેગી થઈ અને સ્વજનો પણ અભિમુખ (અનુકૂળ) થયા. (**૨૬૩૬**) તે પછી તેણે ચિંતવ્યું કે—આ સંસારમાં નિશ્ચે લક્ષ્મી વિનાનો મનુષ્ય લેશ માત્ર વજનવાળા (અતિહલકા) કાશ (વનસ્પતિના) પુષ્પની જેમ સર્વ રીતે હલકાઈને પામે છે, માટે હવે પછી મારે ધનનું રક્ષણ સ્વજીવની જેમ કરવું જોઈએ, (કારણ કે–) એના વિના નિશ્ચે પુત્ર પણ પરાભવ કરે છે. (**૨૬૩૭–૩૮**) એમ ચિંતવીને પુત્રને પણ દૂર રાખીને સઘળો ધનનો સંચય આદરપૂર્વક પોતાને હાથે જમીનમાં દાટયો. (**૨૬૩૯**) પછી અન્ય કોઈ દિવસે સૂત્ર–અર્થમાં પારંગત, વિચિત્ર તપથી સુકવેલા શરીરવાળા, તે ક્ષેમિલ નામના મુનિવર અનિયત વિહારચર્યાથી વિચરતા ત્યાં આવ્યા, વજ્રે તેમને વાંદ્યા અને મહા મુશીબતે ઓળખ્યા. (**૨૬૪૦–૪૧**) અણધાર્યા તેમના આગમનથી ઉપજેલાં આનંદના આંસુથી ઝરતી આંખોવાળા તેણે બહુમાનપૂર્વક પૂછ્યું, હે ભગવંત! આ (આપનો) વૃત્તાન્ત શું છે? (**૨૬૪૨**) પાપી મેં તો તે તે સ્થાને તમને જોવા છતાં ન મળવાથી તમને મરણ પામેલા કલ્પ્યા હતા. (**૨૬૪૩**) ત્યારે સ્વચ્છ હૃદયવાળા મુનિએ પોતાની વાતને નિષ્કપટ ભાવે જેમ બની હતી, તેમ વિસ્તારથી કહી. (**૨૬૪૪**) એને સાંભળીને વજ્ર પરમ વિસ્મયને પામ્યો અને મુનિએ વિવિધ યુક્તિવાળાં વચનોથી તેને પ્રતિબોધ્યો. (**૨૬૪૫**) (તેથી) સંસાર પ્રત્યે ઉદ્વેગને પામેલા તેણે સર્વજ્ઞના કહેલા સ્વર્ગ–મોક્ષના હેતુભૂત (ગૃહસ્થ) ધર્મને સ્વીકાર્યો, (**૨૬૪૬**) તેને પ્રયત્નપૂર્વક નિરતિચાર પાળવા લાગ્યો અને

અત્યંત ભક્તિવાળો તે ઉત્તમ સાધુવર્ગની પ્રતિદિન સેવા કરવા લાગ્યો. (૨૬૪૭) ઘરડો થયો ત્યારે તેણે પોતાને સ્થાને કેસરીપુત્રને સ્થાપ્યો અને પોતે શ્રેષ્ઠ ( સવિશેષ ) ધર્મકાર્યોને કરવા લાગ્યો. (૨૬૪૮) માત્ર ઘણા લાંબા પ્રયાસથી મેળવેલા જમીનમાં દાટેલા ભંડારોને પૂછવા છતાં મૂર્છાવશ પુત્રને કહેતો નથી. (૨૬૪૯) પોતાના આયુષ્યને થોડા દિવસની સ્થિરતાવાળું–અતિ અલ્પ જાણવા છતાં, દરરોજ 'આજે કહીશ, કાલે કહીશ'–એમ કહે છે. (૨૬૫૦) અને પ્રાણિઓના ઉપદ્રવ વિનાના (નિર્જીવ) ઘરના એક ભાગમાં ( ખૂણામાં ) આરાધનાની અભિલાષાથી તે પૌષધ વગેરે કરવા દ્વારા વિવિધ પરિકર્મણાને ( ચારિત્રના અભ્યાસને ) કરે છે. (૨૬૫૧) પુત્ર પણ પિતાને અતિવૃદ્ધ સમજીને વારંવાર ધન અંગે પૂછે છે અને પિતા પણ સામાયિકમાં જ સ્થિત રહે છે, (૨૬૫૨) કંઈ પણ કહેતા નથી. એમ (કરતાં)એક દિવસે તે મરણને પામ્યો અને તેના દુઃખથી દુઃખી અને વિકલ મન ( બેચિત્ત )બનેલો પુત્ર પણ ( પિતાને ઉદ્દેશીને ) હા હા ! ધરતીમાં (સોત્થયા=) ગુપ્ત રાખેલાં તે નિધાનો કંઈ ઉપયોગ કર્યા વિના નિષ્ફળ કેમ નાશ પામ્યાં ? હા હા ! પાપી પિતા ! તું પુત્રનો પરમ વૈરી (થયો.) (૨૬૫૩–૫૪) હે મૂઢ ! તારા ધર્મને પણ ધિક્કાર થાઓ અને તારા વિવેકધનને પણ ધિક્કાર થાઓ !–એમ વિલાપ કરતો છતો મરીને તે પણ તિર્યંચણાને પામ્યો. (૨૬૫૫) એ રીતે ધર્મનો અર્થી છતાં તે નિશ્ચે પુત્રના કર્મબંધમાં હેતુ થયો. ધર્માર્થીઓને (કોઈના) પણ કર્મબંધમાં નિમિત્ત બનવું અઘટિત છે. (૨૬૫૬) તેથી જ ત્રિભુવનગુરુ શ્રી વીર પ્રભુ તે રીતે તાપસોનું અપ્રીતિપણું જાણીને વર્ષાકાળમાં પણ અન્યત્ર વિચર્યા (હતા). (૨૬૫૭) તે સત્પુરુષો ધન્ય છે અને તેઓ જ સત્ય ધર્મક્રિયાને પામેલા છે, કે જેઓ જીવોને કર્મબંધનું નિમિત્ત બનતા નથી. (૨૬૫૮) માટે ઘણા ભવની વૈરપરંપરા ન થાય, તે હેતુથી પુત્રને પ્રયત્નપૂર્વક ( અધિકારપદે ) સ્થાપીને ગૃહસ્થે સમાધિપૂર્વક ધર્મમાં યત્ન કરવો જોઇએ. (૨૬૫૯) એમ પુત્રશિક્ષા નામનું આ બીજું પેટાદ્વાર કહ્યું. હવે કાળક્ષેપ નામનું ત્રીજું પેટાદ્વાર કહું છું. (૨૬૬૦)

**નવમા પરિણામદ્વારમાં ત્રીજું કાળક્ષેપદ્વારઃ**–પુત્રને પોતાના સ્થાને (અધિકાર પદે ) સ્થાપીને, પૂર્વે કહ્યો તેવો શ્રાવક કે રાજા તે પુત્રની પરિણતિને જાણવાની ઇચ્છાથી જો અમુક કાળ સુધી ઘરમાં રહેવાને ઇચ્છે, તો તેણે પૌષધશાળા કરાવવી જોઇએ.

**પૌષધશાળા કેવી અને ક્યાં કરાવવી ?**:–સર્વ પ્રાણીઓના ઉપદ્રવથી રહિત પ્રદેશમાં, સારા ચારિત્રપાત્ર મનુષ્યોના વસવાટની પાસે ( પડોશમાં ) અને સ્વભાવે જ સૌમ્ય ( સમશીતોષ્ણ પ્રશસ્ત ) એવા એકાન્ત પ્રદેશમાં, ભાંડ કે સ્ત્રીઓ વગેરેના સંપર્કથી રહિત, તે પણ પરિવારની અનુમતિથી પ્રસન્ન ચિત્તવાળા થઇને, તે પણ વિશુદ્ધ (દલ=) ઇંટ, પત્થર, કાષ્ટ વગેરેથી કરાવેલી, સારી રીતે ઘસેલા ( સુંવાળા ) સ્થિર મોટા થાંભલાવાળી, અતિ મજબૂત બે કમાડવાળી, સુંવાળી સમ ( ભિત્તિભાગ= ) ભિંતોવાળી, સારી રીતે ઘસેલા ( સુંવાળા ) મણિઓથી જડેલા ભૂમિતળવાળી, પડિલેહણા–પ્રમાર્જના સરળતાથી

થાય તેવી, અન્ય મનુષ્યોને પ્રવેશ કરતાં ( જોતાં ) જ આશ્ચર્ય કરનારી, ઘણા શ્રાવકો રહી–બેસી શકે તેવી, ત્રણેય કાળમાં એકસરખા સ્વરૂપવાળી, સ્થંડિલભૂમિથી યુક્ત, પાપરૂપ મહા રોગથી રોગી જીવોના ( પાપરોગનો ) પ્રતિકાર ( નાશ ) કરનારી અને સદ્ધર્મરૂપી ઔષધની ( દાન ) શાળા ( હોય ) તેવી પૌષધશાળા કરાવવી. (૨૬૬૧ થી ૬૬) અથવા સ્વીકારેલાં ધર્મકાર્યો નિર્વિઘ્ને કરી શકાય તેવું યોગ્ય કોઇ ઘર જો પૂર્વે તૈયાર થયેલું જુએ ( મળે ), તો તેને જ વિશેષ સુધરાવે. (૨૬૬૭) અને ત્યાં પ્રશસ્ત ધર્મના અર્થચિંતનમાં મનને સ્થિર કરીને, પાપકાર્યોના ત્યાગમાં ઉદ્યમી ( पायमासज्ज= ) યોગ્ય પાત્રને ( ગુર્વાદિને ) પામીને કોઇ વાર વાચનામાં, કોઈ વાર પૃચ્છનામાં, તો કોઈ વાર વળી પરિવર્તનામાં, કોઈ વાર શાસ્ત્રોના પરમ ( ગૂઢ ) અર્થના ચિંતનમાં (અનુપ્રેક્ષામાં), કોઈ વાર વળી ધ્યાનમાં, તો કોઈ વાર વીરાસન વગેરે ( અનુકૂળ ) આસનથી આસનબંધ દ્વારા ગાત્રોનો સંકોચ કરવાપૂર્વક મૌનમાં, કોઈ વાર બાર ભાવનાઓના ચિંતનમાં, તો કોઈ વાર સદ્ધર્મના શ્રવણદ્વારા સમાધિમાં, એમ કાળને પસાર કરે. (૨૬૬૮ થી ૭૧) અને સિદ્ધાન્તનાં મહા રહસ્યોરૂપી મણિઓના ભંડાર એવા મુનિઓ પ્રત્યે બહુમાન–ભક્તિવાળો પોતે ઉચિત સમયે જઈને તેઓની સેવા કરે. (૨૬૭૨) તથા ' હે તાત ! પ્રસાદ કરો, અનુગ્રહ કરો અને હવે ભોજન કરવા મારા ઘેર પધારો ! '–એ રીતે ભોજનવેળાએ પુત્રે વિનયપૂર્વક વિનવેલો સ્થિર મનવાળો વિધિથી ધીમે ધીમે ( ચાલતો ) ઘેર જઇને મૂર્છા ( રાગ–દ્વેષ ) કર્યા વિના ભોજન કરે, (૨૬૭૩–૭૪) તથા જો સામર્થ્ય હોય, તો આત્મહિતને ઇચ્છતો બુદ્ધિમાન શ્રેષ્ઠ વીર્યને ( ઉત્સાહને ) વશ સવિશેષ ઉદ્યમવાળો બનીને ( શ્રાવકની ) પ્રતિમાઓને સ્વીકારે. (૨૬૭૫) મોહનો નાશ કરનારા શ્રી જિનેશ્વરોએ ' દર્શનપ્રતિમા ' વગેરે શ્રાવકની સંખ્યાથી અગીઆર તે ( પ્રતિમાઓને ) આ પ્રમાણે કહી છે. (૨૬૭૬)

**શ્રાવકની અગીઆર પ્રતિમાઓઃ**–૧–દર્શન, ૨–વ્રત, ૩–સામાયિક, ૪–પૌષધ, ૫–પ્રતિમા, ૬–અબ્રહ્મવર્જન, ૭–સચિત્તવર્જન, ૮–(સ્વયં) આરંભવર્જન, ૯–પ્રેષ્ય(નોકર)-વર્જન, ૧૦–ઉદ્દિષ્ટવર્જન, અને ૧૧–શ્રમણભૂત પ્રતિમા, (૨૬૭૭) તેમાં–

**૧. દર્શનપ્રતિમાનું સ્વરૂપ** :–પૂર્વે જણાવેલા ગુણોરૂપી રત્નોથી અલંકૃત તે મહાત્મા શ્રાવક, પહેલાં દર્શનપ્રતિમાને સ્વીકારે અને તે પ્રતિમામાં મિથ્યાત્વરૂપી (**પંક=**) મેલ ન હોવાથી દુરાગ્રહવશ થઇને તે સમ્યક્ત્વને કલંક લાગે તેવું થોડું પણ આચરણ ન કરે, કારણ કે–તે દુરાગ્રહને સાધવામાં ( પોષવામાં ) મિથ્યાત્વ જ સમર્થ છે. (૨૬૭૮–૭૯) વળી આ પ્રતિમાધારી ધર્મમાં ઉપયોગશૂન્ય ન હોય તથા વિપર્યય ( ઉલટું આચરણ ) ન કરે, વળી તે આસ્તિકય વગેરે ગુણોવાળો, શુભ અનુબંધવાળો તથા અતિચાર વિનાનો હોય. (૨૬૮૦) **પ્રશ્ન**–પૂર્વે જેના ગુણગણની પ્રરૂપણા કરી તેવા શ્રાવકને સમ્યક્ત્વ હોવા છતાં પુનઃ આ દર્શનપ્રતિમા કેમ કહી ? (૨૬૮૧) **ઉત્તર**–આ દર્શનપ્રતિમામાં રાજાભિયોગ વગેરે (છ) આગારોને (**विवज्जेइ=**) સર્વથા વર્જે અને આઠ પ્રકારના દર્શનાચારને સમ્યગ્

રીતે ( પૂર્ણ ) પાળે. (૨૬૮૨) એમ અહીં સમ્યગ્દર્શનની પ્રાપ્તિ મુખ્ય હોવાથી શ્રાવકને પહેલી દર્શનપ્રતિમા જાણવી. (૨૬૮૩) પ્રશ્ન–નિસર્ગથી કે અધિગમથી પણ પ્રગટેલા શુભ બોધવાળો જે ( આત્મા ), ' મિથ્યાત્વ એ દેવ, ગુરુ અને તત્ત્વના વિષયમાં મોટા વિપર્યાસ( ભ્રમ )ને પેદા કરનારું છે '–એમ સમજીને તેનો ત્યાગ કરે અને સમકૃત્વને સ્વીકારે, તેનો તેને સ્વીકારવાનો ક્રમ ( વિધિ ) શું હોય ? (૨૬૮૪–૮૫) ઉત્તર–તે આ મહાત્મા દર્શન, જ્ઞાન વગેરે ગુણરત્નોના ( ઉદ્ગમથી ) રોહણાચલતુલ્ય એવા સદ્ગુરુને ભક્તિપૂર્વક પ્રણામ કરીને કહે કે– (૨૬૮૬) હે ભગવંત ! હું તમારી પાસે જાવજ્જીવ સુધી મિથ્યાત્વને મન–વચન–કાયાથી કરવા, કરાવવા અને અનુમોદવાનું પચ્ચક્ખાણ ( ત્યાગ ) કરીને જાવજ્જીવ સુધી ( સંસારથી ) સંપૂર્ણ મુક્તિ પ્રાપ્ત કરાવવામાં એક કલ્પ-વૃક્ષ એવા સમ્કૃત્વને સમ્યક્ રીતે સ્વીકારું છું. (૨૬૮૭–૮૮) આજથી જીવું ત્યાં સુધી પણ સમ્યક્ત્વમાં રહેલા મને પરમ ભક્તિપૂર્વક આવી ભાવપ્રાપ્તિ થાઓ ! (૨૬૮૯) આજથી અંતરના અરિઓને જીતવાથી જેઓ અરિહંત છે, તેઓ જ દેવબુદ્ધિથી મારા દેવ, મોક્ષસાધક ગુણોની સાધનાથી જે સાધુઓ છે, તેઓ જ મારા ગુરુ અને નિવૃત્તિનગરીના પ્રયાણમાં નિર્દોષ કેડીતુલ્ય એવા જે શ્રી જિનેશ્વર પ્રભુએ કહેલાં જીવ–અજીવાદિ તત્ત્વો-મય આગમગ્રંથો ( શાસ્ત્રો ), તેમાં જ મને ( ઉપાદેય તરીકે ) શ્રદ્ધા થાઓ ! (૨૬૯૦–૯૧) વળી ઉત્તમ સમાધિ( ઉપશમ )વાળી મન–વચન–કાયાની વૃત્તિવાળા મારે પ્રતિદિન ત્રણેય સંધ્યાએ ઉચિત પૂજાપૂર્વક શ્રી જિનેશ્વરને વંદન થાઓ (૨૬૯૨) અને ધર્મબુદ્ધિથી મારે લૌકિક તીર્થોમાં સ્નાનદાન કે પિંડપ્રદાન વગેરે કંઈ પણ કરવું ન કલ્પે. (૨૬૯૩) તથા અગ્નિહવન (યજ્ઞ) ક્રિયા, રેંટ ( કુવા ) વગેરે સહિત હળનું દાન, સંક્રાન્તિદાન, ગ્રહણ-દાન અને કન્યાફળ સંબંધી ( કન્યા ) દાન, ( સંડ= ) નાના વાછરડાને પરણાવવા તથા તલની, ગોળની, કે સુવર્ણની બનાવેલી ગાયનું દાન, અથવા કર્પાસનું દાન, ( पवा= ) પરબોનું દાન, ( गो= ) પૃથ્વીદાન, ( लोह= ) કોઇ પણ ધાતુનું દાન (?) વગેરે દાનો, તથા ધર્મબુદ્ધિથી બીજું પણ દાન હું આપીશ નહિ, કારણ કે–અધર્મમાં પણ ધર્મબુદ્ધિને કરવાથી પ્રાપ્ત થએલા પણ સમ્યક્ત્વનો નાશ થાય છે. (૨૬૯૪ થી ૯૬) સૂત્રમાં જે બુદ્ધિના અવિપર્યાસને ( શુદ્ધિને ) સમકિત કહેલું છે, તે પણ પૂર્વે કહ્યાં તે કાર્યોમાં પ્રવૃત્તિ કરનારને કેવી રીતે ઘટે ? (૨૬૯૭) આજથી મારે મિથ્યાદર્શનોમાં પ્રતિબદ્ધ (રાગી) એવા દેવોને દેવ અને સાધુઓને ગુરુ માનીને ધર્મબુદ્ધિથી તેઓની ( प्रतिपत्ति= ) આદર, વિનય, સેવા, ભક્તિ વગેરે કરવું ન કલ્પે. (૨૬૯૮) તેઓ પ્રત્યે મારે લેશ પ્રદ્વેષ પણ નથી અને લેશ માત્ર ભક્તિ પણ નથી, કિન્તુ તેઓમાં દેવના અને ગુરુના ગુણોનો અભાવ હોવાથી ઉદાસીનતા જ છે. (૨૬૯૯) તેવો કોણ બુદ્ધિમાન હોય, કે જે સુવર્ણનો ગાઢ અર્થી હોવા છતાં સુવર્ણના ગુણ વિનાની પણ વસ્તુને ' આ સુવર્ણ છે '–એમ માને ! (૨૭૦૦) અસુવર્ણ છતાં માણસે સુવર્ણ માનીને સ્વીકારેલી પર (અન્ય) વસ્તુ સુવર્ણનું

પ્રયોજન સાધવા સમર્થ ન થાય! (૨૭૦૧) દેવનું દેવપણું રાગ–દ્વેષ અને મોહના અભાવથી હોય છે, અને તે (રાગાદિનો અભાવ) તેમનું ચરિત્ર, આગમ અને પ્રતિમાને જોવાથી જાણી શકાય છે. (૨૭૦૨) વિશ્વમાં ગુરુનું ગુરુપણું પણ મુક્તિસાધક ગુણસમૂહનું જો તે ગૌરવ કરે અને શાસ્ત્રાર્થને સમ્યક્ ઉપદેશે, તો યથાર્થ અને પ્રશંસનીય બને છે. (૨૭૦૩) એમ સ્વ સ્વ લક્ષણથી દેવ–ગુરુના સ્વરૂપને સ્પષ્ટ જાણતા એવા મારે, ત્યાં (તેઓએ) કહેલાં તત્ત્વોના સ્વીકારરૂપ આ દર્શન પ્રતિમા, ગુણથી શ્રેષ્ઠ એવાં દુર્લભ દ્રવ્યો વડે (સાત ક્ષેત્રો અને ચતુર્વિધ શ્રીસંઘ વગેરે) દર્શનના અંગોનું શક્તિ અનુસાર પ્રકૃષ્ટ ગૌરવ (કરવા) દ્વારા દ્રવ્યથી શુદ્ધ થાઓ! (૨૭૦૪–૫) વળી સર્વ ક્ષેત્રોમાં રહેલા સીદાતા અને નહિ સીદાતાના વિભાગપૂર્વક સર્વ દેવો અને ગુરુઓની વિનયાદિ (પ્રતિપત્તિ) સેવા મારે તુલ્ય (ભાવથી) જ કરવા દ્વારા આ દર્શનપ્રતિમા ક્ષેત્રથી વિશુદ્ધ થાઓ! (૨૭૦૬) આ સમ્યક્ત્વનું જાવજ્જીવ સુધી નિરતિચાર પાલન કરવા દ્વારા તે કાળવિશુદ્ધ થાઓ! અને જ્યાં સુધી હું દઢ (हट्ठ=) શરીરથી સશક્ત અને (पहट्ठ=) પ્રસન્ન હોઉં, ત્યાં સુધી ભાવવિશુદ્ધ થાઓ! (૨૭૦૭) અથવા શાકિની, ગ્રહો વગેરે(વળગાડ)ના દોષથી હું ભાનરહિત કે ઉન્માદથી વ્યાપ્ત (બ્હેકેલા) ચિત્તવાળો ન થાઉં, ત્યાં સુધી આ પ્રતિમા ભાવવિશુદ્ધ થાઓ! વધારે શું? જ્યાં સુધી મારો દર્શનપ્રતિમાનો પરિણામ (ભાવ) કોઈ પણ ઉપઘાતવશ નાશ ન પામે, ત્યાં સુધી મારે આ દર્શન પ્રતિમા ભાવવિશુદ્ધ હો! (૨૭૦૮–૯) આજથી હું શંકા, કાંક્ષા, વિતિગિચ્છા, અન્યદર્શનીઓનો (તથા તેઓનાં) શાસ્ત્રોનો પરિચય તથા પ્રશંસા, એ પાંચેય દોષોનો જાવજ્જીવ સુધી ત્યાગ કરું છું. (૨૭૧૦) રાજાનો, લોકસમૂહનો અને કોઇ દેવનો બલાત્કાર થાય, ચોરાદિ બળવાનનું આક્રમણ થાય, આજીવિકાની મુશ્કેલી થાય અને માતા–પિતાદિ વડિલોનો આગ્રહ થાય, એ પાંચ અભિયોગો મારે આ પ્રતિમામાં છૂટા છે. (૨૭૧૧) એ રીતે પ્રતિમાનો (અભિગ્રહનો) સ્વીકાર કરવાથી સુંદર એવા શ્રાવકને ગુરુઓ પણ ઉપબૃંહણા (ઉત્સાહિત) કરે કે–તું પુણ્યકારક છે, તું ધન્ય છે, કારણ કે–આ વિશ્વમાં તેઓ ધન્ય છે, તેઓને નમસ્કાર થાઓ! તેઓજ ચિરંજીવ છે અને તેઓજ પંડિત છે, કે જેવો આ શ્રેષ્ઠ સમ્યક્ત્વરત્નનું નિરતિચાર ધારણ (પાલન) કરે છે. (૨૭૧૨–૧૩) આ સમ્યક્ત્વ જ નિશ્ચે સર્વ કલ્યાણોનું તથા ગુણસમૂહનું શ્રેષ્ઠ મૂળ છે, આ સમકિત વિનાની ક્રિયા શેરડીના પુષ્પની જેમ નિષ્ફળ છે. (૨૭૧૪) અને વળી ક્રિયાને પણ કરનારો, સ્વજન–ધનભોગને તજનારો, સામી છાતીએ દુઃખોને ભોગવનારો (સત્ત્વશાળી), એવો પણ અંધ જેમ શત્રુને જીતે નહિ, તેમ પાપકાર્યોથી નિવૃત્ત થનારો પણ, સ્વજન–ધન–ભોગોને તજનારો પણ અને દુઃખોને (પરિષહ–ઉપસર્ગોને) સહન કરનારો પણ, મિથ્યાદષ્ટિ મોક્ષને પામે નહિ. (૨૭૧૫–૧૬) આ વિષયમાં અંધની કથા આ પ્રમાણે છે.

**મિથ્યાત્વની તુલનામાં અંધનો પ્રબંધ** :–વસંતપુર નગરમાં રિપુમર્દન નામે

રાજા હતો, તેને પહેલો પુત્ર અંધ અને બીજો દિવ્ય ચક્ષુવાળો (દેખતો) હતો. રાજાએ તે બંનેને ભણાવવા અધ્યાપકને સોંપ્યા (૨૭૧૭-૧૮) મોટો પુત્ર અંધ હોવાથી અધ્યાપકે તેને ગંધર્વ (સંગીત, વાજિંત્ર, નૃત્ય) વગેરે અને બીજાને ધનુર્વેદ વગેરે સઘળી કળાઓને શીખવાડી. (૨૭૧૯) પછી 'પોતાનો પરાભવ થયો '–એમ માનીને અંધે ઉપાધ્યાયને કહ્યું, મને તું શસ્ત્ર (કળા) કેમ શીખવતો નથી ? (૨૭૨૦) ઉપાધ્યાએ કહ્યું, અહો મહાભાગ ! ઉદ્યમી પણ ચક્ષુરહિત તને હું તે કળાને કયી રીતે સમજાવી શીખવાડી શકું ? (૨૭૨૧) અંધે સામેથી કહ્યું, જો એમ છે, તો પણ હજી મને ધનુર્વેદ શીખવાડો. પછી તેના અતિ આગ્રહથી ગુરુએ તેને ધનુર્વેદ ભણાવ્યો, તેણે પણ અતિ બુદ્ધિરૂપી વૈભવથી તે ધનુર્વેદ જાણી(શીખી) લીધો અને શબ્દવેધી થયો. કોઈ રીતે પણ લક્ષ્યને તે ચૂકતો નથી. (૨૭૨૨-૨૩) એમ તે બંને પુત્રો કળાઓમાં અતિ કુશળ થયા. (પછી કોઈ) અન્ય પ્રસંગે ત્યાં શત્રુનું સૈન્ય આવ્યું. ત્યારે શ્રેષ્ઠ લશ્કરથી શોભતો, યુદ્ધ કરવામાં અભ્યાસી (કુશળ) તે નાનો પુત્ર પિતાની આજ્ઞાથી શત્રુના સૈન્યને જીતવા ચાલ્યો. (૨૭૨૪-૨૫) ત્યારે ' મોટો ભાઈ વિદ્યમાન છતાં નાનાએ આ કરવું કેમ ઘટે ? '–એમ કહીને અતિ ક્રોધને ધારણ કરતા મત્સરપૂર્વક શત્રુસૈન્યને જીતવા જતા અંધને પિતાએ સમજાવ્યો કે–હે પુત્ર! પોતાની ભૂમિકાને (અવસ્થાને) ઉચિત જ કરવું યોગ્ય છે. (૨૭૨૬-૨૭) કળામાં અતિ કુશળ છતાં, બળવાન બે ભુજાઓનાં બળવાળો છતાં અને દૃષ્ટિ(નેત્ર) વિનાનો હોવાથી તું યુદ્ધ કરવા માટે યોગ્ય નથી. (૨૭૨૮) ઈત્યાદિ ઘણાં વચનોદ્વારા અનેક વાર બહુ રીતે રોકવા છતાં તે અંધ તેને અવગણીને, મજબૂત બખ્તરથી શરીરને સજ્જ કરીને, ગંડસ્થળથી ગળતા મદવાળો (મદોન્મત્ત) અને મજબૂત પલાણનો આડંબર કરેલો હોવાથી ભયંકર, એવા શ્રેષ્ઠ હાથી ઉપર ચઢીને તુર્ત નગરથી નીકળ્યો અને શબ્દના અનુસારે ફેંકેલાં બાણોના સમૂહથી દિગંતને (સર્વ દિશાઓને) પણ ભરી દેતો, તે શત્રુસૈન્યની સાથે યુદ્ધ કરવા લાગ્યો. (૨૭૨૯ થી ૩૧) પછી સર્વ બાજુથી શબ્દને અનુસારે આવી પડતા પ્રહારના સમૂહને જોઈને, તેના કારણને જાણીને, શત્રુઓએ મૌનનો આશ્રય કર્યો, (૨૭૩૨) તેથી શત્રુના શબ્દોને નહિ સાંભળતા અને (તેથી) પ્રહારને નહિ કરતા અંધને શત્રુઓએ મૌનપૂર્વક સર્વ દિશાઓથી પ્રહારો કરવા માંડયા. (૨૭૩૩) ત્યારે ચક્ષુવાળા (નાના) ભાઈએ તુર્ત તેને મુસીબતે પણ છોડાવ્યો (બચાવ્યો) આ દૃષ્ટાન્તનો ઉપનય તે અહીં પૂર્વે જ જણાવેલ છે. (૨૭૩૪) હવે પ્રસ્તુતને કહીએ છીએ કે–(એ કારણે) ગૃહસ્થ (પ્રથમ) યાવજ્જીવ સુધીનું સમ્યગ્દર્શન ઉચ્ચરીને, પછી નિરતિચાર દર્શનપ્રતિમાને સ્વીકારે (૨૭૩૫) અને તેનું સમ્યગ્ પરિપાલન કરીને તેના ગુણોથી યુક્ત તે પુનઃ બીજી વ્રતપ્રતિમાને સ્વીકારે.

**૨. વ્રતપ્રતિમાનું સ્વરૂપઃ**– આ પ્રતિમામાં પ્રાણિવધ, અસત્યભાષણ, અદત્તગ્રહણ, અબ્રહ્મસેવન અને પરિગ્રહ, તેની નિવૃત્તિરૂપ વ્રતોને ગ્રહણ કરે અને તેના ' બંધ ' વગેરે

અતિચારોને તજે, તથા પ્રયત્નપૂર્વક (इमेसु=) આ 'ધર્મશ્રવણ વગેરે' કાર્યોમાં સમ્યક્ સવિશેષ પ્રવર્તે અને તે સદા અનુકંપાભાવથી ભાવિત અંતઃકરણના પરિણામવાળો બને. (૨૭૩૬ થી ૩૮) તે પછી પૂર્વે કહેલા સમ્યક્ત્વાદિ ગુણોથી શોભતો અને સમ્યગ્ ઉદાસીનતાદિથી યુક્ત તે મહાત્મા ત્રીજી સામાયિકપ્રતિમાને સ્વીકારે. (૨૭૩૯)

૩. **સામાયિકપ્રતિમા**–આ પ્રતિમામાં ૧–ઉદાસીનતા, ૨–માધ્યસ્થ્ય, ૩–સંક્લેશની વિશુદ્ધિ, ૪–અનાકૂળતા અને ૫–અસંગપણું, એ પાંચ ગુણો (કહ્યા છે). (૨૭૪૦) તેમાં–જે તે અને જેવાં તેવાં પણ ભોજન, શયન વગેરેથી ચિત્તમાં જે સંતોષ થાય, તેને ઉદાસીનતા કહી છે. (૨૭૪૧) આ ઉદાસીનતા (સંક્લેશની) વિશુદ્ધિનું કારણ હોવાથી શ્રી જિનેશ્વરોએ તેને સામાયિકનું પ્રથમ (મુખ્ય) અંગ કહ્યું છે. હવે માધ્યસ્થ્યને કહીએ છીએ. (૨૭૪૨) આ મારો (સ્વજન) છે અથવા આ પરાયો છે, એવી બુદ્ધિ તુચ્છ પ્રકૃતિવાળાને સ્વભાવથી જ હોય છે. સ્વભાવથી ઉદાર (મોટા) મનવાળાને તો આ સમગ્ર વિશ્વ પણ કુટુંબ છે, (૨૭૪૩) કારણ કે–અનાદિઅનંત આ સંસારરૂપ મહા સરોવરમાં ભમતા અને ઘણાં સેંકડો ભવોનાં ઉપાર્જન કરેલા કર્મસમૂહને વશ પડેલા જીવોને, આ સંસારમાં પરસ્પર કોને કોની સાથે અથવા કયો અનેક પ્રકારનો સંબંધ નથી થયો? એવી જે ચિંતા (ભાવના) તે માધ્યસ્થ્ય છે. (૨૭૪૪–૪૫) જેઓની સાથે રહે, તેઓના અને બીજાના પણ દુર્નયને (દોષોને) જોવા છતાં ક્રોધ ન કરવો, તે સંક્લેશ-વિશુદ્ધિ જાણવી. (૨૭૪૬) વળી ઉભા રહેવામાં કે ચાલવામાં, સુવામાં કે જાગવામાં–લાભમાં કે હાનિમાં, વગેરેમાં હર્ષ–વિષાદનો અભાવ તે અનાકૂળતા જાણવી. (૨૭૪૭) સોનામાં કે કચરામાં, મિત્રમાં કે શત્રુમાં, સુખમાં કે દુઃખમાં, બીભત્સ કે દર્શનીય વસ્તુમાં, પ્રશંસામાં કે નિંદામાં અને બીજા પણ વિવિધ મનોવિકારનાં (રાગ–દ્વેષાદિનાં) કારણો આવે તો પણ સદા જે સમચિત્તતા, તેને જગગુરુઓ અસંગપણું કહે છે. (૨૭૪૮–૪૯) આ પાંચ ગુણોનો સમુદાય તે ઉત્કૃષ્ટસામાયિક, અથવા તે સર્વના કારણભૂત એક ઉદાસીનતા એ જ પરમ સામાયિક છે. (૨૭૫૦) વધારે કહેવાથી શું? સાવદ્ય યોગોના વર્જનરૂપ અને નિરવદ્ય યોગોના આસેવનરૂપ ઇત્વરિક (પરિમિત કાળ સુધીનું) સામાયિક તે ગૃહસ્થનું ઉત્કૃષ્ટ ગુણસ્થાન છે. (૨૭૫૧) એમ ત્રીજી પડિમામાં (ગૃહસ્થ) સમ્યક્ સામાયિકને પાળે તથા (તેમાં) મનોદુષ્પ્રણિધાન વગેરે અતિચારોને તજે. (૨૭૫૨)

૪. **પૌષધપ્રતિમા**–ચોથી પ્રતિમામાં પૂર્વની પ્રતિમાઓનું પાલન કરતો ગૃહસ્થ, અષ્ટમી વગેરે (ચાર) પર્વદિવસોમાં ચારેય પ્રકારના પૌષધને સ્વીકારે. (૨૭૫૩) આ પ્રતિમામાં 'અપ્રતિલેખિત–દુષ્પ્રતિલેખિત શય્યા–સંસ્તારક' વગેરે અતિચારોને તજે અને આહાર વગેરેનું સમ્યગ્ અનુપાલન (અર્થાત્ રાગ, સ્વાદ વગેરે સગવડને–અનુકૂળતાને) ન કરે. (૨૭૫૪)

**૫. પ્રતિમાપ્રતિમા**–પછી પૂર્વની પ્રતિમાઓના કહેલા સર્વ ગુણવાળો તે પાંચમી પ્રતિમામાં (ચોથી પ્રતિમામાં કહેલા) પૌષધના દિવસોમાં એક રાત્રિકીપ્રતિમામાં (સંપૂર્ણ રાત્રિ સુધી) કાઉસ્સગ્ગ કરે. (૨૭૫૫) અને પ્રતિમા (પૌષધ) વિનાના દિવસોમાં સ્નાન કરે નહિ, દિવસે જ જમે, કચ્છ બાંધે નહિ, દિવસે પૂર્ણ બ્રહ્મચારી અને રાત્રિએ (પણ ભોગનું) પ્રમાણ કરે. (૨૭૫૬) આ પ્રતિમામાં રહેલો ગૃહસ્થ પાંચ મહિના ત્રણ લોકમાં પૂજ્ય, કષાયોને જીતનારા, એવા શ્રી જિનેશ્વરનું ધ્યાન કરે, અથવા પોતાના દોષોનું વિરોધી (ટાળનારું) એવું બીજું (કોઈ) ધ્યાન કરે. (૨૭૫૭)

**૬. અબ્રહ્મવર્જનપ્રતિમા**–છઠ્ઠી પ્રતિમામાં રાત્રિએ પણ બ્રહ્મચારી રહે. ઉપરાન્ત વિશેષતયા મોહને જીતનારો, શરીરશોભારહિત એવો તે સ્ત્રીઓની સાથે એકાન્તમાં ન રહે. (૨૭૫૮) વળી પૂર્વે કહેલી પ્રતિમાઓમાં બદ્ધમનવાળો, અપ્રમાદી તે છ માસ સુધી (પ્રગટ પણ સ્ત્રીઓના) અતિ પરિચયને તથા શૃંગારની વાતોને પણ તજે. (૨૭૫૯)

**૭. સચિત્તત્યાગપ્રતિમા**–પૂર્વની પ્રતિમામાં કહેલા ગુણોવાળો, અપ્રમાદી (ગૃહસ્થ) સાતમી પ્રતિમામાં સાત માસ સુધી સચિત્ત આહારને તજે. (૨૭૬૦)

**૮. આરંભવર્જનપ્રતિમા**–આઠમીમાં આઠ માસ સુધી આજીવિકા માટેના પૂર્વે શરૂ કરેલા (પણ) સાવદ્ય આરંભોને સ્વયં ન કરે, નોકરો દ્વારા કરાવે. (૨૭૬૧)

**૯. પ્રેષ્યવર્જનપ્રતિમા**–નવમીમાં નવ માસ સુધી પુત્ર કે નોકરો ઉપર (ઘરનો) ભાર મૂકીને, લોકવ્યવહારથી પણ મુક્ત થએલો, મંદ મમતાવાળો, પરમ સંવેગી, પૂર્વની પ્રતિમાઓમાં જણાવેલા ગુણોવાળો અને પ્રાસધનમાં સંતોષી નોકરો દ્વારા પણ પાપારંભને ન કરાવે. (૨૭૬૨-૬૩)

**૧૦. ઉદ્દિષ્ટવર્જનપ્રતિમા**–દશમી પ્રતિમામાં કોઈ ક્ષુરથી મુંડન કરાવે અથવા કોઈ ચોટીને રાખે, એવો ગૃહસ્થ દશ માસ સુધી પૂર્વની સઘળી પ્રતિમાને પાળતો, જે તેના ઉદ્દેશથી કરેલું હોય, તે ભોજનને (આહાર–પાણી વગેરેને) પણ ન વાપરે અને સ્વજનાદિ નિધાન (થાપણ–લેણું–દેણું) વગેરેને પૂછે, તો પોતે જાણતો હોય તો કહે. (૨૭૬૪-૬૫)

**૧૧. શ્રમણભૂતપ્રતિમા**–અગીઆરમી પ્રતિમામાં આ પ્રતિમાધારી ક્ષુરપ્રથી કે લોચથી પણ મુંડેલા મસ્તકવાળો, રજોહરણાદિ ઉપકરણોનો (વેશનો) ધારક અને સાધુ જેવો (થઇને) દઢતાથી વિચરે. (૨૭૬૬) માત્ર સ્વજનોનો તેવો સ્નેહ કોઇ રીતે તૂટયો ન હોવાથી કોઈ (सन्नाय=) પરિચિત ગામ વગેરેમાં પોતાના સ્વજનોને જોવા (મળવા) તે જાય. (૨૭૬૭) ત્યાં પણ સાધુની જેમ એષણાસમિતિમાં ઉપયોગવાળો તે કૃત, કારિત અને અનુમોદન વિનાનો (નિર્દોષ) જ આહાર ગ્રહણ કરે. (૨૭૬૮) તેમાં પણ ગૃહસ્થને ત્યાં જવા પહેલાં તૈયાર થયેલું આહાર સંબંધી ભોજન, સૂપ વગેરે (તેને લેવું) કલ્પે, પાછળથી તૈયાર થયેલું હોય તો તેને ન કલ્પે. (૨૭૬૯) ભિક્ષા માટે (ગૃહસ્થના)

ઘરમાં પેઠેલા તેણે 'અહો ! મને પ્રતિમાધારી ગૃહસ્થને ભિક્ષા આપો.'–એમ બોલવું જોઈએ. (૨૭૭૦) એમ વિચરતાં તેને બીજો કોઈ પૂછે કે–'તું કોણ છે?' ત્યારે 'હું શ્રાવકની પ્રતિમાને સ્વીકારેલો શ્રાવક છું'–એમ જવાબ આપે. (૨૭૭૧) એમ (અગીઆરમીમાં) ઉત્કૃષ્ટથી અગીઆર માસ સુધી વિચરે, જઘન્યથી તો શેષ પ્રતિમાઓમાં (एगाहादितरेण=) એક દિવસ, બે દિવસ આદિ પણ પાળે. (૨૭૭૨)

આ પ્રતિમાઓ પૂર્ણ થાય ત્યારે ધીર કોઈ આત્મા પ્રવ્રજ્યાને પણ સ્વીકારે અને બીજો પુત્ર વગેરેના રાગથી ગૃહસ્થપણાને સ્વીકારે, (૨૭૭૩) અને ઘરે રહેવા છતાં તે પ્રાયઃ પાપવ્યાપારથી મુક્ત રહે, પોતાનું (ધનનું) સામર્થ્ય હોય તો સીદાતાં (જીર્ણ) જિનમંદિરો વગેરેને સમરાવે–સંભાળે, (૨૭૭૪) અને પોતાનું તેવું સામર્થ્ય (ધન) ન હોય તો સાધારણદ્રવ્યને ખર્ચીને પણ તેની ચિંતા (સંભાળ) કરે. માત્ર સાધારણદ્રવ્યને ખર્ચવાનાં દશ (વિષયોને=) સ્થાનોને તે આ પ્રમાણે જાણે. (૨૭૭૫)

**સાધારણદ્રવ્ય ખર્ચવાનાં દશ સ્થાનકો**–૧–જિનમંદિર, ૨–જિનબિંબ, ૩–જિનબિંબોની પૂજા, ૪–જિનવચનથી (પ્રતિબદ્ધ=) યુક્ત (જૈનાગમરૂપ) પ્રશસ્ત પુસ્તકો, ૫–મોક્ષસાધક ગુણોને સાધતા એવા સાધુઓ, ૬–એવાં સાધ્વીઓ, ૭–ઉત્તમ ધર્મરૂપી ગુણોને પામેલા સુશ્રાવકો, ૮–તેવી શ્રાવિકાઓ, ૯–પૌષધશાળાઓ (ઉપાશ્રયો) અને ૧૦–તેવા પ્રકારનું સમ્યગ્દર્શનનું (શાસનનું કે સંઘનું) કોઈ કાર્ય હોય તો તે, એ દશ સ્થાનકોમાં સાધારણદ્રવ્ય ખર્ચવાયોગ્ય છે. (૨૭૭૬ થી ૭૮) તેમાં–**૧. જિનમંદિર**–(જિનમંદિરમાં સાધારણદ્રવ્યને ખર્ચવાનો વિધિ એવો છે કે–) સૂત્રાનુસારે અનિયતવિહારના ક્રમથી નગર, ગામ વગેરેમાં અનુક્રમે માસકલ્પ–ચોમાસીકલ્પથી (નવકલ્પી વિહારથી) વિચરતા, દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવ વગેરેમાં રાગ(મમતા) રહિત, એવા સાધુઓ તથા વ્યાપાર કે તીર્થયાત્રા વગેરે માટે ગ્રામ, આકર, નગર વગેરેમાં પ્રયત્નપૂર્વક ફરતા, આગમરહસ્યોના જાણ તથા શ્રી જિનશાસન પ્રત્યે પરમ ભક્તિવાળા, એવા શ્રાવકો, પણ, રસ્તે આવતાં ગ્રામ વગેરેમાં જિનમંદિર વગેરે પોતાના પક્ષને (ધર્મસ્થાનોને) જાણવા ગામના દરવાજાની નજીકમાં (ભાગોળે) રહેલા કોઈને પૂછે, (૨૭૭૯ થી ૮૨) અને તેના કહેવાથી ત્યાં 'જિનમંદિર વગેરે છે'–એમ સમ્યગ્ જાણે, ત્યારે હર્ષના સમૂહથી રોમાંચિત શરીરવાળા તે વિધિપૂર્વક ત્યાં (ગ્રામાદિકમાં) જાય. (૨૭૮૩) પછી જો સ્થિરતા (ઉતાવળ ન)હોય, તો પ્રથમ જ ત્યાં ચૈત્યવંદન વગેરે યથોક્ત વિધિને કરીને જિનમંદિરમાં ભાંગેલું, તૂટેલું વગેરે જુએ, (૨૭૮૪) અને ઉત્સુકતા (ઉતાવળ) હોય તો સંક્ષેપથી પણ વંદન કરીને તેના સડેલા–પડેલા ભાગોને જુએ અને કોઈ રીતે તેવું (ભાંગ્યું–તૂટ્યું) હોય તો તેની ચિંતા પોતાનું સામર્થ્ય હોય તો શ્રાવકો જ કરે. મુનિઓ પણ નિશ્ચે તે સંબંધી ઉપદેશ કરીને યથાયોગ્ય ચિંતા કરે. (૨૭૮૫–૮૬) અથવા સ્વદેશમાં કે પરદેશમાં, સારાં ચારિત્રપાત્ર અન્ય લોકોથી ભરેલાં છતાં શ્રાવકો વિનાનાં હોય,

અથવા ત્યાં શ્રાવકો ( ધનથી ) અતિ દુર્બળ હોય પણ ( वत्थु= ) વસનારા અન્ય મનુષ્યો ( ઉદયી= ) પુણ્યોદયથી ચઢતી કળાવાળા હોય, તેવાં ગ્રામ, નગર, આકર વગેરે સ્થાનોમાં જે જિનમંદિરો જીર્ણ-શીર્ણ-સડેલાં-પડેલાં હોય, અથવા ભીંત વગેરેના સાંધા છૂટી ગયા હોય કે દરવાજાના ઢાંકણું, બારણાં, કમાડ ( વગેરે ) અતિ ક્ષીણ ( જીર્ણ ) થયાં હોય, તેને ઉપદેશક મુનિઓના કે અન્ય લોકોના મુખથી સાંભળીને, અથવા ( તેવું ) કંઈ પણ, કયાંય પણ જોઈને, શ્રી જૈનશાસનના ભક્તિરાગથી ( अट्ठिमिंज= ) સાતે ધાતુએ અનુરાગી શ્રાવક સ્વયં વિચારે કે-(૨૭૮૭ થી ૯૦) અહો ! હું માનું છું કે-કોઈ પુણ્યના ભંડાર એવા ગૃહસ્થે આવું સુંદર જિનમંદિર કરાવવાદ્વારા પોતાના યશવિસ્તારને એકઠો કરીને ( અહીં આ મંદિરરૂપે ) સ્થાપ્યો છે, (૨૭૯૧) કિન્તુ આ રીતે મજબૂત કરાવવાં છતાં ખેદજનક છે કે-કાળે તેમાં ( ખૂણું ) હાની ( જીર્ણતા-તોડ-ફોડ ) કરી અથવા તો સંસારમાં ઉત્પન્ન થતા સર્વ પદાર્થો નાશવંત છે જ. (૨૭૯૨) તેથી હવે હું આ તોડ-ફોડને ભાંગું ( અર્થાત્ સમરાવું ), તેમ કરવાથી આ ( મંદિર ) સંસારૂપી ખાઈમાં પડેલા મનુષ્યોના ( ઉદ્ધાર માટે ) હસ્તાવલંબન ( ટેકારૂપ ) બનશે. (૨૭૯૩) એમ વિચારીને જો તે સ્વયમેવ સમરાવવા સશક્ત હોય, તો પોતે જ ઉદ્ધાર કરે અને પોતે જો સશક્ત ન હોય, તો ઉપદેશમાં કુશળ તે બીજા પણ શ્રાવકોને તે હકીકત સમજાવીને તેને સુધારવાનો સ્વીકાર કરાવે. (૨૭૯૪-૯૫) છતાં જેમ પોતે, તેમ તેઓ પણ સમરાવવા જો અસમર્થ હોય અને જો બીજો પણ કોઇ પ્રસ્તુત તે કાર્ય કરવામાં સમર્ણ ન હોય, તો તેવા પ્રસંગે તે મંદિર સાધારણદ્રવ્યને ખર્ચવાનો વિષય બને. ( અર્થાત્ એવી પરિસ્થિતિમાં સાધારણદ્રવ્યથી તેને સુધરાવી શકાય. ) કારણ કે-બુદ્ધિમાન શ્રાવક નિશ્ચે સાધારણદ્રવ્યને પણ જેમ-તેમ ન ખર્ચે (૨૭૯૬-૯૭) અને સીદાતાં (જીર્ણ) મંદિરો વગેરે રહે ( ટકે ) પણ નહિ, માટે બીજા પાસેથી પણ દ્રવ્ય મળવાનો જો સંભવ ન હોય, તો વિવેકથી સાધારણ-દ્રવ્યને પણ ખર્ચે. તે આ પ્રમાણે-(૨૭૯૮) જીર્ણને નવું કરે, (શીર્ણ=) ચલિતને પુનઃ સ્થિર કરે, ખસી ગયેલાને પુનઃ ત્યાં ગોઠવે અને સડેલાને પણ પુનઃ સંધાવે, (૨૭૯૯) પડેલાને ઉભું કરે, લેપ વગેરે ન હોય તેને લેપ કરાવે, ચૂનો ઉતરી ગયો હોય તેને ફરી ધોળાવે અને ઢાંકણ ન હોય તેને ઢંકાવે. (૨૮૦૦) ઉપરાન્ત કળશ, આમલસારો, પાટડો, થાંભો વગેરે તેનાં સડેલાં-પડેલાં તે તે અંગોને તથા પડેલા, તૂટેલા કે છિદ્ર ( છિંડી ) પડેલા કિલ્લાને ( જગતીને ) તથા તેના અંગભૂત બીજું પણ જે કાંઈ અતિ અવ્યવસ્થિત જુએ, તે સઘળું સર્વ પ્રયત્નથી સમ્યક્ સમરાવે, (૨૮૦૧-૨) કારણ કે-સાધારણદ્રવ્યથી પણ ઉદ્ધરેલું તે જિનમંદિર દર્શન કરનારા ગુણરાગીઓને નિશ્ચે બોધિલાભ માટે થાય છે. (૨૮૦૩) જો કે જિનમંદિર કરવામાં નિશ્ચે પૃથ્વી ( કાય ) વગેરે જીવોનો વિનાશ થાય, તો પણ સમકિત દષ્ટિને નિયમા તે વિષયમાં હિંસાનો નહિ પણ અનુકંપાનો ( ભક્તિનો ) પરિણામ હોય છે. (૨૮૦૪) જેમ કે-મંદિરને કરાવવાથી અથવા સમરાવવાથી તેનું દર્શન કરનારા ભવ્યો ( બોધિને= )

પામીને, (विराम=) સર્વવિરતિ ચારિત્રને પામીને, પૃથ્વીકાયાદિ જીવોની રક્ષા કરે છે અને તેથી નિર્વાણને (મોક્ષને) પામેલા તે (आमत्तं=) સાદિ-અનંતકાળ સુધી સંસારી જીવોને બાધા કરતા નથી. (એમ અહિંસાની સિદ્ધિ થાય છે.) (૨૮૦૫) જેમ રોગીને સારી રીતે પ્રયોગ કરેલી શિરાવેધ (નસ કાપવી) વગેરે વૈદ્યક્રિયામાં પીડા થવા છતાં (પરિણામે) સુંદર (લાભ થાય છે), તેમ છકાયની વિરાધના થવા છતાં પરિણામે આનું પણ ફળ સુંદર મળે છે. (૨૮૦૬) એમ ૧-જિનમંદિરદ્ધાર કહ્યું.

**૨. જિનબિંબદ્ધાર**–હવે જિનબિંબદ્ધારને કહીએ છીએ. તેમાં કોઈ પુર-ગ્રામ વગેરેમાં સર્વ અંગોથી સંગત (અખંડ) જિનમંદિર છે, કિન્તુ તેમાં જિનબિંબ નથી. કારણ કે–પૂર્વે કોઈએ તેનું હરણ કર્યું હોય અથવા તોડી નાખ્યું હોય કે (विलुंगियं=) અંગોથી (विकल=) ખંડિત થયું હોય, તો પૂર્વે કહેલા વિધિ પ્રમાણે પોતાના (કે બીજાના પણ) સામર્થ્યના અભાવે સાધારણદ્રવ્ય પણ લઈને સુંદર જિનબિંબને કરાવે. (૨૮૦૭ થી ૯) ચંદ્ર જેવી સૌમ્ય (શાન્ત) આકૃતિવાળું એને નિરૂપમ રૂપવાળું જિનબિંબ કરાવીને ઉપર જણાવેલા જિનમંદિરમાં તેને ઉચિત વિધિથી પ્રતિષ્ઠિત કરે (૨૮૧૦) તેને જોઈને (હર્ષથી) વિકસિત રોમરાજીવાળા કેટલાક ગુણાનુરાગીઓ બોધિને પામે અને (કેટલાક) બીજા તે ભવમાં જ જિનદીક્ષાને પણ સ્વીકારે. (૨૮૧૧) પણ જો તે ગ્રામ નગર, આકર વગેરે અનાર્ય (પાપી)લોકોથી યુક્ત હોય, ત્યાં વસનારા પુરુષોની દશા પડતી હોય, કે તે (ગ્રામ વગેરે) દેશના છેડે રહેલું શ્રાવકલોકોથી રહિત હોય, ત્યાં જિનભવન જર્જરિત (જીર્ણ) થયું હોય, છતાં તેમાં જિનબિંબ સર્વાંગસુંદર (અખંડ) અને દર્શનીય હોય તો ત્યાં અનાર્ય (મિથ્યાત્વી-પાપી) લોકોથી કરાતી આશાતના વગેરે દોષના ભયથી તે તથાસ્થિત (જીર્ણ) જિનભુવનમાંથી પણ જિનબિંબને ઉત્થાપન કરીને અન્ય ઉચિત નગર વગેરેમાં (**સંચારેજ્જા=**) ખસેડે, પ્રતિષ્ઠિત કરે અને એ રીતે ફેરફાર કરવાની સામગ્રીનો જો બીજાની પાસેથી પણ મળવાનો અભાવ હોય, તો સાધારણદ્રવ્યથી પણ યથાયોગ્ય તે સામગ્રીને કરે. એમ કરવાથી 'બોધિબીજ' વગેરે કયા કયા લાભો ન થાય? (અર્થાત્ ઘણા લાભો થાય.) (૨૮૧૨ થી ૧૬)

**૩. જિનપૂજાદ્ધાર**–એમ જિનબિંબદ્ધાર કહ્યું. હવે જિનપૂજાદ્ધારને કહીએ છીએ. તેમાં 'સદાચારી મનુષ્યોથી ભરેલું' વગેરે ગુણવાળા ક્ષેત્રોમાં જિનમંદિર નિર્દોષ (સુંદર) હોય અને જિનબિંબ પણ નિષ્કલંક શ્રેષ્ઠ હોય, કિન્તુ ત્યાં પાત્રિકા (રકાબી-વાટકી) જેટલી પણ પૂજાની કોઈ સામગ્રી કયાંયથી પણ ન (મળતી) હોય, એવું સ્વયં જોઈને અથવા પૂર્વે કહ્યા પ્રમાણે સાંભળીને, તે નગર-ગ્રામ વગેરેના સર્વે પણ (**मयहरगे=**) મુખીઆઓને ભેગા કરીને સાધુ અથવા શ્રાવક પણ, અતિ ચતુર (યુક્તિસંગત-મધુર) વચનોથી તેઓને સમજાવે કે–અહીં બીજા કોઈ નહિ, તમે જ એક પરમ ધન્ય છો, કે જેના ગ્રામ કે નગરમાં અવાં વિચિત્ર (સુંદર) રચનાવાળાં, પ્રશંસનીય, મનોહર, (મંદિર-મૂર્તિઓનાં)

દર્શન થાય છે, વળી તમારે સર્વે પણ દેવો સમ્યગ્ પૂજ્ય છે, સર્વે પણ સમ્યક્ વંદનીય છે અને સર્વે પણ અર્ચનીય છે, તો અહીં હાલ પૂજા કેમ (થતી) નથી ? તમારે દેવોની પૂજાનો અંતરાય કરવો યોગ્ય નથી, એ વગેરે વચનોથી તેઓને સારી રીતે (સમજાવે) આગ્રહ કરે, છતાં તેઓ જો ન માને અને બીજાથી (પણ) પૂજાનો સંભવ ન હોય, તો સાધારણ-દ્રવ્યને પણ આપીને ત્યાં વસતા માળી વગેરે (અન્ય) લોકોના હાથે પણ પૂજા-ધૂપ-દીપ અને શંખશબ્દ કરાવે (વગડાવે). **(૨૮૧૭ થી ૨૫)** એમ કરવાથી પોતાના સ્થાનના અનુરાગી (ત્યાં વસનારા) ભવ્ય પ્રાણીઓને નિશ્ચે ઘર આંગણે જ કલ્પવૃક્ષ વાવવા જેવો (હર્ષ) થાય. **(૨૮૨૬)** અને પરમગુરુ એવા શ્રી જિનેશ્વરોની પ્રતિમાઓમાં પૂજાનો અતિશય જોઇને પ્રગટેલા બહુમાનથી જીવો બોધિબીજને બાંધે (પામે). **(૨૮૨૭)**

**૪. આગમપુસ્તકદ્વાર**-એમ પૂજાદ્વારને સંક્ષેપથી સમ્યક્ કહ્યું. હવે ગુરુના ઉપદેશથી પુસ્તકદ્વારને પણ કહું છું. તેમાં અંગ-ઉપાંગ સંબંધી અથવા ચાર અનુયોગને ઉપયોગી, યોનિપ્રાભૃત, જ્યોતિષ, નિમિત્તશાસ્ત્ર વગેરેના રહસ્યાર્થવાળું, અથવા બીજું પણ જે શાસ્ત્ર શ્રી જિનશાસનની મહા ઉન્નતિ કરનાર અને મહા (ગૂઢ) અર્થવાળું હોય, તેને નાશ પામતું (સ્વયં) જુએ કે બીજાના મુખે સાંભળે, પણ તેને લખાવવા પોતે અસમર્થ હોય, બીજો પણ તેને લખાવનાર કોઈ ન હોય, તો (જ્ઞાનની) વૃદ્ધિ માટે તેને સાધારણ-દ્રવ્યથી પણ લખાવે. **(૨૮૨૮ થી ૩૧)** ત્રણ કે ચાર લાઇનિથી (તાડપત્ર ઉપર) અથવા બહુ લાઇનિથી (કાગળ ઉપર) વિધિપૂર્વક લખાવીને તે પુસ્તકોને જ્યાં સારો બુદ્ધિમાન સંઘ હોય તેવાં સ્થાનોમાં રાખે; **(૨૮૩૨)** અને જેઓ ભણવામાં તથા યાદ રાખવામાં સમર્થ, પ્રભાવશાળી, ભાષામાં કુશળ, પ્રતિભા વગેરે ગુણોવાળા હોય એવા મુનિવરોને વિધિપૂર્વક અર્પણ કરે, અને આહાર વસતિ, વસ્ત્ર વગેરેનું દાન કરીને શાસનપ્રભાવના નિમિત્તે તેની વાચનાવિધિ કરે, (અર્થાત્ વંચાવે-સંભળાવે). **(૨૮૩૩-૩૪)** એમ (આગમનો ઉદ્ધાર) કરનારે (તત્ત્વથી) અન્ય મિથ્યાદર્શનવાળાઓથી શાસનને થતા (**ધર્ષણ=**) પરાભવને અટકાવ્યો, નૂતન ધર્મ પામેલાને (ધર્મમાં) સ્થિરતા કરાવી, ચારિત્રગુણની વિશુદ્ધિ કરી, **(૨૮૩૫)** શ્રી જૈનશાસનનો અવિચ્છેદ કર્યો (રક્ષા કરી), ભવ્ય પ્રાણીઓની અનુકંપા (ભક્તિ) કરી અને જીવોને અભય(દાન) કર્યું. (અર્થાત્ શાસ્ત્રોથી જે જે ઉપકારો થાય, તે બધા તેણે કર્યા ગણાય.) માટે આ કાર્યમાં શક્તિ અનુસાર પ્રવૃત્તિ કરવી જોઇએ. **(૨૮૩૬)**

**૫-૬. સાધુ-સાધ્વીદ્વાર**-એમ પુસ્તકદ્વાર કહીને સાધુ(સાધ્વી)દ્વારને કહીએ છીએ. તેમાં મુનિપુંગવોને સંયમ માટે વસ્ત્ર, આસન, પાત્ર, ઔષધ, ભેષજ વગેરે સઘળું પણ ઉત્સર્ગમાર્ગે સચિત્તનું અચિત્ત કરવું. ખરીદવું કે પકાવવું, એ ત્રણ ક્રિયા (સાધુ માટે) કરી, કરાવી કે અનુમોદન ન કર્યું હોય તેવું નવ કોટિ વિશુદ્ધ આપવું. **(૨૮૩૭-૩૮)** કારણ કે-જો સંયમની પુષ્ટિ માટે જ સાધુને દાન કરવાનું છે, તો એ રીતે તેઓને માટે પૃથ્વીકાયાદિની હિંસા કરવી તે કેમ યોગ્ય ગણાય ? **(૨૮૩૯)** (યતિદિનચર્યામાં કહ્યું છે

કે–) સંયમનિર્વાહમાં બાધા ન થતી હોય, છતાં અશુદ્ધ (દોષિત) વસ્તુનું દાન રોગી અને વૈદ્યની જેમ લેનાર–દેનાર ઉભયનું અહિત કરે છે અને તે જ વસ્તુ સંયમનિર્વાહ ન થતો હોય ત્યારે લેનાર–દેનાર બંનેનું હિત કરે છે. (૨૮૪૦) પરન્તુ જ્યારે ઉપાધિ(વસ્ત્રાદિ)ને ચોરો ચોરી ગયા હોય, અતિ ગાઢ બિમારી કે દુષ્કાળ હોય ઇત્યાદિ, કે બીજા પણ અપવાદ પ્રસંગે સર્વ પ્રયત્નો કરવા છતાં જો (यथाकृत=) નિર્દોષ વસ્ત્ર, આસન વગેરેની અને ઔષધ, ભેષજ વગેરેની પ્રાપ્તિ ન થતી હોય, તો પોતાની કે બીજાની ધનની શક્તિથી (क्रीतकृतादि=) સાધુ માટે ખરીદેલું અથવા કરેલું વગેરે દોષિત પણ આપે, અને બીજાથી પણ તે શક્તિસંભવ ન હોય, તો એવા (अंतरंमि=) પ્રસંગે તે સાધારણદ્રવ્યથી (પણ) સમ્યગ્ આપે. અને (દોષિતને) તજવાની ઇચ્છાવાળા સાધુ પણ તેને અવજ્ઞાથી (અનાદરથી) સ્વીકારે. (૨૮૪૧ થી ૪૪) કારણ કે–મુનિઓને સંયમનિર્વાહ શક્ય હોય ત્યારે ઉત્સર્ગથી જે દ્રવ્યોને લેવાનો નિષેધ છે, તે સર્વ દ્રવ્યો પણ (કોઈ આગાઢ) કારણે (અપવાદે) લેવાં કલ્પે છે. (૨૮૪૫).

**અહીં શિષ્ય પ્રશ્ન કરે છે કે**–'જેને (पञ्जे=प्रगे) પૂર્વે નિષેધ્યું, તે જ પુનઃ તેને કલ્પે'–એમ કહેવાથી તો અનવસ્થા થાય અને (એથી) ન તીર્થ રહે કે ન તો સત્ય રહે. (૨૮૪૬) એ દર્શન (શાસ્ત્ર) તો નિશ્ચે ઉન્મત્ત (ઉન્માદીના) વચન જેવું (મનાય), અકલ્પ્ય તે કલ્પ્ય (न चिय=) ન જ થાય, છતાં જો એ રીતે તમારી સિદ્ધિ (થતી) હોય, તો એવી સિદ્ધિ કોને ન થાય? (૨૮૪૭)

**આચાર્ય કહે છે કે**–શ્રી જિનેશ્વરોએ (અબ્રહ્મ સિવાય એકાન્ત) કોઈ આજ્ઞા કરી નથી અને (એકાન્ત) કોઈ નિષેધ કર્યો નથી. તેઓની આજ્ઞા આ છે કે–પ્રત્યેક કાર્યમાં સાચા થવું (માયા કરવી નહિ), (૨૮૪૮) વળી રોગીને ઔષધની જેમ જેનાથી દોષોને (રોગને) રોકી શકાય અને જેનાથી પૂર્વકર્મોનો (રોગોનો) ક્ષય થાય, તે તે મોક્ષનો (આરોગ્યનો) ઉપાય જાણવો. (૨૮૪૯) ઉત્સર્ગ સરલ (રાજ) માર્ગ છે અને અપવાદ તેનો જ પ્રતિપક્ષી છે. ઉત્સર્ગથી જે (विनिवृत्तं=) સિદ્ધ ન થાય. તેને અપવાદ ટેકો આપીને ટકાવે. (અર્થાત્ જે ઉત્સર્ગનો વિષય ન હોય, તેને અપવાદ ટેકાથી સિદ્ધ કરે છે. (૨૮૫૦) (કારણવશ) માર્ગનો જાણ છતાં ઉજાડ માર્ગે દોડનાર શું પગથી ચાલતો નથી? અથવા તીક્ષ્ણ (કઠોર) ક્રિયાને સહન નહિ કરનારો મૃદુને કરે, તે શું ક્રિયાને કરતો નથી? (૨૮૫૧) જેમ ઊંચાની અપેક્ષાએ નીચાની અને નીચાની અપેક્ષાએ ઊંચાની પ્રસિદ્ધિ છે, તેમ એક–બીજાથી પ્રસિદ્ધિ પામેલા ઉત્સર્ગ અને અપવાદ બંને પણ તુલ્ય છે. (૨૮૫૨) (કહ્યું છે કે–) જેટલા ઉત્સર્ગો તેટલા જ અપવાદો છે અને જેટલા અપવાદો તેટલા જ ઉત્સર્ગો છે. (૨૮૫૩) એ (ઉત્સર્ગ–અપવાદ) બંને સ્વસ્વ સ્થાને બળવાન અને હિતકર બને છે અને સ્વસ્થાન–પરસ્થાનનો તે વિભાગ, તે તે વસ્તુથી (તે તે દ્રવ્ય–ક્ષેત્ર–કાળ–ભાવ–પુરુષાદિની અપેક્ષાએ) (निष्पन्न=) (નિર્ણિત) થાય છે. (૨૮૫૪) ઉત્સર્ગથી નિર્વાહ

કરી શકે તેવાને ઉત્સર્ગ (રૂપે) કરેલાં વિધાનો તે સ્વસ્થાન અને અસહુને (નિર્બળને)તે ઉત્સર્ગ વિધાનો પરસ્થાન કહેવાય. એમ સ્વસ્થાન અથવા પરસ્થાન કોઈ પણ (દ્રવ્યાદિ) વસ્તુ (કારણ) વિના (નિરપેક્ષ) ન હોય. (૨૮૫૫) અપવાદ પણ (ગમે તેને નહિ), કિન્તુ સ્થિરવાસ રહેલા અને તે પણ નિશ્ચે ગીતાર્થને પુષ્ટ (ગાઢ) કારણે જાણવો, એમ અતિ કહેવાથી સર્યું. હવે પ્રસ્તુત વિષયને કહું છું. (૨૮૫૬) શુદ્ધ વસ્ત્રાદિની પ્રાપ્તિ થાય, ત્યારે પૂર્વે ગાઢ કારણે અશુદ્ધ લીધાં હોય તેનો વિધિપૂર્વક ત્યાગ કરે (પરઠવે). સાજા થયા પછી બિમારી (વગેરે) કારણે પણ જે જે અન્ન (ઔષધ) વગેરે અશુદ્ધ વાપર્યું હોય, તેની પણ આલોચના આપે. (૨૮૫૭) એમ જે રીતે સાધુનું દ્વાર કહ્યું, તે રીતે સાધ્વીદ્વાર પણ જાણવું. માત્ર સ્ત્રીપણાથી તેઓને અપાયો ઘણા હોય. (૨૮૫૮) આર્યાઓ પરિપક્વ, સ્વાદિષ્ટ ફળોથી ભરેલી બોરડી સરખી છે, તેથી તે ગુપ્તિરૂપી વાડોથી વિંટાયેલી (નવ વાડને પાળતી) પણ સ્વભાવે જ સર્વભોગ્ય હોય છે. (૨૮૫૯) તેથી ગાઢ પ્રયત્ન દ્વારા નિત્ય સર્વ રીતે રક્ષણ કરવાયોગ્ય તેઓને જો કોઈ શત્રુથી કે દુરાચારી લોકોથી અનર્થ થાય. ત્યારે પોતાનું સામર્થ્ય ન હોય તો સાધારણદ્રવ્યનો ખર્ચ કરીને પણ સંયમમાં વિઘ્ન કરનારાં નિમિત્તોનો સમ્યગ્ નાશ કરવો જોઈએ. (૨૮૬૦–૬૧)

**૭–૮ શ્રાવક–શ્રાવિકાદ્વાર**–એમ (સાધુ)–સાધ્વીદ્વાર કહ્યું. હવે શ્રાવક(શ્રાવિકા)-દ્વાર કહું છું. તેમાં (શ્રાવક) જો ધર્મમાં અનુરાગી ચિત્તવાળો હોય. ધર્મ–અનુષ્ઠાનોમાં તલ્લીન હોય અને પ્રધાન ગુણવાળો છતાં જો કોઈ રીતે આજીવિકામાં દુર્બળ હોય, તો તેનામાં વેપારકળા (આવડત) હોય તથા જો તે ધનનો નાશક (ઉડાઉ) ન હોય, તો કોઈ પણ વ્યવસ્થા (લેખ, સાક્ષી કે થાપણ વગેરે) કરીને સાધારણદ્રવ્યથી પણ વેપાર માટે તેને મૂળરાશિ (મૂડી) આપે. (૨૮૬૨ થી ૬૪) અને તે (વેપારની) કળારહિત હોય, તો પણ તેને (જરુર કરતાં) અડધું કે ચોથો ભાગ વગેરે (આજીવિકા) આપે. અથવા જો તે વ્યસનથી હણાયેલો (વ્યસની), કલહખોર કે ચાડીખોર ન હોય, હાથ–કચ્છ વગેરેમાં શુદ્ધ (ચોર કે લંપટ વગેરે) ન હોય, (प्रपन्न=) સ્વીકારેલું પાળનારો, દાક્ષિણ્ય ગુણવાળો અને વિનયરૂપી ધનવાળો (વિનીત) હોય, તો તેને જ નોકરના કે બીજા કોઈ સ્થાને રાખવો. (૨૮૬૫–૬૬) સમાનધર્મી (સાધર્મિક) પણ નિશ્ચે વિપરીત (તે ગુણોથી રહિત) હોય. તેને રાખવાથી નિયમા લોકમાં પોતાની અને શાસનની પણ નિંદા થવાનો સંભવ છે. (૨૮૬૭) શ્રાવકદ્વારની જેમ શ્રાવિકાદ્વાર પણ એ પ્રમાણે જાણવું. માત્ર આર્યાઓની જેમ તેઓની પણ ચિંતા વિશેષતયા કરવી જોઈએ. (૨૮૬૮) એ પ્રમાણે કરતા ધીર તે શ્રાવકે શ્રી જિનશાસનના અવિચ્છેદ (રક્ષણ) નિમિત્તે પરમ પ્રયત્ન કર્યો ગણાય. (૨૮૬૯) અથવા એમ કરવાથી તેણે સમ્યક્ત્વાદિ ગુણોનું પક્ષપાતીપણું કર્યું ગણાય અને તેના દ્વારા જ સર્વજ્ઞશાસન પણ પ્રભાવિત થયું ગણાય. (૨૮૭૦) (આ દ્વારમાં પ્રસંગાનુસાર સાધર્મિક પ્રત્યે કેમ વર્તવું તે કહે છે.)

**સાધર્મિક પ્રત્યેનું વર્તન**–સ્વજન–પરજનના વિચાર વિના, સમાન જાતિવાળા કે ઉપકારી (અનુપકારી) વગેરે અપેક્ષા વિના જ 'સાથે ધર્મ કરનારા (હોવાથી) આ મારા (ધર્મ) બંધુઓ છે'–એમ નિત્ય વિચારતો શ્રાવક (ધર્મના કે લગ્નાદિ) પ્રસંગોમાં સાધર્મિકોનું સંસ્મરણ કરે (નિમંત્રે), તેઓને જોતાં જ સંભાષણ (કુશળ વાર્તાદિ પૃચ્છા) કરે અને સોપારી વગેરે ફળોથી પૂજન કરે. રોગાદિમાં સેવા (ઔષધાદિથી પ્રતિકાર) કરે, માર્ગે ચાલવાથી થાકેલાની (અંગમર્દન વગેરે) વિશ્રામણા કરે, તેઓના સુખથી પોતાને સુખી (માને), તેઓના ગુણોની પ્રશંસા કરે, અપરાધોને (દોષોને) છૂપાવે, વેપારમાં સીદાતાને અવશ્ય બહુગુણો લાભ થાય તેવા વેપારમાં જોડે (ધન કમાવરાવે), ધર્મકાર્યોનું સ્મરણ કરાવે, દોષોને સેવતાં રોકે, અતિ મધુર વચનોથી (સત્કાર્યોની) પ્રેરણા કરે અને (ન માને તો) તેવાં કઠોર પણ વચનોથી વારંવાર નિશ્ચે પ્રેરણા કરે, **(૨૮૭૧ થી ૭૫)** પોતાનું સામર્થ્ય હોય તો આજીવિકાની મુશ્કેલીવાળાને ટેકો (સહાય) કરે, અત્યંત સંકટરૂપ ખાડામાં સપડાયેલાઓનો પ્રતિકાર (ઉદ્ધાર) કરે, સઘળાં ધર્મકાર્યોમાં ઉદ્યમ કરનારાઓને સતત સહાય કરે અને દર્શન જ્ઞાન–ચારિત્રમાં રહેલાઓને સમ્યક્ સ્થિર કરે. એમ ઘણા પ્રકારે સાધર્મિક વાત્સલ્ય કરતો શ્રાવક નિયમા આ જગતમાં શાસનની સમ્યગ્ વૃદ્ધિને (પ્રભાવનાને) કરે છે. **(૨૮૭૬ થી ૭૮)** એ રીતે (શ્રાવકદ્વાર સાથે) પ્રસંગપ્રાપ્ત શ્રાવિકાદ્વારને અર્થયુક્ત કહીને હવે પૌષધશાળાદ્વારને કહું છું. **(૨૮૭૯)**

૯. **પૌષધશાળાદ્વાર**–(રાજા વગેરે) ઉત્તમ માલિકના તાબાનાં તથા ઉત્તમ (સદાચારી) મનુષ્યોથી સમૃદ્ધ એવાં ગ્રામ, નગર, આકર વગેરેમાં પૌષધશાળા જો સડી–પડી હોય અને ત્યાં ભવભીરુ, મહા સત્ત્વવાળા, નિત્ય ષડ્વિધ આવશ્યકાદિ સદ્ધર્મક્રિયાના રાગી, એવા શ્રાવકો વસતા હોય. **(૨૮૮૦–૮૧)** છતાં તથાવિધ લાભાંતરાય કર્મોદયના દોષથી ઉદ્યમી છતાં જીવનનિર્વાહ (कट्ठकप्पणा=) કષ્ટ કાર્યો કરીને (મુશીબતે) કરતા તેઓ જેમ દીવામાં પડેલા (विगलित=) બળેલી પાંખોવાળાં પતંગિયાં પોતાને ઉદ્ધરવા શક્તિમાન ન બને, તેમ પૌષધશાળાના ઉદ્ધારની ઇચ્છાવાળા પણ તેને ઉદ્ધરવા શક્તિમાન ન જ હોય, **(૨૮૮૨–૮૩)** તો પોતે સમર્થ હોય તો સ્વયં, અન્યથા ઉપદેશ કરીને બીજા દ્વારા અને એ બેના અભાવે સાધારણદ્રવ્યથી પણ તે પૌષધશાળાનો ઉદ્ધાર કરાવે. **(૨૮૮૪)** એમ વિધિથી પૌષધશાળાનો ઉદ્ધાર કરાવનાર તે ધન્યપુરુષ નિયમા બીજાઓને સત્પ્રવૃત્તિનું કારણ બને. **(૨૮૮૫)** (કારણ કે–) તેમાં ડાંસ, મચ્છર વગેરેને પણ નહિ ગણકારતા, પૌષધ–સામાયિકમાં રહેલા, સંવેગથી વાસિત બુદ્ધિવાળા (સંવેગી), એવા ધ્યાન–અધ્યયન કરતા શ્રાવકોને જોઈને કેટલાક બોધિબીજને બાંધે (પામે) અને બીજા લઘુકર્મીઓ એટલાથી જ સમ્યક્ બોધને (પણ) પામે. **(૨૮૮૬–૮૭)** તેથી તેણે તીર્થની પ્રભાવના કરી ગુણરાગીઓની (ગુણપ્રાપ્તિ માટે) પ્રવૃત્તિ કરાવી, તીર્થનો અવિચ્છેદ (રક્ષા) અને લોકમાં અભયદાનની ઘોષણા કરાવી. **(૨૮૮૮)** (કારણ કે–) એનાથી જેઓ પ્રતિબોધ પામે, તેઓ

નિયમા મોક્ષના અધિકારી બને, તેથી તેઓથી થનારી હિંસાથી અન્ય જીવો બચી જાય. (૨૮૮૯) જો કે ઉપાસકદશાપ્રમુખ શાસ્ત્રોમાં પુરુષસિંહ આનંદ શ્રાવક વગેરે પ્રત્યેકને પોતપોતાના ઘરમાં પૌષધશાળાઓ કહી છે, તો પણ ઘણાઓની સાધારણ (એક) પૌષધશાળા કહેવામાં દોષ સંભવતો નથી. (૨૮૯૦-૯૧) કારણ કે-ઘણાઓના મળવાથી પરસ્પર આચરેલા (વિનયાદિ) સદ્ગુણો સવિશેષ ભાવિત થાય છે તે અનુભવસિદ્ધ છે. જેમ કે-(૨૮૯૨) પરસ્પર વિનય કરવો, પરસ્પર સારણા-વારણાદિ કરવું, ધર્મકથા, વાચના, પૃચ્છનાદિ સ્વાધ્યાય કરવો, (૨૮૯૩) સ્વાધ્યાયથી થાકેલાઓની વિશ્રામણાદિ કરવું અને ધર્મબંધુ એવા તેઓને પરસ્પર સુખ-દુઃખ વગેરે પૂછવું. (૨૮૯૪) તૂટેલાં (ભૂલાયેલાં) સૂત્ર-અર્થ અને તદુભયને પરસ્પર સાંધવાં (પૂછીને મેળવવા), પોતે જોએલી કે સાંભળેલી સમાચારીને પરસ્પર સમજાવવી. (૨૮૯૫) પરસ્પર સાંભળેલા અર્થોને વિભાગપૂર્વક તે તે વિષયમાં સમ્યક્ સ્થાપવા (નિર્ણિત કરવા) અને શાસ્ત્રોક્ત યોગવિધિનું પરસ્પર નિરૂપણ કરવું. (૨૮૯૬) એક પૌષધશાળામાં મળવાથી કોઈ હમેશાં કરી શકતા હોય, કોઇ ન કરી શકતા હોય, તેવી ધર્મની વાતોની પરસ્પર પૃચ્છા થાય, જે કરી શકતા હોય તેઓની ઉપબૃંહણા કરી શકાય અને જેઓને કરવી દુષ્કર હોય તેઓનો તે વિષયમાં શાસ્ત્રવિધિ પ્રમાણે ઉત્સાહ વધારી શકાય, એમ પરસ્પર પ્રેર્ય-પ્રેરકભાવથી ગુણોનો શ્રેષ્ઠ ઉદ્ભવ (વિકાસ) થાય. (૨૮૯૭-૯૮) એથી જ વ્યવહારસૂત્રમાં રાજપુત્રાદિને પણ એક પૌષધશાળામાં ધર્મના પ્રસંગો કરવાનું જણાવ્યું છે. (૨૮૯૯) એમ ઘણા પણ ઉત્તમ શ્રાવકોને સદ્ધર્મ કરવા માટે નિશ્ચે (સર્વ સાધારણ) એક પૌષધશાળા (કરવી) યોગ્ય છે. હવે અધિક કહેવાથી સર્યું. (૨૯૦૦) ગુરુના ઉપદેશથી આ પૌષધશાળાદ્વાર કહ્યું. હવે દર્શનકાર્યદ્વારને કંઈક માત્ર જણાવું છું. (૨૯૦૧)

**૧૦. દર્શનકાર્યદ્વાર**-અહીં ચૈત્ય, સંઘ વગેરેનું અણધાર્યું તેવું કોઇ વિશિષ્ટ કાર્ય કોઇ પ્રસંગે આવી પડે, તે દર્શનકાર્ય સમજવું. (૨૯૦૨) તે અહીં અપ્રશસ્ત અને પ્રશસ્ત ભેદથી બે પ્રકારનું જાણવું. તેમાં જે ધર્મવિરોધી વગેરે દ્વારા થતો જિનભવનનો કે પ્રતિમાનો ભંગ, વગેરેને લગતાં તે તે કાર્યો (પૈકી કોઈ કાર્ય), અથવા ધર્મદ્વેષીએ સંઘને કરેલા ઉપદ્રવ કે ક્ષોભરૂપ કાર્ય, તે અપ્રશસ્ત જાણવું. (૨૯૦૩-૪) અને દેવ (દ્રવ્ય) સંબંધી આવક વગેરે કરાવવી, વગેરે તે સંબંધી પ્રશસ્ત જાણવું. આ બંને પ્રકારોમાં પણ પ્રાયઃ રાજા વગેરેનું દર્શન (મિલન) સંભવિત છે. (૨૯૦૫) તે રાજાદિને મળવાનું કાર્ય (उवयार=) ભેટ વગેરે કર્યા વિના ન થાય, તેથી જ્યારે બીજા તરફથી તેવું ધન મળે તેમ ન હોય, તો ઉચિતનો જાણ શ્રાવક સાધારણદ્રવ્યથી પણ તેને (**चिंतिज्ज=**) વિચારે (કરે). (૨૯૦૬) એમ કરવાથી આ લોકમાં કીર્તિ અને પરલોકમાં સદ્ગતિની પ્રાપ્તિ (વગેરે) ઉભયલોકમાં થતા કયા કયા ગુણો (લાભો) તેને ન થાય ? (૨૯૦૭) આ કાર્યમાં યથાયોગ્ય પ્રયત્ન કરતા તેણે ૧-ચૈત્ય, ૨-કુળ,

૩-ગણ, ૪-૫-૬-૭-સંઘ, ૮-આચાર્યો ૯-પ્રવચન અને ૧૦-શ્રુત, એ સર્વનું પણ (કરણીય) કર્યું', (૨૯૦૮) કારણ કે-સાધારણદ્રવ્યનો ખર્ચ જિનભવનાદિ આ દશમાં જ કરવાનો કહ્યો છે. તેથી ધન્ય આત્માઓને જ નિશ્ચે આ વિષયમાં બુદ્ધિ પ્રગટે છે. (૨૯૦૯) અહીં કોઈને એવી કલ્પના થાય કે-આ દશ સ્થાનો જિનકથિત સૂત્રમાં કયાંય કહ્યાં નથી અને (જિન સિવાય) બીજાનું કહેવું પ્રમાણભૂત નથી. (૨૯૧૦) તો તેને આ પ્રમાણે સમજાવવો કે-નિશ્ચે આ દશને સમુદિત (એકત્ર) કયાંય કહ્યાં નથી, પણ ભિન્ન ભિન્ન રીતે સૂત્રમાં ઘણા સ્થાને કહ્યાં જ છે. (૨૯૧૧) વળી સૂત્રમાં ચૈત્યદ્રવ્ય, સાધારણદ્રવ્ય ઇત્યાદિ વચનોથી સાધારણદ્રવ્યને સ્પષ્ટ (જુદું) જણાવેલું જ છે. (૨૯૧૨) તો અર્થાપત્તિએ તેને ખર્ચવાનું સ્થાન પણ નિશ્ચે કહ્યું જ છે. (એમ) કુશળ અનુબંધનું એક કારણ હોવાથી, ભવ્ય જીવોના હિત માટે, આગમના વિરોધ વિના (આગમના અનુસારે) અમે અહીં તે સ્થાનને જ જિનમંદિરાદિ રૂપે દશ પ્રકારે વિષયના વિભાગદ્વારા સ્પષ્ટ જણાવ્યું છે. (૨૯૧૩-૧૪) આ જિનમંદિરાદિ સ્થાનોમાં એક એક સ્થાનની પણ કરેલી સેવા પુણ્યનું નિમિત્ત થાય છે, તો તે સમગ્રની સેવાનું તો કહેવું જ શું? (૨૯૧૫) આ સાધારણદ્રવ્ય (મેળવવા) માટે પ્રારંભ કરતાં આત્માને તે જ દિવસથી જિનમંદિરાદિ સર્વની સેવા (ચાલુ) થાય છે. (૨૯૧૬) કારણ કે-તેનો અનુબંધપૂર્વકનો ચિત્તનો રાગ, પ્રારંભથી જ એકીસાથે તેના વિષયભૂત સર્વ દ્રવ્યો, ક્ષેત્રો વગેરેમાં (प्रधावति=) પહોંચી જાય છે. (૨૯૧૭) માટે સર્વ રીતે વિચારીને સ્વવૈભવને અનુસારે કંઈક (પણ) પોતાના ધનથી જેઓ સાધારણદ્રવ્યને એકઠું કરવા પ્રારંભ કરે છે, (૨૯૧૮) જેઓ અન્યાયાદિ કર્યા વિના વિધિપૂર્વક પ્રતિદિન એની વૃદ્ધિ કરે છે, અચલિત ચિત્તવાળા જે મહા સત્ત્વશાળીઓ (તેમાં મોહ કર્યા વિના) તેનું રક્ષણ કરે છે, (૨૯૧૯) અને જેઓ પૂર્વે કહેલા ક્રમથી નિશ્ચે તેને તે તે સ્થાને જરૂર પ્રમાણે ખર્ચે છે, તે ધીરપુરુષો તીર્થંકરગોત્રકર્મને (પુણ્યને) બાંધે છે (૨૯૨૦) અને પ્રતિદિન તે વિષયમાં વધતા (मानस=) અધ્યવસાયથી અધિકાધિક પ્રસન્નતાવાળા તે પુરુષો નિશ્ચે નારકી અને તિર્યંચ-એ બે ગતિઓને રોકી દે છે. (ત્યાં ઉપજતા નથી.) (૨૯૨૧) વળી તેઓ કદાપિ અપયશનામકર્મ અને નીચ ગોત્રનો બંધ કરનારા થતા નથી, કિન્તુ સવિશેષ નિર્મળ એવા સમ્યક્ત્વરત્નના ધારક બને છે. (૨૯૨૨) સ્ત્રી અથવા પુરુષ જે પ્રારંભ થયા પછી પણ પોતાના (रित्थं=) ધનને (સાધારણમાં) આપે છે, તે (अवियप्पं=) નિયમા (ઉત્તરોત્તર) પરમ કલ્યાણની પરંપરાને પામે છે. (૨૯૨૩) આ ભવમાં પણ પોતાના યશસમૂહથી ત્રણેય ભુવનને ભરી દેતો પુણ્યાનુબંધી સંપત્તિનો સ્વામી, પવિત્ર ભોગસામગ્રીવાળો (ભોગી) અને ઉત્તમ પરિવારવાળો બને છે (૨૯૨૪) અને પરભવમાં ઉત્તમ દેવ, પછી મનુષ્યભવમાં ઉત્તમ કુલિન પુત્ર થઈને ચારિત્રરૂપી સંપત્તિનો અધિકારી તે અંતે સિદ્ધ પણ થાય છે. (૨૯૨૫) વધારે કહેવાથી શું? જો તે ભવમાં તેનો મોક્ષ ન થાય, તો ત્રીજાથી સાતમા ભવ સુધીમાં નિશ્ચે થાય, પણ આઠમા ભવને ઓળંગે નહિ. (૨૯૨૬) વળી જેઓ કોઈથી વ્યુદ્ગ્રાહિત થએલા,

સાધારણદ્રવ્યમાં મૂઢ મનવાળા, વ્યામોહથી પોતાના પક્ષપાતને વશ ( માત્ર ) જિનભવનમાં, અથવા જિનબિંબ, મુનિ કે શ્રાવક, વગેરે કોઈ એક જ વિષયમાં સાધારણદ્રવ્યને (**વેચંતિ=**) વ્યય કરે છે, પણ પૂર્વે કહેલા વિધિપૂર્વક જિનમંદિરાદિ સર્વ ક્ષેત્રોમાં સમ્યગ્ વ્યય કરતા નથી, તેઓ પ્રવચનના વંચક ( દ્રોહી ) કુગતિને પામે છે, કારણ કે–તેવી પ્રવૃત્તિથી તેઓ શાસનનો વિચ્છેદ ઇચ્છે (કરે) છે. (**૨૯૨૭ થી ૨૯**) એમ (પરિણામ-દ્વારમાં) કાલવિગમન નામનું ત્રીજું પ્રતિદ્વાર પણ પ્રાસંગિક અન્ય વિષયો સહિત કહ્યું. હવે (મૂળ) પહેલા પરિકર્મદ્વારના નવમા પરિણામદ્વારનું ચોથું પુત્રપ્રતિબોધદ્વાર કહેવાય છે.(**૨૯૩૦**)

**નવમા પરિણામદ્વારમાં ચોથું પુત્રપ્રતિબોધદ્વાર**–પૂર્વે વિસ્તારથી કહ્યાં તે નિત્ય કૃત્યોમાં નિશ્ચલ, નિજ એકાગ્ર ચિત્તવાળો ( ગૃહસ્થ ), કેટલોક કાળ વ્યાધિરહિત ( નિરોગી ) પસાર થયા પછી, ( સોંપેલા ) અધિકારમાં પુત્રની પરિણતિને ( સફળતાને ) જોવાથી સવિશેષ ( વધેલા ) ઉત્સાહવાળો, આરાધનાનો અભિલાષી, પ્રગટેલા વૈરાગ્યવાળો, તે સુશ્રાવક, (પોતાના) અતિ ગાઢ રાગવાળા (**अणुधुर=**) વિનીત પુત્રને બોલાવીને સંસાર પ્રત્યે વૈરાગ્ય પ્રગટે તેવી ભાષાથી આ પ્રમાણે સમજાવે. (**૨૯૩૧ થી ૩૩**) હે પુત્ર ! આ સંસારની સ્વાભાવિક ભયંકરતાને જો, કારણ કે–આ સંસારમાં જીવોને પ્રથમ મનુષ્યપણું પણ દુર્લભ છે,જન્મ એ મરણનો(**संचयारो=**)દૂત છે અને સંપત્તિ અત્યંત કષ્ટથી સાચવી શકાય તેવી પ્રકૃતિથી જ સંધ્યાનાં વાદળોના રંગ જેવી ચપળ છે. (**૨૯૩૪-૩૫**) રોગરૂપી ભયંકર સર્પો ક્ષણમાં પણ નિર્બળ કરી દે છે અને સુખનો અનુભવ પણ વડવૃક્ષના બીજ જેવો અલ્પ છતાં મોટી આપદાઓવાળો છે (**૨૯૩૬**) પગલે પગલે પાછળ લાગેલી આપદાઓ પણ મેરુપર્વત જેવડાં મોટાં અતિ દારૂણ દુઃખોને આપે છે. (**૨૯૩૭**) શ્રેષ્ઠ અને ઇષ્ટ સર્વસંયોગો પણ નિશ્ચિત ભવિષ્યમાં નાશ પામનારા છે અને ઉત્પન્ન થતા મનોરથોનું શત્રુ મરણ પણ આવી રહ્યું છે. (**૨૯૩૮**) એ પણ સમજાતું નથી કે–અહીંથી મરીને પરલોકમાં ક્યાં જવાનું છે ? અને આવી સદ્ધર્મની સામગ્રી પણ પુનઃ દુર્લભ છે. (**૨૯૩૯**) તેથી હે પુત્ર ! જ્યાં સુધી હજુ પણ મારા આ શરીરરૂપ પિંજરાને જરારૂપી પિશાચણીએ ગ્રસિત કર્યું નથી, ઇન્દ્રિયો પણ નિર્બળ થઈ નથી, (**૨૯૪૦**) જ્યાં સુધી ઉઠવા( બેસવા વગેરે ) ના બળ–પરાક્રમમાં પણ વિકલતા આવી નથી, ત્યાં સુધી હું તારી અનુમતિપૂર્વક પરલોકના હિતનો માર્ગ સ્વીકારું. (**૨૯૪૧**) કાનના વિવરને ( સાંભળવામાં ) કડવી અને વિયોગસૂચક એવી વાણીને સાંભળીને પર્વતતુલ્ય મોટી મોગરથી હણાયો હોય તેમ, પત્થર પડ્યો હોય તેમ, મૂર્છાથી મિંચાએલાં નેત્રોવાળો, ( **तापिच्छ=** ) તમાલવૃક્ષ સરખી ( શ્યામ ) મુખકાન્તિવાળો, શોકથી ગળતાં આંસુવાળો પુત્ર, પ્રગટેલા શોકથી તૂટતા અક્ષરવાળી ભાષાથી પોતાના પિતાને કહે છે કે–હે તાત ! અકાળે ઉલ્કાપાત સરખું (આવું) વચન કેમ બોલો છો ? (**૨૯૪૨ થી ૪૪**) આ જીવનમાં હજુ પ્રસ્તુત પ્રયોજનનો (સંયમનો) કોઈ પણ પ્રસંગ પ્રાપ્ત થયો નથી, તેથી હે તાત ! આ વિચારથી હમણાં અટકી

જાઓ ! (૨૯૪૫) ત્યારે પિતા તેને કહે છે કે–હે પુત્ર ! અત્યંત વિનયને વશવર્તી તું ધોળા વાળવાળા મારા મસ્તકને કેમ જોતો નથી ? (૨૯૪૬) ખળભળેલાં હાડકાંના સમૂહવાળી મારી આ કાયારૂપી લાકડીને અને અલ્પ માત્ર પ્રયાસમાં જ ચલાયમાન થતી મારી દાંતની પંક્તિને પણ કેમ નથી જોતો ? (૨૯૪૭) હે પુત્ર ! શું જોવામાં (નોબલિયં=) નિર્બળ (તેજહીન) થએલાં બે નેત્રોને અને લાવણ્યશૂન્ય વળિયાં (કરચલિયો) વાળી શરીરની ચામડીને પણ તું શું નથી જોતો? (૨૯૪૮) અને હે પુત્ર ! પશ્ચિમ દિશાને આશ્રિત (આથમતા) સૂર્યના બિંબની જેમ (તેજરહિત), પરમ પરાક્રમી સાધ્ય એવાં કાર્યો માટે પ્રગટ સંદેહવાળા (અશક્ત), ભ્રષ્ટ થયેલી શ્રેષ્ઠ શોભાવાળા આ મારા શરીરને પણ શું તું નથી જોતો ?, કે જેથી પ્રસ્તુત પ્રયોજનના પ્રસંગને માટે અકાળ કહે છે ? (૨૯૪૯–૫૦) જિનધર્મયુક્ત મનુષ્યપણું પામીને ગૃહસ્થને નિશ્ચે આ ઉચિત છે, કે જે (अभ्युद्यत=) અપ્રમત્ત જીવન જીવવું અને અંતે અભ્યુદ્યત મરણે મરવું. (૨૯૫૧) અહા હા ! મનને વશ કરીને જેણે ઇન્દ્રિયોનું દમન ન કર્યું, તેનું મળેલું મનુષ્યપણું પણ નિષ્ફળ ગયું. (૨૯૫૨) તેથી હે પુત્ર ! પ્રસન્ન થઈને અનુમતિ આપ ! (કે જેથી) હું હવે સત્પુરુષોના આચારને અનુરૂપ માર્ગને અનુસરું ! તે સાંભળીને પુત્ર કહે છે કે–હે તાત ! તમારું ત્રણ લોકને આશ્ચર્ય ઉપજાવે તેવું શરીરનું આ સુંદર રૂપ કયાં ? અને તેનો નાશ કરવામાં કારણભૂત આ તમારી (चिंतियं=) ભાવના કયાં ? (૨૯૫૩–૫૪) આ તમારી અતિ કોમળ કાયા ચારિત્રની કષ્ટક્રિયાને કેમ સહન કરશે ? તીવ્ર તાપને તો વૃક્ષ સહન કરે, કમળની માળા નહિ. (૨૯૫૫) જે પંડિતપુરુષ છે, તે નિશ્ચે જે વસ્તુ જ્યાં ઘટિત હોય, તેને ત્યાં કરે. શું કોઈ બાળક પણ કાષ્ટના કુંડામાં અગ્નિ સળગાવે ? (૨૯૫૬) એમ નિશ્ચે તમારું આ આચરણ, મનોહર લાવણ્ય અને કાન્તિથી શોભિત તમારા શરીરનો નાશ કરનારું થશે. (૨૯૫૭) તેથી હે તાત ! પોતાના બળ–વીર્ય–પુરુષાર્થ અને પરાક્રમને ક્રમશઃ (તે તે કાર્યો કરવાદ્વારા) સફળ કરીને (પછી તેનો નાશ કરનારી આ) કષ્ટકારી પ્રવૃત્તિને સ્વીકારો. (૨૯૫૮) ત્યારે ધીમું હસવાથી સુંદર બે હોઠ કંઇક ખુલતા હોય અને તેથી દાંતની શ્રેણી દેખાતી હોય, તેમ પુનઃ (પિતા) પુત્રને કહે છે કે–(૨૯૫૯) હે પુત્ર ! મારા ઉપર અતિ સ્નેહથી તું મુંઝાએલો છે, તેથી આવું બોલે છે, નહિ તો વિવેક છતાં આવું વચન કેમ હોય (નીકળે) ? (૨૯૬૦) (હે પુત્ર !) ઉત્તમ લોકોના હૃદયને સંતોષકારી એવું મનુષ્યજન્મમાં જે ઉચિત એવું કાર્ય મેં (सई=) સદા (આજ સુધી) શું નથી કર્યું ? તે તું સાંભળ ! (૨૯૬૧) અનુરૂપ (યોગ્ય) સ્થાને વ્યય કરવાથી લક્ષ્મીને પ્રશંસાપાત્ર કરી (પ્રશસ્ત કાર્યોમાં વાપરી), સોંપેલા ભારને ઉપાડવામાં સમર્થ ખાંધવાળો એવો તું પુત્ર પેદા કર્યો, (તને ઉછેરીને સમર્થ બનાવ્યો.) (૨૯૬૨) વળી નિજવંશમાં થયેલા પૂર્વજોના માર્ગને અનુસર્યો (પાળ્યો), એમ (कृतकार्य=) કરવાયોગ્ય કરીને હવે પરલોકહિતને કરવા ઇચ્છું છું. (૨૯૬૩) વળી તેં જે પૂર્વે મને બળ–વીર્ય–પરાક્રમનું સફળપણું કરો વગેરે જણાવ્યું, તે પણ યોગ્ય નથી, કારણ કે–હે વત્સ !

પુરુષને ધર્મ કરવાનો પણ કાળ તે જ છે-કે જ્યારે સમસ્ત કાર્યો માટેનું સામર્થ્ય વિદ્યમાન હોય ! (૨૯૬૪-૬૫) કારણ કે-ઈન્દ્રિયોના પરાક્રમ હોય ત્યારે નિષ્પાપ સામર્થ્યના યોગે પુરુષ સઘળાંય કર્તવ્યો કરવામાં સમર્થ થઈ શકે છે. (૨૯૬૬) જ્યારે તે સર્વ ઇન્દ્રિયોની વિકલતાને કારણે નિર્બળ શરીરવાળો અહીં ઉભો પણ થઈ શકે નહિ, ત્યારે તે કરવાયોગ્ય શું કરી શકે ? (૨૯૬૭) નિશ્ચે જે ધર્મ, અર્થ અને કામ ( પુરુષાર્થો ) તરૂણપણામાં કરી શકાય છે, તે જ પુરુષાર્થો પાકી વયવાળાને પર્વતની જેમ દુર્લંઘ્ય ( કઠિન ) બની જાય છે. (૨૯૬૮) તેથી જિનવચનદ્વારા તત્ત્વને જાણકાર પુરુષને સર્વ ક્રિયાઓમાં સજ્જ એવો બળનો સમૂહ હોય ત્યારે ધર્મનો ઉદ્યમ કરવો યોગ્ય છે. (૨૯૬૯) વીર્યથી સાધ્ય તપ પણ માત્ર શરીરદ્વારા સિદ્ધ ન થાય. ( બળ-વીર્ય-પરાક્રમ જોઈએ. ) પર્વતને તો વજ્ર તોડી શકે, માટીનો ગોળો કદાપિ ન તોડે. (૨૯૭૦) તેમ સામર્થ્યથી રહિત મનુષ્ય કંઈ પણ ન કરી શકે. માટે બળ-વીર્યવાળો છું ( ત્યાં સુધી ) બુદ્ધિને ધર્મમાં વાળવા ઈચ્છું છું. (૨૯૭૧) તથા તે વિજ્ઞાન છે, તે બુદ્ધિનો પ્રકર્ષ છે અને બળ-સામર્થ્ય પણ તે છે, કે જે એકાન્તે આત્મહિતમાં જ ઉપયોગી બને ! (૨૯૭૨) તેથી હે પુત્ર ! મારા મનોવાંછિત કાર્યમાં અનુમતિ આપીને, તું પણ સ્વયં ધર્મમહોત્સવને કરતો આ લોકનાં કાર્યોને કર ! (૨૯૭૩) કારણ કે-ધીરપુરુષ સદ્ધર્મક્રિયાથી રહિત એક ક્ષણ પણ જાય, ત્યારે પ્રમાદરૂપી મજબૂત દંડવાળા લૂંટારાઓથી પોતાને લૂંટાએલો માને છે. (૨૯૭૪) જ્યાં સુધી હજી જીવન લાંબુ સમર્થ છે, ત્યાં સુધી બુદ્ધિને સદ્ધર્મમાં જોડવી જોઈએ. તે જીવન ( સંકીર્ણ=) ટૂંકું થયા પછી શું કરી શકાય ? (૨૯૭૫) માટે ધર્મપ્રસંગમાં ઉદ્યમ કરવો જ જોઇએ, તેમાં પ્રમાદ નહિ કરવો, કારણ કે-મનુષ્ય જો સદ્ધર્મમાં રક્ત હોય, તો જીવન સફળ થાય છે. (૨૯૭૬) જેઓ નિત્ય ધર્મમાં રક્ત છે, તે મનુષ્યો મરવા છતાં જગતમાં જીવતા જ છે, પણ જે પાપના પક્ષવાળા છે, તેઓને જીવતા પણ મરેલા જ માનવા. (૨૯૭૭) માટે હે પુત્ર ! જન્મ, જરા અને મરણનો નાશ કરનારૂં ધર્મરૂપી રસાયણ સદા પીવું જોઈએ, કે જેને પીવાથી મનની પરમ શાન્તિ થાય છે. (૨૯૭૮) તેથી હે પુત્ર ! પ્રયત્નપૂર્વક ધર્મધ્યાનથી મનને, તેના આચરણથી મનુષ્યજન્મને અને પ્રશમ પામીને શ્રુત( જ્ઞાન )ને પ્રશંસનીય કર ! (૨૯૭૯) ઇત્યાદિ વચનોથી પ્રતિબોધ કરાયેલો પુત્ર પિતાને પરલોકના હિતની (વૃત્તિ=) પ્રવૃત્તિ માટે અનુમતિ આપે. (૨૯૮૦) એ રીતે પુત્રપ્રતિબોધ નામનું ચોથું પેટાદ્વાર મેં કહ્યું. હવે સુસ્થિતઘટના ( સદાચારી મુનિઓની પ્રાપ્તિ ) નામનું પાંચમું પેટાદ્વાર કહું છું. (૨૯૮૧)

**નવમા પરિણામદ્વારમાં પાંચમું સુસ્થિતઘટનાદ્વાર**-પછી મહા મુશીબતે ( અનિચ્છાએ ) પણ પુત્રે અનુમતિ આપેલો, પ્રતિસમય ઉત્તરોત્તર વધતા વિશુદ્ધ પરિણામવાળો અને ( 'હવે અમારો નાશ કરશે'-એવી ) પોતાના વિનાશની શંકાથી રાગ-દ્વેષ શત્રુઓએ છોડી દીધેલો તથા 'યોગ્ય સમજીને' તુર્ત પ્રશમથી સ્મરણ કરાતો ( પ્રશમને

પામેલો ), પૂર્વે બાંધેલા કર્મોરૂપી કુલપર્વતને ચૂરવામાં વજ્રતુલ્ય એવા ( अवज्ञ= ) મોટા ( સર્વવિરતિ ) ચારિત્રની આરાધના માટે ઉજમાળ એવા ચિત્તથી પ્રાર્થના (પ્રેરણા ) કરાતો ( ચારિત્ર માટે ઉત્સાહી ચિત્તવાળો ), સંસારમાં ઉત્પન્ન થતી સમસ્ત વસ્તુઓની વિગુણતાને વિચારતો તથા કર્મની લઘુતા થવાથી શુભ સ્વપ્નાને જોતો, જેવાં કે-નિશ્ચે આજે મેં પવિત્ર ફળ, ફૂલ અને શીતળ છાયાવાળા શ્રેષ્ઠ વૃક્ષને પ્રાપ્ત કર્યો અને તેની છાયા વગેરેથી હું અતિ આશ્વાસન પામ્યો, તથા કોઈ મહાપુરુષે મને સ્વભાવે જ ભયંકર એવા અપાર સમુદ્રમાંથી હાથનો ટેકો આપીને પાર ઉતાર્યો, વગેરે સ્વપ્નો જોવાથી હર્ષને વશ વિકસતી રોમરાજીવાળો તે અધિગત પુરુષ આશ્ચર્યપૂર્વક જાગ્યો થકો આ રીતે વિચારે કે-(**૨૯૮૨ થી ૮૮**) આવું સ્વપ્ન મેં કદી જોયું નથી, સાંભળ્યું નથી અને અનુભવ્યું પણ નથી, તેથી હું માનું છું કે-(હવે) મારું કંઇ પણ કલ્યાણ થશે. તે પછી કાળક્રમે વિચરતા કોઇ પણ તેના પુણ્યપ્રકર્ષથી ખેંચાઇને આવ્યા હોય તેમ, પૂર્વે જેને શોધતો હતો તેવા સુસ્થિત (સુવિહિત ) આચાર્યને આવેલા સાંભળીને તે વિચારે છે કે-તેઓના આવવાથી નિશ્ચે હવે મારું શું શું કલ્યાણ નહિ થાય ? અથવા સિદ્ધાન્તના કયાં રહસ્યોને હું નહિ સાંભળું ? (**૨૯૮૯ થી ૯૧**) વળી પૂર્વે સાંભળેલાં તત્ત્વોને ( પણ હવે ) હું સ્થિરપરિચિત કરીશ, એમ ચિંતવતો, હર્ષના ભારથી ભરેલાં સર્વ અંગોવાળો ગુરુની પાસે જાય (**૨૯૯૨**) અને આનંદના આંસુથી ભરેલાં નેત્રોની (विच्छोहो=) નજરવાળો, ( તેવી નજરથી દર્શન કરતો ) ત્રણ પ્રદક્ષિણા કરીને, પછી મસ્તકથી પૃથ્વીતળને સ્પર્શતો તેઓના પગમાં પડે ( નમસ્કાર કરે ). (**૨૯૯૩**) તે પછી ( તેઓના ) શરીરની સેવા કરીને તેમની પાસેથી સિદ્ધાન્તના રહસ્યોને સાંભળે અને આ ગુરુ, એ જ મેં સ્વપ્નમાં જોએલો ઉત્તમ ફળવાળો મોટો વૃક્ષ છે, સ્વપ્નમાં જોએલા મને સમુદ્રમાં હાથનો ટેકો આપનારા પણ તે આ (ગુરુ) જ છે, એમ ચિંતવતો પ્રસંગ પામીને ગુરુને કહે કે-(**૨૯૯૪-૯૫**) હે ભગવંત ! અતિ ફેલાતા મિથ્યાત્વરૂપી જળપ્રવાહથી ભરપૂર. પ્રત્યક્ષ દેખાતા મહા ભયંકર મોહનાં સેંકડો મોટાં આવર્તોથી (ભ્રમીઓથી) ભરેલા, સતત મરણ-જન્મરૂપી મોટાં મોજાઓથી ક્ષુબ્ધ કિનારાવાળા, પ્રતિસમય ભમતા ઘણા રોગ-શોકાદિ મગરો અને સર્પોથી વ્યાપ્ત, સ્વભાવે જ ગંભીર (ઉંડા), સ્વભાવે જ અપાર (છેડા વિનાના), સ્વભાવે જ ભયંકર અને (अपत्तमुद्द=) કિનારારહિત, એવા આ સંસારસમુદ્રનો પાર પામવા આપના દ્વારા પ્રવ્રજ્યારૂપી વહાણમાં બેસીને હે મુનિનાથ ! હું ( નિર્યામક ) પાર ઉતારનારા એવા ( આપના ) હાથના ટેકાને ઇચ્છું છું. (**૨૯૯૬ થી ૯૯**) પછી વિકસતી અત્યંત કરુણાથી ભરેલાં પોપચાંવાળી અને અંતરમાં ઉછળતા અનુગ્રહથી વિકાસવાળી, એવી દૃષ્ટિથી અનુગ્રહ કરતા હોય તેમ, સમસ્ત તીર્થોનાં જળસ્થાનની જેમ ( તેનાં ) ( पूतपात्रं= ) પાપને ધોતા ધર્મગુરુ મધુર વાણીથી તેને આ પ્રમાણે ઉત્તર આપે. (**૩૦૦૦-૩૦૦૧**) હે ભો ! દેવાનુપ્રિય ! સમસ્ત સંસારસ્વરૂપના જાણ, શત્રુના પક્ષપાતી એવા સર્વ વિષયોની અભિલાષાના ત્યાગી, આશંસા (આશા)રૂપી કાદવથી રહિત ( નિર્મળ ) ચિત્તવૃત્તિવાળા, પ્રમાદને જીતનારા, પ્રતિક્ષણ વધી રહેલી

પ્રશમરસને પીવાની તૃષાવાળા અને (**શાસ્ત્રવિધિ=**) જ્ઞાન-ક્રિયાથી ઉત્તમ મરણકાળને પરમ ઓચ્છવના સ્થાને સ્થાપનારા (મરણને મહોત્સવરૂપ માનતા), એવા તારે આ પ્રસંગે (હવે) એમ કરવું (દીક્ષા લેવી) તે અત્યંત યોગ્ય છે. (**૩૦૦૨ થી ૪**) હે મહાયશ! ઉત્સાહી તું માત્ર પૂર્વે સ્વીકારેલા ગુણોના (વ્રતાદિના) અતિચારોની આલોચના કરીને પછી મનથી ઇચ્છેલી નિર્દોષ પ્રવ્રજ્યાને કર! (**૩૦૦૫**) ચિરકાલ સેવેલા ઉત્તમ ગૃહસ્થધર્મનું ફળ ગૃહસ્થો આ રીતે (પ્રવ્રજ્યા કરીને) અથવા મરણપ્રસંગે સંથારારૂપી દીક્ષાને સ્વીકારીને મેળવે છે (**૩૦૦૬**) અને તે દીક્ષાની કે સંથારાની પ્રાપ્તિ ન થાય, તો પણ ઉત્તમ મુનિની જેમ સર્વસંગોને (સંબંધોને) તજીને સામાયિક(સમ)ભાવમાં પરિણત થએલા તે ભક્તપરિજ્ઞા (અનશનને) સ્વીકારે છે. (**૩૦૦૭**) (તે સાંભળીને) "(**अणुसट्ठिं=**) (આપની) હિતશિક્ષાને હું ઇચ્છું છું"–એમ કહેવાદ્વારા ગુરૂની હિતશિક્ષાનું બહુમાન કરીને, ઘણા કાળે વાંછા પૂર્ણ થવાથી તે કંઇક ખેદપૂર્વક કહે કે–(**૩૦૦૮**) હે ભગવંત! (અહહ=) ખેદજનક છે કે–તમારું દર્શન તો દૂર રહ્યું, પણ આટલો બધો કાળ નિષ્પુણ્યક મેં કયાંય (આપને) જાણ્યા પણ નહિ, (**૩૦૦૯**) અથવા કલ્પવૃક્ષનું દર્શન, છાયા, સેવા વગેરેનો સંભવ તો દૂર રહો, તેની પીછાણ પણ નિષ્પુણ્યકને કેમ થાય? (**૩૦૧૦**) પૃથ્વીની સકળ પ્રજાને પ્રગટપ્રતાપી (પ્રકાશતો) એવો પણ સૂર્ય જેમ સ્વભાવે તામસી પક્ષીઓના સમૂહને (ઘુવડોને) નિત્ય અવિજ્ઞાત (અદૃષ્ટ) જ હોય છે, તેમ મોહથી એકાન્ત મહા તામસી પ્રકૃતિવાળાં અને અત્યંત નિર્ગુણી એવા મને પણ હે સ્વામિન્! તમે કયી રીતે દેખવામાં આવો? (**૩૦૧૧-૧૨**) હે પ્રભુ! મોહથી મલિન એવા મારો જ આ દોષ છે, તમારો નથી. ઘુવડને ન દેખાય છતાં સૂર્ય તો પ્રગટ છે જ. (**૩૦૧૩**) હે ભગવંત! પદે પદે અસ્ખલિત-વિસ્તારથી ફેલાતી અતિ મનોહર કીર્તિના ભંડાર એવા આપને આ વિશ્વમાં કયાં કયાં, કોણે કોણે જાણ્યા નથી? (**૩૦૧૪**) જો કે (**वासावज्जविहारी=**) વર્ષાઋતુ સિવાય શેષકાળમાં વિચરનારો (મુનિ) પોતાના ગુણોને કહેતો નથી. છતાં નહિ બોલતો જ તે ઓળખાય છે, કારણ કે–ગુણસમૂહની તે પ્રકૃતિ જ છે (ગુપ્ત રહેતા જ નથી). (**૩૦૧૫**) વર્ષાકાળના કદંબ પુષ્પને તેની વિશિષ્ટ ગંધથી જેમ ભમરા અને ભમરીઓ સેવે છે, તેમ તમે પણ હે નાથ! (તમારા ગુણોથી) લોક વડે (સેવાઓ છો) (**૩૦૧૬**) અથવા અગ્નિ કયાં પ્રકાશ કરતો ન હોય? અથવા ચંદ્ર કયાં પ્રગટ ન હોય? તેમ તમારા જેવા સદ્ગુણી પુરુષો કયાં પ્રગટ ન હોય? (**૩૦૧૭**) અગ્નિ તો પાણીમાં (હોય છતાં) પ્રગટ ન થાય અને ચંદ્ર પણ વાદળથી ઢંકાએલો ન દેખાય, કિન્તુ હે પ્રભુ! તમારા સરખા તો સદા સર્વત્ર પ્રકાશને કરે છે. (**૩૦૧૮**) વળી અત્યંત મનોહર પણ પુનમનો ચંદ્ર (સૂર્યવિકાસી) કમળનાં વનોને આનંદ આપતો નથી અને રમ્ય પણ શરદઋતુનો સૂર્ય (રાત્રિવિકાસી) કુમુદને આનંદ આપતો નથી. આપ તો હે ભગવંત! મહા પ્રશમ વગેરે શ્રેષ્ઠ ગુણોના યોગથી સર્વ જીવરાશિને પણ પરમ સંતોષકારી છો. (**૩૦૧૯-૨૦**) વધારે

કહેવાથી શું ? આજે મેં ( પાઠાંતર–सच्चसामिसम्माणो=) સ્વામિનું (ગુરુનું) સાચું સન્માન કર્યું, આજે જ મારી ભવિતવ્યતા અનુકૂળ થઈ, (૩૦૨૧) આજે (મારે) વર્દ્ધાપન થયું, આજે સઘળા ઓચ્છવોનું મિલન થયું, ( એકીસાથે પૂરા થયા ) દિવસ પણ ( મારો ) આજે કૃતાર્થ થયો અને આજે જ ( પ્રભાત ) મંગળ પ્રભાત થયું. (૩૦૨૨) આજે જ ચિત્તમાં આનંદ થયો, આજે જ પરમબંધુ શ્રી અરિહંતદેવનો સંબંધ થયો, આજે જ જન્મ કૃતાર્થ થયો, આજે જ નેત્રો સફળ થયાં, (૩૦૨૩) આજે જ ઇચ્છિતની સમ્યક્ પ્રાપ્તિ થઈ, આજે જ પુણ્યરાશિ સફળ થયો અને આજે જ લક્ષ્મીએ ( सवंछं= ) વાંછાસહિત ( સદ્‌ભાવથી ) મારી સામે જોયું, (૩૦૨૪) કારણ કે–હે પાપરજને નાશ કરનારા મુનીન્દ્ર ! હું આજે અત્યંત પુણ્યોથી પ્રાપ્ત થનારા, નિષ્પાપ, એવા આપના ચરણકમળને પામ્યો. (૩૦૨૫) એ પ્રમાણે સુસ્થિતઘટના નામનું આ પાંચમું પેટાદ્વાર કહ્યું. હવે છઠ્ઠું આલોચનાદ્વાર કહેવાય છે. (૩૦૨૬)

**નવમા પરિણામદ્વારમાં છઠ્ઠું આલોચનાદ્વાર**–સદ્‌ગુરુએ કહ્યા પ્રમાણે આરાધના કરવા ઉજમાલ થએલો મહા સાત્ત્વિક તે ઉત્તમ શ્રાવક (त्तिसोत्तिया=) દુર્ધ્યાનને વશ આવું ન ચિંતવે કે–(૩૦૨૭) મેં વારંવાર અનેકશઃ ઘણા સદ્‌ગુરુઓની પાસે આલોચના પણ આપી અને પ્રાયશ્ચિત્તો પણ આચર્યાં ( પૂરા વાળી દીધાં ). (૩૦૨૮) સઘળીય ક્રિયાઓમાં જયણાપૂર્વક વર્તતા એવા મારે ( હવે ) કંઇ થોડું પણ આલોચના-યોગ્ય નથી ( એમ ન ચિંતવે ). (૩૦૨૯) કિન્તુ દુઃખે સમજી શકાય તેવા સૂક્ષ્મ પણ અતિચારની સંશુદ્ધિ માટે આ પ્રસંગે એક ચારિત્રના અતિચારોને ઉદ્દેશીને આલોચના આપે. (૩૦૩૦) જ્ઞાન, દર્શન, તપ અને વીર્ય–એ ચાર આચારોની આલોચના તો સાધુની જેમ પૂર્વે કહેલા વિધિથી આપે. તેથી દેશચારિત્રી ( શ્રાવક ) પહેલા વ્રતમાં પૃથ્વીના, પાણીના, અગ્નિના, વાયુના, પ્રત્યેક તથા અનંતકાયરૂપ બે પ્રકારની વનસ્પતિના તથા બે, ત્રણ, ચાર, પાંચ ઇન્દ્રિયવાળા જીવોની વિરાધનાના અતિચારને આલોચે ( કહી સંભળાવે ). (૩૦૩૧-૩૨) તેમાં પૃથ્વી આદિ પાંચની પ્રમાદદોષથી કોઈ રીતે જે જે સમ્યગ્ જયણા ન કરી તેને શાસ્ત્રવિધિથી આલોચે (૩૦૩૩) અને બે, ત્રણ, ચાર, પાંચ ઈન્દ્રિયોવાળા જીવોને પરિતાપ વગેરે કરવાથી જે અતિચાર કે વ્રતનો ભંગ થયો હોય, તેને (પણ) હિતનો અર્થી ( वियडेज्ज= ) પ્રગટ જણાવે. (૩૦૩૪) મૃષાવાદવિરમણમાં અભ્યાખ્યાન વગેરેને, અદત્તાદાન-વિરમણમાં દષ્ટિવંચનાદિને, ચોથા વ્રતમાં ( સ્ત્રીઓને અને પુરુષોને તુલ્ય રીતે ) સ્વપ્નમાં પણ વિજાતિ સાથે ક્રીડા કે અંગસ્પર્શ વગેરે, તથા સ્વપત્ની સિવાયની અન્ય સ્ત્રી સાથે હાંસી કે ગુપ્ત અંગનો સ્પર્શ વગેરે, તથા વિવાહ, પ્રેમ કરવો વગેરે ( જે થયું હોય તે તે અતિચારોને આલોચે ). (૩૦૩૫-૩૬) તથા ધન–ધાન્યાદિ નવવિધ પરિગ્રહપ્રમાણમાં લાગેલા અતિચારોને અને દિશિપરિમાણમાં પ્રમાણથી ( परेणं= ) અધિક ભૂમિમાં સ્વયં જવાથી કે બીજાને મોકલવાથી જે ક્ષેત્રાદિનું ઉલ્લંઘન થયું હોય, તેને સમ્યગ્ આલોચે,

(૩૦૩૭) ઉપભોગ–પરિભોગમાં અનંતકાય, બહુબીજ વગેરેના ભોજનથી લાગેલા અતિચારોને અને કર્માદાનોમાં અંગારકર્મ આદિ ખરકર્મોને આલોચે. (૩૦૩૮) અનર્થદંડમાં તેલ વગેરેની રક્ષામાં કરેલા પ્રમાદને (અથવા પાંચ પ્રકારના પ્રમાદને) અને પાપોપદેશ, હિંસક શસ્ત્રાદિનું પ્રદાન તથા જે અપધ્યાન કર્યું હોય, તેને સમ્યગ્ આલોચે (૩૦૩૯) સામાયિકવ્રતમાં (સચિત્તાદિના) સંઘટ્ટા વગેરેને, (મન–વચન–કાયાનું) દુષ્પ્રણિધાન વગેરેને (**छिन्नाई=**) છેદન, ભેદન વગેરે (**दंडगचालणम्=**) ચરવળાની દાંડીને (કુતૂહલ વૃત્તિથી વારંવાર) હલાવવી તથા (સગવડ છતાં) ન કર્યું હોય તે વગેરેને સમ્યગ્ આલોચે. (૩૦૪૦) દેશાવગાસિકમાં પણ પૃથ્વીકાયાદિના ભોગનો સંવર (નિયમ) ન કર્યો હોય, અજયણાથી વસ્ત્રો ધોયાં હોય વગેરે સર્વને સમ્યગ્ આલોચે. (૩૦૪૧) પૌષધવ્રતમાં શય્યા (સંથારો), સ્થંડિલ વગેરેનું પડિલેહણ વગેરે જે જે ન કર્યું, (અવિધિથી કર્યું) વગેરેને તથા પૌષધનું જે જે સમ્યગ્ પાલન ન કર્યું હોય, તેને પણ પ્રગટ આલોચે. (૩૦૪૨) અતિથિસંવિભાગ વ્રતમાં સાધુઓને (સાધ્વીઓને) અશુદ્ધ કે અસુંદર ભાત–પાણી વગેરે આપ્યું, અથવા શુદ્ધ–સુંદર–કલ્પ્ય વગેરે (ઉત્તમ) ભક્તપાનાદિ હોવા છતાં ન આપ્યું, તેને પણ આલોચે. (૩૦૪૩) ધાર્મિક મનુષ્યે (શકય) અમુક અભિગ્રહોને નિયમા ગ્રહણ કરવા જોઈએ, કારણ કે–અભિગ્રહ વિના રહેવું તેને ન ઘટે. (૩૦૪૪) છતાં (શકય) અભિગ્રહોને સ્વીકારે નહિ, અથવા સ્વીકારેલાનું પ્રમાદથી ખંડન કરે, તો તે પણ આલોચે. આ આલોચના કરવાયોગ્ય અતિચારોને કહ્યા. (૩૦૪૫) એમ દેશવિરતિના અતિચારોને આલોચીને પછી લાગેલા તપ–વીર્ય–દર્શન સંબંધી અતિચારોને પણ નિશ્ચે સાધુની જેમ આલોચે. (૩૦૪૬) તથા સાધુ–સાધ્વીવર્ગમાં ગ્લાનની ઔષધની ગવેષણા ન કરી કે શ્રી જિનમંદિરાદિમાં જે પ્રમાર્જનાદિ ન કર્યું (૩૦૪૭), શ્રી જિનમંદિરમાં જે શયન અને ખાન–પાન કર્યું કે હાથ, પગ વગેરે ધોયાં, તે(સર્વ)ને આલોચે. (૩૦૪૮) તથા શ્રી જિનમંદિરમાં તંબોલભક્ષણનો ગાળ, કફ, શ્લેષ્મ અને શરીરનો મેલ નાખવો વગેરે કર્યું હોય, તથા ત્યાં (દેવદાર આદિ) કોઈને પકડયો હોય અથવા (પાઠાં૦ **सोहणाइयं=**) વાળને શોધવા (જુઓ વીણવી) વગેરે વાળ ઓળ્યા હોય, (૩૦૪૯) વળી શ્રી જિનમંદિરમાં અનુચિત આસને (અસભ્યતાથી) બેઠો હોય, વિકથા કરી હોય, તે સર્વને શ્રી જિનભક્તિમાં તત્પર ગૃહસ્થ પ્રગટ આલોચે. (૩૦૫૦) વળી રાગ વગેરેથી કોઇ પ્રકારે પણ દેવદ્રવ્યથી જે (**उपजीवन=**) આજીવિકા કરી હોય કે નાશ પામતા દેવદ્રવ્યની ઉપેક્ષા કરી હોય, (૩૦૫૧) શ્રી અરિહંતો વગેરેની જે કોઈ પણ અવજ્ઞા કે આશાતના કરી હોય, તે સર્વને પણ આત્મશુદ્ધિ કરવા સમ્યગ્ પ્રગટ જણાવે. (૩૦૫૨) વળી ધર્મી આત્માઓની નિત્ય ઉપબૃંહણા વગેરે કરણીય ન કર્યું અને મત્સર કરવો, દોષોને જાહેર કરવા વગેરે અકરણીય કર્યું હોય, તે પણ સમ્યગ આલોચે. (૩૦૫૩) વધારે કહેવાથી શું ? જે કંઈ પણ કયાંય (કયારે) પણ જિનાગમથી પ્રતિષિદ્ધ કાર્યને કર્યું, કરવાયોગ્યને ન કર્યું કે

કરવા છતાં સમ્યગ્ ન કર્યું, (૩૦૫૪) શ્રી જિનવચનમાં શ્રદ્ધા ન કરી અને જે વિપરીત પ્રરૂપણા કરી, તે સઘળું ભવ્ય આત્માએ સમ્યગ્ આલોચવું જોઈએ. (૩૦૫૫) એમ છઠ્ઠું ગૃહસ્થ સંબંધી આલોચનાદાન નામનું દ્વાર જણાવ્યું. હવે આયુષ્યપરિજ્ઞાનદ્વારને કંઈક માત્ર કહું છું. (૩૦૫૬)

**નવમા પરિણામદ્વારમાં સાતમું કાલપરિજ્ઞાનદ્વાર**–એમ જણાવેલા વિધિથી આલોચના આપ્યા પછી તે કોઈ ગૃહસ્થ સમગ્ર આરાધના કરવા સશક્ત અથવા કોઈ અશક્ત પણ હોય, (૩૦૫૭) તેમાં સશક્ત પણ કોઈ નિરોગી શરીરવાળો અથવા કોઈ રોગી પણ હોય, તે જ રીતે અશક્ત પણ બે પ્રકારનો હોય. (૩૦૫૮) તેમાં અશક્ત કે સશક્ત જે મરણકાળની નજીક પહોંચ્યો હોય, તે તો પૂર્વે કહેલા વિધિ પ્રમાણે તુર્ત ભક્ત-પરિજ્ઞાને (અનશનને) કરે, (૩૦૫૯) અને બીજાઓએ મરણને નજીક કે દૂર જાણીને તે કાળને ઉચિત હોય તે ભક્તપરિજ્ઞા વગેરે કરવું યોગ્ય ગણાય. (૩૦૬૦) તેમાં મરણ નજીક છે કે દૂર એવો કાળનો વિભાગ જો કે સર્વજ્ઞ વિના સમ્યગ્ ન જાણી શકાય, દુષમકાળમાં તો વિશેષતયા ન જાણી શકાય, તો પણ તેને જાણવા માટે તે વિષયનાં શાસ્ત્રોના સામર્થ્ય યોગે કેટલાક સ્થૂલ (મુખ્ય) ઉપાયોને હું જણાવું છું. (૩૦૬૧–૬૨) જેમ વાદળથી વૃષ્ટિ, દીપકથી અંધારામાં રહેલા પદાર્થો, ધૂમથી અગ્નિ, પુષ્પથી ફળની ઉત્પત્તિ અને બીજથી અંકુરાને જાણી શકાય છે, તેમ આ ( કહીશું તે અગીઆર ) ઉપાયોના સમૂહથી પ્રાયઃ બુદ્ધિમાનોને મરણકાળ પણ જણાય છે. (૩૦૬૩–૬૪) એ ઉપાયો આ પ્રમાણે છે—

**મરણકાળ જાણવાના ૧૧ ઉપાયો**–૧.દૈવત (દેવના પ્રભાવથી),૨. શકુનથી, ૩.ઉપ-શ્રુતિ(શબ્દ)થી, ૪. છાયાથી, ૫. નાડીથી, ૬. નિમિત્તથી, ૭. જ્યોતિષથી, ૮. સ્વપ્નથી, ૯.અ-મંગળ–મંગળથી, ૧૦. યંત્રપ્રયોગથી અને ૧૧. વિદ્યાથી મરણકાળનું જ્ઞાન થાય છે.(૩૦૬૫)

**૧ દૈવતદ્વાર**-જેમ કે–પ્રવર વિદ્યાના બળે વિધિથી અંગુઠામાં, ખડ્ગમાં, દર્પણમાં, કુંડામાં ( અથવા કુંડાળા ) વગેરેમાં ઉતારેલી કોઈ તથાવિધ દેવી પૂછેલા અર્થને કહે. પરંતુ (આહ્વાન કરનારો) પુરુષ અત્યંત પવિત્ર થએલો અને નિશ્ચલ મનવાળો, વિધિ-પૂર્વક તે દેવતાના આહ્વાનની વિદ્યાનું સ્મરણ કરે. (૩૦૬૬–૬૭) તે વિદ્યા " ૐ નરવીરે ઠ ઠ "–એ પ્રમાણે જાણવી. તેનો સૂર્ય કે ચંદ્રનું ગ્રહણ હોય ત્યારે દશ હજાર ને આઠ વાર જાપ કરીને ( વિદ્યાને ) સિદ્ધ કરવી જોઈએ. પછી કાર્યકાળ પ્રાપ્ત થતાં એક હજાર આઠ વાર જાપ કરવાથી (તે વિદ્યાની અધિષ્ઠાયિકા) અંગુઠા વગેરેમાં ઉતરે. (૩૦૬૮–૬૯) તે પછી કુમારિકાદ્વારા વાંછિત અર્થને (હકીકતને) નિઃસંશય જાણી શકાય. માત્ર આ (વિદ્યા) નિશ્ચલ સમ્યક્ત્વવાળાના વાંછિતને (પૂર્ણ) કરે. (૩૦૭૦) અથવા કોઈ તપસ્વીના ગુણોથી આકર્ષિત ચિત્તવાળી આ દેવી ( વિશ્વમાં ) તેવું કંઈ નથી, કે જેને સાક્ષાત્ ન કહે ! તો મરણકાળ જણાવવો તે તેને કેટલું માત્ર છે? (૩૦૭૧)

**૨. શકુનદ્વાર**–સાજો કે માંદો, આયુષ્યના જ્ઞાન માટે સ્વયં કે બીજા દ્વારા, શકુનને જુએ, તેમાં પ્રથમ (सज्जकए=) સાજાને માટે (કહીએ છીએ) તે દેવ–ગુરુને પ્રણામ કરીને, પરમ પવિત્ર થએલો, પ્રશસ્ત દિવસે ઘેર કે બહાર, શકુનના ભાવને ( ફળને ) સમ્યગ્ વિચારે. (૩૦૭૨–૭૩) * તેમાં સર્પ, ઉંદર, કૃમિયા, કીડા, કીડીઓ, ગીરોલી, વિંછી વગેરેની વૃદ્ધિ અને (ઘરમાં) રાફડા (દરો), ઉધેઈ, (ફોડા=) ભૂમિમાં નાનાં ગુમડાં જેવા ફોડા, ચીરાડ, તડ વગેરે વ્રણવિશેષ અને માંકણુ, યૂકા ( જૂ ) વગેરેનો અતિરેક (ઉપદ્રવ) થાય, (૩૦૭૪) (લૂતા=) કરોળિયા કે જાળ બનાવનારા જીવો, કરોળિયાની જાળો, ભમરીઓ, ઘરમાં ધાન્યના કીડાઓ, લૂણ વગેરે વિના કારણે વધી જાય, તથા (લેવ=) લિંપણ વગેરે ફાટી જાય કે વર્ણ બદલાઈ જાય, તો ઉદ્વેગ, કલહ, યુદ્ધ, ધનનો નાશ, વ્યાધિ, મરણ, સંકટ વગેરે અને (उच्चाडण=) સ્થાનભ્રષ્ટતા કે વિદેશગમન થાય, અથવા અલ્પકાળમાં ઘર (શૂન્ય=) મનુષ્યરહિત બની જાય. (૩૦૭૫–૭૬) વળી કોઈ રીતે, કદાપિ, કયાંય પણ, સૂખે સૂતેલાને (નિદ્રા અવસ્થામાં) કાગડો ચાંચથી માથાના વાળના સમૂહને ચૂંટે(ખીંચે), તો મરણ નજીક જાણવું. (૩૦૭૭) અથવા જેનાં વાહન, શસ્ત્ર, પગરખાં અને છત્રને કે ઢાંકેલા શરીરને નિઃશંક રીતે કાગડો કૂટે કે કાપે, તે પણ શીઘ્ર યમના મુખમાં જનારો જાણવો. (૩૦૭૮) જો આંસુથી પૂર્ણ નેત્રવાળાં (ગાવો=) સામાન્ય પશુઓ અથવા ગાય–બળદ પગથી પૃથ્વીને સખ્ત ખોદે, તો તેના માલિકને કેવળ રોગ જ નહિ, મરણ પણ થાય. (૩૦૭૯) એ સજ્જ અવસ્થાવાળાને ( સાજાને ) અંગે કંઈક માત્ર શકુનસ્વરૂપ કહ્યું. હવે ગ્લાન સંબંધી કંઇક કહું છું તે સાંભળો ! (૩૦૮૦) જો કુતરો પોતાના જમણા પડખે મુખને વાળીને પોતાની પીઠના છેડે ચાટે, તો રોગી એક દિવસમાં મરે, (૩૦૮૧) જો છાતીને ચાટે, તો બે દિવસ અને પૃચ્છને ચાટે તો ત્રણ દિવસ જીવે. એમ શ્વાનશકુનના જ્ઞાતાએ કહ્યું છે. (૩૦૮૨) જો કુતરો નિમિત્તકાળે સર્વ અંગોને સંકોચીને સૂઈ રહે, તો જાણો કે બીમાર તે જ ક્ષણે મર્યો. (૩૦૮૩) અને કૂતરો બે કાન ધૂણાવીને અને પછી શરીરને વાળીને, જો ધૂણે ( ધ્રૂજે ), તો રોગી અવશ્ય મરે અને ઇન્દ્ર પણ તેની રક્ષા ન કરી શકે. (૩૦૮૪) ( वाईय= ) ખુલ્લા ( ફાડેલા ) મુખવાળો લાળને મૂકતો ( કુતરો જો ) બે નેત્રોને મીંચીને અને શરીરને સંકોચીને સૂઈ રહે, તો ( રોગીને ) યમપુરીમાં લઈ જાય. (૩૦૮૫) બીમારના ઘર ઉપર જો કાગડાઓનું ટોળું ત્રણેય સંધ્યાએ મળેલું દેખાય, તો જાણવું કે જીવનો વિનાશ કરે. (૩૦૮૬) જેના શયનઘરમાં કે રસોડામાં કાગડાઓ ચામડું, દોરડું, વાળ કે હાડકાને નાંખે, તે પણ શીઘ્ર મરે. (૩૦૮૭)

**૩. ઉપશ્રુતિ( શબ્દશ્રવણ )દ્વાર**–હવે અહીંથી દોષરહિત ઉપશ્રુતિદ્વારને કહેવાય

---

* આ અર્થો શબ્દાર્થને લક્ષ્યમાં રાખીને લખ્યા છે, તત્ત્વથી તો એની સમજ તે તે વિષયના અનુભવીઓને સંભવે.

છે. તેમાં પ્રશસ્ત દિવસે, મનુષ્યોને સુવાનો સમય થયે છતે, ગુરુપરંપરાએ આવેલા અને આચાર્ય સહિત ગણ(ગચ્છ)ના મનને આનંદ ઉપજાવનારા એવા (સૂરિ) મંત્ર વડે, આચાર્ય ઉપયોગપૂર્વક બે કાનને મંત્રીને અથવા પંચનમસ્કાર વડે પણ દેવ-ગુરુને પ્રણામ કરીને, સુગંધી અક્ષત હાથમાં લઇને, શ્વેત વસ્ત્રનું ઉત્તરાસંગ કરીને, આયુષ્યનાં પ્રમાણને જાણવા માટેનો નિશ્ચય કરીને, અનન્ય (એકાગ્ર) ચિત્તવાળા તે બંને કાનનાં દ્વારોને બંધ કરીને, પોતાના સ્થાનથી નીકળીને, પ્રશસ્ત ઉત્તર-ઇશાનદિશા સન્મુખ ક્રમથી અથવા પગે ચાલતા જઇને, ચંડાલ-વેશ્યા (અથવા વૈશ્ય) કે શિલ્પીના (કારીગરોના) મહોલ્લામાં, ચૌટામાં, ત્રણ માર્ગવાળા ચોકમાં કે (વલણ--) તટ(કાંઠા)માં, વગેરે પ્રદેશોમાં, સુગંધથી મનોહર એવા અક્ષતોને ફેંકીને, તે પછી ઉપશ્રુતિના (જે સંભળાય તે) શબ્દનું સમ્યગ્ અવધારણ (ધારણા) કરે. તે શબ્દ બે પ્રકારનો હોય. (૩૦૮૮ થી ૯૪) એક અન્ય પદાર્થના વ્યપદેશવાળો અને બીજો તેના જ સ્વરૂપવાળો. તેમાં પહેલો ચિંતનદ્વારા સમજાય તેવો અને બીજો સ્પષ્ટ અર્થને જણાવનારો (હોય). (૩૦૯૫) જેમ કે-આ ઘરનો થંભો આટલા દિવસે કે અમુક પખવાડિયાં પછી કે અમુક માસ પછી અથવા અમુક વર્ષ પછી નિશ્ચે ભાંગશે કે નહિ ભાંગે, અથવા અસુંદર થશે, અથવા લાગેલો (અથડાયેલો) આ શીઘ્ર ભાંગશે વગેરે. અથવા તો (આ) દીવો દીર્ઘકાળ રહેશે કે ટકરાએલો શીઘ્ર નંદાશે. (એમ પુલ્લિંગ પદાર્થો અંગે શબ્દ સાંભળે, તે પુરુષને લાભ-હાનિકર્તા સમજવા.) (૩૦૯૬-૯૭) તથા પિઠિકા, દીવાની શિખા, કાષ્ટની પાત્રી વગેરે સ્ત્રીલિંગ પદાર્થો અંગેના શબ્દો સ્ત્રીને લાભ-હાનિકારક જાણવા. ઇત્યાદિ અન્ય પદાર્થના વ્યપદેશવાળો ઉપશ્રુતિ શબ્દ સમજવો. (૩૦૯૮) અને આ પુરુષ અથવા સ્ત્રી આ સ્થાનેથી જશે જ નહિ કે અમે જવા દઈશું નહિ, આ (પુરુષ) પણ જવાની ઇચ્છાવાળો નથી, (૩૦૯૯) અથવા તો બે-ત્રણ-ચાર દિવસોમાં કે તે પછી અમુક આટલા દિવસો, પખવાડિયું, મહિનો કે વર્ષ પછી અથવા તે પહેલાં (જશે અગર નહિ જાય) વગેરે, (૩૧૦૦) અથવા આ પુરુષ આજે જ ગમન કરશે, અથવા આ મહા આદરથી વારંવાર રોકવા છતાં પણ જલ્દી જશે, રોકાશે નહિ, (૩૧૦૧) આજે જ રાત્રે અથવા કાલે કે પરમ દિવસે, નિશ્ચે આ જવાને ઉત્સુક છે, અમે પણ જલ્દી મોકલવાની ઇચ્છાવાળા છીએ, (૩૧૦૨) તેથી શીઘ્ર જશે જ, વગેરે તત્સ્વરૂપવાળો ઉપશ્રુતિનો બીજા પ્રકારનો શબ્દ જાણવો. એમ બંને પ્રકારના શબ્દને સાંભળીને (૩૧૦૩) તેને અનુરૂપ નિર્યામક મુનિવર, અથવા તેણે મોકલેલો બીજો કોઈ પણ તે ગ્લાનને ઉદ્દેશીને (તે પ્રસંગને) ઉચિત કાર્ય કરે. અથવા (બંધ કરેલા) કાનને ઉઘાડતાં તુર્ત જે કંઇ સાંભળે, તેનાથી પણ મરણકાળ નજીકમાં છે કે દૂર? એ કળાકુશળો (ઉપશ્રુતિના જાણ) સમજી શકે. (૩૧૦૪-૫) આ ઉપશ્રુતિદ્વાર કહ્યું. હવે છાયાદ્વારમાં છાયાના ઘણા પ્રકારો છે, તો પણ અહીં સામાન્યથી જ કહું છું. (૩૧૦૬)

**૪. છાયાદ્વાર**-આયુષ્યના જ્ઞાન માટે નિષ્કંપ (સ્થિર)મન-વચન-કાયાવાળો પુરુષ નિશ્ચે

હંમેશાં પણ પોતાની છાયાને સારી રીતે જુએ. (૩૧૦૭) અને પોતાના પડછાયાના સ્વરૂપને સારી રીતે જાણીને (તેના દ્વારા) શાસ્ત્રકથિત વિધિથી શુભ–અશુભને જાણે. (૩૧૦૮) તેમાં– સૂર્યના તડકામાં, દર્પણ કે પાણી વગેરેમાં શરીરનો આકૃતિ, પ્રમાણ, વર્ણ વગેરેથી જે (पडिप्फलइ=) પડછાયો પડે, તેને નિશ્ચે પ્રતિછાયા (જાણવી).(૩૧૦૯)તે પ્રતિછાયા જેની સહસા છેદાયેલી, ભેદાયેલી તથા સહસા જો આકૂળ (ફેલાતી–વધતી),અથવા આકાર–માપ–વર્ણ વગેરેથી ન્યૂન કે અધિક (દેખાય), (૩૧૧૦) દોરડા જેવા આકારવાળી કે કંઠપ્રતિષ્ઠિત (ગળા સુધી) દેખાય, તો કહી શકાય કે–આ પુરુષ શીઘ્ર ક્ષયને (મરણને) ઈચ્છે છે. (૩૧૧૧) વળી પાણીના કાંઠે ઉભેલો સૂર્યને પાછળ રાખીને (પાણીમાં) પોતાની છાયાને જોતો જે તૂટેલા (છૂટા પડેલા) મસ્તકવાળી દેખે, તે (हत्थं=) તુર્ત યમમંદિરે જાય. (૩૧૧૨) વધારે શું કહેવું ? જે મસ્તક વિનાની કે ઘણા મસ્તકવાળી, અથવા પ્રકૃતિથી અસમાન (વિલક્ષણ) સ્વરૂપવાળી પોતાની છાયાને દેખે, તે શીઘ્ર યમમંદિરે જાય. (૩૧૧૩) જેને છાયા દેખાય નહિ, તેનું જીવન દશ દિવસનું અને બે છાયાઓ દેખાય તો બે જ દિવસનું જાણવું. (૩૧૧૪) અથવા બીજી રીતે નિમિત્તશાસ્ત્રોનો જાણ, સૂર્યોદયથી અંતમુહૂર્ત્ત જેટલો દિવસ ચઢયા પછી, અત્યંત પવિત્ર થએલો, સમ્યગ્ ઉપયોગવાળો, સૂર્યને પાછળ રાખીને પોતાને (કાયાને) નિશ્ચલ રાખીને, શુભાશુભ જાણવા માટે સ્થિર ચિત્તથી છાયાપુરુષને (પડછાયાને) જુએ. (૩૧૧૫–૧૬) તેમાં જો પોતાની તે છાયાને સર્વ અંગોથી અક્ષત (સંપૂર્ણ) જુએ, તો કુશળ (જાણવું); જો પગ ન દેખાય તો વિદેશગમન, બે સાથળ ન દેખાય તો રોગ, ગુહ્ય ભાગ ન દેખાય તો નિશ્ચે પત્નીનો નાશ, પેટ ન દેખાય તો ધનનો નાશ અને હૃદય ન દેખાય તો મરણ થાય. (૩૧૧૭–૧૮) જો જમણી–ડાબી ભુજા ન દેખાય તો ભાઈ અને પુત્રનો નાશ જાણવો, મસ્તક ન દેખાય તો છ માસમાં મરણ થાય, (૩૧૧૯) સર્વ અંગો ન દેખાય તો તુર્ત મરણ જાણવું. એ રીતે છાયાપુરુષ (પડછાયાથી) આયુષ્યકાળને જાણવો. (૩૧૨૦) જો જળ, દર્પણ વગેરેમાં પોતાના પડછાયાને દેખે નહિ અથવા વિકૃત દેખે, તો નિશ્ચે યમરાજ તેની (समवत्तीः=) સમીપમાં ભમે છે (એમ જાણવું). (૩૧૨૧) એમ છાયાથી પણ સમ્યગ્ ઉપયોગપૂર્વક (पारंभो=) પ્રયત્ન કરનાર કળાકુશળ પ્રાયઃ મરણના કાળને જાણી શકે. (૩૧૨૨)

**૫. નાડીદ્વાર**–હવે અહીંથી નાડીદ્વાર (કહેવાય છે) નાડીના જાણ પુરુષો ત્રણ પ્રકારની નાડી કહે છે. પહેલી ઈડા, બીજી પિંગલા અને ત્રીજી સુષુમણા. (૩૧૨૩) પહેલી ડાબી નાસિકાથી વહેતી, બીજી જમણી નાસિકાથી ચાલતી અને ત્રીજી ઉભય માર્ગથી ચાલતી, (એ ત્રણેય) નાડિના નિશ્ચિત (જ્ઞાનવાળો) પ્રધાન (શ્રેષ્ઠ) યોગી મુખને બંધ કરીને, નેત્રોને સ્થિર કરીને અને સર્વ (અન્ય) પ્રવૃત્તિ છોડીને, એવી અવસ્થામાં રહેલો લક્ષ્યને સ્પષ્ટ જાણે; (૩૧૨૪–૨૫) ઇડા અને પિંગલા ક્રમશઃ (सड्ढं दुगं=) અઢી ઘડી સુધી ચાલે અને સુષુમણા એક ક્ષણ માત્ર ચાલે. આ વિષયમાં અન્ય આચાર્યો કહે છે

કે-(૩૧૨૬) છ દીર્ઘ સ્વરોના ઉચ્ચારના સમય જેટલો સ્વસ્થ અંગોવાળા મનુષ્યનો એક ઉચ્છ્વાસ અથવા એક નિશ્વાસ જાણવો. તેટલા કાળને પ્રાણ કહે છે. તેવા ત્રણ સો સાઈઠ પ્રાણોની એક બાહ્ય ઘડી થાય. તે પ્રમાણથી ઇડા નાડી સતત પાંચ ઘડી ચાલે અને પિંગલા તેનાથી છ પ્રાણ ન્યૂન ચાલે, એ છ પ્રાણ સુષુમણા ચાલે. ( એમ ત્રણેય નાડીની દશ ઘડી થાય. ) નાડીઓનો આ પ્રવાહ પ્રતીત ( પ્રસિદ્ધ ) છે. (૩૧૨૭ થી ૨૯) એમાં ડાબીને ચંદ્રનાડી તથા જમણીને સૂર્યનાડી ( પણ ) કહી છે. હવે એને અનુસારે કાળજ્ઞાનના ઉપાયને કહું છું. (૩૧૩૦) પરમર્ષિ ગુરૂએ કહ્યું છે કે–જો આયુષ્યના વિચાર પ્રસંગે પ્રાણનો ( વાયુનો ) પ્રવેશ થાય, તો જીવિત અને નીકળે તો મરણ જાણવું. (૩૧૩૧) જેને ચંદ્ર-નાડીના કાળે સૂર્યનાડી અથવા સૂર્યનાડીના કાળે ચંદ્રનાડી, અથવા બંને પણ અનિયમિત ચાલે, તે છ માસ જીવે. (૩૧૩૨) જો ઉત્તરાયણના દિવસથી પાંચ દિવસો સુધી એકધારી સૂર્યનાડી ચાલે, તો જીવન ત્રણ વર્ષનું જાણવું, (૩૧૩૩) દશ દિવસ સુધી ચાલે તો બે વર્ષ જીવે અને પંદર દિવસો સુધી એકધારી ચાલે તો એક વર્ષ જીવે. (૩૧૩૪) વળી ઉત્તરાયણના દિવસથી જ જેને વીશ દિવસ એકધારી સૂર્યનાડી ચાલે, તે છ માસ જ જીવે, (૩૧૩૫) જો પચીસ દિવસ સૂર્યનાડી ચાલે તો ત્રણ માસ, છવ્વીસ દિવસ ચાલે તો બે માસ અને સત્તાવીશ દિવસ ચાલે તો નિશ્ચે એક માસ જીવે. (૩૧૩૬) વળી ઉત્તરાયણથી અટ્ઠાવીસ દિન સૂર્યનાડી સતત ચાલે તો પંદર દિવસ જીવે, (૩૧૩૭) ઓગણત્રીસ દિવસ સૂર્યનાડી ચાલે તો નિશ્ચે દશ દિવસ જાણવા, ત્રીસ દિવસ ચાલે તો પાંચ દિવસ અને એકત્રીસ દિવસ ચાલે તો ત્રણ દિવસ જીવે. (૩૧૩૮) જો બત્રીસ દિવસ ચાલે તો બે દિવસ અને તેત્રીસ દિવસ ચાલે તો એક જ દિવસ જીવે. (હવે) બીજું પણ પ્રસંગાનુસાર કંઈક માત્ર સંક્ષેપથી કહું છું. (૩૧૩૯) સમગ્ર એક દિવસ સતત ચાલતી સૂર્યનાડી મનુષ્યોના કંઈક ઉત્પાતને સૂચવે છે અને બે દિવસ ચાલતી ઘરમાં ગોત્રના ભયને જણાવે છે. (૩૧૪૦) જો સૂર્યનાડી ત્રણ દિવસ (સતત) ચાલે તો તે ગામમાં અને ગોત્રમાં ભય જણા-વનાર છે અને ચાર દિવસ વહેતી સૂર્યનાડી નિશ્ચે સ્વસ્થ અવસ્થાવાળા પણ યોગીના પ્રાણુસંદેહને કહે છે. (૩૧૪૧) વળી જો પાંચ દિવસ સૂર્યનાડી સતત ચાલે, તો નિશ્ચે યોગીના મરણને અને છ દિવસ સુધી સતત સૂર્યનાડી ચાલે તો રાજાના કષ્ટસાધ્ય વ્યાધિને સિદ્ધ કરે છે. (૩૧૪૨) સાત અહોરાત્ર ચાલતી સૂર્યનાડી નિશ્ચિત ( રાજાના ) ઘોડાઓના ક્ષયને કહે છે અને આઠ દિવસ સતત ચાલે તો અંતઃપુરમાં ભયજનક કહી છે. (૩૧૪૩) વળી નવ દિવસ સતત વહેતી સૂર્યનાડી રાજાના મહા ક્લેશને, દશ દિવસ વહેતી રાજાના મરણને અને ( રુદ્ર= ) અગિઆર દિવસ વહેતી ( તંત્ર= ) દેશના–રાષ્ટ્રના ભયને કહે છે. (૩૧૪૪) બાર અને તેર દિવસ સતત વહેતી ક્રમશઃ અમાત્ય અને મંત્રીના ભયને જણાવે છે, ચૌદ દિવસ સુધી વહેતી ( મંડલ= ) માંડલિક રાજાનો નાશ કરે છે (૩૧૪૫) અને પંદર દિવસ સતત વહેતી સૂર્યનાડી સર્વ લોકના મહા ભયને કહે છે. આ સઘળું જેમ ( સૂર્યનાડી અંગે ) કહ્યું, તેમ ચંદ્રનાડી જો એ રીતે ચાલે તો પણ જાણવું. (૩૧૪૬) વળી

જેને સૂર્યનાડી ચાલતાં કારણ વિના પણ નિશ્ચે બાહ્ય-અભ્યંતર પદાર્થોમાં પ્રકૃતિની આવી વિપરીતતા થાય. જેમ કે-સમુદ્રમાં અત્યંત પુર (ભરતી) આવતાં તેમાં દિવ્ય (દૈવી) શબ્દ સંભળાય, (કોઈના) આક્રોશના શબ્દો સાંભળીને પ્રસન્ન થાય અને સુખકર (અથવા મિત્રના) શબ્દો સાંભળવા છતાં હર્ષ ન થાય, (૩૧૪૭-૪૮) ઘ્રાણેન્દ્રિયપટુ છતાં બૂઝાએલા દીવાની ગંધને જાણી ન શકે, ઉષ્ણમાં શીતળતાની બુદ્ધિ અને શીતળમાં ઉષ્ણતાનો ભાસ થાય, (૩૧૪૯) નીલકાન્તિવાળી માખીઓની શ્રેણીઓથી જે (મધપુડાની જેમ સમગ્ર શરીરે) ઢંકાઈ જાય અને જેનું મન અકસ્માત વિહ્વળ (બેબાકળું) થાય, (૩૧૫૦) ઇત્યાદિ સૂર્યનાડી ચાલતાં જેને બીજો પણ કોઈ પ્રકૃતિનો વિપર્યાસ થાય તેનું અવશ્ય શીઘ્ર મરણ થાય. (૩૧૫૧) એ રીતે ચંદ્રનાડી ચાલતાં પણ જો પ્રકૃતિનો વિપર્યાસ અનુભવાય. તો નિશ્ચે ઉદ્વેગ, રોગ, શોક, મુખ્ય માણસને (અથવા માણસનો) ભય અને માનહાનિ વગેરે થાય. (૩૧૫૨)

૬. **નિમિત્તદ્વાર**-નાડીદ્વાર કહ્યું. હવે 'પૃથ્વીવિકાર' આદિ આઠ પ્રકારના શ્રેષ્ઠ નિમિત્તદ્વારને પણ સામાન્યથી કહું છું. (૩૧૫૩) જેને ચાલતાં, ઉભા રહેતાં, બેસતાં કે સૂઈ રહેતાં, નિમિત્ત વિના પણ તે ભૂમિમાં તે તે દુર્ગંધપણું કે જ્વાલાઓ દેખાય કે ભૂમિ ફાટે, ચૂરાય, (૩૧૫૪) અથવા કરુણ આક્રંદનો (રુદનનો) શબ્દ સંભળાય, ઇત્યાદિ સહસા બીજો પણ કોઈ ભૂમિવિકાર દેખાય, તો છ માસમાં મરણ થાય. (૩૧૫૫) (પોતાની નજરની ભ્રમણાથી) જે (પર=) બીજાના કેશોમાં (ન હોય છતાં) ધૂમને કે અગ્નિના તણખા જો પ્રગટેલા દેખે, તો (જોનારો) તુર્ત મરે અને કુતરાંઓ હાડકાં કે મૃતકના અવયવને ઘરમાં દાખલ કરે તો (પણ) મરણ જાણવું. (૩૧૫૬) (इहं=) વળી આ ગ્રંથમાં (हेट्ठा=) પૂર્વે (ઉદ્યતવિહારમાં) રાજાને પણ આરાધક તરીકે (પાઠાં० उक्खित्तो=) જણાવ્યો છે, તેથી તેને ઉદ્દેશીને પણ કેટલાક ઉત્પાતોને કહું છું. (૩૧૫૭) જો વાજિંત્રને વગાડયા વિના પણ શબ્દ થાય, અથવા વગાડવા છતાં શબ્દ ન થાય, પાણીમાં અને (उल्लमंस=) લીલા ફળોના ગર્ભમાં અગ્નિ પ્રગટે કે વિના વાદળે વૃષ્ટિ થાય, તો રાજાનું મરણ (જાણવું). (૩૧૫૮) ઇન્દ્રધ્વજની (રાજ્યધ્વજની) ધ્વજા, તોરણ (દરવાજાની કમાન), દ્વાર (મહેલનો દરવાજો), સ્તંભ કે ઇન્દ્રકીલ (દરવાજાનો અવયવવિશેષ) વગેરે જો સહસા ભાંગે-પડે, (તો) તે (પણ) રાજાનું મરણ જણાવે છે. (૩૧૫૯) જો સુંદર વૃક્ષોમાં અકાળે ફૂલ-ફળો પ્રગટેલાં દેખાય અથવા (તે વૃક્ષો) જ્વાળા અને ધૂમને છોડે (એવું દેખાય), તો (हत्थं=) શીઘ્ર રાજાનો વધ જાણવો. (૩૧૬૦) જો વાદળરહિત (નિર્મળ) આકાશમાં રાત્રે કે દિવસે ઇન્દ્રધનુષ્યને દેખે, તો લાંબુ જીવે નહિ, આકાશમાં ગીતના શબ્દો સંભળાય તો રોગ અને વાજિંત્રોના શબ્દો સંભળાય તો નિશ્ચે મરણ થાય. (૩૧૬૧) જો પવનની ગતિને અને સ્પર્શને જાણી શકે નહિ કે વિપરીત જાણે, અથવા બે ચંદ્રને દેખે, તો તેને મરણની તૈયારીવાળો જાણવો. (૩૧૬૨) ગુદા, તાળુ, જીહ્વા વગેરેમાં નિમિત્ત વિના અણધાર્યો (दुदकुद्दाण=) દુષ્ટ રીતે પ્રગટેલા મસાનો (ફોડા

વગેરેનો ) અતિશય જો દેખાય, તો શીઘ્ર મરણ આવ્યું જાણવું. (૩૧૬૩) જેને નિમિત્ત વિના જ જીહ્વાના છેડે પહેલાં નહિ જોએલું એવું કાળું બિંદુ દેખાય, તે પણ એક માસ ઉપરાન્ત ન જીવે. (૩૧૬૪) અથવા કર્મવશવર્તી જેનો (दढं= ) મોટો અથવા સુંદર પણ સ્વર વિના નિમિત્તે અણધાર્યો કોઈ રીતે નિશ્ચે મૂળ સ્વભાવથી અતિ નીચો ( મંદ–ધીમો ) પડે, અથવા ચઢે ( ઉગ્ર–મોટો ) બને, (૩૧૬૫) અથવા ( જેનો સ્વર ) અતિ કરુણતા, દીનતા કે વિરસતાને દેખાડે કે (कंठगहू= ) અવાજ પકડાઇ ( રુંધાઈ ) જાય, તો તે મનુષ્ય પણ નિઃસંદેહ અન્ય શરીરને પામે ( મરે ). (૩૧૬૬) જે ( ઉત્તમ ) પુરુષને ભાલપૃષ્ઠ( કપાલ )માં અતિ લાંબી અને પહોળી ( સ્થૂલ ) એક, બે, ત્રણ, ચાર અથવા પાંચ રેખાઓ થાય, તે અનુક્રમે ત્રીસ, ચાલીસ, સાઈઠ, એંશી અને સો વર્ષ સુધી સુંદર ( સુખી –સદાચારી ) જીવન જીવે. (૩૧૬૭–૬૮) જે પુરુષનું અંગ ( સમગ્ર શરીર ) નિમિત્ત વિના સહસા સર્વથા મૂળ પ્રકૃતિને તજીને વિકાર દેખાડે ( વિકારી બને ), (रिज्जइ= ) કંપે. (सिज्जइ= ) પસીનો વળે અને થાકેલું જણાય, ઉપચારથી પણ જે ગુણને ન પામે ( સુધરે નહિ), તે પણ અકાળે કાળ(મરણ)ને પામ્યો જાણવો. (૩૧૬૯–૭૦) એમ મેં આ નિમિત્તદ્વારને લેશરૂપે કહ્યું. હવે સાતમા જ્યોતિષદ્વારને કંઇક માત્ર કહું છું. (૩૧૭૧)

૭. જ્યોતિષદ્વાર–( તેમાં શનિપુરુષ બનાવવા માટે ) ( પુરુષની આકૃતિ કરીને ) શનિગ્રહ જે નક્ષત્રમાં હોય, તે નક્ષત્ર તેના મુખમાં સ્થાપવું ( લખવું ), પછીનાં ચાર જમણા હાથે, પછીનાં ત્રણ ત્રણ જમણા–ડાબા પગોમાં, પછીનાં ચાર ડાબા હાથમાં, પાંચ હૃદયસ્થાને, ત્રણ મસ્તકે, બે નેત્રોમાં બે અને પછીનાં બે ગુહ્ય ભાગમાં ( સ્થાપવાં ), એમ જણાવ્યું છે. એ પ્રમાણે નક્ષત્રોની સ્થાપના વડે અતિ સુંદર શનિપુરુષચક્રની સ્થાપના કરીને તેમાં પોતાનું જન્મનક્ષત્ર અથવા નામનક્ષત્ર જોવું. (૩૧૭૨ થી ૭૪) જો નિમિત્તકાળે તે શનિપુરુષના ગુહ્ય દેશમાં રહ્યું હોય તથા સર્વથા સૌમ્ય ગ્રહોથી અલગ અને અદૃષ્ટ હોય અને પાપગ્રહોની સાથે હોય તથા પાપગ્રહો તેને સંપૂર્ણ દૃષ્ટિથી જોતા હોય, તો તે સાજાનું પણ મરણ સૂચવે છે, તો રોગીની શી વાત કરવી ? ( જુઓ યોગશાસ્ત્ર પ્ર૦ ૫–૧૯૭ થી ૨૦૦ ) (૩૧૭૫–૭૬) અથવા પ્રશ્નલગ્નને અનુસારે બુદ્ધિમાન જ્યોતિષીના કહેવાથી સ્પષ્ટ મરણકાળ જાણવો. જેમ કે–(૩૧૭૭) લગ્ન ઉદયને સ્પર્શતું હોય. ( ઉદય પામતા લગ્નમાં ) જો ક્રૂર ગ્રહો (हिवुग= ) ચોથા સ્થાનમાં કે દશમા સ્થાનમાં હોય અને ચંદ્ર આઠમી કે છઠ્ઠી રાશીમાં હોય, તો રોગી નિશ્ચે મરે, અથવા લગ્નનો સ્વામી ગ્રહ અસ્ત થએલો હોય તો પણ રોગી કે સાજો હોય તો પણ મરે. ( જુઓ યોગશાસ્ત્ર–પ્ર૦–૫–૨૦૧–૨૦૨ ) (૩૧૭૮–૭૯) ચંદ્રલગ્નમાં શનિ બારમા સ્થાનમાં, મંગળ નવમામાં અને સૂર્ય આઠમામાં રહ્યો હોય અને જો બૃહસ્પતિ બળવાન ન હોય, તો તે રોગીના મરણને જણાવનારા છે. ( જુઓ યોગશાસ્ત્ર–પ્ર૦ ૫–૨૦૩ ) (૩૧૮૦) જો ચંદ્ર દશમે રહ્યો હોય અને સૂર્ય ત્રીજા કે છઠ્ઠામાં રહ્યો હોય, તો મનુષ્ય નિઃસંદેહ ત્રીજા દિવસે દુઃખપૂર્વક મરે.

(જુઓ યોગશાસ્ત્ર-પ્ર૦ ૫-૨૦૪) (૩૧૮૧) વળી પાપગ્રહો ઉદયસ્થાનથી ચોથામાં કે (निधन=) બારમા સ્થાનમાં હોય, તો તે મનુષ્યને ત્રીજા દિવસે મરણ જણાવનારા છે. (જુઓ યોગશા૦ પ્ર૦-૫-૨૦૫) (૩૧૮૨) વળી ક્રૂર ગ્રહો ઉદયસ્થાનમાં હોય, અથવા પાપ-ગ્રહ પાંચમા સ્થાનમાં રહ્યો હોય, તો નિઃસંદેહ નિરોગી પણ પાંચ (યોગશાસ્ત્ર પ્રમાણે આઠ કે દશ) દિવસે મરે. (જુઓ યોગશાસ્ત્ર-પ્ર૦-૫-શ્લોક ૨૦૬) (૩૧૮૩) અશુભ ગ્રહો જો ધન-મિથુનમાં અને (जामित्ते=) સાતમા સ્થાને રહ્યા હોય, તો તે વ્યાધિને અથવા મરણને જણાવનારા છે. એમ સર્વજ્ઞ ભગવંતે કહેલું જાણવું. (જુઓ યો૦-શા૦-પ્ર૦-૫-શ્લોક ૨૦૭) (૩૧૮૪) એમ લેશ માત્ર કહીને જ્યોતિષદ્વાર પણ કિંચિદ્ વર્ણવ્યું. હવે સ્વપ્નદ્વારને પણ અલ્પ માત્ર કહું છું. (૩૧૮૫)

૮. **સ્વપ્નદ્વાર**-વિકરાળ નેત્રોવાળી વાનરી જો સ્વપ્નમાં કોઈ રીતે આલિંગન કરે તથા દાઢી-મૂછના વાળને કે નખને કાપે, (એવું સ્વપ્ન દેખે) તો તુર્ત મરણ (જાણવું). (૩૧૮૬) સ્વપ્નમાં (પોતાને) જો તેલ મસીથી ચોળેલા અંગવાળો, છૂટા (વિખરેલા) કેશ-વાળો, વસ્ત્રરહિત અને ગધેડા કે ઊંટ ઉપર બેસીને દક્ષિણ દિશામાં જતો દેખે, તો પણ શીઘ્ર મરણ (જાણવું). (૩૧૮૭) સ્વપ્નમાં રક્તપટવાળા તપસ્વીઓનું દર્શન અવશ્ય મરણ માટે થાય અને રાતા વસ્ત્રવાળો સ્વપ્નમાં સ્વયં ગીતગાન કરતો પણ નિશ્ચિત મરે. (૩૧૮૮) જો સ્વપ્નમાં ઊંટ કે ગધેડાંથી જોડેલા વાહનમાં એકલો (સ્વયં) ચઢે અને તે અવસ્થામાં જ જાગે, તો મરણ નજીક જાણવું. (૩૧૮૯) જો સ્વપ્નમાં કાળાં વસ્ત્રોવાળી અને કાળું વિલેપન કરેલા અંગવાળી નારી આલિંગન કરે-ભેટે, તો શીઘ્ર મરણ (થાય). (૩૧૯૦) જે પુરુષ જાગતો છતાં નિત્ય દુષ્ટ સ્વપ્નોને જુએ, તે એક વર્ષમાં મરે. આ સત્ય કેવલીકથિત છે. (૩૧૯૧) સ્વપ્નમાં (પ્રેત=) ભૂત કે મૃતકની સાથે સુરાને પીતા જેને શિયાળનાં બચ્ચાં ખીંચે, તે પ્રાયઃ તાવથી મરણને પામે. (૩૧૯૨) સ્વપ્નમાં જેને વરાહ (ભૂંડ), ગધેડો, કુતરો, ઊંટ, વરુ અને પાડો વગેરે દક્ષિણ દિશામાં ખીંચી જાય, તે શોષના રોગથી મરે. (૩૧૯૩) સ્વપ્નમાં જેના હૃદયમાં તાડ, વાંસ કે કાંટાવાળી વેલડી ઊગે, તે ગુલ્મના (બરોળના) દોષથી નાશ પામે. (૩૧૯૪) સ્વપ્નમાં જ જ્વાળારહિત અગ્નિને તર્પણ કરતા, નગ્ન અને સર્વ શરીરે ઘીનું માલિશ કરેલા જે પુરુષના હૃદયરૂપી સરોવરમાં કમળો ઊગે, તે કોઢથી નષ્ટ શરીરવાળો શીઘ્ર યમમંદિરે જશે. (૩૧૯૫-૯૬) વળી (સ્વપ્નમાં) રાતાં વસ્ત્રોને અને રાતાં પુષ્પોને (પાઠાં૦ ધરો= ) ધારણ કરેલા, હસતા, જે (પુરુષને) સ્ત્રીઓ ખીંચે, તે રક્તપિત્તના દોષથી મરણને પામશે. (૩૧૯૭) સ્વપ્નમાં જે ચંડાળોની સાથે (તેલ, ઘી વગેરે) સ્નિગ્ધ વસ્તુનું પાન કરે, તે પ્રમેહના દોષથી મરશે અને (સ્વપ્નમાં ચંડાળોની સાથે) જળમાં ડૂબે તે રાક્ષસ દોષથી મરે. (૩૧૯૮) વળી સ્વપ્નમાં ઉન્માદી, નાચતા, એવા જેને પ્રેત લઇ જાય, તે અંતઃકાળે ઉન્માદના દોષથી પ્રાણોને તજે. (૩૧૯૯) સ્વપ્નમાં ચંદ્ર-સૂર્યને નીચે પડતા જે દેખે, તે નેત્રરોગથી મરે અને

સ્વપ્નમાં ચંદ્ર-સૂર્યનું ગ્રહણ દેખે તે ( **અમાઈ=** ) મૂત્રકૃચ્છ્ર રોગથી મરે. **(૩૨૦૦)** વળી સ્વપ્નમાં જે (पूयग=) સોપારીનું કે (सक्कुली=) તલસાંકળીનું ભક્ષણ કરે, તે તે જ પ્રકારે (**वसंतो=**) વર્તતો મરે અને જળ, તેલ્લ, ચરબી, મજ્જા વગેરેનું (સ્વપ્નમાં) પાન કરવાથી અતિસારના રોગથી મરે. **(૩૨૦૧)** જેનું સ્વપ્નમાં વાનર, ગધેડો, ઊંટ, બિલાડો, વાઘ, વરુ કે ભૂંડોની સાથે તથા પ્રેતોની કે શિયાળોની સાથે ગમન થાય, તે પણ જવાની (મરવાની) ઇચ્છાવાળો જાણવો. **(૩૨૦૨)** વળી રાતાં પુષ્પવાળા, મુંડેલા, નગ્ન, જે પુરુષને સ્વપ્નમાં ચંડાલો દક્ષિણ દિશાગાં લઈ જાય, **(૩૨૦૩)** વળી સ્વપ્નમાં જેના મસ્તકે વાંસની વેલડી વગેરેનો ( संभवो= ) સંભવ થાય ( ઉગે ), પક્ષી માળો કરે, કાગડો, ગીધ, વગેરે (માથે) ચઢે (બેસે) તથા મુંડેલો દેખે, **(૩૨૦૪)** જેને સ્વપ્નમાં જ પ્રેત, (પોતાનો મરેલો કોઈ સંબંધી) પિશાચ, સ્ત્રી કે ચંડાલનો સંગમ થાય, તથા નેતરના વેલાના, ઘાસના કે વાંસના જંગલમાં કે પત્થરોવાળી અટવીમાં, અથવા કાંટાવાળા જંગલમાં, ખાઈ (ખાડા) માં કે સ્મશાનમાં જે શયન કરે, અગર ( छार-पंसुसु= ) રાખમાં કે ધૂળમાં પડે, પાણી કે કાદવમાં ખૂતે અને શીઘ્ર વેગવાળા જળપ્રવાહ વડે તણાય, **(૩૨૦૫-૬)**, તથા સ્વપ્નમાં રાતાં પુષ્પોની માળાને પહેરે, વિલેપન કરે, વસ્ત્રભૂષા કરે તથા ગીત ગાય, વાજિંત્ર વગાડે કે નૃત્યક્રિયા કરે, **(૩૨૦૭)** સ્વપ્નમાં જેના અંગના ( **वओ=** ) વ્યય ( નાશ ) કે વૃદ્ધિ થાય, ગાત્રોનું અભ્યંગન થાય તથા મંગળ વિવાહ, હાસ્યાદિ ક્રિયા થાય, **(૩૨૦૮)** જે સ્વપ્નમાં પકવાન્ન વગેરે ભોજનને ખાય, જેને ઉલટી કે વિરેચન (ઝાડા) થાય, (दम्म=) નાણુંવિશેષ, કે લોહ (વગેરે કોઈ પણ ધાતુની) પ્રાપ્તિ થાય, **(૩૨૦૯)** સ્વપ્નમાં સર્વ અંગોને વેલડીના વિસ્તારથી કે ઝાડોની છાલથી વીંટે તથા જે (तत्थेव=) સ્વપ્નમાં જ કલહ કરે, તથા જેને બંધન કે પરાજય થાય, **(૩૨૧૦)** દેવમંદિર, નક્ષત્ર, ચક્ષુ, પ્રદીપ, દાંત વગેરે પડે અથવા નાશ વગેરે થાય, (**पाणहाणं**) પગરખાંનો નાશ થાય અને હાથ-પગની ચામડીનો પાત થાય (તૂટે), **(૩૨૧૧)** સ્વપ્નમાં અતિ કોપિત થયેલા પિત્રાઈ લોકોથી જેનો તિરસ્કાર થાય, અથવા સહસા અતિ હર્ષ થાય, કે જેને (पच्चयभेओ=) વિશ્વાસભંગ થાય, **(૩૨૧૨)** તથા સ્વપ્નમાં જ રસોડામાં, માતા પાસે, ચિતામાં, રાતા પુષ્પોના વનમાં, અતિ સાંકડા અંધકારમાં જેનો પ્રવેશ થાય, **(૩૨૧૩)** સ્વપ્નમાં કાષાય (ગેરુ) રંગવાળાં વસ્ત્ર પહેરેલા, રાતાં નેત્રોવાળા, એવા દંડધારીનું (ત્રિદંડીનું) કે નગ્ન કાળા મનુષ્યનું, મૂર્ખનું કે ક્ષુદ્રનું (હલકા મનુષ્યનું) દર્શન થાય, **(૩૨૧૪)** તથા જે સ્વપ્નમાં જ રાત્રિભોજન કરે, તથા પ્રાસાદ કે પર્વત ઉપરથી પડે, જે પુરુષને મચ્છો ગળે, **(૩૨૧૫)** અતિ કાળી કાયા અને વસ્ત્રોવાળી, અતિ પીળાં નેત્રોવાળી, વસ્ત્રરહિત, વિકૃત આકારવાળી, ક્ષીણ ઉદરવાળી, અતિ મોટા નખ અને રોમરાજીવાળી, તથા હસતી, એવી સ્ત્રીને જે સ્વપ્નમાં આલિંગન કરતી દેખે, વળી જેને અતીવ નીચ લોકો બોલાવે અને તે ( તેની પાસે ) જાય, **(૩૨૧૬-૧૭)** અથવા જે હાથીથી જોડેલા વાહનદ્વારા ( **पेयपव्वइयसहिओ=** ) પ્રેતની ( મૃતકની ) અથવા પ્રવ્રજિતની ( મુંડિત કોઈ શ્રમણની ) સાથે ખિજડીનાં કે લીમડાનાં વૃક્ષોથી દુર્ગમ (વિષમ

માર્ગવાળા) જંગલમાં પ્રવેશ કરે, (૩૨૧૮) તે સાજો પણ નિશ્ચે મરણને પામે અથવા દ્રવ્ય, (ક્ષેત્ર, કાળ) વગેરે મહા સંકટને પામે અને રોગી તો નિયમા મરણને પામે. તે આ પ્રમાણે-(૩૨૧૯) એ (ઉપર કહ્યાં તે) અતિ ભયંકર સ્વપ્નોને જોઈને રોગી અવશ્ય મરે અને સાજો કોઈ (મરણના) સંદેહને પામીને જીવે પણ ખરો. (૩૨૨૦) ૧. દેખેલા, ૨. સાંભળેલા કે ૩. અનુભવેલા ભાવોનું ૪. (વાત-પિત્તાદિ) દોષથી, ૫. કલ્પિત ભાવોનું, ૬. ઈચ્છિત ભાવોનું અને ૭. કર્મના ઉદયથી આવેલું, એમ સ્વપ્ન સાત પ્રકારે આવે છે. (૩૨૨૧) તેમાં પહેલા પાંચ પ્રકારનાં સ્વપ્નો નિષ્ફળ કહ્યાં છે. અંતિમ બે પ્રકારનાં જ સ્વપ્નો શુભાશુભ ફળનાં સૂચક જાણવાં. (૩૨૨૨) તેમાં જે સ્વપ્ન અતિ લાંબુ કે અતિ ટૂંકું હોય, જે દેખતાં જ નાશ પામ્યું હોય અને જે ક્યારેક અતિ વહેલી રાત્રિએ (ત્રીજા પ્રહરે) જોયું હોય, (૩૨૨૩) તે (સ્વપ્ન) લાંબા સમયે, અથવા તુચ્છ ફળને આપે અને જે અતિ પ્રભાતે જોયું હોય, તે તે જ દિવસે (અથવા) મોટા ફળને આપે. બીજાઓ વળી એમ કહે છે કે-(૩૨૨૪) રાત્રિના પહેલા પ્રહરે જોયેલું સ્વપ્ન એક વર્ષે, બીજા પ્રહરમાં જોયેલું ત્રણ માસે, ત્રીજા પ્રહરમાં જોયેલું બે માસે, રાત્રિના ચોથા પ્રહરે જોયેલું એક માસે અને પ્રભાતે જોયેલું સ્વપ્ન દશ અથવા સાત દિવસે ફળે (૩૨૨૫-૨૬) જે પ્રથમ અનિષ્ટ સ્વપ્નને દેખીને પછી ઇષ્ટને દેખે, તેને શુભ જ ફળે, એમ શુભને દેખીને પછી અશુભને દેખે તો અનિષ્ટ થાય, (૩૨૨૭) તથા શ્રી જિનપ્રતિમાના પૂજનથી શ્રી પંચપરમેષ્ઠિ નમસ્કાર મહામંત્રના સ્મરણથી તથા તપ-નિયમ-દાન (વગેરે) ધર્મ કરવાથી, પાપસ્વપ્ન પણ મંદ ફળવાળું બને. (૩૨૨૮)

૯. રિષ્ટદ્વાર-એ પ્રમાણે સ્વપ્નદ્વારને જણાવ્યું. હવે (રિષ્ટ=) અમંગળદ્વારને જણાવું છું, કારણ કે-અમંગળ વિના મરણ થતું નથી અને અમંગળ જોયા પછી જીવન લાંબું નથી. (૩૨૨૯) તેથી આરાધનાના અર્થીએ સદ્ગુરુના ઉપદેશાનુસાર સર્વ પ્રયત્નથી અમંગળને સતત સારી રીતે જોવું જોઇએ. (૩૨૩૦) નિમિત્ત વિના પણ, અતર્કિત પણ પુરુષને જે પ્રકૃતિના વિકારનો સહસા અનુભવ થાય, તેને અહીં રિષ્ટ કહ્યું છે. (૩૨૩૧) અકસ્માત્ જેનું પગલું કાદવ કે રેતી વગેરેમાં, આગળ કે પાછળ, કપાયેલું (અપૂર્ણ) દેખાય, તે આઠ માસ પણ જીવે નહિ. (૩૨૩૨) ઘીના પાત્રમાં પ્રતિબિંબ થયેલું સૂર્યનું બિંબ દેખતાં, બીમારને જો તે પૂર્વ, દક્ષિણ, પશ્ચિમ કે ઉત્તર દિશામાં તૂટેલું (ખંડિત) દેખાય, તો જીવનને અનુક્રમે છ માસ, ત્રણ, બે માસ અને એક માસ જેટલું કરે છે. (અર્થાત્ તેથી અધિક ન જીવે.) અને તે (સૂર્યબિંબ) રેખા (ફાટ), છિદ્ર કે ધૂમ્રસહિત જો દેખાય, તો તે જીવનને અનુક્રમે પંદર, દશ અને પાંચ દિવસનું કરે છે. (તેથી અધિક ન જીવે.) (૩૨૩૩-૩૪) વાયુરહિત પણ જેના ઘરમાં (દીપકને) જલવાનાં સમગ્ર અંગો (તેલ-વાટ વગેરે) સફળ (શ્રેષ્ઠ) હોવા છતાં અને વારંવાર દીપકને જાગતો કરવા છતાં પણ જો સહસા બૂઝાય, તથા જે બીમારના ઘરમાં નિમિત્ત વિના જ ભાજનો

(अइमत्तं=) અતિ પ્રમાણમાં (વારંવાર) નીચે પટકાય અને ભાંગે–ફૂટે, તે પણ શીઘ્ર મરે. (૩૨૩૫–૩૬) જેને તે તે કાન વગેરે ઈન્દ્રિયોદ્વારા પણ શબ્દ, રસ, રૂપ, ગંધ અને સ્પર્શોનું જ્ઞાન ન થાય, અથવા વિપરીત જ્ઞાન થાય, તથા જે (બીમાર) આવેલા શ્રેષ્ઠ વૈદ્યનું અને તેણે આપેલા ઔષધનું અભિનંદન–અનુમોદન ન કરે, તેને પણ નિશ્ચે અન્ય દેહમાં જવા તત્પર થયેલો જાણવો. (૩૨૩૭–૩૮) જે ચંદ્રના અને સૂર્યના બિંબને કાજળના પુંજતુલ્ય (કાળું) દેખે, તે બાર દિવસમાં યમના મુખમાં જાય. (૩૨૩૯) આહાર–પાણી પરિમિત લેવા છતાં પણ જેને અતિ અધિક મૂત્ર–ઝાડો થાય, અથવા તેથી વિપરીત (આહાર–પાણી અધિક લેવા છતાં પણ મૂત્ર–ઝાડો અલ્પ) થાય, તેનું મરણ નજીકમાં જાણવું. (૩૨૪૦) જે પુરુષનો સદ્‌ગુણી પણ પરિજન (સ્વજનાદિ પરિવાર) પૂર્વે સારો–વિનીત છતાં સહસા વિપરીત વર્તન કરે, તેને પણ અલ્પાયુ જાણવો. (૩૨૪૧) વળી જે દિવસે (गयणंगणं=) આકાશતળને દેખે નહિ, કિન્તુ દિવસે તારાઓને દેખે, દેવોનાં વાહન–વિમાનોને દેખે, તેને પણ યમનું ઘર નજીકમાં જાણવું. (૩૨૪૨) જે સૂર્ય–ચંદ્રના બિંબમાં અથવા તારાઓમાં એક, બે કે ઘણાં છિદ્રોને દેખે, તેનું આયુષ્ય એક વર્ષ જાણવું. (૩૨૪૩) બે હાથોના અંગુઠાથી કાનનાં છિદ્રોને ઢાંકયા પછી પણ જે પોતાના કાનમાં (અંદરના) અવાજને ન સાંભળે, તે સાત દિવસમાં મરે. (૩૨૪૪) જમણા હાથથી મજબૂત દબાવેલી ડાબા હાથની આંગળીઓનાં પર્વો (છેડા) જેના લાલ ન દેખાય, તેનું પણ મરણ શીઘ્ર જાણવું. (૩૨૪૫) મુખ, શરીર કે વ્રણો (ક્ષત–ઘા) વગેરેમાં જેને વિના કારણે અતિ ઇષ્ટ કે અતિ અનિષ્ટ ગંધ ઉછળે, તે પણ શીઘ્ર મરે. (૩૨૪૬) જેનું ગરમીવાળું પણ અંગ અકસ્માત્ કમળના દાંડા જેવું શીતળ થાય, તેને પણ શીઘ્ર યમરાજની રાજધાનીના માર્ગનો મુસાફર જાણવો. (૩૨૪૭) પ્રસ્વેદ (પસીનો) થાય તેવા (તાપવાળા) ઘરમાં રહીને નિત્ય પોતાના લલાટને દેખે, તેમાં જો પસીનો ન થાય, તો જાણવું કે–મરણ આવ્યું. (૩૨૪૮) જેની સૂકી વિષ્ટા તથા થુંક તુર્ત પાણીમાં બૂડે, તે પુરૂષ એક માસમાં યમની પાસે જાય. (૩૨૪૯) હે કુશળ! નિરંતર જેના શરીરમાં યૂકાઓ (જૂઓ ઉપજે), અથવા મક્ષિકાઓ શરીર ઉપર બેસે કે પાછળ ભમે, તેને શીઘ્ર કાળભક્ષિત જાણવો. (૩૨૫૦) જે મનુષ્ય સર્વથા વાદળ વિના પણ આકાશમાં વિજળીને કે ઈન્દ્રધનુષને દેખે કે ગર્જનાના શબ્દને સાંભળે, તે શીઘ્ર યમના ઘરે જાય. (૩૨૫૧) કાગડા, ઘૂવડ કે કંકપક્ષી (જેની પાંખની બાણની પુંખ બને છે તે) વગેરે માંસભક્ષી પક્ષીઓ સહસા જેના મસ્તકે આવી પડે (બેસે), તે થોડા દિવસમાં યમના ઘરે જાય. (૩૨૫૨) સૂર્ય, ચંદ્ર અને તારાઓના સમૂહને જે નિસ્તેજ દેખે, તે એક વર્ષ જીવે અને જે સર્વથા ન દેખે, તે જીવે તો પણ છ માસ સુધી જ. (૩૨૫૩) તથા જે સૂર્ય કે ચંદ્રના બિંબને અકસ્માત્ નીચે પડતાં દેખે, તેનું આયુષ્ય નિઃસંશય બાર દિવસનું જાણવું. (૩૨૫૪) વળી જે બે સૂર્યને દેખે, તે ત્રણ માસમાં નાશ પામે અને સૂર્યબિંબને આકાશમાં ભમતું દેખે તો શીઘ્ર (નાશ પામે), (૩૨૫૫) અથવા સૂર્યને અને પોતાને જે એકીસાથે દેખે, તેનું આયુષ્ય ચાર

દિવસનું અને જે ચારેય દિશામાં સૂર્યના બિંબોને (એકીસાથે) દેખે, તેનું આયુષ્ય ચાર ઘડીનું (જાણવું). (૩૨૫૬) અકસ્માત્ સૂર્યના સમગ્ર બિંબને જે છિદ્રોવાળું દેખે, તે નિશ્ચે દશ દિવસમાં સ્વર્ગના માર્ગે ચાલ્યો જાણવો. (૩૨૫૭) સર્વ પદાર્થોના સમૂહને જે પીળો દેખે, તે ત્રણ દિવસ જીવે અને જેની વિષ્ટા કાળી અને ભાગેલી થાય તે શીઘ્ર મરે. (૩૨૫૮) જેણે નેત્રનું લક્ષ્ય (પાઠાં૦ बच्चुद्ध=) ઊંચુ બાંધ્યું છે, તે (ઊંચી નજરે જોતો પણ) પોતાની બે ભ્રકુટીઓને ન દેખે, તો તે નવ દિવસમાં મરે. (૩૨૫૯) ભાલ ઉપર હાથ સ્થાપીને જોતાં જે કાંડાને (पयइत्थ=) મૂળ સ્વરૂપે દેખે, અતિ કૃશતર (પાતળું) ન દેખે, તે પણ તુર્ત મરણને શરણ (જાણવો). (૩૨૬૦) અંગુલિના છેડાથી નેત્રોના છેડાઓને દાબીને જોતો જે પોતાના નેત્રોની (અંદરની) જ્યોતિને ન દેખે, તે નિયમા ત્રણ દિવસમાં યમના મુખમાં જાય. (૩૨૬૧) જે (પોતાના હાથની અંગુલિથી ઢાંકેલી) ડાબી આંખનાં (પાઠાંતર-अहरुद्ध=) નીચે-ઉપર તથા અંદર-બહારના (નાક તથા કાન તરફના) ખૂણાના પ્રકાશને ન દેખે, તેને પણ અનુક્રમે છ, ત્રણ, બે અને એક માસના આયુષ્યવાળો જાણવો (જુઓ યોગશાસ્ત્ર-પ્ર૦ ૫-શ્લો૦ ૧૧૨) (૩૨૬૨) વળી પોતાના હાથની અંગુલિથી દબાવેલી (इयर=) જમણી આંખના (નીચે-ઉપર તથા અંદર -બહારના ખૂણાના) પ્રકાશને ન દેખે, તેનું આયુષ્ય દશ, પાંચ, ત્રણ અને બે દિવસનું જાણવું. (જુઓ યોગશાસ્ત્ર-પ્ર૦-૫-શ્લો૦ ૧૧૩) (૩૨૬૩) વળી અન્ય લક્ષ્યને છોડીને, નેત્રોનાં ઉપરનાં પુટ (પોપચાં)ને નીચાં ઢાળીને, અતિ મંદ-નીચી-સ્થિર કીકીવાળાં બે નેત્રોને નાસિકાના છેડે જેમ સ્થિર થાય તે રીતે (नियय=) નિશ્ચે જે (नियय=) પોતાની નાસિકાને જોવા છતાં ન દેખે, તે માત્ર પાંચ દિવસોમાં (મરી) જાય. (૩૨૬૪-૬૫)એમ જે પોતાના મુખમાંથી નીકળેલા જીહ્વાના છેડાને જોવા છતાં ન દેખે, તે પણ એક અહોરાત્ર રહે. (૩૨૬૬) (હવે દશ ગાથાથી કાલચક્રનો વિધિ કહે છે.)

પોતાની ભૂમિકાને (અવસ્થાને) અનુસારે દ્રવ્ય-ભાવથી પરમપવિત્ર બનીને, શ્રી અરિહંતદેવની ઉત્કૃષ્ટ વિધિથી શ્રેષ્ઠ પૂજા કરીને, જમણા હાથને શુક્લપક્ષ કલ્પીને તેની કનિષ્ઠિકા (ટચલી) અંગુલિનાં નીચેનું, મધ્યનું અને ઉપરનું એમ ત્રણ પર્વોમાં અનુક્રમે પ્રતિપદા, ષષ્ઠી અને એકાદશી, એ તિથિઓની કલ્પના કરે; પછી પ્રદક્ષિણાક્રમે શેષ અંગુલિઓનાં પર્વોમાં શેષ તિથિઓની કલ્પના ત્યાં સુધી કરે કે અંગુઠાનાં ત્રણ પર્વોમાં પંચમી, દશમી અને પૂર્ણિમા તિથિઓ આવે; એ જ પ્રમાણે ડાબા હાથમાં કૃષ્ણ પક્ષની કલ્પના કરીને ટચલી આંગળીથી અંગુઠા સુધીનાં પંદર પર્વોમાં અનુક્રમે વદિ એકમથી અમાવાસી સુધીની તિથિઓ એ રીતે કલ્પવી કે-ડાબા હાથના અંગુઠાના છેલ્લા પર્વમાં અમાવાસી આવે. એમ કહ્યા પ્રમાણે કલ્પના કરીને (૩૨૬૭-૭૧) તે પછી મહા સાત્ત્વિક આત્મા એકાન્ત પ્રદેશમાં પદ્માસન કરીને, બે હાથની હથેલીઓનો કમળના ડોડા જેવો આકાર કરીને, પ્રસન્ન તથા સ્થિર મન-વચન-કાયાવાળો, ઉજ્જવળ વસ્ત્રથી પોતાના

અંગને ઢાંકીને તેમાં જ એકસ્થિર લક્ષ્યવાળો તે હસ્તકમળના ડોડાના મધ્યમાં કાળા વર્ણની શૂન્યનું ધ્યાન કરે, પછી કરકમળને ઉઘાડીને જોતાં તે કાળું બિંદુ જે કોઈ તિથિમાં દેખાય, તે (તિથિએ) નિઃસંદેહ (મરણનો) કાળ જાણવો. (જુઓ યોગશાસ્ત્ર-પ્ર૦ ૫-શ્લો૦ ૧૨૯ થી ૧૩૪) (૩૨૭૨ થી ૭૪) શ્રી ગુરુવચન વિના, નિશ્ચે સકળ શાસ્ત્રનો જાણ છતાં, લાખો જન્મો વડે પણ કોઈ રીતે પોતાના આત્માને જાણી શકે નહિ. (અર્થાત્ આ વિષયમાં ગુરુગમ જરૂરી છે.) (૩૨૭૫) એ પ્રમાણે દશ ગાથાથી આ કાળચક્રને જણાવ્યું. તેનું પ્રતિપદાના દિવસે ધ્યાન કરો, કે જેથી આવતા મૃત્યુને જાણી શકો. (૩૨૭૬)

જેના ભાલમાં, હૃદયમાં અથવા મસ્તકે, આકૃતિથી બીજના ચંદ્ર જેવી અપૂર્વ શિરાઓ (નસો) ઉપસે અથવા રેખાઓ થાય, (૩૨૭૭) અથવા જેના મસ્તકે છાણાના ભૂકાના વર્ણ જેવો (મેલનો-ખાંડાનો) ચૂરો અથવા ગાઢ-કાળો ધૂમ દેખાય, તેનું જીવિત એક માસમાં ક્ષય પામે. (૩૨૭૮) દાંત પણ જેના સહસા અત્યંત પુષ્પિત થાય (નવા ઉગે) કે કકડાવાળા. લુખ્ખા, અથવા શ્યામ બની જાય, તેને પણ યમ પાસે જનાર જાણવો. (૩૨૭૯) દાંતના કોઈ રોગ વિના પણ અણધાર્યા જ જેના દાંત પડે અથવા ભાંગે, તે શીઘ્ર અન્ય ભવમાં જનાર (જાણવો). (૩૨૮૦) જેની જીહ્વા પણ શ્યામ, સફેદ, સૂઝેલી, માપથી અધિક કે ન્યૂન થાય અથવા સ્તંભી જાય, તેને પણ નિશ્ચે મરણનું જ શરણ (જાણવું). (૩૨૮૧) નિમિત્ત વિના પણ જેનાં નેત્રો સતત ઝરે (પાણી ગળે) અને (लंबगा=) પડજીભીમાં શોષ (રોગ) થાય, તે નિયમા અનુક્રમે દશ અને સાત દિવસે મરે. (૩૨૮૨) કંઠનો ક્ષોભ (ગળું બંધ) થતાં એક પ્રહરે અને તાળુનો ક્ષોભ થતાં એક સો શ્વાસોશ્વાસમાં, વજ્રના અખંડ પાંજરામાં રહેલા પણ પુરૂષને યમ લઈ જાય. (૩૨૮૩) આકર્ષણ (પાઠાંતર आयट्टण= આવર્તન-મરડયા) વિના જ જેની અંગુલિઓ સહસા ફૂટે (ફાટે), તે મનુષ્ય પણ અવશ્ય શીઘ્ર દેહને બદલશે. (૩૨૮૪) જો નિમિત્ત વિના જ મુખ (અથવા વચન) થાકે (બોલતો બંધ થાય), અથવા નિમિત્ત વિના જ દષ્ટિનો નાશ (અંધ) થાય, તે યત્નપૂર્વક જીવે તો પણ ત્રણ દિવસથી અધિક નહિ. (૩૨૮૫) શરીરથી સ્વસ્થ પણ જે પોતાના ડાબા ખભાના શિખરને (છેડાને) ન દેખે, તેને પણ અલ્પકાળમાં કાળનો કોળિયો જાણવો. (૩૨૮૬) જેના હાથ-પગને સખ્ત દાબવા છતાં, (અથવા ખેંચવા છતાં) અવાજ ન થાય, જેને રાત્રે દિગ્મોહ થાય અને (रेयं=) વીર્ય-ધાતુ અતિ પ્રમાણમાં સ્રવે, વળી છીંક, ખાંસી અને મૂત્રણની ક્રિયા વખતે કારણ વિના જ જેને અપૂર્વ (વિલક્ષણ-કદાપિ પૂર્વે ન સાંભળ્યો હોય તેવો) અવાજ થાય, તે પણ યમનો કોળિયો થાય. (૩૨૮૭-૮૮) સ્નાન કરતાં પણ કમલિનીનાં પત્રોની જેમ જેના અંગને પાણી ન સ્પર્શે (શરીર ભીંજાય નહિ), તે છ માસને અંતે યમનો સંગ કરશે. (૩૨૮૯) જેને સ્નાન પછી કે વિલેપન કરેલાં બીજાં અંગો ભીનાં છતાં છાતી પહેલી સૂકાય, તે અર્ધમાસ ન જીવે. (૩૨૯૦) જેના કેશો લૂખ્ખા છતાં (તેલ વિના જ) સહસા તેલથી વ્યાપ્ત જેવા-અતિ સ્નિગ્ધ

થાય અને ઓળ્યા વિના પણ જુદી જુદી પાંથીવાળા થાય, (૩૨૯૧) બે ભ્રકૂટીઓ સંકોચ્યા વિના પણ સંકોચેલી દેખાય, અથવા કંપતી પાંપણો નેત્રોની અંદર પેઠેલી કે બહાર નીકળેલી દેખાય, અથવા ઘૂવડ, કબૂતરની આંખો જેવી બે આંખો ઉન્મેષ–નિમેષરહિત (સ્થિર) થાય, તથા (પાઠાંતર–वणदुंडमंतालोयं) જેની અભ્રાન્ત (નિર્મળ) નજર નાશ પામે, તે પણ શીઘ્ર મરે. (૩૨૯૨–૯૩) જેની નાસિકા સહસા વાંકી, ફોડાથી વ્યાપ્ત, કે અત્યંત ફૂટેલી (તૂટેલી) કે (संवुडछिद्दा=) સંકડાઈ ગયેલાં છિદ્રોવાળી થાય (બીડાઈ જાય), તે પણ અન્ય જન્મને ઇચ્છે છે. (૩૨૯૪) છ મહિનામાં મરનારની શક્તિ, સદાચાર, (वाऊ=) વાયુની ગતિ, સ્મૃતિ, બળ અને બુદ્ધિ–એ છ વસ્તુ નિમિત્ત વિના જ પરાવર્તન પામે (નાશ પામે.) (૩૨૯૫) જેના શરીરના (वेह=) ઘા(છિદ્ર)માંથી દુર્ગંધ નીકળે, રુધિર અતિ કાળું નીકળે, જીહ્વાના મૂળમાં જેને પીડા થાય અથવા હથેળીમાં (પાઠા૦असह्य=) અસહ્ય વેદના થાય, (૩૨૯૬) જેની ચામડી, કેશ સ્વયં (साड=) તૂટે, જેના કાપેલા રોમ (વાળ) પુનઃ વધે નહિ, જેના હૃદયમાં અતીવ ઉષ્ણતા રહે અને પેટમાં અતિ શીતળતા રહે, (૩૨૯૭) વાળને લુંચવા છતાં જેને વેદના ન થાય, તે મનુષ્યને છ દિવસમાં યમપુરી જનારો જાણવો. (૩૨૯૮) એ પ્રમાણે રિષ્ટદ્વાર કહ્યું. હવે જે વિશિષ્ટ ધારણાશક્તિવાળો હોય, તેને ઉદ્દેશીને કંઈક માત્ર યંત્રપ્રયોગને કહું છું. (૩૨૯૯)

**૧૦. યંત્રદ્વાર**–બીજો વ્યાક્ષેપોથી (ચિંતાદિથી) રહિત, યંત્રપ્રયોગમાં એકાગ્ર ચિત્તવાળો, એવો પુરુષ ઔપચારિક વિધિ કરીને પ્રથમ (યંત્રના) મધ્યમાં ૐકાર સહિત અધિગત મનુષ્યનું નામ સ્થાપે, પછી (૩૩૦૦) ખૂણાઓમાં અગ્નિજ્વાળાઓથી વ્યાપ્ત હોય તેવું અગ્નિમંડલ એટલે 'ર' અક્ષરો લખે, ખૂણાઓની બહાર સુશોભિત છ સ્વસ્તિક કરે, (૩૩૦૧) (પછી યંત્રને) અનુસ્વાર સહિત અકાર વગેરે (અં–આં–ઇં–ઈં–ઉં–ઊં) છ સ્વરોથી પડખાઓમાં વીંટે, (અર્થાત્ ખૂણાઓની બહાર વચ્ચે અકારાદિ છ સ્વરો લખે) મધ્યમાં 'સ્વા' અક્ષરવાળું અને ચારેય દિશાઓમાં ચાર 'ય' અક્ષરોવાળું. વાયુમંડલથી વ્યાપ્ત, એવાં (ચાર) અગ્નિમંડલોને પોતાની બુદ્ધિમાં કલ્પીને, પગના તળિયે, હૃદયમાં, મસ્તક ઉપર અને સાંધાઓમાં તેની સ્થાપના કરે. (૩૩૦૨–૩) તે પછી સ્વ–પર આયુષ્યના નિર્ણય માટે સૂર્યને પૂંઠે રાખીને, સૂર્યોદય વખતે જ (પશ્ચિમમાં મુખ રાખીને), પોતાના પડછાયાને અતિ નિપુણ રીતે જુએ. (૩૩૦૪) જો તે છાયાને સંપૂર્ણ (અખંડ) દેખે, તો વર્ષ સુધી તેને મરણનો ભય નથી અને કાનરહિત દેખે તો બાર વર્ષ જીવે. (૩૩૦૫) હાથરહિત દેખવાથી દશ વર્ષ, જો અંગુલિરહિત દેખે તો આઠ વર્ષ, ખભા ન દેખે તો સાત વર્ષ, કેશ ન દેખાય તો પાંચ વર્ષ, પડખાં ન દેખે, તો ત્રણ વર્ષ અને નાક ન દેખે તો એક વર્ષ જીવે. મનુષ્ય જો તે પડછાયામાં મસ્તકને ન દેખે, તો છ માસ જીવે. (૩૩૦૬–૭) જો ડોકને ન દેખે તો એક માસ, દાઢી ન દેખે તો છ માસ જીવે, જો આંખ ન દેખે, તે પુરુષ અગીઆર દિવસ જીવે. (૩૩૦૮) વળી જો હૃદયમાં છિદ્રોને દેખે, તો સાત દિવસ

જીવે અને પડછાયા બે દેખે તો શીઘ્ર યમના બંધનમાં પડે. (જુઓ યોગશાસ્ત્ર–પ્ર૦ ૫, શ્લો૦ ૨૦૮ થી ૨૧૫) (૩૩૦૯) સ્નાન કરેલા જે મનુષ્યના કાન વગેરે અંગો શીઘ્ર સૂકાય (તો પણ), તે પૂર્વે (ગા. ૩૩૦૫ના ઉત્તરાર્દ્ધથી ગા. ૩૩૦૮ સુધી) કહેલા વિધિ પ્રમાણે તેટલાં વર્ષ, મહિના અને દિવસોમાં નિશ્ચે મરે. (૩૩૧૦) એ આયુષ્યને જાણવાના ઉપાયભૂત યંત્રપ્રયોગદ્વારા જણાવ્યું. હવે અગિઆરમું છેલ્લું વિદ્યાદ્વાર કહું છું. (૩૩૧૧)

**૧૧. વિદ્યાદ્વાર**–હવે વિદ્યા–મંત્રમાં પણ (કાળજ્ઞાન જાણવાના) કુતૂહલવાળો આરાધક (ક્ષપક), અથવા બીજો પુરુષ, જે રીતે સ્વ પરના (મરણ) કાળને સમ્યગ્ જાણી શકે, તે રીતે કહું છું. (૩૩૧૨) અતિ પવિત્ર થયેલો; અનન્ય (એકાગ્ર) ચિત્તવાળો (પુરુષ) શિખામાં (ચોટીમાં) 'સ્વા', મસ્તકે 'ૐ', બે ચક્ષુઓમાં 'ક્ષિ', હૃદયમાં 'પ' અને નાભિમાં 'હા'–એ પ્રમાણે અક્ષરોને સ્થાપીને, પછી "ॐ जुसः, ॐ मृत्युं जयाय, ॐ वज्रपाणिने, शूलपाणिने, हरहर, दह दह, स्वरूपं दर्शय दर्शय, हुं फुट्."–એ વિદ્યાથી ૧૦૮ વાર પોતાનાં નેત્રોને સમ્યગ્ મંત્રે. પછી અરુણોદય વેળાએ પોતાની છાયાને પણ તે રીતે મંત્રીને. સૂર્યને પાછળ (છાયાને સન્મુખ) રાખીને, નિશ્ચળ શરીરવાળો, પોતાને માટે પોતાની અને અન્યને માટે અન્યની છાયાને સમ્યગ્ પૂજીને (મંત્રીને) પરમ ઉપયોગપૂર્વક એ છાયાને જુએ. (૩૩૧૩ થી ૧૬) જો તે છાયાને સંપૂર્ણ દેખે, તો એક વર્ષ સુધી મરણ નથી. છાયાને પગ, જંઘા (પિંડિઓ) અને જાનુ (ઢીંચણ) રહિત જો દેખે, તો અનુક્રમે ત્રણ બે અને એક વર્ષે નિશ્ચે મરે. (૩૩૧૭) તેની સાથળોનો જો ક્ષય દેખે તો દશ માસ પછી, કટિનો ક્ષય દેખે તો આઠ–નવ માસે અને પેટનો ક્ષય દેખે તો પાંચ અથવા છ માસે મરે (૩૩૧૮) જો ડોકને ન દેખે તો ચાર, ત્રણ, બે અથવા એક માસે મરે, કાંખોને જે ન દેખે તે પખવાડિયું અને જો બાહુનો ક્ષય દેખે તો તે દશ દિવસ જીવે. (૩૩૧૯) જો ખભાનો ક્ષય દેખે તો આઠ દિવસ, હૃદયમાં છિદ્રો દેખે તો ચાર માસ (યોગશાસ્ત્રમાં જો હૃદય ન દેખે તો ચાર પ્રહર) સુધી અને છાયાને મસ્તકરહિત દેખે તો બે પ્રહર જ જીવે. (૩૩૨૦) વળી કોઈ કારણે તે યોગીની (પુરુષની) છાયાનો જો સર્વથા વ્યુચ્છેદ થાય (ન દેખાય), તો તુર્ત તે ક્ષણમાં નિશ્ચે ક્ષયને જણાવે છે. (અર્થાત્ તુર્ત મરે.) (જુઓ યોગશાસ્ત્ર પ્ર૦ ૫, શ્લો૦ ૨૧૭ થી ૨૨૩) (૩૩૨૧) જો કે આયુષ્યને જાણવા માટે આ કહ્યા તે વગેરે અનેક ઉપાયો શાસ્ત્રમાં કહ્યા છે, તો પણ અહીં તે લેશ માત્ર કહ્યા. (આ કાળજ્ઞાનદ્વારને થોડા મતાંતરો સાથે યોગશાસ્ત્ર પાંચમા પ્રકાશમાં કહ્યું છે.) (૩૩૨૨) એમ મૂળ પરિકર્મદ્વારના નવમા પરિણામ પેટાદ્વારમાં પણ સાતમું આયુષ્યજ્ઞાનદ્વાર નામનું પેટાદ્વાર સુંદર રીતે કહીને, હવે (પરિણામદ્વારમાં) 'અનશન સહિત સંસ્તારક દીક્ષાનો સ્વીકાર'–એ નામના આઠમા દ્વારને હું કહું છું. (૩૩૨૩)

**૮. અણસણપ્રતિપત્તિદ્વાર**–હવે ઉપર કહેલા વિધિથી મરણકાળને નજીક જાણીને અંતિમ આરાધનાની વિધિને સંપૂર્ણ આરાધવાની ઇચ્છાવાળા (૩૩૨૪) જન્મ–જરા–

મરણથી ભયંકર એવા દીર્ઘ સંસારવાસથી ભય પામેલા, શ્રી જિનવચનના શ્રવણથી પ્રગટેલી તીવ્ર સંવેગશ્રદ્ધાવાળા અને પ્રશમાદિ ગુણરૂપ સમૃદ્ધિવાળા, એવા ઉત્તમ શ્રાવકના ચિત્તમાં નિશ્ચે સ્વભાવથી જ નિત્ય એવી ભાવના થાય કે-(૩૩૨૫-૨૬) અહહ ! મને પરમ અમૃત-તુલ્ય જિનવચનોની પરિણતિ (શ્રદ્ધા) થવા છતાં, હજુ પણ પાપોના ઘરરૂપ આ ગૃહવાસમાં રહેવું કેવી રીતે યોગ્ય છે! (અર્થાત્ નથી.) (૩૩૨૭) ઇન્દ્રિયોના વિષયોમાં આસક્ત અને પરમાર્થથી વૈરી એવા પણ પત્ની વગેરે પરિવારમાં ગાઢ રાગવાળા અનાર્ય મને ધિક્ ધિક્ ( ધિક્કાર થાઓ )! (૩૩૨૮) તે સાધુઓ જ ધન્ય છે, કે જે મોહરૂપી યોદ્ધાને જીતનારા, જિતેન્દ્રિય, સૌમ્ય, રાગ-દ્વેષથી વિમુક્ત સંસારરૂપી વૃક્ષને નાશ કરવામાં તીક્ષ્ણ શસ્ત્ર જેવા, જેઓ આશ્રવને રોકીને તપરૂપ ધનથી આઢય. ક્રિયામાં અત્યંત આદરવાળા શાશ્વત સુખરૂપ મોક્ષને માટે સતત સમ્યગ્ ઉદ્યમને કરે છે. (૩૩૨૯-૩૦) તેથી મારો તે દિવસ કયારે આવશે, કે જ્યારે હું ગીતાર્થ ગુરુની પાસે ચારિત્રને સ્વીકારીને મોક્ષાર્થે ઉદ્યમ કરીશ ? (૩૩૩૧) મોક્ષાર્થને સાધનારાં બીજાં સઘળાં અંગો (સામગ્રી) પ્રાપ્ત થવા છતાં, સર્વવિરતિ વિના શાશ્વત સુખવાળો મોક્ષ કેમ થાય ? (૩૩૩૨) તેથી હજુ જ્યાં સુધી મારા આયુષ્યના છ માસ, વર્ષ, (વગેરે) વિદ્યમાન છે, ત્યાં સુધી સર્વ રાગનો (સંબંધોનો) ત્યાગ કરીને મોક્ષમાર્ગને અનુસરું. (૩૩૩૩) (પાઠાંતર-अहवा=) અથવા લાંબુ આયુષ્ય દૂર રહો ! નિશ્ચે સમભાવમાં વર્તતા (મને) એક મુહૂર્ત પણ જો પ્રવ્રજ્યાના પરિણામ થાય, (સર્વવિરતિ ગુણ સ્પર્શે) તો શું ન મળ્યું ? (૩૩૩૪) એવા પરિણામથી પરિણત થએલો, સવિશેષ વધતા તીવ્ર સંવેગવાળો, ગુરુની પાસે જઈને શુદ્ધ ભાવથી કહે કે-હે ભગવંત ! કરુણારૂપી અમૃતના ઝરણાથી સુંદર, એવું તમે મને જે કહ્યું હતું કે-'આલોચનાદિ પૂર્વક પ્રવ્રજ્યા વગેરે કર!' (૩૩૩૫-૩૬) અને મેં પણ 'ઇચ્છામિ'-એમ કહીને જે સ્વીકાર્યું હતું, તેને હું આયુષ્ય શેષ છે ત્યાં સુધી હવે તે રીતે કરું છું. (૩૩૩૭) હે પૂજ્યપુરુષ ! હું પ્રવ્રજ્યારૂપી અતિ પ્રશસ્ત વહાણમાં બેસીને, તારક એવા આપની સહાયથી સંસાર-સમુદ્રને તરવા ઈચ્છું છું. (૩૩૩૮) તે પછી અત્યંત ભક્તિના ભારથી નમેલા મસ્તકવાળા તેને ગુરુ પણ વિધિપૂર્વક નિરવદ્ય પ્રવ્રજ્યા આરોપે (આપે). (૩૩૩૯) અને જો તે દેશવિરતિ અને સમ્યક્ત્વનો રાગી તથા જિનધર્મમાં રાગી હોય, તો તેને અતિ વિશુદ્ધ અણુવ્રતોને આરોપે ( ઉચ્ચરાવે ). (૩૩૪૦) પછી નિયાણા(બાહ્ય વાંછા)રહિત, ઉદાર મનવાળો અને હર્ષથી વિકસેલી રોમરાજીરૂપ કાંટાથી વ્યાપ્ત શરીરવાળો (રોમાંચિત) તે ભક્તિપૂર્વક ગુરુને અને સાધર્મિકાદિ સંઘને પૂજે. (૩૩૪૧) અને પોતાના ધનને નવા શ્રી જિનમંદિર, શ્રી જિનબિંબ અને તેની ઉત્તમ પ્રતિષ્ઠામાં, તથા પ્રશસ્ત (જ્ઞાનનાં) પુસ્તકોમાં, ઉત્તમ તીર્થોમાં તથા શ્રી તીર્થંકરદેવની પૂજામાં ખર્ચે. (૩૩૪૨) પરંતુ કોઈ રીતે તે સર્વવિરતિમાં બદ્ધ અનુરાગ-વાળો, વિશુદ્ધ બુદ્ધિ અને કાયાવાળો, સ્વજનોના રાગથી મુક્ત અને વિષયોરૂપી વિષથી જો વિરાગી હોય, તો સર્વ પાપને તજવામાં ઉત્સાહી સંયમરૂપી પ્રગુણ-શ્રેષ્ઠ રાજ્યના રસવાળો

તે મહાત્મા સંસ્તારક પ્રવ્રજ્યાને પણ સ્વીકારે. (૩૩૪૩-૪૪) તેમાં જે અણુવ્રતધારી અને (માત્ર) સંથારારૂપ શ્રમણદીક્ષાને પામેલો હોય, તે સંલેખનાપૂર્વક અંતકાળે અનશનને (ચારેય આહારનો ત્યાગ) કરે. (૩૩૪૫) એ રીતે (ગૃહસ્થનું) અનશનપૂર્વક સંસ્તારક દીક્ષાની પ્રાપ્તિ નામનું આઠમું દ્વાર કહ્યું. એ કહેવાથી ગૃહસ્થના પરિણામને કહ્યો. (૩૩૪૬)

હવે સમગ્ર ગુણમણિના નિધાન એવા મુનિઓને અંગે પરિણામ જણાવાય છે. તે પરિણામ આ રીતે ચિંતનદ્વારા શુભ થાય. (૩૩૪૭) મધ્યરાત્રે ધર્મજાગરિકાને (ભાવનાને) કરતો, ચઢતા પરિણામવાળો મુનિ મનમાં વિચારે કે-(૩૩૪૮) અહો ! આ સંસારસમુદ્ર રોગ અને જરારૂપી મગરોથી ભરેલો, નિરંતર થતા જન્મ-મરણરૂપી પાણીવાળો દ્રવ્ય-ક્ષેત્ર-વગેરેની ચાર પ્રકારની આપત્તિઓથી ભરેલો અનાદિ, સતત ઉઠતા વિકલ્પોરૂપી મોજાંઓ દ્વારા નિરંતર જીવોનો નાશ કરતો, રૌદ્ર (રડાવનારો ભયંકર) અને તીક્ષ્ણ દુઃખોનું કારણ છે. (૩૩૪૯-૫૦) તેમાં અતિ દુર્લભ એવા મનુષ્યજન્મને મુશીબતે કષ્ટથી પામીને પણ, જીવો અતિ દુર્લભ શ્રી જિનકથિત ધર્મને (સામગ્રીને) પામી શકતા નથી. (૩૩૫૧)તેને પામીને પણ અવિરતિરૂપી પિશાચિનીના ગાઢ બંધનમાં પડેલા (જીવોને) અસામાન્ય (કોઈક જ પામે તેવું), ગુણોથી શ્રેષ્ઠ, એવું સાધુપણું તો પરમ દુર્લભ જ છે. (૩૩૫૨) (કોઈ) દુર્લભ પણ સાધુપણાને પામીને થાકેલા અને સુખશીલીઆ કાદવમાં ખૂતેલા મોટા હાથીની જેમ દુઃખી થાય છે. (૩૩૫૩) જેમ કાકિણી માટે કોઈ મહામૂલ્ય ક્રોડ રત્નોને ગુમાવે, તેમ સંસારના સુખમાં આસક્ત જીવો મુક્તિના સુખને હારી જાય છે. (૩૩૫૪) અરર ! આ શરીર, જીવન, યૌવન, લક્ષ્મી, પ્રિય સંયોગો અને (તેનું) સુખ પણ અનિત્ય, પરિણામે અસાર અને નાશવંત છે, તેથી અતિ દુર્લભ મનુષ્યપણું અને શ્રી જિનેન્દ્રવચન વગેરે સામગ્રીને પામીને પુરુષે શાશ્વત સુખમાં એકરસવાળા બનવું જોઈએ. (૩૩૫૫-૫૬) ભવ્ય જીવોને આજે જે (સંસારનું) સુખ છે, તે કાલે (સ્વપ્ન જેવું) માત્ર સ્મરણ કરવાયોગ્ય બની જાય છે. તે કારણે પંડિતો ઉપસર્ગ વિનાનું મોક્ષનું (શાશ્વત) સુખ ઇચ્છે (શોધે) છે. (૩૩૫૭) ચક્રવર્તીના અને ઇન્દ્રના સુખને પણ જ્ઞાનીઓ તત્ત્વથી દુઃખ કહે છે, કારણ કે-તે પરિણામે ભયંકર અને અશાશ્વત છે, માટે (મારે) તે સુખોથી સર્યું (૩૩૫૮) શાશ્વત સુખ એ નિયમા શ્રી જિનાજ્ઞાની આરાધનાનું ફળ છે, માટે શ્રી જિનવચનથી વિશુદ્ધ થયેલી બુદ્ધિપૂર્વક તે આજ્ઞાપાલનમાં ઉદ્યમ કરું. (૩૩૫૯) એટલો કાળ મેં સામાન્યથી શ્રમણપણું પાળ્યું, હવે વર્તમાનમાં કંઇક વિશિષ્ટ ક્રિયાને કરું ! (૩૩૬૦) કારણ કે-પશ્ચાત્તાપથી પીડાતા, ધર્મની પ્રીતિવાળા, દોષોને દૂર કરવાની તૃષ્ણાવાળા એવા પાસત્થા વગેરે દુઃશીલો પણ તે વિશિષ્ટ આરાધનાને માટે યોગ્ય છે. (તો મારે તો તે કરણીય છે જ.) વળી શરીરબળ નિત્ય ક્ષીણ થાય છે, પુરુષકાર (પુરુષાતન) અને (वओ=) વાણી (વચનશક્તિ) પણ નિત્ય ક્ષીણ થાય છે તથા વીર્ય (સામર્થ્ય) પણ નિત્ય ક્ષીણ થાય છે. (૩૩૬૧-૬૨) કાનની શક્તિ નિત્ય ગળે છે, નેત્રનું તેજ નિત્ય ક્ષીણ થાય છે, બુદ્ધિ નિત્ય ઘટી રહી છે અને આયુષ્ય પણ

નિત્ય ખૂટી રહ્યું છે. (૩૩૬૩) તેથી જ્યાં સુધી બળ વિદ્યમાન છે, વીર્ય વિદ્યમાન છે, પુરુષકાર વિદ્યમાન છે અને પરાક્રમ વિદ્યમાન છે, હજુ જ્યાં સુધી આ સમગ્ર ઇન્દ્રિયોનો સમૂહ (શક્તિથી) હણાયો નથી અને હજુ જ્યાં સુધી દ્રવ્ય-ક્ષેત્રાદિ સામગ્રી અનુકૂળ છે, (૩૩૬૪-૬૫) ત્યાં સુધી જિનકલ્પ વગેરે કોઈ પણ ઉગ્ર એવી મુનિચર્યાને અનુસરું, અથવા વિશિષ્ટ સંઘયણનો વિષય એ ચર્યા અમારે (યોગ્ય) નથી, તેથી વર્ત્તમાનકાળના યતિઓના સંઘયણને અનુરૂપ વિશિષ્ટ કર્ત્તવ્યને હું વિધિપૂર્વક સ્વીકારું. કારણ કે-દુર્લભ મનુષ્ય-જન્મનું ફળ એ જ છે. (૩૩૬૬-૬૭) એમ માત્ર સામાન્ય મુનિ જ નહિ, મુનિઓમાં વૃષભ પણ મુનિ પોતાની અવસ્થાને અનુરૂપ ધર્મજાગરિકાને (મનોરથોને) કરે. (૩૩૬૮) જેમ કે-મેં અતિ દીર્ઘ પર્યાય પાળ્યો. વાચના પણ આપી, શિષ્યો પણ પેદા (ભણાવીને જ્ઞાન-ક્રિયાયુક્ત) કર્યા અને તેઓને ઉચિત (મારું કર્ત્તવ્ય) પણ (સઘળું) કર્યું. એ પ્રમાણે મારી ભૂમિકાને ઉચિત જે જે કર્ત્તવ્ય હતું, તે ક્રમે ક્રમે કર્યું તે હવે મારા પણ કંઇક तयं=) તેને (પાઠાં૦ हियं=હિતને) વિશેષતયા કરું. (૩૩૬૯-૭૦) અત્યંત દુષ્ટ પરાક્રમવાળા પ્રમાદરૂપ શત્રુસૈન્યની પરવશતાથી (किच्चवग्गो=) પૂજ્યો પ્રત્યે (અથવા મારે કરવાનાં કાર્યોમાં) જે કંઈ કર્યું, ન કર્યું, (અથવા ન કરવાયોગ્ય કર્યું, કરવાયોગ્ય ન કર્યું,) તેને તજીને હવે દીર્ઘકાળ ચરણકરણ (ગુણોને) પાળનારા અને દીર્ઘકાળ શ્રી જિનેન્દ્રધર્મની પ્રરૂપણા કરનારા મારે હવે વિશેષતયા આત્મહિતને કરવું તે કલ્યાણકારી છે. (૩૩૭૧-૭૨) કિન્તુ શ્રી જૈન આગમનાં રહસ્યોના જાણ અને પ્રશમાદિ ગુણસમૂહથી અલંકૃત એવા શિષ્યને મારું (સૂરિ) પદ આપીને અને (गणु=) સાધુ-સાધ્વીસમુદાયને સમ્યગ્ (તેની નિશ્રામાં) સ્થાપીને, સામર્થ્ય અને આયુષ્ય વિદ્યમાન રહેતે છતે આત્માના બળ અને વીર્યને ગોપવ્યા વિના હું યથાલંદ ચારિત્રને, પરિહારવિશુદ્ધિને કે જિન કલ્પને સ્વીકારું, અથવા તો પાદપોપગમન, ઇંગિની કે ભક્તપરિજ્ઞા પૈકી કોઈ અનશન કરવાનું સ્વીકારું. (૩૩૭૩ થી ૭૫) એ પ્રમાણે વિચારીને અને પ્રયત્નપૂર્વક તુલના (તેનો પ્રાથમિક અભ્યાસ) કરીને, શેષ (મોટી) આરાધનાની જો અશક્તિ હોય, તો ભક્તપરિજ્ઞાનો નિર્ણય કરે. (૩૩૭૬) એ પ્રમાણે (**શુદ્ધ બુદ્ધિ=**) સમ્યક્ત્વની (**સંજીવની=**) પ્રાણદાત્રીતુલ્ય અને મોક્ષનગરના મુસાફરોને વાહનતુલ્ય સંવેગરંગશાળા નામની આરાધનાના પ્રથમ પરિકર્મ-દ્વારના બે પ્રકારના પરિણામ નામના નવમા પ્રતિદ્વારમાં સાધુપરિણામ નામનો આ બીજો પ્રકાર પણ કહ્યો, (૩૩૭૭-૭૮) અને તે કહેવાથી મૂળ પરિકર્મવિધિદ્વારનું બે ભેદવાળું આ નવમું પરિણામ નામનું પેટાદ્વાર પૂર્ણ થયું. (૩૩૭૯)

**૧૦ મું ત્યાગદ્વાર**-એમ શુભ પરિણામથી પરિણત એવો પણ પ્રસ્તુત આરાધક જીવ વિશિષ્ટ ત્યાગ વિના આરાધનાને આરાધવા સમર્થ ન બને, તેથી હવે ત્યાગદ્વાર કહીશું. તે ત્યાગ દ્રવ્ય, ક્ષેત્ર, કાળ અને ભાવને આશ્રીને ચાર પ્રકારનો જાણવો. (૩૩૮૦-૮૧) તેમાં જો કે પૂર્વે કહ્યું તેમ ગૃહસ્થે આરાધનાનો પ્રારંભ કરતાં જ પુત્રને ધન સોંપીને (તેટલો

તો) દ્રવ્યનો ત્યાગ કર્યો જ હોય, (૩૩૮૨) તો પણ (વિશિષ્ટ આરાધના કરતાં હવે) શરીર, પરિવાર, ઉપધિ વગેરે (બીજાં પણ) ઘણાં દ્રવ્યોને તેમાં રાગ નહિ કરવારૂપે વિશેષતયા તજવાં જોઈએ. (૩૩૮૩) તથા ક્ષેત્રથી પણ જો પહેલાં નગર, આકર, ઘર વગેરે ત્યજ્યું હોય, તો પણ (આ પ્રસંગે) ઇષ્ટસ્થાનમાં પણ તેણે મૂર્છાને તજવી જોઈએ. (૩૩૮૪) (કાળમાં) શરદઋતુ વગેરે તે તે કાળમાં પણ બુદ્ધિને રાગબદ્ધ (આસક્ત) નહિ કરવી અને એ રીતે જ ભાવમાં પણ 'અપ્રશસ્ત ભાવોમાં રાગ ન કરવો' વગેરે જાણવું. (૩૩૮૫) એમ મુક્તિની ગવેષણા કરતો અને વિશુદ્ધ લેશ્યાવાળો મુનિ પણ માત્ર સંયમનાં સાધન સિવાયની બીજી સઘળી ઉપધિને તજે. (૩૩૮૬) તથા ઉત્સર્ગમાર્ગને ઇચ્છતો (મુનિ) અલ્પ પરિકર્મ અને બહુ પરિકર્મવાળા–એ બંને પ્રકારની શય્યા, સંથારો વગેરેનો ત્યાગ કરે. (૩૩૮૭) વળી જે સાધુઓ પાંચ પ્રકારની શુદ્ધિને અને પાંચ પ્રકારના વિવેકને પામ્યા વિના મુક્તિને ઇચ્છે છે, તે નિશ્ચે સમાધિને પામતા નથી. (૩૩૮૮) (તેમાં) આલોચનાની, શય્યાની, ઉપધિની, આહાર–પાણીની અને વૈયાવચ્ચકારકોની–એમ શુદ્ધિ પાંચ પ્રકારની કહી છે. (૩૩૮૯) અથવા દર્શનની, જ્ઞાનની અને ચારિત્રની શુદ્ધિ તથા વિનયની અને આવશ્યકની શુદ્ધિ–એ પણ પાંચ પ્રકારે શુદ્ધિ થાય છે. (૩૩૯૦) અને વિવેક ઇન્દ્રિયોનો, કષાયોનો, ઉપધિનો, આહાર–પાણીનો અને શરીરનો–એ પાંચ પ્રકારનો દ્રવ્યથી અને ભાવથી–એમ બે પ્રકારે કહ્યો છે. (૩૩૯૧) અથવા ૧. શરીરનો, ૨. શય્યાનો, ૩. સંથારા સહિત ઉપધિનો, ૪. આહાર-પાણીનો અને ૫. વૈયાવચ્ચકારકનો–એમ પણ પાંચ પ્રકારનો વિવેક (અર્થાત્ ત્યાગ) જાણવો. (૩૩૯૨) એ રીતે એ સર્વનો ત્યાગ કરનારો ઉત્તમ મુનિ સહસ્રમલ્લની જેમ મરણકાળે પણ લીલા માત્રમાં સહસા વિજયપતાકાને પામે છે. (૩૩૯૩) તે આ પ્રમાણે–

**ત્યાગ વિષે સહસ્રમલ્લનો પ્રબંધ**–શંખપુર નગરમાં ન્યાય, સત્ય, શૌર્ય વગેરે ગુણરૂપી રત્નોનો રત્નાકર એવો કનકકેતુ નામે રાજા હતો. (૩૩૯૪) તેને સેવા કરવામાં કુશળ, ગુણાનુરાગી અને પરમ ભક્તિવાળો વીરસેન નામનો એક સેવક હતો. (૩૩૯૫) તેના વિનય, પરાક્રમ વગેરે ગુણોથી પ્રસન્ન થયેલા રાજાએ એક સો ગામની આજીવિકા આપવા (કહ્યું) છતાં તે ઇચ્છતો નથી. (૩૩૯૬) પછી એક અવસરે કિલ્લાના બળથી ગર્વિત; ચોરોનો અધિપતિ, એવા પોતાના દેશના સીમાડે રહેલા (જેની ચારેય બાજુ એક યોજનમાં કોઇ ગામ ન હોય તે) મડંબના માલિક કાલસેન પલ્લિપતિને પોતાના દેશનું હરણ કરતો જાણીને, અત્યંત ક્રોધાતુર થયેલા અને ઉંચી ચઢાવેલી ભ્રકૂટીથી ભયંકર મુખ-વાળા રાજાએ કહ્યું કે–હં હો! મોટા સામંતો! હે મંત્રીઓ! સેનાપતિઓ! અને હે શ્રેષ્ઠ સુભટો! શું તમારામાં કોઇ કાલસેનને જીતવા સમર્થ છે? (૩૩૯૭થી ૯૯) પછી જ્યારે એમ કહેવા છતાં સામંતો વગેરે કંઈ પણ બોલ્યા નહિ, ત્યારે વીરસેને 'હે દેવ! હું સમર્થ છું'–એમ કહ્યું. (૩૪૦૦) ત્યારે રાજાએ વિલાસી, ચમકતી, (पम्हल=) સુંદર પાંપણોવાળી અને વિકાસી કુમુદના જેવી શોભતી, એવી (પ્રસન્ન) દૃષ્ટિથી સદ્ભાવપૂર્વક

તેની સામે જોયું. (૩૪૦૧) અને રાજાએ પ્રસન્ન નેત્રોથી પોતાની સામે જોવાથી પ્રગટેલા અતિ પ્રમોદવાળા તેણે પુનઃ પણ કહ્યું કે–હે દેવ ! 'મને એકલાને જ મોકલો.' (૩૪૦૨) ત્યારે રાજાએ સ્વહસ્તે તાંબૂલ આપીને તેને મોકલ્યો અને સામંતો વગેરે લોકો પણ અસૂયાથી મૌન રહ્યા. (૩૪૦૩) પછી રાજાને પ્રણામ કરીને તે શીઘ્ર નગરમાંથી નીકળ્યો અને કાલસેન પલ્લિપતિની પાસે પહોંચ્યો, (૩૪૦૪) તેણે તેને કહ્યું કે–તારા પ્રત્યે કનકકેતુ રાજા રુષ્ટ થયો છે, (તેથી) હે કાલસેન ! હમણાં જ સમગ્ર સૈન્ય સહિત (તું) કાળના મુખમાં પ્રવેશ કરીશ. (૩૪૦૫) તે સાંભળીને પણ દુર્ધર ( આકરા ) ગર્વથી ઉંચી ડોકવાળા કાલસેને 'આ બિચારો એકલો શું કરશે ?'–એમ માની તેની અવગણના કરી. (૩૪૦૬) તેથી કોપેલા યમના કટાક્ષ જેવા તીક્ષ્ણ ધારવાળા પોતાના ખડ્ગને ફેંકતો, પદાતીઓના સમૂહે (તેની ઉપર) કરેલા શસ્ત્રપ્રહારોના સમૂહને નહિ ગણતો અને સભાસદોને ભેદીને (कृतकरणता=) યુદ્ધના સતત અભ્યાસથી લડવામાં શૂરો તે તુર્ત કાલસેનને કેશોથી પકડીને બોલ્યો. (૩૪૦૭–૮) રે રે હતાશ પુરુષો ( હારેલા સુભટો )! જો હવે પછી મને ઘા કરશો, તો તમારો આ સ્વામી નિશ્ચે કાળનો કોળિયો થશે. (૩૪૦૯) પછી 'જે આ વીરસેનને પ્રહાર કરે; તે મારા જીવને પ્રહાર કરે છે'–એમ કહેતાં કાલસેને વીરસેનને પ્રહાર કરતાં પુરુષોને રોકયા. (૩૪૧૦) ( આ બાજુ ) એ અવસરે જ તેના ગુણથી રંજિત થયેલા કનકકેતુના કહેવાથી હાથી, ઘોડા, રથો અને યોદ્ધાઓથી ભરપૂર ચતુરંગ સૈન્ય તેની પાછળ આવી પહોંચ્યું. (૩૪૧૧) ત્યારે અત્યાકૂળ શરીરવાળા અને ભક્તિના સમૂહથી ભરેલા ( મનવાળા ) વીરસેને તેને ( કાલસેનને ) ઠગીને કનકકેતૂને સોંપ્યો. (૩૪૧૨) રાજા પ્રસન્ન થયો, તેને પ્રસાદપૂર્વક હજારો ગામો આપ્યાં અને રાજાએ ( સ્વયં ) તેનું નામ પણ સહસ્રમલ્લ સ્થાપ્યું. (૩૪૧૩) પછી સંધીને કરીને હર્ષિત મનવાળા રાજાએ સત્કાર કરીને મડંબાધિપતિને ( કાલસેનને ) પણ તેના સ્થાને મોકલ્યો. (૩૪૧૪) ( એકદા ) કાળક્રમે સહસ્રમલ્લે ત્યાં ઉદ્યાનમાં સુદર્શન નામના ઉત્તમ આચાર્યને બેઠેલા જોયા (૩૪૧૫) અને ભક્તિના ભારથી નમેલા મસ્તક વડે તેમનાં ચરણોને વાંદીને જૈનધર્મને સાંભળવાની ઇચ્છાવાળો તે ભૂમિપીઠ ઉપર બેઠો. (૩૪૧૬) ગુરુએ પણ સંસારની અસારતાની પ્રરૂપણારૂપી મુખ્ય ( મૂળ ) ગુણવાળા અને નિર્વાણની પ્રાપ્તિરૂપી ફળવાળા, એવા શ્રી જિનકથિત ધર્મને કહ્યો. (૩૪૧૭) અને તેને સાંભળવાથી અંતરમાં પ્રગટેલા અતિ શ્રેષ્ઠ વૈરાગ્યવાળો રાજા વીરસેન પુનઃ ગુરૂના ચરણોને નમીને બોલવા લાગ્યો કે–હે ભગવંત ! તપ–ચારિત્રથી રહિત અને અત્યંત મોહમૂઢ, એવા સંસારસમુદ્રમાં પડેલા જીવોને પરભવમાં સાથી ( સહાયક ) એક નિર્મળ ધર્મને છોડીને, કામભોગોથી કે ધન–સ્વજનાદિથી થોડો પણ આધાર મળતો નથી. (૩૪૧૮ થી ૨૦) તેથી જો આપને ( મારી ) કંઈ પણ યોગ્યતા દેખાતી હોય, તો શીઘ્ર મને દીક્ષા આપો. પરિણામે ભયંકર ઘરવાસથી સર્યું. (૩૪૨૧) તે પછી ગુરુએ સૂત્રના ઉપયોગથી તેની યોગ્યતા જાણીને, અસંખ્ય દુઃખોના

સમૂહનો ક્ષય કરનારી શ્રી ભાગવતી દીક્ષા આપી. (૩૪૨૨) તે પછી થોડા દિવસોમાં બહુ સૂત્રાર્થને ભણેલો તે સાધુજનને યોગ્ય શ્રેષ્ઠ ક્રિયાકલાપના પરમાર્થનો જાણ થયો. (૩૪૨૩) પછી કાળક્રમે શરીરાદિના રાગના અત્યંત ત્યાગી (દૃઢ વૈરાગી અને બહાદુ) સુખની ઇચ્છાથી મુક્ત તેણે જિનકલ્પને સ્વીકાર્યો. (૩૪૨૪) પછી જ્યાં સૂર્ય આથમે ત્યાં જ (કાયોત્સર્ગમાં) રહેતો, સ્મશાન, શૂન્ય ઘર કે અરણ્યમાં વસતો, વાયુની જેમ અપ્રતિબદ્ધ અને અનિયતવિહારથી વિચરતો તે મહાત્મા, જ્યાં શનિગ્રહના જેવો સ્વભાવથીજ ક્રૂર અને ચિરવૈરી કાલસેન રહે છે, તે મડંબમાં પહોંચ્યો (૩૪૨૫-૨૬) પછી ત્યાં બહાર કાઉસ્સગ્ગમાં રહેલા તેને, ત્યાં આવેલા પાપી તે કાલસેને જોયા. (૩૪૨૭) તેથી પોતાના પુરુષોને કહ્યું કે–રે રે! આ તે મારો શત્રુ છે કે-તે વેળા જેણે એકલાએ પણ લીલા માત્રમાં મને બાંધ્યો હતો. (૩૪૨૮) તેથી હમણાં જ્યાં સુધી સ્વયમેવ આ વિશ્વાસુ શસ્ત્રરહિત છે, ત્યાં સુધી સહસા એના પુરુષાર્થના અભિમાનનો નાશ કરો. (૩૪૨૯) તે સાંભળીને કોપને વશ ફરફરતા હોઠવાળા તેના પુરુષોદ્વારા વિવિધ શસ્ત્રોથી પ્રહાર સહતા તે (મુનિ) વિચારે છે કે–હે જીવ! મારવા ઉદ્યત થયેલા આ અજ્ઞ પુરુષો પ્રત્યે કોઈ રીતે લેશ પણ પ્રદ્વેષપણું કરીશ નહિ, કારણ કે–"સર્વ પ્રાણીવર્ગ પોતાનાં પૂર્વકૃત કર્મોના વિપાકરૂપ ફળને પામે છે, અપકારોમાં કે ઉપકારોમાં બીજો તો નિમિત્ત માત્ર હોય છે," (૩૪૩૦ થી ૩૨) હે જીવ! જો પછી પણ તારે તીક્ષ્ણ દુઃખોની પરંપરાને સહવી છે, તો સદ્જ્ઞાનરૂપ મિત્ર વગેરેથી યુક્ત એવા તારે અત્યારે સહવી શ્રેષ્ઠ છે. (૩૪૩૩) જો! બ્રહ્મદત્ત નામના બળવાન પણ ચક્રવર્તીને એક માત્ર પશુપાલકે તેવું નેત્રો ઉખેડવાનું દુઃખ દીધું, (૩૪૩૪) જો ત્રણ લોકરૂપી રંગમંડપમાં અસાધારણ મલ્લ પ્રભુ શ્રી મહાવીરદેવ અરિહંત થવા છતાં અતિ ઘોર ઉપસર્ગોની પરંપરાને પામ્યા, (૩૪૩૫) અથવા જો શ્રી (કૃષ્ણ) વાસુદેવ પણ સ્વજનોનો નાશ વગેરે પગ વિંધાવા સુધીનાં અતિ દુઃસહ તીક્ષ્ણ દુઃખોને પામ્યા. (૩૪૩૬) તો હે જીવ! તું અપકાર કરનારાઓ પ્રત્યે થોડા પણ દ્વેષને નહિ કરતો સ્વાધીન પ્રશમ સુખમાં કેમ વર્તતો (રમતો) નથી? (૩૪૩૭) જો તેં ઉપધિ, ગણ અને ગુરુ-કુળવાસના રાગને પણ સર્વથા તજ્યો છે, તો (સદ્ભ=) સ્વયં ભંગુર, અસાર, એવા શરીરમાં મોહ શા માટે? (૩૪૩૮) એ રીતે ધર્મધ્યાનમાં મગ્ન તે મહાત્મા, તેઓએ ખડ્ગની તીક્ષ્ણ ધારાના પ્રહારથી હણવા છતાં સર્વાર્થસિદ્ધમાં દેવ થયા. (૩૪૩૯) એમ પૂર્વે જે કહ્યું કે–"ત્યાગી અને નિર્મમ સાધુ લીલા માત્રમાં પ્રસ્તુત પ્રયોજનને (મોક્ષાદિને) સાધે છે." તે આ જણાવ્યું. (૩૪૪૦) એમ મનભમરાને (વશ કરવા) માલતીની માળા-તુલ્ય અને આરાધનારૂપ સંવેગરંગશાળાના મૂળ પ્રથમ પરિકર્મવિધિદ્વારમાં જણાવેલ પંદર પેટાદ્વારો પૈકી ક્રમશઃ ત્યાગ નામનું આ દશમું પેટાદ્વાર જણાવ્યું. (૩૪૪૧-૪૨)

**૧૧મું મરણવિભક્તિદ્વાર**–પૂર્વે જે સર્વત્યાગ વર્ણવ્યો, તે મરણ પ્રસંગે સંભવિત છે, તેથી હવે હું મરણવિભક્તિદ્વારને જણાવું છું. (૩૪૪૩) તેમાં ૧–આવીચીમરણ,

૨–અવધિમરણ, ૩–(આયંતિય=) આત્યન્તિકમરણ, ૪–બલાયમરણ, ૫–વશાર્ત્તમરણ, ૬–અંતઃશલ્ય (સશલ્ય) મરણ, ૭–તદ્ભવમરણ, ૮–બાલમરણ, ૯–પંડિતમરણ, ૧૦–બાલપંડિતમરણ, ૧૧–છદ્મસ્થમરણ, ૧૨–કેવલીમરણ, ૧૩–વેહાયસમરણ, ૧૪–ગૃધ્રપૃષ્ઠમરણ, ૧૫–ભક્તપરિજ્ઞામરણ, ૧૬–ઇંગિનીમરણ અને ૧૭–પાદપોપગમનમરણ. (૩૪૪૪–૪૫) એમ ગુણથી મહાન્ એવા ગુરુઓ મરણના સત્તર વિધિઓ (પ્રકારો) કહે છે. હવે તેનું સ્વરૂપ અનુક્રમથી કહું છું. (૩૪૪૬) પ્રતિસમય આયુષ્યકર્મનાં દલિકોની જે વિઘટના (નિર્જરા) થાય, તેને ૧–**આવીચીમરણ** કહ્યું છે. નરક વગેરે ભવોનાં નિમિત્તભૂત આયુષ્યકર્મનાં જે દલિકોને ભોગવીને વર્ત્તમાનમાં મરે છે અને પુનઃ (કોઈ એકવાર પણ) જો તે જ દલિકોને (તે રીતે જ) ભોગવીને મરશે, એવા તે મરણને ૨–**અવધિમરણ** કહ્યું છે. (૩૪૪૭–૪૮) નરકાદિ ભવોના નિમિત્તભૂત આયુષ્યનાં દલિકોને ભોગવીને મરશે, અથવા મરેલો પુનઃ (કદાપિ) તે તે દલિકોનો (તે જ રીતે) અનુભવ કરીને મરશે નહિ, તેને ૩–**આયંતિય(આત્યંતિક)મરણ** જાણવું. (૩૪૪૯) સંયમયોગથી થાકેલા (પણ તે સ્થિતિમાં જ) જેઓ મરે, તે ૪–**બલાયમરણ**, અને ઈન્દ્રિયોના વિષયોને વશ પડેલા જેઓ (વિષયોને કારણે) મરે, તે ૫–**વશાર્ત્તમરણ** જાણવું. (૩૪૫૦) લજ્જાથી, અભિમાનથી અથવા બહુશ્રુતપણાના મદથી જેઓ પોતાના દુશ્ચરિત્રને ગુરુ સમક્ષ કહેતા નથી, તેઓ નિશ્ચે આરાધક થતા નથી. (૩૪૫૧) એવા ગારવરૂપ કાદવમાં ખૂતેલા જેઓ પોતાના અતિચારોને બીજાની સમક્ષ કહેતા નથી, તેઓનું દર્શન, જ્ઞાન અને ચારિત્ર અંતરમાં શલ્યવાળું હોવાથી ૬–**અંતઃશલ્ય(સશલ્ય)મરણ** થાય છે. (૩૪૫૨) આ સશલ્ય મરણથી મરીને જીવો મહા ભયાનક, દુસ્તર અને દીર્ઘ એવી સંસાર અટવીમાં દીર્ઘકાળ સુધી ભમે છે. (૩૪૫૩) મનુષ્ય અથવા તિર્યંચભવને પ્રાયોગ્ય આયુષ્યને બાંધીને, તેને માટે મરતા તિર્યંચ કે મનુષ્યનું મરણ (અનન્તર ભવમાં તેવો જ ભવ મેળવવા મરે), તેને ૭–**તદ્ભવમરણ** કહ્યું છે (૩૪૫૪) અકર્મભૂમિના મનુષ્યો–તિર્યંચો, દેવો અને નારકીઓ, એ સિવાયના શેષજીવોમાં તદ્ભવમરણ કેટલાકને હોય છે. (૩૪૫૫) (આ સાતમાં) અવધિ સિવાયનાં આવીચિ વગેરે (આવીચિ, આયંતિય, બલાય, વશાર્ત્ત અને અંતઃશલ્ય) પાંચ જ મરણો છે, કારણ કે–શેષ (અવધિ અને આગળ કહીશું તે બાલ વગેરે) મરણને તદ્ભવમરણમાં (અંતર્ગત) ગણવાં. (૩૪૫૬) અવિરતિવાળાનું મરણ તે ૮–**બાલમરણ**, વિરતિવાળાનું મરણ તે ૯–**પંડિતમરણ** અને દેશવિરતિધરનું મરણ તે ૧૦–**બાળપંડિતમરણ** જાણવું, (૩૪૫૭) મનઃપર્યવ, અવધિ, શ્રુત અને મતિજ્ઞાનવાળા જે (છદ્મસ્થ) શ્રમણો મરે, તે ૧૧–**છદ્મસ્થમરણ** અને કેવલિનું ૧૨–**કેવલિમરણ** જાણવું. (૩૪૫૮) ગૃધ્રાદિના ભક્ષણદ્વારા મરણ તે ૧૩–**ગૃધ્રપૃષ્ઠમરણ** અને ફાંસા વગેરેથી મરવું તે ૧૪–**વેહાયસમરણ** છે. આ બંને મરણોની પણ વિશેષ કારણે અનુજ્ઞા કરી છે. (૩૪૫૯) કારણ કે–આગાઢ ઉપસર્ગમાં, સર્વ કોઈ રીતે પાર ન ઉતરી શકાય તેવા દુષ્કાળમાં કે

(કોઈ વિશેષ) કાર્યપ્રસંગે કૃતયોગી (જ્ઞાની) મુનિને અવિધિથી કરાતું મરણ પણ શુદ્ધ માન્યું છે. (૩૪૬૦) તેથી જ જયસુંદર અને સોમદત્ત નામના બે શ્રેષ્ઠ મુનિઓએ વેહાયસ અને ગૃધ્રપૃષ્ઠમરણને સ્વીકાર્યાં હતાં. (૩૪૬૧) તે આ પ્રમાણે–

**અવિધિમરણમાં જયસુંદર અને સોમદત્તનો પ્રબંધ**–નરવિક્રમ રાજાથી રક્ષા કરાયેલી વૈદેશાનગરીમાં સુદર્શન નામે શેઠ હતો. તેને બે પુત્રો થયા. પહેલાં જયસુંદર અને બીજો સોમદત્ત. તે બંનેય કળાઓમાં કુશળ અને રૂપ વગેરે ગુણયુક્ત હતા. (૩૪૬૨-૬૩) પરસ્પર સ્નેહભરપૂર ચિત્તવાળા (સ્નેહાળુ) અને પ્રકૃષ્ટ સત્ત્વવાળા તે બંને આ લોક–પરલોકથી અવિરુદ્ધ (ઉત્તમ) કાર્યોમાં વર્તે છે. (૩૪૬૪) એક પ્રસંગે ઘણા મોટા મૂલ્યનાં કરિયાણાં લઈને ઘણા મનુષ્યોના પરિવાર સહિત તે અહિછત્રા નગરીએ ગયા. (૩૪૬૫) ત્યાં રહેતાં તેઓને પરસ્પર વ્યાપાર કરવાથી જયવર્ધન શેઠની સાથે સદ્ભાવભરી મિત્રતા થઈ. (૩૪૬૬) તે શેઠને સોમશ્રી અને વિજયશ્રી નામે બે પુત્રીઓ હતી, તે શેઠે તેઓને આપી અને વિધિપૂર્વક બંનેનો વિવાહ કર્યો. (૩૪૬૭) તે પછી તેઓ તે સ્ત્રીઓની સાથે સજ્જનોને અનિંદનીય (યોગ્ય) એવાં સમયાનુરૂપ પાંચ પ્રકારનાં વિષયસુખને ભોગવતા ત્યાં રહ્યા. (૩૪૬૮) અન્યદા પોતાની (વૈદેશા) નગરીથી આવેલા પુરુષે તેઓને કહ્યું કે–હે ભો! 'શીઘ્ર (ઘેર) આવો'–એમ (તમારા) પિતાએ તમને આજ્ઞા કરી છે, (૩૪૬૯) કારણ કે–સતત શ્વાસ, ખાંસી વગેરે ઘણા રોગોથી પીડાતા તે શીઘ્ર તમારા દર્શનને ઇચ્છે છે. (૩૪૭૦) એમ સાંભળીને તેઓ સસરાને વૃત્તાન્ત કહીને પત્નીઓને ત્યાં જ મૂકીને, તે જ ક્ષણે શીઘ્ર પિતા પાસે જવા રવાના થયા. (૩૪૭૧) અખંડ પ્રયાણોથી જતાં તેઓ પોતાને ઘેર પહોંચ્યા અને ત્યાં પરિવારને શોકથી નિસ્તેજ–મુખ–શોભાવાળો (શોકાતુર) જોયો. (૩૪૭૨) ઘરને પણ શોભારહિત, અતિ ભયંકર સ્મશાન જેવું અને દીન–અનાથોની દાનશાળા માટે રોકેલા નોકરોથી પણ રહિત જોયું. (૩૪૭૩) હા હા! અમે હણાયા! અમારા પિતા નિશ્ચે મરી ગયા, તેથી આ ઘર સૂર્યાસ્ત પછીના કમળવન જેવું આનંદને આપતું નથી, (૩૪૭૪) એમ વિચારતાં તેઓ દાસીએ આપેલા આસન ઉપર બેઠા, એટલામાં અત્યંત શોકના વેગથી અશ્રુભીનાં નેત્રોવાળા પરિજનોએ પગમાં નમીને તેઓના પિતાના મરણની અતિ શોકજનક વાત સંપૂર્ણ કરી, (૩૪૭૫-૭૬) તેથી તેઓ મુક્તકંઠે–મોટા અવાજે રડવા લાગ્યા અને પરિવારે મધુર વાણીથી મુશીબતે (રડતા) અટકાવ્યા. (૩૪૭૭) પછી તેઓએ કહ્યું કે–કહો! અસાધારણ (ઘણી) પ્રીતિને ધારણ કરતા પિતાજીએ નિષ્પુણ્યક એવા અમારે માટે શું આદેશ કર્યો છે? (૩૪૭૮) તે સાંભળીને શોકના ભારથી ગદ્ગદ્ વાણીવાળા પરિવારે કહ્યું કે–સાંભળો! તમારા દર્શનની અત્યંત અભિલાષવાળા, "તે મારા પુત્રો આવશે (ત્યારે) તેઓની આગળ હું આ કહીશ અને તે કહીશ" –એમ બોલતાં પિતાજીએ અમે પૂછવા છતાં પણ અમોને કંઈ પણ કહ્યું નહિ અને અતિ પ્રચંડ રોગને વશ તમારા

આવતાં પહેલાં જ તે શીઘ્ર મરણને પામ્યા. (૩૪૭૯ થી ૮૧) એ સાંભળીને કોઈ અકથ્ય તીવ્ર સંતાપને વહન કરતા તેઓ બંને ભાઈઓએ મોટા શબ્દથી પોક મૂકી, (૩૪૮૨) હા ! નિર્ઘૃણ યમ ! તેં પિતાની સાથે (અમારો) મેળાપ કેમ ન કરાવ્યો ? અને પાપી અમે પણ ત્યાં કેમ રહ્યા–રોકાયા ? (૩૪૮૩) ઈત્યાદિ વિલાપ કરતા અને વારંવાર મસ્તકને ફોડતા તેઓએ કોઈ તેવું રુદન કર્યું, કે જેથી મનુષ્યો અને મુસાફરો પણ રડ્યા, (૩૪૮૪) તે પછી આહાર–પાણીને નહિ લેવાથી તેઓને પરિજનોએ ઘણી રીતે સમજાવ્યા અને તો પણ ચિત્ત વિના) માત્ર (પરિજનોના) આગ્રહથી સર્વ કાર્યોને કરવા લાગ્યા. (૩૪૮૫) અન્ય અવસરે તેઓએ દમઘોષસૂરિની પાસે સંસારનો નાશ કરનાર શ્રી સર્વજ્ઞકથિત ધર્મને સાંભળ્યો, (૩૪૮૬) તેથી મરણ, રોગ, દુર્ભાગ્ય, શોક, જરા વગેરે દુઃખોથી પૂર્ણ સંસારને અસાર માનીને વૈરાગી થયેલા તે બંને ભાઈઓએ બે હાથ લલાટે જોડીને ગુરુ સમક્ષ કહ્યું કે -હે ભગવંત ! તમારી પાસે અમે પ્રવ્રજ્યાને લઈશું. (૩૪૮૭–૮૮) પછી ગુરુએ સૂત્રના ઉપયોગથી તેમના ભાવમાં (ભાવિ થનારા) લેશ વિઘ્નને જાણીને કહ્યું કે–મહાનુભાવો ! દીક્ષા તમને ઉચિત છે, (૩૪૮૯) માત્ર સ્ત્રીનો તમને મોટો ઉપસર્ગ થશે. જો તેને પ્રાણના ભોગે પણ નિશ્ચળ તમે સમ્યગ્ સહન કરો, તો તુર્ત પ્રવ્રજ્યાને સ્વીકારો અને મોક્ષ માટે ઉદ્યમ કરો, અન્યથા ચઢીને પડેલાની (ચઢવાની) ક્રિયા હાસ્યનું કારણ બને. (૩૪૯૦–૯૧) તેઓએ કહ્યું કે–ભગવંત ! જો અમને લેશ પણ જીવનનો રાગ હોત, તો અમે વિરતિને સ્વીકારવાની બુદ્ધિ કરત નહિ. (૩૪૯૨) માટે સંસારવાસથી ઉભગેલા, તમારાં બે ચરણકમળને વળગેલા (શરણે આવેલા) અને વિઘ્નમાં પણ નિશ્ચય એવા અમને પ્રવ્રજ્યા આપો ! (૩૪૯૩) તે પછી દીક્ષા આપીને ગુરુએ સર્વ ક્રિયાનો વિધિ જણાવ્યો (ક્રિયાકુશળ બનાવ્યા) અને સમ્યગ્તયા સૂત્ર–અર્થની શ્રેષ્ઠ સિદ્ધિને પમાડયા. (સૂત્રો–અર્થો ભણાવ્યાં.) (૩૪૯૪) ચિરકાળ ગુરુકુળવાસમાં રહીને એકદા મહા સત્ત્વવાળા તેઓ પોતાના ગુરુની આજ્ઞાથી એકલ-વિહારી થયા. (૩૪૯૫) પછી અનિયતવિહારના વિધિથી વિચરતા સમ્યગ્ ઉપયોગવાળા જયસુંદર મુનિ કોઈ પ્રસંગે અહિછત્રાપુરીમાં પહોંચ્યા. (૩૪૯૬) ત્યાં તેઓ શેઠની જે પુત્રીને પરણ્યા હતા, તે પાપિણી કામશ્રી અસતીનાં આચરણથી તે કાળે ગર્ભવતી થયેલી વિચારતી હતી કે–જો જયસુંદર અહીં આવે, તો તેને દીક્ષા છોડાવીને મારા દુશ્ચરિત્રને છુપાવું. (૩૪૯૭–૯૮) ભિક્ષાર્થે તે સાધુ નગરમાં પેઠા અને કોઈ રીતે તેણીએ સમાન આચારવાળી (દુરાચારિણી) પડોશણના ઘરમાં તેને જોયા, પછી શીઘ્ર ઘરમાં લઈ ગઈ અને વિનયપૂર્વક ચરણમાં નમીને તેણીએ કહ્યું કે–હે પ્રાણનાથ ! આ દુષ્કર તપશ્ચર્યાથી હવે અટકો (ચારિત્રને છોડો) ! (૩૪૯૯–૩૫૦૦) હે સુભગ ! મેં જે દિવસે તમારી દીક્ષાની વાત સાંભળી, તે દિવસે મને વજ્રના પ્રહારથી પણ અતિશય દુઃખ થયું (૩૫૦૧) અને તમારા વિયોગે જીવનને આજે તજું–કાલે તજું–એમ વિચારતી માત્ર તમારા દર્શનની

આશાથી આટલા દિવસ જીવી. (૩૫૦૨) હવે તો જીવન કે મરણ નિઃસંદેહ તમારી સાથે થશે, તો હે પ્રાણનાથ! જે તમને રુચે તે કરો! (૩૫૦૩) તેણીએ એમ કહેવાથી પૂર્વે ગુરૂએ જણાવેલ વચનને યાદ કરીને અને કોઈ રીતે ન ટળે તેવું ધર્મનું વિઘ્ન આવ્યું જાણીને, મોક્ષ માટે એકબદ્ધ લક્ષ્યવાળા, પોતાના જીવિત માટે અત્યંત નિરક્ષેપ તે સાધુએ કહ્યું કે–હે ભદ્રે! જ્યાં સુધી હું મારું કંઈક (અમુક) કાર્ય કરું, ત્યાં સુધી એક ક્ષણ તું ઘરબહાર ઉભી રહે, પછી જે તને હિતકર અને ભવિષ્યમાં સુખકર થાય તેને હું કરીશ. (૩૫૦૪ થી ૬) પછી પ્રસન્ન મુખવાળી, અત્યંત કપટરૂપ દુરાચારવાળી તેને (આદેશને) તહત્તિપૂર્વક સ્વીકારીને, ઘરનાં કમાડને બંધ કરીને બહાર ઉભી રહી. (૩૫૦૭) અને શ્રેષ્ઠ ધર્મધ્યાનમાં વર્તતો સાધુ પણ અનશન સ્વીકારીને (વેહાણસેણ=) ગળે ફાંસો નાખીને ઉંચે લટકતો વિધિથી મરીને અચ્યુતદેવ થયો. (૩૫૦૮) પછી નગરમાં વાત ફેલાણી કે–'એણીએ સાધુને હણ્યો,' તેથી પિતાએ તુર્ત તિરસ્કાર કરીને પોતાના ઘરમાંથી તેણીને કાઢી મૂકી. (૩૫૦૯) અત્યંત સ્નેહવશ વિજયશ્રી પણ તેની સાથે નીકળી અને પ્રસૂતિદોષથી સોમશ્રી માર્ગમાં જ મરી ગઈ. (૩૫૧૦) પછી વિજયશ્રી તાપસી દીક્ષાને સ્વીકારીને નિરંકુશતયા કંદ–મૂળ વગેરેનું ભોજન કરતી તાપસોના એક આશ્રમમાં રહી. (૩૫૧૧) અન્ય અવસરે પૂર્વે કહેલા મુનિવરનો નાનો ભાઈ તે સોમદત્ત નામે સાધુ વિહાર કરતો ત્યાં આવ્યો (૩૫૧૨) અને (વિહારમાં) તીક્ષ્ણ અણીવાળા ખીલાથી પગમાં વિંધાએલો, ચાલવાને અસમર્થ બનેલો, ત્યાં એક પ્રદેશમાં બેઠેલો, કોઈ રીતે વિજયશ્રીએ તેને જોયો અને ઓળખ્યો. તેથી કામાગ્નિથી બળતા હૃદયવાળી તેણીએ વિવિધ પ્રકારે તેને ક્ષોભ પમાડવા આરંભ કર્યો. (૩૫૧૩–૧૪) એમ પ્રતિક્ષણ તે પાપિણીથી ક્ષોભ પમાડાતા, ગુરુવચનનું સ્મરણ પામેલા, પણ ત્યાંથી જવા માટે અશક્ત તે મુનિ "કેવી રીતે મારા પ્રાણોને તજું"–એમ ચિંતા કરતા હતા, ત્યારે તે પ્રદેશમાં તે અવસરે પરસ્પર તીવ્ર વૈરી બે રાજાઓનું જોવા માત્રથી ભયંકર, જેમાં અનેક સુભટો, હાથીઓ અને ઘોડાઓ મર્યા, રુધિરનો પ્રવાહ ચાલ્યો, તેવું મોટું યુદ્ધ થયું. તેમાં સ્વપક્ષ–પરપક્ષના ક્ષયને જોઈને બન્ને રાજાઓ (લડતાં) અટકયાં અને ગીધડાં, શિયાળો વગેરે એ મડદાંને ભક્ષણ કરવા લાગ્યાં, ત્યારે સાધુએ વિચાર્યું કે–મરણ કરવાનો બીજો ઉપાય નથી, માટે રણભૂમિમાં રહીને ગૃધ્રપૃષ્ઠમરણને સ્વીકારું. (૩૫૧૫ થી ૧૯) એમ નિર્ણય કરીને જ્યારે તે પાપિણી કંદ–ફળ વગેરેને નિમિત્તે (ત્યાંથી) ગઇ, ત્યારે સર્વ કરવાયોગ્ય (અનશનાદિ) કરીને, તે મહાત્મા ધીમે ધીમે જઈને (ખસીને) તે મુડદાઓની વચ્ચે મુડદાની જેમ પડયો અને દુષ્ટ (હિંસક) પ્રાણીઓએ તેનું ભક્ષણ કર્યું. (૩૫૨૦–૨૧) એમ અત્યંત સમાધિથી મરીને તે જયંતવિમાનમાં દેવ થયો. એ રીતે તેણે ગૃધ્રપૃષ્ઠમરણને સમ્યગ્ આરાધ્યું. (૩૫૨૨) એમ ત્રણ લોકથી પૂજાએલા શ્રી જિનેશ્વરોએ નિશ્ચે (ગાઢ) કારણે વેહાણસ અને ગૃધ્રપૃષ્ઠમરણોની (પણ) અનુજ્ઞા કરી છે. (૩૫૨૩) ઘાતકે રાજાને મારવાથી સાધુવેષધારી આચાર્યે શાસનનો ઉડ્ડાહ ટાળવા શસ્ત્રગ્રહણ કર્યું (સ્વયં મર્યા). (૩૫૨૪) તે પણ આ પ્રમાણે–

**ઉદાયીનૃપમારકનો પ્રબંધ**-પાટલીપુત્ર નગરમાં અત્યંત પ્રચંડ આજ્ઞાવાળો, જેને સામંતોના સમૂહો નમ્યા છે, તેવો જગપ્રસિદ્ધ ઉદાયી નામે રાજા હતો. (૩૫૨૫) અલ્પ માત્ર અપરાધમાં પણ તેણે એક રાજાનું સમગ્ર રાજ્ય હરી લીધું, (તેથી) તે રાજા તુર્ત નાસી ગયો. (૩૫૨૬) પછી તેનો એક પુત્ર ભમતો ભમતો ઉજ્જૈની નગરીમાં ગયો અને (पयओ=) પ્રયત્ન (કાળજી) પૂર્વક ઉજ્જૈનીના રાજાની સેવા કરવા લાગ્યો. (૩૫૨૭) પછી તે ઉજ્જૈનીના રાજાને ઘણીવાર ઉદાયી રાજાને (परिसवइ=) શાપ દેતો જોઈને તે રાજપુત્રે નમીને એકાંતમાં તેને વિનવ્યો. (૩૫૨૮) હે દેવ ! જો તમે મારા સહાયક થાઓ, તો હું તમારા શત્રુને હણું. રાજાએ તે કબૂલ્યું અને તેને મોટી આજીવિકા (ભેટ) આપી. (૩૫૨૯) તેથી કંકજાતિના લોખંડની કાતરને (કટારીને) લઈને, તેને સારી રીતે છૂપાવીને તે ઉદાયી રાજાને મારવા ગયો. માત્ર છિદ્ર (લાગ) નહિ મળવાથી, અષ્ટમી-ચતુર્દશીએ પૌષધ કરતા ઉદાયી રાજાને રાત્રિએ ધર્મ સંભળાવવા માટે સૂરિજીને રાજમહેલમાં જતાં જોઈને તેણે વિચાર્યું કે-હું આ સાધુઓનો શિષ્ય થઈને (તેમની સાથે) રાજમંદિરમાં જઈને શીઘ્ર ઇષ્ટ પ્રયોજનને સિદ્ધ કરું. (૩૫૩૦ થી ૩૨) પછી કંકની કટારીને છૂપાવીને એણે પ્રવ્રજ્યા સ્વીકારી અને અત્યંત વિનયાચારથી આચાર્યને અત્યંત પ્રસન્ન કર્યા. (૩૫૩૩) પછી એક પ્રસંગે રાત્રિએ પૌષધવાળા રાજાને ધર્મકથા સંભળાવવા માટે આચાર્યને જતાં જોઈને અતિ વિનયભાવથી (ગુપ્ત રીતે) શીઘ્ર કટારીને લઈને, સંથારા વગેરેને (સૂરિજીની ઉપધિને) હાથમાં ઉપાડીને આચાર્યની સાથે રાજમંદિરે જવા ચાલ્યો, (૩૫૩૪-૩૫) અને "ચિરદીક્ષિત છે, સંયમનો રાગી છે તથા સારી રીતે પરીક્ષિત (જાણેલો) છે."-એમ માનીને સૂરિજીએ તેને રોક્યો નહિ, (એમ તે બન્ને) રાજમંદિરમાં ગયા. (૩૫૩૬) અને તે પછી રાજાને પોષહ ઉચ્ચરાવીને, દીર્ઘકાળ સુધી ધર્મકથા કહીને, રાત્રિએ સૂરિજી સૂતા. (૩૫૩૭) તેઓની સમીપમાં જ રાજા પણ તુર્ત ઊંઘી ગયો. પછી તેઓને ગાઢ ઊંઘેલા જાણીને તે દુષ્ટ શિષ્ય રાજાના ગળામાં તે કટારીને ભોંકીને ચાલી નીકળ્યો. પહેરગીરોએ 'સાધુ છે'-એમ માની તેને જતો રોક્યો નહિ. (૩૫૩૮-૩૯) પછી કંકકર્તરીથી છેદાયેલા રાજાના ગળામાંથી નીકળેલા લોહીના મોટા પ્રવાહથી ખરડાયેલા શરીરવાળા સૂરિજી તુર્ત જાગ્યા અને રાજાને મારી નાંખેલો જોઈને ચિંતવ્યું કે-નિશ્ચે તે કુશિષ્યનું આ કર્મ છે, તેથી જો હું હવે પ્રાણોને નહિ તજું, તો સર્વત્ર શાસનની નિંદા અને ધર્મનો નાશ થશે, એમ ચિંતવીને અનશન વગેરે સર્વ (અંતિમ) વિધિ કરીને ઉત્સર્ગ-અપવાદના વિધિમાં કુશળ તે મહાત્મા (સૂરિજી) તે જ કર્તરીને પોતાના ગળામા ભોંકીને કાળધર્મ પામ્યા. (૩૫૪૦ થી ૪૨) એમ આગાઢ કારણે શસ્ત્રથી, ફાંસાથી વગેરે પ્રયોગોથી પણ મરવું તેને નિર્દોષ કહ્યું છે. હવે પંદરમા ભક્તપરિજ્ઞામરણને કહું છું. (૩૫૪૪)

**પંદરમું ભક્તપરિજ્ઞામરણદ્વાર**-આ ભવમાં (સંસારમાં) પૂર્વે અનેક વાર અનેક

પ્રકારનું ભોજન ભોગવ્યું, (પાઠાં૦ **तत्तओ तहत्ति=**) તો પણ તેનાથી જીવને તત્ત્વથી (વાસ્તવિક) તૃપ્તિ થઈ નથી. **(૩૫૪૫)** નહિ તો પુનઃ પણ નિશ્ચે (કદાપિ) સાંભળ્યું ન હોય તેમ, કદાપિ જોયું ન હોય તેમ, કદાપિ ખાધું ન હોય તેમ અને પહેલું જ જાણે અમૃત મળ્યું હોય તેમ પ્રતિદિન તેનું બહુમાન કેમ કરે? **(૩૫૪૬)** અશુચિપણું વગેરે ઘણા પ્રકારના વિકારને પામવાના સ્વભાવવાળા, ચિંતન (ઇચ્છા) માત્રથી પણ પાપનું કારણ, એવા એ ભોજનનું હવે મારે શું પ્રયોજન છે? **(૩૫૪૭)** એવું ભગવંતનાં વચનથી (પ્રગટેલા) **(જ્ઞપરિજ્ઞા=)** જ્ઞાનદ્વારા **(ભક્ત=)** ભોગ્ય વિષયોનું (હેયરુપે) જ્ઞાન અને તેથી તે રીતે **(પ્રત્યાખ્યાનપરિજ્ઞા=)** પચ્ચક્ખાણદ્વારા ચારેય પ્રકારના સઘળાંય આહાર-પાણીને, બાહ્ય (વસ્ત્ર-પાત્રાદિ) ઉપધિને તથા અભ્યંતર (રાગાદિ) ઉપધિને, એ સર્વને પણ જાવજ્જીવ પર્યંત વોસિરાવે. **(૩૫૪૮-૪૯)** ઇત્યાદિ જે આ ભવમાં ત્રણ આહારનો કે ચારેય આહારનો જાવજ્જીવ સમ્યક્ પરિત્યાગ કરવારૂપ પ્રત્યાખ્યાન, તે ભક્તપરિજ્ઞા અને તેના સ્વીકારપૂર્વક મરવું, તે ૧૫ ભક્તપરિજ્ઞામરણ જાણવું. તે ભક્તપરિજ્ઞા નિયમા સપ્રતિકર્મ (શરીરની સેવા-શુશ્રૂષાદિ કરવાની છૂટવાળું) છે. **(૩૫૫૦-૫૧)** આ ભક્ત પરિજ્ઞામરણ સવિચાર અને અવિચાર-એમ બે પ્રકારનું છે. તેમાં પરાક્રમવાળા (એટલે ક્રિયાના અભ્યાસી) જે મુનિએ શરીરની સંલેખના કરી હોય, તેને સવિચાર હોય છે. **(૩૫૫૨)** બીજું અવિચાર ભક્તપરિજ્ઞામરણ જે મુનિને (મરણ નજીક હોવાથી સંલેખના માટે) સમય પહોંચતો ન હોય, તેવા અપરાક્રમવાળાને (અનભ્યાસીને) હોય છે. તે અવિચાર ભક્તપરિજ્ઞા પણ સંક્ષેપથી ત્રણ પ્રકારની છે. **(૩૫૫૩)** પહેલી નિરુદ્ધ નામની જાણવી, બીજી નિરુદ્ધતર અને ત્રીજી પરમનિરુદ્ધ કહી છે. તેનું પણ સ્વરૂપ કહું છું. **(૩૫૫૪)** જે જંઘાબળરહિત અને રોગ-આતંકોથી દુર્બળ શરીરવાળો હોય, તેને પહેલું અવિચાર નિરુદ્ધ **(ભક્તપરિજ્ઞા)** મરણ કહ્યું છે. **(૩૫૫૫)** આ મરણમાં પણ (બાહ્ય-અભ્યંતર ત્યાગ વગેરે) વિધિ પૂર્વે કહ્યો તે જાણવો. વળી આ મરણ પણ પ્રકાશ-અપ્રકાશ એમ બે પ્રકારનું છે. જેને લોકો જાણે, તે પ્રકાશ (પ્રગટ) અને લોકો ન જાણે તે અપ્રકાશ (અપ્રગટ) સમજવું. **(૩૫૫૬)** વળી સર્પ, અગ્નિ, વ્યાઘ્ર વગેરેથી કે શૂળ, મૂર્છા, વિશૂચિકા વગેરેથી આયુષ્યને સંવર્તિત થતું (તૂટતું) જાણીને, મુનિ તુર્ત જ વાણી જ્યાં સુધી ગુમાવી (અટકી) નથી અને ચિત્ત પણ વ્યાક્ષિપ્ત (નષ્ટ) થયું નથી, ત્યાં સુધી પાસે રહેલા આચાર્યાદિની સમક્ષ (અતિચારાદિને) આલોચે. તેને બીજું નિરુદ્ધતર અવિચારમરણ કહ્યું છે. તેમાં પણ પૂર્વે કહેલો (ત્યાગાદિ) વિધિ યથાયોગ્ય (જેને જે જેટલો ઘટે તેટલો) હોય છે. **(૩૫૫૭ થી ૫૯)** વળી વાતાદિ (રોગથી) જ્યારે સાધુની વાણી **(आक्षिप्त=)** ખેંચાઈ (અટકી) ગઈ હોય, ત્યારે તેને ત્રીજું પરમનિરુદ્ધ અવિચાર (ભક્તપરિજ્ઞા) નામનું મરણ જાણવું. **(૩૫૬૦)** આયુષ્યને તૂટતું જાણીને તે સાધુ તુર્ત જ શ્રી અરિહંત, સિદ્ધ અને સાધુઓની સમક્ષ સર્વ આલોચના કરે. **(૩૫૬૧)** એ પ્રમાણે આ ભક્તપરિજ્ઞા શ્રુતાનુસારે કહી. હવે ઇંગિનીમરણને સમ્યક્ સંક્ષેપથી કહું છું. **(૩૫૬૨)**

**ઇંગિનીમરણ**–આમાં પ્રતિનિયત (અમુક) ભૂમિભાગમાં જ અનશનક્રિયાની ઇંગિન એટલે ચેષ્ટા (પ્રવૃત્તિ) કરવાની હોવાથી તેથી તે ચેષ્ટાને ઇંગિની કહેવાય છે અને તેના દ્વારા જે મરણ તેને ઇંગિનીમરણ કહ્યું છે. તે ચારેય પ્રકારના આહારનો ત્યાગ કરનાર, શરીરનું (શુશ્રૂષા–સંભાળ વગેરે) પ્રતિકર્મ નહિ કરનાર અને ઇંગિની અમુક દેશમાં રહેનારને જ હોય છે. (૩૫૬૩-૬૪) ભક્તપરિજ્ઞામાં વિસ્તારપૂર્વક જે ઉપક્રમ (જ્ઞાનપૂર્વક પ્રયત્ન કરવાનો) કહ્યો, તે જ ઉપક્રમ ઇંગિનીમરણમાં પણ યથાયોગ્ય જાણવો. (૩૫૬૫) દ્રવ્યથી (શરીરાદિની) અને ભાવથી (રાગાદિની) સંલેખના(કૃશતા)ને કરનાર, ઇંગિનીમરણમાં જ એકબદ્ધવ્યાપારવાળો, પ્રથમના ત્રણ (સંઘયણો પૈકી કોઈ એક) સંઘયણવાળા અને બુદ્ધિમાન (જ્ઞાની), એવો મુનિ પોતાના ગણને (ગચ્છને) ખમાવીને, અંદર અને બહારથી પણ (**વિશુદ્ધ=**) સચિત્ત કે જીવાદિથી સંસક્ત ન હોય એવી સ્થંડિલ એટલે ભૂમિ ઉપર બેસીને ત્યાં તૃણ વગેરેને પાથરીને, ઉત્તર કે પૂર્વમાં મસ્તકને (મુખને) રાખીને અને મસ્તકે અંજલિ કરીને, વિશુદ્ધ ચિત્તવાળો તે શ્રી અરિહંતાદિની પાસે (**સમ્યગ્**) આલોચના દઈને, ચારેય પ્રકારના આહારને વોસિરાવે. (૩૫૬૬ **થી** ૬૮) પોતાની આકુંચનાદિ (અવયવને લાંબા-ટૂંકા કરવા વગેરે) ક્રિયાઓને તે સ્વયં કરે, જ્યારે ઉપસર્ગરહિત હોય ત્યારે વડીનીતિ વગેરેને સમ્યગ્ સ્વયં પરઠવે (૩૫૬૯) અને તેને જ્યારે દેવના કે મનુષ્યોના ઉપસર્ગો થાય, ત્યારે લેશ પણ કંપ્યા વિના, નિર્ભય એવો તે ઉપસર્ગોને સહન કરે. (૩૫૭૦) (**એમ** પ્રતિકૂળ ઉપસર્ગો સહ્યા) પછી કિન્નર, કિંપુરુષ વગેરે (વ્યંતરોની) દેવકન્યાઓ (ભોગાદિની અનુકૂળ) પ્રાર્થના કરે, તો પણ તે ક્ષોભને ન પામે તથા તે (માન–સન્માનાદિ) ઋદ્ધિથી વિસ્મયને ન કરે. (૩૫૭૧) વળી તેના (શરીરાદિનાં) સર્વ પુદ્ગલો દુઃખદાયી બને (પીડા કરે), તો પણ તેને ધ્યાનમાં થોડી પણ વિશ્રોતસિકા (સ્ખલના) ન થાય. (૩૫૭૨) અથવા તેનાં સર્વ પુદ્ગલો સુખરૂપે પરિણમે (સુખદાયક બને), તો પણ તેને ધ્યાનમાં વિશ્રોતસિકા (ભંગ) ન થાય. (૩૫૭૩) (ઉપસર્ગ કરનાર કોઈ) તેને જો બલાત્કારે સચિત્ત ભૂમિમાં નાખે, તો ત્યાં ભાવથી શરીરમુક્ત થઈને શરીરથી આત્માને ભિન્ન માનીને તેની ઉપેક્ષા કરે અને જ્યારે ઉપસર્ગ શાન્ત થાય, ત્યારે જયણાપૂર્વક શુદ્ધ (નિર્જીવ–અચિત્ત) ભૂમિમાં જાય (૩૫૭૪) (સૂત્રની) વાચના, પૃચ્છના, પરાવર્તના અને ધર્મકથાને તજીને સૂત્ર અને અર્થ (ઉભય) પોરિસીમાં એકાગ્ર મનવાળો સૂત્રનું સ્મરણ કરે. (૩૫૭૫) એમ આઠેય પ્રહર અનુબદ્ધો=સ્થિર–એકાગ્ર, પ્રસન્ન ચિત્તવાળો ધ્યાનને કરે અને બલાત્કારે નિદ્રા આવે તો પણ તેને થોડો પણ સ્મૃતિનો નાશ ન થાય. (૩૫૭૬) સજ્ઝાય, કાલગ્રહણ, પડિલેહણ વગેરે ક્રિયાઓ તેને ન હોય, કારણ કે–તેને સ્મશાનમાં પણ ધ્યાનનો નિષેધ નથી. (૩૫૭૭) તે ઉભયકાળ આવશ્યકને કરે, જ્યાં શક્ય હોય, ત્યાં ઉપધિને પડિલેહે અને કોઈ સ્ખલના થાય તેના મિચ્છામિ દુક્કડં કરે. (૩૫૭૮) વૈક્રિય, આહારક ચારણ કે ક્ષીરાશ્રવ વગેરે લબ્ધિઓને જો કોઈ કાર્ય આવી પડે, તો પણ વૈરાગીપણાથી તે

સેવે (ઉપયોગ કરે) નહિ. (૩૫૭૯) મૌનના અભિગ્રહમાં રક્ત (છતાં) આચાર્યાદિના પ્રશ્નનો જવાબ આપે અને જો દેવો તથા મનુષ્યો પૂછે, તો ધર્મકથા કરે. (૩૫૮૦) એમ શાસ્ત્રાનુસારે ઇંગિનીમરણને સમ્યગ્ કહ્યું. હવે સંક્ષેપથી જ પાદપોપગમનમરણને કહીશ. (૩૫૮૧)

**પાદપોપગમનમરણ**-મરણના આ પ્રકારમાં નિશ્ચે વૃક્ષની જેમ જ્યાં ક્યાંય (અથવા જે તે કોઈ આકારમાં) રહેવાનો અભિગ્રહ, તેને પાદપોપગમન કહેવાય છે. (૩૫૮૨) જે અંગને જ્યાં જે રીતે નાખે (પડે), તેને ત્યાં તે જ રીતે ધારણ કરવું (હલન-ચલન નહિ કરવું), તે પાદપોપગમનમરણ નીહાર અને અનીહાર-એમ બે પ્રકારનું થાય છે. (૩૫૮૩) તેમાં ઉપસર્ગદ્વારા પણ અન્યત્ર હરણ કરાયેલો તે (મૂળ સ્થાનથી) અન્ય સ્થાનમાં કાલધર્મ પામે તેને નીહારિક અને ઉપસર્ગથી રહિત (મૂળ સ્થાને) મરે તેને બીજું અનીહારિક કહ્યું છે. (૩૫૮૪) પૃથ્વીકાય, અપકાય, તેઉકાય, વાયુકાય, વનસ્પતિકાય, અને ત્રસકાયવાળા સ્થાને સંહરણ કરાયેલા પણ શરીરને (મમતાના ત્યાગદ્વારા) વોસિરાવનારો અને (સેવા-સંભાળ નહિ કરવાદ્વારા) તજનારો, તે મહાત્માં જ્યાં સુધી જીવે, ત્યાં સુધી તે અનશનને પાળે-(લેશ પણ) હલન-ચલન ન કરે. (૩૫૮૫) શોભા કે ગંધાદિ વિલેપનથી જો કોઈ ભૂષિત કરે, તો પણ જીવતા સુધી શુદ્ધલેશ્યાવાળો-પાદપોપગમનવાળો મુનિ ચેષ્ટારહિત રહે. (૩૫૮૬) કારણ કે-ઉભો રહેલો કે પડખે (આડો) પડેલો પણ (અંગને લાંબુ-ટૂંકું કરવું વગેરે) ઉદ્વર્તનાદિથી રહિત અને (જડની જેમ હલન-ચલનાદિ) ચેષ્ટાથી રહિત હોય, તેથી તે વૃક્ષની જેવો દેખાય. (૩૫૮૭) એ રીતે સત્તર પ્રકારનાં મરણના સ્વરૂપનું વર્ણન કંઈક માત્ર કરીને, હવે તે પૈકી છેલ્લાં ત્રણ મરણોને અંગે કહેવા યોગ્ય કંઈક કહું છું. (૩૫૮૮)

સર્વ સાધ્વીઓ, પહેલા સંઘયણ સિવાયના પુરૂષો તથા સર્વ દેશવિરતિધરો ભક્તપરિજ્ઞાને સ્વીકારી શકે. (૩૫૮૯) પરંતુ ઇંગિનીમરણને તો અતિ દૃઢ ધૈર્યવાળા અને બળવાળા (પુરૂષો) જ આચરે છે, સાધ્વીઓ વગેરેને તેનો પ્રતિષેધ જણાય છે, (૩૫૯૦) અને આત્મ(શરીર) સંલેખના કરનારા કે નહિ કરનારા તથા દૃઢતમ બુદ્ધિબળવાળા પહેલાં સંઘયણવાળા પાદપોપગમનને કરે છે. (૩૫૯૧) સ્નેહવશ દેવે તમસ્કાય-ઘોર અંધકાર વગેરેમાં સંહરણ કરેલા પણ તે ધીર આત્માઓ સ્વીકારેલા વિશુદ્ધ ધ્યાનથી (લેશ પણ) ચલિત થતા નથી. (૩૫૯૨) ચૌદપૂર્વીઓનો વિચ્છેદ થતાં તે પાદપોપગમન કરનારાઓનો પણ વિચ્છેદ થાય છે, કારણ કે-(ચૌદપૂર્વી) પછી તે પહેલું સંઘયણ હોતું નથી. (૩૫૯૩) એમ આ દ્વારમાં સંક્ષેપથી મરણને કહ્યું. એનું પણ ફળ આરાધનાના ફળને જણાવનારા દ્વારમાં કહીશ. (જુઓ ગા. ૯૭૩૨ થી) (૩૫૯૪) એમ સિદ્ધાન્તરૂપી સમુદ્રમાં અમૃતતુલ્ય સંવેગરંગશાળા નામની આરાધનાનાં મૂળભૂત (પહેલા) પરિકર્મ દ્વારમાં, પ્રસ્તુત પંદર પ્રતિદ્વારો પૈકી ક્રમને અનુસારે આ મરણવિભક્તિ નામનું અગીયારમું દ્વાર કહ્યું (૩૫૯૫-૯૬)

**૧૨. અધિગતરમરણદ્વાર**-પૂર્વે સામાન્યતયા ઘણા પ્રકારનાં મરણોને જણાવ્યાં. હવે પ્રસ્તુત ( પંડિત ) મરણદ્વારના સ્વરૂપને કહું છું. **(૩૫૯૭) પ્રશ્ન**-પ્રસ્તુત પંડિતમરણ કેવું છે? **ઉત્તર**-દુઃખોના સમૂહરૂપ વેલડીનો નાશ કરવા માટે એક તીક્ષ્ણ ધારવાળા મોટા કુહાડાતુલ્ય છે. **(૩૫૯૮)** અને એનાથી વિપરીત મરણને મોહમેલરહિત **શ્રીવીતરાગ** ભગવંતો **બાલમરણ** કહે છે. એ બેનું સ્વરૂપ **આ પ્રમાણે** પાંચ પ્રકારે જણાવું છું. **(૩૫૯૯)** ૧-પંડિતપંડિતમરણ, ૨-પંડિતમરણ, ૩-**બાલપંડિતમરણ**, ૪-બાલમરણ અને ૫-બાલબાલમરણ. **(૩૬૦૦)** તેમાં પહેલું જિનેશ્વરોને, બીજું ( સર્વવિરતિધર ) સાધુઓને, ત્રીજું દેશવિરતિવાળાને, ચોથું સમ્યગ્દૃષ્ટિઓને અને પાંચમું મિથ્યાદૃષ્ટિઓને હોય છે. **(૩૬૦૧)** પુનઃ બીજા આચાર્યો જે આ પાંચ મરણોરૂપ ( **पमेयवत्थु**= ) જ્ઞેયપદાર્થ, તેનો વિભાગ આ રીતે જણાવે છે. જેમ કે-મરતા કેવલીને પંડિતપંડિતમરણ હોય, ભક્તપરિજ્ઞાદિ ( ત્રણ ) પંડિતમરણો મુનિવરોને હોય, દેશવિરતિઓને તથા અવિરતિ સમકિતદૃષ્ટિઓને બાલપંડિતમરણ હોય, જે ઉપશમવાળા મિથ્યાદૃષ્ટિઓનું તે બાલમરણ અને કષાયથી કલુષિત **જેઓ** દઢ આભિગ્રહિક મિથ્યાત્વ સહિત મરે. તેઓને સર્વ જઘન્ય બાલમરણ હોય છે. **(૩૬૦૨ થી ૫)** અથવા પાંચ પૈકી ( પહેલાં ) ત્રણ પંડિતમરણો અને ( છેલ્લાં ) બે બાલમરણો જાણવાં. તેમાં પહેલાં ત્રણ સમકિતદૃષ્ટિને અને છેલ્લાં બે મિથ્યાદૃષ્ટિને જાણવાં. **(૩૬૦૬)** તેમાં પહેલાં ત્રણ મરણોથી મરનાર મુનિઓને ( **अब्भुज्जय**= અપ્રમત્ત-સ્વાશ્રયી ) એકાકી વિહારનો ( અનશનનો ) વિધિ ક્રમશઃ ઉત્તમ, મધ્યમ અને જઘન્ય જાણવો. **(૩૬૦૭)** જો કે સમ્યક્ત્વમાં પક્ષપાતી મનવાળો જીવ મરતા અસંયમી હોય તો પણ **શ્રી જિનવચનને** અનુસરનારો ( પક્ષપાતી ) હોવાથી અલ્પસંસારી છે. **(૩૬૦૮)** જેઓ શ્રી જિનાજ્ઞામાં શ્રદ્ધાવાળા, પ્રતીતિવાળા અને રુચિવાળા હોય, તેઓ સમ્યક્ત્વને અનુસરતા ( હોવાથી ) નિશ્ચે આરાધક થાય છે. **(૩૬૦૯)** શ્રી જિનેશ્વરોએ કહેલા આ પ્રવચનમાં શ્રદ્ધાને નહિ કરનારા અનેક જીવોએ (**तीए**=) ભૂતકાળમાં અનંતાં બાલમરણો કર્યાં, તો પણ જ્ઞાનરહિત-વિવેકશૂન્ય તે બીચારા જીવોને તે અનંતાં મરણોથી પણ ગુણનો કોઈ લેશ પણ પ્રાપ્ત ન થયો. **(૩૬૧૦-૧૧)** તેથી બાલમરણના ( વર્ણન ) વિસ્તારને છોડીને માત્ર તેના વિપાકને સંક્ષેપથી કહેતા એવા મને ( તમે ) કાન દઈને સાંભળો ! **(૩૬૧૨)** ઘણા વિકારવાળી અથવા વિસ્તારવાળી સંસારરૂપી ગહન (દુર્ગમ) અટવીમાં દુઃખથી પીડાતા જીવો બાલમરણોથી નિશ્ચે દીર્ઘકાળ ભમ્યા, ભમે છે અને ભમશે. **(૩૬૧૩)** જેમ કે-દુઃખે છૂટી શકાય તેવા જન્મ, જરા અને મરણરૂપ ચક્રાવામાં વારવાર પરિભ્રમણ કરવાથી અતિ થાકેલા, પરિભ્રમણ કરવા છતાં પાર નહિ પામેલા, એવા આ સંસારરૂપી રેંટમાં ( બંધાએલા ) જીવોરૂપી બળદો, જીવોને જે જે ચાર ગતિઓમાં અને જે જે ચોરાશી લાખ યોનિઓમાં (**अणिट्ठपयं**=) અનિષ્ટપ્રદ છે, તેને તેને દુઃખપૂર્વક અનુભવે ( ભોગવે ) છે. **(૩૬૧૪-૧૫)** વળી જે ઈષ્ટ છતાં નિરનુબંધી અને જે દુઃખે પાર કરી શકાય. તેવા

અનિષ્ટ (છતાં) સાનુબંધી (સંયોગો જીવને પ્રાપ્ત થાય છે), તેને મહામુનિઓ બાલમરણના ફળનું વિલસિત કહે છે. (૩૬૧૬) એ રીતે બાલમરણનું ભયંકર સ્વરૂપ જાણીને, ધીરપુરુષોએ પંડિતમરણને સ્વીકારવું જોઇએ. તેના નામનો અર્થ આ પ્રમાણે છે. (૩૬૧૭) 'પંડા' એટલે બુદ્ધિ, તેનાથી યુક્ત તેને પંડિત જાણવો અને તેનું જે મરણ તેને પંડિતમરણ કહ્યું છે. (૩૬૧૮) આ શાસ્ત્રમાં (દ્વારમાં) જે (પંડિતમરણ) કહેવાનું છે, તે ભક્તપરિજ્ઞા જ છે, કે જે મરણથી મરનારાને નિશ્ચે વાંછિત ફળની સિદ્ધિ થાય છે. (૩૬૧૯) (વર્તમાનમાં) દુઃષમકાળ છતાં, અનિષ્ટ–સેવાર્ત (છેવટ્ઠું) સંઘયણ છતાં અતિશાયી જ્ઞાનીઓનો વિરહ છતાં તથા દૃઢ ધૈર્યબળનો અભાવ છતાં નિશ્ચે આ ભક્તપરિજ્ઞામરણ પણ, સુંદર કાળાદિના યોગે સાધ્ય જે પાદપોપગમન અને ઈંગિતમરણો, તેનાથી જે મળે, તે ફળને આપે છે. (૩૬૨૦-૨૧) આ ભક્તપરિજ્ઞા નિશ્ચે મનોવાંછિત શુભ ફળ આપવામાં કલ્પવૃક્ષોનું એક મહા વન છે અને અજ્ઞાનરૂપી અંધકારથી ગાઢ એવી દુઃષમ કાળરૂપી રાત્રિમાં શરદનો ચંદ્ર છે. (૩૬૨૨) વળી એ ભયંકર સંસારરૂપી મરુસ્થળમાં વિલસતા (લહેરાતા) નિર્મળ જળનું સરોવર છે અને અત્યંત દરિદ્રતાનું (નાશક) શ્રેષ્ઠ ચિંતામણી છે. (૩૬૨૩) વળી તે અતિ દુર્ગમ દુર્ગતિરૂપ ગર્તામાંથી ઉગરવાનો ઉત્તમ માર્ગ છે અને મોક્ષમહેલમાં આરોહણ કરવાની ઉત્તમ નિસરણી છે. (૩૬૨૪) બુદ્ધિબળથી વિકળ, અકાળે મરનારા, (દૃઢ ધર્મમાં) અનભ્યાસી, એવા (પણ) વર્તમાનકાલીન મુનિઓને યોગ્ય (આ મરણ) નિષ્પાપ અને ઉપસર્ગ રહિત છે. (૩૬૨૫) તેથી વ્યાધિગ્રસ્ત અને મરશે જ–એવા નિશ્ચયવાળા ભવ્ય આત્મા સાધુ કે ગૃહસ્થે, ભક્તપરિજ્ઞારૂપ પંડિતમરણમાં યત્ન કરવો જોઈએ. (૩૬૨૬) પંડિતમરણથી મરેલા અનંત જીવો શિવાલયને (મુક્તિને) પામ્યા છે અને બાલમરણથી પુનઃ સંસારરૂપી ભયંકર અરણ્યમાં (અનંતા) ભમે છે. (૩૬૨૭) એક વારનું એક પંડિતમરણ પણ જીવનાં દુઃખોનો મૂળથી નાશ કરીને સ્વર્ગમાં કે મોક્ષમાં સુખોને આપે છે. (૩૬૨૮) જો આ જીવલોકમાં જન્મેલા સર્વને અવશ્ય મરવાનું છે, તો તેવી કોઇ (ઉત્તમ) રીતે મરવું જોઈએ, કે જેથી પુનઃ મરણ ન થાય. (૩૬૨૯) સુંદરીનંદની જેમ તિર્યંચપણાને પામેલો પણ જીવ જો કોઇ રીતે પંડિતમરણને પામે, તો વાંછિત અર્થની સિદ્ધિને કરે છે. (૩૬૩૦)

**પંડિતમરણના મહિમા વિષે સુંદરીનંદનો પ્રબંધ**–આ જંબૂદ્વીપમાં ભરત વર્ષમાં, ઇન્દ્રપુરી જેવી પંડિતજનોના (ઇન્દ્રપુરી પક્ષે દેવોના) હૃદયને હરનારી, સતત ચાલતા શ્રેષ્ઠ મહોત્સવોવાળી, શ્રી વાસુપૂજ્ય જિનેશ્વરના મુખરૂપી ચંદ્રથી વિકસિત થયેલાં ભવ્ય જીવો રૂપી કુમુદનાં વનોવાળી, લક્ષ્મીથી શોભતી (પક્ષે લક્ષ્મીથી શોભતી વિષ્ણુની મૂર્તિ જેવી), જગત્પ્રસિદ્ધ, એવી ચંપા નામની નગરી હતી. ત્યાં કુબેરના ધનભંડારને પરાભવ કરે તેવો (ધનવાળો), ત્યાંનો રહીશ, વિશિષ્ઠ ગુણવાળો ધન નામે શેઠ રહે છે. (૩૬૩૧ થી ૩૩) તેને તામલિપ્તી નગરીના રહીશ વસુ નામના વેપારી સાથે નિઃસ્વાર્થ

મૈત્રી થઈ. (૩૬૩૪) જિનધર્મના પાલનમાં તત્પર અને ઉત્તમ સાધુઓના ચરણની ભક્તિ કરનારા તેઓના દિવસો પસાર થતે છતે, એક પ્રસંગે સદાય (સ્થિર રહે તેવી) અખંડ પ્રીતિને ઇચ્છતા તે બેમાં ધનશેઠે પોતાની સુંદરી નામે પુત્રીને વસુશેઠના નંદપુત્રને આપી અને સારા મુહૂર્તે ઘણા લક્ષ્મીના સમૂહને ખર્ચીને જગતને આશ્ચર્ય ઉપજાવે તેવો તેનો વિવાહ કર્યો. (૩૬૩૫ થી ૩૭) તે પૂર્વોપાર્જિત પુણ્યરૂપી વૃક્ષને ઉચિત એવા સુંદરી સાથે વિષયસુખરૂપી ફળને ભોગવતા નંદના દિવસો જાય છે. (૩૬૩૮) બુદ્ધિની અતિ નિર્મળતાને કારણે જિનમતના વિજ્ઞાતા પણ નંદને એક અવસરે વિચાર થયો કે– (૩૬૩૯) વ્યવસાયરૂપી ધન (ઉદ્યમ) વિનાનો પુરૂષ લોકમાં નિંદાપાત્ર બને છે અને કાયર (નીચ) પુરુષ માનીને તેને પૂર્વની લક્ષ્મી પણ તુર્ત છોડી દે છે, (૩૬૪૦) માટે પૂર્વજોની પરંપરાના ક્રમથી આવેલા સમુદ્રમાર્ગના વ્યાપારને કરું. પૂર્વજોના ધનથી આનંદ કરવામાં મારી શી મહત્તા? (૩૬૪૧) શું તે પણ જગતમાં જીવતો ગણાય, કે જે પોતાની બે ભુજાઓથી મેળવેલા ધનથી પ્રતિદિન યાચકોને મનોવાંછિત આપતો નથી? (૩૬૪૨) વિદ્યા, પરાક્રમ (વગેરે) ગુણોથી પ્રશંસનીય આજીવિકાથી જે જીવે છે, તેનું જીવન પ્રશંસનીય છે. તેથી વિપરીત જીવનારના તે જીવનથી શું? (૩૬૪૩) પાણીના પરપોટાની જેમ જગતમાં કયા પુરુષો અનેક વાર જન્મતાં–મરતાં નથી? તાત્ત્વિક શોભા વિનાનાં તે જન્મો અને મરણોથી શું? (૩૬૪૪) તેની પ્રશંસા કેવી રીતે કરાય, કે જ્યારે સત્પુરૂષોની પ્રશંસા (થતી હોય તે) પ્રસંગે (પોતાના) ત્યાગાદિ અનેક ગુણોથી જેઓ પ્રથમ નંબરે નથી આવતા? (અર્થાત્ સત્પુરુષોમાં જે પ્રથમ નંબરે નથી તેની પ્રશંસા કેમ થાય? (૩૬૪૫) એમ વિચારીને તેણે તુર્ત અન્ય બંદરમાં દુર્લભ કરિયાણાના સમૂહથી ભરેલું વહાણ સમુદ્રકાંઠે તૈયાર કર્યું. (૩૬૪૬) અને જવા માટે (પતિને) ઉત્સુક જોઈને (તેનો) વિરહ સહવામાં અતિ કાયરપણાથી અત્યંત શોકાતુર (બનેલી) સુંદરીએ તેને કહ્યું કે–(૩૬૪૭) હે આર્યપુત્ર! હું પણ નિશ્ચે તમારી સાથે આવીશ, (કારણ કે–) પ્રેમથી પરાધીન આ (મારા) મનને (તમારા વિરહમાં) શાન્ત (પ્રસન્ન) રાખવા હું શક્તિમાન નથી. (૩૬૪૮) તેણીએ એમ કહેવાથી અતિ દૃઢ સ્નેહપણાથી આકર્ષિત ચિત્તના વેગવાળા નંદે તે કબૂલ્યું. પછી (પ્રયાણનો) પ્રસંગ આવતાં તે બંનેય શ્રેષ્ઠ વહાણમાં બેઠાં અને પ્રસન્ન ચિત્તવાળા કુશળ રીતે અન્ય બંદરે પહોંચ્યાં. (૩૬૪૯–૫૦) ત્યાં કરિયાણાંને (બદલ્યાં) વેચ્યાં, સોનૈયાનો ઘણો સમૂહ મેળવ્યો, તેને બદલે કરિયાણા લઇને સમુદ્રમાર્ગે (પાછા) જતાં પૂર્વકૃત કર્મોના વિપાકવશ અતિ પ્રબળ પવનથી અથડાતી નાવડીના તુર્ત સેંકડો કકડા થયા. (૩૬૫૧–૫૨) પછી તથાભવ્યત્વથી સુશીબતે તુર્ત મળી આવેલા પાટીઆના કકડાવાળાં તે બંને એક જ બંદરે (કાંઠે) પહોંચ્યા. (૩૬૫૩) અને અઘટિતને ઘટિત તથા ઘટિતને અઘટિત (ભાંગતોડ) કરવામાં કુશળ વિધાતાના યોગે વિરહથી અતિ વ્યાકૂળ બનેલા તે બંનેનું પરસ્પર (દર્શન)

મિલન થયું. (૩૬૫૪) તે પછી હર્ષ અને ખેદવશ ઉછળતા અતિ શોકથી સૂઝેલી ગળાની નળીવાળી, જાણે સમુદ્રના સંગથી લાગેલા જળબિંદુઓના સમૂહને વિખેરતી હોય તેમ સતત પડતા આંસુની ધારાવાળી, દીન, સુંદરી સહસા નંદના ગળે વળગીને રોવા લાગી. (૩૬૫૫-૫૬) ત્યારે મહા મુશીબતે ધીરજ ધારણ કરીને નંદે કહ્યું કે-હે સુંદરી ! અત્યંત શ્યામ મુખવાળી તું આમ શોક કેમ કરે છે ? (૩૬૫૭) હે મૃગાક્ષી ! જગતમાં તે કોણ જન્મ્યો છે, કે જેને સંકટો ન આવ્યાં હોય અને જન્મ-મરણો ન થયાં હોય ? (૩૬૫૮) હે કમળમુખી ! જો, આકાશતળના અસાધારણ ચૂડામણીતુલ્ય પણ સૂર્યનો પ્રતિદિન ઉદય, પ્રતાપ અને વિનાશ થાય છે. (૩૬૫૯) અથવા શું તેં જિનેન્દ્રની વાણીમાં નથી સાંભળ્યું કે-પૂર્વપુણ્યનો ક્ષય થતાં દેવેન્દ્રો પણ દુઃખદ દશાને પામે છે ? (૩૬૬૦) હે સુતનુ ! પડછાયાની જેમ દુઃખોની પરંપરા જેઓને સાથે જ ભમાડે છે (ભમે છે), તે કર્મને વશ પડેલા જીવોને આટલા માત્ર દુઃખમાં સંતાપ કેમ ? (૩૬૬૧) ઈત્યાદિ વચનોથી એ રીતે સુંદરીને સમજાવીને ભૂખ-તૃષાથી પીડાતો નંદ તેની સાથે જ વસતિ (ગામ) તરફ ચાલ્યો. (૩૬૬૨) પછી સુંદરીએ કહ્યું કે-હે નાથ ! પરિશ્રમથી થાકેલી, અત્યંત તૃષાતુર, હું અહીંથી એક પગલું પણ (આગળ) ચાલી શકું તેમ નથી (૩૬૬૩) ત્યારે નંદે કહ્યું કે-હે સુતનુ ! તું એક ક્ષણ અહીં વિસામો કર, કે-જેથી હું તારા માટે કયાંયથી પણ જળ લાવું. (૩૬૬૪) તેણીએ તે કબૂલ કર્યું એટલે નંદ તેને મૂકીને તુર્ત નજીકના વનપ્રદેશમાં પાણી શોધવા ગયો. (૩૬૬૫) અને (દુર્ભાગ્યવશ) ત્યાં યમ જેવા, ભૂખથી તીવ્ર પીડાતા ફાડેલા મોટા મુખવાળા અને અતિ ચપળ લપલપતી જીભવાળા સિંહે તેને જોયો. (૩૬૬૬) પછી તે સિંહે ભયથી સંભ્રમ પામેલા, (તેથી) અનશનાદિ (અંતિમ ધર્મ) કર્તવ્યને વિસરી ગયેલા, આર્ત્તધ્યાનને પામેલા, એવા શરણરહિત તે નંદને મારી નાંખ્યો. (૩૬૬૭) અને સમ્યક્ત્વરૂપ શુભ ગુણને ચૂકી ગયેલો તે નંદ બાલમરણના દોષથી તે જ વનખંડમાં વાનરપણે ઉત્પન્ન થયો. (૩૬૬૮)

આ બાજુ રાહ જોતી સુંદરી, દિવસ પૂર્ણ થયો તો પણ જ્યારે નંદ (પાછો) ન આવ્યો, ત્યારે 'પતિ મરી ગયો'-એવો નિશ્ચય કરીને ક્ષોભ પામેલી, 'ધસ'-એમ શબ્દ કરીને જમીન ઉપર પટકાઈ પડી. મૂર્છાથી મિંચાયેલાં નેત્રવાળી એક ક્ષણ મુડદાની જેમ (નિશ્ચેષ્ટ) રહીને, વનમાં પુષ્પોની સુગંધવાળા પવનથી લેશ ચૈતન્યને પામેલી, દીન, તે ગાઢ દુઃખથી પોક મૂકીને રોવા લાગી. (૩૬૬૯ થી ૭૧) હે શ્રી જિનેશ્વરદેવનાં ચરણ-કમળથી પૂજામાં પ્રીતિવાળા ! હે સદ્ધર્મના મોટા ભંડાર ! આર્યપુત્ર ! તમે કયાં ગયા ? મને જવાબ આપો. (૩૬૭૨) હે પાપી દૈવ ! ધન, સ્વજન અને ઘરનો નાશ થવા છતાં તું ન ધરાયો ! કે હે અનાર્ય ! આજે મારા પતિને પણ તેં મરણને પમાડયો. (મારી નાખ્યો.) (૩૬૭૩) પુત્રીવત્સલ હે પિતાજી ! અને નિષ્કપટ પ્રીતિવાળા હે માતાજી ! હા હા, તમે દુઃખદરિયામાં પડેલી પોતાની પુત્રીની ઉપેક્ષા કેમ કરો છો ? (૩૬૭૪) એમ

ચિરકાળ વિલાપ કરીને પરિશ્રમથી ગાઢ થાકેલા શરીરવાળી, બે હાથમાં (હથેળીમાં) મૂકેલા (ઢાંકેલાં) મુખવાળી, અતિ આકરા દુઃખને અનુભવતી તેણીને, અશ્વ ખેલાવવા માટે ત્યાં આવેલા પ્રિયંકર નામના શ્રીપુરના રાજાએ કોઈ રીતે જોઈ અને વિચાર્યું કે– (૩૬૭૫-૭૬) શું શ્રાપથી ભ્રષ્ટ થયેલી આ કોઈ દેવી છે? અથવા કામદેવથી વિરહિત રતિ છે? કોઈ વનદેવી છે કે કોઈ વિદ્યાધરી છે! (૩૬૭૭) એમ વિસ્મિત મનવાળા તેણે પૂછ્યું કે-હે સુતનુ! તું કોણ છે? અહીં કેમ રહી (બેઠી) છે? ક્યાંથી આવી છે? અને આવા સંતાપને કેમ ધરે છે? (૩૬૭૮) પછી લાંબા-ઉષ્ણ નિશ્વાસથી ચંચલ (સ્ખલિત) ભાષાવાળી અને શોકવશ મીંચાએલાં નેત્રોવાળી સુંદરીએ કહ્યું કે-હે મહા સાત્ત્વિક! સંકટોની પરંપરાને ઉભી કરવામાં સમર્થ વિધાતાના પ્રયોગને વશ પડેલી, મારા દુઃખસમૂહના હેતુભૂત આ હકીકતને (જાણવાથી) સર્યું. (૩૬૭૯-૮૦) (તે સાંભળીને) સંકટમાં પડેલી પણ 'ઉત્તમ કુળમાં જન્મેલી (કુલીન) હોવાથી આ પોતાના વૃત્તાંતને કહેશે નહિ.'-એમ વિચારીને રાજા તેણીને કોમળ વાણીથી સમજાવીને ખુશીખતે પોતાના ઘેર લાવ્યો અને અતિ આગ્રહથી ભોજનાદિ ક્રિયા કરાવી. (૩૬૮૧-૮૨) તે પછી રાજા (તેના પ્રત્યેના) અનુરાગથી સત્પુરુષના આચરણપણાથી (સજ્જનની નીતિ-રીતિથી) સદાય તેનું સઘળું મન-ઇચ્છિત પૂર્ણ કરે છે. (૩૬૮૩) પછી '(રાજાનું) સન્માન કરતી હોવાથી અને પ્રેમપૂર્વક વાત કરતી હોવાથી' હવે આ પ્રસન્ન છે-એમ સમજેલા રાજાએ એકાન્તમાં સુંદરીને કહ્યું કે-(૩૬૮૪) હે ચંદ્રમુખી! શરીર અને મનની શાન્તિને હરનારા પૂર્વે બનેલા વૃત્તાંતને ભૂલીને મારી સાથે ઇચ્છા મુજબ વિષયસુખને ભોગવ! (૩૬૮૫) હે સુતનુ! દીવાની જ્યોતથી માલતીની માળા જેમ સૂકાય, તેમ શોકથી તપેલી તારી કોમળ કાયારૂપી વેલડી નિત્ય સૂકાય છે. (૩૬૮૬) હે સુતનુ! જનમનને આનંદ દેનારા (પણ) રાહુના ઉપદ્રવથી ઘેરાએલા શરદપૂર્ણિમાના ચંદ્રબિંબની જેમ જનમનને આનંદ દેનારું પણ શોકરૂપી (विड्ढप्प:) રાહુના (कड्ढप्प=) ઉપદ્રવથી પીડાએલું (તારું) યૌવન સૌભાગ્યને (આદરને) પામતું નથી. (૩૬૮૭) અતિ સુંદર પણ, મનગમતી પણ અને લોકમાં દુર્લભ પણ, ખોવાયેલી કે નાશ પામેલી વસ્તુનો ડાહ્યા પુરુષો શોક કરતા નથી, (૩૬૮૮) માટે ઘણું કહેવાથી સર્યું. મારી પ્રાર્થનાને તું સફળ કર. પંડિતો પ્રસંગોચિત પ્રવૃત્તિમાં જ ઉદ્યમ કરે છે. (૩૬૮૯) પછી કાનને અતિ કટુ, પૂર્વે કદી નહિ સાંભળેલું-એવું આ વચન સાંભળીને વ્રતભંગના ભયથી મુંઝાતી, ગાઢ દુઃખથી વ્યાકૂળ મનવાળી તેણીએ કહ્યું કે-હે નરશિરોમણિ! સુકુળમાં જન્મેલા, લોકમાં પ્રખ્યાત અને ન્યાયમાર્ગમાં પ્રેરક, તમારા જેવા શ્રેષ્ઠ પુરુષોને પરસ્ત્રીનું સેવન અત્યંત અનુચિત, ઉભય લોકનો (હિતનો) નાશ કરવામાં સમર્થ અને ત્રણ લોકમાં પણ અપયશના પડહતુલ્ય છે. (૩૬૯૦ થી ૯૨) રાજાએ કહ્યું કે-હે કમળમુખી! ચિર (સંચિત) પુણ્યના સમૂહે ભેટ કરેલા રત્નના નિધિને (અર્થાત્ મારા મોટા પુણ્યે મળેલી તને) ભોગવવાથી

મને શું દૂષણ છે? (૩૬૯૩) તે પછી રાજાના અતૂટ આગ્રહને જાણીને તેણીએ જવાબમાં કહ્યું કે હે નરવર! જો એમ જ છે, તો ચિરકાળથી ગ્રહણ કરેલો મારો અભિગ્રહ જ્યાં સુધી પૂર્ણ ન થાય, ત્યાં સુધી તે (केत्तियं=) કેટલાક (અમુક) કાળનું રક્ષણ કરો. (અર્થાત્ તેટલો કાળ વિલંબ કરો.) પછી તમારી ઈચ્છાને અનુરૂપ હું આચરીશ. (૩૬૯૪-૯૫) એ સાંભળીને પ્રસન્ન થયેલો રાજા તેના ચિત્તવિનોદ માટે નાટક, ખેલ વગેરેને દેખાડતો કાળ પસાર કરે છે. (૩૬૯૬) આ બાજુ પૂર્વે કહ્યો તે વાનરપણે જીવતા નંદને માંકડાના ખેલાડીઓએ યોગ્ય જાણીને પકડ્યો, (૩૬૯૭) તેને નાટ્ય વગેરે ઘણી કળાઓ શિખવાડી અને દરેક નગરમાં તેને (તેની કળાઓને) દેખાડતા તે ખેલાડીઓ કોઇ પ્રસંગે તેને લઇને શ્રીપુરનગરમાં આવ્યા. (૩૬૯૮) ત્યાં ઘરે ઘરે તેને નચાવીને તેઓ રાજમંદિરે ગયા અને ત્યાં તેઓએ તે વાંદરાને સર્વ પ્રયત્નથી (કાળજીથી) નચાવવા માંડયો. (૩૬૯૯) પછી નાચતા તે વાનરે કોઈ રીતે રાજાની પાસે બેઠેલી સુંદરીને પૂરાણા સ્નેહભાવથી વિકસિત (એક) નજરે જોઈ. (૩૭૦૦) અને 'મેં આને ક્યાંક જોઇ છે.'–એમ વારંવાર ચિંતવતાં તેને પૂર્વજન્મનું સ્મરણ થયું અને સઘળોય પૂર્વ-(જન્મનો) વૃત્તાંત જાણ્યો. (૩૭૦૧) પછી પરમ નિર્વેદને પામેલા તેણે વિચાર્યું કે–હા હા, અનર્થની ખાણતુલ્ય આ સંસારવાસને ધિક્કાર થાઓ! (૩૭૦૨) કારણ કે–તેવા નિર્મળ વિવેકવાળો પણ, ધર્મરાગી પણ અને અતિસમય શાસ્ત્રોક્ત વિધિ પ્રમાણે અનુષ્ઠાનને કરનારો પણ હું તેવા બાળ (અજ્ઞાન) મરણથી આવી વિષમદશાને પામ્યો. હવે તિર્યંચપણામાં રહેલો હું શું કરું? (૩૭૦૩-૪) અથવા આ વિચારથી શું? આ અવસરને (અવસ્થાને) ઉચિત પણ ધર્મકાર્ય કરું, (આવું) જીવવાથી સર્યું (૩૭૦૫) એમ વિચારતાં, તેને 'થાકેલો છે'–એમ માનીને તે ખેલાડીઓ પોતાના સ્થાને લઈ ગયા અને તેણે ત્યાં અનશન સ્વીકાર્યું (૩૭૦૬) તે પછી શ્રી પંચપરમેષ્ઠિમંત્રનું વારંવાર સ્મરણ કરતો શુદ્ધ ભાવથી મરીને તે દેવલોકમાં મહર્દ્ધિક દેવ થયો. ત્યાં અવધિજ્ઞાનથી પૂર્વના વૃત્તાંતને જાણીને, અહીં આવીને રાજાને પ્રતિબોધ કર્યો અને સુંદરીને પણ (પ્રતિબોધીને) પ્રવ્રજ્યા સ્વીકારવા માટે સૂરિમહારાજને સોંપી. (૩૭૦૭-૮) એમ તિર્યંચપણાને પામેલા પણ જીવને અહીં કહ્યું તે પ્રમાણે પંડિતમરણ નિષ્પાપ એવા સદ્‌ગતિરૂપ નગરના મોટા રાજ્યને આપે છે. (૩૭૦૯)

**પંડિતમરણનો મહિમા**–સમગ્ર જીવન સુધી પણ (कडमद्द=) ઉદ્વેગ (દુર્ધ્યાનાદિ) કરીને અને પાપસમૂહને ભેગો કરનારો જીવ અંતે પંડિતમરણને પામીને શુદ્ધ થાય છે. (૩૭૧૦) અનાદિકાળથી સંસારરૂપી અટવીમાં ફસાએલો જીવ ત્યાં સુધી પારને નહિ પામે, કે જ્યાં સુધી અહીં પૂર્વે કદાપિ નહિ મળેલા પંડિતમરણને નહિ પામે! (૩૭૧૧) પંડિતમરણથી મરેલા કેટલાક જીવો તે જ ભવમાં અને કેટલાક દેવલોકમાં જઇને પુનઃ અહીં (મનુષ્યભવમાં) આવીને શ્રાવકકુળમાં જન્મ લઇને અને દીર્ઘકાળ સાધુપણાને

પાળીને પંડિતમરણથી મરેલા કોઈ બીજા ભવે (પણ) સિદ્ધ થાય છે. (૩૭૧૨-૧૩) પંડિતમરણથી (મરનારા) જીવો નારકી અને તિર્યંચ સિવાયના ઉત્તમ મનુષ્યના અને દેવના ભવોમાં વિલાસ કરીને પણ (અંતે) આઠ ભવમાં સિદ્ધ થાય (જ) છે. (૩૭૧૪) તેમાં ગૃહસ્થ અથવા સાધુ નિર્જીવ પ્રદેશમાં રહેલો, વિધિપૂર્વક (અતિચારોરૂપી) સર્વ શલ્યોનો ત્યાગ (આલોચના) કરીને, સર્વ આહારને તજીને, છકાય જીવોની રક્ષામાં તત્પર બનેલો, અન્યને ખમાવવામાં અને પોતે ક્ષમા આપવામાં પણ તત્પર, વિરાધનાનો ત્યાગી, ચપળતારહિત, જિતેન્દ્રિય, ત્રણ દંડરૂપ શત્રુઓનો વિજેતા, ચાર કષાયની સેનાને જીતનારો અને શત્રુ-મિત્રમાં સમ (ઉદાસીન)ભાવે વર્તતો, એ રીતે પંડિતમરણથી જે મરે, તે નિશ્ચે સમ્યગ્ મર્યો (જાણવો). (૩૭૧૫ થી ૧૭) આ પંડિતમરણને લઘુકર્મી એવો સમકિતદષ્ટિ જીવ પામે છે. (મિથ્યાદષ્ટિ પામી શકતો નથી.) શું આ સંસારમાં અલ્પ પુણ્યવાળા પણ ચિંતામણીરત્નને પામી શકે? (૩૭૧૮) (માટે) તે સિવાયના અજ્ઞ જીવોને તો પદે પદે (વારંવાર) બાલમરણ જ સુલભ છે. માત્ર તે મરણ અનર્થને આપનારું સંસારવર્ધક છે. (૩૭૧૯) કારણ કે-બાળ એટલે મૂર્ખ, તે પુનઃ નિયાણાપૂર્વક અનશનરૂપ વિવિધ તપને કરીને મરેલો અશુભ વ્યંતરની જાતિઓમાં ઉપજે છે (૩૭૨૦) અને ત્યાં ઉપજેલો તે બાળકની જેમ કેલીનો (હાંસી, ઠઠ્ઠા, કામક્રીડા વગેરેનો) વ્યસની તે (તેવી) ક્રીડાઓને કરે છે, કે જેથી પુનઃ અનાદિઅનંત સંસારસમુદ્રમાં વારંવાર ભમે. (૩૭૨૧) તેથી સર્વ કર્મોના ક્ષય માટે ઉદ્યમી અને ધીર પુરુષો એક વાર તે પંડિતમરણને પામીને (સંસારનો) પાર પામનારા થાઓ! (૩૭૨૨) તેઓ જ એક પંડિત-મરણે મરીને, પુનઃ ઘણાં મરણોને કરતા નથી, કે જેઓએ અપ્રમત્તભાવે ચારિત્રને આરાધ્યું છે. (૩૭૨૩) સંયમગુણોમાં સમ્યક્ (સંવુડ=) સંવરને કરનારા અને સર્વસંગ(રાગ)થી મુક્ત (થઈને) જેઓ શરીરને તજે છે, તેઓ પંડિતમરણે મર્યા (કહેવાય) છે. (૩૭૨૪) (કારણ કે-) અસંવરવાળો ઘણા કાળે પણ જેટલાં કર્મની નિર્જરા કરે છે, તેટલાં કર્મોને સંવરવાળો અને ત્રણ ગુપ્તિએ ગુપ્ત જીવ એક શ્વાસ માત્રમાં ખપાવે છે. (૩૭૨૫) નિશ્ચયનયથી ત્રણેય દંડથી વિરમેલા, ત્રણેય ગુપ્તિથી ગુપ્ત, ત્રણેય શલ્યોથી રહિત, ત્રિવિધે (મન-વચન-કાયાથી) અપ્રમત્ત, જગતના (સર્વ) જીવોની દયામાં (હિતમાં) શ્રેષ્ઠ મનવાળા, પાંચ મહાવ્રતોમાં રક્ત અને સંપૂર્ણ ચારિત્રરૂપ (અઢાર હજાર) શીલગુણથી યુક્ત, એવા મુનિઓ વિધિપૂર્વક મરણ કરીને આરાધક થાય છે. (૩૭૨૬-૨૭) (જીવો) જ્યારે (अच्चा=) શરીરથી (अहीणा=) પૂર્ણ (સમર્થ) અર્થાત્ સશક્ત (અથવા **પાઠાંતર**-अव्वाहीणा=વ્યાધિરહિત) હોય, શ્રુતના સારરૂપ (**પાઠાંતર-ઝરીય-ઝરણાંથી**) પરમાર્થને પામેલા હોય અને ધૈર્યવાળા હોય (તો=) ત્યારે (તે પછી) આચાર્યભગવંતે આપેલા (ઉચ્ચરાવેલા) પંડિતમરણને (અનશનને) સ્વીકારે છે, (૩૭૨૮) રત્નના કરંડિયાતુલ્ય આ પંડિતમરણ (જઈ=) (જો પ્રાપ્ત

થાય તો તે) નિશ્ચે ઉત્તરોત્તર વિશુદ્ધિને પામતા સવિશેષ પુણ્યાનુબંધવાળા કોઈ જીવને જ પ્રાપ્ત થાય છે. ઉમ્બરના પુષ્પની જેમ લોકમાં દુર્લભ આ પંડિતમરણને પુણ્યરહિત જીવો પામતા નથી. (૩૭૨૯-૩૦) આ પંડિતમરણ નિશ્ચે સર્વ મરણોનું મરણ છે, જરાઓનો નાશ કરવામાં પ્રતિજરા (જરાઓની જરા) છે અને (પુનઃ) જન્મનો અજન્મ છે. (૩૭૩૧) પંડિતમરણથી મરનાર શારીરિક અને માનસિક ઉભય પ્રકારે પ્રગટતાં અસંખ્ય આકરાં સર્વ દુઃખોને જલાંજલી આપે છે. (૩૭૩૨) અને બીજું-જીવોને જગતમાં જે જે ઇષ્ટસુખ સાનુબંધ (પરંપર વૃદ્ધિવાળું) થાય છે, તે તે સર્વ પંડિતમરણનો પ્રભાવ જાણવો. (૩૭૩૩) અથવા-આ સંસારમાં જે કાંઈ પણ ઇષ્ટ સાનુબંધી અને અનિષ્ટ નિરનુબંધી થાય છે, તે સઘળુંય પંડિતમરણરૂપી વૃક્ષનું ફળ જાણવું. (૩૭૩૪) એક જ પંડિતમરણ સર્વ ભવોનાં અનિષ્ટોનો નાશ કરવામાં સમર્થ છે. અથવા એક અગ્નિનો કણ શું ઇંધનોના સમૂહોને બાળતો નથી? (૩૭૩૫) આ પંડિતમરણ જીવોનું હિત કરવામાં પિતા, માતા અથવા બંધુવર્ગ (તુલ્ય) છે અને રણભૂમિમાં સુભટની જેમ સમર્થ છે. (૩૭૩૬) કુગતિના દ્વારને બંધ કરનારું, સુગતિરૂપ નગરના દ્વારને ખોલનારું અને પાપરજનો નાશ કરનારું પંડિતમરણ જગતમાં જયવંતુ રહો! (૩૭૩૭) અધમ પુરુષોને દુર્લભ અને ઉત્તમ પુરુષોને આરાધવાયોગ્ય, એવું ઉત્તમ ફળને દેનારું જે પંડિતમરણ, તે જગતમાં જયવંતુ રહો! (૩૭૩૮) જે જે ઇચ્છવાયોગ્ય છે અને જે જે પ્રશંસનીય (પણ) અતિ દુર્લભ છે, તેને પણ પ્રાપ્ત કરાવવામાં સમર્થ, એવું પંડિતમરણ જગતમાં જયવંતુ રહો! (૩૭૩૯) ચિંતામણી, કામગવી અને કલ્પવૃક્ષને પણ નિશ્ચે જે અસાધ્ય છે, તેને પ્રાપ્ત કરાવવામાં સમર્થ પંડિતમરણ જગતમાં જયવંતુ રહો! (૩૭૪૦) એક જ પંડિતમરણ ઘણા-સેંકડો જન્મોનો છેદ કરે છે, માટે તે મરણે મરવું જોઈએ, કે જેનાથી મરેલો સારું મર્યો (અજરામર) થાય. (૩૭૪૧) જો મરણનો ભય છે, તો પંડિતમરણથી મરવું જોઈએ, કારણ કે-એક પંડિતમરણ અન્ય સઘળાં મરણોનો નાશ કરે છે. (૩૭૪૨) જેને આચરીને ઉત્તમ ધૈર્યવાળા પુરુષો સર્વ કર્મોનો ક્ષય કરે છે, તે પંડિતમરણના ગુણસમૂહને સંપૂર્ણ વર્ણવવા કોણ સમર્થ છે? (૩૭૪૩) એમ પાપરૂપી અગ્નિનો નાશ કરવામાં જળના સમૂહતુલ્ય, સંવેગરંગશાળા નામની આરાધનાના મૂળ પરિકર્મવિધિ નામના દ્વારમાં કહેલાં પંદર પેટાદ્વારોમાં ક્રમશઃ આ બારમું અધિગતમરણ નામનું પેટાદ્વાર કહ્યું. (૩૭૪૪-૪૫) આ અધિગતમરણને સ્વીકારવા છતાં શ્રેણી વિના જીવ આરાધનામાં આરુઢ થવા (ઉંચા ગુણસ્થાનકોમાં ચઢવા) સમર્થ થતો નથી, તેથી શ્રેણીદ્વારને કહું છું. (૩૭૪૬)

**૧૩. શ્રેણીદ્વાર**-દ્રવ્ય અને ભાવથી-એમ શ્રેણી બે પ્રકારની છે. તેમાં ઉંચા સ્થાને ચઢવા માટે નિસરણી વગેરે દ્રવ્યશ્રેણી જાણવી (૩૭૪૭) અને સંયમસ્થાનોના લેશ્યા તથા સ્થિતિની તારતમ્યતાવાળાં શુદ્ધતર કંડકોને કેવળજ્ઞાનની પ્રાપ્તિ સુધી પ્રાપ્ત કરવાં

(અનુભવમાં), તેને ભાવશ્રેણી જાણવી. (૩૭૪૮) તે આ પ્રમાણે–જેમ મહેલ ઉપર ચઢનારને દ્રવ્યશ્રેણીરૂપ નિસરણી છે, તેમ ઉપર ઉપરના ગુણસ્થાનકોને પ્રાપ્ત કરનારને ભાવશ્રેણી (રૂપ નિસરણી) હોય છે. (૩૭૪૯) આ ભાવશ્રેણી ઉપર ચઢેલો ઉદ્‌ગમાદિ દોષોથી દૂષિત વસતિનો અને ઉપધિનો ત્યાગ કરીને નિશ્ચે (સંયમમાં) સમ્યગ્ વિચરે. (૩૭૫૦) તે આચાર્યની સાથે આલાપ–સંલાપ કરે અને કામ પડયે શેષ સાધુઓ સાથે બોલે, તેને મિથ્યાદૃષ્ટિ લોક સાથે મૌન અને સમકિતદૃષ્ટિ તથા સ્વજનમાં ભજના જાણવી. (બોલે અથવા ન બોલે.) (૩૭૫૧) અન્યથા યથાતથા પરસ્પર વાતોમાં આકર્ષિત ચિત્તપ્રવાહવાળા કોઈ આરાધકને પણ પ્રમાદથી પ્રસ્તુત અર્થમાં (આરાધનામાં) વિઘ્ન પણ થાય, તેથી આરાધનાને ઈચ્છતો, તેમાં જ એકચિત્તવાળો શ્રેણીનો પ્રયત્ન કરે. (કારણ કે–) આ શ્રેણીનો વિગમ (ધ્વંસ) થવાથી સ્વયંભૂદત્તની જેમ આરાધક સીદાય. (૩૭૫૨–૫૩)

**શ્રેણીની વિરાધના વિષે સ્વયંભૂદત્તનો પ્રબંધ**–કંચનપુરનગરમાં સ્વયંભૂદત્ત અને સુગુપ્ત નામના પરસ્પર દૃઢ પ્રીતિવાળા અને લોકમાં પ્રસિદ્ધ બે ભાઈઓ રહે છે. (૩૭૫૪) પોતાના કુળક્રમને અનુસારે શુદ્ધ વૃત્તિથી આજીવિકાને મેળવતાં તેઓનો સમય સુખપૂર્વક જાય છે (૩૭૫૫) પછી એક પ્રસંગે ક્રૂર ગ્રહના વશ વરસાદના અભાવે નગરલોકોને અતિ દુઃખદ ભયંકર દુષ્કાળ પડયો, (૩૭૫૬) ત્યારે ઘણા કાળથી સંઘરેલી મોટી પણ ઘાસની ગંજીઓ અને મોટા પણ ધાન્યના પલ્લા (કોઠારો) નાશ પામ્યા. (ખૂટી ગયા.) (૩૭૫૭) તેથી સીદાતાં પશુઓને અને માણસોને જોઈને ઉદ્વિગ્ન થયેલા રાજાએ (અવસ્થાને) નીતિમાર્ગને તજીને પોતાના માણસોને આજ્ઞા કરી કે–અરે ! આ નગરમાં જેનો જેટલો ધાન્યનો સંગ્રહ હોય તેનો, તેનાથી અર્ધો બળાત્કારે તુર્ત લઈ આવો. (૩૭૫૮–૫૯) એમ આજ્ઞાને પામેલા અને યમના જેવી ભ્રકુટીની રચનાથી ભયંકર તે રાજપુરુષોએ સર્વત્ર તે પ્રમાણે જ કર્યું. (૩૭૬૦) તેથી અત્યંત ક્ષુધાથી, ધન–સ્વજનના નાશથી અને અત્યંત રોગના સમૂહથી વ્યાકૂળ લોકો સવિશેષ મરવા લાગ્યા. (૩૭૬૧) અને ઘરો માણસોથી રહિત બનવાથી. શેરીઓ ધડ–મસ્તકોથી દુર્ગમ બનવાથી અને લોકો (અન્ય) સ્વસ્થ દેશોમાં જવાથી, તે સ્વયંભૂદત્ત પણ (પોતાના ભાઈ) સુગુપ્ત સહિત નગરમાંથી નીકળીને દેશાન્તર જવા માટે એક સાર્થની સાથે જોડાયો. (૩૭૬૨–૬૩) સાર્થ લાંબો પંથ કાપીને જ્યારે એક અરણ્યમાં પહોંચ્યો, ત્યારે યુદ્ધમાં તત્પર એવા શસ્ત્રબદ્ધ ભિલ્લોની ધાડ આવી પડી. (૩૭૬૪) (તે ધાડ કેવી હતી ?) મૂકેલા હાકોટાથી ભયંકર, ધનુષ્ય ઉપર ચઢાવેલાં બાણોવાળી, બાંધેલા માથાના ઉંચા કેશ(ચોટી)વાળી, યમની મોકલેલી હોય તેવી, તમાલતાડ જેવી કાળી, શત્રુઓનો નાશ કરવામાં સમર્થ ઝળકતાં તેજસ્વી ખડ્‌ગોવાળી, તેથી જાણે વિજળી સહિત વાદળોની પંક્તિ હોય તેવી, સમુદ્રમાં પ્રગટેલી ભરતીની જેમ સમગ્ર ભૂમિતળને આવરી દેતી (વિશાળ), સ્વચ્છંદાચારથી ભયંકર, જંગલી હાથીઓનો નાશ કરનારી, હરિણોનાં માંસથી પોષાયેલી (માંસાહારી),

ઉત્તમ લોકને દૂષિત (દુ:ખી) કરનારી અને યુદ્ધ કરવામાં બદ્ધરંગ(રસ)વાળી, એવી તે ધાડ યુદ્ધ કરવા લાગી. (૩૭૬૫ થી ૬૮) પછી યુદ્ધમાં સમર્થ એવા સાર્થના સુભટો પણ ભાલા, તલવાર, ભલ્લી(બરછી) વગેરે શસ્ત્રો હાથમાં લઈને તેની સાથે યુદ્ધ કરવા લાગ્યા. (૩૭૬૯) (તે યુદ્ધ કેવું થયું ?) બળવાન સુભટોનો નાશ કરતું, યુદ્ધમાંથી રભસવશ નાસતા મનુષ્યોના સમૂહવાળું અને સાર્થવાહને ત્રાસ પમાડતું, (અર્થાત્ સમર્થ સુભટો મર્યા, કાયરો રભસવશ નાશી છૂટયા અને સાર્થવાહ ત્રાસ પામ્યો,) એવું મહા ભયંકર યુદ્ધ થયું. (૩૭૭૦) કલિકાળ જેમ ધર્મના નાશ કરે, તેમ અત્યંત નિર્દય અને પ્રચંડ બળવાળા ભિલ્લોના સમૂહે સઘળા પણ સાર્થને હરાવ્યો (લૂંટયો) (૩૭૭૧) તે પછી સાર સાર વસ્તુઓને (ધનને) લૂંટીને અને રૂપવતી સ્ત્રીઓને તથા પુરુષોને કેદ કરીને ભિલ્લોની સેના પલ્લીમાં ગઈ. (૩૭૭૨) પોતાના નાના ભાઈથી વિખૂટા પડેલા તે સ્વયંભૂદત્તને પણ કોઈ રીતે 'આ ધનવાન છે'–એમ માનીને ભિલ્લોની સેનાએ પકડયો અને ભિલ્લોએ ચિરકાળ સુધી આપૂરેલા પ્રહાર અને બંધન વગેરેથી નિર્દય રીતે સખ્ત મારવા છતાં જ્યારે તેણે આપવાયોગ્ય કંઈપણ વસ્તુને (ન ઇચ્છઇ=) ન માની, ત્યારે ભયથી કંપતા સર્વ શરીરવાળા તેને, તે ભિલ્લો પ્રચંડ રૂપવાળી ચામુંડાદેવીને બલિદાન કરવા લઇ ગયા. (તે દેવી કેવી છે ?) મારી નાંખેલા પશુઓ અને પાડાઓના લોહીની ધારાઓથી જેનું મંદિર ખરડાયેલું છે, બારણામાં બાંધેલી મોટી અનેક ઘંટાઓ વિરસ અવાજથી વાગી રહી છે. પુણ્યની માન્યતા(બાધાઓ)થી દરરોજ ભિલ્લો જેની તર્પણક્રિયા (જીવોનાં બલિદાન) કરે છે, રાતી કણેરનાં (પુષ્પોની) માળાથી જેનો પૂજોપચાર કરેલો છે અને હાથીના ચામડાની વસ્ત્રવાળી તેમજ ભયંકર રૂપવાળી છે. (૩૭૭૩ થી ૭૭) (એવી ચામુંડા પાસે લઈ જઈને ભિલ્લોએ તે સ્વયંભૂદત્તને કહ્યું કે–) હે અધમ વાણિયા ! જો જીવનને ઇચ્છતો હોય, તો હજુ પણ શીઘ્ર અમને ધન આપવાનું કબૂલ કર ! અકાળે યમમંદિરમાં કેમ જાય છે ? (૩૭૭૮) એમ બોલતાં તે સ્વયંભૂદત્તનો તલવારથી ઘાત કરે, તે પહેલાં અણધાર્યો મોટો કોલાહલ પ્રગટયો, (૩૭૭૯) હં હો ! એ રાંકડાને છોડો અને સ્ત્રીઓનો, બાળકોનો તથા ઘરડાઓનો નાશ કરતા આ શત્રુવર્ગની પાછળ લાગો, વિલંબ ન કરો. (૩૭૮૦) આ પલ્લીનો નાશ થઈ રહ્યો છે અને ઘરો બળી રહ્યાં છે. એ શબ્દોને સાંભળીને સ્વયંભૂદત્તને મૂકીને ચિરવૈરી સુભટોનું આગમન યાદ કરીને (માનીને) પવનને પણ જીતે તેવા વેગથી તે ભિલ્લો ચામુંડાના મંદિરમાંથી તુર્ત નીકળ્યાં, (૩૭૮૧-૮૨) અને 'હું આજે જ જન્મ્યો, અથવાં આજે જ સઘળી સંપત્તિને પામ્યો'–એમ માનતો સ્વયંભૂદત્ત ત્યાંથી તુર્ત નાઠો. (૩૭૮૩) પછી ભયંકર ભિલ્લોના ભયથી ગભરાએલા (અને તેથી) પર્વતની ખીણના મધ્યમાં થઈને ઘણાં વૃક્ષો અને વેલડીઓના સમૂહથી વ્યાપ્ત એવા ઉત્પથે (ઉજ્જડ માર્ગે) ચાલતાં તેને સર્પ કરડયો, મહાઘોર વેદના થઇ અને તેણે માની લીધું કે–હવે નિશ્ચે હું મરી જઈશ. (૩૭૮૪-૮૫) જો મુશીબતે ભિલ્લોથી છૂટયો, તો યમ જેવો સર્પ કરડયો. હા હા ! વિધિનું સ્વરૂપ વિચિત્ર છે. (૩૭૮૬) અથવા જન્મ મરણની સાથે, યૌવન જરાની સાથે અને

સંયોગ વિયોગની સાથે જ જન્મે (હોય) છે, તો આમાં શોક કરવાથી શું ? (૩૭૮૭) એમ વિચારતો જ્યાં ઠંડા વૃક્ષની છાયા તરફ ગયો ત્યાં વૃક્ષની નીચે રહેલા, મહાસાત્વિક, વિચિત્ર-નયસપ્તભંગીથી યુક્ત દુર્જ્ઞેય એવા સૂત્રોનું (શાસ્ત્રનું) પરાવર્તન કરતા, પદ્માસને બેઠેલા, ધીર અને શાન્ત મનવાળા એવા ચારણમુનિને જોયા. (૩૭૮૮-૮૯) 'હે ભગવંત ! વિષમ વિષવાળાં સર્પના ઝેરથી વ્યાકૂળ મને આ પ્રસંગે તમે શરણ છો'- એમ કહીને બેભાન તે ત્યાં નીચે પડયો. (૩૭૯૦) તે પછી ઝેરથી બેભાન બનેલા તેને જોઈને તે મહામુનિએ કરુણાથી વિચાર્યું કે-અત્યારે શું કરવાયોગ્ય છે ? (૩૭૯૧) સર્વ જીવોને આત્મતુલ્ય માનનારા સાધુઓને પાપકાર્યોમાં રક્ત એવા ગૃહસ્થોનો ઉપચાર (સેવા)માં વર્તવું ઉચિત નથી. (૩૭૯૨) કારણ કે-તેઓની સેવા કરવાથી નિષ્પાપ જીવનવાળા (સાધુઓ) પણ ગૃહસ્થો જે જે પાપસ્થાનો સેવે, તેમાં તેના પ્રત્યે રાગરૂપી દોષથી (નિમિત્ત) કારણ બને છે. (૩૭૯૩) પરંતુ જો ઉપચાર કરાયેલા તે ગૃહસ્થો તુર્ત સર્વસંગને તજીને, પ્રવજ્યા સ્વીકારીને, સદ્ધર્મનાં કાર્યોમાં ઉદ્યમ કરે, તો તેઓએ કરેલી નિર્જરા પણ (મુનિને) થાય છે. એમ વિચારતાં તે સાધુનું જમણું નેત્ર સહસા નિમિત્ત વિના જ ફરક્યું, (૩૭૯૪-૯૫) તેથી તેને ઉપકાર થવાની સંભાવના કરીને, તેના પગમાં ઉપરના ભાગમાં સૂક્ષ્મ અને વિકારરહિત સર્પના દંશને જોઈને, તે મહામુનિએ ચિંતવ્યું કે નક્કી આ જીવશે, કારણ કે-સર્પદંશની આ જગ્યા વિરૂદ્ધ નથી. શાસ્ત્રમાં મસ્તક વગેરેને જ વિરુદ્ધ કહ્યાં છે, (૩૭૯૬-૯૭) તે આ પ્રમાણે-

**દુષ્ટ-અદુષ્ટ સર્પદંશનું સ્વરૂપ**-મસ્તકમાં, લિંગમાં, ચિબુકમાં (હોઠની નીચે), ગળામાં, શંખમાં (નેત્ર અને કાન વચ્ચે-લમણામાં), તથા ગુહ્યમાં, સ્તન ભાગમાં, હોઠમાં, હૃદયમાં, ભ્રકુટીમાં, નાભિમાં, નાસાપુટ(નાક)માં, હાથ-પગનાં તળીએ, ખભા ઉપર, કાખમાં (બગલની નીચેના ભાગમાં), નેત્રમાં, કપાળમાં, કેશોમાં અને સાંધાઓના ભાગમાં જો સર્પ કરડે, તો યમના ઘેર જાય. (૩૭૯૮-૯૯) તથા પંચમી, અષ્ટમી, ષષ્ઠી, નવમી અને ચતુર્દશી એ તિથિઓમાં જો સર્પ કરડે, તો પખવાડિયા સુધીમાં પણ મરે, પણ આજે તિથિ પણ વિરૂદ્ધ નથી. (૩૮૦૦) નક્ષત્ર ગણું મઘા, વિશાખા, મૂળ, આશ્લેષા, રોહિણી, આર્દ્રા અને કૃતિકા દુષ્ટ છે, તે પણ આ સમયે નથી. (૩૮૦૧) વળી પૂર્વમૂનિઓ સર્પ કરડેલા મનુષ્યને આટલાં અમંગળો કહે છે-શરીરકંપ, લાળ પડવી, બગાસું, નેત્રોની રતાશ, મૂર્છા, શરીર ભાંગવું, લમણામાં કૃશતા, કાન્તિ ઘટે, હેડકી અને શરીરની શીતળતા, એ તુર્ત મરણને માટે થાય. (૩૮૦૨-૩) એમાંનું એક પણ અમંગળ દેખાતું નથી, માટે આ ભવ્ય આત્માનો (-વિષનો) પ્રતિકાર કરું, કારણ કે-જૈનધર્મ દયાપ્રધાન છે, (૩૮૦૪) એમ વિચારીને આનંદથી નચાવેલાં સ્થિર નેત્રોવાળા, તે મહામુનિ સમ્યગ્ ઉપયોગપૂર્વક વિશિષ્ટ સૂત્રનું સ્મરણ કરવા લાગ્યા. (૩૮૦૫) પછી જ્યારે તે મહાત્માએ શરદચંદ્રની સતત પ્રસરતી પ્રભાની જેમ શોભતી (ઉજ્જવળ)

અને અમૃતની નીકનું અનુકરણ કરતી (શીતળ) અક્ષરોની પંક્તિને ઉચ્ચારી, ત્યારે સૂર્યના તેજ સમૂહથી હણાયેલો અંધકાર જેમ શીઘ્ર નાશ પામે તેમ તેનું મહા સર્પનું ઝેર નાશ પામ્યું અને તે ઉંઘમાંથી જાગે તેમ સ્વસ્થ શરીરવાળો ઉઠયો. (૩૮૦૬-૭) તે પછી "જીવનદાતા છે અને ઉત્તમ સાધુ છે"-એવા પ્રગટેલા રાગવાળો બહુમાનપૂર્વક તે ચારણમુનિને નમીને કહેવા લાગ્યો કે-હે ભગવંત! હું માનું છું કે-ભમતાં ભયંકર શિકારી પ્રાણીઓથી ભરેલી આ અટવીમાં તમારો નિવાસ મારા પુણ્યથી થયો છે. (૩૮૦૮-૯) અન્યથા હે નાથ! જો તમે અહીં ન હોત, તો મહા ઝેરી સર્પના ઝેરથી બેભાન થયેલા મારું જીવન કેવી રીતે હોત? (૩૮૧૦) કયાં મરુદેશ અને કયાં ફળોથી સમુદ્ધ મોટો કલ્પવૃક્ષ? અથવા કયાં નિર્ધનનું ઘર અને કયાં તેમાં રત્નનો નિધિ? (૩૮૧૧) (એ રીતે) અતિ દુઃખપીડિત હું કયાં? અને અત્યંત પ્રભાવશાળી તમે કયાં? અહો હો! વિધિના વિલાસોના રહસ્યને આ જગતમાં કોણ જાણી શકે? (૩૮૧૨) હે ભગવંત! આવા ઉપકારી આપને શું આપવાથી અથવા શું કરવાથી નિર્ભાગી મને ઋણમુક્તિ થાય. (૩૮૧૩) મુનિએ કહ્યું કે-હે ભદ્ર! જો ઋણમુક્તિ કરવા ઇચ્છે છે, તો તું હવે નિષ્પાપ પ્રવ્રજ્યાને સ્વીકાર. (૩૮૧૪) મેં તને ઉપકાર પણ નિશ્ચે આ પ્રવજ્યાને માટે કર્યો છે, અન્યથા અવિરતિની ચિંતા કરવાનો ઉત્તમ મુનિઓનો અધિકાર નથી. (૩૮૧૫) વળી હે ભદ્ર! મનુષ્યોનું ધર્મરહિત જીવન પ્રશંસનીય નથી, તેથી ઘરના રાગને છોડ અને રાગરહિત ઉત્તમ સાધુ બન! (૩૮૧૬) તે પછી ભાલતળે હસ્તકમળના ડોડાને (અંજલિને) જોડીને તેણે કહ્યું કે-હે ભગવંત! એમ કરીશ, માત્ર નાના ભાઈનો રાગ મારા મનને પીડે છે. જો કોઈ રીતે તેની સાથે દર્શન થાય તો શલ્યરહિત અને એકચિત્તવાળો હું પ્રવ્રજ્યાને સ્વીકારું (૩૮૧૭-૧૮) મુનિએ કહ્યું કે-ભદ્ર! જો તું ઝેરવશ મર્યો હોત તો કેવી રીતે નાના ભાઈને જોવાનો હતો? (૩૮૧૯) માટે આ નિરર્થક રાગને તજી દે અને નિષ્પાપ ધર્મને અનુસર! કારણ કે જીવોને એજ એક બંધુ, માતા અને પિતાતુલ્ય છે, (૩૮૨૦) મુનિએ એમ કહેવાથી સ્વયંભૂદત્તે શ્રેષ્ઠ વિનયપૂર્વક પ્રવ્રજ્યાને સ્વીકારી અને વિવિધ તપશ્ચર્યા કરવા લાગ્યો. (૩૮૨૧) દુસ્સહ પરીષહસેનાને સહન કરતો મહા સાત્વિક તે ગુરુની સાથે ગામ, નગર અને આકરોથી યુક્ત વસુધા ઉપર વિચરવા લાગ્યો. (૩૮૨૨) એમ જ્ઞાન, દર્શન વગેરે ગુણોથી યુક્ત તેણે દીર્ઘકાળ ગુરુની સાથે વિચરીને (અંતે) આયુષ્યને અલ્પ જાણીને ભક્તપરિજ્ઞા (અનશન)ને સ્વીકારતાં. તેને ગુરુએ સમજાવ્યો કે-હે મહાભાગ! અંતકાળની આ સવિશેષ આરાધના ઘણાં પુણ્યથી પ્રાપ્ત થાય છે. (૩૮૨૩-૨૪) તેથી સ્વજનોમાં, ઉપધિમાં, કૂળમાં, ગચ્છમાં અને પોતાના શરીરમાં પણ રાગને કરીશ નહિ, કારણકે-એ રાગ અનર્થોનું મૂળ છે. ૩૮૨૫) ત્યારે "ઇચ્છામો અણુસટ્ઠિં" (અર્થાત્ આપની શિખામણને હું ઇચ્છું છું.)-એમ કહીને ગુરુની વાણીમાં દૃઢ રતિવાળા સ્વયં-

ભૂદત્તે અનશનને સ્વીકાર્યું (૩૮૨૬) અને તેના પુણ્યપ્રકર્ષથી આકર્ષિત નગરજનો તેને પૂજવા લાગ્યા. પછી પૂર્વે વિખૂટો પડેલો તે સુગુપ્ત નામનો તેનો નાનો ભાઈ ભમતો ભમતો તે સ્થાને પહોંચ્યો. અને નગરના લોકોને મુનિના વંદન માટે એક દિશા તરફ જતાં જોઈને તેણે પૂછ્યું કે-આ સઘળાય લોકો અહીં કેમ જાય છે? એક મનુષ્યે તેને કહ્યું કે, અહીં પ્રત્યક્ષ સદ્ધર્મના ભંડારતુલ્ય એક મહામુનિ અનશન કરીને રહ્યા છે તેથી તીર્થની જેવા તેઓને વાંદવા આ લોકો જાય છે. (૩૮૨૭ થી ૩૦) એમ સાંભળીને કુતૂહલથી સુગુપ્ત પણ લોકોની સાથે સ્વયંભૂદત્ત સાધુને જોવા તે સ્થાને પહોંચ્યો. (૩૮૩૧) પછી મુનિનું રૂપ જોઈને (ભાઈની) ઓળખવાળો તે મોટી પોક મૂકવાપૂર્વક રડીને કહેવા લાગ્યો કે- (૩૮૩૨) હે ભાઈ! હે સ્વજનવત્સલ! કપટી સાધુઓથી તું કેવી રીતે ઠગાયો? કે અતિ કૃશ શરીરવાળો તું આવી દશાને પામ્યો. (૩૮૩૩) હજુ પણ શીઘ્ર આ પાખંડને છોડ અને આપણે દેશમાં જઈએ. તારા વિયોગથી નિશ્ચે મારું હૃદય હમણાં જ ફાટી જશે. (૩૮૩૪) તેણે એમ કહ્યું, ત્યારે સ્વયંભૂદત્તે પણ કંઈક રાગથી તેને બોલાવીને પૂર્વનો સઘળોય વૃત્તાંત પૂછ્યો (૩૮૩૫) અને દુઃખથી પીડાતા તેણે પણ શોકથી ભાંગ્યાતૂટ્યા અક્ષરવાળી વાણીથી "ભિલ્લોની ધાડીમાંથી છૂટો પડ્યો" વગેરે પોતાનો વૃત્તાંત કહ્યો, (૩૮૩૬) પછી તેના કરુણ શબ્દોને સાંભળવાથી પ્રગટેલા સ્નેહરાગથી કલુષિત ધ્યાનવાળો સ્વયંભૂદત્ત સવાર્થસિદ્ધની પ્રાપ્તિને યોગ્ય કંડકોને (અધ્યવસાય સ્થાનકોને) તોડીને (છોડીને) તેના ઉપરના સ્નેહરૂપી દોષથી મરીને સૌધર્મ દેવલોકમાં મધ્યમ આયુષ્યવાળો દેવ થયો. (૩૮૩૭-૩૮) એમ ભાવશ્રેણીમાં જે જે યોગ (વ્યાપાર) બાધક હોય તેને તેને આરાધનાનો અભિલાષી યત્નપૂર્વક વર્જે. (૩૮૩૯) આથી જ પ્રયત્નપૂર્વક આરાધનારૂપી ઉંચા મહેલની ભાવસીડીએ ચઢનારને 'આચાર્યની સાથે' વગેરે (પૂર્વે ગા. ૩૭૫૧માં) જણાવ્યું છે, (૩૮૪૦) તેથી ઉત્તમાર્થ (અનશન) ને કરનારે સર્વ સુખશીલતાને તજીને અને ભાવશ્રેણીને આરોહણ કરીને રાગમુક્ત થઈને રહે (૩૮૪૧) એમ કામરૂપી સર્પને (નાશ કરવામાં) ગરુડની ઉપમાવાળી સંવેગરંગશાળા નામની આરાધનાના મૂળ (પહેલા) પરિકર્મવિધિદ્વારમાં પ્રસ્તુત પંદર પ્રતિદ્વારો પૈકી ક્રમાનુસાર શ્રેણી સંબંધી આ તેરમું પ્રતિદ્વાર કહ્યું. (૩૮૪૨-૪૩) હવે શ્રેણીએ ચઢેલો પણ ભાવના વિના સ્થિર ન થાય તેથી ભાવનાદ્વારને સવિસ્તરાર્થ કહું છું. (૩૮૪૪)

**ચૌદમું ભાવનાદ્વાર**–આનાથી જીવ ભાવિત બને છે તેથી તેને ભાવના કહે છે. આ ભાવના અપ્રશસ્ત અને પ્રશસ્ત એ પ્રકારની જાણવી (૩૮૪૫) તેમાં ૧-કંદર્પ, ૨-દેવકિલ્બિષ, ૩-આભિયોગિક, ૪-આસુરી અને ૫-સંમોહા, આ પાંચ પ્રકારની ભાવના નિશ્ચે અપ્રશસ્ત છે. તેમાં (૩૮૪૬)

**અપ્રશસ્ત ભાવનાઓ**–પોતાને હાસ્યાદિ બહુ પ્રકારોથી જેમાં ભાવિત કરે, તે કંદર્પ ભાવના કંદર્પથી, કૌત્કુચ્યથી, દ્રુતશીલપણાથી, હાસ્ય કરવાથી અને પરને વિસ્મય

પ્રમાદવાથી–એમ પાંચ પ્રકારે થાય છે. તેમાં મોટા અવાજે હસવું, (બીજાની) હાંસી કરવી, ગુપ્ત શબ્દ કરવો, તથા કામની વાર્તા કામનો ઉપદેશ અને કામની પ્રશંસા કરવી. એમ **કંદર્પ** અનેક પ્રકારનો જાણવો. **(૩૮૪૭ થી ૪૯) કૌત્કુચ્ય** પુનઃ તે, કે જે સ્વયં હસે નહિ, પણ વિવિભ્રમવાળા (વિકાર) વાળા પોતાના નેત્રો, ભ્રકૂટી વગેરે અવયવોથી બીજાને હસાવે. **(૩૮૫૦) દ્રુતશીલપણું** એટલે નિશ્ચે અહંકારથી ચાલવું, અહંકારથી બોલવું વગેરે, તથા સર્વ કાર્યો અત્યંત જલ્દી જલ્દી કરે. **(૩૮૫૧) હાસ્યક્રિયા** એટલે વિચિત્ર વેશ કરવા દ્વારા, અથવા વિકારી વચનથી (કે મુખથી) સ્વ–પરને હસાવવા, **(૩૮૫૨)** અને **પરવિસ્મયકરણ** એટલે પોતે લેશ પણ વિસ્મય પામ્યા વિના, ઈન્દ્રજાળ, **(કુહેડગ=)** ચમત્કારી મંત્ર–તંત્રાદિ કે (વક્રોક્તિ) વક્ર વચનો વગેરેથી બીજાઓને આશ્ચર્ય પ્રગટાવે. **(૩૮૫૩)**

એ પ્રમાણે કંદર્પભાવના કહી. હવે દુષ્ટ (હલકા) દેવપણાને પ્રાપ્ત કરાવનારી પાંચ પ્રકારની બીજી **કિલ્બિષિક** ભાવના કહું છું. **(૩૮૫૪)** તેના **૧. શ્રુતજ્ઞાનનો ૨. કેવલિભગવંતોનો, ૩. ધર્માચાર્યનો** અને **૪. સર્વ સાધુઓનો અવર્ણવાદ કરવો** તથા **૫. ગાઢ માયા કરવી**–એમ પાંચ ભેદ જાણવા. **(૩૮૫૫) તેમાં ૧. શ્રુતની અવજ્ઞા** આ પ્રમાણે કરે કે જીવો, વ્રતો, પ્રમાદ વગેરે જે ભાવો એક ગ્રન્થમાં કહ્યા છે, તે જ ભાવો બીજા ગ્રન્થોમાં પણ વારંવાર કહ્યા છે વગેરે. **(૩૮૫૬) ૨. કેવલિઓની અવજ્ઞા** (નિંદા) પણ (એ રીતે કરે કે–) જો તે સાચા વીતરાગ છે, તો (પક્ષપાતથી) માત્ર ભવ્ય જીવોને જ કેમ ધર્મનો ઉપદેશ કરે છે? **(૩૮૫૭) ૩. ધર્માચાર્યોની નિંદા**–તેઓની જાતિ, કુળ, જ્ઞાન વગેરેની અવહેલણા કરવાથી થાય. **૪. સાધુઓની નિંદા**–તેઓને એક ક્ષેત્રમાં રતિ (**પ્રસન્નતા**) થતી નથી, (માટે ગામોગામ ફરતા રહે છે) ઈત્યાદિ બોલવાથી થાય. **(૩૮૫૮)** અને **૫. માયાપણું** પોતાના હૃદયના ભાવને છૂપાવવા વગેરે (કપટ) પ્રવૃત્તિથી થાય. એમ પાંચ પ્રકારે બીજી કિલ્બિષિકી ભાવના કહી. **(૩૮૫૯)**

**૩. આભિયોગિક ભાવના**–ગારવમાં આસક્તિવાળો જે (**અભિઓગિએહિં=**) વશીકરણકારક તે તે મંત્રાદિથી પોતાને ભાવિત કરે, તે આભિયોગિક ભાવના જાણવી **(૩૮૬૦)** આ ભાવના **૧. કૌતુક, ૨. ભૂતિકર્મ ૩. પ્રશ્ન ૪. પ્રશ્નાપ્રશ્ન** અને **૫. નિમિત્ત** કહેવાથી–એમ પાંચ પ્રકારે થાય છે, **(૩૮૬૧)** તેમાં અગ્નિમાં હોમ કરવા, ઔષધો વગેરે દ્વારા બીજાને વશ કરીને જે ભોજનાદિ મેળવવું, તે **૧. કૌતુક આજીવિકા** છે. **(૩૮૬૨)** વળી જે (**ભૂતિસૂત્ર=**) રક્ષાસૂત્ર (રાખડી) વગેરેથી બીજાની રક્ષા કરીને આહારાદિ મેળવવાં, તે **ભૂતિકર્મ આજીવિકા** કહી છે. **(૩૮૬૩)** અંગુઠા વગેરેમાં દેવીને ઉતારીને (તેને પૂછવા દ્વારા) પરના પ્રશ્નનો નિર્ણય આપીને ભોજનાદિની પ્રાપ્તિ કરવી, તેને (જ્ઞાનીઓ) **૩. પ્રશ્ન આજીવિકા** કહે છે. **(૩૮૬૪)** સ્વપ્ન, વિદ્યા, ઘંટા,

શબરી (કર્ણપિશાચિની વિદ્યા, અથવા તેવી અન્ય વિદ્યા) દ્વારા પરના અર્થનો નિર્ણય કરીને આજીવિકા (મેળવવી તેને) મહા મુનિઓએ (પોતે બીજાને પૂછીને પૂછનારને ઉત્તર આપવારૂપ) **૪. પ્રશ્નાપ્રશ્ન આજીવિકા** કહી છે. **(૩૮૬૫)** (**નિમિત્તશાસ્ત્રથી**) બીજાઓને લાભ–હાનિ વગેરે જણાવીને તેના દ્વારા જે આહારાદિ મેળવે, તેને ગુરુઓ **૫. નિમિત્ત આજીવિકા** કહે છે. (૩૮૬૬)

એ રીતે આભિયોગિક ભાવના પણ કહી. હવે અસુરનિકાયદેવની સંપત્તિ આપનારી પાંચ પ્રકારની ૪. **આસુરિક ભાવનાને** કંઈક કહું છું. (૩૮૬૭) **૧. વારંવાર ઝગડવાપણું, ૨. સંસક્ત તપ, ૩. નિમિત્તકથન, ૪.** (**निक्किवया=**) કૃપાનો અભાવ (ક્રૂરતા) અને **૫. નિરનુકંપાપણું** (દયારહિતપણું) (એ પાંચ આસુરિક ભાવનાના પ્રકારો છે.) (૩૮૬૮) તેમાં નિત્ય ક્લેશ (ઝઘડો) કરવામાં પ્રીતિ, તેને **૧. ઝઘડવાપણું** અને આહારાદિ મેળવવા તપ કરવો, તે **૨. સંસક્તતપ** જાણવો. **(૩૮૬૯)** અભિમાનથી કે દ્વેષથી સાધુએ ગૃહસ્થને જે ભૂત–ભાવિ આદિ ભાવો કહેવા, તેને ૩. **નિમિત્તકથન** કહ્યું છે. **(૩૮૭૦)** પુષ્ટ શરીરવાળો (સમર્થ) પણ પશ્ચાત્તાપ વિના (નિર્ધ્વંસભાવે) ત્રસાદિ જીવો ઉપર ચાલે, (બેસે, ઉભો રહે, સૂવે) વગેરે કરે, તે **૪. નિષ્કૃપાપણું** કહ્યું છે. **(૩૮૭૧)** અને દુઃખથી પીડાતાને તથા ભયથી અતિ કંપતાને જોઈને પણ જે નિષ્ઠુરહૃદયપણું, તેને **૫, નિરનુકંપાપણું** કહ્યું છે. (૩૮૭૨)

એ પ્રમાણે આસુરીભાવના કહી, હવે પોતાને અને પરને પણ મોહ ઉપજાવનારી **૫-સંમોહા ભાવના** કહું છું. (૩૮૭૩) **૧-ઉન્માર્ગદેશના, ૨-માર્ગ દૂષણ, ૩-ઉન્માર્ગનો સ્વીકાર, ૪-મોહમૂઢતા** અને **૫-બીજાને મોહમૂઢ કરવો** એમ તેના પાંચ પ્રકારો છે. (૩૮૭૪) તેમાં **૧-ઉન્માર્ગ દેશના,** મોક્ષમાર્ગરૂપ સમ્યગ્જ્ઞાનાદિના દોષ જણાવીને તેથી વિપરીત (મિથ્યા) મોક્ષમાર્ગનો ઉપદેશ કરનારને જાણવી. **(૩૮૭૫)** મોક્ષના માર્ગભૂત જ્ઞાન, દર્શન, ચારિત્ર વગેરેના, તથા તેમાં સ્થિર (શ્રદ્ધાળુ) મનુષ્યોના દોષો ગાનારાને દુઃખના મૂળભૂત **૨-માર્ગદૂષણ ભાવના** હોય, **(૩૮૭૬)** પોતાના (સ્વચ્છંદ) વિતર્કોથી મોક્ષમાર્ગને દોષિત માનીને ઉન્માર્ગને અનુસરતા જીવને **૩-માર્ગ વિપ્રતિપત્તિ** ભાવના જાણવી. (૩૮૭૭) અન્ય (મિથ્યા) જ્ઞાનોમાં; અન્યના (મિથ્યા) ચારિત્રોમાં તથા પરતીર્થવાળાઓની સંપત્તિમાં જેના દ્વારા જીવ મુંઝાય, તે **મોહ (મૂઢતા)** કહેવાય. જેમ કે–સરજસ્ક, ગૈરિક, રક્તપટ વગેરેના ધર્મને હું સાચો માનું છું કે–લોકમાં જેઓનાં આવા મોટા પૂજા–સત્કારો થાય છે. (૩૮૭૮–૭૯) સદ્ભાવથી કે કપટથી પણ લોકને કોઈ પણ અન્ય કુમતમાં જે આદર–મોહ પ્રગટાવવો, **૫–મોહજનનભાવના** છે. (૩૮૮૦)

ચારિત્રની મલિનતામાં હેતુભૂત અને અત્યંત આકરી દુર્ગતિને આપનારી આ પાંચ

અપ્રશસ્ત ભાવનાઓને લેશ માત્ર કહી. સંયત (ચારિત્રવાન્) જે સાધુ કોઇ રીતે આ અપ્રશસ્ત ભાવનાઓમાં પ્રવૃત્તિ કરે તે તેવા પ્રકારની દેવયોનિમાં ઉપજે, ચારિત્રરહિતને તો (હલકી દેવયોનિની પણ) ભજના જાણવી. (૩૮૮૧-૮૨) આ ભાવનાઓ વડે પોતાને ભાવિત કરતો જીવ દુષ્ટ દેવની ગતિમાં જાય અને ત્યાંથી ચ્યવીને અત્યંત સંસારસમુદ્રમાં ભમે. (૩૮૮૩) તેથી આ ભાવનાઓને દૂરથી ત્યાગ કરીને સર્વસંગમાં રાગરહિત (મહામુનિ) સમ્યક્ સુપ્રશસ્ત ભાવનાઓને ભાવે; (૩૮૮૪)

**પ્રશસ્ત ભાવનાઓ-૧-તપભાવના, ૨-શ્રુતભાવના, ૩-સત્ત્વભાવના, ૪-એકત્વભાવના** અને **૫-ધીરજબળભાવના**, એમ પાંચ પ્રકારની છે. (૩૮૮૫) તેમાં **૧-તપભાવનાથી** દમન કરેલી પાંચેય ઈન્દ્રિયો જેને વશ હોય તે ઇન્દ્રિયોને (જોગ્ગા=) વશ કરવામાં અભ્યાસી આચાર્ય, તેને (ઇન્દ્રિઓને) સમાધિમાં સાધન બનાવે. (૩૮૮૬) મુનિજનને નિંદિત એવા ઇન્દ્રિયોનાં સુખોમાં આસક્ત અને પરીષહોથી પરાભવ પામનારો પૂર્વે જેણે તેવો (परिकम्म=) અભ્યાસ નથી કર્યો તે નપુંસક આરાધનાકાળે મુંઝાય છે (૩૮૮૭) જેમ ચિરકાળ સુખથી લાલનપાલન કરેલો, યોગ (અભ્યાસ)ને નહિ શીખવાડેલો (અપઠોટ) એવો અશ્વ યુદ્ધભૂમિમાં જોડેલો કાર્યસિદ્ધિને ન કરે, તેમ પૂર્વે અભ્યાસ કર્યા વિનાનો મરણકાળે સમાધિને ઈચ્છતો (પણ) જીવ પરીષહોને સહી શકે નહિ તથા વિષયોનાં સુખને તજી શકે નહિ (૩૮૮૮-૮૯) **૨-શ્રુતભાવના**-તેમાં શ્રુતના પરિશીલનથી જ્ઞાન, દર્શન, તપ અને સંયમ આત્મામાં પરિણમે છે. તેથી તે (**અવ્વહિઓ=**) વ્યથા વિના -સુખપૂર્વક તેને (**ઉવઓગપઇન્નં**) ઉપયોગપૂર્વક પર્યાલોચનમાં (ચિંતનમાં) લાવી શકે છે. (૩૮૯૦) જયણાથી યોગને પરિભાવિત કરનારા (અભ્યાસી) એવા શ્રી જિનવચનને અનુસરતી બુદ્ધિવાળા આત્માનો પરિણામ ઘોર પરીષહો આવી પડે તો પણ (**न विम्हसइ**) ભ્રષ્ટ થતો નથી (૩૮૯૧) **૩-સત્ત્વભાવના**-શારીરિક અને માનસિક ઉભય દુઃખો એકીસાથે આવી પડે, તો પણ સત્ત્વભાવનાથી જીવ ભૂતકાળે ભોગવેલાં દુઃખોને વિચારીને મુંઝાતો નથી. (૩૮૯૨) તથા સત્ત્વભાવનાથી ધીરપુરુષ પોતાનાં અનંતાં બાલમરણોને વિચારતો જો મરણ આવે તો પણ મુંઝાતો નથી. (૩૮૯૩) જેમ યુદ્ધોદ્ધાર પોતાના આત્માને ઘણીવાર અભ્યાસી બનાવનારો સુભટ રણમાં મુંઝાતો નથી, તેમ સત્ત્વનો અભ્યાસી મુનિ ઉપસર્ગોમાં મુંઝાતો નથી. (૩૮૯૪) દિવસે કે રાત્રે ભયંકર રૂપોથી દેવોએ ડરાવેલો પણ સત્ત્વભાવનાથી (નિર્ભર=) ભરપૂર આત્મા ધર્મધૂરાને (અખંડ) વહન કરે છે (૩૮૯૫) **૪-એકત્વ ભાવના**-એકત્વભાવનાથી વૈરાગ્યને પામેલો જીવ કામભોગોમાં, મનમાં કે શરીરમાં રાગ કરતો નથી, પણ શ્રેષ્ઠ ધર્મને (સ્પર્શે) પાળે છે. (૩૮૯૬) જેમ હણાતી પોતાની બ્હેનમાં જિનકલ્પિત મુનિ એકત્વભાવનાથી મુંઝાયા નહિ તે જ રીતે તપસ્વી પણ મુંઝાય નહિ. (૩૮૯૭) તે આ પ્રમાણે-

**એકત્વભાવનામાં જિનકલ્પિક મુનિનો પ્રબંધ**-પુષ્પપુરમાં પુષ્પકેતુ રાજાની

પુષ્પવતી રાણીને પુત્ર અને પુત્રી એ જોડલે જન્મ્યાં. (૩૮૯૮) ઉચિત સમયે પુત્રનું નામ પુષ્પચૂલ અને પુત્રીનું નામ પુષ્પચૂલા પાડ્યું. (અનુક્રમે) તે બન્ને યૌવનને પામ્યાં. (૩૮૯૯) પરસ્પર તેઓના અત્યંત દૃઢ સ્નેહને જોઈને, (તેઓનો પરસ્પર) વિયોગ ન થાય, માટે રાજાએ અનુરૂપ પ્રસંગે સરખા રૂપવાળા પુરુષના હાથે પાણીગ્રહણ કરાવીને પોતાના ઘેર જ રાખેલી પુષ્પચૂલા પતિની સાથે કાળ પસાર કરે છે. (૩૯૦૦-૩૯૦૧) બ્હેનના સતત-પરમ સ્નેહમાં બંધાયેલા પુષ્પચૂલ પણ અખંડ રાજ્યલક્ષ્મીને ઇચ્છા મુજબ ભોગવે છે. (૩૯૦૨) એક પ્રસંગે પરમ સંવેગને પામેલો તે મહાત્મા (પુષ્પચૂલ) દીક્ષિત થયો અને તેના સ્નેહથી પુષ્પચૂલાએ પણ દીક્ષા લીધી. (૩૯૦૩) પછી સૂત્ર-અર્થને ભણેલો ધીર તે (પુષ્પચૂલ મુનિ) જિનકલ્પને સ્વીકારવા માટે આત્માને એકત્વભાવનાથી અત્યંત અભ્યાસી (વાસિત) કરવા લાગ્યો. (૩૯૦૪) ત્યારે એક દેવે તેની પરીક્ષા માટે, વિટપુરુષે બળાત્કારે જેના વ્રતને ભાંગવાનો પ્રારંભ કર્યો છે, એવી દુઃખથી પીડાતી અને "હે મોટા ભાઈ મારી રક્ષા કરો"-એમ બોલતી (બીજી) પુષ્પચૂલાને વિકુર્વી. (તેને) જોવા છતાં શુદ્ધ પરિણામવાળો તે ધીમાન્ (પુષ્પચૂલ) તેને નહિ ગણકારતો, "હે જીવ! તું એકલો જ છે, આ બાહ્ય સ્વજનોના યોગથી તારે શું?"-એવી (એકત્વ) ભાવનાને ભાવતો ધર્મધ્યાનથી લેશ પણ ચલિત ન થયો. (૩૯૦૫ થી ૭)

**૫-ધૈર્યબળભાવના**-જો અત્યન્ત દુઃસહ, વેગીલી અને અલ્પ સત્ત્વવાળાઓને ભયજનક, એવી સમગ્ર પરીષહોની સેના ઉપસર્ગો સહિત ચઢી આવે, તો પણ ધીરતામાં અત્યંત (**બદ્ધકચ્છ=**) ઉદ્યુક્ત (દૃઢ), શીઘ્ર (એકીસાથે) પીડા કરતો પણ (મુનિ) (પોતાનું) વાંછિત પૂર્ણ થતું હોય તેમ, અનાકૂળપણે તેને સહન કરે. (૩૯૦૮-૯) આ વિશુદ્ધ ભાવનાથી ચિરકાળ આત્મશુદ્ધિ કરીને (મુનિ) જ્ઞાન, દર્શન, અને ચારિત્રમાં પ્રકૃષ્ટપણે વિચરે (રમે). (૩૯૧૦) જિનકલ્પને સ્વીકારતો મહામુનિ આ ભાવનાઓ વડે જેમ આત્માને તોલે (સમર્થ બનાવે), તેમ આ (ઉત્તમાર્થનો સાધક) પણ યથાશક્તિ આ ભાવનાઓથી પોતાને ભાવિત કરે, તો શું દોષ છે? (૩૯૧૧) મોટા સત્ત્વવાળા તે ભગવંત આર્યમહાગિરિ જ ધન્ય છે, કે જેઓએ જિનકલ્પનો વિચ્છેદ થવા છતાં તેનું પરિકર્મ કર્યું. (૩૯૧૨) તે આ પ્રમાણે-

**જિનકલ્પની તુલના કરતા આર્યમહાગિરિનો પ્રબંધ**-કુસુમપુરનગરના નંદરાજાને સમ્યગ્ બુદ્ધિનો સમુદ્ર જૈનદર્શનના પ્રકારોનો જાણ શકડાલ નામે શ્રાવક મંત્રી હતો. (૩૯૧૩) રૂપથી કુબેરના પુત્ર જેવો, પવિત્ર ગુણોથી શોભતો, અત્યંત વિલાસી અને ભોગી સ્થૂલભદ્ર નામે તેને પુત્ર હતો. (૩૯૧૪) જ્યારે વરરુચિના પ્રપંચથી નંદને રુષ્ટ થયેલો જાણીને શકડાલે ઝેર ખાઈને મરણ સાધ્યું, ત્યારે મહા સાત્ત્વિક સ્થૂલભદ્રને રાજાએ કહ્યું કે-હે ધીર! તારા પિતાના મંત્રીપદને સ્વીકાર અને કુવિકલ્પ તજીને (**ઉદ્ધુર=**) પ્રચંડ એવા રાજ્યભારને પૂર્વની નીતિથી ધારણ કર (૩૯૧૫-૧૬) પછી ઘરવાસને આપાત-

મધુર અને પરિણામે અહિતકર જાણીને તથા વિષયની આસક્તિને તોડીને, તે સ્થૂલભદ્રે સંયમ-રૂપી ઉત્તમ યોગને (ઉદ્યોગને) સ્વીકાર્યો,(૩૯૧૭) તેમજ સંભૂતવિજયસૂરિવર પાસે સકળસૂત્ર-અર્થને ભણીને તે કાળના મુનિગણમાં શ્રેષ્ઠ, એવો (ચારેય અનુયોગનો ધારક) અનુયોગાચાર્ય થયો. (૩૯૧૮) કામની શક્તિનો ચૂરો કરનાર જે મહાત્મા પૂર્વપરિચિત ઉપકોશા વેશ્યાના ઘરમાં ચાતુર્માસ રહ્યો (૩૯૧૯) (એવું) અતિ આશ્ચર્યકારી તેનું ચરિત્ર સાંભળીને આજે પણ કોણ કોણ આનંદથી વિકસેલી રોમરાજીથી વ્યાપ્ત શરીરવાળા (પુલકિત)નથી થતા? (૩૯૨૦)તે ઉપકોશાના ઘરમાં રહીને જેણે એમ જાહેર કર્યું કે-તેઓ જ ધીર છે, કે વિકારના નિમિત્ત હોવા છતાં જેઓનું મન વિકારને પામતું નથી. (૩૯૨૧) સિંહગુફાના બારણે કાઉસ્સગ્ગ કરનાર વગેરે ઉત્તમ ચાર મુનિઓમાં ગુરુએ જેની 'અતિ દુષ્કર દુષ્કરકારી'-એમ કહીને પ્રશંસા કરી. (૩૯૨૨) જેના નિર્મળ શીલગુણથી આનંદિત મનવાળી ઉપકોશાએ પણ રાજાએ સોંપેલા પતિની (રથકારની) સમક્ષ પોતાની ભક્તિપૂર્વક જેની ઉપબૃંહણા (પ્રશંસા) કરી કે-"આંબાની લુંબ તોડવી દુષ્કર નથી અને શીખોને (પાઠાંતર-સરસવ ઉપર) નાચવું પણ દુષ્કર નથી, પણ તે દુષ્કર છે અને તે મહા પ્રભાવવાળું છે, કે જે મુનિ સ્ત્રીઓના વનમાં (નિર્વિકાર) રહ્યો. (૩૯૨૩-૨૪) એમ શરદપૂર્ણિમાના ચંદ્રતુલ્ય નિર્મળ યશરૂપી લક્ષ્મીથી (શોભાથી) જગતને શોભાવનારા તે સ્થૂલભદ્ર મહાત્માને, શ્રી આર્યમહાગિરિ તથા શ્રી આર્યસુહસ્તિ-એ બે શિષ્યો થયા. (૩૯૨૫) તેઓ પણ તેવા નિર્મળ ગુણોરૂપી મણિઓના નિધાન, કામના વિજેતા ભવ્ય પ્રાણીઓરૂપી કુમુદને વિકસાવવામાં તેજસ્વી ચંદ્રના બિંબ જેવા, ચરણ-કરણ વગેરે સર્વ અનુયોગોના સમર્થ અભ્યાસી, વધી રહેલા મિથ્યાત્વરૂપ અંધકારના ગાઢ વિસ્તારને (ઉચ્છાદન=) નાશ કરનારા, શુદ્ધ ગુણરત્નોની ખાણરૂપ, સૂરિપદની પ્રાપ્તિથી વિસ્તૃત પ્રગટ પ્રભાવવાળા અને ત્રણ ભુવનના લોકોથી વંદાએલા ચરણવાળા (બન્ને) ચિરકાળ પૃથ્વીતળ ઉપર વિચર્યા. (૩૯૨૬ થી ૨૮) પછી શિષ્ય-પ્રશિષ્યાદિને પણ વિધિપૂર્વક સકલ સૂત્ર-અર્થને ભણાવીને શ્રી આર્યમહાગિરિજી પોતાના ગણને શ્રી સુહસ્તિસૂરિને સોંપીને, 'જિનકલ્પનો વિચ્છેદ થયો છે'-એમ જાણવા છતાં, તેને અનુરૂપ (પરિકમ્મ=) અભ્યાસ કરતા તેઓ ગચ્છની નિશ્રામાં વિચરવા લાગ્યા. (૩૯૨૯-૩૦) (એક પ્રસંગે) વિહાર કરતા તે મહાત્મા પાટલીપુત્ર નામના શ્રેષ્ઠ નગરમાં ગયા અને યોગ્ય સમયે ઉપયોગપૂર્વક ભિક્ષા માટે (નગરમાં) પેઠા. (૩૯૩૧) આ બાજુ તે જ નગરમાં વસતો વસુભૂતિ શેઠ સ્વજનોને બોધ કરાવવા શ્રી આર્યસુહસ્તિસૂરિને પોતાના ઘેર લઈ ગયો (૩૯૩૨) શ્રી આર્યસુહસ્તિસૂરિએ પણ તેઓને પ્રતિબોધવા ધર્મકથાનો પ્રારંભ કર્યો અને તે પ્રસંગે શ્રી આર્યમહાગિરિજી ભિક્ષા માટે ત્યાં પધાર્યા. (૩૯૩૩) તેઓને જોઈને મહાત્મા શ્રી આર્યસુહસ્તિસૂરિ ભાવપૂર્વક ઊભા થયા, તેથી વિસ્મિત મન-વાળા વસુભૂતિ શેઠે આ પ્રમાણે કહ્યું કે હે ભગવંત! શું તમારાથી પણ મોટા બીજા આચાર્યો છે? કે જેથી આ રીતે આપે એમનો 'ઉભા થવું' વગેરે વિનય કર્યો? ત્યારે

શ્રી આર્યસુહસ્તિસૂરિએ કહ્યું કે-હે ભદ્ર! જેનો પ્રારંભ અતિ દુષ્કર છે, તે જિનકલ્પનો વિચ્છેદ થવા છતાં આ ભગવંત (મહાત્મા) આ રીતે તેનો અભ્યાસ (તુલના) કરે છે. (૩૯૩૪ થી ૩૬) અનેકાનેક ઉપસર્ગોના પ્રસંગે પણ નિશ્ચળ, ઉજ્ઝિત (ફેંકી દેવા-યોગ્ય) આહાર લેનારા, નિત્ય કાઉસ્સગ્ગમુદ્રાએ રહેતા, એક ધર્મધ્યાનમાં જ સ્થિર, પોતાના શરીરમાં પણ મૂર્છારહિત અને પોતાના શિષ્યાદિ સમુદાયની પણ મમતા વિનાના તેઓ શૂન્ય ઘર કે સ્મશાન વગેરેમાં વિવિધ પ્રકારનાં આસનો (મુદ્રાઓ) કરતા રહે છે. (૩૯૩૭-૩૮) ઈત્યાદિ જિનકલ્પના અભ્યાસને કરતા તેઓની એ રીતે ગુણપ્રશંસા કરીને અને વસુભૂતિના સ્વજનવર્ગને ધર્મમાં સ્થિર કરીને શ્રી આર્યસુહસ્તિસૂરિ તેના ઘરમાંથી નીકળ્યા. પછી શેઠે પોતાના પરિવારને કહ્યું કે-જો કોઈ પ્રસંગે પણ આવો સાધુ ભિક્ષા માટે અહીં આવે, તો તેને તમે આહાર પાણી વગેરેને ઉજ્ઝિત (નિરૂપયોગી) જણાવીને આદરપૂર્વક આપજો. (૩૯૩૯ થી ૪૧) (કારણ કે-) એ રીતે પણ આપેલું દાન બહુ ફળ આપે છે. એમ શેઠે કહ્યા પછી અન્ય દિવસે શ્રી આર્યમહાગિરિજી ભિક્ષા માટે ત્યાં આવ્યા. (૩૯૪૨) વસુભૂતિએ આપેલી શિખામણને અનુરૂપ ઉજ્ઝિત અન્ન-પાણીના પ્રયોગથી દાન માટે તત્પર થયેલા તેના પરિવારને જોઈને, મેરુપર્વતની જેમ (ધીર) મહા સત્ત્વવાળા શ્રી આર્યમહાગિરિજીએ દ્રવ્ય, ક્ષેત્ર વગેરેનો ઉપયોગ કરવા દ્વારા 'આ કપટ રચના છે'-એમ જાણ્યું અને ભિક્ષા લીધા વિના પાછા ફર્યા. (૩૯૪૩-૪૪) પછી શ્રી આર્યસુહસ્તિસૂરિને કહ્યું કે-અણેસણા (આહારને દોષિત) કેમ કરી? તેઓએ કહ્યું કે-કોણે કરી? ત્યારે આર્યમહાગિરિજીએ કહ્યું કે-(શેઠના ઘેર) આવેલો જોઈને 'ઉભા થવું' વગેરે મારો વિનય કરવાથી તમે કરી. (૩૯૪૫) પછી તે બન્ને સાથે જ વિહાર કરીને વૈદેશી(અવંતી)નગરીએ ગયાં અને ત્યાં જીવંત-જિનપ્રતિમાને વાંદીને, શ્રી આર્ય-મહાગિરિજી આચાર્ય ત્યાંથી વિહાર કરીને ગજાગ્રપદગિરિની યાત્રાર્થે એલકાક્ષનગર તરફ ગયા. તે (નગરનું નામ) એલકાક્ષ જે રીતે થયું, તે કહું છું. (૩૯૪૬-૪૭)

**એલકાક્ષનગરનો ઈતિહાસ**-પૂર્વે આ નગરનું નામ દશાર્ણપુર હતું. ત્યાં એક ઉત્તમ શ્રાવિકા મિથ્યાદૃષ્ટિની પત્ની હતી. (૩૯૪૮) જિનધર્મમાં નિશ્ચલ મનવાળી પ્રદોષ (સંધ્યા) સમયે પચ્ચક્ખાણને કરતી જોઈને, તેણીને તેના પતિએ અવજ્ઞાથી કહ્યું કે-હે ભોળી! શું કોઈ (મનુષ્ય) રાત્રે ભોજન કરે, કે (જેથી) તું આ રીતે નિત્ય (રાત્રિએ) પચ્ચક્ખાણ કરે છે? (૩૯૪૯-૫૦) જો (આ રીતે) નહિ ભોગવવાની વસ્તુનું પણ પચ્ચક્ખાણ કરવાથી કોઈ લાભ થતો હોય તો કહે, કે જેથી હું પણ પચ્ચક્ખાણ કરું! (૩૯૫૧) તેણીએ કહ્યું કે-પચ્ચક્ખાણ કરવાથી વિરતિરૂપ ગુણ થાય છે, પણ પચ્ચક્ખાણ લઈને ભાંગવાથી મહા દોષ થાય છે. (૩૯૫૨) તેણે કહ્યું કે-હે ભોળી! શું તેં મને કદાપિ રાત્રે ભોજન કરતો દેખ્યો છે? અવજ્ઞાથી એમ કહીને તેણે પચ્ચક્ખાણ કર્યું. (૩૯૫૩) પછી તે પ્રદેશમાં રહેલી એક દેવીએ વિચાર્યું કે-અવજ્ઞા કરતા આના અવિ-

નયને આજે દૂર કરું ! (૩૯૫૪) તે પછી દિવ્ય મોદકનું ભેટણું લઈને તે દેવી તેની બ્હેનના રૂપે (રાત્રે) ત્યાં આવી અને તે ભોજન તેને ભેટ આપ્યું. (૩૯૫૫) (તે લઇને) તે જ્યારે ખાવા લાગ્યો, ત્યારે શ્રાવિકાએ નિષેધ કર્યો તેથી તેણે કહ્યું કે–હે ભોળી ! તારા કપટનિયમથી મારે હવે (કય હોઉ=) બસ થાઓ. (અર્થાત્ પ્રયોજન નથી.) (૩૯૫૬) (તે સાંભળીને) હે પાપી ! હે શુભ સદાચારથી ભ્રષ્ટ ! તું જૈનધર્મની પણ હાંસી કરે છે ?–એમ બોલતી ઉત્પન્ન થયેલા અતિ કોપને વશ રાતાં નેત્રોવાળી, તે દેવીએ રાત્રિ ભોજનમાં આસક્ત તેને મુખ ઉપર એવો પ્રહાર કર્યો, કે જેથી તેનાં નેત્રોના બંને ગોળા (ડોળા) જમીન ઉપર પડ્યા. (૩૯૫૭-૫૮) ત્યારે 'અહા હા ! આ મોટો અપયશ થશે.'–એવી કલ્પનાથી ભયભીત બનેલી તે શ્રાવિકાએ શ્રી જિનેશ્વરદેવ સમક્ષ કાઉસ્સગ્ગ કર્યો (૩૯૫૯) તેથી અર્દ્ધરાત્રિના સમયે આવેલી દેવીએ કહ્યું કે–મારું સ્મરણ કેમ કર્યું ? તેણીએ કહ્યું કે–હે દેવી ! આ અપયશને દૂર કર ! તેથી દેવીએ તે ક્ષણે જ હણાતા બોકડાની આંખોને લાવીને તેનાં બે નેત્રોમાં સ્થાપિત કરી (જોડી) દીધા. (૩૯૬૦-૬૧) પછી પ્રભાત સમય થતાં સ્વજનો અને નગરલોકોએ આશ્ચર્યપૂર્વક કહ્યું કે–ભો ! આ આશ્ચર્ય છે કે–તું એલકાક્ષ(બકરાનાં નેત્રોવાળો) થયો. (૩૯૬૨) એ રીતે તે સર્વત્ર 'એલકાક્ષ' નામથી પ્રસિદ્ધ થયો અને પછી તેના યોગે નગર પણ 'એલકાક્ષ' થયું. (૩૯૬૩) હવે પૂર્વે 'દશાર્ણકૂટ' નામથી જગતમાં પ્રસિદ્ધ પણ તે પર્વત જે રીતે 'ગજાગ્રપદ' નામે (પ્રસિદ્ધ) થયો, તે કહું છું. (૩૯૬૪)

**ગજાગ્રપદ પર્વતનો ઇતિહાસ**–પૂર્વકાળે તે (દશાર્ણપુર) નગરમાં દશાર્ણભદ્ર નામે મહાન્ રાજા હતો. તેને પાંચસો શ્રેષ્ઠ રૂપવતી સ્ત્રીઓનું અંતઃપુર હતું. (૩૯૬૫) પોતાના યૌવનથી, રૂપથી, રાજલક્ષ્મીથી અને પ્રવર સૈન્યથી યુક્ત (આસક્ત), તે શેષ રાજાઓની અવજ્ઞા કરતો હતો. (૩૯૬૬) પછી એક અવસરે તે દશાર્ણકૂટ પર્વત ઉપર જગતના નાથ શ્રી વર્ધમાનસ્વામી સમવસર્યા અને દેવો પણ આવ્યા. (૩૯૬૭) ત્યારે "સર્વ વિભૂતિથી યુક્ત થઈને હું ભગવંતને તેવી રીતે વાંદીશ, કે જે રીતે પૂર્વે કોઇએ પણ વાંદ્યા ન હોય."–એવા ગર્વને કરતા, તે દશાર્ણભદ્ર રાજાએ સર્વ પ્રકા-ના આડંબરથી યુક્ત થઇને ચતુરંગી સેના સહિત, અંતઃપુરને સાથે લઈને, હાથી ઉપર બેસીને, (ત્યાં) જઇને પ્રભુને વાંદ્યા. (૩૯૬૮-૬૯) પછી તેના મનના કુવિકલ્પને (અહંકારને) જાણીને, ઇન્દ્રે પોતાના ઐરાવણ હાથીના મુખમાં શ્રેષ્ઠ આઠ દાંત વિકુર્વ્યા અને એક એક દાંતમાં આઠ આઠ વાવડીઓ વિકુર્વી. તે પછી એક એક વાવડીમા આઠ આઠ કમળો અને કમળે કમળે આઠ આઠ પાંખડીઓ વિકુર્વી. તે પ્રત્યેક પાંખડી ઉપર બત્રીશ (પાત્રોથી) પ્રતિબદ્ધ નાટક કરીને તે હાથી ઉપર બેઠેલા અને ક્રોડો દેવોથી પરિવરેલા તેણે પ્રભુને ત્રણ પ્રદક્ષિણા આપીને આશ્ચર્યકારક ઋદ્ધિથી (આડંબરથી) પ્રભુને વાંદ્યા. (૩૯૭૦ થી ૭૩) એવી ઋદ્ધિવાળા ઇન્દ્રને જોઇને ઋદ્ધિગારવથી મુક્ત થયેલા રાજાએ (વિચાર્યું કે–) પૂર્વે

આ ઇન્દ્રે ધર્મ કર્યો છે અને અધન્ય એવા મેં નથી કર્યો, તેથી હવે પણ તે ધર્મને સંચિત કરું (આરાધું), એમ વિચારીને તે મહાત્માએ તે વેળા જ રાજ્યને તજીને દીક્ષા લીધી. (૩૯૭૪-૭૫) પછી દૈવીમહિમાથી તે પર્વતમાં ટાંકણાથી કોતર્યા હોય તેવાં ઇન્દ્રના હાથીના આગળના પગલા ખૂત્યા (પડ્યાં). તેથી તે દશાર્ણકૂટ પર્વત ત્યારથી જ સમગ્ર લોકમાં 'ગજાગ્રપદ'–એ નામથી અતિ પ્રસિદ્ધિને પામ્યો. (૩૯૭૬-૭૭) એ રીતે તે ગજાગ્રપદ પર્વત ઉપર અસાધારણ (ક્લિષ્ટ) તપ કરીને, ચારેય આહારના ત્યાગી, સાધુઓમાં સિંહ જેવા, દીર્ઘકાળ સુધી નિરતિચાર ચારિત્રના આરાધક, વિધિપૂર્વક વિવિધ ભાવનાઓને ભાવતા, સુરાસુર અને વિદ્યાધરોથી પૂજિત, તે ભગવંત શ્રી આર્યમહાગિરિજી (ત્યાં) કાળ કરીને દેવપણાને પામ્યા. (૩૯૭૮-૭૯) એમ સંસારવાસના વિનાશને ઇચ્છતા સર્વ આત્માઓએ નિશ્ચે પ્રમાદને તજીને પ્રશસ્ત ભાવનાઓમાં પ્રયત્ન કરવો જોઈએ. (૩૯૮૦) એમ ચાર કષાયના ભયને ટાળનારી આ સંવેગરંગશાળા નામની આરાધનાના મૂળ (પ્રથમ) પરિકર્મવિધિદ્વારમાં પ્રસ્તુત પંદર પેટાદ્વારો પૈકી ક્રમાનુસાર આ ચૌદમું ભાવના નામનું પ્રતિદ્વાર કહ્યું. (૩૯૮૧-૮૨) હવે અતિ પ્રશસ્ત ભાવનાને ભાવતો પણ જેના વિના આરાધના કરવા સમર્થ ન થઈ શકે, તે સંલેખનાદ્વારને કહું છું. (૩૯૮૩) અથવા પૂર્વે કહ્યાં તે અર્હ (યોગ્યતા) વગેરે સર્વ દ્વારોમાં પરિકર્મ કરવાનું જ પ્રકૃત (ઉદ્દિષ્ટ) છે. તે પરિકર્મ ભાવશુદ્ધિથી થાય, (૩૯૮૪) ભાવશુદ્ધિ પણ રાગાદિની તીવ્ર વાસનાના વિનાશથી થાય અને તે વિનાશ પણ મોહોદયના વિધ્વંસપણાથી થાય. (૩૯૮૫) તે વિધ્વંસ પ્રાયઃ શરીર અને ધાતુઓના અપચયથી (ક્ષીણતાથી) થાય અને તે ક્ષીણતા પુનઃ વિચિત્ર (વિવિધ) તપ કરવા વગેરેથી થાય. (૩૯૮૬) આ તપશ્ચર્યા પણ જે સંલેખનાને અનુસરતી હોય, તે પ્રસ્તુત કાર્યને (અનશનને) સિદ્ધ કરી શકે. તેથી હવે વિસ્તારથી સંલેખનાદ્વારને કહું છું. (૩૯૮૭)

**પંદરમું સંલેખના પ્રતિદ્વાર**–અહીં શ્રી જિનેશ્વરોએ સંલેખનાને તપશ્ચર્યા કહી છે, કારણ કે–તેનાથી નિયમા શરીર, કષાયો વગેરેને પાતળા કરી શકાય છે. (૩૯૮૮) જો કે સામાન્યથી સઘળીય તપશ્ચર્યા એવી (સંલેખનાકારક) હોય છે, તો પણ આ અંતિમકાળે જે (તપ) સ્વીકારાય છે, તે વિશિષ્ટ હોય છે. (૩૯૮૯) આ (અંતિમ તપશ્ચર્યા) પણ અતિ લાંબા કાળના દુઃપ્રસાધ્ય (અસાધ્ય) વ્યાધિમાં, ઉપસર્ગમાં, ચારિત્રરૂપી ધનનો વિનાશ કરનાર કોઈ અન્ય કારણે, અથવા કાન વગેરે કોઈ ઇન્દ્રિયની વિકલતા થાય કે આકરો દુષ્કાળ પડે ત્યારે, ધીર એવા સાધુએ અને શ્રાવકે કરવાયોગ્ય છે. (૩૯૯૦-૯૧) કારણ કે–આ સંસારમાં આણંદાદિ મહા સત્ત્વવાળા (શ્રાવકો પણ) અતિ લાંબો કાળ નિર્મળ શ્રાવકધર્મને પાળીને, અંતે આગમકથિત વિધિથી સમ્યગ્ સંલેખનાને કરીને તેમજ ઉગ્ર ક્રિયાને આરાધીને, ક્રમશઃ શ્રેષ્ઠ અને મોટી એવી કલ્યાણપરંપરાને પામ્યા છે. (૩૯૯૨-૯૩) અને પૂર્વના મહાપુરુષ ઋષિઓ પણ દીક્ષાથી આરંભીને જીવતાં સુધી નિશ્ચે દુશ્ચર પણ ચારિત્રને

ચિરકાળ આચરીને ( પાળીને ), દિપ્ત (કિલષ્ટ-ઉજ્વળ) તપને તપીને, અંતકાળે (પુનઃ) વિશેષ તપશ્ચર્યાથી દ્રવ્યની ( શરીરની ) અને ભાવની ( કષાયાદિની ) સંલેખના કરવાપૂર્વક કાળ કરીને સિદ્ધિને પામેલા સંભળાય છે. (૩૯૯૪-૯૫) વળી શ્રી ઋષભસ્વામી વગેરે તીર્થંકરો છતાં, ત્રણ લોકના તિલકતુલ્ય છતાં, દેવોથી પૂજિત છતાં, અપ્રતિહત એવા કેવળજ્ઞાનનાં કિરણો દ્વારા જગતનો ઉદ્યોત કરનારા છતાં અને જેઓની અવશ્ય નિયમા સિદ્ધિ થવાની હોવા છતાં, તેઓ પણ નિર્વાણકાળે નિશ્ચે સવિશેષ તપ કરવામાં પરાયણ હતા. તે આ પ્રમાણે-જે નિર્વાણ એટલે અંતક્રિયા, તે પ્રથમ પ્રભુને ચૌદભક્ત (છ ઉપવાસથી), શ્રી વીરજિનને ષષ્ઠભક્તથી અને શેષ બાવીશને માસિકતપથી (માસખમણથી) થઇ હતી. (૩૯૯૬ થી ૯૮) તેથી તેના (તપના) પક્ષપાતી, મોક્ષ મેળવવાની ઇચ્છાવાળા અને ભવભીરુ બીજા આત્માએ પણ તે પૂર્વપુરુષોના ક્રમથી સંલેખના કરવી યોગ્ય છે. (૩૯૯૯) કિન્તુ તપશ્ચર્યા વિના પ્રાયઃ શરીર (ચિયં=) પુષ્ટ માંસ- રુધિરપણાને (પુષ્ટિને) છોડે નહિ, માટે પ્રથમ આ તપને કરવું જોઈએ. (૪૦૦૦) (કારણ કે-) પુષ્ટ માંસ-રુધિરવાળાને સહકારી કોઇ કારણનો યોગ થતાં, અશુભ પ્રવૃત્તિમાં પ્રબળ કારણરૂપ એવા મોહનો ઉદય થાય, (૪૦૦૧) અને તેનો ઉદય થતાં (જો) વિવેકી પણ નિયમા અધિગત અર્થને (અનશનને) ન સાધી શકે, તો વિવેકરહિત, દીર્ઘદૃષ્ટિ વિનાના અને તપ નહિ કરનારા માટે તો પૂછવું જ શું ? (૪૦૦૨) તે કારણે જેમ દેહને પીડા ન થાય, માંસ-રુધિરની પુષ્ટિ પણ ન થાય અને ધર્મધ્યાનની વૃદ્ધિ થાય, તેમ સંલેખના કરવી ( શરીરને ગાળવું ) જોઇએ. (૪૦૦૩) આ સંલેખના ઉત્કૃષ્ટ તથા જઘન્ય-એમ બે પ્રકારની છે, તેમાં ઉત્કૃષ્ટ બાર વર્ષની અને જઘન્ય છ માસની છે. (૪૦૦૪) અથવા દ્રવ્યથી અને ભાવથી-એમ પણ બે પ્રકારની છે તેમાં દ્રવ્યથી શરીરની કૃશતા અને ભાવથી ઇન્દ્રિયોની તથા કષાયોની કૃશતા જાણવી. (૪૦૦૫) તેમાં જે ઉત્કૃષ્ટ સંલેખનાકાળથી બાર વર્ષની કહી, તેને દ્રવ્યથી સૂત્રાનુસારે આ પ્રમાણે કંઈક કહું છું. (૪૦૦૬) વિવિધ અભિગ્રહ સહિત ચોથભક્ત, છટ્ઠ, અટ્ઠમ વગેરે વિવિધ તપ કરીને, સર્વ (કામગુણ=) રસકસવાળી વિગઇઓથી પારણું કરતો તપસ્વી પ્રથમ ચાર વર્ષ પસાર કરે. પુનઃ પણ ચાર વર્ષ અતિ વિચિત્ર (વિવિધ) તપથી પસાર કરે, માત્ર ( તેમાં ) વિગઇઓને વાપરે નહિ. (૪૦૦૭-૮) તે પછી બે વર્ષ પારણે આયંબિલ કરવાપૂર્વક ( એકાન્તર ) ઉપવાસનો તપ કરે. એમ દશ વર્ષો ગયાં. (૪૦૦૯) અગીઆરમા વર્ષમાં પહેલા છ માસમાં અતિ વિકિલષ્ટ ( ચાર ઉપવાસાદિ ઉગ્ર ) તપને ન કરે અને પારણે પરિમિત આહારથી આયંબિલ કરે. (૪૦૧૦) પુનઃ અંતિમ છ માસમાં અટ્ઠમ, ચાર ઉપવાસ વગેરે ( વિકિલષ્ટ ) તપને કરીને દેહને ટકાવવા ( પારણે ) આયંબિલથી ઇચ્છા મુજબ ભોજન કરે. (૪૦૧૧) એમ અગીઆર વર્ષ પસાર કરીને બારમું વર્ષ કોટિ સહિત ( લાગટ ) આયંબિલ તપ કરીને પૂર્ણ કરે. (૪૦૧૨) માત્ર બારમા વર્ષના અંતિમ ચાર મહિનામાં એકાન્તરે મુખમાં તેલનો કોગળો ચિરકાળ ભરી

રાખે. (૪૦૧૩) તેને ક્ષારની કુંડીમાં પરઠવીને પછી મુખને ધોવે એમ કરવાનું શું કારણ? તે કહે છે. (તેમ કરવાથી) તેનું મુખ વાયુથી બંધ ન થાય, મરણકાળે પણ તે મહાત્મા સ્વયં શ્રી નમસ્કાર મહામંત્રનું સ્મરણ કષ્ટ વિના કરી શકે. (૪૦૧૪-૧૫) આ મેં દ્રવ્યથી ઉત્કૃષ્ટ સંલેખના કહી. આ જ સંલેખના જો (આયુષ્યના છેલ્લા) છ મહિના કે ચાર મહિનામાં કરે, તો તે જઘન્ય કહેવાય. (૪૦૧૬)

હવે પોતપોતાના વિષયમાં આસક્ત એવી ઇન્દ્રિઓનો, કષાયોનો તથા યોગોનો નિગ્રહ કરવારૂપ સંલેખનાને જ્ઞાનીઓએ અહીં ભાવસંલેખના કહી છે (૪૦૧૭) તેમાં વળી સાધુતાના (ચિર) ઉપાસક (જ્ઞાની) ભગવંતે વિશેષ ક્રિયાને આશ્રીને અનશન વગેરે (તપ) દ્વારા સંલેખના આ પ્રમાણે કહી છે. (૪૦૧૮) ૧–અનશન, ૨–ઉણોદરિતા ૩–વૃત્તિસંક્ષેપ, ૪–રસત્યાગ, ૫–કાયક્લેશ અને વિવિક્ત શય્યા, ઇન્દ્રિયોનો તથા મનનો નિગ્રહ વગેરે, ૬–સંલીનતા. (જુઓ ગા. ૪૦૫૧થી વિવેચન) (૪૦૧૯)

તેમાં **અનશન** દેશથી અને સર્વથી (બે પ્રકારે) થાય. આ (સંલેખના કરનાર) '**ભવચરિમ**' પચ્ચક્ખાણ કરે, તેને સર્વઅનશન કહે છે. દેશઅનશનમાં યથાશક્તિ '**ચતુર્થભક્ત**' વગેરે કરે. (૪૦૨૦)

**ઉણોદરિકા** (પણ) દ્રવ્યથી અને ભાવથી (બે પ્રકારે) થાય. તેમાં દ્રવ્ય ઉણોદરિકા ઉપકરણ વિષે અને આહાર–પાણી વિષે થાય. તે જિનકલ્પી વગેરેને અથવા જિનકલ્પનો અભ્યાસ કરનારને હોય. સંયમનો અભાવ થાય માટે (ઉપકરણ ઉણોદરિતા) બીજાઓને ન હોય, અથવા અધિક ઉપકરણાદિનો ત્યાગ કરવારૂપ તે (સ્થવિરકલ્પી, જિનકલ્પી વગેરે) સર્વને (પણ) હોય. કારણ કહ્યું છે કે–(૪૦૨૧-૨૨) જે સંયમમાં ઉપકારક કરે, તે નિશ્ચે ઉપકરણ જાણવું અને જે અયતનાવાળો અયતનાથી અધિક (પરિહરંતો=) ધારણ કરે, તે અધિકરણ જાણવું. (૪૦૨૩) પુરુષને નિશ્ચે બત્રીશ કોળીઆ આહાર કુક્ષિપૂરક કહ્યો છે, સ્ત્રીને તે અઠ્ઠાવીશ કોળીઆ હોય. (૪૦૨૪) આ કોળીઆનું પ્રમાણ કુકડીના ઈંડા જેટલું અથવા મુખને વિકૃત કર્યા વિના સ્વસ્થતાથી મુખમાં નાખી શકાય તેટલું જાણવું. (૪૦૨૫) એ પ્રમાણે (કવળની) મર્યાદા બાંધીને શ્રી જિનેશ્વરોએ અને શ્રી ગણધરોએ આ આહાર–પાણીની ઉણોદરિકા 'અલ્પાહાર' વગેરે પાંચ પ્રકારની કહી છે. (૪૦૨૬) તે આઠ, બાર, સોળ, ચોવીશ અને એકત્રીશ કવળની અનુક્રમે ૧–અલ્પાહાર, ૨–અપાર્દ્ધા, ૩–દ્વિભાગ, ૪–પ્રાપ્તા અને ૫–કિંચિદુણા જાણવી. (૪૦૨૭) અથવા પોતાના (પ્રમાણોપેત) આહારમાં એક કવળ (બે કવળ) વગેરે ઓછા કરતાં યાવત્ છેલ્લે એક કવળ, અડધો કવળ કે એક દાણો લેવો, તે પણ સર્વ (દ્રવ્ય) ઉણોદરિકા જાણવી. (૪૦૨૮) શ્રી જિનવાણીના ચિંતનદ્વારા દરરોજ (જે) ક્રોધાદિનો ત્યાગ કરવો, તેને શ્રી વીતરાગદેવોએ ભાવ ઉણોદરિકા કહી છે. (૪૦૨૯)

હવે **વૃત્તિસંક્ષેપ** કહે છે–ગોચરચર્યાના સમયે અમુક દત્તિઓનું કે અમુક ભિક્ષાઓનું પ્રમાણ કરવું, પિંડૈષણા અને પાણૈષણાનું પ્રમાણ (નિયમન) કરવું, અથવા પ્રતિદિન વિચિત્ર અભિગ્રહો સ્વીકારવા, તેને વૃત્તિસંક્ષેપ જાણવો. તે **અભિગ્રહો** પુનઃ દ્રવ્ય, ક્ષેત્ર, કાળ અને ભાવ સંબંધી જાણવા. (૪૦૩૦-૩૧) તેમાં–આજે હું લેપકૃત કે અલેપકૃત **અમુક દ્રવ્ય** ગ્રહણ કરીશ, અથવા **અમુક દ્રવ્ય** વડે ગ્રહણ કરીશ, એવા અભિગ્રહને **દ્રવ્ય અભિગ્રહ** જાણવો. (૪૦૩૨) તથા (શાસ્ત્રોક્ત) આઠ ગોચરભૂમિઓ દ્વારા કે માત્ર (**એલુગ=**) ઊંબરાના (હહેલીના) (**વિક્ખંભ=**) વિસ્તાર કે આંતરેથી, અથવા સ્વગ્રામ કે પરગ્રામથી, (તેમાં પણ) આટલા ઘરો કે અમુક ઘરોમાંથી ગ્રહણ કરીશ, ઇત્યાદિ (ક્ષેત્રનું નિયમન કરવું તેને) **ક્ષેત્ર અભિગ્રહ** જાણવો. (૪૦૩૩) (આઠ ગોચરભૂમિઓનાં નામ શાસ્ત્રોમાં) ઋજુગતિ, ગત્વાપ્રત્યાગતિ, ગોમૂત્રિકા, પતંગવીથિ, પેટા, અર્દ્ધપેટા, અભ્યંતરશંબૂકા અને બાહ્યશંબૂકા (કહ્યાં) છે. (૪૦૩૪) **કાળ અભિગ્રહમાં** પુનઃ આદિ, મધ્યે અને અંતઃકાળે એમ ત્રણ પ્રકારે થાય. તેમાં ભિક્ષાકાળ થવા પૂર્વે તે આદિ, (ભિક્ષાકાળે તે) બીજો મધ્ય અને ભિક્ષાકાળ વહી ગયા પછી તે ત્રીજો અંતિમકાળ જાણવો. (૪૦૩૫) (**દિંતગપડિચ્છગાણું=**) 'માગ્યા વિના આપે તે જ લેવું'–એવા અભિગ્રહવાળાઓને સૂક્ષ્મ પણ અપ્રીતિ કોઈને ન થાય. એવા આશયથી ભિક્ષાકાળ પૂર્વે કે પછી ભિક્ષાએ જવું ભિક્ષાકાળે નહિ જવું, તે કાળ અભિગ્રહ જાણવો. (૪૦૩૬) '**ઉત્ક્ષિપ્ત**' (ભોજન માટે હાથમાં ઉપાડેલો) વગેરે આહાર મળે તેને લેનારા મુનિઓ નિશ્ચે ભાવ અભિગ્રહવાળા હોય છે તથા ગાયન કરતો, રડતો કે બેઠો બેઠો આપે, અથવા (**ઓસક્કણુ=**) પાછો ફરતો, (**અહિસક્કણુ=**) સન્મુખ આવતો, અવળા મુખવાળો, અથવા અલંકાર ધારણ કરેલો કે નહિ કરેલો, એમ તે તે અમુક અવસ્થામાં રહેલો આપે તે લેવું (અન્યથા નહિ લેવું), ઈત્યાદિ અભિગ્રહોને **ભાવ અભિગ્રહ** કહ્યા છે. (૪૦૩૭-૩૮) એમ વૃત્તિસંક્ષેપ માટે વિવિધ અભિગ્રહોને ધારણ કરે. હવે રસત્યાગ કહે છે.

દૂધ વગેરે રસોને વિગઈઓ કહી છે. તેના વિના જો સંયમનિર્વાહ થઈ શકે તો તેનો પરિહાર કરવો, તે **રસત્યાગ** જાણવો; કારણ કે–તે વિગઈઓને દુર્ગતિનું મૂળ કહેલ છે. (૪૧૩૯) માખણ, માંસ, મધ અને મદ્ય–એ ચાર મહાવિગઈઓ છે. તે (**કંખા=**) આસક્તિ–ગૃદ્ધિને, (**પસંગ=**) અબ્રહ્મને, (**દપ્પ=**) અહંકાર–ગર્વને અને અસંયમને કરનારી છે. (૪૦૪૦) પૂર્વે શ્રી જિનાજ્ઞાના અભિલાષી, પાપભીરુ અને તપસમાધિની ઇચ્છાવાળા મહર્ષિઓએ તેને જાવજ્જીવ સુધી તજી છે. (૪૦૪૧) દૂધ, દહીં, ઘી, તેલ, ગોળ અને કડાવિગઈને તથા બીજાં પણ (સ્વાદિષ્ટ–વિકારી) લૂણ, લસણ વગેરેને તજવાં જોઈએ, (૪૦૪૨) કારણ કે–તેનાથી પરિણામમાં વિકાર કરનારા મોહનો ઉદય થાય છે. (પછી) એ મોહનો ઉદય થતાં, મનનો વિજય કરવામાં અતિ તત્પર પણ જીવ અકાર્યને કેમ ન કરે? (૪૦૪૩) દાવાનળમાં બળતો કોણ જળ હોવા છતાં તેનો ઓલવવા માટે ઉપયોગ ન કરે? એમ મોહરૂપી દાવાનળમાં પણ એ ઉપમા જાણવી. (૪૦૪૪)

**હવે કાયક્લેશને** કહે છે સૂર્યને પાછળ રાખીને, સન્મુખ રાખીને, ઉપર રાખીને કે તિર્છો રાખીને, બે પગ સરખા રાખીને-કે એક પગે ઊભા રહેવું, કે (**ગદ્ધોલીણા=**) ગીધની જેમ અવલીન (નીચી નજરથી લીન) આકારે ઊભા રહેવું વગેરે; (**૪૦૪૫**) તથા વીરાસન, પર્યંકાસન, સમપૂતાસન (સરખું ચપટ બેસવું), ગોદોહિકાસન કે ઉત્કટુક આસન કરવું; (**દંડાયત=**) દંડની જેમ લાંબા સૂવું, (**ઉત્તાન=**) ચત્તા સૂવું, (**ઓમંથ=**) ઉંધા સૂવું અને (**લંગડ=**) વાંકાં કાષ્ઠની જેમ સૂવું; (**૪૦૬૪**) મગર મુખની જેમ કે હાથીની સૂંઢની જેમ ઊર્ધ્વશયન કરવું; એક પડખે શયન કરવું; ધાસ ઉપર, (**ફલગ=**) કાષ્ઠના પાટિયા ઉપર, પત્થરશીલા ઉપર કે ભૂમિ ઉપર સૂવું; રાત્રે નહિ સૂવું; (૪૦૪૭) સ્નાન ન કરવું; ઉદ્‌વર્તન ન કરવું; (ખરજમાં પણ) ન ખણવું; લોચ કરવો; ઠંડીમાં વસ્ત્રરહિત રહેવું અને ગરમીમાં આતાપના લેવી; ઈત્યાદિ **કાયક્લેશ-તપ** વિવિધ પ્રકારે જાણવો. (૪૦૪૮) પોતાને દુઃખ સહવું, કાયાનો (કાયયોગનો) નિરોધ, જીવોની દયા અને પરલોકહિતની બુદ્ધિ તથા બીજાઓને (ધર્મમાં) બહુમાન પ્રગટે વગેરે ગુણો થાય છે. (૪૦૪૯) આ વેદનાથી (પણ) અનંતતર અધિક કષ્ટકારી વેદનાઓ નરકોમાં પરવશપણે સહન કરવી પડે છે. તેની અપેક્ષાએ આમાં શું કષ્ટ છે? (**૪૦૫૦**) એવી ભાવનાના બળે પ્રગટતા સંવેગની વૃદ્ધિરૂપ ગુણવાળાઓને આ કાયક્લેશતપ સંસાર વાસનો નિર્વેદ પ્રગટાવવા માટે રસાયણ છે (**૪૦૫૧**)

**હવે સંલીનતાતપ** કહે છે-તેમાં પ્રથમ વસતિસંલીનતા આ પ્રમાણે છે. વૃક્ષના મૂળમાં (નીચે) આરામમાં, ઉદ્યાનમાં, પર્વતની ગુફામાં, (તાપસ વગેરેનાં) આશ્રમમાં, પરબ અને સ્મશાનમાં, તથા શૂન્ય ઘરમાં, દેવકુલિકામાં કે યાચવાથી બીજાએ આપેલા ઘરમાં, એવી ઉદ્‌ગમ, ઉત્પાદન તથા એષણાદોષથી રહિત, અને તેથી જ મૂળથી અંત સુધીમાં (સાધુને ઉદ્દેશીને) અકૃત, અકારિત અનુમતિ વિનાની હોય, પુનઃ તેવી પણ વસતિ સ્ત્રી, પશુ અને નપુંસકથી રહિત હોય, શીતળ કે ઊષ્ણ, ઉંચી, નીચી કે સમવિષય ભૂમિવાળી હોય, (નગરાદિની) અંદર કે બહાર હોય, જ્યાં મંગળ કે પાપકારી શબ્દોના શ્રવણથી ધ્યાનાદિમાં સ્ખલના કે સ્વાધ્યાય-ધ્યાનમાં વિઘ્ન ન થતું હોય, તેવી વસતિને વિવિક્તશય્યા જાણવી. (૪૦**૫૨ થી ૫૫**) કારણ કે-આવી વસતિમાં પ્રાયઃ સ્વ-પર ઉભયથી થતા રાગ-દ્વેષાદિ દોષો સંભવતા (થતા) નથી. (**૪૦૫૬**) હવે **ઈન્દ્રિયસંલીનતા**-કહે છે કે-ઉપર કહી તેવી ગુણકારી વસતિમાં રહેલો પણ ઇન્દ્રિયો વગેરેને વશ કરીને સંલીનતાથી આત્માને સમ્યગ્ ભાવિત કરે. (**૪૦૫૭**) ઇન્દ્રિયનો (શબ્દાદિ) કોઈ તેવો વિષય નથી કે વિવિધ વિષયમાં રસિક અને નિત્ય અતૃપ્ત એવી ઇન્દ્રિયો જેને ભોગવીને તૃપ્તિને પામે, (**૪૦૫૮**) વળી વિષ સરખા આ વિષયોમાં એક એક વિષય પણ (સંયમરૂપ આત્માનો) ઘાત કરવા સમર્થ છે, તો જે પાંચેયને એકી-સાથે ભોગવે તેનું કુશળ કેમ થાય? (૪૦**૫૯**) જેમ દુર્દાન્ત (નિરંકુશ) ઘોડાઓથી સારથિને

રણભૂમિમાં નિશ્ચે વિડંબના થાય છે, તેમ (દુર્દમ) ઇન્દ્રિયોથી પણ આજન્મ=પરજન્મમાં આત્માને અનર્થ (અહિત) થાય છે. (૪૦૬૦) મહાપુરૂષોએ સેવેલા માર્ગથી ભ્રષ્ટ થયેલા એવા ઇન્દ્રિયનિગ્રહ નહિ કરનારાઓને આ સંસારમાં દારૂણ દુઃખને આપનારા બીજા પણ ઘણાં પ્રકારના દોષો થાય છે. (૪૦૬૧) ઈત્યાદિ અતિ દુઃખનાં વિપાકને પોતાની બુદ્ધિથી સમ્યગ્ વિચારીને ધીરપુરુષે વિષયોમાં રસિક એવી ઈન્દ્રિઓની સંલીનતા કરવી જોઈએ. (૪૦૬૨) પુનઃ તે સંલીનતા તેઓના ઇષ્ટ-અનિષ્ટ વિષયોમાં સામ્ય-(વૈરાગ્ય) ભાવથી રાગ-દ્વેષના પ્રસંગને તજવારૂપ જાણવી. (૪૦૬૩) વળી તે તે વિષયોને સાંભળીને, જોઈને, ભોગવીને, સુંઘીને અને સ્પર્શ કરીને (પણ), જેને રતિ કે અરતિ ન થાય, તેને **ઇન્દ્રિયસંલીનતા** જાણવી. (૪૦૬૪) માટે વિષયોરૂપી ગાઢ જંગલમાં નિરંકુશ જયાં-ત્યાં ભમતા ઈન્દ્રિયરૂપી હાથીને જ્ઞાનરૂપી અંકુશથી વશ કરવો જોઈએ. (૪૦૬૫) (હવે **મનસંલીનતા** કહે છે કે-) એમ ધીરપુરુષ બુદ્ધિબળથી મનરૂપી હાથીને પણ તેવી કોઈ ઉત્તમ રીતે વશ કરે. કે જેથી શત્રુપક્ષને (મોહને) જીતીને આરાધનારૂપી (વિજય) ધ્વજને પ્રાપ્ત કરે. (૪૦૬૬) એમ શત્રુના વેગની જેમ કષાયોના અને યોગોના પણ વિસ્તારને (વેગને) રોકીને, બુદ્ધિમાન તેની પણ નિષ્પાપ (નિર્મળ) સંલીનતાને કરે. (૪૦૬૭) એમ સમ્યગ્ વ્યાપારમાં પ્રવર્તાવેલા પ્રશસ્ત યોગોથી સંલીનતાને પામેલો, પાંચ સમિતિથી સમિત અને ત્રણ ગુપ્તિથી ગુપ્ત બનેલો મુનિ આત્મહિતમાં તત્પર (સમર્થ) થાય. (૪૦૬૮) અસંયમી જીવ અતિ ઘણા પણ કાળે જે કર્મોને ખપાવે, તેને સંયત તપસ્વી અંતર્મુહૂર્ત્તમાં ખપાવે. (૪૦૬૯) તે તપ પણ તેવો કરવો કે જેનાથી મન અનિષ્ટને ચિંતવે નહિ, સંયમયોગોને હાનિ થાય નહિ અને મનની શાન્તિ(ઉપશમ)વાળો થાય. (૪૦૭૦) દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવને અને ધાતુઓને (પ્રકૃતિને) જાણીને તે રીતે તપ કરે, કે જેથી વાત, પિત્ત, કફ, ક્ષુબ્ધ (કુપિત) ન થાય. (૪૦૭૧) અન્યથા (તેવો તપ શકય ન હોય તો) ઉદ્ગમ, ઉત્પાદન અને એષણાના દોષોથી રહિત, પ્રમાણોપેત હલકા, વિરસ અને લુક્ખા આહાર-પાણીથી પોતાનો નિર્વાહ કરે (૪૦૭૨) અને અનુક્રમે આહારને ઘટાડતો શરીરની સંખેલના કરે. તેમાં (બીજા પ્રકારમાં) તો શાસ્ત્રજ્ઞો આયંબિલને (પણ) ઉત્કૃષ્ટ તપ કહે છે. (૪૦૭૩) અલ્પ આહારવાળાની ઈન્દ્રિયો વિષયોમાં આકર્ષાતી નથી. અથવા તપ વડે ખિન્ન ન થાય અને રસવાળા વિષયોમાં આસક્તિ (રાગ) ન કરે (૪૦૭૪) વધારે કહેવાથી શું? એક એક તપ પણ વારંવાર તેવી રીતે સમ્યક્ (**અભ્યસ્ત=**) ભાવિત કરે, કે તેનાથી કૃશ થવાં છતાં તેને કોઇ રીતે અસમાધિ ન થાય (૪૦૭૫) એ પ્રમાણે શરીરસંલે-ખનાની ક્રિયાને અનેક પ્રકારે કરવા છતાં ક્ષપક અધ્યવસાયશુદ્ધિને એક ક્ષણ પણ છોડે નહિ. (૪૦૭૬) કારણ કે-અધ્યવસાયની વિશુદ્ધિ વિના જે વિકિલષ્ટ પણ તપ કરે, છતાં તેને કદાપિ શુદ્ધિ ન જ થાય (૪૦૭૭) અને સવિશુદ્ધ શુકલલેશ્યાવાળો જે સામાન્ય-લઘુ તપને કરે, તો પણ વિશુદ્ધ અધ્યવસાયવાળો તે કેવળ (જ્ઞાન) રૂપી શુદ્ધિને પામે છે,

(૪૦૭૮) આ અધ્યવસાયની શુદ્ધિ કષાયથી કલુષિત ચિત્તવાળાને થતી નથી, માટે તેની શુદ્ધિ માટે કષાયરૂપી ( કલિ ) શત્રુને દઢ રીતે નિર્બળ કરે. (૪૦૭૯) તેમાં (ગારવથી) હલકો બનેલો તે (ક્ષપક) શીઘ્ર ક્રોધને ક્ષમાથી, માનને માર્દવથી, માયાને આર્જવથી અને લોભને સંતોષથી પાતળા (અલ્પ) કરે. (૪૦૮૦) તે આત્મા ક્રોધ, માન, માયા અને લોભને વશ ન થાય કે જે તે કષાયોની ઉત્પત્તિને મૂળમાંથી તજે (થવા ન દે) (૪૦૮૧) (માટે) તે વસ્તુને છોડી દેવી કે જેના કારણે કષાયોરૂપી અગ્નિ પ્રગટતો હોય. અને તે વસ્તુને સ્વીકારવી કે જેનાથી કષાયો પ્રગટ ન થાય. (૪૦૮૨) કષાય કરવા માત્રથી (પણ) મનુષ્ય દેશોન્યૂન પૂર્વ ક્રોડ વર્ષો સુધી પણ જે ચારિત્રને પ્રાપ્ત કર્યું હોય છે, તેને એક મુહૂર્તમાં હારી જાય છે. (૪૦૮૩) સળગેલો કષાયરૂપી અગ્નિ નિશ્ચે સમગ્ર ચારિત્રધનને બાળી મૂકે છે અને સમ્યક્ત્વને પણ વિરાધીને અનંતસંસારી બનાવે છે. (૪૦૮૪) સ્વસ્થ બેઠેલા પાંગળાની જેમ ધન્ય પુરુષોના કષાયો (એવા નિર્બળ હોય છે કે–) નિશ્ચે બીજાના કષાયોથી જાગૃત કરાતા છતાં તે ઉઠી ( પ્રગટ થઈ ) શકતા નથી. (૪૦૮૫) કુશાસ્ત્રરૂપી પવનથી પ્રેરાયેલો કષાય અગ્નિ જો સામાન્ય લોકમાં સળગતો હોય તો ભલે સળગે, પણ આશ્ચર્ય તો છે કે–શ્રી જિનવચનરૂપી પાણીથી સિંચેલો પણ પ્રજળે છે. (૪૦૮૬) આ સંસારમાં વીતરાગ (હોવાથી) જે કલેશરૂપી ફળથી જોડાતો (કલેશનો ભાગી બનતો) નથી. તેમાં શું આશ્ચર્ય છે ? (આશ્ચર્ય તો તે છે કે–) જે છતાં પણ કષાયોને જીતે છે, તેથી તે પણ વીતરાગતુલ્ય છે. (૪૦૮૭) ક્રોધાદિનો નિગ્રહ કરનારાને અનુક્રમે ( ક્રોધત્યાગથી ) સુંદરરૂપ, ( માન તજવાથી ) ઉચ્ચ ગોત્ર, ( માયાના ત્યાગથી ) અવિસંવાદી એકાન્તિક સુખ અને ( લોભત્યાગથી ) વિવિધ ઉત્તમ લાભો થાય છે. (૪૦૮૮) તેથી કષાયરૂપી દાવાનળને ઉત્પન્ન થતાં જ શીઘ્ર ‘ ઇચ્છા મિચ્છા દુક્કડં ’રૂપી પાણી વડે બુઝાવી દેવો જોઈએ. (૪૦૮૯) અને તે જ રીતે નિશ્ચે ( હાસ્યાદિ ) નોકષાયોની, ( આહારાદિ ) સંજ્ઞાઓની, ( રસ વગેરે ) ગારવોની અને ( કૃષ્ણાદિ ) લેશ્યાઓની પરમ ઉપશમદ્વારા સંલેખના કરવી જોઈએ. (૪૦૯૦) (परिअट्ठिओवहाणो=) વારંવાર તપ કરનારો અને તેથી પ્રગટ દેખાતી નસો, સ્નાયુ તથા પડખાનાં હાડ(પાંસળીઓ)વાળો ( શરીરથી હાડપિંજર ) અને કષાયોની સંલેખના કરનારો, (એ રીતે દ્રવ્ય–ભાવ) બે પ્રકારની સંલેખનાને પામે છે. (૪૦૯૧) એ પ્રમાણે સમ્યગ્ રીતે દ્રવ્ય ભાવ, ઉભયથા પરિકર્મવિધિના યોગને સાધનારો સંલેખનાકારક મહાત્મા આરાધનારૂપી વિજયધ્વજને પ્રાપ્ત કરે છે, (૪૦૯૨) અને જે સ્વમતિથી આ વિધિથી વિપરીત ક્રિયામાં પ્રવર્તે છે તે ગંગદત્તની જેમ અંતે આરાધક થતો નથી. (૪૦૯૩) તે આ પ્રમાણે–

**સંલેખનાવિરાધક ગંગદત્તનો પ્રબંધ**–પુરો, નગરો, અને વ્યાપારની મંડીઓથી વ્યાપ્ત તથા કુલગિરિ ( મોટા પર્વતો ) અને મોટાં દેવમંદિરોથી શોભતા વચ્છ દેશમાં જયવર્ધન નામનું પ્રસિદ્ધ નગર હતું, (૪૦૯૪) ત્યાં સિદ્ધાન્તપ્રસિદ્ધ વિશુદ્ધ ધર્મ-

ક્રિયામાં દૃઢ રાગવાળો અને ન્યાય–નીતિથી વિશિષ્ટ બંધુપ્રિય નામનો શેઠ હતો. (૪૦૯૫) તેને શિષ્ટ પુરુષોને માન્ય અને અતિ વિનીત ગંગદત્ત નામનો પુત્ર હતો. તે ક્રમશઃ યુવતીઓના મનને હરનારા યૌવનને પામ્યો. (૪૦૯૬) તેને તેવો જોઈને હર્ષિત થયેલા પિતાએ સ્વયંભૂ નામના વણિકની પુત્રીને વિવાહ માટે વરાવી. (વેવિશાળ કર્યું) (૪૦૯૭) પછી હર્ષ પામેલા ગંગદત્તે પાણિગ્રહણ માટે યોગ્ય ઉત્તમ તિથિ–મુહૂર્ત પ્રાપ્ત થતાં તેની સાથે લગ્ન કર્યું. (૪૦૯૮) માત્ર જે વેળા તેણીના હાથને તેણે પકડ્યો, તે જ વેળા તેણીને દુઃસહ દાહ પ્રગટ્યો. (૪૦૯૯) તેથી શું હું અગ્નિથી સ્પર્શિત થઈ કે ઝેરના રસથી સિંચાણી?–એમ ચિંતવતી, ડાબી હથેલીમાં છૂપાવેલા મુખવાળી, દીન મનવાળી, બે નેત્રોમાંથી સતત આંસુના પ્રવાહને વહેવડાવતી, વળેલી ડોકવાળી અને શુષ્ન રડતી, એવી તેણીને સ્વયંભૂએ કહ્યું કે–હે પુત્રી! હર્ષના સ્થાને પણ તું એમ સંતાપ કેમ કરે છે, કે જેથી તું હસતા મુખે સ્નેહપૂર્વક સખીઓને પણ બોલાવતી નથી? (૪૧૦૦ થી ૪૧૦૨) વળી હે પુત્રી! તારા (લગ્ન)મહોત્સવને (પહેરામણ) જોવાથી આનંદભરપૂર મનવાળા સ્વજન લોકોનાં વિલાસપૂર્વકનાં ગીતોને અને નૃત્યોને તું કેમ નથી જોતી? (૪૧૦૩) માટે તું ડોકરૂપી નાળને સીધું કર (સામે જો), નેત્રોની જળકણિકાને (આંસુને) દૂર કર, તેજયુક્ત મુખની શોભાને પ્રગટ કર અને આ શોકને મૂકી દે! (૪૧૦૪) છતાં જો અતિ ગાઢ શોકનું કોઈ પણ કારણ હોય, તો તેને નિઃશંકપણે સ્પષ્ટ વચનોથી કહે, કે જેથી શીઘ્ર તેને દૂર કરાય. (૪૧૦૫) તેણીએ કહ્યું કે–પિતાજી! ગઈ વસ્તુને કહેવાથી હવે શું લાભ? મસ્તક મુંડાયા પછી નક્ષત્ર શોધવાથી શું હિત કરે? (૪૧૦૬) સ્વયંભૂએ કહ્યું કે–પુત્રી! તો પણ તું આ શોકનું રહસ્ય કહે! તેથી તેણીએ વરનો સઘળોય વૃત્તાન્ત કહ્યો. (૪૧૦૭) તેને સાંભળીને વજ્રઘાત થયો હોય તેમ, ઘરનું સર્વ ધન નાશ પામ્યું હોય તેમ અને મસીનું જળ (કાજળ) ચોપડ્યું હોય તેમ, તે નિસ્તેજ બની ગયો. (૪૧૦૮) વિવાહનું કાર્ય પૂર્ણ થયું અને સ્વજનવર્ગ પણ પોતાને ઘેર ગયો. પછી અન્ય દિવસે સસરાને ઘેર લઈ જવાની, પતિના દુર્ભાગ્યરૂપી ખડ્ગથી અત્યંત તૂટતા હૃદયવાળી, તેમજ (પતિથી) છૂટવાનો બીજો થોડો પણ ઉપાય નહિ જોતી તેણીએ હવેલીના શિખરે ચઢીને મરવા માટે તૂર્ત (શરીરને) પડતું મૂક્યું અને પડતાં જ તૂર્ત તે મરણને પામી. (૪૧૦૯ થી ૧૧) માતા–પિતા મળ્યા, સ્વજન લોકો પણ તૂર્ત આવ્યા અને તેની શરીરસત્કાર વગેરે (અંતિમ) સમગ્ર ક્રિયા કરી. (૪૧૧૨) તેના મરણનું નિમિત્ત પણ તે નગરમાં સર્વત્ર પ્રસિદ્ધ થયું આથી ગંગદત્ત પણ પોતાના દુર્ભાગ્યથી અત્યંત લજ્જાને પામ્યો. (૪૧૧૩) માતા પિતાએ તેને કહ્યું કે પુત્ર! આ વિષયમાં લેશ પણ ખેદ કરીશ નહિ. હું તેવો પ્રયત્ન કરીશ, કે જેથી તારે બીજી પત્ની થશે. (૪૧૧૪) તે પછી તેણે તથાપ્રકારે ઘણું ધન ખર્ચીને ઘણા પ્રયત્ને દૂર નગરમાં રહેલા વણિકની પુત્રી સાથે તેને પરણાવ્યો. (૪૧૧૫) તે બીજી પત્ની પણ લગ્ન પછી તેવી જ રીતે (થવાથી) અતિશય શોકને પામી અને માત્ર પિતાના ઘેર જવાના અવસરે તે ફાંસો ખાઈને મરી. (૪૧૧૬) તેથી સમગ્ર પણ દેશમાં દુઃસહ એવા દુર્ભાગ્યના કલંકને

પામેલા (અને તે) શોકના ભારથી વ્યાકૂળ શરીરવાળા ગંગદત્તે વિચાર્યું કે-પૂર્વભવોમાં પાપી મેં શું મોટું પાપ બાંધ્યું, કે જેના પ્રભાવે આ રીતે હું સ્ત્રીઓના દ્વેષનું કારણ બન્યો ? (૪૧૧૭-૧૮) તે મહા સત્ત્વશાળી સનત્કુમાર વગેરે ભગવંતો ધન્ય છે, કે જેઓ દઢ સ્નેહથી શોભતા પણ તેટલા મોટા અંતઃપુરને (ચોસઠ હજાર સ્ત્રીઓને) છોડીને સંયમના માર્ગે ચાલ્યા. હું તો નિર્ભાગીવર્ગમાં અગ્રેસર અને સ્વપ્નમાં પણ, સ્ત્રીઓને અનિષ્ટ એવો નિર્ભાગી છતાં, અહા હા ! મૃગનું બચ્ચુ જેમ મુગતૃષ્ણાથી દુઃખી થાય, તેમ આશા વિનાની નિષ્ફળ વિષયતૃષ્ણાથી દુઃખી થાઉં છું. અહા હા ! એનાથી સુખ ક્યાંથી મળે ? (૪૧૧૯ થી ૨૧) એમ તે જ્યારે ચિંતવતો હતો, ત્યારે તેનો પિતા આવ્યો અને કહ્યું કે-પુત્ર ! નિરર્થક શોકને છોડ અને કરવાયોગ્ય (કામ) કર ! (૪૧૨૨) ઘણા ભવોની પરંપરાએ બાંધેલા પાપનું આ વિલસિત છે. તત્ત્વથી આ વિષયમાં કોઈનો દોષ નથી. (૪૧૨૩) માટે હે પુત્ર ! ચાલ, સંભળાય છે કે-અહીં ભગવાન ગુણસાગરસૂરિજી પધાર્યા છે ત્યાં જઈએ અને જ્ઞાનરત્નોના ભંડાર તેમને વાંદીએ. (૪૧૨૪) તેણે તે સ્વીકાર્યું, પછી આચાર્યભગવંત પાસે ગયા અને વિનયપૂર્વક તેમને વાંદીને નજીકમાં ભૂમિ ઉપર બેઠા. (૪૧૨૫) સૂરિજીએ પણ દિવ્ય જ્ઞાનના ઉપયોગથી જાણવાયોગ્ય સર્વ જાણીને આક્ષેપણી-વિક્ષેપણીસ્વરૂપ ધર્મકથાને કહેવા લાગ્યા. (૪૧૨૬) પછી પ્રસંગ પામીને ગંગદત્તે સૂરિજીને પૂછ્યું કે-ભગવંત ! મેં પૂર્વે દૌર્ભાગ્યજનક શું કર્મ કર્યું છે, (૪૧૨૭) કે જેનાથી આ ભવમાં હું સ્ત્રીઓના અતિ દ્વેષને પામ્યો ? તેણે એમ પૂછવાથી ગુરુએ કહ્યું કે-ભો ! સાંભળ ! (૪૧૨૮) પૂર્વે શતદ્વારનગરમાં તું શ્રીશેખર રાજાની અતિ વ્હાલી એવી કામમાં અતિ આસક્ત પત્ની હતો. (૪૧૨૯) તે રાજાને અતિશય રૂપ-લાવણ્યથી મનોહર અંગવાળી પૂર્ણ પાંચસો રાણીઓ હતી. (૪૧૩૦)રાજાની સાથે નિર્વિઘ્ન-યથેચ્છ-ભોગની ઈચ્છાથી તેં 'વિદ્વેષ કરાવવો' વગેરે ઘણા કૂટ મંત્ર-તંત્રોથી તે પાંચસોને મારી નાંખી. (૪૧૩૧) અને વજ્ર જેવા અતિ દારુણ ઘણા પાપના સમૂહને તથા તે નિમિત્તે અત્યંત કઠિન દુર્ભાગ્યનામકર્મને ઉપાર્જન કર્યું. પછી અંતકાળે અતિ-દુઃસહ શ્વાસ વગેરે ઘણા પ્રબળ રોગોથી મરીને, નરક-તિર્યંચગતિઓમાં અનેક વાર દુઃખોને વેઠીને અને પછી મહા મુશીબતે કર્મની લઘુતા થવાથી, અહીં મનુષ્યપણાને પામેલો તું પૂર્વે કરેલાં પાપકર્મના દોષથી વર્ત્તમાનમાં દુર્ભાગ્યને અનુભવે છે. (૪૧૩૨ થી ૩૪) એમ સાંભળીને પ્રગટેલી ધર્મશ્રદ્ધાવાળો, સંસારથી ઉદ્વેગને પામેલો, પિતાને પૂછીને, પ્રવ્રજ્યાને સ્વીકારીને (૪૧૩૫) અને ગુરુકૂળવાસમાં રહીને, સૂત્ર-અર્થના ચિંતનમાં ઉદ્યમી અને વાયુની જેમ પ્રતિબંધરહિત તે, ગામો, આકરો અને નગરોમાં વિચરવા લાગ્યો. (૪૧૩૬) કેટલોય કાળ નિરતિચાર પ્રવ્રજ્યાને પાળીને પછી ભક્તપરિજ્ઞા-ચારેય આહારના ત્યાગ દ્વારા તે અનશન કરવા ઉદ્યત થયો. (૪૧૩૭) ત્યારે સ્થવિરોએ કહ્યું કે-અહો મહાભાગ ! પુષ્ટ રુધિર-માંસવાળા તારે આ અવસરે આ અનશન અનુચિત છે, માટે ચાર વર્ષ વિચિત્ર તપ, ચાર વર્ષ વિગઈઓનો ત્યાગ વગેરે ક્રમથી સંલેખનાને કર ! (૪૧૩૮-૩૯) દ્રવ્ય-ભાવની સંલેખના

કરીને પછી ઇચ્છિત પ્રયોજનને આચરજે. અન્યથા વિસ્રોતસિકા (દુર્ધ્યાનાદિ) પણ થાય, કારણ કે-(જ્ઞાનીઓએ) આ અનશનને બહુ વિઘ્નોવાળું કહ્યું છે. (૪૧૪૦) એમ તેને ઘણું સમજાવ્યો, તો પણ તેમની વાણીને અવગણીને અને સ્વચ્છંદી તે અનશનને સ્વીકારીને, પર્વતની શીલા ઉપર બેઠો. (૪૧૪૧) પછી તેવા ધ્યાનમાં રહેલા, દુષ્ટ યોગોનો રોધ કરનારા અને અનશનમાં રહેલા (પણ) તેને જે વીત્યું, તે હવે સાંભળો! (૪૧૪૨) તમાલના ગુચ્છા સરખા અતિ મનોહર કેશકલાપથી શોભતી, શરદપૂર્ણિમાનાં ચંદ્રસમાન મુખની કાન્તિથી દિશાઓને પણ ઉજ્જવળ કરતી, નિર્મળ કિરણોવાળા મોતીના હારથી શોભતાં સ્થૂલ સ્તનોવાળી, સારી રીતે જડેલાં સુંદર મણિઓના કંદોરાથી શોભતા જઘનવાળી, કેળની જેમ અનુક્રમે સ્થૂલ, ગોળ અને મનોહર એવી દેદીપ્યમાન બે જંઘાવાળી, પગમાં પહેરેલાં કોમળ રણઝણાટને કરતાં ઝાંઝરોથી રમણીય, અત્યંત વિચિત્ર મોંઘા મૂલ્યનાં શ્રેષ્ઠ દુકુલ વસ્ત્રોથી સજ્જ અને કલ્પવૃક્ષનાં પુષ્પોની સુગંધથી આવેલા ભમરાઓની શ્રેણીથી શ્યામ દેખાતી, એવી સુંદર-મનોહર અનેક યુવતીઓથી પરિવરેલો અનંગકેતુ નામે અતિ પ્રસિદ્ધ વિદ્યાધર રાજાનો પુત્ર શાશ્વત ચૈત્યોની યાત્રા કરીને પોતાના ઘર તરફ જતો, મુનિને અનશનમાં રહેલા જાણીને ત્યાં ભૂમિ ઉપર ઉતર્યો. (૪૧૪૩ થી ૪૮) પછી અતિ ઘણી ભક્તિના સમૂહથી પ્રગટેલા રોમાંચવાળો તે ગંગદત્તમુનિની દીર્ઘકાળ સ્તુતિ કરીને સ્ત્રીઓ સહિત પોતાના નગરમાં ગયો. (૪૧૪૯) સાધુ (ગંગદત્ત) પણ સ્ત્રીઓના મનને હરવામાં સમર્થ એવું તે વિદ્યાધરનું શ્રેષ્ઠ સૌભાગ્ય જોઈને ભાંગેલા મનવાળો આ પ્રમાણે વિચારવા લાગ્યો કે-(૪૧૫૦) આ મહાત્મા સ્ત્રીઓના સમૂહથી પરિવરેલો આ રીતે લીલા કરે છે અને પાપકર્મી હું તો તે કાળે સ્ત્રીઓથી તે રીતે પરાભવ પામ્યો. (૪૧૫૧) તેથી મારા નિરર્થક જીવનને અને દુષ્ટ મનુષ્યજન્મને ધિક્કાર હો! કે જે અખંડ દેહવાળો પણ હું તે રીતે વિડંબનાને પામ્યો. (૪૧૫૨) એમ કુવિકલ્પોને વશ પડેલો તે બોલ્યો કે-જો આ સાધુપણાનું (કંઈ) ફળ હોય, તો હું આગામી જન્મમાં આના જેવો (સૌભાગી) થાઉં. (૪૧૫૩) એવો નિયાણાનો બંધ કરીને મરેલો તે માહેન્દ્રકલ્પમાં શ્રેષ્ઠ દેવ થયો અને ત્યાં વિષયોને ભોગવીને તથા આયુષ્ય પૂર્ણ થયે ચ્યવીને, પૃથ્વીના તિલકભૂત ઉજ્જૈની નગરીમાં શ્રી સમરસિંહ રાજાની સોમા નામની ભાર્યાની કુક્ષિમાં પુત્રપણે ઉત્પન્ન થયો. શ્રેષ્ઠ સ્વપ્નો વડે (ગર્ભની ઉત્તમતાને) સૂચવતો અને નિરોગી તે ઉચિત સમયે જન્મ્યો. (૪૧૫૪ થી ૫૬) તેના વધામણાં કર્યાં, સમય થતાં તેનું રણશૂર નામ સ્થાપ્યું અને પછી ક્રમશઃ શ્રેષ્ઠ યૌવનને પામ્યો. (૪૧૫૭) ત્યારબાદ પૂર્વે (નિયાણાથી) મેળવેલા અમર્યાદ ઉગ્ર સૌભાગ્યને પામેલો તે જ્યાં જ્યાં ભમે છે, ત્યાં ત્યાં તેના ઉપર કટાક્ષ ફેંકતી, કામને પરવશ બનેલી, બહુ હાવભાવ, (સ્ત્રીઓના વિકારી ચાળારૂપ) વિભ્રમ અને વિલાસથી ક્રીડા કરતી તેમજ નિર્લજ્જ બનેલી, એવી સ્ત્રીઓનાં બીજા સર્વ કાર્યો અટકી જાય છે. (અર્થાત્ તેને જોઈને કામથી પીડાતી સ્ત્રીઓ વિવિધ ચાળા કરતી ઘરનો ધંધો પણ ભૂલી જાય છે.) (૪૧૫૮)

–૫૯) પછી 'અમારો પતિ આ, અથવા તો અગ્નિનું શરણું'–એમ બોલતી, અત્યંત રૂઢ સ્નેહવાળી, રાજા, મહારાજા, સેનાપતિ, મોટા ધનાઢ્યો, સામંતો અને મંત્રીઓની (અનેક) પુત્રીઓ તેને પરણી અને દીર્ઘકાળ સુધી તેઓની સાથે તેણે એકીસાથે પાંચ પ્રકારનાં વિષયસુખને ભોગવ્યાં (૪૧૬૦–૬૧) પછી મરીને તે ગંગદત્ત પોતાના દુરાચરણને વશ સંસારમાં આવી પડતાં અતિ તીક્ષ્ણ લાખો દુઃખોનું ચિરકાળ ભાજન બન્યો. (૪૧૬૨) એ કારણે કહ્યું કે–પૂર્વે દ્રવ્ય–ભાવ એમ બે પ્રકારની સંલેખના કરીને પછી ભક્તપરિજ્ઞાને કરવી જોઈએ. (૪૧૬૩) એમ (આ પહેલા દ્વારમાં જણાવેલો) પરિકર્મ કરનારને પ્રાયઃ આરાધનાનો ભંગ ન થાય, સમ્યગ્ આરાધના કરી શકે અને શ્રી જિનેશ્વરોની આજ્ઞા પણ એ જ છે. (૪૧૬૪) એ પ્રમાણે શ્રી જિનચંદ્રસૂરિએ રચેલી, પરિકર્મવિધિ વગેરે ચાર મોટાં મૂળ દ્વારોવાળી, સંવેગરંગશાળા નામની આરાધનાના પંદર પેટાદ્વારવાળા પહેલા પરિકર્મવિધિ નામના દ્વારનું છેલ્લું (સંલેખના નામનું) પ્રતિદ્વાર જણાવ્યું. અને તે જણાવવાથી પંદર પેટાદ્વારવાળું પરિકર્મવિધિ નામનું પહેલું મૂળદ્વાર પણ સમ્યગ્ (પૂર્ણ) જણાવ્યું. (૪૧૬૫ થી ૬૭) એમ સંવેગરંગશાળા નામની આરાધનાનું પંદર પેટાદ્વારવાળું પરિકર્મ-વિધિ નામનું પહેલું દ્વાર અહીં સમાપ્ત થયું. (૪૧૬૮)

**પ્રશસ્તિ**–એમ અંતિમ દશપૂર્વધર **શ્રી આર્યવજ્રસ્વામિસૂરિ** પટ્ટપરંપરાગત શ્રી જિનશાસનનભોમણિ **શ્રી વર્દ્ધમાનસૂરિ** લઘુબંધુ વ્યાકરણાદિ વિશિષ્ટ ગ્રન્થનિર્માતા **શ્રી બુદ્ધિસાગરસૂરિ**–શિષ્ય **શ્રી જિનચંદ્રસૂરિએ** તેઓના લઘુગુરુબંધુ **નવાઙ્ગીટીકાકાર શ્રી અભયદેવસૂરિની** પ્રાર્થનાથી રચેલી, (શ્રી **ગુણચંદ્રગણિ પરિકર્મિત** અને શ્રી **જિનવલ્લભગણિ સંશોધિત**) પ્રાકૃત પદ્યબદ્ધ શ્રી **સંવેગરંગશાળા** નામની આરાધનાવિધિના પ્રથમ દ્વારનો તપાગચ્છશિરોમણિ **દાદા** શ્રી **મણિવિજયગણિ** ચરમ શિષ્યપંચાધિક શતવર્ષાયુઃ દ્વયશીતિવર્ષ ચારિત્રપર્યાયભૂષિત **સંઘસ્થવિર સ્વ. દાદા-ગુરુદેવ** શ્રી **વિજયસિદ્ધિસૂરિ**–પટ્ટપ્રદ્યોતન–આગમપ્રજ્ઞ–શમમૂર્તિ ગુપ્તગુણનિધિ–**સ્વ. આચાર્ય** શ્રી **વિજયમેઘસૂરિ**–પટ્ટપ્રભાવક–ગાંભીર્યાદિ ગુણરત્નરત્નાકર સ્વર્ગત **ગુરુદેવ** શ્રી **વિજયમનોહરસૂરિ**–શિષ્યાણુ **વિજયભદ્રંકરસૂરિકૃત** ગુર્જરભાષાનુવાદ વિ. સં. ૨૦૩૦–**પોષદશમી** (શ્રી પાર્શ્વજિન–જન્મકલ્યાણક) દિને મરુધરાન્તર્ગત શ્રી **વરકાણા પાર્શ્વપ્રથિત વરકાણાતીર્થ સમીપ બીજેવાનગરે પૂર્ણ થયો. શુભં ભવતુ, ક્ષેમં** ભવતુ, કલ્યાણં **ભવતુ** ॥

ॐ अर्हं नमः

॥ नमोऽस्तु श्री जिनप्रवचनाय ॥

શ્રીમહાવીરસ્વામિને નમઃ । શ્રીગૌતમગણધરાય નમઃ ।
શ્રીશંખેશ્વરપાર્શ્વનાથાય નમઃ । શ્રીજિનચંદ્રસૂરિવરેભ્યો નમઃ ।

શ્રી સિદ્ધિ-મેઘ-મનોહરસૂરિગુરુવરેભ્યો નમઃ ।

# શ્રીસંવેગરંગશાળા ગ્રંથનો ગુજરાતી અનુવાદ-દ્વાર બીજું

પ્રણમી પાસ પંચાસરો, વળી ગૌતમગણરાય;
નિજગુરુચરણશરણ કરી, સમરી શારદમાય. ૧
શ્રી જિનચંદ્રસૂરિએ રચી, જે સંવેગરંગશાળ,
આગમસાર સંચય કરી, પ્રાકૃતવાણી રસાળ. ૨
તેહના પહેલા દ્વારનો, કરી ગુર્જર અનુવાદ,
હવે ગણસંક્રમ દ્વારનો, કરું મન ધરી અપ્રમાદ. ૩
પાઠકગણને વિનવું, કરી મુજ ક્ષતિ ઉદ્ધાર,
પાઠન-પઠન કરે સદા, થાય સ્વ-પર ઉપકાર. ૪
પ્રભુશાસન અતિ દોહિલું, પંચમકાળ મોઝાર,
ઈણ રીતિએ વહેતું રહે, એકવીસ વર્ષ હજાર. ૫
એ ઉપદેશને અનુસરી નિજ આતમહિત કાજ,
અલ્પમતિ પણ આદરું, જ્ઞાન આરાધન આજ. ૬

**મંગલ**-પાપરહિત, રજરહિત, રોગરહિત, જરારહિત, મરણરહિત, રાગરહિત, દ્વેષરહિત, ભયરહિત, કર્મરહિત, અને જન્મરહિત, એવા પ્રભુ શ્રી મહાવીરદેવને (હે ભવ્યો !) સમ્યગ્ પ્રણામ કરો ! (૪૧૬૯) હવે જેણે (પ્રથમ દ્વારમાં વર્ણવેલા) પરિકર્મવિધિને કર્યો છે, તે ગણસંક્રમ કરતા આરાધકોની શુદ્ધ વિધિ કહીશ. તેમાં આ દશ દ્વારો છે.

(૪૧૭૦) ૧–દિશા, ૨–ખામણા, ૩–અનુશાસ્તિ, ૪–પરગણગવેષણા, ૫–સુસ્થિત(ગુરુ)ગવેષણા, ૬–ઉપસંપદા, ૭–પરીક્ષા, ૮–પ્રતિલેખના, ૯–પૃચ્છા અને ૧૦–પ્રતિપૃચ્છા. (૪૧૭૧) તેમાં–

**૧. દિશાદ્વાર**–દિશા એટલે ગચ્છ, કારણ કે–દિશાથી અહીં યતિસમૂહને કહેવાનો છે, તેથી હવે તે દિશાની (ગચ્છની) અનુજ્ઞાને યથાવિધિ કહું છું. (૪૧૭૨) આ ગ્રંથના પૂર્વદ્વારમાં વિસ્તારથી કહેલા ક્રમ પ્રમાણે જેણે (સંસ્તારક) દીક્ષા સ્વીકારી છે તે શ્રાવક, અથવા દીર્ઘકાળ પ્રવ્રજ્યાને પાળનાર કોઈ સાધુ, અથવા નિર્મળ ગુણ-સમૂહથી પૂજ્ય એવા સૂરિપદને પામેલા સાધુ (સૂરિ) જ નિરતિચાર આરાધનાવિધિને કરવા ઇચ્છે. (કરી શકે.) (૪૧૭૩–૭૪) તેમાં જેઓ આગમવિધિથી દીર્ઘકાળ સૂરિપદનું અનુપાલન કરીને, સમસ્ત સૂત્ર–અર્થને ભણાવવા દ્વારા શિષ્યોનો ઉછેર કરીને, શાસ્ત્રમર્યાદા પ્રમાણે ઋદ્ધિ–રસ અને શાતા, એ ત્રણ ગારવોથી રહિત વિચરીને ભવ્ય પ્રાણીઓને પ્રતિબોધ કરીને, (પછી) આરાધના કરવાને જો ઇચ્છે, તો ઉત્તરોત્તર વધતા પ્રશસ્ત પરિણામરૂપ સંવેગવાળા તે (સૂરિ) પહેલાં ઘણા સાધુઓને (રહેવા) યોગ્ય મોટા ક્ષેત્રમાં જાય. (૪૧૭૫ થી ૭૭) ત્યાર પછી તે નગર, ખેટ, કર્બટ વગેરેમાં વિચરતા પોતાના સાધુગણને બોલાવીને તેઓની સમક્ષ તે પ્રકારના પોતાના અભિપ્રાયને જણાવે. (૪૧૭૮) તે પછી પક્ષપાત વિના સમ્યગ્ બુદ્ધિથી પ્રથમ નિશ્ચે પોતાના જ ગચ્છમાં અથવા અન્ય ગચ્છમાં તે (આચાર્યપદને) યોગ્ય પુરુષરત્નને બુદ્ધિથી શોધે. (કેવા પુરુષને શોધે? તે હવે કહે છે.) (૪૧૭૯)

**આચાર્યની યોગ્યતા**–આર્યદેશમાં જન્મેલો, ઉત્તમ જાતિ, રૂપ, કુળ વગેરે (પુણ્ય) સંપત્તિથી યુક્ત, સર્વકળાઓમાં કુશળ, લોકવ્યવહારમાં સારીરીતે પ્રાપ્તાર્થ (કુશળ), સ્વભાવે જ સુંદર આચારવાળો, સ્વભાવે જ ગુણના અભ્યાસમાં સદા તલ્લીન, પ્રકૃતિએ જ આર્દ્રરૂપવાળો (શાન્ત સ્વભાવવાળો), પ્રકૃતિએ જ લોકના અનુરાગનું પાત્ર, પ્રકૃતિએ જ અતિ પ્રસન્ન ચિત્તવાળો, પ્રકૃતિએ જ પ્રિયભાષીમાં અગ્રેસર, પ્રકૃતિએ જ અતિ પ્રશાન્ત આકાર-વાળો અને તેથી જ પ્રકૃતિ ગંભીર, પ્રકૃતિએ જ અતિ ઉદાર આચારવાળો, પ્રકૃતિએ જ મહાપુરુષોના આચારમાં ચિત્તની પ્રીતિવાળો અને પ્રકૃતિએ જ નિષ્પાપ વિદ્યાને મેળવવામાં ઉદ્યમી ચિત્તવાળો (૪૧૮૦ થી ૮૩) કલ્યાણ(ધર્મ)મિત્રાની મૈત્રી કરવામાં અગ્રેસર, નિંદાને નહિ કરનારો, માયારહિત મજબૂત શરીરવાળો, બુદ્ધિબળવાળો, ધાર્મિક લોકોને માન્ય, ઘણા દેશોમાં વિચરેલો અને સઘળા દેશોની ભાષાનો જાણ, વ્યવહારમાં બહુ અનુભવી, (દેશ–વિદેશના) વિવિધ વૃત્તાન્તોને સાંભળેલા હોય તેવો દીર્ઘદ્રષ્ટા અક્ષુદ્ર, દાક્ષિણ્યનો મહા સમુદ્ર, અતિ લજ્જાળુ, વૃદ્ધોને અનુસરનારો, વિનીત અને સર્વ વિષયમાં અતિ સ્થિર લક્ષ્યવાળો, સરળતાથી પ્રસન્ન કરી શકાય તેવો, ગુણોનો પક્ષપાતી, દેશ–કાળ–ભાવનો જાણ, પરહિત કરવામાં પ્રીતિવાળો, વિશેષજ્ઞ અને પાપથી અતિ ભીરુ, સદ્ગુરુએ જેને વિધિપૂર્વક દીક્ષા આપી હોય, તે પછી અનુક્રમે સ્વ–પર શાસ્ત્રોના વિધાનોને ભણેલો,

ચિરપરિચિત સૂત્ર અર્થવાળો, તે તે યુગમાં આગમધરોમાં મુખ્ય, શાસ્ત્રાનુસારી બોધવાળો, તત્ત્વોને સમજાવવાની વિશિષ્ટ બુદ્ધિવાળો, ક્ષમાવાન્. સત્ક્રિયાને કરવામાં રક્ત, સંવેગી, લબ્ધિમાન્, સંસારની અસારતાને સમ્યક્ સમજેલો અને તેથી વિરાગી ચિત્તવાળો, વળી સમ્યગ્જ્ઞાનાદિ ગુણોનો પ્રરૂપક અને સ્વયંપાલક, (શિષ્યાદિને તથા ગચ્છનો ઉપયોગી ઉપકરણાદિનો) સંગ્રહ કરનાર, અપ્રમાદી, (કૃતયોગી=) જ્ઞાની, તપસ્વી, ગીતાર્થ, (અથવા કૃતક્રિય) કથા કરવામાં કુશલ તથા પરલોકનું હિત કરનારા ગુણોના સમૂહને ગ્રહણ કરાવવામાં કુશલ, (૪૧૮૪ થી ૯૧) સતત ગુરુકુળવાસમાં રહેલો, આદેયવાક્ય, અતિશય પ્રશમરસવાળો, (પ્રશાન્ત, સંયમગુણમાં એકરસવાળો, પ્રવચન (શાસન અથવા સંઘ) પ્રત્યે વાત્સલ્યવાળો, શુદ્ધ મનવાળો શુદ્ધ પ્રવચનવાળો, શુદ્ધ કાયાવાળો, વિશુદ્ધ આચારવાળો, દ્રવ્ય (ક્ષેત્ર-કાળ) વગેરેમાં ગૃદ્ધિ (આસક્તિ) વિનાનો અને સર્વ વિષયમાં જયણાયુક્ત, ઇન્દ્રિયોને દમનારો ત્રણ ગુપ્તિથી ગુપ્ત, ગુપ્ત આચારવાળો, માત્સર્યરહિત (અણીસ=) ઇર્ષ્યા વિનાનો, યથાશક્તિ તપ-ત્યાગને કરનારો, મદવિકારથી રહિત, શિષ્યાદિને અનુવર્તન કરાવવામાં કુશલ, તાત્ત્વિક ઉપકારમાં ઉદ્યત, દઢ પ્રતિજ્ઞાવાળો, ઉપાડેલી જવાબદારીના ભારને વહન કરવામાં ધોરી વૃષભ જેવો, આશંસારહિત, તેજસ્વી (દીપ્તિમાન્), ઓજસ્વી (પરાક્રમી), અવિષાદી, ગુપ્ત વાત બીજાને નહિ કહેનારો, ધીર, હિત-મિત અને સ્પષ્ટભાષી, કાનને સુખકારી ઉદાર અવાજ વાળો, (૪૧૯૨ થી ૯૬) મન-વચન-કાયાની ચપળતા વિનાનો, સાધુના સકળ ગુણોરૂપી ઋદ્ધિવાળો, વિના પરિશ્રમે આગમના સૂત્ર-અર્થને યથાસ્થિત કહેનારો, તેમાં પણ દઢ યુક્તિઓ, હેતુઓ (ઉદાહરણો) આપીને જે વિષયનો પ્રારંભ કરેલો હોય તેની સિદ્ધિ કરવામાં સમર્થ, પૂછેલા પ્રશ્નનો તત્કાલ ઉત્તર આપવામાં ચતુર, ઉત્તમ મધ્યસ્થ ગુણવાળો, પાંચેય પ્રકારના આચારને પાળનારો, ભવ્ય જીવોને ઉપદેશ દેવામાં આદરવાળો (વ્યસની), પર્ષદાને જીતનારો (ક્ષોભ નહિ પામનારો), નિદ્રાને જીતનારો (અલ્પ નિદ્રાવાળો), વિવિધ અભિગ્રહોને સ્વીકારવામાં રક્ત. કાળને સહન કરનારો (ધીરજવાળો), (જવાબદારીના) ભારને સહન (વહન) કરનારો, ઉપસર્ગોને સહન કરનારો અને પરીષહોને સહન કરનારો, વળી થાકને સહન કરનારો, (બીજાના) દુર્વાક્યોને સહનારો, કષ્ટોને સહનારો, (વધારે શું) પૃથ્વીની જેમ સર્વ સહન કરનારો, ઉત્સર્ગ-અપવાદના પ્રસંગે તે તે ઉત્સર્ગને અને અપવાદને સેવવામાં ચતુર, છતાં મુગ્ધ (બાળ) જીવોની સમક્ષ અપવાદને નહિ આચરનારો, (૪૧૯૭ થી ૪૨૦૧) પ્રારંભમાં (પ્રથમ મેળાપમાં) અને સંવાસે (પરિચય પછી પણ) ભદ્રિક તથા સમુદ્ર જેવી (ગંભીર) બુદ્ધિવાળો, રાજાના ખજાના જેવો, (સર્વને હિતકર) મધના ઘડા જેવો (પ્રકૃતિએ જ મધુર) અને મધના ઢાંકણુ જેવો (બાહ્ય વ્યવહારમાં પણ મધુર), (૪૨૦૨) વળી ગર્જનારહિત (નિરભિમાનપણે) (દેશનારૂપી જળની) વૃષ્ટિ કરવામાં તત્પરપણાથી, (જનક=) શિષ્યાદિ પ્રાપ્ત કરવાથી

અને (**નિપ્ફાયગેણુ=**) શિષ્યાદિને જ્ઞાન-ક્રિયામાં કુશળતા પ્રગટાવવાથી, સર્વ કાળમાં અને સર્વ ક્ષેત્રોમાં દેશથી અને સર્વથી વૃદ્ધિ પામતા પુષ્કરાવર્ત મેઘની સાથે ઉપમાને ધારણ કરતો, (પુષ્કરાવર્ત મેઘના પક્ષે-ગર્જનારહિત વરસવામાં તત્પર અને તે તે કાળે, તે તે ક્ષેત્રમાં, **દેશથી અને સર્વથી** ધાન્યને ઉગાડનાર અને વૃદ્ધિ-પુષ્ટિ કરનાર, એવો વૃદ્ધિમાન્ મેઘ-એમ અર્થ ઘટાવવો.) અભ્યંતર અને બાહ્ય (**સાર=**) સામર્થ્યવાળો તથા સ્વ-પરની અનુકંપામાં તત્પર (**૪૨૦૩-૪**) તથા સૂત્ર ભણાવવાથી ક્રિયામાં સીતા-સીતોદાના દ્રહની જેમ (**પરિગલંતસોય=**) નિત્ય ગળતા શ્રોત જેવો અને ભણવાની ક્રિયામાં સર્વ બાજુથી (**આસંગલંતસોય=**) પાણીને પ્રાપ્ત કરતા શ્રોત જેવો, (એવા સાધુને શોધે.) (**૪૨૦૫**)

છતાં કાળની પરિહાણિના દોષથી (એવો સમ્પૂર્ણ ગુણવાળો કોઈ ન હોય તો) એનાથી એકાદિ ઓછા ગુણવાળાને અથવા નાના-થોડા દોષવાળા પણ બીજા ઘણા-મોટા ગુણવાળાને (**૪૨૦૬**), એવા પ્રકારના ઉત્તમ (પુરુષરત્ન) શિષ્યને શોધીને (યોગ્ય છે-એમ માનીને, ઋણમુક્તિ કરવાની ઈચ્છાવાળા આચાર્ય પોતાના ગણને પૂછીને (તેને) ગણાધિપતિપણે (આચાર્યપદે) સ્થાપે. (**૪૨૦૭**) માત્ર (એટલું વિશેષ કે-) પોતાને અને શિષ્યને બન્નેને પણ જ્યારે લગ્ન શ્રેષ્ઠ ચંદ્રબળયુક્ત હોય, ઉચ્ચ સ્થાનમાં રહેલા સર્વ શુભ ગ્રહોની દૃષ્ટિ લગ્ન ઉપર પડતી હોય, તેવા ઉત્તમ લગ્ન સમયે ગચ્છના હિતમાં ઉપયુક્ત તે (આચાર્ય સમગ્ર સંઘ સાથે શાસ્ત્રોક્ત વિધિથી તે શિષ્યમાં પોતાના (આચાર્ય) પદને આરોપે. (**૪૨૦૮-૯**) પછી નિઃસ્પૃહ તે આચાર્ય સૂત્રોક્ત વિધિથી સમગ્ર સંઘ સમક્ષ જ "આ (દિસા=) (ગણ બે != ) તમારો છે"-એમ બોલતાં (**દિસં=**) ગચ્છની અનુજ્ઞા કરે. (નવા આચાર્યને ગચ્છ સોંપે.) (**૪૨૧૦**)

પરંતુ જે આચાર્ય (ઉપર કહ્યા તેવા) સવિશેષ સઘળા ગુણસમૂહથી યુક્ત એવા પુરુષના અભાવે, અન્ય સાધુઓની અપેક્ષાએ કેટલાક (વિશેષ) સદ્ગુણવાળા પણ (સાધુને) પોતાના પદે સ્થાપે નહિ અને તેને ગચ્છ સોંપે પણ નહિ. તે શિવભદ્રાચાર્યની જેમ પોતાના હિતને અને ગચ્છને પણ ગુમાવે છે. (**૪૨૧૧-૧૨**) તે આ પ્રમાણે-

**ગચ્છની અનુજ્ઞા નહિ કરવામાં શિવભદ્રાચાર્યનો પ્રબંધ**-કંચનપુરનગરમાં શ્રુતરૂપી રત્નોના મોટા રત્નાકર, મોટા ભાગ્યવાન અને ઘણા શિષ્યોરૂપ ગચ્છના નેત્રતુલ્ય, એવા શિવભદ્ર નામે આચાર્ય હતા. (**૪૨૧૩**) તે મહાત્મા એક અવસરે મધ્યરાત્રિના સમયે આયુષ્યને જાણવા માટે જ્યારે આકાશને જોવા લાગ્યા, ત્યારે અકસ્માત્ જેઓએ ઉછળતી કાન્તિના પ્રવાહથી સમગ્ર દિશાચક્રને ઉજ્વળ કરતાં એવા બે ચંદ્રોને સમકાળે જોયા. (**૪૨૧૪-૧૫**) તેથી શું મતિભ્રમથી બે ચંદ્ર દેખાય છે કે શું દૃષ્ટિદોષ છે? અથવા શું (**બિભીષિકા=**) કૃત્રિમ ભય છે?-એમ વિસ્મિત ચિત્તવાળા તેઓએ બીજા સાધુને ઉઠાડ્યો. (**૪૨૧૬**) અને કહ્યું કે-હે ભદ્ર! આકાશમાં તને શું બે ચંદ્રમંડલ દેખાય છે? તેણે કહ્યું કે-હું એક જ ચંદ્રને દેખું છું. (**૪૨૧૭**) ત્યારે સૂરિજીએ જાણ્યું કે-નિશ્ચે

જીવન છેડે પહોંચ્યા જેવું (અલ્પ) છે, તેથી મારે પૂર્વે નહિ જોયેલા આ ઉત્પાત થયો; (૪૨૧૮) કારણ કે–ચિર જીવનારા મનુષ્યો, આવા બીજાઓને આશ્ચર્યકારક અને અત્યંત અઘટિત ઉત્પાતને કદાપિ જોતાં નથી. (૪૨૧૯) અથવા આવા વિકલ્પ કરવાથી શું? ઉત્પાતના અભાવે પણ મનુષ્ય, તૃણના છેડે લાગેલા જલબિંદુ જેવા (પોતાના) જીવનને ચિરકાળ રહેનારૂં માનતો નથી. (૪૨૨૦) તેથી પ્રતિસમય નાશ પામતા જીવનવાળા પ્રાણીઓને આ વિષયમાં આશ્ચર્ય શું? અથવા વ્યાકુળતા શા માટે? અથવા સંમોહ કેમ થાય? (૪૨૨૧) (ઉલટું) ચિરકાળ નિર્મળ શીલથી શોભતાં એવા ઉત્તમ–ઘોર તપશ્ચર્યાવાળા તપસ્વીઓને (તો) પરમ અભ્યુદયમાં નિમિત્ત એવું મરણ પણ મનને આનંદ કરે છે. (૪૨૨૨) પરંતુ ભાતા વિનાના લાંબા પંથના મુસાફરની જેમ જેઓ પરભવ જવાના કાળે સદ્ધર્મને ઉપાર્જન નહિ કરનારા છે, તેઓ દુ:ખી થાય છે. (૪૨૨૩) માટે હું ઉત્તમ ગુણવાળા, સઘળા સાધુઓના નેત્રને આનંદ દેનારા–એવા એક મારા શિષ્ય ઉપર ગચ્છના ભારને મૂકીને (હું), અત્યંત વિક્લિષ્ટ (ઉગ્ર) એવા વિવિધ વિશિષ્ટ તપોથી કાયાને શોષવીને, એકાગ્ર મનવાળો દીર્ઘ સાધુતાના ફળને પ્રાપ્ત કરું. (૪૨૨૪–૨૫) પરંતુ (મારા) આ શિષ્યોમાં કોઈ સ્વભાવે જ ક્રોધાતુર છે અને શાસ્ત્રના પરમાર્થને જાણવામાં કોઈ પણ કુશલ નથી, કોઈ રૂપવિકળ છે તો કોઈ શિષ્યોને અનુવર્તન કરાવવાનું જાણતો નથી, કોઈ કલહખોર છે તો કોઈ લોભથી (તો કોઈ)–માયાથી પરાભવ પામેલો (લોભી–માયાવી) છે અને કોઈ ઘણા ગુણવાળો છે પણ અભિમાની છે. હા! શું કરું? એવો કોઈ સર્વગુણી નથી, કે જેના ઉપર આ ગણધરપદનું આરોપણ કરું! (૪૨૨૬ થી ૨૮) શાસ્ત્રમાં કહ્યું છે કે–"જાણવા છતાં પણ સ્નેહરાગથી જે આ ગણધરપદને કુપાત્રમાં સ્થાપે છે, તે શાસનનો પ્રત્યનિક છે." (૪૨૨૯) એમ શિષ્યો પ્રત્યે (દુષ્ટહૃદયાએ) અરુચિપણાથી તેવા પ્રકારના કેટલાક ગુણોથી યુક્ત પણ શિષ્યસમુદાયને અવગણીને અને ભાવી અનર્થને વિચાર્યા વિના જ, સમયને અનુરૂપ કર્ત્તવ્યમાં મૂઢ બનેલા તેણે તેવી કંઈક માત્ર સંલેખનાને કરીને ભક્તપરિજ્ઞા અનશનને સ્વીકાર્યું. (૪૨૩૦–૩૧) પછી તે અનશનમાં રહેવાથી જ્યારે સારણા–વારણાદિનો સંભવ ન રહ્યો, ત્યારે જંગલના હાથીઓની જેમ નિરકુંશ થયેલા, તથા (ગુરુને) શિષ્યો પ્રતિ ઉપેક્ષાવાળા જોઈને (ગુરુથી) નિરપેક્ષ બનેલા, શિષ્યો પણ તેઓની (ગુરુની) સેવા વગેરે કાર્યોમાં મંદ આદરવાળા થયા. (૪૨૩૨–૩૩) અને આચાર્ય પણ તેઓને તેવા જોઇને હૃદયમાં સંતાપ કરતાં અનશનને (**અસમત્થિઅ=**) પૂર્ણ કર્યા વિના જ મરીને અસુરદેવોમાં ઉત્પન્ન થયા. (૪૨૩૪) શિષ્યસમુદાય પણ જેમ નાયક વિનાના નાગરિકો શત્રુના સુભટસમૂહથી પરાભવ પામે, તેમ અતિ ક્રૂર પ્રમાદ શત્રુના સુભટોના સમૂહથી આક્રાન્ત (પરાભૂત) થયો (૪૨૩૫) અને ગુરુના વિરહમાં સાધુના કર્ત્તવ્યોમાં શિથિલ બનેલો, કૌતુક–મંત્ર વગેરેમાં પ્રવૃત્તિ કરતો અનેક અનર્થોનો ભાગી થયો. (૪૨૩૬)

એ કારણે આચાર્ય મધ્યમ ગુણવાળાને પણ સૂરિપદે સ્થાપીને, તેને ગચ્છની અનુજ્ઞા કરીને, અનશનનો પ્રયત્ન કરે (આદરે). (૪૨૩૭) અન્યથા પ્રવચનની નિંદા, ધર્મનો નાશ, મોક્ષમાર્ગનો ઉચ્છેદ, કલેશ (કર્મનો બંધ) અને ધર્મથી વિપરિત પરિણામ વગેરે દોષો થાય. (૪૨૩૮) એ પ્રમાણે કુગતિરૂપી અંધકારનો નાશ કરવામાં સૂર્યના તેજતુલ્ય અને મરણ સામે યુદ્ધમાં જયપતાકાની પ્રાપ્તિ કરાવવામાં સફળ કારણ, એવી સંવેગરંગશાળારૂપી આરાધનાના દશ પેટાદ્વારવાળા બીજા ગણુસંક્રમદ્વારનું 'દિશા' નામનું પહેલું પેટાદ્વાર કહ્યું. (૪૨૩૯-૪૦) હવે એ રીતે પોતાના પદે શિષ્યને સ્થાપીને, તેને ગણની અનુજ્ઞા કરનારા, એકાન્ત નિર્જરાની અપેક્ષાવાળા પણ આચાર્યને, કે જેના અભાવે અતિ મોટી કલ્યાણરૂપી વેલડીવૃદ્ધિને ન પામે, તે દુર્ગતિનો નાશ કરનારી ક્ષમાપના કહેવાય છે. (૪૨૪૧-૪૨)

**૨. ક્ષામણાદ્વાર**-પછી પ્રશાન્ત ચિત્તવાળા તે (સૂરિ) બાલ-વૃદ્ધ સહિત પોતાના સર્વ ગણને અને તત્કાળ સ્થાપેલા (નૂતન) આચાર્યને બોલાવીને મધુર વાણીથી આ પ્રમાણે કહે કે-ભો મહાનુભાવો! 'સાથે રહેનારાઓને નિશ્ચે સૂક્ષ્મ કે બાદર કંઇ પણ અપ્રીતિ થાય,' (૪૨૪૩-૪૪) તેથી કદાપિ અશન, પાન, વસ્ત્ર, પાત્ર તથા પીઠ કે બીજું પણ તેવું જે કંઇ ધર્મનો ઉપકાર કરનાર (ધર્મોપકરણ) મને મળેલું છતાં, વિદ્યમાન છતાં અને કલ્પ્ય છતાં, મેં આપ્યું ન હોય અથવા બીજા આપનારને કોઇ કારણે પ્રતિષેધ્યું હોય. (૪૨૪૫-૪૬) અથવા તમે પૂછવા છતાં જે અક્ષર, પદ, ગાથા, અધ્યયન આદિ સૂત્રને ભણાવ્યું ન હોય, અથવા સારી રીતે (અર્થથી) સમજાવ્યું ન હોય, (૪૨૪૭) અથવા ઋદ્ધિ, રસ અને શાતાગારવને વશ થઈ, કોઇ કારણે કંઇ પણ કઠોર-આકરી ભાષાથી ચિરકાળ (વારંવાર) પ્રેરણા કે તર્જના કરી હોય, (૪૨૪૮) વિનયથી અતિ નમ્ર અને ગાઢ રાગના બંધનથી દૃઢ બંધાયેલા પણ તમોને રાગાદિને વશ થઇને મેં જે કંઈ વિષમ દૃષ્ટિથી (અવિનીતાદિ રૂપે) જોયા (માન્યા) હોય, (૪૨૪૯) અને સદ્ગુણોને મેળવવામાં પણ તે તે સમયે જે તમારી ઉપબૃંહણા (ઉત્સાહવૃદ્ધિ) ન કરી હોય, તેને હે મુનિભગવંતો! શલ્ય અને કષાયરહિત થઈને હું તમને ખમાવું છું. (૪૨૫૦) તથા હે દેવાનુપ્રિય! પ્રિયને (હિતકરને) પણ અપ્રિય માનીને જે આટલો કાળ (**અપએ=**) અસ્થાને (કારણ વિના) પણ તમને દુભવ્યા, તેને પણ ખમાવું છું. (૪૨૫૧) શું કોઇથી પણ (**અણિસં=**) રાત્રિ-દિવસ (સતત) કોઈનું પણ એકાન્તે પ્રિય કરી શકાય? તેથી મેં જે કંઇ પણ તમારું અપ્રિય કર્યું હોય, તેની મને ક્ષમા કરજો. (૪૨૫૨) વધારે શું? અહીં (સાધુજીવનમાં) દ્રવ્યથી, ક્ષેત્રથી, કાળથી કે ભાવથી મેં તમારું જે કંઇ પણ અનુચિત કર્યું હોય, તે સર્વને પણ નિશ્ચે હું ખમાવું છું (૪૨૫૩)

પછી તીવ્ર ગુરૂભક્તિવાળા ચિત્તયુક્ત આત્મવૃત્તિ(ગુરૂભક્તિના પરિણામ)વાળા તેઓ સર્વે પણ એવું પૂર્વે નહિ સાંભળેલું ગુરૂનું વચન સાંભળીને, ભય પામેલાની જેમ

ઉત્પન્ન થયેલા શોકથી મંદ થયેલી ગદ્ગદ્ ગળાની નળી ( અવાજ )વાળા, અતિ વિદ્વાન્ પણ સતત નીકળતાં મોટાં આંસુઓના પાણીથી ભીંજાયેલાં નેત્રોવાળા, ગુરુને કહે કે–હે સ્વામિન્! સર્વ રીતે પોતે કષ્ટ સહીને પણ જે તમે સદાય અમને જ પોષ્યા (સંભાળ્યા), તેવા (ઉપકારી) છતાં, તમે "હું ખમાવું છું"–એવું આ વચન કેમ કહો છો? તેને બદલે ( તમારે ) "તમને સદ્ગુણોમાં સ્થાપ્યા તેને અનુમોદું છું"–એમ કહેવું જોઇએ. (૪૨૫૪ થી ૫૭) આપ અપ્રાપ્ત ગુણોને પમાડનારા, પામેલાની વૃદ્ધિ કરનારા, કલ્યાણ-રૂપી વેલડીને ઉગાડનારા, એકાન્ત હિત કરનારા વત્સલ, મુક્તિપુરીમાં જનારના એક શ્રેષ્ઠ સાર્થવાહ, નિષ્કારણ એક પ્રિય બંધુ, સંયમમાં સહાયક, સકળ જગતના જીવોના રક્ષક, સંસારસમુદ્રમાં કર્ણધાર (પાર ઉતારનાર) અને સર્વ પ્રાણીસમૂહના સાચા માતા–પિતા હોવાથી જે અતિ ચતુર એવા ભવ્ય પ્રાણીઓને માતા–પિતાને તજીને પણ આશ્રય કરવા યોગ્ય મહાસત્ત્વવાળા ( મહાત્મા ), ભયથી પીડાતાને ભયમુક્ત કરનારા અને હિતમાં તત્પર, એવા હે ભગવંત ! તમે ( **અવશ=** ) ઉપયોગના અભાવે ( પ્રમાદથી ) પણ, લોકમાં કોઇનું પણ કોઇ રીતે અનુચિત ચિંતવો ખરા? (૪૨૫૮ થી ૬૨) દ્રવ્યથી, ક્ષેત્રથી અને કાળથી નિત્ય સર્વ પ્રાણીઓનું એકાન્ત પ્રિય કરનારા આપને પણ શું ખમાવવાયોગ્ય હોય? (૪૨૬૩) નિશ્ચે "આમ કહેવાથી ગુણ થશે"–એમ માનીને આપ જે કંઇ કઠોર વગેરે પણ કહો, તે પણ ઉત્તમ વૈદ્યના કડવા ઔષધની જેમ પરિણામે ( અમારા ) હિત માટે ( હોય ). (૪૨૬૪) તેથી અમે જ આપને ઉદ્દેશીને જે કંઇ પણ અનુચિત કર્યું, કરાવ્યું અને અનુમોદ્યુ હોય, તેને આપ પ્રત્યે ખમવા યોગ્ય છે. (૪૨૬૫) પુનઃ હે ભગવંત ! તે પણ અમે રાગથી, દ્વેષથી, મોહથી કે અનાભોગથી, મન, વચન તથા કાયા-દ્વારા જે અનુચિત કર્યું હોય, તેમાં રાગથી પોતાનું બહુમાન ( બડાઈ ) કરવાથી, દ્વેષથી આપ પ્રત્યે દ્વેષ કરવાથી, મોહથી અજ્ઞાન દ્વારા અને અનાભોગથી ઉપયોગ વિના ( જે અનુચિત કર્યું હોય તે આપ પ્રત્યે ખમવા યોગ્ય છે.) (૪૨૬૬–૬૭) વળી તમે સમ્યગ્ અનુગ્રહબુદ્ધિથી અમારું હિત કરવા છતાં અમે મનથી જે કંઈ પણ વિપરીત સંભાવના ( કલ્પના ) કરી હોય, (૪૨૬૮) વચનથી ( **અંતરભાષા=** ) વચ્ચે બોલ્યા હોઇએ કે અપ્રિય વચન, પાછળ નિંદા, ચાડી તથા આપનાં જાતિ ( કુળ–બળ–જ્ઞાન ) વગેરેથી જે હલકાઈ ( નિંદા ) કરી હોય, (૪૨૬૯) કાયાથી આપના હાથ, પગ, ઉપધિ વગેરેનો જે કંઇ અનુચિત સંઘટ્ટો વગેરે કર્યું હોય, તે સર્વને અમે ત્રિવિધે ત્રિવિધે ખમાવીએ છીએ. (૪૨૭૦) તથા હે ભગવંત ! અશન, પાન વગેરેને તથા સૂત્ર, અર્થ અને તદુભય, વસ્ત્ર, પાત્ર, દંડ વગેરેને તથા સારણા, વારણા, નોદના અને પ્રતિનોદના વગેરેને પ્રીતિ–રુચિવાળા તમે ( પ્રેમપૂર્વક ) આપ્યું, છતાં અમે કોઈ રીતે અવિનયથી સ્વીકાર્યું, તે પણ સર્વ ખમાવીએ છીએ. (૪૨૭૧–૭૨) વળી કોઈ દ્રવ્યમાં, ક્ષેત્રમાં, કાળમાં કે ભાવમાં, કયાંય પણ, કોઈ પણ કદાપિ જે આશાતના કરી હોય, તેને પણ નિશ્ચે ત્રિવિધે ત્રિવિધે ખમાવીએ છીએ. (૪૨૭૩) હવે આ વિષયમાં વધુ કહેવાથી સર્યું. એ પ્રમાણે ભક્તિના સમૂહથી ભરેલા

શરીરવાળા તે શિષ્યો, બે હાથ સમ્યગ્ ભાલતળે જોડીને, ગુણોથી મહાન્ ધર્માચાર્ય, ધર્મોપદેશક અને ધર્મના ધવળધોરી (વૃષભ) એવા પોતાના ગુરુને વારંવાર પોતે કરેલી અધર્મકરણીને (અપરાધોને) ખમાવે. (૪૨૭૪-૭૫) વળી (પણ કહે કે-) સંયમનો ભાર ધારણ કરવારૂપ ઉજ્વળ ગુણોના એક આધાર હે ગુરુદેવ! દીક્ષાદિનથી આજ સુધી હિતોપદેશ આપનારા પણ આપની આજ્ઞાને, અજ્ઞાન તથા પ્રમાદદોષને વશ પડેલા અમે, જે કોઈ વિરાધી હોય, તે સર્વને પણ મન-વચન-કાયાથી ખમાવીએ છીએ. (૪૨૭૬-૭૭) એમ ગુરુએ યથાયોગ્ય ખામેલા શિષ્યાદિ આનંદના આંસુ વરસાવતા પૃથ્વી સુધી મસ્તક નમાવીને યથાયોગ્ય ખમાવે. (૪૨૭૮) એ પ્રમાણે ક્ષમાપના કરવાથી આત્માની શુદ્ધિ થાય અને બીજા ભવમાં થોડું પણ વૈરનું કારણ ન રહે. (૪૨૭૯) અન્યથા (ક્ષમાપના ન કરવાથી) નયશીલસૂરિની જેમ (કરેલો) જ્ઞાનનો અભ્યાસ અને પરોપદેશાદિ ધર્મનો વ્યાપાર પણ પરભવે નિષ્ફળ થાય. (૪૨૮૦) તે આ પ્રમાણે-

**ક્ષમાપના ન કરવા અંગે નયશીલસૂરિનો પ્રબંધ**-એક મોટા ગચ્છમાં વિશાળ શ્રુતજ્ઞાનથી જાણવાયોગ્ય જ્ઞેયના જાણ, દૂરથી અન્ય ગચ્છમાંથી આવેલા સાંભળવાની ઇચ્છાવાળા શિષ્યોના સેંકડો સંશયોનો નાશ કરનારા (જ્ઞાની અને ઉપદેશક), અને બુદ્ધિથી સ્વયં બૃહસ્પતિ જેવા નયશીલ નામના આચાર્ય હતા. માત્ર સુખશીલપણાથી ક્રિયામાં તેઓ તેવા (ઉદ્યમી) ન હતા. (૪૨૮૧-૮૨) તેમનો એક શિષ્ય સમ્યગ્જ્ઞાની અને ચારિત્રથી (ક્રિયાથી) પણ યુક્ત હતો, તેથી શાસ્ત્રાર્થમાં વિચક્ષણ લોકો, ઉપયુક્ત મનવાળા (થઈને) 'તહત્તિ' બોલતા, તેની પાસે શ્રી જિનાગમને સાંભળતા હતા અને '(આ મુનિ) પવિત્ર ચારિત્રવાળા છે'-એવું બહુમાન કરતા હતા. (૪૨૮૩-૮૪) એમ કાળ પસાર થતાં (એકદા) તે સૂરિએ વિચાર્યું કે-આ ભોળા લોકો મને છોડીને આની સેવા કેમ કરે છે? (૪૨૮૫) અથવા સ્વચ્છંદાચારી આ લોકો ભલે કંઈ પણ કરે, કિન્તુ મેં તેવો બહુશ્રુત કરેલો પણ, તે રીતે દીક્ષિત કરેલો પણ, તે રીતે પાળેલો પણ તથા મોટા ગુણવાળો બનાવેલો પણ, આ (નિહિણો=) તુચ્છ શિષ્ય મને અવગણીને આ રીતે પર્ષદાના ભેદમાં (કીસ=) કેમ વર્તન કરે છે? (૪૨૮૬-૮૭) 'રાજા જીવતો છતાં છત્રનો ભંગ ન કરાય 'એ લોકપ્રવાહને પણ હું માનું છું કે-આ અનાર્યે સાંભળ્યો નથી. (૪૨૮૮) (છતાં) આને હું જો હમણાં ધર્મકથા કરતાં રોકીશ, તો મહામુગ્ધ લોકો મને 'મત્સરી છું'-એવો માનશે. (૪૨૮૯) તેથી ભલે કંઈ પણ કરો. આવા પ્રકારના જીવોની ઉપેક્ષા કરવી યોગ્ય છે. બીજું કંઈ પણ કરવું તે નિષ્ફળ અને તેના ભક્ત-લોકમાં વિરુદ્ધ છે. (૪૨૯૦) એમ સંક્લેશ વશ થયેલા તેના પ્રત્યે પ્રદ્વેષવાળા તે સૂરિ અંતઃકાળે પણ તેની (સાથે) ક્ષમાપના કર્યા વિના મરણને પામ્યા. (૪૨૯૧) પછી સંક્લેશદોષથી તે જ વનમાં તે ક્રૂર આત્મા, (સંજ્ઞી=) મનવાળો, (તાવિચ્છ=) તમાલવૃક્ષ જેવો (અતિ કાળો), એવો સર્પ થયો, (૪૨૯૨) પછી કોઇ રીતે અહીં-તહીં

ભમતો તે તે જ સાધુઓની સ્વાધ્યાય-ધ્યાન કરવાની ભૂમિમાં આવીને રહ્યો. (૪૨૯૩) તે વેળા સ્વાધ્યાય કરવાની ઇચ્છાથી તે શિષ્ય ચાલ્યો, ત્યારે અપશુકન થવાથી સ્થવિરોએ તેને રોકયો. (૪૨૯૪) એક ક્ષણ રોકાઈને જ્યારે તે ફરી ચાલ્યો, ત્યારે પણ પુનઃ તેવો જ અપશુકન થયો. તે વખતે સ્થવિરોએ વિચાર્યું કે-આ વિષયમાં કંઇ પણ કારણ હોવું જોઇએ, માટે (સાથે) અમે પણ જઈએ, એમ માનીને તેની સાથે જ (સ્થવિરો પણ) સ્વાધ્યાયભૂમિએ ગયા. (૪૨૯૫-૯૬) પછી સ્થવિરોની વચ્ચે (રહેલા) તે શિષ્યને જોઇને, પૂર્વભવના આકરા મત્સરને વશ તે સાપને ભયંકર કોપ પ્રગટયો. (૪૨૯૭) ત્યારે પ્રચંડ ફણાને ચઢાવીને રાતી નજરને (છોહ=) ફેંકવાથી, આકાશને પણ પાટલ જેવું (રાતું) કરતો અને અતિ પહોળા મુખવાળો તે સર્પ તે શિષ્ય તરફ દોડયો. (૪૨૯૮) બીજા મુનિઓને છોડીને તેજ શિષ્ય તરફ અતિ વેગથી જતા તે સાપને સ્થવિરોએ મુશીબતે પણ તૂર્ત રોકયો. (૪૨૯૯) અને તેઓએ માન્યું કે-જે આવું વૈર ધારણ કરે છે, તે આ નિશ્ચે કોઇપણ સાધુતાનો ભંજક અને સાધુનો પ્રત્યનિક છે. (૪૩૦૦) તે પછી એક પ્રસંગે ત્યાં કેવળી ભગવંત આવ્યા અને સ્થવિરોએ (યત્ન) વિનયપૂર્વક તેમને આ વૃત્તાંતને પૂછયો. (૪૩૦૧) તેથી કેવળીભગવાને પૂર્વે કહ્યો તે નયશીલસૂરિનો તેના પ્રત્યે પ્રદ્વેષવાળો સર્વ વૃત્તાન્ત મૂળથી જ તેઓને જણાવ્યો. (૪૩૨૦) એ પ્રમાણે સાંભળીને વૈરાગ્ય પ્રગટેલી બુદ્ધિવાળા મુનિઓ બોલ્યા કે-અહો! પ્રદ્વેષનું દુષ્ટ પરિણામ ભયંકર છે, કારણ કે-તેવા શ્રુતજ્ઞાનરૂપી ગુણની ખાણ પણ, બુદ્ધિમાન્ પણ અને કર્ત્તવ્યના જાણ પણ મહાનુભાવ સૂરિ (દ્વેષથી) ભયંકર સર્પ થયા. (૪૩૦૩-૪) (પછી પૂછયું કે-) હે ભગવંત! તેને હવે વૈરનો ઉપશમ કેવી રીતે થાય? કેવલીભગવંતે કહ્યું કે-તેની સમીપે જઈને પૂર્વભવના વૈરનું સ્વરૂપ તેને જણાવો અને વારંવાર ક્ષમાપના કરો. એમ કરવાથી જાતિસ્મરણને પામેલો તે બોધ પામશે. (૪૩૦૫-૬) અને પ્રગટેલી ધર્મભાવનાવાળો તે મત્સરને તજીને અને અનશન કરીને, પુનઃ પણ તે કાળને ઉચિત સદ્ધર્મની કરણીને આરાધશે. (૪૩૦૭) તેથી સ્થવિરોએ સર્પને ઉદ્દેશીને તે જ રીતે ક્ષમાપનાદિ સર્વ કર્યું અને તે સર્પ અનશન વગેરે ક્રિયા કરીને મરીને દેવ થયો. (૪૩૦૮) એમ વૈરની પરંપરાને ઉપશમાવવા માટે અનશન સમયે શિષ્યસમુદાયને (કરેલી) સવિશેષ ક્ષમાપના શુભ ફળવાળી બને છે. (૪૩૦૯) વળી ખમાવનારને આ ભવમાં નિઃશલ્યપણું, વિનયનું પ્રગટીકરણ, (મગ્ગો=) સમ્યગ્દર્શનાદિ ગુણો, કર્મની લઘુતા, એકત્વ (ભાવના) અને રાગરૂપી બંધનનો ત્યાગ, એ ગુણો થાય છે (૪૩૧૦) એમ ગુણરૂપી રત્ન માટે રોહણાચળની ભૂમિતુલ્ય અને મરણની સામે યુદ્ધમાં જયપતાકાની પ્રાપ્તિ કરાવવામાં સફળ હેતુભૂત, એવી સંવેગરંગશાળા નામની આરાધનાના દશ પેટાદ્વારવાળા ગણસંક્રમ નામના બીજા દ્વારનું ક્ષમાપના નામનું બીજું પેટાદ્વાર કહ્યું. (૪૩૧૧-૧૨)

**૩. અનુશાસ્તિદ્વાર**-હવે શાસ્ત્રવિધિ પ્રમાણે મુનિઓને ખામણાં કરવા છતાં પણ

જેના વિના (ક્ષપક) સમ્યગ્ સમાધિને ન પામે, તે અનુશાસ્તિને કંઈક માત્ર જણાવાય છે. (૪૩૧૩) (ક્ષમાપના) પછી એકાગ્રતાથી યથાવિધિ સર્વ ધર્મવ્યાપારોમાં પ્રતિદિન ઉદ્યમવાળા, વધતા વિશુદ્ધ ઉત્સાહવાળા, શાસ્ત્રરહસ્યોના જાણ, સાધુને યોગ્ય સમસ્ત આચારોને સ્વયં અખંડ આચરતા અને શેષ મુનિઓને પણ તે પ્રમાણે જણાવતાં, એવા પોતાના પદે સ્થાપેલ નૂતન આચાર્યને અને સંયમમાં રક્ત એવા સમગ્ર ગચ્છને જોઇને, તે પૂર્વે કહેલા, અનુપકારી પણ બીજાઓને અનુગ્રહ કરવામાં અતિ લીન ચિત્તવાળા, મહાસત્ત્વશાળી અને સંવેગથી ભરેલા હૃદયવાળા તે મહાત્મા પૂર્વસૂરિ તેની અનુમોદના કરે અને અતિ પ્રસન્ન મનવાળા તે સૂરિ ઉચિત સમયે કેવી રીતે શિખામણ આપે તે કહે છે. મોટા ગુણના સમૂહની વૃદ્ધિ અને પુષ્ટિ વડે જેમાંથી કુબુદ્ધિરૂપ મેલ ધોવાઈ ગયો છે તેવી, પંડિતોના મનને સંતોષ આપનારા પ્રશમને ઝરતી, અતિ સ્નેહથી યુક્ત, સંદેહ વિનાની, (અર્થથી) ગંભીર, સંસાર પ્રત્યે વૈરાગ્યને પ્રગટાવનારી, પાપરહિત, મોહ(અજ્ઞાન) રહિત, કથનીય વિષયને ગ્રહણ કરાવનારી, દુરાગ્રહની નાશક, મનરૂપી અશ્વને ધર્મની સોટી-(ચાબૂક) તુલ્ય, મધુરતાથી ક્ષીર, મધના મહિમાને પણ જીતનારી (અતિ મધુર) અને સાંભળનારના અસ્થિ-મજ્જાને પણ રંગે તેવી હિતશિક્ષા (નૂતન) સૂરિને અને પોતાના ગચ્છને આપે. (૪૩૧૪ થી ૨૦) (હવે તે શિખામણનું સ્વરૂપ કહે છે કે-) હે દેવાનુપ્રિયો! તમે જગતમાં ધન્ય છો, કે જે આ જગતમાં અતિ દુર્લભ એવું આર્યદેશમાં મનુષ્યપણું પ્રાપ્ત કર્યું. (૪૩૨૧) વળી સ્નેહી (સ્વજનો, નોકરો વગેરે) મનુષ્યોથી ભરેલા (ઉત્તમ) કુળમાં જન્મ, પ્રશસ્ત જાતિ તથા સુંદર રૂપ, સુંદર બળ, આરોગ્ય અને દીર્ઘ આયુષ્ય, વિજ્ઞાન, સદ્ધર્મમાં બુદ્ધિ, સમ્યક્ત્વ અને અખંડ (નિરતિચાર) શિયળને (તમે) પ્રાપ્ત કર્યું છે. આવો પુણ્યનો સમૂહ નિષ્પુણ્યકોને કોઈ રીતે પ્રાપ્ત થતો નથી. (૪૩૨૨-૨૩) એમ સર્વની સામાન્ય રૂપમાં ઉપબૃંહણા કરીને તે પછી પહેલાં આચાર્યને શિખામણ આપે. જેવી કે- (૪૩૨૪) હે સત્પુરુષ! તું સંસારસમુદ્રથી તારનારી ઉત્તમ ધર્મરૂપી નાવડીનો નિર્યામક (કર્ણધાર) છે, મોક્ષમાર્ગમાં સાર્થવાહ છે અને અજ્ઞાનથી અંધ જીવોને નેત્રતુલ્ય છે. (૪૩૨૫) અશરણ એવા ભવ્ય જીવોનું શરણ છે અને અનાથોનો નાથ છે, તેથી હે સત્પુરુષ! તને ગચ્છના મોટા ભારમાં જોડ્યો (ઉપડાવ્યો) છે. (૪૩૨૬) હે ધીર! સર્વોત્તમ ફળના (તીર્થંકરનામકર્મના) જનક એવા આ સર્વોત્તમ (સૂરિ) પદને, અક્ષય સુખરૂપ મોક્ષને પામવા માટે છત્રીશ ગુણરૂપી (ધર્મરથની) ધૂરાને ધારણ કરવામાં ધીર, વૃષભતુલ્ય અને પુરુષોમાં સિંહ, એવા શ્રી ગૌતમ (ગણધર) વગેરેએ વહન કર્યું છે, જેથી નિર્મળ બુદ્ધિવાળા તારે પણ તેને દૃઢ રીતે ધારણ કરવું. (૪૩૨૭-૨૮) (કારણ કે-) ધન્ય પુરુષોને આ પદ અપાય છે, ધન્ય પુરુષો એનો પાર પામે છે (સફળ કરે છે) અને એનો પાર પામીને તેઓ દુઃખોના પારને (અંતને) પામે છે. (૪૩૨૯) આનાથી પણ શ્રેષ્ઠ બીજું પદ સમગ્ર જગતમાં

પણ નથી, કારણ કે–કાળદોષથી શ્રી જિનેશ્વરોનો વ્યુચ્છેદ થતાં, (વર્ત્તમાનમાં) શાસનનો પ્રકાશ (પ્રભાવના) કરનારું આ પદ છે. (૪૩૩૦) તેથી કોઇ (ઐહિક) આશા વિના પ્રતિદિન શ્રી જિનાગમને અનુસારે વિવિધ પ્રકારના શિષ્યસમૂહને અનુસરીને (તેઓની ભિન્ન ભિન્ન યોગ્યતા પ્રમાણે) અગ્લાનપણે વ્યાખ્યાન કરજે, કે જેથી પરલોકમાં ઉદ્યત ધીર પુરુષોએ (ગુરુઓએ) તારા ઉપર આરોપિત કરેલા આ ગણધરોના પદનો (સૂરિપદનો) તું નિસ્તાર (પાર) પામે (સફળ કરે); (૪૩૩૧–૩૨) કારણ કે–જન્મ–જરા–મરણથી ભયંકર એવી લાંબી સંસારરૂપી અટવીમાં ભટકવાથી થાકેલા, પરમપદરૂપ કલ્પવૃક્ષના શુભ ફળની સંપ્રાપ્તિને ઇચ્છતા આ ભવ્ય પ્રાણીઓને શ્રી જિનકથિત ધર્મશાસ્ત્રના ઉપદેશતુલ્ય ત્રણે ભુવનમાં પણ બીજો સુંદર ઉપકાર નથી. (૪૩૩૩–૩૪) વળી આ શ્રી જિનકથિત આગમનું જે વ્યાખ્યાન કરવું, તે (પરમાર્થ=) મોક્ષના સંશયરૂપ અંધકારનો નાશ કરવામાં સૂર્યરૂપ છે, સંવેગ અને પ્રશમનું જનક છે, દુરાગ્રહરૂપી ગ્રહનો નિગ્રહ કરવામાં મુખ્ય (સમર્થ) છે, સ્વ–પર ઉપકાર કરનાર હોવાથી મહાન્ છે, પ્રશસ્ત એવા શ્રી તીર્થંકરનામકર્મને બંધાવનારું છે, એમ (આણુગુ=) મોટા ગુણોનું જનક છે. (૪૩૩૫–૩૬) તે કારણે હે સુંદર! પરિશ્રમને ગણકાર્યા વિના, પરને ઉપકાર કરવામાં એકરસવાળો તું રમણીય એવા જિનધર્મનો સમ્યગ્ ઉપદેશ કરજે. (૪૩૩૭) વળી હે ધીર! તારે પ્રતિલેખનાદિ દશ ભેદવાળી મુનિની (દશધા) ચક્રવાલ ક્રિયામાં (સામાચારીમાં), ક્ષમા, માર્દવ વગેરે દશ પ્રકારના યતિધર્મમાં તથા સત્તરવિધ સંયમમાં અને સકળ શુભ ફળદાયક શીયલમાં (અઢાર હજાર શીલાંગરથમાં) વધારે શું કહેવું? બીજાં પણ પોતાની ભૂમિકાને (પદને) ઉચિત કાર્યોમાં નિત્ય સર્વ રીતે અપ્રમાદ કરવો, કારણ કે–ગુરુ જો ઉદ્યમી હોય, તો શિષ્યો પણ સમ્યગ્ ઉદ્યમને કરે.(૪૩૩૮ થી ૪૦) તથા પ્રશાન્ત ચિત્ત વડે તારે સદા સર્વ પ્રાણીઓ પ્રત્યે મૈત્રી કરવી; ગુણીઓને સન્માન આપવું વગેરે (વિનીત) વચનો (પ્રશંસા) વગેરેથી પ્રીતિ કરવી; દીન, અનાથ, અંધ, બ્હેરા વગેરે દુ:ખી જીવો પ્રત્યે કરુણા કરવી અને નિર્ગુણી, ગુણીના નિંદક, એવા પાપાસક્ત જીવોમાં ઉપેક્ષા કરવી. (૪૩૪૧–૪૨) તથા હે સુંદર! દર્શન,જ્ઞાન અને ચારિત્રગુણના પ્રકર્ષમાટે તારે વિહાર (મુનિનો આચાર) સર્વ રીતે વધતો કરવો (વધારવો). (૪૩૪૩) તથા જેમ મૂળમાં સાંકડી પણ શ્રેષ્ઠ નદી વહેતી સમુદ્રની નજીક પહોળાઇમાં વધે છે, તેમ (પર્યાયની સાથે) તું પણ શીલગુણથી વૃદ્ધિ પામજે. (૪૩૪૪) હે સુંદર! તું વિહારને (મુનિચર્યાને) બિલાડાના રુદન જેવો (પહેલાં ઉગ્ર–પછી મંદ) ન કરીશ, અન્યથા પોતાને અને ગચ્છને પણ હારીશ (નાશ કરીશ). (૪૩૪૫) સુખશીલપણામાં ગૃદ્ધ જે મૂઢ શીતળવિહારી બને છે, તેને સંયમધનથી રહિત–માત્ર વેશધારી જાણવો. (૪૩૪૬) રાજ્ય, દેશ, નગર, ગામ, ઘર અને કુળને તજીને (પ્રવજ્યા સ્વીકારીને) પુનઃ જે તેની જ મમતા કરે છે, તે સંયમધનથી રહિત માત્ર વેશધારી છે. (૪૩૪૭) જે ક્ષેત્ર રાજા વિનાનું હોય અથવા જ્યાં રાજા દુષ્ટ હોય, જ્યાં

( જીવોને ) પ્રવ્રજ્યાની પ્રાપ્તિ ( અથવા પાલન ) ન થાય અને સંયમનો ઘાત થાય, તે ક્ષેત્ર તજવા યોગ્ય છે. (૪૩૪૮) સ્વ–પર બન્ને પક્ષમાં (વજ્જણિજ્જં=) અવર્ણવાદને તથા વિરોધને, અસમાધિકારક વાણીને અને ( પોતાને અંગે ) વિષતુલ્ય તથા ( પરને અંગે ) અગ્નિતુલ્ય એવા કષાયોને તજી દેજે, (૪૩૪૯) જે સળગેલા પોતાના ઘરને પ્રયત્નપૂર્વક ઠારવા ન ઇચ્છે, તેની બીજાના ઘરના દાહને શાન્ત કરવાની શ્રદ્ધા ( આશા ) કેમ કરાય ? (૪૩૫૦) સિદ્ધાન્તના સારભૂત જ્ઞાનમાં, દર્શનમાં અને ચારિત્રમાં–એ ત્રણમાં જે પોતાને અને ગચ્છને સ્થિર કરી શકે, તે ગણધર ( કહેવાય. ) (૪૩૫૧) હે વત્સ ! ચારિત્રની શુદ્ધિ માટે ઉદ્દગમ, ઉત્પાદના વગેરે દોષોથી રહિત, એવાં ( અશનાદિ ) પિંડને, ઉપધિને અને વસતિને ગ્રહણ કરજે. (૪૩૫૨) જેઓ આચારમાં વર્તે છે, તેઓને ( ઉદ્દેશીને ) આગમમાં આચાર્યની આ ( ઉપરની ) મર્યાદા કહી છે. જેઓ આચારરહિત હોય, તેઓ તે મર્યાદાને અવશ્ય વિરોધે છે. (૪૩૫૩) સર્વકાર્યોમાં ( **અપરિશ્રાવી=** ) ગુહ્ય તત્ત્વને ગોપ્તા અને સમ્યક્ સમદર્શી બનજે. બાલ અને વૃદ્ધોથી યુક્ત ( સમગ્ર ) ગચ્છનું નેત્રની જેમ સમ્યગ્ રક્ષણ કરજે. (૪૩૫૪) જેમ બરાબર મધ્યમાં પકડેલો સોનાનો કાંટો (એક પલ્લામાં સોનું અને બીજા પલ્લામાં લોહ છતાં તે) ભારને સમપણે ધારણ કરે છે, અથવા જેમ તુલ્ય ગુણવાળા બે પુત્રોને માતા સમાન રીતે સંભાળે છે, અથવા જેમ તું તારાં બે નેત્રોને ( કોઇ ભેદ વિના ) સરખી રીતે સંભાળે છે, તેમ વિચિત્ર ચિત્ત( પ્રકૃતિ )વાળા પણ શિષ્યગણ પ્રત્યે તું તુલ્ય દૃષ્ટિવાળો બનજે. (૪૩૫૫–૫૬) જેમ અતિ દૃઢ મૂળરૂપી ગુણવાળા વૃક્ષને વિવિધ દિશામાં ઉગેલાં પણ ઉત્તમ પાંદડાં ચારેય બાજુએ પરિવરે છે, તેમ દૃઢ મૂળગુણોથી યુક્ત એવા તને પણ ભિન્ન ભિન્ન દિશાથી આવેલા આ મહામુનિઓ પણ સર્વથા પરિવરશે. ( અહીં દિશા એટલે સંબંધ અથવા ગચ્છ સમજવો.) (૪૩૫૭–૫૮) વળી જેમ પાંદડાના સમૂહથી છાયાવાળું બનેલું વૃક્ષ પક્ષીઓને સેવ્ય(આધારભૂત)બને છે,તેમ આ મુનિઓરૂપી પત્રોના યોગે(**લદ્ધછાયો=**)કીર્તિને પામેલો તું મોક્ષરૂપી ફળની ઇચ્છાવાળા ભવ્ય પ્રાણીઓરૂપી પક્ષીઓને સેવ્ય(સેવાપાત્ર)બનીશ. (તેઓ તારી સેવા કરશે.) (૪૩૫૯) તેથી તારે આ ઉત્તમ મુનિઓને લેશ પણ અપમાનિત કરવા નહિ, કારણ કે–તેં ઉપાડેલા (સૂરિપદના) ભારને વહન કરવામાં (તને) તેઓ પરમ સહાયક છે. (૪૩૬૦)જેમવિંધ્યાચલ ભદ્રજાતિના, મંદજાતિના, મૃગજાતિના વગેરે વિવિધ સંકીર્ણજાતિવાળા હાથીઓને સદાકાળ પણ આધાર છે, તેમ તું પણ ક્ષત્રિય, બ્રાહ્મણ, વૈશ્ય અને ક્ષુદ્રકુળમાં જન્મેલા અને સંયમમાં રહેલા સર્વ સાધુઓનો આધાર બનજે. (૪૩૬૧–૬૨) તથા તે જ વિંધ્યાચળ જેમ નજીક અને દૂર વનમાં રહેતા હાથીઓના સુથોનું ભેદ વિના (સમાનભાવે) આધારપણું ધારણ કરે છે (આશ્રયને આપે છે.), તેમ હે સુંદર ! તું પણ સ્વજન–પરજન વગેરે સંકલ્પ વિના (સમાનપણે) આ સર્વ મુનિઓનો આધાર બનજે. (૪૩૬૩–૬૪) વળી સ્વજન કે પરજન એવા પણ બાળકતુલ્ય, (સયણ=) સ્વજન–સદન

વિનાના,, રોગી **અને (નિરક્કખરકુક્ખીણો=)** અજ્ઞાન (અભણ) બાળ–વૃદ્ધાદિ, આ સર્વ મુનિઓને પરમ સહાયક તું, પ્રેમથી યુક્ત પિતા જેવો અથવા દાદા જેવો (**અનાથમંડપ=**) નિરાધારનો આધાર (અનાથનો નાથ) બનજે. (**૪૩૬૫–૬૬**) તથા આ દુઃષમાકાળ રૂપી સખ્ત ઉનાળામાં ધર્મબુદ્ધિ(રૂપ જળ)ની તૃષ્ણા (તૃષા)વાળા સાધુઓને અને સંસર્ગથી દૂર રહેનારી એવી પણ 'આ તારી અંતેવાસિણીઓ છે'–એમ સમજીને, સાધ્વીઓને પણ, મુક્તિપુરીના માર્ગે ચાલનારા સુવિહિત સાધુઓની ચર્યા(આચાર)રૂપી (પાણીની) પરબમાં રહેલો તું દેશનારૂપી પરનાળ વડે કર્ત્તવ્યરૂપી જળને (**સંપાડેજ્જ=**) પ્રાપ્ત (પાન) કરાવજે. (**૪૩૬૭–૬૮**)તથા આલોકમાં સારણાદિ કરે, તે આ લોકનો આચાર્ય અને પરલોક માટે (જિન આગમને) જે સ્પષ્ટ ઉપદેશે. તે પરલોકનો આચાર્ય–એમ આચાર્ય બે પ્રકારે હોય છે. (**૪૩૬૯**) તેમાં જે આચાર્ય સારણા ન કરે, તે જીહ્વાથી (પગ) ચાટે, અર્થાત્ પંપાળે તો પણ હિતકર નથી. જે દંડાથી મારે, છતાં સારણાદિ કરે, તે હિતકર છે. (**૪૩૭૦**) જેમ કોઈ શરણે આવેલાનો પ્રાણનાશ કરે (તે પાપી છે.), તેમ ગચ્છમાં સારણાદિ કરવાયોગ્યની (પણ) સારણાદિ ન કરે, તે આચાર્ય પણ તેવો જાણવો. (**૪૩૭૧**) માટે હે દેવાનુપ્રિય! તું સમ્યક્ પરલોકનો આચાર્ય બનજે, માત્ર આ લોકનો આચાર્ય બનીને સ્વ–પરનો નાશક બનીશ નહિ. (**૪૩૭૨**) કારણ કે–દુઃખીઓને તારવામાં સમર્થ એવા પરમ જ્ઞાનાદિ(ગુણોને)ને પામીને જે સંસારના ભયથી ડરતા જીવોનું દૃઢ રક્ષણ કરે છે, તે ધન્ય છે. (**૪૩૭૩**) તથા સાધુઓ મન, વચન કે કાયાથી તને સેંકડો અનિષ્ટો (અપરાધો) કરે, તો પણ તું તેઓના હિતને જ કરજે, અપ્રીતિને લેશ પણ કરીશ નહિ. (**૪૩૭૪**) કોઇનો એક પક્ષ (પક્ષપાત) કર્યા વિના રોષાદિનો જય કરીને સર્વ સાધર્મિઓ પ્રત્યે સમચિત્તપણે વર્તજે. (**૪૩૭૫**) સર્વ જીવો પ્રત્યે બંધુભાવને કરવાયોગ્ય એવો પણ જે (પોતાના) આત્માને એકનો જ રાગી કરે છે, તેનાથી બીજો મૂઢ કોણ છે? (**૪૩૭૬**) સ્વયં ક્લેશ સહીને પણ તારે સાધર્મિકોનાં (સાધુઓનાં) કાર્યોમાં કોઈ એવી (ઉત્તમ) રીતે વર્તવું જોઈએ, કે જેથી તું તેઓનો આત્મતુલ્ય બને. (**૪૩૭૭**) એમ કરવાથી તારી કીર્તિ ત્રણેય જગતને શોભાવે તેવી (ઉજ્જવળ) થશે. આ કારણે જ કોઇએ ચંદ્રને ઉદ્દેશીને કહ્યું છે કે–(**૪૩૭૮**) હે ચંદ્ર! ગગનતળમાં પરિભ્રમણ, (દિન દિન) ખંડન વગેરે દુઃખોને સતત સહન કર, કારણ કે–સુખ ભોગવવાથી આત્માને જગપ્રસિદ્ધ કરી શકાય નહિ. (**૪૩૭૯**) તથા અજ્ઞાનવશ કે વિકારી (વક્ર) પ્રકૃતિના દોષથી જેઓ તારો મન–વચન–કાયાથી પરાભવ જ કરે, તેઓને પણ તારે 'તું સ્વામી હોવા છતાં' ઘણું સહન કરીને પણ મધુર વચનો દ્વારા તે ક્ષુદ્ર ચર્યાથી (ભૂલોથી) પ્રયત્નપૂર્વક રોકવા જોઈએ. (**૪૩૮૦–૮૧**) હે ભદ્ર! અવિનીતોને શિખામણ આપતો તું (કોઇ વાર) કૃત્રિમ ક્રોધને કરે, તો પણ (અંતરની) પરિણામશુદ્ધિને (અનુગ્રહબુદ્ધિને) તજીશ નહિ. નિશ્ચે સર્વ વિષયોમાં આ (પરિણામશુદ્ધિ) જ રહસ્ય (તાત્ત્વિક ધન) છે. (**૪૩૮૨**) કારણ કે–જેમ

શ્રી વીર પ્રભુને આશ્રીને ગોવાળિયાને, ખરકવૈદ્યને તથા સિદ્ધાર્થને ( ભેદ પડ્યો ), તેમ બીજાને પીડા ઉપજાવનારને પણ (ભિન્ન) પરિણામવશ ગતિમાં ભેદ પડે છે. (૪૩૮૩) શ્રી વીર પ્રભુના કાનમાં ખીલા નાંખીને (પીડા કરનાર) ગોવાળ (દુષ્ટ પરિણામથી ) નરકને પામ્યો અને તેને કાઢવાથી ( સખ્ત પીડા કરવા છતાં) ખરકવૈદ્ય અને સિદ્ધાર્થ બન્ને ( પરિણામની શુદ્ધિથી ) દેવલોકને પામ્યા. (૪૩૮૪) હે સુંદર! જો તું અતિ આકરો થઈશ, તો પરિવારને ખેદકારક ( બનીશ ) અને અતિ કોમળ થઈશ, તો ( પરિવારના ) પરાભવનું પાત્ર બનીશ, માટે મધ્યમપરિણામી બનજે. (૪૩૮૫) ( અસીઅ=) અસિત= નિરંકુશ પરિવારવાળો ( સ્વામી પણ ) સ્વ-પર ઉભયને દુ:ખનું નિમિત્ત બને છે, તેથી તું આચાર્ય છતાં તેઓને અનુસરીને વર્તવાનો પ્રયત્ન કરજે.(૪૩૮૬) પ્રાયઃ અનુવર્તન કરવાથી શિષ્યો પરમ યોગ્યતાને પામે છે. રત્ન પણ પરિકર્મગુણથી ( પરિકર્મ કરવાથી ) ગુણના ઉત્કર્ષને પામે છે. (૪૩૮૭) પરસ્પર વિરુદ્ધ એવા જળ અને અગ્નિનો તથા ઝેર અને અમૃતનો યોગ હોવા છતાં, મહાસમુદ્ર જેમ પ્રકૃતિએ જ અવિકારી હોય છે, (૪૩૮૮) તેમ બાહ્ય નિમિત્તોને કારણે પ્રગટેલા વિવિધ અંતરંગ ભાવોમાં પણ હે સુંદર ! તું નિત્ય અનિંદિત રૂપવાળો જ ( ગંભીર ) બનજે. ( અર્થાત્ સમુદ્રની જેમ બાહ્ય વિષમતા પ્રસંગે પણ ગંભીર બનજે. ) (૪૩૮૯) વ્યાખ્યાનમાં કુશળ એવો પણ આ અતિ અદ્ભૂત પ્રભાવવાળા આચાર્યપદના પ્રત્યેક વિષયમાં સર્વ રીતે ઉપદેશ દેવા કોણ સમર્થ બને? ( અર્થાત્ સર્વ વિષયમાં શિખામણ કોણ આપી શકે? ) (૪૩૯૦)માટે એટલું જ કહું છું કે- જેના જેનાથી શાસનની ઉન્નતિ થાય, તેને તેને સ્વયમેવ વિચારીને તારે કરવું. (૪૩૯૧)

એમ પ્રથમ ગણધરને કર્ત્તવ્ય દ્વારા હિતશિક્ષા આપીને, તે આચાર્ય સૂત્રોક્ત વિધિથી શેષ સાધુઓને હિતશિક્ષા આપે. જેમ કે-- (૪૩૯૨) ભો ભો દેવાનુપ્રિયો ! પ્રિય કે અપ્રિય, સર્વ વિષયોમાં નિશ્ચે તમે કદાપિ રાગ-દ્વેષને વશ થશો નહિ. (૪૩૯૩) સ્વાધ્યાય, અધ્યયન, ધ્યાન વગેરે યોગોમાં સદા અપ્રમત્ત અને સાધુજનને ઉચિત બીજાં કાર્યોમાં પણ નિત્ય રક્ત બનજો ! (૪૩૯૪) યથાવાદી તથાકારી ( બોલ્યું તેવું પાળનારા ) બનજો ! પરંતુ નિર્ગ્રંથ પ્રવચનમાં લેશ પણ શિથિલ મનવાળા બનશો નહિ ! (૪૩૯૫) અસાર મનુષ્યપણામાં બોધ દુર્લભ છે એમ જાણીને અવશ્ય કરણીય એવા સંયમ અને તપશ્ચર્યામાં પ્રમાદ કરશો નહિ. (૪૩૯૬) શ્રી જિનવચનાનુસારી બુદ્ધિવાળા તમે સદાય પાંચ સમિતિઓમાં સમિત, ત્રણ ગારવોથી રહિત અને ત્રણ દંડોનો નિરોધ કરનારા બનજો ! (૪૩૯૭) આહારાદિ સંજ્ઞાઓનો, કષાયોનો અને આર્ત્ત-રૌદ્રધ્યાનનો પણ નિત્ય ત્યાગ કરજો અને સર્વ બળથી દુષ્ટ ઈન્દ્રિયોનો સમ્યગ્ જય કરજો ! (૪૩૯૮) બખ્તરા- દિથી યુક્ત અને હાથમાં ધનુષ્ય-બાણ ધારણ કરેલો પણ ( રણમાંથી ) નાસતો સુભટ જેમ નિંદાય, તેમ ઈન્દ્રિયોને અને કષાયોને વશ થયેલો સાધુ પણ નિંદાય છે.(૪૩૯૯) તે સાધુઓને ધન્ય છે કે-જ્ઞાન અને ચારિત્રમાં નિષ્કલંક જેઓ વિષયોને વશવર્તી એવા

(પણ) લોકમાં રાગરહિત (અલિપ્ત) વિચરે છે (૪૪૦૦) અને જેઓ વિરોધથી મુક્ત, મૂઢતા વિનાના (વિષમતામાં પણ) અખંડ મુખકાન્તિવાળા અને અખંડ ગુણસમૂહવાળા છે, તેઓ વિસ્તૃત યશસમૂહવાળા જયવંતા છે. (૪૪૦૧) શિષ્યોની હિતશિક્ષાનો પ્રારંભ કર્યો છે, તો પણ આ વર્ણન કરાતા વિષયને પ્રસન્ન ચિત્તવાળા હે સૂરિ! તમે પણ ક્ષણ વાર સાંભળો. (૪૪૦૨)

**સાધ્વી અને સ્ત્રીસંગથી દોષો**–હે અપ્રમત્ત મુનિઓ! તમે અગ્નિ અને ઝેર સરખા સાધ્વીઓના પરિચયને તજો, કારણ કે–સાધ્વીઓને અનુસરતો (પરિચયવાળો) સાધુ શીઘ્ર લોકાપવાદને પામે છે. (૪૪૦૩) વૃદ્ધ, તપસ્વી, અત્યંત બહુશ્રુત અને પ્રામાણિક (સાધુ) ને પણ સાધ્વીના સંસર્ગથી અપવાદ (નિંદા) રૂપી દૃઢ વજ્ર પડે છે (પ્રહાર થાય છે). તો પછી તરુણ, અબહુશ્રુત, ઉગ્રતપ વિનાનો અને શબ્દાદિ વિષયોમાં આસક્ત (સાધુ) લોકમાં (**જણુજંપણું=**) નિંદાને કેમ ન પામે? (૪૪૦૪-૫) જે સાધુ સર્વ વિષયોથી પણ વિમુક્ત અને સર્વ વિષયોમાં આત્મવશ (સ્વાધીન) હોય. તે પણ સાધ્વીઓને અનુસરતો અનાત્મવશ (ભાનભૂલો) બને છે. (૪૪૦૬) સાધુને બંધનમાં સાધ્વીના જેવી લોકમાં બીજી ઉપમા નથી, (અર્થાત્ સાધ્વી ઉત્કૃષ્ટ બંધનરૂપ છે) કારણ કે–અવસર મળતાં જ તેઓ ભાવમાર્ગથી (રત્નત્રયીથી) પાડનારી છે. (૪૪૦૭) જો કે સ્વયં દૃઢ ચિત્તવાળો હોય, તો પણ અગ્નિની સમીપે જેમ ઘી ગળે તેમ સંપર્કથી પરિચિત થયેલી સાધ્વીમાં (તેનું) મન રાગી બને છે. (૪૪૦૮) એ રીતે ઇન્દ્રિયદમન (ગુણ) રૂપ કાષ્ટને બાળવામાં અગ્નિતુલ્ય શેષ સ્ત્રીવર્ગની સાથે પણ સંસર્ગને પ્રયત્ન પૂર્વક દૂરથી જ વર્જજો? (૪૪૦૯) વિષયાંધ સ્ત્રીકુળને, પોતાના વંશને, પતિને, પુત્રને, માતાને અને પિતાને પણ અવગણીને તેને દુઃખસમુદ્રમાં ફેંકે છે. (૪૪૧૦) સ્ત્રીરૂપી નિસરણી દ્વારા નીચ પુરુષ પણ ગુણોના સમૂહરૂપી ફળોથી શોભતી શાખાવાળા, માનથી ઉન્નત (અભિમાની) એવા પુરુષરૂપી વૃક્ષના મસ્તકે ચઢે છે. (અર્થાત્ માની એવા ગુણવંત પુરુષનો પણ સ્ત્રીસંપર્કથી નીચ પણ પરાભવ કરે છે.) (૪૪૧૧) જેમ અંકુશ વડે બળવાન પણ હાથીઓને નીચે બેસાડી શકાય છે, તેમ દુષ્ટ સ્ત્રીઓ (સંસર્ગથી) માનથી ઉંચા (અભિમાની) પણ પુરુષોને અધોમુખ (હલકા–તુચ્છ) કરી શકે છે. (૪૪૧૨) લોકમાં પુરુષોને સ્ત્રીઓના કારણે ઘણાં પ્રકારના ભયાનક યુદ્ધો (થયેલાં) મહાભારત, રામાયણ વગેરે ગ્રંથોમાં સંભળાય છે, (૪૪૧૩) નીચા માર્ગે ચાલનારી, ઘણા જળવાળી (**ઉપ્પિચ્છ=**) કુપિત અને (મંથર) વક્રગતિવાળી એવી નદીઓ જેમ પર્વતને પણ ભેદે છે, તેમ નીચ આચારવાળી, ઉંચા સ્તનવાળી, (કામથી) વ્યાકુળ અને મંદગતિવાળી સ્ત્રીઓ (**ગરૂયા=**) મોટાપુરુષોને પણ ભેદે (નીચા પાડે) છે. (૪૪૧૪) સારી રીતે વશ કરેલી, અતિ દૂધને પાયેલી–પોષેલી અને અતિ દૃઢ પ્રેમવાળી એવી પણ સાપણો જેવી અતિ વશ કરેલી, વ્હાલી અને અતિ દૃઢ પ્રેમવાળી પણ સ્ત્રીઓમાં કોણ વિશ્વાસ કરે?

(૪૪૧૫) કારણ કે–પૂર્ણ વિશ્વાસુ, ઉપકારમાં તત્પર અને દૃઢ સ્નેહવાળા, એવા પણ પતિને લેશ અપ્રિય (ઇચ્છા વિરુદ્ધ) કરતાં જ હતાશ (નિર્ભાગી) સ્ત્રીઓ તૂર્ત મરણને પમાડે છે. (૪૪૧૬) પંડિતો પણ સ્ત્રીઓના દોષના પારને પામતા નથી, કારણ કે–જગતમાં મોટા દોષોની (**સીમા**=) અંતિમ હદ તેઓ જ હોય છે. (૪૪૧૭) રમણીયરૂપવાળી, સુકુમાર અંગ (પુષ્પો) વાળી, દોરાથી ગૂંથેલી નવમાલતીની માળાની જેમ રમણીય દેખાવવાળી, સુંવાળા અંગવાળી અને ગુણથી વશ કરેલી સ્ત્રીઓ પુરુષોના મનનું હરણ કરે છે, (૪૪૧૮) કિન્તુ માત્ર દેખાવની સુંદરતાથી મોહ પ્રગટાવનારી તે સ્ત્રીઓનું આલિંગન વજ્રની માળાની જેમ તૂર્ત વિનાશ કરે છે. (૪૪૧૯) નિષ્કપટ પ્રેમથી વશ મનવાળા પણ રાજાને (પતિને) સુકુમારિકાએ પાંગળા જારને કારણે ગંગા નામની નદીમાં નાંખ્યો. (૪૪૨૦) તે આ પ્રમાણે–

**સ્ત્રીની દુષ્ટતાના વિષયમાં સુકુમારિકાનો પ્રબંધ**–વસંતપુર નગરમાં જગપ્રસિદ્ધ જિતશત્રુ રાજા હતો તેને અપ્રતિમ રૂપવાળી સુકુમારિકા નામની સ્ત્રી હતી. (૪૪૨૧) અત્યંત રાગથી હરાયેલા ચિત્તવાળો તે રાજ્યકાર્યને તજીને તેની સાથે સતત ક્રીડા કરતો કાળને પસાર કરતો હતો (૪૪૨૨) (ત્યારે) રાજ્યનો વિનાશ થતો જોઈને મંત્રીઓએ સહસા તે સ્ત્રી સહિત તેને કાઢી મૂકયો અને તેના પુત્રને રાજ્યાભિષેક કર્યો. (૪૪૨૩) પછી માર્ગે જતો જિતશત્રુ જ્યારે એક અટવીમાં જઈ ચઢયો, ત્યારે તૃષાથી પીડાતી રાણીએ પાણી પીવાની માંગણી કરી. (૪૪૨૪) ત્યારે (રાણી) ભય ન પામે એમ વિચારીને, તેની આંખો બંધ કરીને અને રાજાએ ઔષધિના પ્રયોગથી પોતે મરે નહિ તે રીતે (પોતાની) ભુજાનું રુધિર તેને પાયું. (૪૪૨૫) પુનઃ પણ ભૂખથી પીડાતી રાણીને રાજાએ (પોતાની) સાથળ કાપીને માંસ ખવરાવ્યું અને સંરોહિણી ઔષધિથી તૂર્ત સાથળને પુનઃ નવી (સ્વસ્થ) કરી. (૪૪૨૬) પછી તેઓ દૂરના નગરમાં જ્યારે પહોંચ્યા, ત્યારે સર્વ કળાઓમાં કુશળ રાજાએ તેણીના આભરણોથી (વેચીને તે ધનથી) વ્યાપાર કરવા માંડયો (૪૪૨૭) અને નિર્વિકારી જાણીને બીજા પાંગળા પુરુષને (રક્ષણ માટે) તેણીની પાસે રાખ્યો. (**णवरि**=) પછી તેણે ગીતોથી અને ચતુરાઇની કથાઓ વગેરેથી રાણીને વશ કરી. (૪૪૨૮) (તેથી) રાણી તેની સાથે એકચિત્તવાળી અને પતિ ઉપર દ્વેષવાળી બની. અન્ય અવસરે તે પાંગળાની સાથે ક્રીડા કરતી તેણીએ ઉદ્યાનમાં રહેલા અતિ વિશ્વાસુ જિતશત્રુને અતિ–બહુ મદિરા પાઈને ગંગા નદીમાં ફેંકી દીધો. (૪૪૨૯–૩૦)

**સ્ત્રીઓનાં દૂષણો**–એમ પોતાનાં માંસ અને રૂધિરને આપીને પણ પોષેલા શરીરવાળી હતાશ (નિર્ભાગી) સ્ત્રીઓ ઉપકારને વિસરીને (પુરુષને) મારી નાંખે છે. (૪૪૩૧) જે સ્ત્રીઓ વર્ષાકાળની નદી જેવી નિત્યમેવ કલુષિત હૃદયવાળી, ચોરની જેમ ધન લેવાની એક બુદ્ધિવાળી, પોતાના કાર્યનું ગૌરવ માનનારી, વાઘણના જેવી ભયંકર રૂપવાળી, સંધ્યાની જેમ ચપળ (અસ્થિર) રાગવાળી અને હાથીઓની શ્રેણીઓની જેમ નિત્ય મદથી

(વિકારથી) વ્યાકુળ (હોય છે), તે સ્ત્રીઓ કપટી હાસ્યથી અને વાતોથી, કપટ રુદનથી અને મિથ્યા સોગનથી, અતિ વિચક્ષણ પુરુષના ચિત્તને વિવશ કરે છે. (૪૪૩૨ થી ૩૪) નિર્દય સ્ત્રી પુરુષને વચનથી વશ કરે છે અને હૃદયથી હણે છે, કારણ કે–તેની વાણી અમૃતમય અને હૃદય વિષમય જેવું હોય છે. (૪૪૩૫) સ્ત્રી શોકની નદી, પાપની ગુફા, કપટનું ઘર, કલેશને કરનારી, વૈરરૂપી અગ્નિને પ્રગટ કરવામાં અરણી કાષ્ટ જેવી, દુઃખોની ખાણ અને સુખની શત્રુ હોય છે. (૪૪૩૬) એ કારણે જ મહાપુરુષો 'રખે મન વિકારી બને'–એવા ભયથી માતા, બ્હેન કે પુત્રી સાથે એકાન્તમાં વાત કરતા નથી, (૪૪૩૭) સમ્યક્ (પરિકર્મ=) દૃઢ અભ્યાસને કર્યા વિના (सबर=) મ્લેચ્છ (પાપી) એવા કામદેવના (સરોહે=) બાણસમૂહતુલ્ય સ્ત્રીઓની દૃષ્ટિના કટાક્ષોને જીતવા કોણ સમર્થ છે? (૪૪૩૮) પાણીથી ભરપૂર વાદળોની શ્રેણી જેમ ગોનસ જાતિના સાપના ઝેરને (શરીરમાં) ફેલાવે, તેમ ઉંચા સ્તનવાળી સ્ત્રીઓ પુરુષમાં મોહરૂપી ઝેરને વિસ્તારે છે. (૪૪૩૯) તથા દૃષ્ટિવિષ સર્પ જેવી સ્ત્રીઓની દૃષ્ટિનો ત્યાગ કરો! (સામે ન જુઓ!) કારણ કે–તે નજર પડવાથી પ્રાયઃ ચારિત્રરૂપી પ્રાણો હણાય છે. (૪૪૪૦) જેમ અગ્નિથી ઘી ગળે, તેમ સ્ત્રીસંસર્ગથી અલ્પ સત્ત્વવાળા મુનિનું પણ મન મીણની જેમ તૂર્ત જ વિલય પામે છે. (૪૪૪૧) જો કે સંસર્ગનો ત્યાગી અને તપથી દુર્બળ શરીરવાળો હોય, તથાપિ કોશા વેશ્યાના ઘરમાં રહેલા (સિંહગુફાવાસી) મુનિની જેમ સ્ત્રીસંસર્ગથી મુનિ (ચારિત્રથી) પડે છે. (૪૪૪૨) તે આ પ્રમાણે—

ગુરુએ સ્થૂલભદ્રજીની ઉપબૃંહણા કરવાથી ઉત્પન્ન થયેલા મત્સરના વેગવાળા, વર્ષાકાળમાં ઉપકોશાના ઘરમાં રહેનારા, દુષ્કર તપશક્તિથી સિંહને (પણ) શાન્ત કરનારા, શ્રી સંભૂતિવિજયસૂરિના શિષ્યને, (તેના) શીયળનું રક્ષણ કરવા માટે ઉપકોશા નામની ઉત્તમ વેશ્યાએ વિકારી હાસ્ય, વિકારી વચનો, વિકારી ચાલ અને અર્દ્ધ આંખથી જોવું (વક્ર કટાક્ષો) વગેરેથી લીલા માત્રમાં એવો (વિકારી) કર્યો, કે જેથી તૂર્ત તે પોતાને વશવર્તી થયો. પછી (તેને) અપૂર્વ (પૂર્વે નહિ આવેલા) સાધુને લાખ સોનૈયાના મૂલ્યવાળી રત્નકંબળનું દાન આપતા (નેપાળ દેશના) રાજા પાસે રત્નકંબળ લેવા મોકલ્યો. (૪૪૪૩ થી ૪૬) એમ તત્ત્વથી વિચારતાં, સંયમરૂપી પ્રાણનું હરણ કરવામાં એકબદ્ધ લક્ષ્યવાળી અને દુઃખને દેનારી સ્ત્રીમાં, તેમજ પ્રાણ લેવાના લક્ષ્યવાળા દુઃખ દેનારા શત્રુમાં કોઇ અંતર નથી. (૪૪૪૭) તથા મુનિઓ શૃંગારરૂપી તરંગોવાળી, વિલાસરૂપી વેલા(ભરતી)વાળી, યૌવનરૂપી જળવાળી અને હાસ્યરૂપી ફીણવાળી, એવી=સ્ત્રીરૂપી નદીમાં તણાતા નથી. (૪૪૪૮) કિન્તુ ધીર પુરુષો વિષયરૂપી જળવાળા, મોહરૂપી કાદવવાળા, (વિલાસ બિબ્બોય=) સ્ત્રીઓના નેત્રવિકાર તથા વિકારી અંગચેષ્ટા વગેરે જળચરોથી વ્યાપ્ત કામના મદરૂપી મગરમચ્છવાળા અને યૌવનરૂપી મહાસમુદ્રનો પાર પામ્યા છે. (૪૪૪૯) જે સ્ત્રીઓ પુરુષને બંધન માટે પાશ જેવી અથવા (પાઠાં० वंचिरू०) ઠગવા માટે પાસા જેવી

છેદવા માટે તલવાર જેવી, દુઃખી કરવા માટે શલ્ય જેવી, મૂઢતા કરવા માટે ઇન્દ્રજાળ જેવી, હૃદયને ચીરવા માટે કરવત જેવી, ભેદવા માટે શૂળી જેવી, ખૂંપવા માટે કીચ્ચડ જેવી અને મરવા માટે મરણ જેવી છે. (૪૪૫૦-૫૧) અથવા શ્લેષ્મમાં ચોંટેલી તુચ્છ માખીને (તેમાંથી) છૂટવું જેમ દુષ્કર છે, તેમ તુચ્છ માત્ર પુરુષનામધારીએ સ્ત્રીના સંસર્ગથી આત્માને છોડાવવો (પાઠાન્તર-મો=) નિશ્ચે દુષ્કર છે. (૪૪૫૨) જે સ્ત્રીવર્ગમાં સર્વત્ર વિશ્વાસ કરતો નથી અને સદા અપ્રમત્ત છે, તે બ્રહ્મચર્યનો પાર પામે છે. તેનાથી વિપરીત (પ્રકૃતિવાળો) પાર પામી શકતો નથી. (૪૪૫૩) સ્ત્રીઓમાં જે દોષો હોય છે, તે નીચ પુરુષોમાં પણ હોય છે, અથવા (અધિક) બળ-શક્તિવાળા પુરુષોમાં સ્ત્રીઓથી અધિકતર દોષો હોય છે. (૪૪૫૪) તેથી શિયળનું રક્ષણ કરનારા પુરુષોને જેમ સ્ત્રીઓ નિંદાનું પાત્ર છે, તેમ શીયળનું રક્ષણ કરનારી સ્ત્રીઓને પુરુષો પણ નિંદાપાત્ર છે. (૪૪૫૫) વળી આ પૃથ્વીતળમાં ગુણથી શોભતી, અતિ વિસ્તૃત યશવાળી, તથા તીર્થંકર, ચક્રવર્તી બળદેવ, ગણધર વગેરે સત્પુરુષોને જન્મ દેનારી, (पत्तपाडिहेराओ=) દેવોની સહાય પામેલી, શીલવતી, મનુષ્યલોકની દેવીઓ જેવી ચરમશરીરી અને પૂજ્ય એવી સ્ત્રીઓ પણ થયેલી સંભળાય છે, કે જે (**અપાવાઓ=**) પુણ્યવંતીઓ (**ઓહેણુ=**) પાણીનાં પ્રવાહમાં તણાઇ નથી, બળતા ઘોર અગ્નિથી જે બળી નથી અને સિંહ તથા હિંસક પ્રાણીઓએ પણ જેઓને છોડી દીધી છે. (ઉપદ્રવ કરી શકયા નથી.) (૪૪૫૬ **થી** ૫૮) તેથી સર્વથા એમ કહેવું યોગ્ય નથી કે-એકાન્તે સ્ત્રીઓ જ શીયળરહિત હોય છે, (૪૪૫૯) કિન્તુ આ સંસારમાં મોહને વશ પડેલા સર્વે પણ જીવો દુઃશીલ છે. એટલો ભેદ છે કે-તે (મોહ) પ્રાયઃ સ્ત્રીઓને ઉત્કટ હોય છે. તે કારણે પ્રરૂપણાની અપેક્ષાએ આ રીતે સ્ત્રીઓથી થનારા દોષોને વર્ણવાય છે અને તેનું ચિંતન કરતો પુરુષ વિષયોમાં વિરાગી બને છે. (૪૪૬૦-૬૧) તેઓ પુણ્યશાળી છે, કે જેઓ સ્ત્રીઓના હૃદયમાં વસે છે અને તેઓ તો દેવોને પણ વંદનીય છે, કે જેઓના હૃદયમાં સ્ત્રીઓ વસતી નથી. (૪૪૬૨) એમ વિચારીને ભાવથી આત્માના હિતને ઇચ્છતા જીવોએ આ વિષયમાં અત્યંત અપ્રમત્ત રહેવું જોઇએ. (૪૪૬૩) ઇત્યાદિ ક્રમથી શિષ્યોને હિતશિક્ષા આપીને, હવે તે આચાર્ય શાસ્ત્રનીતિથી પ્રવર્તિનીને પણ હિતશિક્ષા આપે છે. (૪૪૬૪)

**પ્રવર્તિનીને અનુશાસ્તિ**-જો કે તમે સર્વ વિષયમાં પણ કુશળ જ છો, તો પણ અમારો હિતશિક્ષા આપવાનો અધિકાર છે, તેથી હે મહાયશવાળાં ! તમને હિતકર (કંઇક) કહું છું. (૪૪૬૫) સમસ્ત ગુણોની સિદ્ધિ કરવામાં અતિ મોટી, એવી આ (પ્રવર્તિની) પદવીને તમે પામ્યાં છો, તેથી તેના દ્વારા ઉત્તરોત્તર (ગુણોની) વૃદ્ધિ માટે પ્રયત્ન કરજો ! (૪૪૬૬) અને સૂત્ર, અર્થ અને તદુભયરૂપ જ્ઞાનમાં તથા જ્ઞાનોક્ત (શાસ્ત્રોક્ત) કાર્યોમાં, શક્તિ ઉપરાન્ત પણ તમારે નિશ્ચે ઉદ્યમ કરવો. (૪૪૬૭) પાપથી પણ કરેલી શુભ કાર્યોની પ્રવૃત્તિ પ્રાયઃ સુંદર ફળવાળી બને છે, તો સંવેગપૂર્વક કરેલી શુભ પ્રવૃત્તિનું (પૂછવું જ)

શું ? માટે સંવેગમાં પ્રયત્ન કરવો જોઈએ. (૪૪૬૮) કારણ કે–દીર્ઘકાળ પણ તપેલો તપ, પાળેલું ચારિત્ર અને ભણેલું ઘણું પણ શ્રુત, સંવેગના રસ વિના નિષ્ફળ છે, તેથી તેનો ઉપદેશ (કરું) છું. (૪૪૬૯) (પાઠાં૦ તહા=) તથા આ સાધ્વીઓને સમ્યગ્ જ્ઞાનાદિ ગુણોમાં પ્રવર્તાવવાથી નિશ્ચે જેમ તમે સાચાં પ્રવર્તિની બનો, તેમ પ્રયત્ન કરજો. (૪૪૭૦) સૌભાગ્ય, નાટ્ય, રૂપ વગેરે વિવિધ વિજ્ઞાનના રાગથી રંગાએલી લોકની દૃષ્ટિઓ જેમ રંગમંડપમાં (નાચતી) નટી ઉપર સ્થિર થાય છે, તેમ હે ભદ્ર! સમ્યગ્જ્ઞાન વગેરે બહુ પ્રકારના (તમારા) સદ્ધર્મરૂપી ગુણોના અનુરાગથી રાગી બનેલી, વિવિધ દેશમાં ઉત્પન્ન થયેલી, વિશાળ કુળમાં જન્મેલી અને પિતા–માતાને પણ તજીને (આવેલી) આ સાધ્વીઓ પણ, તમે પ્રાપ્ત કરેલા પ્રવર્તિની પદથી રમ્ય બનેલાં એવાં તમારો આશ્રય કરીને રહી છે. (૪૪૭૧ થી ૭૩) તેથી તે નટી જેમ નિશ્ચે (સંજસ=) વિનયવાળી, (મધુર–સ્નેહાળ) પોતાની દૃષ્ટિથી (પ્રેક્ષકોને) જોતી અને કહેલા તે (સૌભાગ્યરૂપ વિજ્ઞાનાદિ) ગુણોને પ્રગટ કરતી પ્રેક્ષકોની દૃષ્ટિઓને પ્રસન્ન કરે છે, તેમ તમે પણ સ્નેહાળ–મીઠી દૃષ્ટિના પ્રસાદથી (જ્ઞાનાદિ) ધર્મગુણોના દાનથી નિત્ય આ આર્યાઓને સારી રીતે પ્રસન્ન કરજો. (૪૪૭૪–૭૫) જેમ પોતાના ગુણોથી જ પૂજ્ય, (સિયવિયાસં=) ઉજ્જ્વળ વિકાસવાળી અને શુક્લબીજના ચંદ્રની કળા જેવી પ્રકૃતિએ જ (હિમ=) બરફ અને (મોતીના) હાર ઉજ્જ્વળ અન્યાન્ય કળાઓ આશ્રય કરે છે, તેમ તે તે પ્રકારના પોતાના ગુણોથી (બીજના ચંદ્રની જેમ) લોકમાં પૂજાપાત્ર બનેલાં અને પ્રકૃતિએ જ અતિ નિર્મળ ગુણવાળાં, એવાં તમારો આશ્રય કરીને આ સાધ્વીઓ પણ રહેલી છે. (૪૪૭૬–૭૭) જેમ તે આગંતુક કળાઓથી તે (બીજની કળા)ની વૃદ્ધિ થાય છે અને જેમ તે (આવતી) કળાઓનો મૂળ આધાર તે બીજની કળા છે, અથવા તે (બીજની) કળા વિના તે (શેષ) કળાઓની અલ્પ પણ સ્થિતિ (અસ્તિત્વ) ઘટે નહિ, તેમ (બીજની કળાતુલ્ય) તમારી વૃદ્ધિ આ સાધ્વીઓથી છે, એ સાધ્વીઓનો (પણ) મૂળ આધાર તમે છો અને સજ્જનોને શ્લાઘનીય એવી તેઓની પણ સ્થિતિ તમારા વિના ન ઘટે. (૪૪૭૮–૭૯) તથા જેમ તે (બીજની) ચંદ્રકળા શેષ કળાઓ રહિત ન જ શોભે અને તે કળાઓ પણ તે મૂળ કળા વિના ન શોભે, તેમ તમે પણ અહીં આ સાધ્વીઓ વિના શોભશો નહિ અને તેઓ પણ તમારા વિના શોભશે નહિ. (૪૪૮૦–૮૧) તે માટે મોક્ષના સાધક એવા યોગોની (સંયમવ્યાપારની) સાધના કરવા દ્વારા આ સાધ્વીઓને તમોએ વારંવાર સમ્યક્ સહાયક થવું. (૪૪૮૨) પ્રયત્નપૂર્વક આ સાધ્વીઓના (સ્વેચ્છાચારને અટકાવવા) તમે વજ્રની સાંકળ જેવાં, તેમના (શિયળ વગેરે ગુણોની રક્ષા માટે) પેટી જેવાં, તેમના (ગુણરૂપી પુષ્પોના વિકાસ માટે) અતિ ગાઢ વાડી જેવાં અને (અન્ય પુરુષાદિનો પ્રવેશ વસતિમાં ન થાય તે માટે) કિલ્લા જેવાં બનજો. (૪૪૮૩) વળી જેમ સમુદ્રની ભરતી કેવળ અતિ મનોહર પ્રવાલની વેલડીને, મોતીની છીપોને તથા રત્નોના સમૂહોને જ ધારણ કરતી નથી, કિન્તુ જળમાં ઉપજવારૂપે સમાન

હોવાથી અસુંદર એવી પણ જળની (સિપ્પી=) સેવાળને (ભેલી=) નાવડીઓને અને કપર્દિકા (કોડીઓ) વગેરેને પણ ધારણ કરે છે; તેમ તમે પણ (કેવળ) રાજા (મંત્રી–સામન્ત–ધનાઢ્ય) વગેરે ઇશ્વરોની અને નગરશેઠ વગેરેની પુત્રીઓને, ઘણા સ્વજનો-વાળીને, ઘણું ભણેલી વિદુષીઓને અને પોતાના વર્ગ (પક્ષ)નો આશ્રય કરનારી–સંબંધી વગેરેને ધારણ (પાલન) કરશો નહિ, કિન્તુ તે સિવાયની સામાન્ય સાધ્વીઓને પણ પાળજો; કારણ કે–સંયમના ભારને ઉપાડવારૂપ ગુણથી સઘળીય તુલ્ય છે. (૪૪૮૪ થી ૮૭) વળી સમુદ્રની વેલ (ભરતી) તો તેઓને (રત્ન વગેરેને) ધારણ કરીને કોઈ વાર ફેંકી પણ દે છે, પણ તમે આ ધન્યવતીઓને સદાય સંભાળજો (છોડશો નહિ). (૪૪૮૮) વળી દરિદ્ર, દીન, અનક્ષર (અભણ), (ઇન્દ્રિયથી) વિકળ, ન્યૂન હૃદય (પ્રીતિ)-વાળી (અથવા ઓછી સમજવાળી), બંધનરહિત, તથા લબ્ધિ (પુણ્ય વગેરે શક્તિ) રહિત, પ્રકૃતિએ જ અનાદેય વચનવાળી, વિજ્ઞાનવર્જિત, (અમુહ=) મુખ વિનાની (બોલી ન શકે તેવી અચતુર અથવા અમુખ્ય), સહાય વિનાની (અથવા સહાય ન કરી શકે તેવી), વૃદ્ધાવસ્થાવાળી, વિશિષ્ટ બુદ્ધિ વિનાની (અજ્ઞ), ભાંગેલા કે વિકળ અંગોવાળી, વિષમ અવસ્થાને પામેલી અને (ખંઢ–ખરડ=) અભિમાનથી અપમાન કરનારી (દોષ દેનારી હલકટ), એવી છતાં સંયમગુણમાં એકરસવાળી (તે સર્વ) સાધ્વીઓનાં, તમે (વિનયાદિ કરાવવામાં) ગુરુણી જેવા, (માંદગી વગેરે પ્રસંગે) તેઓની અંગપરિચારિકા (ચાકરડી) જેવાં, (શરીરરક્ષામાં) ધાવમાતા જેવાં, અથવા (મુંઝવણ પ્રસંગે) પ્રિય સખી જેવાં, બ્હેન જેવાં કે માતા જેવાં, અથવા માતા, પિતા અને ભાઇ જેવાં બનજો. (૪૪૮૯ થી ૯૨) વધારે કહેવાથી શું ? જેમ અત્યંત ફળવાળા મોટા વૃક્ષની ડાળી સર્વ પક્ષીઓ માટે સાધારણ હોય છે, તેમ (ગુરુણીને) ઉચિત ગુણોરૂપી ફળવાળા તમે પણ સર્વ સાધ્વીઓરૂપ પક્ષીઓને માટે અત્યંત સાધારણ (નિષ્પક્ષ) બનજો. (૪૪૯૩)

**સાધ્વીઓને અનુશાસ્તિ**–એમ પ્રવર્તિનીને હિતશિક્ષા આપીને પછી સર્વ સાધ્વીઓને હિતશિક્ષા આપે. જેમ કે–આ (નવા આચાર્ય) તમારા ગુરુ, બંધુ, પિતા અથવા માતાતુલ્ય છે, (૪૪૯૪) હે મહા યશવાળીઓ ! આ મહા મુનિઓ પણ એક માતાથી જન્મેલા મોટા ભાઈ જેવા (તમારા પ્રત્યે) સદાય અત્યંત વાત્સલ્યમાં તત્પર છે. (૪૪૯૫) તેથી આ ગુરુને તથા મુનિઓને પણ મન, વચન તથા કાયાથી પ્રતિકૂળ વર્તવું નહિ, કિન્તુ અતિ બહુમાન કરવું. (૪૪૯૬) એમ પ્રવર્તિનીને પણ નિશ્ચે તેમની આજ્ઞાને અખંડ પાળીને જ સમ્યક્ અનુકૂળ બનાવવાં, પરંતુ લેશ પણ કોપાયમાન કરવાં નહિ. (૪૪૯૭) કોઈ કારણે જ્યારે તેઓ કોપાયમાન થાય, ત્યારે પણ મૃગાવતીએ જેમ પોતાની ગુરુણીને ખમાવ્યા હતાં, તેમ તમારે સ્વદોષની કબૂલાતપૂર્વક પ્રત્યેક પ્રસંગે તેમને ખમાવવાં. (૪૪૯૮) કારણ કે–હે સાધ્વીઓ ! મોક્ષનગરમાં જવા માટે તમારાં આ ઉત્તમ સાર્થવાહિણી છે અને (તમારા) પ્રમાદરૂપી શત્રુના (સૈન્યનો પરાભવ કરવામાં સમર્થ

( અથવા (પહુય =) પ્રભૂત-મોટી ) પ્રતિસેનાતુલ્ય છે. (૪૪૯૯) વળી હિતશિક્ષારૂપી અખંડ દૂધની ધારા આપનારી ગાયતુલ્ય છે, તેમજ અજ્ઞાનથી અંધ પ્રાણિઓની અંજન-શલાકા છે. તેથી ભમરીઓને માલતીના પુષ્પની કળીની જેમ, રાજહંસીઓને કમલીનીની જેમ અને પક્ષિઓને વનરાજીની જેમ તમારે આ પ્રવર્તિનીને (ગુણરૂપી પરાગ માટે, શોભા માટે અને આશ્રય માટે) સેવવાયોગ્ય છે. (૪૫૦૦-૪૫૦૧) તથા કેલી (રમત), ક્લેશ, વિકથા અને પ્રમાદરૂપી શત્રુના (મોહના) સૈન્યનો પરાભવ કરીને નિત્ય પરલોકના કાર્યમાં ઉદ્યમી, એવી તમારે જન્મને પૂર્ણ કરવો (જીવનને સફળ કરવું.) (૪૫૦૨) અને નાનાં-મોટાં ભાઇ-બ્હેનોની જેમ સંયમયોગોની સાધનામાં પરસ્પર સમ્યક્ સહાયક થવું. (૪૫૦૩) તથા મંદ ચાલે ચાલવું, પ્રગટ હસવું નહિ અને મંદ બોલવું, અથવા તમોએ સઘળીય પ્રવૃત્તિ (ગુપ્ત-મંદ) અનુદ્ધત રીતે કરવી. (૪૫૦૪) ઉપાશ્રયની બહાર એકલીએ પગ પણ ન મૂકવો અને શ્રી જિનમંદિર કે સાધુની વસતિમાં પણ વૃદ્ધસાધ્વીઓની સાથે જવું. (૪૫૦૫)

એમ આચાર્ય એક એક વર્ગને ( ભિન્ન ભિન્ન ) હિતશિક્ષા આપીને તેઓની જ સમક્ષ સર્વેને સાધારણ હિતશિક્ષા આપે કે (૪૫૦૬) આજ્ઞાપાલનમાં ( સર્વે ) રક્ત હોવાથી તમોએ બાળ-વૃદ્ધોથી યુક્ત ગચ્છમાં ભક્તિ અને શક્તિપૂર્વક (પરસ્પર) વૈયાવચ્ચમાં સદા ઉદ્યત રહેવું. (૪૫૦૭) કારણ કે-સ્વાધ્યાય, તપ વગેરે સર્વમાં તેને મુખ્ય કહેલી છે. સર્વ ગુણો પ્રતિપાતી છે, જ્યારે વૈયાવચ્ચ અપ્રતિપાતી છે. (૪૫૦૮) ભરત, બાહુ-બલી અને દશારકુળની વૃદ્ધિ કરનાર વસુદેવ, (એ મહાત્માઓ) વૈયાવચ્ચમાં ઉદાહરણ છે. તેથી સાધુઓને (સર્વ પ્રકારની સેવાથી) સંતુષ્ટ કરવા (૪૫૦૯) તે દૃષ્ટાન્તો આ પ્રમાણે-

**વૈયાવચ્ચનો મહિમા**-યુદ્ધ કરવામાં તત્પર એવા ( પણ ) શત્રુઓનો પરાભવ કરનારા જે પ્રચંડ રાજાઓ, તેઓના સમૂહનો પરાભવ કરીને છ ખંડ પૃથ્વીમંડલને જીતવામાં સમર્થ પ્રતાપવાળું, અતિ રૂપવતી શ્રેષ્ઠ ચોસઠ હજાર પત્નીઓથી અત્યંત મનોહર, ઘણા હાથીઓ, ઘોડાઓ, પદાતીઓ (તથા રથોથી) યુક્ત, નવનિધિવાળું, લેશ માત્ર ખૂલતા નેત્રને જોતાં જ (આંખ ઉંચી કરવા માત્રથી) નમી પડતા સામંતોવાળું, પોતાના સ્વાર્થની અપેક્ષા વિના જ સહાય કરતા યક્ષોવાળું, એવું જે ચક્રવર્તીપણું ભારતમાં પૂર્વે ભરતચક્રીએ મેળવ્યું, તે પૂર્વજન્મમાં કરેલી સાધુઓની વૈયાવચ્ચનું ફળ કહ્યું છે. (૪૫૧૦ થી ૧૩) વળી પ્રબળ ભુજાના બળે પૃથ્વીના ભારને વહન કરનારા છતાં, ઘણાં યુદ્ધોમાં શરદના ચંદ્ર જેવાં નિર્મળ યશને મેળવનારા છતાં અને શત્રુઓનાં મસ્તકોને છેદવામાં નિર્દય પરાક્રમવાળા એવા ચક્રને હાથમાં ધારણ કરનારા ( ચક્રી ) છતાં ભરતને, પ્રચંડ ભુજાબળના નિધાન એવા બાહુબલીએ 'શું આ બાહુબલી ચક્રી છે?' એવા સંશયરૂપી હિંચકાં ઉપર ચઢાવ્યો ( સંશયવાળો કર્યો ) અને જે દૃષ્ટિયુદ્ધ વગેરે

યુદ્ધોથી દેવોની સમક્ષ લીલા માત્રમાં હરાવ્યો, તે પણ ઉત્તરોત્તર શ્રેષ્ઠ ફળ આપવામાં કલ્પવૃક્ષ જેવો ઉત્તમ સાધુઓને યોગ્ય (કરેલી) વૈયાવચ્ચનો સર્વ મહિમા કહ્યો છે. **(૪૫૧૪ થી ૧૭)** જે પોતાના રૂપની સુંદરતાથી, જગપ્રસિદ્ધ એવા કામદેવના અહંકારને જીતનારા, દશારકુળરૂપી કુમુદને (વિકસાવવામાં) કૌમુદીના ચંદ્ર જેવા અને જ્યાં–ત્યાં પરિભ્રમણ કરતા એવા પણ વસુદેવને તે કાળે, ઉંચા સ્તનભાગથી (છાતીથી) શોભતી, નવયૌવનથી મનોહર, પુનમની રાત્રિના ચંદ્ર જેવા મુખવાળી, કામથી પીડિત (ભરેલાં) અંગોવાળી, અત્યંત સ્નેહવાળી અને મૃગસમાન નેત્રોવાળી, એવી વિદ્યાધરોની પુત્રીઓ, હું પહેલી–હું પહેલી, એમ બોલતી પરણી, તે પણ સઘળું ફળ ચિંતામણીને જીતનારી એવી તપસ્વી, નવદીક્ષિત, બાળ, ગ્લાન વગેરે મુનિઓની વૈયાવચ્ચનું છે. **(૪૫૧૮ થી ૨૧)**

એમ હે મહાનુભાવો! જે સમર્થ છતાં અચિંત્ય મહિમાવાળી વૈયાવચ્ચને ન કરે, તેને શુભનો (સુખનો) શત્રુ જાણવો. **(૪૫૨૨)** તેણે તીર્થંકરની આજ્ઞા પ્રત્યે ક્રોધ, શ્રુતધર્મની વિરાધના તથા અનાચાર કર્યો, તથા આત્માને, પરને અને પ્રવચનને દૂર ફેંક્યા (અહિત કર્યું) છે. **(૪૫૨૩)** વળી અછતા ગુણોને (પ્રગટાવવા) માટે અને વિદ્યમાન્ ગુણોની વૃદ્ધિ કરવા માટે સદાય સજ્જનોની જ સાથે સંગ કરજો! **(૪૫૨૪)** વિદ્યમાન્ ગુણોનો નાશ થવાના ભયથી, અપ્રાપ્ત ગુણો અતિ દૂર (અપ્રાપ્ય) થવાના ભયથી અને દોષોની પ્રાપ્તિ થવાના ભયથી દુર્જનની સંગતિનો ત્યાગ કરજો! **(૪૫૨૫)** જો નવો ઘડો સુગંધીવાળા કે દુર્ગંધીવાળા પદાર્થથી ભાવિત (તે તે ગંધવાળો) બને છે, તો (ભાવુક) મનુષ્ય પ્રત્યેની સંગતિથી તેના ગુણ–દોષથી ભાવિત કેમ ન બને? **(૪૫૨૬)** જેમ અગ્નિના સંગથી પાણી પોતાની શીતલતાને ગુમાવે છે, તેમ પ્રાયઃ દુર્જનના સંગથી સજ્જન પણ પોતાના ગુણોને ગુમાવે છે. **(૪૫૨૭)** ચંડાલના ઘરે દૂધને પીતા બ્રાહ્મણની જેમ દુર્જનની સોબત કરતો સજ્જન પણ લોકમાં દોષોની શંકાનું પાત્ર બને છે. **(૪૫૨૮)** દુર્જન લોકોની સંગતિથી વાસિત થયેલો વૈરાગી પણ પ્રાયઃ સજ્જનોના સંપર્કમાં પ્રસન્ન થતો નથી, પણ દુર્જન લોકમાં (રહેવાથી) પ્રસન્ન થાય છે. **(૪૫૨૯)** જેમ ગંધરહિત પણ પુષ્પને દેવની શેષ માનીને લોકો મસ્તકે ચઢાવે છે, તેમ સજ્જનો સાથે રહેનારા દુર્જન પણ મનુષ્યો (લોકમાં) પૂજાય છે. **(૪૫૩૦)** તેવી રીતે જે જે ચારિત્રગુણોનો નાશ કરે, તે તે અન્ય વસ્તુનો પણ ત્યાગ કરો, કે જેથી તમે દૃઢસંયમી બનો. **(૪૫૩૧)** પાસત્થાદિની સાથેના પરિચયને પણ નિત્ય પ્રયત્નપૂર્વક તજો! (કારણ કે–) સંસર્ગવશ પુરુષ તૂર્ત તેના જેવો બને છે. **(૪૫૩૨)**

**તે આ પ્રમાણે**–સંવિગ્નને પણ પાસત્થાદિની સંગતિથી (તેના પ્રત્યે) પ્રીતિ, પ્રીતિથી વિશ્વાસ, વિશ્વાસ થતાં રાગ (રતિ) અને રાગથી તન્મયતા (તુલ્યતા) થાય; તેના જેવા થવાથી લજ્જાનો નાશ થાય અને તેથી નિઃશંકપણે અશુભ વિષયમાં પ્રવૃત્તિ થાય. એમ ધર્મમાં પ્રીતિવાળો પણ (કુસંસર્ગથી) શીઘ્ર સંયમથી પરિભ્રષ્ટ થાય! **(૪૫૩૩–૩૪)**

વળી સંવિજ્ઞોની સાથે રહેલો, ધર્મમાં પ્રીતિ વિનાનો પણ તથા કાયર પણ પુરૂષ ભાવનાથી ભયથી, માનથી કે લજ્જાથી પણ ચરણ-કરણમાં ( મૂલ-ઉત્તરગુણોમાં ) ઉદ્યમ કરે અને જેમ અતિ સુગંધી કર્પૂર કસ્તુરી સાથે મળવાથી વિશેષ સુગંધી બને તેમ સંવિગ્ન સંવિજ્ઞની સંગતિથી નિયમા સવિશેષ ગુણવાળો બને. (૪૫૩૫-૩૬) લાખ પાસત્થાઓથી પણ એક સુશીલ શ્રેષ્ઠ છે કારણ કે-તેનો આશ્રય કરનારાઓનાં જ્ઞાન-દર્શન-ચારિત્ર વૃદ્ધિને પામે છે. (૪૫૩૭) અહીં ( સંયમમાં ) કુશીલે કરેલી પૂજા કરતાં સંયતે કરેલું અપમાન પણ શ્રેષ્ઠ છે. કારણ કે-પહેલાથી (કુશીલથી) શીલનો નાશ થાય છે અને ઇતિરથી (સંયતથી) શીલનો નાશ થતો નથી. (૪૫૩૮) જેમ મેઘનઃ વાદળથી વ્યતરનું (તે જાતિના સર્પનું ?) શમેલું વિષ કુપિત થાય, તેમ કુશળ પુરૂષોએ ઉપશમાવેલું પણ મુનિઓનું પ્રમાદરૂપી વિષ કુશીલ સંસર્ગરૂપી મેઘના વાદળથી પુનઃ પણ કુપિત થાય છે. (૪૫૩૯) તે કારણે ધર્મમાં પ્રીતિ અને દઢતાવાળા એવા પાપભીરુઓની સાથે સંગતી કરો, કારણ કે-તેના પ્રભાવે ધર્મમાં મંદ આદરવાળો પણ ઉદ્યમી બને છે. કહ્યું છે કે-નવો ધર્મ પામેલાની બુદ્ધિ પ્રાયઃ ધર્મમાં આદર કરતી નથી, પણ જેમ (વૃદ્ધ વૃષભની સાથે) જોડેલો અપલોટ વૃષભ અવ્યાકુળપણે ધુંસરીને વહન કરે છે, તેમ ( નવો ધર્મી પણ ) વૃદ્ધોની સંગતિથી ધર્મમાં રાગી (સ્થિર) બને છે. (૪૫૫૦-૪૧) શીલગુણથી મહાન્ એવા પુરુષોની સાથે જે સંસર્ગ કરે છે. ચતુર પુરુષો સાથે સમ્યક્ વાતો કરે છે અને નિર્લોભ (નિઃસ્વાર્થ) બુદ્ધિવાળાઓ સાથે પ્રીતિ કરે છે. તે આત્માનું (પોતાનું) હિત કરે છે. (૪૫૪૨) એમ આશ્રય (સંગતિ)ને વશ પુરુષો દોષને અને ગુણને પ્રાપ્ત કરે છે. તેથી પ્રશસ્ત ગુણવાળાનો જ આશ્રય જોડજો (કરજો) (૪૫૪૩) પ્રશસ્ત ભાવવાળા તમે પરસ્પર કાનને કડવું પણ હિતકર બોલજો કારણકે-કટુ ઔષધની જેમ નિશ્ચે પરિણામે તે સુંદર (હિતકર) થશે. (૪૫૪૪) પોતાના ગચ્છમાં કે બીજા ગચ્છમાં (કોઇની) પરનિંદા કરશો નહિ અને સદાય પૂજ્યોની આશાતનાથી મુક્ત અને પાપભીરુ બનજો! (૪૫૪૫) અને વળી આત્માને સર્વથા પ્રયત્નપૂર્વક તે રીતે સંસ્કારી કરજો કે જે રીતે ગુણથી પ્રગટેલી તમારી કીર્તિ સર્વત્ર વિસ્તરે (૪૫૪૬) આ સાધુઓ નિર્મળ શીયળવાળા છે. બહુશ્રુત છે, ન્યાયી છે, કોઇને સંતાપ નહિ કરનારા ક્રિયા-ગુણમાં સમ્યક્ સ્થિત ( સ્થિર ) છે-એવી ઉદ્દઘોષણા ધન્ય પુરૂષોની ભમે ( ફેલાય ) છે (૪૫૪૭) મેં માર્ગના અજાણને માર્ગ દેખાડવામાં રક્ત, ચક્ષુરહિતને ચક્ષુ જેવો, ( કર્મ ) વ્યાધિથી અતિ પીડાતાને વૈદ્ય જેવો અસહાયને સહાયક અને સંસારરૂપી ગર્તામાં પડેલાને (બહાર કાઢવા માટે) હાથનું આલંબન આપનાર એવા ગુણોથી મહાન્ ગુરુ તમને આપ્યો છે અને હવે હું (ગચ્છની સંભાળથી)સર્વ રીતે મુક્ત થયો છું (૪૫૪૮-૪૯) આ આચાર્યના શ્રેષ્ઠ પાદમૂલને (આશ્રયને) છોડીને તમારે કદાપિ ક્યાંય પણ જવું યોગ્ય નથી છતાં આજ્ઞાપાલનમાં રક્ત એવા તમે તેમની આજ્ઞાથી જો કોઇ પ્રસંગે ક્યાંય ગયેલા પણ પુણ્યની ખાણ એવા આ ગુરૂને ભાવથી ( હૈયાથી ) છોડશો નહિ ! (૪૫૫૦-૫૧) જેમ સુભટો સ્વામિને, અંધ દોરનારને અને મુસાફરો

સાર્થવાહને છોડે નહિ, તેમ તમારે પણ આ ગુરુને છોડવા નહિ. (૪૫૫૨) આ આચાર્ય જો સારણા-વારણા વગેરે આપે (કરે), તો પણ ક્રોધ કરવો નહિ. બુદ્ધિમાન કોણ હિતસ્વી મનુષ્ય પ્રત્યે કોપ કરે ? (૪૫૫૩) કોઈ પ્રસંગે તેઓનું કડવું પણ કહેલું, તેને અમૃત જેવું માનતા તમે કુળવધૂની જેમ તેઓ પ્રત્યે વિનયને છોડશો નહિ. (૪૫૫૪) એ કારણે શિષ્યો ગુરુની ઇચ્છામાં આનંદ અને રુચિ ધરાવનારા, ગુરુની દૃષ્ટિ પડતાં જ (માત્ર ઇસારાથી) પ્રચારને (સ્વેચ્છાચારને) મર્યાદિત કરનારા (રોકનાર) અને ગુરુને રુચે તેવાં વિનયવેષ ધરાવનાર કુળવધૂ જેવા હોય છે. (૪૫૫૫) કાર્ય-કારણની વિધિના જાણ, આ ગુરુ કોઈ પ્રસંગે તમારા ભાવિ હિત માટે કૃત્રિમ કે સાચા પણ કોપથી ચઢાવેલી ભયંકર ભ્રકુટીવાળા-અતિ ભયજનક ભાલતલવાળા થઇને પણ તમને ઠપકો આપે અને કાઢી મૂકે, તો પણ 'આ ગુરુ જ અમારો શણગાર છે'-એમ માનતા અને હૃદયમાં આવું વિચારતા, તમે અતિશય દક્ષતાપૂર્વક વિનય કરીને તેમને જ પ્રસન્ન કરજો. (૪૫૫૬ થી ૫૮) (શું વિચારતા ? તે કહે છે કે-) સ્વામિને પ્રસન્ન કરવામાં સમર્થ એવા ઘણા પ્રકારનાં તે તે સફળ ઉપાયોને સદ્‌ભાવપૂર્વક વારંવાર પોતાના મનમાં ચિંતવતા પણ તે ભવ્ય જીવોને (પાઠાંતર भिच्चाण=સેવકોના જીવનને) ધિક્કાર થાઓ !, કે જેઓની ઉપર પાસે રહેલા મનુષ્યો પ્રસન્ન થાય તેવી રીતે સ્વામી ક્ષણવાર પણ કોપ કરતાં નથી. અર્થાત્ ગુરુ જેના પ્રત્યે હિત કરવા માટે ક્રોધ કરે તે ધન્ય છે, કારણ કે-તેની યોગ્યતા જો હોય તો જ ગુરુ તેને ક્રોધ કરીને પણ સુધારવા ઇચ્છે. (૪૫૫૯-૬૦) તથા જેમ સમુદ્રમાં સમુદ્રના સંક્ષોભને (ઉપદ્રવોને) નહિ સહન કરનારા-સુખની ઇચ્છાવાળા મચ્છો તેમાંથી નીકળે છે તો નીકળવા માત્રથી નાશ પામે છે, તેમ ગચ્છરૂપી સમુદ્રમાં ગુરુની સારણા-વારણાદિ મોજાંઓથી પરાભવ પામેલા સુખની ઇચ્છાવાળા તમે ગચ્છથી નીકળશો (છૂટા થશો) નહિ, અન્યથા મચ્છની જેમ (સંયમથી) નાશ પામશો. (૪૫૬૧-૬૨) મહાત્મા એવા આ તમારા ગુરુ ઘણાં ગુણરૂપી રત્નોના સાગર છે, ધીર છે અને આ સંસારરૂપી અટવીમાં ફસાઇ પડેલા તમારા (પાઠાંતર નેયા=) નાયક છે. (૪૫૬૩) ધીર એવા આ ગુરુનો તમે 'પર્યાયથી નાનો છે, સમપર્યાયવાળો છે, અથવા અતિ અલ્પ ભણેલો છે'-એમ સમજીને પરાભવ કરશો નહિ, કારણ કે-તેઓ ગચ્છના સ્વામી હોવાથી અતિ પૂજ્ય છે. (૪૫૬૪) વળી હે મુનિવરો ! તમોએ જ્ઞાનના ભંડાર આ ગુરુના વચનને કદાપિ ઉલ્લંઘન કરવું નહિ, પણ વચનથી 'તહત્તિ' દ્વારા સ્વીકારીને ક્રિયાથી તેનું સમ્યક્ (પાલન) કરવું. (૪૫૬૫) કારણ કે જગતમાં નિષ્કારણવત્સલ આ ગુરુની ભાઈની સાથે, પિતાની સાથે તથા માતાની સાથે પણ ઉપમા (ઘટતી) નથી. (તેઓથી પણ અધિક ઉપકારી છે.) (૪૫૬૬) તે માટે ધર્મમાં એક સ્થિર બુદ્ધિવાળા તમોએ તેમને જ સદાય યાવજ્જીવ ત્રાણ અને શરણ તરીકે સ્વીકારવા. (૪૫૬૭) તમે મોક્ષાર્થી છો અને તે મોક્ષનો ઉપાય ગુરુ વિના બીજો (કોઈ) નથી, તેથી ગુણના નિધિ આ ગુરુ જ નિશ્ચે

તમારે સેવવાયોગ્ય છે. (૪૫૬૮) અને વળી તેમના વચનથી તમોએ પરસ્પર સમ્યક્ ઉપકારી ભાવથી વર્તવું. કારણ કે-વિપરીત વર્તવાથી ગુણ (હિત) થાય નહિ. (૪૫૬૯) અને વળી જેમ તુંબ (ચક્રની વચ્ચેની નાભી) વિના આરા (ચયં=) શક્તિને (ન બંધંતિ=) બાંધી (પામી) શકતા નથી, તેમજ બિંટ વિના પુષ્પો અને પત્રો જેમ (ચયં=) શરીરને બાંધી શકતા નથી, તેમ તમે પણ નિશ્ચે આ ગુરુ વિના (ચયં=) એકઠાપણું-સંપને બાંધી (પામી) શકશો નહિ. (૪૫૭૦) વળી આરા વિનાનું તુંબડું પણ અને પાંદડાનો સમૂહ તૂટી ગયેલું બિંટડું પણ જેમ શોભતું નથી, તેમ પરિવાર વિનાનો સ્વામી પણ કાર્યકર થઈ શકતો નથી. (૪૫૭૧) પરંતુ જો અવયવો અને અવયવી પરસ્પર અપેક્ષા-વાળા બને. તો વાંછિત અર્થની સિદ્ધિ અને શોભા પણ થાય છે. (૪૫૭૨) જેમ નાક મુખથી અને મુખ પણ નાકથી શોભે છે, તેમ સ્વામી ઉત્તમ પરિવારથી અને પરિવાર પણ ઉત્તમ સ્વામીથી શોભે છે. (૪૫૭૩) એ રીતે વનના અને સિંહના પરસ્પર રક્ષ્ય-રક્ષકપણાને સમ્યક્ વિચારીને તમારે (ગુરુ-શિષ્યોએ) પરસ્પર વર્તન કરવું. (૪૫૭૪) ઘણું કહેવાથી શું ? (વિહારાદિ) ભ્રમણ કરવામાં, જમવામાં, ભણવામાં (બોલવામાં) અને સર્વ પ્રવૃત્તિઓમાં અતિ (**નિહુયા=**) વિનીત (અનુદ્ધત-ગંભીર) (પાઠાંતર મિહુયા= સ્નેહવાળા) થજો, એ ઉપદેશનો સાર છે. (૪૫૭૫) એમ અમે તમને કરુણાથી અને વ્હાલાપણાથી આ ઉપદેશ્યું છે, તેથી જેમ તે નિષ્ફળ ન થાય, તેમ તમોએ કરવું. (૪૫૭૬)

**હિતશિક્ષા સાંભળનારા શિષ્યોની ગુરુ પ્રત્યે કૃતજ્ઞતા**-તે પછી પૃથ્વી સાથે ઘસાતા મસ્તક ઉપર ગુરુના ચરણકમળને (**વીસંતં=**) ધારણ કરતા, આનંદના અશ્રુપ્રવાહને વરસાવતા, શોકથી (અથવા પશ્ચાત્તાપથી) ભરેલા ગળામાંથી મંદ મંદ પ્રગટતા ગદ્‌ગદ્ અવાજવાળા, (**નિહંતં=**) નીકળતા ઉષ્ણ ઉષ્ણ લાંબા નિસાસને સખ્ત રોકતા, તે શિષ્યો (ગુરુને) હિતકર, મંગળરૂપ, દેવરૂપ અને ચૈત્યરૂપ માનતા, ગુરુની આગળ "ઇચ્છામો અણુસટ્ઠિં (આપની શિક્ષાને વારંવાર ઇચ્છીએ છીએ.)"-એમ કહીને પુનઃ આ પ્રમાણે બોલે. (૪૫૭૭ થી ૭૯) હે ભગવંત ! આપનો મોટો ઉપકાર છે, કે જે તમે (અમને) પોતાના શરીરની જેમ પાળ્યા, સારણા-વારણા-પ્રતિનોદના વડે માર્ગે ચઢાવ્યા અને અંધને દેખતા કર્યા. (**અહિયયા=**) હૃદયરહિતને (મૂર્ખને) સહૃદય (દયાળુ) (અથવા અહિયયા=અહિત કરનારને સ્વહિતકારી) કર્યા (**નિકન્ના=**) કાનરહિત (બ્હેરાને) વિદ્વાન કર્યા અને અતિ દુર્લભ એવા મોક્ષમાર્ગને પ્રાપ્ત કરાવ્યો. પરંતુ હે સ્વામિન્ ! વર્તમાનમાં તમારા વિયોગે ભાન ભૂલેલા (અજ્ઞાની) અમે કેવા થઈશું ? (અમારું શું થશે ?) (૪૫૮૦ થી ૮૨) (પાઠાં૦ **સવ્વજગ૦**) જગતના સર્વ જીવોનું હિત કરનારો, તેમજ સ્થવિર અને એવો જગતના સર્વ જીવોનો નાથ જો પરદેશ જાય કે મરે, તો ખેદકારી છે કે-તે દેશો શૂન્ય બને છે. પરંતુ શીલ અને ગુણથી યુક્ત, તેમજ અન્યને સંતાપ નહિ કરનારો એવો સ્વામી જ્યારે પ્રવાસી બને કે મરે, ત્યારે તો દેશો ભાંગી પડે છે. (૪૫૮૩-૮૪) હે

ગચ્છાધિપ ! વિકલિત બળવાળા (નિર્બળ), વૃદ્ધપણાથી જર્જરિત અને પડી ગયેલી દંત-પંક્તિવાળા, પણ (પ્રવિચરંતેણ=) વિચરતા (વિદ્યમાન્) આપ સ્વામિથી અદ્યાપી (કુળ=) સાધુસમૂહ સનાથ છે. (૪૫૮૫) સર્વસ્વ આપનારા, સુખ–દુઃખમાં સમાન (નિષ્પ્રકંપ=) નિશ્ચલ, એવા ઉત્તમ ગુરુનો જે (પ્રવાસ) વિયોગ, તે નિશ્ચે દુઃખને સહવા માટે છે. (અર્થાત્ દુઃખદ છે.) (૪૫૮૬) એમ કુનયરૂપી હરણને વશ કરવામાં વાગુરાતુલ્ય અને યમની સાથે યુદ્ધમાં જયપતાકા મેળવવામાં સફળ હેતુભૂત, એવી સંવેગરંગશાળા નામની આરાધનાના દશ પેટાદ્વારવાળા ગણસંક્રમ નામના બીજા દ્વારમાં અનુશાસ્તિ નામનું આ ત્રીજું પેટાદ્વાર કહ્યું. (૪૫૮૭-૮૮) (ઉપર પ્રમાણે) હિતશિક્ષા આપવા છતાં પોતાના ગચ્છમાં રહેવાથી આચાર્યને સમાધિ ન સચવાય, તેથી હવે પરગણમાં સંક્રમણ કરવાના વિધિનું (ચોથું) પેટાદ્વાર કહું છું. (૪૫૮૯)

**૪. પરગણસંક્રમવિધિ-ગવેષણાદ્વાર**–પછી પૂર્વે જણાવ્યાં તે મહાત્મા આચાર્ય, પૂર્વે જણાવેલી હિતશિક્ષાને અનુસારે હિતકર કાર્યોમાં તત્પર એવા પોતાના (નવા) આચાર્યને અને ગચ્છને પણ, પુનઃ પણ બોલાવીને, ચંદ્રકિરણોના પ્રવાહ જેવી શીતલ અને આનંદને ઝરતી (ઉપજાવતી) એવી વાણીથી આ પ્રમાણે કહે– (૪૫૯૦-૯૧) ભો ભો મહાનુભાવો ! હવે હું 'સૂત્રદાન કરવું' વગેરે તમારાં કાર્યોને સમ્યક્ (પૂર્ણ) કરવાથી સર્વ કાર્યોમાં કૃતકૃત્ય થયો, તેથી ઉપયોગવાળા પણ તમારા સંબંધમાં બીજું અતિ થોડું પણ તમને જણાવવા યોગ્ય (એક) કાર્ય મને સૂઝે છે. તેથી હવે (એ ત્તો=) મેં જે હિતશિક્ષા આપી તેથી પણ પહેલું (મારી) આરાધનાની નિર્વિઘ્ન સિદ્ધિ માટે મને પરગણમાં સંક્રમણ (પ્રવેશ) કરવા માટે સમ્યગ્ અનુમતિ આપો ! અને ગુરુ પ્રત્યે ઘણી ભક્તિવાળા, વિનીત એવા પણ તમોને મારો વારંવાર મિચ્છામિ દુક્કડં થાઓ ! (૪૫૯૨ થી ૯૫) (ગુરુનું તે વચન સાંભળીને) પછી શોકના ભારથી (ગિલંત=) અતિ ગ્લાન (થાકેલા) અને અતિ અફસોસથી ભરાયેલા ગળાવાળા, તેમજ સતત પડતાં આંસુનાં બિંદુઓના સમૂહથી રોકાયેલાં (ભરેલાં) નેત્રોવાળા શિષ્યો સૂરિના ચરણકમળરૂપી ખોળામાં મસ્તકને મૂકીને ગદ્‌ગદ્ સ્વરથી કહે કે–હે ભગવંત ! કાનને શલ્યતુલ્ય અને અત્યંત દુઃસહ તમે આ શું બોલો છો ? જો કે અમે સર્વથા (આપને) તેવા ઉપકાર કરનારા નથી, તેવા બુદ્ધિવાળા નથી, તેવા ગીતાર્થ નથી, આપના ચરણકમળની સેવાને યોગ્ય નથી, તથા અંતસમયની કહેલી સંલેખના વગેરે વિધિમાં કુશળ પણ નથી, તો પણ હે ભગવંત ! એકાન્તે પરહિતમાં તત્પર એકચિત્તવાળા, પરને અનુગ્રહ કરવામાં પ્રધાન અને પ્રાર્થનાનો ભંગ કરવામાં ભીરુ, એવા આપે (અમને) છોડી દેવા તે ઉચિત નથી, કારણ કે– આજે પણ વચ્ચે બેઠેલા આપના ચરણકમળથી (આપથી) આ (જૂહં=) ગચ્છ શોભે છે. (૪૫૯૬ થી ૪૬૦૧) તેથી અમારા સુખ(શુભ)ને માટે કાળચક્ર પડવા જેવું આવું વચન આપને બોલવાથી અને ચિંતવવાથી પણ સર્યું. (૪૬૦૨) શિષ્યોએ એમ

કહ્યે છતે ગુરુ પણ મધુર વાણીથી કહે કે–શ્રી અરહિંતદેવના વચનોથી પરિણત (ભાવિત) બનેલા અને પોતાની બુદ્ધિરૂપી ધનથી યોગ્યાયોગ્યને સમજનારા હે મહાનુભાવો! તમારે મનથી આવું ચિંતવવું પણ યોગ્ય નથી અને બોલવું તો (દુરે=) સર્વથા યોગ્ય નથી. (૪૬૦૩-૪) કોણ બુદ્ધિશાળી ઉચિત પક્ષમાં (કાર્યમાં) પણ (વિક્ખંભ=) અટકાવ કરે? અથવા શું શ્રી અરિહંતકથિત શાસ્ત્રોમાં આની અનુમતિ કહી નથી? અથવા પૂર્વે-પુરુષોએ આને આચર્યું નથી? શું તમે ક્યાંય પણ જોયું નથી? વળી સખ્ત પવનથી આંદોલિત ધ્વજપટ જેવા ચંચળ (મારા આ) જીવનને શું (તમે) જોતા નથી, કે જેથી અમર્યાદિત (અતિ) અસદ્ આગ્રહને વશ થઈને આવું બોલો છો? માટે મારા પ્રસ્તુત કાર્યને સર્વ રીતે પણ પ્રતિકૂળ ન બનો! (૪૬૦૫ થી ૭) ઈત્યાદિ ગુરુની વાણી સાંભળીને (શિષ્યાદિ) પુનઃ આ પ્રમાણે તેમને વિનંતિ કરે કે–હે ભગવંત! જો એમ છે, તો પણ અન્ય ગચ્છમાં જવાથી સર્યું. આ પોતાના ગચ્છમાં જ ઈચ્છિત પ્રયોજનને (કાર્યને) કરો, કારણ કે–અહીં પણ પ્રસ્તુત કાર્યમાં સમર્થ, ભારને વહન કરનારા મહા મતિવાળા, ગીતાર્થી, ઉત્સાહમાં વૃદ્ધિ પ્રગટાવનારા, ભૈરવ વગેરે સામે આવતા ભયોમાં નિષ્કંપ (નિર્ભય), સંવેગી, ક્ષમાથી સહન કરનારા અને અતિ વિનીત એવા અનેક સાધુઓ છે. (૪૬૦૮ થી ૧૦) એમ ઉત્તમ સાધુઓના કહેવાથી કોઇ (આચાર્ય) આગળ કહેવાના ગુણ-દોષ પક્ષને (લાભ–હાનિના તારતમ્યને) વારંવાર વિચારીને ત્યાં જ વાંછિત કાર્યને કરે અને કોઈ બીજા આચાર્યે કહેલાં વિધિ પ્રમાણે પોતાના ગચ્છને પૂછીને વધતા ભાવથી આરાધના માટે પરગણમાં પણ પ્રવેશ કરે, કારણ કે–પોતાના ગચ્છમાં(રહેવાથી) ૧–આજ્ઞાકોપ, ૨–કઠોર વચન, ૩–કલહકરણ, ૪-પરિતાપ, ૫–નિર્ભયતા, ૬–સ્નેહરાગ, ૭–કરુણા, ૮–ધ્યાનમાં વિઘ્ન અને ૯–અસમાધિ થાય. (૪૬૧૧ થી ૧૩) (જેમ કે–પોતાના ગચ્છમાં) ઉદ્દાહકારી સ્થવિરો, કલહખોર નાના સાધુઓ અને કઠોર નવદીક્ષિતો જો આચાર્યની આજ્ઞાનો કોપ (અનાદર) કરે, તો તેથી અસમાધિ થાય. પરગચ્છમાં રહેલા આચાર્યનો તો તે સાધુઓ પ્રત્યે વ્યાપાર (અધિકાર) ઘટતો નથી, તેથી આજ્ઞા–કોપ કરે તો પણ અસમાધિ કેમ થાય? (અર્થાત્ ન થાય.) (૪૬૧૪-૧૫) (પાઠાં૦ ખુડ્ડે=) કોઈ ક્ષુલ્લક સાધુને, સ્થવિરોને અને નવા સાધુઓને (અસંવૃત્ત=) અસંવર-વાળા (અસંયમમાં પ્રવૃત્તિ કરતા) જોઈને, તે (આચાર્ય) કઠોર વચન પણ કહે અને વાર વાર કરાતી (તેવી) પ્રેરણાને સહન નહિ કરતા તેઓની સાથે કલહ પણ થાય. (૪૬૧૬) તેથી આચાર્યને અને તે સાધુઓને સંતાપ વગેરે દોષો પણ થાય. વળી પોતાના ગણમાં રહેલા આચાર્યને શિષ્યાદિ પ્રત્યે મમત્વદોષથી અસમાધિ થાય. (૪૬૧૭) તથા પોતાના ગચ્છમાં રોગ, આતંક વગેરેથી (સાધુઓ) જો પીડા વગેરેને પામે, તો તેથી આચાર્યને દુઃખ, સ્નેહ અથવા અસમાધિ થાય. (૪૬૧૮) અતિ દુઃસહ તૃષ્ણા કે ક્ષુધાદિ થવાથી પોતાના ગચ્છમાં વિશ્વાસ પામેલો તે આચાર્ય નિર્ભય થઈને કંઈક

અકલ્પ્યને માગે અથવા વાપરે.(૪૬૧૯)આત્યંતિક વિયોગ(મરણ)પ્રસંગે અનાથ સાધ્વીઓને, વૃદ્ધ મુનિઓને અને પોતાના ખોળામાં ઉછેરેલા બાલ સાધુઓને જોઇને આચાર્યને (તેમના પ્રત્યે) સ્નેહ થાય, તેમજ ક્ષુલ્લક સાધુઓ અથવા ક્ષુલ્લક સાધ્વીઓ નિશ્ચે (કોલુંણિયં=) કરુણાજનક વચનાદિ જો બોલે (રડે), તો આચાર્યને ધ્યાનમાં વિઘ્ન અથવા અસમાધિ થાય. (૪૬૨૦-૨૧) શિષ્યવર્ગ આહાર, પાણી અથવા સેવા-શુશ્રૂષામાં જો પ્રમાદ કરે, તો આચાર્યને અસમાધિ થાય. (૪૬૨૨) પોતાના ગણમાં રહેતાં (નૂતન) આચાર્યને અને (ભિક્ખુસ્સ=) અનશન સ્વીકારનારને પણ અપ્રશમથી પ્રાયઃ એ દોષો થાય, તેથી તે પરગણમાં (સરેજ્જ=) જાય. (૪૬૨૩) પરગણના સાધુઓ (સંતં=) વિદ્યમાન પણ અને ભક્તિવાળા પણ પોતાના ગચ્છને તજીને, આ મહાત્મા અમને મનમાં ધારીને (અમારી આશા કરીને) અહીં આવ્યા છે એમ વિચારીને પણ, પરમ આદરપૂર્વક સર્વસ્વ શક્તિને ગોપવ્યા વિના ઉત્કૃષ્ટ ભક્તિપૂર્વક (સે=) તેમની સેવામાં દઢપણે વર્તે. (૪૬૨૪-૨૫) વળી ગીતાર્થ અને ચારિત્રના ખપી આચાર્ય પણ, (પોતાના ગણને) પૂછીને (સંમતિથી) આવેલા તે ક્ષપકનો (આગંતુકનો) સર્વથા આદરપૂર્વક નિર્યામક બને. (૪૬૨૬) અને સંવિગ્ન, પાપભીરુ તથા શ્રી જિનવચનના સર્વ સારને પામેલા એવા તે આચાર્યના ચરણકમળમાં (નિશ્રામાં) રહેતો (આગંતુક ક્ષપક પણ) નિયમા આરાધક થાય, (૪૬૨૭) એમ શુદ્ધ બુદ્ધિ (સમ્યક્ત્વ)ની (સંજીવની=) જીવાડનારી ઔષધિતુલ્ય અને મરણ સામે યુદ્ધમાં જયપતાકા પ્રાપ્ત કરાવવામાં નિર્વિઘ્ન હેતુભૂત, એવી સંવેગરંગશાળા નામની આરાધનાના દશ પેટાદ્વારવાળા ગણસંક્રમ નામના બીજા દ્વારમાં પરગણસંક્રમ નામનું ચોથું પેટાદ્વાર કહ્યું. (૪૬૨૮-૨૯) એ રીતે પરગણમાં સંક્રમ કરવા છતાં યથોક્ત (પૂર્વે કહ્યા તેવા) સુસ્થિતની (આચાર્યની) ગવેષણા(પ્રાપ્તિ)વિના ઇષ્ટકાર્યની સિદ્ધિ ન થાય, તેથી હવે તેની પ્રરૂપણા કરું છું. (૪૬૩૦)

**૫. સુસ્થિતગવેષણાદ્વાર**-પછી સિદ્ધાન્તમાં પ્રસિદ્ધ (કહેલી) નીતિથી (વિધિથી) પોતાના ગચ્છને છોડનારો, સમાધિની ઇચ્છાવાળો, તે આચાર્ય રાજા વિનાનું ભેગું મળેલું યુદ્ધમાં કુશળ મોટું સૈન્ય (નાયકને) જેમ શોધે, તેમ સાર્થવાહ વિનાનો અતિ દૂર નગરમાં પ્રયાણ કરનાર સાર્થ (સાર્થવાહને) શોધે, તેમ ક્ષપક પરગણને ચારિત્ર વગેરે મોટા ગુણની ખાણ જેવા ગુરુ વિનાનો જાણીને (ક્ષેત્રથી) છસો-સાતસો યોજન અને (કાળથી) બાર વર્ષ સુધી નિર્યામક આચાર્યની શોધ કરે. (૪૬૩૧ થી ૩૩) (કેવા આચાર્યને શોધે? તે કહે છે.)

**સુસ્થિતનું સ્વરૂપ**-ચારિત્રથી પ્રધાન, શરણાગતવત્સલ, સ્થિર, સૌમ્ય, ગંભીર, પોતાના કર્ત્તવ્યમાં દઢ અભ્યાસી, પ્રસિદ્ધિ પામેલા અને મહા સાત્ત્વિક (એવા સામાન્ય ગુણોવાળા) (૪૬૩૪) (ઉપરાન્ત) ૧-આચારવાન્, ૨-આધારવાન્, ૩-વ્યવહારવાન્, ૪-(ઓવીલઓ=) લજ્જા દૂર કરાવનાર, ૫-(પકુવી=) શુદ્ધિ કરનાર, ૬-

(નિજ્જવ=) નિર્વાહ કરનાર-નિર્યામક, ૭-અપાયદર્શક અને ૮-અપરિશ્રાવી. એ આઠ વિશેષ ગુણવાળા શોધે. (૪૬૩૫) તેમાં-

**૧. આચારવાન્**-જે પંચવિધ આચાર ને નિરતિચાર પાળે, પળાવે અને યથોક્ત (શાસ્ત્રાનુસારે) ઉપદેશે, તેને આચારવાન્ કહ્યો છે. (૪૬૩૬) 'આચેલક્ય' વગેરે દશ પ્રકારના સ્થિતકલ્પમાં જે અતિ રાગી અને પ્રવચનમાતામાં ઉપયોગવાળો હોય, તે આચારવાન્ કહેવાય. (૪૬૩૭) (એવો આચારનો અર્થી સાધુના દોષોને (**પયહિય=પ્રહત્ય=**) છોડાવીને ગુણમાં સ્થિર કરે, તેથી આચારાર્થી આચાર્ય નિયામક થાય. (૪૬૩૮)

**૨. આધારવાન્**-મહા બુદ્ધિવાળો જે ચૌદ, દશ કે નવપૂર્વી હોય, સાગરની જેમ ગંભીર હોય અને કલ્પ તથા વ્યવહાર(વગેરે)સૂત્રનો ધારક (જ્ઞાતા) હોય તે આધારવાન્ કહેવાય. (૪૬૩૯) અગીતાર્થ આચાર્ય, લોકમાં શ્રેષ્ઠ અંગભૂત (મનુષ્યપણું, ધર્મશ્રવણ, શ્રદ્ધા અને સંયમમાં ઉદ્યમ, એ) ક્ષપકનાં (ચતુરંગ=) ચાર અંગોનો નાશ કરે અને એ ચાર અંગોનો નાશ થતાં (ચતુરંગ=) અનંતજ્ઞાન, દર્શન, ચારિત્ર અને વીર્ય સુલભ્ય ન બને. (૪૬૪૦) (કારણ કે-) આકરાં દુઃખોરૂપી પાણીવાળા અને અનંત ભવોવાળા આ સંસારસમુદ્રમાં ભટકતો જીવ મનુષ્યપણાને મહા મુશીબતે પામે છે. (૪૬૪૧) તે મનુષ્યભવમાં પણ શ્રી જિનવચનનું શ્રવણ નિશ્ચે અતિ દુઃખથી મળે છે, તેનાથી પણ શ્રદ્ધા અતિતર દુર્લભ છે અને શ્રદ્ધાથી પણ સંયમનો ઉદ્યમ દુર્લભતમ છે. (૪૬૪૨) એવો સંયમ મળવા છતાં (**અકયાહારસ્સ પાસંમિ=**) આધાર આપવામાં અસમર્થ એવા નિર્યામક પાસેથી મરણકાળે સંવેગજનક ઉપદેશનું શ્રવણ ન પામતાં (સંયમથી) પડે. (૪૬૪૩) વળી (આહારથી પોષાયેલો અને આહારથી જીવતો, એમ) આહારમય જીવ ક્યાંય પણ (કદિ પણ), આહારના વિરહવાળો થયો થકો આર્ત્ત-રૌદ્રધ્યાનવશ પીડાતો, પ્રશસ્ત એવા તપ-સંયમરૂપી આરામમાં રમી શકતો નથી. (૪૬૪૪) કિન્તુ ભૂખ-તરસથી પીડાતો પણ શ્રી જિનવચનના શ્રવણરૂપી અમૃતના પાનથી અને શ્રેષ્ઠ હિતશિક્ષાનાં વચનોથી ધ્યાનમાં એકાગ્ર બને છે. (૪૬૪૫) પહેલા(તૃષા)થી અથવા બીજા(ભૂખ)થી પીડાતા તે તપસ્વીને અગીતાર્થ (નિર્યામક) સમાધિકારક ઉપદેશાદિ કરે નહિ (૪૬૪૬) અને તે કારણે પહેલા વગેરેથી (તૃષાદિથી) પીડાતો, તે કર્મવશ કોઈ પ્રસંગે દીનતાને અથવા કરુણાજનક યાચના કે રંકપણાને કરે. (૪૬૪૭) અથવા સહસા (**ઉક્કુવેજ્જ=**) મોટા અવાજથી બૂમ પાડે કે નાશી જાય, અથવા શાસનની અપભ્રાજના કરે, મિથ્યાત્વ પામે કે અસમાધિમરણથી મરે, (૪૬૪૮) અને એમ (થાય ત્યારે ગીતાર્થ) તેને ઇચ્છિત આપવા દ્વારા તથા તેના શરીરની પરિકર્મણા (સેવા) કરવા દ્વારા કે અન્ય ઉપાયોથી દ્રવ્ય-ક્ષેત્રાદિને અનુરૂપ શાસ્ત્રવિધિથી તેની સમાધિનું કારણ ગીતાર્થ જાણે અને તેને (રુચે તેવું) ઉચિત સમજાવે, કે જેથી તેને શુભ ધ્યાનરૂપી અગ્નિ પ્રગટ થાય. (૪૬૪૯-૫૦) ગીતાર્થ આપવાયોગ્ય પ્રાસુક દ્રવ્ય(આહારાદિ)ને આપવાનું સમજે અને ઉત્કટ બનેલો વાત-પિત્ત-શ્લેષ્મના

પ્રતીકાર(ઔષધ)ને (પણ) જાણે. (૪૬૫૧) ઉત્સર્ગ-અપવાદના જાણ તે ગીતાર્થ નિશ્ચે ક્ષપકના (**પ્રગલિત=**) ભાગેલા (નિરાશ) પણ ચિત્તને સમ્યક્ ઉપાયપૂર્વક વિધિથી શાન્ત કરતા સમ્યક્ સમાધિના ઉપાયોને કરે, કોઈ કારણે કર્મવશ તૂટેલી સમાધિને પુનઃ સાંધે અને અસંવરની (સાવદ્ય) ભાષાને (બોલતાં) પણ રોકે. (૪૬૫૨-૫૩) (એમ) શ્રી જિન વચનશ્રવણના પ્રભાવથી (પુનઃ) પ્રશમગુણને પામેલો (ક્ષપક) મોહરૂપી અંધકાર દૂર થવાથી હર્ષ-શોકરહિત બનેલો, રાગ દ્વેષથી મુક્ત બનીને સુખપૂર્વક ધ્યાન કરે. (૪૬૫૪) (ધ્યાન દ્વારા) મોહસુભટને જીતીને અને મત્સર સહિત રાગરૂપી રાજાનો (પણ) પરાભવ કરીને, તે પછી ચતુરંગ (અનંતજ્ઞાન, દર્શન, ચરિત્ર અને વીર્યના) પ્રભાવે તે નિર્વાણરૂપી રાજ્યના સુખને ભોગવે. (૪૬૫૫) એમ ગીતાર્થના ચરણકમળમાં (નિશ્રામાં ક્ષપકને) ઉપર કહ્યા તે વગેરે ઘણા ગુણો થાય, નિશ્ચે સંક્લેશ ન થાય અને અસાધારણ (શ્રેષ્ઠ) સમાધિ પ્રગટે. (માટે એવા આધારવાન્ ગુરુની નિશ્રા જોઈએ.) (૪૬૫૬)

**૩. વ્યવહારવાન્**-જે પાંચ પ્રકારના વ્યવહારોનો તત્ત્વથી વિસ્તારપૂર્વક જ્ઞાતા અને (બીજા દ્વારા અપાતાં પ્રાયશ્ચિતને) ઘણી વાર જોઈને (**પટ્ઠાવઓ=**) પ્રાયશ્ચિત્ત આપનારો (અનુભવી), તે વ્યવહારવાન્ જાણવો, (૪૬૫૭) આજ્ઞા, શ્રુત, આગમ, ધારણા અને જીત, એ વ્યવહારના પાંચ પ્રકારો છે. તેની વિસ્તારપૂર્વક પ્રરૂપણા શાસ્ત્રોમાં કહેલી છે. (૪૬૫૮) પ્રાયશ્ચિત્ત માટે આવેલા પુરૂષને, તેના પર્યાયને (વયને), સંઘયણને. પ્રાયશ્ચિત કરવાના તેના પરિણામને, ઉત્સાહને અને દ્રવ્ય, ક્ષેત્ર, કાળ તથા ભાવને જાણીને વ્યવહાર કરવામાં કુશળ, શ્રી જિનવચનમાં વિશારદ (પંડિત), ધીર તે(વ્યવહારવાન્) રાગ-દ્વેષને તજીને તેને વ્યવહારમાં પ્રસ્થાપિત કરે. (પ્રાયશ્ચિત્તને આપે.) (૪૬૫૯-૬૦) વ્યવહારનો અજાણ (અનધિકારી છતાં) વ્યવહારયોગ્યને વ્યવહાર કરે (આલોચકને પ્રાયશ્ચિત આપે), તે સંસારરૂપી કાદવમાં ખૂતે (લેપાય) અને અશુભ કર્મોને બાંધે. (૪૬૬૧) જેમ ચિકિત્સા-(ઔષધ)નો અજાણ વૈદ્ય રોગીને સાજો ન કરે, તેમ વ્યવહારનો અજાણ શુદ્ધિને ઇચ્છતા-(આલોચક)ની શુદ્ધિ ન કરે. (૪૬૬૨) તે કારણે વ્યવહારના જ્ઞાતાની નિશ્રામાં રહેવું જોઈએ. ત્યાં જ્ઞાન, ચારિત્ર, સમાધિ અને બોધિ નિયમા (પ્રાપ્ત) થાય. (૪૬૬૩)

**૪. ઓવીલગ-(અપવ્રીડક)**-પરાક્રમી, તેજસ્વી (દીપ્તિમાન્), વાક્પટુ, વિસ્તૃત કીર્તિવાળા અને સિંહસમા (નિર્ભય અથવા રક્ષક) આચાર્યને શ્રી જિનેશ્વરોએ, (**ઓવીલગ=**) આલોચકની શરમને છોડાવીને શુદ્ધ આલોચના કરાવનાર કહ્યો છે. (૪૬૬૪) કોઈ ક્ષપકને (તપસ્વીને), પરહિત કરવામાં તત્પર મનવાળા તે (નિર્યામક) આચાર્ય સ્નેહાળ, મધુર, મનની પ્રસન્નતા કરનારા અને પ્રીતિજનક વચનો દ્વારા સમ્યક્ સમજાવે, છતાં તીવ્ર ગારવ વગેરે(દોષો)થી પોતાના દોષોને સ્પષ્ટ ન કહે, તો તે ઓવીલગ ગુરુએ (**ઓવીલેપવ્વો=**) તેની લજ્જાને છોડાવવી જોઈએ. અથવા જેમ (પોતાના તેજથી) સિંહણ શિયાલણીના પેટમાં રહેલા માંસનું વમન કરાવે છે, તેમ આચાર્ય (દોષોને

જણાવવામાં **અનુદ્ધત=)** અનુત્સાહી ક્ષપકના દોષોને કઠોર વાણીથી (પણ) પ્રગટ કરાવે. (તો પણ) તે (કઠોર વચનો) કટુ ઔષધની જેમ તેને (આલોચકને) હિતકારી થાય. **(૪૬૬૫ થી ૬૮)** (કારણ કે–) પરહિતની જવાબદારીની ઉપેક્ષા કરનારા માત્ર સ્વહિતને જ ચિંતવનારા જીવો લોકમાં સુલભ છે, (પણ) પોતાના હિતને અને પરના હિતને ચિંતવનારા જીવો જગતમાં દુર્લભ છે. **(૪૬૬૯)** જો ક્ષપકના નાના કે મોટા પણ દોષોને (**ઉગ્ગાલેઈ–ઉદ્ગારઈ=**) પ્રગટ ન કરાવે, તો તે (ક્ષપક) દોષોથી નિવૃત્ત ન થાય અને ગુણો તેનામાં પરિણમે નહિ. (તે ગુણવાન ન બને.) **(૪૬૭૦)** તેથી તે ક્ષપકના હિતને વિચારતા ઓવીલગ આચાર્યે નિશ્ચે ક્ષપકના સર્વ દોષોને પ્રગટ કરાવવા જોઈએ. **(૪૬૭૧)**

૫. **પ્રકુર્વી**-શય્યા, સંથારો, ઉપધિ, સંભોગ (સહભોજનાદિ), આહાર, જવું, આવવું, ઉભા રહેવું, બેસવું, સૂઈ રહેવું, પરઠવવું, (અથવા કર્મનિર્જરા કરવી) વગેરેમાં અને (**અબ્ભુજ્જયચરિયા=**) એકાકી વિહાર કે અનશન સ્વીકારવામાં અતિ શ્રેષ્ઠ ઉપકારને કરતા જે આચાર્ય, સર્વ આદરપૂર્વક, સર્વ શક્તિથી અને ભક્તિથી, પોતાના પરિશ્રમની ઉપેક્ષા કરીને (પણ) તપસ્વીની સંભાળમાં નિત્ય પ્રવૃત્ત રહે, તે અહીં પ્રકુર્વક આચાર્ય કહેવાય. **(૪૬૭૨ થી ૭૪)** થાકેલા શરીરવાળો ક્ષપક પ્રકુર્વકના પ્રતિચરણ (સેવા) ગુણથી પ્રસન્નતાને પામે, માટે ક્ષપકે પ્રકુર્વીની પાસે રહેવું જોઈએ, **(૪૬૭૫)**

૬. **નિર્વાપક અથવા નિર્વાહક**-સંથારો, આહાર કે પાણી (વગેરે) અનિષ્ટ આપવાથી કે ઘણા વિલંબે આપવાથી, વૈયાવચ્ચ કરનારના પ્રમાદથી, અથવા નવદીક્ષિત વગેરે (અજ્ઞ સાધુઓની) (અસંવૃત=) સાવદ્ય વાણીથી, અથવા ઠંડી–ગરમી–ભૂખ–તૃષા વગેરેથી અશક્ત બનવાથી, અથવા તીવ્ર વેદનાથી જ્યારે ક્ષપકમુનિ કુપિત થાય, અથવા (**મેરં=**) મર્યાદાને–સમાચારીને તોડવા ઇચ્છે, ત્યારે ક્ષમાથી યુક્ત અને માનથી મુક્ત એવા નિર્વાપક (નિર્વાહક) આચાર્યે ક્ષોભ પામ્યા વિના સાધુના ચિત્તને શાન્ત કરવું જોઈએ. **(૪૬૭૬ થી ૭૮)** રત્નના ખજાનાતુલ્ય ઘણાં પ્રકારના અંગસૂત્રો કે અંગબાહ્ય સૂત્રોમાં અતિ નિપુણ તથા તેના અર્થોનો પ્રરૂપક, તથા દઢતાથી તેનો કર્તા (પાલક), વિવિધ સૂત્રોનો ધારક, વિવિધ રીતે કથા (વ્યાખ્યાનને) કરનારો, (આય=) હિતના ઉપાયોનો જાણ, બુદ્ધિશાળી અને મહાભાગી, એવો નિર્વાપક આચાર્ય, ક્ષપકને સમાધિ પ્રાપ્ત કરાવવા માટે સ્નેહપૂર્વક, મધુર અને તેના ચિત્તને ગમે તે રીતે ઉદાહરણ તથા હેતુથી યુક્ત એવી કથાને (ઉપદેશને) સંભળાવે. **(૪૬૭૯ થી ૮૧)** પરીષહોરૂપી મોજાંથી અસ્થિર બનેલા, સંસારરૂપી સમુદ્રમાં (**ઉબ્ભમંતં=**) ચક્રાવે ચઢેલા અને સંયમરત્નોથી ભરેલા સાધુતારૂપી વહાણને નાવિકની જેમ નિર્વાપક ડૂબતાં બચાવે. **(૪૬૮૨)** જો તે બુદ્ધિબળને પ્રગટાવનારા, આત્મહિતકર, શિવ-સુખને કરનારા, મધુર અને (**કન્નાહુઈ=**) કાનને પુષ્ટિકારક એવા ઉપદેશને (વહાણપક્ષે કર્ણ–સૂકાનને આહુતિ–આધાર) ન આપે, તો (સ્વ–પર) આરાધનાનો ત્યાગ (નાશ)થાય.

(૪૬૮૩) તે કારણે (તેવો) નિર્યામક આચાર્ય જ ક્ષપકમુનિને (**નિવ્વવઓ=**)સમાધિકારક બની શકે અને તે નિર્વાપકને પણ તેના દ્વારા જ નિશ્ચિત આરાધના થાય. (૪૬૮૪)

૭. **અપાયદર્શક**–(સંસારસમુદ્રના અથવા આરાધનાના) કાંઠે પહોંચેલા પણ (કોઈ) ક્ષપકને વિચિત્ર કર્મની પરિણતિવશ તૃષા, ભૂખ વગેરેથી દુર્ધ્યાન વગેરે પણ થાય. (૪૬૮૫) છતાં કોઈ પૂજાવાની ઈચ્છાવાળો (માની), કીર્તિની ઈચ્છાવાળો, અવર્ણવાદથી ડરતો, કાઢી મૂકશે એવા ભયથી, અથવા લજ્જાથી કે ગારવથી, વિવેક વિનાનો ક્ષપક, જો સમ્યગ્ ઉપયોગપૂર્વક તે દુર્ધ્યાનાદિની આલોચના ન કરે, તો તેને ભાવી અનર્થોને જણાવવાપૂર્વક આ પ્રમાણે જે સમજાવે, તેને અપાયદર્શક જાણવો. (૪૬૮૬-૮૭) (**અવિયડંતે=**) આલોચના નહિ કરવાથી આ ભવમાં 'શઠ છે'–એવી માન્યતા, તથા અપકીર્તિ, ઉપરાન્ત આ ભવમાં કરેલી ભાવ વિનાની કષ્ટકારક ક્રિયા પણ દુર્ગતિનું કારણ હોવાથી માયાચારથી પરભવમાં (**અસારસ્સ અંતો=**) અનર્થનો નિર્ણય (અર્થાત્ નિશ્ચે દુઃખી થાય) વગેરે સમજાવે, તે જ સૂરિ નામથી અપાયદર્શી કહેવાય. (૪૬૮૮-૮૯) એવા પ્રકારના ગુણસમૂહવાળા તે (અપાયદર્શી) મધુર વચનોથી કહે કે-હે મહાભાગ ! ક્ષપક ! તું આને સમ્યક્ વિચાર ! (૪૬૯૦) જેમ ઉદ્ધાર ન કરેલો કાંટો વગેરે દ્રવ્યશલ્ય પણ નિશ્ચે મનુષ્યના શરીરમાં માત્ર વેદનાને જ નહિ, કિન્તુ જ્વર, દાહ, (રાફગ=) રાફડાનો રોગ (લોકભાષામાં કીડીયારું), જ્વાલા (બળતરા), ગર્દભ નામનો રોગ, દુઃસાધ્ય લુતાનો (કરોળીયાનો) રોગ તથા તે સિવાયના બીજા પણ અનેક રોગો પ્રગટ કરે છે, તેમ તેવા કે જેથી છેલ્લે મરણ પણ થાય. (૪૬૯૧-૯૨) તેવી જ રીતે મોહમૂઢ મતિવાળા સાધુને સમ્યગ્ ઉદ્ધાર (આલોચના) નહિ કરેલું અને (**અપ્પાણએ=**) આત્મામાં જ રાખેલું ભાવશલ્ય પણ આ ભવમાં કેવળ અપયશ વગેરેને જ નથી કરતું, કિન્તુ સંયમજીવનનો નાશ કરવાથી ચારિત્રના અભાવરૂપી (આત્માનું) મરણ પણ કરે છે (૪૬૯૩-૯૪)અને પરભવોમાં અશુભ કર્મોનું (**પાઠાં૦આસગલણં=**) આક્રમણ, (**પાઠાં૦પરિપોષણં=**) અતિપોષણ, (**निम्मवणं=**) બંધ અને દુર્લભબોધિપણાને કરે છે. (૪૬૯૫) તેથી બોધિલાભથી ભ્રષ્ટ જીવ, જન્મ–મરણરૂપી આવર્તોવાળા, દુઃખોરૂપી પાણીવાળા અને અનાદિઅનંત એવા ભયંકર સંસારસમુદ્રમાં અનંતકાળ સુધી દુઃખોની ખીણોતુલ્ય, ઉંચી–નીચી–વિચિત્ર પ્રકારની યોનિઓમાં ફરતો અને અતિ તીક્ષ્ણ (કારમાં) દુઃખોરૂપી અગ્નિથી સેકાતો રહે છે. (૪૬૯૬-૯૭) તથા અબુધ (મૂર્ખ) જીવ સશલ્યમરણથી આ સંસાર-મહાસમુદ્રમાં (ચિંતામણીતુલ્ય) શ્રમણધર્મને તથા તપસંયમને પામીને પણ તેનો નાશ કરે છે. (૪૬૯૮) સશલ્યમરણથી મરીને આદિ-અંતરહિત એવી અતિ ગાઢ સંસાર અટવીમાં પડેલો દીર્ઘકાળ ભમે છે. (૪૬૯૯) શસ્ત્ર, ઝેર, અથવા વિફરેલો વેતાલ, ઉલટું વાપરેલું યંત્ર, અથવા ગુસ્સે કરેલો ક્રોધી સર્પ, તેવું ન કરે, કે જે મરણકાળે નહિ ઉદ્ધરેલું ભાવશલ્ય દુર્લભબોધિપણાને અને અનંતસંસારીપણાને કરે છે. (૪૭૦૦-૪૭૦૧) તેથી નિશ્ચે

પ્રમાદને વશ એક મુહૂર્ત્ત પણ શલ્યયુક્ત રહેવું તે (ન ખમં=) અસહ્ય છે, તેથી લજ્જા અને ગારવથી મુક્ત તું શલ્યનો ઉદ્ધાર (આલોચના) કર. (૪૭૦૨) કારણ કે-નવા નવા જન્મોરૂપી સંસારરૂપ વેલડીના મૂળભૂત શલ્યને મૂળમાંથી ઉખેડીને ભયમુક્ત બનેલા ધીરપુરુષો સંસારસમુદ્રને તરી જાય છે. (૪૭૦૩) જો નિર્યામક પણ એ રીતે આરાધક સાધુને અનર્થો ન જણાવે, તો શલ્યવાળા તે આરાધકને પણ આરાધના કરવાનું શું ફળ મળે ? (૪૭૦૪) તે કારણે આરાધકે સદા અપાયદર્શકની નિશ્રામાં આત્માને રાખવો જોઈએ, (કારણ કે-) ત્યાં નિશ્ચે આરાધના થાય. (૪૭૦૫)

૮. **અપરિશ્રાવી**-લોખંડના પાત્રમાં રાખેલા પાણીની જેમ પ્રગટ કહેલા અતિચારો જેના મુખેથી બહાર જતા નથી, તેને (જ્ઞાનીઓ) અપરિશ્રાવી કહે છે. (૪૭૦૬) જે ગુપ્ત વાતને જાહેર કરે, તે આચાર્યે તે સાધુનો, પોતાનો, ગચ્છનો, શાસનનો, ધર્મનો અને આરાધનાનો ત્યાગ કર્યો જાણવો. (૪૭૦૭) (આલોચકે કહેલાં) દોષો બીજાને કહેવાથી કોઈ લજ્જાથી અને ગારવથી (માનથી), વિપરીત પરિણામવાળો (અધર્મી) થાય, કોઈ નાશી જાય કે કોઇ મિથ્યાત્વને પામે. (૪૭૦૮) રહસ્યને પ્રગટ કરવાથી દ્વેષી બનેલો (કોઈ) તે આચાર્યને હણે, આત્માનો ભેદ (આપઘાત) અને ગચ્છમાં ભેદ (કુસંપ) કરે અથવા પ્રવચનનો ઉડ્ડાહ કરે. (૪૭૦૯) એ વગેરે દોષો રહસ્યને ધારણ કરનાર આચાર્યથી થતા નથી, તે કારણે અપરિશ્રાવી એવા નિર્યામક આચાર્યને શોધવા જોઇએ. (૪૭૧૦) એમ આઠ ગુણોવાળા આચાર્યના પાદપસાયથી આરાધક પ્રમાદશત્રુને હણીને આરાધનાને સંપૂર્ણ આરાધે. (૪૭૧૧) એમ પાપરૂપી કમળને બાળવામાં હિમના સમૂહતુલ્ય અને યમની સાથેના યુદ્ધમાં જયપતાકાની પ્રાપ્તિ કરાવવામાં સફળ હેતુભૂત, એવી સંવેગરંગ-શાળારૂપી આરાધનાના દશ પેટાદ્વારવાળા ગણસંક્રમ નામના બીજા દ્વારમાં સુસ્થિત(ગવેષણા) નામનું પાંચમું દ્વાર કહ્યું. (૪૭૧૨-૧૩) એમ કરેલી સુસ્થિતની ગવેષણા પણ જેના અભાવે ફળની સાધનામાં સમર્થ ન બને, તે ઉપસંપદાદ્વારને હવે કહું છું. (૪૭૧૪)

૬. **ઉપસંપદાદ્વાર**-(એમ)નિર્યામકના ગુણોથીયુક્ત અને જ્ઞાન-ક્રિયાવાળા આચાર્યને શોધીને, પછી તે ક્ષપક તેની ઉપસંપદાને (નિશ્રાને) સ્વીકારે. (૪૭૧૫) (તેમાં પ્રથમ) પચીશ આવશ્યકથી શુદ્ધ એવું ગુરુવંદન કરીને, વિનયથી બે હાથે અંજલિ કરીને, સર્વ આદરપૂર્વક આ પ્રમાણે કહે. (૪૭૧૬) હે ભગવંત ! તમે સંપૂર્ણ દ્વાદશાંગીરૂપ શ્રુતસમુદ્રનો પાર પામેલા છો અને આ શાસનમાં સકળ શ્રી શ્રમણસંઘના નિર્યામક ગુરુ છો. (૪૭૧૭) આજે આ શાસનમાં તમે જ શ્રી જિનશાસનરૂપી પ્રાસાદના આધાર માટે સ્તંભ છો અને સંસારરૂપી અટવીમાં ભમવાથી થાકેલા પ્રાણીઓના સમૂહને સમાધિનું સ્થાન છો. (૪૭૧૮) આ સંસારમાં તમે જ ગતિ છો, મતિ છો અને અશરણ એવા અમારું શરણ છો અને અમારા અનાથના નાથ પણ છો. તેથી હે ભગવંત ! (મારા) ઉચિત શેષ કર્ત્તવ્યોને પૂર્ણ કરેલો હું આપના ચરણકમળમાં, દીક્ષાદિવસથી આજ સુધીની સમ્યગ્‌ભાવથી

આલોચના આપવા દ્વારા દર્શન, જ્ઞાન અને ચારિત્રને અતિ વિશુદ્ધ કરીને હવે દીર્ઘકાળ પાળેલી સાધુતાના ફળભૂત નિઃશલ્ય આરાધનાને કરવા ઇચ્છું છું. **(૪૭૧૯ થી ૨૧)** તેણે એમ કહ્યે છતે નિર્યામક આચાર્ય કહે કે-હે ભદ્ર! હું તારા મનોવાંછિત કાર્યને નિર્વિઘ્નપણે શીઘ્ર સિદ્ધ કરીશ. **(૪૭૨૨)** હે સુવિહિત! તું ધન્ય છે, કે જે આ પ્રમાણે સંસારના સંપૂર્ણ દુઃખોનો ક્ષય કરનારી અને નિષ્પાપ આરાધનાને કરવા માટે ઉત્સાહી થયો છે. **(૪૭૨૩)** હે સુભગ! ત્યાં સુધી તું વિશ્વસ્ત અને ઉત્સુકતારહિત બેસ, કે જ્યાં સુધી હું ક્ષણવાર વૈયાવચ્ચકારકોની સાથે આ કાર્યનો નિર્ણય કરું! **(૪૭૨૪)** એમ દુર્ગતિનગરને (બંધ કરવા માટે) દરવાજાની ભૂગળતુલ્ય, મરણની સામે યુદ્ધમાં જયપતાકાની પ્રાપ્તિ કરાવવામાં સફળ હેતુભૂત, એવી સંવેગરંગશાળા નામની આરાધનામાં દશ પેટાદ્વારવાળા બીજા ગણસંક્રમદ્વારનું છટ્ઠું ઉપસંપદાદ્વાર કહ્યું. **(૪૭૨૫-૨૬)** હવે ઉપસંપદા સ્વીકારેલા પણ મુનિ પરસ્પરની પરીક્ષાના અભાવે શુદ્ધ સમાધિને પામે નહિ, માટે પરીક્ષાદ્વારને કહું છું. **(૪૭૨૭)**

**૭. પરીક્ષાદ્વાર**-પછી સામાન્ય સાધુ અથવા પૂર્વે જણાવ્યા તે અનશનની ઇચ્છાવાળા આચાર્ય, તેઓએ પ્રથમ (પ્રારંભે) જ ગંભીર બુદ્ધિથી (મૌનપણે) તે ગણના આચાર્યની અને સાધુઓની પરીક્ષા કરવી કે-"શું આ ભાવિત મનવાળા છે કે અભાવિત મનવાળા (સદ્‌ભાવરહિત) છે?" એ રીતે તે ગચ્છમાં રહેલા સાધુઓએ પણ તે આગંતુકની (ક્ષપકની) વિવિધ પ્રકારે પરીક્ષા કરવી **(૪૭૨૮-૨૯)** અને તે (ગચ્છના) આચાર્યે પણ કેવળ અનશન કરવા આવેલાની જ નહિ, કિન્તુ પોતાના સાધુઓની પણ પરીક્ષા કરવી કે-(મારા સાધુઓ) આગંતુકના પ્રયોજનને સિદ્ધ કરે તેવા છે કે નહિ? **(૪૭૩૦)** તેમા આગંતુકે તે ગણના આચાર્યનો વિચાર (આ રીતે) કરવો કે-જો તે આવનારને જોઇને હર્ષથી વિકસિત નેત્રોવાળા 'સ્વાગત'-એમ બોલતા સ્વયં ઉઠે, અથવા ઔચિત્ય કરવા પોતાના મુનિઓને સામા મોકલે, તો તે પ્રસ્તુત કાર્યને સિદ્ધ કરશે (એમ જાણવું); અને જો મુખની કાન્તિ મ્લાન થાય, શૂન્ય નજરે જુએ તથા વિસ્વર (મંદ અથવા ભાંગેલા) અવાજથી બોલાવે, તો એવાને પ્રસ્તુત પ્રવૃત્તિમાં (ઇયરો=) સહાય માટે અયોગ્ય જાણવો. **(૪૭૩૧ થી ૩૩)** મુનિઓને પણ ભિક્ષા લેવા જાય ત્યારે (પરીક્ષા માટે) કહેવું કે-અહો! તમારે મારા માટે દૂધ સહિત કમોદનો ભાત લાવવો. એમ કહ્યા પછી જો તે સાધુઓ પરસ્પર હસે અથવા ઉદ્ધત જવાબ આપે, તો તેઓ અસદ્‌ભાવવાળા છે એમ જાણવું. **(૪૭૩૪-૩૫)** પરંતુ જો તેઓ સહર્ષ એમ કહે કે-તમે અમોને અનુગ્રહિત કર્યા, સર્વ પ્રયત્નથી (પણ) મળશે તો એમ જ કરીશું. (તો સદ્‌ભાવવાળા જાણવા.) **(૪૭૩૬)** એ પ્રમાણે આવેલાએ સ્થાનિક સાધુઓની પરીક્ષા કરવી. સ્થાનિક સાધુઓ આગંતુકની પણ આ રીતે પરીક્ષા કરે. **(૪૭૩૭)** આગંતુકને વિના માંગે પણ 'કમોદનો ભાત' વગેરે ઉત્તમ આહારને લાવી આપે, તેથી જો તે આશ્ચર્યપૂર્વક એમ બોલે કે-અહો હો! ઘણો કાળ પૃથ્વી ઉપર ભમવા છતાં ભાતની આવી

ઉત્તમ ગંધની મનોહરતા અને સરસપણાને (સ્વાદને) મેં ક્યાંય પણ જોયાં જ નથી. (૪૭૩૮-૩૯) આવી વ્યંજનસામગ્રી પણ બીજે સ્થળે દેખાતી નથી, તેથી હું આ ભોજનને અતિ અભિલાષાથી ખાઇશ. (૪૭૪૦) (એમ બોલે) તે અજીતેન્દ્રિય હોવાથી અનશનની પ્રસાધના માટે સમર્થ ન બને, માટે તેને નિષેધ કરવો અને જે રીતે આવ્યો તે રીતે પાછો મોકલવો. (૪૭૪૧) પરંતુ અનશનનો અર્થી જે તેવું ભોજન જોઇને એમ કહે કે-હે મહાનુભાવો! મને આવું શ્રેષ્ઠ ભોજન આપવાથી શું? આવા શ્રેષ્ઠ આહારને વાપરવાનો મારે (આ) કયો અવસર છે? તો તે મહાત્મા (અનશન માટે) 'યોગ્ય છે'-એમ સમજીને તેનો સ્વીકાર કરવો. (૪૭૪૨-૪૩) એમ ચિકિત્સા કરતા તેઓ ઉભા રહેવું, (બેસવું), ચાલવું, સ્વાધ્યાય કરવો, આવશ્યક ભિક્ષા વહોરવી, સ્થંડિલભૂમિ જવું, વગેરેમાં પરસ્પર પરીક્ષા કરે. (૪૭૪૪) પછી જ્યારે તે આરાધના કરવા વારંવાર ઉત્સાહી થાય (અથવા માગણી કરે), ત્યારે સ્થાનિક આચાર્યે પણ તેની આ રીતે પરીક્ષા કરવી, ('જે' અવ્યય પાદપૂર્તિ અર્થે) (૪૭૪૫) (આચાર્ય પૂછે કે-) હે સુંદર! તેં આત્માની સંલેખના કરી? તે જો (જવાબમાં) એમ કહે કે-હે ભગવંત! શું માત્ર હાડ અને ચામડાવાળા મારા શરીરને આપ નથી જોતા? (૪૭૪૬) જેમ સાંભળ્યું ન હોય તેમ (આચાર્ય) પુનઃ પણ પૂછે, તેથી તે (ક્ષપક) રોષપૂર્વક (કટાક્ષથી કહે કે-) તમે અતિ ચતુર છો, કે જે કહેવા છતાં અને (નજરે) જોવા છતાં પણ વિશ્વાસ કરતા નથી. (૪૭૪૭) એમ બોલતો જો પોતાની અંગુલિને ભાંગીને (વાળીને) દેખાડે કે-હે ભગવંત બરાબર જુઓ! આ શરીરમાં અતિ અલ્પ માત્ર પણ માંસ, રુધિર કે મજ્જા (હાડકાંની અંદરનો રસ) છે? એમ છતાં પણ હે ભગવંત! (હવે) શું સંલેખના કરું? તે પછી આચાર્યે તેને (એવં=) આ પ્રમાણે કહેવું. (૪૭૪૮-૪૯) હું તારી દ્રવ્ય(શરીર)સંલેખનાને નથી પૂછતો, તારી (તેં) અંગુલિઓને કેમ ભાંગી (મરડી)? તારી કૃશ (સૂકી) કાયાને (તને હું નજરે) જોઉં છું. (મારી સલાહ છે કે-) તું ભાવસંલેખનાને કર, ઉતાવળ ન કર! (૪૭૫૦) ઇન્દ્રિઓને, કષાયોને અને ગારવોને કૃશ (પાતળા) કર! હે સાધુ! હું તારા આ કૃશશરીરને પ્રશંસતો નથી. (૪૭૫૧) સ્થાનિક (નિર્યામક) આચાર્યે આરાધના માટે આવેલાને પ્રતિબોધ કરવા માટેના આ બે શ્લોકો કહ્યા. (૪૭૫૨) એમ પરસ્પર (सइ=) સ્વયં સારી રીતે પરીક્ષા કરવાથી ઉભય પક્ષોને ભક્તપરિજ્ઞા (અનશન) સમયે થોડી પણ અસમાધિ ન થાય. (૪૭૫૩) પરંતુ અતિ રભસપણે (સહસા) કરેલાં ધર્મ-અર્થ સંબંધી પણ પ્રયોજનોનો (કાર્યોનો) વિપાક (પરિણામ) પ્રાયઃ અંતે નિવૃત્તિને કરતો નથી. (૪૭૫૪) એમ ધર્મરૂપી તાપસના આશ્રમતુલ્ય અને મરણ સામે યુદ્ધમાં જયપતાકાની પ્રાપ્તિ કરવામાં સફળ કારણભૂત, સંવેગરંગશાળા નામની આરાધનાના દશ પેટાદ્વારવાળા બીજા ગણસંક્રમદ્વારમાં પરીક્ષા નામનું સાતમું દ્વાર કહ્યું. (૪૭૫૫-૫૬)

**૮. પડિલેહણાદ્વાર**-હવે ઉભય પક્ષની પરીક્ષા કરવા છતાં જેના વિના આરાધનાના અર્થીનું કાર્ય ભવિષ્યમાં નિર્વિઘ્ન ( સિદ્ધ ) ન થાય, તે પડિલેહણાને કહું છું. તે પડિલેહણા આ પ્રમાણે થાય. નિશ્ચે અપ્રમત્ત મનવાળા ( ઉત્સાહી ) નિર્યામક આચાર્ય ગુરુપરંપરાથી પ્રાપ્ત થયેલા દિવ્ય નિમિત્ત દ્વારા ઉપસંપન્ન (આવેલા) ક્ષપકની આરાધનામાં વિક્ષેપ ( થશે કે નહિ ? તેનું ) પડિલેહણ ( નિશ્ચય ) કરે. (૪૭૫૭ થી ૫૯) તેમાં રાજ્યને, ક્ષેત્રને, અધિપતિને ( રાજાદિને ), ગણને અને પોતાને જોઈને જો તે વિઘ્ન કરે તેવાં ન હોય, તો ક્ષપકને સ્વીકારે. આ રીતે પડિલેહણા ન કરવાથી ઘણા દોષો થાય. (૪૭૬૦) અથવા કોઈ બીજા દ્વારા પણ તે ( पारगं= ) પરિપૂર્ણ કરે તેવો છે એમ જાણીને ઇચ્છે ( સ્વીકારે ), અન્યથા નહિ જ. તેથી તેના કલ્યાણમાં, કુશળતામાં અને સુકાળમાં ( જો ) ( ભાવિ ) વ્યાઘાત ન જાણે, તો સ્વીકારે. (૪૭૬૧) અન્યથા રાજા વગેરેના સ્વરૂપની પડિલેહણા ( જાણકારી ) કર્યા વિના ( સ્વીકારવાથી ) હરિદત્ત મુનિની જેમ આરાધનામાં વિઘ્ન પણ આવે. (૪૭૬૨) તે આ પ્રમાણે-

**હરિદત્ત મુનિનો પ્રબંધ**-શંખપુર નગરમાં (સર્વત્ર) પ્રસિદ્ધિને પામેલો, મહાબળી અને શત્રુસમૂહનો વિજેતા શિવભદ્ર નામનો રાજા હતો (૪૭૬૩) અને તેને અતિ સંમત ( માન્ય ) એવો વેદ વગેરે સમસ્ત શાસ્ત્રોમાં કુશળ બુદ્ધિવાળો મતિસાગર નામનો પુરોહિત હતો. (૪૭૬૪) તેણે રાજાને વિઘ્નરહિત રાજ્યના સુખ માટે દુર્ગતિના કારણભૂત પણ યજ્ઞકાર્યોમાં સતત જોડ્યો. (૪૭૬૫) તે પછી એક અવસરે ઘણા સાધુઓના સમૂહ સાથે ગુણશેખર નામના આચાર્ય નગરની બહાર ઉદ્યાનમાં સમવસર્યા ( પધાર્યા. ) (૪૭૬૬) તેઓને વાંદવા નિમિત્તે બાલ-વૃદ્ધો સહિત નગરના માણસો મહા વૈભવપૂર્વક વાહનોમાં અને ( મ્યાના વગેરે ) યાનોમાં બેસીને ત્યાં ગયા. (૪૭૬૭) તે જ સમયે તે જ પુરોહિતની સાથે રાજા પણ નગરની બહારના ભાગમાં ( ત્યાં ) ઘોડાઓને ખેલાવવાં લાગ્યો. (૪૭૬૮) પછી કોલાહલથી રાજાએ તે નગરલોકોને જતાં અને આવતાં પણ જોઈને પૂછ્યું કે-શું આજે કોઈ પણ મહોત્સવ છે ? (૪૭૬૯) કે જેથી આ રીતે પોતાના વૈભવ પ્રમાણે શ્રેષ્ઠ અલંકારોથી ભૂષિત શરીરવાળા લોકો યથેચ્છ સર્વત્ર ફરે છે ! (૪૭૭૦) ( પછી ) પરિવારના લોકોએ તેનું રહસ્ય ( કારણ ) કહ્યું. તેથી આશ્ચર્ય પામેલો રાજા તે ઉદ્યાનમાં ગયો અને આચાર્યને વાંદીને બેઠો. (૪૭૭૧) તે પછી રાજા વગેરે પર્ષદાને ઉદ્દેશીને આચાર્યે પણ મેઘગર્જના જેવા ગંભીર અવાજવાળી વાણીથી ધર્મકથા શરુ કરી. (૪૭૭૨) જેમ કે-હે રાજન્ ! સઘળા શાસ્ત્રોના રહસ્યભૂત, સર્વસુખકારી એક જ જીવદયા પ્રશંસા કરવાયોગ્ય છે. (૪૭૭૩) રાત્રિ વિનાના ચંદ્રની જેમ આ દયા વિનાનો ધર્મ તપ-નિયમના સમૂહથી યુક્ત હોય તો પણ લેશ પણ શોભાને ન પામે. (૪૭૭૪) એ દયામાં રંગાએલા મનવાળા ગૃહસ્થો પણ દેવલોકમાં ગયા છે અને એનાથી વિમુખ મુનિઓ પણ અતિ દુઃખદાયી નરકને પામ્યા છે. (૪૭૭૫) જે અખૂટ એવા વિશાળ સુખને તથા દીર્ઘ

આયુષ્યને ઈચ્છે છે, તે કલ્પવૃક્ષની મોટી લતા જેવી જીવદયાને પાળે છે.(૪૭૭૬)ઉત્તમ મુનિએ કહેલો છતાં અને વિશિષ્ટ યુક્તિવાળો છતાં ને ધર્મ જીવદયારહિત હોય, તેને ભયંકર સર્પની જેમ દૂરથી તજવો જોઇએ. (૪૭૭૭) આચાર્યે એમ કહ્યે છતે રાજાએ કમળના પત્ર સરખી નજર યજ્ઞક્રિયાના પ્રરૂપક પુરોહિત ઉપર ફેંકી. (૪૭૭૮) તે પછી અંતરમાં વધી રહેલા તીવ્ર રોષવાળા પુરોહિતે કહ્યું કે–હે મુનિવર! તમારું અતિ ધિઠ્ઠાપણું (અહો !=) આશ્ચર્યકારક છે કે–વેદના અર્થને નહિ જાણતાં અને પુરાણશાસ્ત્રોના લેશ પણ રહસ્યને નહિ જાણતાં પણ તમે અમારા યજ્ઞને નિંદો છો. (૪૭૭૯–૮૦) ગુરુએ કહ્યું કે–હે ભદ્ર! રોષને વશ થયેલો તું "તમે વેદપુરાણના પરમાર્થને નથી જ જાણતા" એમ કેમ બોલે છે? (૮૭૮૧) હે ભદ્ર! શું પૂર્વમુનિઓએ રચેલાં તારાં શાસ્ત્રોમાં સર્વત્ર જીવદયા નથી કહી? અથવા શું તે શાસ્ત્રનું આ વચન તેં નથી સાંભળ્યું (૪૭૮૨) કે–"જે હજારો ગાયોને અને સેંકડો અશ્વોને આપે, તે દાનને, સર્વ પ્રાણીઓને દીધેલું અભયદાન ઉલ્લંઘી જાય છે!" (૪૭૮૩) સર્વ અવયવોવાળા (સ્વસ્થ છતાં) જીવહિંસા કરવામાં તત્પર એવા મનુષ્યોને જોઈને હું તેઓને પાંગળા, હાથ કપાયેલા અને કોઢીઆ ઇચ્છું છું. (૪૭૮૪) જે કપિલ (વર્ણવાળી) હજાર ગાયો બ્રાહ્મણોને આપે છે, તે એક જીવને જીવન આપે, તેની સોળમી કળાને પણ યોગ્ય નથી. (૪૭૮૫) ભયભીત પ્રાણીઓને જે અભયનું દાન આપવું, તેનાથી અતિ મોટો બીજો ધર્મ પૃથ્વીતળમાં નથી. (૪૭૮૬) એક પ્રાણીને પણ અભયની દક્ષિણા દેવી તે શ્રેષ્ઠ છે, પણ શણગારેલી એક હજાર ગાયો હજાર બ્રાહ્મણોને આપવી તે શ્રેષ્ઠ નથી. (૪૭૮૭) જે દયાળુ સર્વ પ્રાણીઓને અભયદાન આપે છે, તે શરીરમુક્ત થએલાને (પરભવે) કોઇથી પણ ભય થતો નથી. (૪૭૮૮) પૃથ્વીમાં સોનાનું, ગાયોનું અને ભૂમિનું દાન કરનારા સુલભ છે, પણ જે પ્રાણીઓને અભયદાન આપે છે, તે પુરુષ લોકમાં દુર્લભ છે. (૪૭૮૯) મોટાં પણ દાનોનું ફળ કાળક્રમે ક્ષીણ થાય છે, પણ ભયભીતને કરેલા અભયદાનના ફળનો ક્ષય થતો જ નથી. (૪૭૯૦) આપેલું ઇચ્છિત, તપેલું તપ, તીર્થસેવા અને (ભણેલું) શ્રુત, એ સર્વે મળીને પણ અભયદાનની સોળમી કળાને પણ પામતાં નથી. (૪૭૯૧) જેમ મને મરણ પ્રિય નથી, તેમ સર્વ જીવોને (પણ પ્રિય નથી), તેથી મરણના ભયથી ત્રાસેલા પ્રાણીઓની પંડિતોએ રક્ષા કરવી જોઈએ. (૪૭૯૨) એક બાજુ સર્વ યજ્ઞો, (તથા) સમગ્ર શ્રેષ્ઠ દક્ષિણા અને બીજી બાજુ ભયભીત પ્રાણીના પ્રાણોનું રક્ષણ (શ્રેષ્ઠ) છે. (૪૭૯૩) સર્વ પ્રાણીઓને જે દાન કરવું અને એક પ્રાણીની દયા કરવી, (તેમાં) સર્વ પ્રાણીઓને કરેલા દાનથી, એકની (પણ) દયા જ પ્રશંસનીય છે. (૪૭૯૪) સર્વ વેદો, શાસ્ત્રકથન પ્રમાણે (કરેલા) સર્વ યજ્ઞો અને સર્વ તીર્થોનું સ્નાન પણ તે (હિત) ન કરે, કે પ્રાણીઓની દયા જે (હિતને) કરે. (૪૭૯૫)

એમ હે મહાયશ! તું તારા શાસ્ત્રાર્થનું પણ કેમ સ્મરણ કરતો નથી! કે જેથી

તત્ત્વથી ઘટિત પણ જીવદયાને સ્વીકારતો નથી ! (૪૭૯૬) એ રીતે શિખામણ આપેલો તે (પુરોહિત) સાધુ પ્રત્યે દઢ પ્રદ્વેષને પામ્યો (દ્વેષી થયો) અને લેશ ઉપશાન્ત ચિત્તવાળો રાજા ભદ્રિક થયો. (૪૭૯૭) આચાર્ય પણ ભવ્ય જીવોને શ્રી જિનકથિત ધર્મમાં સ્થિર કરીને, ત્યાંથી નીકળીને અન્યત્ર વિહાર કરવા લાગ્યા. (૪૭૯૮) અને નવાં નવાં ખેટ (ધૂળના કોટવાળાં ગામો), કર્બટ (સામાન્ય ગામો), નગરો, આકરો, વગેરેમાં લાંબો કાળ વિચરીને પુનઃ પણ તે નગરમાં ઉચિત પ્રદેશમાં તેઓ બિરાજ્યા. (૪૭૯૯) પછી ત્યાં રહેલા તે સૂરિનો હરિદત્ત નામનો સાધુ અનશન માટે પોતાના ગચ્છથી મુક્ત થઈને, કાયાની સંલેખના કરીને, (સૂરિ પાસે) આવીને, (૫૫ઓ=) વિનયપૂર્વક ચરણકમળમાં પ્રણમીને અને ભાલતલે હાથ જોડીને આ પ્રમાણે વિનંતિ કરવા લાગ્યો કે–(૪૮૦૦-૪૮૦૧) હે ભગવન્ ! મહેરબાની કરો. સંલેખના કરેલા મને સંસારસમુદ્રને તરવાની નાવાતુલ્ય અનશન ઉચ્ચરાવવા દ્વારા અનુગ્રહ કરો ! (૪૮૦૨) તે પછી તુર્ત પોતાના ગણને પૂછીને કરુણાથી શ્રેષ્ઠ ચિત્તવાળા એવા ગુણશેખરસૂરિએ તેની માગણીને સ્વીકારી. (૪૮૦૩) પછી આચાર્યે પ્રસ્તુત અર્થમાં (અનશનમાં) આવનાર વિઘ્નને વિચાર્યા વિના સહસા જ શુભ મુહૂર્તે તેને અનશનમાં બેસાડયો (ઉચ્ચરાવ્યું). (૪૮૦૪) જ્યારે આ બાબતની (અનશનની) નગરમાં પ્રસિદ્ધિ થઇ, ત્યારે ભક્તિથી તથા જોવાના કુતૂહલથી તે ક્ષપકને વંદન નિમિત્તે લોકો સતત આવવા લાગ્યા. (૪૮૦૫) અને (આ બાજુ) તે સમયે તે શિવભદ્ર રાજાનો મોટો પુત્ર અકસ્માત્ આવેલા રોગથી બિમાર થયો. (૪૮૦૬) રોગનિવારણ માટે ઉત્તમ વૈદ્યોને બોલાવ્યા, ચિકિત્સા કરી અને વિવિધ મંત્રો વગેરેનો ઉપયોગ કર્યો, તો પણ તે રોગનો પ્રતિકાર ન થયો.(૪૮૦૭) તેથી કિંકર્તવ્ય મૂઢમનવાળો, ઉદાસ મુખકમળવાળો રાજા અત્યંત શોક કરવા લાગ્યો. (૪૮૦૮) એ પ્રસંગે અવસરને પામેલા, ચિરકાળથી છિદ્ર જોવામાં તત્પર અને ધર્મદ્વેષી તે પુરોહિતે રાજાને કહ્યું કે–હે દેવ ! જ્યાં સાધુઓ વિના પ્રસંગે આહારને તજીને મરતા હોય, ત્યાં સુખ કેમ થાય ? (૪૮૦૯–૧૦) (એમ કહીને) અનશનમાં રહેલા તપસ્વી સાધુનો સમગ્ર વૃતાન્ત કહ્યો અને તેને સાંભળીને રાજા અત્યંત રોષને પામ્યો. (૪૮૧૧) (પછી) પોતાના પુરુષોને આજ્ઞા કરી કે–અરે ! તેવું કરો, કે જેથી આ સર્વ સાધુઓ આપણા દેશમાંથી શીઘ્ર નીકળી જાય. (૪૮૧૨) તેથી તેઓએ સૂરિજીની સામે રાજાની આજ્ઞા જ્યારે જણાવી, ત્યારે પ્રચંડ વિદ્યાબળવાળા એક સાધુએ શ્રી જિનશાસનની લઘુતા થતી જોઇને રોષપૂર્વક કહ્યું કે–અરે મૂઢ લોકો ! તમે મર્યાદારહિત આવું કેમ બોલો છો ? (૪૮૧૩-૧૪) શું તમે નથી જાણતાં કે–જ્યાં મુનિઓ આગમશાસ્ત્રોક્ત યુક્તિને અનુસરતી (શાસ્ત્રાનુસાર) ધર્મક્રિયાને સ્વીકારે છે, ત્યાંથી અશિવાદિ (ઉપદ્રવો) ચાલ્યા જાય છે ? (૪૮૧૫) એમ છતાં કોઇ કારણે તે (અશિવાદિ) થાય, તો પણ એ પોતાના કર્મોનો જ દોષ છે. સાધુઓ પ્રત્યે કોપ કેમ કરો છો ? તમારા વડે નિશ્ચે નિષ્ફળ કોપ કરાય છે, (અર્થાત્ તમે નિશ્ચે મિથ્યા કોપ કરો છો.) (૪૮૧૬) માટે

અમારા આદેશથી રાજાને ( મગ્ગે= ) ન્યાયમાં સ્થિર કરો ! કુતર્કને છોડો ! તેઓ દુષ્ટ સેવકો છે, કે જેઓ ઉન્માર્ગે જતા સ્વામિને હિતશિક્ષા કરતા નથી. (૪૮૧૭) સાધુએ એમ કહ્યે છતે તે પુરુષોએ કહ્યું કે–હે સાધુ ! બહુ ન બોલો. જો તમારે અહીં રહેવા ઇચ્છા છે, તો સ્વયમેવ જઈને ( રાજાને ) સમજાવો ! (૪૮૧૮) પછી તે મુનિ ( તે ) પુરુષોની સાથે રાજા પાસે ગયા અને આશીર્વાદપૂર્વક આ પ્રમાણે કહેવા લાગ્યા કે– (૪૮૧૯) હે રાજન્ ! તમારે આ રીતે ધર્મમાં વિઘ્નને કરવું યોગ્ય નથી, ધર્મને પાળનારા જ રાજાઓ વૃદ્ધિને પામે છે. (૪૮૨૦) અને તે (ધર્મપાલન) શાસ્ત્રોક્ત ક્રિયામાં દત્તચિત્ત-વાળા સાધુઓના વિરોધી લોકોને સમદૃષ્ટિથી રોકવાથી થાય છે. (૪૮૨૧) તમે એમ ન માનો કે–કુપિત થએલા પણ આ સાધુઓ શું કરશે ? અતિ મંથન કરાતું ( ઘસાતું ) ચંદન પણ અગ્નિને ઝરે છે. (૪૮૨૨) ઈત્યાદિ ઘણું કહેવા છતાં જ્યારે રાજાએ દુરાગ્રહને ન છોડયો, ત્યારે તે મુનિવરે ' દુષ્ટ છે '–એમ જાણીને વિદ્યાના બળે તેના ભુવનને મોટા અને સ્થિર પણ ચલિત સ્તંભોવાળું, મણિજડિત છતાં કંપતા ભૂમિતળવાળું, પડી ગયેલા શિખરવાળું, તૂટેલી (પટ્ટસાલ=) પરસાળવાળું, ઉત્તમ છતાં નમી ગયેલા તોરણો(કમાનો)ના ભાગોવાળું, ખળભળેલી ભીંતોવાળું, સર્વ બાજુથી ધ્રુજતા કોટવાળું અને તૂટેલા (છૂટેલા) સાંધાવાળું કર્યું. ( ખળભળાવી દીધું. ) (૪૮૨૩ થી ૨૫) પછી તેને તેવું જોઈને ભય પામેલો રાજા બહુમાનપૂર્વક પગમાં પડીને સાધુને વિનવવા લાગ્યો કે–હે ભગવંત ! તમે જ ઉપશમ ધનવાળા, દયાની ખાણવાળા અને દમને ધરનારા ( ઇન્દ્રિયોને–કષાયોને જીતનારા ) છો. તમે જ ભવરૂપી કુવામાં પડેલા જીવોને હાથનો ટેકો આપનારા (બચાવ-નારા) છો. (૪૮૨૬–૨૭) તેથી મલિન બુદ્ધિવાળા મારા આ એક અપરાધની ક્ષમા કરો, પુનઃ હું નહિ કરું. પોતાના દુષ્ટ શિષ્યની જેવા મારા પ્રત્યે હવે પ્રસન્ન થાઓ ! (૪૮૨૮) હે મુનીન્દ્ર ! મનથી પણ કદાપિ આવું કરવા માટે હું ઇચ્છતો નથી, કિન્તુ પુત્રની (પીડાની) વ્યાકુળતાથી મેં દુષ્ટ શિખામણથી આ કર્યું છે. (૪૮૨૯) હવે આ પ્રસંગના નિમિત્તથી તમારી શક્તિરૂપી રવૈયાથી મથિત કરાયેલો મારો મનરૂપી સમુદ્ર વિવેકરત્નનો રત્નાકર (વિવેકી) થયો છે, તે કારણે તે પુત્રથી સર્યું અને તે રાજ્ય તથા દેશથી પણ સર્યું, કે જે મને તમારા ચરણકમળની પ્રતિકૂળતામાં કારણ બને ! (૪૮૩૦–૩૧) પછી નમનાર પ્રત્યે વાત્સલ્યવાળા તે મુનિએ ' ભયને પામ્યો છે '–એમ જાણીને, રાજાને પ્રશાન્ત મુખથી મધુર વચનો વડે આશ્વાસિત (નિર્ભય) કર્યો. (૪૮૩૨) એ અવસરે મુનિના પ્રભાવથી પ્રસન્ન થયેલા જિનદાસ નામના શ્રાવકે રાજાને કહ્યું કે–હે દેવ ! નિશ્ચે આ મુનિનું નામ લેવાથી પણ ગ્રહ–ભૂત–શાકિનીના દોષો શમી જાય છે અને ચરણપ્રક્ષાલનના પાણીથી વિષમ રોગો પણ પ્રશાન્ત થાય છે. (૪૮૩૩–૩૪) એમ સાંભળીને રાજાએ મુનિના ચરણપ્રક્ષાલનના પાણીથી પુત્રને સિંચ્યો અને તૂર્ત જ તે સ્વસ્થ શરીરવાળો થયો. (૪૮૩૫) તેથી તેના મહિમાને નજરે જોવાથી ધર્મની શ્રેષ્ઠતાના નિશ્ચયને (શ્રદ્ધાને) પામેલા રાજાએ

સાધુના વચનથી (કહેવાથી) જૈનધર્મને સ્વીકાર્યો. (૪૮૩૬) તે પછી સદ્ધર્મવિરુદ્ધ બોલતા (અહિયં=) દ્વેષી અને ઉત્તમ મુનિઓના શત્રુ, એવા તે પુરોહિતને નગરીમાંથી કાઢી મૂકીને, રાજા પોતાનાં સર્વ કાર્યોને તજીને સર્વ ઋદ્ધિ વડે આદરથી ક્ષપકનું બહુમાન કરવા લાગ્યો. (૪૮૩૭-૩૮) એમ અનશનમાં લીન હરિદત્ત મહામુનિના આવેલા પણ વિઘ્નને અતિશયવાળા (તે મુનિએ) તૂર્ત રોક્યું. (૪૮૩૯) અથવા આવા અતિશયવાળા મુનિઓ કેટલા હોય ? માટે પ્રથમથી જ વિઘ્નને વિચારીને (અનશનમાં) ઉદ્યમ કરવો જોઇએ. (૪૮૪૦) એમ આગમસમુદ્રની ભરતી જેવી, મરણની સાથે લડતાં જયપતાકા પ્રાપ્ત કરાવવામાં સફળ હેતુભૂત, એવી સંવેગરંગશાળા નામની આરાધનાના દશ પેટાદ્વારવાળા બીજા ગણુસંક્રમદ્વારમાં પડિલેહણા નામનું આઠમું પેટાદ્વાર કહ્યું. (૪૮૪૧-૪૨) હવે વિઘ્નોને વિચારવા છતાં જેના વિના ક્ષપક અનશનને કરવા સમર્થ ન થાય, તે પૃચ્છાદ્વારને કહું છું. (૪૮૪૩)

૯. **પૃચ્છાદ્વાર**–પછી સ્થાનિક આચાર્ય પોતાના ગચ્છના સર્વ મુનિઓને બોલાવીને કહે કે–આ મહા સાત્ત્વિક તપસ્વી તમારી નિશ્રામાં વિશુદ્ધ આરાધનાની ક્રિયાને કરવા ઇચ્છે છે. જો આ ક્ષેત્રમાં તપસ્વીને સમાધિજનક પાણી વગેરે વસ્તુઓ સુલભ હોય અને તમે એની સારી રીતે વૈયાવચ્ચ કરી શકો તો કહો, કે જેથી આ મહાનુભાવને સ્વીકારીએ. (૪૮૪૪ થી ૪૬) તે પછી જો તેઓ સહર્ષ આવું કહે કે–આહારાદિ વસ્તુઓ (અહીં) સુલભ છે અને અમે પણ આ વિષયમાં તૈયાર છીએ, માટે એ સાધુને અનુગ્રહ કરો ! ત્યારે તપસ્વીને સ્વીકારવો. એ રીતે તેની ઇષ્ટસિદ્ધિ વિઘ્નરહિત થાય અને લેશ પણ પરસ્પર અસમાધિ ન થાય. (૪૮૪૭-૪૮) એ રીતે પૃચ્છા, નિર્યામક આચાર્યને, અન્ય ગચ્છમાંથી આવેલા તપસ્વી સાધુને અને નિર્યામક સાધુઓને–સર્વને ગુણકારી બને. (૪૮૪૯) તેમ નહિ પૂછવાથી પરસ્પર અપ્રીતિ અને આહાર–પાણીનો વિરહ થતાં તપસ્વીને પણ અસમાધિ ઇત્યાદિ ઘણા દોષો થાય. (૪૮૫૦) એમ મોક્ષમાર્ગના રથતુલ્ય અને મરણ સાથેના યુદ્ધમાં જયપતાકાની પ્રાપ્તિ કરાવવામાં સફળ હેતુભૂત, એવી સંવેગરંગશાળા નામની આરાધનાના દશ પેટાદ્વારવાળા બીજા ગણુસંક્રમણદ્વારમાં નવમું પૃચ્છા નામનું પેટાદ્વાર કહ્યું. (૪૮૫૧-૫૨) હવે વિધિપૂર્વક પૃચ્છા કરેલા પણ તે ક્ષપકને આશ્રીને તે પછી સમ્યક્ કરવાનાં કર્તવ્યો સંબંધી પ્રતીચ્છાદ્વારને કહું છું. (૪૮૫૩)

૧૦. **પ્રતીચ્છાદ્વાર**–પૂર્વે વિસ્તારથી કહેલા વિધિપૂર્વક આવેલા તપસ્વીને ઉજમાળ એવા આચાર્ય અને સાધુઓ સર્વ આદરથી સ્વીકારે. માત્ર જો તે ગચ્છમાં કોઈ રીતે પણ એક જ કાળે બે તપસ્વીઓ આવે, તેમાં જે એક પ્રથમથી જ સંલેખના કરેલી કાયાવાળો હોય, તે શ્રી જિનવચનને અનુસરીને સંથારામાં રહેલો શરીરને છોડે અને બીજો ઉગ્ર પ્રકારના તપથી શરીરની સંલેખના કરે. (૪૮૫૪ થી ૫૬) વિધિપૂર્વક આવેલા પણ ત્રીજા તપસ્વીને નિષેધ કરે, અન્યથા વૈયાવચ્ચકારકના અભાવે સમાધિનો નાશ થાય. (૪૮૫૭)

અથવા કોઇ રીતે તેને યોગ્ય પણ શ્રેષ્ઠ વૈયાવચ્ચ કરનારા બીજા અધિક સાધુઓ હોય, તો તેઓની અનુમતિથી તેને પણ સ્વીકારવો. (૪૮૫૮) (વળી કોઈ કારણે) જો તે આહારનો ત્યાગી (અનશની) પ્રસ્તુત કાર્યને (અનશનને પૂર્ણ) કરવા સમર્થ ન થાય (થાકે) અને લોકોએ તેને જાણ્યો-જોયો હોય, તો તેના સ્થાને બીજા સંલેખના કરનાર સાધુને રાખવો અને તે બેની વચ્ચે સારો પડદો કરવો. (૪૮૫૯-૬૦) તે પછી જેઓએ તેને પૂર્વે સાંભળ્યો કે જોયો હોય તેઓ વાંદવા આવે તો લેશ માત્ર દર્શન કરાવવું. (૪૮૬૧) અન્યથા ઉડ્ડાહ અને શાસનની નિંદા વગેરે દોષો થાય. (તેણું=) તે કારણે પડદાની બહાર રહેલા તેઓને (તે સાધુનું) વંદન કરાવવું. (૪૮૬૨) આ વિધિથી ગણસંક્રમ કરીને મમત્વથી મુક્ત થયેલા ધીર આત્માઓ શ્રી જિનાજ્ઞાને આરાધીને દુઃખનો ક્ષય કરે છે. (૪૮૬૩) એમ શ્રી જિનચંદ્રસૂરિએ રચેલી અને મરણ સાથે યુદ્ધમાં જયપતાકાની પ્રાપ્તિ કરવામાં સફળ કારણભૂત, એવી સંવેગરંગશાળા નામની આરાધનાના દશ પેટાદ્વારવાળા બીજા ગણસંક્રમદ્વારમાં પ્રતીચ્છા નામનું દશમું પેટાદ્વાર કહ્યું અને તે કહેવાથી ચાર મૂળ દ્વારોમાં પરગણસંક્રમ નામનું આ બીજું દ્વાર પણ કહ્યું. (૪૮૬૪ થી ૬૬)

એ પ્રમાણે અંતિમ દશપૂર્વી આર્ય **શ્રી વજ્રસ્વામિસૂરિની** શાખાની પરંપરામાં થયેલા શ્રી જિનશાસનગગનદિનમણિ આર્ય **શ્રી વર્દ્ધમાનસૂરિશિષ્ય શ્રી બુદ્ધિસાગર-સૂરિના** શિષ્ય **શ્રી જિનચંદ્રસૂરિવરે** તેઓના લઘુગુરુ ભાઈ નવાંગીટીકાકાર **શ્રી અભય-દેવસૂરિજીની** પ્રાર્થનાથી પ્રાકૃતપદ્યબદ્ધ રચેલી શ્રીસંવેગરંગશાળા નામની આરાધનાવિધિના બીજા પરગણસંક્રમદ્વારનો તપગચ્છાચાર્ય, પંચાધિકશતવર્ષાયુઃ, દ્વયશિતિ વર્ષ ચારિત્રપાલક, સંઘસ્થવિર, સ્વ૦ દાદાગુરુ **શ્રીવિજયસિદ્ધિસૂરીશ્વરજી**શિષ્ય સ્વ૦ આગમપ્રજ્ઞ શ્રીવિજય-**મેઘસૂરિવરજી** શિષ્ય પૂજ્ય સ્વ૦ ગુરુદેવ **શ્રી વિજયમનોહરસૂરિ** શિષ્યાણુ આચાર્ય શ્રી **વિજયભદ્રંકરસૂરિકૃત** ગુર્જરભાષાનુવાદ અહીં પૂર્ણ થયો.

ઇતિ શ્રી સંવેગરંગશાળા દ્વાર બીજું.

વિ. સં. ૨૦૩૦-પોષદશમી
શ્રી પાર્શ્વજન્મકલ્યાણક-દિન.

મરુધરદેશે શ્રીવરકાણાપાર્શ્વપ્રથિત વરકાણા તીર્થ-
સમીપવર્તી બીજોવાખ્ય નગરે સમાપ્ત.

卐

ॐ अर्हं नमः

॥ नमोऽस्तु श्री जिनप्रवचनाय ॥

શ્રીમહાવીરસ્વામિને નમઃ । શ્રીગૌતમગણધરાય નમઃ ।
શ્રીશંખેશ્વરપાર્શ્વનાથાય નમઃ । શ્રીજિનચંદ્રસૂરિવરેભ્યો નમઃ ।
શ્રી વિજય સિદ્ધિ-મેઘ-મનોહરસૂરિગુરુવરેભ્યો નમઃ ।

# શ્રીસંવેગરંગશાળા ગ્રંથનો ગુજરાતી અનુવાદ-દ્વાર ત્રીજું

પ્રણમી પ્રભુ મહાવીરને, સત્યપુરીનો રાય ।
નિજગુરુ ચરણશરણ કરી, સમરી શારદમાય ॥૧॥
શ્રી જિનચંદ્રસૂરિરચી, જે સંવેગરંગશાળ ।
પ્રાકૃત પદબંધન કરી, અનુભવજ્ઞાન વિશાળ ॥૨॥
તેમાં મમતાત્યાગનું, જે ત્રીજું કહ્યું દ્વાર ।
ગુર્જર ભાષામાં લખું, તે નિજમતિ અનુસાર ॥૩॥
સ્વ-પરહિત કાજે કરું; એ ઉદ્યમ શુભ ભાવ ।
ભણતાં સુણતાં જીવને, થાય વિભાવ અભાવ ॥૪॥
પંડિતજન અનુગ્રહ કરી, કરી મુજ ક્ષતિ ઉદ્ધાર ।
વાચન શ્રવણ કરે સદા, જિમ પામે ભવપાર ॥૫॥

(સર્વ) દ્રવ્યોમાં, ક્ષેત્રમાં, કાળમાં અને ભાવમાં સર્વથા મમત્વના ત્યાગી, સંસારનો અંત કરનારા અને (નિરંજન=) રાગરહિત, એવા ભગવાન શ્રી વીરજિન જયવંતા છે. (૪૮૬૭) જે કારણે આત્માના પરિકર્મને કરેલાને પણ અને પરગણમાં સંક્રમણને કરેલાને પણ, મમતાનો વિચ્છેદ નહિ કરનારને આરાધના થતી નથી. તે કારણે ગણસંક્રમદ્વારને કહીને હવે મમત્વવિચ્છેદને કહું છું. તેમાં અનુક્રમે આ નવ પેટાદ્વારો છે. (૪૮૬૮-૬૯) ૧-આલોચના કરવી. ૨-શય્યા, ૪-સંથારો, ૪-નિર્યાપકતા, ૫-દર્શન, ૬-હાનિ, ૭,-પચ્ચક્ખાણ, ૮-ક્ષમાપના અને ૯-ક્ષમણા. (૪૮૭૦) તેમાં-

**૧. આલોચનાવિધાનદ્વાર**-જે કારણથી ગુરુએ સ્વીકારેલો પણ તપસ્વી આલોચના વિના શુદ્ધિને પામતો નથી, તેથી આલોચનાવિધાનદ્વારને કહું છું. (૪૮૭૧) ગુરુ વિધિ-

પૂર્વક, મધુર ભાષાથી સર્વ ગણ સમક્ષ તપસ્વીને કહે–હે મહાશય ! તેં શરીરની સમ્યક્ સંલેખના કરી છે, અંગીકાર કરેલા શ્રમણપણાનાં કહેલાં સર્વ કર્ત્તવ્યોમાં તું રક્ત છે, શીલગુણની ખાણ એવા ગુરુવર્ગની ચરણસેવામાં સમ્યક્ તત્પર છે અને નિષ્પુણ્યકને દુર્લભ એવી ઉત્તમ (શ્રમણ) પદવીને તું સમ્યક્ પામ્યો છે, તેથી હવે અહંકારનો અને મમકારનો વિશેષતયા ત્યાગી, તું અતિ દુર્જય પણ ઈન્દ્રિયો, કષાયો, ગારવો અને પરીષહોરૂપી મોહના સૈન્યનો સમ્યક્ પરાજય–કરીને દુર્ધ્યાનરૂપી સંતાપના ઉપશમવાળો હે સુવિહિત મુનિ ! આત્માના હિતને ઇચ્છતો તું અણુમાત્ર પણ દુષ્કૃત્યની વિધિપૂર્વક આલોચના કર ! આ આલોચના કરવામાં ૧–આલોચના કેટલા કાળે આપવી, ૨–કોને આપવી, ૩–કોણે આપવી, ૪–નહિ આપવાથી કયા દોષો લાગે, ૫–આપવાથી કયા ગુણો થાય, ૬–(આલોચના) કેવી રીતે આપવી ? ૭–ગુરુને શું આલોચવું (કહેવું) ? ૮–ગુરુએ આલોચના કેવી રીતે અપાવવી, ૯–પ્રાયશ્ચિત્ત અને ૧૦–ફળ, એ દશ દ્વારો છે. **(૪૮૭૨ થી ૭૮)** તેમાં–

**૧. પેટાદ્વાર આલોચના ક્યારે આપવી ?**–જો કે કાંટો વાગેલો માર્ગે જેમ (અપ્રમત્ત) ચાલે, તેમ અપ્રમત્ત મનવાળો (સાધુ) પ્રતિદિન સર્વ કાર્યોમાં જયણા કરે, તો પણ પાપનો ત્યાગી છતાં કર્મોદયના દોષથી કોઇ અમુક કાર્યમાં કિંચિત્ પણ અતિચારને પામે અને તેની શુદ્ધિને ઇચ્છતો મુનિ પક્ખી, ચોમાસી વગેરેમાં નિયમા આલોચના આપે, તથા પૂર્વે સ્વીકારેલા અભિગ્રહોને જણાવીને પુનઃ (નવા) સ્વીકારે. એ રીતે શ્રી જિનવચનના રહસ્યને જાણતા, સંવેગમાં તત્પર, કે શીતળ ( પ્રમાદી ) પણ સાધુએ (અંતિમ) અનશનમાં તો નિશ્ચે આલોચના આપવી જોઈએ. **(૪૮૭૯ થી ૮૨)** એમ જેટલા કાળે આલોચના આપવી તે કહ્યું. હવે જેવા પ્રકારના આચાર્યને આલોચના આપવી તે કહું છું. (૪૮૮૩)

**૨. પેટાદ્વાર–આલોચના કોને આપવી ?**–જેમ લોકમાં કુશળ વૈદ્યની આગળ રોગને પ્રગટ કરાય છે, તેમ લોકોત્તર(મોક્ષ)માર્ગમાં પણ કુશળ આચાર્યને ભાવરોગ પણ (જણાવવો.) **(૪૮૮૪)** અહીં તેને જ કુશળ જાણવો, કે જે દોષોની નિર્યામણા (પ્રાયશ્ચિત્ત) વગેરેનો જાણ, અત્યંત અપ્રમાદી અને સર્વ પ્રત્યે સમદૃષ્ટિવાળો હોય. તેના બે પ્રકાર છે, ૧–આગમથી (આગમવ્યવહારી) અને બીજા શ્રુતથી (શ્રુતવ્યવહારી). તેમાં આગમથી છ પ્રકારના કહ્યા છે. તે ૧–કેવળી, ૨–મનઃપર્યવજ્ઞાની, ૩–અવધિજ્ઞાની–, ૪–ચૌદપૂર્વી, ૫–દશપૂર્વી અને ૬–નવપૂર્વી જાણવા, **(૪૮૮૫–૮૬)** અને શ્રુતથી કલ્પ (જિતકલ્પ), મહાનિશિથ (વગેરેના ધારક), એ ઉપરાન્ત આજ્ઞાથી ( આજ્ઞાવ્યવહારી ) અને ધારણાથી (ધારણાવ્યવહારી), તેને પણ શ્રી જિનેશ્વરોએ કારણે કુશલ જેવો કહ્યો છે. **(૪૮૮૭)** નિશ્ચે જેમ (વિભંગિણો=) વિભંગરચિત ચિકિત્સાશાસ્ત્રના જાણ (વૈદ્યો) રોગના કારણને અને તેને શમાવનારાં ઔષધોને જાણીને વિવિધ (પાઠાં૦ **ત્રિવિધ**)રોગવાળાઓને પણ વિવિધ ઔષધોને આપે છે અને તેનો ઉપયોગ કરવાથી રોગીઓ તત્કાળ

રોગના ક્ષયને અને સદા શુદ્ધ (સાચી) શાન્તિને પામે છે. એ ઉપમાઓ અહીં (આલોચના વિષે) પણ (એ રીતે) જાણવી કે વૈદ્યો જેવા શ્રી જિનેશ્વરો, રોગી જેવા સાધુઓ, રોગો એટલે અપરાધો, ઔષધો એટલે પ્રાયશ્ચિત્ત અને આરોગ્ય એટલે શુદ્ધ ચારિત્ર. **(૪૮૮૮ થી ૯૦)** જેમ વૈભંગિકૃત વૈદ્યકશાસ્ત્રોદ્વારા રોગને જાણીને વૈદ્યો ક્રિયા (ચિકિત્સા) કરે છે, તેમ પૂર્વધરો પણ પ્રાયશ્ચિત્ત આપે છે. **(૪૮૯૧)** (શ્રુતવ્યવહારમાં) પાંચ આચારના પાલક, ક્ષમાદિ ગુણગણયુક્ત અને (**કલ્પ–પ્રકલ્પધરો=**) જિતકલ્પ–મહાનિશિથનો જે ધારક હોય, તે જ શ્રી જિનકથિત પ્રાયશ્ચિત્તદ્વારા ભવ્ય જીવોને શુદ્ધ (દોષમુક્ત) કરે છે. **(૪૮૯૨)** જંઘાબળ ક્ષીણ થવાથી અન્ય અન્ય દેશમાં રહેલા બન્નેને (આચાર્યોને) પણ અગીતાર્થ મુનિ દ્વારા ગૂઢ (રીતે મોકલવા–મંગાવવાપૂર્વક) આલોચના આપવી અને શુદ્ધિ (કરવી) (પ્રાયશ્ચિત્ત આપવું), તે વિધિ આજ્ઞાવ્યવહારનો છે. **(૪૮૯૩)** ગુરુએ બીજાઓને વારંવાર આપેલા પ્રાયશ્ચિત્તના સર્વ રહસ્યને અવધારણ કરનારા જેને (સંમત=) ગુરુએ અનુમતિ આપી હોય, તે સાધુ તેવી જ રીતે વ્યવહાર (પ્રાયશ્ચિત્ત) પ્રદાન કરે, તે ધારણાવ્યવહારવાળો જાણવો. **(૪૮૯૪)** નિર્યુક્તિપૂર્વક સૂત્રાર્થમાં (પીઢધરો=) પ્રૌઢતાનો ધારક એવો જે તે તે કાળની અપેક્ષાએ ગીતાર્થ હોય અને જિતકલ્પ વગેરેનો ધારક હોય, તેને પણ આ વિષયમાં યોગ્ય (પાંચમો જીતવ્યવહારી) જાણવો. **(૪૮૯૫)** તે સિવાય બાકીના યોગ્ય નથી. જેમ અજ્ઞાની ખોટી ચિકિત્સા કરનારા રોગી મનુષ્યોની રોગવૃદ્ધિને (કરે છે), મરણને પમાડે છે, લોકમાં નિંદાને પામે છે અને રાજા તરફથી શિક્ષાને પામે છે. તેમ લોકોત્તર (પ્રાયશ્ચિત્ત) વિષયમાં પણ સર્વ એ પ્રમાણે ઘટાવવું. **(૪૮૯૬-૯૭)** જેમ કે–કુટ (મિથ્યા) આલોચનાનું પ્રાયશ્ચિત્ત પ્રદાન, તેથી ઉલટી દોષોની વૃદ્ધિ, તેથી ચારિત્રનો અભાવ અને તેથી અહીં (આરાધનામાં) મરણ જાણવું. **(૪૮૯૮)** શ્રી જિનવચનના વિરાધકોને અન્ય ભવોમાં પણ નિંદા, નિંદિત સ્થાનોમાં ઉત્પત્તિ અને દીર્ઘ સંસાર, તે દંડ જાણવો. **(૪૮૯૯)** એ રીતે ઉત્સર્ગથી અને અપવાદથી આલોચનાને યોગ્ય (કોણ તે) કહ્યું. હવે તે આલોચના જેવાએ (કોણે) આપવી તેવાને (તેને) કહું છું. **(૪૯૦૦)**

**૩. પેટાદ્વાર–આલોચના આપનાર કેવો હોય?**–જાતિ, કુલ, વિનય અને જ્ઞાનથી યુક્ત તથા દર્શન અને ચારિત્રને (**સંપન્ન=**) પામેલો (યોગ્ય) હોય, ક્ષમાવાન્, દાન્ત, માયારહિત અને પશ્ચાત્તાપ નહિ કરનારો, એવો (આત્મા) આલોચના કરવામાં યોગ્ય જાણવો. **(૪૯૦૧)** તેમાં ઉત્તમ જાતિ અને કુળવાળો પ્રાયઃ કયાંય (કદાપિ) અકાર્ય કરે નહિ અને કોઈ પ્રસંગે કરે, તો પછી જાતિ–કુળના ગુણથી તેને સમ્યગ્ આલોચે. **(૪૯૦૨)** શુદ્ધ સ્વભાવવાળો વિનીત (હોવાથી) આસન કરવું, વંદન કરવું વગેરે ગુરુના વિનયપૂર્વક શુદ્ધ પ્રકૃતિથી પાપને સ્વયં યથાર્થરૂપે આલોચે. **(૪૯૦૩)** જે જ્ઞાનયુક્ત હોય, તે અપરાધોના ઘોર વિપાકોને જાણીને પ્રસન્નતાથી આલોચે અને (પ્રસન્નતાથી)

પ્રાયશ્ચિત્ત સ્વીકારે. (૪૯૦૪) દર્શનગુણવાળો 'હું (દોષથી) સમ્યક્ શુદ્ધ થયો'–એમ શ્રદ્ધા કરે, ચારિત્રવંત વારંવાર તેવા દોષોને સેવે નહિ, તથા (વિકટના=) આલોચના કર્યા વિના મારું ચારિત્ર શુદ્ધ ન થાય, એમ સમજીને સમ્યગ્ આલોચે. ક્ષમાશીલ–આચાર્ય કઠોર વચન કહે તો પણ રોષ ન કરે. (૪૯૦૫-૬) દાન્ત–તેને ગુરુ જે પ્રાયશ્ચિત્ત આપે તેને પૂર્ણ કરવા સમર્થ બને, અમાયી-પાપને છૂપાવે નહિ અને પશ્ચાત્તાપ નહિ કરનારો (આલોચના કરીને) પછી ખિન્ન ન થાય. (૪૯૦૭) તે કારણે સંવેગી અને પોતાને કૃતકૃત્ય માનનારા એવા સાધુએ (આત્માએ) આલોચના આપવી. (૪૯૦૮) (પછી એમ વિચારવું કે–) પરલોકમાં આ દોષોના અપાયો અતિ આકરા (ભોગવવા પડે) છે, તેથી હું ધન્ય છું કે–જે મારા તે દોષોને ગુરુ આ ભવમાં જ વિશુદ્ધ કરે છે. (૪૯૦૯) માટે પ્રાયશ્ચિત્તથી નિર્ભય બનવું અને પુનઃ દોષોને નહિ કરવામાં ઉદ્યમી (થવું), પણ (પ્રતિપક્ષી=) વિપરીત નહિ થવું, (કારણ કે–) આવા (હવે કહું છું તેવા) સાધુને (આલોચના દેવા માટે) અયોગ્ય કહ્યો છે. (૪૯૧૦)

**ચાલુ ત્રીજા પેટાદ્વારમાં આલોચકના દશ દોષો**–૧–ગુરુને ભક્તિ વગેરેથી વશ કરીને આલોચે, ૨–પોતાની નબળાઈ જણાવીને આલોચે, ૩–જે દોષો બીજાઓએ જોયા હોય તેને, ૪–કેવળ મોટા દોષોને, અથવા ૫–માત્ર સૂક્ષ્મ દોષોને જ આલોચે, ૬–ગુપ્ત રીતે, અથવા ૭–મોટા અવાજમાં (કોલાહલમાં) આલોચે, ૮–ઘણા ગુરુઓ પાસે આલોચે, ૯–અવ્યક્ત ગુરુની સમક્ષ આલોચે. અથવા ૧૦–પોતાના જેવા દોષો સેવનારા ગુરુ પાસે આલોચે. (એ આલોચકના દોષો જાણવા.) (૪૯૧૧)

**૧.** 'મને પ્રાયશ્ચિત્ત થોડું આપે'–એવા ઈરાદાથી પ્રથમ વૈયાવચ્ચ વગેરેથી ગુરુને વશ (આવર્જન) કરીને આલોચે. (૪૯૧૨) જેમ કે–(થોડી આલોચના આપવા છતાં) 'સંપૂર્ણ આલોચ્યું હશે' (એમ માનીને) આચાર્ય મને અનુગ્રહ કરશે, એવા ઇરાદાથી કોઈ આહારથી, પાણીથી, ઉપકરણથી કે વંદનથી ગુરુને આવર્જિત કરીને આલોચના આપે. એ આલોચનાનો પહેલો દોષ. (૪૯૧૩-૧૪) જેમ કોઈ જીવિતનો અર્થી પુરુષ અહિતને (પણ) હિત માનતો જાણીને ઝેર પીવે, તેવી આ આલોચના પણ જાણવી (૪૯૧૫)

**૨.** શું આ ગુરુ આકરું પ્રાયશ્ચિત્ત આપનારા છે કે હલકું (થોડું) આપે છે?–એમ અનુમાને (માપે), અથવા મને નિર્બળ સમજીને થોડું પ્રાયશ્ચિત્ત આપે, એવા ઇરાદાથી (બચાવ માટે) ગુરુને કહે કે–"તે સાધુભગવંતો ધન્ય છે, કે જેઓ ગુરુએ (**નિસટ્ઠં**=) આપેલા (અથવા ઘણા) તપને સારી રીતે (ઉત્સાહથી) કરે છે. હું નિશ્ચે (**નિહિણ**=) તુચ્છ (નિર્બળ) છું જેથી તપ કરવા સમર્થ નથી. (૪૯૧૬-૧૭) આપ મારી શક્તિને, (**ગહણી**=) ગૂદાની દુર્બળતાને અને અનારોગ્યને જાણો છો, પણ આપના પ્રભાવે આ પ્રાયશ્ચિત્તને હું બહુ પૂર્ણ કરી શકીશ. (અર્થાત્ આવેલા પ્રાયશ્ચિત્તને કરવા હું અશક્ત છું.) (૪૯૧૮) એમ (પ્રથમ) ગુરુની સામે કહીને તે પછી શલ્યસહિત

આલોચના કરે, તે આલોચનાનો બીજો દોષ છે. (૪૯૧૯) જેમ સુખનો અર્થી પરિણામે અહિતકર એવા અપથ્ય આહારને ગુણકારક માનીને ખાય, તેમ શલ્યપૂર્વકની આ આલોચના પણ તેવી છે. (૪૯૨૦)

૩. (**સોહિભયા=**) તપના ભયથી, અથવા 'આ સાધુ (અમુક) આટલા અપરાધવાળો છે.'–એમ બીજાઓ જાણે છે, એમ માનીને જે જે દોષો બીજાએ જોયા હોય, તે તે દોષોને જ આલોચે, બીજા અપ્રગટને ન આલોચે. એમ મૂઢ મતિવાળો જે ગુપ્ત દોષોને સર્વથા છૂપાવતો આલોચે, તે ત્રીજો આલોચનાનો દોષ જાણવો. (૪૯૨૧-૨૨) જેમ ખોદાતા કુવાને જ કોઇ ધૂળથી પૂરે, તેમ આ શલ્યવિશુદ્ધિ કર્મને બંધાવનારી જાણવી. (૪૯૨૩)

૪. જે પ્રગટ મોટા અપરાધોને આલોચે, સૂક્ષ્મને ન આલોચે અથવા સૂક્ષ્મને આલોચે (મોટાને ન આલોચે), તે એમાં એ રીતે શ્રેષ્ઠ માને કે–(બીજા એમ સમજશે કે–) જે સૂક્ષ્મને આલોચે, તે મોટા દોષોને કેમ ન આલોચે? અથવા જે મોટાને આલોચે, તે સૂક્ષ્મ દોષોને કેમ ન આલોચે? (૪૯૨૪-૨૫) એમ માનીને જ્યાં જ્યાં તેનો વ્રતભંગ થયો હોય, ત્યાં ત્યાં મોટા દોષોને આલોચે અને સૂક્ષ્મને છૂપાવે. એ ચોથો આલોચનાદોષ કહ્યો. (૪૯૨૬) જેમ કાંસાની ઝારી અંદર મેલી અને બહાર ઉજળી હોય, તેમ આત્મામાં સશલ્યપણાના દોષથી આ આલોચના તેવી જાણવી. (૪૯૨૭)

૫. ભયથી, મદથી કે માયાથી જે કેવળ સૂક્ષ્મ દોષોને આલોચે અને મોટાને છૂપાવે, તે આ (આલોચનામાં) પાંચમો દોષ થાય. (૪૯૨૮) જેવું પિત્તળનું સોનાથી રસેલું કડું, અથવા કૃત્રિમ સોનાનું કડું,–કે અંદર લાખ ભરેલું કડું, તેના જેવી આ આલોચના પણ જાણવી. (૪૯૨૯)

૬. પહેલા, બીજા, ત્રીજા ચોથા અને પાંચમાં વ્રતમાં જો કોઇને મૂલગુણની અને ઉત્તરગુણની વિરાધના થાય, તો તેને કેટલો તપ અપાય ?–એમ ગુપ્ત રીતે પૂછીને (આલોચ્યા વિના) પોતાની મેળે જ તે પ્રમાણે પ્રાયશ્ચિત્ત કરે, તે આલોચનાનો છઠ્ઠો દોષ જાણવો. (૪૯૩૦-૩૧) અથવા આલોચના કરતાં જે રીતે પોતેજ સાંભળે અને બીજો ન સાંભળે, તેમ ગુપ્ત આલોચે. એમ કરવાથી (પણ) છઠ્ઠો દોષ થાય. (૪૯૩૨) જે પોતાના દોષોને કહ્યા વિના જ શુદ્ધિને ઇચ્છે, તે ઝાંઝવાના નીરમાંથી જળને, અથવા ચંદ્રની આસપાસ થતાં (**પરિવેસ=**) જળના કુંડાળામાંથી ભોજનને ઇચ્છે છે. (અર્થાત્ તેની શુદ્ધિ થતી નથી.) (૪૯૩૩)

૭. પક્ખી, ચોમાસી અને સંવત્સરી, એ શુદ્ધિ કરવાના દિવસે (બીજા સાંભળે નહિ એમ માની) કોલાહલમાં દોષોને કહે, તે આલોચનાનો સાતમો દોષ છે. (૪૯૩૪) તેની આ આલોચના રેંટની ઘડી (ખાલી થવા છતાં પુનઃ ભરાય, તેવી (શુદ્ધિ કરવા છતાં નહિ કરવા જેવી), અથવા સમૂહમાં કરેલી છીંક જેવી (નિષ્ફળ) કે ભાંગેલી ઘડી જેવી (તેમાં પાણી રહે નહિ, તેમ આ આલોચનાનું ફળ ટકે નહિ તેવી) જાણવી. (૪૯૩૫)

૮. એક આચાર્યની પાસે આલોચીને જે પુનઃ પણ તે જ દોષોને બીજા આચાર્ય પાસે આલોચે, તેને બહુજન નામનો (આઠમો) દોષ કહ્યો છે. (૪૯૩૬) ગુરુની સમક્ષ આલોચના કરીને તેમની પાસેથી પ્રાયશ્ચિત્તને સ્વીકારીને પણ તેની શ્રદ્ધા નહિ કરતો અને બીજા બીજાને પૂછે, તે આ આઠમો દોષ જાણવો. (૪૯૩૭) અંદર શલ્ય રહી જવા છતાં રુઝાએલો ઘા જેમ પછી રોગીને તીવ્ર વેદનાઓથી પીડે, તેમ આ પ્રાયશ્ચિત્ત પણ તેના જેવું જાણવું (૪૯૩૮)

૯. જે ગુરુ (આલોચનાને યોગ્ય) શ્રુતથી અથવા પર્યાયથી અવ્યક્ત-અધુરા (ન્યૂન) હોય, તેને પોતાના દોષો કહેનારને સ્પષ્ટ આલોચનાનો નવમો દોષ લાગે. (૪૯૩૯)જેમ કૃત્રિમ સોનું કે કરેલી દુર્જનની મૈત્રી અંતે નિશ્ચે અહિતકર થાય, તેવું આ પ્રાયશ્ચિત્ત જાણવું. (૪૯૪૦)

૧૦. આલોચકના જેવા જ તે અપરાધોને જે આચાર્ય સેવતા હોય, તે તત્સેવી કહેવાય. તેથી આલોચક એમ માને કે-આ મારા જેવા દોષવાળા છે, તેથી મને ઘણું મોટું પ્રાયશ્ચિત્ત નહિ આપે, એમ મોહથી સંક્લિષ્ટ ભાવવાળો, તેવા ગુરુ પાસે આલોચે, તે આલોચનાનો દશમો દોષ જાણવો. (૪૯૪૧-૪૨) જેમ કોઈ મૂઢ રુધિરથી ખરડાયેલા વસ્ત્રની શુદ્ધિ કરવા તેને રુધિરથી જ ધોવે, તેના જેવી આ દોષશુદ્ધિ જાણવી. (૪૯૪૩) જેમ દુષ્કર તપને કરનારા પણ શાસનના વિરોધીઓને સિદ્ધિની પ્રાપ્તિ દૂર થાય છે (થતી નથી), તેવી આ શુદ્ધિ પણ દોષયુક્ત (અશુદ્ધ) જાણવી. (૪૯૪૪)

એમ આ દશેય દોષોને, ભય-લજ્જાને અને માન-માયાને (પણ) દૂર કરીને આરાધક તપસ્વી શુદ્ધ આલોચનાને આપે. (કરે), (૪૯૪૫) જે નટની જેમ ચંચળતાને, ગૃહસ્થની ભાષાને,મુંગાપણાને અને મોટા અવાજને તજીને,ગુરુની સન્મુખ રહીને(વિધિપૂર્વક) સમ્યગ્ આલોચે, તે ધન્ય છે. (૪૯૪૬) એમ આલોચના આપનાર કેવો હોય, તે (**સવિવક્ખો=**) દુષ્ટ આલોચકના સ્વરૂપ સહિત સંક્ષેપમાં જણાવ્યો. હવે આલોચના નહિ આપવાથી જે દોષો થાય, તેને કહું છું. (૪૯૪૭)

**ચોથું પેટાદ્વાર-આલોચના ન આપવાથી થતા દોષો**-લજ્જાથી, ગારવથી અને બહુશ્રુતપણાના મદથી પણ જેઓ પોતાના દુશ્ચરિત્રને (દોષોને) ગુરુને કહેતા નથી, તે નિશ્ચે આરાધક થતા નથી. (૪૯૪૮) જો કથંચિત્ સ્ખલના (ભૂલ) થાય, તો (પણ) ગુરુને જણાવવામાં લજ્જા નહિ કરવી. લજ્જા તો નિત્ય માત્ર અકાર્ય કરવામાં કરવી જોઈએ. (૪૯૪૯) (તે વિષયમાં) યુવરાજનું ઉદાહરણ છે, કે-મૈથુનથી થએલા રોગો લજ્જાથી વૈદ્યને ન કહ્યા, તેથી રોગોની વૃદ્ધિ થઈ, ભોગનો અભાવ થયો અને મરણ થયું. તેનો ઉપનય આ પ્રમાણે છે. (૪૯૫૦) યુવરાજ સરખા સાધુઓ, તેના મૈથુનના રોગો તુલ્ય અપરાધો, નહિ કહેવાતુલ્ય અનાલોચના અને વૈદ્યતુલ્ય આચાર્ય જાણવા. (૪૯૫૧) લજ્જાથી (થતી) રોગોની વૃદ્ધિતુલ્ય અહીં અસંયમની વૃદ્ધિ, ભોગના અભાવતુલ્ય દેવ-

મનુષ્યના ભોગોનો અભાવ અને વારંવાર મરણરૂપે અહીં સંસાર સમજવો. (૪૯૫૨) અથવા લજ્જાને વશ (અપરાધોને) સમ્યક્ નહિ કહેવાથી જે દોષો થાય અને લજ્જાને તજીને કહેવાથી જે ગુણો થાય, તેને (સમજવા) માટે બ્રાહ્મણના પુત્રનું (આ) દૃષ્ટાન્ત જાણવું (૪૯૫૩)

**લજ્જાથી દોષોને છૂપાવનારા બ્રાહ્મણપુત્રનો પ્રબંધ**-ઉદ્યાનો, ભુવનો, ગોળ-વાવડીયો, દેવમંદિરો, ચતુષ્કોણ વાવડીઓ અને તળાવોથી રમણીય અને સમગ્ર જગતમાં પ્રસિદ્ધ, એવા પાટલીપુત્રનગરમાં, વેદ અને પુરાણોનો જાણ, બ્રાહ્મણોમાં મુખ્ય તથા પ્રસિદ્ધિ પામેલો, ધર્મમાં ઉજમાળ બુદ્ધિવાળો કપિલ નામે બ્રાહ્મણ હતો. (૪૯૫૪-૫૫)તે પોતાની બુદ્ધિથી ભવસ્વરૂપને મદોન્મત્ત સ્ત્રીના કટાક્ષ જેવું નાશવંત, યૌવનના લાવણ્યને પવનથી ઉડેલા આકડાના રૂ જેવું ચપળ તથા વિષયસુખને કિંપાકના ફળની જેમ પ્રારંભે મધુર-પરિણામે દુઃખદ માનીને અને સઘળા સ્વજનના સંબંધોને પણ અતિ આકરા બંધન જેવા જાણીને, ઘરનો રાગ છોડીને, એક વનમાં ઝાડીથી ગીચ સ્થાનમાં તેણે તાપસીદીક્ષા સ્વીકારી. (૪૯૫૬ થી ૫૮) અને તે શાસ્ત્રમાં જણાવેલા વિધિપૂર્વક વિવિધ તપશ્ચર્યા અને ફળ-મૂળ-કંદ વગેરેથી (તાપસને) ઉચિત આજીવિકા (જીવનનિર્વાહ) કરવા લાગ્યો. (૪૯૫૯) પછી એકદા તે સ્નાન માટે નદીકાંઠે ગયો અને ત્યાં મચ્છોના માંસને ખાતા પાપી મચ્છીમારોને જોયા, કે જેથી તેને પાપી પ્રકૃતિથી અને જીહ્વા ઇન્દ્રિયની પ્રબળતાથી તે માંસભક્ષણની તીવ્ર ઈચ્છા પ્રગટી. (૪૯૬૦-૬૧) પછી તેણે તેઓની પાસેથી તે માંસને માગીને ગળા સુધી ખાધું અને તે ખાવાથી અજીર્ણના દોષથી તેને ભયંકર તાવ ચઢ્યો. (૪૯૬૨) તેની ચિકિત્સા માટે નગરમાંથી કુશળ વૈદ્યને બોલાવ્યો અને વૈદ્યે તેને પૂછ્યું કે-હે ભદ્ર ? પહેલાં તેં શું ખાધું છે ? (૪૯૬૩) લજ્જાથી સત્ય નહિ કહેતાં તેણે કહ્યું કે-મેં તે ખાધું છે, કે જે તાપસો (કંદ, મૂળ વગેરેને) ખાય છે, (૪૯૬૪) એમ કહેવાથી વૈદ્યે તાવને વાતદોષથી પ્રગટેલો માનીને તેની શાન્તિને કરનારી ક્રિયા કરી, પણ કોઈ લાભ થયો નહિ. (૪૯૬૫) વૈદ્યે ફરી પૂછ્યું ત્યારે પણ તેણે લજ્જાથી તેમ જ કહ્યું, અને વૈદ્યે (પણ) તે જ ક્રિયાને (દવાને) વિશેષ રીતે કરી. પછી ઉલટા ઉપચારથી (વધેલી) વેદનાથી અત્યંત પીડાતા અને મરણના ભયથી કંપતા શરીરવાળા, તેણે લજ્જા તજીને એકાન્તમાં વૈદ્યને માંસ ખાધાનો વૃત્તાન્ત મૂળથી કહ્યો. ત્યારે વૈદ્યે કહ્યું કે-હે મૂઢ! આટલા દિવસ આ રીતે આત્માને સંતાપ કેમ પમાડ્યો ? હવે પણ હે ભદ્ર ! તેં સારું જ કર્યું કે-રોગનું કારણ જણાવ્યું. (૪૯૬૬ થી ૬૯) તું ડરીશ નહિ, હવેથી હું તેમ કરીશ, કે તેથી તું નીરોગી થઈશ. તે પછી તેને યોગ્ય ઔષધનો પ્રયોગ કરીને તેને સાજો કર્યો (૪૯૭૦) એમ આ દૃષ્ટાન્તથી લજ્જાને તજીને, જે દોષને જે રીતે કર્યો હોય, તેને તે રીતે કહેનારો પરમ આરોગ્યને (મુક્તિને) પામે છે. (૪૯૭૧) ગારવનો (મોટાઈનો) પક્ષ નહિ કરવો, કિન્તુ ચારિત્રનો પક્ષ કરવો, કારણ કે-ગારવથી રહિત સ્થિર ચારિત્રવાળા મુનિઓ મોક્ષને

પામ્યા છે. (૪૯૭૨) (મા=) રખે, આ મારું (ઋદ્ધિ વગેરે સુખ) (**ન હોહીઃ=**) નહિ રહે. (નાશ પામશે), એવા ભયથી દુર્ગતિના મૂળભૂત ઋદ્ધિ વગેરે ગારવોમાં આસક્ત જેઓ પોતાના અપરાધોને કહેતા નથી (આલોચતા નથી), તે જડ પુરુષો અસ્થિર કાચમણિને પ્રિય કરીને શાશ્વત એવા નિરુપમ સુખને આપનારા ચિંતામણિરત્નને અવગણે છે. (૪૯૭૩-૭૪) તેથી ગારવના ત્યાગી, ઇન્દ્રિયોને જીતનારા, કષાયથી રહિત અને રાગ-દ્વેષથી મુક્ત થઈને આલોચના કરવી જોઈએ. (૪૯૭૫) વળી—

**આલોચના પરસાક્ષીએ કરવી**-હું જે રીતે પ્રાયશ્ચિત્તને સમ્યગ્ જાણું છું, તે રીતે બીજો કોણ જાણે છે? અથવા મારાથી બીજો કોણ બહુશ્રુત છે?-એમ મદથી જે પોતાનાં દુશ્ચરિત્રને બીજાને કહે નહિ, તે પાપી 'પ્રમાદથી સમ્યગ્ ઔષધને નહિ કરનારા (રોગી) વૈદ્યની જેમ' આરાધનારૂપી આરોગ્યને પામતો નથી. (૪૯૭૬-૭૭) જેમ કોઈ રોગી વૈદ્ય જ્ઞાનના ગર્વથી પોતાના રોગને ન કહેતાં (સ્વયં) સેંકડો ઔષધો કરવા છતાં પણ રોગની પીડાથી મરણ પામ્યો, તે જ રીતે જેઓ (પોતાના) અપરાધરૂપી રોગને બીજાને સમ્યક્ કહેતા નથી, તેઓ (આણુઓ=) શ્વાસથી (જીવતા છતાં) (અથવા (આણુઓ=) જ્ઞાનથી જ્ઞાની છતાં) નાશ પામે છે. (૪૯૭૮-૭૯) કારણ કે વ્યવહારમાં સારા કુશળ એવા છત્રીશ ગુણવાળાએ (આચાર્યે) પણ આ (આલોચના) અવશ્ય સદા પરસાક્ષીએ જ કરવી જોઈએ. (૪૯૮૦) આઠ આઠ ભેદવાળા દર્શન-જ્ઞાન-ચારિત્રાચારોથી અને બાર પ્રકારના તપથી યુક્ત, એમ આચાર્યમાં છત્રીશ ગુણો હોય છે, અથવા '**વય-છક્કં**' વગેરે ગાથાથી કહેલા (છ વ્રતોના પાલક, છ કાયના રક્ષક, તથા અકલ્પ્ય વસ્તુ, ગૃહસ્થનાં ભાજન, પલ્યંક, નિષદ્યા, સ્નાન અને વિભૂષાના ત્યાગી, એમ) અઢાર તથા (અહીં ગા૦ ૪૬૩૫માં કહેલા) 'આચારવાન્' વગેરે આઠ તથા દશ પ્રકારના પ્રાયશ્ચિત્તના જાણ, એમ (પણ) છત્રીશ ગુણો થાય છે. (૪૯૮૧-૮૨) તથા આઠ પ્રવચનમાતા અને દશ પ્રકારનો યતિધર્મ, એ અઢાર અને છ વ્રતોનું પાલન, છ કાયનું રક્ષણ વગેરે (ઉપર કહ્યા તે) અઢાર ભેદો મળીને (પણ) છત્રીશ ગુણો થાય છે. (૪૯૮૩) અથવા 'આચારવાન્' વગેરે આઠ ગુણો, (અચેલકપણું, ઔદ્દેશિકત્યાગ વગેરે) દશ પ્રકારનો સ્થિતકલ્પ, બાર પ્રકારનો તપ અને છ આવશ્યકો, એમ (પણ) છત્રીશ ગુણો થાય છે. (૪૯૮૪) એ રીતે ઘણા પ્રકારે કહેલા છત્રીશ ગુણોના સમૂહથી શોભતા આચાર્યે (પણ) મુક્તિના સુખ માટે આલોચના સદા પરસાક્ષીએ જ કરવી જોઈએ. (૪૯૮૫) જેમ કુશળ પણ વૈદ્ય પોતાનો રોગ બીજાને જણાવે અને બીજો પણ સાંભળીને તે (રોગી) વૈદ્યની સુંદર ચિકિત્સાને શરુ કરે, તેમ પ્રાયશ્ચિત્તવિધિને સારી રીતે જાણનારે (પોતે જ્ઞાની હોય તો) પણ પોતાના દોષોને (બીજા) ગુરુને અતિ પ્રગટ રીતે કહેવા જોઈએ. (૪૯૮૬-૮૭) તથા જે અન્ય (આલોચનાચાર્ય) હોવા છતાં તેને આલોચના આપ્યા વિના (અર્થાત્ જે આલોચના આપતા નથી તે) તથા જે પોતાને આલોચના આપીને (અર્થાત્

સ્વયં ) પ્રાયશ્ચિત્ત કરે છે, તે પણ આરાધક થતા નથી. (૪૯૮૮) એ કારણે જ પ્રાયશ્ચિત્ત માટે ગીતાર્થની શોધ (ક્ષેત્રથી) ઉત્કૃષ્ટ સાતસો યોજન સુધી અને (કાળથી) બાર વર્ષ સુધી કરવી જોઈએ. (૪૯૮૯) એમ આલોચના નહિ આપવાથી થતા દોષોને સંક્ષેપમાં કહ્યા હવે તે આપવાથી જે ગુણો થાય તેને કહું છું. (૪૯૯૦)

**પાંચમું પેટાદ્વાર-આલોચના દેવાથી થતા ગુણો**–૧–લઘુતા, ૨–પ્રસન્નતા, ૩–સ્વ–પર નિવૃત્તિ, ૪–માયાનો ત્યાગ, ૫–આત્માની શુદ્ધિ, ૬–દુષ્કર ક્રિયા, ૭–વિનય અને ૮–નિઃશલ્યતા, એ આઠ ગુણો આલોચના દેવાથી થાય છે. (૪૯૯૧) તેમાં–

**૧. લઘુતા**–અહીં કર્મનો સંચય (સમૂહ) તે ભાર જાણવો, કારણ કે–તે જીવોને ભાંગે છે (થકાવે છે, પરાજિત કરે છે), તે ભારથી (ભગ્ગા=) થાકેલા જીવો શિવગતિમાં જવા માટે સમર્થ થતા નથી. (૪૯૯૨) સંક્લેશ તજીને શુદ્ધ ભાવથી દોષોની આલોચના આપનારનો વારંવાર પૂર્વે એકઠો કરેલો (બાંધેલો) કર્મનો તે મોટો ભાર (પણ) નાશ પામે છે. (૪૯૯૩) અને તેમ થવાથી જીવોને ભાવથી શિવગતિના કારણભૂત એવી ચારિત્રગુણની અપેક્ષાની પરમાર્થથી મોટી (કર્મોની) લઘુતા થાય છે, (૪૯૯૪)

**૨. પ્રસન્નતા**–શુદ્ધ સ્વભાવવાળો મુનિ જેમ જેમ દોષોને સમ્યગ્ ઉપયોગપૂર્વક (ગુરુને) જણાવે છે. તેમ તેમ નવા નવા સંવેગરૂપ શ્રદ્ધાથી (અથવા સંવેગ અને શ્રદ્ધાથી) પ્રસન્ન થાય છે. (૪૯૯૫) "મને આ દુર્લભ ઉત્તમ વૈદ્ય મળ્યો, ભાવરોગમાં આવો વૈદ્ય મળવો દુર્લભ છે, વ્યાધિને વધારનારા લજ્જા વગેરે (તુચ્છ=) અધમ દોષો ભયંકર છે, (૪૯૯૬) 'તેથી ધન્ય એવા આ ગુરુના ચરણ પાસે (સમક્ષ) (લજ્જાદિને છોડીને) સમ્યગ્ આલોચના આપીને, અપ્રમત્ત એવો હું સંસારનાં દુઃખોની નાશક ક્રિયાને (અનશનને) કરીશ.' (૪૯૯૭) તે રીતે (શુભ ભાવે) આલોચના કરે છતે શુદ્ધ ભાવવાળાને 'હું ધન્ય છું, કે જે મેં આ સંસારરૂપ અટવીમાં આત્માને શુદ્ધ કર્યો.'–એવી પ્રસન્નતા પ્રગટે જ છે. (૪૯૯૮)

**૩. સ્વ-પર દોષનિવૃત્તિ**–વળી (શુદ્ધ થયેલો) (કિચ્ચાણું=) પૂજ્યોના ચરણથી (પ્રભાવથી), લજ્જાથી અને પ્રાયશ્ચિત્તના ભયથી પુનઃ અપરાધોને ન કરે, એમ આત્મા (પોતે) (દોષોથી) અટકે. (૪૯૯૯) અને એ રીતે ઉદ્યમ કરતા તે ઉત્તમ સાધુને જોઇને (પાપના) ભયથી ડરતા બીજા પણ અકાર્યોને ન કરે, માત્ર (સંયમનાં) કાર્યોને જ કરે. (૫૦૦૦) એમ સ્વ–પર નિવૃત્તિથી સ્વ–પર ઉપકાર થાય અને સ્વ–પર ઉપકારથી અતિ મોટું બીજું કોઈ ગુણસ્થાનક (ગુણ) નથી. (૫૦૦૧)

**૪-૫. માયાત્યાગ અને શુદ્ધિ**–શ્રી વીતરાગ ભગવંતોએ આલોચના કરવાથી ભવભયની નાશક અને પરમ નિવૃત્તિકારક, એવો (અજ્જવ=) માયાત્યાગ અને શુદ્ધિ કહી છે. (૫૦૦૨) સરળ (માયારહિત) જીવની શુદ્ધિ થાય છે, શુદ્ધ આત્માનો ધર્મ

સ્થિર થાય છે અને તેથી ઘીથી સિંચેલા અગ્નિની જેમ પરમ નિર્વાણને (તેજને અથવા પવિત્રતાને) પામે છે. (૫૦૦૩) માયાથી કિલષ્ટ ચિત્તવાળો બહુ પ્રમાદી જીવ પાપકર્મોના (કાર્યોના) કારણભૂત, એવાં ઘણાં કિલષ્ટ કર્મોને જ બાંધે છે. (૫૦૦૪) અને અહીં (તે) અતિ ક્રુર કર્મોને ભોગવતાં જે પરિણામ (અધ્યવસાયો થાય,) તે પ્રાયઃ સંકલેશકારક પાપ-કર્મનું કારણ બને છે. એમ (કિલષ્ટ ચિત્તથી પાપકર્મોનો બંધ અને તેને ભોગવતાં કિલષ્ટ ચિત્ત, તેમાંથી પુનઃ પાપકર્મનો બંધ, એ રીતે પરસ્પર કાર્ય-કારણરૂપે) સંસારની વૃદ્ધિ અને તે વધવાથી અનેક પ્રકારનાં દુઃખો પ્રગટે છે. એમ માયા જ સર્વ સંકલેશોનું (દુઃખોનું) મૂળ માનવું તે યોગ્ય છે. (૫૦૦૫-૬) તે માયાના ઉન્મૂલનથી આર્જવ પ્રગટે તે કારણે અને જીવની શુદ્ધિ માટે, એમ (બે કારણે) આલોચના આપવી જોઈએ. (૫૦૦૭)

૬. **દુષ્કરક્રિયા**–આ (આલોચના આપવી તે) દુષ્કર છે, કારણ કે-કર્મના દોષથી જીવ પ્રમાદથી દોષોનું સેવન સુખપૂર્વક કરે છે અને યથાસ્થિત આલોચના આપતાં (તેને) દુઃખ થાય છે. (માટે) કર્મના દોષથી અનેક સેંકડો (હજારો) ભવથી વારંવાર સેવેલા મહા બલવાન્ એવા લજ્જા, અભિમાન વગેરેને અવગણીને (પણ) જેઓ આલોચના કરે છે, તેઓ લોકમાં દુષ્કરકારક છે. (૫૦૦૮-૯) જેઓ એ રીતે સમ્યક્ આલોચના કરે છે, તે મહાત્માઓ જ સેંકડો ભવોના દુઃખોનો નાશ કરનારી નિષ્કલંક (શુદ્ધ) આરાધનાને પણ પામે છે. (૫૦૧૦)

૭. **વિનય**–સમ્યગ્ આલોચના આપવાથી શ્રી તીર્થંકરોની આજ્ઞાનું પાલન (આજ્ઞાનો વિનય) થાય છે, ગુરૂઓનો વિનય થાય છે અને જ્ઞાનાદિ (સફળ થવાથી તે) ગુણોનો (પણ) વિનય થાય છે. (૫૦૧૧) કહ્યું છે કે-વિનય એ શાસનનું મૂળ છે, માટે (સંયત) વિનીત હોય. "વિનયરહિતને ધર્મ કયાંથી અને તપ પણ કયાંથી? (૫૦૧૨) કારણ (કહ્યું છે) કે-ચાતુરંત સંસારથી મુક્તિ માટે આઠ પ્રકારના કર્મને (**વિનયતિ**) દૂર કરે છે, તેથી સંસારમુક્ત શ્રી અરિહંતો તેને **વિનય** કહે છે. (૫૦૧૩)

૮. **નિઃશલ્યતા**–આલોચના આપીને જ (જઇસિત્થો=) સાધુઓ નિયમા શલ્યરહિત થાય, અન્યથા ન જ થાય, તે કારણે તેનો (આલોચનાનો) ગુણ નિઃશલ્યતા છે. (૫૦૧૪) શલ્યવાળો નિશ્ચે શુદ્ધ થતો નથી, કારણ કે ધૂતરજવાળાના (વીતરાગના) શાસનમાં કહ્યું છે કે-સર્વ શલ્યોનો ઉદ્ધાર કરનારો જ જીવ કલેશોનો નાશ કરી નેશુદ્ધ થાય છે. (૫૦૧૫) તેથી ગારવરહિત આત્માઓ નવા નવા જન્મોરૂપ વેલડીના મૂળભૂત મિથ્યાદર્શનશલ્યને, માયાશલ્યને અને નિયાણશલ્યને મૂળમાંથી ઉખેડે છે, (૫૦૧૬) જેમ ભારવાહક (મજુર) ભારને ઉતારીને (અતિ હલકો થાય), તેમ ગુરૂ પાસે (દુષ્કૃત્યોની) આલોચના અને નિંદા કરીને સર્વ શલ્યોનો નાશ કરનાર સાધુ (કર્મનો ભાર ઉતારીને) અતિ હલકો થાય છે. (૫૦૧૭) (એમ આલોચનાના આઠ ગુણોનું પાંચમું દ્વાર જાણવું.)

**છટ્ઠું પેટાદ્વાર-આલોચના કેવી રીતે આપવી ?**-એ આલોચનાના ગુણો મેં આ પ્રમાણે (સંક્ષેપથી) કહ્યા. હવે તે આલોચના જેવી રીતે આપવી તે રીતને કહું છું. તેમાં આ મર્યાદા છે કે-૧. વ્યાક્ષેપને (ચિત્તની ચંચળતાને) તજીને, ૨. પ્રશસ્ત દ્રવ્ય, ક્ષેત્ર, કાળ અને ભાવનો યોગ મેળવીને, ૩. ઉત્તમ દિશા સન્મુખ રહીને, ૪. વિનયથી, ૫. સરલતાવાળાએ, ૬. આસેવના વગેરેના ક્રમે અને ૭. છ કાને આલોચના આપવી. **(૫૦૧૮-૧૯)**

**૧.** તેમાં અવ્યાક્ષિપ્ત સાધુએ નિત્યમેવ સંયમસ્થાન સિવાયના બીજા વિષયોમાં વ્યાક્ષેપરહિત (અનાસક્ત) રહેવું અને આલોચના આપવામાં તો સવિશેષ વ્યાક્ષેપરહિત રહેવું. **(૫૦૨૦)** બે અથવા ત્રણ દિવસે આલોચના આપવી જોઈએ. તે કારણે ઊંઘીને જાગેલો અપરાધોને (યાદ કરીને) સમ્યગ્ રીતે સ્થાપે (મનમાં સ્થિર કરે). **(૫૦૨૧)** પછી ઋજુતાને પામેલો (સરળ) તે સર્વ દોષોને ત્રણ વાર યાદ કરીને લેશ્યાથી વિશુદ્ધ થતો (વધતી શુભ લેશ્યાવાળો) શલ્યના ઉદ્ધાર માટે ગુરૂ પાસે આવે. **(૫૦૨૨)** અને પુનઃ સંવેગને પામેલો તેવી રીતે સમ્યગ્ દોષોને જણાવે કે-જે રીતે પરિણામની વિશિષ્ટતાથી અન્ય ભવોમાં કરેલા પણ કર્મો છેદાઇ જાય. **(૫૦૨૩)**

**૨. પ્રશસ્ત દ્રવ્યાદિનો યોગ**-દ્રવ્ય, ક્ષેત્ર વગેરે ચારેય ભાવો, પ્રત્યેક પ્રશસ્ત અને અપ્રશસ્ત એમ બે બે પ્રકારના છે. તેમાંના અપ્રશસ્તને તજીને પ્રશસ્તમાં આલોચના કરે. **(૫૦૨૪)** તેમાં **દ્રવ્યમાં**-અમનોજ્ઞ (તુચ્છ) ધાન્યનો ઢગલો અને તુચ્છ વૃક્ષો, એ અપ્રશસ્ત દ્રવ્યો, **ક્ષેત્રમાં**-પડેલાં-બળેલાં ઘર, ઉખરભૂમિ વગેરે સ્થાનો, એ અપ્રશસ્ત ક્ષેત્ર, **(૫૦૨૫) કાળમાં**-દગ્ધાતિથિ, અમાવાસી અને બન્ને પક્ષોની અષ્ટમી, નવમી, છટ્ઠી, ચતુર્થી તથા દ્વાદશી, એ તિથિઓ તથા સંધ્યાગત, રવિગત વગેરે દુષ્ટ નક્ષત્રો અને અશુભ યોગો, એ અપ્રશસ્તકાળ જાણવો. **અપ્રશસ્તભાવમાં**-રાગ-દ્વેષ અથવા પ્રમાદ-મોહ વગેરે (સ્વદોષો જાણવા). આ અપ્રશસ્ત દ્રવ્યાદિમાં આલોચના નહિ કરવી, પણ તેના પ્રતિપક્ષી (પ્રશસ્ત દ્રવ્યાદિમાં કરવી, તે) **પ્રશસ્તદ્રવ્યમાં**-સુવર્ણ વગેરેના, અથવા ક્ષીરવૃક્ષો વગેરેના યોગે આલોચે. **(૫૦૨૬ થી ૨૮) પ્રશસ્તક્ષેત્રમાં**-શેરડીનું ક્ષેત્ર, ડાંગરનું ક્ષેત્ર કે શ્રી જિનમંદિરાદિ હોય ત્યાં, અથવા ઊંડા અવાજ કરતા કે પ્રદક્ષિણાવર્તવાળા જળના સ્થાને આલોચે. **પ્રશસ્તકાળમાં**-પૂર્વે કહી તે સિવાયની શેષ તિથિઓ, નક્ષત્રો, કરણો, યોગો વગેરેમાં, અને **પ્રશસ્તભાવમાં**-મન વગેરેની પ્રસન્નતામાં અને ગ્રહો ઉચ્ચ વગેરે સ્થાનમાં હોય, અથવા પ્રશસ્તભાવજનક સૌમ્ય ગ્રહોથી યુક્ત, પવિત્ર, (અથવા પૂર્ણ) લગ્નમાં (વર્તતા હોય), એમ શુભ દ્રવ્યાદિનો સમુદાય તે આ વિષયમાં (પ્રશસ્ત યોગ) જાણવો. **(૫૦૨૯ થી ૩૧)**

**૩. પ્રશસ્તદિશા**-પૂર્વ, ઉત્તર, અથવા શ્રી જિનેશ્વરો વગેરેથી માંડીને નવપૂર્વી સુધીના જ્ઞાનીઓ જે દિશામાં વિચરતા હોય, અથવા જે દિશામાં શ્રી જિનમંદિર હોય,

તે દિશા ઉત્તમ જાણવી. (**૫૦૩૨**) તેમાં (પણ) જો આચાર્ય પૂર્વાભિમુખ (બેઠા હોય), તો આલોચક ઉત્તરાભિમુખ (જમણીબાજુ) અને જો આચાર્ય ઉત્તરાભિમુખ હોય, તો આલોચક પૂર્વાભિમુખ (ડાબીબાજુ) ઉભો રહે. (**૫૦૩૩**) એમ પરોપકારમાં રસિક મનવાળા આચાર્ય પૂર્વ ઉત્તર સન્મુખ અથવા ચૈત્ય સન્મુખ સુખપૂર્વક બેસીને આલોચનાને સાભળે. (**૫૦૪૪**)

**૪. વિનયપૂર્વક**–ભક્તિ અને બહુમાનપૂર્વક, ગુરુને ઉચિત આસન આપીને, વંદન કરીને, બે હાથ જોડીને, સન્મુખ ઊભો રહેલો, સંવેગથી ભવોદ્વિગ્ન (નિર્વેદી) અને વિષયોથી વિરાગી, તે મહા સાત્ત્વિક (આલોચક) ઉત્કૃષ્ટથી ઉત્કટ આસને અને જો હરસ વગેરે રોગથી પીડાતો હોય કે ઘણા દોષો સેવેલા (હોવાથી વધુ સમય લાગે તેમ) હોય તો ગુરુની અનુજ્ઞા લઈને આસને બેઠેલો, ભક્તિ અને વિનયથી મસ્તક નમાવીને સર્વ દોષોને યથાર્થ સ્વરૂપે જણાવે. (**૫૦૩૫ થી ૩૭**)

**૫ ઋજુભાવે**–જેમ બાળક બોલતાં કાર્યને કે અકાર્યને (જે જેવું હોય તેવું) સરળભાવે બોલે, તેમ માયા અને મદથી રહિત આલોચક બાળકની જેમ સરલભાવે દોષોને આલોચે. (**૫૦૩૮**)

**૬. ક્રમથી**–આસેવનાક્રમ અને આલોચનાક્રમ–એમ બે પ્રકારના ક્રમથી (આલોચના અપાય.) તેમાં આસેવનાક્રમે એટલે જે દોષો જે ક્રમે સેવ્યા હોય તે ક્રમે આલોચે. (**૫૦૩૯**) આલોચનાક્રમમાં મોટા અપરાધોને પછી આલોચે. (**પણગ**=) 'પંચક' વગેરે પ્રાયશ્ચિત્તના ક્રમે પ્રથમ નાના દોષોને કહેતો, પછી જેમ જેમ પ્રાયશ્ચિત્તની વૃદ્ધિ થાય (તેમ તેમ)તે તે ક્રમથી આકુટ્ટીથી સેવેલા, દર્પથી સેવેલા, પ્રમાદથી સેવેલા, કલ્પથી સેવેલા, જયણાપૂર્વક સેવેલા અથવા (અવશ્ય) કરવાયોગ્ય કારણ પ્રાપ્ત થતાં જયણાથી સેવેલા, તે તે સર્વ દોષોને યથાસ્થિત (જેમ સેવ્યા હોય તેમ) આલોચે. (**૫૦૪૦-૪૧**)

**૭. છ શ્રવણા**–તેમાં સાધુને (આચાર્ય અને આલોચક–એ બેના) ચાર કાન અને સાધ્વીને છ કાન જાણવા. તે આ રીતે–ગુરુ જો વૃદ્ધ હોય તો એકલા અને વૃદ્ધ સાધ્વી પણ–બીજી એક સાધ્વીને સાથે રાખે, એમ ત્રણના મળીને છકાને કરવી, અને ગુરુ જો યુવાન હોય તો બીજા સાધુને સાથે રાખીને, અને જો સાધ્વી તરુણ હોય તો વૃદ્ધ સાધ્વીને સાથે રાખીને, એમ બે સાધુઓ અને બે સાધ્વીઓ, એમ ચારના સમક્ષ આઠ કાને આપવી. (**૫૦૪૨-૪૩**) એમ આલોચના જેવી રીતે આપવી તે રીત સંક્ષેપથી કહી. હવે આલોચનામાં જે અનેક પ્રકારના દોષોને આલોચવા જોઈએ તે કહું છું. (**૫૦૪૪**)

**સાતમું પેટાદ્વાર શું શું આલોચવું?**–આ આલોચના જ્ઞાન,દર્શન,ચારિત્ર,તપ અને વીર્ય–એમ પાંચ પ્રકારના આચારમાં થએલી વિરૂદ્ધ પ્રવૃત્તિની જાણવી (**૫૦૪૫**)

તેમાં સમસ્ત પદાર્થોનો પ્રકાશ કરવામાં (જણાવવામાં) શરદઋતુના સૂર્ય સરખા,

અતિશયોના ભંડાર અને (તેથી) ત્રણ ભુવનથી પૂજાએલા, જ્ઞાન ભગવંતનો કાળ, વિનય વગેરે ( આચારો ) અંગે વિરૂદ્ધ પ્રવૃત્તિ કરવાથી થએલો, આત્મસુખમાં વિઘ્નભૂત, એવો જે કોઇપણ અતિચાર, તેને સમ્યગ્ આલોચવો. (૫૦૪૬-૪૭) ( તે આ પ્રમાણે-)સમ્યગ્-જ્ઞાનરૂપી લક્ષ્મીના વિસ્તારના ધારક એવા પુરુષસિંહોને (જ્ઞાનીઓને) તથા જ્ઞાનના આધારભૂત પુસ્તક, પટ, પાટી વગેરે ઉપકરણોને પગ વગેરેના સંઘટ્ટન દ્વારા, નિંદા કરવાથી કે અવિનય કરવાથી જે અતિચાર સેવ્યો હોય, તેને પણ આલોચવો. (૫૦૪૮-૪૯)

એમ નિશ્ચે દર્શનાચારમાં પણ કોઈ રીતે પ્રમાદના દોષથી શંકા, કાંક્ષા વગેરે ( અકરણીયને ) કરવાથી તથા ઉપબૃંહણાદિ ( કરણીયને ) નહિ કરવાથી તથા લોકપ્રસિદ્ધ પ્રાવચની વગેરે શાસનપ્રભાવક વિશિષ્ટ પુરુષો પ્રત્યે ઉચિત વ્યવહાર નહિ કરવાથી, તેમજ સમ્યક્‌ત્વના નિમિત્તભૂત શ્રી જિનમંદિરો, જિનપ્રતિમાઓ વગેરેની તથા શ્રી અરિહંત, સિદ્ધ, આચાર્ય, ઉપાધ્યાય અને સાધુઓની તથા તપસ્વીઓની અને ઉત્તમ શ્રાવક-શ્રાવિકાઓની અતિ આશાતના કે અવજ્ઞા (નિંદા) વગેરે કરવાથી જે અતિચાર સેવ્યો હોય, તે પણ નિશ્ચે આલોચવાયોગ્ય જાણવો. (૫૦૫૦ થી ૫૩)

મૂળગુણરૂપ અને ઉત્તરગુણરૂપ, તથા અષ્ટપ્રવચનમાતારૂપ ચારિત્રાચારમાં પણ જે કોઈ અતિચાર સેવ્યો હોય, તેને આલોચવો. તેમાં (મૂળગુણોમાં) છકાય જીવોની સંઘટ્ટણા, પરિતાપ તથા વિવિધ પીડા વગેરે કરવાથી ( પહેલા ) પ્રાણાતિપાતવિરમણ વ્રતમાં અતિચાર થાય. (૫૦૫૪-૫૫) એ રીતે બીજા વ્રતમાં પણ ક્રોધ, માન, માયા, લોભ હાસ્ય કે ભયથી તથાવિધ અસત્ય વચન બોલવાથી અતિચાર થાય. (૫૦૫૬) માલિકે નહિ આપેલા જે સચિત્ત, અચિત્ત, કે મિશ્ર દ્રવ્યોનું હરણ કરવું તે ત્રીજા વ્રત સંબંધી અતિચાર જાણવો. (૫૦૫૭) દેવ, તિર્યંચ કે મનુષ્યની સ્ત્રીને ભોગવવાની ( મનથી ) અભિલાષા, (વચનથી) પ્રાર્થના અને કાયાથી સેવવી ( સ્પર્શ કરવો ) વગેરેથી લાગેલા ચોથા વ્રતના અતિચારને આલોચવાયોગ્ય જાણવો. (૫૦૫૮) તથા છેલ્લા ( પાંચમાં ) વ્રતમા દેશમાં, કુળમાં કે ગૃહસ્થોમાં, તથા અતિરિક્ત ( વધારાની ) વસ્તુમાં (પાઠાં૦ **મમીઆરો=**) મમકારરૂપ જે અતિચાર, તેને પણ આલોચવાયોગ્ય જાણવો. (૫૦૫૯) દિવસે લાવેલું રાત્રે, રાત્રે લાવેલું દિવસે, રાત્રે લાવેલું રાત્રે અને ( પૂર્વ ) દિવસે લાવેલું (બીજા) દિવસે-એમ ચાર પ્રકારના રાત્રિભોજનમાં જે અતિચાર સેવ્યો હોય, તે પણ સમ્યગ્ રીતે સદ્‌ગુરુ સમીપે આલોચવાયોગ્ય જાણવો. (૫૦૬૦)

ઉત્તરગુણરૂપ ચારિત્રમાં પણ આહારાદિપિંડ મેળવવામાં અથવા સાધુની બાર પડિમાઓમાં બાર ભાવનાઓમાં, તથા દ્રવ્યાદિ અભિગ્રહોમાં પ્રતિલેખનામાં પ્રમાર્જનામાં,પાત્રમાં,ઉપધિમાં કે બેસવા-ઉઠવા વગેરેમાં જે કોઈ અતિચાર સેવ્યો હોય,તે પણ નિશ્ચે આલોચવાયોગ્યજાણવો. (૫૦૬૧-૬૨) ઇર્યાસમિતિમાં ઉપયોગ વિના ચાલવાથી, ભાષાસમિતિમાં સાવદ્ય કે અવધારણી ભાષા બોલવાથી, એષણાસમિતિમાં અશુદ્ધ આહાર પાણી વગેરે લેવાથી ( ચોથી

સમિતિમાં ) પડિલેહણ-પ્રમાર્જન વિનાનાં પાત્ર, ઉપકરણો વગેરે લેવા-મૂકવાથી અને ( પારિષ્ઠાપનિકામાં ) ઉચ્ચાર, પ્રશ્રવણુ વગેરેને અશુદ્ધ ભૂમિમાં જેમ-તેમ પરઠવવાથી, એમ પાંચ સમિતિમાં તથા ત્રણ ગુપ્તિમાં પ્રમાદથી જે કોઈ પણ અતિચાર સેવ્યો હોય, તે પણ આલોચવાયોગ્ય જાણવો. (**૫૦૬૩ થી ૬૫**) એમ રાગાદિને વશ થઈને, વિવેક નષ્ટ થવાથી કે અશુભ લેશ્યાથી ( પણ ) ચારિત્રને જે કલુષિત ( દૂષિત ) કર્યું હોય, તેને ( **સઈ=** )હંમેશાં આલોચવું જોઇએ. (**૫૦૬૬**)

એ પ્રમાણે અનશન વગેરે (છ) પ્રકારના બાહ્ય તપમાં તથા પ્રાયશ્ચિત્ત વગેરે (છ) ભેદવાળા અભ્યંતર તપમાં શક્તિ છતાં પણ પ્રમાદથી જે અનાચરણ કર્યું હોય, તે અતિચાર પણ નિયમા આલોચના કરવાયોગ્ય છે. (**૫૦૬૭-૬૮**)

વીર્યાચારમાં પણ શિવગતિના કારણભૂત કાર્યોમાં નિજપરાક્રમને છૂપાવવાથી જે અતિચાર સેવ્યો હોય, તેને પણ નિશ્ચે આલોચનાયોગ્ય જાણવો. (**૫૦૬૯**)

એમ રાગથી, દ્વેષથી, કષાયોથી, ઉપસર્ગથી, ઇન્દ્રિયોથી અને પરીષહોથી પીડાતા જીવે જે કંઈ દુષ્ટ વર્તન કર્યું હોય, તેને પણ સમ્યક્ આલોચવું જોઇએ. (**૫૦૭૦**) અવધારણ-શક્તિની મંદતાથી જે સ્મૃતિપટમાં ન આવે, તે અતિચારો પણ અશઠ ભાવવાળા તેણે ઓઘથી આલોચવા જોઈએ. (**૫૦૭૧**) એમ વિવિધ ભેદવાળું આલોચવાયોગ્ય ( વિતથ આચરણ ) જણાવ્યું. હવે ગુરુએ આલોચના જે રીતે અપાવવી જોઇએ, તે કહું છું. (**૫૦૭૨**)

**૮. પેટાદ્વાર-ગુરુએ આલોચના કેવી રીતે અપાવવી ?**-પૂર્વે કહ્યા તે જ આલોચનાચાર્ય ગુરૂ, પણ તેમાં જે આગમવ્યવહારી ( જઘન્યથી નવ પૂર્વના જાણ-ઉત્કૃષ્ટથી કેવળી )હોય, તે ' કહેલું સ્વીકારશે '-એમ ( જ્ઞાનથી ) જાણીને આલોચકને વિસ્મૃત થએલી આસેવના ( ભૂલોને ) યાદ કરાવે, પણ જેને યત્નપૂર્વક સારી રીતે સમજાવવા છતાં સ્વીકારશે નહિ-એમ જ્ઞાનથી જાણે, તેવાને તે આચાર્યભગવંત ( દોષોનું ) સ્મરણ કરાવે નહિ, કારણ કે-સ્મરણ કરાવવાથી ( આ મારા દોષોને જાણે છે-એમ ) લજ્જાને પામેલો તે ગુણગણથી શોભતા એવા ( ઉત્તમ પણ ) ગચ્છનો ત્યાગ કરે, અથવા ગૃહસ્થ બની જાય કે મિથ્યાત્વને પામે. (**૫૦૭૩ થી ૭૫**) ગુરુ પહેલાં ( આલોચકના ) ગુણ-દોષોને ( જ્ઞાનથી ) જાણીને પછી આલોચનાને ઇચ્છે ( સાંભળવા માટે સંમત થાય ), પછી જે દેશ-કાળ( વગેરે )માં આલોચક સમ્યગ્ પ્રાયશ્ચિત્તને સ્વીકારશે એમ જાણે, તે દેશ-કાળે પુનઃ (તેને) આલોચના આપવા પ્રેરણા કરે. (**૫૦૭૬**) અથવા એકાન્તે જો અયોગ્ય જાણે, તો તેનો સ્વીકાર તેવી રીતે કરે, કે જે રીતે સૂક્ષ્મ (અલ્પ) પણ કંઈ અવિશ્વાસ ( અપ્રીતિ ) ન થાય. (**૫૦૭૭**) બીજા જે શ્રુતવ્યવહારી વગેરે અન્ય આલોચનાચાર્યો ( કહ્યા ), તેઓ તો ત્રણ વાર આલોચનાને અપાવે ( સાંભળે ) અને સમાન વિષયમાં આકાર વગેરેથી નિષ્કપટતાને જાણીને (પ્રાયશ્ચિત્ત આપે.) (**૫૦૭૮**) કારણ કે-(**કુસલા=**)

જ્ઞાની ગુરુઓ આકૃતિઓથી,સ્વરથી અને પૂર્વાપરબાધિત શબ્દોથી પ્રાયઃમાયાવીનાસ્વરૂપને જાણે છે. (૫૦૭૯) જે સમ્યગ્ આલોચના ન આપે (માયા કરે), તેને પુનઃ શિખામણ આપે તો પણ સ્થિર ન થાય (ઋજુભાવથી યથાર્થ ન કહે) તેને માત્ર આલોચના (કારણઓ=) કરાવવાનો નિષેધ કરે. (૫૦૮૦) (આહ=) શિષ્ય **પ્રશ્ન** કરે છે કે–છદ્મસ્થે આલોચના સ્વીકારવી નહિ અને પ્રાયશ્ચિત્ત આપવું નહિ, કારણ કે–જ્ઞાનના અભાવથી (દોષ સેવનારના) દોષ સેવવાનાં કારણો, (તેના) પરિણામ અને (કમ્મં=) ક્રિયા કોની કેવી હતી? (દોષ કેવો સેવ્યો હતો?) તે જાણી શકે નહિ. અને નિશ્ચયનયથી તેને જાણ્યા વિના (કમ્મં=) પ્રાયશ્ચિત્તકર્મ પણ તેના જેવું (દોષ સેવવાતુલ્ય બને.) (૫૦૮૧-૮૨)

**ઉત્તર**–જેમ શાસ્ત્રોમાં પરિશ્રમ કરનાર (શાસ્ત્રજ્ઞ) અને વારંવાર ઔષધકર્મને (ચિકિત્સાને) જોનારો (અનુભવી) વૈદ્ય છદ્મસ્થ છતાં રોગનો નાશ કરે છે, તેમ આ છદ્મસ્થ છતાં (પ્રાયશ્ચિત્તશાસ્ત્રનો અભ્યાસી અને વારંવાર પૂર્વગુરુઓ દ્વારા અપાયેલા પ્રાયશ્ચિત્તને જોનારો અનુભવી) ગુરુઆલોચકના દોષોને દૂર કરી શકે. (૫૦૮૩) એમ ગુરુએ આલોચના જે રીતે અપાવવી જોઇએ. તે રીત પણ કહી. હવે સંક્ષેપમાં પ્રાયશ્ચિત્ત-દ્વારને કહું છું.(૫૦૮૪)

**૯. પેટાદ્વાર–પ્રાયશ્ચિત શું આપવું?**–આલોચના (પ્રતિક્રમણ, મિશ્ર વગેરે) પ્રાયશ્ચિત્ત દશ પ્રકારનું છે. તેમાં જે અતિચાર જે પ્રાયશ્ચિતથી શુદ્ધ થાય, તે પ્રાયશ્ચિત્ત તેને યોગ્ય જાણવું (૫૦૮૫) કોઇ અતિચાર આલોચના માત્રથી શુદ્ધ કોઇ પ્રતિ-ક્રમણથી શુદ્ધ થાય અને કોઇ મિશ્રથી શુદ્ધ થાય, એમ યાવત્ કોઈ છેલ્લા પ્રાયશ્ચિતથી શુદ્ધ થાય. (૫૦૮૬) પુનઃ તેવો દોષ નહિ કરવામાં દૃઢ, શુદ્ધ ચિત્તવાળા અને અપ્રમત્ત-ભાવે પ્રાયશ્ચિત્ત કરનારાને પાપની શુદ્ધિ થાય છે. (૫૦૮૭) તે કારણે આ વિષયમાં નિત્ય બાહ્ય–અભ્યંતર (કરણસમગ્ગેણ=) સમગ્ર (સર્વ) ઇન્દ્રિઓથી (ધમ્મિએણ=) ધર્મી થવું, (અન્નહા=) મિથ્યા આગ્રહવાળા નહિ થવું. (૫૦૮૮) એ રીતે ક્રમપ્રાપ્ત પ્રાયશ્ચિત્ત-દ્વારને સંક્ષેપથી કહ્યું. હવે ફળદ્વારને કહુ છું. તેમાં શિષ્ય પ્રશ્ન કરે છે કે–અહીં (આલોચના અધિકારમાં) પૂર્વે આલોચનાના જે ગુણો કહ્યા, તે ગુણો આલોચના આપ્યા પછી થતા હોવાથી તે જ આલોચનાનું ફળ છે. તેથી પુનઃ આ દ્વાર કહેવાથી શું? એનું સમાધાન કહે છે કે–તું કહે છે તે (પુનરુક્ત) દોષો અહીં નથી, કારણ કે–(પૂર્વે) જે કહ્યા તે ગુણો આલોચનાનું અનંતરફળ છે અને અહીં આ દ્વારનો પ્રસ્તાવ પરંપરા-ફળને જણાવવા માટે છે. (૫૦૮૯ થી ૯૧)

**૧૦. પેટાદ્વાર–આલોચનાનું ફળ**–રાગ, દ્વેષ અને મોહને જીતનારા શ્રી જિને-શ્વરોએ આ આલોચનાનું તે (પરંપર) ફળ, શરીરનાં અને આત્માનાં દુઃખોના ક્ષયથી (થનારો) (સયાસોક્ખો=) શાશ્વત સુખવાળો મોક્ષ કહ્યો છે. (૫૦૯૨) કારણ કે–સમ્ય-ક્ત્વ, જ્ઞાન, ચારિત્ર અને તપને મોક્ષના હેતુઓ કહ્યા છે. ચારિત્ર હોતે છતે સમ્યક્ત્વ

અને જ્ઞાન નિયમા હોય છે, (૫૦૯૩) તે ચારિત્ર વિદ્યમાન ( છતાં ) પ્રમાદદોષથી મલિનતાને પામેલા લાખ્ખો ભવોનો નાશ કરનારી શુદ્ધિ આ આલોચના દ્વારા કરાય છે. અને શુદ્ધ ચારિત્રવાળો, ( સંયમમાં ) જયણાને ( યત્નને ) કરતો અપ્રમાદી, ધીર, એવો સાધુ શેષ કર્મોને ખપાવીને અલ્પકાળમાં શ્રેષ્ઠ કેવળજ્ઞાનને પામે છે. (૫૦૯૪-૯૫) અને પુનઃ કેવળજ્ઞાનને પામેલો, સુરાસુર-મનુષ્યોથી પૂજાએલો અને કર્મમુક્ત થએલો, તે ભગવાન તે જ ભવમાં શાશ્વત સુખવાળાં મોક્ષને પામે છે. (૫૦૯૬)

એ પ્રમાણે પ્રાયશ્ચિત્તનું ફળ લેશ માત્ર જણાવવા દ્વારા કંઈક માત્ર કહ્યું અને તે કહેવાથી પ્રસ્તુત (પહેલું) આલોચનાવિધાનદ્વાર ( પૂર્ણ ) કહ્યું. (૫૦૯૭) હે ક્ષપક ! એને સમ્યગ્ જાણીને આત્મોત્કર્ષનો ત્યાગી ( નિરભિમાની ) અને ઉત્કૃષ્ટ આરાધનવિધિને કરવાની ઈચ્છાવાળો, એવો ( સો=ત્વમ્ ) તે તું હે ધીર ! બેસવું, ઊભા રહેવું વગેરેમાં લાગેલા અણુ માત્ર પણ અતિચારનો ઉદ્ધાર કર, કારણકે-જેમ પ્રતીકાર ( નાશ ) નહિ કરેલો ઝેરનો કણ પણ નિયમા પ્રાણ લે છે, તેમ થોડો પણ અતિચાર પ્રાયઃ ઘણાં અનિષ્ટ ફળને આપે છે. આ વિષયમાં સૂરતેજ રાજાનું ઉદાહરણ આ રીતે જાણવું. (૫૦૯૮ થી ૫૧૦૦)

**નાનાપણ અતિચારને નહિ આલોચવા વિષે સૂરતેજ રાજાનો પ્રબંધ**- વિવિધ આશ્ચર્યોના નિવાસભૂત પદ્માવતી નગરીમાં પ્રસિદ્ધ એવો સૂરતેજ નામે રાજા હતો. તેને નિષ્કપટ પ્રેમવાળી ધારણી નામે રાણી હતી. તેની સાથે સમયને અનુરૂપ ઉચિત વિષયસુખને ભોગવતો, તથા રાજ્યનાં (તે તે) કાર્યોને સંભાળતા અને ધર્મકાર્યની પણ ચિંતા કરતા રાજાના દિવસો પસાર થાય છે. (૫૧૦૧ થી ૩) પછી એક અવસરે શ્રુતસમુદ્રના પારગામી, જગપ્રસિદ્ધ એક આચાર્ય નગરની બહાર ઉદ્યાનમાં પધાર્યા. (૫૧૦૪) તેમનું આગમન સાંભળીને નગરના શ્રેષ્ઠ મનુષ્યોથી પરિવરેલો, હાથીની ખાંધે બેઠેલો, મસ્તક ઉપર ધરેલા ઉજ્જવળ છત્રવાળો, પાસે બેઠેલી તરૂણ સ્ત્રીઓના હાથે વિંઝાતા સુંદર ચામરોના (ઉપ્પીલ=) સમૂહવાળો અને આગળ ચાલતા બંદિજનો દ્વારા સહર્ષ ગુણો ગવાતો, એવો રાજા શ્રી અરિહંતધર્મને સાંભળવા તે જ ઉદ્યાનમાં આવ્યો અને સૂરિજીના ચરણમાં નમસ્કાર કરીને પોતાને ઉચિત પ્રદેશમાં બેઠો. (૫૧૦૫ થી ૭) પછી સૂરિજીએ ( તેની ) યોગ્યતા જાણીને જળયુક્ત વાદળની ગર્જનાતુલ્ય ગંભીર વાણીથી શુદ્ધ સદ્ધર્મની દેશના દેવાનો પ્રારંભ કર્યો. (૫૧૦૮) જેમ કે-

જીવો અતિ ઘણો કાળ અપાર એવા સંસારસમુદ્રમાં ભમીને મહા મુશીબતે કર્મની લઘુતા થવાથી મનુષ્યપણાને પામે છે, (૫૧૦૯) ( પણ ) તેને પામવા છતાં ક્ષેત્રની હીનતાથી જીવો અધર્મી બને છે. ( કોઈ વાર ) તેવું આર્યક્ષેત્ર મળવા છતાં ઉત્તમ જાતિ અને કુળ વિનાના (પણ) તેઓ શું કરે ? (૫૧૧૦) ઉત્તમ જાતિ-કુળવાળા પણ (રૂપ=) પાંચ ઇન્દ્રિયની પટુતા, આરોગ્ય વગેરે ગુણસમૂહથી રહિત, છાયાપુરૂષ (પડછાયા) જેવા તેઓ કંઇ પણ શુભ કાર્યને કરવા સમર્થ થતા નથી (૫૧૧૧).રૂપને અને આરોગ્યને

પામેલા પણ પાણીના પરપોટાની જેમ અલ્પ આયુષ્યવાળા તેઓ ચિરકાળ સુધી સ્થિરતાને પામી (જીવી) શકતા નથી. (૫૧૧૨) દીર્ઘ આયુષ્યવાળા પણ બુદ્ધિથી અને(ધર્મ) શ્રવણની પ્રાપ્તિથી રહિત, હિતકર પ્રવૃત્તિથી વિમુખ અને કામથી અત્યંત પીડાતા એવા કેટલાક મૂઢ પુરુષો તત્ત્વના ઉપદેશક ઉત્તમ પણ ગુરુને વૈરી જેવા કે દુર્જન લોક જેવા માનતા રાત્રિ–દિવસ વિષયોમાં પ્રવૃત્તિ કરે છે. (૫૧૧૩-૧૪) અને તે રીતે પ્રવર્તતા અને વિવિધ આપત્તિઓથી ઘેરાયેલા, તેઓ અવંતીરાજની જેમ મનુષ્યભવને નિષ્ફળ ગુમાવીને મરણને પામે છે, (૫૧૧૫) અને બીજા ઉત્તમ જીવો ચતુર બુદ્ધિથી (પાઠાં૦ **વિસયોત્થ**) વિષયજન્ય સુખના અનર્થોને જાણીને તૂર્ત નરસુંદર રાજાની જેમ ધર્મમાં અતિ બદ્ધલક્ષ્યવાળા ( અતિ આદરવાળા ) બને છે. (૫૧૧૬) પછી ( તેને સાંભળીને ) વિસ્મિત હૃદયવાળા સૂરતેજ રાજાએ પૂછ્યું કે હે-ભગવંત ! આ અવંતીનાથ કોણ ? અથવા તે નરસુંદર રાજા કોણ ? (૫૧૧૭)

ગુરુએ કહ્યું કે–હે રાજન્ ! હું જે કહું છું, તેને તમે સારી રીતે (ધ્યાનપૂર્વક) સાંભળો ! પૃથ્વીતળની શોભા સરખી તામ્રલિપ્તી નગરીમાં, ક્રોધથી યમ, કીર્તિથી અર્જુન અને બે ભુજાઓથી બલભદ્ર, એવો એક છતાં અનેક રૂપવાળો નરસુંદર રાજા હતો. (૫૧૧૮-૧૯) તેને રતિની જેમ અપ્રતિમ રૂપવાળી, લક્ષ્મીની જેમ શ્રેષ્ઠ લાવણ્યવાળી દૃઢ સ્નેહવાળી બંધુમતી નામે બ્હેન હતી. (૫૧૨૦) તેને વિશાળા નગરીનો સ્વામી અવંતીનાથ રાજા પ્રાર્થનાપૂર્વક (માગીને) પરમ આદરપૂર્વક પરણ્યો. (૫૧૨૧) પછી તેના પ્રત્યે અતિ અનુરાગવાળો તે સતત સુરાપાનના વ્યસનમાં આસક્ત (બનીને) દિવસો પસાર કરવા લાગ્યો. (૫૧૨૨) તેના પ્રમાદદોષથી રાજ્ય અને દેશ જ્યારે સીદાવા લાગ્યો, ત્યારે પ્રજાના મુખ્ય માણસો અને મંત્રીઓએ સમ્યગ્ મંત્રણા કરીને તેના પુત્રને રાજ્યગાદીએ બેસાડયો, અને ઘણા દારુને પાઈને રાણીની સાથે પલંગમાં રહેલા (ઊંઘેલા) તેને, સંકેત કરેલા પોતાના મનુષ્યો દ્વારા ઉપડાવીને સિંહો, હરિણો, (કોલ=) ભૂંડો, વાઘો, ભિલ્લો તથા (ભલ્લુંકિ=) રીંછણીઓથી ભરેલા અરણ્યમાં ફેંકાવી દીધો. (૫૧૨૩થી૨૫) અને તેના ઉત્તરીય વસ્ત્રનાં છેડે તેને પાછા આવવાના નિષેધસૂચક લેખ (પત્ર) બાંધ્યો. પછી પ્રભાતે જાગેલો અને મદરહિત થએલો રાજા જ્યારે પડખાં જોવા લાગ્યો, ત્યારે વસ્ત્રના છેડે બાંધેલા લેખને જોઇને અને તેને વાંચીને, રહસ્યને જાણવાથી ક્રોધવશ લલાટે ભ્રકુટી ચઢાવીને અતિ રક્ત (લાલ) નજરને ફેંકતો અને દાંતના અગ્રભાગથી હોઠને કરડતો રાણીને આ પ્રમાણે કહેવા લાગ્યો. (૫૧૨૬ થી ૨૮) હે સુતનુ ! નિત્ય ઉપકાર કરેલા, નિત્ય દાન આપેલા, નિત્ય (મારી) નવી નવી (**પસાય=**) પ્રસન્નતાથી (મહેરબાનીથી) પોતાની સિદ્ધિઓને વિસ્તારનારા (સિદ્ધ કરનારા), અપરાધ કરવા છતાં (મેં) નિત્ય સ્નેહભરી નજરે જોએલા, તેમની ગુપ્ત વાતોને (દોષોને) કદાપિ જાહેર નહિ કરાયેલા અને સંશયવાળા કાર્યોમાં સદા પૂછવા(સલાહ લેવા)યોગ્ય, એવા પણ પાપી મંત્રીઓ, સામંતો અને નોકરો

વગેરેના (આ) પોતાના કુલક્રમને અનુરૂપ આચરણને (પ્રપંચને) તું જો! (૫૫૨૯થી૩૧) હું માનું છું-કે તે પાપીઓ સ્વયમેવ મરણના મુખમાં પેસવાને ઇચ્છે છે. અન્યથા (તેઓને) સ્વામીદ્રોહ કરવાની બુદ્ધિ કેમ થાય? (૫૧૩૨) તેથી નિશ્ચે હું હમણાં જ તેઓનાં મસ્તકોને છેદીને ભૂમિમંડલને શણગારીશ, તેમના માંસથી નિશાચરોને પણ પોષીશ (૫૧૩૩) અને તેમના લોહીથી વ્યંતરીઓના સમૂહની તૃષાને દૂર કરીશ. હે સુતનુ! યમની જેમ કોપેલા મારે આમાં શું અસાધ્ય છે? (૫૧૩૪) એમ બોલતા અને પોતાના ભાગ્યની પરિણતિને નહિ વિચારતા રાજાને, કોમળ વાણીથી બંધુમતિએ વિનંતી કરી કે-હે દેવ! પ્રસન્ન (શાન્ત) થાઓ! ક્રોધને છોડો! હમણાં આ પ્રસંગ (ઉચિત) નથી. સમયને ઉચિત કરેલું સર્વ કાર્ય બહુ હિતકર થાય. (૫૧૩૫-૩૬) હે નાથ! તમે અત્યારે નિઃસહાય છો, શ્રેષ્ઠ રાજ્યથી ભ્રષ્ટ થએલા છો અને પ્રજા વિરક્ત વિરોધી થઈ છે, એવા તમે શત્રુઓનું અહિત કરવા કેમ ઉત્સાહ (વિચાર) કરો છો? (૫૧૩૭) માટે ઉત્સુકતાને છોડો, આપણે તામ્રલિપ્તિ નગરીએ જઈએ અને ત્યાં દઢ સ્નેહવાળા નરસુંદર રાજાને જોઈએ. (મળીએ.) (૫૧૩૮) આથી રાજાએ તે સ્વીકાર્યું, જવાનો પ્રારંભ કર્યો અને (બન્ને) ક્રમશઃ તામ્રલિપ્તિ નગરીની (સામંતે=) સીમામાં (નજીક) પહોંચ્યાં (૫૧૩૯) પછી રાણીએ કહ્યું કે હે રાજન્! તમે અહીં ઉદ્યાનમાં બેસો અને હું જઈને મારા ભાઈને તમારું આગમન જણાવું, (૫૧૪૦) કે જેથી તે ઘોડા, હાથી, રથ અને યોદ્ધાઓની પોતાની મોટી ઋદ્ધિ સહિત સામે આવીને તમને નગરીમાં પ્રવેશ કરાવે. (૫૧૪૧) રાજાએ 'એમ થાઓ!'-એમ કહેવાથી (સ્વીકારવાથી) તે રાજમંદિરે ગઈ અને ત્યાં નરસુંદરને સિંહાસન ઉપર બેઠેલો જોયો. (૫૧૪૨) અણધાર્યું આગમન જોઇને વિસ્મિત મનવાળા તેણે પણ ઉચિત સત્કારપૂર્વક તેને સર્વ વૃત્તાન્ત પૂછ્યો. (૫૧૪૩)અને તેણીએ પણ સઘળો વૃત્તાન્ત ત્યાં સુધી કહ્યો કે-રાજા અમુક સ્થાને આવેલો છે, તેથી તૂર્ત તે સર્વ ઋદ્ધિ (આડંબર) પૂર્વક તેની સામે જવા લાગ્યો. (૫૧૪૪) (આ બાજુ) તે વેળાએ તીવ્ર ભૂખથી પીડાતા અવંતીનાથને, ચીભડીનું ભક્ષણ કરવા માટે ચોરની જેમ પાછળના માર્ગથી ચીભડીની વાડીમાં પેસતો વાડીના માણસે જોયો અને નિર્દય રીતે તેણે લાકડીથી મર્મ પ્રદેશમાં પ્રહાર કર્યો. (૫૧૪૫-૪૬) પછી સખ્ત પ્રહારથી બેભાન બનેલો તે લાકડાથી ઘડ્યો હોય તેવો (લાકડા જેવો) નિશ્ચેષ્ટ (વત્તિણી) માર્ગમાં (પાઠાં. વઇણંતો=બે વાડોની વચ્ચે) જમીન ઉપર પડયો. (૫૧૪૭) એ અવસરે શ્રેષ્ઠ વિજયરથમાં બેઠેલો નરસુંદર રાજા તેના દર્શન (મળવા) માટે તે પ્રદેશમાં પહોંચ્યો. (૫૧૪૮) પરંતુ ચપળ ઘોડાઓની ખરીઓના પ્રહારથી ઉડેલી રેતીથી તે વેળા આકાશ અંધકારના સમૂહથી વ્યાપ્ત જેવું (પાઠાં. જાયં=) થયું અને પ્રકાશના અભાવે રાજાના રથની તીક્ષ્ણ ધારવાળી ચક્રની ધારાએ તે રીતે પડેલા અવંતીનાથના ગળાના બે ભાગ કર્યા. (રથના ચક્રની ધારથી ગળું કપાઈ ગયું.) પછી પૂર્વે કહેલા સ્થાને (પોતાના) બનેવીને નહિ જોવાથી રાજાએ એ વૃત્તાન્ત

બંધુમતીને કહેવરાવ્યો. (**૫૧૪૯ થી ૫૧**) ભાઈના સંદેશાને સાંભળીને 'હા, હા ! દૈવ ! આ શું !'–એમ સંભ્રમથી ભમતી ચપળ આંખની કીકીવાળી બંધુમતી તૂર્ત ત્યાં આવી. (**૫૧૫૨**) પછી ખોવાયેલા રત્નને જેમ શોધે તેમ, અતિ ચકોર (સ્થિર) નજરે શોધતી તેણીએ મહામુશીબતે તેને તે અવસ્થાને પામેલો જોયો. તેને મરેલો જોઈને, મોગરથી (ઘણથી) જેમ પ્રહાર થયો હોય, તેમ દુઃખથી પીડાતી અને મૂર્છાથી મીંચાયેલાં નેત્રોવાળી તે 'ધડ' અવાજ કરતી પૃથ્વી ઉપર પડી. (**૫૧૫૩–૫૪**) પછી પાસે રહેલા પરિવારે શીતળ ઉપચાર કરવાથી ભાનમાં આવેલી તે મોટી પોક મૂકીને આ પ્રમાણે વિલાપ કરવા લાગી કે-(**૫૧૫૫**) હા, હા ! અનુપમ પરાક્રમના ભંડાર ! હે અવંતીરાજ ! કયા અનાર્ય પાપીએ તને આ અવસ્થાને પમાડ્યો (મારી નાખ્યો) ? (**૫૧૫૬**) હે પ્રાણનાથ ! તમે સ્વર્ગે ગયે છતે પુણ્યરહિત એવી મારે હવે જીવવાનું કોઈપણ કારણ નથી. (**૫૧૫૭**) હે હતવિધિ ! રાજ્ય લૂંટવાથી, દેશત્યાગ કરાવવાથી અને સ્વજનવિયોગ કરાવવાથી પણ તું શું ન ધરાયો ? કે હે પાપી ! તેં આ વ્યવસાય (ઉપદ્રવ) કર્યો ? (**૫૧૫૮**) હે નીચ ! હે કઠોર ! હે અનાર્ય હૃદય ! તું શું વજ્રથી ઘડાયેલું છે ? કે પ્રિયના વિરહરૂપી અગ્નિથી તપવા છતાં હજી પણ તું તૂટતું નથી ? (**૫૧૫૯**) તે રાજ્યલક્ષ્મી, અને ભયથી નમતા સામંતોનાં સમૂહવાળો તે મારો સ્વામી (પતિ), બીજી કોઈપણ સ્ત્રીને ન હોય તેવો મનોહર, તેનો મારામાં તે પ્રેમ. તે આજ્ઞાની ઠકુરાઈ અને સર્વલોક સાધારણ (સર્વને ઉપયોગી). તે ધનને ધિક્ ધિક્ ! એ સઘળું (મારું સુખ) ગંધર્વ નગરની જેમ એકીસાથે નાશ પામ્યું. (**૫૧૬૦–૬૧**) (આજ સુધી) આપના આનંદ ઝરતા સુંદર મુખચંદ્રને જોઈને હવે (બીજાઓનાં) ક્રોધથી સંકોચાએલાં મુખડાંને હું કેવી રીતે જોઈ શકીશ ? (**૫૧૬૨**) અથવા (આજ સુધી) આપની મહેરબાનીથી વિવિધ ક્રીડાઓને (મોજને) કરીને હવે (રુદ્ધપયારા=) બંદીખાને પૂરાયેલી શત્રુની સ્ત્રીની જેમ હું પારકા ઘરમાં કેવી રીતે રહીશ ? (**૫૧૬૩**) ઈત્યાદિ વિલાપ કરતી, પુષ્ટ એવા સ્તનપૃષ્ઠને હાથની થપાટોથી ચૂરતી(છાતી કૂટતી),વિખરાએલા વાળવાળી,ભૂજા ઉપરથી ઉત્તરીય વસ્ત્ર અને નીકળી ગયેલાં કંકણોવાળી,એવી લાંબો સમય આત્મામાં ઝૂરીને, કોઈ અતિ મોટા શોકસમૂહને હૈયામાં ધારણ કરતી, નરસુંદર રાજાએ બહુવિધ વચનોથી વારવા છતાં પતંગિણીની જેમ ભર્તારની સાથે તે જ્વાલાઓથી વ્યાપ્ત અગ્નિમાં (ચિતામાં) પડી. (**૫૧૬૪ થી ૬૬**) પછી સંવેગને પામેલો નરસુંદર રાજા ચિંતવવા લાગ્યો કે–અચિંત્ય રૂપવાળી સંસારની આ સ્થિતિને ધિક્ ધિક્ થાઓ ! (**૫૧૬૭**) કે જ્યાં માત્ર નિમેષ જેટલા કાળમાં જ સુખી પણ દુઃખી, રાજા પણ રંક, ઉત્તમ મિત્ર પણ શત્રુ અને સંપત્તિ પણ વિપત્તિરૂપે પલટાઈ જાય છે ! (**૫૧૬૮**) તેણીનો (બ્હેનનો) ઘણા લાંબા કાળે તૂર્ત (અણધાર્યો) સમાગમ કેવો થયો અને તૂર્ત વિયોગ પણ કેવો થયો ? આ સંસારવાસને ધિક્કાર થાઓ ! (**૫૧૬૯**) હું માનું છું કે–અહીં (સંસારમાં) સર્વ પદાર્થો હાથીના કાનની, ઇન્દ્રધનુષ્યની અને વિજળીની ચપળતા વડે ઘડેલા છે, તે કારણે જોતાં જોતાં જ તે

ક્ષણમાં નાશ પામે છે. (૫૧૭૦) એવા પ્રકારનો સંસાર છતાં, પરમાર્થના જાણ પુરુષો વિશ્વાસ કરીને પોતાના ઘરમાં ક્ષણ પણ કેમ રહી શકે છે ? અહા હા ! તેઓની આ (કેવી) મોટી ધિઠ્ઠાઈ છે. (૫૧૭૧) એમ સંસારથી વિરાગી બનેલો તે મહાત્મા પોતાના રાજ્ય ઉપર પુત્રને સ્થાપીને, અનશન કરીને, શુભ ભાવમાં વર્તતો અને શ્રી સર્વજ્ઞશાસનમાં અપૂર્વ બહુમાનને ધારણ કરતો, મરીને બ્રહ્મદેવલોકમાં દેદીપ્યમાન કાન્તિવાળો દેવ થયો. (૫૧૭૨-૭૩) તે પછી ઉત્તરોત્તર વિશુદ્ધિના વશથી કેટલાક ભવો સુધી મનુષ્યની અને દેવની ઋદ્ધિને ભોગવીને તે પરમ સુખવાળા મુક્તિપદને પામ્યો. (૫૧૭૪) એમ હે રાજન્ ! તેં જે અવંતીનાથનું અને નરસુંદર રાજાનું પણ ચરિત્ર પૂછ્યું હતું, તે સઘળુંય કહ્યું. (૫૧૭૫) એને સાંભળીને હે સૂરતેજ ! શત્રુના પક્ષનાં (મોહનાં) સર્વ અશુભ કર્ત્તવ્યોને તજી દઈને તેવી કોઇ ઉત્તમ પ્રવૃત્તિ કર, કે જેથી હે સુરતેજ ! તું દેવોમાં તેજસ્વી બને. (૫૧૭૬) ગુરુએ એમ કહેવાથી અત્યંત વધી રહેલા સંવેગવાળો રાજા ધારણી રાણીની સાથે ગુરુ પાસે દીક્ષિત થયો. (૫૧૭૭) પછી સૂત્ર-અર્થના જાણ, પ્રતિદિન વધતા શુભ ભાવવાળા, અતિચારરૂપી કલંકથી રહિત (નિરતિચાર), એવી સાધુક્રિયાના રાગવાળા, છટ્ઠ-અટ્ઠમ વગેરે કઠોર તપશ્ચર્યામાં એક બદ્ધલક્ષવાળા, એવા તે બન્નેના દિવસો અપ્રમત્તભાવે પસાર થવા લાગ્યા. (૫૧૭૮-૭૯) પછી તે મહાત્મા વિવિધ દૂર દેશોમાં વિચરીને કોઇ પ્રસંગે હસ્તિનાગપુર નગરમાં આવ્યા. (૫૧૮૦) અને અવગ્રહની અનુમતિ મેળવીને એક ગૃહસ્થના સ્ત્રી, પશુ, પંડક વિનાના ઘરમાં વર્ષાઋતુમાં વાસ (ચોમાસું) કરવા રહ્યા. (૫૧૮૧) પછી તે સાધ્વી (રાણી) પણ કોઇ રીતે વિહાર કરતી તે જ નગરમાં ઉચિત સ્થાનમાં ચોમાસું કરવા રહી. (૫૧૮૨) સાધુધર્મનું પાલન કરતાં વિશુદ્ધ ચિત્તવાળાં (પણ) તેઓનો તે નગરમાં જે વૃત્તાન્ત બન્યો, તે હવે સાંભળો. (૫૧૮૩)

ત્યાં પોતાના ધનસમૂહથી કુબેરના વૈભવને પણ જીતનારા વિષ્ણુ નામના ધનપતિનો કામદેવ જેવા રૂપવાળો, સર્વ કળાઓમાં કુશળ, વિવિધ વિલાસોનું ઘર ( વિલાસી ), નિર્મળ શિયળવાળો, 'દત્ત' એવા નામે પ્રસિદ્ધ પુત્ર, બુદ્ધિમાન મિત્રોની સાથે નટનું નાટક જોવા ગયો (૫૧૮૪-૮૫) ત્યાં વિકાસી ( કુંદોટ્ટ= ) નીલકમળનાં જેવાં લાંબા નેત્રોવાળી તથા સાક્ષાત્ રતિ જેવી નટની પુત્રીને તેણે જોઇ અને તેણી પ્રત્યે તેને રાગ થયો. (૫૧૮૬) (તેથી) તે જ સમયે ( પાઠાં૦ આજમ્મ= ) જીવતા સુધીના પોતાના કુળના કાળા કલંકને ( પણ ) વિચાર્યા વિના, લજ્જાને ( પણ ) દૂર ફેંકીને, ઘેર જઈને તેનું જ સ્મરણ કરતો, યોગીની જેમ સર્વ પ્રવૃત્તિને તજીને, ગાંડાની જેમ અને મૂર્છિતની જેમ ઘરના એક ખૂણામાં તે એકાન્તમાં રહ્યો. (૫૧૮૭-૮૮) ત્યારે પિતાએ પૂછ્યું કે– હે વત્સ ! તું આ રીતે અકાળે જ હાથ-પગથી દબાયેલા ચંપાના ફૂલની જેમ શોભારહિત ( નિરાશ ) કેમ દેખાય છે ? (૫૧૮૯) શું કોઇએ રોષ કરવાથી ( પાઠાં૦ રોગવસા= ) રોગથી, અથવા શું ( કોઇએ ) અપમાન કરવાથી, કે શું કોઇ પ્રત્યે રાગ

થવાથી હે પુત્ર ! તું આમ કરે છે ? (જે હોય તે) કહે, કે જેથી હું તેને ઉચિત (પ્રવૃત્તિ) કરું. (૫૧૯૦) ત્યારે દત્તે કહ્યું કે–પિતાજી ! કંઈ પણ સાચું કારણ હું જાણતો નથી, માત્ર પીલાતો હોઉં તેમ અજ્ઞાનને અનુભવું છું. (૫૧૯૧) તેથી શેઠ ( **આદન્ન** ) વ્યાકુળ થયા અને તેની શાન્તિ માટે ઘણા ઉપાયો કર્યા, પણ થોડોય પ્રતિકાર ( લાભ ) ન થયો. પછી શેઠને મિત્રોએ નાટકમાં જોએલી નટની પુત્રી પ્રત્યે પ્રગટેલા રાગનો વૃત્તાન્ત કહ્યો. આથી શેઠ વિચારવા લાગ્યા કે–અહા હા ! દોષથી અટકાવવામાં સમર્થ એવી કુલીનતા અને સુંદર વિવેક વિદ્યમાન છતાં જીવને એવો કોઇ ( ઉત્કટ ) ઉન્માદ પ્રગટે છે, કે જેથી તે ગુરુને ( વડિલોને ), લોકલજ્જાને, ધર્મધ્વંસને, કીર્તિને, બંધુઓને અને દુર્ગતિમાં પડવારૂપ (**પ્રતિઘાત=**) સર્વનાશને પણ ગણતો નથી. (**૫૧૯૨ થી ૯૫**) તો (હવે) શું કરું ? આવી રીતે રહેલા મૂઢ હૃદયવાળા આનો તેવો કોઈ પણ ઉપાય નથી. કે જે ઉભય લોકમાં અવિરુદ્ધ હોય ! (**૫૧૯૬**) તો પણ ઉત્તમ કુળમાં જન્મેલી મનોહર અંગ-(કાન્તિ)વાળી ( બીજી ) કન્યાઓ દેખાડું, કે જેથી કોઇ રીતે પણ એનું મન તે નટની પુત્રીથી વિરામ પામે. ( રોકાય. ) (**૫૧૯૭**) એમ વિચારીને અનેક કન્યાઓ તેને બતાવી, પણ નટની કન્યામાં હરાયેલા ચિત્તવાળા તેણે તેઓની સામે જોયું પણ નહિ. (**૫૧૯૮**) આથી આ ( પુત્ર ) ચિકિત્સા ( સુધારવા ) માટે યોગ્ય નથી, એમ માની શેઠે ઉપાયને શિથિલ કર્યો. ( ઉપેક્ષા કરી. ) બાદ નિર્લજ્જ બનેલો તે નટોને ધન આપીને તે કન્યાને પરણ્યો. ( તેથી ) 'અહા હા ! અકાર્ય કર્યું'–એવો અને નિવારી ન શકાય તેવો લોકાપવાદ સર્વત્ર ફેલાયો. (**૫૧૯૯–૫૨૦૦**) પછી મનુષ્યોના મુખથી પરંપરાએ તે (હકીકતને) સાંભળીને રાગવશ લેશ વિસ્મયપૂર્વક સૂરતેજ મુનિએ કહ્યું કે–નિશ્ચે રાગને કંઇ અસાધ્ય નથી. અન્યથા ઉત્તમ કુળમાં જન્મેલો પણ તે રાંકડો આવા પ્રકારનું અકાર્ય કરવા કેમ ઉદ્યમ કરે ? (**૫૨૦૧–૨**) ( તે પ્રસંગે ) ત્યાં વંદન માટે આવેલી તે સાધ્વીએ પણ આ વૃત્તાન્તને સાંભળીને લેશ દ્વેષવશ કહ્યું કે–ભો ! નીચ માણસની વાત કરવાથી સર્યું. પોતાના કાર્યને સાધવા ઉદ્યમ કરો ! કામને વશ પડેલાઓને અકાર્ય કરવું સુલભ જ છે, એમાં નિંદા કરવા જેવું શું છે ? (**૫૨૦૩=૪**) એમ પરસ્પર વાત કરવાથી મુનિને સૂક્ષ્મ રાગ અને સાધ્વીને સૂક્ષ્મ પ્રદ્વેષ થયો. તે કારણે નીચગોત્રને બાંધીને પ્રમાદથી તેને ગુરુ પાસે સમ્યગ્ આલોચ્યા વિના (બંને)અંતે અણસણક્રિયાને કરીને મર્યા. (**૫૨૦૫–૬**)અને(ઘુસિણ ઘણસાર=) કેસર–કપૂર જેવી અતિ સુવાસના સમૂહથી ભરેલા સૌધર્મ દેવલોકમાં દેવપણે ઉત્પન્ન થયાં. (**૫૨૦૭**) ત્યાં પાંચ પ્રકારના વિષયનાં સુખોને ભોગવીને સૂરતેજનો જીવ ( ત્યાંથી ) ચ્યવીને મોટા ધનિક વણિકને ત્યાં પુત્રપણે જન્મ્યો અને દેવી ( રાણી ) પણ ( લંખગ= ) નટના ઘેર પુત્રીપણે જન્મી. બન્નેએ ( યોગ્ય વયે ) કળાઓ ગ્રહણ કરી ( ભણ્યાં ). (**૫૨૦૮–૦૯**) પછી તે બંને યૌવનને પામ્યાં, પણ કોઇ રીતે તેને ( સૂરતેજના જીવને ) યુવતીઓમાં અને તે નટકન્યાને પુરુષો પ્રત્યે રાગબુદ્ધિ થતી નથી (**૫૨૧૦**) એમ તેમનો કાળ પસાર થતાં ભાગ્યયોગે એકદા કોઈ નિમિત્તે તેઓનો મેળાપ

થયો અને (પરસ્પર) અત્યંત રાગ થયો. (**૫૨૧૧**) તેથી કામાગ્નિથી બળતો તે દત્તની જેમ માતા-પિતાદિ સ્વજનોએ વારવા છતાં, લજ્જા મૂકીને નટને ઘણું દાન દેવાપૂર્વક તે નટીને પરણ્યો અને ઘરને તજીને તે નટોની સાથે ભમવા લાગ્યો (**૫૨૧૨-૧૩**) ઘણો કાળ દૂર દેશાંતરોમાં ભમતાં તેને કોઇ પ્રસંગે મુનિનું દર્શન થયું અને ઉહાપોહ થવાથી પૂર્વજન્મનું સ્મરણ થયું. (**૫૨૧૪**) તેથી પૂર્વભવના સ્મરણવાળા તે મહાત્માએ વિષયના રાગને તજીને પ્રવ્રજ્યાને સ્વીકારી અને અંતે મરીને દેવપણું પામ્યો. (**૫૨૧૫**)

એમ આલોચ્યા વિનાના અલ્પ પણ અતિચારને હિતનો નાશ કરવામાં સમર્થ અને પરિણામે દુ:ખદાયી જાણીને હિતકર બુદ્ધિવાળો જીવ પૂર્વે જણાવેલા વિધિથી તેવી ઉત્તમ રીતે આત્માની શુદ્ધિ (આલોચના) કરે, કે જેથી શુક્લધ્યાનરૂપ અગ્નિથી સઘળાં કર્મોરૂપી વનને બાળીને, લોકના અગ્રભાગ રૂપી ચૌદરાજ પુરુષના મસ્તકનો મણિ, સિદ્ધ, બુદ્ધ, નિરંજન, સર્વજ્ઞ, સર્વદર્શી, અનંત સુખ અને અનંત વીર્યવાળો, અક્ષય, નિરોગી, શાશ્વતો, કલ્યાણકારી, મંગળનું ઘર અને અજન્મા (બનેલો) તે પુનઃ જ્યાંથી (સંસારમાં) આવવાનું નથી તેવા નિરુપદ્રવ (મુક્તિરૂપી) સ્થાનને પામે. (**૫૨૧૬ થી ૧૯**)

એ પ્રમાણે પ્રવચન (આગમ) સમુદ્રના પારગામી અને ચારિત્રશુદ્ધિ માટે પ્રાયશ્ચિત્તની વિધિના જાણ, એવા તે આચાર્ય તે આરાધકને (સમજાવીને) વિશુદ્ધ (દોષમુક્ત) કરે. (**૫૨૨૦**) આરાધનાની ઇચ્છાવાળો તપસ્વી એવા આચાર્યના અભાવે, ઉપાધ્યાય વગેરેની પાસે આત્માની શુદ્ધિ કરે. (**૫૨૨૧**) જો કોઇ રીતે પણ સેવેલા અતિચારો વિસરી ગયા હોય, તો તે વિષયમાં શલ્યના ઉદ્ધાર માટે આ પ્રમાણે કહેવું કે-શ્રી જિનેશ્વરો જે જે વિષયમાં મારા અપરાધોને જાણે છે, તે અતિચારોને સર્વ ભાવથી તત્પર હું આલોચું છું. (**૫૨૨૨-૨૩**) એ પ્રમાણે આલોચના કરતો ગારવરહિત વિશુદ્ધ પરિણામવાળો આત્મા (વિસ્મૃત) થએલા પણ અપરાધોથી જન્ય પાપસમૂહનો નાશ કરે છે. (**૫૨૨૪**) એમ (**કલિલ=**) દુર્ભેદ્ય એવા પાપને (ધોવામાં) જળના વિભ્રમ (વિલાસ) જેવી અને સંવિજ્ઞ મનરૂપી ભમરા માટે પુષ્પિત વનરાજીતુલ્ય સંવેગરંગશાળા નામની આરાધનાના નવ પેટાદ્વારવાળા મમત્વવિચ્છેદ નામના ત્રીજા મૂળદ્વારમાં આલોચનાવિધાન નામનું પહેલું મૂળદ્વાર પૂર્ણ થયું. (**૫૨૨૫-૨૬**) હવે પૂર્વે જણાવેલા વિધિથી શોધિ (પ્રાયશ્ચિત્ત) કરવા છતાં, જેના વિના ક્ષપક સમાધિને ન પામે, તે શય્યાદ્વારને કહું છું. (**૫૨૨૭**)

**૨. શય્યાદ્વાર**-શય્યાને વસતિ (આશ્રય) કહેવાય છે. આરાધક માટે તે વસતિ કઠોર કર્મ કરનારા ચોરો, વેશ્યાઓ, માછીમારો, પારધીઓ વગેરે પાપીઓ તથા હિંસકો, અસભ્ય બોલનારા, નપુંસકો અને અતિ કામી (વ્યભિચારીઓ) વગેરેના પાડોશમાં સ્વીકારવી નહિ. (**૫૨૨૮-૨૯**) કારણ કે-એવા પ્રકારની વસતિમાં રહેલા ક્ષપકને તેઓના અનુચિત શબ્દાદિ સાંભળવા વગેરેથી સમાધિમાં રખે વ્યાઘાત ન થાય (**૫૨૩૦**) ભાવિત બુદ્ધિવાળાનો પણ કુત્સિતની સંગતિથી ભાવપલટો થાય છે. એ કારણે જ પાપીના સંસ-

ર્ગનો નિષેધ કર્યો છે. (૫૨૩૧) તિર્યંચયોનિવાળાને પણ અશુભ સંસર્ગથી દોષો અને શુભ સંસર્ગથી ગુણો પ્રગટ દેખાય છે. આ વિષયમાં પર્વતના બે પોપટનું દૃષ્ટાન્ત છે. (૫૨૩૨) તે આ પ્રમાણે–

**સંસર્ગજન્ય ગુણ-દોષ વિષયમાં બે પોપટનો પ્રબંધ**–વિંધ્ય નામના મોટા પર્વતની સમીપમાં, વહેતી હજારો નદીઓથી રમણીય, કુલટાની જેમ વૃક્ષોથી (કુલટા પક્ષે વિટ પુરુષોથી) વિંટાએલી કાદમ્બરી નામે અટવી છે. (૫૨૩૩) તેમાં લીમડા, આંબા, જાંબૂ, લિંબુડા, સાલ, અંકોલ્લ, વાંસ, બીલીવૃક્ષ, શલ્લકી, મોચકી, માલુકાલતા, બકુલ, પલાશ, કરંજ, પુન્નાગ, નાગ, શ્રીપર્ણી, સપ્તપર્ણ, વગેરે (વિવિધ નામવાળા), પુષ્ટ ગંધવાળા પુષ્પોથી ભરપૂર, એવા વૃક્ષોના સમૂહ શોભે છે. (૫૨૩૪-૩૫) ત્યાં (એક) મોટા વડના ઝાડના કોટરમાં (બખોલમાં) એક (શૂકિકા=) મેનાએ (અવિણટ્ઠ=) અવિકલ (સંપૂર્ણ) સુંદર શરીરવાળા બે પોપટોને ઉચિત સમયે જન્મ આપ્યો. (૫૨૩૬) પછી પ્રતિદિન પાંખોના પવનથી સેવતી અને ચણને ખવરાવતી તેણીએ તે બંનેને ઉછેર્યાં. પછી કોઇ એક દિવસે થોડી ઉડવાની શક્તિ પામેલા તે બન્ને જ્યારે ચપલ સ્વભાવથી ઉડીને ત્યાંથી (અન્યત્ર) જવા લાગ્યાં, ત્યારે પાંખોની નિર્બળતાથી (થાકેલા) અર્ધામાર્ગે નીચે પડ્યાં. (૫૨૩૭-૩૮) પછી તે પ્રદેશમાં આવેલા તાપસો (તે બેમાંથી) એકને પોતાની સાથે આશ્રમમાં લઇ ગયા અને બીજાને ભીલ્લો ચોરની પલ્લીમાં લઇ ગયા. (૫૨૩૯) તેમાં ચોરોની પલ્લીમાં રહેલો પોપટ પ્રતિક્ષણ (ભિલ્લોનાં) "હણો, કાપો, તોડો, એનું માંસ જલ્દી ખાઓ, લોહી પીઓ," ઇત્યાદિ દુષ્ટવચનો સાંભળતો અત્યંત તેવા મનવાળો (ક્રુર) થયો અને બીજો કરુણારસિક અંતઃકરણવાળા તાપસોના "જીવોને ન મારો, ન મારો, મુસાફરો વગેરેની દયા કરો, દુઃખીઓ પ્રત્યે અનુકંપા કરો," ઇત્યાદિ વચનોથી અત્યંત ભાવિત (દયાળુ) થયો. (૫૨૪૦ થી ૪૨) એમ કાળ પસાર થતાં એક અવસરે વૃક્ષની ટોચે બેઠેલા ભિલ્લોના પોપટે, અતિ શીઘ્ર વેગવાળા (પણ) ઉલટી શિક્ષાને પામેલા ઘોડાએ હરણ કરવાથી વસંતપુર નગરના વાસી કનકકેતુ નામે રાજાને કોઇ રીતે (ત્યાં) આવતો જોયો. (૫૨૪૩-૪૪) ત્યારે પાપવિચારથી ભાવિત તે પોપટે કહ્યું કે–"રે રે ભિલ્લો! દોડો, જતા આ રાજાને શીઘ્ર પકડો અને એના દિવ્ય મણિ, સુવર્ણ તથા રત્નના અલંકારોને શીઘ્ર લૂંટી લો. અન્યથા તમારા જોતાં જોતાં પણ તે નાસી રહ્યો છે." (૫૨૪૫-૪૬) (તે સાંભળીને) "જે પ્રદેશમાં પક્ષીઓ પણ આવાં (દુષ્ટ) છે, તે પ્રદેશને દૂરથી તજવો."–એમ વિચારીને રાજા શીઘ્ર ત્યાંથી પાછો ફર્યો. (૫૨૪૭) અને કોઇ ભાગ્યયોગે તાપસોના તે આશ્રમની નજીકના પ્રદેશમાં પહોંચ્યો, ત્યારે તાપસોના પોપટે તેને જોઇને મધુર વાણીથી કહ્યું કે–હે હે તાપસ મુનિઓ! આ બ્રહ્મચર્યાદિ ચારેય આશ્રમવાળાનો ગુરુ એવો રાજા ઘોડાથી હરણ કરાયેલો (અહીં) આવે છે, તેથી તેની ભક્તિ (ઉચિત વિનય) કરો! (૫૨૪૮-૪૯) તેના વચનથી તાપસોએ સર્વ આદરપૂર્વક રાજાને પોતાના

આશ્રમમાં લાવીને ભોજન વગેરેથી તેનો ઉપચાર (સત્કાર) કર્યો. (૫૨૫૦) પછી સ્વસ્થ શરીરવાળા અને વિસ્મિત મનવાળા રાજાએ પોપટને કહ્યું કે-તુલ્ય તિર્યંચપણું છતાં (તમારું) આચરણ અસમાન (પરસ્પર વિરુદ્ધ) કેમ છે?, કે જેથી તે ભિલ્લોનો પોપટ તેવું નિષ્ઠુર બોલે છે અને તું કોમળ વાણીથી આવું એકાન્ત હિતકર બોલે છે? (૫૨૫૧-૫૨) ત્યારે પોપટે કહ્યું કે-મારી અને તેની માતા એક છે અને પિતા પણ એક છે. માત્ર તેને ભિલ્લો પલ્લીમાં લઈ ગયા અને મને પણ મુનિઓ (અહીં) લાવ્યા, એમ અમારામાં નિજનિજ સંસર્ગજન્ય આ ગુણ-દોષો પ્રગટ્યા. (તે) તમે પણ પ્રગટ જોયું. (૫૨૫૩-૫૪)

એમ જો તિર્યંચોને પણ સંસર્ગવશ ગુણ-દોષની સિદ્ધિ લોકમાં પ્રસિદ્ધ છે, તો તપથી કૃશ (દુર્બળ), દુઃખે પાળી શકાય તેવા અનશનને સાધવા ઉજમાળ થએલા તપસ્વીને દુષ્ટ મનુષ્યોના પાડોશથી સ્વાધ્યાયમાં વિઘ્ન વગેરે કેમ ન થાય? (૫૨૫૫-૫૬) કુશીલ મનુષ્યોના પાડોશથી શ્રેષ્ઠ સમતાવાળો પણ, ઇન્દ્રિયોનું શ્રેષ્ઠ દમન કરનારો પણ અને શ્રેષ્ઠ (પૂર્ણ) નિરભિમાની પણ કલુષિત બને તેમાં શું આશ્ચર્ય? (૫૨૫૭) (વિવિક્ત=) અન્ય મનુષ્યોથી રહિત (એકાન્ત) વસતિમાં કલેશ, બોલાચાલી, ઝઘડો, વિમૂઢતા, દુર્જનનો (સંકર=) મેળાપ, મમત્વ અને ધ્યાન-અધ્યયનમાં વિઘ્ન ન થાય, (૫૨૫૮) તેથી જ્યાં મનને ક્ષોભ કરનાર પાંચેય ઇન્દ્રિયોનો વિષય ન હોય, ત્યાં ત્રણ ગુપ્તિથી ગુપ્ત ક્ષપક શુભ ધ્યાનમાં રહી શકે. (૫૨૫૯) જે ઉદ્‌ગમ, ઉત્પાદના અને એષણાથી શુદ્ધ હોય, અપરિકર્મિત (સાધુ નિમિત્તે સાફસુફી કે લીંપણ-ગુંપણાદિ પણ કર્યા વિનાની) હોય, અસંસક્ત (સ્ત્રી-પશુ-પંડકાદિથી અથવા ત્રસ જીવોથી રહિત) હોય, અપ્રાભૃતિકા (સાધુને ઉદ્દેશીને વહેલી અથવા મોડી તૈયાર ન કરી) હોય, જેની ભીંતો મજબૂત હોય, મજબૂત કમાડવાળી હોય, ગામબહાર હોય, ગચ્છના બાળ-વૃદ્ધાદિ સાધુઓને યોગ્ય હોય, એવી શય્યામાં (રહેઠાણમાં), અથવા ઉદ્યાનઘરમાં, પર્વતની ગુફામાં કે શૂન્યઘરમાં રહે (૫૨૬૦-૬૧) સુખપૂર્વક નીકળી પેસી શકાય તેવી, સાદડીના પડદાવાળી અને ધર્મકથા માટેના મંડપ સહિત, એવી બે અથવા ત્રણ વસતિઓ લેવી. (૫૨૬૨) તેમાં એકમાં ક્ષપકને અને બીજીમાં ગચ્છમાં રહેલા સાધુઓને રાખે, કે જેથી આહારની ગંધથી ક્ષપકને ભોજનની ઇચ્છા ન થાય. (૫૨૬૩) પાણી વગેરે પણ ત્યાં મૂકે કે જ્યાં તપસ્વી દેખે નહિ, અપરિણત (તુચ્છ) સાધુઓને પણ ત્યાં ન રાખે. **પ્રશ્ન**-શા માટે ન રાખે? **ઉત્તર**-નહિ રાખવાનું કારણ કહેવાય છે-જેમ કે-ક્ષપકને કોઈ પ્રસંગે અસમાધિ થાય, તો તેને દેવાતાં અશનાદિને જોઇને મુગ્ધ (અપરિણત) સાધુઓને ક્ષપક પ્રત્યે અશ્રદ્ધા થાય. (૫૨૬૪-૬૫) વળી મહાનુભવ ક્ષપકને પણ ઘણા ભવની પરંપરાથી આહારનું પરિચયપણું હોવાથી, રખે કોઇ પ્રસંગે સહસા ગૃદ્ધિ ન પ્રગટે, (૫૨૬૬) કારણ કે-આરાધનારૂપ મહા સમુદ્રના કાંઠે પહોંચેલા પણ તપસ્વીની (ચારિત્રરૂપ) નાવને કોઈ કારણે વિઘ્ન પણ આવી પડે, તે

કારણે આ યત્ન (જયણા) છે. (૫૨૬૭) એમ ધર્મશાસ્ત્રોના મસ્તકના મણિતુલ્ય અને સંવેગી એવા મનરૂપી ભમરા માટે વિકસિત પુષ્પોવાળી વનરાજીતુલ્ય, સંવેગરંગશાળા નામની આરાધનાના નવ પેટાદ્વારવાળા ત્રીજા મમત્વવિચ્છેદદ્વારમાં આ બીજું શય્યા નામનું પેટાદ્વાર કહ્યું. (૫૨૬૮-૬૯) હવે યથોક્ત શય્યા છતાં સંથારાવિના આરાધકને પ્રસન્નતા ન થાય, તેથી તે દ્વારને કહું છું. (૫૨૭૦)

**૩. સંસ્તારકદ્વાર**–પૂર્વે વિસ્તારથી કહી તેવી શય્યામાં પણ જ્યાં ઊંદરોની (કોતરેલી) રજના સમૂહનો થોડો પણ નાશ (વિરાધના) ન થાય, જ્યાં (જમીનમાંથી પ્રગટતા) ઊસ (ખાર) અને જળકણ વગેરેનો વિનાશ ન થાય, જ્યાં દીપકનો, વિજળીનો અને પૂર્વ-પશ્ચિમાદિ દિશાના પ્રબળ વાયુનો વિનાશ ન થાય, જ્યાં ડાંગર વગેરે બીજોનો કે લીલી વનસ્પતિનો સંઘટ્ટો ન થાય. જ્યાં કીડીઓ વગેરે ત્રસ જીવોની વિરાધના (હિંસા) ન થાય, જ્યાં અસમાધિકારક અશુભ દ્રવ્યોની ગંધ વગેરે ન હોય, જ્યાં જમીન ખાડા અને ફાટોથી રહિત હોય, ત્યાં ક્ષપકની પ્રકૃતિને હિતકારી પ્રદેશમાં, સમાધિ માટે પૃથ્વીનો, શિલાનો, કાષ્ટનો અથવા તૃણ(ઘાસ)નો સંથારો ઉત્તરમાં મસ્તક (મુખ ?) અથવા પૂર્વસન્મુખ કરવો. (૫૨૭૧ થી ૭૫) તેમાં ભૂમિસંથારો પ્રાસૂક (અચિત્ત), સમ-સરખી અને પોલાણ વિનાની જમીન ઉપર અને શિલાનો સંથારો જે પત્થર ફૂટેલો (તડવાળો) કે જીવસંસક્ત ન હોય અને પીઠનો (ઉપરનો) ભાગ સમ હોય, તેવી શિલા ઉપર કરવો. (૫૨૭૬) કાષ્ટમય સંથારો છિદ્રોરહિત, સ્થિર, વજનમાં હલકા, એવા એક જ (અખંડ) કાષ્ટનો કરવો અને ઘાસનો સંથારો સાંધા વિનાનો (લાંબા તૃણનો), પોલાણ વિનાનો અને કોમળ કરવો. (૫૨૭૭) પુનઃ ઉભયકાળ પડિલેહણાથી શુદ્ધ કરેલા અને યોગ્ય માપથી કરેલા, આ સંથારામાં ત્રણ ગુપ્તિથી ગુપ્ત થઇને બેસવું. (૫૨૭૮) મુનિને ભાવસમાધિનું કારણ હોવાથી આ (ઉપર કહ્યા તે) દ્રવ્યસંથારા પણ નિઃસંગતાનું પ્રતીક કહ્યા છે. પછી સંલીનતામાં સ્થિર રહેલો, સંવેગગુણયુક્ત અને ધીર એવો સંલેખના કરનાર (ક્ષપક) સંથારામાં બેઠેલો (**તક્કાલં વિહરઇ**=) તે (અનશનના) કાળને નિર્ગમન કરે. (૫૨૭૯-૮૦) મજબૂત અને કઠીનપણાથી તૃણ વગેરેના સંથારામાં બેસી નહિ શકનાર ક્ષપકને જો કોઇ પણ રીતે અસમાધિ થાય, તો તેમાં એક, બે કે અધિક કપડાને પાથરે. અને અપવાદમાર્ગે તો ત્યાં સુધી કે પ્રાવરણ, તળાઇ વગેરેને પણ પાથરે. (૫૨૮૧-૮૨)

એમ દ્રવ્યની અપેક્ષાએ સંથારો અનેક પ્રકારનો કહ્યો. ભાવની અપેક્ષાએ પણ તે અનેક પ્રકારનો જાણવો. (૫૨૮૩) (જેમકે=) રાગ, દ્વેષ, મોહ અને કષાયની જાળથી દૂર (અત્યંત ત્યાગી), પરમ પ્રશમભાવને પામેલો એવો આત્મા જ સંથારો છે. (૫૨૮૪) સાવદ્ય યોગોથી રહિત, સંયમધનવાળો, ત્રણ ગુપ્તિથી ગુપ્ત અને (પાંચ સમિતિથી) સમિત આત્મા એવો જે ભાવસાધુ, તેનો આત્મા જ સંથારો છે. (૫૨૮૫) નિર્મમ અને

નિરહંકારી, તૃણ-મણિમાં, તથા પત્થરના ઢેકડામાં અને સુવર્ણમાં, અત્યંત સમચિત્તવાળો અને પરમાર્થથી તત્ત્વનો જાણ, એવો આત્મા તે જ સંથારો છે. (૫૨૮૬) જેને સ્વજનમાં કે પરજનમાં, શત્રુ અને મિત્રમાં તથા સ્વ-પર વિષયમાં પરમ સમતા છે, તે આત્મા જ નિશ્ચે સંથારો છે. (૫૨૮૭) બીજાએ પ્રિય કે અપ્રિય કરવા છતાં જેનું મન સમુત્કર્ષને, (હર્ષને) કે અપકર્ષને (દીનતાને) ન કરે, તેનો આત્મા જ સંથારો છે. (૫૨૮૮) (કોઈપણ) દ્રવ્યમાં, ક્ષેત્રમાં, કાળમાં કે ભાવમાં રાગને તજવા માટે તત્પર એવો જે સર્વ જીવો પ્રત્યે મૈત્રીભાવવાળો આત્મા, તે જ સંથારો છે. (૫૨૮૯) સમ્યક્ત્વ, જ્ઞાન અને ચારિત્રરૂપ જે મોક્ષસાધક ગુણો તે **(એ ત્થ=)** આવા આત્મામાં જ **(સંથરિજ્જંતિ=)** સુરક્ષિત રહે છે, તેથી (ભાવથી) આત્મા જ સંથારો છે. (૫૨૯૦)

આશ્રવનાં દ્વારોને નહિ રોકનારો જે આત્માને **(સારંમિ=)** તત્ત્વમાં (ઉપશમમાં) ધારણ (સ્થિર) ન કરે અને સંથારામાં રહે (અનશનને સ્વીકારે), તેનો સંથારો અશુદ્ધ છે. (૫૨૯૧) ગારવોથી મત્ત જે ગુરુની પાસે આલોચના દેવાને ન ઇચ્છે અને સંથારામાં રહે, તેનો સંથારો અશુદ્ધ છે. (૫૨૯૨) પાત્રભૂત (યોગ્યતા પામેલો) જે ગુરુની પાસે આલોચનાને કરે અને સંથારામાં રહે, તેનો સંથારો અતિ વિશુદ્ધ છે. (૫૨૯૩) સર્વ વિકથાઓથી મુક્ત, સાત ભયસ્થાનોથી રહિત, એવો બુદ્ધિમાન જે સંથારામાં રહે, તેનો સંથારો અતિ વિશુદ્ધ છે.(૫૨૯૪)નવ વાડોથી સુરક્ષિત બ્રહ્મચર્યવાળો તથા દશવિધ યતિધર્મથી યુક્ત, એવો જે સંથારામાં રહે, તેનો સંથારો અતિ વિશુદ્ધ છે. (૫૨૯૫) આઠ મદસ્થાનોથી પરાભવ પામેલા, નિર્ધ્વંસ પરિણામવાળા, લોભી અને ઉપશમરહિત ચિત્તવાળાને અહીં સંથારો શું (હિત) કરશે? (૫૨૯૬) જે રાગી, દ્વેષી, મોહમૂઢ, ક્રોધી, માની, માયાવી અને લોભી છે. તે સંથારામાં રહેલો છતાં સંથારાના ફળનો ભાગી ન જ થાય. (૫૨૯૭) જેણે (મન, વચન અને કાયારૂપ) યોગોના પ્રચારને રોક્યો નથી અને સર્વ અંગોથી (પ્રકારોથી) જેનો આત્મા સંવરરહિત છે, વસ્તુતઃ ધર્મથી રહિત તે સંથારાના ફળનો ભાગી કેમ બને? (૫૨૯૮) માટે જો ગુણ વિનાનો છતાં સંથારામાં રહીને મોક્ષને ઇચ્છે (પામે), તો મુસાફર (અથવા પ્રેષ્ય-નોકર), રંક અને સેવકજનોનો મોક્ષ પહેલો થાય. (૫૨૯૯) બાહ્ય-અભ્યંતર ગુણોથી રહિત અને બાહ્ય-અભ્યંતર દોષોથી દૂષિત, એવો રંક આત્મા સંથારામાં રહે, છતાં અલ્પ માત્ર પણ ફળને ન પામે.(૫૩૦૦)બાહ્ય-અભ્યંતરગુણોથી યુક્ત અને બાહ્ય-અભ્યંતર દોષોથી દૂર રહેલો સંથારામાં નહિ રહેવા છતાં ઇષ્ટફળનું ભાજન બને છે.(૫૩૦૧)ત્રણગારવોથી રહિત, ત્રણ દંડનો નાશ કરવામાં ફેલાયેલીકીર્તિવાળો(પ્રસિદ્ધ), એવો જે નિઃસ્પૃહ મનવાળો છે, તેનો સંથારો નિશ્ચે સફળ છે, (૫૩૦૨) જે છકાયજીવોની રક્ષા માટે (નિવિટ્ઠ=) સ્થિત-એકાગ્ર (જયણાયુક્ત) પ્રવૃત્તિવાળો, આઠ મદરહિત અને વિષયસુખની તૃષાથી રહિત છે, તે સંથારાના ફળનો ભાગી બને છે. (૫૩૦૩) જે (શ્રમણ=) તપસ્વી સમતાથી ભાવિત મનવાળો, સંયમ-તપ-નિયમના વ્યાપારમાં રક્ત મનવાળો અને સ્વ-પર કષાયોને ઉપશમાવનારો હોય, તે સંથારાના ફળનો ભાગી બને.

**(૫૩૦૪)** સારી રીતે ગુણોના વિસ્તારને કરનારા એવા સંથારાને જે સત્પુરુષો પામે છે, તેઓએ જીવલોકમાં સારભૂત એવા (ધર્મરૂપી) રત્નને ગ્રહણ કર્યું (મેળવ્યું) છે. **(૫૩૦૫)** સર્વ સહનતા (ક્ષમા)રૂપી બખ્તરથી સર્વ અંગોની રક્ષા કરતો, સમ્યગ્જ્ઞાનાદિ ગુણો અને (પાઠાં૦ અમોહ=) અમૂઢતારૂપ શસ્ત્રને **(વમાલો=)** ધારણ કરતો, અતિચાર-રૂપી મેલથી રહિત અને (નિર્મળ) પાંચ મહાવ્રતો રૂપી મોટા હાથી ઉપર બેઠેલો, એવો વીર (ક્ષપક સુભટ) પ્રસ્તુત સંથારારૂપી **(રણાંગણ=)** યુદ્ધની **(પાઠાં૦અવણી=)** ભૂમિમાં વિલાસ (મોજ) કરતો, ઉપસર્ગો અને પરીષહોરૂપી સુભટોથી પ્રચંડ એવી કર્મ-શત્રુની પ્રબળ સેનાને સર્વ રીતે જીતીને આરાધનારૂપી પતાકાને (વિજયધ્વજને) મેળવે છે. **(૫૩૦૬ થી ૮)** કારણ કે-ત્રણ ગુપ્તિથી ગુપ્ત એવો આત્મા શ્રેષ્ઠ સંલેખનાને કરવા માટે સમ્યક્ત્વરૂપી પૃથ્વીના સંથારામાં કે વિશુદ્ધ સદ્ધર્મગુણરૂપી તૃણના સંથારામાં, અથવા પ્રશમરૂપી કાષ્ટના સંથારામાં કે અતિ વિશુદ્ધ થતી લેશ્યારૂપી શિલાના સંથારામાં આત્માને સુવાડે છે (સ્થિર કરે છે), તેથી તે (આત્મા) જ સંથારો છે, **(૫૩૦૯-૧૦)** વળી વિશુદ્ધ રીતે મરનારને તો તૃણમય સંથારો કે અચિત્ત ભૂમિ પણ (આરાધનામાં) કારણ નથી. આત્મા જ (પોતે પોતાનો) સંથારો (આધાર) બને છે, **(૫૩૧૧)** જે ત્રિવિધ ત્રિવિધ ઉપયોગવાળો છે, તેને તો અગ્નિમાં પણ, પાણીમાં પણ, અથવા ત્રસ જીવો ઉપર કે સચિત્ત બીજો અને લીલી વનસ્પતિ ઉપર પણ સંથારો થાય છે. **(૫૩૧૨)** અગ્નિમાં, પાણીમાં અને ત્રસ જીવો વગેરેના સંથારામાં અનુક્રમે ધીર એવા ગજસુકુમાર, અન્નિકાપુત્ર-આચાર્ય અને ચિલાતીપુત્ર વગેરેનાં દૃષ્ટાન્તો છે. **(૫૩૧૩)** તે આ પ્રમાણે-

**અગ્નિસંથારામાં ગજસુકુમારનો પ્રબંધ**-દ્વારિકાનગરીમાં યાદવ કુળમાં ધ્વજ સમાન, અર્દ્ધભરતની પૃથ્વીનો નાથ કૃષ્ણ નામે છેલ્લો વાસુદેવ થયો. **(૫૩૧૪)** તેને ગજસુકુમાર નામે નાનો ભાઈ હતો. અનિચ્છતો છતાં માતા અને વાસુદેવ વગેરે સ્વ-જનોએ તેને 'સોમશર્મા' નામના બ્રાહ્મણની પુત્રી સાથે પરણાવ્યો. છતાં શ્રી નેમિજન પાસે ધર્મને સાંભળીને (જગતને ક્ષણવિનશ્વર જાણીને) નવયૌવનવાળો પણ અને રૂપથી કામદેવ જેવો પણ, તે ચરમશરીરી, મહા સત્ત્વવાળો (ગજસુકુમાર) સાધુ થયો. **(૫૩૧૫ થી ૧૭)** અને ભયમોહનીયથી રહિત (નિર્ભય) તે ભગવંતની સાથે પુર-નગરાદિમાં વિહાર કરવા લાગ્યો. પુનઃ ઘણા કાળે તે દ્વારિકામાં આવ્યો. **(૫૩૧૮)** ત્યારે શ્રી રૈવતગિરિ ઉપર દેવોએ જેનું સમવસરણ રચ્યું છે, એવા ભગવંત સમવસરણમાં પધાર્યા અને ગજસુકુમારમુનિ સ્મશાનમાં કાયોત્સર્ગ કરીને રહ્યા. **(૫૩૧૯)** પછી કોઈ નિમિત્તે તે પ્રદેશમાં આવેલા સોમશર્માએ "આ તે છે, કે જેણે મારી પુત્રીને પરણીને તજી દીધી." એમ તીવ્ર ક્રોધે ભરાએલા તેને મારી નાખવાની ઇચ્છાવાળા તેણે તેના મસ્તક ઉપર માટીની પાળ બાંધીને તે (પાળી) ને ચિતાના અગ્નિથી ભરી. **(૫૩૨૦-૨૧)** ત્યારે તે મસ્તકના અગ્નિથી બળતા (પણ) ગજસુકુમાર શુભ ધ્યાનને ધારણ કરતા અંતકૃતકેવળી

થયા. (૫૩૨૨) એમ તે ગજસુકુમારને અગ્નિનો સંથારો જાણવો. હવે જેને જળનો સંથારો થયો હતો, તે અર્ણિકાપુત્ર આચાર્યને કહું છું. (૫૩૨૩)

**જળસંથારા વિષે અર્ણિકાપુત્ર આચાર્યનો પ્રબંધ**-શ્રી પુષ્પભદ્ર નગરમાં પ્રચંડ એવા શત્રુપક્ષને ચૂરવામાં વ્યસની (સમર્થ) પુષ્પકેતુ નામે મોટો રાજા હતો. (૫૩૨૪) તેને પુષ્પવતી નામે રાણી હતી. તે રાણીથી જોડલે જન્મેલાં પુષ્પચૂલ નામે પુત્ર અને પુષ્પચૂલા નામે પુત્રી હતી. (૫૩૨૫) તે બંનેને પરસ્પર અતિ સ્નેહવાળાં જોઈને રાજાએ તેમનો વિયોગ ન કરવાના ઉદ્દેશથી પરસ્પર તેઓને પરણાવ્યાં. પછી પુષ્પવતી તે જ કારણે નિર્વેદથી દીક્ષા લઈને દેવપણાને પામી, અને સુખે સૂતેલી તે પુષ્પચૂલાને કરુણાથી પ્રતિબોધ કરવા માટે સ્વપ્નમાં તીક્ષ્ણ (આકરાં) દુઃખોથી અતિ દુઃખી નરકના જીવોને અને નરકોને પણ બતાવવા લાગી. (૫૩૨૬ થી ૨૮) પછી ભયંકર દૃશ્યવાળાં તે સ્વપ્નોને જોઈને તૂર્ત જાગેલી તેણે રાજાને નરકનું વૃત્તાન્ત કહ્યું. તેણે પણ રાણીની પ્રતીતિ માટે બધા પાખંડીઓને બોલાવીને પૂછ્યું કે-ભો ! નરકો કેવા હોય છે ? અને તેમાં દુઃખ કેવું હોય છે ? તે કહો. (૫૩૨૯-૩૦) પોતપોતાના મત પ્રમાણે તેઓએ નરકનો વૃત્તાન્ત કહ્યો, પણ રાણીએ તે ન સ્વીકાર્યો. પછી રાજાએ બહુશ્રુત, સર્વત્ર પ્રસિદ્ધ અને સ્થવિર, એવા અર્ણિકાપુત્ર આચાર્યને બોલાવીને પૂછ્યું અને તેઓએ (નરકનો વૃત્તાન્ત) યથાસ્થિત કહ્યો. (૫૩૩૧-૩૨) તેથી ભક્તિભરપુર (ચિત્તવાળી) પુષ્પચૂલા રાણીએ કહ્યું કે-હે ભગવંત ! શું તમે પણ સ્વપ્નમાં આ (વૃત્તાન્તને) જોયો છે ? (૫૩૩૩) ગુરુએ કહ્યું કે-હે ભદ્રે ! જગતમાં તેવું (કંઈ) નથી, કે જે શ્રી જિનેશ્વરના આગમરૂપ દીપકના બળે જેને જાણી ન શકાય. આ નરકનું વૃત્તાન્ત તો કેટલું માત્ર (શું ગણત્રીમાં) છે ? (૫૩૩૪) પુનઃ અન્ય સમયે તેની માતાએ (તિસ્સા=) તેણીને સ્વપ્નમાં આશ્ચર્યકારક વૈભવથી શોભતા-દેવોના સમૂહવાળા સ્વર્ગને બતાવ્યો. (૫૩૩૫) અને પૂર્વની જેમ પુનઃ પણ રાજાએ ત્યાં સુધી પ્રયત્ન કર્યો, કે યાવત્ (છેલ્લે) આચાર્યને (સ્વર્ગનો વૃત્તાન્ત) પૂછ્યો. સૂરિજીએ પણ તેનું સ્વરૂપ યથાર્થ જણાવ્યું અને હર્ષિત થયેલી રાણી (પુષ્પચૂલા) ભક્તિથી પગમાં પડીને (નમીને) કહેવા લાગી કે-નરકનાં દુઃખોની પ્રાપ્તિ કેવી રીતે થાય ? અને દેવોનાં સુખની પ્રાપ્તિ કેવી રીતે થાય ? તે કહો. (૫૩૩૬-૩૭) ગુરુએ કહ્યું કે-ભદ્રે ! વિષયાસક્તિ વગેરે પાપોથી નરકનું દુઃખ અને તેના ત્યાગથી સ્વર્ગનું સુખ પ્રાપ્ત થાય. (૫૩૩૮) ત્યારે સમ્યક્ પ્રતિબોધને પામેલી તેણીએ પણ વિષયના વ્યસનને તજીને પ્રવ્રજ્યાને સ્વીકારવા માટે રાજાની અનુમતિ માગી. અને તેના વિરહથી મુંઝાએલા રાજાએ "તારે કદાપિ અન્ય ક્ષેત્રમાં વિહાર ન કરવો (અહીં જ રહેવું)."-એવી પ્રતિજ્ઞાપૂર્વક મહાકષ્ટે અનુમતિ આપી. (૫૩૩૯-૪૦) પછી પ્રવ્રજ્યાને લઈને વિચિત્ર તપશ્ચર્યાદ્વારા પાપોનો પરાભવ કરતી તે (પુષ્પચૂલા સાધ્વી) (એક કાળે) દુષ્કાળ

હોવાથી સઘળા શિષ્યોને દૂર દેશમાં વિહાર કરાવીને, જંઘાબળ ક્ષીણ થવાથી એકલા ત્યાં (સ્થિરવાસ) રહેલા તે (અર્ણિકાપુત્ર) આચાર્યને રાજમંદિરમાંથી આહાર–પાણી લાવી આપે છે, (૫૩૪૧–૪૨) એ રીતે સમય પસાર કરતાં અત્યંત શુદ્ધ પરિણામવાળી તે સાધ્વી ઘાતીકર્મોનો નાશ કરીને કેવળજ્ઞાનરૂપ પ્રકાશને પામી. (૫૩૪૩) છતાં "કેવળી તરીકે પ્રસિદ્ધ નહિ થયેલા કેવળી પૂર્વે પાળતા હોય તે વિનયનું ઉલ્લંઘન ન કરે"–એવો આચાર હોવાથી તે પૂર્વના ક્રમે ગુરુને અશનાદિ લાવી આપે છે. (૫૩૪૪) એક પ્રસંગે શ્લેષ્મથી પીડાતા સૂરિજીને તિક્ત (કટુ) ભોજનની ઇચ્છા થતાં, તેણીએ ઉચિત સમયે તે ઇચ્છાને તેવી જ રીતે પૂરી કરવાથી વિસ્મય પામેલા મનવાળા સૂરિજીએ કહ્યું કે–હે આર્યા! તેં મારા માનસિકને (ગુપ્તચિંતનને) કેવી રીતે જાણ્યું? (૫૩૪૫–૪૬), કે જેથી અતિ દુર્લભ પણ ભોજનને (અકાલપરિહીણં=) યોગ્ય કાળે લાવી આપ્યું? તેણીએ કહ્યું કે– જ્ઞાનથી. (સૂરિએ પૂછયું કે–) કયા જ્ઞાનથી? (તેણીએ કહ્યું કે–) અપ્રતિપાતી જ્ઞાનથી. (૫૩૪૭) તેથી (સાંભળીને) 'ધિક્ ધિક્' મેં અનાર્યે મહાત્મા 'આ' કેવળીની કેવી આશાતના કરી?–એમ આચાર્ય શોક કરવા લાગ્યા. (૫૩૪૮) ત્યારે હે મુનીશ્વર! શોક ન કરો, કારણ કે–'કેવળી છે' એમ જાહેર થયા વિના કેવળી પણ પૂર્વના વ્યવહારને તોડતો નથી, એમ કહીને તેણીએ (શોક કરવાનો) નિષેધ કર્યો. (૫૩૪૯) અને "દીર્ઘકાળ ઉત્તમ ચારિત્રની આરાધના કરવા છતાં શું હું નિર્વાણને પામીશ નહિ?" એવો સંશય કરતા આચાર્યને તેણીએ કહ્યું કે–હે મુનીશ! નિર્વાણ માટે સંશય કેમ કરો છો? કારણ કે–ગંગા નદીને ઉતરતાં તમે પણ તૂર્ત કર્મક્ષય કરશો. (૫૩૫૦–૫૧) એમ સાંભળીને સૂરિજી સામા કાંઠે જવાની ઇચ્છાથી નાવમાં બેસીને ગંગાને ઉલ્લંઘવા લાગ્યા. (૫૩૫૨) પરંતુ કર્મદોષથી નાવમાં જ્યાં જ્યાં તે બેસે છે, તે તે નાવડીનો ભાગ ગંગાના અગાધ પાણીમાં ડૂબે છે. (૫૩૫૩) તેથી 'સર્વનો નાશ થશે'–એવી આશંકા કરીને નિર્યામકોએ અર્ણિકાપુત્ર–આચાર્યને નાવડીમાંથી પાણીમાં ફેંકયા. (૫૩૫૪) પછી પરમ પ્રશમરસમાં પરિણત (નિમગ્ન), અતિ પ્રસન્ન ચિત્તવૃત્તિવાળા, સંપૂર્ણતયા સઘળા આશ્રવદ્વારોને રોકનારા, દ્રવ્યથી અને ભાવથી પરમ નિઃસંગતાને (વૈરાગ્યને) પામેલા, અતિ વિશુદ્ધિને પામતા એવા (તે સૂરિ) સ્થિર શુકલધ્યાન વડે કર્મનો ચૂરો કરતા (કેવળી થઇને) જળના સંથારામાં રહેલા છતાં સર્વ યોગોનો સંપૂર્ણ નિરોધ કરતાં (અયોગીગુણને પામેલા) તેમને મોક્ષની પ્રાપ્તિ દ્વારા મનવંછિત કાર્યની સિદ્ધિ થઇ. (૫૩૫૫ થી ૫૭) એમ જળસંથારાને આશ્રીને અર્ણિકાપુત્રનું વર્ણન કર્યું અને ત્રસસંથારા વિષે ચિલાતીપુત્રનું દૃષ્ટાન્ત તો (પૂર્વે) કહેલું જ છે. (૫૩૫૮) એમ બીજા પણ જે જે સંથારામાં મરણ વખતે જે જે આત્મા સમભાવથી ઉત્તમ સમાધિને પામે, તે સર્વ તેનો સંથારો જાણવો. (૫૩૫૯) એમ સંથારામાં રહેલો તે (ક્ષપક), અનુત્તર (સર્વશ્રેષ્ઠ) એવી તપસમાધિમાં રહીને ઘણા ભવો સુધી પીડનારાં કર્મોને તોડતો વિચરે. (કાળ પસાર કરે.) (૫૩૬૦) ચક્રવર્તીને પણ તે

સુખ નથી અને સઘળા ઉત્તમ દેવોને પણ તે સુખ નથી, કે જે સુખ દ્રવ્ય–ભાવ સંથારામાં રહેલા રાગરહિત (વૈરાગી) મુનિને છે. (૫૩૬૧) એમ સંથારામાં રહેલો અતિ વિશુદ્ધ યોગવાળો મુનિ, હાથીની જેમ ઘણા કાળનાં રુઢ એવાં કર્મરૂપી વૃક્ષોના જંગલને (ચરણ=) ચારિત્ર વડે ચૂરતો વિચરે. (હાથીપક્ષે **દુમગહણ=**) વૃક્ષોના જંગલને અને ચરણ=પગથી ચૂરતો, એમ અર્થ કરવો.) (**૫૩૬૨**) એમ કામરૂપી સર્પનો (પરાભવ કરવામાં) ગરુડની ઉપમાવાળી અને સંવેગી એવા મનરૂપી ભમરાને માટે ખીલેલાં પુષ્પોવાળી વનરાજીતુલ્ય, સંવેગરંગશાળા નામની આરાધનાના નવ પેટાદ્વારવાળા મમત્વવિચ્છેદ નામના ત્રીજા (મૂળ) દ્વારમાં, ત્રીજું સંથારા નામનું પેટાદ્વાર કહ્યું. (**૫૩૬૩–૬૪**) હવે સંથારામાં રહેલા ક્ષપકને નિર્યામક વિના સમાધિ પ્રાપ્ત ન થાય, તેથી તે (નિર્યામક) દ્વારને જણાવું છું. (**૫૩૬૫**)

૪. **નિર્યામકદ્વાર**–તે પછી જેણે (દ્રવ્યથી શરીરની) સંલેખના કરી છે અને (ભાવથી) પરીષહ તથા કષાયોની જાળને તોડી છે, તે (ક્ષપક) મુનિ (નિર્યામણા કરાવનાર જે ગુરુને ઇચ્છે, તે નિર્યામક) છત્રીશ ગુણવાળા, પ્રાયશ્ચિત્તના વિધિમાં વિશારદ (ગીતાર્થ), ધીર, પાંચ સમિતિના પાલક, ત્રણ ગુપ્તિથી ગુપ્ત, અનાસક્ત (અથવા સ્વાશ્રયી), રાગ, દ્વેષ અને મદ વિનાના, (**કૃતયોગી=**) યોગસિદ્ધ (અથવા કૃતક્રિય–સતત અભ્યાસી), સમયના જાણ, જ્ઞાન, દર્શન અને ચારિત્રરૂપ સમૃદ્ધિવાળા, મરણની (સમાધિની) ક્રિયાના અને મરણકાળના જાણ, ઇંગિત આકારથી (પત્થિય=) શીઘ્ર અથવા પ્રાર્થના (ઇચ્છા) કરનારના સ્વભાવને જાણનારા, વ્યવહારકાર્યો કરવામાં કુશળ, અનશન રૂપી રથના સારથિ (ક્ષપકના અનશનને નિર્વિઘ્ને પૂર્ણ કરાવનારા) અને 'અસ્ખલિત' વગેરે ગુણોથી યુક્ત, એવી દ્વાદશાંગીરૂપ સૂત્રના એક સમુદ્ર, એવા પોતાની નિર્યામણા કરાવનારા ગુરુને શોધો અને નિર્યામક મુનિઓને શોધે. (પ્રાપ્ત કરે.) (**૫૩૬૬ થી ૬૯**) પછી આગમને પ્રકાશવામાં દીપકતુલ્ય, એવા તે સૂરિની (પયમૂલે=) નિશ્રામાં ધીર (ક્ષપક) મહા પ્રયોજન(મોક્ષ)ના સાધક એવા અનશનને સ્વીકારે. (**૫૩૭૦**)

પછી ગુરુએ સોંપેલા અલ્પ નિદ્રાવાળા, સંવેગી, પાપભીરુ, ધૈર્યવાળા તથા પાસત્થા, અવસન્ન અને કુશીલોનાં સ્થાનોને (સંસર્ગને અથવા શિથિલાચારોને) તજવામાં ઉદ્યમી, ક્ષમાપૂર્વક સહન કરનારા, માર્દવ ગુણવાળા, અશઠ, લોલુપતારહિત, લબ્ધિવંત, મિથ્યા આગ્રહથી મુક્ત, ચતુર, સુંદર સ્વરવાળા, મહા સત્ત્વવાળા, સૂત્રના અર્થમાં એકાન્ત આગ્રહ વિનાના (સ્યાદ્વાદી), નિર્જરાના લક્ષ્યવાળા, જિતેન્દ્રિય, (મનથી) દાન્ત, કુતૂહલથી રહિત, ધર્મમાં દૃઢ પ્રીતિવાળા, ઉત્સાહી, (ગાઢે=) અવશ્ય કાર્યમાં (આગાઢ=) સ્થિર (દૃઢ) મનવાળા, (સદ્ધાણે=) ઉત્સર્ગ–અપવાદના તે તે સ્થાનમાં શ્રદ્ધાળુ અને તેના ઉપદેશક, બીજાના (છંદ=) અભિપ્રાયને જાણનારા, વિશ્વાસપાત્ર, પચ્ચક્ખાણમાં (તેના) વિવિધ પ્રકારોને (વિધિને) જાણનારા, કલ્પ્ય–અકલ્પ્યને સમજવામાં કુશળ, સમાધિને

પ્રાપ્ત કરવામાં અપ્રમત્ત અને આગમરહસ્યોના જાણ, એવા અડતાલીશ મુનિઓ તેના નિર્યામક થાય. (તેને નિર્યામણા કરાવે.) (**૫૩૭૧ થી ૭૫**) તે આ પ્રમાણે-

૧-ઉદ્વર્તનાદિ કરાવવું, ૨-અંદરના દ્વારે બેસવું, ૩-સંથારાનું પ્રતિલેખન વગેરે કરવું, ૪-(ક્ષપકને) ધર્મકથા સંભળાવવી, ૫-(આગંતુક વાદીઓની સાથે) વાદ કરવો, ૬-મુખ્યદ્વારે ચોકી કરવી, ૭-આહાર લાવવો, ૮-પાણી લાવવું, ૯-મલોત્સર્ગ કરાવવો, ૧૦-પ્રશ્રવણ, શ્લેષ્મ વગેરેને પરઠવવું, ૧૧-બહારના શ્રોતાઓને ધર્મ સંભળાવવો અને ૧૨--ચારેય દિશામાં સંભાળ રાખવી, એમ (બારેય વિષયોમાં પ્રત્યેકમાં) ચાર ચાર (રોકાય.) તે આ પ્રમાણે-(**૫૩૭૬**)

**૧**-અત્યંત કોમળ હાથથી ચાર મુનિઓ, ક્ષપકને પડખું બદલાવવું, પુનઃ બીજું પડખું બદલાવવું (ચલાવવા) વગેરે શરીરની સેવા કરે, (પછી શરીરથી **અસક્ત બને** ત્યારે) (**ઉત્થંધિઓ=**) હાથ વગેરેનો ટેકો આપીને ચલાવે, અને જો તે (પણ) સહન ન કરી શકે. તો સંથારામાં રાખીને જ તેઓ સંચારણ (ખસેડવો-ફેરવવો વગેરે) કરે. (**૫૩૭૭-૭૮**) **૨**-ચાર મુનિઓ અંદરના દ્વારે સારા ઉપયોગપૂર્વક બેસે (ખ્યાલ રાખે, અને **૩**-ચાર મુનિઓ પ્રતિલેખનાપૂર્વક સંથારો પાથરે. (**૫૩૭૯**) ૪-ચાર મુનિઓ (વારાફરતી) અસ્તોવ્યસ્ત ન બોલાય તેમ, બીજા બીજા અક્ષરો મેળવ્યા વિના, અસ્ખલિત, (અક્ષરાદિ) વધાર્યા-ઘટાડયા વિના, વિલંબથી નહિ તેમ શીઘ્ર પણ નહિ, ભેગા ભેગા ઉચ્ચારથી નહિ, તેમ એક જ ઉચ્ચાર પુનરુક્ત (વારંવાર) નહિ, સારા (મધુર) અવાજ (સ્વર)પૂર્વક, સ્પષ્ટ (સમજાય તેમ), બહુ મોટા સ્વરે નહિ તેમ અતિ મંદસ્વરે પણ નહિ, (અલીક=) અસત્ય (નિષ્ફળ) નહિ, પડઘો પડે તેમ (અથવા અનુજ્ઞાતં= શ્રોતાને સંમત), શુદ્ધ, સંદેહરહિત, તે રીતે કે- (શ્રોતાને) (સપરિચ્છેયં=) અર્થનો નિશ્ચય થાય તેમ પદચ્છેદપૂર્વક.

[અહીં નીચે મુજબ ગાથા જેસલમેરની પ્રતમાં અધિક છે.

"णिद्धं महुरं हियंगमं व पल्हायणिज्ज पच्छं व ।
चत्तारि जणा सम्मं, धम्मकहं कहिंति तहिं ॥"

**અર્થ**-ક્ષપકના હૃદયને ગમે તેમ સ્નેહપૂર્વક, મીઠા શબ્દોથી અને પથ્યભોજનની જેમ આહ્લાદજનક, એવી ધર્મકથાને ચાર મુનિઓ (તહિં=) તે ક્ષપકને સમ્યગ્ રીતે કહે. તેમાં-]

ક્ષપકને તે ધર્મકથા કહેવી, કે જેને સમ્યગ્ સાંભળીને તે (**વિસ્રોતસિકા=**) અપધ્યાનને તજે અને સંવેગ-નિર્વેદને પામે, (**૫૩૮૦ થી ૮૨**) ૫-ચાર વાદીમુનિઓ વાદ માટે આવનારા પ્રતિવાદીઓને બોલતા અટકાવે (સમજાવે). ૬-તપસ્વીના મુખ્ય દ્વારે ચાર

મુનિઓ ઉપયોગપૂર્વક બેસે. (૫૩૮૩) ૭-લબ્ધિવાળા કપટ વિનાના ચાર મુનિઓ ઉદ્વેગ વિના (ઉત્સાહથી) ક્ષપકને પ્રાયોગ્ય, (છંદિયં=) તેને રુચે તેવો, દોષરહિત આહાર શોધી લાવે. (૫૩૮૪) ૮-ચાર જણા ગ્લાનને યોગ્ય પાણી લાવી આપે, અને ૯-ચાર મહા મુનિઓ ક્ષપકની વડીનીતિને પરઠવે. (૫૩૮૫) ૧૦-ચાર તેનાં પ્રશ્રવણને, કફની કુંડી વગેરેને વિધિપૂર્વક પરઠવે, અને ૧૧-(બહાર આવેલા) શ્રોતાઓને ધર્મકથા કરનારા ચાર ગીતાર્થો બહાર બેસે.(૫૩૮૬) ૧૨-સહસ્રમલ્લ (સમર્થ) એવા ચાર તપસ્વી મુનિઓ (ઉપદ્રવાદિથી રક્ષણ કરતા) ચાર દિશામાં રહે, એમ અડતાલીશ નિર્યામકો ક્ષપકને નિર્યામણા કરાવે. (૫૩૮૭) તેમાં પણ ભરત-ઐરવત ક્ષેત્રોમાં જ્યારે જેવો કાળ હોય, ત્યારે તે (કાળને અનુરૂપ) અડતાલીશ નિર્યામકો પણ તેવા હોય, (૫૩૮૮) અને કાળને અનુસારે (એટલા મુનિઓના અભાવે) ક્રમશઃ ચાર ચાર ત્યાં સુધી ઘટાડવા કે જઘન્યથી ચાર અથવા બે પણ નિર્યામકો હોય. (૫૩૮૯) કહ્યું છે કે-"ભરત અને ઐરવત ક્ષેત્રોમાં જ્યારે જેવો કાળ હોય, ત્યારે તે (કાળને અનુરૂપ) નિર્યામકો (પણ) તેવા જઘન્યથી બે (પણ) હોય." (૫૪૯૦) તેમાં એક સદા પાસે રહીને અપ્રમત્તભાવે ક્ષપકને સંભાળે અને બીજો પ્રયત્નપૂર્વક તેને અને પોતાને ઉચિત (નિર્દોષ) આહારાદિ શોધી લાવે. (૫૩૯૧) પરંતુ જો કોઇ કારણે એક જ નિર્યામક હોય, તો તે પોતાને માટે પણ ભિક્ષાભ્રમણ વગેરે ન કરી શકે, તેથી પોતાને (પાઠાં૦ **પરિચયઇ**=) તજે, અથવા તેથી વિપરિતપણાથી (ભિક્ષાર્થે ભ્રમણ કરે તો) ક્ષપકને તજે (સંભાળી ન શકે), ત્યારે તેનો (ક્ષપકનો) ત્યાગ કરવાથી તેણે સાધુધર્મને અવશ્ય દૂર કર્યો. (તજી દીધો જાણવો.) (૫૩૯૨-૯૩) કારણ કે-નિર્યામકના અભાવે તૃષા-ક્ષુધા વગેરેથી મંદોત્સાહી ક્ષપક અકલ્પ્ય (આહારાદિ) વાપરે કે (બીજા પાસે) યાચનાદિ (કરતો) અપભ્રાજના કરે, (૫૩૯૪) અથવા અસમાધિથી મરે અને દુર્ગતિમાં પણ જાય (વગેરે દોષો થાય.) તેથી ક્ષપકના નિર્યામકો જઘન્યથી પણ બે તો હોય જ. (૫૩૯૫)

વળી સંલેખના કરનારને નિર્યામણા કરાવે છે, એમ સાંભળીને આચારવાળા (સુવિહિત) સર્વ પણ મુનિઓએ ત્યાં જવું જોઇએ અને (**ઇયરત્થ ભયણિજજં**=) અન્ય કાર્યની ભજના (ગૌણતા) કરવી જોઇએ. (૫૩૯૬) (કારણ કે-) જે તીવ્રભક્તિ-રાગથી સંલેખના કરનારા પાસે જાય છે, તે દેવીસુખોને ભોગવીને ઉત્તમ સ્થાનને (મુક્તિને) પામે છે. (૫૩૯૭) જે જીવ એક ભવમાં પણ સમાધિમરણથી મરે છે, તે સાત-આઠ ભવો ઉપરાન્ત બહુ વાર સંસારમાં ભટકતો નથી. (૫૩૯૮) (ઉત્તમાર્થ) અનશનના સાધકને સાંભળવા છતાં જો (સાધુ) તીવ્ર ભક્તિપૂર્વક (ત્યાં) ન જાય, તો તેની સમાધિ-મરણમાં ભક્તિ કેવી? અને જેને સમાધિમરણમાં ભક્તિ પણ ન હોય, તેને મરણકાળે સમાધિમરણ કેમ પ્રાપ્ત થાય? (૫૩૯૯-૫૪૦૦) વળી અસંવૃત (શિથિલાચારી) સાધુઓને ક્ષપકની પાસે (**અલ્લિયણં**=)પ્રવેશ આપવો નહિ, કારણ કે-તેઓની અસં-

વરવાળી ( સાવદ્ય ) વાણીથી ક્ષપકને અસમાધિ થાય. (૫૪૦૧) વળી તેને ( ક્ષપકને તેલ કે ( કસાય= ) કવાથ વગેરેના કોગળા વારંવાર આપવા, કે જેથી જીહ્વા અને કાનનું બળ ટકી રહે અને ઉચ્ચાર સ્પષ્ટ થાય. ( અથવા મુખ નિર્મળ રહે. ) (૫૪૦૨) એમ ધર્મોપદેશથી મનોહર અને સંવેગી એવા મનરૂપી ભમરાને માટે ખીલેલાં પુષ્પોની વન-રાજીતુલ્ય સંવેગરંગશાળા નામની આરાધનાના નવ પેટાદ્વારવાળા મમત્વવિચ્છેદ નામના ત્રીજા દ્વારમાં ચોથું નિર્યામક નામનું પેટાદ્વાર કહ્યું (૫૪૦૩-૪) એ પ્રમાણે ( નિર્યામ-કાદિ અનશનની સામગ્રી હોય ત્યારે, આહારત્યાગની ( અનશનની ) ઇચ્છાવાળા ક્ષપકનું સર્વ વસ્તુઓમાં નિરીહપણું જાણ્યા પછી અનશન ઉચ્ચરાવવું. તે ( નિરીહપણું ) ( તેને ) ભોજનાદિ દેખાડવાથી જાણી શકાય, તેથી હવે તે દર્શનદ્વારને લેશ માત્ર કહું છું. (૫૪૦૫-૬)

**પાંચમું દર્શનદ્વાર**-તે પછી પ્રતિસમય વધતા ઉત્તમ શુદ્ધ પરિણામવાળો તે મહાત્મા ક્ષપક, મરુભૂમિમાં ગરમીથી ત્રાસેલો ( મુસાફર ) જેમ ઘણાં પાંદડાથી વ્યાપ્ત વૃક્ષને પ્રાપ્ત કરીને, અથવા રોગથી અત્યંત પીડાતો ( રોગી ) દુઃખનો પ્રતિકાર કરનારા વૈદ્યને પામીને જેમ વિનંતી કરે, તેમ નિર્યામકોને પામીને અને ગુરુને ભક્તિપૂર્વક પ્રણામ કરીને, આ પ્રમાણે વિનવે. (૫૪૦૭-૮) હે ભગવંત ! દુઃખે મળે તેવી આ સામગ્રીને મેં મેળવી છે, તેથી હવે મારે કાળ વિલંબ કરવો યોગ્ય નથી. (૫૪૦૯) કૃપા કરીને (મને અનશનનું દાન કરો. દીર્ઘકાળ કાયાની સંલેખના કરનારા મારે હવે આ ભોજ-નાદિના ઉપભોગથી શું ( પ્રયોજન છે ) ? (૫૪૧૦) તે પછી તેની નિરીહતાને જાણવા માટે ગુરુ, સ્વભાવે જ ઉત્તમ સ્વાદવાળાં, સ્વભાવે જ ચિત્તમાં પ્રસન્નતા પ્રગટ કરનારાં, સ્વભાવે જ સુગંધથી મઘમઘતાં અને સ્વભાવે જ તેને લાલચ પ્રગટાવનારાં, એવાં આહાર વગેરે ઉત્કૃષ્ટ પદાર્થો તેને દેખાડે. (૫૪૧૧-૧૨) એ દેખાડવાથી જેમ કુરર ( પક્ષી ) ના ( કુરર–કુરર ) શબ્દને સાંભળીને માછલાનો સમૂહ પ્રગટ થાય ( જળમાંથી બહાર આવે ), તેમ તેના હૃદયમાં રહેલો સંકલ્પ ( ભાવ ) નિશ્ચે પ્રગટ થાય. (૫૪૧૩) જો ( એ રીતે ) દ્રવ્યોને દેખાડ્યા વિના તેને આહારનો ત્રિવિધે ત્યાગ કરાવે, તો ( પાછળથી ) કોઈ પ્રકારના ભોજનમાં તે ક્ષપક ઉત્સુક થાય. (૫૪૧૪) વળી ( અનાદિ સેવેલી આહારની સંજ્ઞા પણ એવી છે કે–) પૂર્વે જે ભુક્તભોગી, ગીતાર્થ સારી રીતે ભાવિત ( વૈરાગી ) અને ( શરીરે સ્વસ્થ હોય, તે પણ આહારના ( રસાદિ ) ધર્મોમાં તૂર્ત ક્ષોભ પામે. (૫૪૧૫) માટે ત્રિવિધ આહારને ઉદ્દેશીને પચ્ચક્ખાણ કરનારા તેને ( પ્રથમ )સઘળાં ઉત્કૃષ્ટ દ્રવ્યો દેખાડવાં જોઇએ. (૫૪૧૬) એમ ચાર કષાયના ભયને ભાંગનારી, સંવેગી એવા મનરૂપી ભમરાને માટે ખીલેલાં પુષ્પોની વનરાજીતુલ્ય સંવેગરંગશાળા નામની આરાધનાના નવ પેટાદ્વારવાળા ત્રીજા મમત્વવિચ્છેદ દ્વારમાં પાંચમું દર્શન નામનું પેટાદ્વાર કહ્યું. (૫૪૧૭-૧૮) હવે ક્રમપ્રાપ્ત હાનિદ્વારની પ્રરૂપણા વડે દ્રવ્યો દેખાડ્યા પછી ક્ષપકને જે પરિણામ પ્રગટે, તે પરિણામને કહું છું. (૫૪૧૯)

છટ્ઠું (આહારસંક્ષેપરૂપ) હાનિદ્વાર-ગુરુએ ભોજન માટે અનુમતિ આપેલો, અત્યંત પ્રબળ-સત્ત્વવાળો (ક્ષપક તેની) આગળ મૂકેલાં અશનાદિ દ્રવ્યોને જોઈને, સ્પર્શ કરીને, સૂંઘીને અથવા તેને ગ્રહણ કરીને, (ભોગવવાના) કુતૂહલથી (ઈચ્છાથી) મુક્ત થએલો આ પ્રમાણે સમ્યગ્ વિચારે. (૫૪૨૦-૨૧) અનાદિ આ સંસારરૂપી અટવીમાં અનંતીવાર ભમતા એવા મેં વાંછિત શું નથી ભોગવ્યું? શું નથી સ્પર્શ્યું? શું નથી સૂંઘ્યું? અથવા મને શું શું નથી મળ્યું? તો પણ આ પાપી જીવને લેશ માત્ર પણ જે તૃપ્તિ ન થઈ, તે તૃપ્તિ શું હવે થશે? માટે સંસારના કાંઠે પહોંચેલા મારે આ દ્રવ્યોથી શું (પ્રયોજન)?-એમ ચિંતવતો કોઈ સંવેગમાં તત્પર બને. (૫૪૨૨ થી ૨૪) કોઈ (લેશ) આસ્વાદન કરીને (ચાખીને) (હવે) કાંઠે પહોંચેલા મારે આ દ્રવ્યોથી શું?-એમ વૈરાગ્યને અનુસરતો સંવેગમાં દૃઢ બને. (૫૪૨૫) કોઈ થોડું ખાઈને (ખેદ કરતો) હા હા! મારે હવે આ દ્રવ્યોથી શું?-એમ વૈરાગ્યને અનુસરતો સંવેગમાં પરાયણ બને, (૫૪૨૬) કોઈ સંપૂર્ણ ખાઈને (પશ્ચાત્તાપ કરતો) ધિક્ ધિક્! મારે હવે આ દ્રવ્યોથી શું?-એમ વૈરાગ્યને અનુસરતો સંવેગમાં દૃઢ બને, (૫૪૨૭) અને કોઈ તેને (આયઇન્તા=) ખાઈને જો મનપસંદ રસમાં રસિક બનેલા ચિત્તપરિણામવાળો તેમાં (ભોજનમાં) જ સર્વથી અથવા દેશથી આસક્તિ કરે, (૫૪૨૮) (તો) તે ક્ષપકને પુનઃ પણ સમજાવવા માટે ગુરુ, રસાસક્તિને દૂર કરનારાં આહ્લાદક વચનોથી ધર્મોપદેશ કરે. (૫૪૨૯) કેવળ ધર્મોપદેશને જ ન કરે, કિન્તુ તેને ભય પમાડવા માટે સૂક્ષ્મ પણ ગૃદ્ધિરૂપી શલ્યનાં (ભાવિ) કષ્ટોને આ પ્રમાણે જણાવે. (૫૪૩૦) ભૂખ્યા (આ) જીવે ખાધેલો આહાર, હિમવંતપર્વત, મલયપર્વત, મેરુપર્વત અને (સઘળા) દ્વીપો, સમુદ્રો તથા પૃથ્વી જેવડા ઢગથી પણ અધિકતર થાય. (૫૪૩૧) આ સંસારચક્રમાં (ભમતા) તે સઘળાંય પુદ્ગલોને ઘણીવાર ભોગવ્યાં અને (શરીરરૂપે) પરિણમાવ્યાં, તો પણ તું તૃપ્ત ન થયો. (૫૪૩૨) પાપી આહારના કારણે તૂર્ત સર્વ નરકોમાં જઈને (ત્યાંથી) અતિ ઘણી વાર સર્વ મ્લેચ્છ જાતિઓમાં (પણ) ઉત્પન્ન થયો. (૫૪૩૩) આહારના નિમિત્તે (તંદુલિયા) મચ્છો (અણુત્તરં=) છેલ્લી (સાતમી) નરકમાં જાય છે, તેથી (હે ક્ષપક!) તું આહારની સર્વ ક્રિયાને મનથી પણ ઈચ્છીશ નહિ. (૫૪૩૪) તૃણ અને કાષ્ઠોથી જેમ અગ્નિ, કે હજારો નદીઓથી લવણસમુદ્ર (ધરાય નહિ), તેમ ભોજનક્રિયાથી આ જીવને તૃપ્ત કરવો શક્ય નથી. (૫૪૩૫) ગરમીના તાપથી પીડાએલા (જીવે) નિશ્ચે આ સંસારમાં જેટલું જળ પીધું છે, તેટલું (જળ) સઘળા કૂવાઓમાં, તળાવોમાં, નદીઓમાં અને સમુદ્રોમાં પણ ન હોય. (૫૪૩૬) આ અનંત સંસારમાં અન્ય અન્ય માતાઓનું જે સ્તનનું દૂધ પીધું. તે (પણ) સમુદ્રના પાણીથી અધિકતર થાય, (૫૪૩૭) અને સ્વાદિષ્ટ ઘૃતસમુદ્ર, ક્ષીરસમુદ્ર અને ઈક્ષુરસસમુદ્ર (વગેરે) મોટા સમુદ્રોમાં (પણ) ઘણી વાર ઉત્પન્ન થયો, છતાં તે શીતળ જળથી તારી તૃષા મટી નહિ, એમ જો અનંતા પણ ભૂતકાળમાં તું

તૃપ્તિને ન પામ્યો, તો વર્તમાનમાં (**એવં ઠિયસ્સ=**) અનશનમાં રહેલા તારે આમાં ગૃદ્ધિ કરવાથી શું ? (**૫૪૩૮–૩૯**) જેમ જેમ ગૃદ્ધિ કરાય, તેમ તેમ જીવોને અવિરતિની વૃદ્ધિ થાય; જેમ જેમ તેની (અવિરતિની) વૃદ્ધિ થાય, તેમ તેમ તે નિમિત્તે કર્મબંધ થાય. તેનાથી સંસાર અને તે સંસારમાં દુઃખોની પરંપરા (વધે.) એમ સર્વ દુઃખોનું કારણ રસગૃદ્ધિ છે. તે કારણે સંસારી જીવોને સઘળાં દુઃખોની પીડાનું, ગર્વનું અને અપમાનનું મૂળ–કારણ આ રસગૃદ્ધિ જ જાણવી. (**૫૪૪૦ થી ૪૨**) એ રીતે જ્ઞાનાદિ ગુણોથી ગુરુ ( મહાન્ ) અને દીર્ઘ દુઃખોરૂપી વૃક્ષોને ( મૂળથી ) છેદનારા, એવા ગુરુએ ગૃદ્ધિરૂપ–શલ્યનાં વિવિધ કષ્ટોને સારી રીતે જણાવવાથી, ભવભ્રમણનાં દુઃખોથી ડરેલો, સમ્યગ્ આરાધના કરવાની રુચિવાળો તે મહાત્મા ( ક્ષપક ) સંવેગપૂર્વક રસગૃદ્ધિનો ત્યાગ કરે. (**૫૪૪૩–૪૪**) છતાં કોઈ ( ગૃદ્ધિનાં પરિણામોને ) કહેવા છતાં કર્મના દોષથી જો ગૃદ્ધિને ન તજે, તો તેવી પ્રકૃતિને હિતકર એવું નિર્દોષ ભોજન ( તેને ) આપવું. (**૫૪૪૫**) તેના ભોજનની પ્રાપ્તિ ન થાય તો માગણી કરે ( અથવા શોધે ), અને એમ છતાં જો ન મળે તો તેની સમાધિ માટે ખરીદાવવું, વગેરે ( **પયારેણ=** ) ઉપાયોથી પણ અપાવવું. (**૫૪૪૬**) માત્ર ગુરુએ એકાન્તમાં મુનિઓને શિખવાડવું કે–તમારે ક્ષપકની આગળ એમ કહેવું કે– " સંયમ યોગ્ય વસ્તુ અહીં દુર્લભ છે." (**૫૪૪૭**) પછી એ રીતે શિખવાડેલા તેઓ ક્ષપકની આગળ એ રીતે કહે અને દુઃખથી ખેદવાળા (પીડાતા હોય તેમ) પ્રતિદિન થોડું થોડું ( ઓછું ) આપે. (**૫૪૪૮**) પછી ઉચિત સમયે ગુરુ કહે કે–ભો ક્ષપક ! જો, તારા માટે દુર્લભ અશનાદિ લાવવામાં મુનિઓ કેવાં કષ્ટોને પામે છે ? (**૫૪૪૯**) તેથી પશ્ચાત્તાપને કરતો અને પ્રતિદિન એક એક કોળિયાના ત્યાગ દ્વારા ( આહારને ) ઘટાડતો, તે ક્ષપક ( પોતાને ) પૂર્વના ( મૂળ ) આહારમાં સ્થિર કરે. (**૫૪૫૦**) અને અનુક્રમે (તેને પણ ઘટાડતો ) સઘળાય આહારનો સંવર ( ત્યાગ ) કરતો ક્ષપક પોતાને પાણીના અભ્યાસથી ભાવિત કરે. ( ત્રિવિધ આહારનો ત્યાગ કરે. ) (**૫૪૫૧**) એમ મિથ્યાત્વરૂપી કમળને ( બાળવામાં ) હિમતુલ્ય અને સંવેગી એવા મનરૂપી ભમરાને માટે ખીલેલાં પુષ્પોની વનરાજીતુલ્ય, સંવેગરંગશાળા નામની આરાધનાના નવ પેટાદ્વારવાળા ત્રીજા મમત્વ વિચ્છેદદ્વારમાં છટ્ઠું હાનિ નામનું પેટાદ્વાર કહ્યું. (**૫૪૫૨–૫૩**) હવે પાણીના પોષણ દ્વારા તે ક્ષપક જે રીતે સંવર (ત્યાગ) કરે, તેને લેશ માત્ર જણાવવા દ્વારા પચ્ચક્ખાણ દ્વારને કહુ છું. (**૫૪૫૪**)

૭. **પચ્ચક્ખાણદ્વાર**–સ્વચ્છ, ( **બહલં=** ) ચોખા વગેરેનું ઓસામણ, લેપકૃત, અલેપકૃત તથા કણવાળું અને કણરહિત–એમ છ પ્રકારના પાણીને શરીરરક્ષા માટે યોગ્ય કહ્યું છે. (**૫૪૫૫**) તેમાં તલ, જવ, ઘઉં વગેરે અનાજનાં ધોવણથી નીપજેલું, ગોળ–ખાંડનાં ભાજન ધોવાથી નીપજેલું, ( આમલીનાં ધોવણ વગેરે ) ખાટું અને એવા પ્રકારનું બીજું પણ જે સ્વકાયશસ્ત્રથી કે પરકાયશસ્ત્રથી અચિત્ત થયું હોય,

તે નવ કોટિથી ( હનન, ક્રયણ કે પાચન, નહિ કરેલું નહિ કરાવેલું કે અનુમત નહિ કરેલું એવું ) અતિ વિશુદ્ધ, કેવળ ( મુધિકા=) અન્ય કોઈ આશા-અપેક્ષા વિનાના લોકોથી મળેલું, એવું પાણી સાધુઓને યોગ્ય છે. તેવા સહજ મળેલા પાણી વડે ક્ષપકમુનિ સદા સમાધિ માટે પોતાને (પરિકર્મ=) સંસ્કાર ( પોષણ ) કરે. માત્ર ખારા પાણીથી શ્લેષ્મ ( કફ વગેરેનો ) ક્ષય થાય અને પિત્ત ઉપશમે, વાયુના રક્ષણ માટે પૂર્વે કહેલો વિધિ કરવો. ( **૫૪૫૬ થી ૫૯**) પેટના મળની શુદ્ધિ માટે તિક્ત પાણીનો ત્યાગ કરીને, ક્ષપકને મધુર પાણી પાવું અને મંદ વિરેચન ( આપવું. ) (**૫૪૬૦**) એલચી, તજ, નાગકેસર અને તમાલપત્ર ( નાંખેલું ) તેમજ સાકર સહિત ઉકાળીને ઠંડુ કરેલું, એવું દૂધ સમાધિ થાય તેટલું પાઇને, પછી એ ક્ષપકને ફોફળ વગેરે દ્રવ્યોથી મધુર વિરેચન આપવું, કે જેથી જઠરાગ્નિ શાન્ત થવાથી સુખપૂર્વક સમાધિને પામે. (**૫૪૬૧-૬૨**) અથવા (ગુરુની) આજ્ઞાથી બસ્તીકર્મ વગેરેથી પણ ઉદરશુદ્ધિ કરવી, કારણ કે-( **અચ્છિંતય**=) અશાન્ત ( **કરિસ**=) અગ્નિ ( જઠરાગ્નિ ) ઉદરમાં પીડાને ઉપજાવે. (**૫૪૬૩**) પછી ક્ષપક જાવજ્જીવ ત્રિવિધે આહારના ત્યાગને ઇચ્છે ( ત્યારે ) એ નિમિત્તે નિર્યામક આચાર્ય શ્રીસંઘને આ પ્રમાણે જણાવરાવે. (**૫૪૬૪**) જાવજ્જીવ અનશન સ્વીકારવાની ઇચ્છાવાળો આ ક્ષપક મહાત્મા મસ્તકે હસ્તકમળ જોડીને તમને પાદવંદન કરે છે. અને વિનંતિ કરે છે કે-હે ભગવંત ! તમે મારા ઉપર તેવી ઉત્તમ રીતે પ્રસન્ન થાઓ ( આશિષ આપો ), કે જેથી હું ઇચ્છિત અર્થનો ( અનશનનો ) નિસ્તારક થાઉં. ( પાર પામું. ) (**૫૪૬૫-૬૬**) તે પછી પ્રસન્ન મનવાળો શ્રમણસંઘ ક્ષપકની આરાધના નિમિત્તે અને નિરુપસર્ગ નિમિત્તે કાયોત્સર્ગને કરે. (**૫૪૬૭**) અને પછી સૂરિજી સંઘસમુદાય વચ્ચે ( સમક્ષ ) ચૈત્યવંદનપૂર્વક વિધિથી ક્ષપકને ચતુર્વિધ આહારનું પચ્ચક્ખાણ કરાવે (**૫૪૬૮**) અથવા જો સમાધિ માટે આગારપૂર્વક ( પ્રારંભમાં ) ત્રિવિધ આહાર તજે, તો પછી પણ પાણીને સદાકાળ ( જાવજ્જીવ સુધી ) વોસિરાવવું. (**૫૪૬૯**) પાણીનો ઉપયોગ કરવામાં ( ગા. ૫૪૫૫ માં ) જે છ પ્રકારનું પાણી કહ્યું, તે તેને ( **ત્યારે**= ) ત્રિવિધાહારના ત્યાગમાં કલ્પે. (**૫૪૭૦**)

એમ ગુરુ પાસે ચારિત્રનો ભાર ઉપાડનારા, સદા ઉત્સુકતારહિત અને ( સર્વ ) દ્રવ્ય ક્ષેત્ર, કાળ અને ભાવમાં રાગરહિત, એવા જીવને પચ્ચક્ખાણ કરે છતે, આશ્રવનાં દ્વારો બંધ થાય અને આશ્રવનો વિચ્છેદ થવાથી તૃષ્ણાનો વ્યુચ્છેદ થાય. (**૫૪૭૧-૭૨**) તૃષ્ણાવ્યુચ્છેદથી જીવને પાપનો ઉપશમ થાય અને પાપના ઉપશમથી આવશ્યકની ( સામાયિક વગેરેની ) શુદ્ધિને પામે છે. (**૫૪૭૩**) આવશ્યક શુદ્ધિથી જીવ દર્શનશુદ્ધિને પામે છે અને દર્શનશુદ્ધિથી નિશ્ચે ચારિત્રશુદ્ધિને પામે છે. (**૫૪૭૪**) શુદ્ધ ચારિત્રવાળો જીવ ધ્યાન-અધ્યયનની શુદ્ધિને પામે છે અને ધ્યાન-અધ્યયનથી વિશુદ્ધ ( જીવ ) પરિણામની શુદ્ધિને પામે છે. (**૫૪૭૫**) પરિણામવિશુદ્ધિથી કર્મવિશુદ્ધિને પામે છે અને કર્મવિશુદ્ધિથી

વિશુદ્ધ થયેલો જીવ સર્વ દુઃખોનો ક્ષય કરીને સિદ્ધિને પામે છે (**૫૪૭૬**) એમ દુર્ગતિ-નગરના (દરવાજાને બંધ કરવામાં) પરિઘની ઉપમાવાળી, સંવેગી એવા મનરૂપી ભમરોને માટે ખીલેલાં પુષ્પોવાળી વનરાજીતુલ્ય, સંવેગરંગશાળા નામની આરાધનાના નવ પેટાદ્વારવાળા ત્રીજા મમત્વવિચ્છેદદ્વારમાં પચ્ચક્ખાણ નામનું સાતમું પેટાદ્વાર કહ્યું. (**૫૪૭૭–૭૮**) હવે પચ્ચક્ખાણ કરવા છતાં ક્ષામાપના વિના ક્ષપકની સદ્ગતિ ન થાય, તેથી ક્ષામાપનાદ્વારને કહું છું. (**૫૪૭૯**)

૮. **ક્ષમાપનાદ્વાર**–પછી નિર્યામક–આચાર્ય મધુર શબ્દોથી ક્ષપકને કહે કે–હે દેવાનુપ્રિય ! પિતાતુલ્ય, બંધુતુલ્ય અથવા મિત્રતુલ્ય, એવો ઘણા ગુણોના સમૂહરૂપ આ શ્રીસંઘ, કે જેને ત્રણ લોકને વંદનીય એવા તીર્થંકરો પણ 'નમો તિત્થસ્સ'–એમ કહીને નમ્યા છે, તે ઘણા ભવોની પરંપરાથી પ્રગટેલાં (કરેલાં) દુષ્કૃત્યો રૂપી અંધકારના (કુંડ=) સમૂહને (નાશ કરવામાં) સૂર્યતુલ્ય, મહાભાગ, શ્રીસંઘ તને ઉપકાર કરવા અહીં આવ્યો છે, તેથી ભક્તિભરપૂર મનવાળો તું આ ભગવંતને (સંઘને) પૂર્વકાલિન આશાતનાઓના સમૂહનો ત્યાગ કરવાપૂર્વક (પૂર્ણ) આદરથી ખમાવ ! (**૫૪૮૦ થી ૮૩**) પછી તે ક્ષપક ભક્તિના ભારથી નમેલા (પોતાના) મસ્તકે બે હાથથી સમ્યગ્ અંજલિ કરીને, "આપની શિખા-મણને હું ઇચ્છું છું, મને (આપે) શ્રેષ્ઠ શિખામણ આપી."–એમ ગુરુના વચનની ઉપ-બૃંહણા કરતો ત્રિકરણ શુદ્ધિથી પ્રણામ કરીને (બીજાઓને પણ) સંવેગ પ્રગટાવતો સર્વ સંઘને (આ પ્રમાણે) ખમાવે. (**૫૪૮૪–૮૫**) હે ભગવંત ! હે ભટ્ટારક ! હે ગુણરત્નોના સમુદ્ર ! હે શ્રી શ્રમણસંઘ (હે સાધુભગવંતો) ! તમને ઉદ્દેશીને મેં જે કંઇ સૂક્ષ્મ કે બાદર એવું પાપાનુબંધી પાપ આ ભવમાં કે અન્ય ભવોમાં મનથી ચિંતવ્યું હોય, વચનથી ભાખ્યું હોય કે કાયાથી કર્યું હોય, અથવા મન–વચન–કાયાથી જે કર્યું, કરાવ્યું કે અનુમોદ્યું હોય, તે સર્વ પાપને વર્તમાનમાં હું ત્રિવિધે (પાઠાં૦ **સમ્મં**=) સમ્યક્ ખમાવું છું. (**૫૪૮૬ થી ૮૮**) તમને નમસ્કાર થાઓ ! તમને નમસ્કાર થાઓ ! વારંવાર પણ ભાવથી તમને જ નમસ્કાર થાઓ ! નિશ્ચે પગમાં પડેલો હું તમને વારંવાર ખમાવું છું. (**૫૪૮૯**) ભગવંત શ્રીસંઘ મને દીનને દયા કરીને ક્ષમા કરો ! અને નિર્વિઘ્ન આરાધના માટે આશીષ આપવા તત્પર બનો ! (**૫૪૯૦**) તમને ખમાવવાથી આ જગતમાં તેવું કોઈ નથી, કે જેને મેં ન ખમાવ્યું હોય, કારણ કે–તમે નિશ્ચે સમગ્ર જીવલોકના માતા–પિતાતુલ્ય છો. (તેથી તમને ખમાવવાથી વિશ્વ સાથે ક્ષામાપના થાય છે.) (**૫૪૯૧**) આચાર્ય, ઉપાધ્યાય, શિષ્યો, સાધર્મિઓ, કુલ અને ગણ પ્રત્યે (પણ) મેં જે કોઈ કષાયો મન–વચન–કાયાથી પૂર્વે કર્યા હોય તથા કરાવ્યા હોય અને અનુમોદ્યા હોય, તે સર્વને ત્રિવિધે ખમાવું છું તથા તેઓના (વિષયમાં) પણ સર્વ અપરાધોને હું ખમાવરાવું (ખમું) છું. (**૫૪૦૨–૯૩**) શત્રુ–મિત્ર પ્રત્યે સમચિત્તવાળા અને (સર્વ) જીવો પ્રત્યે કરુણારસના એક સમુદ્ર, તે શ્રમણભગવંતો પણ અનુકંપાપાત્ર એવા મને ક્ષમા કરો ! (**૫૪૯૪**)

એમ સમ્યક્ સંવેગી મનવાળો તે બાળ-વૃદ્ધો સહિત ( સર્વ ) શ્રીસંઘને અને પછી પૂર્વે ( જેઓની સાથે ) વિરોધ થયો હોય, તેઓને સવિશેષ ખમાવે. **(૫૪૯૫)** જેમ કે પ્રમાદથી પૂર્વે જે કાંઇ પણ મેં (ભે= ) તમારા પ્રત્યે ( વિનયાદિ ) સદ્વર્તન ન કર્યું હોય, તે સર્વને વર્તમાનમાં શલ્ય અને કષાયથી રહિત હું ખમાવું છું. **(૫૪૯૬)** એમ સમતારૂપી સમુદ્રને ( વિકસાવવામાં ) **(અમય=)** ચંદ્રતુલ્ય અને સંવેગી એવા મનરૂપી ભમરાને માટે વિકાસી પુષ્પોની વનરાજીતુલ્ય સંવેગરંગશાળા નામની આરાધનાના નવ પેટાદ્વારવાળા ત્રીજા મમત્વવિચ્છેદદ્વારમાં આઠમું ક્ષમાપના નામનું પેટાદ્વાર કહ્યું. **(૫૪૯૭-૯૮)** હવે ખમાવવાયોગ્ય વર્ગને ખમાવવા છતાં સ્વયં ક્ષમા ન કરે, તો વાંછિતસિદ્ધિ ન થાય, તેથી ક્ષમણાદ્વારને કહું છું. **(૫૪૯૯)**

**૯. સ્વયં ક્ષમણાદ્વાર**:-સદ્ભાવપૂર્વક 'મિચ્છા મિદુક્કડં' દેવા વગેરેથી જે કષાયને જીતવો, તેને અહીં પરમાર્થથી શ્રેષ્ઠ ક્ષમણા કહી છે. **(૫૫૦૦)** કારણ કે-પૂર્વે બાંધેલાં તીવ્ર રસવાળાં, દીર્ઘ સ્થિતિવાળાં, આકરાં બાંધેલાં, ( નિધત્ત-નિકાચિતાદિ ) કર્મોનો નાશ આ ક્ષમણાથી જ થાય છે. **(૫૫૦૧)** એવું નિર્યામક-આચાર્ય પાસેથી સમ્યગ્ સાંભળીને સંવેગને ધારણ કરતો ક્ષપક પુનઃ પણ આ પ્રમાણે કહે. **(૫૫૦૨)** હું સર્વ અપરાધોને ખમાવું છું, ભગવંત ( સંઘ ) મને ક્ષમા કરો, હું પણ (મન-વચન-કાયાથી) શુદ્ધ થઇને ગુણના ભંડાર એવા શ્રીસંઘને ક્ષમા કરું છું. **(૫૫૦૩)** બીજાનાં જ્ઞાત કે અજ્ઞાત સઘળાં અપરાધસ્થાનોને નિશ્ચે આ ત્રિકરણ અતિ વિશુદ્ધ આત્મા એવો હું સમ્યગ્ ખમું છું. **(૫૫૦૪)** જાણતો અથવા નહિ જાણતો, બીજો મને ખમાવે કે ન ખમાવે, તો પણ ત્રિવિધ શલ્યરહિત હું સ્વયં ખમું છું. **(૫૫૦૫)** તેથી જો સામો ( પણ ) ખમે, તો ઉભય પક્ષે શ્રેષ્ઠ થાય, અને અત્યંત **(અણુસય=)** ગર્વવાળો સામો ક્ષમા ન કરી શકે, તો પણ અહંકારના સ્થાનથી ( પક્ષથી ) મુક્ત, વિકાસ પામતા પ્રશમના પ્રકર્ષ ઉપર ચઢેલો ( વધતા પ્રશમવાળો), અતિ વિશુદ્ધ ત્રણેય કરણોના સમૂહવાળો,સમતામાં ઝીલતો, ક્ષમા નહિ કરનારા પણ સામાને તેની સમ્યગ્ ક્ષમાપના કરવામાં તત્પર, ( એવો ) આ હું નિશ્ચે સ્વયં ખમું છું, કારણ કે-મારે આ કાળ ખમવાનો છે. **(૫૫૦૬ થી ૮)** હું સર્વ જીવોને ખમું છું અને તેઓ પણ સર્વે મને ક્ષમા કરો! હું સર્વ જીવો પ્રત્યે વૈરમુક્ત અને મૈત્રીમાં તત્પર છું. **(૫૫૦૯)** એમ અન્યને ખમાવતો, સ્વયં પણ ક્ષમા કરતો, વિશુદ્ધ મનવાળો ( જીવ ) શ્રી ચંડરુદ્રસૂરિની જેમ તત્કાળ કર્મક્ષયને કરે છે. **(૫૫૧૦)** તે આ પ્રમાણે-

**ખમવા-ખમાવવા વિષે ચંડરુદ્રાચાર્યનો પ્રબંધ**-ઉજ્જૈનીનગરીમાં ગીતાર્થ, પાપને તજવામાં તત્પર, ચંડરુદ્ર એવા નામથી પ્રસિદ્ધ ( થએલા ) આચાર્ય હતા. **(૫૫૧૧)** અને તે સ્વભાવે જ પ્રચંડ ક્રોધીપણાથી મુનિઓની વચ્ચે બેસવામાં અસમર્થ ( હોવાથી ) અન્ય સાધુઓથી રહિત સ્થાનમાં સ્વાધ્યાય-ધ્યાનમાં તત્પર બની પ્રયત્નપૂર્વક પોતાને ઉપશમભાવથી અત્યંત ભાવિત કરતા, ગચ્છની નિશ્રાએ રહેતા હતા. **(૫૫૧૨-૧૩)**

એક પ્રસંગે ક્રીડારસિક પ્રિય મિત્રોથી પરિવરેલો, તૂર્ત પરણેલો, શણગારથી સજ્જ, એક ધનવાનનો પુત્ર ત્રણ માર્ગવાળા ચોકમાં, ચૌટામાં તથા ચાર માર્ગવાળા ચોકમાં, (એમ સર્વત્ર) ફરતો (ત્યાં આવીને) હાંસીથી તે સાધુઓને પ્રણામ કરીને તેઓના ચરણો પાસે બેઠો. (૫૫૧૪-૧૫) પછી તેના મિત્રોએ મશ્કરીથી કહ્યું કે-હે ભગવંત! સંસારવાસથી અત્યંત ઉદ્વિગ્ન થએલો આ અમારો મિત્ર દીક્ષા લેવાને ઇચ્છે છે, તેથી જ શ્રેષ્ઠ શણગાર સજીને અહીં આવ્યો છે, માટે એને પ્રવ્રજ્યા આપો! (૫૫૧૬-૧૭) ઈંગિત આકારમાં કુશળ મુનિઓ, તેઓની મશ્કરીને સમજીને, અજાણની જેમ (કંઈજવાબ આપ્યા વિના) પોતાનાં કાર્યોને કરવા લાગ્યા. (૫૫૧૮) (છતાં) વારંવાર બોલતા તેઓ જ્યારે ચિરકાળ અટક્યા નહિ, ત્યારે આ 'દુઃશિક્ષાવાળા (મૂર્ખાઓ) ભલે શિક્ષાને પામે.'–એમ ચિંતવતા સાધુઓએ 'એકાન્તમાં બેઠેલા આ અમારા ગુરુ ચંડરુદ્ર આચાર્ય દીક્ષાને આપશે.'–એમ કહીને તેમને બતાવ્યા.(૫૫૧૯-૨૦)પછી ક્રીડા (કુતૂહળ) પ્રિય પ્રકૃતિવાળા તેઓ(ત્યાંથી)સૂરિજી પાસે ગયા અને પૂર્વની જેમ શેઠના પુત્રની દીક્ષા લેવાની ઇચ્છા જણાવી. (૫૫૨૧) તેથી 'અહા હા ! મારી સાથે પણ (આ) મહા પાપીઓ કેવી હાંસી કરે છે?–એમ ચિત્તમાં પ્રગટેલા તીવ્ર કોપવાળા સૂરિજીએ કહ્યું કે–અહો! જો એમ છે, તો મને શીઘ્ર રક્ષા (રાખોડી) આપો! અને તેના મિત્રોએ તૂર્ત જ ક્યાંયથી (રક્ષા) લાવી આપી. (૫૫૨૪ -૨૩) પછી સૂરિજીએ તે શેઠના પુત્રને મજબૂત પકડથી પકડીને શ્રી નમસ્કાર મહામંત્ર સંભળાવીને પોતાના હાથથી લોચ કરવા માંડ્યો. (૫૫૨૪) ભવિતવ્યતાવશ જ્યારે તેના મિત્રો અને તે શેઠનો પુત્ર કંઈ પણ બોલ્યા નહિ, ત્યારે તેઓએ મસ્તકનો લોચ કરી દીધો (૫૫૨૫) તે પછી શેઠના પુત્રે કહ્યું કે-ભગવંત! આટલો કાળ હાંસી હતી, પણ હવે સદ્ભાવ પ્રગટ્યો છે તેથી પ્રસાદ કરો, અને સંસારસમુદ્ર તરવામાં શ્રેષ્ઠ પ્રવહણતુલ્ય એવી મોક્ષનગરના સુખને દેનારી અને જગતગુરુ શ્રી જિનેશ્વરદેવોએ ઉપદેશેલી દીક્ષાને ભાવપૂર્વક આપો! (૫૫૨૬-૨૭) એમ કહેવાથી તે આચાર્યે તેને દીક્ષા આપી. અને વિલખા થએલા મિત્રો સ્વસ્વ સ્થાને ચાલ્યા ગયા. (૫૫૨૮) પછી તેણે કહ્યું કે–હે ભગવંત! ઘણા સ્વજનોવાળો (હોવાથી) હું અહીં નિર્વિઘ્ને ધર્મ કરવા નહિ પામું (કરી શકીશ નહિ,) તેથી બીજા ગામે જઈએ. (૫૫૨૯) ભલે, એમ થાઓ! એમ (તેના વચનને) સ્વીકારી ગુરુએ તે પછી તેને માર્ગનું નિરીક્ષણ કરવા મોકલ્યો. અને તે માર્ગ જોઈને આવ્યો. તે પછી વૃદ્ધાવસ્થાથી કંપતા તે સૂરિએ તેના ખભે જમણો હાથ મૂકીને ધીમો પાદક્ષેપ કરતાં (ધીમી ચાલે) ચાલવાનો પ્રારંભ કર્યો. (૫૫૩૦-૩૧) રાત્રે માર્ગમાં ચક્ષુબળથી રહિત તેઓ થોડી પણ પગની સ્ખલના થતાં ક્રોધાતુર થઈને નવા સાધુને વારંવાર સખ્ત તિરસ્કારે છે. (૫૫૩૨) અને "તેં આવો માર્ગ જોયો?"=એમ વારંવાર કઠોર વચન બોલતા દંડાથી મસ્તકમાં પ્રહાર કરે છે. (૫૫૩૩) ત્યારે નવદીક્ષિત છતાં તે ચિંતવે છે કે–અહો! મહા પાપના ભાજન એવા મેં આ મહાત્માને આવા દુઃખસમુદ્રમાં

નાખ્યા ? (**૫૫૩૪**) એક હું જ શિષ્યના બ્હાને ધર્મના ભંડાર એવા આ ગુરુનો પ્રત્યનીક ( શત્રુ ) બન્યો. ધિક્ ધિક્ મારા દુરાચરણને ! (**૫૫૩૫**) એમ પોતાની નિંદા કરતા તેને તેવી કોઈ ઉત્તમ ભાવના પ્રગટી, કે જેનાથી તેને નિર્મળ કેવળજ્ઞાનનો પ્રકાશ પ્રગટ્યો. (**૫૫૩૬**) તે પછી નિર્મળ કેવળજ્ઞાનરૂપ દીપકથી ત્રણ જગતનો વિસ્તાર જેને પ્રગટ ( જણાય ) છે, તેવો તે ( શિષ્ય ) તેવી રીતે ચાલવા લાગ્યો, કે જેથી ગુરુને પગની સ્ખલના ન થાય. (**૫૫૩૭**) તે પછી જ્યારે પ્રભાત થયું, ત્યારે દંડાના પ્રહારથી નીકળેલા રુધિરથી ખરડાયેલા મસ્તકવાળા શિષ્યને જોઇને ચંડરુદ્રસૂરિએ વિચાર્યું કે–અહો ! પહેલા દિનના દીક્ષિત પણ નવદીક્ષિતને આવી ક્ષમા છે અને ચિરદીક્ષિત છતાં મારું આવું આચરણ છે ? ક્ષમાગુણથી રહિત એવા મારા વિવેકને ધિક્ ધિક્ થાઓ ! નિષ્ફળ એવી મારી શ્રુતસંપત્તિને ધિક્ ધિક્ થાઓ ! અને મારા સૂરિપણાને પણ ધિક્ ધિક્ હો ! એમ સંવેગને પામેલા, શ્રેષ્ઠ ભક્તિથી તે શિષ્યને ખમાવતા, તેઓ તેવા ( ઉત્તમ ) ધ્યાનને પામ્યા, કે જે ધ્યાનથી તે કેવળી થયા. (**૫૫૩૮ થી ૪૧**) એ રીતે ખમાવવાથી અને ખમવાથી જીવ પાપસમૂહને અત્યંત ચૂરે છે, તેથી આ ક્ષામણા કરવાયોગ્ય છે, એમ આ પ્રસંગથી સર્યું. (**૫૫૪૨**) એમ ( બીજાના અપરાધોને ) ખમવામાં તત્પર એવો ક્ષાપક સર્વશ્રેષ્ઠ તપસમાધિમાં વર્તતો ઘણા ભવ સુધી પીડનારા કર્મને તોડતો વિચરે. ( આરાધનાને કરે. ) (**૫૫૪૩**) તે આ પ્રમાણે–

તીવ્ર મહામિથ્યાત્વની વાસનાથી વ્યાપ્ત અને ચિરકાળ સુધી પાપો ( કરાવવામાં ) અતિ સમર્થ, એવાં ( અઢાર ) પાપસ્થાનકોને આચરનારા, પ્રમાદરૂપી મહા મદથી મત્ત, અથવા કષાયથી કલુષિત, એવા જીવે ( પૂર્વે ) દુર્ગતિની એક પ્રાપ્તિ કરાવવામાં સમર્થ, એવા જે કંઈ પણ પાપને બાંધ્યું હોય, તેને શુદ્ધ ભાવનારૂપ પવનથી ઉત્તેજીત કરેલી તપશ્ચર્યારૂપી અગ્નિની જ્વાળાઓથી ક્ષાપક ( તપસ્વી ), સૂકાં વડનાં વૃક્ષોના સમૂહની જેમ ક્ષણમાં બાળી નાંખે છે. (**૫૫૪૪ થી ૪૬**) એમ વિઘ્નોના સમૂહનો સમ્યક્ ઘાત કરનાર શ્રી શ્રમણસંઘ વગેરેને ( સર્વ જીવોને ) ખમાવવામાં તત્પર, અને પોતે પણ શ્રી સંઘ વગેરે સર્વ પ્રાણીઓને ક્ષમા આપનાર ( ખમનાર ) આ લોક–પરલોકનાં ( બાહ્ય સુખમાં ) નિયાણા( અભિલાષા )રહિત, જીવન–મરણમાં સમાન વૃત્તિવાળો, વાસી ચંદનમાં ( અપકારી–ઉપકારી પ્રત્યે ) અને માન–અપમાનમાં સમભાવવાળો ( એવો ક્ષાપક ), પોતાના આત્માને સર્વ ગુણોથી યુક્ત એવા નિર્યામકને સોંપીને ( તેમનું શરણ કરીને ) સંથારામાં બેઠેલો સર્વથા ઉત્સુકતારહિત વિચરે. ( કાળ પસાર કરે. ) (**૫૫૪૭ થી ૪૯**) એમ પરિકર્મ કરવાપૂર્વક, અન્ય ગણમાં રહેલો, મમતાનો છેદ કરીને મોક્ષને ઇચ્છતો ( ક્ષાપક ), સમાધિ ( મરણ )ની પ્રાપ્તિ માટે ઉદ્યમ કરે. (**૫૫૫૦**)

એમ શ્રી જિનચંદ્રસૂરિએ રચેલી, સંવેગી એવા મનરૂપી ભમરાને માટે ખીલેલાં પુષ્પોની વનરાજીતુલ્ય, સંવેગરંગશાળા નામની આરાધનાના નવ પેટાદ્વારવાળા ત્રીજા

મમત્વવિચ્છેદદ્વારમાં નવમું ખમણા નામનું પેટાદ્વાર કહ્યું. (**૫૫૫૧-૫૨**) અને તે કહેવાથી મૂલ ચાર દ્વારો પૈકીનું આ મમત્વવિચ્છેદ નામનું ત્રીજું દ્વાર પણ (પૂર્ણ) કહ્યું. (**૫૫૫૩**) એમ સંવેગરંગશાળા નામની આરાધનાનું નવ પેટાદ્વારથી રચેલું મમત્વવિચ્છેદ નામનું ત્રીજું મૂળદ્વાર અહીં સમાપ્ત થયું. (**૫૫૫૪**)

એ પ્રમાણે અંતિમ દશપૂર્વી આર્ય **શ્રી વજ્રસ્વામીસૂરિ**ની શાખાની પરંપરામાં થયેલાં શ્રી જિનશાસનગગનદિનમણિ આર્ય **શ્રી વર્દ્ધમાનસૂરિ** શિષ્ય **શ્રી બુદ્ધિસાગર સૂરિ**ના શિષ્ય **શ્રી જિનચંદ્રસૂરિવરે** તેઓના લઘુગુરુભાઈ નવાંગીટીકાકાર **શ્રી અભયદેવસૂરિજી**ની પ્રાર્થનાથી પ્રાકૃત પદ્યબદ્ધ રચેલી શ્રી સંવેગરંગશાળા નામની આરાધનાવિધિના ત્રીજા મમત્વવિમોચનદ્વારનો તપગચ્છાચાર્ય, પંચાધિકશતવર્ષાયુઃ, બ્યાશી વર્ષ ચારિત્રપાલક, સંઘસ્થવિર સ્વ. દાદાગુરુ શ્રી **વિજયસિદ્ધિસૂરીશ્વરજી** શિષ્ય સ્વ. આગમપ્રજ્ઞ **શ્રી વિજયમેઘસૂરીશ્વરજી** શિષ્ય પૂજ્ય સ્વ. ગુરુદેવ **શ્રી વિજયમનોહરસૂરિ** શિષ્યાણુ આચાર્ય **શ્રી વિજય ભદ્રંકરસૂરિ** કૃત ગુર્જરભાષાનુવાદ અહીં પૂર્ણ થયો.

ઇતિ શ્રી સંવેગરંગશાળા દ્વાર ત્રીજું.

| | |
|---|---|
| વિ. સં. ૨૦૩૦–પોષદશમી<br>શ્રી પાર્શ્વજિન-જન્મકલ્યાણક | મરુધરદેશે શ્રી વરકાણા પાર્શ્વપ્રથિત<br>વરકાણાતીર્થસમીપવર્તી બીજોવાખ્યનગરે સમાપ્ત. |

卐

ॐ अर्हं नमः

।। नमोऽस्तु श्री जिनप्रवचनाय ।।

શ્રીમહાવીરસ્વામિને નમઃ । શ્રીગૌતમગણધરાય નમઃ ।
શ્રીશંખેશ્વરપાર્શ્વનાથાય નમઃ । શ્રીજિનચંદ્રસૂરિવરેભ્યો નમઃ ।
શ્રી વિજય સિદ્ધિ-મેઘ-મનોહરસૂરિગુરુવરેભ્યો નમઃ ।

# શ્રીસંવેગરંગશાળા ગ્રંથનો ગુજરાતી અનુવાદ-દ્વાર ચોથું

સાંપ્રત અતીત અનાગતા, વંદી સકળ જિનરાય ।
નમન કરું ગુરુપાદપંકજે, સમરું શારદમાય ।। ૧ ।।
શ્રી જિનચંદ્રસૂરિ રચી, શ્રી સંવેગરંગશાળ ।
ભવ્ય જીવ પ્રતિબોધવા, પ્રાકૃત વાણી રસાળ ।। ૨ ।।
તાસ દ્વાર ત્રણનો કર્યો, મેં ગુર્જર અનુવાદ ।
ચતુર્થ સમાધિદ્વારનો, કરું હવે મન આહ્લાદ ।। ૩ ।।
અલ્પમતિ ઉદ્યમ કર્યો, શ્રુતભક્તિ મન લાય ।
દોષ સુધારી મુજ પરે, કરે પાઠક સુપસાય ।। ૪ ।।
આરાધક બુદ્ધિ ધરી, જે ભણશે ભવિભાવ ।
તે લહેશે સુખસંપદા, રમતા નિજ સ્વભાવ ।। ૫ ।।
જિનવાણી અમીરસ પીતા, જે પુણ્યશાળી નિત્ય ।
મંગળ લીલા તસ ઘરે, એ જિનશાસન રીત ।। ૬ ।।

**મંગળ**–ઔષધદાનથી રોગનો ઉપશમ કરીને, તે પછી સર્વ અંગોમાં સ્વસ્થતા કરીને, ઉત્તમ વૈદ્ય જેમ પ્રસિદ્ધિને પામે, તેમ (ભવ્ય જીવોને) ધર્મરૂપ ઔષધ દેવા દ્વારા કર્મરૂપી રોગનો ઉપશમ ( નાશ ) કરીને, તે પછી સર્વાંગ નિવૃત્તિ ( નિર્વાણ ) કરીને, ત્રણ જગતમાં પ્રસિદ્ધિને પામેલા ત્રણ લોકના ચૂડામણિ, ( ભવ્ય જીવોને ) મનવાંછિત પ્રયોજનનું દાન કરવામાં એક વ્યસની, એવા શ્રી વર્ધમાનસ્વામી મને સમાધિ પ્રાપ્ત કરાવનારા થાઓ. (**૫૫૫૫-૫૬**) આત્માનું પરિકર્મ કરે, અન્ય ગચ્છમાં જાય અને મમતાને તોડે, તો પણ ક્ષપક સમાધિ વિના (**અધિગત**) પ્રસ્તુત ( સમાધિમરણરૂપ )

કાર્યને સિદ્ધ ન કરે. (૫૫૫૭) તે કારણે મમત્વવિચ્છેદને કહીને હવે 'સમાધિલાભ'–દ્વારને કહું છું. તેમાં આ નવ પેટાદ્વારો છે. (૫૫૫૮) ૧–અનુશાસ્તિ, ૨–પ્રતિપત્તિ, ૩–સારણા, ૪–કવચ, ૫–સમતા, ૬–ધ્યાન, ૭–લેશ્યા, ૮–આરાધનાનું ફળ અને ૯–(શરીરનો) ત્યાગ. (૫૫૫૯) આ વિશ્વમાં કારણના અભાવે કોઈ કાર્ય ઉત્પન્ન (સિદ્ધ) થતું નથી અને અહીં પ્રસ્તુત કાર્ય એક અત્યર્થ આરાધનારૂપ છે. (૫૫૬૦) તેનું પરમ કારણ ચતુર્વિધ આહારનું પચ્ચક્ખાણ સ્વીકારનારા ક્ષપકનો સમાધિલાભ છે અને તે અનુશાસ્તિ આપવાથી થાય છે, તેથી નિષેધ અને વિધાનરૂપ શ્રેષ્ઠ અર્થસમૂહને (તત્ત્વને) જણાવવામાં દીપકતુલ્ય એવા પહેલા અનુશાસ્તિદ્વારને વિસ્તારથી કહું છું. (૫૫૬૧–૬૨)

**૧. અનુશાસ્તિદ્વાર**–સ્વયમપિ પાપવ્યાપારના ત્યાગી અને અતિ પ્રશાન્ત ચિત્તવાળા એવા નિર્યામક ગુરુ ક્ષપકને મધુર વાણીથી કહે કે–નિશ્ચે હે દેવાનુપ્રિય ! તું આ જગતમાં ધન્ય, શુભ લક્ષણવાળો, પુણ્યની અંતિમ સીમા (સર્વાધિક પુણ્યશાળી) અને ચંદ્રસમાન (નિર્મળ) યશસંપત્તિથી સર્વ દિશાઓને ઉજ્જવળ કરનારો છે. (૫૫૬૩–૬૪) મનુષ્યજન્મના જીવનનું શ્રેષ્ઠ ફળ તેં પ્રાપ્ત કર્યું છે અને તેં દુર્ગતિના કારણભૂત (અશુભ) કર્મોને જલાંજલી આપી છે. (૫૫૬૫) કારણકે–તેં પુત્ર, સ્ત્રી વગેરે પરિવારથી શ્રેષ્ઠ એવા છતા પણ ગૃહસ્થવાસને તૃણની જેમ તજીને અત્યંત ભાવપૂર્વક શ્રી ભાગવતી શ્રેષ્ઠ દીક્ષાને સ્વીકારી અને તેને દીર્ઘકાળ પાળી. હવે ધીર એવો તું સામાન્ય મનુષ્યને સાંભળવા માત્રથી પણ ચિત્તમાં અતિ ક્ષોભ પ્રગટાવે તેવા અતિ દુષ્કર આ અનશનને સ્વીકારીને આ રીતે અપ્રમત્ત ચિત્તપણે વર્તે છે. (૫૫૬૬ થી ૬૮) એ રીતે વર્તતા તને સવિશેષ ગુણોને સાધવામાં સમર્થ અને દુર્ગતિને પૂંઠ અપાવનારી (ભગાડનારી) એવી કંઈક શિખામણ આપું છું. (૫૫૬૯) એ શિખામણમાં ત્યાજ્ય વસ્તુવિષયનાં પાંચ અને કરણીય વસ્તુવિષયનાં તેર દ્વારો જાણવાં. (૫૫૭૦) તે આ પ્રમાણે. ૧–અઢાર પાપસ્થાનકો, ૨–આઠ મદસ્થાનકો, ૩–ક્રોધાદિ કષાયો, ૪–પ્રમાદો અને ૫–વિઘ્નોના ત્યાગનું દ્વાર (એ પાંચ નિષેધદ્વારો છે), તથા ૬–સમ્યક્ત્વમાં સ્થિરતા, ૭ શ્રી અરિહંતાદિ છ પ્રત્યે ભક્તિભાવ, ૮–પંચ (પરમેષ્ઠિ) નમસ્કારમાં તત્પરતા, ૯–(પાઠાં૦. સંમનાણો.) સમ્યગ્જ્ઞાનનો ઉપયોગ, ૧૦–પાંચ મહાવ્રતોની રક્ષા ૧૧–ક્ષપકને ચાર શરણનો સ્વીકાર, ૧૨–દુષ્કૃતની ગર્હા કરવી, ૧૩–સુકૃતની અનુમોદના કરવી, ૧૪–બાર ભાવનાથી ભાવિત થવું, ૧૫–શીયળ પાળવું, ૧૬-ઇન્દ્રિયોનું દમન કરવું, ૧૭–તપમાં ઉદ્યમીપણું અને ૧૮–નિઃશલ્યતા, (૫૫૭૧ થી ૭૪) એમ અનુશાસ્તિદ્વારમાં નિષેધ અને વિધાનરૂપે અઢાર પેટાદ્વારોના નામ માત્ર જણાવ્યાં. (૫૫૭૫) હવે નિજનિજ ક્રમે આવેલા તે દ્વારોને જ સિદ્ધાન્તથી સિદ્ધ એવાં દૃષ્ટાન્તો, યુક્તિઓ અને પરમાર્થથી યુક્ત એવા વિસ્તારથી કહીશ. (૫૫૭૬) તેમાં હવે પહેલું અઢાર પેટાદ્વારવાળું અઢાર પાપસ્થાનકોનું દ્વાર હું કહું છું. (૫૫૭૭)

**૧ અઢાર પાપસ્થાનક નામનું પેટાદ્વાર**-જીવને (पसंयई=) કર્મરજથી ખરડે, (अवगुंडई=) મલિન કરે, તે કારણે તેને પાપ કહેવાય છે. તેનાં આ અઢાર સ્થાનકો એટલે પદો (વિષયો) છે. **(૫૫૭૮)** ૧-પ્રાણીવધ, ૨-અલિકવચન, ૩-અદત્તગ્રહણ, ૪-મૈથુનસેવન, ૫-પરિગ્રહ, ૬-ક્રોધ, ૭-માન, ૮-માયા, ૯-લોભ, ૧૦-પ્રેમ (રાગ), ૧૧-દ્વેષ, ૧૨-કલહ, ૧૩-અભ્યાખ્યાન, ૧૪-અરતિ-રતિ, ૧૫-પૈશુન્ય, ૧૬-પરપરિવાદ, ૧૭-માયામૃષાવચન અને ૧૮-મિથ્યાદર્શનશલ્ય. **(૫૫૭૯-૮૦)** તેમાં પહેલું-

**૧. પ્રાણીવધ**-ઉચ્છ્વાસ વગેરે પ્રાણો તેઓને છે, તેથી જીવોને પ્રાણીઓ કહેવાય છે. તે પ્રાણોનો વધ એટલે વિધ્વંસ (વિયોગ) તેને પ્રાણીવધ કહેલો છે અને તે નરકનો માર્ગ છે. **(૫૫૮૧)** નિર્દયતા ધર્મધ્યાનરૂપી કમળોના વનનો નાશ કરનારી, આકસ્મિક પ્રચંડ હિમની વૃષ્ટિ, અથવા અગ્નિના મોટા ચુલ્લીના (ચૂલાના) (**परिक्खेव=**) ઘેરાવારૂપ છે, **(૫૫૮૨)** તથા આર્ત્ત-રૌદ્રધ્યાનરૂપી તૃણના અંકુરોને ઉગાડનારી વર્ષાનો આરંભ છે, અપકીર્તિરૂપી વેલડીના વિસ્તાર માટે મોટી પાણીની નીક છે, **(૫૫૮૩)** પ્રસન્ન વચન-મનવાળા મનુષ્યોના દેશોમાં શત્રુસૈન્યના આગમનું શ્રવણ છે, તથા અસહનતા અને અવિરતિરૂપ રતિ અને પ્રીતિનો કામદેવ (પતિ) છે. **(૫૫૮૪)** મોટા પ્રાણીઓ (માનવો) રૂપી પતંગીઆના સમૂહનો (નાશ કરનાર) પ્રજ્વલિત દીપકનું પાત્ર છે. અતિ ઉત્કટ પાપરૂપી કાદવવાળા સમુદ્રનું અતિ ઊંડું તળિયું છે. **(૫૫૮૫)** અત્યંત દુર્ગમ એવી દુર્ગતિરૂપ પર્વતની ગુફાનું મોઢું (**પાઠાં૦ પવેસમુહં=**) પ્રવેશદ્વાર છે. સંસારરૂપી ભઠ્ઠીમાં તપેલા ઘણા પ્રાણીઓને લોખંડના ઘણથી (મોગરથી) કૂટવાની (**અહિગરણી=**) એરણ છે. **(૫૫૮૬)** ક્ષમા વગેરે ગુણોરૂપ (અનાજના) કણીઆઓને દળવા માટે મજબૂત ઘરંટી છે, તથા નરકભૂમિરૂપ દ્રહમાં (અથવા નરકરૂપ ભોંયરામાં) ઊતરવા માટે સરળ નિસરણી છે. **(૫૫૮૭)** પ્રાણીવધમાં આસક્ત જીવ આ ભવમાં જ વારંવાર વધ, બંધન, જેલ, ધનનો નાશ, પીડા અને મરણને પામે છે. **(૫૫૮૮)** જીવદયાથી રહિત દીક્ષા, દેવપૂજા, દાન, ધ્યાન, તપ, વિનય વગેરે સર્વ ક્રિયાઓ નિરર્થક બને છે. **(૫૫૮૯)** જો ગૌહત્યા, બ્રહ્મહત્યા અને સ્ત્રીહત્યાની નિવૃત્તિથી પરમ ધર્મ થાય, તો સર્વ જીવોની રક્ષાથી (થતો) તે ધર્મ તેનાથી પણ ઉત્કૃષ્ટ કેમ ન થાય! **(૫૫૯૦)** આ સંસારચક્રમાં ફરતા) જીવે સર્વ જીવોની સાથે સઘળાય સંબંધો કર્યા છે, તેથી જીવોને મારનાર (તત્ત્વથી પોતાના) સર્વ સંબંધીઓને મારે છે. **(૫૫૯૧)** જે એક પણ જીવને મારે છે, તે ક્રોડો જન્મો સુધી ઘણી વાર મરાતો ઘણા પ્રકારે મરે છે. **(૫૫૯૨)** ચારેય ગતિમાં રહેલા (ફરતા) જીવોને જેટલાં દુઃખો ઉત્પન્ન થાય છે, તે સર્વ હિંસાનાં ફળો છે, એને સમ્યગ્ સમજો! **(૫૫૯૩)** જીવવધ તે પોતાનો વધ છે અને જીવદયા તે પોતાની દયા છે. તેથી આત્માર્થીઓએ સર્વ જીવોની (સર્વથા સર્વ) હિંસાને તજી છે. **(૫૫૯૪)** વિવિધ યોનિઓમાં રહેલા મરણના દુઃખથી પીડાતા જીવોને જોઇને બુદ્ધિમાન

તેને ન હણે, માત્ર (સર્વને) પોતાની ઉપમાની (તુલ્ય) જુએ. (૫૫૯૫) કાંટાથી વિંધાએલા પણ જીવને તીવ્ર વેદના થાય છે, તો તીર, ભાલો વગેરે શસ્ત્રોથી હણાતા જીવને કેટલી કેવી પીડા થાય? (૫૫૯૬) હાથમાં રહેલા શસ્ત્રવાળા હિંસકને આવતો જોઈને (પણ) વિષાદ અને ભયથી વ્યાકુળ બનેલો જીવ કંપે છે. નિશ્ચે લોકમાં મરણ-તુલ્ય ભય નથી. (૫૫૯૭) 'મર'–એમ કહેતાં પણ જીવને જો આકરું દુઃખ થાય છે, તો તીક્ષ્ણ શસ્ત્રોના પ્રહાર વડે મરાતાને શું (ન થાય)? (૫૫૯૮) જે જીવ જ્યાં (જે શરીર વગેરેમાં જન્મે છે, ત્યાં જ રાગ કરે છે, તેથી સંતો જીવોમાં નિત્ય દયાને જ કરે છે. (૫૫૯૯) અભયદાનતુલ્ય બીજું કોઈ મોટું દાન સમગ્ર જગતમાં પણ નથી. તેથી જે તેને દેનારો છે, તે જ સાચો દાનવતી (અથવા દાનપતિ-દાતાર) છે. (૫૬૦૦) આ જગતમાં મરતા જીવને જો ક્રોડ ધન અને (બીજી બાજુ) જીવિત આપવામાં આવે, તો જીવનને ઇચ્છતો જીવ ક્રોડ ધનને ન સ્વીકારે. (૫૬૦૧) જેમ રાજા પણ મરણ આવે છતે પૃથ્વીને (સમગ્ર રાજ્યને) આપે છે, તેમ જે અમૂલ્ય એવા જીવિતને આપે છે તે આ જીવલોકમાં અભયદાનનો દાતા છે. (૫૬૦૨) છે. ધાર્મિક છે, વિનીત છે, ઉત્તમ વિદ્વાન છે, ચતુર છે, પવિત્ર છે અને વિવેકી છે, કે જે અન્ય જીવોમાં સુખ–દુઃખને પોતાની ઉપમાથી માપે છે. (પોતાનાં) માને છે. (૫૬૦૩) પોતાનું મરણ આવેલું જોઈને (જે) મહા દુઃખ થાય છે, તેના અનુમાનથી સર્વ પણ જીવોને જોવા જોઈએ. (૫૬૦૪) જે પોતાને અનિષ્ટ (હોય), તે બીજાઓને પણ સર્વથા ન કરવું. (કારણ કે–) આ ભવમાં જેવું કરાય, તેવું જ ફળ મર્યા પછી પણ (મળે છે.) (૫૬૦૫) સમગ્ર જગતમાં પણ જીવોને પ્રાણોથી પણ (અધિક) પ્રિય કાંઈ નથી, તેથી પોતાના દૃષ્ટાન્તથી તેઓ પ્રત્યે દયા જ કરવી જોઈએ. (૫૬૦૬) જે મનુષ્ય જે રીતે જે નિમિત્તોથી જે પ્રકારે પાપ કરે છે, તે તેનું ફળ પણ તે જ ક્રમે (તેવું) ઘણી વાર પામે છે. (૫૬૦૭) જેમ આ ભવમાં દાતાર અથવા લૂંટારો તે પ્રકારના જ ફળને પામે છે, તેમ સુખ–દુઃખને આપનારો પણ પુણ્યને અને પાપને પ્રાપ્ત કરે છે. (૫૬૦૮) જેઓ દુષ્ટ મન, વચન અને કાયારૂપી શસ્ત્રોથી જીવોની હિંસા કરે છે, તેઓ (બીજાઓનાં) તે જ શસ્ત્રોથી દશગુણાથી માંડીને અનંતગુણા પણ હણાય છે. (૫૬૦૯) જે હિંસકો ભયંકર એવા સંસારનો ક્ષય કરવામાં દક્ષ (સમર્થ) એવી દયાને સમજતા નથી, તેઓની ઉપર ગર્જના કરતો ભયંકર પાપરૂપી વજ્રાગ્નિ પડે છે. (૫૬૧૦) તેથી હે ભાઈ! સાચું કહું છું કે–હિંસા સર્વથા વર્જવાયોગ્ય છે. જો હિંસાને તજી, તો દુર્ગતિને પણ તજી જ (સમજવી.) (૫૬૧૧) જેમ લોખંડનો ગોળો પાણીમાં પડે (છેક તળિયે જાય), તેમ હિંસાથી પ્રગટાવેલા પાપના ભારથી ભારે થએલા જીવો (છેક નીચે) નરકમાં પડે છે. (૫૬૧૨) અને જેઓ આ લોકમાં જીવો પ્રત્યે વિશુદ્ધ જીવદયાને સમ્યક્ કરે છે, તેઓ સ્વર્ગમાં મંગળ ગીત અને વાજિંત્રોના શબ્દશ્રવણનાં સુખને દેનારાં, અપ્સરાઓના સમૂહથી ભરેલાં અને રત્નના પ્રકાશવાળાં, એવા શ્રેષ્ઠ વિમા-

નોમાં યથાચિંતિત ( ચિંતન માત્રથી ) પ્રાપ્ત થતા સકળ વિષયોવાળા દેવો થાય છે, (**૫૬૧૩-૧૪**) અને ત્યાંથી ચ્યવીને પણ અસાધારણ સંપત્તિના વિસ્તારથી ઉજ્જ્વળ યશવાળાં ઉત્તમ કુળોમાં જ જન્મે છે. (**૫૬૧૫**) દયાના પ્રભાવથી તેઓ જગતના સકળ જીવોને સુખ આપનારા, દીર્ઘાયુષી, નીરોગી, નિત્ય શોક-સંતાપ વિનાના અને કાયક્લેશથી રહિત મનુષ્યો થાય છે. તેઓ (**વિકલાઙ્ગા=**) હીન અંગોવાળા, પાંગળા, (**વટભા=**) મોટા પેટવાળા, કૂબડા, ( **વામણા=** ) ઠીંગણા, લાવણ્યરહિત અને રૂપરહિત થતા નથી. (**૫૬૧૬-૧૭**) વળી દયાધર્મને કરવાથી મનુષ્યો સુંદર રૂપવાળા, સૌભાગ્યશાળી, મોટા ધનિક, ગુણોથી મહાન્ અને અસાધારણ બળ, પરાક્રમ અને ગુણરત્નોથી સુશોભિત શરીરવાળા, માતાપિતા પ્રત્યે પ્રીતિવાળા, અનુરાગી સ્ત્રી-પુત્ર-મિત્રોવાળા અને કુળવૃદ્ધિને કરનારા થાય છે. (**૫૬૧૮-૧૯**) તેઓને પ્રિય મનુષ્યોની સાથે વિયોગ, અપ્રિયનો સમાગમ, ભય, માંદગી, મનની અપ્રસન્નતા તથા હાનિ (પદાર્થનો નાશ) થતી નથી. એમ પુણ્યાનુબંધી પુણ્યના પ્રભાવે તેઓને બાહ્ય-અભ્યંતર સર્વ ( સંયોગો ) સદાય અનુકૂળ જ પ્રાપ્ત થાય છે. (**૫૬૨૦-૨૧**) ( દયાળુ ) મનુષ્યો સંપૂર્ણ જૈનધર્મને ( સામગ્રીને ) પામીને અને તેને વિધિપૂર્વક આરાધીને જીવદયાના પારમાર્થિક ફળને પામે છે. (**૫૬૨૨**) એમ જેના પસાયથી પ્રાણીઓ શ્રેષ્ઠ કલ્યાણની પરંપરાને સમ્યક્ પામે છે અને પૂજ્ય બને છે, તે જીવદયા જયવંતી રહો! (**૫૬૨૩**) અથવા લૌકિકશાસ્ત્રમાં પણ આ પ્રાણીવધને નિશ્ચે પૂર્વે કહ્યો તેમ ત્યાજ્ય તરીકે કહેલો છે, તો લોકોત્તરશાસ્ત્રમાં પુનઃ શું ( કહેવું ) ? (**૫૬૨૪**) પ્રાણીવધમાં આસક્તને અને તેની વિરતિવાળાને આ ભવમાં જ દોષ અને લાભ થાય છે. એ ઉભય વિષયમાં પણ સાસુ-વહુનું તથા પુત્રીનું દૃષ્ટાન્ત આ પ્રમાણે છે-(**૫૬૨૫**)

**હિંસા-અહિંસાના વિષયમાં સાસુ-વહુ તથા પુત્રીનો પ્રબંધ**-ઘણાં મનુષ્યોવાળા અને ઘણા ધનવાળા, તથા શત્રુસૈન્ય, ચોરો કે મરકીનો ભય ( કદાપિ જ્યાં ) જોયો નથી, તે શંખપુરનગરમાં બળ નામે રાજા હતો (**૫૬૨૬**) તે રાજાને પ્રીતિનું પાત્ર અને સકળ ધનવાનોને ( **પાઠાં૦** વેપારી લોકને ) માનનીય, એવો સર્વત્ર પ્રસિદ્ધ સાગરદત્ત નામે નગરશેઠ હતો. (**૫૬૨૭**) તે શેઠને સંપદા( લક્ષ્મી ) નામે સ્ત્રી હતી. તેઓને મુનિચંદ્ર નામે પુત્ર, બંધુમતી નામે પુત્રી અને થાવર નામે ( **ચેડ=** ) બાળ નોકર હતો. (**૫૬૨૮**) તે નગરની નજીકમાં વટપ્રદ નામના પોતાના ગોકુલમાં જઈને શેઠ પોતાની ગાયોના સમૂહને સંભાળતા હતા. (**૫૬૨૯**) દર મહિને (શેઠ) ત્યાંથી ઘી-દૂધથી ભરેલાં ગાડાં લાવે છે અને સ્વજનોને, મિત્રોને તથા દીન-દરિદ્ર મનુષ્યોને આપે છે. (**૫૬૩૦**) બંધુમતી પણ શ્રી જિનેશ્વરદેવના ધર્મને સાંભળીને હિંસાદિ પાપસ્થાનકોની વિરતિવાળી પ્રશમગુણવાળી શ્રાવિકા થઈ. (**૫૬૩૧**) પછી જીવનનું ઇન્દ્રધનુષ્ય જેવું ચંચળપણું હોવાથી, ક્રમશઃ સાગરદત્ત શેઠ કોઈ એક દિવસે મરણને પામ્યો. (**૫૬૩૨**) અને નાગરિકો તથા

સ્વજનોએ તેના ( નગરશેઠના ) સ્થાને સ્થાપેલો મુનિચંદ્ર સ્વ-પરનાં સઘળાં પણ કાર્યોમાં પૂર્વપદ્ધતિથી વર્તવા લાગ્યો. (૫૬૩૩) થાવર ( પણ ) પૂર્વપદ્ધતિથી તેને બહુમાન બતાવે છે અને મિત્રની જેમ, પુત્રની જેમ તથા સ્વજનની જેમ ઘરનાં કાર્યો સંભાળે છે. (૫૬૩૪) માત્ર કામની પીડાથી વ્યાકુળ એવી દુશીલ સંપદા સ્ત્રીસ્વભાવથી, વિવેકશૂન્યતાથી તેને જોઇને ચિંતવે છે કે- એકાન્તમાં રહેલી હું કયા ઉપાયથી આની સાથે કોઈની રોક-ટોક વિના, વિઘ્નરહિત વિષયસુખને ભોગવીશ ? (૫૬૩૫-૩૬) અથવા કેવી રીતે આ મુનિચંદ્રને મારી નાખીને આ થાવરને ધન-સુવર્ણથી ભરેલા મારા ઘરનો પણ માલિક બનાવીશ ? (૫૬૩૭) એમ વિચારતી તે સ્નાન-ભોજનાદિ વડે થાવરની સવિશેષ સેવા કરે છે. અહા હા ! ( કેવી ) પાપી સ્ત્રીઓની દુષ્ટતા ? (૫૬૩૮) તેના આશયને નહિ જાણતો થાવર, તેને તે રીતે વર્તતી જોઇને એમ માને છે-કે આ રીતે મારું માતાપણું કરે છે ( મને પુત્રતુલ્ય માને છે ). (૫૬૩૯) પછી લજ્જાને છોડીને અને પોતાના કુળની મર્યાદાને દૂર ફેંકીને, તેણીએ એકાન્તમાં સર્વ આદરપૂર્વક તેને આત્મા સોંપ્યો ( હૃદયને ખોલ્યું ) અને કહ્યું -હે ભદ્ર ! મુનિચંદ્રને મારી નાખીને આ ઘરમાં માલિકની જેમ વિશ્વસ્ત તું મારી સાથે ભોગોને ભોગવ. (૫૬૪૦-૪૧) તેણે પૂછ્યું કે-આ મુનિચંદ્રને કેવી રીતે મારવો ? તેણીએ કહ્યું કે-હું તેને અને તને ગોકુળની સંભાળ માટે જ્યારે મોકલીશ, ત્યારે માર્ગમાં તું તલવારથી તેને હણજે. તેણે એ સ્વીકાર્યું. નિર્લજ્જોને શું અકરણીય છે ? (૫૬૪૨-૪૩) આ હકીકત બંધુમતીએ સાંભળી અને સ્નેહથી તે જ ક્ષણે ઘરમાં આવતા ભાઇને કહી. (૫૬૪૪) તેણીને મૌન કરાવીને મુનિચંદ્ર ઘરમાં આવ્યો અને માતા પણ કપટથી અત્યંત રડવા લાગી. (૫૬૪૫) તેણે પૂછ્યું કે-હે માતા ! કેમ રડે છે ? તેણીએ કહ્યું કે-પુત્ર ! નિજકાર્યોને સીદાતાં જોઇને રડું છું. (૫૬૪૬) તારો પિતા જ્યારે જીવતો હતો, ત્યારે નિયમા માસ પૂર્ણ થતાં જઇને ગોકુળમાંથી ઘી-દૂધ લાવીને આપતો. (૫૬૪૭) હે પુત્ર ! તું તો હવે અત્યંત પ્રમાદવશ થયો છતો ગોકુળની લેશ પણ સંભાળ કરતો નથી. કહે, કોને કહું ? (૫૬૪૮) તેણે કહ્યું કે માતા ! રડીશ નહિ, હું સ્વયં પ્રભાતે થાવરની સાથે ગોકુળમાં જઇશ, તું શોકને છોડી દે ! (૫૬૪૯) એમ સાંભળીને પ્રસન્ન થએલી તે મૌન કરીને રહી. પછી બીજા દિવસે ઘોડા ઉપર બેસીને તે થાવરની સાથે ચાલ્યો. (૫૬૫૦) અને (માર્ગે) જતાં થાવર વિચારવા લાગ્યો કે-જો કોઈ રીતે મુનિચંદ્ર આગળ ચાલે, તો તલવારથી હું તેને તૂર્ત મારી નાખું. (૫૬૫૧) મુનિચંદ્ર પણ બ્હેને કહેલી હકીકતને વિચારતો અપ્રમત્તપણે માર્ગમાં તેની ( યમલ= ) સાથે ( બાજુમાં ) જ ચાલવા લાગ્યો. (૫૬૫૨) પછી વિષમ ગર્તાનો પ્રદેશ ( ખાડો ) આવ્યો, ત્યારે ઘોડાને ચાબૂકના પ્રહારથી માર્યો અને ( ઘોડો ) આગળ ચાલવા લાગ્યો. (૫૬૫૩) અને મુનિચંદ્ર જ્યારે શંકાપૂર્વક જવા લાગ્યો, ત્યારે પૂંઠે રહેલા તેણે તેને મારવા માટે તલવાર ( મ્યાનમાંથી ) ખેંચવા માંડી. (૫૬૫૪) મુનિચંદ્રે ( તેનો ) તેવો

પકડાયો જોયો તેથી તેણે ઘોડાને વેગથી દોડાવ્યો, અને તલવારના ઘાને નિષ્ફળ કર્યો. (ઘાથી બચ્યો.) (૫૬૫૫) તે ગોકુળમાં પહોંચ્યો, અને ગોકુળના રક્ષકે તેની (વિનય વગેરે) સેવા કરી. પછી (તેઓ) અન્ય અન્ય વાતો કરતા સૂર્યાસ્ત સુધી (ત્યાં) રહ્યા. (૫૬૫૬) થાવર તેને મારવા માટે હણવાના ઉપાયોને વિચારે છે અને ચિંતવે છે કે–રાત્રિએ આને અવશ્ય મારી નાખીશ. (૫૬૫૭) પછી રાત્રિએ જ્યારે પલંગને ઘરમાં પાથર્યો, ત્યારે મુનિચંદ્રે કહ્યું કે–ઘણા કાળે હું અહીં આવ્યો છું તેથી આને (પલંગને) ગાયોના વાડામાં પાથરો, કે જેથી ત્યાં રહેલો (સૂતેલો હું) સર્વ ગાયો–ભેંસોના પ્રત્યેકના સમૂહને સમ્યગ્ જોઉં (જોઈ શકું). (૫૬૫૮-૫૯) પછી નોકરલોકોએ પલંગને તે જ રીતે (વાડામાં) પાથર્યો. પછી ત્યાં રહ્યો થકો (મુનિચંદ્ર) વિચારે છે કે–હવે હું નોકરની (થાવરની) સંપૂર્ણ પ્રવૃત્તિને આજે જોઉં. (૫૬૬૦) તેને એકલો સૂતેલો જોઇને (અજ્જં=) હવે (નિવ્વયણિજ્જં) નિરપવાદ (અવર્ણવાદ વિના) સુખેથી મારી શકાશે, એમ માનીને થાવર (પણ) મનમાં પ્રસન્ન થયો. (૫૬૬૧) પછી જ્યારે લોકો સૂતા, ત્યારે મુનિચંદ્ર તીક્ષ્ણ તલવારને લઈને પોતાના પલંગમાં (ઓડી=) લાકડી અને તેની ઉપર (પડપાઉઅં=) પટનું આચ્છાદન (જોનારને પુરુષ જણાય તે રીતે) ગોઠવીને (ઢાંકીને) તેનું દુષ્ટ આચરણ જોવા અત્યંત સાવધ મનવાળો મૌન કરીને એકાન્તમાં છૂપાઇને રહ્યો. (૫૬૬૨-૬૩) ક્ષણ પછી વિશ્વાસ પામેલા થાવરે આવીને જ્યારે ત્યાં (પલંગમાં) પ્રહાર કર્યો, તે જ વેળાએ મુનિચંદ્રે તલવારથી પ્રહાર કર્યો, (૫૬૬૪) તેથી તે મરણને પામ્યો હવે એ હકીકતને છૂપાવવા માટે સઘળા પશુઓના સમૂહને વાડામાંથી બહાર લાવીને (મુનિચંદ્ર) બોલવા લાગ્યો કે–"હું હો! ભાઇઓ! દોડો દોડો! ચોરોએ ગાયોનું હરણ કર્યું અને થાવરને મારી નાખ્યો." તેથી પુરુષો સર્વત્ર દોડયા. (૫૬૬૫-૬૬) તેઓએ ગાયોને પાછી વાળી અને માન્યું કે–ચોરો નાસી ગયા. તે પછી થાવરનું સઘળુંય મૃતકાર્ય કર્યું. (૫૬૬૭) (આ બાજુ) શું થશે?–એમ ચિંતાતુર માતા જ્યારે તેને આવવાના માર્ગને જોતી હતી, ત્યારે મુનિચંદ્ર એકલો શીઘ્ર ઘેર પહોંચ્યો. (૫૬૬૮) તલવારને ઘરની ખીંટી ઉપર ટીંગાડીને આપેલા આસને બેઠો અને પત્નીએ તેના પગ ધોવા માંડયા. (૫૬૬૯) શોકાતુર માતાએ પૂછ્યું કે–હે પુત્ર! થાવર કયાં! તેણે કહ્યું કે–માતાજી! મંદ ગતિથી પાછળ આવે છે. (૫૬૭૦) બાદ ક્ષોભ પામેલી તેણે જ્યારે તલવાર સામે જોયું, ત્યારે રૂધિરની ગંધથી આવતી કીડીઓને જોઈ (૫૬૭૧) અને (સરમં=) સ્થિર દૃષ્ટિથી જોતી તેણીએ તલવારને પણ લોહીથી ખરડાયેલી જોઈ. આથી પ્રબળ ક્રોધાગ્નિથી બળતા શરીરવાળી તે પાપિણીએ તેને (મ્યાનમાંથી) બહાર કાઢીને અદૃશ્ય શરીરવાળી (ગુપ્ત રહેલી) તેણીએ કોઈ કારણે વ્યાક્ષિપ્ત(અન્ય ચિત્ત) બનેલા પુત્રનું મસ્તક તૂર્ત કાપી નાખ્યું. (૫૬૭૨-૭૩) પછી પોતાના પતિને મારવાથી પ્રગટેલા તીવ્ર ક્રોધવાળી તેની પત્નીએ બંધુમતીના દેખતાં સાંબેલાથી સાસુને મારી નાખી (૫૬૭૪) અને જીવહિંસાથી વિરાગી ચિત્તવાળી તે

(બંધુમતી) હૃદયમાં મહા સંતાપને ધારણ કરતી ઘરના એક ખૂણામાં બેઠી. (૫૬૭૫) નગરના લોકો ત્યાં આવ્યા અને તે વૃત્તાન્તને જાણીને (તેઓએ) તેણીને (બંધુમતીને) પૂછ્યું કે–કેમ તેં માતાનો નાશ કરનારી આને ન હણી? (૫૬૭૬) ત્યારે તેણીએ તે પ્રાણીવધની (પોતે કરેલી) વિરતિરૂપ અભિપ્રાય (હેતુ) જણાવ્યો, તેથી લોકોએ તેની પ્રશંસા કરી અને બીજાઓને ધિક્કાર્યા, (૫૬૭૭) પછી ઘરની સંપત્તિને રાજાએ લઈ લીધી, પુત્રવધૂને જેલમાં પૂરી અને (ઈતિરી=) બંધુમતીને પૂજી (સત્કારી). એમ પ્રાણીવધ અનર્થનું કારણ છે. (૫૬૭૮) પ્રાણીવધ નામનું આ પહેલું પાપસ્થાનક જણાવ્યું. હવે મૃષાવચન નામનું બીજું પાપસ્થાનક કહું છું. (૫૬૭૯)

**૨. અનુશાસ્તિદ્વારમાં પહેલાઅઢાર પાપસ્થાનકદ્વારમાં બીજું મૃષાવાદ-દ્વાર**–મૃષાવચન તે અવિશ્વાસરૂપ વૃક્ષોના સમૂહનો અતિ ભયંકર (**પાઠાંતર–પુંજ**) કંદ છે અને મનુષ્યોની પ્રતીતિ(વિશ્વાસ) રૂપ પર્વતના શિખર ઉપર વજ્રાગ્નિનો પાત છે. (૫૬૮૦) નિંદારૂપી વેશ્યાને(ગહણગ=) આભૂષણનું દાન છે, સુવાસનારૂપી અગ્નિમાં જળનો છંટકાવ છે અને અપયશરૂપી કુલટાને (મળવાનું) સાંકેતિક ઘર છે. (૫૬૮૧) ઉભય ભવમાં થનારી આપદાઓરૂપી કમળોને વિસ્તારનાર (વિકસાવનાર) શરદનો ચંદ્ર છે અને અતિ વિશુદ્ધ એવા ધર્મગુણોરૂપી ધાન્યસંપત્તિનો (નાશક) દુષ્ટ પવન છે. (૫૬૮૨) પૂર્વાપર વચનવિરોધરૂપ પ્રતિબિંબનો અરિસો છે અને સઘળા અનર્થોરૂપી સાર્થને માટે સાર્થપતિના મસ્તકનો મણિ (ચૂડામણિ) છે. (૫૬૮૩) વળી સત્પુરુષપણા (સજ્જનતા) રૂપી વનને બાળવા માટે અતિ તીવ્ર દાવાનળ છે, માટે સર્વ પ્રયત્નથી એનો ત્યાગ કરવો જોઈએ. (૫૬૮૪)

વળી જેમ ઝેર ભોજનનું પરમ વિનાશક છે અને જરા યૌવનની પરમ ઘાતક છે, તેમ અસત્ય પણ નિશ્ચે સર્વ ધર્મનું વિનાશક જાણવું. (૫૬૮૫) ભલે, જટાધારી, શિખાધારી, મુંડ, વૃક્ષોની છાલનાં વસ્ત્રો ધારણ કરનાર કે નગ્ન હોય, તો પણ અસત્યવાદી લોકમાં પાખંડી અને ચંડાળ કહેવાય છે. (૫૬૮૬) એક વાર પણ બોલેલું અસત્ય ઘણી વાર બોલેલાં સત્ય વચનોને નાશ (મિથ્યા) કરે છે અને એ રીતે જો સત્ય બોલે, તો પણ તે મૃષાવાદીમાં તો અવિશ્વાસ જ થાય છે. (૫૬૮૭) (માટે) મૃષા બોલવું નહિ, કારણ કે–લોકોમાં અસત્યવાદી નિંદાય છે અને પોતાના પ્રત્યે અવિશ્વાસ પ્રગટાવે છે. (૫૬૮૮) રાજા પણ મૃષાવાદીનાં દુષ્ટ વર્તનને જોઈને જીહ્વાછેદ વગેરે સખ્ત દંડ કરાવે છે. (૫૬૮૯) મૃષાભાષણથી થયેલા પાપથી જીવને આ ભવમાં અપકીર્તિ અને પરલોકમાં સર્વ અધમગતિ થાય છે. (૫૬૯૦) (માટે) પરલોકની આરાધનાના એક ચિત્તવાળો (આત્મા) ક્રોધથી, માનથી, માયાથી, લોભથી, હાસ્યથી કે ભયથી (પણ) મૃષાવચનને બોલતો નથી. (૫૬૯૧) ઈર્ષ્યા અને કષાયથી ભરેલો બીચારો મનુષ્ય મૃષાભાષણથી બીજાનો ઉપઘાત કરતાં (તેવું) જાણતો નથી કે–હું મારો જ ઘાત કરું છું. (૫૬૯૨) (મૃષાવાદી)(ઉક્કોડા=)

લાંચ લેવામાં રક્ત છે, કૂટસાક્ષી ભરનાર છે, મૃષાવાદી છે, વગેરે (લોકના) ધિક્કારરૂપી મોગરથી હણાયેલો મહા ભયંકર નરકમાં પડે છે. (૫૬૯૩) (તેમાં) લાંચ લેવામાં રક્ત મનુષ્યને કીર્તિ, પોતાનું પ્રયોજન, મનની શાન્તિ કે ધર્મ થતો નથી, કિન્તુ દુર્ગતિગમન જ થાય છે. (૫૬૯૪) ખોટી સાક્ષી કરનારો પોતાના શિયળનો (સદાચારનો), કુળનો લજ્જાનો, મર્યાદાનો, યશનો, જાતિનો, ન્યાયનો. શાસ્ત્રનો અને ધર્મનો ત્યાગ કરે છે, (૫૬૯૫) તથા મૃષાવાદીપણાથી (જીવો) વિકલ ઇન્દ્રિયોવાળા, જડ, મુંગા, હીન ( ખરાબ ) સ્વરવાળા, ગંધાતા મુખવાળા, મુખના રોગવાળા અને નિંદાપાત્ર બને છે, (૫૬૯૬) મૃષાવચન એ સ્વર્ગ અને મોક્ષના માર્ગને બંધ કરનારી સાંકળ છે, દુર્ગતિનો સરળ માર્ગ છે અને પોતાના મહિમાનું લુંપક ( નાશક ) છે. (૫૬૯૭) લોકમાં પણ સઘળા ઉત્તમ મનુષ્યોએ મૃષાવાદને સખ્ત નિંદ્યો છે, જુઠો પ્રાણીઓને અવિશ્વાસકારી છે, તેથી મૃષા બોલવું નહિ. (૫૬૯૮) જો લોકમાં પણ જે ( **સસૂગ=** ) દયાળુ હોય, તે સહસા કંઇ પણ મૃષા બોલતો નથી, છતાં જો દીક્ષિત પણ મૃષા બોલે, તો દીક્ષાથી શું ? (૫૬૯૯) સત્ય પણ તે નહિ બોલવું, કે જે કોઈ રીતે અસત્ય ( અહિત ) વચન હોય, કારણ કે–જે સત્ય પણ જીવને દુઃખજનક બને, તે સત્ય પણ અસત્યતુલ્ય છે. (૫૭૦૦) અથવા જે પરને પીડાકારક થાય, તે હાસ્યથી ( મશ્કરીથી ) પણ નહિ બોલવું. શું હાંસીથી ખાધેલું ઝેર કડવું ફળ આપનારું ન બને ? (૫૭૦૧) તેથી હે ભાઈ! સાચું કહું છું કે–નિશ્ચે મૃષાવચનને સર્વ રીતે તજવું. જો તેને તજ્યું, તો કુગતિને સર્વથા તજી જ ( એમ જાણવું. ) (૫૭૦૨) મૃષાભાષણથી પ્રાપ્ત થએલા પાપસમૂહથી ભારે જીવો જેમ લોખંડનો ગોળો પાણીમાં ડૂબે, તેમ નરકમાં ડૂબે છે. (૫૭૦૩) તેથી અસત્યને તજીને નિત્યમેવ સત્યને જ બોલવું જોઈએ, કારણ કે–તે ( સત્ય ) સ્વર્ગમાં અને મોક્ષમાં જવા માટે મનોહર વિમાન છે. (૫૭૦૪) જે વચન કીર્તિકારક, ધર્મકારક, નરકદ્વારને બંધ કરનારી સાંકળતુલ્ય સુખનું ( અથવા પુણ્યનું ) નિધાન, ગુણને પ્રગટ કરનાર તેજસ્વી દીપક, શિષ્ટપુરુષોને ઇષ્ટ અને મધુર હોય, સ્વ–પરપીડાનું નાશક, બુદ્ધિથી વિચારેલું, પ્રકૃતિએ જ સૌમ્ય ( શીતળ ), નિષ્પાપ અને કાર્યક્ષમ ( સફળ ) છે. તે વચનને સત્ય જાણવું. (૫૭૦૫–૬) એમ સત્ય વચનરૂપી મંત્રથી મંત્રેલું ઝેર પણ (મારવા) સમર્થ થઈ શકતું નથી અને ધીરપુરૂષોએ સત્ય વચનથી શાપિત કરેલો ( શ્રાપ દીધેલો ) અગ્નિ પણ બાળી શકતો નથી. (૫૭૦૭) ઉલટા માર્ગે જતી પર્વતની નદીને પણ નિશ્ચે સત્યથી અટકાવી શકાય છે અને સત્યથી શાપિત કરેલા ( શ્રાપ દીધેલા ) સર્પો પણ ખીલાની જેમ સ્થિર થઈને રહે છે. (૫૭૦૮) સત્યથી થંભાવેલો તેજસ્વી શસ્ત્રોનો સમૂહ પણ પ્રભાવરહિત બને છે અને દિવ્ય કરવાના પણ (સ્થાને=) પ્રસંગે ( દિવ્યને બદલે ) સત્ય વચન સંભળાવવાથી તૂર્ત ( મનુષ્યો ) શુદ્ધ ( નિષ્કલંક ) થાય છે. (૫૭૦૯) ધીર ( સત્યવાદી ) પુરુષો સત્ય વચનથી દેવોને પણ આવર્જિત ( વશ ) કરે છે અને સત્યથી પરાભવ પામેલા ડાકણ, પિશાચો અને ભૂતો પણ

છળી શકતા નથી. (૫૭૧૦) સત્યથી આ ભવમાં (**નિબ્ભચ્ચં**=) અનભિયોગી આભિયોગિક દેવ ન બને તેવા નિર્મળ) પુણ્યસમૂહનો સંચય (બંધ) કરીને (અન્ય ભવમાં) મહદ્ધિક દેવ બનીને ઉત્તમ મનુષ્યપણાને પામે છે અને ત્યાં આદેયનામકર્મવાળો તે સર્વત્ર માન્ય વચનવાળો, તેજસ્વી, પ્રકૃતિએ સૌમ્ય (પ્રિય), દેખતાં જ નેત્રોને સુખકારી અને સ્મરણ કરતાં મનને હરનારો તથા બોલતાં કાનને અને મનને દૂધ જેવું, મધ જેવું અથવા અમૃત જેવું (મધુર, પ્રિય અને હિતકર) (**નિસિરેઈ**=) બોલે છે. એમ સત્યથી પુરુષ (તેવી) વાણીના ગુણવાળો બને છે. (**૫૭૧૧ થી ૧૩**) સત્યથી મનુષ્ય જડ, મુંગો, તુચ્છ સ્વરવાળો, કાગડાની જેવા (અપ્રિય) સ્વરવાળો, મુખરોગી અને ગંધાતા મુખવાળો થતો નથી. (૫૭૧૪) કિન્તુ સત્યભાષી મનુષ્ય સુખીઓ, સમાધિ પામેલો, પ્રમોદથી ક્રીડા (આનંદ) કરનારો, પ્રીતિપરાયણ, પ્રશંસનીય, શુભ પ્રવૃત્તિવાળો, પરિવારને વ્હાલો, પ્રિય, (તથા) પૂર્વે (ગા. **૫૬૧૮ થી ૫૬૨૨** માં) પહેલા પાપસ્થાનકના પ્રતિપક્ષથી થનારા જે ગુણો જણાવ્યા, તે ગુણોથી અને આ ગુણોથી યુક્ત બને છે. (૫૭૧૫-૧૬) એમ જેના પસાયથી જીવો શ્રેષ્ઠ કલ્યાણની પરંપરાને પામે છે અને પૂજ્ય બને છે, તે સત્ય વાણી જયવંતી વર્તે છે. (૫૭૧૭) સત્યમાં તપ, સત્યમાં સંયમ અને સત્યમાં જ સર્વ ગુણો (રહે) છે. અતિ (દઢ) સંયમી પણ પુરુષ મૃષાવાદથી તૃણના લેશતુલ્ય (કિંમતરહિત) બને છે. (૫૭૧૮) એમ સત્યાસત્ય બોલવાના ગુણ-દોષોને જાણીને હે સુંદર! અસત્ય વચનને તજીને સત્ય વાણીને જ બોલજે. (૫૭૧૯) બીજા પાપસ્થાનકમાં વસુની જેમ સ્થાનભ્રષ્ટાદિ ઘણા દોષો અને તેના ત્યાગી જીવોને નારદની જેમ ગુણો થાય છે. (૫૭૨૦) તે આ પ્રમાણે-

**અસત્ય-સત્ય વચન વિષે-વસુ-નારદનો પ્રબંધ**-જંબૂદ્વીપ નામના દ્વીપમાં શુક્તિમતી નગરીમાં અભિચંદ્ર નામે રાજા અને તેને વસુ નામે પુત્ર હતો. (૫૭૨૧) તેને વેદ ભણવા માટે પિતાએ આદરપૂર્વક ગુણવાન ક્ષીરકદંબક નામના બ્રાહ્મણ ઉપાધ્યાયને સોંપ્યો. (૫૭૨૨) ઉપાધ્યાયનો પુત્ર પર્વત અને નારદની સાથે રાજપુત્ર વસુ વેદનાં રહસ્યોને સતત ભણવા લાગ્યો. (૫૭૨૩) અન્યદા આકાશમાર્ગે જતા અતિશય જ્ઞાની એવા મહામુનિઓએ એ ત્રણેયને જોઈને પરસ્પર કહ્યું કે-જેઓ આ વેદને ભણે છે, તેમાંના બે નીચગતિમાં જનારા અને એક ઉર્ધ્વગતિમાં જનારો છે, એમ કહીને તે તિરોહિત થયા. (૫૭૨૪-૨૫) એને સાંભળીને ક્ષીરકદંબક ઉપાધ્યાય ધિક્ ધિક્. નિરર્થક ભણાવવાથી શું ?-એમ સંવેગને પામેલા દીક્ષિત થઈને મોક્ષને પામ્યા. (૫૭૨૬) પછી અભિચંદ્ર રાજાએ પોતાની પાટે અભિષેક કરેલો વસુ રાજા થયો અને રાજ્ય ભોગવતા તેને એક પુરુષે આવીને કહ્યું કે-હે દેવ! અટવીમાં ગયેલા મેં આજે હરિણને હણવા બાણ ફેંક્યું અને તે તૂર્ત અથડાઈને પાછું પડ્યું, તેથી આશ્ચર્ય પામેલા અને (ત્યાં) હાથનો સ્પર્શ કરતા મેં એક નિર્મળ સ્ફટિકની શિલાને જોઈ. (**૫૭૨૭ થી ૨૯**) જે

શિલાના આંતરે રહેલો હરિણ સ્પષ્ટ દેખાય છે. (પછી મેં વિચાર્યું કે-) તે આશ્ચર્ય-કારક રત્ન રાજાને જ યોગ્ય છે, તેથી તમને કહેવા માટે આવ્યો છું. (૫૭૩૦) તે સાંભળીને રાજાએ તે સ્ફટિકની શિલાને ગુપ્ત રીતે મંગાવીને સિંહાસન ઘડવા માટે કારીગરોને સોંપી. (૫૭૩૧) તેનું સિંહાસન બનાવીને સભામંડપમાં સ્થાપેલા તેના ઉપર બેઠેલો રાજા આકાશતળમાં (અદ્ધર) બેઠેલા જેવો દેખાય છે. (૫૭૩૨) નગરલોક વિસ્મય પામ્યો અને શેષ રાજાઓમાં પ્રસિદ્ધિ થઈ કે-વસુરાજા સત્યના પ્રભાવે આકાશમાં (અદ્ધર) બેઠેલો રહે છે. (૫૭૩૩) અને તેવી પ્રસિદ્ધિને (સાચવવા) માટે (તેણે) તે સર્વ કારીગરોનો વિનાશ કર્યો. લોકો દૂર રહીને જ વિજ્ઞપ્તિ (વાત વગેરે) કરવા પામે (કરે) છે. (કોઈને નજીક આવવા દેતો નથી.) (૫૭૩૪) એમ (પાકાં કાલો=) સમય જાય છે અને તે પર્વત તથા નારદ (પણ) શિષ્યોને પોતપોતાના ઘેર વેદનું રહસ્ય ભણાવે છે. (૫૭૩૫) અન્ય પ્રસંગે ઘણા શિષ્યોથી પરિવરેલા નારદ પૂર્વસ્નેહથી અને પોતાના ગુરુનો પુત્ર માનીને પર્વતની પાસે ગયા. પર્વતે તેમનો વિનય કર્યો અને બન્ને વાતોમાં પડયા. પ્રસંગોપાત અતિ મૂઢ પર્વતે પૂર્વે યજ્ઞના અધિકાર સંબંધી અઘટિત વ્યાખ્યાન કરેલું. 'अजेहिं जट्ठव्वं'-એ વેદના પદને 'અજો વડે એટલે બકરાઓ વડે' યજ્ઞ કરવો, એમ પોતાના શિષ્યોને સમજાવ્યું. (૫૭૩૬ થી ૩૮) તેથી નારદે કહ્યું કે-અહીં (આ વિષયમાં) અજ એટલે ત્રણ વર્ષ વીતેલા (ફરી ઊગે નહિ તેવા જૂના) જે વ્રીહી વગેરે, તેના વડે જ યજ્ઞ કરવો, એમ ગુરુએ કહ્યું છે. (૫૭૩૯) એ વચનને પર્વતે ન માન્યું, મોટો વિસંવાદ (વિવાદ) થયો અને જે વાદમાં જીતાય (હારે), (તેની) જીભનો છેદ કરવો, એવી પ્રતિજ્ઞા કરી. (૫૭૪૦) તથા સાથે ભણેલો હોવાથી વસુરાજા (આ વિષયમાં કહે તે) પ્રમાણ, એવી વ્યવસ્થા કરી. પછી નારદને સત્યવાદી જાણીને તેની (પર્વતની) માતા ભય પામી કે-નિશ્ચે હવે મારો પુત્ર જીહ્વા-છેદથી મરણ પામશે, માટે રાજાને જણાવું, એમ માનીને તેણી વસુરાજાના ઘેર ગઈ. (૫૭૪૧-૪૨) ગુરુભાર્યા માનીને રાજાએ ઊભા થઈને વિનય કર્યો. તે પછી એકાન્તમાં તેણીએ નારદ અને પર્વતનો સઘળો વૃત્તાન્ત તેને કહ્યો. (૫૭૪૩) વસુએ કહ્યું કે-હે માતા! કહો, આમાં મારે શું કરવાનું છે? તેણીએ કહ્યું કે-મારો પુત્ર જેમ જીતે તેમ કરો. (૫૭૪૪) (તેણીના) આગ્રહી સ્વભાવપણાથી વસુરાજાએ એ પણ સ્વીકાર્યું અને બીજા દિવસે બન્ને પક્ષો તેની પાસે આવ્યા. (૫૭૪૫) સત્ય શ્રાવણા કરીને (સત્ય હકીકત સંભળાવીને) પછી નારદે કહ્યું કે-હે રાજન્! તું આ વિષયમાં ધર્મનો કાંટો છે, તું સત્યવાદીઓમાં અગ્રેસર છે, તેથી કહે કે-'અજેહિં જટ્ઠવ'-એની ગુરુએ કેવી રીતે વ્યાખ્યા કરી છે? ત્યારે પોતાના સત્યવાદીપણાની પ્રસિદ્ધિને તજીને રાજાએ કહ્યું કે-હે ભદ્ર! 'અજેહિં એટલે બકરાઓ વડે જટ્ઠવ્વં=યજ્ઞ-પૂજા કરવી'-એમ કહ્યું છે. એમ બોલતાં જ 'અતિ ખોટી સાક્ષીનો કરનાર છે'-એમ માનીને કુપિત થએલી કુળદેવીએ સ્ફટિકના સિંહાસનથી નીચે પાડીને તેને મારી નાંખ્યો અને તેની પછી બીજા પણ તે સિંહાસને

આવેલા આઠ રાજાઓને મારી નાખ્યા. (**૫૭૪૬ થી ૪૯**) પર્વતને પણ 'અતિ અસત્યવાદી છે'–એમ માનીને લોકોએ ધિક્કાર્યો અને વસુરાજા પણ મરીને નરકમાં ઉત્પન્ન થયો. (**૫૭૫૦**) નગરલોકોએ સત્યવાદી તરીકે સત્કારેલો નારદ ચંદ્રસમાન ઉજ્જવળ એવી કીર્તિને અને દેવલોકની સંપત્તિને (સુખોને) પામ્યો. (**૫૭૫૧**) એમ બીજું મૃષાવાદ નામનું પાપસ્થાનક જણાવ્યું. હવે ત્રીજા અદત્તાદાન નામના પાપસ્થાનકને કહું છું. (**૫૭૫૨**)

**૩. અનુશાસ્તિના પહેલા અઢાર પાપસ્થાનક દ્વારમાં ત્રીજું અદત્તાદાન-દ્વાર**–કાદવ જેમ જળને, મેલ જેમ દર્પણને અને ધૂમ જેમ ચિત્રવાળી ભીંતને મેલી કરે, તેમ પરધન લેવાનું સ્મરણ પણ ચિત્તરૂપી રત્નને મલિન કરે છે. (**૫૭૫૩**) એમાં આસક્ત જીવ ધર્મના નાશને વિચાર્યા વિના, સત્પુરુષોએ પાળેલી કુળની વ્યવસ્થાનો પણ અનાદર કરીને, કીર્તિના કલંકને પણ જોયા વિના, જીવનની પણ અવહેલના (બેદરકારી) કરીને હરિણ જેમ ગીતના શબ્દને, પતંગિયું જેમ દીવાની જ્યોતને, મચ્છ જેમ જાળમાં ભરાવેલા માંસને, ભમરો જેમ કમળને અને જંગલી હાથી જેમ હાથણીના સ્પર્શને (ઇચ્છે), તેમ તે પાપી પરધનનું હરણ કરે છે અને તે જ ભવમાં હાથના છેદને, કાનના છેદને, નેત્રોના નાશને, કરવતથી કાપને અથવા મસ્તક વગેરે અંગોના ભંગને પામે છે. (**૫૬૫૪ થી ૫૭**) પારકા ધનને ચોરીને હર્ષ પામે છે અને પોતાનું ધન જ્યારે બીજો હરણ કરે, ત્યારે શક્તિ નામના શસ્ત્રથી સહસા ભેદાયો હોય તેમ દુ:ખી થાય છે. (**૫૭૫૮**) લોક પણ અન્ય અપરાધ કરનાર અપરાધીનો પક્ષ કરે છે, પણ ચોરીના વ્યસનીનો (તેના) સ્વજનો પણ પક્ષ કરતા નથી. (**૫૭૫૯**) બીજો અપરાધ કરનારને સંબંધીઓ ઘરમાં જગ્યા (રહેઠાણ) આપે છે, જ્યારે પરધન ચોરનારને માતા પણ (ઘરમાં) અવકાશને આપતી (રાખતી) નથી (**૫૭૬૦**) અને કોઈ રીતે પણ જેના ઘરમાં તે આશ્રય પામે છે, તેને સહસા (વિના વાંકે) અતિ મોટા અપયશમાં, દુ:ખમાં અને મહા સંકટમાં પાડે છે. (**૫૭૬૧**) (મનુષ્યો) મહા કષ્ટે લાંબા કાળે વિવિધ આશાઓથી કંઈક માત્ર ધન એકઠું કરે છે, એવા પ્રાણસમાન તે ધનને જે ચોરે, તેનાથી પણ પાપી (બીજો) કોણ છે? (**૫૭૬૨**) સંસારી જીવોને આ (કષ્ટે મળેલું) ધન સર્વ રીતે પ્રાણતુલ્ય (હોય છે,) તેઓના તે ધનને ચોરનારો (અધર્મ=) પાપી તેઓના જીવિતને હરે છે. (**૫૭૬૩**) વૈભવ ચોરાતાં દીનમુખવાળા કેટલાક ભૂખથી મરે છે, જ્યારે કૃપણતુલ્ય કેટલાક બીજા શોકાગ્નિથી બળે છે. (**૫૭૬૪**) કરુણારહિત (ચોરો) તૂર્ત પ્રસવવાળાં પણ પશુઓ વગેરેને હરણ કરે છે, તેથી માતાથી છૂટાં પડેલાં દુ:ખિયાં તેઓનાં બચ્ચાં મરે છે. (**૫૭૬૫**) એમ અદત્તાદાનને કરનારો પ્રાણિવધ કરે છે અને મૃષા બોલે છે, તેથી આ જન્મમાં પણ ઘણાં પ્રકારનાં સંકટોને અને મરણને પામે છે. (**૫૭૬૬**) વળી ચોરીના પાપથી (જીવો) ભવાન્તરમાં દરિદ્રતા, ભીરુતા અને પિતા–પુત્ર–સ્ત્રી–સ્વજનનો વિયોગ ઇત્યાદિ દોષોને પામે છે. (**૫૭૬૭**) તેથી હે ભાઈ! સાચું કહું છું કે–નિશ્ચે સઘળું સર્વ (પ્રકારનું)

પરધન તજવું. પરધન તજવાથી દુર્ગતિનો પણ સર્વથા ત્યાગ થાય છે. (૫૭૬૮) જેમ લોખંડનો ગોળો જળમાં બૂડે, તેમ અદત્તાદાનથી ઉપાર્જેલા પાપસમૂહના ભારથી ભારે થયા છતા જીવો નરકમાં પડે છે. (૫૭૬૯) અદત્તાદાનનું આવું ભયંકર વિપાકવાળું ફળ જાણીને આત્મહિતમાં સ્થિર ચિત્તવાળાએ તેની વિરતિ કરવી જોઈએ. (૫૭૭૦)

જે જીવો પરધનને લેવાની બુદ્ધિને પણ સર્વથા તજે છે, તેઓ (પૂર્વોક્ત=) ઉપર કહ્યા તે સર્વદોષોને ડાબા પગથી (અલ્પ પ્રયાસે) ચૂરે છે.(૫૭૭૧) તે ઉપરાન્ત ઉત્તમ દેવપણું પામે છે અને ત્યાંથી ઉત્તમ કુળોમાં મનુષ્યપણું તેમજ શુદ્ધ ધર્મને પામીને આત્મહિતમાં પ્રવર્તે છે. (૫૭૭૨) મણિ, સુવર્ણ, રત્ન વગેરે ધનના સમૂહથી ભરેલા કુળમાં માનવ-જન્મને પામેલા એવા ચોરીના ત્યાગની પ્રતિજ્ઞાથી પ્રાપ્ત કરેલા પુણ્યાનુબંધી પુણ્યવાળા ધન્ય પુરુષનું ધન, ગામમાં કે નગરમાં, ક્ષેત્રમાં ખળામાં અથવા અરણ્યમાં, ઘરમાં કે માર્ગમાં (પડ્યું હોય), જમીનમાં દાટેલું હોય, અથવા જે કોઈ રીતે ગુપ્ત રાખ્યું હોય કે પ્રગટ જ મૂકેલું હોય, અથવા એમ જ કયાંય પણ પડ્યું હોય, કયાંય પણ વિસર્યું હોય, અથવા વધારવા( વ્યાજે ) મૂકયું હોય અને જો ફેંકી પણ દીધું હોય, (તો પણ) તે ધન દિવસે અથવા રાત્રે નાશ પામતું નથી, પણ ઘણું વધે (જ) છે, વધારે શું કહેવું ? સચિત્ત અચિત્ત કે મિશ્ર કંઇ પણ (અપદ=) ધન-ધાન્યાદિ, (દ્વિપદ) મનુષ્યાદિ અથવા (ચઉપદ) પશુઓ વગેરે, જેમ-તેમ કયાંય પણ પડ્યું હોય, તો પણ તેણે ગ્રહણ કરેલું (તેનું ધન) દેશ, નગર, આકરોનો અને ગામોનો ભયંકર નાશ થવા છતાં કયાંય કંઈ પણ નાશ પામતું નથી. (૫૭૭૩ થી ૭૮) વળી વિના પ્રયત્ને અને ઇચ્છાનુસાર મળેલા ધનનો તે સ્વામી અને ભોગી થાય છે તથા તેના અનર્થો ક્ષય પામે છે. (૫૭૭૯) વૃદ્ધાના ઘરમાં ભોજન માટે આવેલી એવી, તેના ઘરના ધનને જોઇને હરણ કરનારી વિલાસીઓની ટોળીની જેમ ત્રીજા પાપસ્થાનકમાં આસક્ત જીવો આ જન્મમાં બંધનાદિ કષ્ટોને પામે છે અને જેઓ તેની વિરતિને કરે છે, તેઓ (પોતાના) શુદ્ધ સ્વભાવથી જ એ ટોળીમાં રહેલા શ્રાવકપુત્રની જેમ કદાપિ દોષના સ્થાનને (દુઃખને) પામતા નથી. (૫૭૮૦-૮૧) તે આ પ્રમાણે-

**અદત્તગ્રહણ અને તેના ત્યાગ વિષે મોજીલી મંડળીનો પ્રબંધ**-વસંતપુર નગરમાં વસંતસેના નામની વૃદ્ધાએ એક મોટા ઉત્સવમાં નગરના સર્વ જનોને જમાડ્યા. (૫૭૮૨) પછી તે જ નગરમાં રહેનારી એક વિલાસીઓની દુષ્ટ મંડળી હતી, તેણે વૃદ્ધાના ઘરને (ધનને) જોઇને રાત્રિના સમયે લૂંટવા માંડ્યું. માત્ર તે મંડળીમાં (સાથે) રહેલા પણ શ્રાવકપુત્ર વસુદત્તે ચોરી ન જ કરી. (૫૭૮૩-૮૪) તેથી 'ચોરો નહિ, ચોરો નહિ'-એમ બોલતી વૃદ્ધાએ પ્રણામ કરવાના બ્હાને તેને છોડીને (શેષ) ચોરોના ચરણોને મોરના પિત્તથી (શરીરજન્ય ધાતુ વિશેષથી ?) આંકયા (નિશાન કર્યા). (૫૭૮૫) ઘરના ધનને ચોરીને તે નીકળ્યા પછી તૂર્ત પ્રભાતે વૃદ્ધાએ તે વૃત્તાન્ત રાજાને કહ્યો. (૫૭૮૬)

પછી મોરના પિત્તથી અંકિત પગવાળા પુરુષોને શોધતાં, રાજાએ નિયુક્ત કરેલા પુરુષોએ સર્વ આદરપૂર્વક સ્વચ્છંદતયા પાનભોજનાદિ કરવાપૂર્વક વિલાસ કરતી તે વિલાસીઓની દુષ્ટ મંડળીને જોઈ અને 'આ જ ચોરો છે'–એવો નિશ્ચય પામેલા તેઓ તેને રાજાની પાસે લઈ ગયા. (૫૭૮૭–૮૮) ત્યાં અનંકિત પગવાળા તે એક શ્રાવકને જ છોડીને બીજાઓને છેદન–ભેદન (વગેરે) બહુ પીડાઓ દ્વારા મરણને શરણ કર્યા. (૫૭૮૯) એમ અદત્તાદાનની પ્રવૃત્તિવાળા અને (વિનિવૃત્તિ=) વિરતિવાળા પ્રાણીઓનાં (**પાઠાં૦** ડસુહ સુહ૦=) અશુભ તથા શુભ ફળને જોઇને, હે વત્સ! તું એનાથી વિરામ કર !.(૫૭૯૦) એમ અદત્તગ્રહણ નામનું ત્રીજું પાપસ્થાનક જણાવ્યું. હવે ચોથું ઘણા વિષયવાળું છતાં લેશ માત્ર કહું છું. (૫૭૯૧)

**૪. અનુશાસ્તિના પહેલા અઢાર પાપસ્થાનકદ્વારમાં ચોથું મૈથુન-વિરમણદ્વાર**–મૈથુન લાંબા કાળે કષ્ટથી મળેલા ધનના મૂળનો નાશ કરનાર, દોષોની ઉત્પત્તિનું અવન્ધ્ય (નિશ્ચિત) કારણ અને અપયશનું ઘર છે. (૫૭૯૨) ગુણના પ્રકર્ષરૂપ કણના સમૂહને (ચૂરનાર) ભયંકર ખાંડણિયો છે, સત્યરૂપી પૃથ્વીને (ખોદનાર) હળની અગ્રધારા છે અને વિવેકરૂપી સૂર્યનાં કિરણોના વિસ્તારને (ઢંકનાર) બાદળ છે. (૫૭૯૩) એમાં આસક્ત જીવ ગુરુઓનો પરાઙ્મુખ (આજ્ઞાલોપક) બને અને ભાઈ, બ્હેન તથા પુત્રોથી પણ વિરુદ્ધપણે વર્તે, (૫૭૯૪) ન કરવાયોગ્ય કરે, કરવાયોગ્યને પણ તજે, વિશિષ્ટ વાર્તાલાપ કરતાં લજવાય અને બાહ્ય પ્રવૃત્તિથી વિરક્ત ચિત્તવાળો તે સદા આ રીતે ધ્યાન કરે કે–(૫૭૯૫) અહા હા! અરુણ જેવા રાતા નખોના કિરણોથી વ્યાપ્ત રમણીનું ચરણયુગલ, પ્રભાતના સૂર્યનાં કિરણોથી યુક્ત કમળ જેવું શોભે છે. (૫૭૯૬) અનુક્રમે ગોળ મનોહર જેની (ઉરુ=) સાથળો મણિની ઝારીના નાળચા જેવી રમણીય અને બે પિંડીઓ કામદેવના હાથીની સૂંઢની સમાનતાને ધારણ કરે છે. (૫૭૯૭) પાંચ પ્રકારનાં દીપ્તરત્નોની (**કાંચી=**) કંદોરાથી યુક્ત (**રમણફલય=**) નિતમ્બ (જઘનપ્રદેશ) પણ સ્ફુરાયમાન ઇન્દ્રધનુષ્યથી શોભતા આકાશતળ જેવો શોભે છે. (૫૭૯૮) મુષ્ઠિગ્રાહ્ય ઉદરભાગમાં મનોહર વળિયાંની પરંપરાં સ્તનરૂપી પર્વતોના શિખર ઉપર ચઢવા માટે પગથીઓની શ્રેણી જેવી શોભે છે. (૫૭૯૯) કોમળ અને માંસથી પુષ્ટ હથેળીઓથી શોભતી બે ભુજાઓરૂપી વેલડીઓ પણ છેડે ખીલેલાં તાજાં કમળવાળા કમળના નાળની ઉપમાને ધારણ કરે છે. (૫૮૦૦) આનંદનાં બિંદુઓને ઝરતું સુંદર વિશાળ ચંદ્રના બિંબ જેવું (સ્ત્રીનું) વદનરૂપી શતપત્રકમળ, કામીપુરુષોરૂપી ચકોરોના મનને ઉલ્લાસ પમાડે છે. (૫૮૦૧) ભ્રમરોના સમૂહ અને કાજળ જેવો શ્યામ–સુંવાળો (તેનો) કેશનો સમૂહ, ચિત્તમાં સળગતા કામાગ્નિના ધૂમસમૂહ જેવો શોભે છે. (૫૮૦૨) એમ સ્ત્રીઓના અંગનાં સર્વ અવયવોના ધ્યાનમાં આસક્ત, તેનાથી (**ઉપહત=**) શૂન્યચિત્ત બન્યો હોય તેમ, તેના (સ્ત્રીના) હાડકાંના સમૂહથી ઘડયો હોય તેમ, નારીથી અધિષ્ઠિત થયો હોય તેમ, સર્વાત્મના

(સંપૂર્ણ) તેની પરિણતિરૂપે પરિણામ પામ્યો (તન્મય બન્યો) હોય તેમ, તે બોલે છે કે-અહો! જગતમાં કમળપત્રતુલ્ય નેત્રોવાળી યુવતીઓની હંસની ગતિને જીતનારો ગતિનો વિલાસ, અહો! મનોહર વાણી અને અર્ધનેત્રોથી (પ્રેક્ષણ=) કટાક્ષો ફેંકવાની ચતુરાઈ! અહાહા! કોઈ અતિ પ્રશસ્ત છે. (**૫૮૦૩ થી ૫**) અહો! (તેનું) અલ્પ વિકસિત કૈરવપુષ્પ જેવું સ્ફુરાયમાન દાંતના છેડાવાળું સુખદ હાસ્ય! અહો! સુવર્ણ કડાની જેવો ઉછળતો સ્થૂલ સ્તનભાગ! અહો! જુઓ, તેનું નાચ કરતી વળિયોનું વિંટણ, પ્રગટ વિકસિત નાભિકમળ અને કંચૂકને તોડતો તેનો મોટાઈનો મરોડ! (**૫૮૦૬-૭**) એમાંનું એક એક પણ દુર્લભ છે, તો તેઓના સમૂહનું તો કહેવું જ શું? અથવા સંસારના સારભૂત તે સ્ત્રીઓનું શું વર્ણન થાય?, કે જેઓનું ચિંતન (સ્મરણ) પણ શતમૂલ્ય, અવલોકન (દર્શન) સહસ્રમૂલ્ય, ગોષ્ઠી (વાર્તાલાપ) કોટિમૂલ્ય અને અંગનો સંભોગ અમૂલ્ય છે. (**૫૮૦૮-૯**)

એમ તે બીચારો તેની ચિંતા, વિલાપ અને ચેષ્ટાઓથી (મન-વચન-કાયાથી) ઉન્મત્તની જેમ, મૂર્છિતની જેમ અને સર્વ ગ્રહોથી ચેષ્ટા (ચેતના) નાશ પામી હોય તેમ, દિવસ કે રાત્રિ, તૃષા કે ભૂખ, અરણ્ય કે બીજું (ગ્રામાદિ), સુખ કે દુઃખ, ઠંડી કે ગરમી, ભોગ્ય કે અભોગ્ય, કંઇ પણ જાણતો (સમજતો) નથી, કિન્તુ ડાબી હથેળીમાં મુખને છૂપાવીને નિસ્તેજ તે વારંવાર લાંબા નીસાસા નાખે છે, પછડાય છે, કંપે છે (અથવા આળોટે છે,) વિલાપ કરે છે, રડે છે, સૂવે છે અને બગાસાં ખાય છે, (**૫૮૧૦ થી ૧૨**)એમ અનંત ચિંતાની પરંપરાથી ખેદ કરતા કામીના દુર્ગતિનો પ્રચાર (વિસ્તાર) કરનારા વિકારોને જોઈને સર્વ પણ મૈથુનને, બુદ્ધિમાને (દ્રવ્યથી) દેવ સંબંધી, મનુષ્ય સંબંધી અને તિર્યંચ સંબંધી, (ક્ષેત્રથી) ઊર્ધ્વ, અધો અને તિર્છા (ત્રણેય) લોકમાં, (કાળથી) દિવસે અથવા રાત્રે તથા (ભાવથી) રાગ અને દ્વેષથી પણ, મૈથુન-દોષોનો મોટો સમુહ, મહા પાપ અને સર્વ કષ્ટોનું નિમિત્ત હોવાથી મનથી પણ ઈચ્છવું નહિ. (**૫૮૧૩ થી ૧૫**) કારણ કે-એને ચિંતવવાથી પ્રાયઃ પર-સ્વસ્ત્રીને ભોગવવાના દોષ-ગુણોના પક્ષને નહિ જાણતા શ્રેષ્ઠ બુદ્ધિવાળાઓને પણ જંગલી હાથીની જેમ ન રોકાય તેવો તેનો (મૈથુનનો) અતિ દૃઢ અભિલાષ પ્રગટે છે, કારણ કે-જીવોને સ્વભાવે જ મૈથુન-સંજ્ઞા અતિ મોટી (આકરી) હોય છે. (**૫૮૧૬-૧૭**) તેનાથી પ્રતિદિન વધતી ઈચ્છારૂપ પવનથી અતિ તેજસ્વી જ્વાળાવાળો પ્રચંડ કામાગ્નિ કોઈ રીતે શાન્ત ન થાય તે રીતે સર્વ શરીરને બાળે છે. (**૫૮૧૮**) અને તેનાથી બળતો જીવ મનમાં ઉગ્ર સાહસ ધારણ કરીને, પોતાના જીવનની પણ હોડ (બેદરકારી) કરીને, વડીલોની લજ્જા વગેરેની પણ અવગણના કરીને (પરિણામે) મૈથુનને પણ સેવે છે, તેનાથી આ ભવે-પરભવે ઘણા દોષો થાય છે, (તેમાં આ ભવે) તે નિત્ય સર્વત્ર શંકાપૂર્વક ભમે છે. (**૫૮૧૯-૨૦**) પછી કદાપિ કયાંય પણ લોકો જો તેને (**તક્કારી**=) વ્યભિચાર કરનાર તરીકે જાણે છે,

ત્યારે ક્ષણમાં મરવા પડયો હોય તેવો અને દીનમુખવાળો બને છે (૫૮૨૧) અને ઘરના (સ્ત્રીના) માલિક કે નગરના કોટવાલોથી પકડાએલા, તથા મારેલા, બાંધેલા એવા તેને દુષ્ટ ગધેડા ઉપર બેસાડીને, પછી તે રાંકને ઉદ્‌ઘોષણાપૂર્વક ત્રિક (ત્રણ માર્ગનો ચોક) ચઉક્ક (ચાર રસ્તાનો ચોક) અને ચત્વર (ચઉટાં)ના માર્ગે ફેરવે છે. ઉદ્‌ઘોષણા કરાવે છે કે- 'ભો ભો નાગરિકો! આ શિક્ષામાં રાજા વગેરે કોઈ અપરાધી નથી, કેવળ સ્વકૃત પાપો અપરાધી છે, તેથી હે ભાઈઓ! આવાં આ કર્મોને બીજા કોઈ કરશો નહિ!, (૫૮૨૨ થી ૨૪) એમ મૈથુનના વ્યસનીને આ ભવમાં હાથ-પગનો છેદ, માર, બંધન (રોધન=) જેલ અને ફાંસી વગેરે મરણ સુધીનાં પણ કયાં કયાં દુઃખો નથી થતાં? (૫૮૨૫) અને પરભવ સંબંધી (તો) તેના દોષો કેટલા પ્રમાણમાં કહું? કારણ કે-મૈથુનથી પ્રગટેલા પાપથી અનંતા ભવો ભમવું પડે છે. (૫૮૨૬) તેથી હે ભાઈ! સાચું કહું છું કે-સર્વ પણ મૈથુનને સમ્યગ્ તજી દે, તેના ત્યાગથી દુઃખના સ્વભાવવાળી દુર્ગતિનો પણ ત્યાગ થાય છે. (૫૮૨૭) અને વળી-

મૈથુન નિંદનીય રૂપને પ્રગટાવનારું, પરિશ્રમ અને દુઃખથી સાધ્ય, સર્વ શરીરમાં ઘણા શ્રમથી પ્રગટેલા પરસેવાથી અતિ ઉદ્વેગ કરાવનારું, (સજ્ઝસ=) ભયથી વાચાને પણ રુંધનારું, નિર્લજ્જનું કર્ત્તવ્ય અને જુગુપ્સનીય છે, તે કારણે જ ગુપ્ત રીતે સેવવાયોગ્ય છે. હૃદયવ્યાપી ક્ષય વગેરે વિવિધ વ્યાધિઓના કારણભૂત અને અપથ્ય ભોજનની જેમ બળ-વીર્યની હાનિ કરનારું છે. કિંપાક ફળની જેમ ભોગવેલું તે અંતે દુઃખદાયી, અતિ તુચ્છ અને નટના નાચની જેમ અથવા ગંધર્વનગરની જેમ ભ્રાન્તિને કરનાર છે. (૫૮૨૮ થી ૩૧) સર્વ લોકોમાં (નિરસણ=) તિરસ્કારને પામેલા કૂતરા વગેરે અધમ પ્રાણીઓને પણ તે સમાન (સર્વસાધારણ) છે. સર્વને શંકા પ્રગટાવનાર, પરલોકમાં ધર્મ-અર્થને વિઘ્નકારી અને પ્રારંભમાં જ લેશ (કાલ્પનિક) સુખના સંભવવાળા. એવા (નિહુયણ=) મૈથુનના સુખને વિવેકી એવો માત્ર એક મોક્ષસુખનો અભિલાષી કોણ ઇચ્છે? (૫૮૩૨-૩૩) મૈથુનના પ્રસંગથી ઉત્પન્ન કરેલા પાપના ભારથી ભારે થયેલા મનુષ્યો જેમ લોખંડનો ગોળો પાણીમાં ડૂબે, તેમ નરકમાં પડે (ડૂબે) છે. (૫૮૩૪)

**બ્રહ્મચર્યના ગુણો**-અખંડ બ્રહ્મચર્યને પાળીને સંપૂર્ણ પુણ્યના સમૂહવાળા મનુષ્યો ઇચ્છા માત્રથી પ્રયોજનો સિદ્ધ થાય તેવું ઉત્તમ દેવપણું પામે છે (૫૮૩૫) અને ત્યાંથી ચ્યવેલા મનુષ્યપણામાં પણ દેવતુલ્ય ભોગોપભોગની સામગ્રીયુક્ત, પવિત્ર શરીરવાળા અને વિશિષ્ટ કુલ-જાતિથી યુક્ત થાય છે. મનુષ્યોને ગ્રાહ્ય વચનવાળા (આદેયપુણ્યવાળા) સૌભાગી, પ્રિય બોલનારા, સુંદર સંસ્થાન(આકાર)વાળા, ઉત્તમ રૂપ(પંચેન્દ્રિયપટુ પૂર્ણ અવયવો)વાળા, તેમજ પ્રિય અને નિત્ય પ્રમોદ તથા ક્રીડા (આનંદ-પ્રમોદ) કરનારા થાય છે. (૫૮૩૬-૩૭) નિરોગી, શોકરહિત, દીર્ઘાયુષી, કીર્તિરૂપી કૌમુદિનીને (રાત્રિને શોભાવવા માટે) ચંદ્ર જેવા ક્લેશ અને આયાસના નિમિત્તોથી રહિત, શુભોદયવાળા, અતુલ બળ-

વીર્યવાળા, સર્વ અંગોમાં ઉત્તમ લક્ષણધારી, કાવ્યની ઉત્તમ ગૂંથણીની જેમ અલંકારોવાળા, શ્રીમંત, ચતુર, વિવેકી અને શીયલથી શોભતા, તથા ( **ભરિય=** ) પૂર્ણ ( **અવત્થા=** ) અવસ્થાનવાળા (નિરૂપક્રમી, પૂર્ણ આયુને ભોગવનારા), સ્થિર, દક્ષ, તેજસ્વી, બહુમાન્ય અને બ્રહ્મચારીઓ વિષ્ણુ-બ્રહ્મા જેવા થાય છે. (**૫૮૩૮ થી ૪૦**) આ ચોથા પાપસ્થાનકમાં પ્રવૃત્તિના દોષો અને નિવૃત્તિ ( વિરતિ ) ના ગુણોના વિષયમાં ગિરિનગરમાં વસનારી સખીઓ અને તેના પુત્રો દૃષ્ટાન્તરૂપ છે. (**૫૮૪૧**) તે આ પ્રમાણે-

**મૈથુન અને બ્રહ્મચર્યના દોષ-ગુણ વિષે ત્રણ સખીઓ વગેરેનો પ્રબંધ-** રૈવતગિરિથી શોભતા વિશિષ્ટ સૌરાષ્ટ્ર દેશના તિલકભૂત ગિરિનગરમાં ત્રણ ધનવાનની પુત્રીઓ સખીઓ હતી. (**૫૮૪૨**) તે જ નગરમાં પરણેલી અને શ્રેષ્ઠ સુંદર મનોહર અંગવાળી તેઓએ યોગ્ય કાળે એક એક પુત્રને જન્મ આપ્યો (**૫૮૪૩**) પછી અન્યદા કોઈ વખત નગરની સમીપના બગીચામાં મળેલી ક્રીડા કરતી તે ત્રણેયને પકડીને ચોરોએ પારસ નામના બંદરે ઘણું ધન લઇને વેશ્યાઓને વેચી અને તે વેશ્યાઓએ તેઓને સંપૂર્ણ વેશ્યાના ચરિત્રને શીખવ્યું. (**૫૮૪૪-૪૫**) તે પછી દૂર દેશથી આવેલા શ્રેષ્ઠ વેપારીના પુત્રો વગેરેના ઉપભોગ માટે તેઓને સ્થાપી ( રાખી ) અને લોકોથી તે પ્રસિદ્ધિને પામી. પછી તેઓના યૌવનને પામેલા ત્રણ પૂર્વપુત્રો પણ માતાઓનાં ( **નાએણં=** ) દૃષ્ટાન્તથી ( સખીપણે રહેતી હતી તેમ ) જ પરસ્પર પ્રીતિથી વર્તે છે. (**૫૮૪૬-૪૭**) માત્ર તેમાં એક શ્રાવકનો પુત્ર છે, કે જે અણુવ્રતધારી છે અને સ્વદારાભોગી ( સંતોષી ) છે અને બીજા બે મિથ્યાદૃષ્ટિ છે. (**૫૮૪૮**) એક પ્રસંગે નાવડીઓમાં વિવિધ કરિયાણાં લઈને ધન મેળવવા માટે તેઓ પારસબંદરે ગયા (**૫૮૪૯**) અને ભવિતવ્યતાવશ તે વેશ્યાઓનાં ઘરોમાં રહ્યા. માત્ર એક વેશ્યાએ અણુવ્રતધારી ( શ્રાવકપુત્રને ) નિર્વિકારી મનવાળો જોઇને પૂછ્યું કે-ભદ્ર ! કહે, તું કયાંથી આવ્યો છે ? અને આ બે તારે શું થાય છે ! તેથી તેણે કહ્યું કે-હે ભદ્રે ! ગિરિનગરથી ( આવેલા ) અમે ત્રણેય પરસ્પર મિત્રો છીએ અને અમારી ત્રણેયની માતાઓને ચોરો હરણ કરી ગયા છે. (**૫૮૫૦ થી ૫૨**) તેણીએ કહ્યું કે-હે ભદ્ર ! વર્ત્તમાનમાં પણ ત્યાં શું જિનદત્ત, પ્રિયમિત્ર અને ધનદત્ત ત્રણેય વેપારીઓ વસે છે ? (**૫૮૫૩**) તેણે કહ્યું કે-તેઓની સાથે તારે શું ( સંબંધ ) છે ? તેણીએ કહ્યું કે-અમારા પતિ હતા અને અમારે ત્રણેયને એક એક પુત્ર હતો. (**૫૮૫૪**) ઇત્યાદિ સઘળોય વૃત્તાન્ત કહ્યો. તેથી તેણે કહ્યું કે-હું જિનદત્તનો પુત્ર છું અને આ બે બીજા ( બે)ના પુત્રો છે. (**૫૮૫૫**) એમ કહ્યે છતે પોતાનો પુત્ર હોવાથી તે કંઠે વળગીને મુક્તકંઠે અત્યંત રડવા લાગી અને પુત્ર પણ તે જ રીતે (રડયો.) ક્ષણ માત્ર સુખ-દુઃખને પૂછીને, ( મિત્રોને ) અકાર્ય કરતાં રોકવાની બુદ્ધિથી વેગથી તે મિત્રોની પાસે ગયો. (**૫૮૫૬-૫૭**) અને એકાન્તમાં તે સઘળી હકીકત કહી. તેથી તે બંને તે જ વેળા ( માતાને ભોગવવાનું ) પાપ કરેલું હોવાથી શોકથી અત્યંત વ્યાકુળ થયા. (**૫૮૫૮**) પછી ઘણું ધન આપીને

તે સર્વને (ત્રણેયને) વેશ્યાઓના હાથમાંથી છોડાવીને તેઓની સાથે પોતાના નગર તરફ (પાછા) ફર્યા. (૫૮૫૯) સમુદ્રમાં આવતા તેઓને આવી ચિંતા પ્રગટી કે-અકૃત્યકારી (અમે) સ્વજનોને મુખ કેવી રીતે દેખાડીશું ? (૫૮૬૦) એમ સંક્ષોભને કારણે લજ્જાથી બે વિદેશમાં ગયા અને તેમની માતાઓ ત્યાં જ સમુદ્રમાં પડીને મરણ પામી. (૫૮૬૧) તે અણુવ્રતધારી (શ્રાવકપુત્ર) માતાને લઈને પોતાના નગરે ગયો અને (સર્વ) વ્યતિકર જાણીને નગરલોકોએ તેની પ્રસંશા કરી. (૫૮૬૨) એ સાંભળીને હે સુંદર! પરમતત્ત્વના જાણ પુરુષોને ભયજનક એવા અબ્રહ્મને તજી દે અને આરાધનાના એક મનવાળો તું બ્રહ્મચર્યને ભજ! (૫૮૬૩) એમ મૈથુન નામનું ચોથું પાપસ્થાનક કહ્યું. હવે પાંચમા પરિગ્રહ પાપસ્થાનકને જણાવું છું. (૫૮૬૪)

**૫. અનુશાસ્તિના પહેલા અઢાર પાપસ્થાનકદ્વારમાં પાંચમું પરિગ્રહ-પાપસ્થાનક**–આ પરિગ્રહ સઘળાં પાપસ્થાનકોરૂપી મહેલોનો મજબૂત પાયો છે અને સંસારરૂપી ઊંડા કૂવાની ઘણી સીરાઓનો (નીકોનો) પ્રવાહ છે. (૫૮૬૫) પંડિતોથી નિંદિત ઘણા કુવિકલ્પોરૂપ અંકૂરોને ઉગાડનારો વસંતોત્સવ છે અને એકાગ્રચિત્તતા રૂપી વાવડીને (સૂકાવનારો) ગ્રીષ્મઋતુની ગરમીનો સમૂહ છે. (૫૮૬૬) જ્ઞાનાદિ નિર્મળ ગુણોરૂપ રાજહંસોના સમૂહને (વિઘ્નભૂત) વર્ષાઋતુ છે અને મોટા આરંભોરૂપ મોટી ધાન્યની નીપજ માટે શરદઋતુનું આગમન છે. (૫૮૬૭) સ્વાધીનતાના (સ્વાભાવિક) આનંદરૂપ વિશિષ્ટ સુખરૂપ કમલિનીના વનને (બાળનાર) હેમંતઋતુ છે અને અતિ વિશુદ્ધ ધર્મરૂપ વૃક્ષોનાં પત્રોનો નાશ કરનાર શિશિરઋતુ છે. (૫૮૬૮) મૂર્છારૂપી વેલડીનો અખંડ મંડપ છે, દુઃખરૂપી વૃક્ષોનું વન છે અને સંતોષરૂપ શરદના ચંદ્રને (ગળનાર) અતિ ગાઢ દાઢાવાળું રાહુનું મુખ છે. (૫૮૬૯) અત્યંત અવિશ્વાસનું ભાજન છે અને કષાયોનું ઘર છે. એવો પરિગ્રહ દુઃખે ટાળી શકાય તેવા ગ્રહની જેમ કોને નડતો નથી ? (૫૮૭૦) એ કારણે જ બુદ્ધિમાનો ધન, ધાન્ય, ક્ષેત્ર (છૂટી જમીન), વાસ્તુ (મકાનો), રૂપું, સોનું, ચૌપદ (પશુ વગેરે), દ્વિપદ (નોકરાદિ) અને કુપ્ય (અપદ-રાચરચીલું) એ (નવવિધ) વસ્તુઓમાં નિત્ય પ્રમાણ (નિયમ) કરે છે. (૫૮૭૧) અન્યથા (**દિન્નજહિચ્છા=**) યથેચ્છ છૂટ આપેલી, અતીવ કષ્ટે રોકાય તેવી સ્વ-પર મનુષ્યોને (**દિચ્છા**=) દાન કરવાની ઇચ્છાને રોકનારી અને (**જઇ**=) જગતમાં જય પામેલી આ ઇચ્છા કોઇ રીતે કષ્ટથી પૂરાય છે ? (અર્થાત્ પૂરાતી નથી.) (૫૮૭૨) કારણ કે-આ સંસારમાં જીવને એકસોથી, હજારથી, લાખથી, ક્રોડથી, રાજ્યથી, દેવપણાથી અને ઇન્દ્ર-પણાથી પણ સંતોષ નથી. (૫૮૭૩) કોડી વિનાનો રાંકડો કોડીને (ઇચ્છે છે) અને પછી કોડી પામેલો રૂપિયાને ઇચ્છે છે, તેને મેળવીને (**દમ્મં**=) સોનામહોરને ઇચ્છે છે, (૫૮૭૪) તેને પામેલો વળી તેમાં એક એકની ઉત્તરોત્તર વૃદ્ધિથી યાવત્ સો સોના-મહોરને ઇચ્છે છે, તેને પામેલો હજારને અને હજારવાળો લાખને ઇચ્છે છે. (૫૮૭૫)

લાખપતિ ક્રોડને ઇચ્છે છે અને ક્રોડપતિ રાજ્યને ઇચ્છે છે, રાજા ચક્રીપણાને ઇચ્છે છે અને ચક્રી દેવપણાને ઇચ્છે છે. (૫૮૭૬) કોઇ રીતે તેને પણ પામેલો પાપી ઇન્દ્રપણાને પણ ઇચ્છે છે અને તે પ્રાપ્ત થવા છતા પણ ઇચ્છા તો દીર્ઘ (આકાશ જેટલી અનંત) હોવાથી (અપૂર્ણ) રહે જ છે. (૫૮૭૭) (મલ્લગ=) કોડીઆના ઘાટની જેમ અનુક્રમે જેની ઇચ્છા ઉપર ઉપર (ઉત્તરોત્તર) અતિ વધે છે, તે સદ્‌ગતિને લાત મારીને દુર્ગતિને પ્રાર્થે છે. (૫૮૭૮) વારંવાર પણ મપાતો આઢક કોઈ રીતે મૂડો થતો નથી, એમ જેનું ભાગ્ય લેશ ધનનું છે, તે શું કોટીશ્વર થાય? (૫૮૭૯) કારણ કે-પૂર્વકર્મરૂપ બાંધેલી (મજજત્તઓ=) મર્યાદાથી તેટલું જ પામે. (કળશી જેવી ધારાવાળો) દ્રોણમેઘ વરસે તો પણ પર્વતના શિખરે પાણી ન ટકે. (૫૮૮૦) એમ નિશ્ચે ઘણી પ્રવૃત્તિ કરતો પણ અલ્પ પુણ્યવાળો જે સમધિક (ઘણા) ધનને ઇચ્છે છે, તે પોતાના હાથ વડે આકાશતળને પકડવા ઇચ્છે છે. (૫૮૮૧) જો નિર્ભાગીઓ (પણ) આ પૃથ્વીતળમાં રાજ્ય વગેરે ઇચ્છિત પદાર્થને મેળવી શકે, તો કદાપિ કોઈ પણ ક્યાંય દુઃખી ન દેખાય. (૫૮૮૨) જો મણિ, સુવર્ણ અને રત્નોથી ભરેલા (સમગ્ર) લોકને પણ કોઈ રીતે પામે, તો પણ નિશ્ચે અક્ષીણ ઇચ્છાવાળો બિચારો (જીવ) અકૃતાર્થ (અપૂર્ણ) જ (રહે), (૫૮૮૩) પુણ્યથી રહિત છતાં જે મૂઢાત્મા ધનને ઇચ્છે છે, તે એ જ રીતે અધુરા મનોરથે જ મરે છે. (૫૮૮૪) તેમ આ જગતમાં પવનથી કોથળાને ભરી શકાતો નથી, તેમ આત્માને પણ ધનથી ક્યારે પણ પૂરી (સંતુષ્ટ કરી) શકાતો નથી. (૫૮૮૫) તેથી ઇચ્છાના વિચ્છેદ માટે સંતોષને જ કરવો શ્રેષ્ઠ છે. સંતોષીને નિશ્ચે સુખ અને અસંતોષીને ઘણું દુઃખ છે. (૫૮૮૬) પાંચમાં પાપસ્થાનકમાં આસક્ત અને નિવૃત્તિ (વિરતિ)વાળાના દોષો અને ગુણો લોભનંદી અને જિનદાસ શ્રાવકની જેમ જાણવા. (૫૮૮૭) તે આ પ્રમાણે–

**પરિગ્રહ અને સંતોષ વિષે લોભનંદી અને જિનદાસનો પ્રબંધ**–પાટલીપુત્ર નગરમાં ઘણાં યુદ્ધોમાં મેળવેલા વિજયથી વિસ્તૃત યશને પામેલો ઘણા ગુણોથી યુક્ત જયસેન નામે રાજા હતો. (૫૮૮૮) તે નગરમાં કુબેરના ધનસમૂહને પણ તિરસ્કારતા (મહા ધનિક) નંદ વગેરે વેપારીઓ અને જિનદાસ વગેરે ઉત્તમ શ્રાવકો રહે છે. (૫૮૮૯) એક પ્રસંગે સમુદ્રદત્ત નામના વેપારીએ ઘણા કાળનું (પ્રાચીન) એક સરોવર ખોદાવવા માંડયું. (૫૮૯૦) તેને ખોદતાં ઓડલોકોએ પૂર્વમનુષ્યોએ ત્યાં નાખેલી ઘણા કાળના કદદાના (કાટના) સમૂહથી મલિન બનેલી સુવર્ણની કોશો મેળવી. (૫૮૯૧) પછી લોખંડની સમજીને તેઓ વેપારીઓની પાસે લઈ ગયા અને જિનદાસે લોખંડની સમજીને (તેમાંથી) એ લીધી. (૫૮૯૨) પછી સારી રીતે જોતાં સુવર્ણની છે, એમ જાણીને તેણે પરિગ્રહ-પરિમાણનું ઉલ્લંઘન થવાના ભયથી તે શ્રી જિનમંદિરમાં આપી. (૫૮૯૩) અને બીજી ન લીધી, પણ (સુવર્ણની) જાણીને નંદે અધિક મૂલ્ય આપીને પણ તેને લેવા માંડી. (૫૮૯૪) પછી ઓડલોકોને એમ કહ્યું કે-(હવે લોખંડની કોશો બીજાને આપશો

નહિ, હું તમોને ઇચ્છિત (મૂલ્ય) આપીશ. તેઓએ તે કબૂલ્યું. (૫૮૯૫) બીજા દિવસે તેનો મિત્ર તેને બલાત્કારે ભોજન માટે લઈ ગયો. (ત્યારે) તેણે પુત્રને કહ્યું કે–કોશો જેમ (મળે) તેમ (જે માગે તે મૂલ્યથી) ગ્રહણ કરજે. (૫૮૯૬) પુત્રે તે માન્યું અને પોતે મિત્રને ઘેર જમવા ગયો બાદ તે અત્યંત વ્યાકુળ ચિત્તે જમીને (પાછો) ઘર તરફ ચાલ્યો. (૫૮૯૭) (આ બાજુ) પરમાર્થથી (સત્યથી) અજાણ તે પુત્રે ઘણું મૂલ્ય જાણીને કોશો ન લીધી અને ગુસ્સે થયેલા ઓડલોકો બીજે ગયા. (૫૮૯૮) પછી જ્યાં-ત્યાં ફેંકતાં કોઈ રીતે મેલ દૂર થવાથી એક કોશનું સુવર્ણ પ્રગટ થયું. (૫૮૯૯) તેથી રાજપુરુષોએ ઓડલોકોને પકડીને રાજાને સોંપ્યા અને પૂછયું કે બીજી (કોશો) કયાં વેચી તે કહો !(૫૯૦૦) તેઓએ કહ્યું કે–હે રાજન્ ! બે કોશો જિનદાસ શેઠને આપી છે અને શેષ બધી નંદવેપારીને આપી છે.(૫૯૦૧)એમ કહેવાથી રાજાએ જિનદાસને બોલાવીને પૂછયું અને તેણે પોતાનો સઘળો વૃત્તાન્ત યથાસ્થિત કહ્યો, (૫૯૦૨) ત્યારે રાજાએ સન્માન કરીને તેને તેના ઘેર મોકલ્યો. (આ બાજુ) નંદ પોતાની દુકાને આવ્યો અને પુત્રને પૂછયું કે–અરે ! કેમ કોશો લીધી કે ન લીધી ? તેણે કહ્યું કે પિતાજી ! ઘણું મૂલ્ય હોવાથી તે ન લીધી. તેથી છાતી કૂટતો અને 'હા હા ! લૂંટાયો'–એમ બોલતા નંદે "આ જંઘાઓનો દોષ છે, કે જેના વડે હું પરઘેર ગયો." એમ માનીને કોશથી પોતાની જંઘાને ભાંગી. (૫૯૦૩ થી ૫) તે પછી રાજાએ તેનો વધ કરવા આજ્ઞા કરી અને તેનું સર્વ ધન લૂંટી લીધું. ઈત્યાદિ ઇચ્છાની વિરતિ વિનાના જીવોને ઘણા દોષો થાય છે. (૫૯૦૬) તેથી હે તપસ્વી ! પરિગ્રહમાં મનને લેશ પણ જોડીશ નહિ. જોતાં જ ક્ષણમાં નાશ પામનારા તેની ધીરપુરુષોને ઇચ્છા કેમ થાય ? (૫૯૦૭) એમ પરિગ્રહવિષયક પાંચમું પાપસ્થાનક કહ્યું હવે ક્રોધના સ્વરૂપને જણાવનારા છઠ્ઠા (ક્રોધ) દ્વારને કહું છું.(૫૯૦૮)

**૬. અનુશાસ્તિના પહેલા અઢાર પાપસ્થાનકદ્વારમાં છઠ્ઠો ક્રોધ**–દુર્ગંધી વસ્તુમાંથી પ્રગટેલા (કોહો=) કહોવાટ (સડા) જેવો ક્રોધ કોને ઉદ્વેગ ન પ્રગટાવે ? એથી જ પંડિતોએ તેને દૂરથી તજ્યો છે. (૫૯૦૯) વળી મોટા કોપાગ્નિની જ્વાળાઓના સમૂહથી વિશેષતયા અસિત (બળી ગયેલા) વિવેકવાળો (અવિવેકી) પુરુષ, તત્ત્વથી પોતાને અને પરને જાણતો નથી. (૫૯૧૦) અગ્નિ જ્યાં પ્રગટે તે જ ઇંધનને પ્રથમ બાળે, તેમ ક્રોધ ઉત્પન્ન થતાં જ જેનામાં ઉત્પન્ન થાય, તે જ પુરુષને પહેલો બાળે છે.(૫૯૧૧)ક્રોધકરનારને ક્રોધ અવશ્ય બાળે છે, પરને બાળવામાં એકાન્ત નથી(બાળે કે ન પણ બાળે), અથવા અગ્નિને પણ પોતાના (ઉત્પત્તિ) સ્થાનને બાળવા છતાં બીજાને અંગે (બાળે જ, એવો) નિયમ નથી. (૫૯૧૨) અથવા જે પોતાના આશ્રયને નિયમા બાળે છે, તે શક્તિના યોગથી ક્ષીણ (અશક્ત) થયેલો મહા પાપી ક્રોધ બીજાની તરફ મોકલવા (ફેંકવા) છતાં પણ શું કરી શકે ? (૫૯૧૩) ક્રોધરૂપ (કલિણા=) કલહથી કલુષિત મનવાળા જે પુરુષના દિવસો જાય છે, તે (નિત્ય ક્રોધી) મનુષ્યને આ ભવે કે પરભવે સુખની પ્રાપ્તિ કેમ થાય ? (૫૯૧૪) વૈરી પણ નિશ્ચે એક જ ભવમાં અપકાર કરે છે અને ક્રોધ બન્ને(ઘણા) જન્મોમાં દઢ અપકારી

થાય છે. (૫૯૧૫) જે કાર્યને ઉપશમવાળો સિદ્ધ કરે છે, તે કાર્યને ક્રોધી કદાપિ કરી શકતો નથી, કારણ કે-કાર્ય કરવામાં દક્ષ એવી ( નિર્મળ ) તે બુદ્ધિ ક્રોધીને ક્યાંથી (હોય)? (૫૯૧૬) અને વળી-

મહા પાપી ક્રોધ ઉદ્વેગકારી છે, પ્રિય બંધવોનો નાશ કરનાર છે, સંતાપકારક છે અને સદ્ગતિને રોકનાર છે. (૫૯૧૭) તેથી વિવેકી પુરુષો કદિ પણ હજારો પંડિતપુરુષોએ નિંદેલા સ્વભાવે જ પાપાચારી એવા ક્રોધને વશ પડતા નથી. (૫૯૧૮) ( જીવ ) ક્રોધથી પ્રાણીઓને (અથવા પ્રાણોને) હણે છે, મૃષાવચન બોલે છે, અદત્તગ્રહણ કરે છે, બ્રહ્મચર્ય-વ્રતને ભાંગે છે, મહા આરંભ અને પરિગ્રહ પણ થાય છે. બહુ કહેવાથી શું? ક્રોધથી સર્વ પાપસ્થાનો સેવાય છે. (૫૯૧૯-૨૦) તેમાં નિરપેક્ષ ( તું ) ક્ષમારૂપી તીક્ષ્ણ ખડ્ગથી મહા પ્રતિમલ્લ એવા ક્રોધને ચતુરાઈથી હણીને ઉપશમરૂપી વિજયલક્ષ્મીને પ્રાપ્ત કર!(૫૯૨૧) ક્રોધ દુઃખનું નિમિત્ત છે અને એક માત્ર તેનો ઉપશમ સુખનો હેતુ છે. તે બન્ને પણ આત્માને આધીન છે, તેથી તેનો ઉપશમ કરવો તે જ શ્રેષ્ઠ ( અતિ યોગ્ય ) છે. (૫૯૨૨) મનથી પણ કરેલો ક્રોધ નરકનું કારણ બને છે અને ( મનથી કરેલો ) તેનો ઉપશમ મોક્ષ માટે થાય છે. અહીં બંને વિષયમાં પ્રસન્નચંદ્રરાજર્ષિ દૃષ્ટન્તભૂત છે. (૫૯૨૩) તે આ પ્રમાણે-

**ક્રોધ અને ઉપશમ વિષે પ્રસન્નચંદ્રરાજર્ષિનો પ્રબંધ**-પોતનપુરનો રાજા પ્રસન્નચંદ્ર ઉગ્ર ઝેરવાળા સર્પોથી ભરેલા ઘર જેવા રાજ્યને છોડીને શ્રી વીરપ્રભુ પાસે દીક્ષિત થયા. પછી જગદ્ગુરુની સાથે વિચરતા તે રાજગૃહીમાં આવ્યા અને ત્યાં પરિઘ જેવી બે ભુજાઓને સમ્યગ્ લંબાવીને કાઉસ્સગ્ગમાં રહ્યા. (૫૯૨૪-૨૫) ( પછી ) શ્રી જિનવંદન માટે જતા શ્રેણિક રાજાના સૈન્યના બે અગ્રેસરો દુર્મુખ અને સુમુખ નામના બે પુરુષોએ તેને જોયા. પછી સુમુખે કહ્યું કે-આ જયવંતા છે અને આમનું જીવન સફળ છે, કારણ કે-જેણે તેવા ( શ્રેષ્ઠ ) રાજ્યને તજીને આ રીતે પ્રવ્રજ્યાને સ્વીકારી છે. (૫૯૨૬-૨૭) તે સાંભળીને દુર્મુખે કહ્યું કે-ભદ્ર! એની પ્રશંસાથી સર્યું, ( કારણ કે- ) સ્વયં નપુંસક, નિર્બળ પુત્રને રાજ્ય ઉપર બેસાડીને, શત્રુઓના ભયથી પાખંડ સ્વીકારીને તે આ રીતે અહીં રહ્યો છે અને રાજ્ય, પુત્ર તથા પ્રજા પણ શત્રુઓથી પીડાય છે. (૫૯૨૮-૨૯) એ પ્રમાણે સાંભળીને તત્કાળ ધર્મધ્યાનની (પડિબંધ=) મર્યાદાને વિસરી ગએલા, કુપિત થએલા પ્રસન્નચંદ્ર મુનિ વિચારવા લાગ્યા કે-હું જીવતો છતાં મારા પુત્રને અને રાજ્યને કોણ ઉપદ્રવ કરનાર છે? હું માનું છું કે-સીમાડાના રાજાઓનું આ દુષ્ટ વિલસિત ( કાવતરું ) છે. (૫૯૩૦-૩૧) તેથી તેઓનો નાશ કરીને ( રાજ્યને ) સ્વસ્થ કરું, એમ કાઉસ્સગ્ગમાં રહેલા પણ ( મનથી ) પૂર્વની રીતિથી તેઓની સાથે યુદ્ધમાં પડ્યા. (૫૯૩૨) પછી તેને ધર્મધ્યાનમાં સ્થિર હોય તેવા જોઈને શ્રેણિકરાજા 'અહો! આ મહાત્મા કેવી રીતે ( ધ્યાનમાં ) રહ્યા છે? એમ આશ્ચર્યરસથી આકુલ ( વિસ્મિત ) થએલો અને

ભક્તિના સમૂહને ધારણ કરતો સર્વાદરપૂર્વક તેમના ચરણમાં પ્રણામ કરીને વિચારવા લાગ્યો કે-આવા શુભ ધ્યાનથી યુક્ત જો મરે, તો આ મહાનુભાવ કયાં ઉપજે?-એમ ભગવંતને પૂછીશ. એમ વિચારતો તે પ્રભુની પાસે પહોંચ્યો (**૫૯૩૩થી૩૫**) અને જગત્પૂજ્ય એવા પ્રભુને પૂછયું કે-(હે ભગવંત!) તેવા ભાવમાં રહેલા પ્રસન્નચંદ્ર મરીને કયાં ઉત્પન્ન થાય? તે મને કહો! (**૫૯૩૬**) પ્રભુએ કહ્યું કે-સાતમી નરકમાં ઉપજે! જેથી રાજા નિશ્ચે મેં બરાબર સાંભળ્યું નહિ, એમ વિચારમાં પડયો, (**૫૯૩૭**) અહીં (આ પ્રશ્નોત્તરની) વચ્ચે મનથી લડતા અને સર્વ શસ્ત્રો પૂર્ણ થવાથી મુકૂટથી પણ શત્રુને હણવાની ઇચ્છાવાળા પ્રસન્નચંદ્રે સહસા હાથને મસ્તકે મૂકયો, (અને) કેશના સમૂહને લુંચેલા તે મસ્તકને (**છિક્કમ્મિ**=) સ્પર્શતાં જ તે (**ઉપયુક્ત**=) સભાન બન્યા કે-'હું શ્રમણ છું.' તેથી વિષાદને કરતા કોઇ તેવા (વિશિષ્ટ) શુભ ધ્યાનને પામ્યા, કે જેનાથી તે મહાત્મા તુર્ત કેવળી થયા (**૫૯૩૮ થી ૪૦**) અને સમીપમાં રહેલા દેવોએ કેવલીનો મહિમા કર્યો તથા દુંદુભી વગાડી, (ત્યારે) શ્રેણિકે પૂછયું કે-હે ભગવંત! આ વાજિંત્રનો શબ્દ કેમ છે? (**૫૯૪૧**) જગત્પૂજ્ય એવા પ્રભુએ કહ્યું કે-'આ દેવો પ્રસન્નચંદ્રનો કેવલી-મહિમા કરે છે.' ત્યારે વિસ્મય પામેલા શ્રેણિકે પ્રભુનાં પૂર્વાપર વચનોના વિરોધને વિચારીને પૂછયું કે-હે નાથ! આમાં (નરકમાં અને કેવળજ્ઞાનમાં) શું કારણ છે? તેથી પ્રભુએ યથાસ્થિત (સત્ય) કહ્યું. (**૫૯૪૨-૪૩**) એમ જાણીને હે ક્ષપક! ક્રોધના ત્યાગથી પ્રાપ્ત પ્રશમરસની સિદ્ધિવાળો, અતિ પ્રસન્ન મનવાળો તું વિશુદ્ધ આરાધનાને પ્રાપ્ત કર! (**૫૯૪૪**) આ ક્રોધ નામનું છઠ્ઠું પાપસ્થાનક કહ્યું. હવે માન નામના સાતમા પાપ-સ્થાનકને કંઇક કહું છું. (**૫૯૪૫**)

**૭. અનુશાસ્તિના પહેલા અઢાર પાપસ્થાનકદ્વારમાં માનપાપસ્થાનક-**
માન સંતાપકારી છે, માન અનર્થોના સમૂહનો આવવાનો માર્ગ છે, માન પરાભવનું મૂળ છે અને માન પ્રિય બંધુઓનો વિનાશક છે. (**૫૯૪૬**) માનરૂપી મોટા ગ્રહને વશ પડેલો અક્કડતાના દોષથી પોતાના યશનો અને કીર્તિનો નાશ કરે છે અને તિરસ્કારપાત્ર બને છે. (**૫૯૪૭**) આ મહા પાપી માન હલકાઇનું મૂળ (કારણ) છે, સદ્ગતિના માર્ગનું ઘાતક છે, દુર્ગતિનો માર્ગ છે અને સદાચાર (શીયળ) રૂપી પર્વતને (ચૂરનાર) વજ્ર છે. (**૫૯૪૮**) માનથી અક્કડ શરીરવાળો, હિત-અહિત વસ્તુને નહિ જાણતો, 'શું આ જગતમાં પણ હું કોઇનાથી પણ ન્યૂન અથવા શું ગુણરહિત છું?'-એવી કલુષિત બુદ્ધિને વશ થયેલો સંયમના મૂળભૂત વિનયને કરે નહિ, વિનયરહિતમાં જ્ઞાન ન હોય અને જ્ઞાનના અભાવે ચારિત્ર ન હોય. (**૫૯૪૯-૫૦**) ચારિત્રગુણથી રહિત જગતમાં વિપુલ નિર્જરાને ન પામે, તેના અભાવે મોક્ષ ન થાય અને મોક્ષના અભાવે સુખ કેમ હોય? (**૫૯૫૧**) અને વળી-

માનરૂપી અંધકારના સમૂહથી પરાભૂત, મૂઢ, કર્ત્તવ્ય-અકર્ત્તવ્યમાં મુંઝાઇને વારંવાર

અવગુણીઓનું બહુમાન કરીને, ગુણવંતોનું અપમાન કરીને, બુદ્ધિભ્રષ્ટ થએલો, પાપી, ગોષ્ઠામાહિલ્લની જેમ સર્વ સુખોના મૂળભૂત સમ્યક્ત્વરૂપ કલ્પવૃક્ષને પણ મૂળમાંથી જ ઉખેડી નાખે છે. (**૫૯૫૨-૫૩**)એમ માનાંધ પુરુષ અશુભ નીચગોત્રકર્મને બાંધીને નીચોમાં પણ અતિ નીચ (બની) અનંતસંસારમાં ભટકે છે. (**૫૯૫૪**) તથા (**સંગ=**) વિષયાદિની આસક્તિને (અથવા ઘરવાસને) તજીને પણ, ચરણકરણ ગુણોને (બાહ્ય ચારિત્રને) પામીને પણ, અતિ ઉગ્ર તપ વગેરે કષ્ટકારી અનુષ્ઠાનોને આચરીને પણ, 'અમે જ ત્યાગી, અમે જ બહુશ્રુત, અમે જ ગુણી અને અમે જ ઉગ્ર ક્રિયાવાળા, બીજાઓ તો કુત્સિત માત્ર વેષધારી છે.' અહો હો! કષ્ટ છે કે-એમ વિલાસ પામતા માનરૂપી અગ્નિથી પૂર્વે પ્રાપ્ત કરેલા વિદ્યમાન પણ પોતાના ગુણરૂપી વનને બાળી મૂકે છે. ધિક્ ધિક્ (માનને). (**૫૯૫૫ થી ૫૭**) અને વળી વિપરિત ધર્માચરણવાળા તથા આરંભ-પરિગ્રહથી ભરેલા, સ્વયં મૂઢ, પાપી (માની) પુરુષો અન્ય મનુષ્યોને પણ મોહમૂઢ કરીને જીવસમૂહની હિંસા કરે છે.સદા શાસ્ત્રવિરુદ્ધકર્મો કરે છે અને તો પણ ગર્વ કરે છે કે-'આ જગતમાં ધર્મના(નિમિત્ત) આધાર (પાળનારા) અમે જ છીએ.' (**૫૯૫૮-૫૯**) શાતા, રસ અને રિદ્ધિગારવવાળા,દ્રવ્ય-ક્ષેત્રાદિમાં મમતા કરનારા અને પોતપોતાની ક્રિયાને અનુરૂપ જિનમતની પણ(ઉત્સૂત્ર) પ્રરૂપણા કરતા, દ્રવ્ય-ક્ષેત્રાદિને અનુરૂપ (પોતાનાં) બળ-વીર્ય વગેરે છતાં પણ ચરણ-કરણ ગુણોમાં યથાશક્તિ ઉદ્યમ નહિ કરતા અપવાદમાર્ગમાં આસક્ત, તેવા તેવા લોકોથી પૂજાતા (માની પુરુષો) આ શાસનમાં 'અમે જ (મુખ્ય) છીએ'-એમ પોતાની મોટાઈ અને અભિમાનથી કાળને અનુરૂપ ક્રિયામાં રક્ત સવેગી, ગીતાર્થ, એવા શ્રેષ્ઠ મુનિવરોની 'આ માયા વગેરેમાં પરાયણ (કપટી) છે'- એમ લોક સમક્ષ નિંદા કરે છે (**૫૯૬૦ થી ૬૩**) અને પોતાના આચારને અનુસરીને વર્તનારા (તેમના જેવા), મમત્વથી બદ્ધ એવા પાસત્થા લોકોને 'આ કુટકપટથી રહિત છે'-એમ બોલતા પ્રશંસે છે, (**૫૯૬૪**) અને એ રીતે અશુભ આચરણવાળા (તેઓ) તેવું કોઈ આકરું કર્મ બાંધે છે, કે જેથી ઘણાં આકરાં દુઃખોવાળી સંસારરૂપ અટવીમાં વારંવાર ભમે છે. (**૫૯૬૫**) મનુષ્ય જેમ જેમ માન કરે છે, તેમ તેમ ગુણો નાશ પામે છે અને ક્રમશઃ ગુણોના નાશથી તેને ગુણોનું વિરહપણું (અભાવ) થાય છે. (**૫૯૬૬**) અને ગુણસંયોગથી સર્વથા રહિત પુરુષ જગતમાં ઉત્તમ વંશમાં જન્મેલો હોવા છતાં ગુણરહિત ધનુષ્યની જેમ ઇચ્છિત પ્રયોજનને સાધી શકતો નથી. (ધનુષ્યપક્ષે ગુણ=દોરી-જ્યા, વંશ=ઉત્તમ વાંસ અને અર્થ=લક્ષ્ય એમ ઘટાવવું.) (**૫૯૬૭**) (માટે) સ્વ-પર ઉભય કાર્યોના ઘાતક અને આ ભવ-પરભવમાં આકરાં દુઃખોને દેનારા માનનો વિવેકી પુરુષોએ દૂરથી (સર્વથા) યત્નપૂર્વક ત્યાગ કર્યો છે. (**૫૯૬૮**) તેથી હે સુંદર! (**અનવદ્યતા=**) નિર્દોષ આરાધનાને (મોક્ષને) ઇચ્છતો તું પણ માનને તજી દે, કારણ કે-પ્રતિપક્ષનો ક્ષય કરવાથી સ્વપક્ષની સિદ્ધિ થાય,એમ કહેલું છે. (**૫૯૬૯**) જેમ તાવ જતાં શરીરનું શ્રેષ્ઠ સ્વાસ્થ્ય પ્રગટે છે, તેમ આ માન જતાં આત્માનું શ્રેષ્ઠ સ્વાસ્થ્ય પ્રગટે છે તથા એ રીતે જ આરાધનારૂપી પથ્ય આત્માને ગુણ

કરે છે. (૫૯૭૦) સાતમા પાપસ્થાનક( માન )ના દોષથી બાહુબલી નિશ્ચે ક્લેશ પામ્યા અને તેનાથી નિવૃત્ત થએલા તે જ તૂર્ત કેવળી થયા, (૫૯૭૧) તે આ પ્રમાણે–

**માનકષાય વિષે બાહુબલીનો પ્રબંધ**–તક્ષશિલા નગરીમાં ઇક્ષ્વાકુ કુળમાં જન્મેલો જગપ્રસિદ્ધ બાહુબલી એવા યથાર્થ નામવાળો શ્રી ઋષભજિનનો પુત્ર રાજા હતો. (૫૯૭૨) અઠ્ઠાણું નાના ભાઈઓએ પ્રવ્રજ્યા સ્વીકાર્યા પછી ભરતચક્રીએ સેવાને નહિ સ્વીકારતા તેને આ પ્રમાણે કહ્યું. (૫૯૭૩) રાજ્યને શીઘ્ર છોડ, અથવા આજ્ઞાપાલક બન, કે હમણાં જ યુદ્ધમાં સજ્જ (થઈને) સન્મુખ (સામો) આવી જા! (૫૯૭૪) એમ સાંભળીને અસાધારણ ભુજાબળથી અન્ય સુભટોને જીતનારા તેણે ચક્રવર્તીની સાથે યુદ્ધનો પ્રારંભ કર્યો. (૫૯૭૫)

**યુદ્ધનું વર્ણન**–જ્યાં મત્ત હાથીઓ મરે છે, યોદ્ધાઓ અતિશય હણાય છે, કાયરો નાસી રહ્યા છે, રથોના સમૂહ ભાગી રહ્યા છે, યોગીનીઓનો સમૂહ આવી રહ્યો છે, વહેતા લોહીથી વ્યાપ્ત છે, (એવું જાણે) ભયંકર યમનું ઘર, મોટા ભયનું એક કારણ ( અતિ ભયાનક ), બાણોથી આચ્છાદિત ભૂતળવાળું, હાથીઓના ઝરતા મદરૂપી વાદળવાળું, સૂર્યને ( મગ્ગણું= ) વિચારણા ( ચિંતા ) (પયટ્ટ=) કરાવનારું, ( અથવા શૂરાઓની બાણ ફેંકવાની પ્રવૃત્તિવાળું, માંસભક્ષણ માટે ) ભમતા દુષ્ટ યાચકોવાળું અને અનેક લોકોનું મારણ, એવા રણમેદાનને જોઈને હયામાં એક રસ મનવાળો મહાયશ તે બાહુબલી બોલ્યો કે–હે ભરત! આ નિરપરાધી લોકોને મારવાથી શું? જેઓને પરસ્પર વૈર છે તે તું અને હું બે લડીએ. (૫૯૭૬ થી ૮૦) ભરતે તે સ્વીકાર્યું. તે પછી તે બંને લડવા લાગ્યા, ત્યાં સુધી કે બાહુબલીએ ભરતને સર્વ પ્રકારે હરાવ્યો. તેથી તે ચક્રી વિચારવા લાગ્યો કે–શું હું ચક્રી નથી? કારણ કે–સામાન્ય મનુષ્યની જેમ હું સર્વ પ્રકારે ભુજાબળ વડે આનાથી હારું છું! (૫૯૮૧-૮૨) એમ ચિંતા કરતા ભરતના કરકમળમાં ચમકતી વિજળી જેવું ચપળ અને યમના પ્રચંડ દંડની જેમ (જેની સામે) દુઃખે જોઈ શકાય તેવું દંડરત્ન આવી પડ્યું. (૫૯૮૩) ત્યારે તેને તેવું જોઈને વધી રહેલા ક્રોધાગ્નિવાળો બાહુબલી 'શું દંડ સહિત આને ચૂરી નાખું?'–એમ એક ક્ષણ વિચારતો રહીને, લેશ પ્રગટેલી શુદ્ધ બુદ્ધિ વડે વિચારવા લાગ્યો કે–'ધિક્ ધિક્ વિષયના અનુરાગને, કે જેને વશ પડેલા જીવો મિત્રને પણ, સ્વજનને પણ અને બંધવોને પણ તૃણતુલ્ય પણ ગણતા નથી અને અકાર્યને ( તેઓનું અહિત ) કરવા પણ ઉદ્યમ કરે છે. (૫૯૮૪ થી ૮૬) તેથી વિષયવાસનામાં વજ્રાગ્નિ પડો!'–એમ ચિંતવતો તે વિરાગી મહાત્મા સ્વયમેવ લોચ કરીને–પ્રવ્રજ્યાને સ્વીકારીને, 'પ્રભુની પાસે ગયેલો હું નાના ભાઈઓને કેવી રીતે વંદન કરીશ?'–એવા અભિમાનના દોષથી ત્યાં જ કાઉસ્સગ્ગમાં ઊભો રહ્યો અને 'કેવળજ્ઞાન પ્રગટ્યા પછી અહીંથી જઈશ'–એમ પ્રતિજ્ઞા કરીને નિરાહારપણે એક વર્ષ સુધી દુઃખી ( અથવા કૃશ ) થયો. (૫૯૮૭ થી ૮૯ ) એક વર્ષને અંતે પ્રભુએ મોકલેલા બ્રાહ્મી અને

સુંદરી બે સાધ્વીઓએ કહ્યું કે–ભાઈ! પિતા (પ્રભુ) જણાવે છે કે–'હાથી ઉપર ચઢેલાને નિશ્ચે કેવળજ્ઞાન ન થાય!' તે પછી જ્યારે તે સમ્યગ્ વિચારવા લાગ્યો, ત્યારે 'માન એ જ હાથી છે–' એમ જાણીને પ્રગટેલા શુદ્ધ ભાવવાળો તે માનને છોડીને પ્રભુના ચરણોમાં જવા માટે પગને ઉપાડતાં જ શ્રેષ્ઠ કેવળજ્ઞાનની પ્રાપ્તિ થવાથી પૂર્ણ પ્રતિજ્ઞાવાળો થયો. (પ્રતિજ્ઞા પૂર્ણ થઈ.) (**૫૯૯૦ થી ૯૨**) એમ હે મહાત્મા ક્ષપક! માનકષાયની પ્રવૃત્તિ અને વિરતિપણાથી પ્રાપ્ત થતા દોષ–ગુણોને શુદ્ધ બુદ્ધિથી વિચારીને, તું આ આરાધનાને આરાધીને દર્શન–જ્ઞાનસમેત શ્રેષ્ઠ ચારિત્રગુણથી યુક્ત અનંત શિવસુખને પ્રાપ્ત કર. (**૫૯૯૩–૯૪**) એમ આ માનવિષયક સાતમું પાપસ્થાનક કહ્યું. હવે માયાવિષયક આઠમા પાપસ્થાનકને કંઈક માત્ર કહું છું. (**૫૯૯૫**)

**૮. અનુશાસ્તિના પહેલા અઢાર પાપસ્થાનકમાં આઠમું માયાપાપસ્થાનક**– માયા ઉદ્વેગને કરનારી છે, તેને ધર્મશાસ્ત્રોમાં નિંદેલી છે, તે પાપની ઉત્પત્તિરૂપ છે અને ધર્મનો ક્ષય કરનારી છે. (**૫૯૯૬**) માયા ગુણોની હાનિકારક છે, દોષો સ્પષ્ટ વધારનારી છે અને વિવેકરૂપી ચંદ્રબિંબને ગળનારો એક રાહુગ્રહ છે. (**૫૯૯૭**) જ્ઞાન ભણ્યા, દર્શનને આચર્યું, ચારિત્રને પાળ્યું અને અતિ ચિરકાળ તપ પણ તપ્યા, પણ જો માયા છે, તો તે સર્વ (**હતં=**) નાશ પામ્યું (જાણવું.) (**૫૯૯૮**) આથી પરલોક તો દૂર રહ્યો પણ માયાવી મનુષ્ય જો કે અપરાધકારી ન હોય, તો પણ આ ભવમાં જ સર્પની જેમ ભયજનક છે. (**૫૯૯૯**) મનુષ્ય જેમ જેમ માયા કરે, તેમ તેમ લોકમાં અવિશ્વાસ પ્રગટાવે છે અને અવિશ્વાસથી આકહાના રૂ કરતાં પણ હલકો બને છે. (**૬૦૦૦**) તેથી હે સુંદર! એને વિચારીને માયાનો સર્વથા ત્યાગ કર, કારણ કે–તેને તજવાથી નિર્દોષ (શુદ્ધ) સરળતાગુણ પ્રગટે છે. (**૬૦૦૧**) સરળતાથી પુરુષ જ્યાં જ્યાં જાય, ત્યાં ત્યાં લોકો તેની આ સજ્જન છે, સરળસ્વભાવી છે, એમ પ્રશંસા કરે છે. (**૬૦૦૨**) મનુષ્યોની પ્રશંસાને પામનારમાં (**સયરાહં=**) શીઘ્ર પૂર્ણ (અથવા પવિત્ર) ગુણો પ્રગટ થાય છે, તેથી ગુણસમૂહના અર્થીએ માયાત્યાગમાં યત્ન કરવો યોગ્ય છે. (**૬૦૦૩**) (પ્રથમ મીઠાશ, પછી ખટાશવાળી) છાશની જેમ પહેલાં મધુરતા જણાવીને પાછળથી વિકાર દેખાડનારો માયાવી મનુષ્ય મધુરતાને છોડવાથી જગતને રુચતો નથી. (**૬૦૦૪**) અહીં આઠમા પાપસ્થાનકના દોષમાં પંડરા આર્યાનું દૃષ્ટાન્ત છે, અથવા દોષમાં અને ગુણમાં યથાક્રમ બે વણિક પુત્રોનું પણ દૃષ્ટાન્ત છે. (**૬૦૦૫**) તે આ પ્રમાણે–

**માયા સેવવા વિષે પંડરા આર્યાનો પ્રબંધ**–એક શહેરમાં ધનવાનના મોટા કુળમાં જન્મેલી અને સંસારથી ઉદ્વિગ્ન થયેલી ઉત્તમ શ્રાવકની એક પુત્રીએ પ્રવ્રજ્યા સ્વીકારી. (**૬૦૦૬**) ઉત્તમ સાધ્વીઓની સાથે રહેતી તે ગ્રીષ્મઋતુમાં મેલપરિષહથી અતિ પરાભવ પામેલી શરીરની અને વસ્ત્રોની પણ શોભા–સાફસુફી કરતી હતી. તેથી સાધ્વીઓ તેને પ્રેરણા (નિષેધ) કરતાં, આથી તેને સહન નહિ કરતી તે જુદા ઉપાશ્રયમાં રહી,

(૬૦૦૭-૮) (**પંડરપડ=**) ઉજ્જવળ વસ્ત્ર જેવું શરીર હોવાથી લોકમાં 'પંડરા આર્યા' –એ નામે પ્રસિદ્ધ થએલી તે પોતાની પૂજા માટે વિદ્યાના બળે નગરના લોકોને ક્ષોભ (આશ્ચર્ય અથવા ભય) કરે છે. (૬૦૦૯) પછી પાછલી વયે કોઈ રીતે પરમ વૈરાગ્યને પામેલી તે સદ્‌ગુરુ સમક્ષ પૂર્વનાં દુરાચારોનું પ્રાયશ્ચિત્ત કરીને, સંઘ સમક્ષ અનશન સ્વીકારીને અને શુભ ધ્યાનમાં રહીને, માત્ર પૂજાવા માટે મંત્રથી લોકોને આકર્ષણ કરે છે, (૬૦૧૦-૬૦૧૧) નગરલોકોને નિરંતર તેની પાસે આવતા જોઈને ગુરુએ કહ્યું કે–'હે મહાનુભાવા! તારે મંત્રનો પ્રયોગ કરવો યોગ્ય નથી. (૬૦૧૨) તેથી તેણીએ 'મિચ્છામિ દુક્કડં, પુનઃ નહિ કરું, પ્રેરણા કરી તે સારું કર્યું'–'–એમ જવાબ આપ્યો. વળી પુનઃ એક દિવસે એકાન્તમાં નહિ રહી શકતી તેણીએ પુનઃ લોકોને આકર્ષ્યા અને ગુરુએ તેનો નિષેધ કર્યો. એમ જ્યારે ચોથી વાર નિષેધ કર્યો (ત્યારે તેણે માયાવીપણાથી કહ્યું કે–હે ભગવંત!... હું કંઈ પણ વિદ્યાબળનો પ્રયોગ કરતી નથી, કિન્તુ આ લોકો સ્વયમેવ આવે છે. (**૬૦૧૩ થી ૧૫**) એમ તે માયાને વશ આરાધનાના ફળને (**વિહુણિય=**) ગુમાવીને મરીને સૌધર્મકલ્પમાં ઐરાવણ નામના દેવની દેવીપણાને પામી. (૬૦૧૬) એમ દોષમાં પંડરા આર્યાનું દૃષ્ટાન્ત કહ્યું. હવે દોષ અને ગુણ બન્નેમાં પૂર્વે જણાવેલા વણિકોને કહું છું. (૬૦૧૭)

**માયા કરવા ન કરવાના દોષ-ગુણ વિષે બે વણિક્‌પુત્રોનો પ્રબંધ**–પશ્ચિમ વિદેહમાં બે વેપારી મિત્રો (એક) માયાથી અને (બીજો) સરળતાથી, એમ ચિરકાળ વ્યાપાર કરીને બંને મર્યા અને ભરતક્ષેત્રમાં સરળતાવાળો યુગલિકપણે અને બીજો (માયાવી) હાથીપણે ઉત્પન્ન થયો. કાળાન્તરે પરસ્પર દર્શન થયું. પછી માયાવશ બાંધેલા આભિયોગિક કર્મના ઉદયથી હાથીએ અવ્યક્ત પ્રીતિથી (પૂર્વસંસ્કારથી) તે યુગલિક દંપતીને ખાંધા ઉપર (**વિલઈ અં=**) વિલાસ કરાવ્યો. (અહીં દંપતિમાં એક જીવ બીજો સમજવો.) (**૬૦૧૮ થી ૨૦**) એમ માયાવીના અનર્થ અને તેનાથી વિપરીતના (સરળના) ગુણ જોઈને હે ક્ષપક! નિર્માયી તું સમ્યક્ આરાધનાને પ્રાપ્ત કર! (૬૦૨૧) એમ આઠમું પાપસ્થાનક લેશ માત્ર કહ્યું. હવે લોભના સ્વરૂપને જણાવવામાં પરાયણ નવમાને પણ કહું છું. (૬૦૨૨)

**૯. અનુશાસ્તિના પહેલા અઢાર પાપસ્થાનકદ્વારમાં નવમું લોભ-પાપસ્થાનક**–જેમ પૂર્વે ન હોય છતાં વર્ષાનાં વાદળ પ્રગટે અને પ્રગટેલા વધે, તેમ પુરૂષમાં લોભ પણ (ન હોય તે) પ્રગટે છે તથા પ્રતિસમય વધે છે. (૬૦૨૩) અને લોભ વધતાં પુરુષ કર્ત્તવ્ય-અકર્ત્તવ્યને વિચાર્યા વિના, મરણને પણ નહિ ગણતો મહા સાહસને કરે છે. (૬૦૨૪) લોભથી મનુષ્ય પર્વતની ગુફામાં અને સમુદ્રમાં ભટકે છે તથા ભયંકર યુદ્ધભૂમિમાં (પણ) પ્રવેશ કરે છે, તેમજ પ્રિય સ્વજનોને તથા પોતાના પ્રાણોને પણ તજે છે. (**૬૦૨૫**) વળી લોભીને ઉત્તરોત્તર ઈચ્છિત ધનની અત્યંત પ્રાપ્તિ થવા છતાં તૃષ્ણા જ વધે છે અને સ્વપ્નમાં પણ તૃપ્તિ થતી નથી. (૬૦૨૬) લોભ અખંડ

વ્યાધિ છે. સ્વયંભૂરમણ સમુદ્રની જેમ કોઈ રીતે ન પૂરાય તેવો તે ઇન્ધનોથી અગ્નિ વધે, તેમ લાભરૂપી ઇન્ધનથી અત્યંત વૃદ્ધિને પામે છે. (૬૦૨૭) લોભ સર્વવિનાશક છે, લોભ પરિવારનો મનોભેદ કરનાર છે અને લોભ સર્વ આપત્તિઓવાળી દુર્ગતિમાં જવા માટેનો રાજમાર્ગ છે. (૬૦૨૮) એના દ્વારા ઘોર પાપોને વધારીને તેનું પ્રાયશ્ચિત કર્યા વિનાનો મનુષ્ય અતિ લાંબા કાળ સુધી સંસારરૂપી ભયંકર અટવીમાં વારંવાર ભમે છે. (૬૦૨૯) અને જે મહાત્મા લોભના વિપાકને જાણીને વિવેકથી તેનાથી વિપરિત વર્તે છે (સંતોષ કરે છે), તે ઉભય લોકમાં સુખનું પાત્ર બને છે. (૬૦૩૦) આ પાપસ્થાનકમાં કપિલ બ્રાહ્મણ દૃષ્ટાન્તભૂત છે, કે જે બે માસાનો અર્થી પણ ક્રોડ સુવર્ણ સુધી ચઢયો (પહોંચ્યો).(૬૦૩૧) અને તેના પ્રતિપક્ષમાં (સંતોષમાં) પણ સમગ્ર સ્થૂળ અને સૂક્ષ્મ પણ લોભના અંશને ખપાવનારો તથા કેવળજ્ઞાનના પ્રકાશને પામેલો, તે (કપિલ) જ દૃષ્ટાન્તરૂપ છે.(૬૦૩૨) તે આ પ્રમાણે-

**લોભ અને સંતોષ વિષે કપિલ બ્રાહ્મણનો પ્રબંધ**-કૌશંબી નગરીમાં યશોદા નામની બ્રાહ્મણીનો કપિલ નામે પુત્ર હતો. તે નાનો છતાં તેનો પિતા મરણને પામ્યો. પછી પતિની સમાન ઉંમરવાળા બીજા વૈભવસંપન્ન બ્રાહ્મણને જોઇને પતિનું સ્મરણ થવાથી રડવા લાગેલી તેની માતાને કપિલે પૂછ્યું કે-માતા! તું કેમ રડે છે? તેણીએ કહ્યું કે-હે પુત્ર! આ જીવનમાં મારે ઘણું રડવાનું છે. (૬૦૩૩ થી ૩૫) તેણે કહ્યું કે-શા માટે? તેણીએ કહ્યું કે-હે પુત્ર! તારા જન્મ પછી સંપત્તિ તેટલી નાશ પામી, કે જેવો આ બ્રાહ્મણ છે તેવો સંપત્તિવાળો તારો પિતા હતો. તેણે પૂછ્યું કે-કયા ગુણથી? (મારા પિતા ધન મેળવતા હતા?) તેણીએ કહ્યું કે-હા, વેદની કુશળતાથી મેળવતા હતા. (૬૦૩૬-૩૭)(અમર્ષ=) પ્રતિકાર કરવાની ઇચ્છારૂપ રોષપૂર્વક કપિલે કહ્યું કે-હું પણ તેને શીખું. તેણીએ કહ્યું કે-શ્રાવસ્તીમાં તારા પિતાના મિત્ર ઇન્દ્રદત્ત નામના ઉપાધ્યાયની પાસે જઈને એમ કર (ભણ)! હે પુત્ર! અહીં તને સમ્યગ્ ભણાવનાર કોઈ પણ નથી. (૬૦૩૮-૩૯) 'એમ કરીશ'-એવું કહીને તેનો સ્વીકાર કરીને તે શ્રાવસ્તીપુરીમાં ઇન્દ્રદત્ત પાસે ગયો. તેણે (આવવાનું કારણ) પૂછ્યું. ત્યારે સર્વ વૃત્તાન્ત કહેવાથી, પ્રિય એવા મિત્રનો પુત્ર જાણીને ઉપાધ્યાય તેને ભેટયા અને કહ્યું કે-વત્સ! સાંગોપાંગ ચારેય વેદને ગ્રહણ કર (ભણ)! (૬૦૪૦-૪૧) કિન્તુ આ નગરમાં સમૃદ્ધ એવા ધનશેઠને તું ભોજન માટે પ્રાર્થના કર. કપિલે તેને પ્રાર્થના કરી. તેણે પણ આદરપૂર્વક પોતાની એક દાસીને કહ્યું કે-આ (પાઠક=) વિદ્યાર્થીને ભોજન કરાવ. એમ ભોજનથી સ્વસ્થ (કાયમી સગવડવાળો)તે વેદને ભણવા લાગ્યો. (૬૦૪૨-૪૩) પરંતુ આદરથી પ્રતિદિન ભોજન આપવાથી અને પરિચયથી તેને દાસી ઉપર અત્યંત રાગ થયો. (૬૦૪૪) પછી તે દાસીએ તેને કહ્યું કે-(છણો=) ઉત્સવ હોવાથી કાલે વિવિધ સુંદર શણગારને કરીને પોતપોતાના કામુકે(ભોગીએ) ભેટ કરેલાં વિશિષ્ટ વસ્ત્રો વગેરેથી રમણીય એવી નગરની વેશ્યાઓ કામદેવને પૂજવા જશે અને તેઓની વચ્ચે રહેલી કુત્સિત વેશવાળી મને સખીઓ હસશે. તેથી હે પ્રિયતમ!

તને હું પ્રાર્થના કરું છું કે-કોઈ રીતે તેમ કર, કે જેથી હું હાંસીનું પાત્ર ન બનું ! **(૬૦૪૫ થી ૪૭)** એમ સાંભળીને કદર્થિત થએલો કપિલ અધૃતિને વશ થયો, રાત્રે નિદ્રા નાશ પામી. તેથી પુનઃ પણ દાસીએ તેને કહ્યું કે-હે પ્રિય ! સંતાપને છોડો, તમે રાજાની પાસે જાઓ, નિશ્ચે પ્રથમ જાગેલો (જાગતાં જ) તે પહેલા જોએલા બ્રાહ્મણને દરરોજ બે માસા સોનું આપીને બહુમાન (સત્કાર) કરે છે. એ સાંભળીને રાત્રિનું પ્રમાણ (સમય) વિચાર્યા વિના કપિલ ઘેરથી નીકળ્યો, તેથી જતા તેને કોટવાલોએ 'ચોર છે'-એમ માની પકડીને બાંધ્યો અને પ્રભાતે રાજાને દેખાડયો. (સોંપ્યો). **(૬૦૪૮ થી ૫૧)** આકારથી **(ઇંગિત=)** હૃદયને જાણવામાં કુશળ રાજાએ 'નિર્દોષ છે'-એમ જાણીને તેને પૂછયું કે-હે ભદ્ર ! તું કોણ છે ? તેણે પણ પોતાનો સર્વ વૃત્તાન્ત મૂળથી માંડીને કહ્યો. તેથી કરુણાવાળા રાજાએ કહ્યું કે-હે ભદ્ર ! જે માગે તે આપું ! **(૬૦૫૨-૫૩)** કપિલે કહ્યું કે-હે દેવ ! એકાન્તે વિચારીને માગું. રાજાએ કબૂલ્યું. પછી તે એકાન્તમાં રહીને વિચારવા લાગ્યો કે-બે માસા સુવર્ણથી કંઈ પણ ન થાય, દશ સોનામહોર માગું, પણ તેનાથી એક વસ્ત્ર જ થાય. **(૬૦૫૪-૫૫)** માટે વીશ માગું, અથવા તે વીશથી પણ આભરણ ન થાય, તેથી હું એકસો માગું ! તેટલાથી પણ તેણીને શું થાય અને મારે શું થાય ? **(૬૦૫૬)** એક હજાર માગું, પણ તેટલાથી પણ થોડો (વખત) નિર્વાહ થાય એમ દશ હજારે ચઢયો, પછી યાવત્ એક ક્રોડ સુધી પણ વધ્યો. **(૬૦૫૭)** અને એમ ઉત્તરોત્તર વધતી પ્રચંડ ધનની વાંછાથી મૂળ ઇચ્છાને અનુસરીને તેણે આ પ્રમાણે વિચાર્યું. **(૬૦૫૮)** જેમ લાભ, તેમ લોભ, એમ લાભથી લોભ વધે છે. બે માસાથી કરવાયોગ્ય કાર્ય ક્રોડથી પણ પૂર્ણ ન થયું. **(૬૦૫૯)** હા ! લોભની ચેષ્ટા દુષ્ટથી (પણ) દુષ્ટ છે. એમ વિચારતો તે પૂર્વભવે પાળેલી દીક્ષાનું (જાતિ) સ્મરણ કરીને, સંવેગને પામેલો, બોધ પામીને અને દીક્ષાને સ્વીકારીને રાજા પાસે ગયો. રાજાએ પૂછયું કે-હે ભદ્ર ! આ વિષયમાં તેં શું વિચાર્યું ? **(૬૦૬૦-૬૧)** કપિલે ક્રોડની ઇચ્છા સુધીનો પોતાનો વ્યતિકર કહ્યો. રાજાએ કહ્યું કે-ક્રોડ પણ આપીશ, સંદેહ ન કર ! **(૬૦૬૨)** હવે 'મારે પરિગ્રહથી સર્યું.'-એમ કહીને કપિલ રાજમંદિરમાંથી નીકળ્યો અને કેવળજ્ઞાનને પામ્યો. **(૬૦૬૩)** એમ હે સુંદર ! આ દુર્જય પણ લોભશત્રુને સંતોષરૂપી તીક્ષ્ણ ખડ્ગથી જીતીને નિશ્ચે તું આત્માની નિવૃત્તિને (મુક્તિને) કર ! **(૬૦૬૪)** એમ લોભ નામનું નવમું પાપસ્થાનક જણાવ્યું. હવે પ્રેમ (રાગ) નામના દશમાને પણ સમ્યગ્ કહું છું. **(૬૦૬૫)**

**૧૦. અનુશાસ્તિના પહેલા અઢાર પાપસ્થાનકદ્વારમાં દશમું પ્રેમ (રાગ)પાપસ્થાનક**-આ શાસનમાં અત્યંત લોભ અને માયારૂપ આસક્તિના માત્ર આત્મ પરિણામને જ શ્રી જિનેશ્વરો પ્રેમ (રાગ) કહે છે. **(૬૦૬૬)** પ્રેમ એટલે નિશ્ચે પુરુષના શરીરમાં અગ્નિ વિનાનો ભયંકર દાહ છે, વિષ વિના પ્રગટેલી મૂર્ચ્છા છે અને **(અમંતતંતો=)** મંત્ર-તંત્રથી પણ અસાધ્ય ગ્રહનો આવેશ (વળગાડ) છે. **(૬૦૨૭)** અખંડ પણ

નેત્રોની અને કાનની નિર્બળતા અર્થાત્ અંધાપો તથા બહેરાશ છે, પરાવશપણું છે અને મોટી (વિક્કય=) વ્યાકુળતા છે. અહા હા! ધિક્ પ્રેમને (૬૦૬૮) અને વળી (તાવની જેમ પ્રેમથી) શરીરનું ઉદ્દ્વર્તન, દુર્બળતા, પરિતાપ (તાવ), કંપન (ધ્રૂજારી), નિદ્રાનો અભાવ, વારંવાર બગાસાં અને દૃષ્ટિની અપ્રસન્નતા (થાય છે.) મૂર્ચ્છા, (પાઠાં૦ પલાવ-કરણં=) લવારો અને ઉદ્વેગ અને લાંબા ઊષ્ણ ઊષ્ણ નિસાસા થાય છે. એમ તાવની જેમ પ્રેમમાં (રાગમાં) લેશ પણ લક્ષણભેદ નથી. (૬૦૬૯–૭૦) પ્રેમના વ્યાસંગથી કુલિન પણ મનુષ્ય ન ચિંતવવાયોગ્ય પણ ચિંતવે છે તથા નિત્ય અસત્યને પણ બોલે છે, ન જોવાયોગ્ય જુએ છે, અસ્પર્શ્યને પણ સ્પર્શે છે, અભક્ષ્યને પણ ખાય છે, ન પીવાયોગ્ય પીવે છે, ન જવાયોગ્ય સ્થાનમાં (જાઇ=) જાય છે અને અકાર્યને પણ કરે છે. (૬૦૭૧–૭૨) અને વળી આ સંસારમાં જીવોને વિડંબનાકારી પ્રેમ જ ન હોય, તો અશુચિમળથી ભરેલા સ્ત્રીના શરીરમાં કોણ રાગ કરે? (૬૦૭૩) પંડિતપુરુષોએ અશુચિ, દુર્ગંધી અને બીભત્સ એવા જેને તજ્યું છે, તેની સાથે જે મૂઢ રાગ કરે છે, તો (અવ્વો=) દુઃખ છે કે–તે કોનાથી વિરામ પામશે? (કોનામાં રાગ નહિ કરે?) (૬૦૭૪) લજ્જાકારી માનીને લોકમાં નિશ્ચે અનિષ્ટ (પાપ) રૂપ એવા જેને ઢાંકવામાં આવે છે, તે જ (અંગ) જેને રમ્ય (લાગે) છે, તો આશ્ચર્ય છે કે–તેને ઝેર પણ મધુર છે. (૬૦૭૫) મરતી સ્ત્રી ઉચ્છ્વાસ લે છે, શ્વાસ મૂકે છે, નેત્રોને મીંચે છે અને અશક્ત બને છે, ત્યારે (મરતી) તે રાગીને પણ તેવું જ કરે છે, છતાં રાગીને તે રમણીય (લાગે) છે. (૬૦૭૬) અશુચિ, અદર્શનીય, મેલથી ભરેલું, દુર્ગંધી, દેખતાં દુઃખ થાય તેવું અને અત્યંત લજ્જાસ્પદ, તેથી જ અત્યંત ઢાંકવાયોગ્ય, તથા નિરંતર અશુચિને ઝરતા અને જ્ઞાનીઓએ નિંદેલા એવા સ્ત્રીના ગુહ્યભાગમાં પરાક્રમી પણ પુરુષો જે રાગ કરે છે, તે રાગના ચરિત્રને (ચેષ્ટિતને) ધિક્કાર થાઓ! (૬૦૭૭–૭૮) એમ શરીરના રાગથી તેનું અભ્યંગન (માલિસ) અને ઉદ્દ્વર્તન વગેરે દ્વારા પરિશ્રમ કરે છે, તે એમ નથી ચિંતવતો કે–ઉપચાર કરવા છતાં પણ એ અશુચિ (અપવિત્ર) જ (રહે) છે. (૬૦૭૯) એ પ્રમાણે ધન–ધાન્યમાં, સોના–રૂપામાં, ક્ષેત્ર–વાસ્તુમાં અને દ્વિપદ–ચતુષ્પદોમાં રાગથી બંધાએલો (રાગી) તે વસ્તુઓ માટે સ્વદેશથી પરદેશમાં (દેશોદેશ) જાય છે અને પવનથી ઉડેલા સૂકા પાંદડા સમાન (અસ્થિર) ચિત્ત-વાળો તે શારીરિક અને માનસિક અસંખ્ય તીવ્ર દુઃખોને અનુભવે છે. (૬૦૮૦–૮૧) વધારે કહેવાથી શું? જગતમાં જીવોને જે જે અતિ આકરી વેદનાવાળું દુઃખ થાય છે, તે તે સર્વ રાગનું ફળ છે. (૬૦૮૨) જે કુંકમને પણ (મૂળ સ્થાનરૂપ) દેશનો ત્યાગ (વિટ્ટણ=) રૂપ–પરાવર્તન અને ચૂરણ થાય છે, અથવા મજીઠને જે (કંદુપ્પાડાઇ=) મૂળમાંથી ઉખેડવી, વગેરે ઉકાળવા સુધીનાં કષ્ટો થાય છે, તથા કસુંબાને જે (જવણ=) તપાવવું, ખંડન અને પગ વગેરેથી મર્દન થાય છે, તે તેમાં રહેલા (દવ્વઓ=) દ્રવ્ય પણ રાગનું (દ્રવ્યરાગનું) જ દુષ્ટ ચેષ્ટિત જાણવું (૬૦૮૩–૮૪) એમ (તદ્દારેણ=) રાગદ્વારા દુઃખ, દુઃખથી આર્ત્ત–રૌદ્રધ્યાન અને તે દુર્ધ્યાનોથી જીવ આ લોક પરલોકમાં દુઃખી થાય છે. (૬૦૮૫)

જો જીવોને સઘળું અવ્યવસ્થિત (ઉલટું) કરનારો એક રાગ જ છે, તો બીજા સંસારના હેતુઓના સમૂહથી સર્યું. (અર્થાત્ રાગ જ એક સંસારનું મૂળ કારણ છે.) (૬૦૮૬) અને (મનુષ્ય) રાગાદિથી પદાર્થને અહીંથી-ત્યાંથી કષ્ટથી સાધીને (મેળવીને જેમ જેમ તેને અનુભવે (ભોગવે) છે, તેમ તેમ રાગ વધે છે. (૬૦૮૭) જો બિંદુઓથી સમુદ્રને ભરી શકાય, અથવા ઈંધનોથી અગ્નિને તૃપ્ત કરી શકાય, તો રાગની તૃષાને પામેલો પુરુષ પણ આ સંસારમાં તૃપ્તિને પામે! (૬૦૮૮) પરન્તુ કોઇએ આ જગતમાં એમ (કરેલું) જોયું કે સાંભળ્યું પણ નથી, તેથી વિવેક હોતે છતે (વિવેકીએ) રાગના વિજયમાં પ્રયત્ન કરવો યુક્ત છે. (૬૦૮૯) જગતમાં જીવોને જે જે મોટું અનુબંધ (પરંપરાં)વાળું સુખ (શુભ) થાય છે, તે તે રાગરૂપી દુર્જય શત્રુના અખંડ વિજયનું ફળ છે. (૬૦૯૦) જેમ ઉત્તમ રત્નોના સમૂહ સામે કાચનો મણિ ન શોભે, તેમ એની (રાગના વિજયની) સામે દૈવી અથવા મનુષ્યનું શ્રેષ્ઠ પણ સુખ લેશ માત્ર પણ શોભાને પામતું નથી. (૬૦૯૧) આ પ્રેમપાપસ્થાનકના દોષમાં અર્હન્નકની ભાર્યા અને તેના પ્રતિપક્ષમાં (ગુણમાં) તેનો અર્હમિત્ર દિયર દૃષ્ટાન્તભૂત છે. (૬૦૯૨) તે આ પ્રમાણે—

**રાગના દોષમાં અર્હન્નકની પત્નીનો અને વિરાગના ગુણમાં અર્હમિત્રનો પ્રબંધ**-શ્રીક્ષિતિપ્રતિષ્ઠિત નગરમાં અર્હન્નક અને અર્હમિત્ર નામના પરસ્પર દૃઢ પ્રીતિવાળા બે ભાઈઓ રહે છે. (૬૦૯૩) તીવ્ર અનુરાગવાળી મોટા ભાઈની પત્નીએ એક અવસરે નાના ભાઇને (દિયરને ભોગની) પ્રાર્થના કરી અને તેણે તેને ઘણી વાર રોકી. (૬૦૯૪) તો પણ ઉપસર્ગ (બળાત્કાર) કરતી તેને (દિયરે) કહ્યું કે-શું મારા ભાઈને તું જોતી નથી? તેથી અનાચારવાળી તેણીએ ભર્તારનો નાશ કર્યો. (૬૦૯૫) પછી કહ્યું કે-એમ કરવા છતાં તું કેમ (મને) ઇચ્છતો નથી! તેથી 'તે સ્ત્રીએ (મારા) ભાઈને મારી નાખ્યો'-એમ નિશ્ચય કરીને ઘરથી વિરાગી થએલા તેણે શ્રી ભગવતી દીક્ષાને સ્વીકારી અને સાધુઓની સાથે બહાર વિહાર કર્યો. (ઈત્તરી=) તે સ્ત્રી આર્ત્ત-ધ્યાનને વશ પીડાતી મરીને કૂતરી થઇ. (૬૦૯૬-૯૭) સાધુસમુહની સાથે વિચરતો અર્હમિત્ર પણ જે ગામમાં તે કૂતરી છે. ત્યાં જ આવ્યો. (૬૦૯૮) તેથી પૂર્વસ્નેહને વશ તે કૂતરી તેની સમીપને છોડતી (તેનાથી દૂર જતી) નથી. એમ (થવાથી) ઉપસર્ગ માનીને અર્હમિત્ર તે રાત્રે નાઠો. (૬૦૯૯) કૂતરી પણ તેના વિયોગથી મરીને અટવીમાં માંકડી થઈ અને તે મહાત્મા પણ કોઇ રીતે તે જ અટવીમાં પહોંચ્યો. (૬૧૦૦) ત્યાં માંકડીએ તેને જોયો અને પૂર્વપ્રીતિથી તે ગળે વળગી અને શેષ સાધુઓએ મુશીબતે છોડાવેલો તે નાસી ગયો. (૬૧૦૧) પરંતુ તે તેના વિરહથી મરીને યક્ષિણી થએલી તેનાં છિદ્રોને જોવા લાગી અરે વિચરતા તે વિરાગી સાધુને યુવાન સાધુઓ હાંસીથી કહે છે કે-હે અર્હમિત્ર! તું ધન્ય છે, કે હે મિત્ર! તું કૂતરીને અને પર્વતની માંકડીને પણ વ્હાલો છે. (૬૧૦૨-૩) એમ મશ્કરી કરવા છતાં કષાયરહિત તે મુનિ અન્ય સમયે

જળપ્રવાહને ઓળંગવા માટે જંઘાને લાંબી વિસ્તારીને જ્યારે જવા લાગ્યો, ત્યારે ગતિ-ભેદ થવાથી તકને પામેલી, પૂર્વે રોષિત થએલી તે યક્ષિણીએ તેની સાથળ કાપી નાખી. (૬૧૦૪-૫) હા ! દુષ્ટ થયું, દુષ્ટ થયું, અપ્કાય જીવોની વિરાધના ન થાઓ !–એમ ભાવનાને ભાવતો તે જેટલામાં અધીરો થયો, તેટલામાં તુર્ત સમ્યગ્દષ્ટિ દેવીએ તે યક્ષિણીનો પરાજ્ય કરીને (સપએસો=) ટૂકડા સહિત તેના સાથળને સાંધીને પુનઃ નવો (અખંડ) કર્યો. (૬૧૦૬-૭) એમ પ્રેમના વિપક્ષમાં (વૈરાગ્યમાં) વર્તતો તે સદ્ગતિને પામ્યો અને રાગથી પરાભૂત તે (યક્ષિણી) વિડંબનાનું પાત્ર બની. (૬૧૦૮) એમ હે દેવાનુપ્રિય ! તું પણ ઇષ્ટ અર્થની સિદ્ધિ માટે શ્રી જિનવચનરૂપી નિર્મળ જળથી રાગાગ્નિને શાન્ત કર. (૬૧૦૯) એમ દશમું પાપસ્થાનક સંક્ષેપથી કહ્યું. હવે દ્વેષ નામના અગીઆરમાને કહું છું. (૬૧૧૦)

**૧૧. અનુશાસ્તિના પહેલા અઢાર પાપસ્થાનકમાં અગીઆરમું દોષ(દ્વેષ) પાપસ્થાનક–અત્યંત ક્રોધ અને માનથી** પ્રગટેલા અશુભ આત્મપરિણામને અહીં દ્વેષ કહ્યો છે, કારણ કે–તેનાથી સ્વ-પર મનુષ્યોને દ્વેષિત કરાય છે. (૬૧૧૧) દ્વેષ અનર્થનું ઘર છે, દ્વેષ ભય, કલહ અને દુઃખનો ભંડાર છે, દ્વેષ કાર્યનો ઘાતક છે અને દ્વેષ અસમંજસતાનો (અન્યાયનો) ભંડાર છે. (૬૧૧૨) દ્વેષ અશાન્તિકારક છે, વ્હાલાનો અને મિત્રોનો દ્રોહ કરનાર છે, સ્વ-પર ઉભયને સંતાપ કરનાર છે અને ગુણોનો વિનાશક છે. (૬૧૧૩) દ્વેષથી યુક્ત પુરુષ બીજાના ગુણોને દોષ તરીકે નિંદે છે અને દ્વેષથી કલુષિત મનવાળો જ ન્યૂન હૃદયપણાને (તુચ્છ પ્રકૃતિને) ધારણ કરે છે. (૬૧૧૪) તુચ્છ પ્રકૃતિવાળાને બીજો માણસ (અપ્પગયં=) તેને અંગે પણ જે જે પ્રવૃત્તિ કરે, તે તે નિશ્ચે પોતાના અંગે માને છે અને મૂઢ (તે એ રીતે) દુઃખી થાય છે. (૬૧૧૫) બીજાથી કહેવાતા ધર્મોપદેશરૂપ (રઇઠાણું=) રતિના હેતુને પણ તે જડ, પિત્તથી પીડાતો રોગી જેમ મીઠાશમિશ્રિત દૂધને દોષિત માને, તેમ દોષિત માને છે. (૬૧૧૬) તેથી જો રતિનું સ્થાન પણ જેના દોષે ખેદનું કારણ બને, તે અનાર્ય (પાપી) દ્વેષને અવકાશ (આદર) આપવો યોગ્ય નથી. (૬૧૧૭) (હતાશ=) નિર્ભાગી એવા દ્વેષના પૂર્વે (ઉપર) જે જેટલા દોષો કહ્યા, તે સુવિશુદ્ધ પ્રશમવાળાને તેટલા જ ગુણો બને છે. (૬૧૧૮) દ્વેષરૂપી દાવાનળના યોગથી વારંવાર બળેલું ચિત્તસમાધિરૂપી વન સમતારૂપી જળના વરસાદથી નિયમા પુનઃ નવું (સજીવન) થાય છે. (૬૧૧૯) અહીં દ્વેષરૂપ પાપસ્થાનકથી ધર્મરુચિ (અણગારે) ચારિત્રને અશુદ્ધ કર્યું અને પછી સંવેગને પામેલા તેણે જ તેને શુદ્ધ કર્યું. (૬૧૨૦) તે આ પ્રમાણે–

**દોષ કરવા અને તજવા વિષે ધર્મરુચિનો પ્રબંધ**–ગંગા નામની મહા નદીમાં નંદ નામે નાવિક ઘણા લોકોને મૂલ્ય લઈને પાર ઉતારે છે. એક અવસરે ઘણી લબ્ધિઓવાળા ધર્મરુચિ નામે સાધુ નાવાથી ગંગાનદી ઉતર્યા, પણ તેઓને નંદે ભાડા

માટે નદીકાંઠે રોકાયા. ભિક્ષાવેળા ટળી ગઈ અને સૂર્યનાં કિરણોથી અતિ તપેલી રેતીમાં ગરમીથી તેઓ અતિ દુઃખી થયા તો પણ તેણે મુક્ત નહિ કરેલા, આથી રોષિત થએલા તે મુનિ દૃષ્ટિરૂપ જ્વાલાથી તેને ભસ્મસાત્ કરીને અન્યત્ર ગયા. નાવિક એક સભાસ્થાનમાં ઘરવાસી કોયલ (ગીરોળી) થયો. (૬૧૨૧ થી ૨૪) સાધુ પણ વિચરતા ગામમાંથી આહાર-પાણીને લઈને ભોજન કરવા માટે તે જ સભામાં પેઠા. (૬૧૨૫) તેને જોઈને પૂર્વના દૃઢ વૈરથી પ્રગટેલા અતિ તીવ્ર ક્રોધવાળા તેણે ભોજનનો પ્રારંભ કરતા તે સાધુની ઉપર (ઊંચે) રહ્યો થકો કચરો પાડવા માંડ્યો. તેથી તે સ્થાનને છોડીને મુનિ બીજે સ્થાને બેઠા. ત્યાં પણ તેણે કચરો પાડવા માંડ્યો. ત્યાંથી બીજે બેઠા, ત્યાં પણ એ જ રીતે કચરો નાખે છતે, ક્રોધી થએલા ધર્મરુચિ મુનિએ પણ 'નંદ જેવો આ કોણ છે?'–એમ કહ્યું અને (દૃષ્ટિની જ્વાલાથી) બાળ્યો. ત્યારે તે (**મયંગ=**) નદીનો પ્રવાહ રોકાયેલા ગંગાના કાંઠે હંસ થયો. મુનિ પણ ત્યાંથી ગ્રામાનુગ્રામ વિચરીને ભાગ્યયોગે તે પ્રદેશથી જ જતાં કોઈ રીતે તેણે જોયા. તે પછી ક્રોધાતુર થએલો તે જળભરેલી પાંખોથી મુનિને જળ છાંટવા લાગ્યો, તેથી પ્રચંડ ક્રોધથી સાધુએ તેને બાળ્યો અને ત્યાંથી મરીને અંજન નામના મોટા પર્વતમાં તે સિંહ થયો. (૬૧૨૬ થી ૩૧) પછી એક સાર્થ સાથે તે જ પ્રદેશથી જતા કોઈ રીતે સાર્થને છોડીને (જુદા પડેલા એકાકી) તે સાધુને સિંહે જોયા, તેથી (મુનિને) મારવા આવતા તેને મુનિએ બાળ્યો. ત્યારે વાણારસી નગરીમાં (બ્રાહ્મણનો) પુત્ર થયો અને સાધુ પણ કોઈ ભાગ્યયોગે તે જ નગરીમાં ગયા. પછી ભિક્ષાર્થે નગરમાં પેઠેલા તેમને બટુકે 'ધૂળ ફેંકવી' વગેરે ઉપસર્ગો કરવા માંડ્યા. (૬૧૩૨ થી ૩૪) ત્યાં પણ પૂર્વની જેમ (મુનિએ તેને) બાળ્યો અને તે જ નગરમાં રાજા થયો. મુનિ પણ ચિરકાળ અન્યત્ર વિચરવા લાગ્યા. (૬૧૩૫) પુનઃ (**ઇતર=**) રાજ્યલક્ષ્મીને ભોગવતો રાજા પોતાનાં પૂર્વજન્મને યાદ કરીને (જાતિસ્મરણને પામીને), ભયભીત થએલો વિચારે છે કે–જો હવે તે મને મારે, તો તો મહા અનર્થ થાય અને (રાજ્યનાં) વિશિષ્ટ સુખથી હું દૂર થાઉં. તેથી જો કોઈ રીતે હું તે મુનિને (ક્યાં છે, એમ) જાણું, તો તુર્ત તેમને ખમાવું, (૬૧૩૬-૩૭) તેથી તેને જાણવા માટે તે રાજાએ દોઢ શ્લોકથી પૂર્વભવોનું વૃત્તાન્ત રચીને ઘરની બહાર લટકાવ્યું. (૬૧૩૮) તે આ પ્રમાણે–

"ગંગામાં નંદ નાવિક, સભામાં ઘરકોકિલ (ગીરોલી), ગંગાના કિનારે હંસ, અંજન-પર્વતમાં સિંહ અને વાણારસીમાં બટુક (થઈને) ત્યાં જ રાજા તરીકે આવ્યો."

પછી એવી ઉદ્‌ઘોષણા કરાવી કે–જે કોઈ એને પૂર્ણ કરે, તેને રાજા અર્ધું રાજ્ય આપશે. તેથી નગરમાં સર્વ નાગરિકો પોતાના મતિરૂપ વૈભવને અનુરૂપ ઉત્તરાર્દ્ધને રચીને રાજાને અનુસરે (સંભળાવે) છે, પણ તેનાથી રાજાને વિશ્વાસ થતો નથી. (૬૧૩૯ થી ૪૧) પછી ધર્મરુચિ દીર્ઘકાળ અન્યત્ર વિચરીને ત્યાં આવ્યા, આરામમાં ઉતર્યા અને તે બગીચામાં માળીને 'ગંગામાં નાવિક' વગેરે પદોને વારંવાર બોલતો સાંભળ્યો. તેને કહ્યું

કે–હે ભદ્ર ! તું આ પદોને વારંવાર કેમ બોલે છે? (૬૧૪૨-૪૩) તેણે જ્યારે સર્વ વૃત્તાન્ત કહ્યો, ત્યારે રહસ્ય જાણીને મુનિએ તેનું છેલ્લું અર્દ્ધ આ પ્રમાણે પૂર્યું.(૬૧૪૪)

"જે તેઓનો ઘાતક તે અહીં જ આવ્યો છે."

પછી પ્રતિપૂર્ણ સમસ્યાને લઇને માળી રાજાની પાસે ગયો અને તે પછી તે (ઉત્તરાર્દ્ધ) કહ્યું. તેથી ભયવશ પીડાતો રાજા મૂર્ચ્છાથી નેત્રોને મીંચીને ઝટ (તૂર્ત) વિકળતાને પામ્યો, પછી 'આ રાજાનું અનિષ્ટ કરનાર છે'–એમ માની ગુસ્સે થયેલા લોકોથી મરાતા તેણે કહ્યું કે–હું કાવ્ય રચવાનું જાણતો નથી, લોકોને ક્લેશ કરાવનાર આ (વાકય) મને સાધુએ કહ્યું છે. (૬૧૪૫ થી ૪૭) પછી ક્ષણમાં ચૈતન્યને પામેલા રાજાએ તેને મારવાનો નિષેધ કર્યો અને પૂછ્યું કે આ (ઉત્તરાર્દ્ધ) કોણે રચ્યું છે? તેણે કહ્યું કે–મુનિએ રચ્યું છે, ત્યારે પ્રધાનોને મોકલીને રાજાએ મુનિને પૂછાવ્યું કે–જો તમે અનુજ્ઞા કરો, તો હું વાંદવા આવું. (૬૧૪૮-૪૯) મુનિએ તે સ્વીકારવાથી રાજા ત્યાં આવ્યો અને (ઉપદેશ સાંભળીને) શ્રાવક થયો. મહાત્મા ધર્મરુચિ પણ પોતાના પૂર્વના દુરાચરણનું સ્મરણ કરીને, તેની આલોચના-પ્રતિક્રમણ કરીને, સર્વ પ્રકારનાં કર્મોને (**દૂરં**=) મૂળથી નાશ કરીને દ્વેષરૂપી વૃક્ષને મૂળથી ઉખેડીને અચલ–અનુત્તર શિવ (સુખ) ને પામ્યા. (૬૧૫૦-૫૧) એમ જાણીને હે સત્પુરુષ ! તું વિસ્તાર પામતા દોષરૂપી દાવાનળને પ્રશમરૂપી જળના વરસાદથી (**પડિહયપસરં**=) શાન્ત કર ! (૬૧૫૨) હે સુંદર ! એમ કરીને અતિ તીવ્ર સંવેગ પામેલો તું પણ સ્વીકારેલા કાર્યરૂપી સમુદ્રનો શીઘ્ર પારગામી બન ! (૬૧૫૩) એમ અગીઆરમું પાપસ્થાનક જણાવ્યું. હવે કલેહ નામનું બારમું પાપસ્થાનક કહું છું. (૬૧૫૪)

**૧૨. અનુશાસ્તિના પહેલા અઢાર પાપસ્થાનકદ્વારમાં બારમું કલહપાપ-સ્થાનક**–ક્રોધાવિષ્ટ મનુષ્યના વાગ્યુદ્ધરૂપ (વચનને) કલહ કહેવાય છે અને તે તનમાં તથા મનમાં પ્રગટતાં અસંખ્ય સુખોનો શત્રુ છે. (૬૧૫૫) કલહ કલુષિત કરનાર છે, વૈરની પરંપરાનો પ્રગટ હેતુ છે, મિત્રોને ત્રાસ કરનાર છે અને કીર્તિનો ક્ષયકાળ છે. (૬૧૫૬) કલહ ધનનો ક્ષય કરનાર છે, દરિદ્રતાનો પ્રથમ પાયો (પ્રારંભ) છે, અવિવેકનું ફળ છે અને અસમાધિનો સમૂહ છે. (૬૧૫૭) કલહ રાજાને (નડતો) ગ્રહ છે કલહથી ઘરમાં રહેલી પણ લક્ષ્મી નાશ પામે છે, કલહથી કુળનો નાશ થાય છે અને અનર્થનો (**પત્થારી**=) વિસ્તાર થાય છે. (૬૧૫૮) કલહથી ભવોભવ અતિ દુસ્સહ દુર્ભાગ્ય પ્રાપ્ત થાય છે, ધર્મ નાશ પામે છે અને પાપનો વિસ્તાર થાય છે. (૬૧૫૯) કલહ સુગતિના માર્ગનો નાશક છે, કુગતિમાં જવા માટેની સરળ કેડી છે, કલહથી હૃદયનો શોષ થાય છે અને પછી સંતાપ થાય છે. (૬૧૬૦) કલહ વેતાલની જેમ તક પામીને શરીરને પણ હણે છે, કલહથી ગુણોની હાનિ થાય છે અને કલહથી સમસ્ત દોષો આવે છે, (૬૧૬૧) કલહ સ્વ–પર ઉભયના હૃદયરૂપી મોટા પાત્રમાં રહેલા સ્નેહરસને તીવ્ર અગ્નિની જેમ ઉકાળીને (શોષીને) ક્ષય પમાડે છે. (૬૧૬૨) કરાતો કલહ ધર્મકળાને હણે છે અને

તેથી શબ્દલક્ષણુમાં (વ્યાકરણુમાં) વિચક્ષણુ પુરુષો તેનું નામ ( कलं हन्ति इति कलहः ) કલહ કહે છે. (૬૧૬૩) તેથી બીજો તો દૂર રહો, પોતાના શરીરથી પ્રગટેલા ફોડાની જેમ, પોતાના અંગથી જન્મેલો પણુ કલહપ્રિય (પુત્ર) લોકમાં અતિ દુસ્સહ એવા તીક્ષ્ણુ દુઃખને પ્રગટાવે છે. (૬૧૬૪) શાસ્ત્રમાં કલહથી ઉત્પન્ન થતા જેટલા દોષો કહ્યા છે, તેટલા જ ગુણો તેના ત્યાગથી પ્રગટે છે. (૬૧૬૫) તેથી હે ધીર ! કલહને પ્રશમરૂપી વનને ભાંગવામાં (કલભ=) હાથીના બચ્ચાતુલ્ય સમજીને, પરમ સુખના જનક અને શુભ એવા તેના વિજયમાં નિત્ય રાગ કર. (૬૧૬૬) તથા પોતાને અને પરને જેમ કલહ ન થાય તેમ કર, છતાં જો કોઈ રીતે તે પ્રગટે, તો પણુ તેમ ( વર્તન ) કર, કે જેથી તે વધે નહિ. (૬૧૬૭) ( પ્રારંભમાં ) હાથીના બચ્ચાની જેમ નિશ્ચે વધતો જતો કલહ (પછી) રોકવો દુષ્કર બને છે, (ઉલટું ) તે પછી વિવિધ વધબંધનનું કારણુ બને છે. (૬૧૬૮) અહીં કલહપાપસ્થાનકના દોષથી દુષ્ટ હરિષેણુ પોતાના માતા-પિતાને પણુ અતિ ઉદ્વેગકારી બન્યો. અને તે જ બે સર્પોના વ્યતિકરને જોઇને તત્ત્વનો જ્ઞાતા બનેલો સાધુતાને સ્વીકારીને દેવોને પણુ પૂજ્ય બન્યો. (૬૧૬૯-૭૦) તે આ પ્રમાણે-

**કલહ કરવા અનેતજવા વિષે હરિષેણુનો પ્રબંધ**-મથુરા નગરીમાં મહાભાગ શંખ નામે રાજા સર્વ (વસ્તુના) રાગને તજીને સદ્ગુરુની પાસે પ્રવ્રજિત થયો. (૬૧૭૧) કાળક્રમે સૂત્ર-અર્થને ભણીને પૃથ્વી ઉપર વિચરતો તે ત્રિક, ચત્વરથી મનોહર ગજપુર નગરમાં આવ્યો. (૬૧૭૨) ભિક્ષા માટે નગરમાં પ્રવેશ કરતા તેણે ઢંકાએલા અગ્નિવાળામાર્ગ પાસે રહેલા સોમદત્ત નામના પુરોહિતને પૂછ્યું કે-'કેમ, હું આ માર્ગે જાઉં ?' 'તેથી અગ્નિના માર્ગે જતાં બળતા આને હું જોઇશ.'-એમ (કુતુહલથી) વિચારીને તેણે કહ્યું કે-'હે ભગવંત! આ માર્ગે જાઓ! અને ઇર્યાસમિતિમાં ઉપયોગવાળા તે મુનિ જવા લાગ્યા. પછી ગુરખામાં રહેલો પુરોહિત તે મુનિને ધીમે ધીમે જતા જોઈને (પોતે) તે માર્ગે ગયો ( ચાલ્યો ). પછી તે માર્ગને ઠંડો જોઇને વિસ્મય પામેલો તે આ રીતે વિચારવા લાગ્યો કે-ધિક્ ! ધિક્ ! હું પાપિષ્ટ છું કે-મેં આ મહા પાપને આચર્યું,(હવે) તે મહાત્માનું દર્શન કરવું જોઇએ, કે જેના તપના પ્રભાવથી અગ્નિથી વ્યાપ્ત પણુ માર્ગ શીઘ્ર ઠંડા પાણી જેવો શીતળ થયો ( અથવા ) આશ્ચર્યકારક ચારિત્રવાળા મહાત્માઓને શું અસાધ્ય છે ? (૬૧૭૩ થી ૭૮) એમ વિચારતો તે, તપસ્વિની પાસે ગયો અને ભાવપૂર્વક નમીને પોતાના દુરાચરણુને જણાવ્યું. (૬૧૭૯) મુનિએ પણુ તેને ઘણા વિસ્તારથી શ્રી જિનધર્મ પ્રરૂપ્યો અને તેને સાંભળીને પ્રતિબોધ પામેલા તેણે સાધુધર્મને સ્વીકાર્યો (૬૧૮૦) અને યથાવિધિ તેને પાળવા લાગ્યો. પરંતુ તે (મદના) મહા ભયંકર વિપાકોને સાંભળવા છતાં કોઈ રીતે જાતિમદને છોડતો નથી. (૬૧૮૧) અંતકાળે મરીને તે સ્વર્ગમાં દેદીપ્યમાન દેવ થયો અને ત્યાંથી ચ્યવીને જાતિમદના ગર્વથી ગંગાનદીના કાંઠે ચંડાલના કુળમાં રૂપરહિત અને પોતાના સ્વજનોને પણુ હાંસીપાત્ર બળ નામનો પુત્ર થયો. (૬૧૮૨-

૮૩) અત્યંત કલહખોર અને મહા પિશાચની જેમ ઉદ્વેગકારી તે ક્રમશઃ દોષોથી અને શરીરથી વૃદ્ધિને પામ્યો. (૬૧૮૪) પછી વસંતોત્સવ આવતાં (**પાણ=**) મદિરાપાન અને (**પણચ્ચણ=**) નાચમાં પરાયણ એવા સ્વજનોમાંથી (**ભંડન=**) કલહ કરતા તેને કાઢી મૂક્યો. (**૬૧૮૫**) તેથી અત્યંત ખેદને પામેલો તે (તેઓની) નજીકમાં રહીને વિવિધ શ્રેષ્ઠ ક્રીડાઓથી રમતા સ્વજનોને જેટલામાં જોઇ રહ્યો છે, તેટલામાં મસી અને મેઘ જેવો કાળો તથા હાથીની સૂંઢ જેવો (સ્થૂળ) સર્પ તે પ્રદેશમાં આવ્યો અને લોકોએ મળીને તેને મારી નાખ્યો. (૬૧૮૬-૮૭) તે પછી ક્ષણ માત્ર જતાં તે જ રીતે (અથવા તેવો જ) બીજો સર્પ આવ્યો. પરંતુ તે 'ઝેરરહિત છે'-એમ માની કોઇએ પણ તેને ન માર્યો. (૬૧૮૮) એ જોઇને બળે વિચાર્યું કે-નિશ્ચે "સર્વ જીવો પોતાના દોષ અને ગુણને ઉચિત અશુભ-શુભ ફળને પામે છે, તેથી સરળ (ભદ્રિક) થવું જોઇએ. ભદ્રિક કલ્યાણને પામે છે. (જ્યાં) ઝેરી સર્પ હણાયો ત્યાં ઝેરરહિત મુક્ત થયો." (૬૧૮૯-૯૦) દોષ સેવનારા પોતાના સ્વજનોથી પણ પરાભવ પામે છે, તેમાં શું આશ્ચર્ય છે? 'તેથી હજુ પણ દોષોને તજીને ગુણોને પ્રગટ કરું.' (૬૧૯૧) એમ વિચારતો સાધુની પાસે ધર્મને સાંભળીને સંસારવાસથી અતિ ઉદ્વેગ પામેલો તે માતંગ મહામુનિ થયો. (૬૧૯૨) બે, ત્રણ, ચાર, પાંચ અને પંદર ઉપવાસ વગેરે વિવિધ તપમાં રક્ત તે મહાત્મા વિચરતો વારાણસી નગરીમાં ગયો. (૬૧૯૩) અને ત્યાં તિંદુક નામના ઉદ્યાનમાં ગંડીતિંદુક યક્ષના મંદિરમાં રહ્યો. તે યક્ષ તેની ભક્તિપૂર્વક સેવા કરે છે. (૬૧૯૪) અન્ય પ્રસંગે બીજા ઉદ્યાનમાં રહેતા યક્ષે આવીને ગંડીતિંદુક યક્ષને એમ કહ્યું કે-હે ભાઈ! તું કેમ દેખાતો નથી? તેણે કહ્યું કે-સઘળા ગુણોના આધાર એવા આ મુનિવરની નિત્ય સ્તુતિ (સેવા) કરતો રહું (કાળ પસાર કરું) છું. (૬૧૯૫-૯૬) મુનિની ચર્યાને જોઇને પ્રસન્ન થયેલા તેણે પણ તિંદુકને કહ્યું કે-હે મિત્ર! તું જ કૃતાર્થ છે, કે જેના વનમાં આ મુનિ રહ્યા છે. (૬૧૯૭) મારા ઉદ્યાનમાં પણ મુનિઓ રહે છે, તેથી એક ક્ષણ (એક વાર) તું આવ! (આપણે) સાથે જઇને તેઓને પણ વાંદીએ, તે પછી બન્ને ગયા. (૬૧૯૮) અને તેઓએ પ્રમાદથી કોઈ રીતે વિકથા કરવામાં રક્ત મુનિઓને જોયા. તેથી તે માતંગમુનિમાં તે યક્ષો (**ગાઢયં=**) ગાઢ-દૃઢ અનુરાગી થયા. (૬૧૯૯) પછી નિત્યમેવ તે મહામુનિને ભાવથી વંદન કરતા, પાપરહિત થએલા તે યક્ષના દિવસો અત્યંત સુખમાં પસાર થાય છે. (૬૨૦૦) એક પ્રસંગે કોશલ દેશના રાજાની, હાથમાં ઉપાડેલા બહુવિધ ફળ-ફૂલના (**પડલ=**) કરંડિયાવાળા નોકરોની સાથે આવેલી ભદ્રા નામની પુત્રીએ પરમ ભક્તિથી યક્ષની પ્રતિમાને પૂજી અને તેને પૂજીને પ્રદક્ષિણા દેતી તેણીએ મલમલિન શરીરવાળા, વિકરાળ કાળા વર્ણવાળા, લાવણ્યરહિત અને તપથી સૂકાયેલા કાઉસ્સગ્ગમાં રહેલા માતંગમુનિને જોયા. (**૬૨૦૧ થી ૩**) તે તે મૂઢતાથી થૂંકી અને મુનિનિંદા કરવાથી તૂર્ત કોપેલા યક્ષે તેના શરીરમાં પ્રવેશ કર્યો. (૬૨૦૪) વારંવાર અનુચિત અપલાપ કરતી તેને મુશ્કેલીએ રાજભવનમાં લઈ ગયા અને અત્યંત ખિન્ન ચિત્તવાળા રાજાએ પણ ઘણાં મંત્ર

તંત્રના રહસ્યોને જાણનારા પુરુષોને અને વૈદ્યોને પણ બોલાવ્યા. તેઓએ તેણીની ચારેય પ્રકારની (ઔષધોપચારાદિ) ક્રિયા પણ કરી. (૬૨૦૫-૬) પછી પ્રતિકાર (સુધારો) નહિ કરી શકેલા વૈદ્યો વગેરે અટક્યા (થાક્યા) ત્યારે (કોઈ અન્ય) પાત્રમાં (વ્યક્તિમાં) રહીને (પ્રવેશીને) તે યક્ષે કહ્યું કે-એણીએ સાધુને નિંદ્યો છે, તેથી જો (તમે) એને તે સાધુને જ આપો તો છોડું, અન્યથા છૂટકારો નથી. તે સાંભળીને 'જેમ-તેમ પણ બીચારી જીવો."-એમ માનીને રાજાએ તે પણ માન્યું. (૬૨૦૭-૮) પછી સ્વસ્થ શરીરવાળી (થયેલી), સર્વ અલંકારોથી ભૂષિત, વિવાહને યોગ્ય સામગ્રીને લઈને તે મોટા આડંબરથી આવી અને પગમાં પડીને મુનિને કહ્યું કે-હે ભગવન્ ! મારા ઉપર આ વિષયમા પ્રસાદ કરો ! સ્વયં પરણવા આવેલી મારા હાથને આપ હાથથી સ્વીકારો. (૬૨૦૯-૧૦) મુનિએ કહ્યું કે-જેઓ સ્ત્રીઓની સાથે બોલવા પણ ઇચ્છતા નથી, તેઓ પોતાના હાથથી સ્ત્રીઓના હાથને કેમ પકડશે ? (૬૨૧૧) ગ્રૈવેયક દેવની જેમ મુક્તિવધૂમાં રાગી મહામુનિઓ દુર્ગતિના કારણભૂત યુવતિઓમાં રાગને કયી રીતે કરે ? (૬૨૧૨) પછી યક્ષ (પ્રતિકાર કરવાના) તીવ્ર રોષથી મુનિરૂપને ધારણ કરીને (તેને) પરણ્યો અને સમગ્ર રાત્રિ સુધી તેણે તેણીની વિડંબના કરી. (૬૨૧૩) (વિવાહને) સ્વપ્નતુલ્ય માનતી અને શોકથી વ્યાકુળ શરીરવાળી તે પ્રભાતે માતા-પિતાની પાસે ગઈ અને સર્વ વૃત્તાન્ત કહ્યો. (૬૨૧૪) (પછી) આ સ્વરૂપ જાણીને રુદ્રદેવ નામના પુરોહિતે વ્યાકુળ થએલા રાજાને કહ્યું કે-દેવ ! આ સાધુની પત્ની છે, (તેથી) તેણે (સાધુએ) તજી દીધેલી તેણીને તમારે બ્રાહ્મણોને ભેટ આપવી કલ્પે. રાજાએ તે સ્વીકાર્યું પછી તે રુદ્રદેવને જ તેણીને આપી. (૬૨૧૫-૧૬) હવે તે તેણીની સાથે વિષયસેવન કરતો કાળ પસાર કરવા લાગ્યો. અન્ય પ્રસંગે તેણે યજ્ઞને પ્રારંભ્યો અને અન્ય દેશોમાંથી વેદના અર્થમાં વિચક્ષણ ઘણા પંડિતો (પાઠકો) (**ભટ્ટ=**) બ્રાહ્મણ (**ચટ્ટ=**) વિદ્યાર્થીઓના (**ચડયર=**) સમૂહ સાથે ત્યાં આવ્યા. (૬૨૧૭-૧૮) પછી તૈયાર થએલા બહુવિધ ભોજનવાળા તે યજ્ઞના વાડામાં તે માતંગમુનિ માસક્ષમણના પારણે ભિક્ષા માટે આવ્યા (૬૨૧૯) અને તપથી સૂકી કાયાવાળા, તુચ્છ (અલ્પ) ઉપધિવાળા, મેલા-ઘેલા અને લુખ્ખા (કર્કશ શરીરવાળા) તેને જોઈને વિવિધ પ્રકારે હસતા ધર્મદ્વેષી તે (**ભટ્ટચટ્ટા=**) બ્રાહ્મણ વિદ્યાર્થીઓ બોલ્યા કે-હે પાપી ! તું અહીં કેમ આવ્યો ? હમણાં જ આ સ્થાનેથી શીઘ્ર નીકળ ! (૬૨૨૦-૨૧) એ સમયે યક્ષે મુનિના શરીરમાં પ્રવેશીને કહ્યું કે-હું ભિક્ષાર્થે આવ્યો છું, તેથી બ્રાહ્મણોએ સામે કહ્યું કે-જ્યાં સુધી બ્રાહ્મણોએ ખાધો નથી અને જ્યાં સુધી પહેલાં અગ્નિમાં નાંખ્યો (અગ્નિદેવને તૃપ્ત કર્યો) નથી, ત્યાં સુધી આ આહાર ક્ષુદ્રોને અપાય નહિ. હે સાધુ ! તું ચાલ્યો જા ! (૬૨૨૨-૨૩) જેમ યોગ્ય કાળે ઉત્તમ ક્ષેત્રમાં વિધિથી સમ્યગ્ આવેલું બીજ ફળદાયી બને છે, તેમ પિતૃઓને, બ્રાહ્મણોને અને અગ્નિદેવને આપેલું દાન (ફળે છે.) (૬૨૨૪) પછી મુનિએ (યક્ષે) તેઓને

કહ્યું કે-તમારા જેવા હિંસક, જુઠા અને મૈથુનમાં આસક્ત પાપીઓ જન્મ માત્રથી બ્રાહ્મણ નથી મનાતા. (૬૨૨૫) અગ્નિ પણ પાપનું કારણ છે, તો તેમાં સ્થાપેલું કેમ ભલું કરે ? અને પરભવમાં ગએલા પિતૃઓ પણ અહીં આપેલાને કેવી રીતે સ્વીકારે ? (૬૨૨૬) (એ સાંભળીને મુનિ) 'ગુસ્સે થયા છે'–એમ જાણીને, પછી ક્રોધી થયેલા બ્રાહ્મણો હાથમાં દંડા, ચાબૂક અને પત્થરોને લઇને સર્વ બાજુએથી મુનિને મારવા દોડ્યા. (૬૨૨૭) યક્ષે તેમાંના કેટલાકને ત્યાં જ કપાએલા વૃક્ષની જેમ નીચે પટકયા, કેટલાકને પ્રહારોથી માર્યા અને કેટલાકને લોહી વમતા કર્યા. (૬૨૨૮) એવા પ્રકારની અવસ્થાને પામેલા તે સર્વને જોઇને ભયથી ધ્રુજતા હૃદયવાળી (ભટ્ટા=) બ્રાહ્મણી (રાજપુત્રી) કહેવા લાગી કે–આ તે મુનિ છે, કે જેણે તે વખતે સ્વયં વરવા આવેલી મને તજી હતી. મુક્તિવધૂનો રાગી જે દેવાંગનાઓને પણ ઇચ્છતો નથી, (૬૨૨૯-૩૦) અતિ ઘોર તપના પરાક્રમથી જેણે સઘળા તિર્યંચોને, મનુષ્યોને અને દેવોને પણ વશ કર્યા છે, ત્રણેય લોકના જીવો જેના ચરણોમાં નમે છે, (જે) વિવિધ લબ્ધિઓથી યુક્ત છે, જેણે ક્રોધ, માન અને માયાને જીત્યા છે તથા લોભપરીષહને પણ જીત્યો છે અને મહાસાત્ત્વિક જે સૂર્યની જેમ અતિ ફેલાતા પાપરૂપી અંધકારના સમૂહને ચૂરનાર છે. (૬૨૩૧-૩૨) વળી કોપાયમાન થએલો જે અગ્નિની જેમ જગતને બાળે છે (તથા) પ્રસન્ન થએલો જે તે જ જગતનું રક્ષણ કરે છે, માટે તેને તર્જના કરતા (તમે) મરણના મુખમાં જશો. (૬૨૩૩) તેથી પગમાં પડીને આ મહર્ષિને પ્રસન્ન કરો ! એ સાંભળીને ભાર્યા સહિત રુદ્રદેવ વિનવવા લાગ્યો કે–હે ભગવંત ! રાગાદિથી જે (ભે=) આપનો અપરાધ કર્યો છે, તેની (ણે=) અમને ક્ષમા કરો, (કારણ કે-) લોકમાં ઉત્તમ મુનિઓ નમનારા પ્રત્યે વાત્સલ્યવાળા હોય છે. (૬૨૩૪-૩૫) પછી તેઓને મુનિએ કહ્યું કે–સંસારના કારણભૂત ક્રોધને કોણ આશ્રય આપે ? (તેમાં પણ) શ્રી જિનવચનનો જાણ તો વિશેષતઃ કેમ આપે ? માત્ર મારી ભક્તિમાં તત્પર એવા યક્ષનું આ કાર્ય છે, માટે તેને જ પ્રસન્ન કરો, કે જેથી કુશળતાને પામો ! (૬૨૩૬-૩૭) ત્યારે વિવિધ પ્રકારે યક્ષને ઉપશાન્ત કરીને હર્ષવશ રોમાંચિત થએલા સઘળા બ્રાહ્મણોએ ભક્તિથી સ્વનિમિત્તે તૈયાર કરેલાં તે ભોજનો તે સાધુને વહોરાવ્યાં અને પ્રસન્ન થએલા યક્ષે આકાશમાંથી સોનૈયાને વરસાવ્યા તથા ભ્રમરોથી વ્યાપ્ત (સુગંધી) પુષ્પોના સમૂહથી મિશ્ર સુગંધી પાણીને વરસાવ્યું. (સુવર્ણની અને ગંદોદકની વૃષ્ટિ કરી.) એમ કલહના ત્યાગથી તે (માતંગમુનિ) દેવપૂજ્ય બન્યા (૬૨૩૮ થી ૪૦) એમ હે ક્ષપક ! કલહમાં દોષોને અને તેના ત્યાગમાં (થતા) ગુણોને સમ્યગ્ વિચારીને તેવી કોઈ ઉત્તમ રીતિએ વર્તજે, કે જેથી તારા પ્રસ્તુત અર્થની (અનશનની) સિદ્ધિ થાય (૬૨૪૧) એમ બારમું પણ પાપસ્થાનક કંઇક માત્ર જણાવ્યું. હવે તેરમું અભ્યાખ્યાન નામનું પાપસ્થાનક કહું છું. (૬૨૪૨)

**૧૩. અનુશાસ્તિના પહેલા અઢાર પાપસ્થાનકદ્વારમાં તેમનું અભ્યાખ્યાન**–પ્રાયઃ અછતા દોષોનું બીજાને ઉદ્દેશીને જે પ્રત્યક્ષ આરોપણ કરવું, તેને અહીં

(જ્ઞાનીઓ) અભ્યાખ્યાન કહે છે. (૬૨૪૩) આ અભ્યાખ્યાન સ્વ-પર ઉભયના ચિત્તમાં દુષ્ટતા પ્રગટ કરનાર છે, તથા તે અભ્યાખ્યાનની પરિણતિવાળો પુરુષ કયું કયું પાપ બાંધતો નથી ? (૬૨૪૪) (કારણ કે-) અભ્યાખ્યાન બોલવાથી ક્રોધ, કલહ વગેરે પાપોમાં જે કોઈ પણ આ ભવ-પરભવ સંબંધી દોષો (પૂર્વે) કહ્યા, તે સર્વ પ્રગટે છે. (૬૨૪૫) જો કે અભ્યાખ્યાન દેવાનું પાપ અતિ અલ્પ હોય, તો પણ તે નિશ્ચે દશગુણા ફળને આપે છે. કારણ કે-સર્વજ્ઞોએ કહ્યું છે કે-"એક વાર પણ કરેલા વધ, બંધન, અભ્યાખ્યાનદાન, પરધનનું હરણ વગેરે પાપોનો સર્વથી જઘન્ય (ઓછામાં ઓછો) પણ ઉદય (વિપાક) દશગુણો (હોય છે) અને તીવ્ર-તીવ્રતર પ્રદ્વેષથી (કરે તો) સોગુણો, લાખગુણો, ક્રોડગુણો, ક્રોડાક્રોડગુણો અથવા બહુ, બહુતર પણ વિપાક થાય છે," (૬૨૪૬ થી ૪૮) તથા સર્વ સુખોનો નાશ કરવામાં પ્રબળ શત્રુતુલ્ય, ગણનાથી અસંખ્ય, કોઈનાથી પણ રક્ષણ ન થાય (રોકી ન શકાય) તેવાં, અત્યંત આકરાં હૃદયરૂપી ગુફાને ચૂરવામાં એક દક્ષ (સ્નેહઘાતક), એવાં સર્વ દુઃખોનું કારણ આ અભ્યાખ્યાન છે. (૬૨૪૯-૫૦) અને એની વિરતિવાળાને આ જગતમાં આ ભવ-પરભવે થનારા સઘળા (ભલ્લિમા=) ભલા ભાવો (કલ્યાણ) નિત્યમેવ યથેચ્છિત સ્વાધીન થાય છે. (૬૨૫૧) તેરમા પાપસ્થાનકની (જીવ) રુદ્રની જેમ અતિશય અપયશને પામે છે અને તેનાથી વિરક્ત મનવાળો અંગર્ષિની જેમ કલ્યાણને પામે છે. (૬૨૫૨) તે આ પ્રમાણે-

**અભ્યાખ્યાન અને તેના ત્યાગ વિષે રુદ્ર તથા અંગર્ષિનો પ્રબંધ-** ચંપાનગરીમાં કૌશિકાચાર્ય નામના ઉપાધ્યાય પાસે અંગર્ષિ અને રુદ્ર બંને શિષ્યો ધર્મ શાસ્ત્રોને અથવા ધર્મથી-બદલાની ઇચ્છા વિના માત્ર પૂજ્ય-પૂજકભાવે ભણે છે. (૬૨૫૩) ઉપાધ્યાયે અનધ્યાયના દિવસે તે બન્નેને આજ્ઞા કરી કે-અરે ! આજે શીઘ્ર કાષ્ઠોનો એક એક ભારો જંગલમાંથી લાવી આપો. (૬૨૫૪) પ્રકૃતિએ જ સરળ અંગર્ષિ તુર્ત 'તહત્તિ' દ્વારા સ્વીકાર કરીને, કાષ્ટોને લેવા અટવીમાં ગયો (૬૨૫૫) અને દુષ્ટ સ્વભાવવાળો રુદ્ર ઘેરથી નીકળીને બાળકોની સાથે રમવા લાગ્યો, પછી સંધ્યાકાળ થતાં તે અટવી તરફ ચાલ્યો અને દૂરથી કાષ્ઠનો ભારો લઈને આવતા અંગર્ષિને જોયો. પછી (પોતે) કાર્ય કરેલું ન હોવાથી ભય પામેલો, તે કાષ્ટો લાવનારી તે પ્રદેશમાંથી જતી જ્યોતિયશા નામની ડોસીને મારીને તેનો કાષ્ઠનો ભારો લઈને અને તેને ખાડામાં નાખીને (દાટીને) શીઘ્ર (ગુરુ પાસે) આવ્યો. પછી તે કપટી કહેવા લાગ્યો કે-હે ઉપાધ્યાય ! તમારા ધર્મી શિષ્યનું ચરિત્ર ભયંકર (છે), (૬૨૫૬ થી ૫૯) કારણ કે-આજે આખોય દિવસ રમીને, હમણાં ડોસીને મારીને, તેનો કાષ્ઠનો ભારો લઈને તે અંગર્ષિ જલ્દી જલ્દી આવે છે. (૬૨૬૦) જો તમે સાચું ન માનો તો આવો, કે જેથી તે ડોસીની શી અવસ્થા કરી છે અને જ્યાં તેને નાખી (દાટી) છે, તે દેખાડું. (૬૨૬૧) જ્યાં એમ કહેતો હતો, ત્યાં તૂર્ત કાષ્ઠના ભારાને લઈને અંગર્ષિ આવ્યો. તેથી ક્રોધ પામેલા

ઉપાધ્યાયે કહ્યું કે-અરે પાપી ! આવું અકાર્ય કરીને હજુ પણ તું ઘેર આવે છે ? મારી નજરથી દૂર થા, તને ભણાવવાથી સર્યું. (૬૨૬૨-૬૩) વજ્રપાત જેવા આ દુઃસહ આળને સાંભળી અતિ ખેદને પામેલો ( પાઠાં૦ સો ચિંતિઉ૦ ) તે અંગર્ષિ આ પ્રમાણે વિચારવા લાગ્યો કે-(૬૨૬૪) હે પાપી જીવ ! પૂર્વભવે આવા પ્રકારનું કોઈ પણ કર્મ તેં કર્યું (હશે), કે જેથી આ અતિ દુઃસહ સંકટ આવી પડયું. (૬૨૬૫) એમ સંવેગને પામેલો તે (પૂર્વે) ઘણા ભવો સુધી પાળેલા ચારિત્રનું સ્મરણ કરીને અને (જાતિસ્મરણ પામીને) શુભ ધ્યાનથી કર્મોને હણીને કેવળજ્ઞાન રૂપ લક્ષ્મીને પામ્યો. (૬૨૬૬) તથા દેવો તથા મનુષ્યોએ તેને પૂજ્યો. પુનઃ રુદ્રને તે જ દેવોએ 'પાપી તથા અભ્યાખ્યાન દેનારો'-એમ સર્વત્ર ઘણો નિંદ્યો. (૬૨૬૭) એ સાંભળીને ભો ક્ષપક ! તું પણ અભ્યાખ્યાનથી વિરતિ કર, કે જેથી ઇચ્છિત 'ગુણની' સિદ્ધિમાં હેતુભૂત સમાધિને શીઘ્ર પામે. (૬૨૬૮) (તાવ=) અહીં સુધી આ તેરમું પાપસ્થાનક લેશથી જણાવ્યું. હવે અરતિ-રતિ નામનું ચૌદમું પાપસ્થાનક જણાવું છું. (૬૨૬૯)

**૧૪. અનુશાસ્તિના પહેલા અઢારપાપસ્થાનકદ્વારમાંચૌદમુંઅરતિ-રતિ પાપસ્થાનક**-અરતિ અને રતિ બન્ને વડે એક જ પાપસ્થાનક કહેલું છે, કારણ કે-તે તે વિષયમાં ઉપચાર (કલ્પના વિશેષથી અરતિ પણ રતિ અને રતિ પણ અરતિ ( થાય છે. ) (૬૨૭૦) જેમ કે-પુંમ વિનાના ( કર્કશ ) પડખાથી વસ્ત્રને પહેરતાં જે અરતિ થાય, તે જ પુંમવાળા ( સુંવાળા ) પડખાથી તેને પહેરતાં રતિ થાય છે. (૬૨૭૧)તથા પુંમવાળા સુંવાળા પડખાથી વસ્ત્રને પહેરતાં જે રતિ થાય, તે બીજા પડખેથી તેને પહેરતાં અરતિ થાય છે. (૬૨૭૨) તથા જેમ ઇચ્છિત વસ્તુની પ્રાપ્તિ ન થતાં જે અરતિ થાય છે. તે જ અરતિ તેની પ્રાપ્તિ થતાં રતિરૂપે પરિણમે છે. (૬૨૭૩) તથા અહીં તે પ્રસ્તુત વસ્તુની પ્રાપ્તિથી જે રતિ થાય છે, તે જ તે વસ્તુનો નાશ થતાં અરતિપણે પરિણમે છે. (૬૨૭૪) અથવા ( કોઈ ) બાહ્ય નિમિત્ત વિના પણ નિશ્ચે અરતિમોહ નામના કર્મના ઉદયથી શરીરમાં જ અનિષ્ટસૂચક જે ભાવ થાય, તે અરતિ (જાણવી.) તેના વશથી આળસુ, શરીરે વ્યાકુળતાવાળા, બેભાન બનેલા અને આ લોક-પરલોકનાં કાર્યો કરવામાં પ્રમાદ કરતા એવા જીવને કોઈપણ કાર્યમાં ઉત્સાહિત કરવા છતાં પણ કદાપિ ઉત્સાહી ન થાય, તેવો તે મનુષ્ય આ જીવલોકમાં બકરીના ગળાના આંચળ જેવું ( નિષ્ફળ ) જીવે છે. (૬૨૭૫ થી ૭૭) તથા રતિમોહકર્મને વશ કોઈ પણ વસ્તુમાં રાગથી આસક્ત ચિત્તવાળો, કાદવમાં ખૂંતેલી ઘરડી ગાયની જેમ તે વસ્તુમાંથી છૂટવા માટે અશક્ત બનેલો જીવ આ લોકના કાર્યને પણ ન કરી શકે, તો અત્યંત પ્રયત્નથી જોડેલા ( સ્થિર ) ચિત્તથી સાધ્ય જે પરલોકનું કાર્ય તેને (તે) કેવી રીતે ( કરે ? ) (૬૨૭૮-૭૯) એમ અરતિને અને રતિને સંસારભાવનાનું કારણ જાણીને ( હે ક્ષપક ! ) તું ક્ષણ પણ તેઓને આશ્રય આપીશ નહિ. અથવા (અરતિ-રતિ ન રોકાય તો) અસંયમમાં અરતિને

પણ કર. અને સંયમગુણોમાં રતિને પણ કર ! એમ કરતો તું નિશ્ચે આરાધનાને પણ પામીશ. (૬૨૮૦-૮૧) ઘણું કહેવાથી શું ? સંસારના કારણભૂત (અપ્રશસ્ત) અરતિ-રતિનો નાશ કરીને (સંસારથી છોડાવનારી એવી પ્રશસ્ત) અધર્મમાં અરતિને કરીને ધર્મરૂપ બગીચામાં રતિને કર ! (૬૨૮૨) હે ધીર ! જો તને સમતાના પરિણામથી ઇષ્ટવિષયમાં રતિ ન થાય અને અનિષ્ટમાં અરતિ ન થાય, તો તું આરાધનાને પામે ! (૬૨૮૩) સંયમભારને ઉપાડવામાં થાકેલા ક્ષુલ્લકકુમાર મુનિની જેમ ધર્મમાં અરતિ અને અધર્મમાં રતિ, બન્ને પુરુષને લોકમાં શોકનું પાત્ર બનાવી દે છે (૬૨૮૪) અને અસંયમમાં અરતિથી તથા સંયમમાં રતિથી પુનઃ સમ્યક્ ચેતનાને પામેલો તે જ મુનિ જેમ પૂજ્ય બન્યો, તેમ લોકમાં પૂજ્ય બને છે. (૬૨૮૫) તે આ પ્રમાણે-

**અરતિ-રતિના વિષયમાં ક્ષુલ્લકકુમાર મુનિનો પ્રબંધ**-સાકેત નામના શ્રેષ્ઠ નગરમાં પુંડરિક નામે રાજા હતો. તેને કંડરિક નામે નાનો ભાઈ અને તે નાના ભાઇની યશોભદ્રા નામે પત્ની હતી. (૬૨૮૬) અત્યંત મનોહર અંગવાળી ઘરના આંગણામાં ફરતી તેણીને પુંડરિકે જોઈ. પછી અત્યંત આસક્ત થએલા તેણે દૂતીને (તેની પાસે) મોકલી અને લજ્જા પામેલી યશોભદ્રાએ તેનો નિષેધ કર્યો (પાછી મોકલી). પછી રાજાનો અતિ આગ્રહ થતાં તેણીએ જવાબ આપ્યો કે-શું નાના ભાઇથી પણ તું લજ્જાતો નથી કે આવું બોલે છે ? તે પછી રાજાએ કંડરિકને ગુપ્ત રીતે મારી નંખાવ્યો. (૬૨૮૭ થી ૮૯) અને ફરી પણ પ્રાર્થના કરી, ત્યારે શીલખંડનના ભયથી તુર્ત આભરણોને લઇને તે ઘેરથી નીકળી (૬૨૯૦) અને એકલી પણ પિતૃભાવને ધારણ કરતા વૃદ્ધ વેપારીની નિશ્રાથી સાર્થની સાથે શ્રાવસ્તી નગરીએ પહોંચી. (૬૨૯૧) (ત્યાં) શ્રી જિનસેનસૂરિની શિષ્યા કીર્તિમતી નામની મહત્તરા સાધ્વીને વંદન નિમિત્તે ગઇ અને સર્વ વૃત્તાન્ત કહ્યો. (૬૨૯૨) (તેણીના ઉપદેશથી)બોધ (વૈરાગ્ય) પામી અને પ્રવ્રજિત થઈ, પણ 'રખે મને પ્રવ્રજ્યા નહિ આપે'-એમ માનીને તેણીએ (પોતાને) ગર્ભ હોવા છતાં મહત્તરાને કહ્યો નહિ. (૬૨૯૩) કાલક્રમે જ્યારે ગર્ભ વૃદ્ધિને પામ્યો, ત્યારે મહત્તરાએ તેને એકાન્તમાં કારણ પૂછયું અને તેણે પણ (સત્ય) કહ્યું. (૬૨૯૪) પછી જ્યાં સુધી પુત્ર પ્રસવ્યો ત્યાં સુધી તેને ગુપ્ત જ રાખી. પછી તે બાળક શ્રાવકના ઘેર મોટો થયો અને પછી યાવત્ આચાર્યની પાસે તેણે દીક્ષા લીધી. તેનું નામ ક્ષુલ્લકકુમાર રાખ્યું અને સાધુને યોગ્ય સમગ્ર સામાચારીને શિખવાડી. (૬૨૯૫-૯૬) પછી યૌવનને પામેલા અને સંયમને પાળવા માટે અસમર્થ-ભાંગ્યા પરિણામવાળા તેણે દીક્ષા છોડવા માટે માતાને પૂછયું. (૬૨૯૭) માતા(સાધ્વી)એ ઘણા પ્રકારે તેને રોકયો, તો પણ તે ન રહ્યો. તે પછી તેણીએ કહ્યું કે-પુત્ર ! મારા આગ્રહથી બાર વર્ષ પાલન કર. તેણે 'એમ કરીશ'-એમ કહીને તે સ્વીકાર્યું. તે વર્ષો જ્યારે પૂર્ણ થયાં, ત્યારે પુનઃ જવા ઇચ્છતા તેને તેણીએ કહ્યું કે-મારાં ગુરુણીને પૂછ ! પૂછેલી તેણીએ પણ તેટલો કાળ (બાર વર્ષ)રોકયો. અને એમ આચાર્યે પણ તેટલું રોકયો. (૬૨૯૮ થી ૬૩૦૦) એમ ઉપાધ્યાયે પણ (બાર

વર્ષ સુધી ) રોકયો, ( એમ ) અડતાલીશ વર્ષો ગયાં, તો પણ નહિ રહેતાં તેની માતાએ ઉપેક્ષા કરી. માત્ર પૂર્વે સાચવી રાખેલી તેના પિતાના નામની વીંટી અને રત્નકંબળ તેને આપીને કહ્યું કે-હે પુત્ર ! ( **પાઠાંતર** जत्थ= ) જ્યાં-ત્યાં જઈશ નહિ, કિન્તુ પુંડરિક રાજા તારા મોટા પિતા ( કાકા ) છે, તેને આ ( તારા ) પિતાના નામવાળી વીંટીને દેખાડજે, કે જેથી તે તને ઓળખીને અવશ્ય રાજ્ય આપશે. પછી ' એમ કરીશ '-એવું કહીને ( સ્વીકારીને ) ક્ષુલ્લકકુમાર મુનિ નીકળ્યો (**૬૩૦૧ થી ૪**) કાળક્રમે સાકેતપુરમાં પહોંચ્યો. તે વેળા રાજાના ઘેર આશ્ચર્યભૂત નાટક ચાલતું હતું. (**૬૩૦૫**) તેથી ' રાજાનું દર્શન કાલે કરીશ '-એમ વિચારીને, ત્યાં જ બેઠેલો તે એકાગ્રતાથી નાટ્યક્રિયાને જોવા લાગ્યો. (**૬૩૦૬**) અને ત્યાં સમગ્ર રાત્રી સુધી નાચીને અતિ થાકેલી કંઈક ઊંઘતી નટીને વિવિધ કરણોના પ્રયોગથી મનોહર બનેલા નાટકના રંગમાં ભંગ પડવાના ભયથી અક્કાએ પ્રભાતકાળે ગીત ગાવાના બ્હાને સહસા આ પ્રમાણે સમજાવી. (**૬૩૦૭-૮**)

" હે શ્યામસુંદરી ! સુંદર ગાયું, સુંદર વગાડયું અને સુંદર નાચી. ( એમ ) લાંબી રાત્રિ સુધી (નૃત્યનું) પાલન કરીને હવે (રાત્રિના) સ્વપ્નના અંતે પ્રમાદને ન કર !" (**૬૩૦૯**)

તે સાંભળીને ( **ચેલ્લેણુ=** ) ક્ષુલ્લક મુનિએ તેણીને રત્નકંબળ ભેટ કર્યું રાજાના પુત્રે કુંડલરત્ન, શ્રીકાન્તા નામની સાર્થવાહ પત્નીએ હાર, અમાત્ય જયસંધીએ ( રત્નજડિત સુવર્ણનું ) કડું અને માવતે રત્નનો અંકુશ ભેટ કર્યો. તે સઘળાં ( પ્રત્યેક ) લાખ લાખ મૂલ્યનાં હતાં. (**૬૩૧૦-૧૧**) પછી તેનું રહસ્ય જાણવા માટે રાજાએ પહેલાં જ ક્ષુલ્લકને કહ્યું કે-તેં આ કેમ આપ્યું ? તેથી તેણે મૂળથી જ ( પોતાનો ) સર્વ વૃત્તાન્ત ત્યાં સુધી કહ્યો કે-યાવત્ હું રાજ્ય માટે ( અહીં ) આવ્યો છું. ( પણ ) આ ગીતને સાંભળીને બોધ પામેલો વિષયની ઈચ્છાથી રહિત થયો. (**૬૩૧૨-૧૩**) અને પ્રવ્રજ્યામાં સ્થિર ચિત્તવાળો થયો છું, તેથી ' ગુરુ છે '-એમ માનીને એણીને રત્નકંબલ આપ્યું. પછી તેને ઓળખીને રાજાએ કહ્યું કે-પુત્ર ! આ રાજ્યને સ્વીકાર. ત્યારે ક્ષુલ્લકે જવાબ આપ્યો કે-શેષ આયુષ્યમાં હવે ચિરકાલિન સંયમને નિષ્ફળ કરનાર આ રાજ્યથી શું ? (**૬૩૧૪-૧૫**) તે પછી રાજાએ પોતાના પુત્ર વગેરેને કહ્યું કે-તમારે દાન દેવામાં શું કારણ છે ? તેથી રાજપુત્રે કહ્યું કે-(**૬૩૧૭**) હે તાત ! તમને મારીને રાજ્ય લેવાને ઇચ્છતો હું આ ગીતને સાંભળીને રાજ્યથી વિરાગી થયો. (**૬૩૧૭**) તથા સાર્થવાહપત્નીએ પણ કહ્યું કે-મારા પરદેશ ગયેલા પતિને બાર વર્ષો વીતી ગયાં તેથી મેં વિચાર્યું કે-બીજા પતિને સ્વીકારું, તેની આશાથી શા માટે દુઃખી થાઉં ? ( એમ વિચારવાળી હતી ) તે પછી અમાત્યે કહ્યું કે-હે દેવ ! ' અન્ય રાજાઓની સાથે હું સંધિને કરું કે ન કરું '-એમ પૂર્વે વિચારતો હતો અને માવતે પણ કહ્યું કે-સીમાડાના રાજાઓએ ' પટ્ટહસ્તિ લાવી આપ, અથવા મારી નાખ.'-એમ બહુ કહેવાથી હું પણ ચિરકાળથી હિંચકાની જેમ સંશયથી ચળચિત્ત પરિણતિથી રહ્યો હતો. (**૬૩૧૮ થી ૨૧**) પછી તેઓના અભિપ્રાયોને જાણીને પ્રસન્ન થએલા પુંડરિક

રાજાએ તેઓને અનુજ્ઞા કરી કે- 'તમોને જે યોગ્ય જણાય તે કરો.' (૬૩૨૨) ત્યારે એવા પ્રકારના અકાર્યને (દ્રોહને) કહીને અમે કેટલો લાંબો કાળ જીવીશું? એમ કહીને વૈરાગ્યને પામેલા તે સર્વે તે જ ક્ષણે ક્ષુલ્લકકુમાર પાસે દીક્ષિત થયા અને સકળ જનપૂજ્ય (બનેલા) તે મહાત્માએ તેઓની સાથે વિહાર કર્યો. (૬૩૨૪-૨૫) એમ આ દૃષ્ટાન્તથી હે ક્ષપક! તું મનવાંછિત અર્થની સિદ્ધિ માટે અસંયમમાં અરતિને અને સંયમમાં રતિને પણ કર! (૬૩૨૫) એમ ચૌદમા પાપસ્થાનકને લેશથી કહીને હવે પૈશુન્ય નામનું પંદરમું પાપસ્થાનક પણ કહું છું. (૬૩૨૬)

**૧૫. અનુશાસ્તિના પહેલા અઢાર પાપસ્થાનકદ્વારમાં પંદરમું પૈશુન્ય પાપસ્થાનક**–ગુપ્ત એવા છતા કે અછતા દોષને પ્રગટ કરવારૂપ જે પિશુનનું કાર્ય, તેને અહીં લોકમાં પૈશુન્ય કહેવાય છે. (૬૩૨૭) મોહમૂઢ, આ પૈશુન્યને કરનાર ઉત્તમ કુળમાં જન્મેલો પણ, ત્યાગી પણ અને મુનિ પણ લોકમાં 'આ ચાડિયો છે'–એમ બોલાય છે. (૬૩૨૮) આ વિશ્વમાં મનુષ્યોને ત્યાં સુધી મિત્ર, ત્યાં સુધી શુભ ચિત્ત અને ત્યાં સુધી જ મૈત્રી પણ રહે છે, કે નિર્ભાગી ચાડિયો જ્યાં સુધી થોડો પણ વચ્ચે ન આવે. (અર્થાત્ ચાડિયો ચાડી કરીને સંબંધો તોડાવે છે.) (૬૩૨૯) અહો હો! ચાડિયો લુહાર ચાડીરૂપી અતિ તીક્ષ્ણ કુહાડો હાથમાં લઈને નિત્યમેવ પુરુષોના પ્રેમરૂપી કાષ્ઠોને ચીરે છે. (વૈર કરાવે છે.) (૬૩૩૦) અતિ બિહામણો, ભયંકર જે ચાડિયો કૂતરો, કંટાળા વિના લોકોની પીઠ પાછળ ભસતો (છતો) સતત કાનને ખણે છે, (બીજાના કાનને ભરે છે અથવા બે હાથ કાને મૂકી હું કંઈ જાણતો નથી એમ બતાવે છે.) (૬૩૩૧) અથવા જેમ રાંક ચાડિયો સૌની ચાડી કરે છે, તેમ કૂતરો ઉજ્જવલ વેષવાળાને, પાડોશીને, સ્વામીને, પરિચિતને અને ભોજન આપનારને ભસતો નથી. (૬૩૩૨) અથવા ચાડિયાને સજ્જનોના સંયોગથી પણ ગુણ થતો નથી. ચંદ્રના મંડલ વચ્ચે રહેવા છતાં હરિણ કાળો જ રહે છે. (૬૩૩૩) જો આ ભવમાં એક જ પૈશુન્ય છે, તો બીજા દોષ-સમૂહથી શું પ્રયોજન? તે એક જ ઉભય લોકને નિષ્ફળ કરશે. (૬૩૩૪) જેને ઉદ્દેશીને (જેની) ચાડી કરવામાં આવે, તેને અનર્થ થવામાં અનેકાન્ત છે (થાય કે ન પણ થાય), કિન્તુ ચાડિયાને તો દ્વેષભાવથી નિશ્ચે અનર્થ થાય. (૬૩૩૫) પૈશુન્યથી માયાપણું, અસત્ય, નિઃશૂકતા, દુર્જનતા અને નિર્ધર્મીપણું વગેરે પણ વિવિધ દોષો થાય છે. (૬૩૩૬) બીજાનો મસ્તકછેદ કરવો સારો પણ પૈશુન્ય સારું નહિ, કારણ કે–મસ્તકછેદમાં તેવું દુઃખ નથી થતું કે જેવું પૈશુન્યદ્વારા મનને અગ્નિ દેવાથી સદા (કાયમી) થાય છે. (૬૩૩૭) પૈશુન્યથી બીજું મોટું પાપ નથી, કારણ કે-પૈશુન્ય કરવાથી સૌમો (બીજો) ઝેર ચોપડેલા (સેલ્લ=) બાણથી કે ભાલાથી પીડિત શરીરવાળાની જેમ યાવજ્જીવ (દુઃખથી) જીવે છે. (૬૩૩૮) શું ચાડિયો સ્વામીઘાતક છે? ગુરૂઘાતક છે? અથવા અધમાચારી છે? નહિ, નહિ, એઓથી પણ અન્ય તે અતિ અધમ છે. (૬૩૩૯) પૈશુન્યના

દોષથી સુબંધુ મંત્રી કષ્ટને પામ્યો અને તેના ઉપર પૈશુન્ય નહિ કરવાથી ચાણક્ય સદ્ગતિને પામ્યો. (૬૩૪૦) તે આ પ્રમાણે-

**પૈશુન્ય કરવા-નહિ કરવાના દોષ-ગુણ વિષે સુબંધુ મંત્રી અને ચાણક્યનો પ્રબંધ**-પાટલીપુત્ર નગરમાં મૌર્યવંશમાં જન્મેલો બિંદુસાર નામે રાજા હતો અને તેને ચાણક્ય નામનો ઉત્તમ મંત્રી હતો. (૬૩૪૧) તે શ્રી જિનધર્મમાં રક્ત ચિત્તવાળો, 'ઔત્પાતિકી' વગેરે બુદ્ધિથી યુક્ત અને શાસનપ્રભાવનામાં ઉદ્યમી દિવસો પસાર કરે છે. (૬૩૪૨) એકદા પૂર્વે રાજ્યભ્રષ્ટ કરેલા નંદરાજાના સુબંધુ નામના મંત્રીએ (પૂર્વવૈરથી) ચાણક્યના છિદ્રને (દોષને) પામીને રાજાને આ પ્રમાણે કહ્યું કે-(૬૩૪૩) હે દેવ! જો કે તમે મને પ્રસન્ન કે ખિન્ન નજરથી પણ જોતા નથી, તો પણ તમને અમારે હિતકર જ કહેવું જોઈએ. (૬૩૪૪) ચાણક્ય મંત્રીએ તમારી માતાને પેટ ચીરીને મારી નાખી હતી, તો એથી બીજો (બે=) તમારો વૈરી કોણ છે? (૬૩૪૫) એમ સાંભળીને ગુસ્સે થએલા રાજાએ પોતાની ધાવમાતાને પૂછ્યું તો તેણીએ પણ તેમ કહ્યું, પણ મૂળથી તેનું કારણ ન કહ્યું. (૬૩૪૬) (પછી) પ્રસંગે ચાણક્ય આવ્યો અને રાજા પણ તેને જોઈને તૂર્ત લલાટે ભ્રકુટી ચઢાવીને વિમુખ થયો. (૬૩૪૭) (ત્યારે) અહો હા! આ રાજા (હું) (ગયજીઓ=) આચાર (મર્યાદા) ભ્રષ્ટ હોઉં તેમ મારો પરાભવ કેમ કરે છે? -એમ વિચારીને ચાણક્ય પોતાના ઘેર ગયો. (૬૩૪૮) પછી ઘરનું ધન, પુત્ર, પ્રપૌત્ર વગેરે સ્વજનોને આપીને નિપુણ બુદ્ધિથી (તેણે) વિચાર્યું કે-મારા (મંત્રી) પદની ઈચ્છાથી કોઈપણ ચાડિયાએ આ રાજાને આ પ્રમાણે પ્રકુપિત કર્યો જણાય છે. તેથી હું તેવું કરું, કે જેથી તે ચિરકાળ દુઃખથી પીડાતો જીવે. (૬૩૪૯-૫૦) તેથી તેણે શ્રેષ્ઠ સુગંધની મનોહર મેળવણીના પ્રયોગથી ચૂર્ણોમાં વાસિત કર્યાં, દાબડામાં ભર્યાં (એક વાસપુટી તૈયાર કરીને દાબડામાં મૂકી) તથા ભોજપત્રમાં આ પ્રમાણે લખ્યું કે-(૬૩૫૧) 'જે આ ઉત્તમ ચૂર્ણોને સુંઘીને ઇન્દ્રિઓને અનુકૂળ વિષયોને ભોગવશે, તે યમમંદિરે જશે અને જે શ્રેષ્ઠ વસ્ત્રોને, આભરણોને, વિલેપનો વગેરેને, તળાઈઓને, દિવ્ય પુષ્પોને (ભોગવશે) તથા સ્નાન શ્રૃંગારને પણ કરશે, તે પણ શીઘ્ર મરશે.' (૬૩૫૨-૫૩) એમ ચૂર્ણોના સ્વરૂપને જણાવનારા ભોજપત્રને પણ તે ચૂર્ણોમાં મૂકી તે દાબડાને પેટીમાં મૂક્યો. (૬૩૫૪) તે પેટીને પણ મજબૂત ખીલીઓથી સખ્ત જડીને મુખ્ય ઓરડામાં તેનાં કમાડોને તાળું મારીને મજબૂત (બંધ) કરીને મૂકી. (૬૩૫૫) પછી સ્વજનોને ખમાવીને, (તેઓને) જૈનધર્મમાં જોડીને તેણે અરણ્યમાં (પાઠાં. ગોઉલ=) ગોકુળસ્થાને (ગોચરમાં) ઇંગિની અનશનને સ્વીકાર્યું. (૬૩૫૬) પછી આના મૂળ રહસ્યને જાણીને ધાવમાતાએ રાજાને કહ્યું કે-પિતાથી પણ અતિપૂજ્ય ચાણક્યનો પરાભવ કેમ કર્યો? (૬૩૫૭) રાજાએ કહ્યું કે-એ મારી માતાનો ઘાતક છે. તે પછી તેણીએ કહ્યું કે-જો તારી માતાને એણે મારી ન હોત, તો તું પણ ન હોત! (૬૩૫૮) કારણ કે-તું જ્યારે ગર્ભમાં હતો, ત્યારે તારા પિતાનો વિષમિશ્રિત ભોજનનો કોળીઓ

લઇને ખાતી ઝેરથી વ્યાકુળ થએલી રાણી (તારી માતા) મરણને પામી (૬૩૫૯) અને એનું મરણ જોઇને મહાનુભાવ ચાણક્યે તેનું પેટ ચીરીને તને કાઢયો (બચાવ્યો) છે. (૬૩૬૦) તે રીતે નીકળેલા પણ તારા મસ્તકે કાળા વર્ણવાળું ઝેરનું બિંદુ લાગ્યું, તે કારણે હે રાજન્ ! તું બિંદુસાર કહેવાય છે. (૬૩૬૧) એમ સાંભળીને અતિ સંતાપને પામેલો રાજા સર્વ આડંબર સહિત તુર્ત ચાણક્યની પાસે ગયો અને રાગમુક્ત તે મહાત્માને ગોબરમાં (છાણના ઢગલા ઉપર) બેઠેલો જોયો. રાજાએ તેને સર્વ આદરપૂર્વક પ્રણામ કરીને બહુ વાર ખમાવ્યો અને કહ્યું કે-નગરમાં આવો તથા રાજ્યને સંભાળો ! તેથી તેણે કહ્યું કે-મે અનશન સ્વીકાર્યું છે અને રાગમુક્ત થયો છું. (૬૩૬૨ થી ૬૪) ચાડીના કડવાં ફળને જાણતા ચાણક્યે તે અવસરે સુબંધુના કાવતરાને જાણવા છતાં તે રાજાને ન કહ્યું. (૬૩૬૫) પછી બે હાથ લલાટે જોડીને સુબંધુએ રાજાને કહ્યું કે-હે દેવ ! મને રજા આપો, કે જેથી હું એની ભક્તિ કરું. (૬૩૬૬) તે પછી અનુજ્ઞા પામેલા ક્ષુદ્ર બુદ્ધિવાળા સુબંધુએ (પાઠાં૦ ધૂવં=) ધૂપને સળગાવીને તેનો અંગારો ગોબરમાં નાખ્યો. રાજા વગેરે લોકો સ્વસ્થાને ગયા પછી શુદ્ધ લેશ્યામાં રહેલો ચાણક્ય તે ગોબરના અગ્નિથી બળી ગયો અને દેવલોકમાં દેદીપ્યમાન શરીરવાળો મહર્દ્ધિક દેવ થયો. પુનઃ તે સુબંધુ મંત્રી તેના મરણથી આનંદ પામીને યોગ્ય અવસરે પ્રાર્થના કરેલા રાજાએ આપેલા તે ચાણક્યના ભુવનમાં ગયો (અને ત્યાં) સખ્ત બંધ કરેલા પ્રચંડ કમાડવાળા (તે) ગંધવાળા ઓરડાને જોયો. (૬૩૬૭ થી ૭૦) 'અહીં સઘળો ધનસમૂહ મળશે'-એમ માનીને કમાડ ખૂલ્લાં કરીને પેટી બહાર કાઢી. તે પછી જ્યારે ચૂર્ણોને સુંઘ્યા અને લખેલા ભોજપત્રને જોયું, તેનો અર્થ પણ સમ્યગ્ જાણ્યો. ત્યારે નિર્ણય માટે એક પુરુષને તે ચૂર્ણો સુંઘાડયાં અને તેને વિષયો ભોગવાવ્યા, તે જ ક્ષણે તે મરણને પામ્યો. એમ (ભોગવાવીને) બીજી પણ વિશિષ્ટ વસ્તુઓમાં નિર્ણય કર્યો. (૬૩૭૧ થી ૭૩) (પછી) હા ! મરેલા પણ તેણે મને માર્યો, એમ અતિ દુઃખી પીડાતો જીવવાને ઇચ્છતો તે રાંક ઉત્તમ મુનીનિ જેમ (ભોગાદિનો ત્યાગ કરીને) રહેવા લાગ્યો. (૬૩૭૪) એમ આવા દોષવાળા પૈશુન્યને અને આવા ગુણવાળા તેના ત્યાગને જાણીને (હે ક્ષપક !) આરાધનાના ચિત્તવાળો તું તેને (પૈશુન્યને) મનમાં પણ રાખીશ (ઇચ્છીશ) નહિ. (૬૩૭૫) આ પંદરમું પાપસ્થાનક કહ્યું. હવે પરપરિવાદ નામના સોળમા પાપસ્થાનકને સંક્ષેપમાં કહુ છું. (૬૩૭૬)

**૧૬. અનુશાસ્તિના પહેલા અઢાર પાપસ્થાનકદ્વારમાં સોળમું પરપરિવાદ પાપસ્થાનક**-અહીં લોકોનીસમક્ષ જ જે અન્યના દોષોને કહેવા, તે પરપરિવાદ મત્સરથી અને પોતાના ઉત્કર્ષમાંથી પ્રગટે છે. (૬૩૭૭) કારણ કે-મત્સરને વશ પડેલો સ્નેહને, પોતે સ્વીકારેલાને (પ્રતિજ્ઞાને), બીજાએ કરેલા ઉપકારને, પરિચયને, દાક્ષિણ્યતાને, સજ્જનતાને, સ્વ-પર યોગ્યતાના ભેદને, કુલક્રમને અને ધર્મસ્થિતિને પણ ગણતો નથી. માત્ર નિત્ય તે (બીજો) કેમ ચાલે છે ? કેમ વ્યવહાર કરે છે ? શું વિચારે છે ? શું બોલે

છે? અથવા શું કરે છે? એમ પરનાં છિદ્રો જોવાના મનવાળો તે સુખને જાણતો (અનુભવતો) નથી. (દુઃખી થાય છે.) (૬૩૭૮ થી ૮૦) એમ ક્રમથી પરપરિવાદ કરવામાં એક મત્સર જ મોટું કારણ બને છે. પુનઃ તે આત્મોત્કર્ષ સાથે ભળે તો પૂછવું શું! (૬૩૮૧) આત્મોત્કર્ષવાળો મેરુપર્વત જેવા મોટાને પણ અતિ નાનો અને તૃણતુલ્ય પણ પોતાને મેરુપર્વતથી પણ મોટો માને છે. (૬૩૮૨) એમ (મત્સર વગેરે) પ્રૌઢ કારણપણાથી (કરાતા) પરપરિવાદ (**અકયં=**) અકાર્યને રોકવા માટે શક્તિમાન પણ (**વિવેગેણ રહિઓ=**) અવિવેકી મનુષ્ય (**કહનામ=**) કેવી રીતે (**સક્કો=**) શક્તિમાન્ બને? (૬૩૮૩) (મનુષ્ય) જેમ જેમ પરપરિવાદ કરે છે, તેમ તેમ હલકાઇને પામે છે અને જેમ જેમ હલકાઇને પામે છે, તેમ તેમ અપૂજ્ય (તિરસ્કારપાત્ર) બને છે. (૬૩૮૪) જેમ જેમ પરપરિવાદ કરાય, તેમ તેમ ગુણો નાશ પામે છે; જેમ જેમ તે ગુણોનો નાશ થાય, તેમ તેમ દોષોનું સંક્રમણ (આગમન) થાય છે (૬૩૮૫) (અને) જેમ જેમ દોષોનું સંક્રમણ થાય છે, તેમ તેમ (મનુષ્ય) નિંદાપાત્ર બને છે. એમ પરપરિવાદ અનર્થોનું-અમંગળોનું મુખ્ય સ્થાન (કારણ) છે. (૬૩૮૬) પરપરિવાદથી મનુષ્યમાં ન હોય તે પણ દોષો સંચાર પામે (પ્રવેશે) છે અને હોય તે બહુ, બહુતર અને બહુતમ મજબૂત (સ્થિર) થાય છે. (૬૩૮૭) જે મનુષ્ય બીજા પ્રત્યે મત્સર અને પોતાના ઉત્કર્ષથી પરનિંદા કરે છે, તે અન્ય ભવોમાં પણ ચિરકાળ નિંદ્ય (હલકી) યોનિઓમાં ભમે છે. (૬૩૮૮) ધન્યપુરુષો ગુણરત્નોને હરનારી અને દોષોને કરનારી જાણીને પરનિંદાને કરતા નથી, કારણ કે-શ્રી જિનેશ્વરોએ પણ (તંદુલવેયાલિયમાં) કહ્યું છે કે-જે સદા પરનિંદાને કરે છે, આઠ મદોના વિસ્તારમાં હરખાય છે અને અન્યની લક્ષ્મીથી બળે છે, તે સકષાયી નિત્ય દુઃખી થાય છે. (૬૩૮૯-૯૦) કુલ, ગણ અને સંઘે પણ બહાર કરેલા તથા કલહ અને વિવાદમાં રાચનારા સાધુને નિશ્ચે દેવલોકમાં પણ દેવોની (**સમિઇસુ=**) સભાઓમાં (બેસવા) જગ્યા નથી. (૬૩૯૧) તેથી જો બીજો લોકવ્યવહારવિરુદ્ધ અકાર્યને કરે અને તે અકાર્યને જે (બીજો) નિંદે, તે પરના દોષે (મિથ્યા) દુઃખી છે. (૬૩૯૨) સારી રીતે (સંયમમાં) ઉદ્યમી એવા સાધુને ૧-આત્મપ્રશંસા, ૨-પરનિંદા, ૩-જીહ્વા, ૪-ઉપસ્થ (જનનેન્દ્રિય) અને ૫-કષાયો, એ પાંચ સંયમથી રહિત કરે છે. (૬૩૯૩) પરનિંદાની પ્રકૃતિવાળો જે જે (**વયણેહિં=**) દોષોથી (અથવા વચનોથી) પરને દૂષિત કરે, તે તે દોષોને તે પામે છે. એથી તે અદર્શનીય છે (૬૩૯૪) પરપરિવાદમાં આસક્ત અને બીજાના દોષોને બોલતો જીવ ભવાંતર ગએલો પોતે તે જ દોષોને અનંતાનંતગુણા પામે છે.(૬૩૯૫) એમ કરાતો પરપરિવાદ અતિ ભયંકર વિપાકવાળો છે, સેંકડો સંકટોનો સંયોગ છે, સમસ્ત ગુણોને ખેંચી જનારો દુષ્ટ પવન (આંધી) છે અને સુખરૂપી પર્વતનો (નાશ કરવામાં) વજ્રપાત છે. આ જન્મમાં સર્વ દુઃખોનો ખજાનો અને ભવાંતરમાં દુર્ગતિમાં પતન, એવો તે જીવને સંસારથી કયાંય જવા (છૂટવા) દેતો નથી. (૬૩૯૬-૯૭) સુભદ્રાના શ્વસુરવર્ગની જેમ અપયશના વાદથી હણાયેલો તથા પરનિંદાનો વ્યસની લોકમાં

નિંદાને પામે છે અને નિંદા કરતા પણ તે શ્વસુરવર્ગની નિંદાને નહિ કરનારી, દૈવી-સહાયને પામેલી, મહા સત્ત્વવાળી તે સુભદ્રા કીર્તિને પામી. (૬૩૯૮-૯૯) તે આ પ્રમાણે-

**પરનિંદાના દોષો અને ત્યાગના ગુણો વિષે સતી સુભદ્રાનો પ્રબંધ**-ચંપાનગરીમાં બૌદ્ધના ભક્ત એક વ્યાપારીના પુત્રે કોઈ પ્રસંગે જિનદત્ત શ્રાવકની સુભદ્રા નામની પુત્રીને જોઈ અને (તેના પ્રત્યે) પ્રગટેલા તીવ્ર રાગવાળા તેણે તેને પરણવા માગણી કરી, પણ તે મિથ્યાદૃષ્ટિ હોવાથી પિતાએ (તેને) ન આપી. (૬૪૦૦-૬૪૦૧) (પછી) તેણીને પરણવા માટે તેણે કપટથી સાધુ પાસે જૈનધર્મને સ્વીકાર્યો અને પાછળથી તે ધર્મ (તેને) ભાવરૂપે પરિણમ્યો. (૬૪૦૨) પછી શ્રાવકે પણ (નિચ્છઉમ=) કપટરહિત ધર્મનો રાગી છે, એમ નિશ્ચય કરીને સુભદ્રાને આપી, વિવાહ કર્યો અને કહ્યું કે-મારી પુત્રીને ભિન્ન ઘરમાં રાખજે, અન્યથા વિપરિત ધર્મવાળા સસરાના ઘરમાં એને પોતાની ધર્મપ્રવૃત્તિ કયી રીતે થાય? (૬૪૦૩-૪) તેણે એ કબૂલ્યું અને તે જ રીતે તેણીને જુદા ઘરમાં રાખી. તે નિત્ય શ્રી જિનપૂજા, મુનિદાન વગેરે ધર્મને કરે છે. (૬૪૦૫) પરંતુ જૈનધર્મના વિરોધીપણાથી શ્વસુરવર્ગ તેનાં છિદ્રોને જોતો નિંદા કરવા લાગ્યો. (૬૪૦૬) તેનો ભર્તાર પણ 'આ લોકો દ્વેષી છે'-એમ માનીને તેમનાં વચનોને મનમાં ધરતો નથી. એમ સદ્ધર્મમાં રક્ત તે બંનેનો કાળ પસાર થાય છે. (૬૪૦૭) પછી એક દિવસે (निप्पडिकम्मो=) શરીરની સંભાળના ત્યાગી (એકાકી વિહારના નિયમવાળા) એક મહા-મુનિ ભિક્ષાર્થે તેઓનાં ઘરમાં પેઠા. પછી ભિક્ષાને આપતી સુભદ્રાએ (મુનિના) નેત્રમાં પડેલા કણીઆને 'મુનિને આ પીડાકારી છે'-એમ જાણીને ચતુરાઇથી (સ્પર્શ વિના) જીભના છેડાથી દૂર કર્યું. (૬૪૦૮-૯) પરંતુ તે દૂર કરતાં તેના ભાલતગે કરેલું તિલક મુનિના ભાલમાં લાગ્યું અને નણંદ વગેરેએ (તેને) જોયું. (૬૪૧૦) તેથી લાંબા કાળે છિદ્રને (નિંદાના નિમિત્તને) પામેલી તેણીઓએ તેણીના પતિને કહ્યું કે-તારી સ્ત્રીના આવા નિષ્કલંક શીયળને જો! (૬૪૧૧) હમણાં જ તેણીએ ભોગને ભોગવીને આ મુનિને રવાના કર્યો. જો વિશ્વાસ ન હોય, તો સાધુના લલાટમાં (લાગેલા) તેના તિલકને જો! (૬૪૧૨) (પછી) તે તિલકને તેવું જોઇને લજ્જા પામેલો, તેના રહસ્યને જાણ્યા વિના મંદ થએલા પૂર્વસ્નેહવાળો (તેનો પતિ) તેણી પ્રત્યે મંદ આદરવાળો થયો. (૬૪૧૩) પછી તેઓએ સસરાના કુળમાં સર્વત્ર પણ તેણીના તે દોષને જાહેર કર્યો અને પતિને અત્યંત પરાङ्मુખ જોવાથી તથા લોકોથી પોતાના શીયળને દોષરૂપી મેલથી મલિન શાસન-નિંદાથી યુક્ત જાણીને અતિ શોકને ધારણ કરતી સુભદ્રાએ શ્રી જિનપૂજા કરીને કહ્યું કે-"જો કોઈ પણ દેવ મને સહાય કરશે, તો આ કાઉસ્સગ્ગથી હું ચલિત થઈશ (પારીશ)"-એમ કહીને અત્યંત સત્ત્વવાળી, દૃઢ નિશ્ચયવાળી તેણી કાઉસ્સગ્ગમાં રહી. પછી તેના ભાવથી પ્રસન્ન થએલો સમકિતદૃષ્ટિ દેવ આવ્યો. (૬૪૧૪ થી ૧૭) તેણે કહ્યું કે-"ભદ્રે! કહે કે-(ભણ=) તારું જે કરવાનું હોય તે કરું." પછી કાઉસ્સગ્ગને પારીને

સુભદ્રાએ આ પ્રમાણે કહ્યું કે- (૬૪૧૮) હે દેવ! દુષ્ટ લોકોએ ફેલાવેલી (**પાઠાં૦ પવયણ મલિન્ન=**) શાસનની અપભ્રાજનાનો નાશ કરીને શીઘ્ર જેમ શાસનની ઘણી મોટી પ્રભાવના થાય તેમ કરો! (૬૪૧૯) દેવે 'એમ કરીશ'-એવું કહીને-સ્વીકારીને તેણીને આ પ્રમાણે કહ્યું કે-કાલે નગરીના દરવાજાઓનાં સર્વ કમાડોને હું તે રીતે મજબૂત બંધ કરીશ કે કોઈ પણ ઉઘાડી ન શકે અને આકાશમાં રહીને કરીશ કે- "(**પર**=) અત્યંત શુદ્ધ શીયળવાળી સ્ત્રી ચારણીમાં રાખેલા જળના ચોગળાંથી ત્રણ વાર છાંટીને બંધ કરેલા આ કમાડોને ઉઘાડશે, પણ અન્ય સ્ત્રી નહિ (ઉઘાડે)" તેથી તે કાર્યને નહિ સાધી શકતી અનેક સ્ત્રીઓ જ્યારે અટકે (થાકે), ત્યારે પૂર્વોક્ત વિધિવાળી (મેં કહી તે વિધિથી) તું લીલા માત્રમાં તે ઊઘાડજે, (**૬૪૨૦ થી ૨૩**) એમ શીખવાડીને તૂર્ત તે દેવ અદૃશ્ય થયો અને સુભદ્રા પણ કાર્ય સિદ્ધ થયું તેથી પરમ સંતોષને પામી. (૬૪૨૪) પછી જ્યારે પ્રભાત થયું, ત્યારે નગરનાં કમાડો ન ઊઘડવાથી નાગરિકો વ્યાકુળ થયા અને આકાશમાં તે વાણી પ્રગટી. (**૬૪૨૫**) ત્યારે રાજાની, સેનાપતિની તથા ઉત્તમ કુળમાં જન્મેલી શીલથી શોભતી સ્ત્રીઓ દ્વારને ઉઘાડવા માટે તૂર્ત આવી, પણ ચારણીમાં પાણી નહિ ટકવાથી ગર્વરહિત થએલી અને કાર્યસિદ્ધિને નહિ કરતી તેણીઓને પાછી ફરેલી જોઈને સર્વ લોકસમૂહ અત્યંત વ્યાકુળ (દુઃખી) થયો. પછી પુનઃ પણ નગરીમાં સર્વત્ર શીલવતી સ્ત્રીની વિશેષતયા શોધ કરી. (**૬૪૨૬ થી ૨૮**) એ પ્રસંગે સાસુ વગેરેને વિનયપૂર્વક પ્રણામ કરતી સુભદ્રાએ કહ્યું કે-જો તમે અનુજ્ઞા આપો તો હું પણ નગરીનાં દ્વારોને ઊઘાડવા જાઉં! તેથી તેઓ પરસ્પર ગુપ્ત રીતે હસ્યાં અને અસૂયાપૂર્વક કહ્યું કે-પુત્રી! સ્વપ્નમાં પણ દોષ નહિ સેવનારી તું જ અતિ પ્રસિદ્ધ મહાસતી છે, તેથી જલ્દી જા અને સ્વયમેવ પોતાનું વગોવણું કર! એમાં શું અયોગ્ય છે? (**૬૪૨૯ થી ૩૧**) તેઓએ એમ કહેવા છતાં સુભદ્રા સ્નાન કરીને, સફેદ વસ્ત્રોને પહેરીને, ચારણીમાં પાણી ભરીને, લોકોથી પૂજાતી અને ભાટ-ચારણો વગેરેથી સ્તુતિ કરાતી, તેણીએ નગરના ત્રણ દરવાજા ઉઘાડીને કહ્યું કે-હવે આ ચોથો દરવાજો શીલથી મારા જેવી જે હોય તે સ્ત્રી (**પરં**=) પછી ઉઘાડશે. એમ તેણીએ તેને છોડી દીધું (ન ઊઘાડ્યું) ત્યારે રાજા વગેરે લોકોએ પૂજેલી તે ઘેર ગઇ. તે પછી તેનાં સાસરિયાને લોકોએ મિથ્યા નિંદાકારક માનીને બહુ નિંદ્યા. (**૬૪૩૨ થી ૩૫**) એમ જાણીને હે ક્ષપક! શ્રેષ્ઠ આરાધનામાં એક તત્પર તું પણ ઘણા સંકટના કારણભૂત પરનિંદાને મનથી પણ કરીશ નહિ. (૬૪૩૬) એમ સોળમું પાપસ્થાનક સંક્ષેપથી કહ્યું. હવે માયામૃષાવાદ નામના સત્તરમા પાપસ્થાનકને પણ કહું છું. (૬૪૩૭)

**૧૭. અનુશાસ્તિના પહેલા અઢાર પાપસ્થાનકદ્વારમાં સત્તરમું માયા-મૃષાપાપસ્થાનક**-અત્યંત કલેશના પરિણામમાંથી પ્રગટેલું, માયાથી એટલે કુટિલતાથી યુક્ત એવું મોસં એટલે મૃષાવચન, તેને અહીં માયામોષ કહ્યું છે. (૬૪૩૮) આને જો કે બીજા અને આઠમા પાપસ્થાનકમાં (આ બન્નેના) ભિન્ન ભિન્ન દોષો વર્ણવીને જણાવ્યું

છે, તો પણ (મનુષ્ય) બન્ને દ્વારા બીજાને ઠગવામાં મુખ્ય વેષ ભજવનારી ચતુર વાણી વડે પાપમાં પ્રવૃત્તિ કરે છે, તે કારણે આને જુદું (પણ) કહેલું છે. (૬૪૩૯-૪૦) (માયા-મૃષાવચન) ભોળા મનુષ્યોનાં મનરૂપી હરિણોને વશ કરવાની જાળ, શીયળરૂપી વાંસની ઘટાદાર શ્રેણીના (નાશક) ફળનો પ્રાદુર્ભાવ, જ્ઞાનરૂપી સૂર્યનું અસ્તાચળગમન (અસ્તમન), મૈત્રીનું નાશક, વિનયનું ભંજક અને અકીર્તિનું કારણ છે, તે કારણે દુર્ગતિથી વિમુખ (ડરેલો) બુદ્ધિમાન કોઈ રીતે (તેને) આચરતો નથી. (૬૪૪૧-૪૨) અને વળી (ભલે !) મસ્તકથી પર્વતને તોડો, ખડ્ગની તીક્ષ્ણ ધારના અગ્રભાગને ચાવો, જ્વલિત અગ્નિની શિખાનું પાન કરો, આત્માને કરવતથી ચીરો, સમુદ્રના પાણીમાં ડૂબો કે યમના મુખમાં પેસો, વધારે કહેવાથી શું ? (એ બધું કરો પણ) નિમેષ માત્ર કાળ (જેટલું) પણ માયા-મૃષાવાદ ન કરો ! (૬૪૪૩-૪૪) કારણ કે–મસ્તકથી પર્વતને તોડવો વગેરે કાર્યો સાહસ ધનવાળા (સાહસિક) ધીરપુરુષોને કોઈ વાર અદૃશ્ય સહાયના પ્રભાવે અપકારક થતાં નથી. જો અપકારી થાય, તો પણ તે એક જ જન્મમાં (થાય છે) અને કરેલું માયામોષ તો અનંત ભવો સુધી ભયંકર ફળ આપે છે. (૬૪૪૫-૪૬) જેમ ખટાશથી દૂધ, અથવા જેમ સુરાખારથી પંચગવ્ય (ગાયનું દૂધ વગેરે પાંચ) નિષ્ફળ થાય (બગડે) છે, તેમ માયામૃષાયુક્ત ધર્મક્રિયા પણ નિષ્ફળ થાય છે. (૬૪૪૭) તપને તપો, શ્રુતને ભણો, વ્રતોને ધારણ કરો તથા ચિરકાળ ચારિત્રને પાળો, તો પણ જો તે માયામૃષાયુક્ત છે, તો ગુણ-કારક થશે નહિ. (૬૪૪૮) એક જ પુરુષના માયામૃષાવાદી અને અતિ ધાર્મિક એમ (પરસ્પર) વિરુદ્ધ બે નામો ભોળા મનુષ્યોને પણ નિશ્ચે અશ્રદ્ધેય બને છે. (૬૪૪૯) તેથી આત્મહિતનો ગવેષક બુદ્ધિમાન એવો કોણ હોય કે શાસ્ત્રમાં જેના ઘણા દોષો સંભળાય છે, તે માયામૃષાને કરે ? (૬૪૫૦) છતાં જો દુર્ગતિમાં જવાનું મન છે, તો તે(અઢાર)માં શેષ પાપસ્થાનકો (કરતાં) એક જ છતાં માયામૃષા નિશ્ચે ત્યાં લઇ જવાની ક્રિયામાં સમર્થ છે. (૬૪૫૧) એમ જો માયામૃષા એકાન્તે બહુ દોષવાળું ન હોત, તો પૂર્વમુનિઓ (અપઓસ =) વિના દ્વેષે મોટા અવાજે આ રીતે (તજવાનું) કહેત નહિ. (૬૪૫૨) એમ છતાં જે મુગ્ધલોકને માયામૃષાથી પાડીને (ઠગીને) ખાય (લૂંટે) છે, તે ત્રણ ગામોની વચ્ચે રહેનારા કૂટ તપસ્વીની જેમ શોચ કરે છે. (પસ્તાય છે.) (૬૪૫૩) તે આ પ્રમાણે–

**માયામૃષાના દોષ વિષે કૂટ તપસ્વીનો પ્રબંધ**–ઉજ્જયિની નગરીમાં અત્યંત કૂટ-કપટનો વ્યસની અઘોર શિવ નામનો મહા તુચ્છ બ્રાહ્મણ હતો. (૬૪૫૪)ઇન્દ્રજાળિ-યાની જેમ માયાથી લોકોને ઠગવાની પ્રવૃત્તિ કરતો અને એથી લોકોએ નગરમાંથી કાઢી મૂકેલો, તે અન્ય દેશમાં ગયો. (૬૪૫૫) ત્યાં પણ હલકા વિટ્લોકોની સાથે ભળી ગયેલા અતિ સંક્લિષ્ટ (વિરોધી) આશયવાળા તેણે (પાઠાં૦ તે=) તેઓને કહ્યું કે–જો તમે મારી સેવા કરો, તો હું સાધુ થઇને નિશ્ચયથી લોકોનાં સાચાં ધનનાં સ્થાનોને જાણીને તમને કહું, પછી તમે પણ સુખપૂર્વક તેને ચોરો ! (૬૪૫૬-૫૭) વિટ્લોકોએ એ સર્વ

માન્યું અને તે પણ ત્રિદંડીનો વેશ ધારીને ત્રણ ગામોની વચ્ચેના ઉપવનમાં જઇને રહ્યો. (૬૪૫૮) અને તે વિટલોકોએ જાહેર કર્યું કે-જ્ઞાની અને મહા તપસ્વી મહાત્મા (એક) મહિને મહિને આહાર લે છે. (૬૪૫૯) પછી તેને બહુ કષ્ટોથી થાકેલો અને સ્વભાવથી જ દુર્બળ જોઇને, લોકો 'મહા તપસ્વી છે'-એમ માનીને પરમ ભક્તિથી તેની પૂજા કરવા લાગ્યા. (૬૪૬૦) તેઓ તેને પોતાના ઘેર નિમંત્રે, હૃદયની વાતો જણાવે, નિમિત્ત પૂછે અને વૈભવના વિસ્તારને જણાવે, એમ પ્રતિદિન તેની સેવા કરવા લાગ્યા. (૬૪૬૧) પણ તે બગવૃત્તિથી પોતાને લોકોના ઉપકારી તરીકે દેખાડે છે અને ચોરોને તેમનાં છિદ્રો કહે છે. (૬૪૬૨) વળી રાત્રે ચોરોની સાથે ભળીને પાપી તે ઘરોને (ધનને) ચોરે છે, કાળક્રમે ત્યાં એવો કોઈ માણસ ન રહ્યો, કે જે ચોરાયો ન હોય. (૬૪૬૩) એક પ્રસંગે તેઓએ એક ઘરમાં ખાતર ખોદવા માંડયું અને ઘરના માલિકે તે જાણ્યું, તેથી તેણે ખાત્રના મુખ પાસે ઊભા રહીને જોયું અને એક ચોરને સાપની જેમ (ઘરમાં) પેસતો પકડયો, બીજા બધાય નાસી ગયા. (૬૪૬૪-૬૫) પ્રભાતનો સમય થતાં ચોરને રાજાને સોંપ્યો. રાજાએ કહ્યું કે-જો તે સાચું બોલે તો તેને છોડી મૂકો. (૬૪૬૬) પછી તેને છૂટો કર્યો, તો પણ તેણે (સત્ય) ન કહ્યું, તેથી ચાબૂક, દંડ, પત્થરો અને મુઠ્ઠીઓથી મારતાં તેણે સઘળોય વૃત્તાન્ત કહ્યો, (૬૪૬૭) તેથી તૂર્ત બાંધીને તે ત્રિદંડીને પણ ઉપવનમાંથી લાવ્યા અને ત્યાં સુધી એને માર માર્યો કે-યાવત્ તેણે પણ પોતાના દુરાચારને માન્યો. (૬૪૬૮) પછી શ્રોત્રિય (વેદનો જાણ) બ્રાહ્મણનો પુત્ર માનીને (રાજાએ) તેના બે ચક્ષુઓને ઉખેડી નાખ્યાં અને તિરસ્કાર કરીને તૂર્ત તેને નગરમાંથી કાઢી મૂકયો. (૬૪૬૯) પછી ભિક્ષાર્થે ભટકતો, લોકોથી તિરસ્કાર પામતો અને દુઃખથી પીડાતો તે હા! 'મેં આ શું કર્યું ?'-એમ પોતાનો શોક કરવા લાગ્યો. (૬૪૭૦) એમ હે સુંદર! અવિનય જેમાં મુખ્ય છે, એવા અન્યાયના ભંડારરૂપ માયામૃષાને તજીને તું પરમપ્રધાન એવી મનની સમાધિને કર! (૬૪૭૧) એમ સત્તરમું પાપસ્થાનક કહ્યું. હવે મિથ્યાદર્શનશલ્ય નામનું અઢારમું પાપસ્થાનક પણ કહું છું. (૬૪૭૨)

**૧૮. અનુશાસ્તિના પહેલા અઢાર પાપસ્થાનદ્વારમાં અઢારમું મિથ્યા દર્શનશલ્ય**-દૃષ્ટિની વિપરીતતારૂપ (એકીસાથે) બે ચંદ્રના દર્શનની જેમ જે મિથ્યા એટલે વિપરીત દર્શન, તેને અહીં મિથ્યાદર્શન (કહ્યું છે.) (૬૪૭૩) અને તે શલ્યની જેમ દુઃખે નાશ કરાય તેવું, દુઃખોને દેનારું હોવાથી તેને 'મિથ્યાદર્શનશલ્ય' એવો વ્યપદેશ (ઉપચાર) કરાય છે. (૬૪૭૪) આ શલ્ય દ્રવ્ય-ભાવ ભેદોથી બે પ્રકારનું છે. તેમાં દ્રવ્યશલ્ય ભાલો વગેરે શસ્ત્રો અને ભાવશલ્ય મિથ્યાદર્શન જાણવું. (૬૪૭૫) શલ્યની જેમ હૃદયમાં રહેલું, સઘળાય અપાયોનું કારણ એવું મિથ્યાદર્શનશલ્ય ભયંકર વિપાકોવાળું (દુઃખદ) છે. (૬૪૭૬) પહેલું (દ્રવ્ય) શલ્ય નિશ્ચે એકને (પોતાને) જ અપાયનું કારણ છે અને જે ભાવશલ્ય તે (સ્વ-પર) ઉભયને પણ દુઃખનુ કારણ બને છે, (૬૪૭૭)

જેમ રાહુની પ્રભાનો સમૂહ કેવળ સૂર્યના જ પ્રકાશનો નાશ નથી કરતો, પણ અંધકારપણાથી સમગ્ર જગતના પણ પ્રકાશનો નાશ કરે છે. એ રીતે ફેલાતું ભાવશલ્ય પણ એક તે આત્માના જ નહિ પણ સમગ્ર જગતના પણ પ્રકાશનો (સમ્યક્ત્વનો) નાશ કરે છે. (૬૪૭૮–૭૯) અહીં જેવો રાહુની (કાળી) કાન્તિનો સમૂહ, નિશ્ચે તેવું મિથ્યાદર્શન, જેવો સૂર્ય તેવો પુરુષ અને પ્રકાશતુલ્ય સમ્યક્ત્વ જાણવું. (૬૪૮૦) એમ હોવાથી મિથ્યાદર્શનરૂપી પ્રભાના સમૂહથી જેનો સમ્યક્ત્વનો પ્રકાશ નાશ પામ્યો છે અને ભાવ અંધકારના સમૂહને કરનારા એવા મિથ્યાદર્શનથી જે મુંઝાએલો છે, તેવો કોઈ પણ પુરુષરૂપી સૂર્ય પોતામાં અને બીજામાં પણ તેને (મિથ્યાત્વરૂપ અંધકારને) જ વધારે (૬૪૮૧–૮૨) અને પરંપરાએ ફેલાતા, (**માનાતિરિક્ત=**) પ્રમાણરહિત અમર્યાદિત એવા તે અંધકારથી (વ્યાપ્ત), તેથી અંધારી પર્વતની ગુફા જેવા પ્રકાશરહિત આ લોકમાં સંસારવાસથી ઉદ્વિગ્ન અને પદાર્થોને સમ્યક્ જોવાની (જાણવાની) ઇચ્છાવાળા, એવા પણ જીવોને સમ્યક્ત્વનો પ્રકાશ સુખપૂર્વક કેવી રીતે મળે ? (૬૪૮૩–૮૪)

અને વળી તે આ દિગ્મોહ છે, તે આ નેત્રો ઉપર બાંધેલો પાટો છે, તે આ જન્માંધપણું છે, તે આ નેત્રોનો ઉદ્ધાર (ઉખેડવાપણું) છે, અથવા તે આ જગતને શીઘ્ર સતત ભમતું જોવાતુલ્ય (ચક્રી) છે. અથવા તે આ સમુદ્ર તરફ (દક્ષિણમાં) જવાની ઇચ્છાવાળાનું હિમવંત તરફ (ઉત્તરમાં) ગમન છે, કે કમળાના રોગીનું તે (મિથ્યા)જ્ઞાન છે, અથવા તે આ બુદ્ધિનો વિભ્રમ છે, અથવા તે આ છીપમાં રજતનું (ભ્રાન્ત) જ્ઞાન છે, અથવા તે આ મૃગતૃષ્ણામાં (ઝાંઝવાના જળમાં)ઉજ્જવળ જળનું દર્શન (ભ્રાન્તિ) છે, અથવા તો તે આ લોકોમાં સંભળાતું વિપરીત ધાતુપણું (ધાતુઓનો વિપર્યય)છે, અથવા તે આ અકાળે જાગેલો ઉપદ્રવ છે, તથા તે આ રજોવૃષ્ટિનો (**પાઠાં૰ ઉદ્ઘવણું=**) ઉત્પાત છે, અથવા તે આ નિશ્ચે ઘોર–અંધ–કૂવારૂપી ગુફામાં પતન છે, કારણ કે–આ મિથ્યાદર્શનરૂપ શલ્ય સમ્યક્ત્વને રોકનાર પ્રતિમલ્લ છે અને (**પાઠાંતર सम्मग्गम्मि=**) સન્માર્ગે ચાલનારને મોટો કાદવનો સમૂહ છે. (૬૪૮૫ **થી** ૯૦)

અને વળી જીવો જે અદેવને પણ દેવ, અગુરુને પણ ગુરુ, અતત્ત્વને પણ તત્ત્વ અને અધર્મને પણ ધર્મ તરીકે માને છે, તથા જે પરમપદના સાધક, યથોક્ત ગુણવાળા પણ દેવમાં, ગુરુમાં, તત્ત્વોમાં અને ધર્મમાં અરુચિને અથવા પ્રદ્વેષને કરે છે, તથા દેવ વગેરે પરમ પદાર્થોમાં જે ઉદાસીનતા પણ કરે છે, તે સર્વ આ વિશ્વમાં મિથ્યાદર્શનશલ્યનો દુષ્ટ વિલાસ છે. (૬૪૯૧ **થી** ૯૩)

તથા આ મિથ્યાદર્શનશલ્ય સર્વ રીતે જીવનું અવિવેકનું મૂળ બીજ છે, કારણ કે–મિથ્યાત્વથી મનુષ્ય બુદ્ધિમાન હોય તો પણ મૂઢમનવાળો થાય છે. (૬૪૯૪) જેમ અતિ તૃષાતુર મૃગો ઝાંઝવાના જળમાંથી પણ પાણીને શોધે છે, તેમ મિથ્યાત્વથી મૂઢમનવાળા ખોટાને સાચું જુએ છે. (૬૪૯૫) જેમ ધતૂરાનું ભક્ષણ કરનાર પુરુષ અછતા (મિથ્યા)

પદાર્થને પણ (સત્ય) દેખે છે, તેમ મિથ્યાત્વથી મૂઢ મતિવાળો ધર્મ-અધર્મના વિષયમાં (ઉલટું) દેખે છે. (૬૪૯૬) અનાદિકાળથી મિથ્યાત્વની ભાવનાથી મૂઢ થએલો જીવ (મિથ્યાત્વના) ક્ષયોપશમથી પ્રાપ્ત પણ સમ્યક્ત્વમાં દુઃખે પ્રીતિ કરે છે. (રુચિ કરતાં પીડાય છે.) (૬૪૯૭) તીવ્ર એવું મિથ્યાત્વ જીવને જે મોટા દોષોને કરે છે, તેવા દોષ અગ્નિ પણ કરતો નથી, ઝેર પણ કરતું નથી અને કાળો નાગ પણ કરતો નથી. (૬૪૯૮) જેમ **અનિવ્વલિયમ્મિ=**) સારી રીતે જળથી ધોએલા પણ કડવા ભાજનમાં દૂધનો નાશ થાય, તેમ મિથ્યાત્વથી કલુષિત જીવનમાં (પ્રગટેલાં) તપ, જ્ઞાન અને ચારિત્રનો વિનાશ થાય છે. (૬૪૯૯) આ મિથ્યાત્વ સંસારરૂપ મોટા વૃક્ષનું (**અતુચ્છં=**) ઉદાર-મોટું બીજ છે, માટે મોક્ષસુખને ઇચ્છતા આત્માઓએ તેને તજવું જોઈએ. (૬૫૦૦) મિથ્યાત્વથી મૂઢમનવાળા જીવો મિથ્યાશાસ્ત્રોના શ્રવણથી પ્રગટેલી કુવાસનાથી વાસિત થયા છતા અતત્ત્વ-તત્ત્વને (**પાઠાં૦ અત્તતત્તં=**) આત્મતત્ત્વને પણ જાણતા નથી. (૬૫૦૧) મિથ્યાત્વના અંધાપાથી લુપ્ત થએલા વિવેકરૂપ નેત્રોવાળા જીવો (**તામસખગ=**) ઘૂવડની જેમ સદ્ધર્મને જણાવનારા સૂર્યને (ધર્મોપદેશકને) જોઈ પણ શકતા નથી. (૬૫૦૨) જો મનુષ્યોમાં આ એક જ મિથ્યાત્વરૂપ શલ્ય લાગેલું છે, તો સર્વ દુઃખોને માટે તે જ (પર્યાપ્ત) છે, અન્ય દોષોથી શું ? (૬૫૦૩) ઝેરથી લેપેલા એવા બાણથી વિંધાયેલા પુરુષો તેનો પ્રતિકાર નહિ કરવાથી જેમ વેદનાઓને પામે, તેમ મિથ્યાત્વશલ્યથી વિંધાએલા છતાં તેને દૂર નહિ કરનારા જીવો તીવ્ર વેદનાઓને પામે છે. (૬૫૦૪) તેથી હે સુંદર ! ચતુરાઈને પ્રગટાવીને, શીઘ્ર મિથ્યાત્વને દૂર કરીને નિત્યમેવ સમ્યક્ત્વમાં મમતા કર ! (૬૫૦૫) આ મિથ્યાદર્શનશલ્ય વસ્તુનો ઉલટો બોધ કરાવનાર, સદ્ધર્મને દૂષિત કરનાર અને સંસાર અટવીમાં ભ્રમણ કરાવનારું છે. (૬૫૦૬) મનમંદિરમાં સમ્યક્ત્વરૂપ દીપક ત્યાં સુધી જ (**પહં=**) પ્રભાને-પ્રકાશને કરે છે, કે જ્યાં સુધી મિથ્યાત્વરૂપી પ્રચંડ પવન તેને પ્રેરણા ન કરે (ન બૂઝાવે). (૬૫૦૭) પુણ્યના સમૂહથી લભ્ય એવું, પ્રાપ્ત થએલું પણ સમ્યક્ત્વરત્ન, મિથ્યાભિમાનરૂપી મદિરાથી મત્ત બનેલા જીવને જમાલીની જેમ નાશ પામે છે. (૬૫૦૮) તે આ પ્રમાણે—

**સમકિતઘાતક મિથ્યાભિમાન વિષે જમાલીનો પ્રબંધ**-જગદ્ગુરુ શ્રીવર્ધમાનસ્વામિની પાસે દીક્ષિત થએલા, પાંચસો રાજપુત્રોથી પરિવરેલા, રાજ્યસુખના ત્યાગી, ઉત્તમ ધર્મની શ્રદ્ધાથી સંવેગપૂર્વક સાધુતાની ક્રિયામાં વર્તતાં, ભગવંતની બ્હેનના પુત્ર જમાલી એક અવસરે પિત્તજ્વરની તીવ્ર પીડાથી નિરુત્સાહી થયા, ત્યારે તેઓએ શયન માટે પોતાના સ્થવિરોને સંથારો પાથરવા કહ્યું. (૬૫૦૯ થી ૧૧) કહ્યા પછી તુર્ત ત્વરાવાળા મુનિઓ સંથારો પાથરતા હતા, ત્યારે થોડા પણ કાલવિલંબને સહન નહિ કરવાથી તેઓએ પુનઃ સાધુઓને પૂછયું કે-કેમ, સંથારો પાથર્યો કે નથી પાથર્યો ? પછી સાધુઓએ થોડો પાથરેલો છતાં 'પાથર્યો' એમ કહ્યું. ત્યારે જમાલી તે સ્થાને આવ્યો,

અને સંથારાને પથરાતો જોઇને સહસા ભ્રમણાને પામેલા તેણે કહેવા માંડયું કે–હે મુનિઓ ! અસત્ય કેમ બોલો છો ?, કે જે 'પથરાતા પણ સંથારાને પાથર્યો' એમ બોલો છો ? તેથી સ્થવિરોએ કહ્યું કે–જેમ ત્રણ ભુવનમાં સૂર્ય એવા શ્રી વીરપ્રભુ કરાતા કાર્યને કર્યું કહે છે, તેમ આ પથરાતા સંથારાને 'પાથર્યો' એમ કહેવામાં શું અયુક્ત છે ? (૬૫૧૨ થી ૧૬) તેઓએ એમ કહેવા છતાં મિથ્યા આગ્રહથી સમ્યક્ત્વભ્રષ્ટ થએલો, તેથી '(પૂર્ણ) કર્યું હોય તેને જ કર્યું કહેવાય.'–એવા ખોટા પક્ષથી ચંચળ બનેલો ત્રિલોકબંધુ એવા પ્રભુનો વિરોધી થએલો, દુષ્કર તપ કરવા છતાં મુગ્ધ મનુષ્યોને વ્યુદ્ગ્રાહિત કરતો (ભરમાવતો) તે ચિરકાળ પૃથ્વી ઉપર વિચર્યો. (૬૫૧૭–૧૮) વળી–

પોતાની પુત્રી, પોતાના હાથે દીક્ષા આપેલી અને (સઈ=) સદા સ્વયં ભણાવેલી પ્રિયદર્શના સાધ્વી પણ મિથ્યાત્વદોષથી જમાલીના મતને અનુસરતી, અહા હા ! (આશ્ચર્ય છે કે–) જગદ્ગુરુ, ત્રણ ભુવનના પ્રત્યક્ષ ભાસ્કર(સૂર્ય)તુલ્ય, એવા પણ પ્રભુ શ્રી વર્ધમાન-સ્વામીની વિરોધી થઈ. (૬૫૧૯–૨૦) આ પ્રસંગમાં અધિક કહેવાથી સર્યું માત્ર સંયમને વિફળ બનાવીને જમાલી મરીને લાંતક કલ્પમાં કિલ્બિષ દેવ થયો. (૬૫૨૧) તેના તે ચારિત્રગુણો, તે જ્ઞાનનો પ્રકર્ષ અને તેનું તે સુંદર ચારિત્ર, (એ સર્વ) એકીસાથે જ નાશ પામ્યું. એવા મિથ્યાભિમાનને ધિક્કાર થાઓ ! (૬૫૨૨) (હું=) હે સુંદર ! જો જો ! મિથ્યાત્વના પડલથી આચ્છાદિત (થવાથી) જીવોને તે જ ક્ષણે વસ્તુ પણ અવસ્તુરૂપે ભાસે છે. (૬૫૨૩) જો તેની તે તેવી સમ્યક્ત્વ વગેરે ગુણોરૂપ લક્ષ્મી મિથ્યાત્વના અંધકારથી આચ્છાદિત ન થઈ હોત તો અમે નથી જાણતા કે–તેને શું પણ (કેટલું ઘણું હિત) થાત ? (૬૫૨૪) એમ જાણીને હે વત્સ ! વિવેકરૂપી અમૃતનું પાન કરવાદ્વારા તું મન-રૂપી શરીરમાં વ્યાપેલા આ મિથ્યાત્વરૂપી ઝેરનું સર્વથા વમન કર ! (૬૫૨૫) તથા મિથ્યાત્વના ઝેરથી મુક્ત અને તેના સર્વ વિકારથી રહિત, સ્વસ્થ થએલો તું પ્રસ્તુત આરાધનાને સમ્યક્ પ્રાપ્ત કર ! (૬૫૨૬) એમ આ મિથ્યાદર્શનશલ્યને કહ્યું અને તે કહેવાથી સઘળા અઢારેય પાપસ્થાનકો કહ્યાં. (૬૫૨૭) આ પાપસ્થાનકોમાં એક એક પણ પાપ (મહા) દુઃખદાયી છે, તો તે બધાના સમૂહથી તો જે વિપાક (દુઃખ) થાય, તેમાં શું કહીએ ? (૬૫૨૮) અને વળી–

આ લોકના સુખમાં આસક્ત જીવો, જીવોની હિંસા કરવાદ્વારા, બીજાઓને કઠોર વગેરે મૃષા બોલવા દ્વારા, બીજાના ધનને હરણ કરવાદ્વારા, મનુષ્ય દેવ અને તિર્યંચની સ્ત્રીઓના વિષયની અતિ આસક્તિદ્વારા, નિત્ય અપરિમિત વિવિધ પરિગ્રહનો આરંભ કરવાદ્વારા, વિરોધજનક ક્રોધદ્વારા, તથા દુઃખકારક માનદ્વારા, સ્પષ્ટ અપાયરૂપ માયાદ્વારા, સુખના (અથવા શોભાનો) નાશ કરનારા એવા લોભદ્વારા, ઉત્તમ મુનિઓએ તજેલા (દુષ્ટ) રાગદ્વારા, કુગતિપોષક દ્વેષદ્વારા, સ્નેહના શત્રુ એવા કલહદ્વારા, ખલ (નીચ) એવા અભ્યાખ્યાનદ્વારા, ભવ(સંસાર)ની પ્રાપ્તિ કરાવનારી અરતિ–રતિદ્વારા, અપયશના

મોટા પ્રવાહરૂપ પરનિંદાદ્વારા, નીચ (અધમ) પુરુષોના મનને પ્રસન્ન કરનારા માયામૃષાદ્વારા અને અત્યંત સંકલેશથી પ્રગટતા, શુદ્ધ માર્ગમાં (વિઘ્ન કરનાર) મહા સુભટરૂપ મલ્લ સરખા મિથ્યાદર્શનશલ્યદ્વારા પરલોકની ચિંતાથી (ભયથી) રહિત, એવા મૂઢ પુરૂષો પોતાના સુખ માટે મનથી, વચનથી અને (વઉસા–વપુસા=) કાયાવડે આકરા પાપના સમૂહને ઉપાર્જન કરીને ચોરાશી લાખ યોનિથી વ્યાપ્ત, અનાદિ ભવસાગરમાં વાર વાર જન્મ–મરણોને ભોગવતા ચિરકાળ ભટકે છે, (૬૫૨૯ થી ૩૬) જે મૂઢ પોતામાં કે બીજામાં પણ આ પાપસ્થાનોની ઉદીરણા કરે છે, તે તે કારણે બાંધેલા પાપકર્મથી લેપાય છે. (૬૫૩૭) તેથી હે દેવાનુપ્રિય! આને જાણીને પ્રયત્નવાળો તું તે પાપસ્થાનકોથી શીઘ્ર અટકીને તેના પ્રતિપક્ષમાં (અહિંસાદિમાં) ઉદ્યમ કર. (૬૫૩૮) એમ અનુશાસ્તિદ્વારમાં અઢાર પાપસ્થાનકોનું આ (પહેલું પેટા) દ્વાર કહ્યું. હવે આઠ મદસ્થાનોનું બીજું પેટાદ્વાર કહું છું. (૬૫૩૯)

**અનુશાસ્તિમાં બીજું આઠ મદવર્જન પેટાદ્વાર**–ગુરુ ક્ષપકને અઢાર પાપસ્થાનોથી વિરક્ત ચિત્તવાળો જાણીને સવિશેષ ગુણની પ્રાપ્તિ માટે આ પ્રમાણે કહે કે–હે ગુણાકર! હે આરાધનારૂપી મોટી ધૂંસરીને વહન કરવામાં વૃષભ! ધન્ય એવો તું આ આરાધનામાં રહેલો, સઘળાય મનોવિકારને રોકીને ત્યાગ કરવાયોગ્ય ધર્માર્થીને સદા અકરણીય, નીચજનને આદરણીય અને ગુણધનને લૂંટવામાં શત્રુસૈન્યતુલ્ય એવા ૧–જાતિમદને, ૨–કુળમદને, ૩–રૂપમદને, ૪–બળમદને, ૫–શ્રુતમદને, ૬–તપમદને, ૭–લાભમદને અને ૮–ઐશ્વર્યમદને તજી દે! (૬૫૪૦ થી ૪૩)

**૧. બીજા આઠ મદસ્થાનદ્વારમાં પહેલા જાતિમદ**–તેમાં શ્રી જિનવચનથી ભાવિત બુદ્ધિવાળો તું તીવ્ર સંતાપકારક અને અનર્થના પ્રથમ (મુખ્ય) કારણભૂત એવા પહેલા જાતિમદને કરીશ નહિ, (૬૫૪૪) કારણ કે–કરેલા આ જાતિમદ કાળાન્તરે તથાવિધ (દુઃખદ) અવસ્થાને પ્રાપ્ત કરાવીને માનીપુરૂષોના પણ માનને નિયમા મલિન કરે છે. (૬૫૪૫) વળી (ઘણો કાળ) નીચ યોનિયોમાં (અહુ વિયહું=) દુઃખથી પીડાતો (અથવા આડો–અવળો, જ્યાં–ત્યાં, જેમ–તેમ) ભમીને (વર્ત્તમાનમાં) મહા મુશીબતે એક વાર મળેલા ઉચ્ચ ગોત્રનો મદ કરવાનો અવસર બુદ્ધિમાનોને કેમ હોય? (૬૫૪૬) અથવા તો જાતિમદ (ત્યારે) કરી શકાય, કે જો તે (ઉત્તમ) જાતિરૂપ ગુણ કાયમ રહે તેમ હોય! અન્યથા પવનથી ફૂલાવેલી મસક જેવા (મિથ્યા) મદથી શું? (૬૫૪૭) સંસારમાં કર્મવશ થતી ઉત્તમ, મધ્યમ અને જઘન્ય જાતિઓને જોઇને, તત્ત્વનો સમ્યગ્ જ્ઞાતા એવો કોણ તેના મદને કરે? (૬૫૪૮) સંસારમાં જીવો ઇન્દ્રિયોની રચનાપૂર્વકની (એક–બે આદિ ઇન્દ્રિઓવાળી) ઘણા પ્રકારની જાતિઓને પામે છે, તેથી તે જાતિઓની સ્થિરતા (શાશ્વતી) નથી હોતી. (૬૫૪૯) આ સંસારમાં રાજા અથવા બ્રાહ્મણ થઇને પણ જો ભવાન્તરમાં તે તે કર્મવશ ચંડાલ પણ થાય છે, તો તેના

મદથી સર્યું. (૬૫૫૦) વળી સર્વશ્રેષ્ઠ જાતિવાળાને પણ કલ્યાણનું કારણ તો ગુણો જ છે, કારણ કે-જાતિહીન પણ ગુણવાન લોકમાં પૂજાય છે. (૬૫૫૧) "વેદોનો પાઠક અને જનોઇનો ધારક છું. તેથી લોકમાં ગૌરવને પામેલો હું બ્રાહ્મણ સર્વમાં ઉત્તમ છું."- એ રીતે જાતિમદથી ઉન્મત્ત બનેલો બ્રાહ્મણ પણ જો નીચ-અધમ લોકોનાં ઘરોમાં ચાકર થાય છે, તો તેને જાતિમદ નહિ, પણ મરણનું શરણ કરવું યોગ્ય છે. (૬૫૫૨-૫૩) જાતિમદને કરતો જીવ જાતિનું નીચપણું (નીચગોત્ર) જ બાંધે છે, આ વિષયમાં શ્રાવસ્તીવાસી બ્રાહ્મણપુત્રનું દૃષ્ટાન્ત છે. (૬૫૫૪) તે આ પ્રમાણે-

**જાતિમદ વિષે બ્રાહ્મણપુત્રનો પ્રબંધ**-દેવમંદિરો, ચોખૂણ વાવડીઓ, દીર્ઘ વાવડીઓ, ગોળ વાવડીઓ તથા બગીચાઓની શ્રેણિઓથી રમણીય શ્રાવસ્તીપુરીમાં ઘણા રાજાઓથી નમન કરાએલા ચરણકમળવાળો અને જગપ્રસિદ્ધ નરેન્દ્રસિંહ નામે રાજા હતો. તેને વેદના અર્થને વિચારવામાં કુશળ અમરદત્ત નામે પુરોહિત હતો. (૬૫૫૫-૫૬) તે પુરોહિતનો સુલસ નામનો પુત્ર યૌવનથી, શ્રુતજ્ઞાનથી, વૈભવથી અને રાજાના સત્કારથી અત્યંત ગર્વને ધારણ કરે છે. (૬૫૫૭) સમાન વયવાળા મિત્રોથી પરિવરેલો તે (નિરંકુશ) હાથીની જેમ લોકપવાદને પણ અવગણીને નગરીના ત્રિક, ચત્વર વગેરે રાજમાર્ગોમાં સ્વચ્છંદપણે ફરે છે. (૬૫૫૮) એક પ્રસંગે સુખાસને બેઠેલા તેને માળીએ ગણગણાટ કરતા ભમરાઓથી ભરેલી (સુગંધી) આંબાની માંજર ભેટ આપી. (૬૫૫૯) કામદેવે સ્વહસ્તે લખેલો (આમંત્રણ) પત્ર હોય તેવી તે માંજરને જોઇને, વસંત માસ આવ્યો એમ માનીને, પ્રસન્ન થએલો તે પોતાને હાથે માળીને તુષ્ટિદાન આપીને ચતુર પરિવારથી પરિવરેલો તુર્ત નંદનવન નામના ઉદ્યાનમાં ગયો. (૬૫૬૦-૬૧) તે પછી વિનયથી ઊભા થએલા નંદન ઉદ્યાનના રક્ષકે તેને કહ્યું કે-હે કુમાર! સ્વયં એક ક્ષણ આ પ્રદેશમાં નજર નાખો! (૬૫૬૨) ફેલાતી પુષ્ટ સુગંધથી આવેલા ભમરાઓનાં ટોળાથી શોભતી ડાળીઓના છેડાવાળા (આ) બકુલવૃક્ષો હાથમાં પકડેલી રુદ્રાક્ષની માળાવાળા જોગી જેવા શોભે છે. (૬૫૬૩) ઊંચે વધેલાં પત્રોથી આકાશતળના વિસ્તારને સ્પર્શતાં (આ) કંકેલિવૃક્ષો પણ પ્રજવલિત અગ્નિના સમૂહની જેમ વિરહી જનોને સંતાપ કરે છે (૬૫૬૪) અને કમળરૂપી મુખવાળી, કેસુડાનાં પુષ્પોરૂપી રેશમી વસ્ત્રોવાળી, માલતીની કળીઓરૂપી દાંતવાળી, પાટલવૃક્ષરૂપી નેત્રોવાળી, (**કોરદય**=) કળીઓવાળા (**કુરવય**=) કુરુબક જાતિનાં વૃક્ષોના (**થવય**=) ગુચ્છારૂપી મોટા સ્તનોવાળી અને સ્ફુરાયમાન અતિ સુંવાળાં (તિલકવૃક્ષરૂપ) તિલકવાળી, આ વનલક્ષ્મી કોયલના સુંદર અવાજથી કામદેવરૂપી રાજાના ત્રણેય જગતના વિજયયશને (ગાતી હોય તેમ) ગાય છે. (૬૫૬૫-૬૬) એમ નંદનવનના પાલકે (**પિસુણિય**=) પ્રગટ જણાવેલી વૃક્ષોની શોભાથી દ્વિગુણ ઉત્સાહવાળો તે ઉદ્યાનની અંદર પરિભ્રમણ કરવા લાગ્યો. (૬૫૬૭) ત્યાં ભમતા તેણે કોઈ રીતે વનની ગાઢ ઝાડીની વચ્ચે એકાન્તમાં રહેલા સ્વાધ્યાય કરતા એક મહા મુનિવરને જોયા. (૬૫૬૮)

તે પછી પાપિષ્ઠપણાથી અત્યંત જાતિમદને ધારણ કરતા તેણે હાંસી કરવાની ઈચ્છાથી (મુનિને) ભક્તિપૂર્વક વાંદ્યા અને કહ્યું કે–હે ભગવંત ! ભવભયથી ડરેલા મને આપનો ધર્મ કહો, કે જેથી તમારા ચરણકમળમાં પ્રવ્રજ્યાને સ્વીકારું. (૬૫૬૯–૭૦) સરળ સ્વભાવથી મુનિએ પણ મૃષાવાદ, પરદ્રવ્ય, મૈથુન અને પરિગ્રહના ત્યાગથી યુક્ત, પિંડવિશુદ્ધિ વગેરે શ્રેષ્ઠ ગુણોના સમૂહથી સુંદર, જગત્ગુરુ શ્રી જિનેશ્વરે પ્રરૂપેલો, જીવદયા જેનું મૂળ છે, એવો શિવગતિની પ્રાપ્તિ થાય ત્યાં સુધીનો ધર્મ સારી રીતે કહ્યો. (૬૫૭૧–૭૨) પછી તેને સાંભળીને તે હાંસીપૂર્વક આવું બોલવા લાગ્યો કે–હે સાધુ ! કયા ધૂતારાએ તને આ રીતે ઠગ્યો છે, કે જેથી પ્રત્યક્ષ દેખાતા પણ દિવ્ય વિષયસુખને છોડીને પોતાને અને પરને કલેશની ચિંતામાં નાખે છે ? (૬૫૭૩–૭૪) જીવદયા કરવાથી ધર્મ અને તેનું ફળ મોક્ષ, એવું કોણે જોઈને કહ્યું છે, કે જેથી આમ કષ્ટ કરે છે ? (૬૫૭૫) માટે મારી સાથે આવ, (આ) વનની શોભાને જો, પાખંડને છોડ અને મહેલમાં રહીને સ્વેચ્છાનુસાર સ્ત્રીઓની સાથે વિલાસને કર ! (૬૫૭૬) એમ અઘટિત વચનો વડે પોતાના પરિવારને હસાવતા તેણે મુનિને હાથથી પકડીને ત્યાંથી ઘર તરફ લઈ જવા માંડયા. (૬૫૭૭) તે જ વેળા મુનિની હાંસીથી ગુસ્સે થએલી વનદેવીએ તેને કાષ્ઠની જેમ બેભાન કરીને પૃથ્વી ઉપર પટકયો. (૬૫૭૮) મુનિ પણ લેશ પણ પ્રદ્વેષ કર્યા વિના સ્વકર્ત્તવ્યમાં સ્થિર થયા અને તેવી અવસ્થાવાળા સુલસને પણ મિત્રો ઘેર લઈ ગયા. (૬૫૭૯) તે વૃત્તાન્ત (તેના પિતાને) કહ્યો અને દુઃખથી પીડાતા પિતાએ તેની શાન્તિ માટે દેવપૂજન વગેરે વિવિધ ઉપાયોને કર્યા. (૬૫૮૦) (છતાં) તેને લેશ પણ શાન્તિ ન થઇ, તેથી તેને લાવીને મુનિની પાસે મૂકયો, (ત્યાં) લેશ સ્વસ્થ થયો. (૬૫૮૧) અને તેના પિતાએ મુનિને કહ્યું કે–હે ભગવંત ! તમારી અવહેલનાનું આ ફળ છે, તેથી પ્રસાદ કરો અને મારા પુત્રના દોષને દૂર કરો ! (૬૫૮૨) ઇત્યાદિ પુરોહિતે જ્યારે કહ્યું, ત્યારે દેવીએ કહ્યું કે–અરે, મ્લેચ્છતુલ્ય ! તું સ્વચ્છંદપણે (જેમ–તેમ) બહુ શું બોલે છે ? જો આ તારો દુષ્ટપુત્ર સદાય મુનિના દાસની જેમ વર્તે, તો સ્વસ્થતાને પામે, અન્યથા જીવશે પણ નહિ. (૬૫૮૩–૮૪) તેથી 'જેમ–તેમ પણ જો જીવે, તો હું જોઇ શકીશ'–એમ ચિંતવતા તેના પિતાએ તેને મુનિને સોંપ્યો. તે મુનિએ પણ આમ કહ્યું કે–'સાધુઓ અસંયમી ગૃહસ્થોનો પરિગ્રહ (સ્વીકાર) કરતા નથી.' તેથી જો દીક્ષાને સ્વીકારે, તો એ મારી પાસે રહે. (૬૫૮૬) મુનિએ એમ કહે છતે પુરોહિતે પુત્રને કહ્યું કે–હે વત્સ ! જો કે તારી સામે આમ કહેવું યોગ્ય નથી, તો પણ તારા જીવનમાં બીજો ઉપાય નથી, તેથી આ સાધુની પાસે દીક્ષાને સ્વીકાર. (૬૫૮૭–૮૮) હે પુત્ર ! ધર્મને આચરતા તારું અહિત નહિ થાય, કારણ કે–મનવાંછિતની પ્રાપ્તિ કરાવવામાં સમર્થ ધર્મ જ શ્રેષ્ઠ છે. (૬૫૮૯) પછી મરણ થવાના (નિરુપમ=) અતિ આકરા પ્રગટેલા સંતાપથી દીનમુખ(વચન)વાળા સુલસે અનિચ્છાએ પણ પિતાનું વચન માન્યું અને મુનિએ તેને દીક્ષા આપી. સર્વ કર્ત્તવ્યનો (સાધુસામાચારીનો) વિધિ શીખ-

વાઢયો અને ઉચિત સમયે શાસ્ત્રાર્થના વિસ્તારને ભણાવ્યો. પછી માત્ર મરણના ભયથી દીક્ષા લેનારો પણ તે વિવિધ સૂત્ર-અર્થનું પરાવર્તન કરતો જૈનધર્મમાં સ્થિર થયો અને વિનયમાં રક્ત બન્યો. (૬૫૯૦ થી ૯૨) પરંતુ તેના ( મદના ) અશુભ ફળને જાણવા છતાં તે જાતિમદને છોડતો નથી, ( અંતે ) તેની આલોચના કર્યા વિનાં મર્યો અને સૌધર્મમાં દેવ થયો. (૬૫૯૩) આયુષ્યનો ક્ષય થતાં ત્યાંથી ચ્યવીને જાતિમદના દોષથી નંદીવર્ધન નગરમાં ચંડાલપુત્ર તરીકે ઉપજ્યો. (૬૫૯૪) પૂર્વે કરેલા ( ઇસિ= )અલ્પ સુકૃત્યને યોગે તે રૂપવાન્ અને સૌભાગ્યવાન્ થયો. (પછી) ક્રમશઃ તે માનવોનાં મન અને નેત્રોને આનંદપ્રદ યૌવનને પામ્યો. (૬૫૯૫) વિલાસ કરતા નાગરિકોને જોઇને તે એમ વિચારે છે કે-શિષ્ટજનોને નિંદાપાત્ર મારા જીવનને ધિક્ ધિક્ થાઓ ! (૬૫૯૬) કે જે ચંડાળની સંગતથી શોભારહિત બનેલી મારી આવી ( શ્રેષ્ઠ ) પણ યૌવનલક્ષ્મી અરણ્યની કમલિનીની જેમ ઉત્તમ. પુરુષોને સુખ પ્રગટાવતી નથી. (૬૫૯૭) હે હત-વિધાતા ! જો તેં મારો જન્મ નિંદિત કુળમાં કર્યો, તો નિશ્ચે નિષ્ફળ એવા રૂપાદિગુણો શા માટે આપ્યા ? (૬૫૯૮) અથવા આ નિરર્થક ખેદથી પણ શું ? તે દેશમાં જાઉં, કે જ્યાં મારી જાતિને માણસો જાણતા નથી. (૬૫૯૯) એમ વિચારીને પોતાના સ્વજનોને અને મિત્રોને કહ્યા વિના, કોઈ પણ ન જાણે તેમ તે પોતાની નગરીથી નીકળ્યો. (૬૬૦૦) અતિ દૂર પ્રદેશમાં રહેલા કુંડિનનગરમાં તે પહોંચ્યો અને ત્યાં રાજાના બ્રાહ્મણ અમાત્યની સેવા કરવા લાગ્યો. (૬૬૦૧) ત્યાં પોતાના ગુણોથી અમાત્યની પરમ પ્રસન્નતાનું પાત્ર બન્યો અને નિઃશંકપણે પાંચેય પ્રકારના વિષયસુખને ભોગવવા લાગ્યો. (૬૬૦૨) એક પ્રસંગે સંગીતમાં અતિ કુશળ તેના મિત્રો શ્રાવસ્તીથી ભમતા ભમતા ( ત્યાં ) આવ્યા (૬૬૦૩) અને અમાત્યની સામે ગાન કરતા તેઓએ એને જોયો. તેથી હર્ષના ઉત્કર્ષને વશ ભાવી દોષોને વિચાર્યા વિના તેઓએ તેને કહ્યું કે-હે મિત્ર ! અહીં આવ, કે જેથી ઘણા કાળે થએલા ( તારા ) દર્શનને ઉચિત આલિંગન વગેરે કરીએ ! અને ( તારા ) પિતા વગેરેનું વૃત્તાન્ત કહીએ. (૬૬૦૪-૫) પછી તેઓને જોઇને તે મુખને છૂપાવીને ચાલ્યો ગયો, તેથી વિસ્મય પામેલા અમાત્યે તેઓને હકીકત પૂછી. ( ૬૬૦૬ ) ભોળપણથી તેઓએ યથાસ્થિત કહી, તેથી ગુસ્સે થએલા અમાત્યે તેને શૂલીના પ્રયોગથી વધ કરવાની આજ્ઞા કરી. (૬૬૦૭) પછી રાજપુરુષો તેને ગધેડા ઉપર બેસાડીને તિરસ્કારપૂર્વક નગરમાં ફેરવીને શૂલી પાસે લાવ્યા. (૬૬૦૮) તે અવસરે પ્રચ્છન્ન રૂપવાળા, પ્રગટેલી ઘણી કરુણાવાળા, જોગીશ્વર નામના અંજનસિદ્ધિ કરેલા એક પુરુષે 'અકાળે પણ નાની વયવાળો. આ બિચારો હમણાં કેમ મરે ?'—એમ ચિંતવીને તૂર્ત અંજનની સળીથી તેનાં નેત્રોને આંજ્યાં અને કહ્યું કે-યમથી પણ નિર્ભય થઈને અહીંથી ચાલ્યો જા. (૬૬૦૯ થી ૧૧) પછી અંજનસિદ્ધને વિનયથી નમીને તે ત્યાંથી નાઠો અને મરીને કેટલાય ભવો સુધી નીચ યોનિઓમાં ઉપજ્યો. (૬૬૧૨)પછી મનુષ્યપણાને પામીને, કેવળીએ કહેવાથી પૂર્વભવોને જાણીને,પ્રવ્રજ્યાને સ્વીકારીને,માહેન્દ્રકલ્પમાં દેવ થયો.(૬૬૧૩)

એમ હે ક્ષપક ! જાતિમદથી થતા દોષને જોઈને તું અનિષ્ટ ફળદાયક જાતિમદને લેશ પણ કરીશ નહિ. (૬૬૧૪) એમ પહેલું મદસ્થાન કહ્યું અને હવે હું કુલના મદનું બીજું મદસ્થાન લેશથી કિંચિત્ કહું છું. (૬૬૧૫)

**૩. બીજા આઠ મદદ્વારમાં બીજો કુળમદ**–જાતિમદની જેમ કુળમદને કરતા નિર્ગુણી એવા પણ પરમાર્થથી અજ્ઞ મનુષ્યો પોતાને જ દુઃખી કરે છે.(૬૬૧૬)કારણકે–આ લોકમાં સ્વયં અવગુણી–દુરાત્માને ગુણોથી યુક્ત (ઉત્તમ) પણ કુળ શું કરે ? શું કીડાઓ સુગંધથી ભરપૂર પુષ્પોમાં નથી ઉપજતા ? (૬૬૧૭) હીનકુળમાં જન્મેલા પણ ગુણવંતો સર્વ રીતે લોકપૂજ્ય બને છે, તેમજ કાદવમાં ઊગેલા પણ કમળને મનુષ્યો મસ્તકે ધારણ કરે છે. (૬૬૧૮) ઉત્તમ કુળવાળો પણ મનુષ્ય જો શીયળ, બળ, રૂપ, બુદ્ધિ, શ્રુત, વૈભવ વગેરેથી રહિત અને બીજા પવિત્ર ગુણો વિનાનો થાય છે, તો કુળમદ કરવાથી સર્યું (૬૬૧૯) કુળ ભલે અતિ વિશાળ પણ હોય અને કુશીલને અલંકારથી ભૂષિત પણ કરો, પણ ચોરી વગેરે દુષ્ટ આસક્તિવાળા તે કુશીલને કુળમદ શું (હિત) કરે ? (૬૬૨૦) ઉત્તમ કુળમાં જન્મેલા પણ જો હીનકુળવાળાનું મુખ દેખે છે (દાસપણું કરે છે), તો તેઓને કુળમદ નહિ, પણ મરવું જ શ્રેયસ્કર છે, અને બીજું, જો ગુણો નથી, તો કુળથી શું ? ગુણવંતને કુળનું પ્રયોજન નથી. ગુણરહિત મનુષ્યોને નિષ્કલંક કુળ એ જ મોટું કલંક છે. (૬૬૨૧–૨૨) જો તે કાળે મરિચિએ કુળનો મદ ન કર્યો હોત, તો છેલ્લા ભવમાં કુળપલટો અનુભવત નહિ. (૬૬૨૩) તે આ પ્રમાણે–

**કુળમદ વિષે મરિચિનો પ્રબંધ**–નાભિપુત્ર શ્રી ઋષભદેવના રાજ્યકાર્યમાં (અભિષેકમાં) ઉદ્યમ કરતા (વિવેકી) યુગલિકોના વિનયથી પ્રસન્નચિત્ત થએલા ઇન્દ્રે બનાવેલી શ્રેષ્ઠ વિનીતા નગરી હતી, (૬૬૨૪) ત્રિભુવનપતિ શ્રી ઋષભજિનના ચરણોરૂપી કમળોના સ્પર્શથી પૂજાએલી તેની સામે ઇન્દ્રપુરી પણ (**પરભાગ**=) અંશ માત્ર શ્રેષ્ઠતાને પામતી નથી. (૬૬૨૫) હું માનું છું કે–તેના મોટા સૌન્દર્યને ફાટી નજરે જોતા દેવો ત્યારથી જ અનિમેષપણું પામ્યા છે. (૬૬૨૬) રાજાઓના મસ્તકના મણિનાં કિરણોથી વ્યાપ્ત ચરણવાળા અને (**લલક્ક**=) ભયંકર ચક્રદ્વારા શત્રુસમૂહને કાપતા એવા ભરતરાજા તેનું પાલન કરે છે. (૬૬૨૭) જે ભરતરાજાના શત્રુની સ્ત્રીઓનો સમૂહ સ્તનપીઠ ઉપર પડતા આંસુવાળો, મોટા માર્ગની (ઉડેલી) રજથી નષ્ટ થએલી શરીરની કાન્તિના વિસ્તાર વાળો, આહારના ગ્રહણથી મુક્ત, (ભૂખે મરતો, તેથી) બીલાનાં ફળોથી જીવતો, સાપનાં (અથવા દેડકાનાં) બચ્ચાથી ભરેલા ઘરમાં (જંગલમાં) રહેતો અને પ્રગટ શિકારી પ્રાણીઓની (**વિયણ**=) વેદનાને પામેલો, એવો દુઃખી છતાં જાણે સુખી જેવો હતો.(સુખીપક્ષે–સ્તનપીઠ ઉપરથી સરકી રહેલાં વસ્ત્રોવાળો, મોટી પ્રભાવાળાં રત્નોથી ઉજ્જવળ શરીરની કાન્તિના વિસ્તારવાળો, મોતીના હારને ધારણ કરતો રાજ્યલક્ષ્મી અને ફળસમૂહને (વિવિધ

ફળોને) ભોગવતો, ઘોડા-હાથીઓથી શોભતા મહેલમાં રહેલો અને પ્રગટ ચામરોથી સેવાતો હતો. (૬૬૨૮-૨૯) તેની વામા નામની પ્રિય પત્નીએ ઉચિત કાળે કિરણોના (કાન્તિના) સમૂહને ફેલાવતા સૂર્ય જેવા પુત્રને જન્મ આપ્યો, (૬૬૩૦) તેથી બાર દિવસો પૂર્ણ થતાં રાજાએ મોટા વૈભવથી જન્મકાળને (કિરણ=મરિચિને) અનુરૂપ એવું તેનું 'મરિચિ' નામ સ્થાપ્યું. (૬૬૩૧) બાલ્યકાળ પૂર્ણ થયા પછી એકદા તે મહાત્મા (મરિચિ) શ્રી ઋષભજિનેશ્વરની પાસે ધર્મ સાંભળીને પ્રતિબોધ પામ્યો. (૬૬૩૨) જીવનને કમલિની પત્રના છેડે લાગેલા જળબિંદુ જેવું ચંચળ અને સંસારમાં ઉત્પન્ન થતા સઘળા વસ્તુ-સમૂહને (વિસરારુ=) વિનશ્વર જાણીને, વિષયસુખના ત્યાગી અને સ્વજનાદિના પણ રાગની અપેક્ષા વિનાના તેણે ભુવનગુરુ શ્રી ઋષભપ્રભુ પાસે સંયમના ઉદ્યમને (સંયમને) સ્વીકાર્યો. (૬૬૩૩-૩૪) પછી ઉત્તમ શ્રદ્ધાથી સ્થવિરોની પાસે સામાયિકાદિ અંગસૂત્રોને ભણતો તે શ્રી જિનેશ્વરની સાથે વિચરવા લાગ્યો. (૬૬૩૫) પછી અન્યદા કોઇ પ્રસંગે સૂર્યના પ્રચંડ કિરણોથી વિકરાળ ગ્રીષ્મઋતુ આવી ત્યારે, પૃથ્વીતળ અતિ તપી ગયે છતે અને પત્થરના ટૂકડાના સમૂહના સ્પર્શ જેવા કઠોર સ્પર્શવાળા પવનો વાતે છતે, સ્નાન નહિ કરવાના કારણે પીડાતો તે આવા કુવેશને ચિંતવવા લાગ્યો કે-(૬૬૩૬-૩૭) ત્રણ દંડથી વિરક્ત શ્રમણ ભગવંતો તો સ્થિર-સંકુચિત શરીરવાળા છે, પણ ઇન્દ્રિયદંડને નહિ જીતનારા (હારેલા) મારે તો ત્રિદંડનું ચિન્હ થાઓ! (૬૬૩૮) સાધુઓ લુંચેલી ઇન્દ્રિયોવાળા અને મુંડેલા મસ્તકવાળા છે, હું તો ક્ષુરપ્રથી (અસ્રાથી મુંડ) ચોટીવાળો (થાઉં), મારે તો સદાય સ્થૂળ હિંસાની વિરતિ થાઓ. (૬૬૩૯) સાધુઓ અકિંચન હોય છે, પણ મારે કિંચિત્ કિંચન (પરિગ્રહ) થાઓ! સાધુઓ શીયળથી સુગંધવાળા છે, હું શીયળથી દુર્ગંધ છું. (૬૬૪૦) સાધુઓ મોહરહિત છે, માટે મોહથી ઢંકાએલા (મોહાચ્છાદિત) મારે છત્ર હો! સાધુઓ પગરખાંરહિત છે, મારે તો પગરખાં હો! (૬૬૪૧) સાધુઓ શ્વેત વસ્ત્રવાળા (માટે) વસ્ત્ર (શોભા)રહિત છે, મારે ધાતુથી રંગેલા વસ્ત્રો હો, કારણ કે-કષાય વડે કલુષ મતિવાળો હું (તેને) (અરિહામિ=) યોગ્ય છું. (૬૬૪૨) પાપભીરુ સાધુઓ ઘણા જીવોથી વ્યાપ્ત જળના આરંભને તજે છે, મારે તો પરિમિત જળથી સ્નાન અને પાન પણ થાઓ. (૬૬૪૩) એમ (તેણે) સ્વચ્છંદ બુદ્ધિથી કલ્પેલું, વિચિત્ર, બહુ યુક્તિઓથી સંયુક્ત, સાધુઓથી વિલક્ષણ રૂપવાળું પરિવ્રાજકપણું પ્રવર્તાવ્યું. (૬૬૪૪) (પણ) તે જિનની સાથે વિચરે છે અને ભવ્ય જીવોને પ્રતિબોધ કરીને ત્રણ ભુવનના એક ગુરુ શ્રી ઋષભસ્વામીને શિષ્ય તરીકે સોંપે છે. (૬૬૪૫) પછી (એકદા) ભરતે સમવસરણમાં શ્રી અરિહંતનું અપ્રતિમ ઐશ્વર્ય જોઇને પૂછયું કે-હે તાત! તમારા સરખા (અરિહંતો) કેટલા થશે? એમ પૂછેલા જગત્ગુરુએ અજિતાદિ જિનો થશે એમ કહ્યું અને ચક્રવર્તીઓ, વાસુદેવો તથા બલદેવો થશે, એમ વિના પૂછયે પણ કહ્યું. પુનઃ ભરતે પૂછયું કે-હે ભગવંત! શું આ તમારી દેવ-મનુષ્ય-અસુરોની આટલી

પર્ષદામાંથી અહીં ભરતમાં કોઈ તીર્થંકર થશે? (૬૬૪૬ થી ૪૮) તેથી ભગવંતે, ભરતને શિર ઉપર છત્રને ધારણ કરેલા, એકાન્તમાં બેઠેલા, મરિચિને 'આ છેલ્લો તીર્થંકર થશે'–એમ દેખાડયો. (૬૬૪૯) અને એ જ (મરિચિ) પોતનપુરમાં વાસુદેવમાં પહેલો આવશે (થશે) અને વિદેહમાં મૂકાનગરીમાં ચક્રવર્તીની લક્ષ્મીને (પદવીને) પણ પામશે એમ કહ્યું. (૬૬૫૦) તે સાંભળીને હર્ષવશ ફેલાતા ગાઢ રોમાંચવાળો ભરત પ્રભુની અનુમતિ લઇને મરિચિને વાંદવા ગયો. (૬૬૫૧) પછી પરમ ભક્તિયુક્ત તેને ત્રણ વાર પ્રદક્ષિણા દઈને, સમ્યક્ વંદન કરીને, મધુર ભાષામાં કહેવા લાગ્યો કે–હે મહાયશ! તમે ધન્ય છો, તમે જ આ સંસારમાં પામવાયોગ્ય (સર્વ) પ્રાપ્ત કર્યું છે, કારણ કે–તમે વીર નામના છેલ્લા તીર્થંકર થશો, (૬૬૫૨–૫૩) વાસુદેવોમાં પહેલા અર્દ્ધ ભરતવર્ષની પૃથ્વીના નાથ (વાસુદેવ) થશો અને મૂકામાં છ ખંડ પૃથ્વીમંડલના સ્વામી ચક્રી થશો. (૬૬૫૪) હું મનહર માનીને તમારા જન્મને અને પરિવ્રાજકપણાને વાંદતો નથી, કિંતુ છેલ્લા જિન થશો તે કારણે પ્રણામ કરું છું. (૬૬૫૫) ઇત્યાદિ સંસ્તવના કરીને જેમ આવ્યો હતો તેમ ભરત (પાછો) ગયો. તે પછી ગાઢ પ્રગટેલા હર્ષવાળો અને વિકસિત નીલકમળના પત્ર જેવાં નેત્રોવાળો મરિચિ રંગભૂમિમાં રહેલા મલ્લની જેમ ત્રણ વાર ત્રિપદીનું (ત્રણ પગલાનું) આસ્ફાલન કરીને (પછાડીને) પોતાના તે વિવેકને તજીને આ પ્રમાણે બોલવા લાગ્યો કે–(૬૬૫૬–૫૭) "જો વાસુદેવોમાં પહેલો હું, વિદેહની મૂકાનગરીમાં ચક્રવર્તી પણ (હું) અને તીર્થંકરોમાં છેલ્લો પણ (હું), તો અહો! એટલું 'મારે પૂર્ણ છે.' (૬૬૫૮) વાસુદેવોમાં હું પહેલો, મારા પિતા ચક્રવર્તીના વંશમાં (પહેલા) અને આર્ય (દાદા) તીર્થંકરોમાં (પહેલા), અહો, મારું કુળ ઉત્તમ (૬૬૫૯) એમ પોતાના કુળની સુંદરતાની સમ્યક્ પ્રશંસારૂપ કલુષિત ભાવવશ (તેણે) નીચગોત્રકર્મને બાંધ્યું અને તે નિમિત્તે પછી તે મહાત્મા છ ભવો સુધી બ્રાહ્મણકુળમાં અને બીજા નીચ કુળોમાં ઉત્પન્ન થયો. તથા વાસુદેવની અને ચક્રીની લક્ષ્મીને ભોગવીને 'અરિહંત' વગેરે વીશસ્થાનકોની સ્પર્શના (આરાધના) કરીને છેલ્લા ભવમાં અરિહંત થવા છતાં ઘણા પૂર્વકાળે બાંધેલા નીચગોત્રકર્મના દોષથી તે બ્રાહ્મણકુળમાં દેવાનંદા બ્રાહ્મણીના ગર્ભમાં ઉપજ્યો. માત્ર બ્યાશી દિવસ પછી ઇન્દ્રે જાણીને, 'આ અનુચિત છે'–એમ વિચારીને, હરિણૈગમેષી દેવને આદેશ કરીને, તેને સિદ્ધાર્થ રાજાની પત્ની ત્રિશલાના ગર્ભમાં મૂકાવ્યો. (૬૬૬૦ થી ૬૪) પછી ઉચિત સમયે તે જન્મ્યો. ત્યારે દેવોએ મેરુપર્વત ઉપર જન્માભિષેક કર્યો અને તીર્થ પ્રવર્તાવીને તે પરમપદને પામ્યો. (૬૬૬૫) એમ પોતાના કુળની પ્રશંસાથી બાંધેલા નીચકર્મના દોષથી જો શ્રી તીર્થંકરો પણ આવી અવસ્થાને પામે છે, તો સંસારના જાણ પુરુષોને કુળમદની ઇચ્છા પણ કેમ થાય? માટે હે ક્ષપક! તું હવેથી આ મદને કોઈ રીતે પણ કરીશ નહિ. (૬૬૬૬–૬૭) એમ બીજું કુળમદપેટાદ્વાર કહ્યું. હવે ત્રીજા રૂપમદને પણ હું લેશ કહેવા દ્વારા કહું છું. (૬૬૬૮)

**૩. અનુશાસ્તિના બીજા આઠમદદ્વારમાં ત્રીજો રૂપમદ**-પ્રથમથી જ શુક્ર અને રુધિરના સંયોગથી જે રૂપની ઉત્પત્તિ છે, તે રૂપને પામીને મદ કરવો યોગ્ય નથી. (૬૬૬૯) જેના નાશનાં કારણો રોગો, પુદ્ગલનું ગળવું જરા અને મરણ, એ સાથે જ રહે છે, તેવા (નાશવંત) પણ રૂપમાં મદ કરવો (તે જ્ઞાનીને) (**મઓ=**) માન્ય નથી. (૬૬૭૦) વિચાર કરતાં વસ્ત્ર-આભરણાદિના સંયોગથી કંઈક માત્ર શોભતા, નિત્ય વારંવાર (**સંઠપ્પે=**) સમારવાયોગ્ય, નિત્ય વધવા-ઘટવાના સ્વભાવવાળા, અંદર દુર્ગંધથી ભરેલા, બહાર માત્ર ચામડીથી વીંટેલા અને અસ્થિર એવા રૂપમાં મદનો અવકાશ પણ નથી. (૬૬૭૧-૭૨) કર્મવશ વિરૂપવાળો પણ રૂપવાન્ અને રૂપવાળો પણ રૂપરહિત (કદ્રૂપ) થાય છે. આ વિષયમાં કાકંદીવાસી બે ભાઈઓનું દૃષ્ટાન્ત છે. (૬૬૭૩) તે આ પ્રમાણે-

**રૂપમદ વિષે કાકંદીના બે ભાઈઓનો પ્રબંધ**-ઘણા દેશોમાં પ્રસિદ્ધ અને વિવિધ આશ્ચર્યોના સ્થાનભૂત કાકંદી નગરીમાં યશ નામનો ધનપતિ હતો. (૬૬૭૪) તેને કનકવતી નામે ભાર્યા હતી અને તેઓને દેવકુમાર જેવી રૂપલક્ષ્મીથી જીવોને વિસ્મિત કરતો વસુદેવ નામનો પહેલો (મુખ્ય) પુત્ર હતો. (૬૬૭૫) બીજો સ્કંદક નામનો પુત્ર ડરપોક નેત્રોવાળો, ટૂંકા શરીરવાળો (ઠીંગણો) હતો. વધારે શું ? સઘળા કદ્રૂપાઓમાં (તે) દૃષ્ટાન્તભૂત હતો. (૬૬૭૬) તેઓનું લોકોત્તર (અતિશાયી) રૂપીપણું અને કદ્રુપપણું સાંભળીને કુતૂહલથી વ્યાકુળ લોકો દૂર દૂરથી (તેઓને) જોવા આવતા. (૬૬૭૭) એમ દિવસો જતાં એક અવસરે અવધિજ્ઞાની વિમળયશ નામના આચાર્ય ત્યાં પધાર્યા. (૬૬૭૮) તેઓનું આગમન જાણીને રાજા વગેરે નગરલોક અને તે ધનપતિના બે પુત્રો પણ વંદન માટે આવ્યા. (૬૬૭૯) ગાઢ ભક્તિરાગને ધારણ કરતા તેઓ ત્રણવાર પ્રદક્ષિણા કરીને-સૂરિજીના ચરણોમાં નમીને સ્વસ્વ યોગ્ય સ્થાને બેઠા. (૬૬૮૦) પછી ધર્મકથાને કરતા સૂરિજીની દૃષ્ટિ અમીવૃષ્ટિની જેમ કોઈ રીતે તે ધનપતિના પુત્રો ઉપર પડી. (૬૬૮૧) તે પછી (**નાણચક્ખુ પેક્ખિય તપ્પુવ્વભવેણ=**) જ્ઞાનરૂપી ચક્ષુથી તેઓના પૂર્વભવોને જોતા, કંઈ હર્ષિત થએલા ગુરુએ કહ્યું કે-અહો હો ! કર્મનો દુષ્ટ વિલાસ ભયંકર છે. (૬૬૮૨) કારણ કે-નિરુપમ રૂપવાળો પણ વિરૂપ બને છે અને તે જ વિરૂપી (પુનઃ) કામદેવના રૂપની ઉપમાને પામે છે. (૬૬૮૩) પછી વિસ્મિત થએલા પર્ષદાના લોકોએ પ્રણામ કરીને કહ્યું કે-હે ભગવંત ! આ વિષયમાં તત્ત્વને જણાવો, અમોને (જાણવાનું) કુતૂહલ છે. (૬૬૮૪) તેથી ગુરુએ કહ્યું કે-સાવધ થઈને સાંભળો ! ધનપતિના આ બે પુત્રો તામલિપ્તી નગરીમાં ધનરક્ષિત અને ધર્મદેવ નામના બંને મિત્રો હતા. તેઓમાં પહેલો (ધનરક્ષિત) રૂપવાન્ અને બીજો અતિ વિરૂપ હતો. (૬૬૮૫-૮૬) બંને પરસ્પર ક્રીડા કરે છે, પણ ધનરક્ષિત રૂપમદથી લોક સમક્ષ ધર્મદેવની બહુ પ્રકારે હાંસી કરે છે. (૬૬૮૭) એક અવસરે ધનરક્ષિતે ધર્મદેવને કહ્યું કે-હે ભદ્ર ! ભાર્યા વિના સઘળો ગૃહવાસનો રાગ નિષ્ફળ છે. (૬૬૮૮) તેથી સ્ત્રીને પરણવાથી વિમુખ તું ફોગટ

દિવસો ગુમાવવાનું કેમ કરે છે? જો એ રીતે પણ (અપરણિત) રહેવા ઇચ્છે છે, તો સાધુ બન! (૬૬૮૯) સરળ સ્વભાવપણાથી તેણે કહ્યું કે–મિત્ર! એ સાચું છે, પણ સંસારમાં સ્ત્રીની પ્રાપ્તિમાં બે હેતુઓ હોય છે. એક મનુષ્યોના મનને હરે તેવું રૂપ અથવા અતિ વિસ્તૃત (મોટી) લક્ષ્મી, એ બંને પણ દુર્ભાગ્યવશ મને મળ્યાં નથી. (૬૬૯૦–૯૧) એમ છતાં હવે તેવી બુદ્ધિદ્વારા સ્ત્રીની પ્રાપ્તિ જો સંભવિત હોય તો તે તું જ કહે, તને બે હાથ જોડીને પ્રણામ કરું છું. (૬૬૯૨) તેણે એમ કહેવાથી ધનરક્ષિતે કહ્યું કે–હે મિત્ર! તું નિશ્ચિત રહે, એ વિષયમાં હું (**ભલ્લિસ્સામિ=**) સાંભળી લઈશ. (૬૬૯૩) ધનથી, બુદ્ધિથી, પરાક્રમથી, અન્યાયથી કે ન્યાયથી વધારે શું? જેમ તેમ (પણ) તારા વાંછિત અર્થને (સિદ્ધ) કરીશ. (૬૬૯૪) તેણે કહ્યું કે–કંઈ પણ કર! નિષ્કપટ પ્રેમવાળો તું (મિત્ર) હોતે છતે આજથી મારું દુઃખ તને આપીને હું સુખી થયો. (૬૬૯૫) તે પછી ધનરક્ષિતે તેના તુલ્ય રૂપ–વૈભવવાળી કુબેર શેઠની પુત્રીને દૂતી મારફત કહેવરાવ્યું કે–જો તું વિકલ્પને છોડીને હું જે કહું તેને સ્વીકારે, તો તને હું કામદેવ સરખા રૂપવાળો પતિ આપું. (૬૬૯૬–૯૭) તેણીએ કહેવરાવ્યું કે–નિઃશંકપણે આદેશ કરો (હું સ્વીકારીશ)! પછી તેણે જણાવ્યું કે–આજ રાત્રે કોઈ પણ ન જાણે તેમ તું મુકુંદના મંદિરે આવજે, જેથી તેની સાથે હું સારી રીતે તારો વિવાહ ગોઠવીશ. તેણીએ (તે) સ્વીકાર્યું. પછી સૂર્ય આથમતાં, કોયલના કંઠ જેવા કાળા અંધકારનો સમૂહ ફેલાતાં અને પ્રતિક્ષણ શેરીઓ (મનુષ્યોના) સંચારહિત થયે છતે, પરણવાને ઉચિત સામગ્રીને ઉપાડેલા, પરમ હર્ષિત મનવાળા ધર્મદેવની સાથે તે ત્યાં મુકુંદના મંદિરે ગયો. (૬૬૯૮ થી ૬૭૦૧) તે કાળને (લગ્નને) ઉચિત વેશથી સજેલી તે પણ ત્યાં આવી. પછી સંક્ષેપથી તેઓનો લગ્નવિધિ કર્યો. (૬૭૦૨) પછી હર્ષિત થએલા ધનરક્ષિતે દીપકને સામે ધરીને કહ્યું કે–હે ભદ્રે! પતિનું (**તારામેલં=**) નેત્રદર્શન કર! (૬૭૦૩) પછી લજ્જાવશ સ્થિર નજરવાળી તે જ્યારે મુખને લેશ ઉંચું કરીને દીપકના પ્રકાશથી જોવા લાગી, ત્યારે હોઠના છેડે લાગેલા મોટા દાંતવાળું, અત્યંત ચીપટા નાકના છેડાવાળું, હડપચીની એક બાજુ ઊગેલા કેટલાક બીભત્સ કઠોર રોમવાળું, ઘુવડના જેવા નેત્રોવાળું, મુખમાં પેઠેલા (કૃશ) લમણાવાળું, તિર્છી સ્થિર રહેલી ધૂપરેખા જેવી ભ્રમરોવાળું, મસીતુલ્ય (શ્યામ) કાન્તિવાળું, એવું તેનું મુખ નજરે પડ્યું. તેણીનું મુખ પણ તેના તે તે ગુણથી તુલ્ય હતું, માત્ર તેનાથી રોમરહિતપણાનો જ ભેદ હતો. (દાઢી, મૂછ કે શરીરે રૂવાટાં ન હતાં.) (૬૭૦૪ થી ૬) પછી તુર્ત ડોક વાળેલા પોતાના મુખને અવળું કરીને તેણીએ કહ્યું કે–હે ધનરક્ષિત! નિશ્ચે તેં મને ઠગી. (૬૭૦૮) કામદેવ જેવો કહીને (**પિસલ્લ=**) પિશાચતુલ્ય પતિને કરતા તેં મારા આત્માને યાવચ્ચંદ્ર અપયશથી લેપ્યો (કાળો કર્યો) છે. (૬૭૦૯) ધનરક્ષિતે કહ્યું કે–મારા પ્રત્યે કોપ ન કર, કારણ કે–વિધાતા જ સરખાની સાથે સરખાને જોડે છે, તેમાં મારો શું દોષ છે? (૬૭૧૦) પછી તીવ્ર ગુસ્સાથી દાંતના છેડાથી

હોઠને કરડતી, સ્વભાવથી જ કાળા મુખને સવિશેષ કાળું કરતી અને સ્પષ્ટ અક્ષરોથી મંદ મંદ કંઈ બોલતી, તૂર્ત હાથથી કંકણોને ઉતારીને પરણી ન હોય તેમ તે મુકુંદ મંદિરમાંથી નીકળી ગઇ. (૬૭૧૧-૧૨) પછી હૈયામાં ફેલાએલા હાસ્યવાળા ધનરક્ષિતે તેને કહ્યું કે-હે મિત્ર! આટલું થવા છતાં તું (કેમ) કંઈ ઉત્તરને કરતો (બોલતો) નથી? (અથવા પાઠાંતર બોલ હવે પછી હું શું કરું?) (૬૭૧૩) તેથી પરમ સંતાપને ધારણ કરતા તેણે સરળતાથી કહ્યું કે-ભાઈ! હજી પણ શું બોલવા જેવું છે? (૬૭૧૪) તું તારા ઘેર જા, (કારણ કે-) રાક્ષસી જેવી પણ તેણીએ આ પ્રમાણે જેનો પરાભવ કર્યો, તો મારે હવે જીવવાથી શું? (૬૭૧૫) ધનરક્ષિતે કહ્યું કે-પુરુષના ગુણ-દોષના જ્ઞાનથી રહિત સ્ત્રીઓ પ્રત્યે મિથ્યા શોકથી સર્યું. (૬૭૧૬) પછી મુશીબતે ઘેર લાવ્યો, પણ રાત્રે નીકળીને તેણે તાપસ મુનિની પાસે દીક્ષા લીધી. (૬૭૧૭) તે અજ્ઞાનતપ કરીને મરેલો દેવપણાને પામ્યો. તે આ વસુદેવ નામે સુંદર રૂપવાળો ધનપતિનો પુત્ર થયો. (૬૭૧૮) અને રૂપમદથી અત્યંત ઉન્મત્ત મનવાળો ધનરક્ષિત પણ પરલોકનાં કાર્યોને (આલોચનાદિ) કર્યા વિના મરીને ચિરકાળ તિર્યંચ વગેરે ગતિઓમાં ભમીને, રૂપમદથી પ્રગટેલા દોષથી આવાં સર્વ હીન (વિકલ) અંગો અને લાવણ્યવાળો આ સ્કંદ નામે ઉત્પન્ન થયો. (૬૭૧૯-૨૦) તેથી જે તમે પહેલાં પરમાર્થને પૂછયો, તે આ છે. એમ આને સાંભળીને જે ઉચિત હોય તેને આચરો! (૬૭૨૧) એમ સાંભળીને ત્યાં ઘણા જીવો પ્રતિબોધ પામ્યા અને તે બંને ધનપતિના પુત્રો પ્રવ્રજ્યા સ્વીકારીને મુક્તિને પામ્યા. (૬૭૨૨) એમ રૂપમદથી પ્રગટેલા દોષને અને તેના ત્યાગથી થતા ગુણને જાણીને હે ક્ષપક! તું લેશ પણ તેને કરીશ નહિ. (૬૭૨૩) એમ મેં આ ત્રીજું રૂપમદસ્થાનને કંઈક જણાવ્યું. હવે ચોથા બળમદસ્થાનને સંક્ષેપથી કહું છું. (૬૭૨૪)

**૪. અનુશાસ્તિના બીજા આઠ મદદ્વારમાં ચોથો બળમદ**-અનિયત રૂપપણાથી ક્ષણ વધે અને ક્ષણ ઘટે, એવું જીવોનું શરીરબળ (અનિત્ય) હોતે છતે કયો બુદ્ધિમાન્ તેનો મદ કરે? (૬૭૨૫) તથા પુરુષ પહેલાં બળવાન અને સંપૂર્ણ ગાલ અને લમણારાળો થઇને ભય, રોગ તથા શોકને વશ જ્યારે ક્ષણમાં નિર્બળ થાય છે, તથા નિર્બળતાને પામેલો અતિ શુષ્ક ગાલ અને લમણાવાળો થઇને પણ ઉપચાર કરવાથી પુનઃ તે પણ જ્યારે બળવાન થાય છે, અને પ્રબળ બળવાળો પણ મનુષ્ય મરણની સામે જ્યારે નિત્ય અત્યંત નિર્બળ છે, ત્યારે બળમદ કરવો કેવી રીતે યોગ્ય છે? (૬૭૨૬ થી ૨૮) સામાન્ય રાજાઓ (णं=पादपूरणे) બળથી (ભદ્ર=) શ્રેષ્ઠ હોય છે, તેમજ તેઓથી બળદેવો અને બળદેવોથી પણ ચક્રવર્તીઓ (અધિકાધિક) શ્રેષ્ઠ હોય છે. (૬૭૨૯) તેઓથી પણ તીર્થંકરો અનંતબળી હોય છે. એમ નિશ્ચે બળમાં ઉત્તરોત્તર (બીજા) અધિક શ્રેષ્ઠ હોવા છતાં અજ્ઞ આત્માઓ (મિથ્યા) બળનો ગર્વ કરે છે. (૬૭૩૦) ક્ષયોપશમથી ઉપાર્જિત (એવા) લેશ બળથી પણ જે મદ કરે છે, તે મલ્લદેવ રાજાની જેમ તે ભવે પણ મરણને પામે છે. (૬૭૩૧) તે આ પ્રમાણે-

**બળભદમાં મલ્લદેવ રાજાનો પ્રબંધ**–શ્રીપુર નગરમાં અજોડ લક્ષ્મીના વિસ્તારવાળો, શરદચંદ્રતુલ્ય યશસમૂહવાળો, વિજયસેન નામે રાજા હતો. (૬૭૩૨) તે એકદા જ્યારે સુખપૂર્વક આસને બેઠેલો હતો, ત્યારે દક્ષિણદિશામાં મોકલેલો સેનાપતિ આવ્યો, (૬૭૩૩) અને પંચાંગથી પ્રણામ કરીને સમીપમાં બેઠો. તે પછી તેને રાજાએ સ્નેહભરી નજરે જોઈને કહ્યું કે–તારું અતિ કુશળ છે? તેણે કહ્યું કે–આપના ચરણના પ્રસાદથી કેવળ કુશળ જ નહિ, દક્ષિણના રાજાને જીત્યો પણ છે. (૬૭૩૪–૩૫) તેથી અત્યંત હર્ષના પ્રકર્ષથી પ્રસન્ન નેત્રોવાળા રાજાએ કહ્યું કે–કહે! કેવી રીતે (જીત્યો)? તેણે કહ્યું કે–સાંભળો! (૬૭૩૬) આપની આજ્ઞાથી ઘોડા, હાથી, રથ, અને યોદ્ધાઓરૂપ (ચતુર્વિધ સૈન્યના) યૂથ સહિત જઈને હું દક્ષિણ દેશના રાજાના સંધીદેશે (સીમાભૂમિએ) રોકાયો. (૬૭૩૭) પછી દૂતદ્વારા તેને મેં કહેવરાવ્યું કે–શીઘ્ર મારી સેવાને સ્વીકાર, અથવા યુદ્ધ માટે સજ્જ થા! (૬૭૩૮) એવું સાંભળીને પ્રચંડ ગુસ્સે થયેલા તે રાજાએ દૂતને હાંકી કાઢીને પોતાના પ્રધાનપુરુષોને આદેશ કર્યો કે–રે રે! હમણાં જ શીઘ્ર શસ્ત્રસજ્જ થવાનું સૂચન કરતી ભેરીને વગાડો, ચતુર્વિધ સૈન્યને તૈયાર કરો, જયહસ્તીને લાવો, મને હથિયાર આપો અને (સૈન્યને) શીઘ્રપ્રયાણની આજ્ઞા કરો! (પ્રયાણ કરાવો!) (પછી) મનુષ્યોએ તે જ ક્ષણે તહત્તિ કરીને સઘળું સિદ્ધ (તૈયાર) કર્યું. (૬૭૩૯ થી ૪૧) પછી એકીસાથે ત્રણેય લોકનો કોળિયો કરવાની ઇચ્છાવાળો હોય તેમ તે મગર, ગરુડ, સિંહ વગેરે ચિહ્નોવાળી ધ્વજાઓથી ભયંકર સેનાની સાથે (મારી સામે) ચાલ્યો. (૬૭૪૨) ચરપુરુષના કહેવાથી તેને આવતો જાણીને મેં પણ સૈન્યને (સંવાહ=) સજ્જ કરીને સતત પ્રયાણોથી જેની સન્મુખ જવા માંડયું. (૬૭૪૩) પછી તેની સમીપમાં પહોંચેલો હું ચરપુરુષોદ્વારા તેનું સૈન્ય અપરિમિત (ઘણું મોટું) છે એમ જાણીને, કપટયુદ્ધ લડવાની ઇચ્છાથી તેને દર્શન આપીને અતિ વેગવાળા ઘોડાઓથી મારા સૈન્યને શીઘ્ર ત્યાં સુધી દૂર પાછું વાળ્યું, કે તેથી મને ડરેલો અને પાછો ફરેલો જાણીને અતિ વધી ગયેલા ઉત્સાહવાળો મુગ્ધબુદ્ધિ તે રાજા (મારા)સૈન્યની પાછળ પડયો. (૬૭૪૪ થી ૪૬) પછી પ્રતિદિન (મારી પાછળ) ચાલવાથી અત્યંત થાકેલા, સંકટમાં (સંકડાશમાં) આવી પડેલા, નિર્ભય અને (તેથી) પ્રમાદી ચિત્તવાળા (નિશ્ચિંત) તેના સૈન્યને જોઈને હું સર્વ બળથી લડવા લાગ્યો, અને હે દેવ! તમારા પ્રભાવથી ઘણા સુભટોથી યુક્ત પણ તે શત્રુના સૈન્યને મેં અલ્પકાળમાં હરાવ્યું. (૬૭૪૭–૪૮) એ પ્રસંગે સેનાપતિએ આદેશ કરેલા પુરુષોએ તે (શત્રુ) રાજાના ભંડારને અને આઠ વર્ષના (તેના) પુત્રને વિજયસેન રાજાને સોંપ્યો. (૬૭૪૯) પછી સેનાપતિએ કહ્યું કે–હે દેવ! (મેં લાવેલો) આ ભંડાર દક્ષિણના રાજાનો છે અને પુત્ર પણ તેનો જ છે. તેનું હવે જેમ ઉચિત જણાય તેમ કરો. (૬૭૫૦) પછી તે પુત્રને અનિમેષ દૃષ્ટિથી જોતા રાજાને તેના પ્રત્યે કેવળ અનુભવથી જ સમજાય તેવો (નિજ) પુત્ર જેવો રાગ પ્રગટયો અને પાદપીઠ ઉપર બેસાડીને મસ્તકે ચુંબન કરીને તેને કહ્યું કે–હે વત્સ! પોતાના ઘરની જેમ અહીં પ્રસન્નતાથી રહે.

(૬૭૫૧-૫૨) પછી રાજાએ પાસે બેઠેલી રાણીને સર્વ આદરથી ( તે પુત્ર) સોંપ્યો અને કહ્યું કે-મેં તને આ પુત્ર આપ્યો. (૬૭૫૩) તેણીએ સ્વીકાર્યો અને ( પછી ) તે પુત્રે વિવિધ કળાઓનો અભ્યાસ કર્યો. ( પછી ) ક્રમશઃ તે દેવના સૌંદર્યને જીતે તેવા યૌવનને પામ્યો. (૬૭૫૪) તેણે અત્યંત ભુજાબળથી મોટા મલ્લોને જીત્યા, તેથી રાજાએ તેનું નામ મલ્લદેવ રાખ્યું. (૬૭૫૫) પછી 'યોગ્ય છે'-એમ માનીને, તેને પોતાના ( રાજ્ય ) પદે સ્થાપીને, તાપસી દીક્ષાને સ્વીકારીને રાજા વનવાસી થયો. (૬૭૫૬) મલ્લદેવ પણ પ્રબળ ભુજાબળથી સીમાડાના સઘળા રાજાઓને જીતીને અસમ ( અતિ ) બળમદને ધારણ કરતો પોતાના રાજ્યને પાળે છે. (૬૭૫૭) પછી તેણે ઉદ્ઘોષણા કરાવી કે-જે કોઈ મારા પ્રતિમલ્લને જણાવશે, તેને નિશ્ચે હું એક લાખ સોનૈયા આપીશ. (૬૭૫૮) એમ સાંભળીને એક જીર્ણ કપડાને ધારણ કરતાં દુર્બળ કાયાવાળા દેશાવરી પુરુષે રાજાની પાસે આવીને કહ્યું કે-હે દેવ, સાંભળો! સકળ દિગ્ચક્રમાં ભમતા મેં પૂર્વદિશામાં વજ્રધર નામના રાજાને જોયો છે. અપ્રતિમ પ્રકૃષ્ટ બળ વડે શત્રુપક્ષનો વિજય કરનારો તે પોતાને પ્રગટ 'ત્રૈલોકયવીર'-એમ કહેવરાવે છે. (૬૭૫૯ થી ૬૧) અને એ ન સંભવે એવું ( અસંભવિત ) નથી, કારણ કે-તે રાજાએ લીલાવડે પણ તમાચ માત્ર મારવાથી (ઉમ્મિંઠો=) નિરંકુશ પણ હાથી માર્ગે આવે છે. ( વશ થાય છે. ) (૬૭૬૨) એમ સાંભળીને તેને (દેયં=) લાખ સોનૈયા આપીને પોતાના માણસોને હુકમ કર્યો કે-અરે! તે રાજા પાસે જઈને આમ કહો કે-જો કોઈ રીતે દાનના અર્થી ભાટચારણોએ 'ત્રૈલોકયવીર' તરીકે તારી સ્તુતિ કરી, તો તેં તેઓને રોકયા કેમ નહિ? (૬૭૬૩-૬૪) અથવા એથી (કીર્તનથી) શું? હજુ પણ એ બિરુદને તજી દે! અન્યથા આ હું આવ્યો, યુદ્ધ માટે તૈયાર થા! (૬૭૬૫) પછી માણસોને જઈને તે જ પ્રમાણે સર્વ તેને જણાવ્યું. તેથી ચઢાવેલી ભ્રકુટીથી ભયંકર મુખવાળા તેણે ( વજ્રધરે ) એમ કહ્યું કે-અરે! તે તમારો રાજા કોણ છે? તેનું નામ પણ મેં નિશ્ચે હમણાં જ જાણ્યું. અથવા એમ કહેવડાવવાનો તેનો શું અધિકાર છે? અથવા અન્યાયવાદથી (વલિય=) અભિમાની અને અસમર્થ પક્ષબળવાળો, તે રંક જો મારી યુદ્ધરૂપી અગ્નિશિખામાં પતંગિયાપણાને ન પામે, તો ( પાઠાં૦ હોઉ=) ભલે (લડવા=) ઠહેરાવ્યું. તેથી અરે! જલ્દી જાઓ, તેને મોકલો, કે જેથી (તસ્મયં=) તેનું ધારેલું કરીએ! એમ સાંભળીને પાછા ગયેલા તે પુરુષોએ તેને (મલ્લદેવને) તે પ્રમાણે કહ્યું. (૬૭૬૬ થી ૬૯) પછી મંત્રીવર્ગે રોકવા છતાં સર્વ સૈન્ય સહિત તે મલ્લદેવે જવાનો પ્રારંભ કર્યો અને ક્રમશઃ તેના દેશમાં પહોંચ્યો. (૬૭૭૦) તેનું આગમન જાણીને વજ્રધર પણ તૂર્ત સામે આવ્યો અને ઘણા સુભટોનો ક્ષય કરનારું પરસ્પર યુદ્ધ થયું. (૬૭૭૧) લોકને ક્ષય થતો જોઈને વજ્રધરે મલ્લદેવને કહેવરાવ્યું કે-જો તું બળનો ગર્વ રાખે છે, તો તું અને હું-એમ બે જ લડીએ! ઉભયપક્ષે પણ નિરપરાધી માણસોનો ક્ષય કરનારા આ યુદ્ધથી શું? તેણે તે

માન્યું અને બંને પરસ્પર યુદ્ધ કરવા લાગ્યા. (૬૭૭૨-૭૩) તેઓનો યુદ્ધનો સંઘર્ષ મલ્લોની જેમ ઊભા થવું, નીચે પડવું, પડખું બદલવું, પાછા ખસવું, વગેરેથી ભયંકર એવો દેવો અને મનુષ્યો વિસ્મય પામે તેવો થયો. (૬૭૭૪) પછી પ્રચંડ ભુજાબળવાળા વજ્રધરે તેને શીઘ્ર હરાવ્યો. એમ બળમદરૂપી યમને વશ પડેલો તે મરણને પામ્યો. (૬૭૭૫) બળમદને આવા પ્રકારનો વિશેષ દોષકારક (દુષ્ટ) જાણીને હે ક્ષપક! આરાધનામાં રહેલો તું તેને કરીશ નહિ. (૬૭૭૬) બળમદ નામનું આ ચોથું મદસ્થાન કહ્યું. હવે પાંચમા શ્રુતના મદસ્થાનને પણ કંઈક માત્ર કહું છું. (૬૭૭૭)

**૫. અનુશાસ્તિમાં બીજા આઠ મદદ્વારમાં પાંચમો શ્રુતમદ**-નિરંતર વિસ્તાર પામતા મહામિથ્યાત્વરૂપ આંધીવાળા, પ્રબળ પ્રભાવવાળા, પરદર્શનોરૂપ જ્યોતિશ્ચક્રના પ્રચારવાળા, પરમ પ્રમાદથી ભરપૂર એવા અતિ દુર્વિદગ્ધ વિલાસી મનુષ્યોરૂપી ઘુવડવાળા અને દર્શન માટે પ્રયત્ન કરતા અન્ય જીવસમૂહની દૃષ્ટિના વિસ્તારને (નજરને) હણતા, એવા (ઘોર કાળી રાત્રિસમા)વર્તમાનકાળમાં હું એક જ ત્રણ ભુવનરૂપી આકાશતળમાં સમ્યગ્જ્ઞાનરૂપી સૂર્ય છું. એમ હે ધીર! તું લેશ પણ શ્રુતમદને કરીશ નહિ. (૬૭૭૮ થી ૮૦) વળી જેઓને સૂત્ર, અર્થ અને તદુભય સહિત ચૌદપૂર્વોનું પણ જ્ઞાન હોય છે, તેઓને પણ જો પરસ્પર છટ્ઠાણુ (**આવડિયત**=) આપતિતપણું. (વૃદ્ધિ-હાનિરૂપ તારતમ્ય) સંભળાય છે, તો તેમાં શ્રુતમદ કેવો? તેમાં વળી અદ્યકાલિન મુનિઓ, કે જેઓની મતિ અલ્પ છે અને શ્રુતસમૃદ્ધિ પણ તેવી (વિશિષ્ટ) નથી, તેઓને તો વિશેષતઃ શ્રુતમદ કેવો (હોય)? (કારણ કે-) (૬૭૮૧-૮૨) વર્તમાનમાં અંગપ્રવિષ્ટ-અનંગપ્રવિષ્ટ શ્રુતનો શુદ્ધ પરિચય (અભ્યાસ) નથી, નિર્યુક્તિઓમાં પણ તેવો પરિચય નથી અને ભાષ્યોમાં, ચૂર્ણિઓમાં તથા વૃત્તિઓમાં પણ તેવો પરિચય નથી. (૬૭૮૩) સંવિગ્ન, ગીતાર્થ અને સત્ક્રિયાવાળા પૂર્વમુનિઓએ કરેલા પ્રકીર્ણક (પયન્ના) વગેરેમાં પણ જો તેવો પરિચય નથી, તો શ્રુતમદ પણ ન જ કરવો જોઈએ. (૬૭૮૪) જો સકળ સૂત્રો અને અર્થમાં પારંગત છતાં શ્રુતમદ કરવો યોગ્ય નથી, તો તેમાં પારંગત ન હોવા છતાં મદ કરવો તે કેમ યોગ્ય ગણાય? કારણ કહ્યું છે કે-સર્વજ્ઞના (**મય**=) જ્ઞાનથી માંડીને (જીવોને) બુદ્ધિનો વૈભવ તારતમ્યયોગવાળો (અલ્પ-અલ્પતર વગેરે ન્યૂનતાવાળો) છે, તેથી 'હું પંડિત છું'-એવો આ જગતમાં કોઈ ગર્વ ન કરો! (૬૭૮૫-૮૬) દુઃશિક્ષિત (અજ્ઞ) કવિઓના રચેલાં, શાસ્ત્રવિરુદ્ધ એવાં પ્રકરણો કે કથાપ્રબંધોને દઢ ભણવા છતાં (અન્યકર્તૃક હોવાથી) તેનો મદ કરવાનો પણ અવકાશ છે જ નહિ. (૬૭૮૭) માત્ર સામાયિક આવશ્યકના શ્રુતવાળા પણ (મદરહિત) નિર્મળ કેવળજ્ઞાનને પામ્યા છે અને શ્રુતસમુદ્રના પારગામી પણ (મદથી) દીર્ઘકાળ અનંતકાયમાં રહ્યા છે. (૬૭૮૮) તેથી સર્વ પ્રકારના મદનો નાશ કરનારા એવા શ્રુતને પ્રાપ્ત કરીને પણ તેનો થોડો પણ મદ કરીશ નહિ અને અનશનવાળો તું તો વિશેષતયા કરીશ નહિ. (૬૭૮૯) શું

નથી સાંભળ્યું કે શ્રુતના ભંડાર એવા પણ સ્થૂલભદ્રને શ્રુતમદના દોષથી ગુરુએ છેલ્લાં ચાર પૂર્વોની અનુજ્ઞાનો (બીજાને ભણાવવાનો) છેદ કર્યો હતો? (૬૭૯૦) તે આ પ્રમાણે–

**શ્રુતમદ વિષે આર્યસ્થૂલભદ્રસૂરિનો પ્રબંધ**–પાટલિપુત્ર નગરમાં પ્રસિદ્ધ યશવાળા નંદરાજાને સકળ નિષ્પાપ કાર્યોને કરનારો શકડાલ મંત્રી હતો અને તેને પહેલો પુત્ર સ્થૂલભદ્ર, બીજો શ્રીયક, તથા રૂપવતી યક્ષા વગેરે સાત પુત્રીઓ હતી. (૬૭૯૧-૯૨) તેમાં સેના, વેણા અને રેણા–એ ત્રણ છેલ્લી (નાની પુત્રીઓ અનુક્રમે) એક, બે અને ત્રણ વાર વાચનાથી (સાંભળવાથી) નવું શ્રુત ગ્રહણ કરી શકે છે. (૬૭૯૩) શ્રી જિનચરણની પૂજા, વંદન, શાસ્ત્રાર્થનું ચિંતન વગેરે ધર્મને કરતા તેઓના દિવસો સારી રીતે પસાર થાય છે. (૬૭૯૪) ત્યાં જ રહેનાર બ્રાહ્મણ વરરુચિ કવિ પ્રતિદિન એક સો આઠ કાવ્યોથી રાજાની સ્તુતિ કરે છે. (૬૭૯૫) તેની કાવ્યશક્તિથી પ્રસન્ન થએલો રાજા તેને દાન દેવા ઇચ્છે છે. પણ શકડાલે તેની પ્રશંસા (પસંદગી) નહિ કરવાથી આપતો નથી. (૬૭૯૬) તેથી વરરુચિએ પુષ્પોની ભેટ વગેરેથી શકડાલની પત્નીની સેવા કરવા માંડી, તેથી તેણીએ તેને કહ્યું કે–(મારું તારે) શું કામ છે તે કહે! (૬૭૯૭) તેણે કહ્યું કે–તમારે મંત્રીને તેવી કોઈ રીતે સમજાવવા, કે જેથી રાજાની સામે બોલતાં મારા કાવ્યની પ્રશંસા કરે! (૬૭૯૮) તેણીએ તે સ્વીકાર્યું અને મંત્રને કહ્યું કે–વરરુચિની પ્રશંસા કેમ કરતા નથી? મંત્રીએ કહ્યું કે–મિથ્યાદષ્ટિને કેમ પ્રશંસુ? (૬૭૯૯) પછી વાર વાર કહેતી તેનું વચન મંત્રીએ સ્વીકાર્યું અને રાજાની સામે બોલતાં 'સુંદર બોલ્યો'–એમ તેને પ્રશંસ્યો (૬૮૦૦) તેથી રાજાએ તેને એક સો આઠ સોનૈયા અપાવ્યા અને પ્રતિદિન તેની એટલી આજીવિકા (શરુ) થઈ. (૬૮૦૧) (પછી) એમ ધનનો ક્ષય થતો જોઈને મંત્રીએ કહ્યું કે–દેવ! આને (દાન) કેમ આપો છો? રાજાએ કહ્યું કે–તેં એને પ્રશંસ્યો માટે (આપું છું)! (૬૮૦૨) મંત્રીએ કહ્યું કે–મેં 'લોકોનાં કાવ્યોને તે અખંડ બોલી શકે છે'–એમ માની એની પ્રશંસા કરી હતી. તેથી રાજાએ પૂછ્યું કે–એમ કેમ? (૬૮૦૩) મંત્રીએ કહ્યું કે–કારણ કે–મારી પુત્રીઓ પણ નિશ્ચે એવું બોલી શકે છે. પછી ઉચિત સમયે વરરુચિ સ્તુતિ કરવા આવ્યો, ત્યારે મંત્રીએ પોતાની પુત્રીઓને પડદામાં રાખી. તેનું પહેલીવાર બોલેલું સેનાને પ્રાપ્ત થયું (યાદ રહ્યું). (૬૮૦૪-૫) તેથી રાજાની સામે અખંડ બોલતી તેનું બીજી વાર સાંભળીને વેણાને પ્રાપ્ત થયું અને તેણીએ બોલેલું ત્રીજી વાર સાંભળીને રેણાને યાદ રહ્યું, અને તે પણ ઘણા કાળ પૂર્વે ભણી હોય અને સ્વયમેવ રચ્યું હોય તેમ રાજાની સામે બોલી. (૬૮૦૬-૭) તેથી ગુસ્સે થએલા રાજાએ વરરુચિનું (દુવાર=) બારણું (સભામાં આવવાનું) પણ બંધ કર્યું પછી તે (વરરુચિ) ગંગામાં યંત્રના પ્રયોગથી રાત્રિએ સોનૈયાને મૂકીને (ગોઠવીને) પ્રભાત સમયે (ગંગાની) સ્તુતિ કરીને, પગથી યંત્રને ઠોકે (દબાવે) છે, તેમાંથી સોનૈયાને ગ્રહણ કરે છે અને લોકોની આગળ કહે છે કે–સ્તુતિથી પ્રસન્ન થએલી ગંગા [illegible] આપે

છે. કાળાન્તરે તે સાંભળીને રાજાએ તે મંત્રીને કહ્યું. (૬૮૦૮ થી ૧૦) મંત્રીએ કહ્યું કે-હે દેવ! જો મારી સમક્ષ ગંગા આપે, તો (ગંગા) આપે છે (એમ માનું), માટે પ્રભાતે ગંગાએ જઈએ. રાજાએ તે કબૂલ્યું. (૬૮૧૧) પછી મંત્રીએ સાયંકાળે પોતાના વિશ્વાસુ માણસને આદેશ કર્યો કે-હે ભદ્ર! ગંગાએ જઈ છૂપાઈ રહે અને વરરુચિ પાણીમાં જે કંઇ મૂકે તે મને લાવી આપ! પછી તે પુરૂષ જઈને ત્યાંથી સોનૈયાની પોટલી લાવ્યો. (૬૮૧૨-૧૩) પ્રભાતે નંદરાજા અને મંત્રી ત્યાં ગયા અને પાણીમાં ડૂબેલા તેને ગંગાની સ્તુતિ કરતો જોયો. સ્તુતિ કર્યા પછી તેણે તે યંત્રને હાથ-પગથી ચિરકાળ દબાવ્યું. છતાં જ્યારે ગંગાએ કંઈ પણ ન આપ્યું, ત્યારે વરરુચિ અત્યંત વિલખાપણાને પામ્યો. (૬૮૧૪-૧૫) શકડાલે તે સોનૈયાની પોટલી રાજાને પ્રગટ કરી દેખાડી અને રાજાએ હાંસી કરેલો વરરુચિ (તેથી) મંત્રી ઉપર ગુસ્સે થયો. (૬૮૧૬) તે તેનાં છિદ્રોને શોધવા લાગ્યો. અન્યદા શ્રીયકના વિવાહને કરવાની ઇચ્છાવાળો શકડાલ રાજાને (ભેટ કરવા) યોગ્ય વિવિધ આયુધોને ગુપ્ત રીતે ઘડાવતો હતો, એ હકીકત (**ઉવચરિયા=**) ઉપચરિત (માત્ર બાહ્ય વૃત્તિથી સેવા કરનારી) મંત્રીની દાસીએ વરરુચિને કહી. (૬૮૧૭-૧૮) તે પછી છિદ્રને (નિમિત્તને) પામેલા તેણે નાનાં બાળકોને લાડુ આપીને શૃંગાટક, ત્રિક, ચત્વર વગેરે (મુખ્ય) સ્થળોમાં આ પ્રમાણે (**પાઢિઆણિ=**) બોલવાનું શીખવ્યું. (૬૮૧૯) "શકડાલ જે કરશે તેને આ લોક જાણતો નથી, નંદરાજાને મરાવીને-શ્રીયકને રાજ્ય ઉપર સ્થાપશે." (૬૮૨૦) (બાળકોના મુખે બોલાતું) તે રાજાએ સાંભળ્યું અને (ગુપ્ત) ચરપુરૂષોદ્વારા મંત્રીના ઘરને જોવરાવ્યું. ત્યાં ગુપ્ત રીતે ઘણાં શસ્ત્રો વગેરે ઘડાતાં જોઇને ચરપુરૂષોએ રાજાને તે કહ્યું, તેથી ગુસ્સે થએલો રાજા સેવા માટે આવેલા અને પગમાં પડતા મંત્રીથી અવળું મુખ કરીને રહ્યો. (૬૮૨૧-૨૨) તેથી રાજા 'ગુસ્સે થયા છે'-એમ જાણીને શકડાલે ઘેર જઇને શ્રીયકને કહ્યું કે-હે પુત્ર! જો હું ન મરું, તો રાજા સર્વને મારશે. માટે હે વત્સ! રાજાના ચરણમાં નમેલા મને તું મારજે. તે સાંભળીને શ્રીયકે કાન બંધ કર્યા. (૬૮૨૩-૨૪) (ત્યારે) શકડાલે કહ્યું કે-પહેલાં તાલપુટ વિષને ખાઇને (સ્વયં) મરતા (મને) રાજાના ચરણમાં નમતી વેળા તું નિઃશંક બનીને મારજે. (૬૮૨૫) પછી સર્વ વિનાશની આશંકાયુક્ત મનવાળા શ્રીયકે તેમ કરવા સ્વીકાર્યું અને તે જ રીતે (રાજાના) પગમાં નમેલા શકડાલનું મસ્તક કાપી નાખ્યું. (૬૮૨૬) હા હા! 'અહો અકાર્ય કર્યું'-એમ બોલતો નંદરાજા ઊભો થઈ ગયો. તેથી શ્રીયકે કહ્યું કે-રાજન્! વ્યાકુળતાથી સર્યું, કારણ કે-જે તમારો વિરોધી હોય, તે જો પિતા હોય, તો પણ મારે (તેનું કંઈ) કામ નથી! પછી રાજાએ તેને કહ્યું કે-મંત્રીપદને સ્વીકાર! (૬૮૨૭-૨૮) તેણે કહ્યું કે-સ્થૂલભદ્ર નામે મારા મોટા ભાઈ છે, વેશ્યાને ઘેર રહેતા તેમને આ બારમું વર્ષ (ચાલે) છે. (૬૮૨૯) રાજાએ તેને બોલાવ્યો અને કહ્યું કે-મંત્રીપદને ભોગવ (સ્વીકાર)! તેણે કહ્યું કે-વિચારીશ. ત્યારે રાજાએ નજીક રહેલા અશોકવનમાં તેને મોકલ્યો. ત્યાં તે વિચારવા લાગ્યો કે-પરાયાં કાર્યોમાં વ્યાકુળ

મનુષ્યોને ભોગો કેવા? અને સુખ કેવું? (૧૮૩૦-૩૧) અને જો સુખ મળે, તો પણ અવશ્ય નરકે જવું પડે. તે કારણે એ સુખોથી સર્યું", એમ વિચારીને વૈરાગ્યને પામેલા, સંસારથી વિરક્ત ચિત્તવાળા તેણે પંચમુષ્ટિક લોચ કરીને, સ્વયં મુનિવેષને ધારણ કરીને, રાજાની પાસે જઈને કહ્યું કે-હે રાજન્! મેં આ વિચાર્યું. (૧૮૩૨-૩૩) પછી રાજાએ ઉપબૃંહણા (ઉત્સાહિત) કરેલો તે મહાત્મા રાજમંદિરમાંથી નીકળ્યો અને 'વેશ્યાને ઘેર જશે'-એમ માની રાજાએ તેને જતો જોયો. (૧૮૩૪) ત્યારે મૃતકલેવરોની દુર્ગંધવાળા માર્ગે પણ (લેશ સૂગ વિના) જતા તેને જોઈને રાજાએ જાણ્યું કે-નિશ્ચે આ કામભોગોથી વિરાગી થયો છે. (૧૮૩૫) પછી શ્રીયકને મંત્રીપદે સ્થાપ્યો અને આર્ય શ્રી સંભૂતિવિજયની પાસે દીક્ષિત થએલા (મહાત્મા) સ્થૂલભદ્ર વિવિધ પ્રકારના અતિ ઉગ્ર તપને કરવા લાગ્યા. (૧૮૩૬) આ પ્રસંગનું 'વરરુચિનો નાશ' વગેરે (અહીં નહિ કરેલું) શેષ વર્ણન અન્ય સૂત્રમાંથી ત્યાં સુધી કહેવું, કે જ્યાં સુધી સ્થૂલભદ્ર (મહાત્મા ભણવા માટે) આર્યભદ્રબાહુસ્વામી પાસે ગયા. (૧૮૩૭) અને તે દેશેન્યૂન દશપૂર્વને ભણ્યા. પછી વિદ્યાગુરુ (શ્રી ભદ્રબાહુ) સાથે વિહાર કરતા પાટલીપુત્ર નગરે ગયા. (૧૮૩૮) (ત્યાં) દીક્ષિત થએલી યક્ષા વગેરે સાતેય બ્હેનો ભાઈને વંદન કરવા માટે આવી. સૂરિજીને વાંદીને પછી તેઓએ પૂછયું કે-(અમારા) મોટાભાઈ કયાં છે? સૂરિજીએ કહ્યું કે-સૂત્રનું પરાવર્તન કરતા આ દેવકુલિકામાં બેઠા છે. (૧૮૩૯-૪૦) તેથી તેઓ ત્યાં ગઈ, અને તેઓને આવતી જોઈને પોતાની (જ્ઞાન) લક્ષ્મીને દેખાડવા સ્થૂલભદ્ર મુનિએ કેસરીસિંહનું રૂપ વિકુર્વ્યું. (૧૮૪૧) તેને જોઈને (ભયથી) નાઠેલી સાધ્વીઓએ સૂરિજીને જણાવ્યું કે-ભગવંત! નિશ્ચે સિંહે જ્યેષ્ઠ આર્યનું ભક્ષણ કર્યું છે. (૧૮૪૨) શ્રુતના ઉપયોગવાળા આચાર્યમહારાજે કહ્યું કે-તે સિંહ નથી, સ્થૂલભદ્ર છે, હવે જાઓ! તેથી તેઓ ગઈ અને તેને (સ્થૂલભદ્રને) વંદન કર્યું. (૧૮૪૩) પછી ક્ષણ ઊભા રહીને વિહારની વાર્તાને (સંયમ આરાધનાને) પૂછીને સ્વસ્થાને ગઈ. (પછી) બીજા દિવસે સૂત્રનો ઉદ્દેશ કરવાના (નવું ભણવાના) સમયે આવેલા સ્થૂલભદ્રમુનિને સૂરિજીએ 'તું અયોગ્ય છે'-એમ કહીને (ભણાવવાનો) નિષેધ કર્યો. તેથી તે સ્થૂલભદ્રે સિંહની વિકુર્વણા રૂપ પોતાના દોષને જાણીને સૂરિજીને કહ્યું કે-હે ભદંત! પુનઃ એવું નહિ કરું, મારા આ અપરાધને ક્ષમા કરો! અને મહા કષ્ટથી મુશ[illegible] (અતિ વિનંતિથી) સૂરિજીએ ભણાવવાનું સ્વીકાર્યું. (૧૮૪૪થી-૪૬) ગુરુએ કહ્યું કે-માત્ર છેલ્લાં ચાર પૂર્વો તું ભણ! (પણ) બીજાને ભણાવીશ નહિ! તેથી તે ચાર પૂર્વો (તેમની પછી) વિચ્છેદ પામ્યાં. (૧૮૪૭) એમ અનર્થકારક શ્રુતમદ (કરવો તે) ઉત્તમ મુનિઓને સંમત નથી. તેથી હે ક્ષપક! તું તેને તજીને પ્રસ્તુત (અનશનના) કાર્યમાં સમ્યગ્ ઉદ્યમ કર! (૧૮૪૮) એમ પાંચમા શ્રુતમદસ્થાનને કહ્યું. હવે તપના મદનો નિષેધ કરનાર છઠ્ઠા મદસ્થાનને હું સંક્ષેપથી કહું છું. (૧૮૪૯)

૬. **અનુશાસ્તિના બીજા આઠ મદદ્વારમાં છઠ્ઠો તપમદ**–'હું જ દુષ્કર તપસ્વી છું'–એમ મદને કરતો મૂર્ખ ચિરકાળ તપેલા ઉગ્ર પણ તપને નિષ્ફળ કરે છે. (૬૮૫૦) વાંસમાંથી પ્રગટેલા અગ્નિની જેમ તપથી પ્રગટેલો મદ અગ્નિની જેમ શેષ ગુણોરૂપી વૃક્ષોના સમૂહ એવા પોતાના, સ્થાનને શું ન બાળે? (અર્થાત્ તપમદ ગુણોને બાળી મૂકે છે.) (૬૮૫૧) શેષ અનુષ્ઠાનોમાં તપને જ દુષ્કર કહેલ છે. તેવા તપને પણ મદથી (મનુષ્યો) ગુમાવે છે. ખરેખર! મોહનો મહિમા મોટો છે! (૬૮૫૨) અને વળી અગ્લાન વૃત્તિથી, કોઈ બદલાની ઇચ્છા વિના, બળ–વીર્યને લેશ પણ છૂપાવ્યા વિના, માત્ર નિરપેક્ષવૃત્તિથી શ્રી જિનેશ્વરો વગેરેએ કરેલા અને ત્રણ લોકને આશ્ચર્યકારક, એવા અનુત્તર તપને સાંભળીને કોણ અનાર્ય પોતાના અલ્પ માત્ર તપથી પણ મદ કરે? (૬૮૫૩–૫૪) અત્યંત અસાધારણ બળ–બુદ્ધિથી મનોહર એવા પૂર્વપુરુષો તો દૂર રહો. પણ તેવા પ્રકારના શ્રુતને નહિ ભણેલો, અને સામાન્ય રૂપવાળો જે દૃઢપ્રહારી મુનિ, તેની પણ તપશ્ચર્યાને જાણીને થોડો પણ તપનો મદ કોણ બુદ્ધિશાળી કરે? (ન કરે!) (૬૮૫૫–૫૬) તે આ પ્રમાણે–

**તપમદના ત્યાગ વિષે દૃઢપ્રહારીનો પ્રબંધ**–એક મોટા નગરમાં ન્યાયવંત એક બ્રાહ્મણ રહેતો હતો. તેનો દુર્દાન્ત નામે પુત્ર સતત અવિનયને કરતો હતો. અન્યદા સંતાપને પામેલા પિતાએ તેને પોતાના ઘરમાંથી કાઢી મૂકયો અને ભમતો તે કોઈ રીતે ચોરોની પલ્લીમાં ભળીને રહ્યો. (૬૮૫૭–૫૮) ત્યાં પલ્લીપતિએ તેને જોયો અને પુત્ર વિનાના તેણે પુત્રબુદ્ધિથી રાખ્યો. તથા ખડ્ગ, ધનુષ્ય, શસ્ત્રો વગેરે કળાઓને શીખવાડી. (૬૮૫૯) તે પોતાના બુદ્ધિરૂપ ધનથી (તેમાં) અત્યન્ત પ્રાસાર્થ (સમર્થ) થયો અને પલ્લીપતિને તથા શેષલોકને પ્રાણથી પણ પ્રિય થયો. (૬૮૬૦) નિર્દય સખ્ત પ્રહાર કરતો હોવાથી હર્ષિત થએલા પલ્લીપતિએ તેનું ગુણવાચક દૃઢપ્રહારી એવું નામ સ્થાપ્યું (૬૮૬૧) પછી ઘોડાની લાળ અને ઇન્દ્રધનુષ્યની જેમ સર્વ પદાર્થોનું વિનશ્વરપણું હોવાથી તથાવિધ રોગને વશ પલ્લીપતિ મરણ પામ્યો. (૬૮૬૨) તેનું મૃતકાર્ય કરીને લોકોએ દૃઢપ્રહારીને ઉચિત માનીને પલ્લીપતિપદે સ્થાપ્યો અને સૌ નમ્યા. (૬૮૬૩) મહા પરાક્રમી તે પોતાના (પલ્લીના) લોકોને પૂર્વની જેમ પાળે છે અને નિર્ભયપણે ગામો, ખાણો, નગરો અને શ્રેષ્ઠ શહેરોને લૂંટે છે. (૬૮૬૪) પછી અન્ય કોઈ દિવસે ગામને હણવા (લૂંટવા) તે કુશસ્થળમાં ગયો. ત્યાં દેવશર્મા નામનો અતિ દરિદ્ર (રંક) બ્રાહ્મણ રહે છે. (૬૮૬૫) તે દિવસે તેનાં સંતાનોએ ક્ષીરની પ્રાર્થના કરવાથી અત્યંત પ્રયત્નથી ઘેર ઘેરથી ભીખ માંગીને ચોખા સહિત દૂધ પત્નીને (લાવી) આપ્યું. તે પત્ની તે (ખીર) તૈયાર થતી હતી, ત્યારે (અથવા તે કામ સિદ્ધ–પૂર્ણ થયું ત્યારે) દેવપૂજા વગેરે નિત્ય [illegible] તે નદીકાંઠે ગયો. (૬૮૬૬–૬૭) (તે અવસરે) ચોરો તેના ઘરમાં પહોંચ્યા, ત્યાં ક્ષીર તૈયાર થએલી જોઈ અને ભૂખથી પીડાતા [illegible] તેને લઈ લીધી. (૬૮૬૮) તે ખીરને

ચોરાતી જોઇને 'હા! હા! લૂંટાયા'-એમ બોલતાં બાળકોએ દોડતાં જઇને તે દેવશર્માને કહ્યું. ૬૮૬૯) પછી કોપને વશ લલાટમાં ઉંચી ચઢેલી વિકરાળ ભ્રકુટીથી ભયંકર મુખવાળો પ્રચંડ તેજસ્વી નેત્રોને વારંવાર નચાવતો(ફેંકતો), મસ્તકે છૂટી મૂકેલી શિખા(ચોટી)વાળો, અતિ વેગપૂર્વક ચાલવાથી છૂટી ગયેલા કટીવસ્ત્રને હાથની અંગુલિઓથી પુનઃસ્વસ્થ કરતો અને ઊંટના બચ્ચાના પુચ્છ જેવી દાઢી–મૂછને સ્પર્શ કરતો, તે (દેવશર્મા) રે રે પાપી! મ્લેચ્છ! હવે ક્યાં જઇશ?–એમ બોલતો (દ્વારના) પરિઘને લઇને ચોરોની સાથે યુદ્ધ કરવા લાગ્યો. (૬૮૭૦ થી ૭૨) (ત્યારે) ગર્ભના મોટા ભારથી આક્રાન્ત તેની પત્ની યુદ્ધ કરતાં તેને રોકવા લાગી, તો પણ કુપિત યમની જેમ પ્રહાર કરતો તે અટક્યો નહિ. (૬૮૭૩) તેથી તેના દ્વારા પોતાના ચોરોને હણાતા જોઇને અત્યંત ગુસ્સે થએલા દૃઢપ્રહારીએ તીક્ષ્ણ તલવારને ખેંચીને બ્રાહ્મણને અને 'ન મારો, ન મારો'–એમ વારંવાર બોલતી, હાથને આડો ધરીને તે બંનેની વચ્ચે પડેલી બ્રાહ્મણીને કાપી નાખી. (૬૮૭૪–૭૫) (પછી) તલવારના ઘાથી બે ભાગ થએલા તડફડતા ગર્ભને જોઇને પ્રગટેલા પશ્ચાત્તાપવાળો દૃઢ-પ્રહારી વિચારે છે કે–હા, હા, દુઃખદ છે કે અહો! મેં આ પાપને કર્યું? આ પાપથી હું કેમ છૂટીશ? તેથી શું હું તીર્થોમાં જાઊં? અથવા (भेरवपडणे भृगुपात=) પર્વતથી પડતું મુકું? અથવા અગ્નિમાં પ્રવેશ કરું? અથવા શું ગંગાના પાણીમાં પોતાને નાખું (ડૂબી મરું)? (૬૮૭૬ થી ૭૮) (પાપની) વિશુદ્ધિ માટે ઇત્યાદિ વિચારતા ઉદ્વિગ્ન મનવાળા તેણે એકાન્તમાં રહેલા ધર્મધ્યાનમાં તત્પર મુનિને જોયા. (૬૮૭૯) પરમ આદરથી તેઓના ચરણકમળને વાંદીને તેણે કહ્યું કે–હે ભગવંત! એવા પ્રકારના (મહા) પાપી મારી વિશુદ્ધિને (તેના ઉપાયને) કહો! (૬૮૮૦) મુનિએ તેને સર્વ પાપોરૂપી પર્વતને ચૂરવામાં ઉદ્દામ વજ્રતુલ્ય અને શિવસુખકારક એવો શ્રમણધર્મ કહ્યો. (૬૮૮૧) પ્રગટેલા કર્મના ક્ષયોપશમથી તેને અમૃતની જેમ અતિ રુચ્યો અને તેથી સંવેગને પામેલો તે તે ગુરુની પાસે દીક્ષિત થયો. (પછી) જે દિવસે તે દુશ્ચરિત્રનું હું સ્મરણ કરીશ (સ્મૃતિ થશે), તે દિવસે ભોજન લઈશ નહિ, એવો અભિગ્રહ સ્વીકારી તે તે જ ગામમાં રહ્યો. (૬૮૮૨–૮૩) ત્યાં લોકો 'તે આ તેવા પ્રકારના મહા પાપને કરનારો છે'–એમ બોલતાં નિંદે છે અને માર્ગે જતા તેને મારે છે. (૬૮૮૪) તે (બધું) સમતાથી સહન કરે છે, વારંવાર પોતાને નિંદે છે, આહાર લેતો નથી અને ધર્મધ્યાનમાં રહે છે. (૬૮૮૫) એમ તે ધીરપુરુષે કદાપિ એક વાર પણ ભોજન ન કર્યું. (એમ) સર્વ કર્મરજનો નાશ કરનારા (અથવા નાશ કરીને કેવળ) જ્ઞાનને પ્રગટ કર્યું. (૬૮૮૬) અને દેવ–દાનવો તથા વાણવ્યંતરોથી (પોતાના) ચંદ્ર જેવા નિર્મળ ગુણોની સ્તુતિ કરાતો તે ક્રમશઃ અગણિત (અથવા અગમ્ય) સુખના પ્રમાણવાળા નિર્વાણને પામ્યો. (૬૮૮૭) એને સમ્યગ્ સાંભળીને હે ક્ષપક! વિકિલષ્ટ (મોટા ઉગ્ર) તપને કરતો પણ મોક્ષની ઇચ્છાવાળો તું થોડા પણ તપમદને કરીશ નહિ!

(૬૮૮૮) આ છઠ્ઠું મદસ્થાન લેશથી દષ્ટાન્ત સાથે જણાવ્યું. હવે સાતમા લાભ સંબંધી મદસ્થાનને કહું છું. (૬૮૮૯)

**૮. અનુશાસ્તિના બીજા આઠ મદસ્થાનદ્વારમાં લાભમદ**–મનુષ્યોને લાભાન્તરાય નામના કર્મના ક્ષયોપશમથી લાભ અને તેના ઉદયથી પુનઃ અલાભ થાય છે, માટે વિવેકવાળાએ લાભ થવા છતાં 'હું જ લબ્ધિવંત છું'–એવા પોતાના ઉત્કર્ષને અને લાભ ન થતા વિષાદને ન કરવો જોઇએ. (૬૮૯૦-૯૧) જે આ જન્મમાં લાભ પામનારો હોય, તે જ કર્મવશ અન્ય ભવે ભિક્ષાને પણ પામી શકતો નથી. આ વિષયમાં ઢંઢણકુમાર દષ્ટાન્તભૂત છે (૬૮૯૨) તે આ પ્રમાણે–

**લાભમદ વિષે ઢંઢણકુમારનો પ્રબંધ**–મગધદેશમાં ધન્યપુર નામનું શ્રેષ્ઠ ગામ છે. ત્યાં (પાઠાં૦ **કિસિપારાસર**=) કૃશીપારાસર નામે ધનાઢય બ્રાહ્મણ રહે છે. (૬૮૯૩) પૂર્વોપાર્જિત પુણ્યને વશ તે ધન માટે ખેતી વગેરે જે જે કોઈપણ ઉપાયને કરે છે, તે તે તેને લાભ માટે થાય છે. (૬૮૯૪) અને શ્રેષ્ઠ અલંકારો, દિવ્ય વસ્ત્રો તથા પુષ્પોથી (શણગારેલા) મનોહર શરીરવાળો તે 'લક્ષ્મીનું આ ફળ છે'–એમ માનતો સ્વજનોની સાથે વિલાસ કરે છે. (૬૮૯૫) મગધના રાજાના આદેશથી ગામના પુરુષોદ્વારા પાંચ સો હળવડે તે હંમેશાં ચરીઓને (પડતર ગોચરની ભૂમિને) ખેડાવે છે. (૬૮૯૬) પછી અન્યદા રાજાની ચરીઓને ખેડીને નિવૃત્ત થએલા ખેડૂતો ભોજન સમય થતાં ભૂખથી પીડાયા અને બળદો થાકયા, ત્યારે નહિ ઇચ્છતા છતાં બળાત્કારે નિર્દય એવા તેણે (હત્થં=) તુર્ત (તે જ સમયે) પોતાના ક્ષેત્રમાં (તેઓ દ્વારા) એક એક (**ચંભ=**) ચાસડો દેવરાવ્યો (ખેડાવ્યો) (૬૮૯૭-૯૮) અને તે નિમિત્તે તેણે ગાઢ અંતરાયકર્મ બાંધ્યું. પછી મરીને નરકભૂમિમાં તે નારક થયો. (૬૮૯૯) ત્યાંથી નીકળીને વિવિધ ભેદોવાળી તિર્યંચ યોનિઓમાં (ઉપજ્યો) અને કોઈ રીતે (ઉપાર્જેલા) પુણ્યવશ દેવોમાં અને મનુષ્યોમાં પણ ભમ્યો. (૬૯૦૦) પછી સમુદ્રના સંગથી અથવા પવિત્ર લાવણ્યને પામેલી મનોહર શરીરવાળી સ્ત્રીઓથી શોભતા એવા વિશિષ્ટ સૌરાષ્ટ્ર દેશમાં ધન–ધાન્યથી સમૃદ્ધ, પ્રત્યક્ષ દેવલોકતુલ્ય અને સ્વભાવે ગુણરાગી એવા (**પાઠાં૦ સદાનસૂર=** સમ્યક્) દાન કરવામાં શૂરા ધર્મિષ્ઠ લોકવાળી દ્વારિકા નગરીમાં, તે કેશી (નામના અશ્વમુખ દૈત્યના) અને કંસના અહંકારને ચૂરનારા, ત્રણ ખંડ ભરતના રાજાઓના મસ્તકના મણિની કાન્તિથી શોભતા ચરણવાળા, યાદવોના કુળરૂપી આકાશમાં સૂર્યસમાન, એવા શ્રી કૃષ્ણવાસુદેવના ઢંઢણકુમાર નામે પુત્રપણે જન્મ્યો. (૬૯૦૧ થી ૪) સર્વ કળાઓને ભણીને ક્રમશઃ યૌવનને પામેલો તે (પરણેલી અનેક) યુવતી સ્ત્રીઓની સાથે રહેલો દોગુંદક દેવની જેમ વિલાસને કરે છે. (૬૯૦૫) પછી અન્ય કોઈ દિવસે (નીલકમળ જેવી શીતળ) દેહની કાન્તિથી સર્વ દિશાઓમાં કમળના સમૂહને વિખેરતા હોય તેમ (શીતળતાથી) સર્વ પ્રાણિવર્ગના સંતાપને શાન્ત કરતા, તથા સાક્ષાત્ શરીરધારી શીયળ હોય તેવા અઢાર હજાર

ઉત્તમ સાધુઓથી પરિવરેલા અને ધર્મ કરનારા (જૂહયર=) ધુતિકર (શાસનપ્રભાવક !) વર્ગના (સહિઓ=) હિતસ્વી એવા શ્રી અરિષ્ટનેમિ ભગવંત ગ્રામાદિમાં વિચરતા દ્વારિકા નગરીમાં પધાર્યા અને રૈવત નામે ઉદ્યાનમાં સમવસર્યા (રહ્યા). (૬૯૦૬ થી ૮) તે પછી ભગવાનના સમાચાર માટે નીમેલા મનુષ્યોએ પ્રણામ કરવાપૂર્વક શ્રી કૃષ્ણને ભગવાનના આગમનરૂપ વધામણીથી વધાવ્યો. (૬૯૦૯) પછી તેઓને ઉચિત તુષ્ટિજનક દાન અપાવીને યાદવોના સમૂહ સાથે શ્રી કૃષ્ણ શ્રી નેમિપ્રભુને વંદનાર્થે નીકળ્યો. (૬૯૧૦) પછી હર્ષના પરમ પ્રકર્ષથી વિકસિત નેત્રવાળો તે શ્રી જિનને અને ગણધર વગેરે મુનિઓને નમીને પોતાને ઉચિત સ્થાને બેઠો. (૬૯૧૧) પછી ત્રણ ભુવનના નાથ પ્રભુએ દેવ, મનુષ્ય અને તિર્યંચોને પણ (સમજાય તેવી સર્વ) સાધારણ વાણીથી ધર્મદેશના શરુ કરી અને ઘણા પ્રાણીઓ પ્રતિબોધ પામ્યા. (૬૯૧૨) તથાવિધ અત્યંત કુશળ (પુણ્ય)કર્મના સમૂહથી ભાવી જેનું કલ્યાણ (નજીક) છે, તે ઢંઢણકુમાર પણ ધર્મકથાને સાંભળીને પ્રતિબોધ પામ્યો. (૬૯૧૩) તેથી અપકારી ( પાઠાં૦ મુણિયવિયારં=વિકારી–દુષ્ટ તરીકે જાણેલા ) મિત્રની જેમ કે સર્પથી ભયંકર ઘરની જેમ, વિષયસુખને તજીને તે ધન્યાત્મા પ્રભુની પાસે દીક્ષિત થયો. (૬૯૧૪) (પછી) સંસારની અસારતાને વિચારતો તે સદા શ્રુતજ્ઞાનને ભણે છે અને વિવિધ તપને કરતો સર્વજ્ઞની (ભગવંતની) સાથે વિચરે છે. (૬૯૧૫) (એમ) વિચરતા ઢંઢણકુમારને પૂર્વજન્મમાં બાંધેલું, અનિષ્ટ ફળદાયક તે અંતરાયકર્મ (વિપાકથી) ઉદયને પામ્યું. (૬૯૧૬) તેથી તે કર્મના દોષથી તે જે સાધુની સાથે ભિક્ષા માટે ફરે, તેની પણ લબ્ધિને તે કર્મ હણે છે. અહો હો ! કર્મો (કેવાં) ભયંકર છે ? (૬૯૧૭) એક અવસરે જ્યારે સાધુઓએ તે ભિક્ષાની અપ્રાપ્તિની હકીકત કહી, ત્યારે પ્રભુએ મૂળથી માંડીને તે ( કર્મબંધના ) વૃત્તાન્તને કહ્યો. (૬૯૧૮) તે સાંભળીને બુદ્ધિમાન તે ઢંઢણમુનિએ પ્રભુ પાસે અભિગ્રહ લીધો કે–'હવેથી બીજાની લબ્ધિથી ( મળેલું ) હું કદાપિ ખાઇશ નહિ.' (૬૯૧૯) એમ રણભૂમિમાં ઉતરેલા સુભટની જેમ વિષાદરહિત ( પ્રસન્ન ) ચિત્તવાળો, દુષ્કર્મરૂપી શત્રુએ કરેલા દુઃખને લેશ પણ નહિ ગણતો, નિર્વાણરૂપી વિજયલક્ષ્મીને વરવા વિવિધ ઉદ્યમને કરતો જાણે અમૃતરૂપી શ્રેષ્ઠ ભોજનને જમેલો (તૃપ્ત) હોય તેમ દિવસોને પસાર કરે છે. (૬૯૨૦-૨૧) પછી એક દિવસ કૃષ્ણે પ્રભુને પૂછ્યું કે–હે ભગવંત ! આ સાધુઓમાં દુષ્કરકારક કોણ છે? તે કહો.! (૬૯૨૨) તેથી પ્રભુએ કહ્યું કે–નિશ્ચે આ સર્વ દુષ્કરકારક છે, છતાં એઓથી પણ દુષ્કરકારી ઢંઢણકુમાર છે. (૬૯૨૩) કારણ કે–ધીર હૃદયવાળા, દુઃસહ એવા (અસમં=) ઉગ્ર અલાભપરીષહને સમ્યગ્ સહન કરતા, તેનો ઘણો કાળ ગયો. (૬૯૨૪) (તે સાંભળીને) 'તે ધન્ય છે અને કૃતપુણ્ય છે, કે જેની આ રીતે જગતના એક પ્રભુ સ્વયં સ્તુતિ કરે છે.' એમ વિચારતો કૃષ્ણ જેમ આવ્યો હતો તેમ પાછો ગયો. (૬૯૨૫) અને નગરીમાં પ્રવેશ કરતા તેણે ભાગ્યવશાત્ ઉચ્ચ-નીચ ઘરોમાં ક્યાંય પણ ભિક્ષાર્થે ફરતા તે મહાત્માને જોયા. (૬૯૨૬) તેથી દૂરથી જ હાથી

ઉપરથી ઊતરીને પરમ ભક્તિથી પૃથ્વીતળે સ્પર્શતા મસ્તકવડે શ્રી કૃષ્ણે તેમને વાંદ્યા.(૬૯૨૭) વાસુદેવદ્વારા વંદન કરાતા તેને જોઈને વિસ્મિત મનવાળા, ઘરમાં રહેલા, એક ધનાઢયે વિચાર્યું કે–આ મહાત્મા ધન્ય છે, કે જેને આ રીતે દેવોને પણ વંદનીય એવા વાસુદેવ સવિશેષતયા ભક્તિપૂર્વક વાંદે છે. (૬૯૨૮–૨૯) પછી કૃષ્ણજી વાંદીને જ્યારે પાછા ફર્યા, ત્યારે ક્રમશઃ ભિક્ષાર્થે ફરતા ઢંઢણકુમાર તે ધનાઢયના ઘેર પહોંચ્યા. (૬૯૩૦) તેથી તેણે પરમ ભક્તિથી સિંહકેસરીયા લાડુના થાળથી તેમને પડિલાભ્યા ( લાડુ આપ્યા ) અને તે મુનિ પ્રભુની પાસે ગયા. (૬૯૩૧) નમસ્કાર કરીને તે મુનિએ કહ્યું કે–હે ભગવંત! શું મારું અંતરાયકર્મ આજે ક્ષીણ થયું? પ્રભુએ કહ્યું કે–હજુ પણ તેનો અંશ વિદ્યમાન છે. (૬૯૩૨) પરમાર્થથી આ લબ્ધિ કૃષ્ણની છે, કારણ કે–તને નમતા કૃષ્ણને જોઈને ધનાઢયે આ લાડુ (તને) આપ્યા છે. (૬૯૩૩) જ્યારે પ્રભુએ એમ કહ્યું, ત્યારે બીજાની લબ્ધિ હોવાથી તે મહાત્મા શુદ્ધ ભૂમિએ જઈને તે લાડુઓને સમ્યગ્ ( વિધિપૂર્વક ) પરઠવવા લાગ્યા. (૬૯૩૪) તેને પરઠવતા અને કર્મોના કટૂ વિપાકોને ચિંતવતા તેઓને શુદ્ધ (શુકલ) ધ્યાનના પ્રભાવે કેવળજ્ઞાન પ્રગટ થયું. (૬૯૩૫ )પછી કેવલીપર્યાયને પાળીને અને ભવ્ય જીવોને પ્રતિબોધીને, જેને માટે પ્રવ્રજ્યા સ્વીકારી હતી, તે મોક્ષપદને પામ્યા. (૬૯૩૬) એમ લાભાલાભને કર્માધીન જાણીને હે ધીર! લાભ( લબ્ધિ )વાળો પણ તું અત્યંત પ્રતિષેધેલા તેના મદને (લાભમદને) કરીશ નહિ. (૬૯૩૭) એમ સાતમા લાભ મદસ્થાનને જણાવ્યું. હવે ઐશ્વર્યમદને રોકવામાં સમર્થ (આઠમા) મદસ્થાનને સંક્ષેપથી કહું છું. (૬૯૩૮)

**અનુશાસ્તિના બીજા આઠ મદસ્થાનદ્વારમાં આઠમો ઐશ્વર્યમદ**–ગણિમ, ધરિમ, મેય અને પારિછેદ્ય ( એમ ચારેય પ્રકારનું ) ધન મારે ઘણું છે અને કોઠારો, ક્ષેત્રો તથા ( **વત્થુ=** ) વાસ્તુ–મકાનો મારે અનેક પ્રકારનાં છે. (૬૯૩૯) રૂપા–સોનાના ઢગલાં છે, આજ્ઞાને પાળનારા વિવિધ નોકરો છે. દાસ–દાસીજનો પણ છે અને રથો, ઘોડાઓ તથા શ્રેષ્ઠ હાથીઓ પણ છે. (૬૯૪૦) વિવિધ પ્રકારની ગાયો, ભેંસો, ઊંટો વગેરે છે, ઘણા ભંડારો છે, ગામો, નગરો અને ખીણો વગેરે છે તથા સ્ત્રી–પુત્રાદિ પરિવાર અનુરાગી છે. (૬૯૪૧) એમ મારું ઐશ્વર્ય સર્વત્ર પ્રશસ્ત પદાર્થોના વિસ્તારથી (अवत्थं=) સ્થિર છે, તેથી માનું છું કે–હું જ આ લોકમાં સાક્ષાત્ તે કુબેરયક્ષ છું. (૬૯૪૨) એમ ઐશ્વર્યને આશ્રીને પણ મદ સર્વથા કરવો ન જોઈએ, કારણ કે–સંસારમાં પ્રગટ થતા ( મળતા ) સઘળાય પદાર્થો નાશવંત છે. (૬૯૪૩) રાજા, અગ્નિ, ચોર, ભાગીદારો અને અતિ કુપિત દેવ, વગેરે ધનનો ક્ષય કરનારાં કારણો સદા પાસે રહેલાં હોવાથી તેનો મદ કરવો યોગ્ય નથી. (૬૯૪૪) વળી દક્ષિણમથુરા અને ઉત્તરમથુરાના વેપારીઓની શાસ્ત્રપ્રસિદ્ધ કથાને સાંભળીને ધન્યપુરુષો ઐશ્વર્યમાં લેશ પણ મદને કરતા નથી. (૬૯૪૫) તે આ પ્રમાણે–

**ઐશ્વર્યમદ વિષે દક્ષિણમથુરા-ઉત્તરમથુરાના વ્યાપારીઓનો પ્રબંધ-** જગત્પ્રભુ શ્રી સુપાર્શ્વનાથના મણિના સ્તુભથી શોભતી, અતિ પ્રશસ્ત તીર્થભૂત અને (દેવનગરી) ચમરચંચા જેવી મનોહર મથુરા નામે નગરી છે. (૬૯૪૬) ત્યાં (**એલવિલ=**) કુબેરતુલ્ય ધનના મોટા સમૂહવાળો, લોકપ્રસિદ્ધ પરમ વિલાસી, ધનસાર નામનો મોટો ધનિક રહે છે. (**૬૯૪૭**) અન્યદા તથાવિધ કાર્યવશ ઘણા પુરુષોથી પરિવરેલો તે દક્ષિણ-મથુરામાં ગયો અને ત્યાં તેનો મહેમાનગતિ વગેરે સત્કાર કરવાથી તેને સમાન વૈભવથી શોભતા ધનમિત્ર નામના વ્યાપારી સાથે અત્યંત સ્નેહથી યુક્ત, અકૃત્રિમ (શુદ્ધ) મૈત્રી થઈ. (**૬૯૪૮-૪૯**) અન્યદા સુખે બેઠેલા અને પ્રસન્ન ચિત્તવાળા તેઓને પરસ્પર આ પ્રકારનો વાર્તાલાપ થયો કે-પૃથ્વી ઉપર ફરતા (કોને) કોની સાથે વાર્તાલાપ નથી થતા? અથવા સ્નેહભર્યા મૈત્રીભાવને કોણ નથી સ્વીકારતા? કિન્તુ સંબંધ વિના ઘણા દિવસો જતાં વેળુથી બાંધેલા પાળીબંધની જેમ તે (ભાવ) પલટાઈ (તૂટી) જાય છે. (**૬૯૫૦ થી ૫૨**) તે સંબંધ બે પ્રકારે થાય છે, એક મૂળભૂત અને બીજો ઉત્તરભૂત. તેમાં પિતા-માતા-ભાઈનો સંબંધ મૂળભૂત છે, તે (આપણે) આજે નથી. (**૬૯૫૩**) પુનઃ ઉત્તરસંબંધ વિવાહ કરવાથી થાય છે. તે જો (**ણે=નઃ**) આપણે (ત્યાં) પુત્રી અથવા પુત્ર જન્મે, તો કરવો યોગ્ય (શક્ય) છે. (**૬૯૫૪**) એમ કરવાથી વજ્રથી જડી હોય તેમ મૈત્રી જાવજ્જીવ તૂટતી નથી. આ કથન યોગ્ય હોવાથી કુવિકલ્પોને તજીને બંનેએ તેને સ્વીકાર્યું. (**૬૯૫૫**) પછી ધનમિત્રને પુત્ર જન્મ્યો અને ધનસાર શેઠને પુત્રી જન્મી. તેઓએ (પૂર્વે કબૂલ કર્યા પ્રમાણે) (**દિજ્જં=**) દેણું માનીને, બાળકો છતાં પણ તેઓનું પરસ્પર (વેવિશાળ) કર્યું. (**૬૯૫૬**) પછી ધનસાર પોતાનું કાર્ય સાધીને પોતાની નગરીએ ગયો અને ધનમિત્ર પોતાને ઇષ્ટ કાર્યોમાં વર્તવા લાગ્યો. (**૬૯૫૭**) પછી એક પ્રસંગે જીવનનું શરદના વાદળ જેવું ચંચળપણું હોવાથી તે (ધનમિત્ર) મરણ પામ્યો અને તેના સ્થાને (તેનો) પુત્ર (અધિકારે) બેઠો. (**૬૯૫૮**) તે એક દિવસ જ્યારે સ્નાન કરવા માટે સ્નાનપીઠ (પાટલા) ઉપર બેઠો, ત્યારે ચારેય દિશામાં સુવર્ણના ચાર ઉત્તમ કળશો (સ્થાપ્યા), તેની પાછળ બે વર્ણવાળા (ચાંદી-સુવર્ણના વગેરે મિશ્ર), તેની પછી ત્રાંબાના અને તેની પછી માટીના કળશો (સ્થાપ્યા). તે કળશો વડે મોટા વિસ્તારથી (અથવા સામગ્રીથી) જ્યારે સ્નાન કરે છે, ત્યારે ઐશ્વર્યપણાની ઇન્દ્ર-ધનુષ્યની જેમ ચંચળતા હોવાથી પૂર્વદિશાનો સુવર્ણનો કળશ વિદ્યાધરની જેમ આકાશ-માર્ગે ચાલ્યો ગયો. (**૬૯૫૯ થી ૬૧**) એ જ રીતે સઘળાય કળશો નાઠા. (આકાશમાર્ગે ઊડ્યા.) તે પછી સ્નાનથી ઊઠેલા તેનો વિવિધ મણિ-સુવર્ણથી દીપતો સ્નાનનો પાટલો પણ નાઠો (**૬૯૬૨**) તે પછી તેવા વ્યતિકરને જોઈને પ્રગટેલા અત્યંત શોકવાળા તેણે સંગીત માટે આવેલા નાટકના માણસોને વિદાય કર્યા. (**૬૯૬૩**) પછી જ્યારે ભોજન સમય થયો, ત્યારે નોકરોએ રસોઈ હાજર કરી અને દેવપૂજાદિ કાર્ય કરીને તે ભોજન

કરવા બેઠો. (૬૯૬૪) નોકરોએ તેની આગળ અત્યંત જાતિવંત સુવર્ણના તથા (**રુપ્પ=**) રૂપાંના (**સિપ્પિ=**) કારીગરીવાળાં કચોળાં સહિત ચંદ્રસમાન ઉજ્જવળ ચાંદીનો થાળ મૂકયો. (**૬૯૬૫**) પછી ભોજન કરતાં એક (પછી) એક ભાજન એ રીતે ઊડવા લાગ્યું કે યાવત્ છેલ્લે મૂળથાળ પણ નાસવા માટે ઉડયો. (૬૯૬૬) તેથી વિસ્મય પામેલા તેણે ઊડતા તેને હાથથી પકડયો અને જેટલો ભાગ પકડયો, તેટલો (ભાગ) છોડીને શેષ (ભાજન) ઊડી ગયું. (૬૯૬૭) તે પછી ભંડારને જોયો, તેને પણ નાશ પામેલા સર્વ ધનવાળો (ધનરહિત) દેખ્યો. (દાટેલાં) નિધાનો નાશ પામ્યાં અને વ્યાજે ધીરેલું (ધન) પણ (પાછું) ન મળ્યું. (૬૯૬૮) પોતાના હાથે મૂકેલો છતાં આભરણોનો સમૂહ પણ ન મળ્યો તથા (આજ સુધી) સાચવેલો દાસ દાસીવર્ગ પણ શીઘ્ર (**પાઠાં૦ પલાણો=**) નાસી ગયો. (૬૯૬૯) અનેક વાર ઉપકાર કરેલો સમગ્ર સ્વજનવર્ગ પણ અત્યંત અપરિચિત હોય તેમ પણ કોઈ કાર્યમાં વર્તતો (સહાય કરતો) નથી. (૬૯૭૦) એમ તે સર્વને એ રીતે ગંધર્વનગર જેવું, અથવા સ્વપ્નદર્શન જેવું (અનિત્ય) માનીને, શોકાતુર હૃદયવાળો તે વિચારે છે કે-(૬૯૭૧) મંદભાગીમાં શિરોમણી એવા મારા જીવનને ધિક્કાર થાઓ! કે નવા જન્મની જેમ જેનું (જીવન) આ પ્રમાણે એક જ દિવસમાં પલટાઈ ગયું. (૬૯૭૨) સત્પુરૂષો સો ટૂકડા થઈને પણ નષ્ટ થએલી સંપત્તિને પુનઃ પ્રાપ્ત કરે છે અને અરે રે! મારા જેવા કાયર પુરુષો છતી સંપત્તિને પણ ગુમાવે છે. (૬૯૭૩) હું માનું છું કે-પૂર્વ ભવે નિશ્ચે મેં કંઈ પણ પુણ્ય કર્યું નથી, તેથી જ આજે આ વિષમ અવસ્થાનો વિપાક (આવી) પડયો. (૬૯૭૪) તેથી વર્ત્તમાનમાં પણ પુણ્ય મેળવવા માટે હું પ્રવૃત્તિ કરું, શોકથી સર્યું'-એમ વિચારીને તે શ્રી ધર્મઘોષસૂરિ પાસે દીક્ષિત થયો. (૬૯૭૫) સંવેગથી યુક્ત બુદ્ધિવાળો અને વિનયમાં તત્પર એવો તે ધર્મની પ્રવર શ્રદ્ધાથી સૂત્ર અને અર્થથી અગીઆર અંગોને ભણ્યો. (૬૯૭૬) પણ '(ભવિષ્યમાં) કદાપિ કોઈ રીતે વિહાર કરતો પૂર્વના થાળને જોઈશ (મેળવીશ)'-એવા કુતૂહલથી પૂર્વે સાચવી રાખેલા તે થાળના કકડાને છોડતો નથી. (૬૯૭૭) અનિયત વિહારની મર્યાદાથી વિચરતો તે કોઈ વાર ઉત્તરમથુરા નગરીમાં ગયો અને ભિક્ષાર્થે કરતો કોઇ રીતે તે ધનસાર શેઠની સુંદર હવેલીમાં પહોંચ્યો અને તે જ વેળા સ્નાન કરીને શેઠ ભોજનાર્થે આવ્યો. (૬૯૭૮-૭૯) તેની આગળ તે જ ચાંદીનો થાળ મૂકયો અને નવયૌવનથી મનોહર તેની પુત્રી પણ વીંજણો લઈને આગળ ઊભી રહી. (૬૯૮૦) સાધુ પણ જ્યારે એક નજરે તે તૂટેલા થાળને જોવા લાગ્યો, ત્યારે શેઠે ભિક્ષા અપાવી તો પણ તે જતો નથી (૬૯૮૧) તેથી શેઠે કહ્યું કે-હે ભગવંત મારી પુત્રીને કેમ જુઓ છો? મુનિએ કહ્યું કે-ભદ્ર! મારે પુત્રીનું પ્રયોજન નથી, (૬૯૮૨) કિન્તુ તું કહે કે-આ થાળ તને કેવી રીતે (મળ્યો)? તેણે કહ્યું કે-ભગવંત! આરિયા-પરિયાની (દાદા-પરદાદાની) પરિપાટીથી (ક્રમથી) વારસામાં આવ્યો છે. સાધુએ કહ્યું કે-સાચું બોલ! ત્યારે શેઠે કહ્યું કે-ભગવંત (મને સ્નાન કરતાં આ સઘળી સ્નાનની સામગ્રી આવી મળી

છે અને ભોજન કરતાં આ ભોજનનાં ભાજન વગેરે ઉપકરણો ( સાધનો ) આવ્યાં છે તથા ઘણાં નિધાનો વડે ભંડાર પણ પૂર્ણ ભરાણો છે. (૬૯૮૩ થી ૮૫) મુનિએ કહ્યું કે–આ સર્વ મારું હતું. તેથી શેઠે તેને કહ્યું કે–એમ કેવી રીતે? તેથી મુનિએ વિશ્વાસ પમાડવા માટે ત્યાંથી થાળ મંગાવીને પૂર્વકાળથી સંઘરેલો તે થાળનો કકડો આપ્યો ( તેને લગાડયો. ) પછી ( **તત્ત**= ) તત્વની જેમ ( તત્સ્વરૂપ હોય તેમ ) તે કકડો શીઘ્ર પોતાના સ્થાને ( થાળમાં ) ચોંટી ગયો. (૬૯૮૬-૮૭) અને મુનિએ પોતાનું ગામ, પિતાનું નામ, વૈભવનો નાશ વગેરે સર્વ વ્યતિકર કહ્યો, તેથી તે આ મારો જમાઇ છે, એમ જાણીને હૃદયમાં ફેલાતા મોટા શોકને વશ નીકળતાં અશ્રુજળવાળો શેઠ સાધુને ભેટીને અત્યંત રોવા લાગ્યો. (૬૯૮૮-૮૯) વિસ્મિત મનવાળા પરિવારે મહા મુશીબતે રડતો બંધ કરેલો તે અત્યંત રાગથી ( **બંધુર**= ) મનોહર વાણીથી સાધુને આ પ્રમાણે કહેવા લાગ્યો. (૬૯૯૦) તારો સર્વ ધનનો આ સમૂહ તે જ અવસ્થામાં વિદ્યમાન છે અને પૂર્વે આપેલી આ મારી પુત્રી પણ તારે સ્વાધીન છે. (૬૯૯૧) આ સઘળો ચાકર-વર્ગ તારી આજ્ઞા પ્રમાણે ( વર્તન ) કરનાર છે, તેથી પ્રવ્રજ્યાને છોડીને પોતાના ઘરની જેમ સ્વેચ્છાથી વિલાસ કર! (૬૯૯૨) મુનિએ કહ્યું કે– પહેલાં પુરુષ કામ–ભોગને ( વિષયોને ) તજે છે, અથવા તો પુણ્યનો નાશ થતાં તે ( વિષયો ) પહેલાં પુરુષને છોડે છે. (૬૯૯૩) એમ જે તજીને ચાલ્યા જાય તે વિષયોનો સ્વીકાર કરવો, તે માનીપુરૂષોને યોગ્ય નથી, તેથી શરદના વાદળતુલ્ય ( નાશવંત ) તે વિષયોથી મારે સર્યું. (૬૯૯૪) એમ સાંભળીને પ્રગટતા સંવેગવાળા શેઠે વિચાર્યું કે–આ પાપી વિષયો મને પણ નિયમા છોડી દેશે, (૬૯૯૫) માટે નિયમા નશ્વર સ્વભાવવાળા, પરિણામે કટુ ( દુઃખદાયી, ) દુર્ગતિના કારણભૂત, રાજા, ચોર વગેરેને લૂંટવાયોગ્ય, હૃદયમાં ખેદ કરાવનારા, દુઃખે સાચવી શકાય તેવા, દુઃખદાયી અને ( સદ્‌ભાવ–અભાવ વગેરે ) સર્વ અવસ્થાઓમાં તીવ્ર મૂઢતા પ્રગટાવનારા આ વિષયોથી શું ? (૬૯૯૬-૯૭) એમ વિચારીને તે શેઠે સર્વ પરિગ્રહને તજીને, સદ્‌ગુરુની પાસે ઉત્તમ મુનિદીક્ષાને સ્વીકારી. (૬૯૯૮) કર્મવશ તથાવિધ ( વિશિષ્ટ ) વૈભવને પામવા છતાં એ રીતે ઐશ્વર્યને નાશવંત જાણીને કોણ બુદ્ધિશાળી તેનો મદ કરે ? (૬૯૯૯)

તથા આજ્ઞાધીન મારા શિષ્યો, મારી શિષ્યાઓ અને મારી સંઘની સર્વ પર્ષદા, વળી સ્વ–પર શાસ્ત્રોના મોટા અર્થયુક્ત મારો પુસ્તકોનો વિસ્તાર, મારે વસ્ત્ર–પાત્રાદિ ઘણાં અને હું જ નગરલોકોમાં ( **ણેય**= ) પ્રસિદ્ધ ( જ્ઞાની ), એ વગેરે ( સાધુને ) પણ ઐશ્વર્યનો મદ અતિ અનિષ્ટ ફળકારક છે. (૭૦૦૦-૭૦૦૧) એમ પ્રાણીઓની સદ્‌ગતિની પ્રાપ્તિને રોકનાર, ગાઢ અજ્ઞાનરૂપી અંધકારને ફેલાવનાર અને બહુ દુઃખ છે વિકાર જેનો ( દુઃખદાયી ), એવા આઠેય પ્રકારના મદને તું કરીશ નહિ ! (૭૦૦૨) અથવા તપમદ અને ઐશ્વર્યમદ, એ બેના બદલે બુદ્ધિમદ અને વ્હાલાપણાનો મદ પણ કહેવાનો છે.

તેનું સ્વરૂપ આ પ્રમાણે જાણવું. (૭૦૦૩) (તેમાં બુદ્ધિમદ એટલે) શાસ્ત્રોને ગ્રહણ કરવાં, (ઉદ્ગ્રાહણ=) બીજાને ભણાવાં, નવી નવી કૃતિઓ–શાસ્ત્રો રચવાં, (અર્થની) વિચારણા અને નિર્ણય કરવો, વગેરે અનંત પર્યાયની (અન્યાન્ય જીવોની અપેક્ષાએ) વૃદ્ધિવાળા બુદ્ધિના વિકલ્પોમાં જેઓ પુરુષોમાં સિંહતુલ્ય (થયા તે) પૂર્વના જ્ઞાનીઓના અતિશયવાળા વિજ્ઞાનાદિ અનંત ગુણોને સાંભળીને આજના પુરુષો પોતાની બુદ્ધિના મદને કેવી રીતે કરે ? (અર્થાત્ પૂર્વના જ્ઞાનીઓની અપેક્ષાએ વર્તમાનકાલિન જીવોની બુદ્ધિ અતિ અલ્પ હોવાથી મદ કેમ કરી શકે ?) (૭૦૦૪–૫) (લોકપ્રિયતાનો મદ પણ મિથ્યા છે, કારણ કે–) કૂતરાની જેમ સેંકડો મીઠાં (ચાટુ) વચનોથી પોતે બીજા મનુષ્યને વ્હાલો થવા છતાં ખેદની વાત છે કે–તે રાંક મોટાઈના મરોડને (ગર્વને) કરે છે. (૭૦૦૬) તથા તે ગર્વથી જ તે માને છે કે–'હું એક જ આને વ્હાલો છું અને એના ઘરમાં સર્વ કાર્યોમાં હું જ કર્તાહર્તા છું.' (૭૦૦૭) પરંતુ તે મૂઢ એમ નથી જાણતો કે–પૂર્વે કરેલાં અતિ ઉત્તમ પુણ્યોથી પુણ્યના ભંડાર (બનેલા) એવા 'આ પુણ્યવાનનો હું સર્વ પ્રકારે ચાકર બન્યો છું !' (૭૦૦૮) વળી કોઈ પ્રસંગે પણ તેના તથાપ્રકારના વ્હાલાપણાની અવગણના કરીને જો તે (સામો) અપ્રિયતાને દેખાડે, ત્યારે તેને વિષાદરૂપી અગ્નિ બાળે છે. (અર્થાત્ ખેદથી તે અગ્નિની જેમ બળે છે.) (૭૦૦૯) તે માટે હે સુંદર ! અંતે (છેલ્લે) વિકાર દેખાડનારું એવા પ્રકારનું વ્હાલાપણું પામવા છતાં મદને કરવાથી શું લાભ છે ? (૭૦૧૦) (અહીં) પૂર્વે કહેલાં ચાણાક્ય અને શકડાળ નામના મંત્રીઓનાં કથાનકો સાંભળીને તું વ્હાલાપણાના મદને કરીશ નહિ. (૭૦૧૧) તેથી વ્હાલાપણાને પામેલો પણ તું 'હું આને વ્હાલો છું.'–એવી વાણીને (મદને) ભયંકર સર્પની જેમ તજીને આ પ્રમાણે જ વિચારજે. (૭૦૧૨) મારાં કાર્યોની અપેક્ષા તજીને હું આનાં સકળ કાર્યોમાં વર્તું છું, તેથી આ મારા પ્રત્યે સ્નેહપ્રધાન (સ્નેહભર્યું) વ્હાલપણું દેખાડે છે.(૭૦૧૩) પરંતુ જો હું નિરપેક્ષ બનું, તો નિરુપકારી હોવાથી નિશ્ચે (તેનો) અપરાધ કર્યો હોય તેમ હું (તેની) નજર સમક્ષ ઉભો પણ રહેવા ન પામું. (૭૦૧૪) અહીં 'મદસ્થાનો આઠ છે'–તે ઉપલક્ષણ વચન જ જાણવું. અન્યથા હું વાદી, વક્તા, પરાક્રમી, નીતિમાન ઈત્યાદિ ગુણોના ઉત્કર્ષથી મદસ્થાનો અનેક પ્રકારનાં પણ છે. તેથી હે વત્સ ! સર્વ ગુણોનો પણ મદ તું કરીશ નહિ. (૭૦૧૫–૧૬) જાતિ, કુળ વગેરેનો મદ કરનાર પુરુષને ગુણ થતો નથી, કિન્તુ મદ કરવાથી ભવાન્તરે તે જ જાતિ, કુળ વગેરેની હીનતાને પામે છે. (૭૦૧૭) વળી પોતાના ગુણોથી બીજાની નિંદા (હલકાઈ) કરતો અને તે જ ગુણોથી પોતાનો ઉત્કર્ષ (બડાઈ) કરતો જીવ આકરા નીચગોત્રકર્મને બાંધે છે. (૭૦૧૮) (પછી) તે નિમિત્તે અત્યંત અધમ યોનિઓરૂપ મોજાઓનાં (ઉપ્પીલ=) સમૂહથી ખેંચાતો અપાર સંસારસમુદ્રમાં ભટકે છે (૭૦૧૯) અને આ ભવના સર્વ ગુણસમૂહનો ગર્વ નહિ કરતો (જીવ) જન્માંતરે નિર્મળ સઘળા ગુણોનું પાત્ર બને છે. (૭૦૨૦) એમ આઠ મદસ્થાન નામનું બીજું પેટાદ્વાર કહ્યું, હવે ક્રોધાદિનો નિગ્રહ કરવો એ ત્રીજું દ્વાર કહું છું. (૭૦૨૧)

**અનુશાસ્તિમાં ત્રીજું ક્રોધાદિ નિગ્રહદ્વાર**–જો કે અઢાર પાપસ્થાનકોમાં ક્રોધાદિ એક એકનો વિપાક દૃષ્ટાન્તદ્વારા કહ્યો છે, તો પણ તેનો ત્યાગ અત્યંત દુષ્કર હોવાથી અને તેનું સ્થાન નિરુપણરહિત ન રહે, તેથી અહીં પુનઃ પણ ગુરુ ક્ષપકને ઉદ્દેશીને કહે છે કે– (૭૦૨૨-૨૩) હે સત્પુરુષ ! ક્રોધાદિના વિપાકોને અને તેને રોકવાથી થતા ગુણોને જાણીને તું કષાયરૂપી શત્રુઓનો પ્રયત્નપૂર્વક નિરોધ કર ! (૭૦૨૪) ત્રણેય લોકમાં જે અતિ આકરું દુઃખ અને જે શ્રેષ્ઠ સુખ છે, તે સર્વ કષાયોની વૃદ્ધિ અને ક્ષયના કારણે જાણવું. (૭૦૨૫) કુપિત શત્રુઓ, વ્યાધિઓ અને સિંહો પણ મુનિને તે (અપકાર)નથી કરતા, કે જે અપકાર કોપેલા કષાયશત્રુઓ કરે છે. (૭૦૨૬) રાગ–દ્વેષને વશ પડેલા અને કષાયથી વ્યામૂઢ બનેલા ઘણા મનુષ્યો સંસારનો અંત કરનારા એવા શ્રી જિનેન્દ્ર-વચનને પણ શિથિલ કરે છે. ( અકિંચિત્કર માને છે, અર્થાત્ કષાયો શ્રી જિનવચનનો પણ અનાદર કરાવે છે. ) ધન્યપુરુષોના કષાયો નિશ્ચે અત્યંત ફેલાયેલા પણ આડંબર (ગર્જના) કરતા બીજાના ક્રોધરૂપી પવનથી અથડાએલાં વાદળોની જેમ વિખેરાઈ જાય છે. (૭૦૨૮-૨૯) (તેથી પણ અધિક) ધન્યપુરુષોના કષાયો નિશ્ચે કુળવાનોના કામ-વિકારની જેમ અકાર્ય કર્યા વિના જ સદાય અંતરમાં જ ક્ષય પામે છે. (૭૦૨૯) ( વળી કેટલાક અતિ ) ધન્યપુરુષોના કષાયો તો નિશ્ચે ગ્રીષ્મઋતુના તાપના પસીનાનાં જળબિંદુઓની જેમ જ્યાં ઉત્પન્ન થાય છે, તેમ નિશ્ચે નાશ પણ ત્યાં જ પામે છે. (૭૦૩૦) (કેટલાક અતિશય) ધન્યપુરુષોના કષાયો નિશ્ચે (ખોદાતી) સુરંગની ધૂળની જેમ સુરંગમાં જ શમી જાય, તેમ (**પરમુહ=**) બીજાના મુખના વચનરૂપી કોદાળાનાં મોટા પ્રહારોથી ખોદાતા (પ્રેરાતા છતાં) અંતરમાં જ ક્ષય પામે (શમી જાય)છે. (૭૦૩૧) (કોઈ અતિતમ) ધન્યપુરુષોના કષાયો નિશ્ચે બીજાના વચનરૂપી પવનથી પ્રગટેલા ઊંચા પણ શરદનાં (જળરહિત) વાદળોની જેવા અસાર ફળવાળા (નિષ્ફળ)થાય છે. (૭૦૩૨) ઇર્ષ્યાને વશ વધેલા (કેટલાક) ધન્યપુરુષોના કષાયો નિશ્ચે અતિ ભયંકર (સમુદ્રના) મોટા પણ જળતરંગો જેમ કાંઠે પહોંચીને નાશ પામે, તેમ નાશ પામે છે. (૭૦૩૩) ધન્યોમાં પણ તે પુરુષો ધન્ય છે, કે જેઓ કષાયોરૂપી ઘઊં અને જવના કણોને સંપૂર્ણ ચૂરવા માટે ઘરંટીની જેમ અંતઃકરણરૂપી ઘરંટીમાં ( **સહકરેંતિ=** ) સહન કરે છે ( પીસે છે ). (૭૦૩૪) તેથી હે દેવાનુપ્રિય ! ક્રોધાદિના નિરોધમાં અગ્રેસર થઇને તું પણ તેઓનો તે રીતે વિજય કર, કે જે રીતે તું સમ્યગ્ આરાધનાને પામે. (૭૦૩૫)એમ ક્રોધાદિના નિગ્રહનું ત્રીજું દ્વાર સંક્ષેપથી કહ્યું. હવે ચોથા પ્રમાદત્યાગદ્વારને ભેદપૂર્વક કહું છું. (૭૦૩૬)

**અનુશાસ્તિના ચોથા પેટાદ્વારમાં મદ્યપ્રમાદનું સ્વરૂપ**–જીવ જેનાથી ધર્મમાં પ્રમત્ત બને તે પ્રમાદ ૧–મદ્ય, ૨–વિષયો. ૩-કષાયો, ૪–નિદ્રા અને ૫–વિકથા, એ પાંચને ઉદ્દેશીને પાંચ પ્રકારનો છે. (૭૦૩૭) તેમાં જેનાથી જીવ વિકારી બને, તે

કારણે સર્વ પ્રકારના વિકારોના પ્રગટ અખંડ (પૂર્ણ) કારણને મદ્ય કહેવાય છે. (૭૦૩૮) અબુધ અને સામાન્ય (હલકટ) લોકોને પીવાયોગ્ય એ મદ્ય (દારુ) પંડિત એવા ઉત્તમ પુરુષોને અપેય (ત્યાગ કરવાયોગ્ય) છે, કારણ કે-પેય-અપેયને પંડિત અને ઉત્તમ મનુષ્યો જ જાણે છે. (૭૦૩૯) આ લોક-પરલોકના (હિતના) વિચારમાં વિશિષ્ટ પુરુષોએ જેને આ જગતમાં નિર્દોષ જોયું (માન્યું) છે, તે ઉત્તમ, યશકારક અને પવિત્ર (પીણું) પ્રગટ પીવાયોગ્ય છે. (૭૦૪૦) અથવા જે આગમથી નિષિદ્ધ, વિશિષ્ટ લોકમાં નિંદાપાત્ર, વિકારક, આ લોકમાં પણ પ્રત્યક્ષ દેખાતા બહુ દોષવાળું, પીવાથી જે નિર્મળ પણ બુદ્ધિને આચ્છાદન (આવરણ) કરે, મનને હણે (શૂન્ય કરે), સર્વ ઇન્દ્રિયોના (શબ્દાદિ) વિષયોને જાણવામાં વિપર્યાસ કરે (વિપરીત બોધ કરાવે) અને સર્વ ઇન્દ્રિઓના સમભાવને પામેલો (સમતાવાળો) પણ, સ્વસ્થ (સ્વભાવસ્થ) પણ, પ્રૌઢ બુદ્ધિવાળો પણ અને સ્પષ્ટ ચૈતન્યવાળો એવો ચતુર પુરુષોનો આત્મ પણ જેને પીવા માત્રથી સહસા અન્યથા પરિણમે. (અર્થાત્ સમભાવને છોડી રાગી-દ્વેષી બને, વિભાવદશાને પામે, ક્ષુદ્ર બુદ્ધિવાળો બને, શૂન્ય ચેતનાવાળો બને.) તે સ્પષ્ટ (**અણુજ્જં**=) અનાર્ય-પાપી મદ્યને કોણ બુદ્ધિશાળી પીવે? (૭૦૪૧ થી ૪૪) જેમ જળથી બીજમાં અંકુરા પ્રગટે, તેમ મદ્યને પીવાથી પ્રત્યેક સમયે આ ભવ-પરભવમાં દુઃખોને દેનારા વિવિધ દોષો પ્રગટે છે. (૭૦૪૫) તથા મદ્યપાનથી રાગની વૃદ્ધિ થાય, રાગવૃદ્ધિથી કામની વૃદ્ધિ થાય અને કામમાં અતિ આસક્ત મનુષ્ય ગમ્યાગમ્યનો પણ વિચાર ન કરે. (૭૦૪૬) એ રીતે જો મદ્ય આ ભવમાં જ અવિકલ મનુષ્યોને પણ વિકલપણું કરે છે, તો તેની સાથે વિષ પણ (**સીસિયં**=સમ) સદૃશતાને ધારણ કરો! (બીજું) અમે શું કહીએ? (અર્થાત્ મદ્ય અને ઝેર બન્ને તુલ્ય માનો!) (૭૦૪૭) અથવા જો મદ્ય નિયમા જન્માન્તરમાં પણ વિકલેન્દ્રિયપણું આપે છે, તો એક જ ભવમાં વિકલેન્દ્રિયપણું કરનારા વિષને મદ્યની સાથે કેમ સરખાવાય? (વિષથી પણ મદ્ય અધિક દુષ્ટ કેમ નહિ?) (૭૦૪૮) એમ નહિ વિચારવું કે-રબ્બાની જેમ દ્રવ્યોના મિલનરૂપ હોવાથી સજ્જનોને મદ્ય પીવાયોગ્ય છે જ. કારણ કે-આ વિષયમાં સઘળીય પેય-અપેયની વ્યવસ્થા વિશિષ્ટ લોકકૃત અને શાસ્ત્રકૃત છે, સંધાન (દ્રવ્યોની મેળવણી) રૂપે તુલ્ય છતાં એક વસ્તુ પીવાયોગ્ય હોય છે, (પણ) બીજી તેવી નથી હોતી. (૭૦૪૯-૫૦) જેમ સંધાન કરેલું (મેળવણીવાળું) દ્રાક્ષાદિનું પાણી સર્વથા પીવાયોગ્ય કહ્યું છે, તે રીતે સંધાનપણાથી તુલ્ય છતાં (**અત્થિયકરીર**=) આથેલાં કેરાનું પાણી પીવાયોગ્ય નથી. (૭૦૫૧) (ઉપર કહી) તે આ પેય (અપેય) વ્યવસ્થા લોકકૃત છે અને આ (કહીશું તે) શાસ્ત્રકૃત છે. તે શાસ્ત્ર લૌકિક તથા લોકોત્તરિક એ પ્રકારનું છે. તેમાં આ (पढमं=) લૌકિકશાસ્ત્ર (કહે) છે કે- (૭૦૫૨) ગોળની, પિષ્ટની (લોટની) અને મહુડાની-એમ સુરા ત્રણ પ્રકારની છે. તે જેમ એક, તેમ સર્વ (ત્રણેય) પણ (સુરા) ઉત્તમ બ્રાહ્મણોએ પીવાયોગ્ય નથી. (૭૦૫૩)

(કારણ કે–) જેનું શરીરગત બ્રહ્મ મદ્યથી એક વાર ભીંજાય (ખરડાય) છે, તેની બ્રાહ્મણતા દૂર થાય છે અને શૂદ્રપણું આવે છે. (૭૦૫૪) સ્ત્રીનો ઘાતક, પુરુષનો ઘાતક, કન્યાને સેવનારો અને મદ્યપાન કરનારો, એ ચાર તથા પાંચમો તેઓની સાથે રહેનારો, તે પાંચેયને પાપી કહ્યા છે. (૭૦૫૫) બ્રહ્મહત્યા કરનારો બાર વર્ષ વનમાં વ્રત પાળે (વનવાસ સેવે) તો શુદ્ધ થાય છે, પણ ગુરુપત્નીને સેવનારો અથવા દારુડીઓ, એ બે તો મર્યા વિના શુદ્ધ થતા નથી. (૭૦૫૬) મદ્યથી કે મદ્યની ગંધથી પણ સ્પર્શિત ભાજનને બ્રાહ્મણ સ્પર્શે નહિ, છતાં જો સ્પર્શે તો સ્નાનદ્વારા શુદ્ધ થાય. (આ લૌકિક શાસ્ત્રોક્ત વ્યવસ્થા કહી.) (૭૦૫૭) 'મદ્ય અને પ્રમાદથી મુક્ત' તથા 'મદ્ય-માંસને નહિ ખાનારો' ઇત્યાદિ લોકોત્તરિક શાસ્ત્ર (વચનો) છે. તેથી મદ્યપાન ઉભય શાસ્ત્રથી નિષિદ્ધ છે. (૭૦૫૮) હું માનું છું કે-પાપનું મુખ્ય કારણ મદ્ય છે, તેથી નિશ્ચે વિદ્વાનોએ સર્વ પ્રમાદોમાં તેને પહેલા નંબરે સ્થાપ્યું છે. (૭૦૫૯) કારણ કે–મદ્યમાં આસક્ત (મનુષ્યો) તેને નહિ પીવાથી આકાંક્ષાવાળા અને પીધા પછી (પણ) સર્વ કાર્યોમાં (**વિહલંઘલા=**) વિકલ બુદ્ધિવાળા થાય છે, તેથી તેમાં આસક્ત (જીવો) નિત્યમેવ અયોગ્ય છે. (૭૦૬૦) (મદ્યથી) મત્ત બનેલાની વિદ્યમાન પણ બુદ્ધિ સ્ફુરતી નથી, એવો મારો નિશ્ચય (અભિપ્રાય) છે. અન્યથા (તેઓ) ધનને કેમ ગુમાવે અને અનર્થોને કેમ સ્વીકારે ? (૭૦૬૧) મદ્યપાનના આ જન્મમાં જ (**રિઉગહમત્ત=**) 'શત્રુથી પકડાવું' વગેરે અને પરલોકમાં દુર્ગતિમાં જવું વગેરે ઘણા દોષો થાય છે. (૭૦૬૨) હું માનું છું કે–(દારુથી) મત્ત થએલાને જે બોલવામાં સ્ખલના થાય છે, તે આયુષ્યનો ક્ષય નજીક આવવાની જેમ નીચે આળોટે છે, અને તે નરકમાં પ્રયાણ કરતો હોય તેમ સ્વયં (નરકમાં) જાય છે. (અર્થાત્ દારુડીઓ શીઘ્ર નરકે જાય છે.) (૭૦૬૩) નેત્રોનું રક્તપણું (થાય છે તે) પણ નિશ્ચે નજીક આવી રહેલા નરકના તાપનું કરેલું છે અને નિરંકુશ હાથને ફેંકે (જેમ-તેમ લાંબા કરે) છે, તે પણ નિરાધાર થયો (તેનું પ્રતીક) છે. (૭૦૬૪) જો મદ્યમાં દોષ ન હોય, તો ઋષિઓ, બ્રાહ્મણો અને બીજા પણ જે જે ધર્મની અભિલાષાવાળા છે, (તેઓ) તે કેમ નથી પીતા ? (૭૦૬૫) પ્રમાદનું મુખ્ય અંગ અને શુભ ચિત્તને દૂષિત કરનાર એવા મદ્યમાં ભાંડણ (લઢાઈ–અપશબ્દો બોલવા) વગેરે અનેક પ્રકારના દોષો પ્રત્યક્ષ જ છે. (૭૦૬૬) સંભળાય છે કે-(કોઈ) લૌકિક ઋષિ મહા તપસ્વી પણ દેવીઓમાં (**ખિત્તચિત્ત=**) આસક્ત થઈને મદ્યથી મૂઢની જેમ વિડંબનાને પામ્યો. (૭૦૬૭)

**મદ્યપાનના દોષોમાં લૌકિક ઋષિનો પ્રબંધ**-કોઇ ઋષિ તપ તપે છે. (તેના તપથી) ભય પામેલા ઇન્દ્રે તેને ક્ષોભ પમાડવા દેવીઓને મોકલી, ત્યારે તેઓએ આવીને તેને વિનયથી પ્રસન્ન કર્યો અને તે વરદાન દેવા તૈયાર થયો, ત્યારે તેને કહ્યું કે–મદ્યપાનને કરો, હિંસાને કરો અને અમને સેવો તથા (દેવની) મૂર્તિનો ભંગ કરો !

(૭૦૬૮-૬૯) જો એ ચારેયને ન કરો, તો ભગવંત ! કોઇ પણ એકને કરો ! તેણીઓએ જયારે એમ કહ્યું, ત્યારે સ્વમતિથી શેષ પાપોને નરકના હેતુ અને મદ્યને સુખનું કારણ માનીને તેણે મદ્યને પીધું. તેથી મત્ત (થએલા) તેણે નિર્ભર (અતિ ઘણો) માંસનો પરિભોગ (કર્યો), તે માંસને પકાવવા કાષ્ઠની પ્રતિમાનો ભંગ કર્યો અને લજ્જાને તજીને તથા મર્યાદાને મૂકીને નિશ્ચે તેણે તે દેવીઓનો ભોગ (પણ) કર્યો. (૭૦૭૦ થી ૭૨) તેથી ખંડિત (નષ્ટ) થએલી તપશક્તિવાળો તે મરીને દુર્ગતિમાં ગયો. એમ મદ્ય બહુ પાપનું કારણ અને દોષોનો સમૂહ છે. (૭૦૭૩) મદ્યથી યાદવોના પણ (થયેલા) અતિ દારુણ દોષને સાંભળીને હે સુંદર ! તત્ત્વોનો શ્રોતા તું મદ્ય નામના પ્રમાદને અતિ દૂર (જાવજ્જીવ) ફેંકી દે ! (૭૦૭૪) જેણે મદ્યનો ત્યાગ કર્યો છે, તેનો ધર્મ નિરંતર (અખંડ) છે, તેને જ સર્વ દાનોનું અતુલ ફળ (મળે) છે અને તેણે સર્વ તીર્થોમાં સ્નાન કર્યું છે. (૭૦૭૫)

**અનુશાસ્તિના ચોથા પ્રમાદત્યાગદ્વારમાં માંસાહાર અને તેના દોષોનું વર્ણન**–એમ સંધાનથી (વિવિધ મેળવણીથી) ઉપજતા જંતુસમૂહના કારણે જેમ મદ્યપાન (પાપ છે), તેમ માંસ, માખણ અને મધ (ભક્ષણ) પણ બહુ પાપરૂપ છે. (૭૦૭૬) સતત જીવોત્પત્તિ થવાથી, શિષ્ટ પુરુષોને નિંદ્ય હોવાથી અને સંપાતિમ (ઉડતા–આવી પડતા) જીવોનો વિનાશ થતો હોવાથી એ ત્રણેયનું દુષ્ટપણું છે. (૭૦૭૭) કહો તો ખરા ! ધર્મનો સાર જે દયા છે, તે પણ માંસભક્ષકને કયાંથી થાય ? તેથી સમ્યગ્ ધર્મબુદ્ધિવાળો માંસને યાવજ્જીવ વર્જે. (૭૦૭૮) મનુષ્યોને (યોગ્ય) લોકમાં બીજી પણ, જીવને પીડા (હિંસા) નહિ કરનારી, અત્યંત સ્વાદવાળી, સ્નિગ્ધ (રસાળ), વર્ણ–ગંધ–રસ અને સ્પર્શથી સ્વભાવે જ મધુર, પવિત્ર, સ્વભાવે જ સર્વ ઇન્દ્રિઓને રુચિકર અને ઉત્તમ પુરુષોને યોગ્ય એવી ઉત્તમ વસ્તુઓ હોવા છતાં જુગુપ્સનીય એવા માંસને ખાવાથી શું ? હા ! તે માંસને ધિક્કાર થાઓ !, કે જેમાં અતિ વિશ્વાસુ બીજા જીવોના સ્થિર પ્રાણોનો અતર્કિત (અણધાર્યો) વિનાશ થાય છે. (૭૦૭૯ થી ૮૧) કારણ કે–માંસ વૃક્ષોથી પાકતું નથી અથવા પુષ્પો–ફળોથી થતું નથી, ભૂમિમાંથી પ્રગટતું નથી કે આકાશમાંથી વરસતું નથી, પણ કેવળ ભયંકર જીવહિંસાથી જ થાય છે. (૭૦૮૨) તો ક્રૂર પરિણામવાળા જીવવધથી થએલા માંસને કોણ નિર્દય ખાય ?, કે જેને ખાઇને તુર્ત માર્ગભ્રષ્ટ થાય ! (૭૦૮૩) (વળી ભૂખથી) બળેલું, માત્ર જઠર ભરવાયોગ્ય આ એક જ શરીર, તેને ભરવા નિમિત્તે અલ્પ સુખ (સ્વાદ) માટે મૂર્ખ મનુષ્ય જો (અનેક) જીવોનો વધ કરે છે, તો તેનું સ્વભાવે જ હાથીની કર્ણપાલી (કાન) જેવું (ચંચળ–નાશવંત) જીવન શું (**પ્રકારાન્તરજાતં**=) અન્ય પ્રકારે (માંસથી) પોષેલું સ્થિર (રહેનાર) છે ? (૭૦૮૪–૮૫) વળી એમ કદાપિ નહિ વિચારવું કે–નિશ્ચે માંસ પણ જીવોના અંગરૂપ છતાં (જીવનાં અંગરૂપ વનસ્પતિ વગેરે) શેષ આહારની જેમ સજ્જનોને ભક્ષ્ય છે, કારણ કે–અહીં ભક્ષ્ય–અભક્ષ્યની સઘળીય વ્યવસ્થા

વિશિષ્ટ લોકકૃત અને શાસ્ત્રકૃત છે. જીવના અંગરૂપે સમાન છતાં એક ભક્ષ્ય છે, (પણ) બીજું તે રીતે ભક્ષ્ય નથી. (૭૦૮૬-૮૭) આ વાત અતિ પ્રસિદ્ધ છે કે-જીવના અંગરૂપે તુલ્ય છતાં જેમ ગાયનું દૂધ પીવાય છે, તેમ તેનું રુધિર પીવાતું નથી. એ રીતે અન્ય વસ્તુમાં પણ જાણવું. (૭૦૮૮) એમ (માત્ર જીવ અંગની અપેક્ષાએ) તો ગાયની જેમ કૂતરાના માંસનો નિષેધ પણ કયાંય ઘટશે નહિ (કારણ કે-જીવ અંગ હોવાથી તે પણ ભક્ષ્ય ગણાશે.) અને જીવ અંગરૂપે તુલ્ય હોવાથી હાડકાં વગેરે. પણ ભક્ષ્ય ગણાશે. (૭૦૮૯) વળી જો માત્ર જીવ અંગની સમાનતા માનીને આ લોકમાં પ્રવૃત્તિ કરાય, તો માતા અને પત્નીમાં સ્ત્રીભાવતુલ્ય હોવાથી તે બન્ને પણ તુલ્ય (ભોગ્ય) થાય. (૭૦૯૦) એમ આ લોકકૃત ભક્ષ્યાભક્ષ્ય વ્યવસ્થા કહી. હવે આ શાસ્ત્રકૃત (કહેવાય) છે. શાસ્ત્રો લૌકિક અને લોકોત્તરિક એમ બે પ્રકારે છે. તેમાં પહેલું (લૌકિક) આ પ્રમાણે છે- (૭૦૯૧) માંસ હિંસા પ્રવર્તાવનાર છે, અધર્મની વૃદ્ધિ કરનાર છે અને દુઃખનું ઉત્પાદક છે, માટે માંસ નહિ ખાવું. (૭૦૯૨) જે બીજાના માંસથી પોતાના માંસને વધારવા ઇચ્છે છે, તે જ્યાં જ્યાં ઉત્પન્ન થાય, ત્યાં ત્યાં ઉદ્વેગકારી (વાસં=) સ્થાનને પામે છે. (૭૦૯૩) દીક્ષિત કે બ્રહ્મચારી જે માંસનું ભક્ષણ કરે છે, તે અધર્મી-પાપી પુરુષ સ્પષ્ટ (નિયમા) નરકે જાય છે. (૭૦૯૪) બ્રાહ્મણો આકાશગામી (છતાં) માંસભક્ષણથી નીચે પડયા, તેથી તે બ્રાહ્મણોનું પતન જોઇને માંસને ખાવું નહિ. (૭૦૯૫) મૃત્યુથી ભયભીત પ્રાણીઓનું માંસ જેઓ આ જન્મમાં ખાય છે, તેઓ ઘોર નરકને, (હલકી) તિર્યંચ-યોનિને અને (હલકટ) મનુષ્યપણાને પામે છે. (૭૦૯૬) જે માંસ ખાય છે અને તે માંસ જેનું ખાય છે, તે બેનું અંતર તો જુઓ! એકને ક્ષણિક તૃપ્તિ અને બીજાને પ્રાણોથી મુક્તિ થાય છે. (૭૦૯૭) (શાસ્ત્રમાં) સંભળાય છે કે-હે ભરત! જે માંસ ખાનો નથી, તે ત્રણેય લોકમાં જેટલાં તીર્થો છે, તેમાં સ્નાન (કરવાનું પુણ્ય) પામે છે. (૭૦૯૮) જે મનુષ્યો મોક્ષને અથવા દેવલોકને ઇચ્છે છે અને (છતાં) માંસને તજતા નથી, (તે માંસાહારનું) તેઓને કોઈ કારણ નથી. (૭૦૯૯) જો માંસને ખાય છે, તો સાધુલિંગરૂપ વેષ ધારણ કરવાથી શું? અને મસ્તક તથા મુખને મુંડાવાથી પણ શું? (અર્થાત્) સઘળુંય નિરર્થક છે. (૭૧૦૦) જે સુવર્ણના મેરુને (મેરુ જેટલા સોનાને) અને સઘળીય ભૂમિને દાનમાં આપે અને બીજી બાજુ માંસનું ભક્ષણ તજે, તો હે યુધિષ્ઠિર! તે બે તુલ્ય ન થાય. (અર્થાત્ માંસનો ત્યાગ વધી જાય.) (૭૧૦૧) વળી પ્રાણીઓની હિંસા કર્યા વિના કયાંય માંસ ઉત્પન્ન થતું નથી અને પ્રાણિવધ કરવાથી સ્વર્ગ થતો નથી, તે કારણે માંસને ખાવું નહિ. (૭૧૦૨) જે પુરુષ શુક્ર અને રુધિરમાંથી બનેલા (અશુચિ) માંસને ખાય છે અને (પુનઃ) પાણીથી શૌચ કરે છે, તે (મૂર્ખને) દેવો હસે છે. (૭૧૦૩) (કારણ કે-) જેમ જંગલી હાથી નિર્મળ જળના સરોવરમાં સ્નાન કરીને ધૂળથી શરીરને રગદોળે છે,

તેના જેવું તેઓનું ( શૌચકર્મ અને ) માંસભક્ષણ છે. (૭૧૦૪) બ્રાહ્મણોને જે એક હજાર કપિલા ગાયોનું દાન કરે અને ( બીજી બાજુ ) એકને જીવિતનું દાન કરે, ( તેમાં ગૌદાન ) પ્રાણદાનના સોળમા અંશની પણ કળાને પામતું નથી. (૭૧૦૫) હિંસાની અનુમતિ આપનાર, અંગોને છેદનાર, પ્રાણોને લેનાર, માંસ વેચનાર, ખરીદનાર, તેને પકાવનાર, બીજાને પીરસનાર અને ખાનાર, એ આઠેય ઘાતકી છે. (૭૧૦૬) જે મનુષ્યો માંસભક્ષી છે, તેઓ અલ્પાયુષ્યવાળા, દરિદ્રી, પારકી ચાકરીથી જીવનારા અને નીચ કુળમાં જન્મે છે. (૭૧૦૭) ઈત્યાદિ માંસની દુષ્ટતા જણાવવા માટે લૌકિક શાસ્ત્રવચનો ઘણા પ્રકારનાં છે અને 'મદ્ય-માંસને નહિ ખાનારો' વગેરે લોકોત્તરિક વચનો પણ છે. (૭૧૦૮) અથવા જે લૌકિકશાસ્ત્ર (નું વર્ણન) અહીં પૂર્વે ( ગા. ૭૦૯૨ થી ) જણાવ્યું, તે પણ આ ગ્રન્થમાં ઊતારીને ( સ્વીકારીને ) કહેવાથી નિશ્ચે લોકોત્તરિક વચન જાણવું. (૭૧૦૯) ( કારણ કે– ) સુવર્ણરસથી યુક્ત લોખંડ પણ જેમ સુવર્ણ બને છે, તેમ મિથ્યાદૃષ્ટિઓનું ( કહેલું ) પણ શ્રુત નિશ્ચે સમકિતદૃષ્ટિએ ગ્રહણ કરવાથી સમ્યગ્શ્રુત બને છે. (૭૧૧૦)

**પ્રશ્ન**–જો નિશ્ચે પંડિતોએ માંસને જીવનું અંગ હોવાથી વર્જ્યું છે, તો શું મગ વિગેરે ( અનાજ ) પણ પ્રાણિનું અંગ નથી, કે જેથી તેને દૂષિત ન કહ્યાં ? (૭૧૧૧) **ઉત્તર**–મગ વગેરે ( અનાજ ) જે જીવોનું અંગ છે. તે જીવો ( પંચેન્દ્રિય ) તુલ્ય રૂપવાળા નથી. કારણ કે–પંચેન્દ્રિય જીવો જે રીતે માનસવિજ્ઞાનથી યુક્ત ( ભાનવાળા ) હોય છે અને તીક્ષ્ણ શસ્ત્રોથી શરીરના એક ભાગરૂપ માંસની પેશીઓ કપાતાં પ્રતિક્ષણ સીત્કાર મૂકતા તેઓ જેમ અત્યંત દુઃખી થાય છે, તે રીતે જીવ તરીકે તુલ્ય છતાં એક જ ઇન્દ્રિયપણું હોવાથી મગ વગેરેના જીવો તેવા (દુઃખી) થતા નથી, તો તેઓની પરસ્પર તુલ્યતા કેમ ઘટે ? (૭૧૧૨ થી ૧૪) તે આ પ્રમાણે–'રે રે મારો ! જલ્દી ભક્ષણ કરીએ !'–એ વગેરે અત્યંત ક્રૂર વાણીને તેઓ કાનથી સ્પષ્ટ સાંભળે છે, (૭૧૧૫) ઘસેલા ( તેજથી ચળકતાં ) અતિ તીક્ષ્ણ ખડ્ગ વગેરેના સમૂહને હાથમાં ધારણ કરેલા પુરુષને અને તેના પ્રહારને પણ તેઓ ભયથી ભમતાં ચપળ કીકીવાળાં નેત્રોથી તૂર્ત દેખે છે, (૭૧૧૬) ચિત્તમાં ભયને અનુભવે છે અને ભય પામેલો તે પુનઃ ધ્રૂજતા શરીરવાળો બીચારો એમ માને છે કે–અહા હા ! મારું મરણ આવ્યું. (૭૧૧૭) એમ જીવપણું તુલ્ય છતાં પંચેન્દ્રિય જીવો જેવા તીક્ષ્ણ દુઃખને સ્પષ્ટ અનુભવે છે, તે રીતે મગ વગેરે એકેન્દ્રિયો અનુભવતા નથી. (૭૧૧૮) વળી પંચેન્દ્રિય જીવ પરસ્પર સાપેક્ષ એવા મન, વચન અને કાયા–એ ત્રણેય દ્વારા અત્યંત દુઃખને અવશ્ય (**વત્ત**=) પ્રગટ અનુભવે છે અને મગ વગેરે એકેન્દ્રિઓ તો પ્રાપ્ત થએલા પણ દુઃખને માત્ર કાયાથી અને તે પણ કંઈક માત્ર અવ્યક્તારૂપે વેદે છે. (૭૧૧૯-૨૦) અને બીજું–હિંસકને પાસે આવેલો જોઈને મરણથી ડરતો તે બીચારો પંચેન્દ્રિય જીવ કોઈ રીતે પોતાના જીવનની રક્ષા માટે જે જે રીતે આમ-તેમ ચળવળ કરે છે, ત્રાસ પામે છે, નાસે છે, છૂપાય છે અને જુવે છે, તે તે

રીતે માંસની ગૃદ્ધિવાળો, આવેશવશ થએલો, વધ કરનાર પણ તેને વિશ્વાસ પમાડવા, ઠગવા, પકડવા અને મારવા વગેરેના ઉપાયોને જે રીતે ચિંતવે છે, તે રીતે નિયમા એકેન્દ્રિયને હણવામાં ( થતું ) નથી. (૭૧૨૧ થી ૨૩) તેથી જ્યાં જ્યાં મરનારમાં બહુ દુઃખ સંભવિત હોય અને જ્યાં જ્યાં મારનારમાં દુષ્ટ અભિપ્રાય ( આશય ) હોય, ત્યાં જ ( તેવી હિંસામાં જ ) બહુ દોષો થાય; અને ત્રસ જીવોમાં તેવું સ્પષ્ટ સંભવે છે, તેથી તેના અંગને જ માંસ કહ્યું છે અને તેને જ નિષેધ્યું છે. (૭૧૨૪-૨૫) તે પંચેન્દ્રિયથી વિપરીતતા હોવાથી ઘણાં જીવો છતાં મગ વગેરે માંસ નથી અને લોકમાં પણ તે રીતે પ્રસિદ્ધિ હોવાથી તે દુષ્ટ નથી. (૭૧૨૬) વળી ( एवं = ) એ રીતે કેવળ જીવ અંગપણાથી જ આ ( માંસ ) અભક્ષ્ય નથી, કિન્તુ તેમાં ઉત્પન્ન થતા બીજા પણ ઘણા જીવો હોવાથી તે અભક્ષ્ય છે. કારણ કહ્યું છે કે-"કાચી, પકાવેલી અને પકાવાતી ( પ્રત્યેક ) માંસની પેશીઓમાં નિગોદ જીવોનો આત્યંતિક ( સતત ) ઉત્પાત કહ્યો છે." (૭૧૨૭-૨૮) વળી મૂઢ બુદ્ધિવાળા બીજા કેટલાક પાંચ મગ ખાવાથી પંચેન્દ્રિયનું ભક્ષણ કહે ( માને ) છે તે બરાબર નથી, કારણ કે-તે મોહનું ( અજ્ઞાન ) વચન છે.(૭૧૨૯) જેમ તંતુઓ પરસ્પર સાપેક્ષપણાથી પટરૂપને પામે છે અને પુનઃ ઘણા પણ નિરપેક્ષપણાથી ( જુદા રહેલા ) પટરૂપને પામતા નથી. એ રીતે પરસ્પર સાપેક્ષ ભાવવાળી અને સ્વવિષયને ગ્રહણ કરવામાં તત્પર, એવી (પાંચેય) ઇન્દ્રિઓનું એક શરીરમાં મિલન તે પંચેન્દ્રિયપણું છે. (૭૧૩૦-૩૧) સુખ-દુઃખનો અનુભવ કરાવનાર વિજ્ઞાનનો પ્રકર્ષ પણ ત્યાં જ (હોય) છે, જ્યારે પ્રત્યેક ભિન્ન ઇન્દ્રિયવાળા ઘણા પણ મગ વગેરેમાં તે (સંવેદનનો પ્રકર્ષ) હોતો નથી. (૭૧૩૨) એમ અત્યંત અવ્યક્ત એવા માત્ર એક સ્પર્શનેન્દ્રિયના જ્ઞાનને આશ્રીને ઘણા પણ મગ વગેરેમાં પંચેન્દ્રિયપણું અઘટિત છે. (૭૧૩૩) લૌકિકશાસ્ત્રોમાં (ઉપર) કહેલા ક્રમથી માંસને નિષેધીને, પુનઃ તે જ શાસ્ત્રોમાં આપત્તિ કે શ્રાદ્ધ વગેરેમાં તેની અનુજ્ઞા કરી છે. કારણ (ત્યાં) આ પ્રમાણે કહ્યું છે કે-(૭૧૩૪) ( प्रोक्षितं = ) વેદમંત્રથી મંત્રેલા બ્રાહ્મણોની ઇચ્છાથી ( અર્થાત્ જમનારાં બ્રાહ્મણોની માંસને અનુમતિથી ) ( યથાવિધિ નિયુક્ત= ) શાસ્ત્રોક્ત વિધિ પ્રમાણે ગુરૂએ જેને યજ્ઞક્રિયામાં નીમ્યો હોય, તે યજ્ઞવિધિ કરાવનારે ખાવું જોઇએ; અથવા જ્યારે પ્રાણોનો નાશ થતો હોય ત્યારે ખાવું જોઇએ. (૭૧૩૫) વિધિપૂર્વક યજ્ઞક્રિયામાં નીમેલો જે બ્રાહ્મણ તે માંસને ખાતો નથી, તે મરીને એકવીશ (સંભવાન્=) જન્મો સુધી પશુપણાને પામે છે. (૭૧૩૬) એમ અનુજ્ઞા કરાયેલા પણ આ માંસનો ત્યાગ કરવો એ જ શ્રેષ્ઠ છે, કારણ કે-તે શાસ્ત્રોમાં પણ પુનઃ આ પ્રમાણે પણ કહ્યું છે કે-(૭૧૩૭) આપત્તિમાં અને શ્રાદ્ધમાં પણ જે બ્રાહ્મણ માંસને ખાતો નથી, તે ઉત્તમ ગોત્રવાળો (સદાયાદ=) પુત્રો સહિત અને ગોત્રીય મનુષ્યો સહિત સૂર્યલોકમાં પૂજાય છે. (૭૧૩૮) (એમ) લૌકિક અને લોકોત્તર શાસ્ત્રોમાં માંસભક્ષણને (નિરત્થં=) દૂર કર્યું ( નિષેધ્યું ) છે, તેથી જ તે અવસ્તુ એવા

માંસને ધીરપુરુષોએ દૂરથી જ ( મૂળથી જ ) સર્વથા વર્જવું જોઈએ, (૭૧૩૯) માંસ ખાનારાને નિયમા સર્વ લોકોથી અનાદર, ભવાન્તરમાં આકરી દરિદ્રતા, (ઉત્તમ) જાતિ-કુળની અપ્રાપ્તિ, અતિ નીચ ( પાપ ) કાર્યો કરીને આજીવિકા મેળવવી, શરીરે અશક્તિપણું, ભયથી (સદા) પીડાવાપણું, અતિ દીર્ઘ રોગીપણું અને સર્વથા અનિષ્ટપણું થાય છે. (૭૧૪૦-૪૧) માંસના વેચનારને ધનના લોભથી, ભક્ષકને ઉપભોગ કરવાથી અને હણનારને વધ-બંધનોથી-એમ ત્રણેયને માંસના કારણે હિંસકપણું છે. (૭૧૪૨) નિશ્ચે જે માંસને ખાતો નથી, તે પોતાના અપયશવાદનો નાશ કરે છે અને જે તેને ખાય છે, તે નીચ સ્થાનોને ( દુઃખદ સંયોગોને ) સેવે છે. (૭૧૪૩) એમ માંસ અત્યંત આકરાં દુઃખોવાળી નરકનું એક ( અવન્ધ્ય ) કારણ, અપવિત્ર, અનુચિત અને સર્વથા તજવાયોગ્ય છે, માટે તે ગ્રહણ કરવા યોગ્ય નથી. (૭૧૪૪) જે વ્યવહારમાં દુષ્ટ છે અને ( **લોએ=** ) લોકમાં તથા ( **સત્થે** ) શાસ્ત્રમાં ( પણ ) જે દૂષિત છે, તે માંસ નિશ્ચે અભક્ષ્ય જ છે. તેને ચક્ષુથી જોવું પણ નહિ. (૭૧૪૫) હાથમાં માંસની પેશી પકડેલા ચંડાળ વગેરે પણ કોઈ વખતે માર્ગમાં સામે આવતા સજ્જનને જોઈને લજ્જા પામે છે. (૭૧૪૬) જે ઘણા દોષના સમૂહ એવા માંસને મનથી પણ ખાતો ( ઇચ્છતો ) નથી, તેણે ગાયોનાં, સોનાનાં ( **પાઠાં૦ ગોમેહ=**) ગોમેધ યજ્ઞનાં અને પૃથ્વીનાં લાખો દાન આપ્યાં. (અર્થાત્ તેટલું પુણ્ય પામે છે.) (૭૧૪૭) હું માનું છું કે-માંસાહારી જેમ બીજાના માંસને (ખાય છે), તેમ પોતાના જ માંસને જો-આદરે ( ખાય ), તો નિશ્ચે બીજાને પીડા ન થવાથી તેવો દોષ પણ ન લાગે. (૭૧૪૮) પરંતુ એ સંભવિત નથી. અન્યથા ત્રણ જવ ( જેટલા ) માંસ માટે અભયકુમારને અઢાર ક્રોડ સોનૈયા મળ્યા, એવું કેમ સંભળાય છે? (૭૧૪૯) તે આ પ્રમાણે-

**સ્વમાંસના મૂલ્ય વિષે અભયકુમારનો પ્રસંગ**-રાજગૃહ નગરમાં અભયકુમાર વગેરે મુખ્ય મંત્રીઓ સાથે રાજસભામાં બેઠેલા શ્રેણિક રાજાની આગળ વિવિધ વાર્તાઓ ચાલતાં પ્રસંગવશ એક પ્રધાન પુરુષે કહ્યું કે-હે દેવ! આ તમારા નગરમાં ધન-ધાન્યાદિ મોંઘું અને દુર્લભ છે, માત્ર એક માંસ સોંઘું અને સર્વત્ર સુલભ છે. (૭૧૫૦ થી ૫૨) તેનું તે વચન સામંતો અને મંત્રીઓ સહિત રાજાએ સમ્યગ્ સ્વીકાર્યું ( સાચું માન્યું. ) માત્ર નિર્મળ બુદ્ધિવાળા અભયકુમારે કહ્યું કે-હે તાત! આમ કેમ મુંઝાઓ ( મોહવશ થાઓ ) છો? આ જગતમાં નિશ્ચે જેમ માંસથી કંઈ પણ મોંઘું નથી. ( માંસ સર્વથી મોંઘું છે, ) તેમ કાંસુ ( ધાતુઓ ) અને દુષ્ય ( વસ્ત્રો ) વગેરે વસ્તુઓ ( સર્વથી સોંઘી અને) સુલભ છે. (૭૧૫૩-૫૪) મંત્રીઓએ કહ્યું કે-થોડું મૂલ્ય આપતાં પણ ઘણાં માંસની પ્રાપ્તિ થાય છે, તો આ પ્રમાણે માંસને અત્યંત મોંઘું કેમ કહે છે? પ્રત્યક્ષ જ જુઓ! બાકીની વસ્તુઓ ઘણું ધન આપવાથી મળે છે એમ જ્યારે કહ્યું, ત્યારે અભય મૌન કરીને રહ્યો. (૭૧૫૫-૫૬) ( પછી ) આ જ વચનને પ્રતિષ્ઠિત ( સિદ્ધ ) કરવા માટે તેણે શ્રેણિક રાજાને કહ્યું કે-હે તાત! માત્ર પાંચ દિવસ ( માટે ) રાજ્ય મને આપો! (૭૧૫૭) રાજાએ

સઘળા લોકને બોલાવીને '(મારું) માથું દુઃખે છે'–એમ કહીને અભયને રાજ્ય ઉપર સ્થાપ્યો અને પોતે પણ અંતઃપુરમાં રહ્યા. (૭૧૫૮) અભયે પણ સમસ્ત લોકોને દાણ–કર વિનાના (મુક્ત) કર્યા અને પોતાનું રાજ્ય ચાલવાથી અમારિનો ઢંઢેરો પીટાવ્યો. (૭૧૫૯) જ્યારે પાંચમો દિવસ આવ્યો, ત્યારે રાત્રે વેશપરાવર્તન કરીને શોકથી પીડાતો હોય તેમ, તે સામંતોના અને મંત્રીઓના ઘરોમાં ગયો. (૭૧૬૦) સામંતો વગેરેએ કહ્યું કે–નાથ ! આ રીતે આવવાનું શું કારણ છે? અભયે કહ્યું કે–(શ્રેણિક) રાજા મસ્તકની વેદનાથી અતિ પીડાય છે (૭૧૬૧) અને વૈદ્યોએ ઉત્તમ પુરુષોના કાળજાના માંસનું ઔષધ જણાવ્યું છે, તેથી તમે શીઘ્ર તમારા પોતાના કાળજાનું (અથવા તમારા પોતાના તે રાજાને) ત્રણ જવ જેટલું માંસ આપો (૭૧૬૨) તેઓએ પણ આ (અભય પ્રકૃતિએ) ક્ષુદ્ર છે (તેથી લાંચ આપીને છૂટાશે), એમ વિચારીને પોતાની રક્ષા માટે રાત્રે અઢાર ક્રોડ સોનૈયા આપ્યા. (૭૧૬૩) પ્રભાત સમય થતાં મુદત પૂર્ણ થઇ માનીને અભયે પોતાના પિતાને રાજ્ય (પાછું) આપ્યું. પછી તે (અઢાર ક્રોડ) સુવર્ણ મોટા ઢગલાને જોઇને વ્યાકુલિત મનવાળા તેણે (શ્રેણિકે) માન્યું કે-નિશ્ચે અભયે લોકોને (લૂંટીને) નિર્ધન કર્યા છે, અન્યથા આટલી મોટી ધનની પ્રાપ્તિ કેમ થાય? (૭૧૬૪-૬૫) પછી નગરવાસી લોકોના પ્રવાહને (આશયને) જાણવા (શ્રેણિકે) ત્રિકમાર્ગ, ચૌટાં તથા ચતુષ્પથ વગેરે સ્થળોમાં (તપાસ કરવા) ગુપ્તચરોને આદેશ કર્યો, (૭૧૬૬) (ત્યાં) "(**નિર્ગત=**) પ્રગટ (**પયાવ=**) તેજવાળો (પ્રગટપ્રભાવી) મનોહર અમૃતની મૂર્તિ જેવો અભયકુમાર યાવચ્ચંદ્રદિવાકર ચિરકાળ રાજ્યલક્ષ્મીને ભોગવો !" (૭૧૬૭)–એ પ્રમાણે નગરમાં સઘળાંય ઘરોમાં મનુષ્યોના મુખથી (અભયનો) યશવાદ સાંભળીને ગુપ્તચરોએ રાજાને યથાસ્થિત સર્વ કહ્યું. (૭૧૬૮)ત્યારે વિસ્મિત મનવાળા રાજાએ અભયકુમારને પૂછયું કે–હે પુત્ર ! આટલી મોટી ધનસંપત્તિ કયાંથી પ્રાપ્ત થઈ? (૭૧૬૯) તેણે પણ વિસ્મિત હૃદયવાળા શ્રેણિકને 'ત્રણ જવપ્રમાણ માંસની માગણી' વગેરે સર્વ વૃત્તાન્ત યથાસ્થિત કહ્યો. (૭૧૭૦) તે પછી રાજાએ અને શેષ લોકોએ પણ નિર્વિવાદપણે માંસનું અત્યંત મોંઘાપણું અને અતિ દુર્લભપણું સ્વીકાર્યું. (૭૧૭૧) એમ સમ્યક્ સાંભળીને હે મુનિવર ! આરાધનાના મનવાળો તું પૂર્વે કરેલા પણ માંસના આસેવનને (માંસાહારને) સંભારીશ નહિ. (૭૧૭૨) એમ પ્રસંગપ્રાપ્ત માંસ વગેરેના સ્વરૂપકથનથી સંબદ્ધ (અર્થાત્ માંસાદિના વર્ણન સહિત) મદ્યદ્વારને કહીને હવે વિષયદ્વારને કહું છું. (૭૧૭૩)

**અનુશાસ્તિના ચોથા પ્રમાદ નામના પેટાદ્વારમાં બીજા વિષયપ્રમાદનું સ્વરૂપ**–આની પહેલાં જ પૂર્વે મદ્યના જે દોષો કહ્યા, તે જ દોષો વિષયો સેવવામાં પણ પ્રાયઃ વિશેષતયા થાય છે, (૭૧૭૪) કારણ કે–એ વિષયોમાં (**કયમણા=**) આસક્ત મનુષ્યો વિશેષતયા સીદાય છે. એ કારણે વિષયોની 'વિ+સદ=વિષય' એવી નિર્યુક્તિ (વ્યાખ્યા) કરી છે, (૭૧૭૫) એ વિષયો નિશ્ચે મહા શલ્ય છે, પરલોકનાં કાર્યોમાં મહા

શત્રુઓ છે, મહા વ્યાધિ છે અને પરમ દરિદ્રતા છે. (૭૧૭૬) જેમ હૃદયમાં ભોંકાએલું શલ્ય (ખીલો–કાંટો) પ્રાણીઓને (સુહેલ્લિં=) સુખને આપતું નથી, તેમ હૃદયમાં વિચારેલા માત્ર પણ વિષયો દુઃખી જ કરે છે. (૭૧૭૭) જેમ કોઈ મહા શત્રુ વિવિધ દુઃખોને આપે છે, તેમ વિષયો પણ (દુઃખોને આપે છે) અથવા (શત્રુ એક જ ભવમાં અને વિષયો તો) પરભવમાં પણ (દુઃખોને આપે છે.) (૭૧૭૮) જેમ મહા વ્યાધિ આ ભવમાં પીડે છે, તેમ આ વિષયો પણ (અહીં) પીડે છે, ઉપરાન્ત એ અન્ય ભવોમાં પણ અનંતગુણું પીડે છે. (૭૧૭૯) જેમ અહીં મહા દરિદ્રતા સઘળા પરાભવોનું સ્થાન (કારણ) છે, તેમ વિષયો પણ નિશ્ચે પરાભવોનું પરમ કારણ છે. (૭૧૮૦) જેઓ વિષયોરૂપી માંસમાં આસક્ત છે, તે ઘણા (સઘળા) પણ પુરુષો ઘણાં પરાભવનાં સ્થાનોને પામ્યા છે, પામે છે અને પામશે. (૭૧૮૧) (વિસઈ=) વિષયાસક્ત મનુષ્ય જગતને તૃણતુલ્ય માને છે, વિષયનો સંદેહ હોય ત્યાં પણ પ્રવેશ કરે (જાય) છે, મરણને પણ છાતી આપે છે (ડરતો નથી, અપ્રાર્થનીયને (નીચને) પણ પ્રાર્થના કરે છે, ભયંકર સમુદ્રને પણ ઓળંગે છે, તેમજ ઘોર વેતાલને પણ સાધે છે. વધારે શું ? વિષયો માટે મનુષ્યો યમના મુખમાં પણ પેસે છે, મરવા પણ તૈયાર થાય છે. (૭૧૮૨–૮૩) વિષયાતુર (જીવ) મોટા (હિતકર) કાર્યને તજીને એક મૂહૂર્ત્ત માત્રમાં તેવા કાર્યને (પાપને) કરે છે, કે જેનાથી જાવજ્જીવ જગતમાં હાંસી થાય. (૭૧૮૪) વિષયરૂપી ગ્રહને વશ પડેલો મૂઢ પુરુષ પિતાને પણ મારવા પ્રયત્ન કરે છે, બંધુને પણ શત્રુ જેવો માને છે અને (અણિબદ્ધ=) સ્વેચ્છાથી કાર્યો કરે છે. (સ્વેચ્છાચારી બને છે.) (૭૧૮૫) વિષયો અનર્થનો પંથ છે, પાપી વિષયો માન–મહત્ત્વના નાશક છે, લઘુતાનો માર્ગ છે અને અકાળે ઉપદ્રવકારી છે. (૭૧૮૬) વિષયો અપમાનનું સ્થાન છે, અપકીર્તિનું (અવજ્ઝં=) સફળ (અવશ્ય) કારણ છે, દુઃખનું એક (પરમ) કારણ છે અને આ ભવ પરભવના ઘાતક છે. (૭૧૮૭) વિષયાસક્ત પુરુષનું મન સ્ખલિત (માર્ગભ્રષ્ટ) થાય છે, બુદ્ધિ નાશ પામે છે, શુક્ર (અથવા પરાક્રમ) ઘટે છે અને ગુરુના હિતકર પણ ઉપદેશને તે વિસારી દે છે. (૭૧૮૮) ત્રણ લોકના ભૂષણભૂત તે પ્રચંડ (ઉત્તમ) જાતિ, તે કુળ અને તે કીર્તિ, (પણ) જો વિષયાસક્તિ છે, તો તે (સર્વ) ડાબા પગથી સ્પર્શિત (અર્થાત્ દૂર ફેંકયાં) છે. (૭૧૮૯) શ્રી જિનમુખ જોવામાં ચતુર નેત્રવાળો (અથવા શ્રી જિનવચનને જાણવામાં ચતુર એવા જ્ઞાનચક્ષુવાળો) પણ ત્યાં સુધી દર્શનીય પદાર્થોને જોઈ શકે છે, કે જ્યાં સુધી હજુ વિષયાસક્તિરૂપ (નીલિમા=) નેત્રરોગ થયો નથી. (૭૧૯૦) મનમંદિરમાં ધર્મના અભિપ્રાય (આદર) રૂપી પ્રદીપ ત્યાં સુધી જાગતો રહે છે, કે હજુ જ્યાં સુધી વિષયાસક્તિરૂપ (વાઓલી=) પવનની આંધી આવી નથી. (૭૧૯૧) સર્વજ્ઞની વાણીરૂપી વહાણ ત્યાં સુધી સંસારસમુદ્રથી તારવા સમર્થ છે, કે હજુ જ્યાં સુધી વિષયાસક્તિરૂપી પ્રતિકૂળ પવન વાયો નથી. (૭૧૯૨) નિર્મળ વિવેકરત્ન હજુ જ્યાં સુધી ચમકે છે અથવા પ્રકાશ કરે છે, કે જ્યાં સુધી હજુ વિષયાસક્તિરૂપી રજે તેને મલિન

કર્યું નથી. (૭૧૯૩) જીવરૂપી શંખમાં રહેલું શિયળરૂપી નિર્મળ જળ ત્યાં સુધી શોભે છે, કે જ્યાં સુધી વિષયના દુરાગ્રહરૂપી અશુચિના સંગથી તે મલિન થયું નથી. (૭૧૯૪) ધર્મને કરવામાં અશક્ત અને વિષય સેવવામાં આસક્ત એવા અતિ નિર્ઘૃણ (કઠોર) જીવો પોતાને અશરણ (તરીકે) જાણતા નથી અને હિતને કરતા નથી. (૭૧૯૫) વિષયો વિદ્વાનોને ઝેર દેનારા, શ્રી જિનાગમરૂપ અંકુશની સર્વથા અવગણના કરનારા, શરીરના રુધિરને ચૂસવામાં મચ્છર જેવા અને સેંકડો અનિષ્ટોને આપનારા થાય (ભાસે) છે. (૭૧૯૬) અતિ ચિરકાળ તપને તપ્યા, ચારિત્ર પાળ્યું અને શ્રુત પણ ઘણું ભણ્યા, તથાપિ જો વિષયોમાં બુદ્ધિ છે, તો નિશ્ચે તે સર્વ નિષ્ફળ છે. (૭૧૯૭) અહો! વિષયો-રૂપી પ્રચંડ લૂંટારાઓ, જીવના સમ્યગ્જ્ઞાનરૂપી મણિઓથી અતિ મૂલ્યવાન અને સ્ફુરાયમાન એવા ચારિત્રરત્નથી (ચિંચઇયં=) સુશોભિત એવા ભંડારને લૂંટે છે. (૭૧૯૮) તે વિષયાભિલાષને ધિક્કાર હો! કે (જેનાથી) તે મહત્ત્વ, તે તેજ તે વિજ્ઞાન અને તે ગુણો, સર્વ પણ નિશ્ચે એક ક્ષણમાં નાશ પામ્યું (પામે) છે. (૭૧૯૯) હા, ધિક્! પૂર્વે (કદાપિ) નહિ મળેલા એવા શ્રી જિનવચનરૂપી (ઉત્તમ) રસાયણનું પાન કરીને પણ વિષયરૂપી મહા ઝેરથી વ્યાકુળ થએલાઓએ તેને વમી નાખ્યું. (૭૨૦૦) સદાચરણમાં (અપ્પાણું=) અપ્રાણ (શક્તિરહિત) અને પાપના આશ્રવમાં (બંધમાં) (સપ્પાણું= સશક્ત એવા પાપીઓ (અપ્પાણું=) પોતાના આત્માને વિષયોના કારણે કદર્થના કરે છે. (૭૨૦૧) જે વિષયોની ગૃદ્ધિને કરે છે, તે પાપી દૃષ્ટિવિષ સર્પની પાસે ઊભો રહે (મરે) છે, તીક્ષ્ણ ખડ્ગની ધાર ઉપર (વલ્ગતિ=) ચાલે છે, તલવારના (બનેલા) પિંજરામાં રમત કરે છે, શક્તિ(ભાલા)ની અણી ઉપર શયન કરે છે અને અગ્નિને વસ્ત્રમાં બાંધે છે. વળી તે મૂઢ પોતાના મસ્તકથી પર્વતને તોડે છે, ધગધગતા અગ્નિને ભેટે છે અને જીવવા માટે ઝેરને ખાય છે, વળી તે ભૂખ્યા સિંહને, કુપિત સર્પને અને અતિ ઘણી માખીઓવાળા મધને (મધપુડાને) પ્રહાર કરે છે. (૭૨૦૨ થી ૪) અથવા નિશ્ચે જેને વિષયોમાં ગૃદ્ધિ છે, તેના મુખમાં જ ઝેર, ખાંધે અતિ તીક્ષ્ણ તલવાર, સામે જ ખાઈ, ખોળામાં જ કાળો નાગ અને પાસે જ યમ રહેલો છે, તેના હૃદયમાં જ પ્રલયનો અગ્નિ સળગે છે અને મૂળમાં (પ્રકૃતિમાં) કલિ (કલહ) છૂપાએલો છે, (૭૨૦૫-૬) અથવા નિશ્ચે તેણે મરણને પોતાના વસ્ત્રના છેડે ગાંઠથી બાંધીને રાખ્યું છે અને તે અશક્ત શરીરવાળો (છતાં) ધ્રૂજતી ભીંતો અને તળિયાવાળા (ધ્રૂજતા) પ્રાસાદમાં સૂતો છે. (અર્થાત્ મરવાની તૈયારીવાળો છે.) (૭૨૦૭) વળી જે વિષયોમાં ગૃદ્ધિ કરે છે, તે (તત્ત્વથી) શૂળી ઉપર બેસે છે. સળગતા લાખના ઘરમાં પેસે છે અને ભાલાની અણી ઉપર નાચે છે. (૭૨૦૮) અથવા એ (ઉપર કહેલાં) દૃષ્ટિવિષ સર્પ વગેરે તો તે ભવમાં જ નાશ કરનારાં છે અને આ (હય=) હત-ધિક્કારપાત્ર વિષયો તો અનંતા ભવો સુધી દારુણ દુઃખને દેનારા છે. (૭૨૦૯) અથવા તે (દૃષ્ટિવિષ સર્પ વગેરે) સર્વ તો મંત્ર, તંત્ર

કે દેવ વગેરેથી સ્તંભિત (વશ) કરે છતે આ ભવમાં પણ ભયજનક બનતા નથી અને વિષયો તો દુરંત (ઘણા ભવો સુધી નડે) છે. (૭૨૧૦) જડપુરુષો (કામની) પીડાના દુઃખને શમાવવા વિષયોને ભોગવે છે, પણ ઘીથી જેમ અગ્નિ વધે, તેમ તે વિષયોથી પીડા અતિ દઢ (ગાઢ) ઉછળે (વધે) છે. (૭૨૧૧) જેઓ વિષયમાં ગૃદ્ધ છે, તેઓ શૂરા છતાં સ્ત્રીઓના (અબળાના) પણ મુખને જોતા (લાચાર) બને છે અને જેઓ તે વિષયોથી વિરાગી છે, તેઓ દેવોને (પણુતિપયં=) નમસ્કરણીય બને છે, (૭૨૧૨) મોહ મહાગ્રહને વશ થયેલો વિષયાધીન જીવ અરતિથી યુક્ત અને ધર્મરાગથી મુક્ત થઈને મન-વચન-કાયાને અવિષયમાં પણ જોડે છે (ન કરવાનું કરે છે) (૭૨૧૩) અને વિષયોની (સામે) યુદ્ધભૂમિમાં જોડેલી દુર્જય ઇન્દ્રિઓરૂપી હાથીઓની ઘટા (સમૂહ), શત્રુ એવા રૂપ (શબ્દ) વગેરે વિષયોને જોઈને મન-વચન-કાયાથી વિલાસ કરે છે. (અર્થાત્ જે ઇન્દ્રિઓ વિષયોને જીતવા માટે છે, તે જ તેમાં ફસાઈ જાય છે.) (૭૨૧૪)

અને વળી-વિષયાસક્તિનો ત્યાગી અને પોતાની બુદ્ધિમાં તેવા પ્રકારના નિર્મળ વિવેકને ધારણ કરનારો, એવો પણ પુરુષ યુવતીવર્ગમાં સદ્‌ભાવ, વિશ્વાસ, સ્નેહ અને રાગનો પ્રસંગ (રાગથી પરિચય) કરતો અલ્પકાળમાં જ તપનો, શીલનો અને વ્રતોનો નાશ કરે છે. (૭૨૧૫-૧૬) (કારણ કે-) જેમ જેમ પરિચય કરવામાં આવે, તેમ તેમ ક્ષણ ક્ષણ તેનો (રાગનો) વિસ્તાર (વૃદ્ધિ) થાય છે અને થોડો પણ ઘણો થઈ જાય છે. પછી તેને રોકતાં (જીવ) સંતોષને પામતો નથી. (વધી ગયા પછી તેને રોકવાનું સામર્થ્ય પહોંચતું નથી.) (૭૨૧૭) અને એ પ્રમાણે (અસંતોષ-આસક્તિ વધી જવાથી) નિર્લજ્જ બનેલો, અકાર્યની ઇચ્છાવાળો અને અંગીકાર કરેલાં સુકૃત (પુણ્ય) કાર્યોથી (વ્રતાદિથી) મુક્ત બનેલો તે પાપી તૂર્ત તેને (વિષયસેવનને) જ કરે છે. (૭૨૧૮) પોતે ચારેય બાજુથી ડરતો વિષયાસક્ત પુરુષ ચારેય બાજુથી ડરતી (સ્ત્રી) સાથે (જ્યારે) ગુપ્ત રીતે વિષયક્રીડાને કરે છે, ત્યારે પણ (ભયભીત છતાં) જો તે સુખી હોય, તો આ વિશ્વમાં દુઃખી કોણ (છે)? (૭૨૧૯)

વળી વિષયાધીન મનુષ્ય દુર્લભ ચારિત્રરત્નને કોઈ પ્રસંગે (માત્ર) એક વાર જ ખંડિત કરીને પણ જાવજ્જીવ સકળ લોકમાં દુર્ગંચ્છનીયપણાને પામે (તિરસ્કારપાત્ર બને) છે. (૭૨૨૦) માત્ર પ્રારંભમાં કંઈક માત્ર સુખ દેનારા પણ ભવિષ્યમાં ઘણા જન્મોનું નિમિત્ત હોવાથી સત્પુરુષોને સેવતી વેળાએ પણ વિષયો દુઃખદાયક હોય છે. (૭૨૨૧) હા! ધિક્! કે સડેલા, બીભત્સ અને દુર્ગંચ્છાપાત્ર, એવા (પણ) સ્ત્રીના (ગુપ્ત) અંગમાં કૃમિયાની જેમ દુઃખને પણ સુખ માનતો જીવ રમે (રાજી થાય) છે. (૭૨૨૨) પછી તે વિષયો માટે આરંભ અને મહા પરિગ્રહમય (બનેલો) જીવ સેંકડો દુઃખોના કારણભૂત બહુ પ્રકારના પાપોના બંધને પણ ભજે (કરે) છે. (૭૨૨૩) તેનાથી અનેકશઃ નરકની વેદનાઓને અને તિર્યંચની ગતિઓને (દુઃખોને) પામે છે. એમ વિષયો તાવવાળા

જીવને ( **મજ્જિઆ=** ) શીખંડ વગેરેનું પાન કરાવવા તુલ્ય છે. (૭૨૨૪) જો વિષયોથી કોઈ પણ ગુણ ( થતો ) હોત, તો નિશ્ચે શ્રી જિનેશ્વરો, ચક્રવર્તીઓ અને બળદેવો તે રીતે વિષયસુખને સર્વથા તજીને ધર્મરૂપી આરામમાં રમત નહિ ! (૭૨૨૫) તેથી હે દેવાનુપ્રિય ! તું એ રીતે પ્રયત્નપૂર્વક વિચારીને વિષયના અલ્પ માત્ર સુખને તજી દે અને પ્રશમના અપરિમિત સુખને ભોગવ ! (૭૨૨૬) કારણ કે–પ્રશમનું સુખ ક્લેશ ( કષ્ટ ) વિના સાધ્ય ( અથવા અક્લેશનું કારણ ), લજ્જા નહિ પમાડનારું, પરિણામે સુંદર અને આ વિષયસુખ કરતાં અનંતાનંત ગુણિત છે. (૭૨૨૭) તેથી અત્યંત કૃતાર્થ, આ પ્રશમમાં જ ગાઢ રાગી મનવાળા, ધીર અને નિત્ય પરમાર્થના સાધક, તે સાધુઓ જ ધન્ય છે, કે જેઓએ સંસારને સતત મરણના રણરણાટથી ( સંતાપથી ) ભયંકર જાણીને, વિષ જેવા વિષમ વિષયસુખને અત્યંત તજ્યું છે. (૭૨૨૮–૨૯) વિષયોની આશાથી બદ્ધ ચિત્તવાળા (જીવો) વિષયસુખને પામ્યા વિના પણ કંડરિકની જેમ નિયમા ઘોર સંસારમાં ભટકે છે. (૭૨૩૦) તે આ પ્રમાણે–

**વિષયેચ્છાની ભયંકરતાં વિષે કંડરીકનો પ્રબંધ**–પુંડરીકિણી નગરીમાં પ્રચંડ ભુજાદંડથી શત્રુઓનો પરાભવ કરનાર ( છતાં ) શ્રી જિનેશ્વરના ધર્મમાં એક દૃઢરાગી પુંડરીક નામે રાજા હતો. (૭૨૩૧) તે મહાત્મા સદ્‌ગુરુ સમીપે રાજ્યલક્ષ્મીને વિજળીના ચમકારા જેવી નાશવંત, જીવનને પણ સખ્ત પવનથી અથડાયેલી દીપકની જ્યોતિ જેવું અતિ ચપળ અને વિષયસુખને પણ કિંપાક ફળની જેમ અંતે સવિશેષ દુઃખદાયી જાણીને, પ્રતિબોધ પામેલો, પ્રવ્રજ્યા કરવાની ઇચ્છાવાળો, અતિ સ્નેહાળ કંડરીક નામના પોતાના નાના ભાઇને બોલાવીને કહેવા લાગ્યો કે–હે ભાઈ ! તું અહીં હાલ રાજ્યલક્ષ્મીને ભોગવ ! ભવવાસથી વિરાગી હું હવે પ્રવ્રજ્યાને સ્વીકારીશ. (૭૨૩૨ થી ૩૫) કંડરીકે કહ્યું કે–મહાભાગ ! દુર્ગતિનું મૂળ હોવાથી જો તું રાજ્યને છોડીને પ્રવ્રજ્યાને સ્વીકારવા ઇચ્છે છે, તો મારે પણ રાજ્યથી શું ? સર્વથા રાગમુક્ત હું ગુરુના ચરણ-કમળમાં અત્યારે જ શ્રી ભાગવતી દીક્ષાને સ્વીકારીશ. (૭૨૩૬–૩૭) પછી રાજાએ ઘણા પ્રકારના હેતુઓ ( યુક્તિઓ ) દ્વારા સખ્ત રોકયો ( સમજાવ્યો ), છતાં અત્યંત ચંચળ-તાથી તે આચાર્યમહારાજ પાસે દીક્ષિત થયો. (૭૨૩૮) પછી ગુરૂકુળવાસમાં રહેલો, પુર–આકર વગેરેમાં વિચરતો અને અનુચિત આહારને કારણે શરીરે બીમાર થએલો તે ચિરકાળે પુંડરીકિણી નગરીમાં જ્યારે આવ્યો, ત્યારે પુંડરીક રાજાએ વૈદ્યનાં ઔષધો કરવા દ્વારા તેની સેવા કરી. (૭૨૩૯–૪૦) તેથી તે સ્વસ્થ શરીરવાળો થયો, તો પણ રસની લાલચથી બીજે વિચરવામાં અનુત્સાહી બનેલા તેને રાજાએ આ પ્રમાણે ઉત્સાહિત કર્યો. (૭૨૪૧) હે મહાયશ ! તમે ધન્ય છો, કે જે તપથી શોષેલા શરીરવાળા છતાં વૈરાગી દ્રવ્ય (ક્ષેત્ર) વગેરેમાં નિશ્ચે થોડા પણ રાગને કરતા નથી. (૭૨૪૨) તમે જ અમારા કુળરૂપી આકા-શમાં પૂર્ણિમાના પૂર્ણચંદ્ર છો, કે જેની ઉત્તમ ચારિત્રની પ્રભાના વિસ્તારથી વિશ્વ

ઉજ્જવળ થાય છે. (વિશ્વમાં નિર્મળ કીર્તિ વિસ્તરે છે.) (૭૨૪૩) હે મહાભાગ ! તમે જ અપ્રતિબદ્ધ વિહારને પાળ્યો છે, કે જે તમે મારી વિનંતિથી પણ અહીં રહેતા નથી. (૭૨૪૪) એમ ઉત્સાહકારક વચનોથી રાજાએ તેવી કોઈ ઉત્તમ રીતે સમજાવ્યા, કે જેથી નિશ્ચે શીતળવિહારી પણ કંડરીકે (**બહિયા=**) બીજે વિહાર કર્યો. (૭૨૪૫) (પણ) ભૂમિશયન, અસારભોજન વગેરેથી સંયમમાં ભગ્નમનવાળા, શીયલરૂપી મહાભારને વહન કરવામાં થાકેલા, મર્યાદારહિત, વિષયોના મોટા (દૃઢ) રાગવાળા તે ગુરુકુળવાસમાંથી નીકળીને રાજ્યના ઉપભોગ માટે પુનઃ પોતાની નગરીમાં આવ્યા (૭૨૪૬-૪૭) તે પછી રાજાના ઉદ્યાનમાં વૃક્ષની ડાળીએ ચારિત્રના ઉપકરણોને ટીંગાવીને નિર્લજ્જ તે લીલી વનસ્પતિથી વ્યાપ્ત ભૂમિ ઉપર બેઠાં. (૭૨૪૮) અને તેને તેવી રીતે બેઠેલા સાંભળીને (ત્યાં) આવેલા રાજાએ સંયમમાં સ્થિર કરવા માટે તેને નમીને આ પ્રમાણે કહેવા માંડયું. કે-(૭૨૪૯) તમે એક જ ધન્ય છો, કૃતપુણ્ય છો અને જીવનના ફળને પામેલા છો, કે જે તમે શ્રી જિનકથિત પ્રવ્રજ્યાને નિરતિચાર રીતે પાળો છો (૭૨૫૦)અને દુર્ગતિના હેતુભૂત સખ્ત બંધન જેવા રાજ્યથી બંધાએલો હું કંઈ પણ ધર્મકાર્ય કરવા પામતો નથી. (૭૨૫૧) એમ કહેવા છતાં વૃક્ષની સામે (અથવા કઠોર નજરે) જોતાં તે જ્યારે કંઈ પણ બોલ્યા નહિ, ત્યારે વૈરાગ્યને ધારણ કરતા રાજાએ પુનઃ પણ કહ્યું કે-હે મૂઢ ! પૂર્વે પણ દીક્ષાનો સ્વીકાર કરતાં તને મેં સખ્ત વાર્યો હતો અને તે વેળા રાજ્યને દેતો હતો. હવે નિજપ્રતિજ્ઞાને તોડનારા તૃણના લેશથી પણ હલકા બનેલા તને તે રાજ્યને આપવા છતાં શું સુખ (થશે)? (૭૨૫૨ થી ૫૪) એમ કહીને રાજાએ રાજ્ય તેને આપ્યું અને પોતે સ્વયં લોચ કરીને સઘળોય તેનો વેશ ગ્રહણ કર્યો. (૭૨૫૫) તે પછી સ્વયં પ્રવ્રજ્યાને સ્વીકારીને ગુરુ સમીપે ગયો અને પુનઃ ત્યાં (વિધિપૂર્વક) દીક્ષાને સ્વીકારીને છઠ્ઠના પારણે અનુચિત (શરીરને પ્રતિકૂળ) આહાર લેવાથી થયેલા સખ્ત પેટના શૂળથી મરીને સર્વાર્થસિદ્ધમાં દેવ થયો. (૭૨૫૬-૫૭)આ બાજુ (**ઈયરો=**) કંડરીક મંત્રી, સામંત, દંડનાયક વગેરે સઘળાં લોકોથી 'પ્રવ્રજ્યાને તજી દેનારો, પાપી'-એમ તિરસ્કાર કરાતો, વિષયોની અત્યંત ગૃદ્ધિથી પ્રચુર રસવાળાં પીણાં અને ભોજનમાં આસક્ત, રૌદ્રધ્યાનને વશ થયેલો, વિશૂચિકા રોગથી અધુરું આયુષ્ય તોડીને, (ઉપક્રમથી)મરીને તે સાતમી નારકીમાં નારકી થયો. એમ વિષયાસકત જીવો વિષયોને ભોગવ્યા (મેળવ્યા) વિના (પણ) દુર્ગતિને પામે છે. (૭૨૫૮ થી ૬૦) તેથી હે સુંદર ! (અહીં) જણાવેલા દોષોથી દૂષિત એવા પાપી વિષયોને અત્યંત તજીને આરાધનામાં એક સ્થિર મનવાળો તું નિષ્પાપ (નિર્મળ) મનને ધારણ કર ! (૭૨૬૧) એ પ્રમાણે વિષયદ્વારને જણાવ્યું. હવે ક્રમશઃ આવેલા ત્રીજા કષાયરૂપ પ્રમાદદ્વારને લેશથી જણાવું છું. (૭૨૬૨)

**અનુશાસ્તિના ચોથા પ્રમાદપેટાદ્વારમાં કષાયરૂપ ત્રીજા પ્રમાદનું સ્વરૂપ-** જો કે પૂર્વે કષાયોને ઘણી (**ભણિઈ=**) વ્યાખ્યાની પદ્ધતિઓ(યુક્તિઓ)ના સમૂહથી જણાવ્યા

છે, તો પણ તે અતિ દુર્જય હોવાથી પુનઃ પણ લેશથી કહેવાય છે. (૭૨૬૩) પિશાચની જેમ પછીથી ખેદકારક અને અશુભ (અથવા અસુખ) કરવાના એક વ્યવસાયવાળા આ દુષ્ટ કષાયો (જીવને) વિડંબનાકારક છે. (૭૨૬૪) (પ્રથમ) પ્રસન્નતાને દેખાડીને (પછી) અનિષ્ટ કરવા દ્વારા તે દુષ્ટ અધ્યવસાયના જનક છે, સિદ્ધિની (સાયા=) શાતાને (સુખને) રોકનારા અને પરલોકમાં (**વિરસ=**) અનિષ્ટની પ્રાપ્તિ કરાવનારા છે. (૭૨૬૫)સેવેલા કષાયો આ લોકમાં મહા સંકટને પમાડે છે, અતિ વિપુલ પણ સંપત્તિનો નાશ કરે છે અને કર્ત્તવ્યથી વંચિત (ભ્રષ્ટ) કરે છે. (૭૨૬૬) આશ્ચર્ય છે કે-(એક) કષાય (માત્ર) કરવાથી પુરુષ ધર્મને, શ્રુતને, યશને, અથવા સઘળા ગુણસમૂહને જલાંજલિ આપે (નાશ કરે) છે. (૭૨૬૭) કષાય કરવાથી આ જન્મમાં સર્વ લોકમાં નિંદાનું પાત્ર બને છે અને પરલોકમાં જરા-મરણથી દુસ્તર એવો સંસાર (વધે છે.) (૭૨૬૮)પછી પુણ્ય-પાપને ખેલવાની ચાર ગતિ સંસારરૂપ (**વાહિયાલી=**) અશ્વોને દોડાવવાની ભૂમિમાં જીવ (રૂપી ગેડી-લાકડી-અશ્વ) (**ગિરિડ=**) ગેડી-લાકડીની જેમ કષાયોરૂપી (**ચોયાણુ=**) પ્રેરકોનો (સ્વારોનો) માર ખાતો ભમે છે. (૭૨૬૯) દુષ્ટ કષાયો નિશ્ચે સર્વ અવસ્થાઓમાં પણ જીવોને (**અણિટ્ઠિકય=**) અનિષ્ઠિત-અખૂટ અનિષ્ટના કરનારા છે, કારણ કે-પૂર્વમુનિઓએ પણ કહ્યું છે કે-કષાયરૂપી કટુવૃક્ષનું પુષ્પ અને ફળ બન્ને દુઃખદ છે. પુષ્પથી કુપિત થએલો (પાપનું) ધ્યાન કરે છે અને ફળથી પાપને આચરે છે. (૭૨૭૦-૭૧) શ્રી જિનેશ્વરો કહે છે કે-નિશ્ચે સર્વ મનુષ્યોનું જે સુખ અને સર્વ ઉત્તમ દેવોનું પણ જે સુખ, તેથી પણ અનંતગુણ સુખ કષાય જીતનારાને હોય છે. (૭૨૭૨) એથી જ લોકમાં પીડાકારક (મનાતા) એવા પણ ખલપુરુષોના આક્રોશ, વધ વગેરેને ઉત્તમ તપસ્વીઓ ચંદનરસતુલ્ય માને છે. (૭૨૭૩) ધીરપુરુષો અજ્ઞ જીવોને સુલભ એવા આક્રોશ, વધ, માર મારવો અને ધર્મભ્રષ્ટ કરવો, તેના ઉત્તરોત્તર અભાવમાં લાભને માને છે. (અર્થાત્ આક્રોશ કરનારે વધ વગેરે ન કર્યું તે લાભ, વધ કરનારે માર ન માર્યો તે લાભ, મારવા છતાં ધર્મભ્રષ્ટ ન કર્યો તે લાભ એમ માને છે.) (૭૨૭૪) અહો હો! બળીઆ કષાયોને વારંવાર જીતવા છતાં (અથવા હારવા છતાં જીત્યાની જેમ) તેનો વિજય કરવાની ઇચ્છાવાળા પણ મુનિઓને પુનઃ ઉછળે (ઉદય પામે) છે. કારણ કે-સિદ્ધાન્તમાં કહ્યું છે કે-ગુણના (**મહયા=**) ઘાતક એવા (અગીઆરમે ગુણસ્થાને) ઉપશમને (**ઉવણીયા=**) પમાડેલા પણ કષાયો જિનતુલ્ય (યથાખ્યાત) ચારિત્રવાળાને પણ પાડે છે, તો પુનઃ શેષ સરાગ ચારિત્રવાળામાં રહેલા તેઓનું શું કહેવું? (૭૨૭૫-૭૬) કષાયથી કલુષિત જીવ ભયંકર ચાર ગતિરૂપ સંસારસમુદ્રમાં જેમ ભાંગેલું વહાણ જળથી ભરાય, તેમ પાપજળથી ભરાઈ જાય છે. (૭૨૭૭) અને વળી ક્રોધ, માન, માયા, લોભ, રાગ, દ્વેષ, મોહ (અજ્ઞાન), કંદર્પ, દર્પ અને મત્સર-એ (જીવના) મહા શત્રુઓ છે. (૭૨૭૮) નિશ્ચે એ જીવના સર્વ ધનને હરનારા અને અનર્થોને કરનારા

છે, માટે સમ્યગ્ વિવેકરૂપ (**પ્રતિવ્યૂહ=**) પ્રતિસ્પર્ધી સૈન્યની રચના દ્વારા તે (**નિપ્પસરે=**) આગળ ન વધે તેમ કર! (૭૨૭૯) દુઃખે હણી શકાય તેવા કષાયરૂપી પ્રચંડ શત્રુએ સર્વ જગતને પીડ્યું છે, તેથી તે ધન્ય છે, કે જે તે કષાયોને સમ્યગ્ હણીને શમને ભેટે છે. (૭૨૮૦) જે આ સંસારમાં ધીરપુરુષો પણ કામ અને અર્થના રાગથી પીડાતા મુંઝાય છે, તેમાં હું માનું છું કે–નિશ્ચે દુષ્ટ કષાયોનો વિલાપ કારણ છે. (૭૨૮૧) તેથી કોઈપણ રીતે નિશ્ચે તેમ કરવું, કે જેથી કષાયોનો ઉદય ન થાય, અથવા ઉદય પામેલા તે ઉછળેલા સુરંગના ધૂળના સમૂહની જેમ અંતરમાં જ સમ્યગ્ શમી જાય. (૭૨૮૨) જો (અન્ય) લોકોમાં કુશાસ્ત્રરૂપી પવનથી પ્રેરાએલો કષાયરૂપી અગ્નિ સળગતો હોય, તો ભલે સળગો! પણ જે શ્રી જિનવચનરૂપી જળથી સિંચાએલો મનુષ્ય પણ સળગે, તે અઘટિત છે. (૭૨૮૩) (કારણ કે–) ઉત્કટ કષાયરોગના પ્રકોપથી પ્રગટેલી ગાઢ પીડાવાળાને (પણ) શ્રી જિનવચનરૂપી રસાયણથી પ્રશમરૂપ આરોગ્ય પ્રગટે છે. (૭૨૮૪) વિસ્તાર પામતા, અહંકારી અને અતિ ભયંકર એવા કષાયોરૂપી સર્પોથી વીંટાએલા શરીરવાળા અલ્પ સત્ત્વવાળા જીવોનું (પણ) રક્ષણ શ્રી જિનવચનરૂપી મહા મંત્રથી થાય છે. (૭૨૮૫) તેથી જો દુર્જય મહા શત્રુ એવા (એક)કષાયોને જ જીત્યા, તો તેં સર્વ પણ જીતવાયોગ્ય સમૂહને (શત્રુવર્ગને) જીત્યો. (૭૨૮૬) (માટે) કષાયરૂપી ચોરોને હણીને, મોહરૂપી મોટા વાઘને (**પેલ્લણું કાઉં=**) ભગાડીને, જ્ઞાનાદિ (મોક્ષના) માર્ગે ચાલેલો તું ભયંકર ભવાટવીનું ઉલ્લંઘન કર! (૭૨૮૭) એમ કષાયદ્વારને જણાવ્યું. હવે ક્રમથી આવેલા દોષથી યુક્ત નિદ્રાદ્વારને યથાસ્થિત જણાવું છું. (૭૨૮૮)

**અનુશાસ્તિના પ્રમાદપેટાદ્વારમાં ચોથા નિદ્રાપ્રમાદનું સ્વરૂપ**–અદૃશ્ય રૂપવાળો જગતમાં આ કોઈ નિદ્રારૂપી રાહુ છે, કે જે જીવરૂપી ચંદ્ર અને સૂર્યનું ન દેખાય તેવું ગ્રહણ કરે છે. (૭૨૮૯) તે નિદ્રા ક્ષયને પામો!, કે જેનાથી જીવતો પણ મનુષ્ય મરેલા જેવો અને (મદથી) મત્ત જેવો, મૂર્છિતની જેમ તૂર્ત સત્ત્વરહિત બની જાય છે. (૭૨૯૦) જેમ સ્વભાવથી જ કુશળ એવી સકળ ઇન્દ્રિયોના સમૂહવાળો પણ મનુષ્ય નિશ્ચે ઝેરનું પાન કરીને ઇન્દ્રિઓની શક્તિથી રહિત (નષ્ટ ચેતનાવાળો) બને, તેમ નિદ્રાને વશ પડેલો પણ તેવો બને છે. (૭૨૯૧) વળી સારી રીતે મીંચેલા નેત્રોવાળો, (નાકથી) વારંવાર ઘોર (**ઘુરુઘુરુ=**)ઘુર ઘુર અવાજ કરતો, ફાટેલા હોઠમાં દેખાતા ખૂલ્લા દાંતથી વિકરાળ એવા મુખના પોલાણવાળો ખસી ગયેલાં વસ્ત્રોવાળો, અંગોને–ઉપાંગોને આમ–તેમ ફેંકતો, લાવણ્યરહિત અને (**અસન્ન=**)સંજ્ઞા (ભાન) રહિત, એવા ઊંઘેલાને મરેલા જેવો જુઓ! (માનો!) (૭૨૯૨–૯૩) તથા નિદ્રાધીન પુરુષ, (ઊંઘમાં) થતી જેમ–તેમ શરીરચેષ્ટાથી સૂક્ષ્મ અને બાદર પણ ઘણા જીવોને ચૂરે છે. (૭૨૯૪) નિદ્રા ઉદ્યમમાં વિઘ્નરૂપ છે, ઝેરની સખ્ત બેચેનીતુલ્ય છે, અશિસ્ત (અસભ્ય) પ્રવૃત્તિ છે અને નિદ્રા મોટો ભયનો પ્રાદુર્ભાવ છે. (૭૨૯૫) નિદ્રા જ્ઞાનનો અભાવ છે,

સઘળાય ગુણસમૂહનો પહદે। છે અને વિવેકીરૂપી ચંદ્રને ( ઢાંકનાર ) ગાઢ મોટા વાદળના સમૂહતુલ્ય છે. (૭૨૯૬) નિદ્રા આ લોક-પરલોકના ઉદ્યમને રોકનારી છે અને નિશ્ચિત સર્વ અપાયોનું પરમ ( મૂળ ) કારણ છે. (૭૨૯૭) તે કારણે જ નિદ્રાત્યાગથી અગડદત્ત જીવતો રહ્યો અને બીજા મનુષ્યો નિદ્રાપ્રમાદથી મરણને પામ્યા. (૭૨૯૮) તે આ પ્રમાણે–

**નિદ્રા અને જાગરણ વિષે અગડદત્ત વગેરેનો પ્રબંધ**–ઉજ્જૈનીમાં જિતશત્રુ રાજાને માન્ય અમોઘરથ નામે રથિક હતો તેને યશોમતી નામે સ્ત્રી હતી અને અગડદત્ત નામે પુત્ર હતો ત્યારે તે બાળક હતો અમોઘરથ મરી ગયો અને તેની આજીવિકા ( નોકરી ) રાજાએ બીજા રથિકને આપી. (૭૨૯૯-૭૩૦૦) પછી યશોમતી તેને વિલાસ કરતો અને પોતાના પુત્રને કળાકૌશલ્યથી અત્યંત રહિત જોઈને શોકથી વારંવાર રડવા લાગી. (૭૩૦૧) પુત્રે તેને પૂછયું કે–હે માતા! તું નિત્ય કેમ રડે છે? અતિ આગ્રહ થતાં તેણે રડવાનું કારણ કહ્યું. તેથી પુત્રે કહ્યું કે–માતા! શું અહીં કોઈ પણ તેવો છે, કે જે મને કળાઓ શીખવાડે? તેણીએ કહ્યું કે–પુત્ર અહીં નથી, કિન્તુ દઢપ્રહારી નામનો કૌશાંબીપુરીમાં તારા પિતાનો મિત્ર છે. તેથી તે તૂર્ત ત્યાં તેની પાસે ગયો. તેણે પણ પુત્રની જેમ ( **ઇસત્થ-ઇષ્વસ્ત્ર=** ) બાણશસ્ત્ર વગેરે કળાઓમાં અતિ કુશળતા પમાડયો (કુશળ બનાવ્યો) અને પોતાની વિદ્યા દેખાડવા માટે રાજાની પાસે લઇ ગયો. (૭૩૦૨ થી ૫) અગડદત્તે બાણશાસ્ત્ર વગેરેનું સઘળું કૌશલ્ય બતાવ્યું, સર્વ લોકો પ્રસન્ન થયા, માત્ર એક રાજા પ્રસન્ન ન થયો. (૭૩૦૬) તો પણ તેણે કહ્યું કે–કહે! તને શું આજીવિકા અપાવું? પછી અતિ નમાવેલા મસ્તકવાળા અગડદત્તે કહ્યું કે–જો મને ( **સાહુક્કાર=** ) ધન્યવાદને ( સન્માનને ) ન આપો, તો બીજા દાનથી શું? એ અવસરે નગરના લોકોએ રાજાને વિનવ્યો કે–દેવ! આ સમગ્ર નગરીને ગૂઢ પ્રવૃત્તિવાળો કોઇ ચોર લૂંટે છે, તેથી (**દેવ=**) આપ તેનું નિવારણ કરો! (૭૩૦૭ થી ૯) તેથી રાજાએ નગરના કોટવાલને કહ્યું કે–હે ભદ્ર! તું સાત દિવસોની અંદર ચોરને પકડી લાવ! (૭૩૧૦) પછી જ્યારે ( **સુરુક્ખ=**) અતિ મીંચેલાં નેત્રોવાળો નગરનો કોટવાળ કંઈ પણ ન બોલ્યો. ત્યારે અવસર છે એમ સમજીને અગડદત્તે કહ્યું કે–હે દેવ! પ્રસાદ કરો! આ આદેશ મને આપો!, કે જેથી સાત રાત્રિમાં ચોરને કયાંયથી પણ તમને સોંપું. (૭૩૧૧-૧૨) પછી રાજાએ તેને આદેશ આપ્યો, તે રાજદરબારથી નીકળ્યો અને વિવિધ વસ્ત્રધારકો તથા સાધુવેષધારકોને ( સાધુ-સંન્યાસીઓ વગેરેને ) (**ચિંતેઇ=**) શોધે ( જુવે ) છે. (૭૩૧૩) ચોરલોકો પ્રાયઃ શૂન્ય ઘર, સભાસ્થાન, આશ્રમો અને દેવકુલિકાઓ વગેરે સ્થાનોમાં રહે છે, તેથી ચર ( ગુપ્ત ) પુરુષોદ્વારા હું તે સ્થાનોને જોવરાવું, (૭૩૧૪) એમ વિચારીને સર્વ સ્થાનોને સમ્યગ્ શોધીને તે નગરીમાંથી નીકળ્યો અને એક ઉદ્યાનમાં પહોંચ્યો. (૭૩૧૫) પછી મેલાં વસ્ત્રોને પહેરીને એક આંબાના વૃક્ષ નીચે તે જેટલામાં ચોરને પકડવાના ઉપાયોને ચિંતવતો બેઠો છે, તેટલામાં કયાંયથી રણઝણાટ કરતો એક પરિવ્રાજક ત્યાં

આવ્યો અને વૃક્ષની ડાળીને ભાંગીને તેના બનાવેલા આસને બેઠો. (૭૩૧૬-૧૭) પિંડીને બાંધીને બેઠેલા, તાડ જેવી લાંબી જંઘાવાળા અને ક્રૂર નેત્રવાળા તેને જોઇને અગડદત્તે વિચાર્યું કે-'આ ચોર છે' (૭૩૧૮)-એમ વિચારતાં, તેને તે પરિવ્રાજકે કહ્યું કે-હે વત્સ ! તું કયાંથી આવ્યો છે? અથવા કયા કારણે ભમે છે? (૭૩૧૯) તેણે કહ્યું કે-હે ભગવંત ! ઉજ્જૈનીથી (આવેલો) ક્ષીણવૈભવવાળો (નિર્ધન) હું આ રીતે ભટકું છું. મારે આજીવિકાનો કોઈ ઉપાય નથી (૭૩૨૦) પરિવ્રાજકે કહ્યું કે-પુત્ર ! જો એમ છે, તો હું તને ધન આપીશ ! અગડદત્તે કહ્યું કે-હે સ્વામી ! તમે મને મોટો અનુગ્રહ કર્યો. (૭૩૨૧) એટલામાં સૂર્યનું બિમ્બ અસ્તમનને પામ્યું (સૂર્યાસ્ત થયો) અને તેની (પરિવ્રાજકની) અકાર્ય કરવાની ઇચ્છાથી જેમ સંધ્યા (પણ) સર્વત્ર વિસ્તાર પામી. (૭૩૨૨) પછી તે સંધ્યા પૂર્ણ થતાં અંધકારના સમૂહ ફેલાયા ત્યારે, ત્રિદંડમાંથી તીક્ષ્ણ ધારવાળું ખડ્ગ ખેંચીને પરિકરથી (શસ્ત્રાદિથી) સજ્જ થએલો તે તૂર્ત અગડદત્તની સાથે જ નગરીમાં ગયો અને (એક) ધનિકના ઘરમાં ખાત્ર પાડયું. (૭૩૨૩-૨૪) ત્યાંથી ઘણી વસ્તુઓથી ભરેલી પેટીઓ બહાર કાઢી અને અગડદત્તને ત્યાં મૂકીને તે પરિવ્રાજક દેવભવનમાં સૂતેલા મનુષ્યોને ઊઠાડીને (તેઓને ધનની) લાલચ આપીને ત્યાં લાવ્યો, તે પેટીઓ તેઓને ઉપડાવી અને પછી તેઓની સાથે નગરમાંથી તૂર્ત જ નીકળીને એક જીર્ણ ઉદ્યાનમાં પહોંચ્યો. ત્યાં તેણે તે પુરુષોને અને અગડદત્તને સ્નેહપૂર્વક કહ્યું કે-હે પુત્રો ! જયાં સુધી રાત્રિ કંઈક ગળે (ઓછી થાય), ત્યાં સુધી ક્ષણવાર અહીં જ સૂઇ રહો. સૌએ તે સ્વીકાર્યું અને સર્વે ગાઢ (નિશ્ચિંતપણે) ઊંઘ્યા (૭૩૨૫ થી ૨૮) માત્ર શંકિત ચિત્તવાળો અગડદત્ત કપટનિદ્રાથી એક ક્ષણ રહીને, (ત્યાંથી) નીકળીને વૃક્ષોની ઘટામાં છૂપાયો. (૭૩૨૯) બીજા પુરુષોને નિદ્રાધીન જાણીને ત્રિદંડીએ મારી નાંખ્યા. અગડદત્તને પણ મારવા માટે (સત્થરએ=) શય્યામાં જોયો. (૭૩૩૦) અને નહિ જોવાથી તે વનની ઘટામાં તેને શોધવા લાગ્યો, ત્યારે સામા આવતા તેને અગડદત્તે ખડ્ગથી પ્રહાર કર્યો. (૭૩૩૧) પછી પ્રહારની તીવ્ર વેદનાથી ભમતા શરીરવાળા તેણે કહ્યું કે-હે પુત્ર ! હવે, મારું જીવન પ્રાયઃ (વિગત=) પૂર્ણ થયું છે, તેથી મારા ખડ્ગને તું સ્વીકાર અને સ્મશાનની પાછળના ભાગમાં જા ! ત્યાં ચંડિકાના મંદિરની ભીંત પાસે ઊભો રહીને તું અવાજ કરજે, કે જેથી તેના ભોંયરામાંથી મારી બ્હેન નીકળશે. તેણીને આ ખડ્ગ દેખાડજે, કે જેથી તે તારી ભાર્યા થશે અને તને ઘરની (સાર=) લક્ષ્મી દેખાડશે. એમ કહેવાથી અગડદત્તે તે જ રીતે ત્યાં સુધી કર્યું કે-યાવત્ તે ભોંયરામાં પણ પેઠો (૭૩૩૨ થી ૩૫) અને ત્યાં પાતાલકન્યા જેવી મનોહર શરીરવાળી એક યુવતીને જોઈ તેણીએ પૂછયું કે-તું કયાંથી આવ્યો ? ત્યારે અગડદત્તે ખડ્ગને બહાર કાઢીને તેણીને બતાવ્યું, કે જેથી તેણીએ પોતાના ભાઈનું મરણ જાણ્યું. પછી શોકને છૂપાવીને આદર ભરેલાં નેત્રોવાળી તેણીએ 'હે સુભગ ! તારું સ્વાગત'-એમ કહીને

તેને આસન આપ્યું અને અગડદત્ત શંકાપૂર્વક બેઠો. (૭૩૩૬ થી ૩૮) પછી તેણીએ પૂર્વે બનાવેલી, મોટી શિલારૂપ યંત્રથી યુક્ત, દિવ્ય ઓશિકાથી શોભતી, એવી શય્યા (પલંગ) સર્વ આદરથી તૈયાર કરી અને અગડદત્તને કહ્યું કે–મહાભાગ! એમાં ક્ષણવાર વિસામો કરો! તે તેમાં બેઠો, પણ એમ વિચાર્યું કે–નિશ્ચે અહીં રહેવું સારું નથી. રખે! આ કપટ ન હોય, તેથી આ જાય ત્યાં સુધી જાગતો રહું. (૭૩૩૯ થી ૪૧) પછી ક્ષણવાર ઊભી રહીને યંત્રને (શિલાને) નીચે પાડવા માટે તે (ત્યાંથી) નીકળી અને અગડદત્ત પણ શય્યાને છોડીને અન્ય સ્થાને છૂપાયો. (૭૩૪૨) તેણીએ ખીલીને ખેંચી લઈને સહસા તે શિલાને પટકી અને પડેલી તે શિલાથી શય્યા સંપૂર્ણ ભાંગી ગઈ. (૭૩૪૩) પછી પરમ હર્ષના ઉભરાવાથી વિકસિત (પ્રસન્ન) હૃદયવાળી તેણીએ કહ્યું કે– 'હા! મારા ભાઈનો વિનાશ કરનારો પાપી ઠીક મર્યો!' (૭૩૪૪) (ત્યારે) હા હા! (**દાસીધીએ=**) દાસીપુત્રી! મને હણનાર કોણ છે?–એમ બોલતા અગડદત્તે દોડીને તેને ચોટલાથી પકડી. (૭૩૪૫) પગમાં પડીને તેણીએ કહ્યું કે–રક્ષા કર! તેથી તેને છોડી અને રાજાના ચરણમાં (પાસે) લઈ ગયો (૭૩૪૬) તે પછી તેણીનો સઘળો વૃત્તાન્ત કહ્યો, તેથી પ્રસન્ન થયેલા રાજાએ તેને મોટી આજીવિકા બાંધી આપી અને લોકોએ તેને ઘણો પૂજ્યો (સત્કાર્યો.). (૭૩૪૭) પછી સર્વત્ર પ્રગટેલી કીર્તિવાળો તે કાળક્રમે પોતાની નગરીમાં ગયો અને (ત્યાંના) રાજાએ સત્કારીને પિતાની આજીવિકા (નોકરી) આપી. (૭૩૪૮) એમ જાગવાના અને ઊંઘવાના ગુણ–દોષોને સમ્યક્ જાણીને આ ભવ–પરભવના સુખને ઇચ્છતો કોણ નિદ્રાનું બહુમાન (પક્ષ) કરે? (૭૩૪૯) અને વળી રાજસેવા વગેરે ઘણા પ્રકારનાં આ ભવનાં કાર્યો અને સ્વાધ્યાય, ધ્યાન વગેરે પરભવનાં કાર્યોનો (પણ) નિદ્રા ઘાત કરે છે. (૭૩૫૦) શત્રુઓ ઊંઘેલાના છિદ્રને (તકને) પામે છે, કોઈ પ્રસંગે સર્પો કરડે છે, અગ્નિને ગમ્ય (ભોગ્ય) બને છે અને મિત્રો વગેરે (**સુવીરો=**) 'ઉંઘણશી' કહીને હાંસી કરે છે. (૭૩૫૧) અથવા (**દોષકર=**) દોષને કરનારા (ઝેરી) ઉપર (ચંદ્રુવા વગેરેમાં) રહેલા (ઘીરોલી વગેરે) જીવોનાં મૂત્રાદિ (ઊંઘેલાના) મુખમાં પડે કે ગાઢ ઊંઘેલા પ્રમાદીને ક્ષુદ્રદેવતા પણ છળે (ઉપદ્રવ કરે). (૭૩૫૨) પુરુષની તે ચતુરાઈ, તે બુદ્ધિનો પ્રકર્ષ અને નિશ્ચે તે ઉત્તમ વિજ્ઞાન, સઘળું નિદ્રાથી એકીસાથે જ અવરાઈ જાય છે. (૭૩૫૩) વળી નિદ્રાના અંધકાર જેવો સર્વ ભાવોને (અદૃશ્ય) આવરણ કરનારો બીજો અંધકાર (પણ) નથી, તેથી ધ્યાનમાં વિઘ્નકારી નિદ્રાનો સમ્યગ્ વિજય કરવો. (૭૩૫૪) કારણ કે–શ્રી જિનેશ્વરે પણ વત્સદેશના રાજાની બ્હેન જયંતીને કહ્યું હતું કે–ધર્મીને જાગરિકા અને અધર્મીને સુપ્તતા (નિદ્રા) શ્રેયસ્કર છે. સૂતેલાનું જ્ઞાન સૂઈ જાય છે, પ્રમાદીનું જ્ઞાન શંકાવાળું અને ભૂલોવાળું બને છે અને જાગતા અપ્રમાદીનું જ્ઞાન સ્થિર અને પરિચિત (દૃઢ) બને છે. (૭૩૫૫–૫૬) તથા અજગરતુલ્ય જે ઊંઘે છે, તેનું અમૃતતુલ્ય શ્રુત નાશ પામે

છે. અમૃતતુલ્ય શ્રુત નાશ પામતાં તે બળદતુલ્ય બને છે. (૭૩૫૭) તેથી હે દેવાનુપ્રિય! નિદ્રાપ્રમાદરૂપ શત્રુસૈન્યને જીતીને (**અપ્પડિહયપ્પબોહો=**) અખંડ જાગરુક તું સ્થિર અભ્યસ્ત સૂત્ર-અર્થવાળો વિચર! (રહે!) (૭૩૫૮) એમ અહીં ચોથું નિદ્રા નામનું પેટાદ્વાર કહ્યું. હવે પાંચમા વિકથાદ્વારને પણ વિસ્તારથી કહુ છું. (૭૩૫૯)

**અનુશાસ્તિના પ્રમાદપેટાદ્વારમાં પાંચમા વિકથાપ્રમાદનું સ્વરૂપ**-વિવિધા, વિરૂપા, અથવા સંયમમાં બાધકપણાથી જે વિરુદ્ધકથા તેને પણ વિકથા કહી છે. (૭૩૬૦) અને વિષયની અપેક્ષાએ તેના સ્ત્રીકથા, ભક્તકથા દેશકથા તથા રાજકથા-એમ ચાર પ્રકારો સિદ્ધાન્તમાં કહ્યા છે. (૭૩૬૧)

તેમાં **૧-સ્ત્રીકથા** એટલે સ્ત્રીઓની, અથવા સ્ત્રીઓ સાથે કથા. તે કથાદ્વારા જે સંયમનો વિરોધ (બાધ) કરે, તે કથાને **વિકથા** જાણવી. (**૭૩૬૨**) આ સ્ત્રીકથા જાતિ, કુળ, રૂપ અને વેશના વિષયથી ચાર પ્રકારની થાય છે. તેમાં પણ ક્ષત્રિયાણી, બ્રાહ્મણી, વૈશ્યા અને ક્ષુદ્રી-એ ચારમાંથી કોઈ પણ જાતિની સ્ત્રીની જે પ્રશંસા કે નિંદા કરવી, તેને **જાતિકથા** કહી છે. તેનું સ્વરૂપ આવું છે. જેમ કે-બાળવિધવા એવી ક્ષત્રિયાણી, બ્રાહ્મણી અને વૈશ્યની સ્ત્રી જીવતી છતાં મરેલી તથા સર્વલોકને શંકાપાત્ર હોવાથી તેના જીવનને ધિક્કાર થાઓ! હું માનું છું કે-જગતમાં એક માત્ર ક્ષુદ્રીસ્ત્રીઓ જ ધન્ય છે, કે જેઓને નવા નવા, અન્ય અન્ય પુરુષો (પતિ) કરવા છતાં દોષ (મનાતો) નથી. (**૭૩૬૩ થી ૬૬**) **ઇતિ જાતિકથા.** ઉગ્ર વગેરે ઉત્તમ કે બીજા હલકા કુળમાં જન્મેલી કોઈપણ સ્ત્રીની જે (કુળના કારણે) પ્રશંસા કે નિંદા કરવી, તેને **કુળકથા** કહી છે. જેમ કે-ચૌલુક્યવંશમાં જન્મેલી સ્ત્રીઓનું જ તેવું સાહસ હોય છે, બીજીમાં હોતું નથી, કે જેઓ પ્રેમરહિત છતાં જ્યારે પતિ મરે ત્યારે (તેની સાથે) અગ્નિમાં પ્રવેશ કરે છે. (**૭૩૬૭-૬૮**) **ઇતિ કુળકથા.** પુનઃ આંધ્રદેશની (કે આંધળી) વગેરે કોઈના પણ રૂપની જે પ્રશંસા કે નિંદા કરવી, તેને કથાના જાણપુરુષો **રૂપકથા** કહે છે. જેમ કે-(**લીલા=**) વિલાસથી નાચતાં નેત્રોયુક્ત મુખવાળી અને લાવણ્યરૂપી જળનો સમુદ્ર, એવી આન્ધ્રદેશની સ્ત્રીઓમાં જ કામ પણ સર્વ અંગે વ્યાપેલો (ફેલાયેલો) છે, અથવા શરીર (જેનું) ધૂળથી ખરડાયેલું છે અને (ગળામાં) (**જડ્ડમય=**) લાખના મણકા પણ બહુ નથી (ભૂષણ વિનાની છે), તથાપિ (**જટ્ટીએ=**) જાટદેશની સ્ત્રીએ (પોતાના રૂપના અતિશયથી) પથિકોને ઊઠ-બેસ કરાવી. (રૂપના આકર્ષણથી નચાવ્યા.) (**૭૩૬૯ થી ૭૧**) **ઇતિ રૂપકથા.** પુનઃ તેઓના જ કોઈના વેષની જે પ્રશંસા વગેરે કરવી, તેને અહીં તેના જ્ઞાતાઓએ **નેપથ્ય(વેષ)કથા** કહી છે. જેમ કે-વિશિષ્ટ (**અણુચ્છ=**) આકર્ષક વેષથી સારી રીતે ઢાંકેલા અંગોવાળી, વિકસિત નીલકમળતુલ્ય નેત્રોવાળી અને સૌભાગ્યરૂપી જળની વાવડી, એવી સુંદર પણ નારીનાં યૌવનને ધિક્કાર હો!, કે જેના (ઢંકાએલા) લાવણ્યરૂપી જળને યુવાનોએ નેત્રોરૂપી અંજલિથી (ખોબાથી) પીધું નથી.

(અર્થાત્ યુવાનોને જે દર્શન આપતી નથી, તેનો વેષ મિથ્યા છે.) (૭૩૭૨ થી ૭૪) **ઈત્યાદિ વેષકથા. સ્ત્રીકથા સમાપ્ત.**

૨. **ભક્તકથા**–આ ચાર પ્રકારની છે. **(૧) આવાપકથા. (૨) નિર્વાપકથા, (૩) આરંભકથા,** અને **(૪) નિષ્ઠાનકથા.** (૭૩૭૫) એમાં આવાપકથા એટલે રસોઇમાં અમુક આટલા પ્રમાણમાં (વનસ્પતિનાં) શાક વગેરે હતાં અને આટલા પ્રમાણમાં ઘી વગેરે (અમુક) રસોનો પ્રયોગ હતો. (૭૩૭૬) ઈત્યાદિ **આવાપકથા** છે. નિર્વાપકથા (તેને) કહેવાય છે કે–તે ભોજનમાં આટલા પ્રકારનાં (કઠોળ વગેરે) વ્યંજનો તથા આટલા પ્રકારનાં પકવાન્ન હતાં. (૭૩૭૭) **ઈત્યાદિ નિર્વાપકથા** છે. હવે આરંભકથા એટલે તે ભોજનમાં આટલા (અમુક) પ્રમાણમાં જળચર, સ્થળચર અને ખેચર જીવોનો પ્રગટ ઉપયોગ થાય છે. (૭૩૭૮) ઈત્યાદિ **આરંભકથા.** પુનઃ આને નિષ્ઠાનકથા કહે છે કે–તે ભોજનમાં એક સો, પાંચ સો, હજાર કે વધારે શું ? લાખ વગેરેનો પણ ઉપયોગ (ખર્ચ) થાય છે. (૭૩૭૯) ઈત્યાદિ **નિષ્ઠાનકથા. આ ભક્તકથા કહી.**

૩. **દેશકથા**–આ પણ ચાર પ્રકારની છે. ૧–**છંદકથા,** ૨–**વિધિકથા,** ૩–**વિકલ્પકથા,** તથા ૪–**નેપથ્યકથા.** તેમાં **મગધ વગેરે દેશો** જાણવા. **છંદ**-એટલે ભોગ્યાભોગ્ય(નો વિવેક). જેમ કે–લાટદેશના લોકોને મામાની પુત્રી પણ નિશ્ચે ભોગ્ય છે અને ગોલ્લ વગેરે દેશોના લોકોને તે બ્હેન (હોવાથી) નિશ્ચે અભોગ્ય જ છે. (૭૩૮૦–૮૧) અથવા ઔદિચ્યોને માતાની શોક્ય જેમ ભોગ્ય છે, તેમ બીજાઓને તે માતાતુલ્ય (હોવાથી) ગમ્ય નથી. આ **છંદકથા** છે. (૭૩૮૨) તેમાં (પ્રથમ) જે દેશમાં જે ભોગવાય (કે ન ભોગવાય), તે તે દેશનો વિધિ ગણાય અને તેની કથા તે **દેશવિધિકથા** જાણવી. (૭૩૮૩) અથવા વિવાહ, ભોજન, ભાજન અને (**મણિવ્વએ પાઠાં૦ રચયે=**) મણિ એટલે રત્ન, મોતી વગેરેના સમૂહની (**પસાહણા=**) સંભાળ રક્ષા, કે (**પસાહણા=**) અલંકાર, આભરણો, અથવા (**પાઠાં૦ મણિભૂપસાહણા=**) ભૂમિમાં મણિ (વગેરેને) જડવાં, વગેરેની રચનાનો જે વિધિ, તેની કથા તે અહીં **વિધિકથા** જાણવી. ઈત્યાદિ વિધિકથા કહી. (૭૩૮૪) હવે **વિકલ્પકથાને** કહે છે. તેમાં વિકલ્પ એટલે (**સાસ=**) શસ્યની (ધાન્યની) નિષ્પત્તિ તથા કિલ્લો, કુવો, નીક, નદીનો (**રેહલગ=**) પ્રવાહ, ડાંગરનું રોપણ વગેરે કરવું, તથા ઘર–દેવળનો વિભાગ, ગામ, નગર વગેરેની સ્થાપના (કરવી), એ વગેરે વિકલ્પ જાણવો. તેની કથા તે અહીં **વિકલ્પકથા** છે. (૭૩૮૫–૮૬) હવે (નેપથ્યકથામાં) સ્ત્રી–પુરુષોના (વિવિધ) વેષને નેપથ્ય કહે છે. તે સ્વાભાવિક અને ભૂષા (શોભા) માટે કરેલો, એમ ભેદથી બે પ્રકારનો છે. તેની પ્રશંસા કે નિંદા કરવી, તે **નેપથ્યકથા** છે. એ પ્રમાણે ચાર પ્રકારની દેશકથા જાણવી. હવે **રાજકથા** કહેવાય છે. (૭૩૮૭–૮૮)

**રાજકથા**-આ ચાર પ્રકારની કહી છે. ૧-**નિર્યાનકથા**, ૨-**અતિયાનકથા**, ૩-**બલવાહનકથા**, તથા ૪-**કોઠાર-કોષકથા**. (૭૩૮૯) તેમાં ગામ, નગર કે આકરથી રાજાનું જે નીકળવું તે નિર્યાણ અને એ સ્થળોમાં જ જે પ્રવેશ કરવો તેને **અતિયાન** કહે છે. (૭૩૯૦) આ નિર્યાણ અને અતિયાનને ઉદ્દેશીને રાજાનું જે વર્ણન કરવું, તે નિશ્ચે **નિર્યાણકથા અને અતિયાનકથા** છે. (૭૩૯૧) (પાઠાંતર જહા=) તે આ પ્રમાણે-મોટા શબ્દવાળી દુંદુભિની ગર્જનાથી મંત્રીઓ, સામંતો (વગેરે) જેની પાસે આવી રહ્યા છે; જેના હાથીઓ, ઘોડા, રથો અને પદાતીના સમૂહથી પૃથ્વીતળ ઢંકાઈ (દબાઈ) ગયું છે; હાથીની પીઠ ઉપર સમ્યગ્ બેઠેલો, ચંદ્રસમાન નિર્મળ છત્ર અને ચામરોના આડંબર(શોભા)વાળો અને દેવોના રાજા (ઈન્દ્ર) જેવો રાજા (મોટી) ઋદ્ધિ સાથે નગરમાંથી નીકળે છે. (૭૩૯૨-૯૩) (ઈત્યાદિ **નિર્યાણકથા**.) ક્રીડાપર્વત, જંગલ વગેરેમાં યથેચ્છ વિવિધ ક્રીડાને કરીને, જેના ઘોડાઓની ખરીઓથી ખોદાયેલી પૃથ્વીની રજથી સૈન્યના સઘળા મનુષ્યો મેલા થયા છે, ભ્રકુટીના ઈશારા માત્રથી (સ્વસ્વ સ્થાને) વિદાય કરેલા અને તેથી જતા એવા સામંતોએ જેને પ્રણામ કર્યો છે, એવો આ રાજા, વાગતાં મંગળ વાજિંત્રોપૂર્વક નગરમાં પ્રવેશ કરે છે. (ઈત્યાદિ **અતિયાનકથા**.) (૭૩૯૪-૯૫) બલ-વાહન તો હાથી, ઘોડા ખચ્ચર, ઊંટ વગેરેને કહેવાય છે. તેના વર્ણન સ્વરૂપકથાને **બલ-વાહનકથા** કહેવાય છે. (૭૩૯૬) (જેમ કે-) ઘોડા, હાથી, રથ અને યોદ્ધાઓના સમૂહથી દુર્જય એવા ઘણા શત્રુવર્ગને જેણે હરાવ્યો છે, તે આવા પ્રકારનું સૈન્ય હું માનું છું કે-અન્ય રાજાઓને નથી. (ઈત્યાદિ **બલવાહનકથા**.) (૭૩૯૭) કોઠારો એટલે ધાન્ય ભરવાનાં સ્થળો (સાધનો) અને કોષ એટલે ભંડાર, તેનું જે વર્ણન, તે કથા તેના નામ-પૂર્વક **કોઠારકથા (કોષકથા)** કહેવાય છે. (૭૩૯૮) જેમ કે-નિજવંશમાં થએલા પૂર્વ-પુરુષોની પરંપરાથી આવેલો તેનો ભંડાર સ્વભુજાના પરાક્રમથી પરાભવ પમાડેલા (શત્રુ) રાજાઓના ભંડારો વડે નિત્ય વૃદ્ધિને પામતો જયવંત (અખૂટ) રહે છે. (૭૩૯૯) એ વગેરે ચાર વિકથાઓ કહી. હવે આ વિકથાઓ કરવાથી જે દોષો થાય, તે કહીએ છીએ.

તેમાં **પ્રથમ સ્ત્રીકથાના દોષો**-સ્ત્રીકથાથી પોતાને અને પરને અત્યંત મોહની ઉદીરણા થાય અને ઉદીરિત મોહવાળો લજ્જા-મર્યાદાને દૂર ફેંકીને મનમાં શું શું અશુભ ન ચિંતવે? વાણીથી શું શું અશુભ ન બોલે? અથવા કાયાથી શું શું અશુભ ન કરે? અને તે પ્રમાણે જો કરે, તો શાસનનો ઉડ્ડાહ થાય. (૭૪૦૦ થી ૭૪૦૨) કારણ કે-સ્ત્રીકથા કહેનારને સાંભળીને અને જોઇને ચતુરલોક તેનાં વચનો અને આકારથી 'આ (પોતે) એવો છે'-એમ માને. (૭૪૦૩) કારણ કે-પંડિતલોકથી યુક્ત ગામમાં કોઈવાર તેનાં વક્ર-વચનોને, કોઇવાર તેનાં અર્દ્ધપ્રેક્ષણને (કટાક્ષોને) અને તેના ઉચ્છ્વાસને (ભાવને) પણ (લોકો) જાણે, (૭૪૦૪) અને એમ બીજાઓએ જાણ્યો છે (**મજ્ઝસાર**=) અંતરનો ભાવ જેનો, એવા તે તુચ્છના બ્રહ્મવતમાં પણ (લોક) નિશ્ચે અસંભાવનાને (ભંગની

કલ્પનાને) કેમ ન કરે? (૭૪૦૫) અને વ્રતસંભાવનાથી (રક્ષાથી) ચૂકેલો પુનઃ તે ચિંતવે કે–"એમ પણ (સાહુત્તં=) સાધુતા (અથવા શાખ–ઇજ્જત) નથી, તો(હવે) તે પોતાના ઇચ્છિતને (અબ્રહ્મને) કરવું સારું છે."–એમ વિચારીને તે મૂઢ પ્રમાદને (અબ્રહ્મને) સેવે, પણ હે ભાઇ! આ દુષમાકાળમાં (જીવ) 'દુઃખપૂર્વક જીવવું' વગેરે (દશવૈકાલિકચૂર્ણિમાં કહેલાં) અબ્રહ્મનાં ફળસ્વરૂપ અઢાર સ્થાનોને ન વિચારે! (૭૪૦૬-૭) એમ સ્ત્રીકથાના દોષો (જાણવા), અથવા અન્ય ગ્રન્થમાં કહેલી આ ચાર ગાથાઓ વડે ક્રમશઃ ચાર વિકથાઓના દોષોને કહું છું. (૭૪૦૮) **સ્ત્રીકથાથી**–સ્વ-પર મોહની ઉદીરણા, પ્રવચનનો ઉડ્ડાહ, સૂત્ર વગેરેની (અપ્રાપ્તિ અને પ્રાપ્ત થએલાની) હાનિ, પરિચયદોષથી બ્રહ્મચર્યમાં અગુપ્તિ, મૈથુનસેવન વગેરે અનેક દોષો થાય. (૭૪૦૯) **ભક્તકથાથી**–ભોજન કર્યા વિના પણ ગૃદ્ધિ થતાં અંગારદોષ, ઇન્દ્રિઓની નિરંકુશતા અને પરિતાપથી અનુજ્ઞા (આદેશ કરવો) વગેરે દોષો થાય. (૭૪૧૦) **દેશકથાથી**–રાગ-દ્વેષની ઉત્પત્તિ, સ્વ-પરપક્ષથી (પરસ્પર) વૈર-યુદ્ધ અને આ દેશ બહુ ગુણકારક છે–એમ સાંભળીને બીજા ત્યાં જાય વગેરે. (૭૪૧૧) **રાજકથાથી**–આ કોઇ ગુપ્તચર, ચોર કે ઘાતક છે, એવી કલ્પનાથી (રાજપુરુષો વગેરે) મારવાને ઇચ્છે, શંકાશીલ બને, કે (સ્વયં ચોરી વગેરેને) કરવા ઇચ્છે, અથવા ભક્તકથાદિને સાંભળીને પોતે ભોગવેલી કે નહિ ભોગવેલી પણ તે તે વસ્તુની (**આશંસાપયોગ=**) અભિલાષા કરે. (૭૪૧૨) તથા જે મનુષ્ય જે સ્થાને કહે, તે તેવા પરિણામથી પરિણત બને, તેથી તે વાતને ઉત્કર્ષપૂર્વક (કંઇક વિશેષતયા) કહે, કથા કરીને પ્રાયઃ ચંચળચિત્ત બને અને ચંચળચિત્ત બનેલો પુરુષ પ્રસ્તુત વસ્તુમાં છતા-અછતા પણ ગુણ-દોષનો (અપલાપ કે) આરોપ કરે, તેથી તેનું અસત્યવાદીપણું (થાય). (૭૪૧૩-૧૪) વળી પોતાને ગમતા પદાર્થમાં રાગથી પ્રકર્ષનો આરોપ થાય, તથા પ્રતિપક્ષે દ્વેષથી ગુણોનો (**નિરસણં=**) અપકર્ષ થાય, એમ રાગી-દ્વેષીપણું થાય (૭૪૧૫) એ રીતે વિકથા અસત્યવાદીપણાનું, રાગીપણાનું અને દ્વેષીપણાનું કારણ છે, તેથી તે પાપનો હેતુ હોવાથી સાધુઓને (સજ્જનોને) સઘળીય વિકથાઓ વર્જવા યોગ્ય છે. (૭૪૧૬) વિકથા મોટો પ્રમાદ છે, ઉત્તમ ધર્મધ્યાનમાં વિઘ્નકારક છે; અબોધિનું બીજ છે અને સ્વાધ્યાયમાં વ્યાઘાત છે. (૭૪૧૭) વળી વિકથા અનર્થની માતા છે, પરમ અસદ્‌ભાવનું સ્થાન છે. અશિસ્તનો માર્ગ છે અને લઘુતાકારક છે. (૭૪૧૮) તથા વિકથા સમિતિની ઘાતક છે, સંયમગુણોને હાનિ કરનારી છે, ગુપ્તિઓની વિપત્તિ (નાશક) છે અને કુવાસનાનું કારણ છે. (૭૪૧૯) તે કારણે હે આર્ય! તું વિકથાઓનો સર્વથા ત્યાગ કરીને નિત્ય મોક્ષના સફળ અંગભૂત સ્વાધ્યાય પ્રત્યે પ્રયત્નશીલ રહે! (૭૪૨૦) અને સ્વાધ્યાયથી જ્યારે અતિ શ્રમિત થાય, ત્યારે તું મનમાં પરમ સંતોષને (પ્રસન્નતાને) ધારણ કરીને તે જ કથાઓને સંયમગુણથી અવિરુદ્ધ (સંયમ-પોષક બને તેમ કહે. જેમ કે– (૭૪૨૧) **સ્ત્રીકથા**-ત્રણ લોકના તિલકભૂત પુત્રરત્નને જન્મ આપીને મરુદેવા અંતે અંતકૃતકેવળીપણાને તથા મુક્તિને પામ્યાં. (૭૪૨૨) સુલસા

સતીએ પાખંડીઓના વચનરૂપ પવનથી ઉડતી મિથ્યાત્વરૂપી રજના સમૂહથી (પણ) પોતના સમ્યક્ત્વરત્નને લેશ મોક્ષમાર્ગનું આચ્છાદક ( મલિન ) ન કર્યું. (૭૪૨૩) હું માનું છું કે–એવી ધન્ય અને એવી પવિત્ર સ્ત્રી જગતમાં બીજી નથી, કારણ કે–ભુવનગુરુ ( શ્રી વીર ) પ્રભુએ જેના ગુણો વર્ણવેલા છે, એવી તે ( એક ) ને જ આગમમાં કહી છે (વગેરે). (૭૪૨૪) **ભક્તકથા**–રાગ–દ્વેષ વિના, (ગૃહસ્થને ત્યાં) (**સંતં=**) વિદ્યમાન, બેંતાલીશ દોષોથી રહિત, સંયમપોષક ( રાગાદિથી રહિત ), ચારિત્રને ટકાવનારું, (તે પણ) શાસ્ત્રોક્ત વિધિથી સંગત, માત્ર સુધાજીવીપણાથી મેળવેલું ઉત્તમ, એવું ભોજન નિત્ય ઉત્તમ સાધુતા માટે કરવું યોગ્ય છે. (૭૪૨૫–૨૬) **દેશકથા**–જ્યાં આનંદને ઝરતાં ( પ્રગટાવતાં ) શ્રી જિનેશ્વરોનાં મંદિરો ( હોય ) તથા આ તેર ગુણો જ્યાં અન્વય–વ્યતિરેકયુક્ત હોય, જેવા કે–૧–કાદવ ઘણો ન હોય, ૨–(ત્રસ) જીવોત્પત્તિ ઘણી ન હોય, ૩–સ્થંડિલ(ભૂમિ) નિરવદ્ય હોય, ૪–વસતિ નિર્દોષ હોય, ૫–ગોરસ સુલભ હોય, ૬–(**જણાઉલ=**) લોકો ભદ્રિક અને મોટા પરિવારવાળા હોય. ૭–વૈદ્યો ભક્તિવાળા હોય, ૮–ઔષધિ સુલભ હોય, ૯–શ્રાવકો સંપત્તિમાન અને મોટા પરિવારવાળા હોય, ૧૦–રાજા ભદ્રિક હોય, ૧૧–અન્ય ધર્મવાળાથી ઉપદ્રવ ન થતો હોય, ૧૨–સ્વાધ્યાયભૂમિ નિર્દોષ હોય, અને ૧૩–આહાર–પાણી વગેરે સુલભ હોય. ઉપરાન્ત જ્યાં સાધર્મિક લોકો ઘણા હોય, જે દેશ (**અણુદુએ=**) રાજાદિના ઉપદ્રવથી રહિત હોય, આર્ય હોય અને ( રાજ્યને ) છેડે (છેલ્લો) ન હોય, એવો જે સંયમની વૃદ્ધિમાં એક હેતુભૂત, તે દેશ સાધુઓને વિચરવાયોગ્ય છે. (૭૪૨૭ થી ૨૯) **રાજકથા**–પ્રચંડ ભુજાદંડરૂપી મંડપમાં જેણે ચક્રવર્તીની સંપૂર્ણ ઋદ્ધિને સ્થાપિત કરી છે ( અર્થાત્ જે નિજ ભુજાબળથી છ ખંડની ઋદ્ધિ મેળવીને રક્ષણ કરે છે), જેનો પાદપીઠ નમતા રાજાઓના મસ્તકના મણિનાં કિરણોથી વ્યાપ્ત છે ( અર્થાત્ મુકુટબદ્ધ રાજાઓ જેની સેવા કરે છે), તેવા ( પણ ) ભરતરાજા ( માત્ર ) રત્નની વીંટી નીકળી જવાથી પ્રગટેલા સંવેગવાળા, તે અંતઃપુરની વચ્ચે રહેવા છતાં તૂર્ત કેવળજ્ઞાનને પામ્યા. (૭૪૩૦–૩૧) એવા પ્રકારની સ્ત્રી–ભક્ત–દેશ–રાજાની પણ કથાઓ ધર્મરૂપી ગુણનું કારણ હોવાથી તે વિકથાઓ નથી (૭૪૩૨). એમ જો વિકથારૂપી ગ્રહથી (**ગ્રસિત=**) આચ્છાદિત ધર્મતત્ત્વવાળા ગુણોનો (અર્થાત્ વિકથાથી ધર્મનાશ અને ધર્મનાશથી ગુણનો) નાશ થાય છે, તો સંયમગુણમાં ઉપયોગવાળાએ શ્રેષ્ઠ ( ધર્મકથાની ) પ્રવૃત્તિ કરવી યોગ્ય છે. (૭૪૩૩) આ ( પાંચમો ) વિકથા નામનો પ્રમાદ કહ્યો અને તે કહેવાથી નિશ્ચે મદ્ય વગેરે લક્ષણવાળો પાંચેય પ્રકારનો પણ પ્રમાદ કહ્યો. (૭૪૩૪)

**જુગારપ્રમાદનું સ્વરૂપ**–શાસ્ત્રના જાણ જ્ઞાનીઓ બીજા પણ દ્યુત નામના પ્રમાદને છઠ્ઠો પ્રમાદ કહે છે અને તેને આલોકનો અને પરલોકનો પણ બાધક કહ્યો છે. (૭૪૩૫) તેમાં આલોકમાં–જુગાર નામના પ્રમાદરૂપી દુર્જય શત્રુથી હારેલો મનુષ્ય જેમ ચતુરંગ સૈન્ય સહિત ( સમગ્ર ) રાજ્યને પણ (**સજ્જો=**) તૂર્ત ( ક્ષણમાં ) ગુમાવે છે, તેમ

ધન, ધાન્ય, ક્ષેત્ર, વાસ્તુ, સોનું, રૂપું, દ્વિપદ, ચતુષ્પદ અને સઘળા કુપ્યસમૂહને (ઘર-વખરીને–એમ નવેય પ્રકારની સંપત્તિને) પણ ગુમાવે છે, (૭૪૩૬–૩૭) વધારે શું ? શરીર ઉપર રહેલા કચ્છોટને (લંગોટીને) પણ જુગારમાં હારીને, માર્ગમાં પડેલાં પાંદડાં રૂપી કપરાથી (અથવા ચીંથરાંથી) કટિની નીચેનો (ગુહ્ય) ભાગ ઢાંકતો મુઢ મનવાળો તે (જુગારી) સર્વસ્વ હારવા છતાં નિશ્ચે હાથ, પગ વગેરે શરીરના અવયવોને પણ જુગારીઓને (ઉડ્ડુય=) હોડમાં આપીને જુગારને જ ખેલે છે. (૭૪૩૮–૩૯) જુગારી રણભૂમિમાં ઝઝૂમતા, ધનના નાશની બેદરકારીવાળા અને શત્રુને જીતવાના એક માત્ર લક્ષ્યવાળા રાજપુત્રની જેમ વિલાસ કરે (વર્તે) છે. (જુગારીપક્ષે જુગારના રસે ચઢેલો, ધનનાશની અવગણના કરતો અને માત્ર અન્ય જુગારીઓને જીતવાના એક લક્ષ્યવાળો–એમ ઘટાવવું.) (૭૪૪૦) અથવા જુગારી, ભૂખ–તરસને અવગણીને, ઠંડી, ગરમી, ડાંસ, મચ્છરને પણ અવગણીને, પોતાના સુખ–દુઃખને અવગણીને, સ્વજન વગેરેના રાગને અવગણીને, બીજાઓથી થતી હાંસીને અવગણીને, શરીરની પણ રક્ષા નહિ કરતા, વસ્ત્ર-રહિત શરીરવાળા, નિદ્રાને તજતા, તથા ચપળ ઘોડાના જેવી ચંચળ ઇન્દ્રિયોના વેગને સ્વસ્વવિષયથી ખેંચી લઇને પ્રસ્તુત વિષયમાં જ સ્થિર એકાગ્ર ધારણાવાળા, એવા ધ્યાનમાં લીન મહર્ષિ જેવો છે. (જુગારીપક્ષે પણ સર્વ વિશેષણો યથાયોગ્ય ઘટાવવાં.) (૭૪૪૧ થી ૪૩) જીર્ણ ચીરાએલાં વસ્ત્રોવાળો (લીહાલય) રેખાઓનું (ઉઝરડાઓનું) ઘર, (ખડિય=) ખડી ચોપડેલા અંગવાળો, ખણવાથી શરીરમાં થએલા ઉઝરડાવાળો, ચારેય બાજુ વિખરેલા (છૂટા) કેશવાળો, કર્કશ સ્પર્શવાળી ચામડીવાળો, (કડિવ=) કટિએ (કેડે) બાંધવાના ચામડાના પાટાના ઘસારાથી હાથમાં પ્રગટેલી આંટણોના સમૂહવાળો અને ઉજાગરાથી રાતાં નેત્રોવાળો, એવા જુગારીને કોની સાથે સરખાવી શકાય ? (૭૪૪૪–૪૫) તેવો પ્રતિદિન વધેલા જુગારના દૃઢ રાગવાળો, ક્ષણ ક્ષણ અન્યાયી, (લોક સાથે) કષાયોને કરનારો તે બીચારો ઘરમાંથી કંઈ પણ નહિ મળવાથી (જુગારમાં) સ્ત્રીને પણ હારે, પછી તેને છોડાવવા ચોરીને પણ ઇચ્છે, પછી ચોરીમાં પરિણત મનવાળો તે ચોરીમાં જ પ્રવૃત્તિ કરે અને તે રીતે પ્રવૃત્તિ કરતો તે પાપી ત્રીજા પાપસ્થાનમાં કહેલા સઘળાય દોષોને પામે. (૭૪૪૬ થી ૪૮) વળી આવી પડેલા સમસ્ત અનર્થોના સમૂહનો નિસ્તાર કરવા માટે કુળદેવી, યક્ષ, ઇન્દ્ર, વગેરેની (ઓવાઈઆઈ=) બાધાઓને ઇચ્છે–કરે, (૭૪૪૯) તે 'શત્રુ અધિક દુઃખને પામો ! સઘળાય જુગારીઓ ક્ષયને પામો !, મારા અનર્થો શમી જાઓ ! અને મારે ઘણું ધન થાઓ !" (૭૪૫૦)–એમ ચિંતવતો અપૂર્ણ ઇચ્છાવાળો, તે તે જુગારીઓ દ્વારા વધ, બંધન, કેદ, અંગોનો છેદ તથા મરણને પણ પામે. (૭૪૫૧) અને એ રીતે જુગારાસક્ત (જુગારી) કુળને, શીલને, કીર્તિને, મૈત્રીને, પરાક્રમને, પોતાના કુલક્રમને (કુલાચારને,) શાસ્ત્રને (ધર્મને,) અર્થને અને કામને નાશ કરે છે. (૭૪૫૨) એમ આલોકમાં ગુણોથી રહિત, લોકમાં ધિક્કારને પામેલો (જુગારી)

સદ્ગતિના હેતુભૂત સમ્યગ્ ગુણોને મેળવવા કેવી રીતે સમર્થ બને ? (૭૪૫૩) કામુક મનુષ્ય તો કામક્રીડાથી ખરજને ખણવાથી થતા (સુહેલ્લિ=) સુખ જેવા, વાસનાજન્ય, અલ્પ માત્ર પણ કંઈક સુખને પામે (અનુભવે) છે. (૭૪૫૪) પરંતુ કુતરાની જેમ રસરહિત, જુના (સૂકા) એવા હાડકાના કકડાને ચગળવાતુલ્ય જુગાર રમવાથી જુગારી નિશ્ચે કયા સુખને અનુભવે ? (૭૪૫૫) જુગારથી તો ઘરની સંપત્તિ, શરીરની શોભા (શક્તિ) શિષ્ટતારૂપ સંપત્તિ અને સુખસંપત્તિ અથવા આલોક-પરલોકના ગુણોરૂપી સંપત્તિ, (સઘળુંય) તૂર્ત નાશ પામે છે. (૭૪૫૬) આ વિષયમાં શાસ્ત્રોમાં રાજ્ય વગેરેને હારનારા નળરાજા, પાંડવો વગેરે રાજાઓનાં અનેક પ્રકારનાં કથાનકો સંભળાય છે. (૭૪૫૭)

બીજાઓ વળી ૧-અજ્ઞાન, ૨-મિથ્યાજ્ઞાન, ૩-સંશય, ૪-રાગ, ૫-દ્વેષ, ૬-શ્રુતિ (સ્મૃતિ)ભ્રંશ, ૭-ધર્મમાં અનાદર તથા (પર=) છેલ્લું ૮-મન-વચન-કાયયોગોનું દુષ્પ્રણિધાન, એ રીતે પ્રસ્તુત પ્રમાદને આઠ પ્રકારે પણ જણાવે છે. (૭૪૫૮-૫૯) તેમાં **૧. અજ્ઞાન**-જ્ઞાનીઓ જ્ઞાનના અભાવને અજ્ઞાન કહે છે અને તે નિશ્ચે સઘળાય જીવોનો ભયંકર શત્રુ છે. (૭૪૬૦) સઘળાં કષ્ટોથી પણ આ અજ્ઞાન પરમ કષ્ટ છે, કે જેનાથી (અધિષ્ઠિત=) વશ (પરાધીન) બનેલો આ જીવસમૂહ પોતાનામાં રહેલા પણ હિતાહિત અર્થને લેશ પણ જાણતો નથી. (૭૪૬૧) માત્ર અહીં જ્ઞાનાભાવ તે અલ્પપણાની અપેક્ષાએ જાણવો (અર્થાત્ અલ્પજ્ઞાનને અજ્ઞાન સમજવું), પણ સર્વથા જ અભાવ નહિ સમજવો. જેમકે-આ કન્યા અનુદરી (એટલે તુચ્છ સાંકડા ઉદરવાળી) છે. (૭૪૬૨) જો કે જ્ઞાનનું અલ્પપણું છતાં શાસ્ત્રમાં માષતુષ વગેરેને કેવળજ્ઞાન સંભળાય છે, તો પણ નિશ્ચે બહુજ્ઞાનપણું શ્રેષ્ઠ છે. (૭૪૬૩) કારણ કે-જેમ જેમ અતિશયો રૂપ રસના વિસ્તારથી ભરપૂર એવા નવા નવા શ્રુતનું અવગાહન કરે, તેમ તેમ નવા નવા સંવેગરૂપ શ્રદ્ધાથી મુનિ પ્રસન્નતાને અનુભવે છે. (૭૪૬૪) માષતુષ વગેરેને ઉત્તમ ગુરુની પરતંત્રતાથી નિશ્ચે જ્ઞાનીપણું ઘટે છે, છતાં બહુ-જ્ઞાનના અભાવરૂપ અજ્ઞાન જાણવું. (૭૪૬૫) કારણ કે-પ્રાયઃ પ્રમાદદોષથી જીવોને અજ્ઞાન થાય છે, તેથી કારણમાં કાર્યના ઉપચારથી અજ્ઞાનને જ પ્રમાદ કહ્યો છે. (૭૪૬૬) **૨. મિથ્યાજ્ઞાન**-થોડું પણ જે જ્ઞાન ભવનો અંતકારક થાય, તે સમ્યગ્જ્ઞાન છે. બીજું જે તેવું નથી, તેને અહીં મિથ્યાજ્ઞાન જાણવું. (૭૪૬૭) પૂર્વે મિથ્યાત્વપાપસ્થાનકને વર્ણવતાં આ ગ્રંથમાં જ તેને (મિથ્યાજ્ઞાનને) જણાવ્યું છે. હવે **૩. સંશય**-તે પણ મિથ્યાજ્ઞાનનો જ અંશ છે. (૭૪૬૮) કારણ કે-શ્રી જિનેશ્વર પ્રત્યે અવિશ્વાસથી પ્રગટતો દેશગત અને સર્વગત (બે પ્રકારનો) પણ આ સંશય શ્રી જિનકથિત જીવાદિ પદાર્થોમાં મનને અસ્થિર કરવાદ્વારા નિર્મળ પણ સમ્યક્ત્વરૂપી મહારત્નને અતિ મલિન કરે છે, તે કારણે જીવાદિ પદાર્થોમાં સંશય નહિ કરવો. (૭૪૬૯-૭૦) **૪-૫ રાગ અને દ્વેષ**-એ પ્રમાદો પણ પૂર્વે રાગ-દ્વેષ પાપસ્થાનકોને કહેવા દ્વારા કહ્યા જ છે, તેથી હે ક્ષપક ! તું તેઓનો પણ નિશ્ચે ત્યાગ કર ! કારણ કે-(જીવ) જે સમ્યક્ત્વને પામતો નથી કે (સમ્યક્ત્વને) પામવા

છતાં જે સંવેગને પામતો નથી અને વિષયસુખોમાં રાગ કરે છે, તે દોષ રાગ-દ્વેષનો છે. (૭૪૭૧-૭૨) ઘણી રીતે (વારંવાર) ઉપદ્રવ કરેલો (સતાવેલો) સમર્થ પણ શત્રુ તેવા અહિતને નથી કરતો, કે નિરંકુશ એવા રાગ અને દ્વેષ બન્ને પણ જે અહિતને કરે છે. (૭૪૭૩) (રાગદ્વેષ) આ ભવમાં શ્રમને, અપયશને અને ગુણવિનાશને કરે છે તથા પરલોકમાં શરીરનાં અને મનનાં દુઃખોને પેદા કરે છે. (૭૪૭૪) ધિક્ ધિક્! અહો કેવું અકાર્ય? કે રાગ-દ્વેષથી અસાધારણ કટુરસવાળું (અતિ કડવું) ફળ આવે છે, એમ જાણવા છતાં જીવ તેને જ સેવે (કરે) છે. (૭૪૭૫) જો રાગ-દ્વેષ ન હોત, તો કોણ દુઃખને પામત? અથવા સુખોથી કોને આશ્ચર્ય થાત? અથવા મોક્ષને કોણ ન પામત? (૭૪૭૬) તેથી ઘણા ગુણોના નાશક, સમ્યક્ત્વ અને ચારિત્રગુણોના વિનાશક, એવા પાપી રાગ-દ્વેષને વશ નહિ થવું. (૭૪૭૭) **૬. શ્રુતિભ્રંશ**-(આ પ્રમાદ) પણ સ્વ પર ઉભયને વિકથા, કલહ વગેરે વિઘ્નો કરવા દ્વારા શ્રી જિનેન્દ્રની વાણીના શ્રવણમાં વિઘાત કરનાર જાણવો. (૭૪૭૮) આ શ્રુતિભ્રંશ આકરા ઉત્કટ જ્ઞાનાવરણકર્મના બંધનું એક કારણ હોવાથી શાસ્ત્રમાં ધ્વજતુલ્ય એવા પરમ જ્ઞાનીઓએ તેને મહા પાપ તરીકે જણાવ્યો છે. (૭૪૭૯) **૭. ધર્મમાં અનાદર**-આ પણ પ્રમાદનો જ અતિ ભયંકર ભેદ છે, કારણ કે-ધર્મમાં આદરથી સમસ્ત કલ્યાણની પ્રાપ્તિ થાય છે. (૭૪૮૦) બુદ્ધિશાળી એવો કોણ હોય, કે જે સુરીબતે પણ ચિંતામણીને પ્રાપ્ત કરીને કલ્યાણના એક નિધાન એવા તેમાં અનાદરવાળો બને? (૭૪૮૧) **૮. મન-વચન-કાયાનું દુષ્પ્રણિધાન**-આ પણ સઘળા અનર્થદંડનું (નિષ્કારણ પાપોનું) મૂળ સ્થાન છે. તેને સમ્યગ્ જાણીને ત્રણ સુપ્રણિધાનમાં જ પ્રયત્ન કરવો જોઇએ. (૭૪૮૨) એ રીતે આ મદ્ય વગેરે ઘણા પ્રકારે કરાતા, સદ્ધર્મરૂપી ગુણના નાશક અને કુગતિમાં પતન કરાવનારા એવા પ્રમાદને કહ્યો. (૭૪૮૩) આ સંસારરૂપી અટવીમાં દ્રવ્ય, ક્ષેત્ર, કાળ અને ભાવને આશ્રીને જીવોને જે કોઈ દુઃખી અવસ્થા થાય છે, તે સર્વ પણ આ અતિ કટુ વિપાકવાળા, જન્માન્તરે સેવેલા પાપી પ્રમાદનો વિલાસ જાણવો. (૭૪૮૪-૮૫) અતિ ઘણા પણ શ્રુતને ભણીને અને અતિ દીર્ઘ પણ (ચારિત્ર) પર્યાયને પાળીને પણ પ્રમાદને પરવશ બનેલા મૂઢ જીવો સઘળુંય હારી જાય છે. (૭૪૮૬) સંયમગુણોની તે (ઉત્તમ) સામગ્રીને અને તેવી મોટી (ચારિત્રરૂપી) તે પદવીને (અથવા મોક્ષમાર્ગને) પ્રમાદી સર્વથા હારી જાય છે. હી! હી! (ખેદની વાત છે કે-) તેવા પ્રમાદને ધિક્કાર થાઓ! (૭૪૮૭) દેવો પણ જે દીનતાને, પશ્ચાત્તાપને અને પરવશતાદિને અનુભવે છે, તે જન્માન્તરે કરેલા પ્રમાદનું ફળ છે. (૭૪૮૮) જીવોને જે અનેક પ્રકારનું તિર્યંચપણું, તુચ્છ મનુષ્યપણું અને નારકપણું (થાય છે), તે પણ નિશ્ચે જન્માન્તરમાં કરેલા પ્રમાદનું ફળ છે. (૭૪૮૯) જે આ પ્રમાદ, તે વસ્તુતઃ જીવોનો શત્રુ, તત્ત્વથી ભયંકર નરક, યથાર્થ વ્યાધિ અને સાચી દરિદ્રતા છે. આ પ્રમાદ તત્ત્વથી ક્ષય છે, યથાર્થ દુઃખોનો સમૂહ છે અને વાસ્તવિક ઋણ છે. (૭૪૯૦-૯૧) જો શ્રુતકેવલી

પણ, આહારક લબ્ધિવાળો પણ અને સર્વમોહને ઉપશમાવનારો પણ પ્રમાદવશ પડે છે, તો બીજાઓની તો વાત પણ શી કરવી? (૭૪૯૨) અલ્પ આંતરાવાળી અંગુલિઓની હથેલીમાં રહેલા જળની જેમ પ્રમાદથી પુરુષના ધર્મ, અર્થ, કામ અને મોક્ષ–ચારેય (પુરુષાર્થો) નાશ પામે છે. (૭૪૯૩) જો આ ભવમાં એક વાર પણ કોઇ જીવ આ પ્રમાદથી પરવશ થાય, તો દુઃખથી પરાભવ પામેલો તે લાખ–ક્રોડ ભવો સંસારમાં ભટકે છે. (૭૪૯૪) આ પ્રમાદનો નિરોધ નહિ કરવાથી સમગ્ર કલ્યાણનો નિરોધ (અટકાવ) થાય છે અને પ્રમાદનો નિરોધ કરવાથી સકળ કલ્યાણનો પ્રાદુર્ભાવ થાય છે. (૭૪૯૫) એમ હે દેવાનુપ્રિય (ક્ષપક)! આ ભવમાં પત્નીના નિગ્રહની જેમ પ્રમાદનો નિરોધ તને હિતકર બનશે, તેથી તું તેમાં જ પ્રયત્નને કર! (૭૪૯૬) એમ અનુશાસ્તિદ્વારમાં વિસ્તૃત અર્થસહિત અને ભેદ–પ્રતિભેદ સહિત પ્રમાદનિગ્રહ નામનું ચોથું પેટાદ્વાર કહ્યું. (૭૪૯૭) હવે પ્રમાદના નિગ્રહમાં નિમિત્તભૂત સર્વપ્રતિબંધત્યાગ નામનું પાંચમું પેટાદ્વાર સંક્ષેપથી કહું છું. (૭૪૯૮)

**અનુશાસ્તિમાં પાંચમું સર્વસંગવર્જન પેટાદ્વાર**–શ્રી જિનવચનના જાણ પ્રતિબંધને આસક્તિરૂપ કહે છે. તે પ્રતિબંધ (આસક્તિ) દ્રવ્ય, ક્ષેત્ર, કાળ અને ભાવને આશ્રીને ચાર પ્રકારે છે. (૭૪૯૯) તેમાં અહીં સચિત્ત, અચિત્ત અને મિશ્ર–એમ દ્રવ્ય ત્રણ પ્રકારે છે. પુનઃ પ્રત્યેક (દ્રવ્યો) દ્વિપદ, ચતુષ્પદ અને અપદ–એમ ત્રણ ત્રણ પ્રકારે છે. (૭૫૦૦) એમ વિષયના ભેદથી તેના ભેદના જ્ઞાતા શાસ્ત્રજ્ઞોએ સંક્ષેપથી દ્રવ્યપ્રતિબંધ (૩×૩=૯) નવ પ્રકારે કહ્યો છે. (૭૫૦૧) પહેલો પ્રકાર પુરુષ, સ્ત્રી, પોપટ વગેરેમાં; બીજો ઘોડા, હાથી વગેરેમાં અને ત્રીજો પુષ્પ, ફળ વગેરેમાં–એમ તે સચિત્તદ્રવ્યગત (ભેદો જાણવા). (૭૫૦૨) ગાડાં, રથ વગેરેમાં ચોથો; પાટ, પલંગ વગેરેમાં પાંચમો અને સુવર્ણ વગેરેમાં છઠ્ઠો–એ અચિત્તદ્રવ્યના ભેદો જાણવા. (૭૫૦૩) સાતમો અને આઠમો અનુક્રમે આભરણ–વસ્ત્રસહિત પુરુષ વગેરેમાં અને (અંબાડી વગેરે) આભરણ સહિત હાથી વગેરેમાં જાણવો, તથા નવમો ભેદ પુષ્પમાળા વગેરેમાં મિશ્રદ્રવ્યગત જાણવો. (૭૫૦૪) વળી ગામ, નગર, ઘર, હાટ વગેરેમાં (જે પ્રતિબંધ તે) ક્ષેત્રપ્રતિબંધ અને વસંત, શરદ વગેરે ઋતુઓમાં કે રાત્રિમાં–દિવસમાં (જે આસક્તિ તે) કાળપ્રતિબંધ જાણવો. (૭૫૦૫) વળી સુંદર શબ્દ, રૂપ વગેરેમાં ગૃદ્ધિ અથવા ક્રોધ–માન વગેરેનો જે નિત્ય અત્યાગ (પક્ષ), તેને ભાવપ્રતિબંધ જાણવો. (૭૫૦૬) આ કરાતો સર્વ પ્રકારનો પણ પ્રતિબંધ (પરિણામે) આકરાં, દીર્ઘકાળ સુધીનાં દુઃખોને દેનારો છે, એમ (જઈ ણે=) શ્રી જિનેશ્વરે કહેલાં શાસનમાં (શાસ્ત્રમાં) સમ્યગ્દૃષ્ટિ એવા જ્ઞાનીઓએ જોયો છે. (૭૫૦૭) વળી જેટલા પ્રમાણમાં આ પ્રતિબંધ હોય, તેટલું દુઃખ જીવોને થાય છે અને તેથી એને તજવો તે શ્રેષ્ઠ છે. (૭૫૦૮) એનો ત્યાગ ન કરવાથી અનર્થની પરંપરાનો ત્યાગ થતો નથી અને જો તે પ્રતિબંધને તજે તો તે અનર્થની પરંપરાનો પણ અત્યંત ત્યાગ થાય છે. (૭૫૦૯) હા, પ્રતિબંધ પણ કરી

શકાય, કે જો તેના વિષયભૂત વસ્તુઓમાં કંઈ પણ શ્રેષ્ઠતા હોય! જો શ્રેષ્ઠતા નથી, તો એને કરવાથી શું ? (૭૫૧૦) સંસારમાં ઉત્પન્ન થતી વસ્તુઓ, કે જે ક્ષણે ક્ષણે નાશવંત છે, સ્વભાવે જ અસાર છે અને સ્વભાવે જ તુચ્છ છે, તો તેમાં કયી ભલાઈ કહેવી ? (૭૫૧૧) (કારણ કે-) કાયા હાથીના કાન જેવી ચંચળ છે, રૂપ પણ ક્ષણવિનશ્વરસ્વરૂપ છે, યૌવન પણ પરિમિત (કાળનું) છે, લાવણ્ય પરિણામે વૈવર્ણ્યને (કુરૂપતાને) દેનારું છે. (૭૫૧૨) સૌભાગ્ય પણ નિશ્ચે નાશ પામે છે, ઇન્દ્રિયો પણ વિકલતાને પામે છે, સરસવ જેટલું પણ સુખ મેરુપર્વત જેટલા આકરાં દુઃખોના સમૂહથી ઘેરાએલું છે, બળ ચપળતાને પામે (નષ્ટ થાય) છે, આ જીવન પણ જળકલ્લોલ જેવું ક્ષણિક છે, પ્રેમ સ્વપ્નતુલ્ય (મિથ્યા) છે અને લક્ષ્મીઓ બધી છાયા જેવી છે; (૭૫૧૩-૧૪) ભોગો ઇન્દ્રધનુષ્ય જેવા ચપળ છે, સઘળાય સંયોગો અગ્નિની શિખાતુલ્ય છે અને બીજી પણ કોઈપણ વસ્તુ તેવી નથી, કે જે સ્વભાવે શાશ્વત હોય! (૭૫૧૫) એ રીતે સઘળી પણ સંસારજન્ય વસ્તુઓમાં સુખને માટે કરાતો પ્રતિબંધ હે સુંદર! અંતે દુઃખરૂપ બનશે. (૭૫૧૬) વળી તું નિશ્ચે સ્વજનોની સાથે જન્મ્યો નથી અને તેઓની સાથે મર્યો (મરનારો) પણ નથી. તો હે સુંદર! તેઓની સાથે પણ પ્રતિબંધ કરવાથી સર્યું. (૭૫૧૭) જો સંસાર-સમુદ્રમાં જીવો કર્મરૂપી મોટાં મોજાઓના વેગથી આમતેમ ભટકતા સંયોગ-વિયોગોને પામે છે, તો કોણ કોનો સ્વજન છે ? (૭૫૧૮) વારંવાર જન્મ-મરણરૂપ આ સંસારમાં ચિરકાળથી ભમતો કોઈ તેવો જીવ નથી, કે જે પરસ્પર અનેક વાર સ્વજન ન થયો હોય! (૭૫૧૯) જેને છોડીને જવાનું છે, તે વસ્તુ (અપ્પણિજ્જં=) આત્મીય (પોતાની) કેમ બને ? એમ વિચારીને જ્ઞાની શરીરમાં પણ પ્રતિબંધને તજે છે. (૭૫૨૦) વિવિધ ઉપચાર (સેવા) કરવાદ્વારા ચિરકાળથી સાચવેલું શરીર પણ જો અંતે વિકારને દેખાડે છે ( નાશ પામે છે ), તો શેષ પદાર્થોમાં શી આશા ? (૭૫૨૧) પ્રતિબંધ બુદ્ધિને હરનાર છે, અત્યંત આકરૂં બંધન છે અને સંસારનો (સર્વ દોષોનો) સમૂહ છે; તેથી હે ધીર! પ્રતિબંધને છોડ! (૭૫૨૨) પુનઃ હે મહાયશ! જો તું સર્વથા એને છોડવા શક્તિમાન ન હોય, તો અતિ પ્રશસ્ત વસ્તુને વિષે પ્રતિબંધને કર! કારણ કે-તીર્થંકરમાં પ્રતિબંધ અને સુવિહિત મુનિજનમાં પ્રતિબંધ, એ આજે ( વર્ત્તમાનમાં ) સરાગસંયમવાળા મુનિઓને નિશ્ચે પ્રશસ્ત છે. (૭૫૨૩-૨૪) અથવા શિવસુખસાધક ગુણોની સાધનામાં હેતુભૂત એવા દ્રવ્યોમાં પણ, શિવસાધક ગુણોની સાધનામાં અનુકૂળ એવા ક્ષેત્રમાં પણ, શિવસાધક ગુણોની સાધનાના અવસરરૂપ કાળમાં પણ અને શિવસાધક ગુણોરૂપ ભાવમાં પણ પ્રતિબંધને કર! (૭૫૨૫-૨૬) ( તત્ત્વથી તો ) આ પ્રશસ્ત પદાર્થો વિષે પ્રતિબંધ કરવો, તેને પણ કેવળજ્ઞાન રૂપી સૂર્યના પ્રકાશને અત્યંત રોકનાર કહ્યો છે. (૭૫૨૭) એથી જ જગદ્ગુરુ શ્રી વીરપ્રભુ વિષે પણ પ્રતિબંધથી બંધાએલા શ્રી ગૌતમ ચિરકાળ ઉત્તમ ચારિત્રને પાળ-નારા છતાં કેવલને ન પામ્યા. (૭૫૨૮) એમ ભો દેવાનુપ્રિય! આ સંસારમાં જો શુભ

વસ્તુ વિષે પણ આ પ્રતિબંધ આવા પ્રકારના પરિણામવાળો ( કેવળજ્ઞાનાદિને રોકનાર )છે, તો તેનાથી સર્યું ! (૭૫૨૯)વળી જીવ સુખનો અર્થી છે અને સુખ પ્રાયઃઆ સંસારમાં સંયોગથી થાય છે, તેથી જીવ સુખને માટે દ્રવ્યાદિની સાથે સંયોગને ઇચ્છે છે. ( પણ દ્રવ્યો અનિત્ય હોવાથી ) તેનો નાશ નિત્ય ચાલુ છે. ક્ષેત્રો પણ સદાય પ્રીતિકર થતાં નથી, કાળ પણ બદલાતો રહે છે અને ભાવ પણ નિત્ય એક સ્વભાવવાળો નથી. (૭૫૩૦-૩૧) કોઇને પણ તે તે દ્રવ્યાદિ સાથે જો કોઇપણ સંયોગ પૂર્વે થયો, વર્ત્તમાનમાં છે કે ભાવિમાં થશે, તે સઘળોય નિયમા અંતે વિયોગવાળો જ છે. (૭૫૩૨) એમ દ્રવ્યાદિની સાથેના સંયોગો અંતે નિયમા વિયોગવાળા છે, તો દ્રવ્યાદિમાં કરાતો પ્રતિબંધ કયા ગુણને પામશે ( તેનાથી કયો ગુણ થશે )? (૭૫૩૩)

વળી બીજું, જીવદ્રવ્ય વગેરે દ્રવ્યોનું પરસ્પર અન્યત્વ છે અને અન્યને આધીન જે સુખ, તે પરવશ હોવાથી અસુખ જ છે. (૭૫૩૪) તેથી હે ચિત્ત ! જો તું પ્રથમથી જ પરાધીન સુખમાં પ્રતિબંધને ન કરે, તો તેના વિયોગથી થનારા દુઃખને પણ તું ન જ પામે ! (૭૫૩૫) અહીં મૂઢ જીવ સંસારગત પદાર્થોના સમૂહમાં જેમ જેમ પ્રતિબંધને કરે છે, તેમ તેમ ગાઢ–અતિ ગાઢ કર્મોને બાંધે છે. (૭૫૩૬) એટલું પણ વિચારતો નથી, કે જે પદાર્થમાં પ્રતિબંધ કરાય છે, તે ( પદાર્થ ) નિશ્ચે વિનાશી, અસાર અને વિચિત્ર સંસારના હેતુભૂત છે. તેથી જો તું આત્માનું હિત ઇચ્છે છે, તો ભયંકર સંસારથી ભય ધારણ કર ! પૂર્વે કરેલાં પાપોથી ઉદ્વિગ્ન થા ! અને પ્રતિબંધનો ત્યાગ કર ! (૭૫૩૭-૩૮) જેમ જેમ આસક્તિનો ત્યાગ થાય, તેમ તેમ કર્મોનો અપચય ( ઘટાડો ) થાય અને જેમ જેમ તે ( કર્મો ઘટે ), તેમ તેમ મોક્ષ નજીક થાય. (૭૫૩૯) તેથી હે મુનિવર ! આરાધનામાં મનને જોડીને સઘળાય પાપના પ્રતિબંધને સર્વથા તજીને નિત્ય આત્મારામી બન ! (૭૫૪૦) એમ પ્રતિબંધત્યાગ નામનું પાંચમું પેટાદ્વાર કહ્યું. હવે સમ્યક્ત્વ સંબંધથી છટ્ઠું પેટાદ્વાર કહું છું. (૭૫૪૧)

**અનુશાસ્તિમાં છટ્ઠું સમ્યક્ત્વ પેટાદ્વાર**–અનંતાપણ ભૂતકાળમાં જે પૂર્વે કદાપિ પ્રાપ્ત થયું નથી, જેના પ્રભાવથી સંસારસમુદ્રને (ગોપય=) નાના ખાબોચિયાની જેમ ( વિના પ્રયાસે ) તરી શકાય છે, જેના પ્રભાવે મુક્તિનાં સુખોરૂપી સંપત્તિ હસ્તકમળમાં આવે છે, જે મોટા કલ્યાણના નિધાનનું પ્રવેશદ્વાર છે અને મિથ્યાત્વરૂપી પ્રબળ અગ્નિથી તપેલા જીવોને જે અમૃતની જેમ પ્રતિકાર ( શાન્તિને ) કરનાર છે, તે સમ્યક્ત્વને હે ક્ષપક ! તેં પ્રાપ્ત કર્યું છે. (૭૫૪૨ થી ૪૪) આ સમ્યક્ત્વ પ્રાપ્ત થવાથી ( હવે ) તું ભયંકર સંસારના ભયથી ડરીશ નહિ, કારણ કે–એને પામેલાઓએ સંસારને જલાંજલિ આપી છે. (૭૫૪૫) અને વળી આ જીવ નરકમાં અતિ દીર્ઘકાળ પણ સમ્યક્ત્વ સહિત રહ્યો તે પણ શ્રેષ્ઠ છે, પણ એનાથી રહિત જીવ દેવલોકમાં ઉપજ્યો તે પણ સારું નથી. (૭૫૪૬) કારણ કે–તે શુદ્ધ સમ્યક્ત્વના પ્રભાવે નરકમાંથી અહીં ( મનુષ્યપણામાં )

આવેલા જીવોને કેટલાકને તીર્થંકરપણું વગેરે (પણ) લબ્ધિઓ (પ્રાપ્ત થયેલી) આગમમાં સંભળાય છે. **(૭૫૪૭)** અને સમ્યક્ત્વગુણથી રહિત દેવલોકથી પણ ચ્યવેલાને આ સંસારમાં પૃથ્વીકાયાદિમાં પણ જવાનું અને ત્યાં દીર્ઘકાળ રહેવાનું આગમમાં સંભળાય છે. **(૭૫૪૮)** માત્ર અંતર્મુહૂર્ત પણ જો આ સમ્યક્ત્વ કોઈ રીતે સ્પર્શિત થાય, તો આ અનાદિ પણ સંસારસમુદ્ર હું માનું છું કે–નિશ્ચે ગોષ્પદ જેટલો (અલ્પ) બની જાય. **(૭૫૪૯)** નિશ્ચે જેને સમ્યક્ત્વરૂપી મહાધન છે, તે પુરુષ નિર્ધન પણ ધનવાન છે. જો ધનવાન (માત્ર) આ ભવમાં સુખી છે, તો સમ્યગ્દૃષ્ટિ પ્રત્યેક ભવમાં પણ સુખી છે. **(૭૫૫૦)** અતિચારરૂપી રજથી રહિત (નિર્મળ) સમ્યક્ત્વરત્ન જેના મનમંદિરમાં પ્રકાશિત છે, તે જીવ મિથ્યાત્વરૂપી અંધકારથી પીડિત કેમ થાય? **(૭૫૫૧)** જેના મનમાં સર્વ અતિશયોમાં નિમિત્ત એવો સમ્યક્ત્વરૂપ મંત્ર છે, તે પુરુષને ઠગવા મોહપિશાચ (પણ) સમર્થ નથી. **(૭૫૫૨)** જેના મનરૂપી આકાશતળમાં સમ્યક્ત્વરૂપી સૂર્ય પ્રકાશે છે, તેના મનમાં મિથ્યામતરૂપી જ્યોતિષચક્ર પ્રગટતું પણ નથી. **(૭૫૫૩)** પાખંડીઓરૂપી દૃષ્ટિવિષ સર્પના વિષયમાં આવેલો (દંશ દેવાએલો) પણ જે સમ્યક્ત્વરૂપ દિવ્ય મણિનો ધારક છે, તેને કુવાસનારૂપી ઝેર સંક્રમતું (ચઢતું) નથી. **(૭૫૫૪)** તેથી સર્વ દુઃખોનો ક્ષય કરનારા સમ્કત્વમાં પ્રમાદને કરીશ નહિ, કારણ કે–વીર્ય, તપ, જ્ઞાન અને ચારિત્ર (પણ) આ સમ્યક્ત્વમાં રહેલાં છે. **(૭૫૫૫)** જેમ નગરને દ્વાર, મુખને ચક્ષુ અને વૃક્ષને મૂળ છે, તેમ વીર્ય, તપ, જ્ઞાન અને ચારિત્રનું આ સમ્યક્ત્વ (દ્વાર, ચક્ષુ અને મૂળ) જાણવું. **(૭૫૫૬)** **(ભાવ=)** જ્ઞાનાદિ આત્મસ્વભાવ, **(પ્રેમ=)** પ્રીતિના વિષયભૂત માતા–પિતાદિ સ્વજનો અને **(સુગુણ=)** શ્રી અરિહંતાદિ, તેઓના અનુરાગમાં રક્ત (અર્થાત્ શાસ્ત્રોક્ત ભાવાભ્યાસ, સતતાભ્યાસ અને વિષયાભ્યાસ અનુષ્ઠાનવાળો), એવો તું શ્રી જૈનશાસનમાં ધર્માનુરાગથી અર્થાત્ તું શ્રી જૈનશાસનમાં નિત્ય સદ્‌ભાવ પ્રેમ, સદ્‌ગુણ અને ધર્મના અનુરાગથી) રંગાએલો બનજે. **(૭૫૫૭)** સઘળા ગુણોમાં મુખ્ય એવા પ્રાપ્ત થએલા આ સમ્યક્ત્વ મહારત્નનો આ જગતમાં કોઈ **(અન્નો=)** અપૂર્વ પ્રભાવ છે. કારણ કહ્યું છે કે–જેને મેરુની જેવું નિશ્ચલ અને શંકાદિ દોષોથી રહિત એવું આ સમ્યક્ત્વ એક દિવસનું પણ (પ્રગટ્યું) હોય, તે આત્મા નરક–તિર્યંચમાં ન પડે. **(૭૫૫૮–૫૯)** ચારિત્રથી ભ્રષ્ટ તે ભ્રષ્ટ નથી, પણ જે સમ્યક્ત્વથી ભ્રષ્ટ છે, તે ભ્રષ્ટ (પડેલો) છે. સમ્યક્ત્વથી નહિ ચૂકનારને સંસારમાં પર્યટન (ભટકવાનું) થતું નથી. **(૭૫૬૦)** અવિરતિવાળો પણ શુદ્ધ સમ્યક્ત્વ હોતે છતે શ્રી તીર્થંકરનામકર્મને બાંધે છે, કારણ કે–હરિકુળના સ્વામી (કૃષ્ણ) અને શ્રેણિક (વિરતિના અભાવે પણ) કલ્યાણકર ભવિષ્યવાળા (તીર્થંકર) થયા (થશે). **(૭૫૬૧)** વિશુદ્ધ સમ્યક્ત્વવાળા જીવો કલ્યાણની પરંપરાને પામે છે. સમ્યક્ત્વ મહારત્ન જેટલું મૂલ્ય દેવ–દાનવથીયુક્ત લોક (અર્થાત્ ત્રણેય લોક) પણ ન પામે. **(૭૫૬૨)** અરઘટ્ટયંત્ર જેવા આ સંસારમાં કોણ જન્મતો નથી? પણ (તત્ત્વથી) જગતમાં તે જ જન્મેલો છે, કે જેણે આ સંસારમાં

સમ્યક્ત્વરત્નને પ્રાપ્ત કર્યું છે. (અર્થાત્ તેનો જ જન્મ સફળ છે.) (૭૫૬૩) હે સુંદર! ચિંતામણી અને કલ્પવૃક્ષને પણ જીતનારા સમ્યક્ત્વને પામીને એમાં તારે ક્ષણ પણ (તેની રક્ષાનો) પ્રયત્ન છોડવાયોગ્ય નથી. (૭૫૬૪) આ દુસ્તર ભવસમુદ્રમાં જે સમકિતરૂપ નાવને પામ્યા નથી તે ડૂબ્યા છે, ડૂબે છે અને ડૂબશે (૭૫૬૫) અને સમ્યક્ત્વરૂપી નાવાને પામીને ભવ્ય પ્રાણીઓ દુસ્તર પણ ભવસમુદ્રને અલ્પકાળમાં તર્યા છે, તરે છે અને તરશે. (૭૫૬૬) તેથી હે ધીર! જેના પ્રાપ્તિના મનોરથો પણ દુર્લભ છે, એવા સમ્યક્ત્વને પામીને આરાધનામાં સ્થિર મનવાળો તું પ્રમાદને કરીશ નહિ. (૭૫૬૭) અન્યથા પ્રમાદમાં પડેલા તારી આ પ્રસ્તુત આરાધના નિશ્ચે (માર્ગથી) ભ્રષ્ટ થયેલી નાવડીની જેમ 'તડ' કરતી તૂટી (વિખરાઈ) જશે. (૭૫૬૮) એમ સમ્યક્ત્વ નામનું છઠ્ઠું પેટાદ્વાર કહ્યું. હવે શ્રી અરિહંત વગેરે છની ભક્તિનું સાતમું પેટાદ્વાર કહીએ છીએ. (૭૫૬૯)

**અનુશાસ્તિમાં શ્રી અરિહંતાદિ છની ભક્તિવિષયક સાતમું પેટાદ્વાર**–શ્રી અરિહંત, સિદ્ધ, ચૈત્ય, આચાર્ય, ઉપાધ્યાય અને સાધુઓ–એ છને મોક્ષનગરના માર્ગમાં સાર્થવાહતુલ્ય માનીને, હે ક્ષપક,! પ્રસ્તુત અર્થની (આરાધનાની) નિર્વિઘ્ન સિદ્ધિ માટે તેઓને તારા હર્ષના પ્રકર્ષથી વિકસિત એવા હૃદયકમળમાં ભક્તિપૂર્વક સમ્યગ્ ધારણ કર! (૭૫૭૦–૭૧) એકલી શ્રી જિનભક્તિ પણ દુર્ગતિને રોકીને દુર્લભ એવાં મુક્તિપર્યંતના સુખોને ઉત્તરોત્તર પ્રાપ્ત કરાવવા સમર્થ છે, (૭૫૭૨) તો પછી પરમૈશ્વર્યવાળા શ્રી સિદ્ધ, ચૈત્ય, આચાર્ય અને ઉપાધ્યાય વગેરેની ભક્તિ સંસારના કંદનું નિકંદન કરવામાં સમર્થ કેમ ન થાય? (૭૫૭૩) (સામાન્ય) વિદ્યા પણ તેઓની ભક્તિથી (જ) સિદ્ધ થાય છે અને સફળ બને છે, તો નિર્વાણ (મોક્ષ) ની વિદ્યા શું (તેઓની) ભક્તિ નહિ કરનારને સિદ્ધ થશે? (૭૫૭૪) આરાધનામાં નાયક (આરાધ્ય) એવા તેઓની ભક્તિ જે માણસ ન કરે, તે ઉખરભૂમિમાં વાવેલી કમોદડાંગરની જેમ સંયમને નિષ્ફળ કરે છે. (૭૫૭૫) આરાધકની (આરાધ્યની) ભક્તિ વિના જે આરાધનાને ઈચ્છે છે, તે બીજ વિના ધાન્યને અને વાદળ વિના વર્ષાને ઈચ્છે છે. (૭૫૭૬) વિધિપૂર્વક વાવેલા પણ અનાજને જેમ વર્ષા નિષ્પાદક (ઊગાડનાર) બને છે, તેમ તપ, દર્શન, જ્ઞાન અને ચારિત્રગુણોને આરાધકની ભક્તિ સફળ કરે છે. (૭૫૭૭) શ્રી અરિહંતાદિ પૈકી એક એકની પણ કરાતી ભક્તિ સુખની પરંપરાને નિશ્ચે પ્રગટાવે છે. આ વિષયમાં કનકરથ રાજા દૃષ્ટાન્તભૂત છે. (૭૫૭૮) તે આ પ્રમાણે–

**શ્રી અરિહંતની ભક્તિ વિષે કનકરથ રાજાનો પ્રબંધ**–જે નગરી ઉત્તમ પતિથી રક્ષણ કરાયેલી, સુંદર લાંબા નેત્રોવાળી અને ઉત્તમ પુત્રવાળી સ્ત્રીની જેમ શોભે છે (નગરીપક્ષે પતિ એટલે રાજાથી સુરક્ષિત, ઉત્તમ લાંબી રથ્યા–શેરીઓવાળી અને ઉત્તમ વૃક્ષોથી શોભતી–એમ અર્થ કરવો.), તે મિથિલા નગરીમાં કનકરથ નામે રાજા

હતો. સૂર્ય જેવા જેના પ્રતાપના વિસ્તારથી પરાભવ પામેલા શત્રુઓનો સમૂહ, (સૂર્યના તેજથી) કુમુદ (રાત્રિવિકાશી) કમળોનો ખંડ જેમ શોભા વિનાનો અને સંકુચિત (દુર્બળ) બને, તેમ શોભારહિત અને દુર્બલ (દીન) બની ગયો હતો. (૭૫૭૯–૮૦) (પણઈ=) યાચક (અથવા સ્નેહી) વર્ગને સંતોષ આપનાર અને પરસ્પરના પ્રદ્વેષનો (વૈરનો) ત્યાગ કરાવનાર એવા નીતિપ્રધાન રાજ્યના સુખને ભોગવતા અને રત્નોથી દીપતા એવા સિંહાસન ઉપર બેઠેલા, તેને એક અવસરે સંધીપાલકે પૂર્ણ મસ્તક નમાવીને વિનંતિ કરી કે–હે દેવ! આ આશ્ચર્ય છે કે–સૂર્યને અંધકાર જીતે અને સિંહના બચ્ચાની પણ કેસરાને મૃગ તોડે. તેમ ઘણા કાળથી મોકલેલા તમામ તેટલા (મોટા) પણ ચતુરંગ સૈન્યને ઉત્તરદિશાનો સ્વામી મહેન્દ્રસિંહ (ભજ્જઈ=) ભગાડી રહ્યો છે. (૭૫૮૧ થી ૮૪) તેની પ્રવૃત્તિ જાણવા નીમેલા ગુપ્તચરોએ શીઘ્ર આવીને હમણાં જ મને યુદ્ધનો વૃત્તાન્ત યથાસ્થિત કહ્યો (૭૫૮૫) અને ત્યાં જે કલિંગનો રાજા આપનો પ્રસાદપાત્ર હતો, તે નિર્લજ્જ શત્રુની સાથે ભેદને પામ્યો (ભળી ગયો) છે, (૭૫૮૬) દાક્ષિણ્ય વિનાનો કુરુદેશનો રાજા પણ તમારા સેનાપતિ પ્રત્યે દ્વેષના દોષથી (કારણે) તે જ વેળા યુદ્ધમાંથી પાછો ફર્યો છે, (૭૫૮૭) બીજા પણ કાળકુંજર, શ્રીશેખર, શંકર વગેરે સામંતો સૈન્યને વિખરાતું જોઇને યુદ્ધથી ખસી ગયા છે. (૭૫૮૮) અને એમ મદોન્મત્ત હાથીઓની સૂંઢથી જેના શ્રેષ્ઠ રથોનો સમૂહ ચૂરાઈ રહ્યો છે, રથોનો સમૂહ ચૂરાવાથી ભડકેલા ઘોડાઓ જ્યાં જનસમૂહને પીલી (પાડી) રહ્યા છે, જનસમૂહ પડવાથી દુર્ગમ બનેલા માર્ગમાં વ્યાકુળ શૂરા સુભટો આમતેમ દોડી રહ્યા છે, શૂરા સુભટોના પરસ્પર (ભિડણ=) લડવાથી સૈન્યના લોકો જ્યાં વ્યાકુળ થઇ રહ્યા છે અને સૈન્યના લોકોના પોકારના શબ્દોથી કાયર લોકોનો સમૂહ જ્યાં નાસી રહ્યો છે, એમ હણાયેલા યોદ્ધાવાળા તમારા સૈન્યને શત્રુએ જમના ઘેર પહોંચાડયું છે. (૭૫૮૯ થી ૯૧) એમ સાંભળીને લલાટે ચઢાવેલી ભયંકર ભ્રકુટીવાળા રાજાએ પ્રયાણને જણાવનારી મોટા અવાજવાળી ભેરીને વગડાવી. (૭૫૯૨) પછી તે ભેરીના વાદળોના સમૂહના અવાજતુલ્ય મોટા (વ્યાપક) અવાજથી પ્રયાણનું કારણ જાણીને તુર્ત ચતુરંગસેના હાજર થઈ. (૭૫૯૩) ત્યારે અત્યંત કૂપિત થએલો કનકરથ રાજા તે સેના સહિત શીઘ્ર પ્રયાણોથી શત્રુની (મહેન્દ્રસિંહની) ભૂમિમાં (હદમાં) પહોંચ્યો. (૭૫૯૪) પછી તેને આવેલો જાણીને અત્યંત ઉત્સુકતાને ધારણ કરતા મહેન્દ્રસિંહે (તેની સાથે) અતિ મોટો યુદ્ધનો ઉદ્યમ શરુ કર્યો. (તે આ પ્રમાણે–) પછી ચક્રો અને બાણોના સમૂહને ફેંકતો, (પાઠાં૦ તેએણુ=) તેજથી ઉગ્ર એવા જેના સુભટો (ઉત્થરિય=) ઉછળી રહ્યા છે, (હાથમાં પહેરેલાં વીરત્વસૂચક (કંકણ=) વીરવલયોમાં જડેલાં મણિની કાન્તિથી જાણે કૂપિત યમ નેત્રોથી કટાક્ષ ફેંકતો હોય તેમ (કયાવરોહ=) અવરોધ કરતો (શત્રુને રોકતો અથવા ઘેરી લેતો), મન અને પવન જેવા વેગીલા ઘોડાઓના સમૂહવાળો (મહેન્દ્રસિંહ) શત્રુના (કનકરથ રાજાના) સૈન્યની સાથે યુદ્ધ કરવા લાગ્યો.

પછી જે રણભૂમિમાં ભાંગેલા ડાંડાવાળા ( દંડરહિત ) છત્રોનો સમૂહ જાણે ભોજન કર્યા પછી ફેંકી દીધેલા થાળ ન હોય તેવાં દેખાય છે અને ખડ્ગથી શત્રુઓના ગળાને કાપી નાંખનારા, યુદ્ધક્રિયાથી દુષ્ટ ( વ્યંતરાદિ ) દેવોને પ્રસન્ન કરનારા અને પોતાના માલિકના કાર્યમાં દેહનો પણ ત્યાગ કરનારા, એવા ઉત્તમ ( બળવાન ) યોદ્ધાઓ જ્યાં કૃતકૃત્ય થવાથી હર્ષથી જાણે (**નાઇ=**) નાચી રહ્યા છે, (**૭૫૯૫ થી ૯૮**) જ્યાં રુધિરથી ભીંજાએલાં ( લોહી ઝરતાં ) મસ્તકોથી અલંકૃત પૃથ્વી જાણે રાતાં કમળોથી (**રઇય=**) રચેલી ( શણગારેલી ) ભીંત ન હોય ? અને બે ખંડ કરેલા જમીન ઉપર પડેલા હાથીઓ જાણે તૂટી પડેલાં અંજનપર્વતનાં શિખરો ન હોય ? તેવાં દેખાય છે. (**૭૫૯૯**) એ રીતે એવું ઘણા લોકોનો ક્ષય કરતું યુદ્ધ જ્યારે થયું, ત્યારે મિથિલાના રાજાએ દુર્જય એવા પોતાના હાથીને પ્રેરીને રણભૂમિમાં શત્રુની સન્મુખ ઊભો રાખ્યો. (**૭૬૦૦**) એ અવસરે મંત્રીઓએ કહ્યું કે-હે દેવ યુદ્ધથી અટકો ! શત્રુના મનોરથને સફળ ન કરો ! સ્વશક્તિને વિચારો ! (**૭૬૦૧**) આ ઉત્તરદિશાનો રાજા યુદ્ધમાં દઢ અભ્યાસી ( નિપુણ ) છે, દેવો એને સહાય કરે છે. મોટા પક્ષવાળો અને મહા સાત્ત્વિક છે, એમ હમણાં જ ગુપ્તચરોએ અમોને કહ્યું છે આથી એક ક્ષણ માત્ર પણ આ સ્થાનમાં રહેવું યોગ્ય નથી. (**૭૬૦૨-૩**) હે દેવ ! પોતાની શક્તિ ઉપરાન્ત આરંભને ( જ્ઞાનીઓ ) મરણનું મૂળ ( કારણ )કહે છે, માટે સર્વ પ્રકારે પણ આત્માની ( પોતાની )જ રક્ષા કરવી જોઇએ. (**૭૬૦૪**) હે દેવ ! હજુ પણ અખંડ લશ્કર ( શક્તિ ) વાળા તમે જો યુદ્ધથી અટકી જશો, તો (શત્રુએ) ભાવ જાણ્યો નથી એવા તમે ( બાંધી મુઠીએ ) પોતાના નગરમાં નિર્વિઘ્ને પહોંચી જશો. (**૭૬૦૫**) અન્યથા ભાગ્યવશ હારેલા અને શત્રુઓએ (**ભગ્ગપસરસ્સ=**) નાસતાં પણ રોકેલા, અસહાય બનેલા, તમારે નાસવું પણ સુલભ નહિ બને (ભારે પડશે). (**૭૬૦૬**) એમ મંત્રીઓના વચનરૂપી ગાઢ પ્રતિબંધથી નિર્ભય પણ કનકરથ યુદ્ધથી પાછો ફર્યો. મોટા પુરુષો (**ફુડં=**) સ્પષ્ટ ( સાચા ) અવસરના જાણ હોય છે. (**૭૬૦૭**) પછી શત્રુને હારેલો અને નાસતો જોઇને મહેન્દ્રસિંહ પણ કરુણાથી તેને પ્રહાર કર્યા વિના (પાછો) ચાલ્યો. (**૭૬૦૮**) પછી માનભંગ થએલો (અને તેથી) હૃદયમાં પ્રગટેલા દઢ શોકવાળો, પોતાને મરેલા જેવો માનતાં કનકરથ રાજાએ પાછાં ફરતાં સુંસુમારપુરમાં ઇન્દ્રોના સમૂહથી સેવાતા ચરણકમળવાળા શ્રી મુનિસુવ્રતસ્વામિને સમવસરેલા જોયા. (**૭૬૦૯-૧૦**) ત્યારે રાજચિન્હોને તજીને ઉપશમભાવવાળા વેષને ધારણ કરીને(શસ્ત્રાદિ તજીને),ગાઢ ભક્તિથી ત્રણ વાર પ્રદક્ષિણા દઇને, ગણધરો, મુનિવરો અને કેવળજ્ઞાનીઓથી પરિવરેલા, જગન્નાથ એવા પ્રભુને વાંદીને રાજા ધર્મ સાંભળવા માટે શુદ્ધ ભૂમિ ઉપર બેઠો. (**૭૬૧૧-૧૨**) ક્ષણ માત્ર પ્રભુની વાણીને સાંભળીને અને પછી યુદ્ધની પરિસ્થિતિને યાદ કરીને તે વિચારવા લાગ્યો કે--મારા જીવતરને ધિક્કાર થાઓ !, કે જેના પૂર્વપુણ્યનો નાશ થવાથી, તે રીતે શત્રુથી હણાયેલા પરાક્રમવાળા, નષ્ટ થએલા (**સાર=**) સત્ત્વવાળા, (મારી) અપકીર્તિ (**ધણિયં=**) ઘણી ફેલાણી.

(૭૬૧૩-૧૪) એમ વારંવાર ચિંતવતા નિસ્તેજ મુખવાળા, પ્રભુને નમસ્કાર કરીને સમવસરણથી નીકળતા રાજાને કરૂણાવાળા વિદ્યુતપ્રભ નામના ઈન્દ્રના સામાનિક દેવે કહ્યું કે–હે ભદ્ર! આ અતિ હર્ષના સ્થાને પણ હૃદયમાં તીક્ષ્ણ શલ્ય ભોંકાએલાની જેમ તું આ રીતે સંતાપને કેમ કરે છે? અને નેત્રોને હાથથી મસળેલા નીલકમળ જેવાં શોભા-રહિત ભીંજાએલાં કેમ ધારણ કરે છે? (૭૬૧૫ થી ૧૭) તે પછી આદરપૂર્વક પ્રણામ કરતા મિથિલાપતિએ જવાબ આપ્યો કે–તમે એ વિષયમાં (જ્ઞાનથી) સ્વયમેવ યથાસ્થિત જાણો છો, તો અહીં (આ વિષયમાં) હું શું કહું? (૭૬૧૮) ઘણા ભૂતકાળમાં થઈ ગયેલાં અને અત્યંત ભવિષ્યમાં થનારાં પણ (ભૂત–ભાવિ) કાર્યોને જેઓ નિશ્ચે જાણે છે, તેઓને આ જાણવું તે કેટલું માત્ર છે? (૭૬૧૯) જ્યારે રાજાએ એમ કહ્યું, ત્યારે અવધિજ્ઞાનથી તત્ત્વને જાણીને વિદ્યુત્પ્રભદેવ આ પ્રમાણે કહેવા લાગ્યો. (૭૬૨૦) અહો! તું શત્રુથી પરાભવ થવારૂપ આકરા દુઃખને હૈયામાં ધારણ કરે છે, (પણ) શ્રી જિનવરની ભક્તિને દુઃખમુક્તિનું મૂળ (કારણ) કહી છે, (૭૬૨૧) હે રાજન્! તારી પ્રભુનાં ચરણકમળોની વંદનક્રિયાથી હું પ્રસન્ન થયો છું, તેથી હવે મારા પ્રભાવથી તું શીઘ્ર શત્રુ સામે જયને (પ્રાપ્ત) કર! (૭૬૨૨) એમ દેવનું વચન સાંભળીને વિકસેલા (પ્રસન્ન) મુખકમળવાળો રાજા સૈન્યની સાથે તૂર્ત શત્રુ તરફ પાછો ફર્યો. (૭૬૨૩) પછી ઘણાં યુદ્ધોમાં પ્રાપ્ત કરેલા વિજયના ગર્વવાળો મહેન્દ્રસિંહ પુનઃ પણ તેને આવતો સાંભળીને સજ્જ થઇને સામે (આવી) ઊભો રહ્યો. (૭૬૨૪) અને (બન્નેનું) યુદ્ધ થયું. માત્ર વિદ્યુતપ્રભના પ્રભાવથી મિથિલાપતિએ પ્રથમ (પ્રારંભમાં) જ મહેન્દ્રસિંહને હરાવ્યો. (૭૬૨૫) અને તેણે પહેલાં કબજે કરેલા હાથી, ઘોડા વગેરે રાજ્યનાં વિવિધ અંગોને કબજે કરીને અને તેને સેવા (આજ્ઞાપાલન) ગ્રહણ (કબૂલ) કરાવીને, ત્યાં જ રાજ્યમાં મૂકયો. (તે રાજ્ય સંભાળવાનું તેને સોંપ્યું.) (૭૬૨૬) પછી જીતવાયોગ્યને (શત્રુને) જીતીને કનકરથ પોતાના નગરમાં આવ્યો અને જગતમાં શરદચંદ્રના કિરણતુલ્ય ઉજ્જવળ કીર્તિવાળો (પ્રસિદ્ધ) થયો. (૭૬૨૭) પછી એક પ્રસંગે વિશુદ્ધ લેશ્યામાં વર્તતો તે વિચારવા લાગ્યો કે–અહો! શ્રી જિનેશ્વરનો મહિમા કેવો છે, કે જે હું તે વેળા વંદન માત્રથી પણ, મનોરથને પણ અગોચર (કલ્પનામાં પણ ન આવે તેવા) અત્યંત વાંછિત પ્રયોજનને લીલા માત્રથી (અનાયાસે) પામ્યો, (૭૬૨૮-૨૯) માટે જગતમાં એક પ્રભુ, આ ભવ–પરભવમાં ભાવી કલ્યાણ કરવાના સ્વભાવવાળા, પરમ પરમાત્મા અને શ્રેષ્ઠ કલ્પવૃક્ષતુલ્ય એવા તેઓ જ અનુસરવા (સેવવા) યોગ્ય છે, એમ વિચારીને રાજાએ શ્રી મુનિસુવ્રત પ્રભુના ચરણકમળમાં પ્રવ્રજ્યાને સ્વીકારી. પછી તેણે વિધિપૂર્વક પાળીને, ગુણગણના ઘર (નિધાન) તુલ્ય ગણધર નામગોત્રને (તેવા પુણ્યને) બાંધીને, અંતે મરીને, દેદીપ્યમાન શરીરવાળો મહર્દ્ધિક દેવ થયો. (૭૬૩૦ થી ૩૨) ત્યાંથી ચ્યવીને સારા કુળમાં મનુષ્યપણું અને ઉત્તમ ભોગોને પામીને, શ્રી તીર્થંકરદેવની પાસે દીક્ષા લઇને, ગણધર થઇને, સંસારરૂપી મોટા વૃક્ષને મૂળમાંથી

ઊખેડીને કેવળજ્ઞાનના પ્રકાશને પામેલો તે જન્મ-મરણથી રહિત એવા પરમ નિર્વાણને પામશે. (૭૬૩૩-૩૪) એમ શ્રી અરિહંતદેવ વગેરેની ભક્તિને એ પ્રકારે ઉત્તરોત્તર કલ્યાણનું કારણ જાણીને હે ક્ષપક! તું સમ્યક્ (તે ભક્તિને) આચર! (૭૬૩૫) 'શ્રી અરિહંતાદિ છની ભક્તિ'-એ નામનું સાતમું દ્વાર મેં કહ્યું. હવે આઠમું પંચનમસ્કાર નામનું પેટાદ્વાર કહીશ. (૭૬૩૬)

**અનુશાસ્તિમાં પંચનમસ્કાર નામનું આઠમું પેટાદ્વાર**-હે મહામુનિ ક્ષપક! સમાધિયુક્ત અને કુવિકલ્પરહિત તું પ્રારંભેલા વિશુદ્ધ ધર્મનો અનુબંધ (પરંપરા) થાય તેમ હવે બંધુતુલ્ય શ્રી જિનેશ્વરોને તથા સર્વ સિદ્ધોને, આચારના પાલક આચાર્યોને, સૂત્રનું દાન કરનારા ઉપાધ્યાયોને તથા શિવસાધક સર્વ સાધુઓને, નિશ્ચે સિદ્ધિના સુખના સાધક એવા નમસ્કારને કરવામાં નિત્ય ઉદ્યમી બન! (૭૬૩૭ થી ૩૯) કારણ કે-આ નમસ્કાર સંસારરૂપી રણભૂમિમાં પડેલાને (ફસેલાને) શરણભૂત, અસંખ્ય દુઃખોના ક્ષયનું કારણ મોક્ષપદનો હેતુ છે. (૭૬૪૦) વળી કલ્યાણરૂપ કલ્પવૃક્ષનું અવંધ્ય બીજ, સંસારરૂપ હિમાચલના શિખરોનો (ઠંડીને દૂર કરનાર) પ્રચંડ સૂર્ય અને પાપરૂપ સર્પોને નાશ કરનાર ગરુડ છે, (૭૬૪૧) દરિદ્રતાના કંદને મૂળમાંથી ઉખેડનાર વરાહની દાઢા છે અને પ્રથમ પ્રગટતા સમ્યક્ત્વરત્ન માટે રોહણાચલની ભૂમિ છે. (૭૬૪૨) સદ્ગતિના આયુષ્યના બંધરૂપી વૃક્ષના પુષ્પની વિઘ્નરહિત ઉત્પત્તિ છે અને વિશુદ્ધ-ઉત્તમ ધર્મની સિદ્ધિની પ્રાપ્તિનું નિર્મળ ચિહ્ન છે. (૭૬૪૩)

અને વળી યથાવિધિ સર્વ પ્રકારે આરાધેલા, ઇચ્છિત ફળ પ્રાપ્ત કરવાના શ્રેષ્ઠ મંત્રતુલ્ય, એવા આ પંચનમસ્કારના પ્રભાવે શત્રુ પણ મિત્ર થાય છે, તાલપુટ ઝેર પણ અમૃત બને છે, ભયંકર અટવી પણ વાસભુવનની જેમ ચિત્તને આનંદ આપે છે, (૭૬૪૪-૪૫) ચોરો પણ રક્ષકપણાને પામે (રક્ષક બને) છે, ગ્રહો અનુગ્રહકારક બને છે, અપશુકનો પણ શુભ શુકનથી સાધ્ય (શુભ શુકનના) ફળને આપે છે, (૭૬૪૬) માતાની જેમ ડાકિણીઓ પણ અલ્પ પણ પીડાને કરતી નથી અને ભયંકર મંત્ર-તંત્ર-યંત્રના પ્રયોગો પણ (ઉપદ્રવ કરવા) સમર્થ થતા નથી.(૭૬૪૭) પંચનમસ્કારના પ્રભાવથી અગ્નિ કમળના સમૂહ જેવો, સિંહ શીયાળ જેવો અને જંગલી હાથી પણ મૃગલાના બચ્ચા જેવો જણાય છે. (૭૬૪૮) એ કારણથી જ દેવો, વિદ્યાધરો વગેરે પણ ઊઠતાં, બેસતાં, અથડાતાં કે પડતાં આ નમસ્કારને પરમ ભક્તિથી સ્મરે છે. (૭૬૪૯) વૃદ્ધિ પામતી શ્રદ્ધા-બહુમાનરૂપ તેલયુક્ત મિથ્યાત્વરૂપી અંધકારનો નાશક આ નમસ્કાર શ્રેષ્ઠ દીપક ધન્યાત્માઓના (જ) મનોમંદિરમાં રમે (પ્રકાશ કરે) છે. (૭૬૫૦) જેઓના મનરૂપી વનની ઝાડીમાં નમસ્કારરૂપી કેસરીસિંહનું બચ્ચું ક્રીડા કરે છે, તેઓને અહિતરૂપી હાથીઓના સમૂહનો મેળાપ પણ (થતો) નથી. (૭૬૫૧) બેડીઓના આકરા બંધનવાળી (ગુપ્તિ=) કેદ અને વજ્રના પાંજરામાં પૂરાવાનું પણ ત્યાં સુધી છે કે-આ નમસ્કારરૂપી

શ્રેષ્ઠ મંત્રને જ્યાં સુધી તૂર્ત જપ્યો નથી! (૭૬૫૨) અહંકારી, દુષ્ટ, નિર્દય અને ક્રૂર એવી દષ્ટિવાળો (પરો=) શત્રુ પણ ત્યાં સુધી (શત્રુ) રહે છે કે–શ્રી નમસ્કારમંત્રના ચિંતનપૂર્વક જ્યાં સુધી તેને જોયો નથી. (૭૬૫૩) આ મંત્રનું સ્મરણ કરનારને મરણમાં, યુદ્ધભૂમિમાં (સુભટોના) સમૂહનો સંગમ થતાં અને ગામ, નગર વગેરે અન્ય સ્થાને જતાં (સર્વત્ર) રક્ષણ તથા સન્માન થાય છે. (૭૬૫૪)

તથા દેદીપ્યમાન મણિની કાન્તિથી વ્યાપ્ત એવી વિશાળ ફણાવાળા સર્પોની ફણાઓના સમૂહમાંથી નીકળતાં કિરણોના સમૂહથી જ્યાં ભયંકર અંધકાર નાશ પામ્યો છે, એવા પાતાળમાં (પણ) ઈચ્છાની સાથે મનને આનંદ દેનારા પાંચેય ઇન્દ્રિઓના વિષયો જેઓને સિદ્ધ થાય છે, એવા દાનવો જે (ત્યાં) મોજ (આનંદ) કરે છે, તે પણ નિશ્ચે નમસ્કારના પ્રભાવનો માત્ર એક અંશ છે. (૭૬૫૫–૫૬)

વળી વિશિષ્ટ પદવી, વિદ્યા, વિજ્ઞાન, વિનય તથા ન્યાયથી શોભતું અને અસ્ખલિત વિસ્તારથી ફેલાતા નિર્મળ યશથી સમગ્ર ભુવનતળમાં વ્યાપ્ત એવું વળી અત્યંત અનુરાગી સ્ત્રી, પુત્ર વગેરે સઘળા મિત્રો તથા સ્વજનોવાળું, આજ્ઞાને સ્વીકારવામાં ઉત્સાહી, બુદ્ધિમાન, એવા ઘરકાર્ય કરનારા નોકર–ચાકરવાળું, અક્ષીણ લક્ષ્મીના વિસ્તારની માલિકી અને ભોગોને પ્રાપ્ત કરાવવામાં શ્રેષ્ઠ, વળી રાજા, અમાત્ય વગેરે વિશિષ્ટ લોકોને અને પ્રજાને બહુમત (માન્ય), યથાચિંતિત (મનોવાંછિત) ફળની પ્રાપ્તિથી સુંદર અને દુઃખની વાતને (અથવા દુષ્ટ વાતને) ચમત્કાર આપનારું (અર્થાત્ દુઃખ જેવો શબ્દ પણ જ્યાં નથી), એવું જે મનુષ્યપણું મળે છે, તે પણ નમસ્કારના ફળનો એક લેશ (અંશ) માત્ર છે. (૭૬૫૭ થી ૬૦) અને વળી જે સુકુમાર સર્વશ્રેષ્ઠ અંગોવાળી સુંદર ચોસઠ હજાર પત્નીઓવાળું, મહાપ્રભાવશાળી શોભતા બત્રીશ હજાર સામંતોવાળું, શ્રેષ્ઠ નગરોતુલ્ય છન્નુ ક્રોડ ગામોના સમૂહથી અતિ વિસ્તૃત, દેવનગરી જેવાં બહોંતેર હજાર શ્રેષ્ઠ નગરોની સંખ્યા–(અથવા સમૂહ) વાળું, મોટી સંખ્યામાં ખેટ, કર્બટ, મડંબ, દ્રોણમુખ વગેરે ઘણા વસવાટવાળું, શોભતા મનોહર સુંદર રથોના સમૂહથી (દિહં=) ધૈર્યને દેનારું, શત્રુસૈન્યને છેદવાથી અત્યંત ગર્વિષ્ઠ એવા પદાતિસૈન્યના સમૂહથી વ્યાપ્ત (યુક્ત), (મદથી) ઝરતા ગંડસ્થળવાળા પ્રચંડ હાથીઓના સમૂહવાળું, મન અને પવનતુલ્ય વેગવાળા, ચપળ, ખરીઓથી ભૂમિતળને ઉખેડતા ઘોડાઓવાળું, સંખ્યાથી સોળ હજાર યક્ષોની રક્ષાથી વ્યાપ્ત (રક્ષણ કરાતું), નવનિધાન અને ચૌદ રત્નોના પ્રભાવથી સિદ્ધ થતાં સર્વ પ્રયોજનોવાળું, એવું લોકમાં જે છ ખંડ ભરતક્ષેત્રનું સ્વામીપણું મળે છે, તે પણ નિશ્ચે શ્રદ્ધારૂપી જળના સિંચનથી સર્વ રીતે વૃદ્ધિને પામેલા તે શ્રી પંચનમસ્કારરૂપ વૃક્ષનો જ (વિશિષ્ટ)કોઈ ફળનો વિલાસ છે. (૭૬૬૧ થી ૬૭)

વળી જેમ બે છીપોના સંપુટમાં મોતી ઉપજે, તેમ ઉજ્જવળ દેવદુષ્ય વસ્ત્રથી આચ્છાદિત સુંદર દેવશય્યાના ખોળામાં (દેવશય્યામાં) ઉત્પન્ન થાય અને તે પછી જીવે

ત્યાં સુધી મનોહર શરીરવાળો, જાવજ્જીવ સુંદર યૌવન અવસ્થાવાળો, જાવજ્જીવ રોગ, જરા, રજ (મેલ) અને પસીનાથી રહિત (નિર્મળ) શરીરવાળો, જાવજ્જીવ નસો, ચરબી, હાડકાં, માંસ, રુધિર વગેરે શરીરના મળથી (દુર્ગંધથી) મુક્ત, જીવતાં સુધી તાજી પુષ્પમાળા અને દેવદુષ્ય વસ્ત્રને ધારણ કરતો, સારી રીતે તપાવેલા જાતિવંત્ સુવર્ણ અને મધ્યાહ્નના સૂર્ય સરખી (તેજસ્વી) શરીરની કાન્તિવાળો, પાંચ વર્ણનાં રત્નોના આભરણોના કિરણોથી સર્વ દિશાઓને ચિત્રિત કરતો, અખંડ (સંપૂર્ણ) ગંડસ્થળે લહેરાતાં કુંડલોની કાન્તિથી દીપતો, તથા મનોહર કંદોરાવાળી (**અમરણરમણી=**) દેવાંગનાઓના સમૂહથી મનોહર, વળી સમગ્ર ગ્રહોના સમૂહને એકીસાથે (નીચે) પાડવામાં, ભૂતળને ભમાડવામાં અને સઘળા કુલપર્વતોના સમૂહને લીલા માત્રથી ચૂરવામાં તથા માનસ વગેરે મોટાં સરોવરો, નદીઓ, દ્રહો અને સમુદ્રોનાં જળને પ્રબળ પવનની જેમ એક કાળે જ સંપૂર્ણ શોષણ કરવામાં શક્તિમાન, ત્રણેય લોકને (પૂર્ણ) ભરી દેવા માટે (તેટલાં) મોટાં ઘણાં રૂપોને શીઘ્ર બનાવનારો, તથા તુર્ત માત્ર પરમાણુ જેવડા (નાના) રૂપવાળો થવામાં પણ સમર્થ, તથા એક હાથની પાંચ અંગુલિઓથી પ્રત્યેકના અગ્રભાગે એક એકને, એમ એકીસાથે પાંચેય મેરુપર્વતોને ઉપાડવામાં સમર્થ, વધારે શું ? એક ક્ષણમાં જ છતી વસ્તુને પણ અછતી અને અછતી વસ્તુને પણ છતી દેખાડવામાં અને કરવામાં પણ સમર્થ, વળી નમતા દેવોના સમૂહના મસ્તકના મણિના કિરણોની શ્રેણિથી સ્પર્શિત ચરણવાળો, ભ્રકૂટીના ઇશારા માત્રથી આદેશ કરતાં જ પ્રસન્ન થઇને સંભ્રમપૂર્વક ઊભા થતા (અભિયોગિક દેવોના) પરિવારવાળો, ઇચ્છાની સાથે જ અનુકૂળ વિષયોના સમૂહને સહસા પ્રાપ્ત કરનારો, પ્રીતિરસથી યુક્ત સતત મોજ કરવાની એક આદતવાળો (વ્યસની), નિર્મળ અવધિજ્ઞાનથી અને અનિમેષ દૃષ્ટિથી દશ્યોને જોનારો (જાણનારો) અને સમકાળે ઉદયને પામેલી સકળ શુભ કર્મપ્રકૃતિઓવાળો, એવો ઇન્દ્ર પણ દેવલોકમાં જે ઋદ્ધિથી ભરપૂર મનોહર વિમાનોની શ્રેણિઓનું ચિરકાળ અસ્ખલિત વિસ્તારવાળું આધિપત્ય પાળે છે, તે પણ સદ્ભાવપૂર્વક સમ્યક્ કરેલી શ્રીપંચનમસ્કારની આરાધનાની લીલા(પ્રભાવ)નો લેશ જાણવો. (**૭૬૬૮થી૮૨**)

ઉર્ધ્વ, અધો અને તિર્ચ્છાલોકરૂપી રંગમંડપમાં દ્રવ્ય-ક્ષેત્ર-કાળ કે ભાવને આશ્રીને આશ્ચર્યકારક જે કોઈ પણ વિશિષ્ટ અતિશય કોઇ રીતે કોઇ પણ જીવમાં દેખાય છે અથવા સંભળાય છે, તે સર્વ પણ શ્રી નમસ્કારસ્મરણના મહિમાથી પ્રગટેલો જાણવો. (**૭૬૮૩-૮૪**) દુઃખે પાર ઉતરાય તેવા જળમાં, દુઃખે ઓળંગી શકાય તેવા (અટવી વગેરે) સ્થળમાં દુઃખે પાર ઉતરાય તેવા વિકટ પર્વતમાં, અથવા ભયંકર સ્મશાનમાં કે બીજા પણ દુઃખદ પ્રસંગમાં, (જીવને) નમસ્કાર રક્ષક અને શરણ છે. (**૭૬૮૫**) વશ કરવું, સ્થાનભ્રષ્ટ (ઉચ્ચાટન) કરવું તથા થંભાવવું, વળી નગરને ક્ષોભ પમાડવો કે રોધ (ઘેરો) કરવો, વગેરેમાં તથાવિધ પ્રયોગ કરાએલો (આરાધેલો) આ નમસ્કાર જ સમર્થ છે. (**૭૬૮૬**) બીજા મંત્રોથી પ્રારંભેલાં જે કાર્યો, તે પણ તેઓનાં જ (**સમેઈ=**) સમ્યગ્ પ્રાપ્ત (સિદ્ધિ)

થાય છે કે–પોતાનું સ્મરણ કરવાપૂર્વક પ્રારંભેલાં કાર્યોની સિદ્ધિને કરનારા એવા આ શ્રી પંચનમસ્કારના સ્મરણપૂર્વક જેઓએ પ્રારંભ્યાં છે. (૭૬૮૭) તેથી સઘળી સિદ્ધિઓને અને મંગળોને ઈચ્છતા આત્માએ નમસ્કારને સર્વત્ર સદા સમ્યગ્ ચિંતવવો જોઈએ. (૭૬૮૮) જાગવું, ઊંઘવું, છીંકવું, ઊભા રહેવું, ચાલવું, અથડાવું કે પડવું, વગેરે સર્વ પ્રસંગોમાં નિશ્ચે આ પરમમંત્રને પ્રયત્નપૂર્વક વારંવાર સ્મરણ કરવો જોઈએ. (૭૬૮૯) પુણ્યાનુબંધી પુણ્યવાળા જેણે આ નમસ્કારને પ્રાપ્ત કર્યો છે, તેની નરક અને તિર્યંચની ગતિઓ અવશ્ય રોકાઈ ગઈ છે. (૭૬૯૦) નિશ્ચે પુનઃ તે કદાપિ અપયશને અને નીચ ગોત્રને પામતો નથી અને જન્માન્તરમાં પણ આ નમસ્કાર ( પ્રાપ્તિ ) તેને દુર્લભ નથી. (૭૬૯૧) વળી જે મનુષ્ય એક લાખ નમસ્કારને અખંડ ગણીને શ્રી જિનને અને સંઘને પૂજે છે, તે શ્રી તીર્થંકરનામકર્મને બાંધે છે. (૭૬૯૨) અને નમસ્કારના પ્રભાવથી તેને નિશ્ચે જન્માન્તરે પણ જાતિ, કુળ, રૂપ, આરોગ્ય અને સંપત્તિઓ ( વગેરે ) શ્રેષ્ઠ મળે છે. (૭૬૯૩) ચિત્તથી ચિંતવેલું, વચનથી પ્રાર્થેલું તથા કાયાથી પ્રારંભેલું કાર્ય ત્યાં સુધી નથી થતું કે જ્યાં સુધી નમસ્કારને સ્મર્યો નથી (૭૬૯૪) અને વળી મનુષ્ય આ નમસ્કારથી જ સંસારમાં કદાપિ નોકર, ચાકર, દુર્ભાગી ( અથવા દુઃખીઓ, ) નીચ અને વિકલઇન્દ્રિઓવાળો થતો નથી. (૭૬૯૫) પરમેષ્ઠિઓને ભક્તિથી કરાયેલો આ નમસ્કાર આ લોક અને પરલોકમાં સુખકર છે અને આ લોક–પરલોકનાં દુઃખોને ચૂરવામાં સમર્થ છે. (૭૬૯૬) વધારે વર્ણનથી શું ? નિશ્ચે જીવોને જગતમાં એવું કંઈ નથી, કે જેને ભક્તિથી કરેલો આ નમસ્કાર કરવા માટે સમર્થ નથી. (૭૬૯૭) જો પરમ દુર્લભ એવા પરમપદના ( મોક્ષના ) સુખને પણ આ નમસ્કાર નિશ્ચે પ્રાપ્ત કરાવે છે, તો તેની સાથે ( અનાજની સાથે ઘાસની જેમ ) આનુસંગિક સિદ્ધ થનારા તે સિવાયના અન્ય સુખની કયી ગણતરી ? (૭૬૯૮) જેઓ મોક્ષનગરને પામ્યા, પામશે કે ( વર્તમાનમાં ) પામી રહ્યા છે, તે શ્રી પંચનમસ્કારના ગુપ્ત મહા સામર્થ્યના યોગે ( સમજવું. ) (૭૬૯૯) દીર્ઘકાળ તપ તપ્યા, ચારિત્ર પાળ્યું અને ઘણા શ્રુતને ભણ્યા, તથાપિ જો નમસ્કારમાં પ્રીતિ નથી, તો તે ( સર્વ ) નિષ્ફળ ગયું ( જાણવું ) (૭૭૦૦) ચતુરંગ સેનાનો નાયક ( સેનાપતિ ) એ જેમ ( સૈન્યનો ) દીપક ( અગ્રેસર ) છે, તેમ દર્શન, તપ, જ્ઞાન અને ચારિત્રનો નાયક આ ભાવનમસ્કાર ( તે ગુણોનો ) દીપક છે. (૭૭૦૧) આ જીવે ( ભૂતકાળમાં ) ભાવનમસ્કાર વિના ( **અકયકજ્જાઈં**– ) નિષ્ફળ એવાં દ્રવ્યલિંગોને અનંતીવાર લીધાં અને મૂકયાં. તેથી એ પ્રમાણે જાણીને હે સુંદર ! આરાધનામાં જોડેલા મનવાળો તું પણ પ્રયત્નપૂર્વક શુભ ભાવનાથી આ નમસ્કારને મનમાં ધારણ કર ! (૭૭૦૨–૩) હે દેવાનુપ્રિય ! તને વારંવાર આ વિષયમાં પ્રાર્થના કરું છું કે–(તરવામાં)સંસારસમુદ્રના પૂલસમાન નમસ્કારને શિથિલ (ઉપેક્ષા) કરીશ નહિ, (૭૭૦૪) કારણ કે–જન્મ, જરા અને મરણથી ભયંકર એવા સંસારરૂપી અરણ્યમાં આ નમસ્કાર મંદ પુણ્યવાળાઓને પ્રાપ્ત થતો નથી. (૭૭૦૫) રાધાને પણ સ્પષ્ટ વિંધી

શકાય, પર્વતને પણ મૂળમાંથી ઉખેડી શકાય અને આકાશતળમાં ચાલી (ઉડી) શકાય, પણ આ નમસ્કાર (મેળવવો) દુર્લભ છે. (૭૭૦૬) બુદ્ધિશાળીએ અન્ય સર્વ વિષયોમાં પણ શરણભૂત હોવાથી આ નમસ્કારને સ્મરવો જોઇએ અને આ પ્રાપ્ત થયેલા (અંતિમ) આરાધનાના કાળે (તો) સવિશેષ સમરવો જોઇએ. (૭૭૦૭) આ નમસ્કાર આરાધનામાં (વિજય) ધ્વજને ગ્રહણ કરવા માટેનો હાથ છે, સ્વર્ગ અને મોક્ષનો માર્ગ છે, તેમ જ દુર્ગતિના દ્વારની (બંધ કરવાની) મોટી અર્ગલા (આગળિયો) છે. (૭૭૦૮) અન્ય દિવસે પણ નિત્ય આ નવકારને ભણવો, ગણવો અને સાંભળવો જોઇએ તથા સમ્યક્ અનુપ્રેક્ષા કરવી જોઇએ, તો મરણકાળે શું પૂછવું ? (૭૭૦૯) જ્યારે ઘર બળે, ત્યારે તેનો માલિક બીજું બધું છોડીને આપત્તિનો પાર પામવામાં સમર્થ એવા એક પણ મોટા (કીંમતી) રત્નને લઈ લે છે; અથવા જેમ (**આઉંર=**) યુદ્ધના ભયમાં સુભટ ભ્રકુટી ચઢાવેલા (વૈરી) સુભટોથી ભરપૂર રણભૂમિમાં કાર્ય કરવામાં ( વિજય કરાવવામાં ) સમર્થ, એવા એક અમોઘ શસ્ત્રને ગ્રહણ કરે છે, તેમ જ્યારે આતુર(રોગી) પણામાં બારેય પ્રકારના સર્વ પણ શ્રુતસ્કંધનું (દ્વાદશાંગીનું) સમ્યક્ ચિંતન કરવા તેમાં એકચિત્તવાળો છતાં શક્તિમાન નથી થતો, ત્યારે તે દ્વાદશાંગીને પણ છોડીને મરણસમયે નિશ્ચે તે શ્રી પંચનમસ્કારનું જ સમ્યક્ ચિંતન કરાય છે, કારણ કે-તે દ્વાદશાંગીના અર્થ (રહસ્ય) ભૂત છે. (**૭૭૧૦ થી ૧૩**) સર્વ પણ દ્વાદશાંગી પરિણામવિશુદ્ધનો જ હેતુ માત્ર છે, તે ( પરિણામવિશુદ્ધિ ) કરવાપણું (નમસ્કારમાં) હોવાથી નમસ્કાર (**તદત્થો=**) દ્વાદશાંગીનો અર્થ (સાર) કેમ નહિ ? (**૭૭૧૪**) તેથી વિશુદ્ધ શુભ લેશ્યાવાળો આત્મા (પોતાને) કૃતાર્થ માનતો, તેમાં જ સ્થિર ચિત્તવાળો (બનીને) તે નમસ્કારને જ સમ્યગ વારંવાર સ્મરણ કરે. (૭૭૧૫) જેમ સુભટ યુદ્ધમાં જયપતાકાને (ઇચ્છે), તેમ નિશ્ચે મરણ પ્રસંગે (મોહની) જયપતાકારૂપ એવા કાનને અમૃત-તુલ્ય નમસ્કારને કોણ બુદ્ધિમાન ન આદરે ? (૭૭૧૬) જેમ પવન જળને ( વાદળને ) વિખેરે, તેમ પ્રકૃષ્ટભાવથી પરમેષ્ઠિઓને કરેલો એક પણ નમસ્કાર સકળ દુઃખના સમૂહનો નાશ કરે છે. (૭૭૧૭) (મનથી) સંવિગ્ન મનદ્વારા, (વચનથી) અસ્ખલિત સ્પષ્ટ મનોહર સ્વર વડે અને કાયાથી પદ્માસને બેઠેલો, તથા હાથની યોગમુદ્રાવાળો, એવો આત્મા સ્વયં સંપૂર્ણ નમસ્કારને સમ્યગ્ જપે, એ વિધિ ઉત્સર્ગથી છે, છતાં બળ ઘટવાથી તેમ કરવા સમર્થ ન થાય ( ન કરી શકે ), તો પણ તેઓના નામને અનુસરતા 'અ-સિ-આ-ઉ-સા'-એ પાંચ અક્ષરોને સમ્યગ્ ગુપ્ત (મૌનથી) પણ પરાવર્તે. એમ છતાં તેમ કરવામાં પણ જો કોઈ રીતે અશક્ત હોય, તો 'ઓમ્'-એટલું જ ધ્યાન કરે. કારણ-આ 'ઓમ્' વડે શ્રી અરિહંતો, અશરીરી (સિદ્ધો), આચાર્યો, ઉપાધ્યાયો અને સર્વ મુનિવરોનો સંગ્રહ કરાયેલો છે. શબ્દશાસ્ત્રના જાણ વૈયાકરણીઓએ તેઓનાં નામોમાં રહેલા પ્રથમ પ્રથમ વર્ણોની સંધિ કરવાદ્વારા આ 'ઓઁ' કારને જણાવ્યો છે. (**૭૭૧૮ થી ૨૨**) માટે એના ધ્યાનથી નિશ્ચે શ્રી પંચપરમેષ્ઠિઓનું ધ્યાન થાય છે. અથવા જે નિશ્ચે એ પણ ધ્યાનને કરવા અસમર્થ હોય, તે પાસે બેઠેલા કલ્યાણમિત્રના (સાધર્મિઓના) સમૂહદ્વારા બોલાતા શ્રી

પંચનમસ્કારને સાંભળે અને હૃદયમાં આ પ્રમાણે ભાવના ભાવે કે–તે આ ( નમસ્કાર ) ધનની ગાંઠડી છે, તે આ નિશ્ચે કોઈ (અચિંત્ય) દુર્લભની પ્રાપ્તિ છે, તે આ ઈષ્ટસંયોગ (સંગ) છે અને તે આ પરમતત્ત્વ છે. અહોહો ! નિશ્ચે હવે હું (આ નમસ્કારની પ્રાપ્તિથી) સંસારસમુદ્રના કાંઠે પહોંચ્યો, નહિ તો કયાં હું ? અથવા કેવો આ રીતે આ નમસ્કારનો સમ્યગ્ યોગ ? હું ધન્ય છું કે–અનાદિઅનંત સંસારસમુદ્રમાં અચિંત્ય ચિંતામણિ એવો આ શ્રી પંચમેષ્ઠિ નમસ્કારને પામ્યો ! શું હું આજે સર્વ અંગોથી અમૃતપણે પરિણમ્યો ( મારા સર્વ અંગો અમૃતમય બની ગયાં ) ? અથવા શું કોઈએ અકાળે પણ ( મને ) સકળ સુખમય (સંપૂર્ણ સુખી) કર્યો ? (૭૭૨૩ થી ૨૮) એમ પરમ સમરસની (સમતાની) પ્રાપ્તિપૂર્વક સાંભળેલો નમસ્કાર ( **સિયધારણુ=** ) અમૃતની ધારાનો યોગ જેમ ઝેરનો નાશ કરે, તેમ કિલષ્ટ કર્મોનો નાશ કરે છે. (૭૭૨૯) જેણે મરણકાળે આ નમસ્કારને ભાવપૂર્વક સ્મરણ કર્યો, તેણે સુખને આમત્રંણ આપ્યું અને દુ:ખને જલાંજલિ આપી. (૭૭૩૦) આ નમસ્કાર પિતા, માતા, નિષ્કારણ બંધુ, મિત્ર અને પરમોપકારી છે. (૭૭૩૧) આ નમસ્કાર ( સર્વ ) શ્રેયોમાં ( કે શ્રેયોનું ) પરમશ્રેય:, મંગલોમાં (અથવા મંગલોનું) પરમમંગલ, પુણ્યોમાં ( અથવા પુણ્યોનું ) પરમપુણ્ય અને ફળોમાં ( અથવા ફળોનું ) પરમફળ છે. (૭૭૩૨) તથા આ નમસ્કાર આ લોકરૂપી ઘરમાંથી પરલોકના માર્ગે ચાલેલા જીવોરૂપી મુસાફરોને પરમ હિતકર ભાતાતુલ્ય છે. (૭૭૩૩) જેમ જેમ તેના શ્રવણનો રસ મનમાં પરિણમે (વધે), તેમ તેમ જળભરેલા કાચા ઘડાની જેમ ક્રમશ: કર્મની ગાંઠ ક્ષીણ થાય છે. (૭૭૩૪) જ્ઞાનરૂપી અશ્વથી જોડેલો અને શ્રી પંચનમસ્કાર-રૂપ સારથિથી પ્રેરાતો, એવો તપ–નિયમ અને સંયમનો રથ, મનુષ્યને નિવૃત્તિ ( મોક્ષ ) નગરમાં પહોંચાડે છે. (૭૭૩૫) અગ્નિ પણ શીતળ થાય અને ગંગાનદી ઉલટા માર્ગે વહેતી થાય, પણ આ નમસ્કાર પરમપદ (મોક્ષ) નગરમાં ન પહોંચાડે એમ (બને) નહિ. (૭૭૩૬) તેથી આરાધનાપૂર્વક અનન્ય (એકાગ્ર) ચિત્તવાળો અને વિશુદ્ધ લેશ્યાવાળો તું સંસારનો ઉચ્છેદ કરનારા નમસ્કારને છોડીશ નહિ. (૭૭૩૭) મરણકાળે આ નમસ્કારને નિયમા કરવો (સાધવો) જોઈએ, કારણ કે–શ્રી જિનેશ્વરોએ તેને સંસારનો ઉચ્છેદ કરવામાં સમર્થ જોયો છે. (૭૭૩૮) નિર્વિવાદ કર્મનો ક્ષય તથા નિયમા મંગલનું આગમન, એ શ્રી પંચનમસ્કાર કરવાનું સુંદર તાત્કાલિક ફળ છે. (૭૭૩૯) કાલાન્તરભાવિ ફળ તો આ ભવનું અને અન્ય ભવનું–એમ બે પ્રકારે છે. તેમાં ઉભય ભવમાં સુખકારક એવી સમ્યક્ અર્થ–કામની પ્રાપ્તિ તે આ ભવનું ફળ છે. (૭૭૪૦) તેમાં પણ તેઓની કલેશ વિના પ્રાપ્તિથી અને આરોગ્યપૂર્વક તે બન્નેને નિર્વિઘ્ને ભોગવવાથી આ ભવમાં સુખકારક-પણું અને શાસ્ત્રોક્ત વિધિથી ઉત્તમ સ્થાનમાં વ્યય કરવાથી પરભવમાં સુખકારકપણું છે. હવે શ્રી પંચનમસ્કારનું અન્ય ભવ સંબંધી પણ ફળ કહું છું. જો કે તે જન્મમાં જ કોઈ કારણે સિદ્ધિમાં ગમન ન થાય, તો પણ એક વાર પણ નમસ્કારને પામેલા અને

નિશ્ચે તેને નહિ વિરાધનારા, અતુલ પુણ્યથી શોભતા ઉત્તમ દેવોમાં અને (મનુષ્યનાં) મોટાં (ઉત્તમ) કુળોમાં ઉત્પન્ન થઈને, અંતે સર્વકર્મનો ક્ષય કરવાપૂર્વક સિદ્ધિને પામે જ છે. (૭૭૪૧ થી ૪૪) પુનઃ આ સંસારમાં નમસ્કારના પહેલા 'ન' અક્ષરની (પણ) વાસ્તવિક પ્રાપ્તિ, ક્ષણે ક્ષણે જ્ઞાનાવરણીય વગેરે કર્મોના અનંત પુદ્‌ગલોનો વિગમ (નિર્જરા) થવાથી થાય છે. તે પછી શેષ અક્ષરોમાંનો પણ પ્રત્યેક અક્ષર તેથી અનંતગુણી વિશુદ્ધિ થવાથી પ્રાપ્ત થાય છે. (૭૭૪૫-૪૬) એમ જેનો એક એક અક્ષર પણ અત્યંત કર્મક્ષય થવાથી પ્રાપ્ત થાય છે, તે નમસ્કાર વાંછિત ફળને આપનારો કેમ ન થાય? (૭૭૪૭) વળી (ગા. ૭૭૪૦ માં) જે કહ્યું કે-'આ ભવમાં અર્થ અને કામની પ્રાપ્તિ' થાય છે, તેમાં મૃતકના વ્યતિકરથી ધનપ્રાપ્ત કરનાર શ્રાવકપુત્ર અર્થવિષયમાં દૃષ્ટાન્તભૂત છે. (૭૭૪૮) તે આ પ્રમાણે-

**શ્રી નમસ્કારમંત્રના પ્રભાવે ધન પ્રાપ્ત કરનાર શ્રાવકપુત્રનું દૃષ્ટાન્ત-**
એક મોટા નગરમાં યૌવનથી ઉન્મત્ત, વેશ્યાનો અને જુગારનો વ્યસની તથા પ્રમાદથી અત્યંત ઘેરાયેલો એક શ્રાવકપુત્ર હતો. (૭૭૪૯) ઘણો કાળ બહુ પ્રકારે કહેવા છતાં તે ધર્મનો સ્વીકાર કરતો નથી અને નિરંકુશ હાથીની જેમ તે સ્વચ્છંદ વિલાસ કરે છે. (૭૭૫૦) તો પણ મરતી વેળાએ પિતાએ કરુણાથી બોલાવીને તેને કહ્યું કે-હે પુત્ર! જો કે તું અત્યંત પ્રમાદી છે, તો પણ સમસ્ત વસ્તુઓને સાધવામાં સમર્થ આ શ્રી પંચ-નમસ્કારને તું ભણજે અને સદા દુઃખી અવસ્થાઓમાં તે શ્રેષ્ઠ મંત્રને યાદ કરજે. (૭૭૫૧-૫૨) એના પ્રભાવથી ભૂત, વેતાળો ઉપદ્રવ કરતા નથી અને શેષ ક્ષુદ્ર ઉપદ્રવોનો સમૂહ પણ અવશ્ય નાશ પામે છે. (૭૭૫૩) એમ પિતાના વચનના આગ્રહથી તેણે 'તહત્તિ' કહીને સ્વીકાર્યો. પછી પિતા મરી ગયા અને ધનનો સમૂહ ક્ષય પામ્યો, ત્યારે સ્વચ્છંદ ભમવાની (પાઠાં૦ ભવણ=થવાની) કુટેવવાળા તેણે એક ત્રિદંડીની સાથે મિત્રતા કરી. અથવા કુળક્રમને (કુલીનતાને) તજી દેનારા પુરુષોને આ કેટલું માત્ર છે? (૭૭૫૪-૫૫) એક અવસરે ત્રિદંડીએ વિશ્વાસપૂર્વક તેને કહ્યું કે-હે ભદ્ર! જો તું કાળી ચૌદશની રાત્રે અખંડ શ્રેષ્ઠ અંગવાળા મડદાને લાવે, તો હું તેને દિવ્ય મંત્રશક્તિથી સાધીને તારી દરિદ્રતાનો નાશ કરું, (૭૭૫૬-૫૭) એ વાતને શ્રાવકના પુત્રે સ્વીકારી અને તેણે કહેલો સમય પ્રાપ્ત થતાં નિર્જન સ્મશાનપ્રદેશમાં તેણે તે જ રીતે તેને મૃતક લાવી આપ્યું. (૭૭૫૮) પછી તે મુડદાના હાથમાં ખડ્ગ આપીને (ત્રિદંડીએ) તેને માંડલાની ઉપર બેસાડયું અને ત્યાં તેની સામે જ શ્રાવકપુત્રને બેસાડયો. (૭૭૫૯) પછી તે ત્રિદંડીએ જોરથી વિદ્યાને જપવાનો પ્રારંભ કર્યો અને વિદ્યાના આવેશથી મુડદું ઉઠવા લાગ્યું, (૭૭૬૦) તેથી ડરેલા શ્રાવકપુત્રે તુર્ત પંચનમસ્કારનું સ્મરણ કર્યું અને તેનાથી સામર્થ્ય હણાઇ ગયેલું મડદું (પાછું) જમીન ઉપર પડયું. (૭૭૬૧) પુનઃ પણ ત્રિદંડીના દૃઢ વિદ્યાજાપથી ઉઠીને મડદું નીચે પડયું, ત્યારે ત્રિદંડીએ કહ્યું કે-હે શ્રાવકપુત્ર! તું કંઇ પણ (મંત્રાદિને) જાણે છે? તેણે કહ્યું કે-હું કંઇ પણ જાણતો નથી. પછી ધ્યાનના પ્રકર્ષમાં

ચઢેલો ( વિશેષતયા ધ્યાન કરતો ) ત્રિદંડી પુનઃ પોતાની શ્રેષ્ઠ વિદ્યાને જપવા લાગ્યો. (૭૭૬૨-૬૩) ત્યારે પંચનમસ્કારથી રક્ષિત શ્રાવકપુત્રને હણવા અસમર્થ તે મુડદાએ તૂર્ત ખડ્ગથી ત્રિદંડીએ બે ખંડ કર્યો ( હણ્યો. ) (૭૭૬૪) પછી પ્રસન્ન થએલા શ્રાવકપુત્રે ખડ્ગના પ્રહારના પ્રભાવથી તે ત્રિદંડીના મુડદાનો સોનાનાં અંગોવાળો ( સુવર્ણપુરુષ ) બનેલો જોયો. (૭૭૬૫) ત્યારે તેનાં અંગ-ઉપાંગોને કાપીને પોતાના ઘરમાં સ્થાપન કર્યાં (ધનનો ભંડાર ભર્યો) એમ શ્રી પંચપરમેષ્ઠિમંત્રના પ્રભાવે ધનાઢ્ય થયો. (૭૭૬૬) કામના વિષયમાં તે મિથ્યાદૃષ્ટિ પતિની પત્ની શ્રાવિકા દૃષ્ટાન્તરૂપ છે, કે જેનાં નમસ્કારથી સર્પ પણ પુષ્પમાળા બની ગયો. (૭૭૬૭) તે આ પ્રમાણે–

**નમસ્કારના પ્રભાવે કામને પ્રાપ્ત કરનાર શ્રાવિકાનો પ્રબંધ**–એક સંનિવેષમાં ( નગરની બહારના પરામાં ) એક મિથ્યાદૃષ્ટિ ગૃહપતિ હતો અને તેને ધર્મમાં અત્યંત રાગી શ્રાવિકા પત્ની હતી. (૭૭૬૮) તેના ઉપર બીજી પત્નીને પરણવાની ઇચ્છાવાળા, તુચ્છ પરિણતિવાળા, ( તેણે પોતે ) શોકયવાળો હોવાથી બીજી પત્ની નહિ મળવાથી વિચાર્યું કે–પૂર્વની ( પરણેલી ) પત્નીને કેવી રીતે હણું ? એમ ( વિચારીને ) અન્યદા કાળા સર્પને ઘડામાં પૂરીને ( તે ઘડો ) ઘરમાં મૂકયો. (૭૭૬૯-૭૦) ભોજન કર્યા પછી તેણે તે શ્રાવિકાને કહ્યું કે–હે ભદ્રે ! અમુક સ્થાને મૂકેલા ઘડામાંથી પુષ્પમાળા મને લાવી આપ ! (૭૭૭૧) પછી તે ઘરમાં પેઠી અને અંધારું હોવાથી શ્રી પંચ-નમસ્કારને સ્મરણ કરતી ( તેણીએ ) પુષ્પમાળા માટે તે ઘડામાં હાથ નાંખ્યો, તે પહેલાં જ ( એક ) દેવીએ સર્પનું અપહરણ કર્યું અને અતિ સુગંધવાળી, વિકસિત શ્વેત પુષ્પોની શ્રેષ્ઠ માળા તે સ્થાને ( ઘડામાં ) મૂકી દીધી. તેને લઇને તેણીએ પતિને આપી, તેથી ગભરાએલા ( તેણે ) ત્યાં જઇને ઘડાને જોયો પણ સર્પને દેખ્યો નહિ (૭૭૭૨ થી ૭૪) ત્યારે 'આ મહા પ્રભાવવાળી છે'–એમ માનીને પગમાં પડયો, પોતાનો વૃત્તાન્ત ( આશય ) કહ્યો અને ખમાવીને ( તેણીને ) પોતાના ઘરની સ્વામિનીપદે સ્થાપી. (૭૭૭૫) એમ આ લોકમાં આ નમસ્કાર અર્થ–કામનો સાધક છે. પરલોકમાં પણ આ નમસ્કાર હુંડિક યક્ષની જેમ સુખદાયક છે. (૭૭૭૬) તે આ પ્રમાણે–

**નમસ્કારના પરલૌકિક ફળ વિષે હુંડિક યક્ષનો પ્રબંધ**–મથુરા નગરીમાં લોકોની સતત ચોરી કરતા હુંડિક નામના ચોરને કોટવાળોએ પકડયો અને ગધેડા ઉપર બેસાડીને નગરમાં ભમાડયો. પછી તેને શૂળીએ ચઢાવ્યો અને તેનાથી તેનું શરીર સખ્ત ભેદાયું ( છેદાયું ). (૭૭૭૭-૭૮) તૃષાથી પીડાતા શરીરવાળા દુઃખથી અત્યંત પીડાતા તેણે જિનદત્ત નામના ઉત્તમ શ્રાવકને તે પ્રદેશથી જતો જોઇને કહ્યું કે–ભો ! મહાયશ ! તું દુઃખીઓ પ્રત્યે કરુણા કરનારો ઉત્તમ શ્રાવક છે, તો તૃષાતુર મને કયાંયથી પણ જલ્દી જળ લાવી આપ ! (૭૭૭૯-૮૦) પછી શ્રાવકે કહ્યું કે–જ્યાં સુધી હું તારા ( માટે ) જળને લાવું, ત્યાં સુધી આ નમસ્કારનું વારંવાર ચિંતન કર ! હે ભદ્ર ! જો

તું એને વિસારીશ, તો હું લાવેલું પણ (જળ) તને આપીશ નહિ. એમ કહેવાથી જળની લોલુપતાથી તે દઢતાથી નમસ્કારનું સ્મરણ કરવા લાગ્યો. (૭૭૮૧-૮૨) પરંતુ જિનદત્ત ઘેરથી પાણી લઈને જેટલામાં આવ્યો, તેટલામાં નમસ્કારને ઉચ્ચાર કરતા તેનો જીવ ચાલ્યો ગયો. (૭૭૮૩) પછી મરીને તેના પ્રભાવથી તે યક્ષપણાને પામ્યો (યક્ષ થયો). પછી ચોરને ભોજન (પાણી) આપનાર હોવાથી રાજપુરુષોએ જિનદત્તને પકડીને રાજાને સોંપ્યો. રાજાએ કહ્યું કે–ચોરની તુલ્ય દોષવાળા એને પણ શૂળીએ ચઢાવો. (૭૭૮૪-૮૫) એમ કહેવાથી કોટવાળો જિનદત્તને વધસ્થાને લઈ ગયા. એ પ્રસંગે હુંડિક યક્ષે અવધિજ્ઞાનનો ઉપયોગ કર્યો, તેનાથી શૂળી ઉપર ભેદાએલા પોતાના શરીરને અને તેવા શ્રાવકને જોઈને ગુસ્સે થએલો તે નગરની ઉપર પર્વતને ઉપાડીને (શીલાને વિકુર્વીને) બોલ્યો કે–રે રે! દેવતુલ્ય આ શ્રાવકને ખમાવીને છૂટો કરો! અન્યથા આ પર્વતથી તમો સર્વને પણ હું ચૂરી નાખીશ. (૭૭૮૬ થી ૮૮) તેથી ભય પામેલા રાજાએ જિનદત્તને ખમાવીને છોડી દીધો. એમ હુંડિકચોરની જેમ નમસ્કાર પરલોકમાં સુખને આપનાર છે. (૭૭૮૯) એ રીતે ઉભય લોકમાં આ નમસ્કારને સુખના મૂળરૂપ જાણીને આરાધનાના અભિલાષી હે ક્ષપક! તું સતત એનું સ્મરણ કર! કારણ કે-પંચપરમેષ્ઠિઓને ભાવથી કરેલો નમસ્કાર જીવને હજારો જન્મોથી બચાવે છે અને વળી બોધિલાભનું કારણ થાય છે. (૭૭૯૦-૯૧) સંસારનો ક્ષય કરતા ધન્યાત્માઓના હૃદયને વારંવાર પ્રસન્ન કરતો આ પંચ (પરમેષ્ઠિ) નમસ્કાર દુર્ધ્યાનને રોકનારો થાય છે. (૭૭૯૨) એમ પાંચનો નમસ્કાર નિશ્ચે મહાન્ પ્રયોજનવાળો કહ્યો છે. તેથી મરણ (ઉપાગ્રે=) પાસે આવે ત્યારે ક્ષણે ક્ષણે તેને બહુ વાર (સ્મરણ) કરાય છે. (૭૭૯૩) આ પાંચનો નમસ્કાર સર્વ પાપોનો નાશ કરનાર છે અને સર્વ મંગલોમાં પ્રથમ મંગલ છે. (૭૭૯૪) એમ આ પંચનમસ્કાર નામનું આઠમું પેટાદ્વાર કહ્યું. હવે 'સમ્યગ્જ્ઞાનનો ઉપયોગ'–એ નામનું નવમું પેટાદ્વાર કહું છું. (૭૭૯૫)

**અનુશાસ્તિમાં 'સમ્યગ્જ્ઞાનોપયોગ' નામનું નવમું પેટાદ્વાર**–હે ક્ષપક! તું પ્રમાદને મૂળમાંથી ઉખેડીને જ્ઞાનના ઉપયોગવાળો થા! કારણ કે-જ્ઞાન જીવલોકનું (સર્વ જીવોનું) સર્વ વિઘ્નો વિનાનું (રોગરહિત) ચક્ષુ છે, પ્રકૃષ્ટ દીપક છે, સૂર્ય છે અને ત્રણ ભુવનરૂપી તમિસ્રા ગુફામાં શ્રેષ્ઠ પ્રકાશ કરનારું (કાકીણી) રત્ન છે. (૭૭૯૬-૯૭) જો જીવલોકમાં જીવોને જ્ઞાનચક્ષુ ન હોય, તો મોક્ષમાર્ગ સંબંધી સમ્યક્ પ્રવૃત્તિ ન થાય! (૭૭૯૮) અથવા કુબોધરૂપી પતંગીઆનો નાશ કરનારા જ્ઞાનદીપક વિના મિથ્યાત્વરૂપી અંધકારના સમૂહથી ઘેરાએલું બિચારું આ જગત કેવું (દુઃખી) હોય? (૭૭૯૯) તથા અંધકારના (અજ્ઞાનના) નાશક સમ્યગ્જ્ઞાનરૂપી સૂર્યના પ્રભાવથી સંસારરૂપી સરોવરમાં વિવેકરૂપી સુંદર કમલોનો વિકાસ થાય છે. (૭૮૦૦) જો આ સમ્યગ્જ્ઞાનરૂપી કાકિણીરત્નનો વ્યાપાર (પ્રયોગ) ન હોત, તો અજ્ઞાનરૂપી પ્રબળ અંધકારથી ભયંકર આ

ત્રણ ભુવનરૂપી તમિસ્રા ગુફામાંથી શ્રી જિનેશ્વરરૂપી ચક્રવર્તીની પાછળ ચાલતું આ બિચારું મૂઢ ભવ્ય જીવોરૂપી સૈન્ય અસ્ખલિત પ્રચાર (પ્રયાણ) કરતું કેવી રીતે (બહાર) નીકળત ? (૭૮૦૧-૨) શ્રી જિનશાસનથી સંસ્કારિત બુદ્ધિવાળા અને શ્રુતજ્ઞાનરૂપી સમૃદ્ધિવાળા જ્ઞાનીઓ આ જીવલોકમાં શ્રુતજ્ઞાનથી દેવો અને અસુરોથી યુક્ત, મનુષ્યોથી યુક્ત, ગરુડસહિત, નાગસહિત તથા ગંધર્વ (વ્યંતરો) સહિત, એવા ઉર્ધ્વ, અધો અને તિર્છાલોકને, તથા જીવોનો (કર્મોથી) બંધ, મુક્તિ, ગતિ અને આગતિને (સર્વને) જાણી શકે છે. (૭૮૦૩-૪) જેમ સૂત્ર (દોરા) સહિત સોય કચરામાં પડવા છતાં નાશ નથી પામતી, તેમ (**સૂત્ર=**) શ્રુતજ્ઞાન સહિત જીવ પણ સંસારમાં (ભમતો) છતાં નાશ નથી પામતો (ડૂબતો નથી). (૭૮૦૫) જેમ (**કચાર=**) (કચરામાં) ઢગલામાં પડેલી દોરા વિનાની સોય ખોવાય છે, તેમ સંસારરૂપી અટવીમાં જ્ઞાનરહિત પુરુષ પણ નાશ પામે (ભટકે) છે. (૭૮૦૬) જેમ નિપુણ વૈદ્ય આગમથી રોગની ચિકિત્સા કરવાનું જાણે છે, તેમ આગમથી જ્ઞાની ચારિત્રની શુદ્ધિને જાણે (કરે) છે. (૭૮૦૭) જેમ આગમ (જ્ઞાન) રહિત વૈદ્ય વ્યાધિની ચિકિત્સાને જાણતો નથી, તેમ આગમરહિત (પુરુષ) ચારિત્રની શુદ્ધિને જાણતો નથી. (૭૮૦૮) તે માટે મોક્ષની ઇચ્છાવાળા અપ્રમત્ત પુરુષોએ (**પુવ્વ=**) પહેલાં પૂર્વર્ષિઓએ પ્રરૂપેલાં આગમોમાં (પાઠાં૦ પુવ્વરિસિપરૂવિયંમિ સુત્તંમિ=પૂર્વપુરુષોએ પ્રરૂપેલા આગમમાં અપ્રમત્તપણે) ઉદ્યોગ કરવો જોઇએ, (૭૮૦૯) બુદ્ધિ (કર્મના) ન હોય, પણ જ્ઞાનની ઇચ્છાવાળાએ ઉદ્યમને કરવો જોઈએ, કારણ કે-તે બુદ્ધિ હોય કે ક્ષયોપશમથી સાધ્ય છે (અને ક્ષયોપશમ ઉદ્યમથી પ્રગટે છે.) (૭૮૧૦) જો એક દિવસે એક પદને, અથવા પખવાડીએ અડધા શ્લોકને પણ ભણી શકે, તો પણ જ્ઞાનને શીખવાની ઇચ્છાવાળો તું ઉદ્યમને છોડીશ નહિ. (૭૮૧૧) આશ્ચર્યને તો જુઓ ! સ્થિર અને બળવાન એવા પણ પાષાણનો અસ્થિર જળની ધારાએ ક્ષય કર્યો ! (૭૮૧૨) તેવા શીતળ અને મૃદુ (કોમલ) પણ થોડા થોડા (સતત) વહેતા, (પર્વતના) સંયોગને નહિ છોડતા જળે પર્વતને ભેદ્યો. (૭૮૧૩) ઘણાં પણ અપરિચિત (પરાવર્તનરહિત) અને અશુદ્ધ, એવા સ્ખલના અને શંકાવાળા શ્રુતજ્ઞાન વડે મનુષ્ય જાણકાર (જ્ઞાની) મનુષ્યોનો હાંસીપાત્ર બને છે. (૭૮૧૪) અને થોડા પણ અસ્ખલિત, શુદ્ધ અને સ્થિરપરિચિત (પાઠાં૦ પરિજિએણ=દઢ-સ્થિર) એવા સ્વાધ્યાયથી અર્થનું જ્ઞાન પ્રાપ્ત કરીને મનુષ્ય અલજ્જિત અને અનાકૂળ બને છે. (ક્યાંય શરમાતો નથી કે સંકલેશને કરતો નથી.) (૭૮૧૫) જે ગંગાનદીની રેતીને માપે અને જે બે હાથના ખોબાથી સમુદ્રના પાણીને ઉલેચવા સમર્થ હોય. તે જ્ઞાનના ગુણોને માપી શકે. (૭૮૧૬) પાપથી નિવૃત્તિ, કુશળ ધર્મમાં પ્રવૃત્તિ અને વિનયની પ્રાપ્તિ, એ ત્રણ જ્ઞાનનાં (મુખ્ય) કાર્યો (ફળો) છે. (૭૮૧૭) સંયમયોગની આરાધના અને શ્રી વર્ધમાન પ્રભુની આજ્ઞા, એ બન્ને જ્ઞાનથી જાણી શકાય છે, માટે જ્ઞાનને ભણવું જોઈએ. (૭૮૧૮) મોક્ષનો (**પઉણ=**) સરળ માર્ગ જેઓએ પ્રગટ

કર્યો છે, જ્ઞાનમાં ( **આઉત્ત=** ) જોડાએલા ( ઉદ્યમી ) છે અને જ્ઞાનયોગથી યુક્ત છે, એવા જ્ઞાનીઓની નિર્જરાનું તોલ ( માપ ) કોણ કરી શકે ? (૭૮૧૯) અલ્પજ્ઞાનીને ( અગીતાર્થને ) બે, ત્રણ, ચાર અને પાંચ ઉપવાસથી જે શુદ્ધિ થાય, તેનાથી અતિ-બહુગુણી શુદ્ધિ નિત્યભોજી પણ જ્ઞાનીને ( ગીતાર્થને ) થાય. (૭૮૨૦) એક દિવસમાં તપસ્વી થઈ શકાય, એમાં કોઈ સંશય નથી, કિન્તુ ( **ધંત=** ) અતિ ત્વરા( ઉદ્યમ )વાળો પણ એક દિવસમાં શ્રુતધર ન થાય. (૭૮૨૧) બહુ ક્રોડો વર્ષો સુધી નારકજીવ જે કર્મોને ખપાવે, તેટલાં કર્મોને ત્રણ ગુપ્તિથી ગુપ્ત જ્ઞાની એક શ્વાસ માત્રમાં ખપાવે છે. (૭૮૨૨) જ્ઞાનથી ત્રણ ભુવનમાં રહેલા ચરાચર ( અસ્થિર-સ્થિર ) સર્વ ભાવોને જાણી શકાય છે, માટે બુદ્ધિમાને પ્રયત્નપૂર્વક જ્ઞાનને શીખવું જોઇએ. (૭૮૨૩) જ્ઞાનને ભણે, જ્ઞાનને ગુણે અને જ્ઞાનથી કાર્યોને કરે, એમ જ્ઞાનમાં રહેલો ( રમતો ) જ્ઞાની સંસારસમુદ્રને તરે. (૭૮૨૪) જો ( **જે=** ) નિશ્ચે જીવની પરમ વિશુદ્ધિને જાણવાની ઇચ્છા છે, તો મનુષ્યે દુર્લભ એવા બોધિને પ્રાપ્ત કરીને નિશ્ચે જ્ઞાનને શીખવું જોઇએ. (૭૮૨૫) શ્રુતને સર્વ બળથી ( સર્વ પ્રયત્ને પણ ) ભણવું જોઇએ અને તપ તો બળને અનુસારે ( યથાશક્તિ ) કરવો જોઇએ, કારણ કે-સૂત્રવિરુદ્ધ કરાતો પણ તપ ગુણકારક થતો નથી. (૭૮૨૬) જ્યારે મરણ ( પાઠાં૦ **ઉપાગ્રે=** ) નજીક આવે, ત્યારે અત્યન્ત સમર્થ ચિત્તવાળો પણ બારેય પ્રકારના શ્રુતસ્કંધનું ( દ્વાદશાંગીનું ) સર્વ અનુચિંતન કરી શકતો નથી, તેથી જે (**વીત-રાગમત=**) શ્રી જિનેશ્વરના સિદ્ધાન્તરૂપ એક પદમાં પણ સંયોગને ( અભેદને ) કરે છે, તે ( પુરુષ ) તે અધ્યાત્મયોગથી ( આત્મરમણતાથી ) મોહની જાળને છેદે છે. (૭૮૨૭-૨૮) જે એક ( કોઈ ) પણ મોક્ષના કારણમાં (મુક્તિસાધક વ્યાપારમાં) નિત્ય જોડાએલો રહે, તે કારણ તેનું જ્ઞાન બને, કારણ કે-તેના દ્વારા તે વીતરાગતાને પામે છે. (અર્થાત્ ગમે તેટલું ભણવા છતાં જેટલા જ્ઞાનનો ઉદ્યમ-વ્યાપાર (અભેદ) કરે છે, તેટલું જ જ્ઞાન આત્માનું બને છે, કારણ કે-એવા ઉપયુક્ત એક પદથી પણ મુક્તિ થાય છે. (૭૮૨૯) જેઓ શ્રુતને માટે અલ્પ આહાર-પાણી વાપરે, તેઓને તપસ્વી જાણવા, શ્રુતરહિત જીવોનો તપ તે તાવથી પીડાતાના ભૂખમરા જેવો (ભૂખમરો) છે. ( અર્થાત્ જ્ઞાનીને અલ્પ ભોજનથી તૃપ્તિ થાય છે, જ્યારે અજ્ઞાનીને તપ ભૂખમરા જેવો કષ્ટકારી બને છે. ) (૭૮૩૦) જ્ઞાનથી ત્યાજ્ય તજાય છે અને કરણીય કરાય છે· જ્ઞાની કર્ત્તવ્યને કરવાનું અને અકાર્યને વર્જવાનું જાણે છે. (૭૮૩૧) જ્ઞાનસહિત ચારિત્ર નિશ્ચે સેંકડો ગુણોને પ્રાપ્ત કરાવનારું છે. શ્રી જિનેશ્વરોની આ આજ્ઞા છે કે-આજ્ઞાથી ( જ્ઞાનથી ) રહિત ચારિત્ર નથી. (૭૮૩૨) જે જ્ઞાન છે તે ( મોક્ષની સાધનામાં ) કરણ ( મુખ્ય હેતુ ) છે, જે કરણ છે તે શાસનનો સાર છે અને જે શાસનનો સાર છે તે પરમાર્થ છે, એમ જાણવું. (૭૮૩૩) આ પરમાર્થરૂપ તત્ત્વને પ્રાપ્ત કરનારો જીવોના બંધને-મોક્ષને જાણે છે અને બંધ-મોક્ષને જાણીને ( અને ) ભવસંચિત કર્મોનો ક્ષય કરે છે. (૭૮૩૪) અદર્શનીને (મિથ્યાત્વીને) જ્ઞાન હોતું નથી, અજ્ઞાનીને ચારિત્રગુણો હોતા નથી અને અગુણીનો

મોક્ષ નથી, એમ અજ્ઞાનીને મોક્ષ નથી. (૭૮૩૫) સર્વ વિષયમાં વારંવાર પૂછવાયોગ્ય (તે) બહુશ્રુતોનું કલ્યાણ થાઓ! કે-શ્રી જિનેશ્વરો સિદ્ધિને પામે છતે (પણ) જેઓ જ્ઞાનથી (વિશ્વમાં) પ્રકાશને કરે છે. (૭૮૩૬) આ લોકમાં મનુષ્યો ચંદ્રની જેમ બહુ શ્રુતના મુખનું જે દર્શન કરે છે, એનાથી અતિ શ્રેષ્ઠ, અથવા આશ્ચર્યકારી કે સુંદરતર બીજું શું છે? (૭૮૩૭) ચંદ્રમાંથી કિરણો નીકળે છે, (તેમ) બહુશ્રુતના મુખમાંથી શ્રી જિનવચનો નીકળે છે, કે જેને સાંભળીને મનુષ્યો સંસારઅટવીનો પાર પામે છે. (૭૮૩૮) જે (**અભિન્ન=**) સંપૂર્ણ ચૌદપૂર્વીઓ, અવધિજ્ઞાનીઓ અને કેવળીઓ છે, તે લોકોત્તમ પુરુષોનું જ જ્ઞાન (નિશ્ચે જ્ઞાન) છે. (૭૮૩૯) અતિ મૂઢ (**મહાણુ=મહાજન**) ઘણા લોકમાં પણ એક જે શ્રુત-શીલયુક્ત (જ્ઞાની-ક્રિયાવંત) તે શ્રેષ્ઠ છે, માટે પ્રવચનમાં (સંઘમાં) શ્રુત-શીલરહિતનું સન્માન કરીશ નહિ. (૭૮૪૦) તે કારણે પ્રમાદ તજીને-અપ્રમત્તપણે શ્રુતમાં યત્ન કરવો યોગ્ય છે, કે જેના વડે પોતાને અને પરને પણ દુઃખ સમુદ્રમાંથી તારે. (૭૮૪૧) જ્ઞાનના ઉપયોગથી રહિત પુરુષ પોતાના ચિત્તને વશ કરવા શક્તિમાન થતો નથી. ઉન્મત્ત હાથીને જેમ અંકુશ, તેમ ઉન્મત્ત ચિત્તને (વશ કરવામાં) જ્ઞાન અંકુશભૂત છે. (૭૮૪૨) જેમ સારી રીતે પ્રયોગ કરેલી વિદ્યા પિશાચને પુરુષાધીન કરે છે, તેમ સારી રીતે ઉપયોગ કરેલું જ્ઞાન હૃદયરૂપી પિશાચને વશ (આત્માધીન) કરે છે. (૭૮૪૩) જેમ વિધિપૂર્વક પ્રયોગ કરેલા મંત્રથી કાળો નાગ શાન્ત થાય છે, તેમ સારી રીતે ઉપયોગ કરેલા જ્ઞાનવડે હૃદયરૂપી કાળો નાગ ઉપશાન્ત થાય છે. (૭૮૪૪) મત્ત જંગલી પણ હાથીને જેમ દોરડાથી બાંધી શકાય છે, તેમ અહીં જ્ઞાનરૂપી દોરડાથી મનહાથીને બાંધી શકાય છે. (૭૮૪૫) જેમ મર્કટ (માંકડો) દોરી (બંધન) વિના ક્ષણ પણ એક સ્થળે સ્થિર રહેતો નથી, તેમ જ્ઞાન વિના મન ક્ષણ પણ મધ્યસ્થ (સમભાવવાળું-સ્થિર) થતું નથી. (૭૮૪૬) તેથી તે અતિ ચપળ મનમાંકડાને શ્રી જિનોપદેશદ્વારા સૂત્રથી (શ્રુતજ્ઞાનથી) બાંધીને શુભ ધ્યાનમાં ખેલાવવો જોઇએ. (૭૮૪૭) તેથી રાધાવેધ કરનારને આઠ ચક્રોમાં ઉપયોગ જોડવાની જેમ ક્ષપકને (પણ) સદા જ્ઞાનોપયોગ વિશેષતઃ (મુખ્ય વ્યાપાર) કહ્યો છે. (૭૮૪૮) વિશુદ્ધ લેશ્યાવાળા જેના હૃદયમાં જ્ઞાનરૂપી પ્રદીપ પ્રકાશે છે, તેને શ્રી જિનકથિત મોક્ષમાર્ગમાં (ચારિત્રધન) (**અણુાશ=**) લૂંટાવાનો ભય થતો નથી (૭૮૪૯) જ્ઞાન પ્રકાશ વિના જે મોક્ષમાર્ગે ચાલવા ઇચ્છે છે, તે બીચારો જન્માંધ ભયંકર અટવીમાં જવાને ઇચ્છે, તેના જેવો છે. (૭૮૫૦) જો ખંડિત (ભિન્ન ભિન્ન પદવાળા) શ્લોકોએ પણ યવ નામના સાધુને મરણથી બચાવ્યો, તો શ્રી જિનકથિતસૂત્ર જીવનું ભવભયથી રક્ષણ કેમ ન કરે? (૭૮૫૧) તે આ પ્રમાણે-

**જ્ઞાનોપયોગના લાભ વિષે યવસાધુનો પ્રબંધ**-ઉજ્જૈની નગરીમાં અનિલનો પુત્ર જવ નામે રાજા હતો, પરમસ્નેહનું પાત્ર ગર્દભ નામે તેનો પુત્ર યુવરાજ હતો અને સર્વ કાર્યોમાં વિશ્વાસપાત્ર રાજ્યનાં સઘળાં કાર્યોને સંભાળનારો દીર્ઘપૃષ્ટ નામે મંત્રી

હતો. (૭૮૫૨-૫૩) વળી અત્યંત રૂપથી શોભતી, નવયૌવનથી (ખીલેલાં) સુંદર અંગો-વાળી અડોલ્લિકા નામની યવરાજાની પુત્રી ગર્દભ યુવરાજની બ્હેન હતી. (૭૮૫૪) એકદા તેને જોઇને કામથી પીડાતો યુવરાજ તેની પ્રાપ્તિ ન થવાથી પ્રતિદિન દુર્બળ થવા લાગ્યો. (૭૮૫૫) (પછી) અમાત્યે પૂછ્યું કે-તું કેમ દુબળો થાય છે? અત્યંત આગ્રહ કરવાથી તેણે એકાન્તમાં (કારણ) કહ્યું, ત્યારે અમાત્યે કહ્યું કે-હે કુમાર! જેમ કોઈ જાણે નહિ તેમ તું એને ભોંયરામાં છૂપાવીને વિષયસુખને ભોગવ! સંતાપ કેમ કરે છે? (૭૮૫૬-૫૭) એમ કરવાથી લોકો જાણશે કે-નિશ્ચે કોઇએ તેણીને હરણ કરી. મૂઢ કુમારે તે સ્વીકાર્યું અને તેમ જ કર્યું. (૭૮૫૮) એ હકીકતને જાણીને ગાઢ નિર્વેદને પામેલા જવરાજાએ પુત્રને રાજ્ય ઉપર સ્થાપીને સદ્ગુરુની પાસે પ્રવ્રજ્યાને સ્વીકારી. (૭૮૫૯) પણ વારંવાર કહેવા છતાં તે (યવરાજર્ષિ) ભણવામાં તેવો ઉદ્યમ કરતા નથી અને પુત્રના રાગથી વારંવાર ઉજ્જૈનીમાં આવે છે. (૭૮૬૦) પછી અન્યદા ઉજ્જૈની તરફ જતા તેણે જવના ક્ષેત્રની રક્ષામાં ઉદ્યમી ક્ષેત્રના માલિકે, અતિ ગુપ્ત રીતે આમ-તેમ છૂપાતા ગધેડાને ઉદ્દેશીને, મોટા અવાજે બોલેલા પ્રગટ અર્થવાળા આ તૂટેલા શ્લોકને સાંભળ્યો. (૭૮૬૧-૬૨)

**'આધાવસિ પધાવસિ, મમં ચેવ નિરિક્ખિસિ ।**
**લક્ખિ-તો તે મએ ભાવો, જવં પત્થેસિ ગદ્દહા ॥'**

અર્થાત્-સામે આવે છે, પાછો ભાગે છે અને મને જ જુવે છે, (તેથી) હે ગદ્ધા! મેં તારા ભાવને જાણ્યો કે-તું જવને ઇચ્છે છે. (૭૮૬૩) પછી કૌતુકથી તે શ્લોકનું અવધારણ કરીને તે સાધુ આગળ માર્ગે જવા લાગ્યો. ત્યાં એક સ્થાને રમતા છોકરાઓએ ફેંકેલી, એક ખાડામાં ક્યાંય પણ પડેલી અને નહિ જડતી (અડોલ્લિયા=) મોઇને છોકરાઓ પ્રયત્નપૂર્વક સર્વત્ર શોધે છે, છતાં જ્યારે કોઈ રીતે તેને ન જોઈ (તે ન જડી), ત્યારે તે ખાડાને જોઇને એક છોકરાએ આ પ્રમાણે કહ્યું. (૭૮૬૪ થી ૬૬)

**"ઇઓ ગયા તીઓ ગયા, મગ્ગિજ્જંતી ન દીસઇ ।**
**અહમેયં વિયાણામિ, બિલે પડિયા અડોલ્લિયા ॥"**

અર્થાત્-આમ ગઈ, તેમ ગઈ, શોધવા છતાં ન જડી, હું એમ જાણું છું કે-મોઈ ખાડામાં પડી છે. (૭૮૬૭) એ શ્લોકને પણ સાંભળીને મુનિએ કુતૂહલથી સારી રીતે યાદ રાખ્યો. પછી તે ઉજ્જૈનીએ પહોંચ્યો અને ત્યાં કુંભારના ઘરે રહ્યો. (૭૮૬૮) ત્યા પણ તે કુંભાર આમ-તેમ નાસતા ભયભીત ઊંદરને ઉદ્દેશીને આ પ્રમાણે તૂટેલા શ્લોકને બોલ્યો. (૭૮૬૯)

**"સુકુમાલયા ભદ્દલયા, રત્તિં હિંડણસીલયા ।**
**દીહપિટ્ઠસ્સ બીહેહિ, નત્થિ તે મમઓ ભયં ॥"**

અર્થાત્-સુકુમાર, ભદ્રક, રાત્રિએ ભટકવાના સ્વભાવવાળા હે ઊંદર! તું સર્પથી

(ભલે) ડર ! (પણ) મારાથી તને ભય નથી. (૭૮૭૦) એ શ્લોકને પણ રાજર્ષિ યવમુનિએ યાદ રાખ્યો અને એ ત્રણેય શ્લોકને વિચારતો તે ધર્મકૃત્યમાં તત્પર રહેવા લાગ્યો. (૭૮૭૧) માત્ર કંઈક પૂર્વવૈરને ધારણ કરતા દીર્ઘપૃષ્ટ મંત્રીએ તે સ્થાને (ગુપ્ત) વિવિધ આયુધોને રાખીને રાજાને કહ્યું કે-સાધુતાથી થાકેલા તમારા પિતા રાજ્ય માટે અહીં આવ્યા છે. જો મારો વિશ્વાસ ન હોય તો તેમના સ્થાને જુઓ ! (૭૮૭૨-૭૩) તે પછી વિવિધ પ્રકારે દાટેલાં વિવિધ શસ્ત્રોને (તેણે) દેખાડયાં અને રાજાએ તે શસ્ત્રોને તે જ રીતે જોયા. (૭૮૭૪) તે પછી રાજ્યના અપહરણથી ડરેલો રાજા લોકાપવાદથી બચવા માટે રાત્રિએ દીર્ઘપૃષ્ટ મંત્રીની સાથે કાળી કાન્તિની શ્રેણિથી વિકરાળ એવી તલવારને લઇને કોઈ ન જાણે તેમ સાધુને હણવા તૂર્ત કુંભારના ઘેર ગયો. (૭૮૭૫-૭૬) એ જ પ્રસંગે મુનિએ કોઈ રીતે તે પહેલો શ્લોક કહ્યો, તેથી રાજાએ માન્યું કે-નિશ્ચે અતિશયવાળા આ મુનિએ મને જાણી લીધો છે. (૭૮૭૭) પછી મુનિ બીજો શ્લોક પણ બોલ્યા ત્યારે પુનઃ તેને સાંભળીને રાજા આશ્ચર્ય પામ્યો કે-અહો હો ! બ્હેનનો વૃત્તાન્ત પણ એણે કેવી રીતે જાણ્યો ? (૭૮૭૮) ત્યારે (મુનિએ) ત્રીજો શ્લોક પણ કહ્યો. તે સાંભળવાથી (મંત્રી પ્રત્યે) વધી ગયેલા રોષવાળા રાજાએ વિચાર્યું કે-રાજ્યના ત્યાગી મારા પિતા પુનઃ રાજ્યને કેમ ઇચ્છે ? માત્ર આ પાપી મંત્રી મારો નાશ કરવા માટે આ રીતે પ્રયત્ન કરે છે, તેથી એ દુષ્ટને હણું !-એમ (વિચારીને) તેના મસ્તકને છેદીને રાજાએ સાધુને પોતાનો વૃત્તાંત કહ્યો. તે (સાંભળીને-શ્રુતથી રક્ષણ થયું સમજીને) પછી શ્રુત ભણવા માટે ઉદ્યમી થએલા તે મુનિએ એમ વિચાર્યું કે-મનુષ્યે જેવું-તેવું પણ ભણવું જોઇએ. (હે જીવ !) તું જો કે અસંબંધવાળા (ભિન્ન ભિન્ન) શ્લોકો વડે પણ જીવની રક્ષા થઈ. (૭૮૭૯ થી ૮૨) આ કારણે જ પૂર્વે મને ગુરુઓએ ભણવા માટે સમજાવેલો, પણ હું મૂર્ખપણાથી ત્યારે થોડુંય ન ભણ્યો. (૭૮૮૩) જો મૂઢ લોકોનું કહેલું પણ શીખેલું શ્રુત આવા ફળવાળું બને છે, તો શ્રી જિનેશ્વરે કહેલું શ્રુત (ભણવાથી તે) મહા ફળદાયક કેમ ન બને ? (૭૮૮૪) એમ સમજીને તે ગુરુની પાસે ગયો અને દુર્વિનયને ખમાવીને પ્રયત્નપૂર્વક શ્રુતને ભણવા લાગ્યો. (૭૮૮૫) એમ યવમુનિ પ્રાણની અને સંયમની રક્ષાને પામ્યા તથા (ઈયરો=) રાજા (ગર્દભ) પિતાને નહિ મારવાથી કીર્તિને અને સદ્‌ગતિને પામ્યો. (૭૮૮૬) એમ સામાન્ય શ્રુતના પણ પ્રભાવને પિછાણીને હે ક્ષપક ! તું ત્રિલોકના નાથ શ્રી જિનેશ્વરે કહેલા શ્રુતમાં સર્વ આદરને કર ! (૭૮૮૭) એમ સમ્યગ્ જ્ઞાનોપયોગ નામનું નવમું પેટાદ્વાર કહ્યું. હવે પંચમહાવ્રતરક્ષા નામનું દશમું દ્વાર કહું છું. (૭૮૮૮)

**અનુશાસ્તિમાં દશમું પેટાદ્વાર પંચમહાવ્રતોની રક્ષા**-સમ્યગ્ જ્ઞાનોપયોગનું (**પાઠાં૦ પવરં=**) શ્રેષ્ઠ ફળ વ્રતરક્ષા છે અને નિર્વાણનગરના માર્ગના રથોતુલ્ય તે વ્રતોમાં પ્રથમ વ્રત વધત્યાગ (અહિંસા), બીજું મૃષાવિરમણ, ત્રીજું અસ્તૈન્ય, ચોથું મૈથુનથી નિવૃત્તિ અને પાંચમું અપરિગ્રહ છે. તેમાં-

૧. અહિંસાવ્રત–જીવના ભેદોને જાણીને જાવજ્જીવ મન–વચન–કાયારૂપી યોગોથી છકાય જીવના વધનો સમ્યગ્ ત્યાગ કર! તે જીવો (જીવના તે ભેદો) આ પ્રમાણે છે. (૭૮૮૯ થી ૯૧) પૃથ્વી, પાણી, અગ્નિ, વાયુ–એ (ચારેય) દરેક સૂક્ષ્મ અને બાદર એમ (બે પ્રકારે) હોય છે અને વનસ્પતિ સાધારણ તથા પ્રત્યેક–એમ બે પ્રકારે હોય છે. (૭૮૯૨) તેમાં સાધારણ સૂક્ષ્મ તથા બાદર–એ બે પ્રકારે જાણવી, (એમ અગીઆરે પ્રકારો) પર્યાપ્ત અને પર્યાપ્તના ભેદથી (ગણાતા) સઘળા મળીને (સ્થાવરો) બાવીશ થાય. (૭૮૯૩) બે–ત્રણ–ચાર ઇન્દ્રિયવાળા (ત્રણ) વિકલેન્દ્રિયો અને પંચેન્દ્રિય સંજ્ઞી–અસંજ્ઞી બે પ્રકારે, એ (પાંચના) પર્યાપ્તા–અપર્યાપ્તાના ભેદથી ત્રસ જીવો દશ પ્રકારના (ગણ્યા) છે. (૭૮૯૪) ઇત્યાદિ ભેદવાળા (સર્વ) જીવોમાં તત્ત્વનો જાણ, સર્વાદરથી ઉપયુક્ત, તું સદાય પોતાના આત્માની તુલ્ય માનીને દયાને કર! (૭૮૯૫) તે આ પ્રમાણે (જે=) નિશ્ચે સઘળાય જીવો જીવિતને ઇચ્છે છે, મરવાને ઇચ્છતા નથી, તેથી ધીરપુરુષો ભયંકર એવી હિંસાનો સદા ત્યાગ કરે છે. (૭૮૯૬) ભૂખ, તરસ વગેરેથી અતિ પીડાયેલો પણ તું સ્વપ્નમાં પણ, કદી પણ, નિશ્ચે જીવોનો ઘાત કરીને (તારી પીડાનો) પ્રતિકાર કરીશ નહિ. (૭૮૯૭) રતિ, અરતિ, હર્ષ, ભય, ઉત્સૂકતા, દીનતા વગેરેથી યુક્ત પણ તું ભોગ–પરિભોગ માટે જીવવધનો વિચાર કરીશ નહિ. (૭૮૯૮) ત્રણ લોકની ઋદ્ધિ અને પ્રાણ–એ બે પૈકી તું કોઈ પણ એક વરદાન માગ! એમ દેવો કહે તો પોતાના પ્રાણોને તજીને ત્રણ લોકની ઋદ્ધિનું વરદાન કોણ માગે? (૭૮૯૯) એમ જીવના જીવનની કિંમતને ત્રણ લોક (ની ઋદ્ધિ) પણ ન પહોંચે, તેથી તે (જીવન) ત્રણ ભુવનની પ્રાપ્તિ કરતાં પણ દુર્લભ અને સદા (સર્વને) વ્હાલું છે. (૭૯૦૦) જેમ ભમરો થોડે થોડે (સંચયે) ઘણા મધને મેળવે, તેમ અલ્પ અલ્પ કરતાં (ક્રમશઃ) ત્રણ લોકમાં સારભૂત એવા ઘણા સંયમને મેળવીને હિંસારૂપી મોટા ઘડાઓથી (હવે) તેનો ત્યાગ ન કર! (૭૯૦૧) જેમ અણુથી (પરમાણુથી) કોઈ નાનું નથી અને આકાશથી કોઇ મોટું નથી, તેમ જીવરક્ષાથી બીજું (કોઈ) શ્રેષ્ઠ વ્રત નથી (૭૯૦૨) તથા જેમ સર્વલોકમાં અને પર્વતોમાં મેરુ ઊંચો છે, તેમ સદાચારોમાં અને વ્રતોમાં અહિંસાને અતિ મોટી જાણવી. (૭૯૦૩) જેમ આકાશના આધારે લોક અને ભૂમિના આધારે દ્વીપ–સમુદ્રો રહેલા છે, તેમ અહિંસાના આધારે તપ, દાન અને શીલ જાણવા. (૭૯૦૪) કારણ કે–જીવલોકમાં વિષયસુખ જીવવધ વિના નથી, તેથી વિષયથી વિમુખ જીવને (જ) જીવદયા મહાવ્રત બને છે. (૭૯૦૫) વિષયવ્યાસંગના ત્યાગી, પ્રાસુક આહાર–પાણીના ભોગી અને મન–વચન–કાયાથી ગુપ્ત એવા આત્મામાં શુદ્ધ અહિંસાવ્રત હોય છે. (૭૯૦૬) જેમ પ્રયત્ન કરવા છતાં તુંબ (મૂળ) વિના (ચક્રમાં) આરા સ્થિર રહેતા નથી અને આરા વિના જેમ તુંબ પણ પોતાના કાર્યને સાધી શકતું નથી, તેમ અહિંસા વિના શેષ ગુણો (પોતાના) સ્થાનને (આધારને) પામતા નથી અને તે ગુણોથી રહિત અહિંસા પણ સ્વકાર્યને (સિદ્ધ) કરતી નથી. (૭૯૦૭–૮) સત્ય, અચૌર્ય, બ્રહ્મચર્ય, અપરિગ્રહ અને રાત્રિભોજનનો ત્યાગ તથા દીક્ષાને સ્વીકારવી, તે (સર્વ) અહિંસાની રક્ષા

માટે (વાડ) છે. (૭૯૦૯) કારણ કે–અસત્ય બોલવું વગેરેથી બીજાને આકરું દુઃખ થાય છે, માટે તે સર્વનો ત્યાગ એ અહિંસાગુણનું શ્રેષ્ઠ (**આહાણ=**) સ્થાન–આધાર છે. (૭૯૧૦) હિંસાનો વ્યસની રાક્ષસની જેમ જીવોને ઉદ્વેગ કરે છે અને સંબંધીઓ પણ હિંસકમાં વિશ્વાસ કરતા નથી. (૭૯૧૧) હિંસા જીવની અને અજીવની–એમ બે પ્રકારે છે. તેમાં જીવની હિંસા એકસોઆઠ પ્રકારની અને (**ઈયરા=**) અજીવની હિંસા અગીઆર પ્રકારની છે. (૭૯૧૨) (જીવહિંસાના) યોગો વડે, કષાયો વડે, કરવા, કરાવવા અને અનુમોદના વડે, તથા સંકલ્પ, સમારંભ અને આરંભ વડે (પરસ્પર) ગુણવાથી (૩×૪×૩×૩=૧૦૮) એકસોઆઠ ભેદો થાય છે. (૭૯૧૩) તેમાં સંકલ્પ કરવો તે સંરંભ, પરિતાપ ઉપજાવવો તે સમારંભ અને (**ઉદ્દવઓ=**) પ્રાણનાશ કરવો તે આરંભ, એવો સર્વવિશુદ્ધ નયોનો મત છે. (૭૯૧૪ (**અજીવહિંસાના**) નિક્ષેપ, નિવૃત્તિ સંયોજના તથા નિસર્ગ એ ચાર મૂળ પ્રકારોના ક્રમશઃ ચાર, બે, બે અને ત્રણ ભેદોથી કુલ અગીઆર ભેદો થાય છે, (૭૯૧૫) તેમાં ૧–અપ્રમાર્જના, ૨–દુષ્પ્રમાર્જના, ૩–સહસાત્કાર, અને ૪–અનાભોગ, એમ નિક્ષેપના ચાર પ્રકારો છે. (पाठां० काओ य दुप्प०=) કાયાથી દુષ્ટ વ્યાપાર કરવો અને (તેવાં હિંસક) ઉપકરણો બનાવવાં, એ નિવૃત્તિના બે પ્રકારો છે. (૭૯૧૬) ઉપકરણોની સંયોજના અને ભાત–પાણીની સંયોજના, એમ સંયોજના પણ બે પ્રકારે છે, તથા (**દુહણિસટ્ઠ=**) દુષ્ટ નીકળેલા (અર્થાત્ ઉન્માર્ગે જતા) મન, વચન અને કાયા, એ નિસર્ગના ત્રણ ભેદો છે. (૭૯૧૭) જે હિંસાની અવિરતિરૂપ વધનો પરિણામ તે હિંસા છે, તે કારણે પ્રમત્તયોગ તે જ નિત્ય પ્રાણઘાતક હિંસા છે. (૭૯૧૮) બહુલકષાયી થતાં જીવ જીવોનો ઘાત કરે છે, (તેથી) જે કષાયોને જીતે છે, તે (તત્ત્વથી) જીવવધનો ત્યાગ કરે છે. (૭૦૧૯) લેવામાં, મૂકવામાં, વોસિરાવવામાં, ઊભા રહેવામાં (કે બેસવામાં), ચાલવામાં અને સૂવામાં–એમ સર્વત્ર અપ્રમત્ત અને દયાળુ જીવમાં નિશ્ચે અહિંસા છે. (૭૯૨૦) (તેથી) છકાય જીવોના અનારંભી, સમ્યગ્જ્ઞાનમાં પ્રીતિપરાયણ મનવાળા અને સર્વત્ર ઉપયોગમાં તત્પર, એવા જીવમાં નિશ્ચે સંપૂર્ણ અહિંસા હોય છે. (૭૯૨૧)તે કારણે જ આરંભમાં રક્ત, દોષિત વગેરે પિંડને ભોગવનાર, (ઘરસરણ=) ઘરવાસના રાગી, શાતા, રસ અને ઋદ્ધિ ત્રણ ગારવમાં ગૃદ્ધિવાળા, સ્વચ્છંદી, ગામ, કુળ વગેરેમાં મમત્વ કરનારા અને અજ્ઞાની જીવોમાં ગધેડાના મસ્તકે જેમ શિંગડું ન હોય, તેમ અહિંસા ઘટતી નથી. (૭૯૨૨–૨૩) તેથી જ્ઞાનદાન, દીક્ષા, દુષ્કર તપ, ત્યાગ, સદ્‌ગુરુની સેવા તથા યોગાભ્યાસ, એ સર્વનો પણ સાર (સાધ્ય) એક જ અહિંસા છે. (૭૯૨૪) હિંસકને પરલોકમાં અલ્પાયુષ્ય, અનારોગ્ય, દુર્ભાગ્ય, દુષ્ટ રૂપપણું (કદ્રૂપતા), દરિદ્રતા અને અશુભ વર્ણ–ગંધ–રસ (સ્પર્શ) નો યોગ થાય છે. (૭૯૨૫) તેથી આ લોક–પરલોકમાં દુઃખને નહિ ઇચ્છનાર મુનિએ સદા જીવદયામાં ઉપયોગ કરવો (રાખવો) જોઈએ. (૭૯૨૬) જે કંઇ પણ પ્રશસ્ત સુખ, પ્રભુતા અને જે સ્વભાવે સુંદર આરોગ્ય, સૌભાગ્ય વગેરે (મળે છે), તે તે સર્વ અહિંસાનું ફળ છે. (૭૯૨૭)

**૨. અસત્યપરિહારવ્રત**–હે ક્ષપક ! ચારેય પ્રકારના અસત્ય વચનનો પ્રયત્નપૂર્વક ત્યાગ કર ! કારણ કે–સંયમવાળા પણ ભાષાદોષથી લેપાય (કર્મ બાંધે) છે. (૭૯૨૮) સદ્ભૂત પદાર્થોનો નિષેધ કરવો. જેમ કે–જીવો નથી, તે પ્રથમ અસત્ય. બીજું અસત્ય અસદ્ભૂત કથા. જેમ કે–જીવો (**ભૂયકત્તારા=**) પંચ ભૂતથી કરેલા (બનેલા) છે. ત્રીજું અસત્ય વચન જીવ (એકાન્તે) નિત્ય છે અથવા અનિત્ય છે. ચોથું અસત્ય અનેક પ્રકારનું સાવદ્ય વચન. (૭૯૨૯–૩૦) જેનાથી હિંસાદિ દોષો સેવાય તથા અપ્રિય વચન, કે કર્કશ, ચાડી, વગેરેનું વચન તે અહીં સાવદ્ય વચન જાણવું. (૭૯૩૧) અથવા હાસ્યથી, ક્રોધથી, લોભથી કે ભયથી–એમ પણ (ચાર પ્રકારે) તે અસત્ય વચનને તું બોલીશ નહિ. જીવોને હિતકર, પ્રશસ્ત એવું સત્ય વચન બોલજે. જે મિત, મધુર, અકર્કશ, અનિષ્ઠુર, છળરહિત–નિર્દોષ, કાર્યકર (સફળ), અસાવદ્ય અને ધર્મી–અધર્મી ઊભયને સુખકર તેવું બોલજે, તથા તેવું જ સાંભળજે. (૭૯૩૨–૩૩) ઋષિઓ સત્ય બોલે છે, ઋષિઓએ કરેલી (સાધેલી) સર્વ વિદ્યાઓ મ્લેચ્છ પણ સત્યવાદીને નિયમા સિદ્ધ થાય છે. (૭૯૩૪) સત્યવાદી પુરુષ લોકોને માતાની જેમ વિશ્વસનીય, ગુરુની જેમ પૂજ્ય અને સ્વજનની જેમ સર્વને પ્રિય થાય છે. (૭૯૩૫) સત્યમાં તપ, સત્યમાં સંયમ અને તેમાં જ સર્વ ગુણો રહે છે, લોકમાં સંયમી પુરુષ પણ મૃષાવાદથી તૃણતુલ્ય તુચ્છ બને છે. (૭૯૩૬) સત્યવાદી પુરુષને અગ્નિ બાળતો નથી, પાણી પણ ડૂબાવતું નથી અને સત્યના બળવાળા સત્પુરુષને તીક્ષ્ણ (પૂરવાળી) પર્વતની નદી પણ તાણી જતી નથી. (૭૯૩૭) સત્યથી પુરુષને દેવો પણ નમે છે અને વશ રહે છે, સત્યથી (દેવો) ગ્રહગ્રહિતને (ગ્રહના વળગાડવાળાને અથવા ગાંડાને) પણ છોડે છે અને રક્ષા કરે છે. (૭૯૩૮) લોકોના મધ્યે નિર્દોષ સત્યને બોલીને (મનુષ્ય) પરમ પ્રીતિને પામે છે અને જગપ્રસિદ્ધ એવા યશને પામે છે. (૭૯૩૯) એક અસત્યથી (પણ) પુરુષ માતાને પણ દ્વેષપાત્ર બને છે, તો પુનઃ બીજાઓને તે સર્પની જેમ અતિ દ્વેષપાત્ર કેમ ન થાય ? (૭૯૪૦) અસત્યવાદીને અવિશ્વાસ, અપકીર્તિ, ધિક્કાર, કલહ, વૈર, ભય, શોક, ધનનો નાશ અને વધ–બંધન સમીપવર્તી હોય (સાથે જ રહે) છે. (૭૯૪૧) મૃષાવાદીને બીજાભવમાં પ્રયત્નપૂર્વક (મૃષાવાદનો) ત્યાગ કરવા છતાં (આ ભવના) એ જ દોષો અને ચોરી વગેરે બીજા પણ દોષો થાય છે. (૭૯૪૨) મૃષાવચનથી આ લોક–પરલોકના જે દોષો થાય છે, તે જ દોષો કર્કશ વચન વગેરેથી પણ જાણવા. (૭૯૪૩) અસત્ય બોલનારો એ વગેરે (ઉપર કહેલા) ઘણા દોષોને પામે છે અને તેનો ત્યાગ કરનારો તે દોષોથી વિપરીત ગુણોને પામે છે. (૭૯૪૪)

**૩. અદત્તાદાનત્યાગવ્રત**–હે ધીર ! બીજાએ નહિ આપેલું અલ્પ કે ઘણું પરધન લેવાની કે દાંતના આંતરાને શોધનારી (દંતશોધનની) (**કિલિંચ=**) સળી માત્ર પણ લેવાની ઇચ્છા કરીશ નહિ. (૭૯૪૫) જેમ (**ધાઓ=**) ધરાએલો પણ માંકડો પાકાં

ફળોને જોઇને (ખાવા) દોડે છે, તેમ જીવ વિવિધ એવા પરધનને જોઇને (લેવાની) અભિલાષા કરે છે. (૭૯૪૬) તેને લઈ શકતો નથી, (લે તો પણ) ભોગવી શકતો નથી અને ભોગવેલું પણ તેના મનની તૃપ્તિ કરતું નથી.. લોભી જીવ સર્વ જગતથી પણ (**પાઠાં૦ ન તિપ્પઇ=**) તૃપ્ત થતો નથી. (૭૯૪૭) તથા જે જેના ધનને ચોરે છે, તે તેના જીવિતને પણ હરણ કરે છે, કારણ કે–ધન માટે તે પ્રાણને તજે છે પણ ધનને છોડતો નથી. (૭૯૪૮) ધન હોતે છતે તે જીવે છે અને તેનાથી સ્ત્રી સહિત પોતે સુખને પામે છે, (તેથી) તેના તે ધનનું હરણ કરનારે તે હરવાથી તેનું સઘળુંય હરણ કર્યું (છે). (૭૯૪૯) માટે જીવદયારૂપી પરમ ધર્મને પામીને શ્રી જિનેશ્વરોએ અને ગણધરોએ નિષેધેલા, લોકવિરુદ્ધ અને અધમ, એવા અદત્તને ગ્રહણ કરીશ નહિ. (૭૯૫૦) દીર્ઘકાળ ચારિત્રને પાળીને પણ એક સળી માત્ર પણ અદત્તને ગ્રહણ કરનારો મનુષ્ય તૃણ જેવો હલકો અને ચોરની જેમ અવિશ્વસનીય બને છે. (૭૯૫૧) ચોર વધ–બંધનની પીડાઓને, (**છાયા=**) યશકીર્તિના નાશને, પરાભવને, શોકને અને સ્વયં સર્વસ્વનો નાશ કરનારા મરણને પામે છે. (૭૯૫૨) તથા નિત્ય રાત્રિએ અને દિવસે શંકા કરતો (ભયભીત) નિદ્રાને પામતો નથી. તે હરિણની જેમ ભયથી કંપતો (સર્વત્ર) જોતો રહે છે અને નાસતો ફરે છે. (૭૯૫૩) ઊંદરે કરેલા (અલ્પ) પણ અવાજને સાંભળીને (ચોર) સહસા સર્વ અંગોથી ધ્રુજતો તથા ઉદ્વિગ્ન બનેલો, પડતો–આખડતો, ચારેય બાજુ દોડે (નાસે) છે. (૭૯૫૪) પરલોકમાં પણ ચોર પોતાનું સ્થાન નરકમાં કરે છે (નરકે જાય છે) અને ત્યાં અતિ દીર્ઘકાળ સુધી તીવ્ર વેદનાઓને ભોગવે છે. (૭૯૫૫) તથા ચોર તિર્યંચગતિમાં પણ આકરાં દુઃખોને પામે છે. વધારે શું ? દુસ્તર એવા સંસારસરોવરમાં વારંવાર ભટકે છે. (૭૯૫૬) મનુષ્યભવમાં પણ તેના અર્થો (ધન, માલ, વગેરે) ચોરોથી કે ચોરી વિના પણ નાશ પામે છે, તેનું ધન વૃદ્ધિને પામતું નથી અને સ્વયં ધનથી (**ઓલોટ્ટઈ=**) દૂર (વંચિત) રહે છે. (૭૯૫૭) પરધન હણવાની બુદ્ધિવાળો શ્રીભૂતિ દુઃખથી ભયંકર એવા નરકમાં પડયો અને ત્યાંથી અનંતકાળ સંસાર અટવીમાં ભમ્યો. (આ ૭૯૫૮ ગાથા જેસલમેરની પ્રતમાં નથી.) (૭૯૫૮) એ સઘળા દોષો પરધનહરણની વિરતિવાળાને થતા નથી અને સમગ્ર ગુણો થાય છે. એથી જ નિત્ય ઉપયોગવાળો તું દેવેન્દ્રના, રાજાના, ગાથાપતિના, ગૃહસ્થના અને સાધર્મિકના (એમ પંચવિધ) અવગ્રહમાં ઉચિત વિધિથી (સામાએ) આપેલા અવગ્રહને (વસતિને) સાધુતા માટે જરૂરી હોવાથી તું ગ્રહણ કર ! (૭૯૫૯–૬૦)

**ચોથું બ્રહ્મચર્યવ્રત**–પાંચ પ્રકારના સ્ત્રીના વૈરાગ્યમાં નિત્યમેવ અપ્રમત્ત તું નવ બ્રહ્મગુપ્તિથી વિશુદ્ધ એવા બ્રહ્મચર્યનું રક્ષણ કર ! (૭૯૬૧) જીવ એ બ્રહ્મ છે, માટે પર એવા દેહની (**તપ્તિ=**) ચિંતાથી રહિત સાધુની જે જીવમાં જ (બ્રહ્મમાં જ) પ્રવૃત્તિ (રમણતા) થાય, તેને બ્રહ્મચર્ય જાણવું.. (૭૯૬૨) વસતિશુદ્ધિ, સરાગ કથાત્યાગ, આસન-

ત્યાગ, અંગોપાંગાદિ ઇન્દ્રિઓને રાગપૂર્વક જોવાનો ત્યાગ, ભીંતને અંતરે (સ્ત્રીના વિકારી) શબ્દાદિ સાંભળવા વગેરેનો ત્યાગ, પૂર્વક્રીડાના સ્મરણનો ત્યાગ, પ્રણીત ભોજનત્યાગ, અતિમાત્ર આહારત્યાગ અને વિભૂષાનો ત્યાગ, એ નવ બ્રહ્મચર્યની ગુપ્તિઓ (રક્ષણની વાડો) છે. (૭૯૬૩) વિષયભોગજન્ય દોષો, સ્ત્રીના (માયા-મૃષાદિ) દોષો (ભોગનું) અશુચિપણું, વૃદ્ધની સેવા અને સંસર્ગજન્ય દોષો પણ સ્ત્રીઓ પ્રત્યે વૈરાગ્ય પ્રગટ કરે છે. (૭૯૬૪) જેમ કે-મનુષ્યને આભવ-પરભવમાં જેટલા દુઃખના કારણભૂત દોષો છે, તે સર્વ દોષોને મૈથુનસંજ્ઞા ધારણ કરે છે. (તેમાંથી પ્રગટે છે.) (૭૯૬૫) કામથી પીડાતો મનુષ્ય શોક કરે છે, કંપે છે, ચિંતા કરે છે અને અસંબદ્ધ બોલે છે, શૂન્ય ચિત્તવાળો તે રાત્રિ-દિવસ ઊંઘતો નથી અને અપધ્યાન કરે છે (ઝૂરે છે). (૭૯૬૬) કામરૂપી પિશાચથી ગ્રહિત (ઘેલો) સ્વજનોમાં અથવા અન્ય લોકોમાં, શયનમાં કે આસનમાં, ઘરમાં, ગામમાં કે અરણ્યમાં તથા ભોજન વગેરેમાં, કયાંય રતિને પામતો નથી. (૭૯૬૭) કામાતુર મનુષ્યને ક્ષણ પણ એક વર્ષ જેવો જાય છે, અંગો શિથિલ થાય છે અને ઇષ્ટને મેળવવા મનમાં ઉત્કંઠાને ધારણ કરે છે. (૭૯૬૮) કામથી ઉન્માદી બનેલો, દીનમુખવાળો તે લમણામાં હથેલી મૂકીને હૃદયમાં વારંવાર કંઈ પણ ચિંતવે છે, પુનઃ (એ) ચિંતાથી હૃદયમાં બળે છે (૭૯૬૯) અને ભાગ્યની વિપરીતતાથી જ્યારે ઇચ્છિત મનુષ્યની પ્રાપ્તિ થતી નથી, ત્યારે નિરર્થક તે પોતાનો પર્વત, પાણી કે અગ્નિથી ( **પાઠાં૦ ઘાયઇ=** ) આપઘાત કરે છે. (૭૯૭૦) અરતિ અને રતિરૂપ બે ચપળ જીહ્વાવાળા, સંકલ્પરૂપ વિકરાળ ફણાવાળા, વિષયરૂપી દરમાં રહેનારા, મદરૂપી સુખ ( અથવા મુખ ) વાળા, (**બિબ્બોય=**) કામવિકારરૂપી રોષવાળા, વિલાસરૂપી કંચુક અને દર્પરૂપી દાઢાવાળા,એવાકામરૂપી સર્પે ડસેલામાનવોદુસ્સહ દુઃખરૂપી ઉત્કટ ઝેરથી વિવશ (બનીને) નાશ પામે છે. (૭૯૭૧-૭૨)અતિ ભયંકર આશીવિષસર્પે કરડેલા (પણ) મનુષ્યને સાત જ વેગો (વિકારો) થાય છે, પણ કામસર્પે કરડેલાને અતિ દુષ્ટ પરિણામવાળા દશ વેગો (કામની અવસ્થાઓ) થાય છે. (૭૯૭૩) પહેલા વેગમાં ચિંતા કરે, બીજા વેગમાં જોવાને ઇચ્છે, ત્રીજા વેગે નિઃસાસા મૂકે, ચોથા વેગે તાવ ચઢે, પાંચમા વેગે શરીરે દાહ થાય, છઠ્ઠા વેગે ભોજનની અરુચિ થાય, સાતમા વેગે મૂર્છિત થાય, આઠમા વેગે ઉન્માદી થાય, નવમાં વેગે કંઈ જાણે નહિ (બેભાન થાય) અને દશમા વેગે અવશ્ય પ્રાણમુક્ત થાય. તેમાં પણ (તીવ્ર-મંદાદિ) સંકલ્પને આશ્રીને તે વેગો તીવ્ર-મંદ થાય. (૭૯૭૪ થી ૭૬) સૂર્યનો તાપ દિવસે બાળે છે. જ્યારે કામનો તાપ રાત્રિ-દિવસ બાળે છે. સૂર્યના અગ્નિનું (તાપનું) તો આચ્છાદન (છત્ર વગેરે) છે, કિન્તુ કામના તાપનું કોઈ નથી. (૭૯૭૭) સૂર્યનો તાપ જળસિંચન વગેરેથી બૂઝાય છે, જ્યારે કામાગ્નિ બૂઝાતો નથી. સૂર્યનો તાપ ચામડીને બાળે છે, જ્યારે કામાગ્નિ બહાર અને અંદર (ધાતુઓને) પણ બાળે છે. (૭૯૭૮) કામપિશાચને વશ થએલો પોતાના હિત કે અહિતને જાણતો નથી, જ્યારે કામથી વિહ્વળ મનુષ્ય હિત કહેનારને પણ શત્રુની જેવો દેખે છે. (૭૯૭૯) કામગ્રસ્ત મૂઢપુરુષ ત્રિલોકના સારભૂત પણ શ્રુતરત્નને તજે છે અને ત્રણ જગતથી

પૂજાએલા એવા પણ તે શ્રુતના મહિમાને નિશ્ચે ગણતો નથી. શ્રી જિનેશ્વરોએ કહેલા અને સ્વયં જાણવાયોગ્ય, એવા ત્રણલોકપૂજ્ય તપ-જ્ઞાન-ચારિત્ર-દર્શનરૂપી શ્રેષ્ઠ ગુણોને પણ તે તૃણ જેવા માને છે. સંસારજન્ય ભયને (દુઃખોને) પણ નહિ વિચારતો, નિર્ભાગી (કામી) શ્રી અરિહંત, સિદ્ધ, આચાર્ય, વાચકો અને સાધુવર્ગની અવજ્ઞા કરે છે. વિષયરૂપી આમિષમાં ગૃદ્ધ મનુષ્ય આ ભવમાં (થનારા) અપયશ, અનર્થ અને દુઃખને, તથા પરલોકમાં (થનારી) દુર્ગતિને અને અનંતસંસારને પણ ગણતો નથી. તે નરકની (**લહલક્ક=**)ભયંકર વેદનાઓને અને ઘોર સંસારસમુદ્રના આવેગને (પૂરને) વશ થાય છે, પણ કામસુખની તુચ્છતાને જોઈ શકતો નથી. ઉચ્ચ કુળમાં જન્મેલો પણ વિષયવશ ગાય છે, નાચે છે અને બે પગને ધોવે છે, તેમ જ (ભોગથી) અંગોને મેલાં કરે છે અને (બીજી બાજુ) મૂત્ર-ઝાડાની શુદ્ધિ કરે છે. (**૭૯૮૦ થી ૮૫**) કામનાં સેંકડો બાણોથી વિંધાએલો (કામી) જેમ રાજપત્નીમાં આસક્ત વણિક દુર્ગંધવાળા (પાઠ= ) ગુહા ધોવાના ઘરમાં (વિષ્ટાની ગટરમાં) અનેકશઃ રહ્યો, તેમ દુર્ગંધમાં રહે છે. (**૭૯૮૬**) કામથી ઉન્મત્ત પુરુષ, વેશ્યાગામીની જેમ, અથવા નિજપુત્રીમાં આસક્ત કુબેરદત્ત શેઠની જેમ ભોગ્ય-અભોગ્યને જાણતો નથી. (**૭૯૮૭**) કામને વશ થએલો **કડારપિંગ** આ ભવમાં પણ મોટા દુઃખને પામ્યો અને પાપથી બદ્ધ થએલો મરીને નરકે ગયો. (**૭૯૮૮**) એ સર્વ દોષો બ્રહ્મચારી વૈરાગી પુરુષને થતા નથી, કિન્તુ તેથી વિપરીત વિવિધ ગુણો થાય છે. (**૭૯૮૯**) સ્ત્રી નિયમા પોતાને વશ થએલા પુરુષના આભવ-પરભવના (સર્વ) ગુણોનો નાશ કરીને ઉભય ભવમાં દુઃખ દેનારા દોષોને લાવે (પ્રગટાવે) છે. (**૭૯૯૦**) (વાંકા) માર્ગની જેમ સ્વભાવે જ વક્ર સ્ત્રી સતત (તેને) અનુસરવા છતાં પુરુષને સ્વભૂમિકાથી (સન્માર્ગથી) ભ્રષ્ટ કરીને વિવિધ રીતે (ભવમાં) ભમાવે છે. (**૭૯૯૧**) માર્ગની ધૂળ જેવી, સ્વભાવે જ કલુષ (મલિન) સ્ત્રી, નિર્મળ પ્રકૃતિવાળા પણ પુરુષને અવસર પામીને સર્વ અંગે (સર્વ રીતે) મલિન કરે છે. (**૭૯૯૨**) વાંસના જંગલ જેવી સ્વભાવે જ ગહનભૂત (દુર્ગમ-માયાવાળી) દુષ્ટા સ્ત્રી, ફળને (સંતાનને) પામે છતે નિશ્ચે પોતાના વંશનો ક્ષય કરે છે. (**૭૯૯૩**) સ્ત્રીઓમાં (**પાઠાં૦ વિસંભ=**) વિશ્વાસ, સ્નેહ, (**પરિચય=**) ઓળખ (આંખની શરમ), કૃતજ્ઞતા વગેરે ગુણો હોતા નથી, કારણ કે-બીજામાં (પરપુરુષમાં) રાગવાળી તેઓ પોતાના કુળને (કુટુંબને) તૂર્ત છોડી દે છે. (**૭૯૯૪**) સ્ત્રીઓ પુરુષોને (**હેલાએ=**) ક્ષણમાં (વિના પ્રયાસે) વિશ્વાસ પમાડે છે, જ્યારે પુરુષો તો બહુ પ્રકારે પણ સ્ત્રીને વિશ્વાસ પમાડી શકતા નથી. (**૭૯૯૫**) સ્ત્રી અતિ નાનો પણ અવિનય થતાં કરેલા લાખ સત્કાર્યોને (ઉપકારોને) પણ અવગણીને પોતાના પતિનો, સ્વજનોનો, કુળનો અને ધનનો નાશ કરે છે. (**૭૯૯૬**) અથવા અપરાધ કર્યા વિના પણ અન્ય પુરુષમાં આસક્ત સ્ત્રીઓ પતિનો, પુત્રનો, સસરાનો અને પિતાનો પણ વધ કરે છે. (**૭૯૯૭**) પરમાં આસક્ત સ્ત્રી સત્કારને, ઉપકારને, ગુણોને (કરેલા) સુખરૂપ લાલન-પાલનને, સ્નેહને અને કહેલાં મધુર વચનોને સાફ (નિષ્ફળ) કરે છે.

(૭૯૯૮) જે પુરૂષ સ્રીઓમાં વિશ્વાસ કરે છે, તે ચોર, અગ્નિ, વાઘ, ઝેર, સમુદ્ર, મત્ત-હાથી, કાળો સર્પ અને શત્રુમાં વિશ્વાસ કરે છે. (૭૯૯૯) અથવા જગતમાં વાઘ વગેરે તો પુરૂષને તેવો દોષ નથી કરતા, કે જે મહા દોષો દુષ્ટા સ્રી કરે છે. (૮૦૦૦) કુલિન પણ સ્રીને પોતાનો પુરુષ ત્યાં સુધી પ્રિય હોય છે, કે જ્યાં સુધી તે પુરુષને રોગ, દરિદ્રતા અથવા ઘડપણ ન આવે. (૮૦૦૧) ઘરડો, દરિદ્ર અથવા રોગી એવો પતિ પણ તેણીને પીલેલી શેરડી (કુચા) જેવો અથવા કરમાએલી સુગંધ વિનાની માળા જેવો, (પાઠાં૦ વિસ્સો=વિસ્ર) દુર્ગંધતુલ્ય (અનાદરપાત્ર) બને છે. (૮૦૦૨) સ્રી અવજ્ઞાથી (અનાદર કરતી) પણ કૂડ-કપટોથી પુરુષોને ઠગે છે અને પુરુષ ઉદ્યમ કરે તો પણ નિશ્ચે સ્રીને ઠગી શકતો નથી. (૮૦૦૩) ધૂળથી વ્યાપ્ત વંટોળવાયુની જેમ સ્રીઓ પુરુષને અવશ્ય મલિન કરે છે અને સંધ્યારાગની જેમ માત્ર ક્ષણિક રાગ ધરે છે. (૮૦૦૪) સમુદ્રોમાં જેટલું પાણી અને મોજાં (તરંગો) હોય છે તથા નદીઓમાં જેટલી રેતી હોય છે, તેનાથી પણ સ્રીના (ચિત્ત=) મનના અભિપ્રાયો ઘણા હોય છે. (૮૦૦૫) આકાશ, સર્વભૂમિ, સમુદ્રો, મેરુપર્વત અને પવન વગેરે (દુર્જ્ઞેય) પદાર્થોને પુરૂષો જાણી શકે છે, પણ સ્રીઓના ભાવોને કોઈ રીતે જાણવા શકય નથી. (૮૦૦૬) જેમ વિજળી પાણીના પરપોટા અને ઉલ્કા (આકાશમાં પ્રગટતો જવાળારહિત અગ્નિનો પ્રકાશ) ચિર (સ્થિર) રહેતા નથી, તેમ સ્રીઓનું ચિત્ત એક પુરુષમાં ચિરકાળ પ્રસન્ન રહેતું નથી. (૮૦૦૭) પરમાણુ પણ કોઈ વાર મનુષ્યના ગ્રહણમાં (પક્કડમાં) આવે છે, પણ (જે=) નિશ્ચે સ્રીઓના અતિ સૂક્ષ્મ ચિત્તને પકડવામાં (તેઓ) શક્તિમાન નથી. (૮૦૦૮) કોપેલા કાળા સર્પને પણ, દુષ્ટ સિંહને પણ અને મત્તહાથીને પણ, પુરુષ કોઈ રીતે ગ્રહણ (વશ) કરી શકે છે, પરંતુ દુષ્ટ સ્રીઓના ચિત્તને વશ કરી શકતો નથી. (૮૦૦૯) (કોઈવાર) પાણીમાં પણ પત્થર તરે અને અગ્નિ પણ ન બાળે, ઉલટો હિમતુલ્ય શીતળ બની જાય, પણ સ્રીઓને કદાપિ પણ પુરુષ પ્રત્યે ઋજુતા ન થાય. (૮૦૧૦) સરળતાના અભાવે તેઓમાં વિશ્વાસ કેમ થાય? અને વિશ્વાસ વિના સ્રીઓમાં પ્રીતિ કેમ થાય? (૮૦૧૧) પુરુષ બે ભુજાઓ વડે તરીને સમુદ્રનો પણ પાર પામે, કિન્તુ માયારૂપી પાણીથી ભરેલા સ્રી-સમુદ્રનો પાર પામવાને શક્તિમાન નથી. (૮૦૧૨) રત્નસહિત પણ વાઘવાળી ગૂફાની જેમ અને શીતળ જળવાળી પણ મગરવાળી નદીની જેમ, સ્રી મનુષ્યોના મનને હરનારી છતાં ધિક્! ઉદ્વેગ કરાવનારી છે. (૮૦૧૩) કુલિન પણ સ્રી (નજરે) જોયેલું (સાચું) પણ કબૂલ ન કરે, (પોતે કરેલા) (નિયડિ=) કપટને (પણ) ઉડાડે (ખોટું ઠરાવે) અને પુરુષ પ્રત્યે (ગોહાનિલુક્કં=) ઘોની જેમ છૂપાતી (પોતાના પાપને છૂપાવતી) રહે. (૮૦૧૪) મનુષ્યોને તેવો બીજો (અરિ=) શત્રુ નથી, તેથી સ્રી (ન+અરિ=) નારી કહેવાય છે અને પુરુષને સદા પ્રમત્ત (પ્રમાદી) બનાવે છે તેથી પ્રમદા કહેવાય છે, (૮૦૧૫) પુરુષને સેંકડો અનર્થોમાં (વિલાયઈ=) જોડે છે તેથી તે વિલયા કહેવાય છે અને પુરુષને દુઃખમાં યોજે છે તેથી તે યુવતિ અને યોષા કહેવાય છે. (૮૦૧૬) અબળા એ કારણે છે કે-તેના હૃદયમાં ધૈર્યબળ નથી. એમ સ્રીનાં (પર્યાયરૂપ) નામો

પણ વિચારતાં અસુખકારક છે. (૮૦૧૭) સ્ત્રી (કુલિ=) ક્લેશનું–ઝઘડાનું ઘર છે, (**અલિક=**) અસત્યનો આશ્રય છે, અવિનયોનું કુળઘર (**બાપુકું ઘર**) છે, (**આયાસ=**) અસંતોષની અથવા ખેદની વસતિ છે અને કજીઆનું મૂળ છે, તેમજ ધર્મનું મોટું વિઘ્ન છે અને અધર્મનો નિશ્ચિત પ્રાદુર્ભાવ (પ્રગટીકરણ) છે, દેહનો (પ્રાણોનો) પણ સંદેહ છે અને માન–અપમાનનો હેતુ છે. સ્ત્રીઓ પરાભવોનું બીજ છે, અપકીર્તિનું કારણ છે, ધનનો સર્વનાશ છે, અનર્થોનો સમાગમ છે, દુર્ગતિનો માર્ગ છે અને સ્વર્ગ તથા મોક્ષના માર્ગની દૃઢ અર્ગલા (રુકાવટ) છે, તેમજ દોષોને પોતાનો આવાસ (કુલઘર) છે અને સર્વ ગુણોનો પ્રવાસ (દેશનિકાલ) છે. ચંદ્ર પણ ઉષ્ણ થાય, સૂર્ય પણ શીતળ થાય અને આકાશ પણ (**નિવિડ=**) ઘન (પોલાણરહિત) બને, કિન્તુ કુલિન પણ સ્ત્રી દોષરહિત ભદ્રિક (સરળ) ન બને. (**૮૦૧૮ થી ૨૨**) ઈત્યાદિ સ્ત્રી સંબંધી ઘણા દોષોને ચિંતવનાર વિવેકીનું મન પ્રાયઃ સ્ત્રીઓથી વિરાગી બને છે. (૮૦૨૩) જેમ આ લોકમાં દોષોને જાણીને (વિવેકી) વાઘ વગેરેને તજે છે, તેમ દોષોને જોઈને સ્ત્રીઓથી પણ દૂર ભાગે છે. (૮૦૨૪) બહુ કહેવાથી શું ? સ્ત્રીકૃત દોષોને આ ગ્રંથમાં જ પૂર્વે (અનુશાસ્તિદ્વારમાં) સૂરિજીએ જણાવ્યા છે જ. (૮૦૨૫) જે વસ્તુ શુદ્ધ સામગ્રીથી બનેલી હોય, તે તો કારણ (મૂળ) શુદ્ધ હોવાથી શુદ્ધ થાય, પણ અશુચિથી ઘડેલા શરીરની શુદ્ધિ કોનાથી (કેવી રીતે) થાય ? (૮૦૨૬) કારણ કે–શરીરનું ઉત્પત્તિકારણ શુક્ર–રુધિર બંને અપવિત્ર છે, તેથી અશુચિથી ઘડેલા ઘડાની જેમ શરીર પણ અશુચિ છે. (૮૦૨૭) તે આ પ્રમાણે–

**ગર્ભાવસ્થાનું–સ્વરૂપ**–માતા–પિતાના સંયોગથી રુધિર અને શુક્રનું મિલન થતાં જે મેલું (અશુચિ) થાય, તેમાં પ્રારંભમાં જ જીવ ઉપજે. તે પછી તે અશુચિ સાત દિવસ સુધી કલલ (ગર્ભનું વીંટણ–સૂક્ષ્મ ચામડી) થઈને પછી સાત દિવસે અર્બુદ (સામાન્ય પેશી) બને, તે પછી પહેલા માસમાં ઘનરૂપ બને (૮૦૨૮–૨૯) અને તે બીજા માસમાં (વજનમાં) એક કર્ષ ન્યૂન એક પલ (સાઇઠ રતિ) જેટલું બને. ત્રીજા મહિને માંસની ઘનપેશી બને. (૮૦૩૦) ચોથા મહિને માતાને દોહદ ઉત્પન્ન કરે અને તેનાં અંગોને પુષ્ટ કરે. પાંચમા માસે મસ્તક, હાથ અને પગોના અસ્પષ્ટ અંકુરાઓ પ્રગટે. (૮૦૩૧) છઠ્ઠા મહિને રુધિર–પિત્ત વગેરે (ધાતુ) એકઠાં થાય. સાતમાં મહિને સાતસો નાની નાડીઓ અને પાંચશો પેશીઓ બને. (૮૦૩૨) આઠમા મહિને નવ નાડીઓ (ધોરી નસો) અને સર્વ અંગમાં સાડા ત્રણ ક્રોડ રોમ ઉત્પન્ન કરે અને પછી જીવ (**વિત્તીકપ્પો=**) પૂર્ણ પ્રાયઃ શરીરવાળો બને. (૮૦૩૩) નવમા અથવા દશમા મહિને માતાને અને પોતાને પીડા કરતો કરુણ શબ્દથી રડતો યોનિરૂપી છિદ્રમાંથી બહાર નીકળે. (૮૦૩૪) અને અનુક્રમે વધેલા તે શરીરમાં એક એક આઢકપ્રમાણ મૂત્ર અને રુધિર, તથા એક એક કુડવ-પ્રમાણ શ્લેષ્મા અને પિત્ત, અડધા કુડવપ્રમાણ શુક્ર અને એક પ્રસ્થપ્રમાણ (**મત્થુલુંગ=**) માથાનો રસ (મગજ) થાય. અડધો આઢક ચરબી, એક પ્રસ્થ મળ અને બીભત્સ માંસ

તથા મજ્જાથી (હાડકાની અંદર થતા રસથી) ભરેલાં ત્રણસો હાડકાં, તથા (**સ૦વંગ=**) સર્વ મળીને એકસો સાઇઠ સંધીઓ (સાંધાઓ) થાય. (**૮૦૩૫ થી ૩૭**) માનવશરીરમાં નવસો ન્હારુ (સ્નાયુઓ–નસો), સાતસો શીરાઓ (નાડીઓ–ધમનીઓ) અને પાંચસો માંસની પેશીઓ હોય છે. (૮૦૩૮)

એમ શુક્ર, રુધિર વગેરે અશુચિ પુદ્‌ગલોના સમૂહથી બનેલો, અથવા (પાઠાં૦ નવ માસમાઓ=) નવ માસ સુધી અશુચિમાં (માત=) રહેલો અને યોનિથી નીકળ્યા પછી પણ માતાના સ્તનના દૂધથી પોષાએલો (એમ) સ્વભાવે જ અત્યંત અશુચિમય, એવો દેહ કેવી રીતે પવિત્રતાને પામે? (૮૦૩૯–૪૦) એવા પ્રકારના પણ એ શરીરમાં સમ્યગ્ જોતાં (વિચારતાં) કેળના સ્તંભની જેમ બહાર અથવા અંદર પણ શ્રેષ્ઠતાનો લેશ પણ હોતો નથી. (૮૦૪૧) સર્પોમાં મણિ, હાથીઓમાં દાંત અને ચમરી ગાયોમાં (પણ) તેના કેશનો સમૂહ (ચામર) સારભૂત દેખાય છે, પણ મનુષ્યશરીરમાં કોઈ (એક) પણ સાર નથી. (૮૦૪૨) ગાયના છાણમાં, મૂત્રમાં અને દૂધમાં તથા વાઘના ચામડામાં પવિત્રતા દેખાય છે, પણ મનુષ્યદેહમાં કોઈ પણ પવિત્રતા જોઈ નથી. (૮૦૪૩) વળી વાતિક, પૈત્તિક અને શ્લેષ્મજન્ય રોગો તથા ભૂખ–તૃષા વગેરે (દુઃખો), જેમ સળગેલો તીવ્ર અગ્નિ (**અદ્દહિય–**) ઉપર મૂકેલા જળને તપાવે, તેમ નિત્ય દેહને તપાવે છે. (૮૦૪૪) એવા પ્રકારના (અશુચિ) દેહવાળો પણ, યૌવનના મદથી વ્યામૂઢ થએલો (**બાલો=**) અજ્ઞપુરુષ, પોતાના શરીરના જેવા જ કારણથી (અશુચિથી) બનેલા પણ સ્રીના શરીરમાં (રાગ કરતો તેના) કેશકલાપને મોરના પિંછાના સમૂહની સાથે, લલાટને પણ અષ્ટમીના ચંદ્ર સાથે, નેત્રોને કમલની પાંખડીઓ સાથે, હોઠને પદ્મરાગમણિ (પરવાળાં) સાથે, ડોકને પંચજન્ય શંખ સાથે, સ્તનોને સોનાના કળશો સાથે, ભૂજાઓને કમલિનીના નાળની સાથે, હથેલીઓને (નવી ઉગેલી) કોમળ કુંપળો સાથે, નિતંબપટને સુવર્ણની શીલા સાથે, સાથળોને કેળસ્તંભ સાથે અને પગોને રાતાં કમળો સાથે ઘટાવે છે (ઉપમા આપે છે), (**૮૦૪૫ થી ૪૮**) પણ અનાર્ય (મૂર્ખ) તેને પોતાના શરીરની જેમ અશુચિથી બનેલું, (**કલમલય=**) વિષ્ટા, માંસ અને રુધિરથી પૂર્ણ અને માત્ર (**કુત્તિછન્નં=**) ચામડીથી ઢાંકેલું છે, એમ વિચારતો નથી. (૮૦૪૯) માત્ર સુગંધી વિલેપન, તંબોલ, પુષ્પો અને નિર્મળ રેશમી વસ્ત્રોની શોભાથી ક્ષણ માત્ર બહારથી શોભાને પામેલા સ્રીના અપવિત્ર પણ શરીરને સુંદર છે એમ માનીને, કામથી મૂઢ મનવાળા માણસો, જેમ (માંસાહારી રાગથી) કટુ હાડકાં વગેરેથી યુક્ત (પરુવાળા) દુર્ગંધી પણ માંસને ખાય, તેમ તેને ભોગવે છે. (૮૦૫૦–૫૧) તથા જેમ વિષ્ટાથી લિપ્ત બાળક વિષ્ટામાં જ રતિ કરે, તેમ સ્વયં અપવિત્ર મૂઢપુરુષ સ્રીરૂપી વિષ્ટામાં રતિ કરે છે. (૮૦૫૨) દુર્ગંધી રસ અને દુર્ગંધી ગંધવાળી સ્રીના શરીરરૂપી ઝુંપડીને ભોગવવા છતાં જેઓ (**પાઠાં૦ સોયા=**) શૌચનું અભિમાન કરે છે, તેઓ લોકમાં હાંસીપાત્ર બને છે. (૮૦૫૩) એમ શરીરગત આ ભાવોને (અશુચિને) વિચારતા, (અશુચિ પ્રત્યે) (**સઘિણુ=**) ઘૃણાવાળા, પુરુષને (**પર=**) સ્રીશરીરને ભોગવવાની ઇચ્છા કેમ થાય? (૮૦૫૪) એ

(અશુચિ) ભાવોને (સ્વ) શરીરમાં સમ્યગ્ જોતો ઘૃણાવાળો પુરુષ પોતાના શરીરમાં પણ રાગમુક્ત બને, તો અન્યના શરીરમાં શું (પૂછવું) ? (૮૦૫૫) વૃદ્ધો કે યુવાનો (પણ) વૃદ્ધોનાં આચરણોથી વૃદ્ધ (મહાન્) બને છે અને વૃદ્ધો કે યુવાનો યુવાન જેવા (ઉદ્ધત) આચરણોથી યુવાન (હલકા) બને છે. (૮૦૫૬) જેમ સરોવરમાં પડતો પત્થર ઠરેલા પણ કાદવને ઉછાળે છે, તે રીતે યુવાનની (કામીની) સોબત પ્રશાન્ત થએલા પણ મોહને જગાડે છે. (૮૦૫૭) જેમ ડહોળાયેલું (મેલું) પણ પાણી કતકફળના યોગથી નિર્મળ બને છે, તેમ મોહથી મલિન મનવાળો પણ જીવ વૃદ્ધોની (વિરાગીઓની) સેવાથી નિર્મળ બને છે. (૮૦૫૮) જેમ યુવાન પણ પુરુષ વૃદ્ધની શિખામણ પામેલો (અકાર્યમાં) તુરંત લજ્જા, રુકાવટ, શંકા, ગૌરવનો ભય અને ધર્મની બુદ્ધિથી વૃદ્ધના જેવા આચારવાળો બને છે, તેમ વૃદ્ધ પણ પુરુષ (કામી) તરુણની વાતોથી તૂર્ત (અકાર્યમાં) વિશ્વાસુ, નિઃશંક અને પ્રકૃતિએ મોહનીયના ઉદયવાળા (કામી) તરુણના જેવા આચારવાળો બને છે. (૮૦૫૯-૬૦) જેમ માટીમાં છૂપાએલો પણ ગંધ પાણીના યોગથી પ્રગટ થાય છે, તેમ પ્રશાન્ત પણ મોહ (**પાઠાં૦ તરુણાસયા ઉ નરે=**) યુવાનોના સંપર્કથી મનુષ્યમાં વિકસે છે.(૮૦૬૧) યુવાનોની સાથે રહેનારો સંત (સજ્જન) પણ અલ્પકાળમાં ઇન્દ્રિઓથી ચંચળ, મનથી ચંચળ એવો સ્વેચ્છાચારી (બનીને) સ્ત્રી સંબંધી દોષને પામે છે. (૮૦૬૨) પુરુષને વિરહ થતાં, (એકાન્તમાં), અંધકારમાં અને કુશીલની સેવામાં (પરિચયમાં)–એ ત્રણ કારણોથી અલ્પકાળમાં અપ્રશસ્ત ભાવ પ્રગટે છે. (૮૦૬૩) ગોઠીઆઓના દોષથી જ ચારુદત્ત આપત્તિને પામ્યો તથા વૃદ્ધસેવાથી તે પુનઃ ઉન્નતિને પણ પામ્યો. (૮૦૬૪) તે આ પ્રમાણે–

**વૃદ્ધસેવાના લાભ વિષે ચારુદત્તનો પ્રબંધ**–ચંપાનગરીમાં ભાનુ નામે મોટો ધનિક શ્રાવક હતો. તેને સુભદ્રા ભાર્યા અને ચારુદત્ત પુત્ર હતો. (૮૦૬૫) યૌવનને પામ્યો છતાં, સાધુની જેમ નિર્વિકારી મનવાળો તે વિષયનું નામ પણ ઇચ્છતો નથી, તો તેને ભોગવવાની તો વાત જ કેવી ? (૮૦૬૬) તેથી માતા–પિતાએ (તેની) પરિણતિ બદલવા માટે તેને દુર્વ્યસનીઓની મંડળીમાં (ગોઠીઆઓ સાથે) જોડ્યો. પછી તે મંડળીની સાથે રહેતો તે વિષયની ઇચ્છાવાળો થયો, (તેથી) વસંતસેના વેશ્યાના ઘેર બાર વર્ષ સુધી રહ્યો અને સઘળા ધનનો તેણે નાશ કર્યો. (૮૦૬૭-૬૮) (પછી) (**વાઇયાએ=**) વેશ્યાની માતાએ ઘેરથી કાઢી મૂકેલો તે ઘેર ગયો અને માતા–પિતાનું મરણ (થએલું) સાંભળીને અતિ દુઃખી થએલો વ્યાપાર કરવાની ઇચ્છાથી પત્નીનાં ઘરેણાં લઇને, તે મામાની સાથે ઉસીરવૃત્ત નામના નગરમાં ગયો. (૮૦૬૯-૭૦) ત્યાંથી કપાસને ખરીદીને તામલિપ્તી તરફ વળ્યો અને અર્દ્ધમાર્ગે જતાં દાવાનળથી કપાસ બળી ગયો. (૮૦૭૧) પછી ગભરાએલો તે મામાને મૂકીને તૂર્ત ઘોડે બેસીને પૂર્વદિશામાં નાઠો અને પ્રિયંગુનગરે પહોંચ્યો. (૮૦૭૨) ત્યાં સુરેન્દ્રદત્ત નામના (તેના) પિતાના મિત્રે દેખ્યો અને પુત્રની જેમ તેને

ગૌરવથી ઘણો કાળ પોતાના ઘેર રાખ્યો. (૮૦૭૩) પછી તેના વહાણથી ધન કમાવા માટે અન્ય બંદરે જઈને ચારુદત્તે આઠ ક્રોડ ધન મેળવ્યું. (૮૦૭૪) (ત્યાંથી) પાછા ફરતાં તેનું વહાણ સમુદ્રમાં ભાંગ્યું અને ચારુદત્તે મહા મુશીબતે એક પાટિયાનો ટુકડો મેળવ્યો. (૮૦૭૫) પછી તેના દ્વારા તે (સમુદ્રથી) પાર ઉતર્યો અને મુશીબતે રાજપુરનગરે પહોંચ્યો. ત્યાં તેણે સૂર્ય જેવા તેજસ્વી એક ત્રિદંડી સાધુને જોયો. (૮૦૭૬) તે સાધુએ તેને પૂછ્યું કે-તું ક્યાંથી આવ્યો? ચારુદત્તે તેને સઘળીય પોતાની વાત કહી. ત્રિદંડીએ કહ્યું કે–હે વત્સ! આવ! પર્વતે જઈએ અને ત્યાંથી ઘણા કાળ પૂર્વે જોએલા ખાત્રીવાળા કોટિવેધ નામના રસને લાવીને તને ધનાઢ્ય કરું. (૮૦૭૭-૭૮) ચારુદત્તે તે સ્વીકાર્યું. (પછી) તે બંને પર્વતની ગાઢ ઝાડીમાં ગયા અને ત્યાં યમના મુખ જેવી ભયંકર રસની કૂઇને જોઈ. (૮૦૭૯) ત્રિદંડીએ ચારુદત્તને કહ્યું કે–ભદ્ર! તુંબડું લઇને તું એમાં પેસ! અને દોરડાનો આધાર લઇને શીઘ્ર પુનઃ પાછો પણ નીકળજે, પછી દોરડાના આધારે ચારુદત્ત તે અતિ ઊંડી કૂઈમાં પેઠેલો જ્યારે તેની મેખલામાં (મધ્યભાગમાં) ઊભો રહીને રસ લેવા લાગ્યો, ત્યારે કોઇએ તેને રોકયો કે-હે ભદ્ર! રસને લઈશ નહિ! લઈશ નહિ! ત્યારે ચારુદત્તે કહ્યું કે–તું કોણ છે? મને (કેમ) રોકે છે? (૮૦૮૦ થી ૮૨) તેણે કહ્યું કે–સમુદ્રમાં ભાંગેલા વહાણવાળો, ધનનો લોભી હું વણિક છું. મને રસ માટે ત્રિદંડીએ દોરડાથી અહીં ઊતાર્યો છે. (૮૦૮૩) મેં રસથી ભરેલું તુંબડું તેને આપ્યું, ત્યારે તે પાપીએ આ રીતે સ્વકાર્યસિદ્ધિ માટે આ (રસવિવર=) રસની કૂઇની પૂજા માટે બકરાની જેમ મને (કૂઈમાં) નાખ્યો છે. (૮૦૮૪) રસમાં ખવાઈ ગયેલા અડધા શરીરવાળો હવે હું કંઠે પ્રાણ પહોંચેલો (મરી રહ્યો) છું. જો તેને તું રસ આપીશ. તો તું પણ આ રીતે વિનાશ પામીશ. (૮૦૮૫) તું તુંબડુ મને આપ, કે જેથી તે ભરીને હું તને આપું! તેણે એમ કહ્યું, ત્યારે ચારુદત્તે તેને તુંબડુ આપ્યું. (૮૦૮૬) પછી રસ ભરીને તે તુંબડુ તેણે ચારુદત્તને આપ્યું, ત્યારે ચારુદત્તે તેમાંથી નીકળવા માટે હાથ વડે દોરડાને હલાવ્યું. (૮૦૮૭) ત્યારે રસની ઇચ્છાવાળો ત્રિદંડી તેને ખેંચવા લાગ્યો, પણ જ્યારે ચારુદત્તને કોઈ રીતે બહાર ન કાઢયો, ત્યારે ચારુદત્તે રસને તૂર્ત કૂવામાં જ નાખ્યો. આથી રોષે ભરાએલા ત્રિદંડીએ તેને દોરડા સહિત છોડી દીધો. (૮૦૮૮-૮૯) પછી મેખલામાં વચ્ચે અટકેલો તે 'હવે જીવિત (શકય) નથી'–એમ વિચારતો સાગાર અનશન કરીને શ્રી પંચપરમેષ્ઠિનું સ્મરણ કરવા લાગ્યો. (૮૦૯૦) પછી તેને વણિકે કહ્યું કે–ગઈ કાલે રસ પીને ગએલી ગોધા (ઘો) જો પુનઃ અહીં આવે, તો તારો નિસ્તાર થાય! (૮૦૯૧) એમ સાંભળીને કંઈક જીવવાની આશાવાળો તે જ્યારે ત્યાં પંચનમસ્કાર ગણવામાં તત્પર રહેલો છે, ત્યારે અન્ય દિવસે ગોધા ત્યાં આવી અને તે રસને પીને નીકળતી હતી ત્યારે ચારુદત્તે જીવવા માટે તેને પૂચ્છથી દૃઢ પકડી. (૮૦૯૨-૯૩) પછી તે ગોધાએ તેને બહાર કાઢયો, તેથી અત્યંત પ્રસન્ન થએલો તે પુનઃ ચાલવા લાગ્યો અને મુશીબતે તેણે અટવીને ઉલ્લંઘી. (૮૦૯૪) (પછી) એક તુચ્છ ગામમાં તેને રુદ્ર નામનો મામાનો

મિત્ર મળ્યો. ત્યાંથી તે તેની જ સાથે ટંકણદેશમાં પહોંચ્યો. (૮૦૯૫) અને ત્યાંથી બે બળવાન બોકડાઓને લઈને બંને સુવર્ણભૂમિએ જવા ચાલ્યા. દૂર પહોંચ્યા પછી રુદ્રે ચારુદત્તને કહ્યું કે–હે ભાઈ અહીંથી (આગળ) જઈ શકાતું નથી, માટે આ બોકડાઓને હણીને–રોમને અંદર રાખીને (ચામડીને ઉલટી કરીને) તેની કોથળીઓ બનાવવી પડે છે (૮૦૯૬-૯૭) અને શસ્ત્રને લઈને તેમાં પેસવું પડે છે, કે જેથી માંસની આશાએ ભારંડપક્ષીઓ તેને ઉપાડીને સુવર્ણભૂમિમાં મૂકે છે. (૮૦૯૮) (એ રીતે) ત્યાં પહોંચેલા આપણને ઘણી સોનાની પ્રાપ્તિ થશે. તે સાંભળવાથી પ્રગટેલી કરુણા (અથવા દુર્ગંચ્છા)વાળા ચારુદત્તે કહ્યું કે-ના, ના, એવું ન બોલ ! હે ભદ્ર ! આવું પાપ કોણ કરે ? જીવહિંસાથી મળનારું ધન મારા કુળમાં પણ ન થાઓ ! (૮૦૯૯-૮૧૦૦) રુદ્રે કહ્યું કે–હું મારા બોકડાને નિશ્ચિત હણીશ ! એમાં તારે શું ? તેથી ચારુદત્ત ઉદ્વિગ્ન મન કરીને (મૌન) રહ્યો. (૮૧૦૧) પછી અતિ નિર્દય મનવાળા રુદ્રે બોકડાને હણવા માંડ્યો, ત્યારે ચારુદત્તે બોકડાના કાન પાસે બેસીને પાંચ અણુવ્રતના સારભૂત શ્રી પંચપરમેષ્ઠિ નમસ્કાર સંભળાવ્યો અને તેના શ્રવણથી શુભ ભાવે મરીને બોકડો દેવ થયો. (૮૧૦૨-૩) પછી તે રુદ્ર શીઘ્ર તે ખાલમાં (ચામડીમાં) ચારુદત્તને પૂરીને સ્વયં બીજા બોકડાની ચામડીમાં પેઠો.(૮૧૦૪) તે પછી માંસની લાલચથી ભારંડોએ બંનેને ઉચક્યાં, પણ જતા પક્ષીઓને પરસ્પર યુદ્ધ થવાથી ચારુદત્ત બે (ભારંડોની) ચાંચોમાંથી કોઈ રીતે પાણી ઉપર પડ્યો અને ચામડીને શસ્ત્રથી ચીરીને ગર્ભથી નીકળે તેમ તે બહાર નીકળ્યો. (૮૧૦૫-૬) (એમ) (પાઠાં૦ અસિ૯ઠ=) દુર્જનની સંગતિથી તે એવાં સંકટોને પામ્યો. હવે શિષ્ટની સંગતથી જે રીતે તે લક્ષ્મીને પામ્યો, તે રીતિ સાંભળો. (૮૧૦૭) પછી તે જળને તરીને તે નજીકમાં રહેલા રત્નદ્વીપમાં ગયો અને તેને જોતો જોતો પર્વતના શિખર ઉપર ચઢ્યો. (૮૧૦૮) ત્યાં કાઉસ્સગ્ગમાં રહેલા **અમિતગતિ** નામના ચારણ શ્રમણને જોઇને હર્ષથી રોમાંચિત શરીરવાળા તેણે વંદન કર્યું. (૮૧૦૯) કાઉસ્સગ્ગને પારીને ધર્મલાભ આપતાં મુનિએ કહ્યું કે–હે ચારુદત્ત ! તું આ પર્વત ઉપર કેવી રીતે આવ્યો ? (૮૧૧૦) હે મહાયશ ! કેમ (તને) યાદ નથી ? કે–પૂર્વે ચંપાપુરીમાં વનમાં ગયેલા તેં જે શત્રુથી બંધાએલા મને છોડાવ્યો હતો, (૮૧૧૧) તે હું કેટલાક દિવસો વિદ્યાધરની રાજ્યલક્ષ્મીને ભોગવીને અને પછી પ્રવ્રજ્યા સ્વીકારીને અહીં આતાપના લઈ રહ્યો છું. (૮૧૧૨) જ્યારે અમિતગતિ મુનિ એ વગેરે બોલતા હતા, ત્યારે કામદેવ જેવા રૂપવાળા બે વિદ્યાધરકુમારો આકાશમાંથી (ત્યાં) નીચે ઊતર્યા. (૮૧૧૩) તેઓ સાધુને વાંદીને અને ચારુદત્તના પગમાં પડીને, બે હસ્તકમળને લલાટે જોડીને ભૂમિ ઉપર બેઠા. (૮૧૧૪) એ સમયે મણિમય મુગટ પહેરેલા મસ્તકને નમાવતો એક દેવ આવ્યો, તેણે પહેલા ચારુદત્તને અને પછી મુનિને પણ વાંદ્યા. (૮૧૧૫) તેથી વિસ્મિત થયેલા વિદ્યાધરોએ દેવને પૂછ્યું કે–અહો ! તું સાધુને છોડીને (પહેલાં) ગૃહસ્થનાં પગમાં કેમ પડ્યો ? (૮૧૧૬) દેવે કહ્યું કે–આ

ચારુદત્ત મારો (ધર્મ) ગુરુ છે, કારણ કે–હું જ્યારે બોકડો હતો ત્યારે મરણ પ્રસંગે શ્રી જિનનમસ્કાર (શ્રી પંચપરમેષ્ઠિ મંત્ર) દેતા તેણે આવી અતિ દુર્લભ દેવની લક્ષ્મી પ્રાપ્ત કરાવી છે. એ ચારુદત્તથી જ હું મુનિઓને અને સર્વજ્ઞોને જાણું (ઓળખતો થયો) છું. (૮૧૧૭-૧૮) પછી દેવે ચારુદત્તને કહ્યું કે–ભો! હવે વરદાન માગ! ત્યારે ચારુદત્તે 'હું સ્મરણ કરું ત્યારે આવજે.' એમ કહ્યું. (૮૧૧૯) દેવ (તે સ્વીકારીને) સ્વસ્થાને ગયો. પછી વિદ્યાધરોએ 'આ ગુણવાન છે'–એમ ગાનીને ઘણા મણિ અને સુવર્ણના સમૂહથી ભરેલા મોટા વિમાનમાં બેસાડીને, ચંપાપુરીમાં લાવીને પોતાના ભુવનમાં રાખ્યો અને (ત્યાં) ચારુદત્ત શ્રેષ્ઠ ઉન્નતિને પામ્યો. (૮૧૨૦-૨૧) એમ આ લોકમાં પણ દુષ્ટ અને શિષ્ટની સોબતનાં તે તે ફળોને જોઈને નિર્મળ ગુણથી ભરેલા ઉત્તમ બુદ્ધિવાળા એવા વૃદ્ધની સેવામાં યત્ન કરવો જોઈએ. (૮૧૨૨) વળી ધીરપુરુષો વૃદ્ધપ્રકૃતિવાળા એવા તરુણોની તથા વૃદ્ધોની નિત્ય સેવા કરતા અને ગુરુકુળવાસને નહિ છોડતા બ્રહ્મવ્રતને પાળે છે. (૮૧૨૩) વારંવાર સ્ત્રીઓનાં મુખ અને ગુહ્ય અંગોને જોનારા અલ્પ સત્ત્વવાળા પુરુષનું હૃદય કામરૂપ પવનથી ચંચળ (ચલિત) થાય છે. (૮૧૨૪) કારણ કે–સ્ત્રીઓની ધીમી ચાલ, ઊભા રહેવું, વિલાસ, હાસ્ય, શૃંગારિક ચેષ્ટા (અથવા કામવિકાર) તથા હાવભાવ વડે, સૌભાગ્ય, રૂપ, લાવણ્ય તથા શ્રેષ્ઠ આકૃતિની ચેષ્ટા (ચાળા) વડે, અડધી નજરે (વાંકા કટાક્ષથી) જોવા વડે, વિશેષ આદરપૂર્વક હસવા–બોલવા વડે, રસપૂર્વક ક્ષણ ક્ષણ બોલવા વડે તથા મોજપૂર્વક રમત (ક્રીડા) કરવા વડે, સ્વભાવે જ સ્નિગ્ધ (વિકારી) અને સ્વભાવે જ મનોહર એવી સ્ત્રીના ગુપ્ત (એકાન્તમાં) મેળાપ વડે પ્રાયઃ પુરુષનું (મન) ક્ષોભ પામે છે અને પછી ક્રમશઃ વધેલી પ્રીતિ અને અનુરાગથી પ્રાપ્ત કરેલા વિશ્વાસવાળો (નિર્ભય) અને સ્નેહના વિસ્તારવાળો લજ્જાળુ પણ પુરુષ એવું તે શું શું છે, કે જે ન કરે? (અર્થાત્ સર્વ અકાર્યોને કરે છે.) (૮૧૨૫ થી ૨૮) જેમ કે–પિતા, માતા, મિત્ર, ગુરુ, શિષ્ટ લોક અને રાજા વગેરેની લજ્જાને, (પોતાના) ગૌરવને, પ્રતિબંધને (રાગને) અને પરિચયને (જાણ–પિછાણને) પણ મૂળમાંથી તજી દે છે, (૮૧૨૯) કીર્તિને, ધનના નાશને, કુળમર્યાદાને પ્રાપ્ત કરેલા ધર્મગુણોને અને હાથ, પગ, કાન, નાક વગેરેના નાશને પણ તે નિશ્ચે જોતો (ગણતો) નથી, (૮૧૩૦) (એમ) સંસર્ગથી મૂઢ મનવાળો મૈથુનના (**પાઠાં૦ રસિઓ=**) રસવાળો (આસક્ત) મર્યાદા-રહિત બનેલો અને ભૂત–ભવિષ્યને પણ નહિ ગણકારતો (પુરુષ) એવું કયું પાપ છે, કે જેને ન આચરે? (૮૧૩૧) (સ્ત્રીના) સંસર્ગથી પુરુષમાં અવકાશને (સ્થાનને) પામેલી ઇન્દ્રિયો (શબ્દાદિ વિષયો), કષાયો (વિવિધ) સંજ્ઞાઓ અને ગારવો, વગેરે સર્વે (દોષો) સ્વભાવે જ તૂર્ત વિકસે (વધી જાય) છે. (૮૧૩૨) જો (વયથી) વૃદ્ધ અને બહુશ્રુત હોવા છતાં તથા પ્રમાણિક (લોકમાન્ય), મુનિ અને તપસ્વી છતાં, સ્ત્રીઓના સંસર્ગથી તે અલ્પકાળમાં દોષને પામે છે. (૮૧૩૩) તો પછી યુવાનો અલ્પ જ્ઞાનવાળા (અજ્ઞાનીઓ) વગેરે સ્વછંદાચારીઓ અને મૂર્ખાઓ સ્ત્રીના સંસર્ગથી મૂળમાંથી વિનાશ

પામે (વ્રતભ્રષ્ટ થાય) તેમાં શું (આશ્ચર્ય)? (૯૧૩૪) મનુષ્યરહિત (નિર્જન) ગહન જંગલમાં રહેતો પણ નદીના કાંઠાને વાળનાર (કુળવાલક) મુનિ સ્ત્રીના સંસર્ગથી મહા વિડંબનાને પામ્યો, (૯૧૩૫) જે ઝેરની જેમ સ્ત્રીના સંસર્ગને સર્વથા તજે છે, તે જાવજ્જીવ નિશ્ચળ બ્રહ્મચર્યને પાળી શકે છે. (૯૧૩૬) કારણ કે-જોવા માત્રથી પણ તે (સ્ત્રી) ઓ પુરુષને મૂર્છિત કરે છે. તેથી (સમજવું કે-) પાપી સ્ત્રીઓનાં નેત્રો નિશ્ચે ઝેરથી ભરેલાં છે. (૯૧૩૭) તીવ્ર ઝેર, સાપ અને (પાઠાં૰ વગ્ઘ=) વાઘનો સંસર્ગ એક જ વાર મારે છે, જ્યારે સ્ત્રીનો સંસર્ગ પુરુષને અનંતી વાર હણે (મરણ આપે) છે. (૯૧૩૮) એમ વ્રતોરૂપી વનના મૂળમાં અગ્નિતુલ્ય એવી સ્ત્રીની સોબતને જે સદાય તજે છે, તે સુખપૂર્વક બ્રહ્મચર્યનો પાર પામે છે અને યશને વિસ્તારે છે. (૯૧૩૯) તેથી હે ક્ષપક! જો મોહના દોષથી કોઈ વાર પણ વિષયની ઇચ્છા થાય, તો પણ પાંચેય પ્રકારના સ્ત્રીઓના વૈરાગ્યમાં ઉપયોગવાળો (અપ્રમત્ત) બનજે. (૯૧૪૦) કાદવમાં ઊગેલું અને જળમાં વધેલું કમળ જેમ તે કાદવ અને જળથી લેપાતું નથી, તેમ સ્ત્રીરૂપી કાદવથી (જન્મેલો) અને વિષયોરૂપી જળથી (વૃદ્ધિ પામેલો) પણ મુનિ (તેમાં લેપાતો નથી.) (૯૧૪૧) ઘણા દોષરૂપી હિંસક પ્રાણીઓના સમૂહવાળી, માયારૂપી મૃગતૃષ્ણાવાળી અને કુબુદ્ધિરૂપ ગાઢ મોટા જંગલવાળી, એવી પણ સ્ત્રીરૂપી અટવીમાં મુનિ મુંઝાતો નથી. (૯૧૪૨) સર્વ પ્રકારની સ્ત્રીઓમાં સદા અપ્રમત્ત (સાવધ) અને (પોતાના સ્વરૂપમાં) (સુવીસત્થો=) દૃઢ વિશ્વાસુ (એવો મુનિ) ચારિત્રના મૂળભૂત અને સદ્ગતિના કારણરૂપ એવા બ્રહ્મચર્યનો પાર પામે છે. (૯૧૪૩) જે સ્ત્રીના રૂપને ચિરકાળ (ધારી ધારીને) જોતો નથી અને મધ્યાહ્નના તીક્ષ્ણ (તેજવાળા) સૂર્યને જોવાની જેમ તુર્ત દૃષ્ટિને પાછી ખેંચી લે છે, તે બ્રહ્મચર્યનો પાર પામે છે. (૯૧૪૪) બીજો મારે અંગે શું બોલે છે? મને કેવો દેખે છે? અને હું કેવું વર્તન કરું છું? એમ જે નિત્ય અનુપ્રેક્ષા કરે છે, તે દૃઢ બ્રહ્મવ્રતવાળો છે. (૯૧૪૫) ધન્યપુરુષો જ મંદ હાસ્યપૂર્વકનાં વચનોરૂપી મોજાઓથી વ્યાપ્ત અને વિષયરૂપી (અગાધ) પાણીવાળા યૌવનરૂપી સમુદ્રને સ્ત્રીઓરૂપી મગરોથી સપડાયા વિના પાર ઉતરે છે. (૯૧૪૬)

**પાંચમું અપરિગ્રહવ્રત**-બાહ્ય અને અભ્યંતર સર્વ પરિગ્રહનો તું મન-વચન-કાયાથી કરવા, કરાવવા અને અનુમોદવા વડે ત્યાગ કર! તેમાં અહીં ૧-મિથ્યાત્વ, ૨ થી ૪-ત્રણ વેદ, ૫ થી ૧૦-હાસ્યાદિ ષટ્ક અને ૧૧ થી ૧૪-ચાર કષાયો, એ ચૌદને અભ્યંતર પરિગ્રહ જાણવો. (૯૧૪૭-૪૮) ક્ષેત્ર, વાસ્તુ, ધન, ધાન્ય, કુપ્ય (અન્ય) ધાતુઓ, સોનું, રૂપું, દ્વિપદ અને ચતુષ્પદ તથા શયન-આસનાદિ અપદ, એ (નવ પ્રકારે) બાહ્ય પરિગ્રહ જાણવો. (૯૧૪૯) જેમ ફોતરા સહિત (ડાંગરના કુંડઓ=) કુસકાને શુદ્ધ કરવા શક્ય નથી, તેમ સંગ (પરિગ્રહ)થી યુક્ત જીવના કર્મમળને શુદ્ધ કરવો શક્ય નથી. (૯૧૫૦) જ્યારે રાગ દ્વેષ ગારવો તથા સંજ્ઞાઓ ઉદયને પામે છે, ત્યારે લાલચુ જીવ પરિગ્રહને મેળવવાની બુદ્ધિ કરે છે. પછી તે નિમિત્તે (જીવોને) મારે છે, અસત્ય બોલે છે, ચોરી

કરે છે. મૈથુનને સેવે છે અને અપરિમિત ધનને (ભેગું) કરે છે. (૮૧૫૧-૫૨) ધનના વ્યામોહથી અત્યંત મૂઢ બનેલા જીવને સંજ્ઞાઓ, ગારવો, ચાડી, કલહ, કઠોરતા તથા ઝઘડવું, વિવાદ, (વગેરે) કયા કયા (દોષો) નથી થતા? (૮૧૫૩) પરિગ્રહ એ મનુષ્યોને ભય છે, કારણ કે-એલગચ્છ નગરમાં જન્મેલા બે સગા ભાઈઓએ ધનને માટે પરસ્પર મારવાની બુદ્ધિ કરી. (૮૧૫૪) ધનને માટે ચોરોને (પણ) એક એકથી (પરસ્પર) અતિ ભય પ્રગટયો, તેથી મધમાં તથા માંસમાં વિષ ભેળવીને તેઓને (પરસ્પર) માર્યા. (૮૧૫૫) પરિગ્રહ મહા ભય છે. કારણ કે-ઉત્તમ એવા પણ કુંચિક શ્રાવકે, ધનને ચોરનાર પુત્ર છતાં આચાર્ય મહારાજને (વિહેડિઓ=) કષ્ટ આપ્યું. (તે આ પ્રમાણે-મુનિપતિ રાજર્ષિ કુંચિક શેઠના ઘરમાં તેના ભંડારની પાસે ચોમાસું રહ્યા. શેઠની અજાણમાં છોકરો ધનને ચોરી ગયો. શેઠને સૂરિજી પ્રત્યે શંકા થઈ અને તેમને વિડંબના કરી.) (૮૧૫૬) ધન માટે ઠંડીને, ગરમીને, તૃષાને, ભૂખને, વરસાદને, દુષ્ટ શય્યાને અને અનિષ્ટ ભોજનને (ઇત્યાદિ કષ્ટોને) જીવો સહન કરે છે અને ઘણા ભારને ઉપાડે છે. (૮૧૫૭) સારા કુળમાં જન્મેલો પણ ધનનો અર્થી (પરિગ્રહી) ગાય છે, નાચે છે, દોડે છે, ધ્રૂજે છે, વિલાપ કરે છે, અશુચિને પણ ચૂંથે છે અને નીચ કર્મને પણ કરે છે. (૮૧૫૮) એવું કરનારા છતાં તેઓને ધનપ્રાપ્તિ તો સંદિગ્ધ હોય છે (મળે કે ન પણ મળે), કારણ કે-મંદભાગીને લાંબા કાળે પણ ધન ભેગું થતું નથી. (૮૧૫૯) અને જો કોઈ રીતે ધન એકઠું થાય, તો પણ તેને ઘણા પણ ધનથી તૃપ્તિ થતી નથી, કારણ કે-લાભે લોભ વધે છે. (૮૧૬૦) જેમ ઇન્ધનથી અગ્નિ અને (પાઠાં૦ जहू=) જેમ નદીઓથી સમુદ્ર તૃપ્ત નથી, તેમજીવને ત્રણેય લોક મળે તો પણ તૃપ્તિ નથી, (૮૧૬૧) જેમ હાથમાં માંસવાળા ત્રાસેલા (અથવા નિર્દોષ) પક્ષીને બીજા પક્ષીઓ (ઉપદ્રવ કરે), તેમ નિરપરાધી પણ ધનવાનને (બીજાઓ) કૂટે છે, મારે છે, રોકે છે અને ભેદે છે. (૮૧૬૨) ધન માટે જીવ માતા, પિતા, પુત્ર અને સ્ત્રીમાં પણ વિશ્વાસને (પાઠાં૦ जाई=) પામતો નથી અને (તેની) રક્ષા કરતો સમગ્ર પણ રાત્રિ જાગે છે. (૮૧૬૩) સ્વયં (અથવા પોતાનું) ધન જ્યારે નાશ પામે, ત્યારે પુરુષ અંતરમાં બળે છે, ઉન્મત્તની જેમ વિલાપ કરે છે, શોક કરે છે અને ઉત્કંઠા (પુનઃ મેળવવાની ઉત્સુકતા) કરે છે. (૮૧૬૪) સ્વયં પરિગ્રહનું ગ્રહણ, રક્ષણ, સંભાળ વગેરે કરતો, વ્યાકુળ મનવાળો, મર્યાદા (આચાર) ભ્રષ્ટ એવો જીવ (શુભ) ધ્યાનને કેવી રીતે પામે? (૮૧૬૫)

વળી ધનમાં આસક્ત હૃદયવાળો જીવ ઘણા ભવો સુધી દરિદ્ર થાય છે અને કઠોર હૃદયવાળો તે ધન માટે કર્મને બાંધે છે. (૮૧૬૬) ધનને છોડનાર મુનિ એ (સર્વ) દોષોથી મુક્ત થાય છે અને પરમ અભ્યુદયરૂપ મુખ્ય એવા ગુણસમૂહને પામે છે. (૮૧૬૭) જેમ મંત્ર, વિદ્યા અને ઔષધ વિનાનો પુરુષ ઘણા સર્પોવાળા અરણ્યમાં અનર્થને પામે, તેમ (ધનને રાખનારો) મુનિ પણ મોટા અનર્થને પામે છે, (૮૧૬૮) મનપસંદ અર્થમાં રાગ થાય અને નહિ ગમતામાં દ્વેષ થાય, તેવા અર્થનો ત્યાગ કરવાથી રાગ-દ્વેષ બન્નેનો

ત્યાગ થાય છે. (૮૧૬૯) પરીષહોથી બચવા માટે ઉપયોગી એવા ધનને સર્વથા છોડનારે (તત્ત્વથી) ઠંડી, તાપ, ડાંસ મચ્છર વગેરે પરીષહોને છાતી આપી (સહવાની હિંમત કરી). (૮૧૭૦) અગ્નિનો હેતુ જેમ લાકડાં છે, તેમ કષાયોનો હેતુ આસક્તિ (મૂર્છા) છે. તેથી સદા નિઃસંગ (અપરિગ્રહી) સાધુ જ કષાયની સંલેખનાને કરી શકે છે, તે જ સર્વત્ર (**લહુઓ=**) નમ્ર (અથવા નિશ્ચિંત) બને છે અને તેનું રૂપ વિશ્વાસપાત્ર બને છે. જે પરિગ્રહમાં આસક્ત છે, તે સર્વત્ર (**ગરુઓ=**) અભિમાની (અથવા ચિંતાતુર)અને શંકાપાત્ર (અવિશ્વનીય) બને છે. (૮૧૭૧-૭૨) માટે હે સુવિહિત ! તું ભૂત-ભવિષ્ય-વર્ત્તમાનમાં સર્વ પરિગ્રહને કરવા, કરાવવા તથા અનુમોદવાનો સદા ત્યાગ કર ! (૮૧૭૩) એમ સર્વ પરિગ્રહનો ત્યાગી (**સીઈભૂઓ=**) ઉપશાન્તપ્રાયઃ થએલો, પ્રશાન્ત ચિત્તવાળો સાધુ જીવતો પણ શુદ્ધ નિર્વાણસુખને (મુક્તિના આનંદને) પામે છે. (૮૧૭૪) (આ વ્રતોથી) આચાર્યભગવંતો વગેરે **મોટા** પ્રયોજનને સિદ્ધ કરે છે અને (સ્વરૂપે) તે મોટાથી પણ મોટાં છે, તેથી તેને **મહાવ્રતો** કહેવાય છે. (૮૧૭૫) એ વ્રતોની રક્ષા માટે સદા રાત્રિભોજનનો ત્યાગ કર અને પ્રત્યેક વ્રતને તેની ભાવનાઓથી સારી રીતે ભાવિત કર! (૮૧૭૬) તેમાં-

**પહેલા મહાવ્રતની ભાવનાઓ**-યુગપ્રમાણ નીચી નજરે, પગલે પગલે અસ્ખલિત લક્ષ્ય (અખંડ ઉપયોગ) પૂર્વક, ત્વરારહિત અને જયણાથી ચાલનારને પહેલા વ્રતની પહેલી ભાવના થાય છે. (૮૧૭૭) (બેંતાલીશ દોષના પરિહારરૂપ) એષણાને આરાધનારા પણ સાધુને આહાર-પાણીને દૃષ્ટિથી જોવાપૂર્વક જયણા કરવાથી પ્રથમ વ્રતની બીજી ભાવના થાય છે. (૮૧૭૮) વસ્ત્ર-પાત્રાદિ ઉપકરણોને લેવા-મૂકવામાં પ્રમાર્જના અને પડિલેહણાપૂર્વક જયણા કરનારને પ્રથમ વ્રતની ત્રીજી ભાવના થાય છે. (૮૧૭૯) મનને અશુભ વિષયથી રોકીને આગમવિધિપૂર્વક શુભ વિષયમાં સમ્યગ્ જોડનારને પ્રથમ વ્રતની ચોથી ભાવના થાય છે (અને) (૮૧૮૦) અકાર્યમાંથી (વાણીના) વેગને રોકીને શુભ કાર્યમાં પણ આગમવિધિ પ્રમાણે બુદ્ધિપૂર્વક (વિચારીને) વચનને બોલનારને પહેલા વ્રતની પાંચમી ભાવના થાય છે. (૮૧૮૧) ઉપર કહેલા ક્રમથી વિપરીત પ્રવૃત્તિ કરનાર પુનઃ જીવોની હિંસા કરે છે, માટે પ્રથમ વ્રતની દૃઢતા માટે પાંચ ભાવનાઓમાં ઉદ્યમ કરવો. (૮૧૮૨)

**બીજા મહાવ્રતની ભાવનાઓ**-હાંસી વિના બોલનારને બીજા વ્રતની પહેલી અને વિચારીને બોલનારને બીજા વ્રતની બીજી ભાવના થાય છે. (૮૧૮૩) પ્રાયઃ ક્રોધથી, લોભથી અને ભયથી (બોલવામાં) અસત્યનો સંભવ છે, તેથી ક્રોધ, લોભ અને ભયના ત્યાગપૂર્વક જ(બોલવામાં) બીજા વ્રતની (શેષ) ત્રણ ભાવનાઓ થાય છે. (૮૧૮૪)

**ત્રીજા મહાવ્રતની ભાવનાઓ**-(અવગ્રહના) માલિકને, અથવા માલિકે જેને સોંપેલો હોય તેને વિધિપૂર્વક અવગ્રહની (વાપરવા વગેરેની ભૂમિની) મર્યાદા જણાવવી જોઈએ, અન્યથા (અપ્રીતિરૂપ) ભાવ અદત્તાદાન થાય. એ ત્રીજા વ્રતની પહેલી ભાવના

જાણવી. (૮૧૮૫) દ્રવ્ય, (ક્ષેત્ર), વગેરે ચાર પ્રકારની (અવગ્રહની) મર્યાદા જાણવા માટે ગૃહસ્થદ્વારા (તેનું) અનુજ્ઞાપન કરાવે (અનુમતિ મેળવે,) તે ત્રીજા વ્રતની બીજી ભાવના છે. (૮૧૮૬) (પછી) મર્યાદિત કરેલા અવગ્રહને જ સદા વિધિથી વાપરે, અન્યથા અદત્તા-દાન થાય, એમ ત્રીજા વ્રતની ત્રીજી ભાવના થાય. (૮૧૮૭) સર્વ સાધુઓનાં સાધારણ આહાર અને પાણીમાંથી પણ જેની શેષ સાધુઓએ તથા ગુરુએ અનુમતિ આપી હોય, તેને જ (**અસંતરસ=**) વાપનારને ત્રીજા વ્રતની ચોથી ભાવના થાય (૮૧૮૮) ગીતાર્થને માન્ય એવા ઉદ્યત વિહાર વગેરે ગુણવાળા સાધુઓનો માસ વગેરે પ્રમાણવાળો **કાળ-અવગ્રહ**, (જતાં-આવતાં) પાંચ કોસ વગેરે મર્યાદારૂપ **ક્ષેત્રઅવગ્રહ** અને તેઓની વસતિ, (વગેરે) તે તે દરેકનો તેઓની અનુજ્ઞાપૂર્વક ઉપયોગ કરે, અન્યથા અદત્તાદાન થાય, એ ત્રીજા વ્રતની પાંચમી ભાવના જાણવી. (૮૧૮૯-૯૦)

**ચોથા મહાવ્રતની ભાવનાઓ**-બ્રહ્મવ્રતવાળો (મુનિ) અતિ સ્નિગ્ધ આહારને તથા (રૂક્ષ પણ) અતિપ્રમાણ આહારને તજે, એ રીતે નિશ્ચે ચોથા વ્રતની પહેલી ભાવના થાય. (૮૧૯૧) શોભા માટે શૃંગારિક વસ્તુઓનો યોગ તથા શરીર-નખ-દાંત-કેશની સમારણા ન કરે, તે ચોથા વ્રતની બીજી ભાવના જાણવી. (૮૧૯૨) સ્ત્રીની ઇન્દ્રિઓ (અંગોપાંગ) વગેરેને સરાગવૃત્તિથી મનમાં સ્મરે નહિ અને (રાગપૂર્વક) તેને દેખે પણ નહિ, તે ચોથા વ્રતની ત્રીજી ભાવના જાણવી. (૮૧૯૩) પશુઓ, નપુંસકો અને સ્ત્રીઓથી યુક્ત વસતિને તથા સ્ત્રીના આસન-શયનને તજનારને ચોથા વ્રતની ચોથી ભાવના થાય. (૮૧૯૪) કેવળ સ્ત્રીઓની સાથે અથવા સ્ત્રી સંબંધી વાતોને નહિ કરવાથી અને પૂર્વે ભોગવેલા ભોગોનું સ્મરણ નહિ કરવાથી ચોથા વ્રતની પાંચમી ભાવના જાણવી. (૮૧૯૫)

**પાંચમા મહાવ્રતની ભાવનાઓ**-મનને અરુચિકર તથા રુચિકર (અમનોજ્ઞ-મનોજ્ઞ) એવા શબ્દાદિ પાંચ પ્રકારના ઇન્દ્રિયોના (શબ્દાદિ) વિષયોમાં પ્રદ્વેષ અને ગૃદ્ધિ (આસક્તિ) નહિ કરનારને પાંચમા મહાવ્રતની પાંચ ભાવનાઓ થાય. (૮૧૯૬)

**મહાવ્રતનો પાલન માટે ઉપદેશ**-એમ હે સુંદર (ક્ષપક)! આત્મામાં વ્રતોની પરમ દઢતાને ઇચ્છતો તું પાંચ મહાવ્રતોની પચીશેય ભાવનાઓને ભાવજે! (૮૧૯૭) અન્યથા સખ્ત પવનથી પ્રેરાયેલી જંગલની કુમળી વેલડી સમા (કોમળ-ચંચળ) મનવાળો (અને તેથી) તે વ્રતોમાં અસ્થિરાત્મા એવો હે ક્ષપક! તું તેના ફળને પામીશ નહિ. (૮૧૯૮) તેથી હે દેવાનુપ્રિય! પાંચેય મહાવ્રતોમાં દઢ થજે. (કારણ કે-) જે એ વ્રતોમાં ઠગાયો, તે સઘળાં સ્થાનોમાં ઠગાયો જાણવો. (૮૧૯૯) જેમ તુંબડાની દઢતા વિના (ચક્રના) આરાઓ પોતાનું કાર્ય કરી શકે નહિ, તેમ મહાવ્રતોમાં શિથિલ આત્માના સર્વ ધર્મગુણો તેવા (નિષ્ફળ) જાણવા. (૮૨૦૦) જેમ વૃક્ષની શાખાઓ, પ્રશાખાઓ, પુષ્પો અને ફળોનું (પોષક) કારણ (તેનું) મૂળ છે, તેમ ધર્મગુણોનું પણ મૂળ મહાવ્રતોની ઉત્તમ દઢતા છે. (૮૨૦૧) જેમ અંદરથી ઘૂણ નામના કીડાઓથી ખવાએલો થાંભો ઘરના ભારને

ઝીલી શકે નહિ, તેમ વ્રતોમાં શિથિલ આત્મા ધર્મની ધૂરાને વહન કરવા (પોઢો=) સમર્થ થાય નહિ (૮૨૦૨) વળી જેમ છિદ્રવાળી નિર્બળ નાવડી વસ્તુઓને વહન કરવા સમર્થ નથી, તેમ વ્રતોમાં શિથિલ, અતિચારવાળો મુનિ ધર્મગુણોને વહન કરી શકતો નથી. (૮૨૦૩) કાચો અને છિદ્રવાળો ઘડો પણ જેમ જળને ધારણ (રક્ષણ) કરવા સમર્થ નથી, તેમ વ્રતોમાં શિથિલ અતિચારવાળો મુનિ ધર્મગુણોનું રક્ષણ કરી શકતો નથી. (૮૨૦૪) અને વળી–

આ વ્રતોના અનર્થીપણાથી (અનાદરથી), અદૃઢતાથી અને સાતિચારપણાથી (જીવો) આ અપાર સંસારસમુદ્રમાં ભમ્યા, ભમે છે અને ભમશે. (૮૨૦૫) વળી હે સુંદર! તું સમ્યગ્ સંવિગ્ન મનવાળો થઈને પૂર્વર્ષિઓનાં આ વચનોને મનમાં ભાવિત કર! (૮૨૦૬) જેણે પાંચ મહાવ્રતરૂપી ઉંચો કિલ્લો ભેદ્યો (ભાંગ્યો,) તે ચારિત્રભ્રષ્ટ, માત્ર વેષધારીને અનંતસંસાર જાણવો. (૮૨૦૭) મહાવ્રતોને અને અણુવ્રતોને છોડીને જે બીજા તપને આચરે છે, તે અજ્ઞાની મૂઢ બૂડેલી નાવડીવાળો જાણવો. (૮૨૦૮) ઘણાં ફળવાળાં શીલ-વ્રતોને ભાંગીને જે સુખની અભિલાષા કરે છે, તે બુદ્ધિથી દુર્બળ (મૂર્ખ) તપસ્વી ક્રોડ-(સોનૈયા)થી કાકિણીને ખરીદે છે. (૮૨૦૯) અને વળી મળેલા ચતુર્વિધ સકળ શ્રી સંઘવાળા મંડપમાં, સંસારરૂપ ભયંકર વ્યાધિથી પીડાતો, અન્યત્ર રક્ષણ નહિ પામેલો, એવો આ મહાનુભાવ વૈદ્યોના શરણની જેમ અમારા શરણે આવ્યો, તેથી અનુગ્રહ કરવાયોગ્ય છે. (ઇયબુદ્ધિએ=) એમ સમજીને હે સુંદર! પરોપકારપરાયણ ઉત્તમ ગુરુએ આ વ્રતો તારામાં સ્થાપ્યાં છે (તને આપ્યાં છે,) તેથી કુવિકલ્પોથી રહિત થઈને તું આ વ્રતોમાં દૃઢ બન! (૮૨૧૦ થી ૧૨) જેમ અંદર શક્તિવાળો (મજબૂત) થાંભો ઘરનો ભાર ઉપાડવા સમર્થ બને છે, તેમ વ્રતોમાં અતિ દૃઢ આત્મા ઉત્તમ ધર્મધૂરાને વહન કરવા માટે સમર્થ બને છે. (૮૨૧૩) જેમ સર્વ પણ અંગોથી સમર્થ વૃષભ ભારને વહન કરવા માટે સમર્થ થાય છે, તેમ વ્રતોમાં અતિ દૃઢ આત્મા ઉત્તમ ધર્મધૂરાને વહન કરવા સમર્થ બને છે, (૮૨૧૪) જેમ અત્યંત દૃઢ અંગવાળી છિદ્ર વિનાની નાવા વસ્તુઓને વહન કરવા સમર્થ છે, તેમ વ્રતોમાં પણ દૃઢ અને અતિચારરહિત આત્મા ધર્મગુણોને વહન કરી શકે છે. (૮૨૧૫) જેમ પાકો અને છિદ્ર વિનાનો અખંડ ઘડો પાણીનું ધારણ–રક્ષણ કરવા સમર્થ છે, તેમ વ્રતોમાં પણ દૃઢ અને અતિચાર વિનાનો (આત્મા) ધર્મગુણોનું ધારણ–રક્ષણ કરી શકે છે. (૮૨૧૬) આ વ્રતોના સદ્ભાવથી (પાલનથી,) અતિ દૃઢતાથી અને નિરતિચારપણાથી (જીવો) આ અપાર સંસારસમુદ્રને તર્યા છે, તરે છે અને તરશે. (૮૨૧૭) ધન્યાત્માઓને આ વ્રતો પ્રાપ્ત થાય છે, ધન્ય જીવોને જ એમાં અતિ દૃઢતા હોય છે અને ધન્ય પુરુષોને જ એમાં પરમ નિરતિચારતા (શુદ્ધિ) હોય છે. (૮૨૧૮) તેથી અતિ દુર્લભ પાંચ મહાવ્રતો રૂપી રત્નોને પામીને તેને તું ફેંકી દઈશ નહિ અને એનાથી આજીવિકાને (પણ) કરીશ નહિ. (૮૨૧૯) અન્યથા

જેમ ઉજ્ઝિકા અને ભોગવતી, તેમ તું પણ આ સંસારમાં કનિષ્ઠ સ્થાનને પામીને અપયશને અને દુઃખને પામીશ. (૮૨૨૦) તેથી દૃઢ ચિત્તવાળો તું પાંચ મહાવ્રતોની ધૂરાને ધારણ કરવામાં ધવળ (સમર્થ વૃષભ) બનજે, સ્વયં એ વ્રતોને પાળજે અને બીજાઓને પણ ઉપદેશ કરજે. (૮૨૨૧) એથી ધન નામના શેઠની પુત્ર-વધૂઓ રક્ષિકા અને રોહિણીની જેમ ઉત્તમ સ્થાનને અને કીર્તિને પામેલો તું સદાય સુખી થઈશ. (૮૨૨૨) તે આ પ્રમાણે–

**મહાવ્રતોના રક્ષણ વિષે ધનશેઠની પુત્રવધૂઓનો પ્રબંધ**–રાજગૃહ નગરમાં ધન નામે શેઠ હતા. તેને ધનપાલ વગેરે ચાર પુત્રો અને ઉજ્ઝિકા, ભોગવતી, રક્ષિકા તથા રોહિણી નામની ચાર પુત્રવધૂઓ હતી. (૮૨૨૩) શેઠને વયનો પરિપાક થતાં ચિંતા થઈ કે–હવે (પુત્રવધૂઓને) ઘર (કારભાર) સોંપું. પછી પરીક્ષા માટે ભોજન, શયન (તૈયાર કરી તેઓના પિતરાઈઓને) નિમંત્રણ (કર્યું અને) ભોજન પછી તેઓના સ્વજનો સમક્ષ "આને સંભાળજો અને માગું ત્યારે આપજો."–એમ કહીને આદરથી પ્રત્યેકને પાંચ પાંચ ડાંગરના દાણા આપ્યા. (૮૨૨૪-૨૫) પહેલીએ તેને ફેંકી દીધા, બીજીએ ફોતરાં કાઢી નાખીને ભક્ષણ કર્યું, ત્રીજીએ બાંધીને (ઘરેણાના) કરંડિયામાં રક્ષણ કર્યું અને ચોથીએ વિધિપૂર્વક (પિયર મોકલીને) વાવેતર કરાવ્યું. (૮૨૨૬) ઘણા કાળે પૂર્વની જેમ ભોજન કરાવવાપૂર્વક (તેઓના સંબંધીઓની સમક્ષ તે દાણા) માંગ્યા. પહેલી તથા બીજી તેનું સ્મરણ થતાં વિલખી થઈ, ત્રીજીએ આપ્યા અને ચોથીએ કુંચીઓ આપી અને કહ્યું કે (ગાડાં મોકલી મંગાવી લ્યો. કારણ કે–) તમારા તે વચનનું પાલન એ રીતે (વૃદ્ધિ કરવાથી) જ થાય, અન્યથા (છતી) શક્તિનો વિનાશ કરવાથી સમ્યગ્ પાલન ન મનાય. (૮૨૨૭-૨૮) પછી ધનશેઠે તેઓના સ્વજનોને કહ્યું કે–તમે મારા કલ્યાણસાધક (હિતસ્વી) છો, તો આ વિષયમાં મારે શું (કરવા) યોગ્ય છે તે કહો! તેઓએ કહ્યું કે–તમે જાણકાર છો. (૮૨૨૯) તેથી તેઓને અનુક્રમે કાજાનો ઉદ્ધાર કરવાનું તથા કોઠાર, ભંડાર અને ઘર (સંભાળવાનું)–એમ પોતાનું કાર્ય સોંપ્યું અને તેથી શેઠની પ્રશંસા થઈ. (૮૨૩૦) (આ દૃષ્ટાન્તનો ઉપનય આ પ્રમાણે જાણવો.) જેમ શેઠ તેમ (સંયમજીવનમાં) ગુરુ, જેમ જ્ઞાતિજનો તેમ શ્રમણસંઘ, જેમ પુત્રવધૂઓ તેમ ભવ્ય જીવો અને જેમ ડાંગરના દાણા તેમ મહાવ્રતો. (૮૨૩૧) જેમ તે ડાંગરના દાણાને ફેંકી દેનારી યથાર્થ નામવાળી ઉજ્ઝિતા (**પ્રેષણકારિત્વેન**=) દાસી(અથવા દૂતિ)પણાથી અસંખ્ય દુઃખોની ખાણ બની, તેમ જે કોઈ ભવ્ય જીવ ગુરુએ સંઘ સમક્ષ આપેલાં મહાવ્રતોને સ્વીકારીને મહામોહથી તજી દે છે, તે આ ભવમાં જ મનુષ્યોનો ધિક્કારપાત્ર બને છે અને પરલોકમાં દુઃખોથી પીડાતો વિવિધ (હલકી) યોનિઓમાં ભમે છે. (૮૨૩૨ થી ૩૪) અથવા જેમ તે ડાંગરના દાણાને ખાઈ જનારી યથાર્થ નામવાળી ભોગવતી (**પેસણ**=) દળવું વગેરે (ઘરનાં) કાર્યવિશેષ (વિવિધ કાર્યો) કરવાપણાથી દુઃખને

જ પામી, તેમ જે મહાવ્રતોને પાળતો પણ આહારાદિમાં આસક્ત, મોક્ષસાધનાની ઇચ્છાથી મુક્ત, (વ્રતોને) આજીવિકા (માં હેતુ) માનીને તેનાથી આજીવિકા કરે છે, તે આ ભવમાં સાધુવેશ હોવાથી ઇચ્છાનુસાર આહારાદિને મેળવે છે, પણ પંડિતોને વિશેષ પૂજ્ય નહિ બનતો, પરલોકમાં દુઃખી જ થાય છે. (૮૨૩૫ થી ૩૭) અથવા જેમ ડાંગરના દાણાનું રક્ષણ કરનારી યથાર્થ નામવાળી રક્ષિતા નામની પુત્રવધૂ સ્વજનોને માન્ય થઇ અને ભોગસુખને પામી, તેમ જે જીવ પાંચ મહાવ્રતોને સમ્યગ્ સ્વીકારીને લેશ પણ પ્રમાદને તજતો (અપ્રમત્ત બનીને) નિરતિચાર પાળે છે, તે આત્મહિતમાં જ એક રતિવાળો આ ભવમાંય પંડિતોથી પણ પૂજાએલો એકાન્તે સુખી થાય છે અને પરલોકમાં મોક્ષને પણ પામે છે. (૮૨૩૮ થી ૪૦) તથા જેમ ડાંગરના દાણાને વાવેતર કરાવનારી યથાર્થ નામવાળી રોહિણી નામની પુત્રવધૂ ડાંગરના દાણાની વૃદ્ધિ કરીને સર્વનું સ્વામીપણું પામી, તેમ જે ભવ્ય વ્રતોને સ્વીકારીને પોતે સમ્યગ્ પાળે અને બીજા પણ અનેક ભવ્ય જીવોને સુખ માટે (અથવા શુભ હેતુથી) આપે છે, તે સંઘમાં મુખ્ય, આ ભવમાં 'યુગપ્રધાન' એવી પ્રશંસાને પામે છે અને શ્રી ગણધર પ્રભુની જેમ સ્વ–પરનું કલ્યાણ કરતો, કુતીર્થિક વગેરેને પણ આકર્ષણ કરવાદ્વારા શાસનની વૃદ્ધિ (પ્રભાવના) કરતો અને વિદ્વાન પુરુષોથી ચરણમાં પૂજાએલો ક્રમશઃ સિદ્ધિને પણ પામે છે. (૮૨૪૧ થી ૪૪) એમ મેં અનુશાસ્તિદ્વારમાં પાંચ મહાવ્રતોની રક્ષા નામનું દશમું પેટાદ્વાર વિસ્તૃત અર્થ સહિત કહ્યું. (૮૨૪૫) હવે ક્રમથી આવેલું પરમ પવિત્રતા પ્રગટાવવામાં ઉત્તમ નિમિત્તભૂત 'ચાર શરણનો સ્વીકાર'–એ નામનું અગીઆરમું પેટાદ્વાર કહું છું. (૮૨૪૬)

**અનુશાસ્તિમાં 'ચાર શરણનો સ્વીકાર'–એ નામના અગીઆરમા પેટાદ્વારમાં શ્રી અરિહંતોનું સ્વરૂપ અને શરણ**–અહો ક્ષપક! વ્રતોની રક્ષાનું કાર્ય કરનારો પણ તું શ્રી અરિહંત, સિદ્ધ, સાધુ અને જિનધર્મ–એ ચારને શરણપણે સ્વીકાર! (૮૨૪૭) તેમાં હે સુંદર! જેઓનાં જ્ઞાનાવરણીયકર્મો સંપૂર્ણ નાશ પામ્યાં છે, જે કોઈથી રોકાય નહિ તેવા જ્ઞાન–દર્શનના વિસ્તારને પામેલા છે, ભયંકર સંસાર અટવીના ભ્રમણનાં કારણોના નાશથી શ્રી અરુહંતપદને પામેલા (અજન્મા થએલા) છે, સર્વોત્તમ (યથાખ્યાત) ચારિત્રવાળા છે, સર્વોત્તમ (૧૦૦૮) લક્ષણોથી લક્ષિત શરીરવાળા છે, સર્વોત્તમ ગુણોથી શોભે છે, સર્વોત્તમ (જિનનામ-કર્મ વગેરે) પુણ્યના સમૂહવાળા છે, જગતના સર્વ જીવોના હિતસ્વી છે અને જગતના સર્વ જીવોના પરમ બંધુ (માતા–પિતાદિ) તુલ્ય છે, એવા શ્રી અરિહંત ભગવંતોને તું શરણ તરીકે સ્વીકાર! (૮૨૪૮ થી ૫૦) વળી જેઓ સર્વ અંગોથી (સર્વ રીતે) નિષ્કલંક છે, સમસ્ત ત્રણ લોકરૂપી આકાશને શોભાવવામાં ચંદ્રતુલ્ય છે, પાપરૂપી પંક જેઓનો સર્વથા નાશ થયો છે, દુઃખથી પીડાતા જગતના જીવોને પિતાના ખોળાતુલ્ય છે, મોટા શ્રેષ્ઠ મહિમાવાળા છે, પરમપદના સાધક છે, પરમપુરુષ પરમાત્મા અને પરમેશ્વર છે તથા પરમ મંગળભૂત છે, સદ્ભૂત (તે તે) ભાવોના યથાર્થ ઉપદેશક છે અને ત્રણ

ભુવનના ભૂષણ છે, એવા શ્રી અરિહંત ભગવંતોનું હે સુંદર ! તું શરણ સ્વીકાર ! **(૮૨૫૧ થી ૫૩)** વળી જેઓ ભવ્ય જીવોરૂપી કમળોના વિકાસ માટે ચંદ્રતુલ્ય છે, ત્રણ લોકને પ્રકાશ કરવામાં સૂર્યસમાન છે, સંસારમાં ભટકતા દુઃખી જીવસમૂહનું વિશ્રામસ્થાન (આશ્રય) છે, શ્રેષ્ઠ (ચોત્રીશ) અતિશયોથી સમૃદ્ધ છે, અનંતબળ, વીર્ય અને સત્ત્વથી યુક્ત છે, ભયંકર સંસારસમુદ્રમાં ડૂબતા જીવોના સમૂહને (તારવામાં)વહાણતુલ્ય છે અને વિષ્ણુ, મહેશ્વર બ્રહ્મા તથા ઇન્દ્રિને પણ દુર્જય એવા કામરૂપી મહા શત્રુના અહંકારને ઉતારનારા છે, એવા શ્રી અરિહંત ભગવંતોનું હે સુંદર ! તું શરણ સ્વીકાર ! **(૮૨૫૪ થી ૫૬)** જેઓ ત્રણેય લોકની લક્ષ્મીના તિલકતુલ્ય છે, મિથ્યાત્વરુપ અંધકારના વિનાશક સૂર્ય છે, ત્રણ લોકરૂપી ( મોહમલ્લને જીતવાના ) અખાડામાં મહા મલ્લતુલ્ય છે, મહા સત્ત્વવાળા છે, ત્રણેય લોકથી જેઓનાં ચરણકમળ પૂજાયાં છે, સમસ્ત ત્રણેય લોકમાં વિસ્તૃત પ્રતાપવાળા છે, વિસ્તૃત પ્રતાપથી પ્રચંડ પાખંડીઓના પ્રભાવનો નાશ કરનારા છે, વિસ્તૃત કીર્તિરૂપી કમલિનીના વિસ્તારથી સમસ્ત ભુવનરૂપ સરોવરને પૂરનારા ( વ્યાપક ) છે, ત્રણ લોકરૂપી સરોવરમાં રાજહંસતુલ્ય છે, ધર્મની ધૂરાને ધારણ કરવામાં શ્રેષ્ઠ વૃષભ સરખા છે, જેઓની સર્વ અવસ્થાઓ પ્રશંસનીય છે, અપ્રતિહત ( અજેય ) શાસનવાળા છે, અમાપ તેજવાળા છે, જેઓનું વિશિષ્ટ દર્શન સંપૂર્ણ પુણ્યસમૂહથી લભ્ય છે, જે શ્રીમાન્, ભગવાન્ તથા કરુણાવાન્ છે અને પ્રકૃષ્ટ જયવાળા છે, એવા સર્વ શ્રી અરિહંતોનું હે સુંદર ! તું શરણ સ્વીકાર ! **(૮૨૫૭ થી ૬૧)**

**શ્રી સિદ્ધોનું સ્વરૂપઅને શરણસ્વીકાર**–અહીં (મનુષ્યભવમાં)ચારિત્રને પાળીને, પાપના આશ્રવને રોકીને, પંડિતમરણે મરીને, સંસારના પરિભ્રમણને દૂર કરીને, કૃત-કૃત્યપણાથી જેઓ સિદ્ધ છે, નિર્મળ કેવળજ્ઞાનથી બુદ્ધ છે, સંસારનાં (મિથ્યાત્વાદિ) કારણોથી મુક્ત છે, સુખરૂપી લક્ષ્મીમાં સર્વથા લીન (મગ્ન) છે, જેઓએ સકળ દુઃખોનો અંત કર્યો છે, સમ્યગ્જ્ઞાનાદિ ગુણોથી અનંત (ભાવોના જ્ઞાતા)છે, અનંત વીર્યલક્ષ્મીવાળા છે, અનંત સુખસમૂહથી સંક્રાન્ત (સુખ પામેલા)છે, સર્વ સંગથી રહિત(નિર્મુક્ત)છે અને જેઓ સ્વ–પર કર્મબંધમાં નિમિત્ત થતા નથી, એવા શ્રી સિદ્ધ ભગવંતોનું હે સુંદર ! તું શરણ સ્વીકાર ! **(૮૨૬૨ થી ૬૫)** વળી જેઓને કર્મોનાં આવરણો ટળી ગયાં છે, સમસ્ત જન્મ–જરા અને મરણનો પાર પામેલા છે, ત્રણ લોકના મસ્તકના મુકુટ છે, જગતના સર્વ જીવોના શ્રેષ્ઠ શરણભૂત છે, જેઓ ક્ષાયિક ગુણાત્મક (ગુણમય) છે, સમસ્ત ત્રણ લોકે કરેલી શ્રેષ્ઠ પૂજાવાળા (ત્રિલોકપૂજ્ય) છે, શાશ્વત સુખસ્વરૂપ છે, સર્વથા વર્ણ, રસ અને રૂપથી રહિત થયા છે, તથા જેઓ મંગળનું ઘર, મંગળનું કારણ અને પરમ જ્ઞાનમય શરીરવાળા (જ્ઞાનાત્મક) છે, એવા શ્રી સિદ્ધ ભગવંતોનું હે સુંદર ! તું શરણ સ્વીકાર ! **(૮૨૬૬ થી ૬૮)** વળી લોકના અગ્રભાગે (લોકાન્તે) સમ્યગ્ સ્થિત થએલા છે, દુઃસાધ્ય સર્વ પ્રયોજનો જેઓએ સાધ્યાં છે, સર્વોત્કૃષ્ટ પ્રતિષ્ઠાને પામેલા છે અને તેથી જ જેઓ નિષ્ઠિતાર્થ ( કૃતકૃત્ય ) પણ

છે, જેઓ શબ્દ વગેરેના વિષયભૂત (ઇન્દ્રિઓથી જાણી કહી શકાય તેવા) નથી, આકારરહિત છે, જેઓને ઇન્દ્રિયજન્ય (ક્ષાયોપશમિક) જ્ઞાન નથી અને ઉત્કૃષ્ટ અતિશયોથી સમૃદ્ધ છે, એવા શ્રી સિદ્ધોનું શરણ સ્વીકાર ! (૮૨૬૯-૭૦) તથા જેઓ (તિક્ષ્ણ) ધારાઓથી અચ્છેદ્ય સર્વ સૈન્યોથી પણ અભેદ્ય (અજેય), જળસમૂહ ભીંજાવી શકે નહિ તેવા, અગ્નિ બાળી શકે નહિ તેવા, પ્રલયકાળના પ્રબળ વાયુથી પણ ચલાવી ન શકાય તેવા વજ્રથી પણ ચૂરાય નહિ તેવા, સૂક્ષ્મ નિરંજન, અક્ષય અને અચિંત્ય મહિમાવાળા છે, વળી અત્યંત પરમ યોગીઓ જ તેઓનું યથાસ્થિત સ્વરૂપ જાણી શકે તેવા કૃતકૃત્ય, નિત્ય, અજન્મા, જરારહિત, મરણરહિત, તથા શ્રીમંત, ભગવંત, પુનઃસંસારી નહિ થનારા સર્વ પ્રકારે વિજયને પામેલા, પરમેશ્વર અને શરણ કરવા યોગ્ય છે, એવા શ્રી સિદ્ધોને હે સુંદર ! નિજ કર્મોને છેદવાની ઇચ્છાવાળો, આરાધનામાં સમ્યક્ સ્થિર અને વિસ્તાર પામતા તીવ્ર સંવેગના રસને અનુભવતો તું શરણ તરીકે સ્વીકાર ! (૮૨૭૧ થી ૭૫)

**સાધુનું સ્વરૂપ અને શરણસ્વીકાર**–સદા જેઓએ જીવ–અજીવ વગેરે પરમ તત્ત્વોના સમૂહને સમ્યગ્ જાણ્યો છે, પ્રકૃતિએ જ નિર્ગુણ એવા સંસારવાસના સ્વરૂપને જેઓ જાણે છે, સંવેગથી મહાન્ ગીતાર્થ શુદ્ધ ક્રિયામાં પરાયણ, ધીર અને સારણા–વારણા–નોદના અને પ્રતિનોદનાને કરનારા, તથા જેઓએ સદ્ગુરુના (**પાયમૂલે=**) નિશ્રામાં પૂર્ણ (પાઠાં૦ સામણ્ણે=) સાધુતાને સમ્યક્ સ્વીકારી છે, એવા નિર્ગ્રન્થ શ્રમણોનું હે સુંદર ! તું શરણ સ્વીકાર ! (૮૨૭૬ થી ૭૮) વળી મોક્ષમાં એક બદ્ધલક્ષ્યવાળા, સાંસારિક સુખથી વૈરાગી ચિત્તવાળા, અતિ સંવેગથી સંસારવાસ પ્રત્યે સર્વ રીતે થાકેલા અને તેથી જ સ્ત્રી, પુત્ર, મિત્ર વગેરે પ્રત્યેના ચિત્તબંધનથી રહિત તથા ઘરવાસની સર્વ આસક્તિરૂપ ચિત્તના બંધનથી પણ સર્વથા રહિત, સર્વ જીવોને આત્મતુલ્ય માનનારા, અત્યંત પ્રશમરસથી ભીંજાએલાં સર્વ અંગોવાળા, એવા નિર્ગ્રંથ સાધુઓનું હે સુંદર ! તું શરણ સ્વીકાર ! (૮૨૭૯ થી ૮૧) ઇચ્છા–મિચ્છા વગેરે; પ્રતિલેખના–પ્રમાર્જના વગેરે અથવા દશવિધ ચક્રવાલ સામાચારી પ્રત્યે અત્યંત રાગી, બે, ત્રણ, ચાર કે પાંચ દિવસના અથવા અર્દ્ધમાસના ઉપવાસ, વગેર તપના (વિવિધ) પ્રકારોમાં યથાશક્તિ ઉદ્યમી, ઉપમાથી પદ્માદિ તુલ્ય, પાંચ સમિતિના પાલનમાં પ્રધાન, પાંચ પ્રકારના આચારોના ધારક, ધીર અને પાપનો ઉપશમ કરનારા, એવા સાધુઓનું હે સુંદર ! તું શરણ સ્વીકાર ! (૮૨૮૨ થી ૮૪) વળી ગુણરૂપી રત્નોના મહા નિધાન, સમસ્ત પાપવ્યાપારથી વિરત, જેઓએ સ્નેહરૂપી સાંકળને તોડી છે, સંયમનો ભાર ઉપાડવામાં ધોરી વૃષભતુલ્ય, ક્રોધના વિજેતા, (પાઠાં૦ જિયમાણે=) માનને જીતનારા, માયાને જીતનારા અને લોભરૂપી સુભટના વિજેતા, રાગ–દ્વેષ અને મોહના વિજેતા, જિતેન્દ્રિય, નિદ્રાનો વિજય કરનારા, મત્સરના વિજેતા, મદના વિજેતા, કામના વિજેતા અને પરીષહની સેનાને જીતનારા, એવા સાધુભગવંતોનું હે સુંદર ! તું શરણ સ્વીકાર ! (૮૨૮૫ થી ૮૭) વાંસલા અને ચંદનમાં તુલ્ય વૃત્તિવાળા,

સન્માન–અપમાનમાં તુલ્ય મનવાળા, સુખ-દુઃખમાં સમચિત્તવાળા, શત્રુ–મિત્રમાં સમચિત્તવાળા તથા સ્વાધ્યાય અધ્યયનમાં તત્પર, પરોપકાર કરવામાં એક (દુલ્લલિએ=) વ્યસનવાળા, ઉત્તરોત્તર અતિ વિશુદ્ધ ભાવવાળા સમ્યક્ રીતે બંધ કરેલાં આશ્રવનાં દ્વારોવાળા, મનથી ગુપ્ત, વચનથી ગુપ્ત, કાયાથી ગુપ્ત અને પ્રશસ્ત (પાઠાં૦ પ્રસન્ન=પ્રશાન્ત) લેશ્યાવાળા, એવા શ્રમણ ભગવંતોનું હે સુંદર! તું શરણ સ્વીકાર! (૮૨૮૮ થી ૯૦) નવ કોટિથી (પ્રકારોથી) વિશુદ્ધ, પ્રમાણોપેત, ઊગઈ ઓ વિશેષતારહિત, (એવા આહારને,) તે પણ રાગ–દ્વેષ વિના, છ કારણોને અનુસરીને, ભ્રમરવૃત્તિથી પવિત્ર, નિષ્પાપ, તે પણ એક જ વેળા, અરસ–વિરસ અને સાધુજનને યોગ્ય, એવા આહારને વાપરવાની ઇચ્છાવાળા અને વાપર્યા પછી પણ સંયમગુણમાં રક્ત રહેનારા, વળી ઉગ્ર તપથી દુર્બળ શરીરવાળા, સૂકા, લુક્ખા અને અપ્રતિકર્મિત (સુશ્રુષારહિત) શરીરવાળા, એવા દ્વાદશાંગીના જાણ સાધુઓનું (તું) શરણ સ્વીકાર! (૮૨૯૧ થી ૯૩) વળી સંવેગી, ગીતાર્થ, નિશ્ચે વૃદ્ધિ પામતા ચરણકરણ ગુણવાળા, સંસારના પરિભ્રમણમાં કારણભૂત એવાં પ્રમાદસ્થાનોના ત્યાગ માટે ઉદ્યમી, અનુત્તર વિમાનવાસી દેવોની તેજોલેશ્યાને પણ ઉલ્લંઘી ગયેલા, (મન–વચન–કાયાના) ક્લેશોનો નાશ કરનારા (મનુષ્યપણું, શ્રુતિ, શ્રદ્ધા અને વીર્ય–એ) ચારેય અંગોને સફળ કરનારા, સકળ પરિગ્રહના સર્વથા ત્યાગી બુદ્ધિમંત, ગુણવંત, શ્રીમંત, શીલવંત અને ભગવંત, એવા શ્રમણોને હે સુંદર! તું શુભ ભાવથી શરણરૂપે સ્વીકાર! (૮૨૯૪ થી ૯૬)

**જિનધર્મનું સ્વરૂપ અને શરણસ્વીકાર**–સર્વ અતિશયનું નિધાન, અન્ય મતવાળાં સમસ્ત શાસનોમાં પ્રધાન, સુંદર વિચિત્ર રચનાવાળો, નિરુપમ સુખનું કારણ, અવ્યવસ્થિત (કષ–છેદ–તાપથી રહિત એવા શાસ્ત્રશ્રવણના દુઃખથી પીડાતા જીવોને દુંદુભિના નાદતુલ્ય આનંદ આપનાર, રાગાદિનો વધ (નાશ) કરવાનો પડહ (ઢંઢેરો), સ્વર્ગ અને મોક્ષનો માર્ગ અને ભયંકર સંસારરૂપી કૂવામાં પડેલા જગતનો ઉદ્ધાર કરવામાં સમર્થ દોરીતુલ્ય, એવા સમ્યગ્ જૈનધર્મને હે સુંદર! તું શરણ તરીકે સ્વીકાર! (૮૨૯૭ થી ૯૯) અને મહા મતિવાળા મુનિઓએ જેઓનાં ચરણોમાં પ્રણામ કર્યા છે તે તીર્થનાથ શ્રી જિનેશ્વરોએ મુનિવરોને (**જો=**) જે ધ્યેયરૂપે ઉપદેશ્યો છે, તે મોહનો નાશ કરનારો, (**સુનિઉણ=**) અતિ સૂક્ષ્મ બુદ્ધિથી સમજાય તેવો, (**અનાદિનિધન=**) આદિ–અંતરહિત–શાશ્વત, સર્વ જીવોને હિતકર, (**ભૂયભાવણં=**) જેમાં સદ્ભૂત (અથવા યથાર્થ) ભાવના-વિચારણા છે, અમૂલ્ય, અમિત, અજિત, મહા અર્થવાળો, મહા મહિમાવંત, (**મહાવિસયં=**) મોટા પ્રસ્તાવ (પ્રકરણો) વાળો (અથવા **વિશદ=**અતિ સ્પષ્ટ–વ્યક્ત) સુંદર વિવિધ યુક્તિઓથી યુક્ત, પુનરુક્તતા દોષરહિત, શુભ આશયનું કારણ, અજ્ઞાની મનુષ્યોને જાણવો દુષ્કર, નય, ભંગ, પ્રમાણ અને ગમથી ગહન (ગંભીર) સમસ્ત ક્લેશોનો નાશક, ચંદ્ર જેવો ઉજ્જવળ ગુણસમૂહથી યુક્ત, એવા સમ્યગ્ જિનધર્મને

હે સુંદર ! તું શરણરૂપે સ્વીકાર ! (૮૩૦૦ થી ૮૩૦૩) સ્વર્ગ અને મોક્ષના માર્ગે ચાલતા (આરાધક) એવા સર્વ સંવેગી ભવ્ય આત્માઓને જેના પ્રમેય પદાર્થો (પ્રમાણથી) (**અપ્રહિત=**) અબાધિત છે, જે અત્યંત શ્રેષ્ઠ પ્રમાણભૂત છે, દ્રવ્ય, ક્ષેત્ર કાળ અને ભાવને આશ્રીને (સર્વનો વ્યવસ્થાપક હોવાથી) જે સકલ લોકવ્યાપી છે, જન્મ-જરા અને મરણરૂપી વેતાળનો રોધ કરવામાં જે સિદ્ધ એવો પરમ મંત્ર છે, (શાસ્ત્રે) જણાવેલા પદાર્થોના વિષયમાં (પાઠાં૦ પસત્થ=પ્રશસ્ત) હેય-ઉપાદેયપણાનો જેમાં સમ્યગ્.(**અવિભાગ=**) વિવેક છે, તે જૈનધર્મને (આગમને) હે સુંદર તું સમ્યક્ શરણ તરીકે સ્વીકાર ! (૮૩૦૪ થી ૬) સર્વ નદીઓની રેતિ (કણ) અને સર્વ સમુદ્રોનાં મિલનરૂપ સમુદાયોથી (પણ) પ્રત્યેક સૂત્રમાં અનંતગુણ શુદ્ધ (સત્ય) અર્થને ધારણ કરતો, મિથ્યાત્વરૂપી અંધકારથી અંધ જીવોને (**અપ્રતિહત=**) વ્યાઘાતરહિત પ્રકાશ કરવામાં શ્રેષ્ઠ દીપકતુલ્ય, દીન-દુઃખીને આશ્વાસન દેવામાં (**આસં=આશા**) આશિષતુલ્ય, સંસારસમુદ્રમાં ડૂબતા જીવોને દ્વીપ (બેટ) તુલ્ય અને ઇચ્છાધિક આપનાર હોવાથી ચિંતામણીથી પણ અધિક, એવા શ્રીજિનકથિત ધર્મને હે ક્ષપક ! તું શરણ તરીકે સ્વીકાર ! (૮૩૦૭ થી ૯) જગતના સમગ્ર જીવસમૂહને પિતાની જેમ હિતકર, માતાની જેમ વત્સલ, બંધુની જેમ ગુણકારક અને મિત્રની જેમ દ્રોહ નહિ કરનાર (વિશ્વસનીય,) શ્રવણ કરવાયોગ્ય ભાવોનો જેમાં પ્રકર્ષ (અતિશય) છે (અથવા સાંભળવા યોગ્ય ભાવોમાં સર્વશ્રેષ્ઠ,) લોકમાં દુર્લભ ભાવોથી પણ અતિ દુર્લભ ભાવ, અમૃતની જેમ અતિ શ્રેષ્ઠ, મોક્ષમાર્ગનો અનન્ય ઉત્કૃષ્ટ દેશક અને અપ્રાપ્તભાવોને પ્રાપ્ત કરાવવાથી તથા પ્રાપ્તભાવોનું પાલન કરવાથી નાથ, એવા શ્રી જિનેન્દ્રધર્મને હે સુંદર ! તું સમ્યક્ શરણરૂપે સ્વીકાર ! (૮૩૧૦ થી ૧૨) જેમ વૈરીઓની (**નિવિવર=**) ઘટ્ટ-મોટી સેનાથી ઘેરાએલો મનુષ્ય રક્ષકને, અથવા જેમ સમુદ્રમાં ડૂબતો નાવડીને સ્વીકારે, તેમ હે સુંદર ! (**વત્થુગય=**) વાસ્તવિક (યથાર્થ) બોધ કરાવનાર એવા અંગપ્રવિષ્ટ અનંગપ્રવિષ્ટ ઉભય પ્રકારના શ્રુતરૂપ ધર્મને અને વિધિ-નિષેધને અનુસરતી ક્રિયાઓથી યુક્ત એવા ચારિત્રસ્વરૂપ ધર્મને તું શરણરૂપે સ્વીકાર ! (૮૩૧૩-૧૪) આઠ પ્રકારના કર્મના (**ચય=**) સમૂહને (**રિક્ક્ત=**) નાશ કરનાર, દુર્ગતિનું નિવારણ કરનાર કાયર મનુષ્યોને વિચારવો કે સાંભળવો પણ દુષ્કર, તથા અતિશયોથી વિચિત્ર એવાં દ્રવ્યભાવરૂપ સઘળાંય અતિ પ્રશસ્ત મહા પ્રયોજનોની (કાર્યોની) લબ્ધિરૂપ ઋદ્ધિમાં કારણભૂત અને અસુરેન્દ્રોના, સુરેન્દ્રોના, કિન્નરોના (વ્યંતરોના) તથા રાજાઓના સમૂહને પણ વંદનીય ગુણવાળો, એવો શ્રી જિનેશ્વરનો ધર્મ તેને હે સુંદર ! તું શરણરૂપે સ્વીકાર ! (૮૩૧૫ થી ૧૭) સદ્‌ભાવ વિના પણ માત્ર બાહ્ય ક્રિયા-કલાપ રૂપે પણ સતત કરાતા જે ધર્મનું ફળ ગ્રૈવેયક દેવની સમૃદ્ધિની પ્રાપ્તિ છે અને (ભાવપૂર્વક કરતા) ઉત્કૃષ્ટ આરાધકોને તે જ ભવમાં તથા જઘન્ય આરાધકોને પણ સાત-આઠ ભવમાં જે મુક્તિનું ફળ આપે છે, એવા લોકોત્તમ ગુણવાળા, લોકોત્તમ ગુણધારી ગણધરોએ રચેલા, લોકોત્તમ આત્મા-

ઓએ પણ પાળેલા અને ફળ પણ લોકોત્તમ (સર્વશ્રેષ્ઠ) આપનારા, શ્રી કેવલીભગવંતે પ્રરૂપેલા અને સિદ્ધાન્તરૂપે (ગણધરોએ) ગૂંથેલા, એવા ભગવાન રમ્યધર્મને હે ધીર! તું સમ્યગ્ શરણરૂપે સ્વીકાર! (૮૩૧૮ થી ૨૧)

**ચતુઃશરણદ્વારનો ઉપસંહાર**–એ પ્રમાણે હે ક્ષપક! ચાર શરણના સ્વીકારવાળો અને કર્મરૂપ મોટા શત્રુથી પ્રગટેલા ભયને પણ નહિ ગણકારતો (નિર્ભય), તું શીઘ્ર ઇચ્છિત અર્થને પ્રાપ્ત કર! (૮૩૨૨) 'ચાર શરણનો સ્વીકાર'–એ નામનું અગીઆરમું પેટાદ્વાર કહ્યું. હવે દુષ્કૃત ગર્હા નામનું બારમું પેટાદ્વાર કહું છું. (૮૩૨૩)

**અનુશાસ્તિમાં બારમું દુષ્કૃતગર્હાદ્વાર**–હે ધીર! શ્રી અરિહંતાદિ ચારના શરણને પામેલો તું હવે ભાવિ કટુ વિપાકોને રોકવા દુષ્કૃત્યની ગર્હા કર! (૮૩૨૪) તેમાં જે શ્રી અરિહંતોને વિષે, અથવા જે તેઓનાં ચૈત્યોને વિષે, શ્રી સિદ્ધોને વિષે, શ્રી આચાર્યોને વિષે, શ્રી ઉપાધ્યાયોને વિષે તથા શ્રી સાધુઓ અને સાધ્વીઓને વિષે, ઇત્યાદિ બીજા પણ વંદન, પૂજન, સત્કાર કરવાના કે સન્માન કરવાના વિષયરૂપ એવાં વિશુદ્ધ સર્વ ધર્મસ્થાનોને વિષે, તથા માતાઓને વિષે, પિતાઓને વિષે, બંધુઓને વિષે, મિત્રોને અંગે કે ઉપકારીઓને અંગે, કદાપિ કોઇ પ્રકારે, મન–વચન–કાયાથી કંઈ પણ અનુચિત કર્યું હોય અને જે કંઈ ઉચિત પણ ન કર્યું હોય, તે સર્વની ત્રિવિધે ત્રિવિધે સમ્યગ્ ગર્હા કર! (૮૩૨૫ થી ૨૮) આઠ મદસ્થાનોમાં અને અઢાર પાપસ્થાનકોમાં પણ કોઈ રીતે કદી પણ પ્રવૃત્તિ કરી હોય, તેની પણ ગર્હા કર! (૮૩૨૯) ક્રોધથી, માનથી, માયાથી અથવા લોભથી પણ જે કોઈ મોટું કે નાનું પણ પાપ કર્યું, કરાવ્યું કે અનુમોદ્યું હોય, તેની પણ ગર્હા કર! (૮૩૩૦) રાગથી, દ્વેષથી કે મોહથી (અજ્ઞાનથી) વિવેકરત્નથી ભ્રષ્ટ થએલા તેં આ લોક–પરલોકવિરુદ્ધ જે કંઈ પણ કર્યું હોય, તેની પણ ગર્હા કર! (૮૩૩૧) આ ભવમાં કે અન્ય ભવોમાં મિથ્યાદષ્ટિપણાને અનુસરતા (વશ પડેલા) તેં શ્રી જિનમંદિર, શ્રી જિનપ્રતિમા અને શ્રીસંઘ, વગેરેનો મન–વચન–કાયાથી નિશ્ચે જે કોઈ પ્રદ્વેષ, અવર્ણવાદ (નિંદા), તથા ઉપઘાત (નાશ) વગેરે કર્યું હોય, તે સર્વની પણ ત્રિવિધે ત્રિવિધે હે સુંદર! તું ગર્હા કર! (૮૩૩૨–૩૩) મોહરૂપી મહાગ્રહથી (ગ્રસિત) પરવશ થએલા (અને તેથી) અત્યંત પાપબુદ્ધિવાળા તેં લોભથી આક્રાન્ત મનદ્વારા જે કોઈ શ્રી જિનપ્રતિમાનો ભંગ, ગાળવું, ફોડવું કે ક્રય–વિક્રય (વિગેરે પાપો) સ્વ–પર દ્વારા કર્યાં, કરાવ્યાં (કે અનુમોદ્યાં) હોય તેની સમ્યક્ ગર્હા કર! (કારણ કે–) આ તારો ગર્હા કરવાનો સમય છે. (૮૩૩૪–૩૫) તથા આ ભવમાં કે અન્ય ભવોમાં મિથ્યાત્વની વૃદ્ધિ (વિસ્તાર) કરનારાં, સૂક્ષ્મ–બાદર કે ત્રસ–સ્થાવર જીવોને એકાન્તે નિયમા ઉપઘાત કરનારાં, (જેવાં કે–) ખાંડણિયા, અરઘટ્ટ (રેંટ), ઘરંટી, સાંબેલાં, (પાઠાં૦ કુલિયા=) હળ, કોશ, વગેરે શસ્ત્રોને પ્રવર્તાવવાં, તથા (**ધર્માગ્નિબિંદુકા**=) ધર્મબુદ્ધિએ અગ્નિથી બાળવું, (જેમ કે–ખેતરમાં કાંટાને બાળવા, દવ સળ

ગાવવા) વગેરે પાપકાર્યોને કર્યાં, વાવ, કૂવા, તળાવ વગેરે ખોદાવ્યાં કે યજ્ઞ કરાવ્યા, વગેરે જે જે અધિકરણ (હિંસક કાર્યો) કર્યાં હોય તે સર્વની પણ ગર્હા કર! (૮૩૩૬ થી ૩૮) સમ્યક્ત્વને પામીને પણ (ઈહિ=) આ ભવમાં જે કંઇ તેની વિરુદ્ધ (આચરણ) કર્યું હોય, તે સર્વની પણ સંવેગી એવો તું સમ્યક્ ગર્હા કર! (૮૩૩૯) આ ભવમાં કે અન્ય ભવોમાં, સાધુ અથવા શ્રાવક થવા છતાં તેં શ્રી જિનમંદિર, પ્રતિમા, (જિનાગમ) અને સંઘ વગેરે પ્રત્યે, રાગાદિને વશ થઇને, 'આ પોતાનું–આ પરાયું' વગેરે બુદ્ધિ–કલ્પનાપૂર્વક જે થોડી પણ ઉદાસીનતા કરી હોય, અવજ્ઞા કરી હોય, અથવા વ્યાઘાત કે પ્રદ્વેષ કર્યો હોય તે સર્વનું પણ હે ક્ષપક! તું ત્રિવિધ ત્રિવિધથી મન–વચન–કાયાથી કરવા–કરાવવા અનુમોદવાદ્વારા સમ્યગ્ પ્રતિક્રમણ કર! (૮૩૪૦ થી ૪૨) શ્રાવકપણાને પામેલા તેં અણુવ્રતો–ગુણવ્રતો વગેરેમાં જે કંઇ પણ અતિચારસ્થાન મનથી કર્યું હોય તેનો પણ પ્રતિઘાત (ગર્હા) કર! (૮૩૪૩) વળી આ ભવે કે પરભવે જે કંઇ અંગારકર્મ, વનકર્મ, શકટકર્મ, ભાટકકર્મ તથા જે કંઇ પણ સ્ફોટકર્મ, અથવા તો જે કોઈ દાંતનો વ્યાપાર, રસનો વ્યાપાર લાખનો વ્યાપાર. વિષનો વ્યાપાર કે જે કોઈ કેશનો વ્યાપાર અથવા જે કંઈ યંત્ર-પિલ્લણકર્મ, નિર્લાંછનકર્મ, જે દાવાગ્નિદાન, સરોવર–દ્રહ–તળાવાદિનું શોષણ, કે જે કંઈ અસતીપોષણ કર્યું હોય કે કરાવ્યું તથા અનુમોદ્યું હોય. તે સર્વની પણ ત્રિવિધે–ત્રિવિધે સમ્યગ્ દુર્ગંછા (ગર્હા) કર! (૮૩૪૪ થી ૪૭) વળી જે કોઈ પણ પાપને પ્રમાદથી, અભિમાનથી, (ઉવેચ્ચાએ=) ઇરાદાપૂર્વક (આગ્રહથી), સહસા કે ઉપયોગ-શૂન્યતાથી (પણ) કર્યું હોય, તેની પણ ત્રિવિધે ગર્હા કર! (૮૩૪૮) જે બીજાનો પરભવ કરવાથી અથવા બીજાના સંકટમાં સુખ અનુભવવાથી, બીજાની હાંસી કરવાથી, અથવા પરનો વિશ્વસઘાત કરવાથી. અથવા જે પરની દાક્ષિણ્યતાથી કે વિષયોની તીવ્ર અભિલાષાથી, અથવા તો જે રમત, મશ્કરી કે કુતૂહલમાં આસક્ત ચિત્તપણાથી, અથવા આર્ત-રૌદ્રધ્યાનથી, (તે પણ) સપ્રયોજન કે નિષ્પ્રયોજન, એમ જે કંઈ પણ પાપ ઉપાર્જન કર્યું હોય, તે સર્વની પણ ગર્હા કર! (૮૩૪૯ થી ૫૧) તથા મોહમૂઢ બનેલા તેં જે ધર્મસામાચારીનો (સમ્યગ્ આચારનો) કે નિયમોનો અથવા વ્રતોનો ભંગ કર્યો હોય, તેની પણ પ્રયત્નપૂર્વક (શુદ્ધ ભાવથી) નિંદા કર! (૮૩૫૨) વળી આ ભવમાં કે અન્ય ભવોમાં મિથ્યાત્વરૂપી અંધકારથી અંધ બનેલા તેં સુદેવમાં જે અદેવબુદ્ધિ, અદેવમાં સુદેવબુદ્ધિ, સુગુરુમાં અગુરુબુદ્ધિ કે અગુરુમાં પણ સુગુરુબુદ્ધિ, તથા તત્ત્વમાં અતત્ત્વબુદ્ધિ કે અતત્ત્વમાં તત્ત્વબુદ્ધિ, વળી ધર્મમાં અધર્મની બુદ્ધિ અથવા અધર્મમાં ધર્મની બુદ્ધિ, કરી, કરાવી તથા અનુમોદી હોય, (તે) વિશેષતયા નિંદા કર! (૮૩૫૩ થી ૫૫) વળી મિથ્યાત્વમોહથી મૂઢ બનેલા તેં સર્વ પ્રાણીઓ પ્રત્યે જે મૈત્રી ન કરી, સવિશેષ ગુણવાનો પ્રત્યે (પણ) જે પ્રમોદ ન કર્યો, દુઃખી (પીડાતા) જીવો પ્રત્યે જે કદાપિ કરુણા ન કરી, તથા પાપાસક્ત (અયોગ્ય) જીવો પ્રત્યે જે ઉપેક્ષા ન કરી, વળી પ્રશસ્ત

પણ શાસ્ત્રોને સાંભળવાની જે ઇચ્છા ન કરી અને શ્રી જિનેશ્વરકથિત ચારિત્રધર્મમાં જે અનુરાગ ન કર્યો, તથા દેવ-ગુરુની જે વૈયાવચ્ચ ન કરી, (ઉલટું) તેઓની જે હિલના (હલકાઇ) કરી, તે સર્વની પણ હે સુંદર! તું (આત્મસાખે) સંપૂર્ણ નિંદા કર અને (ગુરુ સમક્ષ) ગર્હા કર! **(૮૩૫૬ થી ૫૯)** વળી ભવ્ય જીવોને (કર્મરોગ હણવામાં) અમૃતતુલ્ય, અત્યંત હિતકર, એવા પણ શ્રી જિનવચનને જે સમ્યક્ સાંભળ્યું નહિ અને સાંભળીને સાચું માન્યું નહિ, તથા સાંભળવા અને સદ્દહવા છતાં, બળ અને વીર્ય હોવા છતાં, પરાક્રમ અને પુરુષકાર હોવા છતાં જે સમ્યક્ સ્વીકાર્યું નહિ સ્વીકારીને પણ જે સમ્યક્ પાળ્યું નહિ, બીજા તેને પાળવામાં પરાયણ જીવો પ્રત્યે જે પ્રદ્વેષ ધારણ કર્યો અને પ્રદ્વેષથી તેનાં સાધનોનો (અથવા તેઓની ક્રિયાનો) જે ભંગ કર્યો, તે તે સર્વની તું ગર્હા કર! (કારણ કે-) (હે સુંદર!) આ તારો ગર્હા કરવાનો અવસર છે. **(૮૩૬૦ થી ૬૩)** તથા જ્ઞાનમાં, દર્શનમાં કે ચારિત્રમાં, અથવા તપમાં કે વીર્યમાં પણ જે કોઈ અતિચાર સેવ્યો હોય, તેની પણ નિશ્ચે ત્રિવિધે ગર્હા કર! **(૮૩૬૪)**

તેમાં **જ્ઞાનમાં** (જ્ઞાનાચારમાં)-અકાળે, વિનય વિના, બહુમાન વિના યથાયોગ્ય ઉપધાન કર્યા વિના, સૂત્ર અને અર્થને ભણતાં, તેં તેના ભણાવનારની નિન્હવણાથી (ઓળવવાથી), તથા શ્રુત વગેરેને અશ્રુત વગેરે (કે સાંભળવાં છતાં નથી સાંભળ્યું ઇત્યાદિ) કહેવાથી, અથવા સૂત્રને, અર્થને કે તદુભયને વિપરીત કરવાથી, (**વોલીણ**=) ભૂત, ભવિષ્ય કે વર્તમાનમાં કોઈ પણ પ્રકારે જે કોઈ અતિચાર સેવ્યો હોય, તે સર્વની ત્રિવિધે ત્રિવિધે ગર્હા કર! **(૮૩૬૫ થી ૬૭)**

**દર્શનાચારમાં**-જીવાદિ તત્ત્વો સંબંધી દેશશંકા કે સર્વશંકાને, અથવા બીજા બીજા ધર્મને સ્વીકારવાની ઇચ્છારૂપ (દેશસર્વ) બે પ્રકારની પણ કાંક્ષાને, તથા દાન-શીલ-તપ-ભાવ વગેરે(ધર્મ)ના ફળ વિષે (અવિશ્વાસરૂપ) વિચિકિત્સાને કે પરસેવો વગેરેના મેલથી મલિન શરીર(વસ્ત્ર)વાળા મુનિઓ પ્રત્યે દુર્ગંછાને કરતા અને (બીજાઓની પ્રભાવનાદિ જોઇને) અન્ય દર્શનમાં મૂંઝાએલા (મોહ પામેલા) તથા ધર્મીઓની ઉપબૃંહણા, સ્થિરીકરણ, વાત્સલ્ય અને પ્રભાવના નહિ કરતા, એવા તેં ભૂત, વર્ત્તમાન કે ભવિષ્યકાળ સંબંધી જે અતિચાર સેવ્યો હોય, તે સર્વની ત્રિવિધે ત્રિવિધે ગર્હા કર! **(૮૩૬૮ થી ૭૧)**

તથા **ચારિત્રમાં**-મુખ્ય જે પાંચ સમિતિઓ અને ત્રણ ગુપ્તિઓ (તેમાં જે અતિચાર સેવ્યો હોય), તેમાં પહેલી સમિતિમાં જે અનુપયોગથી ચાલતાં, બીજી સમિતિમાં અનુપયોગથી વચન બોલતાં, ત્રીજી સમિતિમાં અનુપયોગથી આહાર(વગેરે)ને ગ્રહણ કરતાં, ચોથી સમિતિમાં અનુપયોગથી ઉપકરણ લેતાં-મૂકતાં તથા પાંચમી સમિતિમાં ત્યાજ્ય વસ્તુનો અજયણાથી ત્યાગ કરતાં, વળી પહેલી ગુપ્તિના વિષયમાં મનને અનવસ્થિત

(ચંચળ) ધારણ કરતાં, બીજી ગુપ્તિમાં વિનાપ્રયોજને, અથવા પ્રયોજને પણ જયણા-(ઉપયોગ) રહિત વચન બોલતાં અને ત્રીજી ગુપ્તિમાં (પણ) કાયાથી અકરણીય કે કરણીય કાર્યોમાં પણ જયણારહિત પ્રવૃત્તિ કરતાં (એમ) (આઠ) પ્રવચનમાતા રૂપ) ચારિત્રમાં ત્રણેય કાળમાં જે કોઇ પણ અતિચારને સેવ્યો હોય, તે સર્વની પણ ત્રિવિધે-ત્રિવિધે સમ્યગ્ ગર્હા કર! (**૮૩૭૨ થી ૭૭**) વળી રાગ, દ્વેષ અને કષાય વગેરેની વૃદ્ધિદ્વારા તેં જે ચારિત્રરૂપ મહારત્નને કલુષિત ( મલિન ) કર્યું હોય, તેની પણ વિશેષતયા નિંદા કર ! (૮૩૭૮) તે પછી–

**બાર પ્રકારના તપમાં**–કદાપિ કોઇ રીતે અતિચાર સેવ્યો હોય, તે સર્વ અતિચારની પણ હે ધીર ! સમ્યગ્ ગર્હા કર ! ૮૩૭૯) તથા (**વીર્યાચારમાં**–) બળ–વીર્ય–પરાક્રમ હોવા છતાં જ્ઞાનાદિ ગુણોમાં જે પરાક્રમ ન કર્યું, તે વીર્યાચારના અતિચારની પણ ગર્હા કર! (૮૩૮૦) વળી જે દશ પ્રકારના યતિધર્મમાં, અથવા ( **ચરણ–કરણ=** ) મૂળ–ઉત્તરગુણના વિષયમાં જે અતિચાર ( સેવ્યો હોય ), તેની પણ હે ધીર ! ત્રિવિધે ત્રિવિધે ગર્હા કર ! (૮૩૮૧) તેમાં મૂળગુણોમાં પ્રાણીવધ વગેરે નાના કે મોટા કોઇ પણ અતિચારો (સેવ્યા હોય), તે સર્વની પણ સમ્યગ્ ગર્હા કર ! અને પિંડવિશુદ્ધિ વગેરે ઉત્તરગુણોમાં પણ જે નાના કે મોટા અતિચારો ( સેવ્યા હોય ), તેની પણ ભાવપૂર્વક ગર્હા કર ! (૮૩૮૨–૮૩) મિથ્યાત્વથી ઢંકાએલી શુદ્ધ બુદ્ધિવાળા (મિથ્યા બુદ્ધિવાળા)તેં ધાર્મિક લોકોની અવજ્ઞારૂપ જે પાપ આચર્યું હોય, તે સર્વની પણ ગર્હા કર! (૮૩૮૪) અને આહાર, ભય, પરિગ્રહ અને મૈથુન, એ સંજ્ઞાઓને વશ ચિત્તવાળા તેં જે (કોઈ) પણ પાપને આચર્યું હોય, તેની પણ આ સમયે તું નિંદા કર ! (૮૩૮૫) એમ ગુરુ ક્ષપકને દુષ્કૃતની ગર્હા કરાવીને પુનઃ દુષ્કૃત ગર્હા માટે આ રીતે યથાયોગ્ય ક્ષમાપના પણ કરાવે કે–હે ક્ષપક ! ચાર ગતિમાં ભમતા તેં જે કોઈ પણ જીવોને દુઃખમાં પાડયા ( દુઃખી કર્યા ) હોય, તેઓને ખમાવ ! ( કારણ કે– ) આ તારો ખમાવવાનો સમય છે. (૮૩૮૬–૮૭)

જેમ કે–નારકપણામાં કર્મવશ નરકમાં પડેલા અન્ય નારકીઓને તેં ભવધારણીય તથા ઉત્તર વૈક્રિયરૂપ શરીરોથી બળાત્કારે જે ઘણી ( **ઉજ્જલ=** ) આકરી દુઃસહ સખ્ત વેદનાઓ ઉપજાવી, તે સર્વને તું ખમાવ ! તે આ તારો ક્ષામણાનો કાળ છે. (૮૩૮૮–૮૯) તથા તિર્યંચપણામાં ભમતા, એકેન્દ્રિપણું પામેલા તેં વર્ણ–ગંધ–રસ અને સ્પર્શથી ભિન્ન ભિન્ન પ્રકારના ( અન્ય ) પૃથ્વીકાય વગેરે એકેન્દ્રિય જીવોને અન્યોન્ય મળવારૂપે શસ્ત્રથી જે કોઇ પણ, કયારેય પણ, વિરાધના કરી, તેને પણ ખમાવ ! (૮૩૯૦–૯૧) વળી એકેન્દ્રિયપણે જ તેં બેઇન્દ્રિય વગેરે પંચેન્દ્રિય સુધીના જીવોની જે કોઈ વિરાધના કરી તેને પણ ખમાવ ! (૮૩૯૨) તેમાં પૃથ્વીકાયપણાથી નિશ્ચે બેઇન્દ્રિયાદિ જીવોને (તારા) પત્થર, લેષ્ટુ (ઢેફું) કે (ભિઉડી=) પૃથ્વી શરીરના કોઈ પણ (ભાગ) અવયવરૂપે ઉપર

પડવાદ્વારા કરેલી વિરાધનાને, અપ્કાયપણાથી તે જીવોને તેમાં ડૂબાડવા દ્વારા કે હિમ, કરા, વર્ષાની ધારા તથા પાણીછંટકાવ વગેરે આચ્છોદનાદિ દ્વારા કરેલી પીડાને, તેઉકાયપણે વિજળીરૂપે પડવાથી, સળગેલા અગ્નિરૂપે પડવાથી, વનના દાવાનળથી અને દીપક વગેરેથી બેઇન્દ્રિય વગેરેના નાશને,વાયુકાયપણામાં પણ નિશ્ચે તે જીવોનું શોષણ,(છણુણુ) હણવા, ઉડાડવા કે (તેઓનાં અવયવાદિને) ભાગવા-મરડવા, વગેરેથી કરેલી વિરાધનાને, (અહ=) હવે વનસ્પતિપણાથી તેઓની ઉપર વૃક્ષની ડાળીરૂપે પડવાથી અને તું તેઓની પ્રકૃતિથી વિરુદ્ધ ઝેરરૂપ વનસ્પતિમાં (ઉપજ્યો ત્યારે) તેના ભક્ષણથી થએલી તેઓની (પાઠાં૦ સા=) વિરાધનાને, તથા બેઇન્દ્રિયપણું વગેરેને પણ પામેલા તેં એકેન્દ્રિય વગેરે અન્ય જીવોની કરેલી વિરાધનાને, (એમ જે જે) વિરાધના તેં કરી, તે સર્વને પણ નિશ્ચે ત્રિવિધે ખમાવ! (૮૩૯૩ થી ૯૮) તે વિરાધનાની ભાવના (સ્વરૂપ) સ્પષ્ટ છે જ. (કારણ કે-) અળસિયા વગેરે દેડકા સુધીના (બેઇન્દ્રિયથી પંચેન્દ્રિય સુધીના) જીવો મોટા થતાં પ્રથમ શરીરરૂપે પણ પૃથ્વીને ગ્રહણ કરે (વિરાધે) છે. (૮૩૯૯) તે પછી સતત (ઉપ્ફિડણ=) કૂદવું, (ફંદણ) હાલવું, ચાલવું, ફરકવું, વગેરે અને વારંવાર (ચમઢણ=) મર્દન અને પાન વગેરે કરવાથી તે જીવો બીજા અપ્કાયમાં ઉત્પન્ન થએલાને વિરાધે છે. (૮૪૦૦) વળી-ખારા, કડવા, તિક્ખા (વગેરે) રસવાળાં તથા કર્કશ સ્પર્શવાળાં (પોતાના) બેઇન્દ્રિય વગેરેનાં શરીરોથી (તેઓને) નિશ્ચે તેઉકાય-વાયુકાયની પણ વિરાધના સંભવે છે. (૮૪૦૧) વનસ્પતિકાયમાં પણ અંદર (કીટકાદિરૂપે) કે બહાર (વિવિધરૂપે) ઉત્પન્ન થતા બેઇન્દ્રિયાદિ (પંચેન્દ્રિય સુધીના) જીવો વડે વનસ્પતિકાયની પણ વિરાધના થાય, તેથી તેઓને ખામણાં કરવાં (ખમાવવા) જોઈએ. (૮૪૦૨) વળી બેઇન્દ્રિયપણું વગેરે (તે તે) અવસ્થાને પામેલા તેં સ્વ-પર-ઉભય જાતિના બેઇન્દ્રિય વગેરે જીવોને જ જે કોઇને પણ આ ભવમાં કે અન્ય ભવોમાં, સ્વયં કે બીજાદ્વારા વિરાધ્યા હોય, તેઓને પણ ત્રિવિધે-ત્રિવિધે પણ ખમાવ! (કારણ કે-) આ તારો ખામણાનો અવસર છે. (૮૪૦૩-૪) (પંચેન્દ્રિય તરીકે) જળચર, સ્થળચર અને ખેચરજાતિપણાને પામેલા તે જે કોઈ સ્વ-પર ઉભય જાતિના જળચરો, સ્થળચરો કે ખેચરોની જ પરસ્પર પીડા કરી હોય અને આહારના કારણે, ભયથી, આશ્રય માટે, કે અપત્યની રક્ષા વગેરે માટે જે મનુષ્યોની પણ વિરાધના કરી હોય, તેઓને પણ તું ત્રિવિધે ખમાવ! (૮૪૦૫-૬)

એમ તિર્યંચપણામાં કરેલી તિર્યંચોની અને મનુષ્યોની વિરાધનાને ખમાવીને હવે મનુષ્યપણામાં તેં કરેલી તિર્યંચની, મનુષ્યની અને દેવોની પણ તે તે વિરાધનાને ખમાવ! (૮૪૦૭) તેમાં મનુષ્યપણામાં સૂક્ષ્મ કે બાદર જે કોઈ જીવોને વિરાધ્યા, તે સર્વને પણ ખમાવ! (કારણ કે-) આ તારો ખામણાનો અવસર છે. (૮૪૦૮) દંતાલી અને હળથી ખેડવામાં, કૂવા, વાવ, તળાવને ખોદવામાં અને ઘર-હાટના આરંભ (બાંધવા) વગેરેમાં, સ્વયં અથવા બીજાદ્વારા, આ ભવમાં કે અન્ય ભવોમાં, જે પૃથ્વીકાય જીવોને વિરાધ્યા,

તેની પણ ત્રિવિધે-ત્રિવિધે ગર્હા કર! આ તારો ખામણાનો અવસર છે. (૮૪૦૯-૧૦) હાથ, પગ, મુખને ધોવામાં અથવા (**અંગોહલી=**) મસ્તક સિવાય શેષ અર્દ્ધસ્નાન, સંપૂર્ણસ્નાન તથા શૌચ કરવામાં અને પીવામાં, તથા જળક્રીડા વગેરે કરવામાં આ ભવે કે અન્ય ભવોમાં, સ્વયં કે બીજાઓ દ્વારા જે પ્રાણીરૂપ જીવોને વિરાધ્યા, તેને પણ નિશ્ચે ત્રિવિધે ત્રિવિધે ખમાવ! કારણ કે-આ તારો ખામણાનો અવસર છે. (૮૪૧૧-૧૨) (ઘી વગેરે) સિંચવું, (**વિસીયણ=**) સળગતાને બૂઝાવવો, આહાર પકાવવો, બાળવું, (**અંકણ=**) ડામ દેવા, દીપક પ્રગટાવવો અને બીજા પણ અગ્નિકાયના વિવિધ આરંભોમાં આ ભવે કે અન્ય ભવોમાં સ્વયં કે બીજાઓ દ્વારા જે અગ્નિકાય જીવોને વિરાધ્યા, તેઓને પણ ત્રિવિધે-ત્રિવિધે ખમાવ! (કારણ કે-) આ તારો ખામણાનો સમય છે. (૮૪૧૩-૧૪) (**તાલોટ્ટવિયણ=તાલવૃન્ત**) પંખો વીંઝવો, ગોફણ ફેંકવી, નિઃશ્વાસ-ઉચ્છવાસમાં, ધમણમાં, કે ફૂંકવું વગેરેમાં. અને શંખ વગેરે (વાજિંત્રો) વગાડવામાં, આ ભવે કે અન્ય ભવોમાં, સ્વયં કે પરદ્વારા જે વાયુકાય જીવોને વિરાધ્યા, તેઓને પણ ત્રિવિધે ત્રિવિધે ખમાવ! (કારણ કે-) આ તારો ખામણાનો અવસર છે. (૮૪૧૫-૧૬) (વનસ્પતિને) છોલવાથી, કાપવાથી, મરડવાથી, તોડવાથી, ઉખેડવાથી કે ભક્ષણ કરવા વગેરેથી, ક્ષેત્રમાં, ખળામાં કે બાગ વગેરેમાં આ ભવે કે અન્ય ભવોમાં, સ્વયં કે બીજાદ્વારા જે વનસ્પતિકાય જીવોને (વિવિધ રીતે) વિરાધ્યા, તેઓને પણ ત્રિવિધે ત્રિવિધે ખમાવ! (કારણ કે-) આ તારો ખામણાનો સમય છે. (૮૪૧૭-૧૮) સંખ્યાથી અસંખ્ય ગંડોલા, અળસિયાં, જળો, કૃમિયા અને શંખો તથા છીપ, કોડા, વગેરે બેઇન્દ્રિય જીવોને જે આ ભવે કે અન્ય ભવે, સ્વયં કે બીજાઓ દ્વારા કોઈ રીતે હણ્યા, તેઓને પણ ત્રિવિધે ત્રિવિધે ખમાવ! (કારણ કે-) આ તારો ખામણાનો અવસર છે. (૮૪૧૯-૨૦) માંકણ, મંકોડા, કુંથુંઆ, કીડીઓ, કાતરા અને (**ઘેઈલ્લા=**) ધીમેલો, તથા ઉધેઈ અને જૂઓ વગેરે, તેઇન્દ્રિય જીવોને જે આ ભવે કે બીજા ભવોમાં, સ્વયં કે અન્ય દ્વારા કોઈ રીતે હણ્યા, તેઓને પણ ત્રિવિધે ત્રિવિધે ખમાવ! (કારણ કે-) આ તારો ખામણાનો અવસર છે. (૮૪૨૧-૨૨) (**કુંડર=**) મધમાખીઓ, તીડ, પતંગિયાં, ડાંસ, મચ્છર, માખીઓ, ભમરા અને વિંછી વગેરે જે ચૌરેન્દ્રિય જીવોને આ ભવે કે અન્ય ભવોમાં, સ્વયં કે પરદ્વારા વિરાધ્યા, તેઓને પણ ત્રિવિધે ત્રિવિધે ખમાવ! (કારણ કે-) આ તારો ખામણાનો અવસર છે. (૮૪૨૩-૨૪) સાપ, નોળીઆ, કાકીંડા, ગોધા (ઘો), (**કુડ્ડગિરોલગ=**) ગિરોલી અને તેઓનાં ઇંડાં વગેરે, તથા ઊંદર, કાગડા, શિયાળ, કુતરા કે બિલાડા વગેરે પંચેન્દ્રિય જીવોને, જે હાસ્યથી કે દ્વેષથી, સપ્રયોજન કે નિષ્પ્રયોજન, ક્રીડા કરતાં, જાણતાં કે અજાણતાં, આ ભવે કે અન્ય ભવોમાં, સ્વયં કે બીજાઓ દ્વારા હણ્યા, તેઓને પણ ત્રિવિધે ત્રિવિધે ખમાવ! (કારણ કે-) આ તારો ખામણાનો અવસર છે. **(૮૪૨૫ થી ૨૭)** દેડકાં, માછલાં, કાચબા અને મગરો વગેરે જળચર જીવોને, સિંહ

હરિણ, રોઝ, ભૂંડ અને સસલાં વગેરે સ્થળચર જીવોને તથા હંસ, સારસ, કબૂતર, ક્રૌંચ, તેતરાં, વગેરે ખેચર જીવોને, એ વિવિધ જીવોને સંકલ્પથી કે આરંભથી આ ભવે કે અન્ય ભવોમાં, સ્વયં કે બીજાઓ દ્વારા જે જે વિરાધ્યા, અથવા સંઘટ્યા, સામા આવતા હણ્યા, પરિતાપ ઉપજાવ્યો, ત્રાસવ્યા, અથવા જેઓને મૂળ સ્થાનથી અન્ય સ્થાને ખસેડ્યા, અથવા થકવ્યા, દુભવ્યા અને પરસ્પર ભેગા કર્યા ( પીલ્યા, ) એમ વિવિધ દુઃખમાં નાખ્યા, યાવત્ પ્રાણ પણ છોડાવ્યા, તેઓને પણ ત્રિવિધે ત્રિવિધે ખમાવ ! ( કારણ કે- ) આ તારો ક્ષમાપનાનો અવસર છે. **(૮૪૨૮ થી ૩૨)** વળી મનુષ્યપણામાં જ કોઈ પણ રાજા વગેરે અવસ્થાને પામેલા, તેં મનુષ્યોને પીડ્યા હોય, તેઓને પણ ખમાવ ! **(૮૪૩૩)** તેમાં જેઓને દુષ્ટ ચિત્તથી ચિંતવ્યા ( મનમાં દ્વેષ-દુર્ભાવ કર્યો, ) દુષ્ટ વચનથી બોલાવ્યા ( કડવાં વચન કહ્યાં ) અને કાયાથી દુષ્ટ નજરે જોયા, ન્યાયને પણ અન્યાય અને અન્યાયને પણ ન્યાય તરીકે સિદ્ધ કરતા તેં કલુષિત ભાવથી દિવ્ય આપીને જેઓને બળાવ્યા, (**સોહિયા=** ) શુદ્ધ ( નિર્દોષ ) કર્યા, વળી સાચા કે ખોટા દોષારોપણથી જેઓને ( **ખાંડગઅહિલાસું=** ) ખોડાં, અહિલા વગેરે (તે તે દેશ-કાળે પ્રસિદ્ધ હેડ જેવા) સાધનોમાં અથવા કેદમાં નંખાવ્યા, તથા જેઓને બંધાવ્યા, બેડીઓ પહેરાવી, તાડના કરાવી, કે કૂટાવ્યા અને વિવિધ પ્રકારે ( **સેહાવિયા=** ) શિક્ષા કરાવી, તથા જેઓને દંડાવ્યા, મસ્તકે મુંડાવ્યા, કે ઢીંચણ-હાથ-પગ-નાક-હોઠ-કાન વગેરે અંગોપાંગોને કપાવ્યા, વળી શસ્ત્રોને લઈને, જેઓનાં શરીરને છોલીને અથવા કાપીને ( ચામડી ઉતરાવીને, પછી પણ ખારથી સર્વ અંગે દઝાવ્યા, જેઓને યંત્રોથી પીલાવ્યા, અગ્નિથી બળાવ્યા, ખાઈમાં ફેંકાવ્યા કે જેઓને વૃક્ષાદિ સાથે લટકાવ્યા, વળી જેઓના વૃષણ ( અંડકોષ ) ગળાવ્યા, નેત્રો ઉખેડાવ્યાં, દાંતરહિત કર્યા અને જેઓને તીક્ષ્ણ શૂળીએ ચઢાવ્યા, અથવા શિકારમાં અને યુદ્ધમેદાનમાં તિર્યંચોને અને મનુષ્યોને જે છેદ્યા, ભેદ્યા, કે લુંટયા ( અથવા વિકળ અંગવાળા કર્યા ) અને ભમાડ્યા, વળી ( શસ્ત્રધારી પણ ) પ્રહારને કરતા કે નહિ કરતા, અથવા શસ્ત્રરહિત અને નાસતા પણ જેઓને અતિ તીવ્ર રાગ કે દ્વેષથી આ ભવમાં કે પરભવમાં સ્વયં કે બીજાદ્વારા પ્રાણમુક્ત કર્યા, તેઓને પણ ત્રિવિધે ત્રિવિધે ખમાવ ! ( કારણ કે-) આ તારો ક્ષમાપનાનો સમય છે. **(૮૪૩૪ થી ૪૪)** વળી પુરુષપણામાં કે સ્ત્રીપણામાં રાગાંધ બનેલા તે પરદારા ( પરપુરુષ ) વગેરેમાં જે અનાર્ય પાપને ઉપાર્જ્યું, તેની પણ નિંદા કર ! **(૮૪૪૫)** અને આ સંસારરૂપી વિષમ અટવીમાં ભમતા અત્યંત રાગાદિથી ગાઢ મૂઢ બનેલા તેં કદાપિ ક્યાંય પણ વિધવાદિ અવસ્થામાં વ્યભિચારપણામાં પાપથી ઉપાર્જેલા ગર્ભોને અતિ ઉષ્ણ વસ્તુઓનાં ભક્ષણ કે કષ્ટકારી ( **પાઠાં૦ કડુ=કડવા** ) તુરા રસ કે તીક્ષ્ણ ખારનાં પીણાં પીવાં, પેટને મસળવું, કે ખીલો નાખવો, ઇત્યાદિ પ્રયોગો વડે બીજાના કે પોતાના ( ગર્ભોને ) ગાળવા, ખંડ ખંડ કરીને કાઢવા, પાડવા, કે નાશ કરવા, વગેરે કરેલાં સર્વ ( ઘોર ) પાપોની હે ક્ષપક ! પુનઃ સંવેગને પામેલો તું

વાંછિત નિર્વિઘ્ન આરાધના માટે ત્રિવિધે ત્રિવિધે સર્વથા ગર્હા કર ! (૮૪૪૬ થી ૪૯) અને યુવતીપણામાં શોકય પ્રત્યે (વેહ=) અતિ દ્વેષ વગેરે, કરીને તેના ગર્ભને થંભાવવો વગેરે, અથવા પતિનો ઘાત કરવો વગેરે, જે પાપ કર્યું, અથવા વશીકરણ કરાવવું, કાર્મણ કરવું, વગેરેથી તે શોકયને (પાઠા૦ પઇણો=) પતિનો (વિઘડણા=) વિયોગ કર્યો કે જીવતા પતિને મરણતુલ્ય કર્યો, તેની પણ તું નિંદા કર ! (૮૪૫૦–૫૧) વળી વ્યભિચારિપણામાં જે પ્રસવેલાં જીવતાં બાળકોને ફેંકી દીધાં, વેશ્યાપણામાં તેં (વાલિઓએ) નહિ આપેલી પણ પરની બાળાઓનું હરણ કર્યું, મનુષ્યપણામાં જે રાગ–દ્વેષથી પરવશ ચિત્તવાળા મોહમૂઢ, તેં દઢતાથી યોજેલા મંત્ર–તંત્રના પ્રયોગથી (બીજાઓને) અત્યંત પીડાકારી એવા સ્તંભન મંત્ર વડે (થોભ=) સ્થંભાવવું (ઉચ્ચાટણ=) સ્થાનભ્રષ્ટ કરવું, વિદ્વેષ કરાવવો વશીકરણ કરવું, વગેરે કોઈ રીતે જે જે જીવોને, આ ભવે કે અન્ય ભવોમાં, સ્વયં કે પરદ્વારા (તે તે) કર્યું, તેઓને પણ ત્રિવિધે ત્રિવિધે ખમાવ ! (કારણ કે–) આ તારો ખામણાનો સમય છે. (૮૪૫૨ થી ૮૪૫૫) તથા જે ભૂત વગેરે (હલકા) દેવોને પણ મંત્ર–તંત્રાદિની શક્તિના યોગે કોઈ રીતે કદાપિ કયાંય પણ બળાત્કારે આકર્ષીને (બોલાવીને,) આજ્ઞાદિ (પોતાનું ઇષ્ટ) કરાવવા દ્વારા પીડયા, અથવા કોઈ વ્યક્તિમાં અવતરેલા (કોઇને વળગેલા) અથવા (પાઠા૦ ઓઇત્તા=) વ્યક્તિમાં ઉતારીને જે કોઇ પણ દેવોને કીલિત કર્યાં (શંભાવ્યા), તાડના કરી કે તે (પત્તં=) પાત્રમાંથી (વ્યક્તિમાંથી છોડાવ્યા, વગેરે આ ભવે કે પરભવે, સ્વયં કે બીજાદ્વારા (એ રીતે કર્યું,) તેઓને પણ ત્રિવિધે ત્રિવિધે ખમાવ ! (કારણ કે–) આ તારો ખામણાનો સમય છે. (૮૪૫૬ થી ૫૮) એમ મનુષ્યપણામાં વિરાધેલા તિર્યંચોને, મનુષ્યોને અને દેવોને ખમાવીને હવે હે ક્ષપક ! દેવપણામાં વિરાધેલા જીવોને સમ્યક્ ખમાવ ! (૮૪૫૯) (તે આ પ્રમાણે–)

ભુવનપતિ, વાણવ્યંતર, જ્યોતિષી અને વૈમાનિક, વગેરે દેવપણાને પામેલા તેં, જે નારકોને, તિર્યંચોને અને મનુષ્યોને તથા જે દેવોને પણ દુભાવ્યા–દુઃખી કર્યા, તેઓને મધ્યસ્થ મનવાળો (રાગ–દ્વેષરહિત) થઈને, હવે હે ક્ષપક ! તું ભાવપૂર્વક ત્રિવિધે ત્રિવિધે ખમાવ ! (કારણ કે–) આ તારો ખામણાનો અવસર છે. (૮૪૬૦–૬૧) તેમાં પરમાધામિપણાને પામેલા તેં નારકોને જે ઘણા પ્રકારનાં દુઃખો ઉપજાવ્યાં, તેને પણ ખમાવ ! (૮૪૬૨) વળી દેવપણામાં રાગ–દ્વેષ અને મોહથી તેં ઉપભોગ–પરિભોગ વગેરેના કારણે પૃથ્વીકાય વગેરેની અને તેના આધારે રહેલા બેઇન્દ્રિયાદિ જીવોની જે વિરાધના કરી, તેને પણ સમ્યક્ ખમાવ ! (કારણ કે–) આ તારો ખામણાનો અવસર છે. (૮૪૬૩–૬૪) અને વળી દેવપણામાં જ વૈરનો બદલો લેવો વગેરે કારણે કષાયથી કલુષિત થએલા તેં જે મનુષ્યોનું પણ અપહરણ કર્યું, કે બંધન, વધ, છેદન, ભેદન, ધનહરણ, કે મરણ, વગેરે દ્વારા આકરું દુઃખ દીધું, તેને પણ સમ્યગ્ ખમાવ ! (કારણ કે–) આ તારો ખામણાનો

સમય છે. (૮૪૬૫-૬૬) અને વળી દેવપણામાં જ મહર્દ્ધિકપણાથી અન્ય દેવોને (બળાત્કારે) આજ્ઞા પળાવી, વાહનરૂપે ઉપયોગ કર્યો, તાડના કે પરાભવ કર્યો, વગેરે ચિત્તરૂપી પર્વતને ચૂરવામાં એક વજ્રતુલ્ય એવું જે અતિ મોટું અસુખ (દુઃખ) કર્યું, તેને પણ સમ્યક્ ખમાવ! (કારણ કે-) આ તારો ખામણાનો અવસર છે. (૮૪૬૭-૬૮)

એ રીતે નારક, તિર્યંચો, મનુષ્યો અને દેવોના જીવોને ખામણા કરીને હવે તું પાંચ મહાવ્રતોમાં (સેવેલા) પણ પ્રત્યેકના અતિચારોનો ત્યાગ કરીને, જગતના સૂક્ષ્મ કે બાદર સર્વ જીવોને આ ભવે કે પરભવે જે લેશ પણ દુઃખ કલ્પ્યું, તેની પણ નિંદા કર! (૮૪૬૯-૭૦) (જેમ કે-) અજ્ઞાનથી અંધ બનેલા તેં પ્રાણીઓને પીડા (હિંસા) ઉપજાવી અને પ્રદ્વેષ કે હાસ્યાદિથી જે અસત્ય વચન કહ્યું, તેની પણ નિંદા કર! (૮૪૭૧) પરાયું, (અદત્ત=) સામાએ નહિ આપેલું કંઈ પણ જે કોઈ રીતે લોભાદિથી લીધેલું (અવલવિયં=) ઓળવ્યું, તે વધી રહેલી પાપરજને પણ (ગર્હા દ્વારા) હે ભદ્ર! તું રોકી દે! (૮૪૭૨) મનુષ્યનું, તિર્યંચ અને દેવ સંબંધી પણ મન-વચન-કાયા દ્વારા સેવેલા મૈથુનથી બાંધેલું જે કોઇ પાપ તેની પણ ત્રિવિધે ત્રિવિધે નિંદા કર! (૮૪૭૩) સચિત્ત, અચિત્ત, વગેરે પદાર્થોમાં પરિગ્રહ (મૂર્ચ્છા) કરતાં તેં જે પાપ કર્યું, તેની પણ હે ક્ષપક! ત્રિવિધે ત્રિવિધે નિંદા કર! (૮૪૭૪) વળી રસગૃદ્ધિથી કે કારણવશ, અથવા અજ્ઞાનથી પણ કયારેય કંઇ પણ જે રાત્રિએ ખાધું, તે સર્વની પણ નિશ્ચે નિંદા કર! (૮૪૭૫) ભૂત, ભવિષ્ય, કે વર્ત્તમાનમાં જીવોની સાથે જે જે વૈર કર્યાં, તે સર્વની પણ નિંદા કર! (૮૪૭૬) ત્રણેય કાળમાં શુભાશુભ પદાર્થોમાં જે મન-વચન-કાયાને (અશુભ=) અકુશળ રૂપે પ્રવર્તાવ્યાં, તેની પણ નિંદા કર! (૮૪૭૭) દ્રવ્ય, ક્ષેત્ર, કાળ કે ભાવને આશ્રીને શકય છતાં જે કરણીયને ન કર્યું અને અકરણીયને કર્યું, તેની પણ ગર્હા કર! (૮૪૭૮) હે ક્ષપક! લોકમાં મિથ્યામત પ્રવર્તાવવાથી, મિથ્યાત્વનાં શાસ્ત્રોને ઉપદેશવાથી મોક્ષમાર્ગને છુપાવવાથી અને ઉન્માર્ગને પ્રરૂપવાથી, એમ તું પોતાને અને પરને કર્મસમૂહનો બંધ કરવામાં જે નિમિત્ત થયો, તેની પણ ત્રિવિધે ત્રિવિધે ગર્હા કર! (૮૪૭૯-૮૦) અનાદિઅનંત આ ભવચક્રમાં કર્મને વશ ભમતા તે પ્રતિજન્મે જે જે પાપારંભમાં રક્ત એવાં વિવિધ શરીરોને અને અત્યંતરાગી કુટુંબોને પણ ગ્રહણ કર્યા અને છોડયાં, તે તે સર્વને હે ક્ષપક! વોસિરાવ! (૮૪૮૧-૮૨) લોભને વશ પડેલા તેં ધનને મેળવીને જે પાપસ્થાનમાં પ્રતિબદ્ધ કર્યું, (રોકયું-વાપર્યું), તે સર્વને પણ સમ્યગ્ વોસિરાવ! (૮૪૮૩) ભૂત-ભવિષ્ય-વર્ત્તમાનકાળે જે જે પાપારંભો પ્રવર્તાવ્યા, તે તે સર્વને પણ નિશ્ચે તું સમ્યગ્ વોસિરાવ! (૮૪૮૪) જે જે શ્રી જિનવચનને અસત્ય પ્રરૂપ્યું, અસત્યમાં શ્રદ્ધા કરી અથવા અસત્યને અનુમોદ્યું, તે તે સર્વની પણ ગર્હા કર! (૮૪૮૫) જો કે ક્ષેત્ર-કાળ, વગેરેના દોષોથી શ્રી જિનવચનને સમ્યગ્ આચરી ન શકાયું, તો પણ નિશ્ચે જે મિથ્યા ક્રિયામાં રાગ કર્યો અને સમ્યગ્ ક્રિયાના મનોરથો પણ ન કર્યા, તેની હે સુંદર! તું વાર-

વાર સવિશેષ સમ્યક્ નિંદા કર! (૮૪૮૬-૮૭) હે ક્ષપક! ઘણું કહેવાથી શું? તું તૃણ અને મણિમાં તથા પત્થર અને સુવર્ણમાં સમદૃષ્ટિવાળો તથા શત્રુ-મિત્રમાં સમાન ચિત્તવાળો થઈને સંવેગરૂપ મહા ધનવાળો તું સચિત્ત, અચિત્ત કે મિશ્ર, કોઈ વસ્તુને નિમિત્તે જે પાપ કર્યું, તેની પણ ત્રિવિધે ત્રિવિધે ગર્હા કર! (૮૪૮૮-૮૯) પર્વત, નગર, ખાણ, ગ્રામ, આરામ, વિમાન વિગેરે, તથા ભુવન કે (ખલગાઈ=) ખાલી આકાશ વગેરે, તેને આશ્રીને ઊર્ધ્વ-અધો કે તિર્છાલોકમાં, ભૂત-ભવિષ્ય કે વર્ત્તમાનકાળમાં,તથા શીત, ઉષ્ણ અને વર્ષાકાળમાં, કોઈ રીતે પણ, રાત્રે કે દિવસે, ઔદયિકાદિ ભાવોમાં વર્તતાં, અતિ રાગ-દ્વેષ અને મોહથી, ઊંઘતાં કે જાગતાં, આ ભવે કે અન્ય ભવોમાં, તીવ્ર, મધ્યમ કે જઘન્ય, સૂક્ષ્મ કે બાદર, દીર્ઘ કે અલ્પકાળ સ્થિતિવાળું, પાપાનુબંધી એવા જે કંઈ પણ પાપને મનથી, વચનથી કે કાયાથી તેં કર્યું, કરાવ્યું કે અનુમોદ્યું, તેને શ્રી સર્વજ્ઞ ભગવંતના વચનથી 'આ પાપ છે, ગર્હા કરવાયોગ્ય છે અને તજવાયોગ્ય છે'-એમ સમ્યગ્ જાણીને, દુઃખના સંપૂર્ણ ક્ષય માટે શ્રી અરિહંત, સિદ્ધ, ગુરુ અને સંઘની સાક્ષીએ તે સર્વની સર્વ રીતે સમ્યક્ નિંદા કર! ગર્હા કર! અને પ્રતિક્રમણ કર! (૮૪૯૦ થી ૯૫) એમ આરાધનામાં લગાડેલા મનવાળા અને મનમાં વધતા સંવેગવાળા એવા હે ક્ષપક! તું સકળ પાપની શુદ્ધિ માટે પ્રધાન અંગભૂત એવા મિચ્છામિ દુક્કડંને ભાવપૂર્વક બોલ! પુનઃ પણ મિચ્છામિ દુક્કડંને જ બોલ! અને ત્રીજી વાર પણ મિચ્છામિ દુક્કડં એમ બોલ! અને પુનઃ તે પાપોને નહિ કરવાનો સ્વીકાર (નિશ્ચય) કર! (૮૪૯૬-૯૭) એમ દુષ્કૃતગર્હા નામનું બારમું પેટાદ્વાર વર્ણવ્યું. હવે તેરમું સુકૃત અનુમોદનાદ્વાર કહું છું. (૮૪૯૮)

**અનુશાસ્તિમાં તેરમું સુકૃત અનુમોદનાદ્વાર**-હે ક્ષપક! મહારોગના સમૂહથી વ્યાકુળ શરીરવાળો (રોગી) જેમ શાસ્ત્રાર્થમાં કુશળ એવા વૈદ્યના કહેલા ક્રિયા કલાપને (અનુમોદે), તેમ ભાવ આરોગ્યને માટે તું સઘળા શ્રી જિનેશ્વરોનું જે ઘણા ભવો સુધી શુભ ક્રિયાઓના આસેવન દ્વારા ભાવથી ભાવિત થવાપણું, તેનું સમ્યક્ અનુમોદન કર! (૮૪૯૯-૮૫૦૦) તેમાં શ્રી તીર્થંકરદેવના ભવથી પૂર્વે (પાછળ) જઈને ત્રીજા ભવે તીર્થંકરપણાના કારણભૂત (તેઓની) વીશસ્થાનની આરાધનાને, દેવભવથી જ (સરિસ=) સાથે આવેલાં મતિ, શ્રુત અને અવધિજ્ઞાનરૂપ નિર્મળ ત્રણ જ્ઞાનો સહિત (તેઓના) ગર્ભમાં આગમનને, નિજકલ્યાણક દિવસોમાં સહસા (રભસતાથી) નિરંતર (સમૂહબદ્ધ) આવતા સકળ (ચારેય નિકાયના) દેવોથી પૂર્ણ ભરાયેલા આકાશદ્વારા જણાવેલી ત્રણ લોકની એકતાને, જગતના સર્વ જીવો પ્રત્યેના વાત્સલ્યથી તીર્થ પ્રવર્તાવવાની (તેઓની) તત્પરતાને, તથા સર્વ ગુણોના પ્રકર્ષપણાને, સર્વોત્તમ પુણ્યના સમૂહપણાને, સર્વ અતિશયોના નિધિપણાને, રાગ-દ્વેષ-મોહથી રહિતપણાને, લોકાલોક પ્રકાશક એવી કેવલજ્ઞાનરૂપી લક્ષ્મીથી યુક્તપણાને, દેવોએ કરેલા શ્રેષ્ઠ આઠ (પગડપહ=) પ્રગટ પ્રભાવવાળા પ્રાતિહાર્યોથી

શોભિતપણાને, દેવોએ રચેલાં સુવર્ણકમળો ઉપર પગ સ્થાપીને ચાલવાપણાને (વિહારને,) અગ્લાનપણે બદલાની ઇચ્છા વિના ભવ્ય જીવોને ધર્મોપદેશ કરવાપણાને, ઉપકાર નહિ કરનારા પણ અન્ય જીવો પ્રત્યે અનુગ્રહ પ્રાપ્ત કરાવવાના વ્યસનીપણાને, તેઓના એક સાથે ઉદયમાં આવતી સઘળી પુણ્યપ્રકૃતિપણાને, ત્રણેય લોકના સમૂહે કરેલી ચરણકમળની સેવાપણાને, નિર્વિઘ્ને વિસ્તાર પામતા સ્ફૂરાયમાન એવા જ્ઞાન–દર્શન ગુણોના ધારકપણાને, યથાખ્યાતચારિત્રરૂપ લક્ષ્મીની સમૃદ્ધિને (**આસિયત્ત**=) ભોગવવાપણાને, અબાધિત પ્રતાપને, અને અનુત્તર (શ્રેષ્ઠતમ) વિહારથી વિચરીને (ચારિત્ર પાળીને) જન્મ–જરા–મરણરહિત શાશ્વત સુખના સ્થાનને (મોક્ષને) પામવાપણાને, એવા સર્વજ્ઞ અને સર્વદર્શી સર્વે શ્રી જિનેશ્વરોની (ઉપર કહ્યા તે ગુણોની) તું ત્રિવિધે ત્રિવિધે સમ્યક્ અનુમોદના કર! **(૮૫૦૧ થી ૧૧)**

એ પ્રમાણે શ્રી સિદ્ધોના પણ (ગુણોની, જેમ કે–) મૂળમાંથી નષ્ટ પુનઃ સંસારવાસીપણાને (અપુનર્જન્મને), નષ્ટ થએલા જ્ઞાનાવરણાદિ સકળ કર્મોના લેપપણાને, તથા રાહુગ્રહની કાન્તિનો સમૂહ દૂર થવાથી (પ્રકાશિત) સૂર્ય–ચંદ્રની જેમ (કર્મપડલ દૂર થવાથી પ્રકાશિત) આત્માના યથાસ્થિત શોભવાપણાને, શાશ્વતપણાને, વૃદ્ધત્વાભાવપણાને, અજન્મપણાને, અરૂપીપણાને, નિરોગીપણાને, સ્વામીરહિત (સંપૂર્ણ સ્વતંત્ર) પણાને, સિદ્ધિપુરીમાં (શાશ્વત) રહેવાપણાને, સ્વાધીન, એકાન્તિક, આત્યંતિક અને અનંત, એવા સુખ–સમૃદ્ધિપણાને, અજ્ઞાન (અંધકાર)નો નાશ કરનારા અનન્ત કેવળજ્ઞાન–દર્શનસ્વરૂપપણાને, સમકાળે (સાથે) સકળ લોક–અલોકમાં રહેલા સદ્ભૂત પદાર્થોને દેખવાપણાને અને એથી જ આત્યંતિક-અનંતવીર્યથી યુક્તપણાને, શબ્દાદિથી અગમ્યપણાને, અચ્છેદ્યપણાને, અભેદ્યપણાને, સદાય કૃતકૃત્યતાને, ઇન્દ્રિયરહિતપણાને અને અનુપમપણાને, સર્વ અસુખ (દુઃખ)થી રહિતપણાને, પાપરહિતપણાને, નિરંજન (રાગરહિત) પણાને, (દ્વંદ્વ=) કલેશ વગેરેથી રહિત (અથવા એકત્વ)-પણાને, અક્રિયપણાને, અમૃત્યુતાને અને અત્યંત સ્થૈર્યપણાને, તથા સર્વ અપેક્ષાથી રહિત-પણાને, સમસ્ત ક્ષાયિક (નિરાવરણ) ગુણપણાને, નષ્ટ પરતંત્રભાવને અને ત્રણેય લોકમાં ચૂડામણિપણાને, એમ સમસ્ત ત્રણેય લોકથી વંદનીય, એવા સર્વ સિદ્ધોની (ઉપર કહ્યા તે ગુણોની) તું સદા ત્રિવિધે ત્રિવિધે સમ્યક્ અનુમોદના કર! **(૮૫૧૨ થી ૨૦)**

તથા સર્વ આચાર્યોનું જે સુવિહિત પુરુષોએ સમ્યક્ આચરેલા, પ્રભુના પાદપ્રસાદથી પ્રાપ્ત થએલા અને ભગવંત, એવા પાંચેય પ્રકારના આચારનું અગ્લાનપણે કોઈ બદલાની આશા વિના (સુધાજીવીપણે) સમ્યક્ પાલકપણું, સર્વ ભવ્ય જીવોને (એ આચારોની) સમ્યક્ પ્રરૂપણા કરવાપણું અને તે ભવ્યોને નૂતન (આચારોને પ્રાપ્ત કરાવવા) પૂર્વક તે જ આચારોનું પાલન કરાવવાપણું, એમ આચાર્યના સર્વ ગુણોનું તું સમ્યક્ અનુમોદન કર! **(૮૫૨૧ થી ૨૩)**

એ રીતે પંચવિધ આચારપાલનમાં રક્ત અને પ્રકૃતિએ જ પરોપકાર કરવામાં એક

રસિક, એવા ઉપાધ્યાયોના પણ આચાર્યોની ઝવેરાતની પેટીતુલ્ય અંગો, ઉપાંગો અને પ્રકીર્ણકો, વગેરે શ્રી જિનપ્રણિત બાર અંગસૂત્રો (વગેરે) ને સ્વયં સૂત્ર, અર્થ અને તદુભયથી ભણવાપૂર્વક બીજાઓને પણ ભણાવવાપણાને, હે ક્ષપક ! તું સદા (પાઠાં૦ સમ્મ=) સમ્યક્ ત્રિવિધે ત્રિવિધે અનુમોદના કર ! (૮૫૨૪ થી ૨૬)

એ રીતે કૃતપુણ્ય, ચારિત્રચૂડામણિ, ધીર, સુગૃહિતનામધેય, વિવિધ ગુણરત્નોના સમૂહરૂપ અને સુવિહિત, એવા સાધુઓના પણ નિષ્કલંક-વિસ્તૃતશીલથી શોભવાપણાને, યાવજ્જીવ નિષ્પાપ આજીવિકાથી જીવવાપણાને, તથા જગતના જીવો પ્રત્યે વાત્સલ્યભાવને, સ્વશરીરમાં પણ મમત્વરહિતપણાને, સ્વજનો અને (પર) જનમાં સમાનભાવને અને પ્રમાદના વિસ્તારને સમ્યક્ રોકવાપણાને, વળી પૂર્ણ પ્રશમરસપણાને, સ્વાધ્યાય અને ધ્યાનમાં પરમ રસિકતાને આજ્ઞાપરતંત્રપણાને (પૂર્ણ આજ્ઞાધીનતાને) સંયમગુણોમાં એક બદ્ધલક્ષ્યપણાને પરમાર્થના ગવેષકપણાને, સંસારવાસની નિર્ગુણતાને વિચારવાપણાને અને તેથી જ પરમ સંવેગથી તેના પ્રત્યે પ્રગટેલા પરમ વૈરાગ્યભાવને, તથા સંસારરૂપ ગહન અટવીથી પ્રતિપક્ષભૂત (રક્ષક) એવા ક્રિયાકલાપ કરવાપણાને (વગેરે સાધુગુણોનું) તું ત્રિવિધે ત્રિવિધે સદા સમ્યક્ અનુમોદન કર (૮૫૨૭ થી ૩૨)

તથા સઘળાય શ્રાવકોની પણ પ્રકૃતિએ જ ઉત્તમ ધર્મપ્રિયતાને, શ્રી જિનવચનરૂપ ધર્મના રાગથી રંગાએલા શરીરના અસ્થિમજ્જાપણાને, જીવ, અજીવ વગેરે સમસ્ત પદાર્થોના વિષયમાં પરમ કુશળતાને, દેવાદિદ્વારા પણ નિર્ગ્રંથ પ્રવચનથી (જિનશાસનથી) ક્ષોભ નહિ પામવાપણાને, અને સમ્યગ્દર્શન વગેરે મોક્ષસાધક ગુણોમાં અતિ દઢતાને (એ સર્વ ગુણોનું) તું સદા ત્રિવિધે ત્રિવિધે સમ્યગ્ અનુમોદન કર! (૮૫૩૩ થી ૩૫)

બીજા પણ જે આસન્નભાવિ ભદ્રિક (અલ્પસંસારી), મોક્ષની ઇચ્છાવાળા, હૃદયની કલ્યાણકારી વૃત્તિ (પરિણતિ)વાળા, તથા પાતળા કર્મના પ્રભાવવાળા(લઘુકર્મી), એવા દેવો કે દાનવો અને મનુષ્યો કે તિર્યંચો, એ સર્વ જીવોના પણ સન્માર્ગાનુગામિપણાની (માર્ગાનુસારીપણાની) તું સમ્યગ્ અનુમોદના કર ! (૮૫૩૬-૩૭)

એમ હે ભદ્ર ! લલાટે બે હસ્તની અંગુલિઓને (અંજલિને) જોડીને, (એ રીતે) શ્રી અરિહંતો વગેરેના સુકૃત્યોની પ્રતિક્ષણ સમ્યગ્ અનુમોદના કરતો તું તે ગુણોની હાનિને (ઘાતને) શિથિલ કરીશ (ગુણોની રક્ષા કરીશ), ઘણા કાળથી પણ એકઠા કરેલા કર્મના મેલનો પણ ક્ષય કરીશ અને (એ રીતે) કર્મનો ઘાત કરતો તું હે સુંદર ! સમ્યક્ આરાધક થઈશ. (૮૫૩૮-૩૯) એ પ્રમાણે સુકૃત્ય અનુમોદનાદ્વારને કહ્યું. હવે ભાવનાપટલ (સમૂહ) નામના ચૌદમા પેટાદ્વારને કહું છું (૮૫૪૦)

**અનુશાસ્તિમાં ચૌદમું 'ભાવનાપટલ' પેટાદ્વાર**-જેમ પ્રાયઃ સર્વ રસોનું પ્રાધાન્ય લૂણના મિશ્રણથી છે, અથવા જેમ પારાના રસના સંયોગથી લોખંડનું સુવર્ણ-

પણું બને છે, તેમ ધર્મનાં અંગો જે દાનાદિ, તેઓનું પણ ભાવના વિના વાંછિતફળ-દાયકપણું હોતું નથી. તેથી હે ક્ષપક! તેમાં (ભાવનામાં) ઉદ્યમ કર! (૮૫૪૧-૪૨) જેમ કે દાન પણ ઘણું આપ્યું, શીયળ પણ ચિરકાળ પાળ્યું અને તપ પણ સારી રીતે તપ્યો (કર્યો), પણ ભાવના વિના તે કંઈ પણ (સફળ) નથી થયું. (૮૫૪૩) ભાવ-શૂન્યદાનમાં અભિનવશ્રેષ્ઠિ અને ભાવરહિત શીયળ તથા તપમાં કંડરિક દૃષ્ટાન્તભૂત છે. (૮૫૪૪) બળદેવને પારણું કરાવવાના મનવાળા હરિણે શું દાન દીધું હતું? તથાપિ ભાવનાના પ્રકર્ષથી (તેને) દાન કરનાર જેટલું ફળ મળ્યું. (૮૫૪૫) અથવા તો જીર્ણ-શ્રેષ્ઠિ દૃષ્ટાન્તભૂત છે કે-દાનના (માત્ર) પરિણામથી પરિણત તે પણ દાન વિના પણ તેવા પુણ્યના સમૂહને પામ્યો. (૮૫૪૬) તથા શીયલ અને તપના અભાવે પણ સ્વભાવે જ વધતા તીવ્ર સંવેગથી શીયલ-તપના (માત્ર) પરિણામથી પરિણત થએલાં મરુદેવા માતા સિદ્ધ થયાં. (૮૫૪૭) તથા હે ક્ષપક! શીલતપની પરિમિત મુદતવાળા (અલ્પ-કાળ તપ-શીલવાળા) ભગવંત અવંતિસુકુમાર શુભ ભાવનારૂપ ગુણથી મહર્દ્ધિક દેવ થયા. (૮૫૪૮) વળી દાનધર્મ નિશ્ચે ધનના અસ્તિત્વની અપેક્ષા રાખે છે તથા યથોક્ત શીયળ અને તપ પણ વિશિષ્ટ સંઘયણની અપેક્ષાવાળા છે. (૮૫૪૯) પરંતુ આ ભાવના તો નિશ્ચે અન્ય કંઈ પણ વસ્તુની અપેક્ષા રાખતી નથી, તે શુભ ચિત્તમાં જ પ્રગટે છે, તેથી એમાં યત્ન કરવો જોઇએ. (૮૫૫૦)

**પ્રશ્ન**–આ ભાવના પણ અંતરની (દિહીએ=) ધીરજ માટે બાહ્ય કારણની અપેક્ષા રાખે છે, કારણ કે-ઉદ્વિગ્ન મનવાળો લેશ પણ શુભ ધ્યાનને કરવા સમર્થ નથી. (૮૫૫૧) એથી જ કહેવાય છે કે-મનપસંદ ભોજન અને મનપસંદ ઘર હોતે છતે અવિષાદી (અખંડ) મનયોગવાળો મુનિ મનોજ્ઞ ધ્યાનને કરી શકે છે. (૮૫૫૨) તેથી અપેક્ષિત-કારણ (સામગ્રી) વિના ભાવના પણ પ્રગટે નહિ.

**ઉત્તર**–આ (તમારું કથન) માત્ર મનના નિરોધમાં અસમર્થ મુનિને ઉદ્દેશીને સત્ય છે. (૮૫૫૩) પરંતુ કષાયોને જીતનારા જેઓ અતિ ઘણા વીર્ય અને યોગના સામર્થ્યથી મનના વેગને રોકનારા છે, જેઓ બીજાએ પ્રગટ કરેલી અને ફેલાતી તીવ્ર વેદનાથી શરીરે વ્યાકુલિત છતાં કષાયમુક્ત જેઓ સ્કંદકના શિષ્યોની જેમ શુભ ધ્યાનને અલ્પ માત્ર પણ ખંડિત કરતા નથી, તેઓને બાહ્ય નિમિત્તોથી શું? (૮૫૫૪-૫૫)

વળી શુભ અને અશુભ-બન્ને ભાવો સ્વાધીન છે, તો શુભ ભાવ કરવો શ્રેષ્ઠ છે. પંડિત એવો કોણ સ્વાધીન અમૃતને તજીને ઝેરને સ્વીકારે? (૮૫૫૬) તેથી હે દેવાનુ-પ્રિય! 'મને આ (મોક્ષ) પ્રિય છે'–એમ નિશ્ચય કરીને મોક્ષમાં દૃઢ એક લક્ષ્યવાળો તું સદા ભાવપ્રધાન બન! (૮૫૫૭) આ ભાવના સંસારમાં આ ભવની ભયંકરતાથી ઊભ-ગેલા ઉત્તમ ભવ્યો દ્વારા ભાવિત કરાતી હોવાથી આનું તેઓએ નિર્યુક્તિ (વ્યુત્પત્તિ) સિદ્ધ નામ પણ 'ભાવના' એવું કર્યું છે. (૮૫૫૮) નિશ્ચે જે એકાન્ત શુભ ભાવ છે

તે જ ભાવનાઓ પણ છે અને જે ભાવનાઓ છે તે જ એકાન્ત શુભ ભાવ પણ છે. (૮૫૫૯) તે ભાવ બાર પ્રકારનો છે, અથવા તે ભાવનાઓ બાર પ્રકારની છે. તે ભાવ અને ભાવનાઓ પણ સંવેગરસની વૃદ્ધિથી શુભ બને છે (૮૫૬૦) તેથી તે ભાવને પ્રગટાવવા માટે ક્રમશઃ ૧–અનિત્યતાને, ૨–અશરણતાને, ૩–સંસારને, ૪–એકત્વને, ૫–અન્યત્વને તથા ૬–અશુચિપણાને ચિંતવ ! (૮૫૬૧) તથા ૭–આશ્રવને, ૮–સંવરને, ૯–કર્મોની નિર્જરાને, ૧૦–લોકસ્વભાવને, ૧૧–બોધિદુર્લભતાને અને ૧૨–ધર્મગુરુની દુર્લભતાને પણ ચિંતવ ! (૮૫૬૧–૬૨) આ બારમાં સર્વ પ્રથમ સદા સંસારજન્ય સમસ્ત વસ્તુસમૂહનું અનિત્યપણું આ રીતે ભાવવું. (૮૫૬૩)

**૧–અનિત્ય ભાવના**–અહો ! (આશ્ચર્ય છે કે–) યૌવન વિજળી જેવું, સંપદાઓ પણ સંધ્યાનાં વાદળાના રાગની શોભા જેવી અને જીવિત પાણીના પરપોટા જેવું અત્યન્ત અનિત્ય જ છે. (૮૫૬૪) પરમ પ્રેમનાં પાત્રો એવાં માતા–પિતા–પુત્ર અને મિત્રોની સાથે જે સંવાસ (સંયોગ), તે સર્વ પણ નિશ્ચે અનિત્યતાથી વ્યાપ્ત (નાશવંત) છે. (૮૫૬૫) વળી શરીર, સૌભાગ્યતા, અખંડ–પૂર્ણપંચેન્દ્રિપણું, રૂપ, બળ, આરોગ્ય અને લાવણ્યની સંપદા ( શોભા ), એ સઘળું પણ અસ્થિર છે. (૮૫૬૬) ભવનપતિ, વાણવ્યંતર, જ્યોતિષી અને બાર કલ્પ વગેરેમાં ઉપજેલા સર્વ દેવોનાં પણ દેહ, રૂપ વગેરે સઘળુંય અનિત્ય છે. (૮૫૬૭) ભુવનો, ઉપવનો, શયનો, આસનો, યાન અને વાહનો, વગેરેની સાથેના આ લોક–પરલોકમાં પણ જે સંયોગ, તે પણ નિશ્ચે અનિત્ય છે. (૮૫૬૮) એક પદાર્થના અનુમાનદ્વારા ( પણ ) અનિત્યતતાને સર્વગત માનીને ધન્યપુરુષો નગ્ગતિરાજાની જેમ ધર્મમાં ઉદ્યમ કરે છે. (૮૫૬૯) તે આ પ્રમાણે–

**અનિત્ય ભાવના વિષે નગ્ગતિનૃપનો પ્રબંધ**–ગંધાર દેશનો સ્વામી નગ્ગતિ નામે રાજા, ઘોડા, હાથી, રથ ઉપર બેઠેલા ઘણા સામંતોના સમૂહથી પરિવરેલો, મોટી (ઘણી) ઋદ્ધિના સમૂહથી શોભતો, પોતે વસંતઋતુના સમાગમથી શોભાયમાન વનરાજીને જોવા માટે પોતાની નગરીમાંથી નીકળ્યો. (૮૫૭૦–૭૧) પછી ત્યાં અર્દ્ધમાર્ગે (જતાં) (**ઉન્મિલ્લ=**) વિકસિત મોટાં પત્રોથી શોભતા, પુષ્પોનાં રસબિંદુઓથી પીળી થએલી મંજરીના સમૂહથી રમણીય, ભમતા ભ્રમરસમૂહના ગુંજારવના બ્હાનાથી જાણે ગાતો હોય તેવા, પવનથી પ્રેરાયેલી શાખાઓરૂપી ભુજાઓ વડે જાણે નાચ પ્રારંભ્યું હોય તેવા મદોન્મત્ત કોયલના શબ્દના બ્હાને જાણે કામની સ્તુતિ કરતો હોય તેવા અને ગાઢ પાંદડાઓરૂપ પરિવારથી વ્યાપ્ત, એવા એક ખીલેલા આમ્રવૃક્ષને જોયો. (૮૫૭૨ થી ૭૪) પછી તેના રમણીયતાગુણથી રંજિત ચિત્તવાળા તે રાજાએ ( ત્યાંથી ) જતાં કુતૂહલથી એક માંજર તોડી લીધી. (૮૫૭૫) તેથી પોતાના સ્વામિના માર્ગને અનુસરનારા સેવકલોકોમાંથી કોઇએ મંજરીઓને, કોઇએ ( પલ્લવચયં= ) પાંદડાંના સમૂહને, કોઇએ ગુચ્છાને, તો કોઇએ ડાળીના અગ્રભાગને, બીજા કોઇએ કિશલયસમૂહને, તો કોઇએ કાચાં પણ

ફળોના સમૂહને સતત ગ્રહણ કરવાથી ક્ષણમાં તે વૃક્ષને ઠુંઠા જેવો કરી દીધો. (૮૫૭૬-૭૭) (પછી) ચાલતા અરઘટ્ટયંત્રોના (રેંટોના) ચિત્કારરૂપ શબ્દોએ જ્યાં દિશાઓને બહેરી કરી દીધી છે તેવાં અને ફેલાતા સુગંધના સમૂહથી આવેલા ભ્રમરોની શ્રેણિઓથી મનોહર, એવા વિકસિત ઠંડા પ્રદેશોવાળાં તે વનરાજીનાં ઉદ્યાનોમાં (ઉપ્પિત્થપઉત્થ=) થાકેલા પ્રવાસીની જેમ એક ક્ષણ ફરીને, તે માર્ગે જ પાછા ફરેલા રાજાએ ત્યાં તે વૃક્ષને નહિ દેખતાં લોકોને પૂછ્યું કે-તે આંબાનું વૃક્ષ ક્યાં છે? તે પછી લોકોએ ઠુંઠા સરખા રૂપવાળા તે આંબાને દેખાડ્યો. ત્યારે વિસ્મિત મનવાળા રાજાએ કહ્યું કે-કેમ તે આવો (ઠુંઠા જેવો) છે? લોકોએ પણ પૂર્વની હકીકત કહી. (૮૫૭૮ થી ૮૧) તે સાંભળીને પરમ સંવેગને પામેલો રાજા પણ અત્યન્ત સૂક્ષ્મ બુદ્ધિથી વિચારવા લાગ્યો કે-અહો! સંસારના દુષ્ટ ચેષ્ટિતને ધિક્ ધિક્ થાઓ!, કે જ્યાં કોઇ પણ તેવી વસ્તુ નથી, કે જેને અનિત્યતાએ સદા સર્વ પ્રકારે ગ્રસિત (નાશ) ન કરી હોય! (૮૫૮૨-૮૩) આ આમ્ર-વૃક્ષના અનુમાનથી જ બુદ્ધિમાનોને અનિત્યતાથી વ્યાપ્ત એવી સ્વશરીરાદિ સર્વ વસ્તુઓમાં પણ રાગનું સ્થાન (નિમિત્ત) શું છે? (૮૫૮૪) એમ વિવિધતયા ચિંતવીને મહાસત્ત્વશાળી તે રાજા રાજ્યને, અંતઃપુરને અને નગરને તજીને પ્રત્યેકબુદ્ધચારિત્રી સાધુ થયો. (૮૫૮૫) એમ સાંભળીને હે સુંદર! તારે એકાન્તમાં ગીતાર્થ સાધુ સાથે સર્વ પદાર્થોની અનિત્યતાને વિચારવી. (૮૫૮૬) એમ જે કારણે સંસારજન્ય સમસ્ત પણ વસ્તુઓની અતિ અનિત્યતા છે, તે કારણે જ તેઓથી પ્રાણીઓને કંઈ માત્ર શરણ પણ નથી. (૮૫૮૭) જેમ કે-

૨. **અશરણ ભાવના**-સર્વ જીવસંતાનનું (સમૂહનું) રક્ષણ કરવામાં એક વત્સલ, મહાન્ અને કરુણારસથી પ્રધાન, એવા એક જ શ્રી જિનવચનને છોડીને, જન્મ-જરા-મરણનો (રણરણય=) ઉદ્વેગ, શોક, સંતાપ અને વ્યાધિઓથી વિષમ, એવી ભયંકર આ સંસારઅટવીમાં પ્રાણીઓને ક્યાંય શરણ નથી. (૮૫૮૮-૮૯) તથા એક માત્ર શ્રી જિનવચનમાં રહેલા આત્માઓ સિવાયના પુરૂષોમાં કે દેવોમાં કોઈએ દિવ્ય શક્તિ વડે, આવરણ (બખ્તર) સહિત મત્ત હાથી, ચપળ ઘોડા, રથો અને યોદ્ધાઓના સમૂહની (વૂહ=) રચનાઓ (યોજના) વડે, બુદ્ધિ વડે, નીતિબળ વડે, કે સ્પષ્ટ પુરુષાર્થ (બળ) વડે પણ પૂર્વે મરણને જીત્યું નથી, (૮૫૯૦-૯૧) માતા, પિતા, પુત્ર, સ્ત્રી, મિત્ર અને અત્યંત સ્નેહી-સ્વજનો તથા ધનના ઢગલાઓ પણ, રોગથી પીડાતા છતાં પુરુષને થોડા પણ શરણભૂત થતા નથી. (૮૫૯૨) એક જ શ્રી જિનવચન વિના (અન્ય) મંગલોથી, (કૌતુક=) મંત્રપૂર્વકના સ્નાનાદિથી, (યોગ=) મંત્રિત ચૂર્ણોથી, મંત્રોથી અને વૈદ્યોની વિવિધ ઔષધિઓથી પણ રક્ષણ થતું નથી. (૮૫૯૩) (એમ) વિચારતાં આ સંસારમાં કોઈ પણ વસ્તુ શરણરૂપ નથી. તે કારણે જ દુઃસહ નેત્રપીડાથી વ્યાકુલિત શરીરવાળા, પ્રથમ (નવા) દિવ્ય યૌવનને પામેલા, બુદ્ધિમાન, કૌશામ્બીના ધનિકપુત્રે સર્વ સંબંધોને તોડીને સંયમ ઉદ્યોગને સ્વીકાર્યો. (૮૫૯૪-૯૫) તે આ પ્રમાણે-

**અશરણ ભાવના વિષે શેઠપુત્રનો પ્રબંધ**–રાજગૃહી નગરીનો સ્વામી શ્રેણિકરાજા (**વિહારયાત્રા=**) સ્વૈર વિહારે (રયવાડી ફરવા) નીકળ્યો. ત્યાં મંડિકુક્ષિ નામના ઉદ્યાનમાં વૃક્ષ નીચે બેઠેલા, રતિરહિત કામદેવ હોય તેવી શોભાવાળા તથા શરદઋતુના ચંદ્રની કળા જેવા કોમળ શરીરવાળા એવા એક ઉત્તમ મુનિને જોયા. (૮૫૯૬–૯૭) તેને જોઈને રૂપ વગેરે ગુણોની ઘણી પ્રશંસા કરીને, ત્રણ પ્રદક્ષિણાપૂર્વક આદરથી પ્રણામ કરીને, તેની નજીકમાં બેસીને, બે હાથે અંજલિ જોડીને, વિસ્મયપૂર્વક રાજા બોલવા લાગ્યો કે–હે ભગવંત! તરુણપણામાં પણ સાધુધર્મમાં કેમ રહ્યા છો? (૮૫૯૮–૯૯) સાધુએ કહ્યું કે–હે રાજન્! મારે કોઈ પણ શરણ ન હતું, તેથી દુઃખોનો ક્ષય કરનારી આ દીક્ષાને (મેં) સ્વીકારી છે. (૮૬૦૦) પછી હાસ્યથી ઉછળતી દાંતની (ઉજ્જવળ) કાન્તિ વડે પ્રથમ ઊગતા સૂર્ય જેવી (રાતી) કાન્તિવાળા હોઠને ઉજ્જવળ કરતા રાજાએ કહ્યું કે–હે ભગવંત! અપ્રતિમરૂપ અને લક્ષણોથી પ્રગટ દેખાતા ઘણા વૈભવના વિસ્તારવાળા (છતાં તમે અશરણ? એ) તમારું અશરણપણું (તમે) કહો છતાં હું કેવી રીતે સાચું માનું? (૮૬૦૧–૨) અથવા આ સંયમથી શું? હું તમારું શરણ બનું છું, ઘરવાસને ભજો અને વિષયસુખને ભોગવો! (કારણ કે–) પુનઃ મનુષ્યપણું નિશ્ચે દુર્લભ છે. (૮૬૦૩) મુનિએ કહ્યું કે–હે નરવર! સ્વયં શરણરહિત પણ તને બીજાઓને શરણ આપવાનું સામર્થ્ય કેવી રીતે પ્રાપ્ત થાય? (૮૬૦૪) એમ કહેવાથી સંભ્રમ પામેલો રાજા બોલ્યો કે–હું ઘણા હાથી, ઘોડા, રથ અને લાખો સુભટોની સામગ્રીવાળો છું (૮૬૦૫) તો હું બીજાને શરણભૂત કેમ ન થાઉં? માટે હે ભગવંત! મૃષા ન બોલો, અથવા તમે મને પણ 'તું અશરણ છે'–એમ કેમ કહ્યું? (૮૬૦૬) મુનિએ કહ્યું કે–ભૂમિનાથ! તું અશરણતાના અર્થને અને તેના (મારી અશરણતાના) (**ઉત્થાણં=**) કારણને જાણતો જ નથી, તો એકાગ્રચિત્તે તેને સાંભળ! (૮૬૦૭) મારો પિતા કૌશામ્બી નગરીમાં (ધનથી) કુબેરના વૈભવવિસ્તારની હાંસી (લઘુતા) કરતો, ઘણા સ્વજનવર્ગવાળો અને જગતમાં પ્રસિદ્ધ હતો. ત્યારે મને પ્રથમ વયમાં જ અતિ દુઃસહ ઘણી આકરી નેત્રપીડા થઈ અને તેનાથી શરીરમાં દાહ થયો. (૮૬૦૮–૯) તેથી શરીરમાં જાણે મોટો (**નિસિય=**) તીક્ષ્ણ ભાલો ભમતો હોય તેમ, અથવા વજ્રહતની જેમ, અતિ કુપિત એવી ચક્ષુપીડાના ભારથી હું પરવશ બની ગયો. (૮૬૧૦) ઘણા મંત્રના, તંત્રના, વિદ્યાના અને ચિકિત્સાશાસ્ત્રોના અર્થને જાણનારા લોકોએ મારી ચિકિત્સા કરી, પણ થોડોય આરામ ન થયો. (૮૬૧૧) પિતાએ પણ મારી થોડી માત્ર પણ વેદનાને જે શીઘ્ર દૂર કરે, તેને સર્વસ્વ પણ આપવાનું કબૂલ્યું. (૮૬૧૨) માતા–ભાઈ–બ્હેન–સ્ત્રી–મિત્રાદિ સર્વ સ્વજનસમૂહ (પણ) ભોજન–પાન–વિલેપન–આભરણ વગેરે પ્રવૃત્તિ છોડીને અત્યંત મનોદુઃખથી નીકળતાં આંસુઓથી મુખને ધોતો (રડતો), કિંકર્તવ્યમૂઢ થઈને મારી સમીપે બેઠો. (૮૬૧૩–૧૪) તથાપિ નિશ્ચે અલ્પ માત્ર પણ ચક્ષુવેદના ઓછી ન થતાં 'અહ હ! મારું કોઇ શરણ નથી.'–એમ વારંવાર

ચિંતવતા મેં પ્રતિજ્ઞા કરી કે-જો આ વેદનાથી મુક્ત થઈશ, તો સર્વ સંબંધોને તજીને સાધુધર્મને સ્વીકારીશ! (૮૬૧૫-૧૬) એવી પ્રતિજ્ઞા કરેલા મને રાત્રિએ નિદ્રા આવી, વેદના ક્ષય પામી અને હું પુનઃ સ્વસ્થ શરીરવાળો (સાજો) થયો. (૮૬૧૭) તે પછી પ્રભાતસમયે સ્વજનવર્ગની સંમતિ મેળવીને શ્રી સર્વજ્ઞભગવંતે કહેલી દીક્ષાને મેં શરણુરૂપે સ્વીકારી છે. (૮૬૧૮) તેથી હે નરવર! આવાં દુઃખોના સમૂહથી ઘેરાએલા જીવોને શ્રી જિનેશ્વરના ધર્મ સિવાય બીજાથી રક્ષણ કે શરણ નથી. (૮૬૧૯) એમ સાંભળીને, રાજા 'તેવું જ છે'-એમ સ્વીકારીને, પ્રણામ કરીને પોતાના સ્થાને ગયો અને સાધુ પણ ત્યાંથી નીકળ્યો. (૮૬૨૦) એમ હે ક્ષપક! સંસારજન્ય સમસ્ત વસ્તુમાંથી રાગબુદ્ધિને તજીને એકાગ્ર ચિત્તવાળો તું અશરણભાવનાને સમ્યગ્ વિચાર-ચિંતવ! (૮૬૨૧) હવે જો નિશ્ચે પ્રત્યેક પણ વસ્તુને વિચારતાં પ્રાણીઓને આ સંસારમાં કોઈ પણ શરણભૂત નથી, તો તે કારણે જ 'સંસાર અતિ વિષમ છે'-એમ જો! (સમજ!) (૮૬૨૨)

**૩. સંસાર ભાવના**-આ સંસારમાં શ્રી જિનવચનથી રહિત, (તેથી જ) મોહના મહા અંધકારના સમૂહથી પરાભવ પામેલો અને ફેલાએલી વિકારની વેદનાથી વિવશ સર્વ અંગોવાળો જીવ એકેન્દ્રિય, વિકલેન્દ્રિય, જળચર, સ્થળચર, ખેચર વગેરે વિવિધ તિર્યંચયોનિઓમાં તથા સઘળી દેવોની અને મનુષ્યોની યોનિઓમાં તથા (સાતેય) નરકોમાં બહુ વાર ભમ્યો. (૮૬૨૩-૨૪) ત્યાં એક એક જાતિમાં ઘણીવાર વિવિધ પ્રકારના વધ, બંધન, ધનહરણ, અપમાન, મહારોગ, શોક અને સંતાપોને પામ્યો. (૮૬૨૫) ઊર્ધ્વ, તિર્છા અને અધોલોકમાં પણ તેવો કોઈ એક (આકાશ) પ્રદેશ નથી, કે જ્યાં (જીવે) ઘણીવાર જન્મ-જરા-મરણ વગેરે પ્રાપ્ત ન કર્યાં હોય. (૮૬૨૬) ભોગસામગ્રીના, શરીરપણાના અને વધ-બંધનાદિના કારણ તરીકે બહુ-બહુ વાર સઘળાય રૂપી (જડ) દ્રવ્યોને પણ પૂર્વે પ્રાપ્ત કર્યાં (ભોગવ્યાં) (૮૬૨૭) અને સંસારમાં ભમતા જીવને અન્ય સર્વ જીવો સ્વજન, મિત્ર, સ્વામી, સેવક અને શત્રુપણે અનેકવાર પરિણમ્યા (સંબંધમાં આવ્યા) છે. (૮૬૨૮) હા ધિક્! ઉદ્વેગકારક એવા સંસારને! કે જ્યાં પોતાની માતા પણ મરીને પુત્રી અને પિતા પણ મરીને પુનઃ પુત્ર થાય છે. (૮૬૨૯) (જંમિ=) જે સંસારમાં સૌભાગ્ય અને રૂપના ગર્વને કરતો યુવાન પણ મરીને ત્યાં પોતાના શરીરમાં જ કૃમિયા તરીકે ઉપજે છે (૮૬૩૦) અને (જ્યાં) માતા પણ (પશુ વગેરે) અન્ય જન્મને પામેલા (પોતાના પૂર્વ) પુત્રનું માંસ પણ ખાય છે, હી! દુષ્ટ સંસારમાં આથી પણ બીજું (મોટું) કષ્ટ કયું છે? (૮૬૩૧) સ્વામી (પણ) ચાકર, ચાકર પણ સ્વામી, નિજપુત્ર પણ પિતા થાય છે અને (જ્યાં) પિતા પણ વૈરભાવથી હણાય છે, તે સંસારસ્વરૂપને ધિક્કાર થાઓ! (૮૬૩૨) એમ વિવિધ આશ્ચર્યોના ભંડાર એવા આ સંસાર અંગે કેટલું કહેવું?, કે જ્યાં જીવો તાપસશેઠની જેમ ચિરકાળ દુઃખી થાય છે! (૮૬૩૩) તે આ પ્રમાણે-

**સંસાર ભાવના વિષે તાપસ શેઠનો પ્રબંધ**-કૌશામ્બી નગરીમાં સદ્ધર્મથી

વિમુખ બુદ્ધિવાળો, અતિ મોટા આરંભો કરવામાં તત્પર એવો અતિ પ્રસિદ્ધ તાપસ નામે શેઠ હતો. (૮૬૩૪) ઘરની મૂર્છાથી અતિ (ગઢિઓ=) આસક્ત તે મરીને પોતાના જ ઘરમાં ભૂંડપણે ઉપજ્યો અને તેને ત્યાં પૂર્વજન્મનું સ્મરણ થયું. (૮૬૩૫) અન્ય અવસરે તેના પુત્રે તેના જ (પુણ્ય) માટે મોટા આડંબરથી વાર્ષિક ક્રિયાનો (મરણતિથિ ઉજવવાનો) પ્રારંભ કર્યો (૮૬૩૬) અને સ્વજનોને, બ્રાહ્મણોને, સંન્યાસીઓ વગેરેને નિમંત્ર્યા પછી તે નિમિત્તે રસોઈ કરનારીએ માંસને પકાવ્યું અને તેને બિલાડા વગેરેએ (હડં=) હરણ (નાશ) કર્યું. (૮૬૩૭) પછી ઘરના માલિકથી ડરેલી તેણીએ (અંતરં=) બીજું માંસ નહિ મળવાથી તે જ ભૂંડને હણ્યો અને તૂર્ત પકાવ્યો. (૮૬૩૮) ત્યાંથી મરેલો તે પુનઃ તે જ ઘરમાં સર્પ થયો અને રસોઈ કરનારીને દેખવાથી મરણના મહા ભયવશ આર્ત્તધ્યાન કરતાં તેને પૂર્વજન્મનું સ્મરણ થયું. તે રસોઈ કરનારી સ્ત્રીએ પણ (બોલો=) કોલાહલ કર્યો (બૂમ મારી), લોકો એકઠા થયા અને તે સાપને હણ્યો. (૮૬૩૯–૪૦) મરેલો તે સાપ પુનઃ પોતાના પુત્રના જ પુત્રપણે જન્મ્યો અને પૂર્વજન્મનું સ્મરણ કરીને આ રીતે વિચારવા લાગ્યો કે-(૮૬૪૧) હું નિજપુત્રને પિતા અને પુત્ર-વધૂને માતા કેમ કહીશ? એથી સંકલ્પ કરીને તે મૌનથી રહેવા લાગ્યો. (૮૬૪૨) કાળે કરીને તે કુમારપણાને (યૌવનને) પામ્યો, (ત્યારે) ત્યાં આવેલા વિશિષ્ટ જ્ઞાની ધર્મરથ નામના આચાર્ય બહારના ઉદ્યાનમાં સમવસર્યા (ઉતર્યા) અને જ્ઞાનના પ્રકાશથી જોયું કે-(અહીં) કોણ બોધ પામશે? તે પછી તેઓએ તે મૌનવતીને જ (યોગ્ય) જાણ્યો, તેથી બે સાધુઓને તેના પૂર્વભવોના સંબંધવાળી ગાથા શીખવાડીને બોધ કરવા માટે તેની પાસે મોકલ્યા અને તેઓએ જઇને નીચેની ગાથા કહી. (૮૬૪૩ થી ૪૫)

"तावस ! किमि(मि)णा मोणव्वएण पडिवज्ज जाणिउं धम्मं । मरिऊण सूयरोरग, जाओ पुत्तस्स पुत्तो त्ति ॥" અર્થાત્-હે તાપસ! આ મૌનવ્રતથી શું? મરીને ભૂંડ, સર્પ અને પુત્રનો પુત્ર થયો છે, એમ જાણીને ધર્મને સ્વીકાર! (૮૬૪૬)

પછી પોતાના ભવનું વૃત્તાન્ત સાંભળીને બોધ પામેલા તેણે તે જ ક્ષણે સૂરિજી પાસે જઇને શ્રી તીર્થંકરદેવનો ધર્મ સ્વીકાર્યો. (૮૬૪૭) આ વિષયમાં હવે વધુ કહેવાથી સર્યું! જો જીવ ધર્મને કરશે નહિ, તો સંસારમાં આકરાં લાખો દુઃખોને પામ્યો છે અને પામશે. (૮૬૪૮) એમ હે ક્ષપક! મહા દુઃખના હેતુભૂત સંસારના સદ્‌ભૂત પદાર્થોની ભાવનામાં તે રીતે ઉદ્યમ કર! કે જેમ પ્રસ્તુત અર્થને (આરાધનાને) લીલાથી (વિના કષ્ટે) સાધી શકે. (૮૬૪૯) (હવે) આ સંસાર વસ્તુઓના અનિત્યપણાથી અલભ્ય શરણવાળો (અશરણ્ય) છે, તે કારણે જ જીવોને એકલાપણું છે, (૮૬૫૦) તેથી પ્રતિ-સમય વધતા સંવેગવાળો, તું મમતાને છોડીને, હૃદયમાં તત્ત્વને ધારણ કરીને એકત્વ ભાવનાને વિચાર! (૮૬૫૧)

૪. **એકત્વ ભાવના**–આત્મા એકલો જ છે. એક તેના મધ્યસ્થભાવ વિના શેષ સંયોગ-જન્ય પ્રાયઃ સઘળું એને દુઃખનું કારણ છે, (૮૬૫૨) કારણ કે–સંસારમાં જીવ સુખને કે દુઃખને એકલો જ ભોગવે છે, બીજો કોઇ તેનો નથી અને તે પણ બીજા કોઇનો નથી. (૮૬૫૩) શોક કરતા સ્વજનોની વચ્ચેથી તે એકલો જ જાય છે. પિતા, પુત્ર, સ્રી કે મિત્રો (કોઇ) તેની પાછળ જતા નથી. (૮૬૫૪) એકલો જ કર્મોને બાંધે છે અને તેનું ફળ પણ એકલો જ ભોગવે છે. નિશ્ચે જન્મે છે એકલો, મરે છે એકલો અને ભવાન્તરમાં જાય છે પણ એકલો. (૮૬૫૫) કોણ કોની સાથે જન્મે છે ? અને કોણ કોની સાથે પરભવમાં જાય છે ? કોણ કોનું શું (હિત) કરે છે ? અને કોણ કોનું શું બગાડે છે ?(૮૬૫૬) અજ્ઞ માનવ પરભવમાં ગયેલા અન્યમનુષ્યનો શોક કરે છે, પણ સંસારમાં પોતે એકલો દુઃખોને ભોગવતો પોતાનો શોક કરતો નથી. (૮૬૫૭) વિદ્યમાન પણ સર્વ (બાહ્ય) પદાર્થોના સમૂહને છોડીને તુર્ત પરલોકથી આ લોકમાં એકલો જ આવે છે અને એકલો જ જાય છે. (૮૬૫૮) નરકમાં એકલો દુઃખને સહે છે, ત્યાં નોકરો અને સ્વજનો હોતા નથી; સ્વર્ગમાં સુખ પણ એકલો જ ભોગવે છે, ત્યાં તેના બીજા સ્વજનો (હોતા) નથી. (૮૬૫૯) સંસારરૂપી કાદવમાં એકલો જ દુઃખી થાય છે, (ત્યારે) તે બિચારાની સાથે સુખ–દુઃખને ભોગવનારો કોઈ બીજો ઇષ્ટ નજરે પણ પડતો નથી. (૮૬૬૦) એથી જ આકરાં પણ ઉપસર્ગોનાં દુઃખોમાં મુનિઓ બીજાની સહાયને ઇચ્છતા નથી, કિન્તુ શ્રી વીરપ્રભુની જેમ સ્વયં સહન કરે છે. (૮૬૬૧) તે આ પ્રમાણે–

**એકત્વ ભાવનામાં શ્રી વીરપ્રભુનો પ્રબંધ**–નિજજન્મદ્વારા ત્રણેય લોકમાં મહા મહોત્સવને પ્રગટાવનારા, તથા પ્રસિદ્ધ એવા કુંડગામ નગરના સ્વામી સિદ્ધાર્થ રાજાના પુત્ર શ્રી મહાવીર પ્રભુએ, ભક્તિના ભારથી નમતા સામંતો અને મંત્રીઓના મુગટમણિઓથી સ્પર્શિત પાદપીઠવાળા અને આજ્ઞાને ઇચ્છતા ચાકરો તથા મનુષ્યોના સમૂહવાળા, એવા રાજ્યને તજીને દીક્ષા લીધી, (ત્યારે) જય–જય શબ્દ કરતા એકઠા થયેલા દેવોએ તેઓની વિસ્તારથી પૂજા (ભક્તિ–સ્તુતિ) કરી અને તેઓએ પ્રેમથી નમ્ર એવા સ્વજનવર્ગને તજી દીધો. પછી દીક્ષા લઈને દીક્ષાના પ્રથમ દિવસે જ કુમારગામની બહારના પ્રદેશમાં (કાઉસ્સગ્ગમાં) રહેલા તે પ્રભુને (કોઈ) પાપી ગોવાળે આ પ્રમાણે કહ્યું કે–હે દેવાર્ય ! હું જ્યાં સુધી ઘેર જઇને પાછો આવું, ત્યાં સુધી તમે મારા આ બળદોને સમ્યગ્ જોતા રહેજો (સંભાળજો) ! (૮૬૬૨ થી ૬૬) કાઉસ્સગ્ગમાં રહેલા જગગુરુને એમ કહીને તે ગયો, ત્યારે યથેચ્છ ભમતા બળદો અટવીમાં પેઠા. (૮૬૬૭) અને ક્ષણ માત્રમાં ગોવાળ આવ્યો, ત્યારે ત્યાં બળદોને નહિ જોવાથી તેણે તે કયાં ગયા ?–એમ ભગવંતને પૂછયું. (૮૬૬૮) જવાબ નહિ મળવાથી સંતાપને પામેલો તે સર્વ દિશાઓમાં શોધવા લાગ્યો, ત્યારે તે બળદો પણ ચિરકાળ સુધી (ચારો) ચરીને પ્રભુની પાસે આવ્યા. (૮૬૬૯) અને ગોવાળ પણ સકલ રાત્રિ સુધી (જંગલમાં) ભમીને તે સ્થાને આવ્યો.

ત્યારે (રોમંથંતે=) વાગોળતા પોતાના બળદોને પ્રભુની પાસે જોયા. (૮૬૭૦) (તેથી) "નિશ્ચે દેવાર્યે હરણ કરવા આ બળદોને (નૂમિય=) છૂપાવીને રાખ્યા હતા, અન્યથા મેં ઘણું પૂછવા છતાં કેમ ન જણાવે?" (૮૬૭૧) એમ કુવિકલ્પવશ પ્રગટેલા તીવ્ર ક્રોધવાળો તે ગોવાળ સખ્ત આક્રોશ (તિરસ્કાર) કરતો પ્રભુને મારવા આવ્યો. (૮૬૭૨) એ પ્રસંગે સૌધર્મેન્દ્ર અવધિજ્ઞાનથી પ્રભુની તેવી અવસ્થાને જોઇને, ભયભીત (અથવા તર્ક-વિતર્કયુક્ત) મનવાળો તૂર્ત (સ્વર્ગથી) નીચે આવ્યો અને (૮૬૭૩) ગોવાળનો સખ્ત તિરસ્કાર કરીને, ત્રણ પ્રદક્ષિણાપૂર્વક પ્રભુને નમીને, લલાટે અંજલિ કરીને ભક્તિથી કહેવા લાગ્યો કે-આજથી બાર વર્ષો સુધી આપને (ઘણા) ઉપસર્ગો થશે, માટે મને આજ્ઞા આપો, કે જેથી શેષ કાર્યોને તજીને (આપની) પાસે રહેલો હું મનુષ્યો, તિર્યંચો અને દેવોએ કરેલા ઉપસર્ગોને અટકાવું. જગત્પ્રભુએ કહ્યું કે-હે દેવેન્દ્ર! તું એ સઘળું કરે, પણ એવું કદાપિ થશે નહિ, થયું નથી અને થતું પણ નથી, કે સંસારમાં ભમતા જીવોને જે (પોતે) પૂર્વે કરેલા દુષ્ટ સ્વેચ્છાચારોથી બંધાએલાં કર્મોની નિર્જરા, સ્વયં તેનો સમ્યગ્ અનુભવ (ભોગવટો) અથવા દુષ્કર તપશ્ચર્યા કર્યા વિના કોઇની પણ સહાયથી થાય! (૮૬૭૪ થી ૭૮) કર્મને વશ પડેલો જીવ એકલો જ સુખ-દુઃખને અનુભવે છે, બીજા તો તે (તેનાં) કર્મની અપેક્ષાએ (અનુસારે) જ ઉપકાર કે અપકાર કરનારા (નિમિત્ત માત્ર) હોય છે. (૮૬૭૯) પ્રભુએ એમ કહેવાથી ઇન્દ્ર નમીને ગયો અને ભુવનનાથ પ્રભુ પણ એકલા (યથાભિમત=) સ્વેચ્છાપૂર્વક દુસ્સહ પરીષહોને સહવા લાગ્યા. (૮૬૮૦) એમ જો ચરમજિન શ્રી વીરપ્રભુએ પણ એકલાએ જ દુઃખ-સુખને સહન કર્યાં, તો હે ક્ષપક! તું એકત્વભાવનાને ભાવનારો કેમ ન થાય? (૮૬૮૧) (એમ) નિશ્ચે સ્વજનાદિ વિવિધ બાહ્ય વસ્તુઓનો સંયોગ હોવા છતાં (તત્ત્વથી) જીવોને એકલાપણું છે, તે કારણે તેઓને પરસ્પર અન્યત્વ (જુદાપણું) (પણ) છે. (૮૬૮૨) જેમ કે-

**૫. અન્યત્વ ભાવના**-સ્વયં કરેલા કર્મોનું ફળ ભિન્ન ભિન્નપણે ભોગવતા જીવોને આ સંસારમાં કોણ કોનો સ્વજન છે? અથવા કોણ કોનો પરજન પણ છે? (૮૬૮૩) જીવ પોતે શરીરથી ભિન્ન છે, આ સકલ વૈભવથી પણ ભિન્ન છે અને પ્રિયા (અથવા પ્રિય), પિતા, પુત્ર મિત્ર અને સ્વજનાદિ વર્ગથી પણ અન્ય (જુદો) છે. (૮૬૮૪) તેમ જીવથી આ સચિત્ત-અચિત્ત (વસ્તુઓના) વિસ્તારો પણ જુદા છે, તેથી તેને પોતાનું હિત પોતે જ કરવું શક્ય છે. (૮૬૮૫) એથી જ નરકજન્ય તીક્ષ્ણ દુઃખોથી પીડાતા અંગવાળા સુલસ નામના મોટા ભાઇને શિવકુમારે શિખામણ આપી હતી. (૮૬૮૬) તે આ પ્રમાણે-

**અન્યત્વ ભાવના વિષે સુલસ-શિવકુમારનો પ્રબંધ**-દશાર્ણપુર નગરમાં પરસ્પર ઘણા સ્નેહથી પ્રતિબદ્ધ દઢ ચિત્તવાળા સુલસ અને શિવ બે ભાઇઓ રહે છે. (૮૬૮૭) પરંતુ પહેલો સુલસ અતિ આકરા કર્મબંધવાળો હોવાથી હેતુ, દૃષ્ટાન્ત અને

યુક્તિઓ વડે સમજાવવા છતાં શ્રી જિનધર્મમાં શ્રદ્ધા કરતો નથી. (૮૬૮૮) બીજો (શિવ) અતિ લઘુકર્મીપણાથી શ્રી જિનેશ્વરદેવના ધર્મને પામેલો સાધુસેવા વગેરે શિષ્ટાચારમાં પ્રવૃત્તિ કરે છે (૮૬૮૯) અને પાપમાં અતિ બદ્ધમનવાળા મોટા ભાઈને સદા શિખામણ આપે છે કે-હે ભાઈ! તું અઘટિત કાર્યોને કેમ કરે છે ? (૮૬૯૦) છિદ્રવાળી હથેલીમાં રહેલા પાણીની જેમ (નિત્ય) ગળતા આયુષ્યને અને ક્ષણ ક્ષણ નાશ પામતી શરીરની સુંદરતાને તું કેમ જોતો નથી ? (૮૬૯૧) અથવા શરદના વાદળની શોભાની જેમ વિખરાતી લક્ષ્મીને તથા નદીના તરંગોની જેમ નાશ પામતા પ્રિયજનના સંગમને પણ કેમ નથી જોતો ? (૮૬૯૨) અથવા પ્રતિદિન સ્વયં મરતા માનવસમૂહને અને મોટા સમુદ્રની જેમ વિવિધ આપદાઓમાં ડૂબેલા જીવોને શું નથી જોતો ?, (૮૬૯૩) કે જેથી આ નરકનિવાસના કારણભૂત એવાં ઘોર પાપોને આચરે છે ? અને તપ-દાન-દયા વગેરે ધર્મમાં થોડો પણ ઉદ્યમ નથી કરતો ? (૮૬૯૪) ત્યારે સુલસે કહ્યું કે-ભોળા ! તું ધૂર્ત લોકોથી ઠગાયો છે, કે જે તું દુઃખના કારણભૂત એવા તપથી નિજકાયાને શોષે છે (૮૬૯૫) અને (ઘણા) દુઃખથી મેળવેલા ધનને નિત્યમેવ તીર્થ વગેરેમાં આપી દે છે. વળી જીવદયામાં રસિક મનવાળો તું પગને પણ પૃથ્વી ઉપર મૂકતો નથી. (૮૬૯૬) આવી તારી શિખામણનું મારે (લેશ) પ્રયોજન નથી. કોણ પ્રત્યક્ષ સુખને તજીને આત્માને પીડે ? (૮૬૯૭) એવાં હાંસીવાળાં ભાઈનાં વચનોને સાંભળીને વિલખો પડેલો શિવ એ જ (સુલસને કહ્યો તેવા જ) વૈરાગ્યને ધારણ કરતો, સદ્ગુરુની પાસે પ્રવ્રજિત થઈને, અતિ ચિરકાળ ઉગ્ર તપને આચરીને, કાળધર્મ પામેલો કૃતપુણ્ય તે અચ્યુતકલ્પમાં દેવપણે ઉપજ્યો. (૮૬૯૮-૯૯) સુલસ પણ કરેલાં પાપોનાં વિસ્તારથી અત્યંત (કર્મો) બાંધીને મરેલો ત્રીજી નરક પૃથ્વીમાં નારકી થયો. (૮૭૦૦) અને ત્યાં કેદમાં નાંખ્યો હોય તેમ કરુણ વિલાપ કરતો, (પરમાધામી દેવો દ્વારા) નિરંતર દાહ દેવો, માર મારવો, બાંધવો, વગેરે ઘણાં દુઃખોને સહવા લાગ્યો. (૮૭૦૧) પછી અવધિજ્ઞાનથી તેને તેવા પ્રકારનો (દુઃખી) દેખીને પૂર્વસ્નેહથી તે (શિવ) દેવ તેની પાસે આવીને કહેવા લાગ્યો કે-હે ભદ્ર ! શું તું મને ઓળખે છે કે નહિ ? તેથી તે સંભ્રમપૂર્વક બોલ્યો કે-મનોહર રૂપધારક તને દેવને કોણ ન જાણે ? (૮૭૦૨-૩) ત્યારે દેવે પૂર્વજન્મના રૂપને તેને યથાસ્થિત દેખાડ્યું, તેથી તે તેને સમ્યક્ ઓળખીને, નેત્રોને કંઇક ખોલીને (સામે જોઇને) બોલ્યો કે-હે ભાઇ ! કહે, તેં આ દિવ્ય દેવની ઋદ્ધિને કયી રીતે મેળવી ? તેથી દેવે કહ્યું કે-હે ભદ્ર ! મેં વિવિધ દુષ્કર તપ, સ્વાધ્યાય, ધ્યાન, વગેરે (સંયમના) યોગોથી શરીરને તે રીતે કષ્ટ આપ્યું, કે જેથી આ ઋદ્ધિને પામ્યો (૮૭૦૪ થી ૬) અને બહુ પ્રકારે લાલન(પાલન)થી શરીરને પુષ્ટ બનાવતા, ધન-સ્વજનાદિ માટે સદા પાપને કરતા, શિખામણ દેવા છતાં ધર્મક્રિયા વિષે પ્રમાદને વશ પડેલા, તેં કોઈ તેવી રીતે (પાપ) વર્તન કર્યું, કે જેથી આવું સંકટ આવી પડ્યું ! (૮૭૦૭-૮) તેં એ પણ ન જ જાણ્યું કે-આ શરીર પણ જીવથી ભિન્ન છે અને ધન-સ્વજનો પણ નિશ્ચે સંકટમાં રક્ષણ કરી શકતા

નથી. (૮૭૦૯) આ કારણે જ હે ભદ્રક ! દેહમાં દુ:ખ નિશ્ચે મહા ફળરૂપ છે, એમ ચિંતવતા મુનિઓ શીત, તાપ, ભૂખ (વગેરે) વેદનાઓને સમ્યગ્ સહે છે. (૮૭૧૦) સુલસે કહ્યું કે–જો એમ છે, તો હે ભાઇ ! હવે પણ તે મારા શરીરને તું (જાએહિ=) પીડા કર, કે જેથી સુખી થાઉં. (૮૭૧૧) દેવે કહ્યું કે–ભાઇ ! જીવરહિત તેને પીડવાથી શું ગુણ થાય ? તેથી હવે પૂર્વે કરેલા કર્મને વિશેષતયા સહન કર ! (૮૭૧૨) એમ દુ:ખને અશક્ય પ્રતિકાર જાણીને તેને સમજાવીને દેવ સ્વર્ગમાં ગયો અને સુલસ ચિરકાળ નરકમાં રહ્યો. (૮૭૧૩) એમ હે ક્ષપક ! શરીર, ધન અને સ્વજનોને ભિન્ન સમજીને જીવદયામાં રક્ત તું ધર્મમાં જ ઉદ્યમી બન ! (૮૭૧૪)

**૬. અશુચિભાવના**–(એમ) જો તત્ત્વથી શરીરથી જીવનું અન્યત્વ (ભિન્નતા) છે, તો (સ્વરૂપે) સિદ્ધ અવસ્થાવાળો જીવ દ્રવ્ય–ભાવથી પવિત્ર જ છે. (૮૭૧૫) અન્યથા શરીરથી (જીવ) જો ભિન્ન ન હોય, તો શરીરનું સદાય અશુચિપણું હોવાથી જીવને નિશ્ચે દ્રવ્ય અને ભાવથી શુચિપણું કોઈ રીતે ન જ થાય. (૮૭૧૬) પુનઃ તેનું (શરીરનું) અશુચિપણું (આ પ્રમાણે છે.) પ્રથમ જ શુક્ર–શોણિતથી ઉત્પત્તિ થવાથી, નિરંતર (માતાના) અપવિત્ર રસના આસ્વાદન દ્વારા નિષ્પત્તિ (નિપજતું) હોવાથી, જરાયુના પડમાં ગાઢ વીંટાવાથી, યોનિમાર્ગે નિકળવાથી, દુર્ગંધવાળા સ્તનનું દૂધ પીવાથી, (પોતાના) અત્યંત દુર્ગંધપણાથી, સેંકડો રોગોની વ્યાકૂળતાથી, નિત્યમેવ વિષ્ટા અને મૂત્રના સંગ્રહથી અને નવ દ્વારોમાંથી (સતત) ઝરતી અતિ ઉત્કટ બીભત્સ મલિનતાથી (શરીર અપવિત્ર છે.) (૮૭૧૭ થી ૧૯) અશુચિથી સ્પૃષ્ટ (ભરેલા) ઘડાની જેમ (શરીરને) સમસ્ત તીર્થોનાં સુગંધી જળો વડે, યાવજ્જીવ સુધી (પાઠાં૦ **ધોવણે**=) ધોવા છતાં નિશ્ચે થોડી પણ શુદ્ધિને નહિ પામતા, એવા અશુચિમય પણ આ શરીરની (**શુચિવાદવાતુલ**=) પવિત્રતાને પોકારતો જે ભટકે છે, તે શુચિવોદ્ બ્રાહ્મણની જેમ અનર્થની પરંપરાને પામે છે. (૮૭૨૦–૨૧) તે આ પ્રમાણે–

**શરીરમાં પવિત્રતાની ભ્રમણા વિષે શૌચવાદી બ્રાહ્મણનો પ્રબંધ**–એક મોટા નગરમાં વેદ–પુરાણ વગેરે શાસ્ત્રમાં કુશળ બુદ્ધિવાળો, એક બ્રાહ્મણ શૌચવાદથી નગરના સર્વ લોકોને હસતો, કુશ (દર્ભ) વનસ્પતિ અને અક્ષતથી મિશ્ર પાણીથી ભરેલા તાંબાના પાત્રને હાથમાં લઇને, 'આ સર્વ અપવિત્ર છે'–એમ માની નગરના માર્ગોમાં (**અબ્ભોખિંતો**=) તે જળને છાંટતો ભમે છે. (૮૭૨૨–૨૩) તેણે એકદા વિચાર્યું કે–મારે વસતિવાળા પ્રદેશમાં રહેવું યોગ્ય નથી. નિશ્ચે અપવિત્ર મનુષ્યોના સંગથી દૂષિત અહીં પવિત્રતા ક્યાંથી ? (૮૭૨૪) તેથી સમુદ્રમાં મનુષ્યો વિનાના કોઇ દ્વીપમાં જઇને શેરડી વગેરેથી પ્રાણપોષણ કરતો ત્યાં રહું ! (૮૭૨૫) એમ સંકલ્પ કરીને અન્ય બંદરે જતા વહાણદ્વારા સમુદ્રને ઉલ્લંઘીને તે ઇક્ષુ (શેરડીના) દ્વીપમાં (**થક્કો**=) રહ્યો.

(૮૭૨૬) અને ભૂખ્યો થતાં પ્રતિદિન શ્રેષ્ઠ શેરડીનું યથેચ્છ ભોજન કરતો, શેરડીની છાલથી છેદાયેલા (પાઠા૦ **વયણો=**) મુખવાળો, (તેથી શેરડીના ભક્ષણથી **પડિભગ્ગો=**) થાકેલો, બીજા ભોજનને શોધતો, તે સમુદ્રમાં વહાણ તૂટવાથી (ત્યાં આવી ચઢેલા), શેરડીના રસથી પ્રગટેલા સખ્ત રેચ (ઝાડા) વાળા, કોઈ વ્યાપારીની શેરડીની વિષ્ટાને એક સ્થળે નીચે (જમીન ઉપર) પડેલી જોઈને 'પિંડરૂપ બનેલાં (આ) શેરડીનાં ફળો છે'–એમ માનીને તેને ખાવા લાગ્યો. (૮૭૨૭ થી ૨૯) કાળાન્તરે કોઈ પ્રસંગે તે વ્યાપારીની સાથે તેને દર્શન (મિલન) થયું અને સાથે જ રહેવાથી પરસ્પર પ્રીતિ થઈ. (૮૭૩૦) (એકદા) ભોજન અવસરે (બ્રાહ્મણે) પૂછ્યું કે–તમે શું ખાઓ છો? વ્યાપારીએ કહ્યું કે–શેરડી! બ્રાહ્મણે કહ્યું કે–અહીં શેરડીનાં ફળોને તું કેમ નથી લેતો? (૮૭૩૧) વ્યાપારીએ કહ્યું કે–શેરડીને ફળ થતાં નથી! બ્રાહ્મણે કહ્યું કે–(મારી સાથે) આવ! કે જેથી તે તુર્ત જ દેખાડું. (૮૭૩૨) ત્યારે નીચે પડેલી કઠિન બનેલી શેરડીની વિષ્ટાને તેણે તે વ્યાપારીને દેખાડી. તેથી વ્યાપારીએ કહ્યું કે–હા, હા, મહાયશ! તું વિમૂઢ થયો છે, આ તો મારી વિષ્ટા છે!–એમ સાંભળીને પરમ (**વિચિકિત્સા=**) સંશયને પામેલા બ્રાહ્મણે કહ્યું કે–હે ભદ્ર! એમ કેમ? તેથી વ્યાપારીએ તેના સિવાય બીજાઓએ પણ વોસિરાવેલી વિષ્ટાની કઠિનતા, સમાનરૂપ, વગેરે (**હેતુ=**) કારણોદ્વારા પ્રતીતિ કરાવી, (૮૭૩૩ થી ૩૫) પછી પરમ શોકને પામેલો બ્રાહ્મણ તેના દેશ તરફ જનારી નાવડીમાં બેસીને પુનઃ પણ પોતાને સ્થાને પહોંચ્યો. (૮૭૩૬) એમ વસ્તુસ્વરૂપથી અજાણ જીવો શૌચરૂપી ગ્રહથી અત્યંત ગ્રસિત થએલા આ જન્મમાં પણ એવા પ્રકારના અનર્થોના ભોગી બને છે અને પરલોકમાં પણ અશુચિ પ્રત્યે દુર્ગંછાથી પ્રગટેલા પાપના વિસ્તારથી અનેક વાર નીચ યોનિઓમાં જન્મ વગેરેને પામે છે. (૮૭૩૭-૩૮) તેથી હે ક્ષપક! દેહના અશુચિપણાને સર્વ પ્રકારે પણ જાણીને (આત્માની) પરમ પવિત્રતા માટે ધર્મમાં જ ઉદ્યમને કર. (૮૭૩૯)

અન્ય આચાર્યો વળી પ્રસ્તુત અશુચિત્વ ભાવનાને સ્થાને આ રીતે અસુખ ભાવનાને ઉપદેશે છે, તેથી તેને પણ જણાવું છું. (૮૭૪૦) શ્રી જિનેશ્વરના ધર્મને છોડીને, ત્રણ ભુવનમાં પણ બીજું (**સુહં=**) સુખકારક (અથવા શુભ) કૃત્ય કે સ્થાન મૃત્યુલોકમાં કે સ્વર્ગમાં ક્યાંય નથી. (૮૭૪૧) ધર્મ, અર્થ અને કામના ભેદથી ત્રણ પ્રકારનું કાર્ય (જીવને) પ્રિય છે. તેમાં ધર્મ એક જ સુખનું કાર્ય છે, જ્યારે અર્થ અને કામ પુનઃ અસુખકારક છે. (૮૭૪૨) જેમ કે–ધન, વૈરભાવની રાજધાની, પરિશ્રમ, કંકાસ અને શોકરૂપી દુઃખોની ખાણી, પાપારંભોનું સ્થાન અને પાપોની (**પાઠાં૦ પસૂઇયા=**) પરમ સૂતિકા (જન્મદાત્રી) છે. (૮૭૪૩) કુળ અને શીલની મર્યાદાને વિડંબનાકારક (તોડાવનાર) સ્વજનો સાથે પણ વિરોધકારક, કુગતિનું કારણ અને ઘણા અનર્થોનો માર્ગ છે. (૮૭૪૪) કામો (વિષયેચ્છાઓ) પણ ઇચ્છા કરવા માત્રથી પણ લજ્જાકારી, જુગુપ્સિત, નીરસ અને પરિશ્રમથી સાધ્ય છે. પ્રારંભમાં કંઇક મધુર છતાં અતિ બીભત્સ તે (કામ–

ભોગો) નિશ્ચે અંતે દુઃખદાયી, ધર્મગુણોની હાનિ કરનારા, ઘણા ભયાનક, અલ્પકાળ રહેનારા, ક્રૂર અને સંસારની વૃદ્ધિ કરનારા છે. (૮૭૪૬) આ સંસારમાં નારકો સહિત તિર્યંચ-સમૂહમાં અને મનુષ્ય સહિત દેવોમાં ( એમ ચારેય ગતિમાં ) જીવોને નિરુપદ્રવ ( દુઃખરહિત ) એવું અલ્પ પણ સ્થાન નથી. (૮૭૪૭) ઘણા પ્રકારનાં દુઃખોની વ્યાકૂળતાથી, પરવશતાથી અને અત્યંત મૂઢપણાથી, તિર્યંચોમાં પણ સુખપણું નથી, તો પુનઃ નરકમાં તે કયાંથી હોય ? (૮૭૪૮) તથા ગર્ભ, જન્મ, દરિદ્રતા, રોગ, જરા, મરણ અને વિયોગથી પરાભવ પામેલા મનુષ્યોમાં ( પણ ) થોડુંય સુખપણું નથી. (૮૭૪૯) માંસ, ચરબી, સ્નાયુઓ રુધિર, હાડકાં, વિષ્ટા, મૂત્ર, આંતરડાંથી સ્વભાવે જ કલુષિત અને નવ છિદ્રોથી ( અશુચિને ) ઝરતા એવા મનુષ્યના શરીરમાં પણ શું સુખપણું છે ? (૮૭૫૦) વળી દેવો પણ પ્રિયનો વિયોગ, સંતાપ, ચ્યવન, ભય અને ગર્ભમાં ઉત્પત્તિની ચિંતા વગેરે વિવિધ (દ્રવ્ય) દુઃખોથી પ્રતિક્ષણ ખેદ કરતા હોય છે (૮૦૫૧) અને ઈર્ષ્યા, વિષાદ, મદ, લોભ, વગેરે કટ્ટર ભાવશત્રુઓથી પણ નિત્ય પીડિત છે, તો તેઓને પણ કોનાથી સુખપણું છે? (૮૭૫૨)

**૭-૮-૯-આશ્રવ, સંવર અને નિર્જરા ભાવના**-એમ દુઃખરૂપ એવા સંસારમાં આ જીવ સર્વ અવસ્થાઓમાં પણ જે કંઇ પણ દુઃખને પામે છે, તે તેનાં બાંધેલાં પાપોનું પરાક્રમ છે. (૮૭૫૩) ઘણા દ્વારવાળું તળાવ જેમ અતિ ઘણા જળનો સંચય કરે, તેમ પ્રાણીઓ જીવહિંસાથી, કષાયોથી નિરંકુશ ઇન્દ્રિઓથી અને મન-વચન-કાયાથી, તથા અવિરતિથી અને મિથ્યાત્વની વાસનાથી જે પાપોનો સંચય કરે ( બાંધે ) છે, તે સર્વ પાપનો આશ્રવ છે. (૮૭૫૪-૫૫) તે આ પ્રમાણે-જેમ સર્વ બાજુથી બંધ નહિ કરેલાં એવાં મોટાં દ્વારોથી મેલા પાણીનો સમૂહ કોઈથી પણ રોકાણ પામ્યા વિના સરોવરમાં પેસે, તેમ નિત્ય ખૂલ્લાં ( વિરતિ નહિ કરેલાં ) જીવહિંસાદિ મોટાં દ્વારોથી ઘણો પાપનો સમૂહ આ જીવમાં પણ પ્રવેશ કરે છે. (૮૭૫૬-૫૭) તે પછી તેનાથી ( **પડહત્થો=** ) પૂર્ણ ભરાયેલો જીવ ( સરોવરમાં ) મચ્છ વગેરે જેમ અનેક દુઃખોના ભોક્તા બને, તેમ દુઃખભાગી બને છે, તેથી હે ક્ષપક ! આશ્રવનો ત્યાગ કર ! (૮૭૫૮) આશ્રવને વશ પડેલો જીવ તીવ્ર સંતાપને પામે છે, તે માટે જીવહિંસાદિની વિરતિદ્વારા તે દ્વારોને બંધ કર ! (૮૭૫૯)

સર્વ જીવોને આત્મતુલ્ય માનનારો એવો જીવ સર્વ આશ્રવદ્વારોનો સંવર કરવાથી તળાવમાં પાણીની જેમ પાપરૂપી પાણીથી ભરાતો નથી. (૮૭૬૦) જેમ બંધ કરેલાં દ્વારવાળા શ્રેષ્ઠ તળાવમાં પાણી પેસતું નથી, તેમ પાપસમૂહ પણ આશ્રવદ્વારોને બંધ કરનારા જીવમાં પેસતો નથી. (૮૭૬૧) તેઓ ધન્ય છે, તેઓને નમસ્કાર થાઓ ! અને તેઓની સાથે નિત્ય સંવાસ થાઓ ! કે જેઓ પાપનાં આશ્રવદ્વારો બંધ કરીને ( તેનાથી ) દૂર રહે છે. (૮૭૬૨) એમ સર્વ આશ્રવદ્વારોના વિસ્તારને રોકીને હે ક્ષપક ! હવે નવમી નિર્જરા ભાવનાને પણ સમ્યગ્ ભાવિત કર ! (૮૭૬૩) જેમ કે-

શ્રી જિનેશ્વરોએ પરને અતિ દુષ્ટ આક્રમણ કરવારૂપ (દુટ્ઠચિન્નાણું=) દુષ્ટ ભાવે બાંધેલાં એવાં પૂર્વે સ્વયં કરેલાં કર્મોની મુક્તિ તેને વેદનાથી (ભોગવવાથી) કહી છે તથા અનિકાચિત સઘળીય કર્મપ્રકૃતિઓની પ્રાયઃ અતિ શુભ અધ્યવસાયથી શીઘ્ર નિર્જરા થાય છે અને પૂર્વકૃત નિકાચિત કર્મોની પણ નિર્જરા બે, ત્રણ, ચાર, પાંચ કે અર્ધમાસના ઉપવાસ વગેરે વિવિધ તપથી કહી છે (૮૭૬૪ થી ૬૬) ત્વચા, રુધિર વગેરે ધાતુઓને તથા સર્વ કર્મોને 'તપાવે તેથી તપ', આ પ્રમાણે તપની નિર્યુક્તિ (વ્યાખ્યા) શાસ્ત્રજ્ઞો કહે છે. (૮૭૬૭) તેમાં વેદવાથી કર્મોની નિર્જરા નારકો (તિર્યંચો) વગેરેને, શુભ ભાવથી (નિર્જરા) ભરતચક્રી વગેરેને અને તપથી (નિર્જરા) શામ્બ વગેરે મહાત્માઓને જાણવી. (૮૭૬૮) તે આ પ્રમાણે-નિરંતર વિવિધ દુઃખોથી પીડાતા નારકીઓ વગેરેને કર્મોની નિર્જરા માત્ર દેશથી કહેલી છે. (૮૭૬૯) અત્યંત વિશુદ્ધિને પામતા શ્રેષ્ઠ ભાવવાળા ભરતાદિને પણ તેવા પ્રકારની (વિશિષ્ટ) કર્મનિર્જરા સિદ્ધાન્તમાં કહી છે. (૮૭૭૦) અને કૃષ્ણે પૂછવાથી શ્રી નેમિનાથ પ્રભુએ બાર વર્ષો પછી દ્વારિકાનો વિનાશ થશે, એમ કહેવાથી સમ્યગ્ સંવેગને પામીને, શ્રી નેમિપ્રભુ પાસે દીક્ષા લઇને દુષ્કર તપશ્ચર્યામાં રક્ત બનેલા એવા શામ્બ વગેરે કુમારોએ (તપથી પણ) કર્મોની નિર્જરા કરી છે. (૮૭૭૧-૭૨) વળી બીજા નવા પાણીના પ્રવેશને (આવવાનું) બંધ કરેલા જળાશયમાં રહેલું જૂનું પાણી જેમ ઠંડી, ગરમી અને પવનથી પ્રેરાઇને સૂકાય છે, તેમ આશ્રવને બંધ કરનારા (રોકનારા) જીવમાં રહેલું પૂર્વે બાંધેલું પાપ પણ તપ, જ્ઞાન, ધ્યાન, અધ્યયન, વગેરે અતિ વિશુદ્ધ ક્રિયાથી નિર્જરાને પામે છે. (૮૭૭૩-૭૪) એમ હે સુંદર! તું નિર્જરા ભાવનારૂપી શ્રેષ્ઠ નાવ વડે દુસ્તર એવા કર્મરૂપી જળમાં(થી) પોતાને શીઘ્ર પાર ઉતાર! (૮૭૭૫) પછી સર્વસંગનો સમ્યગ્ ત્યાગી અને નિર્જરાને ભજનારો થઈને (ઉપર કહેલી) નવ ભાવનાઓથી (આસંગી=) ભાવિત (બનેલો), વિરાગી, તું ઉર્ધ્વ, તિર્ચ્છા અને અધોલોકની સ્થિતિને તથા તેમાં રહેલા સચિત્ત અચિત્ત (મિશ્ર), સર્વ પદાર્થોના સ્વરૂપને પણ ઉપયોગપૂર્વક આ રીતે વિચાર! (૮૭૭૬-૭૭)

**૧૦. લોકસ્વરૂપ ભાવના**-તેમાં ઉર્ધ્વલોકમાં (પાઠાં૦ **વિમાણા=**) દેવવિમાનો, તિર્ચ્છાલોકમાં અસંખ્યાતા દ્વીપ-સમુદ્રો અને નીચે સાત પૃથ્વીઓ, એ પ્રમાણે સંક્ષેપમાં લોકસ્વભાવ (સ્વરૂપ) છે. (૮૭૭૮) લોકસ્થિતિને યથાર્થ નહિ જાણનારો જીવ સ્વકાર્યનો સાધક થતો નથી અને તેનો સમ્યગ્ જ્ઞાતા શિવતાપસની જેમ સ્વકાર્યસાધક બને છે. (૮૭૭૯) તે આ પ્રમાણે-

**લોકસ્વરૂપ ભાવનામાં શિવરાજર્ષિનો પ્રબંધ**-હસ્તિનાગપુર નગરમાં શિવ નામના રાજાએ રાજ્યલક્ષ્મીને તજીને, તાપસી દીક્ષા લઈને વનવાસની ચર્યાને સ્વીકારી. (૮૭૮૦) તે નિમેષરહિત નેત્રોને સૂર્ય સન્મુખ રાખીને ગાઢ તપને તપે છે તથા નિજ-શાસ્ત્રાનુસારે શેષ ક્રિયાકલાપને પણ કરે છે. (૮૭૮૧) એમ તપને તપતા તેને ભદ્રિક

પ્રકૃતિથી તથા કર્મના ક્ષયોપશમથી વિભંગજ્ઞાન પ્રગટ થયું. (૮૭૮૨) પછી તે જ્ઞાનથી લોકને (માત્ર) સાત દ્વીપસાગરપ્રમાણુ જાણીને, પોતાના વિશિષ્ટ જ્ઞાનના વિસ્તારથી તે શિવરાજર્ષિ પ્રસન્ન થયો. (૮૭૮૩) પછી હસ્તિનાગપુરમાં ત્રણ માર્ગવાળા ચોકમાં કે ચૌટામાં આવીને તે લોકોને કહે કે-આ લોકમાં ઉત્કૃષ્ટ સાત દ્વીપો-સમુદ્રો છે. (૮૭૮૪) તેનાથી પર (આગળ) લોકનો અભાવ છે, એમ (કોઈ) હાથમાં રહેલા કુવલયના ફળને જાણે, તેમ હું નિર્મળ જ્ઞાનથી જાણું છું અને જોઉં છું. (૮૭૮૫) તે સમયે પ્રભુ શ્રી વીરજિન પણ ત્યાં પધાર્યા અને શ્રી ગૌતમસ્વામી પણ ભિક્ષા માટે નગરમાં પેઠા.(૭૮૮૬) પાછી લોકમુખે સાત સમુદ્ર-દ્વીપના (પ્રવાદ=) પ્રઘોષને સાંભળીને આશ્ચર્ય પામેલા તે શ્રી ગૌતમ પ્રભુએ પાછા આવીને ઉચિત સમયે પ્રભુને પૂછયું કે-હે નાથ ! અહીં લોકમાં દ્વીપો-સમુદ્રો કેટલા છે ? પ્રભુએ કહ્યું કે-અસંખ્યાતા સમુદ્રો-દ્વીપો છે. (૮૭૮૭-૮૮) એમ પ્રભુએ કહેલું લોકમુખે સાંભળીને સહસા શિવઋષિ જ્યારે શંકા-કાંક્ષાથી ઉપહત (ચલચિત્ત) થયો, ત્યારે તેનું વિભંગજ્ઞાન તૂર્ત નાશ પામ્યું અને અત્યંત ભક્તિના સમૂહથી ભરેલા (તેણે) સમ્યગ્જ્ઞાન માટે આવીને શ્રી વીર પ્રભુને વાંદ્યા. (૮૭૮૯-૯૦) પછી બે હસ્તકમળ મસ્તકે જોડીને, નજીકના ભૂમિપ્રદેશમાં બેસીને અને પ્રભુના મુખ સન્મુખ ચક્ષુને સ્થિર કરીને, ઉદ્યમપૂર્વક સેવા કરવા લાગ્યો. (૮૭૯૧) ત્યારે પ્રભુએ દેવો તિર્યંચો અને મનુષ્યોથી ભરપૂર પર્ષદાને અને તેને પણ લોકનું સ્વરૂપ અને ધર્મનું રહસ્ય વિસ્તારપૂર્વક સમજાવ્યું. (૮૭૯૨) તેને સાંભળીને સમ્યગ્ બોધ પામેલા તેણે પ્રભુની પાસે દીક્ષા લીધી અને તપશ્ચર્યાને કરતો તે મહાત્મા આઠ કર્મોની અતિ આકરી પણ ગાંઠનો લીલા માત્રમાં ક્ષય કરીને રોગરહિત, જન્મરહિત, મરણરહિત અને નિરુપદ્રવ એવા અક્ષયસુખને પામ્યો. (૮૭૯૩-૯૪) એમ હે ક્ષપક ! જગતના સ્વરૂપનો જાણ, વૈરાગી, તું પ્રસ્તુત (સમાધિરૂપ) કાર્યની સિદ્ધિ માટે મનને અલ્પ માત્ર પણ ચંચળ ન કરીશ ! (૮૭૯૫) હે ક્ષપક ! લોકસ્વરૂપને યથાસ્થિત જાણતો પ્રમાદને (**પંયહિય=**) તજીને તું (હવે) બોધિની અતિ દુર્લભતાને વિચાર ! (૮૭૯૬) જેમ કે-

**૧૧. બોધિદુર્લભ ભાવના**-કર્મની પરતંત્રતાથી સંસારરૂપ વનમાં આમ-તેમ (જ્યાં=ત્યાં) ભમતા જીવોને (**જંગમત્તં=**) ત્રસપણું પણ દુર્લભ છે, કારણ સૂત્રમાં કહ્યું છે કે-જેઓ (કદાપિ) ત્રસપણાનો પર્યાય (ભવ) પામ્યા નથી એવા અનંત જીવો છે, તે વારંવાર ત્યાં (સ્થાવરપણામાં) જ ઉપજે છે અને ત્યાં જ મરે છે. (૮૭૯૭-૯૮) (તેમાંથી) મહા મુશીબતે ત્રસપણું પામવા છતાં પંચેન્દ્રિયપણું અતિ દુર્લભ છે અને તેમાં (પંચેન્દ્રિયપણામાં) પણ જળચર, સ્થળચર અને ખેચરોની યોનિઓના ચક્રમાં ચિરકાળ ભમવાથી, જેમ અગાધ જળવાળા (સ્વયંભૂરમણ) સમુદ્રમાં (સામસામા કાંઠે) નાખેલી ધુંસરી અને સમિલાનો યોગ દુર્લભ છે, તેમ મનુષ્યપણું ઘણું દુર્લભ છે અને તેમાં પણ બોધિ અતિ દુર્લભ છે. (૮૭૯૯-૮૮૦૦) કારણ કે-(મનુષ્યને પણ) અકર્મભૂમિઓ

અને અંતરદ્વીપોમાં પ્રાયઃ મુનિના વિહારના અભાવે બોધિ કોનાથી થાય? કર્મભૂમિમાં પણ છ ખંડોમાં પાંચ ખંડો તો સર્વથા અનાર્ય છે, કારણ કે-મધ્યખંડની બહાર ધર્મની અયોગ્યતા છે. (૮૮૦૧-૨) વળી જે ભરતમાં છઠ્ઠો ખંડ શ્રેષ્ઠ છે, તેમાં પણ અયોધ્યાના મધ્યથી સાડા પચીસ દેશ સિવાય શેષ અત્યંત અનાર્ય છે. (૮૮૦૩) અને જે સાડા પચીશ દેશપ્રમાણ આર્યક્ષેત્ર છે, ત્યાં પણ સાધુઓનો વિહાર કોઇક કાળે કોઇક પ્રદેશમાં જ હોય છે. કારણ કહ્યું છે કે- (૮૮૦૪)

૧-મગધદેશમાં રાજગૃહી, ૨-અંગમાં ચંપા, ૩-બંગમાં તામલિપ્તી, ૪-કલિંગમાં કંચનપુર, ૫-કાશીદેશમાં વારાણસી, ૬-કોશલમાં સાકેતપુર, ૭-કુરુદેશમાં ગજપુર, ૮-કુશાર્તદેશમાં શૌરિપુર, ૯-પંચાલમાં કંપિલ્લપુર, ૧૦-જંગલાદેશમાં અહિછત્રા, ૧૧-સોરઠમાં દ્વારામતી, ૧૨-વૈદેહમાં મિથિલા, ૧૩-વચ્છદેશમાં કૌશામ્બી, ૧૪-શાંડિલ્યદેશમાં નંદિપુર, ૧૫-મલયદેશમાં ભદ્દિલપુર, ૧૬-વચ્છદેશમાં વૈરાટ, ૧૭-અચ્છમાં વરણા, ૧૮-દશાર્ણમાં મર્તિકાવતી, ૧૦-ચેદીમાં શુક્તિમતી, ૨૦-સિંધુસૌવિરમાં વીતભય, ૨૧-સૂરસેનમાં મથુરા, ૨૨-ભંગીદેશમાં પાવાપુરી, ૨૩-વર્તદેશમાં માસપુરી, ૨૪-કુણાલમાં શ્રાવસ્તી, ૨૫-લાટમાં કોટિવર્ષિકા અને અર્ધાકેકૈયદેશમાં શ્વેતાંબિકા નગરી, (એ દેશોને) આર્ય કહ્યા છે. આ દેશોમાં જ શ્રી જિનેશ્વરોની, ચક્રવર્તીઓની અને બલદેવો-વસુદેવોની ઉત્પત્તિ (જન્મ) થાય છે. (૮૮૦૫ થી ૧૦) તેમાં પૂર્વદિશામાં-અંગ અને મગધદેશ સુધી, દક્ષિણમાં-કૌશામ્બી સુધી, પશ્ચિમમાં-થૂણદેશ સુધી અને ઉત્તરે-કુણાલદેશ સુધી, એટલું આર્યક્ષેત્ર છે. આ ક્ષેત્રમાં સાધુઓને વિહાર કરવો કલ્પે છે, પણ એની બહાર જ્યાં જ્ઞાનાદિ ગુણોની વૃદ્ધિ ન થાય, ત્યાં ( વિચરવું ) કલ્પે નહિ. (૮૮૧૧-૧૨) વળી જ્યાં સમ્યગ્જ્ઞાનાદિ ગુણરત્નોના નિધાન અને વચનરૂપ કિરણોથી મિથ્યાત્વરૂપ અંધકારનો નાશ કરનારા એવા મુનિવરો વિચરતા નથી, ત્યાં પ્રચંડ પાખંડીઓના સમૂહનાં વચનરૂપ પ્રચંડ વનોથી પ્રેરાયેલી બોધિ, પવનથી ઉડેલી રૂની પૂણીની જેમ નિયમા દુર્લભ છે. (૮૮૧૩-૧૪) એમ હે દેવાનુપ્રિય! બોધિની અતિ દુર્લભતાને જાણીને અને ભયંકર સંસારમાં ચિરકાળ ભમ્યા પછી તેને પ્રાપ્ત કરીને, હવે તારે નિત્ય કોઈ ઉપાયે પણ અતિ આદરપૂર્વક તેમ કરવું જોઇએ, કે જેમ ભાગ્યવશ મળેલી બોધિની સફળતા થાય; કારણ કે- પ્રાપ્ત થએલી બોધિને (સફળ) નહિ કરતો અને ભવિષ્યમાં પુનઃ તેની ઇચ્છા કરતો (તું) બીજા બોધિના દાતારને કયા મૂલ્યથી મેળવીશ? (૮૮૧૫ થી ૧૭) વળી મૂઢપુરુષો તો ક્યાંક દેવના જેવા સુખને, ક્યાંક નારકી જેવા મહા દુઃખને અને ક્યાંક તિર્યંચ વગેરેના પણ ડામ દેવા, ખાસી કરવા, વગેરે વિવિધ દુઃખને પોતાની નજરે જોઇને અને કોઈ દુઃખોને પરોપદેશથી જાણીને પણ અમૂલ્ય બોધિને સ્વીકારતા નથી. (૮૮૧૮-૧૯) જેમ મોટા નગરમાં ગયેલા કોઈ મનુષ્યો પાસે મૂલ્ય ( ધન ) છતાં મૂઢતાથી (ત્યાંનો) લાભ લેતા નથી, તેમ નરભવને પામેલા પણ જીવો (મૂઢતાથી) બોધિને પામતા

નથી. (૮૮૨૦) તથા સત્ય પરીક્ષાને નહિ જાણવાથી ચિંતામણિને ફેંકી દેનારા મૂઢપુરુષોની જેમ મૂઢ માણસો મુશીબતે મળેલા ઉત્તમ બોધિને પણ તૂર્ત તજી દે છે (૮૮૨૧) અને અન્ય વ્યાપારીઓને રત્નો દઈ દીધા પછી વ્યાપારીનો પુત્ર જેમ (પુનઃ તે રત્નોને) પામ્યો નહિ, તેમ બોધિથી ભ્રષ્ટ થએલા પુનઃ શોધવા છતાં તેને પામી શકતા નથી. (૮૮૨૨) તે આ પ્રમાણે–

**૩ બોધિદુર્લભતા વિષે વણિકપુત્રનો પ્રબંધ**–મોટા ધનાઢયોથી પૂર્ણ ભરેલા એક મોટા નગરમાં કળાઓમાં કુશળ, ઉત્તમ, પ્રશાન્ત વેષધારી, શિવદત્ત નામે શેઠ રહે છે. (૮૮૨૩) તેને જ્વર, ભૂત, પિશાચ અને શાકિની વગેરેના ઉપદ્રવને નાશ કરનારાં, પ્રગટ પ્રભાવથી શોભતાં વિવિધ રત્નો છે. (૮૮૨૪) તે રત્નોને તે પ્રાણની જેમ અથવા મોટા નિધાનની જેમ સદા સાચવે છે, પોતાના પુત્ર વગેરેને પણ જેમ–તેમ દેખાડતો નથી. (૮૮૨૫) એકદા તે નગરમાં એક ઉત્સવમાં જેને જેટલી કોડી ધન હતું, તે ધનાઢયે તેટલી ચંદ્રતુલ્ય ઉજ્જવળ ધ્વજાઓ (કોટિધ્વજો) પોતપોતાની હવેલીની ઉપર ચઢાવી. તેને જોઈને તે શેઠને પુત્રોએ કહ્યું કે– (૮૮૨૬-૨૭) 'હે તાત! રત્નોને વેચી દો! ધન (રોકડ) કરો! આ રત્નોનું શું કામ છે? કોટિધ્વજાઓથી આપણું ઘર પણ શોભાને પામો!' (૮૮૨૮) તેથી રુષ્ટ થએલા શેઠે કહ્યું કે–અરે! મારી આગળ ફરી એવું (કદાપિ) બોલશો નહિ! કોઈ રીતે પણ હું એ રત્નોને વેચીશ નહિ. (૮૮૨૯) પછી એ રીતે પિતાનો નિશ્ચય જાણીને પુત્રોએ મૌન કર્યું અને વિશ્વસ્ત મનવાળો શેઠ પણ (એકદા) કાર્યવશ અન્ય ગ્રામે ગયો. (૮૮૩૦) ત્યારે એકાન્ત (પિતાની ગેરહાજરી) જાણીને અન્ય પ્રયોજનોનો (પરિણામનો) વિચાર નહિ કરતા પુત્રોએ દૂર દિશાઓથી આવેલા વ્યાપારીઓને તે રત્નો વેચી દીધાં. (૮૮૩૧) પછી તેના વેચાણથી ઉપજેલી ધનની ઘણા ક્રોડ જેટલી સંખ્યા તેટલા શંખ જેવા ઉજ્જવળ ધ્વજપટોને ઘર ઉપર ચઢાવ્યા. (૮૮૩૨) પછી કેટલાક કાળે શેઠ આવ્યા અને ઘરને જોઈને સહસા વિસ્મય પામીને પુત્રોને પૂછ્યું કે–આ શું છે? (૮૮૩૩) તેઓએ સર્વ વૃત્તાન્ત કહ્યો, તેથી અતિ ગાઢ રોષવાળા (શેઠે) ઘણા કઠોર શબ્દોથી ચિરકાળ તેઓને તિરસ્કાર્યા (૮૮૩૪) અને તે રત્નોને લઈને મારા ઘરમાં આવજો, એમ કહીને જોરથી ગળે પકડીને પોતાના ઘરમાંથી કાઢી મૂકયા. (૮૮૩૫) પછી તે બિચારા ઘણો કાળ સુધી ભમવા છતાં, દૂર દિશાઓમાં પહોંચેલા તે વ્યાપારીઓની પાસેથી નિશ્ચે પોતાનાં રત્નોને પુનઃ કેવી રીતે મેળવે? (૮૮૩૬) અથવા કોઈ રીતે દેવ વગેરેની સહાયથી તેઓ તે રત્નોને તો મેળવે, પણ નાશ પામેલી અત્યંત દુર્લભબોધિ તો (પુનઃ) પ્રાપ્ત ન થાય. (૮૮૩૭)

વળી જ્યારે આ લોક–પરલોકમાં સુખને પામવાનું હોય છે, ત્યારે જ શ્રી જિનકથિત ધર્મનો ભાવથી સ્વીકાર થાય છે. (૮૮૩૮) જેમ જેમ દોષો ઘટે અને જેમ જેમ વિષયોમાં વૈરાગ્ય પ્રગટે, તેમ તેમ જાણવું કે બોધિલાભ નજીક છે. (૮૮૩૯) દુર્ગમ એવી ભવ

અટવીમાં ઘણા લાંબા કાળથી ભમતા, (**નટ્ઠેહિં=**) ભૂલા પડેલા જીવોને ઈષ્ટ એવો શ્રી જિનકથિત સદ્‌ગતિનો માર્ગ અતિ દુર્લભ છે. (૮૮૪૦) મનુષ્યપણું મળવા છતાં મોહના ઉદયથી, કુમાર્ગ ઘણા હોવાથી અને વિષયસુખોના લોભથી, જીવોને મોક્ષમાર્ગ દુર્લભ છે. (૮૮૪૧) તે કારણે ઘણા મૂલ્યવાળાં રત્નોના ભંડારની પ્રાપ્તિતુલ્ય બોધીને પામીને તુચ્છ સુખોને માટે તું તેને એમ જ નિષ્ફળ ગુમાવીશ નહિ. (૮૮૪૨) એવું દુર્લભ પણ બોધિ મુશીબતે મળવા છતાં આ સંસારમાં ધર્માચાર્ય મળવા નિશ્ચે દુર્લભ છે, તે કારણે તું આ જો-વિચાર! (૮૮૪૩)

**ધર્માચાર્યદુર્લભ ભાવના**-જેમ લોકમાં રત્નના અર્થી અને તેના દાતારો પણ થોડા હોય છે, તેમ શુદ્ધ ધર્મના અર્થી અને તેના દાતારો (પણ) (**દઢતરં=**) નિશ્ચે અતિ થોડા જાણવા. (૮૮૪૪) વળી યથોક્ત સાધુતા હોતે છતે જેઓ શાસ્ત્રકથિત કષ, છેદ વગેરેથી વિશુદ્ધ એવા શુદ્ધ ધર્મને દેનારા છે, તે જ ગુરુઓ અહીં સુગુરુપણાને પામે છે. (સદ્‌ગુરુ ગણાય છે.) ૮૮૪૫) એથી જ એ વિશિષ્ટ દષ્ટિવાળા (જ્ઞાની)ઓએ પ્રમાણથી સિદ્ધ અર્થવાળાને ('સાધુ' શબ્દનો અર્થ પ્રમાણિકપણે જેનામાં ઘટે તેને) નિશ્ચયથી ભાવસાધુ જણાવ્યો છે. તે આ પ્રમાણે-(અહીં અનુમાનપ્રમાણની પદ્ધતિથી પોતાના કથનને સિદ્ધ કરે છે-) 'શાસ્ત્રોક્ત ગુણવાળો તે સાધુ, બીજા નહિ,- એ પ્રતિજ્ઞા. એ ગુણવાળા ન હોવાથી બીજા સાધુ નહિ,'-એ હેતુ. 'સુવર્ણની જેમ' એ દષ્ટાન્ત. જેમ ૧-વિષઘાતક, ૨-રસાયણ, ૩-મંગળરૂપ, ૪-વિનીત, ૫-પ્રદક્ષિણા-વર્તવાળું, ૬-ભારે, ૭-અદાહ્ય અને ૮-અકુત્સિત, એ આઠ ગુણો સુવર્ણમાં હોય છે, તેમ ભાવસાધુ પણ ૧-મોહરૂપી ઝેરનો ઘાત કરે, ૨-મોક્ષનો ઉપદેશ કરવાથી રસાયણ, ૩-ગુણોથી તે મંગળદ્રવ્ય (અથવા મંગળ માટે,) ૪-(બાહ્ય મન-વચન-કાયાના) યોગથી વિનીત, (૮૮૪૬ થી ૪૯) ૫-માર્ગાનુસારી હોવાથી પ્રદક્ષિણાવર્ત, ૬-ગંભીર હોવાથી ગુરુ, ૭-ક્રોધરૂપ અગ્નિથી અદાહ્ય (ન બળે) અને ૮-શીયળપણાથી સદા અકુત્સિત (પવિત્ર) હોય છે. (૮૮૫૦) એમ અહીં દષ્ટાન્તના (સોનાના) ગુણો સાધ્યમાં (સાધુમાં) પણ જાણવા યોગ્ય છે, કારણ કે-પ્રાયઃ સમાનધર્મના અભાવે (પદાર્થ) દષ્ટાન્ત બનતો નથી. (૮૮૫૧) જે કષ, છેદ, તાપ અને તાડન-એ ચાર ક્રિયાથી વિશુદ્ધ (પરીક્ષિત) હોય, તે સુવર્ણ (ઉપર કહ્યા તે) વિષઘાતક, રસાયણ, વગેરે ગુણયુક્ત હોય છે. તેમ (**ઇત્તિરમાં=**) સાધુમાં પણ ૧-વિશુદ્ધ લેશ્યા તે કષ, ૨-(**એગસારત્તં=**) એક જ પરમાર્થપણું (ધ્યેયનું લક્ષ્ય) તે છેદ, ૩-અપકારી પ્રત્યે અનુકંપા તે તાપ અને સંકટમાં પણ અતિ નિશ્ચલચિત્ત તે તાડના (જાણવી.) (૮૮૫૨-૫૩) જે સમગ્ર ગુણોથી યુક્ત હોય તે સુવર્ણ કહેવાય, શેષ (**જુત્તી=**) ભેળવણીવાળું (કૃત્રિમ) તે નહિ, એમ સાધુ પણ નિર્ગુણી, કેવળ નામ કે રૂપ (વેષ) માત્રથી સાધુ નથી. (૮૮૫૪) વળી જો કૃત્રિમ સોનાને સુવર્ણ જેવા વર્ણવાળું કરવામાં પણ આવે, તો પણ બીજા ગુણોથી રહિત (હોવાથી)

તે કોઇ રીતે સોનું ન જ બને! (૮૮૫૫) જેમ વર્ણની સાથે (અન્ય) ગુણોનો (નિધિ=) સમૂહ હોવાથી જાતિવંત સોનું સોનું છે, તેમ આ શાસ્ત્રમાં જે જે સાધુગુણો કહ્યા, તેનાથી યુક્ત તે સાધુ છે. (૮૮૫૬) અને વર્ણની સાથે અન્ય ગુણો ન હોવાથી જેમ કૃત્રિમ સોનું (સોનું નથી), તેમ સાધુગુણથી રહિત જે ભિક્ષા માટે ફરે તે સાધુ નથી. (૮૮૫૭) જે (સાધુના) ઉદ્દેશથી કરેલું ખાય, છકાય જીવોના નાશ કરનારો, જે ઘર (મકાનોને) બાંધે (બંધાવે) અને પ્રત્યક્ષ જળગત જીવોને જે પીવે, તે સાધુ કેમ કહેવાય? (૮૮૫૮) (માટે) આ વગેરે બીજા પણ ગુણો નિશ્ચે અહીં જાણવા જોઈએ (અને) આ (કહેવાશે તે:) પરીક્ષાઓ વડે પણ અહીં સાધુની પરીક્ષા કરવી જોઇએ. (૮૮૫૯) આ શાસ્ત્રમાં જે સાધુગુણો (કહ્યા છે), તે અત્યંત સુપરિશુદ્ધ ગુણો વડે મોક્ષસિદ્ધિ થાય છે, એ કારણે (જે તેવા) ગુણોવાળો હોય તે સાધુ છે. (૮૮૬૦) એમ મોક્ષસાધક ગુણોને સાધવાથી જેને સાધુ કહ્યો, તે જ ધર્મોપદેશ કરવાથી ગુરુ પણ છે. તેથી હવે સર્વ લોકોને સવિશેષ જ્ઞાન કરાવવા માટે સંપૂર્ણ સાધુના (પાઠાં૦ ગુણગણરયણ=) ગુણસમૂહરૂપી રત્નોથી શોભતા શરીરવાળા પણ ગુરુની પરીક્ષા (કેવી રીતે કરવી તે) કહેવાય છે. (૮૮૬૧-૬૨) પુનઃ તે પરીક્ષા (જે સાધુ) પરલોક (ના હિતથી) પરાઙ્મુખ, (માત્ર) આ લોકમાં જ બદ્ધબુદ્ધિવાળો અને સદ્ધર્મની વાસનાથી રહિત હોય તેનો વિષય નથી. (અર્થાત્ તેને પરીક્ષા કરવાનો અધિકાર નથી.) વળી જે લોકવ્યવહારથી દેવતુલ્ય (મનાતાં) અને અતિ દુઃખે તજી શકાય તેવાં પણ માતા-પિતાને તજીને, કોઇ પણ પુરુષને નિશ્રાભૂત કરીને (ગુરુરૂપે સ્વીકારીને), શ્રુતથી વિમુખ (અજ્ઞાની) એવો માત્ર ગાડરિયા પ્રવાહને અનુસારે વર્તનારો, અને ધર્મનો અર્થી છતાં સ્વબુદ્ધિ પ્રમાણે કષ્ટકારી ક્રિયાઓમાં રુચિ કરનારો (સ્વેચ્છાચારી) તે સન્માર્ગે ચાલવાની ઇચ્છાવાળો હોય, અથવા ચાલતો હોય તો પણ તેવા સાધુનો પણ પરીક્ષા વિષય નથી. (૮૮૬૩ થી ૬૬) કિન્તુ નિશ્ચે જેણે સંસારની નિર્ગુણતાને (યથાર્થ) ભાવિત કરી (વિચારી) હોય, એથી જેને સંસાર પ્રત્યે વૈરાગ્ય થયો હોય અને તેથી સદ્ધર્મના પ્રરૂપક એવા ગુરુની શોધ કરતો હોય, તેવા આત્માનો વિષય છે, (તેને પરીક્ષાનો અધિકાર છે.) (૮૮૬૭) તેથી ભવભયથી ડરેલા અને સદ્ધર્મમાં એક બદ્ધલક્ષ્યવાળા ભવ્ય આત્માએ દરિદ્ર જેમ ધનવાનને અને સમુદ્રમાં ડૂબતો જેમ વહાણને (શોધે), તેમ આ સંસારમાં પરમપદ (મોક્ષ) નગરના માર્ગે ચાલતા પ્રાણીઓને પરમ સાર્થવાહતુલ્ય અને સમ્યગ્જ્ઞાનાદિ ગુણોથી મહાન્, એવા ગુરુની બુદ્ધિપૂર્વક પરીક્ષા કરવી જોઈએ. (૮૮૬૮-૬૯) જો તુચ્છ ફળદાયી એક રૂપિયો પણ પરીક્ષા કરીને લેવાય છે, તો પરમ (ઉત્કૃષ્ટ) ફળ આપનારા ગુરુની પરીક્ષા તો (અવશ્ય) પ્રયત્નપૂર્વક કરવી જોઇએ. (૮૮૭૦) જેમ જગતમાં હાથી, ઘોડા વગેરે સારા લક્ષણોથી સારા ગુણવાળા મનાય છે, તેમ ગુરુ પણ ધર્મમાં ઉદ્યમ વગેરે લક્ષણોથી શુભ ગુરુ જાણવા. (૮૮૭૧) આ મનુષ્યભવમાં ધર્મ, અર્થ, કામ અને મોક્ષ-એ ચાર પુરુષાર્થો

( સાધવાના ) હોય છે. તે સદ્‌ગુરુના ઉપદેશથી કષ્ટ વિના મળે છે. (૮૮૭૨) આ જગતમાં ( ઉત્તમ ) ગુરુના યોગથી કૃતાર્થ બનેલા યોગીઓ વિશિષ્ટ જ્ઞાનથી પદાર્થોના જાણ બને છે અને શાપ તથા અનુગ્રહ કરવામાં ચતુર બને છે. (૮૮૭૩) જો ત્રણ ભુવનરૂપી પ્રાસાદમાં વિસ્તાર પામતા અજ્ઞાનરૂપી અંધકારના સમૂહને (હરણે=) નાશ કરવા માટે ( સમર્થ ) એવો સમ્યગ્જ્ઞાનથી ચમકતા રૂપવાળો પાપરૂપી પતંગીઆંનો ક્ષય કરવામાં કુશળ અને વાંછિત પદાર્થોને જણાવવામાં તત્પર, એવો ગુરુરૂપી દીપક ન હોત, તો આ બિચારું અંધ-બહેરું જગત કેવું હોત-શું કરત ? (૮૮૭૪-૭૫) જેમ ઉત્તમ વૈદ્યના વચનથી વ્યાધિ સંપૂર્ણ નાશ પામે છે, તેમ સદ્‌ગુરુના ઉપદેશથી કર્મવ્યાધિ પણ નાશ પામે છે એમ જાણવું. (૮૮૭૬) કલિકાળથી સપડાયેલા આ જગતમાં, વિવિધ વાંછિત ફળો આપવામાં વ્યસની, અખંડ ગુણવાળા, એવા ગુરુ સાક્ષાત્ કલ્પવૃક્ષતુલ્ય છે. (૮૮૭૭) સંસારસમુદ્રથી તારવામાં સમર્થ અને મોક્ષના કારણભૂત, એવા સમ્યક્ત્વ, જ્ઞાન અને ચારિત્ર વગેરે ગુણોથી જે મહાન્ છે તે ગુરુ છે. (૮૮૭૮) આર્યદેશ, ઉત્તમ કુળ, વિશિષ્ટ જાતિ, સુંદર રૂપ વગેરે ગુણોથી યુક્ત, સર્વ પાપોના ત્યાગી અને ઉત્તમ ગુરુએ જેને ગુરુપદ આપ્યું હોય, તે પ્રશમગુણવાળા ( **પાઠાં૦ એસ મહપ્પા=** ) એ મહાત્માને ગુરુ કહ્યા છે. (૮૮૭૯) સઘળા અનર્થોના ભંડાર એવા મદ્યને ( સુરાપાનને ) અને અશુચિમૂલક માંસને જે સદાકાળ વર્જે, તેનું ગુરુપણું સ્પષ્ટ છે. (૮૮૮૦) જો શિષ્યની જેમ ગુરુને પણ નિશ્ચે હળ, ખેતર, ગાયો, ભેંસો, ઘર, સ્ત્રી, પુત્ર અને ભાણ્ડ (વિવિધ વસ્તુઓ)નો વ્યવહાર હોય, તો તેના ગુરુપણાથી સર્યું ! (૮૮૮૧) જે પાપારંભો શિષ્યને, તે જ જો ગુરુને પણ હોય, તો અહો ! આશ્ચર્ય છે કે-લીલા માત્રમાં ( અર્થાત્ કષ્ટ વિના ) સંસારસમુદ્રને તે તર્યો ( આ કટાક્ષ વચન હોવાથી ડૂબ્યો ) એમ સમજવું. (૮૮૮૨) જે પ્રાણાન્તે પણ સર્વ રીતે પરની પીડા થાય તેવું ચિંતવે ( ઈચ્છે ) પણ નહિ, તે જીવોની માતાતુલ્ય અને કરુણાના એક રસવાળાને ગુરુ કહ્યો છે. (૮૮૮૩) વિષયોરૂપી માંસમાં આસક્ત હોય તે પુરુષ અન્ય જીવોને ઠગવાની ઇચ્છા કરે, તેથી જે વિષયથી વિરક્ત હોય તે જ પરમાર્થથી ગુરુ છે. (૮૮૮૪) નિત્ય બાળ-ગ્લાન વગેરેનો યથાયોગ્ય સંવિભાગ કરીને ( આપીને ), તે પણ સ્વયં કર્યું, કરાવ્યું કે અનુમોદ્યું ન હોય તેવું, (**ઉદ્ગમાદિ**) સકળ દોષરહિત, તે પણ વૈયાવચ્ચાદિ કારણે જ, તે પણ અંગાર-ધૂમ (રાગ-દ્વેષ) વગેરે દોષોથી રહિત, તે પણ (ઉંછં=) અલ્પ અલ્પ મેળવેલું એવું (**નિરસ-વિરસ**) ભોજન કરે, તેને જ સત્ય ગુરુ કહ્યો છે. (૮૮૮૫-૮૬) (સર્વ) દ્રવ્ય, ક્ષેત્ર, કાળ અને ભાવને આશ્રીને, જે નિત્ય પણ રાગનો ત્યાગી (કોઈ દ્રવ્યાદિની મમતા વિનાનો), તેને જ સત્ય ગુરુ કહ્યો છે. (૮૮૮૭) તપથી સૂકાયેલા શરીરવાળા પણ વ્યાસ વગેરે મહામુનિઓ જે બ્રહ્મચર્યમાં હાર્યા, તે ઘોર બ્રહ્મચર્યને પાળનારો જ ભાવગુરુ છે. (૮૮૮૮) જે નિત્ય અતિ ઉછળતા એવા સ્વ-પર ઉભયના પણ કષાયરૂપ અગ્નિને પ્રશમના ઉપદેશરૂપ

જળથી ઠારવામાં સમર્થ અને ક્ષમાદિ દશ પ્રકારના યતિધર્મના નિર્મળ ગુણોરૂપ મણિઓને પ્રગટાવવામાં રોહણાચલની ભૂમિતુલ્ય હોય, તે શ્રી જિનેશ્વરે કહેલો ઇષ્ટગુરુ છે. (૮૮૮૯-૯૦) જે પાંચ સમિતિવાળો, ત્રણ ગુપ્તિવાળો, યમ-નિયમમાં તત્પર, મહા સાત્ત્વિક અને આગમરૂપ (**પાઠાં૦ પસમ=પ્રશમરૂપ**) અમૃતરસથી તૃપ્ત છે, તેને ભાવગુરુ કહ્યો છે. (૮૮૯૧) સંસ્કૃત, પ્રાકૃત, અપભ્રંશ અને દેશી ભાષાનાં વિશિષ્ટ વચનો વડે શિષ્યને ભણાવવામાં કુશળ એવો જે પ્રિયભાષી તે ભાવગુરુ છે. (૮૮૯૨) જે રીતે રાયને, તે જ રીતે રંકને પણ પ્રશમસરખી ચિત્તવૃત્તિથી સદ્ધર્મને કહે, તે ભાવપ્રધાન (ભાવ) ગુરુ છે. (૮૮૯૩) સુખ-દુઃખમાં, તૃણ-મણિમાં અને કનક-કથિરમાં પણ સમાન, વળી પરાભવ અને સન્માનમાં પણ સમાન અને મિત્ર-શત્રુમાં પણ સમાન (રાગ-દ્વેષરહિત), એવો ધીર તે ગુરુ હોય છે. (૮૮૯૪) શરીરનાં અને મનનાં અનેક દુઃખોના તાપથી તપેલા સંસારી જીવોને, ચંદ્રની જેમ જે શીતળ (શીતળતાકારી) હોય તેનું ગુરુપણું છે. (૮૮૯૫) જેનું હૃદય સંવેગમય હોય, વચન સમ્યગ્ સંવેગમય હોય અને જેની ક્રિયા પણ સંવેગમય હોય તે તત્ત્વથી સદ્ગુરુ છે. (૮૮૯૬) જે સાવદ્ય-નિરવદ્ય ભાષાને જાણે અને સાવદ્યને તજે, નિરવદ્ય પણ કારણે જ બોલે, તે ગુરુનો આશ્રય કરો! (પાઠાં૦ જઓ=) કારણ કે-સાવદ્ય-નિરવદ્ય વચનોના ભેદને જે જાણે નહિ, તેને બોલવું પણ યોગ્ય નથી, તો ઉપદેશ કરવા માટે તો કહેવું જ શું? (૮૮૯૭-૯૮) તેથી જે હેતુવાદ પક્ષમાં (યુક્તિગમ્ય ભાવોમાં) (**હેઉઓ=**) હેતુથી અને (**આગમે=**) શાસ્ત્રગ્રાહ્ય (શ્રદ્ધેય) ભાવોમાં (**આગમિઓ=**) આગમથી સમજાવનારો, તે ગુરુ છે, તેથી (**ઇયરો=**) વિપરીત પ્રરૂપણા કરનારો, શ્રી જિનવચનનો વિરાધક છે, કારણ કે-નિજમતિના અપરાધથી (સ્વમતિકલ્પનાથી) અસંગત ભાવોને પોષનારો મૂઢ, તે બીજાને 'સર્વજ્ઞ મૃષાવાદી છે'-એવી (મિથ્યા) બુદ્ધિ પેદા કરે છે. (૮૮૯૯-૮૯૦૦) દુષ્ટ રીતે (અવિધિથી) ભણેલો કુનયોના લેશ માત્રથી મદમૂઢ બનેલો, જિનમતને નહિ જાણતો તે તેને વિપરીત રીતે કહીને (પ્રરૂપીને) સ્વ-પર ઉભયને પણ નિશ્ચે દુર્ગતિમાં પહોંચાડે છે. (૮૯૦૧)

**ધર્મોપદેશક ગુરુના ગુણો**-તે કારણે ૧-સ્વશાસ્ત્ર-પરશાસ્ત્રનો જાણ, ૨-સંવેગી, ૩-બીજાઓને સંવેગ પ્રગટાવનાર, ૪-મધ્યસ્થ, ૫-કૃતકરણ, ૬-ગ્રાહણાકુશળ, ૭-જીવોના ઉપકારમાં રક્ત, ૮-દૃઢ પ્રતિજ્ઞાવાળો, ૯-અનુવર્તક અને ૧૦-બુદ્ધિમાન (હોય તે) શ્રી જિનકથિત ધર્મને પર્ષદામાં કહેવા માટે યોગ્ય (અધિકારી) છે. (૮૯૦૨-૩)

તેમાં **૧. સ્વશાસ્ત્રો-પરશાસ્ત્રોના જાણ**-પરદર્શનનાં શાસ્ત્રોથી જૈનધર્મની વિશેષતાને જુએ (જાણે), તેથી તે શ્રી જિનધર્મમાં ઉત્સાહને પ્રગટાવે, (૮૯૦૪) અને શ્રી જિનમતનો જાણ (હોવાથી) સઘળા નયોથી સૂત્રાર્થને સમજાવે તથા ઉત્સર્ગ-અપવાદના વિભાગને (પણ) યથાસ્થિત જણાવે. (૮૯૦૫) **૨. સંવેગી**-'આ પરમાર્થ સત્યને કહે છે'-એવી પ્રતીતિ ઇતરમાં (અસંવેગીમાં) ન થાય, (કારણ કે-અસંવેગી) ચરણ-કરણ

ગુણોને તજતો ( અંતે ) સઘળાય વ્યવહારને ( પણ ) તજે. (૮૯૦૬) સુસ્થિર ગુણવાળાનું ( સંવેગીનું ) વચન ઘી–મધથી સિંચેલા અગ્નિની જેમ શોભે છે, ( જ્યારે ) ગુણહીનનું (વચન) તેલરહિત દીપકની જેમ શોભતું નથી. (૮૯૦૭) **૩. અન્યને સંવેગજનક**–આચારમાં વર્તતો ( સદાચારી ) આચારની પ્રરૂપણામાં (**અશંકિત**=) નિઃશંકપણે બોલી શકે, આચારભ્રષ્ટ ચારિત્રની શુદ્ધ દેશના આપે, એવો એકાન્ત નથી. (વિકલ્પ સમજવો.) (૮૯૦૮) લાખો ભવે મળેલા શ્રી જિનવચનને ભાવથી તજતાં જેને દુઃખ ન થયું, તેને બીજો દુઃખી થતાં દુઃખ (કેમ થાય?) ન થાય. (૮૯૦૯) જે યથાશક્ય (આરાધનામાં) ઉદ્યમ કરતો ( હોય તે બીજાને ) સંવેગ પ્રગટાવે. **૪. મધ્યસ્થ, ૫. કૃતકરણ** (દૃઢ અભ્યાસી) અને **૬. ગ્રાહણાકુશળ** ( સમજાવવામાં ચતુર )–એ ત્રણેય સામે આવેલા અર્થીને (શ્રોતાને) અનુગ્રહ કરે. **૭. પરોપકારમાં રક્ત**–ગ્લાનિ પામ્યા વિના 'વારંવાર વાચના આપવી' વગેરે દ્વારા શિષ્યોને સૂત્ર–અર્થ અતિ સ્થિર–પરિચિત ( દૃઢ ) કરાવે. (૮૯૧૦–૧૧) **૮. દૃઢપ્રતિજ્ઞાવાળો**–(**મિયાણુ**=) અલ્પ જ્ઞાનવાળાઓની સમક્ષ અપવાદને ન આચરે અને **૯. અનુવર્તક**–ઘણા પ્રકારના ( ભિન્ન ભિન્ન ક્ષયોપશમવાળા ) શિષ્યોને યથાયોગ્ય ( ઉપદેશાદિ દ્વારા ) સન્માર્ગે ચઢાવે. (૮૯૧૨) **૧૦. મતિમાન્**–નિયમા સઘળા ઉત્સર્ગ–અપવાદોના વિષયને અને વિવિધ મતોની દેશનાને યોગ્ય પરિણત, અપરિણત કે અતિપરિણત, વગેરે શિષ્યોને જાણે. (૮૯૧૩) ( એ રીતે ઉપદેશકની યોગ્યતા જાણવી. ) વળી જે પૃથ્વીની જેમ સર્વ સહન કરનારો, મેરુની જેમ અચળ–ધર્મમાં સ્થિર અને ચંદ્રની જેમ સૌમ્ય લેશ્યાવાળો હોય, તે ધર્મગુરુને ( જ્ઞાનીઓ ) પ્રશંસે છે. (૮૯૧૪) દેશ–કાળનો જાણ, વિવિધ હેતુઓનો તથા કારણોના પ્રકારનો જાણ અને સંગ્રહ તથા ઉપગ્રહ ( સહાય ) કરવામાં જે કુશળ, તે ધર્મગુરુને ( જ્ઞાનીઓ ) પ્રશંસે છે. (૮૯૧૫) લૌકિક, વૈદિક અને લોકોત્તર, એવાં અન્યાન્ય શાસ્ત્રોમાં જે લબ્ધાર્થ ( સ્વયં રહસ્યનો જાણ ) હોય, તથા ગૃહિતાર્થ ( બીજાને પૂછીને અર્થ નિર્ણય કરનાર ) હોય, તે ધર્મગુરુને ( જ્ઞાનીઓ ) પ્રશંસે છે. (૮૯૧૬) ઘણા ભવોમાં ( પરિભ્રમણ કરતો ) જીવ તે તે ક્રિયાઓમાં, કળાઓમાં અને અન્ય ધર્માચરણોમાં ( તે તે વિષયના જાણ એવા ) હજારો ધર્મગુરુઓને મેળવે છે, પણ શ્રી જિનકથિત એવા નિર્ગ્રન્થ પ્રવચનમાં ( જૈનશાસનમાં ) સંસારથી મુક્ત થવાના માર્ગને જણાવનારા એવા જે ધર્મગુરુ, તે અહીં દુર્લભ છે. (૮૯૧૭–૧૮) જેમ એક દીપકથી સો દીપકો થાય અને દીપક પ્રતિપ્રદેશને પ્રકાશે, તેમ દીપક સમાન ધર્મગુરુ પોતાને અને પરને પ્રકાશ કરે છે. (૮૯૧૯) ધર્મનો સમ્યગ્ જાણ, ધર્મપરાયણ, ધર્મને કરનારો અને જીવોને ધર્મશાસ્ત્રના અર્થને જણાવનારો, તે સુગુરુ કહેવાય છે, (૮૯૨૦) ચાણાક્યનીતિ, પંચતંત્ર અને કામંદક નામનું નીતિશાસ્ત્ર, વગેરે રાજ્યનીતિઓનું વ્યાખ્યાન કરનાર ( એવો ગુરુ ) નિશ્ચે જીવોને ( **અણુકંપઓ**= ) હિત કરનાર નથી. (૮૯૨૧) તથા (**અગ્ઘકંડ**=) પદાર્થોના ભાવિ સોંઘા–મોંઘાપણાને જણાવનાર અર્થકાણ્ડ નામે ગ્રંથ વગેરે જ્યોતિષનો, તથા મનુષ્ય–ઘોડા–હાથી(વગેરે)ના વૈદ્યક શાસ્ત્રનો અને ધનુર્વેદ તથા ધાતુર્વાદનો, વગેરે ઉપદેશ (સાવદ્ય

હોવાથી તેને ) કરનાર ગુરુ જીવોનો ઘાતક છે. (૮૯૨૨) વળી વાવ, કૂવા, તળાવ વગેરેનો ઉપદેશ (સદ્ગુરુ) ન આપે, કારણ કે–અસંખ્યાતા જીવોનો વિનાશ કરીને થોડાઓની ભક્તિ ન કરાય. (૮૯૨૩) એથી જ જીવોની અનુકંપાવાળો હોય તે (સુગુરુ) નિશ્ચે હળ, ગાડાં, વહાણ, સંગ્રામ કે ગોધન (ગાયોનો સમૂહ), વગેરે વિષયમાં ઉપદેશ પણ કેમ આપે? (૮૯૨૪) તેથી કષ, છેદ વગેરેથી વિશુદ્ધ એવા ધર્મગુણોરૂપી સુવર્ણના દાતાર ગુરુની જ અહીં આ ભાવનામાં દુર્લભતા કહી છે, (૮૯૨૫)

એમ હે ભદ્રક! ભયંકર ભવની ભીંતને તોડવા હાથીના સૈન્ય જેવી (સમર્થ) બાર ભાવનાઓને સંવેગના પ્રકર્ષવાળા ચિત્તથી ભાવિત કર! (૮૯૨૬) દૃઢ પ્રતિજ્ઞાવાળો સાધુ જેમ જેમ વૈરાગ્યથી ભાવિત થાય છે, તેમ તેમ સૂર્યથી અંધકાર હણાય તેમ અસુખ (કર્મો અથવા દુ:ખ) ક્ષય પામે છે. (૮૯૨૭) પ્રતિસમય પૂર્ણ સદ્ભાવપૂર્વક ભાવનાઓને ભાવવાથી ભવ્ય જીવનાં ચિરસંચિત કર્મો અતિ તીવ્ર અગ્નિના સંગમથી જેમ મીણ ઓગળે તેમ ગળે છે, (૮૯૨૮) નવાં કર્મો બંધાતા નથી ને યથાર્થ ભાવનામાં તત્પર જીવને ચીભડાની ઉત્કટ ગંધથી જેમ સુખડી છેદાય (વેરણ–સીરણ થઈ જાય), તેમ (જુનાં કર્મો) છેદાઈ જાય છે. (૮૯૨૯) અખંડ પ્રચંડ સૂર્યના કિરણોથી ગ્રસિત બરફની જેમ શુભ ભાવનાઓથી અશુભ કર્મોનો સમૂહ (ગાંઠ) ક્ષય પામે છે. (૮૯૩૦) તેથી ધ્યાનરૂપી યોગની નિદ્રાથી અર્દ્ધમીંચેલા નેત્રોવાળો, સંસારથી ડરેલો, એવો તું હે સુંદર! અનાસક્તભાવે બાર ભાવનાઓને ચિંતવ! (૮૯૩૧) એમ બાર પ્રકારની ભાવનાઓના સમૂહ નામનું આ (ચૌદમું) પેટાદ્વાર કહ્યું. હવે પંદરમું શીલપાલન નામનું પેટાદ્વાર કહું છું. (૮૯૩૨)

**અનુશાસ્તિમાં પંદરમું શીલપાલનદ્વાર**–(નિશ્ચયનયથી)શીલ એ પુરુષનો(આત્માનો) સ્વભાવ છે, અને (વ્યવહારથી) આશ્રવનાં દ્વાર રોકવા દ્વારા ચારિત્ર પાળવું તેને શીલ કહ્યું છે, અથવા શીલ મનની સમાધિ છે. (૮૯૩૩) પુરુષસ્વભાવ બે પ્રકારનો છે–પ્રશસ્ત તથા અપ્રશસ્ત. તેમાં જે રાગ–દ્વેષ વગેરેથી કલુષિત તે અપ્રશસ્ત છે અને (૮૯૩૪)ચિત્તની સરળતા,રાગ–દ્વેષની મંદતા અને ધર્મના પરિણામ (આશય), તે પ્રશસ્ત સ્વભાવ છે. અહીં પ્રશસ્ત સ્વભાવ પ્રસ્તુત છે. (૮૯૩૫) એમ અતિ પ્રશસ્ત સ્વભાવરૂપ શીલ જેનું અખંડ (નિર્દોષ) છે, તે મૂળગુણોની આધારશીલા બીજા પણ ગુણસમૂહને ધારણ કરશે. (પામી શકે.) (૮૯૩૬) ચયને (એટલે કર્મના સંચયને) રિક્ત (શૂન્ય–અભાવ) કરવાથી (ચય + રિક્ત =) ચારિત્ર (કહ્યું) છે. વળી તે ચારિત્ર (શાસ્ત્રોક્ત) વિધિ–નિષેધને અનુસરતું અનુષ્ઠાન છે અને તે આશ્રવની વિરતિથી થાય છે. (૮૯૩૭) કારણ કે–(જ્ઞાનીઓ) ચારિત્રપાલનરૂપ શીલની જ વૃદ્ધિ માટે, આશ્રવનો રોધ કરવામાં સમર્થ એવા આ ઉપદેશને આપે છે. જેમ કે–નિર્જરાનો અર્થી સદા ઇન્દ્રિયોનું દમન કરીને અને કષાયરૂપ સર્વ સૈન્યને પણ હણીને, આશ્રવદ્વારોને રોકવા માટે યત્ન કરે! (૮૯૩૮–૩૯) કારણ કે–જેમ રોગથી

પીડિત મનુષ્યને અહિત (અપથ્ય) આહાર છોડવાથી રોગો નાશ પામે, તેમ ઇન્દ્રિયોને અને કષાયોને જીતવાથી આશ્રવો નાશ પામે જ છે. (૮૯૪૦) એથી જ સઘળાય જીવો પ્રત્યે મુનિ સ્વ-આત્મતુલ્ય વર્તાવ કરે છે. સદ્ગતિની પ્રાપ્તિ માટે એથી બીજો ઉપાય જ નથી. (૮૯૪૧) માટે જ્ઞાનથી, ધ્યાનથી અને તપના બળથી બળાત્કારે પણ સર્વ આશ્રવ-દ્વારોને રોકીને નિર્મળ (અખંડ) શીલને ધારણ કરવું જોઇએ. (૮૯૪૨) વળી મનસમાધિ-રૂપ શીલને પણ મોક્ષસાધક ગુણોના (પાઠા૦ ગુણેણું-ગુણથી) મૂળ કારણરૂપ જાણવું. કારણ સૂત્રમાં કહ્યું છે કે-જેને ધૈર્ય (સમાધિ) છે, તેને તપ છે અને જેને તપ છે તેને સદ્ગતિ સુલભ છે. જે પુરૂષો અધૃતિ(અસમાધિ)વાળા છે. તેઓને નિશ્ચે તપ પણ દુર્લભ છે. (૮૯૪૩-૪૪) વળી જે કરણરૂપ (સાધનરૂપ) મન-વચન અને કાયા એ ત્રણ (યોગો) કહ્યા, તે પણ સમાધિવાળાને ગુણકારક અને અસમાધિવાળાને દોષકારક બને છે. (૮૯૪૫) માટે સંસારવાસથી થાકેલા (વૈરાગી) ધન્યપુરુષો દુઃખના હેતુભૂત સ્રીની આસક્તિરૂપ બંધનને તોડીને શ્રમણ બન્યા છે. (૮૯૪૬) ધન્યપુરુષો આત્મહિતને સાંભળે છે, (અતિ) ધન્ય સાંભળેલાને કરે (આચરે) છે અને (તેથી પણ અતિ) ધન્ય સદ્ગતિના માર્ગભૂત એવા ગુણના સમૂહરૂપશીલમાં રમે (રતિ કરે) છે. (૮૯૪૭)જેમ દાવાનળ તૃણસમૂહને બાળે તેમ સમ્યગ્જ્ઞાનરૂપી પવનથી પ્રેરાએલો અને શીલરૂપી મોટી જ્વાળાઓવાળો વિક્લિષ્ટ (ઉગ્ર) તપરૂપી અગ્નિ સંસારના મૂળ બીજને બાળે છે. (૮૯૪૮) નિર્મળ શીલને પાળનારાઓનો આત્મા આ લોકમાં અને પરલોકમાં પણ 'આ જ પરમાત્મા છે' એમ (લોકોથી) ગૌરવને પામે છે. (૮૯૪૯) સત્ય પ્રતિજ્ઞામાં તત્પર, એવા શીલના બળવાળા (આત્માઓ) ઉત્સાહપૂર્વક લીલા માત્રથી અત્યંત મહા ભયંકર પણ આપદાઓનો પાર પામે છે. (૮૯૫૦) શીયલરૂપ અલંકારથી શોભતા આત્માનું તે જ ક્ષણે (તત્કાળ) મરવું પણ શ્રેષ્ઠ છે, કિન્તુ શીલ અલંકારથી ભ્રષ્ટ થએલાનું લાંબુ જીવન પણ નિશ્ચે શ્રેષ્ઠ નથી. (૮૯૫૧) નિર્મળ શીલવાળાએ (શીલ માટે) વારંવાર શત્રુઓના ઘરોમાં ભિક્ષા માટે ભમવું સારું છે, પણ ઉત્તમ એવા શિયળને મલિન કરનારાઓનું ચક્રવર્તીપણું પણ સારું નથી. (૮૯૫૨) મોટા પર્વતના ઉંચા શિખરથી કયાંય વિષમમાં (ખીણમાં), અતિ કઠિન પત્થરમાં પડીને પોતાના (શરીરના) સો ટૂકડા કરવા તે શ્રેષ્ઠ છે; વળી અતિ કૂપિત મોટા ફુંફાડાવાળા, ભયંકર અને રુધિરતુલ્ય લાલ નેત્રવાળા, જેની સામે જોઈ પણ ન શકાય, તેવા સાપના તીક્ષ્ણ દાઢોવાળા મુખમાં હાથ નાખવો શ્રેષ્ઠ છે; તથા આકાશ સુધી પહોંચેલી, જોઇ પણ ન શકાય તેવી, ઘણી જ્વાળાઓના સમૂહથી દીપતા, પ્રચંડ (પ્રલયકારક) અગ્નિના કુંડમાં પોતાને ફેંકવો સારો; અને મહોન્મત્ત હાથીઓના બે ગંડસ્થલ ચીરવામાં એક અભિમાની એવા દુષ્ટ સિંહની અતિ તીક્ષ્ણ મજબૂત દાઢોથી કઠિન એવા મુખમાં પ્રવેશ કરવો સારો; પણ હે વત્સ ! તારે સંસારના સુખ માટે, અતિ દીર્ઘકાળ સુધી પરિપાલન કરેલા નિર્મળ શીલરત્નનો ત્યાગ કરવો સારો નથી. (૮૯૫૩ થી ૫૭) શીલ-રૂપી અલંકારથી શોભતો નિર્ધન પણ નિશ્ચે લોકપૂજ્ય બને છે, કિન્તુ ધનવાન છતાં

દુઃશીલ સ્વજનોમાં પણ પૂજાતો નથી. (૮૯૫૮) નિર્મળ શીલને પાળનારાઓનું જીવન ચિરંજીવી થાઓ ! પણ પાપાસક્ત જીવોના ચિરજીવવાપણાથી કંઈ પણ ( ફળ ) નથી. (૮૦૫૯) માટે ધર્મગુણની ખાણતુલ્ય એવા હે ભાઈ ક્ષપક ! આરાધનામાં સ્થિર મનવાળો તું, ગરલની જેવા દુરાચારીપણાને વમીને મનોહર ચંદ્રના કિરણ સમાન નિર્મળ (નિષ્કલંક) અને સંસારની પરંપરાના (પક્ષે ભવરૂપી વાંસના) અંકુરનો નાશ કરનારું, દેવ-દાનવોના સમૂહને ચિત્તમાં ચમત્કાર કરનારું, મોક્ષનગરની સ્થાપનામાં ખીલા (ખૂંટ) સરખું, જીવોની પીડાના ત્યાગરૂપ, દુર્ગતિના માર્ગની અવજ્ઞાકારક, પાપપ્રવૃત્તિમાં આંખમીંચામણાં (અનાદર) કરનારું અને પરમપદરૂપી લલના સાથે લીલા કરાવનારું, એવા નિર્મળ શીલનું પરિપાલન કર ! (૮૯૬૦ થી ૬૨) એમ પંદરમું શીલપરિપાલનદ્વાર કહ્યું. હવે ઇન્દ્રિયદમન નામનું સોલમું પેટાદ્વાર કંઈક માત્ર જણાવું છું. (૮૯૬૩)

**અનુશાસ્તિમાં સોલમું ઇન્દ્રિયદમન પેટાદ્વાર**-જીવ એટલે ઇન્દ્ર અને આ તેની હોવાથી (વ્યાકરણના નિયમથી) તેને ઇન્દ્રિયો કહેવાય છે. પુનઃ (બીજી રીતે) જીવ એ જ્ઞાનાદિ ગુણોરૂપી લક્ષ્મીને ક્રીડા કરવાના (રહેવાના) મહેલતુલ્ય છે અને ઇન્દ્રિઓ નિશ્ચે તે મહેલના ઝરુખા વગેરે ઘણાં દ્વારોતુલ્ય છે. પરંતુ તે ઇન્દ્રિયોમાં પોતપોતાના નિયત ( શબ્દાદિ ) વિષયોની વિરતિરૂપ કમાડના અભાવે પ્રવેશ કરતા ઘણા કુવિકલ્પોની કલ્પનારૂપ પાપરજના સમૂહથી, ચંદ્રકિરણતુલ્ય ઉજ્જવળ પણ જ્ઞાનાદિ ગુણલક્ષ્મી પૂરી રીતે (અત્યંત) મલિન થાય છે, (૮૯૬૪ થી ૬૬) અથવા નહિ ઢાંકેલાં ઇન્દ્રિયરૂપ દ્વારોવાળા જીવરૂપી પ્રાસાદમાં પ્રવેશ કરીને દુષ્ટ વિષયોરૂપી પ્રચંડ લૂંટારા જ્ઞાનાદિ લક્ષ્મીને લૂંટે છે. (૮૯૬૭) એમ સમ્યગ્ સમજીને, હે ધીર ! તે જ્ઞાનાદિના સંરક્ષણ માટે પ્રયત્ન કરનારો તું, સર્વ ઇન્દ્રિઓરૂપી દ્વારોને સખ્ત બંધ કરેલાં રાખ ! (૮૯૬૮) કારણ કે-સ્વશાસ્ત્ર-પરશાસ્ત્રના ( મત= ) જ્ઞાનના અવગાહનથી ( અભ્યાસથી ) મહાન્ એવા પંડિતપુરુષને પણ (તેના) વેગને નહિ રોકેલો બળવાન ઇન્દ્રિઓનો સમૂહ પરાભવ કરે છે. (૮૯૬૯) વ્રતોને ધરો કે તપશ્ચર્યા કરો, ગુરુનું શરણ કરો કે સૂત્ર-અર્થને પણ ( ઝરણ= ) સ્મરણ કરો, કિન્તુ ઇન્દ્રિયદમનથી રહિત એવા જીવને તે સર્વ ફોતરાં ખાંડવાતુલ્ય ( નિષ્ફળ ) છે. (૮૯૭૦) મદથી પ્રચંડ ગંડસ્થળવાળા હાથીઓની ઘટાનો નાશ કરવામાં મહા સમર્થ પણ જીવ જો ઇન્દ્રિયનો વિજેતા નથી, તો તે પ્રથમ નંબરનો કાયર જ છે. (૮૯૭૧) ત્યાં સુધી જ મોટાઈ છે, ત્યાં સુધી જ કીર્તિ ત્રણ ભુવનના ભૂષણરૂપ છે અને પુરુષની સંભાવના ( પ્રતિષ્ઠા ) પણ ત્યાં સુધી છે, કે જ્યાં સુધી ઇન્દ્રિયો તેના વશમાં છે. (૮૯૭૨) અને જો તે જ પુરુષ તે ઇન્દ્રિયોના વશમાં છે, તો કુળમાં, યશમાં, ધર્મમાં, સંઘમાં, (માતા-પિતાદિ) ગુરુઓમાં અને મિત્રવર્ગમાં તે અવશ્ય મસીનો કૂચડો ફેરવે છે. (કલંકિત કરે છે), (૮૯૭૩) હીનતાને, અનાદેયતાને ( અનાદરને ) અને સર્વલોકની શંકાપાત્રતાને પામે છે. અરે ! એવું તે શું શું અનિષ્ટ છે કે જેને ઇન્દ્રિયોને વશ પડેલાઓ ન પામે ?

(અર્થાત્ વિષયાસક્ત સર્વ અનિષ્ટોને પામે છે.) (૮૯૭૪) મસ્તક વડે પર્વતને પણ તોડી શકાય, જ્વાળાઓથી વિકરાળ અગ્નિને પણ પી શકાય અને તલવારની ધાર ઉપર પણ ચલાય, કિન્તુ ઇન્દ્રિયરૂપી ઘોડાઓને વશ કરવા તે દુષ્કર છે. (૮૯૭૫) (ઓ=) અરર! સતત વિષયોરૂપી જંગલને પ્રાપ્ત કરતો (વિષયોમાં રમતો), નિરંકુશની જેમ દુર્દાન્ત, એવો ઇન્દ્રિયરૂપી ઐરાવણ હાથી, (જીવોના) શીલરૂપી વનને ભાંગતો-તોડતો ભમે છે, (૮૯૭૬) જેઓ તત્ત્વને ઉપદેશે છે, તપને પણ તપે છે અને સંજમગુણોને પણ પાળે છે, તેઓ પણ જેમ નપુંસકો યુદ્ધમાં હારે, તેમ ઇન્દ્રિયોને જીતવામાં થાકી જાય છે. (૮૯૭૭) શક્ર જે ઘણાં (હજાર) નેત્રોવાળો થયો, કૃષ્ણ જે (વયવહુ=) ગોપીઓનો હાસ્યપાત્ર બન્યો, ભટ્ટારક (પૂજ્ય) બ્રહ્મા પણ જે ચતુર્મુખ બન્યો, કામ પણ જે બળીને ખાખ થયો અને મહાદેવ પણ જે અર્ધસ્ત્રીશરીરધારી બન્યો, તે સઘળું દુર્જય એવા ઇન્દ્રિયરૂપી મહારાજાનું વિલસિત (પરાક્રમ) છે. (૮૯૭૮-૭૯) (જીવ) પાંચને વશ થવાથી સમગ્ર જીવલોકને વશ થાય છે અને પાંચનો જય કરવાથી સમસ્ત ત્રણ લોકને પણ જીતે છે. (૮૯૮૦) જો આ જન્મમાં ઇન્દ્રિયદમન ન કર્યું, તો બીજા ધર્મોથી શું? અને જો સમ્યક્ તે ઇન્દ્રિયદમનને કર્યું, તો પછી પણ શેષ ધર્મોથી શું? (૮૯૮૧) અહાહા! ઇન્દ્રિયોના સમૂહનું (અતિ) બલવંતપણું છે, કારણકે-અર્થીઓ અને શાસ્ત્ર-પ્રસિદ્ધ (તેને દમન કરવાના) ઉપાયોના જાણ એવા પણ પુરુષો તેને વશ કરી શકતા નથી. (૮૯૮૨) હું માનું છું કે-શ્રી જિનેશ્વરો અને જિનમતમાં રહેલાને (આરાધકોને) છોડીને, બીજો કોઈ ત્રણેય લોકમાં પણ (પ્રભવંત=) સમર્થ એવી બળવાન ઇન્દ્રિયોને જીત્યો નથી, જીતતો નથી અને જીતશે પણ નહિ. (૮૯૮૩) આ જગતમાં જે ઇન્દ્રિયોનો વિજેતા છે, તે જ શૂર છે, તે જ પંડિત છે, તે જ નિશ્ચે ગુણી છે અને તે જ કુલદીપક છે. (૮૯૮૪) જગતમાં જેનું પ્રયોજન (ધ્યેય) ઇન્દ્રિય દમવાનું છે, તેના ગુણો ગુણો છે અને યશ યશ છે. તેને સુખ હથેલીમાં રહેલું છે, તેને ધૃતિ (સમાધિ) છે અને તે મતિમાન્ છે. (૮૯૮૫) દેવોની શ્રેણીથી પૂજાતા ચરણકમળવાળો ઇન્દ્ર જે સ્વર્ગમાં મોજ કરે છે, ફણાના મણિની કાન્તિથી અંધકારનો નાશ કરનાર ફણીન્દ્ર (નાગરાજ) પણ જે પાતાલમાં મોજ કરે છે, અથવા શત્રુસમૂહને હણનારું એવું ચક્ર જે ચક્રવર્તીની હથેળીમાં ઝૂલે છે, તે સર્વ દીપ્ત એવી ઇન્દ્રિઓના એક લેશ માત્ર દમનની લીલાનું વિલસિત છે. (ઇન્દ્રિયજયનું અંશ માત્ર ફળ છે.) (૮૯૮૬-૮૭) તેને નમો, તેની પ્રશંસા કરો, તેની સેવા કરો અને તેને સહાયક બનાવો (શરણ સ્વીકારો), કે જેણે દુર્દમ એવા ઇન્દ્રિયરૂપી ગજેન્દ્રને (પાઠાં૰ અપ્પવસં=) પોતાને વશ કર્યો છે. (૮૯૮૮) તે જ સદ્ગુરુ અને સુદેવ છે, માટે તેને જ નમો! તેણે જગતને શોભાવ્યું છે, કે વિષયરૂપી પવનથી પ્રેરાવા છતાં જેનો ઇન્દ્રિયોરૂપી અગ્નિ સળગતો નથી. (૮૯૮૯) તેણે જન્મને પુણ્યથી પ્રાપ્ત કર્યો છે અને જીવિત પણ તેનું જ સફળ છે, કે જેણે આ દુષ્ટ એવા ઇન્દ્રિઓના બળવાન વિકારને રોકયો છે. (૮૯૯૦) તેથી હે દેવાનુપ્રિય! તને હિતકર

કહું છું કે–તું પણ તેવું કોઈ રીતે વિશિષ્ટ વર્તન કર. કે જેમ ઇન્દ્રિઓ આત્મારામી (નિર્વિકારી) બને! (૮૯૯૧) ઇન્દ્રિયજન્ય સુખ તે સુખાભાસ (ભ્રાન્તિ) છે, પણ સુખ નથી. તે (ભ્રાન્ત સુખ) પણ નિશ્ચે કર્મોની (ઉપચય=) વૃદ્ધિ માટે છે અને તે કર્મોની વૃદ્ધિ પણ એક દુઃખનું જ કારણ છે. (૮૯૯૨) ઇન્દ્રિઓના વિષયોમાં આસક્ત થવાથી, ઉત્તમ શીલ અને ગુણોરૂપી બે (પેહુણ=) પાંખો વિનાના જીવો કપાયેલી પાંખવાળા પક્ષીઓની જેમ સંસારરૂપી ભયંકર ગુફામાં પટકાય છે. (૮૯૯૩) જેમ મધ ચોપડેલી તલવારની ધારને ચાટતો પુરુષ સુખને માને છે, તેમ ભયંકર પણ ઇન્દ્રિયોના વિષય-સુખને અનુભવતો જીવ (સુખને માને છે.) (૮૯૯૪) સારી રીતે શોધવા છતાં જેમ કેળમાં ક્યાંય સાર (કાષ્ટ) મળતો નથી, તેમ ઇન્દ્રિયવિષયોમાં સારી રીતે શોધવા છતાં સુખ (મળતું) નથી. (૮૯૯૫) જેમ ગ્રીષ્મના તાપથી ત્રાસેલા (પાઠાં૦ દુયં=) શીઘ્ર દોડતા પુરુષને તુચ્છ વૃક્ષની નીચે અલ્પ માત્ર છાયાનું સુખ (મળે) છે, તેવું ઇન્દ્રિયસુખ પણ જાણવું. (૮૯૯૬) અહાહા! ચિરકાળ પોષેલા પણ ઇન્દ્રિયોના સમૂહને કેવી રીતે આત્મીય (પોતાનો) મનાય? કારણ કે–વિષયોમાં આસક્ત થતો તે શત્રુથી પણ અધિક (દુષ્ટ) બને છે. (૮૯૯૭) મોહથી મૂઢ થયો થકો જે જીવ ઇન્દ્રિઓને વશ થાય છે, તેનો આત્મા જ (તેને) અતિ દુઃખ દેનારો તેનો શત્રુ છે. (૮૯૯૮) શ્રોત્રેન્દ્રિયથી ભદ્રા, ચક્ષુના રાગથી સમરધીર રાજા, ઘ્રાણથી રાજપુત્ર અને રસનાથી સોદાસ પરાભવ પામ્યો તથા સ્પર્શનેન્દ્રિયથી શતવારનગરવાસી પુરુષ નાશ પામેલો જોયો (નાશ પામ્યો), એમ તેઓ એક એક ઇન્દ્રિયથી પણ હણાયા, તો જે પાંચેયમાં આસક્ત તેનું શું? (૮૯૯૯-૯૦૦૦) તે પાંચેયનો ભાવાર્થ સંક્ષેપથી ક્રમશઃ કહું છું. તેમાં શ્રોત્રેન્દ્રિય સંબંધી આ દૃષ્ટાન્ત જાણવું. (૯૦૦૧)

**શ્રોત્રેન્દ્રિયની આસક્તિનું દૃષ્ટાન્ત**–વસંતપુર નગરમાં અત્યંત સુંદર સ્વરવાળો અને અત્યંત કુરૂપી એવો અતિ પ્રસિદ્ધ પુષ્પશાળ નામનો ગાયક હતો. (૯૦૦૨) તે જ નગરમાં એક સાર્થવાહ હતો, તે પરદેશ ગયો અને ભદ્રા નામની તેની ભાર્યા ઘરવ્યવહારને સંભાળવા લાગી. (૯૦૦૩) તેણીએ એકદા કોઈ પણ કારણે પોતાની દાસીઓને બજારમાં મોકલી અને તેઓ ઘણા લોકોની સમક્ષ કિન્નરતુલ્ય સ્વરથી ગાતા પુષ્પશાલના ગીતના શબ્દને સાંભળીને ભીંતમાં ચીતરી હોય તેમ સ્થિર ઊભી રહી ગઈ. (૯૦૦૪-૫) પછી ચિરકાળ ઊભી રહીને પોતાને ઘેર આવેલી તેઓને કુપિત થએલી ભદ્રાએ કઠોર વચનોથી ઠપકાવી, (૯૦૦૬) ત્યારે તેઓએ કહ્યું કે–સ્વામિની! રોષ ન કરો! સાંભળો! ત્યાં અમે તેવું (ગાયન) સાંભળ્યું, કે જે પશુના પણ મનને હરણ કરે, તો બીજાઓનું શું? (૯૦૦૭) ભદ્રાએ કહ્યું કે–કેવી રીતે? તેથી દાસીઓએ સર્વ જણાવ્યું. ત્યારે ભદ્રાએ ચિંતવ્યું કે–તે મહાભાગનું દર્શન કેવી રીતે કરવું? (૯૦૦૮) પછી એક પ્રસંગે દેવમંદિરની યાત્રા શરુ થઈ, તેથી સર્વ લોકો ત્યાં જાય છે અને દર્શન કરીને પાછા ફરે છે. (૯૦૦૯)

દાસીઓથી પરિવરેલી ભદ્રા પણ સૂર્ય ઊગતાં ત્યાં ગઇ. (ત્યારે) ગાઇને અતિ થાકેલા, તે દેવમંદિરની નજીકમાં સૂતેલા પુષ્પશાલને કોઈ રીતે દાસીઓએ જોયો અને ભદ્રાને કહ્યું કે–તે આ પુષ્પશાલ છે. (૯૦૧૦-૧૧) પછી ચીપટા નાકવાળા, બીભત્સ હોઠવાળા, મોટા દાંતવાળા, (અથવા પાઠાં૦ સ્થુદંતુરં=) બીભત્સ ઉંચા દાંતવાળા) અને નાની (તુચ્છ) છાતીવાળા તેને જોઈને, 'હું ! આવા રૂપથી એના ગીતને પણ જોયું' એમ બોલતી ભદ્રા અત્યંત મરડેલા (અવળા) મુખથી (તિરસ્કારથી) થૂંકી અને ઊઘીને ઊઠેલા પુષ્પશાલને બીજા હલકટ લોકોએ તે કહ્યું. (૯૦૧૨-૧૩) એ સાંભળીને ક્રોધાગ્નિથી બળતા સર્વ અંગવાળો તે (પુષ્પશાલ) હા, ધિક્ ! (હયાસા=) નિર્ભાગિણી એવી તે વાણીઆની પત્નિ પણ (શું) મને હસે છે ? (૯૦૧૪) એમ અતુલ રોષને વશ પોતાના સર્વ વ્યાપારને (કાર્યોને) વિસરી ગયેલો તે અપકાર કરવાની ઇચ્છાવાળો ભદ્રાના ઘેર પહોંચ્યો. (૯૦૧૫) અને સુંદર સ્વરે અત્યંત આદરથી પરદેશ ગયેલા પતિવાળી સ્રીનો વૃત્તાન્ત આ પ્રમાણે ગાવા લાગ્યો. જેમ કે–સાર્થવાહ (દઢ=) વારંવાર તારા વૃત્તાન્તને પૂછે છે, સદા લેખને (પત્રોને) મોકલે છે, તારું નામ લેવાથી (સાંભળવાથી) અત્યંત હર્ષને પામે છે, (૯૦૧૬-૧૭) તારા દર્શન માટે ઉત્સૂક થએલો આ આવે છે અને ઘરમાં પેસે છે, ઇત્યાદિ તેણે તેણીની આગળ તેવી કોઇ રીતે ગાયું, કે જેથી તેણી 'આ સર્વ સાચું છે' અને પોતાનો પતિ આવે છે, એમ માનતી ઊભી થઈને (ભાન ભૂલેલી) આકાશ તળથી પોતે નીચે પડી. (૯૦૧૮-૧૯) અતિ ઉચ્ચ ભૂમિથી પડવાના પ્રહારથી થયેલા જીવના નિર્ગમથી (પાઠાં૦ નીહરણા=નીકળવાથી) મરેલી તે શ્રી જિનેશ્વરોના સ્નાત્ર સમયે જેમ ઈન્દ્રની કાયા (પંચત્વં=) પાંચ રૂપોને કરે, તેમ (પંચત્વં=) મરણને પામી. (૯૦૨૦) કાળ-ક્રમે તેનો પતિ આવ્યો અને (પત્નીના) વૃત્તાન્તને સાંભળીને અને પુષ્પશાલની અત્યંત પ્રતિકૂળતાને (શત્રુતાને) જાણીને, તેને તેડાવીને, અતિ ઉત્તમ ભોજનદ્વારા ગળા સુધી જમાડીને કહ્યું કે–ભદ્ર ! ગાયન કરતો મહેલ ઉપર ચઢ ! તેથી અત્યંત દઢ એવા ગીતના અહંકારથી સર્વ શક્તિથી ગાતો ગાતો તે મહેલ ઉપર ચઢયો. (૯૦૨૧ થી ૨૩) પછી ગાવાના પરિશ્રમથી વધતા વેગવાળા ઉંચા શ્વાસથી નસ (અથવા મસ્તક) ફૂટવાથી બીચારો તે મરણને પામ્યો. એ શ્રોત્રેન્દ્રિયનો મહાદોષ કહ્યો. (૯૦૨૪)

**ચક્ષુઇન્દ્રિયની આસક્તિનું દૃષ્ટાન્ત**–ચક્ષુઇન્દ્રિયના દોષમાં દૃષ્ટાન્ત (આ પ્રમાણે–) પદ્મખંડ નગરમાં સમરધીર નામનો રાજા રાજ્યલક્ષ્મીને ભોગવે છે. (૯૦૨૫) સઘળી નીતિના નિધાન તે રાજાને પરસ્રી સદા માતાતુલ્ય, પરધન તૃણતુલ્ય અને પરકાર્ય નિજકાર્ય તુલ્ય હતું. (૯૦૨૬) શરણે આવેલાનું રક્ષણ, દુઃખી પ્રાણીઓનો ઉદ્ધાર, (વગેરે) ધર્મકાર્યોમાં વર્તતા એવા જ પોતાના જીવનનું પણ જેણે બહુમાન કર્યું (અર્થાત્ ધર્મ રહિત પોતાના જીવનનું પણ તેને મૂલ્ય ન) હતું. એક અવસરે સુખાસને બેઠેલા એવા તેને દ્વારપાળે ધીમેથી આવીને આદરપૂર્વક પ્રણામ કરતાં વિનંતિ કરી કે–(૯૦૨૭-૨૮)

હે દેવ! તમારા પાદપંકજનાં દર્શન માટે આવેલો શિવ નામનો સાર્થવાહ બહાર ઊભો છે, તે અહીં આવે કે જાય? (૯૦૨૯) રાજાએ કહ્યું કે–ભલે આવે. પછી પ્રવેશ કરેલો તે પ્રણામ કરીને ઉચિત આસને બેઠો અને આ પ્રમાણે કહેવા લાગ્યો કે-(૯૦૩૦) હે દેવ! મારે વિશાળ નેત્રોવાળી, રૂપથી રંભાને પણ શરમાવતી, સુંદર યૌવન પામેલી, પુનમના ચંદ્રતુલ્ય મુખવાળી, ઉન્માદિની નામની પુત્રી છે. (૯૦૩૧) તે સ્ત્રીઓમાં રત્નભૂત છે અને (રાજા હોવાથી) તમે રત્નોના નાથ છો, તેથી હે દેવ! જો યોગ્ય જણાય, તો તમે તેને સ્વીકારો! (૯૦૩૨) હે દેવ! તમને જણાવ્યા વિના કન્યારત્નને બીજાને જો આપું, તો મારી સ્વામિભક્તિ કેવી ગણાય? માટે તમને કહું છું, (૯૦૩૩) (જો કે) માતા-પિતા (તો) અત્યંત નિર્ગુણ પણ પોતાના સંતાનોની શ્લાઘા કરે તે સત્ય છે, પણ તેની સુંદરતા કોઈ જુદી જ છે. (૯૦૩૪) તે આ પ્રમાણે–જન્મ સમયે પણ એણીએ તુર્ત વિજળીના પ્રકાશની જેમ (પોતાના) શરીરથી સૂતિકાઘરમાં સઘળું પ્રકાશિત કર્યું હતું અને ગ્રહો પણ એનું દર્શન કરવા માટે હોય, તેમ સ્પષ્ટ ઉચ્ચ સ્થાને રહ્યા હતા. (એવં=) એ કારણે હે દેવ! તમારાથી (અન્ય) તેનો પતિ ન હોય, (૯૦૩૫-૩૬) એમ જાણીને અત્યંત વિસ્મિત મનવાળા રાજાએ તેને જોવા માટે વિશ્વાસુ માણસોને મોકલ્યા. (૯૦૩૭) તેઓ સાર્થવાહની સાથે જ ગયા, ઘરમાં તેણીને જોઈ અને આશ્ચર્યભૂત એવા તેના રૂપથી આકર્ષિત થયા. (૯૦૩૮) (પછી) મદોન્મત્ત, મૂર્ચ્છિત કે હૃદયથી શૂન્ય થયા હોય તેમ એક ક્ષણ પસાર કરીને એકાન્તમાં બેસીને (તેઓ) વિચારવા લાગ્યા કે અપ્સરાને પણ જીતે તેવું કોઈ આશ્ચર્યકારી આનું ઉત્તમ રૂપ એ જ અંગની શોભા છે, કે જેથી તેણે પાકી વયવાળા પણ આપણને આ રીતે મુંઝવ્યા. (૯૦૩૯-૪૦) આપણા જેવા પાકી વયવાળા પણ જો આના દર્શન માત્રથી પણ આવી અવસ્થાને (વિકારને) પામ્યા, તો નવયૌવનથી મનોહર, અંકુશ વિનાનો (સ્વતંત્ર), સકલ સંપત્તિનું ઘર (સ્વામી) અને અજિતેન્દ્રિય (વિષયાસક્ત), એવો રાજા એણીના વશથી પરાધીન કેમ નહિ બને? (૯૦૪૧-૪૨) પછી રાજા પરવશ થતાં રાજ્ય કેમ અતિ વેરવિખેર ન બને? અને રાજ્ય વેરવિખેર થતાં તો (રાજાનું) રાજાપણું અયથાર્થ (મિથ્યા) થાય! (૯૦૪૩) એમ સમજવા છતાં (સહત્થેણું=) પોતાના હાથે રાજાને (ઈમં) આ કન્યાને પરણાવીને સમસ્ત (ભાવિ=) ભવિષ્યે થનારા દોષોનું કારણ (વયં=) આપણે કેમ ન બનીએ? (૯૦૪૪) તેથી કોઈ પણ દોષ જણાવીને રાજાને આનાથી વ્યાવર્તન કરીએ (બચાવી લઈએ). સઘળાઓએ તે સ્વીકાર્યું અને રાજાની પાસે ગયા. (૯૦૪૫) પછી પૃથ્વીતળને સ્પર્શતા મસ્તક વડે સર્વ આદરપૂર્વક રાજાને પ્રણામ કરીને, નમાવેલા મસ્તકે હાથ જોડીને (અંજલિ કરીને), તેઓ કહેવા લાગ્યા કે– (૯૦૪૬) હે દેવ! રૂપાદિ સર્વ ગુણોથી કન્યા સુશોભિત છે, માત્ર તે પતિનો વધ કરનારા એક મોટા દુષ્ટ લક્ષણવાળી છે. (૯૦૪૭) તેથી રાજાએ તેને તજી દીધી. પછી તેના પિતાએ તે રાજાના જ સેનાપતિને

તે (કન્યા) આપી અને તે પરણ્યો. (૯૦૪૮) પછી તેના રૂપથી, યૌવનથી અને સૌભાગ્યથી હરાયેલા હૃદયવાળો (વશ થયેલો) સેનાપતિ પત્નીમાં જ અત્યંત એકચિત્ત (પરવશ) થયો. (૯૦૪૯) દિવસો જતાં એક અવસરે રાજા સુભટોના સમૂહથી પરિવરેલો, હાથીની ખાંધે બેઠેલો, સુંદર ચામરોના સમૂહથી વીંજાતો અને ઉપર ધરેલા શ્વેત છત્રવાળો તે સેનાપતિની સાથે રવાડીએ (ફરવા માટે) નીકળ્યો. (૯૦૫૦-૫૧) ત્યારે તે સેનાપતિની ભાર્યાએ વિચાર્યું કે-'અપલક્ષણી છું' એમ માની રાજાએ મને કેમ તજી દીધી? (માટે) મારે આવી રહેલા તેનું દર્શન કરવું. (૯૦૫૨) એમ વિચારીને નિર્મળ બહુમૂલ્ય રેશમી વસ્ત્રોને ધારણ કરીને રાજાના દર્શન માટે પ્રાસાદે ચઢીને ઉભી રહી. (૯૦૫૩) રાજા પણ બહાર શ્રેષ્ઠ ઘોડા, હાથી અને રથોથી એક ક્ષણ પરિશ્રમ (ક્રીડા) કરીને પોતાના ઘેર જવાના ઉદ્દેશથી આવવા લાગ્યો (પાછો ફર્યો) (૯૦૫૪) અને આવતા રાજાની (**નિસ્સટ્ઠ**=) નીકળેલી વિકાસી કમલના પત્રતુલ્ય દીર્ઘદષ્ટિ કોઇ રીતે તે રીતે (જોવા માટે) ઊભેલી તેણીની ઉપર પડી. (૯૦૫૫) તેથી તેમાં એક મનવાળો બનેલો રાજા, શું રતિ છે? શું રંભા છે? અથવા શું પાતાલકન્યા છે, કે શું તેજલક્ષ્મી છે? એમ ચિંતવતો, એક ક્ષણ ઊભો રહીને જેમ દુષ્ટ અશ્વને લગામથી કબજે કરે, તેમ ચક્ષુને લજ્જારૂપી લગામથી અત્યંત વાળીને મહા મુશીબતે પોતાના મહેલમાં પાછો ગયો (પહોંચ્યો). (૯૦૫૬-૫૭) અને સઘળા મંત્રીઓને, સામંતોને તથા સુભટવર્ગને સ્વસ્વ સ્થાને મોકલીને, બીજી સર્વ પ્રવૃત્તિ છોડીને, મુશીબતે શય્યામાં બેઠો. (૯૦૫૮) પછી તેણીના (પાઠાં૦ **પંચંગચંગિમા**=) અંગની અને ઉપાંગની સુંદરતા જોવાથી મનથી વ્યાકૂલિત થએલા તે રાજાના અંગને કામ અતિ પીડવા લાગ્યો. (૯૦૫૯) તેથી કમળ સમાન નેત્રવાળી તેને જ સર્વત્ર જોતો, તન્મય ચિત્તવાળો, રાજા ચિત્રથી ચિતર્યો હોય તેમ સ્થિર થઇ ગયો. (૯૦૬૦) અને નિયત અવસરે સેનાપતિ આવ્યો ત્યારે રાજાએ પૂછ્યું કે-તે અવસરે તારા ઘર ઉપર કયી દેવી હતી? (૯૦૬૧) તેણે કહ્યું કે-દેવ! એ તે હતી, કે જે સાર્થવાહની કન્યાને તમે તજી દીધી, હવે તે મારી પત્ની હોવાથી પરાયી થઈ. (૯૦૬૨) પછી અહાહા! નિર્દોષ પણ તે સ્ત્રીને દોષિત જણાવનારા પાપી તે (**કારણિક**=) અધિકારી (પણ મારા) પુરુષોએ મને કેમ ઠગ્યો? (૯૦૬૩) એમ અતિ ચિંતાતુર રાજા લાંબો નીસાસો નાખીને દુઃસહ (**વિસમસીલીમુહસિહિ**=) કામાગ્નિથી આકરા સંતાપને પામ્યો. (૯૦૬૪) (રાજાના દુઃખનું) રહસ્ય જાણીને સેનાપતિએ પ્રસંગ પામીને (કહ્યું) કે-સ્વામિન્! કૃપા કરો! તે મારી ભાર્યાને સ્વીકારો! (કારણ કે-) સેવકોનું જીવિત (પ્રાણો) પણ નિશ્ચે સ્વામીને સ્વાધીન હોય છે, તો પછી બાહ્યરૂપ એવા ધન, પરિજન, મકાન (વગેરે) વિસ્તારનું શું કહેવું? (૯૦૬૫-૬૬) એમ સાંભળીને રાજા હૃદયમાં વિચારવા લાગ્યો કે-(એક બાજુ) કામાગ્નિ અત્યંત દુઃસહ છે, (બીજી બાજુ) કુળને (**ગંજણા**=) કલંક (પણ) મોટું છે. (૯૦૬૭) યાવચ્ચંદ્ર કાળા અપયશની સ્પર્શનારૂપ અને નીતિના અત્યંત ઘાતરૂપ પરસ્ત્રી-સેવન મારા જેવાને મરણાન્તે પણ યોગ્ય નથી. (૯૦૬૮) એમ નિશ્ચય કરીને રાજાએ

સેનાપતિને કહ્યું કે-હે ભદ્ર ! આવું અકાર્ય પુનઃ (કદાપિ) મને કહીશ નહિ ! (૯૦૬૯) નરકરૂપ નગરનું એક દ્વાર અને નિર્મળ ગુણમંદિરમાં મસીનો ગાઢ કુચડો (કાળું કલંક), એવો પરદારાનો ભોગ નીતિના પાલકોથી કેમ કરાય ? (૯૦૭૦) ત્યારે સેનાપતિએ કહ્યું કે-હે દેવ ! જો પરદારા હોવાથી ન સ્વીકારો, તો દેવમંદિરોમાં (અથવા આપના મહેલમાં) એને નાચનારી વેશ્યા તરીકે આપું. તે પછી વેશ્યા માનીને ભોગવનારા તમે પરસ્ત્રી-દોષના પાત્ર નહિ થાઓ ! માટે આ વિષયમાં મને આદેશ આપો ! (૯૦૭૧-૭૨) રાજાએ કહ્યું કે-ભલે કંઈ પણ (થવાનું) થાઓ ! હું મરણે પણ આવું અકાર્ય નહિ કરું ! માટે હે સેનાધિપતિ ! બહુ કહેવાનું બંધ કર ! (૯૦૭૩) પછી પ્રણામ કરીને સેનાપતિ પોતાના ઘેર ગયો. રાજા પણ તેને જોવાના અનુરાગરૂપ અગ્નિથી શરીરે અત્યંત બળતો, રાજકાર્યોને છોડીને હૃદયમાં તેવા કોઈ તીવ્ર આઘાતને પામ્યો, કે જેથી આર્ત્તધ્યાનને વશ મરીને તિર્યંચ થયો. (૯૦૭૪-૭૫) એવા પ્રકારના દોષોનું કારણ જે ચક્ષુરાગ તે કહ્યો. હવે ઘ્રાણના રાગમાં થતા દોષને સંક્ષેપથી કહું છું. (૯૦૭૬)

**ઘ્રાણેન્દ્રિયના રાગ વિષે ગન્ધપ્રિયનો પ્રબંધ**-અતિ ગંધપ્રિય એક રાજપુત્ર જે જે સુગંધી વસ્તુને દેખે તે તે સર્વને સૂંઘે છે. કોઈ વાર ઘણા મિત્રોથી પરિવરેલો તે નાવડીઓ વડે નદીના પાણીમાં રમે છે. તેને તે રીતે રમતો જાણીને, પોતાના પુત્રને રાજ્યની ઇચ્છાવાળી તેની સાવકી માતાએ તેની ગંધપ્રિયતા જાણીને તેને મારવા માટે તીવ્ર મહા ઝેરને અતિ કુશળતાથી (કપટકળાથી) પેટીમાં મૂક્યું અને તે પેટીને નદીના પાણીમાં વહેતી મૂકી. પછી (નદીમાં) રમતા તેણે આવતી (પેટીને) કોઈ રીતે જોઇ. (૯૦૭૭ થી ૮૦) પછી તેને બહાર કાઢીને જ્યારે ઊઘાડી, ત્યારે તેમાં મૂકેલા એક ડબાને જોયો, તેને પણ ઊઘાડયો, તેમાંથી એક ગાંઠડીને (પોટલીને) લીધી અને તેને પણ છોડીને તે ઝેરને સૂંઘતો તે ગંધપ્રિય તુર્ત મરણને પામ્યો. (૯૦૮૧-૮૨) એવાં દુઃખને દેનારી ઘ્રાણેન્દ્રિયને દૃષ્ટાન્ત સાથે કહી. હવે રસનાના દોષનું ઉદાહરણ લેશ માત્ર કહું છું. (૯૦૮૩)

**રસનેન્દ્રિયના રાગ વિષે સોદાસનો પ્રબંધ**-ભૂમિપ્રતિષ્ઠિત નગરમાં અત્યંત માંસપ્રિય એવો સોદાસ નામે રાજા હતો. તેણે એક પ્રસંગે સમગ્ર નગરમાં અમારિની (અહિંસાની) ઉદ્‌ઘોષણા કરાવી, પણ રાજાને માટે યત્નપૂર્વક (કાળજીથી) માંસને પકાવતા રસોઇયાનું કોઈ કારણે અંતર પામીને (ગેરહાજરી જોઈને) બિલાડાએ (તે માંસનું) હરણ કર્યું, તેથી ભયભીત થએલા રસોઈયાએ કસાઈઓ વગેરેના ઘરોમાં બીજું માંસ નહિ મળવાથી એક (કોઈ) અજાણ્યા બાળકને એકાન્તમાં હણીને (તેના માંસને) ઘણી સારી રીતે સંસ્કારિત (સ્વાદિષ્ટ) બનાવીને ભોજન સમયે રાજાને આપ્યું. (૯૦૮૪ થી ૮૭) તેને ખાઇને પ્રસન્ન થએલા રાજાએ કહ્યું કે-હે રસોઈયા ! કહે ! આ માંસ કયાંથી મળ્યું ? તે રસોઇયાએ જેમ બન્યું હતું તેમ કહ્યું (૯૦૮૮) અને તેને સાંભળીને જીહ્વાદોષથી (રસાસક્તિથી) પીડાતા રાજાએ મનુષ્યના માંસને (મેળવવા)

માટે રસોઇયાને સહાયકો સોંપ્યા. (૯૦૮૯) તેથી રાજપુરુષોથી પરિવરેલો તે રસોઇયો (નિત્ય) માણસને મારીને તેનું માંસ રાજાને માટે પકાવવા લાગ્યો, એમ દિવસો જતાં ન્યાયાધીશોએ તે રાજાને રાક્ષસ છે એમ માનીને, રાત્રે ઘણો દારુ પાઇને જંગલમાં ફેંકાવી દીધો. (૯૦૯૦-૯૧) ત્યાં તે હાથમાં ગદા પકડીને તે માર્ગેથી જતા માણસને મારીને ખાય છે અને યમની જેમ નિઃશંક ભમે છે. (૯૦૯૨) અન્ય અવસરે રાત્રે તે પ્રદેશમાંથી એક સાર્થ પસાર થયો, (પણ) સૂતેલા તેણે (સાર્થને) જાણ્યો નહિ, માત્ર કોઈ કારણે સાર્થથી જુદા પડેલા મુનિઓને આવશ્યક (ક્રિયા) કરતા જોયા, તેથી તે પાપી તેઓને હણવા માટે પાસે ઊભો રહેવા લાગ્યો, પણ તપના પ્રબળ તેજથી પરાભવ પામેલો સાધુઓ પાસે ઊભો રહેવા અશક્ત તે ધર્મશ્રવણનું ચિંતન કરતાં પ્રતિબોધ પામ્યો અને સાધુ થયો. (૯૦૯૩ થી ૯૫) જો કે તે અંતે બોધિને પામ્યો, તો પણ તે પહેલાં રાજ્યભ્રષ્ટતા વગેરે રસનાના દોષોને પણ તે પામ્યો.(૯૦૯૬)

**સ્પર્શનેન્દ્રિયના રાગ વિષે બ્રાહ્મણનો પ્રબંધ**-સ્પર્શનેન્દ્રિયના દોષમાં પણ ઉદાહરણ છે કે-શતદ્વાર નગરમાં સોમદેવ નામનો બ્રાહ્મણપુત્ર રહે છે. (૯૦૯૭) યૌવન પામેલો તે રતિસુંદરી વેશ્યાના રૂપ અને સ્પર્શમાં આસક્ત થઈ તેની સાથે ઘણો કાળ રહ્યો. (૯૦૯૮) પૂર્વપુરુષોએ મેળવેલું જે કંઈ પણ ધન પોતાના ઘરમાં હતું તે સર્વ નિઠવાડ્યું. (નાશ કર્યું). પછી ધનના અભાવે વેશ્યાની માતાએ ઘેરથી કાઢી મૂક્યો, તેથી વિમન-દુર્મનવાળો (ચિંતાતુર) તે ધન મેળવવાના અનેક ઉપાયોને વિચારવા લાગ્યો, પણ તેવા કોઇ ઉપાયોને નહિ પામવાથી ધનવાનોના ઘરમાં જીવને હોડમાં મૂકીને (મરણીયો થઇને) રાત્રે ખાત્ર પાડવા લાગ્યો. (૯૦૯૯ થી ૯૧૦૧) અને તે રીતે મળેલા ધનદ્વારા દોગુંદક દેવની જેમ તે વેશ્યાની સાથે યથેચ્છપણે મોજ કરવા લાગ્યો. ધનલોભી વેશ્યાની માતા પણ વશ થઇ. (૯૧૦૨) પણ તેની અતિ ગુપ્ત ચોરક્રિયાથી અત્યંત પીડાએલા નગરના લોકોએ રાજાને ચોરનો ઉપદ્રવ કહ્યો. (૯૧૦૩) તેથી રાજાએ કોટવાળોને કઠોર શબ્દોથી તિરસ્કાર્યા અને કહ્યું કે-જો ચોરને નહિ પકડો, તો તમને હણીશ! (૯૧૦૪) પછી ભય પામેલા કોટવાલો ત્રિક, ચત્વર, ચૌટાં, પરબ, સભા, વગેરે વિવિધ સ્થાનોમાં ચોરને શોધવા ઉજમાળ થયા. (૯૧૦૫) ક્યાંય પણ ચોરની હકીકત નહિ મળવાથી (તેઓ) વેશ્યાઓનાં ઘરો જોવા લાગ્યા અને કોઇ રીતે પણ ત્યાં ચંદનરસથી ચર્ચિત શરીરવાળા, અતિ ઉજ્જવળ રેશમી (બારીક) વસ્ત્રો પહેરેલા અને મોટા ધનાઢ્યના પુત્રની જેમ તે વેશ્યાની સાથે મોજ કરતા તે બ્રાહ્મણને જોયો. (૯૧૦૬-૭) તેથી તેઓએ વિચાર્યું કે-પ્રતિદિન આજીવિકા માટે બીજાઓના ઘરોમાં ભમતા (ભીખ માગતા) આને આવા શ્રેષ્ઠ ભોગ કેવી રીતે (ઘટે)? (૯૧૦૮) તેથી નિશ્ચિત આ દુષ્ટ (ચોર) હોવો જોઇએ, એમ જાણીને કરેલા કૃત્રિમ કોપથી ત્રણ રેખાના તરંગોથી શોભતા લલાટવાળા કોટવાળોએ કહ્યું કે-વિશ્વાસુ સમગ્ર નગરને લૂંટીને અહીં રહેલા, હે (રહુડોહુ=) યથેચ્છ રખડતા અધમ! (તું) હવે ક્યાં જઇશ? અરે! શું અમે તને જાણતા

નથી ! (૯૧૦૯-૧૦) તેઓએ જ્યારે એમ કહ્યું, ત્યારે પોતાના ( પાપ ) કર્મના દોષથી ભયથી વ્યાકુળ થએલા અને 'મને જાણી લીધો'–એમ માની નાસતા એવા તેને પકડયો અને રાજાને સોંપ્યો. (૯૧૧૧) પછી રતિસુંદરીના ઘરને ફેંદીને સારી રીતે જોયું, ત્યાં વિવિધ પ્રકારના ચોરીના માલને જોયો અને લોકોએ તે માલને ઓળખ્યો. (૯૧૧૨) તેથી કૂપિત થએલા રાજાએ વેશ્યાને પોતાના નગરમાંથી કાઢી મૂકી અને બ્રાહ્મણપુત્રને (સોમદેવને) કુંભીપાકથી હણવા આજ્ઞા કરી. (૯૧૧૩) એવા દોષના સમૂહવાળી સ્પર્શનેન્દ્રિયને વશ થએલાઓને આ ભવ–પરભવમાં અસંખ્ય અને આકરું દુઃખ થાય છે. (૯૧૧૪)

તેથી હે ભદ્ર! વિષયરૂપી ઉન્માર્ગે જતા ઇન્દ્રિયોરૂપ અશ્વોને રોકીને અને વૈરાગ્યરૂપી લગામ વડે ખેંચીને સન્માર્ગે જોડ! (૯૧૧૫) સ્વસ્વ વિષયો તરફ દોડતા આ ઇન્દ્રિયોરૂપી મૃગોના સમૂહને સમ્યગ્જ્ઞાન અને ભાવનારૂપ જાળથી બાંધી રાખ! (૯૧૧૬) (તથા) હે ધીર ! દુર્દાન્ત એવા ઇન્દ્રિયરૂપી ઘોડાઓનું બુદ્ધિબળથી તેવી રીતે દમન કર, કે જેમ (અંતરંગ) શત્રુઓને ઉખેડીને આરાધનારૂપ પતાકાને વરે ! (૯૧૧૭) એમ ઇન્દ્રિયદમન નામનું પેટાદ્વાર કંઈક માત્ર જણાવ્યું. હવે હું તપ નામના સત્તરમાં પેટાદ્વારને કહુ છું. (૯૧૧૮)

**અનુશાસ્તિમાં સત્તરમું તપ પેટાદ્વાર**–(હે ક્ષપક! તું) વીર્યને છૂપાવ્યા વિના અભ્યંતર અને બાહ્ય તપને કર! (કારણ કે–) વીર્યને (નિગ્હહી=) છૂપાવનારો માયાકષાયને અને વીર્યાન્તરાયને બાંધે છે. (૯૧૧૯) સુખશીલતાથી, આળસુપણાથી અને દેહાસક્તભાવથી શક્તિ પ્રમાણે તપ નહિ કરનારો માયા–મોહનીયકર્મને બાંધે છે. (૯૧૨૦) મૂઢમતિ જીવો સુખશીલતાથી તીવ્ર અશાતાવેદનીયને બાંધે છે અને આળસુપણાથી ચારિત્રમોહનીયને બાંધે છે. (૯૧૨૧) વળી દેહના રાગથી પરિગ્રહ (દોષ) થાય છે, તેથી તે સુખશીલતા વગેરે દોષોને તજીને નિત્યમેવ તપમાં ઉદ્યમ કર! (૯૧૨૨) યથાશક્તિ તપ નહિ કરતા સાધુઓને આ દોષો થાય છે અને તપને કરનારને આલોક અને પરલોકમાં ગુણો થાય છે. (૯૧૨૩) સંસારમાં કલ્યાણ, ઋદ્ધિ, સુખ વગેરે જે કોઈ દેવ–મનુષ્યોનાં સુખો અને મોક્ષનું જે શ્રેષ્ઠતમ સુખ, તે સર્વ તપથી મળે છે. (૯૧૨૪) તથા પાપરૂપી પર્વતને (તોડવા) વજ્રનો દંડ. રોગરૂપી મોટા–ગહન કુમુદવનને (નાશ કરવામાં) સૂર્ય, કામરૂપી હાથીનો (નાશ કરનાર) ભયંકર સિંહ, ભવસમુદ્ર તરવા માટે વેગીલી નૌકા, (૯૧૨૫) કુગતિના દ્વારનું ઢાંકણુ, મનવાંછિત અર્થસમૂહને આપનાર અને જગતમાં યશનો વિસ્તાર કરનાર શ્રેષ્ઠ (મુખ્ય) એક તપને જ કહ્યો છે. (૯૧૨૬) એ (તપને) તું મોટો ગુણ જાણીને, મનની ઇચ્છાઓને રોકીને, (**સરહસં**=) ઉત્સાહપૂર્વક, દિન દિન તપ વડે આત્માને ભાવિત કર! (૯૧૨૭) માત્ર જે રીતે શરીરને પીડા (ઇન્દ્રિયહાનિ વગેરે) ન થાય અને માંસ–રુધિરનો સંચય (વધારો–પુષ્ટિ) પણ ન થાય, તથા જે રીતે ધર્મધ્યાનની વૃદ્ધિ થાય, તે રીતે હે ક્ષપક ! તું તપને કર!

(૯૧૨૮) આ તપ નામનું પેટાદ્વાર કહ્યું. હવે સંક્ષેપથી અઢારમા નિઃશલ્યતા નામના પેટાદ્વારને પણ કહું છું. (૯૧૨૯)

**અનુશાસ્તિમાં અઢારમું નિઃશલ્યતા પેટાદ્વાર**–હે ક્ષપક! (સર્વ) ગુણો શલ્યરહિત આત્મામાં જ પ્રગટે છે, (ગુણનું વિરોધી) શલ્ય પણ નિયાણું, માયા અને મિથ્યાદર્શન, એ ભેદોથી ત્રણ પ્રકારનું જાણવું. (૯૧૩૦) તેમાં નિયાણું રાગથી, દ્વેષથી અને મોહથી (અજ્ઞાનથી), એમ ત્રણ પ્રકારનું છે, તેમાં રાગથી નિયાણું રૂપ, સૌભાગ્ય અને ભોગસુખની પ્રાર્થનારૂપ છે; દ્વેષથી નિયાણું તે પ્રતિભવે નિશ્ચે બીજાને મારવારૂપ (કે) અનિષ્ટ કરવારૂપ જાણવું અને ધર્મ માટે હીનકુળ વગેરેની પ્રાર્થના તે (નિયાણું) મોહથી થાય. (૯૧૩૧-૩૨) અથવા પ્રશસ્ત, અપ્રશસ્ત અને ભોગ માટે, એમ (પણ) નિયાણું ત્રણ પ્રકારે થાય છે. તે ત્રણેય પ્રકારના નિયાણાને તારે તજવાયોગ્ય છે. તેમાં સંયમ માટે પુરુષત્વ (પરાક્રમ), સત્ત્વ, બળ, વીર્ય, સંઘયણ, બુદ્ધિ, શ્રાવકપણું, સ્વજનો, કુલ, વગેરે માટે જે નિયાણું થાય તે પ્રશસ્ત જાણવું, (૯૧૩૩-૩૪) તથા નંદિષેણની જેમ સૌભાગ્ય, જાતિ, કુળ, રૂપ, વગેરેની અને આચાર્ય, ગણધર કે જિનપણાની પ્રાર્થના, તે અભિમાનથી (કરાતું) અપ્રશસ્ત નિયાણું થાય. (૯૧૩૫) મરીને જે બીજાના વધની પ્રાર્થના કરે, તેને દ્વારિકાના વિનાશ કરવાની બુદ્ધિવાળા દ્વૈપાયનની જેમ ક્રોધથી (કરાતું) અપ્રશસ્ત જાણવું. (૯૧૩૬) દેવનાં કે મનુષ્યના ભોગોને રાજા, ઇશ્વર, શેઠ, કે સાર્થવાહપણું અને બલદેવપણું તથા ચક્રવર્તીપણું માગનારને ભોગકૃત નિયાણું થાય. (૯૧૩૭) પુરુષત્વ વગેરે નિયાણું પ્રશસ્ત છતાં જે અહીં (ગાથા ૯૧૩૪ માં) નિષેધ્યું, તે અનાસક્ત મુનિઓને ઉદ્દેશીને જાણવું, પણ બીજાઓને નહિ. (૯૧૩૮) દુઃખક્ષય, કર્મક્ષય, સમાધિમરણ અને બોધિલાભ–એ વગેરે પ્રાર્થના પણ નિશ્ચે સરાગીઓને સંભવિત છે. (૯૧૩૯) સંયમના શિખરે આરુઢ, દુષ્કર તપને કરનારો અને ત્રણ ગુપ્તિએ ગુપ્ત, એવો પણ (આત્મા) પરીષહથી પરાભવ પામીને અને અસમ (અનુપમ) શિવસુખની અવગણના કરીને, જે અતિ તુચ્છ વિષયસુખ માટે એ રીતે નિયાણું કરે, તે કાચમણિ માટે વૈડુર્યમણિનો નાશ કરે છે. (૯૧૪૦-૪૧) નિયાણાને વશ મેળવેલા મુખે મધુર અને અંતે વિરસ, એવા સુખને ભોગવીને બ્રહ્મદત્તની જેમ જીવ બહુ દુઃખમય નરકરૂપી ખાડામાં પડે છે. (૯૧૪૨) તે આ પ્રમાણે–

**નિયાણશલ્ય વિષે બ્રહ્મદત્તનો પ્રબંધ**–સાકેત નામના શ્રેષ્ઠ નગરમાં ચંદ્રાવતંસક રાજા હતો. તેનો મુનિચંદ્ર પુત્ર હતો. વૈરાગ્યને પામેલા તેણે સાગરચંદ્ર મુનિંદ્ર (સૂરિ)ની પાસે પ્રવ્રજ્યાને સ્વીકારી અને સૂત્ર–અર્થને ભણતો દુષ્કર તપકર્મને કરે છે. (૯૧૪૩-૪૪) દૂર દેશમાં જવા માટે ગુરુની સાથે ચાલતો એક ગામમાં ભિક્ષાર્થે ગયો અને કોઇ રીતે સાર્થથી છૂટો પડયો. (૯૧૪૫) પછી એકલો પણ ચાલવા લાગ્યો અને કોઈ રીતે અટ-વીમાં (ભૂલો) પડયો. (ત્યાં) ભૂખ, તૃષા અને થાકથી અત્યંત પીડાતા તેની ગોવાળોના

ચાર છોકરાઓએ પ્રયત્નથી સેવા કરી, તેથી સ્વસ્થ થએલા શરીરવાળા તેણે તે છોકરાઓને ધર્મ સમજાવ્યો. (૯૧૪૬-૪૭) તે સર્વ પ્રતિબોધ પામ્યા અને તે સાધુના શિષ્યો થયા. તેઓ સાધુધર્મને પાળે છે, પણ (તેમાંના) બે દુર્ગંચ્છા કરીને મરીને તપના પ્રભાવથી દેવલોકમાં દેવપણું પામ્યા. કાળક્રમે ત્યાંથી ચ્યવીને દશપુર નગરમાં સંડિલ નામના બ્રાહ્મણથી (તેની) યતિમતિ દાસીની કુખે પુત્રોરૂપે બન્ને જોડલે જન્મ્યા અને ક્રમશઃ બુદ્ધિ-બળ-યૌવનથી સમ્યગ્ અલંકૃત થયા. (૯૧૪૮ થી ૫૦) (કોઈ પ્રસંગે) ક્ષેત્રના રક્ષણ માટે અટવીમાં ગયા અને રાત્રિએ વડના ઝાડ નીચે સૂતેલા (તે બંનેને) ત્યાં સાપ કરડ્યો. (૯૧૫૧) પ્રતિક્રિયાના (ઔષધના) અભાવે મરીને કાલિંજર નામના જંગલમાં (અથવા પર્વતમાં) બન્ને સાથે જન્મેલા મૃગો થયા. સ્નેહથી સાથે જ ચરતા (ફરતા) (વિવશા) અશરણ તે બન્નેને શિકાર માટે આવેલા (લોદ્ધણું=) શિકારીએ એક જ બાણના પ્રહારથી હણીને યમમંદિરે પહોંચાડયા, (૯૧૫૨-૫૩) ત્યાંથી ગંગા નદીના કાંઠે બંને જોડલે જન્મેલા હંસો થયા, ત્યાં પણ માછીમારે એક જ બંધનથી (પાસલાથી) બંનેને બાંધ્યા (ફસાવ્યા) અને નિર્દય મનવાળા તેણે ડોક મરડીને મારી નાખ્યા. ત્યાંથી વાણારસીપુરીમાં ઘણા ધન-ધાન્યથી સમૃદ્ધ, ચંડાલોના અગ્રેસર, એવા ભૂતદિન્ન ચંડાલના પરસ્પર દૃઢ સ્નેહવાળા ચિત્ર અને સંભૂતિ નામે બે પુત્રો થયા. (૯૧૫૪ થી ૫૬) પછી અન્યદા કદાપિ તે પુરીના શંખ નામના રાજાએ નમુચિ નામના અમાત્યનો મોટો અપરાધ થતાં, કુપિત થઇને લોકાપવાદથી બચવા (નમુચિને) ગુપ્ત રીતે હણવા માટે ચંડાળના અગ્રેસર તે ભૂતદિન્નને આદેશ આપ્યો. (૯૧૫૭-૫૮) તેણે નમુચિને વધસ્થાને લઈ જઇને કહ્યું કે-ભોંયરામાં રહીને જો મારા પુત્રોને ભણાવે, તો તને હું છોડી દઉં! (૯૧૫૯) જીવવાને ઇચ્છતા તેણે એ કબૂલ્યું અને પછી પુત્રોને ભણાવવા લાગ્યો. પરંતુ મર્યાદા મૂકીને તેઓની માતા ચંડાળણી સાથે રહેતા (વ્યભિચાર સેવતા) તેને ઇંગિત વગેરેમાં કુશળ ચંડાળના અગ્રેસર ભૂતદિન્ને 'જાર છે'-એમ જાણીને મારી નાખવાનો વિચાર કર્યો. (૯૧૬૦-૬૧) પરમ હિતસ્વીની જેમ ચિત્ર-સંભૂતિએ તેને એકાન્તમાં પોતાના પિતાનો (મારવાનો) અભિપ્રાય જણાવ્યો. (૯૧૬૨) તેથી રાત્રિએ નમુચિ નાઠો, હસ્તિનાગપુર નગરમાં ગયો અને ત્યાં સનત્કુમાર ચક્રીનો મંત્રી થયો. (૯૧૬૩) આ બાજુ ગીત-નૃત્યાદિમાં કુશળ બનેલા તે ચંડાલપુત્રો ચિત્ર-સંભૂતિએ વાણારસીના લોકોને (ગીત-નૃત્યથી) અત્યંત (હયહિયઓ=) શૂન્ય ચિત્તવાળા (પરવશ) કરી દીધા. (૯૧૬૪) પછી અન્ય કોઇ દિવસે જ્યારે નગરમાં કામદેવનો મહોત્સવ પ્રવર્ત્યો, ત્યારે ત્રિક-ચત્વર (વગેરે) સ્થાનોમાં સ્ત્રીઓ વિવિધ (ચચ્ચરી=) મંડળીઓપૂર્વક ગીત ગાવા લાગી અને તરુણ સ્ત્રીઓ નાચ કરવા લાગી, ત્યારે ત્યાં પોતાની મંડળીમાં રહેલા તે ચિત્ર-સંભૂતિ પણ અત્યંત ગાવા લાગ્યા. (૯૧૬૫-૬૬) તેઓના ગીત અને નાચથી આકર્ષિત સઘળાય લોકો અને તેમાં પણ વિશેષતયા યુવતી સ્ત્રીઓ (તે ચિત્ર-સંભૂતિને

સાંભળવા) તેની પાસે (દોડી) ગઈ. (૯૧૬૭) તેથી ઈર્ષ્યાને વશ ચાતુર્વેદી (બ્રાહ્મણો) વગેરે નગરના લોકોએ રાજાને વિનંતિ કરી કે-હે દેવ! નિઃશંકપણે ફરતા આ ચંડાળ-પુત્રોએ નગરના સઘળા લોકોને એકાકાર (જ્ઞાતિભ્રષ્ટ) કરી દીધા છે. તેથી રાજાએ તેઓનો નગરપ્રવેશ અટકાવ્યો. (નવરિ=) તે પછી બીજા પ્રસંગે કૌમુદી મહોત્સવ ચાલુ થતાં, ઇન્દ્રિયોના ચપળપણાથી અને કુતૂહલથી તેઓ સુંદર શૃંગાર કરીને રાજાની આજ્ઞાને અવગણીને નગરમાં પેઠેલા એક પ્રદેશમાં રહીને વસ્ત્રથી મુખકોશ કરીને (મુખ છૂપાવીને) હર્ષપૂર્વક ગાવા માંડયા અને ગાયનથી હરાયેલા ચિત્તવાળા (પરવશ બનેલા) લોકો તેઓને પરિવર્યા (વીંટળાઈ વળ્યા). (૯૧૬૮ થી ૭૨) (તેથી) અત્યંત સુંદર સ્વરવાળા આ કોણ છે?-એમ (જાણવા)મુખ ઉપરથી વસ્ત્ર દૂર કરતાં જાણ્યું કે-આ તે ચંડાળપુત્રો છે,તેથી કુપિત થએલા લોકોએ મારો, મારો, મારો-એમ બોલતાં (નિસઢં=) ઘણી રીતે સર્વ (ચારેય) બાજુથી લાકડી, ઇંટો વગેરેથી મારવા માંડયા. (૯૧૭૩-૭૪) માર ખાતા તેઓ મહા મુશીબતે નગરમાંથી નીકળ્યા અને અત્યંત સંતાપ પામેલા વિચારવા લાગ્યા કે-રૂપાદિ સમગ્ર ગુણ સમૂહવાળા પણ અમારા જીવિતને ધિક્કાર થાઓ! કે જેથી નિંદ્ય જાતિના કારણે આ રીતે (અમે) તિરસ્કારપાત્ર થયા. (૯૧૭૫-૭૬) તેથી વૈરાગ્યને પામેલા તે મરવાનો નિશ્ચય કરીને સ્વજનો, બાંધવો, વગેરેને કહ્યા વિના તૂર્ત દક્ષિણદિશા તરફ ચાલ્યા. (૯૧૭૭) અને (માર્ગમાં) જતાં તેઓએ એક સ્થળે ઊંચા પર્વતને જોયો. મરવા માટે તેના ઉપર ચઢતા તેઓએ એક શિખર ઉપર ઘોર તપથી સૂકાયેલી કાયાવાળા, પરમ ધર્મધ્યાનમાં વર્તતા, કાયોત્સર્ગમાં રહેલા એક સાધુને હર્ષપૂર્વક જોયા. (૯૧૭૮-૭૯) તેઓએ ભક્તિથી તે સાધુને વાંદ્યા અને મુનિએ પણ યોગ્યતા જાણીને ધ્યાનની સમાપ્તિ કરીને પૂછ્યું કે-તમે કયાંથી (આવ્યા)? (૯૧૮૦) તેઓએ પણ તે સાધુને પૂર્વની હકીકત કહેવાપૂર્વક પોતાનો પર્વતથી પડીને મરવારૂપ ચિત્તનો સંકલ્પ જણાવ્યો. (૯૧૮૧) તેથી મુનિએ કહ્યું કે-મહાનુભાવો! આ (વિચાર) અતિ અયોગ્ય છે. જો સાચો ઉદ્વેગ થયો હોય, તો યતિધર્મને સ્વીકારો! (૯૧૮૨) તેઓએ તે કબૂલ્યું અને (પોતાના) અતિશાયી સત્વ જ્ઞાનના બળે 'યોગ્ય છે'-એમ જાણીને મુનિએ તેઓને દીક્ષા આપી. (૯૧૮૩) કાળક્રમે તેઓ ગીતાર્થ થયા, પછી દુષ્કર તપ કરવામાં તત્પર તેઓ વિચરતા કોઈ રીતે હસ્તિનાગપુરે પહોંચ્યા. (૯૧૮૪) ત્યાં એક ઉપવનમાં રહ્યા, પછી માસક્ષમણના પારણાના દિવસે સંભૂતિમુનિ ભિક્ષા માટે નગરમાં પેઠા. (૯૧૮૫) ત્યાં નમુચિએ તેને જોયા અને ઓળખ્યા, પછી 'આ મારું દુરાચરણ લોકોને કહેશે'-એમ માની અત્યંત કુવિકલ્પને વશ પડેલા તેણે પોતાના પુરુષોને મોકલીને લાકડી, મુઠ્ઠી, વગેરેથી ઘણી રીતે મરાવીને તે મુનિને નગરમાંથી કાઢી મૂકયા. તેથી પ્રગટેલા પ્રચંડ ક્રોધવાળા નિરપરાધી તે મુનિના મુખમાંથી મનુષ્યોને બાળવા માટે મહા ભયંકર તેજોલેશ્યા (આગ) નીકળવા લાગી. (૯૧૮૬ થી ૮૮) અને કાળા વાદળ સરખી ધૂમની રેખાઓએ (ગોટાઓએ) નગરને

અંધારિયું કરી દીધું, ત્યારે ચક્રવર્તી અને લોકો તે મુનિને શાન્ત કરવા લાગ્યા. (૯૧૮૯) પરંતુ જ્યારે તે થોડા પણ પ્રસન્ન (શાન્ત) ન થયા, ત્યારે લોકોથી તે વાર્તાને સાંભળીને તુર્ત (ત્યાં) આવેલા ચિત્રમુનિ તેને મધુર વાણીથી કહેવા લાગ્યા કે-ભો ભો ! મહાયશ ! શ્રી જિનવચનને જાણીને (પણ) તું કોપને કેમ કરે છે? ક્રોધથી થનારા અનંત ભયના ઘર (હેતુભૂત) એવા ભવભ્રમણને તું શું નથી જાણતો? (૯૧૯૦-૯૧) અથવા અપકાર કરનારા બીચારા તેનો (નમુચિનો) શો અપરાધ છે? કારણ કે-જીવોના દુઃખમાં અને સુખમાં (તેનાં) કર્મો કારણ છે. (૯૧૯૨) ઇત્યાદિ પ્રશમથી અમૃત જેવાં ઉત્તમ વચનોથી શાન્ત થયેલા કષાયવાળા સંભૂતિમુનિ ઉપશાન્ત થયા અને તે બંને ઉદ્યાનમાં ગયા. (૯૧૯૩) (ત્યાં) અનશનને સ્વીકારીને બંને એક પ્રદેશમાં બેઠા. પછી સનત્કુમાર ચક્રી અંતઃપુરની સાથે આવીને ભક્તિથી તેઓના ચરણકમળોને નમ્યો અને એ રીતે તેની મુખ્ય પત્ની પણ નમી. પરંતુ તેના કેશના સુખસ્પર્શને અનુભવતા સંભૂતિ મુનિવરે કહ્યું કે-જો આ તપનું ફળ હોય, તો હું ભવાન્તરમાં ચક્રી થાઉં ! (૯૧૯૪ થી ૯૬) તેને ચિત્રસાધુએ સંસારના વિપાકોને જણાવનારા વચનો વડે ઘણી વાર વારવા છતાં તેણે એ રીતે નિયાણાનો બંધ કર્યો. (૯૧૯૭) આયુષ્યનો ક્ષય થતાં મરીને (બંને) સૌધર્મ-કલ્પમાં દેદીપ્યમાન દેવો થયા, ત્યાંથી ચ્યવીને ચિત્ર પુરિમતાલ નગરમાં ધનવાનના પુત્ર-રૂપે ઉપજ્યો અને સંભૂતિ કંપિલપુરમાં બ્રહ્મરાજાની ચૂલણી રાણીથી પુત્રરૂપે જન્મ્યો. (૯૧૯૮-૯૯) પછી પ્રશસ્ત દિવસે (તત્થ=) તેનું બ્રહ્મદત્ત એવું નામ કર્યું. આ વિષ-યમાં (ચરિત્રમાં) આગળ ત્યાં સુધી કહેવું કે-(ક્રમશઃ) તે ચક્રીપણાને પામ્યો. (૯૨૦૦) પછી ભરત (ચક્રી) ની જેમ જ્યારે સમગ્ર ભરતને સાધીને તે વિષયસુખને ભોગવે છે, ત્યારે એક પ્રસંગે તેને જાતિસ્મરણજ્ઞાન થતાં, પૂર્વભવના ભાઇને જાણવા લોકોને જોવા માટે દાસ વગેરે પાંચ ભવોના વર્ણનવાળો આ અડધો શ્લોક રચ્યો-

"आस्व दासौ मृगौ हंसौ मातंगावमरौ तथा" અર્થાત્-"આપણે બંને દાસો, મૃગો, હંસો, ચંડાલો અને દેવો હતા."

પછી લોકોને દેખાડવા તેને રાજદ્વારે લટકાવીને એમ જાહેર કરાવ્યું કે-જે એનું ઉત્તરાર્દ્ધ પૂરશે, તેને હું અડધું રાજ્ય આપીશ. (૯૨૦૧ થી ૩) હવે તે પૂર્વે જણાવેલો ચિત્રનો જીવ જાતિસ્મરણ થવાથી ઘરવાસ તજીને સમ્યગ્ પ્રવ્રજ્યાને સ્વીકારીને અપ્રતિબદ્ધ વિહારથી વિચરતો તે નગરમાં આવ્યો અને ઉત્તમ ધર્મધ્યાનથી ઉદ્યાનમાં એક બાજુ રહ્યો. (૯૨૦૪-૫) ત્યારે એક રેંટવાળો તે અર્દ્ધશ્લોકને બોલ્યો અને ઉપયોગવાળા મુનિએ પણ (તેને સમજીને) તેનું ઉત્તરાર્દ્ધ આ પ્રમાણે કહ્યું. (૯૨૦૬)

""एषा नौ षष्टिका जाति-रन्योन्याभ्यां वियुक्तयाः॥" (૯૨૦૭) અર્થાત્-"પરસ્પર વિયોગી થયેલા આપણો આ છઠ્ઠો જન્મ છે."

પછી રેંટવાળાએ જઈને એ ઉત્તરાર્દ્ધ રાજાએ સંભળાવ્યું. રાજા પણ તેને સાંભળીને ભાઈના સ્નેહના અતિરેકથી મૂર્છાવશ વિકલપણાને પામ્યો (શૂન્ય બની ગયો). તેથી રાજપુરુષોએ 'આ (રાજાનો) અનિષ્ટકારક છે'–એમ માનીને રેંટવાળાને મારવા માંડયો. (૯૨૦૮-૯) માર મરાતા તેણે કહ્યું કે-મને ન મારો! આ (ઉત્તરાર્દ્ધ) મુનિએ રચ્યું છે. ક્ષણ પછી ભાનમાં આવેલો રાજા એ સાંભળીને સર્વ વિભૂતિ સહિત તે સાધુની પાસે ગયો અને તીવ્ર સ્નેહરાગથી (તેમના) ચરણોને વાંદીને ત્યાં બેઠો. (૯૨૧૦-૧૧) મુનિએ સદ્ધર્મની દેશના દીધી, તેની અવગણના કરીને ચક્રવર્તીએ સાધુને કહ્યું કે–હે ભગવંત! પ્રસાદ કરો, રાજ્યને સ્વીકારો, ભોગોને ભોગવો, દીક્ષાને છોડો! પૂર્વની જેમ આપણે સાથે જ કાળ પસાર કરીએ. (૯૨૧૨-૧૩) મુનિએ કહ્યું કે–હે રાજન્! રાજ્ય અને ભોગો એ દુર્ગતિનો માર્ગ છે, તેથી જિનમતના રહસ્યોને તું જાણ એને શીઘ્ર છોડીને પ્રવ્રજ્યાને સ્વીકાર! કે જેથી સાથે જ તપને આચરીએ. રાજ્ય વગેરે (પાઠાં૦ **સમત્થ=**) સઘળાંય સુખોથી શું? (૯૨૧૪-૧૫) રાજાએ કહ્યું કે-ભગવંત! પ્રત્યક્ષને છોડીને પરોક્ષ માટે ફોગટ કેમ દુઃખી થાઓ છો? કે જેથી મારા વચનનો આ રીતે વિરોધ કરો છો! (૯૨૧૬) પછી ચિત્રમુનિ નિયાણારૂપ દુશ્ચેષ્ટિતના પ્રભાવે રાજાનું અસાધ્યપણું (સમજાવવો દુષ્કર) જાણીને ધર્મ કહેવાથી અટકયા. (૯૨૧૭) અને કાળક્રમે કર્મમળનો નાશ કરીને શાશ્વત સ્થાનને પામ્યા. ચક્રી પણ (ઘણા પાપોથી) અંતસમયે રૌદ્રધ્યાનમાં પડેલો મરીને સાતમી નારકીમાં ઉત્કૃષ્ટ આયુષ્યવાળો નારક થયો. (એમ) આવા પ્રકારના દોષને કરનારા નિયાણાનો હે ક્ષપક! તું ત્યાગ કર! (૯૨૧૮-૧૯)

**૨. માયાશલ્ય**–નિદાનશલ્ય કહ્યું. માયાશલ્ય તો તેને જાણવું, કે જે ચારિત્રવિષયમાં અલ્પ પણ અતિચારને કરીને, મોટાઈ, લજ્જા, વગેરેથી ગુરુની સમક્ષ આલોચે નહિ, અથવા માત્ર આગ્રહથી આલોચે, સમ્યક્ ન આલોચે. (૯૨૨૦-૨૧) એવા પ્રકારના માયાશલ્યનો ત્યાગ કર્યા વિના તપમાં રાગી અને ચિરકાળ પણ (તપનું) કષ્ટ કરતા આત્માઓ (તેના) શુભ ફળને પામતા નથી. (૯૨૨૨) તેથી જ ચિરકાળ સારી રીતે દુષ્કર તપ કરનારા એવા પણ તે નિયાણાને વશ પડેલા પીઠ અને મહાપીઠ–એ તપસ્વીઓ સ્ત્રીપણાને પામ્યા. (૯૨૨૩) તે આ પ્રમાણે–

**માયાશલ્ય વિષે પીઠ–મહાપીઠ મુનિઓનો પ્રબંધ**–પૂર્વકાળે શ્રી ઋષભજિનનો જીવ નિજકુળમાં દીપકતુલ્ય એવો વૈદ્યનો પુત્ર હતો. તેને રાજા, મંત્રી, શેઠ અને સાર્થવાહ–એ ચારેયના ચાર પુત્રો મિત્રો થયા. (૯૨૨૪) (એકદા) શુભ ધર્મધ્યાનમાં નિશ્ચળ, લીન, એવા પણ કોઢના કૃમિઆથી ક્ષીણ થયેલા સાધુને જોઈને પ્રગટેલી ભક્તિવાળા તે વૈદ્યપુત્રે તે સાધુની ચિકિત્સા કરી. (તેનાથી) શ્રેષ્ઠ–ઘણા (પુણ્યાનુબંધી) પુણ્યસમૂહને મેળવીને, આયુષ્યના ક્ષયે પ્રાણોનો ત્યાગ કરીને શ્રી સર્વજ્ઞભગવંતના ધર્મના રસથી રંગાએલી ધાતુવાળા તે (વૈદ્યપુત્ર) ચારેય મિત્રોની (પાઠાં૦ **સહું**) સાથે અચ્યુત-

કલ્પમાં અતિ ઉત્તમ (સુરત્ત=) દેવપણાને પામ્યો. (૯૨૨૫-૨૬) પછી તે પાંચેય સ્વર્ગથી ચ્યવીને જંબૂદ્વીપના તિલકની ઉપમાતુલ્ય, કુબેરનગરીની તુલ્ય શોભતી પૂર્વવિદેહની શિરોમણિ, એવી શ્રી પુંડરિકીણી નામની નગરીમાં, ઇંદ્રથી પૂજાતા ચરણકમળવાળા એવા શ્રી વજ્રસેન રાજાની, નિર્મળ ગુણોને ધરનારી જગપ્રસિદ્ધ એવી ધારિણી રાણીની કુખમાં, અનુપમ રૂપસહિત પુત્રો તરીકે ઉપજ્યા અને અપ્રતિમ શ્રેષ્ઠ ગુણોરૂપી લક્ષ્મીના પ્રકર્ષવાળા, તે ઉત્તમ કુમારો (ક્રમશઃ) વૃદ્ધિને (યૌવનને પામ્યા. (૯૨૨૭ થી ૨૯)તેમાંથી નગરના (દરવાજાના) પરીઘ જેવી લાંબી, સ્થિર અને સ્થૂલ ભુજાઓવાળો પહેલો શ્રી વજ્રનાભચક્રી, (બીજો-ત્રીજો) બાહુ-સુબાહુ, (ચોથો) પીઠ અને પાંચમો ગુણોમાં લીન એવો મહાપીઠ (નામે) થયો. (૯૨૩૦) પછી પૂર્વે બાંધેલા શ્રી તીર્થંકરનામકર્મવાળા દેવોથી પ્રણામ કરાતા એવા શ્રી વજ્રસેન રાજા, પોતાના પદે શ્રેષ્ઠ ચક્રવર્તીની લક્ષ્મીથી યુક્ત એવા વજ્રનાભને સ્થાપીને, રાજ્યને તજીને, પાપનો નાશ કરીને, આનંદનાં અશ્રુ ઝરતા લોચનવાળા એવા દેવ-દાનવોના સમૂહથી સ્તુતિ કરાતા, (પોતે) ઘણા સો (સેંકડો) રાજાઓની સાથે ઉત્તમ સાધુ થયા. (૯૨૩૧-૩૨) પછી મોહના મહા સૈન્યને જીતીને, કેવળ પામીને સૂર્યની જેમ ભવ્ય જનોને બોધ કરતા, પૃથ્વીમંડલને શોભાવતા, અજ્ઞાન (રૂપ અંધકાર)ના સમૂહનો નાશ કરતા તે (સર્વત્ર) વિચર્યા. (૯૨૩૩) પુર-ગામ-આકરોમાં તથા કર્બટ-મડંબ-આશ્રમ અને (શૂન્ય) ઘરોમાં વિચરીને, પુંડરિકીણી નગરીમાં આવ્યા ત્યાં દેવોએ (વિચિત્ર=) આશ્ચર્યકારક (શ્રેષ્ઠ) સમવસરણ રચ્યું. (૯૨૩૪) તેમાં (વજ્રસેન) તીર્થનાથ બેઠા અને તૂર્ત પોતાના ભાઈઓ સાથે આવીને વજ્રનાભચક્રી ભક્તિપૂર્વક પ્રભુને સ્તવીને પૃથ્વી ઉપર બેઠો. (૯૨૩૫) શ્રી જિનેશ્વરે સંસારના મહાભયને નાશ કરવામાં સમર્થ એવી ધર્મકથા પ્રારંભી. તેને સાંભળીને ચારેય ભાઈઓની સાથે શ્રી વજ્રનાભચક્રી (પાંચેય) સાધુ થયા. (૯૨૩૬) તેમાં સમસ્ત સૂત્ર-અર્થના સમૂહના જ્ઞાતા ભવ્ય જીવોને મોક્ષનો માર્ગ દેખાડતા, સ્વાધ્યાય અને ધ્યાનમાં એકાગ્ર ચિત્તવાળા, શત્રુ-મિત્ર પ્રત્યે સમદષ્ટિવાળા, વજ્રનાભ (આરાધનામાં) દિવસો પસાર કરે છે. (૯૨૩૭) તે બાહુ અને સુબાહુ-બંને પણ તપસ્વીઓ અગીઆર અંગોને સમ્યગ્ ભણીને શુભ મનથી (તેમાનાં બાહુમુનિ) તપસ્વીઓને (સાધુઓને) અશનાદિનું દાન (સુબાહુ સાધુઓની) વિશ્રામણા (શરીરસેવા) કરે છે. (૯૨૩૮) અને બીજા પણ (પીઠ અને મહાપીઠ) બંને ઉત્કટુક વગેરે આસનો કરતા સ્વાધ્યાય-ધ્યાનમાં પ્રવર્તે છે. પહેલા વજ્રનાભમુનિ શ્રી જિનપદને પ્રાપ્ત કરાવનારાં વીશસ્થાનકોની સ્પર્શના (આરાધના) કરે છે (૯૨૩૯) અને બાહુમુનિની જે વિનયવૃત્તિ તથા સુબાહુની જે ભક્તિ તેને નિત્ય પ્રશંસે છે. (કારણ કે-) શ્રી જિનમતમાં નિશ્ચે ગુણવાનની (ગુણોની) ઉપબૃહણા કરવાપૂર્વકની વૃત્તિ (કહી) છે. (૯૨૪૦) તે સાંભળીને કંઈક માનને વશ થયેલા મહાપીઠે અને પીઠે ચિંતવ્યું કે-જેઓ વિનયવાળા છે તેઓની પ્રશંસા થાય છે, નિત્ય સ્વાધ્યાયવાળા પણ અમારી નહિ. (૯૨૪૧) પછી વિકટના (આલોચના)

કરતાં તેઓએ એ પ્રકારના કુવિકલ્પોને (ગુરુને) સમ્યક્ કહ્યો નહિ, તેથી ચિરકાળ જિન-ધર્મને કરીને પણ સ્ત્રીપણાને પ્રાપ્ત કરાવનારું કર્મ બાંધ્યું. (૯૨૪૨) પછી આયુષ્ય પૂર્ણ થતાં, તે પાંચેય સર્વાર્થસિદ્ધમાં દેવપણાની ઋદ્ધિને પામીને, તે પછી વજનાભ આ ભરતમાં નાભિના પુત્ર શ્રી ઋષભનામે (જિન) થયા, બાહુ પણ ચ્યવીને રૂપ વગેરેથી યુક્ત ઋષભનો પહેલો પુત્ર ભરત નામે ચક્રી થયો અને સુબાહુ બાહુબલી નામે અતિબલિષ્ઠ બીજો પુત્ર થયો. (૯૨૪૩-૪૪) બીજા પણ (પીઠ-મહાપીઠ) બંને તેની (ઋષભની) બ્રાહ્મી અને સુંદરી નામે પુત્રીઓ થઈ. એમ પૂર્વે મેળવેલો (બાંધેલો) અને (નહિ આલોચવાથી) પુષ્ટ કરેલો માયાશલ્યનો દોષ એવો અશુભકારી થયો. (૯૨૪૫) એ પ્રમાણે હે ક્ષપક! માયાશલ્યને તજીને સમ્યગ્ ઉદ્યમી તું દુર્ગતિમાં જવાના કારણભૂત મિથ્યાત્વશલ્યને પણ તજી દે! (૯૨૪૬)

૩. **મિથ્યાત્વશલ્ય**-મિથ્યાત્વને જ મિથ્યાદર્શનશલ્ય કહ્યું છે અને તે નિષ્પુણ્યક જીવોને મિથ્યાત્વમોહનીય કર્મનો ઉદય થતાં ૧-બુદ્ધિના ભેદથી, ૨-કુતીર્થિઓના પરિચયથી તથા પ્રશંસાથી, અને ૩-અભિનિવેશથી (મિથ્યા આગ્રહથી)-એમ ત્રણ પ્રકારે પ્રગટે છે. (૯૨૪૭-૪૮) આ શલ્યને નહિ તજનારો દાનાદિ ધર્મોમાં રક્ત છતાં મલિન બુદ્ધિથી સમ્યક્ત્વનો નાશ કરીને નંદમણિયાર નામના શેઠની જેમ દુર્ગતિમાં જાય છે. (૯૨૪૯) તે આ પ્રમાણે-

**મિથ્યાત્વશલ્ય વિષે નંદમણિયારનો પ્રબંધ**-આ જ જંબૂદ્વીપમાં, ભરતવર્ષમાં રાજગૃહ નગરમાં, અતુલ બળવાળા શ્રી શ્રેણિક રાજાની ભુજાઓરૂપી પરીઘથી રક્ષા કરાયેલો, કુબેરતુલ્ય ધનવાળો, લોકોને આનંદ આપનાર, રાજાને પણ પૂજનીય અને મણિયારાના વેપારીઓમાં મુખ્ય નંદ નામનો શેઠ હતો. (૯૨૫૦-૫૧) તે સુરાસુરથી સ્તુતિ કરાતા, જગદ્બંધુ શ્રી વીરજિનને એકદા નગર બહાર ઉદ્યાનમાં પધારેલા સાંભળીને, પ્રગટેલા ભક્તિના સમૂહવાળો, ઘણા પુરુષોના પરિવારથી પરિવરેલો, પગે ચાલતો શીઘ્ર વંદન માટે આવ્યો. (૯૨૫૨-૫૩) પછી મોટા ગૌરવથી ત્રણ પ્રદક્ષિણાપૂર્વક શ્રી જિનેશ્વરને વાંદીને ધર્મશ્રવણ માટે પૃથ્વી ઉપર બેઠો. (૯૨૫૪) ત્યારે ત્રણ ભુવનના એક તિલક અને ધર્મના આવાસભૂત એવા શ્રી વીરપ્રભુએ જીવહિંસાની વિરતિવાળો, અસત્ય અને ચૌર્યકર્મથી સર્વથા મુક્ત, મૈથુનત્યાગની પ્રધાનતાવાળો અને પરિગ્રહરૂપી ગ્રહને વશ કરવામાં સમર્થ, એવો સાધુ તથા ગૃહસ્થને ઉચિત (યોગ્ય) સુંદર ધર્મને સમ્યક્ ઉપદેશ્યો. (૯૨૫૫-૫૬) એને સાંભળીને શુભ બોધને પામેલા નંદમણિયાર શેઠે બારવ્રતથી સમ્પૂર્ણ ગૃહસ્થધર્મને સ્વીકાર્યો. (૯૨૫૭) અને પછી પોતાને સંસારથી તર્યાતુલ્ય માનતો તે પ્રભુને ઘણી ભક્તિથી વાંદીને વારંવાર સ્તુતિ કરવા લાગ્યો કે- (૯૨૫૮)

ભયંકર સંસારમાં પ્રગટતા મહાભયનો નાશ કરનારા એવા નિર્મળ ભુજાબળવાળા! ક્રોધ અથવા કલિયુગની મલિનતાને હરણ કરવા માટે પાણીના પ્રવાહતુલ્ય અને ઘણા મોટા

ગુણસમૂહના મંદિર એવા હે દેવ! તમે જયવંતા વર્તો. (૯૨૫૯) પરદર્શનના ગાઢ અજ્ઞાન અંધકારને નાશ કરનારા હે સૂર્ય ! કામરૂપી વૃક્ષના (બાળનારા) હે દાવાનળ! અને અતિ ચપળ ઘોડા જેવી ઇન્દ્રિયોને (વશ કરવા) મોટા દામણુ (રજ્જુ) સમાન, એવા (હે વીર!) તમે જયવંતા વર્તો. (૯૨૬૦) મોહ મહાહસ્તિના (નાશ કરનારા) હે સિંહ! લોભરૂપી કમળના (ચીમળાવનારા) હે ચંદ્ર! અને સંસારના પંથે ચાલવાથી થાકેલા ઘણા પ્રાણીઓના તાપને (શ્રમને) હરનારા હે દેવ! તમે જયવંતા રહો! (૯૨૬૧) રોગ, જરા અને મરણરૂપી શત્રુસેનાના ભયથી મુક્ત શરીરવાળા! મન ઇન્દ્રિઓને ઉત્કૃષ્ટ (દમ=) વશ કરનારા! નિર્દયતારૂપી પરાગને (નાશ કરવામાં) કઠોરતર પવનતુલ્ય! અને માયારૂપી સાપણના (નાશ કરનારા) હે ગરુડ તમે જયવંતા રહો! (૯૨૬૨) હે કરુણારસના સાગર! હે ઝેરને શાન્ત કરનારા અમૃત! હે પૃથ્વીને ખેડવામાં મોટા હળતુલ્ય (!) અથવા (એ વિશેષણોનો સમગ્ર અર્થ) વિષતુલ્ય જે રોગો, તે રૂપ પૃથ્વીને ખેડવા માટે તીક્ષ્ણ હળતુલ્ય! અને રંભા જેવી મનોહર સ્ત્રીઓના ભોગરસના સંબંધથી અબદ્ધ (વિરાગી)! એવા તમે જયવંતા રહો! (૯૨૬૩) હે પ્રાણીગણના સુંદર (હિતસ્વી) બંધુ! હે સંબંધ-બુદ્ધિનો (રાગદશાનો) નાશ કરનારા! હે કરણ (સિત્તરી) અને ચરણ (સિત્તરી)ની શ્રેષ્ઠ પ્રરૂપણારૂપ ધનવાળા–દાતાર! અને નયોના સમૂહથી વ્યાપ્ત સિદ્ધાન્તવાળા પ્રભુ! તમે જયવંતા રહો! (૯૨૬૪) હે વંદન કરતા સુર–અસુરોના મુગટના કિરણોથી (વ્યાપ્ત) પીળાં ચરણતળવાળા! અને કંકેલીવૃક્ષના પત્રો જેવા રાતા હસ્તકમળવાળા! એવા હે મહાભાગ પ્રભુ! આપ જયવંતા રહો! (૯૨૬૫) હે સંસારસમુદ્રને પાર પામેલા! હે ગૌરવની ખાણ! હે પર્વતતુલ્ય ધીર! અને પુનઃ જન્મ નહિ લેનારા હે વીર! આપને હું સંસારનો અંત કરવા માટે વારંવાર વંદન કરું છું. (૯૨૬૬)

એમ (**સમસક્કય=**) સંસ્કૃત–પ્રાકૃત ઉભયમાં (સંસારદાવા૦ સ્તુતિની જેમ) સમ-શબ્દોવાળી ગાથાઓ વડે શ્રી વીરને સ્તવીને, જિનધર્મને સ્વીકારીને. અતિ પ્રસન્ન ચિત્તવાળો નંદમણિયાર શેઠ પોતાના ઘેર ગયો. (૯૨૬૭) (પછી) યથોક્ત (જેવી રીતે સ્વીકાર્યો તેવી) રીતે બારેય વ્રતોરૂપ સુંદર જૈનધર્મને તે પાળવા લાગ્યો અને શ્રી વીરપ્રભુ પણ અન્યાન્ય સ્થાનોમાં વિચરવા લાગ્યા (૯૨૬૮) પછી અન્યદા કદાપિ સુવિહિત સાધુઓના વિરહથી અને અત્યંત અસંયમી મનુષ્યોનાં વારંવાર દર્શનથી, પ્રતિક્ષણ સમ્યક્ત્વના પર્યાયો (અધ્યવસાયસ્થાનો) ઘટવાથી અને મિથ્યાત્વનાં દલિયાં સતત વધવાથી, સમ્યક્ત્વથી રહિત થએલા તેણે એક અવસરે જેઠ માસમાં પૌષધશાળામાં અટ્ઠમ સાથે પૌષધ કર્યો. (૯૨૬૯ થી ૭૧) પછી અઠ્ઠમની તપશ્ચર્યા (શરીરમાં) પરિણામ પામતાં તૃષા અને ભૂખથી પીડાતા નંદશેઠને એવી વાસના (ચિંતા) પ્રગટી કે–તેઓ ધન્ય છે અને કૃતપુણ્ય છે, કે જેઓએ નગરની સમીપમાં પવિત્ર જળથી ભરેલી સુંદર વાવડીઓ કરાવી છે. (૯૨૭૨-૭૩) જે વાવડીઓમાં નગરના લોકો નિત્ય પાણીને પીવે છે, લઈ જાય છે અને

સ્નાન કરે છે. તેથી પ્રભાત થતાં હું પણ રાજાની રજા મેળવીને મોટી વાવડીને કરાવું. એમ વિચારીને તેણે સૂર્ય ઊગતાં પૌષહને પારીને સ્નાન કર્યું. (૯૨૭૪-૭૫) પછી તે વિશુદ્ધ વસ્ત્રોને પહેરીને હાથમાં (**પાઠાં૦ પાહુડ=**) ભેટણું લઈને રાજાની પાસે ગયો અને રાજાને આદરસહિત પ્રણામ કરીને વિનવવા લાગ્યો કે-(૯૨૭૬) હે દેવ ! તમારી અનુજ્ઞાથી નગરની બહાર (સમીપે) હું વાવડી કરવા ઈચ્છું છું. તેથી રાજાએ તેને સંમતિ આપી. (૯૨૭૭) પછી તેણે તૂર્ત (**તરુખંડ=**) વૃક્ષોની ઘટાથી શોભિત મોટા વિસ્તારવાળા ઇષ્ટ પ્રદેશમાં, છેડે મુસાફરોને આરોગ્યપ્રદ એવી ભોજનશાળાથી યુક્ત, તથા (કુલ્હાર=) સફેદ કમળો, ચંદ્રવિકાસી કમળો અને કુવલયોના સમૂહથી શોભતી, પૂર્ણ પાણીના સમૂહવાળી, નંદા નામની વાવડી કરાવી. (૯૨૭૮-૭૯) ત્યાં સ્નાન કરતા, જળક્રીડા કરતા અને જળને પીતા લોકો પરસ્પર એમ બોલે છે કે-તે નંદમણિયાર ધન્ય છે, કે જેણે નિર્મળ જળથી ભરેલી, ભમતા (રમતા) મચ્છ-કાચબાવાળી, પક્ષીઓનાં મિથુનનાં સમૂહથી રમણીય એવી આ વાવડી કરાવી છે. (૯૨૮૦-૮૧) એવો લોકોનો પ્રવાદ (પ્રશંસા) સાંભળીને અત્યંત પ્રસન્નતાને પામેલો તે નંદશેઠ પોતાને અમૃતથી સિંચેલા જેવો (અતિ આનંદ) માને છે. (૯૨૮૨) દિવસો જતાં પૂર્વભવના અશુભ કર્મોના દોષથી શત્રુની જેવા દુઃખકારક એવા ૧-જ્વર, ૨-શ્વાસ, ૩-ખાંસી, ૪-દાહ, ૫-નેત્રશૂલ, ૬-કુક્ષિ (પેટ) નું શૂળ, ૭-મસ્તકશૂળ, ૮-કોઢ, ૯-ખરજ, ૧૦-હરસ-મસા, ૧૧-જળોદર, ૧૨-કાનનું શૂળ, ૧૩-નેત્રની પીડા, ૧૪-અજીર્ણ, ૧૫-અરુચિ અને ૧૬-અતિ મોટું ભગંદર, એમ સોળ ભયંકર વ્યાધિઓએ એકીસાથે તેના શરીરમાં સ્થાન કર્યું અને તેની વેદનાથી (**પારદ્ધ**) પીડિત તેણે નગરમાં ઉદ્‌ઘોષણા કરાવી કે-જે મારા આ રોગોમાંથી એકનો પણ નાશ કરશે, તેને હું દરિદ્રતાનો નાશ કરે તેટલું ઘણું ધન આપીશ. (૯૨૮૩ થી ૮૬) તે સાંભળીને ઔષધથી સજ્જ થઈને ઘણા વૈદ્યો આવ્યા અને તેઓએ તૂર્ત અનેક પ્રકારે ચિકિત્સા શરુ કરી, (૯૨૮૭) પરંતુ તેને થોડો પણ (વિશેષ=) ફેરફાર (સુધારો) ન થયો. તેથી લજ્જાથી ઝાંખા પડેલા, થાકેલા (નિરાશ) વૈદ્યો જેમ આવ્યા તેમ પાછા ગયા (૯૨૮૮) અને રોગના આવેશની વેદનાથી પીડાએલો નંદ મરીને પોતાની વાવમાં (**સંજ્ઞી=**) ગર્ભજ દેડકાપણે ઉપજ્યો. (૯૨૮૯) ત્યાં તેને 'નંદશેઠ ધન્ય છે, કે જેણે આ વાવડી કરાવી.' -એવો લોકપ્રવાદ સાંભળતાં તૂર્ત પોતાના પૂર્વજન્મનું સ્મરણ (જાતિસ્મરણજ્ઞાન) થયું. (૯૨૯૦) તેથી સંવેગને પામેલો, 'આ (તિર્યંચપણું) મિથ્યાત્વનું ફળ છે'-એમ માનતો તે પુનઃ પણ (પૂર્વજન્મમાં પાળેલા) દેશવિરતિ વગેરે જૈનધર્મને અનુસર્યો (પાળવા લાગ્યો). (૯૨૯૧) અને તેણે અભિગ્રહ સ્વીકાર્યો કે-આજથી સદાય હું સતત છટ્ઠ (બે બે ઉપવાસના) તપને કરીશ અને પારણે (**પરં=**) કેવળ અચિત (ઉવ્વ=પૂર્વની) જુની-સૂકી (પાઠાં૦ પણિગાઈ=) પનક (સેવાલ-જળનો મેલ) વગેરેને ખાઈશ. (૯૨૯૨) એમ નિશ્ચય કરીને તે મહાત્મા (દેડકો) રહેવા લાગ્યો. અન્ય એક અવસરે ત્યાં શ્રી વીરપ્રભુ

પધાર્યા. (૯૨૯૩) તેથી તે વાવડીમાં સ્નાન કરતા લોકો પરસ્પર એમ બોલતા હતા કે– 'શીઘ્ર ચાલો, જેથી ગુણશીલ ચૈત્યમાં પધારેલા અને દેવોથી ચરણની પૂજા કરાએલા શ્રી વીરપ્રભુને વાંદીએ !' એ સાંભળીને પ્રગટેલા ભક્તિના અતિ સમૂહવાળો દેડકો, શ્રી જિનેશ્વરને વાંદવા માટે, પોતાની ઉત્કૃષ્ટ (ઉતાવળી) ચાલથી શીઘ્ર ગુણશીલ ઉદ્યાન તરફ જવા માટે રવાના થયો. (૯૨૯૪ થી ૯૬) (અહ=) આ બાજુ (ગુડિય=) પલાણેલા (શણગારેલા) હાથીના સમૂહ ઉપર બેઠેલા સુભટોથી મજબૂત ગાઢ ઘેરો કરેલા (પરિવરેલા), વળી અતિ ચપળ અશ્વોના સમૂહની કઠોર ખરીઓથી ભૂમિતળને ખોદતા, તથા સામંતો, મંત્રીઓ; સાર્થવાહો, શેઠીઆઓ અને સેનાપતિઓથી પરિવરેલા, એવા હાથીની ખાંધ ઉપર બેઠેલા, મસ્તક ઉપર ઉજ્જવળ છત્ર ધારણ કરેલા અને અતિ મૂલ્યવાન અલંકારોથી શોભતા, એવા શ્રેણિક મહારાજા તુર્ત ભક્તિપૂર્વક શ્રી વીરપ્રભુને વાંદવા ચાલ્યા. (૯૨૯૭ થી ૯૯) તે રાજાના એક ઘોડાએ ખરીના અગ્રભાગથી, ભક્તિપૂર્વક પ્રભુને વાંદવા જતા તે દેડકાને માર્ગમાં હણ્યો (કચર્યો). (૯૩૦૦) તે પ્રહારથી પીડાએલો તે દેડકો અનશન સ્વીકારીને, પ્રભુનું સમ્યગ્ સ્મરણ કરતો મરીને સૌધર્મ દેવલોકમાં દર્દુરાવતંસક નામના શ્રેષ્ઠ વિમાનમાં દર્દુરાંક નામે દેવ થયો, ત્યાંથી (ચ્યવીને) અનુક્રમે તે મહાવિદેહમાંથી મુક્તિને પામશે. (૯૩૦૧-૨) અલ્પકાળમાં સિદ્ધિ પામનારો પણ નંદ, જો એ રીતે મિથ્યાત્વશલ્યને કારણે નિંદિત (હલકી) તિર્યંચયોનિને પામ્યો, તો હે ક્ષપક ! તું તે શલ્યનો ત્યાગ કર ! (૯૩૦૩) અને ત્રણેય શલ્યોનો ત્યાગી તું પછી પાંચ સમિતિઓ અને ત્રણ ગુપ્તિઓ વડે શિવસુખને સાધનારા એવા સમ્યક્ત્વ વગેરે ગુણોની સાધના કર ! (૯૩૦૪) એવા તૃષાતુર જીવ પાણીને પીવાથી પ્રસન્ન થાય, તેવા ઉપદેશરૂપી અમૃતના પાનથી ચિત્ત પ્રસન્ન થતાં ક્ષપક નિવૃત્તિને પામે. (૯૩૦૫)

એમ સંસારસાગરમાં નાવડીતુલ્ય, સદ્ગતિમાં જવાના સરળ માર્ગરૂપ, ચાર મૂળ-દ્વારવાળી સંવેગરંગશાળા નામની આરાધનાના નવ પેટાદ્વારથી રચેલા સમાધિલાભ નામના મૂળ ચોથા દ્વારમાં અઢાર પેટાદ્વારથી રચેલા પહેલા અનુશાસ્તિદ્વારનું છેલ્લું નિઃશલ્યતા નામનું પેટાદ્વાર કહ્યું અને તે કહેવાથી આ અનુશાસ્તિદ્વાર સમાપ્ત થયું. (૯૩૦૬ થી ૮)

**ચોથા મૂળ સમાધિલાભદ્વારમાં બીજું પ્રતિપત્તિ નામે પેટાદ્વાર**–હવે એ પ્રમાણે હિતશિક્ષા સાંભળવા છતાં જેના અભાવે કર્મોનું દૂરીકરણ (અભાવ) ન થાય, તે પ્રતિપત્તિદ્વારને કહું છું. (૯૩૦૯) ઘણા વિષયોની વિસ્તારથી કહેલી શિખામણ સાંભળીને અતિ પ્રસન્ન થએલો અને ભવસમુદ્રથી પોતાને પાર પામેલા જેવો માનતો, હર્ષની વૃદ્ધિથી વિકસિત રોમરાજીવાળો ક્ષપકમુનિ, મસ્તકે બે હસ્તકમળને જોડીને, ચિત્તમાં ફેલાતા સુખ (આનંદ) રૂપી વૃક્ષના અંકુરાઓના સમૂહથી યુક્ત હોય તેવો તે 'આપે મને સુંદર શિખામણ આપી'–એમ ગુરુને વારંવાર કહેતો,

ભક્તિના સમૂહથી ભરેલી વાણી વડે કહે છે કે- (૯૩૧૦ થી ૧૨) હે ભગવંત ! તત્ત્વથી તમારાથી (વિ=) વિશિષ્ટ બીજો વૈદ્ય (જગતમાં) નથી, કે જે તમે આ રીતે મૂળમાંથી કર્મરૂપી મહાવ્યાધિનો નાશ કરો છો. (૯૩૧૩) તમે જ એક (કરણ=) ઇન્દ્રિયો સાથેના યુદ્ધની રંગભૂમિમાં બળવાન અંતરશત્રુઓથી હણાતા અશરણ જીવોના શરણ છો. (૯૩૧૪) તમે જ ત્રણ લોકમાં ફેલાતા મિથ્યાત્વરૂપી અંધકારના સમૂહનો નાશ કરવામાં ફેલાતાં (સમર્થ) જ્ઞાનનાં કિરણોના સમૂહરૂપ સૂર્ય છો. (૯૩૧૫) તેથી તમે મને જે અત્યંત દીર્ઘ સંસારરૂપી વૃક્ષના મૂળ-અંકુરાતુલ્ય અને (નિસ્સહ=) અત્યંત અનિષ્ટકારી, અઢાર પાપસ્થાનકના સમૂહને નિત્ય તજવાયોગ્ય તરીકે જણાવ્યો, તે ત્રણેય કાળનાં પાપસ્થાનકોને હું ત્રિવિધે તજું છું (૯૩૧૬-૧૭) ઉત્તમ મુનિઓને અકરણીય, મિથ્યાપંડિતોને (અજ્ઞાનીઓને) જ આશ્રય કરવાયોગ્ય, નિંદનીય એવા આઠ મદસ્થાનરૂપી (મોહના) મુખ્ય સૈન્યને હું નિંદુ છું. (૯૩૧૮) તથા દુઃખોના સમૂહમાં કારણભૂત એવી દુર્ગતિઓના ભ્રમણમાં સહાયક અને અરતિને કરનારા એવા ક્રોધાદિ કષાયોને પણ હવેથી ત્રિવિધે ત્રિવિધે તજુ છું. (૯૧૯૯) વળી પ્રશમના લાભને છોડાવનારા અને પ્રતિસમય ઉન્માદને વધારનારા સઘળાય પ્રમાદને હું ત્રિવિધે ત્રિવિધે તજું છું. (૯૩૨૦) પાપની અત્યંત મૈત્રી કરનારા અને પ્રચંડ દુર્ગતિના દ્વારને ઊઘાડનારા રાગને પણ બંધનની જેમ હું ત્રિવિધે ત્રિવિધે તજું છું (૯૩૨૧) (એમ તજવાયોગ્યનો ત્યાગ કરીને) પુનઃ આપની સમક્ષ ઉત્કૃષ્ટ શિષ્ટાચારોમાં એક ઉત્તમ સમ્યક્ત્વને હું શંકાદિ દોષોથી રહિત સ્વીકારું છું (૯૩૨૨) અને હર્ષના ઉત્કર્ષથી વિકસિત રોમરાજીવાળો હું પ્રતિક્ષણ શ્રી અરિહંત વગેરે છની ભક્તિને પ્રયત્નપૂર્વક કરું (સ્વીકારું) છું. (૯૩૨૩) સંસારની (જન્મ-મરણાદિની) પુનઃ પુનઃ પરંપરારૂપ હાથીઓના સમૂહનો નાશ કરવામાં એક સિંહતુલ્ય એવા શ્રી પંચનમસ્કારને હું સર્વ પ્રયત્નથી સ્મરુ છું. (૯૩૨૪) સર્વ પાપરૂપી પર્વતને ચૂરવામાં વજ્રતુલ્ય અને ભવ્ય પ્રાણીઓને (દાવિયમહ=) ઉત્સવને (આનંદને) પમાડનારા, એવા સમ્યગ્જ્ઞાનના ઉપયોગને હું સ્વીકારું છું (૯૩૨૫) વળી તમારી સાક્ષીએ સંસારના ભયને તોડવામાં દક્ષ અને પાપરૂપી સર્વ શત્રુઓનો વિધ્વંસ કરનાર એવી પાંચ મહાવ્રતોની રક્ષાને હું કરું છું. (૯૩૨૬) તથા ત્રણેય જગતને કદર્થના (કલેશ) કારક એવા રાગરૂપી પ્રબળ શત્રુના ભયનો નાશ કરવામાં સમર્થ અને મૂઢ પુરુષોને દુર્જ્ઞેય, એવાં ચાર શરણોને હું સ્વીકારુ છું (૯૩૨૭) પૂર્વભવે બાંધેલા, વર્ત્તમાનકાળના અને ભવિષ્યના એવા અતિ ઉત્કટ પણ દુષ્કૃત્યને વારંવાર હું નિંદુ છું, (૯૩૨૮) ત્રણેય લોકના જીવોએ જેઓના બે ચરણકમળોને પ્રણામ કર્યા છે, એવા શ્રી વીતરાગદેવના વચનને અનુસરતા મેં જે જે (સુકૃત) કર્યું હોય, તેને હું આજે અનુમોદુ છું. (૯૩૩૯) વધતા શુભ ભાવવાળો હું, ઘણા પ્રકારના ગુણોને કરનારા અને સુખરૂપી મત્સ્યને પકડવામા શ્રેષ્ઠ જાળતુલ્ય, એવા ભાવનાઓના સમૂહને દઢપણે સ્મરણ (ભાવિત) કરું છું. (૯૩૩૦) હે ભગવંત ! સૂક્ષ્મ પણ અતિચારને તજતો હું હવે સ્ફટિક જેવા

નિર્મળ શીલને સવિશેષ અસ્ખલિત પાળું (સ્વીકારું) છું (૯૩૩૧) ગંધહસ્તિનો સમૂહ જેમ હાથીના ટોળાને ભગાડે, તેમ સત્કાર્યોરૂપી વૃક્ષોના ખંડનો (સમૂહનો) નાશ કરવામાં સતત ઉદ્યત, એવા ઈન્દ્રિયોના સમૂહને પણ સમ્યગ્જ્ઞાનરૂપી દોરીથી વશ કરું છું. (૯૩૩૨) અભ્યંતર અને બાહ્ય ભેદવાળા બાર પ્રકારના તપકર્મને શાસ્ત્રોક્ત વિધિથી કરવા હું સમ્યગ્ પ્રયત્ન કરું છું. (૯૩૩૩) હે પ્રભુ! તમે જે ત્રણેય પ્રકારના મોટા શલ્યને કહ્યું, તેને પણ હવે હું અતિ વિશેષપણે ત્રિવિધે ત્રિવિધે તજું છું. (૯૩૩૪) એ રીતે તજવાયોગ્યને તજવાનો અને કરવાયોગ્ય વસ્તુને આચરવાનો સ્વીકાર કરનારો ક્ષપક ઉત્તરોત્તર આરાધનાના માર્ગ (શ્રેણિ) ઉપર ચઢે છે. (૯૩૩૫) તૃષાતુર થયેલા તે ક્ષપકને વચ્ચે વચ્ચે કષાયેલા (તુરા) સ્વાદ વિનાનું, ખટાશ, તીખાશ અને કડવાશ રહિત પાણી જેમ હિત કરે તેમ આપવું. (૯૩૩૬) પછી જ્યારે તે મહાત્માને પાણીની ઇચ્છા મટી જાય, ત્યારે સમયને જાણીને નિર્યામક ગુરુ તેને પાણીનું પણ પચ્ચક્ખાણ (ત્યાગ) કરાવે. (૯૩૩૭)

અથવા સંસારની અસારતાનો નિર્ણય થવાથી, ધર્મમાં રાગ ધરનારો કોઈ ઉત્તમ શ્રાવક પણ જો આરાધક બને (આરાધનાને સ્વીકારે), તો તે પૂર્વે જણાવેલા વિધિથી સ્વજનાદિને ખમાવવાનું કાર્ય કરીને સંસ્તારક પ્રવ્રજ્યાને સ્વીકારીને (ઇહં=) આ અંતિમ આરાધનામાં ઉદ્યમ કરે (૯૩૩૮-૩૯) અને તેના અભાવે (સંથારાને ન સ્વીકારે તો) પણ પૂર્વે સ્વીકારેલા બાર પ્રકારના ગૃહસ્થધર્મને પુનઃ (ઉચ્ચરીને) સુવિશુદ્ધતર અને સુવિશુદ્ધતમ કરતો (નિરતિચાર પાળતો) તે જ્ઞાનના, દર્શનના, અણુવ્રતોના, ગુણ-વ્રતોના અને શિક્ષાવ્રતોના અતિચારોને સર્વથા તજતો, પ્રતિસમય વધતા સંવેગવાળો (બે) હસ્તકમળને મસ્તકે જોડીને, દુશ્ચરિત્રની શુદ્ધિ માટે ઉપયોગપૂર્વક આ પ્રમાણે બોલે. (૯૩૪૦ થી ૪૨) ભગવાન એવા શ્રીસંઘનું મેં મોહવશ મન-વચન-કાયાથી જે કંઇ પણ અનુચિત કર્યું હોય, તેને હું ત્રિવિધે ખમાવું છું. (૯૩૪૩) અને અસહાયનો સહાયક, મોક્ષમાર્ગે ચાલનારા (આરાધકો)નો સાર્થવાહ તથા જ્ઞાનાદિ ગુણોના પ્રકર્ષવાળો, એવો ભગવાન શ્રીસંઘ પણ મને ક્ષમા કરો! (૯૩૪૪) શ્રીસંઘ એ જ મારો ગુરુ છે, અથવા મારી માતા છે, અથવા પિતા છે, શ્રીસંઘ પરમ મિત્ર છે અને મારો નિષ્કારણ બંધુ છે. (૯૩૪૫) તેથી ભૂત, ભવિષ્ય કે વર્તમાનકાળે, રાગથી-દ્વેષથી કે મોહથી, ભગવાન એવા શ્રીસંઘની મેં જે લેશ પણ આશાતના કરી-કરાવી કે અનુમોદી હોય, તેની સમ્યક્ આલોચના કરું છું અને પ્રાયશ્ચિત્તને સ્વીકારું છું. (૯૩૪૬-૪૭) તથા સુવિહિત સાધુઓનું, સુવિહિત સાધ્વીઓનું, સંવેગી શ્રાવકોનું તથા સુવિહિત શ્રાવિકા-ઓનું, (મેં) મન-વચન-કાયાથી જે કંઇ (કોઈનું) પણ અનુચિત કોઈ રીતે, ક્યારે પણ, સહસાત્કારે કે અનાભોગથી કર્યું હોય, તેને હું ત્રિવિધે ખમાવું છું. (૯૩૪૮-૪૯) કરુણાથી ભરપૂર મનવાળા તેઓ પણ સર્વે, વિનયને કરતા અને સંવેગપરાયણ મનવાળા એવા મને સમ્યક્ ક્ષમા કરો! (૯૩૫૦) તેઓની પણ જે કોઇ આશાતના કોઇ રીતે મેં કરી હોય, તેને હું સમ્યગ્ આલોચું છું અને પ્રાયશ્ચિત્તને સ્વીકારું છું. (૯૩૫૧) તથા

શ્રી જિનમંદિર, મૂર્તિ તથા શ્રમણો વગેરે પ્રતિ મેં જે કોઈ ઉપેક્ષા, અવહિલના તથા દ્વેષબુદ્ધિ કરી હોય, તેને પણ સમ્યગ્ આલોચું છું. (૯૨૫૨) તથા દેવદ્રવ્યને તથા સાધારણદ્રવ્યને જે રાગ-દ્વેષ કે મોહથી ભોગવ્યું કે તેની ઉપેક્ષા કરી હોય તેને સમ્યગ્ આલોચું છું. (૯૨૫૩) તથા હું શ્રી જિનવચનને જે સ્વર-વ્યંજન-માત્રા-બિંદુ કે પદ વગેરેથી ન્યૂન કે અધિક ભણ્યો અને તેને ઉચિત કાળ-વિનયાદિ આચારો રહિત ભણ્યો, (૯૩૫૪) તથા મંદ પુણ્યવાળા અને રાગ-દ્વેષ-મોહમાં આસક્ત ચિત્તવાળા મેં મનુષ્યપણું વગેરે અતિ દુર્લભ સમગ્ર સામગ્રીનો યોગ છતાં, પરમાર્થથી અમૃતતુલ્ય એવા પણ શ્રી સર્વજ્ઞકથિત આગમવચનને જે ન સાંભળ્યું અથવા અવિધિથી સાંભળ્યું, અથવા (પાઠાં૦ વિહીએ=) વિધિથી સાંભળેલું પણ સદ્દહ્યું નહિ, અથવા જે કોઈ વિપરીતપણે સદ્દહ્યું, અથવા તેનું બહુમાન ન કર્યું, અથવા જે વિપરીત પ્રરૂપ્યું, (૯૩૫૫ થી ૫૭) તથા બળ-વીર્ય-પુરુષકાર વગેરે હોવા છતાં તેમાં કહેલું મારી યોગ્યતાને અનુરૂપ મેં આચર્યું નહિ, અથવા વિપરીત આચર્યું, (૯૩૫૮) અથવા મેં તેમાં જે હાંસી કરી અને જે કોઈ રીતે પ્રદ્વેષ કર્યો, તે સર્વને હું આલોચું છું અને પ્રાયશ્ચિત્તને સ્વીકારું છું. (૯૩૫૯) તથા ભયંકર સંસાર-અટવીમાં પરિભ્રમણ કરતા મેં વિવિધ જન્મોમાં જેનો જે અપરાધ કર્યો હોય, તે પ્રત્યેકને પણ હું ખમાવું છું. (૯૩૬૦) સર્વ માતાઓને, સર્વ પિતાઓને, સર્વ સ્વજનવર્ગને અને મિત્રવર્ગને પણ હું ખમાવું છું, તથા શત્રુવર્ગને તો સવિશેષતયા હું ખમાવું છું, (૯૩૬૧) પછી ઉપકારીવર્ગને અને અનુપકારીવર્ગને પણ હું ખમાવું છું, તથા દૃષ્ટ (પ્રત્યક્ષ) વર્ગને હું ખમાવું છું અને અદૃષ્ટ (પરોક્ષ) વર્ગને પણ ખમાવું છું, (૯૩૬૨) સાંભળેલાને કે નહિ સાંભળેલાને, જાણેલાને કે અજાણ્યાને, ઉપચરિતને (કલ્પિતને) કે સત્યને, અયથાર્થને કે યથાર્થને, તથા પરિચિત કે અપરિચિતને અને દીન,અનાથ વગેરે સમગ્ર પ્રાણીવર્ગનેપણ હું પ્રયત્ન(આદર)પૂર્વક ખમાવું છું, (કારણ કે-) તે આ મારો ખામણાનો સમય છે. (૯૩૬૩-૬૪) ધર્મીવર્ગને અને અધર્મીઓના સમૂહને પણ હું સમ્યક્ ખમાવું છું, તથા સાધર્મિકવર્ગને અને અસાધર્મિકવર્ગને (પણ) ખમાવું છું. (૯૩૬૫) વળી ખમાવવા તત્પર થએલો હું સન્માર્ગમાં રહેલા (માર્ગાનુસારી) વર્ગને તથા અમાર્ગે (ઉન્માર્ગે) વર્તનારા સમૂહને પણ ખમાવું છું, કારણ કે-હમણાં તે આ મારો ખામણાનો કાળ છે. (૯૩૬૬) પરમાધામિક (દેવ) પણાને પામેલા અને નરકમાં નારક બનેલા એવા મેં પરસ્પર નારકીઓને જે પીડા કરી તેને હું ખમાવું છું. (૯૩૬૭) તથા તિર્યંચપણામાં એકેન્દ્રિયપણું વગેરેમાં ઉપજેલા મેં એકેન્દ્રિય વગેરે જીવોનું તથા જળચર-સ્થળચર-ખેચરપણાને પામેલા મેં જળચર વગેરેનું પણ કોઈ રીતે મન-વચન-કાયાથી જે કંઈ લેશ પણ અનિષ્ટ કર્યું હોય તેને હું નિંદુ છું. (૯૩૬૮-૬૯) તથા મનુષ્યોના ભવોમાં પણ મેં રાગથી, દ્વેષથી કે મોહથી, ભયથી કે હાસ્યથી, શોકથી કે ક્રોધથી, માનથી, માયાથી કે લોભથી પણ, આ ભવમાં

કે અન્ય ભવમાં, જે (મનથી ઇર્ષ્યાદિ) દુષ્ટ મનોભાવને, (વચનથી અવહસણ=) તિરસ્કાર–હાંસીને અને (કાયાથી) તર્જન–તાડન–બંધન–અવહેલના કે મારણને, એમ (અન્ય જીવોને) શરીરની–મનની જે અનેક પીડાઓને ઉપજાવી હોય, એ પ્રમાણે કોઈ રીતે કર્યું, કરાવ્યું કે અનુમોદ્યું હોય તેને પણ હું ત્રિવિધે નિંદુ છું (૯૩૭૦ થી ૭૨) તથા મંત્ર વગેરેના બળથી દેવોને (કોઈ વ્યક્તિ કે) પાત્રમાં ઊતારવા, ખસેડવા, થંભાવવા, ખીલે બાંધવા (અથવા ખેલ કરાવવા), વગેરે પ્રયોગથી જે કંઈ પણ અપરાધ કર્યો હોય અથવા તિર્યંચપણાને પામેલા મેં જે કંઈ તિર્યંચોને, મનુષ્યોને અને દેવોને, તથા મનુષ્યપણું પામેલા મેં જે કંઈ તિર્યંચોને, મનુષ્યોને તથા દેવોને અને દેવપણાને પામેલા મેં નારકી, તિર્યંચ, મનુષ્ય, કે દેવોને જે કંઇ પણ શારીરિક કે માનસિક અનિષ્ટ ઉપજાવ્યું હોય, તે સમસ્તને પણ હું ત્રિવિધે ત્રિવિધે સમ્યક્ ખમાવું છું અને હું સ્વયં પણ તેઓને ખમું છું. (કારણ કે–) આ મારો ક્ષમાપનાનો કાળ છે. (૯૩૭૩ થી ૭૬) તથા પાપબુદ્ધિથી કરેલું શિકાર વગેરે પાપ તો દૂર રહો, (તેને તો ખમાવું છું), ઉપરાન્ત ધર્મબુદ્ધિથી પણ જે પાપાનુબંધી પાપને કર્યું હોય, તથા જે વાછરડાંને પરણાવવાં, યજ્ઞો કરવા, (અગ્ગિહુત્તિય=) અગ્નિયાગ (એક પ્રકારની અગ્નિદેવની કે અગ્નિ વડે હોમ–પૂજા), પરબનું દાન, જોડેલાં હળોનું, ગાયનું તથા પૃથ્વીનું દાન, તથા જે લોખંડની, સુવર્ણની કે તલની (બનાવેલી) ગાયનું (કે બીજી રીતે કોઇ ધાતુનું, સુવર્ણનું, તલનું અને ગાયનું) દાન કર્યું હોય અથવા આ જન્મમાં જે કુંડો, કૂવા, રેંટ, વાવડી અને તળાવ ખોદાવ્યાં વગેરે, તથા ગાયનું (અથવા પૃથ્વીનું) કે વૃક્ષોનું પૂજન કે (પાઠાં૦ વંદન=) વંદન કર્યું કે કર્પાસાદિનું દાન કર્યું, ઇત્યાદિ (ધર્મબુદ્ધિથી પણ) જે કોઇ પાપને કર્યું હોય, તથા જે દેવમાં અદેવબુદ્ધિ અને અદેવમાં દેવબુદ્ધિ કરી, અગુરુમાં પણ ગુરુબુદ્ધિ અને સુગુરુમાં વળી અગુરુબુદ્ધિ કરી તથા જે તત્ત્વમાં અતત્ત્વબુદ્ધિ અને અતત્ત્વમાં પણ તત્ત્વબુદ્ધિ કરી, કે કોઇ રીતે પણ કદાપિ પણ કરાવી કે અનુમોદી હોય, તે તે સર્વ મિથ્યાત્વનાં કારણોને યત્નપૂર્વક સમજીને હું સમ્યગ્ આલોચું છું અને તેના પ્રાયશ્ચિત્તને સ્વીકારું છું. (૯૩૭૭ થી ૮૨) તથા મિથ્યાત્વમાં મૂઢબુદ્ધિવાળા મેં લોકમાં જે કુતીર્થને (મિથ્યાદર્શનને) પ્રવર્તાવ્યું અને મોક્ષમાર્ગનો અપલાપ કરીને જે મિથ્યામાર્ગને ઉપદેશ્યો, તથા મેં જીવોને દુરાગ્રહ પ્રગટાવનારાં અને મિથ્યાત્વમાર્ગે દોરનારાં, એવાં કુશાસ્ત્રોને રચ્યાં, અથવા હું તેને ભણ્યો, તેને પણ હું નિંદુ છું. (૯૩૮૩–૮૪) વળી જન્મતાં ગ્રહણ કરેલાં અને મરતાં મૂકેલાં એવાં પાપની આસક્તિમાં તત્પર જે (ભવોભવનાં) શરીરો, તે સર્વને પણ આજે હું વોસિરાવું છું (૯૩૮૫) તથા જે જીવહિંસાકારક પાશ (જાળો વગેરે) પ્રહરણ (શસ્ત્રાદિ), હળો, સાંબેલાં, ખાંડણીઆ, ઘંટીઓ, યંત્રો, વગેરે જે સર્વ પ્રકારનાં અધિકરણોને આ જન્મે કે અન્ય જન્મમાં, કર્યા–કરાવ્યાં કે અનુમોદ્યાં હોય, તે સર્વને પણ મારી મૂર્છામાંથી (મમતામાંથી) ત્રિવિધે ત્રિવિધે હું વોસિરાવું છું (મમતાને તજું છું). (૯૩૮૬–૮૭) વળી મૂઢ એવા

મેં લોભવશ કષ્ટથી ધનને મેળવીને અને મોહથી રાખીને, જે પાપસ્થાનોમાં જ વાપર્યું, તે નિશ્ચે અનર્થભૂત એવા સઘળાય ધનને આજે હું ભાવથી મારી મમતામાંથી ત્રિવિધે ત્રિવિધે વોસિરાવું છું. (૯૩૮૮-૮૯) વળી કોઇની પણ સાથે મારે જે કોઇ પણ વૈરની પરંપરા હતી અને છે, તેને પણ પ્રશમભાવમાં રહેલો હું આજે સંપૂર્ણ ખમાવું છું. (૯૩૯૦) સુંદર એવાં ઘર-કુટુંબ વગેરેમાં મારો જે રાગ હતો, અથવા આજે પણ છે, તેને પણ મેં આજે છોડયો છે. (૯૩૯૧) વધારે કહેવાથી શું ? આ ભવમાં કે ભવાંતરોમાં, સ્રી-પુરુષ કે નપુંસકપણામાં રહેલા અને વિષયાભિલાષને વશ પડેલા, એવા મેં ગર્ભનાં પરિશાટન ( પડાવવા ) વગેરે, તથા પરદારાસેવન વગેરે જે અનાર્ય એવા ભયંકર પાપને કર્યું, તથા ક્રોધથી પોતાનો કે પરનો ઘાત વગેરે અને માનથી જે પરનું (**નિરસન=**) ખંડન (અપમાન) વગેરે કર્યું, માયાથી પરવંચનાદિરૂપ પણ જે કંઇ કર્યું અને લોભના અનુબંધથી ( આસક્તિથી ) મહા આરંભ-પરિગ્રહ વગેરે કર્યાં, તથા આહટ્ટ-દોહટ્ટ (પાઠાં૦ **વસટ્ટેણ=**) વશ પીડાથી જે વિવિધ અનુચિત વર્તન કર્યું,(**૯૩૯૨ થી ૯૫**)વળી રાગપૂર્વક માંસભક્ષણ વગેરે અભક્ષ્યભક્ષણાદિ કર્યું, મધ, દારુ, કે લાવક ( નામના પક્ષીનો ) રસ, વગેરે જે કંઈ ( અપેયનું ) પાન કર્યું, દ્વેષથી જે કંઈ પરગુણને સહ્યા નહિ, નિંદા, અવર્ણવાદ, વગેરે કર્યું, અને મોહમહાગ્રહથી ગ્રસિત થએલા અને તેથી હેય-ઉપાદેયના વિવેકથી શૂન્ય ચિત્તવાળા એવા મેં પ્રમાદથી બહુ પ્રકારનું, બહુ રીતે, જે કંઇ પણ પાપનુબંધી પાપને કર્યું, વળી અમુક અમુક આ (પાપને) કર્યું અને અમુક આને હવે કરીશ, એવા ( પાપી ) વિકલ્પોથી જે કર્યું, તે ભૂત-ભવિષ્ય અને વર્ત્તમાન-એમ ત્રણ કાળ સંબધી સર્વ પાપોની ત્રિવિધ ત્રિવિધ ગર્હાદ્વારા વિશુદ્ધ થયેલો, સંવિજ્ઞ મનવાળો હું આલોચના, નિંદા અને ગર્હાથી વિશુદ્ધિને ( પ્રાયશ્ચિત્તને ) કરું છું. (**૯૩૯૬ થી ૯૪૦૦**) એમ ગુણોની ખાણ એવો ક્ષપક યથાસ્મરણ દુરાચરણોના સમૂહની ગર્હા કરીને ( તેના ) રાગને તોડવા માટે આત્માને સમજાવે. જેમ કે-( પાઠાં૦ **સુરલોએ=** ) દેવલોકમાં ( **એત્તો=** ) આ મનુષ્યભવની અપેક્ષાએ અત્યંત શ્રેષ્ઠ, રમણીયપણાથી અનંતતમગુણ અધિક રતિ પ્રગટાવનારા, એવા શ્રૃંગારિક શબ્દાદિ વિષયોને ભોગવીને પુનઃ તુચ્છ, ગંદા અને તેનાથી અનંતગુણા હલકા, એવા આ ભવના આ વિષયોને હે જીવ ! તું ઇચ્છીશ નહિ. (**૯૪૦૧ થી ૩**) તથા નરકમાં અહીંની અપેક્ષાએ સ્વભાવે જ અસંખ્યગુણ આકરાં એવાં અનંતતમગુણાં કેવળ દુઃખોને જ દીર્ઘકાળ પર્યંત નિરંતર સહન કરીને વર્ત્તમાનમાં આરાધનામાં લીન મનવાળા હે જીવ ! તું અહીં વિવિધ પ્રકારની શારીરિક પીડા થાય તો પણ લેશ પણ કોપને કરીશ નહિ. (**૯૪૦૪-૫**) તું નિર્મળ બુદ્ધિથી ( વિચારી ) જો ! દુઃખોને સમ્યક્ ( સમતાથી ) સહન કરવા સિવાય સ્વજનોથી તારો ( તને ) થોડો પણ આધાર નથી, કારણ કે-હે ભદ્ર ! તું સદા એકલો જ છે, ત્રણ ભુવનમાં પણ બીજો કોઈ તારો નથી, તું પણ આ જગતમાં બીજા કોઇને પણ ( **બીઓ=** ) સહાયક નથી, અખંડ જ્ઞાન-દર્શન-ચારિત્રના પરિણામથી પરિણત અને ધર્મને સમ્યગ્

અનુસરતો એવો એક (ધણિયં=) પ્રશસ્ત આત્મા જ નિશ્ચે તારો (બંધો=) સહાયક છે. (૯૪૦૬ થી ૮) વળી જીવોને આ સર્વ દુઃખોનો સમુદાય નિશ્ચે સંયોગના કારણે છે. તેથી જાવજ્જીવ પણ સર્વ સંયોગોને તજતો તું, સર્વે પણ આહારને તથા તે તે પ્રકારના સુખળાય ઉપધિના સમૂહને અને ક્ષેત્ર સંબંધી પણ સર્વ (ક્ષેત્રના) રાગનો શીઘ્ર ત્યાગ કર! (૯૪૦૯-૧૦) અને વળી જીવનું ઇષ્ટ, કાન્ત, વ્હાલું, મનગમતું, દુઃખે છૂટે તેવું, જે આ પાપી શરીર, તેને પણ તું તૃણતુલ્ય માન! (૯૪૧૧) એમ પરિણામને શુદ્ધ કરતો સમ્યક્ વધતા વિશેષ સંવેગવાળો, શલ્યોનો સમ્યક્ ત્યાગી, સમ્યક્ આરાધનાની કાંક્ષાવાળો અને સમ્યક્ સ્થિર મનવાળો (એવો ક્ષપક) સુભટ યુદ્ધને ઇચ્છે તેમ, જેના મનોરથો પણ અતિ દુર્લભ છે એવા પંડિતમરણને મનમાં ઇચ્છતો, પદ્માસન કરીને જ, અથવા જેમ સમાધિ રહે તેમ શરીરને ધારણ (આસન) કરીને, સંથારામાં બેઠેલો (અનશન સ્વીકારેલો), ડાંસ, મચ્છર વગેરેને પણ નહિ ગણકારતો, ધીર, પોતાના લલાટે બે હસ્તકમળને જોડીને ભક્તિના સમૂહથી ભરપૂર મનવાળો વારંવાર આ પ્રમાણે બોલે. (૯૪૧૨ થી ૧૫)

આ 'હું' ત્રણ લોક વડે પૂજાએલા, પરમાર્થથી બંધુ અને દેવાધિદેવ, એવા શ્રી અરિહંતોને સમ્યક્ પ્રણામ કરું છું. (૯૪૧૬) તથા આ 'હું' પરમ (ઉત્કૃષ્ટ) સુખથી સમૃદ્ધ (નિક્કલ=) અગમ્ય-વચનાતીત રૂપના ધારક અને શિવપદરૂપી સરોવરમાં રાજહંસતુલ્ય, એવા સિદ્ધોને પ્રણામ કરું છું. (૯૪૧૭) આ 'હું' પ્રશમના ભંડાર, પરમ તત્ત્વના (મોક્ષના) જાણ અને સ્વસિદ્ધાન્ત-પરસિદ્ધાન્તમાં કુશળ, એવા આચાર્યોને પણ પ્રણામ કરું છું. (૯૪૧૮) તથા આ 'હું' શુભ ધ્યાનના ધ્યાતા, ભવ્યજનવત્સલ અને શ્રુતદાનમાં સદા તત્પર, એવા ઉપાધ્યાયોને પ્રણામ કરું છું. (૯૪૧૯) તથા આ 'હું' મોક્ષમાર્ગમાં સહાયક, સંયમરૂપી લક્ષ્મીના આવાસ (આધાર) અને મોક્ષમાં એક બદ્ધલક્ષ્યવાળા, એવા સાધુઓને પ્રણામ કરું છું. (૯૪૨૦) વળી આ હું સંસારમાં ભટકવાથી થાકેલા પ્રાણીવર્ગને વિશ્રામનું (થામ=) સ્થાન એવા સર્વજ્ઞપ્રણીત પ્રવચનને પણ પ્રણામ કરું છું. (૯૪૨૧) તથા આ હું સર્વ તીર્થંકરોએ પણ જેને પ્રણામ કર્યા છે, તે શુભ કર્મના ઉદયથી (સ્વ-પર) વિઘ્નના સમૂહને ચૂરનારા એવા શ્રીસંઘને પ્રણામ કરું છું. (૯૪૨૨) તે પ્રદેશોને (ભૂમિઓને) હું વાંદુ છું, કે જ્યાં કલ્યાણના નિધાનભૂત એવા શ્રી જિનેશ્વરો જન્મને, દીક્ષાને, કેવળજ્ઞાનને અને નિર્વાણને પામ્યા છે. (૯૪૨૩) શીલરૂપ સુગંધના અતિશયથી (પાઠાં૦ વરાગુરૂણ=) શ્રેષ્ઠ અગુરુને પણ જીતનારા એવા ઉત્તમ ગુરુઓનાં, કલ્યાણના કુળભવનતુલ્ય (નિજઘરતુલ્ય) અને સંસારથી ભય પામેલા પ્રાણિઓને શરણભૂત, એવા ચરણોને હું વાંદુ છું. (૯૪૨૪) (એવા વંદનીયને વાંદીને કહે કે-) પહેલાં પણ સેવકજનવત્સલ, સંવેગી, જ્ઞાનના ભંડાર અને સમયોચિત સર્વ ક્રિયાઓથી યુક્ત, એવા સ્થવિર ભગવંતોના (પામૂલમ્મિ=)

ચરણોમાં સુંદર ધર્મને સમ્યક્ સ્વીકારતા એવા મેં સર્વ તજવાયોગ્ય તજ્યું છે અને સ્વીકારવાયોગ્ય સ્વીકાર્યું છે. (તથાપિ) વિશેષ સંવેગ પામેલો હું હવે તે જ ત્યાગ-સ્વીકારને અતિ વિશેષ રૂપે કરું છું. (**૯૪૨૫ થી ૨૬**) તેમાં પ્રથમ હું સમ્યગ્ રીતે મિથ્યાત્વથી પાછો ફરીને અને અતિ વિશેષપણે સમ્યક્ત્વનો સ્વીકાર કરીને, પછી અઢાર પાપસ્થાનકોથી પાછા ફરીને, કષાયોનો અવરોધ કરતો, આઠ મદસ્થાનનો ત્યાગી, પ્રમાદ-સ્થાનોનો ત્યાગી, દ્રવ્યાદિ ચારેય ભાવોના રાગથી મુક્ત, યથાસંભવ સૂક્ષ્મ અતિચારોની (પણ) પ્રતિસમય વિશુદ્ધિ (પ્રાયશ્ચિત્ત) કરતો, અણુવ્રતોને ફરીથી સ્વીકારીને સર્વ જીવો સાથે સંપૂર્ણ ક્ષમાપના કરતો, અનશનના પાછળ કહેલા ક્રમથી સર્વ આહારને તજતો, નિત્ય જ્ઞાનના ઉપયોગપૂર્વક પ્રત્યેક કાર્યની (અથવા કાર્ય અંગે) પ્રવૃત્તિ કરતો, પાંચ અણુવ્રતોની રક્ષામાં તત્પર, સદાચારથી શોભતો, મુખ્યતયા ઇન્દ્રિયોનું દમન કરતો, નિત્ય અનિત્યાદિ ભાવનાઓમાં રમતો, (એવો હું) ઉત્તમ અર્થને (અનશનને) સાધું છું. એમ કર્તવ્યોનો (**પડિવત્તી=**) સ્વીકાર કરીને, બુદ્ધિમાન (શ્રાવક) જીવવાની કે મરવાની પણ (**આસંસપયોગ=**) ઇચ્છાને તજવામાં તત્પર, આ લોક-પરલોકની (સુખની) ઇચ્છાથી પણ મુક્ત, કામભોગની ઇચ્છાનો ત્યાગી, (એમ સંલેખનાના પાંચેય અતિચારોથી મુક્ત) ઉપશમનો ભંડાર, પંડિતમરણ (માટે મોહની સામે) યુદ્ધભૂમિમાં વિજયધ્વજ પ્રાપ્ત કરવા માટે એક સુભટ બનેલો, તે તે પ્રકારના ત્યાગ કરવાયોગ્ય સર્વ પદાર્થોના સમૂહનો (**પ્રત્યાખ્યાતા=**) ત્યાગી, તથા 'આ કરવાયોગ્ય છે'-એમ માની સ્વીકારવા-યોગ્ય કાર્યોનો સ્વીકાર કરતો, તે તે કાળે પ્રગટતા નવા નવા સંવેગના પ્રકર્ષરૂપ ગુણ વડે આત્માને પદે પદે (ક્ષણે ક્ષણે) અપૂર્વ (નૂતન) જેવો જાણતો (અનુભવતો), શત્રુ-મિત્રમાં સમચિત્તવાળો, તૃણ અને મણિમાં તથા સુવર્ણ અને કંકરમાં પણ સમાન(વૃત્તિ-વાળો), બુદ્ધિમાન્, મનમાં પ્રતિક્ષણ વધી રહેલા સમાધિરસના પ્રકર્ષને પામતો (અનુ-ભવતો), અત્યંત સારા કે અતિ માઠા પણ શબ્દાદિ વિષયોને સાંભળીને, જોઇને, ચાખીને, સૂંઘીને અને સ્પર્શીને પણ પ્રત્યેક વસ્તુના સ્વભાવના જ્ઞાનબળે અરતિ-રતિને નહિ કરવાથી શરદઋતુની નદીના (નીતરેલા નિર્મળ) પાણીની જેમ અતિ નિર્મળ ચિત્તવાળો, મહાસત્ત્વશાળી, ગુરુ અને દેવને પ્રણામ કરીને ઉચિત આસને રહેલો જ તે ત્યાં (તે કાળે) 'આ રાધાવેધનો સમય છે'-એમ મનમાં વિચારતો, સઘળા કર્મરૂપી વૃક્ષોના વનને બાળવામાં વિશેષ સમર્થ એવા દાવાનળના પ્રાદુર્ભાવતુલ્ય ધર્મધ્યાનને સમ્યક્ પ્રકારે ધ્યાવે (કરે), અથવા ત્યાં (તે સમયે) શ્રી જિનેશ્વરનું ધ્યાન કરે. (એમ ૯૪૪૮ ગાથા-માં કહેલા 'ઝાએજ્જ' ક્રિયાપદ સાથે સંબંધ જોડવો. તે કેવા જિનેશ્વરનું ધ્યાન કરે ? તે કહે છે કે-) પૂર્ણચંદ્ર સમાન મુખવાળા, ઉપમાથી અતિક્રાન્ત (અનુપમેય) રૂપ-લાવણ્યવાળા, પરમાનંદના કારણભૂત, સેંકડો અતિશયોના સમુદાયરૂપ (અતિશયોરૂપ), ચક્ર-અંકુશ-વજ્ર-ધ્વજ (પાઠાં૦ જ્ઝસ=મચ્છ) વગેરે (**અક્ખંડ=**) સંપૂર્ણ (નિર્દોષ) લક્ષણોથી યુક્ત શરીરવાળા, સર્વોત્તમ ગુણોથી શોભતા, સર્વોત્તમ પુણ્યના સમૂહરૂપ,

શરદના ચંદ્રનાં કિરણતુલ્ય ઉજ્જવળ ત્રણ છત્રોની અને અશોકવૃક્ષની નીચે બિરાજતા, સિંહાસને બેઠેલા, દુંદુભિની ગાઢ ગર્જનાતુલ્ય (અથવા ગર્જનાયુક્ત ગંભીર) અવાજ-(સ્વર) વાળા, દેવ-અસુર સહિત (મનુષ્યોની) પર્ષદામાં નિષ્પાપ (શુદ્ધ) ધર્મને પ્રરૂપતા, જગતના સર્વ જીવો પ્રત્યે વત્સલ (વિશ્વવત્સલ), અચિંત્યતમ (અગમ્ય) શક્તિથી મહિમાવંત, પ્રાણી (માત્ર)ના ઉપકારથી પવિત્ર (અથવા ઉપકારમાં પ્રવૃત્ત), સમસ્ત કલ્યાણના (સુખના) અવંધ્ય (નિશ્ચિત) કારણભૂત, અન્ય મતવાળાંઓને પણ શિવ, બુદ્ધ, બ્રહ્મા, વગેરે નામથી (ધ્યેય=) ધ્યાન કરવાયોગ્ય, (કેવળ) જ્ઞાનથી સર્વ જ્ઞેય-ભાવોને એકીસાથે (નિઉણં=) યથાર્થરૂપે જાણતા અને જોતા, મૂર્તિમાન (દેહધારી) ધર્મ અને જગતના (પ્રકાશક) પ્રદીપતુલ્ય, એવા શ્રી જિનેશ્વરનું ધ્યાન કરે. (૯૪૨૮ થી ૪૮) અથવા તે જ શ્રી જિનેશ્વર ભગવંતનું (કહેલું), ત્રણેય ભુવનને માન્ય અને દુઃખથી તપેલા પ્રાણીઓને અમૃતની વર્ષાતુલ્ય, એવા શ્રુતનું ધ્યાન કરે. (૯૪૪૯) પુનઃ જો અશક્તિના (કે બિમારીના) કારણે તે કેટલું બોલી ન શકે, તો 'અ-સિ-આ-ઉ-સા' એ પાંચ અક્ષરોનું મનમાં ધ્યાન કરે. (૯૪૫૦) પાંચ પરમેષ્ઠિઓમાંથી એક એક પણ (પરમેષ્ઠિનું ધ્યાન) પાપનાશક છે, તો એકીસાથે પાંચેય પર-મેષ્ઠિઓ સમગ્ર પાપોના ઉપશામક કેમ ન થાય? (૯૪૫૧) આ પાંચ પરમેષ્ઠિઓ મારા મનમાં ક્ષણવાર સ્થાન કરો (સ્થિર થાઓ), કે જેથી હું મારું કાર્ય સાધું, એમ તે કાળે પ્રાર્થના કરે. (૯૪૫૨) આ પરમેષ્ઠિઓનો નમસ્કાર ભવસમુદ્ર તરવાની નાવા છે, સદ્ગતિના માર્ગમાં શ્રેષ્ઠ રથ છે, દુર્ગતિનું ઢાંકણ (રોકનાર) છે, સ્વર્ગે જવાનું વિમાન છે અને મોક્ષમહેલની નીસરણી છે, પરલોકની મુસાફરીમાં ભાતું છે, કલ્યાણ (સુખ)ની વેલડીનો કંદ છે, (દુઃખહરો=) દુઃખનાશક છે અને સુખકારક છે. (૯૪૫૩-૫૪) નિશ્ચે અંતકાળે મારા પ્રાણો પાંચ પરમેષ્ઠિના નમસ્કારની સાથે જાઓ!, કે જેથી (પાઠાં૦ ભવ=) સંસારમાં ઉપજતાં દુઃખોને જલાંજલિ આપું! (૯૪૫૫) એમ બુદ્ધિમાને જો સદાકાળ પણ પંચનમસ્કારના પ્રણિધાનમાં તત્પર રહેવું જોઇએ, તો અંતિમ કાળે (તેનું) પૂછવું જ શું? (૯૪૫૬) અથવા પાસે રહેલા બીજાઓ દ્વારા બોલાતા આ નમસ્કારને બહુમાનપૂર્વક એકાગ્ર મનવાળો તે અવધારે (૯૪૫૭) અને નિર્યામક સાધુ સંભળાવે તે ચંદાવિજ્જયપયન્નો, આરાધનાપયન્નો વગેરે સંવેગજનક ગ્રન્થોને હૈયામાં સમ્યગ્ અવધારે. (૯૪૫૮) જો વાયુ વગેરેથી આરાધકને બોલવું બંધ થઇ જાય, અથવા અત્યંત પીડાને પામેલો હોવાથી બોલવામાં અશક્ત (હોય તો) અંગુલિ વગેરેથી સંજ્ઞા (ઈશારો) કરે. (૯૪૫૯)

નિર્યામણા કરાવવામાં તત્પર તે સાધુઓ પણ અનશનવાળાની નજીકથી પણ અતિ નજીક આવીને કાનને સુખકારક શબ્દોથી, જ્યારે અદ્યાપિ અંગોપાંગ વગેરેમાં રહેલી ઉષ્ણતા (અંગોમાં ગરમી) જણાય, ત્યાં સુધી પોતાના પરિશ્રમને ગણ્યા વિના, મનથી એકાગ્ર બનીને, અતિ ગંભીર અવાજ કરતા, સંવેગભાવને પ્રગટાવનારા ગ્રન્થોને અથવા

અસ્ખલિત પંચનમસ્કાર મંત્રને સતત સંભળાવે. (૯૪૬૦ થી ૬૨) અને ભૂખ્યો જેમ ઇષ્ટ ભોજનનું, અતિતૃષાતુર સ્વાદિષ્ટ શીતળ જળનું અને રોગી પરમ ઔષધનું બહુમાન કરે, તેમ ક્ષપક તે શ્રવણનું બહુમાન કરે. (૯૪૬૩) એમ શરીરબળ ક્ષીણ થવા છતાં ભાવબળનું આલંબન કરીને ધીર એવો પુરુષસિંહ તે અખંડ ( પૂર્ણ ) વિધિથી કાળ કરે. (૯૪૬૪) પણ જો નિશ્ચે (**આસન્નભવ્ય=**) નજીકમાં કલ્યાણ થવાનું હોય, તો જ નિશ્ચે કોઈ ( તેવો ) મહા સાત્ત્વિક પુરુષ આ રીતે કહેલા ક્રમથી પ્રાણોને તજે. (કારણ કે–આવું પંડિતમરણ અતિ દુર્લભ છે.) (૯૪૬૫) એમ પાપરૂપી અગ્નિને ઠારવા માટે મેઘતુલ્ય, સદ્ગતિએ જવામાં ઉત્તમ ( નિર્વિઘ્ન–સરળ ) માર્ગતુલ્ય, ચાર મૂલદ્વારવાળી, સંવેગ-રંગશાળા નામની આરાધનાના નવ પેટાદ્વારવાળા ચોથા સમાધિલાભદ્વારમાં આ બીજું પ્રતિપત્તિદ્વાર કહ્યું (૯૪૬૬–૬૭) હવે પ્રતિપત્તિવાળો છતાં જો કોઈ કારણે કોઈ રીતે તે આરાધકને ક્ષોભ થાય, તો તેનો પ્રશમ કરવા સારણાદ્વાર જણાવું છું. (૯૪૬૮)

**મૂળ ચોથાદ્વારમાં ત્રીજું સારણા પેટાદ્વાર**–સંથારાને સ્વીકારવા છતાં, આરાધનામાં ઉજમાળ છતાં, દૃઢ ધીરજ અને દૃઢ સંઘયણવાળો છતાં, અતિ દુષ્કર (પણ સમાધિની) અભિલાષા છતાં સ્વભાવે જ સંસાર પ્રત્યે ઉદ્વેગ ( નિર્વેદ )ને ધારણ કરનારા છતાં અને અત્યંત ઉત્તરોત્તર વધતા શુભાશયવાળો છતાં, ( એવા પણ ) ક્ષપક મહામુનિને, કોઈ કારણે ઘણા ભવોનાં બાંધેલાં કર્મના દોષથી, વાત વગેરે ધાતુના ક્ષોભથી, કે બેસવું, પાસું બદલવું, વગેરે પરિશ્રમથી, સાથળ, ઉદર, મસ્તક, હાથ, કાન, મુખ, દાંત, નેત્રો, પીઠ, વગેરે કોઈ પણ અંગમાં ધ્યાનમાં વિઘ્નકારી એવી વેદના પ્રગટે. (૯૪૬૯ થી ૭૨) તો તુર્ત ગુણરૂપ મણિથી ભરેલો ક્ષપક ( મણિભરેલા ) વહાણની જેમ ભાંગે ( દુર્ધ્યાન કરે ) અને ભાંગેલો તે ભયંકર ભવસમુદ્રમાં ચિરકાળ ભમે તે પ્રસંગે તેને તેવો ( ભગ્નપરિણામી ) જાણવા છતાં નિર્યામક નામ ધરાવતો પણ જો ( નિર્યામક ) ઉપેક્ષા કરે, તો તેનાથી બીજો અધર્મી ( પાપી ) કોણ છે ? (૯૪૭૩–૭૪) જે મૂઢ (એ રીતે) ક્ષપકની ઉપેક્ષા કરે, તે નિર્યામક સાધુના જે ગુણો પૂર્વે આ ગ્રન્થમાં વર્ણવ્યા છે, તે ગુણોથી દૂર ( ભ્રષ્ટ ) થાય. (૯૪૭૫) માટે ઔષધના જાણ સાધુઓએ સ્વયં, અથવા વૈદ્યના આદેશથી, તે ક્ષપકનું પરિકર્મ ( આરોગ્યજનક ઔષધ ) કરવું જોઈએ. (૯૪૭૬) વેદનાનું મૂળ કારણ વાત, પિત્ત કે કફ ( જે હોય ) તેને જાણીને પ્રાસૂક દ્રવ્યોથી શીઘ્ર ઉપયોગ ( આદર ) પૂર્વક ( વેદનાની ) શાન્તિ કરે. (૯૪૭૭) (**બસ્થી=** ) મૂત્રાશયને ( તે તે પ્રકારે ) ( **અનુવાસન=** ) સંસ્કારથી, ( શેક વગેરેથી ) ગરમી આપવાથી, અથવા વિલેપન વગેરે શીત પ્રયોગોથી તથા ચોળવું દાબવું વગેરેથી, ક્ષપકને સ્વસ્થ કરે. (૯૪૭૮) તેમ કરવા છતાં જો અશુભ કર્મના ઉદયથી તેની વેદના ઉપશમે નહિ, અથવા તેને તૃષા વગેરે પરીષહો ઉદય પામે, તો વેદનાથી પરાભવ પામેલો અથવા પરીષહો વગેરેથી પીડાતો, ( **અનાત્મવશ** ) મુંઝાએલો ક્ષપક જે તે બોલે, અથવા બકવાટ કરે.

**(૯૪૭૯-૮૦)** તો અતિ મુંઝાતા તેને (નિર્યામક) આચાર્યે આગમને અનુસારે તે રીતે (**કાયવ્વો=**) સમજાવવો, કે જેમ સંવેગથી પુનઃ સમ્યગ્ ચૈતન્યવાળો (સભાન) બને. **(૯૪૮૧)** (તેને પૂછવું કે-) તું કોણ છે?, નામ શું છે?, કયાં રહે છે?, અત્યારે કયો સમય છે?, તું શું કરે છે?, કેવી અવસ્થામાં વર્તે છે?, અથવા હું કોણ છું?, એમ વિચાર (ખ્યાલ) કર! **(૯૪૮૨)** એમ સાધર્મિકવાત્સલ્ય બહુ લાભકારી છે, એવું માનતા નિર્યામક આચાર્યે સ્વયં એ રીતે ક્ષપકને સ્મરણ કરાવવું (સભાન કરવો). **(૯૪૮૩)** એ રીતે કુગતિના (અથવા કુમતિના) અંધકારને નાશ કરવામાં સૂર્યના પ્રકાશતુલ્ય અને સદ્ગતિમાં જવાના નિર્વિઘ્ન (સરળ) માર્ગતુલ્ય, ચાર મૂળદ્વારવાળી સંવેગરંગશાળા નામની આરાધનાના નવ પેટાદ્વારવાળા ચોથા સમાધિલાભદ્વારમાં આ ત્રીજું સારણાદ્વાર કહ્યું. **(૯૪૮૪-૮૫)** હવે એ રીતે જાગ્રત (સભાન) કરેલો પણ ક્ષપક જેના વિના ધૈર્યને ધારણ કરી ન શકે, તે ધર્મોપદેશસ્વરૂપ કવચદ્વારને કહું છું. **(૯૪૮૬)**

**મૂળ ચોથા દ્વારમાં કવચ નામનું ચોથું પેટાદ્વાર**-નિર્યામણામાં એક નિપુણ અને ઇંગિત આકારમાં કુશળ એવા (નિર્યામક) ગુરુ, દુઃસહ પરીષહોથી પરાભૂત, (અને તેથી) મર્યાદા તજવાના મનવાળા ક્ષપકની વિપરીત ચેષ્ટાને જાણીને, નિજકાર્યોને છોડીને સ્નેહભરી મધુર વાણીથી શિખામણ આપે કે-હે સુવિહિત! બુદ્ધિના (અથવા ધૈર્યના) બળવાળો તું (જો) રોગ-આતંક અને પરીષહોને જીતી લે, તો સંપૂર્ણ પ્રતિજ્ઞાવાળો મરણમાં આરાધક (પંડિતમરણવાળો) થાય. **(૯૪૮૭ થી ૮૯)** તથા જેમ હાથી આલાનસ્તંભને ઉખેડી દે, તેમ તું (અનશનની) પ્રતિજ્ઞાને તોડીને મહાવતતુલ્ય ગુરુને અવગણીને, અંકુશતુલ્ય તેઓના સદુપદેશને પણ તિરસ્કારીને, શરીરની સેવા કરનારા પોતાના સાધુઓને પણ પરાઙ્મુખ રાખીને (મુખ અવળું કરીને) અને અત્યંત ભક્તિના ભાવથી તથા કુતૂહલથી આવેલા દર્શન કરનારા બહુ લોકોથી પણ વિપરીત મુખ (અનાદર) કરીને, લજ્જારૂપી ઉત્તમ બંધનને તોડીને ભમતો એવો તું હે મહાભાગ! (વિવિધ) ઋદ્ધિઓરૂપી પુષ્પો જેમાં પ્રગટયાં છે અને પાત્ર (ઉત્તમ મુનિઓ)ના સંગ્રહથી (શિષ્યોથી) (**સોહિય=**) શોભિત (પાઠાં૦ **સાહિય=**સિદ્ધ કરેલી) કાન્તિ (કીર્તિ)વાળું, એવા શીલરૂપી (ચારિત્ર) વનને, (વનપક્ષે-પ્રગટેલાં પુષ્પોની સંપત્તિવાળા અને પાંદડાંની પ્રાપ્તિથી સુંદર છાયા-વાળા એવા વનને હાથી ભાંગે તેમ) તું તુર્ત ભાંગી નાખીશ. **(૯૪૯૦ થી ૯૩)** સમિતિઓરૂપી (ચારિત્ર) ઘરની ભીંતોને તોડી નાખીશ, ગુપ્તિરૂપી સઘળી વાડોને પણ છેદી નાખીશ અને સદ્ગુણોરૂપી દુકાનોની પંક્તિને પણ ચૂરી નાખીશ. **(૯૪૯૪)** ત્યારે હે ભદ્ર નિશ્ચે 'આ કુલવાન નથી'-એવા લોકાપવાદરૂપી ધૂળથી તું મલિન થઇશ અને બાળ(અજ્ઞ)લોકથી ચિરકાળ નિંદા પામીશ! **(૯૪૯૫)** રાજાદિનું સન્માન વગેરે પૂર્વે અનુભવેલા મેળવેલા ગુણોથી ભ્રષ્ટ થઇશ અને દુર્ગતિરૂપી ગર્તામાં પડવાથી વિનાશ પામીશ. **(૯૪૯૬)** તેથી હે ભદ્ર! સમ્યગ્ ઇચ્છેલા કાર્યની સિદ્ધિમાં વિઘ્નભૂત કાંટાથી

વિંધાવા જેવા આ અસમાધિજનક વિકલ્પથી હજુ પણ અટકી જા ! (૯૪૯૭) તથા ક્ષુલ્લકકુમાર મુનિની જેમ હજુ પણ તું અક્કાના 'સુટ્ઠુગાઇઅં-સુટ્ઠુનચ્ચિયં' (અર્થાત્ સમગ્ર રાત્રિ સુંદર ગાયું, સુંદર નાચ કર્યો, હવે અલ્પકાળ માટે પ્રમાદ ન કર.) એ ગીતિના અર્થને સમ્યગ્બુદ્ધિથી અનુસર ! (૯૪૯૮) તેં ( આજ સુધી ) અપવાદ વિના ( નિર્દોષ ચારિત્રરૂપ ) કોડીની રક્ષા કરી છે ( અને ) હવે કાકિણીના રક્ષણમાં (અલ્પકાળ માટે) પણ નપુંસકતાને ( નિર્બળતાને ) ધારણ કરે છે ! (૯૪૯૯) મોટા સમુદ્રને તર્યો, હવે તારે (ગોપયં=) એક નાનું ખાબોચિયું તરવાનું છે, મેરુને ઉલ્લંઘ્યો, હવે એક પરમાણુ રહ્યો છે. (૯૫૦૦) તેથી હે ધીર ! અત્યંત ધૈર્યને ધારણ કર ! (ક્લીવ=) નપુસંક પ્રકૃતિને (નિર્બળતાને) તજી દે ! ચંદ્રસમાન ઉજ્જવળ પોતાના કુળનો ( કીર્તિનો ) પણ સમ્યક્ વિચાર કર ! (૯૫૦૧) પ્રમાદરૂપી શત્રુસૈન્યને મલ્લની જેમ એક ઝપાટે જીતીને આ પ્રસ્તુત વિષયમાં ( અનશનમાં ) જ યથાશક્તિ પરાક્રમ ફેરવ ! અને અમૂલ્ય આ ધર્મગુણોની સ્વાભાવિક સુંદરતાનો, પરભવમાં તેના સાથે આવવાપણાનો તથા પુનઃ દુર્લભતાનો પણ વિચાર કર ! વળી હે ક્ષપક ! ( તેં ) જે ચતુર્વિધ શ્રીસંઘની વચ્ચે મહાપ્રતિજ્ઞા કરી છે કે-'હું આરાધના કરીશ.'-તેને યાદ કર ! (૯૫૦૨ થી ૪) એવો કોણ કુલાભિમાની-કુલિન સુભટ હોય, કે જે લોકમાં ફૂલીને (ગર્વ કરીને) યુદ્ધમાં પ્રવેશ માત્રથી જ શત્રુથી ડરીને ભાગી જાય ? (૯૫૦૫) એમ અભિમાની પૂર્વે ગર્વ કરીને કોણ સાધુ પરીષહરૂપી શત્રુઓના આગમન માત્રથી જ ખિન્ન થાય ? (૯૫૦૬) જેમ પહેલાં અભિમાન કરનાર માની એવા કુલિનને રણમાં મરવું સારું, પણ જીવતાં સુધી લોકમાં ( પોતાને ) કલંકિત કરવો સારો નહિ, તેમ માની અને ચારિત્રમાં ઉદ્યત એવા સાધુને પણ મરણ પામવું સારું, કિન્તુ નિજપ્રતિજ્ઞાના ભંગથી અન્ય લોકોમાં કલંકને સહવું તે સારું નહિ. (૯૫૦૭-૮) યુદ્ધમાંથી નાસી છૂટનાર સુભટની જેમ કયો મનુષ્ય પોતાના એકના જીવન માટે પુત્ર-પૌત્રાદિ સર્વને કલંકિત કરે ? (૯૫૦૯) માટે શ્રી જિનવચનના રહસ્યનો જાણ છતાં ( માત્ર દ્રવ્યપ્રાણોથી ) જીવવાની ઇચ્છાવાળો તું પોતાને, (કુલ=) સમુદાયને અને સમસ્ત સંઘને પણ કલંકિત કરીશ નહિ ! (૯૫૧૦) વળી જો તેવા અજ્ઞાની જીવો તીવ્ર વેદનાથી વ્યાકુળ થવા છતાં સંસારવર્ધક (અશુભ) લેશ્યામાં ( પાપમાં ) ધૈર્યને ધારણ કરે છે, તો સંસારનાં સર્વ દુઃખોના ક્ષય (માટે આરાધના) કરતા અને ( વિરાધનાજન્ય ભાવી ) અતિ તીવ્ર એવા દુઃખવિપાકને જાણતા સાધુએ ધીરજ કેમ ન કરવી ? (૯૫૧૧-૧૨) શું તેં જેઓ તિર્યંચ છતાં, (શરીરના સાંધા) તૂટવાની પીડાથી વ્યાકુળ (પીડિત) શરીરવાળા છતાં, નાના બળદ (વાછરડા) એવા કંબલ-સંબલને અનશનની સિદ્ધિને પામેલા નથી સાંભળ્યા ? (૯૫૧૩) વળી તુચ્છ શરીરવાળો, તુચ્છ બળવાળો અને પ્રકૃતિએ પણ તુચ્છ એવો તિર્યંચ છતાં વૈતરણી-વાનરે અનશનક્રિયાને સ્વીકારી. (જુઓ ગાથા ૩૭૦૫-૬) (૯૫૧૪) ક્ષુદ્ર પણ, કીડીઓએ

કરેલી તીવ્ર વેદનાવાળા પણ, બોધ પામેલા એવા ચંડકૌશિક સર્પે અડધા માસનું અનશન સ્વીકાર્યું; (૯૫૧૫) તથા કૌશલની (પાઠાં૦ તોસસ્સ=તોસલની) પૂર્વભવની માતા, વાઘણના ભવમાં તિર્યંચાણી છતાં, ભૂખની પીડાને અવગણીને તે રીતે (લદ્ધ સુઇ=) (જાતિ) સ્મરણને પામેલી તે અનશનમાં રહી. (૯૫૧૬) એમ જો સ્થિર સમાધિવાળા આ પશુઓએ પણ અનશનને કર્યું, તો હે સુંદર! પુરુષોમાં સિંહ તું તેને કેમ કરતો નથી? (૯૫૧૭) વળી (મનુષ્યોમાં પણ) રાણીદ્વારા તેવો ઉપસર્ગ થવા છતાં સુદર્શન શેઠ ગૃહસ્થ છતાં મરવા તૈયાર થયા, પણ સ્વીકારેલા વ્રતથી ચલિત ન થયા. (૯૫૧૮) તથા સમગ્ર રાત્રિ સુધી પ્રગટેલી અતિ તીવ્ર વેદનાને પણ નહિ ગણતા, સ્થિર સત્ત્વવાળા, ચંદ્રાવતંસક રાજા કાયોત્સર્ગથી સદ્ગતિને પામ્યા. (૯૫૧૯) તથા પશુઓના વાડામાં પાદપોપગમન અનશનમાં રહ્યા ત્યારે સુબંધુએ સળગાવેલા છાણમાં બળતા પણ ચાણાક્યે સમાધિમરણને પ્રાપ્ત કર્યું. (૯૫૨૦) એમ જો ગૃહસ્થો પણ (**અધિગતાર્થે**=) સ્વીકારેલા (પાઠાં૦ **अहिमयत्थे**=વાંછિત) કાર્યમાં તે રીતે અખંડ સમાધિવાળા થયા, તો શ્રમણોમાં સિંહ એવો હે ક્ષપક! તું પણ તે સમાધિને સવિશેષ સિદ્ધ કર! (૯૫૨૧) બુદ્ધિમાન સત્પુરુષો મોટી આપત્તિઓમાં પણ અક્ષુબ્ધ, મેરુની જેમ અચળ અને સમુદ્રની જેમ ગંભીર બને છે. (૯૫૨૨) નિજ ઉપર ભારને ઉપાડતા (સ્વાશ્રયી) શરીરની પરિકર્મણા (રક્ષા) નહિ કરતા, બુદ્ધિથી (અથવા ધીરજથી) અત્યંત સ્થિર (**કચ્છા**=) સત્ત્વવાળા, શાસ્ત્રકથિત વિહારને (સાધનાને) કરતા, પુણ્યની (અથવા ઉત્તમ નિર્યામકોની) સહાયવાળા, ધીરપુરુષો ઘણા શિકારી પ્રાણીઓથી ભરેલી ભયંકર પર્વતની ખીણમાં ફસાયેલા, કે શિકારી પ્રાણિઓની દાઢમાં પકડાએલા, પણ રાગને તજીને પણ અનશનને સાધે છે.(૯૫૨૩-૨૪)નિર્દય રીતે શિયાળણીદ્વારા ભક્ષણ કરાતા, ઘોરવેદનાને પામેલા પણ અવંતિસુકુમાર શુભ ધ્યાનથી આરાધનાને પામ્યા. (૯૫૨૫) મુદ્ગિલ્લ નામના પર્વતમાં વાઘણથી ભક્ષણ કરાવા છતાં નિજપ્રયોજનની સિદ્ધિ કરવાની પ્રીતિવાળા (?) ભગવાન સુકોશળ મુનિ મરણસમાધિને પામ્યા. (૯૫૨૬) બ્રાહ્મણ સસરાએ મસ્તકે અગ્નિ સળગાવવા છતાં કાઉસ્સગ્ગમાં રહેલા ભગવાન ગજસુકુમાલ સમાધિમરણને પામ્યા. (૯૫૨૭) એ જ રીતે સાકેતપુરની બહાર કાયોત્સર્ગમાં રહેલા ભગવાન કુરુદત્તપુત્ર પણ, ગાયોનું હરણ થતાં (અજ્ઞાન ગાયોના માલિકોએ ચોર માનીને) ક્રોધથી અગ્નિ દેવા (બાળવા) છતાં મરણસમાધિને પામ્યા. (૯૫૨૮) રાજર્ષિ ઉદાયન પણ આકરી વિષવેદનાથી પીડાવા છતાં શરીરપીડાને નહિ ગણતા મરણસમાધિને પામ્યા. (૯૫૨૯) નાવડીમાંથી ગંગાનદીમાં ફેંકેલા અન્નિકાપુત્ર આચાર્ય, મનથી મુંઝાયા વિના (શુભ ધ્યાનથી) અંતકૃતકેવળી થઈ આરાધનાને (સમાધિમરણને) પામ્યા. (૯૫૩૦) શ્રી ધર્મઘોષસૂરિ ચંપાનગરીમાં માસક્ષમણ કરીને ભયંકર તૃષા પ્રગટવા છતાં ગંગાના કાંઠે (પાણી છતાં અનશનદ્વારા) સમાધિમરણને પામ્યા,

(૯૫૩૧) (રોહિડયમ્મિ=) રોહિડા નગરમાં (સન્ની=) શુભ લેશ્યાવાળા (જ્ઞાની) ખંદકકુમાર મુનિ ક્રૌંચપક્ષીથી હણાવા છતાં, તે વેદનાને સહન કરીને સમાધિમરણને પામ્યા. (૯૫૩૨) હસ્તિનાપુરમાં કુરુદત્ત (દોણિમંતમ્મિ=) દોણીમાં (?) શિમળાની ફળીની જેમ બળવા (સેકાવા) છતાં (પીડાને) સહન કરીને સમાધિમરણને પામ્યા. (૯૫૩૩) કુણાલા નગરીમાં પાપી અમાત્યે વસતિ સળગાવે છતે, ઋષભસેન મુનિ પણ પર્ષદા (પરિવાર) સહિત બળવા છતાં આરાધનાને પામ્યા. (૯૫૩૪) તથા પાદપોપગમનવાળા વજ્રસ્વામિના (શિષ્ય) બાળમુનિ પણ તપેલી શીલા ઉપર મીણની જેમ (શરીર) ગળવા છતાં આરાધનાને પામ્યા. (૯૫૩૫) ભૂલા પડેલા, તૃષાથી દાહ પામેલા, ધનશર્મા બાળમુનિ પણ નદીનું જળ સ્વાધીન છતાં (પીધા વિના) અખંડ સમાધિથી સ્વર્ગને પામ્યા. (૯૫૩૬) એકીસાથે મચ્છરોએ શરીરમાંથી (સમગ્ર) રુધિર પીવા છતાં તે મચ્છરોને રોકયા વિના સમ્યક્ સહન કરતા સુમનભદ્ર મુનિ સ્વર્ગને પામ્યા. (૯૫૩૭) મહર્ષિ મેતારજ પણ (સોનીએ) મસ્તકે વાધર વીંટવાથી, નેત્રના ડોળા નીકળી જવા છતાં તેવી કોઈ અપૂર્વ સમાધિને કરી, કે જેથી તુર્ત અંતકૃતકેવળી (સિદ્ધ) થયા. (૯૫૩૮) ત્રણ લોકમાં એક (અતુલ) મલ્લ (અનંતબળી) છતાં ભગવાન શ્રી મહાવીરદેવે બાર વર્ષ વિવિધ ઉપસર્ગોના સમૂહને સમ્યગ્ સહન કર્યો. (૯૫૩૯) ભગવાન સનત્કુમારે ખુજલી, તાવ, શ્વાસ, શોષ, (અભત્તચ્છંદ=) ભોજનની અરુચિ, આંખની પીડા અને પેટનું શૂળ–એ (સાત) વેદનાઓને સાતસો વર્ષ સહન કરી. (૯૫૪૦) માતાના વચનથી પુનઃ (ચેતન=) જ્ઞાન–વૈરાગ્યને પામેલા, શરીરની અતિ કોમળતાથી ચિરકાળ ચારિત્રને પામવા અસમર્થ પણ ધીર, એવા ભગવાન અરણિક મુનિ પણ (અગ્નિતુલ્ય) તપેલી શીલા ઉપર પાદપોપગમન કરીને રહ્યા અને માત્ર એક જ મુહૂર્તમાં સહસા દેહ ગળવા છતાં, શ્રેષ્ઠ સમાધિમાં કાલધર્મને પામ્યા. (૯૫૪૧–૪૨) તથા હેમંત-ઋતુમાં, રાત્રિએ, વસ્ત્રરહિત શરીરવાળા, તપસ્વી, લૂખા (સૂકા) શરીરવાળા, નગર અને પર્વતની વચ્ચેના માર્ગમાં અગાસામાં કાઉસ્સગ્ગમાં રહેલા, શીતથી (ઠરી ગયેલા) નિશ્ચેષ્ટ શરીરવાળા શ્રી ભદ્રબાહુસૂરિના ચાર શિષ્યો સમાધિથી સદ્ગતિને પામ્યા. તેઓને હે સુંદર! શું તેં નથી સાંભળ્યા? (૯૫૪૩–૪૪) તે કાળે કુંભકારકૃત નગરમાં મહાસત્ત્વવાળા આરાધનાને કરતા ખંદકસૂરિના ભાગ્યવંત (પાંચ સો) શિષ્યોને દંડકી રાજાના (ઉપરોહિય=) પુરોહિત એવા પાપી પાલક બ્રાહ્મણે ઘાણીમાં પીલવા છતાં સમાધિને પામેલા શું તેં નથી સાંભળ્યા? (૯૫૪૫–૪૬) તથા (દેવાનુપ્રિય=) ભદ્રિક, મહાત્મા એવા કાળવૈશિક મુનિ હરસના રોગથી તીવ્ર વેદના પામેલા છતાં વિચરતા મુદ્ગલશૈલ નગરમાં ગયા, ત્યારે ત્યાં રહેલી (તેમની) બ્હેને હરસનું ઔષધ આપવા છતાં તેને (અધિકરણ=) દુર્ગતિનું કારણ માનીને ચિકિત્સાને નહિ ઇચ્છતા, ચારેય આહારનું પચ્ચક્ખાણ કરીને એકાન્ત પ્રદેશમાં કાઉસ્સગ્ગમાં રહ્યા અને ત્યાં તેમનું તીવ્ર (ભૂખી) 'ખિ–ખિ' અવાજ કરતી બચ્ચાં સહિત શિયાળણીએ ભક્ષણ કરવા છતાં આરાધનાને પામ્યા. (૯૫૪૭ થી ૪૯) તથા કુમાર અવસ્થામાં દીક્ષિત થએલા જિતશત્રુ રાજાના પુત્ર ભદ્રમુનિ, વિહાર કરતા (વેરજ્જે=) શત્રુના રાજ્યમાં

શ્રાવસ્તીપુરીમાં ગયા, ત્યાં કોઈ રીતે રાજપુરુષોએ (**પણિહિત્તે=**) ઓળખે છતે પકડીને, માર મારીને, ચામડી છોલીને, (**ક્ષત=**) ઘામાં સખ્ત ખાર ભરીને, દર્ભ (વનસ્પતિથી) વીંટીને છોડી દીધા, ત્યારે તેઓ સૂકાએલા રુધિરવાળા ઘામાં ખૂતેલી તે દર્ભ વનસ્પતિથી પ્રગટેલી તીવ્ર પીડાવાળા છતાં સમ્યક્ સહન કરતા સમાધિપૂર્વક જ કાલધર્મ પામ્યા. (**૯૫૫૦ થી ૫૨**) એકીસાથે (પાઠ૦ તિક્ખગ્ગ=) અતિ તીક્ષ્ણ મુખથી (ખાવા) લાગેલી કીડીઓથી (**અપરદ્ધો**) પીડિત થએલા પણ ભગવાન ચિલાતીપુત્રે સમાધિમરણને સ્વીકાર્યું. (**૯૫૫૩**) વળી ગુરુ (પ્રભુ) ભક્તિથી કહેલી હિતશિક્ષા સાંભળવાથી પ્રગટેલા ક્રોધવાળા ગોશાળાએ તુર્ત મૂકેલી પ્રલયકાળના અગ્નિતુલ્ય તેજોલેશ્યાથી બળવા છતાં સુનક્ષત્ર મુનિ અને એ જ રીતે સર્વાનુભૂતિ મુનિ પણ આરાધનાને (સમાધિમરણને) પામ્યા, (**૯૫૫૪–૫૫**) તથા હે સુંદર શું તેં ઉગ્ર તપસ્વી, ગુણના ભંડાર, ક્ષમા કરવામાં સમર્થ, તે દંડ નામના સાધુને નથી સાંભળ્યા ?, કે મથુરાપુરીની બહાર યમુનાવંક ઉદ્યાનમાં જતા દુષ્ટ યમુનરાજાએ જે મહાત્માને આતાપના લેતા જોઈને, અકુશળ (પાપ) કર્મના ઉદયથી પ્રગટેલા ક્રોધથી તીક્ષ્ણ (**ફલેણ=**) બાણની અણી વડે મસ્તક ઉપર સહસા પ્રહાર કર્યો અને તેના નોકરોએ પણ પત્થરો મારીને ઉપર ઢગલો કર્યો, તો પણ આશ્ચર્ય છે કે–તે મુનિએ સમાધિથી તેને તેવી કોઈ (શ્રેષ્ઠ) રીતે સહન કર્યું, કે જેથી સર્વ કર્મના સમૂહને ખપાવીને અંતકૃતકેવળી થયા. (**૯૫૫૬ થી ૫૯**) અથવા શું કૌશાંબીનિવાસી યજ્ઞદત્ત બ્રાહ્મણના પુત્ર સોમદેવને તથા તેના ભાઈ સોમદત્તને નથી સાંભળ્યા ? (**૯૫૬૦**) તે બંને શ્રી સોમભૂતિ મુનિની પાસે સમ્યગ્ દીક્ષા લઈને સંવેગી અને ગીતાર્થ થયા. પછી વિચરતા તેઓ બોધ પમાડવા માટે ઉજ્જૈની ગયેલાં માતા–પિતા પાસે ગયા. ત્યાં બ્રાહ્મણો પણ નિશ્ચે (**વિયડં=**) દારુને પીતા હતા, તેથી (**સન્નાયગેહિ=**) વડેરાઓએ મુનિઓને અન્ય દ્રવ્યથી યુક્ત એવો (**વિયડ=**) દારુ આપ્યો અને (અન્ને=) સાધુઓએ અજ્ઞાનથી '(વિકટ=) અચિત્ત પાણી જ છે'–એમ (અન્ય સાધુઓને) કહ્યું. અજાણ્યા તે સાધુઓએ તેને વિશેષ પ્રમાણમાં પીધો અને તેઓ દારુથી પીડિત થયા. (પછી) તેનો વિકાર શાન્ત થતાં સત્યને જાણીને વિચારવા લાગ્યા કે–ધિક્ ! મહા પ્રમાદનું કારણ એવું આ અકાર્ય કર્યું. એમ વૈરાગ્યને પામેલા મહા ધીરતાવાળા તેઓ ચારેય આહારનો ત્યાગ કરીને એક નદીના કાંઠે અતિ અવ્યવસ્થિત એવા કાષ્ટના સમૂહ ઉપર પાદપોપગમન સ્વીકારીને રહ્યા. ત્યારે અકાળ વર્ષાથી નદીના પુરમાં ખેંચાતા (તે કાષ્ટ સાથે) સમુદ્રમાં ગએલા તેઓ ત્યાં જળચર જીવોથી ભક્ષણ તથા જળનાં મોજાથી ઉછળવું, વગેરે દુઃખ પામવા છતાં (અખંડ અનશન પાળીને) સ્થિર સત્ત્વવાળા સમ્યક્ સમાધિ પામેલા તે સ્વર્ગે ગયા. (**૯૫૬૧ થી ૬૭**) તેથી જો એ રીતે અસહાય અને તીવ્ર વેદનાવાળા પણ સર્વથા (**અપ્રતિકર્મા=**) શરીરની રક્ષા નહિ કરતા તેઓ (સર્વ) સમાધિમરણને પામ્યા. તો સહાયક સાધુઓ વડે (**પ્રતિકર્મ=**) સારવાર કરાવા છતાં અને સંઘ તારી સમીપે રહેલો છતાં, તું આરાધના કેમ ન કરી શકે ? (**૯૫૬૮–૬૯**) (અર્થાત્) અમૃતતુલ્ય મધુર, કાનને સુખદાયક, એવા શ્રી જિનવચનને સાંભળનાર

તારે સંઘ વચ્ચે (રહીને) સમાધિમરણને સાધવું નિશ્ચે શક્ય છે. (૯૫૭૦) તથા નારક અને તિર્યંચોમાં તથા મનુષ્ય અને દેવપણામાં રહેલો તું જે જે સુખ-દુઃખને પામ્યો, તેને તેમાં ચિત્ત લગાવીને આ રીતે વિચાર ! (૯૫૭૧)

નરકોમાં કાયાને કારણે તું શીત, ઉષ્ણ વગેરે બહુ પ્રકારની અતિ આકરી વેદનાઓ અનંતવાર પામ્યો. (૯૫૭૨) જો પાણીના લોટા જેવડા લોખંડના ગોળાને કોઈ ઉષ્ણ-સ્પર્શવાળી નરકમાં ફેંકે, તો નિમેષ માત્રમાં તે નરકની જમીનમાં પહોંચતાં પહેલાં (વચ્ચે) જ ગળી જાય, (એવી ગરમીમાં) (૯૫૭૩) અને તે જ રીતે તેટલા જ પ્રમાણવાળા સળગતા લોખંડના ગોળાને જો કોઇ શીતસ્પર્શવાળી નરકમાં ફેંકે, તો તે પણ ત્યાં નરક-ભૂમિને સ્પર્શ્યા વિના (વચ્ચે) જ નિમેષ માત્ર કાળમાં સડી (વિખરી) જાય. (એવી ઠંડીમાં તું દુઃખી થયો.) (૯૫૭૪) વળી નારકીમાં (પરમાધામી દેવોએ તને) શૂળી (લોહના કાંટા), કૂટશાલ્મલી (વૃક્ષવિશેષ), વૈતરણી (નદી), (કલંબ=) ઉષ્ણ રેતી અને અસિવનથી (દુઃખી કર્યો), તથા લોખંડના સળગતા અંગારા ખવરાવતો તું જે દુઃખોને પામ્યો, (૯૫૭૫) (વળી) જે ભાજીની જેમ તને સેકયો, પારાની જેમ ગાળ્યો, માંસના ટૂકડાની જેમ ટૂકડે ટૂકડા કાપ્યો, અથવા ચૂર્ણની જેમ ચૂર્યો તથા જે તપેલી (તેલની) કડાઈઓમાં તળ્યો, જે કુંભીમાં પકવ્યો, ભાલાથી ભેદ્યો, અથવા જે (ફલ=) કરવતથી ચીર્યો, તેને વિચાર ! (૯૫૭૬-૭૭)

**તિર્યંચના ભવોમાં**-ભૂખ-તૃષા-તાપ-ઠંડી, શૂળી (પરોણો), અંકુશ, (અંકન=) નપુંસક બનાવવા, દમન કરવું, (વગેરેનાં) તથા માર, બંધન અને મરણથી ઉત્પન્ન થયેલાં તે તે (પાઠાં૦ તહ=તેવાં) આકરાં દુઃખોને તું વિચાર ! (૯૫૭૮)

મનુષ્યપણામાં પણ જે પ્રિયનો વિરહ, અપ્રિયનો સંગમ, ધનનો નાશ, સ્ત્રીથી પરાભવ તથા દરિદ્રતાનો ઉપદ્રવ, (વગેરે) થવાથી જે દુઃખ (ભોગવ્યું), (૯૫૭૯) અને કપાવું, મુંડાવું, તાડન, તાવ, રોગ, વિયોગ, શોક, સંતાપ, વગેરે શારીરિક, માનસિક અને એકી-સાથે તે બંને પ્રકારનાં જે દુઃખોને (ભોગવ્યાં તેને) વિચાર ! (૯૬૮૦)

**દેવભવમાં**-ચ્યવનની ચિંતા અને વિયોગથી પીડાતા દેવોના ભવોમાં પણ (ઇંદ્રાદિની) આજ્ઞાનો બલાત્કાર, પરાભવ, ઇર્ષ્યા, અમર્ષ (તેજોદ્વેષ), વગેરે માનસિક દુઃખને વિચાર ! (૯૫૮૧) અને વળી સહસા ચ્યવનનાં (ચિહ્નોને જાણીને પીડાતો, વિરહની પીડાથી ચપળ નેત્રોવાળો એવો દેવ પણ દેવની સંપત્તિને જોતો ચિંતા કરે કે-સુગંધી (**પરિમલ=**) ચંદનાદિથી વ્યાપ્ત (વાસિત) નિત્ય પ્રકાશવાળા દેવલોકમાં રહીને હવે હું દુર્ગંધી તથા મહા અંધકારભરેલા ગર્ભાશયમાં કેવી રીતે રહીશ ? અને દુર્ગંધી મળ, રુધિર, રસ(ધાતુ) વગેરે અશુચિમય ગર્ભમાં રહીને સંકોચાયેલા પ્રત્યેક અંગવાળો હું (**કુડી=**) કટિભાગના (કુહિચ્છ=) છિદ્ર (સાંકડી યોનિ)માંથી કેવી રીતે નીકળીશ ? (૯૫૮૨ થી ૮૪) તથા નેત્રોને અમૃતની વૃષ્ટિતુલ્ય એવા અપ્સરાઓના મુખચંદ્રને જોઇને હા ! તુર્ત મદ-માયાથી ગર્જના

કરતા માનુષી સ્ત્રીના મુખને (કેવી રીતે જોઇશ ?) (૯૫૮૫) તથા (પાઠાં૦ **સોમાલસુયંધ-બંધુરંગીઓ=**) સુકુમાર અને સુગંધી એવા મનોહર દેહવાળી દેવીઓને ભોગવીને (હવે) અશુચિને ઝરતી ઘડી જેવી (માનુષી) સ્ત્રીને કેવી રીતે ભોગવીશ ? (૯૫૮૬) પૂર્વે દુર્ગંધી મનુષ્યશરીરના ગંધથી દૂર નાસતો હું હવે તે અપવિત્ર મનુષ્યના શરીરમાં અવતરેલો ક્યાં નાસીશ ! (૯૫૮૭) હા ! દીનોનો ઉદ્ધાર ન કર્યો, ધર્મીઓનું વાત્સલ્ય ન કર્યું અને હૃદયમાં શ્રી વીતરાગદેવને ધાર્યા (સ્મર્યા) નહિ. મેં જન્મને ગુમાવ્યો ! મેં મેરુ-પર્વત, નંદીશ્વર વગેરેમાં શાશ્વત ચૈત્યોમાં શ્રી જિનકલ્યાણકોના પ્રસંગે પુણ્ય અને કલ્યાણકારક મહોત્સવોને ન કર્યા, વિષયોના વિષથી મૂર્છિત અને મોહરૂપી અંધકારથી અંધ, મેં શ્રી વીતરાગદેવોનું વચનામૃત ન પીધું. હા ! દેવજન્મને નિષ્ફળ ગુમાવ્યો ! (૯૫૮૦ થી૯૦) એમ (ચ્યવન સમયે) દેવના વૈભવરૂપ લક્ષ્મીને યાદ કરીને હૃદય ચૂરાતું હોય તેમ, બળતું હોય તેમ કે કંપતું હોય તેમ, પીલાતું અથવા ચીરાતું હોય તેમ, અથડાતુ (કુટાતું) હોય તેમ કે તડતડ તૂટતું હોય તેમ, (દેવ) એક ભવનમાંથી બીજા ભવનમાં, વનમાંથી અન્ય વનમાં, એક શયનમાંથી બીજા શયનમાં આળોટે, (પણ) તપેલા શીલાતલ ઉપર ઉછળતા મચ્છની જેમ(કોઇ રીતે)શાન્તિને ન પામે ! (૯૫૯૧-૯૨) હા ! પુનઃ દેવીઓ સાથેના તે ભ્રમણને, તે ક્રીડાને, તે હાસ્યને અને તે વસવાટને (હવે હું) ક્યાં જોઇશ ? એમ બડબડતો તુર્ત પ્રાણોને છોડે. (૯૫૯૩) એવી ચ્યવન સમયે ભયથી કંપતા દેવોની વિષમ દશાને જાણતા ધીરપુરુષોના હૃદયમાં ધર્મ સિવાય (બીજું) શું સ્થિર થાય ? (૯૫૯૪) (એમ) પરવશતાથી ચાર ગતિરૂપ (આ સંસારરૂપી) જંગલમાં આવાં અનંત દુઃખને સહન કરીને (હે ક્ષપક ! હવે) તેનાથી અનંતમા ભાગ જેટલા આ (અનશનના) દુઃખને સ્વાધીનપણે (પ્રસન્નતાથી) સમ્યગ્ સહન કર ! (૯૫૯૫) અને વળી તને સંસારમાં અનંતવાર તેવી તૃષા પ્રગટી હતી, કે જેને શમાવવા માટે સઘળી નદીઓ અને સમુદ્રો પણ શક્તિમાન ન થાય (૯૫૯૬) તથા સંસારમાં અનંતવાર તને તેવી ભૂખ પ્રગટી હતી. કે જેને શાન્ત કરવા માટે સમગ્ર પુદ્ગલસમૂહ પણ શક્તિમાન ન થાય ! ૯૫૯૭) જો તેં પરવશપણે તે કાળે તેવી તૃષાને અને ભૂખને સહન કરી, તો 'ધર્મ છે'-એમ માનીને હવે સ્વાધીનપણે તું આ પીડાઓને કેમ સહતો નથી ? (૯૫૯૮) ધર્મશ્રવણરૂપ પાણીથી, હિતશિક્ષારૂપી ભોજનથી અને ધ્યાનરૂપી ઔષધથી સદા સહાય કરાયેલા તારે આકરી પણ વેદનાને સહન કરવી યોગ્ય છે. (૯૫૯૯) વળી શ્રી અરિહંત, સિદ્ધ અને કેવળીની પ્રત્યક્ષ સર્વસંઘની સાક્ષી-પૂર્વક કરેલા પચ્ચક્ખાણને ભાંગવા કરતાં મરવું સારું ! (૯૬૦૦) જો તે કાળે તેં શ્રી અરિહંતાદિને પ્રમાણ (માન્ય) કર્યા હોય, તો હે ક્ષપક ! તેઓની સાક્ષીએ કરેલા પચ્ચક્ખાણને ભાંગવું યોગ્ય નથી. (૯૬૦૧) જેમ સાક્ષાત્ કરેલી રાજાની અવહેલણા મનુષ્યના મહાદોષને ધારણ કરે (અપરાધી બનાવે) છે, તેમ શ્રી જિનેશ્વરાદિની આશાતના પણ મહા-દોષને ધારણ કરે (દોષરૂપ બને) છે. (૯૬૦૨) પચ્ચક્ખાણને કર્યા વિના મરનારો તેવા દોષને પામતો નથી, કે (પચ્ચક્ખાણને કરનારો) તેના જ ભંગથી કરેલા જેવા અબોધિબીજ

રૂપ દોષને પામે છે. (૯૬૦૩) ત્રણ લોકમાં સારભૂત એવા કરેલા આ સંલેખનાના પરિશ્રમને અને દુષ્કર સાધુપણાને અલ્પ સુખ માટે નાશ ન કર ! (૯૬૦૪) ધીરપુરુષોએ પ્રરૂપેલા અને સત્પુરૂષોએ આચરેલા આ સંથારાને સ્વીકારીને (બાહ્ય પીડાથી) નિરપેક્ષ એવા ધન્યપુરૂષો સંથારામાં ( અનશનમાં ) જ મરે છે. (૯૬૦૫) પૂર્વે સંક્લેશને પામેલો પણ તે આ રીતે સમજાવતો ( વિનિવૃત્ત= ) પુનઃ ઉત્સાહી બને છે અને તે દુઃખને પરદેહનું દુઃખ જુએ (માને) છે. (૯૬૦૬) એમ માની અને મહર્દ્ધિકને ઉત્સર્ગમાર્ગરૂપ ( કવચ= ) રક્ષણ થાય. આગાઢ કારણે તો અપવાદરૂપ રક્ષણ પણ કરવું યોગ્ય છે. (૯૬૦૭) એમ ગુણમણિને પ્રગટાવવા માટે રોહણાચળની ભૂમિતુલ્ય અને સદ્ગતિમાં જવાના સરળ માર્ગતુલ્ય એવી ચાર મૂળ-દ્વારવાળી સંવેગરંગશાળા નામની આરાધનાના નવ પેટાદ્વારવાળા ચોથા (મૂળ) સમાધિલાભ દ્વારમાં કવચ ( રક્ષણ ) નામનું ચોથું પેટાદ્વાર કહ્યું. (૯૬૦૮-૯) હવે પરોપકારમાં ઉજમાળ એવા નિર્યામક ગુરુની વાણીથી ( અનશનના ) રક્ષણને કરતો ક્ષપક જે (આરાધના) કરે, તેને સમતાદ્વારથી જણાવું છું. (૯૬૧૦)

**મૂળ ચોથા સમાધિલાભદ્વારમાં પાંચમું સમતા પેટાદ્વાર**-અતિ મજબૂત ( કવચ= ) બખ્તરધારી મહા સુભટની જેમ, નિજ પ્રતિજ્ઞારૂપી હાથી ઉપર ચઢીને આરાધનારૂપી રણમેદાનની સન્મુખ આવેલો, પાસે રહેલા બોલતા (ઉપબૃંહણા કરતા) સાધુઓરૂપી ( બંદી= ) મંગલ પાઠકો દ્વારા પ્રગટાવેલા ઉત્સાહવાળો, વૈરાગ્યજનક ગ્રન્થોની વાચનારૂપ યુદ્ધનાં વાજિંત્રોના શબ્દોથી હર્ષિત થયેલો, સંવેગ-પ્રશમ-નિર્વેદ વગેરે દિવ્ય શાસ્ત્રોના પ્રભાવે આઠ મદસ્થાન રૂપ નિરંકુશ સુભટોની શ્રેણિને ભગાડતો, ( દુક્કંત= ) દુર્જય ( અથવા દુષ્ટ આક્રમણ કરતા ) હાસ્ય વગેરે છ નિરંકુશ હાથીઓના સમૂહને વિખેરતો, સર્વત્ર ભમતા ઇન્દ્રિયોરૂપી ઘોડાઓના જૂથને રોકતો, અતિ બળવાન એવા પણ દુઃસહ પરીષહોરૂપી પદાતી સૈન્યને પણ હરાવતો અને ત્રણ જગતથી પણ દુર્જય એવા મહાન્ મોહરાજનો પણ નાશ કરતો અને એમ શત્રુસૈન્યને જીતવાથી પ્રાપ્ત કરેલી નિષ્પાપ જયરૂપી યશપતાકાવાળો તથા સર્વત્ર અપ્રતિબદ્ધ ( રાગરહિત ), એવો ક્ષપક સર્વ વિષયમાં સમભાવને પામે. (૯૬૧૧ થી ૧૬) તે આ પ્રમાણે-

**સમતાનું સ્વરૂપ**-સઘળાં દ્રવ્યોના પર્યાયોની રચનાઓમાં ( પ્રકારોમાં ) નિત્ય મમતારૂપી દોષનો ત્યાગી, મોહને અને દ્વેષને વિશેષતયા નમાવનારો ( હરાવનારો ), ( એવો ક્ષપક ) સર્વત્ર સમતાને પામે. ઇષ્ટ પદાર્થોના સંયોગ-વિયોગોમાં કે અનિષ્ટોના સંયોગ-વિયોગમાં રતિ-અરતિને, ઉત્સુકતાને, હર્ષને અને દીનતાને તજે. (૯૬૧૭-૧૮) મિત્રોમાં અને જ્ઞાતિજનોમાં, તથા શિષ્યોમાં, સાધર્મિકોમાં કે કુળમાં પણ, પૂર્વે પણ પ્રગટેલા તે રાગને અથવા દ્વેષને તજે. (૯૬૧૯) વળી ( મહાત્મા ) ક્ષપક દેવ અને મનુષ્યના ભોગોમાં પ્રાર્થનાને ( અભિલાષાને ) ન કરે, કારણ કે-વિષયાભિલાષને વિરાધ-

નાનો માર્ગ કહ્યો છે. (૯૬૨૦) રાગ-દ્વેષ રહિતાત્મા ( તગો= ) તે ક્ષપક, ઇષ્ટ અને અનિષ્ટ એવા શબ્દ, સ્પર્શ, રસ, રૂપ અને ગંધમાં, તથા આ લોક કે પરલોકમાં, જીવન કે મરણમાં અને માન કે અપમાનમાં, સર્વત્ર સમભાવવાળો બને; કારણ કે-રાગ-દ્વેષ ક્ષપકના સમાધિમરણના વિરાધક છે. (૯૬૨૧-૨૨) એ પ્રમાણે સઘળાય પદાર્થોમાં સમતાને પામેલો, વિશુદ્ધ આત્મા ક્ષપક મૈત્રીને, કરુણાને, મુદિતાને અને ઉપેક્ષાને ધારણ કરે. (૯૬૨૩) તેમાં મૈત્રી સમસ્ત જીવરાશિમાં, કરુણા દુ:ખીઓમાં, મુદિતા અધિક ગુણવાળાઓમાં અને ઉપેક્ષા અવિનીત જીવોમાં કરે. (૯૪૨૪) દર્શન, જ્ઞાન, ચારિત્ર, તપ, વીર્ય અને સમાધિયોગને ત્રિવિધથી પ્રાપ્ત કરીને ઉપરના સર્વ ક્રમને ( સિદ્ધ ) કરે. (૯૬૨૫) એમ કુનયરૂપી હરિણોની જાળતુલ્ય, સદ્ગતિમાં જવાના સરળ માર્ગતુલ્ય, ચાર મૂળ દ્વારવાળી, સંવેગરંગશાળા નામની આરાધનાના નવ પેટાદ્વારવાળા ચોથા સમાધિલાભદ્વારમાં સમતા નામનું પાંચમું પેટાદ્વાર કહ્યું. (૯૬૨૬-૨૭) હવે સમતામાં લીન એવા પણ ક્ષપકે અશુભ ધ્યાનને તજીને સમ્યક્ ધ્યાનમાં યત્ન કરવો જોઇએ, તેથી ધ્યાનદ્વારને જણાવું છું. (૯૬૨૮)

**મૂળ ચોથા સમાધિદ્વારમાં છઠ્ઠું ધ્યાન પેટાદ્વાર**-રાગરહિત, દ્વેષરહિત, જિતેન્દ્રિય, નિર્ભય, કષાયોનો વિજેતા અને અરતિ-રતિ ( વગેરે ) મોહનો નાશક, ( એમ ) સંસારરૂપ વૃક્ષનાં મૂળને બાળી નાખનારો, ભવભ્રમણથી ડરેલો ક્ષપક નિપુણ બુદ્ધિથી દુ:ખના મહા ભંડારતુલ્ય આર્ત્ત અને રૌદ્ર-બંને ધ્યાનોને શાસ્ત્રદ્વારા જાણીને તજે અને ક્લેશને હરનારા ચાર પ્રકારના ધર્મધ્યાનને અને ચાર પ્રકારના શુકલધ્યાનને પણ, એમ તે બે શુભ ધ્યાનોને જાણીને ધ્યાવે. (૯૬૨૯ થી ૩૧) પરીષહોથી પીડાએલો પણ આર્ત-રૌદ્રને ન ધ્યાવે, કારણ કે-એ દુષ્ટ ધ્યાનો સુંદર એકાગ્રતાથી વિશુદ્ધ પણ આત્માનો નાશ કરે છે. (૯૬૩૨)

**ચાર ધ્યાનસ્વરૂપ**-શ્રી જિનેશ્વરો, ૧-અનિષ્ટના સંયોગમાં, ૨-ઇષ્ટના વિયોગમાં, ૩-વ્યાધિજન્ય પીડામાં અને ૪-પરાથી ( અથવા પરલોકની ) લક્ષ્મીની અભિલાષાથી ( જે આર્ત્ત=દુ:ખી થવું તે ) આર્ત્તધ્યાન ચાર પ્રકારનું કહે છે (૯૬૩૩) અને તીવ્ર કષાયરૂપ ભયંકર એવા હિંસાના, મૃષાવાદના, ચોરીના અને સંરક્ષણના પરિણામને, એમ રૌદ્રધ્યાનને પણ ચાર પ્રકારે કહે છે. (૯૬૩૪) આર્ત્તધ્યાન વિષયોના અનુરાગવાળું, રૌદ્ર ધ્યાન હિંસા(દિ) ના અનુરાગવાળું, ધર્મધ્યાન ધર્મના અનુરાગવાળું અને શુકલધ્યાન રાગરહિત છે. (૯૬૩૫) ચાર પ્રકારના આર્ત્તધ્યાનમાં અને ચાર પ્રકારના રૌદ્રધ્યાનમાં જે ભેદો છે, તે સર્વને અનશનમાં રહેલો ક્ષપક સાધુ સારી રીતે જાણે. (૯૬૩૬) તે પછી જ્ઞાન, દર્શન, ચારિત્ર અને વૈરાગ્યરૂપ ચાર ભાવનાઓથી વાસિત ચિત્તવાળો ક્ષપક ચારેય પ્રકારના શ્રેષ્ઠ ધર્મધ્યાનને ચિંતવે. (૯૬૩૭) ( પહેલું ) આજ્ઞાવિચય, ( બીજું ) અપાયવિચય, ( ત્રીજું ) વિપાકવિચય અને ( ચોથું ) સંસ્થાનવિચય, એમ ક્ષપકમુનિ ( ચાર પ્રકારના ) ધર્મધ્યાનને ધ્યાવે. (૯૬૩૮) તેમાં આજ્ઞાવિચયમાં-( નિઉણું= ) સૂક્ષ્મ બુદ્ધિથી શ્રી જિને-

શ્વરોની આજ્ઞાને (**પઉણુ=**) નિર્દોષ, નિષ્પાપ, અનુપમેય, અનાદિ-અનંત, મહા અર્થ-વાળી, (**અવહત્થં=**) ચિરસ્થાયી-શાશ્વત, હિતકર, અજેય, (પાઠાં૦ અમિત=અમેય), સત્ય, વિરોધરહિત, (**અમોઘ=**) સફળતાથી મોહને હરનારી, ગંભીર, યુક્તિઓથી મહાન્, કાનને પ્રિય, (**અવ્વાહયં=**અવ્યાહત) અબાધિત, મહા વિષયવાળી અને અચિન્ત્ય મહિમાવાળી (છે એમ) વિચારે. (૯૬૩૯-૪૦) (અપાયવિચયમાં-) ઇન્દ્રિ-યોમાં, વિષયોમાં, કષાયોમાં અને આશ્રવાદિ (પચીશ) ક્રિયાઓમાં (પાંચ અવ્રતો વગેરેમાં) વર્તતા (મોહમૂઢ) જીવોના (ભાવિ) નરકાદિ ભવોમાં (ભોગવવાના) વિવિધ અપાયોને વિચારે. (૯૬૪૧) (વિપાકવિચયમાં-) તે ક્ષપક મિથ્યાત્વાદિ (બંધ) હેતુઓવાળી (કર્મોની) શુભાશુભ પ્રકૃતિ-સ્થિતિ-પ્રદેશો અને તેનો તીવ્ર-મંદ અનુભાવ (રસ), એમ કર્મના (ચારેય) વિપાકોને વિચારે. (૯૬૪૨) (સંસ્થાનવિચયમાં-) શ્રી જિનેશ્વરોએ કહેલા પંચ અસ્તિકાયસ્વરૂપ, અનાદિઅનંત લોકને, (તેમાં) અધોલોક વગેરે ત્રણ પ્રકારોને તથા (તિર્છાલોકમાં) અસંખ્ય દ્વીપ-સમુદ્રો વગેરેને વિચારે (૯૬૪૩) અને ધ્યાન પૂર્ણ થતાં નિત્ય-અનિત્યાદિ ભાવનાથી ભાવિત બને. તે ભાવનાઓ સુવિહિત મુનિઓને આગ-મના કથનથી પ્રસિદ્ધ છે. (પૂર્વે અહીં ચોથા દ્વારના અનુશાસ્તિદ્વારમાં કહેલી પણ છે.) (૯૬૪૪) ક્ષપક જ્યારે આ ધર્મધ્યાનને અતિક્રાન્ત થાય (પૂર્ણ કરે), ત્યાર પછી શુદ્ધ લેશ્યાવાળો તે ચાર પ્રકારના શુક્લધ્યાનને ધ્યાવે. (૯૬૪૫) શ્રી જિનેશ્વરો પહેલા શુક્લ-ધ્યાનને 'પૃથકત્વ-વિતર્ક-સવિચાર' કહે છે, બીજા શુક્લધ્યાનને 'એકત્વ-વિતર્ક-અવિચાર કહે છે, (૯૬૪૬) ત્રીજા શુક્લધ્યાનને 'સૂક્ષ્મ ક્રિયા-અનિવૃત્તિ' કહે છે અને (પાઠાં **વરાઈ સુક્કં ચઉત્થં=**) ચોથા શુક્લધ્યાનને 'વ્યુચ્છિન્ન ક્રિયા-અપ્રતિપાતિ' કહે છે. (૯૬૪૭) તેમાં પૃથક્ એટલે વિસ્તાર એવો અર્થ થાય છે, માટે પૃથક્ત્વ એટલે વિસ્તારપણું (એવો અર્થ થાય.) તે વિસ્તારપણે તર્ક કરે, તેને (વિ+તર્ક=) વિતર્ક કહેવાય. (૯૬૪૮) **પ્રશ્ન**-વિસ્તારપણે એટલે શું ? **ઉત્તર**-પરમાણુ, જીવ વગેરે (જડ-ચેતન પદાર્થો પૈકી) કોઈ એક દ્રવ્યમાં ઉત્પત્તિ, સ્થિતિ (સ્થિરતા) અને (ભંગ=) નાશનો, અથવા રૂપી, અરૂપી વગેરે તેનાં વિવિધ પર્યાયોનો વિસ્તાર (પૃથકત્વ-ભિન્નતા), તેને જે ઘણા પ્રકારના નયભેદો દ્વારા અનુસરવું (તે તે નયથી વિચારવું), તે પૃથકત્વ. વિતર્ક એટલે શ્રુત, માટે પૂર્વગત શ્રુતને અનુસારે વિચરવું, એટલે અન્યાય પર્યાયોમાં ગમન (ચિંતન) કરવું, અર્થાત અર્થમાંથી વ્યંજન (શબ્દ)માં અને વ્યંજનમાંથી અર્થમાં સંક્રમણ કરવું, તે વિચાર કહેવાય.

**પ્રશ્ન**-અર્થ એટલે શું ? અથવા વ્યંજન એટલે શું ? **ઉત્તર**-દ્રવ્ય (વાચ્યપદાર્થ) તે અર્થ અને અક્ષરો-તેનું નામ (વાચક) તે વ્યંજન, તથા મન, વચન વગેરે યોગો જાણવા. તે યોગોદ્વાર અન્યાન્ય અવાન્તર ભેદોમાં (પર્યાયોમાં) જે સંચરવું, તેને નિયમા વિચાર કહ્યો છે. તે વિચારથી સહિત માટે સવિચાર. (અર્થાત્ પદાર્થો અને તેના વિવિધ પર્યાયોમાં, શબ્દમાં કે અર્થમાં, મન વગેરે વિવિધ યોગોદ્વારા પૂર્વગત શ્રુતને અનુસારે

જે ( ચિંતન ) વિચાર, તે 'પૃથક્ત્વ-વિતર્ક-સવિચાર' નામનું પહેલું શુકલધ્યાન જાણવું.) **(૯૬૪૯ થી ૫૩)** હવે એકત્વ-વિતર્ક, તેમાં એક જ પર્યાયમાં અર્થાત્ ઉત્પાદ, સ્થિતિ, નાશ વગેરે પૈકી કોઈ પણ એક જ પર્યાયમાં, માટે એકત્વ અને પૂર્વગત શ્રુત, તેના આધારે જે ધ્યાન તે વિતર્ક, વળી અન્યાય, વ્યંજન, અર્થ અથવા યોગને ધારણ (સંક્રમણ–વિચરણ–ગમન) ન કરે, માટે અવિચાર, એ રીતે પવનરહિત દીપક જેવા સ્થિર, તે બીજા શુકલધ્યાનને 'એકત્વ–વિતર્ક-અવિચાર' કહ્યું છે. **(૯૬૫૪ થી ૫૬)** કેવળીને સૂક્ષ્મ કાયયોગમાં ( યોગનિરોધ કરતી વેળા ) ત્રીજું 'સૂક્ષ્મ ક્રિયા–અનિવૃત્તિ' ધ્યાન હોય અને 'અક્રિયા ( વ્યુચ્છિન્ન ક્રિયા ) અપ્રતિપાતી' આ ચોથું ધ્યાન તેને ( યોગનિરોધ પછી ) શૈલેશીમાં હોય છે. **(૯૬૫૭)** ક્ષપકને કષાયો સાથેના યુદ્ધમાં આ ધ્યાન આયુધ-રૂપ છે. શસ્ત્રરહિત સુભટની જેમ ધ્યાનરહિત ક્ષપક યુદ્ધને ( કર્મોને ) ન જીતી શકે. **(૯૬૫૮)** એમ ધ્યાન કરતો ક્ષપક જ્યારે બોલવામાં અશક્ત બને, ત્યારે નિર્યામકોને પોતાનો અભિપ્રાય જણાવવા માટે હુંકારો, અંજલિ, ભ્રકુટી કે અંગુલિદ્વારા, અથવા નેત્રનો સંકોચ વગેરે કરવા દ્વારા કે મસ્તકને હલાવવું વગેરે દ્વારા, ( ઈશારાથી ) નિજ ઇચ્છાને જણાવે. **(૯૬૫૯–૬૦)** ત્યારે નિર્યામકો ક્ષપકની આરાધનામાં ઉપયોગને આપે. (સાવધ બને ! કારણ કે–) શ્રુતના રહસ્ય જાણતા તેઓ સંજ્ઞા કરવાથી તેના મનોભાવને જાણી શકે. **(૯૬૬૧)** એમ સમતાને પામેલો, તથા પ્રશસ્ત ધ્યાનનો ધ્યાતા અને લેશ્યાથી વિશુદ્ધિને પામતો તે ક્ષપક ગુણશ્રેણિ ઉપર ચઢે. **(૯૬૬૨)** એ પ્રમાણે ધર્મશાસ્ત્રરૂપ મસ્તકના મણિતુલ્ય, સદ્ગતિમાં જવાના સરળ માર્ગતુલ્ય, ચાર મૂળદ્વારવાળી સંવેગ-રંગશાળા નામની આરાધનાના નવ પેટાદ્વારવાળા ચોથા સમાધિલાભદ્વારમાં ધ્યાન નામનું છઠ્ઠું પેટાદ્વાર કહ્યું **(૯૬૬૩–૬૪)** હવે ધ્યાનનો યોગ છતાં શુભાશુભ ગતિઓ તો લેશ્યાની વિશેષતાથી જ થાય છે, માટે લેશ્યાદ્વાર જણાવું છું. **(૯૬૬૫)**

**મૂળ ચોથા દ્વારમાં સાતમું લેશ્યા પેટાદ્વાર**–કૃષ્ણ વગેરે વિવિધ રૂપવાળાં કર્મનાં દલિકોના સાનિધ્યથી સ્ફટિક મણિ જેવા સ્વભાવથી નિર્મળ પણ જીવનો, જે જાંબૂ ફળ ખાનારા છ પુરુષોના પરિણામની ભિન્નતાથી સિદ્ધ ( સમજી શકાય ) એવો હિંસાદિ ભાવોની વિવિધતાવાળો પરિણામ, તેને લેશ્યા કહેવાય છે. **(૯૬૬૬–૬૭)** તે આ પ્રમાણે–

**છ લેશ્યા ઉપર દૃષ્ટાન્તો**–એક વનની ઝાડીમાં ભમતા, ભૂખથી સંકોચાયેલા ઉદરવાળા, છ પુરુષોએ, ત્યાં જાણે ગગનના છેડાને શોધવા માટે ઉંચો વધ્યો હોય તેવા, ગોળાકાર–વિશાળ મૂળવાળા, સારી રીતે પાકેલાં ફળોના ભારથી નમેલી ડાળીઓના છેડા-વાળા, ફેલાયેલી ઘણી નાની ડાળીઓવાળા, સર્વ બાજુએ (જાંબૂના) ગુચ્છાઓથી ઢંકાએલા, પ્રત્યેક ગુચ્છામાં દેખાતાં સુંદર પાકેલાં તાજાં સુંદર જાંબૂવાળા, તથા પવનની (છડચ્છોડણ=) છટાના પ્રહારથી ( ઝપાટા લાગવાથી ) તૂટી પડેલાં ફળ-ફૂલવાળી નીચેની ભૂમિ-વાળા, કદી પૂર્વે નહિ જોયેલા, એવા સાક્ષાત્ કલ્પવૃક્ષ જેવા એક જાંબૂના વૃક્ષને (જાંબૂડો)

જોયો (૯૬૬૮ થી ૭૧) તેથી પરસ્પર તેઓ બોલવા લાગ્યા કે–અહો ! કોઈ પણ રીતે અતિ પુણ્યથી આ વૃક્ષને આપણે મેળવ્યો છે, (૯૬૭૨) તેથી આવો ! થોડી વાર આ મહાવૃક્ષનાં આ અમૃત જેવાં ફળોને ખાઈએ ! (સૌએ કહ્યું કે–) ભલે, એમ હો ! કિન્તુ (ફળોને ખાવાં) કેવી રીતે ? (૯૬૭૩) ત્યારે ત્યાં એક બોલ્યો કે–ઉપર ચઢનારાઓને પ્રાણનો સંદેહ છે, માટે વૃક્ષને મૂળમાંથી કાપીને, નીચે પાડીને ખાઈએ ! (૯૬૭૪) બીજાએ કહ્યું કે–આ વૃક્ષને સંપૂર્ણ તોડવાથી શું ફળ ? એક મોટી ડાળીને કાપો, ત્રીજાએ કહ્યું કે–નાની ડાળીને જ કાપો, (૯૬૭૫) ચોથો બોલ્યો કે–ગુચ્છાને કાપો, પાંચમાએ કહ્યું કે–ગુચ્છા કાપવાથી શું ? માત્ર ફળોને (પાઠાં૦ ચુંટહ=) તોડો, છઠ્ઠો બોલ્યો કે–સ્વયમેવ ભૂમિ ઉપર (નીચે) પડેલાં જ ફળોને ખાઈએ. (૯૬૭૬) આ દૃષ્ટાન્તનો ઉપનય (એવો જાણવો કે–) તેઓમાં જેણે કહ્યું કે–મૂળમાંથી કાપીએ, તે કૃષ્ણલેશ્યામાં વર્તતો જાણવો, મોટી ડાળીને કાપનારો પુરુષ નીલલેશ્યામાં વર્તતો, નાની ડાળી કપાવનારો કાપોતલેશ્યામાં વર્તતો અને ગુચ્છાને કાપવાનું કહેનારો તેજોલેશ્યામાં વર્તતો જાણવો. (૯૬૭૭–૭૮) વૃક્ષની ઉપર રહેલાં ફળોને ચૂંટી આનારો પદ્મલેશ્યામાં અને સ્વયં નીચે પડેલાં ફળોને ગ્રહણ કરવાનો ઉપદેશ આપનારો શુકલલેશ્યામાં રહેલો જાણવો. (૯૬૭૯) અથવા (બીજું દૃષ્ટાન્ત) ગામને લૂંટનારા છ ચોરો હતા, તેમાં એક બોલ્યો કે–માણસ કે પશુ જેને દેખો, તે સર્વને હણો ! (૯૬૮૦) બીજાએ સર્વ મનુષ્યોને જ હણવાનું અને ત્રીજાએ (કેવળ) પુરુષોને જ હણવાનું કહ્યું, ચોથાએ શસ્ત્રધારીઓને જ હણવાનું અને પાંચમાએ જે પ્રહાર કરે તેને જ મારવાનું કહ્યું, (૯૬૮૧) છઠ્ઠો બોલ્યો કે–એક તો નિર્દય એવા તમે ધનને લૂંટો છો અને બીજું માણસોને મારો છો, અહા હા ! આ કેવું મહા પાપ છે ? (૯૬૮૨) તેથી એમ ન કરો, માત્ર ધનને જ હરો, કારણ કે–બીજે ભવ પામતાં (જન્માન્તરે) તમોને પણ એવું થશે. તેઓનો ઉપનય આ પ્રમાણે–જેણે કહ્યું કે–આખા ગામને હણો, તે કૃષ્ણલેશ્યામાં રહેલો છે. એમ બીજા ક્રમશઃ (નીલ વગેરે લેશ્યાવાળા) જાણવા, તેમાં છેલ્લો શુકલલેશ્યામાં રહેલો જાણવો. (૯૬૮૩–૮૪) (એમ હે ક્ષપક !) અતિ વિશુદ્ધ ક્રિયાવાળો, વિશિષ્ટ સંવેગને પામેલો તું કૃષ્ણ–નીલ અને કાપોત ત્રણેય અપ્રશસ્ત લેશ્યાઓને તજી દે ! (૯૬૮૫) અને અનુત્તર (શ્રેષ્ઠતર–શ્રેષ્ઠતમ) સંવેગને પામેલો તું, ક્રમશઃ તેજો–પદ્મ અને શુકલ, એ ત્રણ સુપ્રશસ્ત લેશ્યાઓને પ્રાપ્ત કર ! (૯૬૮૬) જીવને લેશ્યાની શુદ્ધિ પરિણામની શુદ્ધિથી થાય છે અને પરિણામની વિશુદ્ધિ મંદકષાયવાળાને જાણવી. (૯૬૮૭) કષાયોની મંદતા બાહ્ય વસ્તુઓના રાગને છોડનારને થાય છે, માટે શરીર વગેરેમાં રાગ વિનાનો જીવ લેશ્યાશુદ્ધિને પામે છે. (૯૬૮૮) જેમ ફોતરાવાળી (તંદુલ=) ડાંગરના (કુંડય=) ભૂસાની શુદ્ધિ કરી શકાય નહિ, તેમ સરાગી જીવને લેશ્યાશુદ્ધિ શકય નથી. (૯૬૮૯) જો જીવ શુદ્ધ લેશ્યાઓના ઉત્કૃષ્ટાદિ (વિશુદ્ધ) સ્થાનોમાં વર્તતો કાળ કરે, તો તે તેવી (વિશિષ્ટ) આરાધનાને પામે. (૯૬૯૦) તેથી લેશ્યાશુદ્ધિ માટે નિયમા યત્ન કરવો જોઈએ. (કારણ કે–) જીવ જે લેશ્યાએ મરે છે,

તે લેશ્યામાં ઉપજે છે (૯૬૯૧) અને લેશ્યારહિત પરિણામને પામેલો (અલેશી), જ્ઞાન–દર્શનથી સંપૂર્ણ આત્મા સર્વ ક્લેશોનો નાશ કરીને અક્ષય સુખસમૃદ્ધિવાળી સિદ્ધિને પામે છે. (૯૬૯૨) એમ આગમસમુદ્રની ભરતીતુલ્ય અને સદ્ગતિમાં જવાના સરળ માર્ગતુલ્ય, ચાર મૂળદ્વારવાળી સંવેગરંગશાળા નામની આરાધનાના નવ પેટાદ્વારવાળા આ ચોથા સમાધિ-દ્વારમાં લેશ્યા નામનું સાતમું પેટાદ્વાર કહ્યું. (૯૬૯૩–૯૪) લેશ્યાવિશુદ્ધિ ઉપર ચઢીને (વિશુદ્ધ લેશ્યાવાળો) ક્ષપક સાધુ જે આરાધનાને પામે, તેને હવે ફળદ્વારથી જણાવું છું. (૯૬૯૫)

**મૂળ ચોથા દ્વારમાં આઠમું ફળપ્રાપ્તિ પેટાદ્વાર**–આરાધક ત્રણ પ્રકારનો હોય છે–ઉત્કૃષ્ટ, મધ્યમ અને જઘન્ય. તેની સ્પષ્ટ વિશેષતા (તારતમ્ય) લેશ્યાદ્વારા કહું છું. શુક્લલેશ્યાની ઉત્કૃષ્ટ અનાસક્તિમાં પરિણમીને (સર્વથા અનાસક્ત બનીને) જે મરે, તે નિયમા ઉત્કૃષ્ટ આરાધક થાય. (૯૬૯૬–૯૭) પછીના શેષ રહેલા શુક્લલેશ્યાના જે અંશો (અધ્યવસાયો) અને પદ્મલેશ્યાના જે પરિણામો, તેને જે પામે, તેને શ્રી વીતરાગ ભગવંતોએ મધ્યમ આરાધક કહ્યો છે. (૯૬૯૮) પછી જે તેજોલેશ્યાના અંશો (અધ્ય વસાયો), તેમાં પરિણમીને (પામીને) જે મરે, (તઓ=) તે પણ અહીં જઘન્ય આરા-ધક જાણવો. (૯૬૯૯) પણ તે (તેજોલેશ્યાવાળો આરાધક) સમકિત વગેરેથી યુક્ત જ હોય (તો આરાધક બને) એમ જાણવું, કેવળ લેશ્યાથી (આરાધક) નહિ, કારણ કે–તેજો (લેશ્યા તો) અભવ્ય દેવોને પણ હોય છે. (૯૭૦૦) એમ કેટલાક ઉત્કૃષ્ટ આરા-ધનાથી સમગ્ર કર્મના પ્રદેશોને ખપાવીને (સર્વથા) કર્મરજરહિત થએલા સિદ્ધિને પામે છે. (૯૭૦૧) અને કંઈક બાકી રહેલા કર્મના અંશોવાળા મધ્યમ આરાધનાને આરાધીને સુવિશુદ્ધ શુક્લલેશ્યાવાળા લવસપ્તમ (અનુત્તર) દેવો થાય છે. (૯૭૦૨) અપ્સરાઓવાળા કલ્પોપપન્ન (બાર દેવલોકવાળા) દેવો જે સુખને અનુભવે છે, તેનાથી અનંતગણું સુખ લવસપ્તમ દેવોને હોય છે. (૯૭૦૩) ચારિત્ર–તપ–જ્ઞાન–દર્શનગુણ-વાળા કોઇ મધ્યમ આરાધકો વૈમાનિક ઇન્દ્રો અને કેટલાક સામાનિક દેવો પણ થાય છે. (૯૭૦૪) શ્રુતભક્તિથી યુક્ત, ઉગ્ર તપવાળા, નિયમ અને યોગની સમ્યક્ શુદ્ધિવાળા એવા ધીર આરાધકો લોકાન્તિક દેવો થાય છે. (૯૭૦૫) આગામી ભવમાં સ્પષ્ટ (નિયમા) મુક્તિ પામનારા આરાધકો, (દેવની) જેટલી ઋદ્ધિઓ અને ઇન્દ્રિયજન્ય સુખો હોય છે, તે સર્વને પામે છે. (૯૭૦૬) વળી તેજોલેશ્યાવાળા જેઓ જઘન્ય આરાધનાને કરે છે, તેઓ પણ જઘન્યથી સૌધર્મદેવની ઋદ્ધિને (તો) પામે જ છે. (૯૭૦૭) (પછી) અનુત્તર એવા ભોગોને ભોગવીને ત્યાંથી ચ્યવેલા તે ઉત્તમ મનુષ્યપણામાં (મળેલી) અતુલ ઋદ્ધિને તજીને શ્રી જિનકથિત ધર્મને આચરે છે (૯૭૦૮) અને (સઈ=) જાતિસ્મરણ-વાળા, બુદ્ધિવાળા, શ્રદ્ધા, સંવેગ અને વીર્યને પામેલા (તેઓ) પરીષહની સેનાને જીતીને અને ઉપસર્ગોરૂપી શત્રુને હરાવીને, શુક્લલેશ્યાને પામેલા શુક્લધ્યાનથી સંસારનો ક્ષય

કરીને, કર્મરૂપી ( **કવચ=** ) આવરણને સર્વથા તોડીને, સર્વ દુઃખોનો નાશ કરીને સિદ્ધિને પામે છે. (૯૭૦૯–૧૦) કારણ કે–જઘન્યથી પણ આરાધના કરનારા જીવો સર્વ કલેશોનો નાશ કરીને સાત–આઠ ભવોમાં ( તો ) નિયમા પરમપદને પામે છે (૯૭૧૧) અને સર્વજ્ઞ, સર્વદર્શી, જન્મ ( જરા ) વગેરે દોષરહિત, નિરુપમ સુખવાળા, તે ભગવંતો સદાય ત્યાં રહે છે. (૯૭૧૨) નારકી અને તિર્યંચોને દુઃખ, મનુષ્યોને કિંચિત્ સુખ, દેવોને કિંચિત્ દુઃખ અને મોક્ષમાં એકાન્તે સુખ હોય છે. (૯૭૧૩)

**સિદ્ધોના સુખનું સ્વરૂપ**–રાગાદિ દોષોના અભાવથી અને જન્મ ( જરા–મરણ ) વગેરેનો અસંભવ હોવાથી, પીડાના અભાવે સિદ્ધોને નિયમા શાશ્વત સુખ જ હોય છે. (૯૭૧૪) ( કારણ કે– ) રાગ, દ્વેષ, મોહ અને દોષોનો પક્ષ વગેરે ( **સંકિલેસસ્સ=** ) સંસારના લિંગો છે, અથવા અતિ સંક્લેશપણું એ જ સંક્લેશનું ( સંસારનું ) કારણ છે. (૯૭૧૫) એ રાગાદિથી પરાભવ પામેલા અને (તેથી) જન્મ–જરા–મરણરૂપી જળવાળા સંસારસમુદ્રમાં વારંવાર ભમતા, એવા સંસારીઓને કિંચિત્ ( પણ ) સુખ કોનાથી હોય? (૯૭૧૬) રાગાદિના અભાવે જીવને જે સુખ હોય છે, તેને કેવળી જ જાણે છે. ( કારણ કે– સન્નિપાતથી પીડાતો તેના અભાવથી થનારા સુખને નિશ્ચે ન જાણી શકે. (૯૭૧૭) જેમ બીજ બળી જતાં પુનઃ અંકુરાની ઉત્પત્તિ ન થાય, તે જ રીતે કર્મબીજ ( રાગાદિ બળે છતે સંસારના અંકુરાની ( જન્મની ) પણ ઉત્પત્તિ ન થાય. (૯૭૧૮) જન્મના અભાવે જરા નહિ, મરણ નહિ, ભય નહિ અને સંસાર ( અન્ય ગતિમાં જવાનું ) નહિ, તો તે સર્વના અભાવે મોક્ષમાં પરમસુખ કેમ નહિ? (૯૭૧૯) સકળ ઇન્દ્રિઓના વિષયો ભોગવ્યા પછી ઉત્સુકતાની નિવૃત્તિથી અનુભવાતાં સંસારસુખોની જેમ અવ્યાબાધથી ( પીડાઓના અભાવથી ) જ ( મોક્ષના સુખની ) શ્રદ્ધા કરવી જોઈએ. (૯૭૨૦) વિશેષમાં આ સકળ ઇન્દ્રિઓના વિષયોના ભોગને અંતે થનારી ઉત્સુકતાની નિવૃત્તિ તો પુનઃ તેની ઇચ્છા થતી હોવાથી માત્ર અલ્પકાલિન છે અને સિદ્ધોને પુનઃ તે અભિલાષા નહિ થવાથી તે નિવૃતિ સર્વકાલિકી, ઐકાન્તિકી અને આત્યન્તિકી છે, તેથી તેઓને પરમસુખ છે. (૯૭૨૧–૨૨) એમ અનુભવથી, યુક્તિથી, હેતુથી તથા શ્રી જિનેશ્વરદેવના આગમથી પણ સિદ્ધ એવું સિદ્ધોનું ( અનંત–શાશ્વત ) સુખ શ્રદ્ધા કરવાયોગ્ય છે. (૯૭૨૩) આ આરાધનાવિધિને આગમને અનુસારે સમ્યક્ આરાધીને ભૂતકાળમાં સર્વ કલેશોનો નાશ કરનારા અનંત જીવો સિદ્ધ થયા છે, (૯૭૨૪) આ આરાધનાવિધિને આગમને અનુસારે સમ્યક્ આરાધીને વર્ત્તમાનમાં પણ વિવક્ષિત કાળે નિશ્ચે સંખ્યાતા સિદ્ધ થાય છે (૯૭૨૫) અને આ આરાધનાવિધિને આગમાનુસાર સમ્યક્ આરાધીને ( **એસદ્ધાએ=** ) ભવિષ્યકાળે નિશ્ચે અનંતા જીવો સિદ્ધ થશે. (૯૭૨૬) એ જ રીતે ( એત્થ= ) અહીં ( આગમમાં ) ત્રણેય કાળમાં આ આરાધનાવિધિને વિરાધીને સંસાર વધારનારા પણ અનેક જીવોને કહ્યા છે. (૯૭૨૭) એમ આ હકીકતને જાણીને આ આરાધનામાં યત્ન કરવો જોઈએ, કારણ કે–આ ભવસમુદ્રમાં ( જીવને ) નિશ્ચે બીજો

કોઈ પણ (દુ:ખનો) પ્રતિકાર નથી. (૯૭૨૮) ભવ્ય પ્રાણીઓએ 'એકાન્ત શ્રદ્ધા' વગેરે ભાવોથી મહાન્ એવી આગમપરતંત્રતાને જ નિશ્ચે આ આરાધનાનું મૂળ પણ જાણવું, (૯૭૨૯) કારણ કે–છદ્મસ્થોને મોક્ષમાર્ગમાં આગમને છોડીને (બીજું કોઈ) પ્રમાણ નથી, માટે તેમાં જ પ્રયત્ન કરવો જોઈએ. (૯૭૩૦) તે કારણે સુખની અભિલાષાવાળાઓએ નિશ્ચે સર્વ અનુષ્ઠાનને નિત્યમેવ અપ્રમત્તપણે આગમને અનુસારે જ કરવું જોઈએ. (૯૭૩૧) પૂર્વે આ ગ્રન્થમાં મરણવિભક્તિદ્વારમાં (ગા૦ ૩૫૯૪માં) જે સૂચવ્યું છે કે– આરાધનાફળ નામના દ્વારમાં મરણના ફળને સ્પષ્ટ (પાઠાં૦ ભણિહં=) કહીશ, તેથી હવે તે (અધિગત) દ્વાર પ્રાપ્ત થવાથી (અહીં) હું અનુક્રમે મરણોના ફળને પણ કેટલુંક માત્ર કહું છું. (૯૭૩૨–૩૩) તેમાં (ગા. ૩૪૪૪ થી કહેલાં ૧૭ મરણો પૈકી ૧૩–૧૪ મા) વેહાણસ અને ગૃદ્ધપૃષ્ઠમરણ સહિત પહેલાં (આવિચીથી બાળમરણ સુધીનાં) આઠ (એમ દશ) મરણો સામાન્ય તથા દુર્ગતિદાયક કહ્યાં છે. (૯૭૩૪) તથા પૂર્વોક્ત વિધાનથી (ગા. ૩૪૪૪–૪૫ માં) કહેલા ક્રમવાળાં શેષ (પંડિત, મિશ્ર, છદ્મસ્થ, કેવળી, ભક્તપરિજ્ઞા, ઈંગિની અને પાદપોપગમન=એ) સાત મરણો સામાન્યથી તો સદ્ગતિફલક છે. (૯૭૩૫) માત્ર (તે પૈકી) અંતિમ ત્રણનું સવિશેષ ફળ કહું છું. બાકીનાં ચારનું ફળ તો તેના પ્રવેશને તુલ્ય જ (અથવા પાઠાં૦ तप्पवसओ=તપ્પ એટલે તે તે સંથારાને અનુસારે) જાણવું (૯૭૩૬) તેમાં પણ ભક્તપરિજ્ઞાનું ફળ તો તેના વર્ણન પ્રસંગે (ત્યાં જ) જણાવ્યું છે, તેથી ઈંગિનીમરણનું (ઇમં=) ફળ કહું છું. (૯૭૩૭) પૂર્વે કહેલા વિધિથી ઈંગિની (અનશન)ને સમ્યક્ આરાધીને સર્વ ક્લેશોનો નાશ કરનારા કેટલાક આત્માઓ સિદ્ધ થાય છે અને કેટલાક વૈમાનિકમાં દેવો થાય છે. (૯૬૩૮) એ ઈંગિનીમરણનું ફળ પણ આગમકથિત વિધાન પ્રમાણે જણાવ્યું. હવે પાદપોપગમન નામના મરણનું ફળ કહું છું. (૯૭૩૯) સમ્યક્તયા પાદપોપગમનમાં રહેલો, સમ્યક્ ધર્મધ્યાન અને શુક્લધ્યાનને ધ્યાતો કોઇ આત્મા શરીર છોડીને વૈમાનિક દેવોમાં પણ ઉપજે અને કોઇ ક્રમશઃ કર્મનો ક્ષય કરતો સિદ્ધિના સુખને પણ પામે, તે સિદ્ધિની પ્રાપ્તિનો ક્રમ અને તેનું સ્વરૂપ સામાન્યથી કહું છું. (૯૭૪૦–૪૧) યુદ્ધમાં મોખરે રહેલો સુભટ જેમ સ્વરાજ્યને પામે, તેમ ધર્મ–શુક્લધ્યાનનો ધ્યાતા, શુભ લેશ્યાવાળો અપૂર્વકરણાદિના ક્રમે યથોત્તર ચારિત્રશુદ્ધિથી ક્ષપકશ્રેણિમાં ચઢેલો આરાધક આવરણ (જ્ઞાનાવરણીયાદિ) સહિત મોહસુભટને હણીને કેવળ (જ્ઞાનાદિ) રાજ્યને પામે. (૯૭૪૨–૪૩) પછી ત્યાં દેશોન્યૂનક્રોડપૂર્વ વર્ષો કે અંતમુહૂર્ત (તે રીતે) રહે તેમાં જો વેદનીય (અઘાતી) કર્મ ઘણું અને આયુષ્ય ઓછું હોય, તો તે મહાત્મા આયુષ્ય અંતર્મુહૂર્ત શેષ રહે ત્યારે શેષ કર્મોની સ્થિતિને (આયુષ્યની) તુલ્ય કરવા સમુદ્ઘાતને કરે. (૯૭૪૪–૪૫) જેમ ભીંજાયેલું પણ છૂટું કરેલું વસ્ત્ર ક્ષણમાં સૂકાય અને સંકેલેલું તે રીતે (શીઘ્ર) ન સૂકાય, તેમ વેદનીય વગેરે જે કર્મો અનુક્રમે વેદવાથી ઘણા કાળે ખપાવી શકાય, તે

સમુદ્ઘાત કરનારને નિયમા ક્ષણમાં પણ ક્ષીણ થાય. (૯૭૪૬-૪૭) માટે સઘળાં આવરણોના (ઘાતીકર્મોના) ક્ષયથી વધતા વીર્યોલ્લાસવાળો તે કર્મોને શીઘ્ર ખપાવવા માટે તે વખતે સમદ્ઘાતને આરંભે. તેમાં-ચાર સમયમાં (અનુક્રમે) દંડ, કપાટ, મંથાન અને (જય=) જગતને-ચૌદરાજને (આંતરાને) પૂરણ કરે. પછી ક્રમશઃ તે જ રીતે ચાર સમયમાં પાછો ફરે. એ રીતે વેદનીય તથા નામ અને ગોત્રકર્મને આયુષ્યની તુલ્ય (સ્થિતિવાળાં) કરીને પછી શૈલેશીને પ્રાપ્ત કરવા યોગનિરોધને કરે. (૯૭૪૮ થી ૫૦) (તેમાં પ્રથમ) બાદર કાયયોગથી બાદર મનોયોગનો અને બાદર વચનયોગનો રોધ કરે. પછી બાદર કાયયોગને (પણ) સૂક્ષ્મ કાયયોગથી રોકે (સ્થિર કરે). (૯૭૫૧) પછી સૂક્ષ્મ કાયયોગથી સૂક્ષ્મ મન અને વચનયોગને રોકીને (માત્ર) સૂક્ષ્મ કાયયોગમાં કેવળી સૂક્ષ્મ ક્રિયા (અનિવૃત્તિ નામના ત્રીજા) શુકલધ્યાનને ધ્યાવે (પામે). (૯૭૫૨) તે પછી (એ ત્રીજા) સૂક્ષ્મ ક્રિયા (અનિવૃત્તિ) ધ્યાન વડે સૂક્ષ્મ કાયયોગને પણ રોકે, ત્યારે (સર્વ યોગોનો વિરોધ થવાથી) તે શૈલેશી અને નિશ્ચલ આત્મપ્રદેશોવાળો (થવાથી) અબંધક (સર્વથા કર્મબંધરહિત) થાય. (૯૭૫૩) પછી બાકી રહેલાં કર્મોના અંશના ક્ષય માટે પાંચ અક્ષરોના ઉચ્ચારણ જેટલો કાળ તે ચોથું "વ્યુચ્છિન્નક્રિયા અપ્રતિપાતી" શુકલધ્યાનને ધ્યાવે (પામે). (૯૭૫૪) તે પાંચ માત્રા (હ્સ્વ અ-ઈ-ઉ-ઋ-લૃ સ્વરોના ઉચ્ચારણ) જેટલા કાળવડે છેલ્લા ધ્યાનના બળે (પાઠાં૰ દુચરિમ=) દ્વિચરિમ (ઉપાન્ત્ય) સમયે ઉદીરણા નહિ કરેલી સર્વ પ્રકૃતિઓને ખપાવે (ઉદીરણા કરીને સત્તામાંથી ઉદયમાં લાવે). (૯૭૫૫) પછી છેલ્લા સમયે તે શ્રી તીર્થંકર જિન (હોય તો) વેદાતી બારને અને શેષ (સામાન્ય) કેવળીઓ વેદાતી અગીઆરને ખપાવે. (૯૭૫૬) પછી ઋજુગતિથી અનંતર (તે) સમયે જ (અન્ય) ક્ષેત્રને તથા અન્ય કાળને (સમયને) સ્પર્શ્યા વિના જ જગતના (ચૌદ રાજલોકના) શિખરે પહોંચે. (૯૭૫૭)

તે આ પ્રમાણે-જઘન્ય મનોયોગવાળા સંજ્ઞીપર્યાપ્તાને તે પર્યાપ્ત થાય, ત્યારે પ્રથમ સમયે જેટલાં મનોદ્રવ્યો અને તેનો જેટલો વ્યાપાર હોય, તેનાથી અસંખ્યગુણા હીન મનોદ્રવ્યોને પ્રતિસમયે રોધ કરતો અસંખ્યાતા સમયે તે સર્વ મનનો નિરોધ કરે. (૯૭૫૮-૫૯) એ રીતે (સર્વ જઘન્ય વચનયોગવાળા) પર્યાપ્ત બેઇન્દ્રિય જીવને પર્યાપ્ત થવાના પહેલા સમયે જઘન્ય વચનયોગના જે પર્યાયો (અંશો) હોય, તેનાથી અસંખ્યગુણા હીન અંશોનો પ્રતિસમયે રોધ કરતો અસંખ્યાતા સમયે સંપૂર્ણ વચનયોગનો રોધ કરે અને પછી પ્રથમ સમયે ઉત્પન્ન થએલા સૂક્ષ્મ નિગોદના જીવનો જે સર્વ જઘન્ય કાયયોગ હોય, તેનાથી અસંખ્યતગુણા હીન કાયયોગનો પ્રત્યેક સમયે રોધ કરતો અવગાહનના ત્રીજા ભાગને તજતો અસંખ્યાતા સમયે સંપૂર્ણ કાયયોગનો નિરોધ કરે, ત્યારે (સંપૂર્ણ) યોગનો નિરોધ કરનાર તે શૈલેશીપણાને પામે. (૯૭૬૦ થી ૬૩) (શૈલેશીની વ્યાખ્યા એ પ્રમાણે છે કે-) શૈલેશ=પર્વતનો રાજા એવો મેરુપર્વત, તેના તુલ્ય જે સ્થિરતા તે શૈલેશી થાય.

અથવા પૂર્વે અશૈલેશ (કંપનવાળો) હતો, તે સ્થિરતાદ્વારા શૈલેશ (મેરુતુલ્ય) થાય. (૯૭૬૩) અથવા સ્થિરતાથી તે ઋષિ શૈલ જેવો, માટે (શૈલ+ઋષિ) શૈલેશી થાય અને તે જ શૈલેષી (લેશ્યાનો) લોપ કરવાથી અલેશી થાય (?). (૯૭૬૫) અથવા શીલ એટલે સમાધિ, તેને નિશ્ચયથી સર્વસંવર કહેવાય. તે શીલનો ઇશ, માટે (શીલ+ઇશ=) શીલેશ અને શીલેશની જે અવસ્થા તે (શબ્દશાસ્ત્રના નિયમથી) શૈલેશી થાય. (૯૭૬૬) મધ્યમપણે (શીઘ્રતા કે વિલંબ વિના) જેટલા કાળમાં પાંચ હ્રસ્વસ્વરો બોલાય, તેટલો માત્ર કાળ તે શૈલેશી અવસ્થા પામેલો રહે. (૯૭૬૭) કાયયોગનિરોધના પ્રારંભથી (સર્વયોગનિરોધરૂપ શૈલેશી કરે ત્યાં સુધી તે (ત્રીજા) સૂક્ષ્મ ક્રિયા–અનિવૃત્તિ ધ્યાનને તથા શૈલેશીના કાળમાં (ચોથું) વ્યુચ્છિન્ન ક્રિયા અપ્રતિપાતી ધ્યાનને પામે. (૯૭૬૮) તેમાં જે પૂર્વે (અપૂર્વકરણ ગુણસ્થાનકે) તે શૈલેશીથી અસંખ્યાતગુણી ગુણશ્રેણિ વડે જે કર્મદલિકની (વિરચના=) રચના–નિષેક કર્યો હતો, તેને ક્રમશઃ સમયે સમયે (ખવયં=) ખપાવતો શૈલેશીકાળમાં સર્વ દલિકોને ખપાવે. પુનઃ તેમાં શૈલેશીના દ્વિચરમ (ઉપાન્ત્ય) સમયે કેટલી પ્રકૃતિઓને (નિલ્લેવં) સંપૂર્ણ ખપાવે અને ચરમ સમયે કેટલીને સંપૂર્ણ ખપાવે, તે વિભાગને કહું છું. (૯૭૬૯–૭૦) મનુષ્યગતિ, પંચેન્દ્રિય જાતિ, ત્રસ, બાદર, પર્યાપ્ત અને સૌભાગ્ય, આદેય તથા યશનામ, (એ આઠ નામકર્મના) અન્યતર વેદનીય, મનુષ્યાયુ અને ઉચ્ચ ગોત્ર, તથા સંભવ (તીર્થંકર) હોય, તો જિનનામ ઉપરાન્ત નરાનુપૂર્વીને (એ તેરને અથવા અન્ય ગ્રન્થોના આધારે મતાન્તરે નરાનુપૂર્વી સિવાય બારને) અને અંત સમયે બહોંતેરને (મતાન્તરે તહોંતેરને) દ્વિચરમ સમયે કેવળીભગવંતો સત્તામાંથી ક્ષય કરે છે. (૯૭૭૧–૭૨) અહીં જે ઔદારિકાદિ ત્રણ શરીરને સર્વ વિપ્પજહણાઓથી તજે એમ કહ્યું 'તે સર્વ પ્રકારના ત્યાગથી તજે એમ જાણવું. પૂર્વે માત્ર જે સંઘાતનના પરિશાટનદ્વારા (દલિક વિખેરવારૂપે) તજતો હતો તેમ નહિ. (૯૭૭૩) સમ્યક્ત્વ, જ્ઞાન, દર્શન, અનંતસુખ અને સિદ્ધત્વ, એ સિવાયના તેનું ભવ્યત્વ અને (સઘળા) ઔદયિક ભાવો એકીસાથે નાશ પામે છે (૯૭૭૪) અને ઋજુગતિને પામેલો તે આત્મા અન્ય સમયને અને (આત્માની અચિંત્ય શક્તિ હોવાથી) વચ્ચે અન્ય આકાશપ્રદેશોને પણ સ્પર્શ્યા વિના જ એક જ સમયમાં તે સિદ્ધ થાય છે. (સાત રાજ ઊંચે સિદ્ધક્ષેત્રમાં પહોંચે છે.) પછી સાકાર (જ્ઞાનના) ઉપયોગવાળો તે બંધનમુક્ત થવાથી તથા સ્વભાવે જ જેમ એરંડાનું ફળ બંધનમુક્ત થતાં ઊંચે ઉડે (ઉછળે), તેમ ઊંચે જાય છે. (૯૭૭૫–૭૬) પછી ત્યાં (ચૌદરાજની) ઉપર ધર્માસ્તિકાયના અભાવે કર્મમુક્ત એવા તેની (આગળ ઉર્ધ્વ) ગતિ થતી નથી અને અધર્માસ્તિકાય વડે તેની (ત્યાં) સાદિ–અનંતકાળ સુધી સ્થિરતા થાય છે. (૯૭૭૭) (ઔદારિક–તેજસ્–કાર્મણ એ) ત્રણ શરીરોને અહીં તજીને ત્યાં જઈને સ્વભાવમાં વર્તતો સિદ્ધ થાય છે અને ઘનીભૂત જીવપ્રદેશો જેટલી (રોકે તેટલી) ચરમદેહથી ત્રીજા ભાગે ન્યૂન અવગાહનાને પામે છે. (૯૭૭૮) 'ઈષત્પ્રાગભારા' નામની (સિદ્ધ) શિલાથી એક યોજન ઉંચે લોકાન્ત છે. તેમાં (તેની

નીચેનો ) ઉત્કૃષ્ટથી એક ગાઉનો છઠ્ઠો ભાગ સિદ્ધોની અવગાહના વડે વ્યાસ હોય છે. (૯૭૭૯) ત્રણેય લોકના મસ્તકે રહેલો તે સિદ્ધાત્મા દ્રવ્ય-પર્યાયોથી યુક્ત એવા જગતને ત્રણેય કાળ સહિત સંપૂર્ણ જાણે છે અને દેખે છે. (૯૭૮૦) જેમ સૂર્ય એકીસાથે સમ-વિષમ પદાર્થોને પ્રકાશે છે, તેમ નિર્વાણને પામેલો જીવ લોકને અને અલોકને (પણ) પ્રકાશે છે. (૯૭૮૧) તેની સર્વ બાધાઓ (પીડાઓ) નાશ પામી છે તે કારણે અને તે સઘળાય જગતને જાણે છે તથા તેને જે ઉત્સુકતા નથી તે કારણે, તે પરમસુખી (તરીકે) અતિ પ્રસિદ્ધ છે. (૯૭૮૨) અતિ ઘણી (શ્રેષ્ઠ) ઋદ્ધિને પામેલા પણ મનુષ્યોને આ લોકમાં તે સુખ નથી, કે જે તે સિદ્ધને પીડારહિત અને ઉપમારહિત સુખ હોય છે. (૯૭૮૩) (સ્વર્ગમાં) દેવેન્દ્રો અને (મનુષ્યોમાં) ચક્રવર્તીઓ જે ઇન્દ્રિયજન્ય સુખને અનુભવે છે, તેનાથી અનંત-ગુણું (અને) પીડા વિનાનું સુખ તે સિદ્ધને હોય છે, (૯૭૮૪) સર્વ નરેન્દ્રોનાં અને દેવેન્દ્રોનાં ત્રણેય કાળમાં જે શ્રેષ્ઠ સુખો, તેનું મૂલ્ય એક સિદ્ધના એક સમયના પણ સુખ જેટલું નથી, (૯૭૮૫) કારણ કે-તેને વિષયોથી પ્રયોજન નથી, ક્ષુધા વગેરે પીડાઓ નથી અને વિષયોને ભોગવવાનાં રાગાદિ કારણો પણ નથી. (૯૭૮૬) એથી જ સમાપ્ત પ્રયોજન-વાળા (કૃતકૃત્ય) તે સિદ્ધને બોલવું, ચાલવું, ચિંતવવું વગેરે ચેષ્ટાઓનો પણ સદ્ભાવ નથી. (૯૭૮૭) તેને ઉપમારહિત, માપરહિત, અક્ષય, નિર્મળ, ઉપદ્રવ વિનાનું, જરારહિત, રોગ રહિત, ભયરહિત, ધ્રુવ (સ્થિર), ઐકાન્તિક, આત્યંતિક અને અવ્યાબાધ, એવું (કેવળ) સુખ જ છે. (૯૭૮૮) એ રીતે કેવળીને યોગ્ય પાદપોપગમન નામના અંતિમ મરણનું ફળ આગમની યુક્તિથી (અનુસારે) સંક્ષેપથી કહ્યું. (૯૭૮૯) આ આરાધનાના ફળને સાંભળીને વધેલા સંવેગના ઉત્સાહવાળા સર્વ ભવ્યો (તઈ=) તે પાદપોપગમનને કરીને મુક્તિના સુખને પામો! (૯૭૯૦) એમ ઇન્દ્રિઓરૂપી પક્ષીઓને પિંજરાતુલ્ય, સદ્ગતિમાં જવાના સરળ માર્ગ તુલ્ય,ચાર મૂળદ્વારવાળી સંવેગરંગશાળા નામની આરાધનાના નવ પેટાદ્વારવાળા ચોથા મૂળ સમાધિ-લાભદ્વારમાં ફળપ્રાપ્તિ નામનું આઠમું પેટાદ્વાર કહ્યું. (૯૭૯૧-૯૨) પહેલાં (અહીં સુધી જીવને ઉદ્દેશીને ધર્મની યોગ્યતા વગેરેથી આરંભીને ફળ સુધીનાં દ્વારો કહ્યાં. હવે જીવ-રહિત ક્ષપકના (મૃતક) શરીર અંગે જે કોઈ કર્ત્તવ્યોનો વિસ્તાર (કરણીય) હોય, તેને શ્રી જિનાગમમાં જણાવેલા ન્યાયથી સાધુઓના અનુગ્રહ માટે વિજહના દ્વારથી કહેવાય છે. અહીં વિજહના, પરિટ્ઠવણા, પરિત્યાગ, ફેંકી દેવું, વગેરે શબ્દો એક (સમાન) અર્થવાળા છે. (૯૭૯૩ થી ૯૫)

**મૂળ ચોથા દ્વારમાં નવમું વિજહના પેટાદ્વાર**-પૂર્વે જણાવેલા ક્રમે (આરાધના કરતો) ક્ષપક જ્યારે મરણને પામે, ત્યારે નિર્યામક સાધુઓએ તેના શરીર અંગે આ વિજહના સમ્યક્ કરવી. (૯૭૯૬) પણ અહો! તે મહાભાગ ક્ષપકને તે રીતે ચિરકાળ (ઔષધાદિ) ઉપચારોથી સંભાળ્યો, ચિરકાળ સેવા કરી, ચિરકાળ (પાઠાં૦ સહાવસિઓ=)સાથે રહ્યો, ચિરકાળ ભણાવ્યો અને ઘણા સમય સુધી સમાધિ પમાડવાદ્વારા અનુગ્રહિત (ઉપકૃત) કર્યો, જ્ઞાનાદિ ગુણોદ્વારા તે અમને ભાઈ જેવો, પુત્ર જેવો, મિત્ર જેવો વ્હાલો અને શુદ્ધ

પ્રેમનું પરપાત્ર હતો. તેને નિર્દય મૃત્યુએ આજે કેમ છીનવી લીધો ? હા હા, અમે લૂંટાયા લૂંટાયા ! એમ રડવાના શબ્દો બોલવા વગેરે શોક કરવો નહિ, કારણ કે-એમ કરવાથી શીઘ્ર શરીર ક્ષીણ થાય, (૯૭૯૭ થી ૯૮૦૦) સઘળું બળ ગળી જાય, સ્મૃતિ નાશ પામે, બુદ્ધિ વિપરીત થાય, ઘેલછા પ્રગટે અને હૃદયરોગ પણ સંભવે, ઇન્દ્રિઓની (શક્તિ) ઘટે, કોઈ રીતે ક્ષુદ્ર દેવીઓ ઠગે અને શાસ્ત્રશ્રવણથી પ્રગટેલો શુભ વિવેક પણ ક્ષય પામે, (૯૮૦૧-૨) લઘુતા થાય અને (લોકમાં) અત્યંત વિમૂઢપણું મનાય. વધારે શું ? શોક સર્વ અનર્થોનો સમૂહ (ખાણ) છે. (૯૮૦૩) તેથી તેને દૂર તજીને નિર્યામક મહામુનિઓ અતિ અપ્રમત્ત ચિત્તથી આ રીતે ભવસ્થિતિને વિચારે કે-હે જીવ ! તું શોક કેમ કરે છે ? શું તું નથી જાણતો, કે જે અહીં જન્મે છે તેનું મરણ, પુનઃ જન્મ અને પુનઃ મરણ અવશ્યંભાવી છે ? (૯૮૦૪-૫) આ (મરણ) રોકાતું નથી. અન્યથા દુષ્ટ ભસ્મરાશિ ગ્રહનો ઉદય થવા છતાં અને ઇન્દ્રની તેવી વિનંતી છતાં, અતુલ બળ-વીર્યવાળા, ત્રિજગત્ પરમેશ્વર, શ્રી વીરજિનેશ્વરે સિદ્ધિગમનની (મુક્તિની) થોડી પણ રાહ કેમ ન જોઇ ? (મરણને કેમ ન રોક્યું ?) (૯૮૦૬-૭) અને વળી દીર્ઘકાળ સુધી સુકૃત્યનો સંચય કરનારા, ગુણશ્રેણિના આશ્રયભૂત, (પાઠાં૦ અઇયારપંકપમુક્કં૦=) અતિચારરૂપ કિચ્ચડથી રહિત (નિરતિચાર) સંયમના ઉદ્યમમાં ઉજમાળ અને આરાધનાને આરાધીને કાલધર્મને પામેલા, એવા તે ક્ષપકમુનિનો નિશ્ચે શોક કરવાયોગ્ય લેશ માત્ર પણ (નિમિત્ત)નથી. (૯૮૦૮-૯) આ વિષયમાં અધિક પ્રસંગથી સર્યું. એમ સમ્યગ્ વિચારીને ધીર એવા તે નિર્યામકો, ઉદ્વેગરહિત શીઘ્ર તેનો કરવાયોગ્ય સમગ્ર વિધિ કરે. (૯૮૧૦) માત્ર કાળ પામેલાનું મૃતકશરીર (વસતિની અંદર અથવા બહાર પણ હોય, જો અંદર હોય તો નિર્યામકો આ વિધિથી તેને પરઠવે. (વોસિરાવે.) (૯૮૧૧)

**મહાપારિષ્ઠાપનાનો વિધિ**-સાધુઓ જ્યાં માસકલ્પ કે વર્ષાકલ્પ (ચોમાસું) રહે, ત્યાં ગીતાર્થો સર્વ પ્રથમ મહાસ્થંડિલને (મૃતક પરઠવવાની નિરવદ્ય ભૂમિને) શોધે. (૯૮૧૨) (કયી દિશામાં પરઠવવું ? તે માટે વિધિ કહે છે કે-) દિશાઓ ૧-નૈઋત્યા, ૨-દક્ષિણા, ૩-પશ્ચિમા, ૪-આગ્નેયી, ૫-વાયવ્યા, ૬-પૂર્વા, ૭-ઉત્તરા અને ૮-ઐશાની, (એ ક્રમ પ્રમાણે) પહેલી દિશામાં પરવઠવવાથી અન્ન-પાણી સુલભ થાય, બીજીમાં દુર્લભ થાય, ત્રીજીમાં ઉપધિ ન મળે અને ચોથીમાં સ્વાધ્યાય (શુદ્ધિ) ન થાય, પાંચમીમાં કલહ થાય, છટ્ઠીમાં તેઓને ગચ્છભેદ થાય, સાતમીમાં માંદગી અને આઠમીમાં મરણ થાય. (૯૮૧૩ થી ૧૫) (તેમાં પણ) જો પહેલી દિશામાં વ્યાઘાત (કોઇ વિઘ્ન) હોય, તો બીજા નંબરવાળી વગેરે દિશાઓમાં પણ ક્રમશઃ તે ગુણ થાય. (જેમ કે-નૈઋત્યા પહેલી શ્રેષ્ઠ કહી છે. ત્યાં જો વિઘ્ન થાય, તો બીજી દક્ષિણદિશા પહેલીના તુલ્ય ગુણ કરે. બીજીમાં પણ જો વિઘ્ન આવે, તો ત્રીજી પશ્ચિમા પહેલીના તુલ્ય ગુણ કરે.) તેથી સર્વ દિશાઓમાં મૃતકને પરઠવવાની શુદ્ધ ભૂમિને શોધવી. (૯૮૧૬) જે વેળાએ (મુનિ) કાળધર્મને પામે, તે જ વેળા અંગુઠો વગેરે અંગુ-

લિઓને બાંધવી અને શ્રુતના મર્મના જાણુ, ધીર, વૃષભ (સમર્થ) સાધુઓએ અંગછેદ તથા જાગરણુ કરવું. (૯૮૧૭) જો વળી કોઈ વ્યંતર વગેરે દેવ તે શરીરમાં આશ્રય કરે અને તેથી મૃતક ઊઠે, તો ધીર સાધુઓએ શાસ્ત્રવિધિથી તેને શાંત કરવો. (૯૮૧૮) વળી જો દોઢ ભોગવાળા નક્ષત્રોમાં (કાલ ધર્મ પામે તો) દર્ભનાં બે પુતળાં અને જો સમભોગવાળા નક્ષત્રમાં (કાલધર્મ પામે તો) એક પુતળું કરવું, જો અડધા ભોગવાળામાં (કાળ કરે તો) નહિ કરવું. (૯૮૧૯) તેમાં ત્રણ ઉત્તરા, પુનર્વસુ, રોહિણી અને વિશાખા, એ છ નક્ષત્રો પિસ્તાલીશ મુહૂર્ત્તના (દોઢ) ભોગવાળાં છે. (૯૮૨૦) શતભિષક્, ભરણી, આર્દ્રા, આશ્લેષા, સ્વાતિ અને જયેષ્ઠા, એ છ અડધા ભોગવાળાં અને શેષ નક્ષત્રો સમભોગવાળાં છે. (૯૮૨૧) ગામ જે દિશામાં હોય, તે દિશામાં (ગામ તરફ) મૃતકનું મસ્તક રહે, તે રીતે તેને લઈને પાછળ નહિ જોતા તેઓ સ્થંડિલ (પરઠવવાની ભૂમિ) તરફ જાય. (તેથી કોઈ પ્રસંગે યક્ષાવિષ્ટ થઈને જો મૃતક નાસે, તો પણ ગામમાં ન જાય) (૯૮૨૨) સૂત્ર, અર્થ અને તદુભયનો જાણુ (ગીતાર્થ) એક સાધુ પાણી અને કુશ (વનસ્પતિ-તૃણુ) લઈને પહેલો (સ્થંડિલ) જાય અને ત્યાં સર્વત્ર તે તૃણોને સમાન રીતે (સરખાં) પાથરે. (૯૮૨૩) જો તે તૃણો ઉપર (મૃતકના મસ્તકે), મધ્યમાં (કટિભાગે) અને નીચે (પગના ભાગમાં) વિષમ (ઊંચા-નીચાં) હોય, તો અનુક્રમે આચાર્યનું, વૃષભસાધુનું અને સામાન્ય સાધુનું મરણ કે માંદગી થાય. (૯૮૨૪) જ્યાં તૃણો ન હોય, ત્યાં ચૂર્ણ(વાસ)થી, અથવા કેશરાથી (નાગકેસરના પાણીની અખંડ ધારાથી) સ્થંડિલભૂમિ ઉપર (મસ્તકના) ભાગે 'ક' અને નીચે (પગના ભાગે) 'ત' અક્ષરો આલેખે. (૯૮૨૫) મૃતક (કોઈ પ્રસંગે) ઉઠીને જો નાસે, તો તેને (ગામ તરફ જતું) રોકવા (મૃતકનું) મસ્તક ગામની દિશા તરફ રાખવું જોઈએ અને (પોતાને ઉપદ્રવ ન કરે તે માટે) સાધુઓએ (મૃતકને) પ્રદક્ષિણા થાય તેમ પાછા નહિ ફરવું. (૯૮૨૬) (સાધુનું મૃતક છે એની) નિશાની માટે રજોહરણ (ચોલપટ્ટક-મુહપત્તિ) મૃતક પાસે મૂકવું, નિશાની ન કરવાથી દોષો થાય. (જેમ કે-ક્ષપક દેવ થયા પછી જ્ઞાનથી મૃતકને જુએ, ત્યારે ચિહ્નના અભાવે પૂર્વે પોતાને મિથ્યાત્વી માનીને) તે મિથ્યાત્વને પામે, અથવા રાજા (લોકોએ કોઈનું ખૂન કર્યું છે, એમ માની) ગામનો (લોકોનો) વધ કરે. (બીજા પણ અનેક દોષો શ્રી આવશ્યકનિર્યુક્તિ આદિ અન્ય ગ્રન્થોમાં કહેલા ત્યાંથી જોવા.) (૯૮૨૭) જે સાધુ જ્યાં ઊભા હોય, ત્યાંથી (પ્રદક્ષિણા ન થાય તેમ) પાછા ફરે અને ગુરુ પાસે આવીને (પરઠવવામાં થયેલી) અવિધિનો કાઉસ્સગ્ગ કરે, ત્યાં જ ન કરે. (૯૮૨૮) (કાળ કરનાર) જો આચાર્યાદિ કે રત્નાધિક (**મહાનિનાય=**) મોટા પ્રસિદ્ધ હોય, અથવા બીજા સાધુઓ (**નિયગેસુ=**) તેના સગા કે જ્ઞાતિના હોય, તો નિયમા ઉપવાસ કરવો અને અસ્વાધ્યાય પાળવો, પણ (સ્વ-પર) જો અશિવાદિ હોય, તો (ઉપવાસ) નહિ કરવો. (૯૮૨૯) સૂત્રાર્થમાં વિશારદ (ગીતાર્થ) સ્થવીરો બીજા દિવસે (સવારે) ક્ષપકના શરીરને જુએ અને તે દ્વારા તેની શુભા-શુભગતિને જાણે. (૯૮૩૦) જો (મૃતકનું) મસ્તક (કોઈ માંસાહારી પશુ-પક્ષી દ્વારા) વૃક્ષના (કે પર્વતના) શિખરે ગયું

હોય, તો મુક્તિને પામેલો, (થલકરણે=) કોઈ ઊંચી ભૂમિ ઉપર ગયેલું દેખે, તો વિમાન-વાસી દેવ, સમ ભૂમિમાં પડેલું હોય તો જ્યોતિષી–વાણવ્યંતરદેવ તથા ખાડામાં પડ્યું હોય તો ભુવનપતિદેવ થયો) જાણે. (૯૮૩૧) જેટલા દિવસો તે મૃતક (અણુલિદ્ધં=) બીજાથી અસ્પર્શિત અને અખંડ (પાઠાં૦ સંચિક્ખઈ=) રહે, તેટલાં વર્ષો તે રાજ્યમાં સુકાળ, કુશળ અને શિવ (ઉપદ્રવોનો અભાવ) થાય. (૯૮૩૨) અથવા માંસાહારી શ્વાપદો ક્ષપકના શરીરને જે દિશામાં લઈ જાય, તે દિશામાં સુવિહિત સાધુઓના વિહારયોગ્ય સુકાળ થાય, (૯૮૩૩) એ રીતે–શ્રી જિનચંદ્રસૂરિએ રચેલી, સદ્ગતિ જવાના સરળ માર્ગ-તુલ્ય, ચાર મૂળદ્વારોવાળી, સંવેગરંગશાળા નામની આરાધનાના નવ પેટાદ્વારવાળા ચોથા સમાધિલાભદ્વારમાં વિજહના નામનું પેટાદ્વાર કહ્યું. (૯૮૩૪–૩૫) તે કહેવાથી સમાધિ-લાભ નામનું ચોથું મૂળદ્વાર પૂર્ણ કહ્યું અને તે પૂર્ણ કહેવાથી અહીં આ આરાધનાશાસ્ત્ર પૂર્ણ કર્યું. (૯૮૩૬)

એ રીતે મહામુનિ મહસેનને શ્રી ગૌતમગણધરે જે રીતે આ કહ્યું, તે રીતે સર્વ જણાવ્યું. હવે પૂર્વે (ગા. ૬૪૦માં) જે કહ્યું હતું કે–જે રીતે તેને આરાધીને તે મહસેન મુનિ સિદ્ધિને પામશે, તે (શેષ) અધિકારને હવે શ્રી ગૌતમપ્રભુના કથનને અનુસરીને સંક્ષેપમાં કહું છું. (૯૮૩૭–૩૮)

**મહામુનિ મહસેનની અંતિમ આરાધના**–ત્રણ લોકના તિલકતુલ્ય અને ઈન્દ્રથી વંદાએલા એવા શ્રી વીરપ્રભુના શિષ્ય શ્રી ગૌતમસ્વામીએ, એ રીતે પૂર્વે જેનો પ્રસ્તાવ કર્યો હતો, તે સાધુવર્ગની અને ગૃહસ્થ સંબંધી આરાધાનાવિધિને વિસ્તારથી દૃષ્ટાન્ત સહિત પરિપૂર્ણ મહસેન મુનિને જણાવીને કહ્યું કે–ભો ભો ! મહાશય ! તેં જે પૂછ્યું હતું તે મેં કહ્યું, તો હવે તું અપ્રમત્તભાવે આ આરાધનામાં ઉદ્યમ કર ! કારણ કે–તેઓ ધન્ય છે, સત્પુરુષો છે, તેઓને મનુષ્યજન્મ (સુલદ્ધં=) પુણ્યથી મળેલો છે કે નિશ્ચે જેઓએ આ આરાધનાને સંપૂર્ણ સ્વીકારી છે. (૯૮૩૯ થી ૪૨) તેઓ શૂરા છે, તેઓ ધીર છે, કે જેઓએ શ્રીસંઘ વચ્ચે (આ આરાધનાને) સ્વીકારીને સુખપૂર્વક ચાર સ્કંધ (દ્વાર) વાળી આરાધના ધ્વજાને (આરાધનામાં વિજયને) પામ્યા છે. (૯૮૪૩) જેઓએ અમૂલ્ય આ આરાધનારત્નને પ્રાપ્ત કર્યું, તે મહાનુભાવોએ આ લોકમાં શું પ્રાપ્ત નથી કર્યું ? (૯૮૪૪) વળી ઉદ્યત થઈને (આદરથી) જેઓ આરાધના કરનારાઓને સહાય કરે છે, તેઓ પણ પ્રતિજન્મે શ્રેષ્ઠ આરાધનાને પામે છે. (૯૮૪૫) જેઓ આરાધક મુનિની ભક્તિપૂર્વક સેવા કરે છે અને નમે છે, તેઓ (પણ) સદ્ગતિના સુખરૂપ આરાધનાના ફળને પામે છે. (૯૮૪૬) એ પ્રમાણે શ્રી ગૌતમપ્રભુએ કહેવાથી હર્ષવશ જેની રોમરાજી ગાઢ ઉછળી રહી છે, તે રાજર્ષિ મહસેન મુનિ શ્રી ગણધરભગવંતને ત્રણ પ્રદક્ષિણા કરીને, પૃથ્વીતળે સ્પર્શતા મસ્તકથી પ્રણામ કરીને, પુનરુક્તિ દોષરહિત એવી અત્યંત મહા અર્થવાળી ભાષા વડે આ રીતે સ્તુતિ કરવા લાગ્યા (૯૮૪૭–૪૮)

**શ્રી ગૌતમપ્રભુની મહસેન મુનિએ કરેલી સ્તુતિ**–હે મોહરૂપ અંધકારથી વ્યાપ્ત એવા આ ત્રણ લોકરૂપી ભુવન ( મંદિર ) ને પ્રકાશ કરનારા પ્રદીપ! આપ જયવંતા રહો! હે મોક્ષનગર તરફ પ્રયાણ કરતા ભવ્ય જીવોના સાર્થવાહ! આપ જયવંતા વર્તો! (૯૮૪૯) હે નિર્મળ કેવળજ્ઞાનરૂપી લોચનથી સમગ્ર પદાર્થોના વિસ્તારના જ્ઞાતા! આપ જયવંતા રહો! હે નિરૂપમ અતિશાયી એવા રૂપથી સુરાસુર સહિત ત્રણેય લોકને જીતનારા પ્રભુ! આપનો જય થાઓ! (૯૮૫૦) હે શુક્લધ્યાન રૂપ અગ્નિથી ઘનઘાતી કર્મોના (ગહન=) ગાઢ વનને બાળનારા પ્રભો! આપનો જય હો! અને ચંદ્ર અને મહેશ્વરના હાસ્ય જેવા ઉજ્જવળ અતિ આશ્ચર્યકારક ચરિત્રવાળા હે પ્રભો! આપ જયવંતા રહો! (૯૮૫૧) હે નિષ્કારણવત્સલ! હે સજ્જન લોકમાં સર્વથી પ્રથમ પંક્તિને પામેલા પ્રભુ! આપનો જય થાઓ! હે સાધુજનના ઇચ્છિત પૂરવામાં અનન્ય કલ્પવૃક્ષ પ્રભુ! આપનો જય થાઓ. (૯૮૫૨) હે ચંદ્રસમ નિર્મળ યશના વિસ્તારવાળા! હે શરણાગતના રક્ષણમાં બદ્ધ ( સ્થિર ) લક્ષવાળા! અને હે રાગરૂપી શત્રુના શત્રુ ( ઘાતક ) એવા હે ગણધર શ્રી ગૌતમપ્રભુ! આપ જયવંતા છો! (૯૮૫૩) તમે જ મારા સ્વામી, પિતા છો અને તમે જ મારી ગતિ અને મતિ છો. મિત્ર અને બંધુ ( પણ ) તમે છો, તમારાથી અન્ય મારો હિતસ્વી ( કોઇ ) નથી. (૯૮૫૪) કારણ કે–આ આરાધનાવિધિનો ઉપદેશ કરતા તમે સંસારરૂપી કુવામાં પડેલા મને હાથનો ટેકો આપીને બહાર કાઢયો છે. (૯૮૫૫) તમારા વચનામૃતરૂપી જળની ધારાથી હું સિંચાયો છું, તે કારણે હું ધન્ય છું, કૃતપુણ્ય છું અને મેં ઇચ્છેલું સઘળું મેળવ્યું છે. (૯૮૫૬) હે પરમગુરુ! મેળવવામાં અત્યંત દુર્લભ છતાં ત્રણેય ભુવનની લક્ષ્મી મળી શકે, પણ તમારી વાણીનું શ્રવણ કદાપિ ન મળે! (૯૮૫૭) હે ભુવનબંધુ! જો આપની અનુજ્ઞા મળે, તો હવે હું સંલેખનાપૂર્વક આરાધનાવિધિને કરવા ઇચ્છું છું. (૯૮૫૮)

પછી ફેલાતી મનોહર ઉજ્જવળ દાંતની કાન્તિના સમૂહથી દિશાઓને અજવાળતા શ્રી ગૌતમપ્રભુએ કહ્યું કે–અતિ નિર્મળ બુદ્ધિના પ્રકર્ષથી સંસારના (વિગુણ=) દુષ્ટ સ્વરૂપને જાણનારા, પરલોકમાં એક સ્થિરલક્ષ્યવાળા, સુખની અપેક્ષાથી અત્યંત મુક્ત અને સદ્ગુરુની સેવાથી વિશેષતયા તત્ત્વને પામેલા એવા હે મહામુનિ મહસેન! તમારા જેવાને એ યોગ્ય છે, તેથી આ વિષયમાં થોડો પણ વિલંબ કરશો નહિ. (૯૮૫૯ થી ૬૧) કારણ કે–મુહૂર્ત ( શુભ અવસર ) બહુ વિઘ્નવાળો હોય છે અને પુનઃ ધર્મસામગ્રી પણ દુર્લભ છે અને કલ્યાણની સાધના ( સવ્વંગં= ) સર્વ રીતે ( વિવિધ ) વિઘ્નોવાળી હોય છે, (૯૮૬૨) અને એમ હોવાથી જેણે સર્વ પ્રયત્નથી ધર્મકાર્યોમાં ઉદ્યમ કર્યો, તેણે જ લોકમાં જયપતાકા મેળવી છે. (૯૮૬૩) તેણે જ ભવભયને જલાંજલિ દીધી છે અને સ્વર્ગ–મોક્ષની લક્ષ્મીને હસ્તકમળમાં પ્રાપ્ત કરી છે. અથવા તેણે શું નથી સાધ્યું? (૯૮૬૪) તેથી સાધુતાનો સુંદર આરાધક એવો તું કૃતપુણ્ય છે, કે જેની ચિત્તપ્રકૃતિ સવિશેષ આરાધના કરવા માટે ઉલ્લસી રહી છે. (૯૮૬૫) હે મહાભાગ! જો કે તારી સઘળી ક્રિયા નિશ્ચે આરાધના છે તો પણ હવે આ કહી તે વિધિમાં દૃઢ પ્રયત્ન કર! (૯૮૬૬)

એમ સાંભળીને પરમ હર્ષથી પ્રગટેલા રોમાંચવાળા રાજર્ષિ મહસેન મુનિ પગમાં નમીને, મસ્તકે કરકમળને જોડીને, 'હે ભગવંત ! હવેથી તમે જે આજ્ઞા કરી તે કરીશ !' –એમ પ્રતિજ્ઞા કરીને ત્યાંથી નીકળ્યા. (૯૮૬૭-૬૮) પછી પૂર્વોક્ત દુષ્કર તપશ્ચર્યાને સવિશેષ કરવાથી દુર્બળ શરીરવાળા બનેલા પણ તે પૂર્વે વિસ્તારથી કહેલા વિધિથી સમ્યગ્પણે દ્રવ્ય-ભાવસંલેખનાને કરીને, ત્યાજ્ય ભાવોનો પક્ષ છોડીને, સર્વ ઉપાદેય વસ્તુના પક્ષમાં લીન બનેલા પોતે કેટલોક કાળ નિઃસંગપણે (એકાકી) વિચર્યા. પછી માંસ, રુધિર વગેરે (પોતાના) શરીરની ધાતુઓનો અતિ અપચય (ઘટાડો) અને ગાત્રોની નિર્બળતાને જોઈને વિચારવા લાગ્યા કે-આજ સુધી મેં મારા ધર્માચાર્યે કહેલી વિસ્તૃત આરાધનાને અનુસરીને સઘળાંય ધર્મકાર્યોમાં ઉદ્યમ કર્યો, ભવ્ય જીવોને સર્વ પ્રયત્નથી મોક્ષમાર્ગે જોડયા, સૂત્ર-અર્થના ચિંતનથી આત્માને પણ સમ્યક્ ભાવિત કર્યો અને બીજી પ્રવૃત્તિ છોડીને બળને ગોપવ્યા વિના આટલો કાળ બાળ, ગ્લાન વગેરે સાધુનાં કાર્યોમાં પ્રવૃત્તિ (વૈયાવચ્ચ) કરી. (૯૮૬૯ થી ૭૪) હવે ક્ષીણ થએલા નેત્રના તેજવાળા, વચન બોલવામાં પણ અસમર્થ અને શરીરની અત્યંત કૃશતાથી ચાલવામાં પણ અશક્ત, એવા મારે સુકૃત્યની આરાધના વિનાના આ નિષ્ફળ જીવિતથી શું ? કારણ કે-મુખ્યતયા ધર્મ મેળવાય તેવા શુભ જીવનને (જ્ઞાનીઓ) પ્રશંસે છે. (૯૮૭૫-૭૬) માટે ધર્માચાર્યને પૂછીને અને નિર્યામણાની વિધિના જાણ એવા સ્થવિરોને ધર્મસહાયક બનાવીને પૂર્વે કહેલા વિધિપૂર્વક, જીવવિરાધના રહિત પ્રદેશમાં, શીલાતળને પ્રમાર્જીને ભક્તપરિજ્ઞા (આહારત્યાગ) દ્વારા દેહનો ત્યાગ કરવો જોઇએ. (૯૮૭૭-૭૮) એમ વિચારીને તે મહાત્મા ધીમી ધીમી ચાલથી શ્રી ગણધરભગવંત પાસે જઈને તેઓને પ્રણમીને કહેવા લાગ્યા કે-(૯૮૭૯) હે ભગવંત ! મેં યાવત્ હાડ-ચામ શેષ રહે ત્યાં સુધી યથાશક્તિ છટ્ઠ, અટ્ઠમ વગેરે દુષ્કર તપ વડે આત્માની સંલેખના કરી. હવે હું પુણ્યકાર્યોમાં અલ્પ માત્ર પણ શક્તિમાન નથી, તેથી હે ભગવંત ! હવે તમારી અનુમતિપૂર્વક ગીતાર્થ સ્થવિરોની નિશ્રામાં એકાન્ત પ્રદેશમાં અનશન કરવાને ઇચ્છું છું, કારણ કે-હવે મારી માત્ર આટલી પ્રાર્થના (અભિલાષા) છે. (૯૮૮૦ થી ૯૮૮૨) પછી ભગવાન શ્રી ગૌતમે નિર્મળ કેવળજ્ઞાનરૂપ નેત્રદ્વારા તેની પ્રસ્તુત વિષયની (અનશનની) સાધનાને ભાવિ નિર્વિઘ્ન જાણીને કહ્યું કે-"હે મહાયશ ! એમ કરો અને શીઘ્ર નિસ્તારપારક (સંસારથી પાર પામનારા) થાઓ !" એમ મહસેનને અનુમતિ આપી અને સ્થવિરોને આ પ્રમાણે કહ્યું કે-(૯૮૮૩-૮૪) હે મહાનુભાવો ! આ અનશન કરવામાં દૃઢ ઉજમાળ થએલાને, અસહાયને સહાય આપવામાં તત્પર એવા તમે (સહાય કરો), એકાગ્ર મન વડે સમયોચિત સર્વ કાર્યોને કરીને, પાસે રહીને, આદરપૂર્વક (તેની) નિર્યામણા કરો (તારો)' (૯૮૮૫-૮૬) પછી હર્ષથી પૂર્ણ પ્રગટેલા મોટા રોમાંચવાળા તેઓ સઘળાય પોતાને ભક્તિથી અત્યન્ત કૃતાર્થ માનતા, શ્રી ઇન્દ્રભૂતિની આજ્ઞાને

મસ્તકે ચઢાવવાપૂર્વક સમ્યગ્ સ્વીકારીને પ્રસ્તુત કાર્ય માટે મહસેન રાજર્ષિ પાસે આવ્યા (૯૮૮૭-૮૮) પછી નિર્યામકોથી પરિવરેલા તે મહસેન મુનિ, જેમ ભદ્રજાતિના અતિ સ્થિર, ઉત્તમ દાંતવાળા, મોટા અન્ય હાથીઓથી પરિવરેલો હાથી શોભે, તેમ (નિર્યામકપક્ષે ભદ્રિક, જાતિવંત, અતિ સ્થિર અને ઇન્દ્રિયોને વશ કરેલા એવા) નિર્યામકોથી શોભતા ધીમે ધીમે શ્રી ગૌતમપ્રભુનાં ચરણકમળોને નમીને, પૂર્વે પડિલેહેલી, બીજ-ત્રસ-રહિત (નિર્જીવ) શિલા ઉપર બેઠા અને ત્યાં પૂર્વે જણાવેલા વિધિપૂર્વક શેષ કર્ત્તવ્યને કરીને મહા પરાક્રમી તેઓએ ચારેય પ્રકારના સર્વ આહારને વોસિરાવ્યો. (૯૮૮૯ થી ૯૧) સ્થવિરો પણ તેઓની આગળ સંવેગજનક પ્રશમમય મહા અર્થવાળાં એવા શાસ્ત્રોનું પરાવર્તન કરવા (સંભળાવવા) લાગ્યા. (૯૮૯૨) પછી અત્યંત સ્વસ્થ મન-વચન-કાયાના યોગવાળા, ધર્મધ્યાનને ધ્યાતા, સુખ-દુઃખ કે જીવિત-મરણ વગેરેમાં સમચિત્તવાળા (નિરપેક્ષ) રાધાવેધ માટે સમ્યક્ તત્પર થએલા મનુષ્યની જેમ અત્યંત અપ્રમત્ત અને આરાધના કરવામાં પ્રયત્નપૂર્વક એક સ્થિર લક્ષ્યવાળા બનેલા તે મહસેન મુનિની અત્યંત (દૃઢ) સ્થિરતાને અવધિજ્ઞાનથી જાણીને અત્યંત પ્રસન્ન થએલા એવા સૌધર્મસભામાં રહેલા ઇન્દ્રે પોતાના દેવોને કહ્યું કે-હે દેવો! પોતાની સ્થિરતાથી મેરૂપર્વતને પણ જીતતા, સમાધિમાં રહેલા અને નિશ્ચલ ચિત્તવાળા આ સાધુને જુઓ જુઓ! (૯૮૯૩ થી ૯૬) હું માનું છું કે-પ્રલયકાળે પ્રગટેલા પવનના અતિ આવેગથી ઉછળેલા જળના સમૂહવાળા સમુદ્રો પણ મર્યાદાને મૂકે, કિન્તુ આ મુનિ સ્વપ્રતિજ્ઞાને નહિ છોડે! (૯૮૯૭) નિત્ય સ્થિર રૂપવાળી (નિત્ય) પણ વસ્તુઓ કંઈ નિમિત્તને પામીને પોતાની વિશિષ્ટ અવસ્થાને છોડે, પણ આ સાધુ (સ્થિરતાને) ન છોડે! (૯૮૯૮) જેઓ લીલા માત્રમાં કંકરની ગણતરીથી (કંકર માનીને) સર્વ કુળપર્વતોને હથેળીમાં ઉપાડી શકે અને નિમેષ માત્ર કાળમાં સમુદ્રોનું પણ શોષણ કરી શકે, તે અતુલ બળથી શોભતા દેવો પણ, હું માનું છું કે-નિશ્ચે દીર્ઘકાળે પણ આ સાધુના મનને લેશ પણ ચલિત કરવા માટે સમર્થ ન થાય. (૯૮૯૯-૯૯૦૦) આ (એક) આશ્ચર્ય છે કે-આ જગતમાં તેવા પણ કોઈ મહા પરાક્રમવાળા (આત્મા) જન્મે છે, કે જેઓના મહિમાથી તિરસ્કૃત ત્રણેય લોક પણ અસારભૂત (મનાય) છે. (૯૯૦૧) એમ બોલતા ઇન્દ્રના વચનને સત્ય નહિ માનતો, એક મિથ્યાબુદ્ધિ (મિથ્યાત્વી) દેવ રોષપૂર્વક વિચારવા લાગ્યો કે-બાળકોની જેમ (વિચાર વિના) સત્તાધીશો પણ જેમ-તેમ બોલે છે. અણુ માત્ર પણ વસ્તુની વાસ્તવિકતાનો વિચાર (તેઓ) કરતા નથી. (૯૯૦૨-૩) જો એમ ન હોય, તો મહા બળથી યુક્ત એવા દેવો પણ આ મુનિને ક્ષોભ પમાડવા માટે સમર્થ નથી, એવું અહીં નિઃશંકપણે ઇન્દ્ર કેમ બોલે? (૯૯૦૪) અથવા આ વિકલ્પથી શું? સ્વયમેવ જઈને હું તે મુનિને ધ્યાનથી ચલિત કરું અને ઇન્દ્રના વચનને મિથ્યા કરું. (૯૯૦૫) (એમ માનીને) તુર્ત જ મનને અને પવનને પણ જીતે તેવી શીઘ્ર ગતિથી તે ત્યાંથી નીકળ્યો અને નિમેષ માત્રમાં

મહસેન મુનિની પાસે પહોંચ્યો. પછી પ્રલયકાળના જેવો ભયંકર, વિજળીઓના સમૂહવાળો, જોતાં પણ દુ:ખ થાય તેવો અને અતસીના પુષ્પ જેવી કાન્તિવાળો (કાળો) વાદળોનો સમૂહ તેણે સર્વ દિશાઓમાં પ્રગટ કર્યો. (૯૯૦૬-૭) પછી તે જ ક્ષણે સાંબેલા જેવી સ્થૂલ અને ગાઢતાથી બદ્ધ (અતિ ગાઢ) એવા અંધકારથી (અથવા અંધકાર જેવી) ભયંકર ધારાઓથી (પાસે=) આજુબાજુ વર્ષાને વરસાવવા લાગ્યો. (૯૯૦૮) પછી સમગ્ર દિશાઓને પ્રચંડ જળસમૂહથી ભરેલી દેખાડીને નિર્યામક મુનિના શરીરમાં પ્રવેશ કરીને મહસેનને તે કહેવા લાગ્યો કે-હે મુનિ ! શું તું નથી જોતો કે-આ સર્વ બાજુ ફેલાતા પાણીથી આકાશના છેડે પહોંચેલા શિખરવાળા (અતિ ઊંચા) મોટા પર્વતો પણ તણાઇ રહ્યા છે ! અને જળસમૂહે મૂળમાંથી ઉખેડેલા, એવા વિસ્તૃત (જડા=) ડાળીઓ વગેરેના સમૂહથી (ઘેરાવાથી) પૃથ્વીમંડલને પણ (પાઠાં૦ ઉચ્છાઇયિ=) ઢાંકી દેતા આ વૃક્ષોના સમૂહો પણ પલાલના સમૂહની જેમ (પાણીમાં) નાચી (તરી) રહ્યા છે? અથવા શું તું સમ્યક્ જોતો નથી કે-આકાશમાં ફેલાતા જળના સમૂહથી ઢંકાઈ ગએલો તારાઓનો સમૂહ પણ સ્પષ્ટ દેખાતો નથી ? (૯૯૦૯ થી ૧૨) એમ આવા જળના મોટા પ્રવાહના વેગથી તણાતા તારું અને અમારું પણ જ્યાં સુધી અહીં મરણ ન થાય, ત્યાં સુધી અહીંથી ખસી જવું યોગ્ય છે. હે મુનિવૃષભ ! મરવાની ઈચ્છાને છોડ ! પ્રયત્નપૂર્વક નિશ્ચે આત્માનું રક્ષણ કરવું જોઈએ. કારણ સૂત્રમાં (ઓઘનિર્યુક્તિ ગા. ૩૭માં) કહ્યું છે કે- "(મુનિ) સર્વત્ર સંયમની રક્ષા કરે, સંયમથી પણ આત્માની રક્ષા કરતો મરણથી બચે, પુનઃ પ્રાયશ્ચિત્ત કરે, પણ (મરીને) અવિરતિ ન થાય." (૯૯૧૩ થી ૧૫) (આ રીતે તો) અહીં કરેલા તારો અમારા જેવા મુનિઓના વિનાશથી થએલા મોટા પાપના કારણે નિશ્ચે થોડો પણ મોક્ષ નહિ થાય ! (૯૯૧૬) કારણ કે-હે ભદ્ર ! અમે તારા માટે અહીં આવીને રહ્યા છીએ. અન્યથા જીવવાની ઇચ્છાવાળો કોઇ પણ શું (અહીં) પાણીમાં રહે? (૯૯૧૭) એવાં (દેવથી અધિષ્ઠિત થએલા) તે સાધુનાં વચનોને સાંભળીને લેશ પણ ચલિત નહિ થએલા (સ્થિર) ચિત્તવાળા મહસેન રાજર્ષિ સ્થિર-નિપુણ બુદ્ધિથી વિચારવા લાગ્યા કે-શું આ વર્ષાનો સમય છે? અથવા આ સાધુ મહા સાત્ત્વિક (છતાં) દીન મનથી આવું અત્યંત અનુચિત કેમ બોલે? (૯૯૧૮-૧૯) હું માનું છું કે-કોઇ અસુરાદિએ (મારા) ભાવની પરીક્ષા માટે મને ઉપસર્ગ કરવા માટે આવું અત્યંત અઘટિત (અસંભવિત) કર્યું છે. (૯૯૨૦) વળી જો આ સ્વાભાવિક (સાચું) જ હોય, તો જેણે (ત્રણેય કાળના) સર્વ જ્ઞેયને જાણ્યાં છે, તે શ્રી ગૌતમસ્વામી મને અને સ્થવિરોને આ વિષયમાં અનુમતિ જ આપે નહિ ! (૯૯૨૧) તેથી જો કે નિશ્ચે આ દેવાદિનો કોઈ પણ દુષ્ટ પ્રયત્ન સંભવે છે, તો પણ હે હૃદય ! પ્રસ્તુત કાર્યમાં નિશ્ચલ થા ! (૯૯૨૨) જો (લોકમાં) નિધાન વગેરેને મેળવવામાં વિઘ્નો થાય છે, તો (લોકોત્તર) મોક્ષના સાધક અનશનમાં (વિઘ્નો) કેમ ન થાય ? (૯૯૨૩) એમ પૂર્વે (કવચ-

દ્વારમાં) જણાવેલી ધીરતારૂપ કવચથી દૃઢ રક્ષણ કરીને અક્ષુબ્ધ મનવાળા તે બુદ્ધિમાન (મહસેન) ધર્મધ્યાનમાં સ્થિર થયા. (૯૯૨૪) પછી તે મુનિને તેવા પ્રકારના (સ્થિર) જોઈને, દેવે ક્ષણમાં વાદળને સંહરીને, સામે ભયંકર દાવાનળને વિકુર્વ્યો. (૯૯૨૫) પછી દાવાનળની ફેલાતી તેજસ્વી જ્વાળાઓના સમૂહથી વ્યાપ્ત, ઉંચે જતી ધૂમની રેખાઓથી ઢંકાઇ ગયેલા સૂર્યના કિરણોના વિસ્તારવાળું, સખ્ત પવનથી ઉછળેલી મોટી જ્વાળાઓથી બળી રહેલા તારાઓના સમૂહવાળું, ઉછળતા 'તડ-તડ' શબ્દોથી જ્યાં બીજા શબ્દો સંભળાતા પણ બંધ થયા છે તેવું અને બળવાના ભયે કંપતી દેવીઓ અને વ્યંતરીઓએ જ્યાં ગાઢ કોલાહલ કર્યો છે, એવું સમગ્ર જગત સર્વ બાજુએથી બળી રહ્યું હોય તેવું થયું. (૯૯૨૬ થી ૨૮) એવા પ્રકારના પણ તે દાવાનળને જોઇને જ્યારે મહસેન મુનિ ધ્યાનથી લેશ પણ ચલિત ન થયા, ત્યારે દેવે વિવિધ વ્યંજન (શાક), ભક્ષ્યભોજન અને અનેક જાતિનાં પીણાંથી (પાણીથી) યુક્ત, એવી ઘણી (અથવા શ્રેષ્ઠ) રસોઇને આગળ ધરીને મધુર વાણીથી કહ્યું કે-હે મહાભાગ શ્રમણ! નિરર્થક ભૂખ્યો કેમ દુઃખી થાય છે? નિશ્ચે નવકોટિ પરિશુદ્ધ (સર્વથા નિર્દોષ) આ આહારનું ભોજન કર! (૯૯૨૯ થી ૩૧) "નિર્દોષ આહાર લેનારા સાધુઓને નિત્ય ઉપવાસ જ છે."-એ સૂત્રને શું તું ભૂલી ગયો, કે જેથી શરીરને શોષે છે? (૯૯૩૨) (કહ્યું છે કે-) ચિત્તની સમાધિ કરવી જોઇએ, મિથ્યા કષ્ટક્રિયાથી શું? કારણ કે તપથી સૂકાએલો પણ કંડરિક નિશ્ચે અધોગતિમાં ગયો અને ચિત્તના શુદ્ધ પરિણામવાળો તેનો મોટો ભાઇ મહાત્મા પુંડરિક તપ કર્યા વિના પણ દેવલોકમાં ઉત્પન્ન થયો. (૯૯૩૩-૩૪) જો સંયમથી નિર્વેદપણાને પામ્યો (થાકયો) ન હોય (પાળવું હોય), તો હે ભદ્ર! દુરાગ્રહને તજીને અતિ વિશુદ્ધ (પાઠાં એષં=) આ આહારને ખા! (૯૯૩૫) એમ મુનિવેષધારી (મુનિના શરીરમાં રહેલા) દેવે ઘણી રીતે કહેવા છતાં મહસેન મુનિ જ્યારે ધ્યાનથી લેશ પણ ચલિત ન થયા, ત્યારે પુનઃ તેણે તેમના મનને મુંઝવવા માટે પવિત્ર વેશવાળી અને પ્રબળ (શ્રેષ્ઠ) શણગારથી મનોહર શરીરવાળી યુવતીઓને (સ્ત્રીઓને) વિકુર્વી. (૯૯૩૬-૩૭) પછી વિકારપૂર્વક પ્રગટેલા (નેત્રના) કટાક્ષો ફેંકવાદ્વારા સર્વ દિશાઓને દૂષિત કરતી (ચારેય બાજુ વિકારી કટાક્ષોને ફેંકતી), સુંદર મુખચંદ્રની ઉજ્વળ કાન્તિના પ્રકાશના પ્રવાહથી ગંગાનદીની પણ હાંસી કરતી, મોજ(હાંસી)પૂર્વક ભુજાઓરૂપી વેલડીઓને ઊંચી કરીને મોટા-વિશાળ સ્તનોને પ્રગટ કરતી, કોમળ રણઝણાટ (અવાજ) કરતાં પગમાં પહેરેલાં ઝાંઝરથી શોભતી, કંદોરાનાં (વિવિધ રંગવાળાં) મણિઓના કિરણોથી સર્વ દિશાઓમાં ઇન્દ્રધનુષ્યની રચના કરતી, કલ્પવૃક્ષની માળાના સુગંધથી આકર્ષિત ભ્રમરોના સમૂહવાળી, દોરી (નાડુ) બાંધવાના બ્હાને ક્ષણ ક્ષણ પુષ્ટ એવા નાભિપ્રદેશને પ્રગટ કરતી, નિમિત્ત વિના જ ગાત્રભંગ જણાવવાદ્વારા વિકારને જણાવતી, ઘણા હાવ, ભાવ, આશ્ચર્ય વગેરે સુંદર વિવિધ ઉપચાર (ચાળા) કરવામાં કુશળ અને હે નાથ! પ્રસન્ન થાઓ! અમારું રક્ષણ કરો! તમે જ અમારી ગતિ અને મતિ છો!-એમ બે હાથે અંજલિ કરીને બોલતી તે દેવાંગનાઓએ (અનુકૂળ) ઉપસર્ગ કરવા

છતાં તે મહાસત્ત્વશાળી (મહસેન) ધ્યાનથી ચલિત ન થયા. (૯૯૩૮ થી ૪૩) એમ (પોતે કરેલા) પ્રતિકૂળ અને અનુકૂળ અને મોટા ઉપસર્ગોને પણ નિષ્ફળ જાણીને હતાશ થયેલો તે દેવ એમ ચિંતવવા લાગ્યો કે–ધિક્ ! ધિક્ ! મહા મહિમાવાળા ઇન્દ્રની સાચી પણ વાતની અશ્રદ્ધા કરતા એવા પાપી મેં આ સાધુની અશાતના કરી. (૯૯૪૪–૪૫) આવા ગુણસમૂહરૂપી રત્નોના ભંડાર મુનિને પીડવાથી બાંધેલા પાપથી દુઃખી થતા મારું હવે કોનાથી રક્ષણ થશે ? (૯૯૪૬) બુદ્ધિની વિપરીતતાથી (કુબુદ્ધિથી) આ જીવ સ્વયં તેવા કોઈ કાર્યને કરે છે, કે જેથી અંદરના શલ્યથી પીડાતો હોય તેમ દુઃખે જીવે છે. (૯૯૪૭) એમ તે દેવ ચિરકાળ ઝૂરીને, શ્રેષ્ઠ ભક્તિથી મહસેન મુનિને સ્તવીને અને આદરથી ખમાવીને, જેમ આવ્યો હતો તેમ પાછો ગયો. (૯૯૪૮)

માન–અપમાનમાં અને દુઃખ–સુખમાં સમચિત્તવાળા, ઉત્તરોત્તર સવિશેષ વધતા વિશુદ્ધ પરિણામવાળા તે મહસેન મુનિ પણ અત્યંત સમાધિથી કાળ કરીને સર્વાર્થસિદ્ધ વિમાનમાં તેત્રીશ સાગરોપમના આયુષ્યવાળા દેદીપ્યમાન દેવ થયા. (૯૯૪૯–૫૦) પછી તેમને કાળધર્મ પામેલા જાણીને, તે પ્રસંગને ઉચિત કર્ત્તવ્યના જાણ અને સંસારસ્વરૂપના જ્ઞાતા (વૈરાગી) એવા સ્થવિરોએ તેમના શરીરને આગમવિધિને અનુસારે ત્રસ, બીજ, પ્રાણ અને વનસ્પતિના અંકુરા વગેરેથી રહિત, પૂર્વે પડિલેહેલી (શોધેલી) શુદ્ધ ભૂમિમાં સમ્યક્ પરઠવ્યું. (૯૯૫૧–૫૨) તે પછી તે મુનિનાં પાત્ર વગેરે ધર્મોપકરણને પણ લઈને અત્વરિત, અચપલ, એવી (મધ્યમ) ગતિએ ચાલતા શ્રી ગૌતમસ્વામી પાસે પહોંચ્યા, (૯૯૫૩) અને ત્રણ પ્રદક્ષિણાપૂર્વક તેઓને વાંદીને, તેઓનાં ઉપકરણોને સોંપીને, નમેલા શિરવાળા આ પ્રમાણે કહેવા લાગ્યા કે–(૯૯૫૪) હે ભગવંત ! ક્ષમાથી સહન કરનારા (ક્ષમાવંત), દુર્જય કામના વિજેતા, સર્વસંગથી રહિત, સાવદ્યના (પાપના) સંપૂર્ણ ત્યાગી, સ્વભાવે જ સરળ, સ્વભાવથી જ ઉત્તમ ચારિત્રના પાલક, પ્રકૃતિથી જ વિનીત અને પ્રકૃતિથી જ મહા સાત્ત્વિક, તે તમારા શિષ્ય (મહાત્મા મહસેન) દુઃસહ પરીષહોને સમ્યક્ સહીને પંચનમસ્કારનું સ્મરણ કરતા અને આરાધનાને અસાધારણ આરાધીને સ્વર્ગને પામ્યા. (૯૯૫૫ થી ૫૭) પછી માલતીની માળા જેવી (ઉજ્જ્વળ) દાંતની કાન્તિથી પ્રકાશ કરતા હોય તેમ શ્રી ગૌતમસ્વામીએ મધુર વાણીથી સ્થવિરોને કહ્યું કે–હે મહાનુભાવો ! તમે તેની નિર્યામણા સુંદર કરી (સુંદર રીતે તાર્યો). શ્રી જિનવચનના જાણ મુનિઓને એમ જ કરવું યોગ્ય છે, (૯૯૫૮–૫૯) કારણ કે–સંયમને કરતા (પાળતા) અસહાયને સહાયતા કરે છે, તે કારણે સાધુઓ નમવાલાયક છે. (૯૯૬૦) કારણ કે–અંતિમ આરાધના સમયે સહાય કરવી, એનાથી બીજો કોઈ ઉત્તમ ઉપકાર નિશ્ચે (સમગ્ર) જગતમાં પણ નથી. (૯૯૬૧) તે મહાત્મા (પણ) ધન્ય છે, કે જેણે આરાધનારૂપી ઉત્તમ નાવડીદ્વારા દુઃખરૂપી મગરો-(મચ્છો)ના સમૂહથી વ્યાપ્ત એવા ભયંકર સંસારસમુદ્રને સમુદ્રની જેમ તર્યા. (૯૯૬૨) પછી સ્થવિરોએ કહ્યું કે–હે ભગવંત ! તે (મહસેન) અહીંથી ક્યાં ઉત્પન્ન થયા ? અને

કર્મોનો નાશ કરીને તે ક્યારે નિર્વાણને પામશે ? તે કહો ! (૯૯૬૩) પછી ત્રિભુવનરૂપી ભુવનમાં પ્રસિદ્ધ યશવાળા એવા શ્રી વીરપ્રભુના પ્રથમ શિષ્ય શ્રી ગૌતમપ્રભુએ કહ્યું કે– તમે એકાગ્ર મનથી સાંભળો ! (૯૯૬૪) આરાધનામાં સમ્યક્ સ્થિર ચિત્તવાળા તે મહસેન મુનિવર, ઇન્દ્રે કરેલી પ્રશંસાથી કુપિત થએલા દેવે વિઘ્નો કરવા છતાં મેરુની જેમ ધ્યાનથી નિમેષ માત્ર પણ ચલિત થયા વિના કાળ કરીને સર્વાર્થમાં દેદીપ્યમાન શરીરવાળા દેવ થયા છે. (૯૯૬૫–૬૬) આયુષ્ય ક્ષય થતાં ત્યાંથી ચ્યવીને આ જંબૂદ્વીપમાં જ્યાં નિરંતર તીર્થંકરો, ચક્રવર્તીઓ અને વાસુદેવો ઉપજે છે, ત્યાં પૂર્વવિદેહની વિજયમાં, ઇન્દ્રપુરી જેવી મનોહર એવી અપરાજિતા નગરીમાં, વૈરીસમૂહને જીતવાથી ફેલાએલી કીર્તિવાળા, કીર્તિધર રાજાની મુખથી ચંદ્રના બિમ્બની તુલના કરનારી, (બિમ્બ=) ટીંડોરા જેવા (રક્ત) હોઠવાળી વિજયસેના નામની રાણી, તેના ગર્ભમાં ચિરકાળથી ઊગેલા (તેજસ્વી), મુખમાં પેસતા પૂર્ણચંદ્રના સ્વપ્નથી સૂચિત તે મહાત્મા પુત્રપણે ઉત્પન્ન થશે (૯૯૬૭ થી ૭૦) અને નવ માસ ઉપરાન્ત સાડા સાત–રાત્રિ–દિવસો ગયા પછી ઉત્તમ નક્ષત્ર, તિથિ અને યોગમાં ( સારા મુહૂર્તે ) તેનો જન્મ થશે. (૯૯૭૧) અત્યંત પુણ્યના પ્રકર્ષથી આકર્ષિત મનવાળા દેવો તેના જન્મસમયે પાસે આવીને સર્વ દિશાઓના વિસ્તારને અત્યંત શાન્ત રજવાળો (નિર્મળ) તથા પવનને મંદ મંદ વાતો કરીને અને ચારેય બાજુ લોકને ક્રીડા કરતા કરીને, નગરીમાં (કુંભગ્ગસો=) કુંભજાતિનાં (અથવા કુંભ જેટલાં) (?) શ્રેષ્ઠ રત્નોને વરસાવશે. (૯૯૭૨–૭૩) પછી (મંગલમુહલ=) ધવલમંગળને ગાતી એકઠી થએલી હજારો વારાંગનાઓથી મનોહર, તથા મણિના મનોહર અલંકારોથી શોભતા સર્વ નાગરીકોવાળું, નાગરિકોએ કરેલા ઘણા ધનના દાનથી પ્રસન્ન યાચકોવાળું, યાચકોથી ગવાતા પ્રગટ ગુણોના વિસ્તારવાળું, ગુણવિસ્તારના શ્રવણથી (રભસ=) હર્ષ–ઉત્સુકતાથી આવેલા સામંતોના સમૂહને પ્રસન્ન કરતું, એવું ઋદ્ધિના મોટા સમૂહની વર્ધાપન (વધામણાં) થશે. (૯૯૭૪ થી ૭૬) પછી ઉચિત સમયે માતાપિતા રત્નોના સમૂહનો વરસાદ થવાથી, યથાર્થ એવું તેનું ' રત્નાકર ' નામ સ્થાપન કરશે. (૯૯૭૭) ક્રમશઃ બાલ્યકાળ વ્યતીત થતાં સમગ્ર શાસ્ત્ર–અર્થનો જાણ, કેટલાક સમાન વયવાળા અને પવિત્ર વેષવાળા વિદ્વાન ઉત્તમ મિત્રોથી પરિવરેલો, પ્રકૃતિએ જ વિષયના સંગથી પરાઙ્મુખ, સંસાર પ્રત્યે વિરાગી અને મનોહર વનપ્રદેશમાં લીલાપૂર્વક ફરતો તે રત્નાકર, એક પ્રસંગે નગરની નજીક રહેલા પર્વતની ઝાડીમાં, વિશાળ શિલા ઉપર અણસણ સ્વીકારેલા અને પાસે બેઠેલા મુનિવરો જેઓને સંપૂર્ણ આદરથી હિતશિક્ષા આપી રહ્યા છે, તેવા વિવિધ તપથી કૃશ શરીરવાળા દમઘોષ નામના મહામુનિને જોશે. (૯૯૭૮ થી ૮૧) તેઓને જોઇને ' ક્યાંય મેં પણ આવી અવસ્થાને સ્વયમેવ અનુભવી છે.'–એમ ચિંતન કરતાં, તેને તુર્ત જાતિસ્મરણજ્ઞાન પ્રગટ થશે અને તેના પ્રભાવે પૂર્વભવે અભ્યસ્ત સકળ આરાધનાવિધિના સ્મરણવાળો બુદ્ધિરૂપ નેત્રોથી તે ગૃહવાસને પાશરૂપ, વિષયોને વિષયતુલ્ય, ધનને પણ નાશવંત અને સ્નેહીજનના સુખને દુઃખતુલ્ય જોતો, સર્વવિરતિને સ્વીકારવાની ઇચ્છાવાળો છતાં માતા–પિતાના આદેશથી લગ્નથી વિમુખ (કુમાર રૂપે) પણ કેટલાક વર્ષો ઘરમાં રહેશે, (૯૯૮૨ થી ૮૫) (અને ધાર્મિક જીવનને જીવતો તે કેવા શ્રી

જિનમંદિરોને બંધાવશે તે કહે છે કે-) વિશાળ કિલ્લો (જગતિ) અને દ્વારોથી શોભતાં, ઊંચા શિખરોની શોભાથી હિમવંત અને શિખરી નામના પર્વતોનાં શિખરોને પણ હસતાં (હરાવતાં), પવનથી નાચતી ધ્વજાઓની રણકાર કરતી મણિની ઘંટડીઓથી મનોહર, ચંદ્ર-કુમુદ-ક્ષીરસમુદ્રનું ફેણ અને સ્ફટિક, તેના જેવી ઉજ્જ્વળ કાન્તિવાળાં, ગાતા, સ્તુતિ કરતા અને ભણતા ભવ્ય પ્રાણીઓના કોલાહલથી ગાજતી દિશાઓવાળાં, સતત ચાલતા ઓચ્છવોથી કરાતી નિત્ય વિશિષ્ટ પૂજાથી પૂજાતાં, (**દેવંગદૂસ=**) દેવદૂષ્ય (દિવ્ય) વસ્ત્રોના ચંદ્રવાથી શોભતા મધ્યભાગવાળાં મણિજડિત ભૂમિતળમાં મોતીઓના શ્રેષ્ઠ ચોક પૂરેલાં, સતત બળતા કુંદ્રુપ-કર્પૂર વગેરે સુગંધી ધૂપવાળાં, પુષ્પોના ઉપહાર (વિસ્તાર)ની સુગંધથી આવેલા રણઝણાટ કરતા ભમરાઓવાળાં તથા અતિ શાન્ત, દીપ્ત અને સુંદર સ્વરૂપવાળાં, એવાં શ્રી જિનબિંબોથી શોભતાં ઘણાં શ્રી જિનમંદિરોને વિધિપૂર્વક કરાવશે. (**૯૯૮૬ થી ૯૧**)

વળી અતિ દુષ્કર તપ અને ચારિત્રમાં એકાગ્ર એવા મુનિવરોની પર્યુપાસનામાં (સેવામાં) રક્ત, સાધર્મિકવર્ગના વાત્સલ્યવાળો, મુખ્ય ઉપશમ ગુણવાળો, લોકવિરુદ્ધ કાર્યોનો ત્યાગી, યત્નપૂર્વક ઇન્દ્રિયોના સમૂહને જીતનારો, સમ્યક્ત્વને-અણુવ્રતોને-ગુણવ્રતોને તથા શિક્ષાવ્રતોને પાળવામાં ઉદ્યમી, ઉપશમવાળો (અનુદ્ભટ) વેષનો ધારક અને શ્રાવકની (અગિયાર) પ્રતિમાની આરાધના દ્વારા (સર્વવિરતિનો) (**પરિક્કમ=**) અભ્યાસ કરનારો, એમ નિષ્પાપ જીવનથી કેટલોક કાળ પસાર કરીને, તે મહાત્મા રાજ્યલક્ષ્મીને, નગરીને, ધન-કંચન-રત્નોના સમૂહને, માત-પિતાને અને ગાઢ સ્નેહથી બંધાયેલા બંધુવર્ગને પણ વસ્ત્રના છેડે લાગેલા તૃણની જેમ તજીને, જેઓ ઉપશમ અને (ઇન્દ્રિયોનું) દમન કરવામાં મુખ્ય એવા ચૌદપૂર્વરૂપી મહા શ્રુતરત્નોના નિધાન છે, તે ધર્મયશ નામના આચાર્યની પાસે દેવોના સમૂહે કરેલા મહોત્સવપૂર્વક કઠોર કર્મોરૂપી પર્વતને તોડવામાં વજ્રતુલ્ય પ્રવ્રજ્યાને સમ્યક્ સ્વીકારશે. (**૯૯૯૨ થી ૯૭**) પછી સૂત્ર-અર્થના વિસ્તારરૂપ મોટા ઉછળતા તરંગોવાળા અને અતિશયોરૂપી રત્નોથી વ્યાપ્ત એવા આગમસમુદ્રમાં ચિરકાળ સ્નાન કરતો, છટ્ઠ-અટ્ઠમ વગેરે દુષ્કર વિકિલષ્ટ (ઉગ્ર) તપ, ચારિત્ર અને ભાવનાઓથી પ્રતિદિન આત્માની (શરીરની અને કષાયોની) બંને પ્રકારની તીવ્ર સંલેખના (કૃશતા) કરતો, કાયર મનુષ્યના ચિત્તને ચમત્કાર કરે તેવાં વીરાસન વગેરે આસનોથી પ્રતિક્ષણ ઉત્કૃષ્ટ એવી સંલીનતાનો અભ્યાસ કરતો, તથા સંસારથી ડરેલા ભવ્ય જીવોનો કરુણાથી ઉપદેશ દેવારૂપ રજ્જુ (દોરી) વડે મિથ્યાત્વરૂપી (અંધ) કૂવામાંથી ઉદ્ધાર કરતો, સૂર્યની જેમ દીપ્ત તેજવાળો, ચંદ્ર જેવો સૌમ્ય, પૃથ્વીની જેમ સર્વ સહન કરતો, સિંહની જેમ દુર્ધર્ષ (કોઈથી પરાભૂત નહિ થનારો), ખડ્ગી પશુનાં શૃંગની જેમ એકલો, વાયુની જેમ અસ્ખલિત, શંખની જેમ નિરંજન (રાગથી અલિપ્ત), પર્વતની જેમ સ્થિર, ભારંડની જેમ અપ્રમત્ત અને ક્ષીરસમુદ્રની જેમ ગંભીર, એવા લોકોત્તર ગુણોના સમૂહથી શોભતો તે પૃથ્વી ઉપર વિચરીને, અંતે સંલેખનાક્રિયાને સવિશેષ કરશે. (**૯૯૯૮ થી ૧૦૦૦૪**)

પછી આત્માની સંલેખના કરેલો તે મહાભાગ ચારેય આહારનું પચ્ચક્ખાણ (ત્યાગ) કરીને એક મહિનાના પાદપોપગમન અનશનમાં રહેલો, શુકલધ્યાનરૂપ અગ્નિથી શીઘ્ર સંપૂર્ણ કર્મવનને બાળીને, જરા-મરણથી રહિત, ઇષ્ટવિયોગ, અનિષ્ટસંયોગ અને દરિદ્રતાથી મુક્ત, એકાન્તિક, આત્યંતિક, વ્યાબાધારહિત અને શ્રેષ્ઠ સુખથી મધુર (પાઠાં૦ મુહરં=મુખર) તથા પુનઃ સંસારમાં આવવાના અભાવવાળું, અચળ, રજરહિત, રોગરહિત, ક્ષયરહિત (શાશ્વત), અશુભ-શુભ (સર્વ) કર્મોના રોકાવાથી (નાશથી) પ્રાપ્ત થતું, (અબ્ભયં=) ભયમુક્ત, અનંત, શત્રુરહિત (અથવા અસાધારણ), એવા નિર્વાણને એક જ સમયમાં પામશે (૧૦૦૦૫ થી ૮) અને ભક્તિવશ પ્રગટેલા રોમાંચથી વ્યાપ્ત દેહવાળા, એકાગ્ર મનવાળા એવા દેવો તેના નિર્વાણમહોત્સવને કરશે. (૧૦૦૦૯)

એમ હે સ્થવિરો! મહસેન મહામુનિની ઉત્તરોત્તર શ્રેષ્ઠ ફળવાળી, ઉત્કૃષ્ટ કલ્યાણ-પરંપરાને સમ્યક્ સાંભળીને, સર્વથા પ્રમાદરહિત, માયા-મદ-કામ અને માનનો નાશ કરનારા, સંસારવાસથી વિરાગી મનવાળા અને દુષ્ટ વિકલ્પોથી (અથવા શંકાઓથી) મુક્ત, એવા તમે જિનમતરૂપી સમુદ્રમાંથી પ્રગટેલા આ આરાધનારૂપી અમૃતનું પાન કરો, કે જેથી સદાય જરા-મરણરહિત તમે પરમ શાન્તિને (મુક્તિને) પામો! (૧૦૦૧૦ થી ૧૦૦૧૨)

એમ નિર્મળ જ્ઞાનના પ્રકાશથી મોહરૂપી અંધકારને ચૂરનારા શ્રી ગૌતમપ્રભુએ યથાસ્થિત વસ્તુના રહસ્યને કહ્યું, ત્યારે મસ્તકે બે હસ્તકમળોને સ્થિર સ્થાપીને, હર્ષથી વિકસિત કપોલવાળા વિનયપૂર્વક નમેલા એવા સ્થવિરો આ પ્રમાણે સ્તુતિ કરવા લાગ્યા. (૧૦૦૧૩-૧૪)

હે નિષ્કારણ વત્સલ! હે તીવ્ર મિથ્યાત્વના અંધકારને દૂર કરનારા દિવાકર (સૂર્ય)! આપનો જય થાઓ! હે સ્વ-પર ઉભયના ભયને ભાંગનારા! હે ત્રણ લોકનો (ગંજન=) પરાભવ કરનાર એવા કામનો નાશ કરનારા! હે ત્રણ લોકમાં ફેલાયેલી (નીહાર=) બરફતુલ્ય ઉજ્જવળ એવી વિસ્તૃત કીર્તિના સમૂહવાળા! હે સુરાસુર સહિત મનુષ્યોએ સર્વ આદરપૂર્વક કરેલા મનોહર સ્તુતિવાદવાળા (સ્તવાયેલા)! હે મોક્ષનગર તરફ પ્રયાણ કરતા ભવ્ય જીવોના સમૂહના પરમ સાર્થવાહ! અને હે (અત્થાઘ=) ઘણા ઊંડા સમુદ્રની ભ્રાન્તિ કરાવે તેવા ભરપૂર કરુણારસના પ્રવાહવાળા (ભગવંત!), આપ જયવંતા વર્તો! (૧૦૦૧૫ થી ૧૭) હે સ્વામિન્ (વિશ્વમાં) તે ઉપમા નથી, કે જેની સાથે આપને ઉપમિત કરીએ (સરખાવીએ)! માત્ર આપનાથી જ આપ તુલ્ય છો, પણ બીજા કોઈથી નહિ, (૧૦૦૧૮) ન્યૂન ઉપમાનથી ઉપમેયની સુંદરતા શી રીતે થાય? 'તળાવ જેવો સમુદ્ર'-એ રીતે કરેલી સરખાઈ શોભાને ન પામે! (૧૦૦૧૯) હે પ્રભુ! સૌધર્માધિપતિ (ઇન્દ્ર) વગેરે પણ જેની ગુણપ્રશંસા કરવા માટે સમર્થ નથી, તેવા આપને તુચ્છ બુદ્ધિવાળા બીજા કઈ રીતે સ્તવી શકે? (૧૦૦૨૦) એમ હે નાથ! જો કે આપ ઉપમાને અને સ્તુતિ અગોચર છો, તો પણ સદ્ગુરુ છો, ચક્ષુદાતા અને અત્યંત શ્રેષ્ઠ

ઉપકારી છો, તેથી ભક્તિના સમૂહથી ચંચળ ( સમુત્સુક ) એવા અમે આપને જ સ્તવીએ છીએ, કારણ કે–નિશ્ચે આપનાથી અન્ય ( કોઈ ) સ્તુતિપાત્ર નથી. (૧૦૦૨૧–૨૨) તે કારણે આપ જ આ વિશ્વમાં જય પામેલા છો, કે જેઓએ ભવસમુદ્રમાં ડૂબતા ભવ્યોને આ આરાધનારૂપી નાવડીને ઉપદેશી ( ઓળખાવી ). (૧૦૦૨૩) એ રીતે શ્રમણોમાં સિંહતુલ્ય એવા ભગવાન શ્રી ગૌતમસ્વામિને સ્તવીને સ્થવિરો પ્રારંભેલાં ધર્મકાર્યોને કરવા સમ્યગ્ પ્રવૃત્ત થયા. (૧૦૦૨૪) એમ અહીં આ સંવેગરંગશાળા નામની આરાધના ( રચના ) સમાપ્ત થાય છે. હવે તેનું કંઇક માત્ર શેષ કહું છું. (૧૦૦૨૫)

## ગ્રન્થકારની પ્રશસ્તિ–

શ્રી ઋષભાદિ તીર્થંકરોમાં અપશ્ચિમ ( છેલ્લા ) ભગવાન અને ત્રણ લોકમાં વિસ્તૃત કીર્તિવાળા, એવા ચોવીશમા જિનવરેન્દ્ર, ( કે ) જેઓ તેજસ્વી એવા અંતરંગ શત્રુઓને હરાવવાથી મેળવેલા 'વીર'–એવા યથાર્થ અર્થવાળા અને ત્રણ લોકરૂપી ( રંગ= ) મંડપમાં ( મોહને જીતવાથી ) અતુલમલ્લ હોવાથી મહાવીર થયા. (૧૦૦૨૬–૨૭) તેઓને સંયમ-લક્ષ્મીને ક્રીડા માટે ( સુહમ્મં= ) સુંદર મહેલતુલ્ય સુધર્મા નામે શિષ્ય થયા અને તેઓના ગુણીજનરૂપ પક્ષીઓને શ્રેષ્ઠ જાંબૂફળતુલ્ય એવા જંબૂ નામે શિષ્ય થયા. (૧૦૦૨૮) તેઓથી જ્ઞાનાદિ ગુણોની જન્મભૂમિતુલ્ય મહાપ્રભુ પ્રભવ નામે ( શિષ્ય ) થયા અને તેઓની પછી ભાગ્યવંત શય્યંભવ ભગવાન થયા. (૧૦૦૨૯) પછી તે મહાપ્રભુરૂપ મૂળમાંથી સાધુવંશ ( રૂપી વંશવૃક્ષ ) પ્રગટ્યો, ( પણ તે વંશવૃક્ષથી વિપરીત થયો. ) જેમ કે–( વાંસ જડ હોય ) સાધુવંશ જડતાને નહિ અનુસરનારો, વળી ( વાંસની જેમ છેડે ) પાતળો નહિ ( પણ વિશાળ ), ( વાંસની જેમ ) પરિમિત ( પર્વ= ) શાખાવાળો નહિ, પણ ( અપરિ-મિત શાખા–પ્રશાખાથી ) વિસ્તૃત, ( વાંસની જેમ પોલો નહિ પણ ) સર્વ રીતે સાર ( ગુણોવાળો ), ( વાંસને ફળો આવે ત્યારે તે નાશ પામે, પણ આ વંશ ) પોતાનો નાશ કરવામાં સમર્થ એવાં ક્ષક્ષફળવાળો નહિ, ( કિન્તુ શિષ્ય–પ્રશિષ્યાદિથી વૃદ્ધિ પામતો, વળી વાંસનાં પત્રો અંતે સડે, પણ આ વંશ ) ( પાઠાં૦ પત્તગ્ગસાડ= ) સડાથી રહિત એવાં શ્રેષ્ઠ પત્રો ( મુનિઓ ) વાળો, ( વંશવૃક્ષ છાયા આપે નહિ, પણ આ વંશ ) સર્વ દિશાએ નિત્ય છાયાવાળો ( કષાયતપ્ત જીવોને ) આશ્રયદાતા, વાંસનું વૃક્ષ બીજાથી નાશ પામે, પણ આ વંશ ) બીજાઓથી અગમ્ય ( પરાભવ નહિ પામનારો ), તથા કાંટારહિત, ( વાંસ અમુક મર્યાદામાં વધે, આ વંશ ) સતત વધવાના ગુણવાળો, વળી ( મહીધર= ) રાજાઓના મસ્તકે રહેલો ( શિરસાવંદ્ય થએલો ) છતાં પૃથ્વીમાં પ્રતિષ્ઠા પામેલો ( વિરોધાભાસ અલંકાર ) અને અત્યંત સરળ ( વક્રતારહિત ) એવો અપૂર્વ વંશપ્રવાહ વધતાં, તેમાં ( અનુક્રમે ) પરમપદને પામનારા મહાપ્રભુ શ્રી વજ્રસ્વામી થયા. (૧૦૦૩૦ થી ૩૩) તેઓની પરંપરામાં કાળક્રમે નિર્મળ યશથી ઉજ્વળ, અને ( કામલોક= ) કામી લોકોને જેમ ( પાઠા૦ રોયણા= ) ગોરોચનનો ( પાઠાં૦ થોરથવગ્ગો= ) મોટો જથ્થો સવિશેષ

( વંદનીય= ) સેવવાયોગ્ય છે, તેમ સિદ્ધિની ઇચ્છાવાળા ( મુમુક્ષુ ) લોકોને સવિશેષ વંદનીય અને અપ્રતિમ પ્રશમભાવરૂપ લક્ષ્મીના વિસ્તારાર્થે અખૂટ ભંડારભૂત, એવા **શ્રી વર્ધમાનસૂરિ** થયા. (**૧૦૦૩૪-૩૫**) તેમના વ્યવહાર અને નિશ્ચય જેવા અથવા દ્રવ્યસ્તવ અને ભાવસ્તવ જેવા (પરસ્પર પ્રીતિવાળા), ધર્મની પરમ ઉન્નતિને કરનારા બે શિષ્યો થયા. (**૧૦૦૩૬**) તેમાં પહેલા **શ્રી જિનેશ્વરસૂરિ** થયા, કે (પાઠાં૦ સૂરે=) સૂર્યના ઉદયની જેમ તેઓના ઉદયથી દુષ્ટ તેજવાળા ( તેજોદ્વેષી ) ચકોરોની ( મિથ્યાત્વીઓની ) પ્રભા ( પ્રતિષ્ઠા ) લુપ્ત થઈ. (**૧૦૦૩૭**) જેઓના મહાદેવના હાસ્ય અને હંસ જેવા ઉજ્જવળ ગુણોના સમૂહને સ્મરણ કરતા ભવ્યો આજે પણ શરીરે રોમાંચને અનુભવે છે. (**૧૦૦૩૮**) પુનઃ નિપુણ એવા શ્રેષ્ઠ વ્યાકરણ વગેરે ઘણાં શાસ્ત્રોના રચનારા, જગપ્રસિદ્ધ, બુદ્ધિસાગરસૂરિ નામે બીજા શિષ્ય થયા. (**૧૦૦૩૯**) તેઓના ચરણકમળરૂપી ગોદના સંસર્ગથી પરમ મહિમાને પામેલા **શ્રી જિનચંદ્રસૂરિ** ( તેઓના ) પહેલા શિષ્ય થયા અને પૂર્ણિમાના ચંદ્રની જેમ ભવ્યોરૂપી કુમુદના વનને શીતળતા કરનારા, જગતમાં મોટી કીર્તિને પામેલા એવા **શ્રી અભયદેવસૂરિ** બીજા શિષ્ય થયા. તેઓએ રાજા જેમ શત્રુનો નાશ કરે, તેમ કુબોધરૂપી મહાશત્રુનો નાશ કરનારા એવા શ્રી શ્રુતધર્મરૂપ રાજાનાં ( નવ ) અંગોની વૃત્તિને કરવાદ્વારા ( તેની ) દૃઢતા કરી. (**૧૦૦૪૦ થી ૪૨**) તે શ્રી **અભયદેવસૂરિની** પ્રાર્થનાવશ શ્રી જિનચંદ્રમુનિવરે ( સૂરિજીએ ) માળીની જેમ મૂળસૂત્રોરૂપી બગીચામાંથી વચનોરૂપી ઉત્તમ પુષ્પોને વીણીને ( એકત્ર કરીને ), પોતાની બુદ્ધિરૂપી ગુણથી ( દોરાથી ) ગૂંથીને વિવિધ અર્થો(વિષયો)રૂપી સુગંધના સમૂહવાળી આ આરાધના નામની માળા રચી છે. (**૧૦૦૪૩-૪૪**) શ્રમણોરૂપી ભમરોના હૃદયને હરણ કરનારી આ માળાના વિલાસી માણસોની જેમ ભવ્ય પ્રાણીઓ પોતાના સુખ (શુભ) માટે સર્વ આદરથી ઉપભોગ કરો! (**૧૦૦૪૫**)

**ગ્રન્થરચનામાં સહાયક અને પ્રેરક**–ઉત્તમ ગુણી એવા મુનિવરોના ચરણોમાં પ્રણામ કરવાથી જેઓનું લલાટ પવિત્ર છે, તે સુપ્રસિદ્ધ **શેઠ ગોર્ધન** ( ગોવર્ધન )ના પ્રસિદ્ધ પુત્ર **સા. જજ્જનાગના** પુત્ર, ( કે જેઓ ) અતિ પ્રશસ્ત તીર્થયાત્રાઓ કરવાથી પ્રસિદ્ધ અપ્રતિમ ગુણોથી મળેલી કુમુદ જેવી નિર્મળ મોટી કીર્તિવાળા, **શ્રી** જિનબિંબોની પ્રતિષ્ઠાપના કરવી, આગમ લખાવવાં, વગેરે ધર્મકાર્યોથી બીજા આત્મોત્કર્ષ કરનારા ( મિથ્યાભિમાની ) અને ( દુક્કુહ= ) અસહિષ્ણુ( ઈર્ષ્યાળુ )ઓના ચિત્તને ચમત્કાર કરનારા, જિનાગમથી સંસ્કાર પામેલી બુદ્ધિવાળા થયા, તે **શ્રી સિદ્ધવીર** નામે શેઠની સહાયથી અને અત્યંત ભાવનાથી આ આરાધનામાળા રચી છે. (**૧૦૦૪૬ થી ૪૯**)

**ગ્રન્થકારનો આશીર્વાદ**–આની રચનાથી અમે જે કિંચિત્ પણ પુણ્ય ઉપાર્જન કર્યું હોય, તેનાથી ભવ્ય જીવો શ્રી જિનાજ્ઞાના પાલનરૂપ શ્રેષ્ઠ આરાધનાને પામો! (**૧૦૦૫૦**)

**ગ્રન્થરચનાનું સ્થળ અને કાળ વગેરે**–'આરાધના' એવા પ્રગટ સ્પષ્ટ અર્થવાળી આ રચના છત્રાવળી નગરીમાં **સા૦ જેજ્જયના** પુત્ર **સા૦ પાસનાગની** વસતિમાં,

વિક્રમરાજાના સમયથી અગિયારસો ઉપર પચીશ વર્ષ ગયે છતે પૂર્ણતાને પામી. (૧૦૦૫૧–૫૨) અને વિનય તથા નીતિથી શ્રેષ્ઠ એવા સઘળા ગુણોના ભંડાર એવા શ્રી જિનદત્તગણી નામના શિષ્યે આને પહેલી પુસ્તકમાં લખી છે. (૧૦૦૫૩) (ભાવિ) ભ્રમણાને ટાળવા માટે આ ગ્રન્થમાં સર્વ ગાથાઓનો સરવાળો નક્કી કરીને દશ હજાર ઉપર તેપન ઠરાવ્યો છે. (૧૦૦૫૪)

એ પ્રમાણે શ્રી જિનચંદ્રસૂરિજીએ રચેલી, તેઓના શિષ્ય શ્રી પ્રસન્નચંદ્રસૂરિની પ્રાર્થનાથી શ્રી ગુણચંદ્રગણીએ સંસ્કારિત કરેલી અને શ્રી જિનવલ્લભગણીએ સંશોધન કરેલી શ્રી સંવેગરંગશાળા નામની આરાધના પૂર્ણ થઇ ( વિ. સં ૧૨૦૩ ( પાઠાં૦ ૧૨૦૭ ) વર્ષે જેઠ સુદ ૧૪ ગુરુવાસરે પાઠાં૦ દંડ શ્રી વોસરિ પ્રતિપત્તૌ ) દંડનાયક શ્રી વોસરિએ પ્રાપ્ત કરેલા (તાબાના) શ્રી વટવાદર નગરે સંવેગરંગશાળા પુસ્તક લખ્યું. ઇતિ. એમ અર્થ સંભવે છે, તત્ત્વં કેવળીગમ્યં= )

[ આ ગ્રન્થનો ઉલ્લેખ શ્રી દેવાચાર્યરચિત કથારત્નકોષની પ્રશસ્તિમાં આ પ્રમાણે જણાય છે–આ૦ શ્રી જિનચંદ્રસૂરિજી વયરી–વજાશાખામાં થયા. તેઓ આચાર્ય શ્રી બુદ્ધિસાગરસૂરિજીના શિષ્ય હતા અને ગ્રન્થરચના વિ. સં, ૧૧૩૯ માં કરી હતી. કહ્યું છે કે–

ચાન્દ્રકુળમાં ગુણગણથી વૃદ્ધિ પામતા શ્રી વર્ધમાનસૂરિના શિષ્યો પહેલા શ્રી જિનેશ્વરસૂરિ અને બીજા શ્રી બુદ્ધિસાગરસૂરિ થયા. આ બુદ્ધિસાગરસૂરિના શિષ્યો ચંદ્ર–સૂર્યની દ્યુતિ જેવા શ્રી જિનચંદ્રસૂરિ અને નવાંગી ટીકાકાર શ્રી અભયદેવસૂરિ થયા. તેઓ પોતાનાં શીત અને ઉષ્ણ કિરણોથી જગતમાં પ્રસિદ્ધ હતા. તે શ્રી જિનચંદ્રસૂરિએ (આ) સંવેગરંગશાળા નામની આરાધના રચી અને શ્રી પ્રસન્નચંદ્ર(સૂરિ)ના સેવક અનુ૦ સુમતિવાચકના શિષ્યલેશ શ્રી દેવભદ્રસૂરિએ કથારત્નકોષ રચ્યો અને ( આ ) સંવેગરંગશાળા નામનું આરાધનાશાસ્ત્ર (પણ) પરિકર્મિત (સંસ્કારિત) કરીને (તેઓએ) ભવ્ય જીવોને યોગ્ય બનાવ્યું]

[તે ઉપરાન્ત જેસલમેર તીર્થના ભંડારની તાડપત્ર ઉપર લખાએલી સંવેગરંગશાળા પ્રતિને અંતે તે પ્રતિને લખાવનારની પ્રશસ્તિ આ પ્રમાણે છે–જન્મદિવસે પગના ભારથી દબાએલા મસ્તકવાળા, (સોનાના) મેરુપર્વતથી (ભેટરૂપે) (પાઠાં૦ આત્તોન=) મળેલી સુવર્ણની કાન્તિના સમૂહથી જેઓનું શરીર શોભે છે, તે **શ્રી વીરપ્રભુ** જયવંતા છે. (૧) સજ્જનો રૂપી રાજહંસોની ક્રીડાની પરંપરાવાળા અને વિલાસી લોકોરૂપી પત્રો તથા કમળોવાળા,એવા સરોવરતુલ્ય શ્રી અણહિલ્લપટ્ટન નગરમાં વસનારો, જેણે શ્રી ભિલ્લમાલ નામના મોટા ગોત્રનો સમુદ્ધાર (વૃદ્ધિ) કર્યો છે, તે ગુણસંપદાથી યુક્ત–મનોહર આકૃતિવાળો, ચંદ્રતુલ્ય સુંદર યશવાળો, જગતમાં માન્ય અને ધીર, એવો **શ્રી જીવવાન (જીવણ) નામે ઠાકોર** થયો. (૨–૩) તેને સ્વભાવે જ (અગદ્ર=) ઐરાવણહાથી જેવો (પાઠં૦ ભદ્રઃ=) ભદ્રિક, સદા વીતરાગનો સત્કાર કરનારો (ભક્ત), (કટ=) આચારથી ઘણા દાનને વિસ્તારનારો, ( દાનેશ્વરી, અહીં હાથીપક્ષે કટ=ગંડસ્થલ અને દાન=મદ સમજવો.) એવો **વર્ધમાન ઠાકોર**

નામે પુત્ર હતો. (૪) તેની (**નદીનાથ=**) સમુદ્રને જેનું આગમન પ્રિય છે તે ગંગાતુલ્ય, (**નાથપ્રિયાગમા=**) પતિને જેનું આગમન પ્રિય છે (વ્હાલી), એવી અત્યંત મનોહર આચારવાળી **યશોદેવી** નામે ઉત્તમ પત્ની હતી. (૫) તે બંનેને ચંદ્રતુલ્ય પ્રિય અને સદા પૃથ્વીમાં (વિશ્વમાં) હર્ષવૃદ્ધિનું કારણ તથા (**વૃદ્ધયે=**) અભ્યુદય માટે ગૌરવને પામેલો, પંડિતોમાં મુખ્ય, પ્રશંસાપાત્ર, **પાર્શ્વઠાકોર** નામે પુત્ર થયો. (૬) જેણે કુમાર-પલ્લીમાં કરાવેલું, (ભક્તોના) અવ્યક્ત શબ્દથી ગાજતું, સુવર્ણના કળશવાળું, એવું શ્રી વીરપ્રભુનું **ચૌમુખચૈત્ય**, જે હિમવંત પર્વતની પ્રકાશવંતી ઔષધીઓવાળા ઊંચા શિખરની જેમ શોભે છે. (૭) જે (ચૈત્ય) સુંદર ચરણો, જંઘા, (ત્રિક=) કટિભાગ, (**મન્ય=**) ડોક (?) અને મુખનાં આભરણોથી ઘણા પ્રકારના વિલાસવાળી એવી પુતળીઓના સમૂહને પોતાના મુગટની જેમ ધારણ કરે છે. (૮) તે પાર્શ્વઠાકોરને મહાદેવને (**અલીના=**) વ્હાલી ગૌરીની જેવી વ્હાલી, પ્રશસ્ત આચારની ભૂમિતુલ્ય, સ્વજનવત્સલા, એવી ઉત્તમ **ધંધિકા** નામે પત્ની હતી. (૯)તે બંનેને તુચ્છ જીહ્વારૂપી વેલડીવાળા (હલકા-બહુ વાચાળ) મનુષ્યોના નામની મ્લાનિને વિસ્તારવામાં ચતુર એવા લોકપાલ જેવા પાંચ પુત્રો થયા. જેઓની શ્રી જિનપૂજા, મુનિદાન અને નીતિના પાલનથી પ્રગટેલી શરદચંદ્ર તથા મોગરાનાં પુષ્પો જેવી (ઉજ્જ્વળ) અને નિર્મળ કીર્તિ (અદ્યાપિ) વિસ્તૃત છે. (૧૦) તે પાંચમાં પહેલો **નન્નુક મહત્તમઠાકોર**, બીજો બુદ્ધિશાળી **લક્ષ્મણઠાકોર** અને ત્રીજો ઇન્દ્રની જેમ (નાસત્ય=) સત્યનો પ્રતિષ્ઠાપક (સત્યવાદી), (**કૃતી=**) પુણ્યશાળી એવો **આનન્દમહત્તમ** હતો. (૧૧) જેની વાણી રસથી સાકરતુલ્ય વિસ્તરે છે, ચિત્તવૃત્તિ અમૃતની તુલના કરતી વિલસે છે અને જેનું સુંદર આચરણ (સદાચાર) શિષ્ટ જનોનાં નેત્રોને ઉત્તમ કર્પૂરના અંજનની જેમ નિત્ય પુષ્ટ (શીતળ) કરે છે. અથવા તેનું શું સુંદર નથી? (૧૨) ઉપરાન્ત ચોથો પુત્ર **ધનપાલઠાકોર** અને પાંચમો **નાગદેવઠાકોર** હતો અને તેની ઉપર શિયલથી શોભતી **શ્રીદેવી** નામે એક પુત્રી જન્મી હતી (૧૩) પાંચ પૈકી આનન્દ-મહત્તમને ક્રમશઃ બે પત્નીઓ થઇ. પહેલી-જેમ પૃથ્વી ધાન્ય અને પર્વતરૂપ સંપત્તિને ધારણ કરે, તેમ પ્રશસ્ત શિયળની સંપત્તિને ધારણ કરતી **વિજયમતી** હતી. (૧૪) આ બાજુ-) ભિલ્લમાલકુળરૂપી આકાશમાં ચંદ્રતુલ્ય (શોભતો) **સોહિક** નામે શ્રાવક હતો. તેને જ્યોત્સ્નાતુલ્ય સમ્યક્ નીતિની ભૂમિકા એવી લખુકા (લખી) પત્ની હતી. (૧૫) તેઓને સૌમ્ય કાન્તિવાળો **છડ્ડુક** નામે મોટો પુત્ર અને મતિ તથા બુદ્ધિતુલ્ય **રાજીની** અને **સીલુકા** બે પુત્રીઓ હતી. (૧૬) તેમાં વિનયવતી તે રાજીનીને વિધિપૂર્વક મંત્રી **આનન્દ-મહત્તમ** પરણ્યો કે જેની પતિવ્રતાને જોઇને લોકો સીતાદિ મહાસતીઓને યાદ કરે છે. (૧૭) આ મંત્રી આનંદમહત્તમને વિજયમતીથી પૃથ્વીમાં પ્રસિદ્ધ અને રાજમાન્ય **શરણિગઠાકોર** નામે પુત્ર થયો. તે રોહણાચળની ખાણના મણિતુલ્ય તેજસ્વી અને સ્વગોત્રીઓનો અલંકાર છતાં ત્રાસ(હાંસ)રહિત હતો. (૧૮) તેને **ધાઉકા** નામે સોદરી બ્હેન હતી. તે શાન્ત છતાં સતીવ્રતની પ્રીતિવાળી અને સર્વને (સુંદર ઉત્તર આપનારી)

સદુત્તરા છતાં (દક્ષિણા=) ચતુર હતી. રાજીનીએ પણ શ્રેષ્ઠ, નિષ્કલંક અને સ્વજનપ્રિય એવા પુત્રને જન્મ આપ્યો. તેનું નામ **પૂર્ણપ્રસાદ** કર્યું. (પોતાના) ભાઈ શરણિગને તે પ્રિય હતો, નમનીય (પૂજ્યો) પ્રત્યે નમ્ર હતો અને રામને લક્ષ્મણની જેવી વધતી મૈત્રી (હિતચિંતા)વાળો હતો. (૨૦) રાજીનીને કોમળભાષી અને હંસીની જેમ સદા (**અંભઃ=**) દેવસ્થાનમાં (હંસીપક્ષે જળાશયમાં) રાગી એવી **પૂર્ણદેવી** નામે પુત્રી (પણ) જન્મી. (**૨૧**)

પછી કોઈ એક દિવસે આ આનંદમહત્તમે ગુરુની પાસે મુમુક્ષુઓને મોક્ષ પ્રાપ્ત કરાવનારો ઉત્તમ શ્રુત અને ચારિત્રરૂપ ધર્મને સમ્યગ્ સાંભળ્યો. (**૨૨**) તેમાં પણ શ્રી જિનેશ્વરોએ જ્ઞાનરહિત કરેલી ક્રિયાની સફળતા કહી નથી, તેથી સર્વ દાનોમાં તે (જ્ઞાન) દાનને પ્રથમ કહ્યું છે. અને કહે છે કે–જેઓ ઉત્તમ પુસ્તકાદિની રક્ષા કરીને અથવા બીજું લખાવીને જ્ઞાનદાન કરે છે, નિશ્ચે મોહઅંધકારનો નાશ કરીને, કેવળજ્ઞાનદ્વારા જગતને સમ્યગ્ જાણીને, તેઓ (પાઠાં **વિભવા=**) ભવથી મુક્ત થાય છે. (૨૩-૨૪) જેઓ અહીં જિનવાણીને (આગમને) લખાવે છે, તે મનુષ્યો દુર્ગતિને, અંધાપાને, નિર્બુદ્ધિપણાને, મુંગાપણાને અને જડ(શૂન્ય)પણાને પામતા નથી, (૨૫) તે સાંભળીને **મહત્તમઆનંદે** પોતાની પત્ની રાજીનીના પુણ્ય માટે મનોહર આ સંવેગરંગશાળાને (તાડપાત્ર ઉપર) લખાવી છે. (૨૬) જ્યાં સુધી સિદ્ધિરૂપી રાજમહેલ, અરિહંત રાજા, અનુપમ જ્ઞાનલક્ષ્મીરૂપી તેઓની પત્ની, સિદ્ધાન્તના વચનરૂપી ન્યાય (**શ્રી=**) શોભા અથવા સંપત્તિ, તથા તેના (**વ્યય=**) ત્યાગરૂપ સાધુધર્મ અને તેના (**કરણ=**) સાધનરૂપ (પ્રાપ્ત કરાવનારો) ગૃહસ્થધર્મ, (**આદીનવિ=**) દુઃખને પામેલા (નિર્ગુણી–પાપીઓ) માટે ધમ્મા, વંશા વગેરે (સાત **કારા=**) કેદખાનાં (નરકો) અને ગુણીજન માટે સ્વર્ગ તથા મોક્ષધામ, ઉપરાન્ત **નિયોગ=**ચાકરી અને સામ્રાજ્ય (રાજ્ય), એ ભાવો (**ઇત્થં=**) આ જગતમાં છે, ત્યાં સુધી આ પુસ્તક (**પ્રતપતુ=**) પ્રભાવવંત બનો! (૨૭) ઇતિ.]

## ભાષાન્તરકારની પ્રશસ્તિ

એ પ્રમાણે સંવેગરંગશાળા નામની આરાધનાવિધિના ચોથા સમાધિપ્રાપ્તિદ્વારનો
પંચાધિકશતવર્ષાયુઃ, દ્વયશિતિવર્ષશ્રમણપર્યાયધારક, સંઘસ્થવિર, તપાગચ્છાચાર્ય,
પૂજ્ય સ્વ૦ દાદાગુરુદેવ **શ્રી વિજયસિદ્ધિસૂરીશ્વર** પટ્ટધર સ્વ૦ આગમપ્રજ્ઞ
પૂજ્ય **શ્રી વિજયમેઘસૂરીશ્વર** પટ્ટાલંકાર સ્વ૦ પૂજ્ય **ગુરુદેવ શ્રી**
**વિજયમનોહરસૂરિ** શિષ્યાણુ આચાર્ય **વિજયભદ્રંકર-**
**સૂરિકૃત** ગુર્જરભાષાનુવાદ **વિક્રમ સં.૨૦૩૦, શ્રાવણ**
**સુદ ૧૦**, ગુરુવાસરે–રાજસ્થાનમાં–**પાલી** જીલ્લામાં
રહેલા **શ્રી વિસલપુર** ગ્રામે પૂર્ણ થયો.

**ઇતિ શ્રી સંવેગરંગશાળા ભાષાનુવાદ સમાપ્તઃ**

卐 卐 卐

**સુધારો**–આ ગ્રન્થનું બીજું દ્વાર તે જ વર્ષે શ્રી જાલોરનગરે અને ત્રીજું દ્વાર શિવગંજ શહેરમાં પૂર્ણ કર્યું છે. બીજોવા ભૂલથી છપાયું છે.